श्री वेदव्यास विरचित

श्रीमद

भागवत भाषान्तर.

શુદ્ધ સરળ ગુજરાતી ભાષાંતર

લખનાર

શાસ્ત્રી દુર્ગાપ્રસાદ આદિત્યપ્રસાદ.

છપાવી પ્રસિદ્ધ કરનાર

ઝવેરભાઈ ઉમેદભાઈ પટેલ

બુકસેલર એન્ડ પબ્લીશર-રીચીરોડ,

અમદાવાદ.

સંવત ૧૯૬૧ સને ૧૯૦૫.

નિર્ણયસાગર પ્રેસમાં તથા રાજનગર ટાઈપ ફા. પ્રેસમાં છાપ્યું.


ગોકુળચંદ્રમાજી
મથુરેશજી
ગોકુલનાથજી
મદનમોહનજી
શ્રીનાથજી
નવનીતપ્રિયાજી
દ્વારકાનાથજી
વિઠ્ઠલનાથજી


રાધા
કૃષ્ણ

श्रीमद्‍ भागवत भाषान्तरनी अनुक्रमणिका.

श्री भागवत माहात्म्य.

प्रथम स्कंध.

द्वितीय स्कंध.

તૃતીય સ્કંધ.

ચતુર્થ સ્કંધ.

પંચમસ્કંધ.


નવમસ્કંધ.

दशमस्कंध—पूर्वार्द्ध.

दशमस्कंध—उतरार्द्ध.

एकादशस्कंध.

દ્વાદશસ્કંધ.



श्रीमद्
भागवत ग्रंथ
निगमकल्पतरु

॥ ॐ तत्सत्पुराणपुरुषोत्तमाय नमः ॥

श्रीमद्भागवत-माहात्म्य-भाषान्तरम्

અધ્યાય ૧ લો.

ભક્તિ અને નારદજીનો સમાગમ

यं प्रव्रजन्तमनुपेतमपेतकृत्यम ।
द्वैपायनो विरहकातर आजुहाव ॥
पुत्रेति तन्मयतया तरवोऽभिनेदु ।
स्तं सर्वभूतहृदयं मुनिमानतोऽस्मि ॥१॥

આત્મસાક્ષાત્કારરૂપ પરમ પુરુષાર્થની સિદ્ધિવડે જેઓ કૃતકૃત્ય થઈ કર્મમાત્રથી રહિત થયેલા હતા તે મહામુનિ શ્રી શુકદેવજી પદાર્થમાત્રનો ત્યાગ કરી સંન્યાસ લેઈ એકલા ચાલી નિકળ્યા, ત્યારે પુત્રના વિયોગ સહન કરવાને અસમર્થ એવા તેમના પિતાશ્રી ભગવાન વેદવ્યાસદેવે શુકદેવજીને "હે પુત્ર! હે પુત્ર!" એવી રીતે ઉંચે સ્વરે હાંકો મારી. તે સમયે સ્વાત્મતત્વમાં અભેદભાવને પામેલા શુકદેવજી વૃક્ષાદિકમાં પણ રહેલા હોવાથી વૃક્ષોએ ઉત્તર દીધો હતો: એવા પ્રાણી માત્રમાં અંતર્યામીરૂપે રહેલા મહામુનિ શ્રી શુકદેવજીને હું નમસ્કાર કરૂં છું. ૧

એક સમયે મહા બુદ્ધિમાન સુતજી નૈમિષારણ્યમાં બેઠા હતા. તેમને નમસ્કાર કરીને કથારૂપી અમૃતરસનો સ્વાદ લેવામાં કુશળ એવા શૌનકઋષિએ પુછ્યું કે:-૨

શૌનક મુનિ પુછે છે.—અજ્ઞાન રૂપી અંધકારને ટાળવામાં કરોડો સૂર્ય સમાન તેજવાળા હે સુતજી! જે સાંભળતાં મને સંપૂર્ણ આનંદ થાય એવી ઉત્તમ કથા આપ કહો. ૩ ભક્તિ, જ્ઞાન, અને વૈરાગ્યવડે મળેલો વિવેક કેવી રીતે વધે છે? અને માયાથી ઉપજતા મોહનો નાશ વૈષ્ણવો કવી રીતે કરે છે? ૪ આ ઘોર કળિકાળ આવવાથી જીવ આસુરભાવ પામ્યો છે, તેથી ક્લેશોવડે પીડાયલા તે જીવની શુદ્ધિ કરવા માટે શાનો આશ્રય લેવો જોઇએ? ૫ સારામાં સારૂં, પવિત્રમાં પવિત્ર, અને શ્રીકૃષ્ણની અખંડ પ્રાપ્તિ કરી આપે એવું જે સાધન હોય તે આપ મને કહો. ૬ ચિંતામણિ પ્રાપ્ત થાય તો સાંસારિક સુખ આપે, ઇંદ્ર પ્રસન્ન થાય તો સ્વર્ગનો વૈભવ આપે, પણ પ્રસન્ન થયેલા ગુરૂ તો યોગીઓને પણ દુર્લભ એવું વૈકુંઠધામ આપે છે. ૭

સુતજી કહે છે; તમારા હૃદયમાં શ્રવણ કરવાનો ભાવ છે, તેથી સઘળા સિદ્ધાન્તમાંથી નીકળેલા તત્વરૂપ, સંસારના ત્રાસને ટાળનાર, ભક્તિના પ્રવાહની વૃદ્ધિ કરનાર, અને શ્રીકૃષ્ણ ભગવાનને પ્રસન્ન કરવાનો જે ઉપાય છે તે હું વિચાર કરીને કહું છું, તમે ધ્યાન દેઈને સાંભળો. ૮ ૯ કાળરૂપી સાપના મુખમાં કોળિયો થઈ સપડાવાના ત્રાસનો નાશ કરવાના હેતુથી કળિયુગમાં શુકદેવજીએ શ્રીમદ ભાગવતશાસ્ત્ર ભાખ્યું છે. ૧૦ અંતઃકરણની શુદ્ધિ કરવાને માટે એનાથી વધારે સારૂં બીજું કોઈ સાધન નથી. જો પૂર્વજન્મનું પુણ્ય હોય તો ભાગવતનો લાભ મળે છે. ૧૧ જ્યારે શુકદેવજી પરીક્ષિત રાજાને શ્રીમદ્ ભાગવતની કથા કહેવાને માટે સભામાં બેઠા, ત્યારે અમૃતનો કળશ લેઇને દેવતાઓ તે સભામાં આવ્યા. ૧૨ પોતાનો સ્વાર્થ સાધી લેવામાં કુશળ એવા તે સર્વ દેવો શુકદેવજીને પ્રણામ કરીને બોલ્યા કે "આ અમૃત લેઇને તેને બદલે કથારૂપી અમૃત અમને આપો. આમ બદલો કરવામાં આવે તો રાજા આ દેવલોકનું અમૃત પીએ અને અમે શ્રીભાગવત કથારૂપ અમૃત પીએ." ૧૩ આ સંસારમાં ક્યાં તુચ્છ અમૃત અને ક્યાં અલૌકિક કથા! ક્યાં કાચનો કટકો અને ક્યાં મહામણિ!—એમ વિચારીને તે પ્રસંગે દેવોપ્રત્યે

શુકદેવજી હસ્યા. ૧૫ અને તેઓને ભક્તિહીન સમજી કથારૂપી અમૃત આપ્યું નહીં. શ્રીમદ્ ભાગવતની કથા દેવોને પણ દુર્લભ છે. ૧૬ વળી શ્રીભાગવતની કથાના શ્રવણથી પરીક્ષિત રાજાનો મોક્ષ થયેલો જોઇને બ્રહ્માજી પણ વિસ્મય પામ્યા હતા, અને તેમણે બ્રહ્મલોકમાં કાંટો બાંધીને મોક્ષનાં સર્વ સાધનોને જોખ્યાં હતાં. ૧૭ તે સમયે બીજાં સઘળાં સાધનો હલકાં ઉતર્યાં અને આ શ્રીભાગવત તે સર્વે કરતાં ગૌરવમાં વધ્યું હતું. તે સમયે સર્વે ઋષિયો પરમ આશ્ચર્ય પામ્યા હતા. ૧૮ ત્યારથી તે સઘળાએ ભણવા સાંભળવાથી તત્કાળ વૈકુંઠરૂપ ફળને આપનાર શ્રીભાગવત શાસ્ત્રને આ પૃથ્વીમાં સાક્ષાત શ્રીભગવાનનું રૂપજ માન્યું. ૧૯ સાત દિન શ્રવણ કરવાથીજ સર્વ પ્રકારે મોક્ષને આપનાર આ શ્રીભાગવતશાસ્ત્ર સનકાદિકોએ કૃપા કરીને પૂર્વે નારદજીને કહ્યું હતું. ૨૦ જો કે દેવર્ષિ નારદજીએ એ શાસ્ત્ર બ્રહ્માજી પાસેથી સાંભળ્યું હતું, તોપણ સપ્તાહ સાંભળવાનો વિધિ તો સનકાદિકોએજ તેમને કહ્યો હતો. ૨૧

શૌનકજી પૂછેછે.-લોકોને એક બીજા સાથે લડાવી મારવામાં તત્પર રહેનાર અને એક સ્થળેથી બીજે સ્થળે રઝળનાર નારદને સપ્તાહ શ્રવણનો વિધિ સાંભળવાનો ભાવ ક્યાંથી થયો? અને તે સનત્કુમારોની સાથે તેમને ક્યાં આગળ મેળાપ થયો? ૨૨

સૂત કહે છે-તમે પૂછો છો તેવિષે, શુકદેવજીએ મને પોતાનો ગુહ્ય મર્મ જાણવાને યોગ્ય શિષ્ય જાણીને ભક્તિપ્રધાન એક નાની સરખી કથા કહી હતી તે હું તમને કહું છું. ૨૩ એક સમયે વિશાળા નામના સ્થળમાં ચાર પવિત્ર (સનક-સનન્દન-સનાતન સનત્કુમાર) ઋષિયો સત્સંગ માટે ગયા હતા. ત્યાં તેઓએ નારદને જોયા. ૨૪

સનત્કુમારોએ પૂછ્યું-હે બ્રહ્મપુત્ર નારદ! આપનું મુખ ઉદાસ કેમ છે? આપ શા કારણથી ચિંતાતુર જણાઓછો? આપ ઉતાવળા ક્યાં જાઓછો, તથા આપનું આવવું આ સ્થળે ક્યાંથી થયું? ૨૫ કોઈ પોતાનું સઘળું ધન ખોઇ બેઠો હોય તેવા મનુષ્યની પેઠે તમે શૂન્ય ચિત્તવાળા થઈ ગયેલા ભાસો છો; તમારા જેવા નિઃસંગ પુરૂષની આવી દશા થવી સંભવતી નથી, માટે આમ થવાનું કારણ કહો. ૨૬

નારદજીએ કહ્યું-આ પૃથ્વી સર્વથી ઉત્તમ છે, એમ જાણીને હું આખી પૃથ્વી ઉપર વિચર્યો. પુષ્કરજી, પ્રયાગરાજ, કાશી, ગોદાવરી હરિદ્વાર, કુરૂક્ષેત્ર, શ્રીરંગ તથા સેતુબંધ રામેશ્વર-એ આદિ અનેક તીર્થોમાં આમ તેમ ભમ્યો. ૨૭-૨૮ પણ કોઈ સ્થળે મારા મનને સંતોષ થાય એવું કાંઇ પણ કલ્યાણકારી દીઠું નહીં. આ સમયે અધર્મના મિત્ર કળિયુગે આખી પૃથ્વીને ઘેરી લીધેલી છે. ૧૯ સત્ય તો પૃથ્વી ઉપર છે નહીં, તથા તપ, પવિત્રપણું દયા અને દાન રહ્યાં નથી; બિચારા જીવો પેટભરા, અસત્ય બોલનારા, આળસુ, ઘણીજ મંદબુદ્ધિવાળા, નબળા ભાગ્યવાળા, અને આધિવ્યાધિ આદિ ઉપદ્રવથી પીડાયલા થઇ ગયા છે; જેઓ સારા લોકો કહેવાયછે, તેઓ પાખંડમાં રચીપચી રહેલા છે, અને વૈરાગીઓ પણ ઘરબારી થઇ બેઠા છે. ૩૦-૩૧ ઘેરઘેર બાઇડીઓનું ચલણ થઇ ગયું છે, અને લોકો સાળાઓની બુદ્ધિ પ્રમાણે ચાલે છે; ધનના લોભે કન્યાઓ વેચાય છે, અને ધણિધણિયાણીમાં કલેશ પેઠો છે. ૩૨ ઋષિઓના આશ્રમો, તીર્થો, અને નદીઓ યવનોવડે રોકાયલાં છે, તેમજ દેવાલયોનો પણ ઘણા દુષ્ટ લોકોએ નાશ કરી નાંખ્યો છે. ૩૩ કોઈ યોગી, સિદ્ધ, જ્ઞાની, કે સારી ક્રિયાવાળો પુરૂષ રહ્યો નથી. કળિરૂપી દવથી સાધનમાત્ર બળીને ખાખ થઇ ગયાં છે. ૩૪ આ કળિકાળમાં દેશના લોકો રાંધ્યાં ધાન વેચનારા, બ્રાહ્મણો વેદને વેચનારા અને સ્ત્રીઓ ધનમાટે વ્યભિચાર કરનારી થઇ ગઇછે. ૩૫ આ પ્રમાણે કળિકાળના દોષોને જોતો અને પૃથ્વી ઉપર વિચરતો હું જ્યાં શ્રીહરિએ લીલા કરી હતી તે શ્રીયમુનાજીને તીરે જઇ ચઢ્યો. ૩૬ ત્યાં આગળ મેં એક આશ્ચર્ય જોયું, હે મુનીશ્વરો! આપ તે સાંભળો. તે

ઠેકાણે ખેદ પામેલા મનવાળી એક જુવાન સ્ત્રી બેઠેલી હતી. ૩૭ અને તેની પાસે અચેતન થઇ ગએલા અને નિશાસા નાંખતા બે ઘરડા પુરૂષો પડેલા હતા. તે સ્ત્રી પેલા બે પુરૂષોની ઠઠમઠ કરતી હતી તથા તેમને વારંવાર સાવચેત કરતી રોતી હતી. ૩૮ તે સ્ત્રી પોતાનું રક્ષણ કરનાર કોઇ મળી આવે એવા હેતુથી દશે દિશાઓમાં આમ તેમ જોયા કરતી હતી. અને બીજી સેંકડો બાઇડીઓ તેને પંખો નાખતી હતી અને વારંવાર ધીરજ દઇ સમજાવતી હતી. ૩૯ દૂરથી આ સ્ત્રીઓને જોઇને આશ્ચર્યને લીધે હું તેમની પાસે ગયો, એટલે મને જોઇને તે જુવાન સ્ત્રી ઉભી થઈ અને વ્યાકુળ થઇ બોલી. ૪૦

તે જુવાન સ્ત્રીએ કહ્યું હે સાધુ! એક ક્ષણ ઉભા રહો. અને મારી ચિન્તા ટાળો: તમારૂં દર્શન લોકોનાં દુઃખનો સર્વ પ્રકારે નાશ કરે એવું શ્રેષ્ઠ છે. ૪૧ આપનાં વાક્યથી ઘણું કરીને મારૂં દુઃખ સમશે, કેમકે જ્યારે કોઇનું મહાભાગ્ય હોય ત્યારે તેને આપનું દર્શન થાય છે. ૪૨

નારદે પુછ્યું.-તું કોણ છે? આ બે ઘરડા પુરૂષો કોણ છે? અને આ કમળ જેવી આંખોવાળી બીજી સ્ત્રીઓ છે તે કોણ છે? હે દેવિ! તારા દુઃખનું જે કારણ હોય તે વિસ્તારપૂર્વક કહે. ૪૩

તે સ્ત્રી બોલી-હું 'ભક્તિ' એવા નામથી ઓળખાઉં છું, અને આ બને વૃદ્ધ પુરૂષો તે મારા જ્ઞાન અને વૈરાગ્ય નામના પુત્રો છે; તેઓ આ કળિકાળના યોગે કરીને જીર્ણ થઇ ગયા છે. ૪૪ આ સ્ત્રીઓ તે ગંગાઆદિક નદીઓ છે, તેઓ મારૂં કામકાજ કરવાને આવેલ છે. આમ દેવો મારી સેવામાં રહેછે તોપણ મને કાંઈ સુખ થતું નથી. ૪૫ હે તપરૂપિ ધનવાળા! તમે હવે ચિત્ત રાખીને મારી વાર્તા સાંભળો; મારા દુઃખની વાત ઘણી લાંબી છે; તે સાંભળીને મને સુખ થાય તેમ કરો. ૪૬ દ્રવિડદેશમાં હું જન્મી, અને કર્ણાટકમાં તથા કાંઇ કાંઈ મહારાષ્ટ્રમાં ઉછરી મોટી થઇ, અને ગુજરાતમાં હું ઘરડપણને લીધે નિર્બળ થઈ ગઈ. ૪૭ ગુજરાતમાં ઘોર કળિકાળના યોગથી પાખંડીએ મારાં અંગ ખંડિત કરી નાંખ્યાં તેથી હું દુર્બળ થયેલી મારા પુત્રોની સાથે ઘણા વખત સુધી શક્તિહીન દશામાં રહી. ૪૮ ત્યાર પછી જ્યારે હુ વૃંદાવનમાં આવી ત્યારે હમણાં નવીન સરખી, સુંદર રૂપવાળી, સંપૂર્ણ નવયૌવના અને અત્યંત પ્રિય લાગે તેવા રૂપવાળી થઇછું. ૪૯ પણ મારા આ બે પુત્રો તો શ્રમથી પીડા પામતા અહીં લાંબા થઇને પડયા છે. હવે આ સ્થાનકનો ત્યાગ કરીને હું બીજા દેશમાં જાઉંછું. ૫૦ મારા દીકરાઓ બન્ને વૃદ્ધ થઇ ગયા તેજ દુઃખથી હું દુઃખીછું. હું વૃદ્ધ હતી તે જુવાન શાથી થઇ અને આ મારા પુત્રો વૃદ્ધ કેમ રહ્યા? ૫૧ અમો ત્રણે સાથે રહેનાર છતાં આવું વિપરીત શાથી થયું? મા ઘરડી અને પુત્રો જુવાન હોવા જોઇએ. ૫૨ તેથી વિસ્મય પામેલા મનથી હું મારા પડનો શોક કરૂં છું. માટે હે યોગના ભંડાર અને બુદ્ધિમાન નારદજી! આમ થવાનું શું કારણ હશે તે મને કહો. ૫૩

નારદજી બોલ્યા-હે નિષ્પાપ ભક્તિ! મારા યોગજ્ઞાનવડે એ સઘળાનો પત્તો હું તને મેળવી આપુ છું; માટે તું કલેશ કરીશ નહિ. શ્રીહરિ તારૂં સારૂંજ કરશે. ૫૪

સૂતજી કહે છે-ક્ષણમાંજ યોગદ્વારા તે વાર્તા જાણી લેઇને નારદ મુનીશ્વર આ પ્રમાણે વચન બોલ્યા.

નારદે કહ્યું-હે બાળા! તું ધ્યાન દેઇને સાંભળ. આ ઘોર કળિગનો સમય છે ૫૫ તે કળિયુગે સદાચરણ, યોગમાર્ગ અને તપનો લોપ કરી દીધો છે શઠતા અને પાપકર્મ કરનારા લોકો અઘાસુર જેવા થઇ ગયેલાછે. ૫૬ આ યુગમાં સત્પુરુષો દુઃખ પામે છે, અને ખળ પુરુષો સુખ પામે છે. આવા વિકટ સમયે જે બુદ્ધિમાન પુરૂષ ધીરજ રાખીને પોતાનો ટેક જાળવી રહે તેને ધીરપુરુષ અથવા પંડિત જાણવો. ૫૭ જેઓને અડકવું પણ ન જોઇએ એવા પાપી જીવોને પોતાની

ઉપર વસતા જેમને આ પૃથ્વી ક્રમે કરીને દર વર્ષે શેષનાગને માથે વધારે વધારે ભાર કરનારી થતી ગઇ છે, અને પૃથ્વી ઉપર કાંઇ રૂડું પણ જોવામાં આવતું નથી. ૫૮ હાલના **સમયમાં તારા સામી તથા તારા દીકરાઓ સામી** કોઇ દૃષ્ટિ પણ કરતું નથી. વિષયપ્રીતિવડે આંધળા થયેલા લોકોવડે તારો અનાદર થવાથી તું ઘરડી અર્થાત અશક્ત થઇ ગઇ હતી; ૫૯ તે તું આજ પાછી વૃંદાવનના સયોગથી નવયૌવના બની ગઇ; જ્યાં ભક્તિ નાચી રહી છે એવા વૃંદાવનને ધન્ય છે! ૬૦ આ સ્થળે તારા પુત્રોના ગ્રાહકો કોઇ નહીં હોવાથી તેઓ ઘરડાપણુ તજતા નથી. પરંતુ અહીં એ બનેને કાંઇક સુખનુ ભાન થવાથી તેમને ઉંઘ આવી ગઇ હોય એમ જણાય છે. ૬૧

ભક્તિ બોલી-હે આનંદરૂપ નારદજી! પરીક્ષિત રાજાએ આવા અપવિત્ર કળિયુગને શા વાસ્તે રહેવા દીધો? અને સર્વ વસ્તુમાં રહેલો મોટો સાર હતો તે કળિયુગ પ્રવર્તતાં ક્યાં જતો રહ્યો? દર આવો અધર્મ વર્તે છે તે કૃપાળુ પ્રભુ કેમ સહન કરે છે? મારો આ સંદેહ ટાળો. આપની વાણીથી હું સુખી થઇ છું. ૬૩

નારદજી કહેછે-હે બાળા! તેં મને શંકા પૂછી, તો હવે પ્રીતિસહિત શ્રવણ કર. હે કલ્યાણિ! હું તને સર્વ કહીશ. તારો કલેશ ટળી જશે. ૬૪ જ્યારથી શ્રીકૃષ્ણ ભગવાન આ પૃથ્વીને તજીને સ્વધામ પધાર્યા તે દિનથી સર્વ સાધનોનો બાધ કરનારો કળિકાળ આવ્યો છે. ૬૫ દિગ્વિજય સમયે પરીક્ષિત રાજાએ તે કળિયુગને ગરીબડા સરખો પોતાને શરણે આવેલો જોયો; ત્યારે રાજાએ વિચાર્યું કે સર્વ તત્વને આ કળિયુગ ચુશી લેનારો છે, તેમ છતાં પણ શરણે આવેલાને મારે મારવો યોગ્ય નથી, કેમકે ભમરો પણ સર્વ તત્વને ચુશી લેનાર છે તેમ છતાં તેને પણ કોઇ મારતુ નથી. (જો કે ભમરો સર્વ પુષ્પનો સાર ચુશી લેછે તોપણ કોઇ એક પુષ્પ જેવો રસ ન આપી શકે તેવો મધરૂપી રસ આપવાનો ગુણ તેનામાં રહેલો છે. તેમ જો કે કળિયુગ તપ, યોગ, અને સમાધિ આદિ સર્વ સાધનોનો સાર નથી આપતો, તો પણ) જે ફળ તપ, યોગ, અને સમાધિથી કલિયુગમાં નથી થતુ તે ફળ શ્રીહરિના કીર્તનથી થાયછે. ૬૬-૬૭ આ પ્રમાણે કળિયુગને સારવાળો અને સારરહિત એવા મિશ્ર એકજ આકારમાં જોઇને પરીક્ષિત રાજાએ તેર કળિયુગમાં ઉત્પન્ન થયેલા જીવોના સુખને માટે તેને રહેવા દીધો છે. ૬૮ હાલમાં કુકર્મ આચરવાથી સર્વ વસ્તુમાંથી સાર જતો રહ્યો છે. અને આ પૃથ્વી ઉપર સઘળા પદાર્થો બીજ વિનાનાં ફોતરાં જેવાં થઇ રહ્યા છે. ૬૯ દાણાના લોભથી બ્રાહ્મણોએ ઘેરે ઘેર દરેક માણસના આગળ ભાગવતની કથા કરી દીધી અને તેથી કથામાંથી પણ સાર જતો રહ્યો છે. ૭૦ અતિ ઘોર કર્મ કરનારા, નાસ્તિક, અને ભયંકર માણસો પણ તીર્થમાં રહેછે. તેથી તીર્થમાંથી પણ તત્વ ગયું છે. ૭૧ કામ, ક્રોધ, મહાલોભ અને તૃષ્ણાવડે વ્યાકુળ થયેલાં અંતઃકરણવાળાં મનુષ્યો પણ તપશ્ચર્યામાં લાગ્યાં છે તેથી તપમાંથી પણ તત્વ જતુ રહ્યું છે. ૭૨ મન વશ નહિ રાખવાથી, લોભથી, દંભથી, પાખંડના આશ્રયથી અને શાસ્ત્રોના અભ્યાસ વિના ધ્યાન આદિક યોગનું ફળ પણ જતું રહ્યું છે. ૭૩ મુક્તિના સાધનમાં નહિ પણ કેવળ પુત્ર ઉત્પન્ન કરવામાંજ કુશળ એવા પંડિતો પોતાની પત્નિઓની સાથે પાડાની પેઠે ભોગવિલાસમાં રમ્યા કરે છે. ૭૪ ગુરૂ પરંપરા માર્ગ પ્રમાણે કોઇ પણ ઠેકાણે વૈષ્ણવતા રહી નથી; આ પ્રમાણે પ્રત્યેક સ્થળે વસ્તુમાત્રનો સાર જતો રહ્યો છે. ૭૫ આ પ્રમાણે થયું છે તે આ કળિયુગનોજ ધર્મ વર્તે છે, તેથી કોઇનો દોષ નથી; આ કારણથી ભગવાન પાસે ઉભા ઉભા સઘળું સહન કરે છે. ૭૬

સૂતજી કહેછે,-હે શૌનક! એ પ્રમાણે **નારદજીનું બોલવું સાંભળીને ઘણું આશ્ચર્ય પામેલી ભક્તિ ફરીથી બોલી, તે સાંભળો.૭૭**

ભક્તિ બોલી.-હે દેવર્ષિ નારદ! આપને ધન્ય છે. મારા સારા ભાગ્યથીજ આપ મને

મળ્યા. આ લોકમાં સત્પુરૂષોનું દર્શન શ્રેષ્ઠ અને સર્વ સિદ્ધિયોને આપનારૂં છે. ૭૮ આપનું કેવળ એકજ વચન સાંભળીને પ્રલ્હાદજી આ જગતમાં માયાને જીતી ગયા હતા. અને ધ્રુવ પણ આપનીજ કૃપાથી અવિચળ પદ પામ્યા હતા. એવા સમગ્ર કલ્યાણના પાત્ર અને બ્રહ્માના પુત્ર આપને હું નમસ્કાર કરૂં છું. ૭૯

जयति जगति मायां यस्य कायाधवस्ते ।
वचनरचनमेकं केवलं चाकलय्य ॥
ध्रुवपदमपि यातोयत्कृपातोध्रुवोऽयं ।
सकलकुशलपात्रं ब्रह्मपुत्रं नतास्मि ॥ ७९ ॥

ઇતિ શ્રી પદ્મપુરાણે-ઉત્તરખંડે-ભાગવતમહાત્મ્યનો "ભક્તિનારદ સમાગમ" એ નામનો પહેલો અધ્યાય સમાપ્ત.

અધ્યાય બીજો.

(સનકાદિક કુમાર અને નારદજીનો સંવાદ)

वृथा खेदयसे बाले । अहो चिन्तातुरा कथम ॥
श्रीकृष्णचरणांभोजं । स्मर दुःख गमिष्यति १

નારદજી કહેછે-હે બાળા! તું મિથ્યા ખેદ કરે છે. અહો! તું શું કરવા ચિંતાતુર થાય છે? શ્રીકૃષ્ણના ચરણકમળનું સ્મરણ કર, એટલે તારૂં દુઃખ ટળી જશે. ૧ જેણે કૌરવોની આપત્તિમાંથી પાંચાળીનું રક્ષણ કર્યું, અને જેણે ગોપીઓને અનેક સંકટમાંથી બચાવી તે શ્રીકૃષ્ણ ક્યાંય જતા રહ્યા નથી. ૨ હે ભક્તિ! તું તો ભગવાનને નિરંતર પ્રાણથી પણ વધારે પ્રિય છે. જો તું બોલાવે તો ભગવાન નીચને ઘેર પણ આવે. ૩ સત્ય, ત્રેતા અને દ્વાપર યુગમાં જ્ઞાન અને વૈરાગ્ય મુક્તિનાં સાધન હતાં અને આ કલિકાળમાં તો કેવળ તું ભક્તિજ પરબ્રહ્મના સાયુજ્યરૂપ મુક્તિ આપનારી છે. ૪ એવો નિશ્ચય કરીને સચ્ચિદાનંદ ભગવાને તને પોતાના જેવાજ રૂપવાળી, પરમાનંદ અને પ્રકાશની મૂર્તિવાળી તથા પોતાને વહાલી અને સુંદર રૂપવાળી સરજી છે. ૫ તેં એકવાર હાથ જોડીને ભગવાનને પૂછ્યું હતું કે મારે હવે શું કરવું? તે સમયે શ્રીકૃષ્ણ પરમાત્માએ તને એવી આજ્ઞા કરી હતી કે તું મારા ભક્તોનું પોષણ કર. ૬ ભગવાનનું એ વચન તેં માથે ચડાવ્યું તેથી તે પ્રસન્ન થયા, ત્યારે તારી સેવામાં મુક્તિદાસી તથા આ જ્ઞાન અને વૈરાગ્યને આપ્યાં. ૭ વૈકુંઠમાં તું પોતાના મૂળ રૂપવડે પોષણ કરે છે, અને આ પૃથ્વીમાં ભગવદ્ ભજનના પોષણના અર્થે તેં આ છાયારૂપ ધર્યું છે. ૮ મુક્તિ, જ્ઞાન, અને વૈરાગ્યને પોતાની સાથે લેઈને તું આ મૃત્યુલોકમાં ઉતરી અને સત્યયુગથી આરંભીને દ્વાપરના અંતસુધી મોટા આનંદસહિત રહી. ૯ પછી પાખંડરૂપ રોગથી પીડાયલી મુક્તિ કલિયુગમાં ક્ષય પામી, તે તારી આજ્ઞાથી સત્વર ફરીને વૈકુંઠલોકમાંજ જતી રહી. ૧૦ પરંતુ જ્યારે જ્યારે તું તેને સંભારે છે ત્યારે ત્યારે તે મુક્તિ પાછી આ લોકમાં આવી જાય છે. તેં આ જ્ઞાન તથા વૈરાગ્યને પોતાના પુત્ર તરીકે તારી પાસેજ રાખ્યા છે. ૧૧ કલિયુગમાં અનાદર થવાથી આ તારા પુત્રો વૃદ્ધ અને અશક્ત થઈ ગયા છે, તોપણ તું ચિંતા તજી દે. હું એનો ઉપાય વિચારીને શોધી કાઢું છું. ૧૨ હે સુમુખી! કલિયુગના સરખો બીજો કોઈ પણ યુગ નથી, તેથી આ યુગમાં ઘેરઘેર અને મનુષ્યે મનુષ્યમાં હું તને સ્થાપીશ. ૧૩ અન્ય ધર્મોના તિરસ્કારપૂર્વક મ્હોટા ઉત્સવોને ઉત્તેજન આપી જો હું લોકમાં તને પ્રવર્તાવું નહિ તો હું હરિનો દાસ નહિ. ૧૪ આ લોકમાં અને આ યુગમાં જે જીવો ભક્તિમાન થશે, તેઓ જોકે પાપી હશે, તોપણ નિર્ભય થઈ શ્રીકૃષ્ણના ધામને પામશે. ૧૫ જેઓનાં અંતઃકરણમાં નિરંતર પ્રેમલક્ષણા ભક્તિ વસે છે તેઓ નિર્મળ છે અને સ્વપ્નમાં પણ યમને દેખતા નથી. ૧૬ ભક્તિયુક્ત મનવાળા મનુષ્યને પ્રેત, પિશાચ, રાક્ષસ કે અસુર સ્પર્શ પણ કરી શકતા નથી ૧૭ તપ, વેદ, જ્ઞાન કે કર્મથી ભગવાન વશ

થતા નથી, પણ ભક્તિવડેજ વશ થાય છે. તેમાં ગોપીઓનું ઉદાહરણ પ્રમાણરૂપ છે. ૧૮ મનુષ્યના હજારો જન્મના પુણ્યપ્રભાવથી ભક્તિ ઉપર પ્રીતિ થાય છે. કલિયુગમાં તો એક ભક્તિજ- ફરીથી કહું છું કે કલિયુગમાં એક ભક્તિજ મુખ્ય છે, અને ભક્તિવડેજ શ્રીકૃષ્ણનો સાક્ષાત્કાર થાયછે. ૧૯ જેઓ ભક્તિના વિરોધી છે, તેઓ ત્રણ લોકમાં દુઃખ પામે છે. પૂર્વે દુર્વાસાઋષિ પણ ભક્તોની નિંદા કરવાથી કષ્ટ પામ્યા હતા. ૨૦ વ્રત- તીર્થ યોગ, યજ્ઞ, અને જ્ઞાન કથા એ બધું જોયું: પણ એકલી ભક્તિજ મોક્ષ આપનારી છે. ૨૧

સૂતજી કહેછે. એ પ્રમાણે નારદે પ્રતિપાદન કરેલો પોતાનો મહિમા સાંભળીને સર્વાંગે પ્રફુલ્લ થયેલી ભક્તિ નારદને આ પ્રમાણે કહેવા લાગી. ૨૨

ભક્તિ બોલી.-અહો નારદજી! તમને ધન્ય છે. તમને મારા ઉપર દૃઢ પ્રીતિ છે. હું તમને કદી પણ તજીશ નહિ. હું નિરંતર તમારા અંતઃકરણમાં વાસ કરીશ. ૨૩ હે મહાત્મા! તમો કૃપાળુએ ક્ષણમાત્રમાં મારી પીડા સમાવી દીધી; હવે મારા આ પુત્રોમાં ચેતનતા નથી, માટે તમને સત્વર સચેત કરો. ૨૪

સૂતજી કહે છે- આવી રીતે ભક્તિનાં વચન સાંભળી નારદજીને દયા ઉપજી તેથી જ્ઞાન તથા વૈરાગ્યને હાથના અગ્ર ભાગથી ઢંઢોળી ઢંઢોળીને જગાડવા લાગ્યા. ૨૫ તેમના કાન આગળ મુખ રાખીને મોટા ઘાંટાથી બોલવા લાગ્યા કે, હે જ્ઞાન! સત્વર જાગ; હે વૈરાગ્ય! ઝટ લેઈ જાગ્રત થઈ જા. ૨૬ વેદ અને ઉપનિષદના ઘોષથી તથા વારંવાર ગીતાના પાઠથી નારદજીએ જગાડવાનુ કર્યું ત્યારે તેઓ કંઈકપરાણે પરાણે ઊઠ્યા, ૨૭ પણ આંખો ઉઘાડવાને અશક્ત, બગાસાં ઉપર બગાસાં ખાતા અને સુકા લાકડા જેવા જડ અંગવાળા, તે બે પાછા આળસવાળા બગલાની પેઠે ઢળી પડ્યા. ૨૮ ભૂખથી અશક્ત થયેલા અને પાછા નિદ્રામાં પડેલા તે બન્નેને જોઇ નારદ ઋષિ ચિંતાતુર થયા કે હવે મારે શું કરવું? ૨૯ અહો! આ નિદ્રા શી રીતે ટળે? અને આ મહા ભારે વૃદ્ધત્વ શી રીતે મટે? એ પ્રમાણે ચિંતા કરતા નારદે શ્રીગોવિંદનું સ્મરણ કર્યું, ૩૦ ત્યારે આકાશ વાણી થઈ કે, 'હે ઋષિ! તમે ખેદ ન પામો, તમારો ઉદ્યમ સફળ થશે, એમાં કાંઈ સંદેહ નથી. ૩૧ હે નારદ! તમે કંઈ સત્કર્મ કરો. તે કરવાનું સત્કર્મ સાધુઓમાં શિરોમણિ એવા સત્પુરુષો તમને કહેશે. ૩૨ તે સત્કર્મ કરશો એટલે જ્ઞાન અને વૈરાગ્ય એ બંનેની નિદ્રા તથા વૃદ્ધતા તત્ક્ષણ જતી રહેશે અને સર્વત્ર ભક્તિનો પ્રસાર થશે.' ૩૩ એવી આકાશ વાણી સ્પષ્ટ રીતે સર્વના સાંભળવામાં આવી. 'આ કંઇ સમજાતું નહિ' એમ બોલતા નારદજી વિસ્મય પામ્યા. ૩૪

નારદજી કહેછે—આ આકાશવાણીએ કહ્યું. તેમાં કાંઈક ગુપ્ત રહેલું છે, તો હવે જેનાવડે જ્ઞાન અને વૈરાગ્યનું કાર્ય થાય તેવું કયું સાધન કરવું? ૩૫ આકાશવાણીએ કહેલા સંતો ક્યાં હશે? અને તેઓ એ સાધન મને શી રીતે કહેશે? આકાશવાણીએ જે કહ્યું તે વિષયમાં મારૂં શું કર્તવ્ય હશે? ૩૬

સૂતજી કહેછે.-પછી એ બન્નેને ત્યાં મૂકીને નારદમુનિ ત્યાંથી ચાલી નીકળ્યા, અને રસ્તામાં મુનીશ્વરોને તે સાધનવિષે પૂછતા તીર્થં તીર્થમાં ફરી વળ્યા. ૩૭ સૌ મુનીશ્વરો નારદનો વૃત્તાંત સાંભળી રહેતા, પણ કંઈ તેનો નિર્ણય કરી આપતા નહિ. કેટલાક તો કહેતા કે એ વાત અસાધ્ય છે, અને બીજાઓ કહેતા કે એ જાણવું કઠણ છે, અને બીજાઓ તો મૌન પકડી રહેતા તથા કેટલાએક તો ત્યાંથી ચાલ્યા જતા. આ પ્રમાણે આશ્ચર્ય ઉપજાવે એવો મોટો હાહાકાર આખા ત્રૈલોક્યમાં થઈ રહ્યો. ૩૮-૩૯ લોકો કાનોકાન કહેવા લાગ્યા કે જ્યારે વેદ અને વેદાંતના ઘોષવડે તથા ગીતાપાઠવડે ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યની ત્રિપુટી જાગ્રત થતી 'નથી તો હવે બીજો કાંઇ ઉપાય રહ્યો નથી. જે ઉપાય યોગીશ્વર નારદ પણ જાણતા નથી તે

આ લોકમાં બીજા મનુષ્યવડે શી રીતે કહી શકાય? એમ કહીને ઋષિયોના સમુદાયે પણ એ વાતને અસાધ્ય જેવી ગણી કાઢી. ૪૦–૪૨ તેથી ચિંતાતુર થયેલા નારદજી પછી બદરિવનમાં આવ્યા. અને 'અહીં તપશ્ચર્યા આદરૂં' એવો મનમાં નિશ્ચય કર્યો, એવામાં ત્યાં કોટિ સૂર્યના સમાન પ્રભાવવાળા સનકાદિક મુનીશ્વરોને પોતાની આગળ આવેલા દેખ્યા, તેમને મુનિયોમાં ઉત્તમ નારદજીયે આ પ્રમાણે કહ્યું. ૪૩–૪૪

નારદે કહ્યું.–હાલ મારા મોટા ભાગ્યને લીધે મને આપના સાથે મેળાપ થયો. હે સનકાદિક! હું પુછું તે કૃપા કરીને મને સત્વર કહો. ૪૫ આપ સર્વ યોગી, બુદ્ધિમાન, બહુશ્રુત, અને પાંચ વર્ષના વયવાળા જણાતા છતાં પ્રાચીનમાં પ્રાચીન, સદા વૈકુંઠમાં વસનાર, હરિકીર્તનમાં તત્પર, ભગવાનની લીલારૂપ અમૃતરસના પાનથી ઉન્મત્ત, અને કેવળ હરિકથામાંજ જીવન ગાળનાર છો; આપના મુખમાં 'શ્રીહરિ અમારૂં શરણ છે, એ વચનજ સર્વદા રમી રહેલું છે, તેથી કાળની આજ્ઞામાં વર્તાવનારી વૃદ્ધાવસ્થા આપને સ્પર્શ કરતી નથી. ૪૬–૪૮ પૂર્વે આપના કોપકટાક્ષમાત્રથી ભગવાનના દ્વારપાળો મર્ત્યલોકમાં પડયા હતા અને આપનીજ કૃપાથી ફરીને તેઓ પોતાનું પદ પામ્યા છે. ૪૯ અહો! સુભાગ્યના યોગે મને અહીં આપનું દર્શન થયું. હું રંક ઉપર આપ દયાળુએ અનુગ્રહ કરવો જોઇએ. ૫૦ આકાશ વાણીએ જે સાધન કહ્યું છે તે શું હશે? અને તે સાધનનું કેવા પ્રકારે અનુષ્ઠાન કરવું તે મને વિસ્તારીને કહો. ૫૧ ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યને કેવા પ્રકારે સુખ થાય અને પ્રીતિપૂર્વક પ્રયત્નવડે સર્વ વર્ણમાં તેમનું સ્થાપન કેવી રીતે થાય? ૫૨

સનત્કુમારો કહેછે–હે દેવર્ષિ નારદ! ચિંતા કરશો નહિ. ચિત્તમાં પ્રસન્નતા રાખો. આ વિષયમાં એક સુખસાધ્ય અને અપૂર્વ ઉપાય છે. ૫૩ અહો! નારદ! આપને ધન્ય છે. આપ વૈરાગ્યવાન પુરૂષોના શિરોમણિ, સર્વદા શ્રીકૃષ્ણના દાસોમાં મુખ્ય, અને યોગમાર્ગના સૂર્ય છો. ૫૪ ભક્તિનેમાટે તમે જે પરિશ્રમ કરો છો તેમાં કંઈ આશ્ચર્ય જેવું નથી; કેમકે ભક્તિનું સ્થાપન કરવું એજ સર્વદા શ્રીકૃષ્ણના દાસને ઘટે છે. ૫૫ આ લોકમાં ઋષિયોએ અનેક પંથો દર્શાવ્યા છે પણ તે સર્વ કષ્ટસાધ્ય અને બહુ બહુ તો સ્વર્ગરૂપ ફળનેજ આપનારા છે. ૫૬ વૈકુંઠ પ્રાપ્તિનો માર્ગ તો ગુપ્તજ છે, અને તે પંથનો ઉપદેશ આપનાર પુરૂષ પણ ઘણું કરીને ભાગ્યેજ મળેછે. ૫૭ પૂર્વે આકાશવાણીવડે જે સત્કર્મનું તમને સૂચન થયું તે હવે કહીએ છીએ. તે સ્થિર ચિત્તથી તથા પ્રસન્ન અંતઃકરણથી સાંભળો. ૫૮ કેટલાએક દ્રવ્યથી, કેટલાએક તપથી, કેટલાક યોગથી, કેટલાએક અભ્યાસથી, અને કેટલાએક જ્ઞાનથી યજ્ઞ કરવામાં આવેછે, પણ તે સઘળા યજ્ઞો કર્મને સૂચવનારા છે. ૫૯ બુદ્ધિમાન પુરુષોએ તો સત્કર્મસૂચક એક જ્ઞાનરૂપ યજ્ઞજ માન્યો છે. અને તે જ્ઞાનયજ્ઞ તો શ્રીમદ્‌ભાગવતનો આલાપજ છે. તેજ શુકાદિ મુનિયોએ ગાયેલો છે. ૬૦ તેના ઘોષવડે ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યને મોટું બળ મળે છે, તેનાથી જ્ઞાન તથા વૈરાગ્યનું દુઃખ ટળશે અને ભક્તિને સુખ થશે. ૬૧ જેમ સિંહની ગર્જના સાંભળીને વરૂઓ નાશી જાય છે તેમ શ્રીમદ્‌ભાગવતના ધ્વનિથી આ કલિયુગના સઘળા દોષોનો પ્રલય થઇ જશે, તેથી કરીને ઘેર ઘેર અને પ્રત્યેક મનુષ્યમાં પ્રેમરસને વહન કરનારી જ્ઞાન તથા વૈરાગ્યયુક્ત ભક્તિ ક્રીડા કરશે. ૬૨–૬૩

નારદજી કહે છે–વેદ તથા ઉપનિષદ્‌ના ઘોષથી તથા ગીતાના પાઠથી જગાડવાનો પ્રયત્ન કર્યા છતાં ભક્તિ જ્ઞાન અને વૈરાગ્યની ત્રિપુટી જાગ્રત થઇ નહિ તો તે શ્રીમદ્ ભાગવતના આલાપમાત્રથી શી રીતે જાગ્રત થશે? કેમકે તે કથામાંતો શ્લોકે શ્લોકે અને શબ્દે શબ્દે વેદનોજ અર્થ રહેલો છે. ૬૪–૬૫ જેમનાં દર્શનનું ફળ જતું નથી એવા આપ મુનીશ્વરો મારો આ સંદેહ ટાળો. હે શર-

ભાગત ઉપર કૃપા રાખનારા! આ વિષયમાં વિલંબ ન કરો. ૬૬

સનકાદિકે કહ્યું.—વેદ અને ઉપનિષદના સારમાંથી શ્રીમદ્ભાગવતની કથા થયેલી છે. માટે તેના ફળની ઉત્કૃષ્ટતા અતિશ્રેષ્ઠ અને જૂદાજ પ્રકારની છે. ૧૭ રસ તો વૃક્ષના મુળથી તે ટોચલગી વ્યાપી રહે છે; પણ તે રસ ફળરૂપે જૂદો એકઠો થઇને જેવો આખા વિશ્વનું મન હરણ કરનાર થાય છે તેવો વૃક્ષમાં રહેલો રસ સ્વાદ આપતો નથી. ૬૮ જેમ દુધમાં રહેલું ઘી પોતાનો કંઇ પણ સ્વાદ આપતું નથી, પરંતુ તેજ ઘી જ્યારે જૂદું કાઢવામાં આવેછે ત્યારે દિવ્ય અને દેવતાઓને પણ રસ આપનારૂં થાય છે. ૬૯ શેરડીમાં પણ મુળથી મધ્ય પર્યંત સાકર વ્યાપી રહેછે પણ તે જૂદી પડે છે ત્યારેજ મીઠી લાગે છે, તેમજ શ્રીમદ્ ભાગવતની કથાવિષે જાણવું. ૭૦ વેદની સમાન આ ભાગવત નામનું પુરાણ ભકિત, જ્ઞાન અને વિરાગના સ્થાપનને અર્થેજ પ્રકટ કરવામાં આવેલ છે. ૭૧ વેદાંત તથા વેદમાં સારી પેઠે કુશળ અને ગીતાના પણ રચનાર વેદવ્યાસ જ્યારે અજ્ઞાનરૂપી સાગરમાં મોહ પામતા હતા અને પરિતાપ પામતા હતા ત્યારે તમેજ તેમને ચાર શ્લોકવાળું ભાગવત પુર્વે કહ્યું હતું. તેના શ્રવણથી વેદવ્યાસજીનો મોહ તત્કાળ શમી ગયો. ૭૨-૭૩ તે ભાગવતવિષે તમને શાથી વિસ્મય થયો કે તમે પ્રશ્ન કરોછો? શ્રીમદ્ભાગવતના શ્રવણથી શોક અને દુઃખનો નાશ થાયછે. ૭૪

નારદે કહ્યું.—હે શેષનાગના હજારે મુખથી ગવાયલી કથાના રસનું પાન કરનારા મુનીશ્વરો! આપનું દર્શન સત્વર સર્વ પ્રકારના અશુભને હણે છે, અને આ ભવદુઃખરૂપ દાવાનલમાં શેકાયલા જીવોનું કલ્યાણ કરેછે, માટે પ્રેમરૂપા ભકિતનો પ્રકાશ કરવાને વાસ્તે હું આપને શરણે આવ્યોછું. ૭૫ અનેક જન્મમાં સંચિત કરેલાં પુણ્યવડે થયેલા ભાગ્યોદયથી જ્યારે પુરૂષને સત્પુરૂષોનો સમાગમ થાયછે ત્યારેજ અજ્ઞાનથી ઉપજેલા મોહ અને મદરૂપી અંધારાનો નાશ કરીને વિવેક ઉદય પામે છે. ૭૬

भाग्योदयेन बहुजन्मसमार्जितेन ।
सत्संगमं च लभते पुरुषो यदा वै ॥
अज्ञानहेतुकृतमोहमदांधकार-
नाशं विधाय हितदोदयते विवेकः ॥८६॥

ઇતિ શ્રીપદ્મપુરાણે-ઉત્તરખંડે-ભાગવતમાહાત્મ્યનો "કુમાર નારદ સંવાદ" નામનો બીજો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ત્રીજો.

ભકિતનું કષ્ટ નિવારણ.

ज्ञानयज्ञं करिष्यामि शुकशास्त्रकथोज्ज्वलम् ।
भक्तिज्ञानविरागाणां स्थापनार्थं प्रयत्नतः ॥१॥

નારદજી બોલ્યા.-ભકિત, જ્ઞાન, અને વૈરાગ્યને સ્થાપવાને અર્થે શુકદેવજીએ ભાખેલ શાસ્ત્ર એટલે ભાગવતની કથાવડે શોભતા જ્ઞાનયજ્ઞ હું પ્રયત્નપુર્વક કરીશ. ૧ જ્યાં એ યજ્ઞ મારે આદરવો યોગ્ય હોય તે સ્થળ મને બતાવો અને વેદના પાર પામેલા આપ મુનીશ્વરો ભાગવતનો મહિમા કહો. ૨ કેટલા દિનમાં ભાગવતની કથા સાંભળવી લેવી અને તેમાં શો વિધિ કરવો? એટલું આપ મને કહો. ૩

સનકાદિક કહે છે—હે નારદ! તમો વિશેષ નમ્ર અને વિવેકીછો તેથી અમે તમને કહીએ છીએ તે સાંભળો. ગંગાદ્વારની પાસે એક આનંદ નામનો કિનારો છે. ૪ તે સ્થળે અનેક ઋષિયોના સમુદાય વસેછે, અને દેવ અને સિદ્ધો એ સ્થળને સેવેછે. તે કિનારાપર જાત જાતનાં ઝાડ તથા વેલાઓ ફેલાઇ રહ્યા છે, અને ત્યાંની રેતી તાજી ને કોમળ છે. ૫ એ કિનારો રમણીય છે, એકાંત દેશમાં આવી રહ્યો છે, અને સુવર્ણનાં કમળોવડે સુશોભિત છે. તે સ્થળની પાસે વસનારા જીવોનાં અંતઃકરણમાં દ્વેષભાવ રહેતા નથી. ૬ તે સ્થળમાં તમારે શ્રમ કર્યા વિના જ્ઞાનયજ્ઞ કરવો. તે સ્થળે અપૂર્વ રસમય કથા

થશે. ૭ ભક્તિની પાસે ઘરડપણથી જીર્ણ થઇ ગયેલા શરીરવાળા અને અશક્ત, જ્ઞાન અને વૈરાગ્ય છે, તે બન્નેને પોતાની આગળ કરીને ભક્તિ ત્યાં જ્ઞાનયજ્ઞમાં આવશે, ૮ કેમકે જ્યાં જ્યાં ભાગવતની કથા થાય છે ત્યાં ત્યાં ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય એ ત્રણે આવેજ છે, અને એ કથાનો શબ્દ કાને પડતાં તે ત્રણે જુવાન થઇ જાય છે. ૯

સૂત કહેછે.-તે સનકાદિક મુનીશ્વરો આ પ્રમાણે નારદજીને કહીને તેમની સાથે સાથેજ કથારૂપી અમૃતનું પાન કરાવવા સારૂ તે સ્થળેથી શ્રીગંગાજીને તીરે આવ્યા. ૧૦ જ્યારે તેઓ ગંગાતટે આવી પહોંચ્યા ત્યારે મર્ત્યલોક, દેવલોક, અને બ્રહ્મલોકમાં તો એક કોલાહલ મચી રહ્યો. ૧૧ શ્રી ભાગવતરૂપી અમૃતના પાનને અર્થે રસના લોભી જે વૈષ્ણવો તે સૌ સર્વથી પહેલા તે સ્થળે દોડતા આવ્યા. ૧૨ ભૃગુ, વસિષ્ઠ, ચ્યવન, ગૌતમ, મેધાતિથિ, દેવલ, દેવરાત, પરશુરામ, વિશ્વામિત્ર, શાકલ, માર્કંડેય, દુર્વાસા, પિપ્પલાદ, યોગેશ્વરો, વ્યાસ, પરાશર, છાયાશુક, જાજલી, અને જન્હુઆદિક સઘળા મુનિયોનાં ટોળેટોળાં પોતાનાં સ્ત્રી પુત્ર અને શિષ્યોને સાથે લેઇને ઘણીજ પ્રીતિથી તે સ્થળે આવ્યા. ૧૩-૧૪ ઉપનિષદ, વેદ, મંત્ર, તંત્ર, બીજાં સત્તર પુરાણ તથા છ શાસ્ત્ર પણ મૂર્તિમાન થઇને ત્યાં આવ્યાં. ૧૫ ગંગાઆદિક નદીઓ, પુષ્કરઆદિક સરોવરો, સઘળાં તીર્થક્ષેત્રો, સર્વ દિગ્પાલ, દંડકારણ્યઆદિક વનો, ૧૬ પર્વતો અને વૃક્ષો, દેવો, ગંધર્વો અને કિન્નરો એ સર્વ તે સ્થળે આવ્યાં. માટાઇમાં રહીને જે કોઇ નહીં આવ્યા તેમને ભૃગુ ઋષિ સમજાવીને તેડી લાવ્યા. ૧૭ પછી નારદે સર્વથી શ્રેષ્ઠ આસન આપ્યું. તે ઉપર શ્રી હરિપરાયણ થયેલા, સનત્કુમારો કથાના વક્તા તરીકે દીક્ષા લેઇને બેઠા તેમને સર્વ કોઇએ નમસ્કાર કર્યા. ૧૮ વૈષ્ણવો વિરક્ત પુરુષો, સંન્યાસીઓ, અને બ્રહ્મચારીઓ વક્તાની સામે બેઠા, અને તેઓની આગળ નારદજી બેઠા. ૧૯ એક ભાગમાં ઋષિયોનો સમુદાય, બીજા ભાગમાં દેવો, ત્રીજા ભાગમાં વેદ તથા ઉપનિષદો, ચોથા ભાગમાં તીર્થો, અને પાંચમા ભાગમાં સ્ત્રીઓ-એ પ્રમાણે શ્રોતાઓની સભા બેઠી. ૨૦ જયજયકાર, નમઃ શબ્દો, અને શંખનો ધ્વનિ ગાજી રહ્યા. ગુલાલ, અક્ષત, અને પુષ્પનો વર્ષાદ થયો. ૨૧ કેટલાક મુખ્ય દેવોએ વિમાને ચઢીને તે સ્થળે દેવતાઇ વૃક્ષનાં ફુલોની વૃષ્ટિ કરી. ૨૨

સૂત કહે છે.-એ પ્રમાણે થયા પછી સર્વ એકાગ્ર અંતઃકરણવાળા થયા ત્યારે સનકાદિકો મહાત્માશ્રી નારદમુનિને શ્રી ભાગવતનો મહિમા સ્પષ્ટ કરીને કહેવા લાગ્યા. ૨૩

સનકાદિક કહેછે-હવે તમને શ્રીમદ્‌ભાગવતનું માહાત્મ્ય કહીએ છીએ, કે જે સાંભળવાથીજ મોક્ષ હાથમાં આવી જાય છે. ૨૪ જેના શ્રવણ માત્રથી સાક્ષાત ભગવાન શ્રોતાના અંતઃકરણમાં આવીને વાસ પૂરે છે એવી શ્રીભાગવતની કથા તો સદા સેવવીજ જોઇએ. ૨૫ અઢાર હજાર શ્લોકોના પ્રરવાળો, અને બાર સ્કંધવાળો તથા પરીક્ષિત રાજા અને શુકદેવજીના સંવાદરૂપ ગ્રંથ જે ભાગવત તેનું શ્રવણ કરો. ૨૬ જ્યાં સુધી શ્રીભાગવતની કથાનો શબ્દ એક ક્ષણ પણ કાને પડ્યો નથી ત્યાંલગીજ પુરૂષ આ સંસારચક્રમાં અજ્ઞાનવડે ભમે છે. ૨૭ ભ્રાન્તિ ઉપજાવનાર બીજાં અનેક શાસ્ત્રો અને પુરાણો સાંભળવાનું શું કામ છે? મુક્તિ આપનાર એક ભાગવતશાસ્ત્રજ ગર્જના કરી રહ્યું છે. ૨૮ જેને ઘેર નિત્ય ભાગવતની કથા થાયછે તેનું ઘર તીર્થરૂપજ છે, કેમકે તેમાં વસનારનાં પાપનો નાશ કરનારૂં છે. ૨૯ હજારો અશ્વમેધ યજ્ઞ અને સેંકડો વાજપેયયજ્ઞ ભાગવતકથાના એક સોળમા ભાગને પણ પહોંચે નહીં. ૩૦ હે તપરૂપી ધનવાળાઓ! જ્યાંલગી મનુષ્યો રૂડી રીતે ભાગવત સાંભળે નહીં ત્યાંલગી તેઓના દેહમાં પાપ રહી શકેછે. ૩૧ ગંગા, ગયા, કાશીપુરી, પુષ્કર કે પ્રયાગરાજ એ કોઇનું ફળ ભાગવત શ્રવણના ફળની બરાબરી કરી શકે તેમ નથી. ૩૨ જો કદી પરમગતિને પા-

એવા ઇચ્છતા હો તો તમે પોતાને મુખેજ નિત્ય ભાગવતના અડધા કે પા શ્લોકનો પણ પાઠ કરો. ૩૩ પ્રણવ, ગાયત્રી, પુરુષસૂક્ત, ત્રણવેદ, ભાગવત, દ્વાદશાક્ષર મંત્ર, સૂર્ય, પ્રયાગરાજ, વર્ષરૂપ કાળ, બ્રાહ્મણો, અગ્નિહોત્ર, ગાય, દ્વાદશી તિથિ, તુલસી, વસંતઋતુ, અને પુરુષોત્તમ ભગવાન્, એટલાંમાં બુદ્ધિમાન્ પુરુષો ભિન્નભાવ સમજતા નથી. ૩૪ ૩૬ જે પુરુષ સદા અર્થ સમજીને ભાગવત વાંચે છે તેનાં કોટિ કોટિ જન્મનાં પાપનો પણ નાશ થઈ જાયછે એમાં સંદેહ નથી. ૩૭ ભાગવતના અર્ધા અથવા પા શ્લોકનો પણ જે માણસ પાઠ કરે છે, તેને નિત્ય રાજસૂય યજ્ઞ તથા અશ્વમેધ યજ્ઞનું ફળ મળે છે. ૩૮ નિત્ય ભાગવતની કથા, શ્રીહરિનું ધ્યાન, તુલસીને જળ રેડવું, અને ગાયોની સેવા એ સઘળાં એકસરખાં છે. ૩૯ અંતકાળે પણ જે માણસને કાને ભાગવતની કથા પડે તો તેને શ્રીગોવિંદ વૈકુંઠ આપે છે. ૪૦ જે મનુષ્ય સોનાના સિંહસહિત શ્રીમદ્ ભાગવતના પુસ્તકનું દાન કોઇ વિષ્ણુભક્તને આપે તે શ્રીકૃષ્ણ ભગવાનના રૂપમાં શમી જઇને મોક્ષ પામે એ નિઃસંશય છે. ૪૧ જે શઠ મનુષ્યે આખા જન્મારામાં કોઈવાર પણ ચિત્ત દેઇને શ્રી ભાગવત–કથાનો રસ જરા પણ પીધો નહીં, તેણે ચાંડાલ અને ગધેડાની પેઠે પોતાનું જીવતર નકામું ગાળ્યું અને પોતાની માતાને પ્રસવનું કેવળ દુઃખજ આપ્યું એમ સમજવું. ૪૨ જેણે ભાગવતનું કોઇ પણ વચન સાંભળ્યું નથી તે પાપી મનુષ્યને જીવતો હોય તો પણ મુએલો જાણવો; અને ભૂમિને ભાર કરનાર તથા પશુ સમાન તે માણસને ધિક્કાર છે, એમ સ્વર્ગમાં કમળ જેવાં મુખવાળી દેવાંગનાઓ કહે છે. ૪૩ આ જગત્માં શ્રીમદ્ ભાગવતની કથા દુર્લભ છે. કોટિકોટિ જન્મના પુણ્યથી તે કથા મળે છે. ૪૪ એટલા માટે હે યોગવિદ્યાના સાગરરૂપ બુદ્ધિમાન્ નારદજી! તે કથા પ્રયત્નવડે સાંભળવા યોગ્ય છે. તેમાં કાંઇ દિવસોનો નિયમ નથી. કથાનું શ્રવણ તો હમેશાં કરવું. ૪૫ સત્ય અને બ્રહ્મચર્યવડે સદા કથાનું શ્રવણ કરવું અશક્ય હોવાથી કલિયુગમાં શુકદેવજીની આજ્ઞાથી વિશેષ નિયમ બંધાયો છે તે જાણવા જેવો છે. ૪૬ તે એવો છે કે મનોવૃત્તિનો જય, નિયમિત આચાર તથા દિક્ષા કરવાનું અશક્ય હોવાથી ફક્ત સાત દિવસપર્યંત શ્રવણ કરવું. ૪૭ માઘમાસમાં શ્રદ્ધાપૂર્વક નિત્ય કથા સાંભળવાથી જે ફળ થાયછે તે જ ફળ સાતજ દિવસ સાંભળવાથી થાયછે એમ શુકદેવજીએ કહ્યું છે. ૪૮ મન વશ ન રહેવાનેલીધે, વ્યાધિનેલીધે, પુરુષોના આવરદાના ક્ષયને લીધે અને કલિયુગના અનેક દોષોનેલીધે સાત દિવસમાં સાંભળી લેવાનું ઠરાવ્યું છે. ૪૯ જે ફળ તપ, યોગ અને સમાધિથી મળતું નથી તે સમગ્ર ફળ શ્રમવિના માત્ર સપ્તાહ સાંભળવાથી મળે છે. ૫૦ યજ્ઞ, વ્રત, તપ, અને તીર્થથકી પણ સદા સપ્તાહની ગર્જના વધારે મોટી છે. ૫૧ યોગ, ધ્યાન, અને જ્ઞાન કરતાં પણ સપ્તાહ વધારે ગાજે છે. તેની ગર્જનાની શી વાત કહેવી ? એતો ગાજયાજ કરે છે અને ગાજયાજ કરે છે. ૫૨

શૌનક પુછે છે હે યોગવેત્તા ! આ અદ્ભુત કથા આપે કહી; હમણાં જ્ઞાનાદિ ધર્મની અવગણના કરીને એકલું ભાગવત પુરાણજ આદિબ્રહ્મનો લક્ષ કરાવનારૂં થઇ મુક્તિદાતા કયાંથી ઠર્યું ? ૫૩

સૂત કહેછે—જ્યારે શ્રીકૃષ્ણ ભગવાન્ આ પૃથ્વીને તજીને સ્વધામ પધારવા તૈયાર થયા ત્યારે એકાદશ સ્કંધ સાંભળીને ઉદ્ધવજીએ ભગવાનને કહ્યું. ૫૪

ઉદ્ધવજી બોલ્યા– હે ગોવિંદ ! આપતો ભક્તોનું કાર્ય કરીને સિધાવશો પણ મારા મનમાં એક મોટી ચિંતા થાય છે તે સાંભળીને મને સુખ પમાડો. ૫૫ એક તો આ ઘોર કલિકાળ આવ્યો છે, અને વળી આગળ જતાં ખળ લોકો ઉત્પન્ન થશે, તથા જ્યારે તેઓની સંગતિથી સાધુ પુરૂષો પણ ઉગ્રતાને પામશે, ૫૬ ત્યારે ભારવાળી આ ગાયરૂપ ભૂમી કોને શરણે જશે ! હે કમળ

સમાન નેત્રવાળા! આ પૃથ્વીનો આપ વિના કોઈ બીજો રક્ષક નથી. ૫૭ માટે, હે ભક્તવત્સળ! સાધુજનો ઉપર દયા આણીને આપ સિધાવો મા. આપ નિરાકાર અને ચૈતન્યરૂપ છો તે છતાં આપે ભકતોને માટે સગુણ રૂપ ધારણ કર્યું છે. ૫૮ આપના વિયોગે ભક્તજનો આ ભૂતળ ઉપર કેમ રહી શકશે? નિર્ગુણ પરમાત્માની ઉપાસનામાં તો કષ્ટ છે; તેથી કાંઇ પણ વિચાર કરો. ૫૯

સૂત કહેછે—એવું ઉદ્ધવજીનું વચન સાંભળીને પ્રભાસતીર્થમાં શ્રીહરિ વિચારવા લાગ્યા કે "ભકતોના આધારને માટે મારે શું કરવું જોઇએ?" ૬૦ એવો વિચાર કરીને પછી શ્રીહરિએ પોતાનું જે તેજ હતું તે શ્રી ભાગવતમાં મેલ્યું, અને અંતર્ધાન પામીને પોતે શ્રીમદ્‌ભાગવતરૂપી સાગરમાં પ્રવેશ્યા. ૬૧ તેથી ભગવાનની વાણીરૂપી પ્રત્યક્ષ મૂર્ત્તિ તે ભાગવત છે, અને તે તેના સેવન, શ્રવણ, પઠન, અને દર્શનથી પાપનો નાશ કરનારી છે. ૬૨ તેથી કરીને સપ્તાહ શ્રવણ સર્વ કરતાં ચઢીયાતું કર્યું છે; અને સર્વ સાધનોનો અનાદર કરીને સપ્તાહશ્રવણ એજ ધર્મ કહેવાયો છે. ૬૩ દુઃખ, દરિદ્રતા, દુર્ભાગ્ય અને પાપને ધોઇ નાખવાને, તથા કામક્રોધને જીતી લેવાને અર્થે કલિયુગમાં આ સપ્તાહ શ્રવણ એજ ધર્મ કહ્યો છે. ૬૪ જે દેવોથી પણ તજાવી અત્યંત કઠણ છે એવી ભગવાનની માયા મનુષ્યોથી શીરીતે તજી શકાય? તેટલા માટેજ સપ્તાહશ્રવણનું પ્રતિપાદન કરેલું છે. ૬૫.

સૂત કહે છે—એ પ્રમાણે સનકાદિકોએ સપ્તાહ શ્રવણરૂપ પરમધર્મને સભામાં પ્રકાશ કરવા માંડયો તે સમયે એક આશ્ચર્યકારક બનાવ બન્યો, તે હે શૌનક! તમે સાંભળો. ૬૬ તે સમયે પોતાના પેલા યુવાન થયેલા બે પુત્રોને લેઇને કેવળ પ્રેમલક્ષણા ભક્તિ 'હે શ્રીકૃષ્ણ! હે ગોવિંદ! હે હરિ! હે મુરારિ! હે નાથ! એ પ્રમાણે વારંવાર ભગવાનનાં નામો બોલતી પ્રકટ થઇ. ૬૭ શ્રીભાગવતના અર્થરૂપી આભૂષણવાળી અને અતિ મનોહર રૂપવાળી તે ભક્તિને તે સભામાં બેઠેલા સર્વ લોકોએ દીઠી, અને તેણે સભામાં કેવી રીતે પ્રવેશ કર્યો અને મુનિયોની મધ્યે કેવી રીતે આવી તે વિષે સર્વે કલ્પનાઓ કરવા લાગ્યા. ૬૮ તે સમયે સનકાદિકો બોલ્યા કે "કથાના અર્થમાંથી ભક્તિ હમણાં નિકળીને આ પ્રત્યક્ષ ઉભી છે." આવું સનકાદિકોનું વચન સાંભળીને ભક્તિએ પોતાના પુત્રો સહિત નમ્રતા સાથે સનત્કુમારને આ પ્રમાણે કહ્યું. ૬૯

ભક્તિ બોલી--કલિકાળને યોગે કરીને હું અતિ નિર્બળ થઇ ગઈ હતી, તોપણ કથારસનું પાન કરાવીને મને આપે હાલ પુષ્ટ કરી, તો હવે મારે કયાં વસવું તે હે બ્રહ્મપુત્રો! મને કહો. ત્યારે સનકાદિકોએ તેણીને આ વચન કહ્યું. ૭૦

સનકાદિકોએ કહ્યું--ભકતોનાં અંતઃકરણમાં ભગવાનના સુંદર રૂપને ધરનારી, કેવળ પ્રેમને ઉપજાવનારી અને ભવરોગને હણનારી તું સંપૂર્ણ દ્રઢતાનો આશ્રય કરીને નિરંતર વિષ્ણુભકતોના મનમાં વાસ કરજે. ૭૧ તેથી કલિયુગથી ઉપજનાર દોષો લોકોમાં પ્રબળ થઇ પડશે તોપણ તે દોષો તારી સામે દ્રષ્ટિ કરવાને પણ સમર્થ થશે નહીં.

સૂત કહે છે---આ પ્રમાણે સનકાદિકોએ આજ્ઞા કરી એટલે તેજ સમયે શ્રીહરિના સેવકોના મનમાં ભક્તિ પેઠી. ૭૨ જેઓના હૃદયમાં શ્રીહરિની એક ભક્તિજ નિવાસ કરે છે તેઓ નિર્ધન છતાં પણ સર્વ લોકમાં ધન્ય છે; ભક્તિરૂપી સૂત્રને તાંતણે બંધાયેલા ભગવાન્ પણ પોતાના ધામને છોડીને તેઓના અંતઃકરણમાં આવીને પ્રવેશ કરે છે. ૭૩ હવે આ લોકોમાં આ પરબ્રહ્મસ્વરૂપ ભાગવત નામના ગ્રંથનું માહાત્મ્ય આથી વધારે તમને શું કહીએ! શ્રીભાગવતનો રૂડી રીતે આશ્રય લેવાથી સારો કહેનાર અને સાંભળનાર બંને પણ શ્રીકૃષ્ણના સમાન થઇ જાયછે એમ કહેલું છે તો પછી બીજા ધર્મોનું કાંઇ પ્રયોજન નથી. ૭૪

ब्रूमोद्य ते किमधिकं महिमानमेवं ।
ब्रह्मात्मकस्य भुवि भागवताभिधस्य ॥

यत्संश्रयान्निगदिते लभते सुवक्ता ।
श्रोतापि कृष्णसमतामलमन्यधर्मैः ॥७४॥

ઇતિ શ્રીપદ્મપુરાણે ઉત્તરખંડે શ્રીમદ્ભાગવત માહાત્મ્યનો 'ભક્તિકષ્ટનિવર્તન' નામનો ત્રીજો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ચોથો.

આત્મદેવનો મોક્ષ.

अथ वैष्णवचित्तेषु दृष्ट्वा भक्तिमलौकिकीम्॥
निजलोकं परित्यज्य भगवान्भक्तवत्सलः॥१॥

સુત કહેછે- પછી વૈષ્ણવોનાં મનમાં અલૌકિક ભક્તિને જોઇને તેમનાં પવિત્ર અંતઃકરણમાં ભક્તવત્સળ, વનમાળાવાળા, ઘનશ્યામ, મુકુટ અને કુંડળવાળા, સુંદર ત્રિવલીવાળા, શોભાયમાન કૌસ્તુભમણિથી દીપતા, કરોડો કામદેવના જેવા રૂપાળા, હરિચંદનના લેપવાળા, પરમચિદાનંદ મુર્ત્તિ, પ્રિય લાગે એવા, અને મુરલીવાળા શ્રીભગવાને પ્રવેશ કર્યો. ૧-૪ ઉદ્ધવજીઆદિક વૈકુંઠવાસી વૈષ્ણવો તે કથા સાંભળવાને ગુપ્ત રૂપ ધરીને બેઠા. ૫ તે સમયે જયજયકાર શબ્દ, રસની અલૌકિક પુષ્ટિ, અબીર ગુલાલ અને પુષ્પની વૃષ્ટિ, અને શંખનાદ વારંવાર થવા લાગ્યા. ૬ તે સભામાં બેઠેલા પોતાના દેહ, ઘર, અને જીવભાવનું ભાન ભુલી ગયા. તેઓની શ્રીહરિમય દશા થયેલી જોઇને નારદજીએ કહ્યું કે, "હે મુનીશ્વરો ! મેં આજ સપ્તાહનો આ અલૌકિક મહિમા જોયો. અહીં બેઠેલા મૂઢ, શઠ, અને પશુપક્ષીઓ પણ અત્યંત નિર્મળ થઇ ગયાં. ૮ આ મર્ત્યલોકમાં ચિત્તની શુદ્ધિ કરનારૂં સપ્તાહ વિના બીજું કાંઇ પણ કલિયુગમાં પવિત્ર નથી. તથા પાપના ઢગલાનો નાશ કરનાર કથાના સરખું આ પૃથ્વીમાં બીજું કાંઈ નથી. ૯ આ સાત દિવસની કથારૂપ યજ્ઞથી કોણ કોણ પાવન થાય છે તે મને કહો. આપ દયાળુઓએ લોકોનું હિત વિચારીને આ કોઇ નવોજ માર્ગ પ્રગટ કર્યો છે." ૧૦

સનકાદિક કહેછે.–જે મનુષ્યો સદા પાપ કરનાર, નિત્ય દુરાચારમાં રમી રહેલા, વિપરીત માર્ગે ચાલનાર, ક્રોધરૂપ અગ્નિથી બળેલા, કુટિલ અને કામી હોય છે તેઓ પણ આ કલિયુગમાં સપ્તાહયજ્ઞથી પવિત્ર થાય છે. ૧૧ સત્યહીન, માબાપને દૂષણ દેનાર તૃષ્ણાવડે વ્યાકુળ, આશ્રમધર્મથી રહિત, ઢોંગી, મત્સરવાળા, અને હિંસાવાળા હોય છે તેઓ પણ સપ્તાહયજ્ઞથી કલિયુગમાં પવિત્ર થાય છે. ૧૨ પંચ મહાપાપ કરનાર, છળપ્રપંચ કરનાર, ક્રૂર, પિશાચ જેવા નિર્દય, બ્રાહ્મણના ધનથી તાજા થએલા અને વ્યભિચારી હોય તેઓ પણ સપ્તાહરૂપી યજ્ઞથી આ કલિયુગમાં શુદ્ધ થાય છે. ૧૩ જે ખળ લોકો હઠવડે શરીર, વાણી અને મનથી પણ નિત્ય પાપ કરતા હોય, પરાયા ધનથી પુષ્ટ થયા હોય, મલિન હોય અને દુષ્ટ વિચારવાળા હોય તેઓ પણ કલિના સમયમાં સપ્તાહરૂપી યજ્ઞથી પવિત્ર થાય છે. ૧૪ આવિષે એક પુરાતન ઇતિહાસ તમને કહીશું કે જેનુ માત્ર શ્રવણ કરવાથીજ પાપનો ક્ષય થાય છે. ૧૫

તુંગભદ્રા નદીને તીરે આગળના સમયમાં એક ઉત્તમ નગર હતું. તેમાં વસનાર ચારે વર્ણના લોક પોતાના ધર્મ પ્રમાણે સત્ય અને સત્કર્મમાં તત્પર રહેતા. ૧૬ તે પુરમાં એક આત્મદેવ નામે સર્વ વેદમાં પ્રવીણ, શ્રૌત અને સ્માર્ત કર્મમાં પારંગત, બીજા સૂર્યના જેવા તેજસ્વી અને ભિક્ષાવૃત્તિ કરનાર, પણ ધનવાન્ બ્રાહ્મણ હતો; તેની સ્ત્રી લોકમાં 'ધુંધુલી' એવા નામથી ઓળખાતી હતી. તે ધુંધુલી સદા મમત કરનારી, સુંદરી, ઉંચાકુળની, લોકોની વાતો કરવામાં રસિયણ, ક્રૂર, ઘણું કરીને લવરીખોર, ઘરધંધામાં શૂરી, કૃપણ અને કજીયાખોર હતી. ૧૭-૧૯ એ પ્રમાણે પ્રીતિથી તે ધણિધણિયાણી હસતાં રમતાં રહેતાં હતાં, પણ તેઓને ધન, વૈભવ તથા ઘરઆદિકથી કશું પણ સુખ ઉપજતું નહોતું; ૨૦ પછી તેઓએ સંતાન થાય તેટલામાટે ધર્મદાન કરવા માંડયાં; અને ગાયો,

પૃથ્વી, સુવર્ણ, અને વસ્ત્રોનાં દાન દીન મનુષ્યોને આપવા માંડયાં. ૨૧ એ રીતે ધર્મમાં તેઓએ પોતાનું ધન અર્ધોઅર્ધ વાપરી નાખ્યું, પણ ન થયો પુત્ર કે ન થઇ પુત્રી: તેથી તે ઘણોજ ચિંતાતુર થયો. ૨૨ એકવાર તે બ્રાહ્મણ દુઃખનો માર્યો ઘર છોડીને વનમાં ગયો. ત્યાં મધ્યાન્હે તે તરસ્યો થયો અને એક તલાવ ઉપર ગયો. ૨૩ પ્રજાના દુઃખથી પીડાયેલો તે તો ખેદ પામીને ત્યાંજ બેઠો; થોડાક સમયમાં કોઈ સંન્યાસી તેજ સ્થળે આવી ચઢ્યો. ૨૪ તે સંન્યાસી જળ પી રહ્યો એટલે તે બ્રાહ્મણ તેની પાસે ગયો અને તેના ચરણે નમન કરીને નિશ્વાસા નાંખતો તેની આગળ ઉભો રહ્યો. ૨૫

સંન્યાસીએ પૂછ્યું.—હે વિપ્ર ! તું શા માટે રડે છે ? તારે એવી શી મોટી ચિંતા છે ? તું મને તારા દુઃખનું કારણ ઝટ કહે. ૨૬

બ્રાહ્મણે કહ્યું.–પૂર્વજન્મના પાપથી ઉત્પન્ન થયેલા મારા દુઃખની શી વાત કહું ? મારા પૂર્વજો સહેજસાજ ઉનું જળ પીએ છે. ૨૭ મારૂં અર્પણ કરેલું કશુંયે દેવો અને બ્રાહ્મણો પ્રીતિથી અંગીકાર કરતા નથી. વાંઝિયાપણાના દુઃખને લીધે શૂન્યહૃદય થઇ ગયેલો હું આ ઠેકાણે પ્રાણત્યાગ કરવાને અર્થે આવેલો છું. ૨૮ સંતાન વિના જીવતરને ધિક્કાર છે, અને બાળક વિનાના ઘરને પણ ધિક્કાર છે, વાંઝીઆના ધનને પણ ધિક્કાર છે, પ્રજા વિના કુળને પણ ધિક્કાર છે. ૨૯ હું ગાય પાળું છું તે પણ કદી વિયાતી નથી, અને હું જે ઝાડ રોપું છું તેને ફળજ આવતાં નથી. ૩૦ જે ફળ મારે ઘેર આવેછે તે તરત સુકાઇ જાય છે, તે માટે મારા જેવા નિર્ભાગી વાંઝીઆના જીવનનું શું પ્રયોજન છે ? ૩૧ એ પ્રમાણે બોલીને તે દુઃખથી પીડાયલો બ્રાહ્મણ તે સંન્યાસીની પાસે મોટા ઘાંટા પાડીને રોવા લાગ્યો. ત્યારે તે સંન્યાસીના મનમાં ઘણી દયા આવી. ૩૨ તે યોગી હતો તેથી તેણે તે બ્રાહ્મણના ભાગ્યમાં લખેલો લેખ વાંચ્યો અને સઘળું જાણીને તે સંન્યાસીએ પછી તેને નીચે પ્રમાણે વિસ્તાર કરીને કહ્યું. ૩૩

સંન્યાસી કહે છે.–સંતાનની ઈચ્છારૂપી અજ્ઞાનને તું તજી દે. કર્મની ગતિ સૌ કરતાં બળવાન્ છે. તું વિવેક રાખીને આ સંસારની વાસના છોડી દે. ૩૪ હે વિપ્ર ! મેં હમણાં તારૂં પ્રારબ્ધ જોઈ લીધું, સાત જન્મ લગી તારા ભાગ્યમાં પુત્ર નથી ને નથીજ. ૩૫ પૂર્વે સગરરાજાને અને અંગરાજાને સંતતિથીજ દુઃખ પડયું હતું. માટે તું વંશવૃદ્ધિની આશા તજી દે, કેમકે સંન્યાસમાંજ સર્વ પ્રકારે સુખ છે. ૩૬

બ્રાહ્મણે કહ્યું.—“ મારે વિવેકનું શું કામ છે? ગમે તેમ કરીને પણ મને તો પુત્ર આપો.નહિ તો શોકથી મૂર્છા પામીને હું તમારી આગળ પ્રાણ તજું છું. ૩૭ પુત્રાદિક સુખથી રહિત એવો જે સંન્યાસઆશ્રમ તે તો સૂકો છે, પુત્રપૌત્રવાળો ગૃહસ્થાશ્રમ તેજ રસમય છે.” ૩૮ તે બ્રાહ્મણની એવી હઠ જોઇને તે સંન્યાસી બોલ્યો કે “ વિધાતાના લખ્યા લેખ ટાળવાનો પ્રયત્ન કરનાર ચિત્રકેતુ રાજા પૂર્વે દુઃખ પામ્યો હતો. ૩૯ દૈવવડે જેનો ઉદ્યોગ નિષ્ફળ કરાયલો છે એવા મનુષ્યની પેઠે તું પુત્રથીસુખ પામવાનો નથી. માટે તું કેવળ હઠીલો છે. તને ગરજવાનને હું શું કહું ?” ૪૦ તે બ્રાહ્મણનો દુરાગ્રહ જોઇને પેલા સંન્યાસીએ તેને એક ફળ આપીને કહ્યું કે આ ફળ તારી પત્નીને ખવરાવજે તેથી પુત્ર થશે. ૪૧ સત્ય, શૌચ, દયા અને દાન આચરવાં, તથા એક વાર ભોજન કરવું–એટલાં વાનાં તારી સ્ત્રીએ એક વર્ષ લગી પાળવાં. તેથી તેને અત્યંત પવિત્ર પુત્ર થશે.” ૪૨ એટલું કહીને તે યોગી સંન્યાસી ચાલ્યો ગયો અને પેલો બ્રાહ્મણ પોતાને ઘેર આવ્યો. પોતાની સ્ત્રીના હાથમાં પેલું ફળ આપીને પોતે કયાંઇક ગયો. ૪૩ તેની કુટિલ સ્ત્રી પોતાની સખી આગળ રોવા લાગી કે–“ અહો ! મને તો ચિંતા થાય છે, માટે હું તો ફળ ખાવાની નથી. ૪૪ ફળ ખાઉં તો મને ગર્ભ રહે અને તેથી કરીને મારૂં પેટ વધી જાય; તેથી ઘણું થોડું ખાઈ શકાય અનેતેથી કરીને નબળાઇ આવી જાય તો પછી ઘરનું કામ શીરીતે થાય? ૪૫ દૈવયોગે કદી ગામમાં ધાડ

પડે તો ગર્ભિણીથી નસાય શી રીતે? શુકદેવજીની પેઠે કદી ગર્ભ પેટમાં ને પેટમાંજ લાંબો વખત રહે તો તેને બહાર કેમ કરીને કઢાય? ૪૬ કદાચ ગર્ભ આડો આવી જાય તો તો મારૂં મરણજ થાય. પ્રસવનું દારુણ દુઃખ તે મારા જેવી સુકોમળ સ્ત્રીથી શી રીતે સહન થાય? ૪૭ હું સુવાવડમાં ખાટલે પડું એટલે મારી નણંદ આવીને મારૂં સઘળું ચોરી જાય, સત્યશૌચાદિ નિયમ તો પાળવો ઘણો કઠણ લાગે છે. ૪૮ પ્રસવ થયા પછી પણ છોકરાંને રમાડવા ઉછેરવામાં ઘણું કષ્ટ પડે છે. હું તો એમજ સમજું છું કે વાંઝણી અથવા રાંડીરાંડજ માત્ર સુખી છે." ૪૯ આ પ્રમાણે ખોટા ખોટા વિચાર કરીને તેણે તે ફળ ખાધુંજ નહીં; અને જ્યારે તેના પતિયે પૂછ્યું કે 'તેં ફળ ખાધું?' ત્યારે તે સ્ત્રીએ કહ્યું કે 'હા, ખાધું' ૫૦ એકવાર ધુંધુલીને ઘેર તેની બહેન પોતાની ઇચ્છાથી આવી, ત્યારે તેની આગળ ધુંધુલીએ બધી વાત કહી કે—'મને આ એક મોટી ચિંતા છે. ૫૧ હું એજ દુઃખથી દુબળી થઈ ગઇ; હે નાની બહેન! હવે હું શું કરૂં?' બહેન બોલી,—'મારે ગર્ભ છે; તે અવતરશે એટલે તને આપીશ. ૫૨ ત્યાં લગી તું સગર્ભાની પેઠે ઘરમાં સુખેથી કોઇ ન જાણે તેમ રહેજે. મારા પતિને તું ધન આપજે એટલે તે તને બાળક આપશે; ૫૩ અને લોકમાં તે એમ કહેશે કે છ માસનો થઇને બાળક મરી ગયો. નિત્ય હું તારે ઘેર આવીને તે બાળકને ધવરાવીશ. ૫૪ તું હમણાં પરીક્ષાને અર્થે તે ફળ તારી ગાયને ખવરાવી દે.' તે ધુંધુલીએ સ્ત્રી બુદ્ધિથી સઘળું તેજ પ્રમાણે કર્યું. ૫૫ પછી પૂરા દિવસે ધુંધુલીની બહેનને બાળક અવતર્યું; ત્યારે તેના બાપે એ બાળક લાવીને છાનોમાનો ધુંધુલીને સોંપ્યો. ૫૬ ધુંધુલીએ પોતાના ધણિને કહ્યું કે મને વેદના થયા વિના પુત્ર અવતર્યો. આત્મદેવને પુત્ર થવાથી લોકો આનંદ પામ્યા. ૫૭ દીકરાનું જાતકર્મ કરીને આત્મદેવે બ્રાહ્મણોને દાન આપ્યાં; તેને બારણે ગીત અને વાજીંત્રના શબ્દ થઇ રહ્યા અને સઘળું માંગલિક થઈ રહ્યું.

૫૮ ધુંધુલીએ તેના પતિને કહ્યું કે "મારે ધાવણ આવતું નથી, તેથી બીજી સ્ત્રીઓના ધાવણથી બાળકને શી રીતે ઉછેરૂં? ૫૯ મારી બહેનને બાળક અવતર્યું હતું તે મરી ગયું છે, માટે આપણું કામ સરે ત્યાંલગી તેને બોલાવીને આપણે ઘેર રાખો, તે આપણા પુત્રને ધવરાવશે. ૬૦ પુત્રના રક્ષણને માટે આત્મદેવે તે સઘળું કર્યું, અને તે પુત્રનું નામ તેની માના નામ ઉપરથી 'ધુંધુકારી' પાડ્યું. ૬૧ પછી ત્રણ માસ વીત્યા એટલે આત્મદેવની ગાયને પણ એક બાળક અવતર્યો. એ બાળક સર્વ અંગે સુંદર, દિવ્ય, નિર્મળ, અને સુવર્ણ જેવી કાંતિવાળો હતો. ૬૨ એ જોઇને પ્રસન્ન થયેલા આત્મદેવે પોતેજ તે બાળકના સંસ્કાર કર્યા. આ વાતથી આશ્ચર્ય પામીને સર્વ લોકો જોવાને એકઠા થયા. ૬૩ સર્વે કહેવા લાગ્યા કે "આત્મદેવનો હમણાં જે ભાગ્યોદય થયો તે તો જુવો, ગાયને દેવરૂપી બાળક અવતર્યો એ આશ્ચર્યની વાત છે." ૬૪ દૈવયોગે આ વાતનો ભેદ કોઈના જાણવામાં આવ્યો નહીં. તે ગોપુત્રના કાન ગાયના જેવા જોઇને તેનું નામ 'ગોકર્ણ' પાડ્યું. ૬૫ સમય જતાં તે બંને છોકરાઓ જુવાન થયા, તેમાં ગોકર્ણ તો વિદ્વાન્ અને જ્ઞાનવાન્ નીવડયો, અને ધુંધુકારી તો મોટો ખળ, ન્હાવાધોવાઆદિક ક્રિયાથી ભ્રષ્ટ, અભક્ષ્યનો ખાનાર, ક્રોધી, દુષ્ટદાન લેનાર, મશાણ લાડુ ખાનારો, ચોર, સર્વ ઉપર શત્રુતા રાખનાર, અને પારકાં ઘર બાળનારો નીવડયો. તે છોકરાંઓને રમાડવાને બહાને લેઇ જઇને પછી કુવામાં નાખી દેતો, હિંસા કરતો, હથિયાર રાખતો, ગરીબ અને આંધળાંને પીડતો, ચાંડાળોની નિત્ય મિત્રતા રાખતો, અને હાથમાં ફાંશીઆના જેવું દોરડું રાખતો. ૬૬ ૬૯ તેણે વેશ્યાઓની ખોટી સંગતથી બાપની પુંજીનો નાશ કરી નાંખ્યો. એકવાર માબાપને મારી તે ઘરમાંથી વાસણકુસણ પણ લેઇ ગયો. ૭૦ તેનો ધનહીન થઈ ગયેલો કૃપણ પિતા પોક મૂકીને રોવા લાગ્યો કે—"આંથી તો વાંઝીઆપણું સારૂં, પણ આવો કપુત તો દુઃખ આપનારજ છે. ૭૧ અરે હું ક્યાં

રહું ? ક્યાં જાઉં ? મારૂં દુઃખ કોણ ટાળે ? દુઃખે કરીને શું હું તે આપઘાત કરૂં ? હાય ! હાય !! મને પુરૂં દુઃખ પડયું !!!" ૭૨ તે સમયે જ્ઞાનવાન ગોકર્ણે આવીને પોતાના પિતાને વૈરાગ્યનો ઉપદેશ કરીને બોધ આપ્યો કે ૭૩ 'આ સંસાર સારવિનાનો, દુઃખરૂપ, અને મોહ ઉપજાવનારો છે. પુત્ર કોનો ? ધન કોનું ? પદાર્થમાં સ્નેહ કરનારો પુરૂષ નિરંતર બળ્યા કરેછે. ૭૪ નથી સુખ ઇંદ્રને, કે નથી સુખ ચક્રવર્તી રાજાને; એકાંત સેવન કરનાર વૈરાગ્યવાન્ મુનિનેજ સુખ છે. ૭૫ પુત્રની લાલસારૂપી અજ્ઞાનને તજીયો, મોહથી નરકમાં પડાય છે. આ દેહ તો પડવાનોજ છે, માટે સર્વનો ત્યાગ કરીને વનમાં જાઓ." ૭૬ ગોકર્ણનું કહેવું સાંભળીને વનમાં જવાની ઇચ્છાવાળો તેનો પિતા આત્મદેવ બોલ્યો કેઃ—"હે બાપુ ! મારે ત્યાં વનમાં જઇને શું કરવું તે મને વિસ્તારીને કહે. હે દયાળુ પુત્ર ! સ્નેહબંધનમાં પડેલો અને અપંગ એવો હું શઠ અંધારા કુવામાં પડયો છું; માટે મને તેમાંથી તું કાઢ." ૭૮

ગોકર્ણે કહ્યું.—"હાડકાં, માંસ અને રૂધિરવાળા આ શરીર ઉપરથી અભિમાન છોડી દો. સ્ત્રીપુત્રાદિમાંથી મારાપણું સદા મુકી દો. આ જગત ક્ષણમાં નાશ પામે એવું છે એમ સદા જાણો. વૈરાગ્યમાં અભિરૂચિવાળા થઇને ભક્તિમાં નિષ્ઠા રાખો. ૭૯ પરમાર્થ ધર્મનું નિરંતર સેવન કરો, અને લૈકિક ધર્મનો ત્યાગ કરો. સત્પુરૂષોની સેવા કરો, અને વિષયતૃષ્ણા તજી દો. પારકા ગુણદોષનો વિચાર ઝટ છોડી દઇને ભગવત્સેવાની કથાના રસનું અત્યંત પાન કરો." ૮૦

સૂત કહેછે.—એ પ્રમાણે પોતાના પુત્ર ગોકર્ણનું વચન અંગીકાર કરીને સાઠ વર્ષનો આત્મદેવ પોતાની મતિને સ્થિર રાખી ઘરનો ત્યાગ કરીને વનમાં ગયો; અને તે નિત્ય શ્રી હરિની સેવામાં તત્પર રહીને શ્રીમદ્ભાગવતના દશમ સ્કંધનો નિયમ રાખી પાઠ કરવાથી શ્રીકૃષ્ણને પામી ગયો. ૮૧

एवं सुतोक्तिवशतोऽपि गृहं विहाय ।
यातोवनं स्थिरमतिर्गतषष्ठिवर्षः ॥
युक्तोहरेरनुदिनं परिचर्ययासौ ।
श्रीकृष्णमाप नियतं दशमस्य पाठात् ॥८१॥

ઇતિ શ્રી પદ્મપુરાણે-ઉત્તરખંડે-શ્રીમદ્ભાગવત માહાત્મ્યનો "વિપ્ર મોક્ષ" નામનો ચોથો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૫ મો.

(ગોકર્ણ વર્ણન.)

सूतउवाच.

पितर्युपरते तेन जननी ताडिता भृशम् ।
क्व वित्तं तिष्ठते ब्रूहि हनिष्ये लत्तया न चेत्१

સૂતજી કહે છે—બાપ મરી ગયો એટલે ધુંધુકારીએ તેની માને બહુ મારી અને કહ્યું કે 'બોલ, ધન ક્યાં છે ? નિકર તને લાતે લાતે મારી નાખીશ.' ૧ તેનાં આવાં વચનથી ભય પામેલી તેની મા, એ દીકરાને દુઃખે કુવે પડીને મુઇ. ૨ ગોકર્ણ તો તીર્થાટન કરવા ચાલી નિકળ્યો; તે તો યોગનિષ્ઠ પુરુષ હતો, તેથી સુખ કે દુઃખ ગણતો નહીં. અને કોઇને શત્રુ કે સગો સમજતો નહીં. ૩ ધુંધુકારી પાંચ વેશ્યાઓવડે વીંટાયેલો ઘેર રહ્યો; અને તે વેશ્યાઓનું પોષણ કરવામાંજ મૂઢ બુદ્ધિવાળો તે અતિ ઘોર કર્મ કરવા લાગ્યો. ૪ એકવાર તે દુરાચરણી સ્ત્રીઓને ઘરેણાંની અભિલાષા થઇ, તે લેઈ આવવાને તે કામથી આંધળો થયેલો ધુંધુકારી મોતનો પણ વિચાર રાખ્યાવિના પોતાને ઘેરથી નિકળ્યો. ૫ જ્યાંત્યાંથી ધન ચોરી આણીને પાછો ઘેર આવ્યો અને વેશ્યાઓને કેટલાંક સુંદર વસ્ત્રાભૂષણ આપ્યાં. ૬ બહુ ધનનો સંચય થયેલો જોઇને વેશ્યાઓએ રાત્રે વિચાર કર્યો કે—"આ નિત્ય ચોરનો ધંધો કરે છે તેથી રાજા તેને કોઇવાર પકડશે. ૭ અને ધન જપ્ત કરીને તેને મોતની શિક્ષા કરશે એ તો નક્કીજ છે, તો પછી દ્રવ્યને માટે આપણેજ તેને છાનો માનો શા માટે મારવો

નહીં ? ૮ તેને પૂરો કરીને તથા ધનને ઉઠાવીને આપણે ગમે ત્યાં ચાલ્યાં જઈશું. એવો નિશ્ચય કરી તેઓએ ઉંઘેલા ધુંધુકારીને દોરડાંથી બાંધીને તથા તેને કંઠે ફાંસો નાંખીને તેને મારી નાંખવા માંડયો; તોપણ તે ઝટ મુવો નહીં, તેથી વેશ્યાઓ ગભરાવા લાગી. ૯-૧૦ છેવટે તેઓએ ધુંધુકારીના મોઢામાં ધગ ધગતા અંગારા નાંખ્યા. તેથી અગ્નિજ્વાળાના અતિશય દુઃખથી વ્યાકુળ થઇ તે મરણ પામ્યો. ૧૧ તે ધર્મહીન સાહસિક સ્ત્રીઓએ તેના શરીરને એક ખાડમાં દાટી ઘાલ્યું અને એ વાતનો ભેદ કોઇએ પણ જાણ્યો નહીં. ૧૨ લોક પૂછતા ત્યારે વેશ્યાઓ કહેતી કે-"ધનના લોભથી અમારો પ્રીતમ દૂર દેશ ગયો છે, તે આ વર્ષમાં આવી પહોચશે." ૧૩ ડાહ્યા પુરૂષે મુવેલી સ્ત્રીઓનો પણ વિશ્વાસ કરવો નહીં; છતાં જે મૂઢ પુરૂષ સ્ત્રીઓનો વિશ્વાસ કરે છે તે દુઃખથી અટવાય છે. ૧૪ સ્ત્રીઓ કે જેમનું બોલવું કામીને પ્રેમ વધારનાર તથા અમૃતમય છે અને મન તો અસ્તરાની ધાર સમાન છે તેમને તે વળી પ્રિય કોણ? અનેક ધણી કરનારી-તે વ્યભિચારીણીઓ દ્રવ્ય લેઇને નાશી ગઇ; અને ધુંધુકારી પોતાનાં કુડાં કર્મ કરીને મોટો પ્રેત થયો. વંટોળીઆનું રૂપ ધરીને તે દશે દિશાએ નિરંતર દોડતો, ટાઢ તાપથી પીડાતો, ભૂખ્યો, તરસ્યો, હા દૈવ! હા દૈવ!! એમ વારંવાર પોકારતો, તેને કાઈ પણ સ્થળે આશ્રય મળતો નહીં. કેટલેક કાળે ગોકર્ણે લોકોના કહેવાથી ધુંધુકારી મુવાના સમાચાર જાણ્યા. ૧૭-૧૮ તેને અનાથ જાણીને ગોકર્ણે તેનું ગયાશ્રાદ્ધ સાર્યું, તથા પોતે જે જે તીર્થમાં ગયો ત્યાં ત્યાં તેનું શ્રાદ્ધ કર્યું. ૧૯ આ પ્રમાણે ફરતો ફરતો ગોકર્ણ પોતાને ગામ આવી પહોચ્યો; તે વાત કોઇએ જાણી નહિ, અને રાત્રે પોતાના ઘરના આંગણામાં આવી સૂતો, ત્યાં આગળ ધુંધુકારીએ પોતાના ભાઈ ગોકર્ણને સૂતેલો જાણીને મધ્યરાત્રે પોતાનું અત્યંત ભયંકર રૂપ દેખાડયું. ૨૦-૨૧ તે ઘડીમાં ઘેટો, ઘડીમાં હાથી, ઘડીમાં પાડો, ઘડીમાં ઇંદ્ર, ઘડીમાં અગ્નિ, અને ઘડીમાં પુરૂષ થતો હતો. ૨૨ આવો વિપરીત ખેલ જોઇને ધૈર્યવાળો ગોકર્ણ 'આ કોઇપણ અવગતિયો છે' એમ નક્કી જાણીને તે પ્રત્યે બોલ્યો. ૨૩

ગોકર્ણ કહે છે.—રાત્રિએ આવા અતિ ઉગ્ર રૂપવાળો તું કોણ છે? તારી આવી દશા કેમ થઈ? તું પ્રેત, પિશાચ, કે રાક્ષસ છે તે મને કહે. ૨૪

સનકાદિક કહે છે.—આ પ્રમાણે ગોકર્ણે પૂછયું ત્યારે પ્રેત થયેલો ધુંધુકારી પોકે પોકે રોવા લાગ્યો. તે બોલવાને અશક્ત હોવાથી તેણે સાન માત્ર કરી. ૨૫ પછી ગોકર્ણે ખોબામાં પાણી લઇને છાંટયું. તેથી પાણીના પ્રતિબંધરૂપ પાપનો નાશ થવાથી ધુંધુકારી પ્રેત બોલવા લાગ્યો. ૨૬

પ્રેત બોલ્યો.—હું ધુંધુકારી નામે તારો ભાઈછું, મેં મારા પોતાનાજ પાપે કરીને ગાઢ બ્રાહ્મણપણું ગુમાવ્યું છે. ૨૭ મારા મહા અજ્ઞાનમાં વર્તનારના કુકર્મની કાંઇ ગણતરી નથી. જે હું લોકોની હિંસા કરનાર તેજ હું રાંડોને હાથે કષ્ટ પામીને મુવો. ૨૮ તેથી પ્રેતયોનિને પામેલો હું આવી દુર્દશા ભોગવું છું. દૈવની ઇચ્છા પ્રમાણે પાપના ફળનો ઉદય થવાથી હું પવનભક્ષણ કરીને જીવુંછું. ૨૯ હે દયાના સમુદ્ર બંધુ! મને આ પ્રેતયોનિમાંથી છોડાવ. તેનું એવું બોલવું સાંભળીને ગોકર્ણે તેને કહ્યું. ૩૦

ગોકર્ણ કહે છે.-તારે અર્થે તો મેં વિધિવડે ગયા ક્ષેત્રમાં પિંડ મૂકયો છે; તોપણ તારી મુક્તિ કેમ ન થઇ? એ મને મોટું આશ્ચર્ય ભાસે છે. ૩૧ ગયાશ્રાદ્ધથી પણ જો મોક્ષ ન થાય તો પછી આનો બીજો ઉપાય નથી. હે પ્રેત! મારે હવે શું કરવું જોઇએ, તે તું વિસ્તારીને કહે. ૩૨

પ્રેત કહે છે.-સો ગયાશ્રાદ્ધથી પણ મારો મોક્ષ થશે નહીં, માટે હવે તો કાંઇ બીજો ઉપાય હોય તો વિચારી કાઢો. ૩૩

સનકાદિક કહે છે.-પ્રેતનું આવું વચન સાંભળીને વિસ્મય પામેલા ગોકર્ણે કહ્યું કે-"જો સો શ્રાદ્ધથી પણ તારો મોક્ષ થાય નહીં,

તો પછી તારી મુક્તિ અસાધ્ય છે. ૩૪ હે પ્રેત! તું નિર્ભય થઈને હમણાં તો તારે ઠેકાણે જા, તારા મોક્ષનો કોઈ ઉપાય વિચારી કાઢીને હું કરીશ." ૩૫ પછી ગોકર્ણના કહેવાથી ધુંધુકારી ત્યાંથી પોતાને સ્થાને ગયો; ગોકર્ણે આખી રાત વિચારમાં ગાળી, પણ તેને કાંઇ સૂજ્યું નહીં. ૩૬ સવારમાં ગોકર્ણને આવેલો જોઇને લોકો પ્રીતિથી તેની પાસે આવ્યા, તેમને તેણે રાત જે બન્યું હતું તે સઘળું કહ્યું. ૩૭ ઘણાં ઘણાં શાસ્ત્રમાં ખોળતાં વિદ્વાનોને, યોગીઓને અને બ્રહ્મવાદી જ્ઞાનીઓને પણ ધુંધુકારીના મોક્ષનું સાધન જડયું નહીં. ૩૮ પછી સર્વે જણે છેવટે ધુંધુકારીની મુક્તિને માટે શ્રી સૂર્યનારાયણ કહે તે પ્રમાણે કરવાનું ઠરાવ્યું. તે સમયે ગોકર્ણે યોગબળથી સૂર્યના વેગને થંભાવ્યો, ૩૯ અને બોલ્યો કે-"હે વિશ્વના સાક્ષી! આપને હું નમસ્કાર કરૂં છું, પ્રેત થયેલા મારા ભાઈના મોક્ષનું સાધન હોય તે મને કહો. ૪૦ તે સાંભળીને સૂર્યનારાયણે દૂરથી સ્પષ્ટ રીતે એમ કહ્યું કે, 'શ્રીમદ્‌ભાગવતથી મુક્તિ થશે, માટે સાત દિવસમાં પૂરી થાય તેવી રીતે તે કથા વાંચો.' ૪૧ એવું સૂર્યનું ધર્મરૂપ વચન સર્વેકોઇએ સાંભળ્યું; અને સર્વેએ કહ્યું કે આ તો સહેલું સાધન છે,' તેથી તે પ્રયત્નવડે કરવું. ૪૨ ગોકર્ણ નિશ્ચય કરીને કથા વાંચવાને પ્રવૃત્ત થયો, તે શ્રવણ કરવાને અર્થે દેશદેશથી તથા ગામેગામથી મનુષ્યો તે સ્થળે આવ્યાં. ૪૩ પાંગળા, આંધળા, ઘરડા અને માંદાઓ પણ પોતાના પાપનો નાશ કરવાને માટે ત્યાં આવ્યા. દેવતાઓને પણ આશ્ચર્ય ઉપજે એવો મોટો સમાજ ભરાયો. ૪૪ જ્યારે ગોકર્ણે આસને બેશીને કથા કહેવા માંડી તે કાળે પ્રેત થયેલો ધુંધુકારી પણ ત્યાં આગળ પોતાને બેસવાનું ઠેકાણું આમતેમ જોતો જોતો આવ્યો. ૪૫ ત્યાં તેણે સાત ગાંઠોવાળો એક ઉંચો વાંસડો જોયો. તેના મૂળના કાણે થઇને તેના પોલાણમાં પેશીને તે કથાના શ્રવણને અર્થે બેઠો. ૪૬ તે પ્રેત વાયુરૂપ હોવાથી સ્થિર રહી શકે નહીં તેથી તેણે વાંસડામાં પ્રવેશ કર્યો હતો. એક વિષ્ણુભક્ત બ્રાહ્મણને, મુખ્ય શ્રોતાને સ્થાને બેસાડીને ગાયથી ઉત્પન્ન થયેલા ગોકર્ણે પહેલા સ્કંધથી સ્પષ્ટ રીતયે કથા કહેવા માંડી. પ્રથમ દિવસને અંતે જ્યારે કથા બંધ રાખી ત્યારે એક આશ્ચર્ય કારક વાર્ત્તા બની. ૪૭-૪૮ સાધુ પુરૂષોના દેખતાંજ કડાકો થઇને તે વાંસની એક ગાંઠ તૂટી ગઈ, બીજે દિવસે સાંજે તેજ પ્રમાણે બીજી ગાંઠ પણ ભેદાઇ ગઇ. ૪૯ તેજ પ્રમાણે ત્રીજા દિવસે સાયંકાળે ત્રીજી ગાંઠનું ભેદન થઇ ગયું; એ પ્રમાણે સાતે દિવસે તે વાંસની સાતે ગાંઠો તૂટી ગઇ. ૫૦ બારે સ્કંધોના શ્રવણથી ધુંધુકારી પ્રેતપણાથી મુક્ત થયો અને તુલસીની માળાથી શોભતો દિવ્ય રૂપવાળો થઈ ગયો; ૫૧ પીતાંબરવાળો, મેઘના જેવા શ્યામ વર્ણવાળો, અને મુકુટ તથા કુંડળવાળો તે ધુંધુકારીએ પોતાના ભાઇ ગોકર્ણને પ્રણામ કરી કહ્યું કે,-"હે બંધુ! તેં મને કૃપાવડે પ્રેતયોનિના દુઃખમાંથી મુક્ત કર્યો. પ્રેતપણાના દુઃખને ટાળનાર શ્રીભાગવતની કથાને ધન્ય છે. ૫૨-૫૩ શ્રીવિષ્ણુલોકરૂપી ફળને પમાડનાર સપ્તાહ વિધિને પણ ધન્ય છે. સપ્તાહ શ્રવણ પ્રાપ્ત થાય છે ત્યારે સર્વ પાતક ધ્રુજે છે કે,-આ કથા તત્કાળ અમારો નાશ કરી નાંખશે, મન વાણી કે કર્મથી કરેલું લીલું, સૂકું, નાનું કે મોટું પાપ સપ્તાહના શ્રવણથી, અગ્નિથી જેમ લાકડાં બળી જાયછે તેમ બળી જાય છે. ૫૪-૫૬ આ ભરતખંડમાં તો તત્વજ્ઞ મુનિયોએ વેદવેત્તા પુરુષોના સમાજમાં કહ્યું છે કે-"જેમણે ભાગવતની કથા સાંભળી નથી તેવા પુરૂષોનો અવતાર અફળજ છે. ૫૭ શ્રીભાગવતની કથા સાંભળી નહીં તો પછી આ ક્ષણભંગુર દેહને મોહવડે પાળીપોષીને સારી પેઠે પુષ્ટ અને બળવાન્ કરવાનું પ્રયોજન શું? ૫૮ આ શરીર હાડકાંના ટેકાવાળું, નસોના લોચાથી બાંધેલું, લોહીમાંસથી લીપાયલું, ચામડે મઢેલું, મળમૂત્રના હાંલ્લા જેવું; ૫૯ ઘરડપણ અને શોકરૂપ ફળથી પીડાતું, વ્યાધિનું ઘર, દુઃખી, જેનું કદી પૂરું

થઈ શકે નહીં તેવું. આપણું રાખ્યું રહે નહીં તેવું. નઠારૂં, દોષનું ભરેલું, ક્ષણભંગુર. ૬૦ અને છેવટે કીડા. વિષ્ટા. કે રાખ થઈ જાય એવું છે.—એમ શાસ્ત્ર અને શિષ્ટપુરુષોએ કહેલું છે. આ નાશવાન શરીરથી અવિનાશી ફળ આપે તેવું કર્મ શા માટે ન કરવું? ૬૧ સવારમાં જેને રાંધીએ તો સાંજે ઉતરી જાયછે એવા અન્નના રસથી પોષાયલા શરીરની તે સ્થિરતા શી? ૬૨ આ લોકમાં સપ્તાહનું શ્રવણ કરવાથી શ્રીહરિનો સાક્ષાત્કાર થાય છે. તેટલા માટે સર્વ દોષની નિવૃત્તિને માટે સપ્તાહ શ્રવણ તેજ ઉત્તમ સાધન છે. ૬૩ જેઓ ભાગવતની કથાનું શ્રવણ કરતા નથી તેઓ જળમાં પરપોટાની પેઠે અને જંતુઓમાં મગતરાંની પેઠે કેવળ મરવાનેજ માટે જન્મે છે. ૬૪ સૂકા અને જડ વાંસડાની પણ જ્યાં ગાંઠયો ભેદાઈ ગઇ ત્યાં મનુષ્યના ચિત્તની ગાંઠયો એ કથાના શ્રવણથી તુટે એમાં શી નવાઇ? ૬૫ સપ્તાહનું શ્રવણ કરતાં હૃદયની ગાંઠ ભેદાઇ જાયછે, સઘળા સંદેહ ટળી જાયછે. અને શ્રોતાનાં સર્વ કુકર્મોનો નાશ થઈ જાય છે ૬૬ 'સંસારરૂપ કાદવના લેપને ધોઇ નાંખવાને અતિ સમર્થ આ કથારૂપ તીર્થ અંતઃકરણમાં રહે તો મોક્ષજ થયો એમ બુદ્ધિમાન પુરુષો કહી ગયા છે." ૬૭ આ પ્રમાણે પ્રેતપણાથી મુક્ત થયેલો તે ધુંધુકારી બોલતો હતો, એવામાં ત્યાં આગળ વિષ્ણુના દૂતસહિત અને તેજના મંડળથી ઝળહળતું એક વિમાન આવ્યું. ૬૮ સર્વના દેખતાં તે વિમાનમાં ધુંધુકારી બેઠો. વિમાનમાંના વિષ્ણુના પાર્ષદોને જોઇને ગોકર્ણે તેઓને પૂછ્યું. ૬૯

ગોકર્ણે પૂછ્યું. આ સ્થળે મારી કથાનાં સાંભળનાર પવિત્ર મનુષ્યો ઘણાંએ છે, તેઓને માટે પણ ભેગાભેગી વિમાનો કેમ આણ્યાં નથી? ૭૦ અત્રે સર્વેએ શ્રવણ તો એક સરખું કરેલું જણાય છે, તેમ છતાં તેના ફળનો ભેદ શાં કારણથી થયો તે હે ભગવાન ઉપર પ્રીતિ રાખનાર દૂતો! મને કહો. ૭૧

વિષ્ણુના દૂતો બોલ્યા.—શ્રવણના ભેદ પ્રમાણે ફળનો પણ ભેદ થયેલ છે. સર્વેએ શ્રવણ તો કર્યું છે પણ તેવીજ રીતે મનન નથી કર્યું. તેટલામાટે હે વિનયવાળા ગોકર્ણ! ભજનથી થતા ફળમાં પણ ફેરફ પડયો. ૭૨ સાત રાતો ઉપવાસ કરીને પ્રેતેજ શ્રવણ કર્યું છે; અને ઉપવાસથી ચિત્ત સ્થિર રહેવાથી તેણે મનન વગેરે પણ સારી પેઠે કરેલું છે. ૭૩ અસ્થિર જ્ઞાન અને પ્રમાદવડે કરેલું શ્રવણ તે ટકતુંજ નથી, જેમાં સંશય હોય તેવા મંત્ર નકામા છે, અને વ્યગ્ર મનથી કરેલા જપ નિષ્ફળ છે. ૭૪ વૈષ્ણવ વિના દેશ નિરર્થક છે, અને પાત્ર વિનાનું શ્રાદ્ધ અફળ છે. અભણને દાન તે વૃથા છે, અને અનાચારવાળું કુટુંબ તે હણાયલુંજ સમજવું. ૭૫ ગુરૂના વાક્યમાં શ્રદ્ધા, પોતાને વિષે દીનભાવ, મનના દોષનો જય, અને કથામાં સ્થિર મતિ-ઇત્યાદિ આચરીને કરવામાં આવે તોજ શ્રવણમાં ફળછે. ફરિને શ્રવણ કરાવશો એટલે બીજા સર્વ શ્રોતાઓનો પણ વૈકુંઠમાં વાસ થશે. ૭૬-૭૭ અને હે ગોકર્ણ! તમને તો પોતે ગોવિંદજ ગોલોક આપશે.

સનકાદિક કહે છે.— એ પ્રમાણે કહીને તે શ્રીહરિનું કીર્તન કરનાર સર્વે વિષ્ણુના દૂતો વૈકુંઠમાં ચાલ્યા ગયા. ૭૮ પછી શ્રાવણ માસમાં ફરીને ગોકર્ણે સપ્તાહ કથા કરી અને શ્રોતાઓએ ફરીને શ્રવણ કર્યું, ૭૯ કથાની સમાપ્તિને સમયે જે બન્યું તે, હે નારદજી! સાંભળો. તે સમયે વિમાનો તથા ભક્તો સહિત સાક્ષાત ભગવાને દર્શન દીધાં. ૮૦ ત્યાં જયજયકાર અને નમસ્કાર શબ્દ ગાજી રહ્યા. હર્ષ પામેલા સાક્ષાત શ્રીહરિએ પોતાના પાંચજન્ય શંખનો નાદ કર્યો. ૮૧ ગોકર્ણને પોતાના હૃદય સાથે દબાવીને ભેટયા અને પોતાના સમાન બનાવ્યો. બીજા સાંભળનારાને પણ ભગવાને એક ક્ષણમાંજ ઘનશ્યામ, રેશમી પીતાંબરવાળા અને મુકુટ તથા કુંડળવાળા બનાવ્યા. તે ગામમાં રહેલા કૂતરાથી માંડીને ચાંડાળ જાતિ સુધીના સઘળા જીવોને તે સમયે ગોકર્ણની કૃપાથી વિમાનમાં બેસાડયા, અને જ્યાં યોગીઓજ જઇ શકે છે તેવા શ્રીવિ-

બ્રહ્મના લોકમાં મોકલ્યા. ૮૨-૮૪ કથા શ્રવણથી તુષ્યમાન થયેલા શ્રીહરિ ગોકર્ણને પોતાની સાથે લેઇને ગોપને પ્રિય એવા ગોલોકમાં પધાર્યા. ૮૫ પૂર્વે જેમ સર્વ અયોધ્યાવાસીઓને શ્રીરામચંદ્રજી લેઈ ગયા હતા તેમ યોગીઓને પણ જે દુર્લભ છે એવા ગોલોકમાં શ્રીકૃષ્ણ તે સર્વને લેઇ ગયા. ૮૬ જ્યાં સૂર્ય, ચંદ્ર કે સિદ્ધો પણ જઇ શકતા નથી તેવા લોકમાં શ્રીમદ્‌ભાગવતના શ્રવણથી તેઓ ગયા. ૮૭ સપ્તાહરૂપ યજ્ઞવડે કથાથી સંચય કરાયલા પુણ્યના શ્રેષ્ઠ સમુદાય વિષે તમને અમો શું કહીએ ? જેમણે ગોકર્ણે કહેલી કથાના અક્ષર પોતાને કાનેથી અંતરમાં ઉતાર્યા તેઓ ફરીને ગર્ભવાસ પામ્યા નહીં. ૮૮ જે ગતિ સપ્તાહ કથાનું શ્રવણ કરવાથી પમાય છે, તે ગતિ પવન, પાણી અને પાંદડાંનું ભક્ષણ કરી શરીર શોષણરૂપ ઘણા કાળલગી સંચય કરેલાં ઉગ્ર તપોવડે, અને યોગવડે પણ પમાતી નથી. ૮૯ ચિત્રકૂટમાં વસતા અને બ્રહ્માનંદથી ઉભરાતા શાંડિલ્ય મુનીશ્વર પણ આ પાવન ઇતિહાસનો પાઠ કરે છે. આ પરમ પવિત્ર આખ્યાન એકજ વાર સંભળાય તો તે પાપના પુંજને બાળી નાંખે છે, શ્રાદ્ધમાં પાઠ કરાય તો પિતૃદેવ તૃપ્તિ પામે છે. અને નિત્ય રૂડી રીત્યે પાઠ કરવાથી ફરીને જન્મ થતો નથી. ૯૦

आख्यानमेतत्परमं पवित्रं ।
श्रुतं सकृद्वैविदहेदघौघम ॥
श्राद्धे प्रयुक्तं पितृतृप्तिमावहेत ।
नित्यं सुपाठादपुनर्भवंच ॥ ९० ॥

ઇતિ શ્રીપદ્મપુરાણે-ઉત્તરખંડે-શ્રીમદ્‌ભાગવત માહાત્મ્યનો "ગોકર્ણ વર્ણન" નામે પાંચમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૬ ઠ્ઠો.

(સપ્તાહ સાંભળવાનો વિધિ.)

कुमारउवाच.

अथ ते संप्रवक्ष्यामः ।
सप्ताहश्रवणे विधिम ॥
सहायैर्वसुभिश्चैव ।
प्रायः साध्योविधिः स्मृतः ॥१॥

સનકાદિક કહેછે.—હવે તમને સપ્તાહશ્રવણનો વિધિ કહીએ છીએ. એ વિધિ માણસોની અને ધનની સહાયતાથી બની શકે છે. ૧ જોષીને તેડાવીને યત્નવડે મુહુર્ત્ત પૂછીને વિવાહમાં જેવું ખર્ચ કરીએ છીએ, તેટલું વિત્ત સપ્તાહના ઉત્સવમાટે નિર્માણ કરવું. ૨ શ્રાવણ, આસો, કારતક, માગશર, અસાડ, અને ભાદરવો-એટલા મહીનામાં કથા આરંભાય તો શ્રોતાઓનો મોક્ષ થાય એમ સૂચવાય છે. ૩ જે માસમાં જે તજવાનું કહ્યું હોય તે સર્વથા તજી દેવું. જે ઉદ્યમી હોય તેવા અન્ય માણસોને ઉત્સવના કામમાં સહાય્ય કરનારા નીમવા. ૪ દેશોદેશ પ્રયત્નપૂર્વક ખબરો પહોંચડાવવી કે કથા થવાની છે માટે અહીં કુટુંબીઓએ પધારવું, કેટલાક એવા માણસો હોય છે કે તેમને અને ભગવતકથા તથા હરિકીર્તનને છેટુંજ હોય તેવાઓને તથા સ્ત્રી-શૂદ્રાદિકને પણ જાણ થાય તેવી રીત્યે દેશોદેશમાં જેઓ ભજનકીર્તનમાં પ્રીતિવાળા વૈરાગ્યવાન વૈષ્ણવો હોય તેમને કંકોતરી મોકલવી, અને તેમાં એમ લખવું કે-"સાત રાત્રીઓ લગી અતિ દુર્લભ સંત-સમાજ ભરાશે અને તેમાં અપૂર્વ રસમય કથા કહેવાશે. ૬-૮ શ્રીભાગવતરૂપ અમૃતના પાનને માટે કથારસના લોભી આપ પ્રેમી મહાજનો સત્વર પધારજો; ૯ જો કદાચ સાત દિવસ નવરાશ ન હોય તો એક દિવસ પણ પધારજો, નક્કી પધારજોજ, કેમકે આવા સમાજમાં એક ક્ષણ પણ ગાળી શકાય તે અતિ દુર્લભ છે." ૧૦ આ પ્રમાણે તેઓને વિનયવડે નોતરવા અને જેઓ આવે તેઓને ઉતરવાને સ્થાન આપવાં. ૧૧ ચાહે તો તીર્થમાં, વનમાં કે ઘરમાં શ્રવણ કરાય; પણ જ્યાં મોકળી જગા હોય ત્યાંજ કથાનું સ્થાન રાખવું જોઇએ. ૧૨ તે ભૂમિને શુદ્ધ, અને પવિત્ર કરીને લીંપવી તથા ધાતુ અને રંગથી શણગારવી; અને ઘરના ડાકડ-

માળ હોય તે ઉઠાવીને એક ખુણામાં મૂકી દેવા. પાંચ દિવસ પહેલેથી યત્નથી પાથરણાં ભેગાં કરી રાખવાં. કેળાના થંભવડે શણગારેલો, ફુલો, પત્ર અને ફળવડે ચારે તરફ તોરણવડે શોભતો, ચારે દિશાએ ધ્વજાઓ ચઢાવેલો, અને ઘણી સંપત્તિથી વિરાજતો એક ઉંચો મંડપ કરવો. ૧૩-૧૫ ઉપર સાત ભૂમિકાઓ સાત લોકને સ્થળે વિસ્તારથી કલ્પવી, તેમાં બ્રાહ્મણો અને ત્યાગી લોકોને સમજાવીને બેસાડવા. ૧૬ પ્રથમ તેઓનાં આસન એક પછી એક એમ અનુક્રમે કરાવવાં. વાંચનાર વ્યાસનું પણ તે સમયે દિવ્ય આસન કરવું. ૧૭ વાંચનાર ઉત્તરાદા મોઢે બેસે તો સાંભળનારાઓએ ઉગમણું મોઢે બેસવુ; પણ જો વાંચનાર ઊગમણું મોઢે બેસે તો સાંભળનારાઓએ ઉત્તરાદા મોઢે બેસવુ. ૧૮ અથવા તો પૃજ્ય અને પૃજા કરનારની વચમાં શ્રોતાઓને માટે પૂર્વ દિશા સમજવી, એમ શાસ્ત્રમાં દેશકાળાદિ જાણનાર પુરુષોએ કહેલું છે. ૧૯ વૈરાગ્યવાન્, વિષ્ણુભક્ત, વેદ અને શાસ્ત્રમાં પ્રવીણ, દૃષ્ટાંત આપવામાં કુશળ, ધૈર્યવાન્ અને કેવળ નિસ્પૃહ બ્રાહ્મણને કથા કહેવા બેસાડવા. ૨૦ જેઓ અનેક ધર્મમાં ભમનારા, સ્ત્રીઓમાં આસક્તિ રાખનારા, અને પાખંડ વાદવાળા હોય તેવા વિદ્વાન્ હોય તોપણ તેઓની પાસે ભાગવત કથા કરાવવી નહીં. ૨૧ કથા કહેનારના જેવાજ તેને પડખે સહાયતા આપવાને માટે બીજો પંડિત સંદેહ ટાળવાને સમર્થ અને લોકોને ઉપદેશ કરવામાં તત્પર હોય તેવો નીમવો. ૨૨ વ્રત લેવાને અર્થે કથાના આરંભથી પહેલે દિને હજામત કરાવી લેવી, અને અરૂણોદયે શૌચક્રિયાથી ત્યાગીને સ્નાન કરવું, ૨૩ સંધ્યાદિક નિત્યકર્મ પ્રયત્નપૂર્વક સંક્ષેપમાં કરી લેવું, અને કથામાં વિઘ્ન ન આવે તે માટે શ્રીગણપતિનું રૂડી રીત્યે પૂજન કરવું. ૨૪ પિતૃદેવનું તર્પણ કરીને દેહશુદ્ધિમાટે પ્રાયશ્ચિત્ત આચરવું. મંડળ કરવું અને તેમાં શ્રીવિષ્ણુભગવાનની સ્થાપના કરવી. ૨૫ શ્રીકૃષ્ણ ભગવાન ઉપર લક્ષ રાખીને અનુક્રમે પૂજનવિધિ આચરવો. પ્રદક્ષિણા તથા નમસ્કાર કરીને પૂજનને અંતે સ્તુતિ કરવી કે "હે દયાસિંધુ! કર્મરૂપી આહવડે ગળાયલા અને સંસારસાગરમાં બુડેલા હું દીનને ભવસાગરમાંથી બહાર કાઢો. ૨૬-૨૭ ત્યાર પછી શ્રીમદ્ ભાગવતનુ પણ ધૂપદીપવડે પ્રીતિથી વિધિ પ્રમાણે પ્રયત્ન પૂર્વક પૂજન કરવું. પછી હાથમાં શ્રીફળ લેઇ નમસ્કાર કરી કેવળ પ્રસન્ન ચિત્તથી સ્તુતિ કરવી કે "આપ શ્રીમદ્ ભાગવતનામે સાક્ષાત્ શ્રીકૃષ્ણજ છો, તેથી હે નાથ! મોક્ષ પામવાને સારૂ મેં આપનું શરણ સ્વીકાર્યું છે. ૨૮-૩૦ હે કેશવ! આપ સર્વ પ્રકારે મારો મનોરથ નિર્વિઘ્ને સિદ્ધ કરો, હું આપનો દાસ છું." ૩૧ આ પ્રમાણે દીનવાણી બોલીને પછી કથા વાંચનારનું પૂજન કરવું. તેને વસ્ત્ર અને આભૂષણવડે શણગારીને પૂજાને અંતે તેની પ્રાર્થના કરવી કે "હે શુકદેવજી રૂપ! બ્રહ્મજ્ઞાનને જાણનાર! અને સર્વ શાસ્ત્રમાં પ્રવીણ! શ્રીશુકદેવજીરચિત ભાગત કથાનો પ્રકાશ કરીને મારૂં અજ્ઞાન ટાળો." ૩૨-૩૩ ત્યાર પછી આનંદવડે તે વક્તાની પાસે કલ્યાણને અર્થે નિયમ ધારણ કરવો અને તે નિયમ સાત રાત્રી લગી પોતાની શક્તિ પ્રમાણે પાળવો. ૩૪ કથામાં ભંગ ન પડે તેટલા માટે પાંચ બ્રાહ્મણોનુ વરણ કરવું: તેઓએ દ્વાદશાક્ષર મંત્રવડે શ્રીહરિનો જાપ કરવો. ૩૫ બ્રાહ્મણોને, અન્ય વિષ્ણુભક્તોને, તથા શ્રીહરિકીર્ત્તન કરનારાને નમસ્કાર કરીને તેમની પૂજા કરી તેઓની આજ્ઞા લેઇને પછી પોતે પોતાના આસન ઉપર બેસવું. ૩૬ લોક, ધન, ઘર અને પુત્રાદિકનું ચિંતવન તજી દેઇને જે શુદ્ધ મતિવાળો થઇ કથામાં એક ચિત્ત થાય તેને શ્રેષ્ઠ ફળ મળે છે. ૩૭ સૂર્યોદયથી આરંભીને સાડા ત્રણ પહોરલગી શુભ બુદ્ધિવાળા વાંચનારે ધૈર્યયુક્ત સ્વરથી રૂડી રીત્યે કથા વાંચવી. ૩૮ મધ્યાન્હે બે ઘડી કથા બંધ રાખી વિરામ લેવો, તે સમયે વૈષ્ણવોએ કથાને અનુસરતું કીર્ત્તન કરવું. ૩૯ મળમૂત્રને અર્થે ઉઠવું ન પડે એટલા માટે કથા સાંભળનારે એકજવાર હવિષ્યાન્નનો થોડો અને સુખકારક આહાર કરવો.

૪૦ આપણી શક્તિ હોય તો સાત દિન ઉપવાસ કરીને કથાનું શ્રવણ કરવું; અથવા તો ઘી કે દુધ પીને પણ સુખે કથા સાંભળવી; ૪૧ અથવા તો ફળાહાર કરીને કે એકજવાર જમીને પણ શ્રવણું કરવું; તાત્પર્ય એ કે જેમ સૂખપૂર્વક બની શકે તેમ કથા શ્રવણને માટે કરવું. ૪૨ જો ઉપવાસ કરવાથી કથા શ્રવણમાં વિઘ્ન આવે તો તેના કરતાં જમ કથા શ્રવણ કરવી ફાવે. એમ એકવાર જમવું સારૂં. ૪૩ હે નારદજી! સપ્તાહશ્રવણનુ વ્રત લેનારને પાળવાના નિયમો સાંભળો. વૈષ્ણવ સંપ્રદાયની દિક્ષા વિનાનાં મનુષ્યોને કથાશ્રવણ કરવાનો અધિકાર નથી. ૪૪ કથા શ્રવણના વ્રતવાળાએ બ્રહ્મચર્ય પાળવું, ભૂમિપર સૂવું, અને નિત્ય કથા થઈ રહ્યા પછી પત્રાળે જમવું. ૪૫ કઠોળ, મધ, તેલ, ભારે અન્ન, વાશી અને ભાવથી દુષ્ટ થયેલા પદાર્થોને તજવા. ૪૬ કથાના વ્રતવાળાએ કામ, ક્રોધ. મદ, માન, મત્સર, લોભ, દંભ, મોહ, તથા દ્વેષને તજવા. ૪૭ વેદ, વૈષ્ણવ, વિપ્ર, ગુરૂ, ગાય, વ્રતવાળાં મનુષ્ય, સ્ત્રી, રાજા, અને મોટા પુરૂષોની નિંદાને તજવી ૪૮ રજસ્વળા, ચાંડાળ, મ્લેચ્છ, પતિત, સંસ્કારહીન, બ્રાહ્મણોના દ્વેશ કરનાર અને વેદ બહારનાની સાથે ભાષણ કરવું નહીં. ૪૯ સત્ય, શૌચ, દયા, મૌન, સરળતા, વિનય, ઉદારતા આદિક સદ્ગુણો સેવવા. ૫૦ દરિદ્રી, ક્ષયવાળો, રોગી, નિર્ભાગી, પાપ કર્મવાળો, વાંઝીઆ અને મોક્ષની ઇચ્છા ધરાવનારો પણ આ કથા સાંભળે. ૫૧ જેને ઋતુ પ્રાપ્તિ ન થતી હોય, જેને એક ઉપર બીજુ સંતાન ન થતું હોય, જે વાંઝણી હોય, જેને છોકરાં થઇને મરી જતાં હોય, જેને ગર્ભપાત થતો હોય તેવી સ્ત્રીએ પણ પ્રયત્નપૂર્વક આ કથાનું શ્રવણ કરવું. પર વિધિપ્રમાણે શ્રવણ કરવાથી બહુ અક્ષય ફળ મળે છે; આ કથા અતિ ઉત્તમ, દિવ્ય અને કોટિયજ્ઞના ફળને આપનારી છે. ૫૩ આ પ્રમાણે સપ્તાહકથાના વ્રતનો વિધિ કરીને પછી તે વ્રતને ઉજવવું. ફળની ઇચ્છા રાખનારે જન્માષ્ટમીના વ્રતની પેઠે ઉદ્યાપન કરવું. ૫૪ ધનનો સંગ્રહ નહિ કરનાર ભક્તોને માટે ઉદ્યાપન કરવુંજ એવો વિશેષ આગ્રહ નથી, કેમકે તે નિષ્કામ વૈષ્ણવો તો કથાના શ્રવણ માત્રથીજ પાવન થાય છે. ૫૫ એ પ્રમાણે સપ્તાહ યજ્ઞની સમાપ્તિએ શ્રોતાઓએ શ્રીમદ ભાગવતના પુસ્તકની તથા વ્યાસની ભક્તિવડે પૂજા કરવી ૫૬; શ્રોતાઓને પ્રસાદ તથા તુલસીની માળાઓ વહેંચવી; પછી મૃદંગ અને તાલથી મનોહર કીર્તન કરવુ; ૫૭ જયજયકાર, નમસ્કાર તથા શંખના શબ્દનો ઘોષ મચાવવો. બ્રાહ્મણો અને ભિક્ષુકોને દ્રવ્ય તથા ધાન્ય આપવાં. ૫૮ શ્રોતા જો ત્યાગી હોય તો સમાપ્તિને બીજે દિવસે ગીતાજીનો પાઠ કરવો, અને ગૃહસ્થ હોય તો તેણે કર્મની શાન્તિને અર્થે હોમ કરવો. ૫૯ અને દશમસ્કંધના શ્લોકે શ્લોકે વિધિથી તલ તથા અન્નાદિકસહિત દુધપાક, મધ અને ઘી હોમવુ; અથવા તો એકાગ્ર ચિત્તથી ગાયત્રી મંત્રવડે હોમ કરવો; કેમકે વાસ્તવે પુરાણ અને પર બ્રહ્મ તે ગાયત્રીમયજ છે. ૬૦-૬૧ હોમ કરવાને અશક્ત હોય તો બુદ્ધિમાન પુરૂષે હોમવાના પદાર્થનું દાન આપવું ૬૨ અનેક પ્રકારની ભૂલચુકના નિવારણનેમાટે અને ન્યૂનાધિકપણાના દોષને શમાવવાને માટે શ્રી વિષ્ણુસહસ્રનામનો પાઠ કરવો. એટલું કરવાથી સર્વ સફળ થાય છે, એથી વિશેષ કાંઈ કરવાનુ નથી. ૬૩ પછી વ્રતને પરિપુર્ણ કરવાને માટે મધ અને દુધપાકનું ભોજન કરાવી બાર બ્રાહ્મણોને જમાડવા, તથા સુવર્ણ અને ગાયનું દાન આપવું. ૬૪ જો શક્તિ હોય તો બાર તોલા સુવર્ણનો સિંહ કરાવીને તે ઉપર સુંદર અક્ષરોવડે લખેલું શ્રીમદ્‌ભાગવતનુ પુસ્તક સ્થાપવું; ૬૫ પછી આવાહનાદિક ઉપચારોવડે પુસ્તકપૂજન કરીને વસ્ત્ર, ઘરેણાં, અને ચંદનાદિકવડે જીતેન્દ્રિય આચાર્યને પૂજીને દક્ષિણા સાથે તેનું દાન આપવાથી સુબુદ્ધિમાન પુરૂષ સંસારનાં બંધનોમાંથી મુક્ત થાય છે. સર્વ પાપનું નિવારણ કરનારૂં આટલું વિધાન કરવાથી શ્રીમદ્‌ભાગવત પુરાણ શુભ ફળને આપે છે;

અને ધર્મ, અર્થ, કામ અને મોક્ષને સધાવનાર થાય છે-એમાં સંદેહ નથી ૬૬-૬૮ હે નારદજી! આ પ્રમાણે સઘળું તમને કહ્યું, હવે શું વિશેષ સાંભળવાને ઇચ્છો છો? શ્રીમદ્‌ભાગવતથીજ ભોગ અને મોક્ષ હાથમાં આવી જાય છે. ૬૯

સૂતજી કહે છે.—તે મહાત્માઓએ આ પ્રમાણે કહીને સર્વ પાપને હરનારી, પાવન તથા ભોગમોક્ષને આપનારી શ્રીભાગવતની કથા કહી, તે પ્રાણીમાત્રે મન વશ રાખીને વિધિ પ્રમાણે સાંભળી: ત્યાર પછી તેઓએ શ્રી પૂર્ણપુરૂષોત્તમની સ્તુતિ કરી. ૭૦-૭૧ એ પ્રમાણે કરી રહ્યા એટલે જ્ઞાન, વૈરાગ્ય, તથા ભક્તિને અતિ પુષ્ટિ તથા પ્રાણિમાત્રનું મન હરણ કરી લે તેવી શ્રેષ્ઠ યુવાવસ્થાની પ્રાપ્તિ થઈ. ૭૨ નારદજી પણ પોતાનો મનોરથ સિદ્ધ થતાં કૃતાર્થ, રોમાંચિત શરીરવાળા અને પરમાનંદથી ભરપૂર થઇ ગયા. ૭૩ આ પ્રમાણે કથા સાંભળીને ભગવાનને વાહાલા નારદજી પ્રેમથી ગદગદ વાણીવડે હાથ જોડીને સનકાદિકને નીચે પ્રમાણે કહેવા લાગ્યા. ૭૪

નારદજી કહે છે.-હું કૃતાર્થ થયો, આપ કરૂણાળુઓએ મારા ઉપર અનુગ્રહ કર્યો, સર્વ પાપને હરનાર શ્રીહરિની મને આજ પ્રાપ્તિ થઈ. ૭૫ હે તપરૂપિ ધનવાળા! સર્વ ધર્મો કરતાં હું શ્રવણને ઉત્તમ માનું છું, કેમકે તેથી વૈકુંઠમાં વસનાર શ્રીકૃષ્ણ ભગવાન્ મળે છે. ૭૬

સૂતજી કહેછે.—વૈષ્ણવોમાં શ્રેષ્ઠ નારદજી આ પ્રમાણે બોલતા હતા તેવામાં ત્યાં યોગેશ્વર શ્રીશુકદેવજી ફરતા ફરતા આવી પહોચ્યા. ૭૭ સોળ વર્ષની ઉમ્મરવાળા, જ્ઞાનરૂપ મહાસાગરના ચંદ્રમા તથા સ્વરૂપસાક્ષાત્કાર વાળા શ્રીવેદવ્યાસજીના પુત્ર પ્રેમવડે ધીમે ધીમે ભાગવત ભણતા ભણતા કથાને અંતે સભામાં આવ્યા. ૭૮ તે મહાતેજસ્વી મુનિને જોઇને સર્વ સભાસદો ઉભા થયા અને તેમને મોટું આસન આપ્યું. દેવર્ષિ નારદજીએ તેમનું પ્રીતિથી પૂજન કર્યું; અને પછી નિરાંતે બેશીને શ્રીશુકદેવજી બોલ્યા કે તમો આ પવિત્ર વાણી સાંભળો. ૭૯

શુકદેવજી બોલ્યા.—હે રસિક ભાવિકજનો! અમૃત રસવાળું, અને શુકના મુખમાંથી પડેલું વેદરૂપ કલ્પવૃક્ષનું ફળ આ ભાગવત સમગ્ર રસનું ઘર છે; માટે આ મર્ત્યલોકમાં આ ભાગવતકથારસનું વારંવાર પાન કરો. ૮૦ મહામુનિ શ્રીવેદવ્યાસે રચેલા આ શ્રીમદ્‌ભાગવતમાં મત્સરરહિત સત્પુરુષોનો પરમ નિષ્કામ ધર્મ કથેલો છે, તથા ત્રિવિધ તાપને શમાવનાર અને કલ્યાણકારી વાસ્તવ તત્વનું પ્રતિપાદન કરેલું છે, તથાં આ ભાગવતનું સેવન કરનાર કૃતાર્થ પુરુષોવડે તત્ક્ષણ પરમેશ્વર પોતાના હૃદયમાં પૂરી રખાય છે તો પછી બીજા શાસ્ત્રોનું શું કામ છે? જે વૈષ્ણવોનું ધન છે, જેમાં પરમહંસ અવસ્થામાં અનુભવાતું નિર્મળ પરમ જ્ઞાનજ કથેલું છે, તથા જેમાં જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ સહિત નિષ્કર્મતાનોજ પ્રકાશ કર્યો છે,—તે આ સર્વ પુરાણોમાં તિલકરૂપ શ્રીમદ્‌ભાગવતના શ્રવણ, પઠન અને ચિન્તવનમાં રહેનાર મનુષ્ય મુક્ત પામેછે. ૮૧-૮૨ સ્વર્ગલોક, સત્યલોક; કૈલાસ કે વૈકુંઠલોકમાં પણ એ રસ નથી; તેટલા માટે હે ભાગ્યવાન્ મનુષ્યો! આ ભાગવતકથાના રસનું પાન કરો; કદી પણ એ રસને છોડશો મા! છોડશો મા!! ૮૩

સૂતજી કહેછે.—શુકદેવજી આ પ્રમાણે કહેતા હતા તેવામાં ત્યાં પ્રહ્‌લાદ, બળિ, ઉદ્ધવ અને અર્જુનઆદિસહિત શ્રીકૃષ્ણભગવાન પ્રગટ થયા. દેવર્ષિ નારદે ભગવાનનું તથા તેમના પાર્ષદોનું પૂજન કર્યું. ૮૪ વિશાળ આસન ઉપર પધરાવેલા ભગવાનને પ્રસન્ન થએલા જોઇને તે સર્વ ભગવાનની આગળ કીર્તન કરવા લાગ્યા. પાર્વતીસહિત શંકર, તથા બ્રહ્મા તે કીર્તન જોવાને માટે આવ્યા. ૮૫ પ્રહ્‌લાદજી તાલ બજાવવા લાગ્યા, ચપળ ગતિવડે ઉદ્ધવજી કાંસીજોડા વગાડવા લાગ્યા, નારદજીએ વીણા વગાડવા માંડી, સ્વરમાં કુશળતાને લીધે અર્જુને ગાન ચલાવ્યું, ઇંદ્ર મૃદંગ બજાવવા લાગ્યા, સનકાદિક જયજય-

કાર કરવા લાગ્યા. અને રસનું સ્વરૂપ બાંધીને શુકદેવજી ભાવ દર્શાવવા લાગ્યા. ૮૬ તેજસ્વી ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય એ ત્રણે એ સભામાં નટની પેઠે નૃત્ય કરવા લાગ્યાં. આવું અલૌકિક કીર્તન જોઇને પ્રસન્ન થએલા શ્રીહરિ બોલ્યા કે "હે વૈષ્ણવો! મારી પાસેથી વરદાન માગો. કથા અને કીર્તનથી હું આ સમયે પ્રસન્ન થયો છું" આ વાક્ય સાંભળીને અતિ હર્ષ પામેલા અને પ્રેમથી ગદ્‌ગદ્‌ થયેલા ચિત્તવાળા તે લોકોએ શ્રીભગવાન પાસે માગ્યું કે-"સપ્તાહ કથાઓમાં આપે ગમે તેમ કરીને પણ આપના આ ભક્તોસહિત પધારવું. અમારો આટલો મનોરથ પૂરો." 'તથાસ્તુ'-કહીને શ્રીભગવાન અંતર્ધાન થઇ ગયા. ૮૭-૮૯ પછી સનકાદિક તથા શુકદેવજી આદિ તપસ્વીઓના ચરણમાં નારદજીએ નમન કર્યું. પછી હર્ષ પામેલા અને કથારસના પાનથી નિર્મોહ થએલા તે સર્વ સભાસદો પોતપોતાને સ્થાને ગયા. ૯૦ શુકદેવજીએ ભક્તિને તેના પુત્રો (જ્ઞાન અને વૈરાગ્ય) ની સાથે પોતાના ભાગવતશાસ્ત્રમાંજ રાખી. આ કારણથી વૈષ્ણવોના અંતઃકરણમાં શ્રીમદ્‌ભાગવતના સેવનથી ભગવાન પધારે છે. દારિદ્રય અને દુઃખરૂપ તાપથી બળેલા, માયારૂપી પિશાચણીએ રગડી નાખેલા તથા સંસારસાગરમાં પડેલા જીવોના મોક્ષને માટે શ્રીમદ્‌ભાગવત ગાજે છે. ૯૧-૯૨

શૌનક કહે છે. શુકદેવજીએ પરીક્ષિત રાજા આગળ, ગોકર્ણે પ્રેતના મોક્ષમાટે, અને સનકાદિકોએ નારદજી આગળ ક્યારે ક્યારે ભાગવતની કથા કરી તે કહીને અમારો સંદેહ ટાળો. ૯૩

સૂતજી કહે છે.—શ્રી કૃષ્ણ ભગવાન સ્વધામ પધાર્યા પછી કળિયુગનાં ત્રીશ કરતાં થોડાંક વધારે વર્ષ વીત્યાં હતાં ત્યારે ભાદરવા મહિનાની નવમીના દિવસથી શુકદેવજીએ કથા આરંભી હતી. ૯૪ પરીક્ષિત રાજાએ શ્રવણ કર્યું ત્યાર પછી કળિયુગનાં બસો વર્ષ વીત્યા પછી આષાઢ શુદ નવમીને દિને ગોકર્ણે સપ્તાહ કથા કહી હતી. ૯૫ ત્યાર પછી કળિયુગનાં ત્રીશ વર્ષ વીત્યા પછી કાર્તિક શુદ નવમીને દિને સનકાદિકોએ કથા કહી હતી. ૯૬ હે પવિત્ર શૌનક! તમે મને જે પૂછ્યું તે સઘળું મેં તમને કહ્યું. કળિકાળમાં ભાગવતકથા આ ભવરોગને ટાળનારી છે. ૯૭ હે સાધુપુરૂષો! શ્રીકૃષ્ણને પ્રિય, પાપ માત્રને ટાળનાર મોક્ષના મુખ્ય હેતુરૂપ, અને આ લોકમાં ભક્તિની રંગરેલ કરનાર આ કથારસને પ્રેમવડે પીઓ; લૌકીક વિષયોની ચિન્તાને સેવવાથી શું ફળ છે? ૯૮ જીવોને યમલોકમાં લેઇ જવાને હાથમાં પાશ લેઇને મર્ત્યલોકમાં જવાને તૈયાર થયેલા પોતાના દૂતને યમરાજા પણ કાનમાં એમ કહેછે કે 'ભગવત્કથામાં મસ્ત રહેનાર જીવોથી વેગળા રહેજો, કેમકે મારી સત્તા બીજા જીવો ઉપર છે, પણ વિષ્ણુ ભક્તો ઉપર નથી.' ૯૯ હે વિષયરૂપ વિષના સંગે કરીને વ્યગ્ર થએલી મતિવાળા લોકો! આ અસાર સંસારમાં કાંઇ નહીં તો અડધી ક્ષણ પણ મુક્તિને અર્થે ભાગવતરૂપ અનુપમ અમૃત પીઓ; ભાગવત શ્રવણથીજ પરીક્ષિત રાજાનો મોક્ષ થયો એવી સાખ પુરનારી વાર્તા જગતપ્રસિદ્ધ છે, તેમ છતાં બીજા નીચ વાંતોવાળા ખોટા માર્ગમાં નકામા શામાટે રખડો છો? ૧૦૦ કથારસના પ્રવાહમાં સ્થિતિને પામેલા શ્રીશુકદેવજીએ ઉચ્ચારેલી કથાને જે માણસ કંઠે કરી રાખે છે તે માણસ વૈકુંઠનો અધિકારી થાયછે. ૧૦૧ અનેક શાસ્ત્રોના સમુદાયને તપાસીને સર્વ સિદ્ધાન્તોથી સિદ્ધ થયેલા સારરૂપ પરમ ગુહ્યતત્વ તમને આ પ્રમાણે કહી દીધું કે જગતમાં શ્રીશુકદેવજીએ કહેલા શ્રીભાગવત-કથાથી અધિક પાવન બીજું કાંઇ પણ નથી; માટે પરમાનંદની પ્રાપ્તિનેમાટે બારસ્કંધરૂપ ભાગવતના રસને પીઓ. ૧૦૨ જીતેન્દ્રિય રહીને ભક્તિવડે આ કથાનું જે કોઇ શ્રવણ કરે અને શુદ્ધ વિષ્ણુભક્તની આગળ આ કથા જે કહે તે બંને ઉત્તમ વિધિવડે યથાર્થ ફળ પામે છે, તેમને ત્રિભુવનમાં કોઇ પણ વસ્તુ અસાધ્ય નથી. ૧૦૩.

एतां यो नियततया श्रृणोति भक्त्यां ।
यश्चैनां कथयति शुद्धवैष्णवाग्रे ॥
तौ सम्यग्विधिकरणात्फलं लभेते ।
याथार्थ्यान्नहि भुवने किमप्यसाध्यम् ।१०३।

ઇતિ શ્રીપદ્મપુરાણે-ઉત્તરખંડે-શ્રીમદ્‌ભાગવત માહાત્મ્યનો 'શ્રવણવિધિ કથન' નામનો છઠ્ઠો અધ્યાય સમાપ્ત.

इति श्रीमद्भागवत

माहात्म्य समाप्त.

શ્રીમદ્ ભાગવતનું મહાત્મ્ય કેવું છે?

કવિત.

ભાગવત શાસ્ત્ર સદા ભક્ત સુખ દેનહારો, ભાગવત શાસ્ત્ર સબ સિદ્ધાંકા સદન હૈ;
ભાગવત શાસ્ત્ર સબ સિદ્ધિ નવ નિદ્ધિ દાયક, ભાગવત શાસ્ત્ર ભક્તિ મુક્તિકો ભવન હૈ;
ભાગવત સુને ભાગ્યવંત હોત નર નારી, ભાગવત પઢે દુઃખ દારિદ્ર દવન હૈ;
ભાગવત મહિમા કૌન વર્ણી શકે શાલિગ્રામ, ભાગવત શાસ્ત્ર સાક્ષાત્ વૃંદાવન હૈ.

કળિયુગ મહાત્મ્ય. (અધ્યાય ૧ શ્લોક ૨૯ થી ૩૫ સુધી)

કવિત.

કલિયુગકે આતેહી ધર્મકી મર્યાદા મિટે, દુષ્ટ જન ગાયે ઔર વિપ્રોંકો સતાવેંગે;
જીતોંકા શ્રાદ્ધ કરે પિતરોંકો માનો મત, શાલિગ્રામ પથ્થર નદી ગંગાકો બતાવેંગે;
શાસ્ત્ર ઔ પુરાણોંકો જુઠા કહે બારબાર, અદ્ભુત પાખંડ ખંડ ખંડમેં ફૈલાવેંગે;
ઐસે ઐસે અત્યાચાર હોંગે જબ પૃથ્વીપર, ઉસ દિન કહુ કૃષ્ણ કૃષ્ણ કિસે હમ બુલાવેંગે.

વેશ્યાનો સંગ કેવો છે? (જુઓ ધુંધુકારીની ગતિ અધ્યાય ૫)


કાયાસેં કામજાત ગાંઠહુસેં દામજાત, સુયશકા નામ જાત રૂપ જાત અંગસેં;
ઉત્તમ સબ કર્મ જાત કુલકે સબ ધર્મ જાત, ગુરૂ જનકી શર્મ જાત અપને ચિત્ત ભંગસેં;
રાગ રંગ રીતિ જાત ઇશ્વરસેં પ્રીતિ જાત, જગસેં પ્રતીતિ જાત કામકી ઉમંગસેં;
સુરપુરકા વાસ જાત ભક્તિકા નિવાસ જાત, પુણ્યકા પ્રકાશ જાત વેશ્યાંકે પ્રસંગસેં.

श्रीमद्

भागवतभाषान्तर.

प्रथम स्कंध.

प्रथमस्कंध.



શ્રીમદ્ ભાગવત ભાષાન્તર.

(પ્રથમ સ્કંધ.)

અધ્યાય ૧ લો.

મંગળાચરણ તથા શૌનકે પૂછેલા છ પ્રશ્નો.

जन्माद्यस्ययतोऽन्वयादितरतश्चार्थेष्वभिज्ञःस्वराट्
तेने ब्रह्म हृदाय आदिकवये मुह्यन्ति यत्सूरयः॥
तेजोवारिमृदां यथा विनिमयोयत्र त्रिसर्गोमृषा
धाम्ना स्वेन सदा निरस्त कुहकं सत्यं परं धीमहि

શ્રીવેદવ્યાસજીએ જુદાં જુદાં પુરાણો *તથા શાસ્ત્રો રચ્યા છતાં તેમના મનને શાંત તથા સંતોષ નહીં થવાથી નારદ મુનિના ઉપદેશથી શ્રી ભગવાનના ગુણો જેમાં મુખ્ય છે એવું શ્રીમદ્‌ભાગવત શાસ્ત્ર રચતાં તેના આરંભમાં પ્રથમ એક શ્લોકથી મંગળાચરણ કરે છે. “ જે પરમેશ્વરની શક્તિથી આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ ને લય થાય છે, જે પરમેશ્વર ઘડામાં કારણરૂપે માટીની પેઠે અને કુંડળ વગેરે ઘરેણાંમાં કારણરૂપે સોનાની પેઠે વ્યાપી રહે છે; જે પરમેશ્વર મિથ્યા કાર્યથી જુદા છે; જે પરમેશ્વર જ્ઞાનરૂપ અને સ્વયંપ્રકાશ છે; મોટા વિદ્વાનો પણ જે વેદનો અર્થ જાણવામાં મુંઝાય છે એવા વેદનો જે પરમેશ્વરે આદિકવિ બ્રહ્માના મનમાં અંતર્યામી રૂપે પ્રકાશ કર્યો છે; જેમ સૂર્યનાં કિરણોથી ઝાંઝવાંનું જળ દેખાય છે તે સાચું નથી તોપણ સૂર્યનાં કિરણોથી સાચું ભાસે છે, જેમ સ્થિર પાણીને ભ્રાંતિથી આ કાચ છે એમ મનાય છે અથવા કાચને ભ્રાંતિથી આ પાણી છે એમ મનાય છે પણ તે સત્ય નથી, પણ પાણીની તથા કાચની સત્તાથી તે સાચું મનાય છે; તેમ અધિષ્ઠાનરૂપ જે પરમેશ્વરમાં તમોગુણના કાર્યરૂપ પંચ મહાભૂતની સૃષ્ટિ, રજોગુણના કાર્યરૂપ ઇંદ્રિઓની સૃષ્ટિ અને સત્વગુણના કાર્યરૂપ દેવતાઓની સૃષ્ટિ, કલ્પિત અને અસત્ય છે, તોપણ પરમાત્માની સત્તાથી સાચી ભાસે છે; જે પરમેશ્વરે જ્ઞાનરૂપી પ્રકાશથી માયારૂપ કપટનો નાશ કર્યો છે; અને જે પરમેશ્વરનો ત્રણે કાળમાં અને ત્રણે અવસ્થામાં નાશ નથી એવા સર્વેશ્વર પરમાત્માનું અમે ધ્યાન કરીએ છીએ. ૧ ×આ ભાગવત પ્રથમ મહામુનિ નારાયણે ટુંકાણમાં રચ્યું હતું અને પછી વેદવ્યાસજીએ તેનો વિસ્તાર કર્યો છે. આમાં સર્વ પ્રાણીઓ ઉપર દયા કરનારા અને મત્સર રહિત સત્પુરૂષોના ફળની ઇચ્છા રહિત કેવળ પ્રભુના આરાધનરૂપ ધર્મનું નિરૂપણ કર્યું છે. વળી આ ભાગવત શાસ્ત્રમાં જીવ, માયા ને જગત એ ત્રણે ભેદથી રહિત પરમ સુખદાયક પરમાત્માનું જાણવા યોગ્ય તત્ત્વરૂપ સત્ય સ્વરૂપનું વર્ણન કરેલું છે. વળી આ શાસ્ત્ર અધ્યાત્મ,[1] અધિભૂત[2] અને અધિદૈવ[3] એ ત્રિવિધ તાપને ટાળનારૂં છે. બીજાં શાસ્ત્રો કે જેમાં કર્મ અને

* જે પુરાણમાં ગાયત્રીનો આશય લઈ, ધર્મનો વિસ્તાર વર્ણન કરેલો હોય, અને વૃત્રાસુરના વધની કથા જેમાં હોય, તે શ્રીમદ્ ભાગવત છે. તેનું પુસ્તક સુંદર અક્ષરથી લખાવી સોનાના સિંહાસનઉપર સ્થાપન કરી. ભાદરવા મહીનાની પૂનમના દિવસે બ્રાહ્મણને આપે તે પરમ પદ પામે છે. આ પુરાણમાં અઢાર હજાર શ્લોક છે. **પદ્મપુરાણમાં** ગૈતમ ઋષિએ અંબરિષ રાજાને કહ્યું છે કે, હે અંબરિષ ! જો તું આ ભવસાગરથી પાર ઉતરવા ઇચ્છતો હોય તો સદા શુકદેવજીનું કહેલું શ્રી ભાગવત પુરાણ સાંભળ અને પોતાના મુખથી હમેશાં તેનો પાઠ કર.

× કર્મકાંડ, જ્ઞાનકાંડ અને ઉપાસના કાંડ એમ ત્રણ કાંડો છે, તે કાંડોનો પ્રતિપાદન કરનારાં શાસ્ત્રોમાં ભાગવત સર્વોત્તમ છે. કારણકે શાસ્ત્રમાં કર્મ કાંડનાં ફળો દર્શાવ્યાં છે ત્યારે આમાં નિષ્કામ ધર્મ નિરૂપણ કરેલ છે, દ્રવ્ય, ગુણ અને કર્મનું વિવેચન જ્ઞાનકાંડના શાસ્ત્રમાં કરેલું છે, ત્યારે ભાગવતમાં કેવળ તત્વ વસ્તુજ વર્ણવી છે. ઉપાસનાનાં શાસ્ત્રોથી જ્યારે વિલંબે પરમાત્માનું સ્વરૂપ જાણાય છે. ત્યારે આના શ્રવણથીજ ઓળખાય છે. આવાં કારણોથી ભાગવત સર્વોત્તમ છે.

૧ અંતઃકરણના સંતાપથી થયેલો તાપ. ૨ દેવથી થયેલો તાપ, ૩ બીજા પ્રાણીઓથી થયેલો તાપ.

ઉપાસનાનું નિરૂપણ કરેલું છે તે શાસ્ત્રોથી અથવા તેનાં સાધનોથી પરમેશ્વરને તત્કાળ ઓળખી શકતા નથી પણ આ શ્રીમદ્ ભાગવત શાસ્ત્રના શ્રવણથી તો હૃદયમાં રહેલા પરમેશ્વરને તત્કાળ ઓળખી શકાય છે. ૨ વેદરૂપી કલ્પવૃક્ષનું આ ભાગવત રૂપી ફળ વૈકુંઠમાંથી નારદજીએ લાવીને મને આપ્યું, મેં શુકદેવજીને આપ્યું અને શુકદેવજીના મુખથી આ પૃથ્વી ઉપર આવ્યું છે. શુક એટલે પોપટની ચાંચમાંથી પૃથ્વી ઉપર પડેલું ફળ જેમ ઘણું મીઠું હોય છે તેમ શુકદેવજીના મુખથી પૃથ્વી ઉપર આવેલું આ ભાગવતરૂપી ફળ પરમાનંદરૂપ રસથી ભરપૂર છે. માટે હે રસિક તથા ભાવિક જનો ! આ રસમય ફળનું મોક્ષ થતા સુધી વારંવાર પાન કરો. ૩

એક વખત નૈમિષારણ્ય* ક્ષેત્રમાં શૌનકાદિક ઋષિયો સ્વર્ગની પ્રાપ્તિને માટે દશ હજાર વર્ષે પૂરો થાય એવો યજ્ઞ કરતા હતા. એક દિવસ પ્રભાતકાળે નિત્યના નિયમ પ્રમાણે અગ્નિહોત્ર કરી રહ્યા પછી શૌનકાદિક મુનિઓએ સત્કાર પામેલા અને આસન ઉપર બિરાજેલા સૂત પુરાણિકને આદરથી પૂછયું કે-૫ હે નિષ્પાપ સૂતજી ! મહા ભારત વગેરે ઇતિહાસો સહિત પુરાણો તથા ધર્મશાસ્ત્રો તમે ભણ્યાછો અને તેનાં વ્યાખ્યાનો પણ કર્યાં છે. ૬ હે સૂતજી ! ઇતિહાસ, પુરાણો અને ધર્મશાસ્ત્રોને સર્વોત્તમ ભગવાન વેદવ્યાસ તથા સગુણ નિર્ગુણ બ્રહ્મને જાણનારા બીજા મુનિઓ જાણે છે. ૭ તેઓની કૃપાથી તે સર્વને સાર સહિત જાણોછો, કારણ કે પ્રેમપાત્ર શિષ્યોને ગુરૂઓ છાની વાત પણ કહી દેછે. ૮ માટે તે તે પુરાણો, ઇતિહાસો અને ધર્મશાસ્ત્રોમાંથી પુરૂષોનું એકાંતિક શ્રેયઃ સાધન તમે નક્કી કર્યું હોય તે અમને કહો. ૯ આ કળિયુગમાં લોકો અલ્પાયુષી થઈ ગયા છે તેમ છતાં આળસુ, મંદબુદ્ધિવાળા, ભાગ્યહીન અને રોગ વિગેરેથી પીડાયેલા હોય છે. ૧૦ જેમાં અનેક કર્મો કહેલાં છે એવાં જુદાં જુદાં ઘણાં શાસ્ત્ર સાંભળવા જેવાં છે, માટે હે સત્પુરૂષ સૂતજી ! તે શાસ્ત્રોમાંની તત્ત્વરૂપ વાત હોય તે શોધી કાઢીને અમો શ્રદ્ધાળુને કહો કે જેથી અમારી બુદ્ધિ નિર્મળ થાય. ૧૧ હે સૂતજી ! તમારૂં કલ્યાણ થાઓ. ભકતોને પાળનારા ભગવાન, વસુદેવની સ્ત્રી દેવકીજીથી જે કામો કરવા માટે અવતર્યા હતા તે તમે જાણોછો. ૧૨ જે ભગવાનનો અવતાર પ્રાણીઓના કલ્યાણ અને સમૃદ્ધિને માટે થાય છે તે અમને કહો. ૧૩ ઘોર સંસારમાં પડેલા પરાધીન જીવ પરમેશ્વરના નામ સ્મરણથી મુક્તિને પામેછે, કારણ કે પરમેશ્વરથી ભય (અવિદ્યારૂપ અજ્ઞાન) પણ ડરે છે. ૧૪ ગંગાજળ તો લાંબો વખત સેવવાથી પવિત્ર કરેછે પણ ભગવાનના ચરણ કમળને શરણે રહેનારા અને શાંતિનેજ આશ્રય કરનારા મુનિઓની પાસે જવાથી તેઓ તત્કાળ પવિત્ર કરે છે. ૧૫ માટે પુણ્યશ્લોકોથી સ્તુતિ કરવા યોગ્ય જેનાં કર્મ છે એવા ભગવાનના કળિયુગના મેલને ટાળનારા યશને શુદ્ધિની ઈચ્છાવાળો કયો મનુષ્ય ના સાંભળે ? ૧૬ પોતાની લીલાથીજ બ્રહ્મા, રૂદ્રાદિક અવતારો ધરનારા ભગવાનનાં ઉદાર કર્મો નારદ આદિ મુનિઓએ ગાયેલાં છે તે અમો શ્રદ્ધાળુને કહો. ૧૭ હે બુદ્ધિમાન સૂતજી ! પોતાની માયાવડે પોતાની ઇચ્છા પ્રમાણે બ્રહ્માદિક મૂર્તિને ધારણ કરનારા ઇશ્વરના અવતારની સર્વોત્તમ કથા અમને કહો. ૧૮ અમને ઉત્તમ યશવાળા ભગવાનનાં પરાક્રમો સાંભળીને તૃપ્તિ થતી નથી, કારણકે તે પરાક્રમો, સાંભળનારા રસિક પુરૂષોને ક્ષણે ક્ષણે વધારે રસ આપે છે. ૧૯ પોતાની માયાથી મનુષ્યાવતાર ધરીને ગુપ્ત રહેલા કેશવ ભગવાને રામ (બળદેવજી) સાથે જે જે પરાક્રમો કે જે મનુષ્યથી થઈ શકે જ નહિ એવાં કર્યાં હોય તે કહો. ૨૦ કળિયુગ આવેલો જાણીને અમે મોટો યજ્ઞ કરવાના મિષથી શ્રી હરિની કથા સાંભળવાનો સમય મેળવીને આ વિષ્ણુ ક્ષેત્રમાં બેઠા છીએ. ૨૧

* બ્રહ્માએ મૂકેલા મનોમય ચક્રની ધાર જે પ્રદેશમાં કુંઠિત થાય છે, તે નૈમિષારણ્ય કહેવાય છે. એ તપશ્ચર્યા માટે ઉત્તમ સ્થાન છે.

સમુદ્ર તરવા ઇચ્છનારને જેમ નાવિક (ખારવો) મળે તેમ, પુરૂષોના સત્વને હરી લેનારા દુસ્તર કલિયુગને તરવાને ઇચ્છનારા અમોને વિધાતાએ આપનાં દર્શન કરાવ્યાં છે. ૨૨ ધર્મનું રક્ષણ કરનારા, યોગેશ્વર બ્રહ્મણ્ય શ્રીકૃષ્ણ ભગવાન હાલમાં પોતાના ધામમાં પધાર્યા છે ત્યારે ધર્મ કોને શરણે રહ્યો છે તે કહો. ૨૩

ब्रूहि योगेश्वरेकृष्णे ब्रह्मण्ये धर्म वर्मणि ॥
स्वां काष्ठामधुनोपेते धर्मः कं शरणं गतः ।२३।

ઇતિ શ્રી ભાગવત મહા પુરાણના પ્રથમ સ્કંધનો "નૈમિષારણ્ય ઉપાખ્યાન" નામનો પહેલો અધ્યાય સંપૂર્ણ ॥ ૧ ॥

અધ્યાય ૨ જો.

શૌનકે પૂછેલા છ પ્રશ્નોના ઉત્તર.

व्यास उवाच.

इति संप्रश्न संहृष्टो विप्राणां रोमहर्षणिः ॥
प्रतिपूज्य वचस्तेषां प्रवक्तुमुपचक्रमे ॥ १ ॥

વ્યાસજી કહે છે—એ પ્રમાણે શૌનકાદિકના ઉત્તમ પ્રશ્નોથી પ્રસન્ન થયેલા રોમ હર્ષણના પુત્ર સુતજી તેઓનાં વચન માન્ય કરીને કથા કહેવા લાગ્યા. ૧ આત્મસાક્ષાત્કાર રૂપ પરમ પુરૂષાર્થની સિદ્ધિદ્વારા જેને કર્તવ્ય કર્મ કંઈજ રહેલાં નહતાં એવા શુકદેવજી સંસાર તજી સંન્યાસ લઇ ચાલી નીકળ્યા ત્યારે તેમના પિતા વેદવ્યાસજી હે પુત્ર! હે પુત્ર! એ રીતે ઉંચા સ્વરથી બોલાવવા લાગ્યા. તે વેળા શુકદેવજીમય વૃક્ષોએ "કોણ કોનો પુત્ર છે? આ સર્વ સંસાર મોહમય છે" એવો ઉત્તર આપ્યો હતો. એવા સર્વ પ્રાણી માત્રમાં અંતરાત્મારૂપ થઇને રહેલા શ્રી શુકદેવજીને હું નમસ્કાર કરૂં છું. ૨ સંસારના અંધકારને તરવાની ઈચ્છાવાળા લોકો ઉપર દયા આણીને, સઘળાં પુરાણોમાં ગુપ્ત, પોતાના અસાધારણ મહિમાવાળું, સર્વ શ્રુતિઓના સારરૂપ, સર્વથી ઉત્તમ અને આત્માને દીવાની પેઠે સાક્ષાત્કાર દેખાડનારૂ એવું ભાગવતપુરાણ જેમણે કહ્યું, એવા મુનિઓના ગુરૂ શુકદેવજીને શરણે જાઉં છું. ૩ નારાયણભગવાનને, નરોમાં શ્રેષ્ઠ નરને, ગુરૂને અને સરસ્વતી દેવીને નમસ્કાર કરીને ગ્રંથનો આરંભ કરૂં છું. ૪ હે મુનિઓ! તમે જગતનું કલ્યાણ કરે એવો પ્રશ્ન ઠીક પૂછયો. કારણ કે તમે શ્રી કૃષ્ણ સંબંધી પ્રશ્ન પૂછયો છે જેથી આત્મા પ્રસન્ન થાય છે. ૫ જે ધર્મ વડે ભગવાનમાં ફળ રહિત નિર્વિઘ્ન ભક્તિ થાય તેજ પુરૂષોનો મુખ્ય ધર્મ છે જેથી આત્મા પ્રસન્ન થાય છે. ૬ વાસુદેવ ભગવાન વિષે કરેલો ભક્તિનો યોગ તરત વૈરાગ્ય અને શુદ્ધ જ્ઞાન ઉપજાવે છે. ૭ આચરેલો ધર્મ જો ભગવાનની કથામાં પ્રેમ ઉપજાવે નહીં તો તે ધર્મ કેવળ શ્રમરૂપજ છે. ૮ મોક્ષ સંબંધી ધર્મનું ફળ ધન નથી પણ મોક્ષજ છે, તેમજ ધનનું ફળ ભોગ વિલાસ કરવો એ નથી પણ નિરંતર ધર્મ કરવો એજ છે. ૯ ભોગવિલાસનું ફળ ઇંદ્રિયોને તૃપ્ત કરવી એ નથી પણ શરીરનો નિર્વાહ કરવો એજ છે અને જીવવાનું ફળ લોકમાં કીર્તિ મેળવવી એ નથી પણ તત્ત્વજ્ઞાન મેળવવું એ છે. ૧૦ તત્ત્વવેત્તા પુરૂષો જેને અદ્વિતીય જ્ઞાન કહે છે તેને ઉપનિષદો બ્રહ્મ-પરમાત્મા કે ભગવાન કહે છે. ૧૧ એ પરમાત્મારૂપી તત્ત્વને વેદાંત શાસ્ત્રો સાંભળવાથી મળેલા જ્ઞાન અને વૈરાગ્ય યુક્ત ભક્તિથી મુનિઓ પોતાના આત્મા વિષે દેખે છે. ૧૨ માટે હે ઉત્તમ વિપ્રો! વર્ણાશ્રમથી* પાળેલા ધર્મનું ફળ ભગવાનને પ્રસન્ન કરવા એજ છે. ૧૩ માટે એકાગ્ર ચિત્તથી નિરંતર ભગવાનના યશનું શ્રવણ કરવું, તેમનાજ નામનું કીર્ત્તન કરવું અને તેમનુંજ ધ્યાન તથા પૂજન કરવું. ૧૪ જે ભગવાનના ધ્યાનરૂપી તરવારવડે વિવેકીજનો કર્મનાં બંધન કાપી નાંખે છે તે ભગવાનની કથામાં કોણ પ્રીતિ ન કરે? ૧૫ હે બ્રાહ્મ-

* બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર એ ચાર વર્ણ તથા બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસી એ ચાર આશ્રમ.

ષો! પવિત્ર તીર્થના સેવનથી અને સત્પુરૂષની સેવાથી શ્રદ્ધા તથા ભક્તિ ઉત્પન્ન થઈ વાસુદેવ ભગવાનની કથા ઉપર પ્રેમ થાયછે. ૧૬ જેના નામનું શ્રવણ તથા કીર્તન પવિત્ર છે એવા અને સાધુ જનોનું કલ્યાણ ઈચ્છનારા એવા શ્રી કૃષ્ણ ભગવાન પોતાની કથા સાંભળનારના હૃદયમાં વાસ કરીને તેઓનાં અકલ્યાણનો નાશ કરે છે. ૧૭ નિરંતર ભગવાનની સેવાથી અકલ્યાણનો નાશ થયા પછી પવિત્ર યશવાળા ભગવાન વિષે અચળભક્તિ ઉત્પન્ન થાય છે. ૧૮ એટલે પછી રજોગુણથી તથા તમો ગુણથી ઉત્પન્ન થનારા કામ, ક્રોધ, લોભ વિગેરેથી મન પરાભવ નહી પામતાં સત્વ ગુણમાં રહીને શાંત થાય છે. ૧૯ એ રીતે પ્રસન્ન મનથી અને ભગવાનની ભક્તિના યોગથી સંસારની વિષયવાસના ટળી જઇ વૈરાગ્યવાન પુરૂષને ભગવાનના તત્ત્વનું જ્ઞાન થાય છે. ૨૦ તત્ત્વજ્ઞાન થયા પછી આત્મસ્વરૂપી ભગવાનનો સાક્ષાત્કાર થાય છે એટલે અહંકાર નાશ પામે છે. પછી સર્વ સંશયો ટળી જાય છે અને કર્મોનો નાશ થઇ જાય છે. ૨૧ એટલા માટે વિવેકી જનો મનને શુદ્ધ કરનારી ઉત્તમ ભક્તિ વાસુદેવ ભગવાન વિષે કરે છે. ૨૨ સત્વ, રજ અને તમ એ ત્રણ ગુણો માયાના છે. એ ત્રણ ગુણોવાળા પરમ પુરૂષોત્તમ ભગવાન આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ તથા લય કરવા માટે હરિ, બ્રહ્મા અને હર એવાં નામ ધારણ કરેછે; તેમાં સત્વ ગુણવાળા હરિથી મનુષ્યોને શ્રેષ્ઠ ફળ પ્રાપ્ત થાય છે. ૨૩ જેમ લાકડામાંથી તીક્ષ્ણ ધુમાડો ઉત્પન્ન થાય છે અને ધુમાડામાંથી ત્રણે વેદરૂપ અગ્નિ ઉત્પન્ન થાય છે, તેમ તમોગુણમાંથી રજોગુણ અને રજમાંથી સત્વગુણ ઉત્પન્ન થાય છે. એ સત્વગુણથી પરબ્રહ્મ ઓળખાય છે. ૨૪ એટલા માટેજ પરમ શુદ્ધ, સત્વમૂર્તિ, ઇંદ્રિયોથીપર એવા ભગવાનને આગળ મુનિઓ ભજતા હતા, એ પ્રમાણે જે વર્તે છે તેઓનું કલ્યાણ થાય છે. ૨૫ એ માટે મોક્ષને ઈચ્છનારા પુરૂષો ઘોરરૂપ ભૂત પતિઓને છોડી નિંદાનો ત્યાગ કરીને શાન્ત સ્વરૂપ નારાયણની કળા (અવતાર) ને ભજે છે. ૨૬ રજોગુણી તથા તમોગુણી પ્રકૃતિવાળા અને સામાન્ય શીલવાળા પુરૂષો, લક્ષ્મી, ઐશ્વર્ય તથા પ્રજાને માટે પિતૃઓ, ભૂતો અને રાજાઓને ભજેછે. ૨૭ વેદો વાસુદેવ રૂપ છે, યજ્ઞો વાસુદેવરૂપછે, યોગ વાસુદેવરૂપ છે, સર્વ ક્રિયાઓ વાસુદેવરૂપછે. ૨૮ જ્ઞાન વાસુદેવ રૂપ છે, તપ વાસુદેવરૂપ છે, ધર્મ વાસુદેવ રૂપ છે, અને સ્વર્ગાદિકની ગતિ પણ વાસુદેવરૂપ છે. ૨૯ એ વાસુદેવ ભગવાને પોતાની માયાથી પ્રથમ આ જગતને સરજ્યું છે, તે પોતે ત્રિગુણાત્મક માયાથી સમર્થ છે. ૩૦ એ માયાથી ઉત્પન્ન થયેલા ગુણોમાં પ્રવેશ કરીને ભગવાન જાણે ગુણવાળા હોય એવા દેખાય છે, પણ પોતે ગુણોથી પર છતાં પોતાની ચૈતન્ય શક્તિથી અત્યંત પ્રકાશે છે. ૩૧ જેમ પોતાના ઉત્પત્તિસ્થાનરૂપ લાકડામાં રહેલો અગ્નિ એક છતાં અનેક પ્રકારનો દેખાય છે, તેમ વિશ્વના આત્મારૂપ ભગવાન એક છતાં ભૂતપ્રાણિમાત્રમાં વ્યાપી રહેલા હોવાથી અનેક પ્રકારના હોય એમ ભાસે છે. ૩૨ એ ભગવાન વિષયો, ઇંદ્રિયો અને મનવડે પોતે નિર્માણ કરેલ પ્રાણીઓમાં નિવાસ કરીને તેને ઘટે તેવા વિષયોને ભોગવે છે. ૩૩ એ વાસુદેવ ભગવાન દેવતાઓ, પશુ પક્ષીઓ અને મનુષ્યાદિકમાં લીલાથી અવતાર ધરીને સત્વગુણથી લોકનું પાલન કરે છે. ૩૪

भावयत्येष सत्वेन लोकान्वै लोक भावनः ॥
लीलावतारानुरतो देवतिर्यक् नरादिषु ।३४।

ઇતિ શ્રીમદ્ ભાગવત્ મહાપુરાણના પ્રથમ સ્કંધનો "નૈમિષેયોપાખ્યાન" નામનો બીજો અધ્યાય સંપૂર્ણ ॥ ૨ ॥

અધ્યાય ૩ જો.

અવતારોની કથા અને તેનાં ચરિત્રો.

સૂતउवाच

जगृहे पौरुषं रूपं भगवान् महदादिभिः॥
संभूतं षोडशकलमादौ लोकसिसृक्षया ॥१॥

સૂતજી કહે છે—ભગવાને સૃષ્ટિના આરંભમાં પ્રાણીઓને રચવાની ઇચ્છાથી મહત્તત્ત્વ, અહંકાર અને પંચતન્માત્રાવડે બંધાયેલું અને અગીઆર ઇંદ્રિયો તથા પંચ મહાભૂત યુક્ત પુરૂષરૂપ ધારણ કર્યું. ૧ પછી જળમાં શયન કરીને યોગનિંદ્રા કરી ત્યારે તેમના નાભિકમળમાંથી પ્રજાપતિઓના સ્વામી બ્રહ્મા ઉત્પન્ન થયા. ૨ જેના અંગના વિભાગોમાંથી જગતનો વિસ્તાર થયો છે તે ભગવાનનું રૂપ શુદ્ધ સત્ત્વગુણી અને સર્વોત્તમ છે. ૩ જે હજારો પગ, સાથળ, હાથ અને મુખથી અદ્ભુત દેખાતા અને હજારો માથાં, કાન, નાક, મુગટો, વસ્ત્રો અને કુંડળોથી શોભાયમાન છે, એવા પરમાત્માના રૂપને યોગીઓ અત્યંત જ્ઞાનદૃષ્ટિથી જુએ છે. ૪ એ આદિનારાયણ સ્વરૂપ સર્વ અવતારોનું અખંડ, ઉત્પત્તિ અને અંતમાં લીન થવાનું સ્થાન છે. એના અંશરૂપ બ્રહ્માના શરીરમાંથી મરીચિ આદિ પ્રજાપતિઓ દ્વારા સર્વ દેવતાઓ, પશુઓ, પક્ષીઓ અને મનુષ્યો વગેરે ઉત્પન્ન થાય છે. ૫ ઈશ્વરે પ્રથમ બ્રહ્માથકી પેહેલે અવતારે કુમાર (સનક, સનંદન, સનાતન, સનત્કુમાર) નામ ધરી બ્રાહ્મણરૂપ થઇ અશક્ય અખંડિત બ્રહ્મચર્ય વ્રત પાળ્યું. ૬ બીજે અવતારે યજ્ઞેશ્વર ભગવાને જગતની ઉત્પત્તિ માટે, પાતાળમાં ગયેલી પૃથ્વીના ઉદ્ધાર સારૂ વરાહરૂપ ધારણ કર્યું. ૭ ત્રીજે અવતારે ભગવાને ઋષિકુળમાં જન્મી નારદનો અવતાર લઈ વિષ્ણુ તંત્ર એટલે નારદપંચરાત્ર કર્યું, એ તંત્રથી કર્મોબંધન કારક થતાં નથી. ૮ ચોથા અવતારે ધર્મની સ્ત્રીથી નર નારાયણ નામે ઋષિ થઇ મનને શાંતિ પમાડનારૂં અને કોઈથી ન થઇ શકે એવું ઉગ્રતપ કર્યું. ૯ પાંચમા અવતારે સિદ્ધેશ્વર કપિલ મુનિ થયા; તેમણે આસુરી નામના બ્રાહ્મણને તત્ત્વના સમૂહના નિર્ણયવાળું સાંખ્ય શાસ્ત્ર કર્યું. ૧૦ છઠ્ઠે અવતારે અત્રિઋષિને ત્યાં તેમની સ્ત્રી અનસૂયાની માગણીથી દત્તાત્રેય અવતાર ધરી મદાલસાના પુત્ર અલર્કને અને પ્રલ્હાદ વિગેરેને આત્મવિદ્યાનો ઉપદેશ કર્યો. ૧૧ સાતમા અવતારે રૂચિઋષિની આકૂતિ નામની સ્ત્રીથી યજ્ઞ અવતાર ધરીને યામ નામના પોતાના પુત્રો તથા દેવતાઓ સહિત સ્વાયંભુ મન્વંતરની રક્ષા કરી. ૧૨ આઠમા અવતારે નાભિ રાજાની સ્ત્રી મેરૂદેવીથી ઋષભદેવરૂપે જન્મી ધીર પુરૂષોને જેને ચારે આશ્રમ નમે છે એવો પરમહંસનો માર્ગ બતાવ્યો. ૧૩ નવમા અવતારે ઋષિઓની માગણીથી પૃથુરાજાનો અવતાર ધરી ગાયરૂપ પૃથ્વીમાંથી ઔષધિઓનું તથા સર્વ વસ્તુઓનું દોહન કર્યું. તેથી આ અવતાર ઉત્તમ ગણાય છે. ૧૪ દશમા અવતારે ચાક્ષુષમન્વંતરમાં સમુદ્ર ભેળા થઈ પ્રલય થયો ત્યારે મત્સ્યાવતાર ધરીને પૃથ્વીરૂપી વહાણમાં વૈવસ્વત મનુને બેસાડીને તેમની રક્ષા કરી. ૧૫ અગીઆરમા અવતારે દેવો અને દૈત્યો મળીને સમુદ્ર મથન કરવા લાગ્યા ત્યારે ભગવાને કચ્છપ (કાચબા)નું રૂપ ધરી પોતાની પીઠ ઉપર મંદરાચળ પર્વતને ધારણ કર્યો. ૧૬ બારમા અવતારે ધન્વંતરીરૂપ ધરી અમૃતનો કળશ હાથમાં લઈ સમુદ્રમાંથી ઉત્પન્ન થયા. તેરમા અવતારે મોહિનીરૂપ ધરી દૈત્યોને મોહ પમાડી તેઓની પાસેથી અમૃત લઇ લીધું ને દેવતાઓને પાયું. ૧૭ ચૌદમા અવતારે નૃસિંહ રૂપ ધરી દૈત્યોના રાજા હિરણ્યકશિપુને જેમ સાદડી વણનારો તૃણને ચીરી નાંખે છે તેમ પોતાના નખોથી છાતીમાંથી ચીરી નાંખ્યો. ૧૮ પંદરમા અવતારે વામનરૂપ ધરી બલિરાજાના યજ્ઞમાં જઇ સ્વર્ગ પાછું ખુંચાવી લેવાની ઈચ્છાથી ત્રણ પગલાં પૃથ્વી માગી. ૧૯ સોળમા અવતારે પરશુરામ રૂપ ધરી બ્રાહ્મણોનો દ્રોહ કરનારા ક્ષત્રિયો ઉપર ક્રોધ કરીને એકવીશવાર નક્ષત્રી પૃથ્વી કરી. ૨૦ સત્તરમા અવતારે પરાશર થકી સત્યવતીને પેટે વ્યાસ રૂપે જન્મી પુરૂષોને થોડી બુદ્ધિવાળા જોઇને વેદરૂપી વૃક્ષના વિભાગ કર્યા. ૨૧ અઢારમા અવતારે દેવતાઓનું કામ કરવાને રામાવતાર ધરી સમુદ્રનો અહંકાર ઉતાર્યો (તે ઉપર પુલ બાંધ્યો) અને દૈત્યોને મારી પૃથ્વીનો ભાર

ઉતાર્યો. ૨૨ ઓગણીશમા અને વીશમા અવતારે બળરામ અને કૃષ્ણ નામથી વૃષ્ણિ કુળમાં જન્મ ધરીને પૃથ્વીનો ભાર ઉતાર્યો. ૨૩ એકવીશમા અવતારે કળિયુગનું બળ વધવાથી અસુરોને મોહ પમાડવા માટે કીકટ (ગયા) પ્રદેશમાં અજનના પુત્ર બુદ્ધનામે અવતરશે ૨૪ *બાવીશમા અવતારે કળિને અંતે રાજાઓ ચોર જેવા થઈ જશે ત્યારે જગત્પતિ પ્રભુ સંભળ ગામમાં વિષ્ણુયશ નામના બ્રાહ્મણને ત્યાં કલ્કિ અવતાર ધરશે. ૨૫ હે બ્રાહ્મણો! જેમ અખુટ સરોવરમાંથી નાનાં નાનાં હજારો ઝરણાં નીકળે છે તેમ સત્વગુણી શ્રી હરિથી અસંખ્ય અવતારો થાય છે. ૨૬ ઋષિઓ, મનુઓ, દેવો, બળવાન મનુના પુત્રો તથા પ્રજાપતિઓ એ સર્વ ભગવાનનીજ કળા છે. ૨૭ એ સઘળા અવતારો ભગવાનના અંશ અને કળારૂપ છે, પણ શ્રી કૃષ્ણ તો સાક્ષાત્ નારાયણનોજ અવતાર છે. એ સઘળા અવતારો યુગે યુગે અસુરોથી પીડાએલા લોકને સુખી કરે છે. ૨૮ ભગવાનના રહસ્ય રૂપ જન્મની કથા જે પુરૂષ પવિત્ર થઇને સવાર સાંજ ભક્તિથી ગાય છે તે દુઃખોના સમૂહથી છુટે છે. ૨૯ રૂપ વિનાના એક ચૈતન્ય સ્વરૂપ જીવનું આ સ્થૂળ શરીર ભગવાનની માયાના મહત્તત્ત્વ આદિગુણોથી આત્માને વિષે કલ્પેલું છે એટલે આ શરીરને જ આત્મા માનવામાં આવેલ છે. ૩૦ જેમ વાદળાં વાયુના આશ્રયથી રહેલાં છતાં અજ્ઞાની જનો તેને આકાશનો આધાર માને છે તથા જેમ ધૂળકટ વાયુમાં ઉડે છે તેને અજ્ઞાની લોકો વાયુમાં ધૂળકટનો આરોપ કરે છે તેમ અજ્ઞાની પુરૂષો દૃષ્ટારૂપ જે આત્મા છે તેને દ્રશ્યાદિક ધર્મવાળા દેહ વગેરેનો આરોપ કરે છે. ૩૧ જેમ સ્થૂળ શરીરનો આત્મામાં આરોપ કરે છે તેમ સૂક્ષ્મ શરીરનો પણ આત્મામાં આરોપ કરે છે. એ સૂક્ષ્મ શરીરમાં સ્થૂળ શરીરની પેઠે હાથ પગ વગેરે આકાર નથી ને તે દેખાતું પણ નથી તેમ ઇંદ્રઆદિ દેવતાઓની પેઠે સાંભળવાથી પણ જાણી શકાતું નથી, છતાં તે સૂક્ષ્મ શરીરને આત્માની ઉપાધિ હોવાથી તેને 'જીવ' એમ કહે છે. એ સૂક્ષ્મ શરીરથી જન્મ મરણ વગેરે થાય છે. ૩૨ આ સ્થુળ તથા સૂક્ષ્મ બન્ને શરીરનો અવિદ્યાથી આત્મામાં આરોપ કરેલો છે તેને જ્યારે આત્મજ્ઞાનથી દૂર કરે છે ત્યારે જીવ જ્ઞાનમય બ્રહ્મરૂપ થાય છે. ૩૩ જ્યારે અવિદ્યાથી આવરણ× અને વિક્ષેપ* કરનારી પરમેશ્વરની માયા બ્રહ્મ વિદ્યાથી દૂર થાય છે ત્યારે જીવ બ્રહ્મસ્વરૂપ થાય છે અને પરમ આનંદરૂપ પોતાના મહિમામાં શોભે છે. એમ તત્ત્વવેત્તાઓ કહે છે. ૩૪ એ રીતે અકર્તા, અજન્મા અને અંતર્યામી ઈશ્વરનાં, વેદમાં ગુપ્ત રહેલાં જન્મ અને કર્મને વિવેકી પુરૂષો વર્ણવે છે. ૩૫ અમોઘલીલા કરનારા ઈશ્વર આ જગતને રચે છે, પાળે છે અને સંહાર કરે છે પણ તેમાં લેપાતા નથી, પોતે સ્વતંત્ર અને છ ઇંદ્રિઓને નિયમમાં રાખનારા છે અને છએ ઇંદ્રિઓના છ વિષયોને દૂરથી ગંધની પેઠે ગ્રહણ કરે છે. ૩૬ જેમ મૂર્ખજનો નટની કળાને જાણી શકતા નથી, તેમ કુબુદ્ધિવાળો જીવ

* આ બાવીશ અવતારો સાથે ધર્મ તથા મનુ એ બે અવતાર ગણતાં ચોવીશ થાય છે. તે ઉપર એક ભજન નીચે પ્રમાણે છે.

હરે રામ કહો, હરે રામ કહો, રામ રામ કહો હરે હરે. ટેક. મીન વરાહ હરિ ઔર કચ્છપ રામચંદ્ર અવતાર ધરે ॥ પરશુરામ, નરસિંહ, કૃષ્ણ, બલ, સનકાદિક ચારો વિચરે ॥ ૧ ॥ નરનારાયણ, યજ્ઞ પુરૂષ હૈં, કપિલદેવ, હયગ્રીવતરે ॥ દત્તાત્રેય, ઋષભ, મન્વંતર, પૃથુ, મોહિની અતિ સુધરે ॥ ૨ ॥ નારદ, વામન, હંસ, વ્યાસ, પ્રભુ બૌદ્ધ હોય કર જ્ઞાન કરે ॥ કલ્કી કલિયુગ અંતમાંહી ભયે, યહ ચોવીસો રૂપ ધરે ॥ ૩ ॥ રંગનાથજી, જગન્નાથજી, પુરીદ્વારકા નાથ બરે ॥ ગોવર્દ્ધનકે નાથ, નાથ જગ બદ્રીનાથ નરનાથ ખરે ॥૪॥ જગદીશ્વર પરમેશ્વર સ્વામી સર્વેશ્વર સબ હૈર સરે ॥ કમલ નયન કમળાપતિ કેશવ કંસ કેશ કર કાળ કરે ॥ ૫ ॥ મનમોહન મથુરા મન મજ્જન મન્મથ મુરલી મુકુટ મુરે ॥ ૬ ॥ હરે રામ કહો૦ ॥

× ઈશ્વરને ઢાંકી દેવા તે.

* જગતને ઉત્પન્ન કરવું તે.

ગમે તેવો તર્કવાદી હોય તોપણ મન અને વચનથી રૂપ અને નામનો વિસ્તાર કરનારા ભગવાનની લીલાને જાણી શકતો નથી. ૩૭ જે પુરૂષ કુટિલપણું તજી દઇ સદા અનુકુળતાથી ભગવાનના ચરણ કમળની સુગંધનું સેવન કરે છે તે પુરૂષ ચક્રધારી, મહા પરાક્રમી, અને પરબ્રહ્મરૂપ પરમાત્માના પદને જાણે છે. ૩૮ હે વિપ્રો ! તમે ભાગ્યવાન છો, કેમકે સર્વ લોકના સ્વામી ભગવાન વાસુદેવ ઉપર તમે આવો અપૂર્વ ભાવ રાખો છો, જેથી કરીને ભયંકર જન્મ મરણનો ફેરો ટળી જાય છે. ૩૯ જેમાં પવિત્ર યશવાળા ભગવાનનું ચરિત્ર છે અને જે વેદ સમાન છે એવું આ શ્રીમદ્ ભાગવતપુરાણ ભગવાન્ વેદવ્યાસે રચ્યું છે. ૪૦ અને સંપત્તિ આપનારૂં કલ્યાણકારી અને સર્વ વેદ તથા ઇતિહાસનો સારૂ સાર લઇ રચેલું આ ભાગવત લોકોના શ્રેયને માટે આત્મજ્ઞાનીઓમાં શ્રેષ્ઠ એવા પોતાના પુત્ર શુકદેવજીને ભણાવ્યું. ૪૧ શુકદેવજીએ, અન્ન નહિ ખાવાનો નિયમ લઇ ગંગાકિનારે ઋષિઓથી વીંટાઇ બેઠેલા પરીક્ષિત રાજાને સંભળાવ્યું. ૪૨ શ્રીકૃષ્ણ પરમાત્મા ધર્મ તથા જ્ઞાન સહિત પોતાના ધામમાં પધાર્યાથી કળિયુગમાં લોકો અજ્ઞાનથી આંધળા થઈ ગયા છે તેઓને માટે તો હાલમાં આ ભાગવતપુરાણરૂપી સૂર્યનો ઉદય થયોછે. ૪૩ હે વિપ્રો ! ગંગાકાંઠે કથા કહેતા મહા તેજસ્વી અને વિપ્રોમાં શ્રેષ્ઠ એવા શુકદેવજીના મુખથી તેમની કૃપાથી મેં આ ભાગવતની કથા સાંભળી છે તે મારી બુદ્ધિ પ્રમાણે તમને કહી સંભળાવીશ. ૪૪

अहंचाध्यगमंतत्र निविष्टस्तदनुग्रहात् ॥
सोऽहंवःश्रावयिष्यामियथाऽधीतंयथामति ॥

એ રીતે મહાપુરાણ ભાગવતના પ્રથમ સ્કંધમાં ચોવીશ અવતાર વર્ણન નામનો ત્રીજો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૪ થો.

(વ્યાસજીને થયેલો અસંતોષ.)

વ્યાસઉવાચ.

इति ब्रुवाणं संस्तूय मुनीनां दीर्घ सत्रिणाम् ॥
वृद्धःकुलपतिःसूतंबह्वृचःशौनकोऽब्रवीत् ।१।

વ્યાસજી કહે છે—એ પ્રમાણે કથા કરતા સૂતનાં વખાણ કરીને યજ્ઞ કરવાને એકઠા થયેલા મુનિઓમાં વૃદ્ધ, સર્વના ઉપરી અને ઋગ્વેદી શૌનકઋષિ બોલ્યા. ૧ શૌનક કહે છે–હે સૂત ! હે મહા ભાગ્યવાન ! હે વક્તાઓમાં શ્રેષ્ઠ ! ભગવાન્ શુકદેવજીએ જે ભાગવતની કથા કહી હતી તે પવિત્ર કથા અમને કહી સંભળાવો. ૨ આ ભાગવત સંહિતા કયા યુગમાં, કયે ઠેકાણે અને શા હેતુથી પ્રવૃત્ત થઇ અને કોની પ્રેરણાથી વ્યાસ મુનિએ રચી ? ૩ એ વ્યાસજીના પુત્ર શુકદેવજી મહાયોગી, સમદૃષ્ટિવાળા, ભેદભાવ રહિત, જેની બુદ્ધિ એક પરબ્રહ્મમાંજ રહેલી છે એવા, માયારૂપી નિંદ્રાથી રહિત, અપ્રગટ છતાં મઠના જેવા જણાય છે. ૪ એવા શુકદેવજી જ્યારે વનમાં ચાલી નીકળ્યા ત્યારે વ્યાસજી તેમની શોધ માટે પાછળ દોડ્યા. આગળ શુકદેવજી નગ્ન રૂપે દોડયા જતા હતા અને પાછળ વ્યાસજી વસ્ત્રો પેહેરીને જતા હતા. વ્યાસજીને જોઈ નગ્ન સ્નાન કરતી અપ્સરાઓએ લજવાઇને વસ્ત્રો પેહેરી લીધાં, પણ નગ્ન સ્વરૂપી શુકદેવજીને જોઇને તેઓએ વસ્ત્રો પેહેર્યાં નહી. આવું આશ્ચર્ય જોઇને વ્યાસજીએ અપ્સરાઓને તેનું કારણ પૂછ્યું ત્યારે તેઓ બોલી કે "આ સ્ત્રી છે અને આ પુરૂષ છે" એવો ભેદભાવ તમારામાં છે માટે તમને જોઇને અમોએ લજ્જા પામી વસ્ત્રો પેહેરી લીધાં અને પવિત્ર દૃષ્ટિવાળા તમારા પુત્રમાં તે ભેદભાવ નથી તેથી તેમને જોઇને વસ્ત્રો પેહેર્યાં નહી. ૫ એવી રીતે ઘેલા જેવા, જડ અને મુંગાની પેઠે ફરતા એવા શુકદેવજી જ્યારે કુરૂ દેશમાં અને જાંગલ દેશમાં આવ્યા ત્યારે તેમને લોકોએ શી રીતે ઓળખ્યા ? અને ત્યાંથી હસ્તીનાપુરમાં કેમ

આવ્યા? ૬ હે મહા ભાગ્યશાળી! હે સૂતજી! એ શુકદેવજી ગૃહસ્થાશ્રમીઓના ઘરને પવિત્ર કરવા માટે ફક્ત એક ગાય દોહોવાય એટલીવારજ ભિક્ષાની વાટ જોતા ઉભા રહેતા હતા; તેમની સાથે પાંડવોના પૌત્ર રાજર્ષિ પરીક્ષિત રાજાનો આ ભાગવત સંબંધી કેવીરીતે સંવાદ થયો હતો? ૭-૮ હે સૂતજી! અભિમન્યુના પુત્ર પરીક્ષિતને આ ઉત્તમ ભાગવત કહ્યું તેનાં આશ્ચર્યકારક જન્મ તથા પરાક્રમો અમને કહો. ૯ પાંડવોની કીર્તિ વધારનાર ચક્રવર્તી પરીક્ષિત રાજા રાજ્યલક્ષ્મીને છોડી દઇને દેહ પડતા સુધી ગંગા કાંઠે શા માટે બેઠા હતા? ૧૦ હે સૂતજી! શત્રુઓ પોતાના ભલાને સારૂ પ્રસિદ્ધ રીતે ધન લાવીને જેના પગ આગળ નમતા હતા એવા શૂરવીર અને જુવાન રાજાએ ન છોડી શકાય એવી રાજ્યલક્ષ્મીને પ્રાણની સાથે છોડી દેવાની કેમ ઇચ્છા કરી? ૧૧ ભગવત્પરાયણ મનુષ્યો પોતાના સ્વાર્થ માટે જીવતા નથી પણ લોકોનાં કલ્યાણ, સમૃદ્ધિ તથા ઐશ્વર્યને માટે જીવે છે. ત્યારે પરીક્ષિત રાજાએ લોકનું હિત કરનારૂં તથા આશ્રય આપનારૂં એવું પોતાનું શરીર શામાટે છોડી દીધું? ૧૨ અહીં અમોએ જે જે પૂછ્યું છે તે સર્વ કહો. કેમકે તમે એક વેદ વગર બીજાં સર્વ શાસ્ત્રોનો પાર પામેલા છો. ૧૩

સૂતજી કહે છે—હે શૌનક! કાળાંતરે જ્યારે ત્રીજો દ્વાપર યુગ આવ્યો ત્યારે પરાશર ઋષિથી સત્યવતીને પેટે યોગી વ્યાસજી જન્મ્યા હતા. ૧૪ એક દિવસ તે સરસ્વતીના પવિત્ર પાણીમાં સ્નાન કરી સંધ્યાદિ કર્મથી પરવારીને સૂર્યોદય સમે એકાંતમાં બેઠા હતા. ૧૫ ભૂત ભવિષ્યને જાણનારા અને દિવ્ય દૃષ્ટિવાળા વ્યાસજી કાળના પ્રભાવે કરીને યુગે યુગના ધર્મોમાં સેળભેળપણું જોઇને, તથા-૧૬ કાળનાવેગથી શરીર વગેરે પદાર્થોની શક્તિનો ઘટાડો અને માણસોને શ્રદ્ધા વિનાનાં, ધર્મ વિનાનાં, બુદ્ધિહીન અલ્પ આયુષ્યવાળાં, તથા દુર્ભાગ્યવાળાં જોઇને સર્વ વર્ણાશ્રમોનું જે રીતે હિત થાય તેવા ઉપાયો વિચારવા લાગ્યા. ૧૭-૧૮ તેથી તેમને એમ જણાયું કે ચાર ઋત્વિક્‌ને ચાર હોતાથી થઇ શકે એવું વૈદિક કર્મ શુદ્ધ છે માટે યજ્ઞનો લોપ નહિ થવા માટે એક વેદમાંથી ચાર કર્યા. ૧૯ એટલે ઋક્ યજુઃ, સામ અને અથર્વણ એ ચાર વેદ રચ્યા, અને ઇતિહાસ પુરાણ પાંચમો વેદ કહેવાય છે તે પણ રચ્યો. ૨૦ તેમાં ઋગ્વેદ પૈલઋષિ ભણ્યા, સામવેદને જૈમિની ઋષિ ભણ્યા, વૈશંપાયન યજુર્વેદમાં પ્રવીણ થયા. ૨૧ અંગિરા, ગોત્રી અને સુમંતુ મુનિ અથર્વ વેદ ભણ્યા. આ વેદના મારણ ઉચ્ચાટનાદિક કર્મો કરવાથી તેનું નામ દારૂક કહેવાય છે. અને મારા પિતા રોમ હર્ષણ ઇતિહાસ તથા પુરાણોનો પાર પામ્યા. ૨૨ એ બધા ઋષિઓએ પોતપોતાના વેદોના ઘણા વિભાગ કર્યા તેથી તે વેદોની શિષ્યો, શિષ્યોના શિષ્યો અને તેના શિષ્યો દ્વારા અનેક શાખાઓ થઇ. ૨૩ જે વેદોને પૂર્વે બુદ્ધિશાળી પુરૂષોજ ભણી શકતા હતા તેને સાધારણ બુદ્ધિવાળા પણ ભણી શકે એવા દીન દયાળુ વ્યાસજીએ સરળ કર્યા. ૨૪ સ્ત્રી તથા શુદ્રાદિકને વેદ સાંભળવાનો અધિકાર નથી, તેથી તેઓના કલ્યાણને માટે કૃપા કરીને વ્યાસજીએ મહાભારત રચ્યું. ૨૫ હે વિપ્રો! સર્વ પ્રાણીઓનું કલ્યાણ ઇચ્છનારા વ્યાસજીનું મન એ પ્રમાણે પ્રવૃત્તિ કરતાં છતાં પણ સંતોષ પામ્યું નહીં, ત્યારે તેનું કારણ વિચારતા થકા સરસ્વતીના પવિત્ર કિનારાપર બેઠેલા ધર્મવેત્તા વ્યાસજી મનમાં બોલ્યા કે-૨૬ ૨૭ "મેં વ્રત ધરીને, વેદોને, ગુરૂઓને અને અગ્નિને નિષ્કપટપણે પૂજ્યા છે અને તેઓની આજ્ઞા પણ પાળી છે, ૨૮ વળી ભારત રચીને વેદનો અર્થ પણ બતાવ્યો છે જેથી સ્ત્રી શુદ્રાદિ પોતાના ધર્મ જાણી શકે છે. ૨૯ વળી મારા દેહમાં રહેલો જીવ પણ વસ્તુતાએ પરિપૂર્ણ છે અને વેદના પઠન પાઠનથી મહા તેજસ્વીઓમાં શ્રેષ્ઠ છે, તેમ છતાં તેને પોતાના સ્વરૂપનું જ્ઞાન થયું નથી એમ લાગેછે. ૩૦ શું મેં પરમહંસને પ્રિય એવા ભાગવત ધર્મનું વિસ્તારથી નિરુપણ નથી કર્યું? કે જે ધર્મો ભગવાનને ઘણા પ્રિય છે." ૩૧

એ રીતે પોતાના આત્માને સ્વરૂપ જ્ઞાનથી રહિત માનીને ખેદ કરતા વ્યાસજી બેઠા છે એટલામાં ત્યાં નારદજી પધાર્યા. ૩૨ જેમને દેવતાઓએ પૂજેલા છે એવા નારદજીને આવ્યા જાણીને વ્યાસજીએ તરત ઉઠી તેમનો સત્કાર કરીને વિધિ પ્રમાણે તેમની પૂજા કરી. ૩૩

तमभिज्ञाय सहसा प्रत्युत्थायागतं मुनिः ॥

पूजयामास विधिवन्नारदं सुर पूजितम् ।३३।

ઇતિ શ્રી ભાગવત મહાપુરાણે પ્રથમ સ્કંધે 'નારદ વ્યાસ સમાગમ' નામે ચોથો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૫ મો.

(નારદજીએ કહેલી હરિકીર્તનની મહત્તા)

सूतउवाच

अथतं सुखमासीन उपासीनं बृहच्छ्रवा ॥

देवर्षिः प्राह विप्रर्षिं वीणापाणि स्मयन्निव ।

સૂતજી કહે છે-સુખપૂર્વક બેઠેલા વ્યાસજીને મોટા યશવાળા અને હાથમાં વીણા ધારણ કરેલા દેવર્ષિનારદજી હસીને કહેવા લાગ્યા. ૧ નારદજી કહે છે-હે મહાભાગ્યવાન પરાશરના પુત્ર! તમારો શરીરના અભિમાનવાળો આત્મા શરીરથી, અને મનનો અભિમાની આત્મા મનથી પ્રસન્ન છે કે નહિ? ૨ તમે જાણવા લાયક ધર્માદિક વિષયો જાણ્યા છે અને તે પ્રમાણે કર્યું છે. કેમકે સર્વ ધર્મ તથા અર્થથી પરિપૂર્ણ એવું અદ્ભૂત ભારત તમે રચ્યું છે. ૩ અને સ્નાતન બ્રહ્મસ્વરૂપને પણ તમે જાણ્યું તથા મેળવ્યું છે. તેમ છતાં તમારે જાણે હજી કાંઇ કરવાનું બાકી રહ્યું હોય એમ કેમ શોચો છો? ૪ વ્યાસજી કહે છે-હે નારદજી! તમે જે કહો છો તે સર્વ મારામાં છે, પણ મારો આત્મા સંતોષ પામતો નથી અને એ અસંતોષનું કારણ મારા સમજવામાં આવતું નથી; માટે બ્રહ્માના પુત્ર અને અત્યંત જ્ઞાની એવા આપને તેનું કારણ પૂછું છું. ૫ તમે સર્વ ગુહ્યવાત જાણનારા છો, કારણ કે આપે પુરાણપુરૂષ ભગવાન કે જે સંકલ્પમાત્રથી જગત્‌ને સર્જે છે, પાળે છે અને સંહારે છે અને સર્વ કાર્ય કારણના નિયંતા છે, તેમની ઉપાસના કરેલી છે. ૬ તમે સૂર્યની પેઠે ત્રૈલોકયમાં ફરનારા, વાયુની પેઠે સર્વના અંતરમાં પ્રવેશ કરનારા અને બુદ્ધિની વૃત્તિને જાણનારા છો. માટે યોગ તથા ધર્મવડે પરબ્રહ્મના પારને પામેલા અને નિયમોવડે વેદના પારને પામેલા એવા મને જે કાંઈ કહેવાનું બાકી હોય તે કહો. ૭ નારદજી કહે છે-તમે ભગવાનના નિર્મળ યશ વિના જે કાંઇ વર્ણવ્યું છે તે નહિ વર્ણવ્યા સરખું છે, તેથી ભગવાન પ્રસન્ન થતા નથી, માટે એજ જ્ઞાન તમારામાં ઓછું છે એમ હું માનું છું. ૮ હે મુનીશ્વર! તમે જેવા ધર્મ અર્થાદિક વર્ણવ્યા છે તેવો વાસુદેવ ભગવાનનો મહિમા વર્ણવ્યો નથી. ૯ જે વચનો વિચિત્ર પદોની રચનાવાળાં હોય પણ તે જો શ્રી હરિના જગતને પવિત્ર કરનારા ગુણોને ગાતાં નથી તે કાકતીર્થ એટલે કામી પુરૂષોનું તીર્થ ગણાય છે. અને માનસ સરોવરમાં રહેનારા હંસો જેમ મનોહર કમળવનને મૂકીને કાગડાના રમવાના ઠેકાણામાં રમતા નથી, તેમ સત્વગુણી મનવાળા અને પરબ્રહ્મને વિશે નિવાસવાળા પરમહંસો પણ કામી પુરૂષોના તીર્થમાં રમતા નથી. ૧૦ જે વચનો માણસોનાં પાપનો નાશ કરે તેજ વાકય રચના ગણાય છે. કદાપિ તેની રચના ઉત્તમ ન હોય તોપણ દરેક શ્લોકમાં અનંત ભગવાનના યશથી અંકિત નામો હોયછે કે જેને સત્પુરૂષો સાંભળેછે, સંભળાવે છે અને ગાય છે. ૧૧ ઉપાધિને ટાળનારૂં બ્રહ્મજ્ઞાન જો ભગવાનની ભક્તિ વગરનું હોય તો તે શોભતું નથી, ત્યારે નિરંતર અકલ્યાણ રૂપ કામ્ય તથા નિષ્કામ કર્મો ઈશ્વરને અર્પણ કરેલાં ન હોય તો તે કયાંથીજ શોભે? ૧૨ હે મહાભાગ્યવાન! તમે યથાર્થ બુદ્ધિવાળા, પવિત્ર કીર્તિવાળા, સત્યપર પ્રેમવાળા અને વ્રત ધારી છો, માટે સંસારનાં બંધનોથી છુટવાને માટે એકાગ્ર ચિત્તથી સંભારીને ભગવાનની લીલા વર્ણવો. ૧૩ ભગવાનની લીલાનું વર્ણન નહી

તેવા કોઇ બીજ બાબતનું વર્ણન કરવાને ઇચ્છનારા પુરૂષોની બુદ્ધિ તેવી ઇચ્છાને લીધે વ્યાકુળ થઈ જાય છે અને પવનના તોફાનથી ચકડોળે ચડેલું વહાણ જેમ ધારેલા ઠેકાણે પોહોચતું નથી તેમ તેની બુદ્ધિ કદી સ્થિર થતી નથી. ૧૪ જે માણસોને સ્વાભાવિકરીતેજ નિંદિતકામ્ય કર્મોપર પ્રીતિ હોય છે તેવા માણસોને તમે ધર્મ અર્થાદિકનો ઉપદેશ કર્યો છે એ ઘણું અયોગ્ય કર્યું છે; કારણ કે આપના વાક્યથી પ્રાકૃત મનુષ્ય 'આજ આપણો ધર્મ છે' એમ માને છે પણ કામ્ય કર્મોનું નિવારણ માનતો નથી. ૧૫ કોઈ ડાહ્યો પુરૂષ હોય તેજ એવાં કામ્યકર્મ કરતાં સર્વ કર્મની નિવૃત્તિથી સર્વવ્યાપક ઈશ્વરનું સુખ રૂપ સ્વરૂપ જાણવાને સમર્થ છે. માટે તમે દેહાભિમાની અને સત્વાદિક ગુણોથી પ્રવૃત્તિ વાળા પુરૂષોને માટે દેશ અને કાળનો પાર પામેલા એવા ભગવાનની લીલાનું વર્ણન કરો. ૧૬ કોઈ મનુષ્ય સ્વધર્મ છોડીને ભગવાનના ચરણ કમળને ભજતો થકો ભક્તિ પરિપૂર્ણ થતા પહેલાં ભ્રષ્ટ થાય કે મરી જાય તો શું તેનું અકલ્યાણ થાય છે? નહી જ. સ્વધર્મથી વર્તનારા છતાં ભગવાનને નહી ભજનારા પુરૂષોએ શું ફળ મેળવ્યું છે? કાંઇ જ નહી. ૧૭ એટલા વાસ્તે ડાહ્યા માણસે શ્રી હરિની ભક્તિ કરવી. ઉંચેના બ્રહ્મલોકથી માંડીને નીચેના સ્થાવર લોક સુધી ભટકનારા પ્રાણિઓને પણ જે વસ્તુ મળતી નથી તે મેળવવાને માટે પ્રયત્ન કરવો એ ચતુર માણસનું કામ છે. વિષય સુખ તો દુઃખની પેઠે પૂર્વ જન્મનાં કર્મો પ્રમાણે ગંભીર વેગવાળા કાળથી પોતાની મેળે નર્કાદિકને વિષે પણ આવી મળે છે. ૧૮ હે વ્યાસજી! મુકુન્દ ભગવાનની સેવા કરનારો પુરૂષ કર્માસક્ત પુરૂષની પેઠે સંસારમાં આવતો નથી, કારણ કે ભગવાનના ચરણારવિંદના સ્પર્શનું વારંવાર સ્મરણ કરતો, સાર ગ્રહણ કરનાર પુરૂષ તેનો ત્યાગ કરવા ઇચ્છતો નથી. ૧૯ આ જગત ઈશ્વરમય છે અને ઇશ્વર જગત્થી જુદા છે. જેનાથી જગત્ની ઉત્પત્તિ, સ્થિતિ અને લય થાય છે તે ભગવાનને તમે જાણોછો, તોપણ મેં તમને એક સામાન્ય સ્વરૂપ દેખાડયું છે. ૨૦ હે અમોઘ દૃષ્ટિવાળા! જગતનું કલ્યાણ કરનારા પરમાત્માના તમે અંશરૂપ છો, માટે મનથી પરમાત્માને જાણી એવા અજન્મા, પ્રતાપશાળી ભગવાનની લીલા વર્ણવો. ૨૧ ઉજ્વળ કીર્તિવાળા ભગવાનનું વર્ણન કરવું એજ પુરૂષને તપનું, શ્રવણનું, દાનનું, યજ્ઞયાગનું તથા મનોહર વાણીનું ફળછે એમ વિવેકી પુરૂષો કહે છે. ૨૨ પૂર્વે હું એક વેદવાદી બ્રાહ્મણની દાસીથી ઉત્પન્ન થયો હતો, મારી માતાએ મને બાલ્યાવસ્થાથીજ ચોમાસામાં એક ઠેકાણે રહેનારા યોગીઓની સેવામાં રાખ્યો હતો. ૨૩ મેં ચપળતાનો ત્યાગ કરી, જીતેંદ્રિય થઈ, રમત ગમત છોડી દઈ એ યોગી જનોને અનુકુળ વર્તન રાખ્યું તેથી તેઓ જો કે સમદર્શી હતા તોપણ મારા ઉપર દયા કરતા હતા. ૨૪ હું એ બ્રાહ્મણ યોગીઓની આજ્ઞાથી પત્રાવળીમાં વળગી રહેલું તેમનું ઉચ્છિષ્ટ જમતો તેથી મારાં સર્વ પાપો નાશ પામ્યાં. તેમની સેવાથી મારૂં ચિત્ત શુદ્ધ થયું અને મને ઈશ્વર ભજનમાં પ્રીતિ થઈ. ૨૫ ત્યાં તેઓ શ્રી કૃષ્ણની મનોહર કથા કહેતા હતા તે તેઓની કૃપાથી હું સાંભળતો હતો. હું શ્રદ્ધાથી પદેપદે કથા સાંભળતો હતો તેથી ભગવાન વિષે મને પ્રીતિ થઈ. ૨૬ તેથી ભગવાનમાં મારી દૃઢ બુદ્ધિ થઇ જેથી કરીને પરબ્રહ્મસ્વરૂપ જે હું તેને વિષે સત્ અસત્ એટલે આ સ્થૂળ અને સૂક્ષ્મ શરીરની જે કલ્પના કરી છે તે મારી અવિદ્યાથીજ કલ્પેલુ છે એમ મને સમજાયું. ૨૭ એ રીતે શરદ અને વર્ષાઋતુમાં એ મહાત્મા યોગેશ્વરો ભગવાનના યશ ગાતા હતા તે ત્રણે વખત હું સાંભળતો હતો, તેથી રજોગુણ અને તમોગુણને ટાળનારી ભક્તિ પ્રાપ્ત થઈ. ૨૮ જેને દીનજનો વહાલા છે એવા એ મહાત્મા યોગીઓ ત્યાંથી જવાને તૈયાર થયા ત્યારે શ્રદ્ધાવાળા, બાળક, જીતેંદ્રિય અને દાસ એવા મને કૃપા કરીને સાક્ષાત ભગવાને કહેલું ગુપ્તજ્ઞાન કહ્યું. ૨૯-૩૦

એ જ્ઞાનથી સર્વવ્યાપક ભગવાન વાસુદેવની માયાનો પ્રભાવ જાણ્યો કે જેથી કરીને પુરૂષો ઇશ્વરપદને પામે છે. ૩૧ હે વ્યાસજી! અધ્યાત્મ, અધિભૂત ને અધિદૈવ એ ત્રિવિધિ તાપને ટાળનારૂં કર્મ કે જે જગતના નિયંતા બ્રહ્મરૂપ ભગવાનને વિષે અર્પણ કરેલું છે તે મેં તમને કહ્યું. ૩૨ હે સુવ્રતવાળા વ્યાસજી! પ્રાણીઓને જે વસ્તુથી જે રોગ થાય છે તે વસ્તુ તે રોગ મટાડી શકતી નથી, પણ જો તે વસ્તુ બીજી વસ્તુ સાથે મેળવી હોય તો તે રોગને મટાડી શકે છે. ૩૩ *એજ પ્રમાણે મનુષ્યોનાં સર્વ કર્મો જન્મ મરણના હેતુરૂપ છે, પરંતુ જો તે કર્મો ઇશ્વરમાં અર્પણ કરેલાં હોય તો કર્મની નિવૃત્તિ થઇ મોક્ષપદને પામે છે. ૩૪ ભગવાનને પ્રસન્ન કરવાને કરેલું કર્મ ભક્તિયોગવાળું હોવાથી તત્ત્વજ્ઞાન ઉત્પન્ન કરે છે. ૩૫ જો પુરૂષો નિરંતર ભગવાનની આજ્ઞાનુસાર+ કર્મ કરે છે તો તેઓ ભગવાનના ગુણનું તથા નામનું કીર્તન કરનારા તથા તેનું સ્મરણ કરનારા થાય છે. ૩૬ તમો ભગવાનને અમારા નમસ્કાર હો, વાસુદેવ એવા તમને મનવડે અમારા નમસ્કાર હો, પ્રદ્યુમ્ન અનિરૂદ્ધ અને સંકર્ષણ એવા તમને અમારા નમસ્કાર હો. ૩૭ એ પ્રમાણે મૂર્તિઓનાં નામો લઇને, નિરાકાર તથા મંત્રની મૂર્તિરૂપ યજ્ઞપુરૂષને જે પૂજે છે તે પરમજ્ઞાની થાય છે. ૩૮ હું પણ એ રીતેજ વર્તતો હતો તેથી 'આ મારો ઉપદેશ નારદ પામ્યો છે' એમ કેશવ ભગવાને જાણીને મને જ્ઞાન, ઐશ્વર્ય અને ભક્તિ આપી. ૩૯ હે બહુશ્રુત વ્યાસજી! માટે તમે પણ સમર્થ પ્રભુના પ્રસિદ્ધ યશ વર્ણવો, જેથી વિદ્વાનોની સર્વ ઇચ્છાઓ પૂર્ણ થાય છે. ઇશ્વરના ગુણ ગાયા વિના દુઃખથી વારંવાર પીડાતા પુરૂષોના ક્લેશોનો નાશ થતો નથી. ૪૦

त्वमप्यदभ्रश्रुतविश्रुतं विभोः ।
समाप्यते येन विदां बुभुत्सितं ॥
आख्याहि दुःखै र्मुहुरर्दितात्मनां ।
सक्लेश निर्वाण मुशन्ति नान्यथा ॥ ४० ॥

ઇતિ શ્રી મહાપુરાણ ભાગવતે પ્રથમ સ્કંધે વ્યાસ નારદ સંવાદ નામે પાંચમો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૬ ઠ્ઠો.

(નારદના પૂર્વ જન્મની કથા)

सूतउवाच

एवं निशम्य भगवान् देवर्षे र्जन्मकर्मच ॥
भूय पप्रच्छतं ब्रह्मन् व्यासः सत्यवतीसुतः ।१।

સૂતજી કહે છે–હે બ્રહ્મન્! સત્યવતીના પુત્ર વ્યાસજીએ નારદજીના જન્મ તથાં કર્મની વાત સાંભળીને ફરીથી પૂછ્યું. ૧ વ્યાસજી પૂછે છે-તમને જ્ઞાન આપનારા એ ભિક્ષુક–યોગીઓ દૂર દેશ ગયા ત્યારે બાળક અવસ્થાંવાળા તમે પછી શું કર્યું? ૨ હે બ્રહ્માના પુત્ર! બાકી રહેલું આયુષ્ય કેવી રીતે ગાળ્યું અને કાળ આવ્યો ત્યારે તમે શીરીતે શરીર છોડ્યું? ૩ હે દેવતાઓમાં ઉત્તમ નારદજી! તમારા એ પૂર્વજન્મને કલ્પ થઈ ગયો તેમ છતાં સ્મૃતિનો નાશ કરનારા કાળે કરીને તમારી સ્મૃતિ કેમ જતી ન રહી? ૪ નારદજી કહે છે-મને જ્ઞાન આપનારા એ સંન્યાસીઓ ગયા ત્યારે મારી બાળક અવસ્થા હતી, તે સમયે મેં આ પ્રમાણે કર્યું. ૫ મારી માતાને હું એકજ પુત્ર હતો. વળી તે સ્ત્રી જાતિ, અજ્ઞાની અને દાસી હતી તેથી તેણે મારામાં ઘણો સ્નેહ બાંધ્યો. મને પણ તેના વિના બીજો આધાર નહતો. ૬ જેમ લાક-

---

* પ્રથમ મહા પુરૂષની સેવા, તેથી તેમની કૃપા, તેથી પરમાત્મા સંબંધી ધર્મપર શ્રદ્ધા, શ્રદ્ધાથી કથા શ્રવણ, તેથી ભગવાનપર પ્રીતિ, તેથી સ્થૂળ સૂક્ષ્મ દેહનું જ્ઞાન, તેથી આત્મજ્ઞાન, તેથી ભગવાન ઉપર દઢ ભક્તિ, તેથી ભગવાનના તત્ત્વનું જ્ઞાન અને તેની કૃપાથી સર્વજ્ઞપણું પ્રાપ્ત થાય છે. શ્રીધર.

\+ ગીતામાં અર્જુનને શ્રી કૃષ્ણે કહ્યું છે કે–હે અર્જુન! જે કંઇ સુકર્મ કરે છે, ખાય છે, હવન કરે છે, દાન દે છે, અને તપ કરે છે, તે મને અર્પણ કર.

કાની પૂતળી દોરી ખેંચનારને વશ હોય છે તેમ ચાકર લોક ધણીને પરવશ હોય છે તેથી મારી પરવશ માતા મારૂં રૂડું કરવાને ઘણું ઇચ્છતી પણ તેમ કરી શકી નહી. ૭ હું પાંચ વરસનો બાળક હતો તેથી દિશા, દેશ અને કાળથી છેક અજાણ્યો હતો તો પણ 'માતાના સ્નેહ બંધનથી ક્યારે છુટું' એમ વાટ જોતો એ બ્રાહ્મણને ઘેર રહ્યો. ૮ એક દિવસ રાત્રે મારી મા ગાય દોહોવા માટે ઘરમાંથી બહાર નીકળી તે સમયે કર્મ સંયોગે તેને પગે સર્પ કરડવાથી તે બિચારી મરણ પામી. ૯ તેનું મરણ થવાથી ભક્તનું ભલું કરનાર પ્રભુનો ઉપકાર માનીને હું ઉત્તર દિશા તરફ ચાલી નીકળ્યો. ૧૦ એ દિશામાં સમૃદ્ધિવાળા દેશો, રાજધાનીઓ, શેહેરો, ગામો, વ્રજો, સોનાની ખાણો, ખેડુતનાં ગામો, પર્વત તળાટીનાં ગામો, વાડીઓ, *વનો, ઉપવનો,× ૧૧ સુવર્ણાદિ ધાતુઓથી તથા હાથીઓએ ભાગી નાંખી છે ડાળો જેની એવાં ઝાડોથી શોભાયમાન ચિત્ર વિચિત્ર પર્વતો, પવિત્ર તથા નિર્મળ પાણીથી હીલોળા મારતાં મનોહર જળાશયો, ૧૨ અનેક જાતનાં પક્ષીઓના કિલરવથી તથા ગણગણાટ કરતા ભ્રમરોથી શોભાયમાન સરોવરો વગેરેને ઓળંગીને હું એકલોજ આગળ ચાલ્યો જતો હતો, એટલામાં નળથી, દર્ભના ગુચ્છાઓથી, તથા નક્કર અને પોલા વાંસથી અત્યંત ઘાટું એવું તથા સર્પ, વીંછી, ઘુવડ શિયાળીઆં વગેરે ભયંકર પ્રાણીઓ જેમાં શબ્દ કરી રહ્યાં છે એવું બિહામણું વન આવ્યું. ૧૩-૧૪ ચાલવાના શ્રમથી મારૂં શરીર તથા ઇંદ્રિયો થાકી ગયાં હતાં, ભૂખ અને તરસ ઘણી લાગી હતી. ત્યાં એક નદીના દ્રોહમાં નાહી પાણી પીને માર્ગનો થાક ઉતાર્યો. ૧૫ પછી હું એ નિર્જન વનમાં એક પીંપળાના ઝાડના થડ આગળ જઇ બેઠો અને મહાત્માઓથી સાંભળેલું પરમાત્માનું સ્વરૂપ બુદ્ધિવડે હૃદયમાં ધારીને ધ્યાન કરવા લાગ્યો. ૧૬ ભક્તિવડે જીતેંદ્રિયપણાથી ભગવાનનાં ચરણારવિંદનું ધ્યાન કરતાં ઉત્કંઠિતપણાથી મારી આંખોમાં પ્રેમનાં આંસુ ભરાઇ આવ્યાં. એટલામાં મારા હૃદયમાં શ્રી હરિ ધીરે ધીરે પ્રગટ થયા. ૧૭ હે મુનિ! અત્યંત પ્રેમને લીધે મારૂં શરીર રોમાંચિત થઈ ગયું અને હું પરમાનંદમાં લીન થઇ ગયો એટલે મેં આત્મા અને પરમાત્માનું એક રૂપ જોયું. ૧૮ મનને સુખદાયક અને શોક નાશક ભગવાનનુ સ્વરૂપ થોડા સમય પછી જોવામાં નહી આવ્યાથી હું ઉદાસ થઇને તરત ઉઠી ઉભો થયો. ૧૯ એ સ્વરૂપ જોવા માટે મેં ફરીથી હૃદયમાં ધ્યાન ધર્યું પણ ફરીથી દર્શન થયાં નહી, તેથી હું અતૃપ્ત તથા આતુર બની ગયો. ૨૦ એ રીતે એ નિર્જન વનમાં હું પ્રયત્ન કરતો હતો એટલામાં વાણીથી ન વર્ણવી શકાય એવા પ્રભુ શોકને શમાવતા હોય નહી જાણે એવી રીતે ગંભીર અને મધુર વાણીથી બોલ્યા કે ૨૧ "હે નારદ! આ જન્મમાં તું મારાં દર્શન પામવાને યોગ્ય નથી, કારણ કે જેના કામ ક્રોધાદિક મળ નાશ પામ્યા નથી એવા કુયોગીઓને મારાં દર્શન થતાં નથી. ૨૨ હે નિષ્પાપ! એકવાર મેં મારૂં સ્વરૂપ તને એટલા માટે દેખાડયું કે તને મારા વિષે પ્રીતિ થાય. અને ચાહનારા સાધુ પુરૂષો ધીરે ધીરે સર્વ કામનાઓનો ત્યાગ કરે છે. ૨૩ મહાત્માઓની થોડીજ સેવાથી તને મારા વિષે દૃઢ પ્રીતિ થઇ છે માટે હવે આ નિન્દિત દેહ છોડયા પછી તું મારો પાર્ષદ થઈશ. ૨૪ તારી આ દૃઢ પ્રીતિનો કદી નાશ થશે નહી. જગતના પ્રલયમાં પણ મારી કૃપાથી તારી સ્મૃતિ જતી રહેશે નહી." ૨૫ એટલું કહીને આકાશમાં જેની મૂર્તિ છે અને ન કળી શકાય તથા ન ઓળખી શકાય એવા પરમ અદ્‌ભૂતરૂપ પરમાત્મા બોલતા બંધ થયા. પછી મેં રાજી થઇને માથાવડે પ્રણામ કર્યા. ૨૬ અને લાજ મૂકી અનંત ભગવાનના નામનું તથા તેમનાં ગુપ્ત કલ્યાણકારી ચરિત્રોનું સ્મરણ કરતો અને મૃત્યુની વાટ જોતો પૃ-

* પોતાની મેળે ઝાડો ઉગ્યાં હોય તે.
× ફુલ ઝાડો વાવેલાં હોય તે.

થ્વીમાં ફરવા લાગ્યો. હું સંતોષ પામેલા મનવાળો, કામનાઓ રહિત, અને મદ તથા મત્સર વિનાનો થઇ ગયો. ૨૭ હે બ્રહ્મન્! એ પ્રમાણે હું ભગવાનમાં બુદ્ધિવાળો; અસમર્થ, શુદ્ધ મનવાળો થયો. પછી સમય થયો એટલે જેમ સુદામ પર્વત ઉપર વીજળી ઝબકારા કરે તેની પેઠે કાળ મારાપર ચઢી આવ્યો. ૨૮ પ્રારબ્ધ કર્મોની સમાપ્તી સાથે પંચભૂતનું મારૂં શરીર પડયું એટલે પરમાત્માએ શુદ્ધ સત્વ ગુણી ભગવાનના પાર્ષદનો દેહ મને આપ્યો. ૨૯ કલ્પને અંતે ત્રિલોકીનો સંહાર કરી ક્ષીર સમુદ્રમાં સુતેલા નારાયણને વિષે શયન કરવાને ઇચ્છતા બ્રહ્માના શ્વાસની સાથે હું તેમાં પેઠો. ૩૦ એક હજાર યુગ વીતી ગયા પછી જાગૃત થઇને ત્રિલોકીને સરજવાને ઇચ્છનારા બ્રહ્માની ઇંદ્રિઓમાંથી હું અને મરીચિ વગેરે ઋષિઓ ઉત્પન્ન થયા. ૩૧ પરમાત્માની કૃપાથી હું અખંડ બ્રહ્મચર્યવ્રત ધારણ કરીને ત્રિલોકીમાં સર્વત્ર ફરૂં છું, કયાંય મારી ગતિ અટકતી નથી. ૩૨ અને ઇશ્વરે આપેલી સાતસ્વરથી શોભાયમાન આ વીણા વગાડીને હરિકીર્ત્તન કરતો ફર્યા કરૂં છું. ૩૩ તીર્થરૂપ ચરણવાળા, મનોહર કીર્તિવાળા અને પ્રિય શ્રવણવાળા પ્રભુની લીલા ગાઉંછું ત્યારે જાણે બોલાવ્યા હોય નહિ તેમ તરત મારા હૃદયમાં ભગવાન પ્રગટ થઇ દર્શન દે છે. ૩૪ વિષય વાસનાઓથી વારંવાર આતુર મનવાળા પુરૂષોને શ્રી હરિનાં ચરિત્રોનું વર્ણન કરવું એજ આ સંસારરૂપી સમુદ્ર તરવાને વહાણ રૂપ છે. ૩૫ કામ લોભાદિક વિષયોથી હણાએલા પુરૂષનું મન મુકુંદ ભગવાનની સેવાથી જેવું શાંત થાય છે તેવું મન તથા ઇંદ્રિઓને વશ રાખવાથી કે યોગમાર્ગથી શાંત થતું નથી. ૩૬ હે નિષ્પાપ વ્યાસજી! તમે મને મારા જન્મ-કર્મની છાની વાત અને તમારા મનને શાંતિ આપે એવું સાધન પૂછયું તે સર્વ મેં તમને કહી સંભળાવ્યું. ૩૭ સૂતજી કહે છે-એ પ્રમાણે સત્યવતીના પુત્ર વ્યાસજીને કહીને તથા આજ્ઞા લઇને દૈવની ઇચ્છાથી ફરનારા નારદમુનિ વીણા વગાડતા ચાલ્યા ગયા. ૩૮ અહોહો! દેવર્ષિ નારદને ધન્ય છે કે જે શારંગ ધનુષ્યને ધારણ કરનારા ભગવાનનાં ચરિત્રોનું વીણાવડે ગાન કરતા પ્રસન્ન મનથી આતુર જગતને રમાડે છે. ૩૯

अहो देवर्षिर्धन्योऽयं यत्कीर्ति शार्ङ्ग धन्वनः
गायन् माद्यन्निदं तन्त्र्या रमयत्यातुरं जगत् ॥

ઇતિ શ્રી ભાગવત મહાપુરાણે પ્રથમ સ્કંધે 'નારદ પૂર્વજન્મ કથા વર્ણન' નામે છઠ્ઠો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૭ મો.

(પાંડવોના નિરપરાધી પુત્રોનેમારવાથી અશ્વત્થામાને થયેલી (શિક્ષા)

શૌનકઉવાચ

निर्गते नारदे सूत भगवान् बादरायणः ॥
श्रुतवांस्तदभिप्रेतं ततः किमकरोद्विभुः ॥१॥

શૌનક કહે છે-હે સૂતજી! નારદજી ગયા પછી સમર્થ ભગવાન વેદવ્યાસજીએ, તેમનો અભિપ્રાય સાંભળીને પછી શું કર્યું? ૧

સુતજી કહે છે-બ્રાહ્મણોની આશ્રયભુત સરસ્વતી નદીના પશ્ચિમ કિનારે યજ્ઞ કર્મની વૃદ્ધિ કરનારો 'શમ્યાપ્રાસ' નામનો આશ્રમ છે. ૨ બોરડીઓના ઝુંડથી સુશોભિત તે આશ્રમમાં બેઠેલા વ્યાસજી આચમન કરી મન સ્થિર કરીને પરમેશ્વરનું ધ્યાન કરવા લાગ્યા. ૩ ભક્તિયોગથી નિર્મળ તથા દૃઢ થયેલા મનમાં પ્રથમ ઇશ્વરને દીઠા, પછી તેને આધીન રહેલી માયાને દીઠી. ૪ જે માયાથી મોહ પામેલો જીવ પોતે ત્રણ ગુણથીપર છતાં પોતાનેત્રિગુણાત્મક માને છે અને પોતાને ત્રણ ગુણના અભિમાનપણાથી થયેલા સુખ દુઃખનો ભોક્તા માને છે. ૫ પછી સર્વ અનર્થનો નાશ કરનારો ભગવાનનો સાક્ષાત ભક્તિ યોગ દીઠો. એ ત્રણે જોયા પછી વ્યાસજીએ અજ્ઞાની જનોના કલ્યાણને માટે આ ભાગવત સંહિતા કરી. ૬ આ સંહિતાનું માત્ર

શ્રવણ કર્યાથી પરમપુરૂષોત્તમ શ્રી કૃષ્ણ પરમાત્મા ઉપર શોક મોહ તથા ધરડપણને ટાળનારી ભક્તિ ઉત્પન્ન થાય છે. ૭ આ ભાગવતસંહિતા રચીને તેમણે નિવૃત્તિમાં નિમગ્ન રહેતા પોતાના પુત્ર શુકદેવજીને ભણાવી. ૮

શૌનક પૂછેછે-શુકદેવજી નિવૃત્તિમાં મગ્ન રહેનારા, સર્વ કામનાઓની અપેક્ષાવાળા અને આત્મારામ (આત્મામાંજ આનંદ પામનારા) છતાં આવડી મોટી સંહિતા શા માટે ભણ્યા ? ૯ સૂતજી કહે છે-કામ ક્રોધાદિકથી રહિત આત્મારામ મુનિઓ પણ ફળની ઇચ્છા વગર ઇશ્વરની ભક્તિ કરે છે, કારણકે ઈશ્વરના ગુણો પણ એવા જ આકર્ષક છે. ૧૦ ભગવાનના એવા ગુણોથી આકર્ષાએલી બુદ્ધિવાળા અને જેને વૈષ્ણવ જનો વહાલા છે એવા શુકદેવજી આવી મોટી શ્રી ભાગવત સંહિતા ભણ્યા. ૧૧ હવે જેથી શ્રી કૃષ્ણની કથાનો ઉદય થાય એવું પરીક્ષિત રાજાના જન્મનું, કર્મનું, મૃત્યુનું અને પાંડવોના મોટા પ્રવાસનું વર્ણન કરૂંછું. ૧૨ મહાભારત યુદ્ધમાં કૌરવ પાંડવોના યોદ્ધાઓ મરણ પામ્યા પછી ભીમસેને મારેલી ગદાથી દુર્યોધનના બન્ને સાથળ ભાગી ગયા જાણી અશ્વત્થામાએ દુર્યોધનના હિતને માટે નિદ્રાવશ થયેલા દ્રૌપદીના પાંચ પુત્રોનાં માથાં કાપી લીધાં. અશ્વત્થામાનું આવું નિંદ્યકર્મ આજ પણ લોકો ધિક્કારે છે. ૧૩-૧૪ એ બાળ પુત્રોની મા દ્રૌપદી પોતાના પુત્રોનું મરણ સાંભળીને અતિશય સંતાપ કરી રોવા લાગી અને આંખો આંસુઓથી ભરાઇ ગઇ. તેને આશ્વાસન દઇ અર્જુને કહ્યું કે-૧૫ હે દ્રૌપદી! મારા ગાંડિવ ધનુષ્યથી મૂકેલાં બાણોવડે એ આતતાયી* અધમ બ્રાહ્મણનું માથું કાપી લાવુંછું; એ માથાપર બેશીને તું જ્યારે સ્નાન કરીશ ત્યારે હું તારા શોકનાં આંસુ લુછીશ. ૧૬ એ પ્રમાણે પ્રિય અને વિચિત્ર વચનોથી દ્રૌપદીને શાંત કરીને, ભગવાન જેના મિત્ર તથા સારથિ છે, અને જેની ધ્વજામાં હનુમાનજી છે એવા અર્જુન શરીરે કવચ પેહેરી હાથમાં ઉગ્ર ગાંડિવ ધનુષ્ય લઈ રથમાં બેશીને ગુરૂપુત્ર અશ્વત્થામાની પાછળ દોડ્યા. ૧૭ બાળહત્યારો, ખિન્ન ચિત્તવાળો અને પ્રાણ બચાવવાને ઇચ્છતો એવો અશ્વત્થામા અર્જુનના ત્રાસથી રથમાં બેશીને, જેમ શંકરના× ભયથી સૂર્ય નાઠા હતા તેમ જેટલું નસાય તેટલું નાસવા લાગ્યો. ૧૮ જ્યારે પોતાનું રક્ષણ કરનાર કોઈ દીઠો નહી ત્યારે તે અશ્વત્થામાએ બ્રહ્માસ્ત્રને પોતાનું રક્ષણ કરનાર માન્યું. ૧૯ જો કે તે અસ્ત્રને પાછું વાળવાની વિદ્યા જાણતો નહતો તો પણ પ્રાણસંકટને લીધે આચમન કરી બ્રહ્માસ્ત્ર સાંધ્યું. ૨૦ એ અસ્ત્રથી સર્વ દિશાઓમાં તેજ પ્રગટેલું જોઇને પ્રાણસંકટ આવી પડવાથી અર્જુને શ્રી કૃષ્ણને કહ્યું. ૨૧

અર્જુન કહે છે-હે કૃષ્ણ! હે કૃષ્ણ! હે મહાભાગ્યવાન! હે ભક્તજનોને અભયદાન આપનારા! જન્મ મરણના દુ:ખોથી બળતા પ્રાણીઓના પરિતાપનો નાશ કરનાર એક તમેજ છો. ૨૨ તમે આદિપુરૂષ છો, સાક્ષાત્ ઇશ્વર છો અને માયાથી પર છો. પોતાની ચૈતન્ય શક્તિથી માયાનો પરાભવ કરીને કૈવલ્ય રૂપ આત્મામાં બિરાજોછો. ૨૩ માયાથી મોહ પામેલા ચિત્તવાળા જીવલોકનું તમે પોતાના પ્રભાવથી ધર્માદિ લક્ષણ યુક્ત કલ્યાણ કરો છો. ૨૪ તમારો આ અવતાર પૃથ્વીનો ભાર ઉતારવાને માટે અને અનન્ય ભાવવાળા ભક્તોને નિરંતર ધ્યાન કરવાને માટે થયોછે. ૨૫ હે દેવના દેવ! આ અતિ દારૂણ તેજ

* અગ્નિથી ઘર બાળનાર, ઝેર દેનાર, હથિયારવડે હથિયાર વગરનાને મારનાર, ધન હરનાર, ખેતર હરનાર અને સ્ત્રી હરનાર એ છ આતતાયી કહેવાય છે.

× વામન પુરાણમાં કથા છે કે-શંકરે વિદ્યુન્માલી નામના રાક્ષસને એક વિમાન આપ્યું હતું. તેમાં બેશીને તે સૂર્યની પાછળ ફર્યા કરતો. વિમાનના તેજથી રાત્રિ થવી બંધ થઇ ગઈ, તેથી સૂર્યે તે વિમાનને પૃથ્વીપર પાડી નાંખ્યું. એ વાત જાણી શંકરે ક્રોધાયમાન થઇ સૂર્યને મારવા લીધા. તેથી સૂર્ય શંકરની ક્રૂર દૃષ્ટિથી બળીને કાશીમાં પડ્યા, તે આજે પણ કાશીમાં લોલાર્ક નામના તીર્થથી પ્રસિદ્ધ છે.

ચોતરફ ફેલાતું આવે છે તે શું છે અને ક્યાંથી આવે છે તે હું જાણતો નથી. ૨૬

શ્રીભગવાન કહેછે-આ દ્રોણાચાર્યના પુત્ર અશ્વત્થામાએ મૂકેલું અસ્ત્ર છે; તેણે પ્રાણ સંકટ આવી પડવાથી સાંધેલું છે તેને તે અથવા બીજું કોઇ પણ પાછું વાળી શકે તેમ નથી. માટે બ્રહ્માસ્ત્રના તેજને સામું બ્રહ્માસ્ત્ર મૂકીને હરી લ્યો. તમે તે અસ્ત્ર વિદ્યા જાણોછો. ૨૭-૨૮

સૂતજી કહે છે-એવાં ભગવાનનાં વચન સાંભળીને, શૂરવીર શત્રુઓનો નાશ કરનાર અર્જુને આચમન કરી પ્રભુને પ્રદક્ષિણા કરી બ્રહ્માસ્ત્રની સામે બ્રહ્માસ્ત્ર સાંધ્યું. ૨૯ જેમ પ્રલયકાળે સંકર્ષણના મુખનો અગ્નિ અને સૂર્ય એકઠા થઇને વધે તેમ બન્ને અસ્ત્રોનું તેજ પરસ્પર એકઠું થઇને પૃથ્વી, આકાશ અને અંતરિક્ષને ભરી દઈને વધવા લાગ્યું. ૩૦ એ ભારે અસ્ત્રોના તેજથી ત્રૈલોક્ય બળવા લાગ્યું તે જોઈ બળતી પ્રજા તેને પ્રલય કાળનો અગ્નિ માનવા લાગી. ૩૧ ત્રિલોકીનો અને પ્રજાનો નાશ થતો જોઇને તથા ભગવાનના મનનો વિચાર જાણીને અર્જુને તે બન્ને અસ્ત્રો ખેંચી લીધાં. ૩૨ પછી વેગથી દોડી પકડી પાડીને ગૌતમીના પુત્ર અશ્વત્થામાને લાલ તાંબા જેવા નેત્રવાળા અર્જુને યજ્ઞના પશુની પેઠે દોરડાથી બાંધી લીધો. ૩૩ બળજોરીથી શત્રુને દોરડાંથી બાંધીને પોતાની છાવણી તરફ લઇ જવાને ઇચ્છતા અર્જુનને કમળ સરખાં નેત્રવાળા ભગવાને ક્રોધ કરી કહ્યું કે-૩૪ "હે અર્જુન! આ અધમ બ્રાહ્મણને જીવતો રાખવો યોગ્ય નથી, તેને હણોજ મારી નાંખ. કેમકે એણે રાત્રિને વિષે સૂતેલા, નિરપરાધી બાળકોને મારી નાંખ્યા છે. ૩૫ જે નિશાથી મત્ત થઇ ગયેલો, શુદ્ધિ વગરનો, ગાંડો, સૂતેલો, બાળક, સ્ત્રી, જડ જેવો, શરણે આવેલો, રથ વિનાનો અને ભય પામેલો હોય તે ગમે તો શત્રુ હોય તો પણ તેને ધર્મવેત્તા પુરૂષ મારતો નથી. ૩૬ જે નિર્દય તથા ખળ માણસ બીજાના પ્રાણ લઇને પોતાના પ્રાણનું પોષણ કરે છે તેને મારી નાંખવો એજ સારૂં છે, કેમકે તેમ નહિ કરવાથી તે પાપી પુરૂષ (દુષ્ટ કર્મોથી) અધોગતિને પામે છે. ૩૭ વળી તમે મારા સાંભળતાં દ્રૌપદી પાસે 'પણ' લીધું છે કે 'હે માનિનિ! તારા પુત્રોને મારનારનું માથું લઇ આવીશ.' ૩૮ વળી હે વીર! કુળમાં કલંકરૂપ એ અશ્વત્થામાએ પોતાના રાજાનું પણ ભૂડું કર્યું છે. માટે આતતાયી અને પોતાના બંધુને હણનાર પાપીને માર." ૩૯ એ રીતે શ્રી કૃષ્ણે ધર્મની પરીક્ષા કરવા માટે અર્જુનને કહ્યું તો પણ પોતાના પુત્રોને મારનારો છતાં અર્જુને તેને ગુરૂપુત્ર જાણીને મારવાની ઇચ્છા કરી નહીં. ૪૦ પછી જેના પ્રિય ગોવિંદ સારથિ છે એવા અર્જુને પોતાની છાવણીમાં પોતાના મરેલા પુત્રોનો શોક કરતી દ્રૌપદીની આગળ અશ્વત્થામાને લાવી મૂકયો. ૪૧ આવી રીતે પકડી લાવીને પશુની પેઠે બાંધેલા નીચ કર્મથી નીચું મોઢું કરી રહેલા અપરાધી ગુરૂપુત્રને દયાથી જોઇને સારા સ્વભાવવાળી દ્રૌપદીએ તેને પ્રણામ કર્યો. ૪૨ તેને બાંધીને લાવેલા તે સહન ન થઈ શકવાથી સતી દ્રૌપદી બોલ્યાં કે-*'આને છોડી મૂકો, છોડી મૂકો. કેમકે બ્રાહ્મણ તો નિરંતર આપણા ગુરૂ છે. ૪૩ જેની કૃપાથી તમે ગુપ્ત મંત્રો સહિત ધનુર્વેદ તથા અસ્ત્રો ફેંકવાની અને પાછાં ખેંચી લેવાની વિદ્યા શીખ્યા છો. ૪૪ તેજ ભગવાન દ્રોણાચાર્ય પુત્રરૂપે છે. દ્રોણાચાર્યની સ્ત્રી કૃપી પણ હયાત છે, કેમ કે તે વીર પુત્રવાળાં હોવાથી સતી થયાં નથી. ૪૫ માટે હે ધર્મવેત્તા ભાગ્યવાન! ગુરૂનું કુળ તમારે હાથે દુઃખ પામવાને યોગ્ય નથી, પણ વારંવાર પૂજવાને તથા વંદવાને યોગ્ય છે. ૪૬ મારા પુત્રોના મરણથી હું જેમ દુઃખી થઇ આંસુ ઢાળેલા મુખથી રોઉંછું, તેમ પતિનેજ ઇશ્વર તુલ્ય માનનારી આ અશ્વત્થામાની માતા કૃપી રૂવે નહી એમ કરો. ૪૭ જે મૂર્ખ રાજાઓ, બ્રાહ્મણના કુળને કોપાવે

* દ્રૌપદીના બોલવામાં છ ગુણ રહેલા છે તે અનુક્રમે ધર્મ, ન્યાય, દયા, નિષ્કપટતા, સમભાવ અને તીક્ષ્ણ ઉક્તિ એ ૪૩ થી ૪૮ મા શ્લોક સુધીના પ્રત્યેક શ્લોકમાં એકેકો ગુણ દર્શાવ્યો છે.

છે તે કુળ એવા રાજાઓના કુળને પરિવાર સહિત શોકાતુર કરીને બાળી નાંખે છે. ૪૮

સૂતજી કહે છે-હે બ્રાહ્મણો! એ રીતે દ્રૌપદીનાં ધર્મવાળાં, ન્યાયવાળાં, દયાવાળાં, સત્યતાવાળાં, સમભાવવાળાં અને મોટા મનનાં વચન સાંભળીને ધર્મ રાજાએ (યુધિષ્ઠિરે) તેનાં વખાણુ કર્યાં. ૪૯ વળી નકુળ, સહદેવ, સાત્યકી, અર્જુન દેવકીનંદન શ્રી કૃષ્ણુ અને બીજાઓએ તથા સ્ત્રીઓએ પણુ વખાણુ કર્યાં. ૫૦ પણુ ત્યાં બેઠેલા ભીમસેન ક્રોધ કરીને બોલ્યા કે-'એ અશ્વત્થામાને મારી નાંખવો એજ કલ્યાણુકારી છે. કારણુ કે એણે પોતાના સ્વાર્થ માટે પણુ નહિ, તેમ પોતાના ધણી માટે પણ નહિ, પરંતુ કેવળ વૃથાજ સૂતેલા બાળકોને મારી નાંખ્યા છે.' ૫૧ ચતુર્ભુજ ભગવાન ભીમનાં અને દ્રૌપદીનાં વચન સાંભળી અર્જુન સામું જોઈને બોલ્યા. ૫૨

ભગવાન કહે છે-બ્રાહ્મણુને મારવો યોગ્ય નથી પણુ આતતાયીને મારવો જોઇએ. એ બે પ્રકારની આજ્ઞાઓ મારીજ કરેલી છે, માટે મારી આજ્ઞા પાળો. ૫૩ તમે દ્રૌપદીને શાંત પાડતી વખતે જે વચન કહ્યું છે તે સત્ય કરો, અને ભીમસેન, દ્રૌપદી તથા મને ગમતું કરો. ૫૪ સૂતજી કહે છે-અર્જુને ભગવાનનો અભિપ્રાય સમજીને અશ્વત્થામાના માથાનો મણિ ચોટલી સહિત તરવારવડે કાપી લીધો. ૫૫ પછી નિસ્તેજ થયેલા, મણિ વગરના અને બાળહત્યાથી ઝાંખા પડી ગયેલા તે અશ્વત્થામાને દોરડાંના બંધનથી છૂટો કરીને છાવણીમાંથી કાઢી મૂકયો. ૫૬ અધમ બ્રાહ્મણોને માથું મુંડાવી નાંખવું, દ્રવ્ય લઇ લેવું અને જગ્યામાંથી કાઢી મૂકવો એજ વધની શિક્ષા છે. બીજી દેહાંત શિક્ષા નથી. ૫૭ પછી પુત્રોના શોકથી દુઃખી થતા સર્વે પાંડવોએ દ્રૌપદી સાથે, પોતાના મરેલા પુત્રોની દાહ ક્રિયા વગેરે કર્મ કર્યું. ૫૮

पुत्रशोकातुराः सर्वे पाण्डवाः सह कृष्णया ॥
स्वानां मृतानां यत्कृत्यं चक्रुर्निर्हरणादिकम्

ઇતિ શ્રી ભાગવત મહાપુરાણે પ્રથમ સ્કંધે અશ્વત્થામા નિગ્રહ નામે સાતમો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૮ મો.

(અશ્વત્થામાના અસ્ત્રથી પરીક્ષિતની રક્ષા, કુન્તાની સ્તુતિ અને યુધીષ્ઠિરનો શોક)

सूतउवाच

अथ ते संपरेतानां स्वानामुदक मिच्छताम् ॥
दातुं सकृष्णगंगायां पुरस्कृत्य ययुः स्त्रियः ॥

સૂતજી કહે છે-હે શૌનક! ત્યાર પછી તિલાંજલિને ઇચ્છતા પોતાના મરણુ પામેલા પુત્રોને તિલાંજલિ આપવા માટે સ્ત્રીઓને આગળ કરીને શ્રી કૃષ્ણુ સહિત સર્વે ગંગાકાંઠે ગયા. ૧ ત્યાં સર્વેએ દાધાંજલિ આપી વારંવાર વિલાપ કરી શ્રી કૃષ્ણુના ચરણુની રજથી પવિત્ર થયેલા ગંગાના પાણીમાં સ્નાન કર્યું. ૨ પછી મુનિઓ સહિત શ્રી કૃષ્ણુ ભગવાને પોતાના ભાઇઓ સહિત બેઠેલા યુધિષ્ઠિરને તથા ધૃતરાષ્ટ્રને, પુત્રોના શોકથી પીડાતાં ગાંધારીને, કુન્તાજી તથા દ્રૌપદીને, પ્રાણીઓને વિષે કાળની ગતિ અટકાવી શકાય નહી તેવી છે એમ સમજાવીને શાંત કર્યાં. ૩-૪ પછી દ્રૌપદીના કેશ પકડવાથી પૂરા થયેલા આયુષ્યવાળા રાજાઓને મારીને તથા કપટી દુર્યોધને લઈ લીધેલું રાજ્ય યુધિષ્ઠિરને પાછું સોંપીને તેની પાસે ઉત્તમ સામગ્રીઓથી ત્રણ અશ્વમેધયજ્ઞ કરાવ્યા અને તેની ઈંદ્રના જેવી પવિત્ર કીર્તિ જગત્‌માં ફેલાવી. ૫-૬ પછી પાંડવોની રજા લઈ સાત્યકી અને ઉદ્ધવ સહિત સત્કાર પામેલા વ્યાસ વગેરે બ્રાહ્મણોએ પૂજેલા શ્રી કૃષ્ણુ ભગવાન દ્વારકા જવાની ઇચ્છાથી રથમાં બેઠા. એટલામાં ભયથી વ્યાકુળ થયેલી ઉત્તરાને દોડી આવતી દીઠી. ૭-૮ ઉત્તરા બોલી કે-હે મહાયોગી! હે દેવના દેવ! હે જગત્પતિ! મારૂં રક્ષણુ કરો. જે લોકમાં પરસ્પર મૃત્યુ થાય છે તેમાં અભયદાન આપનાર તમારા વિના બીજા કોઇને દેખતી નથી. ૯ હે સમર્થ પ્રભુ! તપેલા લોઢાના ફળવાળું આ બાણુ 'મારી 'સામે આવે છે, તે

ભલે મારો નાશ કરે પણ મારો ગર્ભ ન પાડે (તેમ કરો) ૧૦ સૂતજી કહે છે-ભક્તવત્સળ ભગવાન ઉત્તરાનું વચન સાંભળીને જાણી ગયા કે આ તો પાંડવવિનાની પૃથ્વી કરવાને અશ્વત્થામાએ મારેલું અસ્ત્ર છે. ૧૧ હે મુનીશ્વર! તેજ સમયે પાંચે પાંડવોએ પોતાના તરફ આવતાં પાંચ બળતાં બાણોને જોઈને તેઓએ પોતાનાં હથિયાર હાથમાં લીધાં. ૧૨ વળી પોતાના અનન્ય ભક્તોનું સંકટ જોઇને સમર્થ ભગવાને પોતાના સુદર્શન ચક્રથી તેમની રક્ષા કરી. ૧૩ અને સર્વેના આત્મારૂપ તથા યોગેશ્વર એવા શ્રી હરિએ અંતરમાં રહીને કુરૂવંશની વૃદ્ધિને માટે પોતાના માયાથી ઉત્તરાના ગર્ભને વીંટી લીધો. ૧૪ હે શૌનક! તે બ્રહ્માસ્ત્ર જો કે અતિ ઉગ્ર તથા પાછું વાળી ન શકાય તેવું હતું તોપણ વિષ્ણુના તેજથી તે શાંત પડી ગયું. ૧૫ આશ્ચર્યરૂપ ભગવાનમાં આ સર્વ આશ્ચર્યકારક ન માનવું, કારણ કે જન્મ રહીત ઈશ્વર સર્વને સરજે છે, પાળે છે અને સંહારે છે. ૧૬ ત્યારપછી દ્વારકા જવાને તૈયાર થયેલા શ્રીકૃષ્ણને બ્રહ્માસ્ત્રથી મુક્ત થયેલા પોતાના પુત્રો તથા દ્રોપદી સહિત કુન્તાજીએ આ પ્રમાણે કહ્યું. ૧૭ કુન્તાજી કહે છે-આદિ પુરૂષ, માયાથીપર, સર્વે પ્રાણીઓના અંતરમાં તથા બહાર રહ્યા છતાં નહીં દેખાતા, માયારૂપી પડદાથી ઢંકાએલા, ઈંદ્રિયોના જ્ઞાનથી જાણવામાં આવતા નથી એવા આપ અવિનાશી ઈશ્વરને હું જ્ઞાન વિનાની નમસ્કાર કરૂં છું. જેમ વેશ ધરનારા નટને અજ્ઞાની પુરૂષો ઓળખી શકતા નથી, તેમ આપને દેહાભિમાની પુરૂષો જાણી શકતા નથી. ૧૮-૧૯ વળી આત્મા અનાત્માને જાણનારા, મનન કરનારા અને નિર્મળ મનવાળા પરમહંસો પણ આપને ઓળખી શકતા નથી, ત્યારે ભક્તિયોગ સાધવાને અમો સ્ત્રી જાતિ આપને શી રીતે ઓળખી શકીએ? ૨૦ શ્રી કૃષ્ણ, વાસુદેવ, દેવકીનંદન, નંદગોવાળના કુંવર અને ગોવિંદ એવા આપને હું નમસ્કાર કરૂં છું. ૨૧ નાભિમાં કમળવાળા, કમળની માળાવાળા, કમળ સરખાં નેત્રવાળા અને ચરણમાં કમળના ચિન્હવાળા એવા આપને હું નમસ્કાર કરૂં છું. ૨૨ હે ઇંદ્રિયોના ઈશ્વર! જેમ ખળ કંસે કેદ કરેલાં અતિ શોકમાં પડેલાં દેવકીજીને આપે છોડાવ્યાં હતાં, તેમ હે પ્રભુ! મને તો પુત્રોસહિત દુઃખોના સમૂહથી રક્ષણ કરનારા આપે વારંવાર છોડાવી છે. ૨૩ હે હરિ! ઝેરથી[1], અગ્નિથી,[2] રાક્ષસોના ભયથી,[3] જુગારીઓની[4] સભાથી, વનવાસનાં દુઃખોથી, પ્રત્યેક રણસંગ્રામમાં અનેક મહારથીઓનાં અસ્ત્રથી અને અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રથી આપે અમારી રક્ષા કરી છે. ૨૪ હે જગતના ગુરૂ! અમને વારંવાર ભલે વિપત્તિઓ આવી પડે કે જેથી આ સંસારના જન્મ મરણનાં દર્શન ન કરવાં પડે એવાં આપનાં દર્શન થાય છે. ૨૫ ઉત્તમ કુળમાં જન્મ, સંપત્તિ, વિદ્યા અને લક્ષ્મી એટલાંથી જેનો મદ વધેલો છે એવા પુરૂષ, કામના વિનાના પુરૂષોના જાણવામાં આવે એવું આપનું નામ લેવાને યોગ્ય નથી. ૨૬ કામના વિનાના ભક્ત જનોના ધનરૂપ, ગુણની વૃત્તિઓ એટલે ધર્મ, અર્થ અને કામરૂપ, વિષયોથી રહિત, આત્મારામ, શાંત અને મોક્ષના પતિ એવા આપને નમસ્કાર કરૂં છું. ૨૭ આપને હું કાળરૂપ, સર્વના નિયંતા, આદિ અંત રહિત, સમર્થ અને સર્વવ્યાપક માનું છું. આપ સર્વત્ર વિચરનારા છો અને પ્રાણીઓમાં પરસ્પર કલેશ થાય છે તેના નિમિત્ત રૂપ છો. ૨૮ હે ભગવાન! આપને કોઇ શત્રુ નથી તેમ કોઈ મિત્ર પણ નથી, તોપણ આપને વિષે મનુષ્યોની વિષમ બુદ્ધિ (એટલે ઇશ્વર દયા કરનારા અને દંડ દેનારા છે એવું સમજવું તે) થાય છે એવા અને મનુષ્યના જેવાં આચરણ કરનારા આપનાં કર્તવ્યને કોઇ જાણી શકતું નથી. ૨૯ હે વિશ્વાત્મા! તમે અજન્મા

૧ ભીમને દુર્યોધને ઝેરના લાડુ ખવરાવી ગંગામાં નાંખી દીધો હતો ત્યારે તેની રક્ષા કરી હતી. ૨ લાખના ઘરમાં બળતાં રક્ષા કરી હતી. ૩ હિડિંબ વગેરે રાક્ષસોના ભયથી. ૪ જુગટું રમતાં હારેથી સભામાં દ્રોપદીનાં ચીર પુરીને રક્ષા કરી હતી.

છતાં પશુમાં વરાહ વગેરે રૂપે, મનુષ્યમાં રામ વગેરે રૂપે, ઋષિઓમાં નર નારાયણાદિ રૂપે અને જળચરોમાં મત્સ્ય કુર્માદિરૂપે તમારો જન્મ જોવામાં આવે છે અને અકર્ત્તા છતાં જગતની ઉત્પત્તિ, પાલન અને સંહાર વગેરે કર્મો જોવામાં આવે છે એ અત્યંત આશ્ચર્યકારક છે. ૩૦ તમે માખણની ગોળી ફોડી નાંખીને અપરાધ કર્યો હતો ત્યારે યશોદા માતાએ તમને બાંધવા માટે હાથમાં દામણું લીધું તે વખતે આંસુથી ધોવાએલાં આંજણવાળું અને બીકથી વ્યાકુળ થયેલી આંખોવાળું મોઢું નીચું કરીને ભય પામેલા ઉભા રહ્યા હતા એવી તે સમયની તમારી સ્થિતિ મને મોહ પમાડે છે. કારણ કે તમારાથી બીક પણ ડરે છે. ૩૧ કેટલાક કહેછે કે-પવિત્ર કીર્તિવાળા તમે પ્રિય યુધિષ્ઠિરની અથવા યદુ રાજાની કીર્તિ માટે જેમ મલયાચળમાં ચંદન ઉત્પન્ન થાય છે તેમ અજન્મા છતાં યદુવંશમાં ઉત્પન્ન થયા છો. ૩૨ કેટલાક એમ કહેછે કે-વસુદેવ અને દેવકીની માગણીથી જગતના કલ્યાણને માટે અને દેવતાઓના શત્રુઓના નાશને માટે તમે અજન્મા છતાં જન્મ લીધો છે. ૩૩ કેટલાક કહે છે કે-સમુદ્રમાં વહાણની પેઠે અત્યંત ભારથી પીડાતી પૃથ્વીનો ભાર ઉતારવા માટે બ્રહ્માની પ્રાર્થનાથી તમે અવતાર ધર્યો છે. ૩૪ અને કેટલાક કહે છે કે-આ સંસારમાં અજ્ઞાનરૂપ અવિદ્યા એટલે દેહાભિમાનથી થયેલી જે કામના અને કામનાથી થયેલાં જે કર્મો તેનાથી ક્લેશ પામતા પુરૂષોનાં અવિદ્યાદિક નિવૃત્ત થવા માટે સાંભળવા યોગ્ય અને સંભારવા યોગ્ય કર્મો કરવાને તમે પ્રગટ થયા છો. ૩૫ હે પ્રભુ! જે મનુષ્યો તમારી લીલાને વારંવાર સાંભળે છે, ગાયછે, યાદ કરે છે, કિર્તન કરે છે તથા બીજા કોઈ ગાય કે કિતન કરે તેને વખાણે છે તે મનુષ્યો થોડીજ વારમાં સંસારના જન્મ મરણના ફેરાને ટાળનારાં તમારાં ચરણ કમળને જુએ છે. ૩૬ હે પોતાની ઈચ્છા પૂર્ણ કરનારા પ્રભુ! અમને તમારાં ચરણ કમળ વિના બીજો કોઈ આશ્રય નથી, આપની કૃપાથીજ અમે રાજાઓનો અપરાધ કરનારાં તમારાં વહાલાં સગાં અને તમારી પાછળ જીવનારાં છીએ તેમ છતાં તમે આજ અમારો ત્યાગ કરોછો. ૩૭ જેમ ઇંદ્રિઓનો ઈશ્વરજીવ ચાલ્યો જાય ત્યારે ઈંદ્રિયોનાં નામ કે રૂપ કાંઇ રહેતું નથી, તેમ જ્યારે તમારૂં દર્શન થાય નહી ત્યારે યાદવો સહિત પાંડવો કોણ માત્ર છે? ૩૮ હે ગદાધર! વજ્ર, અંકુશ, શંખ, ચક્ર, ગદા, પદ્મ વિગેરે ચિન્હોવાળાં ચરણોથી અંકિત થયેલી પૃથ્વી જેવી હાલ શોભે છે તેવી આપના પધાર્યા પછી શોભશે નહિં. ૩૯ આ સમૃદ્ધિવાન દેશો, સારી પાકેલી ઔષધિઓ, લતાઓ, વનો, પર્વતો, નદીઓ અને સમુદ્રો આપની દૃષ્ટિથી વૃદ્ધિ પામે છે. ૪૦ હે વિશ્વેશ્વર! હે વિશ્વાત્મા! હે વિશ્વમૂર્તિ! મેં પોતાના માનેલા છે એવા પાંડવો અને યાંદવોમાં મારી સ્નેહરૂપી મજબુત બેડી છે તે તમે કાપી નાંખો. ૪૧ હે મધુપતિ! જેમ ગંગા પૂરને નહિ ગણતાં સમુદ્રને જઇ મળે છે, તેમ બીજા કશામાં નહિ જનારી મારી બુદ્ધિ બીજા વિષય સુખ તરફ નહિ જતાં નિરંતર તમારામાં પ્રીતિ કરો. ૪૨ હે કૃષ્ણ! હે અર્જુનના મિત્ર! હે વૃષ્ણિ કુળમાં શ્રેષ્ઠ! હે પૃથ્વી દ્રોહી રાજાના કુળને બાળનારા અગ્નિ! હે અક્ષીણ પ્રભાવવાળા! હે ગોવિંદ! હે ગૌબ્રાહ્મણ અને દેવતાઓની પીડા હરવાને અવતાર ધરનારા! હે યોગેશ્વર! હે આખા જગતના ગુરૂ! હે ભગવાન! આપને હું નમસ્કાર કરૂંછું. ૪૩

સૂતજી કહે છે- એ રીતે કુન્તાજીએ મધુર વચનોથી વૈકુંઠપતિ શ્રી કૃષ્ણનો મહિમા ગાયો, એટલે પછી ભગવાન માયાથી મોહ ઉપજાવતા મંદમંદ હસવા લાગ્યા. ૪૪ અને કુન્તાજીને 'તમે ખરૂં કહોછો' એમ કહી તેમનું કહેલું સ્વીકારી પાછા ફરી હસ્તિનાપુરમાં આવ્યા અને પછી કુન્તા તથા સુભદ્રાદિક સ્ત્રીઓની રજા લઈ પોતાના નગર (દ્વારકા) તરફ ચાલવા લાગ્યા એટલે થોડો સમય અહીં રહો એમ કહીને યુધિષ્ઠિરે રો-

કર્યા. ૪૫ ઇશ્વરની ચેષ્ટાને નહિ જાણનારા વ્યાસાદિકે અને અદ્ભૂત કર્મ કરનારા શ્રીકૃષ્ણ ભગવાને ઇતિહાસો કહીને યુધિષ્ઠિરને ઉપદેશ કર્યો, તો પણ શોકાતુર થયેલા યુધિષ્ઠિર રાજા સમજ્યા નહિ. ૪૬ હે બ્રાહ્મણો! અવિવેકી ચિત્તથી સ્નેહ તથા મોહને વશ થયેલા યુધિષ્ઠિર સગાં વહાલાંના થયેલા વિનાશનો વિચાર કરતા બોલ્યા કે-૪૭ " અરેરે !! મારા દુરાત્માના હૃદયમાં કેવું દૃઢ અજ્ઞાન છે તે તો જુઓ ! મેં આ પારકા (શિયાળ, કુતરાં, કીડા વગેરેને ખાવા યોગ્ય) દેહને માટે ઘણી અક્ષૌહિણી* સેનાઓનો નાશ કર્યો છે. ૪૮ મેં બાળકો, બ્રાહ્મણો, સગાં વહાલાંઓ, મિત્રો, કાકાઓ, ભાઇઓ અને ગુરૂઓનો ઘણો દ્રોહ કર્યો છે માટે મારો કરોડો વર્ષે પણ નરકમાંથી છુટકારો થશે નહિ. ૪૯ 'પ્રજાનું પાલન કરનાર રાજા ધર્મ યુદ્ધમાં શત્રુઓનો નાશ કરે તે પાપ નથી' એવાં જે શિક્ષા વચન છે તે મને બોધ કરી શકતાં નથી. અર્થાત દુર્યોધન પ્રજાનું રક્ષણ કરનારો હતો તેમ છતાં રાજ્ય લોભથી મેં તેને હણ્યો એ પાપજ છે. ૫૦ વળી જે બંધુવર્ગનો મેં નાશ કરીને તેઓની સ્ત્રીઓનો મેં જે દ્રોહ કર્યો છે તે હું ગૃહસ્થાશ્રમનાં કર્મથી મટાડી શકનાર નથી. ૫૧ જેમ કાદવથી કાદવવાળું પાણી સ્વચ્છ કરી શકાતું નથી તથા જેમ મદિરા પીવાથી ઉત્પન્ન થયેલ દોષ ઘણો મદિરા પીવાથી મટાડી શકાતો નથી, તેમ પ્રમાદથી થયેલી પ્રાણીની એક પણ હિંસા, હિંસામય યજ્ઞોથી મટાડી શકાતી નથી. ૫૨

यथापंकेन पंकांभः सुरया वा सुराकृतम् ॥
भूतःहत्यां तथैवैकां न यज्ञैर्मार्ष्टुमर्हति ।५२।

ઇતિ શ્રીમદ્ ભાગવત મહાપુરાણે પ્રથમ સ્કંધે કુન્તાની સ્તુતિ તથા યુધિષ્ઠિરનો પશ્ચાત્તાપ વર્ણન નામે આઠમો અધ્યાય સંપૂર્ણ.

* ૨૧૮૭૦ રથ. ૨૧૮૭૦ હાથી. ૬૫૬૧૦ અશ્વ. ૧૦૯૩૫૦ પાયદળ આટલી સેનાને અક્ષૌહિણી કહે છે.

અધ્યાય ૯ મો.

ભીષ્મે યુધિષ્ઠિર આગળ કરેલું ધર્મોનું નિરૂપણ તથા ભીષ્મે કરેલી શ્રી કૃષ્ણ સ્તુતિ અને ભીષ્મપિતામહનો મોક્ષ.

सूतउवाच

इति भीतः प्रजाद्रोहात्सर्वं धर्म विवित्सया ॥
ततो विनशनं प्रागाद्यत्र देवव्रतोऽपतत् ।१।

સૂતજી કહે છે-એ પ્રમાણે પ્રજાના દ્રોહથી ભય પામેલા યુધિષ્ઠિર રાજા સર્વ ધર્મ જાણવાની ઇચ્છાથી કુરૂક્ષેત્રમાં જ્યાં ભીષ્મપિતામહ પડ્યા હતા ત્યાં ગયા. ૧ હે બ્રાહ્મણો! યુધિષ્ઠિરની સાથે તેના સર્વ ભાઇઓ તથા વ્યાસ અને ધૌમ્ય વિગેરે મુનિઓ સોનાથી શણગારેલા ઉત્તમ ઘોડા જોડેલા રથોમાં બેશીને ગયા. ૨ અને અર્જુન સહિત શ્રી કૃષ્ણ ભગવાન પણ રથમાં બેશીને ત્યાં ગયા-તે સમયે જેમ ગુહ્યકોથી વિંટાએલા કુબેર શોભે તેમ રાજાઓથી વીંટાએલા ભીષ્મપિતામહ શોભતા હતા. ૩ જાણે સ્વર્ગમાંથી પડેલા દેવતા હોય એવા ભીષ્મપિતામહને જોઇને તેમને શ્રી કૃષ્ણે, પાંડવોએ અને તેઓની પાછળ ગયેલા સર્વે જણાએ પ્રણામ કર્યા. ૪ હે મુનીશ્વર! ભરત કુળમાં શ્રેષ્ઠ એવા ભીષ્મનાં દર્શન માટે બ્રહ્મર્ષિઓ, દેવર્ષિઓ અને રાજર્ષિઓ પણ તરત ત્યાં આવ્યા. ૫ વળી પર્વત, નારદ, ધૌમ્ય, વેદવ્યાસ, બૃહદશ્વ, ભરદ્વાજ, શિષ્યો સહિત પરશુરામ, ૬ વસિષ્ઠ, ઇંદ્રપ્રમદ, ત્રિત, ગૃત્સમદ, અસિત, કક્ષિવાન, ગૌતમ, અત્રિ, કૌશિક, સુદર્શન, ૭ શુકદેવજી, કશ્યપ, અંગિરા એ વગેરે નિર્મળ મનવાળા મુનિઓ શિષ્યો સહિત ત્યાં આવ્યા. ૮ એ સર્વ મહા ભાગ્યવાનોના, તથા હૃદયમાં રહેલા છતાં માયાથી દેહ ધરી સન્મુખ બિરાજતા શ્રી કૃષ્ણ ભગવાનને જોઇને ધર્મજ્ઞ તથા દેશ કાળને જાણનારા ભીષ્મજીએ તેમની મન અને વાણીથી પૂજા કરી. ૯-૧૦ વિવેકવાળા તથા સ્નેહવાળા પાસે બેઠેલા પાંડવોને પ્રેમનાં આંસુથી ભરેલાં નેત્રથી જો-

ર્ઇને કહ્યું કે-૧૧ હે પાંડવો ! તમે ધર્મના પુત્ર છતાં તથા બ્રાહ્મણ, ધર્મ અને ભગવાનના આશ્રયવાળા છતાં દુઃખમાં દિવસ કાઢવાને યોગ્ય નથી. છતાં દુઃખમાં દિવસ કાઢોછો એ મહા ખેદ અને અન્યાય છે. ૧૨ વળી પાંડુ રાજાના મરણ પછી નાનાં છોકરાંવાળાં કુન્તાવહુ તમારે માટે તમો સહિત બહુ દુઃખ પામ્યાં છે. ૧૩ અને જેમ વાયુને વશ વાદળાં રહેલાં છે તેમ તમારે વશ લોકપાળો સહિત લોકો રહેલા છે. તો પણ તમોને દુઃખ પડયું એ સર્વ કાળની ગતિ છે. ૧૪ જો એમ ન હોય તો જ્યાં ધર્મના પુત્ર રાજા યુધિષ્ઠિર હોય, જ્યાં હાથમાં ગદા ધારણ કરનારા ભીમસેન હોય, જ્યાં ધનુર્ધારી અર્જુન હોય, જ્યાં ગાંડિવ ધનુષ હોય અને જ્યાં શ્રી કૃષ્ણ સરખા મિત્ર હોય ત્યાં દુઃખ કેમ હોય ? ૧૫ હે રાજા ! આ શ્રી કૃષ્ણનાં કર્તવ્યને કોઈ જાણતો નથી. કેમકે તેમનાં કર્તવ્ય જાણવાને ઈચ્છનારા કવિઓ પણ મોહ પામે છે. ૧૬ માટે હે ભરત કુળમાં શ્રેષ્ઠ રાજા ! એ સર્વ દૈવાધીન છે એમ જાણીને ઇશ્વરને અનુસરીને હે નાથ ! હે પ્રભુ ! તમે અનાથ પ્રજાની રક્ષા કરો. ૧૭ આ શ્રી કૃષ્ણ સાક્ષાત્ આદિ પુરૂષ નારાયણ છે તે પોતાની માયાથી લોકોને મોહિત કરતા યાદવોમાં છાની રીતે વિચરે છે. ૧૮ હે રાજા ! આ શ્રી કૃષ્ણ ભગવાનના અતિ ગુહ્ય પ્રભાવને શિવ, દેવર્ષિ નારદ અને સાક્ષાત્ ભગવાન્ કપિલદેવ જાણેછે. ૧૯ તમે જેને મામાના પુત્ર, પ્રિય મિત્ર અને ઉત્તમ સગા માનોછો તથા જેને સ્નેહથી મંત્રી, દૂત અને સારથિ કર્યા છે. ૨૦ તે સર્વાત્મા, સમદ્રષ્ટિવાળા, અદ્વિતિય, અહંકાર વિનાના અને રાગદ્વેષ વગરના ભગવાનને ઉંચાં નીચાં કામથી થતું વિષમપણું (એટલે આ સારૂં અને આ ખોટું એવી બુદ્ધિ) નથી. ૨૧ તો પણ હે રાજા ! તેમની એકાંતિક ભક્તોપર કેવી કૃપા છે તે તો જુઓ. એ સાક્ષાત્ શ્રી કૃષ્ણ પરમાત્માએ મારા પ્રાણત્યાગ સમયે પધારી મને દર્શન દીધાં. ૨૨ પોતાનો દેહ છોડતી વખતે યોગી જો ભગવાનમાં મન લગાડીને નામ કીર્તન કરે તો તે કામનાઓથી તથા કર્મોથી મુક્ત થાય છે. ૨૩ હાસ્યવડે પ્રસન્નતાથી અને રાતાં નેત્રોથી શોભતા મુખ કમળવાળા કે જે ધ્યાન કરવા યોગ્ય છે તે દેવના દેવ ચાર ભુજાઓવાળા શ્રી કૃષ્ણ ભગવાન હું દેહ છોડું ત્યાં સુધી અહીં બિરાજે. ૨૪.

સૂતજી કહે છે-યુધિષ્ઠિર રાજાએ એ પ્રમાણે સાંભળીને સર્વે મુનિઓના સાંભળતાં બાણ શય્યાપર સૂતેલા ભીષ્મને અનેક પ્રકારના ધર્મ પૂછયા. ૨૫ તેથી હે મુનિ ! વર્ણોના ધર્મ, આશ્રમોના ધર્મ, વૈરાગ્ય અને રાગ રૂપ ઉપાધિથી ઉત્પન્ન થનારાં નિવૃત્તિ અને પ્રવૃત્તિરૂપ લક્ષણવાળા માણસોના ધર્મ, દાન ધર્મ, રાજધર્મ, મોક્ષધર્મ, સ્ત્રીઓના ધર્મ, ભગવત્ધર્મ, ઉપાય સહિત ધર્મ અર્થ કામ અને મોક્ષ એ જે પ્રમાણે અનેક પ્રકારનાં આખ્યાનોમાં અને ઇતિહાસોમાં વર્ણવ્યાં છે તે પ્રમાણે તત્ત્વવેત્તા ભીષ્મપિતામહે કહ્યા. ૨૬-૨૭-૨૮ એ રીતે તે ધર્મ કહેતા હતા એટલામાં પોતાની ઈચ્છાથી દેહ તજનારા યોગીઓને વહાલો છે એવો ઉત્તરાયણ કાળ આવ્યો. ૨૯ એટલે હજારો રથિઓનું રક્ષણ કરનાર ભીષ્મ બોલતા બંધ પડી શુદ્ધ મનથી પીતાંબરથી શોભતા, આદિપુરૂષ, ચાર ભુજાઓવાળા અને પોતાની પાસેજ ઉભેલા શ્રી કૃષ્ણનું ખુલ્લી આંખો રાખી ધ્યાન કર્યું. ૩૦ એવી શુદ્ધ ધારણાથી જેનાં સર્વ પાપ ટળી ગયાં છે, ભગવાનનાં દર્શનથી જેની હથિયારો લાગ્યાથી થતી વેદના દૂર થઇ ગઈ છે, અને જેની વૃત્તિઓની ભ્રમણાઓ નાશ પામી છે, એવા ભીષ્મ દેહ છોડતી વેળા જનાર્દન ભગવાનની સ્તુતિ કરેછે. ૩૧

ભીષ્મ કહેછે-જે પોતાના પરમાનંદ સ્વરૂપને પામેલા છે તો પણ કોઇવાર લીલા માટે જે યોગમાયાથી સંસારની ઉત્પત્તિ થાયછે તે યોગમાયાનો આશ્રય કરે છે તે યાદવ કુળમાં શ્રેષ્ઠ પ્રભુમાં અનેક પ્રકારના ધર્માદિક ઉપાયોથી મેં મારી નિષ્કામ બુદ્ધિ જોડી દીધી છે. ૩૨ ત્રિલોકીમાં સુંદર, તમાલ જેવા નીલ વર્ણવાળા, સૂર્યનાં કિરણો જેવાં પીળાં

વસ્ત્રોવાળા, કેશના ગુચ્છાથી ઢંકાયેલા મુખવાળા, સુંદર શરીર ધારણ કરનારા એવા અર્જુનના મિત્ર શ્રી કૃષ્ણ ભગવાનમાં મારી નિષ્કામ પ્રીતિ રહો. ૩૩ યુદ્ધમાં ઘોડાઓના પગના ડાબલાથી ઉડેલી રજથી ભુંખરા થયેલા અને આમ તેમ ઉડતા કેશોથી પરસેવાનાં બિંદુ વિખરાવાથી શોભતા મુખવાળા અને યુદ્ધમાં મારાં તીક્ષ્ણ બાણોથી જેના શરીરની ચામડી ચીરાઇ જતી હતી અને બખ્તર તટી જતું હતું એવા શ્રી કૃષ્ણમાં મારૂં મન રહો. ૩૪ પોતાના મિત્ર અર્જુનનાં વચન સાંભળીને તુરત પાંડવોની અને શત્રુની સેનાની વચ્ચે રથ ઉભો રાખી રહેલા અને પાળદૃષ્ટિથી શત્રુની સેનાના યોદ્ધાઓનાં આયુષ્ય હરી લેનારા એવા અર્જુનના મિત્ર શ્રી કૃષ્ણમાં મારી પ્રીતિ રહો. ૩૫ સામે ઉભી રહેલી સેનાને મોખરે રહેલા ભીષ્મ વગેરેને જોઇને દોષ બુદ્ધિથી સંબંધીઓનો નાશ કરવાથી પાછા પડેલા મનવાળા અર્જુનની કુબુદ્ધિને આત્મવિદ્યાથી જેણે કાપી નાંખી તે પરમાત્માનાં ચરણોમાં મારી પ્રીતિ થાઓ. ૩૬ 'હું શસ્ત્ર નહીં ઝાલું' એવી પોતાની પ્રતિજ્ઞાનો ભંગ કરીને 'શ્રી કૃષ્ણના હાથમાં શસ્ત્ર ઝલાવીશ' એવી મારી પ્રતિજ્ઞાને સાચી પાડવા માટે રથમાંથી નીચે ઉતરીને હાથમાં રથનું પૈડું લઈ પૃથ્વીને ધ્રૂજાવતાં, પીતાંબર પૃથ્વીપર નાંખી દઈ, સિંહ જેમ હાથીને મારવાને દોડે તેમ મારા તરફ દોડયા. ૩૭ તે વખતે મેં તીક્ષ્ણ બાણો મારવાથી જેનું બખ્તર તટી ગયેલું અને લોહીથી ખરડાયલા તથા અર્જુને રોકયા છતાં બળાત્કારથી મને આતતાયીને મારવા આવ્યા હતા, તે મુકુંદ ભગવાનમાં મારી ગતિ હોજો. ૩૮ અર્જુનના રથનું રક્ષણ કરનારા અને હાથમાં ચાબુક તથા ઘોડાની રાશો ઝાલી સારથિ થઈ શોભતા એવા ભગવાનમાં મૃત્યુને ઇચ્છનારો જે હું તેની પ્રીતિ થાઓ, કે જેનાં દર્શનથી આ યુદ્ધમાં મરેલા સર્વે તેમના સરખા રૂપને પામ્યા છે. ૩૯ સુંદર ગતિથી, વિલાસથી, મનોહર હસવાથી અને પ્રેમપૂર્વક વધું માન પામેલી મદાંધ થઈ ગયેલી ગોપીઓ ભગવાનનાં ગોવર્ધન ધારણાદિક કૃત્યોનું અનુકરણ કરતી પ્રસિદ્ધ રીતે જે ભગવાનના સ્વરૂપને પામી તે ભગવાનમાં મારી પ્રીતિ થાઓ. ૪૦ યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં મુનીશ્વરો તથા મોટા રાજાઓની સભામાં તેઓએ વાહ ! શું રૂપ ! શો મહિમા ! એમ આશ્ચર્યથી જોવાતા જે ભગવાનનું પૂજન થયું હતું, તે ભગવાન મારી નજર આગળ આવી ઉભા રહ્યા છે. ૪૧ જેમ સૂર્ય એક છતાં સર્વ પ્રાણીઓની દૃષ્ટિમાં અનેક રૂપે દેખાય છે તેમ પોતે સરજેલા પ્રત્યેક પ્રાણીના હૃદયમાં એક આધાર રૂપે રહેલા છતાં અનેક રૂપે જણાય છે, તે અજન્મા ઇશ્વરને ભેદ તથા મોહ ટળી ગયેલો જે હું તે પ્રાપ્ત થયો છું. ૪૨

સૂતજી કહેછે-એ રીતે મન, વાણી અને દૃષ્ટિની વૃત્તિઓ દ્વારા શ્રીકૃષ્ણ પરમાત્મામાં મન જોડી શ્વાસને અંતરમાં સમાવી દઇ ભીષ્મપિતામહ મરણ પામ્યા. ૪૩ ભીષ્મને ઉપાધિ રહિત પરબ્રહ્મમાં લીન થયેલા જાણીને સંધ્યા સમયે જેમ પક્ષીઓ બોલતાં બંધ પડી જાય તેમ સર્વે ચુપ થઇ ગયા. ૪૪ તે સમયે દેવતા તથા મનુષ્યોએ વગાડેલાં દુંદુભિના નાદ થવા લાગ્યા, ગુણગ્રાહી રાજાઓ વખાણ કરવા લાગ્યા, અને આકાશમાંથી પુષ્પની વૃષ્ટિ થવા લાગી. ૪૫ હે શૌનક ! પછી ભીષ્મને અગ્નિસંસ્કાર કરી બે ઘડી સુધી યુધિષ્ઠિરે શોક કર્યો. ૪૬ પછી મુનિઓ પ્રસન્નતાથી ભગવાનનાં છાનાં નામોથી શ્રી કૃષ્ણની સ્તુતિ કરી તેમનામાં ચિત્ત રાખી પોત પોતાના આશ્રમ ચાલ્યા ગયા. ૪૭ અને યુધિષ્ઠિર રાજાએ શ્રી કૃષ્ણની સાથે હસ્તીનાપુર જઇ ધૃતરાષ્ટ્ર તથા ગાંધારીને શાંત કર્યાં. ૪૮ અને ધૃતરાષ્ટ્ર તથા શ્રી કૃષ્ણની આજ્ઞાથી બાપદાદાનું રાજ્ય ધર્મથી ચલાવ્યું.

पित्रा चानुमतो राजा वासुदेवानुमोदितः ॥
चकार राज्यं धर्मेण पितृपैतामहं विभुः ॥४९॥

ઇતિ શ્રીમદ્ ભાગવત મહાપુરાણે પ્રથમ સ્કંધે ભીષ્મ મરણ નામે નવમો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૦ મો.

(શ્રી કૃષ્ણનું દ્વારકા પધારવું.)

शौनक उवाच

हत्वा स्वरिक्थस्पृध आततायिनो।
युधिष्ठिरो धर्मभृतां वरिष्ठः ॥
महानुजैः प्रसन्नरुद्धभोजनः ।
कथंप्रवृत्तः किमकारषीत्ततः ॥ १ ॥

શૌનક કહેછે—પોતાના દ્રવ્ય માટે લડનારા આતતાયી શત્રુઓને મારી, બંધુઓના વધથી જેને વૈભવ ગમતો નથી એવા ધર્મવંતમાં શ્રેષ્ઠ યુધિષ્ઠિરે ભાઇઓની સાથે કેવી રીતે રાજ્ય કર્યું અને તે પછી શું કર્યું? ૧

સૂતજી કહેછે-વંશરૂપી વનમાં લાગેલા ક્રોધરૂપી દાવાનળથી બળી ગયેલા કુરૂના વંશને શ્રીકૃષ્ણે પરીક્ષિતનું રક્ષણ કરીને પાછો અંકુરિત કર્યો અને યુધિષ્ઠિરને તેનું રાજ્ય સોંપીને ભગવાન પ્રસન્ન થયા. ૨ ભીષ્મે તથા શ્રીકૃષ્ણે કહેલા ધર્મો સાંભળી, 'આ જગત ઇશ્વરને આધીન છે.પણ સ્વતંત્ર નથી' એવા જ્ઞાનથી જેનું અહં મમત્વ ટળી ગયું છે એવા યુધિષ્ઠિર રાજા ભગવાનના આશ્રીત પોતાના ભાઇઓથી સેવાતા થકા સમુદ્ર પર્યંત પૃથ્વીનું રાજ્ય કરવા લાગ્યા. ૩ તેમના રાજ્યમાં માગ્યા મેહ વરસતા હતા, પૃથ્વી સર્વ કામનાઓ પૂરતી હતી, ગાયો હર્ષ પૂર્વક દૂધથી વ્રજને ભરી દેતી હતી. ૪ નદીઓ, સમુદ્રો, પર્વતો, લતાઓ સહિત વનસ્પતિઓ અને સર્વ ઔષધીઓ પ્રત્યેક ઋતુમાં ઇચ્છિત ફળ આપતી હતી. ૫ યુધિષ્ઠિરના રાજ્યમાં પ્રાણીઓને દૈવ, પ્રાણીઓ તથા મનથી થનારા આધિ એટલે મનની પીડા, વ્યાધિ એટલે રોગ, કે દૈવિક પીડા થતી નહી. ૬ શ્રીહરિ પોતાના સગાં સંબંધીઓનો શોક ટાળવાને તથા સુભદ્રાને રાજી કરવા માટે કેટલાક મહિના હસ્તીનાપુરમાં રહ્યા. ૭ પછી યુધિષ્ઠિરને પ્રણામ કરી તેની પ્રશંસા કરી રજા લઇને દ્વારકા જવાને રથમાં બેઠા. તે વખતે તેમને કેટલાક મળવા લાગ્યા અને કેટલાક પ્રણામ કરવા લાગ્યા. ૮ તે વખતે સુભદ્રા, દ્રૌપદી, કુન્તા, ઉત્તરા, ગાંધારી, ધૃતરાષ્ટ્ર, યુયુત્સુ, કૃપાચાર્ય, નકુળ, સહદેવ, ૯ ભીમ, ધૌમ્ય અને સત્યવતી વગેરે સ્ત્રીઓ એ સર્વ મોહ પામી ભગવાનનો વિરહ સહન કરી શક્યાં નહી. ૧૦ સત્સંગ કરવા માટે જેણે કુસંગ છોડી દીધો છે એવો ડાહ્યો માણસ, સત્પુરૂષોથી ગવાતા ભગવાનના મનોહર યશને એકવાર સાંભળે તો પછી તેને મૂકી શકતો નથી ૧૧ એવા ભગવાનનાં દર્શન, સ્પર્શ, ભાષણ, સુવું, બેસવું અને જમવું વગેરે ક્રિયાઓમાં બુદ્ધિને કેળવેલા પાંડવો તે ભગવાનનો વિરહ શી રીતે સહન કરી શકે? ૧૨ સ્નેહ બંધનથી શ્રી કૃષ્ણમાંજ જેઓનું ચિત્ત લાગી રહ્યું છે એવા પાંડવો મટકું માર્યા વિના આંખોથી શ્રીકૃષ્ણને જોતા હતા. માત્ર ભેટની વસ્તુઓ લાવવા માટેજ ત્યાંથી ખસતા હતા. ૧૩ જ્યારે શ્રી કૃષ્ણ સિધાવ્યા તે વખતે ભાઇઓની (પાંડવોની) સ્ત્રીઓની આંખોમાંથી ઉત્સાને લીધે આંસુ આવ્યાં, પરંતુ અમંગળ ન થાય તેટલા માટે તેઓએ આંસુ રોકી રાખ્યાં. ૧૪ તે વખતે મૃદંગ, શંખ, ભેરી, ઢોલ, નગારાં, ગોમુખ, ધુંધુરી, ઝાંઝ, ઘંટા અને નોબતો વાગવા લાગી. ૧૫ દર્શન માટે મેહેલોની અગાસીઓમાં ચઢેલી કુરૂ કુળની સ્ત્રીઓ પ્રેમ, લાજ અને મંદહાસ્યથી દર્શન કરતી શ્રીકૃષ્ણ ઉપર પુષ્પ વૃષ્ટિ કરવા લાગી. ૧૬ પ્રિય અર્જુને પોતાના અતિપ્રિય ભગવાન ઉપર મોતીની ઝાલરથી શોભતું રત્નની દાંડીવાળું ધોળું છત્ર ધર્યું હતું. ૧૭ ઉદ્ધવ તથા સાત્યકી પરમ અદ્ભૂત બે તરફ બે ચામર ઢોળતા હતા. એ રીતે પુષ્પોથી વધાવાતા શ્રી કૃષ્ણ ભગવાન માર્ગમાં શોભતા હતા. ૧૮ પોતે નિર્ગુણ છતાં માયાથી સગુણ થયેલા ભગવાનને બ્રાહ્મણોએ આપેલા સત્ય આશિર્વાદો જ્યાં ત્યાં સંભળાતા હતા. ૧૯ ઉત્તમ શ્લોક ભગવાનમાં લાગી રહેલા ચિત્તવાળી હસ્તીનાપુરની સ્ત્રીઓ સર્વને સાં-

ભળતાં મનોહર લાગે તેવું પરસ્પર બોલવા લાગી કે–૨૦ પૂર્વે જ્યારે ગુણો ક્ષોભ પામ્યા નહોતા અને પ્રલયકાળે જીવો ઈશ્વરમાં લીન થઈ ગયા અને જીવની ઉપાધિરૂપ સત્વાદિક ગુણની શક્તિઓ પણ લીન થઈ ગઈ હતી તે વખતે પ્રપંચ રહિત એક પુરાણ પુરૂષ પરમાત્મા શેષ રહ્યા હતા, તેજ પોતે આ શ્રી કૃષ્ણ છે. ૨૧ નામ તથા રૂપ વગરના જીવોનાં નામ તથા રૂપ કરવાની ઈચ્છાથી વેદ રચનારા જે ભગવાને પોતાના પરાક્રમથી પ્રેરણા કરેલી, સૃષ્ટિ રચવાની ઇચ્છાવાળી અને પોતાના અંશભૂત જીવોને મોહ કરનારી માયાનો ફરીને અંગીકાર કર્યો તેજ આ શ્રી કૃષ્ણ છે. ૨૨ ઇંદ્રિયોને જીતી, પ્રાણને વશ કરી, ભક્તિથી નિર્મળ થયેલી બુદ્ધિથી સત્પુરૂષો જેના સ્વરૂપને જુએ છે તેજ આ શ્રી કૃષ્ણ અમારી બુદ્ધિને નિર્મળ કરવાને યોગ્ય છે. ૨૩ હે સખી ! વેદોમાં અને વેદોના રહસ્યમાં ગાનારાઓએ જેની સાચી કથા ગાયેલી છે અને જે એક ઇશ્વર લીલાથી જગતને સરજે છે, પાળે છે અને સંહારે છે પણ તેમાં લેપાતા નથી તેજ આ શ્રી કૃષ્ણ છે. ૨૪ જ્યારે તમોગુણી બુદ્ધિવાળા રાજાઓ અધર્મથી જીવે છે ત્યારે સાક્ષાત આ જ ભગવાન શુદ્ધ સત્વ ગુણોથી જગતની રક્ષા માટે સ્વરૂપ ધરી યુગેયુગે ઐશ્વર્ય, સત્ય પ્રતિજ્ઞા, યથાર્થ ઉપદેશ, ભક્તો ઉપર દયા અને યશ પ્રગટ કરેછે. ૧૫ લક્ષ્મીપતિ શ્રીકૃષ્ણ ભગવાન યદુ કુળને પોતાના જન્મથી અને મધુવનને પોતે ફરીને સત્કાર કરે છે, માટે તે યદુકુળ વખાણવા યોગ્ય છે અને મધુવન પરમ પવિત્ર છે. ૨૬ અહો ! સ્વર્ગના યશને પણ ઝાંખો પાડનારી દ્વારકા, પૃથ્વીના પવિત્ર યશને ફેલાવનારી છે. કારણ કે એ દ્વારકાની પ્રજા કૃપાથી હાસ્ય કરતા પોતાના પતિ શ્રી કૃષ્ણનાં નિરંતર દર્શન કરે છે. ૨૭ હે સખી ! શ્રી કૃષ્ણે પરણી આણેલી સ્ત્રીઓએ વ્રત, સ્નાન અને હોમાદિકથી ભગવાનને પૂરા પૂજેલા હશે, કારણ કે જે અધરામૃતમાં અંતઃકરણ રહેવાથી વ્રજની સ્ત્રીઓ મોહ પામી હતી તે અધરામૃતનું એ સ્ત્રીઓ વારંવાર પાન કરે છે. ૨૮ વળી પ્રદ્યુમ્ન, સાંબ અને અંબની માતાઓ રૂક્મિણી, જાંબવંતી અને નાગ્નજીતી વગેરે સ્ત્રીઓ કે જે સ્વયંવરમાં શિશુપાળ વગેરે બળવાન રાજાઓનો નાશ કરીને પરાક્રમ રૂપી મૂલ્યથી શ્રી કૃષ્ણ હરી લઈ આવેલા છે અને બીજી હજારો સ્ત્રીઓ કે જે ભૌમાસુરને મારીને હરી લઇ આવેલા છે, ૨૯ તે સર્વે સ્ત્રીઓ સ્વતંત્રપણા વગરના અને પવિત્રતા વિનાના સ્ત્રીપણાને શોભાવે છે, કારણ કે કમળ સરખાં નેત્રવાળા પોતાના પતિ શ્રી કૃષ્ણ મધુર ભાષણથી તેઓનાં હૃદયને આનંદ આપે છે અને તેઓના ઘરમાંથી કદી બહાર પણ જતા નથી.” ૩૦ એ પ્રમાણે પરસ્પર વાતો કરતી હસ્તીનાપુરની સ્ત્રીઓને, મંદમંદ હસતા તેઓની સામે નજર કરી આનંદ આપતા શ્રી કૃષ્ણ નગર બહાર નીકળ્યા. ૩૧ શત્રુઓના ભયથી શંકા પામીને યુધિષ્ઠિરે સ્નેહને લીધે શ્રી કૃષ્ણની રક્ષા સારૂ ચતુરંગિણી સેના સાથે મોકલી. ૩૨ ભગવાનના વિરહથી ખેદ પામતા પાંડવો શ્રીકૃષ્ણને ઘણે દૂર સુધી વળાવવા ગયા, તેઓ અત્યંત સ્નેહવાળા પાંડવોને પાછા વાળી ઉદ્ધવ વગેરે પ્રિય જનોની સાથે શ્રી કૃષ્ણ દ્વારકા પધાર્યા. ૩૩ હે શૌનક ! કુરૂ, જાંગલ, પાંચાળ, યમુના કાંઠાનો સૂરસેન દેશ, બ્રહ્માવર્ત, કુરૂક્ષેત્ર, મત્સ્ય, સારસ્વત, ૩૪ મરૂ, ધન્વ, સૌવીર અને આભીર દેશને ઓળંગીને, જેના રથના ઘોડા થોડાએક થાકેલા છે એવા સમર્થ ભગવાન તે પછી આનર્ત દેશમાં પોહોચ્યા. ૩૫ જે જે દેશમાં ગયા તે તે દેશની પ્રજાએ ભગવાનને ભેટો આપી. પછી જ્યારે પશ્ચિમ દિશામાં પોહોચ્યા ત્યારે સૂર્ય અસ્ત થવાથી સંધ્યા સમય થયો. ૩૬

तत्रतत्र ह तत्रत्यैर्हरिः प्रत्युद्यतार्हणः ॥
सायं भेजे दिशं पश्चाद्गविष्ठो गांगतस्तदा ॥

ઇતિ શ્રીમદ્ મહાપુરાણ ભાગવતે પ્રથમ સ્કંધે શ્રી કૃષ્ણ દ્વારકા સિધાવ્યા એ નામે દશમો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૧ મો.

(શ્રી કૃષ્ણનું દ્વારકા પધારવું)

सूतउवाच

आनर्तान्स उपव्रज्य स्वृद्धाञ्जनपदान्स्वकान ॥
दध्मौ दरवरं तेषां विषादं शमयन्निव ॥१॥

સુતજી કહેછે- હે શૌનક! ભગવાને પોતાના સમૃદ્ધિવાળા આનર્ત (દ્વારકા) દેશમાં આવીને તેનો ખેદ દૂર કરતા હોય તેમ પાંચજન્ય શંખ વગાડયો, ૧ શ્રી કૃષ્ણના કમળ સરખા હાથમાં વગાડાતો ધોળા પેટવાળો એ શંખ ભગવાનના હોઠની લાલાશથી રાતો દેખાતો હતો અને તેથી તે લાલ કમળના સમૂહમાં બેઠેલા રાજહંસ જેવો શોભતો હતો. ૨ જગતના ભયને દૂર કરનારો શંખનાદ સાંભળીને પોતાના સ્વામીનાં દર્શનની આતુરતાવાળી પ્રજા શ્રી કૃષ્ણની સામે આવી. ૩ પ્રેમને લીધે પ્રસન્ન થયેલા મુખવાળી પ્રજાએ જેમ સૂર્યને દીવો અર્પણ કરવામાં આવે તેમ ભગવાનને ભેટો આપી અને છોકરાં જેમ પોતાનું રક્ષણ કરનાર પોતાના પિતા પાસે બોલે તેમ પોતાના સ્વરૂપના લાભથી પૂર્ણકામ, આત્મારામ અને રક્ષણ કરનારા ભગવાનને ગદ્‌ગદ્ વાણીથી પ્રજા કહેવા લાગી કે-૪-૫ "હે નાથ! બ્રહ્મા, સનકાદિક અને ઇંદ્રાદિક દેવતાઓએ પૂજેલાં તમારાં ચરણ કમળને અમે નમસ્કાર કરીએ છીએ. એ ચરણકમળ આ જગતમાં કલ્યાણ ઈચ્છનારાઓને પરમ શરણરૂપ છે; તેની આગળ બ્રહ્માદિકના પ્રભુ કાળનું પણ કાંઈ બળ ચાલી શકતુ નથી. ૬ હે જગતને સરજનારા પ્રભુ! તમે જ અમારૂં કલ્યાણ કરનારા છો, અને તમેજ અમારાં માતા, પિતા, મિત્ર, પતિ, સદ્‌ગુરૂ અને પરમ દૈવત છો. તમારી સેવાથી અમે કૃતાર્થ થયા છીએ. ૭ અમે આપનાથીજ સનાથ છીએ. કેમકે દેવતાઓને પણ દુર્લભ અને પ્રેમ ભાવથી મંદહાસ્ય યુક્ત સ્નેહ ભરેલી નજરવાળું જેમાં મોઢું છે એવું સર્વાંગ સુંદર આપનું સ્વરૂપ અમે નીરખીએ છીએ. ૮ હે કમળ સરખાં નેત્રવાળા! હે અચ્યુત! તમે સગાં વાહાલાંઓને મળવા સારૂ અમને મૂકીને જ્યારે હસ્તીનાપુર કે મથુરા પધારોછો, ત્યારે જેમ સૂર્ય વિના આંખને એક ક્ષણ એક કરોડ વર્ષ જેટલો થઇ પડે છે, તેમ તમારા વિના અમારો એક ક્ષણ કરોડ વર્ષ જેવડો થાય છે. ૯" એ અને બીજે પ્રકારે પ્રજાએ કહેલી વાણી સાંભળતા ભક્તવત્સળ ભગવાન સત્કાર ભરેલી નજરથી સવનો અનુગ્રહ કરતા દ્વારકાપુરીમાં પેઠા. ૧૦ નાગ જેમ ભોગવતી નામની પાતાળ નગરીનું રક્ષણ કરેછે તેમ મધુ, ભોજ, દશાર્હ, અર્હ, કુકુર, અંધક અને શ્રીકૃષ્ણના જેવા બળવાળા વૃષ્ણિકુળના બીજા યાદવો દ્વારકાનું રક્ષણ કરતા હતા. ૧૧ વળી એ દ્વારકા સર્વ ઋતુમાં ફળ ફુલાદિથી સુશોભિત ઝાડો, લતા મંડપવાળાં ઉદ્યાન, ઉપવન× તથા આરામગૃહથી[1] ઘેરાયલાં તળાવોથી શોભતી હતી. ૧૨ નગરના દરવાજા ઉપર, માર્ગમાં અને ઘરોનાં બારણાં આગળ ઉત્સવ માટે તોરણો બાંધ્યાં હતાં અને વિચિત્ર ધ્વજાઓ તથા પતાકાઓના અગ્ર ભાગથી સૂર્યનાં કીરણો ઢંકાઇને છાયા થઈ રહી હતી. ૧૩ વળી રાજમાર્ગોમાં, શેરીઓમાં, બજારોમાં અને આંગણાંમાં વાળી ઝાડી સુગંધી જળ છાંટી ફળ ફુલ અક્ષત તથા અંકુર વેર્યાં હતાં ૧૪ વળી પ્રત્યેક ઘરનાં બારણાં દહીં, અક્ષત, ફળ, શેરડી, પાણી ભરેલા ઘડા, બળિદાન અને ધૂપદીપ વગેરેથી શણગાર્યાં હતાં. ૧૫ વહાલા પ્રભુને આવતા સાંભળીને ઉદાર મનવાળા વસુદેવજી, અક્રુરજી, ઉગ્રસેનજી, અદ્‌ભુત પરાક્રમી બળદેવજી, ૧૬ પ્રદ્યુમ્ન, ચારૂદેષ્ણ અને જાંબવતીના પુત્ર સાંબ એ સર્વ આનંદથી અને સ્નેહથી સંભ્રમ થઇ એકદમ સુવું, બેસવું અને ખાવું છોડી દઇ ૧૭ સુંદર હાથણી આગળ કરી, માંગળિક પદાર્થો હા-

---

* ફળ જેમાં વિશેષ હોય તે. × પુષ્પ જેમાં વધારે હોય તે. ૧ ક્રીડા કરવાનું વન.

થમાં લઇ બ્રાહ્મણ સહિત શંખ તથા તૂરીના શબ્દો અને વેદમંત્રોથી આદર દેતા આનંદ પૂર્વક રથોમાં બેસી બેસીને સામા ચાલ્યા. ૧૮ વળી સુંદર કુંડળોની કાન્તિથી શોભાયમાન કપોળ અને મુખવાળી વેશ્યાઓ પણ ભગવાનનાં દર્શનની ઇચ્છાથી વાહનોમાં બેશીને સામે ચાલી. ૧૯ [1]નટ, [2]નર્તક, [3]ગંધર્વ, [4]સૂત, [5]માગધ અને [6]બંદીજનો પણ પવિત્ર કીર્તિવાળા• શ્રીકૃષ્ણનાં અદ્ભુત ચરિત્રો ગાતા સામે ચાલ્યા. ૨૦ ત્યાં સામે આવેલા સર્વ બંધુ વર્ગને તથા નગરવાસી સર્વેને શ્રીકૃષ્ણભગવાને ઘટતી રીતે માન આપ્યું. ૨૧ તેમાં કોઇને માથું નમાવીને, કોઇને વાણીથી નમસ્કાર કરીને, કોઇને મળી ભેટીને, કોઇને હાથ ઝાલીને અને કોઇની સામે મંદહાસ્યથી જોઇને માન આપ્યું અને ચાંડાળ વગેરેને દાન તથા અભયવચન દઇને સંતોષ્યા. ૨૨ પછી પોતે ગુરૂની, સ્ત્રીઓ સહિત બ્રાહ્મણોની, વૃદ્ધજનોની તથા બંદીજનોના આશિષ લેતા દ્વારકામાં પેઠા. ૨૩ હે શૌનક ! શ્રીકૃષ્ણ જ્યારે રાજમાર્ગમાં પધાર્યા ત્યારે ભગવાનના દર્શનથી આનંદ પામનારી કુલીન સ્ત્રીઓ ઘરની અગાશીઓ ઉપર ચઢી. ૨૪ દ્વારકાના રહેવાસીઓ નિત્ય શ્રીકૃષ્ણનાં દર્શન કરતા હતા તોપણ તેઓનાં નેત્ર તૃપ્ત થતાં નહોતાં, કેમકે અચ્યુત ભગવાનનું શરીર શોભાનું ધામ હતું, તેમનું વક્ષઃસ્થળ લક્ષ્મિનું નિવાસસ્થાન હતું, તેમનું સુંદર મુખ પ્રાણીઓને અમૃત પીવાના પાત્ર રૂપ હતું, તેમની ભુજાઓ લોકપાળોનું નિવાસ સ્થાન હતી અને તેમનાં ચરણ કમળ ભક્ત જનોને રહેવાના સ્થાનકરૂપ હતાં ૨૫–૨૬ મેઘ જેમ સૂર્ય, ચંદ્ર, ઇંદ્રધનુષ અને વીજળીના તેજથી શોભે છે તેમ શ્રી કૃષ્ણ, માથે ધરેલાં ધોળાં છત્ર અને ચામરથી, માર્ગમાં થતી પુષ્પ વૃષ્ટિથી, પેહેરેલાં પીતાંબર અને વનમાળાથી શોભતા હતા. ૨૭ એ રીતે ભગવાન પિતાના ઘરમાં પેઠા ત્યાં દેવકી આદિ સાત માતાઓ મળી તેઓને આનંદથી પગે લાગ્યા. ૨૮ સ્નેહને લીધે જેના સ્તનમાંથી દૂધ ઝરતું હતું એવી હર્ષથી વિહ્વળ ચિત્તવાળી માતાઓ પુત્રને ખોળામાં બેસાડી આંખોમાંથી પડતાં પ્રેમાશ્રુથી અભિષેક કરવા લાગી. ૨૯ પછી સર્વ વૈભવથી પરિપૂર્ણ એવા પોતાના સર્વોત્તમ ઘરમાં ગયા કે જ્યાં પોતાની સોળ હજાર એકસો ને આઠ સ્ત્રીઓના મેહેલ હતા. ૩૦ દેશાટન કરી ઘેર પધારેલા પતિને દૂરથી જોઇ અત્યંત આનંદ પામેલી લજ્જા યુક્ત નેત્રોવાળી તે સ્ત્રીઓ દેહ તથા મનથી વ્રતો* સહિત ઉઠી ઉભી થઇ. ૩૧ હે શૌનક ! ગંભીર અભિપ્રાયવાળી તે સ્ત્રીઓ પોતાના પતિને પ્રથમ બુદ્ધિથી મળી, પછી દૃષ્ટિથી મળી અને પછી સામે મોકલેલાં બાળકોથી મળી, તે વખતે લજ્જા પામતી તે સ્ત્રીઓએ જો કે પ્રેમાશ્રુ રોકી રાખ્યાં હતાં તો પણ પરવશપણાથી થોડાં બહાર નીકળી પડ્યાં. ૩૨ જો કે ભગવાન સદા તે સ્ત્રીઓની પાસે અને એકાંતમાં રહેતા હતા, તો પણ તેઓને તેમનાં ચરણ કમળ ક્ષણે ક્ષણે નવાં જ લાગતાં હતાં. ચંચળ સ્વભાવવાળી લક્ષ્મી પણ જે ચરણ કમળનો કદી ત્યાગ કરતાં નથી તોપછી બીજી એવી કોણ સ્ત્રી તે ચરણ કમળની સેવાથી વિરામ પામે ? ૩૩ જેમ વાયુ વાંસને પરસ્પર ઘસી અગ્નિ ઉત્પન્ન કરી એક બીજાને બાળીને શાન્ત થઇ જાય છે, તેમ પૃથ્વીનો ભાર ઉતારવાને માટે પ્રગટેલા શ્રીકૃષ્ણ ભગવાન, મોટી સેનાઓથી ચોતરફ જેઓની કીર્તિ ફેલાએલી છે એવા રાજાઓને પરસ્પર વેર ઉપજાવી પોતે શસ્ત્ર ધારણ કર્યા વગર એક બીજાનો નાશ કરાવીને શાન્ત થયા. ૩૪ તે ભગવાન પોતાની માયાથી આ મનુષ્ય લોકમાં જન્મી સાધારણ મનુષ્યની પેઠે સ્ત્રીઓના સમૂહમાં રમ્યા. ૩૫ જે સ્ત્રીઓના ગં-

• ૧ નવરસને જાણનારા. ૨ તાલને અનુસરીને નાચનારા. ૩ ગાનારા. ૪ પુરાણ વાંચનારા. ૫ વંશાવળી વાંચનારા. ૬ સમયને અનુસરતું બોલવામાં કુશળ.

* રમત રમવી, મર્દન કરવું, નાચ રંગ જોવો, હસવું, અને પારકે ઘેર જવું. એટલી વાતો જેનો પતિ પરદેશ ગયો હોય તે સ્ત્રીએ ત્યાગ કરવી.

ભીર અભિપ્રાયને સૂચવનારાં નિર્મળ હાસ્ય અને લજ્જા સહિત જોવાથી મોહ પામેલા સદાશિવે પણ શરમાઇ જઇને પિનાક ધનુષ્ય નાંખી દીધું હતું, તે ભરપૂર જુવાનીવાળી સ્ત્રીઓ પણ પોતાના હાવભાવથી શ્રી કૃષ્ણ ભગવાનના મનને મોહ પમાડી શકી નહી. ૩૬ એ ભગવાન વાસ્તવિક રીતે વિષય રહિત છે, પણ પ્રાકૃત મનુષ્ય અજ્ઞાનને લીધે તેમને મનુષ્યની પેઠે સદા કર્મમાં મચી રહેલા જોઈ પોતાના સમાન તેમને પણ મનુષ્ય જાણે છે. કેમકે તે તત્ત્વ જાણતો નથી. ૩૭ દેહના આશ્રયે રહેલી બુદ્ધિ જેમ દેહમાં રહેલા ગુણો સાથે જોડાઇ જાય છે તેમ માયામાં રહેલા ઈશ્વર માયાના સુખ દુઃખાદિક ગુણો સાથે કદી પણ જોડાતા નથી. ૩૮ જેમ અહંકાર વૃત્તિઓ ક્ષેત્રજ્ઞ (આત્મા) ને પોતાને આધીન માને છે તેમ પોતાના પતિનો મહિમા નહી જાણનારી તે મૂઢ સ્ત્રીઓ ઇશ્વરને પોતાને આધીન તથા એકાંતમાં અનુસરનારા માનતી હતી. ૩૯

तंमेनिरेऽबालमूढाः स्त्रैगं चानुव्रतं रहः ॥
अप्रमाणविदो भर्तुरीश्वरं मतयो यथा ॥३९॥

ઇતિ શ્રી ભાગવત મહાપુરાણે પ્રથમ સ્કંધે શ્રી કૃષ્ણ દ્વારકા પધાર્યા એ નામનો ૧૧ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૨ મો.

(પરીક્ષિતનો જન્મ અને તેનું જોશીઓએ ભાખેલું ભવિષ્ય.)

શૌનક કહે છે–હે સૂતજી ! અશ્વત્થામાએ મારેલા તીક્ષ્ણ તેજવાળા બ્રહ્માસ્ત્રથી નાશ પામેલા ઉત્તરાના ગર્ભને શ્રી કૃષ્ણ ભગવાને ફરીથી જીવતો કર્યો. ૧ તે મહા બુદ્ધિવાન્ પરીક્ષિત રાજાના જન્મ કર્મની કથા અમને કહો. તથા શુકદેવજીએ જેને જ્ઞાન આપ્યું હતું તે રાજા કેવી રીતે મરણ પામ્યા અને પછી તેની કેવી ગતિ થઇ તે અમો સાંભળવાને ઇચ્છીએ છીએ. માટે જો અમને કહેવાને યોગ્ય લાગતું હોય તો અમો શ્રદ્ધાવાળાને કહો. ૨-૩

સૂતજી કહે છે–યુધિષ્ઠિર રાજા શ્રીકૃષ્ણ ભગવાનના ચરણ કમળની સેવાથી સર્વ પ્રકારની કામનાઓની ઇચ્છા છોડી દઇને પોતાના પિતાની પેઠે પ્રજાને રાજી રાખી પાળતા હતા. ૪ હે શૌનક! સંપત્તિ, યજ્ઞથી મેળવેલા સ્વર્ગાદિક લોક, સ્ત્રી, ભાઇઓ, પૃથ્વી, જંબુદ્વીપનું અધિપતિપણું અને સ્વર્ગ સુધી ગવાતી કીર્તિ, ૫ એ સર્વ વસ્તુ કે જેને દેવતાઓ પણ ઇચ્છે છે તે તેને હતાં. તો પણ હે વિપ્રો ! જેમ ભુખ્યા માણસને ફુલના હાર વગેરે પદાર્થો ગમે નહી, તેમ યુધિષ્ઠિરનું મન મુકુંદ ભગવાનમાં હોવાથી તે વૈભવો તેને પ્રિય લાગતા નહોતા. ૬ હે શૌનક! માતાના ગર્ભમાં રહેલા અને બ્રહ્માસ્ત્રના તેજથી બળતા તે વીરે જે પુરૂષને જોયા. ૭ તે અંગુઠા જેવડા, નિર્મળ સ્વરૂપવાળા, ચળકતા સોનાનો મુગટ પહેરેલા, અતિ સુંદર શ્યામ રૂપવાળા, વીજળી જેવાં પીળાં વસ્ત્ર ધારણ કરેલા, વિકાર વગરના, ૮ શોભીતી ચાર ભુજાવાળા, ચળકતા સોનાનાં કુંડળવાળા, રાતાં નેત્રવાળા, હાથમાં ગદા લઇ ચારે તરફ ફરતા, અને સૂર્ય જેમ ઝાકળનો નાશ કરે તેમ ગદાથી બ્રહ્માસ્ત્રના તેજનો નાશ કરતા હતા. પરીક્ષિત એવા પુરૂષને જોઇને વિચારવા લાગ્યા કે આ કોણ હશે? ૯–૧૦ એ અમાપ સ્વરૂપવાળા, ધર્મનું રક્ષણ કરનારા અને સર્વત્ર રહેલા શ્રી હરિ તે બ્રહ્માસ્ત્રનો નાશ કરીને તે દશ માસના ગર્ભના દેખતાંજ ત્યાં અંતર્ધ્યાન થઇ ગયા ૧૧ પછી બીજા અનુકુળ ગ્રહો સાથે શુભ ગ્રહોના ઉદય સમયે સર્વથી વિશેષ શુભ ફળ સૂચવનારા લગ્નમાં, જાણે પરાક્રમી પાંડુરાજા જન્મ્યા ન હોય તેમ પાંડવોનો વંશ વધારનાર પરીક્ષિત રાજા જન્મ્યા. ૧૨ તે વખતે યુધિષ્ઠિર રાજાએ પ્રસન્નતાથી ધૌમ્ય તથા કૃપાચાર્ય વગેરે બ્રાહ્મણો પાસે સ્વસ્તિવાચન કરાવી જાત કર્મ સંસ્કાર કરાવ્યો. ૧૩ દાનના વખતને *જાણ-

---

* સૂતકમાં દાન કરાય નહિ, અને જ્યાં સુધી નાળ વધારેલ નથી, ત્યાં સુધી સૂતક ગણાતું નથી, નાળ વધાર્યા પછી સૂતક ગણાય છે, જેથી નાળ વધાર્યા પહેલાં દાન આપ્યું.

નારા ધર્મરાજાએ તેજ વખતે બ્રાહ્મણોને સોનું, ગાય, પૃથ્વી, ગામ, હાથી, ઘોડા અને ઉત્તમ અન્ન આપ્યાં. ૧૪ દાનથી સંતુષ્ટ થએલા બ્રાહ્મણોએ વિવેકી ધર્મરાજાને કહ્યું કે—હે પુરૂવંશમાં શ્રેષ્ઠ ! શુદ્ધ પુરૂવંશની પ્રજાનો આ તંતુ ટાળી ન શકાય એવા દૈવયોગથી.તૂટી જતો હતો, પણ આપના ઉપર અનુગ્રહ કરનાર મહા પ્રભાવવાળા વિષ્ણુ ભગવાને આ બાળકની રક્ષા કરી છે. ૧૫–૧૬ માટે એ ‘વિષ્ણુરાત’ એ નામથી પ્રસિદ્ધ થશે. વળી તે મહાયશસ્વી, શ્રેષ્ઠ ગુણોવાળો અને મોટો ભગવદ્દભક્ત થશે એમાં સંદેહ નથી. ૧૭

યુધિષ્ઠિર કહેછે—હે બ્રાહ્મણો ! ધન્યવાદ શબ્દોથી અને સારી કીર્તિથી અમારા વંશના પુણ્યશ્લોક મહાત્મા રાજર્ષિઓએ કીર્તિ મેળવી છે તેવો આ પુત્ર થશે કે કેમ ? ૧૮ બ્રાહ્મણો કહેછે—હે મહારાજા ! આ પુત્ર સાક્ષાત્ મનુના પુત્ર ઇક્ષ્વાકુની પેઠે પ્રજાનું પાલન કરનાર થશે, દશરથ રાજાના પુત્ર રામચંદ્રની પેઠે બ્રાહ્મણોનું હિત કરનાર અને પ્રતિજ્ઞા પાળનાર થશે. ૧૯ ઉશીનર દેશના રાજા શિબિ જેવો દાનેશ્વરી અને શરણાગત પ્રતિપાળ થશે, ભરત રાજાની પેઠે યજ્ઞ કરનારાના યશને તથા પોતાની જ્ઞાતિના યશને વધારનારો થશે. ૨૦ અર્જુન અને સહસ્રાર્જુન જેવો ધનુર્ધારીઓમાં શ્રેષ્ઠ થશે, અગ્નિની પેઠે કોઇનાથી સહન ન થઇ શકે એવો પ્રતાપી થશે, સમુદ્રના જેવો દુસ્તર થશે. ૨૧ સિંહ જેવો મહા પરાક્રમી થશે, હિમાલય જેવો સેવવા યોગ્ય થશે, પૃથ્વી જેવો ક્ષમાવાન થશે, માતા પિતાની પેઠે અપરાધ સહન કરનારો થશે, ૨૨ બ્રહ્મા જેવો સમદ્દષ્ટિવાળો થશે, પ્રસન્ન થવામાં મહાદેવ જેવો થશે, લક્ષ્મીના આશ્રયરૂપ શ્રીહરિ જેવો સર્વ પ્રાણીઓને આશ્રય આપનારો થશે, ૨૩ શ્રી કૃષ્ણના જેવો સર્વ ગુણોવાળો તથા મહિમાવાળો થશે, રાજા રંતિદેવ જેવો ઉદાર થશે, યયાતિ રાજા જેવો ધાર્મીક થશે. ૨૪ બલિરાજા જેવો ધીરજવાન થશે, પ્રહ્લાદના જેવો શ્રી કૃષ્ણનીભક્તિને વિષે દૃઢ આગ્રહવાળો થશે, યજ્ઞો કરનારો થશે, વૃદ્ધ જનોની સેવા કરનારો થશે, ૨૫ રાજર્ષિઓને ઉત્પન્ન કરનારો થશે, અવળે રસ્તે ચાલનારને શિક્ષા કરનારો થશે, પૃથ્વી તથા ધર્મનું રક્ષણ કરવા માટે કળિયુગને દંડ દેશે, ૨૬ બ્રાહ્મણના પુત્રે પ્રેરેલા તક્ષક નાગથી પોતાનું મૃત્યુ થવાનું જાણી રાજપાટ છોડી દઇ શ્રી હરિનાં ચરણોનું ભજન કરશે. ૨૭ અને હે યુધિષ્ઠિર રાજા ! પછી મુનિ શુકદેવજી પાસેથી યથાર્થ આત્મજ્ઞાન પામી પોતાના દેહને ગંગાજીમાં નાંખી દઇને પરમાત્માના અભયપદને પામશે. ૨૮ જાતકર્મને જાણનારાએ બ્રાહ્મણો એવી રીતે યુધિષ્ઠિર રાજાને કહી પુજા સત્કાર પામીને સર્વ પોતપોતાને ઘેર ગયા. ૨૯ પરીક્ષિતે જે પુરૂષનું ગર્ભમાં દર્શન કર્યું હતું તેનું ધ્યાન કરતા થકા જગતમાં નજરે દેખાતા પુરૂષોની ‘ગર્ભમાં જોયેલો પુરૂષ આ હશે કે નહી’ એવી રીતે પરીક્ષા કરવા લાગ્યા, તેથી તે ‘પરીક્ષિત’ એ નામથી લોકમાં પ્રસિદ્ધ થયા. ૩૦ શુક્લપક્ષનો ચંદ્રમા જેમ દિવસે દિવસે કળાઓથી વધતો જાય તેમ યુધિષ્ઠિર વગેરેએ ચોસઠ કળાઓથી પુરાતો એ રાજપુત્ર વધવા લાગ્યો. ૩૧ પછી પાંડવોએ જ્ઞાતિભાઇઓને યુદ્ધમાં માર્યાથી થયેલો જ્ઞાતિદ્રોહ મટાડવા સારૂ અશ્વમેધ કરવાની યુધિષ્ઠિરને ઇચ્છા થઇ, પણ કર લઇને તથા દંડ લઇને ઉત્પન્ન કરેલા ધન વિના બીજું ધન પોતાની પાસે નહી હોવાથી ચિંતા કરવા લાગ્યા. ૩૨ તેમનો મનોભાવ જાણી લઇને શ્રી કૃષ્ણ ભગવાને તેમના ભાઇઓને ઉત્તર દિશામાં મોકલ્યા, તેઓ ત્યાંથી મરૂત્ત રાજાના યજ્ઞમાંથી નાંખી દીધેલાં સોનાનાં પાત્રો વિગેરે ઘણું ધન લાવ્યા ૩૩ એ વડે સર્વ સામગ્રી તૈયાર કરીને જ્ઞાતિદ્રોહના ડરથી ત્રણ અશ્વમેધ યજ્ઞ કરીને શ્રી હરિનું યજન કર્યું. ૩૪ યુધિષ્ઠિરે નોતર્યાથી શ્રીકૃષ્ણ ભગવાન ત્યાં પધાર્યા હતા. અને બ્રાહ્મણો પાસે યજ્ઞ કરાવી સગાં સંબંધીઓને સારૂં લગાડવા માટે થોડા મહિના ત્યાં રહ્યા. ૩૫ હે બ્રાહ્મણો ! તે પછી શ્રી કૃષ્ણ, દ્રૌપદી તથા

સર્વે ભાઇઓ સહિત યુધિષ્ઠિરની રજા લઇ અર્જુનને સાથે લઇને દ્વારકા પધાર્યા. ૩૬

ततो राज्ञाभ्यनुज्ञातः कृष्णया सहबन्धुभिः॥ ययौद्वारवतीं ब्रह्मन्सार्जुनो यदुभिर्वृतः ॥३६॥

ઇતિ શ્રી ભાગવત મહાપુરાણે પ્રથમ સ્કંધે પરીક્ષિત જન્મકથન નામ બારમો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૩ મો.

(વિદુરના ઉપદેશથી ગાંધારી સહિત ધૃતરાષ્ટ્રનું હિમાલય તરફ જવું.)

सूतउवाच

विदुरस्तीर्थ यात्रायां मैत्रेयादात्मनो गतिम् ॥ ज्ञात्वागाद्धास्तिनपुरं तयावाप्त विविदित्सितः॥

સૂતજી કહે છે- હે શૌનક ! વિદુરજી તિર્થયાત્રામાં મૈત્રેયજી પાસેથી પોતાની ગતિરૂપ શ્રીકૃષ્ણને જાણીને તથા તેથી જાણવા યોગ્ય સર્વ તત્ત્વ જાણ્યું છે જેણે એવા વિદુરજી હસ્તીનાપુર પધાર્યા. ૧ વિદુરે મૈત્રેયમુનિને જેટલાં પ્રશ્ન પૂછયાં હતાં તેમાંથી માત્ર ત્રણ ચાર પ્રશ્નોના ઉત્તરથીજ તેમને ભગવાનમાં એકાંતિક ભક્તિ પ્રાપ્ત થઇ તેથી બીજાં પ્રશ્નોના ઉત્તર નહી સાંભળતાં એટલાથીજ કૃતાર્થ થયા. ૨ હે શૌનક ! પોતાના બંધુ વિદુરજી આવેલા જોઇને ભાઇઓ સહિત યુધિષ્ઠિર, ધૃતરાષ્ટ્ર, યુયુત્સુ, સંજય, કૃપાચાર્ય, કુન્તાજી, ૩ ગાંધારી, દ્રોપદી, સુભદ્રા, ઉત્તરા, કૃપી તથા બીજી સ્ત્રીઓ, પાંડુરાજાના જ્ઞાતિજનો અને પુત્રો સહિત બીજી સ્ત્રીઓ એ સર્વે જેમ શરીરમાં પ્રાણ આવવાથી હાથ પગ વગેરે અવયવો ઉભા થાય તેમ અત્યંત હર્ષથી ઉભાં થયાં ૪ ૫ પછી જેણે જેવી રીતે મળવું ઘટે તેવી રીતે તેણે મળી ભેટી વિરહની ઉત્કંઠાથી પરવશ થયેલાં સર્વે આનંદથી આંસુ પાડવા લાગ્યાં. ૬ પછી યુધિષ્ઠિરે વિદુરજીને આસન આપી પૂજન કર્યું. પછી ભોજન કરી સુખ પૂર્વક આસનપર બેસીને આરામ લેતા વિદુરજીને યુધિષ્ઠિરે સૌના સાંભળતાં નમ્રતાથી પુછયું—

યુધિષ્ઠિર કહેછે—હે વિદુરજી ! તમે આપના પક્ષની છાયામાં રહેલા અમને સંભારતા હતા કે નહી ? કારણકે ઝેર, અગ્નિ વગેરે અનેક આપત્તિઓથી માતા સહિત અમને આપેજ બચાવ્યા છે. ૮ પૃથ્વીની યાત્રા કરતાં આપે કેવી રીતે નિર્વાહ કર્યો અને કયાં કયાં મુખ્ય ક્ષેત્રો તથા તીર્થોની યાત્રા કરી ? ૯ હે કાકા ! તમો જેવા ભગવદ્ ભકતો પોતેજ તીર્થરૂપ છે તેથી પોતાના અંતરમાં રહેલા પરમાત્માથી તીર્થોને પણ પવિત્ર કરેછે.૧૦ હે તાત ! શ્રીકૃષ્ણ જેના દેવતા છે એવા અમારા સંબંધીઓ તથા બંધુ યાદવો દ્વારકામાં સુખી છે કે કેમ ? તેઓને તમે દીઠાકે સાંભળ્યા હોય તો તેમના સમાચાર કહો. ૧૧ એવી રીતે ધર્મરાજાએ પૂછવાથી વિદુરજીએ એક યાદવોના સંહારની વાત વિના બીજું બધું અનુક્રમે કહી સંભળાવ્યું. ૧૨ દૈવયોગે આવી પડેલું કાંઇ પણ દુઃખ માણસથી દુઃખે પણ સહન કરી શકાતું નથી, એમ ધારી દયાળુ વિદુરજીએ યદુકુળના નાશની વાત કહી નહી. ૧૩ દેવતાના જેટલો સત્કાર પામતા વિદુરજી મોટાભાઇ ધૃતરાષ્ટ્રના કલ્યાણને માટે તેને બોધ દેતા અને સર્વને પ્રસન્ન કરતા કેટલાક સમય સુધી ત્યાં રહ્યા. ૧૪ વિદુરજીનો યમરાજાનો અવતાર હતો, તેમણે માંડવ્ય ઋષિના શાપથી સો વર્ષ સુધી શૂદ્રપણું ધારણ કર્યું હતું* એ સો વર્ષ સુધી અર્યમાપિ-

---

* એક વખત કોઇ રાજાના માણસો ચોરની શોધમાં નીકળેલા તેઓએ માંડવ્ય મુનિના આશ્રમ આગળથી ચોરોને પકડ્યા તેમાં તે ઋષિને પણ ભેગા બાંધી લઇ જઇ રાજાના હુકમથી તેઓને શૂળીએ ચઢાવી દીધા. તેમાં એક ઋષિ છે એમ જાણવામાં આવ્યાથી રાજાએ તેમને નીચે ઉતારી પ્રસન્ન કર્યા. પછી તે મુનિ યમરાજા પાસે જઇ ક્રોધ કરીને બોલ્યા કે મને શામાટે શૂળીએ ચઢાવ્યો ? યમરાજાએ કહ્યું કે તમે બાલ્યાવસ્થામાં રમતાં રમતાં દર્ભની અણીથી એક તીડને વીંધી નાંખ્યું હતું તેકર્મનું ફળ તમારે ભોગવવું પડયું. એ સાંભળીને ઋષિએ શાપ દીધો કે હું બાળક અવસ્થામાં અજ્ઞાની હતો છતાં તમે આવી ભારે શિક્ષા કરી માટે તમે શૂદ્ર થજો. એ શાપથી યમરાજ શૂદ્ર થઇ વિદુર રૂપે અવતર્યા હતા.

તુ પાપીઓને તેનાં પાપ પ્રમાણે ઘટતો દંડ દેતા હતા. ૧૫ યુધિષ્ઠિર રાજા રાજ્ય પામી, વંશને રાખનાર પૌત્રને જોઈ ઉત્કૃષ્ટ રાજ્ય લક્ષ્મીથી લોકપાળોના સરખા કાન્તિવાળા ભાઇઓ સહિત આનંદમાં કાળ ગાળવા લાગ્યા. ૧૬ એ પ્રમાણે ઘરમાં આસક્ત અને ઘરના કામકાજથી ગાફેલ થઇ ગયેલા પાંડવોનો દુસ્તર કાળ ખબર ન પડે તેમ વીતી ગયો. ૧૭ વિદુરજીએ એ વાત જાણીને ધૃતરાષ્ટ્રને કહ્યું કે 'હે રાજા! આ ભય આવ્યો છે તે જુઓ અને હવે તરત ઘરમાંથી નીકળો: ૧૮ હે પ્રભુ! જેને પાછો વાળવાનો ઉપાય અહીં કોઇથી થઇ શકતો નથી તેજ બળવાન કાળ આવી પોહોચ્યો છે. ૧૯ એ કાળે ગળેલો મનુષ્ય પોતાના ઘણા પ્યારા પ્રાણથી પણ તત્કાળ વિખુટો પડી જાય છે, તો પછી ધન વિગેરેથી વિખુટો પડે તેમાં શી નવાઈ? ૨૦ તમારા પિતા, ભાઈ, સંબંધીઓ અને પુત્રો એ સર્વ નાશ પામી ગયા છે, તમારૂં આયુષ્ય પુરૂં થયું છે અને તમારો દેહ પણ વૃદ્ધાવસ્થાથી ઘેરાઈ ગયો છે; તોપણ તમે હજી પારકા ઘરમાં પડી રહ્યા છો. ૨૧ અહો!! પ્રાણીને જીવવાની આશા બહુ મોટી છે કે જે આશા માટે તમે, ભીમસેને આપેલા પિંડને કૂતરાની પેઠે ગ્રહણ કરોછો. ૨૨ જેઓને અગ્નિથી બાળ્યા, જેઓને ઝેર દીધું, જેઓની સ્ત્રીઓને કલંક લગાડયું, જેઓનું રાજ્ય અને ધન હરી લીધું એ પાંડવોના અન્નથી જીવવાનું શું પ્રયોજન છે? ૨૩ આ પ્રમાણે દીનતાથી જીવો છો તેમ છતાં જીવવાની આશાવાળા અને લોભી એવા આપનું શરીર ઘડપણથી ખખળી ગયેલું છે અને પેહેરેલાં લુગડાંની પેઠે દિવસે દિવસે ઘસાતું જાય છે માટે હવેથી ધીરજ ધરો. ૨૪ જે મનુષ્ય વૈરાગ્ય પામી, સંસારનાં બંધનથી મુક્ત થઈ, ગતિ જાણવામાં ન આવે એવી રીતે સ્વાર્થનો ત્યાગ કરીને દેહ છોડે છે તે ધીર પુરૂષ કહેવાય છે. ૨૫ અને જેને પોતાની મેળે અથવા બીજાના ઉપદેશથી વૈરાગ્ય થયો હોય એવો જ્ઞાની પુરૂષ શ્રીહરિને હૃદયમાં ધારણ કરીને ઘરમાંથી ચાલી નીકળે છે તેજ ઉત્તમ પુરૂષ કહેવાય છે. ૨૬ માટે હવે તમે કોઇ ન જાણે એવી રીતે ઉત્તર દિશામાં જાઓ, કેમકે હવે પુરૂષોનાં ધૈર્ય અને ગુણોનો નાશ કરનારો કળિકાળ આવે છે.' ૨૭ એ રીતે નાનાભાઇ વિદુરે આંધળા ધૃતરાષ્ટ્ર રાજાને ઉપદેશ કર્યો તેથી જેને પોતાના ભાઇએ મોક્ષનો માર્ગ બતાવ્યો છે એવા ધૃતરાષ્ટ્ર પોતાના કુટુંબીઓ ઉપરના દૃઢસ્નેહરૂપી બંધનને તોડીને ચાલી નીકળ્યા. ૨૮ સુબળ રાજાનાં પુત્રી પતિવ્રતા અને સાધ્વી ગાંધારી પણ, જેમ યુદ્ધમાં પડતો માર ઘણો દુઃખદાયી છતાં શૂરવીરોને આનંદ આપે છે, તેમ ઘણો દુઃખવાળો છતાં મહાત્માઓને આનંદ આપનારા હિમાલય તરફ જતા ધૃતરાષ્ટ્રની પાછળ ચાલી નીકળ્યાં. ૨૯ યુધિષ્ઠિર રાજા સંધ્યાદિ કર્મ કરી અગ્નિમાં હોમ આપી તલ, ગાય, પૃથ્વી અને સોનાથી બ્રાહ્મણોનો સત્કાર કરીને ગુરૂ વંદન કરવા માટે ઘરમાં ગયા તો ત્યાં ધૃતરાષ્ટ્ર, ગાંધારી કે વિદુરને દીઠા નહિ. ૩૦ તેથી દીલગીર થઇને ત્યાં બેઠેલા સંજયને પુછયું કે 'હે સંજય! આંખે આંધળા અને વૃદ્ધ પિતા કયાં છે? ૩૧ પુત્રોના વધથી દુઃખી થયેલાં માતા ગાંધારી કયાં છે? અને અમારા પરમપ્રિય કાકા વિદુરજી કયાં ગયા? પુત્રોના નાશથી દુઃખી થયેલા ધૃતરાષ્ટ્ર મારા વિષે કૃતઘ્નીપણાની શંકા લાવીને ગાંધારી સહિત ગંગામાં પડયા કે શું? ૩૨ અમારા પિતા પાંડુરાજા મરણ પામ્યા ત્યારે અમો સર્વ નાના બાળક હતા, અમો સંબંધીઓને જેમણે ઘણા દુઃખે કરીને ઉછેરેલા તે પિતા ધૃતરાષ્ટ્ર તથા કાકા વિદુરજી કયાં ગયા? ૩૩ સૂતજી કહે છે-હે શૌનક! કૃપાથી, સ્નેહના વ્યાકુળપણાથી અને વિરહથી દુર્બળ થઇ ગયેલો સંજય પોતાના રાજા ધૃતરાષ્ટ્રને નહી જોવાથી ઘણો દુઃખી થઈ ગયો તેથી બોલી શકયો નહી. ૩૪ પછી બે હાથ વડે આંખમાંનાં આંસુ લુછી નાંખી બુદ્ધિથી મનમાં ધીરજ આણી ધૃતરાષ્ટ્રનાં ચરણોનું સ્મરણ કરતો યુધિષ્ઠિર પ્રત્યે બોલ્યો. ૩૫

સંજય કહે છે-હે કુરૂનંદન! તમારા કાકા

ધૃતરાષ્ટ્ર તથાં વિદુરના અને ગાંધારીના વિચારની મને ખબર નથી. હે મહાબાહુ ! તે મહાત્માઓએ મને પણ છેતર્યો છે. ૩૬ એ રીતે યુધિષ્ઠિર શોક કરતા હતા એટલામાં તુંબરૂને સાથે લઇને નારદજી ત્યાં આવ્યા. તેમને ઉભા થઈ આદર તથા પ્રણામ કરીને જાણે પૂજા કરતા હોય તેમ પોતાના ભાઇઓ સહિત બોલ્યા. ૩૭ યુધિષ્ઠિરકહે છે- હે ભગવાન્ ! હું મારા કાકા ધૃતરાષ્ટ તથા વિદુરજીની ગતિ જાણતો નથી કે તેઓ કયાં ગયા હશે ? અને પુત્રોના મરણથી પીડાતાં માતા ગાંધારી પણ કયાં ગયાં હશે ? આ અમારા શોક સાગરથી પાર ઉતારનાર તમેજ છો. ૩૮ એ સાંભળી મુનીશ્વર નારદજી બોલ્યા કે હે રાજા ! આ જગત્ ઇશ્વરને આધીન છે માટે તમે કોઇનો પણ શોક ન કરશો. ૩૯ જે ભગવાનને લોકપાળ સહિત સર્વ લોકો બળિદાન આપે છે તેજ ભગવાન પ્રાણીઓને એકઠાં મેળવે છે અને જુદાં પાડે છે ૪૦ જેમ નાકમાં નાથ ઘાલી દોરાથી બાંધેલા બળદ પોતાના ધણીનું કામ કરે છે, તેમ ઈશ્વરની આજ્ઞારૂપ નાથથી નાથેલા અને વેદવાણીરૂપ દોરીથી બંધાયલા મનુષ્ય ઈશ્વરને બળિદાન આપે છે. ૪૧ જેમ આ જગતમાં રમકડાંનું ભેળું થવું અને જાદું પડવું એ રમત રમનારની ઈચ્છાથી થાય છે, તેમ મનુષ્યોના સંયોગ વિયોગ ઇશ્વરની ઈચ્છાથી થાય છે. ૪૨ કદાચ તમે મનુષ્યને જીવરૂપે ધ્રુવ અને દેહરૂપે અધ્રુવ માનતા હો અથવા શુદ્ધ બ્રહ્મરૂપે ધ્રુવ ને અધ્રુવ બેય માનતા હો, તોપણ એ ચારે પક્ષમાં મોહથી થયેલા સ્નેહ વિના કોઇ પણ રીતે શોક કરવો યોગ્ય નથી. કેમકે શોકનું કારણ સ્નેહ છે અને સ્નેહનું કારણ અજ્ઞાન છે. ૪૩ માટે હે યુધિષ્ઠિર ! અનાથ ગરીબ અને વનમાં વસતાં ધૃતરાષ્ટ્ર વિગેરે ' મારા વિના શું કરશે ' એવી અજ્ઞાનતાથી થયેલી મનની વિકળતાનો તમે ત્યાગ કરો. ૪૪ સાપે ડસેલો મનુષ્ય જેમ બીજાના રક્ષા કરી શકતો નથી, તેમ કાળ કર્મ અને ગુણોને આધીન રહેલું પંચ ભૂતનું આ શરીર બીજાની રક્ષા શીરીતે કરી શકે ? ૪૫ જુઓ, હાથવાળાં પ્રાણીઓને હાથ વગરનાં પ્રાણી જીવિકા છે. ચોપગા પ્રાણીઓની પગ વગરનાં પ્રાણી જીવિકા છે અને મોટાં પ્રાણીઓની નાનાં પ્રાણીઓ જીવિકા છે. એ પ્રમાણે સર્વ પ્રાણીઓને જીવવાનું સાધન પ્રાણીઓ જ છે. ૪૬ હે રાજા ! હાથવાળાં અને હાથ વિનાનાં પ્રાણીઓરૂપ આ જગત પોતાની મેળે સર્વના સાક્ષી શ્રીભગવાનનુંજ સ્વરૂપ છે, તે ભગવાન સર્વ ભોગ ભોગવનારાઓના આત્મારૂપ એકજ છે, તોપણ ભોગરૂપે અને ભોક્તા રૂપે બહાર અને અંદર જુદા જુદા જણાય છે. એવી રીતે માયાએ કરીને જે અનેક રૂપે ભાસે છે તેને તમે જુઓ. ૪૭ હે મહારાજ ! પ્રાણીઓને પેદા કરનાર એજ ભગવાન દૈત્યોના નાશને માટે પૃથ્વી ઉપર હાલમાં કાળરૂપે અવતર્યા છે. ૪૮ તેમણે દેવતાઓનું કાર્ય તો ઘણું ખરૂં સિદ્ધ કર્યું છે અને બાકી રહેલું (યદુ કુળના નાશનું) કામ થવાની વાટ જુએ છે. માટે જયાં સુધી ભગવાન બિરાજે છે ત્યાં સુધીમાં જે થાય તે જોયા કરો. ૪૯ ધૃતરાષ્ટ્ર રાજા તો પોતાના ભાઈ વિદુર અને પોતાના સ્ત્રી ગાંધારી સહિત હિમાલયની દક્ષિણે આવેલા ઋષિઓના આશ્રમમાં ગયા છે. ૫૦ એ આશ્રમમાં સપ્ત ઋષિઓને પ્રસન્ન કરવા માટે જુદા જુદા સાત પ્રવાહથી ગંગાજી વહે છે, એ જગા સપ્તસ્રોત કહેવાય છે. ૫૧ ત્યાં તેઓ સ્નાન કરી વિધિ પ્રમાણે અગ્નિમાં હોમ આપે છે અને પાણીનો આહાર કરી શાંત ચિત્તથી રહે છે. તેમણે હવે પુત્ર, ધન વિગેરેની ઈચ્છાઓ છોડી દીધી છે. ૫૨ આસન જીતી, શ્વાસ રોકી, છએ ઇંદ્રિઓને વશ કરી હરિભગવાનની ધારણાથી સત્વ, રજ અને તમોગુણરૂપ મળનો ત્યાગ કરી, દેહાભિમાની મનને સ્થૂળ દેહથી જુદો પાડીને વિશેષ જ્ઞાનમય જીવાત્મામાં લય કર્યો છે તથા જીવાત્માને જીવાત્માપણાના અંશમાંથી જુદો પાડીને તેને ક્ષેત્રજ્ઞ (દ્રષ્ટા)માં જોડી દીધો છે અને દ્રષ્ટાત્માને દ્રષ્ટાપણાના અંશમાંથી જુદો પાડીને આધારરૂપ

પરબ્રહ્મમાં, જેમ ઘટાકાશને ઘટોપાધિથી જુદો કરી મહાકાશમાં લીન કરવામાં આવે છે, તેમ લીન કર્યો છે. એટલે હું આત્મા નથી પણ પરબ્રહ્મ છું એમ જાણ્યું છે. ૫૩-૫૪ તેમણે માયાના ગુણોની વાસનાનો નાશ કરી નાંખેલો છે, ઇંદ્રિઓ તથા અંતઃકરણને વશ કરેલાં છે તેથી ઇંદ્રિઓના વિષયની આસક્તિ જતી રહી છે અને પર્વતની પેઠે સ્થિર થઈને બેઠા છે.. હે રાજા! તેમણે સર્વ કર્મોનો ત્યાગ કરેલો છે. તેમને વિઘ્ન કરવું ન જોઇએ. ૫૫ હે રાજન્! તે આજથી પાંચમે દિવસે દેહ ત્યાગ કરશે અને બળીને ભસ્મ થઇ જશે. ૫૬ પર્ણકુટીની સાથે યોગાગ્નિથી ધૃતરાષ્ટ્રનો દેહ બળવા માંડયાથી બહાર બેઠેલાં પતિવ્રતા ગાંધારી પણ પતિની પાછળ અગ્નિમાં પ્રવેશ કરશે. ૫૭ હે કુરુનંદન! એ આશ્ચર્ય જોઇને શોક અને હર્ષ પામતા વિદુરજી પણ ત્યાંથી તીર્થયાત્રા કરવા જશે. ૫૮ એ પ્રમાણે કહીને તુંબરૂ સહિત નારદજી સ્વર્ગમાં પધાર્યા અને યુધિષ્ઠિરે તેમનાં વચનો હૃદયમાં ઉતારીને શોક કરવો છોડી દીધો. ૫૯

इत्युक्त्वाथारुहत्स्वर्गं नारदः सहतुम्बरुः ॥
युधिष्ठिरो वचस्तस्य हृदि कृत्वाजहाच्छुचः ॥६०॥

ઇતિશ્રી ભાગવત મહાપુરાણે પ્રથમસ્કંધે 'ધૃતરાષ્ટ્ર મોક્ષ' વર્ણન નામે તેરમો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૪ મો.

અનેક અપશુકનોથી યુધિષ્ઠિરને થયેલી શંકા અને દ્વારકાથી આવેલા અર્જુનને ઉદાસ જોઇને તેને પૂછેલા પ્રશ્નો.

सूत उवाच.

संप्रस्थिते द्वारकायां जिष्णौ बन्धुदिदृक्षया ॥
ज्ञातुं च पुण्यश्लोकस्य कृष्णस्य च विचेष्टितम् ॥

સૂતજી કહે છે—હે શૌનક! પવિત્ર કીર્તિવાળા શ્રીકૃષ્ણનાં ચરિત્રો જાણવાને તથા સગાં સંબંધીઓને મળવાને માટે અર્જુન દ્વારકા ગયા હતા. ૧ તેને ઘણાક મહિના વીતી ગયા પણ તે પાછા આવ્યા નહીં, અને કુરુકુળમાં શ્રેષ્ઠ યુધિષ્ઠિર ઘણા ભયંકર ઉત્પાત દેખવા લાગ્યા. ૨ ઋતુઓના ધર્મ ફરી ગયેલા એવા કાળની વિપરીત ગતિ જોવામાં આવી, લોકો ક્રોધી, લોભી અને જુઠા થવા લાગ્યા, તેઓની આજીવિકા પાપી જોવામાં આવી. ૩ વ્યવહાર કપટ ભરેલો થઇ ગયો, સ્નેહીપણું શઠતા સાથે મળી ગયું, પિતા, માતા, સંબંધીઓ, ભાઇઓ અને ધણીધણીઆણીમાં કલહ થતો જોવામાં આવ્યો. ૪ આ પ્રમાણે અત્યંત અશુભ સૂચક અપશુકનો થતા જોઇને અને લોભ વગેરેથી લોકોની બુદ્ધિ અધર્મવાળી થઇ ગયેલી જોઇને યુધિષ્ઠિરે ભીમસેનને કહ્યું કે-૫ હે ભીમસેન! પવિત્ર કીર્તિવાળા શ્રીકૃષ્ણનાં ચરિત્રો જાણવા સારૂ અને સગાં વાહાલાંને મળવા સારૂ અર્જુનને દ્વારકા મોકલ્યા છે. ૬ તે તમારા નાનાભાઇ અર્જુનને અહીંથી ગયાને સાત માસ વીતી ગયા, તોપણ હજી તે શા કારણથી નહી આવ્યા તે સમજવામાં આવતું નથી.

૭ જે ભગવાનના પ્રતાપથી આપણને સંપત્તિ મળી, જેના પ્રતાપે રાજ્ય મળ્યું, જેના પ્રતાપે સ્ત્રીઓ મળી, જેના પ્રતાપે જીવતા રહ્યા, જેના પ્રતાપે કુળવાન કહેવાયા, જેના પ્રતાપે પ્રજાવાળા થયા, જેના પ્રતાપથી શત્રુઓને હરાવ્યા, અને જેના પ્રતાપથી લોક મળ્યા; તે શ્રીકૃષ્ણ ભગવાન ક્રીડા કરવાના સાધનરૂપ મનુષ્ય દેહનો ત્યાગ કરવાનો દેવર્ષિ નારદે કહેલો સમય આવી પહોંચ્યો કે શું? ૮-૯ હે મનુષ્યમાં વાઘ રૂપ! બુદ્ધિને મોહ પમાડે એવા, પાસે આવેલો ભય બતાવનારા પૃથ્વી, આકાશ અને દેહ સંબંધી દારૂણ ઉત્પાત થાય છે તે જો. ૧૦ હે ભાઈ! મારી ડાબી સાથળ આંખ અને ભુજા વારંવાર ફરકે છે અને હૃદય કંપે છે તેથી મને એમ લાગે છે કે થોડા વખતમાં મારૂં ભુંડું થશે. ૧૧ હે ભાઇ! આ મોઢામાંથી અગ્નિ ઝરે છે એવી શિયાળ ઉગતા સૂર્ય સામે જોઇને રૂવે છે, આ કૂતરો વગર બીકે મારા સામું જો-

ઇને રૂવે છે, ૧૨ ગાય વગેરે શ્રેષ્ઠ પશુ મારી ડાબી બાજુ તરફથી નીકળે છે અને ગધેડાં વગેરે નીચ પશુ જમણી બાજુએ ઉતરે છે. હે પુરૂષમાં વાઘ જેવા ! આ મારાં વાહનના ઘોડાઓને પણ હું રોતા દેખું છું. ૧૩ મરણ સૂચવનારો આ હોલો નઠારા શબ્દોથી જગતને ઉજાડ કરવા ઇચ્છે છે, વળી ઘુવડ અને કાગડા પણ ઉંઘ તજી દઇ મનને કંપાવે એવા નઠારા શબ્દો બોલી જગતને ઉજાડ કરવાને ઇચ્છતા જણાય છે. ૧૪ સર્વ દિશાઓમાં અંધારૂં થઈ ગયું છે, સૂર્યની આસપાસ કુંડાળું દેખાય છે, પર્વતો સહિત પૃથ્વી કંપે છે, વાદળાં વગર કડાકા તથા વીજળીઓ થાય છે. ૧૫ વાયુ ધૂળ ઉડાડી આકાશમાં અંધારૂં કરી મુકે છે, ચીતરી ચડે એવો ચોતરફ લોહીનો વરસાદ વરસે છે. ૧૬ સૂર્ય નિસ્તેજ થઈ ગયો છે, આકાશમાં ગ્રહો સામ સામા અથડાય છે, ભૂતો સહિત રૂદ્રના ગણોથી પૃથ્વી અને આકાશ બળતાં દેખાય છે. ૧૭ નદીઓ, નદ, તળાવો અને મનુષ્યોનાં મન ખળભળી રહ્યાં છે, અગ્નિ ઘીથી પણ સળગતો નથી: આવો વિપરીત કાળ કોણ જાણે શું કરશે ! ૧૮ વાછરડાં ધાવતાં નથી, તેની માતાઓના આંચળમાંથી દૂધ ઝરતું નથી, વ્રજની ગાયો આંખોમાં આંસુ આણીને રૂવે છે, બળદો ઉદાસ થઈ ગયા છે. ૧૯ દેવતાઓની મૂર્ત્તિઓ જાણે રડતી હોય, તેને જાણે પરશેવો વળ્યો હોય અને તે જાણે હાલતી ચાલતી હોય એમ લાગે છે. આ દેશો, નગરો, ગામડાંઓ, બગીચાઓ ખાણો અને આશ્રમો શોભા વગરનાં તથા આનંદ વગરનાં થઇ ગયાં છે. એ સર્વ આપણને શું દુઃખ સૂચવે છે તે સમજવામાં આવતું નથી. ૨૦ આ મોટા ઉત્પાતોથી મને લાગે છે કે પૃથ્વી બીજા માણસમાં ન હોય એવી શોભાવાળા શ્રી કૃષ્ણ ભગવાનનાં ચરણ કમળ વગરની થઈ છે. ૨૧ હે શૌનકાદિક બ્રાહ્મણો ! આ પ્રમાણે અપશુકનોથી યુધિષ્ઠિર મનમાં ચિંતા કરતા હતા એટલામાં અર્જુન દ્વારકાથી આવી પોહોંચ્યા. ૨૨ અત્યંત ચિંતાતુર, નીચું મોઢું કરી નેત્ર કમળમાંથી આંસુ પાડતા અર્જુન યુધિષ્ઠિરને પગે લાગ્યા. ૨૩ નાનાભાઈ અર્જુનને નિસ્તેજ જોઈ મનમાં ખેદ પામી નારદે કહેલાં વચનો સંભારીને યુધિષ્ઠિર સર્વેની વચ્ચે બોલ્યા. ૨૪

યુધિષ્ઠિર કહે છે—હે ભાઇ અર્જુન ! દ્વારકામાં આપણાં સગાં સંબંધીઓ મધુ, ભોજ, દશાર્હ, અર્હ, સાત્વત, અંધક અને વૃષ્ણિકુળના યાદવો કુશળ છે? ૨૫ આપણા, પુજ્ય વડવા સૂરસેનજી કુશળ છે? ભાઇઓ સહિત મામા વસુદેવજી કુશળ છે? ૨૬ વસુદેવની દેવકી વગેરે સાત રાણીઓ કે જે પરસ્પર બેનો થાય છે અને આપણી મામીઓ થાય છે તે, તેમના પુત્રો અને પુત્રોની સ્રીઓ સર્વે કુશળ છે? ૨૭ દુષ્ટ પુત્રવાળા ઉગ્રસેનરાજા હજી જીવે છે કે કેમ? તેમના નાનાભાઈ દેવક, પુત્ર કૃતવર્મા સહિત હૃદિક, અક્રૂર, જયંત, ગદ, સારણ ૨૮ અને શત્રુજિત વગેરે કુશળ છે કે કેમ ? સાત્વત કુળનાપતિ ભગવાન બળદેવજી સુખમાં છે કે કેમ? ૨૯ સર્વે વૃષ્ણિકુળમાં મહારથી પ્રદ્યુમ્ન સુખી છે? યુદ્ધમાં મહાવેગવાળા ભગવાન અનિરૂદ્ધ સુખી છે? ૩૦ સુષેણ, ચારૂદેષ્ણ, જાંબવતીનો પુત્ર સાંબ, અને ઋષભ વગેરે ભગવાનના બીજા પુત્રો પોતાના પુત્રો સહિત કુશળ છે? ૩૧ વળી શ્રુતદેવ અને ઉદ્ધવ વગેરે ભગવાનના સેવકો, તથા નંદ અને સુનંદ વગેરે સાત્વત કુળના ઉત્તમ પુરૂષો કુશળ છે? ૩૨ વળી બળરામ અને કૃષ્ણના હાથના આશ્રયે રહેલા તથા આપણી સાથે સ્નેહ બાંધનારા બીજા સર્વે કુશળ છે? અને તે આપણું કુશળ ઇચ્છે છે? ૩૩ સ્નેહીઓથી વીંટાયેલ: ભક્ત વત્સળ બ્રહ્મણ્ય ભગવાન શ્રી કૃષ્ણ દ્વારકામાં સુધર્મા સભામાં સુખે બિરાજે છે? ૩૪ જે ભગવાનની ભુજાઓરૂપી દંડથી રક્ષણ પામતી દ્વારકાપુરીમાં શ્રેષ્ઠતા ભોગવતા યાદવો મોટા મોટા દેવતાઓની પેઠે અતિ આનંદથી ક્રિડા કરે છે, જે ભગવાનનાં ચરણકમળની સેવા રૂપ કર્મ વડે સત્યભામા વગેરે સોળ હજાર સ્રીઓ ભગવાનના બાહુબળથી યુદ્ધમાં દેવ-

તાઓને જીતીને ઈંદ્રાણીને મટે તેવા ભોગવવા યોગ્ય પારિજાતક વગેરેને જીતી લાવી, જે ભગવાનના બાહુરૂપ દંડના પ્રભાવ ઉપર જીવનારા અને સઘળી રીતે નિર્ભય એવા બળવાન યાદવો મોટા દેવતાઓને યોગ્ય બળાત્કારે સ્વર્ગમાંથી આણેલી સુધર્મા સભામાં ચરણોવડે વારંવાર ફર્યા કરેછે, તે બળદેવજી જેને સહાયં છે એવા આદિ પુરૂષ ભગવાન લોકના કલ્યાણ તથા રક્ષણને માટે અને લોકોની ઉત્પત્તિ માટે યદુકુળરૂપી સમુદ્રમાં સુખે વસે છે કે કેમ? ૩૫-૩૮ હે ભાઇ! તમે સારીપેઠે છોને? તમે નિસ્તેજ લાગોછો તેથી મને લાગે છે કે ત્યાં તમારૂં અપમાન તો થયું નથી? અથવા ત્યાં લાંબો વખત રહ્યા તેથી કોઇએ તુચ્છકાર તો કર્યો નથી? ૩૯ અથવા કોઇએ અભાવથી કઠોર શબ્દો બોલી તમારો અનાદર તો કર્યો નથી? અથવા કોઈ અર્થીને કાંઇ આપવાનું કહીને આપી નથી શક્યા? ૪૦ અથવા તમે શરણાગતને આશ્રય આપનારા છતાં શરણે આવેલા બ્રાહ્મણ, બાળક, ગાય, વૃદ્ધ, રોગી, સ્ત્રી કે બીજા કોઈ પ્રાણીનો ત્યાગ તો નથી કર્યો? ૪૧ અથવા શું ન જવા યોગ્ય સ્ત્રી પાસે તો નથી ગયા? અથવા જવા યોગ્ય સ્ત્રીને તજી તો નથી દીધી? અથવા માર્ગમાં તમારાથી શ્રેષ્ઠ કે હલકા પુરૂષે તમને હરાવ્યા તો નથી? ૪૨ અથવા પ્રથમ જમાડવા યોગ્ય બાળક અને વૃદ્ધ મનુષ્યને જમાડયા વિના તો નથી જમ્યા? અથવા અઘટિત નિંદ્યકર્મ તો નથી કર્યું? ૪૩ અથવા 'અતિ પ્રિય અને હૃદયરૂપ મારા પ્યારા ભાઈ શ્રી કૃષ્ણ વિના હું એકલો થઈ ગયો છું' એમ તમે માનોછો! જો તેમ ન હોય તો બીજા કોઈ કારણથી તમારા મનમાં પીડા થવી સંભવતી નથી. માટે જેમ હોય તેમ કહો. ૪૪

कच्चित्प्रेष्ठतमेनाथ हृदयेनात्मबन्धुना ॥
शून्योऽस्मिरहितोनित्यंमन्यसेतेऽन्यथानरुक् ॥

ઇતિ શ્રી ભાગવત મહાપુરાણના પ્રથમ સ્કંધમાં 'યુધિષ્ઠિરે અર્જુનને પ્રશ્નો પૂછ્યા' એ નામે ચૌદમો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૫ મો.

શ્રી કૃષ્ણના વિયોગથી નિસ્તેજ થયેલા અર્જુને આપેલો ઉત્તર અને વૈરાગ્યથી પાંડવોનું હિમાલય તરફ જવું.

सूतउवाच

एवं कृष्ण सखः कृष्णो भ्रात्रा राज्ञा विकल्पितः
नानाशंका स्पदंरूपं कृष्ण विश्लेष कर्शितः

સૂતજી કહે છે—હે શૌનક ઋષિ! એ રીતે અનેક તરેહની શંકા ઉપજાવે એવું અર્જુનનું સ્વરૂપ જોઇને મોટા ભાઇ યુધિષ્ઠિરે શ્રી કૃષ્ણના વિયોગથી દુર્બળ થયેલા અર્જુનને જ્યારે અનેક પ્રશ્ન પૂછ્યા, ૧ ત્યારે શોકથી મુખકમળ તથા હૃદયકમળ સૂકાઈ ગયેલો અને નિસ્તેજ થઇ ગયેલો અર્જુન શ્રી કૃષ્ણનું સ્મરણ કરતાં શોકને લીધે કાંઇ પણ ઉત્તર આપી શકયો નહી. ૨ પછી મહા કષ્ટે શોકને અટકાવી આંખમાંનાં આંસુ હાથવતી લુછી નાંખી, શ્રી કૃષ્ણ દૃષ્ટિથી દૂર થયા હતા તેથી પ્રેમથી વ્યાકુળ થયેલો અર્જુન, ૩ શ્રી કૃષ્ણે કરેલા સારથિપણાદિકમાં તેમનું શુભેચ્છકપણું, ઉપકારીપણું, તથા સંબંધીપણું સંભારતો ગદ્ગદ્ વાણીથી યુધિષ્ઠિર પ્રત્યે બોલ્યો. ૪

અર્જુન કહે છે—હે મહારાજ! બંધુરૂપ શ્રી કૃષ્ણ ભગવાને મને છેતર્યો છે તેથીજ દેવતાઓને પણ આશ્ચર્ય પમાડે એવું મારૂં તેજ જતું રહ્યું છે. ૫ ભગવાનના ક્ષણ માત્ર વિયોગથી પણ આ સર્વ લોક પ્રાણ વગરના દેહની પેઠે અપ્રિય લાગે છે. ૬ જે કૃષ્ણની સહાયતાથી દ્રુપદ રાજાને ત્યાં સ્વયંવરમાં મદોન્મત્ત રાજાઓનું તેજ હરી લીધું હતું અને ધનુષ્ય ચઢાવી મચ્છવેધ કરીને દ્રૌપદી મેળવી હતી. ૭ જે ભગવાનના આશ્રયથી મેં દેવતાઓ સહિત ઇંદ્રને જીતીને તરત અગ્નિને ખાંડવ વન આપ્યું હતું, અદ્ભૂત કારીગરીવાળી મયદાનવની સુધર્મા સભા મળી અને તમારા રાજસૂય યજ્ઞમાં રાજાઓ પાસે ભેટો અપાવી. ૮ જે ભગવાનના તેજથી દશહજાર હાથીના જેટલા બળ

વાળા, ઉત્સાહી અને પરાક્રમી એવા આપના નાના ભાઈ ભીમસેને, જેને સર્વ રાજાઓ પગે લાગે છે એવા જરાસંધને જીતી તેણે મહા ભૈરવનો યજ્ઞ કરવા સારૂ કેદ કરેલા રાજાઓને છોડાવ્યા કે જેઓ આપના રાજસૂય યજ્ઞમાં ભેટ લઈ આવ્યા હતા. ૯ વળી રાજસૂય યજ્ઞને માટે કરેલા મહા અભિષેકથી વખાણવા યોગ્ય સુંદર દ્રૌપદીના ચોટલાને સભામાં દુષ્ટ દુઃશાસન વગેરેએ છૂટો કરીને ખેંચ્યો તે વખતે સંભારતાંજ પોતે પધાર્યા અને આંસુથી ભીંજાએલા મુખવાળી દ્રૌપદી જેને પગે લાગી, અને જે શ્રી કૃષ્ણે દ્રૌપદીના કેશ ખેંચનારની સ્ત્રીઓને કેશ વિનાની (વિધવા) કરી. ૧૦ દશ હજાર શિષ્યો સહિત દુર્યોધને મોકલેલા તથા શિષ્યોની પંક્તિમાં પેહેલા બેશીને જમનારા દુર્વાસા [1]ઋષિથી થયેલા અપાર દુઃખમાંથી જે ભગવાને વનમાં પધારી અક્ષય પાત્રમાં બાકી રહેલા શાકને આરોગીને આપણું રક્ષણ કર્યું હતું અને શાકનું એક પાંદડું ખાવાથી પાણીમાં સ્નાન કરતા દુર્વાસા આદિ મુનિઓએ ત્રણે લોકને તૃપ્ત માન્યા હતા. ૧૧ જે કૃષ્ણના તેજથી યુદ્ધમાં વિસ્મય પામેલા પાર્વતી સહિત મહાદેવજીએ પોતાનું પાશુપતાસ્ત્ર મને આપ્યું હતું અને લોકપાળોએ પણ પોતાનાં અસ્ત્રો આપ્યાં હતાં અને હું આ દેહથીજ સ્વર્ગમાં ઇંદ્રનું અરધું ઇંદ્રાસન પામ્યો હતો, ૧૨ તથા સ્વર્ગમાં ફરતો હતો ત્યારે ઈંદ્રિ સહિત દેવતાઓએ નિવાતકવચ નામના દૈત્ય શત્રુનો નાશ કરવા માટે ગાંડિવ ધનુષ્ય ધરનારા અને ભગવાનના પ્રભાવવાળા મારા ભુજદંડનો આશ્રય લીધો હતો. હે યુધિષ્ઠિર ! એવા મહા સમર્થ શ્રી કૃષ્ણે આજ મને છેતર્યો. ૧૩ જે કૃષ્ણની સહાયતાથી મેં ભીષ્માદિ મોટા મોટા મઘરમચ્છ હોવાથી પાર ન ઉતરી શકાય એવા કુરૂ કુળની સેનારૂપ સમુદ્રને રથથી હું એકલોજ ઉતરી જઇને ગાયોનું ધણ શત્રુઓ લઇ જતા હતા તે પાછું વાળી લાવ્યો, અને પ્રભાવની નિશાની માટે તેઓનાં માથાં ઉપરથી પાઘડીઓ અને મુગટમણિ વગેરે ઘણું ધન લાવ્યો હતો. ૧૪ વળી હે યુધિષ્ઠિર રાજા ! મોટા મોટા રાજાઓના રથમંડળથી શોભતી ભીષ્મ, કર્ણ, દ્રોણાચાર્ય અને શલ્યની સેનામાં જે ભગવાને મારા સારથિરૂપે અગ્રેસર થઇને, કેવળ દૃષ્ટિથીજ મહા બળવાન શત્રુઓના ઉત્સાહ, શક્તિ, આયુષ્ય અને શસ્ત્રાદિકનું કુશળપણું હરી લીધું હતું. ૧૫ વળી જે ભગવાને મને પોતાની બંને ભુજાઓમાં રાખ્યો હતો તેથી દ્રોણ, ભીષ્મ, કર્ણ, અશ્વત્થામા, સુશર્મા,

[1] એક સમય દુર્વાસા ઋષિ દુર્યોધનને ત્યાં પધાર્યા, દુર્યોધને ઋષિનો સારો સત્કાર કરવાથી ઋષિ પ્રસન્ન થયા અને કહ્યું કે-હે દુર્યોધન ! વરમાગ. ત્યારે દુર્યોધને કહ્યું કે-અમારા કુળમાં મુખ્ય યુધિષ્ઠિર છે. માટે જેમ આપ દશ હજાર શિષ્ય સહિત મારે ત્યાં પધાર્યા, તેમ તેને ત્યાં પણ પધારો, પણ ક્યારે કે જ્યારે દ્રૌપદી જમી લે ત્યારે. આવાં દુર્યોધનનાં વચન સાંભળીને દશ હજાર શિષ્યો સાથે દુર્વાસા પધાર્યા. યુધિષ્ઠિરે સારો સત્કાર કર્યો, મધ્યાન્હ કર્મ કર્યા પછી ભોજનનું નિમંત્રણ કર્યું. દુર્વાસા તો શિષ્યો સહ મધ્યાન કર્મ કરવા નદી ઉપર પધાર્યા. અહીં દ્રૌપદી બહુ ચિંતા કરવા લાગ્યાં, અને ભગવાનનું સ્મરણ કર્યું. સ્મરણ કરતાં જ ભગવાન પધાર્યા, ત્યારે દ્રૌપદીએ સર્વ વાત કહી. શ્રી કૃષ્ણે દ્રૌપદીને કહ્યું કે-હે દ્રૌપદી હું ભૂખ્યો છું, માટે પ્રથમ સર્વેથી પહેલાં મને જમાડ. ત્યારે દ્રૌપદી શરમાઈ ગયાં અને કહ્યું કે-જ્યાં સુધી હું ભોજન કરતી નથી ત્યાં સુધી સૂર્યના આપેલા ચરૂમાં અન્ન ખૂટતું નથી, અને મારા જમ્યા પછી ખૂટી જાય છે. હાલમાં હું સર્વેને ભોજન કરાવી ભોજન કરી ચુકી છું. માટે હવે તો કંઈ નથી. શ્રી કૃષ્ણે વાસણ આગ્રહ પૂર્વક મંગાવ્યું. તેના ગળામાં થોડું શાક વળગી રહ્યું હતું. તે લઈ ભગવાને મુખમાં ધારણ કરી કહ્યું કે-"**વિશ્વાત્મા પ્રીયતાં હરિઃ**" ત્યાર પછી મધ્યાન્હ કર્મ કરવા ગયેલ દુર્વાસા ઋષિને બોલાવવા માણસ મોકલ્યું; પરન્તુ ત્રણ લોક તૃપ્ત થઈ જવાને લીધે, ઋષિ પણ ત્રણ લોક સાથે તૃપ્ત થઈ ગયા, ઋષિએ વિચાર્યું કે અમને ભૂખ નથી, અને યુધિષ્ઠિરને ત્યાં રાંધેલું અન્ન ખરાબ થશે. એ ભયથી દુર્વાસા શિષ્યો સહિત બારોબાર ચાલ્યા ગયા.

શલ્ય, જયદ્રથ અને બાહ્લિક વગેરેએ ફેંકેલાં કે જે ખાલી ન જાય એવાં અમોઘ અસ્ત્રો, જેમ પ્રહ્લાદને દૈત્યોનાં અસ્ત્રો કંઇ ન કરી શક્યાં તેમ મને પણ કાંઇ કરી શક્યાં નહી; તે ભગવાનથી હું છેતરાયોછું. ૧૬ મોક્ષ માટે મહાત્માઓ જેનાં ચરણ કમળને સેવે છે તે મુક્તિ આપનારા ભગવાનને મેં દુષ્ટ બુદ્ધિથી સારથિપણું કરવા માટે માગી લીધા અને જે વખતે મારા ઘોડા તરસ્યા થઈને થાકી ગયા* ત્યારે હું રથમાંથી હેઠે ઉતર્યો હતો તે વેળા શત્રુઓ રથમાં બેઠેલા છતાં પણ જે ભગવાનના પ્રતાપથી મૂઢ બની જઇ મને શસ્ત્રો મારી શકયા નહી. ૧૭ હે મહારાજ! ગંભિર, સુંદર અને મંદહાસ્યથી શોભતા ભગવાનનાં મશ્કરીનાં વાકયો તથા 'હે પાર્થ, હે અર્જુન, હે સખા, હે કુરૂનંદન' ઇત્યાદિ મધુર અને મનોહર વચનો જ્યારે હું સંભારૂંછું ત્યારે મારૂં હૃદય ભરાઇ આવે છે. ૧૮ સુવું, બેસવું, ફરવું, વાતચિત અને ભોજન વગેરે ક્રિયાઓ અમો બન્ને સાથેજ કરતા હતા, કદી કોઇ વખત તેમ નહી બનતું તો 'હે વયસ્ય! તમે બહુ સાચા બોલા છો' એમ કહીને હું મશ્કરી કરતો, ત્યારે જેમ મિત્ર મિત્રનું અને પિતાપુત્રનું બોલવું સહન કરે તેમ દુષ્ટ બુદ્ધિથી થયેલા મારા અપરાધ તે મોટા મનવાળા ભગવાન સહન કરતા હતા. ૧૯ હે યુધિષ્ઠિર! આજે હું એવા પ્રિય મિત્ર શ્રી કૃષ્ણ વિનાનો થઈ ગયોછું તેથી મારૂં હૃદય શૂન્ય થઇ ગયું છે. વળી હું શ્રી કૃષ્ણની સોળ હજાર સ્ત્રીઓની રક્ષા કરતો રસ્તામાં આવતો હતો તેટલામાં દુષ્ટ ગોવાળોએ નિર્બળ સ્ત્રીની પેઠે મને હરાવ્યો. ૨૦ હાલ મારૂં ધનુષ્ય, બાણ, રથ અને ઘોડા એ સર્વ તેના તેજ છે અને મને સર્વ રાજાઓ નમતા હતા એવો હું પણ તેજ છું; પરંતુ જેમ રાખમાં હોમેલું દ્રવ્ય, માયાવી પાસેથી મળેલી વસ્તુ અને ખારવાળી જમીનમાં વાવેલું બીજ કાંઈ ફળ આપતું નથી, તેમ ઉપર કહેલું સર્વ ભગવાનના વિયોગને લીધે પોત પોતાનું કામ કરવાને સમર્થ નથી. ૨૧ હે રાજા! તમે આપણા સગા સંબંધીઓના નગરમાં જેઓની કુશળતા પૂછોછો તે સર્વે બ્રાહ્મણના શાપથી મૂઢ બની મદિરા પી મદોન્મત્ત થઈ જાણે એક બીજાને ઓળખતાજ ના હોય તેમ અરસ્પરસ લડી મરીને નાશ પામ્યાછે. તેમાંથી ફકત ચાર પાંચ જીવતા રહ્યા છે. ૨૨–૨૩ આવી રીતે યદુકુળનો નાશ શ્રીકૃષ્ણની ઇચ્છાથીજ થયો છે, કેમકે ઇશ્વર પ્રાણીઓનું પરસ્પર પાલન કરાવે છે અને નાશ પણ કરાવે છે. ૨૪ હે રાજા! જેમ મોટા જળજંતુઓ નાનાનું ભક્ષણ કરે છે, જેમ બળવાન દુબળાને મારે છે અને મોટા તથા બળવાન જેમ એક બીજાને મારી ખાય છે, ૨૫ તેમ શ્રી કૃષ્ણે મોટા અને બળવાન યાદવોને તેમના જેવા બળવાન યાદવો સાથે વઢાડી એક બીજાથી નાશ કરાવીને પૃથ્વીનો ભાર ઉતાર્યો. ૨૬ દેશકાળને અનુકુળ અર્થવાળાં અને હૃદયના તાપને શાંત કરનારાં શ્રી કૃષ્ણનાં વચનો જ્યારે હું સંભારૂંછું ત્યારે મારૂં મન ઘણું ખેદ પામે છે. ૨૭ આ પ્રમાણે ભગવાનના ચરણ કમળનું અતિ પ્રેમથી સ્મરણ કરતા અર્જુનની બુદ્ધિ શોક વગરની તથા વૈરાગ્યવાન થઈ. ૨૮ શ્રી કૃષ્ણનાં ચરણોનું ધ્યાન કરવાથી ઉત્પન્ન થયેલી અતિ વેગવાળી ભક્તિથી અર્જુનની બુદ્ધિના કામ ક્રોધાદિક સર્વ દોષ નાશ પામ્યા. ૨૯ અને ભારતના યુદ્ધ વખતે ભગવાને આપેલું ગીતાજીનું જ્ઞાન કાળ, કર્મ તથા ભોગમાં આસક્તિને લીધે ભૂલી જવાયું હતું તે પાછું પ્રાપ્ત થયું. ૩૦ એ ગીતાજીનું બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થવાથી તેનો શોક તથા ભ્રમ ટળી ગયો. દ્વૈતની જે પ્રતીતિ છે તેજ જન્મ મરણનું કારણ છે. માટે મહાવાકયથી થયેલ અપરો-

* જયદ્રથને મારવાની પ્રતિજ્ઞા કરેલી તે વખતે યુદ્ધમાં અર્જુનના ઘોડા જળપાન વગર થાકી ગયા, ત્યારે અર્જુને રથથી નિચે ઉતરી. બાણથી પૃથ્વીને ભેદી તેમાંથી જળ કાઢી, ઘોડાઓને પાયું, તે વખત અર્જુન પૃથ્વી ઉપર ઉભો હતો; છતાં કૃષ્ણના પ્રતાપે કોઇએ તેના ઉપર શસ્ત્ર ચલાવ્યું નહોતું.

જ્ઞાનથી દ્વૈતબુદ્ધિ ટળી ગઇ, તેથી અવિદ્યાનાં કાર્ય શરીર વગેરેને મિથ્યા જાણીને મનુષ્ય જેમ જન્મ મરણથી રહિત થાય છે. તેમ અર્જુનને પણ થયું. ૩૧ ભગવાન પોતાના ધામમાં પધાર્યાની અને યદુકુળનો નાશ થયાની વાત સાંભળીને નિશ્ચય મનવાળા યુધિષ્ઠિર રાજાએ સ્વર્ગનો માર્ગ લેવાનો નિશ્ચય કર્યો. ૩૨ કુન્તાજી પણ અર્જુનના મુખથી યાદવોનો નાશ અને ભગવાન ધામમાં પધાર્યાનું સાંભળી એકાંતિક ભક્તિથી ભગવાનમાં ચિત્ત જોડીને સંસારથી મુક્ત થયાં. ૩૩ જેમ મનુષ્ય કાંટો કાઢતી વખતે તે નીકળ્યો કે તરત કાઢવા માટે લીધેલો કાંટો ફેંકી દે છે. તેમ જે શરીરથી ભગવાને ભુમિનો ભાર ઉતાર્યો તે શરીરનો પણ ત્યાગ કર્યો, કારણ કે ભગવાનને તો પૃથ્વીના ભારરૂપ શરીર અને યાદવરૂપ શરીર એ બન્ને સમાન એટલે નાશ કરવા યોગ્ય હતાં. ૩૪ જેમ નટ અનેક વેશ ધરીને પછી તેનો ત્યાગ કરે છે તેમ ભગવાને જે શરીરથી પૃથ્વીનો ભાર ઉતાર્યો તે શરીરનો ત્યાગ કર્યો. ૩૫ જેની કથા સાંભળવા યોગ્ય છે એવા શ્રી કૃષ્ણે જે દિવસે આ પૃથ્વીનો પોતાના શરીરથી ત્યાગ કર્યો તે દિવસથી અજ્ઞાની લોકોને અધર્મમાં પ્રવૃત્તિ કરાવનાર કળિયુગ બેઠો છે. ૩૬ ડાહ્યા યુધિષ્ઠિરે નગરમાં, રાજ્યમાં અને ઘરોમાં, લોભ, જુઠાણું કપટ અને હિંસા વગેરે અધર્મની સેનાસહિત કળિયુગ બેઠેલો જોઇને પોતે સ્વર્ગમાં જવાનો વેશ ધારણ કર્યો. ૩૭ પોતાના જેવાજ ગુણોવાળા પોતાના પૌત્ર પરીક્ષિતને સમુદ્ર સુધી પૃથ્વીનો પતિ કરવાને હસ્તીનાપુરમાં રાજ્યાભિષેક કર્યો. ૩૮ એજ રીતે મથુરામાં પણ અનિરૂદ્ધના પુત્ર વજ્રને શૂરસેન દેશનો પતિ કર્યો. પછી પ્રાજાપત્યે ઇષ્ટિ કરીને ધર્મ રાજાએ અગ્નિનું પાન કર્યું ૩૯ પછી ત્યાં આગળ પોતાનાં રેશમી વસ્ત્ર અને કડાં વગેરે આભૂષણોનો ત્યાગ કરી અહંતા તથા મમતા દૂર કરી સર્વ ઉપાધિથી રહિત થયા. ૪૦ પછી તેમણે ઇંદ્રિઓનો મનમાં, મનનો પ્રાણમાં, પ્રાણનો અપાનમાં, અપાનનો મૃત્યુમાં અને મૃત્યુનો પંચ મહા ભૂતમાં લય કર્યો. ૪૧ વળી પંચ મહાભૂતનો ત્રણ ગુણમાં, ત્રણ ગુણનો એક અવિદ્યામાં, સર્વ આરોપના મૂળરૂપ અવિદ્યાનો જીવમાં અને જીવનો પરબ્રહ્મમાં લય કર્યો. ૪૨ પછી પોતે ફાટેલાં લૂગડાં પેહેરી, આહાર તજી દઇ, મૌન ધરી, છૂટા કેશ મૂકીને જડ, ઉન્મત્ત તથા પિશાચના જેવું પોતાનું રૂપ દેખાડતા, ૪૩ કોઈની પણ વાટ નહી જોતાં તથા બેહેરાની પેઠે કોઇનું પણ કહેવું નહી સાંભળતાં મનમાં પરમાત્માનું સ્મરણ કરતા કરતા મહાત્માઓએ પૂર્વે સેવેલી એવી ઉત્તર દિશા તરફ ચાલ્યા. એ દિશામાં ગયેલો મનુષ્ય પાછો આ જગતમાં આવતો નથી. ૪૪ પૃથ્વી ઉપર સર્વ પ્રજામાં અધર્મના મિત્ર કળિએ પ્રવેશ કરેલો જોઇને યુધિષ્ઠિરની પાછળ નિશ્ચય બુદ્ધિવાળા તેમના ભાઇઓ પણ ચાલ્યા. ૪૫ ધર્મ આદિ પુરૂષાર્થો સારી રીતે સાધનારા એ પાંડવો શ્રી કૃષ્ણના ચરણ કમળને પોતાનું આત્યંતિક શરણ માનીને તેનું મનમાં ધ્યાન કર્યું. ૪૬ એ ધ્યાનથી વધેલી ભક્તિવડે થયેલી શુદ્ધ બુદ્ધિવાળા અને પાપરહિત અંતઃકરણવાળા સર્વ પાંડવો શ્રી નારાયણનાં ચરણારવિંદમાં એકાગ્ર બુદ્ધિ કરીને જે ગતિને વિષયી પુરૂષો પામી શકતા નથી તેવી શુદ્ધ બુદ્ધિવાળા પુરૂષોએ પામવાયોગ્ય ગતિને પામ્યા. ૪૭-૪૮ આત્મજ્ઞાની વિદુરજી પણ પ્રભાસમાં દેહ ત્યાગ કરી શ્રીકૃષ્ણમાં મન સ્થિર કરવાથી તે રૂપ થઇ ગયા અને પોતાના પિતૃ સાથે પોતાના અધિકાર ઉપર (યમલોકમાં) ગયા. ૪૯ પોતાના પતિઓને દેહની દરકાર નહી રાખતાં ચાલ્યા જતા જોઇને દ્રૌપદી પણ વાસુદેવ ભગવાનમાં મતિ જોડીને તેને પામ્યાં. ૫૦ કલ્યાણકારી અને પવિત્ર એવું ભગવાનના પ્રિય પાંડવોનું સ્વર્ગારોહણ જે લોકો શ્રદ્ધાથી સાંભળે તે ઇશ્વરની ભક્તિ પામીને સિદ્ધિને પામે છે. ૫૧

यःश्रद्धयैतद्भगवत्प्रियाणां

पाण्डोः सुतानामिति संप्रयाणम्
श्रृणोत्यलं स्वस्त्ययनं पवित्रं
लब्ध्वाहरौ भक्ति मुपैति सिद्धिम् ॥

ઇતિશ્રી ભાગવત મહાપુરાણના પ્રથમ સ્કંધનો ' પાંડવ સ્વર્ગારોહણ ' નામનો ૧૫ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૬ મો.

(કળીથી પીડાતી પૃથ્વી તથા ધર્મનો સંવાદ અને ત્યાં પરીક્ષિતનું જવું.)

सूतउवाच.

ततः परीक्षिद् द्विजवर्य शिक्षया ।
महीं महा भागवतः शशास ह ॥
यथा हि सूत्यामभि जात कोविदाः ।
समादिशन्विप्रमहद्गुणस्तथा ॥ १ ॥

સૂતજી કહે છે—હે શૌનકઋષિ ! જાત કર્મમાં કુશળ બ્રાહ્મણોએ કહ્યું હતું તેવી રીતે મહા ઉત્તમ ગુણવાળા અને ભગવાનના ભક્ત પરીક્ષિત રાજા ઉત્તમ બ્રાહ્મણોના ઉપદેશ પ્રમાણે પૃથ્વીનું રાજ્ય કરવા લાગ્યા. ૧ એ પરીક્ષિત રાજા ઉત્તરાના ભાઇ ઉત્તર રાજાની ઈરાવતી નામની પુત્રી સાથે પરણ્યા, તેને જન્મેજયાદિ ચાર પુત્ર થયા. ૨ વળી પરીક્ષિતે ગંગાકાંઠે કૃપાચાર્યને ગુરૂ કરીને મોટી દક્ષિણાવાળા ત્રણ અશ્વમેધ યજ્ઞ કર્યા, એ યજ્ઞમાં દેવતાઓ પ્રત્યક્ષ હાજર થઈ દર્શન આપતા હતા. ૩ એ શૂરવીર પરીક્ષિતે દિગ્વિજય કરતાં એકવાર રાજાનાં ચિન્હ ધારણ કરેલા શૂદ્રરૂપ કળિયુગને ગાય તથા બળદને પગવતી લાતો મારતાં દીઠો. ૪

શૌનક કહે છે—પરીક્ષિત રાજાએ દિગ્વિજયમાં કળિયુગને શા માટે પકડી લીધો તથા પગવતી ગાયને લાત મારનાર રાજચિન્હ ધારણ કરેલો એ નીચ શૂદ્ર કોણ હતો ? ૫ હે સૂતજી ! જો એ કથા ભેગી શ્રી કૃષ્ણની કથા આવતી હોય તો તે કહો. કેમકે ભગવાનનાં ચરણ કમળના રસને ઇચ્છનારા સત્પુરૂષોને આયુષ્યનો ખોટો ઉપયોગ થાય એવી મિથ્યા વાતો કરવાનું શું કારણ છે ? ૬ હે સૂતજી ! ટુંકા આયુષ્યવાળા તથા જરૂર મરનારાજ છે છતાં જે મોક્ષને ઇચ્છેછે તે પુરૂષોના સમર્થ મૃત્યુરૂપ ભગવાન યમને અહીં યજ્ઞમાં પશુ મારવાના કર્મ માટે બોલાવ્યા છે. ૭ તે જ્યાં સુધી અહીં રહ્યા છે ત્યાં સુધી કોઇ મરતું નથી, એટલા માટેજ મહાત્મા ઋષિઓએ ભગવાન યમરાજને અહીં બોલાવ્યા છે. અહા ! આ મનુષ્ય લોકમાં હરિકથા રૂપી અમૃતનું પાન રૂડી રીતે પીવાય છે. ૮ ટુંકા આયુષ્યવાળા તથા મંદ બુદ્ધિવાળા દરિદ્રી પુરૂષનું આયુષ્ય રાતે ઉંઘમાં વહી જાય છે અને દિવસે નકામાં કામો કરવામાં વહી જાય છે. ૯

સૂતજી કહે છે—યુદ્ધ કરવામાં કુશળ એવા પરીક્ષિત રાજાએ જ્યારે પોતાની સેનાથી રક્ષાતા કુરૂ તથા જાંગલ દેશમાં કળિયુગે પ્રવેશ કર્યાની અપ્રિય વાત સાંભળી ત્યારે તેણે તરત હાથમાં ધનુષ્ય લીધું. ૧૦ પછી સારા સુશોભિત શ્યામ ઘોડાવાળા અને સિંહના ચિન્હ વાળી ધ્વજા વાળા સુંદર રથમાં બેશી રથ, ઘોડા, હાથી અને પાયદળ યુક્ત ચતુરંગીણી સેના સાથે લઈ દિગ્વિજય કરવાને નીકળ્યા. ૧૧ તેમણે ભદ્રાશ્વ, કેતુમાલ, ભારત, ઉત્તરકુરૂ અને કિંપુરૂષ વગેરે દેશો જીતીને ત્યાંના રાજાઓ પાસેથી કર લીધો. ૧૨ સર્વ ઠેકાણે શ્રી કૃષ્ણનો મહિમા સૂચવનારો પોતાના પૂર્વજ મહાત્માનો યશ, અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રના તેજથી ભગવાને કરેલું પોતાનું રક્ષણ, યાદવો અને પાંડવોનો પરસ્પર સ્નેહ તથા તેઓની શ્રી કૃષ્ણને વિષે થયેલી ભક્તિ વગેરે સાંભળવામાં આવ્યું. ૧૩-૧૪ તેથી ઘણા સંતુષ્ટ થઈ પ્રીતિથી પ્રફુલ્લિત થયેલાં નેત્રવાળા પરીક્ષિતે ઉદારતાથી લોકોને મૂલ્યવાન વસ્ત્રો, અત્યંત ધન અને હાર આપ્યા. ૧૫ વળી જે ભગવાનને સઘળું જગત નમે છે એવા શ્રી કૃષ્ણ પરમાત્માએ પોતાની ભક્તિ કરનારા પાંડવોનું સારથિપણું, સભામાં અધ્યક્ષપણું, મન રાખવું, મિત્રતા, દૂતપણું, રાતે હાથમાં તરવાર લઇને ચોકી કરવા માટે જા-

ગણું, સ્તુતિ તથા પ્રણામ કરવા એ વિગેરે કામ કર્યાં. એવી વાત જ્યારે પરીક્ષિત રાજાએ સાંભળી ત્યારે તેને ભગવાન ઉપર ઘણો ભક્તિભાવ થયો. ૧૬ વળી પોતાના પૂર્વજોની વૃત્તિ પ્રમાણે ચાલનારા પરીક્ષિત રાજાપાસે એક આશ્ચર્યકારક બનાવ બન્યો તે હું કહું છું, સાંભળો. ૧૭ એક પગથી ચાલતો ધર્મરૂપ બળદ, બાળક મરી ગયાથી આંસુવાળા મુખથી રડતી માતાની પેઠે નિસ્તેજ થયેલી અને ગાયનું રૂપ ધારણ કરેલી પૃથ્વીને પૂછવા લાગ્યો કે ૧૮ "હે કલ્યાણી! તું કુશળ છે? તારી કાન્તિ ઝાંખી થઇ ગઇ છે અને મોઢું કરમાઇ ગયું છે તેથી મને લાગે છે કે તારા મનમાં કાંઇક દુઃખ છે, અથવા કોઇ દૂરના સગાનો શોક કરેછે. ૧૯ અથવા હે પૃથ્વીમાતા? મારા ચાર પગમાંથી માત્ર એક પગ રહેવાથી તું મારો શોક કરે છે? અથવા હવેથી તને શૂદ્રલોક ભોગવશે એમ જાણીને શોક કરે છે? અથવા યજ્ઞો બંધ પડવાથી દેવતાઓને મળતા યજ્ઞના ભાગ બંધ પડ્યા તેનો શોક કરે છે? અથવા વરસાદ નહી વરસવાથી દુઃખી થતી પ્રજાનો શોક કરે છે? ૨૦ અથવા હે પૃથ્વી! સ્ત્રીઓની રક્ષા તેમના પતિ કરતા નથી તે માટે, અથવા માબાપ પોતાનાં છોકરાંનું પાલન નહી કરતાં તેઓને રાક્ષસની પેઠે મારે છે તે માટે, અથવા દુષ્ટ બ્રાહ્મણોના કુળમાં રહેલી શુદ્ધ વિદ્યાનો, કિંવા બ્રાહ્મણોને નહી માનનારા રાજાઓ પાસે નોકર રહેલા બ્રાહ્મણોનો શોક કરે છે? ૨૧ અથવા કળિયુગથી ભ્રષ્ટ થયેલા નીચ ક્ષત્રીઓનો શોક કરે છે? અથવા એવા ક્ષત્રીઓએ ખરાબ કરેલા દેશોનો શોક કરે છે? અથવા ગમે ત્યાં ખાનારા, પીનારા, ન્હાનારા, મૈથુન કરવામાં તત્પર રહેનારા અને ઉદ્ધત વસ્ત્રો પેહેરનારા જીવોનો શોક કરે છે? ૨૨ અથવા હે પૃથ્વી માતા! તારો અત્યંત ભાર ઉતારવાને અવતરેલા શ્રી કૃષ્ણ તને તજીને સ્વધામ પધાર્યા તેથી મોક્ષ કરતાં પણ અધિક સુખ આપનારાં તેમનાં ચરિત્રો સાંભળ્યાથી શોક કરે છે? ૨૩ અથવા તો હે પૃથ્વી! મહાબળવાન કાળે દેવતાઓએ પૂજેલી તારી સૌંદર્યતા હરી લીધી છે? કે જેથી તું દુબળી થઈ ગઇ છે. તે તારા દુઃખનું કારણ મને કહે. ૨૪

પૃથ્વી કહેછે-હે ધર્મ! તમે મને જે જે પૂછોછો, તે સર્વ તમે જાણોછો. કેમકે લોકોને સુખ આપનારા તમે ચાર પગથી ફરોછો. ૨૫ સત્ય, પવિત્રપણું, દયા, ક્ષમા, ત્યાગ, સંતોષ, સરળતા, શાંતિ, દમ, તપ, સમતા, સહનશીલતા, ઉપરામ (નફા નુકશાનથી હર્ષ શોક ન થવો તે) શાસ્ત્રવિચાર, ૨૬ આત્મજ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય, શૌર્ય, તેજ, બળ, સ્મૃતિ, સ્વતંત્રપણું કુશળપણું, કાન્તિ, ધૈર્ય, નમ્રતા, ૨૭ વડાઈ, વિનય, સુશીલતા, મનોબળ, ઇંદ્રિયબળ, ભોગ ભોગવવાની યોગ્યતા, ગંભીરતા, સ્થિરતા, આસ્તિકપણું, કીર્તિ, પૂજ્યપણું અને નિરભિમાનીપણું, ૨૮ એ સર્વ તથા બીજા મોટા ગુણો જે ભગવાનમાં નિત્ય રહેલા છે તે કદી નાશ પામતા નથી. તથા મોટાઈની ઇચ્છા રાખનારા પુરૂષો જે ગુણો ઇચ્છે છે, ૨૯ તે ગુણોના પાત્ર અને લક્ષ્મીના નિવાસ રૂપ ભગવાનથી રહિત થયેલા તથા પાપી કળિયુગ જેના તરફ નજર કરે છે તે લોકનો હું શોક કરૂંછું. ૩૦ તેમજ હું મારો, દેવોમાં શ્રેષ્ઠ એવા તમારો, દેવોનો, પિતૃઓનો, ઋષિઓનો, સત્પુરૂષોનો અને વર્ણાશ્રમનો પણ શોક કરૂંછું. ૩૧ લક્ષ્મીનાં કૃપા કટાક્ષ પોતાની ઉપર પડે એવી ઇચ્છાથી બ્રહ્માદિક દેવતાઓએ ઘણા દિવસ તપ કર્યું હતું. એવી રીતે મોટા મોટા દેવોએ જેનો આશ્રય કરેલો છે એવાં લક્ષ્મી પણ પોતાના કમળના નિવાસને તજીને ભગવાનનાં ચરણારવિંદ પ્રીતિથી સેવે છે, ૩૨ તે ભગવાનનાં કમળ, વજ્ર, અંકુશ અને ધ્વજાનાં ચિન્હોવાળા શોભાયમાન ચરણારવિંદથી હું શોભતી હતી અને તેમનાથીજ હું સમૃદ્ધિ પામીને ત્રણેલોક કરતાં વિશેષ દીપતી હતી; પરંતુ મારામાં ગર્વ આવેલો જાણીને ભગવાને મારો ત્યાગ કર્યો. ૩૩ વળી દૈત્યવંશી રાજાઓની સો અક્ષૌહિણી સેનાનો મારા ઉપર ભાર હતો તેનો પણ સ્વતંત્ર

ભગવાને નાશ કર્યો હતો. વળી તમે ત્રણ પગ ભાગી જવાથી દુઃખી થતા હતા તેથી તમારા ચારે પગ સંપૂર્ણ કરવાને માટે ભગવાને યાદવ કુળમાં સુંદર શરીર ધારણ કર્યું હતું. ૩૪ વળી પ્રેમયુક્ત જોવાથી સુંદર હસવાથી તથા મધુર વચનથી મધુકુળની સ્ત્રીઓનાં માન તથા ધીરજ હરી લેતા હતા, તથા જેમના ચરણ કમળના સ્પર્શથી મારા અંગનાં રૂવાડાં ખડાં થતાં હતાં એવા શ્રી પુરૂષોત્તમ ભગવાનનો વિરહ કઇ સ્ત્રી સહન કરી શકે? ૩૫ આ પ્રમાણે પૃથ્વી તથા ધર્મ વચ્ચે વાતચિત થતી હતી એટલામાં રાજાર્ષિ પરીક્ષિત પૂર્વ તરફ વેહેતી સરસ્વતીને કાંઠે આવી પ્રોહોચ્યા. ૩૬

तयोरेवं कथयतोः पृथिवीधर्मयोस्तदा ॥
परीक्षिन्नामराजर्षिः प्राप्तः प्राचीं सरस्वतीम् ।

ઇતિશ્રી ભાગવત મહાપુરાણે પ્રથમ સ્કંધે 'પૃથ્વી ધર્મ સંવાદ' નામે સોળમો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૭ મો.

(પરીક્ષિત રાજાએ કળિયુગને કરેલી શિક્ષા.)

सूतउवाच

तत्रगोमिथुनंराजा हन्यमानमनाथवत् ॥
दण्डहस्तं च वृषलं ददृशे नृपलांछनम् ॥

સુતજી કહે છે-હે શૌનક! ત્યાં આગળ પરીક્ષિત રાજાએ, જેણે રાજચિન્હ ધારણ કરેલું છે તથા જેના હાથમાં લાકડી છે એવા એક શૂદ્રને અનાથ ગાય તથા બળદને મારતાં દીઠો. ૧ કમળના દાંડા સરખા ધોળા રંગનો બળદ શુદ્રના મારથી ભય પામી મૂતરી પડતો હતો ને એક પગે ઉભો ઉભો ધ્રૂજતો હતો. ૨ વળી હોમમાં ઉપયોગી દૂધ આપનારી, ભુખને લીધે ઘાસની ઇચ્છા રાખતી અને શરીરે દૂબળી થઈ ગયેલી ગરીબ ગાયને પણ તે શૂદ્ર લાતો મારતો હતો. ૩ તેને જોઇને સોનેરી સાજવાળા રથમાં બેઠેલા અને ચઢાવેલા ધનુષ્યવાળા પરીક્ષિત રાજાએ મેઘની ગર્જના જેવી ગંભીર વાણીથી એ રાજચિન્હવાળા શૂદ્રરૂપ કળિને પૂછ્યું કે–૪ મારે શરણે રહેલા આ લોકમાં આ બિચારી દુર્બળ ગાયને બળાત્કારે મારમાર્યો તું કોણ છે? નટની પેઠે તારો વેશ રાજાના જેવો ધરેલો છતાં શુદ્રના જેવું કામ કરે છે. ૫ અર્જુન સહિત શ્રી કૃષ્ણ ભગવાન દૂર સ્વધામ પધારી ગયા છે તેથી તું નિરપરાધી પ્રાણીઓને આ નિર્જન ઠેકાણે મારે છે, તેથી તું અપરાધી છે; માટે તારો વધ કરવો ઘટે છે; પરંતુ પ્રથમ મને કહે કે તું કોણ છે? ૬ પછી રાજાએ બળદ તરફ જોઇને પૂછ્યું કે–હે કમળનાળ જેવા ધોળા બળદ! તમારે ત્રણ પગ નહી હોવાથી માત્ર એકજ પગથી તમે ચાલોછો, તો શું તમે બળદનું રૂપ ધારણ કરનાર કોઇ દેવ છો? તમને જોઇને મને ઘણો ખેદ થાય છે. ૭ અમો પુરૂવંશીઓના ભુજદંડથી રક્ષણ પામતી પૃથ્વી ઉપર તમારા સિવાય બીજો કોઈ પણ પ્રાણી શોકનાં આંસુ પાડતો નથી. ૮ હે ગાયના પુત્ર! તમે શોક કરશો નહી, શૂદ્રથી તમારો ભય દુર થાઓ. હે ગાયમાતા! તમે પણ રડશો નહી. શઠ લોકોને શિક્ષા કરનારો હું બેઠો છું ત્યાં સુધી તમારે ભય નથી. ૯ હે સાધ્વી! જે રાજાનાં દેશમાં દુષ્ટ લોકો પ્રજાને પીડે છે એવા ગાફલ રાજાની કીર્તિ, આયુષ્ય, ભાગ્ય તથા પરલોક સર્વે નાશ પામેછે. ૧૦ દુઃખીઆરાં પ્રાણીનાં દુઃખ દૂર કરવાં એજ રાજાઓનો પરમ ધર્મ છે, માટે આ પ્રાણીઓને દુઃખ દેનારા દુષ્ટ શુદ્રનો હું નાશ કરીશ. ૧૧ હે ગાયના પુત્ર બળદ! તમારા ચાર પગમાંથી ત્રણ કોણે કાપી નાંખ્યા? શ્રી કૃષ્ણ ભગવાનના ભાવિક ભક્ત રાજાના રાજ્યમાં તમારા જેવા દુઃખી થવા ન જોઇએ. ૧૨ હે બળદ! તમારૂં કલ્યાણ થાઓ. તમે નિરપરાધી અને સદ્‌ગુણી છો, તેમ છતાં તમને કોણે બેડોળ કર્યા તે મને કહો. તમારી આવી સ્થિતિ થવાથી અમો પાંડવોની કી-

તિને કલંક લાગે છે. ૧૩ જે માણસ નિરપરાધીને દુઃખી કરે છે તે ગમે ત્યાં જાય તોપણ તેને મારો ડર છે. એવાઓને શિક્ષા કરનારા સત્પુરૂષોનું કલ્યાણ થાય છે. ૧૪ નિરપરાધી પ્રાણીને નિરંકુશપણે દુઃખ દેનાર પુરૂષ ગમે તો દેવતા હોય તો પણ તેની ભુજાઓ હું કાપી નાંખુંછું. ૧૫ સ્વધર્મમાં રહેનારી પ્રજાનું પાલન કરવું અને વગર આપત્તિએ સ્વધર્મનો ત્યાગ કરનારને દંડ દેવો એ રાજાનો મુખ્ય ધર્મ છે. ૧૬

ધર્મ કહેછે-જે પાંડવોના સારા ગુણો જોઇને શ્રી કૃષ્ણ ભગવાને તેમના દૂતપણાનું તથા સારથિપણા વગેરેનું કામ કર્યું છે, તે પાંડવોના વંશજ આપ છો તેથી દુઃખીને અભય વચન આપવું એ યોગ્ય છે. ૧૭ હે પુરૂષોમાં શ્રેષ્ટ પરીક્ષિત! તમે પૂછોછો કે તમને દુઃખ દેનાર કોણ છે? પણ તેનો શું ઉત્તર આપીએ, કેમકે દુઃખના કારણનાં જુદાં જુદાં મત છે તેથી અમારી મતિ ભ્રમિત થાય છે. ૧૮ યોગી લોકો કહે છે કે-પ્રાણીઓ પોતે જ પોતાને સુખ દુઃખ આપે છે; જોશીઓ કહે છે કે-ગ્રહોજ સુખ દુઃખ દેનાર છે; મિમાંસકો કહે છે કે કર્મ જ સુખ દુઃખ દેનારાં છે; અને કેટલાક (નાસ્તિક) કહે છે કે-પ્રાણીને સુખ દુઃખ દેનાર સ્વભાવ જ છે. ૧૯ વળી કેટલાક એમ માને છે કે જેને મન વાણી પોહોચી શકતાં નથી એવા ઇશ્વર જ સુખ દુઃખનું કારણ છે. માટે હે રાજા! આવા જુદા જુદા મતો ઉપરથી તમેજ બુદ્ધિથી અમારા દુઃખનું કારણ શોધી કાઢો. ૨૦ હે મુનિશ્રેષ્ઠ શૌનક! એ પ્રમાણે ધર્મે કહ્યા પછી ચક્રવર્તી પરીક્ષિત રાજાએ શાંત મનથી વિચાર કર્યો તો તેમના દુઃખનું કારણ જાણવામાં આવ્યું તેથી ખેદનો ત્યાગ કરીને બોલ્યા કે-૨૧ હે ધર્મજ્ઞ! તમે (પગ કાપનાર કોણ છે તે જાણોછો છતાં નામ આપતા નથી એજ) ધર્મની વાત કહોછો, માટે બળદનું રૂપ ધરનારા ધર્મ છો. કેમકે અધર્મની સૂચના કરનારો અધોગતિને (નરકને) પામે છે. ૨૨ અથવા ઇશ્વરની માયાના સ્વરૂપને પ્રાણીઓનાં મન તથા વાણી પોહોચી શકતાં નથી એ નક્કી છે. ૨૩ હે ધર્મ! તમારા તપ, શૌચ, દયા તથા સત્ય એ ચાર પગ છે. તેમાંના પ્રથમના ત્રણ પગ તો ગર્વ, આસક્તિ અને મદ એ ત્રણ અધર્મના અંશોએ ભાગી નાંખ્યા છે. ૨૪ હવે એક સત્યરૂપી પગ* બાકી રહ્યો છે તે વડે તમે તમારો નિર્વાહ કરો છો અને એ સત્યથીજ માણસ તમને મેળવી શકે છે. પરંતુ તે એક પગને પણ અધર્મની વૃદ્ધિવાળો કળિયુગ કાપી લેવાને ઇચ્છે છે. ૨૫ ભગવાને ભાર ઉતારી પોતાનાં મનોહર ચરણોથી પૃથ્વીનું મંગળ કર્યું છે. તે પૃથ્વીનો ભગવાને ત્યાગ કરેલો હોવાથી હવે રાજાનો વેશધરનારા દુષ્ટ શુદ્રો મને ભોગવશે ' એમ ધારી અભાગ્યણીની પેઠે આંખમાં આંસુ આણીને શોક કરે છે. ૨૬-૨૭ એ પ્રમાણે ધર્મને તથા પૃથ્વીને શાંત પાડીને શુરવીર પરીક્ષિત રાજાએ અધર્મના મૂળરૂપ કળિયુગને મારવા માટે હાથમાં તરવાર લીધી. ૨૮ રાજા મને મારશે એમ જાણી ગભરાઈ ગયેલો કળિયુગ રાજચિન્હ છોડી દઇ રાજાનાં ચરણોમાં માથું મૂકીને પડયો. ૨૯ તેને પગે પડેલો જોઈ દીન દયાળ, શરણાગત પ્રતિપાળ તથા શુભ કીર્તિને યોગ્ય એવા પરીક્ષિતે તેને નહીં મારતાં હસતા મુખથી કહ્યું ૩૦

પરીક્ષિત કહે છે-અમે અર્જુનના યશને જાળવી રાખનાર છીએ તેની આગળ બે હાથ જોડીને તું શરણે આવ્યો છે માટે તને લગાર પણ ભય નથી; પરંતુ તું અધર્મનો બંધુ છે માટે તારે મારા દેશમાં રહેવું નહીં. ૩૧ તું રાજાઓના શરીરમાં પેઠો કે તરત તારી પાછળ લોભ, અસત્ય, ચોરી, ખળતા સ્વધર્મત્યાગ, દરિદ્રતાકપટ, કલેશ, દંભ વિ-

---

* સત્ય યુગમાં ધર્મ-તપ, શૌચ, દયા અને સત્ય એ ચાર ચરણથી પૂર્ણ હતો. ત્રેતામાં મદથી તપનો, સંસાર સંગથી શૌચનો, મદથી દયાનો અને અસત્યથી સત્યનો ચતુર્થાંશ નાશ પામે છે. દ્વાપરમાં સર્વનો અર્ધભાગ અને કળિયુગમાં તો માત્ર ચોથોજ ભાગ બાકી રહે છે, તે પણ અંતે નાશ પામે છે.

ગેરે અધર્મની સેનાનો પ્રવેશ થઈ ચુકયો જાણવો. ૩૨ માટે હે અધર્મના બંધુ ! આ બ્રહ્માવર્ત દેશ કે જે સત્ય તથા ધર્મને રહેવા યોગ્ય છે અને જેમાં યજ્ઞના વિસ્તારને જાણનારા ઋષિઓ યજ્ઞોથી યજ્ઞેશ્વર ભગવાનનું યજન કરેછે તેમાં તારે રહેવું નહી. ૩૩ જેમ પવન પ્રાણરૂપે સર્વ પ્રાણીઓમાં છે તથા બહાર પણ છે, તેમ સ્થાવર જંગમરૂપ જગતમાં અંદર અને બહાર વ્યાપીને રહેલા છે તે યજ્ઞમૂર્તિ ભગવાન આ બ્રહ્માવર્તમાં પોતાની આરાધના કરનારાનું કલ્યાણ કરે છે. અને તેઓના મનોરથ સફળ કરેછે. ૩૪

સૂતજી કહે છે–એ પ્રમાણે પરીક્ષિતે આજ્ઞાકર્યાથી કળિ કંપવા લાગ્યો. અને યમની પેઠે તરવાર ઉગામી સામા ઉભેલા પરીક્ષિતરાજાને તેણે આ પ્રમાણે કહ્યું. ૩૫ કળિ કહેછે–હે ચક્રવર્તી રાજા ! આપ જ્યાં આજ્ઞા કરશો ત્યાં રહીશ અને ત્યાં પણ આપને ધનુષબાણ ધારણ કરેલા જોઇશ. ૩૬ માટે હે શ્રેષ્ઠ ધર્માત્મા ! આપ મને રહેવાનું ઠેકાણું બતાવો કે જ્યાં હું આપની આજ્ઞા પાળતો નિયમપૂર્વક રહું. ૩૭

સૂતજી કહેછે—એ પ્રમાણે કળિની પ્રાર્થનાથી પરીક્ષિતે તેને રહેવા માટે જુગટું, મદિરાપાન, સ્ત્રી અને હિંસા એ ચાર સ્થાન આપ્યાં, કે જેમાં (જુઠ, મદ, વ્યભિચાર અને ક્રૂરતા એ) ચાર પ્રકારનો અધર્મ રહેલો છે. ૩૮ કળિની બીજી માગણીથી પરીક્ષિતે તેને સોનામાં રહેવાની રજા આપી કે જેથી અસત્ય, મદ, વ્યભિચાર, રજોગુણથી થનારી હિંસા અને પાંચમું વેર એ પણ તેને મળી ચુકયાં. ૩૯ ઉત્તરાના પુત્ર પરીક્ષિતે આપેલાં એ પાંચ ઠેકાણાંમાં અધર્મના મૂળરૂપ કળિયુગ રહેવા લાગ્યો અને તેની આજ્ઞા પાળવા લાગ્યો. ૪૦ માટે જે પુરૂષ પોતાનું રક્ષણ ઇચ્છતો હોય તેણે એ પાંચ વસ્તુનું સેવન કરવું નહી. તેમાં પણ ધર્મશીળ પુરૂષે, પ્રજાપાળક રાજાએ અને ગુરૂએ તો નહીજ સેવવી. ૪૧ પછી બળદરૂપ ધર્મના તપ, પવિત્રતા અને દયા એ ત્રણ નાશ પામેલા પગ ફરીને સાંધ્યા તથા પૃથ્વીની આશ્વાસના કરીને તેને સમૃદ્ધિવાન કરી. ૪૨ વનમાં જવાની ઇચ્છા રાખનારા પરીક્ષિત રાજા પોતાના દાદા યુધિષ્ઠિરે આપેલી રાજ્યગાદી ઉપર બિરાજ્યા અને ઘણા ભાગ્યશાળી તથા મોટી કીર્તિવાળા એ ચક્રવર્તીરાજા કૌરવોની રાજ્યલક્ષ્મીથી શોભતા હસ્તીનાપુરમાં હાલપણ રાજ્ય કરેછે. ૪૩-૪૪ એ અભિમન્યુના પુત્ર પરીક્ષિત રાજાનો આવો પ્રભાવ છે. એ રાજા પૃથ્વીનું પાલન કરેછે તેથી તમે યજ્ઞ કરવાને દીક્ષા લઇ શકયા છો. ૪૫.

इत्थं भूतानुभावोऽयमभिमन्युसुतोनृपः ॥
यस्यपालयतः क्षोणीं यूयं सत्राय दीक्षिताः ४६

ઇતિશ્રી ભાગવત મહાપુરાણના પ્રથમ સ્કંધનો કળિ નિગ્રહ નામે ૧૭ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૮ મો.

શૃંગી ૠષિએ પરીક્ષિત રાજાને શાપ દીધો.

सूतउवाच.

यो वै द्रौण्यस्त्रविप्लुष्टो न मातुरुदरे मृतः ॥
अनुग्रहाद्भगवतः कृष्णस्याद्भुतकर्मणः ॥

સૂતજી કહેછે—અશ્વત્થામાના અસ્ત્રથી માતાના ઉદરમાં બળ્યા છતાં પણ જે અદ્ભૂતચરિત્રો વાળા શ્રીકૃષ્ણભગવાનની કૃપાથી મરણ પામ્યા નહી. ૧ તથા ભગવાનમાં પોતાનું અંતઃકરણ અર્પણ કર્યાથી બ્રાહ્મણના કોપથી પ્રકટ થયેલ તક્ષક નાગરૂપી મહાભયંકર મૃત્યુના ભયથી જે મોહ ન પામ્યા. ૨ તે પરીક્ષિત રાજાએ શુકદેવજીના શિષ્ય થઇ, ભગવાનનું સ્વરૂપ જાણી સર્વમાંથી આસક્તિ મૂકી દઇ ગંગામાં દેહ છોડયો. ૩ જે પુરૂષ પવિત્ર કીર્તિવાળા ભગવાનની કથારૂપ અમૃતનું પાન કરે છે તથા ભગવાનનાં ચરણ કમળનું સ્મરણ કરે છે તેને અંતકાળે પણ ભ્રાંતિ થતી નથી. ૪ જ્યાં સુધી મહા-

સમર્થ અને ચક્રવર્તી પરીક્ષિતરાજા આ પૃથ્વી ઉપર છે ત્યાં સુધી કળિ જો કે સર્વત્ર પ્રસરેલો છે તોપણ તે પોતાનું જોર બતાવી શકતો નથી. ૫ શ્રીકૃષ્ણ ભગવાને જ્યારથી પૃથ્વીનો ત્યાગ કર્યો છે ત્યારથીજ આ લોકમાં અધર્મી કળિનો પ્રવેશ થયો છે. ૬ ભ્રમરની પેઠે સાર ગ્રહણ કરનારા ચક્રવર્તીરાજા પરીક્ષિતને કળિ ઉપર દ્વેષ નહોતો, કારણકે તેનામાંથી પણ સાર લીધો. તે એકે કળિયુગમાં પુણ્ય માત્ર સંકલ્પ કરતાંજ ફળ આપે છે અને પાપ તો તે કર્યા પછી ફળ આપે છે. ૭ કળિયુગ અસાવધાન મનુષ્યો પ્રત્યે નાહરની પેઠે વર્તે છે; પરંતુ તે શૂરવીર અને ધીર પુરૂષોથી ડરતો ફરે છે. માટે એ શું કરી શકવાનો છે? ૮ હે મુનિઓ! તમે મને શ્રી વાસુદેવની કથાવાળું પરીક્ષિતનું પવિત્ર આખ્યાન પૂછયું તે મેં વર્ણવી બતાવ્યું. ૯ વર્ણન કરવા યોગ્ય છે અનેક ચરિત્રો જેનાં એવા શ્રીકૃષ્ણના ગુણ અને પરાક્રમની કથાઓ શ્રેય ઇચ્છનાર પુરૂષોએ સાંભળવી જોઈએ. ૧૦.

શૌનકાદિક પૂછેછે— હે સૂતજી! તમે અમારા જન્મ મરણના ક્લેશ ટાળે એવા શ્રી કૃષ્ણના નિર્મળ યશ કહી સંભળાવ્યા માટે તમે ઘણું જીવો? ૧૧ જેનું ફળ મળવું પણ સંદેહ યુક્ત છે એવા આ યજ્ઞ કર્મમાં ધૂમાડાથી ઝાંખા થઇ ગયેલા અમોને તમે ભગવાનના ચરણ કમળનો મધુર રસ પાઓ છો. ૧૨ ભગવાનના ભક્તના એક ક્ષણમાત્ર સંગની બરોબર અમે સ્વર્ગને અથવા મોક્ષને પણ માનતા નથી, ત્યારે મનુષ્યોનાં રાજ્ય વગેરેનાં તુચ્છ સુખો તે શા હિસાબમાં છે? ૧૩ શ્રીકૃષ્ણ ભગવાન મહાત્મા પુરૂષોના અસાધારણ આશ્રયરૂપ તથા માયાના ગુણોથી રહિત છે અને શિવબ્રહ્માદિક યોગેશ્વરો પણ તેમનો પાર પામ્યા નથી. તેમની કથાથી કયો રસજ્ઞ પુરૂષ તૃપ્ત થાય? ૧૪ માટે હે વિદ્વાન્ સૂતજી! તમે ભગવાનના ભક્તોમાં શ્રેષ્ઠ છો માટે મહાત્મા પુરૂષોના એકાંતિક તથા પરમ આશ્રયરૂપ શ્રી હરિનાં શુદ્ધ તથા ઉદાર ચરિત્ર સાંભળવાને અમે ઇચ્છીએ છીએ, તે અમને વિસ્તારીને કહો. ૧૫ શુકદેવજીએ કહેલા ભાગવત રૂપી જ્ઞાનથી ભગવાનના મોટા ભક્ત તથા મહાબુદ્ધિવાન પરિક્ષિત રાજા મોક્ષરૂપ ગરૂડધ્વજ ભગવાનનાં ચરણકમળને પામ્યા. ૧૬ તે અદ્‌ભુત ભક્તિયોગવાળું, ભગવદ્ ભક્તોને પ્રિય, ભગવાનનાંચરિત્રોથી ભરપુર અને પરમ પવિત્ર, પરીક્ષિત રાજાના આખ્યાન યુક્ત શ્રીભાગવત અમને સ્પષ્ટ પણે કહો. ૧૭

સૂતજી કહેછે—અહો! અમે પ્રતિલોમજ છીએ છતાં વૃદ્ધ જનોના સત્કારથી અમારો જન્મ સફળ થયોછે. કેમકે મહાત્માઓની સાથેનું સંભાષણ પણ નીચકુળમાં જન્મવા વિષેની મનની પીડાને દૂર કરે છે. ૧૮ ત્યારે જે ભગવાન અનંત શક્તિવાળા, અવિનાશી અને મોટા ગુણોવાળા હોવાથી જે અનંત કહેવાય છે તે મહાત્માઓના એકાંત પરમ આશ્રય રૂપ ભગવાનનું નામલેનારની મનની પીડા દૂર કરે એમાં શું કહેવું? ૧૯ લક્ષ્મીજી પોતાની ઇચ્છા રાખનારા બ્રહ્માદિક દેવતાઓને તજીને, ગુણોમાં જેની બરાબર કોઇ નથી તેમ અધિક પણ કોઈ નથી એવા ભગવાન, પોતાને ઇચ્છતા નથી તો પણ તેમનાં ચરણ કમળની રજને સેવે છે. આટલી સૂચનાજ ભગવાનના સંબંધમાં ઘણી છે. ૨૦ વળી જે ભગવાનના ચરણના નખમાંથી નીકળ્યા છતાં બ્રહ્માએ આપેલું અર્ઘરૂપ ગંગાજળ શંકર સહિત જગતને પાવન કરે છે, એવા મુકુંદ ભગવાન વિના બીજો કોણ ભગવાનના પદને યોગ્ય છે? ૨૧ જે ભગવાનપર પ્રીતિ રાખનારા ધીરપુરૂષો તરત દેહાદિક વિષે કરેલા મમત્વનો ત્યાગ કરીને છેલ્લી પરમહંસની દશાને પામે છે તે દશામાં સ્વાભાવિક રીતેજ દયા તથા શાંતિ સ્હેલી છે. ૨૨ જેમ વિશાળ આકાશમાં પક્ષીઓ પોતાની પાંખની શક્તિ પ્રમાણે ઉડે છે, તેમ વિદ્વાનો પણ પોતાની બુદ્ધિની શક્તિ પ્રમાણે વિષ્ણુની લીલા વર્ણવે છે; માટે હે વેદમૂર્તિ! તમે મને પૂછ્યું તો મારામાં જેટલું જ્ઞાન છે તે પ્રમાણે તમને કહું છું. ૨૩ એક દિવસ પરીક્ષિત રાજા

ધનુષ્ય લઇને વનમાં મૃગયા માટે ગયા હતા. ત્યાં મૃગોની પાછળ દોડવાથી તે ઘણા ભૂખ્યા, તરસ્યા અને શ્રમિત થયા. ૨૪ જળાશય શોધવા લાગ્યા પણ ક્યાંય મળ્યું નહી. પછી એક ઋષિનો આશ્રમ દીઠો, ત્યાં ગયાતો તેમાં એક મુનિને બન્ને નેત્રો મીંચી શાંત થઈને બેઠેલા દીઠા. ૨૫ એ મુનિ ઇંદ્રિઓ, પ્રાણ, મન અને બુદ્ધિની વૃત્તિને રોકીને આત્મસ્વરૂપમાં જોડી વિરામ પામેલા હતા. અને જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિથીપર ચોથી સમાધિ અવસ્થાને પામેલા બ્રહ્મરૂપ તથા વિકાર રહિત હતા. ૨૬ તે છૂટી જટાથી તથા રૂરૂ નામના મૃગચર્મથી ઢંકાએલા શમીક ઋષિને જોઈને તરસથી સુકાઇ ગયેલા તાળવા વાળા પરીક્ષિત રાજાએ તેમની પાસે પાણી માગ્યું. ૨૭ પરંતુ ત્યાં રાજાને તૃણનું આસન, બેસવાની જગ્યા, અર્ઘ કે આદર સત્કાર નહી મળવાથી પોતાનું અપમાન થયું માની તેને ક્રોધ ચઢયો. ૨૮ હે શૌનક! ભૂખ તથા તરસને લીધે કદી નહી થયેલો એવો મત્સર તથા ક્રોધ એ શમીક બ્રાહ્મણ ઉપર થયો. ૨૯ એ આવેશમાં રાજાએ ધનુષ્યની અણીથી ઋષિના ગળામાં મુએલો સાપ નાંખ્યો અને પછી આશ્રમ બહાર નીકળીને રાજા હસ્તીનાપુર ગયા. ૩૦ ઋષિ ઇંદ્રિઓને વશ કરી, નેત્રો મીંચીને ખરેખર સમાધિમાં બેઠા છે? કે ક્ષત્રિઓથી શું થવાનું છે એમ ધારીને ઢોંગ કરી બેઠા છે? એ જાણવા માટે રાજાએ તેમના ગળામાં સાપ નાંખ્યો હતો. ૩૧ એ શમીક ઋષિનો અતિ તેજસ્વી પુત્ર બીજા ઋષિ પુત્રો સાથે રમતો હતો, તેણે પોતાના પિતાને પરીક્ષિત રાજાએ દુઃખી કર્યાની વાત સાંભળી. તેથી તે બોલ્યો કે—૩૨ "અહો! કાગડા જેવા દુષ્ટ રાજાઓનો અધર્મ તો જુઓ! સેવકે પોતાના સ્વામીનું ભૂંડું કરવું એ દ્વારપાળ કુતરાએ પોતાના ધણીનું ભૂંડું કર્યા બરાબર છે. ૩૩ બ્રાહ્મણોએ ક્ષત્રિઓને દ્વારપાળ કરેલા છે, તે દ્વાર ઉપર રહેનારો બ્રાહ્મણના ઘરમાં પેસીને તેના વાસણમાંથી અન્ન ખાવાને શીરીતે યોગ્ય થઈ શકે? ૩૪ અવળે માર્ગે ચાલનારા દુષ્ટ પુરૂષોને શિક્ષા કરનાર શ્રી કૃષ્ણ ભગવાન સ્વધામ પધાર્યા પછી મર્યાદા છોડીને અધર્મી થયા છે, એવાઓને હવે હું શિક્ષા કરૂં છું; તમે મારૂં બળ જુઓ." ૩૫ એ પ્રમાણે શમીક ઋષિના પુત્ર શૃંગીએ પોતાના મિત્ર ઋષિ પુત્રોને કહી ક્રોધથી લાલચોળ આંખો કરી કૌશિકી નદીનું પાણી હાથમાં લઇને શાપ દીધો કે—૩૬ 'મારા પિતાનો દ્રોહી, કુલાંગર અને મર્યાદાનું ઉલ્લંઘન કરનારા પરીક્ષિત રાજાને આજથી સાતમે દિવસે મારો મોકલેલો તક્ષક નાગ ડસશે.' ૩૭ એ પ્રમાણે શાપ દીધા પછી આશ્રમમાં આવી પિતાના ગળામાં મરેલો સાપ જોઈ મનમાં દુઃખી થઈ ઉંચા સ્વરથી રડવા લાગ્યો. ૩૮ હે શૌનક! એ અંગિરાઋષિના પુત્ર શમીકે પોતાના પુત્રનો વિલાપ સાંભળી ધીરેધીરે આંખો ઉઘાડીને જોયું તો પોતાના કંઠમાં મરેલો સાપ દીઠો. ૩૯ તે સાપને ફેંકી દઇને પૂછ્યું કે—'હે પુત્ર! તું શા માટે રડે છે? કોણે તારો અપરાધ કર્યો છે!' એ પ્રમાણે પૂછવાથી છોકરાએ બનેલી સઘળી વાત નિવેદન કરી. ૪૦ શાપ આપવાને યોગ્ય નહી એવા રાજાને શાપ આપ્યાથી ઋષિએ તેને વખાણ્યો નહી, અને બોલ્યાકે—અરે અજ્ઞાની પુત્ર! તેં તો મહાપાપનું કામ કર્યું છે, કારણ કે છેક નાના વાંક માટે તેં મોટી શિક્ષા કરીછે. ૪૧ હે કાચીબુદ્ધિવાળા પુત્ર! દેવતુલ્ય રાજાને માણસ જેવો ગણવો યોગ્ય નથી. જેના બળવાન પ્રભાવથી રક્ષણ પામેલી પ્રજા ચારે તરફથી નિર્ભય થઇ કલ્યાણ પામેછે. ૪૨ એ વિષ્ણુરૂપ રાજા ચાલ્યા જાયછે, તો આ જગત ચોરોથી ભરપુર થઇ રક્ષણ નહી પામતાં ગાડરનાં ટોળાંની પેઠે ક્ષણમાં નાશ પામેછે. ૪૩ ધણી વગરના ધનને લુટનારા ચોરો જે પાપ કરશે તે આપણે નહી કર્યા છતાં પણ આપણને લાગશે. જેમાં ચોરનો ભાગ વધારે છે એવા લોકો પરસ્પર મારી નાંખેછે, ગાળો ભાંડેછે અને પશુ, સ્ત્રી તથા ધન હરી લેછે. ૪૪ એવું થાય છે ત્યારે મનુષ્યોના વર્ણાશ્રમ સહિત વૈદિક આર્યધર્મ નાશ પામે છે અને ધનમાં તથા વિષયમાં મન રાખનારા

પુરૂષો કુતરાં તથા વાંદરાંની પેઠે વર્ણશંકર થઇ જાય છે. ૪૫ ધર્મ રક્ષક, ચક્રવર્તી, કીર્તિમાન, મહાભક્ત, અશ્વમેધ યજ્ઞ કરનાર રાજર્ષિ પરીક્ષિત ભુખ, તરસ, અને થાકથી પીડાયલો હતો તેને શાપ આપવો યોગ્ય નથી. ૪૬ પોતાના નિષ્પાપી દાસ ઉપર આ કાચી બુદ્ધિવાળા છોકરાએ જે પાપ કર્યું છે તે પાપ સર્વાત્મા ભગવાન ક્ષમા કરવાને યોગ્ય છે. ૪૭ ભગવાનના ભક્ત સમર્થ છતાં પણ તેને તિરસ્કાર કરે, નિંદા કરે, છેતરે, તોપણ તેઓ કોઇનું ભૂંડું કરતા નથી. ૪૮ આ પ્રમાણે પુત્રે કરેલા અપરાધનો શમીક ઋષિએ પશ્ચાત્તાપ કર્યો. રાજાએ તેનો અપરાધ કર્યો હતો તોપણ તેનો અપરાધ ગણ્યો નહી. ૪૯ જગતમાં બીજા લોકો સાધુપુરૂષોને દુઃખ કે સુખ આપે તોપણ તેઓ ઘણું કરીને શોક કે હર્ષ માનતા નથી, કેમકે આત્મા સુખ દુઃખથી રહિત છે. ૫૦

प्रायशः साधवो लोके परैर्द्वन्द्वेषु योजिताः ॥
न व्यथन्ति न हृष्यन्ति यत आत्माऽगुणाश्रयः

ઇતિશ્રી ભાગવત મહાપુરાણના પ્રથમ સ્કંધમાં પરીક્ષિતને બ્રાહ્મણે શાપ દીધો એ નામે ૧૮ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૯ મો.

ઋષિનો અપરાધ કરવાથી પરીક્ષિતે કરેલો પશ્ચાત્તાપ, પોતાને શાપ થવાના સમાચાર અને અનશન વ્રતલઇ રાજાનું ગંગા તીરે બેસવું.

सूतउवाच.

महीपतिस्त्वथ तत्कर्म गर्ह्यं ।
विचिन्तयन्नात्मकृतं सुदुर्मनाः ॥
अहो मया नीचमनार्यवत्कृतं ॥
निरागसि ब्रह्मणि गूढ तेजसि ॥१॥

સૂતજી કહે છે-હે શૌનક ! પછી પરીક્ષિતરાજા પોતે કરેલાં નિંદિત કર્મોનો મનમાં વિચાર કરીને મહાખેદ પામ્યો અને પશ્ચાત્તાપ કરવા લાગ્યો કે-અરેરે ! મેં અનાર્ય પુરૂષની પેઠે ગૃઢ તેજવાળા નિરપરાધી બ્રાહ્મણનો મોટો અપરાધ કર્યો. ૧ મેં આ ઈશ્વરનો અપરાધ કર્યો તેથી મારી ઉપર થોડા વખતમાં જ મોટું દુઃખ જરૂર આવી પડશે. એ દુઃખ મારા પાપની નિવૃત્તિને માટે ભલે મારી ઉપર આવી પડે, કે જેથી હું બીજી વાર એવું કર્મ કરૂં નહી. ૨ કોપેલા બ્રાહ્મણના કુળરૂપ અગ્નિ, મારા રાજ્યને, બળને તથા ધનથી ભરપૂર ભંડારને આજેજ બાળી નાંખો કે જેથી હું પાપી, બ્રાહ્મણ, દેવતા તથા ગાયો ઉપર દુષ્ટ બુદ્ધિ કરૂં નહી. ૩ એ પ્રમાણે ચિંતા કરતા હતા તેટલામાં શમીક ઋષિના ગૌરમુખ નામનાં શિષ્યે આવીને સાતમે દિવસે તક્ષક નાગથી મૃત્યુ થવાની ખબર કહી. એ સાંભળીને રાજાએ વિચાર્યું કે હું વિષયાસક્તછું માટે મને તક્ષકના ઝેર રૂપ અગ્નિ વૈરાગ્યનું એક શ્રેષ્ઠ સાધન છે. ૪ પછી આ લોક તથા પરલોક કે જેને પોતે પ્રથમથીજ તજવા યોગ્ય માન્યા હતા, તેમાંથી આસક્તિ છોડી દઇને શ્રીકૃષ્ણની સેવાને શ્રેષ્ઠ માનતા પરીક્ષિતરાજા અનશન વ્રત લઇને ગંગાકિનારે બેઠા. ૫ જે ગંગા નદી શોભાયમાન તુલસીની સાથે મળેલી શ્રીકૃષ્ણના ચરણની રજના સ્પર્શથી સર્વોત્તમ જળયુક્ત વહે છે, અને લોકપાળ સહિત સર્વ લોકને અંદરથી તથા બહારથી પવિત્ર કરે છે; એવી ગંગાજીને, 'મરવાને તૈયાર થયેલો કયો પુરૂષ ન સેવે ? ૬ પાંડવના કુળમાં જન્મેલા પરીક્ષિત રાજાએ અનશનવ્રત લઇ ગંગા તીરે બેસવાનો નિશ્ચય કર્યો. અને સર્વ વસ્તુમાંથી આસક્તિ છોડી દઇ ચિત્ત શાન્ત કરી એકાગ્ર ચિત્તથી ભગવાનનાં ચરણ કમળનું ધ્યાન ધર્યું. ૭ ત્યાં જગતને પાવન કરનારા મહાત્મા ઋષિઓ તીર્થ કરતા શિષ્યો સહિત આવી પોહોંચ્યા. સત્પુરૂષો યાત્રાના બહાનાથી પોતેજ તીર્થોને પવિત્ર કરે છે. ૮ અત્રિ, વસિષ્ઠ, ચ્યવન, શરદ્વાન, અરિષ્ટનેમી, ભૃગુ, અંગિરા, પરાશર, ગાધીના પુત્ર

વિશ્વામિત્ર, પરશુરામ, ઉતથ્ય, ઇંદ્રપ્રમદ, ઇધ્મવાહુ, ૯ મેધાતિથિ, દેવલ, આર્ષ્ટિષેણ, ભરદ્વાજ, ગૌતમ, પિપ્પલાદ, મૈત્રેય, ઔર્વ, કવષ, કુંભમાંથી ઉત્પન્ન થયેલા અગસ્ત્ય, વેદવ્યાસ અને ભગવાન નારદજી, ૧૦ તથા બીજા પણ કેટલાએક દેવર્ષિઓ, બ્રહ્મર્ષિઓ તથા રાજર્ષિઓ આવ્યા. તેમાંના મોટા મોટા ઋષિઓની પુજા કરી પૃથ્વીપર માથું મૂકી પરીક્ષિતે પ્રણામ કર્યા. ૧૧ પછી એ સર્વ મુનિઓ આસનપર સુખે બેઠા એટલે રાજાએ તેમને પ્રણામ કરી શુદ્ધ મનથી હાથ જોડી, સામે ઉભા રહીને પોતાના મનનો વિચાર જણાવ્યો. ૧૨

પરીક્ષિત કહે છે—અહો ! મારાં મોટાં ભાગ્ય કે મારાં આચરણ જોઇને તમોએ મારી ઉપર કૃપા કરી છે. કારણકે નિંદિત કર્મ કરનારૂં રાજાઓનું કુળ, બ્રાહ્મણોના પગ ધોયેલા પાણી નાંખવાની જગ્યાથી પણ દૂર રહેવાને યોગ્ય છે. હું નિંદિત કર્મ કરનાર તથા નિરંતર ઘરમાં આસક્ત રહેનાર છું, તેથી કાર્ય કારણના નિયંતા ભગવાનજ વૈરાગ્યનું કારણ શાપરૂપ થયા છે. જે શાપથી નિરંતર ઘરમાં આસક્ત રહેનાર પણ તુરત વૈરાગ્યવાન થાય છે. ૧૪ હે બ્રાહ્મણો ! હું પરમેશ્વરમાં ચિત્ત લગાડીને તમારે તથા ગંગાને શરણે આવ્યો છું માટે બ્રાહ્મણનો પ્રેરેલો તક્ષક નાગ મને ભલે કરડે, તમે મારી આગળ ભગવાનની કથા ગાઓ. ૧૫ વળી હવે પછી હું જે જે જન્મ ધરૂં તે તે જન્મમાં અનન્ત ભગવાનમાં મારી પ્રીતિ થજો તથા ભગવાનનોજ આશ્રય કરનારા મહાત્માઓનો સમાગમ થજો. હે બ્રાહ્મણો ! હું તમને નમસ્કાર કરૂં છું. ૧૬ એવી રીતે નિશ્ચય કરી એ ધીર રાજા રાજ્યનો ભાર પોતાના પુત્ર ઉપર નાંખીને ગંગા નદીના દક્ષિણ કિનારે ઉગમણાં અગ્ર ભાગ વાળા દર્ભ ઉપર ઉત્તર દિશા તરફ મોઢું રાખીને બેઠો. ૧૭ એ રીતે અનશન વ્રત લઇ રાજા ગંગાતીરે બેઠા. તે સમયે આકાશમાં રહીને દેવતાઓએ રાજી થઇને તેનાં વખાણ કર્યા, તેના ઉપર પુષ્પવૃષ્ટિ કરી અને દિવ્ય વાજાં વાગવા લાગ્યાં. ૧૮ ત્યાં પ્રજાનું કલ્યાણ કરવાના સ્વભાવ તથા બળવાળા ઋષિઓ 'તમે બહુ સારૂં કર્યું' એમ વખાણ કરીને પવિત્ર કીર્તિવાળા ભગવાનના ગુણોથી શોભતા પરીક્ષિત પ્રત્યે બોલ્યા કે, ૧૯ હે રાજર્ષિઓમાં શ્રેષ્ઠ ! તમો જેવા ભગવદ્ ભક્તના મુખમાંથી આવાં વચન નીકળે એ આશ્ચર્યની વાત નથી; કારણકે તમે, મોટા રાજાઓએ સેવેલી ઉત્તમ રાજગાદી ભગવાનની પાસે રહેવાની ઇચ્છાથી તરત છોડી દીધી છે. ૨૦ તમે ભગવાનના ભક્તોમાં મુખ્ય છો, માટે તમે આ દેહ છોડી રજો ગુણ તથા શોકથી રહિત ઉત્તમ લોકમાં જશો ત્યાં સુધી અમે અહીં બેસીશું. ૨૧ એ પ્રમાણે નિષ્પક્ષપાત, ગંભીર અર્થ વાળાં અને અમૃત ઝરતાં ઋષિઓનાં યથાર્થ વચનો સાંભળીને પરીક્ષિત રાજા, ભગવાનનાં ચરિત્રો સાંભળવાની ઇચ્છાથી પ્રણામ કરીને બોલ્યા કે–૨૨ સત્ય લોકમાં જેમ મૂર્તિમાન વેદો છે તેમ તમે સર્વે પણ મૂર્તિમાન વેદો જેવા એકઠા થયા છો. તમે આ લોકમાં તથા પરલોકમાં સ્વાભાવિક રીતેજ બીજાનો અનુગ્રહ કરનારા છો. ૨૩ હે બ્રાહ્મણો ! હું વિશ્વાસ રાખીને પૃછું છું. કે—સર્વ અવસ્થામાં અને વિશેષે કરીને મરણકાળે પુરૂષે કયું શુદ્ધ કામ કરવું ? તે તમે સર્વે વિચાર કરીને કહો. ૨૪ એ ઉપરથી ઋષિઓએ જુદાં જુદાં મત આપવા માંડ્યાં. એટલામાં વ્યાસજીના પુત્ર શુકદેવજી નિસ્પૃહી પણે ફરતા ફરતા ત્યાં આવી ચઢ્યા. તે કેવા છે તો જેનો આશ્રમ કયો છે તે તેમના શરીરપરનાં ચિન્હપરથી જણાઇ આવતું નહી, અવધૂત * વેશ વાળા, સ્ત્રીઓ તથા બાળકોથી વીંટાઇ રહેલા, ૨૫ સોળ વરસની અવસ્થાવાળા, સુકોમળ હાથ, પગ, જાંગ, ભુજા, ખભા તથા ગાલવાળા, વિશાળનેત્રોવાળા, ઉપડતા નાકવાળા, બન્ને સરખા કાનવાળા, સુંદર ભ્રકુટીયુક્ત મુખવાળા, શંખસમાન ત્રણ રેખાયુક્ત ગળા વાળા, ૨૬ છાતી આગળનાં હાડકાં માંસથી પુરાઇ ગયેલા, ગોળાકાર નાભીવાળા, ત્રિવળી

* લોકોએ તિરસ્કાર કરી કાઢી મુકેલા ત્યાગી મનુષ્યને અવધૂત કહે છે.

પડેલા સુંદર પેટવાળા, દિગંબર વેશવાળા, વાંકા તથા છુટા શિર કેશવાળા, ગોઠણ સુધી લાંબી ભુજાઓવાળા, દેવતા સમાન સુંદર કાન્તિવાળા, ૨૭ શ્યામ સુંદર મૂર્તિવાળા અને સદા રમણીય તરૂણ અવસ્થા યુક્ત શરીરની કાન્તિથી તથા મનોહર હાસ્યથી સ્ત્રીઓનાં મન હરાઇ જાય એવા ગૂઢ તેજવાળા શુકદેવજીને જોઇને સર્વ ઋષિઓ આસનપરથી ઉઠીને ઉભા થયા. ૨૮ અને પધારેલા અતિથીને માથું નમાવીને પરીક્ષિતે પૂજા કરી અને એક મોટા આસન ઉપર બેસાડ્યા. એ જોઇ કૌતુક જોવા મળેલાં સ્ત્રીઓ તથા બાળકો ત્યાંથી નાશી ગયાં. ૨૯ એ સમયે બ્રહ્મર્ષિ, રાજર્ષિ તથા દેવર્ષિઓથી વીંટાએલા મહાત્મા શુકદેવજી, ગ્રહો, નક્ષત્રો તથા તારાઓથી વીંટાએલા ચંદ્ર સમાન શોભતા હતા. ૩૦ પછી શાંત મનવાળા તથા અકુંઠિત બુદ્ધિવાળા શુકદેવજી આસનપર બેઠા હતા તેમની પાસે ભગવદ્ ભક્ત પરીક્ષિત રાજાએ જઇ પ્રણામ કરી બે હાથ જોડી, મધુર તથા સત્ય વાણીથી સાવધાન થઇ પૂછ્યું. ૩૧

પરીક્ષિત કહે છે—હે બ્રહ્મન્ ! અમે ક્ષત્રિઓ નીચ છતાં આજ સત્પુરૂષોને સેવવા યોગ્ય થયા, કેમકે આજે આપે અતિથી રૂપે પધારી અમને પાવન કર્યા છે. ૩૨ જેના સ્મરણથીજ પુરૂષોનાં ઘર તુરત પવિત્ર થઇ જાય છે તો પછી તેનાં દર્શન, સ્પર્શ, પગ પખાળવા, આસન આપવું; એ વિગેરેથી પવિત્ર થાય એમાં શી નવાઈ ? ૩૩ હે મહાયોગેશ્વર ! જેમ વિષ્ણુના સમીપપણાથી દૈત્યોનો નાશ થાય છે તેમ આપના સમીપપણાથી મોટાં મોટાં પાપોનો નાશ થાય છે. ૩૪ જેને પાંડવો વહાલા છે એવા શ્રી કૃષ્ણ ભગવાને મારી ઉપર કૃપા કરી છે, કેમકે તેમણે પોતાની ફોઈના પુત્રોનું ભલું કરવા સારૂ તેઓના ગોત્રમાં હું જન્મેલો છું તેનું પણ બંધુ કાર્ય કર્યું છે. ૩૫ જો એમ ન હોયતો આપ અકળ ગતિવાળા સિદ્ધ પુરૂષ તથા 'વરદાન માગો' એમ કહેનારા આપનાં દર્શન છેક મરવાના સમયે મને કયાંથી થાય ? ૩૬ હે યોગીઓના પરમગુરૂ ! આપને હું પૂછું છું કે મરણ સમયે મનુષ્યને કરવા યોગ્ય અને જેથી સિદ્ધિ થાય એવું કર્તવ્ય શું છે ? ૩૭ હે પ્રભુ ! મરણ સમયે મનુષ્યને જે સાંભળવાનું, જપવાનું, કરવાનું, સંભારવાનું તથા ભજવાનું હોય અને વળી જે તજવાનું હોય તે સર્વ મને કહો. ૩૮ હે મહારાજ ! ગૃહસ્થોનાં ઘરમાં ગાય દોવાય એટલીવાર પણ આપ રોકાતા નથી. ૩૯

સૂતજી કહે છે—હે શૌનકમુનિ ! એ પ્રમાણે રાજાએ મધુર વાણીથી શુકદેવજીને પૂછ્યું, ત્યારે ધર્મને જાણનારા ભગવાન શુકદેવજી બોલ્યા. ૪૦

सूतउवाच

एवमाभाषितः पृष्टः सराज्ञाश्लक्ष्णयागिरा ॥
प्रत्यभाषत धर्मज्ञो भगवान्बादरायणि ॥४०॥

ઇતિશ્રી ભાગવત મહાપુરાણના પ્રથમ સ્કંધમાં 'શુકાગમ' વર્ણન નામે ૧૯ મો અધ્યાય સંપૂર્ણ.


શ્રીમદ્ ભાગવતનો પ્રથમ
સ્કંધ સમાપ્ત.

श्रीमद्

भागवतभाषान्तर.

द्वितीय स्कंध.

द्वितीयस्कंध.



व्यास
सत्यवती
दत्त
सनत्कुमार
नर
नारायण
ध्रुव
पृथु
ऋषभदेव
हयग्रीव
मत्स्य
नारद
शुक
परीक्षित
कूर्म
प्रल्हाद
नृसिंह
गजेंद्र
वामन
बली
हंसावतार
नारद
स्वायंभु
मनु
धन्वंतरि
परशु
कंस
बौद्ध
कल्की

श्रीमद्.
भागवतभाषांतर.

द्वितीय स्कंध.

અધ્યાય ૧ લો.

ઈશ્વરનું સ્થૂળ સ્વરૂપ તથા
તેમની ધારણા.

श्री शुकउवाच

वरीयानेष ते प्रश्नः कृतोलोकहितंनृपः ॥
मात्मवित्संमतः पुंसां श्रोतव्यादिषुयः परः ॥ १ ॥

શ્રી શુકદેવજી કહે છે—હે રાજા! તમે બહુજ સારો પ્રશ્ન કર્યો, કારણ કે એથી જગતનું કલ્યાણ થશે. વળી તે પ્રશ્નને આત્મજ્ઞાનીઓએ માન્ય કરેલો અને પુરૂષોને સાંભળવા જેવા વિષયોમાં શ્રેષ્ઠ છે. ૧ તે હે રાજેન્દ્ર! આત્મતત્વને નહી જાણનારા અને ઘરમાં આસક્ત થવાથી પાંચ પ્રકારની હિંસા* કરવામાં તત્પર રહેનારા મનુષ્યોને સાંભળવા યોગ્ય હજારો વિષયો છે. ૨ હે પરીક્ષિત! મનુષ્યનું અરધું આયુષ્ય રાતે ઉંઘવામાં કે સ્ત્રી સંગમાં વ્યર્થ જાય છે, અને અરધું દિવસે ધન કમાવાના ઉદ્યમમાં કે કુટુંબનું પોષણ કરવામાં વીતી જાય છે.. ૩ પોતાની અસત્યસેના સ્ત્રી, પુત્ર અને શરીર વિગેરે નાશવંત છે, તેમ પિતા વિગેરેનું મરણ પોતે જુએ છે તેમ છતાં મનુષ્ય ગૃહાસક્ત થઇ આંધળો બની જાય છે. ૪ હે ભરત કુળના રાજા! એ માટે મોક્ષની ઇચ્છાવાળા મનુષ્યે સર્વના આત્મા, સર્વને નિયમમાં રાખનારા અને સંસારનાં બંધનને કાપનારા પ્રભુનું શ્રવણ, કીર્તન તથા સ્મરણ કરવું જોઇએ. ૫ આત્મા અનાત્માનો વિચાર, સાંખ્ય, અષ્ટાંગયોગ અને સ્વધર્મ ઉપર શ્રદ્ધા એજ જન્મ ધર્યાનો પરમ લાભ છે. એથી અંતકાળે નારાયણ ભગવાનનું સ્મરણ રહે છે. ૬ હે રાજા! વિધિ નિષેધથી+ નિવૃત્તિ પામેલા મુનિજનો પણ ઘણું કરીને શ્રી કૃષ્ણના ગુણ ગાવામાં અને નિર્ગુણ બ્રહ્મમાં રમણ કરે છે. ૭ ૭ હે રાજા! આ ભાગવત નામનું પુરાણ વેદ સમાન છે તથા બ્રહ્મજ્ઞાન આપનારૂં છે. તે દ્વાપર યુગના અંતમાં હું પિતાજી વેદવ્યાસ પાસેથી ભણ્યો છું. ૮ જો કે હું નિર્ગુણ બ્રહ્મમાં સ્થિતિ કરીને રહ્યો છું તો પણ ઉત્તમ શ્લોક ભગવાનની લીલાથી મારૂં મન આકર્ષાયું, તેથી હું આ ભાગવત ભણ્યો છું. ૯ આ આખ્યાન હું તમને કહીશ, કારણકે તમે ભગવાનના મોટા ભક્ત છો. શ્રી ભાગવતમાં શ્રદ્ધા રાખનાર મનુષ્યને તુરત મુકુંદ ભગવાનમાં નિષ્કામ ભક્તિ થાય છે. ૧૦ હે રાજન! શ્રી હરિના નામનું કીર્તન કરવું એજ સકામ પુરૂષોને મન વાંચ્છિત ફળ આપનાર, મુમુક્ષો જનોને મોક્ષ આપનાર અને યોગી તથા જ્ઞાનીઓને યોગનું તથા જ્ઞાનનું ફળ આપનાર સાધન છે, એમ શાસ્ત્રમાં નક્કી કરેલું છે. ૧૧ જે મદથી આંધળો થઇ ગયેલો હોય તેને લાંબી મુદતે પણ કાંઇ પણ કરવું સૂઝતું નથી, અને જે કલ્યાણ કાર્યમાં પ્રયત્ન કરે છે તેની તો બે ઘડી પણ ઉત્તમ છે. ૧૨ પૂર્વે ખટ્વાંગ નામે રાજા હતો તે પોતાનું આયુષ્ય બે ઘડી રહ્યું છે એમ જાણી તેટલીવારમાં સર્વનો ત્યાગ કરી ભગવાનના અભયપદને પામ્યો હતો. ૧૩ હે પરીક્ષિત! તમારે હજી સાત દિવસનું આયુષ્ય છે તેટલા સમયમાં પરલોકનું જે સાધન કરવું હોય તે કરી

---

* ઘંટી, ખાંણીઓ, ચૂલો, પાણીઆરૂં અને સાવરણી એ પાંચ ઠેકાણે નિત્ય હિંસા થાય છે.

+ જે કર્મ કરવાની શાસ્ત્રમાં આજ્ઞા હોય તેને વિધિ અને જે કર્મ કરવાની મના છે તેને નિષેધ કહે છે.

હ્યો. ૧૪ અંતકાળ પાસે આવે ત્યારે મનુષ્યે નિર્ભય થઇ વૈરાગ્યરૂપી શસ્ત્રવડે દેહના ગુખને તથા દેહનાં સંબંધી સ્ત્રી પુત્રાદિકના સ્નેહ બંધનને કાપી નાંખવાં જોઇએ. ૧૫ ધીર પુરૂષે ઘર છોડી વનમાં જઇ પવિત્ર તીર્થમાં સ્નાન કરી પવિત્ર એકાંતસ્થળમાં વિધિપૂર્વક આસન જમાવી તે ઉપર બેસવુ. ૧૬ અને પછી अ, उ, म, એ ત્રણ અક્ષરયુક્ત ઉત્તમ, શુદ્ધ, બ્રહ્મવાચક ૐકારનો મનમાં જપ કરવો. ઇંદ્રિઓને વશ રાખવાને માટે બીજ મંત્ર-પ્રણવને નહિ વીસારતાં શ્વાસ રોકીને મનને નિયમમાં રાખવુ. ૧૭ બુદ્ધિ જ જેનો સારથિ છે એવા પુરૂષે પ્રથમ મનદ્વારા ઇંદ્રિઓને વિષયોમાંથી પાછી વાળવી, પછી કર્મની વાસનાઓથી મન સંસારમાં જોડાતું હોય તો તેને બુદ્ધિદ્વારા ભગવાનના સ્વરૂપમાં જોડવું. ૧૮ પછી ભગવાનના પ્રત્યેક અંગનું ધ્યાન કરી વિષય રહિત થયેલા મનને સમાધિસ્થ કરવું. જે સ્વરૂપમાં મન શાન્તિ પામે છે તેજ વિષ્ણુનું પરમધામ જાણવું. ૧૯ જો મન રજો ગુણથી ક્ષોભ પામે અથવા તમો ગુણથી મૂઢ થઇ જાય તો ધીર પુરૂષે ધારણા વડે તેને નિયમમાં રાખવું. ધારણા રજો ગુણના તથા તમો ગુણના મળનો નાશ કરે છે. ૨૦ એ રીતે ધારણા કરવાથી સુખરૂપ વિષયને જોનારા યોગીને તરત ભક્તિયોગ સિદ્ધ થાય છે. ૨૧

પરીક્ષિત પૂછેછે—હે બ્રહ્મન્! તમે મનની ધારણા કહી તે કોના વિષે કેવી રીતે કરવી? કે જે ધારણા મનુષ્યના મનના મેલને તુરત દૂર કરે છે? ૨૨

શ્રીશુકદેવજી કહેછે-હે રાજન્! આસન જીતી, પ્રાણાયામથી પ્રાણને વશ કરી અને ઇંદ્રિયદમન કરીને સંગરહિત થવું. પછી બુદ્ધિદ્વારા મનને ભગવાનના સ્થુળ શરીરમાં જોડવું. ૨૩ ભગવાનનો વિરાટ દેહ, સ્થુળ સ્વરૂપોમાં સર્વથી સ્થુળ છે. જે સ્વરૂપમાં ભુત, ભવિષ્ય અને વર્તમાનમાં થતાં કાર્યરૂપ જગત દેખાય છે. ૨૪ પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, અહંકાર અને મહત્તત્વ એ સાત આવરણવાળા આ બ્રહ્માંડરૂપ વિરાટ શરીરવાળા ભગવાન કે જે જીવોના નિયંતા છે તેજ ભગવાન ધારણાનો વિષય છે. ૨૫ એ વિરાટ પુરૂષના પગનાં તળીયાંમાં પાતાળ છે, પગની એડીમાં રસાતાળ છે, પગની ઘુંટીમાં મહાતળ છે, અને બે જાંગમાં તળાતળ છે. ૨૬ વિશ્વમુર્તિ ભગવાનના બે ગોઠણમાં સુતળ છે, બે સાથળમાં વિતળ તથા અતળ છે, જંઘામાં મહિતળ (પૃથ્વી) છે અને નાભિસ્થળમાં આકાશ છે. ૨૭ છાતીમાં સ્વર્ગ છે, કંઠમાં મહર્લોક, મુખમાં જનલોક, લલાટમાં તપલોક અને હજાર મસ્તકવાળા વિરાટપુરૂષના મસ્તકમાં સત્યલોક રહેલા છે. ૨૮ ઇંદ્રાદિક દેવતાઓ ભુજાઓમાં, સર્વ દિશાઓ કાનમાં, શબ્દ કર્ણેંદ્રિયમાં, અશ્વિનિકુમાર નાસિકામાં, ગંધ ઘ્રાણેંદ્રિયમાં અને તેજોમય અગ્નિ મુખમાં રહેલ છે. ૨૯ અંતરિક્ષ એ વિરાટપુરૂષનાં નેત્ર, સૂર્ય એ ચક્ષુઇંદ્રિ, રાત્રિદિવસ એ પાંપણ, બ્રહ્માનું સ્થાન એ ભ્રકુટી, જળ એ તાળવું તથા રસ એ જીભ છે. ૩૦ વેદો એ વિરાટપુરૂષનું બ્રહ્મરંધ્ર છે, યમ એ દાઢ, પુત્રાદિક ઉપરનો સ્નેહ એ દાંત, મોહ ઉપજાવનારી માયાને ભગવાનનું હસવું અને અપાર સૃષ્ટિરચના એ ભગવાનનાં કટાક્ષ છે. ૩૧ ઉપરનો હોઠ એ લાજ, નીચેનો હોઠ એ લોભ, ધર્મમાર્ગ એ સ્તન, અધર્મ એ વાંસો, પ્રજાપતિ એ લીંગ, મિત્રાવરૂણ એ વૃષણ (અંડ), સમુદ્ર એ પેટ, અને પર્વતો એ વિરાટ પુરૂષનાં હાડકાંનો સમુહ છે. ૩૨ હે રાજા! નદીઓ એ વિરાટ ભગવાનની નાડીઓ છે, વૃક્ષ એ રોમ છે, અનંત પરાક્રમવાળો વાયુ એ શ્વાસ છે, કાળ એ ગતિ છે અને ગુણપ્રવાહ સંસાર એ તેમનું કર્મ (લીલા) છે. ૩૩ હે પરીક્ષિત! મેઘમંડળ એ ભગવાનના કેશ છે. સંધ્યાકાળ એ વસ્ત્ર છે. પ્રધાનપ્રકૃતિ એ હૃદય છે અને ચંદ્રમા એ સર્વ વિકારોના આશ્રયરૂપ તેમનું મન છે. ૩૪ મહત્તત્વ એ સર્વાત્મા ભગવાનનું ચિત્ત, રૂદ્ર

* યોગનાં આઠ અંગ છેઃ—યમ, નિયમ, આસંન. પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ.

એ અહંકાર અને ઘોડા, ખચ્ચર, ઉંટ, હાથી, નખવાળાં પ્રાણી, મૃગ અને સર્વ પશુઓ એ વિરાટ ભગવાનનો કટિપશ્ચાત્ ભાગ છે. ૩૫ પક્ષી એ વિરાટપુરૂષની ઉત્તમ કારીગરીની વિદ્યા છે, મનુ તેમની બુદ્ધિ છે, મનુષ્ય એ તેમનું નિવાસસ્થાન છે, ગંધર્વ, વિદ્યાધર, ચારણ અને અપ્સરા એ તેમના સ્વરનું સ્મરણ છે, અને દૈત્યોની સેના એ તેમનું શરીરબળ છે. ૩૬ બ્રાહ્મણો એ મુખ છે, ક્ષત્રિઓ એ ભુજાઓ છે, વૈશ્ય એ ઉરૂ છે, શુદ્ર એ ચરણ છે અને અનેક નામધારી દેવબાણ સહિત દ્રવ્યાત્મક યજ્ઞક્રિયા એ વિરાટ પુરૂષનું આવશ્યક કર્મ કહેવાયછે. ૩૭ એ વિરાટભગવાનના મોટા સ્થૂળ શરીરના અવયવો મેં તમને કહ્યા તેટલાજ છે. એ મોટા સ્થુળ શરીરમાં મુમુક્ષુજનો પોતાની બુદ્ધિથી મનની ધારણા કરેછે. એ વિરાટ સ્વરૂપથી બહાર કાંઇપણ નથી. ૩૮ હે રાજા! જેમ જીવ સ્વપ્નના અનેક તરેહના પ્રપંચનું અવલોકન કરેછે તેમ એ વિરાટપુરૂષ સર્વની બુદ્ધિની વૃત્તિદ્વારા સર્વનો અનુભવ કરેછે. એ પ્રભુ સર્વેના અંતર્યામી છે. એ સત્ય અને આનંદના ભંડારરૂપ ભગવાનમાં મન સ્થિર કરીને તેમનું ભજન કરવું. અને સંસારના જન્મમરણના હેતુભુત વસ્તુમાં બંધાવું નહી. ૩૯.

स सर्व धीवृत्त्यनुभूतमर्व
आत्मायथा स्वप्नजनेक्षितैकः ॥
तं सत्यमानंदनिधिं भजेत
नान्यत्र सज्जेद्यत आत्मपातः ॥३९॥

ઇતિશ્રી ભાગવત મહાપુરાણના બીજા સ્કંધમાં વિરાટરૂપ વર્ણન. નામે પહેલો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૨ જો.

સ્થૂળ સ્વરૂપની ધારણાથી સૂક્ષ્મ સ્વરૂપની ધારણા.

श्री शुकउवाच

एवं पुरा धारणयात्मयोनि
र्नष्टां स्मृतिं प्रत्यवरुध्य तुष्टात् ॥
तथा ससर्जेदममोघदृष्टि
र्यथाऽप्ययात्प्राग्व्यवसाय बुद्धिः ॥१॥

શ્રી શુકદેવજી કહેછે હે પરીક્ષિત રાજા! પુર્વે બ્રહ્માએ એ પ્રમાણે ધારણા કરીને ભગવાનને પ્રસન્ન કર્યા હતા. અને એમની કૃપાથીજ પોતાની નાશ પામેલી સૃષ્ટિને ફરીથી રચવાની સ્મૃતિ મેળવીને પછી એ નિશ્ચિત તથા સફળ જ્ઞાનવાળા બ્રહ્માએ, પ્રલય થયા પેહેલાં જેવી સૃષ્ટિ હતી તેવી રચી. ૧ કર્મનાં ફળ બતાવવાની વેદની એવી રીત છે કે જેથી મનુષ્ય અર્થ વિનાનાં સ્વર્ગાદિકનાં નામ સાંભળીને તે મેળવવાની ઇચ્છા કરેછે તથા માયિક કર્મમાર્ગે ચાલવાથી મને ખરેખરૂં સુખ મળશે એવી વાસનાથી જેમ સૂતેલો મનુષ્ય સ્વપ્ન જુએ તેમ કર્મો કરીને અનેક લોકમાં ભટકેછે. પણ ત્યાં તેને અવિનાશી આત્મસુખ મળતું નથી. ૨ માટે જ્ઞાનીપુરૂષે નામમાત્ર સાંસારિક પદાર્થોમાં જે જે વસ્તુઓ શરીરના નિર્વાહ માટે જરૂરની હોય તેને માટે પ્રયત્ન કરવો, પણ તેમાં સુખ નથી એમ મનમાં નિશ્ચય કરીને આસક્ત થવું નહી. જો કદાપિ શરીરના નિર્વાહ માટે જોઇતા પદાર્થ વિના પ્રયત્ને મળે તો પછી તેને માટે મેહેનત કરવી નહી. ૩ સુવાને માટે પૃથ્વી છે તો પછી શય્યાને માટે શા સારૂ મેહેનત કરવી? બે હાથ સ્વાધીન છે છતાં ઓશીકાની શી જરૂર છે? આંગળાંના ખોબા છે છતાં જમવા માટે જુદાં જુદાં વાસણોની શી જરૂર છે? દિશા અને ઝાડની છાલ વગેરે લુગડાં છે છતાં રેશમી વસ્ત્રોની શી જરૂર છે? ૪ વળી વસ્ત્રો જોઈએ તો શું માર્ગમાં ચીંથરાં નથી પડ્યાં? ખોરાક જોઈએ તો શું પારકાનું પોષણ કરનારાં ઝાડો ફળ ફુલરૂપી ભિક્ષા નથી આપતાં? પીવાને પાણી જોઇએ તો શું નદી-

ઓ સૂકાઇ તો નથી ગઇ? રહેવાને ઠેકાણું જોઇએ તો શું પર્વતની ગુફાઓ કોઇએ બંધ કરી છે? તેમ છતાંએ ન મળે તો શું અજીત ભગવાન શરણાગતનું રક્ષણ નથી કરતા? આટલુ છતાં જ્ઞાની લોક, ધનના દુષ્ટ મદથી આંધળા થઇ ગયેલા પુરુષોને શા માટે સેવેછે? ૫ એ પ્રમાણે વૈરાગ્ય ધારણ કરી હૃદયમાં સ્વયંપ્રકાશ, પ્રિય, સત્યસ્વરૂપ, પરમાત્મા, અનંત અને ભજવાયોગ્ય ગુણવાળા ભગવાનને દૃઢ મનથી ભજવા, જેથી સંસારના જન્મ મરણને આપનારી અવિદ્યા નાશ પામેછે. ૬ વિષયોના ચિંતનથી વૈતરણી નદીમાં પડેલા અને પોતાનાં કર્મથી ત્રિવિધિ તાપને સહન કરતા માણસોને જોયા છતાં પણ કર્મથી જડ બની ગયેલા પુરૂષ વિના બીજો કોણ ભગવાનની ધારણા છોડી દઇને નાશવંત વિષયોની ચિંતા કરે? ૭ કેટલાએક પોતાના હૃદયમાં પ્રાદેશ (અંગુઠા અને તર્જની વચ્ચેનુ અતર) જેટલી જગ્યામાં પ્રાદેશ જેટલા માપથી વિરાજતા ચાર ભુજાવાળા તથા શંખ, ચક્ર, ગદા અને પદ્મ ધારણ કરનારા ભગવાનને ધારણાથી ભજેછે. ૮ એ ભગવાન કેવા છે કે—જેનું મુખ પ્રસન્ન છે, કમળ સરખાં વિશાળ નેત્ર છે, કદંબના કેસર સમાન પીળાં વસ્ત્ર પેહેરેલાં છે, ભારે રત્નોથી જડેલા બાજુબંધ શોભેછે અને તેજોમય રત્નોથી જડેલા મુગટ અને કુંડળ શોભી રહ્યાં છે, ૯ યોગીઓ જેનાં ચરણકમળને પોતાના પ્રફુલ્લિત હૃદયના કર્ણિકારૂપી ઘરમાં ધારણ કરેછે, જેને લક્ષ્મીનું ચિન્હ છે, જેના કંઠમાં કૌસ્તુભમણિ શોભેછે, જેણે નિત્ય પ્રફુલ્લિત સુંદર વનમાળા ધારણ કરેલી છે, ૧૦ જે કંદોરાથી, વીંટીઓથી, નુપુરથી તથા કડાં વિગેરે આભુષણોથી શણગારાએલા છે, જે તેલ લગાવેલા શ્યામ, વાંકા અને મનોહર કેશથી શોભાયમાન છે, જે સુંદર હાસ્યયુક્ત મુખથી મનોહર છે. ૧૧ ઉદાર હાસ્યપૂર્વક દૃષ્ટિ કરી દેદિપ્યમાન કટાક્ષવડે જે ભક્તો ઉપર કૃપા સુચવે છે અને જે ધ્યાનવડે મનમાં પ્રગટ થાયછે, એવા ભગવાનની મૂર્તિની, ચંચળ મન સ્થિર થાય ત્યાં સુધી ધારણા કરવી. ૧૨ પછી ભગવાનનાં ચરણોથી મુખ સુધી દર એક અંગનું એવું દૃઢ ધ્યાન કરવુ કે તે વિના પ્રયત્ને મનમાં સ્ફુરે. એવી રીતે જે જે અંગનું દૃઢ ધ્યાન થતું જાય તે અંગ છોડી દઇને બીજા અંગોનું ધ્યાન કરતા જવું. ૧૩ બ્રહ્માદિક દેવતાઓ પણ જેનાથી ઉતરતા છે એવા વિશ્વેશ્વર, દ્રષ્ટા ચૈતન્યઘન ભગવાનમાં જ્યાંસુધી પ્રેમલક્ષણાભક્તિ ન થાય ત્યાંસુધી પોતાના નિત્યકર્મથી પરવારીને નિયમ રાખીને ભગવાનના સ્થૂળ દેહનુ ધ્યાન ધરવું. ૧૪ હે રાજન્! આવી રીતે યોગ સાધનાર પુરુષને જો દેહ છોડવાની ઇચ્છા થાય તો તેણે પવિત્ર ક્ષેત્ર કે કાળનો મનમાં વિચાર ન રાખતાં સુખકારી સ્થિર આસન ઉપર બેસી મનથી પ્રાણાયામ કરીને પ્રાણની ગતિ રોકવી. ૧૫ પ્રાણ વશ કર્યા પછી નિર્મળ બુદ્ધિથી મન વશ કરવું અને બુદ્ધિને તેના દ્રષ્ટા(જીવ)માં લય કરવો, દ્રષ્ટાનો શુદ્ધ આત્મામાં લય કરવો અને આત્માનો પરબ્રહ્મમાં લય કરવો. એટલે હું બ્રહ્મ છું એવી ભાવના કરીને પછી શાંતિ પામી ધીર યોગીએ કર્મમાત્રથી વિરામ પામવું. ૧૬ એ આત્મસ્વરૂપમાં દેવતાઓનો પરમપ્રભુ કાળ પણ કાંઇ ફેરફાર કરી શકતો નથી, તો પછી જગતને નિયમમાં રાખનારા દેવતાઓ શું કરી શકે? વળી સત્વ, રજ, તમ, અહંકાર, મહત્તત્વ તથા પ્રધાન પ્રકૃતિ વગેરે જગતનાં કારણો પણ આત્માની ઉત્પત્તિ કરી શકતાં નથી. ૧૭ અનાત્મવસ્તુને નેતિનેતિ એ શ્રુતિમાં કહ્યા પ્રમાણે સર્વ વસ્તુનો ત્યાગ કરવાને ઇચ્છનારા આત્મજ્ઞાની પુરુષો, દેહાદિકમાંથી આત્મબુદ્ધિ કાઢી નાંખી પૂજ્ય વિષ્ણુના શુદ્ધ સ્વરૂપને હૃદયમાં ક્ષણે ક્ષણે આલિંગન કરી તેમાં અનન્ય પ્રીતિયુક્ત થઇને વિષ્ણુના પરમપદનેજ સર્વથી શ્રેષ્ઠ માનેછે. ૧૮ એ માટે શાસ્ત્રોક્ત જ્ઞાનથી વિષયવાસના નાશ પામેલા બ્રહ્મરૂપ મુનિએ ઉપાધિથી મુક્ત થવું. પછી પગની પાનીથી મૂળદ્વાર (ગુદા) બંધ .કરી શ્વાસને ૭

*ચક્રમાં ઉંચો ચઢાવવો. ૧૯ નાભિમાં રહેલા મણિપુર ચક્રમાંના પ્રાણવાયુને હૃદયમાં રહેલા અનાહત ચક્રમાં લઇ જઈ ત્યાંથી ઉદાન વાયુની ગતિથી ગળા નીચેના વિશુદ્ધિ ચક્રમાં લઈ આવવો. અને ત્યાંથી ધીમે ધીમે તાળવાના મૂળમાં લઇ જવો. ૨૦ ત્યાંથી બે ભ્રકુટી વચ્ચેના આજ્ઞાકારી ચક્રમાં લાવવો, એ સમયે સાત દ્વાર (બે કાનનાં, બે નાકનાં, બે નેત્રનાં ને એક મોઢાનું) બંધ કરવાં. એ આજ્ઞાકારી ચક્રમાં એક ઘડી સુધી રહીને પછી અકુંઠિત-જ્ઞાનવાળા બ્રહ્મરૂપ થયેલા યોગીએ લૌકિકસુખની ઇચ્છા રહિત થઈ બ્રહ્મરંધ્રભેદીને દેહ તથા ઇંદ્રિઓનો ત્યાગ કરવો. ૨૧ હે રાજન્ ! ગુણોના સમુદાયરૂપ આ બ્રહ્માંડમાં જો તે યોગીને બ્રહ્મલોકમાં જવાની અથવા અણિમાદિક આઠ સિદ્ધિ×વાળા સિદ્ધલોકના ક્રિડાસ્થાનમાં જવાની ઇચ્છા હોય તો તેણે મન તથા ઇંદ્રિયો સહિત તે લોકમાં જવું. ૨૨ જેનું લીંગ શરીર પવનમાં રહેલું છે એવા યોગેશ્વરોની ત્રિલોકની બહાર તથા અંદર ગતિ છે. ઉપાસના, ભગવદ્ધર્મ, અષ્ટાંગયોગ અને જ્ઞાનનું સેવન કરનારા જે ગતિને પામે છે તે ગતિને મનુષ્યો કર્મોવડે પામી શકતા નથી. ૨૩ કર્મ માર્ગી યોગી મરણ પછી આકાશમાર્ગે થઇને બ્રહ્મલોકના માર્ગરૂપી તેજોમય સુષુમ્ણા નાડીવડે અગ્નિના અભિમાની દેવતાને પામે છે અને પછી નિર્મળ થઇને શ્રી હરિના શિશુમાર ચક્રમાં જાય છે. ૨૪ પછી સૂર્યાદિક સર્વ ગ્રહો તથા નક્ષત્ર વગેરેના આશ્રયરૂપ શિશુમાર ચક્રને ઓળંગીને અત્યંત સૂક્ષ્મ તથા રજો ગુણથી રહિત એવા લીંગ શરીરવડે એકલો, બ્રહ્મવેત્તા પુરૂષોએ જેને નમસ્કાર કરેલ છે એવા મહર્લોકમાં જાય છે, જ્યાં કલ્પ સુધીના આયુષ્ય વાળા દેવતાઓ વૈભવ ભોગવે છે. ૨૫ ત્યાં એક કલ્પ સુધી રહ્યા પછી શેષ નારાયણના મુખના અગ્નિથી બળતા વિશ્વને જોઇને જેમાં સિદ્ધેશ્વરોએ સેવેલાં વિમાન છે તથા જે પરાર્દ્ધ કાળસુધી રહે છે એવા બ્રહ્મ લોકમાં જાય છે. ૨૬ એ બ્રહ્મ લોકમાં શોક, ઘરડપણ, મૃત્યુ, દુઃખ કે ઉદ્વેગ એમાંનું કાંઇ નથી. માત્ર ત્યાં પરમાત્માના સ્વરૂપને નહી જાણનાર પુરૂષોને જન્મ મરણ વગેરેથી ઉત્પન્ન થતાં દુઃખ જોવાથી ઉપજતી દયાએ કરીને મનમાં સંતાપ થાયછે, એ વિના બીજું કાંઇ દુઃખ નથી. ૨૭ પછી એ યોગી 'પૃથ્વી વગેરે આવરણો હું કેમ કરીને ભેદી શકીશ' એવી શંકા વગરનો થઇને પ્રથમ પૃથ્વીરૂપ થાય, તે પછી જળ રૂપને પામે છે, જળરૂપે ભોગ ભોગવીને ધીમે ધીમે અગ્નિ રૂપ થાય છે, તે પછી તેજરૂપ થઇને વાયુરૂપ થાય છે, પછી વાયુરૂપમાંથી વ્યાપકતા વડે પરમાત્માના સ્વરૂપને જણાવનારા આકાશના રૂપને પામે છે. ૨૮ પછી એ યોગી ઘ્રાણેંદ્રિયવડે ગંધને પામે છે, પછી જીભદ્વારા રસને પામે છે, પછી દૃષ્ટિદ્વારા રૂપને પામે છે, ત્વચા દ્વારા સ્પર્શને પામે છે, શ્રોત્ર ઇંદ્રિથી શબ્દને પામે છે એ રીતે જે તે કર્મેંદ્રિય દ્વારા તે તે ઇંદ્રિઓની ક્રિયાને પામે છે. ૨૯ પછી એ યોગી સૂક્ષ્મભૂતોના સ્થાન રૂપ તામસ અહંકારને પ્રાપ્ત થાય છે, પછી દશે ઇંદ્રિઓના લયનું સ્થાન જે રાજસ અહંકાર તેને પામે છે અને પછી મન અને ઇંદ્રિઓ વગેરેના દેવતાના લયનું સ્થાન જે સાત્વિક અહંકાર તેને પામે છે. એ ત્રણ પ્રકારના અહંકાર યુક્ત થઇને મહત્તત્વને પામે છે, તે પછી સર્વ ગુણોના લયના સ્થાનરૂપ પ્રધાનને પામે છે. ૩૦ એ રીતે પ્રધાનરૂપ થયેલો યોગી આનંદરૂપ થઇ ઉપાધિનો નાશ થયા પછી આનંદ સ્વરૂપ પરમાત્માને પામે છે. હે રાજા ! જે પુરૂષ ભગવાનની આ ગતિને પામ્યો તે ફરીને આ સંસારમાં જન્મતો નથી. ૩૧ હે રાજા ! તમે સનાતન માર્ગ અને વેદ માર્ગ એ બન્ને પૂછ્યા હતા તે તમને કહ્યા. પૂર્વે બ્રહ્માએ ભગવાનની આરાધના કરીને આ બે માર્ગ પૂછ્યા હતા તેથી તે ભગવાને બ્રહ્મા-

* નાભિ, હૃદય, વક્ષઃસ્થળ, તાળવાનું મૂળ, ભ્રકુટીનો મધ્ય ભાગ અને બ્રહ્મરંધ્ર એ ૭ ચક્ર છે.

× યોગની આઠ સિદ્ધિઓ છે. ૧ અણિમા, ૨ મહિમા, ૩ ગરિમા, ૪ લઘિમા, ૫ પ્રાપ્તિ, ૬ પ્રાકામ્ય, ૭ ઇશિત્વ અને ૮ વશિત્વ.

ને કહ્યા હતા. ૩૨ સાંસારિક પુરૂષોને મોક્ષને વાસ્તે આ બે માર્ગ સિવાય બીજો કોઇ માર્ગ કલ્યાણકારી નથી. આ બે માર્ગથીજ ભગવાનમાં ભક્તિ થાય છે. ૩૩ બ્રહ્માએ એકાગ્ર ચિત્તથી ત્રણવાર વેદોને વિચારીને જે માર્ગથી ભગવાનમાં ભક્તિ થાય એજ માર્ગ ઉત્તમ છે એમ નિશ્ચય કર્યો છે. ૩૪ (અહીં કોઇને શંકા થાય કે નહી અનુભવેલા ઇશ્વર ઉપર પ્રેમ શી રીતે થાય ? તેનું સમાધાન કરે છે। દૃશ્ય પદાર્થોનો પ્રકાશ દૃષ્ટા વિના સંભવે નહી, માટે બુદ્ધિ આદિકના પ્રકાશ ઉપરથી તેને પ્રકાશનાર આત્મા કલ્પાય છે, એ અર્થાપત્તિ પ્રમાણ કહેવાય છે. તથા બુદ્ધિ વગેરે ઇંદ્રિઓ તેના કર્તાને આધીન રહીને ક્રિયા કરે છે. જેમ કુહાડા વિગેરે હથિયારો કાપનાર ચેતનના આધારે કામ કરે છે તેમ, આને અનુમાન પ્રમાણ કહે છે. એ બે પ્રમાણોથી માણસોએ ઇશ્વરને અનુભવેલ છે તેથી તેના ઉપર પ્રીતિ થાય છે. ૩૫ માટે હે રાજા ! સર્વ ઠેકાણે, સર્વ પ્રકારે નિરંતર શ્રી હરિનાં ચરિત્રો સાંભળવાં, સંભારવાં તથા તેનું કીર્તન કરવું. ૩૬ આ ભગવત્ કથારૂપી અમૃતને કાનરૂપી પડીઆ વડે જે લોકો પીએ છે તેઓ વિષય વાસનાથી મલિન થયેલાં અંતઃકરણને પવિત્ર કરે છે અને ભગવાનનાં ચરણ કમળની પાસે વાસ કરે છે. ૩૭

पिबंति ये भगवत आत्मनः सतां कथामृतं श्रवणपुटेषुसंभृतम् ॥ पुनन्तिते विषयविदूषिताशयं व्रजन्तितच्चरणसरोरुहान्तिकम् ॥ ३७॥

ઇતિશ્રી ભાગવત મહાપુરાણના બીજા સ્કંધમાં પુરૂષ સંસ્થા વર્ણન નામનો બીજો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૩ જો.

વિષ્ણુભકિતની શ્રેષ્ઠતા અને પરીક્ષિતનો ભગવદ્ભકિતમાં પ્રેમ.

श्री शुकउवाच

एवमेतन्निगदितं पृष्ट वान्यद्भवान्मम ॥ नृणां यन्म्रियमाणानां मनुष्येषु मनीषिणाम्

શ્રી શુકદેવજી કહેછે—હે રાજા ! મનુષ્યોમાં જે બુદ્ધિમાન છે, અને જેનું મૃત્યુ પાસે આવેલું છે, તેને માટે જે આપે પૂછયું તે આવી રીતે મેં કહ્યું. ૧ બ્રહ્મ તેજની ઇચ્છાવાળાએ બ્રહ્માનું યજન કરવું, ઇંદ્રિઓની શક્તિ વધારવાની ઇચ્છાવાળાએ ઇંદ્રનું યજન કરવું, પ્રજાની ઇચ્છાવાળાએ દક્ષાદિક પ્રજાપતિઓનું યજન કરવું, ૨ લક્ષ્મીની કામનાવાળાએ દુર્ગાદેવીનું, તેજની ઇચ્છાવાળાએ અગ્નિનું, ધનની ઇચ્છાવાળાએ આઠ વસુદેવતાઓનું અને પરાક્રમની ઇચ્છાવાળાએ મહાપરાક્રમી અગીઆર રૂદ્રોનું યજન કરવું. ૩ અન્નાદિકની ઇચ્છાવાળાએ અદિતિનું, સ્વર્ગની ઇચ્છાવાળાએ બાર સૂર્યોનું, રાજ્યની કામનાવાળાએ વિશ્વેદેવોનું અને પ્રજાને સ્વાધીન કરવાની ઇચ્છાવાળાએ સાધ્ય દેવતાનું યજન કરવું. ૪ આયુષ્યની ઇચ્છાવાળાએ અશ્વિનીકુમારોનું, પુષ્ટિની ઇચ્છાવાળાએ પૃથ્વીનું, પ્રતિષ્ઠાની ઇચ્છા હોય તો માતા ધાવા ભૂમિનું, ૫ રૂપની ઇચ્છા હોય તો ગંધર્વોનું, સ્ત્રીની ઇચ્છા હોય તો ઉર્વશી અપ્સરાનું, સર્વના અધિપતિપણાની ઇચ્છા હોય તો પરમેષ્ટિ બ્રહ્માનું, યશની ઇચ્છા હોય તો યજ્ઞપુરૂષ ભગવાનનું, ધનના ભંડારની ઇચ્છા હોય તો વરૂણનું, વિદ્યાની ઇચ્છા હોય તો મહાદેવનું; વણીવર્ણાઆણીને પરસ્પર પ્રીતિની ઇચ્છા હોય તો સતી પાર્વતીનું, ધર્મની કામના હોય તો ઉત્તમશ્લોક ભગવાનનું, વંશ વધારવાની ઇચ્છા હોય તો પિતૃઓનું, રક્ષાની ઇચ્છા હોય તો યક્ષોનું, અને બળની કામના હોય તો વાયુદેવતાનું યજન કરવું. ૮ રાજની કામના હોય તો ચૌદ મનુઓનું, શત્રુઓને મારવાની કામના હોય તો રાક્ષસોનું, ભોગની ઇચ્છા હોય તો ચંદ્રમાનું અને જો વૈરાગ્યનીઇચ્છા હોય તો માયાથીપર પરમ પુરૂષનું યજન કરવું. ૯ કામના વગરનાએ અથવા કામનાવાળાએ અથવા જેને મો-

ક્ષની ઈચ્છા હોય તેણે ઉદારબુદ્ધિથી તીવ્ર ભક્તિયોગથી પૂર્ણ પુરૂષોત્તમ ભગવાનનું યજન કરવું. ૧૦ તે તે દેવતાઓની ઉપાસના કરનારા પુરૂષોને એટલોજ લાભ છે કે ભગવાનના ભક્તોના સંગથી ભગવાનમાં અચળ ભાવ થાય. ૧૧ રાગ દ્વેષાદિક દોષના સમુદાય જેમાં નથી એવું જેમાં જ્ઞાન રહ્યું છે, જે વિષયોમાં મનને પ્રસન્ન કરનારો વૈરાગ્ય રહેલો છે અને સર્વલોકોએ માન્ય કરેલો ભક્તિનો માર્ગ જેમાં છે, એવી ભગવાનની કથાઓમાં નિવૃત્તિ પામેલો કયો પુરૂષ પ્રીતિ ન કરે ? ૧૨.

શૌનક કહેછે—પરીક્ષિત રાજાએ આ કથા સાંભળ્યા પછી શબ્દબ્રહ્મમાં કુશળ વેદપારંગત શુકદેવજીને બીજું શું પૂછ્યું ? ૧૩ હે વિદ્વન્ સૂત ! અમે તે કથા સાંભળવાને ઈચ્છીએ છીએ, માટે તે કથા કહેવાને તમે યોગ્ય છો. કેમકે સત્પુરૂષોની સભામાં પરિણામે હરિકથાજ થાય છે. ૧૪ તે પાંડવવંશી મહારથી પરીક્ષિત રાજા ભગવાનના પરમ ભક્ત હતા. તે બાળપણથીજ રમતમાં પણ શ્રી કૃષ્ણ ભગવાનની પૂજા કરવાની રમત કરતા હતા. ૧૫ અને ભગવાન શુકદેવજી પણ ભગવત્પરાયણજ હતા. માટે તેમનો સંવાદ કહો, કેમકે સત્પુરૂષોના સમાગમમાં ભગવાનના ગુણોની ઉદાર કથાઓ થાયછે. ૧૬ ભગવાનની કથામાં જે ક્ષણ જાયછે તે વિના પુરૂષના બાકીના આયુષ્યને ઊગતો ને આથમતો સૂર્ય વૃથાજ હરિ લેછે. ૧૭ શું ઝાડ નથી જીવતાં? શું ધમણ શ્વાસ નથી લેતી ? શું ગામનાં પશુઓ અહાર વિહાર નથી કરતાં ? ૧૮ એ માટે જેના કાનમાં શ્રી કૃષ્ણ ભગવાનનું નામ નથી આવ્યું, તે પુરૂષ કુતરાં, ભુંડ, ઉંટ અને ગધેડાં સરખો છે. ૧૯ જે પુરૂષના કાનરૂપી પડીઆ હરિભગવાનનાં પરાક્રમ સાંભળતા નથી તેના કાન નકામા દર જેવાછે. હે સૂત ! જેની દુષ્ટ જીભ ભગવાનના ગુણ ગાતી નથી તેને દેડકાની જીભ બરાબર સમજવી. ૨૦ પાઘડી અને મુગટથી શોભિત જે માથું મુકુંદ ભગવાનને ન નમે તે કેવળ ભારરૂપ સમજવું. સુંદર સોનાનાં કડાં પેહેરેલા હાથ પણ જો ભગવાનની સેવા ન કરે તો તેને શબના હાથતુલ્ય જાણવા. ૨૧ જે નેત્ર ભગવાનના સ્વરૂપનું દર્શન ન કરે તે નેત્રને મોરપિચ્છના ચાંદ્રા જેવાં જાણવાં. જે પગ ભગવાનના મંદિરમાં ચાલીને ન જાય તે પગ ઝાડના થડ બરાબર છે. ૨૨ જે મનુષ્યને કદી ભગવાનની ચરણરજ ન મળે તે જીવતે મુવા બરાબર છે. શ્રી વિષ્ણુ ભગવાનના ચરણમાં અર્પણ કરેલી તુલસીની સુગંધ જેણે લીધી નથી તે શ્વાસ લેતો હોય તોપણ શબતુલ્ય છે. ૨૩ ભગવાનનાં નામ લેતાં જેની આંખોમાં આંસુ આવતાં નથી, શરીર રોમાંચ થતું નથી અને બીજો કાંઇ વિકાર થતો નથી તેનું હૃદય પથ્થર જેવું કઠોર જાણવું. ૨૪ હે સૂત ! ભગવદ્ ભક્તોમાં મુખ્ય તમે અમારા મનને જે અનુકુળ હોયછે તે કહો છો. માટે આત્મવિદ્યામાં કુશળ શુકદેવજીએ પરીક્ષિત રાજાના સુંદર પ્રશ્નોના જે ઉત્તર આપ્યા હોય તે અમને કહો. ૨૫

अथाभिधेह्यंग मनोनुकुलं
प्रभाषसे भागवतप्रधानः ॥
यदाह वैयासकिरात्मविद्या
विशारदो नृपतिं साधु पृष्टः ॥२९॥

ઇતિ શ્રી ભાગવતપુરાણના દ્વિતીય સ્કંધમાં 'બ્રહ્માદિદેવપૂજન' વર્ણન નામે ત્રીજો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૪ થો.

શ્રી શુકદેવજીએ કહેલી સૃષ્ટિ રચના.

॥ सूतउवाच ॥

वैयासकेरिति वचस्तत्त्व निश्चयमात्मनः ॥
उपधार्यमतिकृष्णऔत्तरेयः सतींव्यधात् ॥१॥

સૂતજી કહે છે—આ પ્રમાણે આત્મતત્ત્વના નિશ્ચયવાળા શુકદેવજીનાં વચન સાંભળીને દેહ, સ્ત્રી, પુત્ર, ઘર, પશુ, ધન, બંધુ અને અખંડ રાજ્ય એ સર્વમાં બંધાએલી દૃઢ મ-

મતાનો ત્યાગ કરી પરીક્ષિત રાજાએ શ્રી કૃષ્ણમાં દૃઢ બુદ્ધિ કરી. ૧-૨ હે વિપ્રો ! શ્રી કૃષ્ણનો મહિમા સાંભળવામાં શ્રદ્ધાવાળા, ઉદાર મન વાળા પરીક્ષિતે પોતાનું મરણ પાસે આવેલું જાણી ધર્મ, અર્થ અને કામ સંબંધી કર્મનો ત્યાગ કરી, વાસુદેવ ભગવાનમાં પરમ પ્રેમથી આત્મભાવને પામીને તમે પૂછોછો તેવોજ શ્રી હરિલીલા સંબંધી પ્રશ્ન પૂછયો હતો. ૩-૪

પરીક્ષિત પૂછેછે—હે નિષ્પાપ ! હે બ્રહ્મન્ ! હે સર્વજ્ઞ ! આપની વાણી સર્વોત્તમ છે, કેમકે આપ જે ભગવાનની કથા કહોછો તેથી મારૂં અજ્ઞાન નાશ પામે છે. ૫ વળી હું એ જાણવાને ઇચ્છું છું કે—અનંત શક્તિવાળા પુરૂષોત્તમ ભગવાન પોતે ક્રિડા કરવાને તથા પોતાના સ્વરૂપમય બ્રહ્માદિકને રમાડવા માટે મોટા દેવોથી પણ જાણી શકાય નહિ એવા આ જગતને પોતાની માયાથી કયા પ્રકારે રચે છે , તેને પાળે છે તથા સંહારે છે ? ૬-૭ હે બ્રહ્મદેવ! અદ્‌ભુત ચરિત્રવાળા ભગવાનની લીલા મોટા જ્ઞાની લોકોની કલ્પનામાં પણ આવી શકતી નથી. ૮ એકજ પુરૂષરૂપ ભગવાન એકજ વખતે માયાના ગુણ ધારણ કરેછે કે બ્રહ્માદિક અવતારોવડે કર્મો કરવાસારૂ ક્રમથી માયાના ગુણો ધારણ કરે છે ? ૯ એ વાતનો મને સંદેહ છે, માટે આપ કૃપા કરીને કહો. કારણ કે આપ શબ્દબ્રહ્મ અને પરબ્રહ્મ એ બેમાં નિપુણ છો. ૧૦

સૂતજી કહે છે—ભગવાનના ગુણ વર્ણવવા માટે આવો પરીક્ષિત રાજાનો પ્રશ્ન સાંભળી ભગવાનનું સ્મરણ કરી યોગીંદ્ર શુકદેવજી કથા કહેવા લાગ્યા. ૧૧

શુકદેવજી કહે છે—જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લયની લીલા માટે રજોગુણ આદિ માયાની ત્રણ શક્તિઓને ધારણ કરનારા, અલક્ષ્ય માર્ગથી વિરાજમાન, સર્વ જીવોના અંતર્યામી અને અપરિમિત મહિમા વાળા સર્વોત્તમ પુરૂષને હું પ્રણામ કરૂંછું. ૧૨ સત્પુરૂષોનાં સંકટ કાપનારા, દુષ્ટોનો સંહાર કરનારા, સંપૂર્ણ સત્ત્વમૂર્તિવાળા, પરમહંસ આશ્રમમાં રહેલા અને પુરૂષોને આત્મતત્ત્વ દેનારા ભગવાનને હું વારંવાર પ્રણામ કરૂં છું. ૧૩ ભક્તોને પાળનારા, અભક્ત પુરૂષોથી ઘણા દૂર રહેનારા, જેના સમાન તેમજ અધિક કોઇ નથી એવા અને ઐશ્વર્યથી સ્વસ્વરૂપ પરબ્રહ્મમાં વિહાર કરનારા ભગવાનને વારંવાર પ્રણામ કરૂં છું. ૧૪ જેનું શ્રવણ, કીર્તન, સ્મરણ, દર્શન, વંદન અને પૂજન લોકોનાં પાપોને તુરત દૂર કરે છે, એવા કલ્યાણકારી કીર્તિવાળા ભગવાનને હું વારંવાર પ્રણામ કરૂં છું. ૧૫ જેનાં ચરણ કમળના ભજનથી વિવેકીજનો આ લોક તથા પરલોકમાંથી મનની આસક્તિ કાઢી નાંખી વિનાશ્રમે બ્રહ્મગતિને પામે છે, તે કલ્યાણકારી કીર્તિવાળા ભગવાનને હું નમસ્કાર કરૂં છું. ૧૬ તપસ્વી, દાતા, યશસ્વી, યોગી, મંત્રવેત્તા, તથા સદાચરણી પુરૂષો પોતાનાં કર્મો જેને અર્પણ કર્યા વગર કલ્યાણને પામતા નથી, તે કલ્યાણકારી ભગવાનને હું વારંવાર પ્રણામ કરૂં છું. ૧૭ ભીલ, હૂણ, આંધ્ર, પુલિંદ, ચાંડાળ, આહીર, કંક, યવન, ખસ અને તે સિવાય બીજા જે નીચ લોકો છે તે સર્વ જે ભગવાનના ભક્તોનો આશ્રય લઇ પવિત્ર થઇ જાય છે, તે સમર્થ ભગવાનને હું પ્રણામ કરૂં છું. ૧૮ ધીરપુરૂષોને આત્મભાવે કરીને ઉપાસનીય, ત્રણે વેદ સ્વરૂપ, ધર્મમૂર્તિ, તપમૂર્તિ અને સર્વેશ્વર હરિ કે જેના સ્વરૂપને બ્રહ્મા અને મહેશાદિક નિષ્કપટી ભક્તો જાણી શકે છે, એવા ભગવાન મારા ઉપર પ્રસન્ન થાઓ. ૧૯ લક્ષ્મીપતિ, યજ્ઞપતિ, પ્રજાપતિ, બુદ્ધિપતિ, લોકપતિ, પૃથ્વીપતિ, અંધક, વૃષ્ણિ અને સાત્વતવંશીઓના પતિ, સર્વ આપત્તિઓથી રક્ષણ કરનારા તથા સત્પુરૂષોના પતિ એવા ભગવાન મારા ઉપર કૃપા કરો. ૨૦ જેના ચરણ કમળના ધ્યાનરૂપ સમાધિથી નિર્મળ બુદ્ધિવડે જ્ઞાનીઓ આત્મસ્વરૂપને જુએ છે અને પોતાની બુદ્ધિ અનુસાર કહે છે, એવા મુકુંદ ભગવાન મારા ઉપર કૃપા કરો. ૨૧ સૃષ્ટિના આરંભમાં બ્રહ્માના હૃદયમાં સૃષ્ટિ રચવા સંબંધી સ્મૃતિ લાવવા માટે

જે ભગવાને પ્રેરણા કરી હતી તે ઉપરથી શિક્ષામાં કહેલાં લક્ષણોવાળાં વેદમૂર્તિ સરસ્વતી જે બ્રહ્માના મુખમાંથી પ્રગટ થયાં હતાં, તે જ્ઞાન આપનારાઓમાં શ્રેષ્ઠ ભગવાન મારા ઉપર પ્રસન્ન થાઓ. ૨૨ જે સર્વ વ્યાપક પરમ પુરૂષ, પંચ મહાભૂત દ્વારા અનેક શરીર રચી તેમાં જીવરૂપથી પ્રવેશ કરે છે તથા અગીઆર ઇંદ્રિઓ અને પંચ મહાભૂત એ સોળ માયાનાં કાર્યોને અંતર્યામી રૂપથી પ્રકાશિત કરે છે, તે ભગવાન મારી વાણીને રસાલંકારથી શોભાવો. ૨૩ જેના મુખ કમળમાંથી પ્રગટ થયેલા જ્ઞાનરૂપ મકરંદનું ભક્તજનો પાન કરે છે, તે વાસુદેવ સ્વરૂપ વેદ વ્યાસને હું નમસ્કાર કરૂં છું. ૨૪ હે રાજા! આ પ્રશ્ન નારદજીએ બ્રહ્માને પૂછયો હતો, ત્યારે વેદમૂર્તિ બ્રહ્માએ, સાક્ષાત્ હરિભગવાને પોતાને જે કથા કહી હતી, તે કથા નારદજીને કહી હતી. ૨૫

एतदेवात्मभूराजन्नारदायविपृच्छते ॥
वेदगर्भोऽभ्यधात्साक्षाद्यदाहहरिरात्मनः॥२६॥

ઇતિશ્રી મહાપુરાણ ભાગવતના દ્વિતીય સ્કંધનો ચોથો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૫ મો.

શ્રી હરિની લીલારૂપ વિરાટ સ્વરૂપની સૃષ્ટિ.

नारदउवाच.

देवदेवनमस्तेस्तु भूतभावनपूर्वज ॥
तद्विजानीहियज्ज्ञानमात्मतत्त्वनिदर्शनम् ॥

નારદ પૂછે છે—હે દેવાધિદેવ! હે જગત્પાળક! હે પૂર્વજ! આપને નમસ્કાર કરૂં છું. મને જેથી આત્મતત્ત્વનો બોધ થાય એવું સાધન બતાવો. ૧ હે પ્રભુ! આ જગતનો પ્રકાશક કોણ છે? કોને આશ્રયે રહેલ છે? કોણે રચ્યું છે? કોનામાં લીન થાય છે? કોને આધીન છે તથા તેનું સ્વરૂપ કેવું છે? એ બધું તમે મને યોગ્ય રીતે કહો. ૨ તમે તે સર્વ જાણો છો, કારણ કે તમે ભૂત, ભવિષ્ય અને વર્તમાન સર્વના પ્રભુ છો. માટે આ સર્વ જગત હસ્તામલકની પેઠે આપના જાણવામાં છે અને નિશ્ચય કરેલ છે. ૩ આપને જ્ઞાન આપનાર કોણ છે? આશ્રય કોનો છે? કોને આધીન છો? આપનું સ્વરૂપ કેવું છે? આપ એકલાજ આપની શક્તિને ધારણ કરી, પંચ ભૂતોએ કરીને જેમ કરોળિયો પોતેજ પોતાની શક્તિથી જાળ બનાવે છે, તેમ વિના પરિશ્રમે આપના સ્વરૂપમાંજ સર્વ જીવોને રચો છો, તથા તેમનો પરાભવ નહિ થવા દેતાં તેમનું પાલન કરો છો. ૪-૫ હે વિભુ! આ જગતમાં ઉત્તમ, મધ્યમ, કનિષ્ઠ, સ્થૂળ તથા સૂક્ષ્મ સઘળી વસ્તુ જે નામ, રૂપ અને ગુણથી જાણી શકાય છે, તેમાંથી કોઇ પણ વસ્તુ આપ સિવાય બીજા કોઇથી ઉત્પન્ન થઇ હોય એમ હું માનતો નથી. ૬ પરંતુ આપે પણ એકાગ્રચિત્ત થઈ જે ઉગ્ર તપ કર્યું તેથી મને મોહ થાય છે, અને શંકા થાય છે કે આપનાથી પર બીજો કોઇ ઇશ્વર છે? ૭ હે સર્વજ્ઞ! હે સર્વેશ્વર! આ જે મેં આપને પૂછયું તેનું એવી રીતે સમાધાન કરો કે તે સર્વ મારી સમજમાં આવે. ૮

બ્રહ્મા કહે છે—હે વત્સ! તારી દયાળુની આ શંકા ઉત્તમ છે, કારણ કે તેં મને ભગવાનનાં પરાક્રમો દર્શાવવાને પ્રેરણા કરી. ૯ હે નારદ! તું મને ઇશ્વર કહે છે એ તારૂં કહેવું ખોટું નથી, કેમકે જેના પ્રતાપથી મારો આવો પ્રભાવ છે તે ઇશ્વરને તું જાણતો નથી. ૧૦ જેમ સૂર્ય, અગ્નિ, ચંદ્ર, નક્ષત્ર, ગ્રહ અને તારાઓ, ચૈતન્યરૂપ પરમાત્માએ પ્રકાશ કરેલી વસ્તુઓને પ્રકાશિત કરે છે, તેમ હું પણ સ્વયંપ્રકાશ ભગવાને પ્રકાશ કરેલા આ જગતને પ્રકાશ કરૂં છું, અર્થાત્ રચું છું. ૧૧ જેની ન જીતી શકાય એવી માયાથી મોહિત થયેલા તારા જેના મને જગતનું કારણ ઠરાવે છે, તે વાસુદેવ ભગવાનનું પ્રણામ પૂર્વક ધ્યાન કરૂં છું. ૧૨ વળી મારૂં કપટ મારા સ્વામી જાણે છે એમ સમજીને જે માયા ભગવાનની દૃષ્ટિએ પડતાંજ શરમાય છે તે માયાથી મોહ પામેલા દુષ્ટ બુદ્ધિવાળા પુરૂષો "હું, મારૂં" એ રીતે બકયા કરે છે. ૧૩ હે નારદ! દ્રવ્ય એટલે જગતનાં ઉપાદાન કારણરૂપ પાંચ મહા

ભૂતો, જન્મનાં કારણરૂપ કર્મો, ક્ષોભ કરનારો કાળ, પરિણામનો હેતુ સ્વભાવ અને ભોક્તા રૂપ જીવ એ સર્વ ખરેખરૂં જોતાં વાસુદેવ ભગવાનથી જુદાં નથી. ૧૪ વેદો નારાયણથી ઉત્પન્ન થયા છે, દેવતાઓ નારાયણના અંગમાંથી ઉત્પન્ન થયા છે, સ્વર્ગાદિક લોક નારાયણના આનંદના અંશભૂત છે, યજ્ઞ, યોગ, તપ અને જ્ઞાન એ સર્વ નારાયણની પ્રાપ્તિનાં સાધનો છે અને તેનું ફળ પણ નારાયણનેજ પરાયણ છે. ૧૫-૧૬ તે દ્રષ્ટા, નિયંતા, અંતર્યામી અને સર્વ વ્યાપક ભગવાનને રચવાના જગતને કેવળ તેમની દૃષ્ટિની પ્રેરણાથીજ હું રચું છું. ૧૭ હે પુત્ર ! એ ભગવાન નિર્ગુણ છે, પરંતુ તેમણે જગતની ઉત્પત્તિ, સ્થિતિ તથા પ્રલય કરવા માટે સ્વતંત્રપણે માયાવડે સત્વ, રજ અને તમ એ ત્રણ ગુણ ગ્રહણ કર્યા છે. ૧૮ એ પંચ મહાભૂત, ઇંદ્રિયોના અભિમાની દેવતાઓ તથા ઇંદ્રિયોના કારણભૂત એ ત્રણ ગુણો અધ્યાત્મ, અધિભૂત અને અધિદૈવ વિષે અભિમાન ઉત્પન્ન કરાવીને નિત્યમુક્ત જીવને સંસારના જન્મ મરણ રૂપ બંધનમાં ફસાવે છે. ૧૯ હે નારદ ! તે માયાને આધીન રાખનારા અધોક્ષજ ભગવાન સર્વના તથા મારા સ્વામી છે. તે જીવોને ઉપાધિરૂપે આવરણ કરનારા છે અને ત્રણ ગુણોથી જાણવામાં આવતા નથી. ૨૦ એ માયાના ઇશ્વર ભગવાને વિવિધ પ્રકારની સૃષ્ટિ રચવાની ઇચ્છાથી પોતાની માયાવડે પોતાને વિષે અકસ્માત્ પ્રાપ્ત થયેલા કાળ, કર્મ તથા સ્વભાવને ગ્રહણ કર્યા. ૨૧ પુરૂષને આશ્રયે રહેલા કાળથી ગુણોમાં ક્ષોભ થયો એટલે એ ત્રણ ગુણ સમભાવ છોડી દઇને છૂટા થયા, પછી સ્વભાવથી તે ગુણો રૂપાંતરને પામ્યા એટલે કર્મથી મહત્તત્ત્વ ઉત્પન્ન થયું. ૨૨ રજોગુણ તથા સત્વગુણથી વૃદ્ધિ પામેલું મહત્તત્વ વિકાર પામતાં તેમાંથી દ્રવ્ય, જ્ઞાન તથા ક્રિયારૂપ તમોગુણ પ્રધાન એકતત્ત્વ ઉત્પન્ન થયું. ૨૩ તેને અહંકાર કહેછે. તે વિકાર પામીને ત્રણ પ્રકારનો થયો. સાત્વિક અહંકાર રાજસ અહંકાર અને તામસ અહંકાર. તેમાં તામસ અહંકારમાં પંચ મહાભૂતો ઉત્પન્ન કરવાની શક્તિ છે, રાજસ અહંકારમાં ઇંદ્રિયો ઉત્પન્ન કરવાની અને સાત્વિક અહં કારમાં ઇંદ્રિયોના દેવતા ઉત્પન્ન કરવાની શક્તિ છે. ૨૪ તામસાહંકાર વિકાર પામીને તેમાંથી આકાશ થયું, તે તેનું સૂક્ષ્મરૂપ છે તથા બીજાં ભૂતોથી નોખું કરનારો ગુણશબ્દ છે. શબ્દ દ્રષ્ટા તથા દૃશ્ય વસ્તુને જણાવે છે. ૨૫ આકાશ વિકાર પામતાં તેમાંથી સ્પર્શ ગુણવાળો પવન ઉત્પન્ન થયો, કારણનો ગુણ કાર્યમાં આવે છે તેથી આકાશનો ગુણ શબ્દ પણ તેમાં આવ્યો. વાયુ શરીરને ધારણ કરનાર છે, અને ઇંદ્રિયબળ, મનનું બળ, તથા શરીરનું બળ એ સર્વનું કારણ વાયુ છે. ૨૬ કાળ, કર્મ અને સ્વભાવને લીધે વિકાર પામેલા વાયુમાંથી તેજ ઉત્પન્ન થયું. તેનો ગુણ રૂપ છે, તથા શબ્દ અને સ્પર્શ જે આકાશ તથા વાયુના ગુણો છે તે પણ તેજમાં છે. ૨૭ તેજ વિકાર પામતાં જળ ઉત્પન્ન થયું, તેનો ગુણ રસ છે. અને તેમાં તેજ, વાયુ તથા આકાશ કારણ હોવાથી રૂપ, સ્પર્શ તથા શબ્દ એ ગુણો પણ જળમાં રહેલા છે. ૨૮ જળ વિકાર પામતાં તેમાંથી ગંધ ગુણવાળી પૃથ્વી ઉત્પન્ન થઈ, તેમાં જળ, તેજ, વાયુ તથા આકાશ એ કારણ હોવાથી રસ, રૂપ, સ્પર્શ તથા શબ્દ એ ચાર ગુણો પણ રહેલા છે. અર્થાત્ પૃથ્વીમાં પાંચે ગુણ છે. ૨૯ સાત્વિક અહંકાર વિકાર પામતાં તેમાંથી મન અને તેના દેવતા ચંદ્રમા અને બીજા દિશાઓ, વાયુ, સૂર્ય, વરૂણ, અશ્વિનીકુમાર, અગ્નિ, ઇંદ્ર, ઉપેંદ્ર, મિત્ર તથા પ્રજાપતિ એ દશ ઇંદ્રિયોના દેવતા ઉત્પન્ન થયા. ૩૦ રાજસ્ અહંકાર વિકાર પામતાં તેમાંથી શ્રોત્ર, ત્વચા, ઘ્રાણ, નેત્ર અને જીભ એ પાંચ જ્ઞાનેંદ્રિયો તથા વાણી, હાથ, પગ, લિંગ અને ગુદા એ પાંચ કર્મેંદ્રિયો ઉત્પન્ન થઈ. વળી જ્ઞાનની શક્તિ બુદ્ધિ તથા ક્રિયાની શક્તિ પ્રાણ એ બન્ને પણ રાજસ અહંકારનાં કાર્ય છે. ૩૧ હે બ્રહ્મવેત્તાઓમાં શ્રેષ્ઠ નારદ ! એ પંચમહાભૂતો, દશ ઇંદ્રિયો, મન અને ત્રણ ગુણો જ્યારે જુદા જુદા હતા ત્યારે તે સૃષ્ટિ સરજવાને સમર્થ ન થયા. ૩૨

પરંતુ તે જ્યારે ભગવાનની શક્તિની પ્રેરણાથી એકઠા થયા ત્યારે તેઓએ ગૌણ અને પ્રધાન ભાવનો સ્વિકાર કરીને સમષ્ટિ* અને વ્યષ્ટિરૂપ સ્થળ શરીર (બ્રહ્માંડ) સરજ્યું. ૩૩ હજારો વર્ષ સુધી પાણીમાં રહેલા એ અચેતન બ્રહ્માંડરૂપ સ્થૂળ શરીરને કાળ, કર્મ તથા સ્વભાવનો આશ્રય કરીને પરમાત્માએ સચેતન કર્યું. ૩૪ અને તેજ પરમાત્મા એ જળમાં રહેલા ઈંડાને ભેદીને હજારો સાથળ, ચરણ, ભુજાઓ, નેત્રો, મુખ તથા મસ્તકવાળું સ્વરૂપ ધરીને બહાર નીકળ્યા. ૩૫ એ શરીરના અવયવોમાં વિદ્વાનો આ પ્રમાણે ચૌદ લોકની કલ્પના કરે છેઃ—કેડથી માંડીને પગ સુધીના નીચેના ભાગમાં સાત લોક અને જાંઘ વિગેરે ઉપરના ભાગમાં સાત લોક. ૩૬ એ વિરાટ પુરૂષના મુખમાંથી બ્રાહ્મણ, ભુજાઓમાંથી ક્ષત્રિયો, જંઘામાંથી વૈશ્ય અને ચરણમાંથી શૂદ્ર એ રીતે ચાર વર્ણ ઉત્પન્ન થઇ. ૩૭ વિરાટ પુરૂષના ચરણોમાં ભૂલોક, નાભિમાં ભુવર્લોક, હૃદયમાં સ્વર્ગલોક, છાતીમાં મહર્લોક, ૩૮ કંઠમાં જનલોક, બે સ્તનોમાં તપલોક, અને મસ્તકમાં સત્યલોક કલ્પેલા છે. એને સનાતન બ્રહ્મલોક (વૈકુંઠ) કહે છે. ૩૯ વિરાટની કેડમાં અતલ લોક, સાથળમાં વિતલ લોક, ઘુંટણમાં શુદ્ધ સુતળ લોક, જંઘામાં તલાતલ લોક, ઘુંટીમાં મહાતલ લોક, પગની ફણામાં રસાતલ લોક અને પગનાં તળીયાંમાં પાતાળ લોકની કલ્પના કરેલી છે. એ પ્રમાણે વિરાટ પુરૂષ સર્વ લોકમય છે. ૪૦-૪૧ વળી ચરણોમાં ભૂલોક. નાભિમાં ભુવર્લોક અને મસ્તકમાં સ્વર્ગ લોક એ પ્રમાણે ત્રણ લોકની કલ્પના કરેલી છે. ૪૨

भूर्लोकः कल्पितःपद्भ्यांभुवर्लोकोस्यनाभितः॥
स्वर्लोकः कल्पितोमूर्ध्नाइतिवा लोककल्पना ॥

ઇતિ શ્રી ભાગવતપુરાણના દ્વિતીય સ્કંધમાં વિરાટ સૃષ્ટિ વર્ણન નામનો ૫ મો અધ્યાય સંપૂર્ણ.

* આખું શરીર તે સમષ્ટિ અને પ્રત્યેક અંગ તે વ્યષ્ટિ કહેવાય છે.

અધ્યાય ૬ ઠ્ઠો.

વિરાટ પુરૂષની વિભૂતિ તથા પુરૂષ સૂક્તના અર્થથી પૂર્વની કથાનો નિર્ણય.

ब्रह्मोवाच—वाचांवह्नेर्मुखंक्षेत्रंछंदसांसप्तधातवः ॥
हव्यकव्यामृतान्नानांजिह्वासर्वरसस्यच ॥

બ્રહ્મા કહે છે—હે નારદ! વાણી અને વાણીના દેવતા અગ્નિનું ઉત્પત્તિસ્થાન વિરાટ પુરૂષનું મુખ છે, ગાયત્રી વિગેરે છંદોનું ઉત્પત્તિ સ્થાન તેની ત્વચા વિગેરે છે, દેવતાઓના અન્નનું, પિતૃઓના અન્નનું અને મનુષ્યોના અન્નનું તથા મધુર આદિ સર્વ રસોનું ઉત્પત્તિ સ્થાન તેની જીભ છે. ૧ સર્વ પ્રાણ તથા વાયુનું ઉત્પત્તિ સ્થાન નાસિકા છે, અશ્વિની કુમાર, ઔષધી અને સામાન્ય તથા વિશેષ ગંધનું ઉત્પત્તિ સ્થાન વિરાટની ઘ્રાણેંદ્રિય છે. ૨ રૂપ અને તેજનું ઉત્પત્તિ સ્થાન તેનાં ચક્ષુ છે, અને સૂર્યનું ઉત્પત્તિ સ્થાન તેના નેત્રનાં બે ગોલક છે, દિશા અને તીર્થોનું ઉત્પત્તિ સ્થાન કાન છે, આકાશ અને શબ્દનું ઉત્પત્તિ સ્થાન શ્રોત્રેંદ્રિય છે, વસ્તુઓના સારનું તથા સુંદરતાનું ઉત્પત્તિ સ્થાન વિરાટપુરૂષનું શરીર છે. ૩ સ્પર્શ, વાયુ અને યજ્ઞનું ઉત્પત્તિ સ્થાન તેની ત્વચા છે, જેથી યજ્ઞ સિદ્ધ થાય છે એવાં વૃક્ષોનું ઉત્પત્તિ સ્થાન વિરાટ પુરૂષનાં રૂવાંટાં છે. ૪ તેના કેશમાંથી મેઘ ઉત્પન્ન થયા છે. દાઢી મુછમાંથી વીજળી અને હાથ પગના નખોમાંથી પથરા તથા લોઢું ઉત્પન્ન થયું છે, ઘણું કરીને જગતનું પાલન કરનારા લોકપાળો તેના બાહુઓમાંથી ઉત્પન્ન થયા છે. ૫ વિરાટ પુરૂષનું ચાલવું એ ભૂલોક, ભુવર્લોક અને સ્વર્ગ લોકનું સ્થાન છે, તેના ચરણ એ ક્ષેમ, રક્ષણ, સર્વ કામના અને વરદાનનું આશ્રય સ્થાન છે. ૬ જળ, વિર્ય, સૃષ્ટિ, વરસાદ, અને પ્રજાપતિ એ સર્વનું ઉત્પત્તિ સ્થાન વિરાટનું લિંગ છે, સંભોગજન્ય સુખનું સ્થાન ઉપસ્થ ઇંદ્રિય છે. ૭ હે નારદ! વિરાટ પુરૂષની પાયુ એ યમ, મિત્ર અને મળત્યાગનું ઉત્પત્તિ સ્થાન

છે, હિંસા, દરિદ્રતા, મૃત્યુ અને નરકનું ઉત્પત્તિ સ્થાન તેની ગુદા છે. ૮ પરાભવ, અધર્મ અને અજ્ઞાનનું સ્થાન તેની પીઠ છે, નદ અને નદીઓનું ઉત્પત્તિ સ્થાન તેની નાડીઓ છે, તેનાં હાડકાંનો જથો એ પર્વતનું ઉત્પત્તિ સ્થાન છે. પ્રકૃતિ, અન્નાદિકનો રસ, સમુદ્ર, અને પ્રાણીઓનો લય થવાનું સ્થાન વિરાટનું પેટ છે, લિંગ દેહનું ઉત્પત્તિ સ્થાન તેનું હૃદય છે. ૧૦ ધર્મનું, મારૂં, શીવનું, તારૂં, સનકાદિકનું, બુદ્ધિનું અને સત્વગુણનું ઉત્તમ સ્થાન વિરાટ પુરૂષનું ચિત્ત છે. ૧૧ હું, તું, મહાદેવ, સનકાદિક કુમારો, મુનિઓ, દેવતા, દૈત્ય, મનુષ્ય, નાગ, પક્ષી, હરણ, સાપ, વીંછી, ગંધર્વ, અપ્સરા, યક્ષ, રાક્ષસ, ભુતગણ, સાપ, પશુ, પિતૃ, સિદ્ધ, વિદ્યાધર, ચારણ, વૃક્ષ અને બીજાં નાના પ્રકારનાં જળચર, સ્થળચર તથા આકાશમાં રહેનારાં પ્રાણી, ગ્રહ, નક્ષત્ર, ધૂમકેતુ, તારા, વીજળી, મેઘ તથા જે ભૂત ભવિષ્ય અને વર્તમાન દેખાતો પ્રપંચ છે તે સર્વ વિરાટ પુરૂષરૂપ છે, તેનાથી આ આખું વિશ્વ વ્યાપેલું છે. જેટલા અંશમાં જગત છે તેનાથી વધારે અંશમાં તે રહેલા છે. ૧૨-૧૫ જેમ સૂર્ય પોતાના મંડળને તથા સૃષ્ટિના પદાર્થોને પ્રકાશિત કરે છે તેમ પુરૂષ ભગવાન પોતાના વિરાટ દેહને તથા બ્રહ્માંડને અંદરથી તથા બહારથી પ્રકાશિત કરે છે. તેને કર્મ ફળનો લેપ નથી, તે નિજાનંદ તથા મોક્ષના સ્વામી છે. ૧૬

હે નારદ ! આ પ્રમાણે જોતાં વિરાટપુરૂષ નિત્યમુક્ત ન થઈ શકે એવી શંકા ન કરવી, કેમકે તેમની વિભૂતિ અપાર છે તેથી તે નિર્મળ નિજાનંદના સ્વામી છે. ૧૭ ભૂલોક, ભુવર્લોક તથા સ્વર્ગલોક એ ત્રણે ભગવાનના અંશભુત લોકોમાં સર્વ જીવો રહે છે. એ ત્રણે લોકની ઉપર આવેલા મહર્લોકની ઉપરના જન લોકમાં, તપ લોકમાં તથા સત્ય લોકમાં અનુક્રમે અમૃતસુખ, ક્ષેમસુખ તથા મોક્ષસુખ ભગવાને રાખેલાં છે એમ જ્ઞાનીઓ કહે છે. ૧૮ તેમાંના જનલોકમાં નૈષ્ઠિક બ્રહ્મચારી જાય છે, તપલોકમાં વાનપ્રસ્થ જાય છે અને બ્રહ્મલોકમાં સંન્યાસીઓ જાય છે. એ સર્વનો પુત્રાદિકરૂપે પુનર્જન્મ થતો નથી, આ ત્રણે આશ્રમ ભગવાનના અંશરૂપ છે. તે આશ્રમો ત્રણલોકની બહાર છે, પરંતુ બ્રહ્મચર્ય રહિત ગૃહસ્થાશ્રમ ત્રણ લોકની અંદર છે. ૧૯ વિવિધ પ્રકારની સૃષ્ટિ સરજનારા તે ક્ષેત્રજ્ઞ પુરૂષ, ભોગ તથા મોક્ષનાં સાધનભૂત કર્મ તથા ઉપાસના એ બે માર્ગ ઉપર જાય છે, કેમકે કર્મરૂપી અવિદ્યા અને ઉપાસના રૂપી વિદ્યા એ બન્નેનો અધિકારી છે. ૨૦ જેનાથી આ બ્રહ્માંડ, પાંચ ઇંદ્રિયો તથા ગુણસ્વરૂપ વિરાટ ઉત્પન્ન થયું છે તે ઈશ્વર, જેમ સૂર્ય કિરણો વડે પોતાના મંડળને પ્રકાશિત કરતા થકા બહાર પણ પ્રકાશ કરે છે, તેમ વિરાટ શરીરની બહાર તથા બ્રહ્માંડની બહાર પણ પ્રકાશ કરે છે. ૨૧ હું જ્યારે એ વ્યાપક ઈશ્વરના નાભિકમળમાંથી ઉત્પન્ન થયો હતો ત્યારે તેમના અવયવવિના બીજી કાંઇ યજ્ઞની સામગ્રી દીઠી નહીં. ૨૨ તેથી મેં યજ્ઞપશુઓ, યજ્ઞસ્તંભો, દર્ભ, વનસ્પતિઓ, યજ્ઞભુમિ, વસંતાદિક કાળ, યજ્ઞપાત્રો, યજ્ઞધાન્યો, ઘી વગેરે પદાર્થો, મધુરાદિક છ રસો, ધાતુઓ, માટી, પાણી, ચાર વેદ, હોતા, અધ્વર્યુ વિગેરેનાં કર્મ, જ્યોતિષ્ટોમાદિક યજ્ઞનાં નામ, સ્વાહાકાર સ્વધાકાર વિગેરે મંત્ર, સુવર્ણાદિ દક્ષિણા, વ્રત, દેવતાઓનો અનુક્રમ, કલ્પ, સંકલ્પ, તંત્ર, વિષ્ણુ ક્રમાદિક ગતિઓ, દેવતાઓનાં ધ્યાનાદિક મતિ, પ્રાયશ્ચિત કર્મો ભગવાનને અર્પણ કરવાં, એ સર્વ યજ્ઞની સામગ્રી વિરાટ પુરૂષના અવયવોમાંથી તૈયાર કરીને તે વડે યજ્ઞપુરૂષનું યજન કર્યું. ૨૩-૨૭ પછી મરિચિ વિગેરે તારા નવ ભાઈઓ કે જે પ્રજાપતિઓ હતા તેમણે સાવધાન થઈને ઇંદ્રાદિકરૂપે પ્રગટ થયેલા તથા સ્વયંરૂપે અપ્રગટ મહા પુરૂષનું યજ્ઞવડે પૂજન કર્યું. ૨૮ ત્યાર પછી કેટલાક કાળે મનુઓએ, ઋષિઓએ, પિતૃઓએ, દેવતાઓએ, દૈત્યોએ અને મનુષ્યોએ યજ્ઞથી જનાર્દન ભગવાનનું યજન કર્યું. ૨૯ આવા સર્વવ્યાપક ના-

રાયણને વિષે આ સર્વ જગત રહેલું છે. એ ભગવાન નિર્ગુણછતાં સૃષ્ટિના આરંભ કાળમાં માયા વડે અનેક ગુણો ધારણ કરે છે. ૩૦ એ ભગવાનની આજ્ઞાથીજ હું સૃષ્ટિ રચું છું, તેમની આજ્ઞાથીજ શંકર સંહાર કરે છે અને ભગવાન વિષ્ણુરૂપ લઇને સૃષ્ટિનું પાલન કરે છે. ૩૧ હે નારદ! તેં પૂછેલા પ્રશ્નોનો મેં ઉત્તર આપ્યો. કાર્ય કારણરૂપ આ સૃષ્ટિ ઈશ્વરના સ્વરૂપથી ભિન્ન નથી. ૩૨ હે અંગ! હે નારદ! મારી વાણી તથા સંકલ્પ મિથ્યા થતાં નથી, તથા મારી ઇંદ્રિયો કદી ખોટે માર્ગે જતી નથી, કેમકે મેં નિશ્ચય કરીને અત્યંત ભક્તિભાવવાળા હૃદયથી શ્રીહરિનું ધ્યાન કર્યું છે. ૩૩ હું વેદમય, તપોમય અને પ્રજાપતિઓનો અધિપતિ છું, પ્રજાપતિઓ મને નમે છે. તોપણ મને કોણે ઉત્પન્ન કર્યો છે તે જાણવા માટે મેં યોગ ધારણ કરી એકાગ્રચિત્ત વિચાર કર્યો, પરંતુ હું તે જાણી શક્યો નહીં. ૩૪ જેમ આકાશ પોતાના આધારને જાણી શકતું નથી, તેમ ઈશ્વર પણ પોતાની માયાના વિસ્તારને જાણી શકતા નથી, તો પછી બીજાઓ તો તેના પારને ક્યાંથીજ પામે? એ શરણાગત રક્ષક, સંસાર નાશક, મંગળરૂપ અને કલ્યાણકારી ભગવાનના ચરણોમાં નમસ્કાર કરું છું. ૩૫ હે નારદ! હું, તું, પ્રજાપતિઓ અને શંકર પણ તેની ગતિને જાણી શકતા નથી તો પછી બીજા દેવતાઓ ક્યાંથીજ જાણે? આવા ભગવાનની માયાથી મોહિત બુદ્ધિવાળા આપણે એટલુંજ જાણીએ છીએ કે આ પ્રપંચમય જગત ભગવાનની માયાથી રચાયેલું છે. ૩૬ એ ભગવાનના અવતારોનાં ચરિત્રો આપણે સર્વ ગાઇએ છીએ, પણ તેને યથાર્થ રીતે જાણી શકતા નથી. એવા ત્રિલોકનાથને વારંવાર નમસ્કાર હો. ૩૭ એ અજન્મા આદિપુરૂષ પ્રત્યેક કલ્પમાં આ જગતને પોતાને વિષે સરજે છે, પાળે છે અને સંહારે છે, અર્થાત્ પોતેજ કર્તા, અધિકરણ, સાધન અને કર્મરૂપ છે. ૩૮ એ ઈશ્વર વિશુદ્ધ, જળશાયી, સત્યસ્વરૂપ, અદ્વિતીય, જ્ઞાનસ્વરૂપ, સર્વના અંતર્યામી, સંદેહ રહિત, સ્થિર, સર્વમાં પરિપુર્ણ, આદિઅંત રહિત, નિર્ગુણ, નિત્ય અને અવ્યય છે. ૩૯ જ્યારે મુનિજનોના દેહ, ઈંદ્રિયો તથા મન નિર્મળ થાય છે ત્યારે ભગવાનનું સ્વરૂપ જાણવામાં આવે છે, પરંતુ જ્યારે દુષ્ટોના કુતર્કોથી ઇશ્વરનું સ્વરૂપ પરાભવ પામે છે ત્યારે તે સ્વરૂપ જાણવામાં આવતું નથી. ૪૦ એ પરબ્રહ્મનો પ્રથમ પુરૂપ અવતાર છે, ત્યાર પછી કાળ, સ્વભાવ, પ્રકૃતિ, મહત્તત્ત્વ, મહાભુતો, અહંકાર, ઇંદ્રિયો, ગુણો, વિરાટદેહ, તેનો અભિમાની પુરૂષ, સ્થાવર, જંગમ, હું, શંકર, વિષ્ણુ, દક્ષાદિક પ્રજાપતિઓ, તું સ્વર્ગાધિપતિઓ, ભુવર્લોકના અધિપતિઓ, મનુષ્યલોકના અધિપતિઓ, પાતાળાદિકના અધિપતિઓ, ગંધર્વ, વિદ્યાધર, ચારણ, યક્ષ, રાક્ષસ, સર્પ તથા નાગ એ સર્વના અધિપતિઓ, ઋષિ, પિતૃ, દૈત્ય, સિદ્ધ, પ્રેત, પિશાચ, ભૂત, કુષ્માંડ, જળચર તથા પશુ પક્ષી એ સર્વના અધિપતિઓ, તથા જે જે કાંઇ ઐશ્વર્યવાન, તેજસ્વી, મનાદિક ઈંદ્રિયોના શક્તિવાળું, સંપત્તિવાન, બુદ્ધિવાન, સુંદર રૂપવાન, કુરૂપી વિગેરે છે તે સર્વ પરમાત્માની વિભૂતિઓ છે. ૪૧-૪૪ હે નારદ! હવે હું તમને પરમાત્માના વરાહાદિ મુખ્ય અવતારો અનુક્રમે કહીશ. માટે તમે કાનના દોષને ટાળનારા સુંદર અવતારો રૂપી અમૃતનું કાનરૂપી પડીઆ વડે પાન કરો. ૪૫

प्रथान्यतो यान्नृष आमनन्ति ।
लीलावतारान्पुरुषस्य भूम्नः ॥
आपीयतां कर्णकषायशोषा
मनुक्रमिष्ये त इमान्सुपेशान् ॥ ४६ ॥

ઇતિશ્રી ભાગવત મહાપુરાણના બીજા સ્કંધમાં વિરાટની વિભૂતિ વર્ણન નામે ૬ ઠ્ઠો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૭ મો.

ભગવાનના વરાહાદિક અવતારો તેનાં કર્મો, પ્રયોજન અને ગુણો.

ब्रह्मोवाच-

यत्रोद्यतः क्षितितलोद्धरणाय बिभ्रत
क्रोडींतनुं सकल यज्ञमयीमनंतः ॥
अंतर्महार्णव उपागतमादि दैत्यं
तं दंष्ट्रयाद्रिमिव वज्रधरो ददार ॥ १ ॥

બ્રહ્મા કહે છે– હે નારદ ! સર્વ યજ્ઞરૂપી અનંત ભગવાને જ્યારે પૃથ્વીને પાણીમાંથી બહાર કાઢવાને વરાહરૂપ ધર્યું હતું, ત્યારે તેમણે મહાસાગરમાં રહેલા આદિદૈત્ય હિરણ્યાક્ષને ઇંદ્ર જેમ વજ્રથી પર્વતને ચીરી નાંખે તેમ દાઢાવતી ચીરી નાંખ્યો હતો. ૧ વળી રૂચિ ઋષિની સ્ત્રી આકૃતિ વિષે સુયજ્ઞ નામના પુત્ર થઈને ભગવાન અવતર્યા, હતા, તેમણે દક્ષિણા નામની સ્ત્રીથી સુયજ્ઞ નામના દેવતાઓ ઉત્પન્ન કર્યા હતા. તેમણે ઇંદ્ર થઈને ત્રૈલોકયનાં દુઃખ દૂર કર્યાં ત્યારથી તેમને સ્વાયંભૂમનુ 'હરિ' નામથી બોલાવવા લાગ્યા. ૨ વળી કર્દમઋષિની સ્ત્રી દેવહૂતિને વિષે નવ બેહેનોની સાથે કપિલદેવરૂપે ભગવાન જન્મ્યા હતા. તેમણે માતા દેવહૂતિને આત્મજ્ઞાનનો ઉપદેશ કર્યો હતો જેથી તે તેજ જન્મમાં આત્મસ્વરૂપને મલિન કરનારા વિષયાસક્તિરૂપી ગારાને ધોઇ નાંખીને મોક્ષ પામ્યાં હતાં. ૩ અત્રિઋષિએ પુત્રની કામનાથી તપ કરીને ભગવાનને પ્રસન્ન કર્યા હતા. તેથી ભગવાન 'હું મારો આત્માજ તમને આપું છું' એમ કહી તેમને ત્યાં દત્તાત્રય રૂપે અવતર્યા હતા. તેમના ચરણ કમળની રજથી યદુ તથા સહસ્રાર્જુન વગેરે રાજાઓ ભોગ તથા મોક્ષરૂપી સંપત્તિ પામ્યા હતા. ૪ હે નારદ ! સૃષ્ટિના આરંભ સમયે અનેક પ્રકારના લોકો સરજવા માટે મેં અખંડિત તપ કર્યું હતું, તેથી ભગવાન પ્રસન્ન થઇને સનત્કુમાર, સનક, સનંદન અને સનાતન એ નામના ચાર ઋષિરૂપે મારે ત્યાં અવતર્યા હતા. તેઓએ પ્રલયકાળથી નાશ પામેલા આત્મજ્ઞાનનો ફરીને ઉપદેશ કર્યો હતો, જે સાંભળવાથી મુનિઓને આત્માનો સાક્ષાત્કાર થાય છે. ૫ વળી ધર્મની સ્ત્રી મૂર્તિ કે જે દક્ષની પુત્રી થાય તેને વિષે નર નારાયણ રૂપે ભગવાન અવતર્યા હતા. તેમણે અસાધારણ તપ કર્યું હતું. તેમના તપનો ભંગ કરવાને કામદેવની અપ્સરાઓ તેમની પાસે ગઈ; પરંતુ નર નારાયણની પાસે પોતાના જેવી ઉર્વશી આદિક અપ્સરાઓને જોઇને પોતાના રૂપનું અભિમાન ભૂલી ગઇ અને નર નારાયણના વ્રતનો ભંગ કરી શકી નહીં ૬ શ્રી મહાદેવ વિગેરે ક્રોધ દૃષ્ટિથી કામને બાળી દે છે, પરંતુ તેઓ પોતાનેજ બાળનારા અસહ્ય ક્રોધને બાળી શકતા નથી. એવો ક્રોધ નર નારાયણના મનમાં પેસતાં ડરે છે તો પછી કામ તો તેમના મનમાં પેસીજ કેમ શકે ? ૭ ઉત્તાનપાદને ત્યાં જન્મેલા ધ્રુવજી પિતાના ખોળામાં બેસવા જતાં તેમની અપરમા સુરૂચિએ કઠોર વચનો કહ્યાં, તેથી ધ્રુવજી તપ કરવા માટે વનમાં ગયા હતા. ત્યાં સ્તુતિ કરવાથી ભગવાને પ્રસન્ન થઇ તેમને અવિચળ સ્થાન આપ્યું હતું, જે સ્થાનની નીચે રહેલા સપ્તર્ષિઓ અને ઉપર રહેલા ભૃગુ વિગેરે ઋષિઓ તેમની સ્તુતિ કરે છે. ૮ અવળે માર્ગે ચાલનારા વેન રાજાને બ્રાહ્મણોએ શાપ દેવાથી તેનું પુરૂષત્વ તથા ઐશ્વર્ય બળી ગયાં હતાં અને તે નર્કમાં પડવાની તૈયારીમાં હતો, ત્યારે ઋષિઓની પ્રાર્થનાથી ભગવાને પૃથુ અવતાર ધરીને વેનનો ઉદ્ધાર કર્યો હતો.

તેમણે પુત્રપણાને સાર્થક કરી પૃથ્વીમાંથી અન્નાદિક વસ્તુઓ દોહી કાઢી હતી. ૯ નાભિરાજાની રાણી સુદેવી ઉર્ફે મેરૂદેવીને વિષે ભગવાન ઋષભદેવ નામથી પુત્રરૂપે અવતર્યા હતા. એ સમદૃષ્ટિ વાળા, પોતાના સ્વરૂપમાં સ્થિતિ કરીને રહેનારા, શાંત ઇંદ્રિયો વાળા, મુક્તસંગ ઋષભદેવ જડની પેઠે યોગ સંબંધી સમાધિ દશામાં ફર્યા કરતા હતા. આ દશાને મુનિલોકો પરમહંસ દશા કહે છે, ૧૦ વળી મારા યજ્ઞમાં સુવર્ણ જેવી કાન્તિવાળા, વેદમય, યજ્ઞમય અને સર્વ દેવતામય ભગવાન હયગ્રીવ * રૂપે પ્રગટ થયા હતા. તેમણે શ્વાસ લીધો ત્યારે તે-

* હયગ્રીવ અવતારનું માથું ઘોડાના જેવું હતું. હય એટલે ઘોડો અને ગ્રીવ એટલે કંઠ.

મની નાસિકામાંથી મનોહર વેદવાણી ઉત્પન્ન થઈ હતી. ૧૧ પ્રલયકાળે વૈવસ્વત મનુને જેનાં દર્શન થયાં હતાં એવા, પૃથ્વીના તથા સર્વ જીવ સમૂહના આશ્રયરૂપ ભગવાને મત્સ્યાવતાર ધારણ કરી મારા મુખમાંથી ભયંકર પ્રલય કાળના જળમાં પડી ગયેલા વેદોને લઈને પાણીમાં વિહાર કર્યો હતો. ૧૨ અમૃતને માટે દેવ દાનવોના અધિપતિઓ ક્ષીર સાગરનું મથન કરતા હતા તે સમયે આદિ ભગવાને કાચબાનું રૂપ ધારણ કરીને પીઠ ઉપર મંદરાચળ ધારણ કર્યો હતો; તે વેળા પર્વતના ઘસારાથી પીઠપરની ચેળ દૂર થવાથી તેમને નિદ્રાનો આનંદ થયો હતો. ૧૩ વળી ભગવાને દેવતાઓને પણ મોટો ભય આપનારૂં, હાસ્ય યુક્ત, ચંચળ ભ્રકુટી વાળું અને મોટી દાઢોવાળું ભયંકર નૃસિંહરૂપ ધારણ કરી, ગદા લઈ સામે આવતા હિરણ્યકશિપુને સાથળ ઉપર નાંખી નખોવતી ચીરી નાંખ્યો હતો. ૧૪ વળી બળવાન ગ્રાહે સરોવરમાં ગજરાજનો પગ પકડ્યો હતો, ત્યારે દુઃખી ગજરાજે સૂંઢમાં કમળ લઈ પ્રાર્થના કરી કે 'હે આદિ પુરૂષ! હે સર્વ લોકના નિયંતા! હે પવિત્ર કીર્તિવાળા! હે કાનને આનંદ આપે એવા મંગળકારી નામવાળા હરિ! હું તમારે શરણે છું.' એ પ્રમાણે ગજરાજનાં વચન સાંભળી ભગવાને ગરૂડપર બેસી, ચક્ર ધારણ કરી ત્યાં જઈને ચક્રવડે તે ગ્રાહનું મુખ ચીરી હાથવડે સૂંઢ પકડી કૃપા કરીને તે શરણાગત હાથીને ગ્રાહના મોઢામાંથી છોડાવ્યો હતો. ૧૫-૧૬ યજ્ઞના અધિષ્ઠાતા વિષ્ણુ ભગવાન, અદિતિના બાર પુત્રોમાં (આદિત્યોમાં) સર્વથી નાના હતા, પણ ગુણમાં અધિક હતા, કારણ કે તેમણે ત્રણ પગલાંથી ત્રણલોક ભરીલીધા હતા, તે વામન અવતાર ધરનારા ભગવાને ત્રણ પગલાં પૃથ્વી માગવાને બહાને સઘળી પૃથ્વી લઈ લીધી હતી. અને એમ દેખાડી આપ્યું હતું કે જે પુરૂષ ધર્મને માર્ગે ચાલતો હોય તેને સમર્થ પુરૂષ પણ યાચના વગર પદભ્રષ્ટ કરી શકતા નથી. ૧૭ જે બળિ રાજાએ ભગવાનનું ચરણોદક માથા ઉપર ચઢાવ્યું, તથા પોતાની પ્રતિજ્ઞા પાળ્યા વગર જેણે બીજું કાંઈ પણ કરવાને ઇચ્છા રાખી નહતી; અને જેણે ત્રીજું ડગલું મુકવા માટે પોતાનું માથું ધરીને ભગવાનને પોતાનું શરીર પણ અર્પણ કર્યું હતું, એ બળિ રાજાને શું ઇંદ્રપદ યોગ્ય ગણાય કે? નહીજ. ૧૮ હે નારદ! તારી વૃદ્ધિ પામેલી ભક્તિથી પ્રસન્ન થઇ ભગવાને હંસાવતાર ધરીને તને યોગનો તથા આત્મરૂપનો પ્રકાશ કરનારાં ભાગવત શાસ્ત્રનો ઉપદેશ કર્યો હતો. જે જ્ઞાનને ભગવાનના આશ્રયી ભક્તજનોજ માત્ર વગર પરિશ્રમે જાણે છે. ૧૯ વળી ભગવાન મન્વંતરાવતારમાં મનુવંશના પાળક થઇ સુદર્શન ચક્રની પેઠે નહી અટકાવી શકાય એવા પ્રભાવને દશે દિશામાં ફેલાવતા હતા. તેમણે પોતાનાં ચરિત્રો કરી સત્યલોક સુધી પોતાની કીર્તિ વિસ્તારી હતી તથા દુષ્ટ રાજાઓને દંડ આપ્યો હતો. ૨૦ વળી જે પોતાનું નામ લેનારા મહારોગી જનોના રોગોનો તુરત નાશ કરે છે, તે ભગવાન ધન્વંતરીએ પ્રથમ દૈત્યોએ બંધ કરેલો અમર કરનારો પોતાનો યજ્ઞભાગ ફરીથી મેળવ્યો અને લોકમાં આયુર્વેદનો ફેલાવો કર્યો. ૨૧ નરકની પીડા ભોગવવાને ઇચ્છતા, પૃથ્વીના કંટકરૂપ, બ્રાહ્મણોના દ્રોહી અને વેદ માર્ગથી ભ્રષ્ટ થયેલા એવા ક્ષત્રીય કુળનો નાશ કરવા માટે ભગવાને મહા પરાક્રમી મહાત્મા પરશુરામનો અવતાર લઇને પોતાની લાંબી અને તીક્ષ્ણ ધારવાળી ફરશીથી એકવીશવાર નક્ષત્રી પૃથ્વી કરી નાંખી હતી. ૨૨ વળી આપણા ઉપર કૃપા કરીને પંદર કળાનો અવતાર ધારણ કરીને માયાના પતિ ભગવાન શ્રી રામચંદ્રજી પોતાની કળારૂપ ભરત આદિ ભાઇઓ સહિત ઇક્ષ્વાકુના વંશમાં અવતર્યા હતા. અને પિતાની આજ્ઞા પાળી પોતાની સ્ત્રી સીતાજી તથા ભાઇ લક્ષ્મણજી સહિત વનમાં પધાર્યા હતા. તેમની સાથે વિરોધ કરીને દશ મસ્તકવાળો રાવણ મરણ પામ્યો હતો. ૨૩ મહાદેવે જેમ ત્રિપુરાસુરને બાળી નાંખવાની ઇચ્છા કરી હતી, તેમ પોતાના શત્રુ રાવણની લંકા નગરીને બાળી નાંખવાને ઇચ્છતા રામચંદ્રજીને સમુદ્રે માર્ગ આપ્યો નહી,

તેથી શ્રી રામચંદ્રજીએ સમુદ્ર ઉપર ક્રોધ કર્યો હતો, સીતાજીના વિરહથી વૃદ્ધિ પામેલા ક્રોધથી લાલ થયેલાં નેત્રોની દૃષ્ટિથી સમુદ્ર ભય પામી કંપવા લાગ્યો અને તેમાં રહેલાં મગર, સાપ, તથા ઝુંડ વગેરે જળચર પ્રાણીઓ બળવા લાગ્યાં તેથી સમુદ્રે તુરતજ માર્ગ આપ્યો હતો. ૨૪ યુદ્ધમાં રાવણની છાતીમાં ઇંદ્રના ઐરાવત હાથીએ પોતાનાં દંતુશળની ટક્કર મારવાથી તેના દાંતોના કડકા થઈ ગયા હતા, તથા દિગન્ત પર્યંત રાજ્યના ગર્વથી દશમાથાંવાળો રાવણ નિર્ભય ફરતો હતો, તે સીતાનું હરણ કરનારા રાવણના વધી ગયેલા ગર્વનો તેના પ્રાણ સહિત શ્રી રામચંદ્રજીએ તુરત નાશ કર્યો હતો. ૨૫ દૈત્યોની સેનાના ભારથી પીડાતી પૃથ્વીનું દુઃખ દૂર કરવા માટે ધોળા તથા કાળા કેશવાળા તથા જેનો મહિમા મનુષ્યોના જાણવામાં આવતો નથી, એવા ભગવાન શ્રી કૃષ્ણ પોતાના અંશરૂપ બળદેવજી સહિત અવતરશે, અને પોતાનો મહિમા બતાવનારાં અનેક કાર્યો કરશે. ૨૬ જો શ્રી કૃષ્ણ ભગવાન ન હોય તો બાલ્યાવસ્થામાં પૂતનાને મારવી, ત્રણ મહિનાની અવસ્થામાં પગની પાટુથી ગાડાને ઉથલાવી નાંખવું, તથા રીખતાં રીખતાં આકાશને અડેલાં યમલાર્જુનનાં બે ઝાડોને જડમૂળમાંથી ઉખેડી નાંખવાં, આ સર્વ બની શકે નહીં. ૨૭ વળી યમુનાનું ઝેરી પાણી પીવાથી મરણતુલ્ય થઇ ગયેલાં વ્રજનાં પશુ તથા ગોવાળીઆઓને શ્રી કૃષ્ણ કૃપા દૃષ્ટિરૂપી અમૃત દૃષ્ટિથી સજીવન કરશે, અને કાલિંદીના ધરાને ઝેર વિનાનો કરવા માટે ઉગ્ર ઝેરને લીધે ચંચળ જીભ વાળા કાલીયનાગને ધરામાંથી કાઢી મૂકશે. ૨૮ વળી ઉન્હાળાના તાપથી સુકાઇ ગયેલા વનમાં દવ લાગતાં રાતે સૂતેલાં ગોપ, ગોપીઓ, ગાયો અને વાછરડાં વગેરે બળવા લાગશે ત્યારે તે મરણને શરણ થયેલાં વ્રજવાસીઓને આંખો મીંચાવી દઇ બળદેવ સહિત શ્રી કૃષ્ણ દાવાનળનું પાન કરી જઇ બચાવશે. તેમનું આ કાર્ય પણ અલૌકિક છે. ૨૯ વળી માતા યશોદાજી શ્રી કૃષ્ણને બાંધવાને જેટલાં જેટલાં દામડાં લેશે તે પૂરાં થશે નહી, વળી શ્રી કૃષ્ણ બગાસું ખાશે ત્યારે તેમના મુખમાં ચૌદ લોકને જોઇને યશોદાજીને મનમાં શંકા થશે અને તેમનું ઇશ્વરત્વ જાણશે. ૩૦ વળી શ્રી કૃષ્ણ નંદરાયને વરૂણપાશના ભયથી મૂકાવશે, વ્યોમાસુરે ગુફામાં પૂરેલા ગોવાળીઆઓને છોડાવશે અને દિવસે કામકાજ કરવાથી થાકી જઈ રાત્રે ઊંઘી ગયેલા આખા ગોકુળને વૈકુંઠમાં લઇ જશે. ૩૧ વળી ગોપલોક ઇંદ્રનો યજ્ઞ બંધ કરશે તેથી ઇંદ્ર કોપીને વ્રજનો નાશ કરવા માટે ભારે વૃષ્ટિ કરશે, ત્યારે સાત વર્ષના શ્રીકૃષ્ણ સાત દિવસ સુધી વગર પરિશ્રમે રમત માત્રથી ગોવર્ધન પર્વતને બિલાડીના ટોપની પેઠે એક હાથ ઉપર તોળી રાખશે. ૩૨ વળી ચંદ્રમાનાં કિરણોથી પ્રકાશતી રાત્રિમાં વૃંદાવનમાં રાસલીલા કરવાને તયાર થયેલા શ્રી કૃષ્ણ મનોહર પદવાળાં અને લાંબા આલાપવાળાં વાંસળીનાં ગાયનથી ગોપીઓને કામજ્વર ઉપજાવશે, તે વળા કુબેરનો સેવક શંખચૂડ આવીને તે સ્ત્રીઓને હરી જશે ત્યારે ભગવાન તે દૈત્યનું માથું કાપી નાંખશે. ૩૩ વળી પ્રલંબાસુર, ધેનુકાસુર, બકાસુર, કેશી, અરિષ્ટ, મલ્લ, કુવલયાપીડ, કંસ, કાળયવન, નરકાસુર, પૌંડ્રક, શાલ્વ, દ્વિવિદ, બલ્વલ, દંતવક્ત્ર, સાત બળદ, શંબર, વિદૂરથ અને રૂકિમ વિગેરે તથા યુદ્ધમાં પોતાનાં વખાણ કરનારા અને સંગ્રામમાં ધનુષ્ય ધરનારા કાંબોજ, મત્સ્ય, કુરૂ, કેકય અને સૃંજય વગેરે દેશના રાજાઓ, એ સર્વનો શ્રી કૃષ્ણ પોતે તથા બળરામ, ભીમ, અર્જુન વગેરે દ્વારા નાશ કરાવશે અને તેઓને વૈકુંઠમાં મોકલશે. ૩૪–૩૫ હવે વ્યાસાવતાર કહે છે—કાળે કરી ટુંકી બુદ્ધિવાળા તથા અલ્પ આયુષ્યવાળાં મનુષ્યો વેદનો પાર પામી શકશે નહી, એવા વિચારથી ભગવાન પ્રત્યેક યુગમાં સત્યવતી નામની સ્ત્રીથી વેદવ્યાસરૂપે પ્રગટ થશે, અને વેદરૂપી વૃક્ષોનો અનેક શાખામાં વિભાગ કરશે. ૩૬ દેવતાઓના શત્રુઓ કે જે વેદમાર્ગે ચાલનારા છે, તેઓ મયદાનવનાં બનાવેલાં અદૃશ્ય ફરતાં નગરોમાં રહી લોકોનો સંહાર કરવા

લાગશે, ત્યારે ભગવાન દૈત્યોની મતિને મોહ કરનારો તથા લલચાવનારો(બુદ્ધ) વેષ ધારણ કરીને તેઓને પાખંડ માર્ગનો ઉપદેશ કરશે. ૩૭ જ્યારે મનુષ્યોનાં ઘરોમાં શ્રી હરિની કથા થશે નહીં, બ્રાહ્મણો પાખંડીતથા શુદ્ર રાજાઓ થશે, અને ક્યાંય પણ સ્વાહા, સ્વધા, વષટ્ એવી વાણી સંભળાશે નહીં, ત્યાર કળિયુગને અંતે ભગવાન કલ્કિ અવતાર લઈને જગતનું પાલન કરશે. ૩૮

હે નારદ ! સૃષ્ટિના આરંભમાં તપ, હું, ઋષિઓ તથા નવ પ્રજાપતિ હતા; સૃષ્ટિની સ્થિતિ સમયે ધર્મ, યજ્ઞપુરુષ, મનુ, દેવતાઓ તથા રાજાઓ હતા; અને સંહાર સમયે અધર્મ, રુદ્ર, ક્રોધી સર્પો તથા દૈત્યો હોય છે. આ સર્વ અનંત શક્તિ વાળા ભગવાનની વિભૂતિઓ છે. ૩૯ જે વિષ્ણુ ભગવાન ત્રિવિક્રમાવતાર ધરીને પોતાના અત્યંત વેગથી દોડ્યા હતા તથા સત્યલોક સુધીના બધા લોક જે કંપાયમાન થઈ રહ્યા હતા તેઓને જેમણે સ્થિર કર્યા હતા, તે ભગવાનનાં પરાક્રમોની ગણત્રી કરનાર આ સંસારમાં કોણ છે ? પૃથ્વીનાં રજકણોની ગણત્રી કરનારો વિદ્વાન પણ ભગવાનનાં પરાક્રમોની ગણના કરી શકે તેમ નથી. ૪૦ ભગવાનની માયાના બળનો અંત હું તથા તારા મોટા ભાઈઓ (મહાર્ષિઓ) પણ જાણતા નથી, ત્યારે બીજાઓ તો ક્યાંથીજ જાણે ! આદિદેવ શેષજી પણ પોતાનાં હજાર મુખથી ભગવાનના ગુણ ગાય છે પણ હજી સુધી તેનો પાર પામ્યા નથી. ૪૧ આવા અનંત ભગવાન જેના ઉપર કૃપા કરે અને તે પુરુષ જો નિષ્કપટ થઈ સર્વાત્મભાવથી ભગવાનનાં ચરણોનો આશ્રય કરે તો તે ભગવાનની દુસ્તર માયાને તરી જાય છે, અને તેને કુતરાં શિયાળવાંના ભક્ષ્યરૂપ આ શરીર ઉપર અહંતા મમતા થતી નથી. ૪૨ ભગવાનની યોગમાયાને હું, તું, હરિભક્ત પ્રલ્હાદ, સ્વાયંભૂમનુ, મનુની સ્ત્રી તથા પુત્રો, પ્રાચિન બર્હિરાજા, ઋભુ, અંગ, ધ્રુવ, ઈક્ષ્વાકુ, પુરૂરવા, મુચુકુંદ, વિદેહ, ગાધિ, રઘુ, અંબરીષ, સગર, ગય, નહુષ, માંધાતા, અલર્ક, શતધનુ, અનુ, રંતિદેવ, ભીષ્મ, બળિ, અમૂર્તરય, દિલીપ, સૌભરી, ઉતંક, શિબી, દેવલ, પિપ્પલાદ, સારસ્વત, ઉદ્ધવ, પરાશર, ભૂરિષેણ, વિભીષણ, હનુમાન, શુકદેવ, અર્જુન, આર્ષ્ટિષેણ, વિદુર અને શ્રુતદેવ વગેરે મહાપુરુષો ભગવાનની માયાને જાણે છે તથા તેનો પાર પામે છે. ૪૩-૪૫ જો સ્ત્રી, શૂદ્ર, હૂણ અને ભીલ્લ વિગેરે પાપી જીવો તથા પશુ પક્ષીઓ પણ ભગવાનના ભક્ત જેવાં આચરણ કરે તો તેઓ ભગવાનની માયાને જાણે છે તથા તેને તરી જાય છે, ત્યારે જે ભગવાનના સ્વરૂપમાં ચિત્ત રાખનાર છે તે માયાનેજાણે તથા તરી જાય તેમાં શું આશ્ચર્ય છે? ૪૬ જેને મહર્ષિઓ પરબ્રહ્મ કહે છે તે પરમાત્માનું સ્વરૂપ સદા શાંત, નિત્ય, સુખસ્વરૂપ, શોકરહિત, ભયરહિત, ભેદ રહિત, જ્ઞાનમય, શુદ્ધ, જ્ઞાતારૂપ અને કાર્ય કારણથી પર છે. જેને વાણી પોહોચી શકતી નથી તથા ઘણાં સાધનોથી સિદ્ધ થનારાં ક્રિયાનાં ચાર પ્રકારનાં ફળ* પણ પોહોચીશકતાં નથી, વળી જેની સન્મુખ જતાં માયા પણ શરમાઈને દૂર જતી રહે છે. વળી દરિદ્રી પુરૂષ જેમ સંપત્તિવાળો થયા પછી પોતાની ગરીબ અવસ્થાના સમયનાં મજૂરીનાં સાધન કોદાળી, પાવડો વગેરે હથિયારોનો ત્યાગ કરે છે તેમ યોગીયો નિરંતર સાથે રહેનારા મનને પરમાત્માના સ્વરૂપમાં સ્થિર કરીને અભેદ જ્ઞાનનાં સાધનોનો ત્યાગ કરે છે. ૪૭-૪૮ જેનાથી મહત્તત્ત્વાદિક પદાર્થોના સંયોગથી જગતની ઉત્પત્તિ થાય છે તથા પંચભૂતોના વિયોગથી શરીરનો નાશ થયા છતાંપણ જે અજન્મા આત્માનો આકાશની પેઠે નાશ થતો નથી. તે સર્વ તત્ત્વરૂપ પરમાત્મા કર્મોનાં ફળ આપનારા છે. ૪૯ હે નારદ ! વિશ્વને સરજનારા ભગવાનની આ કથા મેં

* ક્રિયાનાં ફળ ચાર પ્રકારનાં છે: ઉત્પાદ્ય, આપ્ય, સંસ્કાર્ય અને વિકાર્ય ખેડુત ખેતી કરી દાણા પકવે છે એ ઉત્પાદ્ય ફળ છે, નેત્ર વાળો રૂપ જુએછે એ આપ્ય ફળ છે, ધર્મ કરનારો સંપત્તિ પામે છે એ સંસ્કાર્ય ફળ છે અને દારૂ પીનાર મહુડાંમાંથી દારૂ બનાવી પીએ છે અને તેથી જે મદ ચઢે છે તે વિકાર્ય ફળ છે.

તને ટુંકામાં કહી સંભળાવી. કાર્ય કારણરૂપ જગત્ શ્રી હરિથી જાદું નથી, પણ શ્રી હરિ તે કાર્યરૂપ પ્રપંચથી જુદા છે. ૫૦ આ ભાગવત મને ભગવાને કહ્યું હતું, આમાં વિભૂતિઓનો સંગ્રહ છે, તે મેં તને કહ્યો. તેનો તું જગતમાં વિસ્તાર કર. ૫૧ જેથી સર્વના આધારભૂત અને સર્વના અંતર્યામી શ્રીહરિમાં મનુષ્યોની ભક્તિ થાય તેવી રીતે તું વર્ણન કર. ૫૨ જે મનુષ્ય શ્રદ્ધા પૂર્વક ભગવાનના માયાશ્રિત આ લીલાનું નિત્ય વર્ણન કરે છે, વખાણ કરે છે, અને સાંભળે છે તે માયાથી મોહ પામતો નથી. ૫૩

मायां वर्णयतोऽमुष्य ईश्वरस्यानु मोदतः ॥
शृण्वतः श्रद्धयानित्यं माययात्मा न मुह्यति ॥५३॥

ઇતિશ્રી ભાગવત પુરાણના દ્વિતીય સ્કંધમાં બ્રહ્મા નારદ સંવાદ નામનો ૭ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૮ મો.

આત્માનો દેહની સાથે કેવી રીતે સંબંધ થાય છે ? તે તથા બીજા પુરાણો સંબંધી પ્રશ્નો.

ब्रह्मणा चोदितो ब्रह्मन्गुणाख्यानेऽगुणस्यच॥
यस्मै यस्मै यथाप्राह नारदो देवदर्शनः ॥१॥

પરીક્ષિત રાજા પૂછેછે-હે શુકદેવજી ! નિર્ગુણ ભગવાનના ગુણ વર્ણવવાને માટે બ્રહ્માએ નારદજીને પ્રેરણા કરી, ત્યારે દેવતાનાં જેવાં દર્શનવાળા નારદજીએ જેને જેને જે પ્રમાણે શ્રીહરિના ગુણની કથા કહી હોય, ૧ તે તત્ત્વરૂપ કથાને હું સાંભળવાને ઇચ્છું છું. હે શ્રેષ્ટ તત્ત્વવેત્તા ! અદ્ભૂત પરાક્રમવાળા ભગવાનની કથા લોકનું અત્યંત મંગળ કરનારી છે, ૨ માટે એ કથા મને કહો. જેથી હું સર્વાત્મા શ્રી કૃષ્ણ ભગવાનમાં નિઃસંગ મન લગાડીને આ મિથ્યા દેહનો ત્યાગ કરૂં. ૩ જે મનુષ્ય શ્રદ્ધાથી નિત્ય શ્રીહરિની કથા સાંભળે છે અથવા ગાય છે, તેના હૃદયમાં થોડાજ વખતમાં ભગવાન નિવાસ કરે છે. ૪ જેમ શરદઋતુ જળના મેલને દૂર કરીને સ્વચ્છ કરેછે તેમ ભગવાન ભક્તના કાનદ્વારા તેના હૃદયકમળમાં પેશીને પાપોનો નાશ કરે છે. ૫ જેમ પ્રવાસ કરી ઘેર આવીને સુખી થયેલો મનુષ્ય પોતાના ઘરનો ત્યાગ કરતો નથી, તેમ શ્રીહરિનાં ચરણને પામ્યાથી સર્વ કલેશથી મુક્ત થયેલો નિષ્પાપી પુરૂષ ભગવાનનાં ચરણ કમળનો ત્યાગ કરતો નથી. ૬ હે શુકદેવજી ! પાંચભૂતોનો જેને સંબંધ નથી એવા આત્માનો પંચભૂતોવડે દેહ બંધાય છે, તે દૈવેચ્છાથી બંધાય છે કે કર્માદિ હેતુથી બંધાય છે? તે તમે જે રીતે જાણતાહો તે રીતે કહો. ૭ સર્વ લોકની રચના વાળું કમળ જેની નાભિમાંથી ઉત્પન્ન થયું છે તે વિરાટ પુરૂષના અવયવો મનુષ્યોના જેટલાજ જુદા જુદા તમે ગણાવ્યા, ત્યારે તેમનામાં મનુષ્ય કરતાં અધિક શું ? ૮ નાભિકમળમાંથી ઉત્પન્ન થયેલા અને સર્વ પ્રાણીઓને સરજનારા બ્રહ્મા જેની કૃપાથી પ્રાણીઓને સરજે છે, જેની કૃપાથી તે પરમાત્માના રૂપને જાણે છે, ૯ અને જે જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કરે છે એવા માયાના નિયંતા અને સર્વના અંતર્યામી ભગવાન માયાનો ત્યાગ કરી, જે સ્વરૂપનો આશ્રય કરીને શયન કરે છે, તે પણ યોગ્ય રીતે કહો. મેં તો આપના મુખથી સાંભળ્યું છે કે-વિરાટ પુરૂષના અવયવોમાંથી લોકપાળ સહિત લોકોની કલ્પના કરેલી છે, અને લોકપાળ સહિત લોકોવડે વિરાટના અવયવોની કલ્પના કરેલી છે. એમાં ખરૂં શું છે? ૧૧ વળી મહાપ્રલય અને અવાંતર પ્રલયનું પ્રમાણ કેટલું છે ? ભૂત, ભવિષ્ય અને વર્તમાન વાચક કાળનું માપ શી રીતે છે ? સ્થૂળ દેહના અભિમાની મનુષ્યનું, દેવતાઓનું તથા પિતૃઓનું આયુષ્ય કેટલું છે ? ૧૨ કાળની નાની તથા મોટી ગતિ કેવી છે? કર્મોવડે મળનારાં સ્થાન કયાં કયાં અને કેટલાં છે ? ૧૩ સત્વ, રજ અને તમો ગુણના પરિણામ રૂપ દેવતા વગેરેનાં શરીરોની ઇચ્છા કરનાર

જીવોમાંથી કયો જીવ કેવાં કર્મોથી કયા દેવતાના શરીરને પામે છે? ૧૪ પૃથ્વી, પાતાળ, દિશાઓ, આકાશ, ગ્રહો, નક્ષત્રો, પર્વતો, નદીઓ, સમુદ્રો અને દ્વીપો તથા તેમાં વસનારા પ્રાણીઓની ઉત્પત્તિ કેવી રીતે થાય છે? ૧૫ આ બ્રહ્માંડનું બહારનું તથા અંદરનું પ્રમાણ કેટલું છે? વળી મહાત્મા પુરૂષોનાં ચરિત્રો, વર્ણ તથા આશ્રમના ધર્મો, ૧૬ ભગવાનના આશ્ચર્યજનક અવતારોનાં ચરિત્ર, યુગો, યુગોનું માપ, પ્રત્યેક યુગના ધર્મ, ૧૭ મનુષ્યોના સાધારણ તથા વિશેષ ધર્મ, વ્યવહારિક લોકોના, રાજાઓના તથા લોકોમા આપદ્ધર્મ જેવા હોય તેવા કહો. ૧૮ પ્રકૃતિ વગેરે તત્ત્વોની સંખ્યા, તેનું લક્ષણ–સ્વરૂપ, દેવતાઓની પૂજાના પ્રકાર, અષ્ટાંગયોગનો વિધિ અને આત્મજ્ઞાનનો વિધિ કહો. ૧૯ યોગેશ્વરોનું અણિમાદિક ઐશ્વર્યદ્વારા અર્ચિરાદિક માર્ગથી ગમન, યોગીઓના લિંગ દેહનો નાશ, વેદો, ઉપવેદો, ધર્મશાસ્ત્રો, ઇતિહાસો અને પુરાણોનાં સ્વરૂપ કહો. ૨૦ સર્વ જીવોની ઉત્પત્તિ, સ્થિતિ તથા લય, વૈદિક અને સ્માર્ત કર્મની વિધિ તથા ધર્મ અર્થ અને કામનો વિરોધ વગરનો જે વિધિ હોય તે કહો. ૨૧ ઈશ્વરમાં લીન થનારા જીવોની ઉત્પત્તિ, પાખંડ ધર્મની ઉત્પત્તિ, આત્માને થતા બંધ અને મોક્ષ તથા આત્માની સ્વસ્વરૂપની સ્થિતિ કહો. ૨૨ સ્વતંત્ર ભગવાન પોતાની માયાથી જે લીલા કરે છે તથા પ્રલય વેળા જે રીતે માયાનો ત્યાગ કરીને સાક્ષીરૂપે જગતથી ન્યારા થઇ જાય છે તે કહો. ૨૩ હે મહામુનિ! આ જે મેં આપને પૂછ્યું તે મને શરણાગતને અનુક્રમથી કહો. ૨૪ આ સર્વ આપ સારીપેઠે જાણોછો, કેમકે એ સર્વ બ્રહ્માએ નારદજીને કહેલું છે અને નારદે તમને કહેલ છે. તમારા જેવો બીજો કોઈ તત્ત્વજ્ઞાની નથી, બીજા લોકો તો પૂર્વજોના અનુયાયી છે, વિશેષ સમજનારા નથી. ૨૫ હે મહારાજ! કોપેલા બ્રાહ્મણના શાપથી તથા નિરાહાર વ્રતથી પણ મારા પ્રાણ વ્યાકુળ થતા નથી, તેમ ભગવાનની કથા વિના બીજા વિષયને પણ ઇચ્છતા નથી, હું ભગવાનની કથારૂપ અમૃતનું જ પાન કરૂં છું. ૨૬

સૂતજી કહે છે–આ પ્રમાણે પરીક્ષિત રાજાએ ભગવાનની કથા સંબંધી પ્રશ્ન પૂછ્યા ત્યારે પ્રસન્ન થયેલા શુકદેવજી સભામાં વેદસમાન ભાગવત નામનું પુરાણ કે જે બ્રહ્મકલ્પમાં ભગવાને બ્રહ્માને કહ્યું હતું તે પરીક્ષિતને કહેવા લાગ્યા. ૨૭–૨૮ પાંડુકુળમાં શ્રેષ્ઠ પરીક્ષિત રાજાએ જે જે પ્રશ્નો પૂછ્યા હતા, તે સર્વના ઉત્તર શુકદેવજી ક્રમવાર કહેવા લાગ્યા. ૨૯

यद्यत्परीक्षिदृषभः पांडुनामनु पृच्छति ॥
आनुपूर्व्येण तत्सर्व माख्यातुमुपचक्रमे ॥

ઇતિશ્રી ભાગવત પુરાણના દ્વિતીય સ્કંધમાં પરીક્ષિતે કરેલા પ્રશ્ન વર્ણન નામનો ૮ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૯ મો.

પરીક્ષિતના પ્રશ્નોના શુકદેવજીએ આપેલા ઉત્તર તથા શ્રી હરિએ બ્રહ્માને આપેલું ચતુઃશ્લોકી ભાગવત.

आत्ममाया मृते राजन् परस्यानु भवात्मनः ।
न घटेतार्थ संबंधः स्वप्न द्रष्टुरिवांजसा ॥१॥

શ્રી શુકદેવજી કહે છે–હે પરીક્ષિત! જેમ સ્વપ્નું જોનારને સ્વપ્નદેહનો સંબંધ સ્વસ્વરૂપના અજ્ઞાન વિના ઘટતો નથી, તેમ જ્ઞાનસ્વરૂપ આત્માને દેહ સાથેનો સંબંધ ઇશ્વરની માયા વિના ઘટતો નથી. ૧ પરમાત્માની અનેક રૂપવાળી માયાવડે આત્મા અનેક રૂપો ગ્રહણ કરીને અનેકરૂપે પ્રકાશે છે અને તે માયાના કાર્યરૂપ શરીરોમાં આસક્ત થઇને 'હું, મારૂં' એમ માને છે, તેજ સંસાર છે. ૨ એ જીવ જ્યારે પ્રકૃતિ તથા પુરૂષથી પર એવા સ્વયંપ્રકાશરૂપમાં રમણ કરે છે ત્યારે મોહથી છૂટીને 'હું, મારૂં' એનો ત્યાગ કરી પોતાના પૂર્ણ સ્વરૂપમાં

નિવાસ કરે છે. એજ મોક્ષ છે, ૩ આત્મતત્ત્વ જાણવા માટે બ્રહ્માએ નિષ્કપટથી તપ કર્યું ત્યારે પ્રસન્ન થઈ ભગવાને દર્શન આપીને જેથી તત્ત્વજ્ઞાન થાય એવું તપ કર્યું હતું, તે તમને હું કહુંછું. ૪ જગદ્ગુરૂ આદિદેવ બ્રહ્મા જગત રચવા માટે કમળાસનપર બેશીને વિચાર કરવા લાગ્યા, પરંતુ જેથી જગત રચી શકાય એવો સત્ય વિચાર તેમને સુઝયો નહી. ૫ એ પ્રમાણે વિચાર કરતાં એક દિવસ બ્રહ્માએ સ્પર્શ અક્ષરો (ક થી મ સુધીના) માંનો સોળમો ત તથા એકવીશમો પ એ બે અક્ષરો જળમાંથી સાંભળ્યા. એ અક્ષરો બેવાર 'તપ તપ' એટલે 'તપ કર, તપ કર' એમ સાંભળીને તે બોલનાર કોણ હશે ? એ જાણવા માટે બ્રહ્માએ ચારે તરફ જોયું, પણ કાંઈ દીઠું નહી. પછી પોતાને કોઇએ પ્રત્યક્ષ તપ કરવા માટેજ ઉપદેશ કર્યો હોય એમ સમજી તપનેજ પોતાનું હીતકારી માનીને બ્રહ્માએ કમળાસનપર બેશીને તપ કરવાનો વિચાર કર્યો. ૬-૭ પછી પ્રાણ તથા ઇંદ્રિયોને જીતી કર્મેંદ્રિયો તથા જ્ઞાનેંદ્રિયોને વશ કરી એકાગ્ર ચિત્તથી મહાતપસ્વી બ્રહ્માએ દેવતાનાં એક હજાર વર્ષ સુધી સર્વ લોકો પ્રકાશિત થઇ જાય એવું તપ કર્યું. ૮ આવા તપથી પ્રસન્ન થઇને ભગવાને તેમને પોતાનો ઉત્તમ વૈકુંઠ લોક દેખાડ્યો. એ વૈકુંઠ લોક કેવો છે તો-જેનાથી ઉત્તમ બીજો કોઇ લોક નથી, જ્યાં કોઇ પણ પ્રકારનો કલેશ, મોહ કે ભય નથી, જેની પુણ્યવાન જ્ઞાની પુરૂષો સ્તુતિ કરે છે, જ્યાં રજોગુણ, તમોગુણ કે રજ તમથી મિશ્રિત સત્વગુણ પણ નથી, જ્યાં કાળનું બળ પણ ચાલી શકતું નથી, જ્યાં માયા પણ નથી તો રાગ દ્વેષાદિક તો ક્યાંથીજ હોય ? જ્યાં દેવ દાનવોએ પૂજેલા, શુદ્ધ શ્યામ રંગના, કમળ જેવાં નેત્રોવાળા, પીતાંબરધારી, મનોહર કાંતિવાળા, શરીરે સુકુમાર, ચાર ભુજાઓવાળા, કંઠમાં ઝગમગાટ કરતાં ઉત્તમ મણિઓથી જડેલાં પદક વગેરે આભૂષણો પેહેરેલા, દેદિપ્યમાન, કુંડળ, મુગટ અને માળાઓથી શોભતા અને પ્રવાળ, વૈદૂર્યમણિ અને કમળના દંડ જેવી કાંતિવાળા ભગવાનના પાર્ષદો રહે છે. ૯-૧૧ વળી જ્યાં મહાત્માઓનાં પ્રકાશમય વિમાનોની પંક્તિઓ ચારે તરફ ચમકી રહી છે, જેમ આકાશમાં મેઘની પંક્તિમાં વીજળી ચમકે તેમ જ્યાં ઉત્તમ સ્ત્રીઓની કાંતિથી સઘળો લોક ચમકી રહ્યો છે. ૧૨ જ્યાં સાક્ષાત્ લક્ષ્મીજી હિંડોળામાં બેશીને અનેક પ્રકારની સામગ્રીથી અનંત કીર્તિવાળા ભગવાનની ચરણ સેવા કરેછે, તે વખતે ભમરો ગુંજારવ કરતા પોતાના યશ ગાય છે તેથી જાણે લક્ષ્મીજી ભગવાનના ગુણ ગાતાં હોય એવાં દેખાય છે. ૧૩ એવા વૈકુંઠ લોકમાં ભક્તપતિ, લક્ષ્મીપતિ, યજ્ઞપતિ, જગત્પતિ, સર્વવ્યાપક, નંદ, સુનંદ, પ્રબળ તથા અર્હણાદિક મુખ્ય પાર્ષદોથી સેવાતા, ૧૪ ભક્તો ઉપર કૃપા કરવાને તત્પર, દૃષ્ટિવડે દર્શન કરનારને આનંદ આપનારા, હાસ્યથી તથા રાતાં નેત્રોથી શોભતા મુખવાળા, મુગટ તથા કુંડળ પેહેરેલા, પીતાંબરધારી, ચતુર્ભુજ, વક્ષઃસ્થળમાં લક્ષ્મીને ધારણ કરનારા, ૧૫ ઉત્તમ સિંહાસનપર બિરાજનારા, પચીશ તત્વરૂપ શક્તિથી વીંટાએલા, માયાથીપર, બીજામાં કદી સ્થિર નહી એવી સ્વાભાવિક રીતે રહેલી આઠ સિદ્ધિઓવાળા અને પોતાનાજ સ્વરૂપમાં રમણ કરનારા એવા શ્રી વિષ્ણુનાં બ્રહ્માને દર્શન થયાં. ૧૬ દર્શન થતાંજ બ્રહ્માનું હૃદય આનંદથી પ્રફુલ્લ થયું, શરીર રોમાંચિત થયું, આંખમાં પ્રેમાશ્રુ આવી ગયાં, એવી સ્થિતિમાં વિશ્વસરજનારા બ્રહ્માએ જ્ઞાનમાર્ગથી પ્રાપ્ત થાય એવાં ભગવાનનાં ચરણારવિંદને પ્રણામ કર્યા. ૧૭ એટલે પ્રસન્ન થયેલા ભગવાન, પ્રજા સરજવાની આજ્ઞા પાળવાને યોગ્ય; પોતાની સન્મુખ ઉભેલા અને તપથી પોતાને પ્રસન્ન કરનારા પ્રિય બ્રહ્માનો હાથ ઝાલી મંદહાસ્યથી કહેવા લાગ્યા. ૧૮

* આ ચતુઃશ્લોકી ભાગવત આ અધ્યાયના બત્રીશમા શ્લોકથી ૩૫ મા શ્લોક સુધીમાં છે. બાકી આગળ પાછળ ફક્ત સ્તુતિ છે.

શ્રી ભગવાન કહે છે–હે બ્રહ્મા! તમે જગત્ સરજવાને માટે લાંબા કાળ સુધી મારૂં તપ કર્યું તેથી હું ઘણો પ્રસન્ન થયોછું, કપટી યોગીઓને હું પ્રસન્ન થતો નથી. ૧૯ તમારૂં કલ્યાણ થાઓ, તમોને ઈચ્છા હોય તે વર માગો, કારણ કે ઉત્તમ વરદાન આપનાર જગતમાં હુંજ છું; મનુષ્યને મારાં દર્શન કરતાં અધિક બીજું કાંઇ કલ્યાણકારી નથી. ૨૦ તમને આ વૈકુંઠ લોકનાં દર્શન થયાં છે તે મારી ઈચ્છાનોજ પ્રભાવ છે. તમે એકાંતમાં 'તપ તપ' એ મારાં વચન સાંભળીને તપ કર્યું. ૨૧ તમે સૃષ્ટિ રચવામાં મુંઝાયા તેથીજ મેં તપ કરવાનો ઉપદેશ કર્યો હતો, હે નિર્દોષ બ્રહ્મા! હું તપથીજ આ જગતને રચુંછું, પાળુંછું અને સંહારૂંછું, તપ એ મારી પ્રબળ શક્તિ છે, તપ એ મારૂં સાક્ષાત્ હૃદય છે, અને તપ એજ મારૂં સ્વરૂપ છે. ૨૨–૨૩

બ્રહ્મા કહે છે–હે ભગવાન! આપ સર્વની બુદ્ધિના સાક્ષી તથા સર્વ જીવોના અધિષ્ઠાતા છો, તેથી આપ અવિચ્છિન્ન જ્ઞાનથી સર્વનાં કર્તવ્યને જાણોછો. ૨૪ હે નાથ! આપ અરૂપીનાં સ્થૂળ તથા સૂક્ષ્મ રૂપને હું જાણું એવી મારી માગણી પૂર્ણ કરો. ૨૫ હે માધવ! આપ આપની માયાવડે બ્રહ્મા વગેરેનાં રૂપ ધરી અનેક શક્તિઓવાળા આ જગતને રચોછો, પાળોછો અને સંહારો છો, આપ સત્ય સંકલ્પવાળા અનેક ક્રિડા કરો છો; જેમ કરોળિઓ પોતાની જાળવડે પોતાને ઢાંકી દે છે તેમ તમે માયાવડે પોતાના સ્વરૂપને ગુપ્ત રાખોછો. માટે એ સ્વરૂપ હું જાણું એવી મારાપર કૃપા કરો. ૨૬–૨૭ હું આપની આજ્ઞાથી આળસ તજી દઇને સૃષ્ટિ રચીશ, પરંતુ તેમાં હું બંધાઉં નહી એવી કૃપા કરો. ૨૮ હે ભગવાન! જેમ મિત્ર સન્માન આપે તેમ આપે મારો હાથ ઝાલીને મારો સત્કાર કર્યો છે. માટે સૃષ્ટિ રચવારૂપી આપની સેવામાં સાવધાન રહી જ્યાં સુધી ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ પ્રાણીઓને રચું ત્યાં સુધી 'હું પણ સૃષ્ટિ રચનારો સ્વતંત્ર છું' એવો અભિમાનરૂપી મદ મને થવો ન જોઇએ. ૧૯

શ્રી ભગવાન કહે છે—હે બ્રહ્મા! હું તમને મારૂં સ્વરૂપ, સત્તા, ગુણો કર્મો વિગેરે અનુભવ સહિત તમને કહુંછું તે તમે સાંભળો. ૩૦ જેવું મારૂં સ્વરૂપ, સત્તા, ગુણો, કર્મો વિગેરે છે તે સર્વનું યથાર્થ જ્ઞાન મારી કૃપાથી તમને થાઓ. ૩૧ આ સૃષ્ટિની પૂર્વે હુંજ હતો, તે વખત સ્થૂળ સૂક્ષ્મરૂપ કાર્ય અને તેનું કારણ માયાના પ્રપંચ વિગેરે કાંઇ પણ નહતું. સૃષ્ટિના લય પછી પણ હુંજ છું, જે કાંઇ આ પ્રપંચ છે તેપણ હુંજ છું, અને અંતે જે બાકી રહે છે તે પણ હુંજ છું. ૩૨ ખરૂં જોતાં જે વસ્તુ ખરી ન હોય તેની પ્રતિતી થવી અને જે વસ્તુ ખરી હોય તેની અપ્રતીતિ થવી એ મારી માયાને લીધેજ છે. જેમ ચંદ્ર એક છતાં તે આંખના વિકારથી બે દેખાયછે, તથા જેમ રાહુ એક છતાં દેખાતો નથી, તેમ આત્મા સર્વનો સાક્ષી છતાં માયાના આવરણને લીધે દેખાતો નથી. ૩૩ જેમ પંચ મહાભૂતો ઉત્તમ, મધ્યમ દેહમાં સૃષ્ટિ થયા પછી તેમાં પ્રવેશ કરીને રહેલાં દેખાયછે પણ ખરૂં જોતાં તે તેનાં કારણરૂપ હોવાથી મૂળથીજ તેઓમાં રહેલાં છે, તેમ હું પણ કારણરૂપ હોવાથી સર્વ પદાર્થોમાં પ્રથમથીજ પ્રવેશ કરીને રહુંછું. ૩૪ આત્મસ્વરૂપને જાણવાને ઇચ્છનારાએ એટલુંજ જાણવું જોઇએ કે–કાર્યમાં કારણદ્વારા અનુવૃત્તિ રૂપ જે અન્વય* અને કારણમાં કાર્યથી વ્યાવૃત્તિરૂપ જે વ્યતિરેક* એ બેવડે સદા સર્વ ઠેકાણે જે રહેછે તેને આત્મા જાણવો. ૩૫ તમે એકાગ્ર ચિત્તે મારા આ મતને અનુસરો, જેથી પ્રત્યેક કલ્પમાં સૃષ્ટિ રચતાં તમને મોહ થશે નહી. ૩૬

શ્રી શુકદેવજી કહેછે— આ પ્રમાણે અજન્મા શ્રી હરિ સર્વ પ્રાણીઓના અધિપતિ બ્રહ્માને ઉપદેશ આપીને અંતર્ધાન થઈગયા. ૩૭ પછી પ્રત્યક્ષ રૂપથી અંતર્ધાન થયેલા ભગવાનને બે હાથ જોડી પ્રણામ કરીને સર્વ પ્રાણીમય બ્રહ્માએ પૂર્વકલ્પના જેવીજ સૃષ્ટિ

ફરીને રચી. ૩૮ એક દિવસ ધર્મના પાળક, પ્રજાપતિ બ્રહ્માએ પ્રજાના કલ્યાણને અર્થે પોતાનું પ્રયોજન સિદ્ધ થવા માટે યમ નિયમ ધારણ કર્યા. ૩૯ પોતાના પુત્રોમાં અતિ પ્રિય, ભગવાનના મોટા ભક્ત, આજ્ઞાપાળક, મહામતિ નારદજીએ શીલ, નમ્રતા અને ઇંદ્રિયનિગ્રહ વડે સેવા કરીને માયાના અધિપતિ શ્રી વિષ્ણુની માયા જાણવા માટે બ્રહ્માને પ્રસન્ન કર્યા. ૪૦-૪૧ લોકોના પિતામહ અને પોતાના પિતા બ્રહ્માને પ્રસન્ન થયેલા જોઇને નારદજીએ, તમારા જેવાજ પ્રશ્નો પુછ્યા હતા. ૪૨ ત્યારે જગત્કર્તા બ્રહ્માએ પ્રસન્ન થઇને પોતાને ભગવાને જે ચતુઃશ્લોકી ભાગવત કહ્યું હતું તે દશ લક્ષણવાળું ભાગવત નારદજીને કહ્યું. ૪૩ હે રાજા! નારદે એ ભાગવત સરસ્વતીને કાંઠે બેશી ધ્યાન કરતા અપાર તેજવાળા વેદવ્યાસને કહ્યું. ૪૪ તમે પુછ્યું કે વિરાટપુરૂષથી આ જગત શી રીતે ઉત્પન્ન થયું? તથા બીજા જે જે પ્રશ્ન પુછ્યા તે સર્વ હું તમને કહું છું તે સાંભળો. ૪૫.

यदुताहं त्वया पृष्टो वेराजात्पुरुषादिदम् ॥
यथासीत्तदुपाख्यास्ये प्रश्नानन्यांश्च कृत्स्नशः॥

ઇતિશ્રી ભાગવત પુરાણના દ્વિતીય સ્કંધમાં બ્રહ્મા નારદ સંવાદ નામનો ૯ મો અધ્યાય સંપૂર્ણ.

---

*જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થાઓમાં આત્માની સાક્ષીરૂપે પ્રતીતિ થાયછે તેમાં આત્માનો અન્વય છે અને સમાધિમાં કેવળ આત્માની જ પ્રતીતિ થાયછે પણ ત્રણ અવસ્થાની પ્રતીતિ થતી નથી એ વ્યતિરેક છે. આ રીતે સર્વત્ર અન્વય વ્યતિરેકરૂપે ઇશ્વર રહેલા છે.

અધ્યાય ૧૦ મો.

શુકદેવજીએ શ્રી ભાગવતના વ્યાખ્યાન વડે પરીક્ષિત રાજાના પ્રશ્નોના ઉત્તર આપ્યા.

શ્રી શુકઉવાચ.

अत्रसर्गोविसर्गश्चस्थानंपोषणमूतयः ॥
मन्वंतरेशानुकथानिरोधोमुक्तिराश्रयः ॥१॥

શ્રી શુકદેવજી કહે છે—હે પરીક્ષિત રાજા! આ ભાગવતમાં સર્ગ, વિસર્ગ, સ્થાન, પોષણ, ઊતિ, મન્વંતર, ઇશાનુ કથા, નિરોધ, મુક્તિ અને આશ્રય એ દશ વિષયોનું પ્રતિપાદન કરેલું છે. ૧ દશમો વિષય જે આશ્રય (પરમાત્મા) છે, તેના સ્વરૂપના જ્ઞાન માટે મહાત્મા પુરૂષો સ્તુતિ વગેરે ભાગમાં સાક્ષાત્ શ્રુતિવડે તથા જુદા જુદા આખ્યાન ભાગમાં તાત્પર્યવડે નવ વિષયોના સ્વરૂપનું વર્ણન કરે છે. ૨ માયાના ત્રણે ગુણો પરિણામ પામીને તેમાંથી પંચમહાભૂતો, પાંચ તન્માત્રાઓ, ઇંદ્રિઓ, મહત્તત્ત્વ અને અહંકાર એ સર્વ ઉત્પન્ન થાય છે તેને સર્ગ કહે છે. વિરાટ પુરૂષે કરેલી સ્થાવર જંગમ સૃષ્ટિને વિસર્ગ કહે છે. ૩ રચેલાં પ્રાણીઓને મર્યાદામાં રાખવાથી ભગવાનનો જે વિજય થાય છે તેને સ્થિતિ કહે છે, પોતાના ભક્તો ઉપરના અનુગ્રહને પોષણ કહે છે, ભગવાનના અનુગ્રહ પાત્ર ઉત્તમ મન્વંતરોના અધિપતિઓના જે ધર્મ તેને મન્વંતર કહે છે, કર્મની વાસનાઓને ઊતિ કહે છે. ૪ ભગવાનના અવતારોનાં ચરિત્રોથી તથા તેમના ભક્તોનાં અનેક આખ્યાનોથી વૃદ્ધિ પામેલી કથાને ઇશાનુ કથા કહે છે. ૫ ભગવાને યોગનિદ્રા કર્યા પછી જીવોનો પોતાની શક્તિઓ (ઉપાધિઓ) સાથે પરમાત્મામાં લય થવો તેને નિરોધ કહે છે, અવિદ્યાવડે પોતાનાં વિષે આરોપણ કરેલા દેહાભિમાનનો ત્યાગ કરી સ્વસ્વરૂપે રહેવું, અર્થાત્ 'હું કર્તા ભોક્તા નથી પણ શુદ્ધ બ્રહ્મ છું' એમ જાણવું તેને મુક્તિ કહે છે. ૬ જેનાથી આ જગતની ઉત્પત્તિ સ્થિતિ અને નાશ થાય છે. તથા જેનાથી તેનું

સ્વરૂપ જાણવામાં આવે છે તે પરબ્રહ્મ પરમાત્માને આશ્રય કહે છે. ૭ જે ચક્ષુઆદિ ઇંદ્રિયોનો અભિમાની અને દ્રષ્ટા જીવ છે તે આધ્યાત્મિક પુરૂષ કહેવાય છે, તે ચક્ષુઆદિના અધિષ્ઠાતા સૂર્યઆદિ અધિદૈવત કહેવાય છે અને એક સ્વરૂપમાં જ અધ્યાત્મ તથા અધિદૈવ એ બન્ને ભેદને જૂદા જણાવનારો ચક્ષુઆદિક ઇંદ્રિયોના ગોલકથી જાણવામાં આવતો જે દેહ તે અધિભૌતિક કહેવાય છે. ૮ એ ત્રણમાંથી એકનો અભાવ હોય તો બીજું સિદ્ધ થઈ શકતું નથી, કારણ કે એ ત્રણે એક બીજાની અપેક્ષા રાખે છે. એ ત્રણે પદાર્થોને જે સાક્ષીરૂપે જાણે છે તેજ આશ્રયરૂપ આત્મા છે, અને બીજા કોઇનો આશ્રય નથી. ૯ સૃષ્ટિના આરંભમાં વિરાટ પુરૂષ જ્યારે ઇંડાને ભેદીને બહાર નીકળ્યા અને પોતાને રહેવાના સ્થાનની ઇચ્છા કરી, ત્યારે પવિત્ર ભગવાને પવિત્ર જળ ઉત્પન્ન કર્યું. ૧૦ એ જળ વિરાટના શરીરમાંથી ઉત્પન્ન થયેલું હોવાથી ‘ નાર ’ કહેવાય છે. આ રીતે પોતે ઉત્પન્ન કરેલા જળમાં એક હજાર વર્ષ સુધી રહ્યા તેથી તે ‘ નારાયણ ’ કહેવાયા. ૧૧ દ્રવ્ય, કર્મ, કાળ, સ્વભાવ અને જીવ એ સર્વે જેના અનુગ્રહથી ક્રિયા કરી શકે છે, અને જેની ઉપેક્ષાથી ક્રિયા કરી શકતાં નથી, ૧૨ તે યોગરૂપ શય્યામાંથી જાગૃત થયેલા સમર્થ ભગવાને પોતાનું એકલું સ્વરૂપ જોઈ પોતે અનેક રૂપે થવાની ઇચ્છા કરી. પોતાની માયા શક્તિથી તેજોમય દેહના અધિદૈવ, અધ્યાત્મ અને અધિભૂત એમ ત્રણ પ્રકાર કર્યા. હવે એ વિરાટ દેહ ત્રણ પ્રકારે શી રીતે ભેદ પામ્યો તે કહું છું:—૧૩-૧૪ ક્રિયા શક્તિથી નાના પ્રકારની ચેષ્ટા કરતા પુરૂષ ભગવાનના દેહમાં રહેલા આકાશથી ઇંદ્રિયોની શક્તિની સાથે મનની શક્તિ અને દેહની શક્તિ ઉત્પન્ન થઇ. તે પછી શક્તિમય સૂક્ષ્મ સ્વરૂપથી સૂત્રાત્મા નામનો મુખ્ય પ્રાણ કે જે સર્વનો મહાપ્રાણ છે તે ઉત્પન્ન થયો. ૧૫ જેમ રાજાના નોકરોનો વ્યવહાર રાજાને આધીન છે તેમ ઇંદ્રિયો પ્રાણની પછવાડે ક્રિયા કરે છે, પ્રાણની ક્રિયાવિના ઇંદ્રિયોની ક્રિયા બંધ પડી જાય છે. ૧૬ સર્વને ક્રિયામાં પ્રેરનાર એ પ્રાણવડે વિરાટ પુરૂષના શરીરમાં ભૂખ અને તરસ ઉત્પન્ન થયાં. પછી એ ભૂખ્યા અને તરસ્યા વિરાટ પુરૂષને પ્રથમ મુખ ઉત્પન્ન થયું. ૧૭ મુખમાંથી તાળવું અને તાળવામાંથી જીભ થઈ. પછી જીભથી જણાય તેવો નાના પ્રકારનો રસરૂપ વિષય ઉત્પન્ન થયો. પછી રસના દેવતા વ ણ ઉત્પન્ન થયા. ૧૮ પછી વિરાટ પુરૂષને બોલવાની ઇચ્છા થતાં તેમના મુખમાંથી અગ્નિદેવ, વાણી ઇંદ્રિય અને ભાષણ રૂપ વિષય ઉત્પન્ન થયો. બોલવાની ક્રિયા અગ્નિ દેવવિના થઇ શકતી નથી, જેમકે પાણીમાં બૂડેલો માણસ બોલવા જાય છે પણ અગ્નિને પાણી સાથે વિરોધ હોવાથી તે પાણીમાં બોલી શકતો નથી. ૧૯ પછી વિરાટ દેહમાં પ્રાણ વાયુ અત્યંત વાવા લાગ્યો તેથી નાસિકા ઉત્પન્ન થઇ. પછી ગંધને ગ્રહણ કરવાની ઇચ્છા થતાં નાસિકામાં ગંધને લઈ જનાર વાયુ દેવતા, ઘ્રાણેંદ્રિય અને ગંધ વિષય પ્રકટ થયા. ૨૦ અંધકારથી ઢંકાયેલા પોતાના દેહને તથા બીજા પદાર્થોને જોવાની ઇચ્છા થતાં વિરાટ પુરૂષને બે નેત્ર ઉત્પન્ન થયાં, તેમાં ચક્ષુઇંદ્રિય તેનો વિષય રૂપ અને તેના દેવતા સૂર્ય થયા. ૨૧ વેદ વાક્યોથી બોધ કરાતા પોતાના સ્વરૂપને સાંભળવાની ઇચ્છા થતાં વિરાટને બે કાન પ્રગટ થયા, તેમાં દિશા દેવતા, શ્રોત્ર ઇંદ્રિય અને શબ્દ વિષય થયો. ૨૨ વિરાટ પુરૂષને જ્યારે વસ્તુઓની કોમળતા, કઠોરતા, હલકાપણું, ભારેપણું, ઉષ્ણતા, અને શીતળતા જાણવાની ઇચ્છા થઈ ત્યારે તેને ત્વચા ઉત્પન્ન થઇ, તેમાં ત્વચા ઇંદ્રિય, વૃક્ષલતા શબ્દથી બોલાતા વાયુ દેવતા અને સ્પર્શ વિષય ઉત્પન્ન થયો. ૨૩ અનેક પ્રકારનાં કર્મ કરવાની ઇચ્છા થતાં વિરાટને બે હાથ ઉત્પન્ન થયા, તેમાં બળ ઇંદ્રિય, ઇંદ્ર દેવતા અને આપવું લેવું વગેરે તેનો વ્યાપાર થયો. તે વ્યાપાર બળ તથા તેના દેવતા ઇંદ્રને આધીન છે. ૨૪ ઇચ્છિત જગાએ જવાની ઇચ્છા થતાં તેને બે ચરણ

ઉત્પન્ન થયા. ચરણોની સાથે તેના અધિષ્ઠાતા દેવ થઇને વિષ્ણુ રહે છે. તેમાં ચલનશક્તિરૂપ ચરણ ઇંદ્રિય તથા જે દ્રવ્ય મનુષ્યોને ચાલવાથી મળી શકે છે તે હુત દ્રવ્યરૂપ વિષય ઉત્પન્ન થયો. ૨૫ વિરાટ પુરૂષને સંતાન, રતિસુખ અને સ્વર્ગની ઇચ્છા થતાં તેને શિશ્ન (લિંગ) ઉત્પન્ન થયું. તેમાં ઉપસ્થ ઇંદ્રિય, પ્રજાપતિ દેવતા અને તે બેને આધીન રહેનારૂં કામ સંબંધી સુખ ઉત્પન્ન થયું. ૨૬ વળી અન્નાદિક પદાર્થોના મળનો ત્યાગ કરવાની ઇચ્છા થતાં વિરાટને ગુદા ઉત્પન્ન થઈ. તેમાં પાયુ ઇંદ્રિય, મિત્ર દેવતા અને તે બેને આધીન મળત્યાગ વિષય થયો. ૨૭ જ્યારે વિરાટને એક શરીરનો ત્યાગ કરીને બીજું ગ્રહણ કરવાની ઇચ્છા થઇ ત્યારે તેને નાભિદ્વાર ઉત્પન્ન થયું, ત્યાં બીજા શરીરમાં જવાનું સાધન અપાનવાયુ ઇંદ્રિય, તેના દેવતા મૃત્યુ અને એ બેને આશ્રયે રહેતું મરણ પ્રગટ થયું. ૨૮ વિરાટને અન્ન પાણી ગ્રહણ કરવાની ઇચ્છા થતાં તેને પેટ, આંતરડાં અને નાડીઓ ઉત્પન્ન થઇ, તેમાં નાડીઓના દેવ નદીઓ અને પેટ તથા આંતરડાંના દેવ સમુદ્રો છે, તુષ્ટિ (ઉદર પોષણ) અને પુષ્ટિ એ બે વિષય થયા, તે આંતરડાં તથા નાડીઓને આધીન છે. ૨૯ વિરાટ પુરૂષને પોતાની માયાનું ચિંતવન કરવાની ઇચ્છા થતાં તેને હૃદય ઉત્પન્ન થયું. તેમાં મન ઇંદ્રિય, ચંદ્રમા દેવતા અને સંકલ્પ તથા અભિલાષા વિષય ઉત્પન્ન થયા. ૩૦ વળી દેહની સ્થૂળ ત્વચા, તેની ઉપર રહેલી સૂક્ષ્મ ચામડી, માંસ, લોહી, મેદ, મજ્જા (ચરબી) અને હાડકાં એ સાત ધાતુઓ પૃથ્વી જળ અને તેજમાંથી ઉત્પન્ન થયાં છે; આકાશ, જળ અને વાયુ એ ત્રણથી પ્રાણ વાયુ થયો છે. ૩૧ ઇંદ્રિયો વિષયો તરફ દોડે છે, વિષયોની સુંદરતા અહંકારથી છે પણ વસ્તુતાએ તે સુંદર નથી, સર્વ વિકારોનું સ્વરૂપ મન છે, અને નજરે દેખાતી વસ્તુના ખરા સ્વરૂપનો નિશ્ચય કરનારી બુદ્ધિ છે. ૩૨ હે પરીક્ષિત ! પૃથ્વીઆદિ આઠ આવરણોથી વીંટાએલું આ બ્રહ્માંડરૂપ ભગવાન નું સ્થૂળરૂપ મેં તમને કહ્યું. ૩૩ આ સ્થૂળ શરીરથી જાદું સૂક્ષ્મરૂપ લીંગ શરીર છે, તે સ્થૂળ શરીરનું કારણ, ઇંદ્રિયોથી અગ્રાહ્ય, સ્વભાવ વગરનું, ઉત્પત્તિ સ્થિતિ તથા લય વિનાનું, સદા એકરૂપ અને મન વાણીથી અગોચર છે. ૩૪ ભગવાનનાં એ બે સ્થૂળ તથા સૂક્ષ્મ રૂપનું મેં તમારી પાસે વર્ણન કર્યું, પરંતુ એ બન્ને રૂપ માયાથી કલ્પેલાં હોવાથી વિદ્વાનો તેને ખરૂં સ્વરૂપ માનતા નથી. ૩૫ પરમાત્મા વસ્તુતાએ ક્રિયારહિત છે, તેમ છતાં માયાથી બ્રહ્માનું રૂપ ધારણ કરીને ક્રિયા કરનારા થાયછે, અને વાચકરૂપથી શબ્દસમુહને તથા વાચ્ય રૂપથી રૂપ તથા ક્રિયાને સરજે છે, પરંતુ પોતે તો માયાથી પર છે. ૩૬ પ્રજાપતિ, મનુ, દેવતા, ઋષિ, પિતૃઓ, સિદ્ધો, ચારણ, વિદ્યાધર, ગંધર્વ, દૈત્ય, યક્ષ, કિન્નર, અપ્સરા, નાગ, સર્પ, કિંપુરૂષ, ઉરગ, માતૃકા, રાક્ષસ, પિશાચ, પ્રેત, ભૂત, વિનાયક, કુષ્માંડ, વેતાળ, યાતુધાન, ગ્રહ, પક્ષી, મૃગ, પશુ, વૃક્ષ, પર્વત, પેટે ચાલનારાં પ્રાણી, બીજાં જળચર, સ્થળચર તથા આકાશચારી પ્રાણીઓ આ સર્વે સ્થાવર તથા જંગમરૂપે બે પ્રકારનાં છે અને જરાયુજ* અંડજ ઉદ્ભિજ અને સ્વેદજ ભેદથી ચાર પ્રકારનાં છે. એ સર્વને ભગવાન સરજે છે. તેમાં ઉત્તમ દેવયોનિમાં જન્મવું એ પુણ્યનું ફળ છે, મનુષ્ય આદિ મધ્યમ યોનિમાં જન્મવું એ પુણ્ય તથા પાપનું મિશ્ર ફળ છે, અને અધમ નારકી યોનિમાં અવતરવું એ કેવળ પાપનું ફળ છે. ૩૭–૪૦ દેવતા તથા ઋષિ આદિક સાત્વિક યોનિ છે, મનુષ્ય રાજસ યોનિ છે. હે રાજા ! સત્વ, રજ અને તમ એ ત્રણ ગુણોમાં એકેક ગુણ સાથે બીજા બબ્બે ગુણ મળીને પ્રત્યેક કર્મ ફળરૂપ ગતિના ત્રણ ત્રણ ભેદ થાયછે. જેમકે રજો-

* ઓરે વીંટાઇને જન્મનારાં પ્રાણી જરાયુજ, ઈંડામાંથી ઉત્પન્ન થનારાં અંડજ, પરસેવાથી ઉત્પન્ન થનારાં તે સ્વદેજ અને પૃથ્વીમાંથી ઉગી નીકળનારાં તે ઉદ્ભિજ કહેવાય છે.

ગુણ મિશ્ર સાત્વિક યોનિ, તમો ગુણ મિશ્ર સાત્વિક યોનિ અને શુદ્ધ સાત્વિક યોનિ; એ પ્રમાણે રાજસ અને તામસ યોનિયોમાં પણ મિશ્ર ગતિ ગણતાં નવ પ્રકારની ગતિ થાય છે. ૪૧ જગતના કર્તા ભગવાન પશુ, મનુષ્ય અને દેવતાઓમાં અવતાર લઇ જગતના પાલન સાથે ધર્મનું રૂપ ધરી તેનું પોષણ કરેછે. ૪૨ પછી કાલાગ્નિ રૂદ્રસ્વરૂપ ધરીને વાયુ જેમ વાદળાંનો નાશ કરેછે તેમ આ જગતનો પ્રલયકાળે નાશ કરેછે. ૪૩ અનુપમ ઐશ્વર્યવાળા ભગવાનનું મેં જગતના સ્રષ્ટા, પાલન કર્તા અને નાશ કર્તા રૂપથી વર્ણન કર્યું, પરંતુ વિવેકી પુરૂષો અમાયિક પરમાત્માને આ પ્રકારે જોતા નથી. ૪૪ આ જગતની ઉત્પત્તિ આદિકમાં પરમાત્માનું કર્તૃત્વાદિક રીતે વર્ણન કરેલ છે તે આરોપ તો ઈશ્વરમાં માયાવડેજ કરેલો છે, ઇશ્વર માયાવડે અનેકરૂપ ધારણ કરે છે. ૪૫ હે રાજા! તમોએ પૂછવાથી મેં અવાન્તર કલ્પ સહિત બ્રહ્માનો મહાપ્રલય કહી સંભળાવ્યો. મહાપ્રલયમાં મહત્તત્વ આદિક સૃષ્ટિના પ્રકાર અને અવાંતર કલ્પમાં સ્થાવર-જંગમ સૃષ્ટિના પ્રકાર સરખા છે. ૪૬ કાળનું સ્થૂળ-સૂક્ષ્મ-માપઅને કલ્પનું સ્વરૂપ તથા મન્વંતરાદિકોના વિભાગ હું આગલ્યા સ્કંધમાં વિસ્તારથી કહીશ. હવે પાદ્મ કલ્પ કહું છું તે સાંભળો.

શૌનક કહેછે—હે સૂત! આપે અમને કહ્યું હતું કે ભગવદ્દભકતોમાં ઉત્તમ વિદુરજી પોતાના ન તજી શકાય એવા બંધુઓનો ત્યાગ કરીને પૃથ્વીનાં તીર્થોની યાત્રા કરવા ગયા, ૪૮ તે વિદુરજીનો અને મૈત્રેયનો આત્મજ્ઞાન સંબંધી સંવાદ કયાં થયો? અને વિદુરના પૂછવાથી ભગવાન મૈત્રેયે, તેમને કયા તત્વનો ઉપદેશ કર્યો? ૪૯ વિદુરજીએ પોતાના બંધુઓનો ત્યાગ શા માટે કર્યો? અને પાછા હસ્તીનાપુરમાં કેમ ગયા? હે સૌમ્ય! તે વિદુરજીનું ચરિત્ર અમને કહો. ૫૦.

સૂતજી કહેછે—પરીક્ષિતના પૂછવાથી મહામુનિ શુકદેવે જે કહ્યું તે સર્વ હું તમારી પાસે કહીશ, સાંભળો. ૫૧

राजा परीक्षिता पृष्टो यदवोचन्महामुनिः ॥
तद्वोभिधास्ये शृणुत राज्ञः प्रश्नानुसारतः ॥५१॥

ઈતી શ્રી ભાગવત મહાપુરાણના બીજા સ્કંધમાં વિરાટ પુરૂષના અવયવવર્ણન નામનો ૧૦ મો અધ્યાય સંપૂર્ણ.

શ્રીમદ્ ભાગવતનો દ્વિતીય સ્કંધ સંપૂર્ણ.

श्रीमद्

भागवत भाषान्तर.

तृतीय स्कंध.

तृतीयस्कंध.


परीक्षित
शुक
विदुर
मैत्रेय
शेष
लक्ष्मी
स्वायंभुमनु
शतरूपा
कश्यपऋषि
दिति
विष्णु
सनत्कुमार
वराहावतार
कर्दमऋषि
देवहूति
कपिल

श्रीमद्

भागवत भाषांतर.

तृतीय स्कंध.

અધ્યાય ૧ લો.

યાત્રા કરવાને નીકળી પડેલા વિદુરનો તથા ઉદ્ધવનો સંવાદ.

શ્રી શુકઉવાચ.

एवमेतत्पुरा पृष्टो मैत्रेयो भगवान्किल ॥

क्षत्त्रावनं प्रविष्टेन त्यक्त्वा स्वगृहमृद्धिमत् ॥

શ્રી શુકદેવજી કહેછે પાંડવોનું દુતપણું કરનારા અખિલેશ્વર શ્રી કૃષ્ણ ભગવાન દુર્યોધનનું ઘર ત્યજીને વિદુરજીના જે ઘરમાં પધાર્યા હતા, તે સમૃદ્ધિવાળું ઘર તજીને વનમાં ગયેલા વિદુરજીએ ભગવાન મૈત્રેયને આ પ્રમાણેજ પૂછયું હતું. ૧-૨

પરીક્ષિત રાજા કહેછે—હે પ્રભુ! વિદુરજી ને મૈત્રેયનો સમાગમ શી રીતે થયો હતો તથા એ બન્ને વચ્ચે કેવો સંવાદ થયો હતો? તે આપ કહી સંભળાવો. ૩ નિર્મળ ચિત્તવાળા વિદુરજીનો ઉત્તમ પ્રશ્ન થોડા અર્થવાળો નહીજ હોય-ઉત્તમ પ્રકાશ કરનારો હોવો જોઇએ. ૪.

સૂતજી કહેછે—એ રીતે પરીક્ષિત રાજાએ શુકદેવજીને પુછતાં તે ઘણુ જાણનારા મહર્ષિ પ્રસન્ન ચિત્તથી "સાંભળો" એમ બોલ્યા.૫

શ્રી શુકદેવજી કહેછે—અધર્મથી જેની બુદ્ધિ નાશ પામેલી છે એવા તથા પોતાના દુષ્ટ પુત્રોનું પોષણ કરનારા અંધ ધૃતરાષ્ટ્રે પિતા વગરના પોતાના ભત્રિજાઓને લાક્ષાભુવનમાં ઘાલીને બાળી નાંખ્યા; ૬ વળી સભને વિષે કષ્ટથી આક્રંદ કરતી આંસુઓથી સ્તનપરના કુંકુમને ધોઇ નાંખતી પાંડવોની પટ્ટરાણી દ્રૌપદીના કેશ ખેંચી પોતાના પુત્રોએ નિંદ્યકર્મ કર્યું, તેમ છતાં ધૃતરાષ્ટ્રે તેઓને વાર્યા નહી. ૭ વળી દુર્યોધને અધર્મથી જુગટુ રમી સત્યાશ્રયી સત્પુરૂષ યુધિષ્ઠિર રાજાને જીતી લઇ વનમાં કાઢયા. તે ઠરાવ પ્રમાણે વનવાસ ભોગવી પાછા આવી રાજ્યનો ભાગ માગવા લાગતાં દુષ્ટ ધૃતરાષ્ટ્રે તેઓને ભાગ આપ્યો નહી. ૮ વળી યુધિષ્ઠિરે મોકલેલા જગદ્ગુરૂ શ્રી કૃષ્ણે સભામાં અમૃત વચનો કહ્યા છતાં પુણ્ય પરવારેલા તે રાજાએ માન્યાં નહીં. ૯ મંત્ર જાણનારાઓમાં શ્રેષ્ઠ એવા વિદુરજીને મોટા ભાઈ ધૃતરાષ્ટ્રે મસલત કરવાને બોલાવ્યા ત્યારે તેના રાજ્યમેહેલમાં જઇને વિદુરજીએ જે સલાહ આપી હતી તે વિદુરવાકય (વિદુરનીતિ) કહેવાયછે, તે આ પ્રમાણેઃ-૧૦ "હે ધૃતરાષ્ટ્ર! જ્યારે ભાઇઓ સહિત ભીમરૂપી સર્પના ક્રોધ ભરેલા ફુફાડાથી તમે ભય પામો છો, ત્યારે તમારા અસહ્ય અપરાધને સહન કરનારા યુધિષ્ઠિરને તેનો રાજ્યભાગ પાછો આપી દો. ૧૧ કારણ કે સર્વ રાજાઓને જીતનારા અને જેની સમીપ નિરંતર દેવતાઓ તથા બ્રાહ્મણો રહેછે એવા, ઉત્તમ યાદવોએ પુજેલા શ્રી કૃષ્ણ ભગવાને પાંડવોને આશ્રય આપેલો છે, તે પાંડવો પોતાની નગરીમાંજ રહેછે. ૧૨ શ્રી કૃષ્ણથી વિમુખ રહેનારા અને લક્ષ્મીરહિત જે પુત્રનું તમે પોષણ કરોછો તે દુર્યોધન તમારા ઘરમાં દોષરૂપ છે, માટે આખા કુળની કુશળતાને અર્થે તેનો ત્યાગ

કરો." ૧૩ આ પ્રમાણે સત્પુરૂષોએ ઇચ્છવા યોગ્ય સ્વભાવવાળા વિદુરજીએ કહ્યું. તે સાંભળીને તેજ વખતે વધી ગયેલા ક્રોધથી જેના હોઠ ફરકેછે એવો અને કર્ણ, દુ:શાસન તથા શકુનીની સલાહ પ્રમાણે ચાલનારો દુર્યોધન તેમનો તિરસ્કાર કરીને બોલ્યો કે–૧૪ "જેનું અન્ન ખાઇ પુષ્ટ થયેલો છે તેનુંજ શત્રુવટુ કરનાર આ દાસીપુત્ર વિદુરને અહીં કોણે બોલાવ્યો છે? આ કપટીને તુરત નગર બહાર જીવતો કાઢી મૂકો." ૧૫ પોતાના ભાઇ ધૃતરાષ્ટ્રની સમક્ષ આવાં બાણની પેઠે કર્ણદ્વારા મર્મસ્થાનને ભેદી નાંખનારાં દુર્યોધનનાં વચનો સાંભળીને વિદુરજી "આ ભગવાનની માયાથીજ બનેછે" એમ માની દુઃખ નહી લગાડતાં પોતાનું ધનુષ્ય રાજદ્વારમાં મુકીને ત્યાંથી ચાલી નીકળ્યા. ૧૬ પૂર્વના પુણ્યથી કૌરવોને પ્રાપ્ત થયેલા વિદુરજી હસ્તીનાપુરમાંથી નીકળીને તીર્થ કરવા માટે પવિત્ર ચરણોવાળા બ્રહ્મા, રૂદ્રાદિ મુર્તિ ધારણ કરીને ભગવાન જે જે તીર્થોમાં રહેલાછે તે તે તીર્થોમાં ફરવા લાગ્યા. ૧૭ પોતે એકલાજ નગરોમાં, પવિત્ર ઉપવનોમાં, પર્વતોમાં, કુંજોમાં, સ્વચ્છ જળવાળી નદીઓમાં, સરોવરોમાં તથા ભગવાનની મુર્તિઓથી શોભતાં તીર્થક્ષેત્રોમાં ફરવા લાગ્યા. ૧૮ વિદુરજી પૃથ્વીપર ફરતાં પવિત્ર એકાંત વૃત્તિથી રહેતા, નિત્ય તીર્થોમાં સ્નાન કરતા, પૃથ્વીપર સુતા, કોઇ ઓળખી શકે નહી એવો અવધૂત વેશ ધારણ કરતા અને શ્રી હરિ પ્રસન્ન થાય એવાં વ્રતો આચરતા હતા. ૧૯ એ પ્રમાણે ભરતખંડમાં ફરતા ફરતા તે જ્યારે પ્રભાસપાટણમાં આવ્યા ત્યાં સુધી શ્રી કૃષ્ણની સહાયતાથી એકજ રાજા યુધિષ્ઠિરની સત્તા જોવામાં આવી. ૨૦ ત્યાં તેમણે સાંભળ્યું કે "જેમ પરસ્પર વાંસના ઘસાવાથી આખું વન બળી જાયછે તેમ પરસ્પર દ્વેષ કરવાથી પોતાના સંબંધી કૌરવો નાશ પામ્યા છે." એવું સાંભળી દુઃખી થતા વિદુરજી છાનામાના સરસ્વતીને કાંઠે કાંઠે ચાલી નીકળ્યા. ૨૧ એ નદી ઉપર આવેલાં ત્રિત, ઉશનસ, મનુ, પૃથુ, અગ્નિ, અસિત, વાયુ, સુદાસ, ગો, ગુહક અને શ્રાદ્ધદેવ નામનાં તીર્થોમાં ફર્યા. ૨૨ વળી જેનાં દર્શનથી શ્રી કૃષ્ણનું સ્મરણ થાય એવાં બીજાં, પૃથ્વીપર બ્રાહ્મણો તથા દેવતાઓએ કરેલાં ચિન્હોથી તથા સોનાના કળશોથી શોભતાં મંદિરોવાળાં તીર્થોમાં ફર્યા. ૨૩ પછી તે સમૃદ્ધિવાન સૌરાષ્ટ્ર, સૌવીર, મત્સ્ય, કુરૂ અને જાંગલ દેશમાં ફરતા ફરતા યમુના કાંઠે જઈ ઉદ્ધવજીને મળ્યા. ૨૪ બૃહસ્પતિના શિષ્ય, શાંત સ્વભાવના ભગવાનના સેવક ઉદ્ધવજીને પ્રણામ સાથે આલિંગન આપીને વિદુરજી ભગવાનથી પોષાતા પોતાના સંબંધીઓના કુશળ સમાચાર પુછવા લાગ્યા ૨૫ હે ઉદ્ધવ! પોતાની નાભિના કમળમાંથી ઉત્પન્ન થયેલા બ્રહ્માની પ્રાર્થનાથી અવતાર ધરી રામ કૃષ્ણરૂપે પ્રગટ થયેલા પુરાણ પુરૂષો પૃથ્વીનું કલ્યાણ કરતા થકા શૂરસેનના ઘરમાં કુશળ છે? ૨૬ પોતાના બનેવીઓને ખુશી કરવાને પોતાની બેનોને પિતાની પેઠે સંપત્તિ આપનાર મારા પરમ સ્નેહી–સંબંધી બળરામ સુખી છે? ૨૭ હે અંગ! પુર્વ જન્મના કામદેવને રૂકિમણીએ બ્રાહ્મણોની આરાધના કરીને શ્રી કૃષ્ણથી પુત્રરૂપે ઉત્પન્ન કરેલ છે એવા યાદવોના વીર સેનાપતિ પ્રદ્યુમ્ન સુખી છે? ૨૮ કમળનેત્ર શ્રી કૃષ્ણ ભગવાને રાજ્યની આશા ત્યજી દઇને જેને રાજ્યાભિષેક કર્યો છે એવા સાત્વત, વૃષ્ણિ, ભોજ તથા દાશાર્હ કુળના યાદવોના અધિપતિ ઉગ્રસેન સુખી છે? ૨૯ હે શાંત ઉદ્ધવજી! જેને પૂર્વે પાર્વતીએ કાર્તિકસ્વામીને પુત્રરૂપે ધારણ કરેલા એવા સાંબ કે જે શ્રી કૃષ્ણના જેવાજ મહારથીઓના અગ્રેસર છે અને વ્રતવાળાં જાંબવતીના પુત્ર છે તે સુખી છે? ૩૦ જે અર્જુનની પાસેથી ધનુર્વિદ્યા ભણ્યા છે તથા જે ભગવાનની સેવા કર્યાથી યોગીઓને પણ મુશ્કેલીથી મળે તેવી ગતિને પામ્યા છે, એવા સાત્યકી કુશળ છે? ૩૧ વળી જે શ્રી કૃષ્ણનાં ચરણનાં ચિન્હવાળા માર્ગની ધૂળમાં આળોટયા હતા એવા પ્રેમાતુર નિષ્પાપી ભગવદ્ભક્ત અક્રૂરજી કુશળ છે! ૩૨ જેમ ત્રણ વેદ યજ્ઞના આ-

થૈને ધારણ કરેછે તેમ જેણે શ્રી કૃષ્ણને પોતાના ઉદરમાં ધારણ કર્યા હતા એવાં દેવમાતા અદિતિરૂપ દેવક રાજાની પુત્રી દેવકીજી સુખી છે? ૩૩ જેને વેદો મનની પ્રવૃત્તિ કરાવનારા* સત્વ-તુરીય તત્વ અને અધિદૈવની તથા શબ્દની ઉત્પત્તિના કારણરૂપ કહેછે, એવા તમો ભક્તજનોના મનોરથ પુરનારા ભગવાન અનિરૂદ્ધ સુખી છે? ૩૪ હે શાંતગુણી! બીજાઓ પણ જેઓ પોતાના આત્મારૂપ શ્રી કૃષ્ણને અનન્ય ભક્તિથી અનુસરે છે, એવા હૃદીક, સત્યભામાના પુત્ર, ચારૂદેષ્ણ અને ગદ વગેરે કુશળ છે? ૩૫ જેની સભાને વિષે થતી વિજય લક્ષ્મીથી દુર્યોધન દુઃખી રહેતો હતો તે ધર્મમૂર્તિ યુધિષ્ઠિર પોતાના બાહુરૂપ અર્જુન તથા શ્રી કૃષ્ણની મદદથી ધર્મની મર્યાદાનું પાલન કરેછે? ૩૬ ગદાનો વિચિત્ર પ્રકારે ઉપયોગ કરનારા અને જેના ચાલવાથી ધરતી ધ્રુજતી હતી એવા અત્યંત ક્રોધી અને શત્રુઓને સર્પરૂપ લાગતા ભીમસેને પોતાના લાંબા કાળનો ક્રોધ શું છોડી દીધો છે? ૩૭ બાણોના સમુહથી ઢંકાયેલા અને માયાથી ભીલનું રૂપ ધરવાથી નહી ઓળખાતા, રથીઓમાં શ્રેષ્ઠ, રથોના સમુહનું રક્ષણ કરનારા, અને શંકરને પ્રસન્ન કરનારા ગાંડિવ ધનુષ્યધારી અર્જુન પોતાના શત્રુઓનો નાશ કરીને શું સુખેથી બેઠા છે! ૩૮ પાંપણોથી વીંટાએલાં નેત્રોની પેઠે રાજાઓથી વીંટાયેલા નકુળ સહદેવ, જેમ ઇંદ્રના મોઢામાંથી ગરૂડ અમૃત લઇ લે તેમ પોતાના શત્રુઓ પાસેથી રાજ્ય હરી લઇને સુખેથી બેઠા છે? ૩૯ જે અધિરથે રથમાં બેશીને માત્ર ધનુષ્યની સહાયતાથી ચારે દિશાઓ જીતી લીધી હતી તે રાજર્ષિઓમાં શ્રેષ્ઠ પાંડુ રાજા વિનાનાં કુંતાજી પોતાના પુત્રને માટે જીવે છે? ૪૦ હે શાંત ઉદ્ધવજી! જેણે પોતાના મુએલા ભાઇનો દ્રોહ કર્યો તથા પોતાના પુત્રોનું કહ્યું માનીને મને પોતાના ભાઇને પણ નગરમાંથી કાઢી મૂક્યો એવા અધોગતિ પામનારા ધૃતરાષ્ટ્રનો મને શોક થાયછે. ૪૧ અને એજ હું, મનુષ્યના જેવા વેશથી તેઓની ચિત્તવૃત્તિને ભમાવનારા વિધાતા શ્રી હરિના પ્રસાદથી તેમના મહિમાનું દર્શન કરતો થકો વિસ્મય રહિત થઈ બીજું કાંઇપણ લક્ષમાં નહી રાખીને પૃથ્વી ઉપર ફરૂંછું. ૪૨ ત્રણ ×મદથી અવળે માર્ગે ચાલનારા અને સૈન્યોવડે વારંવાર પૃથ્વીને ડોલાવનારા રાજાઓના વધથી સર્વના દુઃખનું હરણ કરવા માટે શ્રી કૃષ્ણ ભગવાને પણ દયાથી કૌરવોના અપરાધ તરફ જોયું નથી. ૪૩ અજન્મા ભગવાનનો જન્મ અવળે માર્ગે ચાલનારાઓના નાશ માટે તથા અકર્તા ભગવાનનાં કર્મો મનુષ્યોને કર્મ માર્ગમાં પ્રવૃત્તિ કરાવવા માટે છે; જો એમ ન હોય તો બીજો કયો માયાના ગુણોથી પર પુરૂષ દેહને તથા કર્મોના વિસ્તારને ધારણ કરવાને યોગ્ય છે? ૪૪ હે મિત્ર! શરણે આવેલા સર્વ લોકપાળોના અને પોતાની આજ્ઞામાં રહેલાઓના અર્થને માટે પવિત્ર કીર્તિવાળા અને અજન્મા છતાં યદુકુળમાં જન્મેલા શ્રી કૃષ્ણ ભગવાનની કથા મને કહો. ૪૫

तस्य प्रपन्नाखिललोकपाना—
मवास्थितानामनुशासने स्वे ॥
अर्थाय जातस्य यदुष्वजस्य ।
वार्तां सखे कीर्तय तीर्थ कीर्तेः ॥

ઈતી શ્રી ભાગવત મહાપુરાણના તૃતીય સ્કંધમાં વિદુર ઉદ્ધવ સંવાદ નામનો ૧ લો અધ્યાય સંપૂર્ણ.

---

*અંતઃકરણના બુદ્ધિ, ચિત્ત, અહંકાર અને મન એમ ચાર ભેદ છે તેમાં બુદ્ધિના અધિષ્ઠાતા દેવ વાસુદેવ, ચિત્તના સંકર્ષણ, અહંકારના પ્રદ્યુમ્ન અને મનના અધિષ્ઠાતા દેવ અનિરૂદ્ધ છે.

× વિદ્યામદ, ધનમદ અને કુળમદ એવા ત્રણ પ્રકારના મદ મદાંધ પુરૂષને હોયછે. પણ એજ ત્રણ સત્પુરૂષોને દમ કહેવાયછે.

અધ્યાય ૨ જો.

[illegible] શ્રીકૃષ્ણ ભગવાનની [illegible] લીલાનું વર્ણન.

શ્રી શુક ઉવાચ.

[illegible] पृष्टः [illegible] वार्तां प्रियाश्रयाम॥
प्रतिवक्तुं नचोत्सेह औत्कंठ्यात्स्मारितेश्वरः॥

શ્રી શુકદેવજી કહે છે—એ પ્રમાણે વિદુરજીએ પોતાને પ્રીય શ્રી કૃષ્ણ ભગવાનની કથા ઉદ્ધવજીને પૂછી, એટલે તેમને શ્રી કૃષ્ણના વિરહનું સ્મરણ થવાથી ઉત્કંઠાને લીધે તે ઉત્તર આપી શક્યા નહીં. ૧ એ ઉદ્ધવજી જ્યારે પાંચ વર્ષના હતા, ત્યારે તેમની માતા ભોજન કરવાને બોલાવતાં હતાં તોપણ તે શ્રી કૃષ્ણની બાળલીલાથી સેવા કરતા હોવાથી ભોજનની પણ ઇચ્છા કરતા નહતા. ૨ જેની સેવામાંજ જે કાળે કરીને વૃદ્ધ થયા તે ભગવાનનું સ્મરણ કરાવનાર પ્રશ્ન થતાં તેનો ઉત્તર તે શી રીતે આપી શકે? ૩ તે બે ઘડી સુધી તો મૌનજ બેસી રહ્યા. પછી ભગવાનના [illegible]મૃતથી નિવૃત્તિ સુખ લઇ તીવ્ર ભક્તિયે [illegible]માં નિમગ્ન થઈ ગયા. ૪ શરીર રોમાંચિત થઇ ગયું, આંખોમાં આંસુ આવી ગયાં અને પ્રેમ પ્રવાહમાં મગ્ન થઇ ગયા. તેથી વિદુરજીએ તેમને કૃતકૃત્ય માન્યા. ૫ પછી ઉદ્ધવજી પોતાની વૃત્તિ ભગવાનના લોકમાંથી મનુષ્ય લોકમાં લાવ્યા આંસુ લુછી નાંખી વિસ્મય સહિત વિદુરજીને કહેવા લાગ્યા. ૬

ઉદ્ધવજી કહે છે -શ્રી કૃષ્ણરૂપ સૂર્ય અસ્ત થવાથી કાળરૂપી અજગરે ગળેલાં અને લક્ષ્મી રહિત બનેલાં આપણાં કુટુંબોની કુશળતાની શી વાત કહું? ૭ આ જગત દુર્ભાગી છે અને તેમાં પણ યાદવો વધારે દુર્ભાગી છે, કેમકે તેઓ ભગવાનના સહવાસમાં રહ્યા છતાં પણ, માછલાં જેમ ચંદ્રને નહી ઓળખતાં તેને પોતાના જેવું જળચર પ્રાણી માને છે, તેમ તેઓ શ્રી કૃષ્ણના સત્યસ્વરૂપને જાણતા નથી. ૮ અંતર્યામી અને પ્રૌઢ બુદ્ધિવાળા શ્રી કૃષ્ણની સાથે વસતા યાદવો પ્રાણી માત્રના નિવાસરૂપ ભગવાનને આ યાદવોમાં ઉત્તમ છે એમજ માનતા હતા. ૯ તે યાદવો ભગવાનની માયાથી મૂઢ બનેલા હોવાથી તથા ભગવાનને શત્રુ માની તેમની નિંદા કરનારા શિશુપાળ વગેરેનાં વચનોથી તેઓની બુદ્ધિ ભ્રમિત થઈ હતી. આત્મારૂપ ભગવાનમાં ચિત્ત રાખનારા મારા સરખાનીજ બુદ્ધિ મોહથી તથા દુષ્ટોનાં વચનોથી ભ્રમિત થતી નથી. ૧૦ પોતાની યોગમાયાનું બળ દેખાડનારા, મનુષ્ય લોકને લીલા કરવા યોગ્ય, આશ્ચર્યકારક, સૌભાગ્ય સંપત્તિની સીમારૂપ તથા ભૂષણોને પણ શોભા આપે એવું પરમપદરૂપ સ્વરૂપ જેમણે ધારણ કર્યું હતું, તથા યુધિષ્ઠિર રાજાના રાજસૂય યજ્ઞમાં જે રૂપને જોઈને ત્રૈલોક્યે એમ માન્યુ હતું કે વિધાતાની મનુષ્ય સૃષ્ટિ રચવાની સંપૂર્ણ ચતુરાઇની હદ આ રૂપ રચવામાંજ ખરચી નાંખી છે. તથા જેના પ્રેમ પૂર્વક હાસ્ય વિનોદથી, રાસ ક્રીડાથી અને લીલા પૂર્વક જોવાથી માન પામેલી વ્રજની સ્ત્રીઓ ભગવાનને જતા જોઈ પોતાની ચિત્તવૃત્તિ પણ તેમની પાછળ જવાથી ઘરનાં કામકાજ પડતાં મૂકી ઉભી રહેતી હતી. તેજ શ્રી કૃષ્ણ ભગવાને અપૂર્ણ તપવાળા તથા અતૃપ્ત નેત્રોવાળા મનુષ્યોને પોતાનું અનુપમ સ્વરૂપ દેખાડીને હવે તે રૂપને અંતર્ધ્યાન કરી દીધું છે. ૧૧-૧૪ પોતાની શાંત મૂર્તિરૂપ દેવતાઓને પોતાની ક્રૂર મૂર્તિરૂપ દૈત્યોએ દુઃખ દેવામાંડ્યાથી, દયાળુ, ભૂત ભવિષ્યના સ્વામી અને અજન્મા છતાં જન્મ ધારણ કરનારા ભગવાન જેમ નિરંતર કાષ્ટમાં ગુપ્ત રહેલો અગ્નિ પ્રગટ થાય તેમ પ્રગટ થયા. ૧૫ પોતે અજન્મા છતાં વસુદેવને ઘેર જન્મ ધર્યો, શત્રુના ભયથી વ્રજમાં વસ્યા, અત્યંત પરાક્રમી છતાં કાળયવન વિગેરેના ભયથી પોતાનું નગર મથુરા છોડીને નાસી ગયા, આ સર્વ ભગવાનનાં ચરિત્રો મને ખેદ ઉપજાવે છે. ૧૬ વળી કંસને મારીને માતા પિતાનાં ચરણોમાં પ્રણામ કરીને "હે તાત! હે માતાજી! કંસના ભયને લીધે અમા

રાથી તમારી સેવા થઈ શકી નથી માટે અમારા અપરાધ ક્ષમા કરો," એવાં શ્રી કૃષ્ણ બળદેવનાં વિવેકી વચનો સાંભરી આવતાં મારૂં હૃદય ભરાઇ આવે છે. ૧૭ જેણે પોતાની કાળરૂપ ભ્રકુટિ વડે પૃથ્વીનો ભાર ઉતાર્યો હતો તે ભગવાનની ચરણરજને સેવનારો કયો પુરૂષ તેમને ભૂલી જાય? ૧૮ રાજસૂય યજ્ઞમાં શ્રી કૃષ્ણનો દ્વેષી શિશુપાળ, જે ગતિને યોગીઓ યોગસાધનથી પામે છે તે ગતિને તમારા દેખતાં પામી ગયો હતો, તે ગતિ આપનાર શ્રી કૃષ્ણનો વિરહ કોણ સહન કરે? ૧૯ તેમજ રણસંગ્રામમાં જે શૂરવીરો આવ્યા હતા તેઓ પણ અર્જુનનાં બાણોથી પવિત્ર થઈ શ્રી કૃષ્ણના મુખારવિંદનું નેત્રોથી પાન કરતા તેમના પદને પામ્યા હતા. ૨૦ વળી જેની સમાન કોઈ નથી પણ જે સર્વ કરતાં શ્રેષ્ઠ છે એવા, ત્રૈલોક્યના અધિપતિ, પરમાનંદ સ્વરૂપની સંપત્તિથીજ સમસ્ત વૈભવને પામેલા, બળિદાન આપનારા પુરાતની લોકપાળોએ મસ્તક નમાવી મુગટોના અગ્રભાગ વડે જેના પાદપીઠની સ્તુતિ કરી છે એવા શ્રી કૃષ્ણ ભગવાન, રાજ્યાસનપર બેઠેલા ઉગ્રસેન પાસે ઉભા રહીને 'હે દેવ! આજ્ઞા કરો' એમ વિનંતિ કરતા હતા. એ સર્વ ભગવાનનું કિંકરપણું અમને સેવક જનોને ઘણો ખેદ ઉપજાવે છે!! ૨૧-૨૨ અહો! જેણે પોતાના સ્તનોપર ઝેર ચોપડીને જેને મારી નાંખવા માટે ધવરાવ્યા હતા એવી દુષ્ટ પૂતનાને યશોદાની ગતિ આપી, એવા દયાળુ શ્રી કૃષ્ણને છોડીને બીજા કોને શરણે જઇએ! ૨૩ ત્રૈલોક્યાધિપતિ ભગવાનમાં ક્રોધાવેશથી જેનું ચિત્ત નિરંતર રહેતું હતું એવા અસુરોને પણ હું ભગવદ્‌ભક્ત માનું છું, કારણ કે જેઓને રણસંગ્રામમાં ગરૂડજીની પીઠપર બેઠેલા ભગવાનનાં પ્રત્યક્ષ દર્શન થયાં હતાં. ૨૪ આવા ભગવાન, બ્રહ્માની પ્રાર્થનાથી પૃથ્વીનો ભાર ઉતારી તેનું કલ્યાણ કરવાને કંસના બંદીખાનામાં વસુદેવ દેવકીથી ઉત્પન્ન થયા હતા. ૨૫ પછી કંસથી ડરીને પિતા વસુદેવ તેમને નંદના વ્રજમાં મૂકી આવ્યા. ત્યાં પોતાનું તેજ ગુપ્ત રાખીને અગીયાર વર્ષ સુધી રહ્યા. ૨૬ ત્યાં ગોવાળીઆઓથી વીંટાઇને વાછડાં ચારતા ભગવાન, કલ્લોલ કરતાં પક્ષીઓથી ભરેલાં ઝાડવાળા યમુનાજીના કાંઠા ઉપરના વનમાં લીલા કરતા હતા. ૨૭ વળી સિંહનાં બચ્ચાંના જેવી દૃષ્ટિથી, ઘડીકમાં રોવારૂપ અને ઘડીકમાં હસવા જેવી વ્રજવાસીઓને જોવા યોગ્ય બાળચેષ્ટાઓ કરતા હતા. ૨૮ વળી લક્ષ્મીના નિવાસરૂપ શ્રી કૃષ્ણ વેણુ વગાડતા સુંદર ધોળી ગાયો તથા બળદોના ધણને ચરાવતા ગોવાળીઆઓને રમાડતા હતા. ૨૯ વળી કંસે મોકલેલાં અને ઈચ્છાનુસાર રૂપ ધરનારાં માયાવી પૂતનાદિકને, જેમ બાળક રમકડાંને ભાંગી નાંખે તેમ તેમણે મારી નાંખ્યાં હતાં. ૩૦ વળી યમુનામાં રહેલા કાલીય નાગને નાથી, ઝેરી પાણી પીવાથી મરી ગયેલા ગોપ તથા ગાયોને સજીવન કરી હતી તથા યમુનાજીનું પાણી નિર્વિષ કરીને તેઓને પાયું હતું. ૩૧ વળી નંદજીની લક્ષ્મીનો સદુપયોગ કરવાની ઇચ્છાથી ભગવાને ઉત્તમ બ્રાહ્મણો દ્વારા ગાયોને તૃપ્ત કરનારો 'ગોયજ્ઞ' કરાવ્યો હતો. ૩૨ તેથી ઇંદ્રે પોતાનું અપમાન થયેલું માની વ્રજ ઉપર મૂશળધાર વરસાદ વરસાવી વ્રજને ગભરાવી નાંખ્યું હતું, તે વેળા શ્રી કૃષ્ણે ગોવર્ધનને રમત રમવાના છત્રરૂપ બનાવી ટચલી આંગળી ઉપર તોળી રાખીને વ્રજનું રક્ષણ કર્યું હતું. ૩૩ વળી શરદ ઋતુના ચંદ્રથી ઉજ્વળ બનેલી રાત્રિના આરંભને માન આપતા તથા સ્ત્રીઓના મંડળને શોભાવતા થકા શ્રી કૃષ્ણ ભગવાન મધુર રાગથી ગાતા રાસ રમ્યા હતા. ૩૪

शरच्छशिकरै र्मृष्टं मानयन् रजनी मुखम् ॥
गायन कलपदं रेमे स्त्रीणां मंडलमंडनः॥३४॥

ઇતિ શ્રી ભાગવત પુરાણના તૃતીય સ્કંધમાં ઉદ્ધવે વિદુરજીને ભગવાનની બાળલીલા કહી એ નામનો બીજો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૩ જો.

શ્રી કૃષ્ણે મથુરામાં તથા દ્વારકામાં કરેલાં ચરિત્રો.

उद्धव उवाच.

ततः स आगत्य पुरं स्वपित्रो ।
श्चिकीर्षया शं बल्देव संयुतः ॥
निपात्य तुंगाद्रिपु यूथनाथं ।
हतं व्यकर्षद्व्यसुमोजसो र्व्याम ॥

ઉદ્ધવજી કહેછે- હે વિદુરજી! પછી શ્રી કૃષ્ણ ભગવાને પોતાનાં માતપિતાને સુખી કરવા માટે બલદેવજી સાથે મથુરામાં આવીને શત્રુઓના યુથપતિ કંસને, આસનપરથી ઉંચી પાડી મારી નાંખીને પૃથ્વી ઉપર ઘસડયો હતો, ૧ પછી સાંદીપનિ ગુરૂ પાસેથી એકજ વાર કહેલું બ્રહ્મજ્ઞાન મેળવીને તેમને ગુરૂદક્ષિણામાં તેમના મરી ગયેલા પુત્રને પંચજન દૈત્યનું પેટ ચીરી તે આણી આપ્યો હતો. ૨ વળી ભીષ્મક રાજાની કુંવરી રૂક્મિણીને પરણવા માટે ઘણા રાજાઓ આવ્યા હતા તેઓના માથે પગ દઇને, ગરૂડ જેમ પોતાનો અમૃતનો ભાગ લઇ જાય તેમ રૂક્મિણીને હરી જઇને શ્રી કૃષ્ણ ગંધર્વ વિવાહથી પરણ્યા હતા. ૩ વળી નાગ્નજીતીના સ્વયંવરમાં સાત સાંઢને નાથી નાગ્નજીતીને પરણ્યા હતા, તેથી અપમાન પામેલા અને કન્યા ઉપર અજ્ઞાનથી આસક્ત થયેલા રાજાઓ સામા થવાથી તેઓને શસ્ત્રોવડે મારી નાંખ્યા હતા. ૪ જાણે પોતાની સ્ત્રીને આધીન હોય તેમ શ્રી કૃષ્ણ પોતાની પ્રિયા સત્યભામાને રાજી કરવા માટે સ્વર્ગમાંથી પારિજાતકનું ઝાડ લાવ્યા હતા, તેથી સ્ત્રીનો ક્રીડામૃગ તથા ક્રોધથી અંધ બનેલો એવો ઇંદ્ર દેવગણો સહિત ભગવાન સાથ લડવા માટે આવ્યો હતો. ૫ ભૌમાસુર પોતાના શરીરવડે આકાશને ઢાંકી દેતો હતો તેને ભગવાને યુદ્ધમાં મારી નાંખ્યો તેથી તેની માતા પૃથ્વીએ વિનયથી શ્રી કૃષ્ણની સ્તુતિ કરવાથી તે ભૌમાસુરના પુત્ર ભગદત્તને બાકીનું રાજ્ય આપીને તેના અંતઃપુરમાં પેઠા હતા ૬ ત્યાં ભૌમાસુરે બળાત્કારે હરી આણેલી રાજકન્યાઓ દુઃખીના બેલી શ્રી હરીને જોઇને તુરત ઉભી થઇ, અને હર્ષ, લાજ તથા પ્રીતિથી જોઇને તેમને માન આપ્યું હતું. ૭ પોતાની યોગમાયાથી શ્રી કૃષ્ણ પ્રત્યેક સ્ત્રીને યોગ્ય સ્વરૂપ ધરી જુદાં જુદાં ઘરોમાં સર્વે સ્ત્રીઓ સાથે એકજ મુહુર્તમાં પરણ્યા હતા. ૮ અને માયાનો વિસ્તારકરવા માટેતેમણે તે દરએક સ્ત્રીમાં પોતાના જેવાજ દશ દશ પુત્રો ઉત્પન્ન કર્યા હતા. ૯ વળી પોતાની સેનાઓવડે મથુરા નગરીને ઘેરી લેનારા કાળયવન, જરાસંધ તથા શાલ્વ વગેરેનો મુચકુંદ, ભીમસેન વિગેરે દ્વારા નાશ કરાવાને પોતાનાં મનુષ્યોને દિવ્ય યશ આપ્યો હતો. ૧૦ શંબર, દ્વિવિદવાનર, બાણાસુર, મુર, બલ્વલ તથા દંતવક્ત્રાદિકમાંના કેટલાકને પોતે મારી નાંખ્યા હતા અને કેટલાકને બાજા પાસે મારી નંખાવ્યા હતા. ૧૧ વળી મહાભારતના યુદ્ધમાં તમારા ભાઇના પુત્ર દુર્યોધનના પક્ષમાં આવેલા રાજાઓ તથા તેઓની અપાર સેનાના ભારથી પૃથ્વી કંપી ઉઠતી હતી તે સર્વનો ભગવાને નાશ કરાવ્યો હતો. ૧૨ કર્ણ, દુઃશાસન તથા શકુનિની બદસલાહથી લક્ષ્મી તથા આયુષ્યથી રહિત થયેલા અને જેની સાથળ ભીમસેને ગદા મારીને ભાગી નાંખી હતી એવા દુર્યોધનને અનુચરો સહિત પૃથ્વી ઉપર પડેલો જોઇને પણ શ્રી કૃષ્ણ સંતોષ પામ્યા નહી. ૧૩ “દ્રોણ, ભીષ્મ, અર્જુન તથા ભીમસેન દ્વારા અઢાર અક્ષોહિણીનો પૃથ્વીનો ભાર ઉતાર્યો તે કાંઇ ગણત્રીમાં છે? કારણ કે હજી તો મારા અંશભુત યાદવોનું અસહ્ય સૈન્ય બાકી રહ્યું છે. ૧૪ એ યાદવો જો મદિરા પી રાતાં નેત્રોવાળાં થઇ પરસ્પર લડી મરશે તોજ તેમનો નાશ થશે, હુંજ તેમનામાં કલેશ કરાવીશ તો તેઓનામાં પરસ્પર વિરોધ થવાને વાર લાગવાની નથી.” ૧૫ એમ વિચારી શ્રી કૃષ્ણ ભગવાને ધર્મના પુત્ર યુધિષ્ઠિરને રાજ્યગાદીપર બેસાડી સંબંધીઓ તથા મિત્રોને સંતપુરૂષોનો માર્ગ દેખાડીને આ-

જી કર્યા. ૧૬ વળી અભિમન્યુએ ઉત્તરાના ઉદરમાં મૂકેલા ગર્ભને અશ્વત્થામાએ અસ્ત્રથી છિન્ન ભિન્ન કરી નાંખ્યો હતો ત્યારે શ્રી કૃષ્ણે ફરીથી તેને સજીવન કર્યો હતો. ૧૭ વળી ભગવાને યુધિષ્ઠિર પાસે ત્રણ અશ્વમેધ યજ્ઞ કરાવ્યા અને ધર્મરાજાએ પણ ભાઇઓ સહિત ભગવાનની આજ્ઞા પાળી પૃથ્વીનું પાલન કર્યું. ૧૮ વિશ્વાત્મા શ્રી કૃષ્ણ ભગવાને પણ લૌકિક તથા વૈદિક માર્ગે ચાલી સાંખ્ય જ્ઞાનથી આસક્તિ રહિત થઇ દ્વારકાપુરીમાં રહી અનેક પ્રકારનાં સુખ ભોગવ્યાં, ૧૯ સ્નેહથી, હાસ્ય યુક્ત દૃષ્ટિથી, અમૃત તુલ્ય વાણીથી, નિર્દોષ ચરિત્રોથી અને લક્ષ્મીના નિવાસરૂપ આત્માથી આ લોક, પરલોક તથા યાદવોને નિરંતર રમાડતા થકા શ્રી કૃષ્ણ ભગવાન રાત્રિને વિષે ઉત્સાહવાળી સ્ત્રીઓ સાથે વિહાર કરતા હતા. ૨૦-૨૧ એ પ્રમાણે કરતાં ઘણાં વર્ષો વીતી ગયા પછી ભગવાનને કામભોગને વિષે વૈરાગ્ય ઉત્પન્ન થયો. ૨૨ આ રીતે પોતાને સ્વાધીન રહેલા કામભોગ ઉપર ભગવાનને અપ્રીતિ થઈ તો પછી યોગ વડે યોગને અનુસરતો તથા દૈવને આધીન રહેલો કયો પુરૂષ દૈવાધીન વિષય ભોગથી ઉદાસીનતા ન પામે ! ૨૩ એકવાર દ્વારકામાં રમતા યદુ અને ભોજકુળના બાળકોએ મશ્કરી કરી ઋષિઓને કોપાવ્યા, તથા ભગવાનના અભિપ્રાયને જાણનારા તે ઋષિઓએ શાપ આપ્યો. ૨૪ ત્યારપછી કેટલાક મહિના ગયા કેડે ભગવાનની માયાથી મોહિત થયેલા વૃષ્ણિ, ભોજ અને અંધક વગેરે કુળના યાદવો રથમાં બેસીને પ્રભાસમાં ગયા. ૨૫ ત્યાં ગાયો તથા બ્રાહ્મણોને માટે જીવનારા તે શૂરવીર યાદવોએ સરસ્વતીના પવિત્ર જળમાં સ્નાન કરી પિતૃ, ઋષિ તથા દેવતાઓનું જળવડે તર્પણ કરી બ્રાહ્મણોને બહુ ગુણવાળી ગાયોનું દાન કર્યું. ૨૬ વળી સોનું, રૂપું, શય્યા, વસ્ત્રો, મૃગચર્મ, ઉનનાં વસ્ત્રો, વાહનો, રથો, હાથીઓ, આજીવિકા પુરતી પૃથ્વી અને ઘણા રસવાળું અન્ન આપ્યું. અને પૃથ્વીએ મસ્તક મૂકીને નમન કર્યું. ૨૭-૨૮

अन्नं चोरुरसं तेभ्यो दत्वा भगवदर्पणम् ॥
गोविप्रार्थासवः शूराः प्रणेमुर्भुवि मूर्धभिः ॥

ઇતિશ્રી ભાગવત પુરાણના તૃતીય સ્કંધમાં વિદુર ઉદ્ધવ સંવાદ નામનો ૩ જો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૪ થો.

ઉદ્ધવનું બદ્રિકાશ્રમ જવું અને વિદુરનું મૈત્રેય પાસે જવું.

उद्धवउवाच.

अथते तदनुज्ञाता भुक्त्वापीत्वाच वारुणीम् ॥
तया विभ्रंशितज्ञाना दुरुक्तैर्मर्म पस्पृशुः ॥१॥

ઉદ્ધવ કહે છે—પછી તે યાદવોએ બ્રાહ્મણોની આજ્ઞા લઈ ભોજન કરીને વારૂણી (મદિરા) પીધી. તેથી જ્ઞાનભ્રષ્ટ થઇ જવાથી તેઓ દુષ્ટ વચનોથી મર્મવેધ કરવા લાગ્યા. ૧ મદિરાપાનથી તેઓનાં મન ભમી ગયાં, તેથી જેમ પરસ્પર વાંસ ઘસાવાથી તે બળીને નાશ પામે છે, તેમ સૂર્યાસ્ત સમયે પરસ્પર લડવાથી યાદવોનો નાશ થવા લાગ્યો. ૨ શ્રી કૃષ્ણ ભગવાન પોતાની યોગમાયાની ગતિ જોઇ સરસ્વતીની તટે આવી આચમન લઈ ઝાડના થડ પાસે જઇને બેઠા. ૩ શરણાગતની પીડા હરનારા ભગવાને પોતાના કુળનો સંહાર કરવાની ઈચ્છાથી મને કહ્યું કે "હે ઉદ્ધવ ! તું બદ્રિકાશ્રમ જા." હે શત્રુને દમનારા વિદુરજી ! હું ભગવાનનો અભિપ્રાય જાણતો હતો, તેથી હું તેમની પાછળ ગયો હતો, કારણકે મારાથી ભગવાનના ચરણનો વિયોગ સહન થઇ શકતો નહોતો. ૫ પ્રિય ભગવાનની શોધ કરતો હું જતો હતો, એટલામાં લક્ષ્મીના નિવાસરૂપ ભગવાન આશ્રયથી રહિત છતાં સરસ્વતી કિનારે આશ્રમ બનાવી બેઠેલા જોવામાં આવ્યા. ૬ શ્યામ સુંદર શુદ્ધ સત્વમય સ્વરૂપવાળા, શાંત અને રાતાં નેત્રવાળા, ચાર ભુજાઓ વાળા, પીતાંબર ધારણ કરેલા, અને જમણો પગ ડાબા પગ ઉપર ટેકવી પીઠથી કોમળ પીપળાના થડનો આશ્રય લઇ બિરાજે-

લા દીઠા. ૭-૮ એટલામાં સિદ્ધ દશાને પામેલા, ભગવાનના પરમભક્ત, વેદવ્યાસજીના સ્નેહી તથા મિત્ર મૈત્રેયજી દૈવ ઇચ્છાથી પૃથ્વીપર વિચરતા ત્યાં આવી પહોચ્યા. ૯ આનંદથી નીચી ડોક કરી મહાનુરાગી મૈત્રેયજીએ ભગવાનને મસ્તક નમાવીને પ્રણામ કર્યા. પછી એ મુનિના સાંભળતાં મુકુંદ ભગવાન પ્રેમ તથા હાસ્યયુક્ત દૃષ્ટિથી મારો શ્રમ દૂર કરતા થકા બોલ્યા. ૧૦

શ્રી ભગવાન કહે છે—હે ઉદ્ધવ! હું તમારા મનનો અભિપ્રાય જાણું છું. તમે પૂર્વે પ્રજાપતિઓ અને વસુઓના યજ્ઞમાં મને પામવાને માટે મારૂં યજન કર્યું હતું, તેથી તમે જે ઇચ્છોછો તે બીજાઓને મળવું દુર્લભ છે તેમ છતાં હું તમારી ઇચ્છા પૂરી કરીશ. ૧૧ તમારા ઉપર મારો અનુગ્રહ થયો છે તેથી તમે એમજ જાણજો કે તમારો આ જન્મ છેવટનો છે. તમે મારી નિષ્કપટ સેવા કરી છે તેનું એજ ફળ છે કે-મનુષ્ય લોકનો ત્યાગ કરતી વખતે તમે આ એકાંત જગાએ મારાં દર્શન કર્યા. તે બહુજ સારૂં થયું છે. ૧૨ પૂર્વે પદ્મકલ્પની પ્રથમ સૃષ્ટિમાં મારી નાભિ કમળમાંથી ઉત્પન્ન થયેલા બ્રહ્માને મેં ઉત્તમ જ્ઞાન કહ્યું હતું. જે જ્ઞાનથી મારો મહિમા જાણવામાં આવે છે, તથા વિવેકીજનો જેને 'ભાગવત' કહે છે, તે જ્ઞાન હું તમને કહીશ. ૧૩ આ પ્રમાણે ભગવાને સત્કાર કરીને કહ્યું, ત્યારે પરમ પુરૂષ પ્રભુના અનુગ્રહને પાત્ર એવો હું હાથ જોડીને રોમાંચ થઇ શોકનો ત્યાગ કરી ગળગળે સાદે બોલ્યો કે-૧૪ "હે ઇશ! જે આપનાં ચરણકમળની સેવા કરે છે, તેને આ સંસારમાં ચાર પુરૂષાર્થોમાંનું કોઇ પુરૂષાર્થ દુર્લભ નથી; તોપણ હે ભગવાન! હું તેમાંનું કાંઇ માગતો નથી, કારણકે હું તો તમારાં ચરણ કમળની સેવા કરવામાંજ આતુર છું. ૧૫ આપ કર્મોથી રહિત છતાં કર્મોનું કરવું, અજન્મા છતાં જન્મવું, કાળ મૂર્તિ છતાં શત્રુના ભયથી નાસીને દ્વારકાના કિલ્લાનો આશ્રય લેવો, અને આત્મારામ છતાં આપનો હજારો સ્ત્રીઓ સાથે ગૃહસ્થાશ્રમ કરવો,

એવાં એવાં આપનાં ચરિત્રો જોઇ પંડિતોની બુદ્ધિ પણ ચકિત થઇ મોહ પામે છે. ૧૬ હે દેવ! તમે અનાદિ કાળથી અકુંઠિત, અખંડિત તથા શંસય રહિત વિદ્યાશક્તિ વાળા છો, છતાં મને બોલાવી અજાણ્યાની પેઠે પ્રશ્ન પૂછતા હતા. હે પ્રભુ! એ મારા મનને મોહ ઉપજાવે છે. ૧૭ હે પ્રભુ! તમે તમારા ગુપ્ત તત્ત્વને પ્રકાશ કરનારૂં ઉત્તમ જ્ઞાન બ્રહ્માને કહ્યું હતું, તે જ્ઞાન ગ્રહણ કરવાને હું પાત્ર હોઉં તો આપ મને કહો, જેથી વિનાશ્રમે આ ભવસાગરના દુઃખોથી પાર ઉતરૂં. ૧૮ આ પ્રમાણે મેં મારો અભિપ્રાય શ્રી કૃષ્ણ ભગવાનને જણાવ્યો ત્યારે કમળનયન પરમાત્માએ પોતાનું સત્ય સ્વરૂપ મને કહી દેખાડયું. ૧૯ આ પ્રમાણે હું શ્રી કૃષ્ણ ભગવાન રૂપ ગુરૂથી તત્ત્વજ્ઞાન (આત્મજ્ઞાન)નો માર્ગ પામ્યો. પછી ભગવાનને પ્રદક્ષિણા કરી તેમનાં ચરણોમાં નમસ્કાર કરી તેમના વિરહથી આતુર ચિત્તવાળો હું ફરતો ફરતો અહીં આવ્યો. ૨૦ હવે હું તે ભગવાનના દર્શનથી તો આનંદ યુક્ત અને વિયોગથી દુઃખી છું, માટે પ્રભુને પ્રિય બદરિકાશ્રમમાં જઇશ. ૨૧ જ્યાં ભગવાન નરનારાયણ ઋષિ લોકોના અનુગ્રહ માટે પરને પીડા ન થાય તેવું કલ્પની અવધિનું મહા તીવ્ર તપ કરે છે. ૨૨

શ્રી શુકદેવજી કહે છે—આ પ્રમાણે ઉદ્ધવના મુખથી બાંધવોનો દુઃસહવધ સાંભળી વિદુરને બહુ શોક થયો, પરંતુ વિવેકી વિદુરે જ્ઞાનથી તે શોક સમાવ્યો. ૨૩ ભગવાનના પરમભક્ત ને શ્રી કૃષ્ણના સેવકોમાં મુખ્ય ઉદ્ધવજી જવા લાગ્યા ત્યારે કૈરવોમાં શ્રેષ્ઠ વિદુરજીએ વિશ્વાસથી આ પ્રમાણે કહ્યું. ૨૪.

વિદુરજી કહેછે—યોગેશ્વર શ્રી કૃષ્ણ ભગવાને આત્મતત્ત્વને પ્રકાશ કરનારૂં જે ઉત્તમ જ્ઞાન આપને કહેલ છે તે આપ મને કહેવાને યોગ્ય છો; કારણ કે પ્રભુના સેવકો પોતાના દાસની કાર્ય સિદ્ધિ માટે ફર્યા કરેછે. ૨૫

ઉદ્ધવ કહેછે—હે વિદુર! તત્ત્વજ્ઞાનને માટે તમે મહામુનિ મૈત્રેયની પાસે જાઓ, કારણ કે મનુષ્ય લોકને તજવાના ઇચ્છાવાળા

ભગવાને અંત સમયે તમારે અર્થે મૈત્રેયજીને મારી સમક્ષ ઉપદેશ કર્યો છે. ૨૬

શ્રી શુકદેવજી કહેછે—આ પ્રમાણે વિશ્વમૂર્તિ ભગવાનની અમૃતમય ગુણકથાથી ઉદ્ધવનો સર્વ સંતાપ શાંત થઈ ગયો. તે રાતે તેઓ યમુનાના તટ ઉપર રહ્યા, તે રાત તેઓને એક ક્ષણની પેઠે જતી રહી. પછી ઉદ્ધવજી ત્યાંથી બદરિકાશ્રમમાં ચાલ્યા ગયા.૨૭

પરીક્ષિત પૂછેછે— મહારથીઓના તથા યુથપતિઓના અધિપતિ એવા વૃષ્ણિ અને ભોજવંશી રાજાઓ મરણ પામ્યા, તથા ત્રિલોકનાથ શ્રી હરિએ પણ દેહત્યાગ કર્યો, તેમ છતાં ઉદ્ધવજી શી રીતે બાકી રહ્યા ? ૨૮.

શ્રી શુકદેવજી કહેછે—અમોઘ સંકલ્પવાળા શ્રી હરિએ બ્રહ્માના શાપરૂપનું બહાનું કરી કાળદ્વારા પોતાના કુળનો સંહાર કરી પોતાનું શરીર તજવાની ઇચ્છા કરી વિચાર કર્યો કે—૨૯ હું આ લોકમાંથી ધામમાં ગયા પછી મારા સંબંધી જ્ઞાનના અધિકારી હાલમાં તો એક ઉદ્ધવજીજ છે તે આત્મજ્ઞાનીઓમાં શ્રેષ્ઠ છે. ૩૦ તે મારાથી જરાપણ ઉતરતા નથી, કેમકે તે વિષયોથી જરાપણ વિકાર પામતા નથી. માટે સમર્થ ઉદ્ધવજી લોકને મારા જ્ઞાનનો ઉપદેશ કરવાને ભલે અહીંજ રહે. ૩૧ આ પ્રમાણે વિચાર કરીને વેદને ઉત્પન્ન કરનારા અને ત્રૈલોક્યના ગુરૂ શ્રીકૃષ્ણ ભગવાને તેમને બદરિકાશ્રમમાં જવાની આજ્ઞા કરી, તેથી તે બદરિકાશ્રમમાં જઇ સમાધિવડે શ્રી હરિની સેવા કરવા લાગ્યા. ૩૨ વિદુરજીએ પણ ઉદ્ધવજી પાસેથી, જેણે લીલામાટે મનુષ્યદેહ ધારણ કરેલ છે એવા શ્રી કૃષ્ણ પરમાત્માનાં વખાણવા યોગ્ય ચરિત્ર સાંભળ્યાં. ૩૩ ધીર પુરૂષોની ધીરજને વધારનારા તથા પશુતુલ્ય અધીર ચિત્તવાળા લોકોથી થઇ શકે નહીં એવો ભગવાને કરેલો દેહત્યાગ એ સર્વ સાંભળ્યું. ૩૪ હે પરીક્ષિત રાજા ! ભગવાને મનમાં પોતાને સંભાર્યા, એ સમાચાર સાંભળી ઉદ્ધવજી ત્યાંથી ગયા પછી ધ્યાન ધરી, પ્રેમથી વિહ્વળ થઇ વિદુરજી રોઇ પડયા. ૩૫ પછી સિદ્ધ દશા પામેલા વિદુરજી યમુના કાંઠેથી ચાલી કેટલેક દહાડે ગંગાતટે કે જ્યાં મહામુનિ મૈત્રેયજી બિરાજ્યા હતા ત્યાં જઇ પોંહોંચ્યા. ૩૬

कालिन्द्याः कतिभिः सिद्धः अहोभिर्भरतर्षभः॥
प्रापद्यत स्वःसरितं यत्र मित्रासुतोमुनिः॥३६॥

ઇતિશ્રી ભાગવત પુરાણના તૃતીય સ્કંધમાં વિદુર ઉદ્ધવ સંવાદ નામનો ૪ થો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૫ મો.

વિદુરજીના પૂછવાથી મૈત્રેયજીએ કરેલું મહતત્વાદિકથી થયેલી સૃષ્ટિનું વર્ણન.

श्री शुक उवाच.

द्वारिद्युनद्या ऋषभः कुरूणां ।
मैत्रेय मासीन मगाध बोधम् ॥
क्षत्तोप सृत्याच्युत भाव शुद्धः ।
पप्रच्छ सौशील्य गुणाभितृप्तः ॥ १ ॥

શ્રી શુકદેવજી કહે છે—હે પરીક્ષિત રાજા અગાધ બુદ્ધિવાળા મૈત્રેયજી હરિદ્વારમાં બિરાજતા હતા તેમની પાસે જઇને, તેમની સરળતા, દયા વિગેરે ઉત્તમ ગુણોથી સંતુષ્ટ થયેલા અને અચ્યુત ભગવાન વિષે શુદ્ધ ભક્તિભાવવાળા વિદુરજી પૂછવા લાગ્યા. ૧

વિદુરજી પૂછેછે—પ્રાણીઓ સુખને માટે કર્મો કરે છે, પરંતુ તેને સુખ મળતું નથી તેમ દુઃખ ટળતું નથી, પણ કર્મોથી વારંવાર દુઃખ પામ્યા કરે છે, માટે આ દુઃખમય ભવસાગરમાં મનુષ્યોએ શું કરવું યોગ્ય છે? ૨ આ લોકમાં આપના જેવા ભગવાનના ભક્તોનું વિચરવું એ, પૂર્વેનાં કર્મોથી ભગવાનથી વિમુખ થયેલા અને અધર્મથી અત્યંત દુઃખ પામતા મનુષ્યોના અનુગ્રહ માટે છે. ૩ માટે હે સંત જનોમાં શ્રેષ્ઠ મૈત્રેયજી ! મને એ કલ્યાણકારી માર્ગ બતાવો કે જે માર્ગે ચાલી ભગવાનને આરાધવાથી ભક્તિથી પવિત્ર થયેલા મનુષ્યોના હૃદયમાં ભગવાન

નિવાસ કરીને પ્રત્યક્ષ આત્મજ્ઞાન સહિત વૈદિક અનાદિ જ્ઞાન આપે. ૪ ત્રૈલોક્યાધિપતિ સ્વતંત્ર શ્રી હરી અવતાર લઇને જેજે ચરિત્રો કરે છે તે, તથા ક્રિયા રહિત પરમાત્માએ આરંભમાં આ જગતને શી રીતે ઉત્પન્ન કર્યું, તેની શી રીતે સ્થિતિ બાંધી તથા તેનું શી રીતે પોષણ કર્યું? તે મને કહો. ૫ વળી શ્રી હરિ પોતાની સર્વ વૃત્તિઓ સંકેલી લઇને પોતાના હૃદયાકાશમાં જગતને સ્થિત કરીને કેવી રીતે માયામાં પોઢે છે? તથા યોગેશ્વરોના સ્વામી શ્રી હરિ આ જગતમાં પાછળથી પ્રવેશ કરીને અનેક પ્રકારે શી રીતે થયા? વળી ગાયો, બ્રાહ્મણો તથા દેવતાઓના કલ્યાણને માટે અવતાર ધારણ કરીને જે જે ચરિત્રો કર્યાં હોય તે કહો. પવિત્ર કીર્તિવાળા નરશ્રેષ્ઠ શ્રી હરીનાં ચરિતામૃતનું અમે પાન કરીએ છીએ તોપણ અમારૂં મન તૃપ્ત થતું નથી. ૬-૭ વળી લોકપાળોના અજાપતિ શ્રી હરીએ જે જે જુદાં જુદાં તત્વથી લોકપાળો સહિત પ્રદેશો તથા લોકાલોક પર્વતની બહારના પ્રદેશોને રચ્યા હોય તે મને કહો, કે જેમાં સઘળા જીવ સમૂહોના ભેદ તથા તેઓનાં જુદાં જુદાં કર્મોનો અધિકાર જોવામાં આવે છે. ૮ હે વિપ્રવર! સ્વયંસિદ્ધ અને જગતને સરજનારા નારાયણે જે રીતે જીવોના સ્વભાવના, કર્મોના, નામના તથા રૂપના ભેદ કર્યા હોય તે આપ વર્ણવી બતાવો. ૯ હે ભગવાન! મેં વ્યાસજીના મુખથી ચારે વર્ણોના ધર્મ ઘણીવાર સાંભળ્યા છે, એ તુચ્છ સુખ આપનારા ધર્મોથી મારૂં મન તૃપ્ત થયું છે, માત્ર તેમાં શ્રી કૃષ્ણની કથામૃત સાંભળતાં તૃપ્ત થતો નથી. ૧૦ ભગવાનની કથારૂપી અમૃતથી તૃપ્ત થાય એવો કયો મનુષ્ય છે? કારણ કે જેને નારદાદિક સભાઓની અંદર ગાયા કરેછે એવું ભગવાનની કથારૂપી અમૃત કાનની અંદર પ્રવેશ કરતાંજ મનુષ્યના જન્મ મરણના ફેરાને ટાળી નાંખેછે. ૧૧ હે મૈત્રેયજી! તમારા મિત્ર વેદવ્યાસજીએ ભગવાનના ગુણો વર્ણવવાની ઇચ્છાથી મહાભારત રચેલું છે, કે જેમાં ગ્રામ્યસુખના વર્ણન દ્વારા મનુષ્યોની બુદ્ધિને ભગવાનની કથા તરફ વાળીને તેમાં આસક્ત કરેલી છે. ૧૨ ભગવાનની કથામાં આસક્ત થયેલી શ્રદ્ધાળુ પુરૂષની બુદ્ધિ આગળ જતાં બીજા વિષયોમાં વૈરાગ્ય પામેછે, ત્યારપછી ભગવાનના ચરણના અવિછિન્ન સ્મરણથી નિવૃત્તિ પામેલા મનુષ્યનાં સર્વ દુઃખ નાશ પામેછે. ૧૩ પોતાનાં પાપકર્મોને લીધે ભગવાનની કથાથી વિમુખ બનેલા અજ્ઞાની મનુષ્યનો મને શોક થાયછે, કેમકે તેથી મન, વાણી અને શરીરની ક્રિયાઓ વૃથા છે, અને તેઓના આયુષ્યનો એક ક્ષણ પણ નહિ અટકનારી ગતિવાળો કાળ નાશ કરેછે. ૧૪ હે દુઃખીજનોના બેલી! જેમ ભ્રમર પુષ્પોમાંથી સાર સાર ખેંચી લેછે તેમ તમે સર્વ કથાઓના સારરૂપ શ્રી ભગવાનની પવિત્ર કથા તે બીજી કથાઓમાંથી ખેંચીને કહી સંભળાવો. ૧૫ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લયને માટે પોતાની યોગશક્તિનું ગ્રહણ કરીને અવતાર ધારણ કરનારા ભગવાને જે જે ચરિત્રો કર્યાં હોય તે મને કહો. ૧૬

શુકદેવજી કહેછે—એ પ્રમાણે મનુષ્યોના કલ્યાણને માટે વિદુરજીએ પૂછવાથી ભગવાન મૈત્રેયજીએ તેમને ઘણું માન આપીને કહ્યું. ૧૭

મૈત્રેયજી કહેછે—હે સાધુ! લોકો ઉપર સારી રીતે અનુગ્રહ કરનારા, અધોક્ષજ ભગવાનમાંજ મનવાળા અને પોતાની કીર્તિ લોકોમાં વિસ્તારનારા આપે બહુ સારા પ્રશ્ન પૂછયા. ૧૮ હે વિદુરજી! શ્રી હરિનું તમે અનન્ય ભાવથી શરણ લીધું છે તે આશ્ચર્ય જેવું નથી, કારણ કે તમે વ્યાસજીના અંશ છો. ૧૯ તમે તો પ્રજાને દંડ દેનારા યમરાજ છો. તમે માંડવ્ય ઋષિના શાપથી સત્યવતીના પુત્ર વ્યાસજીથી વિચિત્રવીર્યની દાસી સ્ત્રીને વિષે ઉત્પન્ન થયાછો. ૨૦ શ્રી કૃષ્ણ ભગવાને ધામમાં પધારતી વેળા આપને જ્ઞાનોપદેશ કરવા માટે આજ્ઞા કરી છે, તે આપ પાર્ષદો સહિત ભગવાનને ઘણા પ્રિય છો. ૨૧ હવે હું તમને જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરનારી યોગમાયાથી વૃદ્ધિ પામેલી

ભગવાનની લીલાઓ અનુક્રમે તમારી પાસે વર્ણવી સંભળાવીશ. ૨૨ સૃષ્ટિની ઉત્પત્તિ પહેલાં પોતાને એકલાજ રહેવાની ઇચ્છાથી આત્માઓના આત્મા, વિભુ, નાના પ્રકારના મતોથી ઉપલક્ષિત પરમાત્મા એકજ હતા. ૨૩ તે એકલા પ્રકાશતા પરમેશ્વરે જ્યારે કંઇપણ દૃશ્ય પદાર્થ ન દીઠો ત્યારે જેમની માયિક શક્તિઓ લય પામેલી હતી તેમ છતાં જેમની ચૈતન્યશક્તિ જાગૃત હતી એવા પરમેશ્વરે પોતાના આત્માને અસદ્રુપ એટલે હોવા છતાં નથી એમ માન્યો. ૨૪ હે મહાભાગ ! તે દૃષ્ટાની જે સત્ અસતરૂપ માયાશક્તિ તેવડે વ્યાપક પરમેશ્વરે આ જગત ઉત્પન્ન કર્યું. ૨૫ કાળશક્તિથી ક્ષોભ પામેલા ગુણવાળી માયાને વિષે ચૈતન્યશક્તિવાળા અધોક્ષજ ભગવાને પોતાના પુરૂપરૂપથી વીર્ય મૂક્યું. ૨૬ પછી કાળથી પ્રેરાયલા અવ્યક્ત (માયા)માંથી પોતાના શરીરમાં રહેલા જગતને પ્રકાશ આપનાર તથા અંધકારનો નાશ કરનાર મહત્તત્વ ઉત્પન્ન થયું. ૨૭ ચિદાભાસ, ગુણ અને કાળને આધીન રહેલા મહત્ત્વતત્વે આત્મા ભગવાનથી પ્રકાશ પામીને આ જગતને રચવાની ઇચ્છાથી પોતાનામાં વિકાર ઉત્પન્ન કર્યો. ૨૮ વિકાર પામેલા મહત્તત્વથી અહંકાર ઉત્પન્ન થયો. તે કાર્ય, કારણ તથા કર્તાનો આશ્રય છે તથા પાંચભૂત, ઇંદ્રિયો અને મન એ ત્રણના વિકારવાળો છે. ૨૯ એ અહંકાર સાત્વિક, રાજસ અને તામસ એમ ત્રણ પ્રકારનો છે. સાત્વિક અહંકાર વિકાર પામતાં મન ઉત્પન્ન થયું, અને જેનાથી શબ્દાદિક વિષયો જણાયછે તે ઇંદ્રિયોના અધિષ્ઠાતા દેવતા ઉત્પન્ન થયા. રાજસ અહંકારથી જ્ઞાનેંદ્રિયો તથા કર્મેંદ્રિયો ઉત્પન્ન થઇ, તામસ અહંકાર વિકાર પામીને તેમાંથી શબ્દનું પ્રકાશક આકાશ થયું. ૩૦—૩૧ કાળ, માયા અને ચિદાભાસના યોગવડે ભગવાને આકાશ તરફ દૃષ્ટિ કરવાથી શબ્દ, અને શબ્દમાંથી વાયુ ઉત્પન્ન થયો. ૩૨ આકાશ સહિત મહા બળવાન વાયુ વિકાર પામતાં તેમાંથી રૂપ તન્માત્રા અને તેમાંથી તેજ ઉત્પન્ન થયું. ૩૩ કાળ, માયા અને ચિદાભાસના યોગથી વાયુ યુક્ત તેજ વિકાર પામીને તેમાંની રસ તન્માંત્રાવાળું જળ ઉત્પન્ન થયું. ૩૪ એ તેજયુક્ત જળ પરબ્રહ્મની દૃષ્ટિથી વિકાર પામી કાળ, માયા અને ચિદાભાસના યોગથી ગંધગુણવાળી પૃથ્વી ઉત્પન્ન થઇ. ૩૫ હે વિદુરજી ! આકાશાદિ ભૂતો જેમ જેમ એક પછી એક ઉત્પન્ન થયાં, તેમ તેમાં એક બીજામાં સંસર્ગ હોવાથી એકથી બીજામાં ગુણ અધિક છે. એટલે આકાશમાં એકલો શબ્દ ગુણ છે, વાયુમાં સ્પર્શ અને શબ્દ એ બે ગુણ છે, તેજમાં શબ્દ, સ્પર્શ અને રૂપ એ ત્રણ ગુણ છે, જળમાં શબ્દ, સ્પર્શ, રૂપ, અને રસ એ ચાર ગુણ છે, અને પૃથ્વીમાં શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચે ગુણ છે. ૩૬ ભગવાનની કળાઓ તથા કાળ, માયા અને અંશરૂપ દેહવાળા દેવતાઓ અનેક હોવાથી જ્યારે પોતપોતાના કાર્યમાં એટલે જગત રચવામાં સમર્થ ન થયા ત્યારે તેઓ હાથ જોડીને ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા. ૩૭

દેવતાઓ સ્તુતિ કરેછે—હે દેવ ! શરણે આવેલાના પરિતાપને શાંત કરનારાં છત્રરૂપ આપનાં ચરણકમળમાં અમે નમીએ છીએ. આપનાં ચરણકમળનો આશ્રય કરનારા યતિઓ ભવસાગરનાં અનેક દુઃખોનો વગર પરિશ્રમે દૂરથી પરિત્યાગ કરેછે. ૩૮ હે પિતા ! હે ઇશ્વર ! આ સંસારમાં ત્રણ પ્રકારના તાપથી તપેલા જીવો આપના ચરણકમળની છાયાનો આશ્રય લીધા વગર સુખ પામતા નથી, માટે અમે તમારી સદ્વિદ્યાવાળી ચરણછાયાનો આશ્રય કરીએ છીએ. ૩૯ ઋષિઓ સંસારના વિષયોથી વિરક્ત અંતઃકરણમાં, આપનું મુખજ જેનો માળો છે એવા આપના મુખમાંથી નીકળેલા વેદરૂપી પક્ષીઓદ્વારા આપને શોધેછે એવાં તીર્થરૂપ ચરણારવિંદવાળા આપનાં ચરણને અમે શરણે છીએ, આપનાં ચરણારવિંદ પ્રાણીઓનાં પાપોનો નાશ કરનારાં ગંગાજીના ઉત્પત્તિસ્થાન રૂપ છે. ૪૦ શ્રદ્ધા અને શ્રવણયુક્ત ભક્તિ:

થી સારી રીતે શુદ્ધ કરેલા અંતઃકરણમાં આપનાં ચરણોનું ધ્યાન કરવાથી જ્ઞાન તથા વૈરાગ્ય મેળવી તેના બળથી મનુષ્યો ધીર બનેછે તે આપનાં ચરણકમળની પીઠને અમે શરણે છીએ. ૪૧ હે ઇશ ! જગતની ઉત્પત્તિ સ્થિતિ ને લયને માટે અવતાર ધારણકરનારા એવા આપના ચરણારવિંદને અમે શરણ થયા છીએ, કે જેના સ્મરણથી સ્વજનોને અભય મળેછે. ૪૨ હે ભગવાન ! ઉપકરણો સહિત આ અતિ તુચ્છ દેહમાં તથા ઘરમાં જેને અહંમમત્વરૂપી દુરાગ્રહ બંધાયો છે તેના હૃદયમાં આપ રહેલા છો તેમ છતાં તેઓનાથી આપનાં ચરણારવિંદ દુર છે, એવાં આપનાં ચરણનું અમે ભજન કરીએ છીએ. ૪૩ હે પરમેશ્વર ! જેઓનું મન બહિર્મુખ ઇંદ્રિયોવડે વિષયાદિકમાં ફર્યા કરેછે તેઓ આપની લીલાની કથા વગેરેને ગ્રહણ કરનારા ભક્તજનોને દેખતા નથી. ૪૪ હે દેવ ! જેઓ આપની કથારૂપ અમૃતના પાનથી વૃદ્ધિ પામેલી ભક્તિથી શુદ્ધ અંતઃકરણવાળા છે, તેઓ વૈરાગ્યના ફળરૂપ બોધને પામી વગર શ્રમે વૈકુંઠ લોકમાં જાયછે. ૪૫ તેમજ બીજા ધીરપુરૂષો પણ આત્મસમાધિયોગના બળથી બળિષ્ઠ પ્રકૃતિને જીતીને આપ પુરાણ પુરૂષને પામેછે, પરંતુ તેઓ મહા પરિશ્રમે મોક્ષ પામેછે, અને આપની સેવાથી તો વિના શ્રમે મોક્ષ પામેછે. ૪૬ હે આદિપુરૂષ ! લોક સરજવાની ઈચ્છાથી આપે અમને ત્રણ ગુણોવડે સરજ્યા છે તે અમે સર્વે અમારી પ્રકૃતિ ભિન્ન ભિન્ન હોવાથી આપની ક્રિડાના સાધનરૂપ આ બ્રહ્માંડને રચીને આપને અર્પણ કરવાને સમર્થ નથી. ૪૭ હે અજન્મા ! અમે જેમ સમયે સમયે બલિ અર્પણ કરીએ તથા અમે જે રીતે અન્ન ખાઇએ, તથા લોકો જેમ આપને તથા અમને બલિ આપેછે અને ખાયછે તેમ આપે કરવું જોઇએ. ૪૮ આપ નિર્વિકાર, અધિષ્ઠાતા, તથા પુરાણ પુરૂષ છો, તમે કારણ સહિત અમો સર્વ દેવતાઓના આદિ કારણ છો. હે દેવ ! અનાદિ એવા આપે ગુણકર્મના કારણરૂપ અનાદિ માયામાં, સર્વ વસ્તુના આવરણનો ભંગ કરનારૂં વીર્ય મૂક્યું છે. ૪૯ એ માટે હે આત્મસ્વરૂપ ! અમે મહત્તત્વાદિ સર્વ જે કાર્ય માટે ઉત્પન્ન થયા છીએ તે કાર્ય માટે અમને આજ્ઞા કરો, અમારૂં શું કર્તવ્ય છે તે અમને કહો. સૃષ્ટિ રચવી હોય તો અમને શક્તિસહિત આપનું જ્ઞાન આપો, કે જેથી અમે આપના અનુગ્રહને પાત્ર બનેલા તે કાર્ય કરવાને સમર્થ થઇએ. ૫૦

ततो वयं सत्प्रमुखा यदर्थे ।
बभूविमात्मन्करवाम किं ते ॥
त्वंनः स्वचक्षुः परिदेहिशक्त्या ।
देव क्रियार्थे यदनुग्रहाणाम् ॥५०॥

ઇતિ શ્રી ભાગવત મહાપુરાણના તૃતીય સ્કંધમાં મહતત્વાદિકથી થયેલી સૃષ્ટિનું વર્ણન નામનો પાંચમો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૬ ઠ્ઠો.

વિરાટ પુરૂષની ઉત્પત્તિ તથા અધ્યાત્મ વિગેરે ભેદોનું નિરૂપણ.

ऋषि उवाच.

इति तासां स्वशक्तीनां सतीनाम समेत्यसः ॥
प्रसुप्त लोक तंत्राणां निशाम्य गतिमीश्वरः ॥

મૈત્રેયજી કહે છે—એ ઇશ્વરે, જેમાં જીવોના ભોગનાં સાધન સૂક્ષ્મ રૂપથી રહેલાં છે એવી જુદી જુદી પોતાની મહત્તત્વાદિક શક્તિઓના સ્થિતિ જોઈ, માયાનો આશ્રય કરીને ત્રેવીશ તત્વોના સમૂહમાં એકજ કાળે અંતર્યામી રૂપે પ્રવેશ કર્યો. ૧-૨ ક્રિયાશક્તિ વડે ભગવાને એ સર્વ તત્વોમાં પ્રવેશ કર્યા પછી તે જુદાં જુદાં તત્વો એકત્ર થઇ ગયાં અને માયામાં લીન થયેલા જીવોનાં કર્મો પાછાં જાગૃત થયાં. ૩ એ ત્રેવીશ તત્વો ક્રિયાશક્તિદ્વારા જાગૃત થયા પછી ઇશ્વરની પ્રેરણાથી તેઓએ પોતાના અંશોથી વિરાટ દેહ ઉત્પન્ન કર્યો. ૪ પોતાનામાં ઈશ્વરે પ્રવેશ કર્યાથી વિશ્વ સરજનારા મહત્તત્વાદિકના સમુદાયે

વિરાટદેહ ઉત્પન્ન કર્યો તેમાં સ્થાવર જંગમ સર્વ જીવો રહે છે. ૫ એ હિરણ્યમય અધિપુરૂષ હજાર વર્ષ સુધી પ્રલયકાળે લીન થયેલા સર્વ જીવો સાથે જળની અંદર બ્રહ્માંડમાં રહ્યા. ૬ તે વિશ્વને સરજનારા ગર્ભરૂપ, દેવ, કર્મ અને આત્મશક્તિવાળા વિરાટ પુરૂષે *એકરૂપે, દશરૂપે અને ત્રણરૂપે વિભાગ કર્યા. ૭ તે વિરાટ સ્વરૂપ પરમાત્માનો અંશ અને સર્વ જીવોનો આત્મા છે. પરમાત્માનો એ પ્રથમ અવતાર છે; કે જેમાં સર્વ ભૂત પ્રાણી રહેલ છે. ૮ અધ્યાત્મ, અધિદૈવ અને અધિભૂત એમ વિરાટ પુરૂષ ત્રણ પ્રકારે, પ્રાણ રૂપથી દશ પ્રકારે અને હૃદય રૂપથી એક પ્રકારે છે. ૯ વિશ્વ રચનારાઓની વિનંતીનું અધોક્ષજ ભગવાને સ્મરણ કરીને તેઓના વિવિધ લાભને માટે પોતાના તેજથી વિરાટ દેહને પ્રકાશિત કર્યો. ૧૦ હે વિદુર ! વિચાર કરતાંજ દેવતાનાં કેટલાં સ્થાન થયાં તે હું કહું છું, સાંભળો. ૧૧ તેમાં પ્રથમ મુખ ઉત્પન્ન થયું, તે સ્થાનમાં પોતાની શક્તિવાળી ઇંદ્રિય સાથે લોકપાળ અગ્નિએ પ્રવેશ કર્યો, જેનાથી બોલવાની ક્રિયા થાય છે. ૧૨ પછી હરિનું તાળવું ઉત્પન્ન થયું, તેમાં લોકપાળ વરૂણ પોતાના અંશ જીવ્હા ઇંદ્રિય સહિત વસ્યા કે જેનાથી રસનો સ્વાદ લેવાય છે. ૧૩ પછી તે નાશિકા ઉત્પન્ન થઈ, તેમાં પ્રાણ ઇંદ્રિય સાથે અશ્વિનીકુમાર વસ્યા, જેથી ગંધનું જ્ઞાન થાય છે. ૧૪ પછી વિરાટને બે નેત્ર થયાં, તેમાં ચક્ષુ સાથે લોકપાળ સૂર્ય દેવતાએ પ્રવેશ કર્યો, જેનાથી રૂપનું જ્ઞાન થાય છે. ૧૫ પછી તેને ચર્મ ઉત્પન્ન થઈ, તેમાં પ્રાણ ઇંદ્રિય સાથે લોકપાળ વાયુએ પ્રવેશ કરવાથી સ્પર્શનું જ્ઞાન થાય છે. ૧૬ પછી કાન ઉત્પન્ન થયા, તેમાં શ્રોત્ર ઇંદ્રિય સાથે દિશાએ પ્રવેશ કર્યો, તેથી શબ્દનું જ્ઞાન થાય છે. ૧૭ પછી ત્વચા ઉત્પન્ન થઇ તેમાં રોમ ઇંદ્રિય સાથે ઔષધિયોએ પ્રવેશ કરવાથી ખરજનું જ્ઞાન થાય છે. ૧૮ પછી વિરાટને લિંગ ઉત્પન્ન થયું તેમાં રેત (વીર્ય) સાથે પ્રજાપતિએ પ્રવેશ કર્યો તેથી જીવાત્માને આનંદ થાય છે. ૧૯ પછી તેને ગુદા ઉત્પન્ન થઇ, તેમાં પાયુ ઇંદ્રિય સાથે લોકપાળ મિત્રે પ્રવેશ કર્યો, જેથી મળ ત્યાગની ક્રિયા થાય છે. ૨૦ પછી તેને હાથ ઉત્પન્ન થયા. તેમાં આપ લે કરવા રૂપ ઇંદ્રિય સાથે ઇંદ્રે પ્રવેશ કર્યો, જેથી જીવાત્મા આજીવિકા ચલાવી શકે છે. ૨૧ પછી ચરણ થયા, તેમાં ગતિ સાથે લોકપાળ વિષ્ણુએ પ્રવેશ કર્યો જેથી ઇચ્છિત વસ્તુ મેળવી શકે છે. ૨૨ પછી તેને હૃદય થયું, તેમાં મન ઇંદ્રિય સાથે ચંદ્રમાએ પ્રવેશ કર્યો, કે જેથી જીવાત્મા સંકલ્પ વિકલ્પ કરી શકે છે. ૨૩ પછી તેને બુદ્ધિ તત્વ ઉત્પન્ન થયું, તેમાં બૃહસ્પતિએ પોતાની શક્તિ જ્ઞાન સાથે પ્રવેશ કરવાથી જીવાત્માને જાણવા યોગ્ય વસ્તુનું જ્ઞાન થાય છે. ૨૪ પછી વિરાટને અહંકાર ઉત્પન્ન થયો, તેમાં અભિમાન સાથે રૂદ્રદેવતાએ પ્રવેશ કર્યો કે જેથી જીવાત્મા અભિમાન યુક્ત ક્રિયા કરે છે. ૨૫ પછી વિરાટને સત્વ એટલે ચિત્ત ઉત્પન્ન થયું, તેમાં ચેતના સહિત બ્રહ્માએ પ્રવેશ કર્યો, જેથી ચેતના શક્તિવડે જીવાત્માને જ્ઞાન થાય છે. ૨૬ વિરાટના મસ્તકથી સ્વર્ગ ઉત્પન્ન થયું, ચરણોથી પૃથ્વી થઇ અને નાભિથી આકાશ ઉત્પન્ન થયું, જેને વિષે ગુણોની વૃત્તિઓ રૂપ દેવાદિક પ્રતીત થાય છે. ૨૭ સત્વગુણના અધિકપણાથી દેવતાઓ સ્વર્ગમાં વસ્યા, રજોગુણના અધિકપણાથી મનુષ્યો તથા મનુષ્યનાં પાછળનાં ગાય વિગેરે પશુઓ પૃથ્વીમાં વસ્યાં. ૨૮ અને તમોગુણના અધિકપણાથી રૂદ્રના પાર્ષદો ભૂતો વગેરે સર્વ સ્વર્ગ તથા પૃથ્વીના વચ્ચેનું અંતરિક્ષ સ્થાન જે ભગવાનનું નાભિ સ્થાન છે તેમાં વસ્યા. ૨૯ હે કુરૂવંશમાં ઉત્પન્ન થયેલા વિદુરજી ! વિરાટ ભગવાનના મુખમાંથી વેદ અને બ્રાહ્મણ ઉત્પન્ન થયા. બ્રાહ્મણો ભગવાનના મુખમાંથી ઉત્પન્ન થયા તેથી ચારે વ-

* હૃદય એક છે તે રૂપે; દશ પ્રાણ (પ્રાણ, અપાન સમાન, ઉદાન, વ્યાન, નાગ, કૂર્મ, કૃકલ, દેવદત્ત તથા ધનંજય એ દશ પ્રાણ) રૂપે, અધ્યાત્મ, અધિભૂત અને અધિદૈવ એ ત્રણ ભેદ રૂપે.

ણેમાં તેઓ મુખ્ય અને ગુરૂ ગણાવા લાગ્યા. ૩૦ વળી વિરાટની ભુજાઓમાંથી ક્ષત્રિયો ઉત્પન્ન થયા, તે વિરાટના અંશભુત ક્ષત્રિય જાતિ ચોરાદિકના ઉપદ્રવથી ત્રણે જાતનું રક્ષણ કરે છે. ૩૧ વિરાટ પુરૂષની સાથળોમાંથી લોકોની જીવિકા રૂપ ખેતી વગેરે કરનારી વૈશ્ય જાતિ ઉત્પન્ન થઇ, તે પોતાના કાર્યથી લોકોની જીવિકા સિદ્ધ કરે છે. ૩૨ સેવા ધર્મની સિદ્ધીને માટે વિરાટના ચરણોમાંથી શુદ્ર ઉત્પન્ન થયા. તેઓની સેવા વૃત્તિથી શ્રી હરિ પ્રસન્ન થાય છે. ૩૩ એ પ્રમાણે ચાર વર્ણ જે વૃત્તિઓ સહિત પ્રગટ થઈ તે પોત પોતાના ધર્મ પ્રમાણે શ્રદ્ધાથી અંતઃકરણની શુદ્ધિને અર્થે પોતાના ગુરૂ શ્રી હરિનું યજન કરે છે, કારણ કે તે તેઓનો મુખ્ય ધર્મ છે. ૩૪ હે વિદુરજી! કાળ, કર્મ તથા સ્વભાવ રૂપિ શક્તિવાળા ભગવાનની યોગ માયાના પ્રભાવનું વર્ણન કરવાની ઇચ્છા કોણ કરી શકે તેમ છે? ૩૫ હે અંગ! બીજાનું વર્ણન કરવાથી અશુદ્ધ થયેલી મારી વાણી શુદ્ધ થવા માટે શ્રી હરીના યશ જે પ્રમાણે મેં સાંભળ્યા છે તે પ્રમાણે મારી બુદ્ધિ અનુસાર કહી સંભળાવીશ. ૩૬ પુરૂષોના મુગટ રૂપ અને પવિત્ર કીર્તિવાળા ભગવાનના ગુણ ગાવા એ વાણીની સાર્થકયતા છે અને વિદ્વાનોએ ગાયેલી ભગવાનની કથા રૂપી અમૃતથી કાન ભરી દેવા એ કાનની સાર્થકયતા છે. ૩૭ હે વત્સ! આદિ કવિ બ્રહ્મા પણ એક હજાર વર્ષની યોગસમાધિથી પરિપકવ થયેલી બુદ્ધિથી પરમાત્માનો મહિમા જાણી શકયા છે? નહીજ. ૩૮ ભગવાનની માયા, માયાવી પુરૂષોને પણ મોહ પમાડનારી છે, કારણ કે ભગવાન પોતે પણ પોતાની માયાની ગતિ જાણી શકતા નથી તો પછી બીજાની તો વાતજ શી? ૩૯ જેને મન સહિત વાણી પણ પોહોંચી શકતી નથી, ને પોહોંચવા જાય છે તો પહોંચ્યા વગર પાછી ફરે છે. તેમ અહંકારના અધિષ્ઠાતા રૂદ્ર, ઇંદ્રયોના દેવતા અને બીજા પણ જેને પોહોંચી શકતા નથી, તે ભગવાનને હું પ્રણામ કરૂંછું. ૪૦

यतोऽप्राप्यन्यवर्तंते वाचश्च मनसासह ॥
अहं चान्यइमे देवा स्तस्मै भगवते नमः ॥

ઇતિ શ્રી ભાગવત પુરાણના તૃતીય સ્કંધમાં વિરાટ દેહ વર્ણન નામનો છઠ્ઠો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૭ મો.

જીવાત્માને અવિદ્યા સાથે શી રીતે સંબંધ ઘટે?

श्री शुकउवाच.

एवं ब्रुवाणं मैत्रेयं द्वैपायन सुतो बुधः ॥
प्रीणयन्निव भारत्या विदुरः प्रत्यभाषतः ॥

શ્રી શુકદેવજી કહે છે—હે પરીક્ષિત રાજા! એ પ્રમાણે મૈત્રેય ઋષિએ કહ્યું, ત્યારે વેદ વ્યાસના મહા જ્ઞાની પુત્ર વિદુરજી વાણીથી તેમને પ્રસન્ન કરતા પૂછવા લાગ્યા. ૧

વિદુરજી પુછેછે—હે બ્રહ્મન્! ભગવાન ચૈતન્ય મૂર્તિ, નિષ્ક્રિય અને નિર્ગુણ છે, તેમ છતાં તેમને ક્રિયાઓ અને લીલાવડે ગુણો કેમ સંભવે? ૨ બાળકની પેઠે પણ ભગવાનની લીલા સિદ્ધ થશે નહી, કારણ કે બાળકને ક્રિડાની ઇચ્છા હોય છે, તેથી તેને બીજા બાળકો સાથે અથવા બીજી રમવાની વસ્તુ સાથે રમવાની ઈચ્છા થાય છે; પરંતુ ઈશ્વર તો પૂર્ણકામ, અસંગ અને અદ્વિતીય છે, તેથી તેમને કોઇ પણ જાતની ઇચ્છા કે વાસના તથા ક્રીડા શી રીતે સંભવે? ૩ જીવને મોહિત કરનારી પોતાની ત્રિગુણાત્મક માયાથી ભગવાને જગતની રચના કરી છે. તેજ માયાથી તે આ જગતને પાળે છે તથા નાશ કરે છે. ૪ જે જીવાત્મા દેશથી, કાળથી, અવસ્થાથી સ્વસ્વરૂપથી અથવા બીજા કશાથી લેપાતો નથી, તેને માયા (અવિદ્યા)નો સંબંધ શી રીતે સંભવે? ૫ બીજા સર્વ ક્ષેત્રોમાં રહેનારો ભોક્તા પણ એકજ ભગવાન છે તેને દુઃખ અથવા કર્મોવડે કલેશ થવો કેમ સંભવે? હે વિદ્વાન્! આ અજ્ઞાન રૂપી સંકટથી મારૂં મન બહુ ખેદ પામે છે, માટે મારા

મનનો મોહ આપ દૂર કરો. ૭

શ્રી શુકદેવજી કહેછે—તત્વ જાણવાની ઇચ્છાવાળા વિદુરજીએ આ પ્રમાણે મૈત્રેયજીને પૂછયું, ત્યારે ભગવાનને વિષે ચિત્તવાળા મૈત્રેયજી ગર્વરહિત છતાં ગર્વથી ઉત્તર આપવા લાગ્યા. ૮

મૈત્રેય ઋષિ કહેછે—માયાથી રહિત પરમાત્માને માયાનું બંધન છે તથા કૃપણતાનો સંબંધ છે, એવો તર્ક કરવો એ પણ માયા છે, અને તે તર્કથી વિરૂદ્ધ છે. ૯ જેમ સ્વપ્ન જોનારને સ્વપ્નમાં તેનું માથું નહિ કપાયલું છતાં "મારૂં માથું કપાઇ ગયું" એમ જણાયછે, ૧૦ તથા પાણીમાં પડેલા ચંદ્રના પ્રતિબિંબમાં કંપ વગેરે ગુણ મિથ્યા પ્રતીત થાયછે, તેમ આત્માને વિષે દેહ આદિના ધર્મ નહી હોવા છતાં પણ ભ્રાંતિથી જોવામાં આવેછે. ૧૧ તે આત્મામાં થયેલી અનાત્મબુદ્ધિ નિવૃત્તિ ધર્મથી, ભગવાનની કૃપાથી અને ભગવાનના ભક્તિયોગથી ધીમે ધીમે નાશ પામેછે. ૧૨ સર્વથી પર એવા દૃષ્ટાત્મા શ્રી હરિમાં જ્યારે ઇંદ્રિયો નિશ્ચળ થાયછે ત્યારે જેમ સુષુપ્તિ અવસ્થામાં પુરૂષના સર્વ કલેશ નાશ પામેછે તેમ તેના સર્વ કલેશ નાશ પામેછે. ૧૩ જ્યારે મુરારિ ભગવાનના ગુણાનુવાદ સાંભળવાથી સર્વ કલેશો શાંત થઈ જાયછે, ત્યારે શ્રી હરિના ચરણકમળની રજથી મનમાં સેવા સંબંધી પ્રીતિ થાયછે, તો પછી કલેશો કેમ નાશ પામે નહી? ૧૪

વિદુરજી કહેછે—હે વિભુ! મારા મનનો સંદેહ આપના ઉત્તમ વચનરૂપી ખડગથી કપાઇ ગયો. હે ભગવાન! હવે મારૂં મન જીવના બંધનપણામાં તથા ઇશ્વરના સ્વતંત્રપણામાં સારીપેઠે જાણીતું થયું છે. ૧૫ હે વિદ્વન્! જેમ સ્વપ્નમાં માથું કપાવું એ મિથ્યા તથા નિર્મૂળ જણાયછે તેમ જીવના સ્વરૂપનું આવરણ કરનારી માયાથી જીવને વિષે દીનતા વગેરે મિથ્યા પ્રતીત થાયછે, કેમકે આ જગતનું મૂળ, સ્વસ્વરૂપના અજ્ઞાનની બહાર નથી. ૧૬ આ લોકમાં જે અત્યંત મૂર્ખ છે તે સુખી છે તથા જે ઘણો બુદ્ધિવાન છે તે સુખી છે; પરંતુ જે નહિ મૂર્ખ કે નહિ બુદ્ધિવાન એવા અધવચીયા જીવ છે તે કલેશને પામેછે. ૧૭ આ સંસાર કેવળ મિથ્યાજ ભાસેછે એમ નિશ્ચય કરીને તમારા ચરણની સેવાથી એ સંસારની મિથ્યા પ્રતીતિને પણ દૂર કરૂંછું. ૧૮ આપના જેવા મહાત્માઓની સેવાથી મધુ દૈત્યના શત્રુ અને નિર્વિકાર ભગવાનનાં ચરણોમાં સર્વ દુઃખોનો નાશ કરનારી તીવ્રભક્તિ થાયછે. ૧૯ વૈકુંઠની પ્રાપ્તિ કરાવનારા મોટા પુરૂષોની સેવા થોડા તપવાળા પુરૂષને મળવી દુર્લભ છે, કેમકે એવા મહાત્માઓમાં નિત્ય દેવના દેવ જનાર્દન ભગવાનના ગુણ ગવાય છે. ૨૦ સૃષ્ટિના આરંભ કાળમાં પ્રથમ વિકાર અર્થાત ઇંદ્રિયો સહીત મહત્તત્વાદિકોને ક્રમથી રચી, તેમાંથી વિરાટ દેહને સરજીને પછી તેમાં પોતે પ્રવેશ કર્યો. ૨૧ તેને હજાર પગવાળા, હજાર સાથળવાળા અને હજાર હાથવાળા આદિ પુરૂષ કહેછે, તેને વિષે આ સર્વ લોક છુટથી રહેછે. ૨૨ વિરાટ પુરૂષમાં દશ પ્રકારના પ્રાણ, ઇંદ્રિયોના વિષયો, તેના દેવતાઓ અને ત્રણ પ્રકારના દશવિધ પ્રાણ રહેલા છે, તથા તેનાથી ચારે વર્ણ ઉત્પન્ન થઇ છે, એમ આપે કહ્યું તે જાણ્યું. હવે આપ મને એ વિરાટપુરૂષની વિભૂતિ કહો, ૨૩ કે જે વિભૂતિઓમાં પુત્ર, પૌત્ર, પ્રપૌત્ર અને ગોત્રજોથી વિચિત્ર પ્રજા પ્રગટ થઇ તેનાથી આ જગત વ્યાપી રહ્યું છે. ૨૪ પ્રજાપતિઓના સ્વામી બ્રહ્માએ કયા કયા પ્રજાપતિ બનાવ્યા? કયા કયા સર્ગ તથા અનુસર્ગ રચ્યા? અને મન્વંતરના અધિપતિ એવા કયા કયા મનુઓ બનાવ્યા? ૨૫ તેઓના વંશ અને વંશજોનાં ચરિત્રો કહો. વળી હે મૈત્રેયજી! પૃથ્વીની ઉપર અને નીચે કયા કયા લોક છે તે કહો. ૨૬ તે લોકની તથા ભૂલોકની રચના અને તેનું પ્રમાણ કહો. પશુ, પક્ષી, મનુષ્ય, દેવતા, પેટે ચાલનારાં સર્પ, વીંછી અને જરાયુજ, સ્વેદજ, અંડજ અને ઉદ્‌ભિજ્જ એ સર્વની સૃષ્ટિ રચના મને કહો. ૨૭ વળી માયાના ગુણોથી અવતાર ધરી જગતની ઉ-

ત્પત્તિ; સ્થિતિ ને લય તથા તેના આશ્રયને સરજનારા લક્ષ્મીના નિવાસરૂપ શ્રીહરિનાં ઉદાર ચરિત્રો અમને કહો. ૨૮ રૂપ, શીલ અને સ્વભાવથી, વર્ણો તથા આશ્રમોના વિભાગ કહો, તથા ઋષિઓનાં જન્મકર્માદિક અને વેદોના વિભાગ કહો. ૨૯ હે પ્રભુ! યજ્ઞનો વિસ્તાર, યોગના માર્ગ, જ્ઞાન તથા સાંખ્યનો માર્ગ, અને ભગવાને કહેલું નારદ પંચરાત્ર તંત્ર કહો. ૩૦ વળી પાખંડ માર્ગની પ્રવૃત્તિ તથા વિષમતા, જીવની ગુણ અને કર્મથી થતી જે જે ગતિઓ છે તે, તથા ધર્મ અર્થ કામ અને મોક્ષના વિરોધ રહિત ઉપાયો, વૈશ્યના ધંધા, રાજધર્મ અને શાસ્ત્ર શ્રવણ વિધિ કહો. ૩૧—૩૨ હે બ્રહ્મન્! શ્રાદ્ધની વિધિ, પિતૃઓની સૃષ્ટિ, ગ્રહ નક્ષત્ર અને તારાઓની કાળચક્રની સ્થિતિ, દાનનું, તપનું, યજ્ઞનું અને વાવ કુવા આદિ બનાવવાનું ફળ, પ્રવાસીઓના ધર્મ અને આપત્તિમાં આવી પડેલાના ધર્મ કહો. ૩૩—૩૪ હે મૈત્રેયજી! ધર્મના કારણ જનાર્દન ભગવાન જે ધર્મથી પ્રસન્ન થાય તે હે નિષ્પાપ! અમને કહો. ૩૫ હે દ્વિજોત્તમ! દીનવત્સલ ગુરૂ, સેવાપરાયણ શિષ્યને તથા પુત્રોને વગર પૂછે જે કહેવા યોગ્ય હોયછે તે કહેછે. ૩૬ હે ભગવાન્! તત્ત્વોનો પ્રલય કેટલા પ્રકારનો છે? અને પ્રલયમાં કયાં તત્વ સેવકની પેઠે સેવા કરેછે? તથા કયાં તત્વ ભગવાનની સાથે શયન કરેછે? ૩૭ જીવનું તથા પરમેશ્વરનું સ્વરૂપ, ઉપનિષદોમાં કહેલું અભેદ જ્ઞાન અને ગુરૂશિષ્યના ધર્મ કહો. ૩૮ વળી મહાત્માઓએ કહેલાં સાધનો અને પોતાની મેળે ભક્તિ જ્ઞાન તથા વૈરાગ્ય કેવી રીતે થાયછે? ૩૯ હે મૈત્રેયજી! માયાથી મારી બુદ્ધિ નષ્ટ થઇ ગઇ છે માટે શ્રીહરિનાં ચરિત્ર જાણવા માટે મેં પૂછેલા પ્રશ્નોના ઉત્તર મિત્રભાવથી અમને કહો. ૪૦ હે નિષ્પાપ! સર્વ વેદો, યજ્ઞો, તપ અને દાન એ સર્વ જીવોને મોક્ષરૂપ ફળ આપવાના સોળમા અંશને પણ પોહોચી શકતાં નથી. ૪૧

શ્રી શુકદેવજી કહેછે—આ પ્રમાણે કુરૂકુળમાં શ્રેષ્ઠ વિદુરજીએ ભગવાનની કથા જાણવા માટે પુરાણ વાત પૂછી, ત્યારે આનંદથી મુખ મલકાવતા મૈત્રયજી કહેવા લાગ્યા.૪૨

स इत्थमापृष्ट पुराणकल्पः ।
कुरुप्रधानेन मुनिप्रधानः ॥
प्रवृद्धहर्षो भगवत्कथायां ।
संचोदितस्तं प्रहसन्निवाह ॥

ઇતિ શ્રીમદ્ ભાગવતપુરાણના તૃતીય સ્કંધમાં વિદુર મૈત્રેય સંવાદ વર્ણન નામનો ૭ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૮ મો.

ભગવાનના નાભિકમળમાંથી બ્રહ્માનો જન્મ.

મૈત્રેય उवाच.

सत्सेवनीयो बत पुरुवंशो ।
यल्लोकपालो भगवत्प्रधानः ॥
बभूविथे हाजित कीर्तिमालां ।
पदे पदे नूतन यस्य भीक्ष्णम् ॥१॥

મૈત્રેયજી કહે છે—હે વિદુરજી! પુરૂનો વંશ સત્પુરૂષોને પણ સેવવા યોગ્ય છે, કારણ કે ભગવાનનેજ મુખ્ય ગણનારા પ્રજાપાળક તમે એ વંશમાં જન્મ્યા છો. તમે ભગવાનની કીર્તિરૂપ માળાને ક્ષણ ક્ષણ પ્રત્યે નવી કરો છો. ૧ તુચ્છ સુખને માટે ભારે દુઃખ વેઠનારા મનુષ્યોનાં દુઃખ મટાડવાને માટે હવે હું ભાગવત પુરાણ કહું છું, કે જે સાક્ષાત્ ભગવાને સનત્કુમારોને કહ્યું હતું. ૨ વાસુદેવ ભગવાનનાં તત્વને જાણવાને ઇચ્છતા સનત્કુમારાદિક મુનિઓ પાતાળમાં બિરાજતા અત્યંત જ્ઞાનવાળા આદિ પુરૂષ ભગવાન સંકર્ષણ પાસે ગયા. ૩ કે જે વાસુદેવ ભગવાનનું પરમાનંદ સ્વરૂપ ધ્યાનમાં લઇને સર્વોત્કૃષ્ટ રીતે પૂજે છે, તથા જેમણે મીંચેલી નેત્ર કમળની કળી સનત્કુમારોના અનુગ્રહ માટે કિંચિત્ ખુલ્લી રાખેલી છે, એવા શેષજીના ચરણ કમળની પૂજા નાગ કન્યાઓ વર મેળવવાની

ઇચ્છાથી પ્રેમ સહીત નાના પ્રકારની સામગ્રીથી કરે છે, એવા હજારો મુગટ મણિથી પ્રકાશતી હજાર ફણાઓવાળા શેષજીનાં ચરણ કમળનો, ગંગાજળથી ભીની થયેલી પોતાની જટા જૂટથી સ્પર્શ કરી પ્રેમને વશ થવાથી પદ જેમાં તુટી ગયાં છે એવી ગદ્ ગદ્ વાણીથી વારંવાર સ્તુતિ કરતા મહા જ્ઞાની સનત્કુમારો પૂછવા લાગ્યા. ૪-૬ ત્યારે અતિ ઐશ્વર્યવાળા શેષજીએ આ શ્રીમદ્ ભાગવત નિવૃત્તિ ધર્મના અનુરાગી સનત્કુમારોને કહ્યું, અને હે વિદુર! સનત્કુમારને વ્રતધારી સાંખ્યાયન મુનિએ પુછવાથી તેમને સનત્કુમારોએ કહ્યું. ૭ પરમહંસોમાં શ્રેષ્ઠ સાંખ્યાયન મુનિને જ્યારે ભગવાનની વિભૂતિઓ વર્ણવવાની ઇચ્છા થઈ ત્યારે તેમણે પોતાને અનુસરનારા મારા ગુરૂ પરાશર અને બૃહસ્પતિને કહ્યું. ૮ એ દયાળુ પરાશરજીએ પુલસ્ત્ય ઋષિના કહેવાથી આ પુરાણ મને કહ્યું. હવે હું પરમ શ્રદ્ધાવાળા અને નિરંતર મને અનુસરનારા તમને કહુંછું તે સાંભળો. ૯ જ્યારે આ જગત પ્રલયકાળના જળમાં ડૂબી ગયું હતું, ત્યારે જાગૃત ચૈતન્ય શક્તિવાળા શ્રીનારાયણ નિદ્રા માટે નેત્રો બંધ કરી શેષ શય્યા ઉપર પોઢયા હતા, તે સમયે પોતાના સ્વરૂપાનંદમાંજ મગ્ન રહી ક્રિયારહિત થઇ વિરાજતા હતા. ૧૦ પોતાના દેહમાં શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ એ પાંચ ભૂતને ધારણ કરનારા અને કાળરૂપ શક્તિના પ્રેરક શેષશાયી ભગવાન, જેમ કાષ્ઠમાં અગ્નિ ગુપ્ત રહેછે, તેમ પોતાના નિવાસસ્થાન મહાસાગરના જળમાં પોઢી રહ્યા. ૧૧ સત્ય, ત્રેતા, દ્વાપર અને કળિ એ ચાર યુગોની હજારો ચોકડી સુધી તે શેષશાયી ભગવાન પોતાની ચૈતન્યશક્તિ સાથે યોગનિદ્રાથી જળમાં પોઢી રહ્યા. પછી પોતાની કાળશક્તિથી ક્રિયા કલાપને સ્વાધીન કરી લઇ પોતાના દેહમાં લીન થયેલા સર્વ લોકોને જોયા. ૧૨ પછી લોકની સૃષ્ટિ રચવાને માટે શેષશાયી ભગવાને અત્યંત સૂક્ષ્મ પદાર્થ કાળને રજોગુણવક્ષોભ પમાડીને સ્થૂળ સૃષ્ટિ માટે તેજ વખતે પોતાની નાભિમાંથી ઉત્પન્ન કર્યો. ૧૩ સૂર્ય સમાન તેજથી મહાસાગરના વિશાળ જળને પ્રકાશિત કરતો એ સૂક્ષ્મ પદાર્થ જીવોના અદૃષ્ટને જાગૃત કરતા કાળના બળથી એકાએક કમળકોશ રૂપે ઉત્પન્ન થયો. ૧૪ પછી જેમનામાંથી સર્વ પદાર્થોને પ્રકાશિત કરનારૂં કમળ ઉત્પન્ન થયું હતું તે વિષ્ણુ ભગવાને તે કમળમાં પ્રવેશ કર્યો એટલે તેમાંથી વેદમય બ્રહ્મા ઉત્પન્ન થયા, તેમને સ્વયંભ કહેછે. ૧૫ એ કમળની કળી ઉપર બેઠેલા બ્રહ્માને કોઇપણ લોક જોવામાં ન આવ્યા, ત્યારે તેમણે ચારે દિશા તરફ ડોક ફેરવી લોકને જોવા માટે દૃષ્ટિ કરી, તેથી તેમને ચાર મુખ થયાં. ૧૬ પ્રલયકાળના પવનથી જેમાં મોટાં મોટાં મોજાં ઉઠી રહ્યાં હતાં એવા જળમાંથી ઉત્પન્ન થયેલા કમળ ઉપર બેઠેલા બ્રહ્મા, તે લોકાત્મક કમળને કે પોતાના સ્વરૂપને યથાર્થ રીતે જાણી શકયા નહી. ૧૭ તેથી બ્રહ્માએ વિચાર કર્યો કે "આ કમળ ઉપર બેઠેલો હું કોણ છું? આ એકલું કમળ પાણીમાં કયાંથી ઉત્પન્ન થયું? વળી આધાર વગર આ કમળ પાણીમાં રહી શકે નહી માટે તેના આધારરૂપ કોઈ સત્યવસ્તુ હશે જ." ૧૮ એમ વિચાર કરી એ કમળનું મૂળ શોધવાને માટે તેનાં છિદ્રદ્વારે બ્રહ્મા નીચે જળમાં ચાલ્યા ગયા, પરંતુ કમળનું મૂળ જડયું નહી. ૧૯ હે વિદુરજી! એ અપાર અંધકારમાં પોતાનાં મૂળ કારણને શોધતાં બ્રહ્માને સો વર્ષ વીતી ગયાં, તે કાળ અજન્મા ભગવાનનું સુદર્શન ચક્ર ગણાયછે. તે પ્રાણીઓને ભય ઉત્પન્ન કરતો તેઓનાં આયુષ્યનો નાશ કરેછે. ૨૦ પોતાની ઇચ્છા પાર ન પડવાથી બ્રહ્મા પાછા ફરી પોતાના આસનપર આવીને બેઠા અને ધીરે ધીરે શ્વાસ રોકી વૃત્તિનો નિરોધ કરી સમાધિ ચઢાવી. ૨૧ એ સમાધિયોગ સો વર્ષે સિદ્ધ થતાં બ્રહ્માને જ્ઞાન થયું તેથી તેમણે પોતાના હૃદયમાં પ્રકાશમાન સ્વરૂપ જોયું. એ રીતે પૂર્વે તેમને નહી જડેલું તે પોતાના હૃદયમાંજ જોવામાં આવ્યું. ૨૨ એ સ્વરૂપ કેવું છે તો:—

ફણાઓરૂપી છત્રના મણિઓના પ્રકાશથી અંધકાર દૂર થઇ ગયેલા પ્રલયકાળના જળમાં કમળનાળ જેવા શ્વેત, શેષશય્યામાં પોઢેલા, એક પુરૂષરૂપ, સંધ્યાકાળનાં વાદળાં જેવાં વસ્ત્રો ધારણ કરેલા, સુવર્ણનાં શિખરોવાળા, રત્નો, જળધારા, ઔષધિ અને પુષ્પોની વનમાળાવાળા, વાંસરૂપ ભુજાઓ અને વૃક્ષોરૂપ ચરણવાળા, નીલમણિના પર્વતની શોભાને ઝાંખી પાડી દે એવા, લંબાઇ પોહોળાઇમાં માપરહિત, દેહમાં ત્રણ લોકના સંગ્રહવાળા, પોતાનું શરીર વિચિત્ર પ્રકારનાં દિવ્ય આભૂષણો તથા વસ્ત્રોને શોભાવનારૂં છતાં તેમાં અનેક પ્રકારનાં દિવ્ય વસ્ત્રાભૂષણો ધારણ કરેલા ૨૩-૨૫ પોતાની ઇચ્છા પાર પાડવાને જુદા જુદા માર્ગે ભક્તિ કરનારા પુરૂષોને કામદુધાની પેઠે ઇચ્છિત ફળ આપનારા, નખરૂપ ચંદ્રમાનાં કિરણોવાળી આંગળીઓરૂપ સુંદર પત્રોવાળા, પોતાના ચરણકમળોનું કૃપાથી ભક્તજનોને દર્શન કરાવનારા, લોકની પીડા દૂર કરનારા, મંદ હાસ્યવાળા, ચળકતાં કુંડળોથી શોભતા, પાકાં ધીલોડાં સરખા લાલ હોઠવાળા, સુંદર નાસિકા તથા ભ્રકુટીથી શોભતા મુખવડે લોકોને સત્કાર કરતા, ૨૬-૨૭ કદંબના તંતુઓ જેવાં પીળાં વસ્ત્રોથી તથા નિતંબ ઉપર કટિમેખળાથી શણગારાયલા, વક્ષઃસ્થળમાં શ્રીવત્સના ચિન્હવાળા, અમૂલ્ય હારથી શોભતા, ૨૮ ભુજાઓ રૂપી અનંત શાખાઓમાં ઉત્તમ બાજુબંધ અને ઉત્તમ મણિઓ ધારણ કરેલા, શેષની ફણાથી ખભારૂપી મોટી મોટી શાખાઓ જેને વીંટાઇ રહી છે એવા, જગતના આશ્રયરૂપ શરીરરૂપી ચંદનવૃક્ષને ધારણ કરનારા, સ્થાવર જંગમના સ્થાનરૂપ, નાગરાજ શેષના બંધુ, જળમા ઢંકાયેલા, હજારો મુગટોરૂપી સુવર્ણનાં શિખરોવાળા, કૌસ્તુભમણિ જેમનામાં સ્પષ્ટ દેખાય છે એવા, ૨૯-૩૦ વેદરૂપી ભ્રમરોથી અધિક શોભતી પોતાની કીર્તિરૂપ વનમાળાથી વ્યાપ્ત, સૂર્ય, ચંદ્ર, વાયુ તથા અગ્નિ પણ જેના સ્થાનમાં પોહોચી શકતા નથી એવા, ત્રણ લોકમાં જેની કાંતિ વ્યાપ્ત છે એવા અને રક્ષા કરતા દુર્લભ સુદર્શન ચક્રવાળા દુર્લભ શ્રીહરિનાં દર્શન થયાં. ૩૧ બ્રહ્માને ભગવાનનાં દર્શન થયાં તે વખતે લોકોને સરજવા તરફ દૃષ્ટિ કરીને જોયું તો તેમને શેષશાયી ભગવાનની નાભિ સરોવરમાંથી ઉત્પન્ન થયેલું કમળ, પોતાનો દેહ, જળ, વાયુ તથા આકાશ જોવામાં આવ્યાં. ૩૨ પ્રજા રચવાની ઇચ્છાવાળા રજોગુણ યુક્ત બ્રહ્માએ આ પાંચ વસ્તુઓ દીઠી, તેથી જેનો માર્ગ કોઇના જાણવામાં નથી એવા ભગવાનમાં ચિત્ત લગાડી, સૃષ્ટિ રચવામાં લક્ષ રાખતા બ્રહ્મા સ્તુતિ કરવા યોગ્ય ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા. ૩૩

સ કર્મબીજં રજસોપરક્તः
प्रजाः सिसृक्षन्नियदेवदृष्ट्वा ॥
अस्तौ द्विसर्गाभिमुखस्तमीड्य
मव्यक्त वर्त्मन्यभिवेशितात्मा ॥

ઇતિ શ્રી ભાગવત મહાપુરાણના તૃતીય સ્કંધમાં શ્રીમન્નારાયણ સ્વરૂપ વર્ણન નામે આઠમો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૯ મો.

બ્રહ્માએ કરેલી ભગવાનની સ્તુતિ.

ज्ञातोऽसि मेऽद्य सुचिरान्ननु देहभाजां
न ज्ञायते भगवतो गतिरित्य वद्यम् ॥
नान्यत्त्वदस्ति भगवन्नपि तन्न शुद्धं
मायागुण व्यतिकराद्यदुर्विभासि ॥

બ્રહ્મા સ્તુતિ કરે છે—હે ભગવાન! ઘણા કાળ સુધી ઉપાસના કરવાથી આજ મેં આપને ઓળખ્યા છે, આપના ભગવતરૂપ તત્ત્વને દેહધારીઓ જાણતા નથી. હે ભગવાન! આપના વિના કાંઇ પણ પદાર્થ નથી, અને જે પ્રતીત થાય છે તે સત્ય નથી, કારણ કે માયાના ગુણોનો ક્ષોભ કરીને આપ અનેક રૂપે પ્રકાશો છો. ૧ ચિત્ત શક્તિના આવિર્ભાવથી જેમાં તમોગુણ લેશ માત્ર નથી એવું આ આપનું હજારો અવતારોના

બીજરૂપ સ્વરૂપ સત્પુરૂષો ઉપર અનુગ્રહ કરવા માટે આપે ધારણ કરેલ છે, જે સ્વરૂપના નાભિ કમળરૂપી ઘરમાંથી પ્રથમ હું ઉત્પન્ન થયો છું. ૨ હે પરમાત્મા! તમારૂં સ્વરૂપ સંકલ્પ વિકલ્પ રહિત અખંડ તેજોમય આનંદરૂપ ભેદરહિત તથા જગતને ઉત્પન્ન કરનારૂં છે, વળી તે જગતથી જૂદું અને પંચ મહાભૂત તથા ઇંદ્રિયોને ઉત્પન્ન કરનારૂં છે, એનાથી પર બીજું કાંઈ હું દેખતો નથી, માટે હું આપના સ્વરૂપને શરણે છું. ૩ હે ભુવનમંગળ! આપે અમારા કલ્યાણ માટે અમને ઉપાસકોને ધ્યાનમાં દેખાતા આ સ્વરૂપનો નરકમાં જનારા નિરીશ્વર વાદીઓજ અનાદર કરે છે, એવા આપને હું નમસ્કાર કરૂં છું. ૪ હે નાથ! જેઓ વેદરૂપી વાયુદ્વારા આપનાં ચરણકમળની સુગંધને કાનના છિદ્રવાટે ગ્રહણ કરે છે, તથા જેઓ ઉત્તમ ભક્તિથી આપના ચરણોનો આશ્રય કરે છે, એવા આપના ભક્ત જનોના હૃદયકમળનો ત્યાગ કરીને આપ દૂર જતા નથી. ૫ જ્યાં સુધી લોક આપનાં અભય આપનારાં ચરણોનો આશ્રય ન કરે, ત્યાંસુધી તેના દ્રવ્ય, ઘર અને મિત્રને માટે ભય, શોક, ઇચ્છા, તિરસ્કાર અને અતિશય લોભ થયા કરે છે, દુઃખના મૂળરૂપ અહંમમત્વરૂપી દુરાગ્રહ રહે છે. ૬ સર્વ અનર્થને દૂર કરનારા આપના શ્રવણકીર્તનાદિક પ્રસંગથી જેની ઇંદ્રિયો વિમુખ છે તેની બુદ્ધિનો દૈવે નાશ કરેલો છે એમ જાણવું, કારણ કે એ લોક લાલચથી ભ્રષ્ટ ચિત્તવાળા હોવાથી દીન બની ભોગ વિલાસ સંબંધી અલ્પસુખને માટે નિરંતર પાપીકર્મો કર્યા કરે છે, ૭ હે ભગવાન! હું એ લોકોને ક્ષુધા, તૃષા, વાત, પિત, કફ, શરદી, ગરમી, વાયુ, વર્ષાદ, કામાગ્નિ, ન ટાળી શકાય એવા ક્રોધ તથા પરસ્પરના કલેશથી વારંવાર દુઃખી થતા જોઇને મારૂં મન બહુજ ખેદ પામેછે. ૮ હે ઇશ! જ્યાં સુધી મનુષ્ય આપની ઇંદ્રયો તથા વિષયોરૂપ માયાના બળને પોતાના આત્માથી જુદી જુએ છે, ત્યાં સુધી તેને દુઃખ બાગ આપનાર અને મિથ્યા છતાં કર્મનાં ફળ આપનાર આ જન્મં મરણરૂપી સંસાર મટતો નથી. ૯ હે દેવ! દિવસે તો ઇંદ્રિયોને કલેશ આપેછે, અને રાતે સૂતાં સૂતાં અનેક મનોરથો કરવામાં ધ્યાન જવાથી સ્વપ્નાંઓ આવવાને લીધે ક્ષણવારમાં નિદ્રા ભંગ થઇ જાયછે, અને દૈવે જેના ધનના ઉદ્યમનો સર્વ પ્રકારે નાશ કર્યો છે, એવાં આપનાં શ્રવણ કીર્તનાદિકથી વિમુખ ઋષિ–મહર્ષિઓ પણ આ સંસારમાં વારંવાર જન્મ્યા કરેછે. ૧૦ હે નાથ! શાસ્ત્રશ્રવણથી જેનો માર્ગ જાણવામાં આવેછે એવા આપ ભક્તિયોગ રૂપ ઉપાયથી ભક્તજનોના નિર્મળ હૃદયકમળમાં સદા વિરાજો છો અને તે ભક્તજનો જે જે રૂપનું ધ્યાન કરેછે તે તે સ્વરૂપને સત્પુરૂષોના અનુગ્રહ માટે ધારણ કરોછો. ૧૧ સર્વ પ્રાણીઓમાં અંતર્યામી રૂપે વિરાજતા તથા સર્વના મિત્ર એવા આપ અભક્તજનોને દુર્લભ એવી સર્વ પ્રાણીઓ ઉપર કરવા યોગ્ય દયાવડે જેવા પ્રસન્ન થાઓછો, તેવા મનમાં અનેક કામનાવાળા દેવતાઓની ચંદન પુષ્પાદિક અનેક ઉપચારોથી કરેલી સેવાથી પ્રસન્ન થતા નથી. ૧૨ એટલા માટેજ યજ્ઞાદિક અનેક કર્મોથી તથા દાનથી, ઉગ્રતપથી તથા વ્રતથી આપનું આરાધન કરવું એજ કર્મનું ઉત્તમ ફળ છે, કારણ કે આપને અર્પણ કરેલો ધર્મ કદીપણ નાશ પામતો નથી. ૧૩ સદા પોતાના ચૈતન્ય રૂપ પ્રકાશથીજ ભેદરૂપી મોહ દુર કરનારા, જ્ઞાનસ્વરૂપ, જગતની ઉત્પત્તિ સ્થિતિ ને લયના કારણભૂત અને માયાના વિલાસથી ક્રીડા કરનારા એવા આપ પરમાત્માને હું નમસ્કાર કરૂં છું. ૧૪ જે મનુષ્ય મરણ સમયે પરવશ અવસ્થામાં પણ ભગવાનના અવતારનાં ગુણ તથા કર્મ સૂચવનારાં નામો જપે છે, તેઓ અનેક જન્મોનાં પાપોથી મુક્ત થઈ તુરત આવરણ રહિત સત્યસ્વરૂપ બ્રહ્મપદને પામે છે. તે અજન્મા ભગવાનને હું શરણે છું. ૧૫ સૃષ્ટિના આરંભમાં એક છતાં જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયને માટે બ્રહ્મા, વિષ્ણુ ને રૂદ્રરૂપથી માયાના ત્રણ ગુણ પ્રમાણે ત્રિવિધ-

રૂપ થયા, અને પછી મનુ, મરિચિ વગેરે પ્રજાપતિઓના રૂપથી અનેક પ્રકારે વૃદ્ધિ પામ્યા, એવા આપ જગત ઝાડરૂપ ભગવાનને હું પ્રણામ કરૂંછું. ૧૬ માણસો લોકવિરૂદ્ધ કર્મમાં આસક્ત થઇને તમે કહેલાં તમારી સેવા પૂજારૂપી કર્મમાં અસાવધાન રહેછે, એટલામાં બળવાન કાળ તેઓના જીવિતની આશાને તુરતજ કાપી નાંખેછે, એવા કાળમૂર્તિ આપને હું નમસ્કાર કરૂંછું. ૧૭ સર્વ લોકોને પૂજવા યોગ્ય અને બે પરાર્ધ વર્ષસુધી અચળ રહે એવા સ્થાન ઉપર હું બેઠો છું, તેમ છતાં જેનાથી ભય પામુંછું અને જેને પામવાની ઇચ્છાથી મેં પણ અનેક વર્ષો સુધી તપ કર્યું છે, એવા આપ યજ્ઞપતિ ભગવાનને હું નમુંછું. ૧૮ જે ઇચ્છારહિત છતાં પણ પોતે કરેલી ધર્મની મર્યાદાની રક્ષા કરવા માટે પશુ, પક્ષી, મનુષ્ય અને દેવતા વગેરે યોનિઓમાં પોતાની ઈચ્છાથી દેહ ધરીને ક્રીડા કરેછે, એવા આપ પુરૂષોત્તમ ભગવાનને હું નમસ્કાર કરૂંછું. ૧૯ ભયંકર મોજાંઓની માળા જેમાં ઉઠી રહી છે એવા સમુદ્રના જળમાં પોઢીને મનુષ્યોને નિદ્રાનું સુખ દેખાડતા થકા જેમણે પોતાના ઉદરમાં લોકોને ધારણ કરેલા છે એવા, પાંચ પ્રકારની અવિદ્યાથી* રહિત છતાં પણ શેષનાગની શય્યાને અનુકુળ માની યોગ નિદ્રા કરનારા, જેમના નાભિકમળમાંથી ત્રૈલોકયની સૃષ્ટિ આદિથી ઉપકાર કરનારો હું ઉત્પન્ન થયો છું, સર્વ લોક જેના ઉદરમાં રહેલા છે એવા, અને યોગ નિદ્રા પરી થતાં જે પોતાના કમળ સરખાં નેત્ર ઉઘાડે છે એવા આપને હું નમસ્કાર કરૂંછું. ૨૦-૨૧ જે સર્વ જગતના મિત્ર, શરણાગતને પ્રિય, અદ્વિતીય અને અંતર્યામી પ્રભુ જ્ઞાન અને ઐશ્વર્યથી જગતને સુખી કરેછે, તે જ્ઞાન અને ઐશ્વર્યદ્વારા મને પણ જ્ઞાન આપો, કે જેવડે પ્રથમની પેઠે હું સૃષ્ટિ રચું. ૨૨ શરણાગતને વરદાન દેનારા ભગવાન પોતાની લક્ષ્મીરૂપી શક્તિવડે માયાના ગુણોથી અવતાર લઇ જે જે ચરિત્રો કરશે, તેમાં ભગવાન વિષ્ણુનાં પરાક્રમ રૂપી આ જગતને હું સરજુંછું, માટે મારૂં ચિત્ત એવી રીતે પ્રવર્તાવો કે જેથી. કર્મ અને દોષ મને નડે નહી. ૨૩ અનંતશક્તિવાળા આ જળમાં પોઢેલા જે ભગવાનની નાભિસરોવરમાંથી હું મહત્તત્વનો અભિમાની ઉત્પન્ન થયો છું, તે ભગવાનના વિચિત્ર રૂપનું વર્ણન કરતાં મારી વેદવાણી અટકશે નહી. ૨૪ તે અપાર કરૂણાવાળા પુરાણપુરૂષ ભગવાન વૃદ્ધિ પામેલા પ્રેમ અને મંદહાસ્યથી નેત્રો ઉઘાડી જગતની ઉત્પત્તિ માટે અને મારા ઉપર અનુગ્રહ કરવા માટે ઉઠી ઉભા થઇ મધુરવાણીથી મારો ખેદ દુર કરો. ૨૫.

મૈત્રેય કહેછે—હે વિદુર! એ રીતે બ્રહ્મા તપ, ઉપાસના અને સમાધિથી પોતાને પેદા કરનારનાં દર્શન કરી, જ્યાં સુધી પોતાનાં મન, વાણી પોહોંચ્યાં ત્યાં સુધી સ્તુતિ કરીને પછી ખિન્ન પુરૂષની પેઠે મૌન રહ્યા. ૨૬ પછી બ્રહ્માનો અભિપ્રાય જાણી તથા સૃષ્ટિ રચવા માટે પ્રલયકાળના જળથી ખેદ પામતા જોઇ મધુસૂદન ભગવાન તેમનો ખેદ શાન્ત કરતા ગંભીર વાણીથી બોલ્યા. ૨૬-૨૮

શ્રી ભગવાન કહેછે—હે. વેદગર્ભ! ખેદથી આળસ ન કરો, સૃષ્ટિને માટે ઉદ્યમ કરો. તમે મારી પાસે જેની માગણી કરોછો તેની મેં પ્રથમથીજ વ્યવસ્થા કરી રાખી છે. ૨૯ હે બ્રહ્મા! તમે ફરીને તપ કરો, અને મારે આશ્રયે રહેલી વિદ્યા (જ્ઞાન) ને ગ્રહણ કરો. એ બેના પ્રભાવથી તમને હૃદયમાં આ સર્વ લોક દેખાશે. ૩૦ પછી ભક્તિયુક્ત અને સમાધિનિષ્ઠ તમે આત્મામાં અને લોકમાં વ્યાપેલો મને જોશો, અને મારામાં રહેલા સર્વ લોકોને તથા જીવોને જોશો. ૩૧ આ લોક કાષ્ઠમાં રહેલા અગ્નિની પેઠે સર્વ જીવોમાં વ્યાપી રહેલો મને જુએછે, ત્યારેજ તેમનાં દુઃખો ટળી જાયછે. ૪૨ જ્યારે પંચમહાભુત, ઇંદ્રિયો અને ગુણોથી રહિત આત્માને મારા શરીર સાથે એકતાથી જુએછે, ત્યારે તે જોનાર

* તમ, મોહ, મહામોહ, તામિસ્ર અને અંધતામિસ્ર એ પાંચ પ્રકારની અવિદ્યા છે.

મોક્ષને પામેછે. ૩૩ અનેક પ્રકારનાં કર્મો વિસ્તારીને તમે અનેક પ્રકારની પ્રજા રચશો, તેમાં તમારૂં મન મોહ પામશે નહી, કારણ કે તમારા ઉપર મારો અનુગ્રહ છે. ૩૪ પ્રજાની ઉત્પત્તિ કરતાં પણ તમો આદિઋષિનું મન મારામાં દૃઢ બંધાયલું હોવાથી દુષ્ટ રજોગુણ તમને બંધન કરશે નહી. ૩૫ હું દેહધારી જીવોથી જાણવામાં ન આવું એવો છું, તેમ છતાં આજ તમે મને જાણ્યો છે, કેમકે તમે મને પંચમહાભૂત, ઈંદ્રિયો, ગુણ અને અહંકારથી રહિત માનોછો. ૩૬ તમે જળમાં કમળનું મૂળ નાળદ્વારા શોધવા માંડયું, પણ તેનો પત્તો નહિ લાગવાથી આ 'કમળના આધારરૂપ કંઇપણ હોવું જોઇએ' એમ સંદેહમાં પડતાં મેં મારૂં સ્વરૂપ તમારા અંતઃકરણમાં દેખાડયું. ૩૭ તમે મારી કથારૂપ ઉદયના ચિન્હવાળી મારી સ્તુતિ કરી અને તમારી તપમાં નિષ્ઠા થઇ તે સર્વ મારો અનુગ્રહ સમજો. ૩૮ તમે લોકને સરજવાની ઇચ્છાથી હું સગુણ છતાં મારી નિર્ગુણ રૂપથી સ્તુતિ કરી, તેથી હું તમારા ઉપર પ્રસન્ન થયોછું. ૩૯ જે મનુષ્ય આ તમારાં કરેલાં સ્તોત્રથી મારી સ્તુતિ કરી નિત્ય મારૂં ભજન કરશે તેની ઉપર સર્વ કામના પુરનારો હું પ્રસન્ન થઇશ. ૪૦ નવાણ બંધાવવાં, યજ્ઞ, દાન, તપ, યોગ અને સમાધિવડે મારી આરાધના કરનારને મારી પ્રીતિરૂપ ફળ મળેછે, એમ તત્ત્વવેત્તાઓ માનેછે. ૪૧ હે વિધાતા! હું સર્વ જીવોનો આત્મા છું, માટે દેહાદિક પ્રિય પદાર્થો કરતાં મારા ઉપર વધારે પ્રીતિ રાખવી. ૪૨ જેનું કારણ હું છું એવા અને સર્વે વેદમય એવા તમે ત્રણ લોક તથા પ્રજાઓ મારામાં સૂક્ષ્મરૂપે રહેલ છે તેને પૂર્વ કલ્પની પેઠે સરજો. ૪૩

મૈત્રેય કહેછે—હે વિદુર! એ પ્રમાણે જગતને રચનારા બ્રહ્માને પદ્મનાભ, પ્રધાનપુરૂષ ઇશ્વરે કહ્યું. પછી પોતે પોતાનારૂપે અંતર્ધાન થયા. ૪૪

तस्मा एवं जगत्स्रष्ट्रे प्रधान पुरुषेश्वरः ॥
व्यजेदं स्वेन रूपेण कंजनाभस्तिरोदधे ॥४४॥

ઇતિ શ્રી ભાગવત પુરાણના તૃતીય સ્કંધમાં બ્રહ્માએ ભગવાનની સ્તુતિ કરી એ નામનો નવમો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૦ મો.

પ્રાકૃતાદિક દશ પ્રકારની સૃષ્ટિ.

विदुर उवाच.

अंतर्हिते भगवति ब्रह्मा लोक पितामहः ॥
प्रजाःससर्ज कतिधा दैहिकीर्मानसीर्विभुः ॥

વિદુરજી પૂછેછે—ભગવાન અંતર્ધાન થયા પછી લોકના પિતામહ સમર્થ બ્રહ્માએ મનથી તથા દેહમાંથી કેટલા પ્રકારની પ્રજા રચી? ૧ હે ઘણા જ્ઞાનવાળા ભગવાન મૈત્રેયજી મેં બીજા પણ જે જે પ્રશ્નો પૂછયા છે, તેઓના ઉત્તર અનુક્રમે આપીને મારા મનનો સંશય દૂર કરો. ૨

સૂતજી કહેછે—હે શૌનક! આ પ્રમાણે વિદુરજીએ મહામુનિ મૈત્રેયને પ્રેરણા કરતાં તે પ્રસન્ન થઇ પોતાના હૃદયમાં રહેલા તે પ્રશ્નોના ઉત્તર આપવા લાગ્યા. ૩

મૈત્રેયજી કહેછે—ભગવાને આજ્ઞા કર્યા પ્રમાણે બ્રહ્માએ પરમાત્મામાં ચિત્ત લગાડીને દેવતાનાં સો વર્ષ સુધી તપ કર્યું. ૪ કમળમાંથી ઉત્પન્ન થયેલા બ્રહ્માએ પોતે જે કમળ ઉપર બેઠા હતા તેને તથા જળને પ્રલયકાળના અતિ તીક્ષ્ણ વાયુના વેગથી કંપતું દીઠું તેથી તપના પ્રભાવથી વૃદ્ધિ પામેલા જ્ઞાનબળવાળા બ્રહ્મા તે જળસહિત વાયુને પી ગયા. ૫-૬ પછી જેનાપર બેઠા હતા તે કમળને આકાશ સુધી વ્યાપેલું જોઇને બ્રહ્માએ વિચાર કર્યો કે—પ્રથમ પ્રલયમાં લીન થયેલા ત્રણ લોકને ફરીથી આ કમળમાંથી રચીશ. ૭ પછી ભગવાને પ્રેરેલા બ્રહ્માએ એ કમળના કોશમાં પેશીને ચૌદ લોકરૂપ ભાગોવાળા તે એક કમળમાંથી ભૂલોક, ભુવર્લોક તથા સ્વર્ગલોક એમ ત્રણ લોકના વિભાગ કર્યા. ૮ આ ત્રૈલોકયરૂપી જીવમાત્રના કર્મફળની ભોગભૂમિની રચના કહી, એની કલ્પે કલ્પે ઉ-

ત્પત્તિ તથા નાશ થાયછે. જનલોક, તપલોક, અને સત્યલોક એ નિષ્કામ ધર્મનાં ફળ છે, તેનો દ્વીપરાર્ધ વર્ષ સુધી નાશ થતો નથી અને ત્યારપછી તે લોકની મુક્તિજ થાયછે. ૯

વિદુરજી કહેછે—હે બ્રહ્મન્ ! તમે અદ્ભુત ચરિત્રોવાળા અને અનેક રૂપધારી શ્રી હરિનું કાળસ્વરૂપ કહ્યું તે કેવું છે ? તે મને વર્ણવીને કહો. ૧૦

મૈત્રેય ઋષિ કહેછે—સત્વ, રજ અને તમ એ ગુણોનું મહત્તત્વાદિકરૂપે જે પરિણામ થઇને જણાયછે તેનું નામ કાળ, તે કાળ વસ્તુતાએ આકારવિનાનો તથા આદિ અને અંત વિનાનો છે. પુરૂષરૂપ ભગવાને કાળ (નિમિત્ત પોતાના સ્વરૂપમાંથી લીલાથી આ બ્રહ્માંડ રચ્યું છે. ૧૧ ભગવાનની માયાથી વિનાશ પામેલું આ વિશ્વ બ્રહ્મથી જુદું નથી, તોપણ નહિ દેખાતા કાળવડે તેને બ્રહ્મથી જુદું હોય એવી રીતે પ્રકાશ કર્યું છે. ૧૨ આ જગત જેવી રીતે હાલ કાળને આધીન છે તેવી રીતે પ્રથમ પણ હતું અને પછીપણ એજ રીતે રહેશે. આ જગતની સૃષ્ટિ નવ પ્રકારની છે, તે સિવાય પ્રાકૃત તથા વૈકૃત નામની દશમી સૃષ્ટિ છે. ૧૩ કાળ, દ્રવ્ય અને ગુણે કરીને જગતનો ત્રણ પ્રકારનો પ્રલય થાયછે. તેમાં કાળથી જે પ્રલય થાયછે તે નિત્ય પ્રલય, સંકર્ષણાદિક અગ્નિથી જે પ્રલય થાય છે તે નૈમિત્તિક પ્રલય અને ગુણો પોતપોતાના કારણમાં લીન થઈ જાયછે તે પ્રાકૃત પ્રલય કહેવાયછે. હવે નવ પ્રકારની સૃષ્ટિ (સર્ગ) કહેછે. શ્રી હરિથી ગુણો પરિણામને પામેછે તે મહત્તત્વનો પ્રથમ સર્ગ છે. ૧૪ પંચ મહાભૂત, જ્ઞાનેંદ્રિય અને કર્મેંદ્રિય આદિના કારણરૂપ અહંકારનો જે સર્ગ, તે બીજો સર્ગ; પંચમહાભૂતોને ઉત્પન્ન કરનાર તન્માત્રાનો જે સર્ગ તે ત્રીજો સર્ગ; ચોથો ઇંદ્રિયો (જ્ઞાનેંદ્રિય તથા કર્મેંદ્રિય)નો સર્ગ, પાંચમો સાત્વિક અહંકારરૂપ દેવતાઓનો સર્ગ, કે જેમાં મન તથા દેવતાઓ ઉત્પન્ન થાયછે. ૧૫–૧૬ હે વિદુર ! જીવોને આવરણ તથા વિક્ષેપ કરનારી જે તામસી સૃષ્ટિ તે છઠ્ઠો સર્ગ; આ છ પ્રાકૃત સર્ગ છે, હવે વૈકૃત સૃષ્ટિ કહુંછું. ૧૭ જે ભગવાનમાં ધારણાવાળી બુદ્ધિ જન્મમરણને મટાડે છે, તે રજોગુણ સેવનારા ભગવાનની આ લીલા છે, સાતમો સર્ગ સ્થાવરોનો છે, તેના છ પ્રકાર છે તે આ પ્રમાણેઃ—[1]વનસ્પતિ, [2]ઔષધિ, [3]લતા, વાંસ, [4]વિરૂધ અને [5]વૃક્ષ. આ સ્થાવર સૃષ્ટિનાં આહાર તથા ગતિ ઉંચે થાયછે, તેં ગુઢ ચૈતન્યવાળી તથા અંદરથી સ્પર્શ જ્ઞાનવાળી છે. તેના અવ્યવસ્થિલ પરિણામ આદિક અનેક ભેદ છે. ૧૮–૧૯ આઠમી સૃષ્ટિ પશુ પક્ષીઓની છે તે અઠ્ઠાવીશ પ્રકારની છે. તે અજ્ઞાની, કેવળ આહારાદિક જ્ઞાનવાળાં, સુંઘવાથી પદાર્થને જાણનારાં, તમોગુણી, અને હૃદયમાં જ્ઞાન વગરનાં છે. ૨૦ હે વિદુર ! બળદ, બકરા, પાડા, કાળીયાર મૃગ, સુવર, રોઝ, રૂરૂ જાતનો મૃગ, ગાડર તથા ઊંટ એ નવ બે ખરીવાળાં છે, ૨૧ ગધેડાં, ઘોડાં, ખચ્ચર, ગોરો મૃગ, શરભ અને ચમરી ગાય આ છ એક ખરીવાળાં છે હવે પાંચ નખવાળાં પ્રાણી કહુંછું: ૨૨ કૂતરાં, શિયાળ, નાહાર, વાઘ, બિલાડાં, સસલાં, શેઢાઇ, સિંહ, વાનર, હાથી, કાચબા, ચંદનઘો, મઘર વગેરે જળચર પ્રાણી, કંક, ગીધ, વઢ, સીંચાણો, કુકડો, ભલ્લુક, મોર, હંસ, સારસ, ચક્રવાક, કાગડા અને ઘુવડ એ સર્વ પાંચ નખવાળાં છે. ૨૩–૨૪ હે વિદુર ! પૃથ્વી ઉપર નીચેના ભાગમાં આહાર કરનાર મનુષ્ય સૃષ્ટિ એકજ પ્રકારની છે. તે અધિક રજોગુણવાળી કર્મ કરનાર અને દુઃખમાં સુખ માની લેનારી છે. ૨૫ હે વિદુર ! આ ત્રણ વૈકૃત સૃષ્ટિ છે. દેવતાઓ પણ વૈકૃત ગણાય છે. સનત્કુમારોનો સર્ગ તે પ્રાકૃત તથા વૈકૃત બન્નેરૂપે ગણાયછે. ૨૬ વૈકૃત દેવ સૃષ્ટિ આઠ પ્રકારની છેઃ—દેવતા, પિતૃ, અસુર, ગંધર્વ તથા અપ્સરાઓ, યક્ષ તથા રાક્ષસો, સિદ્ધ ચારણ તથા વિદ્યાધર, ભુત, પ્રેત તથા

૧ જેને ફુલ નહી થતાં ફળ થાયછે તે. ૨ ફળ પાકયા પછી જેનો નાશ થાયછે તે. ૩ આધારથી ઉંચે ચઢનારા વેલા. ૪ આધાર વગર ઉંચે ચઢનારા વેલા. ૫ ફુલ આવીને ફળે તે.

પિશાચ અને કિન્નર વગેરે. હે વિદુર! જગત્કર્તાએ રચેલા એ દશ સર્ગ તમને કહ્યા. ૨૭–૨૮ હવે હું તમને વંશો તથા મન્વંતરોની કથા કહીશ, રજોગુણવાળા, સફળ સંકલ્પવાળા સ્વયંભુ શ્રી હરિ પોતેજ પોતાના આત્માને બ્રહ્માંડરૂપે સરજેછે. ૨૯

एवं रजःप्लुतः स्रष्टा कल्पादिष्वात्मभूर्हरिः ॥
सृजत्यमोघ संकल्प आत्मैवात्मा न मात्मना॥

ઈતિ શ્રીમદ્ ભાગવતપુરાણના તૃતીય સ્કંધમાં દશ-પ્રકારની સૃષ્ટિ વર્ણન નામનો ૮ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૧ મો.

પરમાણુથી તે કલ્પસુધીના કાળની ગણના.

मैत्रेय उवाच.

चरमः सद्विशेषाणामनेकोऽसंयुतः सदा ॥
परमाणुः सविज्ञेयो नृणामैक्य भ्रमोयतः ॥१॥

મૈત્રેય કહેછે—હે વિદુર! હવે કાળનું સ્વરૂપ કહુંછું. કાર્યરૂપ પદાર્થોના ભાગનો છેલ્લામાં છેલ્લો ભાગ કે જેનો બીજો વિભાગ થઇ શકતો નથી તે કાર્યની દશાને નહિ પોહોચેલા તથા બીજા સાથે નહી જોડાયેલા ભાગને પરમાણુ કહેછે. કે જેથી મનુષ્યોને એકતાની બુદ્ધિ થાયછે. ૧ એ પરમાણુની ઐક્યતાને પરમ મહાન કહેછે. તે અનેક ધર્મથી રહિત છે. તે પરસ્પર જુદાં નથી, પણ ઐક્યરૂપે રહેલો છે. ૨ હે વિદુર! અવ્યક્ત અને વ્યક્તમાં વ્યાપક વિભુકાળ પણ એ રીતે પદાર્થોમાંની વ્યાપ્તિવડે સ્થુળ અને સૂક્ષ્મનું નિર્માણ કરેછે. ૩ જે કાળપ્રપંચની પરમાણુ અવસ્થાને ભોગવે તેને પરમાણુ કાળ કહેછે, અને જે સંપૂર્ણ અવસ્થાને ભોગવે તેને પરમ મહાન કાળ કહેછે. ૪ બે પરમાણુનો એક અણુ, ત્રણ અણુનો એક ત્રસરેણુઃ એ ત્રસરેણુ જાળીયાંમાંથી સૂર્યનાં કિરણો ઘરમાં આવેછે, તેમાં ઊડતાં જણાયછે. ૫ ત્રણ ત્રસરેણુની એક ત્રુટિ, સો ત્રુટિનો એક વેધ, ત્રણ વેધનો એક લવ, ત્રણ લવનો એક નિમેષ, ત્રણ નિમેષનો એક ક્ષણ, પાંચ ક્ષણની એક કાષ્ઠા, પંદર કાષ્ઠાની એક લઘુ, પંદર લઘુની એક નાડી અથવા ઘડી, બે ઘડીનું એક મુહૂર્ત, ૭ કે સાત ઘડીનો મનુષ્યનો એક પ્રહર, ૬–૮ ૭ પળ તાંબાના વાસણમાં માસાભાર સોનાની ચાર આંગળની સળીથી કાણું પાડીને તે વાસણ પાણીમાં તરતું મૂકવું. તેમાં એક શેર પાણી ભરાતાં તે વાસણ ડુબી જાય તેટલા કાળને ઘડી કહેછે. ૯ હે વિદુર! મનુષ્યનો ચાર પ્રહરનો દિવસ તથા ચાર પ્રહરની રાત્રિ મળીને એક રાત્રિદિવસ થાયછે, અને પંદર રાત્રિ દિવસનું એક પખવાડીયું થાય છે, તેના શુકલ અને કૃષ્ણ એવા બે ભેદ છે. ૧૦ બે પખવાડીઆંનો એક મહિનો થાયછે, તે પિતૃઓનો એક રાત્રિ દિવસ કહેવાય છે. બે મહિનાની એક ઋતુ, છ માસનું એક અયન કે જે ઉત્તરાયણ અને દક્ષિણાયન એમ બે પ્રકારનાં છે, બે અયનનું એક વર્ષ, સો વર્ષનું મનુષ્યનું નિરૂપિત છે, ૧૧–૧૨ ગ્રહ, નક્ષત્ર, અને તારામંડળમાં રહેલા અનિમેષ કાળરૂપ પ્રભુ સૂર્ય નારાયણ પરમાણુથી સંવત્સર સુધીના કાળમાં બાર રાશિરૂપી ભુવનમંડળમાં ફરી વળે છે. ૧૩ હે વિદુર! સંવત્સર, પરિવત્સર, ઇડાવત્સર, અનુવત્સર અને વત્સર એ રીતે સંવત્સરના પાંચ ભેદ છે.૧૪ કાળનામની પોતાની શક્તિવડે સૂર્યનારાયણ બીજામાં રહેલી અંકુર ઉત્પન્ન કરનારી શક્તિને અનેકરૂપે ઉત્પન્ન કરવાને પ્રેરે છે, વિષયાસક્ત મનુષ્યનું આયુષ્ય હરી લઇને તેને વૈરાગ્ય ઉત્પન્ન કરેછે, તથા સકામ યજમાનોને યજ્ઞદ્વારા સ્વર્ગાદિ ફળ આપેછે, તે મહાભૂત વિશેષ અને પાંચ સંવત્સર રૂપ તેજોમય ભગવાન્ સૂર્યનારાયણને હે લોકો તમે પૂજજો. ૧૫

વિદુર કહેછે—આપે પિતૃ, દેવતા અને મનુષ્યોનું પરમ આયુષ્ય કહ્યું. હવે જે જ્ઞાનીઓ કલ્પથી બહાર રહેનારા છે તેઓની ગતિ કહો. ૧૬ તમે કાળની ગતિને જાણોછો,

કારણ કે ધીર લોક યોગથી સિદ્ધ થયેલી જ્ઞાનદૃષ્ટિથી સર્વ જગતને જુએછે. ૧૭

મૈત્રેય કહેછે—દેવતાઓનાં દિવ્ય બાર હજાર વર્ષો પૂરાં થતાં સુધીમાં સંધ્યા અને સંધ્યાંશ મળીને સત્ય, ત્રેતા, દ્વાપર અને કળિયુગ એવા ચાર યુગ કલ્પેલા છે. ૧૮ એ ચાર યુગોનું પ્રમાણ અનુક્રમે ચાર, ત્રણ, બે અને એક હજાર તથા જેટલા હજાર તેથી બમણા સેંકડાથી ગણાયછે; એટલે સત્યયુગ ૪૦૦૦ વર્ષ અને તેની સંધ્યા તથા સંધ્યાંશનાં ૮૦૦ વર્ષ મળી ૪૮૦૦ દિવ્ય વર્ષનો થાય છે; ત્રેતાનાં ૩૦૦૦ વર્ષ અને તેની સંધ્યા તથા સંધ્યાંશનાં ૬૦૦ મળી ૩૬૦૦ દિવ્ય વર્ષ થાયછે; એજ પ્રમાણે દ્વાપર ૨૪૦૦ દિવ્ય વર્ષનો થાય છે. અને કળિયુગ ૧૨૦૦ દિવ્ય વર્ષનો થાય છે. એ રીતે ચારે યુગનાં મળી ૧૨૦૦૦ દિવ્ય વર્ષ થાયછે. મનુષ્ય લોકનાં એક વર્ષ જેટલો દેવતાઓનો એક રાત્રિ દિવસ થાયછે, એટલે મનુષ્યનાં ૩૬૦ વર્ષનું એક દિવ્યવર્ષ થાયછે. એ હિસાબે સત્યયુગનાં દિવ્યવર્ષ ૪૮૦૦×૩૬૦=૧૭૨૮૦૦૦ મનુષ્યનાં વર્ષ, દ્વાપરનાં ૧૨૯૬૦૦૦ વર્ષ, ત્રેતાનાં ૮૬૪૦૦૦ વર્ષ અને કળિયુગનાં ૪૩૨૦૦૦ વર્ષ થાયછે, એ રીતે ચારે યુગનાં મળીને એકંદર ૪૩૨૦૦૦૦ વર્ષ થાયછે. ૧૯ યુગના આરંભમાં સંધ્યા તથા અંતમાં સંધ્યાંશ હોયછે; અને તે બેની વચ્ચેના સમયને યુગ કહેછે. દરેક યુગમાં ધર્મની સ્થાપના કરવામાં આવેછે, તે પ્રમાણે વર્ણાશ્રમવાળાઓ વર્તેછે. ૨૦ સત્યયુગમાં મનુષ્યોમાં ધર્મ ચારે ચરણોથી પરિપૂર્ણ રહેછે, અધર્મના બળથી બીજા યુગોમાં તેનો એક એક ચરણ ઓછો થતો જાયછે. ૨૧ હે વિદુર ! ત્રૈલોક્યની બહાર મહર્લોક વગેરે બ્રહ્મલોક સુધીમાં ચારહજાર યુગનો બ્રહ્માનો એક દિવસ થાયછે, અને તેટલીજ રાત્રિ થાયછે. એ રાત્રિમાં બ્રહ્મા નિદ્રાવશ થાયછે. ૨૨ રાત્રિ વીત્યા પછી પાછા ફરીથી બ્રહ્મા સૃષ્ટિ સરજે છે, તે લોકની રચના બ્રહ્માના દિવસમાં જ રહેછે. બ્રહ્માના એક દિવસમાં ચૌદ મનુ થાયછે. ૨૩ પ્રત્યેક મનુ ૭૧ ચોકડીથી કાંઈક અધિક કાળ સુધી આયુષ્ય ભોગવેછે, અને તેના વંશજ રાજાઓ ક્રમથી થયા કરેછે. તથા સપ્તર્ષિઓ, દેવતાઓ, ઇંદ્રો, તથા તેઓને અનુસરનારા ગંધર્વો એક સાથેજ ઉત્પન્ન થાયછે. ૨૪ આ ત્રિલોકીને પ્રવર્તાવનારી બ્રહ્માની રોજરોજની લોક સૃષ્ટિ છે. જેમાં પોતપોતાનાં કર્મોથી પશુ, પક્ષી, મનુષ્ય, પિતૃ, અને દેવતાઓ જન્મે છે. ૨૫ મન્વંતરોમાં ભગવાન સત્વગુણ ધારણ કરી પોતાની મૂર્તિરૂપ મનુ અને તેના પુત્ર પૌત્રાદિ દ્વારા પોતાનાં પરાક્રમ પ્રગટ કરીને જગતનું પાલન કરેછે. ૨૬ જ્યારે બ્રહ્માની રાત્રિ આવેછે ત્યારે તમોગુણના લેશ ગ્રહણ કરી, પોતાનો ઉદ્યમ શાંત કરી, કાળે કરીને જેને વિષે આખું જગત લય પામ્યું છે એવા ક્રિયા રહિત થાયછે. ૨૭ આ રીતે રાત્રીમાં સૂર્ય ચંદ્ર સહિત ત્રણે લોકમાં પરમાત્માને વિષે લય થઈ જાય છે. ૨૮ પછી પોતાની શક્તિરૂપ શેષના મુખના અગ્નિથી ત્રણે લોક બળવા માંડેછે ત્યારે તે અગ્નિના તાપથી ગભરાઈને ભૃગુ આદિ ઋષિઓ મહર્લોકમાંથી જનલોકમાં જાયછે. ૨૯ આખું જગત બળીને અગ્નિરૂપ થઇ ગયા પછી કલ્પની અંતે વધેલા સમુદ્રો પ્રચંડ પવનના ઝપાટાથી ઉછળીને ત્રૈલોક્યને તુરતજ બોળી દેછે. ૩૦ પછી જળમાં શેષ ઉપર શયન કરી યોગ નિદ્રાથી આંખો મીંચીને ભગવાન પોઢે છે, તે વખતે જનલોકના રહેવાસીઓ તેમની સ્તુતિ કરેછે. ૩૧ આ પ્રમાણે કાળની ગતિવાળા દિવસ અને રાત્રિથી બ્રહ્માનું સો વર્ષનું આયુષ્ય પૂરૂં થઇ જાયછે. ૩૨ બ્રહ્માના અરધા આયુષ્યને પરાર્ધ કહેછે, તેમાં પહેલો પરાર્ધ વીતી ગયો છે અને હાલ બીજો પરાર્ધ ચાલેછે. ૩૩ પહેલા પરાર્ધના આરંભમાં 'બ્રાહ્મ નામનો મોટો કલ્પ હતો, જેમાં બ્રહ્મા થયા તેને, શબ્દબ્રહ્મ કહેછે. ૩૪ એ બ્રાહ્મ કલ્પ પછી પાદ્મકલ્પ થયો, તેમાં ભગવાનના નાભિરૂપ સરોવરમાંથી લોકરૂપ કમળ ઉત્પન્ન થયું. ૩૫ હે વિદુર ! બીજા પરાર્ધનો આ આદિકલ્પ વારાહકલ્પ છે, તેમાં ભગવાને અવતાર ધારણ કર્યો. ૩૬ આ બે પરાર્ધનો કાળ, અનાદિ, અનંત, અને જગ-

તના આત્મારૂપ ભગવાનના નિમેષ (આંખના મટકા) બરાબર છે. ૩૭ ઉપર જે પરમાણુથી બે પરાર્ધ સુધીનો કાળ કહ્યો તેનું બળ સર્વ વ્યાપક પ્રભુ ઉપર ચાલતું નથી, કારણ કે તે દેહ તથા ઘરના અભિમાનવાળા લોકો ઉપર પોતાનું બળ ચલાવી શકે છે. ૩૮ માયા, મહત્તત્વ, અહંકાર, પાંચ તન્માત્રાઓની સાથે સોળ વિકારો (૧૦ ઇંદ્રિયો, મન અને માંચ મહાભૂત)થી આ બ્રહ્માંડ રચાયું છે. તે અંદરના ભાગમાં પચાસ કરોડ યોજનના વિસ્તારવાળું અને બહારથી પૃથ્વી આદિક એક એકથી દશ દશ ગણાં સાત આવરણોથી વીંટાએલું છે. ૩૯ આવું મોટું બ્રહ્માંડ પરમાત્માના દેહને વિષે એક પરમાણુ સરખું ભાસે છે, અને એવાં બીજાં કરોડો બ્રહ્માંડ તેમના દેહમાં રહેલાં છે. ૪૦ તે સર્વ કારણોના કારણરૂપ અક્ષર બ્રહ્મ કહેવાય છે અને તે મહાત્મા, પરમપુરૂપ વિષ્ણુનું સર્વોત્તમ સ્વરૂપ છે. ૪૧

तदाहुरक्षरं ब्रह्म सर्वकारण कारणम् ॥
विष्णोर्धाम परंसाक्षात्पुरुषस्यमहात्मनः॥४१॥

ઇતિ શ્રી ભાગવત પુરાણના તૃતીય સ્કંધમાં પરમાણુ આદિ કાળસ્વરૂપ વર્ણન નામનો ૧૧ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૨ મો.

બ્રહ્માની માનસીં તથા માયાવી સૃષ્ટિનું વર્ણન.

मैत्रेय उवाच.

इति ते वर्णितः क्षत्तः कालाख्य परमात्मनः॥
महिमा वेदगर्भोऽथ यथाऽस्राक्षीन्निबोधमे॥१॥

મૈત્રેય કહે છે—હે વિદુર! આ પ્રમાણે ભગવાનનો કાળમૂર્તિ મહિમા તમને વર્ણવી સંભળાવ્યો; હવે વેદ ગર્ભરૂપ બ્રહ્માએ જે રીતે સૃષ્ટિ રચી તે કહું છું, સાંભળો. ૧ આદિકર્તા બ્રહ્માએ પ્રથમ અંધતામિસ્ર, તામિસ્ર, મહામોહ, મોહ અને તમરૂપ પાંચ *અવિદ્યાની વૃત્તિઓ રચી. ૨ આ પાપી સૃષ્ટિને જોઇ બ્રહ્માએ પોતાની તે સૃષ્ટિને ઉત્તમ માની નહી, ભગવાનના ધ્યાનવડે મન પવિત્ર કરીને સનક, સનંદન, સનાતન તથા સનત્કુમાર એ ચાર નિષ્ક્રિય તથા નૈષ્ટિક બ્રહ્મચારીરૂપ બીજી સૃષ્ટિ ઉત્પન્ન કરી. ૩-૪ તે પુત્રોને બ્રહ્માએ કહ્યું કે "હે પુત્રો! તમે પ્રજા સરજો." પરંતુ મોક્ષધર્મને ઇચ્છનારા ભગવત્પરાયણ તે મુનિઓએ સૃષ્ટિ કરવાની ઇચ્છા કરી નહી. ૫ પુત્રોએ પોતાની આજ્ઞા નહિ માનીને અપમાન કર્યું તેથી બ્રહ્માને ઘણો ક્રોધ ચઢયો. તેને શાન્ત કરવા લાગ્યા પણ શાન્ત નહિ થતાં તેમની ભ્રકુટીની વચ્ચેથી કાળા તથા રાતા રંગનો એક પુત્ર ઉત્પન્ન થયો. ૬-૭ એ દેવતાઓના પૂર્વજ ભગવાન સદાશિવ થયા. તેમણે રૂદન કરીને કહ્યું કે—"હે વિધાતા! હે જગદ્ગુરૂ! મારૂં નામ પાડો તથા મને રહેવાનું સ્થાન આપો." ૮ બાળકનાં એવાં વચન સાંભળીને બ્રહ્માએ કલ્યાણકારી વાણીથી કહ્યું કે-'તું રડીશ નહી, તારે માટે હું સર્વ વ્યવસ્થા કરૂં છું. ૯ હે દેવશ્રેષ્ઠ! તમે ખિન્ન થયેલા બાળકની પેઠે રોયા, તેથી પ્રજામાં તમારૂં નામ 'રૂદ્ર.' કહેવાશે. ૧૦ તમારે માટે મેં હૃદય, ઇંદ્રિયો, પ્રાણ, આકાશ, પવન, અગ્નિ, જળ, પૃથ્વી, સૂર્ય, ચંદ્ર અને તપ એ અગીયાર સ્થાનો પ્રથમથીજ રચી રાખ્યાં છે. ૧૧ અને મન્યુ, મનુ, મહિનસ, મહાન, શિવ, ઋતુધ્વજ, ઉગ્રરેતા, ભવ, કાળ, વામદેવ અને ધૃતવ્રત એ અગીયાર તમારાં નામ પડશે. ૧૨ હે રૂદ્ર! ધી, વૃત્તિ, ઉશના, ઉમા, નિયુત, સર્પિ, ઇલા, અંબિકા, ઇરાવતી, સુધા અને દીક્ષા એ અગીયાર રૂદ્રાણી તમારી સ્ત્રીઓ થશે. ૧૩ સ્ત્રી-

---

*સ્વસ્વરૂપનું અજ્ઞાન તે તમ, અંતઃકરણનો વિભ્રમ તે મોહ, સાંસારિક વિષયસુખની ઇચ્છા તે મહામોહ, ભોગનાં સાધનો નષ્ટ થવાથી "હું મરી ગયો" એવી બુદ્ધિ થવી તે અંધતામિસ્ર, અને વિષયસુખની ઇચ્છા પૂરી ન થવાથી જે ક્રોધ થાય તે તામિસ્ર. એ પાંચ પર્વવાળી અવિદ્યા કહેવાય છે.

ઓ સહિત આ નામો તથા સ્થાનો ગ્રહણ કરી એ સ્ત્રીઓમાંથી ઘણી પ્રજા સરજીને પ્રજાઓના પતિ થાઓ. ” ૧૪ એ પ્રમાણે બ્રહ્માએ ભગવાન નીલ લોહિતને આજ્ઞા કરતાં તેમણે બળ, આકાર તથા સ્વભાવથી પોતાના સમાન પ્રજા ઉત્પન્ન કરી. ૧૫ આ પ્રમાણે રૂદ્રે સરજેલી ભયંકર પ્રજાએ જગતનો ચારે તરફથી નાશ કરવા માંડયો. એ જોઈ બ્રહ્માએ ભયભીત થઇ કહ્યું કે–૧૬ હે દેવશ્રેષ્ઠ! આવી સૃષ્ટિ ઉત્પન્ન કરવી તમે બંધ કરો, કારણ કે આ તો ભયંકર દૃષ્ટિથી મારા સુદ્ધાં સર્વ દિશાઓને બાળી નાંખે છે. ૧૭ તમારૂં કલ્યાણ થાઓ; તમે સર્વ લોકને સુખ આપનારૂં તપ કરો, એ તપના પ્રભાવથી તમે પ્રથમની પેઠે સૃષ્ટિ રચી શકશો. ૧૮ પુરૂષ તપના પ્રભાવથીજ પરમ જ્યોતિરૂપ, સર્વના અંતર્યામી, અને ઇંદ્રિયોથી અગોચર એવા ભગવાનને વગર પરિશ્રમે પામે છે. ૧૯

મૈત્રેય કહે છે—આ પ્રમાણે બ્રહ્માએ આજ્ઞા કરતાં તેમને પ્રદક્ષિણા કરી 'બહુ સારૂં' એમ કહી રૂદ્ર તપ કરવા માટે વનમાં ગયા. ૨૦ પછી ભગવાનની શક્તિવાળા-બ્રહ્મા સૃષ્ટિ કરવાનો વિચાર કરવા લાગ્યા. એટલામાં તેમના શરીરમાંથી લોકની સૃષ્ટિના કારણરૂપ દશ પુત્રો ઉત્પન્ન થયા. ૨૧ મરીચિ, અત્રિ, અંગિરા, પુલસ્ત્ય, પુલહ, ક્રતુ, ભૃગુ, વસિષ્ઠ દક્ષ અને નારદ એ દશ પુત્ર થયા. ૨૨ તેમાં બ્રહ્માના ખોળામાંથી નારદ થયા, દક્ષ અંગુઠામાંથી, વસિષ્ઠ પ્રાણમાંથી, ભૃગુ ત્વચામાંથી, ક્રતુ હાથમાંથી, પુલહ નાભિમાંથી, પુલસ્ત્ય કાનમાંથી, અંગિરા મુખમાંથી, અત્રિ બે નેત્રમાંથી અને મરીચિ બ્રહ્માના મનમાંથી ઉત્પન્ન થયા. ૨૩–૨૪ ધર્મ બ્રહ્માના જમણા સ્તનમાંથી ઉત્પન્ન થયા, તેમને ઘેર ભગવાન નર નારાયણે અવતાર લીધો. અધર્મ બ્રહ્માની પીઠમાંથી ઉત્પન્ન થયો, જે અધર્મથી લોકોને ભયંકર એવું મૃત્યુ થાય છે. ૨૫ બ્રહ્માના હૃદયમાંથી કામ થયો, ભ્રકુટિમાંથી ક્રોધ થયો, નીચલા હોઠમાંથી લોભ થયો, મુખમાંથી વાણી થઈ, ઉપસ્થમાંથી સમુદ્રો થયા, અને ગુદામાંથી પાપનો આશ્રય કરનારો નિર્ઋતિ થયો. ૨૬ બ્રહ્માની છાયામાંથી દેવહૂતિના પતિ કર્દમ ઋષિ થયા. આ પ્રમાણે બ્રહ્માના મનમાંથી તથા દેહમાંથી આ જગત ઉત્પન્ન થયું. ૨૭ હે વિદુર ! પોતાની તરૂણાવસ્થાવાળી અને મનને મોહ ઉપજાવે એવી પુત્રી સરસ્વતિને જોઇ કામવશ થયેલા બ્રહ્મા તેના ઉપર આસક્ત થયા હતા, એવું મેં સાંભળ્યું છે. ૨૮ પોતાના પિતાની બુદ્ધિ અધર્મમાં પ્રવર્તેલી જોઇ મરીચિ વગેરે પુત્રો બ્રહ્માને ઉપદેશ આપવા લાગ્યા કે, ૨૯ હે પિતા! આપની પૂર્વે થયેલા કોઈ બ્રહ્માએ આવું કામ કર્યું નથી, તેમ હવે પછી પણ કોઇ કરશે નહી. તમે સમર્થ થઇ કામના વેગને રોકી શકતા નથી અને પોતાની પુત્રીનો સંગ કરવાને ઇચ્છોછો, એ મોટો અધર્મ છે. ૩૦ હે જગદ્‌ગુરૂ ! જેનાં આચરણ પ્રમાણે ચાલનારા લોકો સુખી થાય છે, એવા મહા તેજસ્વી પુરૂષોને પણ આ કામ યશદાયક નથી. ૩૧ જેમણે પોતાના તેજવડે ઉદરમાં રહેલા જગતને પ્રકાશિત કર્યું છે તે ભગવાનને હું નમસ્કાર કરૂ છું, કારણ કે તે ધર્મનું રક્ષણ કરવાને યોગ્ય છે. ૩૨ આ પ્રમાણે પોતાના પુત્રોને સન્મુખ કહેતા જોઇ બ્રહ્મા શરમાઇ ગયા, અને પોતાના શરીરનો ત્યાગ કર્યો. એ ભયંકર શરીરને દિશાઓએ ગ્રહણ કર્યું, જેથી ઝાકળ તથા અંધારૂં ઉત્પન્ન થયું. ૩૩ પછી બ્રહ્મા વિચાર કરવા લાગ્યા કે પૂર્વે જેમ લોકો એકઠા રહેતા હતા તેમ હવે હું તેઓને ફરીથી શી રીતે સરજું ? એમ વિચાર કરતાંજ બ્રહ્માનાં ચાર મુખમાંથી ચાર વેદ ઉત્પન્ન થયા. ૩૪ તથા હોતાઓનાં કર્મ, યજ્ઞનો વિસ્તાર, ઉપદેશ, ન્યાય, ધર્મના ચાર ચરણ, તથા આશ્રમ અને તેની આજીવિકાઓ પણ બ્રહ્માના મુખમાંથી ઉત્પન્ન થઇ. ૩૫

વિદુર કહેછે—હે તપોધન ! પ્રજાપતિઓના પતિ બ્રહ્માએ પોતાના મુખમાંથી વેદ વગેરે ઉત્પન્ન કર્યા; પણ કયા કયા મુખમાંથી શું શું ઉત્પન્ન કર્યું તે વિગતવાર મને કહો. ૩૬

મૈત્રેય કહેછે—પૂર્વ મુખથી ઋગ્વેદ, પ-

પશ્ચિમ મુખથી યજુર્વેદ, ઉત્તર તરફના મુખમાંથી સામવેદ અને દક્ષિણ તરફના મુખમાંથી અથર્વવેદ ઉત્પન્ન કર્યો. અને શસ્ત્ર (હોતાનું કર્મ), ઇજ્યા (અધ્વર્યુનું કર્મ) સ્તુતિસ્તોત્ર (ઉદ્‍ગાતાનું કર્મ), અને પ્રાયશ્ચિત (બ્રહ્માનું કર્મ) એ પણ અનુક્રમે સરજ્યાં. ૩૭ પછી બ્રહ્માએ પોતાનાં પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તર તરફનાં મુખમાંથી અનુક્રમે આયુર્વેદ, ધનુર્વેદ, ગાંધર્વવેદ, અને શિલ્પશાસ્ત્ર એ ચાર સરજ્યાં, ૩૮ પછી સર્વજ્ઞ બ્રહ્માએ સર્વ મુખોમાંથી ઇતિહાસ પુરાણ નામનો પાંચમો વેદ ઉત્પન્ન કર્યો. ૩૯ પછી ષોડસી અને ઉકથ નામના યજ્ઞો પૂર્વ મુખથી, પુરીષી અને અગ્નિષ્ટોમ દક્ષિણ મુખથી, આપ્તોર્યામ અને અતિરાત્ર નામના યજ્ઞ પશ્ચિમમુખથી, તથા વાજપેય અને ગોસવ નામના યજ્ઞો ઉત્તર તરફના મુખમાંથી સરજ્યા. ૪૦ વિદ્યા, દાન, તપ અને સત્ય એ ધર્મના ચાર ચરણ તથા બ્રહ્મચર્ય, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થ અને સંન્યાસ એ ચાર આશ્રમોને આજીવિકા સહિત અનુક્રમે પૂર્વાદિ મુખમાંથી ઉત્પન્ન કર્યા. ૪૧ સાવિત્ર[1], પ્રાજાપત્ય[2], બ્રાહ્મ[3] અને બૃહત[4] એ ચાર પ્રકારનાં બ્રહ્મચર્ય; વાર્તા[5], સંચય[6], શાલીન[7] અને શિલોંછ[8] એ ચાર પ્રકારની ગૃહસ્થની વૃત્તિ, ૪૨ વૈખાનસ[9], વાલખીલ્ય[10], ઔદુંબર[11], અને ફેનપ[12] એ ચાર પ્રકારના વાનપ્રસ્થ, કુટીચક[13], બહુદક[14], હંસ[15] અને નિષ્ક્રિય[16] એ ચાર પ્રકારના સંન્યાસી; એ સર્વ પૂર્વાદિ મુખથી પ્રગટ થયા. ૪૩ આન્વીક્ષિકી (મોક્ષવિદ્યા), ત્રયી (ધર્મવિદ્યા), વાર્તા (કીમવિદ્યા) અને દંડનીતિ (અર્થવિદ્યા) એ ચાર પ્રકારની વિદ્યાઓ તથા ભૂર, ભુવર, સ્વર અને મહર એ ચાર વ્યાહૃતિયો; એ પૂર્વાદિ મુખોથી અનુક્રમે પ્રગટ થયાં. બ્રહ્માના હૃદયાકાશમાંથી ૐકાર પ્રગટ થયો. ૪૪ રોમાવળીમાંથી ઉષ્ણિકછંદ, ત્વચામાંથી ગાયત્રીછંદ, માંસમાંથી ત્રિષ્ટુપ છંદ, સ્નાયુમાંથી અનુષ્ટુપ છંદ અને હાડકાંમાંથી જગતી છંદ ઉત્પન્ન થયા. ૪૫ મજ્જામાંથી પંક્તિ છંદ અને પ્રાણમાંથી બૃહતીછંદ ઉત્પન્ન થયા. સ્પર્શ અક્ષરો (ક થી મ સુધીના) બ્રહ્માનો જીવ ગણાયછે, સ્વર તેનું શરીર છે, ઉષ્મા (શ, ષ, સ, હ) અક્ષરો ઇંદ્રિયો છે, અંતસ્થ (ય, ર, લ, વ) અક્ષરો બ્રહ્માનું બળ છે. બ્રહ્માના વિહારમાંથી સાત સ્વરો થયા છે. ૪૬-૪૭ હે વિદુર! તે બ્રહ્મ શબ્દમૂર્તિ છે, વૈખરીવાણીરૂપ અને પ્રણવરૂપ છે. એ વ્યક્ત અવ્યક્તરૂપ પરબ્રહ્મ પરિપૂર્ણરૂપે પ્રકાશે છે તેથી બીજો દેહ ધારણ કરીને સૃષ્ટિ રચવાને ધ્યાન આપ્યું. ૪૮ મહાપરાક્રમી ઋષિઓથી પણ સૃષ્ટિનો વિસ્તાર ન થયો, તેથી બ્રહ્મા મનમાં ચિંતા કરવા લાગ્યા કે-અહો! આશ્ચર્યકારક વાત છે કે હું નિત્ય સૃષ્ટિ રચવાનો ઉદ્યમ કરૂંછું, છતાં પ્રજા વૃદ્ધિ પામી નહી, માટે આ કાર્યમાં દૈવનુંજ પ્રતિબંધન છે. એમ વિચારીને વાટ જોવા લાગ્યા, એટલામાં બ્રહ્માના શરીરના બે ભાગ થયા. તેમાંનો એક વિભાગ પુરૂષ અને બીજો વિભાગ સ્ત્રી થઇ, જેને લોકો કાય કહેછે. એ સ્ત્રી પુરૂષનું જોડું થયું. ૪૯–૫૧ તેમાં જે પુરૂષ હતો તે સ્વયંપ્રકાશ સ્વાયંભુવ મનુ હતા, અને સ્ત્રી તે શતરૂપા નામની તેમની રાણી હતી. ૫૨ જ્યારથી આ જોડું ઉત્પન્ન થયું ત્યારથી મૈથુન કર્મથી પ્રજા વધવા લાગી. સ્વાયંભુવ મનુએ શતરૂ-

૧ જનોઇ દીધા પછી ગાયત્રીમંત્ર શીખતા સુધી ત્રણ દિવસ પાળવાનું બ્રહ્મચર્ય વ્રત. ૨ વ્રતો સહિત એક વર્ષસુધી બ્રહ્મચર્ય પાળવાનું વ્રત. ૩ વેદ ભણતાં સુધી બ્રહ્મચર્ય પાળવું તે. ૪ જીવતાં સુધી બ્રહ્મચર્ય પાળવું તે. ૫ ખેતી વગેરે. ૬ યાજનાદિ વૃત્તિ. ૭ અયાચિત વૃત્તિ. ૮ વેરાયલા અનાજના દાણા વીણવા. ૯ ખેતી સિવાય પાકેલાં અન્નથી આજીવિકા કરનાર. ૧૩ નવું અન્ન મળેથી જૂનાંનો ત્યાગ કરનાર. ૧૧ પ્રભાતમાં ઊઠી પ્રથમ જે દિશાને જુએ તે દિશામાંથી ફળફુળાદિ લાવીને નિર્વાહ કરનાર. ૧૨ પોતાની મેળે ઝાડમરથી પડેલાં ફળોવડે નિર્વાહ કરનાર. ૧૩ પોતાના આશ્રમનાં કર્મને પ્રધાન રાખનારા. ૧૪ કર્મને ગૌણ માની જ્ઞાનને મુખ્ય માનનારા. ૧૫ જ્ઞાનાભ્યાસની નિષ્ઠાવાળા. ૧૬ તરંદુ મેળવનારા.

પાથી પાંચ સંતાન ઉત્પન્ન કર્યાં. ૫૩ હે ભારત! તેમાં પ્રિયવ્રત અને ઉત્તાનપાદ એ બે પુત્ર હતા અને આકૂતિ, દેવહુતિ તથા પ્રસૂતિ એ નામની ત્રણ પુત્રીઓ હતી. ૫૪ તેમાંની આકૂતિ રૂચિઋષિને આપી, કર્દમને દેવહુતિ અને દક્ષને પ્રસૂતિ આપી. આ કન્યાઓનાં સંતાનોથી જગત પુરાઈ ગયું. ૫૫

आकूतिं रुचये प्रादात्कर्दमाय तु मध्यमाम्॥

दक्षायादात्प्रसूतिंच यत आपूरितं जगत् ॥

ઈતિશ્રીમદ્ ભાગવતપુરાણના તૃતીય સ્કંધમાં મનુ સૃષ્ટિ વર્ણન નામનો ૧૨ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૩ મો.

ભગવાને વરાહરૂપ ધરીને હિરણ્યાક્ષનો વધ કર્યો.

શ્રી શુકउवाच.

निशम्यवाचां वदतो मुनेः पुण्यतमां नृपः ॥

भूयःपप्रच्छ कौरव्यो वासुदेव कथादृतः ॥

શ્રી શુકદેવજી કહેછે—હે રાજા ! કથા કરતા મૈત્રેયજીનાં પવિત્ર વચનો સાંભળીને ભગવાનની કથામાં આદરવાળા વિદુરજીએ ફરીથી પૂછ્યું ૧

વિદુરજી પૂછેછે—હે મુનિ ! બ્રહ્માના પ્રિયપુત્ર ચક્રવર્તી સ્વાયંભુવ મનુએ વહાલી પત્નિ મેળવીને પછી શું કર્યું ? ૨ હે મહાત્મા ! તે આદિરાજ રાજર્ષિનું ચરિત્ર મને શ્રદ્ધાળુને કહો; કારણ કે તે ભગવાનના ભક્ત છે. ૩ ઘણા પરિશ્રમથી ભણેલાં શાસ્ત્રોનું વિદ્વાનોએ મુખ્ય એજ પ્રયોજન બતાવેલું છે કે-જેના મનમાં ભગવાનનાં ચરણકમળ છે, એવા ભગવાનના ભક્તોનાં ચરિત્રો સાંભળવાં. ૪

શ્રી શુકદેવજી કહેછે—હજાર મસ્તકવાળા ભગવાનનાં ચરણકમળને ખોળામાં ધારણ કરનારા વિદુરજીએ પૂછવાથી ભગવાનની કથામાં પ્રેરાયલા તથા રોમાંચિત થયેલા મૈત્રેયજી આ પ્રમાણે કહેવા લાગ્યા. ૫

મૈત્રેયજી કહેછે—જ્યારે સ્વાયંભુવ મનુ પોતાની સ્ત્રીસહિત ઉત્પન્ન થયા, ત્યારે તેમણે વેદગર્ભ બ્રહ્માને પ્રણામ કરીને આ પ્રમાણે કહ્યું. ૬

સ્વાયંભુવ કહેછે—હે પિતા ! આપ સર્વ પ્રાણીઓને જન્મ આપનારા અને આજીવિકા આપનારા છો, તોપણ અમે આપની પ્રજા આપની સેવા શી રીતે કરીએ ? ૭ હે સ્તુતિ કરવાયોગ્ય ! હું આપને પ્રણામ કરૂં છું, મારી શક્તિ પ્રમાણે કર્મ કરવાની આજ્ઞા કરો, જેથી આ લોકમાં યશ અને પરલોકમાં શુભગતિ મળે. ૮

બ્રહ્મા કહેછે—હે તાત ! તમારૂં કલ્યાણ થાઓ, હે પૃથ્વીપતિ ! હું તમારા ઉપર પ્રસન્ન થયોછું, કારણ કે તમે નિષ્કપટપણે પોતાની મેળેજ કહ્યું કે-અમને કાંઈક કામ બતાવો. ૯ હે વીર ! પુત્રોએ મત્સર ત્યજી દઇ અભિમાન રહિત થઇને આદરસહિત શક્તિ પ્રમાણે માતાપિતાની આજ્ઞા પાળીને તેમની સેવા કરવી જોઇએ. ૧૦ તું તારા જેવાજ ગુણોવાળી પ્રજા આ શતરૂપામાં ઉત્પન્ન કરીને ધર્મથી પૃથ્વીનું પાલન કર અને યજ્ઞોથી ભગવાનનું યજન કર. ૧૧ હે રાજા ! પ્રજાના પાલનથી મારી ઉત્તમ સેવા થાયછે, અને તેથી હૃષિકેશ ભગવાન પ્રસન્ન થશે. ૧૨ જેના ઉપર યજ્ઞમૂર્તિ જનાર્દન ભગવાન પ્રસન્ન થતા નથી તેનો પરિશ્રમ મિથ્યા છે, કારણ કે તેણે સાક્ષાત પોતાના આત્માનોજ અનાદર કર્યો ગણાયછે. ૧૩

સ્વાયંભુવ મનુ કહેછે—હે પાપનો નાશ કરનારા પ્રભુ ! હું આપની આજ્ઞા પ્રમાણે વર્તીશ. આપ મારે અને પ્રજાને માટે સ્થાન બતાવો. ૧૪ પ્રજાને રહેવાની જગ્યા જે પૃથ્વી હતી તે તો મહાસાગરના પાણીમાં ડૂબી ગઈ છે, માટે એ પૃથ્વીનો ઉદ્ધાર કરવાનો શો પ્રયત્ન કરૂં ? ૧૫

મૈત્રેય કહેછે-પૃથ્વીને જળમાં ડૂબી ગયેલી જોઇને બ્રહ્માએ ઘણીવાર સુધી મનસાથે વિચાર કર્યો કે "આ પૃથ્વીને પાણીમાંથી શી રીતે બહાર કાઢવી ? ૧૬ મારી રચેલી

પૃથ્વી તો રસાતાળમાં ચાલી ગઇ છે, હવે સૃષ્ટિ રચવાને જોડેલા એવા અમારે શું કરવું ? ૧૭ હું જેનામાંથી ઉત્પન્ન થયો છું તે ઇશ્વર મને માર્ગ બતાવો.” આ રીતે બ્રહ્માએ વિચાર કરતાં બ્રહ્માના નાકમાંથી અંગુઠા જેવડું વરાહનું બચ્ચું નીકળ્યું. ૧૮ હે ભરતવંશી વિદુર ! બ્રહ્માના જોતજોતાંમાં તો આકાશમાં રહેલું એ વરાહનું બચ્ચું હાથી જેવડું મોટું થઇ ગયું. એ જોઇ બ્રહ્માને મોટું આશ્ચર્ય લાગ્યું. ૧૯ મરીચિ વગેરે મુનિઓ સ્વાયંભુવ મનુ અને સનત્કુમારો સહિત બ્રહ્મા એ વરાહને જોઇને વિચિત્ર તર્ક કરવા લાગ્યા કે ૨૦ “વરાહરૂપે આ દિવ્ય જાનવર કોણ હશે ? વળી તે મારા નાકમાંથી નીકળ્યું એ મોટું આશ્ચર્યકારક છે ! ૨૧ મેં પ્રથમ તો અંગુઠાના ટેરવા જેટલું જોયું હતું, તે ક્ષણવારમાં પથ્થરની મોટી શિલા જેવડું વધી ગયું ! ! શું એ મારા મનને ખેદ કરાવતા યજ્ઞમૂર્તિ ભગવાન તો નહીં હોય ?” ૨૨ પોતાના પુત્રો સહિત બ્રહ્મા એ પ્રમાણે તર્ક વિતર્ક કરેછે એટલામાં તો યજ્ઞપુરૂષ ભગવાને મોટા પર્વત જેવડા થઇ મોટી ગર્જના કરી. ૨૩ એ રીતે ગર્જના કરી દિશાઓને ગજાવી મુકીને શ્રી હરિ વરાહ ભગવાને બ્રહ્માને તથા બીજા ઉત્તમ બ્રાહ્મણોને પ્રસન્ન કર્યા. ૨૪ માયાથી વરાહરૂપ ધરનારા ભગવાનની ખેદ દૂર કરનારી ગર્જના સાંભળીને જનલોક, તપલોક અને સત્યલોકમાં રહેનારા પ્રસિદ્ધ મુનિઓ પવિત્ર ત્રણવેદોથી તેમની સ્તુતિ કરવા લાગ્યા. ૨૫ વેદોએ વખાણેલી મૂર્તિવાળા ભગવાન તે મુનિઓની વેદવાણી સાંભળીને દેવતાઓના ઉદય માટે ફરી ગર્જના કરીને હાથીના જેવી ક્રીડા કરતા જળમાં પેઠા. ૨૬ ઊંચું પૂછડું કરીને આકાશમાં ફરતા, કઠણ અંગવાળા, કેશવાળીને ધુણાવતા, રૂવાંટાંવાળી ખરસટ ચામડીવાળા, ધોળી દાઢોવાળા, ખરીઓવડે વાદળાં ને ઊખેડી નાંખતા, પ્રકાશિત નેત્રોવાળા તથા પૃથ્વીને ધારણ કરનારા વરાહ ભગવાન શોભવા લાગ્યા. ૨૭ પોતે યજ્ઞમૂર્તિ છતાં વરાહરૂપ ધારણ કરનારા શ્રી હરિ પશુની પેઠે નાકવડે પૃથ્વીને સુંઘતા, વિકરાળ દાઢોવાળા છતાં શાંત દૃષ્ટિથી સ્તુતિ કરતા બ્રાહ્મણોને જોઇને પાણીમાં પેઠા ૨૮ વજ્રના પર્વત જેવાં કઠણ અંગોવાળા ભગવાન સમુદ્રમાં પડતાં તેના આઘાતથી સમુદ્રમાં માર્ગ પડી ગયો, તેથી જાણે પોતાનું પેટ ચીરાઇ ગયું હોય તેમ પીડા પામતો સમુદ્ર પોતાનાં મોજાંઓ રૂપી બાહુઓ લાંબા કરી “હે યજ્ઞેશ્વર ! મારૂં રક્ષણ કરો” એમ બરાડા પાડતો હોય તેમ ગાજવા લાગ્યો. ૨૯ પ્રાતઃ, મધ્યાન્હ અને સાયં એમ ત્રણ સવનરૂપ સાંધાવાળા ભગવાન અપાર પાણીના પણ પાર આવે તેમ અસ્ત્રાના જેવી તીક્ષ્ણ ધારવાળી ખરીવડે પાણી કાપતા ઉંડા ઉતર્યા. ત્યાં રસાતળમાં જે પૃથ્વીને પોતે પ્રલયકાળે જળમાં પોઢીને ઉદરમાં ધારણ કરી હતી તે પૃથ્વીને દીઠી. ૩૦ ડૂબી ગયેલી પૃથ્વીને પોતાની દાઢોવડે ઊઠાવીને ભગવાન રસાતળમાંથી બહાર નીકળતા અત્યંત શોભતા હતા. તેવામાં જળમાંથી ગદા લઇને સામો આવતો હિરણ્યાક્ષને દીઠો. એટલે સિંહ જેમ હાથીને રમતમાત્રમાં મારી નાંખે તેમ સુદર્શનચક્રના જેવા તીવ્ર ક્રોધવાળા ભગવાને રમતમાત્રમાં તે દૈત્યને મારી નાંખ્યો. ૩૧ જેમ ગેરૂવાળી પૃથ્વી ખોદતાં હાથીના દંતૂશળ તથા ગંડસ્થળ રાતાં થઇ જાય તેમ હિરણ્યાક્ષના લોહીના ગારાથી વરાહ ભગવાનનું મુખ તથા ગંડસ્થળ રાતું થયું. ૩૨ હે વિદુરજી ! તમાલસરખો નીલકાંતિવાળા ભગવાન દાઢની અણીપર પૃથ્વીને લઇ આવતા જોઇ બ્રહ્માદિક સર્વ દેવતાઓ હાથ જોડી વેદનાં સૂક્તોથી ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા. ૩૩

ઋષિઓ સ્તુતિ કરેછે–હે અજીત ! હે યજ્ઞ પુરૂષ ! આપનો જય થાઓ, જય થાઓ. ત્રણ વેદરૂપ પોતાના શરીરને ધુણાવતા એવા આપને અમે નમસ્કાર કરીએ છીએ, જેનાં રૂંવાડાંનાં છિદ્રોમાં યજ્ઞો સમાઇ રહેલા છે એવા અને કારણરૂપ વરાહને દેહ ધારણ કરનારા આપને અમારા પ્રણામ છે. ૩૪ હે દેવ ! આ પાપી જનોને આપના યજ્ઞસ્વરૂપનાં

દર્શન થવાં દુર્લભ છે. જેની ત્વચામાં ગાયત્રી આદિ છંદ, રૂવાંટાંમાં દર્ભ, આંખોમાં ઘી અને ચાર ચરણોમાં ચાર ઋત્વિજો (હોતા, ઉદ્ગાતા, અધ્વર્યુ અને બ્રહ્મા)નાં કર્મો રહેલાં છે. ૩૫ જેના મુખાગ્રમાં સ્રુચ નામનું યજ્ઞપાત્ર, નાસિકામાં સ્રુવ, ઉદરમાં ઇડા, કાનમાં સોમપાત્ર, ઓઠામાં બ્રહ્માનો ભાગ મુકવાનું પાત્ર, મુખની અંદરના ભાગમાં ગ્રહો અને ચાવવામાં અગ્નિહોત્ર રહેલા છે. ૩૬ આપનું વારંવાર પ્રગટ થવું એ દીક્ષા છે, ઉપસદ્ એટલે ત્રણ ઇષ્ટિઓ આપનો કંઠ છે, પ્રાયણીય અને ઉદયનીય નામની બે ઇષ્ટિઓ આપની દાઢો છે, ઉપસદ્ ઇષ્ટિમાં પ્રથમ યજન કરવામાં આવે છે તે આપની જીભ છે, સભ્ય એટલે હોમ વિનાનો અગ્નિ એ આપનું મસ્તક છે, અને ઇષ્ટિકાચયન આપના પ્રાણ છે. ૩૭ હે દેવ ! સોમરસ આપનું વીર્ય છે, ત્રણ સવન આપની ત્રણ અવસ્થા છે, યજ્ઞના સાત વિભાગો (અગ્નિષ્ટોમ, અત્યગ્નિષ્ટોમ, ઉકથ્ય, ષોડશી, વાજપેય, અતિરાત્ર અને આપ્તોર્યામ) એ આપની ત્વચા, માંસ, લોહી, મેદ વગેરે સાત ધાતુઓ છે. સર્વ યજ્ઞ આપના શરીરના સાંધા છે, સોમવાળા અને સોમવિનાના યજ્ઞો એ આપનું સ્વરૂપ છે. ૩૮ સર્વ મંત્રરૂપ, દેવતારૂપ, દ્રવ્યરૂપ, સર્વ યજ્ઞરૂપ અને ક્રિયારૂપ આપને અમારા નમસ્કાર છે. ૩૯ હે ભૂધર ! જેમ જળમાંથી બહાર નીકળતા ગજેંદ્રના દંતૂશળ ધરેલી પત્રો સહિત કમલિની શોભે તેમ આપની દાઢોની અણીઓ ઉપર ધારણ કરેલી પર્વતો સહિત પૃથ્વી ઘણી શોભે છે. ૪૦ વળી કુલાચળ પર્વત જેમ પોતાનાં શિખરો ઉપર રહેલા મેઘ મંડળથી શોભે, તેમ ત્રણ વેદરૂપ આપનું વરાહરૂપ દાંતો ઉપર પૃથ્વી ધારણ કરવાથી શોભે છે. ૪૧ તમે આ જગતના પિતા છો, માટે આપની સ્ત્રીરૂપ અને જગતની માતારૂપ આ પૃથ્વીને સ્થાવર જંગમ જગતના નિવાસ માટે અહીં જળ ઉપર સ્થાપન કરો. જે પૃથ્વીમાં અરણીમાં અગ્નિ રહેલો છે તેમ આપે આપનું તેજ મૂકેલું છે. હે મહારાજ ! આપ સહિત આ પૃથ્વીને અમે નમીએ છીએ. ૪૨ હે પ્રભુ ! રસાતળમાં ગયેલી પૃથ્વીને બહાર કાઢવાનું કામ આપના વિના બીજો કોણ કરી શકે ? કારણ કે આપનામાં સર્વ આશ્ચર્ય રહેલાં છે. આપે માયાથી અતિ આશ્ચર્યરૂપ આ જગત ઉત્પન્ન કર્યું છે. ૪૩ હે પ્રભુ ! વેદમય આપનું શરીર ધૂણાવતાં આપની કેશવાળીના છેડાઓમાંથી ઉડેલા પવિત્ર છાંટા વડે છંટાયેલા જન, તપ અને સત્ય લોકમાં રહેનારા અમે પવિત્ર થયા છીએ. ૪૪ આપ અપાર ચરિત્રોવાળાનો પાર પામવાને ઈચ્છનાર મનુષ્યને ભ્રષ્ટ બુદ્ધિવાળા જાણવા. આપની યોગમાયાના ગુણોથી મોહ પામેલા જગતનું આપ કલ્યાણ કરો. ૪૫

મૈત્રેયજી કહે છે—આ રીતે બ્રહ્માદિ મુનિઓએ સ્તુતિ કરતાં વરાહ ભગવાને પોતાની ખરીથી દબાવેલ જળ ઉપર પૃથ્વીને મૂકી, ૪૬ આ રીતે વિશ્વક્સેન ભગવાને લીલાપૂર્વક પૃથ્વીને રસાતળમાંથી બહાર કાઢી જળ ઉપર મૂકીને પોતે અંતર્ધાન થઇ ગયા. ૪૭ વર્ણન કરવા યોગ્ય માયાવાળા યજ્ઞરૂપ શ્રી હરિની કલ્યાણકારી પવિત્ર કથાને જે ભક્તિથી સાંભળે છે તેના ઉપર ભગવાન પ્રસન્ન થાય છે. ૪૮ જ્યારે સર્વ કામના પૂરનાર શ્રી હરિ પ્રસન્ન થઇ જાય ત્યારે પછી તુચ્છ સુખનું શું પ્રયોજન છે ? તથા તેને કઈ વસ્તુ દુર્લભ છે ? જે સર્વ આશાઓ છોડી દઇને કેવળ ભગવાનનું ભજન કરે છે, તેના હૃદયમાં ભગવાન વાસ કરીને તેને પરમ પદ આપે છે. ૪૯ અહો ! માત્ર પશુ વિના બીજો પુરૂષાર્થના સારને જાણનારો કયો પુરૂષ, પૂર્વે કહેલી જન્મ મરણને ટાળનારી ભગવાનની કથારૂપ અમૃતને કાનરૂપી અંજળીવડે પીએ નહી ? અને તેનો ત્યાગ કરે ? ૫૦

को नाम लोके पुरुषार्थ सार ।
वित्पुराकथानां भगवत्कथासुधाम् ॥
आपीय कर्णांजलिभिर्भवापहा ।
महो विरज्येत विना नरेतरम् ॥५०॥

ઇતિ શ્રી ભાગવત મહાપુરાણના તૃતીય

સ્કંધમાં શ્રી વરાહ અવતાર વર્ણન નામે ૧૩ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૪ મો.

હિરણ્યાક્ષના વધનું કારણુ તથા દિતિને કશ્યપથી ગર્ભ રહ્યો.

श्री शुकउवाच.

निशम्य कौशारविणोप वर्णितां।
हरेः कथां कारणसूकरात्मनः ॥
पुनः सपप्रच्छ तमुद्यतांजलिं।
नचातितृप्तो विदुरो धृतव्रतः ॥

શ્રી શુકદેવજી કહેછે—વ્રત ધારણ કરનારા વિદુરજીએ, મૈત્રેયે વર્ણવેલી કારણરૂપ વરાહ ભગવાનની કથા સાંભળીને તૃપ્ત ન થતાં ફરીથી પૂછયું. ૧

વિદુરજી કહેછે—હે મુનિશ્વર! યજ્ઞમૂર્તિ શ્રી હરિએ આદિ દૈત્ય હિરણ્યાક્ષને માર્યો હતો એમ મેં સાંભળ્યું છે. ૨ પોતાની દાઢાથી રમતમાત્રમાં પૃથ્વીનો ઉદ્ધાર કરનારા ભગવાને એ હિરણ્યાક્ષને શા માટે માર્યો હતો ? ૩

મૈત્રેય કહે છે—હે વીર ! તમે મરણરૂપી પાશથી મનુષ્યોને મુક્ત કરનારી શ્રી હરિના અવતારની કથા પૂછી એ બહુ સારૂં કર્યું. ૪ નારદજીએ કહેલી એ કથાથી ઉત્તાનપાદ રાજાના બાળપુત્ર ધ્રુવજી મૃત્યુને માથે પગ મૂકીને ભગવત્પદને પામ્યા હતા. ૫ એજ કથા પૂર્વે દેવતાઓએ દેવાધિદેવ બ્રહ્માને પૂછતાં તેમણે તેઓને કહી હતી. તે હું તમને કહી સંભળાવું છું. ૬ હે વિદુરજી ! એક દિવસે દક્ષની પુત્રી દિતિએ સંધ્યાકાળે કામાતુર થઇ પુત્રની ઇચ્છાથી યજ્ઞશાળામાં બેઠેલા એકાગ્ર ચિત્તવાળા મરીચિ ઋષિના પુત્ર પોતાના પતિ કશ્યપની પાસે જઇને કહ્યું. ૭-૮

દિતિ કહે છે—" હે વિદ્વન્ ! મદોન્મત્ત હાથી જેમ કેળને પીડે તેમ આ હાથમાં ધનુષ્ય ધારણ કરેલો કામદેવ મને દીનને બળાત્કારે પીડા કરે છે. ૯ વળી શોક્યને પુત્રવાળી જોઇ હું બળી મરૂંછું, માટે આપ મારા ઉપર કૃપા કરો, આપનું કલ્યાણ થશે. ૧૦ જેને વિષે આપના જેવા પોતે પ્રજારૂપે ઉત્પન્ન થાય છે, એવી પતિનું માન પામેલી સ્ત્રીનો જગતમાં યશ ફેલાય છે. ૧૧ પૂર્વે પુત્રીઓ ઉપર હેતવાળા અમારા પિતા દક્ષ પ્રજાપતિએ અમો પુત્રીઓને બોલાવી પૂછયું હતું કે—હે પુત્રીઓ ! તમે કયા વરને પરણશો ? ૧૨ પછી સંતાનની વૃદ્ધિ કરનારા દક્ષે અમો તેર કન્યાઓને અમારી મરજી અનુસાર આપને અર્પણ કરી છે. ૧૩ માટે હે કમળ જેવાં નેત્રવાળા ! હે મહાપુરૂષ ! મારી કામના પૂરી કરો, દુઃખી જનોનું મહાત્માઓને શરણે જવું વ્યર્થ જતું નથી." ૧૪ આ પ્રમાણે વધી પડેલા કામદેવથી દીન બનેલી દિતિએ કહ્યું, એટલે કશ્યપે તેને કહ્યું કે–" હે ભીરૂ ! હું તારી ઇચ્છા પૂર્ણ કરીશ. જે સ્ત્રીથી ધર્મ અર્થ અને કામ એ ત્રણ પુરૂષાર્થની સિદ્ધિ થાય છે, તેના મનોરથ કોણ પૂરા ન કરે ? ૧૬ વહાણથી જેમ સમુદ્રને તરી જવાય છે તેમ ગૃહસ્થાશ્રમી બીજા આશ્રમવાળાઓને અન્નાદિક આપીને ભવસાગરથી તરી જાય છે. ૧૭ હે માનિનિ ! કલ્યાણને ઇચ્છનારા પુરૂષો સ્ત્રીને પોતાનું અરધું અંગ ગણે છે, અને ઘરનો સર્વ ભાર તેના ઉપર મૂકી નિશ્ચિંતપણે ફરે છે. ૧૮ જેમ કિલ્લાનો આશ્રય કરીને રાજા પોતાના શત્રુઓને જીતે છે તેમ સ્ત્રીનો આશ્રય કરીને બીજા આશ્રમવાળાઓથી ન જીતી શકાય એવા ઇંદ્રિયોરૂપી શત્રુઓને જીતીએ છીએ. ૧૯ હે ગૃહેશ્વરી ! અમે બીજા ગુણને કહેનારા પણ અનેક ઉપકાર કરનારી એવા જે તું છે તેનો સંપૂર્ણ આયુષ્યવડે પણ બદલો વાળી શકીએ તેમ નથી. ૨૦ તું બે ઘડી ધીરજ રાખ, તારી પુત્ર ઉત્પાદનની કામના મારી નિંદા ન થાય તેવી રીતે હું પૂરી કરીશ. ૨૧ આ સંધ્યા સમય ઘોર છે, અને ઘોર ફળ આપનારો તથા

ભયંકર દેખાવવાળો છે. આ સમય ભયંકર પ્રાણીઓને ફરવાનો છે, આ વખતે ભૂતપતિ શંકરના અનુચરો ફરે છે. ૨૨ હે સાધ્વી! આ સમયે ભૂતમાત્રને રચનારા ભૂતોના પતિ શંકર બળદ ઉપર બેસીને ભૂતગણો સહિત ફરવા નીકળે છે. ૨૩ જેનો જટાજૂટ સ્મશાનમાંના વંટોળીયાને લીધે ભૂખરો, વીખરાઈગયેલો તથા પ્રકાશમાન છે, જેનો નિર્મળ તથા સુવર્ણ જેવો ગોરો દેહ ભસ્મથી ઢંકાયેલો છે, એવા દેવ શંકર કે જે તમારા દિયર થાય છે તે પોતાનાં ત્રિલોચન (સૂર્ય, ચંદ્ર તથા અગ્નિ) વડે જુએ છે. ૨૪ જેમને જગતમાં કોઇ પોતાનો નથી, કોઈ પારકો નથી, કોઈ વહાલો નથી, કોઇ અળખામણો નથી અને કોઇ નિંદનીય નથી. સર્વ સમાન છે, વળી જેમણે ભોગવીને નિર્માલ્ય જેવી ગણીને ચરણોવડે દૂર ફેંકી દીધેલી સિદ્ધિ આદિ વિભૂતિઓને અમે જેનું આરાધન કરીને મેળવવાને ઇચ્છીએ છીએ. ૨૫ જેનાં નિર્દોષ ચરિત્રોની સ્તુતિ, અવિદ્યારૂપી પડદો ભેદી નાંખવાની ઇચ્છાવાળા વિદ્વાનો કરે છે, જે પોતે સત્પુરૂષોની ગતિરૂપ છે અને જેની બરાબર કે વધારે કોઇ નથી, એવા સદાશિવ પિશાચોની સાથે ફરે છે. ૨૬ કૂતરાંના ભક્ષરૂપ આ દેહને આત્મા માની તેને વસ્ત્રો, પુષ્પો, આભૂષણો તથા ચંદનાદિકથી સુશોભિત કરી લાડ પ્યાર કરે છે, એવા દુર્ભાગી અજ્ઞાનીઓ સ્વરૂપાનંદમાં મગ્ન રહેનારા સદાશિવને હસે છે. ૨૭ જેણે કરેલી મર્યાદાને બ્રહ્માદિક પણ પાળે છે, જે આ જગતનું કારણ છે અને માયા પણ જેની આજ્ઞા પાળે છે, તે પિશાચોની સાથે ફરે છે!! અહો! તેમનું ચરિત્ર મહા આશ્ચર્યકારી છે. ૨૮

મૈત્રેય કહે છે—એ પ્રમાણે પોતાના પતિ કશ્યપજીએ બહુ સમજાવી પણ કામદેવથી વ્યાકુળ થયેલી ઇંદ્રિયોવાળી દિતિએ વેશ્યાની પેઠે ઋષિનું વસ્ત્ર પકડયું. ૨૯ પોતાની સ્ત્રીનો નિષિદ્ધ કર્મમાં આગ્રહ જોઇ કશ્યપજી ભાવિ (દૈવ) ને પ્રણામ કરીને દિતિની ઇચ્છા પૂરી કરવાને એકાંતમાં બેઠા. ૩૦ પછી એ કામથી પરવારી સ્નાન કરી, પ્રાણાયામ કરી તથા મૌન ધારણ કરીને કશ્યપજી સત્વમૂર્તિ જ્યોતિ સ્વરૂપ સનાતન બ્રહ્મનું ધ્યાન કરતા જપ કરવા લાગ્યા. ૩૧ હે વિદુર! પોતાનાં નિંદિત કર્મથી લજ્જા પામેલી દિતિ ઋષિ પાસે આવી નીચું મુખ રાખીને બોલી કે-૩૨

દિતિ કહે છે—હે બ્રહ્મન્! મેં પ્રાણી માત્રના પતિ ભગવાન્ શંકરનો અપરાધ કર્યો છે, માટે તેમનાથી મારા ગર્ભનો નાશ થવો ન જોઇએ. ૩૩ દુ:ખોનો નાશ કરનારા, નિષ્કામ ભક્તોને મોક્ષ આપીને તેમનું કલ્યાણ કરનારા, દંડનો ત્યાગ કરનારા છતાં દુષ્ટોને દંડ દેનારા અને સંહાર સમયે ક્રોધી સ્વરૂપ ધારણ કરનારા ઉગ્રરૂદ્ર મહાદેવને હું નમસ્કાર કરૂં છું. ૩૪ તે પરમ કૃપાળુ સતીના પતિ મહાદેવ કે જે મારા બનેવી છે તે, પારધીએ પણ દયા લાવવા યોગ્ય મારા જેવી સ્ત્રી ઉપર પ્રસન્ન થાઓ. ૩૫

મૈત્રેય કહે છે—સંધ્યા સમયના નિયમથી પરવારીને પ્રજાપતિ કશ્યપજીએ પોતાની ધ્રુજતી સ્ત્રીને, પોતાનાં સંતાનને આ લોક તથા પરલોકમાં સુખ થવાની આશાથી કહ્યું કે-૩૬

કશ્યપજી કહે છે—હે ચંડી! તારા અપવિત્ર મનને લીધે, સંધ્યા સમયના દુષ્ટ કાળને લીધે, મારી આજ્ઞાના ઉલ્લંઘનને લીધે તથા રૂદ્ર દેવતાના મોટા અપરાધને લીધે તારા ઉદરમાં અધમ અને દુષ્ટ બે પુત્રો ઉત્પન્ન થશે, તેઓ લોકપાળો સહિત ત્રૈલોકયને વારંવાર દુ:ખ દેશે. ૩૭-૩૮ જ્યારે દીન નિરપરાધી પ્રાણીઓનો નાશ થવા માંડશે, સ્ત્રીઓ ઉપર બળાત્કાર થવા માંડશે અને મહાત્મા પુરૂષો કોપી ઉઠશે. ૩૯ ત્યારે જગત્કર્તા અને નિયંતા ભગવાન ક્રોધાવિષ્ટ થઇ અવતાર લઇ, વજ્રધારી ઇંદ્ર જેમ પર્વતને હણે તેમ તારા એ પુત્રોને હણશે. ૪૦

દિતિ કહે છે—હે વિભુ! મારા પુત્રોનો વધ સુદર્શન ચક્રથી શોભતી ભુજાઓવાળા સાક્ષાત્ ભગવાનના હાથથી થાય એમ હું ઇચ્છું છું, પરંતુ ક્રોધયુક્ત બ્રાહ્મણોને હાથે નહી. ૪૧ કારણ કે પ્રાણીઓને ભય ઉપજા-

વનારાની ઉપર તથા બ્રાહ્મણના શાપથી બળી ગયેલાની ઉપર નરકના જીવો પણ દયા કરતા નથી. વળી તેઓ જે જે યોનિમાં અવતાર લે છે, તે તે યોનિના પ્રાણીઓ પણ તેના ઉપર કૃપા કરતા નથી. ૪૨

કશ્યપજી કહે છે—તને તારાં કરેલાં દુષ્ટ કર્મો માટે શોક અને પશ્ચાત્તાપ થયો, તથા યોગ્યાયોગ્યનો વિચાર કર્યો તથા ભગવાન ઉપર માનબુદ્ધિ રાખીને તું મારો તથા મહાદેવનો આદર કરે છે, ૪૩ માટે તારા પુત્રના પુત્રોમાં એક સત્પુરૂષોમાં માન પામનારો થશે તથા તેના યશ ભગવાનના યશની સાથે ગવાશે. ૪૪ મેલા સોનાને જેમ તપાવીને શુદ્ધ કરે છે તેમ મહાત્મા પુરૂષો તારા પૌત્રના સ્વભાવ જેવો નિર્વૈરાદિક સ્વભાવ કરવા માટે પોતાના આત્માને શુદ્ધ કરશે. ૪૫ જે ઇશ્વરરૂપ આ જગત જેની કૃપાથી પ્રસન્ન રહે છે, તે સાક્ષીરૂપ ભગવાન અનન્ય ભક્તિથી એ તારા પૌત્ર ઉપર પ્રસન્ન થશે. ૪૬ તે મહાભગવદ્‌ભક્ત, મહાત્મા, મહાનુભાવ, મહતજનોમાં મહાન્ તારો પૌત્ર વૃદ્ધિ પામેલી ભક્તિથી અનુભવેલા અંતઃકરણમાં વૈકુંઠવાસી ભગવાનને રાખીને દેહાદિક અભિમાનનો ત્યાગ કરશે. ૪૭ વળી તે લંપટ નહી થાય, પણ શીળધારી, સર્વગુણ સંપન્ન, પારકાના દુઃખે દુઃખી, બીજાના શ્રેયથી રાજી થનાર, શત્રુરહિત, અને ચંદ્રમા જેમ ગરમીને શાંત કરે છે તેમ તે જગતનો શોક સંતાપ શાંત કરનાર થશે. ૪૮ વળી તારો પુત્ર અંતર બહાર નિર્મળ કમળ સરખાં નેત્રવાળા, ઈચ્છાનુસાર અવતાર લેનારા, શ્રી લક્ષ્મીના ભૂષણરૂપ અને તેજોમય કુંડળોથી શોભતા મુખવાળા ભગવાનનાં દર્શન કરનારો થશે. ૪૯.

મૈત્રેય કહે છે—પોતાનો પૌત્ર ભગવાનનો ભક્ત થશે, તથા પોતાના બે પુત્રોનો વધ શ્રી કૃષ્ણ ભગવાનના હાથે થશે, એ વાત સાંભળીને મોટા મનવાળી દિતિ બહુ પ્રસન્ન થઇ.૫૦

श्रुत्वा भागवतं पौत्र ममोदत दिति र्भृशम् ॥
पुत्रयोश्च वधं कृष्णाद्विदित्वासीन्महामनाः॥५०॥

ઈતિશ્રીમદ્ ભાગવતપુરાણના તૃતીય સ્કંધમાં દિતિ કશ્યપ સંવાદ નામનો ૧૪ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૫ મો.

સનત્કુમારોનું વૈકુંઠમાં જવું અને તેમણે જય વિજયને દીધેલો શાપ.

मैत्रेय उवाच.

प्राजापत्यं तु तत्तेजः परतेजोहनं दितिः ॥
दधार वर्षाणिशतं शंकमाना सुरार्दनात् ॥

મૈત્રેય કહે છે—દેવતાઓને પીડા થવાના ભયથી બીજાના તેજને હરી લેનારૂં કશ્યપનું તેજ (વીર્ય) દિતિએ સો વર્ષ સુધી પોતાના ઉદરમાં ધારણ કરી રાખ્યું. ૧ તેથી લોકમાં અંધકાર થઇ રહ્યો, એટલે નિસ્તેજ થઇ ગયેલા લોકપાળોએ બ્રહ્મા પાસે જઇને કહ્યું કે-૨

દેવતાઓ કહે છે—હે વિભુ ! આ અંધકારથી અમે ભયભીત છીએ, કાળ પણ આપના જ્ઞાનને કદી બાધ કરી શકતો નથી એવા આપનાથી આ વાત અજાણી નથી. ૩ હે દેવાધિદેવ ! હે જગતપાલક ! હે લોકપાળોના મુકુટમણિ ! આપ સર્વ પ્રાણીમાત્રના અભિપ્રાયને જાણો છો. ૪ તમે વિજ્ઞાનરૂપી બળવાળા છો. આપે માયાથી રજોગુણવડે દેહ ધારણ કરેલો છે, અને આપની ઉત્પત્તિ જાણવામાં આવતી નથી. એવા આપને અમે નમસ્કાર કરીએ છીએ. ૫ પ્રાણીઓને સરજનારા, કાર્યકારણરૂપ હોવા છતાં તેનાથીપર, અને જેને વિષે આ જગત ગુંથાઇ રહ્યું છે, એવા આપને જેઓ અનન્યભાવથી ભજે છે, તથા જેઓ પ્રાણ, ઈંદ્રિયો અને મનને વશ રાખી સારી રીતે પકવ થયેલા યોગથી આપને ભજે છે, તેઓનો પરાભવ કોણ કરી શકે તેમ છે ? ૬–૭ દોરડીથી બંધાયેલી ગાયોની પેઠે જેની વાણીને બલિ આપે છે, તે મુખ્ય એવા આપને અમે પ્રમાણ કરીએ છીએ. ૮ હે ઇશ્વર ! અંધકારથી અમારાં સર્વ કર્મોનો લોપ થઈ ગયો છે, માટે અમને સુખી કરો, અને અમો

શરણાગતને દયાવાળી દૃષ્ટિથી જુઓ. ૯ હે દેવ! કશ્યપે દિતિના ઉદરમાં ધારણ કરેલ વીર્યરૂપ ગર્ભ, જેમ કાષ્ટમાંનો અગ્નિ વૃદ્ધિ પામે તેમ સર્વ દિશાઓમાં અંધકાર ફેલાવતો વધી પડયો છે. ૧૦

મૈત્રેય કહે છે—હે વિદુર! દેવતાઓની વિનંતીને જાણનારા મહાબાહુ સ્વયંભૂ (બ્રહ્મા) હસીને મધુર વાણીથી દેવતાઓને પ્રસન્ન કરતા બોલ્યા. ૧૧

બ્રહ્મા કહે છે—હે દેવતાઓ! મારા મનથી ઉત્પન્ન થયેલા તમારા પૂર્વજ ચાર કુમાર (સનક, સનંદન, સનાતન અને સનત્કુમાર) લૌકિક સુખથી નિઃસ્પૃહ થઇ આકાશ માર્ગે લોકોમાં ફરતા હતા. ૧૨ એક દિવસ તેઓ નિર્મળ અંતઃકરણવાળા સર્વ લોકથી નમાયલા વૈકુંઠ લોકમાં ગયા. ૧૩ જે વૈકુંઠ લોકના સર્વ પુરૂષો વિષ્ણુની પેઠે ચાર ભુજાઓવાળા છતાં નિષ્કામ ધર્મવડે ભગવાનનું આરાધન કરે છે, ૧૪ અને જ્યાં ધર્મમૂર્તિ, આદિ પુરૂષ, શબ્દમાત્રના વક્તા ભગવાન વિષ્ણુ શુદ્ધ સત્વમય સ્વરૂપ ધારણ કરી પોતાના ભક્તનું રક્ષણ કરે છે. ૧૫ ત્યાં સર્વ ઋતુમાં ફળનારાં સમૃદ્ધિવાળાં કલ્પવૃક્ષ સમાન વૃક્ષોથી શોભાયમાન મૂર્તિમાન કૈવલ્યના જેવું એક નૈશ્રેયસ નામનું વન છે. ૧૬ તેમાં વસંતઋતુમાં પાણીની અંદર ખીલતી વાસંતી નામની લતાઓની સુગંધથી જેઓની મનોવૃત્તિ આકર્ષાય છે એવાં વિમાનમાં બેસીને ફરનારાં ત્યાંનાં સ્ત્રી પુરૂષો તે સુગંધીનો અનાદર કરીને લોકનાં પાપોનો નાશ કરનારા ભગવાનનાં ચરિત્રો ગાય છે. ૧૭ વળી ત્યાં ભ્રમરોના નાયકો ઉંચા સ્વરે ગુંજારવ કરી ભગવાનનું ભજન કરે છે, ત્યારે પારેવાં, કોયલ, સારસ, ચક્રવાક, બપૈયા, હંસ, પોપટ, તેતર અને મયૂરોનો કલરવ ક્ષણવાર બંધ પડે છે. ૧૮ ત્યાં ભગવાને સર્વનો ત્યાગ કરીને તુલસીને આભૂષણરૂપ માની સ્વીકારેલી હોવાથી મંદાર, કુંદ, તિલક, કુમુદ (પોયણીઓ) ચંપા, સાગ, પુન્નાગ, નાગકેશર, બોલસરી, કમળ અને પારિજાતક વગેરે વૃક્ષો પોતે સુગંધવાળાં હોવા છતાં તુલસીના તપને બહુ માન આપે છે. ૧૯ શ્રી હરિના ચરણમાં માત્ર પ્રણામ કરવાથીજ જોવામાં આવેલાં વૈદૂર્ય, મરકતમણિ તથા સુવર્ણનાં વિમાનોથી ભરપૂર વૈકુંઠ લોકમાં શ્રી કૃષ્ણમાંજ જેઓનું મન છે એવા પુરૂષોને, મોટા નિતંબવાળી તથા મંદહાસ્યથી શોભતા મુખવાળી સ્ત્રીઓ મશ્કરી ભરેલાં વચનોથી પણ કામ ઉત્પન્ન કરી શકતી નથી. ૨૦ ચરણારવિંદમાં પેહેરેલાં ઝાંઝરના ઝમકાર કરનારાં અને જેની કૃપા માટે બ્રહ્માદિક યત્ન કરે છે એવાં સાક્ષાત્ લક્ષ્મીજી પણ પોતાની ચંચળતાનો ત્યાગ કરી, હાથમાં લીલું કમળ ઝાલી સુવર્ણમય સ્ફટિકમણિની ભીંતોવાળાં ભગવાનનાં મંદિરમાં વાસીદું વાળતાં હોય એવાં દેખાય છે. ૨૧ વળી પોતાની સખીઓથી વીંટાએલાં લક્ષ્મીજી પોતાના વનમાં તુલસીવડે ભગવાનની પૂજા કરે છે. તે વખતે પરવાળાંના કિનારાવાળી અને નિર્મળ જળથી ભરેલી વાવોમાં સુંદર કેશપાશ અને ઊંચી નાસીકાવાળું પોતાના મુખનું પ્રતિબિંબ જોઇને ભગવાન મારા આવા મુખનું ચુંબન કરે છે એમ માને છે. ૨૨ જે પાપીઓ ભગવાનની સૃષ્ટિ આદિક લીલાની કથાનો ત્યાગ કરીને બીજી બુદ્ધિને ભ્રષ્ટ કરનારી અને નર્કમાં નાંખનારી કામસંબંધી કથા સાંભળે છે, તે અભાગીઆઓ કદી વૈકુંઠમાં જવા પામતા નથી. ૨૩ મારા સહિત દેવતાઓ પણ જે મનુષ્યયોનિને ઇચ્છે છે તે મનુષ્યયોનિ કે જેમાં ધર્મ અને આત્મજ્ઞાન સેહેજેજ મેળવી શકાય છે, તેમાં જન્મીને જે બહિત બનીને ભગવાનનું આરાધન નથી કરતા તે પણ વૈકુંઠમાં જઈ શકતા નથી. ૨૪ દેવશ્રેષ્ઠ ભગવાનની સેવા કરવાથી યમરાજ પણ જેનાથી દૂર રહે છે, જેનાં આચરણ ઇચ્છવા યોગ્ય છે અને સર્વના સ્વામી ભગવાનના સુયશની કથા ગાતાં પ્રેમથી પરવશ થઇ જેની આંખમાં આનંદાશ્રુ આવીને શરીર રોમાંચ થાય છે, તે મારાથી પણ ઉત્તમ ભક્ત વૈકુંઠમાં જાય છે. ૨૫ જેમાં જગદ્ગુરૂ ભગવાને નિવાસ કર્યો છે, સર્વ ભુવનોમાં જે

એકજ વંદન કરવા યોગ્ય છે, જે અલૌકિક છે અને જે દેવતાઓનાં વિચિત્ર વિમાનોથી પ્રકાશી રહ્યું છે, એવા વૈકુંઠ ધામને પોતાની યોગમાયાના બળથી પામીને સનકાદિક આનંદ પામ્યા. ૨૬ વૈકુંઠની શોભા જોવામાં આસક્ત મન વગરના એ મુનિઓ છ દોઢી ઓળંગીને સાતમી દોઢીએ ગયા. ત્યાં તેમણે સમાન ઉમ્મરના, હાથમાં ગદા લઈ ઉત્તમ બાજુબંધ, કુંડળ તથા મુકુટવડે સુંદર વેશ ધારણ કરીને ઊભેલા બે દેવોને દીઠા. ૨૭ મદોન્મત્ત ભ્રમરો જેના ઉપર ગુંજારવ કરે છે એવી કંઠમાં પહેરેલી વનમાળાવાળા, સુંદર ચાર ભુજાઓવાળા, વાંકી ભ્રકુટિવાળા અને ચઢેલાં નસકોરાં તથા રાતી આંખોવડે મુખપર કંઈક ક્રોધ જણાય છે એવા એ બે દેવતાઓને દીઠા. ૨૮ એ મુનિઓ જેમ પ્રથમની છ દોઢીમાં વગર પૂછે પેઠા હતા તેવીજ રીતે સુવર્ણમય હીરાજડિત કમાડવાળી એ સાતમી દોઢીમાં પેઠા, કારણ કે તે મુનિઓ સમાન દૃષ્ટિવાળા હોવાથી નિઃશંકપણે સર્વત્ર વિચરનારા છતાં તેમને કોઈ રોકતું નહતું. ૨૯ ભગવાનના સ્વભાવ કરતાં ઊલટા સ્વભાવવાળા એ બે દ્વારપાળોએ વૃદ્ધ છતાં પણ પાંચ વર્ષની અવસ્થાવાળા જણાતા તથા આત્મતત્ત્વને જાણનારા એ ચારે કુમારોને તેમના તેજની હાંસી તથા અનાદર કરીને, રોકવાને અયોગ્ય છતાં અંદર જતાં છડીથી અટકાવ્યા. ૩૦ એ બે દ્વારપાળોએ દેવતાઓના દેખતાં તેઓ પૂજવા યોગ્ય છતાં રોક્યા. તેથી ક્રોધ કરવાને અયોગ્ય છતાં ભગવાનનાં દર્શન કરવા જતાં વિઘ્ન કરવાથી જરા ક્રોધથી રાતી આંખો કરીને તેઓ બોલ્યા કે-૩૧

સનકાદિક કહેછે—ભગવાનની ઉત્તમ સેવાથી તમે અહીં સમદૃષ્ટિવાળા લોકમાં આવેલા છો, તેમ છતાં કેટલાકને આવવા દેવા અને કેટલાકને નહી આવવા દેવા એવી વિષમ દૃષ્ટિ તમારામાં ક્યાંથી? અહીં ભગવાનના ભક્ત વગર બીજો કોઇ આવી શકતો નથી, વળી શાંતસ્વરૂપ ભગવાનને કોઈની સાથે વિરોધ નથી, કે જેથી કોઈનો ભય રાખે, તેમ છતાં તમોએ શંકા આણીને અમને રોક્યા, તેથી અમને લાગેછે કે તમે કપટી છો. ૩૨ ધીર પુરૂષો, સર્વ જગત જેના ઉદરમાં છે એવા ભગવાનથી પોતાના આત્માને જુદો માનતા નથી, પરંતુ મહાકાશથી ઘટાકાશ જુદો નથી, તેમ પોતાનો આત્મા પરમાત્માથી જુદો નથી એમ માને છે. તમે દેવતાઇ શરીરવાળા છતાં ભગવાનના ઉદરથી અમને બહાર માનીને ભગવાનમાંજ દ્વૈતબુદ્ધિથી થનારા ભયનું આરોપણ કર્યું. ૩૩ એ માટે વૈકુંઠપતિના સેવક અને મંદબુદ્ધિવાળા એવા તમારા બેનું કેવી રીતે હિત કરવું? તેનો અમે વિચાર કરીએ છીએ. એમ કહીને સનત્કુમારો બોલ્યા કે-" તમે પરમાત્માને વિષે ભેદ બુદ્ધિ કરી માટે જ્યાં ભેદ બુદ્ધિ કરનારા કામ ક્રોધ તથા લોભ એ ત્રણ મોટા શત્રુઓ વસેછે તે લોકમાં જાઓ." ૩૪ મુનિઓનાં આવાં ઘોર વચનો સાંભળીને ભય પામતા એવા ભગવાનના એ બન્ને સેવકો બ્રાહ્મણોનો શાપ શસ્ત્રસમુહથી પણ અનિવાર્ય છે એમ જાણીને તુરતજ તેમના ચરણમાં દંડની પેઠે લાંબા થઇ પડયા. ૩૫ અને બોલ્યા કે—ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન કરવારૂપી પાપને માટે આપે જે દંડ દીધો તે યોગ્ય છે, પરંતુ આપની કૃપાથી થયેલા લેશમાત્ર પશ્ચાત્તાપને લીધે અમે અજ્ઞાનવાળી નીચ યોનિમાં જઇએ ત્યાં ભગવાનના સ્મરણનો નાશ કરનારો મોહ અમને થવો ન જોઈએ. ૩૬ પોતાના સેવકોએ મહાત્માઓનો અપરાધ કરેલો છે એમ જાણીને પદ્મનાભ ભગવાન કે જે આર્યોના હૃદયરૂપ છે તથા જેના ચરણોને મહામુનિઓ શોધ્યા કરેછે. તે લક્ષ્મી સહિત ત્યાં આવ્યા, ૩૭ હંસ જેવા શ્વેત પંખાથી સુખકારક વાયુથી ઝુલતી શ્વેત છત્રરૂપ ચંદ્રને ફરતી મોતીની સેરોરૂપ કિરણોમાંથી જેની ઉપર છાંટા પડે છે, એવા સમાધિને વિષે ધ્યાન કરવા યોગ્ય પ્રત્યક્ષ પધારેલા ભગવાનને તે મુનિઓએ જોયા. ૩૮ કૃપાવડે પ્રસન્ન મુખવાળા, ઇચ્છિત

યોગ્ય ગુણોના ધામરૂપ, પ્રેમી દૃષ્ટિથી ભક્તોને સુખ દેનારા, શ્યામ તથા વિશાળ છાતીમાં શોભતાં લક્ષ્મીવડે સાતે લોકની ઉપર મુકુટમણિરૂપ રહેલા વૈકુંઠ લોકના શણગારરૂપ, પીતાંબરથી શોભતા મોટા નિતંબ ઉપર કટિમેખલા ધારણ કરેલા, જેના ઉપર ભ્રમરો ગુંજારવ કરી રહ્યા છે એવી વનમાળા ધારણ કરવાથી શોભતા, સુંદર કાંડાંમાં કડાં ધારણ કરેલા, ગરૂડની ખાંધ ઉપર જેમણે એક હાથ ધારણ કર્યો છે અને બીજા હાથે કમળને ફેરવેછે એવા, ૪૦ પોતાની કાંતિથી વિજળીને પણ ઝાંખી પાડે એવાં તેજસ્વી કુંડળોને પણ શોભાવનારા, ગંડસ્થળથી શોભાયમાન, ઉપડતી નાસિકાયુક્ત મુખવાળા, મણિજડિત મુકુટ ધારણ કરેલા, ચાર ભુજાઓની વચ્ચે રહેલા હારથી તથા કંઠમાં પહેરેલા કૌસ્તુભમણિથી શોભતા, ૪૧ જેમના રૂપ આગળ લક્ષ્મીનો પણ ગર્વ ઉતરી ગયો છે એમ ભક્તોએ માનેલા, અપાર સુંદરતાવાળા, અને જે મારે માટે, સદાશિવને માટે અને તમારે માટે અવતાર ધારણ કરેછે તથા પોતાના સેવકોએ ચાલવામાં ઉપયોગી પાદુકા—છત્ર વગેરે પદાર્થ અર્પણ કરેલા છે એવા. આવા ભગવાનનાં દર્શનથી તૃપ્ત થયેલાં નેત્રોવાળા સનત્કુમારોએ પ્રીતિપૂર્વક ભગવાનને મસ્તક નમાવીને પ્રણામ કર્યા. ૪૨ તે કમળ સરખાં નેત્રોવાળા ભગવાનના ચરણારવિંદનાં કેસરો સાથે મળેલી તુલસીની સુગંધવાળા વાયુએએ મુનિઓની નાસિકાનાં છિદ્રદ્વારા અંદર જઈને બ્રહ્માનંદનો અનુભવ કરનારા છતાં તેમના મનમાં અને શરીરમાં આનંદ ઉપજાવ્યો. ૪૩ તે મુનિઓ, અત્યંત સુંદર હોઠ તથા ઉજ્વળ હાસ્યવાળું નીલકમળની અંદરના પદ્મકોશ જેવું ભગવાનનું મુખ જોઈને પોતાનો મનોરથ પૂરો થયો સમજી નખરૂપ રાતા મણિવાળા ભગવાનના ચરણારવિંદનાં દર્શન કરી તેનું ધ્યાન કરવા લાગ્યા. ૪૪ યોગમાર્ગથી ભગવાનના સ્વરૂપને શોધનારા પુરૂષોને ધ્યાનના વિષયરૂપ, તત્વવેત્તાઓને અતિ આદર કરવા યોગ્ય, નેત્રોને આનંદ આપનારા, સ્વાભાવિક અણિમાદિક આઠ સિદ્ધિઓવાળા, અને પુરાણપુરૂષરૂપે દર્શન દેનારા ભગવાનની સનત્કુમારો સ્તુતિ કરવા લાગ્યા. ૪૫

સનકાદિક સ્તુતિ કરેછે—હે અનંત! આપ સર્વ જીવોના અર્થાત્ દુરાત્માઓના હૃદયમાં પણ રહેલા છો, તેમ છતાં તેઓને જણાતા નથી, તે આપે આજે અમને પ્રત્યક્ષ દર્શન દીધાં. જ્યારે આપનાથી ઉત્પન્ન થયેલા અમારા પિતા બ્રહ્માએ અમારી પાસે આપનું વર્ણન કરેલું, ત્યારે કાનનાં છિદ્રો વાટે આપ અમારી બુદ્ધિમાં પેઠા છો. ૪૬ હે ભગવાન્! આપની કૃપાથી જાણેલી નવ પ્રકારની ભક્તિવડે શુદ્ધ સત્વગુણવાળા અહંકાર રહિત વૈરાગ્યવાન મુનિઓ જે આત્મસ્વરૂપનો હૃદયમાં અનુભવ કરે છે, તે પરમ આત્મસ્વરૂપ આપ શુદ્ધ અને સત્વગુણી મૂર્તિવડે ભક્તજનોને પ્રસન્ન કરોછો એમ અમે જાણીએ છીએ. ૪૭ હે અંગ! કીર્તન કરવા યોગ્ય પવિત્ર યશવાળા આપ ભગવાનની કથાના રસને જાણનારા અને આપના ચરણારવિંદને શરણે રહેલા ભક્ત લોક, મોક્ષરૂપ પ્રસાદને પણ ગણતા નથી, ત્યારે આપની કરડી નજરથી જેમાં ભય છે એવા સ્વર્ગાદિક સુખને તો ગણેજ કેમ? ૪૮ જો અમારૂં મન ભ્રમરની પેઠે આપના ચરણકમળમાં રમ્યા કરે, જો અમારી વાણી તુલસીની પેઠે આપના ચરણારવિંદના સંબંધથી સુશોભિત રહે, જો અમારા કાનનાં છિદ્ર આપના ગુણાનુવાદ વડે પૂરાય, તો ભલે અમારાં પાપોથી અમારો જન્મ નીચયોનિમાં થાય. ૪૯ હે મોટી કીર્તિવાળા! આપે જે આ રૂપ પ્રગટ કર્યું છે, તેનાં દર્શન કર્યાથી અમારી દૃષ્ટિ નિર્વૃત્તિ પામી છે. હે પ્રભુ! ઇંદ્રિયો જેને વશ નથી એવા પુરૂષોને આપનાં દર્શન થવાં દુર્લભછે, તેમ છતાં આપ અમારી આગળ આ પ્રમાણે પ્રગટ થયા છો, એવા આપને અમે નમસ્કાર કરીએ છીએ. ૫૦.

प्रादुश्चकर्थ यदिदं पुरुहूत रूपं।
तेनेश निर्वृतिमवापुरलं दृशोनः ॥

तस्मा इदं भगवते नम इद्विधेम।
गोऽनात्मनां दुरुदयो भगवान् प्रतीतः॥
ઇતિ શ્રીમદ્ ભાગવત પુરાણના તૃતીય સ્કંધમાં જયવિજયનો શાપ વર્ણન નામનો ૧૫ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૬ મો.

સનકાદિકોએ જયવિજય ઉપર કરેલો અનુગ્રહ.

॥ब्रह्मोवाच॥

इति तद्गृणतां तेषां मुनीनां योग धर्मिणाम्॥
प्रतिनंद्य जगादेदं विकुंठ निलयो विभुः॥१॥

બ્રહ્મા કહેછે—એ પ્રમાણે યોગધર્મવાળા મુનિઓનાં વચનોને વખાણીને વૈકુંઠવાસી ભગવાને તેઓને આ પ્રમાણે કહ્યું. ૧

શ્રી ભગવાન કહેછે—આ મારા જય વિજય પાર્ષદોએ મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરીને તમારૂં મોટું અપમાન કર્યું, ૨ તે તમો દેવતાઓના અપરાધ માટે તમો મારા ભકતોએ તેમને જે દંડ દીધો છે તે મેં માન્ય કર્યો છે. ૩ બ્રાહ્મણો મારૂં પરમ દૈવત છે, તેથી તેઓનું મારા માણસોએ અપમાન કર્યું તેનું મેંજ અપમાન કર્યું એમ હું માનુંછું. તેથી હું આપને પ્રસન્ન કરૂંછું. ૪ ચાકર અપરાધ કરે તેમ છતાં લોકો તેના સ્વામીનું નામ લઇ સ્વામીનેજ દોષ દેછે; જેમ કોઢ ચામડીને બગાડેછે, તેમ દુષ્ટ ચાકર સ્વામીની કીર્તિનો નાશ કરેછે. ૫ જે મારા અમૃત જેવા નિર્મળ યશ સાંભળવાથી ચાંડાળ સુદ્ધાં સઘળું જગત તુરત પવિત્ર થઈ જાયછે, તે હું કેવળ આપ જેવાના જ પ્રતાપે પવિત્ર કીર્તિને પામ્યોછું. માટે જો મારી ભુજા પણ જો તમારાથી પ્રતિકુળ ચાલે તો તેને પણ હું કાપી નાંખું. ૬ તમારી સેવાથી મારા ચરણની રજ પવિત્ર થયેલી છે અને હું સર્વ જગતનાં પાપ દૂર કરી શકુંછું, તથા સદાચરણી છું, અને જે લક્ષ્મીની પોતાની ઉપર દૃષ્ટિ પડવા માટે બ્રહ્માદિક દેવતાઓ નિયમ ધારણ કરેછે તે લક્ષ્મી પણ મારો ત્યાગ કરતી નથી, એ સર્વ આપના ચરણની સેવાનું ફળ છે. ૭ મને અર્પણ કરેલાં કર્મનાં ફળવડે સંતોષ પામેલા તથા જેમાંથી ઘી ટપકી રહેલું છે એવા અન્નના કોળીયા ભરી ભોજન કરતા બ્રાહ્મણના મુખદ્વારા જેવું હું બળિ ખાઉંછું, તેવું યજ્ઞમાં યજમાનનું હવિષ અગ્નિના મુખદ્વારા હું ખાતો નથી. ૮ જેનું ચરણોદક શિવસહિત સર્વ લોકને પવિત્ર કરેછે, વળી જેની યોગમાયાની વિભૂતિ અખંડિત અને પરાભવ પામે નહી એવી છે એવો હું, જે બ્રાહ્મણોની નિર્મળ ચરણ રજને મુગટોથી ધારણ કરૂંછું, તે બ્રાહ્મણ કદાચિત અપરાધ કરે, તોપણ તેનો અપરાધ કોણ સહન કરે નહી? ૯ મારા શરીરરૂપ બ્રાહ્મણ, ગાય તથા અનાથ પ્રાણીઓને જેઓ ભેદબુદ્ધિથી મારાથી જુદાં જુએછે, તે પાપને લીધે તેઓની દૃષ્ટિ નાશ પામેછે, અને તેને સર્પના જેવા ક્રોધવાળા યમદૂતો ક્રોધ કરી ગીધની પેઠે ફોલી ખાયછે. ૧૦ જેઓ બ્રાહ્મણોને ભગવદ્રૂપ ગણી પ્રસન્ન મનથી તથા હસતા મુખકમળથી પૂજન કરેછે, તથા પુત્ર જેમ પિતાની સ્તુતિ કરે તેમ મધુરવાણીથી જેઓ તેમની સ્તુતિ કરેછે, તથા પ્રેમથી બોલાવેછે, તેઓએ મને વશ કર્યો છે એમ સમજવું. ૧૧ માટે પોતાના સ્વામીનો અભિપ્રાય નહિ જાણનારા આ જયવિજય તુરત પોતાના અપરાધનું ફળ ભોગવી પાછા મને પામો. તેમના ઉપર હું એટલો અનુગ્રહ કરૂંછું કે એ બે મારા અનુચરોનો મારા વિયોગનો અંત થોડા સમયમાં આવી જાઓ. ૧૨

બ્રહ્મા કહેછે—એ પ્રમાણે ભગવાનની મંત્રપ્રવાહ જેવી, પ્રકાશમાન, મધુર અને ગંભીર વાણી સાંભળીને ક્રોધે ભરાયેલા મુનિઓ તૃપ્ત થયા નહી. ૧૩ અને મનમાં વિચારવા લાગ્યા કે—શું ભગવાન અમારાં વખાણ કરેછે? અથવા નિંદેછે? અથવા અમે દીધેલો દંડ ઓછો કરવા ધારેછે? અથવા બીજું કાંઇ કરવા ઇચ્છેછે કે શું? ૧૪ છેવટે

ભગવાન આપણી સ્તુતિજ કરેછે એમ જાણવામાં આવતાં મુનિઓ રોમાંચિત થઈ યોગમાયાના ઐશ્વર્યવાળા ભગવાન પ્રત્યે હાથ જોડીને બોલ્યા કે ૧૫

સનકાદિક કહેછે—હે દેવ ! આપ સર્વેશ્વર છતાં "મારા ઉપર અનુગ્રહ કર્યો" એમ બોલોછો, તેથી આપનુ કહેવું અમે સમજી શકતા નથી. ૧૬ હે પ્રભુ ! આપને બ્રાહ્મણો પ્રિય છે, તે બ્રાહ્મણો આપનું પરમદૈવત છે, અને દેવતાઓને પરમપૂજ્ય એવા બ્રાહ્મણોનું તમે પરમદૈવત અને આત્મા છો. ૧૭ આપજ અનેક અવતાર ધારણ કરી સનાતન ધર્મનુ રક્ષણ કરોછો, તથા ધર્મનું વિકારરહિત, ગુપ્ત અને મુખ્યફળ આપજ છો. ૧૮ જેના અનુગ્રહથી યોગીજનો વિરક્ત થઈને વિના શ્રમે જન્મમરણથી મુક્ત થઇ જાયછે, એવા આપની ઉપર અમારા જેવા બીજા અનુગ્રહ કરે એ કેમ સંભવે ? ૧૯ સુકૃત્યવાન પુરૂષોએ ચરણમાં અર્પણ કરેલા તુલસીની નવીનમાળા જેનું નિવાસસ્થાન છે, એવા ભ્રમરના સ્થાનરૂપ ચરણારવિંદની કામનાવાળી સાક્ષાત લક્ષ્મી—કે જેના ચરણની રજને ધનની ઇચ્છાવાળા પુરૂષો માથા ઉપર ચઢાવેછે તે (લક્ષ્મી) પણ આપને વારંવાર સેવેછે. ૨૦ જેની ઉત્તમ ભક્તો ઉપર અત્યંત પ્રીતિ છે એવા આપની શુદ્ધ ચરિત્રોથી લક્ષ્મીજી સેવા કરેછે તોપણ આપ તેને અતિ આદર આપતા નથી, તે તમે બ્રાહ્મણોના ચાલવાથી પવિત્ર થયેલા માર્ગની રજથી અથવા શ્રીવત્સના ચિન્હથી શું પવિત્ર થાઓછો ! તમે ભજવા યોગ્ય સર્વ ગુણના આધાર છો. આપ બીજા લોકોને દાખલો આપવા માટે અમારૂં આટલું બધું માન રાખોછો. ૨૧ હે ત્રણ યુગમાં અવતાર ધરનારા ભગવાન ! તમે ધર્મમૂર્તિ છો, તેથી તપ, શૌચ, દયા એ ચરણોથી બ્રાહ્મણ તથા દેવતાઓને માટે જગતનું રક્ષણ કરોછો, માટે આપના એ ચરણોનો નાશ કરનારા અમારા રજોગુણ તથા તમોગુણને આપના વરદાન દેનારા સત્વગુણી શરીરવડે નાશ કરો. ૨૨ હે દેવ આપ ધર્મમૂર્તિ જો ઉત્તમ બ્રાહ્મણના કુળનું, સારી રીતના પૂજનવડે, મધુર વાણીવડે અને સત્યવડે રક્ષણ ન કરો તો આપે પ્રવર્તાવેલા કલ્યાણકારી વેદમાર્ગનો અવશ્ય નાશ થઇ જાય. કારણ કે સર્વથી શ્રેષ્ઠ એવા આપનાં આચરણ પ્રમાણે લોકો વર્તે છે. ૨૩ મનુષ્યોનું કલ્યાણ ઈચ્છનારા તથા જેમણે રાજા આદિ શક્તિથી ધર્મના વિરોધીઓને જડમૂળથી ઉખેડી નાંખ્યા છે, એવા સત્વના ભંડારરૂપ આપને વેદમાર્ગનો નાશ ગમતો નથી. ધર્મના રક્ષણ માટે આપ બ્રાહ્મણોને નમોછો તેથી આપના તેજની હાનિ થતી નથી, એ તો માત્ર આપ જગત્પાલકનો વિનોદ છે. ૨૮ હે પ્રભુ ! આ જયવિજયને બીજો કોઇ દંડ દેવા આપની ઇચ્છા હોય અથવા તેઓની કાંઇક આજીવિકા કરી આપવાને ઇચ્છતા હો તો તે અમે નિષ્કપટ મનથી માન્ય કરીએ છીએ, વળી અમે આ નિરપરાધીઓને શાપ આપ્યો માટે અમને પણ યોગ્ય દંડ દો. ૨૫

શ્રી ભગવાન કહેછે—હે વિપ્રો ! તમે જે શાપ આપ્યો છે તે મેં આપ્યા બરાબર છે, માટે ક્રોધના વેગથી વૃદ્ધિ પામેલી ચિત્તની એકાગ્રતાથી દૃઢ યોગાભ્યાસ કરનારા આ બે જયવિજય નામના પ્રતિહારીઓ દૈત્યયોનિ ભોગવીને તુરત મારી પાસે આવશે. ૨૬

બ્રહ્મા કહેછે—પછી તે મુનિઓ નેત્રને આનંદ આપનારા વૈકુંઠ લોકનાં તથા સ્વયંપ્રકાશ ભગવાનનાં દર્શન કરી, ભગવાનને પ્રદક્ષિણા કરી, આજ્ઞા માગીને વૈકુંઠ લોકની શોભાનાં વખાણ કરતા આનંદથી પાછા ફર્યા. ૨૭-૨૮ પછી ભગવાને જયવિજયને કહ્યું કે—"તમે ડરશો નહી, તમારૂં કલ્યાણ થશે, હું સમર્થ છું, તોપણ બ્રાહ્મણોનો શાપ મિથ્યા કરવાને હું ઇચ્છતો નથી, માટે જાઓ. ૨૯ પૂર્વે મારી પાસે આવતાં લક્ષ્મીને તમે બે જણાંએ રોકયાં હતાં, ત્યારે તેમણે તમને ગુસ્સે થઇને "બ્રાહ્મણો શાપ દેશે" એમ કહ્યું હતું. ૩૦ તમે વેરભાવથી મારાવિષે થયેલી ચિત્તની એકાગ્રતાથી બ્રાહ્મણનો શાપ ભોગવીને થોડાજ સમયમાં મારી પાસે પા-

છો આવશો. ૩૧ એ પ્રમાણે દ્વારપાળોને આજ્ઞા કરીને ભગવાન વિમાનોની હારોથી સર્વ કરતાં અધિક શોભાવાળા પોતાના મંદિરમાં પધાર્યા. ૩૨ પછી પેલા દેવ શ્રેષ્ઠ દ્વારપાળો બ્રાહ્મણોના દુસ્તર શાપને લીધે નિસ્તેજ તથા ગર્વરહિત થઈ વૈકુંઠમાંથી નીચે પડયા. ૩૩ જ્યારે તે બન્ને નીચે પડયા ત્યારે વિમાનોમાં બેઠેલા દેવતાઓમાં મોટો હાહાકાર થઇ ગયો. ૩૪ ભગવાનના એ બે પાર્ષદોએ હાલમાં કશ્યપના ભયંકર તેજ (વીર્ય) રૂપે દિતિના ઉદરમાં પ્રવેશ કર્યો છે. ૩૫ હે દેવતાઓ ! એ બે અસુરોના તેજથી હાલમાં તમારૂં તેજ ઝાંખું પડયું છે; એમ કરવાની ભગવાનનીજ ઇચ્છા છે. ૩૬ જે જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરનારા છે, જે આદિપુરૂષ છે, અને જેની યોગમાયાને યોગેશ્વરો પણ જાણી શકતા નથી, એવા ત્રૈલોક્યાધિપતિ ભગવાન આપણું કલ્યાણ કરશે. તેમની મરજી વિરૂદ્ધ આપણું ધાર્યું કાંઇ કામ આવે તેમ નથી. ૩૭

विश्वस्य यः स्थिति लयोद्भवहेतुराद्यो ।
योगेश्वरैरपि दुरत्यय योगमायः ॥
क्षेमं विधास्यति स नो भगवांस्त्र्यधीश ।
स्तत्रास्मदीय विमृशेना कियानिहार्थः ॥३७॥

ઇતિ શ્રી ભાગવતપુરાણના તૃતીય સ્કંધમાં "જયવિજય શાપ વર્ણન" નામનો ૧૬ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૭ મો.

હિરણ્યાક્ષ તથા હિરણ્યકશિપુનો જન્મ અને દિગ્વિજયમાં હિરણ્યાક્ષનાં અદ્ભુત પરાક્રમ.

મૈત્રેય ઉવાચ.

निशम्यात्मभुवा गीतं कारणं शङ्कयोज्झिताः ॥
ततः सर्वे न्यवर्तन्ते त्रिदिवाय दिवौकसः ॥१॥

મૈત્રેય કહે છે—બ્રહ્માએ કહેલું અંધકાર થવાનું કારણ સર્વે દેવતાઓએ સાંભળી શંકા રહિત થઇને તેઓ પાછા સ્વર્ગમાં ગયા. ૧ પુત્રોના જન્મથી ડરતી દિતિએ પતિની આજ્ઞાથી સો વર્ષ સુધી ગર્ભ ધારણ કરી રાખ્યો. પૂરાં સો વર્ષે તે સાધ્વી દિતિએ બે પુત્રો પ્રસવ્યા. ૨ તે સમયે આકાશ, પૃથ્વી અને અંતરિક્ષમાં લોકોને ભય ઉત્પન્ન કરનારા ઉત્પાતો થયા. ૩ પર્વતો સાથે ધરતી ડોલવા લાગી, સર્વ દિશાઓ બળવા લાગી, ઉલ્કાપાત તથા વજ્રપાત થવા લાગ્યા, દુઃખદાયક ધૂમકેતુઓનો ઉદય થયો. ૪ ધૂળરૂપધ્વજાવાળો અને પ્રબળ વંટોળીયારૂપી સેનાવાળો ભયંકર વાયુ વૃક્ષોને જડમૂળથી ઉખેડી નાંખતો વારંવાર સુસવાટા કરતો વાવા લાગ્યો. ૫ ચમકતી વીજળીવાળાં વાદળાંની ઘટાથી આકાશમાં એવું અંધારૂં થઇ ગયું કે-તેથી તારામંડળ કે બીજું કાંઈ દેખાતું નહી. ૬ સમુદ્રમાં રહેલા મઘર આદિ પ્રાણીઓ વ્યાકુળ થઇ ગયાં, સમુદ્રો ઉદાસ થઇ તરંગરૂપી હાથ ઉંચા કરી પોકારો કરવા લાગ્યો, વાવ કુવા આદિ જળાશયો તથા કમળોવાળી નદીઓનાં જળ ઉછળવા લાગ્યાં. ૭ રાહુએ ગળેલા ચંદ્ર તથા સૂર્યની આસપાસ કુંડાળાં થવા લાગ્યાં, વાદળાં વિના ગર્જનાઓ થવા લાગી, અને પર્વતોની ગુફાઓમાંથી રથના જેવા ગડગડાટ સંભળાવા લાગ્યા. ૮ ગામડાંઓમાં મુખમાંથી અગ્નિ ઓકતી ફ્યાઉડીઓ, શિયાળવાં અને ઘુવડો અમંગળ શબ્દોથી રૂદન કરવા લાગ્યાં. ૯ જ્યાં ત્યાં કૂતરાં ગાવાની પેઠે ઉંચી ડોક કરી રોતાં હોય તેમ ઉંચે સાદે ભસતાં હતાં. ૧૦ હે વિદુર ! કઠોર ખરીવાળા પગ પૃથ્વીપર પછાડતાં ગધેડાંનાં ટોળાં ભૂંકતાં ભૂંકતાં ઉન્મત્ત થઇ દોડાદોડ કરવા લાગ્યા. ૧૧ ગધેડાંના સાદથી ત્રાસ પામીને પક્ષીઓ રૂદન કરતાં માળામાંથી પડવા લાગ્યાં, વનનાં પશુઓ ભયથી મળમૂત્ર કરવા લાગ્યાં. ૧૨ ગાયોના આંચળમાંથી દૂધને બદલે લોહી નીકળવા લાગ્યું, વાદળામાંથી પરૂનો વરસાદ વરસવા લાગ્યો, દેવતાઓની મૂર્તિઓ હસવા લાગી, પવન વિના ઝાડો ઉખડી પડવા લાગ્યાં. ૧૩ મંગળ શનિ

આદિ ક્રૂર ગ્રહો બુધ ગુરૂ આદિ શુભ ગ્રહોને ઓળંગી જવા લાગ્યા તથા તેઓની વચ્ચે યુદ્ધો થવા લાગ્યાં. ૧૪ એ સિવાય બીજા પણ મોટા મોટા ઉત્પાતો જોઇ સનકાદિક સિવાય બીજી અજાણી પ્રજાએ ભય પામીને ધાર્યું કે-હવે જરૂર જગતનો પ્રલય થશે. ૧૫ પ્રથમથીજ જેનું પરાક્રમ પ્રસિદ્ધ હતું એવા એ બે આદિ દૈત્ય પત્થર જેવા કઠણ શરીરથી જેમ બે પર્વતરાજ વધે તેમ વધવા લાગ્યા. ૧૬ તેમના સુવર્ણમય માથાના મુગટોની અણીઓ આકાશને અડતી હતી, જાડાં શરીરોથી દિશાઓ પૂરાઈ ગઇ હતી, ભુજાઓ બાજુબંધથી શોભતી હતી, તેઓ પૃથ્વી ઉપર ચરણો મૂકતાં ડગલે ડગલે પૃથ્વીને કંપાવતા હતા, એવા તેઓ સુંદર કંદોરાવાળી કેડોવાળા બે ભાઇઓ સૂર્યને પણ ઉલ્લંઘી જવા લાગ્યા. ૧૭ એ બન્નેમાંથી જે પ્રથમ જન્મ્યો તેનું નામ કશ્યપજીએ હિરણ્યકશિપુ રાખ્યું અને પછીથી જન્મ્યો તેનું નામ હિરણ્યાક્ષ રાખ્યું. ૧૮ બ્રહ્માના વરદાનથી કોઇનાથી પણ પોતાના મૃત્યુનો ભય નહી રાખતાં હિરણ્યકશિપુએ પોતાની ભુજાઓના બળથી લોકપાળો સહિત ત્રણે લોકને વશ કર્યા. ૧૯ તેનો નાનો ભાઇ હિરણ્યાક્ષ તેને હમેશાં પ્રસન્ન રાખતો હતો. એક દિવસ હિરણ્યાક્ષ હાથમાં ગદા લઇ યુદ્ધ કરવાની ઇચ્છાથી યુદ્ધ શોધતો શોધતો સ્વર્ગમાં ગયો. ૨૦ જેના પગમાં સહન ન થાય એવા રણકારવાળાં ઝાંઝરો વાગે છે, જે વૈજયંતીની માળાથી શોભે છે, જેણે ખભા ઉપર મોટી ગદા ધારણ કરેલી છે, એવા શૌર્ય, પરાક્રમ અને વરદાનને લીધે ગર્વિષ્ઠ, નિરંકુશ અને નિર્ભય બનેલા હિરણ્યાક્ષને જોઇને, જેમ ગરૂડને જોઇ સર્પો સંતાઇ જાય તેમ સર્વ દેવતાઓ સંતાઇ ગયા. ૨૧-૨૨ પોતાના તેજથી ઇંદ્રાદિક સર્વ દેવતાઓને સંતાઇ ગયેલા જોઇ તેઓને નિર્બળ માનીને તે દૈત્યરાજે મોટી ગર્જના કરી. ૨૩ પછી તે મહાપરાક્રમી દૈત્ય ત્યાંથી પાછો ફરી ક્રીડા કરવાની ઇચ્છાથી ભયંકર ગર્જના કરતા સમુદ્રમાં મદોન્મત્ત હાથીની પેઠે પેઠો. ૨૪ તેમાં પેસતાંજ વરૂણની સેનારૂપ જળજંતુઓ ભયને લીધે ગભરાઈ ગયાં, અને તેના તેજથી પરાભવ પામીને દૂર ભાગી ગયાં. ૨૫ તે મહાબળવાન દૈત્ય ઘણાંક વર્ષ સુધી પવનથી ઉઠતી સમુદ્રની લેહેરોને પોતાની ગદાથી વારંવાર કાપતો સમુદ્રમાં ફર્યો. પછી હે વિદુર ! તે ફરતો ફરતો વરૂણની વિભાવરી નામની નગરીમાં ગયો. ૨૬ ત્યાં જળ જંતુઓના ગણોમાં શ્રેષ્ઠ અને પાતાળ લોકના પાળક વરૂણ દેવની પાસે જઇ તેની મશ્કરી કરતાં નીચની પેઠે નમીને જરા હસીને બોલ્યો કે-હે અધિરાજ ! મને યુદ્ધ આપો. ૨૭ હે પ્રભુ ! આપ લોકપાળ છો, આપ સર્વના અધિપતિ છો, આપ શૂરવીર ગણાતા પુરૂષોનાં પરાક્રમોનો નાશ કરનારા છો, આપનો યશ મોટો છે. તમે પૂર્વે જગતમાં સર્વ દૈત્યો તથા દાનવોને જીતીને રાજસૂય યજ્ઞ કર્યો હતો. ૨૮ આ પ્રમાણે મહામદોન્મત શત્રુ હિરણ્યાક્ષે વરૂણદેવની ઘણા પ્રકારે મશ્કરી કરી, તેથી વરૂણને ઘણો ક્રોધ ચઢ્યો, પરંતુ તે બુદ્ધિથી શાંત કરીને બોલ્યા કે-" હે દૈત્ય ! હવે તો અમે શાંત થઇ ગયા છીએ. ૨૯ હે દૈત્યરાજ ! તમારી સાથે યુદ્ધ કરવાને પુરાણ પુરૂષ ભગવાન વિના બીજો કોઇ સમર્થ નથી, તે યુદ્ધ કરવામાં ચતુર છે અને તમારા જેવા મનસ્વી પુરૂષો તેમની સ્તુતિ કરે છે, માટે તમારી ઇચ્છા એજ પૂરી કરશે. ૩૦ એ તમારા જેવા દુષ્ટોનો નાશ કરવાને તથા સત્પુરૂષોનો અનુગ્રહ કરવાની ઇચ્છાથી અવતારો લે છે, તે વીરની સામે જઇ, ગર્વ તજી કૂતરાઓથી વીંટાઇને તમે રણશય્યામાં પોઢશો. ૩૧

तंवीरमारादभि पद्यविस्मयः ।
शयिस्यसेवीरशयेश्वभिर्वृत ॥ :
यस्त्वाद्विधानामसतां प्रशान्तये ।
रूपाणिधत्ते सदनु ग्रहेच्छया ॥ ३१ ॥

ઇતિ શ્રીમદ્ ભાગવતપુરાણના તૃતીય સ્કંધમાં " હિરણ્યાક્ષ દિગ્વિજય વર્ણન " નામનો ૧૭ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૮ મો.

હિરણ્યાક્ષ અને વરાહ વચ્ચે થયેલું મોટું યુદ્ધ.

मैत्रेय उवाच.

तदेवमाकर्ण्य जलेश भाषितं।
महामनास्तद्विगणय्यदुर्मदः॥
हरेर्विदित्वा गतिमङ्गनारदा।
द्रसातलं निर्विविशे त्वरान्वितः॥१॥

મૈત્રેય કહેછે—હે વિદુર! એ પ્રમાણે વરૂણનું કહેવું સાંભળીને મોટા મનવાળો મહામદોન્મત્ત હિરણ્યાક્ષ દૈત્ય તેને નહી ગણકારતાં નારદજી પાસેથી ભગવાનના સમાચાર જાણીને ઉતાવળો ઉતાવળો પાતાળમાં ગયો. ૧ ત્યાં જય પામેલા, દાઢની ઉપર પૃથ્વીને ધારણ કરેલા અને કાંતિવાળાં રાતાં નેત્રથી પોતાના તેજને ઝાંખું પાડતા શ્રીહરિને જોઇ મશ્કરી કરતો બોલ્યો કે—"અહો! આતો પાણીમાં ફરનારો વરાહ છે! ૨ હે મૂર્ખ! આ પૃથ્વીને છોડી દે, કારણ કે બ્રહ્માએ આ પૃથ્વી અમો પાતાળવાસીઓને સોંપી છે. હે દેવતાઓમાં નીચ! હે વરાહ રૂપવાળા! આ પૃથ્વી લઇને તું મારા દેખતાં કદી સુખપૂર્વક જઇ શકવાનો નથી. ૩ માયાથી કપટ કરી પરોક્ષમાં જય પામનારો તું અસુરોનો નાશ કરે છે. શું અમારો નાશ કરવાને અમારા શત્રુ દેવતાઓથી પુષ્ટ થયેલો છે? હે મૂઢ! તું યોગમાયાના બળવાળો છે, પણ તારૂં બળ અલ્પ છે. માટે હું તને મારીને મારા સંબંધીઓનો શોક ટાળીશ. ૪ મારા હાથથી છુટેલી ગદાવડે તારૂં માથું છુંદાઇને તું મરણ પામીશ, એટલે તને બળિ આપનારા ઋષિઓ તથા દેવતાઓ સર્વે નિર્મૂળ થઇ જશે. ૫ એ રીતે શત્રુનાં દુર્વચનરૂપ ભાલાથી દુઃખ પામેલા વરાહ ભગવાન દાઢના અગ્ર ઉપર ધારણ કરેલી પૃથ્વીને ભય પામતી જોઇ દુર્વચનો સહન કરી જેમ ગ્રાહથી પીડાએલો હાથી હાથણી સહિત જળમાંથી બહાર નીકળે તેમ બહાર નીકળ્યા. ૬ સોના જેવા પીળા કેશવાળો અને ભયંકર દાઢોવાળો હિરણ્યાક્ષદૈત્ય, મઘર જેમ હાથીની પાછળ દોડે તેમ જળમાંથી નીકળતા વરાહની પાછળ દોડી વજ્ર જેવી ભયંકર ગર્જના કરીને બોલ્યો કે—"લાજ વગરના નીચ પુરૂષને કઇ વાત નિંદવા યોગ્ય છે?" ૭ હિરણ્યાક્ષ આવાં દુષ્ટવચનો બોલતો હતો, તે સમયે બ્રહ્મા ભગવાનની સ્તુતિ કરતા હતા તથા દેવતાઓ પુષ્પવૃષ્ટિ કરતા હતા. એટલામાં તે શત્રુને જોતા જોતામાં ભગવાને પૃથ્વી જળની ઉપર મૂકીને તેમાં પોતાની આધારશક્તિ મૂકી. ૮ પછી સોનાનાં આભૂષણ પેહેરેલા, મોટી ગદા ધારણ કરેલા, કંચનનું વિચિત્ર કવચ પેહેરેલા, અને દુર્વચનોથી વારંવાર મર્મસ્થાન ભેદતા દૈત્યને હસીને ભગવાને કહ્યું. ૯

શ્રી ભગવાન કહે છે—અરે દુષ્ટ દૈત્ય! તું સાચું કહે છે. હું વનમાં ફરનારો વરાહ જ છું. તો પણ તારા જેવા કૂતરાઓને શોધું છું. તારા સરખા મૃત્યુના પાશથી બંધાયેલાના લવારા ઉપર વીર પુરૂષો ધ્યાન આપતા નથી. ૧૦ અમે પાતાળમાં ફરનારા લોકોની થાપણરૂપ પૃથ્વીને લઇ જનારા છીએ, તારી ગદાએ અમને નસાડયા છે, લાજ વગરના તથા અશક્ત છીએ; તો પણ તારી સાથે યુદ્ધ કરવાને માંડ માંડ ઉભા રહ્યા છીએ, કેમકે બળવાનની સાથે વેર કરીને ક્યાં જઇએ? ૧૧ હવે તારાથી અમારૂં જે અપ્રિય થઇ શકે તે કરી લે, વિચાર ન કર, તું પાયદળોનો મોટો યુથપતિ છે. માટે અમારો નાશ કરીને તારા સંબંધીઓનો શોક દૂર કર. ૧૨

મૈત્રેય મુનિ કહે છે—આ પ્રમાણે ભગવાને તેનો તિરસ્કાર તથા મશ્કરી કરી, ત્યારે તે દૈત્યે, જેમ સાપ પોતાને રમાડનારા ઉપર ક્રોધ કરે તેમ, ભારે ક્રોધ કર્યો. ૧૩ અત્યંત ક્રોધથી ચંચળ થયેલી ઇંદ્રિયોવાળા તથા જોરથી શ્વાસોચ્છવાસ લેતા તે દૈત્યે ઉતાવળે ભગવાનની પાસે પોહોચીને ગદા મારી. ૧૪ તાકીને છાતીમાં મારેલી શત્રુની

ગદાના પ્રહારને અટકાવાને તિરછા થઇ, જેમ યોગીપુરૂષ કાળને છેતરે, તેમ ઠગધ્યા કર્યો. ૧૫ પછી ફરી પોતાની ગદા લઇ વારંવાર ફેરવતા અને ક્રોધથી દાંતવડે હોઠ પીસતા તે દૈત્ય સામે ભગવાન ક્રોધ કરીને દોડયા. ૧૬ અને દૈત્યની જમણી ભ્રમર ઉપર ગદા મારી, પરંતુ હે વિદુર ! તે યુદ્ધમાં કુશળ દૈત્યે પોતાની ગદાવડે ભગવાનની ગદાને ભાંગી નાંખી. ૧૭ એ રીતે જય પામવાની ઇચ્છાથી ક્રોધ કરતા બન્ને એક બીજા ઉપર પ્રહાર કરવા લાગ્યા. ૧૮ તે બન્ને એક બીજાને હરાવવાની ઇચ્છાથી સ્પર્ધા કરતા તીક્ષ્ણ ગદાઓના પ્રહાર કરવા લાગ્યા. તે સમયે વાગેલી જગાએથી નીકળતા લોહીની ગંધથી વિશેષ ક્રોધ ચઢાવતા અને ગદાયુદ્ધ સંબંધી દાવપેચ કરતા તેઓ લડતા હતા, તે જાણે એક ગાયને માટે બે આખલા લડતા હોય એવા દેખાતા હતા. ૧૯ હે વિદુર ! માયાથી વરાહરૂપ ધારણ કરેલા યજ્ઞમૂર્તિ વરાહ ભગવાનનું અને દૈત્યનું યુદ્ધ જોવાની ઇચ્છાથી બ્રહ્મા ઋષિઓને લઇને ત્યાં આવ્યા. ૨૦ હિરણ્યાક્ષ દૈત્યને અત્યંત શૂરવીર, નિર્ભય, વેરબુદ્ધિવાળો અને અજીત પરાક્રમવાળો જોઇને હજારો ઋષિઓના નિયંતા બ્રહ્માએ આદિનારાયણ વરાહ ભગવાનને કહ્યું કે-૨૧

બ્રહ્મા કહેછે—હે દેવ ! આ દૈત્ય, આપના ચરણને શરણે આવેલા દેવતાઓનો, બ્રાહ્મણોનો, ગાયોનો અને નિરપરાધીપ્રાણીઓનો, અપરાધ કરનારો, તેઓને ભય ઉપજાવનારો તેઓનું અશુભ કરનારો અને કંટકરૂપ છે. તે પોતાની બરોબર કોઈ બળવાન નથી એમ માની યુદ્ધ કરનારને શોધતો સર્વલોકમાં ફર્યા કરે છે. ૨૨-૨૩ માટે હે દેવ ! જેમ ક્રોધ પામેલા સાપને બાળક પૂછડું ખેંચીને રમાડે છે તેમ આ માયાવી, દુષ્ટ, ગર્વિષ્ટ અને નિરંકુશ દૈત્યને આપ ન રમાડો. ૨૪ હે અચ્યુત ! આ વિકરાળ દૈત્ય પોતાની વેળા સંધ્યાકાળને મેળવી વૃદ્ધિ ન પામે તે પહેલાં યોગમાયાના બળથી તેને મારી નાંખો. ૨૫ હે પ્રભુ ! અત્યંત ઘોર અને લોકોનો અંત આણનારો સંધ્યાકાળ થવા આવ્યો છે, માટે હે સર્વાત્મા ! તમે દેવતાઓનો જય કરો. ૨૬ હમણાં આ મુહૂર્તમાં અભિજીત નામનો યોગ હવે થોડો બાકી રહ્યો છે, તેટલામાં અમારા કલ્યાણ માટે આ અજીત શત્રુનો ઝટ નાશ કરો. ૨૭ આપ તેના મૃત્યુરૂપ છો, તેની પાસે એ પોતાની મેળેજ આવ્યો છે એ ઠીક થયું છે, માટે હવે પરાક્રમ કરી યુદ્ધમાં તેને મારીને લોકોને સુખી કરો. ૨૮

दिष्ट्या त्वां विहितं मृत्युमयमासादितः स्वयम्।
विक्रम्यैनं मृधे हत्वा लोकानाधेहि शर्मणि ॥

ઇતિ શ્રીમદ્ ભાગવત પુરાણના તૃતીય સ્કંધમાં "વરાહ અને હિરણ્યાક્ષનું યુદ્ધ વર્ણવ્યું" એ નામનો ૧૮ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૯ મો.

વરાહ ભગવાને કરેલો હિરણ્યાક્ષનો વધ.

મૈત્રેય उवाच.

अवधार्य विरिंचस्य निर्व्यलीकामृतं वचः ॥
प्रहस्य प्रेम गर्भेण तदपाङ्गेन सोऽग्रहीत् ॥१॥

મૈત્રેય કહે છે—ભગવાને બ્રહ્માનાં નિષ્કપટ અને અમૃત જેવાં વચન સાંભળી હસીને પ્રેમ ભરેલી દૃષ્ટિથી તેમનું કહેવું માન્ય રાખ્યું. ૧ પછી પોતાની આગળ નિર્ભયપણે ફરતા દૈત્યની દાઢી ઉપર વરાહ ભગવાને કૂદીને ગદા મારી. ૨ તેની સામે દૈત્યે ગદા મારવાથી ભગવાનની ગદા ધુમરી ખાઇ હાથમાંથી પડી ગઇ. આ આશ્ચર્યથી તે દૈત્યનું પરાક્રમ પ્રકાશી ઊઠયું. ૩ તે સમયે ભગવાનને મારવાનો લાગ દૈત્યને મળ્યો હતો, તો પણ ધર્મયુદ્ધ માની શસ્ત્ર વગરના ભગવાનને કોપાવવા માટે તેમની ઉપર તેણે ગદા મારી નહી. ૪ શ્રી હરિના હાથમાંથી ગદા પડી જવાથી ચારે તરફ હાહાકાર થઇ રહ્યો, પછી ભગવાને દૈત્યના ધર્મયુદ્ધને માન આપી પોતાના સુદર્શન ચક્રનું સ્મરણ કર્યું. ૫ એ-

હલે ભય પામતા સુદર્શન ચક્રને હાથમાં ધારણ કરી, પોતાના પાર્ષદોમાં મુખ્ય એવા નીચ દૈત્યની સાથે યુદ્ધ કરતા ભગવાનને જોઇ, તેમના પ્રભાવને નહિ જાણનારા દેવતાઓ કહેવા લાગ્યા કે-"આપનું કલ્યાણ થાઓ, આપ તેને મારો." ૬ કમળ સરખાં નેત્રવાળા ભગવાનને ચક્ર ધારણ કરી પોતાની સામે ઊભેલા જોઇને તે દૈત્યની ઇંદ્રિયોમાં ક્રોધ વ્યાપી ગયો. પછી હોઠ પીસતા, ફુંફવાડા મારતા, વિકરાળ દાઢોવાળા અને રાતી આંખોથી જાણે બાળતો હોય એવા તે દૈત્યે કુદીને "હવે તને માર્યો જાણજે" એમ કહીને ભગવાન ઉપર ગદા ફેંકી. ૭-૮ યજ્ઞમૂર્તિ વરાહ ભગવાને શત્રુના દેખતાંજ વાયુ વેગે આવતી ગદાને રમતમાત્રથી પગની પાટુથી દૂર ફેંકી દીધી, અને બોલ્યા કે-૯ "જો તું જીતવાને ઇચ્છતો હોય તો ફરીથી શસ્ત્ર લઇ યત્ન કર" એ સાંભળીને તેણે ભગવાન ઉપર ફરીથી ગદા મારીને મોટી ગર્જના કરી. ૧૦ શાંત થઇ ઉભેલા ભગવાને ગદાને આવતી જોઇ, જેમ ગરૂડ નાગણીને પકડી લે તેમ પકડી લીધી. ૧૧ પોતાનું પરાક્રમ નાશ પામ્યાથી અપમાન પામેલા અને નિસ્તેજ થયેલા દૈત્યને ભગવાને ગદા આપવા માંડી, પણ તેણે તે લેવાની ઇચ્છા કરી નહી. ૧૨ અને જેમ કોઇ બ્રાહ્મણ ઉપર અભિચાર (મારણ પ્રયોગ) કરે તેમ તેણે યજ્ઞમૂર્તિ વરાહ ભગવાનને મારવા માટે બળતા અગ્નિ જેવું સંહાર કરનારૂં ત્રિશૂળ હાથમાં લીધું. ૧૩ દૈત્યોના મોટા યોદ્ધા હિરણ્યાક્ષે ફેંકેલું તે ઘણા તેજવાળું ત્રિશૂળ આકાશમાં પ્રકાશવા લાગ્યું, પરંતુ જેમ ગરૂડે તજી દીધેલી પાંખને ઇંદ્ર કાપી નાંખે તેમ ભગવાને પોતાના સુદર્શન ચક્રથી તે ત્રિશૂળને કાપી નાંખ્યું. ૧૪ પોતાના ત્રિશૂળના કડકેકડકા કરી નાંખેલા જોઇ ક્રોધ કરીને તે દૈત્યે ભગવાનની લક્ષ્મીવાળી વિશાળ છાતીમાં કઠણ મૂઠીનો પ્રહાર કર્યો. અને [illegible] અંતર્ધાન થઇ ગયો. ૧૫ હે વિદુર! આદિ વરાહ ભગવાન ઉપર દૈત્યે કઠણ મૂઠીનો પ્રહાર કર્યો, પરંતુ જેમ ફુલની માળા વાગવાથી હાથી ડગે નહી તેમ ભગવાન જરાપણ ડગ્યા નહી. ૧૬ પછી યોગમાયાના ઇશ્વર શ્રીહરિ ઉપર તે દૈત્યે નાના પ્રકારની માયા કરી, તે જોઇને ભયભીત થયેલી પ્રજા જગતનો પ્રલય થશે એમ માનવા લાગી. ૧૭ પ્રચંડ પવનથી ધુળ એવી ઉડી કે તેથી ચોતરફ ઘોર અંધારૂં થઇ ગયું. અને ગોફણમાંથી ફેંકાતા હોય તેમ દિશાઓમાંથી પત્થર પડવા લાગ્યા. ૧૮ વિજળીવાળાં વાદળાંની ઘટાથી આકાશમાંનું તારામંડળ ઢંકાઇ ગયું, અને વાદળમાંથી વારંવાર પરૂ, લોહી, વિષ્ટા, મુત્ર અને વાળનો વરસાદ વરસવા લાગ્યો. ૧૯ હે વિદુર! પર્વતો જાણે અનેક શસ્ત્રો ફેંકતા હોય એવા દેખાવા લાગ્યા. છુટા વાળ અને ત્રિશુળ ધારણ કરેલી નાગી રાક્ષસીઓ નજરે પડવા લાગી. ૨૦ પાયદળ, ઘોડા, રથ અને હાથીવાળી ચતુરંગીણી સેનાવાળા યક્ષો તથા રાક્ષસો હાથમાં શસ્ત્રો લઈ "મારો, કાપો" એવી ભયંકર વાણી બોલવા લાગ્યા. ૨૧ પછી ભગવાને આસુરી માયાનો નાશ કરનારૂં પોતાનું પ્યારૂં સુદર્શન ચક્ર મુકયું. ૨૨ તે વખતે દિતિનું હૃદય એકાએક કાંપવા લાગ્યું, અને પોતાના પતિ કશ્યપનું કહેવું સાંભરી આવતાંજ તેના સ્તનમાંથી લોહી ઝરવા લાગ્યુ. ૨૩ જયારે હિરણ્યાક્ષની સર્વ આસુરી માયા નાશ પામી ત્યારે તે પાછો ભગવાનની પાસે આવીને, જે સર્વના અંતરમાં તથા બહાર રહેલા છે એવા ભગવાનને પોતાની બે ભુજાઓની વચ્ચે દાબતો દેખાવા લાગ્યો. ૨૪ પછી ઇંદ્ર જેમ વૃત્રાસુરને મારે તેમ જગતને જીતનારા ભગવાને વજ્ર જેવી કઠણ મૂઠીનો પ્રહાર કરનારા હિરણ્યાક્ષના કાનના મૂળમાં એવી થપ્પડ મારી કે-તેથી તેનું શરીર ભમવા લાગ્યું, આંખોના ડોળા બહાર નીકળી પડયા, હાથ પગ અને કેશ વીખરાઇ ગયા અને પવને કોઇ પર્વતને ઉખેડી નાંખ્યો હોય તેમ તે પૃથ્વી ઉપર પડયો.

૨૫-૨૬ જેનું તેજ નાશ પામ્યું નથી એવા અને ભયંકર દાઢોવાળા તથા ક્રોધથી નીચેના

હાઠ કરેલા દૈત્યને મરણ પામી પૃથ્વી ઉપર સૂતેલો જોઇને ત્યાં આવેલા બ્રહ્માદિક દેવતાઓ પ્રશંસા કરવા લાગ્યા કે-" અહો ! આવું ઉત્તમ મૃત્યુ કોને મળે ? ૨૭ યોગીઓ એકાંતના યોગ સમાધિથી આ અસત્ય લિંગ શરીરથી છૂટવાની ઇચ્છાથી જેનું ધ્યાન ધરે છે, તે ભગવાનના મુખનાં દર્શન કરતાં કરતાં તેમના પગના પ્રહારથી અધમ દૈત્યે દેહ છોડયો. ૨૮ એ જય વિજય નામના ભગવાનના બે પાર્ષદો હતા, તે કેવળ શાપથીજ નીચ ગતિને પામ્યા હતા. તે કેટલાક જન્મ પછી પાછા વૈકુંઠમાં જશે. ૨૯

દેવતાઓ કહે છે-સર્વે યજ્ઞોના કારણરૂપ અને જગતના પાલનને માટે સત્વમૂર્તિ ધારણ કરનારા આપને અમે વારંવાર નમસ્કાર કરીએ છીએ. જગતને પીડા કરનારા આ દુષ્ટ દૈત્યને આપે માર્યો એ બહુ સારૂં થયું. હે ઇશ્વર ! આપના ચરણની ભક્તિથી અમે પરમાનંદ પામ્યા છીએ. ૩૦

મૈત્રેય કહેછે—આ પ્રમાણે આદિ વરાહ શ્રી હરિએ અપાર પરાક્રમી હિરણ્યાક્ષને માર્યો. પછી તે બ્રહ્માદિકોથી સ્તુતિ કરાતા અખંડ ઉત્સાહવાળા પોતાના વૈકુંઠધામમાં પધાર્યા. ૩૧ હે વિદુર ! આ ઉદાર પરાક્રમવાળા હિરણ્યાક્ષને મોટું યુદ્ધ કરીને રમત માત્રમાં માર્યો, તે તથા વરાહ અવતાર ધારણ કરનારા શ્રી હરિનું ચરિત્ર જેવું મેં ગુરૂના મુખથી સાંભળ્યું હતું તે પ્રમાણે આપને કહી સંભળાવ્યું. ૩૨

સૂતજી કહે છે—હે શૌનક ! આ પ્રમાણે મૈત્રેય મુનિએ કહેલી ભગવત કથા સાંભળીને ભગવાનના પરમભક્ત વિદુરજી પરમાનંદ પામ્યા. ૩૩ ઉદાર કીર્તિવાળા અને ઉત્તમ યશવાળા પુરૂષોની કથા સાંભળીને જ્યારે આનંદ થાય છે, ત્યારે શ્રીવત્સના ચિન્હવાળા ભગવાનનાં ચરિત્ર સાંભળીને આનંદ થાય તેમાં શી નવાઇ ? ૩૪ જ્યારે ગ્રાહે ગજેંદ્રનો પગ પકડયો હતો, ત્યારે તેણે ભગવાનનાં ચરણ કમળનું ધ્યાન કર્યું હતું, તે અનન્ય હાથણીઓના પોકાર સાંભળી તેઓના દેખતાં ભગવાને તુરત કષ્ટમાંથી મૂકાવ્યો હતો. ૩૫ અનન્ય શરણવાળા, સત્પુરૂષોને આરાધન કરવાને સુલભ અને અસાધુ પુરૂષોથી શ્રમ કરીને જેનું આરાધન થઇ શકે છે એવા ભગવાનને કયો કૃતજ્ઞ પુરૂષ સેવે નહી ? ૩૬ હે વિપ્રો ! જે મનુષ્ય હિરણ્યાક્ષના વધની વરાહ ભગવાનની આશ્ચર્યકારક કથા સાંભળે છે, અથવા ગાય છે, અથવા વખાણે છે, તે બ્રહ્મહત્યાથી પણ તુરત છૂટે છે. ૩૭ હે વિદુર ! જે સ્વર્ગાદિક ફળ દેનારૂં, અતિશય પવિત્ર, ધન તથા કીર્તિ આપનારૂં, આયુષ્ય વધારનારૂં, મનના ઇચ્છાઓ પૂરી કરનારૂં, પ્રાણ તથા ઇંદ્રિયોનું રક્ષણ કરનારૂં અને યુદ્ધમાં શૂરવીરતા વધારનારૂં આ ચરિત્ર સાંભળે છે, તે અંતે નારાયણની ગતિને પામે છે. ૩૮

एतन्महापुण्यमलं पवित्रं ।
धन्यं यशस्यं पदमायुराशीषाम् ॥
प्राणेंद्रियाणां युधिशौर्यवर्धनं
नारायणोऽन्ते गतिरंगश्रृण्वताम् ॥३८॥

ઇતિ શ્રીમદ્ ભાગવતપુરાણના તૃતીય સ્કંધમાં "હિરણ્યાક્ષવધ વર્ણન" નામનો ૧૯ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૨૦ મો.

સૃષ્ટિની ઉત્પત્તિ.

शौनक उवाच.

मही प्रतिष्ठामध्यस्य सौते स्वायंभुवो मनुः ॥
कान्यन्वतिष्ठद्द्वाराणि मार्गायावरजन्मनाम् ॥

શૌનકજી કહેછે—હે સુતજી ! પૃથ્વીરૂપી સ્થાન પામીને સ્વાયંભુવ મનુએ પ્રલયકાળે ઇશ્વરમાં લીન થયેલા જીવોના સૃષ્ટિસ્થાને કયા કયા ઉપાય કર્યા. ૧ વિદુરજી ભગવાનના મોટા ભક્ત અને કૃષ્ણના એકાંત મિત્ર હતા. જેમણે પોતાના મોટા ભાઇને તેમના પુત્રો સહિત અનાદર કરીને ... અહીંથી

તેના પુત્ર દુર્યોધન સહિત ત્યાગ કર્યો હતો. ૨ અને જે વેદવ્યાસના દેહથી ઉત્પન્ન થવાથી મહિમામાં વ્યાસ જેવા હતા તથા જે સર્વ રીતે શ્રી કૃષ્ણના આશ્રિત હોવાથી ભગવાનના ભક્તોની સેવા કરતા હતા. ૩ તે તીર્થયાત્રાથી નિષ્પાપ થયેલા વિદુરજીએ ગંગાજીના કુશાવર્ત ઘાટ (હરિદ્વાર) માં બેઠેલા મહત્તત્વવેત્તા મૈત્રેય પાસે જઇને શું પૂછયું હતું? ૪ હે સુતજી! એ બે સંવાદ કરનારાઓની વચ્ચે ચાલેલી ભગવાનના ચરણારવિંદની નિર્મળ કથા ગંગાજળની પેઠે પાપનો નાશ કરનારી છે. ૫ જેનાં ઉદાર ચરિત્રો કીર્તન કરવા યોગ્ય છે, એવા શ્રી હરિના લીલારૂપી અમૃતનું પાન કરતાં કયો રસજ્ઞ પુરૂષ ધરાય? માટે એ કથા અમને કહો. આપનુ કલ્યાણ થાઓ. ૬ આ પ્રમાણે નૈમિષારણ્યમાં રહેનારા મુનિઓએ સુતજીને પૂછયું, ત્યારે ભગવાનમાં ચિત્ત રાખીને સુતજીએ તેઓને કહ્યુ કે સાંભળો. ૭

સુતજી કહેછે—હે શૌનકાદિક મુનિઓ! પોતાની માયાથી વરાહરૂપ ધરનારા શ્રી હરીએ પૃથ્વીનો ઉદ્ધાર કરવા તથા અપમાનથી હિરણ્યાક્ષનો વધ કરવારૂપ ચરિત્રને સાંભળીને આનંદ પામી વિદુરજીએ મૈત્રેયને પૂછયું ૮

વિદુરજી કહેછે—હે બ્રહ્મન્! પ્રજાપતિઓના પતિ બ્રહ્માએ સૃષ્ટિ રચવા માટે પ્રજાપતિઓ ઉત્પન્ન કર્યા તે પછી તેમણે શું કર્યું? તે અમને કહો. કારણ કે તમે ઇશ્વરના માર્ગને જાણનારા છો. ૯ બ્રહ્માથી મરીચિ આદિક ઋષિઓ અને સ્વાયંભુવ મનુ ઉત્પન્ન થયા હતા, તેઓએ પિતાની આજ્ઞાથી જગતનો વિસ્તાર કેવી રીતે કર્યો? ૧૦ તેઓ સૃષ્ટિ રચી તે સ્ત્રીઓના સાહાયતાથી રચી? કે સ્વતંત્ર રહીને રચી? કે સર્વેએ એકઠા મળીને રચી? ૧૧

મૈત્રેય કહેછે—પ્રાણીઓથી જાણી ન શકાય એવા ... તથા પ્રકૃતિના આત્મારૂપ કાળવડે ... પામેલા ભગવાનના ત્રણ ગુણોથી મહત્તત્વ ઉત્પન્ન થયું. ૧૨ પછી જેમાં રજોગુણ મુખ્ય છે એવા દૈવે પ્રેરેલા મહત્તત્વમાંથી ત્રણ ગુણવાળો અહંકાર ઉત્પન્ન થયો, અને અહંકારમાંથી આકાશાદિક પંચ મહાભુત, શબ્દાદિ પાંચ તન્માત્રા ચક્ષુ આદિક પંચ જ્ઞાનેંદ્રિય અને હાથ વિગેરે પાંચ કર્મેંદ્રિયો તેઓના દેવતા સહિત પ્રગટ થઇ. ૧૩ તેઓ જ્યાં સુધી જુદાં જુદાં હતાં ત્યાં સુધી બ્રહ્માંડ ઉત્પન્ન કરવાને સમર્થ ન થયાં, પછી દૈવ ઇચ્છાથી એ તત્વોએ એકઠાં મળીને બ્રહ્માંડરૂપી સુવર્ણમય ઇંડું ઉત્પન્ન કર્યું. ૧૪ એ આત્મા વગરનો બ્રહ્માંડનો ગોળો સમુદ્રના પાણી ઉપર એક હજાર વર્ષ સુધી તરતો રહ્યો. પછી ઇશ્વરે તેમાં પ્રવેશ કર્યો. ૧૫ એટલે પછી તેમની નાભિમાંથી હજાર સૂર્ય જેવા પ્રકાશવાળુ સર્વ જીવોના સમૂહને રહેવાના સ્થાનરૂપ કમળ ઉત્પન્ન થયું, જેમાં સ્વયંપ્રકાશ બ્રહ્મા થયા. ૧૬ જે જળમાં પોઢેલા હતા તે વિરાટપુરૂષની પ્રેરણાથી બ્રહ્માએ નામ રૂપ વગેરે ભેદવાળી પૂર્વ કલ્પના જેવી લોકોની રચના કરી. ૧૭ સર્વથી પહેલાં છાયાવડે તામિસ્ર અંધતામિસ્ર, તમસ્, મોહ અને મહાતમસ્ એ પાંચ પર્વવાળી અવિદ્યા ઉત્પન્ન કરી. ૧૮ જે શરીરથી આ જગત સરજ્યું હતું તે અજ્ઞાનમય હોવાથી તે કાયા બ્રહ્માને ગમી નહી, તેથી તેનો બ્રહ્માએ ત્યાગ કર્યો. તે ત્યજી દીધેલી કાયા રાત્રિરૂપ થઇ. તેમાંથી ક્ષુધા, તૃષા વિગેરે ઉત્પન્ન થયાં, તેને યક્ષોએ તથા રાક્ષસોએ ગ્રહણ કર્યાં. ૧૯ એ ક્ષુધા તૃષાથી પીડાતા યક્ષ રાક્ષસો બ્રહ્માને ખાવાને દોડયા, અને બોલ્યા કે—"આને બચાવો નહિ, પણ ખાઈ જાઓ." ૨૦ તેથી બ્રહ્માએ ભય પામીને કહ્યુ કે—"મને ખાશો નહી, મારી રક્ષા કરો, તમે યક્ષ તથા રાક્ષસો મારી પ્રજા છો." ૨૧ પછી કાંતિવડે પ્રકાશમાન બ્રહ્માએ પોતાના પ્રકાશમાન શરીરમાંથી જે જે દેવતાઓને સરજ્યા હતા તે શરીરનો ત્યાગ કર્યો. તેમાંથી દિવસ થયો, તે રમવાને અર્થે દેવતાઓએ ગ્રહણ કર્યો. ૨૨ પછી બ્રહ્માએ પોતાની જાંઘમાંથી અતિ લોલંપટ એવા દૈત્યો-

ને ઉત્પન્ન કર્યા. તેઓ ઓલંપટ હોવાથી સૃષ્ટિકર્મવિરૂદ્ધ મૈથુન કરવા માટે બ્રહ્માની પાછળ દોડયા. ૨૩ તેઓને જોઈ બ્રહ્મા હસ્યા. તેઓને પાછળ પડેલા જોઈ બ્રહ્મા ક્રોધ કરી ભયથી ત્યાંથી નાઠા. ૨૪ શરણાગતનું દુઃખ ટાળનારા અને ભક્તજનોના અનુગ્રહ માટે ઈચ્છા પ્રમાણે સ્વરૂપ ધારણ કરનારા શ્રી હરિની પાસે જઈને બ્રહ્માએ કહ્યું કે—૨૫ "હે પરમાત્મા! મારૂં રક્ષણ કરો, મેં આપની આજ્ઞાથી પ્રજા રચી છે, પણ આ પાપી પ્રજા મારી સાથેજ મૈથુન કરવાને પાછળ પડી છે. ૨૬ શરણે આવેલા દુઃખાયા મનુષ્યનું દુઃખ ટાળનાર આપ એકજ છો, તથા જે આપના ચરણનો આશ્રય નથી કરતા તેને દુઃખ આપનારા પણ એક આપજ છો." ૨૭ એ રીતે ઘટઘટની વાત જાણનાર ભગવાને બ્રહ્માની વિનંતિ સાંભળીને કહ્યું કે—"આ તમારા ઘોર શરીરનો ત્યાગ કરો" એમ કહેતાંજ બ્રહ્માએ તે શરીર છોડી દીધું. ૨૮ એ તજી દીધેલા શરીરમાંથી સંધ્યા ઉત્પન્ન થઈ, તે ચરણકમળમાં પહેરેલાં ઝાંઝરના ઝંકારવાળી, મદથી વિહ્વળ થયેલાં નેત્રોવાળી, કટિમેખલાથી શોભતા રેશમી વસ્ત્રથી ઢંકાયલી કેડવાળી, પરસ્પર ભીંસાતા વચ્ચે માર્ગ વિનાના ઊંચા બે સ્તનવાળી, સુંદર નાસિકા તથા મનોહર દંત પંક્તિવાળી, લીલા માટે દૃષ્ટિ કરનારી, લજ્જાથી પોતાનાં અંગ ઢાંકતી અને કાળા ભ્રમર જેવા કેશવાળી સંધ્યાને જોઈને સર્વે અસુરો મોહ પામી ગયા. ૨૯–૩૦–૩૧ તેઓ કહેવા લાગ્યા કે—"અહો! આ કેવું રૂપ! અહો! તેની કેવી ધીરજ!! અહો! તેની કેવી નવીન અવસ્થા!!! આપણે તેના ઉપર કામાતુર થયા છીએ, તોપણ તે જાણે કામના રહિત હોય તેમ ચાલી આવેછે." ૩૨ આ પ્રમાણે તે નવયૌવન સ્ત્રીસ્વરૂપવાળી સંધ્યાને માટે અનેક તરેહના વિચાર કરતાં દુષ્ટ બુદ્ધિવાળા અસુરો તેને માન આપીને વિવેકથી પૂછવા લાગ્યા કે—૩૩ "હે કેળના થાંભલા જેવા સાથળવાળી સ્ત્રી! તું કોણ છે? કોની સ્ત્રી છે? તું અહીં કેમ આવી છે? હે કોપવતી! તારા સૌંદર્યરૂપી અમુલ્ય વસ્તુ વેચવાની છે, તે અમો દુર્ભાગીને ન આપતાં દુઃખી કરેછે. ૩૪ હે અબળા! તું ગમે તે જાતની અને ગમે તે કુળની હો, પણ તારાં દર્શન થયાં તે બહુ સારૂં થયું, તું દડાની રમતવડે અમો તને જોનારનાં મન મથી નાંખેછે. ૩૫ હે વખાણવા યોગ્ય સ્ત્રી! તું વારંવાર નીચે પડતા દડાને હાથના તળીઆના પ્રહારથી ઊછાળેછે, તેથી તારાં ચરણકમળ સ્થિર રહેતાં નથી. વળી મોટા સ્તનના ભારથી ભયભીત હોય તેમ તારી કેડ વાંકી વળી ગઈ છે, તારી નિર્મળ દૃષ્ટિ શાંત થઈ ગયેલી છે અને તારા માથાનો અંબોડો ઘણો સુંદર દેખાયછે." ૩૬ એ પ્રમાણે સ્ત્રીનાં જેવાં આચરણ કરી મનને લોભાવતી સંધ્યાને સ્ત્રી માનીને દુષ્ટ બુદ્ધિવાળા અસુરોએ તેને ગ્રહણ કરી. ૩૭ પછી બ્રહ્માએ ગંભીર ભાવથી હસીને પોતેપોતાને સુંઘતી એવી કાંતિવડે ગંધર્વ અને અપ્સરાઓના ગણ ઉત્પન્ન કર્યા. ૩૮ પછી એ ચંદ્ર સમાન કાંતિથી પ્રકાશતા શરીરનો બ્રહ્માએ ત્યાગ કર્યો, તે શરીરને વિશ્વાવસુ આદિ ગંધર્વોએ પ્રેમથી ગ્રહણ કર્યું. ૩૯ પછી બ્રહ્માએ પોતાની આળસમાંથી ભૂત પિશાચોને ઉત્પન્ન કર્યા, તેઓને નાગા તથા છુટા કેશવાળા જોઈને બ્રહ્માએ આંખો મીંચી દીધી. ૪૦ પછી બ્રહ્માએ તે આળસમય શરીરનો ત્યાગ કર્યો તેને ભૂત પિશાચોએ ગ્રહણ કર્યું. જેથી પ્રાણીઓની ઈંદ્રિયો પોતાના વિષય ગ્રહણ કરી શકતી નથી તેને નિદ્રા કહેછે, અને જે દેહ ઈંદ્રિયોની શિથિલતાથી ઉચ્છિષ્ટ થયેલા પ્રાણીઓનો પરાભવ કરેછે તેને ઉન્માદ કહેછે. અર્થાત્ આળસ, બગાસાં, નિદ્રા અને ઉન્માદ એ ચારેને ભૂત પિશાચોએ ગ્રહણ કર્યા. ૪૧ પછી બ્રહ્માએ પોતાના બળવાન આત્માવડે પરોક્ષરૂપથી સાધ્ય દેવતા અને પિતૃગણોને ઉત્પન્ન કર્યા. ૪૨ પિતૃગણોએ પોતાને રચનાર બ્રહ્માના અદૃશ્ય શરીરને ગ્રહણ કર્યું, એ અદૃશ્યરૂપવાળા પિતૃઓ તથા સાધ્યદેવતાઓને કર્મકુશળ વિદ્વાનો હવ્ય તથા

કવ્ય આપેછે. ૪૩ પછી બ્રહ્માએ પોતાના તિરોધાન (અંતર્ધાન) રૂપથી સિદ્ધો તથા વિદ્યાધરો ઉત્પન્ન કર્યા, અને તેઓને અંતર્ધાન નામનો અદ્‌ભૂત દેહ આપ્યો. ૪૪ પછી પોતાના પ્રતિબિંબને જોઇ તેને માન આપનારા સમર્થ બ્રહ્માએ પોતાના પ્રતિબિંબમાંથી કિન્નરો અને કિંપુરૂષોને ઉત્પન્ન કર્યા, અને તે દેહનો ત્યાગ કર્યો. ૪૫ એ છોડી દીધેલા શરીરને, પ્રભાતમાં બ્રહ્માનાં પરાક્રમોના ગુણાનુવાદ ગાનારા કિન્નરો તથા કિંપુરૂષોએ સ્ત્રી પુરૂષરૂપ જોડાં થઇને ગ્રહણ કર્યું ૪૬ પછી બ્રહ્માએ હાથપગવાળું શરીર ધારણ કરીને જોયું તો પોતાની સૃષ્ટિ વૃદ્ધિ પામતી નથી એમ જણાયું, તેથી ચિંતાતુર થઈ હાથ પગ પસારીને સૂતા અને એ દેહનો ત્યાગ કર્યો. ૪૭ હે વિદુર! એ ત્યાગ કરેલા શરીરમાંથી જે કેશો ખરી પડ્યા, તેમાંથી અહિ (સર્પ) ઉત્પન્ન થયા, તે અત્યંત ક્રૂર, ઘણા વેગવાળા અને મોટી ફણાવાળા થયા. ૪૮ પછી બ્રહ્માએ લોકોને ઉત્પન્ન કરનારા મનુઓને ઉત્પન્ન કર્યા, એટલે તેમણે પોતાના આત્માને કૃતાર્થ માન્યો. ૪૯ પોતાનો પુરૂષદેહ મનુઓને આપી પૂર્વે ઉત્પન્ન કરેલા એવા મનુઓને જોઇને બ્રહ્મા તેઓનાં વખાણ કરતા બોલ્યા કે—૫૦ "હે જગતને રચનારા! તમોને રચ્યા એ બહુ સારૂં થયું, કારણ કે હવે તમારી સૃષ્ટિમાં યજ્ઞાદિ કર્મો થશે અને અમે તમારી સાથે રહીને યજ્ઞનાં બાળદાનો ખાઇશું" ૫૧ પછી તપ, ઉપાસના, સમાધિ અને યોગવડે બ્રહ્માએ પોતાને પ્રિય એવી ઋષિની પ્રજા ઉત્પન્ન કરી. ૫૨ તે ઋષિઓને સમાધિ, યોગ, વિદ્યા, તપ, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય અને ઐશ્વર્યયુક્ત પોતાના દેહના પ્રત્યેક ભાગ વેહેંચી આપ્યા. ૫૩

तेभ्यश्चैकैकशः स्वस्य देहस्यांशमदादजः ॥
यत्तत्समाधियोगर्द्धितपो विद्या विरक्तिमत्॥

ઇતિ શ્રી ભાગવતપુરાણના તૃતીય સ્કંધમાં "સૃષ્ટિ ઉત્પત્તિ વર્ણન" નામનો ૨૦ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૨૧ મો.

કર્દમ ઋષિનાં તપ અને વિદ્યાથી પ્રસન્ન થઈ વિષ્ણુએ મનુની પુત્રી દેવહુતિ સાથે કર્દમના વિવાહનો યોગ કર્યો.

विदुर उवाच.

स्वायंभुवस्य च मनोर्वंशः परमसंमतः ॥
कथ्यतां भगवन्यत्र मैथुनेनैधिरेप्रजाः ॥१॥

વિદુર કહેછે—હે મૈત્રેય! જે સ્વાયંભુવ મનુના પરમ માન્યવંશમાં મૈથુનથી સૃષ્ટિની વૃદ્ધિ થઇ છે, તે વંશની કથા મને કહો. ૧ સ્વાયંભુવના પુત્ર પ્રિયવ્રત અને ઉત્તાનપાદે સાત*દ્વીપવાળી પૃથ્વીનું ધર્મથી જે રીતે પાલન કર્યું તે કહો. ૨ હે બ્રહ્મન્! સ્વાયંભુવ મનુની પ્રખ્યાત દેવહુતિ કન્યા તે કર્દમ ઋષિની સ્ત્રી થાય, એમ તમે કહેલું છે. ૩ તે મહાયોગી કર્દમે યોગ લક્ષણવાળી દેવહુતિથી કેટલાં સંતાન ઉત્પન્ન કર્યા? તે સાંભળવાની ઇચ્છાવાળા મને કહો. ૪ વળી બ્રહ્માના પુત્ર ભગવાન્ રુચિ અને દક્ષ પ્રજાપતિએ મનુની કન્યા આકૂતિ અને પ્રસૂતિને પરણીને જે રીતે સૃષ્ટિ રચી તે પણ મને કહો. ૫

મૈત્રેય કહેછે—બ્રહ્માએ કર્દમઋષિને કહ્યું કે 'પ્રજા સરજો." ત્યારે તેમણે સરસ્વતીના તીર ઉપર જઇને દશહજાર વર્ષ સુધી તપ કર્યું. ૬ એ તપમાં કર્દમ ઋષિ સમાધિમાં પૂજાવડે શરણાગતને વરદાન આપનારા ભગવાન શ્રીહરિની ભક્તિભાવે સેવા કરવા લાગ્યા. ૭ હે વિદુર! તેથી સત્યયુગમાં પ્રસન્ન મુખવાળા ભગવાને પ્રસન્ન થઇને મૂર્તિમાન થઇ દર્શન દીધાં. ૮ તે રજોગુણ રહિત, સૂર્ય જેવા પ્રકાશમાન, શ્વેત કમળની માળા ધાર-

* જંબુ, પ્લક્ષ, શાલ્મલિ, ક્રૌંચ, શાક, શાર અને પુષ્કર એ સાત દ્વીપ છે.

ણ કરેલા, શ્રીમુખ ઉપર સુંદર શ્યામ રંગના કેશના સમુહવાળા, સ્વચ્છ વસ્ત્રો ધારણ કરેલા, મુગટ, કુંડળ, શંખ, ચક્ર, ગદા ને પદ્મ ધારણ કરેલા, મંદહાસ્યથી તથા મનોહર વાણીથી આનંદ પમાડતા, વક્ષઃસ્થળમાં લક્ષ્મી ધારણ કરેલા, કંઠમાં કૈસ્તુભ મણિવાળા, ગરૂડની કાંધ ઉપર ચરણો રાખીને બેઠેલા એવા આકાશમાં રહેલા ભગવાનનાં દર્શન કરવાથી કર્દમજીનો મનોરથ સફળ થયો. પછી પૃથ્વી ઉપર દંડવત પ્રણામ કરીને પ્રેમાળ સ્વભાવ તથા મનવાળા કર્દમ ઋષિએ હાથ જોડીને વાણીથી ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા. ૯-૧૨

કર્દમઋષિ સ્તુતિ કરે છે—હે સ્તુતિ કરવા યોગ્ય ભક્તવત્સલ ભગવાન! અનેક જન્મોથી યોગ સાધનારા યોગીઓ જેના દર્શનની ઇચ્છા કરે છે, એવા સર્વ જીવોના નિવાસરૂપ આપનાં દર્શનથી આજ મારાં નેત્ર સફળ થયાં. ૧૩ સંસારરૂપી મહાસાગરથી વહાણની પેઠે તારનારાં આપનાં ચરણકમળને જેઓ અલ્પ વિષયસુખને માટે સેવે છે, તેઓને તે સુખ આપોછો; પણ તેઓની બુદ્ધિ નાશ પામેલી સમજવી, કારણ કે વિષયો તો નરકમાં પણ મળે છે. ૧૪ હે નાથ! હું પણ તેવોજ છું, કારણ કે સમાન સ્વભાવવાળી તથા ગૃહસ્થાશ્રમમાં ધર્મ, અર્થ અને કામના પૂરનારી સ્ત્રીને પરણવાની ઈચ્છાથી વિષયવાસનાને લીધે, કલ્પવૃક્ષની પેઠે સર્વ પુરૂષાર્થ આપનારાં આપનાં ચરણારવિંદને શરણે આવ્યો છું. ૧૫ હે અધીશ્વર! આપ પ્રજાપતિની વાણી (વેદ) રૂપ દોરીથી જેમ વિષયથી હણાયેલો આ જીવલોક પશુની પેઠે બંધાયેલો છે, તેમ હું પણ તેઓને અનુસરનારો આપને આત્મદાન આપુંછું. અને કર્મ કરવારૂપ આપની આજ્ઞાને અનુસરીને સ્ત્રી પરણવાને ઇચ્છું છું ૧૬ કામી લોકોનું તથા જાણવા છતાં પણ તેને અનુસરનારા મારા જેવા પશુઓનો અનાદર કરીને જે લોકે આપના ચરણરૂપ છત્રનો આશ્રય કર્યો છે, તેઓ પરસ્પર તમારા ગુણોની કથારૂપી અમૃતનું પાન કરીને ભૂખ તરસ આદિક દેહના ધર્મથી નિવૃત્ત થઇ ગયા છે. ૧૭ એવા પુરૂષોના આયુષ્યને, આપનું કાળચક્ર કે જે સર્વ જગતને ખેંચીને દોડયું જાય છે અને પરબ્રહ્મરૂપ ધરી ઉપર ફર્યા કરે છે તે પણ ખેંચી શકતું નથી. એવું એ કાળચક્ર કે જેને તેર માસરૂપી તેર આરા છે, ત્રણસેં સાઠ દિવસરૂપ ત્રણસેં સાઠ અણીઓ છે, છ ઋતુઓ રૂપી પાટા છે, ઘડી અને પળોરૂપી અનંત પત્રા છે, શિયાળો, ઉન્હાળો અને ચોમાસારૂપી ત્રણ જેમાં નાભિ એટલે આધારભૂત ચક્ર છે, અને જેનો વેગ ભયંકર છે, એવું કાળચક્ર પણ તેને કાંઇ કરી શકતું નથી. ૧૮ તમે એક છો તેમ છતાં જગતને રચવાની ઈચ્છાથી માયાવડે ત્રિગુણરૂપ શક્તિથી કરોળીઆની પેઠે આ જગતને રચોછો, પાળોછો અને પાછું સંકેલી લ્યોછો. ૧૯ હે અધીશ! માયાવડે વિષયસુખ આપોછો તે જો કે આપને પ્રિય નથી, તોપણ અમારા અનુગ્રહ માટે તેમ કરોછો. તુલસીની માળાથી શોભતું આપનું સ્વરૂપ ભોગ તથા મોક્ષ બન્ને આપનાર છે. ૨૦ તમે પોતાની માયાથી લોકતંત્રનું આવર્તન કરોછો, સકામ પુરૂષોને સારી રીતે વિષયસુખ આપોછો, જેનાં ચરણારવિંદ વંદવા યોગ્ય છે તથા જ્ઞાનના પ્રભાવથી જેનામાંથી કર્મફળનો ભોગ ટળી ગયો છે એવા આપને હું વારંવાર પ્રણામ કરૂંછું. ૨૧

મૈત્રેયજી કહેછે—હે વિદુરજી! એ પ્રમાણે ખરા ભાવથી કર્દમ ઋષિએ પદ્મનાભ ભગવાનની સ્તુતિ કરી, એટલે ગરૂડની પાંખો ઉપર શોભતા અને પ્રેમ તથા મંદહાસ્યથી જોવાથી હાલતી ભ્રકુટિવાળા ભગવાને અમૃત જેવાં વચનોથી કહ્યું. ૨૨

શ્રીભગવાન કહેછે—હે ઋષિ! જેને માટે તમે નિયમોવડે મારી સેવા કરી છે, તે તમારા મનનો અભિપ્રાય જાણીને પ્રથમથીજ મેં ગોઠવણ કરી રાખી છે. ૨૩ હે પ્રજાપતિ! મારા વિષે એકાગ્ર ચિત્ત રાખીને જે મારી સેવા કરેછે તેની સેવા કદી પણ વ્યર્થ જતી નથી. તો પછી તમો જેવા મહાત્માએ કરે-

સ્ત્રી સેવા તો વ્યર્થ જાયજ કેમ? ૨૪ પ્રજાપતિના પુત્ર પ્રખ્યાત કીર્તિવાળા મનુ જે બ્રહ્માવર્તમાં રહીને સાત સમુદ્રવાળી પૃથ્વીપર રાજ્ય કરે છે. ૨૫ તે ધર્મને જાણનારા રાજર્ષિ તમારાં દર્શન કરવા માટે પોતાની શતરૂપા નામની રાણી સહિત પરમ દહાડે અહીં આવશે. ૨૬ હે પ્રભુ! સારા સ્વભાવવાળી, યોગ્ય ઉમ્મરવાળી, ગુણવાળી, શ્યામ કટાક્ષવાળી અને પતિની શોધ કરતી પોતાની પુત્રી તે તમો યોગ્ય વરને આપશે. ૨૭ તમારૂં ચિત્ત આજસુધી જેનામાં લાગી રહ્યું હતું તે રાજપુત્રી તુરત તમારી સેવા કરશે. ૨૮ તેનાથી તમારા વીર્યવડે નવ કન્યાઓ ઉત્પન્ન થશે. અને બીજા ઋષિઓ વિનાશ્રમ તમારા એ કન્યાઓને વિષે પુત્રો ઉત્પન્ન કરશે. ૨૯ તમે પણ મારી આ[illegible] રીતે પાળી, શુદ્ધ સત્વગુણી [illegible] સર્વ કર્મફળો મને અર્પણ કરી દઈને મને પામશો. ૩૦ સર્વ જીવો ઉપર દયા કરો, અભયદાન દઇ પોતાને અને જગતને મારામાં જોશો અને મને તમારા આત્મામાં જોશો. ૩૧ હે મહામુનિ! તમારા વીર્યથી તમારી સ્ત્રી દેવહૂતિને વિષે હું પણ અંશકળાથી અવતાર ધારણ કરી સાંખ્યશાસ્ત્રની સંહિતા કરીશ. ૩૨

મૈત્રેય કહે છે–અંતર્દૃષ્ટિથી જાણવામાં આવતા ભગવાન એ પ્રમાણે કર્દમઋષિને કહીને સરસ્વતી નદીથી ઘેરાયેલા બિંદુ સરોવરથી પધાર્યા. ૩૩ સઘળા સિદ્ધેશ્વરો જેના વૈકુંઠ માર્ગની સ્તુતિ કરે છે એવા શ્રી હરિ ગરુડની પાંખોથી ઉચ્ચારાતા સામ સ્તોમને સાંભળતા થકા કર્દમમુનિના દેખતાં પોતાના ધામમાં પધાર્યા. ૩૪ ભગવાન પધાર્યા પછી તેમણે કહેલા સમયની વાટ જોતા કર્દમઋષિ બિંદુ સરોવરમાં રહ્યા, ૩૫ પછી સ્વાયંભુવ મનુ પોતાની પત્નિ સહિત સુવર્ણના સામાનવાળા રથમાં બેશીને પોતાની કન્યા સાથે આ પૃથ્વીમાં ફરતા ફરતા ભગવાને કહેલા દિવસે શાન્તવ્રતવાળા કર્દમઋષિના આશ્રમમાં આવ્યા. ૩૬–૩૭ શરણે આવેલા પ્રાણી ઉપર કરેલી કૃપાથી વ્યાપ્ત થઇ જતાં ભગવાનનાં નેત્રોમાંથી પ્રેમાશ્રુનાં બિંદુ જે ઠેકાણે પડ્યાં હતાં, તે ઠેકાણું બિંદુસર કહેવાય છે. ૩૮ એની ચારે તરફ સરસ્વતી નદી વહે છે, આરોગ્યતાવાળું પવિત્ર મીઠું જળ તેમાં ભર્યું છે, મોટામોટા ઋષિ મહર્ષિઓ જેને સેવી રહ્યા છે. ૩૯ જ્યાં પવિત્ર પક્ષીઓ કલ્લોલ કરે છે, જ્યાં પવિત્ર મૃગો શબ્દ કરી રહ્યા છે, અને પવિત્ર ઝાડ તથા લતાઓ જેના કાંઠા ઉપર શોભી રહ્યાં છે, જે સર્વ ઋતુઓમાં ફળ તથા પુષ્પોથી ભરપૂર રહે છે, જેમાં વનશ્રેણી શોભા છાઇ રહી છે. ૪૦ મદોન્મત્ત પક્ષીઓ જેને સેવે છે, જ્યાં મત્ત ભ્રમરો વિલાસ [illegible], જ્યાં મયૂરો મત્ત થઈ ફળા[illegible]. નાચી રહ્યા છે, જ્યાં મત્ત કોયલો [illegible]ટા કરી રહી છે. ૪૧ જ્યાં કદંબ, ચંપા, અશોક, કરંજ, બકુલ, અસન, મોગરા, મંદાર, કુટજ અને આંબાનાં વૃક્ષોની ઘટા છાઇ રહી છે. ૪૨ જ્યાં કારંડવ, હંસ, પ્લવ, ટીટોડી, જળકુકડી, સારસ, ચક્રવાક અને ચકોરાદિક પક્ષીઓ ઘણા સુંદર શબ્દો બોલી રહ્યાં છે. ૪૩ અને જ્યાં હરણ, સુવર, સાહુડી, રોઝ, હાથી, વાનર, સિંહ, નોળીયા અને કસ્તુરીમૃગ ચારે તરફ ફર્યા કરેછે. ૪૪ એવા ઉત્તમ તીર્થમાં આવીને પોતાની કન્યા સાથે આદિરાજ મનુએ અગ્નિહોત્ર કરીને બેઠેલા કર્દમમુનિને દીઠા. ૪૫ એ ઋષિએ ઘણા કાળ સુધી તપશ્ચર્યા કર્યાથી તેમનું શરીર તેજસ્વી થઇ રહ્યું હતું, તપને લીધે શરીર દુર્બળ થઇ ગયું હતું, તથાપિ ભગવાનનાં પ્રેમસહિત કટાક્ષો પડવાથી તથા તેમના ભાષણરૂપ અમૃતમય ચંદ્રમાની કળાના સેવનથી બહુ દુર્બળ દેખાતા નહતા. ૪૬ ઉંચા. કમળ સરખાં નેત્રોવાળા, જટાધારી, ફાટેલાં વસ્ત્રોવાળા અને શુદ્ધ નહિ કરેલા મણિ જેવા દેખાતા હતા. ૪૭ એવા કર્દમજીની પાસે જઇ મનુએ પ્રણામ કર્યા. પર્ણશાળા પાસે આવતા મનુને જોઇ તેમને આશિર્વાદ દઇ યોગ્ય પુજાથી સત્કાર કર્યો. ૪૮ પછી કર્દમમુનિ ભગવાનની આજ્ઞા સંભારી, મનુએ કરેલી પુજા સ્વીકારીને સાવધાનપણે

બેઠેલા મનુને પ્રસન્ન કરતા કોમળ અને મધુર વાણીથી કહેવા લાગ્યા કે-૪૯ હે દેવ! આપનું ફરવું સત્પુરૂષોના રક્ષણ માટે અને દુષ્ટજનોના સંહાર માટે જ છે, કારણ કે આપ ભગવાનની પાલનશક્તિ રૂપ છો. ૫૦ આપ જુદા જુદા સમયે સૂર્ય, ચંદ્ર, અગ્નિ, ઇંદ્ર, વાયુ, યમ, ધર્મ અને વરૂણનાં રૂપ ધારણ કરોછો, તે શુદ્ધસત્ત્વરૂપ આપને મારા પ્રણામ છે. ૫૧ આપ મણિજડિત વિજય રથમાં બેસી પ્રચંડ ધનુષનો ટંકાર કરતા દુષ્ટોને ત્રાસ આપતા અને આપની સેનાના પગરખટથી ખોદાઇ ગયેલી પૃથ્વીને કંપાયમાન કરતા મોટી સેના સાથે સૂર્યની પેઠે ન ફરો તો સર્વ વર્ણ તથા આશ્રમની ભગવાને બાંધેલી મર્યાદાનો દુષ્ટો ભંગ કરી નાંખે.૫૨-૫૪ જો તમે નિશ્ચિંત થઇ જાઓ તો લાલચુ અને નિરંકુશ મનુષ્યોથી અધર્મ વધી જાય અને ચોર લુંટારાથી આ લોકનો નાશ થઈ જાય. ૫૫ હે વીર! તોપણ જેને માટે તમે અહીં પધાર્યા છો તે કાર્ય મને કહો, તે હું નિષ્કપટ મનથી સ્વીકારીશ. ૫૬

अथापि पृच्छे त्वां वीर यदर्थं त्वमिहागतः
तद्वयं निर्व्यलीकेन प्रतिपद्यामहेहृदा ॥५६॥

ઇતિશ્રી મહાપુરાણ ભાગવતના તૃતીય સ્કંધમાં કર્દમઋષિ અને સ્વાયંભુવ મનુનો સમાગમ વર્ણન નામનો ૨૧ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૨૨ મો.

સ્વાયંભુવ મનુએ પોતાની પુત્રી દેવહૂતિ કર્દમઋષિને પરણાવી.

मैत्रेय उवाच.

एव माविष्कृता शेष गुण कर्मोदयो मुनिम् ॥
सव्रीड इवतां सम्राडुपारत मुवाचह ॥१॥

મૈત્રેય કહે છે—એ પ્રમાણે કર્દમઋષિએ પોતાના સઘળા ગુણ અને કર્મનાં વખાણ કર્યાં, તે સાંભળીને શરમાતા ચક્રવર્તિ સ્વાયંભુવ મનુ નિવૃત્તિ પરાયણ કર્દમમુનિને કહેવા લાગ્યા. ૧

મનુ કહે છે—વેદમય બ્રહ્માએ વેદના રક્ષણ માટે જીતેંદ્રિય, તપ, વિદ્યા અને યોગથી યુક્ત તમો બ્રાહ્મણોને પોતાના મુખમાંથી ઉત્પન્ન કર્યા છે. ૨ અને હજાર ચરણોવાળા પરમાત્માએ તમારી રક્ષા કરવા માટે પોતાના હજારો હાથમાંથી અમો ક્ષત્રિયોને ઉત્પન્ન કર્યા છે, બ્રાહ્મણો તેમનું હૃદય અને ક્ષત્રિયો તેમનું અંગ છે. ૩ તે માટે બ્રાહ્મણો અને ક્ષત્રિયો પરસ્પર આત્માનું રક્ષણ કરે છે, અને કાર્ય કારણરૂપ અવિનાશી પરમાત્મા છે, તે બ્રાહ્મણ તથા ક્ષત્રિય બન્નેની રક્ષા કરે છે. ૪ આપનાં દર્શન થવાથી મારા સર્વ સંદેહ ટળી ગયા, કારણ કે આપે જાતેજ રાજધર્મનું વર્ણન કર્યું. ૫ વિષયી પુરૂષોને આપનાં દર્શન દુર્લભ છે. તેમ છતાં મને દર્શન થયાં, તથા આપનાં ચરણાર્વિંદની પવિત્ર રજનો મારા મસ્તકને સ્પર્શ થયો, એ બહુજ સારૂં થયું. ૬ આપે મારા ઉપર મોટી કૃપા કરીને ઉપદેશ આપ્યો તે આપની મનોહરવાણી મારા ખુલ્લા કાનોવડે સાંભળવામાં આવી, એ પણ બહુજ સારૂં થયું. ૭ હે મુનિ! હું દીન પુત્રીના સ્નેહથી મનમાં મુંઝાયો છું, માટે આપે કૃપા કરીને મારી વિનંતી સાંભળવી જોઇએ. ૮ આ પ્રિયવ્રત અને ઉત્તાનપાદની બેન અને મારી પુત્રી દેવહૂતિ અવસ્થા, શીલ તથા ગુણો વગેરેથી યોગ્ય પતિને શોધે છે. ૯ જ્યારથી તેણે નારદજીના મુખથી આપના સ્વભાવ, શાસ્ત્ર, રૂપ, અવસ્થા અને ગુણો સાંભળ્યા છે, ત્યારથી તેણે આપનેજ વરવાનો નિશ્ચય કરેલો છે. ૧૦ હે દ્વિજોત્તમ! માટે હું શ્રદ્ધાવડે આ કન્યા ભેટ કરૂં છું, તેને ગ્રહણ કરો, તે ગૃહસ્થાશ્રમીનાં સર્વ કામોમાં આપને અનુકુળ થશે. ૧૧ જેણે વિષયસંગનો ત્યાગ કર્યો હોય તેમ છતાં તે તેને એની મેળે મળી આવે તો તે સુખનો અનાદર કરવો ઘટિત નથી, ત્યારે કામનાઓ ઇચ્છનારાને વિષયસુખ આવી મળે તો તેનાથી ના પાડી શકાયજ કેમ? ૧૨ વળી જે આપવા માટે સામે આ-

વેલાનો અનાદર કરે છે, તેની વધેલી કીર્તિ ક્ષીણ થઇ જાય છે, અને અપમાનને લીધે તેનું માન પણ હીન થઈ જાય છે. ૧૩ હે વિદ્વન્! મેં સાંભળ્યું છે કે તમે વિવાહને માટે તૈયાર છો, માટે યથાયોગ્ય બ્રહ્મચર્ય પાળનારા આપ મારી આ કન્યાનું પાણિગ્રહણ કરો. ૧૪

કર્દમઋષિ કહે છે—તમે ખરૂં કહોછો, હું લગ્ન કરવાને ઇચ્છુંછું, અને આપની પુત્રી પણ પરણ્યા વગરની છે. માટે અમારો આ પ્રથમ વિવાહ વિધિ બન્નેને અનુકુળ છે. ૧૫ હે.નરદેવ! વેદમાં કહેલી રીતિ પ્રમાણે આપની પુત્રીની ઇચ્છા પરિપૂર્ણ થશે. જે પોતાના શરીરની કાન્તિથીજ આભૂષણાદિકની શોભાનો તિરસ્કાર કરે છે, એવી આપની પુત્રીનો કોણ અનાદર કરે? ૧૬ આ તમારી પુત્રી પગમાં પેહેરેલાં ઝાંઝરનો ઝમકાર કરતી મેહેલની અગાશીમાં દડાની રમત રમતી હતી, ત્યારે એને જોઇને વિશ્વાવસુ ગંધર્વ મોહથી મૂઢ બની જઈ પોતાના વિમાનમાંથી ઢળી પડયો હતો. ૧૭ જેઓએ લક્ષ્મીનાં ચરણોની સેવા કરી નથી, તેઓને તો જેનાં દર્શન પણ દુર્લભ છે, એવી સ્ત્રી રત્ન–ઉત્તાનપાદની બેહેન–ઉત્તમ રાજકન્યા પરણવા માટે સામે ચાલી આવી છે, તેનો કોણ સ્વિકાર ન કરે? ૧૮ માટે સંતાન ઉત્પન્ન થતા સુધી આ સદ્‌ગુણી સ્ત્રી સાથે ગ્રહસ્થાશ્રમ ચલાવીશ, અને પછી સાક્ષાત્ ભગવાને કહેલા અને જ્ઞાન જેમાં મુખ્ય છે એવા અહિંસક ધર્મ (પરમહંસના ધર્મ) પાળીશ. ૧૯ આ વિચિત્ર જગત જેનાથી ઉત્પન્ન થયું છે, જેના વિષે રહેલું છે અને અંતે જેનામાં લીન થશે, તે પ્રજાપતિઓના પતિ ભગવાનની આજ્ઞા હું માન્ય કરૂંછું. ૨૦

મૈત્રેય કહે છે—હે ઉગ્ર ધનુષધારી! એ પ્રમાણે કહીને ભગવાનનું ધ્યાન ધરતા થકા કર્દમઋષિ મૌન રહ્યા, તે સમયે તેમના મંદહાસ્યથી શોભતું મુખ જોઇને દેવહુતિનું મન લલચાયું. ૨૧ પછી મનુએ પોતાની પટ્ટરાણીનો તથા દેવહુતિનો સ્પષ્ટ અભિપ્રાય જાણીને પ્રસન્નતાથી સર્વગુણ સંપન્ન કર્દમઋષિને સમાન ગુણવાળી પોતાની કન્યાનું દાન દીધું. ૨૨ મહારાણી શતરૂપાએ પ્રીતિથી તે વરકન્યાને અમૂલ્ય આભુષણો, વસ્ત્રો તથા બીજો સરસામાન પેહેરામણીમાં આપ્યો. ૨૩ પોતાની કન્યાને યોગ્ય વર સાથે પરણાવી નિશ્ચિંત થયા પછી ત્યાંથી વિદાય થતી વખતે બે હાથે પુત્રીને આલિંગન આપતાં મનુ ગળગળા થઇ ગયા. ૨૪ અને પુત્રીનો વિયોગ સહન નહી થઇ શકાવાને લીધે હે અંબ! હે પુત્રી! એમ બોલતાં આંસુવડે દેવહુતિનો ચોટલો ભીંજવી નાંખ્યો. ૨૫ પછી મહામુનિ કર્દમજીની આજ્ઞા લઇ પોતાની રાણીસહિત રથમાં બેશી સર્વ માણસો સાથે પોતાના નગર તરફ રવાના થયા. ૨૬ રસ્તે જતાં ઋષિકુળને આનંદ આપનારી સરસ્વતીના બન્ને સુંદર કિનારાઓ ઉપર ઋષિઓના આશ્રમોની શોભા નિહાળવા લાગ્યા. ૨૭ પોતાના મહારાજા મનુને આવતા સાંભળીને આનંદ પામેલી બ્રહ્માવર્ત્તની પ્રજા નગર બહાર નીકળી વાજીંત્ર સહિત ગીત ગાતી અને સ્તુતિ કરતી સામી ગઇ. ૨૮ આ બ્રહ્માવર્ત્તમાં સર્વ સંપત્તિથી ભરેલી બર્હિષ્મતી નામની નગરી છે, ત્યાં આગળ વરાહ ભગવાને પોતાનું શરીર ધુણાવતાં તેમાંથી રૂવાડાં ખરી પડયાં હતાં. ૨૯ તે રૂવાંડાં-લીલા રંગના દર્ભ તથા કાસ નામના ઘાસ રૂપે થયાં હતાં, તે વડે ઋષિઓએ યજ્ઞમાં વિઘ્ન કરનારા દૈત્યોનો પરાભવ કરી યજ્ઞ કર્યા હતા, અને યજ્ઞમૂર્તિ ભગવાનનું યજન કર્યું હતું. ૩૦ ભગવાન મનુએ પણ દર્ભ તથા કાસરૂપી પવિત્ર તૃણ બિછાવી પોતાને પૃથ્વીનું રાજ્ય આપનાર યજ્ઞપુરૂષ ભગવાનનું યજન કર્યું હતું. ૩૧ પછી મનુએ પોતાની રાણી સાથે બર્હિષ્મતી નગરીમાં પ્રવેશ કર્યો. અને ત્રણ પ્રકારના તાપને ટાળનારા પોતાના મહેલમાં સ્ત્રી તથા સંતાનો સાથે ધર્મ, અર્થ, કામમાં વિરોધ આવે નહી એવી રીતે સંસારસુખ ભોગવવા લાગ્યા. ૩૨ પ્રભાતમાં નિત્ય દેવતાઓના ગવૈયા પોતાની

અપ્સરાઓ. સાથે તેની સુંદર કીર્તિ ગાતા હતા, તથા તે મનુ એકાગ્ર ચિત્તથી ભગવાનની કથા સાંભળતા હતા. ૩૩ તે સ્વાયંભુવ મનુને સર્વ સિદ્ધિઓ સ્વાધીન હતી, તેમ છતાં ભગવાનની કથાના પ્રભાવથી તેમને કોઇ પણ વિષયસુખ પરાધીન કરી શકતાં નહતાં. ૩૪ તેમને ભગવાનની કથા કહેતાં. સાંભળતાં અને ધ્યાન કરતાં પોતાના આયુષ્યનો કોઇ પણ પોહોર નિષ્ફળ ગયો નહતો. ૩૫ આવી રીતે ભગવાનની કથાના પ્રસંગથી ત્રણે અવસ્થા તથા ત્રણે ગુણોનો પરાજય કરનારા સ્વાયંભુવ મનુએ પોતાના સમયના એકોતેર યુગો કાઢ્યા. ૩૬ હે વિદુર! ભગવાનના ભક્તને શારીરિક, માનસિક, દૈવિક, મનુષ્ય સંબંધી તથા ટાઢ તડકા સંબંધી દુઃખો કેવી રીતે બાધ કરી શકે? ૩૭ એવા સર્વ પ્રાણીઓનું ભલું કરનારા સ્વાયંભુવ મનુએ મુનિઓના પૂછવાથી મનુષ્યોના, વર્ણોના અને આશ્રમોના અનેક પ્રકારના શુભ ધર્મો કહ્યા હતા. ૩૮ એ રીતે વર્ણન કરવા યોગ્ય આદિરાજ મનુનું અદ્ભુત ચરિત્ર તમને કહ્યું. હવે તેમનાં સંતાનનો ઉદય સાંભળો. ૩૯

एतत्त आदिराजस्य मनोश्चरितमद्भुतम ॥
वर्णितं वर्णनीयस्य तदपत्योदयं शृणु ॥३९॥

ઇતિ શ્રીમદ્ ભાગવતપુરાણના તૃતીય સ્કંધમાં "સ્વાયંભુવમનુનું ચરિત્ર વર્ણન" નામનો ૨૨ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૨૩ મો.

દેવહુતિની સેવાથી પ્રસન્ન થયેલા કર્દમ ઋષિએ તપના પ્રભાવથી વિમાન બનાવ્યું.

मैत्रेय उवाच.

पितृभ्यां प्रस्थिते साध्वी पतिमिंगित कोविदा
नित्यं पर्यचरत्प्रीत्या भवानीव भवं प्रभुम॥१॥

મૈત્રેય કહેછે—માતાપિતા ગયા પછી પોતાના સ્વામીના મનના અભિપ્રાયને જાણનારાં પતિવ્રતા દેવહુતિ, જેમ પાર્વતી શંકરની સેવા કરેછે, તેમ નિત્ય પ્રીતિથી પતિની સેવા કરવા લાગ્યાં. ૧ પછી દેવહુતિએ કામ, કપટ, દ્વેષ, લોભ, મદ અને દુરાચરણનો ત્યાગ કરી પતિની સેવામાં તૈયાર રહી સાવધાન થઇને વિશ્વાસથી, પવિત્રતાથી, શુદ્ધ મનથી, જીતેંદ્રિયપણાથી, સેવાથી, સ્નેહથી અને મધુર વાણીથી તેજસ્વી કર્દમ મુનિને પ્રસન્ન કર્યા. ૨-૩ સ્વામી પાસેથી મોટા મનોરથને ઇચ્છતી, તેમની સેવા કરતી અને ઘણા કાળ સુધી નિયમ પાળવાથી અત્યંત દુર્બળ અને શક્તિહીન થયેલી દેવહુતિને જોઇને દેવર્ષિ કર્દમ મુનિ દયાથી મનમાં ખેદ પામ્યા, અને પ્રેમને લીધે ગદ્‌ગદ્ કંઠે કહેવા લાગ્યા કે ૪-૫ હે મનુની પુત્રી! તારી સારી સેવા અને અત્યંત ભક્તિથી આજ હું પ્રસન્ન થયોછું, કેમકે દેહધારીઓને અત્યંત વહાલો જે પોતાનો દેહ તે આવી રીતે તેં ગાળી નાંખવામાં પાછું વાળી જોયું નથી. ૬ મેં સ્વધર્મમાં લીન રહીને તપ, સમાધિ, વિદ્યા અને આત્મયોગવડે દિવ્ય વૈભવ મેળવ્યા છે, તે નિર્ભય અને શોકરહિત વૈભવોને તેં પણ મારી સેવા કરીને સ્વાધીન કર્યાછે, તે હું તને દિવ્યદૃષ્ટિ આપુંછું તેવડે જો. ૭ ભગવાનની ભ્રકુટીના ચાલવામાત્રમાં જેની સર્વ રચના નાશ પામેછે, એવા બીજા વૈભવો તો શી ગણતીમાં છે, તું સિદ્ધ થઇ ગઇ છે, માટે પુરૂષોને રાજાપણાના અભિમાનથી પણ મળવા દુર્લભ છે એવા દિવ્ય વૈભવો પોતાના ધર્મથીજ પ્રાપ્ત થયેલા છે તે તું ભોગવ. ૮ આ પ્રમાણે સર્વ સિદ્ધિ અને તેની ઉપાસનામાં કુશળ એવા પતિને બોલતા જોઇ દેવહુતિની સર્વ ચિંતા દુર થઇ ગઇ અઇ. પછી કાંઇક લાજથી જોતી અને હસતી દેવહુતિ વિનય અને પ્રેમથી ગદગદ વાણીથી બોલ્યાં. ૯

દેવહુતિ બોલ્યાં—હે બ્રાહ્મણોમાં ઉત્તમ! હે સ્વામીનાથ! આપ અમોઘ સિદ્ધિઓના પતિ છો, તેથી આપની પાસે સર્વ સિદ્ધિઓ તૈયારજ છે તે હું જાણુંછું; પરંતુ આપે જે-

મ પ્રથમ ધાર્યું હતું તેમ એકવાર તમારા અંગનો સંગ થવો જોઇએ, કેમકે મહાત્મા પતિ પાસેથી સતીને સંતાનની પ્રાપ્તી થાય એ મોટો લાભ છે. ૧૦ હે નાથ ! અંગનો સંગ થતાં પેહેલાં કામશાસ્ત્રમાં કહ્યા પ્રમાણેનાં સાધનો તૈયાર કરો. જે સાધનો મળવાથી આ મારૂં શરીર કે જે અત્યંત રમણ કરવાની ઇચ્છાથી દુર્બળ અને દીન થઇ ગયું છે, તે રમણ કરવા માટે સમર્થ થાય, વળી તે કામને યોગ્ય ઘરની પણ સવડ કરો. ૧૧

મૈત્રેય કહેછે—હે વિદુર ! પછી કર્દમમુનિએ પોતાની પ્રિયાનું પ્રિય કરવાની ઇચ્છાથી યોગસિદ્ધિ ધારણ કરી તેજ વખતે ઇચ્છાનુસાર ચાલનારૂં વિમાન પ્રગટ કર્યું. ૧૨ તે વિમાન સર્વ કામના પૂરનારૂં, અલૌકિક, સર્વ રત્નોથી પરિપૂર્ણ, સઘળી સમૃદ્ધિવાળું, મણિના સ્તંભોથી શોભાયમાન, દિવ્ય વસ્તુઓથી શોભતું, સર્વ કાળમાં સુખ આપનારૂં, વિચિત્ર નાની મોટી ધ્વજ પતાકાઓથી શોભતું, સુંદર ભ્રમરો જેના ઉપર ગુંજારવ કરેછે એવી વિચિત્ર પુષ્પોવાળી માળાઓથી, સુતરાઉ તથા રેશમી વસ્ત્રોથી શોભતું, ઉપરાઉપરી બનાવેલા માળમાં જુદાં જુદાં શયન, પલંગ, પંખા, અને આસનોથી મનોહર દેખાતું હતું. ૧૩-૧૬ વળી તેમાં જુદી જુદી કારીગરીઓથી શોભતી મરકત મણિના ભુમિ અને પરવાળાંની બેઠકો હતી. ૧૭ દરવાજાઓમાં પરવાળાંના ઊમરાઓ અને હીરા જડેલાં કમાડો હતાં, નીલમણિથી બનાવેલાં વિમાનનાં શિખરો ઉપર સુવર્ણના કળશ ચઢાવ્યા હતા, તેથી તે વિમાન ઝગમગી રહ્યું હતું. ૧૮ હીરાની ભીંતોમાં જડેલ ઉત્તમ માણેકો આંખોની પેઠે ચળકતાં હતાં, ચિત્રવિચિત્ર ચંદરવા અને સોનેરી તોરણો બાંધેલાં હતાં, ૧૯ હંસ તથા પારેવાંનાં ટોળાં તેની જાતનાં બનાવટી પક્ષીઓ ઉપર બેસીને બોલતાં હતાં. ૨૦ જેવાં જોઇએ તેવાં વિહારસ્થાનો વિશ્રામસ્થાનો, ઉપભોગસ્થાનો, ઘરમાં આંગણાં તથા કિલ્લાની બહારની જગ્યાઓ એ સર્વ જોઇને કર્દમ ઋષિ ચકિત થઇ ગયા. ૨૧ આવા એ ઘરને જોઇ, પોતાના મલિનદેહને લીધે તથા તેમાં જોઇતી દાસીઓ નહી હોવાથી દેવહુતિ જરા ખિન્ન થયાં, તેથી સર્વ પ્રાણીઓના મનના અભિપ્રાયને જાણનારા કર્દમમુનિ બોલ્યા કે-૨૨ " હે બીકણ સ્ત્રી ! આ સામેના ધ્રોમાં સ્નાન કરીને આ વિમાનમાં બેસ. કારણ કે શુકલ ભગવાનનું કરેલું તીર્થ મનુષ્યોના સર્વ મનોરથને પૂરનારૂં છે." ૨૩ પછી તે કમળ સરખાં નેત્રવાળાં દેવહુતિ, પતિનાં વચન સાંભળીને મલીન વસ્ત્રવાળાં, ગુંચવાઇ ગયેલા કેશવાળાં, મેલથી મલીન થયેલા શરીરવાળાં અને મેલ લાગી જવાથી વિચિત્ર દેખાતા સ્તનવાળાં, સરસ્વતી નદીના પવિત્ર ધ્રોમાં સ્નાન કરવાને ઉતર્યાં. ૨૪-૨૫ ત્યાં તેમણે એક ઘરમાં એક હજાર કન્યાઓ બેઠેલી જોઇ, તે સઘળી કિશોર વયની અને કમળ સરખાં નેત્રવાળી હતી. ૨૬ તે સર્વ સ્ત્રીઓ દેવહુતિને જોઇને ઉઠી ઉભી થઇ અને હાથ જોડીને બોલી કે " અમે તમારી દાસીઓ છીએ, માટે અમને આજ્ઞા કરો કે અમે શું કામ કરીએ ? " ૨૭ પછી તે સ્ત્રીઓએ સ્નાન કરવાના ઉત્તમ પદાર્થોથી દેવહુતિને સ્નાન કરાવ્યું અને નિર્મળ તથા નવીન વસ્ત્રો અને અમૂલ્ય સુશોભિત મનગમતાં આભૂષણો આપ્યાં. અને સર્વ ગુણવાળું અન્ન જમાડી તે ઉપર અમૃત સમાન મીઠા માદક રસ પીવાને આપ્યા. ૨૮-૨૯ પછી દેવહુતિએ પોતાનું શરીર અરીસામાં જોયું તો સ્નાન કરવાથી સ્વચ્છ બનેલું અને નિર્મળ વસ્ત્રો તથા પુષ્પની માળાઓ પેહેરેલું, સૌભાગ્યવંતા માંગલિક પદાર્થો ધારણ કરેલું, કન્યાઓથી બહુ માન અપાતું, ઝાંઝર અને નિતંબ ઉપર અનેક રત્નોવાળી સોનાની કટિમેખળા પેહેરી હતી, અમુલ્ય હારથી કંઠ શોભી રહ્યો હતો, સુંદર દાંત, સુંદર ભ્રકુટિ, મનોહર અને સ્નેહ ભરેલાં કટાક્ષવાળું અને કાળા કેશથી શોભાયમાન મુખ જોવામાં આવ્યું. ૩૦-૩૩ આ પ્રમાણે પોતાનું અલૌકિક રૂપ જોઇને તે ઋષિશ્રેષ્ઠ કર્દમજીને જેવાં સંભારે છે તેવામાં જ્યાં તે પ્રજાપતિ હતા ત્યાંજ

પોતે પેલી કન્યાઓ સહિત બેઠેલા જણાયા. ૩૪ એક હજાર સ્ત્રીઓ સાથે પોતાને પતિની પાસે જોઈને સ્વામીના યોગનો પ્રભાવ જોઈ દેવહુતિ આશ્ચર્ય પામ્યાં. ૩૫ હે વિદુર ! કર્દમઋષિએ સ્નાન કરીને શુદ્ધ થયેલાં, નવલ વધુની પેઠે શોભતાં, પરણ્યા પહેલાંના જેવું રૂપ ધારણ કરનારાં, પરસ્પર અડી રહેલા સુંદર સ્તનવાળાં, હજારો વિદ્યાધરીઓથી વીંટાએલાં અને મનોહર વસ્ત્રો પેહેરનારાં તે દેવહુતિને જોઇને પ્રેમથી વિમાનમાં બેસાર્યાં. ૩૬-૩૭ જેની સ્વતંત્રતાનો નાશ થયો નથી એવા, સ્નેહથી પરિપૂર્ણ, પ્રિયા સાથે વિમાનમાં બેઠેલા અને વિદ્યાધરીઓથી સેવાતા કર્દમઋષિ, આકાશમાં તારાઓથી વીંટાએલા અને આસપાસ કુમુદો ખીલી ઉઠ્યાં હોય એવા પુનેમના ચંદ્ર જેવા શોભતા હતા. ૩૮ આ પ્રમાણે વિમાનમાં બેશીને ફરતા, સિદ્ધ લોકોથી સ્તુતિ કરાતા અને સ્ત્રીમંડળમાં રહેલા કર્દમમુનિ, ગંગાજીના ધોધના કલ્યાણકારી ઘોંઘાટવાળી અને આઠ લોકપાળોની વિહારભુમિ એવી સુમેરૂ પર્વતની ગુફામાં જઇ કુબેરની પેઠે ઘણા કાળસુધી વિહાર કરવા લાગ્યા. ૩૯ પછી ત્યાંથી વિમાનમાં બેશીને વૈશ્રંભક, સુરસન, નંદન. પુષ્પભદ્રક, માનસ અને ચૈત્રરથ્યમાં જઇ વિહાર કર્યો. ૪૦ એ પ્રમાણે ઈચ્છાનુસાર આકાશમાં ફરનારા, તેજોમય, અને પવનવેગે વિચરનારા વિમાનમાં કર્દમમુનિ વિમાનચારી દેવતાઓ કરતાં પણ શ્રેષ્ઠ થયા. ૪૧ જેમણે સંસારનાં દુઃખો ટાળનારા અને પવિત્ર ચરણકમળવાળા શ્રીહરિનો આશ્રય લીધો છે, તેવા ધીર પુરૂષોને કઈ વસ્તુ દુર્લભ છે ? ૪૨ જેમાં અનેક આશ્ચર્ય રહેલાં છે એવા દ્વીપ, ખંડ વગેરે જેટલું ભુમંડળ છે, તે સર્વ પોતાની સ્ત્રીને દેખાડીને કર્દમમુનિ પાછા પોતાના આશ્રમમાં આવ્યા. ૪૩ સુરત ક્રીડામાં ઉત્સુકતાવાળા કર્દમમુનિએ દેવહુતિને રમણ કરાવી નવ કન્યાઓ ઉત્પન્ન કરી, આમ વિહાર કરતાં તેમણે ઘણાં વરસ એક મુહુર્તની પેઠે ગાળ્યાં. ૪૪ તે વિમાનમાં રતિસુખ વધારનારી ઉત્તમ શય્યામાં પતિ સાથે રમતાં દેવહુતિને ઘણો કાળ વીતી ગયો તોપણ જણાયો નહી. ૪૫ આ પ્રમાણે યોગના પ્રભાવથી રમણ કરતાં અને ભોગવિલાસની લાલસાવાળાંએ દંપતિનાં સો વરસ જાણે થોડોજ કાળ વીતી ગયો હોય તેમ વીતી ગયાં ૪૬ દેવહુતિ ઉપર બહુ પ્રેમને લીધે તેને પોતાનું અરધું અંગ માનનારા આત્મજ્ઞાની કર્દમમુનિએ તેને બહુ સંતાન થવાનો સંકલ્પ જાણીને પોતાના સ્વરૂપનાં નવ સ્વરૂપકરી તેમાં વિર્ય મૂક્યું. ૪૭ તેથી એકજ વખતે દેવહુતિને નવ કન્યાઓ ઉત્પન્ન થઇ, તે સર્વે સ્વરૂપવાન તથા રાતાં કમળ જેવાં સુગંધીવાળી હતી. ૪૮ પછી મુનિને સંન્યાસ ધારણ કરવાની તૈયારી કરતા જોઈ ઉપરથી હસતાં પણ મનના ખિન્ન થતાં મનોહર દેવહુતિ મણિ જેવા નખવડે ધરતી ખોતરતાં આખમાંના આંસુ રોકી રાખીને નીચું મુખ કરી મધુર વાણીથી બોલ્યાં. ૪૯-૫૦

દેવહુતિ કહે છે—હે પ્રભુ ! આપે મને આપેલું વચન પૂર્ણ કર્યું છે, તોપણ મને શરણાગતને અભયદાન દેવું જોઇએ. ૫૧ હે બ્રહ્મન્ ! આ આપની પુત્રીઓ પોતાને યોગ્ય પતિ પોતાની મેળે શી રીતે શોધી લેશે ! આપ તો વનમાં પધારો છો, તો મારો શોક હરવા માટે મને જ્ઞાનનો ઉપદેશ કરનારો એક તત્ત્વજ્ઞાની પુત્ર થવો જાઇએ. ૫૨ વિષયોના પ્રસંગમાં મેં પરમાત્માને સંભાર્યાજ નથી, માટે વિષયસુખમાં ગાળેલો આટલો સમય બસ છે. ૫૩ આપ બ્રહ્મવેત્તાનો પ્રભાવ નહી જાણતાં મેં વિષયોમાં આસક્ત થઇને આપનો પ્રસંગ કર્યો છે, તોપણ એ પ્રસંગથી મને અભયદાન દેવું જોઇએ. ૫૪ અજ્ઞાનથી અસત્પુરૂષનો પ્રસંગ કર્યો હોય તો તે જન્મમરણ આપનારો નીવડે છે, પણ તેજ સંગ જો સત્પુરૂષો સાથેનો હોય તો વૈરાગ્યનું કારણ થાય છે. ૫૫ જેણે ધર્મ માટે, વૈરાગ્ય માટે અને ભગવાનના ચરણની સેવા માટે કાંઇ પણ કર્યું નથી, તેને જીવતે મુઆ જેવો જાણવો. ૫૬ હું ભગવાનના માયાથી

મોહ પામીને છેતરાઇ ગઇ છું, કારણ કે આપ મુક્તિ આપનારા મળ્યા છતાં મેં સંસારના બંધનથી છુટવાની ઇચ્છા કરી નહી. ૫૭

साहं भगवतो नूनं वंचितामायया दृढम् ॥
यत्त्वां विमुक्तिदंमाप्य न मुमुक्षेय बंधनात्॥

ઇતિ શ્રી ભાગવતપુરાણના તૃતીય સ્કંધમાં " કર્દમ દેવહુતિનો વિહાર વર્ણન " નામનો ૨૩ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૨૪ મો.

કપિલદેવજીનો જન્મ અને કર્દમ મુનિએ લીધેલો સંન્યાસ.

મૈત્રેય उवाच.

निर्वेद वादिनीमेवं मनोर्दुहितरं मुनिः ॥
दयालुः शालिनीमाह शुक्लाभिव्याहृतं स्मरन्॥

મૈત્રેય કહેછે—એ પ્રમાણે વખાણવા યોગ્ય મનુની પુત્રી દેવહુતિનાં વૈરાગ્યયુક્ત વચનો સાંભળીને ભગવાનનાં વચનો સંભારતા થકા કર્દમઋષિ બોલ્યા કે—૧

કર્દમઋષિ કહેછે—હે રાજપુત્રી! તું તારા આત્માને ખેદ ન પમાડ, કેમકે અવિનાશી ભગવાન થોડા દિવસમાં તારા ગર્ભમાં આવશે, ૨ તું વ્રત ધારણ કર, તારૂં કલ્યાણ થશે. યમ, નિયમ, તપ, દ્રવ્ય, દાન તથા શ્રદ્ધાથી ઇશ્વરનું ભજન કર. ૩ તારી આરાધનાથી શુદ્ધ સત્વગુણી ભગવાન તારા ઉદરથી પુત્રરૂપે પ્રગટ થઇ, મારી કીર્તિ વિસ્તારી તને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કરીને તારા હૃદયની દેહાભિમાનરૂપી ગાંઠ કાપી નાંખશે. ૪

મૈત્રેય કહેછે—દેવહુતિ પણ કર્દમમુનિનાં વચન ઉપર ઘણા માનથી વિશ્વાસ રાખી અવિનાશી અને સર્વના ગુરૂરૂપ ભગવાનની આરાધના કરવા લાગ્યાં. ૫ પછી ઘણોક કાળ વીત્યા પછી મધુદૈત્યને મારનારા શ્રી હરિ કર્દમજીના વીર્યવડે દેવહુતિમાં, જેમ કાષ્ટમાં અગ્નિ પ્રગટ થાયછે તેમ પ્રગટ થયા. ૬ત્યારે આકાશમાં દુંદુભિ વાગવા લાગ્યાં, મેઘ વરસવા લાગ્યા, ગંધર્વો ગાવા લાગ્યાં, અપ્સરાઓ આનંદથી નાચવા લાગી ૭ દેવતાઓ દિવ્ય પુષ્પો વરસાવવા લાગ્યા, અને દશે દિશાઓ, જળ તથા લોકોનાં મન નિર્મળ થયાં. ૮ સરસ્વતી નદીથી ઘેરાયેલા કર્દમઋષિના આશ્રમમાં મરીચિ આદિક ઋષિઓ સહિત બ્રહ્મા પધાર્યા. ૯ હે શત્રુઓનો નાશ કરનારા વિદુરજી! સાંખ્યશાસ્ત્રને પ્રકટ કરવા માટે શુદ્ધ સત્વગુણી પરબ્રહ્મ પ્રગટ થયા જાણી સ્વતઃસિદ્ધ જ્ઞાનવાળા બ્રહ્માએ શુદ્ધ અંતઃકરણથી ભગવાનના કર્તવ્યને માન આપી પ્રસન્ન મનથી કર્દમજીને આ પ્રમાણે કહ્યું. ૧૦-૧૧.

બ્રહ્મા કહેછે—હે તાત! તમે મારૂં માન રાખી સેવા કરીને નિષ્કપટ ભાવથી મારાં વચનો સ્વીકાર્યાં. ૧૨ પિતાની મોટાઈ માની [illegible] જ પુત્રનો પિતાની સેવારૂપ ધર્મ છે. ૧૩ હે વિવેકી પુત્ર! આ સુંદર કમરવાળી તમારી કન્યાઓ પોતાના વંશપરંપરાથી આ સૃષ્ટિનો અનેક પ્રકારે વિસ્તાર કરશે. ૧૪ માટે આ કન્યાઓની મરજી અને સ્વભાવને અનુસાર મરીચિ આદિ ઋષિઓને આજજ કન્યાદાન દઈ પૃથ્વી ઉપર યશ વિસ્તારો. ૧૫ હે મુનિ! આદિ પુરૂષ ભગવાન કપિલદેવ પોતાની માયાવડે પ્રાણીઓની સર્વ કામના પુરનારા દેહને ધારણ કરીને અવતર્યા છે, તે હું જાણું છું. ૧૬ હે દેવહુતિ! જ્ઞાનવિજ્ઞાન યોગથી કર્મોની જડને ઉખેડી નાંખનારા, અને કૈટભદૈત્યને મારનારા ભગવાન તમારા ગર્ભમાં આવ્યા છે, તે સુવર્ણસરખા કેશવાળા, કમળ સરખા નેત્રવાળા, પગમાં કમળના ચિન્હવાળા તમારા હૃદયની અવિદ્યારૂપી ગાંઠ છેદી નાંખીને પૃથ્વીમાં વિચરશે. ૧૭-૧૮ સાંખ્યશાસ્ત્રના આચાર્યોમાં પૂજ્ય ગણાતા સિદ્ધ લોકોના અધિપતિ ભગવાન તમારી કીર્તિને વધારીને જગતમાં કપિલદેવ નામથી પ્રસિદ્ધ થશે. ૧૯

મૈત્રેય કહેછે—આ પ્રમાણે કર્દમ તથા દેવહુતિની આશ્વાસના કરીને બ્રહ્મા, નારદ તથા સનત્કુમારો સહિત હંસ જોડેલા વિમાનમાં બેશીને પોતાના ધામમાં પધાર્યા, ૨૦

હે વિદુરજી! બ્રહ્મા ગયા પછી કર્દમે પોતાની કન્યાઓ મરીચિ આદિ ઋષિઓને આપી.૨૧ મરીચિને કળા નામની કન્યા આપી, અત્રિને અનુસૂયા આપી, અંગિરાને શ્રદ્ધા આપી, પુલસ્ત્યને હવિર્ભૂ, પુલહને ગતિ, ક્રતુને સતી ક્રિયા, ભૃગુને ખ્યાતિ, વસિષ્ઠને અરૂંધતી, અને અથર્વાને જેનાથી યજ્ઞ કરાય છે એવી શાન્તિ નામની કન્યા આપી. આ પ્રમાણે તે ઉત્તમ બ્રાહ્મણોને કન્યાદાન દઈને પ્રસન્ન કર્યા. ૨૨-૨૩-૨૪ હે વિદુર! તે બ્રાહ્મણો પરણીને કર્દમજીની આજ્ઞા લઈ પ્રસન્નતાથી પોતપોતાના આશ્રમમાં ગયા. ૨૫ પછી પોતાને ઘેર દેવના દેવ ભગવાને અવતાર લીધો છે, એ વાત જાણી એકાંતમાં આવી નમસ્કાર કરીને કર્દમજી બોલ્યા કે—૨૬

કર્દમમુનિ સ્તુતિ કરેછે—અહો! આ સંસારમાં પોતાનાં અમાંગલિક કર્મોથી વ્યાકુળ થતા પ્રાણીઓ ઉપર દેવતાઓ ઘણા કાળે પ્રસન્ન થાયછે. ૨૭ સંન્યાસીઓ એકાંતમાં બેસી અનેક જન્મોથી સિદ્ધ થયેલા ઉત્તમ ભક્તિયોગમાં એકાગ્ર ચિત્ત કરીને જે ભગવાનનાં ચરણકમળનાં દર્શન કરવાને યત્ન કરેછે, ૨૮ તેજ ભગવાન મારી હલકાઈ તરફ નહી જોતાં ભક્તોના પક્ષને પુષ્ટિ આપવા મારા પામરના ઘરમાં પ્રગટ થયાછો. ૨૯ ભક્તોનું માન વધારનારા આપ પોતાનું વચન સત્ય કરવા માટે જ્ઞાનોપદેશ આપવાને મારે ઘેર અવતર્યા છો. ૩૦ હે ભગવાન! આપ પ્રાકૃતરૂપથી રહિત છો, તેથી ચતુર્ભુજ આદિ જે અલૌકિકરૂપ છે તેજ આપને યોગ્ય છે. તોપણ ભક્તજનોને જે સ્વરૂપ ગમેછે તેજ આપને પણ ગમેછે. ૩૧ તત્ત્વ જાણવાની ઇચ્છાથી વિદ્વાનો નિરંતર વંદવા યોગ્ય આપના ચરણ મૂકવાના પાદપીઠમાં પ્રણામ કરેછે, તે ઐશ્વર્ય, વૈરાગ્ય, યશ, જ્ઞાન, પરાક્રમ અને લક્ષ્મીથી પરિપૂર્ણ એવા આપને શરણે છું. ૩૨ પરમ પ્રકૃતિરૂપ, પ્રધાનરૂપ, મહત્તત્વરૂપ, કાળરૂપ, અહંકારરૂપ, લોક અને લોકપાળરૂપ, સર્વજ્ઞ અને સર્વ પ્રપંચરૂપ એવા આપ કપિલ ભગવાનને શરણે છું. ૩૩ આપના અવતારથી સર્વ કામનાઓ સિદ્ધ થઈ છે એવો હું સંન્યાસ લેવા માટે આપ પ્રજાપતિઓના પતિની આજ્ઞા માગુંછું, સંન્યાસ લઇ, શોકરહિત બની, તમને હૃદયમાં ધારણ કરીને પૃથ્વી ઉપર ફરીશ. ૩૪

શ્રી કપિલ દેવ કહે છે—હે મુનિ! વેદ સંબંધી તથા લોક સંબંધી મારૂં બોલવું લોકમાં પ્રમાણ છે, માટે મેં તમને આપેલું વચન સત્ય કરવાને અવતાર લીધો છે. ૩૫ સંસારની દુષ્ટ વાસનાઓથી છુટવાની ઇચ્છાવાળાઓને આત્મવિચાર કરવામાં માન્ય કરેલાં તત્વોની સંખ્યા બતાવવા માટે આ લોકમાં મેં અવતાર લીધેલો છે. ૩૬ આ આત્મજ્ઞાનનો અનાદિ માર્ગ ઘણા કાળથી નાશ પામ્યો છે, તે પાછો પ્રવર્તાવવાને માટે મેં આ દેહ ધારણ કરેલો છે. ૩૭ તમને મારી રજા છે, માટે તમે ભલે ચાલ્યા જાઓ, અને મને અહીં રહેવાની આજ્ઞા આપો, તમે સર્વ કર્મો મને અર્પણ કરી દુર્જય મૃત્યુને જીતી મોક્ષને અર્થે મને ભજો. ૩૮ સર્વ પ્રાણીઓના અંતર્યામી, સ્વયંપ્રકાશ અને પરમાત્મારૂપ એવા મને તમે મનવડે પોતાને વિષેજ જોશો તો શોકરહિત થઇને મોક્ષ પામશો. ૩૯ હું મારી માતા દેવહુતિને સર્વ કર્મો નિર્મૂળ કરનારી આત્મવિદ્યાનો ઉપદેશ કરીશ, જેથી તે આ સંસારથી તરી જશે.૪૦

મૈત્રેય કહેછે—આ પ્રમાણે કપિલદેવનું કહેવું સાંભળીને કર્દમ પ્રજાપતિ તેમને પ્રદક્ષિણા કરી વનમાં ચાલ્યા ગયા. ૪૧ અને અહિંસા વ્રત આદરી, આત્મસ્વરૂપ ઉપર નિષ્ઠા રાખી નિઃસંગ થઇ, અગ્નિહોત્ર અને ઘરનો ત્યાગ કરીને પૃથ્વી ઉપર ફરવા લાગ્યા. ૪૨ તેમણે કાર્ય કારણથી પર, ગુણોનો પ્રકાશ કરનારા, નિર્ગુણ તથા એકાગ્ર ચિત્તથી સાક્ષાત્કાર કરેલા પરમાત્મામાં પોતાનું મન જોડી દીધું. ૪૩ અને અહંકારથી રહિત, મમત્વથી રહિત, દ્વૈતથી રહિત અને વેરથી રહિત બનીને સુખ દુઃખાદિકનો ત્યાગ કરી, સમદર્શી તથા સ્વયંદ્રષ્ટા થઈ ગયા. અને જેમ મોજાં શાંત થયાં હોય તેવા શાંત મહાસાગરની

પેઠે શાંત થઈ ગયા. ૪૪ તેમનું મન સર્વ જીવોના આત્મારૂપ સર્વજ્ઞ વાસુદેવમાં પરમ ભક્તિભાવથી દૃઢ ચોંટી ગયું. ૪૫ સર્વ પ્રાણીમાત્રમાં પરમાત્માને રહેલા જોવા લાગ્યા અને પરમાત્મામાં સર્વ પ્રાણીઓને રહેલા જોવા લાગ્યા અને પોતાને પરબ્રહ્મરૂપ જોવા લાગ્યા. ૪૬ એ રીતે ઇચ્છા અને દ્વેષથી રહિત સર્વત્ર પરબ્રહ્મને જોતા અને ભગવાનની ભક્તિ કરતા કર્દમમુનિ મોક્ષ પામ્યા. ૪૭

इच्छाद्वेष विहीनेन सर्वत्र समचेतसा ॥

भगवद्भक्ति युक्तेन प्राप्ता भागवती गतिः ।४७।

ઇતિ શ્રીમદ્ ભાગવતપુરાણના તૃતીય સ્કંધમાં "કપિલ આખ્યાન વર્ણન" નામનો ૨૪ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૨૫ મો.

સંસારનાં બંધનથી છૂટવા વિષે દેવહુતિએ કપિલદેવને પૂછેલા પ્રશ્ન.

शौनक उवाच.

कपिलस्तत्त्वसंख्याता भगवानात्म मायया ॥

जातः स्वयमजः साक्षादात्मप्रज्ञप्तये नृणाम् ॥१॥

શૌનક કહેછે—એ પ્રમાણે સ્વયં અજન્મા ભગવાન પોતાની માયાથી આત્મતત્ત્વનો ઉપદેશ આપવા માટે સાંખ્યશાસ્ત્રના કર્તા ભગવાન કપિલરૂપે પ્રગટ થયા. ૧ સર્વ મનુષ્યોમાં ઉત્તમ અને સર્વ યોગીઓમાં શ્રેષ્ઠ એવા શ્રી હરિની કીર્તિ વારંવાર સાંભળીછે, છતાં મારી ઇંદ્રિયો તૃપ્ત થતી નથી. ૨ પોતાની ઇચ્છાથી દેહ ધારણ કરનારા ભગવાને પોતાની માયાથી જે જે કર્મ કર્યાં છે તે વખાણવા યોગ્ય ચરિત્રો મને શ્રદ્ધાવાળાને કહો. ૩

સૂતજી કહેછે—વેદવ્યાસના પુત્ર મૈત્રેયને વિદુરજીએ આ પ્રમાણેજ પૂછયું હતું, ત્યારે આત્મવિદ્યામાં પ્રેરાયલા મૈત્રેયે પ્રસન્ન થઇને વિદુરજીને આ પ્રમાણે કહ્યું હતું. ૪

મૈત્રેય કહેછે—પોતાના પિતા કર્દમઋષિ વનમાં ગયા પછી માતા દેવહુતિના હિતને માટે ભગવાન કપિલદેવજી તે બિંદુસરોવરમાં રહ્યા. ૫ પછી દેવહુતિ બ્રહ્માનું વચન સંભારીને તત્વમાર્ગના પારદર્શી અને કર્મબંધનથી રહિત એવા કપિલદેવજીની પાસે જઇને પૂછવા લાગ્યાં. ૬

દેવહુતિ પૂછેછે—હે પ્રભુ! હું અસત્ ઇંદ્રિયોની તૃપ્તિથી બહુજ થાકી ગઈ છું, જે ઇંદ્રિયોની લાલસા પૂરી કરવામાં હું અજ્ઞાનરૂપી અંધારામાં પડી છું. ૭ તે અપાર અંધકારથી પાર ઉતારનારાં આપરૂપી ઉત્તમ નેત્રો અનેક જન્મોના અંતે આજ આપની કૃપાથી મને મળ્યાં છે. ૮ આપ આદિ ભગવાન છો, સર્વના ઇશ્વર છો, તે આપ અંધકારથી આંધળા થયેલા લોકોને સૂર્ય સમાન નેત્રરૂપ પ્રગટ થયાછો. ૯ હે દેવ! આ દેહાદિક પદાર્થોમાં તમારી માયાવડે અહંતા મમતારૂપ આગ્રહ લાગ્યો છે, તે અજ્ઞાનને દૂર કરો. ૧૦ આપ ભક્ત લોકોનાં સંસારરૂપી વૃક્ષને કાપી નાંખવામાં કુહાડારૂપ છો, સદ્ધર્મ જાણનારાઓમાં શ્રેષ્ઠ છો, અને શરણાગતનું રક્ષણ કરનારા છો. હું પ્રકૃતિ તથા પુરૂષનું સ્વરૂપ જાણવાની ઇચ્છાથી આપને શરણે આવી છું, અને આપને હું પ્રણામ કરૂંછું. ૧૧

મૈત્રેય કહેછે—આ પ્રમાણે મનુષ્યોને મોક્ષમાં પ્રીતિ ઉત્પન્ન કરનારી માતા દેવહુતિની નિર્દોષ ઇચ્છા સાંભળીને મનમાં તેમનાં વખાણ કર્યાં. પછી સત્પુરૂષોની ગતિરૂપ ભગવાને મંદહાસ્યથી કહ્યું કે—૧૨

શ્રી કપિલદેવજી કહેછે—પુરૂષોના કલ્યાણને માટે અધ્યાત્મિક યોગ મેં માનેલો છે, કે જેમાં દુઃખ તથા સુખનો નાશ રહેલો છે. ૧૩ હે નિર્દોષ માતા! સાંભળવાની ઇચ્છાવાળા મુનિઓને પૂર્વે મેં જે કહ્યું હતું, તે હું તમને કહી સંભળાવુંછું. ૧૪ આ આત્માને બંધન અને મોક્ષ આપનારૂં ચિત્તજ છે એમ સર્વત્ર મનાયેલું છે. જો ચિત્ત વિષયોમાં લપટાય તો બંધન આપનારૂં નીવડેછે, અને જો ઇશ્વરમાં ચોંટે તો મોક્ષ આપનારૂં નીવડેછે, ૧૫ વળી જ્યારે પુરૂષ 'હું' અને

મારૂં" એવા અભિમાનથી થયેલા કામ લોભાદિક મળોથી મુક્ત થઇને શુદ્ધ તથા સુખ દુઃખથી રહિત સમતાવાળો થાયછે, ત્યારે જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિવાળા એ ચિત્તમાં પોતાનું સ્વરૂપ કે જે પ્રકૃતિથીપર, સ્વયપ્રકાશ, ભેદરહિત, સૂક્ષ્મ, ઉદાસીન, એક અને અખંડરૂપ છે, તે જોવામાં આવેછે. ૧૬-૧૭-૧૮ યોગીઓને પરબ્રહ્મની સિદ્ધિ માટે સર્વરૂપ ભગવાનના ભક્તિ કરવી એજ ઉત્તમ ઊપાય છે, એ વિના બીજો કોઈ કલ્યાણકારી માર્ગ નથી. ૧૯ વિદ્વાનો કહેછે કે—આ જગતમાં આસક્તિ એજ દ્દઢ પાશ છે, પરંતુ તે આસક્તિ જો સાધુઓમાં કરવામાં આવે તો તે ખુલ્લું મોક્ષનું દ્વાર છે. ૨૦ જે સહનશીલતાવાળો, દયાવાળો, સર્વ પ્રાણી સાથે મિત્રભાવ રાખનારો, શત્રુ વગરનો, શાંત સ્વભાવનો, સત્પુરૂષ, સારા સ્વભાવનેજ શોભા માનનારો, મારી એકાંતિક ભક્તિ કરનારો, મારે માટે સર્વ કર્મોનો ત્યાગ કરનારો, સ્વજનોનો ત્યાગ કરીને મારોજ આશ્રય કરનારો, મારી પવિત્ર કથા કહેનારો તથા સાંભળનારો, અને નિરંતર મારૂંજ ધ્યાન ધરનારો પુરૂષ છે, તેને સંસારના ત્રણ પ્રકારના તાપ કદી દુઃખ દઇ શકતા નથી. ૨૧-૨૩ હે સાધ્વીમાતા! એવા સત્પુરૂષો સર્વ પ્રકારના સંગથી રહિત હોયછે, માટે તેઓનોજ સમાગમ કરવો જોઇએ, કારણ કે તેઓ વિષયસંગના દોષને મટાડનારા છે. ૨૪ સત્પુરૂષોનો સમાગમ કરવાથી હૃદય અને કાનને સુખ કરનારી કથા અને મારાં પરાક્રમનું જ્ઞાન થાયછે, અને એવી કથા સાંભળવાથી મોક્ષના માર્ગરૂપ ભગવાનમાં શ્રદ્ધા, પ્રીતિ અને ભક્તિથાયછે. ૨૫ મારી રચનાનું ચિંતવન કર્યાથી પુરૂષને ભક્તિ ઉત્પન્ન થઇ તેવડે ચક્ષુ ઇંદ્રયાદિકના વિષયોમાં વૈરાગ્ય ઉત્પન્ન થાયછે, અને પછી યોગ ધારણ કરી, સરળ યોગવડે ચિત્તને વશ કરવાનો યત્ન કરવો. ૨૬ જે વિષયોનું સેવન ન કરે, વૈરાગ્યથી વધેલા જ્ઞાનનો વિચાર કરે અને સર્વ કર્મ મને અર્પણ કરીને મારી દ્દઢ ભક્તિ કરે તે જીવાત્મા પ્રત્યાત્મારૂપ મને પામેછે. ૨૭

દેવહુતિ કહેછે—હું સ્ત્રી જાત છું, તો મારે આપની કેવી ભક્તિ કરવી જોઇએ? કે જેના પ્રતાપથી વિના પરિશ્રમે હું તમારા મોક્ષરૂપ સ્વરૂપને પામું? ૨૮ તમને પામવાના ઉપાયરૂપ જે યોગ તમે કહ્યા તે કેવા પ્રકારનો છે? અને તેનાં કેટલાં અંગ છે! કે જે યોગવડે તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થાયછે. ૨૯ હે હરિ! આપ મને એનો એવી રીતે ઉપદેશ કરો કે જેથી હું અજ્ઞાન સ્ત્રી જાત આપની કૃપાથી આ જાણી શકાય નહી એવા વિષયને સુખથી સમજી શકું. ૩૦

મૈત્રેયજી કહેછે—જેના ઉદરથી પોતે જન્મ ધર્યો છે એવી માતા દેવહુતિનો અભિપ્રાય જાણીને કપિલદેવે તેમને સ્નેહથી ભક્તિયોગ તથા યોગ તત્ત્વોની સંખ્યાવાળા સાંખ્યશાસ્ત્રનો ઉપદેશ કર્યો. ૩૧

શ્રી કપિલ દેવ બોલ્યા—વિષયોનું ગ્રહણ કરવાથી જાણવામાં આવતી ચક્ષુ આદિ ઇંદ્રિયોની વૃત્તિ વેદમાં કહ્યા પ્રમાણે કેવળ શુદ્ધ સત્ત્વ ગુણી ભગવાનમાંજ જોડવી, એજ વિકાર રહિત મનના પુરૂષની નિષ્કામ ભક્તિ જાણવી. એ ભક્તિ સર્વ સિદ્ધિઓ કરતાં પણ શ્રેષ્ઠ છે. એ ભક્તિ જેમ જઠરાગ્નિ ખાધેલા અન્નને પચાવે છે તેમ લિંગ શરીરનો નાશ કરે છે. ૩૨-૩૩ માટેજ 'મારા ચરણોની સેવા કરવામાં પ્રીતિ કરનારા અને મારા માટેજ સર્વ ક્રિયા કરનારા ભક્તો મારી સાયુજ્ય મુક્તિને ઇચ્છતા નથી, પણ પરસ્પર એકઠા મળીને મારાં પરાક્રમો ગાય છે. ૩૪ હે માતા! તે મહાત્મા પુરૂષો! પ્રસન્ન મુખવાળા, રાતાં નેત્રવાળા અને દિવ્ય વરદાન દેનારા મારા સ્વરૂપનાં દર્શન કરે છે તથા તેઓની સાથે મનોહર વાણીથી વાતચિત કરે છે. ૩૫ જેના અવયવ, વિલાસ, હાસ્ય, અવલોકન, અને ભાષણ અત્યંત રમણીય છે, એવા જોવા લાયક સ્વરૂપથી જેઓનાં મન અને પ્રાણ હરી લીધાં છે એવા ભક્તજનો મારી ભક્તિ ઇચ્છતા નથી, તો પણ તેઓને મારી ભક્તિ મુક્તિ આપે છે. ૩૬

અવિદ્યા ટળી ગયા પછી સાતે લોકની ભોગ સંપત્તિને, અણિમાદિક આઠ સિદ્ધિઓને અને ભક્તિથી મળનારી વૈકુંઠ લોકની ઉત્તમ સંપત્તિને ભક્તજનો ઇચ્છતા નથી, તો પણ મારા વૈકુંઠ લોકમાં તેમને તે સર્વ પ્રાપ્ત થાય છે. ૩૭ જે પુરૂષોને હું આત્મા જેવો પ્રિય, પુત્ર જેવો પ્રીતિપાત્ર, મિત્રના જેવો વિશ્વાસપાત્ર, ગુરૂ જેવો ઉપદેશ કરનારો, બંધુ જેવો હિતકારી અને ઇષ્ટદેવ જેવો પૂજ્ય છું; તે પુરૂષો કોઇ પણ દિવસ વૈભવ વિનાના થતા નથી, અને મારૂં કાળચક્ર રૂપી શસ્ત્ર પણ તેઓનો નાશ કરી શકતું નથી. ૩૮ આ લોક તથા પરલોકમાં ગતિ કરનારો દેહ, દેહને વળગી રહેલાં સ્ત્રી, પુત્રો, ધન, પશુઓ તથા ઘર વિગેરે જે છે, તે સર્વનો ત્યાગ કરી અનન્ય ભક્તિ ભાવથી મને સર્વ વ્યાપકને ભજે છે, તેઓને હું સંસારથી પાર ઉતારૂં છું. ૩૯ હું પ્રધાન પુરૂષનો ઇશ્વર અને સર્વ પ્રાણીનો આત્મારૂપ છું, માટે મારા આશ્રય વિના સંસારનો તીવ્ર ભય ટળતો નથી. ૪૦ આ વાયુ મારા ભયથી વાય છે, સૂર્ય મારા ભયથી તપે છે, ઇંદ્ર મારા ભયથી વૃષ્ટિ કરે છે, અગ્નિ મારા ભયથી બાળે છે અને મૃત્યુ મારા ભયથી ફર્યા કરે છે. ૪૧ યોગીઓ જ્ઞાન વૈરાગ્ય સહિત ભક્તિ યોગથી પોતાના કલ્યાણને માટે મારા નિર્ભય ચરણારવિંદનો આશ્રય કરે છે. ૪૩ મારી તીવ્ર ભક્તિના યોગવડે અર્પણ કરેલું મન મારા વિષે સ્થિર થાય, એજ આ લોકમાં મનુષ્યને કલ્યાણનો ઉદય છે એમ સમજવું. ૪૪

एतावानेव लोकेऽस्मिन् पुंसां निश्रेयसोदयः
तीव्रेण भक्तियोगेन मनो मय्यर्पितं स्थिरम् ॥

ઇતિ શ્રી ભાગવતપુરાણના તૃતીય સ્કંધમાં "કપિલદેવે માતા દેવહુતિને ભક્તિ યોગ કહ્યો" એ નામનો ૨૫ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૨૬ મો.

મહત્તત્વાદિકની ઉત્પત્તિ અને તત્ત્વોમાંથી વિરાટની ઉત્પત્તિ.

॥ श्री भगवान् उवाच ॥

अथते संप्रवक्ष्यामि तत्त्वानां लक्षणं पृथक्
यद्विदित्वा विमुच्येत पुरुषः प्राकृतैर्गुणैः ॥१॥

શ્રી ભગવાન કહે છે—હે માતા! હવે તમને તત્ત્વોનાં જુદાં જુદાં લક્ષણ કહી સંભળાવું છું, જે જાણવાથી પુરૂષ પ્રકૃતિના ગુણોથી મુક્ત થાય છે. ૧ હૃદયની ગાંઠને કાપનારૂં આત્મદર્શન રૂપી જ્ઞાન મનુષ્યને મોક્ષ આપનારૂં કહેવાય છે, તેનું હું તમારી પાસે વર્ણન કરૂં છું. ૨ જે આત્મા છે તેજ પુરૂષ છે, તે પુરૂષ અંતર્દૃષ્ટિથી જણાય એવો અનાદિ, પ્રકૃતિથીપર, નિર્ગુણ, સ્વયપ્રકાશ, અને જગતમાં વ્યાપ્ત છે. ૩ તે સર્વ વ્યાપક પુરૂષે દૈવ ઇચ્છાથી પોતાની પાસે આવેલી ભગવાનની સૂક્ષ્મ અને ત્રિગુણાત્મક માયાને પોતાની ઇચ્છાથી ગ્રહણ કરી. ૪ જ્ઞાનને ઢાંકી દેનારી તથા ગુણોથી અનેક પ્રકારની તે તે ગુણોનાં જેવાં જ રૂપવાળી પ્રજાને ઉત્પન્ન કરતી માયાને જોઇને તે પુરૂષ પોતાના સ્વરૂપને ભૂલી ગયો. ૫ એ રીતે પુરૂષ, માયાના ગુણોને લીધે કર્મો તથા ક્રિયમાણોને વિષે દેહનો અધ્યાસ થવાથી પોતાનામાં કર્તાપણું માને છે. ૬ તે પુરૂષ સાક્ષીરૂપ હોવાથી અકર્તા છે, તો પણ તેના કર્તાપણાના અભિમાનથી તેને કર્મબંધન થાય છે, તેથી તે સ્વતંત્ર છતાં ભોગ ભોગવવામાં પરતંત્ર રહે છે, અને પોતે સુખસ્વરૂપ છે છતાં જન્મમરણના પ્રવાહરૂપ સંસારમાં અવતરવું પડે છે. ૭ પુરૂષ પોતાને દેહ, ઇંદ્રિયો તથા તેના દેવતા રૂપ માને છે, તેનું કારણ પ્રકૃતિ જ છે, અને દેહ જડ છતાં સુખ દુઃખ ભોગવે છે તે પ્રકૃતિથી પર એવા પુરૂષ વડે છે. ૮

દેવહુતિ કહે છે—હે પુરૂષોત્તમ! હવે આ જગતના કારણરૂપ અને જગત જે રૂપ છે, એવી માયા અને ઇશ્વરનું સ્વરૂપ અને

કહો. ૯

આ ભગવાન કહે છે—ભેદ રહિત છતાં પણ જે સર્વના મૂળરૂપ તથા પ્રધાન તત્વ છે તેને પ્રકૃતિ કહે છે, એ ત્રિગુણાત્મક, અવ્યક્ત, નિત્ય, અને કાર્ય કારણ રૂપ છે. ૧૦ પાંચ, પાંચ, ચાર અને દશ એ ચોવીશ તત્વોનો સમૂહ પ્રકૃતિનું કાર્ય કહેવાય છે. ૧૧ પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ એ પાંચ મહાભૂત કહેવાય છે. ગંધ, રસ, રૂપ, સ્પર્શ અને શબ્દ એ પાંચ તન્માત્રા છે. ૧૨ કાન, ત્વચા, દૃષ્ટિ, જીભ, અને નાસિકા એ પાંચ જ્ઞાનેંદ્રિય અને વાણી, હાથ, પગ, લિંગ અને ગુદા એ પાંચ કર્મેન્દ્રિય મળી દશ ઇંદ્રિયો છે. ૧૩ મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એ ચાર પ્રકારનાં અંતઃકરણ જુદાં જુદાં લક્ષણોની વૃત્તિઓવાળાં છે. ૧૪ હે માતા! સગુણ બ્રહ્મ એટલે માયાની રચના એટલીજ છે, તથા પ્રકૃતિની અવસ્થારૂપ જે કાળ છે તે પચીશમુ તત્ત્વ છે. ૧૫ કેટલાક કહે છે કે-કાળ એ ઇશ્વરનો પ્રભાવ છે. દેહમાં "હું" એવું અજ્ઞાનથી અભિમાન કરનારા જીવને એ કાળનો ભય રહે છે, વળી જેમાં નિર્વિશેષ એવા ગુણોની સમતાવાળી પ્રકૃતિની જેથી ચેષ્ટા બનેછે, તે મહા સમર્થ કાળ કહેવાય છે. ૧૬-૧૭ ભગવાન પોતાની માયાથી સર્વ જીવોની અંદર નિયંતા ભાવથી રહેલા છે, અને બહાર કાળરૂપથી રહેલા છે. ૧૮ જીવોના અદૃષ્ટથી જેના ગુણોમાં વિકાર થવા લાગ્યો એવી માયામાં ઇશ્વરે પોતાનો ચિદાભાસ સ્થાપિત કર્યો, ત્યારે તેમાંથી મહત્ત્વત્વ ઉત્પન્ન થયું. ૧૯ આ મહત્તત્વ લય તથા વિક્ષેપ રહિત જગતનો પ્રથમ અંકુર હતું, તેણે પોતાની અંદર સૂક્ષ્મ રૂપથી રહેલા જગતને રચતી વેળા પોતાના પ્રકાશથી તીવ્ર તમોગુણના ભાગને સમાવી દીધો. ૨૦ સત્વગુણવાળું, સ્વચ્છ, રાગદ્વેષ રહિત, ભગવાનની પ્રાપ્તિ કરાવનારૂં, તથા જે વાસુદેવ કહેવાયછે એવું જે ચિત્ત છે તે મહત્તત્વનું સ્વરૂપ છે. ૨૧ પૃથ્વીનો સંસર્ગ થયા પેહેલાં જેવી જળની સ્થિતિ મધુર, સ્વચ્છ અને શાંત છે, તેમ બીજા વિકાર થતા પેહેલાં ચિત્તવૃત્તિઓ સ્વચ્છ, વિકાર વગરની તથા શાંત હોયછે. એ મહત્તત્વનાં લક્ષણ છે. ૨૨ ભગવાનની શક્તિથી પ્રગટ થયેલો અને વિકાર પામેલો જે મહત્તત્વ તેમાંથી ક્રિયાશક્તિવાળો સાત્વિક, રાજસ અને તામસ એ ત્રણ પ્રકારનો અહંકાર થયો. તેમાંથી મન, ઇંદ્રિયો અને પંચમહાભૂત પ્રગટ થયાં, ૨૩—૨૪ પંચમહાભૂત, ઇંદ્રિયો, તેના દેવતા અને મન એ સર્વરૂપ અહંકાર છે, તે હજાર માથાવાળો શેષનાગ કહેવાયછે. ૨૫ કર્તા, કારણ અને કાર્યપણું એ રીતે શાંત, ઘોર અને વિમુઢપણુ એ અહંકારનું લક્ષણ છે. ૨૬ સાત્વિક અહંકાર ક્ષોભ પામીને તેમાંથી મન ઉત્પન્ન થયું. સંકલ્પ અને વિકલ્પથી જે કામના ઉત્પન્ન થાયછે, તે મનનુ લક્ષણ છે. ૨૭ મનના દેવતા અનિરૂદ્ધ છે, જે ઇંદ્રિયોના અધિષ્ઠાતા છે, એ શરદૃઋતુના શ્યામકમળ સમાન શ્યામ વર્ણવાળા અનિરૂદ્ધનું યોગીઓ આરાધન કરેછે. ૨૮ હે દેવહુતિ! રાજસ અહંકાર વિકાર પામતાં તેમાંથી બુદ્ધિ તત્વ ઉત્પન્ન થયું, પદાર્થોની સ્ફુરતી થવી તથા ઇંદ્રિયોને સહાયતા મળવી એ બુદ્ધિનાં લક્ષણ છે. ૨૯ સંશય, મિથ્યાજ્ઞાન, પ્રમાણજ્ઞાન, સ્મરણ અને નિદ્રા એ જુદી જુદી વૃત્તિઓ પણ બુદ્ધિનાં લક્ષણ છે. ૩૦ ક્રિયા શક્તિવાળો પ્રાણ અને જ્ઞાનશક્તિવાળી બુદ્ધિ એ રાજસ અહંકારમાંથી ઉત્પન્ન થઇ છે. પાંચ જ્ઞાનેંદ્રિય અને પાંચ કર્મેન્દ્રિય એ દશ પણ રાજસ અહંકારમાંથી ઉત્પન્ન થયેલાં ગણાયછે. ૩૧ ભગવાનની શક્તિની પ્રેરણાથી તામસ અહંકાર વિકાર પામીને તેમાંથી શબ્દ તન્માત્રાવાળું આકાશ ઉત્પન્ન થયું, તથા શબ્દને ગ્રહણ કરનારી શ્રોત્રઇંદ્રિય પ્રગટ થઇ. ૩૨ શબ્દથી સર્વ પદાર્થોનાં નામ બોલાયછે, અને જે મનુષ્ય જોવામાં નથી આવતો, પણ તે કોઇ પદાર્થને જોઇને બોલેછે તો તે અદૃશ્ય મનુષ્ય તથા પદાર્થ શબ્દથી સમજાય છે, તે શબ્દ આકાશનું સૂક્ષ્મરૂપ છે, આ શબ્દનું લક્ષણ છે. ૩૩ આકાશ સર્વ પદાર્થોને

અવકાશ આપેછે, બહાર અને અંદરનો વ્યવહાર તેનેજ આશ્રયે છે. નાડી વગેરેનાં છિદ્રથી તે પ્રાણ, ઇંદ્રીયો અને મનને આશ્રય આપેછે. એ પ્રમાણે તેનાં કાર્ય અને લક્ષણ છે. ૩૪ કાળની ગતિથી શબ્દ તન્માત્રાવાળું આકાશ વિકાર પામ્યું ત્યારે તેમાંથી સ્પર્શ તન્માત્રા થઇ, તે પછી વાયુ અને સ્પર્શને ગ્રહણ કરનારી ત્વચા થઇ. ૩૫ કોમળતા, કઠીણતા, શરદી, ગરમી, અને વાયુની તન્માત્રાનું થવું એ સ્પર્શનાં લક્ષણ છે. ૩૬ ઝાડની ડાળીઓ હલાવવી, તૃણ વગેરેને મેળવી દેવાં, ગંધવાળા પદાર્થોની ગંધ નાક પાસે લઇ જવી, શીતળતા વગેરે ગુણવાળા પદાર્થોને ત્વચાની પાસે લઇ જવા, શબ્દને કાનની પાસે લઈ જવા અને સર્વ ઇંદ્રિયોને બળ આપવું એ વાયુનાં કર્મ તથા લક્ષણો છે. ૩૭ જેનું સૂક્ષ્મ સ્વરૂપ સ્પર્શ છે એવો વાયુ જીવોનાં અદૃષ્ટને લીધે વિકાર પામતાં તેમાંથી રૂપ ઉત્પન્ન થયું પછી તેમાંથી તેજ ઉત્પન્ન થયું તથા રૂપને ગ્રહણ કરનારી ચક્ષુ ઇંદ્રિ ઉત્પન્ન થઇ. હે માતા! પદાર્થોને આકાર આપવો, દ્રવ્યમાં ગૌણ રીતીથી પ્રતિત થવું, પદાર્થોની રચનાના પરિણામનું પ્રતીત થવું આ સર્વ રૂપનું અસાધારણ લક્ષણ છે. ૩૯ પ્રકાશ થવો, રાંધવું, ભૂખ તરસ માટે ખાવું પીવું, ટાઢને દૂર કરવી અને સુકાવવું એ તેજનાં લક્ષણ છે. ૪૦ દૈવનું પ્રેરેલું રૂપ તન્માત્રા વાળું તેજ વિકાર પામતાં તેમાંથી રસ તન્માત્રાવાળું જળ ઉત્પન્ન થયું અને રસને ગ્રહણ કરનારી જીભ ઉત્પન્ન થઇ. ૪૧ એ રસ એકજ (મધુર) પ્રકારનો છે, તોપણ પૃથ્વીના વિકારથી કષાય, મધુર, તીખો, ખારો, કડવો અને ખાટો એમ છ પ્રકારનો થાયછે. ૪૨ ભીંનું કરવું, પીંડરૂપે કરવું, તૃપ્તિ કરવી, જીવાડવું, તરસથી થયેલી વિકળતા મટાડવી, કોમળ કરવું, તાપ મટાડવો, કુવા વગેરે જળાશયમાંથી કાઢયા છતાં વારંવાર અધિક થવું, એ જળનાં લક્ષણ છે. ૪૩ જીવોનાં અદૃષ્ટથી રસ તન્માત્રાવાળું જળ વિકાર પામતાં તેમાંથી ગંધ તન્માત્રાવાળી પૃથ્વી ઉત્પન્ન થઇ, જે ગંધ ઘ્રાણ ઇંદ્રિયથી જણાયછે. ૪૪ એ ગંધ એક જ પ્રકારનો છે, પણ સંસર્ગવાળા પદાર્થોની વિષમતાને લીધે કરંભ,[1] પૂતિ,[2] સૌરભ્ય,[3] શાન્ત,[4] અને ઊગ્ર[5] આદિક ઘણા પ્રકારનો થઇ જાયછે. ૪૫ બ્રહ્મનું પ્રતિમારૂપે સાકાર પ્રતિપાદન કરવું, જળાદિક પદાર્થોથી વિલક્ષણ રીતે રહેવું, જળાદિક પદાર્થોનો આધાર થવો, આકાશાદિક પદાર્થોને 'આ ઘટાકાશ, આ મઠાકાશ' આ રીતે આપવાં તથા સર્વ પ્રાણીઓને અને તેના સ્ત્રી પુરૂષ વિગેરે ગુણોને પ્રગટ કરવા, આ પૃથ્વીનાં લક્ષણ છે. ૪૬ જેનો વિષય આકાશનો અસાધારણ ગુણ શબ્દ છે તે શ્રોત્ર ઇંદ્રિય કહેવાયછે, જેનો વિષય વાયુનો અસાધારણ ગુણ સ્પર્શ છે, તે ત્વચા ઇંદ્રિય કહેવાયછે. ૪૭ જેનો વિષય તેજનો અસાધારણ ગુણ રૂપછે તે ચક્ષુઇંદ્રિય કહેવાયછે, જેનો વિષયજળનો અસાધારણ ગુણ રસ છે તે જીહ્વા ઇંદ્રિય કહેવાયછે અને પૃથ્વીનો અસાધારણ ગુણ ગંધ જેનો વિષય છે તે ઘ્રાણઇંદ્રિય કહેવાયછે. ૪૮ કાર્યને પરંપરાએ કારણ સાથે સંબંધ હોવાથી કારણના ગુણો કાર્યમાં જોવામાં આવેછે. જેમકે આકાશનો મુખ્ય ગુણ શબ્દ છે અને વાયુનો મુખ્ય ગુણ સ્પર્શ છે, હવે આકાશની સાથે વાયુને કારણરૂપે સંબંધ હોવાથી વાયુમાં શબ્દ અને સ્પર્શ બન્ને ગુણો રહેલા છે, એજ રીતે પરંપરાએ પૃથ્વીમાં શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ ચારે ગુણો જોવામાં આવેછે. ૪૯ જ્યારે એ મહત્તત્વાદિક સર્વે તત્વો એકઠાં મળ્યાં નહી, ત્યારે તેમાં ભગવાને કાળ, કર્મ અને ગુણની સાથે પ્રવેશ કર્યો. ૫૦ ઇશ્વરે પ્રવેશ કર્યાથી એ તત્વો એકઠાં થયાં ત્યારે તેમાંથી અચેતન ઇંડું ઉત્પન્ન થયું, અને તેમાંથી વિરાટ પુરૂષ ઉત્પન્ન થયા. ૫૧

૧ કપુરની ગંધ તે કરભ, ૨ કોહેલા પદાર્થોની ગંધ તે પૂતિ, ૩ કસ્તુરી વગેરેની ગંધ તે સૌરભ્ય, ૪ કમળ વિગેરેની ગંધ તે શાંત અને ૫ લસણ વિગેરેની ગંધ તે ઉગ્ર કહેવાયછે. અર્થાત્ સુગંધ, દુર્ગંધ, મિશ્રિત ગંધ, શાંત ગંધ અને ઉગ્ર ગંધ એ આદિ ઘણા પ્રકાર છે.

એ બ્રહ્માંડ એક એકથી દશ દશગણાં વધતાં જળ, તેજ, વાયુ, આકાશ, અહંકાર તથા મહત્તત્વથી વીંટાઇને રહેલું છે અને ઉપરના ભાગમાં પ્રધાનતત્વથી વીંટાઇને રહેલું છે. એ બ્રહ્માંડમાં ભગવાનની મૂર્તિરૂપ ચૌદભુવન વિસ્તાર પામીને રહેલાં છે. ૫૨ પછી ભગવાને ઉદાસીનતાનો ત્યાગ કરીને એ જળમાં રહેલા સુવર્ણમય ઇંડા ઉપર પોતાની શક્તિ ચલાવીને કેટલાંક છિદ્ર પાડ્યાં. ૫૩ તે ઇંડાને પ્રથમ મુખ ઉત્પન્ન થયું, તેમાં વાણી ઉત્પન્ન થઇ અને તેની સાથે અગ્નિ ઉત્પન્ન થયો. પછી વિરાટને નાક ઉત્પન્ન થયું, તેમાં પ્રાણ દેવતા સાથે ઘ્રાણઇંદ્રિય અને વાયુ ઉત્પન્ન થયો. ૫૪ પછી બે નેત્રનાં ગોલક ઉત્પન્ન થયાં તેમાં ચક્ષુઇંદ્રિય અને તેના દેવતા સૂર્ય થયા. પછી કાન ઉત્પન્ન થયા, તેમાં શ્રોત્ર ઇંદ્રિય અને તેના દેવતા દિશા થયા. ૫૫ પછી વિરાટને ત્વચા ઉત્પન્ન થઇ, તેમાં રૂવાડાં, દાઢી, મૂછ અને કેશ થયા અને ઔષધિ દેવતા થયા. પછી લિંગ ઉત્પન્ન થયું, તેમાંથી રેતસ (વીર્ય) ઇંદ્રિય અને જળદેવતા થયા પછી વિરાટને ગુદા ઉત્પન્ન થઇ, તેમાં અપાન ઇંદ્રિય અને લોકને ભય ઉપજાવનારા મૃત્યુ દેવતા ઉત્પન્ન થયા. ૫૬-૫૭ પછી વિરાટને બે બાહુ (હાથ) પ્રગટ થયા, તેમાં બળ ઇંદ્રિય અને ઇંદ્ર દેવતા ઉત્પન્ન થયા. પછી તેને પગ થયા, તેમાં ગતિ ઇંદ્રિય અને વિષ્ણુ દેવતા થયા. ૫૮ પછી વિરાટને નાડીઓ ઉત્પન્ન થઇ, તેમાં રૂધિરઇંદ્રિય અને તેના દેવતા નદીઓ પ્રગટ થયાં. પછી તેને પેટ ઉત્પન્ન થયુ, તેમાં ભૂખ તરસ ઇંદ્રિય અને સમુદ્ર દેવતા ઉત્પન્ન થયા. પછી તેને હૃદય ઉત્પન્ન થયું, તેમાં મન ઇંદ્રિય અને મનના દેવતા ચંદ્રમા ઉત્પન્ન થયા. ૫૯-૬૦ પછી તેને બુદ્ધિ ઉત્પન્ન થઇ તેના દેવતા બ્રહ્મા થયા. તે પછી અહંકાર ઉત્પન્ન થયો, તેના દેવતા રૂદ્ર થયા. પછી ચિત્તઇંદ્રિય ઉત્પન્ન થઇ, તેનાં દેવતા ક્ષેત્રજ્ઞ થયા. ૬૧ આ પ્રમાણે સર્વ ઇંદ્રિયો અને તેના દેવતા ઉત્પન્ન થયા. પણ તે વિરાટને ઉઠાડવાને શકિતવાન થયા નહી, ત્યારે તેઓએ ઉઠાડવા માટે અનુક્રમે પોતપોતાની ઇંદ્રિયોના ગોલકમાં પ્રવેશ કર્યો. ૬૨ વાણી ઇંદ્રિય સાથે તેના દેવતા અગ્નિએ મુખમાં પ્રવેશ કર્યો, તોપણ વિરાટ ઉઠ્યા નહી. ઘ્રાણેંદ્રિય સાથે વાયુએ નાસિકામાં પ્રવેશ કર્યો, તોપણ વિરાટ ઉઠયા નહી. ૬૩ ચક્ષુઇંદ્રિય સાથે સૂર્ય દેવતાએ નેત્રમાં પ્રવેશ કર્યા, તોપણ ઉઠયા નહી. શ્રોત્રઇંદ્રિયની સાથે દિશાએ કાનમાં પ્રવેશ કર્યો, તોપણ વિરાટ બેઠા થયા નહી. ૬૪ પછી રોમઇંદ્રિય સાથે ઓષધિઓએ ત્વચામાં પ્રવેશ કર્યો, શુક્રઇંદ્રિય સાથે જળે લીંગમાં પ્રવેશ કર્યો, અપાન ઇંદ્રિય સાથે મૃત્યુએ ગુદામાં પ્રવેશ કર્યો, બળઇંદ્રિય સાથે ઇંદ્રે હાથમાં પ્રવેશ કર્યો, ગતિ ઇંદ્રિય સાથે વિષ્ણુએ પગમાં પ્રવેશ કર્યો. રૂધિર સાથે નદીઓએ નાડીઓમાં પ્રવેશ કર્યો, ભુખ તૃષા સાથે સમુદ્રે ઉદરમાં પ્રવેશ કર્યો, મન સાથે ચંદ્રમાએ હૃદયમાં પ્રવેશ કર્યો, બુદ્ધિ સાથે બ્રહ્માએ હૃદયમાં પ્રવેશ કર્યો, અહંકાર સાથે રૂદ્રે હૃદયમાં પ્રવેશ કર્યો, તોપણ વિરાટ બેઠા થયા નહી. ૬૫-૬૯ છેવટે ક્ષેત્રજ્ઞે એટલે જીવાત્માએ ચિત્તની સાથે હૃદયમાં પ્રવેશ કર્યો ત્યારે તે વિરાટ પુરૂષ જળમાંથી ઉભા થયા. ૭૦ ઊંઘેલા પુરૂષને જેમ જીવ વિના પ્રાણ, ઇંદ્રિયો, મન તથા બુદ્ધિ પોતાની શક્તિથી ઉઠાડી શકતાં નથી, તેમ ઉપર કહેલી ઇંદ્રિઓ તથા તેઓના દેવતાઓ જીવ વગર વિરાટ પુરૂષને ઉઠાડી શકયા નહી. ૭૧ આ વિરાટદેહની અંદર રહેલા ક્ષેત્રજ્ઞ (પરમેશ્વર) છે, તેની પ્રથમ ભકિત કરવાની જરૂર છે, ભકિતથી વૈરાગ્ય ઉત્પન્ન થાયછે અને વૈરાગ્યથી યોગમાં બુદ્ધિની પ્રવૃત્તિ થાયછે, યોગથી ચિત્તની એકાગ્રતા થાયછે અને ચિત્તની એકાગ્રતાથી જ્ઞાનની પ્રાપ્તી થાયછે, એ જ્ઞાનવડે પરમાત્માનો નિશ્ચય કરી તેનું નિરંતર ધ્યાન ચિંતવન કરવું. ૭૨

तमस्मिन प्रत्यगात्मानं धियायोग प्रवृत्तया॥
भक्त्याविरक्त्या ज्ञानेन विविच्यात्मानि चिंतयेत्

ઇતિશ્રી મહાપુરાણ ભાગવતના તૃતીય

સ્કંધમાં "કપિલ દેવહુતિ સંવાદ" નામનો ૨૬ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૨૭ મો.

પ્રકૃતિ તથા પુરૂષના વિવેકથી મોક્ષની રીતિ.

श्री भगवानुवाच. ॥

प्रकृतिस्थोऽपि पुरुषो नाज्यते प्राकृतैर्गुणैः ॥
अविकारादकर्तृत्वान्निर्गुणत्वाज्जलार्कवत् ॥१॥

શ્રી કપિલદેવ ભગવાન કહે છે—હે માતાજી! તે પરમાત્મા આ દેહમાં રહેલા છે, તો પણ પ્રકૃતિના ગુણોએ કરેલા સુખ દુઃખાદિકથી લેપાતા નથી. કારણ કે તે નિર્વિકાર, નિર્ગુણ, અને અકર્તા છે. જેમ સૂર્યનું પ્રતિબિંબ પાણીમાં પડ્યાથી સૂર્ય પાણીથી લેપાતો નથી, તેમ પરમાત્મા પણ દેહના ગુણોથી લેપાતા નથી. ૧ તેજ પુરૂષ જ્યારે પ્રકૃતિના ગુણોમાં આસક્ત થાય છે, ત્યારે "હું દેહ છું" એવા અહંકારથી મૂઢ બનીને "હું કર્તા છું" એવું અભિમાન કરે છે. ૨ અને તે અભિમાનથી પરવશ અને દુઃખી થઇ તે પ્રસંગથી લાગેલાં કર્મ અને અપરાધોને લીધે શુભાશુભ અને મિશ્રિત યોનિયોમાં જન્મ મરણ પામ્યા કરે છે. ૩ ખરૂં જોતાં સંસાર મિથ્યાજ છે, તો પણ જેમ સ્વપ્ન કેવળ મિથ્યા જ છે છતાં સ્વપ્નાવાળા પુરૂષને તે અનર્થ મટી શકતો નથી, તેમ વિષયનું ચિંતન કરનારા પુરૂષને સંસાર (જન્મ મરણ) મટી શકતો નથી. ૪ એટલા માટે દુષ્ટ ઇંદ્રિયોના વિષયોના માર્ગે ચઢેલા ચિત્તને ધીરે ધીરે તીવ્ર ભક્તિ તથા વૈરાગ્યથી વશ કરવું. ૫ યમ આદિક યોગના માર્ગથી શ્રદ્ધા યુક્ત થઈ વારંવાર ચિત્તને એકાગ્ર કરવું. મારી સાથે નિષ્કપટ પ્રીતિ રાખવી, મારી કથા સાંભળવી, ૬ પ્રાણી માત્રમાં સમદ્રષ્ટિ રાખવી, કોઈ સાથે વેર ન કરવું, સંગનો ત્યાગ કરવો, બ્રહ્મચર્ય પાળવું, મૌન ધારણ કરી સ્વધર્મ પાળવો, દૈવેચ્છાએ જે મળે તેમાં સંતોષ માનવો, નિયમિત ભોજન કરવું, મારૂં મનન કરવું, એકાંતમાં રહેવું, શાંત થવું સર્વ સાથે મિત્રતા રાખવી, સર્વ પ્રાણીઓ ઉપર દયા ભાવ રાખવો મનને વશ કરવું, ૮ આ દેહ વિષે કુટુંબનો મિથ્યા આગ્રહ ન કરવો, યથાર્થ સ્વરૂપ જેનાથી માલમ પડે છે એવા જ્ઞાનનો વિચાર કરવો, ૯ એવા ઉત્તમ જ્ઞાનવડે બુદ્ધિની જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થા દૂર થાય છે, વિષયની ચિંતા પણ દૂર થઇ જાય છે. અને એ પુરૂષ આત્મદર્શી થઇને જેમ નેત્રમાં રહેલા સૂર્યદ્વારા આકાશમાં રહેલા સૂર્યને જુએ છે, તેમ અહંકાર વિશિષ્ટ આત્માદ્વારા શુદ્ધ આત્માનાં દર્શન કરેછે. ૧૦ અને મિથ્યાભૂત અહંકારમાં સદરૂપથી પ્રકાશતા નિરૂપાધિપરબ્રહ્મને પામે છે. એ પરબ્રહ્મ શુદ્ધ છે, જીવના સ્વરૂપથી ભિન્ન છે, કાર્ય કારણરૂપ પ્રધાનના અધિષ્ઠાન છે, તથા મહત્તત્વાદિક કાર્યના પ્રકાશક છે, કાર્ય કારણ સર્વમાં પરોવાઇ રહેછે અને પોતાના સ્વરૂપમાં પરિપૂર્ણ છે. ૧૧ જેમ આકાશમાં રહેલા સૂર્યનું પ્રતિબિંબ પાણીમાં પડે છે અને પાણીનું પ્રતિબિંબ ભીંત ઉપર પડે છે, ત્યાં પ્રથમ તો મનુષ્યની દૃષ્ટિ ભીંત ઉપરના પ્રતિબિંબ ઉપર પડે છે અને પાણીમાં પડેલા સૂર્યના પ્રતિબિંબ ઉપરથી આકાશમાં રહેલા ખરા સૂર્યને જુએ છે, ૧૨ તેમ પ્રથમ દેહ, ઇંદ્રિય અને મન વગેરે જે પોતાના આત્માથી પ્રકાશે છે એવો ત્રિગુણમય અહંકાર જોવામાં આવે છે, પછી તેના આશ્રયથી તેના પ્રકાશક પરમાર્થ જ્ઞાનરૂપ આત્માનાં દર્શન થાય છે. ૧૩ સુષુપ્તિ અવસ્થામાં નિદ્રાને લીધે પાંચ મહાભૂત, તેનાં શબ્દાદિ સૂક્ષ્મરૂપ, તથા મન અને બુદ્ધિ વગેરે જ્યારે અજ્ઞાનમાં લીન થઈ જાય છે, ત્યારે આત્મા નિદ્રા રહિત અને અહંકાર રહિત થઇને પોતાના સ્વરૂપને પામે છે. ૧૪ સુષુપ્તિમાં પણ સાક્ષીરૂપ આત્મા નિદ્રા રહિત થઇને રહે છે અને સુષુપ્તિના સુખ તથા અજ્ઞાનને જાણે છે, તો પણ અહંકારનો લય થવાને લીધે જેમ કોઇ મનુષ્યનું ધન જતું

રહે, ત્યારે તે જેમ આતુર થઇને પોતાને નષ્ટ થઇ ગયેલો માનેછે, તેમ આ આત્મા પણ અહંકારનો લય થવાથીપોતાનો નાશથયો એમ મિથ્યા માને છે. ૧૫ એ પ્રમાણે વિચાર પૂર્વક આ જીવ સારાસારનું તત્ત્વ ગ્રહણ કરી પરમાત્માને પામે છે, જે પરમાત્મા કાર્ય કારણના સમુદાયરૂપ આ દેહના પ્રકાશક તથા તેના આશ્રયરૂપ છે. ૧૬

દેવહૂતિ કહે છે—હે બ્રહ્મન ! હે પ્રભુ ! પ્રકૃતિ અને પુરૂષ એ બે પરસ્પર એક બીજાને આશ્રયે છે, તથા નિત્ય છે, તેથી તેનું જુદું થવું સંભવતું નથી. અર્થાજ પ્રકૃતિ પુરૂષનું સ્વરૂપ ભિન્ન જાણવા છતા પ્રકૃતિ કદી પણ પુરૂષને છોડી શકતી નથી. ૧૭ જેમ ગંધ અને પૃથ્વીનું તથા જળ અને રસનું જુદું થવું સંભવતું નથી, તેમ પ્રકૃતિ અને પુરૂષનું જુદું થવું પણ સંભવતું નથી. ૧૮ માટે પુરૂષ અકર્તા છતાં પણ પ્રકૃતિના દેહાદિક ગુણોનો આશ્રય કરવાથી તેને કર્મબંધન થાય છે, તે ગુણોના વિદ્યમાન રહેવાથી પુરૂષ તેથી જરા પણ નિર્લેપ શી રીતે થઇ શકે ? ૧૯ કોઇ વખતે તત્વોનો વિચાર કરવાથી કોઇ મનુષ્યને સંસારનો ભયંકર ભય ઘણું કરીને ટળી જાય છે, તો પણ તે ભયના કારણભૂત પ્રકૃતિ દૂર ન થવાથી તે ભય જેમ ને તેમ ઉભોજ રહે છે. ૨૦

શ્રી ભગવાન કહે છે—નિષ્કામ ધર્મ, નિર્મળ અંતઃકરણ, મારી ઘણા દિવસ સુધી કથા સાંભળવાથી દૃઢ થયેલી મારી તીવ્ર ભક્તિ, સ્વસ્વરૂપને દેખાડનારૂં યથાર્થ જ્ઞાન, દૃઢ વૈરાગ્ય, તપ સહિત યોગ તથા ચિત્તની દૃઢ એકાગ્રતા, ૨૧-૨૨ એ સાધનોથી રાત દિવસ પુરૂષની પ્રકૃતિ જ્યારે પરાભવ પામે છે ત્યારે ધીરે ધીરે નિત્ય બળતા અરણીના અગ્નિની પેઠે પ્રકૃતિ અદૃશ્ય થઇ જાય છે. ૨૩ આ પ્રમાણે પ્રકૃતિ અદૃશ્ય થઇ ગયા પછી ફરીને તે ઉત્પન્ન થતી નથી. અને જેનો ભોગ ભોગવી લીધો છે તથા નિરંતર દોષ દૃષ્ટિ કરીને જેનો ત્યાગ કર્યો છે એવી પ્રકૃતિ, સ્વતંત્ર અને પોતાના સ્વરૂપના આનંદમાં મગ્ન રહેનારા પુરૂષનું કાંઇ પણ અશુભ કરી શકતી નથી. ૨૪ સ્વપ્ન જેમ ઉંઘેલા મનુષ્યને અનેક અનર્થ કરે છે, પરંતુ તેજ સ્વપ્ન જાગેલા મનુષ્યને સંસ્કાર રહેવાથી, તેની સ્ફુરતી રહેવા છતાં કાંઇ પણ અનર્થકારી થઇ શકતું નથી, ૨૫ તેમ તત્વને જાણનારા અને મારામાં ચિત્ત ચોઢનારા આત્મારામ પુરૂષને પ્રકૃતિ કોઇ પણ રીતે મોહિત કરી શકતી નથી. ૨૬ આ પ્રમાણે મારો ભક્ત ઘણા સમયથી અને અનેક જન્મોથી જ્ઞાનનાં સાધનો તરફ લાગેલો રહે છે, ત્યારે તેને બ્રહ્મલોક સુધીના સર્વ પદાર્થો ઉપર વૈરાગ્ય આવે છે. મારી મોટી કૃપાથી જ્યારે યથાર્થ રીતે મારા સ્વરૂપને જાણે છે ત્યારે આત્મ જ્ઞાનથી સર્વ સંશયોને કાપી લીંગ શરીરથી મુક્ત થાય છે, પછી પરિશ્રમ વિના દેહાદિક રહિત થઇને મારા વિષે રહેલા મોક્ષના અનુપમ આનંદને પામે છે. જેથી યોગી પાછો આ સંસારમાં આવતો નથી. ૨૭-૨૮-૨૯ હે માતા ! એ સમયે યોગથી વૃદ્ધિ પામનારી સિદ્ધિયો તે યોગસિદ્ધ ભક્તને મોહિત કરવાને વિઘ્નો કરે છે, તો પણ જો તે ભક્તનુ ચિત્ત તેમાં આસક્ત થતું નથી તો તેને મારા સ્વરૂપની પ્રાપ્તી થાય છે, જે પ્રાપ્તીથી તેની આગળ મૃત્યુનું કાંઇ પણ બળ ચાલી શકતું નથી. ૩૦

यदा न योगोपचितासुचेतो ।
मायासु सिद्धस्य विसज्जतेंग ॥
अनन्य हेतुष्वथ मे गतिःस्या- ।
दात्यंतिकी यत्र न मृत्युहासः ॥३०॥

ઇતિ શ્રી ભાગવતપુરાણના તૃતીય સ્કંધમાં "પ્રકૃતિ વિવેક વર્ણન" નામનો ૨૭ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૨૮ મો.

અષ્ટાંગ યોગવડે સર્વ ઉપાધિ રહિત સ્વરૂપનું જ્ઞાન.

श्री भगवान् उवाच.

योगस्य लक्षणं वक्ष्ये सबीजस्य नृपात्मजे ॥
मनो येनैव विधिना प्रसन्नं याति सत्पथम् ॥

શ્રી ભગવાન કહે છે— હે રાજપુત્રી! હવે હું અવલંબન સહિત યોગનું લક્ષણ કહીશ, કે જે યોગથી મન પ્રસન્ન થઇ સન્માર્ગે ચાલે છે. ૧ પોતાની શક્તિ પ્રમાણે સ્વધર્મ પાળવો, અધર્મથી છેટા રહેવું, દૈવ ઇચ્છાએ જે મળે તેમાં સંતોષ રાખવો, આત્મજ્ઞાની પુરૂષોના ચરણોનું સેવન કરવું, ૨ ધર્મ અર્થ અને કામ સંબંધી કર્મોથી નિવૃત્ત થવું, મોક્ષધર્મ ઉપર પ્રીતિ રાખવી, પવિત્ર પદાર્થોનો મિતાહાર કરવો, નિરંતર એકાંતમાં તથા નિર્ભય સ્થાનમાં રહેવું. ૩ હિંસા ન કરવી, સત્ય રાખવું, ચોરી ન કરવી, જરૂર જેટલું જ સંઘરવું, બ્રહ્મચર્ય પાળવું, તપ કરવું, પવિત્રતા રાખવી, શાસ્ત્રનું અધ્યયન કરવું, ભગવાનની સેવા પૂજા કરવી, ૪ મૌન રાખવું, આસન જીતવાં, સ્થિરતા રાખવી, ધીરેધીરે પ્રાણાયામવડે પ્રાણને જીતવા, ઇંદ્રિયોને વિષયોમાંથી પાછી વાળીને હૃદયમાં રાખવી, ૫ શરીરમાના મૂળાધાર આદિ સ્થાનમાંના એક સ્થાનમાં મનવડે પ્રાણની ધારણા કરવી, ભગવાનનાં ચરિત્રોનું ધ્યાન ધરવું, અને મનને બ્રહ્મસ્વરૂપ માનવું. ૬ એ વગેરે યોગનાં જે જે સાધન છે તેનાથી, અસત્ માર્ગે ચાલનારા દુષ્ટ મનને બુદ્ધિથી ડાહ્યા માણસે ધીરે ધીરે વશ કરવું. ૭ આસન જીતી પવિત્ર જગ્યામાં દર્ભ, મૃગચર્મ અને વસ્ત્ર બિછાવી તે ઉપર સ્વસ્તિક આસન કરી શરીરને સીધું રાખી પ્રાણાયામ કરવાનો અભ્યાસ કરવો. ૮ પૂરક એટલે બહારના પવનને અંદર લઇ જવો, કુંભક એટલે પવનને અંદર રોકી રાખવો, અને રેચક એટલે શ્વાસ પાછો બહાર કાઢવો એ ત્રણ ક્રિયાથી અથવા રેચક, કુંભક અને પૂરક એ વિપરીત ક્રમથી પ્રાણના માર્ગને શુદ્ધ કરવો, જેથી ચિત્ત સ્થિર થઇ ફરીને ચંચળ ન થાય. ૯ જેમ વાયુ તથા અગ્નિથી તપાવેલું સોનું મેલ તજીને શુદ્ધ કંચન થઇ જાય છે, તેમ શ્વાસ જીતવાથી યોગીનું મન રજોગુણ રહિત શુદ્ધ થાય છે. ૧૦ પ્રાણાયામથી દોષોનો, ધારણાથી પાપનો, પ્રત્યાહારથી સંસર્ગનો, અને ધ્યાનથી રાગદ્વેષાદિક ગુણોનો ત્યાગ કરવો. ૧૧ એ રીતે યોગ સાધનથી મન નિર્મળ તથા સ્થિર થાય ત્યારે નાકની અણી તરફ દૃષ્ટિ રાખીને ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું. ૧૨ પ્રસન્ન મુખકમળવાળા, કમળના ગર્ભ જેવાં રાતાં નેત્રવાળા, નીલકમળ જેવા શ્યામ વર્ણવાળા, શંખ ચક્ર ગદા ને પદ્મ ધારણ કરેલા, ૧૩ સુશોભિત કમળનાં કેસર જેવાં પીળાં પીતાંબર ધારણ કરેલા, વક્ષઃસ્થળમાં શ્રીવત્સના ચિન્હવાળા, કંઠમાં કૌસ્તુભમણિ પ્રકાશી રહેલા, ૧૪ મદોન્મત્ત ભ્રમરો જેના ઉપર ગુંજારવ કરી રહ્યા છે એવી સુગંધમય વનમાળા ધારણ કરેલા, અમૂલ્ય હાર, કંકણ, મુગટ, બાજુબંધ અને ઝાંઝર ધારણ કરેલા, ૧૫ કટિમેખળાથી શોભતા નિતંબવાળા, હૃદયકમળમાં નિવાસ કરનારા, જોવા લાયક સ્વરૂપવાળા, શાંત, નેત્ર તથા મનને આનંદ આપનારા, ૧૬ ભક્તોને નિત્ય પોતાનાં મનોહર દર્શન દેનારા, સર્વ લોકોથી નમસ્કાર કરાતા, કિશોર અવસ્થાવાળા, સેવક જનો ઉપર અનુગ્રહ કરવાને આતુર રહેનારા, ૧૭ કીર્તન કરવા યોગ્ય પવિત્ર યશવાળા, પવિત્ર કીર્તિવાળાની કીર્તિ વધારનારા, અને સંપૂર્ણ અંગવાળા ભગવાનનું જ્યાં સુધી મન તેમાંથી ખસે નહી ત્યાં સુધી ધ્યાન કરવું. ૧૮ અંતર્યામી ભગવાનના ઉભેલાં, બેઠેલાં, સૂતેલાં અથવા ચાલતાં સ્વરૂપનું શુદ્ધ મનથી ધ્યાન કરવું. ૧૯ ભગવાનનાં સર્વ અંગમાં મન સારી રીતે સ્થિર થયા પછી મુનિએ ભગવાનના એક એક અંગમાં મન લગાડીને તે તે અંગને સિદ્ધ

કરતા જવું. ૨૦ પ્રથમ વજ્ર, અંકુશ, ધ્વજા અને કમળનાં ચિન્હવાળાં, ઉંચાં, રાતાં અને શોભિતા નખની કાંતિવાળાં ભગવાનનાં ચરણારવિંદનું ધ્યાન કરવું. ૨૧ જે ચરણ કમળને ધોવાના જળથી પવિત્ર થયેલું ગંગાજળ મસ્તક ઉપર ધારણ કરીને શીવજી શીવરૂપ થયા છે, અને જેનાં ચરણ ચિન્હરૂપ વજ્રવડે ભક્તજનોના પાપરૂપી પર્વતોના ચૂરા થઇ ગયા છે, એવા ભગવાનનાં ચરણારવિંદનું લાંબા કાળ સુધી ધ્યાન કરવું. ૨૨ પછી જેનાં કમળ સરખાં રાતાં નેત્ર છે, સર્વ દેવતાઓ જેને નમસ્કાર કરે છે, અને સર્વ જગતને સરજનારા બ્રહ્માની માતા સાક્ષાત લક્ષ્મી પોતાના સાથળ ઉપર રાખી કરપલ્લવની કાન્તિથી ચતુરાઇથી જેની સેવા કરે છે એવા ભગવાનના બે ગોઠણનું હૃદયમાં ધ્યાન કરવું. ૨૩ પછી અળસીનાં પુષ્પ જેવી કાન્તિવાળી, બળના ભંડારરૂપ અને ગરૂડની કાંધ ઉપર ધારણ કરેલી ભગવાનની સાથળોનું ધ્યાન કરવું; પછી ઘુંટી સુધી લાંબાં પીતાંબરથી ઢંકાયલા, અને કટિમેખળાના ઘેરાવાથી શોભાયમાન એવા ભગવાનના નિતંબનું ધ્યાન કરવું. ૨૪ પછી સર્વ જગતના નિવાસરૂપ ઉદરમાં રહેલા ભગવાનનો નાભિરૂપ દ્રો કે જેની અંદર બ્રહ્માના સ્થાનકરૂપ લોકાત્મક કમળ ઉત્પન્ન થયું હતું, તેનું ધ્યાન કરવું. પછી સ્વચ્છ હારની કાન્તિથી ગોરા દેખાતા નીલમણિ જેવા બે સ્તનનું ધ્યાન કરવું. ૨૫ પછી ભગવાનનું વક્ષઃસ્થળ કે જે લક્ષ્મીજીનું નિવાસસ્થાન છે અને ભક્તજનોનાં મન તથા નેત્રોને આનંદ આપનાર છે તેનું ધ્યાન કરવું. પછી સર્વ લોકોથી નમન થતો ભગવાનનો કંઠ કે જે કૌસ્તુભમણિના આભૂષણરૂપ છે, તેનું મનમાં ધ્યાન કરવું. ૨૬ પછી, સમુદ્ર વલોવતી વેળા મંદરાચળને ફેરવવાથી તેના ઘસારાને લીધે ઘસાઇને ઉજળાં થયેલાં કડાં જે હાથમાં પેહેરેલાં છે, તથા જેમાં લોકપાળો રહે છે એવા ભગવાનના બે હાથનું ધ્યાન કરવું; પછી એક હજાર આરાવાળા તેજસ્વી ચક્રનું અને હસ્ત કમળમાં રાજહંસની પેઠે શોભતા શંખનું ધ્યાન કરવું. ૨૭ પછી શત્રુઓના લોહીથી ખરડાયલી, અને ભગવાનને વહાલી એવી કૌમુદકી નામની ગદાનું ધ્યાન કરવું, પછી જેના ઉપર ભમરો ગુંજાર કરે છે એવી માળાનું અને ભગવાનના કંઠમાં રહેલા તથા જીવાત્માના તત્વરૂપ કૌસ્તુભમણિનું ધ્યાન કરવું. ૨૮ પછી ભક્તો ઉપર દયા કરીને આવું સાકારરૂપ ધારણ કરનારા ભગવાનનું મુખારવિંદ કે જેમાં ચળકતાં મકરાકૃત કુંડળથી શોભી રહેલા પ્રકાશિત ગાલ છે તેનું, તથા સુંદર નાસિકા અને ભ્રકુટિથી શોભતા મુખારવિંદનું ધ્યાન કરવું. ૨૯ વાંકડીયા કેશના જથાથી શોભતું, કમળ જેવાં નેત્રવાળું, અને સુંદર ભ્રકુટિવાળું મુખારવિંદ છે, તથા જે પોતાની શોભાવડે ભમરાઓએ સેવાતાં અને માછલીનું જોડું સમીપમાં રહેલું છે, એવા લક્ષ્મીના નિવાસ સ્થાન કમળનો પણ નિરંતર તિરસ્કાર કરે છે, તેનું મનમાં ધ્યાન કરવું. ૩૦ તે પછી ઘણી કૃપાવાળા, ભયંકર ત્રણે તાપને શાંત કરવાને નેત્રથી મુકાતાં કટાક્ષ કે જે મંદહાસ્ય યુક્ત અને અત્યંત કૃપાથી ભરપુર છે, તેનું હૃદયમાં ઘણા પ્રેમથી લાંબા વખત સુધી ધ્યાન કરવું. ૩૧ પછી પ્રણામ કરનારા લોકોના અત્યંત શોકનાં આંસુઓના સમુદ્રને સૂકાવી નાંખનારાં ભગવાનનાં અતિ સુંદર મંદહાસ્યનું ધ્યાન કરવું. પછી ભગવાનની ભ્રકુટિમંડળ કે જે મુનિલોકોને મોહિત કરનારા કામદેવને પણ પોતાની માયાથી મોહિત કરવા માટે રચેલ છે તેનું ધ્યાન કરવું. ૩૨ પછી પોતાના હૃદયમાં જણાયેલા ભગવાનનું વિના પ્રયાસે ધ્યાનમાં આવતું સ્ફુટ હાસ્ય કે જે ઘણું સુંદર હોવાથી તથા નીચલા હોઠની કાંત પડવાથી મોગરાની કળી જેવા દાંતોની પંક્તિ પણ અરૂણ જેવી રાતી દેખાય છે, તેનું ધ્યાન કરવું. તે વખતે પ્રેમરસવાળી ભક્તિથી તેમાં ચિત્ત રાખી તે વિના બીજા કોઇ પદાર્થને જોવાની ઇચ્છા ન કરવી. ૩૩ આ પ્રમાણે સબીજ યોગથી ભગવાન શ્રી હરિમાં પ્રેમ થાય છે તથા તેને

લીધે ભક્તિ થાય છે, તેથી હૃદય દ્રવીભૂત થઈ જાય છે, હર્ષથી શરીર રોમાંચિત થાય છે, અને ઉત્કંઠાથી આવતાં આંસુઓથી તે વારંવાર પીડીત થઇ જાય છે, ત્યારે ભગવાનને ગ્રહણ કરવામાં માછલાંને પકડવાના આંકડાના જેવા ચિત્તને ધીરે ધીરે ભગવાનના ધ્યાનથી છૂટું કરી દેવું. ૩૪ આ પ્રમાણે જ્યારે મન ભગવાનનું ધ્યાન કરવામાં શીથીલ પડે છે, અને ચિત્ત બીજા સર્વ વિષયોથી વિરક્ત થાય છે, ત્યારે ધ્યાન ધરનારા યોગીનું ચિત્ત, જેમ દીવો શાન્ત થઇ તેજમાં લય પામી જાય છે, તેમ લય પામી બ્રહ્માકાર થઇ જાય છે, તેથી તે સમયે દેહાદિકની ઉપાધિ રહિત તે યોગી પોતાના સ્વરૂપને ધ્યાતા, ધ્યેય, વિભાગ રહિત, અખંડ અને સર્વમાં વ્યાપ્ત જુએ છે. ૩૫ આવી પાછી ન ઉઠે એવી મનની નિવૃત્તિથી તે સુખ દુઃખથી રહિત બ્રહ્મને વિષે નિષ્ઠા પામી બ્રહ્મરૂપ થયેલ યોગી પોતામાં જે સુખ દુઃખ હતું તે અસત્ હતું એમ જાણે છે. ૩૬ જેમ મદિરા પીધેલા મદાંધ પુરૂષને પોતાનાં વસ્ત્રનું ભાન રહેતું નથી, તેમ લાંબી સમાધિવાળા યોગીને બેઠેલા, ઉઠેલા, પ્રારબ્ધ યોગથી પાછા આવેલા કે ખસી ગયેલા પોતાના દેહનું ભાન રહેતું નથી, એવી રીતે પોતાના સ્વરૂપને પણ તે દેખતો નથી. ૩૭ દૈવાધીન રહેલો તેનો દેહ જ્યાં સુધી પોતાને ઉત્પન્ન કરનારૂં કર્મ હોય ત્યાં સુધી ઇંદ્રિયો સાથે જીવે છે; પરંતુ તે જ્યારે સમાધિ યોગને પોહોંચે છે અને આત્મસ્વરૂપને જાણે છે, ત્યારે તે યોગી પ્રપંચી સ્વપ્નને ફરીથી સેવતો નથી. ૩૮ જેમ સ્નેહથી પોતાના માનેલા પુત્ર તથા ધનથી પુરૂષ જુદો છે, તેમ પોતારૂપ માનેલા દેહાદિકથી પણ તે જુદો છે. ૩૯ જેમ અગ્નિરૂપ મનાતા કાષ્ઠથી, અથવા અગ્નિમાંથીજ થયેલા ધુમાડાથી પણ અગ્નિ જુદો છે, ૪૦ તેમ પંચમહાભૂત, ઇંદ્રિયો અને અંતઃકરણથી તથા મહત્તત્વથી દ્રષ્ટા જીવ જુદો છે, અને તે જીવથી પરમાત્મા જુદા છે; પરંતુ પરમાત્માથી કોઈ વસ્તુ જુદી નથી. ૪૧ જેમ સર્વ સ્થાવર જંગમ પદાર્થોમાં પંચ મહાભૂત છે અને પંચ મહાભૂતોમાં સર્વ પદાર્થો છે, તેમ સર્વ પદાર્થોમાં હું છું અને મારામાં સર્વ પદાર્થો છે, એ પ્રમાણે સર્વત્ર અદ્વૈતભાવ રાખીને જોવું જોઇએ. ૪૨ જેમ અગ્નિ એક પ્રકારનો છતાં કાષ્ઠની લંબાઇ પોહોળાઈથી જુદા જુદા પ્રકારનો દેખાય છે, તેમ આત્મા એક છતાં પ્રત્યેક દેહના ગુણોની વિષમતાને લીધે નાના પ્રકારનો પ્રતીત થાય છે. ૪૩ એટલા માટે જીવને બંધન કરનારી, ભગવાનની શક્તિરૂપ, કાર્ય કારણ રૂપ અને જાણવામાં ન આવે એવી માયાને યોગીઓ ભગવાનની કૃપાથી જીતી લઇને પોતાના ખરા સ્વરૂપમાં રહે છે. ૪૪

तस्मादिमांस्त्वां प्रकृतिं दैवीं सदसदात्मिकाम् ॥
दुर्विभाव्यां पराभाव्यस्वरूपेणावतिष्ठते ॥४४॥

ઇતિ શ્રી ભાગવતપુરાણના તૃતીય સ્કંધમાં "કપિલ દેવહૂતિ સંવાદમાં યોગ સાધન ક્રિયા વર્ણન" નામનો ૨૮ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૨૯ મો.

ભક્તિયોગ, કાળનું બળ તથા દુઃખદાયી જન્મમરણની કથા.

॥ देवहूति उवाच ॥

लक्षणं महादादीनां प्रकृतेः पुरुषस्यच ॥
स्वरूपं लक्ष्यतेऽमीषां येन तत्पारमार्थिकम् ॥१॥

દેવહૂતિ પૂછેછે—હે પ્રભુ! પ્રકૃતિ, પુરૂષ અને મહત્તત્વાદિકનું ખરૂં સ્વરૂપ જેથી જણાય તેવાં તેનાં લક્ષણ જેવાં સાંખ્યશાસ્ત્રમાં વર્ણવ્યાં છે તેવાં તમે કહ્યાં, પરંતુ એ કહેવાનું કારણ ભક્તિયોગ છે, માટે ભક્તિયોગનો માર્ગ મને વિસ્તાર કહી સંભળાવો. ૧-૨ હે ભગવન્! જેથી જીવોને અનેક યોનિમાં જન્મમરણ થાયછે તે પણ કહો કે જેથી સર્વ વસ્તુઓ ઉપર વૈરાગ્ય થાય. ૩ વળી જેના ભયથી મનુષ્ય પુણ્ય કરેછે, તે પરના પણ પર

ઈશ્વરરૂપ જે કાળ તેનું સ્વરૂપ કહ્યો. ૪ દેહાદિક પદાર્થોમાં ખોટું અભિમાન રાખનારા, કર્મોસક્ત બુદ્ધિથી થાકી ગયેલા અને અસાર સંસારમાં ઘણા કાળથી ઊંઘતા અજ્ઞાની લોકોને જગાડવા માટે યોગશાસ્ત્રનો પ્રકાશ કરવાને સાક્ષાત સૂર્યરૂપ આપ અહીં પ્રગટ થયાછો. ૫.

મૈત્રેય કહેછે—હે કુરૂશ્રેષ્ઠ વિદુરજી! માતાનાં આવાં મધુર વચનો સાંભળીને કપિલદેવ તેમને વખાણવા લાગ્યા, પછી દયાતુર બની પ્રસન્નતાથી બોલ્યા. ૬

શ્રી કપિલદેવજી કહેછે—હે માતા! ભક્તિયોગના ઘણા પ્રકારો છે, કારણ કે સત્વ, રજ અને તમોગુણવાળી મનુષ્યોની પ્રકૃતિ હોવાથી તેના ફળ સંબંધી સંકલ્પમાં ભેદ પડેછે, તેથી ભક્તિમાં પણ ભેદ પડેછે. ૭ કોઇને પીડા કરવાની ઇચ્છાથી, કપટ કરવાની ઈચ્છાથી, અથવા કોઇનો ઉત્કર્ષ સહન ન થવાથી ક્રોધ તથા ભેદ બુદ્ધિ રાખીને જેઓ મારી મૂર્તિ આદિકથી ભક્તિ કરેછે તેઓ ત્રણે જાતના તામસી ભક્ત કહેવાયછે. ૮ વિષયભોગ, યશ, અને ઐશ્વર્યની ઇચ્છા રાખીને ભેદદૃષ્ટિથી જે મૂર્તિઆદિકથી મારૂં પૂજન કરેછે, તેને રજોગુણી ભક્ત જાણવો. ૯ પાપનો નાશ કરવા માટે, કર્મો ઈશ્વરને અર્પણ કરીને તેને પ્રસન્ન કરવા માટે અથવા સિદ્ધિઓની ઈચ્છાથી ભેદભાવ રાખીને જે મૂર્તિ આદિકની પૂજા કરેછે તે સાત્વિક ભક્ત કહેવાયછે. એ પ્રમાણે ત્રણ પ્રકારની ભક્તિના પ્રત્યેકના ત્રણ ત્રણ પ્રકાર મળીને નવ પ્રકારની ભક્તિ કહેવાયછે. ૧૦ મારા ગુણો સાંભળવાથીજ જેમ ગંગાજળની સમુદ્ર પ્રત્યે ગતિ થાયછે, તેમ સર્વના અંતર્યામી એવા મારા વિષે મનની ગતિ થાયછે. ૧૧ એવી પુરૂષોત્તમ ભગવાનને વિષે ફળની ઇચ્છા વગરની અભેદ દૃષ્ટિની ભક્તિ તે નિર્ગુણ ભક્તિયોગનું લક્ષણ છે. ૧૨ મારી નિર્ગુણ ભક્તિ કરનારા મનુષ્યો મારી સેવા વિના બીજા કશાની ઇચ્છા નહી રાખનારા હોવાથી હું તેઓને સાલોક્ય,[1] સાર્ષ્ટિ,[2] સામીપ્ય,[3] સારૂપ્ય,[4] અને એકત્વ[5] આપુંછું. ૧૩ આ આત્યંતિક નિર્ગુણભક્તિયોગ કહેવાયછે, કે જેથી આ ત્રિગુણાત્મક સંસારને તજીને મારા સ્વરૂપને પામેછે. ૧૪ નિષ્કામપણે શ્રદ્ધાથી નિત્ય નૈમિત્તિક સ્વધર્મનું આચરણ કરવું, પંચરાત્રમાં કહ્યા પ્રમાણે નિત્ય અહિંસક નિષ્કામ ક્રિયાઓ કરવી. મારી મુર્તિ વિગેરેનાં દર્શન, સ્પર્શન, પૂજા, સ્તુતિ અને પ્રણામ કરવા, સર્વ પ્રાણીમાત્રમાં મારી ભાવના કરવી, ધીરજ તથા વૈરાગ્ય ધારણ કરવાં, મહાપુરૂષોનો સત્કાર કરવો, દીનજનો ઉપર દયા રાખવી, સમાન પુરૂષો સાથે મિત્રતા રાખવી, યમ નિયમ પાળવા, ઇશ્વર સંબંધી જ્ઞાન આપનારાં શાસ્ત્રો સાંભળવાં, મારૂં નામ કીર્તન કરવું, સરળતા રાખવી. સાધુ પુરૂષોનો સંગ કરવો, અને અહંકાર રહિત થવું. ૧૫–૧૮ આટલાં સાધનોથી મારા ભક્તનું અંતઃકરણ શુદ્ધ થાયછે, અને તેથી મારા ગુણો સાંભળતાંજ તેના ચિત્તમાં વિનાશ્રમે મારૂં સ્વરૂપ આવેછે. ૧૯ જેમ વાયુ સાથે ચાલતો ગંધ બીજા સ્થાનથી પોતાની મેળે નાસિકાની પાસે આવેછે, તેમ ભક્તિયોગમાં લાગેલું વિકારરહિત ચિત્ત પણ મારા સ્વરૂપની પાસે આવેછે, ૨૦ સર્વનો અંતર્યામી હું સર્વ પ્રાણીવિષે નિરંતર રહુંછું, તેની અવજ્ઞા કરીને જે માણસ કેવળ મુર્તિપૂજા કરેછે, તે તો વ્યર્થ મેહેનત કર્યા જેવું છે. ૨૧ હું સર્વ પ્રાણીઓમાં આત્મારૂપે તથા ઇશ્વરરૂપે રહુંછું તેની ઉપેક્ષા કરીને જે મુઢતાથી મારી મુર્તિમાં પૂજા કરેછે, તે રાખમાં ઘી હોમ્યા કરેછે. ૨૨ વળી હું જે પરકાયામાં રહેનારો છું, તેની સાથે જે દ્વેષ કરે, અભિમાન રાખે, ભેદભાવ રાખે અને સર્વ પ્રાણીઓ સાથે શત્રુતા રાખે, તે પુરૂષનું મન કદી શાંતિ પામતું નથી. ૨૩ હે માતા! જે સર્વ પ્રાણીઓનું અપમાન કરેછે, તે ભલે તો અનેક પ્રકારની સામગ્રીથી મારૂં પૂજન

૧ ઇશ્વરના લોકમાં વસવું

૨ ઇશ્વર જેવી શક્તિ મેળવવી. ૩ ઇશ્વરની પાસે રહેવું. ૪ ઇશ્વરરૂપ થઈ જવું. ૫ ઇશ્વર સાથે એકતા થઇ જવી.

કરતો હોય તો પણ હું તેના ઉપર પ્રસન્ન થતો નથી. ૨૪ પ્રાણીમાત્રમાં રહેનારા પરમાત્મા પોતાના હૃદયમાં રહેલા છે, એમ મનુષ્ય જ્યાં સુધી જાણતો નથી, ત્યાં સુધી પોતાના સ્વધર્મવાળી, મુર્તિ આદિકમાં ઇશ્વરનું પૂજન કરવું. ૨૫ જે મનુષ્ય પોતામાં અને પરમાં જરાપણ ભેદભાવ રાખેછે, તે ભેદદૃષ્ટિવાળા મનુષ્યને હું મૃત્યુરૂપે ભયંકર ભય ઉત્પન્ન કરૂંછું. ૨૬ માટે સર્વે પ્રાણીમાત્રમાં રહેનારા અંતર્યામીરૂપ અને દાનમાનાદિકથી તથા મિત્રભાવ અને સમદૃષ્ટિથી પૂજવો જોઇએ. ૨૭ હે માતા! અચેતન કરતાં સચેતન શ્રેષ્ઠ છે, સચેતન કરતાં પ્રાણવાળા જીવો શ્રેષ્ટ છે, તેના કરતાં ચિત્તની વૃત્તિવાળા જીવો શ્રેષ્ઠ છે, તેના કરતાં ઇંદ્રિયોની[1] વૃત્તિવાળા શ્રેષ્ઠ છે, તેમાં પણ સ્પર્શ જાણનારા શ્રેષ્ઠ છે, તેના કરતાં રસ જાણનારા[2] શ્રેષ્ઠ છે, તે કરતાં ગંધ જાણનારા[3] શ્રેષ્ઠ છે, તે કરતાં શબ્દ જાણનારા[4] શ્રેષ્ટછે. ૨૮-૨૯ શબ્દ જાણનાર જીવો કરતાં રૂપ જાણનારા[5] શ્રેષ્ઠ છે, તેના કરતાં બે તરફ દાંતવાળા જીવ શ્રેષ્ઠ છે, તેના કરતાં બહુ પગવાળા શ્રેષ્ઠ છે, તેના કરતાં ચાર પગવાળા અને તેના કરતાં બે પગવાળા મનુષ્ય પ્રાણી શ્રેષ્ઠ છે. ૩૦ મનુષ્યોમાં ચાર વર્ણ ઉત્તમ છે, તેમાં પણ બ્રાહ્મણ ઉત્તમ છે, બ્રાહ્મણમાં વેદ જાણનાર ઉત્તમ છે, તેમાં પણ અર્થ જાણનાર ઉત્તમ છે અર્થ જાણનાર કરતાં જેના સંશય છેદાયા હોય તે ઉત્તમ છે, તેના કરતાં સ્વકર્મ કરનાર ઉત્તમ છે, તેના કરતાં નિષ્કામ કર્મ કરનાર ઉત્તમ છે, અને તેના કરતાં સર્વનો સંગ ત્યાગ કરનારો શ્રેષ્ઠ છે. ૩૨ તેના કરતાં સર્વ કર્મ, તેનાં ફળ તથા પોતાનો દેહ અને અર્પણ કરનારો શ્રેષ્ઠ છે, તે મારા રૂપછે. જેણે પોતાનો દેહ અને સર્વ કર્મ મને અર્પણ કરી દીધાં છે એવા કર્તાપણાનું અભિમાન ત્યજી દીધેલા સમદૃષ્ટિ પુરૂષ કરતાં અધિક હું કોઇને જોતો નથી. ૩૩ ભગવાન સર્વ પ્રાણીઓમાં અંતર્યામીરૂપે રહેલા છે એમ જાણીને પ્રાણીમાત્રને ઘણા સન્માંનથી પ્રણામ કરવા જોઇએ. ૩૪ હે મનુની પુત્રી! મેં તમને ભક્તિયોગ અને અષ્ટાંગ યોગ કહ્યા. તેમાંથી એક યોગનું સાધન કરવાથી પણ પુરૂષ પરમાત્માને પામેછે. ૩૫ સર્વના નિયંતા પ્રકૃતિ પુરૂષરૂપ, અને તેનાથી જુદું પણ જે ભગવાનનું સ્વરૂપ છે તેજ દૈવ કહેવાયછે. એની પ્રેરણાથી પ્રાણીઓ અનેક પ્રકારની યોનિઓને પામેછે, ૩૬ જેથી પદાર્થોના સ્વરૂપમાં ફેરફાર થાયછે, તેજ ભગવાનનું દિવ્ય સ્વરૂપ કાળ નામનું છે. એનાથી મહત્તત્વાદિક પદાર્થોને અને દેહાભિમાની જીવોને ભય થાયછે. ૩૭ સર્વના આશ્રયરૂપ, અને યજ્ઞનું ફળ આપનારા જે ભગવાન પ્રાણીઓનો અંદર રહીને પ્રાણીઓથીજ પ્રાણીઓનો નાશ કરેછે, તે વશ કરવામાં મુખ્ય વિષ્ણુ ભગવાન કાળ કહેવાયછે. ૩૮ એ કાળને કોઇ પ્રિય નથી, કોઇ દ્વેષ કરવા યોગ્ય નથી, અને કોઈ બંધુ નથી. સર્વનો નાશ કરનારો એ કાળ સાવધાનપણે અસાવધ મનુષ્યોમાં પ્રવેશ કરીને તેનો નાશ કરેછે. ૩૯ એ કાળના ભયથી વાયુ વાયછે, એના ભયથીજ સૂર્ય તપે છે, ઇંદ્ર વૃષ્ટિ કરેછે અને તારાઓ પ્રકાશેછે. ૪૦ જેના ભયથી વૃક્ષો, લતાઓ, અને ઔષધીઓ એ સર્વ પોતપોતાના સમયે ફૂલ અને ફળ આપેછે. ૪૧ જેના ભયથી નદીઓમાં પાણી વહ્યા કરેછે, જેના ભયથી સમુદ્ર મર્યાદા મુકતો નથી, અગ્નિ બળેછે, અને પર્વતો સહિત પૃથ્વી પાણીમાં ડૂબી જતી નથી. ૪૨ જે કાળની આજ્ઞાથીજ સર્વ પદાર્થોને રહેવા માટે આકાશ અવકાશ આપેછે અને મહત્તત્વ પોતાના દેહને સાત આવરણવાળા લોકરૂપ બનાવી વિસ્તાર કરેછે. ૪૩ વળી એ કાળના ભયથી ગુણોના અભિમાની દેવતા બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ કે જેને આધીન આ સ્થાવર જંગમ બધું જગત છે, તેઓ વારંવાર જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને સંહાર કરેછે. ૪૪ તે કાળ અંત રહિત છે, છતાં સર્વનો અંત આણેછે, પોતે અનાદિ છતાં જગતને આદિ બનાવેછે અવિનાશી છે એક વ-

૧ વૃક્ષો. ૨ માછલાં વિગેરે. ૩ ભમરા વિગેરે. ૪ સર્પ વિગેરે. ૫ કાગડા વિગેરે.

સ્તુવડે બીજી ઉત્પન્ન કરેછે. અને એક મારનારાથી બીજાનો નાશ કરેછે. ૪૫

सोऽनंतोंतकरः कालोऽनादिरादिकृदव्ययः॥
जनंजनेन जनयन् मारयन् मृत्युनांतकम् ॥

ઇતિ શ્રી ભાગવતપુરાણના તૃતીય સ્કંધમાં "ભકિત યોગ વર્ણન" નામનો ૨૯ મો અધ્યાય સંપુર્ણ.

અધ્યાય ૩૦ મો.

કામાસક્તિથી વ્યાકુળ મનવાળા મનુષ્યોની તામસી અધોગતિ.

॥कपिल उवाच ॥

तस्यै तस्य जनो नूनं नायं वेदोरु विक्रमम् ॥
काल्यमानोऽपिबलिनोवायोरिवघनावलिः ॥

શ્રી કપિલદેવજી કહેછે--મનુષ્યો કાળને આધીન છતાં જેમ વાદળાં વાયુના પરાક્રમને જાણતાં નથી તેમ તેઓ પરાક્રમને જાણતા નથી. ૧ સુખને માટે મનુષ્ય દુઃખ વેઠીને જે જે વસ્તુ મેળવેછે, તે તે વસ્તુનો કાળ નાશ કરી નાંખેછે, જેથી તે વસ્તુનો તે શોક કરેછે. ૨ કુટુંબપરિવાર સહિત આ દેહ નાશવંત છે, છતાં અજ્ઞાની મનુષ્ય દેહના સંબંધમાં આવેલાં ઘર, ખેતર અને ધન વિગેરેને અચળ માનેછે, તેથી તેનો વિયોગ થવાથી તે શોક કરેછે. ૩ જીવ આ સંસારમાં જે જે યોનિમાં જાયછે, તેમાં તે સુખ માની લેછે, તેથી તેને કદી વૈરાગ્ય થતો નથી. ૪ નરકમાં પડેલા પ્રાણી પણ ભગવાનની માયાથી મોહિત થઇને તેમાં સુખ માનેછે અને પોતાનો દેહ તજવાની ઇચ્છા કરતા નથી. ૫ અને દેહ, સ્ત્રી, પુત્ર, ઘર, પશુ, ધન તથા બંધુઓમાં મનની આસકિત બાંધીને તે પોતાના આત્માને કૃતાર્થ માનેછે. ૬ અને કુટુંબનું પોષણ કરવાની ચિંતાથી તેનું શરીર નિરંતર બળ્યા કરેછે, તોપણ તે મૂઢ પોતાની વાસનાથી બંધાઇને નિરંતર પાપીકર્મ કરેછે. ૭ સ્ત્રીઓ વ્યભિચારીણી છતાં પણ તેઓની સાથે એકાંતમાં કરેલી માયાથી તથા કાલું કાલું બોલનારાં બાળકોની મધુર વાણીથી તેનું મન અને ઇંદ્રિયો સદા તેઓની તરફ ખેંચાયાજ કરેછે. ૮ ધન વગેરે અનેક અધર્મ અને દુઃખ ભરેલાં ઘરોમાં રહેનારો ગૃહસ્થ દુઃખ દૂર કરવાના ઉપાય કરતો તેમાં સુખ માની લેછે. ૯ બીજા લોકોને બહુ દુઃખ દઇ જ્યાં ત્યાંથી એકઠા કરેલા દ્રવ્યથી કુટુંબનું પોષણ કરતાં બાકી જે વધે તેવડે પોતાનું ગુજરાન કરેછે, અને અંતે તે એકલોજ નર્કમાં પડેછે. ૧૦ જ્યારે આજીવિકા જતી રહેછે, ત્યારે તેને માટે પાછો ઉદ્યમ કરતો કરતો દુઃખી થઇ જાયછે, અને લોભને વશ થઇ અશકત બનેલો તે પુરૂષ પારકા દ્રવ્યની ઇચ્છા કરેછે ૧૧ જ્યારે તે અભાગીઓ ઉદ્યમમાં નિષ્ફળ થવાથી કુટુંબનું ભરણપોષણ કરી શકતો નથી. ત્યારે નિર્ધન હોવાથી કૃપણ બની શોક કરતો નિશાસા નાંખ્યા કરેછે. ૧૨ એ રીતે તે જ્યારે પોતાનું ભરણપોષણ કરવાને અશકત થઇ જાયછે, ત્યારે તેનાં સ્ત્રીપુત્ર વગેરે, જેમ ખેડુત ઘરડા બળદનો આદર કરતા નથી તેમ તેનો આદર કરતાં નથી. ૧૪ જેઓનું પોતે પ્રથમ ભરણપોષણ કર્યું હતું તઓ તેને હવે પાળેછે, તોપણ તેને વૈરાગ્ય થતો નથી. વળી ઘરડપણથી તેનું રૂપ બગડી જાયછે, અને મરણના મુખમાં પડી ઘરમાં પડયો રહેછે. ૧૪ ઘરના લોકો તિરસ્કારપૂર્વક જે ટુકડો આપેછે, તે કુતરાની પેઠે ખાયછે, શરીર રોગથી ઘેરાઇ જાયછે, જઠરાગ્નિ મંદ પડી જાયછે, અને આહાર ઘટી જવાથી કાંઇ કામ કરી શકતો નથી. ૧૫ વાયુથી આંખોના ડોળા બહાર નાકળી આવેછે, કફથી નાડીયો રૂંધાઇ જાયછે, કાસ અને શ્વાસનું દુઃખ વધી પડેછે, અને આખરે કંઠમાં ઘરડ ઘરડ થવા માંડેછે ૧૬ તે વખતે શોક કરતા તેના બંધુઓ ચારે તરફ વીંટાઇ વળીને તે મરણ પથારીએ સુતેલા પ્રાણીને બોલાવેછે, પણ કાળના પાશમાં પડેલો હોવાથી કાંઇપણ બોલી શકતો નથી. ૧૭ એ રીતે કુટુંબના ભરણપોષણમાં લાગી રહેલા ઇંદ્રિયાધીન મા-

ણસની બુદ્ધિ નાશ પામેછે અને પોતાના બાંધવોને રોતા મુકીને અતિશય વેદનાથી વ્યાકુળ થઈ મરણ પામેછે. ૧૮ તે વખતે ક્રોધ ભરેલાં નેત્રવાળા યમરાજના બે ભયંકર દૂતો આવેછે તેને જોતાંજ તેનું હૃદય ત્રાસથી ગભરાઇ જાયછે, અને ઝાડો પેશાબ થઈ જાયછે. ૧૯ પછી તે યમદૂતો એ પ્રાણીને યમલોકની પીડા ભોગવવાના દેહમાં નાંખી ગળામાં પાશવડે બાંધી લઇ રાજાના સિપાઇઓની પેઠે તે અપરાધીને બળાત્કારે ખેંચીને લાંબા માર્ગમાં લઇ જાયછે. ૨૦ તે દૂતોના મારથી તેનું હૃદય ફાટી જાયછે, શરીર ધ્રુજવા લાગેછે, અને રસ્તામાં કૂતરાં ફાડી ખાય છે, તે વખા તે દુ:ખી થઇ પોતાનાં પાપકર્મા સંભારેછે. ૨૧ રસ્તામાં ભૂખથી, તરશથી, સૂર્યના તાપથી, દાવાનળથી અને વાયુથી દુ:ખી થાયછે અને તપેલી રેતીવાળા તથા કાંઇપણ વિશ્રામ વગરના અને પાણી વગરના માર્ગમાં પીઠપર ચાબુકના માર ખાતાં ખાતાં ચાલવું પડેછે. ૨૨ ચાલતાં ચાલતાં થાકીને પડી જાયછે, મૂર્છિત થઇ જાયછે, અને પાછો ઊભો થઇને ચાલવા માંડેછે આ રીતે તે અંધકારવાળા માર્ગે ચાલીને યમલોકમાં જાયછે. ૨૩ એ માર્ગ નવાણું હજાર યોજનનોછે, તે તેને ચાર ઘડીમાં અથવા ૭ ઘડીમાં ચલાવીને યમદૂતો યમલોકમાં ઘસડી લઈ જાયછે અને ત્યાંનાં દુ:ખો ભોગવાવેછે. ૨૪ ત્યાં તેને બળતાં લાકડાંથી સળગાવીને તેનું શરીર બાળેછે. કોઈ ઠેકાણે પોતાના હાથે કાપેલું અથવા પારકાએ કાપી આપેલું પોતાનું માંસ ખાવું પડેછે. ૨૫ વળી ત્યાં કૂતરાં તથા ગીધો જીવતાંજ તેનાં આંતરડાં તોડી કાઢેછે, અને સાપ, વીંછી, ડાંસ વગેરે કરડેછે, તેથી તેના શરીરમાં ઘણી પીડા થાયછે. ૨૬ વળી તેના શરીરના કકડા કકડા કરી નાંખેછે, હાથી વિગેરેની પાસે તે જીવને ચીરાવી નંખાવેછે, પર્વતનાં શિખરો ઉપરથી તેને નીચે નંખાવી દેછે, પાણીમાં ડૂબાડી દેછે, અને ખાડામાં ઉતારીને ઉપર ધૂળ પૂરાવી દેછે. ૨૭ સ્ત્રી પુરૂષોએ પરસ્પર સંભોગ કરવાથી તેઓને માટે નિર્માણ કરેલાં તામિસ્ર, અંધતામિસ્ર અને રૌરવ આદિ નરકનાં દુ:ખો ભોગવવાં પડેછે. ૨૮ હે માતા! નર્ક અને સ્વર્ગ અહીંજ છે, અને નરકનાં દુ:ખો તો અહીં પણ જોવામાં આવેછે. ૨૯ જે મનુષ્ય કેવળ પોતાના કુટુંબનુંજ ભરણપોષણ કરેછે. અથવા પોતાનુંજ પેટ ભરેછે, તે કુટુંબ અને દેહ તો અહીંજ પડી રહેછે, પણ મુવા પછી પાપનુ ફળ તો તેને એકલાનેજ ભોગવવું પડેછે. ૩૦ પ્રાણીઓનો દ્રોહ કરી પોષેલા દેહને આ લોકમાં મુકી જીવ પાપનું પોટલુ બાંધીને એકલોજ નરકમાં જઇ પડેછે. ૩૧ કુટુંબનું પોષણ કરવાથી દૈવયોગે થયેલાં પાપનું ફળ નરકમાં ભોગવેછે અને નિર્ધન થઇ પડેલા માણસની પેઠે દુ:ખી થાયછે. ૩૨ કેવળ અધર્મથીજ કુટુંબ પોષવાનો જે ઉત્સાહ રાખતા હોય, તે જીવ છેલ્લા અંધતામિસ્ર નામના નરકમાં પડેછે. ૩૩ ત્યાં નરકમાં જેટલાં નરકનાં દુ:ખો છે તેને અનુક્રમથી ભોગવી, પવિત્ર થઇને પાછો આ લોકમાં આવેછે. ૩૪

अधस्तान्नर लोकस्य यावतीर्यातनादयः ॥
क्रमशः समनुक्रम्य पुनरत्राव्रजेच्छुचिः ॥३४॥

ઇતિ શ્રીમદ્ ભાગવતપુરાણના તૃતીય સ્કંધમાં "કર્મ વિપાક" વર્ણન નામનો ૩૦મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૩૧ મો.

જીવનો ગર્ભવાસ, ત્યાં તેણે કરેલી સ્તુતિ તથા મનુષ્યજન્મની પ્રાપ્તિ.

श्री भगवान उवाच.

कर्मणा दैवनेत्रेण जंतुर्देहोपपत्तये ॥
स्त्रिया प्रविष्ट उदरं पुंसो रेतःकणाश्रयः ॥१॥

કપિલદેવજી કહે છે-ઇશ્વરે પ્રેરેલા પૂર્વજન્મના કર્મથી જીવ દેહ ધારણ કરવા માટે પુરૂષના વીર્યના બિંદુનો આશ્રય કરીને સ્ત્રીના ઉદરમાં પ્રવેશ કરે છે. ૧ ત્યાં એક રાતમાં વીર્ય સ્ત્રીના લોહીની સાથે મળી જાય છે

પાંચ રાતમાં ગોળ આકાર બને છે, દશ દિવસમાં બોર જેવડી પેશી થાય છે અને પછી મનુષ્યનો ગર્ભ માંસના પિંડના આકારે તથા બીજી યોનિ હોય તો ઇંડા આકારે બંધાય છે. ૨ એક મહિને માથું, બીજે મહિને હાથ પગ વગેરે અંગના વિભાગ અને ત્રીજે મહિને નખ, રૂવાડાં, હાડકાં, મર્મસ્થાન લિંગ તથા છિદ્ર એ સર્વ ઉત્પન્ન થાય છે. ૩ ચોથે મહિને સાતે ધાતુ ઉત્પન્ન થાય છે, પાંચમે માસે ભુખ તરસ લાગવા માંડે છે, છ મહિને ઓરથી વીંટાઇને પેટની જમણી કુખમાં ફરકે છે. ૪ અને માતાએ ખાધેલી પીધેલી વસ્તુઓના રસથી તેની ધાતુઓ વધે છે. એ જીવ જેમાં અસંખ્યાત જીવડાં છે એવા વિષ્ટા અને મૂત્રના ખાડામાં પડયો રહે છે. ૫ ભૂખથી વ્યાકુળ થયેલા કીડા તેને ચટકા ભરે છે તેથી સુકુમારતાને લીધે ક્ષણ ક્ષણમાં તેને મૂર્છા આવી જાય છે અને વારંવાર બહુજ દુઃખ પામે છે. ૬ માતા કડવી, ગરમ, ખારી, લુખી અને ખારી વગેરે અનેક પ્રકારની વસ્તુઓ ખાય છે, તેથી તે ગર્ભનાં સઘળાં અંગોમાં તીક્ષ્ણ વેદના થાય છે. ૭ ગર્ભાશયની અંદર ઓરથી અને આંતરડાંથી વીંટાએલો જીવ પીઠ અને ડોકને કમાનની પેઠે વાંકી કરી, કુખમાં માથું ઘાલીને પડ્યો રહે છે. ૮ ત્યાં પાંજરામાં પૂરેલા પક્ષીની પેઠે જરાએ હાલી ચાલી શકતો નથી, તેને પૂર્વ કર્મના બળથી સો જન્મોનાં કર્મો સાંભરી આવે છે. તે કર્મોનું સ્મરણ થવાથી તે લાંબા લાંબા ઊંડા નિશાસા નાંખે છે, તેથી તેને ત્યાં સુખ તો ક્યાંથીજ મળે ? ૯ સાતમે મહીને તેને જ્ઞાન પ્રાપ્ત થાય છે, પરંતુ પ્રસવ કરાવનારા વાયુથી ધ્રુજતો અને વિષ્ટાના કીડા જેવો તે એક ઠેકાણે રહી શકતો નથી, પણ પેટમાં ફર્યા કરે છે. ૧૦ દુઃખી થતો, વારંવાર ગર્ભવાસના દુઃખથી ત્રાસ પામતો અને સાત ધાતુઓથી વીંટાયેલો એ જીવ, જે ભગવાને તેને ઉદરમાં નાંખ્યો છે તેની હાથ જોડીને વિહ્વળતાથી સ્તુતિ કરેછે. ૧૧

જીવ સ્તુતિ કરેછે—શરણાગત જગતની રક્ષા કરવા માટે પોતાની ઇચ્છાથી અનેક અવતાર ધારણ કરનારા અને મને પાપીને ઘટતી ગતિનાં દર્શન કરાવનારા શ્રીકૃષ્ણનાં સર્વત્ર નિર્ભય અને પૃથ્વી ઉપર ચાલતાં ચરણારવિંદને હું શરણે જાઉંછું. ૧૨ આ માતાના પેટમાં પાંચ મહાભૂત, દશ ઇંદ્રિયો અને અંતઃકરણરૂપ દેહનો આશ્રય કરીને હું જાણે કર્મોથી બંધાયેલો હોઉં એમ રહ્યો છું, તે હું આ તપતા હૃદયમાં જણાતા, શુદ્ધ, નિર્વિકાર અને અખંડજ્ઞાનસ્વરૂપ એવા આપને પ્રણામ કરૂંછું. ૧૩ હું આ પંચમહાભૂતોથી રચાયલા શરીરમાં મિથ્યા જ ઢંકાયેલો જણાઉંછું, કારણ કે હુ તે શરીરરહિત છું, શુદ્ધ છું અને ઇંદ્રિયો, સત્વાદિકગુણો, વિષયો તથા ચિદાભાસરૂપે થયેલો છું, તે શરીરથી અખંડ મહિમાવાળા, પ્રકૃતિપુરૂષના નિયંતા, અને સર્વજ્ઞ એવા આપ પરમાત્માને પ્રણામ કરૂંછું. ૧૪ જેનો માયાથી સ્વસ્વરૂપના જ્ઞાનની વિસ્મૃતી થતાં ઘણા ગુણ અને કર્મથી બંધાયેલા આ સાંસારિક માર્ગમાં ભારે કલેશથી ભ્રમણ કરતો આપ જીવ આપ ઇશ્વરના અનુગ્રહ વગર બીજી કઇ યુક્તિથી પોતાના સ્વરૂપને પામી શકેછે ? ૧૫ હમણાં મને જે ત્રણ કાળનું જ્ઞાન થયું છે તે જ્ઞાન આપનારો કોણ છે ? તે તો સ્થાવર જંગમમા વ્યાપી રહેલા આપ ઇશ્વરજ છો. માટે જીવની પદવીને પામેલો હુ ત્રણ તાપની નિવૃત્તિને માટે આપનું આરાધન કરૂંછું. ૧૬ માતાના શરીરરૂપી ગુફામાં જઠરાગ્નિથી અત્યંત તપતા શરીરવાળા અને લોહી, વિષ્ટા તથા મૂત્રના ખાડામાં પડેલા, અત્યંત દુઃખી અને તેમાંથી નીકળવા માટે પોતાના મહિનાની ગણત્રી કરતા દીનબુદ્ધિના આ જીવને હે ભગવાન ! આપ ક્યારે બહાર કાઢશો ? ૧૭ હે પ્રભુ ! આપ જેવા મહાદયાળુએ આ દશ માસના પ્રાણીને આવું જ્ઞાન આપ્યું છે, એવા આપ દીનાનાથ તમારા પોતાના ઉપકારથીજ પ્રસન્ન થાઓ, આપે કરેલા ઉપકારનો બદલો 'કયો પુરૂષ હાથ જોડયા સિવાય બીજી રીતે વાળી શકે ? ૧૮ બીજાં પશુ પંખી આદિને

તો પોતાનાં શરીરનાં સુખદુઃખનુંજ જ્ઞાનછે, પરંતુ હું તો શમદમાદિક દેહધારીછું, તે ભોક્તાની પેઠે અપરોક્ષ દેખાતા આદિપુરૂષનેબહાર અને હૃદયમાં પરિપૂર્ણરૂપે જોઉંછું. ૧૯ હે વિભો! હું અત્યંત દુઃખી સ્થિતિમાં છું, તોપણ ગર્ભમાંથી બહાર નીકળવાને ઇચ્છતો નથી; કારણ કે બહારના અંધારા કૂવામાં પડતાંજ આપની માયા તરત વ્યાપી જાયછે અને દેહાભિમાન થઇ સ્ત્રી પુત્રાદિકનો સમૂહ વળગી પડેછે. ૨૦ માટે હું અહીંજ રહી આપ શ્રી વિષ્ણુનાં ચરણનું ધ્યાન કરતાં ધીરજથી પોતાની બુદ્ધિવડે આ સંસારથી મારો ઉદ્ધાર કરીશ, જેથી મારે ફરીથી અનેકવાર ગર્ભવાસનાં દુઃખ ભોગવવાં ન પડે. ૨૧

શ્રી કપિલ દેવજી કહે છે—આ પ્રમાણે નિશ્ચય કરીને સ્તુતિ કરતા એ દશ માસના જીવને બહાર કાઢવા માટે પ્રસવવાયુ તરત ઉંધો કરી નાંખીને ધકેલે છે. ૨૨ તે પવનના ધક્કાથી દુઃખી થતો જીવ નીચું માથું કરીને શ્વાસ પણ ન લઈ શકાય એવી રીતે મહા કષ્ટે તુરત બહાર નીકળે છે, તે વખતે તેની સ્મૃતિ નાશ પામે છે. ૨૩ પૃથ્વી ઉપર પડીને લોહી અને મૂત્રમાં વિષ્ટાના કીડાની પેઠે તે તરફડે છે અને જ્ઞાન નાશ પામવાથી વિપરીત ગતિને પામીને બહુજ રૂદન કરે છે. ૨૪ પારકી ઇચ્છાને નહી જાણનારાં મનુષ્યો તેનું પોષણ કરે છે અને તેને નહી ગમતી વસ્તુ આપીને રીઝવે છે (અર્થાત્ પેટની પીડાથી રડે ત્યારે ભૂખ્યો જાણીને દૂધ પાય છે, અને ભૂખ્યો થવાથી રડે છે ત્યારે પેટની પીડા સમજીને તેને ઓસડ પાયછે, તોપણ તે ના કહી શકતો નથી. ૨૫ માંકડ, મચ્છર, ચાંચડ વગેરેથી ભરપૂર અપવિત્ર ખાટલામાં સૂવાડેલો તે જીવ પોતાના શરીરને ખજવાળી શકતો નથી, તેમ ઊંઠી બેશી શકતો પણ નથી. ૨૬ ઘણા કીડા જેમ એક કીડાને કરડી ખાય, તેમ ડાંસ, મચ્છર અને માંકણ આદિ જંતુ એ કોમળ ચામડીવાળા અજ્ઞાની બાળકને કરડેછે તેથી રડયા કરેછે. ૨૭ એ પ્રમાણે બાલ્યાવસ્થાનાં અનેક તરેહનાં દુઃખ ભોગવેછે, પછી ભણવા વિગેરેનું પૌગંડ અવસ્થાનું દુઃખ ભોગવી તરૂણ અવસ્થા પામેછે, ત્યારે પણ મનગમતી વસ્તુ નહી મળવાથી અજ્ઞાનને લીધે ઘણો ક્રોધ કરી શોક પામેછે. ૨૮ દેહની સાથે વધતા ક્રોધથી અને અભિમાનથી તે કામી જીવ પોતાના જેવા બીજા વિષયી જીવો સાથે પોતાના નાશને માટે કલેશ કરેછે. ૨૯ તથા પાંચભૂતથી રચાયેલા આ શરીરમાં ખોટો આગ્રહ કરીને દુર્બુદ્ધિવાળો એ મૂર્ખ પ્રાણી "હું અને મારૂં" એવી અહંબુદ્ધિ કરેછે. ૩૦ અવિદ્યા અને કર્મથી બંધાયેલો તથા કલેશ આપનારો આ દેહ વારંવાર આવ્યા કરેછે અને તેને માટે જીવ વારંવારકર્મ કર્યા કરેછે, જે કર્મોથી બંધાઇને તે જન્મમરણરૂપ સંસારમાં ભટકયા કરેછે. ૩૧ આહીં શિશ્ન અને પેટને માટે ઉદ્યમ કરનારા પુરૂષોની સોબત કરીને તેઓના માર્ગમાં પડીને આચરણ કરેછે તો તે પ્રથમની પેઠે નરકમાં પડેછે. ૩૨ કારણકે નીચ પુરૂષોની સોબતથી સત્ય, પવિત્રતા, દયા, મૌન, બુદ્ધિ, લક્ષ્મી, લાજ, કીર્તિ, ક્ષમા, શમ, દમ અને ઐશ્વર્ય એ સઘળું નાશપામેછે. ૩૩ માટે એવા શાંતિ વગરના, વિવેકથી રહિત, દેહાત્મબુદ્ધિવાળા, સ્ત્રીઓના રમકડારૂપ, અને શોક કરવા યોગ્ય નીચ પુરૂષની સોબત કદી કરવી નહી. ૩૪ જીવને જેવું બંધન સ્ત્રીઓના સંગથી તથા સ્ત્રીઓનો સંગ કરનારા પુરૂષોના સંગથી થાયછે, તેવું બંધન અને મોહ બીજા કશાથી થતું નથી. ૩૫ જુઓને બ્રહ્મા પણ પોતાની પુત્રી સરસ્વતીને જોઈ મોહિત થઈ ગયા હતા, અને હરિણીરૂપ થયેલી સરસ્વતીની પાછળ પોતે હરણનું રૂપ ધરીને દોડયા હતા. ૩૬ ત્યારે તેમના દીકરાના દીકરાઓએ બનાવેલા માણસોમાં એક નારાયણ ઋષિ સિવાય સ્ત્રીરૂપ માયાથી જેનું મન મોહ ન પામ્યું હોય એવો કયો પુરૂષ છે? ૩૭ સ્ત્રીરૂપી મારી માયાનો પ્રભાવ તો જુઓ! જે માયા દિશાઓને જીતનારા શૂરવીર લોકોને પણ કેવળ પોતાની ભ્રકુટિના કટાક્ષવડે પોતાના પગતળે દબાવી દેછે. ૩૮

મારી સેવાથી આત્મજ્ઞાન પામેલાએ અને યોગના પારને પામવાને ઇચ્છનારાએ સ્ત્રીઓના સંગ કરવો નહી, કારણ કે સ્ત્રીઓ તો યોગીને નરકના દ્વારરૂપ છે. ૩૯ ભગવાને નિર્મેલી આ સ્ત્રીરૂપ માયા જો ધીમે ધીમે પોતાની પાસે આવે તો તેને ઘાસથી ઢંકાયેલા કૂવાના જેવી પોતાના મૃત્યુરૂપ જાણવી. ૪૦ તેમજ સ્ત્રીના સંગથી સ્ત્રીપણાને પામેલા મુમુક્ષુ જીવ પણ પતિરૂપ મારી માયાને મોહથી ધન, સંતાન તથા ઘર આપનારી માનેછે, પરંતુ પારધીનું ગાયન જેમ હરણનું મરણ નીપજાવનારૂં છે, તેમ તે સ્ત્રીએ પણ પતિ, છોકરાં તથા ઘરને દૈવયોગથી આવી મળેલું પોતાના મૃત્યુરૂપ જાણવું. ૪૧-૪૨ પોતાની ઉપાધિરૂપ લિંગદેહવડે જીવ એક અવતારમાંથી બીજા અવતારમાં જઇ કર્મો ભોગવતો થકો નિરંતર બીજાં કર્મો કર્યા કરેછે. ૪૩ આ લિંગદેહ તથા તેને અનુસરનારાં ભુત, ઇંદ્રિયો અને મનોમય સ્થૂળ શરીર જ્યારે કાર્ય કરવામાં અયોગ્ય થાયછે, ત્યારે તેનું મરણ થયું કહેવાયછે, અને તે કાર્ય કરવાને યોગ્ય થાયછે ત્યારે તેના જન્મ થયો કહેવાયછે. ૪૪ જ્યારે નેત્રનાં ગોલક પદાર્થોના અવયવ જોવાને અયોગ્ય થાયછે ત્યારે તેની અંદરનાં ચક્ષુઇંદ્રિય પણ પોતાનું કાર્ય કરવાને અયોગ્ય થાયછે, અને એ બેના અયોગ્યપણાથી તેના દૃષ્ટા જીવ પણ દૃષ્ટાપણાની અયોગ્યતાને પામેછે, એ રીતે સઘળું સ્થૂળ શરીર પોતાનું કામ કરવાને અયોગ્ય થાયછે, ત્યારે લીંગશરીર પણ કામ કરવાને અયોગ્ય થાયછે. એ રીતે બન્ને શરીર અયોગ્ય થતાં જીવ કે જે જાણનારો છે, તેના જાણવાપણાની અયોગ્યતા થાયછે, તે અયોગ્યતાજ જીવનું મરણ કહેવાયછે. પછી અભિમાનથી એ શરીરની યોગ્યતા થવાથી જીવનો જન્મ થયો કહેવાયછે, પણ વાસ્તવિક જોતાં જીવને જન્મમરણ છેજ નહી. ૪૫-૪૬ માટે મરવાનો ભય ન રાખવો અને જીવવાનો લોભ ન રાખવો, તેમજ સુખદુઃખાદિક પ્રારબ્ધાધીન છે એમ જાણીને દીનતા કરવી નહી, પણ જીવના સત્ય સ્વરૂપને જાણી, સંગમાત્રનો ત્યાગ કરી, ધીર થઇને જગતમાં વિચરવું. ૪૭ તથા યોગ વૈરાગ્યવાળી તથા યથાર્થ વિચારવાળી બુદ્ધિથી, આ માયાથી રચાયેલા દેહની આસક્તિ છોડી દઇને સંસારમાં ફરવું. ૪૮

सम्यग्दर्शनया बुद्धया योगवैराग्ययुक्तया ॥
मायाविरचिते लोके चरेन्न्यस्य कलेवरम्४८॥

ઇતિ શ્રી ભાગવતપુરાણના તૃતીય સ્કંધમાં "જીવની ગતિ વર્ણન" નામને ૩૧ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૩૨ મો.

ધર્મો પાળવાથી જીવોનું ઉપરના લોકમાં જવું અને તત્ત્વજ્ઞાન વગર તેનું પાછું આવવું.

કપિલ ઉવાચ.

अथतो गृहमेधीयान्धर्मानेवावसन्गृहे ॥
काममर्थं च धर्मान्स्वान्दोग्धि भूयः पिपर्तितान्

શ્રી કપિલ ભગવાન કહેછે—જે માણસ ઘરમાંજ રહીને ગૃહસ્થાશ્રમના ધર્મો પાળી તેનાથી ધન અને કામનારૂપી ફળ લેતો રહે અને પછી પણ તેજ સકામ ધર્મોને સેવે, ૧ તે મૂઢ પુરૂષ પણ ભગવાનના આરાધનરૂપી ધર્મથી વિમુખ થઈ યજ્ઞવડે શ્રદ્ધાથી દેવતા અને પિતૃઓનું યજન કરેછે. ૨ પિતૃઓ અને દેવતાઓમાં શ્રદ્ધાથી જડ થયેલી બુદ્ધિવાળો તે પુરૂષ પિતૃ તથા દેવતાઓનું વ્રત કરીને ચંદ્રલોકમાં જાયછે, ત્યાં અમૃતનું પાન કરીને પાછો આ લોકમાં જન્મેછે. ૩ સકામ કર્મ કરવાથી જે લોક મળેછે તે જ્યારે ભગવાન શેષશય્યા ઉપર પોઢેછે ત્યારે લય પામેછે. ૪ અને જે ધન તથા કામનાને માટે સ્વધર્માચરણ કરતા નથી પણ આસક્તિરહિત ઇશ્વરાર્પણ કર્મ કરેછે, તે શાંત સ્વરૂપ, શુદ્ધ ચિત્તવાળા, નિવૃત્તિ ધર્મમાં પ્રીતિ રાખનારા ધીરપુરૂષ અહંતા મમતારહિત હોવાથી તથા સ્વધર્મરૂપ સત્વગુણથી શુદ્ધ અંતઃકરણવાળા હોવાથી સૂર્યલોક દ્વારા, સર્વવ્યાપક, પર ત-

ધા અવરના સ્વામી, સર્વ ઉપાદાન કારણ,
તથા આ જગતની સ્થિતિ અને લય કરના-
રા આદિપુરૂષ ભગવાનને પામેછે. ૫-૬-૭
જે લોક બ્રહ્માને પરમેશ્વર જાણીને બ્રહ્માની
ઉપાસના કરેછે તે બે પરાર્ધ વર્ષસુધી બ્રહ્મ-
લોકમાં રહેછે, પછી ત્રિગુણાત્મ બ્રહ્માનો તે-
નાં સો વર્ષે લય થાયછે તે સમયે તે પૃથ્વી,
જળ, તેજ, વાયુ, આકાશ, મન, ઈંદ્રિયો, વિ-
ષયો અને પ્રાણીઓયુક્ત આ બ્રહ્માંડનો પ્રલ-
ય કરવાની ઇચ્છાથી ઇશ્વરમાં પ્રવેશ કરેછે. ૯
ત્યારે ઉપરના લોકમાં જઇને બ્રહ્માના શરી-
રમાં પ્રવેશ કરેલા પ્રાણવાયુને તથા મનને
જીતનારા વૈરાગ્યવાળા તે યોગીઓ બ્રહ્માની
સાથેજ પરમાનંદરૂપ, સર્વવ્યાપક, પુરાણપુ-
રૂષ, તથા સર્વના કારણ પરબ્રહ્મને પામેછે.
૧૦ માટે હે માતા! સર્વ પ્રાણીઓના હૃદય-
કમળમાં રહેલા શ્રી હરિ કે જેનો પ્રભાવ મેં
તમને કહી સંભળાવ્યો છે, તેમનું ભક્તિભા-
વથી શરણ લ્યો. ૧૧ જે ભગવાનથી અભેદ
દૃષ્ટિ રાખી હિરણ્યગર્ભની ઉપાસના કરેછે તે
ક્રમથી ભગવત્પદને પામેછે. અને જે ભેદ-
ભાવ રાખી ઉપાસના કરેછે તે પુરૂષોમાં ઉ-
ત્તમ અને સ્થાવર જંગમને ઉત્પન્ન કરનારા
સાક્ષાત્ બ્રહ્મા પણ મરીચિ આદિ ઋષિ અને
યોગ પ્રવર્તાવનારા સનત્કુમારાદિક સિદ્ધ યો-
ગેશ્વરો સાથે પોતાના ધર્મથી રચેલા બ્રહ્મલો-
કનું ઐશ્વર્ય ભોગવી પ્રલયકાળે સગુણ ઈશ્વ-
રમાં લીન થઇ, દેહાભિમાન અને કર્તૃત્વ રહી
જવાથી ઈશ્વરરૂપ કાળની ગતિથી, પાછી સૃ-
ષ્ટિ થવા સમયે જન્મ લેછે. ૧૨-૧૫ જે લોકો
આ લોકમાં આસક્તિ રાખેછે, કર્મોપર શ્રદ્ધા
રાખેછે, સર્વ સકામ કર્મો અને સંધ્યાદિ નિ-
ત્યકર્મ કરેછે, ૧૬ રજોગુણથી કુંઠિત મનવા-
ળા છે, કામનાઓમાં આસક્ત થયેલા છે,
અજીતેંદ્રિય છે, ઘરોમાં ચોંટી રહેલા મનવા-
ળા છે, નિત્ય પિતૃઓને પૂજનારા છે. ૧૭
તેઓ ધર્મ, અર્થ અને કામ એ ત્રણ પુરૂષાર્થ
તરફ લાગેલા પ્રાણી, ગાવા યોગ્ય પરાક્રમવા-
ળા, મધુદૈત્યના શત્રુ અને જેનું જ્ઞાન સંસા-
રનો નાશ કરેછે, ૧૮ એવા ભગવાનની કથા
રૂપી અમૃતનો ત્યાગ કરી વિષ્ટાભોજી ભૂંડ
જેમ વિષ્ટા ખાયછે, તેમ નીચ લોકોની જ
વાર્તા સાંભળ્યા કરેછે, તેઓને દૈવથી હણાયે-
લા જાણવા. ૧૯. ગર્ભાધાનથી મરણસુધીની
સઘળી ક્રિયા કરનારા લોક સૂર્યથી દક્ષિણ
માર્ગે થઇને પિતૃલોકમાં જાયછે, અને પછી
પાછા પોતાના વંશમાંજ પ્રજારૂપે અવતરેછે.
૨૦ હે માતા! તેઓ પિતૃલોકમાં રહીને પો-
તાના પુણ્યનાં ફળ ભોગવેછે. પછી જ્યારે પુ-
ણ્યક્ષીણ થાયછે, ત્યારે તેના સુખનાં સાધનો-
નો દેવતાઓ નાશ કરેછે, તેથી તેઓ પરવ-
શ થઈને પાછા આ લોકમાં આવેછે. ૨૧ માટે
તમે સર્વભાવથી અને ભગવાનના ગુણોનો
આશ્રય કરનારી ભક્તિથી ભજવાયોગ્ય ચર-
ણકમળવાળા ભગવાનનું ભજન કરો. ૨૨
કારણ કે વાસુદેવ ભગવાન વિષે જોડેલો ભ-
ક્તિયોગ તુરત વૈરાગ્યને તથા બ્રહ્મસ્વરૂપને
જણાવનારૂં જ્ઞાન ઉત્પન્ન કરેછે. ૨૩ સર્વ વિ-
ષયો બ્રહ્મરૂપ હોવાથી સમાન છે, તેઓમાં
ઇંદ્રિયોની વૃત્તિઓથી "આ પ્રિય અને આ
અપ્રિય" એવી વિષમતા જ્યારે ભક્તના મ-
નમાં આવતી નથી. ૨૪ ત્યારે તેને પોતાની
મેળેજ "હું પરમાનંદ સ્વરૂપ છું" એવો
નિશ્ચય થાયછે, જે સ્વરૂપ સર્વમાં સમાન,
જ્ઞાનમય, સંગરહિત, ત્યાગ કરવા યોગ્ય તથા
ગ્રહણ કરવાયોગ્યથી રહિત છે. ૨૫ જે પર-
બ્રહ્મ જ્ઞાનસ્વરૂપ પરમાત્મા ઈશ્વર છે, તે એ-
કજ ભગવાન, જીવ, શરીર, વિષય અને ઇં-
દ્રિયરૂપથી જુદા જુદા દેખાયછે. ૨૬ માટે સર્વ
યોગ સાધનથી યોગીને એટલુંજ વાંચ્છિત
ફળ મેળવવાનું છે કે જે ફળ પ્રાપ્ત થવાથી
સંસારનો સર્વ સંગ ટળી જાય. ૨૭ નિર્ગુણ
અને જ્ઞાન સ્વરૂપ એક બ્રહ્મજ ભ્રાંતિને લી-
ધે બહિર્મુખ ઈંદ્રિયોથી જુદા જુદા શબ્દાદિ-
ક ધર્મવાળા પદાર્થરૂપે દેખાયછે. ૨૮ જેમકે
પરમાત્મા પ્રથમ એકજ હતા, તે પાછળથી
મહત્તત્વ ત્રિવિધ-અહંકાર, પંચમહાભૂત, અ-
ગીઆર ઇંદ્રિયો, અને જીવ એ પ્રમાણે અનેક
રૂપે થયા, જે મહત્તત્વાદિકોથી જીવનું શરી-
રરૂપ આ બ્રહ્માંડ ઉત્પન્ન થયું. ૨૯ આ પર-

બ્રહ્મને શ્રદ્ધા, ભક્તિ, વૈરાગ્ય તથા નિત્ય યોગાભ્યાસ કરવાથી એકાગ્ર ચિત્તવાળા થયેલા સંગરહિત પુરૂષ જાણેછે. ૩૦ હે માતા! જેથી પ્રકૃતિ-પુરૂષના યથાર્થ સ્વરૂપનું જ્ઞાન થાયછે એવા પરબ્રહ્મનાં દર્શન કરાવનારૂં જ્ઞાન મેં તમને કહ્યું. ૩૧ નિર્ગુણ જ્ઞાનયોગ અને મારી નિષ્ઠાવાળો ભક્તિયોગ એ બેનું પ્રયોજન એકજ છે, એમ ભગવાને શ્રીમુખે કહેલું છે. ૩૨ જેમ રૂપ રસ વગેરે ગુણવાળો એકજ પદાર્થ જુદા જુદા માર્ગવાળી ઇંદ્રિયોથી અનેક પ્રકારનો દેખાયછે, તેમ એકજ ભગવાન શાસ્ત્રોના માર્ગોદ્વારા જુદા જુદા જણાયછે ૩૩ ક્રિયા, યજ્ઞ, દાન, તપ, શાસ્ત્રનું અધ્યયન, કર્મનાશ, પોતાની ઇંદ્રિયોનો જય, સંન્યાસ, અષ્ટાંગયોગ, અનેક અંગવાળો ભક્તિયોગ, પ્રવૃત્તિવાળા સકામ ધર્મ, નિવૃત્તિવાળા નિષ્કામ ધર્મ, આત્મતત્વનું જ્ઞાન, અને દ્રઢ વૈરાગ્ય, એ સર્વ સાધનોથી સગુણ અને નિર્ગુણ સ્વરૂપ સ્વયંદષ્ટા ભગવાન જાણવામાં આવેછે. ૩૪–૩૫–૩૬ હે માતા! ભક્તિયોગનું સગુણ નિર્ગુણ ભેદથી ચાર પ્રકારનું સ્વરૂપ, અને જણાય નહી તે રીતે પ્રાણીઓમાં ફરનારા કાળનું સ્વરૂપ મેં તમને કહ્યું. ૩૭ અવિદ્યાથી તથા કર્મોથી થનારી જીવોની અનેક યોનિયો પણ કહી કે જેમાં જવાથી આત્મા પોતાના સ્વરૂપને ભૂલી જાયછે. ૩૮ જે માણસ બીજાને દુઃખ દેનારો, વિનયવિનાનો, અભિમાની, દુરાચારી, પાખંડી, લાલચુ, ઘરમાં આસક્તિવાળો અને મારા ભક્તોનો દ્વેષી હોય, તેને આ જ્ઞાનનો ઉપદેશ કદીપણ કરવો નહી. ૩૯—૪૦ અને આ ઉપદેશના અધિકારી જે મારી શ્રદ્ધા રાખનારા, મારા ભક્ત, નમ્રતાવાળા, ઇર્ષ્યા વગરના, સર્વ પ્રાણી ઉપર મિત્રભાવ રાખનારા, મારી સેવામાં પ્રીતિવાળા, વૈરાગ્યવાળા, શાંત મનવાળા, મત્સર વિનાના, પવિત્ર અને સર્વ કરતાં મને વાહાલો ગણનારા છે, તેઓને આ જ્ઞાનનો ઉપદેશ આપવો. ૪૧-૪૨ હે માતા! જે પુરૂષ મારામાં ચિત્ત લગાવી શ્રદ્ધાપૂર્વક આ ઉપદેશ એકવાર પણ સાંભળે તથા કહે તે મારી પદવીને પામેછે. ૪૨

यइदं शृणु यादम्ब श्रद्धया पुरुषः सकृत् ॥
योत्राऽभिधत्ते मच्चितः सद्योति पदवींचमे ४२॥

ઇતિ શ્રી ભાગવતપુરાણના તૃતીય સ્કંધમાં "કપિલ દેવહૂતિ સંવાદ" નામનો ૩૨ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૩૩ મો.

દેવહૂતિની જીવન્મુક્તિ.

मैत्रेय उवाच.

एवं निशम्य कपिलस्य वचोजंनित्री ।
साकर्दमस्य दयिता किलदेवहूतिः ॥
विस्त्रस्तमोहपटला तमभि प्रणम्य
तुष्टाव तत्त्वविषयाङ्कित सिद्धि भूमिम् ॥

મૈત્રેય કહે છે–આ પ્રમાણે કપિલદેવનાં વચનો સાંભળીને જેમનો મોહરૂપી અંધકાર નાશ પામ્યો છે, એવાં કર્દમ મુનિનાં પત્નિ માતા દેવહૂતિ સાંખ્યશાસ્ત્રને પ્રવર્તાવનારા કપિલદેવને પ્રણામ કરીને તેમની સ્તુતિ કરવા લાગ્યાં. ૧

દેવહૂતિ કહે છે—આપનું શરીર કે જે પંચમહાભુત, ઇંદ્રિયો, વિષયો તથા અહંકારમય ગુણોના પ્રવાહવાળું તથા સર્વના બીજરૂપ અને જળમાં પોઢેલું હતું, તેનું બ્રહ્માએ પણ કેવળ ધ્યાન કર્યું હતું, પણ તેનાં સાક્ષાત્ દર્શન કર્યાં નહતાં. ૨ તે બ્રહ્મા જેના નાભિ કમળમાંથી ઉત્પન્ન થયાછે, તે સત્ય સંકલ્પ અને હજારો અદ્દભુત શક્તિવાળા આપના ગુણોના પ્રવાહરૂપે વેહેંચાયલી શક્તિઓથી જીવને ભોગ આપવા માટે જગતની ઉત્પત્તિ કરોછો, પણ તમે ખરેખર કર્તા નથી. ૩ હે નાથ! પ્રલયકાળે આ જગત જેના ઉદરમાં હતું અને જે માયાથી બાળક બની એકલા ચરણનો અંગુઠો ધાવતા વડના પાંદડા ઉપર પોઢયા હતા, તે તમે મારા ઉદરમાં શી રીતે રહ્યા હશો? ૪ હે વિભુ! પાપીજનોના નાશને માટે અને

આપની આજ્ઞા પાળનારા લોકોના કલ્યાણને માટે જેમ આપે વરાહાદિક અવતાર ધારણ કર્યા છે, એજ પ્રમાણે આ અવતાર પણ આત્મજ્ઞાન પ્રગટ કરવા માટે લીધો છે. ૫ હે ભગવાન! ચંડાળ પણ કોઇ વખત આપના નામના શ્રવણથી તથા કીર્તનથી, આપને પ્રણામ કરવાથી તથા આપનું સ્મરણ કરવાથી પણ તુરત યજ્ઞ કરવાને યોગ્ય થઇ પડે છે, ત્યારે આપનાં દર્શનથી તેવો થાય એમાં તો કહેવુંજ શું? ૬ અહો! જેની જીભના ટેરવે આપનું નામ રહેલું છે એવો ચંડાળ પણ મોટો છે, જે મહાત્મા આપના નામનું કીર્તન કરેછે તેઓએ તપ કર્યું, તીર્થ સ્નાન કર્યા, વેદપાઠ કર્યા અને હોમ હવન કર્યા જાણવા. ૭ તમે પરબ્રહ્મ, પરમપુરૂષ, અંતર વૃત્તિથી મનમાં ધ્યાન કરવા યોગ્ય, પોતાના તેજથી સંસારનાં બંધનને કાપનારા, વિષ્ણુ અને વેદ ગર્ભ છો, એવા આપને હું પ્રણામ કરૂં છું. ૮

મૈત્રેય કહેછે—આ પ્રમાણે દેવહૂતિએ ભગવાન કપિલદેવજીની સ્તુતિ કરી ત્યારે માતા ઉપર દયા ધરાવતા કપિલદેવ ગંભીર વાણીથી બોલ્યા. ૯

કપિલદેવજી કહે છે—સારી રીતે સેવી શકાય એવો આ માર્ગ મે તમને કહ્યો, તે પ્રમાણે ચાલવાથી તમે થોડાજ વખતમાં જીવન્મુક્ત થશો. ૧૦ બ્રહ્મવાદીએ સ્વીકારેલા આ મારા મત ઉપર શ્રદ્ધા રાખો, તેથી મને ભવભયભંજનને પામશો; જેઓ આ મતને નથી જાણતા તેઓ વારંવાર જન્મ મરણ પામ્યા કરે છે. ૧૧

મૈત્રેય કહેછે—આ પ્રમાણે કપિલ ભગવાન પોતાની માતા દેવહૂતિને આત્માની ગતિ દેખાડીને બ્રહ્મ જ્ઞાનને જાણનારાં માતાની આજ્ઞા લઇને ત્યાંથી ચાલી નીકળ્યા. પછી દેવહૂતિ પણ પુત્રે કહેલા ઉપદેશથી યોગધારણ કરી સરસ્વતી નદીના મુગટરૂપ બિંદુસરમાં સાવધાન પણે યોગાભ્યાસ કરવા લાગ્યાં. ૧૩ ત્રણ વખત સ્નાન કરતાં તેમના કેશ પીંગળા અને જટાવાળા થઇ ગયા, ઉગ્ર તપ કરવાથી શરીર દુબળું થઇ ગયું, શરીર ઉપર ફાટેલાં વસ્ત્ર ધારણ કર્યાં હતાં. ૧૪ પ્રજાપતિ કર્દમજીનાં તપ તથા યોગસિદ્ધિથી વૃદ્ધિ પામેલું દેવહૂતિનું ગૃહસ્થાશ્રમનું સુખ દેવતાઓ પણ ઇચ્છવા લાગ્યા. ૧૫ એમના વૈભવમાં દૂધના ફીણ જેવી સફેદ અને સોનાના સામાનવાળી હાથી દાંતની શય્યાઓ હતી, કોમળ બિછાનાંવાળાં આસનો હતાં, નિર્મળ સ્ફટિક મણિ અને અમૂલ્ય મરકત મણિની ભીંતોમાં રત્નમય દીવાઓ ઝળકી રહેલા હતા. ૧૬-૧૭ ઘરોમાં સ્ત્રીરત્ન શોભી રહેલાં હતાં, દેવતાઇ વૃક્ષોનાં પુષ્પોથી ઉપવન મનોહર લાગતું હતું, તેમાં પક્ષીઓનાં જોડાં કલ્લોલ કરતાં હતાં તથા મદમત્ત ભમરાઓ ગુંજારવ કરી રહ્યા હતા. ૧૮ કમળની સુગંધવાળી વાવમાં કર્દમમુનિએ દેવહુતિને રમાડતા ત્યારે ગંધર્વો ગાયન કરતા હતા. ૧૯ આવી રીતના દેવહૂતિના ગૃહસ્થાશ્રમનું સુખ જોઇને ઇંદ્રની સ્ત્રીઓ પણ તે સુખને ઇચ્છતી હતી. સુખનો ત્યાગ કર્યા પછી જ્યારે તેમને કર્દમ મુનિનો તથા પુત્રનો વિયોગ થયો ત્યારે પોતાને તત્ત્વજ્ઞાન થયા છતાં તે વાછડો જતો રહેલી ગાય જેવાં શોકાતુર બની ગયાં. ૨૦-૨૧ હે વિદુર! કપિલદેવનું ધ્યાન કરતાં દેવહૂતિ એવા વૈભવ યુક્ત ઘરથી ઉદાસ થઇ ગયાં. ૨૨ અને પુત્ર ભગવાનનું ધ્યાન કરવા યોગ્ય જે સ્વરૂપ કહ્યું હતું તે પ્રસન્ન મુખવાળા, આત્મ સ્વરૂપ, સર્વવ્યાપક અને માયાના ગુણોથી રહિત પરમાત્માનું ભક્તિના પ્રવાહવડે દૃઢ વૈરાગ્યથી, યોગ્ય આહારથી, બ્રહ્મપણું આપનારા જ્ઞાનવડે અને શુદ્ધ મનથી ધ્યાન કરવા લાગ્યાં. ૨૩-૨૪-૨૫ તે ધ્યાન કરતાં સર્વ જીવોના આશ્રયરૂપ પરબ્રહ્મમાં બુદ્ધિ સ્થિર થઇ અને જીવપણું ટળી ગયું, સર્વ કલેશો નાશ પામ્યા અને જીવન્મુક્તિનું સુખ મળ્યું. ૨૬ મનની વૃત્તિ નિરંતર બ્રહ્માકાર થવાથી દેહાદિકની ભ્રાન્તિ દૂર થઇ ગઇ, તેથી જાગેલા મનુષ્યને જેમ સ્વપ્નમાં જોયેલી વસ્તુનું સ્મરણ રહેતું નથી, તેમ દેહનું સ્મ-

રણુ જતું રહ્યું. ૨૭ તેમના દેહનું પોષણ જો કે પારકે હાથે થતું હતુ, તોપણ મનની કોઇ પણ જાતની પીડા નહી હોવાથી દુબળો થયો ન હતો, મેલથી ઢંકાયેલું તેમનું શરીર ધુમાડાવાળા અગ્નિ જેવું શોભતું હતું. ૨૮ વાસુદેવ ભગવાનમાં ચિત્ત ચોંટી જવાથી દૈવ જેની રક્ષા કરેછે એવા તેમના તપોમય અને યોગમય શરીરપરના કેશ અને વસ્ત્ર ખસી જતાં તેનું પણ તેમને ભાન રહેતું નહતું. ૨૯ આ પ્રમાણે કપિલદેવે કહેલા જ્ઞાનવડે દેવહુતિ નિત્યમુક્ત પરમાત્મા ભગવાન બ્રહ્મને પામ્યાં. ૩૦ જે ઠેકાણે દેવહુતિ નિર્વાણપદ પામ્યાં તે પરમપવિત્ર ક્ષેત્ર 'સિદ્ધપદ' નામથી પ્રખ્યાત થયું. ૩૧ હે શાંતગુણવાળા વિદુર! યોગના બળથી જેના દેહના મળ બળી ગયા છે, એવુ એ દેવહુતિનું શરીર નદીરૂપ થઇ ગયું. જે નદી સર્વ નદીઓમાં ઉત્તમ, સિદ્ધોરૂપોએ સેવાયલી, અને સિદ્ધ આપનારી છે. ૩૨ મહાયોગી કપિલ ભગવાન પણ માતાની આજ્ઞા લઇ, પિતાના આશ્રમથી ઇશાન ખુણા તરફ પધાર્યા, ત્યાં સિદ્ધ, ચારણ, ગંધર્વ, મુનિ અને અપ્સરાઓએ સ્તુતિ કરી અને સમુદ્રે પૂજન કરીને સ્થાન આપ્યું. ૩૩–૩૪ સાંખ્યના આચાર્યો જેમની સદા સ્તુતિ કરે છે, એવા કપિલદેવ ત્રૈલોકયની શાંતિ માટે તે સમુદ્ર તટે યોગધારણ કરી સમાધિમાં બેઠા. ૩૫ હે નિષ્પાપ! હે તાત! તમે મને જે કપિલદેવ તથા દેવહુતિનો સંવાદ પૂછયો હતો, તે પરમ પવિત્ર સંવાદ મેં તમને કહી સંભળાવ્યો. ૩૬ આ આત્મપ્રાપ્તિનાં સાધનોમાં પરમગુહ્ય એવો કપિલદેવનો મત જે સાંભળે અથવા કહે તેની બુદ્ધિ ભગવાનમાં રહેતાં તે ભગવાનના ચરણારવિંદને પામેછે. ૩૭

य इदमनुश्रृणोति योऽभिधत्ते ।
कपिलमुनेर्मतमात्म योग गुह्यम् ॥
भगवति कृतधीःसुपर्णकेता ।
वुपलभते भगवत्पदारविन्दम् ॥ ३७ ॥

ઇતિ શ્રી અઢાર હજાર સંહિતારૂપ શ્રીમદ્ ભાગવતપુરાણના તૃતીય સ્કંધમાં કપિલેયોપાખ્યાન નામનો ૩૩ મો અધ્યાય સંપૂર્ણ.


શ્રીમદ્ ભાગવતનો તૃતીય સ્કંધ સંપૂર્ણ.

श्रीमद्

भागवत भाषान्तर.

चतुर्थ स्कंध.

चतुर्थस्कंध.



श्रीमद्

भागवत भाषांतर.

चतुर्थ स्कंध.

અધ્યાય ૧ લો.

મનુની પુત્રીઓના વંશ તથા યજ્ઞાદિ ભગવાનના અવતાર.

मैत्रेय उवाच.

*मनोस्तु शतरूपायां तिस्र कन्याश्च जज्ञिरे॥
आकुतिर्देवहूतिश्च प्रसूतिरिति विश्रुताः॥१॥

મૈત્રેય કહેછે—સ્વાયંભુવ મનુને શતરૂપા રાણીથી આકૂતિ, દેવહુતિ, અને પ્રસૂતિ નામની ત્રણ પ્રખ્યાત કન્યાઓ ઉત્પન્ન થઈ. ૧ જો કે મનુને પુત્ર હતા, તોપણ તેણે શતરૂપાના કહેવાથી પોતાની આકૂતિ નામની પુત્રી રૂચિ ઋષિને પુત્રીકાધર્મની* રીતે પરણાવી હતી, ૨ બ્રહ્મ તેજવાળા ભગવાન પ્રજાપતિ રૂચ ઋષિએ ઇશ્વરના પરમ ધ્યાનથી આકૂતિને વિષે એક જોડલું ઉત્પન્ન કર્યું, ૩ તેનાં જે પુત્ર હતો તે યજ્ઞમૂર્તિ વિષ્ણુ ભગવાન હતા, અને જે પુત્રી હતી તે વિષ્ણુની સાથે રહેનારી લક્ષ્મીના અંશરૂપ દક્ષિણા નામે હતી. ૪ એ અત્યંત કાંતિવાળા દીકરીના દીકરાને સ્વાયંભુવ મનુ પોતાને ઘેર લાવ્યા, અને રૂચિ ઋષિએ દક્ષિણાને પોતાને ત્યાં રાખી. ૫ પછી ઇચ્છાવાળી દક્ષિણાને યજ્ઞમૂર્તિ ભગવાન પરણ્યા, અને એ આનંદી દક્ષિણાને વિષે પ્રસન્નતાથી બાર પુત્ર ઉત્પન્ન કર્યા. ૬ તોષ, પ્રતોષ, સંતોષ, ભદ્ર, શાંતિ, ઇડસ્પતિ, ઇધ્મ, કવિ, વિભુ, સ્વહ્ન, સુદેવ અને રોચન. ૭ તેઓ સ્વાયંભુવ મન્વંતરમાં તુષિત નામના દેવતા કહેવાયા, મરીચિ વગેરે સાત ઋષિઓ થયા, અને યજ્ઞ ભગવાન ઇંદ્ર થયા ૮ મનુને પ્રિયવ્રત અને ઉત્તાનપાદ એ બે મહાપરાક્રમી પુત્રો હતાં, તેના પુત્ર, પૌત્ર અને પ્રપૌત્રોના વંશે, જેઓએ તે મન્વંતરમાં પાલન કર્યું. ૯ સ્વાયંભુવ મનુએ પોતાની દેવહુતિ નામની બીજી પુત્રી કર્દમ પ્રજાપતિને પરણાવી હતી, તે સંબંધી કથા તમે મારી પાસેથી સાંભળીછે. ૧૦ ભગવાન મનુએ બ્રહ્માના પુત્ર દક્ષને પોતાની પ્રસૂતિ નામની ત્રીજી પુત્રી પરણાવી હતી, તેનો વંશ ત્રણે લોકમાં બહુ વિસ્તરેલો છે. ૧૧ મરીચિ વગેરે નવ બ્રહ્મર્ષિની સ્ત્રીઓ જે કર્દમની પુત્રીઓ થાય તે હું તમને કહી ગયોછું, હવે તેઓના વંશનો વિસ્તાર સાંભળો. ૧૨ મરીચિની સ્ત્રી-કર્દમની દીકરી કલાને કશ્યપ અને પુર્ણિમા નામના બે પુત્રો થયા, જેથી આ સર્વ જગત ભરાઈ ગયેલું છે. ૧૩ હે પરંતપ! પુર્ણિમાને વિરજ અને વિશ્વગ એ નામે બે પુત્રો થયા, અને દેવકુલ્યા નામે કન્યા થઇ, કે જે ભગવાનનાં ચરણ ધોવાના પ્રતાપે જન્માંતરમાં આકાશગંગા થઇ. ૧૪ અત્રિઋષિની સ્ત્રી અનુસૂયાએ દત્ત, દુર્વાસા અને ચંદ્ર નામના વિષ્ણુ, શિવ અને બ્રહ્માના અંશથી ઉત્પન્ન થયેલા મહાતપસ્વી તથા મોટી કીર્તિવાળા, ત્રણ પુત્રોને જન્મ આપ્યો. ૧૫

વિદુરજી પૂછેછે—હે ગુરૂ! જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરનારા એ ત્રણ દેવ અત્રિઋષિને ઘેર શું કાર્ય કરવાની ઇચ્છાથી પ્રગટ થયા હતા? તે મને કહો. ૧૬

---

* કન્યાદાન દેતાવેળા જમાઈ સાથે એવો ઠરાવ કરીને કન્યા પરણાવવામાં આવે કે "આ કન્યાને જે પુત્ર થશે, તેને હું મારો પુત્ર કરીને રાખીશ" આ રીતને પુત્રિકાધર્મ કહેછે.

મૈત્રેય કહેછે-બ્રહ્મવેત્તાઓમાં શ્રેષ્ઠ અત્રિઋષિને બ્રહ્માએ સૃષ્ટિ રચવાની પ્રેરણા કરી, ત્યારે તે પોતાની સ્ત્રી અનુસૂયાને લઇ તપ કરવાને કુલાચળ પર્વત ઉપરના ઋક્ષ નામના તીર્થમાં ગયા. ૧૭ એ તીર્થમાં નિર્વિંધ્યા નામની નદીની ચારે બાજુ પુષ્પોના ગુચ્છવાળાં ઝાડો અને ખાખરા તથા આસોપાલવનાં વનની શોભા છાઇ રહી હતી, નદીનાં નિર્મળ ઝરણાંના નાદ થઇ રહ્યા હતા, ૧૮ એવા એ તીર્થમાં સુખ દુઃખનો ત્યાગ કરી માત્ર પવનનું ભક્ષણ કરી, પ્રાણાયામથી મનને નિયમમાં રાખી અત્રિઋષિ સો વર્ષ સુધી એક પગે ઉભા રહી તપ કરવા લાગ્યા. ૧૯ તે સમયે તે "જે આ જગતના ઇશ્વર છે, તેને હું શરણે જાઉંછું, માટે તે મને પોતાના જેવી પ્રજા આપો," એવી રીતે ચિંતવન કરવા લાગ્યા. ૨૦ મુનિના માથામાંથી પ્રાણાયામથી વૃદ્ધિ પામેલો અગ્નિ બહાર નીકળ્યાથી ત્રૈલોક્ય તપવા લાગ્યું. એ જોઇને જેની કીર્તિને અપ્સરાઓ, ગંધર્વ, સિદ્ધ, વિદ્યાધર અને શેષનાગ ગાયછે, એવા બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ ત્યાં આવ્યા. ૨૧-૨૨ એ શ્રેષ્ઠ દેવો પ્રગટ થવાથી ચકિત થયેલા મનવાળા તથા એકપગે ઊભા રહેલા અત્રિ મુનિએ તેમનાં દર્શન કર્યાં. ૨૩ પછી તેમને પૃથ્વી ઉપર પડીને દંડવત્ પ્રણામ કરી, હંસ, ગરૂડ અને નંદી ઉપર બેઠેલા તથા કમંડલુ, ચક્ર અને ત્રિશૂળ આદિ આયુધ ધારણ કરેલા એ ત્રણે દેવોની પૂજા કરી. ૨૪ હસતા મુખે કૃપાદૃષ્ટિથી પોતાના ઉપર પ્રસન્ન થયેલા એ દેવતાઓના તેજથી પોતાની આંખો અંજાઇ જવાથી અત્રિઋષિએ આંખો મીંચી દીધી, પછી એ હાથ જોડી, ચિત્ત લગાવી, મધુર વાણીથી એ શ્રેષ્ઠ દેવોની સ્તુતિ કરવા લાગ્યા. ૨૫-૨૬

અત્રિઋષિ સ્તુતિ કરેછે—જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયને માટે વેહેંચાઇ જનારા માયાના ગુણોવડે યુગે યુગે અવતાર લેનારા આપ બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ છો, એવા તમોને હું પ્રણામ કરૂંછું. ૨૭ તમારામાંથી જેને મેં અહીં બોલાવેલા તે કોણ ? એ તમે જ કહો. ૨૭ મેં અનેક ઉપચારોથી પુત્ર થવા માટે ચિત્તમાં એકજ દેવતાનું ધ્યાન કર્યું હતું, છતાં મનુષ્યોનાં મનમાં ન આવો એવા તમે ત્રણ દેવતાઓ પ્રગટ થયાછો, તો મને આપનું અહીં પધારવાનું કારણ કહો, કારણ કે મને મોટું આશ્ચર્ય લાગેછે. ૨૮.

મૈત્રેય કહેછે—હે વિદુરજી! એવાં અત્રિ મુનિનાં વચન સાંભળી ત્રણે દેવતાઓએ હસીને મધુર વાણીથી કહ્યું કે—૨૯

દેવતાઓ બોલ્યા—હે બ્રહ્મન્! તમે સત્યસંકલ્પવાળા છો, માટે તમે જેવો મનમાં સંકલ્પ કર્યો છે, તે પ્રમાણેજ થવું જોઇએ. તમે જેનું ધ્યાન કરોછો તે અમેજ છીએ. ૩૦ હે મુનિ ! અમારા અંશથી આપને જગપ્રસિદ્ધ ત્રણ પુત્ર થશે, તે તમારા યશ વિસ્તારશે, તમારૂં કલ્યાણ થાઓ. ૩૧ મૈત્રેય કહેછે કે—હે વિદુરજી! એ દેવતાઓ આ પ્રમાણે મન વાંછિત વરદાન આપી, ઋષિથી સત્કાર પામી તેમના દેખતાં ત્યાંથી અંતર્ધાન થઇ ગયા. ૩૨ પછી તેમને ઘેર બ્રહ્માના અંશથી ચંદ્રમા, વિષ્ણુના અંશથી વેદવેત્તા દત્તાત્રય અને શંકરના અંશથી દુર્વાસા નામના પુત્ર થયા. હવે અંગિરાની પ્રજા કહુંછું. ૩૩

અંગિરાની શ્રદ્ધા નામની સ્ત્રીથી સિનીવાલી, કુહૂ, રાકા તથા અનુમતિ નામની ચાર કન્યા ઉત્પન્ન થઇ. ૩૪ વળી તેમને ભગવાન ઉતથ્ય તથા સાક્ષાત્ બ્રહ્મનિષ્ઠ બૃહસ્પતિ નામના બે પુત્ર થયા કે જેઓ સ્વારોચિષ મન્વંતરમાં પ્રસિદ્ધ થયા. ૩૫ પુલસ્ત્યને હવિર્ભુ નામની સ્ત્રીથી એક અગસ્ત્ય કે જે પૂર્વ જન્મમાં જઠરાગ્નિ હતા તે, તથા બીજા વિશ્રવા નામના મહાતપસ્વી બે પુત્ર થયા. ૩૬ વિશ્રવાને ઇડવિડા નામની સ્ત્રીથી યક્ષોના પતિ કુબેર નામના પુત્ર થયા, અને બીજી સ્ત્રી કેશિનીથી રાવણ, કુંભકર્ણ અને વિભિષણ એ ત્રણ પુત્ર થયા. ૩૭ હે મહા બુદ્ધિવાન વિદુર ! પુલહની ગતિ નામની સતી સ્ત્રીથી કર્મશ્રેષ્ઠ, વરીયસ અને સહિષ્ણુ નામના ત્રણ પુત્ર થયા. ૩૮ ક્રતુને ક્રિયા નામની સ્ત્રીથી બ્રહ્મતેજથી પ્રકા-

શતા વાલખિલ્ય નામના સાઠ હજાર ઋષિઓ ઉત્પન્ન થયા. ૩૯ હે પરંતપ! વસિષ્ઠને ઉર્જા નામની સ્ત્રીથી ચિત્રકેતુ, સુરોચિ, વિરજા, મિત્ર, ઉલ્વણ, વસુભૃદ્યાન, અને દ્યુમાનએ નામના સાત નિર્મળ બ્રહ્મર્ષિ પુત્રો ઉત્પન્ન થયા. અનેબીજી સ્ત્રીથી શક્તિ આદિ બીજા પુત્રો થયા. ૪૦-૪૧ અથર્વા ઋષિની સ્ત્રી ચિત્તિને દધ્યંચ નામે તપસ્વી પુત્ર થયો, એને પાછળથી ઘોડાનું માથું ચોટાડયું હતું. હવે ભૃગુનો વંશ સાંભળો, ૪૨ મહા ભાગ્યવાન ભૃગુને ખ્યાતિ નામની સ્ત્રીથી ધાતા અને વિધાતા નામના બે પૂત્રો અને ભગવત્પરાયણ લક્ષ્મીજી એ ત્રણ સંતાન થયાં. ૪૩ ધાતા અને વિધાતાને મેરૂ પર્વતે પોતાની આયતિ અને નિયતિ નામની બે કન્યા પરણાવી હતી. ધાતાને મૃકંડ અને વિધાતાને પ્રાણ નામનો પુત્ર થયો. ૪૪ મૃકંડને માર્કંડેય અને પ્રાણને વેદશિરા નામના પુત્ર થયા. ભૃગુને ત્રીજો પુત્ર કવિ નામનો થયો, અને કવિને શુક્રાચાર્ય નામનો પુત્ર થયો. ૪૫ હે વિદુર! આ પ્રમાણે તે મુનિ લોકોએ પ્રજા ઉત્પન્ન કરીને સૃષ્ટિની વૃદ્ધિ કરી, આ કર્દમની પુત્રીઓનો વંશ મેં તમને કહ્યો. ૪૬ જે મનુષ્ય શ્રદ્ધાથી આ વંશનું શ્રવણ કરે તેનાં પાપ તરત નાશ પામેછે. બ્રહ્માના પુત્ર દક્ષ પ્રજાપતિ મનુની પુત્રી પ્રસૂતિની સાથે પરણ્યા હતા, તેનાથી તેને નિર્મળ નેત્રાવાળી સોળ કન્યાઓ ઉત્પન્ન થઇ. ૪૭ એ સોળમાંથી તેર કન્યા દક્ષે ધર્મને, એક અગ્નિને, એક સર્વ પિતૃઓને અને એક સંસારનાં બંધન કાપનારા ભગવાન સદાશિવને પરણાવી હતી. ૪૮ શ્રદ્ધા, મૈત્રી, દયા, શાન્તિ, તુષ્ટિ, પુષ્ટિ, ક્રિયા, ઉન્નતિ, બુદ્ધિ, મેધા, તિતિક્ષા, લજ્જા અને મૂર્તિ એ તેર ધર્મની સ્ત્રીઓ છે. ૪૯ શ્રદ્ધાને શુભ નામનો પુત્ર થયો, મૈત્રીને પ્રસાદ, દયાને અભય, શાન્તિને સુખ, તુષ્ટિને મુદ, પુષ્ટિને સ્મય, ક્રિયાને યોગ, ઉન્નતિને દર્પ, બુદ્ધિને અર્થ, મેધાને સ્મૃતિ, તિતિક્ષાને ક્ષેમ, લજ્જાને પ્રશ્રય, અને સર્વ ગુણોની ઉત્પત્તિરૂપ મૂર્તિને નર અને નારાયણ નામના બે પુત્ર ઉત્પન્ન થયા, તેમના જન્મ સમયે આ સર્વ જગતને પરમ સુખ અને આનંદ થયો. ૫૦-૫૨ અને લોકોનાં મન, દિશાઓ, વાયુ, નદીઓ તથા પર્વતો પ્રસન્ન થયા, તથા સ્વર્ગમાં દિવ્ય વાજાં વાગવા લાગ્યાં, અને પુષ્પોની વૃષ્ટિ થવા લાગી. ૫૩ મુનિઓ પ્રસન્નતાથી સ્તુતિ કરવા લાગ્યા, ગંધર્વો અને કિન્નરો ગાવા લાગ્યા, અપ્સરાઓ નાચવા લાગી. એ રીતે પરમ મંગળ વરતાઇ રહ્યું. અને બ્રહ્માદિક સર્વ દેવતાઓ સ્તુતિ કરવા લાગ્યા. ૫૪

દેવતાઓ સ્તુતિ કરેછે—જે ભગવાને પોતાની માયાથી પોતાના જે સ્વરૂપમાં આ જગત રચેલું છે, તે સ્વરૂપને પ્રકાશ કરવા માટે હમણાં ધર્મને ઘેર આ ઋષિરૂપે અવતાર ધરીને જે સ્વરૂપને પ્રગટ કર્યું છે, તે પરમપુરૂષને હું પ્રણામ કરૂંછું. ૫૫ જેમના સ્વરૂપની શાસ્ત્રથીજ અટકળ કરી શકાયછે એવા આ ભગવાન જગતની મર્યાદાનું રક્ષણ કરવા માટે સત્વગુણથી અમો સર્વ દેવતાઓની સામે બહુજ કરૂણાયુક્ત અને લક્ષ્મીને રહેવાના નિર્મલ કમળથી પણ અધિકશોભાવાળી દૃષ્ટિથી જુઓ. ૫૬ હે વિદુર! આ પ્રમાણે દેવતાઓએ સ્તુતિ કરી, ત્યારે નરનારાયણ ભગવાન દેવતાઓની સામે જોઇ, પૂજન સ્વીકારીને ગંધમાદન પર્વત ઉપર પધાર્યા. ૫૭ તેજ એ બે પૃથ્વીનો ભાર ઉતારવા માટે અહીં પ્રગટ થયેલ છે, તેમાં નર અંશથી કુરૂકુળમાં અર્જુન પ્રગટ થયેલા છે, અને સાક્ષાત્ નારાયણ યદુકુળમાં શ્રી કૃષ્ણરૂપે પ્રગટ થયા છે. ૫૮ અગ્નિને પોતાની સ્વાહા નામની સ્ત્રીથી પાવક, પવમાન, અને શુચિ એ ત્રણ પુત્ર થયા. ૫૯ એ ત્રણમાંથી પીસ્તાલીસ પુત્રો થયા, તેઓ પોતાના પિતા તથા દાદાની સાથે ગણતાં ઓગણપચાસ અગ્નિ થયા. ૬૦ વેદવેત્તા બ્રાહ્મણો યજ્ઞના કામમાં જેઓના નામથી 'આગ્નેયી' નામની ઇષ્ટિયો કરેછે. તે સર્વને અગ્નિઓ જાણવા. ૬૧ અગ્નિષ્વાત્તા બર્હિષદ, સૌમ્ય અને આજ્યપ એ ચાર પિતૃગણ છે, તેઓમાં જેને 'અગ્નૌકરણ' કરવામાં આવેછે તે સાગ્નિકછે, અને બીજા

અનગ્નિક છે. એ સર્વની વચ્ચે દક્ષની કન્યા સ્વધા નામની એકજ સ્ત્રી છે. ૬૨ એ પિતૃઓને સ્વધાથી વયુના અને ધારિણી નામની બે પુત્રીઓ થઈ, તે બન્ને બ્રહ્મવેત્તા હતી અને જ્ઞાનવિજ્ઞાનના પારને પામેલી હતી. ૬૩ મહાદેવની સ્ત્રી સતી પોતાના જેવાજ ગુણવાળા મહાદેવને ભજતાં હતાં, તેમને પુત્ર થયોજ નહી. ૬૪ કારણ કે મહાદેવનો કાંઇપણ અપરાધ નહી છતાં સતીનો પિતા દક્ષ તેમનાથી ઊલટો ચાલવા લાગ્યો, તેથી સતીએ ક્રોધ કરી, યોગધારણ કરી, નાની ઉમ્મરમાંજ પોતાના શરીરનો ત્યાગ કર્યો હતો. ૬૫.

पितर्य प्रतिरुपे स्वे भवायानागसेरुषा ॥

अप्रौढैवात्मनात्मानमजहाद्योगसंयुता ॥

ઇતિ શ્રી ભાગવતપુરાણના ચતુર્થ સ્કંધમાં "મનુની કન્યાના વંશ વર્ણન" નામનો ૧ લો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૨ જો.

મહાદેવ તથા દક્ષ વચ્ચે દ્વેષ થવાનું કારણ.

विदुर उवाच.

भवेशीलवतां श्रेष्ठे दक्षो दुहितृवत्सलः ॥

विद्वेष करोत्कस्मादनाहत्याऽत्मजां सतीम् ॥

વિદુરજી પૂછેછે—પોતાની પુત્રી ઉપર પ્રેમ રાખનારા દક્ષે પોતાની સતી નામથી પુત્રીનું અપમાન કરીને શીલવંતોમાં શ્રેષ્ઠ એવા સદાશિવ સાથે શા કારણથી દ્વેષ કર્યો હતો? ૧ સ્થાવર જંગમના ગુરૂ, દ્વેષરહિત, જગતપૂજ્ય, શાંતસ્વરૂપ, આત્મારામ અને દેવતાઓના ઇશ્વર મહાદેવ સાથે દક્ષે શા માટે દ્વેષ કર્યો ? ૨ હે બ્રહ્મન્ ! જે દ્વેષથી સતીએ પોતાના વાહાલા પ્રાણનો ત્યાગ કર્યો એવો સસરા જમાઇ વચ્ચે દ્વેષ શાથી થયો ? તે આપ મને કહો. ૩

મૈત્રેયજી કહેછે—પૂર્વે પ્રજાપતિઓના યજ્ઞમાં મોટા મોટા બ્રહ્મર્ષિઓ, દેવર્ષિઓ, પિતૃઓ, અને અગ્નિઓ પરિવાર સાથે એકઠા મળ્યા હતા. ૪ એ મોટી સભામાં સૂર્યના જેવી ઝળઝળાટ કાંતિવાળા દક્ષ પ્રજાપતિને આવતા જોઇને નિસ્તેજ થયેલા સર્વ સભાસદો અને અગ્નિઓ, પોતપોતાનાં આસનો ઉપરથી ઊઠીને ઉભા થયા, માત્ર બ્રહ્મા અને શંકર એ બે જણ બેશી રહ્યા, ૫-૬ સભાસદોએ દક્ષનો સારી પેઠે સત્કાર કર્યા પછી તે જગતગુરૂ બ્રહ્માને નમસ્કાર કરીને તેમની આજ્ઞાથી આસનપર બેઠા. ૭ મહાદેવજી ત્યાં પ્રથમથીજ આવીને બેઠા હતા, તેમને જોઇ તેમના તરફથી અપમાન પામેલા દક્ષ પ્રજાપતિ અપમાન સહન નહી થવાથી જાણે હમણાંજ બાળી નાંખશે એવાં ક્રોધયુક્ત નેત્ર કરીને બોલ્યા કે, ૮ હે દેવતાઓ, અગ્નિઓ અને બ્રહ્મર્ષિઓ ! હું અજ્ઞાન અને મત્સરનો ત્યાગ કરી સત્પુરૂષોની રીતિથી કહું છું તે સાંભળો. ૯ આ શિવ લોકપાળોના યશનો નાશ કરનાર અને લાજ વગરનો છે, આ અભિમાનીએ પોતાના અભિમાનથી સત્પુરૂષોએ ચલાવેલા માર્ગને દુષિત કર્યો છે. ૧૦ આ શિવ મારા શિષ્ય જેવો છે, કારણ કે બ્રાહ્મણો અને અગ્નિઓ સમક્ષ સાવિત્રી જેવી મારી પુત્રીનું સુપાત્રની પેઠે એણે પાણીગ્રહણ કર્યું છે. ૧૧ આ વાંદરાના જેવી આંખ્યોવાળો, મારી મૃગનાં બચ્ચાંના જેવી આંખ્યોવાળી દીકરી સાથે પરણ્યોછે, માટે તેણે ઊભા થઇ અને પ્રણામ કરવા જોઇએ, તેમ છતાં તેણે વાણીથી પણ મારો સત્કાર કર્યો નહી. ૧૨ આ ક્રિયાહીન, અપવિત્ર, મર્યાદા તોડનાર, અને અભિમાનીને હું મારી પુત્રી પરણાવવાને ઇચ્છતો નહતો, પરંતુ શૂદ્રને જેમ વેદવાણી આપવામાં આવે તેમ મેં એને દીકરી દીધી છે. ૧૩ એ શરીરે મશાણની રાખોડી ચોળી મનુષ્યોનાં હાડકાંનાં આભૂષણ ધારણ કરી, માથાના વાળ છૂટા મૂકીને નાગો નાગો ભૂતપ્રેતોનાં ટોળાંથી વીંટાએલો ગાંડાની પેઠે ફરતો ફરેછે, તે ઘડીકમાં હસેછે, ઘડીકમાં રૂએ છે, સ્વભાવે તામસી છે, મદોન્મત્ત છે. પ્રેતો અને ભુતોનો ઉપરી છે અને મદોન્મત્ત લોકો

ઉપર પ્રીતિ રાખનારો છે. એનું નામ શિવ છે પણ ખરૂં જોતાં તો એ અશિવ છે. ૧૪-૧૫ અરેરે! આ ભુત પ્રેતના અધિપતિ, અપવિત્ર અને દુષ્ટને મેં બ્રહ્માના કહેવાથી મારી સતી પુત્રી પરણાવી. ૧૬

મૈત્રેયમુનિ કહેછે—હે વિદુરજી! જો કે સભામાં શંકરે વિરૂદ્ધાચરણ કર્યું નહતું, તોપણ તેમની નિંદા કરી, દક્ષે જળીનું આચમન લઇ ક્રોધથી શાપ આપ્યો કે—"આ મહાદેવ દેવગણોમાં નીચ છે, માટે દેવતાઓના યજ્ઞમાં ઇંદ્ર, વિષ્ણુ વગેરે દેવતાઓ સાથે એને ભાગ નહી મળે." ૧૭-૧૮ હે વિદુર! મોટા મોટા સભાસદો બધા ના પાડતાજ રહ્યા, પણ તે દક્ષ તો શંકરને શાપ દઇ ક્રોધાવેશમાં પોતાને ઘેર ચાલ્યા ગયા. ૧૯ આવી રીતે દક્ષે શાપ આપ્યો તેથી સદાશિવના પાર્ષદોમાં મુખ્ય એવા નંદીશ્વરે રોષરૂપી કષાયથી લાલ આંખો કરી દક્ષને, તથા જે બ્રાહ્મણોએ દક્ષનાં અયોગ્ય વચનોને અનુમોદન આપ્યું હતું તેઓને શાપ આપ્યો કે—૨૦ "કોઇનો પણ દ્રોહ નહિ કરનારા ભગવાન સદાશિવનો આ મનુષ્યદેહને શ્રેષ્ઠ સમજીને જે મૂર્ખ દ્રોહ કરેછે, તે ભેદદર્શી પુરૂષ પરમાર્થ વસ્તુથી વિમુખ થજો. ૨૧ વિષયસુખની ઇચ્છાથી કપટમય ઘરોમાં આસક્ત થયેલો અને વેદનાં રોચક વચનોથી બુદ્ધિહીન થયેલો આ દક્ષ કર્મો કરેછે. તે દેહને આત્મા માનનારી બુદ્ધિથી આત્મસ્વરૂપને ભુલી ગયેલો હોવાથી પશુની પેઠે સ્ત્રીલંપટ થજો, અને થોડાજ સમયમાં એનું મોઢું બોકડાનું થજો. ૨૨-૨૩ કેમકે આ દક્ષ કર્મ કરવારૂપી અજ્ઞાનને જ્ઞાન માનનારો અને જડ છે. વળી તેને અનુસરીને શંકરને અપમાન કરનારાઓ જે આ સભામાં છે તેઓ પણ આ સંસારમાં જન્મમરણ પામ્યા કરજો. ૨૪ જે ફુલોની પેઠે માત્ર મીઠી અને સુગંધ આપનારી છે એવી વેદવાણીનાં મોહ ઉપજાવનારાં મધ સરખાં મીઠાં વચનથી મૂર્ખ બનેલા શંકરના દ્વેષીલોકો મૂઢ બનીને કેવળ [illegible] રહેજો. ૫ સર્વ વસ્તુઓનું ભક્ષણ કરનારા, કેવળ પેટ ભરવાને માટેજ વિદ્યા, તપ અને વ્રતોને ધારણ કરનારા, ધન, ઇંદ્રિયો અને દેહમાંજ રમનારા આ બ્રાહ્મણો આ જગતમાં ભીખારીઓ બનીને ફર્યા કરજો. ૨૬ આ પ્રમાણે નંદીશ્વરે બ્રાહ્મણકુળને શાપ આપ્યો, તે સાંભળીને ભૃગુ ઋષિએ ન ટાળી શકાય એવો શાપરૂપ બ્રહ્મદંડ દીધો કે—"જે શિવનું વ્રત ધારણ કરીને તેને અનુસરનારા છે, તેઓ પાખંડી તથા સતશાસ્ત્રોના શત્રુ થજો. ૨૭-૨૮ વળી તેઓ અપવિત્ર, મુઢ બુદ્ધિવાળા, અને જટા, ભસ્મ તથા હાડકાંને ધારણ કરનારા થજો અને શિવની દીક્ષામાં પ્રવેશ કરજો. કે જે દીક્ષામાં મદિરા તથા તાડીનું મદ્ય દેવની પેઠે પૂજાય છે. ૨૯ તમે મનુષ્યોની મર્યાદાને ધારણ કરનારા વેદ અને બ્રાહ્મણોની નિંદા કરોછો, માટે તમે પાખંડનો આશ્રય કરનારા થજો. ૩૦ લોકોનું કલ્યાણ કરનારો સનાતન વેદમાર્ગ છે. કારણ કે એ માર્ગ સાક્ષાત્ ભગવાને સ્થાપ્યો છે, અને પૂર્વના ઋષિઓ પણ તે પ્રમાણે વરતેલા છે. ૩૧ સત્પુરૂષોના સનાતન માર્ગરૂપ પરમશુદ્ધ વેદની નિંદા કરવાથી તમે પાખંડ માર્ગમાં પડો, કે જેમાં ભૂત પ્રેતનો અધિપતિ તમારો દેવ છે. ૩૨

મૈત્રેય કહેછે—આ પ્રમાણે ભૃગુ ઋષિ શાપ દેતા હતા, તે સમયે સદાશિવ જરા ઉદાસ થઇને પોતાના અનુચરો સહિત સભામાંથી ઊઠીને ચાલ્યા ગયા. ૩૩ હે વિદુર! એ પ્રજાપતિઓ પણ જેમાં વિષ્ણુ ભગવાનનું પૂજન થતું હતું એવો એ યજ્ઞ હજાર વર્ષે પૂરો કરીને પછી પ્રયાગ કે જ્યાં ગંગા યમુનાનો સંગમ થાયછે તે તીર્થમાં અવભૃથ સ્નાન કરી શુદ્ધસ્વરૂપ થઇ પોતપોતાને ઠેકાણે ગયા. ૩૪-૩૫

आप्लुत्यावभृथं यत्र गंगायमुनयान्विता ॥
विरजेनात्मना सर्वे स्वं स्वं धाम ययुस्ततः ॥

ઇતિ શ્રી ભાગવતપુરાણના ચતુર્થ સ્કંધમાં દક્ષ શાપ વર્ણન નામનો બીજો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૩ જો.

સદાશિવે સતીને દક્ષના યજ્ઞમાં જતાં અટકાવ્યાં.

મૈત્રેય उवाच.

सदाविद्विषतोरेवं कालोवै ध्रियमाणयोः ॥
जामातुः श्वसुरस्यापि सुमहानतिचक्रमे ॥

મૈત્રેય કહે છે—એ પ્રમાણે એ બે સસરા જમાઇને સદા દ્વેષ કરતાં અને સામાવાળીઆ થઇ રહેતાં ઘણો કાળ વીતી ગયો. ૧ જ્યારે પરમેષ્ઠી બ્રહ્માએ દક્ષને સર્વ પ્રજાપતિઓના અધિપતિ બનાવવા માટે પટ્ટાભિષેક કર્યો, ત્યારે તેને ગર્વ થયો. ૨ તેથી તેણે બ્રહ્મવાદીઓનું અપમાન કરીને વાજપેય નામનો યજ્ઞ કર્યો, ત્યાર પછી બૃહસ્પતિસત્ર નામનો ઉત્તમ યજ્ઞ આરંભ્યો. ૩ એ યજ્ઞમાં બ્રહ્મર્ષિઓ, દેવર્ષિઓ, પિતૃઓ તથા દેવતાઓ સર્વે શણગારેલી પોતાની સ્ત્રીઓને સાથે લઇને આવ્યા હતા. એ સર્વેનો સત્કાર દક્ષ સારી પેઠે કરતો હતો. ૪ પરસ્પર વાતો કરતા કરતા આકાશ માર્ગે જતા દેવલોકોના મોઢેથી પોતાના પિતાને ત્યાં થતો યજ્ઞનો મહોત્સવ સાંભળી તથા ચંચળ નેત્રોવાળી અને ઉજ્વળ સુશોભિત વસ્ત્રો, સ્વચ્છ કુંડળો તથા ગળામાં પદક પહેરીને ગંધર્વોની સુંદર સ્ત્રીઓને, ચારે બાજુથી વિમાનમાં બેશી કૈલાસની પાસે થઇને જતી જોઇ, પોતાના પતિ ભૂતોના અધિપતિ મહાદેવને દક્ષની પુત્રી સતી ઉત્સાહથી કહેવા લાગ્યાં. ૫–૭

સતી કહે છે—આપના સસરા પ્રજાપતિ દક્ષને ઘેર હાલમાં યજ્ઞનો મહોત્સવ થઈ રહ્યો છે, માટે હે સ્વામી ! જો આપની ઇચ્છા હોય તો આપણે પણ ત્યાં જઇએ; આ દેવતાઓ પણ ત્યાં જાય છે. ૮ તે યજ્ઞમાં મારી બેહેનો પણ પોતાનાં સંબંધીઓને મળવાની ઇચ્છાથી પોતાના પતિઓની સાથે જશે, માટે હું પણ તમારી સાથે ત્યાં જઈ માતાપિતાએ આપેલાં વસ્ત્રાભુષણ આદિક પહેરામણી લેવાને ઇચ્છું છું. ૯ હે સદાશિવ ! મારા મનમાં લાંબી મુદતથી ઉત્કંઠા છે, માટે ત્યાં જઇ પોતાના પતિ સહિત મારી બેહેનોને, મારી માસીઓને, સ્નેહથી ભીંજાયલાં ચિત્તવાળી મારી માતાને અને ઋષિ લોકોથી કરાતા ઉત્તમ યજ્ઞને જોવાને ઇચ્છું છું. ૧૦ હે અજન્મા ! આ આશ્ચર્યરૂપ ત્રિગુણાત્મક જગત તમારામાંજ માયાથી રચેલું ભાસે છે, તેથી આપને તો એ વાતથી આશ્ચર્ય નથી; તોપણ હું કે જે આપનાં તત્વને ન જાણનારી સ્ત્રી જાત છું તે હું દીન થઇ મારી જન્મભૂમિ જોવાને ઇચ્છું છું. ૧૧ હે નીલકંઠ ! આપ જુઓ તો ખરા, આ બીજી સ્ત્રીઓ પણ ટોળેટોળાં મળી શણગાર ધરીને પોતાના પતિઓની સાથે જાય છે, જેનાં હંસ જેવાં ઉજ્વળ વિમાનોથી આકાશ શોભી રહ્યું છે. ૧૨ હે દેવાધિદેવ ! પિતાને ઘેર ઉત્સવ થતો સાંભળીને દીકરીનું મન ચળાયમાન થયા વગર કેમ રહે ? મિત્ર, પતિ, ગુરૂ અને પિતા, એઓને ઘેર તો વગર બોલાવે પણ જવું, એવી રીત છે. ૧૩ માટે હે દેવ ! આપ મારા ઉપર કૃપા કરો. હે દયાળુ ! આપે આ મારો મનોરથ સફળ કરવો જોઇએ. આપ મહાજ્ઞાની છો, તોપણ મારા ઉપર દયા કરીને મને આપની અર્ધાંગના કરી છે, તેથી હું આપની પાસે માગી લઉં છું કે મારી આ માગણી સ્વીકારો. ૧૪

મૈત્રેય કહેછે—આ પ્રમાણે સતીએ સદાશિવની પ્રાર્થના કરી, ત્યારે પ્રજાપતિઓના સમક્ષ દક્ષ પ્રજાપતિએ જે મર્મસ્થાનભેદી નાંખે એવાં કુવચનરૂપી બાણ માર્યાં હતાં, તેનું સ્મરણ થવાથી સર્વેના મિત્ર તથા પ્રિય સદાશિવ હસીને બોલ્યા. ૧૫

સદાશિવ કહે છે—હે સુંદરી ! તમે કહ્યું કે બંધુને ઘેર વગર બોલાવે પણ જવાની રીત છે, તે તમારૂં કહેવું ખરૂં છે; પણ જો તે સંબંધીઓની દ્રષ્ટિ બળવાન દેહાભિમાનથી અને ક્રોધથી દુષિત થયેલી ન હોય તો જવાને હરકત નથી. ૧૬ વિદ્યા, તપ, ધન, સુંદર શરીર, અવસ્થા અને કુળ, એ છ વસ્તુ કે જે સત્પુરૂષોમાં ગુણ રૂપ છે, અને નીચ

પુરૂષોમાં દોષરૂપ છે, તેથી વિવેકનો નાશ થઈ વધી ગયેલા અભિમાનથી જે આંધળા અને અનમ્ર પુરૂષ છે,તે મહાત્મા પુરૂષોના તેજને જોતા નથી. ૧૭ એવા અસ્થિર મનવાળા લોકોને સંબંધી જાણીને તેમના ઘર સામું પણ જોવું ન જોઇએ, કેમકે એ લોકો પોતાને ઘેર આવેલા લોકોને કુટિલ બુદ્ધિથી ક્રોધ યુક્ત ભ્રકુટિ ચઢાવેલી આંખથી જુએ છે. ૧૮ કુટિલ બુદ્ધિવાળા સંબંધીઓનાં દુર્વચનોથી જેવી પીડા થાય છે, તેવી પીડા શત્રુઓએ બાણો મારીને અંગ વીંધી નાંખ્યાં હોય તોપણ થતી નથી, કેમકે જેને બાણ લાગ્યાં હોય તેને તો નિંદ્રા આવી શકે છે, પરંતુ દુર્વચનથી જેનું મર્મસ્થળ વીંધાઇ ગયું હોય, તે તો રાત દિવસ તપ્યાજ કરે છે. ૧૯ હે સુંદર ભ્રકુટિવાળી સતી! ઊંચી સ્થિતિવાળા દક્ષ પ્રજાપતિને સર્વ દીકરીઓમાં તમે વધારે વહાલાં છો એ વાત ખરી છે, તોપણ તે તમને માન આપશે નહિ, કારણ કે મારા સંબંધથી દક્ષને ઘણો પરિતાપ થાય છે. ૨૦ અહંકાર વિનાના પુરૂષોની પવિત્ર કીર્ત્તિ વગેરે મોટાઇ જોઇને મનમાં આમ ઊઠવાથી દુઃખી ચિત્તવાળો પુરૂષ તેની ઉત્તમ પદવીને પોહોચી શકતો નથી. જેમ દૈત્યો ભગવાનનો દ્વેષ કરે છે, તેમ તેઓ પણ દ્વેષ કર્યા કરે છે. ૨૧ હે સુંદરી! વિદ્વાન પુરૂષો પરસ્પર સામા ઊઠીને ઉભા થાય છે, વિવેક બતાવે છે, અને પ્રણામ કરે છે, તે રીત ઉત્તમ છે; પરંતુ તે કેવળ અંતર્યામી પરમાત્માને માટેજ અંતઃકરણથી કરવામાં આવે છે, પણ દેહાભિમાની પુરૂષ માટે નહી. ૨૨ 'વસુદેવ' એ શબ્દ શુદ્ધ અંતઃકરણનો વાચક છે, કારણ કે શુદ્ધ અંતઃકરણમાં ભગવાન સ્પષ્ટ દેખાય છે, તેથી એવા અંતઃકરણમાંજ ભગવાન વાસુદેવ કે જે ઇંદ્રિયોથી અગોચર છે તે રહે છે, તેમને હું નમસ્કાર કરૂંછું. ૨૩ હે સતી! દક્ષ જો કે તમારો જન્મ આપનાર પિતા છે, પરંતુ તે મારો શત્રુ છે, માટે તેના તરફ અને તેના પક્ષપાતીઓના તરફ તમારે જોવું પણ ન જોઇએ. હે સુંદર ઉરૂવાળાં! મારો કાંઈ પણ અપરાધ નહતો, છતાં પ્રજાપતિઓના યજ્ઞમાં તેણે દુર્વચનથી મારો તિરસ્કાર કર્યો. ૨૪ તમે જો મારૂં વચન નહી માનતાં ત્યાં જશો તો તમારૂં સારૂં નહિ થાય; કારણ કે જે પ્રતિષ્ઠિત હોય તેનું સંબંધી તરફથી અપમાન થાય, તો તેમાંથી તુરત મરણ નીપજે છે. ૨૫

यदि व्रजिष्यस्यतिहाय मद्वचो।
भद्रं भवत्या न ततो भविष्यति॥
संभावितस्य स्वजनात्पराभवो।
यदास सद्यो मरणाय कल्पते॥

ઇતિ શ્રી ભાગવતપુરાણના ચતુર્થ સ્કંધમાં સતી તથા રૂદ્રનો સંવાદ નામનો ત્રીજો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૪ થો.

પિતાએ કરેલા અપમાનથી દક્ષના યજ્ઞમાં સતીએ દેહત્યાગ કર્યો.

मैत्रेय उवाच.

एतावदुक्त्वा विरराम शंकरः।
पत्न्यंग नाशं ह्युभयत्र चिंतयन्॥
सुहृद्दिदृक्षुः परिशंकिता भवा।
न्निष्क्रामति निर्विशती द्विधास सा॥

મૈત્રેયજી કહે છે—હે વિદુરજી! એ રીતે સ્ત્રીના શરીરનો બન્ને પ્રકારે નાશ ધરી, એમ શોચતા મહાદેવજી એટલું કહીને ચુપ રહ્યા. અને સંબંધીજનોને મળવાને આતુર થયેલાં સતી બહાર જાય અને મહાદેવના ભયથી પાછાં ઘરમાં આવે, એવી દુવિધામાં પડયાં. ૧ બંધુવર્ગને જોવાની અને મળવાની ઈચ્છામાં વિઘ્ન આવવાથી સતી ઉદાસ થઇ ગયાં, સ્નેહથી રોવા લાગ્યાં, આંખોમાંથી આંસુઓ પાડી ગાલ ભીંજવવા લાગ્યાં, બહુજ વિહ્વળ થઇ જવાથી શરીર કંપવા લાગ્યું, અને સર્વ કરતાં શ્રેષ્ઠ એવા મહાદેવને જાણે ભસ્મ કરવા ઇચ્છતાં હોય તેમ રોષ ભરેલી દૃષ્ટિથી જોવા લાગ્યાં. ૨ પછી શોક અને ક્રોધથી પી-

કાતા મનવડે નિઃશાસા નાંખી સ્ત્રી સ્વભાવની મુગ્ધતાવાળાં સતી, મહાદેવે પ્રેમથી પોતાનું અરધું અંગ આપ્યું હતું તેને છોડી પિતાને ઘેર જવાને ચાલ્યાં. ૩ સતીને એકલાંજ ઉતાવળાં ઉતાવળાં જતાં જોઇને મહાદેવના પાર્ષદો અને યક્ષોની સાથે મણિમાન અને મદ આદિ હજારો અનુચર નંદીશ્વરને આગળ કરી તરત સતીની પાછળ ચાલ્યા. ૪ સતીને નંદીશ્વર ઉપર બેસાડી મેના, દડા, દર્પણ, કમળ, શ્વેતછત્ર, પંખા અને માળા વગેરેથી શોભાયમાન મહાદેવના અનુચરો ગીત ગાતા અને દુંદુભિ, શંખ, વેણુ આદિ વગાડતા ચાલ્યા. ૫ ચારે બાજુથી વેદના મંત્રોના ઉચ્ચારથી પશુ હિંસા જેમાં પ્રકાશી રહી છે, બ્રાહ્મણો અને દેવતાઓ જેમાં ચારે તરફ બેઠા છે, માટી, લાકડાં, લોઢું, સોનું, દર્ભ અને ચામડાંથી બનાવેલાં પાત્ર જ્યાં શોભી રહ્યાં છે, એવા યજ્ઞમાં સતીએ પ્રવેશ કર્યો. ૬ ત્યાં સતીને આવેલાં જોયા છતાં યજમાન (દક્ષ)ના ભયથી બેહેનો અને માતા સિવાય બીજા કોઇએ તેમનો સત્કાર કર્યો નહી. મા અને બેહેનો તો પ્રેમાશ્રુથી ગળગળાં થઇને આનંદથી ભેટયાં. ૭ પિતાથી અપમાન પામેલાં સતીએ માતા અને માસીઓ તરફથી આદર સહિત મળેલા પૂજા અને ઉત્તમ આસન પણ લીધું નહી, અને બેહેનોએ પૂછેલી યોગ્ય વાતો પણ તેમણે સાંભળી નહી. ૮ અપમાન પામેલાં જગદંબા સતીએ યજ્ઞમાં સદાશિવનો ભાગ નહી જોવાથી તથા પિતાએ શિવનું અપમાન કરેલું જોઇને જાણે ક્રોધથી ત્રણે લોકને બાળી નાંખતાં હોય, તેમ યજ્ઞસભામાં કોપ કર્યો. ૯ આ વેળા શંકરના દ્વેષી અને કર્મ માર્ગના અભ્યાસથી અભિમાની થયેલા દક્ષને મારવાને માટે શંકરના ભૂત ગણો ઉઠયા, તેઓને દેવી સતીએ પોતાના તેજથી અટકાવ્યા, અને સર્વ જગત સાંભળતાં ભારે ક્રોધાવેશવાળી વાણીથી દક્ષને ધિક્કારવા લાગ્યાં. ૧૦

સતી બોલ્યાં—સર્વ દેહધારીઓના પ્રિય આત્મરૂપ, સર્વરૂપ, કોઇની સાથે વૈર નહી કરનારા, જેને કોઇ વહાલું અળખામણું નથી અને જેનાથી કોઇ શ્રેષ્ઠ નથી, એવા સદાશિવની સાથે તારા વિના બીજો કોણ વેર બાંધે? ૧૧ હે બ્રાહ્મણ ! સત્પુરૂષ બીજાના ગુણોમાંથી દોષ ગ્રહણ કરતા નથી, પણ તારા સરખા પુરૂષો તો બીજાના ગુણોમાં દોષજ ગ્રહણ કરે છે, મધ્યમ પુરૂષો ગુણોમાંથી ગુણો ગ્રહણ કરે છે અને દોષમાંથી દોષ ગ્રહણ કરે છે; અને જે સત્પુરૂષો છે, તે કેવળ ગુણજ ગ્રહણ કરે છે, દોષ ઉપર ધ્યાન આપતા નથી. અને મહાત્માઓ તો થોડા ગુણોને પણ ઘણા કરી માને છે, એવા સર્વથી શ્રેષ્ઠ મહાત્માઓનો તેં અપરાધ કર્યો છે. ૧૨ દેહને આત્મા માનનારા નીચ લોકો સર્વદા દ્વેષથી મહાત્માઓની નિંદા કરે તેમાં આશ્ચર્ય નથી, કારણ કે મહાત્માઓના ચરણની રજથી હીન અને દુષ્ટ લોકોને માટે એવી નિંદાજ શોભારૂપ છે. ૧૩ જેનું 'શિવ' એવું બે અક્ષરનું નામ એકવાર પણ કોઇ પ્રસંગ ઉપર વાણીથી બોલાઇ જવાય તો તેથી સર્વે પાપોનો તરત નાશ થઇ જાય છે, એવા પવિત્ર કીર્તિવાળા અને જેની આજ્ઞાને કોઇ ઉલ્લંઘન કરી શકતું નથી, એવા મહાદેવનો તું અમંગળરૂપ દ્વેષ કરે છે. ૧૪ અરે ! જે કૈલાસપતિ સદાશિવના ચરણ કમળની બ્રહ્મ રસરૂપ મકરંદને ચાહનાર મહાત્માઓના મનરૂપી ભમરાઓ સેવે છે, અને જેનાં ચરણ કમળ સકામ પુરૂષોના મનોરથ સફળ કરે છે, એવા જગતબંધુ સદાશિવનો તું દ્રોહ કરે છે. ૧૫ વળી જે સદાશિવ સ્મશાનમાં જટા છૂટી મુકી ત્યાંનાં પુષ્પ, ભસ્મ અને માણસની ખોપરીઓની માળા પેહેરી પિશાચોની સાથે વાસ કરે છે, એવા શિવને તું અશિવ કહે છે, શું તારા વગર બ્રહ્માદિક તેમને નથી જાણતા? બ્રહ્માદિક દેવતાઓ તો શિવના ચરણની રજને પોતાના મસ્તક ઉપર ધારણ કરે છે. ૧૬ જ્યાં ધર્મ રક્ષક સ્વામીની નિરંકુશ લોક નિંદા કરે છે, ત્યાં જો પોતાનામાં મારવાની કે મરવાની શક્તિ ન હોય, તો કાન બંધ કરી ત્યાંથી ચાલ્યા જવું. અને શક્તિ હોય તો તે

દુષ્ટની અમંગળ બોલનારી જીભને બળાત્કારે કાપી નાંખી પછી પોતે મરે, એ ધર્મ છે. ૧૭ એટલા માટે સદાશિવની નિંદા કરનારા તારા શરીરથી ઉત્પન્ન થયેલું મારૂં આ શરીર હું નહી રાખું, કેમકે અજાણતાં ખવાઈ ગયેલા અપવિત્ર અન્નની શુદ્ધિ માટે ઉલટીજ કરી નાંખવી જોઈએ. ૧૮ પોતાના સ્વરૂપમાંજ રમી રહેનારા મહામુનિની બુદ્ધિ વેદની વિધિ નિષેધરૂપ આજ્ઞાને અનુસરતી નથી. જેમ દેવતાઓની અને મનુષ્યોની ગતિ જૂદી જૂદી છે, તેમ નિવૃત્તિ અને પ્રવૃત્તિવાળાની ગતિ પણ જૂદી જૂદી છે. માટે સ્વધર્મમાં રહેલા પુરૂષે બીજા ધર્મની કે બીજા પુરૂષની નિંદા કરવી નહી. ૧૯ મુનિઓએ બે માર્ગ સાચા માનેલા છે, પ્રવૃત્તિ કર્મમાં અગ્નિ હોત્રાદિક કરવાં જોઇએ, અને નિવૃત્તિ કર્મમાં શમ દમાદિક સત્ય ભાષણ રાગ અને વેરાગ્ય એ એનો આશ્રય કરવો જોઇએ, એમ વેદમાં કહેલું છે. તે બન્ને કર્મ એકજ વખતે એકજ પુરૂષ કરે છે તો તેમાં વિરોધ આવે છે, માટે કામનાવાળાએ પ્રવૃત્તિ કર્મ કરવાં અને નિષ્કામીએ નિવૃત્તિ કર્મ કરવાં. આ કર્મો શંકરને લાગતાં નથી, કારણકે તે સાક્ષાત્ પરબ્રહ્મરૂપ છે. ૨૦ હે પિતા! તમારાં પગલાંવાળી યજ્ઞ શાળાઓને વિષે યજ્ઞના અન્નથીજ તૃપ્ત થયેલા લોકો કેવળ વખાણ કરે છે અને કર્મ માર્ગવાળાજ તેનો ઉપભોગ કરે છે, અને અમારી પદવી જાણવામાં ન આવે એવી હોવાથી અવધુત પુરૂષોજ તેને સેવે છે. ૨૧ તું શંકરનો અપરાધ કરનાર હોવાથી તારા દેહથી ઉત્પન્ન થયેલા આ દુષ્ટ દેહનું મારે શું પ્રયોજન છે? તારા દુષ્ટના સંબંધથી મને લજ્જા આવે છે, મહાત્માનો અપરાધ કરનારના જન્મને ધિક્કાર છે. ૨૨ જ્યારે ભગવાન સદાશિવ હસતાં હસતાં "હે દાક્ષાયણી! એમ તારૂં નામ લઇને મને બોલાવે છે, ત્યારે તુરત મારૂં હસવું બોલવું બંધ પડી જઈ મને ક્લેશ થાય છે, માટે તારા શરીરથી ઉત્પન્ન થયેલા આ દેહનો હું જરૂર ત્યાગ કરીશ. ૨૩

મૈત્રેય કહેછે—હે શત્રુને હણનારા! આ પ્રમાણે સતી દક્ષને કહીને ચૂપ રહ્યાં, અને ઉત્તર દિશા તરફ મુખ કરી પૃથ્વી ઉપર બેશી ગયાં. પછી પીતાંબર પેહેરી, આચમન લઈ, આંખો મીંચીને યોગસમાધિ ચઢાવી. ૨૪ આસન જીતી, નાભિચક્રમાં પ્રાણ તથા અપાન વાયુને એકઠા કરી ત્યાંથી ઉદાન વાયુને ઉપર ખેંચી બુદ્ધિની સાથે હૃદયમાં લાવીને ત્યાંથી ધીરે ધીરે કંઠ માર્ગે ભ્રકુટિના મધ્યમાં લાવ્યાં. ૨૫ આ પ્રમાણે મહાત્માજનોને પરમપૂજ્ય મહાદેવે જેને આદરમાનથી ખોળામાં બેસાડેલો એવો પોતાનો દેહ, દક્ષપ્રજાપતિ ઉપર ક્રોધ કરીને છોડી દેવા માટે સતી દેવીએ પોતાના શરીરમાં પવન અને અગ્નિને ધારણ કર્યો. ૨૬ પછી પોતાના પતિ જગદ્ગુરૂ સદાશિવનાં ચરણારવિંદનું ધ્યાન કરતાં સતીએ બીજું કાંઇ પણ જોયું નહી, અને સતીનો નિષ્પાપ દેહ સમાધિથી ઉત્પન્ન થયેલા અગ્નિવડે તુરત બળીને ભસ્મ થઇ ગયો. ૨૭ આ આશ્ચર્ય જોનારાઓનો આકાશમાં અને પૃથ્વી ઉપર મોટો હાહાકાર વરતાયો કે—"હાય! પરમપૂજ્ય સદાશિવનાં પ્રિયા સતીએ દક્ષના અપમાનથી કોપ કરીને પ્રાણ ત્યાગ કર્યો! ૨૮ અહો! આ સ્થાવર જંગમ સર્વ જેની પ્રજા છે, એવા દક્ષની મોટી દુષ્ટતા તો જુઓ! કે જેણે અપમાન કરવાથી વારંવાર માન આપવા યોગ્ય સતી દેવીએ પ્રાણ ત્યાગ કર્યો. ૨૯ શિવદ્વેષી, બ્રહ્મદ્રોહી, અને કઠોર ચિત્તવાળા દક્ષની લોકમાં મોટી અપકીર્તિ થશે. કેમકે તેના અપમાનથી મરવાને તૈયાર થયેલી દીકરીને તેણે વારી નહી. ૩૦ આ પ્રમાણે લોકો બોલતા હતા એટલામાં સતીનો આશ્ચર્યકારક પ્રાણત્યાગ જોઇને મહાદેવના પાર્ષદો હથિયારો ઉપાડીને દક્ષને મારવા ઊઠયા, ૩૧ પાર્ષદોને વેગથી આવતા જોઇને ભગવાન ભૃગુ ઋષિએ યજ્ઞભંગ કરનારાનો નાશ કરવા માટે યજુર્વેદના મંત્રથી દક્ષિણાગ્નિમાં હોમ કર્યો. ૩૨ અધ્વર્યુએ હોમ કરતાંજ તપથી સોમરસને પામેલા હજારો ઋભુ નામના દેવતાઓ યજ્ઞના કુંડમાંથી બ-

દ્વાર નીકળ્યા. ૩૩ બ્રહ્મતેજથી શોભતા એ ઋભુ દેવતાઓએ બળતાં લાકડાંથી ભુત પ્રેતાદિકને મારવા માંડયા, તેથી તેઓ ચારે દિશાઓમાં નાશી ગયા. ૩૪

तैरलातायुधैः सर्वे प्रमथाः सहगुह्यकाः ॥

हन्यमाना दिशो भेजुरुशद्भिर्ब्रह्म तेजसा ३४

ઇતિ શ્રી ભાગવતપુરાણના ચતુર્થ સ્કંધમાં "સતીએ દેહત્યાગ કર્યો" એ નામનો ચોથો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૫ મો.

સદાશિવના કોપથી ઉત્પન્ન થયેલા વીરભદ્રે દક્ષના યજ્ઞનો ભંગ કર્યો.

मैत्रेय उवाच·

भवोभवान्या निधनं प्रजायते ।

रसत्कृताया अवगम्य नारदात् ॥

स्वपार्षदं सैन्यंच तदध्वरर्भुभि ।

र्विद्रावितं क्रोधमपारमादधे ॥१॥

મૈત્રેય કહેછે—હે વિદુર! દક્ષે કરેલા અપમાનથી સતીના દેહત્યાગની અને તેના યજ્ઞ સંબંધી ઋભુ દેવતાઓથી પાર્ષદોની સેના ભાગી જવાની વાત નારદજી પાસેથી સાંભળી શિવજીને અપાર ક્રોધ ઉત્પન્ન થયો. ૧ અને ક્રોધથી દાંત વડે હોઠ પીસીને ભગવાન રૂદ્રે અટ્ટહાસ્ય કર્યું, અને ગંભીર નાદ કરી વિજળી તથા અગ્નિની જવાળા જેવા તેજવાળી જટાને ઉખેડીને પૃથ્વી ઉપર પછાડી. ૨ તેમાંથી વીરભદ્ર ઉત્પન્ન થયો, તેનું શરીર આકાશને અડે એવું ઊંચું હતું, તેને હજાર હાથ હતા, મેઘના જેવો શ્યામ રંગ હતો, સૂર્ય જેવાં ત્રણ નેત્ર હતાં, ભયંકર દાઢો હતી. બળતા અગ્નિ જેવા કેશ હતા, ખોપરીઓની માળા ધારણ કરી હતી, અને અનેક જાતનાં આયુધો ઊગામ્યાં હતાં, ૩ તે વીરભદ્ર હાથ જોડીને કહેવા લાગ્યો કે—"હું શું કરૂં"? ત્યારે મહાદેવે આજ્ઞા કરી કે—"યજ્ઞ સહિત દક્ષનો નાશ કર. હે રૂદ્ર! તું મારા પાર્ષદોમાં મુખ્ય છે, માટે તું દક્ષને મારી શકીશ." ૪ હે વિદુર! કોપેલા સદાશિવની એવી આજ્ઞા સાંભળીને પ્રદક્ષિણા કરીને વીરભદ્ર ચાલ્યો. તે સમયે અટકાવી ન શકાય એવા વેગથી તે પોતાના આત્માને, બીજો ભારે બળવાળા લોકોની શક્તિનો નાશ કરવાને સમર્થ સમજતો હતો. ૫ ને ભયંકર ગર્જના કરીને મૃત્યુનો પણ નાશ કરે એવું ત્રિશુળ ઊગામી પગમાં પેહેરેલાં ઘરેણાંનો ખણખણાટ કરતો દોડયો. તેની પાછળ મહાદેવના પાર્ષદો પણ ભયંકર ગર્જનાઓ કરતા દોડયા. ૬ ઋત્વિજ, યજમાન, સભાસદો, બ્રાહ્મણો અને બ્રાહ્મણીઓ ઉત્તર દિશામાં ધુળ ઊડતી જોઇ વિચાર કરવા લાગ્યાં કે—આ અંધારૂં શાથી થઇ ગયું? અને આ ધુળ કયાંથી આવી? ૭ વાયુ નથી, તેમ ચોર પણ નથી; કારણ કે ભયંકર દંડ દેનારો પ્રાચિન બર્હિષ રાજા હજુ જીવતો છે, તેથી ગાયો હરી જવાનો પણ સંભવ નથી, તો પછી આ ધુળ કયાંથી આવી? શું હમણાં જગતનો પ્રલય તો નહી થઇ જાય? ૮ દક્ષની સ્ત્રી પ્રસૂતિ વગેરે સ્ત્રીઓ ખેદ કરતી બોલી કે—પોતાની પુત્રીઓના દેખતાં પોતાની નિરપરાધી દીકરી સતીનું દક્ષે અપમાન કર્યું, તે પાપનું આ ફળ છે. ૯ જો મહાદેવજી પ્રલયકાળે જટાજુટ છુટા મુકી પોતાના ત્રિશુળની અણીઓમાં દિગ્ગજોને પરોવી લે છે, અને અસ્ત્ર ઉપાડેલ ભુજારૂપ ધ્વજાઓ ઊંચી કરી જે મહા અટ્ટહાસ્ય કરેછે, જેના કડાકાથી દિશાઓ ફાટી જાયછે. ૧૦ તે અસહ્ય તેજવાળા, ક્રોધાવેશવાળા, વાંકી ભ્રકુટિથી અસહ્ય, અને ભયંકર દાઢોથી તારામંડળને વીખેરી નાંખનારા ભગવાન શંકરને કોપાવનારા બ્રહ્માનું પણ શું કલ્યાણ થઇ શકેછે? ૧૧ એ રીતે ઉદ્વેગ પામી લોકો વાતો કરી રહ્યા હતા, એટલામાં તો દક્ષના યજ્ઞમાં ભયસૂચક મહા ઉત્પાત આકાશ અને પૃથ્વી ઉપર બધે થવા લાગ્યા. ૧૨ હે વિદુર! એટલામાં તો અનેક હથિયારોવાળા, કાળા, પીળા, ઠીંગણા અને મગરના જેવાં

તથા મોઢાંવાળા અનેક રૂદ્રગણોએ મોટો યજ્ઞ ઘેરી લીધો. ૧૩ કેટલાક પાર્ષદોએ યજ્ઞશાળાના પૂર્વ પશ્ચિમ સ્તંભ, કેટલાકે સ્ત્રીઓની શાળા, કેટલાકે ક્રિડાસ્થાન, અને કેટલાકે ભોજનશાળા તોડી નાંખી. ૧૪ કેટલાએકે યજ્ઞનાં પાત્રો ભાંગી નાંખ્યાં, કેટલાકે અગ્નિનો નાશ કર્યો, કેટલાક યજ્ઞકુંડમાં મૂતર્યા, અને કેટલાકે યજ્ઞની વેદિકા તથા મેખળા તોડી નાંખી. ૧૫. કેટલાએક મુનિઓને મારવા લાગ્યા, કેટલાએક સ્ત્રીઓનો તિરસ્કાર કરવા લાગ્યા, કેટલાક ઊભેલા તથા નાસતા દેવોને પકડવા લાગ્યા. ૧૬ ભૃગુઋષિને મણિમાને બાંધી લીધા, દક્ષને વીરભદ્રે બાંધી લીધો, પૂષાદેવને ચંડીશે બાંધી લીધા, અને ભગદેવતાને નંદીશ્વરે બાંધી લીધા. ૧૭ મહાદેવના પાર્ષદો ધારીધારીને પત્થરો મારવા લાગ્યા, તેથી સર્વે ઋત્વિજો, સભાસદો તથા ઋષિઓ બહુજ પીડા પામીને નાસવા લાગ્યા. ૧૮ હાથમાં સરવો ઝાલીને હોમ કરતા ભૃગુ ઋષિની દાઢી વીરભદ્રે ઊખેડી નાંખી, કારણ કે તે દાઢી તથા મુછો ઉપર હાથ નાંખીને સભામાં હસ્યા હતા. ૧૯ ભગ દેવતાને ભોંયપર પછાડીને તેની આંખો કાઢી લીધી, કારણ કે જ્યારે દક્ષે શિવની નિંદા કરી હતી, ત્યારે તેણે આંખનો ઇસારો કર્યો હતો. ૨૦ જેમ બળભદ્રજીએ કલિંગ દેશના રાજાના દાંત પાડી નાંખ્યા હતા, તેમ વીરભદ્રે પૂષાના દાંત પાડી નાંખ્યા, કારણકે દક્ષે મહાદેવની નિંદા કરી હતી તે વખતે તે દાંત દેખાડીને હસ્યો હતો. ૧૧ પછી દક્ષની છાતી ઉપર ચઢી બેશીને વીરભદ્ર તીક્ષ્ણ ધારવાળા શસ્ત્રથી તેનું માથું કાપવા લાગ્યા, પણ તે કાપી શકાયું નહી. ૨૨ જ્યારે અસ્ત્ર અને શસ્ત્રથી તેની ચામડી પણ કપાઇ નહી, ત્યારે ઘણો વિસ્મય પામીને વીરભદ્રે ઘણીવાર સુધી વિચાર કર્યો. ૨૩ પછી યજ્ઞમાં જેમ પશુનું ગળું દાબીને મારી નાંખવામાં આવેછે, તેમ વીરભદ્રે દક્ષરૂપ પશુનું માથું દાબીને મરડી નાંખ્યું. ૨૪ વીરભદ્રના આ કામનાં વખાણ કરતા ભૂતપ્રેતો 'બહુ સારૂં થયું, બહુ સારૂં થયું' એમ બોલવા લાગ્યા, અને દક્ષના બ્રાહ્મણો વગેરે 'બહુ ખોટું થયું, બહુ ખોટું થયું' એમ બોલવા લાગ્યા. ૨૫ પછી વીરભદ્રે ઘણા ક્રોધથી દક્ષનું માથું, દક્ષિણાગ્નિમાં હોમી દીધું અને યજ્ઞમંડપ બાળી મૂકયો. પછી તે ત્યાંથી ચાલીને કૈલાસમાં ગયા. ૨૬

जुहावैतच्छिरस्तस्मिन् दक्षिणाग्नावमर्षितः ॥
तद्देवयजनंदग्ध्वा प्रातिष्ठद्गुह्यकालयं ॥२६॥

ઇતિ શ્રી ભાગવતપુરાણના ચતુર્થ સ્કંધમાં "વીરભદ્રે દક્ષના યજ્ઞનો ભંગ કર્યો" એ નામનો ૫ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૬ ઠ્ઠો.

બ્રહ્માએ સદાશિવની પાસે જઈ દક્ષાદિકને સજીવન કરવા માટે સ્તુતિ કરી.

मैत्रेय उवाच.

अथदेवगणाः सर्वे रुद्रानीकैः पराजिताः ॥
शूलपट्टीशनिस्त्रिंश गदापरीघ मुद्गरैः ॥१॥

મૈત્રેયજી કહેછે—હે વિદુરજી! પછી મહાદેવની સેનાથી હારેલા, અને ત્રિશૂળ, પટ્ટીશ, ખડ્ગ, ગદા, પરીઘ અને મુદ્‌ગરના મારથી ઘવાઇને છિન્નભિન્ન થયેલા દેવતાઓ, ઋત્વિજો અને સભાસદો ભયભીત બનીને બ્રહ્મા પાસે ગયા, અને પ્રણામ કરીને સઘળી હકીકત કહી. ૧ ૨ આ ભવિષ્ય, બ્રહ્મા અને વિશ્વાત્મા નારાયણ પ્રથમથીજ જાણતા હતા, તેથી તેઓ દક્ષના યજ્ઞમાં ગયા ન હતા. ૩ દેવતાઓનું કહેવું સાંભળીને બ્રહ્મા બોલ્યા કે—"તેજસ્વી પુરૂષે કરેલા અપરાધનો બદલો વાળવાને સામો તેનો અપરાધ કરવાની ઇચ્છા કરે તો ફળ સારૂં નીવડતું નથી. ૪ તમે યજ્ઞમાં ભાગ લેનારા મહાદેવનો યજ્ઞભાગ બંધ કર્યોછે, માટે તરત પ્રસન્ન થનારા મહાદેવનાં ચરણોમાં દંડવત કરીને તેમને પ્રસન્ન કરો. વળી તમે જો અધુરો રહેલો યજ્ઞ પૂરો કરવાને ઇચ્છતા હો તો દુષ્ટ વચનોથી હૃદયમાં વીંધાયેલા અને સ્ત્રી વિનાના થઇ

ગયેલા સદાશિવની પાસે જઈને ક્ષમા માગો, કારણ કે તેમના કોપથી લોકપાળો સહિત સર્વે લોકોનો નાશ થઇ જાયછે. ૬ એ સદાશિવનાં તત્વ, બળ અને પરાક્રમને હું, ભગવાન નારાયણ, તમે, ઇંદ્ર, મુનિઓ કે બીજા પ્રાણીઓ પણ જાણતો નથી. તો એવા સ્વતંત્ર દેવની પાસે જવાના ઉપાય કોણ કરી શકે?" ૭ એ પ્રમાણે કહી, દેવતાઓ, પિતૃઓ તથા પ્રજાપતિઓને સાથે લઇને બ્રહ્મા બ્રહ્મલોકમાંથી શંકરના નિવાસસ્થાન કૈલાસમાં ગયા. ૮ એ કૈલાસમાં જન્મથીજ ઔષધિઓ, તપ, મંત્ર અને યોગસિદ્ધિવાળા દેવતા, કિન્નરો, ગંધર્વો અને અપ્સરાઓ નિરંતર રહેછે. ૯ જ્યાં અનેક પ્રકારની ધાતુઓથી ચિત્રવિચિત્ર રંગવાળા પર્વતોનાં શિખરોમાં અનેક પ્રકારના મણિઓ શોભી રહ્યા છે, અને નાના પ્રકારનાં વૃક્ષ, લતા અને ગુચ્છા લટકી રહ્યા છે, અને નાના પ્રકારનાં પશુઓનાં ટોળે ટોળાં દોડી રહ્યાં છે. ૧૦ નિર્મળ પાણીનાં ઝરણાં અનેક ઝરે છે, અનેક ગુફાઓ અને શિખર શોભાયમાન છે, અને જ્યાં સિદ્ધપુરૂષોની સ્ત્રિઓ પોતાના પતિ સાથે અતિ સુંદર રીતિથી ક્રીડા કરી રહી છે. ૧૧ જેમાં મોર ટોકા કરી રહેલા છે, મદથી અંધ થયેલા ભ્રમર ગુંજારવ કરી રહ્યા છે, કોયલ "કુહુકહુ" શબ્દ કરી રહી છે, પક્ષીઓ કલ્લોલ કરી રહ્યાં છે. ૧૨ મન વાંચ્છિત કામનો પુરી કરનારાં વૃક્ષોની શાખાઓ એવી દેખાય છે કે-જાણે ઊંચા હાથ કરીને પક્ષિઓને આ પર્વત બોલાવી રહેલો છે, હાથિઓથી તે પર્વત ચાલતો હોય એમ લાગેછે, ઝરણાંઓથી આમ લાગે છે કે-જાણે આ પર્વત બોલી રહ્યો છે. ૧૩ત્યાં મંદાર, પારિજાતક, દેવદાર, તમાલ, શાલ, તાલ, કોવિદાર, અસન, અર્જુન, આંબા, કદંબ, નીલ, અર્જુનવૃક્ષ, નાગ, નાગકેસર, ચંપા, ગુલાબ, અશોક, બોરસલી, મોગરા, કુરબક, સોનેરી રંગનાં સો પાંખડીવાળાં કમળો, સારી સારી જાતના વાંસ, કુબ્જક, મલ્લિકા, માધવી, ફણસ, ઉંબરા, પીપળા, પીપર, વડ, હીંગ, ભોજપત્ર, ઔષધિયો, સોપારી, રાજપૂર, જાંબુ, ખજુરી, આંબળાં, અંબેડાં, દ્રાક્ષ, મહુડાં અને ઇંગોરા, આદિ અનેક વૃક્ષોની શોભા થઇ રહી છે, તથા બીજાં પણ અનેક જાતનાં વૃક્ષોની તથા વાંસ, કીચક, કુમુદ, ઉત્પલ, કલ્હાર, અને શતપત્ર જાતિનાં કમળોનાં વનની સમૃદ્ધિ છાઇ રહી છે, સરોવર ઉપર પક્ષિયોનાં ટોળાં મોટા શબ્દ કરી રહ્યાથી પર્વત શોભી રહ્યા છે. ૧૪-૧૯ હરણ, વાનર, સૂઅર, સિંહ, રીંછ, શેળા, રોઝ, કસ્તુરીમૃગ, વાઘ અને રૂરૂ જાતનાં મૃગો તથા પાડાઓ વગેરેથી ઘેરાઈ રહેલ છે. ૨૦ કેળોના વનથી ઘેરાયલાં જળાશયોના કાંઠા શોભી રહેલા છે. અને સતીનાં સ્નાન કરવાથી અતિ પવિત્ર જળવાળો નંદા નામનો ગંગા પ્રવાહ જેને ઘેરી રહેલો છે, એવા મહાદેવજીના કૈલાસ પર્વતને જોઇ દેવતાઓ વિસ્મય પામ્યા. ૨૧ ત્યાં તેઓએ અતિ રમણિય અલકા નામની કુબેરની નગરી જોઇ, અને ત્યાં સૌગંધિક નામનાં કમળોવાળું સૌગંધિક નામનું વન જોયું ૨૨ હરિ ભગવાનની ચરણ રજથી અતિ પવિત્ર નંદા અને અલકનંદા નામની બે નદીઓ વહેછે. ૨૩ હે વિદુર! એ નદીઓમાં રતિથી વ્યાકુળ થયેલી દેવતાઓની સ્ત્રિયો પોતાનાં વિમાનમાંથી ઉતરી ક્રીડા કરે છે, અને પોતાના પતિ સાથે જળ ક્રીડા કરી પતિ ઉપર જળ નાંખી ભિંજવ્યા કરે છે. ૨૪ દેવાંગનાઓના ન્હાવાથી તેઓના શરીરપરનાં નવીન કેસર તેમાં પડવાથી તે નદિયોનું જળ પીળા રંગનું સુગંધિત રહ્યા કરે છે, અને તે સુગંધને લીધે હાથીઓ તરસ વગર પણ તે જળ પીએ છે. અને હાથણિયોને પાય છે. ૨૫ જેમ આકાશમાં વિજળી સહિત આકાશ શોભા આપે, તેમ ચાંદીનાં, સોનાનાં અને અમૂલ્ય રત્નોનાં સેંકડો વિમાનોમાં બેઠેલી યક્ષોની સ્ત્રિયો જ્યાં શોભી રહી છે, તે કુબેરની અલકાપુરી અને સૌગંધિક નામનો બાગ કે-જેમાં આનંદકારી વિચિત્ર પુષ્પ, ફળ અને પાંદડાં વાળાં મનોરથ પુરનારાં ઝાડો શોભી રહ્યાં છે. ૨૬-૨૭ કોયલોનાં ટોળાં સુ-

દર બોલી રહ્યાં છે, ભ્રમર પણ ગુંજારવ કરેછે. કમળવનવાળાં જળાશયો શોભી રહ્યાં છે. ૨૮ જ્યાં વનના હાથીઓની પીઠ ઘસાવાથી હરિચંદનની સુગંધીથી મિશ્રિત વાયુના પ્રભાવે યક્ષોની સ્ત્રિયોનાં મન અતિ કામાતુર થઈ રહ્યાં છે, અને વળી જ્યાં વૈદુર્ય મણિની સીડીવાળી કમળ માળાથી શોભાયમાન વાવો છે, એવા રાજહંસોને પ્રિય તે બાગનો ત્યાગ કરી, કિંપુરૂષ જ્યાં આવી રહેલા છે, તેવો એ પ્રદેશ જોયા પછી, તેઓએ બહુજ સમીપમાં એક વડનું ઝાડ જોયું. ૨૯-૩૦-૩૧ તે વડ સો યોજન ઉંચો, પોણા સો યોજન વિસ્તારવાળો અને ચારે તરફ અચળ છાયા કરનારો છે, કોઈ પક્ષીનો તેમાં માળો નથી. અને ત્યાં જરા પણ તડકો નથી. ૩૨ તે મહાયોગમય વડ તળે, મુમુક્ષુ લોકોને શરણરૂપ અને ક્રોધ તજીને જાણું કાળ જ બેઠો હોય એવા મહાદેવજી બેઠા હતા, તેમને દેવતાઓએ દીઠા. ૩૩ એ શાંતસ્વરૂપ સદાશિવને શાન્તરૂપ સનંદન-આદિ મોટા સિદ્ધો અને રાક્ષસો તથા યક્ષોના રાજા મહાદેવજીના મિત્ર કુબેરજી પણ સેવતા હતા. ૩૪ તે મહાદેવજી કેવા છે કે વિદ્યા, તપ અને યોગ માર્ગના પ્રવર્ત્તક છે, જગતના મિત્ર, પ્રેમથી જગતનું કલ્યાણ કરનારા, અને સર્વેશ્વર છે. ૩૫ ભસ્મ, દંડ, જટા અને મૃગચર્મ રૂપ તપસ્વિયોનાં અભિષ્ટ ચિહ્ન ધારણ કરેલ, અને સંધ્યા સમયના વાદળાના જેવી કાન્તિવાળા પોતાના મસ્તક ઉપર ચંદ્રરેખા ધારણ કરી રહેલા છે. ૩૬ દર્ભના આસનઉપર બિરાજેલ છે, અને નારદજી જે પ્રશ્ન કરે છે, તેનો સત્પુરૂષોના સન્મુખ સનાતન પરબ્રહ્મનો ઉપદેશ કરી રહ્યા છે. ૩૭ જમણી સાથળઉપર ડાબો પગ રાખીને અને ડાબા ઢીંચણઉપર હાથ રાખી, કાંડાંમાં રૂદ્રાક્ષની માળા ધારણ કરી તર્કમુદ્રાથી ઉપલક્ષિત થઈ બેઠા હતા. ૩૮ બ્રહ્માનંદમાં એકાગ્ર થઇ તથા યોગપટ્ટ (ડાબો ગોઠણ સ્થિર રાખવા માટે પાવડી) રાખીને બેઠેલા મનન શીલ મુનિ પુરૂષોમાં મુખ્ય મહાદેવજીને લોકપાળ અને મુનિ લોકોએ હાથ જોડીને પ્રણામ કર્યા. ૩૯ મોટા મોટા દેવતા અને દૈત્ય જેનાં ચરણ કમળને નિત્ય દંડવત્ કરે છે. તે મહાદેવજી બ્રહ્માને આવતા જોઇ ઝટ ઉઠી ઉભા થયા, અને જેમ સર્વ પૂજ્ય વિષ્ણુ વામનજીએ કશ્યપને પ્રણામ કર્યા હતા, તે પ્રમાણે શંકરે બ્રહ્માને નમસ્કાર કર્યા. ૪૦ એ પ્રમાણે બીજા સિદ્ધ લોકો અને મોટા મોટા રૂષિ કે-જે મહાદેવ પાસે બેઠા હતા, તેઓએ પણ બ્રહ્માને પ્રણામ કર્યા એ પ્રમાણે જેને સર્વેએ પ્રણામ કર્યા છે એવા બ્રહ્મા જાણે હસતા હોય, તેમ સર્વ લોકોને નમસ્કાર કરવા યોગ્ય ચંદ્રચુડ મહાદેવને કહેવા લાગ્યા. ૪૧

બ્રહ્મા કહે છે કે—હે ઇશ! હું આપને સારી રીતે જાણું છું કે—આપ જગતના સ્વામી અને જગતની શક્તિ અને બીજ રૂપ પ્રકૃતિ પુરૂષના પણ કારણ અને ભેદ રહિત તથા નિર્વિકાર બ્રહ્મરૂપ છો. ૪૨ હે ભગવાન! શિવ શક્તિરૂપ, વિભાગ રહિત પ્રકૃતિ-પુરૂષમાં ક્રીડા કરતા આપ જ કરોળીઆની પેઠે આ જગતને રચો છો, પાલન કરો છો અને પછી પોતે પોતામાં લીન કરી લોછો, તમારી ગતિનો કોઇ પાર પામતું નથી. ૪૩ ધર્મ, અર્થ પૂર્ણ કરવા માટે, વેદની રક્ષા માટે આપે જ દક્ષ દ્વારા યજ્ઞ કરાવ્યો હતો, અને જગતની મર્યાદા આપની જ બાંધેલી છે કે-જે મર્યાદાને બ્રાહ્મણ લોક નિયમ પૂર્વક શ્રદ્ધાથી પાળે છે. ૪૪ હે મંગળ રૂપ! શુભ કર્મ કરનારને સ્વર્ગ અથવા મોક્ષ દેનારા અને અશુભ કર્મ કરનારને ભયંકર નરક અંધતામિસ્ર દેનારા પણ આપ જ છો; છતાં તેમાં કોઇ પુરૂષને શા માટે એથી ઉલટું ફળ મળે છે? ૪૫ આપના ચરણોમાં ચિત્ત રાખનારા, પ્રાણી માત્રમાં આપનેજ જોનારા અને સર્વ જગતને પોતાના સ્વરૂપથી અભિન્ન જોનારા સત્પુરૂષોનો ઘણું કરીને અજ્ઞાનીઓની પેઠે ક્રોધથી પરાભવ થઇ શકતો નથી, ત્યારે આપની તો વાત જ શી? ૪૬ એથી જ ભેદ બુદ્ધિવાળા, કેવળ કર્મમાં જ દૃષ્ટિ રાખનારા અને દુષ્ટ વાસનાવાળા, તથા બીજાની સંપ-

ત્તિ જોઇ, હૃદયમાં નિરંતર બળનારા મર્મભેદી પુરૂષ, બીજા લોકોને દુર્વચનોથી ભલે પીડા કરે; તોપણ દૈવથી ભ્રષ્ટ થયેલા એ લોકોને આપ સરખા મહાત્મા પુરૂષોએ ધર્મ પ્રમાણે મારવા યોગ્ય નથી. ૪૭ ભગવાનની અપાર માયાથી મોહિત થયેલા લોક ભેદ બુદ્ધિ રાખે; તોપણ મહાત્મા પુરૂષ પોતાની કોમળતાથી, એ દૈવે જ કરાવ્યું છે, એમ સમજી તેના ઉપર દયા જ રાખે છે, પણ તેને મારતા નથી. ૪૮ માટે હે પ્રભુ! માયાથી દુર્બુદ્ધિ થયેલા અને કેવળ કર્માસક્ત લોકોઉપર આવા અપરાધ વેળા ક્ષમા કરો; આપ પરમ પુરૂષ ભગવાનની અપાર માયાથી મોહિત નહી થયેલા સર્વજ્ઞ છો. ૪૯ હે પ્રભુ! આ યજ્ઞ કે—જેમાં યજન કરનારા મુર્ખ લોકોએ યજ્ઞનું ફળ દેનાર આપને યજ્ઞનો ભાગ ન આપ્યો, એથી આપે જેનો નાશ કર્યો છે, એવા પ્રજાપતિ દક્ષના અધુરા યજ્ઞનો ઉદ્ધાર કરો. ૫૦ યજમાન જીવતો થઇ જાય, ભગની આંખો પાછી સારી થઇ જાય, ભૃગુને દાઢી મુછ આવે, અને પૂષાના દાંત પ્રથમના જેવા થઇ જાય. ૫૧ હે મન્યુદેવ! દેવતાઓ અને ઋત્વિજોનાં જે અંગ શસ્ત્ર અને પત્થરોથી ભાંગી ગયાં છે, એ પણ આપની કૃપાથી પાછાં પ્રથમના જેવાં સારાં થઇ જાય. ૫૨ હે યજ્ઞનો નાશ કરનાર રૂદ્ર! જે કાંઇ યજ્ઞમાં અવશેષ* સામગ્રી રહેશે, તે સર્વ આપનોજ ભાગ છે. એમ આ સર્વ માન્ય કરે છે. માટે તે રૂદ્રભાગ આપવાથી આજ આ યજ્ઞ પૂરો થવો જોઇએ. ૫૩

एष ते रुद्रभागोस्तु यदुच्छिष्टाऽध्वरस्यवै ॥
यज्ञस्ते रुद्रभागेन कल्पतां मद्य यज्ञहन् ॥५३॥

ઇતિ શ્રી ભાગવતપુરાણના ચતુર્થ સ્કંધમાં વિદુર મૈત્રેય સમ્વાદમાં "રૂદ્ર સાંત્વન" નામનો ૬ ઠ્ઠો અધ્યાય સંપૂર્ણ.

---

* ચૌદભુવન નાશ પામ્યા પછી જે શેષ રહે અથવા જે સર્વની ઉપર રહે તે ઉચ્છિષ્ટ છે, આનન્દ સ્વરૂપ બ્રહ્મનું નામ ઉચ્છિષ્ટ છે. યજ્ઞ નામ સંસારનુંછે. સંસાર નાશ થયા પછી જે બ્રહ્માનંદ શેષ રહેછે તે ઉચ્છિષ્ટ છે, તે શિવનો ભાગ છે.

અધ્યાય ૭ મો.

દક્ષે તથા શંકરે ભગવાનની સ્તુતિ કરવાથી શ્રી વિષ્ણુ યજ્ઞમાં પ્રગટ થયા અને તેમણે દક્ષના યજ્ઞનો પાછો આરંભ કરાવ્યો.

मैत्रेय उवाच.

इत्यजेनानुनीतेन भवेनपरितुष्यता ॥
अभ्यधायिमहाबाहो प्रहस्य श्रूयतामिति ॥

મૈત્રેય કહે છે—હે મહાબાહુ વિદુરજી! એ પ્રમાણે બ્રહ્માએ સ્તુતિ કરી, ત્યારે પ્રસન્ન થઇ સદાશિવે હસીને કહ્યું કે-સાંભળો. ૧

શંકર કહે છે—હે બ્રહ્મા! ભગવાનની માયાથી મોહ પામેલા એ મૂર્ખાઓના અપરાધ હું વર્ણવતો નથી, તેમ મનમાં પણ લાવતો નથી, આ વખતે મેં તેઓને શિક્ષા દાખલ દંડ કર્યો છે. ૨ દક્ષ પ્રજાપતિનું માથું બળી ગયું છે, તેથી તેનું મોઢું બકરાના જેવું થશે, અને ભગદેવતા પોતાના યજ્ઞના ભાગને મિત્રદેવનાની આંખોથી જોશે. ૩ પૂષા દેવતા યજમાનના દાંતોથી લોટ ખાશે, અને બીજા દેવતા કે જેઓએ મને યજ્ઞનો શેષભાગ આપ્યો છે, તેઓનાં સર્વ અંગ સંધાઇ જશે. ૪ પરંતુ જેઓનાં અંગ કપાઇ ગયાં છે એવા અધ્વર્યુ અને બીજા ઋત્વિજોના બાહુનું કામ અશ્વિનીકુમારોના બાહુઓથી અને હાથોનું કામ પૂષા દેવતાના હાથથી ચાલશે, અને ભૃગુઋષિને બોકડાના વાળની દાઢી તથા મૂછો થશે. ૫

મૈત્રેય કહે છે—હે વિદુર! મહાદેવનાં એવાં વચનો સાંભળીને સર્વ પ્રાણીઓ રાજી થઇ વાહવા! વાહવા! એમ બોલવા લાગ્યાં. ૬ પછી ઋષિઓ સહિત દેવતાઓ શંકરની રજા લઇને મહાદેવ તથા બ્રહ્મા સહિત યજ્ઞભૂમિમાં આવ્યા. અને સદાશિવે જેમ કહ્યું હતું, તે પ્રમાણે સઘળું કર્યું. અને યજ્ઞના પશુનું માથું દક્ષના ધડની સાથે સાંધ્યું. ૭-૮ માથું સાંધતાંજ મહાદેવે દક્ષના તરફ જોયું તો તે જાણે ઊંઘમાંથી જાગીને ઉભો થયો

હોય તેમ ઉભો થયો, ને જોયું તો સન્મુખ મહાદેવને દીઠા. ૯ મહાદેવનો દ્વેષ કરવાથી મલીન થયેલા અંતઃકરણવાળા દક્ષે શિવનાં દર્શન કરવાથી તેનું અંતઃકરણ શરદ્‌ઋતુના જળાશય જેવું નિર્મળ થઈ ગયું. ૧૦ આ વખતે તેણે મહાદેવની પ્રાર્થના કરવા માંડી પણ મરણ પામેલી પુત્રી સતીનું સ્મરણ થઇ આવતાં પ્રેમ તથા આતુરતાને લીધે આંખોમાં આંસુ આવી ગયાં. ૧૧ પછી પ્રેમથી વિહ્વળ થયેલા સુબુદ્ધિવાન દક્ષ પ્રજાપતિ, મહા મુશ્કેલીથી મનને સ્થિર કરી નિષ્કપટ પણે સદાશિવની સ્તુતિ કરવા લાગ્યા. ૧૨

દક્ષ સ્તુતિ કરે છે—હે મહારાજ! જો કે મેં આપનું અપમાન કર્યું હતું, તો પણ આપે મારી ઉપેક્ષા નહી કરતાં શિક્ષા કરી એ મારા ઉપર મોટો અનુગ્રહ કર્યો છે. હે ભગવાન્! આપ અને વિષ્ણુ તુચ્છ બ્રાહ્મણની પણ ઉપેક્ષા કરતા નથી, તો નિયમ ધારણ કરનારા ઉત્તમ બ્રાહ્મણની ઉપેક્ષા તો કેમજ કરો. ૧૩ હે વિભુ! વેદ તથા બ્રહ્મવિદ્યાની રક્ષા કરવા માટે વિદ્યા, તપ અને વ્રત ધારણ કરનારા બ્રાહ્મણોને પ્રથમ આપે આપના મુખથી ઉત્પન્ન કર્યા છે, માટે જેમ હાથમાં દંડ લઇને ગોવાળ ગાયોનું રક્ષણ કરેછે, તેમ આપ સર્વ વિપત્તિઓથી બ્રાહ્મણોનું રક્ષણ કરોછો. ૧૪ મેં તત્વ નહી જાણનારાએ સભાવચ્ચે દુર્વચન રૂપ બાણોથી આપને દુઃખી કર્યા હતા, તો પણ મારા એ અપરાધ તરફ નહી જોતાં આપે મને કૃપા દૃષ્ટિવડે મહાત્માની નિંદાથી નરકમાં પડતો બચાવ્યો છે, માટે આપ ભગવાન આપનાં કાર્યથી જ પ્રસન્ન થજો. કારણ કે તેનો બદલો વાળવાને હું શક્તિવાન નથી. ૧૫

મૈત્રેય કહે છે—હે વિદુરજી! આ પ્રમાણે દક્ષે શંકરની સ્તુતિ કરી. પછી બ્રહ્માની આજ્ઞાથી ઉપાધ્યાય, ઋત્વિજ અને અગ્નિદ્વારા યજ્ઞક્રિયા ચાલુ કરી. ૧૬ ભૂત પ્રેતાદિકના સંસર્ગનો દોષ ટાળીને યજ્ઞની પ્રવૃત્તિ કરવા માટે બ્રાહ્મણોએ ત્રણ કપાલ ઉપર રંધાયેલો પુરોડાશ વિષ્ણુને ઉદ્દેશીને અગ્નિમાં હોમ્યો. ૧૭ પછી હાથમાં બળી લીધેલાં અધ્વર્યુની સાથે યજમાન દક્ષે શુદ્ધ બુદ્ધિથી શ્રી વિષ્ણુનું ધ્યાન કર્યું કે તરત તે ત્યાં પ્રગટ થયા ૧૮ સામગાન કરનારી પાંખોવાળા ગરૂડપર બેશીને ભગવાન પધાર્યા, તે વખત તેમના તેજથી સર્વની કાંતિ ઝાંખી થઇ ગઈ, અને દશે દિશાઓ પ્રકાશમય થઇ ગઇ. ૧૯ શ્યામ વર્ણવાળા, પીતાંબર ધારણ કરેલા, સૂર્ય સરખા મુગટવાળા, ભ્રમર જેવા કાળા કેશ શોભી રહ્યા છે એવા મુખવાળા, કાનોમાં કુંડળ પેહેરેલા, સોનાનાં નાના પ્રકારનાં આભૂષણો પેહેરેલા, હાથોમાં શંખ, ચક્ર, ગદા, પદ્મ, બાણ, ધનુષ્ય, ઢાલ અને તરવાર ધારણ કરી ભક્તોની રક્ષા કરવામાં તત્પર રહેલા, કરેણનાં વૃક્ષ જેવા શોભાયમાન, ૨૦ વક્ષઃસ્થળમાં રહેલાં લક્ષ્મી તથા વનમાળા વડે શોભતા, ઉદાર હસવાં અને જોવાંથી જગતને રમાડતા એવા ભગવાનને બે બાજુ રાજહંસની પેઠે ચમર તથા વીંઝણા ઢોળાતાં હતાં, અને માથા ઉપર પુનેમના ચંદ્ર જેવું ધોળું છત્ર અત્યંત શોભા આપતું હતું. ૨૧ એવા વિષ્ણુ ભગવાનને પધારેલા જોઇને બ્રહ્મા, ઈંદ્ર તથા શંકર વગેરે સર્વે દેવતાઓએ ઊભા થઇને પ્રણામ કર્યા. ૨૨ અને ભગવાનના તેજથી નિસ્તેજ થયેલા તે દેવતાઓએ મસ્તક ઉપર બે હાથ જોડી હર્ષયુક્ત તથા ગદ્‌ગદ વાણીથી સ્તુતિ કરવા માંડી ૨૩ જો કે તે બ્રહ્માદિકની મન વાણીની વૃત્તિઓ ભગવાનના મહિમાને પોહોચી શકે તેવી નથી, તો પણ તેઓએ, ભકતોના અનુગ્રહ માટે દેહ ધરનારા ભગવાનની પોતાની બુદ્ધિ પ્રમાણે સ્તુતિ કરી. ૨૪ યજ્ઞેશ્વર, જગતને સરજનારા, બ્રહ્માદિકોના પરમગુરૂ, અને નંદસુનંદ વગેરે પાર્ષદોથી વીંટાયેલા ભગવાનની પાસે જઇ દક્ષ પ્રજાપતિએ પૂજાની સામગ્રી અર્પણ કરી, ભગવાને તે પૂજાની સામગ્રીનું પાત્ર ગ્રહણ કર્યું. પછી દક્ષે સાવધ થઇ હર્ષથી બે હાથ જોડીને સ્તુતિ કરવા માંડી. ૨૫

દક્ષસ્તુતિ કરે છે—હે પ્રભુ! તમે જાગ્-

તાદિક અવસ્થાથી રહિત, એક, ભયરહિત, આત્માના સ્વરૂપમાંજ રમનારા, અને શુદ્ધ ચૈતન્યરૂપ છો. તમે માયાનો પરાભવ કરી, સ્વતંત્ર રહેલા છો, તેમ છતાં માયાથી અનુભ રહેલું નાટક કરીને માયામાં રહોછો, તેથી જાણે તમારામાં રાગદ્વેષાદિક રહેલાં હોય એમ દેખાઓછો. ૨૬

ઋત્વિજો સ્તુતિ કરેછે--હે ઉપાધિરહિત! હે ભગવાન ! નંદીશ્વરના શાપથી કર્મમાંજ દુરાગ્રહ કરનારા અને, ધર્મના ઉત્પાદક અને વેદે પ્રતિપાદન કરેલા આ યજ્ઞરૂપ આપના સ્વરૂપને જાણીએ છીએ, જેની સિદ્ધિને માટે જુદા જુદા દેવતાઓની વ્યવસ્થા કરેલી છે. પરંતુ અમે આપના તત્વને જાણતા નથી. ૨૭

સભાસદો સ્તુતિ કરેછે—હે શરણાગત પ્રતિપાળક ! આ ભવસાગરના માર્ગમાં કાંઇ પણ વિશ્રામ નથી, તેમાં ઘણા કલેશવાળાં વિષમ સ્થળો છે, કાળરૂપી ભયંકર સર્પ ફર્યા કરેછે, સુખદુઃખરૂપી મોટા ખાડાઓ છે, ખળપુરૂષરૂપી હિંસક પ્રાણીઓનો ભય છે, શોકરૂપી દાવાનળ સળગ્યા કરેછે અને વિષયરૂપી મૃગતૃષ્ણા રહેલી છે, આવા સંસારમાં કામનાઓથી પીડાતો અજ્ઞાની લોકોના સંઘ, અહંકારરૂપી દેહ તથા મમતારૂપી ઘરનો ભારે બોજો ઉઠાવતો ચાલેછે, તે આપનાં ચરણરૂપી સ્થાનને કયારે પામશે ? ૨૮.

મહાદેવ સ્તુતિ કરેછે—હે વર દેનારા પ્રભુ ! સર્વ વિષયોમાં વૈરાગ્યવાળા મુનિ લોકોને પણ આદરથી પૂજવા યોગ્ય આપનાં ચરણકમળમાં હું મારૂં મન રાખુંછું, તેમ છતાં અજ્ઞાની લોકો મને આચારભ્રષ્ટ કહેછે, તોપણ આપની ઉત્તમ કૃપાથી હું એ વાત ઉપર ધ્યાન આપતોજ નથી. ૨૯

ભૃગુઋષિ સ્તુતિ કરેછે—જેમની ગહન માયાથી આત્મસ્વરૂપને ભૂલી જઈઅજ્ઞાનમાં પડેલા બ્રહ્માદિક દેવતા પણ જેમના તત્વને આજસુધી જાણી શકયા નથી, એવા ભક્તોના આત્મા અને બંધુરૂપ શ્રીહરિ અમારા ઉપર પ્રસન્ન થાઓ. ૩૦

બ્રહ્મા સ્તુતિ કરેછે—પદાર્થોનાં જુદાં જુદાં સ્વરૂપને જાણનારી ઇંદ્રિયોથી પુરૂષ જે કાંઇ જુએછે, તે આપનું સ્વરૂપ નથી; કારણ કે જ્ઞાન, પદાર્થ અને ઇંદ્રિયોના આશ્રયરૂપ આપ માયાના પદાર્થોથી કેવળ જુદાજ છો. ૩૧

ઇંદ્ર સ્તુતિ કરેછે— હે અચ્યુત ! આપનું આ સ્વરૂપ કે જે જગતનું રક્ષણ કરનારૂં, મનવડે દેખાતું, આનંદકારી, અસુરોનો નાશ કરવા માટે ઊગામેલાં શસ્ત્રોવાળું અને આઠ ભુજાઓવાળું છે તે સત્યજ છે. ૩૨

ઋષિપત્નિઓ સ્તુતિ કરેછે - હે યજ્ઞમૂર્તિ! દક્ષ પ્રજાપતિએ આ યજ્ઞ કેવળ આપના યજનને માટે કરેલો છે, તેનો પશુપતિ મહાદેવ દક્ષ ઉપર કોપ કરીને નાશ કર્યોછે, તેથી તે ઉત્સવ વગરના સ્મશાન જેવો થઈ ગયો છે, માટે આપ કમળ જેવી દૃષ્ટિથી તેને પવિત્ર કરો. ૩૩

ઋષિઓ સ્તુતિ કરેછે—હે ભગવાન ! આપનાં ચરિત્ર ગહન છે, કારણ કે આપ પોતે કર્મ કરોછો, તોપણ તેથી લેપાતા નથી, વળી બીજા લોકો સંપત્તિને માટે જે લક્ષ્મીનું ભજન કરેછે તે લક્ષ્મી પણ આપને અનુસરેછે, તોપણ આપ તેનો આદર કરતા નથી. ૩૪

સિદ્ધલોકો સ્તુતિ કરેછે—કલેશરૂપ દાવાનળથી બળી ગયેલો અને તૃષ્ણાથી પીડાતો અમારા મનરૂપી હાથી આપની કથારૂપી અમૃતની નદીમાં પેસી ગયોછે, તેથી તે હવે દાવાનળને સંભારતો નથી તેમ નદીમાંથી બહાર પણ નીકળતો નથી, પણ જાણે પરબ્રહ્મની સાથે એકતા પામ્યો હોય એવો જણાયછે. ૩૫

દક્ષની સ્ત્રી પ્રસૂતિ સ્તુતિ કરેછે—હે લક્ષ્મીના નિવાસરૂપ પરમેશ્વર! હે પરમાત્મા! આપને નમસ્કાર કરૂંછું, આપ અમારા ઉપર પ્રસન્ન થઇ અમારી રક્ષા કરો, જેમ માથા વગર ધડ શોભે નહી, તેમ આ યજ્ઞ આપના વગર શોભતો નથી. આપ લક્ષ્મીસહિત અહીં પધાર્યા તે બહુ સારૂં કર્યું, અમારા ઉપર કૃપા કરો. ૩૬

લોકપાળો સ્તુતિ કરેછે—તમે વિજ્ઞાનરૂપ,

પ્રત્યગાત્મા અને સર્વના દ્રષ્ટા છો, તે અસત પદાર્થોને જોનારી અમારી ઇંદ્રિયોથી જાણી શકાતા નથી, કારણ કે આ પંચભૂતાત્મક શરીરમાં છુપા જીવરૂપે દેખાઓ છો તે આપની માયાજ છે. ૩૭

યોગેશ્વરો સ્તુતિ કરેછે—હે પ્રભુ ! આપ વિશ્વના આત્મારૂપ છો, તે આપનાથી જે પોતાને જુદા નથી દેખતા, તે પુરૂષો કરતાં બીજો કોઇ પુરૂષ આપને પ્રિય નથી. તોપણ હે ભક્તવત્સળ ! હે ઇશ્વર ! અનન્ય વૃત્તિવાળી ભક્તિથી આપની પાસે દોડી આવનારા અમોઉપર તમે કૃપા કરો. ૩૮ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લયમાં જીવોના અદૃષ્ટથી જેના ગુણોના અનેક પ્રકારે ભેદ થાયછે, એવી માયાએ જેના સ્વરૂપમાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશાદિક જુદા જુદા ભેદ કરેલા છે, પરંતુ તમે તો સ્વરૂપમાંજ રહેનારા હોવાથી ભેદથી રહિત શુદ્ધ પરબ્રહ્મ છો, એવા આપને અમે પ્રણામ કરીયે છીએ. ૩૯

બ્રહ્મા સ્તુતિ કરેછે—સત્વગુણને સ્વિકારનારા, ધર્માદિકને ઉત્પન્ન કરનારા, નિર્ગુણ અને જેના તત્વને હું કે બીજો કોઇ જાણતો નથી એવા પરમાત્માને હું પ્રણામ કરૂં છું ૪૦

અગ્નિ સ્તુતિ કરેછે—જેમના તેજથી પ્રકાશ થયેલો હું, ઉત્તમ યજ્ઞોમાં ઘીથી ભીંજાયેલું હવ્ય દેવતાઓને પોહોચાડું છું, તે યજ્ઞનું પાલન કરનારા પાંચ[1] પ્રકારના અને પાંચ મંત્રોથી[2] પૂજાતા યજ્ઞમૂર્તિ ભગવાનને હું પ્રણામ કરૂં છું. ૪૧

દેવતાઓ સ્તુતિ કરેછે—પૂર્વે પોતે રચેલા જગતને પ્રલયકાળે પોતાના ઉદરમાં રાખી, પ્રલયના જળમાં શેષશય્યાપર પોઢેલા હતા, તેજ તમે આદિપુરૂષ છો. જેમના જ્ઞાનમાર્ગનો સિદ્ધ લોકો પોતાના મનમાં વિચાર કરેછે, તે આજ અમોને પ્રત્યક્ષ દર્શન દોછો, અને પોતાના ભક્તોની રક્ષા કરોછો. ૪૨

ગંધર્વો સ્તુતિ કરેછે—હે દેવ ! આ મરીચિ આદિક ઋષિઓ, બ્રહ્મા તથા ઇંદ્રાદિક દેવતાઓ તમારા અંશના પણ અંશ છે, અને આ સઘળું જગત તમારા રમકડારૂપ છે, એવા તમે સમર્થ ઇશ્વરને અમે નિત્ય નમસ્કાર કરીએ છીએ. ૪૩

વિદ્યાધરો સ્તુતિ કરેછે—સર્વ પુરૂષાર્થને આપનારૂં આ શરીર પામીને જે મનુષ્ય તમારી માયાને વશ થઇ તેમાં 'હું અને મારૂં' એવું અભિમાન કરી અવળે માર્ગે ચાલેછે, અને પોતાના પુત્રાદિક તુચ્છકાર કરેછે તેમ છતાં દુષ્ટબુદ્ધિથી તુચ્છ વિષયોની તૃષ્ણા રાખેછે, તેપણ જો તમારી કથારૂપી અમૃતનું પાન કરેછે, તો તેનો મોહ નાશ પામેછે. ૪૪

બ્રાહ્મણો સ્તુતિ કરેછે—યજ્ઞ, હવિ, અગ્નિ, મંત્ર, સમિધ, દર્ભ, પાત્ર, સભાસદ, ઋત્વિજ, યજમાન, યજમાની, દેવતા, અગ્નિહોત્ર, સ્વધા, સોમ, ઘી અને પશુ એ સર્વ આપનુંજ સ્વરૂપ છે. ૪૫ હે વેદમૂર્તિ ! હે યોગીઓથી સ્તુતિ કરાતા યજ્ઞમૂર્તિ ! ગર્જના કરતા મહા વરાહરૂપે તમે પ્રથમ રમતમાત્રમાં હાથી જેમ કમલિનીને પાણીમાંથી બહાર કાઢે તેમ આ પૃથ્વીને દાઢ ઉપર રાખી પાતાળમાંથી બાહાર કાઢી લાવ્યા છો. ૪૬ તે અમો આપના દર્શનને ઇચ્છતા અને સત્કર્મથી ભ્રષ્ટ થએલા ઉપર કૃપા કરો. હે યજ્ઞેશ્વર ! મનુષ્યો આપનું નામ લે તો તેના યજ્ઞનાં વિઘ્નો નાશ પામેછે, એવા આપને અમે પ્રણામ કરીએ છીએ. ૪૭

મૈત્રેય કહેછે—હે વિદુર ! આ રીતે સર્વ લોકો યજ્ઞનું રક્ષણ કરનારા ભગવાનની સ્તુતિ કરતા હતા, ત્યાં દક્ષ પ્રજાપતિએ શંકરે ભંગ કરેલા યજ્ઞનો ફરીથી પાછો આરંભ કર્યો. ૪૮ હે નિર્દોષ વિદુર ! સર્વાત્મા હોવાથી સર્વ ભાગના ભોક્તા ભગવાન પોતાના ભાગથી જાણે પ્રસન્ન થયા હોય તેમ દક્ષને કહેવા લાગ્યા કે—૪૯

શ્રી ભગવાન કહે છે—જગતનું મુખ્ય કારણ, આત્મા, ઇશ્વર, સાક્ષી, સ્વયં પ્રકાશ,

---

૧ અગ્નિહોત્ર, દર્શપૂર્ણમાસ, ચાતુર્માસ્ય, પશુ અને સોમ એ પાંચ પ્રકારના યજ્ઞ છે. ૨ ઓઃશ્રાવય અસ્તુ શ્રૌષટ્, યજ. યેયજામહે અને વષટ્ એ પાંચ પ્રકારના મંત્ર છે.

અને ઉપાધિ રહિત એવો જે હું છું, તેજ બ્રહ્મા અને રૂદ્ર છે. ૫૦ હે બ્રાહ્મણ! તેજ હું ત્રિગુણાત્મક માયાને ધારણ કરીને જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય માટે તે તે કાર્યોને કરતાં જુદાં જુદાં નામ ધારણ કરૂંછું. ૫૧ હું કેવળ અદ્વિતીય, એક, પરમાત્મા અને પરબ્રહ્મ છું, તેને વિષે અજ્ઞાની પ્રાણીઓ બ્રહ્મા, રૂદ્ર અને પ્રાણીઓને જુદાં જુદાં જુએ છે. ૫૨ જેમ મનુષ્ય પોતાના અંગમાંના માથાને કે હાથ પગ વિગેરે કોઇ અંગને પારકું સમજતાં નથી, તેમ મારો ભક્ત કોઇને પરાયો સમજતો નથી. ૫૩ હે વિપ્ર! પ્રાણી માત્રના આત્મા, અને એકરૂપ એવા અમો ત્રણ દેવતાઓમાં જે પુરૂષ ભેદબુદ્ધિ નથી રાખતો, તે મુક્તિને પામેછે. ૫૪

મૈત્રેય કહે છે—એ રીતે ભગવાને ઉપદેશ આપ્યો. પછી પ્રજાપતિઓના પતિ દક્ષે તેમના ભાગથી શ્રી હરિનું પૂજન કર્યું, અને મુખ્ય તથા ગૌણકર્મ વડે બીજા દેવતાઓનું પણ પૂજન કર્યું. ૫૫ પછી સાવધાનીથી યજ્ઞના અવશેષ ભાગથી રૂદ્રનું પૂજન કર્યું, પછી સમાપ્તિ કરનારાં કર્મોથી બીજા સોમ પીનારા દેવોનું પૂજન કર્યું અને યજ્ઞની સમાપ્તિ કરીને ઋત્વિજો સહિત દક્ષ પ્રજાપતિએ અવભૃથ સ્નાન કર્યું. ૫૬ દક્ષને જો કે પોતાના પ્રભાવથીજ સર્વ સિદ્ધિઓ મળેલી હતી, તોપણ તેને ધર્મમાં બુદ્ધિ રહેવાનું વરદાન આપીને દેવતાઓ સ્વર્ગમાં ગયા. ૫૭ એ રીતે દક્ષની પુત્રી સતી પોતાના પ્રથમના દેહનો ત્યાગ કરીને પાછી હિમાલયની સ્ત્રી મેનાને પેટે જન્મ્યાં, એવું મેં સાંભળ્યું છે. ૫૮ એ હિમાલયની પુત્રી પાર્વતી, પ્રલયકાળમાં સૂતેલી શક્તિ જેમ ઇશ્વરને પ્રાપ્ત થાય, તેમ પાછી ફરીથી એક વૃત્તિથી ભજન કરનારાઓના મુખ્ય આશ્રયરૂપ શ્રી મહાદેવને પ્રાપ્ત થયાં. ૫૯ દક્ષના યજ્ઞનો ભંગ કરનારા મહાદેવજીનું આ ચરિત્ર બૃહસ્પતિના શિષ્ય ભગવદ્‌ભક્ત ઉદ્ધવજીના મુખથી મેં સાંભળ્યું હતું. ૬૦ હે વિદુરજી! પવિત્ર યશ અને આયુષ્યને વધારનારૂં, અને પાપના પુંજનો નાશ કરનારૂં આ શ્રી મહાદેવનું ઉત્તમ ચરિત્ર જે મનુષ્ય નિત્ય ભક્તિભાવથી સાંભળે, અથવા સંભળાવેછે, તેનાં સર્વ પાપો નાશ પામેછે. ૬૧

इदं पवित्रं परमीशचेष्टितं ।
यशस्यमायुष्यमघौघमर्षणम् ॥
यो नित्यदाकर्ण्य नरोनुकीर्त्तये ।
द्धुनोत्यघं कौरव भक्ति भावतः ॥

ઇતિ શ્રી ભાગવતપુરાણના ચતુર્થ સ્કંધમાં "દક્ષયજ્ઞ સંધાન" નામનો ૭ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૮ મો.

સાવકી માતાનાં દુર્વચનોથી ધ્રુવે વનમાં જઇ તપ કરીને ભગવાનને પ્રસન્ન કર્યા.

मैत्रेय उवाच.

सनकाद्या नारदश्च ऋभुर्हंसोऽरुणिर्यतिः ॥
नैते गृहान्ब्रह्मसूता ह्यावसन्नुर्ध्वरेतसः ॥१॥

મૈત્રેય કહેછે—સનકાદિક ઋષિયો, નારદ, ઋભુ, હંસ, અરૂણિ, અને યતિ એ બ્રહ્માના પુત્રો નૈષ્ઠિક બ્રહ્મચારી જ રહ્યા હતા, તેથી તેમણે ગ્રહસ્થાશ્રમ કર્યો નહતો. ૧ હે વિદુર! બ્રહ્માના પુત્ર અધર્મને મૃષા નામની સ્ત્રીથી દંભ નામનો પુત્ર અને માયા નામની પુત્રી ઉત્પન્ન થઇ હતી, તે બન્નેને સંતાન વગરના નિઋતિએ ગ્રહણ કર્યાં. ૨ હે મહાબુદ્ધિવાળા! દંભ તથા માયાને લોભ અને નિકૃતિ (શઠતા) નામે બે સંતાન થયાં, તે બન્નેને ક્રોધ અને હિંસા નામનાં બે સંતાન થયાં અને તેમને કલિ તથા દુરૂક્તિ નામનાં બે સંતાન થયાં. ૩ હે ઉત્તમ! કલિની દુરૂક્તિ નામની સ્ત્રીથી ભય અને મૃત્યુ નામનાં બે સંતાન થયાં અને તે બન્નેને નિરય અને યાતના નામનાં બે સંતાન થયાં. ૪ હે નિષ્પાપ વિદુરજી! મેં અધર્મનો વંશ તમને ટુંકામાંજ કહી સંભળાવ્યો. એ પવિત્ર વંશ

જે ત્રણવાર સાંભળે તેનાં પાપો નાશ પામે છે. ૫ હે વિદુરજી ! હવે પવિત્ર કીર્તિવાળા બ્રહ્મા અને તેમના અંશથી ઉત્પન્ન થયેલા સ્વાયંભુવ મનુનો વંશ કહુંછું. ૬ સ્વાયંભુવને પ્રિયવ્રત અને ઉત્તાનપાદ નામના બે પુત્ર હતા, તેઓ ભગવાનના અંશરૂપ હોવાથી જગતનું રક્ષણ કરનારા હતા. ૭ ઉત્તાનપાદને સુનીતિ અને સુરૂચિ નામની બે રાણીઓ હતી, તેમાંની સુરૂચિ ઉપર રાજાની પ્રીતિ હતી અને સુનીતિ અળખામણી હતી, તેને ધ્રુવ નામનો પુત્ર હતો. ૮ એકવાર ઉત્તાનપાદ રાજા સુરૂચિના પુત્ર ઉત્તમને ખોળામાં બેસાડીને રમાડતા હતા, એટલામાં ધ્રુવજીએ આવી રાજાના ખોળામાં બેસવાની ઈચ્છા કરી, પણ તેણે તેનો સત્કાર કર્યો નહી. ૯ પોતાની શોક્યનો પુત્ર રાજાના ખોળામાં બેસવાની ઇચ્છા કરતો જોઈને સુરૂચિએ ઘણા ગર્વથી ઉત્તાનપાદના સાંભળતાં ઇર્ષ્યા ભરેલાં વચનો કહ્યાં કે—૧૦ હે વત્સ ! તું રાજપુત્ર છે, પણ મેં તને ગર્ભમાં ધારણ કર્યો નથી, માટે તું રાજાના આસનપર બેસવાને યોગ્ય નથી. ૧૧ અહો ! તું બાળક હોવાથી તને એ વાતની જરાએ ખબર નથી કે હું બીજી સ્રીના ગર્ભથી જન્મ્યો છું, અને તેથીજ તને નહી મળવા જેવી વસ્તુનો મનોરથ થાયછે. ૧૨ જો તું રાજગાદી ઈચ્છતો હોય તો તપથી ઈશ્વરનું આરાધન કરી તેના અનુગ્રહથી મારા ગર્ભમાં આવીને અવતાર લે. ૧૩

મૈત્રેય કહેછે—અપર માનાં આવાં દુષ્ટ વચનોથી વીંધાઇ ગયેલા ધ્રુવજી લાકડીથી મારેલા સર્પની પેઠે ક્રોધથી શ્વાસ લેવા લાગ્યા. પછી ચૂપ થઈ જોઇ રહેલા પિતાનો ત્યાગ કરી રડતા રડતા ત્યાંથી ચાલીને માતાની પાસે ગયા. ૧૪ રડવાને લીધે જેનો નીચલો હોઠ ફરકતો હતો, એવા નિઃશ્વાસ નાંખતા ધ્રુવજીને જોઇને રાણી સુનીતિએ તેમને ખોળામાં બેસાડયા. અને શોકયે જે કઠોર વચનો કહેલાં તે અંતઃપુરના માણસોને મોઢેથી સાંભળીને તે અત્યન્ત સંતાપ કરવા લાગી. ૧૫ વનની લતા જેમ દાવાનળથી બળી જાય તેમ શોકરૂપી દાવાનળથી દગ્ધ થયેલી સુનીતિ અધીર થઇ વિલાપ કરવા લાગી, અને શોકયનાં વચન સંભારીને કમળ સરખાં નેત્રોમાંથી આંસુ પાડવા લાગી. ૧૬ લાંબા નિઃશાસા નાંખતી અને અપાર દુઃખમાં ડૂબેલી સુનીતિ પોતાના પુત્ર ધ્રુવને કહેવા લાગી કે—હે તાત ! તું બીજાનો અપરાધ જાણીશ નહી, કારણ કે બીજાને દુઃખ દેનારને તેનાં ફળ ભોગવવાં પડે છે. ૧૭ સુરૂચિએ તને જે કહ્યું છે તે ખરૂં છે, કારણ કે હું અભાગણીને પેટે તું અવતર્યો અને મારૂં દૂધ પીને તું મોટો થયો છે, વળી રાજા મને સ્રી તો શું પણ દાસી તરીકે સ્વીકારવાને શરમાય છે. ૧૮ માટે હે પુત્ર ! તારી અપર માએ જે વચન કહ્યાં છે તે પ્રમાણે તું મત્સર છોડી દઈને કર. જો તું ઉત્તમ રાજગાદીને ઇચ્છતો હોય તો અધોક્ષજ ભગવાનના ચરણકમળનું આરાધન કર. ૧૯ જગતના પાલન માટે સત્વગુણને સ્વીકારનારા ભગવાનનાં ચરણકમળની સેવા કર્યાથી બ્રહ્મા બ્રહ્મપદને પામ્યા છે, કે જે પદને મન તથા પ્રાણને વશ કરનારા મુનિઓ વંદન કરેછે. ૨૦ તેમજ તારા દાદા સ્વાયંભુવ મનુએ સર્વાંતર્યામી બુદ્ધિથી પુષ્કળ દક્ષિણાવાળા યજ્ઞો કરીને ભગવાનનું યજન કર્યું હતું, તેથી તે બીજા કોઈપણ સાધનથી ન મળે તેવાં સંસારનાં, સ્વર્ગનાં તથા મોક્ષનાં સુખો પામ્યા હતા, ૨૧ માટે હે વત્સ ! જેનાં ચરણકમળનો માર્ગ મુમુક્ષુ પુરૂષો શોધેછે, એવા ભક્તવત્સલ ભગવાનનો આશ્રય કર, અને ભક્તિભાવથી શુદ્ધ કરેલા મનમાં પરમાત્માને સ્થિર કરીને તેમનું ભજન કર. ૨૨ હે ધ્રુવ ! જેને બ્રહ્માદિક દેવતા શોધેછે, એવી લક્ષ્મીપણ હાથમાં કમળ લઇને જેમને શોધેછે; એવા કમળ સરખાં નેત્રવાળા ભગવાન વિના બીજો કોઇ, તારૂં દુઃખ ટાળે એવો હું દેખતી નથી. ૨૩

મૈત્રેય કહેછે—પોતાનું પ્રયોજન સિદ્ધ થાય એવાં માતાનાં વચન સાંભળી, બુદ્ધિથી મનને નિયમમાં રાખીને ધ્રુવજી પિતાના

નગરમાંથી નીકળ્યા. ૨૪ આ વાત સાંભળીને તથા તેનું કર્તવ્ય જાણીને નારદજી મનમાં વિચારવા લાગ્યા કે—અહો! માનભંગને સહન ન કરનારા ક્ષત્રિયનો પ્રભાવ તો જુઓ! કે આ બાળક છે, તોપણ અપર માતાનાં દુષ્ટ વચનોને હૃદયમાં કેવાં ધારણ કર્યાં છે!! આ પ્રમાણે વિસ્મિત થતાં નારદજી ધ્રુવની પાસે આવી પાપનો નાશ કરે એવા પોતાના હાથ ધ્રુવના માથા ઉપર ફેરવીને બોલ્યા.૨૫-૨૬

નારદજી કહેછે—હે પુત્ર! તું હજી બાળક છે, તેથી તું રમતગમતને લીધે માન અપમાન સમજવાને યોગ્ય નથી. ૨૭ જગતમાં અસંતોષથી ઉત્પન્ન થયેલા મોહને લીધેજ માન અપમાન લાગેછે, એ વિના બીજું કંઇ કારણ નથી, વળી માણસને સુખ દુઃખ થાયછે તે પોતાનાં કર્મોથીજ થાયછે. ૨૮ વળી ઇશ્વર અનુકુળ હોય તોજ ઉદ્યમ સફળ થાયછે, માટે દૈવથી જેટલું મળે તેટલામાંજ સંતોષ રાખવો. ૨૯ તારી માતાએ બતાવેલા ઉપાયવડે તું જે ભગવાનને પ્રસન્ન કરવાની ઇચ્છા રાખેછે, તેનું આરાધન કરવું એ ઘણું કઠણ કામ છે, એમ હું માનુંછું.૩૦ જોને મુનિજનો અનેક જન્મોસુધી તીવ્ર વૈરાગ્ય અને યોગવાળી સમાધિ ચઢાવીને ભગવાનનો માર્ગ શોધ્યા કરેછે, તોપણ જાણી શકતા નથી. ૩૧ માટે તું મિથ્યા હઠ છોડી દે. કલ્યાણ સાધવાનો સમય વૃદ્ધાવસ્થા છે, માટે વૃદ્ધાવસ્થામાં તું પ્રયત્ન કરજે. ૩૨ દેહધારીઓને દૈવયોગે જે કંઇ સુખદુઃખ આવે તેમાંજ સંતોષ માનવો જોઇએ, એ પ્રમાણે વિચાર કરી મનને સંતુષ્ટ કરનારો માણસ મોક્ષ પામેછે, ૩૩ પોતાના કરતાં વધારે ગુણવાળાને જોઇને પ્રસન્ન થનારો, થોડા ગુણવાળાને જોઇ દયા લાવનારો અને બરોબરીયાની સાથે મિત્રતા કરનારો માણસ દુઃખી થતો નથી. ૩૪

ધ્રુવજી કહેછે—મારા જેવા માણસોને મહાકષ્ટે પણ જાણવામાં ન આવે એવો આ શાંતિનો માર્ગ સુખદુઃખથી ભાન વગરના થયેલા માણસો ઉપર કૃપા કરીને તમે બતાવ્યો છે. ૩૫ પરંતુ હું વિવેક વગરનો અને ક્ષત્રિય ધર્મ પાળનારો છું, માટે સુરૂચિનાં દુષ્ટ વચનોરૂપી બાણોથી વીંધાયલા મારા હૃદયમાં તે માર્ગ ટકતો નથી. ૩૬ હે મહારાજ! જ્યાં મારા બાપદાદાઓ અને બીજા પણ પોહોચ્યા નથી એવા ત્રૈલોકયમાં સર્વથી શ્રેષ્ઠ સ્થાનને મેળવવાને હું ઇચ્છુંછું, માટે જે ઉત્તમમાર્ગ હોય તે મને બતાવો. ૩૭ આપ ભગવાન્ બ્રહ્માના પુત્ર છો, અને જગતના કલ્યાણને માટે વીણા વગાડતા સૂર્યની પેઠે ફર્યા કરોછો. ૩૮

મૈત્રેય કહેછે—ભગવાન નારદજીએ ધ્રુવજીનાં આવાં વચન સાંભળી પ્રસન્ન થઇ, કૃપા કરી એ બાળક ધ્રુવને સત્યવચન કહ્યાં.૧૯

નારદજી કહેછે—તારી માતાએ ભગવાન વાસુદેવનો કલ્યાણકારી માર્ગ બતાવ્યો છે, માટે તેમાં ચિત્ત લગાડીને તેનું ભજન કર. ૪૦ કારણ કે પોતાનું કલ્યાણ ઇચ્છનારો મનુષ્ય ધર્મ, અર્થ, કામ અને મોક્ષને માટે શ્રી હરિનાં ચરણકમળનુંજ સેવન કરેછે, કારણ કે ભગવાનનાં ચરણો સર્વ પુરૂષાર્થોની સિદ્ધિ આપનારાં છે, ૪૧ માટે હે તાત! યમુનાજીના પવિત્ર તીર ઉપર મધુવન નામનું પરમ પવિત્ર ક્ષેત્ર છે, અને જ્યાં ભગવાન વાસુદેવ નિરંતર પાસેજ રહેછે, ત્યાં તું જા, તારૂં કલ્યાણ થશે. ૪૨ ત્યાં જઇને ત્રણે કાળ યમુનાજીના પવિત્ર જળમાં સ્નાન કરી પોતાના નિત્યકર્મથી પરવારીને એક આસન જમાવીને બેસવું. ૪૪ પછી પૂરક, રેચક અને કુંભક એમ ત્રણ પ્રકારના પ્રાણાયામથી પ્રાણ, ઇંદ્રિયો તથા મનના મળો ધીમે ધીમે દૂર કરી ગુરૂરૂપ શ્રી હરિનું ધ્યાન કરવું. ૪૪ કૃપા કરવાને તૈયાર, નિરતર પ્રસન્ન મુખ અને પ્રસન્ન નેત્રવાળા, સુંદર નાસિકાવાળા, સુંદર ભ્રમર અને મનોહર કપોળથી દેવતાઓ કરતાં પણ અધિક શોભતા, ૪૫ તરૂણાવસ્થાવાળા, સુંદર શરીરવાળા, લાલ હોઠ તથા નેત્રોવાળા, શરણાગત પ્રતિપાળક, સુખકારી, દયાના સિંધુ, ૪૬ વક્ષઃસ્થળમાં શ્રીવત્સના ચિન્હવાળા, મેઘના જેવા શ્યામ રંગવાળા, સર્વ પુરૂષાર્થ

ના ભંડારરૂપ, વનમાળા ધારણ કરનારા, અંતર્યામી, શંખ, ચક્ર, ગદા અને પદ્મવડે શોભતી ચાર ભુજાઓવાળા, ૪૭ મુગટ, કુંડળ, બાજુબંધ, અને કંકણ ધારણ કરનારા, કંઠમાં કૌસ્તુભમણિ પેહેરેલા, પીળાં વસ્ત્રવાળા, ૪૮ કેડમાં કટિમેખળાવાળા, સુશોભિત સુવર્ણનાં ઝાંઝર પેહેરેલા, અત્યંત સુંદરતાવાળા, શાંત સ્વરૂપ, મન તથા નેત્રોને આનંદ આપનારા, ૪૯ નખમણિની પંક્તિથી શોભતા એ ચરણોવડે હૃદયકમળની કળીના સ્થાનને દબાવીને ભક્તજનોનાં હૃદયમાં વસનારા, ૫૦ મંદહાસ્ય કરનારા, પ્રેમથી જોનારા અને વરદાન દેનારાઓમાં ઉત્તમ એવા શ્રી હરિના સ્વરૂપનું ધારણાથી સ્થિર થયેલા એકાગ્ર ચિત્તથી ધ્યાન કરવું. ૫૧ હે ધ્રુવ ! ભગવાનના આવા કલ્યાણકારી સ્વરૂપનું જે માણસ ધ્યાન કરેછે, તેનું મન પરમાનંદને પામી સર્વે વિષયોથી નિવૃત્ત થઇ જાયછે. ૫૨ હે રાજપુત્ર ! હવે જપ કરવાનો મંત્ર તને કહુ છું તે સાંભળ. જે માણસ સાત દિવસ સુધી તેનો બરાબર જપ કરેછે, તેને દેવનાં દર્શન થાય છે. ૫૩ ૐ નમો ભગવતે વાસુદેવાય આ મંત્રથી બુદ્ધિવાન મનુષ્યે દેશકાળના વિભાગને જાણી પવિત્રજળ, વનનાં ફૂલ, ફળ, મૂળ અને ભગવાનને પ્રિય તુલસી વગેરે પદાર્થોથી ભગવાનની મૂર્તિની પૂજા કરવી. ૫૪–૫૫ પથ્થરની, ધાતુની કે મણિ વગેરેની મૂર્તિની પૂજા કર્યા પછી પૃથ્વી જળ વગેરેમાં પણ ભગવાનની પૂજા કરવી, મનને વશ રાખવું, મૌન રહેવું, શાંત થવું, અને વનનાં ફૂલ ફળાદિનો આહાર કરવો. ૫૬ અને પવિત્ર કીર્તિવાળા ભગવાન પોતાની અચિંત્ય માયાથી ઇચ્છાનુસાર અવતાર ધારણ કરીને જે જે ચરિત્રો કરેછે, તે હૃદયમાં ઉતારીને તેનું ધ્યાન કરવું. ૫૭ ભગવાનની સેવા કરવાના જે જે પ્રકાર છે તે તે પ્રકારથી તથા ઉપર કહેલા દ્વાદશ અક્ષરના મંત્રનો જપ કરી, મંત્ર મૂર્તિરૂપ ભગવાનની પૂજા કરવી. ૫૮ આ પ્રમાણે મન, વાણી અને કાયાથી અંતઃકરણમાં રહનારા ભગવાનની ભક્તિ તથા સેવાથી તેમનું આરાધન કરે, તો તે નિષ્કપટી ભક્તજનોના ભાવને વધારી ધર્મ અર્થ કામ અને મોક્ષમાંથી જે ફળની ઇચ્છા કરે તે ફળ આપેછે. ૫૯—૬૦ પરંતુ મનુષ્યે ઘણા ભક્તિભાવથી તથા વિષયોથી વિરક્ત થઇ અભેદભાવથી મુક્તિમાટે ભગવાનનુ ભજન કરવું. ૬૧ આ પ્રમાણે નારદજીએ ધ્રુવને કહ્યું, તે સાંભળી રાજકુમાર ધ્રુવજીએ તેમને પ્રણામ તથા પ્રદક્ષિણા કર્યા, અને પછી શ્રીહરિનાં ચરણોથી સેવાયલા પવિત્ર મધુવનમાં ગયા. ૬૨ ધ્રુવજી તપોવનમાં ગયા પછી નારદજી અંતઃપુરમાં ગયા, ત્યાં ઉત્તાનપાદ રાજાએ સત્કાર કરીને તેમને અર્ઘ્યપાદ્ય પૂજા કરી, પછી સુખે બેઠેલા નારદજી બોલ્યા કે—૬૩

નારદજી કહે છે—હે રાજા! તમે ઉતરી ગયેલા મુખથી શો ઊંડો વિચાર કરોછો? શું તમારો અર્થ સહિત કામનો અને ધર્મનો નાશ થઇ ગયો છે ? ૬૪

ઉત્તાનપાદ કહે છે—હે મહારાજ ! મેં સ્ત્રીને વશ થઇ નિર્દયપણે પાંચ વર્ષના જ્ઞાની બાળકને તેની માતા સહિત કાઢી મૂકયો છે. ૬૫ એ કરમાઇ ગયેલા મુખવાળા અને થાકીને સૂનેલા ભૂખ્યા અનાથ બાળકને વનમાં વાઘ વરૂ ખાઇ તો નહી જાય ? ૬૬ અરેરે ! ! સ્ત્રીને વશ થયેલા અને દુષ્ટ એવા મારા તરફ તો જુઓ ! કે મેં પ્રેમથી ખોળામાં બેસવા આવતા પુત્રનો સત્કાર કર્યો નહી! ! ૬૭

નારદજી કહે છે–હે રાજા! તમે તમારા પુત્રના પ્રભાવને જાણતા નથી, તેથી શોક કરોછો; પણ તેની રક્ષા તો પરમેશ્વર કરેછે. ૬૮ એ ધ્રુવ, લોકપાળોથી પણ ન બની શકે એવું ભારે કર્મ કરીને તમારા યશનો જગતમાં વિસ્તાર કરતો થોડા વખતમાં પાછો અહીં આવશે. ૬૯

મૈત્રેય કહેછે—એ પ્રમાણે નારદજીનાં વચનો સાંભળીને ઉત્તાનપાદ રાજા રાજ્ય લક્ષ્મીનો અનાદર કરીને કેવળ પુત્રનોજ શોક કરવા લાગ્યો. ૭૦ હવે ધ્રુવ મધુવનમાં જઇ, યમુનાજીમાં સ્નાન કરી, તે રાતે ઉપવાસ કરી એકાગ્રચિત્તે નારદની આજ્ઞા પ્રમાણે ભ-

ગવાનની સેવા કરવા લાગ્યા. ૭૧ અને ત્રણ ત્રણ દિવસે ભૂખશાંત થાય એટલાં કોઠાં તથા બોર ખાઈને એક મહિનો ગાળ્યો. ૭૨ બીજે મહિને તેણે છ છ દિવસે પોતાની મેળે પડેલાં પાંદડાં તથા ખડ વિગેરેનો આહાર કરીને ભગવાનની સેવા કરી ૭૩ ત્રીજા મહિનાથી તે નવમે નવમે દિવસે માત્ર જળ પી સમાધિ ચઢાવી ભગવાનની સેવા કરવા લાગ્યો ૭૪ ચોથે મહિને બાર બાર દિવસે માત્ર વાયુનું ભક્ષણ કરી શ્વાસ રોકી ઈશ્વરનું ધ્યાન કરીને તેમને મનમાં સ્થિર કર્યા. ૭૫ પાંચમે મહિને એ રાજકુમારે પ્રાણને જીતી ઝાડનીપેઠે એક પગે ઉભા રહી પરબ્રહ્મનું ધ્યાન કર્યું. ૭૬ શબ્દાદિક વિષયો અને ઇંદ્રિયો જેને વશ રહેલી છે, એવા મનને સર્વમાંથી ખેંચી ભગવાનના સ્વરૂપનું એવું ધ્યાન કરવા લાગ્યો કે-તે વખતે તેને ભગવાનના સ્વરૂપ વગર બીજું કાંઈ પણ દેખાતું નહતું. ૭૭ એ પ્રમાણે મહત્તત્વાદિકના આધારરૂપ અને પ્રકૃતિ તથા પુરૂષના ઇશ્વર એવા પરબ્રહ્મનું ધ્યાન કરતાં ત્રૈલોક્ય કંપવા લાગ્યું. ૭૮ જ્યારે એ રાજપુત્ર ધ્રુવજી એક પગે ઉભા રહ્યા, ત્યારે જેમ હાથીના બેસવાથી વહાણ ક્ષણે ક્ષણે ડાબી જમણી તરફ ડોલ્યા કરે તેમ ધ્રુવજીના અંગુઠાથી દબાયેલી પૃથ્વી નમવા લાગી. ૭૯ ધ્રુવજી પ્રાણને તથા પ્રાણનાં દ્વારોને રોકીને અભેદ બુદ્ધિથી સર્વાત્મક વિષ્ણુ ભગવાનનું ધ્યાન કરવા લાગ્યા, તેથી લોકપાળો સહિત સર્વ લોકોના પ્રાણવાયુ બંધ થઈ જવાથી તેઓ અત્યંત પીડાવા લાગ્યા અને શ્રી હરિને શરણે ગયા. ૮૦

દેવતાઓ કહે છે—હે ભગવાન! આ સર્વ સ્થાવર જંગમ જગતના પ્રાણવાયુનો રોધ શાથી થઇ ગયો તે અમે જાણતા નથી. તમે શરણાગત પ્રતિપાળક છો, તેથી અમે તમારે શરણે આવ્યા છીએ, માટે આ સંકટથી અમને બચાવો. ૮૧

શ્રી ભગવાન કહે છે—તમે ડરશો નહી, બાળક ધ્રુવજી તપ કરે છે તેને હું ઉગ્ર તપ કરતો અટકાવીશ. તમે તમારે ઠેકાણે જાઓ, ઉત્તાનપાદ રાજાનો પુત્ર ધ્રુવ વિશ્વરૂપ મારા સ્વરૂપમાં મળી ગયો છે, તેણે શ્વાસ રોકવાથી તમારો શ્વાસ રૂંધાઇ ગયોછે. ૮૨

मा भैष्टबालं तपसो दुरत्यया ।
न्निवर्तयिष्ये प्रतियात स्वधाम ॥
यतो हि वः प्राणनिरोध आसी ।
दौत्तानपादिर्मयि संगतात्मा ॥ ८२ ॥

ઇતિ શ્રી ભાગવતપુરાણના ચતુર્થ સ્કંધમાં "ધ્રુવ ચરિત્ર વર્ણન" નામનો ૮ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૯ મો.

ધ્રુવજીએ ભગવાનની સ્તુતિ કરીને પિતાનું રાજ્ય મેળવ્યું.

मैत्रेय उवाच.

त एवमुत्सन्नभया उरुक्रमे ।
कृतावनामाः प्रययुस्त्रिविष्टपम् ॥
सहस्रशीर्षापि ततो गरुत्मता ।
मधोर्वनं भृत्यदिदृक्षयागतः ॥ १ ॥

મૈત્રેયજી કહે છે—હે વિદુરજી! એ પ્રમાણે દેવતાઓ નિર્ભય થઇ ભગવાનને પ્રણામ કરીને સ્વર્ગમાં ગયા. પછી ભગવાન ગરૂડ ઉપર બેશીને પોતાના ભક્ત ધ્રુવને જોવા માટે મધુવનમાં પધાર્યા. ૧ તે વખતે ધ્રુવજી નેત્રો બંધ કરી પોતાના ધ્યાનમાં મગ્ન થયેલા હતા. યોગથી પરિપકવ થયેલી તિવ્ર બુદ્ધિવડે હૃદયકમળના કોશમાં વીજળી જેવા પ્રકાશવાળા ભગવાનનું ચતુર્ભુજ સ્વરૂપ એકાએક દેખાતું બંધ થયું, તેથી આશ્ચર્ય પામી આંખો ઉઘાડીને જોયું તો જે સ્વરૂપ ધ્યાનમાં જોવામાં આવતું હતું, તેજ સ્વરૂપનાં દર્શન થયાં. ૨ ભગવાનનાં દર્શનથી ગભરાટમાં પડેલા એ બાળક ધ્રુવજી જાણે આંખોથી પી રહ્યા હોય, મુખથી જાણે ચુંબન કરી રહ્યા હોય અને હાથથી જાણે આલિંગન કરતા હોય, તેમ પૃથ્વીપર લાંબા થઇને ભગવાનને

દંડવત્ પ્રણામ કર્યા. ૩ ધ્રુવજી ભગવાનની સ્તુતિ કરવાને ઇચ્છતા હતા, પણ તે શી રીતે કરવી તે જાણતા નહતા, તેથી તેમના અને પ્રાણી માત્રના હૃદયમાં રહેલા ભગવાને એ વાત જાણીને ધ્રુવ ઉપર કૃપા કરીને તેના કપોળ ઉપર પોતાનો પાંચજન્ય શંખ અડાડ્યો. ૪ શંખનો સ્પર્શ થતાંજ વેદમય દૈવી વાણી મળવાથી જીવાત્માનો નિર્ણય જાણનારા, ધ્રુવ સ્થાનના નિવાસી ધ્રુવજીએ ભક્તિભાવથી પ્રખ્યાત કીર્તિવાળા ભગવાનની સ્થિર મનથી સ્તુતિ કરવા માંડી. ૫

ધ્રુવજી સ્તુતિ કરેછે-સર્વ શક્તિ ધારણ કરનારા તમે મારા અંતરમાં પ્રવેશ કરીને, મારી લીન થઇ ગયેલી વાણીને, અને હાથ, પગ, કાન અને ત્વચા વગેરે ઇંદ્રિયોને પોતાની ચૈતન્યશક્તિથી ચેતન કરોછો, એવા આપ પુરૂષોત્તમ ભગવાનને મારા પ્રણામ છે. ૬ હે ભગવાન! તમે પુરૂષરૂપ એક જ છો, તોપણ અનેક ગુણોવાળી આપની માયા નામની શક્તિથી મહત્તત્વાદિક આ સર્વ જગત રચીને તેમાં પ્રવેશ કરોછો, અને જેમ કાષ્ઠમાં રહેલો અગ્નિ અનેક રૂપે થઇ પ્રકાશેછે, તેમ તમે પણ માયિક ઇંદ્રિયોમાં રહીને અનેક દેવતા રૂપે પ્રકાશોછો. ૭ હે નાથ! તમે આપેલા જ્ઞાનથી શરણાગત બ્રહ્મા, જેમ સૂતેલો માણસ જાગ્રત થઇ સર્વ જુએ છે તેમ તે આ વિશ્વને જુએ છે (રચે છે.) હે દીનબંધુ! કરેલા ઉપકારને જાણનારો પુરૂષ, ભક્તજનોનું રક્ષણ કરનારાં તમારાં ચરણારવિંદને શી રીતે ભૂલી જાય? ૮ જન્મ મરણમાંથી મોક્ષ આપનારા આપને જે પુરૂષ કામાદિક વિષયોની ઇચ્છાથી ભજે છે, તે આપની માયાથી બુદ્ધિહીન થયા છે, કારણ કે કલ્પવૃક્ષ જેવા આપની સેવા કરીને તે લોક શબને ભોગવવા યોગ્ય વિષયોની ઇચ્છા કરે છે, કે જે સુખ પ્રાણીઓને નરકમાં પણ મળે છે. ૯ હે નાથ! તમારાં ચરણારવિંદના ધ્યાનથી અથવા તમારા ભક્તજનની કથા સાંભળવાથી દેહધારીઓને જે આનંદ થાય છે, તે આનંદ સ્વસ્વરૂપ પરબ્રહ્મમાં પણ નથી, તો પછી યમરાજના ખડ્ગરૂપ કાળથી મરનારા અને વિમાનમાંથી પડનારા સ્વર્ગવાસીઓને કેમ મળે? ૧૦ હે અનંત! નિરંતર આપની ભક્તિ કરનારા, તથા નિર્મળ અંતઃકરણવાળા મહાત્માઓનો અને સત્સંગ થાઓ, જેથી આપના ગુણાનુવાદરૂપી કથામૃતનું પાન કરી મત્ત થયેલો હું આ મહા દુઃખદાયી સંસારને વિના પ્રયાસે તરી જઉં. ૧૧ હે ઇશ્વર! હે પદ્મનાભ! જે મનુષ્યો તમારા ચરણકમળની સુગંધીના લોભી હૃદયવાળાનો સત્સંગ કરે છે, તે તો આ મનુષ્ય દેહને તથા દેહના સંબંધી પુત્ર, મિત્ર, ઘર, ધન અને સ્ત્રીને પણ સંભારતા નથી. ૧૨ હે અજન્મા પ્રભુ! પશુ, પક્ષી, વૃક્ષ, પર્વત, સર્પ, દેવ, દૈત્ય અને મનુષ્ય આદિથી વ્યાપ્ત અને સત્ અસત્ વિશેષવાળા તથા મહત્તત્વાદિક અનેક કારણવાળાં આપનાં સ્થૂળ સ્વરૂપને તો હું જાણુંછું, પરંતુ એથી પરસ્વરૂપને નથી જાણતો. ૧૩ મહાપ્રલય સમયે આ વિશ્વને ઉદરમાં રાખી સર્વ દૃષ્ટા તમે શેષના ખોળામાં એક પુરૂષરૂપે શયન કરોછો, અને તમારી નાભીરૂપી સમુદ્રમાં ઉગેલા સુવર્ણમય લોકાત્મક કમળની કર્ણિકામાં બ્રહ્મા ઉત્પન્ન થાય છે, તે ભગવાનને હું પ્રણામ કરૂંછું. ૧૪ આપ જીવના કરતાં જુદાજ પ્રકારના છો, નિત્યમુક્ત છો અને જીવ તમારી કૃપાથીજ મુક્ત થાય છે, તમે શુદ્ધ છો અને જીવ અશુદ્ધ છે, તમે જ્ઞાનીછો અને જીવ અજ્ઞાનીછે, તમે વિકાર રહિત છો અને જીવ વિકારી છે, તમે આદિ પુરૂષ છો અને જીવ આદિમાન છે, તમે ભાગ્યવાન છો અને જીવ ભાગ્યહિન છે, તમે ત્રૈલોક્યાધિપતિ છો અને જીવ પરતંત્ર છે, આ પ્રમાણે વિલક્ષણતાનું કારણ એ છે કે-તમે અખંડિત ચૈતન્યશક્તિવડે બુદ્ધિની તે તે અવસ્થાને જોનારા છો, તથા જગતના પાલનને માટે શ્રી વિષ્ણુરૂપે થયા છો. ૧૫ નિત્ય પરસ્પર ઉલટી રીતે વર્તનારી વિદ્યા અવિદ્યા વિગેરે અનેક શક્તિઓ અનુક્રમે જે પરમાત્માથી નિરંતર ઉત્પન્ન થાય છે, તે વિશ્વનું પાલન કરનારા, અંત રહિત,

આદિપુરૂષ, વિકાર રહિત અને આનંદસ્વરૂપ એક પરબ્રહ્મને હું શરણે જાઉં છું ૧૬ હે ભગવાન્! પરમાર્થ ફળરૂપ અને તો એક આપજ છો, જો કે નિષ્કામપણાથી ભજન કરનારા ભક્ત લોકોને પરમાનંદ મૂર્તિ આપનાં ચરણકમળ જ રાજ્ય આદિ સર્વ સુખ આપનારાં છે, તો પણ હે નાથ! જેમ તુરતની વિયાએલી ગાય પોતાના વાછરડાને દૂધ પીવરાવે છે અને તેની રક્ષા કરેછે, તેમ તમે પણ અનુગ્રહ કરવા માટે આતુર થઇને અમો દીન જનોની રક્ષા કરોછો. ૧૭

મૈત્રેય કહેછે—સત્યસંકલ્પ અને બુદ્ધિમાન ધ્રુવજીએ એ રીતે ભગવાનની સ્તુતિ કરી, ત્યારે ભક્તવત્સલ ભગવાને આનંદિત થઇને કહ્યું. ૧૮

શ્રી ભગવાન કહેછે—હે રાજપુત્ર! તારૂં કલ્યાણ થાઓ, તારા મનનો સંકલ્પ હું જાણું છું, હે સુવ્રતવાળા! જે પ્રકાશમાન ધ્રુવ પદને આજ સુધી કોઇ પામ્યો નથી તે સ્થાનમાં હાલરાં જોડેલા બળદોની પેઠે ગ્રહ, નક્ષત્ર અને તારાઓનુ ચક્ર બંધાઇ રહેલુ છે, ત્રૈલોક્યનો નાશ થાય તોપણ જેનો નાશ થતો નથી, ધર્મ, અગ્નિ, કશ્યપ, ઇંદ્ર, સપ્તર્ષિઓ, સહિત તારા જેની પ્રદક્ષિણા કરી ભ્રમણ કરી ફર્યા કરેછે તે અતિ દુર્લભ ધ્રુવસ્થાન હું તને આપું છું. ૧૯-૨૧ તારો પિતા તને રાજ્યાભિષેક કરી વનમાં ચાલ્યા જશે અને પછી તું છત્રીશ હજાર વર્ષસુધી ઇંદ્રિયોની જાગૃતિથી ધર્માનુસાર પૃથ્વીનુ રાજ્ય કરીશ. ૨૨ તારો ભાઇ ઉત્તમ મૃગયા રમવા જશે, ત્યાં તે મરણ પામસે, તેથી પુત્રનું ધ્યાન ધરતી તેની માતા તેને શોધતી શોધતી વનમાં જશે, ત્યાં તે દાવાનળમાં બળી મરશે. ૨૩ તે પછી તું પુષ્કળ દક્ષિણાવાળા યજ્ઞો કરીને મારૂં યજ્ઞમૂર્તિ ભગવાનનું યજન કરીશ, અને આ લોકના ઉત્તમ વૈભવ ભોગવીને અંતે મારૂં સ્મરણ કરીશ. ૨૪ પછી સર્વ જનોને નમવા યોગ્ય અને સપ્તર્ષિયોની ઉપર રહેલા એવા મારા સ્થાનને પામીશ. ત્યાં ગયેલો મનુષ્ય ફરીને સંસારમાં જન્મમરણ પામતો નથી. ૨૫

મૈત્રેય કહેછે—આ પ્રમાણે પૂજા સ્વીકારી એ બાળક ધ્રુવને પોતાનું અવિચળ પદ આપીને ગરૂડધ્વજ ભગવાન તેના દેખતાં સ્વધામમાં પધાર્યા. ૨૬ પછી શ્રી વિષ્ણુનાં ચરણની સેવાવડે સર્વ સંકલ્પોથી પરિપૂર્ણ એવો પોતાનો મનોરથ પૂર્ણ કરીને પણ પ્રસન્ન થયા નહી, પરંતુ ભગવાનના વિયોગથી જરા ખેદ કરતા પોતાના નગર તરફ ગયા. ૨૭

વિદુર પૂછે છે - હે મૈત્રેયમુનિ! ભગવાનનું પરમપદ સકામ પુરૂષોને દુર્લભ છે, તે પરમપદ ભગવાનની સેવાથી એકજ જન્મમાં મળ્યા છતાં ધ્રુવજીએ પોતાને અકૃતાર્થ કેમ માન્યો? ૨૮.

મૈત્રેયજી કહેછે- પોતાની અપરમાતાનાં વચનરૂપ બાણોથી વીંધાઇ ગયેલા હૃદયવાળા ધ્રુવ માતાનાં દુર્વચનોનું સ્મરણ કરતાં મુક્તિપતિ ભગવાન પાસે મોક્ષ માગી શક્યો નહી, તેથી તેને મનમાં ખેદ થયો હતો. ૨૯ ધ્રુવ પોતાના મન સાથે કહેછે કે -સનકાદિક નૈષ્ઠિક બ્રહ્મચારીઓ અનેક જન્મોથી સમાધિ ચઢાવીને જે પદને પામેછે, તે ભગવાનમાં ચરણની છાયાને હું છ મહિનામાં પામ્યો, તેમ છતાં હું ભેદદૃષ્ટિને લીધે પાછો સંસારમાં ને સંસારમાં જ રહ્યો. ૩૦ અરેરે! હું મંદભાગીની અજ્ઞાનતા તો જુઓ! કે—સંસારનાં બંધન તોડી નાંખનારા ભગવાનનાં ચરણકમળને પામ્યા છતાં મેં નાશવંત સુખ માગ્યું! ૩૧ ખરેખર મારા કરતાં નીચે રહેનારા દ્વેષી દેવતાઓએ મારી બુદ્ધિ ફેરવી નાંખી છે, મેં દુષ્ટે નારદનાં હિતકારી વચનો માન્યાં નહી. ૩૨ જગતમાં મારો વિરોધી કોઈ નહોતો, તોપણ જેમ સુતેલો મનુષ્ય સ્વપ્નમાં પોતાનાથી જુદી અનેક વસ્તુને જુએછે તેમ દૈવીમાયાને વશ થઇને ભાઇને શત્રુ આનીને હું હૃદયના શોકથી રાત્રિદિવસ સંતાપ પામ્યો છું. ૩૩ મેં સંસારનાં બંધનને કાપનારા અને મહા કષ્ટે પ્રસન્ન થનારા જગદાત્મા પ્રભુની તપશ્ચર્યા કરીને તેમને પ્રસન્ન કર્યા અને તેમની પાસેથી મેં નિર્ભાગીએ સંસારનું સુખ માગી લીધું, પરંતુ મરવા પડેલા પુરૂષને જીવાડવાને કરેલા ઉપાયો જેમ નિષ્ફળ

છે, તેમ મારી પ્રાર્થના વ્યર્થ છે. ૩૪ અરેરે!! ભગવાન તો મને મોક્ષ આપતા હતા, પરંતુ જેમ નિર્ધન મનુષ્ય ચક્રવર્તિ રાજા પાસેથી ધાન્યનાં ફોતરાં માગી લે, તેમ મેં પુણ્યહીને મૂર્ખતાથી ભગવાન પાસેથી માન માગી લીધું. ૩૫

મૈત્રેય કહેછે—હે વિદુર! ભગવાનનાં ચરણારવિંદને સેવનારા અને દૈવયોગે જે કાંઇ મળે તેટલાથીજ સંતોષ માનનારા તમારા જેવા ભગવદ્દભક્તો ભગવાનની સેવા વગર બીજું કાંઇ માગતા નથી. ૩૬ જેમ મરણ પામેલો પાછો આવ્યાના સમાચાર સાંભળીને કોઇ વિશ્વાસ ન કરે, તેમ ધ્રુવનું આવવું સાંભળીને ઉત્તાનપાદ રાજાને વિશ્વાસ ન આવ્યો, ને બોલ્યો કે—'મારા જેવા પાપીનું સારૂં ક્યાંથી થાય? ૩૭ પરંતુ દેવર્ષિ નારદનાં વચનો ઉપર વિશ્વાસ રાખી હર્ષાવેશમાં સમાચાર લાવનાર દૂતને ઘણું દ્રવ્ય અને હાર આપ્યો. ૩૮ અને બ્રાહ્મણ, ગુરૂ, કુળના વૃદ્ધ પુરૂષો, મંત્રી અને સ્વજનોને સાથે લઇને, તથા સારા ઘોડા જોડેલા સુવર્ણના રથમાં બેસીને, શંખ, દુંદુભિ તથા વેદધ્વનિ સાથે પુત્રને મળવાની ઉત્કંઠાથી રાજા ગામ બહાર નીકળ્યો. ૩૯—૪૦ તેની સાથે તેની સુનીતિ તથા સુરૂચિ રાણીઓ પણ પુત્ર ઉત્તમ સહિત સુંદર વસ્ત્રાભૂષણો પહેરી પાલખીમાં બેસીને ચાલી. ૪૧ ધ્રુવજીને વાડીની પાસે આવતા જોઇને પ્રેમથીવિહ્વળ બનેલો ઉત્તાનપાદ રાજા રથમાંથી નીચે ઉતરી પડ્યો, અને ભગવાનના ચરણકમળના સ્પર્શથી સર્વ પાપોને બાળી નાંખનારા પોતાના પુત્ર ધ્રુવને હાંફતાં હાંફતાં ભેટી પડ્યો. ૪૨-૪૩ અને ઇચ્છિત મનોરથવાળા રાજાએ સ્નેહથી ધ્રુવનું મસ્તક સુંઘી શીતળ આંસુઓથી ન્હવરાવી દીધા. ૪૪ પછી સત્કાર પામેલા અને મહાભાગ્યોમાં શ્રેષ્ઠ એવા ધ્રુવજી પિતાના ચરણમાં નમસ્કાર કરી આશિષ પામ્યા. પછી માથું નમાવીને માતાઓને મળ્યા. ૪૫ પોતાના ચરણમાં પડેલા ધ્રુવને સુરૂચિએ ઉઠાડી, આલિંગન આપી ગદ્દગદ્દ વાણીથી કહ્યું કે—'હે પુત્ર ઘણું જીવ.' ૪૬ મૈત્રી વગેરે ગુણોથી ભગવાન જેના ઉપર પ્રસન્ન થાયછે તેને, જેમ પાણી પોતાની મેળેજ નીચાણ જગ્યા તરફ વળેછે, તેમ પ્રાણીમાત્ર પોતાની મેળે આવીને નમેછે. ૪૭ પછી ઉત્તમ અને ધ્રુવ એ બન્ને ભાઇઓ પરસ્પર મળી ભેટી પ્રેમથી વિહ્વળ થઈ રોમાંચિત ગાત્રોવાળા થઇ પ્રેમાશ્રુ પાડવા લાગ્યા. ૪૮ ધ્રુવની માતા સુનીતિએ પોતાના પ્રાણ કરતાં પણ અધિક પ્રિય પુત્રને હૈયા સાથે દાબી, અંગસ્પર્શ કરી ઘણું સુખ પામી અને મનના સંતાપ દૂર કર્યો. ૪૯ હે વીર! પોતાના વીર પુત્રને જોઇ શીતળ પ્રેમાશ્રુથી ભીંજાએલા સુનીતિના સ્તનોમાંથી દૂધની ધારાઓ છૂટી. ૫૦ રાણી સુનીતિને લોકો કહેવા લાગ્યા કે—લાંબા વખતથી ખોવાઈ ગયેલો તમારો પુત્ર પાછો આવવાથી તમારા મનની ચિંતા ટળી ગઇ એ બહુ સારૂં થયુ છે. હવે તમારો પુત્ર આ ભૂમંડળનું રાજ્ય કરશે. ૫૧ જે ભગવાનનું ધ્યાન કરવાથી વીરપુરૂષો ન જીતી શકાય એવા મૃત્યુને જીતી ગયા છે એવા ભક્તજનોની પીડાને હરનારા ભગવાનની તમે ખરેખર સેવા કરેલી છે. ૫૨ એ રીતે લોકોથી લાડ લડાવાતા ધ્રુવજીને ઉત્તમની સાથે હાથણી ઉપર બેસાડી લોકોથી વખાણ પામતો પ્રસન્ન થયેલો ઉત્તાનપાદ રાજા નગરમાં આવ્યો. ૫૩ રસ્તામાં ઠેકાણેઠેકાણે મરકતમણિથી શોભતાં તોરણો, ફળતથા માંજરોવાળા કેળના સ્તંભો અને સોપારીનાં વૃક્ષો લગાવેલાં જોવામાં આવતાં હતાં. ૫૪ ઘરોનાં પ્રત્યેક દ્વારમાં આંબાનાં પાંદડાં, પુષ્પ તથા મોતીની માળાઓ અને વસ્ત્રોથી શણગારેલા પાણીના કુંભ તથા દીવાઓ શોભતા હતા. ૫૫ સોનાના સામાનવાળા અને ઊંચાં શિખરવાળા કિલ્લા, દરવાજા અને ઘરો વિમાનના જેવાં શોભતાં હતાં. ૫૬ માર્ગમાં, ગલીઓમાં અને ચોટાંમાં છંટકાવ કરી ચંદન, પુષ્પ, ફળ, અક્ષત વગેરે ચારે તરફ ગોઠવેલાં હતાં. ૫૭ નગરની સ્ત્રીઓ માર્ગમાં ધ્રુવજીને જોઇને સર્ષપ, અક્ષત, ઘી, જળ, દુર્વા, ફૂલ તથા ફળોથી વધાવી આશિષ

દેતી હતી. એ પ્રમાણે ધ્રુવજી સ્ત્રીઓનાં મધુર ગાયનો સાંભળતા પિતાના મંદિરમાં ગયા. ૫૮—૫૯ મહામણિજડિત એ ઉત્તમ રાજભવનમાં પિતાથી લાડ પામતા ધ્રુવજી સ્વર્ગનું સુખ ભોગવતા રહેવા લાગ્યા. ૬૦ એ રાજભવનમાં દૂધના ફીણ જેવી અને સુવર્ણજડેલી દાંતની શય્યાઓ, મોઘા મુલ્યનાં આસનો, મહામણિ જડેલી સ્ફટિકમણિની ભીંતો અને તેમાં સ્ત્રીરત્નની છબીઓ સહિત મણિઓના દીવાઓ હતા. ૬૧—૬૨ વિચિત્ર તથા દિવ્ય વૃક્ષોવાળા બાગમાં પક્ષીઓનાં જોડાં બેશી કલ્લોલ કરતાં હતાં, અને ભ્રમરો ગાન કરતા હતા, તેથી એ બાગ બહુજ મનોહર લાગતો હતો. ૬૩ વૈડૂર્યમણિનાં પગથીઆંવાળી તથા અનેક જાતનાં કમળોવાળી વાવોમાં હંસ, કારંડવ, ચક્રવાક અને સારસો શોભતાં હતાં. ૬૪ પોતાના પુત્રનો અત્યંત અદ્દભુત પ્રભાવ જોઇને તથા સાંભળીને ઉત્તાનપાદ રાજા બહુ આશ્ચર્ય પામ્યો. ૬૫ પછી ધ્રુવજીની તરૂણાવસ્થા જોઇને તથા મંત્રીઓ અને પ્રજાનો તેમના ઉપર સ્નેહભાવ જોઇને રાજાએ તેને રાજ્યાભિષેક કર્યો. ૬૬ પછી પોતાની વૃદ્ધાવસ્થા આવેલી જોઇ આત્માની ગતિનો વિચાર કરતો ઉત્તાનપાદ રાજા રાજ્યપાટ છોડી વિરક્ત થઇ વનમાં ગયો. ૬૭

आत्मानंच प्रवयसमाकलय्य विशांपतिः॥
वनं विरक्तः प्रतिष्ठद्विमृशन्नात्मनो गतिम् ॥

ઇતિ શ્રી ભાગવતપુરાણના ચતુર્થ સ્કંધમાં "ધ્રુવ રાજ્યાભિષેક વર્ણન" નામનો ૯ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૦ મો.

પોતાના ભાઇને મારનારા યક્ષોનો ધ્રુવે નાશ કર્યો.

મૈત્રેય उवाच.

प्रजापतेर्दुहितरं शिशुमारस्य वै ध्रुवः ॥
उपयेमे भ्रमिंनाम तत्सुतौ कल्पवत्सरौ ॥

મૈત્રેય કહે છે—હે વિદુરજી! ધ્રુવજી, શિશુમાર પ્રજાપતિની પુત્રી ભ્રમિને પરણ્યા હતા, તેને કલ્પ અને વત્સર નામના બે પુત્ર થયા. ૧ વળી ધ્રુવ, વાયુની પુત્રી ઇલાને પરણ્યા હતા, તેનાથી ઉત્કલ નામનો એક પુત્ર તથા એક રત્ન જેવી કન્યા ઉત્પન્ન થઇ હતી. ૨ ધ્રુવનો ભાઇ ઉત્તમ પરણ્યા વગરનો એકવાર મૃગયા માટે ગયો હતો, ત્યાં પર્વતમાં કોઇ યક્ષે તેને મારી નાંખ્યો હતો, તેની માતા સુરૂચિ પણ તેની પાછળ શોક કરતી મરણ પામી હતી. ૩ પોતાના ભાઇને મારી નાંખ્યાની વાત સાંભળીને અસહનતા તથા ક્રોધ અને શોકથી વ્યાપ્ત થયેલા ધ્રુવજી પોતાના વિજય રથમાં બેશીને યક્ષના નગરમાં ગયા. ૪ તે રૂદ્રના સેવકો જેને સેવે છે એવી ઉત્તર દિશામાં ગયા તો હિમાચળની તળેટીમાં ગુહ્યકોથી ભરાયેલી અલકા નગરી દીઠી. ૫ ત્યાં જઇ એ મહાબાહુ ધ્રુવજીએ શંખનાદ કરીને આકાશ તથા દિશાઓમાં ગર્જના કરી મૂકી, એ સાંભળીને યક્ષપત્નિઓ ઉદ્વેગ પામીને ડરવા લાગી. ૬ ધ્રુવનો શંખનાદ સાંભળીને અસહનતાવાળા યક્ષોના બળવાન યોદ્ધાઓ હથિયારો ઉગામતા યુદ્ધ કરવાને આવ્યા. ૭ ઉગ્રધનુષ્ય ધરનારા મહારથી ધ્રુવજીએ તે ચઢી આવેલા યક્ષોમાંના પ્રત્યેકને ત્રણ ત્રણ બાણો માર્યાં. ૮ તે સર્વેને કપાળમાં બાણો વાગવાથી પોતાને હારી ગયા માનીને ધ્રુવજીનાં પરાક્રમને વખાણવા લાગ્યા. ૯ પછી જેમ સર્પો બીજાના પગનો સ્પર્શ સહન ન કરી શકે તેમ તે યક્ષો ધ્રુવના પરાક્રમને સહન કરી શક્યા નહી, અને બદલો વાળવા માટે તેઓએ છ છ બાણો મારીને ધ્રુવજીને વીંધી નાંખ્યા. ૧૦ પછી કોપેલા એક લાખ ત્રીશ હજાર યક્ષોએ ધ્રુવનો નાશ કરવા માટે રથ તથા સારથિ સહિત તેમના ઉપર ભોગળો, તરવારો, પ્રાસ, ત્રિશૂળ, ફરશીઓ, સાંગો, ડાંગો, ભુશુંડીઓ અને વિચિત્ર પાંખોવાળાં બાણોની વૃષ્ટિ કરવા માંડી. ૧૧–૧૨ તેથી ધ્રુવજી જેમ વરસાદથી પર્વત ઢંકાઇ જાય તેમ ઢંકાઇ ગયા. ૧૩

એ જોઇને આકાશમાં રહેલા સિદ્ધો હાહાકાર કરતા બોલ્યા કે-આ મનુના વંશનો સૂર્ય આજે યક્ષોનાં બાણુરૂપી સમુદ્રમાં ડૂબી ગયો. ૧૪ યક્ષો યુદ્ધમાં જયનાદ કરતા હતા, એટલામાં સૂર્ય જેમ ઝાકળમાંથી બહાર નીકળે તેમ ધ્રુવજીનો રથ બાણુના જાળામાંથી બહાર નીકળ્યો. ૧૫ પછી ધ્રુવજીએ દિવ્ય ધનુષ્યનો ટંકાર કર્યો તેથી શત્રુઓ ખેદ પામ્યા. અને પવન જેમ વાદળાંને વીખેરી નાંખે તેમ ધ્રુવે બાણુ મારીને યક્ષોનાં બાણુના સમૂહનો નાશ કર્યો. ૧૬ ધ્રુવનાં તીક્ષ્ણ બાણુ યક્ષોનાં બખ્તર ભેદી નાંખીને વજ્ર જેમ પર્વતોમાં પેસે તેમ તે યક્ષોનાં શરીરોમાં પેઠાં. ૧૭ ભાલાઓથી ભેદાઈ ગયેલાં યોદ્ધાઓનાં કુંડળોવાળાં માથાં, સોનાના તાડ જેવી લાંબી સાથળો, કંકણુથી શોભતા હાથ અને હાર, બાજુબંધ, મુગટ, તથા પાઘડીઓથી ઢંકાયેલી અને શુરવીરોને પ્રિય લાગે એવી રણુભૂમિ શોભતી હતી. ૧૮-૧૯ મરણુથી બચેલા યક્ષો કે જેઓનાં અંગ શ્રેષ્ઠ ક્ષત્રિય ધ્રુવનાં બાણુથી કપાઇ ગયાં હતાં, તેઓ સિંહના પરાક્રમથી જેમ હાથીઓ નાશી જાય તેમ રણુક્ષેત્રમાંથી નાશી ગયા. ૨૦ પછી એ મોટા રણુસંગ્રામમાં કોઇ પણુ શસ્ત્રધારી પુરૂષને ધ્રુવજીએ દીઠો નહી, એટલે પછી યક્ષોની નગરી" જોવાની ઈચ્છા થઇ, પરંતુ તેઓના નગરમાં પેઠા નહી, અને પોતાના સારથિપ્રત્યે બોલ્યા કે-"મનુષ્યો માયાવીઓની માયાને જાણી શકતા નથી." આ પ્રમાણે સાવધ થઇ રથમાં બેઠેલા ધ્રુવજી સારથિ સાથે વાત કરતા હતા, એટલામાં તો પવનથી ક્ષુભિત થયેલા સમુદ્રની ગર્જના જેવો શબ્દ કાને પડયો, તથા દિશાઓમાં ધૂળ ઉડતી જોવામાં આવી. ૨૧-૨૨ એક ક્ષણુવારમાં તો વાદળાંના સમૂહથી આકાશ ચારે તરફ છવાઇ ગયું, વીજળીઓ ચમકવા લાગી અને ગર્જનાઓથી લોકો ત્રાસ પામવા લાગ્યા. ૨૩ હે નિષ્પાપ વિદુર! આકાશમાંથી લોહી, કફ, વિષ્ટા, પરૂ અને મેદનો વરસાદ વરસવા લાગ્યો, અને માથા વગરનાં ધડ પડવા લાગ્યાં. ૨૪ આકાશમાં પર્વત દેખાયો, અને પથરાઓ તથા ગદા, ભોગળ, ખડ્ગ, અને મૂશળ પડવા લાગ્યાં. ૨૫ ક્રોધવાળી આંખોમાંથી અગ્નિની જ્વાળા કાઢતા અને ફુંફવાડા મારતા સર્પો, મદોન્મત્ત હાથીઓ, સિંહો અને વાઘનાં ટોળાં દોડતાં સામે આવવા લાગ્યાં. ૨૬ પ્રલયકાળના સમુદ્રની પેઠે ભયંકર શબ્દ કરતો મહાસાગર મોટાં મોટાં મોજાંઓથી ચારે તરફ પૃથ્વીને ડુબાવી દેવા લાગ્યો. ૨૭ આ પ્રમાણે તીક્ષ્ણ ગતિવાળા યક્ષોએ આસુરી માયાવડે કાયર પુરૂષોને ત્રાસ આપનારા અનેક ઉત્પાત કરવા માંડયા. ૨૮ આવી રીતની ધ્રુવ ઉપર અસુરોએ ચલાવેલી દુસ્તર માયાને જોઇને ત્યાં આવેલા મુનિઓ ધ્રુવના કલ્યાણુને માટે આશિર્વાદ દેવા લાગ્યા. ૨૯ મુનિઓ કહે છે કે-હે ઉત્તાનપાદ રાજાના પુત્ર! જેના નામનું રટણુ કરવાથી તથા શ્રવણુ કરવાથી લોકો દુસ્તર મૃત્યુને પણુ તરત તરી જાય છે, તે ભક્તજનોની પીડા હરનારા શારંગપાણિ ભગવાન તમારા શત્રુનો નાશ કરો. ૩૦

औतानपादे भगवंस्तवशार्ङ्गधन्वा ।
देवः क्षिणोत्व वनतार्तिहरो विपक्षान् ॥
यन्नामधेयमभिधाय निशम्यचाद्धा ।
लोकोंजसा तरतिदुस्तरभंग मृत्युम् ॥

ઇતિ શ્રી ભાગવતપુરાણુના ચતુર્થ સ્કંધમાં ધ્રુવ અને યક્ષનું યુદ્ધ વર્ણન નામનો ૧૦ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૧ મો.

ધ્રુવને યક્ષોનો નાશ કરતા જોઇને સ્વાયંભુવ મનુએ તેમને તત્વનો ઉપદેશ કર્યો.

मैत्रेय उवाच.

निशम्य गदतामेव ऋषिणां धनुषि ध्रुवः ॥
संदधेऽस्त्रमुपस्पृश्य यन्नारायण निर्मितम् ॥

મૈત્રેય કહે છે—એ પ્રમાણે ઋષિઓનાં ...

અને સાંભળીને ધ્રુવજીએ નારાયણાસ્ત્ર સાંધ્યું. ૧ હે વિદુર! જેમ જ્ઞાન ઉત્પન્ન થતાં ક્લેશ નાશ પામેછે, તેમ નારાયણાસ્ત્રથી ગુહ્યકની માયા નાશ પામી. ૨ એ નારાયણાસ્ત્ર ધનુષમાંથી છૂટતાં તેમાંથી સુવર્ણની પાંખવાળાં અને હંસનાં પીંછાં જેવાં બાણો નીકળીને જેમ ભયંકર શબ્દ કરતા મોર વનમાં પેસે તેમ શત્રુઓના સૈન્યમાં પેઠાં. ૩ એ તીક્ષ્ણ ધારોવાળાં બાણો વાગવાથી કોપેલા યક્ષો, જેમ સર્પો પોતાની ફેણો ઊંચી કરીને ગરૂડપર ધસે તેમ તેઓ હથિયારો ઊગામીને ધ્રુવના ઉપર ધસ્યા. ૪ પોતાની ઉપર ચઢી આવેલા એ યક્ષોના હાથ, સાથળ, ડોકાં અને પેટ કાપી નાંખીને ધ્રુવજીએ તેઓને પરલોકમાં મોકલી દીધા, કે જ્યાં સંન્યાસીઓ સૂર્યમંડળને ભેદીને જાયછે. ૫ આ પ્રમાણે નિરપરાધી* યક્ષોનો નાશ થતો જોઇને ધ્રુવના દાદા દયાળુ સ્વાયંભુવ મનુ ઋષિઓ સહિત ત્યાં આવીને કહેવા લાગ્યા કે—૬

સ્વાયંભુવ મનુ કહેછે—હે વત્સ! તું તમોગુણથી આ નિરપરાધી યક્ષોનો નાશ કરેછે, એ નરકના દ્વારરૂપ દુષ્ટ ક્રોધને શાન્ત કર. ૭ હે તાત! તેં આ નિરપરાધી યક્ષોનો સંહાર કરવા માંડયો છે એ સત્પુરૂષોએ નિંદેલું કૃત્ય આપણા કુળને કલંકરૂપ છે, ૮ હે ધ્રુવ! તારા ભાઇનો વધ એક યક્ષે કરેલો છે, તેથી તેં તપી જઇને એકના અપરાધને લીધે અનેક યક્ષોનો નાશ કર્યો છે. ૯ આત્માને જુદા માનીને પશુની પેઠે પ્રાણીઓની હિંસા કરવી, એ માગ ભગવાનને અનુસરનારાઓનો નથી, ૧૦ પ્રાણીમાત્રના નિવાસરૂપ અને જેનું આરાધન મહાકષ્ટે કરી શકાયછે, એવા શ્રી હરિને તેં સર્વ ભૂતાત્મભાવથી સેવીને તું વિષ્ણુના પરમપદને પામ્યો છે. ૧૧ તે શ્રી હરિના હૃદયમાં વસેલો, તેના ભક્તજનોને પ્રિય, અને સદાચરણવાળો એવો તું આવું અચરિત કામ કેમ કરેછે? ૧૨ સર્વ પ્રાણીઓના આત્મારૂપ ભગવાન, મહાન્ પુરૂષોનાં વચનો સહન કરવાથી પ્રસન્ન થાયછે, દીનજનો ઉપર દયા કરવાથી પ્રસન્ન થાયછે, સમાન સાથે મિત્રભાવ રાખવાથી પ્રસન્ન થાયછે, અને સર્વ પ્રાણીઓ સાથે સમભાવ રાખવાથી પ્રસન્ન થાયછે. ૧૩ એ રીતે જ્યારે ભગવાન પ્રસન્ન થાયછે, ત્યારે મનુષ્ય દેહાભિમાનથી છુટી જીવન્મુક્ત બનીને પરબ્રહ્મને પામેછે. ૧૪ પંચ મહાભૂતોથી સ્ત્રી પુરૂષોનો દેહ ઉત્પન્ન થાયછે, અને તેઓના સમાગમથી બીજાં સ્ત્રી પુરૂષ ઉત્પન્ન થાયછે. ૧૫ હે રાજા! એ પ્રમાણે પરમાત્માની માયાથી ગુણોનો ફેરફાર થવાથી જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય થયા કરેછે. ૧૬ નિર્ગુણ ભગવાન તો જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને સંહાર કરવામાં નિમિત્ત માત્ર છે, જેમ લોહચુંબકના આકર્ષણથી લોઢું ભમ્યા કરેછે તેમ જગત પણ ભગવાનની માયાથી ભમ્યા કરેછે. ૧૭ કાળશક્તિવડે ગુણોમાં ફેરફાર થવાને લીધે અનંતશક્તિવાળા ભગવાન અકર્ત્તા છતાં જગતને સરજે છે, અને નહિ મારનારા છતાં પણ જગતને મારતા હોય એમ ભાસેછે; કાળમૂર્તિ ભગવાનની ચેષ્ટા સમજાય નહી એવી છે. ૧૮ એ કાળમૂર્તિ, અનંત, અનાદિ અને અવ્યયરૂપ ભગવાન મૃત્યુવડે સર્વને મારેછે, અવિનાશી છતાં સર્વનો નાશ કરેછે અને અનાદિ છતાં સર્વના કારણને ઉત્પન્ન કરેછે (એટલે એક પ્રાણીવડે બીજાને ઉત્પન્ન કરેછે અને એકવડે બીજાનો નાશ કરેછે.) ૧૯ સર્વ પ્રાણીઓમાં મૃત્યુરૂપે પ્રવેશ કરનારા કાળમૂર્તિ ભગવાનને કોઇ પારકો કે પોતાનો નથી, જેમ વાતા વાયુની પાછળ ધૂળ દોડેછે તેમ એ દોડતા કાળની પાછળ અસમર્થ પ્રાણીઓ પોતપોતાનાં કર્મ પ્રમાણે દોડયાં જાયછે. ૨૦ એ સ્વતંત્ર કાળ-

* ધ્રુવજી ભગવાનના આવા એકાંતિક ભક્ત છતાં તેમણે નિરપરાધી પુણ્યવાન પુરૂષો (યક્ષો) નો નાશ શા માટે કર્યો? એવી કોઇને સહજ શંકા થાય, તો તેનું સમાધાન કે—એક તો શત્રુઓને મારવા એ પોતાનો ક્ષત્રિયધર્મ છે, બીજું જો તે પોતાના ઓરમાઇ ભાઇને માર્યાનું વૈર ન લે તો લોકમાં તેમની નિંદા થાય, તેથી તેમને યક્ષો સાથે યુદ્ધ કરવું પડયું હતું, અને યુદ્ધમાં તો શત્રુનો પક્ષ કરીને ચઢી આવે તેને મારવા પડે એ સ્વાભાવિક

મૂર્તિ ભગવાન વધારા ઘટાડાથી રહિત છે, તે પરતંત્ર પ્રાણીઓના આયુષ્યનો વધારો ઘટાડો કર્યા કરેછે. ૨૧ હે રાજા! એ પરમાત્માને કેટલાક કર્મ કહેછે, કેટલાક સ્વભાવ કહેછે, કેટલાક કાળ કહેછે, કેટલાક દૈવ કહેછે અને કેટલાક કામ કહેછે. ૨૨ હે તાત! ઈંદ્રિયાદિકથી જાણવામાં ન આવે એવા તથા જેનું પ્રમાણ પણ ન થઇ શકે એવા અને સર્વ પદાર્થોને ઉત્પન્ન કરનારા ભગવાનનાં કર્તવ્યને પ્રજાપતિ બ્રહ્મા પણ જાણતા નથી. ૨૩ હે પુત્ર! આ કુબેરના અનુચરો (યક્ષો) એ તારા ભાઇનો નાશ કર્યો નથી, કેમકે પ્રાણીના જન્મમરણનું કારણ તો દૈવાધીન છે. ૨૪ આ જગતને સરજનારા, પાળનારા અને સંહારનારા ઇશ્વરજ છે, પરંતુ તે અહંકાર રહિત હોવાથી ગુણો અને કર્મોથી બંધાતા નથી. ૨૫ એ ભૂતાત્મા,[1] ભૂતેશ્વર[2] અને ભૂતભાવન[3] પરમાત્મા પોતાની માયાશક્તિથી જગતને સરજેછે, પાળેછે અને સંહારેછે. ૨૬ હે તાત! જેની પ્રેરણા પ્રમાણે બ્રહ્માદિક પણ નાથેલા બળદની પેઠે કામ કરેછે, તે જગતને રચનાર, પાળનાર અને આશ્રય આપનાર પરમાત્માને શરણે જા. ૨૭ તું પાંચ વર્ષનો બાળક છતાં અપર માનાં મર્મભેદક વચનોથી ખેદ પામી માતાનો ત્યાગ કરી વનમાં જઇ તપવડે ભગવાનની આરાધના કરીને તેં ત્રણ લોકની ઉપરનું સ્થાન મેળવ્યું, ૨૮ હે અંગ! તે તું આત્માને જોનારો થઇને નિર્ગુણ, એક, અવિનાશી અને સર્વના આત્મામાં રહેલા પરમાત્માની શોધ અંતર્દૃષ્ટિથી કર, કે જે પરમાત્માને વિષે રહેલું અનેક ભેદવાળું આ જગત મિથ્યા છતાં ખરૂં ભાસેછે. ૨૯ પરમાત્માને શોધતી વેળા પ્રત્યગાત્મા, અનંત, આનંદસ્વરૂપ અને સર્વશક્તિમાન પરમાત્મામાં પરમ ભક્તિ રાખીને "હું, મારૂં" એવી અજ્ઞાનરૂપી ગાંઠને ધીરે ધીરે કાપી નાંખ. ૩૦ હે રાજન્! જેમ ઔષધોથી રોગનો નાશ કરવામાં આવેછે, તેમ ઘણાં શાસ્ત્રો સાંભળીને કલ્યાણના શત્રુ ક્રોધને શમાવી દે, તારૂં કલ્યાણ થાઓ. ૩૧ જે ક્રોધને વશ્ય થયેલા પુરૂષોથી લોકો પીડાયછે, એવા ક્રોધને વશ, કલ્યાણ ઇચ્છનારા ડાહ્યા માણસે થવું નહી. ૩૨ "યક્ષોએ મારા ભાઇને માર્યો" એવો ક્રોધ કરીને તેં યક્ષોનો સંહાર કર્યો, એ શંકરના ભાઇ કુબેરનો તેં અપરાધ કર્યો છે. ૩૩ માટે હે વત્સ! એ મહાપુરૂષના કોપથી આપણા કુળનો નાશ થયો નથી, તે પહેલાં વિનય તથા વિવેકી વચનોથી કુબેરને ઝટ પ્રસન્ન કર. ૩૪

મૈત્રેય કહે છે કે-હે વિદુર! એ પ્રમાણે પોતાના પૌત્ર ધ્રુવને ઉપદેશ આપીને સ્વાયંભુવ મનુ ધ્રુવથી પ્રણામ પામીને ઋષિયો સાથે પોતાના નગરમાં ગયા. ૩૫

एवं स्वायंभुवः पौत्र मनुशास्य मनुर्ध्रुवं ॥
तेनाभिवंदितःसाकमृषिभिःस्वपुरंययौ॥ ३५॥

ઇતિ શ્રી ભાગવતપુરાણના ચતુર્થ સ્કંધમાં "સ્વાયંભુવ મનુએ ધ્રુવજીને તત્વજ્ઞાનનો ઉપદેશ કર્યો" એ નામનો ૧૧ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૨ મો.

ધ્રુવજી યજ્ઞોવડે ભગવાનનું યજન કરીને વિષ્ણુપદ પામ્યા.

मैत्रेयउवाच.

ध्रुवंनिवृत्तं प्रतिबुध्यवैशसा।
दपेतमन्युं भगवान् धनेश्वरः॥
तत्रागतश्चारण यक्ष किन्नरैः।
संस्तूयमानोऽभ्यवदत्कृतांजलिम्॥

મૈત્રેય કહે છે—હે વિદુરજી! પોતાનો ક્રોધ શાંત થવાથી ધ્રુવજી યક્ષોને મારતા બંધ પડ્યા. એ જોઇને ચારણ, યક્ષ અને કિન્નરોથી સ્તુતિ કરાતા ભગવાન કુબેર ત્યાં આવ્યા, અને હાથ જોડીને ઉભેલા ધ્રુવને કહેવા લાગ્યા. ૧

કુબેર કહે છે—હે નિષ્પાપ ક્ષત્રિયપુત્ર! તેં તા

---

૧ પ્રાણીમાત્રના આત્મા, ૨ પ્રાણીમાત્રના ઇશ્વર, ૩ પ્રાણીમાત્રને ઉત્પન્ન કરનાર.

શાસ્ત્રોના ઉપદેશથી ન તજી શકાય એવું વેર તજી દીધું, તેથી હું તારા ઉપર પ્રસન્ન થયો છું. ૨ તેં યક્ષોને માર્યા નથી, તેમ યક્ષોએ તારા ભાઈને માર્યો નથી; એ તો પ્રાણીઓનાં જન્મમરણ કરનાર ભગવાન કાળ જ છે. ૩ મનુષ્યને અજ્ઞાનથી થયેલા દેહાભિમાનને લીધે સ્વપ્ના જેવી 'હું, મારૂં' એવી બંધન તથા દુઃખ કરનારી મિથ્યા બુદ્ધિ થાય છે. ૪ માટે હે ધ્રુવ! તું જા, તારૂં કલ્યાણ થશે. તું સર્વ પ્રાણીઓને વિષે આત્મભાવ રાખીને સર્વ પ્રાણીઓના આત્મારૂપ, સંસારનાં બંધનને કાપનારા, પોતાની માયારૂપ, ગુણમય શક્તિવાળા તથા તેનાથી રહિત એવા અધોક્ષજ ભગવાનનું ભજન કર. ૫-૬ હે ધ્રુવ! તમે ભગવાનના ચરણની સમીપે રહેનારા અને વરદાનને યોગ્ય છો એમ અમે સાંભળ્યું છે, માટે હે ઉત્તાનપાદ રાજાના પુત્ર! તમારા મનમાં જે ઇચ્છા હોય તે શંકા રહિત થઈને માગી લ્યો. ૭

મૈત્રેય કહે છે—આ પ્રમાણે કુબેરે મોટા ભાગવદ્ભક્ત બુદ્ધિમાન ધ્રુવને વરદાન માગવાનું કહ્યું, તેથી તેમણે જેથી વગર પરિશ્રમે અજ્ઞાનરૂપી અંધકારને તરી જવાય એવું ભગવાનનું અવિચળ સ્મરણ રહેવાનું માગ્યું. ૮. પછી કુબેર પ્રસન્ન મનથી ધ્રુવને તે વરદાન આપીને તેમના દેખતાં અંતર્ધાન થઇ ગયા, અને ધ્રુવજી પણ પોતાના નગરમાં ગયા. ૯ પછી ધ્રુવજીએ ઘણી દક્ષિણાઓવાળા યજ્ઞો વડે યજ્ઞોના પદાર્થો, ક્રિયા, દેવતાઓનાં કર્મ, તથા કર્મનાં ફળ આપનાર યજ્ઞપતિ ભગવાનનું યજન કર્યું. ૧૦ પછી સર્વાત્મારૂપ, ઉપાધિ રહિત, અને અચ્યુત ભગવાનની તીવ્ર ભક્તિ કરતાં તેણે પોતાને વિષે તથા સર્વ પ્રાણીઓને વિષે સમર્થ ભગવાનને રહેલા જોયા. ૧૧ એ રીતે શીલવાળા, બ્રાહ્મણોનો સત્કાર કરનારા, દીનજનો ઉપર દયા કરનારા, અને ધર્મની મર્યાદાનું રક્ષણ કરનારા એ ધ્રુવજીને તેમની સઘળી પ્રજા પિતા તુલ્ય માનવા લાગી. ૧૨ તેમણે ભોગ ભોગવીને પુણ્યનો ક્ષય કર્યો અને યમનિયમાદિકથી પાપનો ક્ષય કર્યો, એ રીતે છત્રીસ હજાર વરસ સુધી પૃથ્વીનું રાજ્ય કર્યું. ૧૩ આ પ્રમાણે જીતેંદ્રિય મહા પુરૂષ ધ્રુવજીએ ઘણા કાળ સુધી ધર્મ અર્થ કામનો ઉપભોગ કરીને પછી પોતાના પુત્રને રાજ્ય સોંપ્યું.

૧૪ પછી આ જગતને સ્વપ્ન તુલ્ય, ગંધર્વ નગર જેવું અને પોતાને વિષેજ અવિદ્યાથી રચાયેલું માનીને અંતે શરીર, સ્ત્રી, સંતાન, સંબંધીઓ, સેના, ખજાના, અંતઃપુર, મનોહર વિહારસ્થાનો, તથા સમુદ્રરૂપી મેખળાવાળા પૃથ્વીમંડળને નાશવંત માનીને પોતે બદરિકાશ્રમમાં ગયા. ૧૫-૧૬ ત્યાં જઈ પવિત્ર જળથી સ્નાન કરી, યમનિયમાદિકથી મન શુદ્ધ કરી આસનવાળીને બેઠા; અને પ્રાણને જીતી, મનથી ઇંદ્રિયોને રોકીને ભગવાનના સ્થુળ સ્વરૂપનું ધ્યાન કરવા લાગ્યા. પછી ધ્યાન કરવાથી અભેદ દૃષ્ટિ પામી ધ્યાતા અને ધ્યેય રહિત થઇને સમાધિ ચઢાવી દીધી. ૧૭ એ રીતે શ્રી હરિની અચળ ભક્તિ કરતાં, આનંદાશ્રુથી ગદ્‌ગદ્ થઇ હૃદય પીગળી જતાં અને રોમાંચિત થતાં, દેહાભિમાન રહિત થયેલા ધ્રુવજી જીવન્મુક્ત થયા અને 'હું ધ્રુવછું' એવું ભાન પણ રહ્યું નહી. ૧૮ એમ કરતાં ધ્રુવજીએ, આકાશમાં ઉગેલા ચંદ્રમાની પેઠે દિશાઓને પ્રકાશમય કરતું એક વિમાન આકાશમાંથી ઉતરતું દીઠું. ૧૯ તેની સાથે ચાર ભુજાવાળા, શ્યામ કાંતિવાળા, કિશોર અવસ્થાવાળા, રાતાં કમળ જેવાં નેત્રોવાળા, સુંદર વસ્ત્રોવાળા, ગદાનો ટેકો દઇને ઉભેલા, મુગટ હાર બાજુબંધ અને સુંદર કુંડળ પહેરેલા બે પાર્ષદોને દીઠા. ૨૦ તેઓને ભગવાનના મુખ્ય પાર્ષદો જાણીને ધ્રુવજી ઉભા થયા, અને ગભરાટમાં પૂજાનો ક્રમ ભુલી જઈ મધુસૂદન ભગવાનનાં નામો રટતા બે હાથ જોડીને તેઓને પગે લાગ્યા. ૨૧ ભગવાનને પ્રિય અને શ્રી કૃષ્ણનાં ચરણનું ધ્યાન કરનારા એ બે સુનંદ અને નંદ નામના પાર્ષદો, બે હાથ જોડી માથું નમાવી ઉભેલા ધ્રુવજીની પાસે આવીને મંદહાસ્ય કરતા બોલ્યા. ૨૨.

સુનંદ, નંદ કહેછે—હે રાજા! તમારૂં કલ્યાણ થાઓ. તમે સાવધાનીથી અમારાં વચન સાંભળો, તમે પાંચ વર્ષની ઉમ્મરમાં તપશ્ચર્યા કરીને જે ભગવાનને પ્રસન્ન કર્યા છે તે સર્વ જગતના ઇશ્વર, અને શારંગધનુષ્ય ધારણ કરનારા ભગવાનના અમે પાર્ષદો છીએ, અમે તમને ભગવાનના ધામમાં લઈ જવાને આવ્યા છીએ. ૨૩-૨૪ જે સ્થાનને મહર્ષિઓ પણ પામી શકતા નથી, પણ નીચે રહીને જોયા કરે છે, તથા ગ્રહો, નક્ષત્રો અને તારાઓ વગેરે જેની પ્રદક્ષિણા કરેછે, એવા કોઇથી ન જીતી શકાય એવા વિષ્ણુપદને તમે પામ્યા છો. ૨૫-૨૬. હે દીર્ઘાયુષી! તમે આ ભગવાને મોકલેલા ઉત્તમ વિમાનમાં બેસવાને યોગ્ય છો માટે આમાં બિરાજો. ૨૭.

મૈત્રેય કહેછે—આ પ્રમાણે ધ્રુવજી ભગવાનના પ્રિય પાર્ષદોનાં મધુર વચનો સાંભળી સ્નાન તથા નિત્યકર્મ કરી, મુનિઓને પ્રણામ કરી આશીર્વાદ પામ્યા. ૨૮. પછી ધ્રુવે સુવર્ણમય દેહવાળા થઇ વિમાનની પ્રદક્ષિણા તથા પુજા કરી, પાર્ષદોને પ્રણામ કરીને વિમાનમાં બેસવાની તૈયારી કરી ૨૯ એટલામાં તેમનું મૃત્યુ આવીને ખડું થયું, એટલે તેના માથા ઉપર પગ મુકીને ધ્રુવજી એ અદ્‌ભુત વિમાનમાં બેઠા. ૩૦ તે સમયે દુંદુભિ, મૃદંગ અને ઢોલ વગેરે વાજીંત્ર વાગવા લાગ્યાં, ગંધર્વો ગાયન કરવા લાગ્યા, અને પુષ્પવૃષ્ટિ થવા લાગી. ૩૧ સ્વર્ગમાં જતી વખતે ધ્રુવજીને પોતાની માતા સાંભરી આવવાથી વિચારવા લાગ્યા કે—"મારીગરીબ માતાને મુકીને હું એકલો દુર્લભ સ્વર્ગમાં જાઉંછું એ ઠીક નહીં." ૩૨ એવો ધ્રુવજીના મનનો અભિપ્રાય જાણીને પાર્ષદોએ તેમને આગળના વિમાનમાં બેશીને જતાં સુનીતિ દેવી દેખાડ્યાં. ૩૩ માર્ગમાં સ્થળે સ્થળે વિમાનમાં બેઠેલા દેવતાઓ ધ્રુવનાં વખાણ કરતા પુષ્પવૃષ્ટિ કરતા હતા, અને ધ્રુવજી અનુક્રમે ગ્રહોને જોતા જોતા આગળ જવા લાગ્યા. ૩૪ એ રીતે અચળ ગતિવાળા ધ્રુવજી વિમાનમાં બેશીને ત્રૈલોક્યને તથા સપ્તર્ષિઓને ઓળંગીને તેની પાર રહેલા વિષ્ણુના ધામમાં પોહોચ્યા. ૩૫ જે વિષ્ણુપદ અત્યંત પ્રકાશમય હોવાથી તેના વડે ત્રણે લોક પ્રકાશિત રહેછે. પ્રાણીઓ ઉપર દયા વગરના લોકો એ પદને પામી શકતા નથી, પરંતુ નિરંતર પ્રાણીઓનું ભલું કરનારા જ પામેછે. ૩૬ વળી જે શાંત છે, સમદૃષ્ટિવાળા છે, શુદ્ધ છે, પ્રાણીમાત્રને પ્રસન્ન રાખનારા છે, અને અચ્યુત ભગવાનને પ્રિય બાંધવ માનનારા છે, તેઓ પણ એ વિષ્ણુપદને પામેછે. ૩૭ એ રીતે શ્રી કૃષ્ણપરાયણ રહેનારા ઉત્તાનપાદ રાજાના પુત્ર ધ્રુવજી ત્રણે લોકના નિર્મળ ચુડામણિ રૂપ થયા. ૩૮ હે વિદુરજી! જેમ હાલરમાં જોતરેલા બળદનું ટોળું ફરેછે, તેમ ધ્રુવની આસપાસ મોટા વેગવાળું જ્યોતિષચક્ર ફર્યા કરેછે. ૩૯ ભગવાન નારદજીએ પ્રચેતાઓના સમાજમાં વીણા વગાડતાં ધ્રુવજીના મહિમા વિષે નીચે લખેલા શ્લોક ગાયા હતા. ૪૦

નારદજી ગાયછે—પતિવ્રતા સુનીતિના પુત્ર ધ્રુવે તપના પ્રભાવથી મેળવેલી ગતિને વેદવાદી બ્રહ્મર્ષિઓ અનેક ઉપાય કર્યા છતાં પણ પામી શકતા નથી, તો બીજા રાજાઓ તો કેમજ પામી શકે? ૪૧ અપરમાતાનાં વચનરૂપી બાણોથી ભેદાયલા અને દુભાયલા હૃદયવાળા પાંચ વરસની અવસ્થાવાળા ધ્રુવે વનમાં જઇ મારા ઉપદેશ પ્રમાણે વર્તીને અજીત છતાં ભક્તનાગુણોથી હારી ગયેલા ભગવાનને વશ કર્યા છે. ૪૨ તે પાંચ છ વર્ષની ઉમ્મરમાં થોડી મુદતમાંજ ભગવાનને પ્રસન્ન કરી તેમનું પદ પામ્યા, એ પદને ઘણે વર્ષે પામવાની ઇચ્છા બીજા ક્ષત્રિયોથી થઇ શકે તેમ નથી. ૪૩

મૈત્રેય કહેછે—હે વિદુરજી! મોટી કીર્તિવાળા ધ્રુવજીનું સત્પુરૂષોએ માન્ય કરેલું ચરિત્ર તમે મને પૂછ્યું હતું, તે મેં તમને કહી સંભળાવ્યું. ૪૪ ધન, કીર્તિ, આયુષ્ય, પુણ્ય, કલ્યાણ, સ્વર્ગ, ધ્રુવપદ, અને આનંદ આપનારૂં, વખાણવા યોગ્ય, પાપનો નાશ કરનારૂં, અને ભગવાનને પ્રિય એવું આ ધ્રુવનું ચ

રિત્ર જે વારંવાર શ્રદ્ધા રાખીને સાંભળેછે, તેને ક્લેશ ટાળનારાં ભગવાનની ભક્તિ પ્રાપ્ત થાયછે. ૪૫-૪૬ આ કથા સાંભળવાથી મોટાઇ ઇચ્છનારને મોટાઇ મળેછે, સદ્‌ગુણો ઇચ્છનારને શીલ આદિક ગુણો મળેછે, તેજ ઇચ્છનારને તેજ મળેછે અને મનસ્વી પુરૂષોને માન મળેછે. ૪૭ પવિત્ર કીર્તિવાળા ધ્રુવજીનું આ મહાન ચરિત્ર પ્રાતઃકાળમાં અથવા સાયંકાળે દ્વીજો (બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય) ની સભામાં વાંચવું. ૪૮ ભગવાનના ચરણારવિંદનો આશ્રિત કોઇપણ નિષ્કામ મનુષ્ય બીજા શ્રદ્ધાળુ મનુષ્યોને પુનમે, અમાવાસ્યાએ, બારસે, શ્રવણ નક્ષત્રમાં, ક્ષયતિથિમાં, વ્યતિપાતમાં, સંક્રાંતિ અને રવિવારે આ ચરિત્ર સંભળાવે અને તેથી તે સંતોષ પામે તો તે સિદ્ધિને પામેછે. ૪૯-૫૦ જે માણસ અજ્ઞાનીઓને ભગવાનના માર્ગનું અમૃતરૂપ જ્ઞાન આપેછે, તે દયાળુ અને દીનજનોના ઉદ્ધાર કરનારની ઉપર દેવતાઓ પ્રસન્ન થાયછે. ૫૧ હે કુરૂવંશી વિદુરજી! જે બાળકે રમતમાંજ માતાના ઘરનો ત્યાગ કરીને શ્રી વિષ્ણુનું શરણ લીધું હતું, તે પ્રખ્યાત અને શુદ્ધ કર્મવાળા ધ્રુવજીનું ચરિત્ર મેં તમને કહી સંભળાવ્યું. ૫૨

इदंमया तेऽभिहितं कुरूद्वह ।
ध्रुवस्य विख्यात विशुद्ध कर्मणः ॥
हित्वार्भकः क्रीडनकानि मातु ।
र्गृहं च विष्णुं शरणं यो जगाम ॥५२॥

ઇતિ શ્રી ભાગવતપુરાણના ચતુર્થ સ્કંધમાં "ધ્રુવચરિત્ર વર્ણન" નામનો ૧૨ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૩ મો.

ધ્રુવના વંશના વેનરાજાની ક્રૂરતાથી તેનો પિતા અંગ વનમાં નાશી ગયો.

સૂત ઉવાચ.

निशम्य कौषारविणोप वर्णितं ।
ध्रुवस्य वैकुंठ पदाधिरोहणम ॥
प्ररूढभावो भगवत्यधोक्षजे ।
प्रष्टुं पुनस्तं विदुरः प्रचक्रमे ॥

સૂતજી કહેછે—હે શૈનક ! ધ્રુવને વિષ્ણુપદ મળ્યાની કથા મૈત્રેયજીએ કહી, તે સાંભળીને વૃદ્ધિ પામેલા ભાવવાળા વિદુરજી અધોક્ષજ ભગવાન વિષે ફરીથી પુછવા લાગ્યા.૧

વિદુરજી પૂછેછે—હે મૈત્રેયજી! એ પ્રચેતાઓ કોણ હતા? કોના પુત્ર હતા? તેઓ કયાં આગળ એકઠા મળ્યા હતા? અને યજ્ઞ કયાં આગળ થતો હતો? ૨ જેમણે ભગવાનની સેવાના વિધિરૂપી ક્રિયાયોગ કહ્યો છે એવા નારદજીને દેવતાતુલ્ય દર્શનવાળા મોટા હરિભક્ત માનું છું. ૩ સ્વધર્મશીળ પ્રચેતાઓથી પૂજાતા ભગવાન યજ્ઞપુરૂષનું ભક્તિમાન નારદજીએ વર્ણન કરેલું છે. ૪ માટે હે બ્રહ્મન્! એ દેવર્ષિએ પ્રચેતાઓની સભામાં ભગવાનની કથા વર્ણવેલી તે હું સાંભળવાને ઇચ્છું છું, તેથી તમારે એ કથા મને કહેવી ઘટેછે. ૫

મૈત્રેય કહેછે—પિતા વનમાં ગયા પછી ધ્રુવના પુત્ર ઉત્કલે પિતાના ચક્રવર્તી રાજ્યાસનની ઇચ્છા કરી નહી. ૬ કેમકે તે જન્મથીજ શાંત સ્વભાવનો, નિઃસંગ અને સમદર્શી હોવાથી જગતમાં પોતાને અને પોતાના વિષે જગતને જોતો હતો. ૭ અખંડિત યોગાગ્નિથી તેનાં સર્વ કર્મનાં પાપો તથા વાસનાઓ બળી ગયેલાં હોવાથી તે શાંતમૂર્તિ, ભેદરહિત, જ્ઞાનવાન, આનંદમય, સર્વમાં વ્યાપક અને મોક્ષ સ્વરૂપ પરબ્રહ્મને જાણતો હતો, તેથી સ્વસ્વરૂપ વિના બીજું કાંઇ દેખતો નહતો. ૮—૯ બાળકો તેને જડ, આંધળો, બેહેરો, ઉન્મત્ત અને મૂંગા જેવો જાણતાં હતાં, પરંતુ તે શાંત થયેલા અગ્નિની જ્વાળાની પેઠે અંદરથી તો મહા વિદ્વાન હતો. ૧૦ મંત્રીઓએ તથા કુળના વૃદ્ધ પુરૂષોએ તેને મૂર્ખ અને ઉન્મત્ત માનીને ભ્રમિના નાના પુત્ર વત્સરને રાજ્ય આપ્યું. ૧૧ એ વત્સરની પ્રિય પત્નિ સ્વર્વીથિ હતી, તેણે પુષ્પાર્ણ, તિગ્મકેતુ, ઇષ, ઉર્જ, વસુ અને જય નામના ૭ પુત્રો જણ્યા હતા. ૧૨ તેમાંના પુષ્પાર્ણને પ્રભા અને

દોષા નામની બે સ્ત્રીઓ હતી. તેમાં પ્રભાને પ્રાત, મધ્યાન્હ અને સાયં એ ત્રણ પુત્ર થયા. ૧૩ અને દોષાને પ્રદોષ, નિશીથ અને વ્યુષ્ટ એ ત્રણ પુત્રો થયા હતા. વ્યુષ્ટને પુષ્કરિણી નામની સ્ત્રીથી સર્વતેજસ નામનો પુત્ર થયો હતો. ૧૪ તેને આકુતિ સ્ત્રી વિષે ચક્ષુષ્ નામનો મનુપુત્ર થયો, ચક્ષુષની સ્ત્રી નડ્વલાએ પુરૂ, કુત્સ, ત્રિત, દ્યુમ્ન, સત્યવંત, ઋત, વ્રત, અગ્નિષ્ટોમ, અતિરાત્ર, પ્રદ્યુમ્ન, શિબી, અને ઉલ્મુક એ બાર પુત્રોને જન્મ આપ્યો હતો. ૧૫-૧૬ તેમાંના ઉલ્મુકને પુષ્કરિણી રાણીથી અંગ, સુમનસ્, ખ્યાતિ, ક્રતુ, અંગિરા અને ગય નામના છ પુત્રો ઉત્પન્ન થયા. ૧૭ અંગને શુનીથા નામની રાણીથી વેન નામનો દુષ્ટ પુત્ર ઉત્પન્ન થયો. પુત્રની દુષ્ટતાથી દુઃખી થયેલો અંગ રાજા નગર છોડીને નાશી ગયો હતો. ૧૮ હે વિદુર! મુનિઓએ કોપાયમાન થઈને વજ્ર જેવી વાણીથી શાપ દીધાથી વેન રાજા મરી ગયો, તેથી તેના જમણા હાથનું મથન કર્યું. ૧૯ રાજા વિના ચોર લોકો પ્રજાને દુઃખ દેતા હતા, તેથી વેનના હાથમાંથી નારાયણના અંશરૂપ પૃથુ નામનો રાજા ઉત્પન્ન થયો. ૨૦

વિદુરજી પૂછેછે—હે મૈત્રેયજી! અંગ રાજા શીળગુણી, સત્યસ્વરૂપ, મહાત્મા અને બ્રાહ્મણોનો સત્કાર કરનાર હતો, તેમ છતાં તેને એવો દુષ્ટ પુત્ર શાથી થયો? કે જેના ત્રાસથી તેને કચવાઇને વનમાં નાશી જવું પડ્યું? ૨૧ વળી રાજ્યદંડના નિયમો જેના હાથમાં છે એવા વેન રાજાને ધર્મજ્ઞ મુનિઓએ શા માટે શાપ દીધો હતો? ૨૨ રાજા પોતાના તેજવડે લોકપાળોને પણ તેજસ્વી કરેછે, એવો રાજા પાપી છતાં પણ પ્રજાએ તેનું અપમાન ન કરવું જોઇએ, તેમ છતાં બ્રાહ્મણોએ વેનને શાથી શાપ દીધો? ૨૩ હે બ્રહ્મન્! તમે ઉત્તમ ભવિષ્યવેત્તા છો, માટે એ સુનીથાના પુત્ર વેનની કથા મને શ્રદ્ધાળુને કહી સંભળાવો. ૨૪

મૈત્રેય કહેછે—રાજર્ષિ અંગે મોટો અશ્વમેધ યજ્ઞ કર્યો, તેમાં વેદ જાણનારા બ્રાહ્મણોએ દેવતાઓનું આવાહન કર્યા છતાં દેવતાઓ આવ્યા નહી. ૨૫ તેથી ઋત્વિજોએ આશ્ચર્ય પામીને યજમાન (અંગ) ને કહ્યું કે—તમે જે બળિદાન હોમોછો, તે દેવતાઓ ગ્રહણ કરતા નથી. ૨૬ હે રાજા! તમે આ શ્રદ્ધાથી જે બળિ આપોછો તે દોષ વગરનાં છે, તેમ વ્રતધારી અમે પણ સારવાળા છઇ જાણીએ છીએ. ૨૭ વળી તમોએ દેવતાઓનો જરા પણ અપરાધ કર્યાનું અમારા જાણવામાં નથી, કે જેને લીધે કર્મના સાક્ષીરૂપ દેવતાઓ પોતાનો ભાગ ગ્રહણ કરતા નથી. ૨૮

મૈત્રેય કહેછે—આ પ્રમાણેનાં બ્રાહ્મણોનાં વચનો સાંભળીને અંગ રાજા મનમાં બહુજ ખેદ પામ્યો. પછી બ્રાહ્મણોની આજ્ઞાથી તે બોલ્યા કે—૨૯ હે સભાસદો! આ દેવતાઓ બોલાવ્યા છતાં આવતા નથી અને પોતાનો યજ્ઞભાગ લેતા નથી, તો મેં શો અપરાધ કર્યો છે? ૩૦.

સભાપતિઓ કહેછે—“હે રાજન્! તમારૂં આ જન્મનું તો કાંઇપણ પાપ નથી, પણ પૂર્વજન્મનું એક પાપ છે, તેને લીધે તમે પ્રજા વગરના છો. ૩૧ માટે હે રાજા! તમો પુત્રની ઇચ્છાવાળાને જેવી રીતે ભગવાન સારો પુત્ર આપે, તેવી રીતે તમે કરો. તમારૂં કલ્યાણ થાઓ, ૩૨ તમને પુત્ર થયાથી દેવતાઓ પોતાનો યજ્ઞનો ભાગ ગ્રહણ કરશે, માટે સાક્ષાત્ યજ્ઞપુરૂષ શ્રી હરિનું પૂજન કરો. ૩૩ લોકો જે જે કામની ઇચ્છા કરે છે, તે તે કામના શ્રીહરિ પૂરી કરે છે, તે જેવી રીતે ભગવાનની આરાધના કરવામાં આવે છે તેવી રીતે તે ફળ આપે છે.” એ પ્રમાણે તે સભાપતિ બ્રાહ્મણોએ કહીને રાજાને પુત્ર થવા માટે શ્રી વિષ્ણુને ઉદ્દેશીને પુરોડાશ હોમ્યો. ૩૫ એટલે તેમાંથી સુવર્ણની માળા પહેરેલો અને ઉજવળ વસ્ત્રવાળો એક પુરૂષ સોનાના પાત્રમાં સિદ્ધ કરેલો દુધપાક લઇને બહાર નીકળ્યો. ૩૬ એ ઉદાર બુદ્ધિવાળા રાજાએ બ્રાહ્મણોની સલાહથી તે દુધ ખોબામાં લઇને સુંઘ્યો અને પછી તે પોતાની સ્ત્રીને આપ્યો.

૩૭ એ સુનીથા રાણીએ એ પુત્ર આપનારો દુધપાક ખાઇને પતિનો ગર્ભ ધારણ કર્યો, અને સમય થતાં તેણે એક પુત્ર પ્રસવ્યો. ૩૮ એ પુત્ર નાનપણથીજ માતામહ (માના બાપ) અધર્મના અંશથી ઉત્પન્ન થયેલા મૃત્યુને અનુસરતો હતો, તેથી તે અધર્મી નીવડયો. ૩૯ તે પાપી હાથમાં ધનુષ્યબાણ લઇ મૃગયાને માટે વનમાં ફરીને દીનમૃગોને તથા સત્પુરૂષોને મારવા લાગ્યો. તેથી લોકો ' આ વેન આવ્યો ' એમ પોકારવા લાગ્યા. ૪૦ અત્યંત નિર્દય અને દારૂણ વેન રમવાની જગ્યાએથી રમતાં બાળકોને બળાત્કારે પકડીને પશુની પેઠે મારતો હતો. ૪૧ એ શઠ પુત્રને અંગ રાજાએ ઘણી ઘણી શીખામણો દીધી. તોપણ તે સુધર્યો નહી, તેથી રાજા બહુ ખેદ પામ્યો અને બોલ્યો કે—૪૨ જે ગૃહસ્થાશ્રમીઓને પ્રજા નથી અને જેને દુષ્ટ પ્રજાએ દીધેલાં અસહ્ય દુઃખ ભોગવવાં પડતાં નથી, તેઓએ ભગવાનને પૂરેપૂરા પૂજેલા છે. ૪૩ દુષ્ટ સંતતિથી મનુષ્યને મોટી અપકીર્તિ, મહાન્ અધર્મ, સર્વ સાથે વિરોધ અને અત્યંત દુઃખ થાય છે. ૪૪ વળી જેને લીધે ઘરમાં કલેશ થાયછે એવા પ્રજારૂપી મોહબંધનને કયો પંડિત ઉત્તમ ગણે ? ૪૫ હું તો સારા પુત્ર કરતાં નઠારા પુત્રને સારો માનું છું, કારણ કે તેથી માણસ કલેશકારી ઘરોથી ઉદાસ થાય છે. ” ૪૬ એ પ્રમાણે વૈરાગ્ય પામેલો અને જેને ઊંઘપણ આવતી ન હતી, એવો અંગ રાજા વેનની માતાને સૂતેલી મૂકી પોતાના સમૃદ્ધિવાન ઘરનો ત્યાગ કરીને જતો રહ્યો. ૪૭ રાજાને છાનોમાનો નાશી ગયેલો જાણીને પ્રજા, પુરોહિત, મંત્રીઓ, અને સંબંધીઓ, શોકાતુર થઇ ગયા, અને કાચા યોગી જેમ ગૂઢ પરમાત્માને શોધે તેમ પૃથ્વી ઉપર શોધવા લાગ્યા. ૪૮ હે વિદુર! લોકોએ રાજાની શોધખોળ ઘણી કરી, પણ તેનો પત્તો નહી લાગવાથી તેઓ નગરમાં પાછા આવ્યા, અને એકઠા મળેલા ઋષિઓને પ્રણામ કરી આંખોમાં આંસુ આણીને રાજાનો પત્તો નહી લાગવાના સમાચાર કહ્યા. ૪૯

अलक्षयंतः पदवीं प्रजापते ।
र्हतोद्यमाः प्रत्युपसृत्य ते पुरीम् ॥
ऋषीन् समेतानभिवंद्य साश्रवो ।
न्यवेदयन् पौरव भर्तृ विप्लवम् ॥

ઇતિ શ્રી ભાગવતપુરાણના ચતુર્થ સ્કંધમાં “ અંગ રાજાનું વનાગમન વર્ણન ” નામનો ૧૩ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૪ મો.

બ્રાહ્મણોએ વેનરાજાને રાજ્યઅભિષેક કર્યો તથા પછીથી તેના દોષોને લીધે નાશ કર્યો.

मैत्रेयउवाच.

भृग्वादयस्तेमुनयोलोकानामक्षेमदर्शिनः ॥
गोप्तर्यसतिवैनृणांपश्यंतः पशुसाम्यताम् ॥

મૈત્રેય કહે છે - રાજા વગર લોકોની પશુના જેવી સ્થિતિ જોઇને તેઓનું કલ્યાણ ઇચ્છનારા ભૃગુ વગેરે મુનિઓએ વેનની માતા સુનીથાને બોલાવીને મંત્રીઓની સંમત્તિ નહી છતાં વેનને રાજ્ય ગાદીએ બેસાડયો. ૧–૨ ભયંકર શિક્ષા કરનારા વેનને ગાદીએ બેઠેલો જોઇને, જેમ સર્પને દેખીને ઊંદરો છુપાઇ જાય તેમ દુષ્ટજનો છુપાઇ ગયા. ૩ વેનરાજા ગાદીએ બેઠા પછી આઠ વિભુતિઓથી છકી જઇ ગર્વિષ્ટ બનીને પોતાનેજ શ્રેષ્ઠ માનવા લાગ્યો. અને મહાપુરૂષોનું અપમાન કરવા લાગ્યો. ૪ તે અંકુશ વિનાના હાથીની પેઠે મદાંધ થઇ રથમાં બેશીને પૃથ્વીને કંપાવતો ફરવા લાગ્યો. ૫ વળી દ્વીજ લોકોને મના કરી કે “ હે દ્વીજો ! તમારે કદી યજ્ઞ, દાન, અને હોમ કરવા નહીં, ” એવી રીતનો ઢંઢેરો પીટાવ્યો. ૬ એ દુષ્ટ આચરણવાળા વેનનું વર્તન જોઇ લોકોનાં દુઃખનો વિચાર કરીને મુનિઓ દયાથી કહેવા લાગ્યા કે–૭ અહો ! બંને છેડેથી બળતા લાકડાની વચ્ચે રહેલા કીડાની જેવી સ્થિતિ થાય છે, તેવી રીતે લોકોને ચોર તથા

રાજા બન્ને તરફથી મહાકષ્ટ પ્રાપ્ત થયું. ૮ રાજાવગરનું રાજ્ય ઠીક નહીં, એમ વિચારીને બીકથી વેન અયોગ્ય છતાં તેને ગાદીએ બેસાડયો, તો એથી પણ વધારે ભય થવા લાગ્યો, માટે હવે લોકોનું ભલુ શી રીતે કરવું? ૯ જેમ સાપને દૂધ પાઈને ઉછેરતાં તે ઉછેરનારનેજ ડસે, તેમ સ્વભાવથીજ દુષ્ટ એવા વેનને રાજ્ય આપતાં તે પ્રજાને દુઃખ દેછે. ૧૦ જેનું તેણે પાલન કરવું જોઈએ તેનેજ તે મારનારો થઇ પડયો છે, માટે આપણે તેને સમજાવીએ, જેથી આપણને તેનું પાપ ન લાગે. ૧૧ તેને દુરાચરણી જાણ્યા છતાં આપણે રાજા કર્યો છે, તે અધર્મી આપણે સમજાવ્યા છતાં નહી માને તો એ લોકોના ધિક્કારથી બળી ગયેલાને આપણા પ્રભાવથી બાળી નાંખીશું. ૧૨ એ પ્રમાણે ઠરાવ કરી પોતાનો વિચાર ગુપ્ત રાખીને તે મુનિઓ વેનની પાસે ગયા, અને સામ વચનોથી કહેવા લાગ્યા. ૧૩

મુનિઓ કહે છે—હે તાત! હે રાજશ્રેષ્ઠ! જેથી તમારૂં આયુષ્ય, બળ, લક્ષ્મી અને કીર્તિ વધે એવી અમે વિનતિ કરીએ છીએ, તે સાંભળો. ૧૪ મન, વચન અને કાયાથી પાળેલો ધર્મ પુરૂષને આનંદમય સ્વર્ગ અને મોક્ષ આપે છે. ૧૫ માટે હે વીર! પ્રજાનું રક્ષણ કરવારૂપી તમારો રાજ્યધર્મ છે, તેનો નાશ ન કરો, તેમ કરવાથી રાજાનું ઐશ્વર્ય નાશ પામે છે. ૧૬ હે રાજન! દુષ્ટ મંત્રીઓથી અને દુષ્ટ લોકોથી પ્રજાનું રક્ષણ કરી તેમની પાસેથી શાસ્ત્રાનુસાર કર લેનારો રાજા આ લોકમાં તથા પરલોકમાં સુખી થાય છે. ૧૭ જે રાજાના દેશમાં અને નગરમાં વર્ણાશ્રમના ધર્મ પાળનારી પ્રજા યજ્ઞમૂર્તિ ભગવાનનું યજન કરે છે, અને રાજા રાજ્યનીતિ પ્રમાણે વર્તે છે, તે રાજાની ઉપર પ્રાણી માત્રને સરજનારા વિશ્વાત્મા ભગવાન પ્રસન્ન થાય છે. ૧૮-૧૯ લોકપાળો સહિત લોકો આદરભાવથી જેને બળિદાન અર્પણ કરે છે એવા જગદીશ્વર પરમાત્મા પ્રસન્ન થયા પછી માણસને કઇ વસ્તુ દુર્લભ છે! ૨૦ હે રાજા! તમારા દેશના લોકો યજ્ઞોવડે, સર્વ દેવતાઓ, યજ્ઞો, તથા લોકો જેને વિષે રહેલા છે, એવા ત્રણે વેદરૂપ, દ્રવ્યરૂપ અને તપરૂપ, એવા પરમેશ્વરનું યજન કરે છે, તેઓને તમારે અનુસરવું જોઇએ. ૨૧ તમારા દેશના બ્રાહ્મણ, ક્ષત્રીય અને વૈશ્યો યજ્ઞોવડે દેવતાઓનું પૂજન કરે છે, તેથી દેવતાઓ પ્રસન્ન થઇને મનવાંચ્છિત ફળ આપે છે, માટે એ દેવતાઓનું અપમાન કરવું યોગ્ય નથી. ૨૨

વેન બોલ્યો–તમે અધર્મને ધર્મ માનનારા ઘણા મૂર્ખ છો, કારણ કે તમે અન્ન આપનારા પતિ (રાજા) ને છોડીને જારપતિને સેવો છો.૨૩ જે મૂઢ લોકો પોતાના રાજારૂપી ઇશ્વરની અવજ્ઞા કરેછે, તેઓનું આ લોકમાં તથા પરલોકમાં કલ્યાણ થતું નથી. ૨૪ જેમ વ્યભિચાર કરનારી દુષ્ટ સ્ત્રીની પ્રીતિ જાર પુરૂષ ઉપર હોયછે, તેવી રીતે તમે જેનું પૂજન કરોછો તે યજ્ઞપુરૂષ કોણ છે? ૨૫ વિષ્ણુ, બ્રહ્મા, શંકર, ઇંદ્ર, યમ, વાયુ, સૂર્ય, પર્જન્ય (વરસાદ), કુબેર, ચંદ્ર, પૃથ્વી, અગ્નિ અને વરૂણ, ૨૬ એ વગેરે વરદાન અને શાપ આપવાને સમર્થ દેવતાઓ રાજાના શરીરમાં રહેલા છે. તેથી રાજા સર્વ દેવમય છે, ૨૭ માટે હે દ્વિજો! તમે મત્સર છોડી દઇને કર્મોવડે મારૂં યજન કરો અને મનેજ બળિદાન આપો. મારા વિના બીજો કયો પુરૂષ પ્રથમ પૂજવા યોગ્ય છે? ૨૮

મૈત્રેય કહેછે—આ પ્રમાણે ઊંધી બુદ્ધિવાળા અને અવળે માર્ગે ચાલનારા વેનરાજાને સમજાવ્યા છતાં તેણે બ્રાહ્મણોની વિનતિ સાંભળી નહીં. ૨૯ હે વિદુર! પોતાને વિદ્વાન માનનારા વેનરાજાએ ઉપર પ્રમાણે બ્રાહ્મણોનું અપમાન કર્યાથી તેઓની વિનતિ નિષ્ફળ થવાથી ક્રોધે ભરાઇને બોલ્યા કે–૩૦ "આ દુષ્ટ સ્વભાવવાળા પાપી રાજાનો નાશ થાઓ, નાશ થાઓ, એના જીવવાથી જગત બળીને ભસ્મ થઇ જશે. ૩૧ આ નિર્લજ અને દુરાચારી રાજા યજ્ઞપતિ શ્રી વિષ્ણુની નિંદા કરેછે, માટે એ રાજ્યાસનને યોગ્ય નથી. ૩૨ જે ભગવાને અનુગ્રહ કરીને તેને ઐશ્વર્ય આપ્યું છે તે ભગવાનની નિંદા આ દુષ્ટ

વેન (વેનના બાજો કોણ કરે ? " ૩૩ આ પ્રમાણે ક્રોધ પામેલા ઋષિઓએ તેને મારવાનો નિશ્ચય કરીને ભગવાનની નિંદાથીજ મરાયેલા વેનને હુંકારો કરીને મારી નાંખ્યો. ૩૪ પછી ઋષિઓ પોતપોતાના આશ્રમે ગયા. પુત્રનો શોક કરતી સુનીથાએ વિદ્યાના યોગથી વેનનું શરીર સાચવી રાખ્યું. ૩૫ એક દિવસે મુનિઓ સરસ્વતીના જળમાં સ્નાન કરીને, આશ્રમમાં હોમ કરીને નદી કિનારે બેઠા બેઠા પવિત્ર કથા કરતા હતા. ૩૬ તે સમયે લોકોને ભય ઉપજાવનારા ઉત્પાતો થતા જોઇને તેઓ બોલ્યા કે—" શું આ અનાથ પૃથ્વીનું ચોર લોકો અશુભ તો નહી કરતા હોય ? " ૩૭ આ પ્રમાણે તેઓ વિચાર કરતા હતા એટલામાં ચારે તરફથી દોડ્યા આવતા લુટારાઓની પગરવટથી ધૂળ ઉડતી દેખાઈ. ૩૮ રાજા મરી ગયા પછી લોકોનાં ધન માલ લુંટી લેતા ચોર લોકોનો ભારે ત્રાસ, તથા પ્રજામાં પરસ્પર મારફાડ, ચોરી અને દેશ સત્વવિનાનો થયેલો જોઇને મુનિઓ વિચારવા લાગ્યા કે " આવી રીતે ચાલવા દેવાથી આપણને પણ દોષ લાગેછે, શાસ્ત્રમાં કહ્યું છે કે—બ્રાહ્મણ સમદૃષ્ટિવાળો અને શાંત છતાં પણ દુઃખી લોકોની ઉપેક્ષા કરે તો તેનું તપ ફુટેલા વાસણમાંના પાણીની પેઠે જતું રહેછે. ૩૯-૪૧ જે વંશમાં મહા પરાક્રમી અને કેશવ ભગવાનનો આશ્રય કરનારા રાજા થઈ ગયા છે તે વંશમાંના રાજર્ષિ અંગરાજાનો વંશ નાશ પામવાને યોગ્ય નથી. " ૪૨ આ પ્રમાણે વિચારીને મુનિઓએ મરણ પામેલા વેનરાજાની સાથળનું મથન કર્યું, એટલે તેમાંથી એક ઠીંગણો પુરૂષ ઉત્પન્ન થયો. ૪૩ તે કાગડાના જેવો કાળો, ઠીંગણા શરીરવાળો, ટુંકા હાથપગવાળો, મોટી દાઢીવાળો, ચીબા નાકવાળો અને રાતી આંખો તથા વાળવાળો હતો. ૪૪ તે દીનવાણીથી બોલ્યો કે " હું શું કરૂં ? " ત્યારે મુનિઓ બોલ્યા કે " નિષીદ (બેશી જા) " તે ઉપરથી તેનુ નામ 'નિષાદ' પડ્યું. ૪૫ તેના વંશમાં ઉત્પન્ન થયેલા ભીલ લોકો પર્વતો અને વનોમાં રહેવા લાગ્યા, કેમકે વેનના શરીરમાંનું ભયંકર પાપ જ નિષાદરૂપે બહાર નીકળ્યું હતું. ૪૬

तस्यवंशास्तु नैषादा गिरिकानन गोचराः॥
येनाहरज्जायमानो वेन कल्मष मुल्वणम् ॥

ઇતિ શ્રી ભાગવતપુરાણના ચતુર્થ સ્કંધમાં " નિષાદ ઉત્પત્તિ કથન " નામનો ૧૪ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૫ મો.

બ્રાહ્મણોએ વેનના હાથનું મથન કરીને પૃથુરાજા ઉત્પન્ન કર્યા અને તેને રાજ્યાભિષેક કર્યો.

मैत्रेय उवाच.

अथतस्य पुनर्विप्रैरपुत्रस्य महीपतेः ॥
बाहुभ्यां मथ्यमानाभ्यां मिथुनं समपद्यतः॥१॥

મૈત્રેય કહેછે—પછી બ્રાહ્મણોએ ફરીથી એ પુત્ર વગરના રાજાના બે હાથનું મથન કર્યું, તેમાંથી એક જોડકું ઉત્પન્ન થયું. ૧ તેને જોઇને તે ભગવાનનો અંશ છે એમ જાણીને મુનિઓ ઘણાજ પ્રસન્ન થયા, અને બોલ્યા. ૨

ઋષિઓ કહેછે—આ પુત્ર ભગવાનના અંશરૂપ છે, તે જગતનું રક્ષણ કરનાર છે, અને આ કન્યા છે તે ભગવાનની પાસે રહેનારી લક્ષ્મીનો અવતાર છે. ૩ આ પુત્ર (પૃથુ) તો ચક્રવર્તીઓમાં મુખ્ય છે, તે રાજાઓની કીર્તિ વધારનારો મહાયશસ્વી રાજા થશે. ૪ અને આ સુંદર દાંતવાળી, મનોહર અંગવાળી, સદ્ગુણોરૂપી અલંકારવાળી અર્ચિ નામની કન્યા છે તે પૃથુરાજાને જ પરણશે. ૫ આ પુત્ર પૃથુ તો સાક્ષાત્ ભગવાનનો અંશ છે, તે લોકનું રક્ષણ કરવાને ઉત્પન્ન થયોછે, અને આ લક્ષ્મી તેમની પાસે રહી તેમનેજ અનુસરનારી છે. ૬

મૈત્રેય કહેછે—પછી બ્રાહ્મણો પૃથુરાજાની પ્રશંસા કરવા લાગ્યા, ગંધર્વો સ્તુતિ કરવા લાગ્યા, સિદ્ધો આકાશમાંથી પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા, અને અપ્સરાઓ નાચવા લાગી. ૭

આકાશમાં શંખ, તુરી, મૃદંગ, અને દુંદુભિ વાગવા લાગ્યાં અને સર્વ દેવતાઓ, ઋષિઓ તથા પિતૃઓનો સમૂહ ત્યાં આવ્યો. ૮ સુરેશ્વર ઇંદ્રની સાથે જગદ્ગુરૂ બ્રહ્માએ ત્યાં આવી પૃથુરાજાના હાથમાં ચક્રનું તથા પગમાં પદ્મનું ચિન્હ જોઇને તેને ભગવાનનો અવતાર માન્યો. કેમકે જેના હાથમાં ચક્રનું ચિન્હ હોય તે ઇશ્વરનો અંશ ગણાયછે. ૯-૧૦. પછી વેદવેત્તા બ્રાહ્મણોએ તેને રાજ્યાભિષેક કરવાનો આરંભ કર્યો, અને લોકો તેના રાજ્યાભિષેક માટે સામગ્રી ચારે તરફથી લાવ્યા. ૧૧ નદીઓ, સમુદ્રો, પૃથ્વી, પર્વતો વૃક્ષો, ગાયો, પક્ષીઓ, મૃગો અને આકાશ એ સર્વ તેને માટે ભેટો લાવ્યાં. ૧૨ એ અભિષેક કરેલો પૃથુ રાજા તથા તેની રાણી અર્ચિષા સારાં સારાં વસ્ત્રાલંકારો પહેરી શણગારાઇને બીજા અગ્નિ જેવાં શોભવા લાગ્યાં. ૧૩ હે વીર વિદુરજી! તેને માટે કુબેર સુવર્ણનું સિંહાસન લાવ્યા, વરૂણ પાણી ઝરતું અને ચંદ્રમા જેવું તેજસ્વી છત્ર લાવ્યા. ૧૪ વાયુ બે ચમર લાવ્યા. ધર્મરાજા કીર્તિરૂપી પુષ્પની માળા લાવ્યા, ઇંદ્ર ઉત્તમ મુગટ લાવ્યા, યમ શિક્ષા કરવાનો દંડ લાવ્યા. ૧૫ બ્રહ્મા વેદમય કવચ લાવ્યા, સરસ્વતી ઉત્તમ હાર લાવી, ભગવાને સુદર્શન ચક્ર આપ્યું અને લક્ષ્મીજીએ અખૂટ સંપત્તિ આપી. ૧૬ રૂદ્રે દશ ચાંલ્લાવાળી અને અંબિકાએ સો ચાંલ્લાવાળી તરવાર આપી, ચંદ્રમાએ અમૃતમય ઘોડાઓ અને વિશ્વકર્માએ સુંદર રથ આપ્યો. ૧૭ અગ્નિએ બકરા તથા બળદના શીંગડાંનું બનાવેલું ધનુષ્ય આપ્યું, સૂર્યે તેજોમય બાણો આપ્યાં, પૃથ્વીએ યોગમાયાવાળી પાદુકા આપી, આકાશે નિરંતર પુષ્પની માળા આપવા માંડી. ૧૮ આકાશમાં ફરનારા દેવતાઓએ નાટક, સારૂં ગાયન, વાજિત્ર અને અદૃશ્યકળા આપી. ઋષિઓએ સત્ય આશિર્વાદ આપ્યા અને સમુદ્રે પોતામાંથી ઉત્પન્ન થયેલો શંખ આપ્યો. ૧૯ સમુદ્રો, પર્વતો અને નદીઓએ એ મહાત્માના રથને ચાલવાને માર્ગ આપ્યો, અને સૂત, માગધ તથા બંદીજનો તેની સ્તુતિ કરવા લાગ્યા. ૨૦ તેઓ આ પ્રમાણે આવેલા જોઇને મહા પ્રતાપી પૃથુ રાજા હસીને મેઘના જેવી ગંભીર વાણીથી બોલ્યા. ૨૧

પૃથુરાજા કહેછે—હે સૂત! હે માગધ! હે શાંતગુણી બંદીજનો! હજીસુધી મારા ગુણો લોકોમાં પ્રસિદ્ધ થયા નથી છતાં મારી સ્તુતિ શા માટે કરોછો? કોઇ બીજાની કરો, મારી વ્યર્થ સ્તુતિ ન કરો. ૨૨ હે મધુર વાણીવાળા! મારા ગુણો પ્રસિદ્ધ થયા પછી પછીથી સ્તુતિ કરજો. સત્પુરૂષો ઉત્તમ કીર્તિવાળા ભગવાનના ગુણો ગાવાના મૂકીને બીજાના ગુણો ગાતા નથી. ૨૩ પોતે મોટા ગુણો ધારણ કરવાને સમર્થ હોય, તોપણ એવાં મોટાં કામો કર્યા પહેલાં કયો પુરૂષ પ્રથમથીજ મિથ્યા સ્તુતિ કરાવે? "તમે આવા ગુણવંત છો ને આવા થશો" એવા કુબુદ્ધિવાળા ખુશામતીયા લોકો મશ્કરી કરેછે, એમ તે મૂર્ખ સમજતો નથી. ૨૪ મહાત્માઓ પોતે પ્રખ્યાત તથા ઉદાર હોયછે, તેમ છતાં તે પોતાનાં વખાણ સાંભળીને લજાયછે, અને પોતાનાં હલકાં કામની પેઠે તે પોતાનાં વખાણને ધિક્કારેછે. ૨૫ માટે હે સૂતલોકો! હું હજી મોટાં પરાક્રમ કરીને જગતમાં પ્રખ્યાત થયો નથી, તો હું બાળકની પેઠે મારાંવખાણ કેમ કરાવું? ૨૬

वयं त्वविदिता लोके सूताद्यापि वरीमभिः॥
कर्मभिः कथमात्मानं गापयिष्याम बालवत्।

ઇતિ શ્રી ભાગવતપુરાણના ચતુર્થ સ્કંધમાં "પૃથુચરિત્ર વર્ણન" નામનો ૧૫ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૬ મો.

મુનિઓની પ્રેરણાથી સૂત, માગધ તથા બંદીજનોએ પૃથુરાજાની કરેલી સ્તુતિ.

મૈત્રેયઉવાચ.

इतिब्रुवाणं नृपतिं गायका मुनिचोदिताः ॥

तुष्टुवुस्तुष्ट मनसस्तद्वागमृत सेवया ॥

મૈત્રેય કહે છે—હે વિદુરજી ! એ પ્રમાણે પૃથુરાજાનાં અમૃત જેવાં વચનો સાંભળીને ગાયકલોકો મનમાં આનંદ પામ્યા. પછી મુનિઓની પ્રેરણાથી તેઓ રાજાની સ્તુતિ કરવા લાગ્યા. ૧

ગાયકો સ્તુતિ કરે છે—હે પૃથુરાજા! તમે દેવતાઓમાં શ્રેષ્ઠ છો, તમે દયાથી આ મનુષ્યાવતાર લીધો છે, તેથી તમારા મહિમાનું વર્ણન કરવાને અમે શક્તિવાન નથી. તમો વેનના પુત્રનાં પરાક્રમો ગાવાને બ્રહ્માદિક પણ સમર્થ નથી. ૨ તોપણ શ્રી હરિના અંશાવતાર રૂપ અને ઉજ્વળ કીર્તિવાળા આપની કથા રૂપી અમૃતમાં પ્રીતિ રાખનારા અમે આપનાં વખાણવા યોગ્ય ચરિત્રોનું મુનિઓની પ્રેરણા પ્રમાણે વર્ણન કરીએ છીએ. ૩ આ પૃથુરાજા ધર્માધિપતિઓમાં શ્રેષ્ઠ, લોકોને ધર્મમાર્ગે ચલાવનાર, ધર્મની મર્યાદાના રક્ષક અને અધર્મીઓને શિક્ષા કરનાર થશે. ૪ એ પોતાના એકજ દેહની સમયે સમયે લોકપાળોની શક્તિ ધારણ કરીને આ લોક તથા સ્વર્ગલોકનાં કલ્યાણકારી કર્મો કરશે. ૫ સર્વ પ્રાણીઓઉપર સમદૃષ્ટિવાળો આ રાજા સૂર્યની * પેઠે પ્રજાપાસેથી કર લેશે અને સમય આવેથી તે તેને પાછો આપશે. ૬ આ રાજા પૃથ્વીની પેઠે બીજાના અપરાધ સહન કરનારો થશે, અને દુઃખી પ્રાણી પોતાને કનડશે તોપણ દયાથી તે પોતે સહન કરશે. ૭ રાજારૂપે થયેલા આ શ્રીહરિ અનાવૃષ્ટિથી દુઃખી થતા પ્રજાનું ઇંદ્રની પેઠે વૃષ્ટિ કરીને રક્ષણ કરશે. ૮ આ મહાન્‌રાજા લોકોને પ્રીતિથી જોઇને, નિર્મળ મંદહાસ્ય કરીને અને ચંદ્રજેવા મનોહર મુખવડે લોકોને તૃપ્ત કરશે. ૯ આ પૃથુરાજા વરુણદેવની પેઠે પ્રથમથી કોઇના જાણવામાં ન આવે એવાં ગુપ્ત અને ગંભીર કામો કરનાર, ધનનું રક્ષણ કરનાર, અપાર મહિમાવાળો, સદ્‌ગુણશાળી અને જીતેંદ્રિય થશે. ૧૦ વેનરૂપી અરણીનું મથન કરવાથી ઉત્પન્ન થયેલો આ અગ્નિ સમાન રાજા પાસે છતાંપણ દૂર જણાશે, તેથી તેને શત્રુઓ મનથી પણ પોહોંચી શકશે નહી અને તેનો કોઇ પરાભવ કરી શકશે નહી. ૧૧ વળી તે છાના દૂતોદ્વારા પ્રજાનાં અંદરનાં તથા બહારનાં કર્મો જાણનાર થશે, તથાપિ તે દેહાત્માની પેઠે નિર્વિકાર રહેશે. ૧૨ આ ધર્મમાર્ગે ચાલનારો પૃથુરાજા, પોતાના શત્રુનો પુત્ર હશે પણ જો તે નિરપરાધી હશે તો તેને શિક્ષા કરશે નહી, અને જો પોતાનો પુત્ર હશે, પણ જો તે અપરાધી હશે તો તેને શિક્ષા કરશે ૧૩ આ પૃથુરાજાનું અપ્રતિહત ચક્ર (આજ્ઞા) જ્યાં સુધી સૂર્યનાં કિરણો પૃથ્વીના છેડા માનસાગળ સુધી તપેછે ત્યાં સુધી ફરશે. ૧૪ એ પોતાનાં મનોરંજક કર્મોથી લોકોને આનંદ પમાડશે, તેથી તે ગુણોને લીધે લોકો તેને રાજા કહેશે. ૧૫ વળી એ દૃઢ વ્રતવાળો, સત્ય પ્રતિજ્ઞાવાળો, બ્રાહ્મણોનો સત્કાર કરનારો, વૃદ્ધજનોની સેવા કરનારો, સર્વ પ્રાણીઓનું રક્ષણ કરનારો, માન આપનારો અને દીનદયાળુ થશે. ૧૬ પરસ્ત્રીને માતા જેવી ગણશે, પોતાની સ્ત્રીને અર્દ્ધાંગના માનશે, પ્રજાને પુત્રના જેવી વહાલી ગણશે અને બ્રહ્મજ્ઞાનીઓનો સેવક થશે. ૧૭ વળી તે પ્રાણીઓને પોતાના આત્મા જેવો પ્રિય લાગશે. સંબંધીઓને સુખ આપશે, મુક્ત પુરૂષોનો સંગ કરનાર થશે, અને દુષ્ટ લોકોને દંડ દેનારો થશે. ૧૮ જેને વિષે અવિદ્યાથી રચેલું આ જગત દેખાય છે, પણ તે માયાનું કાર્ય જાણીને જ્ઞાની લોકો મિથ્યા માને છે એવા ત્રૈલોક્યાધિપતિ અવિનાશી પરમાત્મા પોતાના અંશથી આ પૃથુરાજા રૂપે અવતર્યા છે. ૧૯ આ વીર નૃપતિ ઉદયાચળ પર્યંત ભૂમંડળનું રક્ષણ કરશે અને વિજય રથમાં બેસી હાથમાં ધનુષ્ય લઇ સૂર્યની પેઠે દક્ષિણ દિશા તરફથી ભૂમંડળમાં ફરશે. ૨૦ તે જ્યાં જ્યાં જશે ત્યાં ત્યાં લોકપાળો સહિત સર્વ રાજાઓ તેને કર તથા ભેટ આપશે, અને તેઓની સ્ત્રીઓ તેને

---

* સૂર્ય જેમ આઠ મહિના પૃથ્વીનું જળ શોષી લઇને તે ચોમાસાના ચાર મહિનામાં પૃથ્વીને પાછું આપેછે. તેમ આ રાજા સુકાળમાં પ્રજા પાસેથી કર લેશે અને તે દુષ્કાળ સમયે રૈયતને પાછો આપશે.

આદિરાજગણી વિષ્ણુતુલ્ય માનીને તેના યશ ગાશે. ૨૧ આ રાજા પોતાનાં બાણોની અણીથી પર્વતોને ભેદીને રમત માત્રમાં ઇંદ્રની પેઠે પૃથ્વીને સપાટ કરશે અને પ્રજાની આજીવિકા કરી આપવાને ગાયરૂપ પૃથ્વીને દોહોશે. ૨૨ ઊંચું પૂછડું કરીને ફરતા સિંહની પેઠે આ રાજા બકરા અને બળદનાં શીંગડાંથી બનેલું અને યુદ્ધમાં ભયકર એવું પોતાનું ધનુષ્ય લઇ પૃથ્વી ઉપર ફરશે, ત્યારે ચોર વગેરે દુષ્ટલોકો ચારે દિશામાં છૂપાઇ જશે. ૨૩ વળી તે સરસ્વતીના મૂળની પાસે સો અશ્વમેધ યજ્ઞ કરશે. તેમાંના છેલ્લા યજ્ઞમાં શક્રકેતુ ઇંદ્ર તેનો ઘોડો હરી જશે. ૨૪ વળી આ રાજા પોતાના ઉપવનમાં ભગવાન સનત્કુમારને મળી ભક્તિ આરાધીને પરમાત્માનું પરમજ્ઞાન મેળવશે. ૨૫ એ રીતે આ મોટા પરાક્રમ વાળો પ્રખ્યાત પૃથુરાજા જ્યાં જ્યાં જશે ત્યાં ત્યાં સારી વાણી અને ભગવાનની કથા સાંભળશે. ૨૬ તે સર્વ દિશાઓને જીતીને પોતાની ઉલ્લંઘન ન થઇ શકે એવી આણ પ્રવર્તાવશે. પોતાના તેજવડે લોકોનાં દુઃખ દૂર કરશે અને દેવતાઓ તથા અસુરો પણ તેનાં પરાક્રમ ગાશે. એવા એ પૃથ્વીપતિ પૃથુરાજા થશે. ૨૭

दिशो विजित्याप्रतिरुद्धचक्रः ।
स्वतेजसोत्पाटित लोकशल्यः ॥
सुरासुरेंद्रैरुपगीयमान ।
महानुभावो भविनापतिर्भुवः ॥२७॥

ઇતિ શ્રી ભાગવતપુરાણના ચતુર્થ સ્કંધમાં 'પૃથુ યશ વર્ણન' નામનો ૧૬ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૭ મો.

બીજને ગળી ગયેલી પૃથ્વીને મારવા માંડતાં તેણે પૃથુરાજાની સ્તુતિ કરી.

મૈત્રેયઉવાચ.

एवंसभाजितः वैन्यःख्यापितोगुणकर्मभिः॥
छंदयामासतान्कामैःप्रतिपूज्याभिनंद्यच ॥१॥

મૈત્રેય કહેછે—એ રીતે ગુણ તથા કર્મોથી પ્રખ્યાત થએલા પૃથુરાજાએ એ સ્તુતિ કરનારાઓને ઇચ્છિત પદાર્થો આપી પૂજા કરી આદર સત્કારથી પ્રસન્ન કર્યા, ૧ બ્રાહ્મણ વગેરે સર્વ વર્ણ, ચાકર, મંત્રી, ગુરૂ, નગરના માણસો, દેશના લોકો, વ્યાપારીઓ અને રાજ્ય કારભારીઓની પણ પૂજા કરી. ૨

વિદુર પૂછેછે—જે પૃથ્વીને પૃથુરાજાએ દોહી હતી, તે બહુ રૂપ ધરનારી પૃથ્વીએ ગાયનું રૂપ કેમ ધર્યું હતું? તેનો વાછડો કોણ થયો હતો? અને તેને કયા પાત્રમાં દોહી હતી? ૩ પૃથ્વી સ્વભાવથીજ ખરબચડી છે તેને પૃથુએ શી રીતે સપાટ કરી? વળી ઇંદ્ર તેના પવિત્ર ઘોડાને શા કારણથી હરી ગયો હતો? ૪ વળી બ્રહ્મજ્ઞાની સનત્કુમારો પાસેથી વિજ્ઞાન સહિત જ્ઞાન મેળવીને એ રાજર્ષિ કેવી ગતિ પામ્યા હતા? ૫. વળી પૃથુનું રૂપ ધારણ કરનારા ઉત્તમ કીર્તિવાળા શ્રી કૃષ્ણ ભગવાને પૃથ્વીને દોહીને બીજાં જે જે કાર્ય કર્યાં હોય તે મને સાંભળવાને પ્રીતિ ધરાવનાર ભક્તને કહો. ૬—૭.

સૂતજી કહેછે—એ પ્રમાણે વિદુરજીએ મૈત્રેય મુનિને ભગવાનની કથા કહેવાની પ્રેરણા કરી, એટલે તે મનમાં પ્રસન્ન થઇને કહેવા લાગ્યા. ૮

મૈત્રેય કહેછે—હે અંગ! જ્યારે બ્રાહ્મણોએ પૃથુરાજાને રાજ્યાભિષેક કરીને પ્રજાનું પાલન કરનાર ઠરાવ્યો, ત્યારે પૃથ્વી નિઃસત્વ થઈ ગયેલી હોવાથી ભૂખે મરતી દુબળી પ્રજાએ રાજા પાસે આવીને કહ્યું કે—૯ "હે રાજન્! જેવી રીતે કોટરમાંના અગ્નિવડે વૃક્ષો ચારે તરફથી બળેછે, તેમ જઠરાગ્નિથી બળતા અમે તમો શરણાગત પ્રતિપાળકને શરણે આવ્યા છીએ, કારણ કે બ્રાહ્મણોએ આપને અમારૂં પાલન કરનારા ઠરાવ્યા છે. ૧૦ હે નરદેવ! તમે પ્રજાની આજીવિકા કરી આપનાર લોકપાળ દેવતા છો, માટે અમારો અન્ન વગર નાશ થતા પહેલાં અમો ક્ષુધાતુરને

અન્ન આપો." ૧૧ હે વિદુરજી! આવી રીતે પ્રજાનો કરુણાજનક વિલાપ સાંભળીને પૃથુરાજાએ ઊંડો વિચાર કરી જોયો તો તેના જાણવામાં આવ્યું કે 'પૃથ્વી અનાજનાં બી ગળી ગઇ છે' એમ બુદ્ધિવડે જાણી ક્રોધથી હાથમાં ધનુષ્ય લઇને શંકરે જેમ ત્રિપુરાસુરને મારવાને બાણ સાંધ્યું હતું તેની પેઠે તેણે પૃથ્વી ઉપર બાણ સાંધ્યું. ૧૨-૧૩ રાજાને આયુધ ઉગામેલા જોઇ ધ્રુજતી પૃથ્વી ગાયનું રૂપ ધરીને, જેમ પારધીના ભયથી હરણી નાસે તેમ નાસવા લાગી. ૧૪ ક્રોધથી રાતાંચોળ આંખોવાળો પૃથુરાજા ધનુષ્યપર બાણ સાંધીને પૃથ્વી જ્યાં જ્યાં નાસતી ગઇ ત્યાં ત્યાં તેની પાછળ દોડ્યો. ૧૫ એ પૃથ્વી ચારે દિશાઓમાં દોડતી નાઠી, ત્યાં ત્યાં તેણે હથિયાર ઉગામીને પાછળ આવતા પૃથુરાજાને દીઠો. ૧૬ પ્રજા જેમ મૃત્યુથી રક્ષણ કરનાર કોઇને ન દેખે તેમ પૃથ્વીએ એક પૃથુરાજા વગર બીજા કોઇને પોતાનું રક્ષણ કરનાર દીઠો નહી, તેથી ત્રાસ પામી ધ્રુજતા હૃદયથી તેની વિનતિ કરી કે—૧૭ "હે ધર્મવેત્તા! હે દીનવત્સળ! તમે પ્રાણીમાત્રનું રક્ષણ કરનારા છો, માટે મારૂં પણ રક્ષણ કરો. ૧૮ અને નિરપરાધીને તથા દીનને શા માટે મારોછો? તમે ધર્મજ્ઞ છતાં મારો સ્ત્રી જાતનો વધ કેમ કરોછો? ૧૯ હે રાજા! સાધારણ માણસો પણ સ્ત્રી અપરાધી છતાં તેને મારતા નથી, તો તમારા જેવા દયાળુ અને દીનવત્સળ રાજા તો કેમજ મારે? ૨૦ મારા વિષે આ વિશ્વ રહેલું છે એવી હું દૃઢ નૌકારૂપ પૃથ્વી છું, તેને ભાગી નાંખીને તમે પોતાના શરીરને તથા પ્રજાને પાણીમાં શી રીતે રાખી શકશો?" ૨૧

પૃથુરાજા કહેછે—હે પૃથ્વી! તું મારી આજ્ઞા માનતી નથી, માટે તારો નાશ કરીશ, તું યજ્ઞમાં ભાગ લેછે તોપણ અમને ધાન્યાદિક આપતી નથી. ૨૨ વળી હમેશા ખડ ખાયછે, છતાં દૂધ પણ દેતી નથી, એવી તું દુષ્ટ છે; માટે તને શિક્ષા કેમ ન કરવી? ૨૩ બ્રહ્માએ પૂર્વે સરજેલાં બીજને તું મંદ બુદ્ધિવાળી પચાવી પડી છે, અને મારૂં અપમાન કરીને તે આપતી નથી. ૨૪ માટે હું મારાં બાણોથી તારૂં હૃદય ભેદીને આ ક્ષુધાતુર દુઃખી લોકોને તારૂં માંસ ખવરાવીને તૃપ્ત કરીશ. ૨૫ અભીમાનવાળા, દુરાચરણી, અને પ્રાણીઓ ઉપર દયા વગરના પ્રાણી ગમે તો સ્ત્રી, પુરૂષ કે નપુંસક હોય તો પણ તેઓનો વધ કરવામાં દોષ નથી. ૨૬ તું અભિમાનથી અક્કડ બનેલી, મહા-મત્ત અને ઢોંગથી ગાયનું રૂપ ધરનારી છે, માટે બાણોથી તારા કડકે કકડા કરીને હું મારા યોગબળથી પ્રજાને ધારણ કરીશ. ૨૭

મૈત્રેય કહેછે આ પ્રમાણે ક્રોધમય મૂર્તિવાળા યમ કાળ જેવા રાજાથી ધ્રુજતી પૃથ્વી બે હાથ જોડીને કહેવા લાગી કે—૨૮

પૃથ્વી બોલી—હે રાજા! તમે માયાથી અનેક અવતાર ધરનારા ગુણાત્મા પરમપુરૂષ છો, અને સ્વસ્વરૂપના અનુભવવડે દેહાભિમાનના રાગદ્વેષાદિક દોષોને દૂર કરનારા છો, એવા તમને હું નમસ્કાર કરૂં છું. ૨૯ જે બ્રહ્માએ મને સર્વને ધારણ કરવા માટે સરજેલી છે, અને જેણે ચાર પ્રકારનાં સૃષ્ટિ મારા વિષે ગોઠવેલાં છે. તેજ તમે હથિયાર લઇને મને મારવાને તૈયાર થયાછો, ત્યારે હવે હું કોને શરણે જાઉં? ૩૦ પ્રથમ નહી સમજી શકાય તેવી પોતાને આશ્રયે રહેલી માયાવડે આ સ્થાવર જંગમ જગત સરજ્યું છે, તેજ માયાવડે તમે હાલમાં જગતનું પાલન કરવાને તૈયાર થયાછો, એવા ધર્મજ્ઞ તમે મને શા માટે મારોછો. ૩૧ તમે પ્રથમ એક બ્રહ્માને ઉત્પન્ન કર્યા અને તે દ્વારા આ જગત ઉત્પન્ન કરાવ્યું છે, એવા આપની માયા જીતી ન શકાય એવી છે, તે માયાથી ભ્રમિત ચિત્તવાળા લોકો તમારાં અલૌકિક ચરિત્રોને જાણતા નથી. ૩૨ તમે પોતાની મહત્તત્ત્વાદિક શક્તિઓથી જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કરનારા છો; અને તે વૃદ્ધિ પામેલી શક્તિને રોકી રાખનારા છો. એવા આપ પરમપુરૂષને હું નમસ્કાર કરૂં છું. ૩૩ હે વિભુ! હે અજન્મા! તમે ઉત્પન્ન કરેલાં પંચમહાભૂત, ઇંદ્રિઓ અને અંતઃકરણરૂપ આ જગતને સ્થાપન કરવા માટે આદિ વરાહરૂપ [illegible]

કરીને મને રસાતાળમાંથી લઇ આવ્યા હતા. ૩૪ તેજ આપ પરમાત્મા, પાણીઉપર નૌકારૂપે રહેલી એવી હું પૃથ્વી છું, તેના વિષે રહેલી પ્રજાનું રક્ષણ કરવા માટે વીર પુરૂષરૂપે અવતર્યા છો. તે તમેજ મને દૂધને માટે ઉગ્ર બાણોથી મારી નાંખોછો ! ૩૫ તમારી સંસારરૂપ માયાથી મોહપામેલા મનવાળા અમે તમારાં ચરિત્રો તો શું જાણી શકીએ; પણ તમારા ભક્તનાં કર્તવ્યને પણ કોઇ જાણી શકતું નથી. માટે જીતેંદ્રિય પુરૂષોની કીર્તિમાં વધારો થાય તેમ ચાલનારા આપ મહાપુરૂષને હું નમસ્કાર કરૂં છું. ૩૬

नूनं जनैरीहितमीश्वराणा ।
मस्मद्विधैर्गुणसर्ग मायया ॥
न ज्ञायते मोहितचित्तवर्त्मभि ।
स्तेभ्यो नमो वीरयशस्करेभ्यः ॥

ઇતિ શ્રી ભાગવતપુરાણના ૪ ચોથે સ્કંધમાં "પૃથુરાજાએ પૃથ્વીનો નિગ્રહ કર્યો" એ નામનો ૧૭ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૮ મો.

પૃથુરાજાએ પૃથ્વીનું દોહન કર્યું.

મૈત્રેય ઉવાચ.

इत्थं पृथुमभिष्टूय रुषा प्रस्फुरिताधरम् ॥
पुनराहावनिर्भीता संस्तभ्यात्मानमात्मना॥

મૈત્રેય કહેછે-એ પ્રમાણે ભય પામેલી પૃથ્વી ક્રોધથી ફરકતા હોઠવાળા પૃથુરાજાની સ્તુતિ કરી મનને સ્થિર કરીને ફરીથી કહેવા લાગી કે-૧ હે રાજા ! હવે ક્રોધ તજી દઇને મારી પ્રાર્થના સાંભળો, વિદ્વાન પુરૂષ ભમરની પેઠે સર્વમાંથી સાર ગ્રહણ કરેછે. ૨. તત્ત્વવેત્તા મુનિઓએ પુરૂષોના કલ્યાણને માટે આ લોકના તથા પરલોકના ઉપાયો યોજેલા છે. ૩ જે મનુષ્ય શ્રદ્ધાળુ થઇને એ ઉપાયો કરેછે, તે તુરતજ પોતાનું કાર્ય સિદ્ધ કરેછે. ૪ પરંતુ જે મૂર્ખ તે ઉપાયોનો અનાદર કરીને પોતાની મરજી પ્રમાણે કાર્ય કરેછે, તેનાં આરંભેલાં કાર્ય વારંવાર નિષ્ફળ થાય છે. ૫ હે રાજાજી ! પૂર્વે બ્રહ્માએ ઉત્પન્ન કરેલી ઓષધીઓ દુરાચારી લોકોથી ભોગવાતી મેં દીઠી, વળી તમે લોકપાળો મારૂં પાલન પણ કરતા ન હતા અને લોકો ચોર બની ગયા હતા, તેથી યજ્ઞને માટે હું ઓષધીઓને ચોરી ગઇ છું. ૭ એ ઓષધીઓ ઘણો કાળ થઇ જવાથી મારા વિષે ક્ષીણ થઇ ગઇછે, માટે કોઇ જાણીતા ઉપાયથી તમે તે ઔષધીઓને ગ્રહણ કરો. ૮ હે વીર ! હે મહાબાહુ ! હે ભૂતભાવન ! મને દોહોવાની આપની ઇચ્છા હોય તો મારા વાછરડાની, દોહોનારની તથા દોહોવાના પાત્રની કલ્પના કરો, જેથી આપના પ્રેમવાળી હું પ્રાણીઓના જીવનરૂપ દૂધ તથા અન્ન આપું. ૯-૧૦. હે સમર્થ રાજા ! તમારૂં કલ્યાણ થાઓ. તમે મને સઘળેથી સરખી બનાવો, જેથી ચોમાસું વીત્યા પછી પણ વરસાદનું પાણી મારા વિષે ચારે તરફથી સરખું રહે. ૧૧ એ પ્રમાણે પૃથ્વીનાં હિતકારી વચનો સાંભળીને પૃથુરાજાએ સ્વાયંભુવ મનુને વાછડો બનાવીને પોતાના હાથમાં સર્વ ઓષધીઓ દોહી લીધી. ૧૨ એજ પ્રમાણે બીજાં દેવતાઓએ પણ પૃથ્વીમાંથી સાર લઇ લીધો અને બીજા ઋષિ વગેરેએ પણ પૃથુએ વશ કરેલી પૃથ્વીમાંથી પોતાની ઇચ્છા પ્રમાણે દોહન કરી લીધું. ૧૩ હે વિદુર ! ઋષિઓએ બૃહસ્પતિને વાછડો બનાવીને પોતાના ઇંદ્રિયોરૂપી પાત્રમાં વેદરૂપી પવિત્ર દૂધ દોહ્યું. ૧૪ દેવતાઓએ ઇંદ્રને વાછડો બનાવીને સોનાના પાત્રમાં સોમ, વીર્ય, ઓજ અને બળ રૂપી દૂધ દોહ્યું. ૧૫ દૈત્યો અને દાનવોએ અસુરોમાં શ્રેષ્ઠ પ્રલ્હાદને વાછડો બનાવીને લોઢાના પાત્રમાં મદિરા આસવરૂપી દૂધ દોહી લીધું. ૧૬ ગંધર્વો અને અપ્સરાઓએ વિશ્વાવસુને વાછડો બનાવીને કમળરૂપી પાત્રમાં મધ જેવી મીઠાશ વાળું ગાયનરૂપી દૂધ દોહ્યું. ૧૭ મહાભાગ્યવાન શ્રાદ્ધ દેવતા તથા પિતૃઓએ અર્યમાને વાછડો બનાવીને માટીના પાત્રમાં કવ્યરૂપી દૂધ દોહ્યું ૧૮ સિદ્ધો અને વિદ્યાધ-

શેએ કપિલને વાછડો બનાવીને આકાશરૂપી પાત્રમાં સિદ્ધિઓ તથા આકાશચારી વિદ્યા રૂપી દૂધ દોહી લીધું. ૧૯ બીજા માયાવી પુરૂષોએ મયદાનવને વાછડો બનાવીને કલ્પના માત્રથી અદૃષ્ય થઇ જવાની માયાને દોહી લીધી. ૨૦ યક્ષો, રાક્ષસો, ભૂતો. પિશાચો અને માંસભક્ષી દેવતાઓએ ભૂતપતિને વાછડો બનાવીને કપાલપાત્રમાં લોહી દોહી લીધું. ૨૧ અહિ, સર્પ અને નાગોએ તક્ષકને વાછડો બનાવીને દર રૂપી પાત્રમાં ઝેર રૂપી દૂધ દોહ્યું. ૨૨ પશુઓએ નંદીશ્વરને વાછડો બનાવીને અરણ્ય પાત્રમાં ખડરૂપી દૂધ દોહ્યું દાઢનાળાં માંસ ભક્ષક પ્રાણીઓએ સિંહને વાછડો બનાવીને પોતાના શરીરને વિષે માંસરૂપી જ દોહ્યું, અને પક્ષીઓએ ગરૂડને વાછડો બનાવીને કીડા, ફળ વિગેરે રૂપી દૂધ દોહ્યું ૨૩—૨૪. વનસ્પતિએ વડને વાછડો બનાવીને જૂદા જૂદા રસ રૂપી દૂધ દોહ્યું, અને પર્વતોએ હિમાલયને વાછડો બનાવીને શિખરો રૂપી પાત્રમાં અનેક પ્રકારની ધાતુઓ રૂપી દૂધ દોહ્યું. ૨૫ આ પ્રમાણે સર્વએ પોતપોતાના મુખ્ય પુરૂષોને વાછડા બનાવીને પૃથુએ વશ કરેલી અને ઇચ્છિત ફળ આપનારી પૃથ્વીમાંથી પોતપોતાના પાત્રમાં પોતાને ઉપયોગી દૂધ દોહી લીધું. ૨૬. પછી પ્રસન્ન થયેલા અને પુત્રી ઉપર પ્રેમ રાખનારા પૃથુરાજાએ સર્વ કામના પુરી પાડનારી પૃથ્વીને પોતાની પુત્રી કરી. ૨૮ અને એ રાજાધિરાજ સમર્થ પુરૂષે ધનુષ્યની અણીથી પર્વતોને તોડી પાડીને આ ભૂમંડળને સરખું કર્યું. ૨૯ પછી પ્રજાને આજીવિકા આપનાર પિતારૂપ ભગવાન પૃથુરાજાએ આ પૃથ્વી ઉપર જેવી તેની યોગ્યતા પ્રમાણે ગામો, પુરીઓ, શહેરો, કિલ્લાઓ ગાયોના નેસો (વાડાઓ); વ્રજો , સેનાની છાવણીયો, ખાણો અને ખેડૂતનાં સ્થાનકો મુકરર કર્યાં. ૩૦—૩૧. આ પૃથુરાજાની પહેલાં પુર, ગામો વગેરેની વ્યવસ્થા ન હતી, અને સર્વ નિર્ભયપણે જ્યાં ત્યાં મરજી મુજબ વસતાં હતાં. ૩૨

प्राक् पृथोरिह नैवैषा पुरग्रामादि कल्पना॥
यथासुखं वसन्तिस्म तत्रतत्रा कुतोभयाः॥३२॥

ઇતિ શ્રી ભાગવત પુરાણના ચતુર્થ સ્કંધમાં ' પૃથુ વિજય ' નામનો ૧૮ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૯ મો.

અશ્વમેધનો ઘોડો ઇંદ્ર હરી ગયો, તેથી તેને શિક્ષા કરતાં પૃથુરાજાને બ્રહ્માએ વાર્યો.

मैत्रेय उवाच.

अथादीक्षितराजातु हयमेघशतेनमः॥
ब्रह्मावर्त्ते मनोः क्षेत्रे यत्र प्राची सरस्वती॥

મૈત્રેય કહેછે—પછી પૃથુરાજાએ મનુના બ્રહ્માવર્તમાં પ્રાચી સરસ્વતી ક્ષેત્રને વિષે સો અશ્વમેધ યજ્ઞ કરવાને દીક્ષા લીધી. ૧ એનું કર્મ પોતાના કરતાં વધી જશે એમ ધારીને ભગવાન ઇંદ્ર તેના યજ્ઞના મહોત્સવથી નારાજ થયો. ૨ એ યજ્ઞમાં સર્વના આત્મારૂપ અને સર્વના ગુરૂ ભગવાન શ્રી હરિ યજ્ઞપતિએ બ્રહ્મા, સદાશિવ, લોકપાળો અને તેઓના અનુચરો સાથે દર્શન દીધાં, તે વેળા ગંધર્વો, મુનિઓ અને અપ્સરાઓ ગાવા લાગ્યા. ૩-૪ વળી સિદ્ધો, વિદ્યાધરો, દૈત્યો, દાનવો, ગુહ્યકો ભગવાનના સુનંદ અને નંદ વગેરે પાર્ષદો, કપિલ, નારદ, દત્તાત્રેય, સનકાદિક યોગેશ્વરો, અને ભગવાનની સેવામાં ઉત્કંઠાવાળા બીજા ભકતો પણ ત્યાં આવ્યા હતા. ૫-૬ હે વિદુર ! એ યજ્ઞમાં સર્વ કામનાઓ પૂરી કરનારી પૃથ્વીએ કામધેનુનું રૂપ ધરીને ઇચ્છિત પદાર્થો પૂરા પાડયા હતા. ૭ નદીઓએ ગોળ, દૂધ, દહીં, અન્ન, ઘી, અને છાશ વગેરે રસ પુરા પાડયા હતા, પ્રફુલ્લિત થયેલાં રસ ઝરતાં વૃક્ષોએ ફૂલો તથા ફળો આપ્યાં હતાં. ૮ સમુદ્રોએ રત્નના ઢગલાઓ, પર્વતોએ ચાર પ્રકારના ભક્ષ્યાદિ પદાર્થો અને લોકપાળો સહિત સર્વ લોકોએ અનેક પ્રકારની

ભેટો અર્પણ કરી હતી. ૯ આ પ્રમાણે અધોક્ષજ ભગવાનના સેવક પૃથુરાજાનો પરમ ઉદય થતો જોઇને ઇર્ષ્યાવાળા ઇંદ્રે તેમાં વિઘ્ન કર્યું. ૧૦ પૃથુરાજાના છેલ્લા યજ્ઞમાં યજ્ઞપતિ ભગવાનનુ પૂજન થતુ હતું, તે વખતે ઇર્ષ્યા કરનારા ઇંદ્રે અદૃશ્યરૂપે યજ્ઞના અશ્વનું હરણ કર્યું. ૧૧ તે વખતે અધર્મી છતાં ધર્મની ભ્રાંતિ કરાવનારા પાખંડી વેશવાળા ઇંદ્રને ભગવાન્ અત્રિઋષિએ આકાશ માર્ગે ઉતાવળે ઉતાવળે નાસતાં જોયો. ૧૨ તેથી અત્રિઋષિએ ઇંદ્રને મારવાની પૃથુરાજાના પુત્રને પ્રેરણા કરતાં તે ક્રોધ કરીને તેની પાછળ દોડયો, અને બૂમ મારીને કહેવા લાગ્યો કે 'અરે ઇંદ્ર! ઉભો રહે, ઉભો રહે.' ૧૩ પૃથુરાજાનાં પુત્રે ઇંદ્રને જટાવાળો અને શરીરે ભસ્મ લગાવેલો જોઇ તેને મૂર્તિમાન ધર્મરૂપ માનીને તેને બાણ માર્યું નહી ૧૪ આ પ્રમાણે ઇંદ્રને મારતાં અટકી ગયેલા પૃથુપુત્રને જોઇને અત્રિમુનિએ તેને ફરીથી પ્રેરણા કરી કહ્યું કે-હે તાત! યજ્ઞનો ભંગ કરનારા આ અધમ દેવ-ઇંદ્રનો નાશ કર. ૧૫ એ પ્રમાણે મુનિનું કહેવું સાંભળી ક્રોધાવિષ્ટ થયેલો પૃથુરાજાનો પુત્ર, જેમ જટાયુ રાવણની પાછળ દોડયો હતો, તેમ આકાશ માર્ગે ઉતાવળે નાસતા ઇંદ્રની પાછળ દોડયો. ૧૬ તેથી ઇંદ્ર પોતાનું રૂપ અદૃશ્ય કરી ઘોડાને છોડી દઇને અંતર્ધાન થઇ ગયો, એટલે પૃથુપુત્ર ઘોડાને લઇને પિતાના યજ્ઞમાં આવ્યો. ૧૭ હે વિદુર! તેનું આ અદ્ભુત કામ જોઇને મહર્ષિઓએ તેનું નામ 'વિજિતાશ્વ' પાડયું. ૧૮ વળી પાછો ઇંદ્ર ગાઢ અંધારું કરી તેમાં ગુપ્ત રહીને સોનાની સાંકળીથી યજ્ઞમાં ખીલે બાંધેલા ઘોડાને છોડી લઇને હરી ગયો. ૧૯ અત્રિ ઋષિએ તેને આકાશ માર્ગે ઉતાવળે નાસતો જોઇને પૃથુના પુત્રને બતાવ્યો, તેથી તે તેની પાછળ પડયો, પણ ઇંદ્ર ખોપરી અને ઉપર્ણાં ધારણ કરેલાં હોવાથી તેને સાધુ જાણીને માર્યો નહી. ૨૦ તેથી અત્રિ ઋષિએ તેને ફરીથી મારવાની પ્રેરણા કરવાથી તેણે ક્રોધે ચઢાવીને ઇંદ્રના ઉપર બાણ છોડયું; તે વખતે ઇંદ્ર પોતાનો કપટભેખ છોડી દઇ ઘોડાનો ત્યાગ કરીને અંતર્ધાન થઇ ગયો. ૨૧ પછી એ શૂરવીર પૃથુપુત્ર ઘોડો લઇને પિતાના યજ્ઞમાં આવ્યો. ત્યારથી અજ્ઞાની લોકોએ ઇંદ્રનું પાંખડી રૂપ ગ્રહણ કર્યું. ૨૨ યજ્ઞનો ઘોડો હરવાને માટે ઇંદ્રે જે જે રૂપ ધર્યાં હતાં, તે તે રૂપ પાખંડના ચિન્હવાળાં હોવાથી પાખંડી કહેવાયાં. ૨૩ પૃથુરાજાના યજ્ઞનો ભંગ કરવા માટે તેના અશ્વનું હરણ કરતાં ઇંદ્રે જે જે રૂપ ધરીને મૂકી દીધાં હતાં તે તે નગ્ન તથા રાતાં વસ્ત્ર ધારણ કરનારા જૈન. બૌદ્ધ, કાપાલિક વગેરે પાખંડી ધર્મોવાળાએ ગ્રહણ કરીને ધર્મની ભ્રાંતિ કરાવનારા પાખંડ ધર્મો સ્થાપ્યા. ૨૪-૨૫ આ જાણીને મહાપરાક્રમી પૃથુરાજાએ ક્રોધથી ઇંદ્રને મારવા માટે હાથમાં ધનુષ્યબાણ લીધાં. ૨૬ સામું ન જોઇ શકાય એવા, અસહ્ય વેગવાળા અને ઇંદ્રને મારવાની ઇચ્છાવાળા પૃથુરાજાને જોઇને ઋત્વિજોએ તેમને કહ્યું કે—હે મહા બુદ્ધિવાન્! આ યજ્ઞમાં શાસ્ત્રની આજ્ઞા વિના એક યજ્ઞપશુના વધ સિવાય બીજા કોઇનો વધ કરવો ન જોઇએ. ૨૭ એ યજ્ઞનો નાશ કરનારા અને તમારી કીર્તિથી નિસ્તેજ થઇ ગયેલા ઇંદ્રને અમે અમારા મંત્રના બળથી અહીં બોલાવીશું, અને બળાત્કારે તમારા એ શત્રુને યજ્ઞના અગ્નિમાં હોમી દઇશું. ૨૮ હે વિદુર! એ પ્રમાણે યજમાનને કહી ઋત્વિજો હાથમાં સ્રુવા લઇ મંત્રભણીને હોમ કરવા લાગ્યા, તે સમયે બ્રહ્માએ તેઓની પાસે જઇ તેઓને હોમ કરતાં અટકાવીને કહ્યું કે—૨૯ "તમે યજ્ઞવડે જે ઇંદ્રને મારવાને ઇચ્છોછો તે પ્રથમ મન્વતરનો ઇંદ્ર અને યજ્ઞપુરૂષ ભગવાનનો અવતાર છે, અને આ યજ્ઞમાં જેને પૂજવામાં આવેછે તે દેવતાઓ તેના પુત્રો છે, માટે તેનો વધ કરવો યોગ્ય નથી. ૩૦ હે બ્રાહ્મણો! બળવાનની સાથે લડવા કરતાં સમાધાન કરવું એ સારી વાતછે. રાજાના યજ્ઞનો ભંગ કરનારા ઇંદ્રે ધર્મમાં ફેરફાર કરી નાંખવા રૂપી કરેલો આ મોટો અનર્થ તો જુઓ! ૩૧ માટે પૃથુરાજાએ

નવાણું યજ્ઞો કરવાથી તેમની મહાન્ કીર્તિ થઇ છે તે બસ છે. હે પૃથુરાજા ! હવે તમે યજ્ઞો કરવા બંધ કરો, તમે મોક્ષ ધર્મને જાણનાર છો. ૩૨ તમે અને ઇંદ્ર બન્ને ભગવાનનાજ અવતાર છો, માટે પોતારૂપ ઇંદ્ર ઉપર ક્રોધ કરવો યોગ્ય નથી. તમારૂં કલ્યાણ થાઓ. ૩૩ હે મોટા રાજા ! જે કાર્યનો દૈવેજ ભંગ કર્યો છે, તેનો મનમાં અત્યંત વિચાર કરવાથી મન ક્રોધાતુર થઇ મોટા મોહમાં પડેછે, માટે આદરથી મારૂં કહેવું સાંભળીને આ યજ્ઞભંગને માટે ચિંતા ન કરો. ૩૪ આ યજ્ઞથી દેવતાઓમાં દુરાગ્રહ બંધાઇ ગયો છે, અને ઇંદ્રે રચેલાં પાખંડોથી ધર્મમાં ફેરફાર થઇ ગયો છે, માટે હવે યજ્ઞ બંધ કરો. ૩૫ તમારા યજ્ઞનો ભંગ કરનારા અને અશ્વને ચોરી જનારા ઇંદ્રે રચેલા મનને ફેરવી નાંખે એવા પાખંડમાં લોકો તણાયા જાયછે તે તો જુઓ ! ૩૬ હે પૃથુરાજા ! વેનના અન્યાયથી લોકોના શાસ્ત્રોક્ત ધર્મનો લોપ થયો હતો, તેનો ઉદ્ધાર કરવા માટે તમે ભગવાનના અંશરૂપે અવતર્યા છો. માટે હે પ્રભુ ! હે પ્રજાપતિ ! તમે આ વિશ્વનું કલ્યાણ વિચારીને પ્રજાપતિઓના સંકલ્પ પૂરો કરો, અને પાખંડ ધર્મરૂપી ઇંદ્રની માયાનો નાશ કરો. ૩૮.

મૈત્રેય કહેછે—આ પ્રમાણેની જગદ્ગુરુ બ્રહ્માની આજ્ઞા માથે ચઢાવીને પૃથુરાજાએ યજ્ઞ કરવા બંધ કર્યા, અને ઇંદ્રની સાથે સ્નેહથી સંધિ કરી. ૩૯ પછી પૃથુરાજાએ અવભૃથ સ્નાન કર્યું, અને યજ્ઞોથી તૃપ્ત થયેલા દેવતાઓએ પવિત્ર કર્મ કરનારાએ રાજાને વરદાન આપ્યાં. ૪૦ હે વિદુર ! પુષ્કળ દક્ષિણાઓ મળવાથી શ્રદ્ધાથી પ્રસન્ન થયેલા અને સત્કાર પામેલા બ્રાહ્મણોએ રાજાને આશિર્વાદ દીધા. ૪૧ અને બ્રાહ્મણોએ કહ્યું કે-હે મહાબાહુ ! તમારા બોલાવ્યાથી આવેલા સર્વ દેવતાઓ, પિતૃઓ, ઋષિઓ અને મનુષ્યો સર્વેનું દાન તથા માનથી સારી પેઠે પૂજન થયું છે. ૪૨.

त्वयाहूता महाबाहो सर्व एव समागताः
पूजितादाना मानाभ्यां पितृदेवर्षि मानवाः॥४२॥

ઇતિ શ્રી ભાગવતપુરાણના ચતુર્થ સ્કંધમાં પૃથુવિજય નામનો ૧૯ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૨૦ મો.

યજ્ઞમાં ભગવાને પૃથુરાજાને કરેલો ઉપદેશ અને તેમનો પરસ્પરનો પ્રેમ.

मैत्रेयउवाच.

भगवानत्रि वैकुंठः साकं मघवता विभुः।
यज्ञैर्यज्ञपति स्तुष्टो यज्ञभुक् तमभाषत॥

મૈત્રેય કહેછે -પછી યજ્ઞપતિ, વૈકુંઠવાસી, યજ્ઞના ભોક્તા અને યજ્ઞથી સંતુષ્ટ થયેલા ભગવાન ઇંદ્રની સમક્ષ પૃથુરાજાને કહેવા લાગ્યા. ૧.

શ્રી ભગવાન કહેછે—આ ઇંદ્રે તમારા સોમા અશ્વમેધ યજ્ઞનો ભંગ કર્યો છે, તેથી તમારી પાસે ક્ષમા માગેછે, તો તેને ક્ષમા આપવી જોઇએ. ૨ હે નરદેવ ! સદ્બુદ્ધિવાળા ઉત્તમ પુરૂષો આ શરીરને આત્મા માનતા નથી અને તેથી પ્રાણીઓનો દ્રોહ પણ કરતા નથી. ૩ જો તમારા જેવા પુરૂષો પણ ઇશ્વરની માયાથી મોહ પામે, તો પછી લાંબા કાળ સુધી કરેલી વૃદ્ધોની સેવા એ પરિશ્રમ રૂપજ સમજવી. ૪ એટલા માટે ' આ દેહ અવિદ્યાનાં કર્મોથીજ ઉત્પન્ન થયોછે' એમ માનીને બુદ્ધિમાન્ પુરૂષ તેમાં આસક્તિ રાખતો નથી. ૫ આ દેહમાં આસક્તિ નહિ રાખનારો કયો જ્ઞાની પુરૂષ આ દેહથી ઉત્પન્ન થયેલા ઘરમાં, ધનમાં અથવા સંતાનમાં મમતા કરે ? ૬ આ આત્મા એક છે, શુદ્ધ છે, સ્વયંપ્રકાશ છે, નિર્ગુણ છે, ગુણોનું આશ્રયસ્થાન છે, સર્વમાં રહેલો છે, આવરણરહિત છે, સાક્ષીરૂપ છે, અને સ્વયંસિદ્ધ છે. આ પ્રમાણે જે પુરૂષ પોતામાં રહેલા આત્માને જાણેછે, તે મારા વિષે રહેલોછે, અને દેહમાં રહ્યા છતાં દેહના વિકારોથી લેપાતો નથી. ૮ હે રાજા ! જે પુરૂષ કામના રહિત

થઇ શ્રદ્ધાથી નિત્ય ધર્મ વડે મને ભજેછે, તેનું મન ધીરે ધીરે નિર્મળ થાયછે. ૯ જ્યારે મન શુદ્ધ થાયછે ત્યારે ગુણોનો ત્યાગ કરેછે અને તેથી તેને સ્વસ્વરૂપનું જ્ઞાન થઇ શાંતિરૂપ કૈવલ્યપદ પ્રાપ્ત થાયછે. ૧૦ આત્મા સર્વથી જૂદો અને અવિચળ છે; તેમ છતાં તે દેહ, ઇંદ્રિઓ અને ઇંદ્રિઓના દેવતાઓનો અધ્યક્ષ હોય એવો જણાય છે. આવી રીતે જે મનુષ્ય પોતાના આત્માને જાણેછે, તે મોક્ષ પામેછે. ૧૧ પાંચ ભૂતો, દશ ઇંદ્રિઓ, ઇંદ્રિઓના દેવતા તથા ચિદાભાસથી થયેલો આ દેહ આત્માથી ભિન્ન હોવાથી તેનાં જન્મ મરણ થાયછે, મારામાં પ્રીતિ રાખનારા જ્ઞાની પુરૂષોને સંપત્તિ કે વિપત્તિ જોઇને હર્ષ કે શોક થતો નથી. ૧૨ હે વીર! તમે ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠમાં સમ દૃષ્ટી રાખી, સુખ દુઃખને સમાન ગણી, ઇંદ્રિઓ તથા અંતઃકરણને જીતીને મેં ઉત્પન્ન કરેલા મંત્રીઓ વિગેરેની સાથે રહીને સર્વ લોકનું રક્ષણ કરો, ૧૩ પ્રજાનું પાલન કરવું એજ રાજાનો કલ્યાણકારી ધર્મ છે. સ્વધર્મ પ્રમાણે ચાલનારો રાજા પ્રજાએ કરેલાં સુકૃત્યનો છઠ્ઠો ભાગ પરલોકમાં પામેછે. અને જે રાજા પોતાની પ્રજાનું પાલન કરતો નથી, પણ કેવળ કર લેવાનુંજ સમજેછે, તે પાપી રાજાનું પુણ્ય પ્રજાને મળે છે, અને પ્રજાએ કરેલાં પાપનો ભાગ તે રાજાને મળેછે. ૧૪ આ રીતે ઉત્તમ બ્રાહ્મણોની સલાહથી ધર્મ અર્થ અને કામ એ ત્રણ પુરૂષાર્થમાંના ધર્મને મુખ્ય ગણી, બીજામાંથી આસક્તિ કાઢી નાંખી આ પૃથ્વીનું રક્ષણ કરીશ, તો પ્રજા તારા ઉપર પ્રસન્ન રહેશે. અને થોડા સમયમાં સનકાદિક સિદ્ધ પુરૂષો તારે ત્યાં આવશે, તેઓનાં તને દર્શન થશે. ૧૫ હે રાજા! હું તારા ગુણ અને સ્વભાવથી પ્રસન્ન થયોછું, માટે તું કાંઇ વરદાન માગ; હું યજ્ઞ, તપ કે યોગથી પ્રસન્ન થતો નથી, પણ કેવળ સમદર્શી પુરૂષોથી પ્રસન્ન થઇને તેના હૃદયમાં વસુંછું ૧૬.

મૈત્રેય કહેછે—આ પ્રમાણે જગદ્‌ગુરૂ ભગવાને આજ્ઞા કરતાં વિશ્વવિજયી પૃથુરાજાએ તે આજ્ઞા માથે ચઢાવી. ૧૭ પછી પગે પડતા તથા પોતાનાં ખરાબ કામથી શરમાતા ઇંદ્રને ભેટીને દ્વેષ તજી દીધો. ૧૮ પછી પૃથુરાજાએ જગતના આત્મારૂપ ભગવાનનું પૂજન કરી, તેમને ભેટો અર્પણ કરી, અને વૃદ્ધિ પામેલા ભક્તિભાવથી ભગવાનનાં બે ચરણ પકડી રાખ્યાં. કમળ જેવાં નેત્રવાળા અને સત્પુરૂષોનું હિત ઇચ્છનારા ભગવાન ત્યાંથી પધારવાને તૈયાર થયા હતા, તો પણ પૃથુરાજાની સામું જોઇ રહી, તેના ઉપર અનુગ્રહ કરવાને ઉભા રહ્યા. ૧૯-૨૦ આદિરાજ પૃથુ બે હાથ જોડીને ઉભા રહ્યા. તેની આંખમાં આંસુ ભરાઇ આવવાથી તે ભગવાને જોઈ શકયા નહી, તેમ પ્રેમથી કંઠ ગદ્‌ગદ થવાથી બોલી શકયા પણ નહી. તેથી હૃદયમાં મૂર્તિનું ધ્યાન કરવા લાગ્યા. ૨૧ પછી આંસુ લૂછી નાંખીને તેણે ભગવાનની મનોહર મૂર્તિનાં નેત્રો ભરીભરીને દર્શન કર્યાં, તોપણ તેને તૃપ્તિ ન થઇ. દેવતાઓની રીતિ પ્રમાણે ભગવાન અંતરિક્ષ ઉભા હતા, તોપણ ભક્ત ઉપર કૃપા કરીને ભગવાન પૃથ્વીનો સ્પર્શ કરી, ગરૂડની ઉંચી કાંધ ઉપર હાથ ટેકવીને ઉભા રહ્યા. તે સમયે તેમને આદિરાજ પૃથુ કહેવા લાગ્યા—૨૨

પૃથુરાજા કહે છે—હે વિભુ! સર્વ વરદાન દેનારા આપ પરમાત્માનાં સાક્ષાત્ દર્શન પામીને બુદ્ધિમાન પુરૂષ શી રીતે વર માગી શકે? બ્રહ્મા તથા ઇન્દ્ર થવાના તુચ્છ વરદાન દેહધારી નરક વાસીઓને પણ મળે છે, માટે હે કૈવલ્યપતિ! હે વિશ્વેશ્વર! એ વર હું આપની પાસે માગતો નથી. ૨૩ હે હૃદયાનંદ! મને મોક્ષની પણ ઇચ્છા નથી; કારણ કે ત્યાં મહાત્મા જનોનાં અંતર્હૃદયથી, મુખ દ્વારા નિકળેલ તમારા પદપંકજનો મકરંદ અર્થાત્ શ્રવણાદિક આનંદ નથી, માટે તે બ્રહ્માનંદને લઇ હું શું કરૂં? એ માટે હે નાથ! જો આપ મારા ઉપર પ્રસન્ન હો, અને મને વરદાન આપતા હો તો, હું વારંવાર એ વરદાન માગું છું કે, આપની કથા શ્રવણ કરવા માટે મને દશ હજાર કાન આપો.

૨૪ હે ઉત્તમશ્લોક! મહાત્મા પુરૂષોના મુખારવિન્દથી નિકળતી આપના ચરણ કમળની કથા રૂપ સુધાના કણવાળો પવન પણ વિસ્મૃતિ માર્ગમાં ભૂલા પડેલા કુત્સિત યોગીઓને સ્પર્શ થતાં જ આત્મજ્ઞાનનું ધ્યાન કરાવે છે, માટે હું તો આપની ભક્તિનો સાર ગ્રહણ કરનારો છું, મને બીજાં વરદાનોનું કાંઇ કામ નથી. ૨૫ હે સુંદર કીર્ત્તિવાળા! મહાત્મા પુરૂષોના સત્સંગમાં જે મનુષ્ય એક વાર પણ આપના મંગળદાયક યશ શ્રવણ કરેછે, તે ગુણજ્ઞ પુરૂષ, આપના ગુણ ગાતાં અટકે નહિ, પરંતુ પશુ હોય તો તેનો મેળ નહિ લક્ષ્મી પણ ત્રણ ભુવનની મહારાણી તથા સર્વ ગુણોના સંગ્રહ કરવાની ઇચ્છાથી આપને જ વરી છે. ૨૬ અને એટલા માટે જ આપ સર્વ પુરૂષોમાં ઉત્તમ અને ગુણોના નિવાસ રૂપ છો, તમને હું લક્ષ્મીજીની પેઠે ઉત્સાહ પૂર્વક ભજું છું, જો કે એક જ વખતે એક જ પતિની એકજ પ્રકારની સેવા કરવાથી અમારા બેમાં કલહ થવાનો ભય છે, અને આપ કહેશો કે, તમે સેવા કરવાનો પોત પોતાનો સમય નિર્માણ કરો, તો કલેશ થશે નહિ, પણ હે સ્વામી! સમય વ્યતીત કરવો મહા કઠિણ છે, અમારાથી એક ક્ષણ પણ આપનો વિયોગ સહન કરી શકાય તેમ નથી. ક્યાંય જીવ શરીરથી ભિન્ન થઈ શકે છે? પરંતુ એટલી તો મને ખાત્રી છે કે, લક્ષ્મીજીને અને મને કલેશ નહિ થાય; કારણ કે મારૂં અને લક્ષ્મીજીનું ચિત્ત આપના ચરણોમાં જ એકાગ્ર રહેશે, તેથી કોઇ પણ પ્રકારનો કલહનો અંકુર ઉત્પન્ન થશે નહિ. ૨૭ હે જગદીશ! જગતજનની લક્ષ્મીના હૃદયેશનાચરણારવિન્દની સેવામાં ભાગ લેવાની મારી ઇચ્છા છે, તેથી કદાચ વિરોધ થશે, તો પણ કાંઇ હરકત નથી; કારણ કે આપ દીન દયાળુ છો, તેથી મારી તુચ્છ સેવાને પણ અધિક કરી માનશો; અને આપ તો આપના સ્વરૂપના આનંદમાંજ રમણ કરો છો, તેથી આપને લક્ષ્મીનું શું પ્રયોજન હોય? આપ તો સમદર્શી છો.

૨૮ એટલા માટેજ આપ કે-જે માયાના ગુણોના કાર્યથી રહિત છો, તેમને નિષ્કામ પુરૂષો જ્ઞાન પ્રાપ્ત થયા પછી પણ ભજે છે. હે ભગવાન્! આપના ચરણના સ્મરણ વિના બીજું કાંઇ પણ પ્રયોજન એ મહાત્માઓને હોય એમ અમે જોતા નથી. ૨૯ આપનું ભજન કરનારા ભક્તને આપ વરદાન માગવાનું કહો છો, એ આપની વાતને હું વિશ્વને મોહ કરનારી માનું છું; કારણ કે આપની વાણી રૂપ દોરીથી લોકો બંધાયેલા છે, જો બંધાયેલાં ન હોય તો, વારંવાર ફળમાં મોહિત થઇ, કર્મ કેમ કરે? ૩૦ હે પરમેશ્વર! સાક્ષાત્ આપની માયાએ મનુષ્યને આપના સત્ય સ્વરૂપથી ભિન્ન કરેલ છે, તેથી અજ્ઞાની લોક આપના પરમાનંદ સ્વરૂપને છાંડીને પુત્ર પૌત્રાદિકના સુખની કામના કરે છે, એ પ્રમાણે હું પણ એ અજ્ઞાની લોકોમાંનો એક છું, તેને વરદાન રૂપ ભૂલમાં ન નાંખી, પિતા જેમ પ્રાર્થના વગર પણ બાળકનું કલ્યાણ કરે છે, તેમ આપે મારૂં કલ્યાણ કરવું જોઇએ. ૩૧

મૈત્રેયજી કહે છે—આ પ્રમાણે પૃથુ રાજાએ વિશ્વનાથ ભગવાનની સ્તુતિ કરી, ત્યારે વાસુદેવ ભગવાને પૃથુરાજાને કહ્યું કે-હે રાજન્! મારા ચરણમાં તારી અધિક પ્રીતિ છે. તેથી તને મારી પૂર્ણ ભક્તિની પ્રાપ્તી થશે, તમે મારી ભક્તિ કરવાનો વિચાર કર્યો, એ બહુજ સારૂં કર્યું; કારણ કે આવા વિચારથી મનુષ્ય મારી ન તરી શકાય એવી અપાર માયાને તરી જાય છે. ૩૨ હે રાજા! હવે તમે સાવધાન થઈ મારી આજ્ઞાનુસાર ચાલો. જે મનુષ્ય મારી આજ્ઞા પ્રમાણે વર્તે છે, તેનું સર્વ સ્થળે કલ્યાણ થાય છે. ૩૩

મૈત્રેય કહે છે—આ પ્રમાણે પૃથુ રાજાનાં સત્ય વચનોનો સત્કાર કરી, તથા તે ઉપર અનુગ્રહ કરી, ભગવાને ત્યાંથી પધારવાનો વિચાર કર્યો. ૩૪ દેવતા, ઋષિ, પિતૃ, ગંધર્વ, સિદ્ધ ચારણ, નાગ, કિન્નર, અપ્સરા, મનુષ્ય, પક્ષી અને બીજાં પણ અનેક પ્રાણી કે-જેનો પૃથુ રાજાએ ભગવદ્ બુદ્ધિથી ભક્તિ

ભાવ સહિત વાણી ધન અને હાથ જોડવાથી સત્કાર કર્યો હતો, તે સર્વ ત્યાંથી પોત પોતાના ઠેકાણે ગયા, અને તે પછી ભગવાન્‌ના પાર્ષદ પણ ચાલ્યા ગયા. ૩૫-૩૬ ભગવાન્ પણ પૃથુરાજા અને બ્રાહ્મણોનું જાણે મન હરી જતા હોય, તેમ પોતાના વૈકુંઠધામમાં પધાર્યા. ૩૭ આત્મ સ્વરૂપના ઉપદેશક, જેમનો મહિમા જાણવામાં આવતો નથી; તે દેવાધિપતિ દેવ શ્રી વૈકુંઠનાથ અંતર્ધાન થઇ ગયા પછી તેમને નમસ્કાર કરીને પૃથુરાજા પોતાના નગરમાં આવ્યા. ૩૮

अदृष्टाय नमस्कृत्य नृपः संदर्शितात्मने ।
अव्यक्ताय च देवानां देवायस्व पुरं ययौ ॥

ઇતિ શ્રી ભાગવતપુરાણના ચતુર્થ સ્કંધમાં "શ્રી વિષ્ણુ ભગવાને પૃથુરાજાને ઉપદેશ આપ્યો" એ નામનો ૨૦ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૨૧ મો.

યજ્ઞમાં પૃથુરાજાએ દેવતાઓને વગેરેને કરેલો બોધ.

मैत्रेय उवाच.

मौक्तिकैः कुसुमस्रग्भि र्दुकूलैः स्वर्णतोरणैः ।
महासुरभि र्धूपै मंडितं तत्र तत्र वै ॥ १ ॥

મૈત્રેય કહે છે કે હે વિદુર! પૃથુ રાજા નગરમાં પધાર્યા તે વખતે મોતી, ફુલ, માળા વસ્ત્ર, અને સુવર્ણનાં તોરણોથી નગરને શણગાર્યું હતું, અને ઘણી સુગંધીવાળા ધુપથી નગરને સુવાસિત કરી મૂકયું હતું. ૧ ગલીઓ, ચોટાં તથા રાજમાર્ગમાં ચંદન અને અગરના જળનો છંટકાવ કર્યો હતો, પુષ્પ, અક્ષત, ફળ, અંકુર, તથા દીવા વિગેરે મંગળ વસ્તુઓથી શહેરની અનુપમ શોભા બનાવી હતી. ૨ ફળ અને ફુલ સહિત કેળના થાંભલા અને નાનાં નાનાં સોપારીનાં ઝાડ રોપેલાં હતાં, અને બીજાં પણ અનેક વૃક્ષોનાં પાંદડાં તથા માળાઓની શોભા સર્વત્ર કરેલી હતી. ૩ ઉજ્વળ કુંડળ પેહેરવાથી શોભતી સુંદર કન્યાઓ તે સમય દહીં, દીપક ફેલ, ફળ આદિ માંગળિક વસ્તુઓ હાથમાં લઇ પૃથુ રાજાને વધાવવાને સામે આવી. ૪ શંખ અને દુંદુભિના શબ્દ તથા બ્રાહ્મણોના વેદધ્વનિ ચારે તરફ વ્યાપી રહ્યા હતા, અને સર્વ લોક તેની પ્રશંસા કરતા હતા. આ પ્રમાણે સર્વ સમૃદ્ધિવાળા રાજાએ મનમાં લગાર પણ અભિમાન નહિ રાખતાં રાજ્યમંદિરમાં પ્રવેશ કર્યો. ૫ મહા યશસ્વી પૃથુરાજા સર્વ ઠેકાણેથી પ્રજાનો સત્કાર પામ્યો અને તેણે પુર તથા દેશમાં રહેનારા લોકોનો સત્કાર કર્યો, અને પ્રસન્ન થઇ પ્રજાને અનેક પ્રકારના પ્રિય પદાર્થો આપ્યા. ૬ નિર્દંભપણે કર્મ કરનારા, તે મહાત્મા પૃથુએ આ પ્રમાણે અનેક કામો કરી, ભૂમંડળનું પાલન કર્યું અને પોતાના વૃદ્ધિ પામેલા યશને પૃથિવીમાં વ્યાપ્ત કરીને તે પરમપદ (મોક્ષ) પામ્યો. ૭

સૂતજી કહે છે—હે સભાપતિ! સર્વ ગુણ સંપન્ન અને ગુણવાન જનોએ વખાણેલા આદિ રાજા પૃથુની કીર્તિ ગાનારા મૈત્રેયજીનો સત્કાર કરીને ભગવાનના મોટા ભક્ત વિદુરજી પૂછવા લાગ્યા. ૮

વિદુરજી પૂછે છે—બ્રાહ્મણોએ પૃથુરાજાને રાજ્યાભિષેક કર્યા પછી તેણે સર્વ દેવતાઓએ આપેલી ભેટો લીધી હતી, અને ભુજાઓમાં વિષ્ણુનું તેજ ધારણ કરીને તે વડે પૃથ્વીને દોહી હતી. ૯ આવા મહા પ્રતાપી પૃથુ રાજાની કીર્તિ કયો જ્ઞાની પુરૂષ ન સાંભળે? કારણ કે તેણે કરેલા પૃથ્વીના દોહનથી જ સર્વ લોકપાળો સહિત લોકો તથા રાજાઓ ઇચ્છા પ્રમાણે પોતાની આજીવિકા ચલાવેછે. માટે એનું શુદ્ધ ચરિત્ર મને કહો. ૧૦

મૈત્રેય કહે છે-હે વિદુર! ગંગા અને યમુનાની વચ્ચેના પ્રદેશમાં નિવાસ કરતો પૃથુરાજા સુખની આસક્તિથી નહી, પણ કરેલાં પુણ્ય કર્મોનો ત્યાગ કરવાની ઇચ્છાથી, કર્મોથી મળેલા વૈભવ ભોગવવા લાગ્યો. ૧૧ સાતે દ્વીપમાં દંડધારી એકજ ચક્રવર્તી પૃથુરાજા હતો. તેની આજ્ઞા બ્રાહ્મણો તથા ભગવાનના ભક્તો વિના બીજા સર્વની ઉપર

અસ્ખલિત રીતે ચાલતી હતી. ૧૨ હે વિદુરજી ! એકવાર પૃથુરાજાએ મોટા યજ્ઞની દીક્ષા લીધી હતી, તે સમયે ત્યાં દેવતાઓ, બ્રહ્મર્ષિઓ અને રાજર્ષિઓની સભા મળી હતી. ૧૩ એ સભામાં પૂજવા યોગ્ય મોટા મોટા દેવતાઓ વગેરેની યથાયોગ્ય પૂજા થઇ રહ્યા પછી તારા મંડળમાં જેમ ચંદ્ર શોભે તેમ સભાસદોની વચ્ચે પૃથુરાજા ઉભા થયા. ૧૪ પૃથુરાજા શરીર ઉંચા હતા, હાથ લાંબા અને પુષ્ટ હતા, શરીર ગોરૂં હતુ, નેત્રો કમળ જેવાં રાતાં હતાં, સુંદર નાસિકા તથા મુખ હતાં, આકૃતિ શાંત દેખાતી હતી, ખભા પુષ્ટ હતા, દાંત સુંદર હતા, અને મંદમંદ હસતા હતા. ૧૫ છાતી વિશાળ હતી, નિતંબ મોટા હતા, ત્રીવળીથી શોભતું પીપળાનાં પાંદડાં જેવું મનોહર પેટ હતું, નાભિ ગોળ ગંભીર હતી, શરીરે બળવાન હતા, સુવર્ણ જેવી સાથળો હતી, અને પગના ફણા ઊંચા હતા. ૧૬ માથાના કેશ ઝીણા, શ્યામ વાંકા અને ચીકણા હતા, કંઠ શંખની પેઠે ચઢતો ગોળ હતો, કામદેવના ધનુષ્ય જેવી વાંકી ભ્રકુટિ હતી, કપાળમાં અર્ધચંદ્ર જેવું ત્રિપુંડ્ર હતું, અમુલ્ય રેશમી વસ્ત્ર પેહેર્યું હતું, બીજું વસ્ત્ર અંગવસ્ત્ર તરીકે ઓઢયું હતુ, કાળા મૃગનું મૃગચર્મ ધારણ કર્યું હતું, હાથમાં દર્ભ રાખ્યો હતો, અને પોતાનાં યોગકર્મો કરી લઇને નિશ્ચિંત થયેલા હતા ૧૭–૧૮ એવા પૃથુરાજાને સ્નેહયુક્ત શાંત નેત્રોથી ચારે તરફ નજર કરીને સર્વ સભાસદોને પ્રસન્ન કર્યા. પછી કાનને પ્રિય લાગે એવું, વિચિત્ર પદ રચનાવાળું, કોમળ, મધુર, મનોહર અને ગંભીર અર્થવાળું ઉત્તમ ભાષણ ધીરજથી કરવા લાગ્યા. ૧૯–૨૦

પૃથુરાજા કહેછે—આ સભામાં પધારેલા સજ્જનો ! તમારૂં કલ્યાણ થાઓ, તમે મારાં વચન સાંભળો. ધર્મ જાણવાને ઇચ્છનારો સત્પુરૂષોની આગળ પોતાના વિચાર જણાવેછે, માટે મારા વિચાર હું તમને જણાવુછું. ૨૧ પ્રજાનું રક્ષણ કરવું, તેને આજીવિકા કરી આપવી, અપરાધીઓને શિક્ષા કરવી, અને તેઓને માટે જુદા જુદા નિયમો બાંધવા, એ વગેરે કાર્યો માટે મને રાજા નીમ્યો છે. ૨૨ માટે જો હું યથાયોગ્ય રીતે રાજ્ય ચલાવીશ તો, વેદ જાણનારને તથા ઇશ્વરની પ્રસન્નતાવાળાને શાસ્ત્રમાં કહેલા સર્વ મનોરથ પૂરનારા જે લોકો મળેછે, તે લોક મને પણ મળશે. ૨૩ જે રાજા પોતાની પ્રજાને ધર્મનું શિક્ષણ આપતો નથી અને કર લેછે; તે રાજા પ્રજાનાં પાપ ભોગવેછે, અને તેનું ઐશ્વર્ય નાશ પામેછે. ૨૪ માટે હે પ્રજાજનો ! મારા કલ્યાણને માટે ઇશ્વરાર્પણ બુદ્ધિથી દ્વેષનો ત્યાગ કરીને સ્વધર્મપાળો, એમ કરવાથી તમારો મારા ઉપર અનુગ્રહ થશે. ૨૫ હે નિર્મળ મનવાળા પિતૃઓ ! હે દેવતાઓ તથા ઋષિઓ ! તમે પણ મારી આ વાત સ્વીકારો, કારણ કે ધર્માચરણની બાબતમાં આજ્ઞા કરનારને, શીખવનારને અને સમ્મતિ આપનારને સરખું ફળ મળેછે, ૨૬ હે મહાત્માઓ ! કેટલાક ઇશ્વરને માનતા નથી અને કેટલાક માનેછે. જો ઇશ્વર ન હોય તો આ લોકમાં અને પરલોકમાં કોઇકોઇને ઉત્તમ સ્થાન અને ઉત્તમ દેહ મળેછે, તે ઇશ્વર વિના મળે નહી. ૨૭ મનુ, ઉત્તાનપાદ, ધ્રુવ, પ્રિયવ્રત, મારા દાદા અંગ, બ્રહ્મા, શંકર, પ્રલ્હાદ, બળિરાજા તથા એવા બીજા મહાત્માઓએ પણ સ્વીકાર્યું છે કે—કર્મો જડ હોવાથી તે ફળ આપી શકતાં નથી, પણ તે ફળ આપનાર ઇશ્વર જ છે. ૨૮—૨૯ વેનરાજા નાસ્તિક હતો, તે ધર્મની બાબતમાં અજાણ્યો અને શોકને પાત્ર હતો. જો કર્મજ ફળ આપતાં હોય અથવા દેવતા ફળ આપતા હોય તો તે માનવું કેમ સંભવે ? કેમકે કર્મ તો જડ છે અને દેવતાઓ તો પરાધીન છે, વળી સરખાં કર્મ કર્યા છતાં પણ તેનાં ફળમાં ફેર પડેછે. વળી કેટલીકવાર કરેલાં કર્મનું ફળ પણ મળતું નથી. માટે સિદ્ધ થાય છે કે—ધર્મ અર્થ કામ અને મોક્ષ આપનારા એક સ્વતંત્ર તથા સમર્થ ઇશ્વર છે. ૩૦ જેના હૃદયમાં ભગવાનના ચરણારવિંદનો સ્નેહ રોજરોજ વધતો જાયછે, તે સ્નેહ, જેમ ગંગાજળ મનુષ્યના મેલ દૂર

કરેછે, તેમ સંસારના તાપથી તપેલા મનુષ્યોના અનેક જન્મોના વધી ગયેલા મળોનો તરત નાશ કરેછે. ૩૧ મનના સર્વ મેલ દૂર થવાથી વૈરાગ્ય થાયછે, અને વૈરાગ્યથી આત્મજ્ઞાન પ્રાપ્ત થાયછે. આત્મજ્ઞાનથી તે ભગવાનનાં ચરણોમાં નિવાસ કરીને ક્લેશકારી જન્મમરણ પામતો નથી. ૩૨ માટે તમે પોતપોતાનાં ઉચિત કર્મોવડે, નિષ્કપટપણે મન, વચન અને કર્મથી સર્વ કામના પૂર્ણ કરનારાં ચરણારવિંદવાળા ભગવાનને ભજો, જેથી અધિકાર પ્રમાણે તમારાં કાર્યની સિદ્ધિ થશે. ૩૩ ભગવાન જો કે સ્વસ્વરૂપથી શુદ્ધ, પવિત્ર, જ્ઞાનઘન તથા નિર્ગુણ છે, તોપણ તે અનેક ગુણવાળા યજ્ઞસ્વરૂપ છે. કારણ કે યજ્ઞમાં જુદાં જુદાં ધાન્યો, વર્ણો, ક્રિયાઓ, મંત્રો, અર્થો, સંકલ્પ, પદાર્થોની શક્તિ, જ્યોતિષ્ટોમ અને અશ્વમેધ વગેરે જુદાં જુદાં નામો, એ સર્વ યજ્ઞમૂર્તિ ભગવાનનું જ સ્વરૂપ છે. ૩૪ યજ્ઞનું ફળ પણ ભગવદ્રૂપ છે, કારણ કે જેમ અગ્નિ એક છતાં કાષ્ટના આકાર પ્રમાણે લાંબો, ટુંકો, વાંકો તથા અનેકરૂપે જણાયછે, તેમ ભગવાન પરમાનંદ મૂર્તિ છે, છતાં કાળ, માયા, વાસના અને અદૃષ્ટથી ઉત્પન્ન થયેલા દેહમાં વિષયાકાર બુદ્ધિને પામીને જાણે તે તે પદાર્થોમાં મળી ગયા હોય એવા જણાયછે. ૩૫ અહો! મારી આ દૃઢવ્રત કરનારી પ્રજા સ્વધર્મથી વર્તીને યજ્ઞભોક્તા, દેવાધિદેવ અને સર્વના ગુરૂ શ્રી ભગવાનની સેવા કરેછે, તે તેમનો મારા ઉપર મોટો અનુગ્રહ છે એમ હું માનુંછું. રાજાઓએ મોટી સમૃદ્ધિ નહિ છતાં પણ સહનશીળતા, તપશ્ચર્યા અને વિદ્યાથી પ્રકાશતા બ્રાહ્મણોના તથા વૈષ્ણવોનાકુળ ઉપર પોતાના રાજતેજનું બળ વાપરવું નહી; ૩૬ ૩૭ બ્રાહ્મણોના ચરણોમાં નમસ્કાર કર્યાથી, બ્રાહ્મણોના રક્ષક, મહાત્માઓમાં અગ્રેશ્વર, અને પુરાણપુરૂષ ભગવાન અવિચળ લક્ષ્મી તથા જગતને પવિત્ર કરનારી કીર્તિ પામ્યા છે. ૩૮ વળી જે બ્રાહ્મણોની સેવા કરવાથી સર્વના અંતર્યામી, સ્વયંપ્રકાશ અને બ્રાહ્મણો ઉપર પ્રીતિ રાખનારા ભગવાન બહુ પ્રસન્ન થાયછે. તે બ્રાહ્મણોના કુળની સેવા, તમે સ્વધર્મમાં તત્પર થઇ વિવેકથી કરજો. ૩૯ જે બ્રાહ્મણોની નિત્ય સેવા કરવાથી અંતઃકરણ શુદ્ધ થઇ જઇને મનુષ્યો મોક્ષ પામેછે, એવા બ્રાહ્મણો કરતાં ઉત્તમ અગ્નિઓનું કયું મુખ છે? ૪૦ બ્રાહ્મણો એ ભગવાનની મૂર્તિરૂપ છે એમ જાણી તત્ત્વજ્ઞાનીઓ ભગવાનનાં નામ લઇલઇને બ્રાહ્મણોના મુખમાં શ્રદ્ધાથી જે જે પદાર્થો હોમેછે, તે તે પવિત્ર પદાર્થો જ્ઞાનથી મળનારા અંતર્યામી ભગવાન જેવા ગ્રહણ કરેછે, તેવા જડ અગ્નિમાં હોમેલા પદાર્થ ગ્રહણ કરતા નથી. ૪૧ હે આર્યો! દોષરહિત, સનાતન અને જેમાં સર્વ જગત દેખાય છે એવા દર્પણ જેવા પ્રકાશતા વેદને જે બ્રાહ્મણો શ્રદ્ધા, તપ, સદાચાર, મૌન અને જીતેંદ્રિયપણાથી જાણેછે તથા તેના અર્થ વિચારેછે, તે બ્રાહ્મણોના ચરણની રજને હું જીવતા સુધી મારા માથા ઉપર ધારણ કરૂં એવી મારી પ્રાર્થના છે. એ રજને ધારણ કરનારનાં સર્વ પાપ નાશ પામે છે અને તેનામાં ઉત્તમ ગુણોનો નિવાસ થાયછે. ૪૨-૪૩ જે માણસ ગુણવાન, શીલવાન, કૃતઘ્ન, વૃદ્ધજનોની સેવા કરનારો છે, તેને સર્વ સંપત્તિઓ આવી મળેછે. માટે મારા ઉપર બ્રાહ્મણો, ગાયો, ભગવાનના ભક્તો અને ભગવાન પ્રસન્ન થાઓ. ૪૪

મૈત્રેય કહે છે—એ પ્રમાણે પૃથુરાજાએ ભાષણ કર્યાથી પિતૃઓ, દેવતાઓ, બ્રાહ્મણો અને સત્પુરૂષો મનમાં પ્રસન્નથયા. અને તેનાં વખાણ કરીને સ્તુતિ કરવા લાગ્યા કે-૪૫ સુપુત્રથી પિતાનો પરલોક સુધરી જાય છે એવું જે વેદ વાક્યછે તે સત્યછે, કારણકે બ્રાહ્મણોના શાપથી મરણ પામેલો વેનરાજા પૃથુવડે નરકને તરી ગયો છે. ૪૬ વળી ભગવાનની નિંદા કર્યાથી હિરણ્યકશિપુ પણ નરકમાં પડવાની તૈયારીમાં હતો, પણ પોતાના પુત્ર પ્રલ્હાદના પ્રભાવથી તે નરકને તરી ગયો હતો. ૪૭ હે વીરશ્રેષ્ઠ! હે પૃથ્વીના પિતા! તમે ઘણું જીવો, કારણ કે સર્વ જગતના નિયંતા ભગવાન ઉપર તમારી દૃઢ પ્રીતિ છે.

૪૮ હે પવિત્ર કીર્તિવાળા ! આજ તમે અમારા સ્વામી થયા છો, તેથી અમે એમજ જાણીએ છીએ કે કે–સાક્ષાત ભગવાન જ અમારા સ્વામી થયા છે. કારણ કે તમે ઉત્તમ કીર્તિવાળા અને બ્રાહ્મણોનું રક્ષણ કરનારા ભગવાનની કથા કહોછો. ૪૯ હે નાથ ! તમારે આશ્રયે રહેલી પ્રજાને તમે આવો સદુપદેશ આપો છો, એમાં કાંઇ આશ્ચર્ય નથી, કારણ કે પોતાના આશ્રીત ઉપર પ્રેમ રાખવો એ દયાળુ મહાત્માઓનો સ્વભાવજ છે. ૫૦ હે પ્રભુ ! અમે કે જે અમારાં પ્રારબ્ધ કર્મવડે અનેક જન્મોથી સંસારમાં ભટકીએ છીએ, તેને આજ તમે અમને અજ્ઞાનથી પાર ઉતાર્યા છે. ૫૧ તમે વૃદ્ધિ પામેલા સત્વગુણવાળા છો, મહાપુરૂષ છો, બ્રાહ્મણ ક્ષત્રિય અને વૈશ્યમાં પ્રવેશ કરીને પોતાના તેજથી જગતનું પાલન કરો છો, એવા આપ મહાપુરૂષ વિષ્ણુ ભગવાનને અમે પ્રણામ કરીએ છીએ. ૫૨

नमो विवृद्धसत्वाय पुरुषाय महीयसे ॥
योब्रह्मक्षत्रमाविश्यबिभर्तीदंस्वतेजसा॥८२॥

ઇતિ શ્રી ભાગવતના ચતુર્થ સ્કંધમાં 'બ્રાહ્મણ મહાત્મ્ય વર્ણન ' નામનો ૨૧ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૨૨ મો.

સનકાદિકોએ પૃથુને બ્રહ્મજ્ઞાન આપ્યુ

मैत्रेयउवाच.

जनेषु प्रगृहण स्त्वेवं पृथुं पृथुलविक्रमम ॥
तत्रोपजग्मुर्मुनय श्चत्वारः सूर्यवर्चसः ॥१॥

મૈત્રેય કહે છે મહા પરાક્રમી પૃથુરાજાની આ પ્રમાણે લોકો પ્રશંસા કરતા હતા, એટલામાં ત્યાં સૂર્ય સમાન તેજવાળા ચાર મુનિઓ આવ્યા. ૧ પોતાની કાન્તિથી લોકોનાં પાપ દૂર કરતા અને આકાશમાંથી ઉતરતા, એ સિદ્ધીશ્વરોને રાજાએ તથા રાજાના અનુચરોએ જોયા, અને તેજના પુંજથી એ સનકાદિક છે એમ ઓળખી લીધા. ૨ તેમના દર્શનથી ઉપરની તરફ ગયેલા પ્રાણને જાણે પાછા લેવા ઇચ્છતા હોય એમ પૃથુરાજા, સભાસદ અને અનુચરો સહિત તેમની સામે ઉઠીને ઉભા થયા, જેમ જીવ વિષયોની સન્મુખ ઉત્સુકતાથી જાય છે, તેમ તેમને લેવા માટે સામા ગયા ૩ મોટાઇને વશ થયેલા મહારાજા પૃથુએ વિનયથી ડોક નીચે નમાવી, તે ઋષિયોને આસન આપ્યું, અર્ઘ આપ્યો, અને ત્યાર પછી વિધિ પૂર્વક પૂજા અને સત્કાર કર્યો. ૪ તે ચારે મહાત્માઓનાં ચરણ ધોઇ તે ચરણોદકને પોતાના મસ્તક ઉપર ચડાવ્યુ. તે પછી સદાચાર વાળા શીલવાન પુરૂષોના આચરણોને માન આપતા હોય તેમ વર્તવા લાગ્યા. ૫ જેમ પોતાના રહેવાના સ્થાન કુંડમાં અગ્નિ વિરાજે છે, તેમ સુવર્ણના આસન ઉપર બેઠેલા તે મહાદેવજીના મોટા ભાઇ સનકાદિકોને રાજાએ શ્રદ્ધા અને સંયમ સહિત પ્રસન્ન થઇને પૂછ્યું. ૬

પૃથુ રાજા પૂછે છે–હે ઉત્તમ સ્થિતિવાળા કુમારો ! અહો ! મેં એવું શું શુભ કામ કર્યું હશે કે યોગીજનોને દુર્લભ એવાં આપનાં દર્શન મને થયાં. ૭ જેના ઉપર બ્રાહ્મણ અને પોતાના ભક્તો રૂપ કોમળ હરિ હર પ્રસન્ન થઇ જાય, તેને આ લોકમાં તથા પરલોકમાં કઇ વસ્તુ દુર્લભ છે ? ૮ જેમ આ જગતના કારણ રૂપ મહત્તત્વાદિક સર્વના દૃષ્ટા આત્માને જાણતા નથી, તેમ આ લોકો આપને જાણતા નથી. ૯ જે ગૃહસ્થી લોકોના ઘરનું જળ, આસન, ભૂમિ, નોકર, ચાકર અને ઘરના ધણીનો, મહાત્મા લોક સ્વીકાર કરે, તે નિર્ધન અર્થાત દરિદ્રી હોય છતાં પણ તેને મહા ભાગ્યશાળીજ સમજવો જોઇએ ૧૦ જે ઘરમાં ... લોકોનાં ચરણ રૂપ તીર્થ નથી, તે ઘર ... પૂર્ણ સમૃદ્ધિઓથી પરિપૂર્ણ છતાં પણ સર્પોને રહેવાના રાફડા જેવું છે. ૧૧ હે ઉત્તમ બ્રાહ્મણો ! આપના મહાન્ નિયમોને બીજા ધીર લોક બાલ્યાવસ્થાથીજ મોક્ષની ઇચ્છાથી ધારણ કરે છે, એવા તમે અહીં પધાર્યા. ૧૨ હે નાથ ! અમે કે જે વિષયોનેજ પુરૂષાર્થ માનનારા અને આ દુઃખમય સં-

સારમાં પોતાનાં કર્મોથી પડેલા છીએ તેઓનું આપની કૃપાથીજ કુશળ છે. ૧૩ અને આપ સરખા આત્મારામ પુરૂષોને તો કુશળ પુછવું સંભવેજ નહિ; કારણ કે આપને કુશળ અને અકુશળ એવી બુદ્ધિની વૃત્તિયોજ નથી. ૧૪ આપ તપસ્વી લોકોના સુહૃદ છો, એ માટે આપનો વિશ્વાસ રાખીને, હું આપને પુછું છું કે-આ સંસારમાં કયા સાધનથી તરત કલ્યાણ થાયછે? ૧૫ ધીર પુરૂષોમાં, આત્મ સ્વરૂપથી પ્રકાશમાન અને આત્મ સ્વરૂપને પ્રકાશીત કરનારા આપ સાક્ષાત્ ભગવાન્જ છો, અજન્મા છો. તમે સિદ્ધરૂપ ધારણ કરીને લોકો ઉપર અનુગ્રહ કરવા માટે વિચરો છો. ૧૬

મૈત્રેય કહે છે—પૃથુ રાજાનાં સારયુક્ત, સુંદર, પરિમિત, મધુર અને પ્રિય વચન સાંભળી પ્રીતિથી જાણે હસતા હોય, એવા સનત્કુમાર કહેવા લાગ્યા. ૧૭

સનત્કુમાર કહે છે—હે મહારાજ! તમે સર્વ વાત જાણો છો; તોપણ પ્રાણી માત્રનું ભલું ઇચ્છી, જે આપે આ પ્રશ્ન પૂછયા છે; તે બહુજ સારૂં કર્યું છે. મહાત્મા પુરૂષોની બુદ્ધિ આવીજ પરોપકાર પરાયણ હોય છે. ૧૮ સજ્જન પુરૂષોનો સમાગમ શ્રોતા વક્તા બન્નેને હિતકારી છે; કારણ કે તેઓના પ્રશ્નોત્તરથી સર્વ જગત્નું કલ્યાણ થાય છે. ૧૯ હે રાજા! ભગવાનના ચરણારવિન્દના ગુણાનુવાદમાં દૃઢ પ્રીતિ થવી એ મોક્ષનું સાધન છે, અને તે અતિદુર્લભ છે, તે તો આપને છે, કે-જે પરમેશ્વરની પ્રીતિથી અંતઃકરણના કામ રૂપ કષાય અને મળ દૂર થઇ જાય છે. ૨૦ શાસ્ત્રોનો સારી રીતે વિચાર કરીને મનુષ્યોના કલ્યાણ માટે આ સાધન નિશ્ચય કરવામાં આવ્યું છે કે-આત્માથી જુદા દેહાદિક ઉપર વૈરાગ્ય રાખવો, અને. નિર્ગુણ એટલે અલૌકિક ગુણવાળા આત્મરૂપ પરબ્રહ્મમાં દૃઢ પ્રીતિ રાખવી. ૨૧ શ્રદ્ધા રાખવી, ભગવદ્ધર્મનાં આચરણ કરવાં, આત્મસ્વરૂપની જીજ્ઞાસા કરવી, અધ્યાત્મ યોગમાં નિષ્ઠા રાખવી, યોગેશ્વરોની ઉપાસના કરવી અને પવિત્રકીર્તિવાળા હરિ ભગવાન્ની નિત્ય પવિત્ર કથા સાંભળવી, ૨૨ ધન મેળવવાની કામનાની ઇચ્છાવાળા તામસી અને ઇન્દ્રિયારામ જીવોની સાથે વાતચિત કરવામાં તૃષ્ણા ન રાખવી, ધન અને કામનો ત્યાગ કરવો, એકાન્ત સ્થાનમાં પ્રીતિ રાખવી, મનમાં સંતોષ રાખવો. ૨૩ અહિંસા ધર્મ પાળવો, આત્મહિતનું ચિંતન કરવું, મુકુન્દ ભગવાનનાં ચરિત્ર રૂપ ઉત્તમ અમૃતનું પાન કરવું, નિષ્કામ યમ,[1] નિયમ ધારણ કરવા, કોઇની નિન્દા ન કરવી, યોગ ક્ષેમ માટે ચેષ્ટા ન કરવી, સુખ દુઃખને સહન કરવાં. ૨૪ કાનના આભૂષણ રૂપ જે હરિ ભગવાન્ના ગુણાનુવાદ તેને વારંવાર કહેવા. આવાં પ્રબળ ભક્તિનાં સાધનોથી વિનાશ્રમે કાર્ય-કારણ રૂપ જડ પદાર્થોમાં વૈરાગ્ય થાય છે, અને નિર્ગુણ બ્રહ્મમાં પ્રીતિ થાય છે. ૨૫ ગુરૂની સેવા કરનારા પુરૂષને જ્યારે પરમાત્મામાં સાચી પ્રીતિ થાય છે, ત્યારે અરણીમાંથી ઉત્પન્ન થતો અગ્નિ જેમ અરણીને બાળીને ભસ્મ કરેછે, તેમ આચાર્યની મદદવાળો પુરૂષ પણ જ્ઞાન અને વૈરાગ્યના બળથી તેનું પંચ મહાભૂત રૂપ અથવા અવિદ્યા આદિ પાંચ કલેશ[2] રૂપ લિંગ શરીરનો પાછો અંકુર ઉત્પન્ન ન થાય, એમ ભસ્મ થઈ જાય છે. ૨૬ લિંગ શરીરનો નાશ થયા પછી, તેના કર્તા, ભોક્તા વગેરે ગુણો નિવૃત્ત થઇ જાય છે, અને તેના દૃશ્ય અને દૃષ્ટાનાં ભેદ કે-જે પ્રથમ પ્રતીત થતા હતા,

૧ દયાભાવ, ક્ષમા, સત્યભાષણ, અન્યને પીડા ન કરવી, દાન, સરળતા, પ્રીતિ, પ્રસાદ, મધુરતા અને બીજાના દુઃખને સહન ન કરવું આ દશ યમ છે. ૨ અને શૌચ, યજ્ઞ, તપ, દાન, વેદપાઠ કરવો, ઉપસ્થનિગ્રહ, પુણ્યસાધન, મૌન, ઉપવાસ, અને સ્નાન એ દશ નિયમ છે. (આત્રેય સંહિતા)

૨ અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ અને અભિનિવેશ એ પાંચ કલેશ કહેવાય છે, સ્વરૂપનું વિસ્મરણ થવું તે અવિદ્યા, દેહને હું છું એમ માનવું એ અસ્મિતા, દેહાભિમાનથી દેહાનુકૂળ પદાર્થોમાં પ્રીતિ એ રાગ, પ્રતિકૂળ પદાર્થો ઉપર અભાવ તે દ્વેષ અને અનુકૂળ પદાર્થોના નાશથી પોતાનો નાશ થવાનું જે અભિમાન તે અભિનિવેશ કહેવાય છે.

તે દૂર થઇ જાય છે, અર્થાત ત્યાર પછી તે પુરૂષ જેમ જાગ્રત પુરૂષ સ્વપ્ન અવસ્થાના પદાર્થને નથી જોતો, તેમ પોતાના સ્વરૂપથી બહારના ઘટાદિક પદાર્થોને અને અંદરના સુખ દુઃખાદિકોને પણ દેખતો નથી. ૨૭ દ્રષ્ટા અને દૃશ્યનો ભેદ કેવળ અંતઃકરણ હેતુક પ્રતીત થાય છે; કારણ કે જાગ્રત અને સ્વપ્નમાં અંતઃકરણ હોવાથી પોતે જોનારો અને જોવાના પદાર્થ તથા તેનો સંબંધ કરનારો અહંકાર જોવામાં આવે છે, પણ સુષુપ્તિમાં અંતઃકરણ ન હોવાથી આ કાંઇ પણ જોવામાં આવતું નથી. ૨૮ દૃષ્ટાન્ત તરીકે–જગત્‌માં પણ જળ અને આદર્શ આદિ પદાર્થ હોય, ત્યારે પોતાનો તથા પોતાના પ્રતિબિંબનો ભેદ પ્રતીત થાય છે. પરંતુ જો જળ વા આદર્શ આદિ પદાર્થ ન હોય તો, તે ભેદ જોવામાં આવતો નથી. ૨૯ આસક્તિથી વિષયોનું સ્મરણ કરનારા પુરૂષોની ઇન્દ્રિયોને વિષય ખેંચી લઇ જાય છે, અને ઇન્દ્રિયો મનને ખેંચી લઇ જાય છે, અને મન, બુદ્ધિની વિચારશક્તિને હરી જાય છે, જેમ જળના કિનારા ઉપર ઉગેલો દર્ભ પોતાના મૂળવડે જળાશયના જળને ખેંચે છે, પણ તે વાત અવિવેકી પુરૂષોના લક્ષમાં આવતી નથી, તેમ ઉપર કહેલું ઇન્દ્રિય આદિકનું ખેંચવાપણું લક્ષમાં આવતું નથી. ૩૦ બુદ્ધિની વિચારશક્તિનો નાશ થઇ જાય, ત્યારે તેને લીધે, આગળ પાછળની સ્મરણ શક્તિ નાશ પામે છે, અને સ્મરણના નાશથી જ્ઞાનનો નાશ થઇ જાય છે. આ પ્રમાણે જ્ઞાનનો નાશ તે આત્માનો નાશ છે, એમ જ્ઞાની લોકો કહેછે. ૩૧ મનુષ્યને આથી વિશેષ બીજી એક પણ સ્વાર્થની હાનિ નથી, કે–જે આત્માને માટે આ સર્વ પ્રિય લાગે છે, માટે તેની ખરાબી કદિ પણ કરવી નહિ. ૩૨ અર્થ અને કામની તૃષ્ણા રાખવી, તેજ મનુષ્યોને સર્વ પુરૂષાર્થોની હાનિ કરનારી છે, કારણ કે એ તૃષ્ણા રાખવાથી શાસ્ત્રજન્ય જ્ઞાન અને સ્વરૂપાનુભવ એ બે નાશ પામે છે, અને તેનો નાશ થઇ જવાથી તે સ્થાવર ભાવને પામે છે. ૩૩ આ ગાઢ અંધકાર રૂપ નરકથી પાર ઉતરવા ઇચ્છનાર પુરૂષે કદિ પણ કોઇનો સંગ કરવો નહિ; કારણ કે સંગતો ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરૂષાર્થની અત્યન્ત હાનિ કરનારો છે. ૩૪ એ ચારે પુરૂષાર્થોમાં પણ મોક્ષ સર્વોત્તમ પુરૂષાર્થ ગણાય છે; કારણ કે બીજા ત્રણમાં તો સદા કાળનો ભય રહે છે. ૩૫ સૃષ્ટિમાં આપણાથી બ્રહ્મા પર્યંત જે ઉત્પન્ન થયેલ છે, તે સર્વના મનોરથોનો નાશ કાળ કરે છે, તેથી યથાર્થ સુખ તો કોઇને મળતું નથી. ૩૬ હે રાજા! અનાત્મ વસ્તુમાં આસક્તિ રાખવાથી અનર્થ થાય છે. એ માટે દેહ, ઇન્દ્રિયો, પ્રાણ, બુદ્ધિ અને અહંકારથી વીંટાયલા સ્થાવર-જંગમ માત્રમાં જે અંતર્યામી રૂપથી પ્રત્યક્ષ તથા દેશ, કાળ, તથા વસ્તુના પ્રમાણથી રહિત થઇ પ્રકાશે છે, અને અંતર્વૃત્તિથી જે પ્રતીત થાય છે, તે પરબ્રહ્મરૂપ હુંજ છું એમ માનો. ૩૭ વિવેક ઉત્પન્ન થવાથી પણ નિવૃત્ત થઇ જનારા ઉચ્ચ–નીચ અને કાર્ય–કારણરૂપ, સંસાર કે જેમાં, દરમાં સર્પના સમાન માયા રૂપ પ્રતીત થાય છે, તે પરબ્રહ્મ કે–જે નિત્યમુક્ત, શુદ્ધ, જ્ઞાનસ્વરૂપ, સત્ય અને કર્મોથી મલીન થયેલ માયાનો તિરસ્કાર કરનારા આપ છો, તે પરબ્રહ્મને શરણ હું છું. ૩૮ જેના ચરણકમળના પલ્લવ રૂપ આંગળિયોની કાન્તિની ભક્તિ કરવાથી મોટા મોટા મહાત્માઓ દેહાભિમાન રૂપ દઢગાંઠને જે પ્રકારે છોડી નાંખેછે, એ પ્રમાણે વિષયો તરફ જતી પોતાની ઇન્દ્રિયોને રોકનારા અને મનથી પણ વિષયોની આસક્તિ ત્યાગનારા યોગીજન પણ છોડી શકતા નથી. તે વાસુદેવ ભગવાનનું શરણ લ્યો, અને તેનું ભજન કરો. ૩૯ જેમાં *ષડ્‌વર્ગ રૂપ ગ્રાહ છે એવા, આ સંસારરૂપ સમુદ્રને જે યજ્ઞાદિક સાધનોથી પરમેશ્વર રૂપ નાવ વગર પાર ઉતરવા ઇચ્છે છે, તેને બહુજ પરિશ્રમ પડેછે, એ માટે હે પૃથુરાજા! તમે તો ભગવાનના ભજવા યોગ્ય ચરણારવિન્દને નૌકા બનાવી આ દુ-

* કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર એ ષડ્‌વર્ગ કહેવાય છે.

સ્તર અને દુઃખ રૂપ સંસાર સાગરથી પાર ઉતરો. ૪૦

મૈત્રેય કહે છે—બ્રહ્મવેત્તા અને બ્રહ્માના પુત્ર સનત્કુમારોએ આ પ્રમાણે આત્મજ્ઞાનનો ઉપદેશ કર્યો (તેમાર્ગ દર્શાવ્યો) ત્યારે પૃથુ રાજા બહુજ પ્રશંસા કરીને કહેવા લાગ્યા. ૪૧

પૃથુરાજા કહે છે—હે મહારાજ! હે ભગવન્! દીનદયાળુ શ્રીહરિએ પૂર્વે મારા ઉપર કૃપા કરી હતી, તે પૂરી કરવા માટે તમે પધાર્યા છો. ૪૨ તમે દયાળુ મહાત્માઓએ મારૂં સર્વ કાર્ય પરિપૂર્ણ કર્યું છે, મારો આ દેહ તથા રાજ્ય સર્વે મહાત્મા પુરૂષોનુંજ છે, માટે હું આપને ગુરૂ દક્ષિણામાં શું આપું? ૪૩ હે મહારાજ! પ્રાણ, સ્ત્રી, પુત્ર, ઘર, સરસામાન, રાજ્ય, સેના, પૃથ્વી, અને ભંડાર એ સર્વ મહાત્માઓનાં જ છે, મારૂં કાંઇ નથી, તેથી હું આપને ગુરૂદક્ષિણા કાંઈ આપતો નથી, પરંતુ જેમ રાજાનો સેવક રાજાને તેનીજ વસ્તુ અર્પણ કરે, તેમ હું પણ આ રાજ્ય આપને અર્પણ કરૂંછું. ૪૪ વેદ તથા શાસ્ત્ર જાણનારા બ્રાહ્મણોજ સેનાપતિપણાને, ન્યાયાધીશપણાને અને સર્વ લોકોના અધિપતિપણાને યોગ્ય છે. ૪૫ બ્રાહ્મણ પોતાનુંજ અન્ન ખાયછે, પોતાનાંજ વસ્ત્ર પેહેરેછે અને પોતાની વસ્તુનુંજ દાન કરેછે, કારણ કે જગતમાં જે કાંઇ છે તે સર્વ બ્રાહ્મણનુંજ છે, ક્ષત્રિયાદિક બીજી સર્વ વર્ણ બ્રાહ્મણોના અનુગ્રહથી ગુજરાન ચલાવેછે. ૪૬ આત્મવિચારમાં દૃઢ નિશ્ચયવાળા અને વેદવેત્તા એવા આપે જે બ્રહ્મજ્ઞાનનો મને ઉપદેશ કર્યો, તેના બદલામાં હું આપને કેવળ હાથજ જોડું છું, તેનો બદલો વાળવા જાઉં તો કેવળ હાસ્યને પાત્ર થાઉં, માટે અત્યન્ત જ્ઞાનવાળા આપ આપના ઉપકારવડેજ મારા ઉપર પ્રસન્ન થાઓ. ૪૭

મૈત્રેય કહેછે—એ પ્રમાણે પૃથુરાજાએ કહીને બ્રહ્મજ્ઞાનવાળા સનત્કુમારોની પૂજા કરી. પછી તે મુનિઓ રાજાની પ્રશંસા કરતા થકા સર્વના દેખતાં આકાશમાર્ગે ચાલ્યા ગયા. ૪૮ મહાત્માઓમાં અગ્રેસર પૃથુરાજા આત્મજ્ઞાનથી થયેલી મનની એકાગ્રતાવડે સ્વસ્વરૂપમાં સ્થિત થઈ પોતાને કૃતાર્થ માનવા લાગ્યા. ૪૯ અને દેશ, કાળ, બળ, યોગ્યતા અને ધન પ્રમાણે કર્મો કરીને બ્રહ્માર્પણ કરવા લાગ્યા. ૫૦ કર્મો પરમાત્માને અર્પણ કરતા થકા આસક્તિ રહિત થઇ સાવધાનપણે પોતાના આત્માને કર્મોનો સાક્ષી તથા દેહાદિકથી જુદો માનવા લાગ્યા. ૫૧ પોતે ઘરમાં રહેતા હતા અને ચક્રવર્તી રાજ્યલક્ષ્મીના અધિપતિ હતા, તેમ છતાં પોતે નિરભિમાનપણે સૂર્યની પેઠે ઇંદ્રિઓના વિષયોથી નિર્લેપ રહેતા હતા. ૫૨ આ રીતે આત્મજ્ઞાનમાં નિષ્ઠા રાખીને કર્મ કરતા એ પૃથુરાજાએ અર્ચિષા નામની રાણીથી પોતાના જેવાજ વિજીતાશ્વ, ધૂમ્રકેશ, હર્યક્ષ, દ્રવિણ અને વૃક નામના પાંચ પુત્ર થયા. આ પૃથુરાજાએ સર્વ લોકપાળોના ગુણોને એકલાએજ ધારણ કર્યા હતા. ૫૩-૫૪ પોતાના સમયમાં જગતનું પાલન કરવા માટે ભગવાનના અવતારરૂપ પૃથુએ પોતાના મનની વાણીની વૃત્તિઓ અને ગુણથી પ્રજાને રાજી કરી. ૫૫ અને બીજા ચંદ્ર હોય એવી રીતે એમણે 'રાજા' ની પદવી મેળવી. જેમ સૂર્ય આઠ મહિના સુધી પૃથ્વીનું જળ શોષી લઇને ચોમાસામાં પાછું આપેછે, તેમ તે સમયે પ્રજા પાસેથી કર લેતા હતા અને સમય આવે પાછું પ્રજાને આપતા હતા, તેમનો પ્રતાપ સૂર્યના જેવો હતો. ૫૬ તે અગ્નિ જેવા તેજસ્વી, ઇંદ્રના જેવા અજીત, પૃથ્વી જેવા ક્ષમાવાન, સ્વર્ગ સમાન મનુષ્યોને ઇચ્છિત ફળ આપનાર, ૫૭ મેઘ જેવા સર્વને તૃપ્ત કરનાર, સમુદ્ર જેવા ગંભીર, મેરૂ સમાન ધીરજવાન, ૫૮ ધર્મ રાજા જેવા શિક્ષા કરનાર, હિમાલય જેવા આશ્ચર્ય ઉપજાવનારા, કુબેરના જેવા અખૂટ ભંડારવાળા, વરૂણ જેવા ગુપ્ત ધન રાખનારા, ૫૯ વાયુ જેવા બળ તથા ઓજવાળા, ભગવાન્ રૂદ્ર જેવા અસહ્યપણાવાળા, ૬૦ કાંમદેવ જેવા રૂપાળા, સિંહ જેવા હિંમતવાન, મનુ જેવા પ્રજાપ્રેમી, બ્રહ્મા જેવા પ્રભુત્વવાળા, ૬૧ બૃહસ્પતિ જેવા બ્રહ્મવાદી, વિષ્ણુ જેવા જીતેંદ્રિય, અને ભય,

ગુરૂ, બ્રાહ્મણો તથા વૈષ્ણવોની સેવા કરવામાં તથા લાજ, વિનય, સુશીલતા અને પરમાર્થ કરવામાં તો પોતાના જેવાજ હતા, અર્થાત્ એ કાર્યમાં તો તેમની ઉપમાને યોગ્ય કોઇ હતુંજ નહી. ૬૨ તેમની કીર્તિ ત્રૈલોક્યમાં સત્પુરૂષો ઉંચે સ્વરે ગાતા હતા. તેથી તેમની કીર્તિ સ્ત્રીઓના સાંભળવામાં પણ આવી હતી. વળી તે રામના જેવા પ્રખ્યાત કીર્તિવાળા હતા. ૬૩

कीर्त्योर्ध्वगीतया पुंभि स्त्रैलोक्ये तत्रतत्रह ॥
प्रविष्टः कर्णरंध्रेषु स्त्रीणांराम सतामिव॥६३॥

ઇતિ શ્રી ભાગવતપુરાણના ચતુર્થ સ્કંધમાં "પૃથુ ચરિત્ર વર્ણન" નામનો ૨૨ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૨૩ મો.

વનમાં સમાધિમાં બેઠેલા પૃથુરાજા પોતાની સ્ત્રી સહિત વિમાનમાં બેશીને વૈકુંઠમાં ગયા.

मैत्रेय उवाच.

दृष्ट्वात्मानं प्रवयसमेकदा वैन्य आत्मवान् ॥
आत्मना वर्द्धिता शेषस्वानुसर्गः प्रजापतिः ॥

મૈત્રેય કહે છે—હે વિદુર! એ રીતે પૃથુરાજાએ અન્ન ઉત્પન્ન કર્યાં, પુર, નગર અને ગામડાંની રચના કરી, અને સ્થાવર જંગમ સર્વ પ્રાણીની આજીવિકા કરી આપી. એવો સત્પુરૂષોનો ધર્મ આચરનારા પૃથુરાજા જે કારણથી જન્મ્યા હતા તે કાર્ય ઇશ્વરની આજ્ઞા પ્રમાણે તેમણે સિદ્ધ કર્યું. પછી એક દિવસ પોતાની વૃદ્ધાવસ્થા આવેલી જોઈ, પોતાના વિયોગથી રડતી પૃથ્વી પોતાના પુત્રોને સોંપીને પોતાની સ્ત્રીની સાથે વનમાં તપ કરવાને ચાલ્યા ગયા. ૧-૨-૩ વનમાં જઈ દૃઢ નિયમ ધારણ કરીને, પોતે પ્રથમ પૃથ્વી જીતવાનો મહા પ્રયત્ન કર્યો હતો, તે પ્રમાણે વાનપ્રસ્થોએ અંગીકાર કરેલી તપશ્ચર્યા કરવા માંડી. ૪ કેટલાક દિવસ સુધી તેમણે કંદ, મૂળ અને ફળનો આહાર કર્યો, કેટલાક દિવસ સૂકાં પાંદડાંજ ખાઇને રહ્યા અને કેટલાંક પખવાડીઆં સુધી કેવળ વાયુ ભક્ષીને રહ્યા. ૫ એ શૂરવીર રાજા ઉન્હાળામાં પંચાગ્નિ તાપતા હતા, ચોમાસામાં વરસાદ સહન કરતા હતા અને શિયાળામાં ગળા સુધીના પાણીમાં રહેતા હતા, અને પૃથ્વી ઉપર સૂતા હતા. ૬ એ સહન શીલતાથી મૌનવ્રત ધારણ કરી, જીતેંદ્રિય થઇને બ્રહ્મચર્ય પાળવા લાગ્યા અને પ્રાણાયામથી પવનને જીતી શ્રી કૃષ્ણ ભગવાનની આરાધના કરવાની ઇચ્છાથી ઉત્તમ તપ કરવા લાગ્યા. ૭ ધીરે ધીરે વધતા તપના પ્રભાવથી કર્મનો નાશ થઇ ગયો—અને મન નિર્મળ થયું, અને પ્રાણાયામથી કામ ક્રોધાદિક છ શત્રુઓને જીતી વાસના રહિત થઇ ભગવાન સનત્કુમારે ભગવાનની પ્રાપ્તીનો જે ઉપાય બતાવ્યો હતો, તે ઉપાયથી ભગવાનની આરાધના કરવા લાગ્યા. ૮–૯ શ્રદ્ધાથી ભગવાનના નિયમો પાળીને ભગવત્પદ પામવાને યત્ન કરનારા એ મહાત્મા પૃથુની પરબ્રહ્મને વિષે અનન્ય ભક્તિ થઇ. ૧૦ ભગવાનની ભક્તિથી તેમનું મન શુદ્ધ થયું અને તેથી વૈરાગ્ય જ્ઞાન ઉત્પન્ન થયું, અને ભગવાનના સ્મરણથી ભક્તિ વૃદ્ધિ પામીને તીક્ષ્ણ જ્ઞાનથી હૃદયની ગાંઠ કાપી નાંખી. ૧૧ દેહાત્મબુદ્ધિ નાશ પામતાં તેમને સ્વસ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત થયું. તે સમયે પ્રાપ્ત થયેલી સિદ્ધિઓથી નહી લલચાતાં જે જ્ઞાનથી પોતાના સંશય નાશ પામ્યા હતા તે બ્રહ્મજ્ઞાન માટે પણ પ્રયત્ન કરવા ન લાગ્યા. યોગી જ્યાંસુધી ભગવાનની કથામાં પ્રીતિ કરતો નથી ત્યાં સુધી તે સિદ્ધિઓને જોઇને લલચાય છે. પૃથુરાજા પણ ભગવાનની કથામાં પ્રીતિ હોવાથી સિદ્ધિઓથી લલચાયા નહી. ૧૨ એ પ્રમાણે એ શૂરવીર પૃથુરાજાએ પોતાના આત્માને બ્રહ્મમાં જોડીને સમય આવે દેહત્યાગ કર્યો. ૧૩ પગની બે પાનીવડે ગુદાને દબાવી મૂળદ્વારથી ધીરે ધીરે વાયુને ઊંચો ચઢાવીને તે વાયુને પ્રથમ નાભિમાં, પછી કોઠાના ભાગમાં (હૃદય), પછી ઉરઃસ્થળમાં, પછી કંઠમાં,

પછી ભ્રકુટિ વચ્ચે અને પછી બ્રહ્મરંધ્રમાં ચઢાવ્યો. પછી એ નિસ્પૃહી રાજાએ વાયુનો વાયુમાં, શરીરના કઠણ ભાગનો પૃથ્વીમાં અને તેજનો તેજમાં લય કર્યો. ૧૪-૧૫ વળી છિદ્રોનો આકાશમાં અને રસના ભાગનો જળમાં લય કર્યો. એ પ્રમાણે સર્વ તત્ત્વોનો સ્થાન અને વિભાગ પ્રમાણે લય કર્યો. પછી પૃથ્વીનો જળમાં, જળનો તેજમાં, તેજનો વાયુમાં, વાયુનો આકાશમાં, મન તથા ઇંદ્રિયોના દેવતાઓનો ઇંદ્રિયોમાં અને ઇંદ્રિયોનો પોત પોતાના વિષયોમાં લય કર્યો. આકાશ અને વિષયોનો અહંકારમાં લય કર્યો અને અહંકારનો મહત્તત્ત્વમાં લય કર્યો. ૧૬-૧૭ અને સર્વ કાર્યના નિવાસરૂપ મહત્તત્ત્વને આત્માની ઉપાધિવાળા જીવમાં જોડી દીધું. પછી જ્ઞાન તથા વૈરાગ્યના બળથી પરબ્રહ્મમાં સ્થિત થઇ પોતાનામાં રહેલી જીવપણું કરાવનારી ઉપાધિનો ત્યાગ કર્યો. ૧૮ મહારાણી અર્ચિષા કે જે અત્યંત સુકુમાર છતાં પગવડે પૃથ્વીને સ્પર્શ કરવાને પણ અયોગ્ય હતી, તે પણ પતિની પાછળ વનમાં ગઈ હતી. ૧૯ તે પોતાના પતિનું અનુકરણ કરી ઋષિઓની પેઠે કંદ, મૂળ, ફળ વગેરે ખાઇને પતિની સેવા કરતી હતી, તેથી શરીરે બહુજ દુર્બળ થઇ ગઇ હતી, તોપણ પતિના હાથના સ્પર્શ તથા સત્કારના સુખથી તે દુ:ખને કાંઇપણ ગણતી નહતી. ૨૦ તે સતીએ પોતાના વહાલાપતિનું શરીર શબ જેવું થઇ ગયેલું જોઇને જરા વિલાપ કર્યો. પછી પર્વતના શિખર ઉપર ચિતા ખડકીને તે ઉપર તે શબ મૂક્યું. ૨૧ પછી પોતે સ્નાન કરી, તે સમયને યોગ્ય બીજી ક્રિયા કરીને પ્રાણપતિને હાથાંજલી આપી, અને આકાશમાં જોવા ઉભેલા દેવતાઓને પ્રણામ કરી, ચિતાને ત્રણ પ્રદક્ષિણા કરી, પતિના ચરણનું ધ્યાન ધરીને ચિતામાં પ્રવેશ કર્યો. ૨૨ આ રીતે અર્ચિષાને પતિની પાછળ સતી થયેલી જોઇને હજારો વરદાન આપનારી દેવાંગનાઓ તથા દેવતાઓ તેની પ્રશંસા કરવા લાગ્યા. પછી તે મંદરાચળ પર્વતના શિખર ઉપર ફૂલ વરસાવતી અને દુંદુભિ વગાડતી દેવાંગનાઓ પરસ્પર વાતો કરવા લાગી. ૨૪

દેવાંગનાઓ કહે છે—અહો ! આ અર્ચિષા જગતમાં મહા ભાગ્યશાળી છે, કારણ કે તેણે જેમ લક્ષ્મી ભગવાનની સેવા કરે છે તેમ સર્વ પ્રકારે પોતાના પતિ મહારાજા પૃથુની સેવા કરી છે. ૨૫ તે અર્ચિષા પોતે અચિંત્ય કર્મ કરી આપણને ઓળંગીને પતિની પાછળ ઉપરના લોકમાં જાય છે. ૨૬ આ પૃથ્વી ઉપર જે મનુષ્ય ચંચળ આયુષ્યને પામીને ભગવાનના પદને આપનારૂં આત્મજ્ઞાન મેળવે છે, તેને કોઇપણ વસ્તુ દુર્લભ નથી. ૨૭ આ જગતમાં મહાકષ્ટે મોક્ષદેનારો મનુષ્યદેહ પામીને જે મનુષ્ય વિષયાસક્ત થાય છે તેને છેતરાયેલો અને આત્મદ્રોહી સમજવો. ૨૮

મૈત્રેય કહે છે—આ પ્રમાણે દેવાંગનાઓ તેની સ્તુતિ કરતી હતી, એટલામાં તો શ્રેષ્ઠ આત્મજ્ઞાની ભગવદ્‌ભક્ત પૃથુરાજા જે લોકમાં ગયા હતા તે લોકમાં અર્ચિષા પણ ગઇ. ૨૯ આવાં મોટાં પરાક્રમવાળા પૃથુરાજા હતા, તે ઉત્તમ ચરિત્રોવાળા પૃથુરાજાનું ચરિત્ર મેં તમને કહ્યું ૩૦ આ પરમપવિત્ર ચરિત્રને જે મનુષ્ય સાવધાનીથી શ્રદ્ધાપૂર્વક વાંચે, સાંભળે અથવા સંભળાવે, તે પૃથુરાજાની પદવીને પામે છે. ૩૧ આ ચરિત્રનો પાઠ કરવાથી બ્રાહ્મણ બ્રહ્મતેજને પામે છે, ક્ષત્રિય રાજ્યને પામે છે, વૈશ્ય ધનવાન થાય છે, અને શુદ્ર શ્રેષ્ઠતા પામે છે. ૩૨ જે પુરૂષ કે સ્ત્રી આ ચરિત્ર ત્રણવાર સાંભળે તે અપુત્ર હોય તો પુત્ર પામે છે અને નિર્ધન હોય તો ધન પામે છે. ૩૩ વળી આ ચરિત્ર સાંભળવાથી અપ્રસિદ્ધ મનુષ્યની કીર્તિ પ્રખ્યાત થાય છે, મૂર્ખ હોય તે પંડિત થાય છે. એવું આ ચરિત્ર ધન, યશ, આયુષ્ય, અને સ્વર્ગ આપનારૂં, મંગળદાતા, કલ્યાણકારી, કળિયુગના મળનો નાશ કરનારૂં અને ધર્મ અર્થ કામ અને મોક્ષ આપનારૂં છું, માટે આ આખ્યાન શ્રદ્ધાથી સાંભળવું. ૩૪-૩૫ દિગ્વિજય કરવાને ઇચ્છનાર રાજા આ ચરિત્ર સાંભળીને જાય, તો તે જેની ઉપર ચઢાઇ કરે તે રાજા, જેમ પૃથુરાજાને સર્વ રાજાઓ કર આપતા હતા તેમ તે

રાજાને પણ કર આપે. ૩૬ માટે મનુષ્યોએ સંસારની ખટપટ છોડી દઇ ભગવાનની નિષ્કામ ભક્તિથી પૃથુરાજાનું પવિત્ર ચરિત્ર સાંભળવું. તથા બીજાને સંભળાવવું ૩૭ હે વિચિત્ર વીર્યના પુત્ર વિદુરજી! ભગવાનનું મહાત્મ્ય દર્શાવનારૂં આ ચરિત્ર મેં તમને કહ્યું. આ ચરિત્રપર પ્રીતિ રાખનારો મનુષ્ય પૃથુની પેઠે મોક્ષપદ પામે છે. ૩૮ જે મનુષ્ય સંસારની ખટપટ છોડીને આદરપૂર્વક આ પૃથુનું ચરિત્ર નિત્ય સાંભળે અથવા સંભળાવે તે મનુષ્ય, જેનાં ચરણારવિંદ સંસારરૂપી સમુદ્રને પાર ઉતરવામાં વહાણરૂપ છે એવા ભગવાનની ઉત્તમ ગતિને પામે છે. ૩૯

अनुदिनमिदमादरेणशृण्वन्
पृथुचरितं प्रथयन् विमुक्तसंगः ॥
भगवति भवसिंधु पोतपादे
सच निपुणां लभते गतिं मनुष्यः ॥

ઇતિ શ્રી ભાગવતપુરાણના ચતુર્થ સ્કંધમાં "પૃથુચરિત્ર વર્ણન" નામનો ૨૩ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૨૪ મો.

પ્રચેતાઓની ઉત્પત્તિ તથા તેમને શંકરે કરેલો રૂદ્રગીતનો ઉપદેશ.

मैत्रेय उवाच·

विजिताश्वोऽधिराजासीत्पृथुपुत्रः पृथुश्रवाः ॥
यवीयेभ्योऽददात्काष्ठा भ्रातृभ्यो भ्रातृवत्सलः

મૈત્રેય કહેછે—હે વિદુર! ત્યારપછી મોટી કીર્તિવાળો પૃથુરાજાનો પુત્ર વિજીતાશ્વ ચક્રવર્તી રાજા થયો. અને ભાઇઓ ઉપર પ્રીતિવાળા તે રાજાએ પોતાના ચાર ભાઇઓને ચાર દિશાઓનું રાજ્ય આપ્યું. ૧ તેમાં હર્યક્ષને પૂર્વ દિશાનું, ધૂમ્રકેશને દક્ષિણ દિશાનું, વૃકને પશ્ચિમ દિશાનું અને દ્રવિણને ઉત્તર દિશાનું રાજ્ય આપ્યું. ૨ પિતાના અશ્વમેધનો ઘોડો ઇંદ્ર હરી ગયો હતો તે વખતે વિજીતાશ્વ તેની પાસેથી અંતર્ધાન થવાની વિદ્યા શીખ્યો હતો, તેથી તેનું નામ અંતર્ધાન પણ કહેવાતું હતું. તેને શિખંડીની નામની સ્ત્રીથી પાવક, પવમાન અને શુચિ નામના ત્રણ પુત્ર થયા. એ ત્રણે અગ્નિઓ હતા. તેઓ પ્રથમ વસિષ્ઠ મુનિના શાપથી વિજીતાશ્વને ત્યાં પુત્રરૂપે ઉત્પન્ન થયા હતા અને પછી અગ્નિની પદવી પામ્યા હતા. ૩-૪ ઇંદ્ર ઘોડો ચોરી ગયો છે એવું જાણવા છતાં વિજીતાશ્વે તેને માર્યો નહોતો, એવા વિજીતાશ્વને બીજી નભસ્વતી નામની સ્ત્રીથી હવિર્ધાન નામનો પુત્ર ઉત્પન્ન થયો હતો. ૫ કર, દંડ, અને દાણ લઇને રાજાએ આજીવિકા કરવી એ પ્રજાને દુઃખ દેનારી છે, એમ જાણીને વિજીતાશ્વે લાંબા વખત સુધી યજ્ઞ કરવાના મિષથી તે આજીવિકાનો ત્યાગ કર્યો હતો. ૬ તે યજ્ઞમાં પણ ભક્તજનોનાં દુઃખ ટાળનારા પરમાત્માનું યજન કરતો આત્મજ્ઞાની વિજીતાશ્વ પરમપદને પામ્યો હતો. ૭ હે વિદુર! તેના પુત્ર હવિર્ધાનને હવિર્ધાની સ્ત્રીથી બર્હિષદ, ગય, શુકલ, કૃષ્ણ, સત્ય અને જીતવ્રત એ ૭ પુત્ર ઉત્પન્ન થયા. ૮ તેમાં પ્રતાપી બર્હિષદ મહા ભાગ્યવાન અને કર્મકાંડ તથા યોગવિદ્યામાં પ્રવીણ હતો. તેણે આખી પૃથ્વીમાં કોઇ સ્થળ યજ્ઞ કર્યા વગરનું રાખ્યું ન હતું, અને પૂર્વ દિશા તરફ અણીઓવાળા દર્ભોથી તમામ પૃથ્વીને ઢાંકી દીધી હતી તેથી તેનું નામ 'પ્રાચીન બર્હિષ રાજા' પડયું. ૧૦ એ રાજા બ્રહ્માએ બતાવેલી સમુદ્રની પુત્રી શતદ્રુતિને પરણ્યો હતો, તે સર્વ અંગે ઘણી સુંદર, કિશોર અવસ્થાવાળી અને સુંદર શૃંગારવાળી શતદ્રુતિ વિવાહ વખતે અગ્નિની પ્રદક્ષિણા કરતી હતી તેને જોઇને, અગ્નિ જેમ પોપટી* ઉપર આસક્ત થયા હતા. તેમ પ્રાચીન બર્હિષ રાજા તેના ઉપર આસક્ત થયા હતા. ૧૧ નવી પરણેલી શતદ્રુતિએ દિશાઓમાં ઝાંઝરના ઝમ-

* એકવાર સપ્તર્ષિઓના યજ્ઞમાં તેમની સ્ત્રીઓને જોઇને અગ્નિ કામાતુર થયા હતા. આ વાત અગ્નિની સ્ત્રી સ્વાહાના જાણવામાં આવતાં તેણે સપ્તર્ષિઓની સ્ત્રીનું રૂપ લઇને પોતાના પતિને રમણ કરાવ્યું. હતું અને તેનું વિર્ય સ્ખલિત કરાવીને તે કાસના ગુંબડામાં નાંખીને જતી રહી હતી.

કાર કરીને દેવતાઓ, દૈત્યો, ગંધર્વો, મુનિઓ, સિદ્ધો, મનુષ્યો અને નાગલોકોને મોહ પમાડયા હતા. ૧૨ પ્રાચીન બર્હિષ રાજાને શતદ્રુતિથી પ્રચેતા નામના દશ પુત્ર ઉત્પન્ન થયા હતા, તે સર્વે એકજ નામ, વ્રત અને ધર્મવાળા હતા. ૧૩ તેના પિતાએ તેઓને સૃષ્ટિ કરવાની આજ્ઞા કરવાથી, તેઓ તપ કરવા માટે સમુદ્રના કિનારા ઉપર ગયા, અને પાણીમાં ઉભા રહી, દશ હજાર વર્ષ સુધી તપ કરીને ભગવાનની આરાધના કરી. ૧૪ તપ કરવા જતી વખતે તેઓને શંકરનાં દર્શન થતાં તેઓએ પ્રણામ કર્યા, શંકરે પ્રસન્ન થઇ તેઓને મંત્ર તથા પૂજનનો ઉપદેશ કર્યો, તે પ્રમાણે તેઓ જીતેંદ્રિય થઇને ભગવાનના જપ, ધ્યાન અને પૂજન કરવા લાગ્યા. ૧૫

વિદુરજી પૂછેછે- હે મહારાજ! પ્રચેતાઓને સદાશિવનો જે રીતે સમાગમ થયો અને શંકરે પ્રસન્ન થઇને જે સારવાળો ઉપદેશ કર્યો, તે સર્વ મને કહો. ૧૬ મુનિ લોકો સંસારનો ત્યાગ કરીને ભગવાન સદાશિવનું ધ્યાનકર્યા કરેછે, તોપણ તેઓને સાક્ષાત્કાર થતો નથી, એવા સદાશિવનો પ્રાણીઓને સહજ સમાગમ થવો દુર્લભ છે. ૧૬ ભગવાન સદાશિવ આત્મારામ છે તોપણ જગતની સૃષ્ટિના રક્ષણ માટે ભયંકર શક્તિને સાથે લઇને ફરેછે. ૧૮

મૈત્રેય કહે છે—હે વિદુર! મહાત્મા પ્રચેતાઓ પિતાની આજ્ઞા માથે ચઢાવી, તપ કરવાનો નિશ્ચય કરીને પશ્ચિમ દિશા તરફ ચાલ્યા. ૧૯ રસ્તે જતાં તેમણે સમુદ્ર જેવું એક મોટું સરોવર દીઠું, તે મહાત્મા પુરૂષોના મન જેવું અત્યંત સ્વચ્છ, નિર્મળ જળથી ભરપૂર હતું. ૨૦ તેમાં નીલકમળ, રાતાં કમળ ઉત્પલ, અંભોજ, કલ્હાર અને ઇંદીવર વગેરે અનેક જાતનાં રાતે અને દિવસે ઉઘડનારાં કમળો થતાં હતાં, અને હંસ, સારસ, ચક્રવાક તથા કારંડવ વગેરે પક્ષીઓના કલ્લોલથી તે ગાજી રહ્યું હતું. ૨૧ મદોન્મત્ત ભમરોના મધુર સ્વરથી લતા અને વૃક્ષોનાં પાંદડાં ખીલી રહ્યાં હતાં, અને ચારે તરફ કમળકોશની રજવાળા ઉડતા પવનથી આનંદ પ્રસરી રહ્યો હતો. ૨૨ એવા એ સુંદર સરોવરમાં મૃદંગ, ઢોલ, વગેરે વાજીંત્રો સાથે દેવતાઇ મનોહર ગાયન થતું હતું, તે સાંભળીને પ્રચેતાઓ આશ્ચર્ય પામ્યા. ૨૩ એટલામાં શ્રી મહાદેવ પોતાના પાર્ષદો સહિત સરોવરમાંથી બહાર નીકળ્યા, તેમનાં દર્શન તે રાજકુમારોને થયાં. તે વખતે ગંધર્વો તેમની સ્તુતિ કરતા હતા. ૨૪ તપાવેલા સુવર્ણના ઢગલાના જેવી કાન્તિવાળા, નીલકંઠ, ત્રિનેત્ર અને પ્રસન્ન મુખવાળા સદાશિવનાં દર્શન થવાથી તે રાજકુમારોએ આશ્ચર્યતા પામીને પ્રણામ કર્યા. ૨૫ પછી શરણાગત પ્રતિપાળક ધર્મવત્સળ ભગવાન સદાશિવ પ્રસન્ન થઇને ધર્મજ્ઞ અને શીળવાન પ્રચેતાઓને સ્પષ્ટ રીતે કહેવા લાગ્યા. ૨૬

શ્રીરૂદ્ર કહે છે—તમે પ્રાચીન બર્હિષરાજાના પુત્ર છો, તમારૂં કર્તવ્ય હું જાણુંછું, તમારૂં કલ્યાણ થાઓ, તમારા ઉપર અનુગ્રહ કરવાનેજ મેં દર્શન આપ્યાં છે. ૨૭ કારણ કે સૂક્ષ્મ માયાથી અને પુરૂષથી પ પર છે એવા ભગવાન વાસુદેવનો ભક્ત મને પ્રિય છે. ૨૮ ધર્મનિષ્ઠ પુરૂષ સેંકડો જન્મે બ્રહ્માના પદને પામે છે, અને તે કરતાં વિશેષ પુણ્ય હોય તો મને પામે છે; પરંતુ ભગવાનનો ભક્ત તો નક્કી વિષ્ણુના પદનેજ પામે છે. હું અને દેવતાઓ પણ અંતે વિષ્ણુના પદને પામીએ છીએ. ૨૯ મને જેવા ભગવાન વહાલા છે, તેવાજ ભગવાનના ભક્ત વહાલા છે, તેમજ ભગવાનના ભક્તોને પણ મારા સિવાય બીજો કોઇ વહાલો નથી. ૩૦ માટે આ પરમપવિત્ર, સર્વ મંગળકારક, મોક્ષ આપનારૂં, અને સર્વ વિઘ્નોને ટાળનારૂં સ્તોત્ર હું તમને કહુંછું તે સાંભળો. ૩૧

મૈત્રેય કહે છે—હે વિદુર! એ પ્રમાણે કહીને પરમદયાળુ ભગવાન સદાશિવ હાથ જોડીને સામા ઉભેલા તે રાજકુમારોને સ્તોત્રનો ઉપદેશ કરવા લાગ્યા. ૩૨

શ્રી રૂદ્ર કહે છે—હે પ્રભુ! તમારો વિજય મોટા મોટા આત્મજ્ઞાની પુરૂષોને પરમ આનંદ આપનારો છે તો તે આનંદ મને

પણ આપો, આપ સર્વદા પરમાનંદ રૂપે રહેલા છો, માટે સર્વના આત્મારૂપ આપને હું પ્રણામ કરૂં છું. ૩૩ નાભિમાં કમળવાળા, પંચમહાભૂત તથા ઇંદ્રિયોના આત્મા, સ્વયં-પ્રકાશ, વાસુદેવ રૂપથી ચિત્તના અધિષ્ઠાતા, શાંતસ્વરૂપ અને વિકાર રહિત એવા આપને નમસ્કાર કરૂંછું ૩૪ સંકર્ષણ રૂપથી અહંકારને હરનારા, સૂક્ષ્મરૂપ, અનંતસ્વરૂપ, પ્રલયકાળે મુખના અગ્નિથી લોકને બાળનારા, જગતને જ્ઞાન દેનારા અને પ્રદ્યુમ્નરૂપે બુદ્ધિના નિયંતા એવા આપને હું નમસ્કાર કરૂં છું. ૩૫ સર્વ ઇંદ્રિઓના સ્વામી તથા મનના નિયંતા આપ અનિરૂદ્ધ રૂપને નમસ્કાર કરૂં છું, તમે સૂર્યરૂપે તેજથી જગતને પ્રકાશિત કરોછો, અને ક્ષય વૃદ્ધિથી રહિત છો, એવા આપને હું પ્રણામ કરૂંછું. ૩૬ સ્વર્ગ અને મોક્ષના દ્વારરૂપ, નિરંતર પવિત્ર હૃદયમાં વાસ કરનારા, સુવર્ણને ઉત્પન્ન કરનારા, અગ્નિરૂપે, યજ્ઞના સાધનરૂપ અને યજ્ઞ કર્મનો વિસ્તાર કરનારા એવા આપને હું પ્રણામ કરૂંછું. ૩૭ પિતૃ અને દેવતાઓને અન્ન આપનારા, ત્રણ વેદના પતિ, જળ સ્વરૂપે પ્રાણી માત્રને તૃપ્ત કરનારા અને સર્વ રસરૂપ એવા આપને હું નમસ્કાર કરૂં છું. ૩૮ સર્વ પ્રાણી માત્રના દેહરૂપ, વિરાટરૂપ, પૃથ્વીરૂપ, વાયુરૂપે ત્રણ ભુવનને પાળનારા અને મન, ઇંદ્રિય તથા દેહના બળરૂપ એવા આપને હું પ્રણામ કરૂંછું. ૩૯ આકાશરૂપે શબ્દરૂપ ગુણથી અર્થ જણાવનારા, અંદર અને બહારનો વ્યવહાર કરવાના એક સ્થાનરૂપ, પવિત્ર, પુણ્યવાન અને તેજવાળા એવા આપને હું નમસ્કાર કરૂંછું. ૪૦ પ્રવૃત્તિ કર્મથી પિતૃ લોક અને નિવૃત્તિ કર્મથી મોક્ષ દેનારા, ધર્મનાં ફળ આપનારા, અને મૃત્યુરૂપી અધર્મના ફળરૂપ ક્લેશ આપનારા એવા આપને હું નમસ્કાર કરૂંછું. ૪૧ હે ઈશ્વર! આપ સર્વ કર્મોનાં ફળ આપનારા, મંત્રમૂર્તિ, પરમ ધર્મરૂપ, અખંડ જ્ઞાનવાળા પુરાણ પુરૂષ અને સાંખ્ય તથા યોગના આચાર્ય છો. એવા આપ શ્રીકૃષ્ણને હું નમસ્કાર કરૂંછું. સત્વગુણવાળા, ચૈતન્યમૂર્તિ અને પરબ્રહ્મ શ્રી વૈકુંઠનાથને હું પ્રણામ કરૂંછું. ૪૨ કર્તા, કર્મ અને કારણ, એ ત્રણે શક્તિઓ સહિત અહંકારમય રૂદ્રરૂપ આનંદ સ્વરૂપને હું નમસ્કાર કરૂંછું, અર્થ, ચિત્ત, ક્રિયા અને શક્તિરૂપ વાણીને ઉત્પન્ન કરનારા આપ બ્રહ્મારૂપને મારા નમસ્કાર છે. ૪૩ ભક્તજનોને અત્યંત પ્રિય, સર્વની ઇંદ્રિયોને રંજન કરનારા અને વૈષ્ણવજનોએ પૂજેલા આપના સ્વરૂપનાં અમને દર્શન આપો, કારણ કે અમે અમારા ચિત્તમાં આપના દર્શનની ઇચ્છાવાળા છીએ. ૪૪ વર્ષાઋતુના ઘેરા મેઘ જેવા શ્યામ, સર્વ સુંદરતાના સમૂહરૂપ, ચાર વિશાળ ભુજાઓવાળા, અત્યંત મનોહર મુખવાળા, ૪૫ કમળના કોશ જેવી આંખોવાળા, સુંદર ભ્રકુટિ તથા નાસિકાવાળા, સુંદર દાંત તથા કપોળવાળા, સરખાં કાનનાં આભૂષણોથી શોભતા, ૪૬ આંખોની અણીઓ પ્રેમથી જાણે હસતી હોય એવા, શોભીતા માથાના કેશવાળા, કમળના કેશરા જેવાં વસ્ત્રોવાળા, કાનમાં સ્વચ્છ કુંડળવાળા, ૪૭ મુગટ, કડાં, હાર, ઝાંઝર, તથા કટિમેખળા પેહેરવાથી શોભતા, શંખ, ચક્ર, ગદા અને પદ્મ ધારણ કરેલા, કમળની માળા તથા કૌસ્તુભમણિથી શોભતા, ૪૮ સિંહના જેવી ખાંધ ઉપર પડતી કૌસ્તુભમણિના પ્રભાથી શોભતા, કસોટીમાં જેમ સુવર્ણની રેખા શોભે છે તેમ વક્ષઃસ્થળમાં નિરંતર સ્થિરતાથી રહેતાં લક્ષ્મીજીથી શોભતા, ૪૯ પીપળાનાં પાંદડાં જેવું મનોહર પેટ પૂરક તથા રેચક વડે શ્વાસોચ્છ્વાસ ચાલવાથી હાલતી ત્રિવળી ચોવડે શોભતા, જળની ભ્રમરીના જેવી ગંભીર નાભિ, કે જેમાંથી વિશ્વની ઉત્પત્તિ થઇ છે અને ફરી વિશ્વને તેનાં પ્રવેશ કરી દેતા હોય, એમ દેખાતા, ૫૦ શ્યામ વર્ણની કેડ ઉપર ધરેલા પીતાંબરની ઉપર સોનાની કટિમેખળા પેહેરેલા, અને સુશોભિત ચરણ, પીંડિઓ, સાથળ તથા નમેલા ગોઠણથી દ્રષ્ટિને આનંદ આપનારા, ૫૧ શરદ ઋતુના મનોહર કમળ પત્રના જેવી શોભાયમાન કાન્તિવાળા, નખોની કાન્તિથી અંતઃકરણના અજ્ઞાનનો નાશ

કરનારા, ચરણ કમળથી પોતાના પ્રિયભક્ત ધ્રુવ, પ્રહ્‌લાદાદિક ભક્તોના ભય દૂર કરનારા એવા આપ, અમને આપના મનોહર સ્વરૂપનાં દર્શન કરાવો; કારણ કે અમારા જેવા અજ્ઞાની લોકોને માર્ગ દર્શાવનારા આપજ ગુરૂ છો. ૫૨ જેને પોતાના મલિન આત્માને શુદ્ધ કરવાની ઇચ્છા હોય, તેણે આપના આ મનોહર રૂપનું ધ્યાન કરવું જોઇએ અને પોતાના ધર્મને છોડવો ન જોઇએ; કારણ કે સ્વધર્મ પાળનારાને આપ ભક્તિ યોગ તથા અભયદાન આપો છો. ૫૩ સ્વર્ગમાં રાજ્ય કરનાર પણ જેની ઇચ્છા રાખે છે, એવા અને એકાંતિક અર્થાત્ ખરેખરા આત્મવેત્તાઓની ગતિ છે, તથા સર્વ પ્રાણિયોને દુર્લભ છો; તોપણ આપ આપના ભક્તોને સુગમ છો. મહાત્માજનોને પણ ભક્તિ મળવી અતિ દુર્લભ છે, તે એકાન્તિક ભક્તિથી દુરારાધ્ય આપની ઉપાસના કરીને તથા આપના મનોહર ચરણારવિંદોના મૂળને છોડીને બીજાં સ્વર્ગાદિક સુખની ઇચ્છા કોણ કરે? ૫૫ કાળ કે જે પોતાના તેજ અને બળના પ્રભાવથી પોતાની ભ્રૂકુટિના ચડાવવાથી જ વિશ્વનો નાશ કરી શકે છે, તે પણ આપના ચરણ સેવનાર ઉપર આ મારે આધીન છે, એવું અભિમાન કરતો નથી; અર્થાત્ તેની સામે કાળનાથી પણ જોઇ શકાતું નથી. ૫૬ આપના ભક્ત લોકોની અર્ધાક્ષણની સંગતની બરાબર હું તો સ્વર્ગને, મોક્ષને કે મનુષ્યોના આશીર્વાદને ગણતો નથી, તો રાજ્યાદિક સુખને તો કેમજ ગણું? ૫૭ એ માટે પાપ નાશ કરનારા, તિર્થરૂપ, અને યશસ્વી આપનાં ચરણારવિન્દ છે, તેનું સેવન કરવાથી અને ગંગાજીના સ્નાનથી જેનાં બહારનાં તથા અંદરનાં પાપ નાશ થઇ ગયાં છે, તથા સર્વ જીવો ઉપર દયા રાખે છે, એવા નિર્મળ અંતઃકરણ અને શીલ સ્વભાવવાળા મહાત્મા પુરૂષોનો સમાગમ અમને થયા કરે, એ આપના અનુગ્રહને હું ઇચ્છું છું. ૫૮ ઉપર કહેલા વૈષ્ણવોની સેવા કરવાથી જ્યારે ચિત્ત વિષયોના વિક્ષેપથી રહિત, અને તમોગુણમાં પ્રવેશ ન કરવાથી શુદ્ધ થઈ જાય, ત્યારે તે ચિત્તમાં યોગીને આપનું સ્વરૂપ જોવામાં આવે છે. ૫૯ જે બ્રહ્મમાં આ સર્વ જગત્ દેખાય છે, અને વિશ્વમાં જે બ્રહ્મ દેખાય છે, તે તત્ત્વ પરબ્રહ્મ, જ્યોતિઃસ્વરૂપ આકાશવત્ સર્વમાં આપજ વ્યાપક છો, અને આપનોજ વિસ્તાર છે. ૬૦ હે મહારાજ! જેથી ભેદબુદ્ધિ થયા કરે છે, તે બુદ્ધિમાં ભેદ બતાવનારી માયા છે, પણ તે આપના ઉપર પોતાની કાંઇ પણ સત્તા ચલાવી શકતી નથી, એવી અનેક રૂપવાળી માયાથી, આપ પરમેશ્વર સ્વયંનિર્વિકાર છતાં પણ આ જગત્‌ને રચો છો, પાળો છો અને લય કરો છો. જેમાં કાંઇ પણ ભેદબુદ્ધિ નથી, સત્યના સમાન પ્રકાશવાન છે, તે સ્વતંત્ર આપને અમે અખંડ પરબ્રહ્મ જાણીએ છીએ. ૬૧ જો કે આપ ભેદભાવ રહિત છો; તોપણ પંચ મહાભૂત, ઇન્દ્રિયો અને અંતઃકરણથી જાણવામાં આવતા આપના આ સાકાર રૂપનું જે યોગીજન શ્રદ્ધા પૂર્વક અનેક પ્રકારની ક્રિયાઓથી મુક્તિને માટે સારી રીતે પૂજન કરે છે, તેનેજ અમે વેદ અને શાસ્ત્રમાં વિચક્ષણ સમજીએ છીએ (જે તેને છોડી કેવળ જ્ઞાનમાં પ્રવૃત્ત છે તે વિચક્ષણ નથી). ૬૨ આપ આદિ પુરૂષ છો; કારણ કે પ્રલય કાળે આપની માયા શક્તિ પ્રલયમાં લય થઇ જાયછે, અને સૃષ્ટિના પ્રારંભ સમયે તે માયાશક્તિથી જ્યારે આપ સત્વ, રજ અને તમોગુણ રૂપથી વિભાગ કરો છો, ત્યારે તે વિભાગોમાંથી મહત્તત્ત્વ, અહંકાર, આકાશ, વાયુ, અગ્નિ, જળ, પૃથ્વી, દેવતા, ઋષિ, ભૂતગણ અને બીજા પણ અનેક પદાર્થોના ઢગલા રૂપ આ જગત ઉત્પન્ન થયા કરે છે ૬૩ આપ આપની શક્તિના પ્રભાવથી આપના રચેલા વિશ્વમાં પ્રવેશ કરીને આપના આત્માના અંશથી આ વિશ્વ રૂપ પુરમાં ચાર પ્રકારના જીવને રચો છો. સ્વેદજ, અંડજ, જરાયુજ અને ઉદ્‌ભિજ્જ એ જીવોમાં આપ (જીવ રૂપે) પ્રવેશ કરો છો, એ માટે જીવનું નામ પુરૂષ છે, કે જે જીવ પોતાની ઇન્દ્રિયો

થી ક્ષુદ્ર વિષયોનું સુખ ભોગવે છે. ૬૪ તેજ તમે અતિ દુઃસહ અને અતિ પ્રચંડ વેગવાળા કાળ રૂપથી, વાયુ જેમ વાદળાંને ખેંચી જાય છે તેમ પ્રાણિયોને બીજા પ્રાણિયોથી ચળાયમાન કરી ખેંચી લઇ જાઓ છો; પરંતુ એ સર્વને ખેંચનારૂં આપનું કાળ સ્વરૂપ કોઈના લક્ષ્યમાં આવતું નથી. ૬૫ આ કામ કરવું અને આ કામ ન કરવું, એવી અનેક ચિંતાઓથી અસાવધાન, વિષયોના લોભી, અને વિષય પ્રાપ્ત થવાથી પણ અતિ લાલચ કરનારા પ્રાણીને, સદા સાવધાન રહેનારા કાળ રૂપ આપ, ક્ષુધાથી ગલોફાં ચાટતો સાપ જેમ ઊંદરને ઝપટમાં લઇ લે છે તેમ તુરત ઝપટી લયો છો. ૬૬ આપનું ભજન કર્યા વગર જેનું શરીર જીર્ણ થતું જાય છે, એવો માણસ જો સમજુ હોય તો, આપના ચરણારવિંદનો ત્યાગ કેમજ કરે? કે-જે ચરણારવિન્દનું અમારા ગુરૂ બ્રહ્મા અને ચૌદ મનુઓએ મરણના ભયથી દૃઢ વિશ્વાસપૂર્વક ભજન કરેલું છે. ૬૭ હે બ્રહ્મન્! હે પરમાત્મા! આ સઘળું વિશ્વ રૂદ્રના ભયથી ત્રાસ યુક્ત છે, આમ જાણનારા જે અમે તેને આપજ નિર્ભય અને શરણ રૂપ છો. ૬૮

શ્રી રૂદ્ર કહે છે કે—હે રાજકુમારો! શુદ્ધ બુદ્ધિ થઇ, આ રૂદ્ર ગીતનો જપ કરો, અને સ્વધર્મનું અનુષ્ઠાન કરો, તથા ભગવાનૂમાં મન લગાડો, એથી તમારૂં કલ્યાણ થશે. ૬૯ પોતાના સ્વરૂપમાં તથા સર્વ પ્રાણી માત્રમાં વિરાજમાન તે પરમાત્માની વારંવાર સ્તુતિ તથા પૂજા કરો તથા તેનુંજ ધ્યાન ધરો. ૭૦ આ યોગાદેશ નામના સ્તોત્રને મનથી ધારણ કરી, એકાગ્ર ચિત્ત થઇ, આદર પૂર્વક તમે સર્વ તેનો પાઠ કરો, અને અભ્યાસ પૂર્વક તેનો જપ કરો. ૭૧ ભૃગુઆદિ અમે સર્વ બ્રહ્માના પુત્ર સૃષ્ટિ રચવા ઇચ્છતા હતા, ત્યારે પ્રથમ પ્રજાપતિયોના પતિ ભગવાન્ બ્રહ્માએ સૃષ્ટિ વધારવાની કામનાથી અમને આ મંત્ર બતાવ્યો હતો. ૭૨ અને અમને સર્વ પ્રજાપતિયોને કહ્યું કે-"તમે પ્રજા રચો," ત્યારે અમે આ મંત્રના જપથી નિષ્પાપ થઇ, અનેક પ્રકારની પ્રજા રચવા લાગ્યા. ૭૩ માટે વાસુદેવ ભગવાનનું શરણ લઇ, જે પુરૂષ સાવધાન થઇ, એકાગ્ર ચિત્તથી નિત્ય આ મંત્રનો જપ કરેછે, તેનું તરત કલ્યાણ થાય છે. ૭૪ આ જગતમાં સર્વ કલ્યાણોમાં આ જ્ઞાન સર્વથી કલ્યાણકારી છે, જેને જ્ઞાન રૂપ નૌકા મળી જાય છે, તે આ દુઃખરૂપ અપાર સાગરને સુખેથી પાર ઉતરી જાય છે. ૭૫ જે મનુષ્ય શ્રદ્ધા પૂર્વક મારા કહેલા આ ભગવાનૂના સ્તોત્રનો પાઠ કરેછે, તે પ્રસન્ન કરી ન શકાય એવા વિષ્ણુ ભગવાનૂને તરત પ્રસન્ન કરી શકે છે. ૭૬ જે મનુષ્ય મારા કહેલા આ સ્તોત્રનો પાઠ કરેછે, તેના ઉપર સર્વ કલ્યાણોના અધિપતિ ભગવાન્ અત્યંત પ્રસન્ન થઇ જાય છે, અને ભગવત્કૃપાથી તે મનુષ્ય જે જે ઇચ્છા કરે છે, તે તે તેના સર્વ મનોરથ તરત સિદ્ધ થાય છે. ૭૭ જે મનુષ્ય પ્રાતઃકાળે ઉઠી હાથ જોડી, શ્રદ્ધાયુક્ત આ સ્તોત્રને સાંભળે, અથવા સંભળાવે, તે સર્વ કર્મબંધનોથી મુક્ત થઇ જાય છે. ૭૮ હે રાજકુમારો! પરમ પુરૂષ પરમાત્માનું જે આ સ્તોત્ર મેં તમારી પાસે ગાયું, તેનો જપ કરો, અને એકાગ્રચિત્ત થઇ, ભારે તપશ્ચર્યા કરો કે-જેથી અંતે તમારૂં મનોવાંછિત કાર્ય પૂર્ણ થશે. ૭૯

गीतं मयेदं नरदेवनंदनाः।
परस्य पुंसः परमात्मनः स्तवम्॥
जपंत एकाग्रधियस्तपोमह।
च्चर ध्वमंते ततआप्स्यथेप्सितम्॥७९॥

ઇતિ શ્રી ભાગવતપુરાણના ચતુર્થ સ્કંધમાં "રૂદ્ર ગીત વર્ણન" નામનો ૨૪ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૨૫ મો.

નારદજીએ પ્રાચીન બર્હિષ રાજાને પુરંજનના મિષથી આત્માના જન્મ મરણનું વૃત્તાન્ત કહ્યું.

मैत्रेय उवाच-

इति संदिश्य भगवान् बार्हिषदैरभिपूजितः।
पश्यतां राजपुत्राणां तत्रैवांतर्दधेहरः ॥१॥

મૈત્રેય કહે છે—એ પ્રમાણે સદાશિવે ઉપદેશ કર્યો, પછી પ્રચેતાઓએ તેમની પૂજા કરી, એટલે તરત તેમના દેખતાં અંતર્ધાન થઇ ગયા. ૧ સદાશિવના કહેલા ભગવાનના સ્તોત્રને તે પ્રચેતાઓએ જળમાં રહીને દશ હજાર વર્ષ સુધી જપ કરીને તપશ્ચર્યા કરી. ૨ હે વિદુર! પ્રચેતાઓ તપશ્ચર્યા કરતા હતા, એટલામાં કર્મમાં આસક્તિવાળા પ્રાચીનબર્હિષ રાજાને, આત્મજ્ઞાની દયાળુ નારદજીએ જ્ઞાનોપદેશ કર્યો. ૩

નારદજી કહે છે—હે રાજા! તમે યજ્ઞો કરીને કયા સુખની ઇચ્છા રાખો છો? એક કલ્યાણ તો એ કહેવાય છે કે, દુઃખનો નાશ થઇ સુખ મળે, પણ તે આ કર્મથી પ્રાપ્ત થાય તેમ નથી. ૪

પ્રાચીનબર્હિષ્ કહે છે—હે મહાભાગ! હું તો કર્મોમાં આસક્ત બુદ્ધિવાળો છું, તેથી હું મોક્ષની વાત જાણતો નથી. માટે આપ મને નિર્મળ જ્ઞાનનો ઉપદેશ કરો કે-જેથી હું કર્મબંધનથી છૂટી જાઉં. ૫ મિથ્યા ખટપટવાળા ઘર વિષે સ્ત્રી, પુત્ર અને ધનને પુરૂષાર્થ માનનારો તથા સંસારના માર્ગમાંજ ભમતો મૂર્ખ પુરૂષ મોક્ષને પામતો નથી. ૬

નારદજી કહે છે—હે પ્રજાપતિ! હે રાજા!! તમે નિર્દયતાથી યજ્ઞમાં જે હજારો પશુઓનો વધ કર્યો છે તે તરફ તો જૂઓ. ૭ આ સર્વ પશુઓ તમોએ દીધેલાં દુઃખ સંભારતા સ્વર્ગમાં તમારી વાટ જૂવે છે, માટે તમારા મુઆ પછી તે ક્રોધિત થઇ લોઢાથી મઢેલાં શિંગડાંથી તમારૂં શરીર [1]છિન્નભિન્ન કરશે. ૮ આ વિષયમાં હું એક પુરાતન ઇતિહાસરૂપ પુરંજન રાજાનું ચરિત્ર કહું છું તે સાંભળો. ૯ હે રાજા! એક મહા યશસ્વી [2]પુરંજન નામનો રાજા હતો, અને જેના કર્તવ્ય કર્મની કોઇને ખબર નથી, તથા જેનું નામ કોઇના જાણવામાં નથી, એવો એક તેનો[3] મિત્ર હતો. ૧૦ તે પુરંજન રાજા પોતાની રાજધાની કરવાને યોગ્ય નગરની શોધ કરતો થકો તમામ પૃથ્વીમાં ફર્યો; પરંતુ મનગમતું નગર મળ્યું નહિ, ત્યારે તે ઉદાસ થઇ ગયો. ૧૧ વિષય સુખ ભોગવવાની ઇચ્છાવાળા તે રાજાને પૃથ્વીમાં જેટલી નગરીઓ છે, તેમાંથી એક પણ નગરી સર્વ સુખની પ્રાપ્તિને માટે યોગ્ય જણાઇ નહિ* ૧૨ એક દિવસ તે રાજા ફરતો ફરતો હિમાલય પર્વતની દક્ષિણ તરફના શિખરોમાં ચાલ્યો ગયો, ત્યાં તેણે નવ દરવાજાવાળું એક નગર જોયું. તે નગરમાં કોઇ પણ જાતનો દોષ નહોતો, ૧૩ તે નગર કિલ્લા, ઉપવન, અગાસીઓ, ખાઇઓ, ઝરૂખા અને તોરણોથી અત્યંત શોભાયમાન હતું, તથા સુવર્ણ, રૂપું, અને લોઢાનાં શિખરોવાળાં અનેક ઘરોથી ભરપૂર હતું. ૧૪ આ નગરીના મહેલની ભૂમિ નીલમણિ, સ્ફટિકમણિ, વૈડૂર્ય

---

૧ જીવ પોતાનાં કર્માનુસાર યોનિઓમાં જાય છે, જે પ્રાણી જે જીવને મારે છે, તેને યમરાજના દૂત તે જીવનું સ્વરૂપ ધારીને તેને દુઃખ આપે છે, તેથી તે જીવ એમ જાણે છે કે જેને મેં માર્યો હતો, તેજ આ છે, તે માટે તે જીવને જુએ છે.

૨ પુરંજન અર્થાત્ જીવ; કારણ કે તે પોતાના કર્મથી પુર એટલે શરીર અને જન એટલે ઉત્પન્ન કરે છે: સંસારમાં જન્મ અને મરણ જીવનાં વિષયાસક્તિથી થાય છે, પણ જો ઇશ્વર કૃપા હોય તો તે મટે છે, આવો જ્ઞાનોપદેશ રાજાના મનમાં કર્મવાસનાનાં મૂળ દૃઢ હોવાથી તરત થાય તેમ નહોતો, જેથી નારદજી પુરંજન રાજાના દૃષ્ટાન્તરૂપે વાર્તા કલ્પી જ્ઞાનોપદેશ કરે છે. આ પુરંજનનો ઇતિહાસ, જીવ, બુદ્ધિ વગેરે ભિન્ન ભિન્ન નામો ગોઠવીને સમજાય તેવી રીતે કહેલો છે, આ પાત્રોનાં ખરાં નામો તથા તેનો વિશેષ વિચાર ઓગણત્રીશમા અધ્યાયમાં નારદજી સ્પષ્ટ વર્ણવશે. ૩ ઇશ્વર.

* હાથી, ઘોડા, પાડા, ઉંટ, બળદ વિગેરેનાં શરીરને આ લોક તથા પરલોકનાં સુખ ભોગવવાની સગવડ ન હોવાથી તેવો કોઈ અવતાર તેને રૂચ્યો નહિ, તેથી છેવટે મનુષ્ય દેહ માન્ય કર્યો.

મણિ, મોતી, મરકત મણિ અને માણેકોની બનેલી હતી. આ પ્રમાણે આ નગરીની શોભા નાગ લોકોની ભોગવતી નગરીની પેઠે અત્યંત શોભતી હતી. ૧૫ સભાસ્થાનો, ચૌટાં, રાજમાર્ગ, રમણભૂમિ, દુકાનો, વિશ્રામસ્થાનો, ધ્વજા, પતાકા અને પરવાળાંઓની ઓટલીઓથી અત્યંત શોભા થઇ રહી હતી. ૧૬ આ નગરીની બહાર એક સુંદર ઉપવન હતું. તેમાં દિવ્ય ઝાડો અને લતાઓ ઉગેલાં હતાં. જળાશયોમાં પક્ષી અને ભ્રમરાઓના ગુંજારવથી કોળાહળ થઇ રહ્યો હતો. ૧૭ શીતળ ઝરણના જળકણવાળા તથા ફૂલના સમૂહમાંથી આવતા પવનથી તલાવડીઓના કાંઠા ઉપરનાં ઝાડોની શાખાઓ અને પાંદડાં હાલતાં હતાં તેથી તે બહુ શોભા આપતાં હતાં. તે તળાવોમાં જે કમલિની ખીલી રહી હતી, તેના ઉડતા પરાગથી સર્વ ભૂમિ સુગંધમય થઇ રહી હતી. ૧૮ ત્યાં જંગલી અનેક જાનવરો અહિંસક હોઇ પરસ્પર પીડા કરતાં નહોતાં. અને કોયલ ટૌકા કરતી હતી, તેથી વટેમાર્ગુને એમ લાગતું હતું કે જાણે આ ઉપવન પોતાને બોલાવેછે. ૧૯ એ બગીચામાં દૈવેચ્છાથી એક ઉત્તમ સ્ત્રી (બુદ્ધિ) આવી ચડી, તેને પુરંજન રાજાએ દીઠી. તે સ્ત્રી સાથે દશ નોકર તથા તે નોકરોની સાથે સેંકડો સ્ત્રિયો હતી. ૨૦ એક પાંચ મસ્તકવાળો નાગ તે ઉત્તમ સ્ત્રીનું ચારે તરફ રક્ષણ કરતો હતો. તે કામરૂપ ધારણ કરનારી સ્ત્રી સોળ વર્ષની અવસ્થાવાળી હતી. અને તે પતિને શોધતી હતી. ૨૧ એ યૌવનવતી બાળાના દાડમની કળી સરખા દાંત, શુક સરખી નાસિકા, આરસી સમાન સુંદર કપોળ, અને ચંદ્રમાના સમાન અત્યંત સુંદર મુખ હતું, તથા બરાબર રહેલા એ કાનમાં કુંડળ શોભી રહ્યાં હતાં. ૨૨ પીળાં વસ્ત્ર અને શ્યામ વર્ણવાળી અતિ સૂક્ષ્મ કટીમાં સુવર્ણની કટિમેખળા ધારણ કરી હતી, નિતંબ બહુજ સુંદર હતા, શ્યામ વર્ણ હતો તથા વીજળી સરખો ચમકાર અને ઝાંઝરના ઝમકાર કરતી દેવાંગના સમાન ચાલતી હતી. ૨૩ યૌવન અવસ્થાના ઝળકાટથી કંચનના કળશ સમાન સ્તન પ્રકટ થઇ રહ્યાં હતાં, તે બે સ્તન ચકવા-ચકવીના જોડા જેવાં અને ગોળાકાર એકએકને અડકીને રહ્યાં હતાં, તે ગજગામીની લજ્જાને લીધે વારંવાર સ્તનને વસ્ત્રના પાલવવડે ઢાંકતી હતી. ૨૪ લજ્જાયુક્ત મંદહાસ્યને લીધે અત્યન્ત શોભાયમાન જણાતી હતી, તે ચંચલાક્ષીના મનોહર કટાક્ષથી અને ઉપરની તરફ ફરતી ભ્રકુટી રૂપ ધનુષથી છૂટેલાં પ્રેમ ભરેલાં બાણોથી, અને નેત્રોની અણી રૂપ ભાલાઓથી, ઘાયલ થયેલો પુરંજન રાજા મહા ચતુરાઇથી તે મૃગનયનીને પુછવા લાગ્યો, કે-હે પિકવયની! હે કમળની પાંખડી જેવાં નેત્રવાળી! તું કોણ છે? કોની પુત્રી છે? હે સતી! અહિં કયાંથી આવી છે? હે ભીરૂ! આ પુરી કોની છે? આ નગરીના ઉપવનમાં તું શી ઇચ્છાથી ફરે છે? તે મને કહે. ૨૫-૨૬ આ જે અગીયાર મહા યોદ્ધાઓ તારી સાથે છે તે કોણ છે? આ યોદ્ધાઓમાં અગિયારમો *મહા બળવાન જણાય છે તેનું નામ શું છે? અને જે આ સો સ્ત્રીઓ તેની સાથે છે તે કોણ છે? હે સુંદર ભ્રકુટીવાળી! તારી આગળ ચાલનારો આ સાપ છે તે કોણ છે? ૨૭ તું એકાન્તમાં પોતાના પતિ ધર્મને શોધવા નિકળેલી ધર્મની સ્ત્રી લજ્જા છે? અથવા બ્રહ્મજ્ઞાની શિવને શોધવા નિકળેલી ભવાની છે? કે બ્રહ્માની શોધ કરવાને નિકળેલી સરસ્વતી છે? અથવા વિષ્ણુની શોધ માટે નિકળેલી તેમની સ્ત્રી લક્ષ્મી છે? તું મુનિની પેઠે નિયમ યુક્ત દેખાય છે. હું જાણું છું કે-તારો જે પતિ હશે, તેના સકળ મનોરથ તારા ચરણની કામનાથીજ પરિપૂર્ણ થયા હશે. જો તું લક્ષ્મી હોય તો તારા હાથમાં રહેલો કમળનો કોશ કયાં પડી ગયો?

* મોટો યોદ્ધો મન સમજવું, મનનું "બૃહદ્‌બળ" એવું નામ આગળ આવશે, આ સ્થળે મનને બુદ્ધિથી નિરાળું લખવાનું પ્રયોજન એ છે કે-બુદ્ધિની સેવા કરનારી દશ ઇન્દ્રિયોને તે સહાય કરનાર છે, અને તેથી તે બુદ્ધિની સેવા કરે છે એમ કહેલું છે.

૨૮ હે સુંદર ઉરૂવાળી સ્ત્રી ! હું સારી રીતે જાણું છું કે તું ઉપર કહેલી સ્ત્રિયોમાંની તો નથી, કારણ કે એ સર્વ દેવાંગના છે, તેથી તે પૃથ્વીનો સ્પર્શ કરતી નથી, એ માટે લક્ષ્મી જેમ વિષ્ણુ ભગવાનની સાથે રહી વૈકુંઠને શોભા આપે છે, તેમ હું કે- જે મહાવીર અનેક કર્મ કરનારો સકળ સુલક્ષણ છું, તેની સાથે રહી તું આ નગરીને સુશોભિત કર. ૨૯ હે સુંદરી! તારા લજ્જાયુક્ત મંદહાસ્યથી ઉંચી નીચી થતી ભ્રકુટિથી ફેંકેલો કામદેવ તારાં કટાક્ષથી વીંધાયેલા મનવાળો હું તેને દુઃખ આપે છે, એ માટે મારા ઉપર કૃપા કર. ૩૦ હે મંદહાસ્યવાળી! તારૂં આ મનોહર મુખારવિન્દ ચંદ્રને લજ્જાયમાન કરનારૂં કે-જે સુંદર ભ્રકુટિવાળું અને સુંદર કીકીવાળી આંખોથી શોભાયમાન તથા લાંબા નાગ સમાન શ્યામ વર્ણના કેશના સમૂહથી ઘેરાયલું, અને કોયલ સમાન મધુર બોલનારૂં છે, તેને તું લાજને લીધે નીચું કરીને બેઠી છે, તે ઉંચુ કરી મને દેખાડ. ૩૧

નારદજી કહે છે—હે વીર ! આ પ્રમાણે અધીરાની પેઠે પ્રાર્થના કરતા તે પુરંજન રાજાની સામું જોઇને, તે સ્ત્રી પણ મોહિત થઇ ગઇ, તે હસીને સત્કાર પૂર્વક તેનું કહેલું કબુલ કરીને બોલી કે-હે પુરૂષ શ્રેષ્ઠ ! મને તથા તમને જે ઉત્પન્ન કરનાર છે તેને તથા આપણાં નામ પાડનારને અને વંશ સ્થાપનારને આપણે પરિપૂર્ણ રીતે જાણતાં નથી. ૩૨-૩૩ હે વીર ! હું નથી જાણતી કે, કયારથી મારો આત્મા છે, હું તો માત્ર એટલું જ જાણું છું કે-હાલ હું આ ઉપવનમાં આવી છું, એથી વિશેષ બીજી કોઇ વાત મારા જાણવામાં નથી. હું એટલું પણ કહી શકતી નથી કે, આ નગરી કોણે વસાવી, અને કોણ તેનો બનાવનાર છે. ૩૪ હે માન આપનારા ! આ જે અગિયાર પુરૂષ છે તે મારા મિત્ર છે, અને આ જે સ્ત્રિયો છે તે મારી સખીઓ છે, અને જ્યારે હું સૂઇ રહું છું ત્યારે આ નાગ મારી નગરીનું રક્ષણ કરવાને જાગ્યા કરે છે. ૩૫ હે શત્રુદમન ! આપ અહિં આવ્યા તે બહુજ સારૂં કર્યું, મને પરમાનંદ થયો, આપનું કલ્યાણ થશે, જો આપને સાંસારિક વિષય વાસના ભોગવવાની ઇચ્છા છે તો હું મારા બંધુઓ તથા તેઓની સાથે જે આ સ્ત્રિયો છે તે સર્વને સાથે લઇને આપની સેવા કરીશ. ૩૬ હે સમર્થ! આ જે નવદ્વારની નગરી છે, તેને તમે તમારી પોતાની સમજી તેમાં વિરાજો, અને સો વર્ષ સુધી કામ ભોગનું સેવન કરો. ૩૭ આપના કરતાં અધિક રસિક શિરોમણિ બીજો કયો પુરૂષ છે, કે જેની સાથે હું રમણ કરૂં ? કે જે રતિ સુખને જાણતો નથી, પંડિત નથી, તેમ બીજી કોઇ વિદ્યામાં વિચક્ષણ નથી. અનિષિદ્ધ અર્થાત્ શાસ્ત્રમાં ના નથી કહેલ એવી વિષય વાસનાઓને તજી ચિંતવન કરી બેસી ગયેલ છે, પરલોકની ચિંતા કરતો નથી, તેમજ આ લોકની પણ ચિંતા કરતો નથી, અર્થાત્ પશુ તુલ્ય છે. (નૈષ્ટિક બ્રહ્મચારી સ્ત્રી સંબંધી સુખ જાણતા નથી. સંન્યાસી વિષય સુખને ત્યાગી બેઠા છે કામી લોકોને પરલોકની ચિન્તા રહેતી નથી. વૈરાગ્યવાનને આ લોકની ચિન્તા રહેતી નથી. અને જે મૂર્ખ છે તે પશુના તુલ્ય છે.) ૩૮ આ ગૃહસ્થાશ્રમથી ધર્મ, અર્થ, કામ, પુત્ર સંબંધી સુખ, મોક્ષ, યશ અને શોક તથા રજોગુણ રહિત નિર્મળ સ્વર્ગાદિક લોકો કે જેને સંન્યાસીઓ પણ પામતા નથી, તેવા લોકો મળે છે. ૩૯ આ જગતમાં ગૃહસ્થાશ્રમજ પિત્રીશ્વર, દેવતા, ઋષિ, મનુષ્ય, જીવજંતુ અને પોતાના આત્માનો પરમ કલ્યાણકારી આશ્રય છે એમ વિદ્વાનો કહે છે. ૪૦ હે શૂરવીર ! વિખ્યાત, ઉદાર, રૂપવાન અને પ્રિય! આપના જેવા પતિ મળે, તો તેને મારા જેવી કઇ સ્ત્રી ન વરે? ૪૧ હે મોટી ભુજાવાળા! આપ દયાથી વૃદ્ધિ પામેલાં મંદહાસ્ય પૂર્વક જોવાથી અનાથ લોકોની પીડા દૂર કરવા માટે આ સંસારમાં ફરો છો. આપના સર્પ સમાન લાંબા બે હાથ ઉપર કઇ સ્ત્રીનું મન આસક્ત ન થાય ? ૪૨

નારદજી કહે છે—હે રાજા ! એ પ્રમાણે

તે સ્ત્રી-પુરૂષ તે ઠેકાણે પરસ્પર કરાર કરી, એ પુરીમાં પ્રવેશ કરી, સો વર્ષ સુધી આનંદ કરવા લાગ્યાં. ૪૩ તે નગરીમાં પુરંજન રાજાની મનોહર કીર્તિ અવેર્યા લોક જ્યાં ત્યાં ગાતા હતા. અને ઉનાળામાં ઘણી સ્ત્રિયો સાથે તળાવમાં તે રાજા જળ ક્રીડા કરતો હતો. ૪૪ જુદા જુદા દેશમાં જવા માટે એ નગરીને ઉપર સાત તથા નિચે બે દરવાજા હતા. તેનો જે *સત્ય ધણી છે, તે કોઇના જાણવામાં નથી. પાંચ દરવાજા પૂર્વ તરફ, એક દક્ષિણ તરફ એક ઉત્તર તરફ અને બે પશ્ચિમ તરફ છે. હે રાજા! હવે હું તમને તેનાં નામ કહું છું. ૪૫-૪૬ પૂર્વ તરફ ખદ્યોતા[1] અને [2]આવિર્મુખી નામના બે દરવાજા નેત્ર) સાથે બાંધેલા છે, તે દરવાજાઓથી પુરંજન રાજા વિભ્રાજીત નામના દેશમાં (રૂપ) દ્યુમાન્ એટલે (ચક્ષુ ઇન્દ્રિય) મિત્રની સાથે જાય છે. ૪૭ [3]નલિની અને [4]નાલિની નામના બે દરવાજા પૂર્વ તરફ છે, તે પણ સાથેજ બાંધેલા છે. તે દરવાજાઓથી પુરંજન રાજા [5]અવધુત નામના મિત્ર સાથે સૌરભ (ગંધ) નામના દેશમાં જાય છે. ૪૮ તથા તેજ દિશામાં મુખ્યા (મુખ) નામનો પાંચમો દરવાજો છે, તે દરવાજાથી પુરંજન રાજા આપણ (ભાષણ) અને બહૂદન (અન્ન) નામના બે દેશમાં જતો હતો, આપણ દેશમાં જતો તે વખતે [6]વિપણ નામનો મિત્ર તેની સાથે રહેતો હતો. અને બહુદન દેશમાં જતો તે વખત રસજ્ઞ (રસના) નામનો મિત્ર તેની સાથે રહેતો હતો. ૪૯ એ નગરીમાં દક્ષિણ તરફ [7]પિતૃહુ નામનો દરવાજો છે, એ દરવાજાથી પુરંજન રાજા દક્ષિણ પાંચાળ નામના દેશમાં શ્રુતિધર (શ્રોત્ર ઇન્દ્રિય) નામના મિત્ર સાથે જાય છે. ૫૦ એ નગરીમાં [8]દેવહુ નામનો દરવાજો ઉત્તર તરફ છે, એ દરવાજેથી પુરંજન રાજા ઉત્તર પાંચાળ (નિવૃત્તિ શાસ્ત્ર) દેશમાં શ્રુતિધર નામના મિત્રની સાથે જાય છે. ૫૧ એ નગરીમાં આસુરી [9](લિંગ) નામનો દરવાજો પશ્ચિમ દિશામાં છે, એ દરવાજાથી પુરંજન રાજા [10]દુર્મદ નામના મિત્ર સાથે [11]ગ્રામક નામના દેશમાં જાય છે. ૫૨ પશ્ચિમ દિશામાં બીજો [12]નિર્ઋતિ નામનો દરવાજો છે, આ દરવાજાથી પુરંજન રાજા [13]લુબ્ધક નામના મિત્રને સાથે લઇ વૈશસ (મળત્યાગ) નામના દેશમાં જાય છે. આ નવ દરવાજા ઉપરાંત નિર્વાક (પગ) અને પેશસ્કૃત્ (હાથ નામના બે [14]દરવાજા પણ છે; પરંતુ તે સદા બંધ રહે છે,

* દેહાદિકને આત્મા માનવાથી ખરો ધણી કોણ? તે જાણવામાં આવતું નથી. ૧ ખદ્યોતા, એટલે પતંગીઆની પેઠે થોડા પ્રકાશવાળી ડાબી આંખ. ૨ આવિર્મુખી એટલે બહુ પ્રકાશવાળી જમણી આંખ, ડાબા અંગ કરતાં જમણું અંગ વિશેષ બળવાન્ હોય છે, તે આપણા અનુભવથી પણ જણાય છે, અને વેદમાં પણ લખ્યું છે. ૩ ડાબું નાક, ૪ જમણું નાક ૫ ઘ્રાણેંદ્રિય ૬ વાણીરૂપી ઇન્દ્રિય, ૭ પિતૃહૂ એટલે જમણો કાન, કેમકે જમણો કાન બલવાન્ છે, અને શાસ્ત્રોમાં પ્રથમ સાંભળવાનું કર્મકાંડ શાસ્ત્ર છે. તેથી તેનું શ્રવણ જમણા કાનથી થતાં તે શાસ્ત્રોમાં કહેલાં કર્મ કરે, તેથી પિતૃ લોકની પ્રાપ્તિ થાય છે, અને તે લોકમાં જતાં પિતૃઓ બોલાવવા આવે છે, આ બધાં કારણોથી જમણા કાનનું પિતૃહુ એવું નામ આપ્યું છે.

૮ ડાબા કાનની શક્તિ ઓછી હોય છે, અને શાસ્ત્રોમાં છેવટે સાંભળવાનું નિવૃત્તિ શાસ્ત્ર એટલે નિવૃત્તિ માર્ગમાં રૂચિ કરાવનારૂં વેદાન્ત શાસ્ત્ર છે, તેથી તેનું શ્રવણ ડાબા કાનથી એટલે પ્રથમ અરૂચિથી થાય અને તે થતાં તે શાસ્ત્રોમાં કહેલાં જ્ઞાનનાં સાધનો કરવા લાગે, તે જો કાચાં રહી જાય તો મોક્ષ ન થતાં ઉત્તમ દેવલોકની પ્રાપ્તિ થાય છે. અને તે લોકમાં જતાં દેવતાઓ સામા બોલાવવા આવે છે. આ કારણોથી ડાબા કાનનું દેવહૂ નામ રાખ્યું છે. ૯ અસુર એટલે કામી પુરૂષ. ૧૦ અહોન્મત્ત યતી શિશ્ન ઇન્દ્રિય. ૧૧ ગામમાં રહેવાવાળાઓનું મૈથુન સુખ. ૧૨ નિર્ઋતિ મૃત્યુનું નામ છે, અને મૃત્યુનું દ્વાર ગુદા છે. ૧૩ લુબ્ધક એવું પારધીનું નામ છે. ગુદાદ્વારા જેના પ્રાણ જાય છે તેને દુઃખ થાય છે, માટેજ ગુદેન્દ્રિયને લુબ્ધ એવું નામ આપ્યું છે. ૧૪ આ બે દરવાજા છિદ્ર વગરના હોવાથી તેને

તેમાંથી નિર્વાક નામના દરવાજાથી ઇંદ્રિયો-નો રાજા પુરંજન ચાલે છે; અને બીજાં પેશસ્કૃત્‌થી કામ કરે છે. ૫૪ તે રાજા વિષુચીન (મન) નામના કંચુકીને સાથે લઇ જ્યારે પોતાના અંતઃપુર (હૃદય)માં જાય છે, ત્યારે સ્ત્રી (બુદ્ધિ) અને પુત્રો (ઇન્દ્રિયોના પરિણામ)ના સંબંધમાં મોહ પ્રમાદ અને હર્ષ પામે છે. આ પ્રકારે કર્માસક્ત અને કામી તથા ઠગાયલો તે મૂર્ખ પુરંજન રાજા પોતાની સ્ત્રી (બુદ્ધિ)ની ઇચ્છા પ્રમાણે વર્તે છે. ૫૫-૫૬ તે સ્ત્રી જ્યારે મદ્યપાન કરે છે, ત્યારે પોતે પણ મદ્યપાન કરીને વિહ્‌વળ થઈ જાય છે, જ્યારે તે ખાય છે અથવા ભોજન કરે છે, ત્યારે પોતે પણ ખાય છે, અને ભોજન કરે છે. ૫૭ જ્યારે તે સ્ત્રી ગાય છે, ત્યારે પોતે પણ ગાવા માંડે છે, અને જો તે સ્ત્રી રડે છે તો પોતે પણ રડવા લાગે છે, જો તે સ્ત્રી હસે છે, તો પોતે પણ હસે છે, અને જો તે સ્ત્રી બોલે છે તો પોતે પણ બોલે છે. ૫૮ જ્યારે તે સ્ત્રી દોડે છે ત્યારે પોતે પણ દોડવા માંડે છે અને જો તે ઉભી રહે છે તો પોતે પણ ઉભો રહે છે, જ્યારે તે સ્ત્રી સુઇ જાય છે, ત્યારે પોતે પણ સુઇ જાય છે. તે જ્યારે બેસે છે ત્યારે પોતે પણ તેની પાછળ બેસી જાય છે. ૫૯ તે સ્ત્રી સાંભળે છે તો તે પણ સાંભળે છે, જો તે જુએ છે તો પોતે પણ જુએ છે, જો સ્ત્રી સુંઘે છે તો પોતે પણ સુંઘે છે, અને જો તે સ્પર્શ કરે છે, તો પોતે પણ અડકે છે. ૬૦ કદાચ તે સ્ત્રી શોક કરે છે, તો પોતે પણ દીનની પેઠે શોક કરે છે, તે આનંદ પામે છે તો પોતે પણ આનંદ પામે છે, અને જ્યારે તે સ્ત્રી પ્રફુલ્લિત થાય છે, ત્યારે પોતે પણ પ્રફુલ્લિત થાય છે. ૬૧ આ પ્રમાણે સ્ત્રીથી ઠગાયલો અને પોતાના અસંગત્વાદિ સ્વભાવોને ખોઇ બેઠેલો તે અજ્ઞાની પુરંજન સ્ત્રીને વશ્ય થઇ, પોતાની ઇચ્છા ન છતાં પણ વાંદરાની પેઠે સ્ત્રીને વશ્ય વર્તે છે. ૬૨

विप्रलब्धो महिष्यैवं सर्वप्रकृति वंचितः ॥
नेच्छन्ननुकरोत्यज्ञः क्लैब्यात् क्रीडामृगो यथा

ઇતિ શ્રી ભાગવતપુરાણના ચતુર્થ સ્કંધમાં "પુરંજન ચરિત્ર વર્ણન" નામનો ૨૫ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૨૬ મો.

પુરંજનની સાંસારિક સ્થિતિ.

॥ नारद उवाच ॥

स एकदा महेष्वासो रथं पंचाश्वमाशुगम् ॥
द्वीषं द्विचक्रमेकाक्षं त्रिवेणुं पंचबंधुरम् ॥ १ ॥

નારદજી કહે છે—(સ્વપ્ન અવસ્થાનું મૃગયાના રૂપથી વર્ણન કરે છે.) તે પુરંજન રાજા એક દિવસ સુવર્ણનું કવચ (રજોગુણ) પેહેરી, કંચનની સામગ્રીવાળા રથ- સ્વપ્ન અવસ્થા સંબંધી દેહ) માં બેસી, અખૂટ ભાથા સાથે લઇ પંચપ્રસ્થ (પાંચ વિષય) નામના વનમાં ગયો. તે રથનો વેગ ઘણોજ ઉતાવળો હતો. તે રથમાં પાંચ ઘોડા જોડ્યા હતા (પાંચ જ્ઞાનેન્દ્રિય), બે તેમાં ધ્રુષા હતી (અહંતા અને મમતા), બે પૈડાં હતાં (પુણ્ય અને પાપ), એક ધોંસરી હતી (માયા અથવા અજ્ઞાન), ત્રણધ્વજાઓ હતી, (સત્વ રજ અને તમ) પાંચ બાંધવાનાં દોરડાં હતાં (પંચપ્રાણ) એક મુખ્ય દોરી હતી (મન), એક સારથી હતો (બુદ્ધિ), રથીને બેસવાનું એક સ્થાન હતું (હૃદય), બે ઊંટડાઓ હતા (શોક અને મોહ), પાંચ પ્રકારની સામગ્રી તેમાં ભરેલી હતી (પાંચ વિષય), સાતપડદાઓ તેને વિંટાળેલા હતા ([1]સાતધાતુ), એ રથની પાંચ પ્રકારની ગતિ હતી. તે સમય પુરંજન રાજાએ એક મોટું ધનુષ્ ધારણ કર્યું. અને દશ સીપાઇ (દશ ઇન્દ્રિય) અને એક તેનો જમાદાર (મન) એવા અગ્યાર જણને સાથે લીધા. ૧-૩ તે અભિમાની રાજા પુરંજન ધનુષ્ બાણ (રાગ દ્વેષાદિક) હાથમાં લઈ, પોતાની રાણી કે-જે ત્યાગ કરવા યોગ્ય નહતી, તેને તજીને મૃગોને મારવાની ઇચ્છાથી વનમાં જઈ, આખેટ કરવા લાગ્યો. ૪

[1] રસ, રૂધિર, માંસ, મેદ, હાડકાં, મજ્જા અને વીર્ય.

(વિષય ભોગવવા લાગ્યો.) ક્રૂર ચિત્તવાળો અને નિર્દય પુરંજન રાજા આસુરી વૃત્તિ ધારણ કરી, તીક્ષ્ણ બાણોથી જંગલમાં જંગલી [1]જાનવરોને [2]મારવા લાગ્યો. ૫ હે રાજા ! શાસ્ત્રમાં રાજાઓને મૃગયા કરવાનું કહ્યું નથી, પણ સ્વાભાવિક પ્રેમથી જે હિંસા કરવામાં આવે છે, તેમાં કાંઇપણ પ્રતિબંધ નાખી, તેને ઓછી કરવાનો અભિપ્રાય છે. તે આ પ્રકારે છે કે–જો જાનવરને મારવા અત્યંત પ્રીતિ થાય, તો શ્રાદ્ધ આદિમાંજ મારવાં, તેમાં પણ પ્રખ્યાત શ્રાદ્ધાદિકમાંજ મારવાં; તે પણ રાજાઓનેજ ઉચિત છે, બીજાઓને માટે નહિ, તે પણ બધાં જાનવરોને મારવાં નહિ; પરંતુ જેનું માંસ ધર્મશાસ્ત્રમાં પવિત્ર માનેલ છે તેનેજ મારવું, તે પણ જંગલમાં મારવું, અને ત્યાં પણ જેટલાં પશુ ઉપયોગમાં આવે એટલાંનેજ મારવાં, પણ તેથી વધારે મારવાં નહિ. આ પ્રમાણે છ નિયમોથી શાસ્ત્રોમાં કાંઇપણ સંકોચ કર્યો છે. તેમાટે હિંસા કરવાનો શાસ્ત્રમાં વિધિ છે એવું કદિ પણ સમજવું નહિ ૬ હે રાજેન્દ્ર! એ માટે એ નિયમોને * સમજી જે મનુષ્ય નિયમાનુસાર વર્તે, તે મનુષ્યને જ્ઞાન પ્રાપ્ત થાય છે, અને જ્ઞાન હોવાથી તેના કોઇપણ પ્રકારના કર્મનો લોપ થતો નથી. ૭ નિયમોનું ઉલ્લંઘન કરી, કર્મ કરવામાં આવે તો, અંતઃકરણની શુદ્ધિ થતી નથી, અને તેની શુદ્ધિ વગર "હું કર્ત્તા છું" એવા અભિમાનમાં આરૂઢ થઇ, બુદ્ધિનો નાશ થવાથી સંસારના પ્રવાહમાં પડી નીચ યોનિમાં જન્મ ધરે છે. ૮ આ પ્રમાણે સિદ્ધાન્તની વાત કહી પછી કથા પ્રસંગ કહે છે. તે વનમાં વિચિત્ર પાંખવાળાં બાણો વડે કપાતાં અને દુઃખ પામતાં પ્રાણીઓનો દયાળુ પુરૂષોથી સહન ન થઇ શકે એ પ્રમાણે નાશ થવા લાગ્યો. ૯ સસલાં, સૂવર, પાડા, રોઝ, રૂરૂ નામના મૃગ અને બીજાં પણ પવિત્ર પ્રાણીયોને મારતો મારતો પુરંજન રાજા થાકી ગયો. ૧૦ પછી ભૂખ્યો, તરસ્યો અને થાકેલો તે પુરંજન ત્યાંથી પાછો ઘેર આવ્યો. ઘેર આવી સ્નાન કરી ભોજન કરી સૂતો, નિદ્રાવશ થવાથી થાક ઉતરી ગયો, એટલે આંખ ઉઘડી ગઇ, ત્યારે સુગંધી પદાર્થ અત્તર ચંદન, પુષ્પ અને હારાદિકથી પોતાના શરીરને સુગંધિત અને સુશોભિત કરી, સ્ત્રી પાસે જવાનો વિચાર કર્યો. ૧૧–૧૨ તૃપ્ત થયેલો, પ્રસન્ન અને મહા અભિમાની પુરંજન રાજા કામવશ થઇ અંતઃપુરમાં ગયો. ત્યાં શ્રેષ્ઠ બુદ્ધિવાળી, શય્યાયોગ્ય, ગૃહસ્થિણી પોતાની સુમુખી, અને ઉત્તમ ઉરૂવાળી રાણી જોવામાં ન આવી. હે પ્રાચીનબર્હિષ્ રાજા! તે સમય બાહુજ ઉદાસ થઇ, પોતાની રાણીની સખીઓને તે રાજાએ પૂછયું કે–તમે અને તમારી રાણી સાહેબ કુશળ તો છોને? ૧૩–૧૪ જેમ તમે તમારી રાણી સાહેબ સહિત નિત્ય આનંદથી ફરતી હતી, તે પ્રમાણે આજ ફરતી નથી તેનું શું કારણ છે? તેમજ ઘરમાં ઘર સંબંધી સંપત્તિ જેવી પ્રથમ શોભતી હતી તેવી આજ દેખાતી નથી તેનું શું કારણ છે? જે ઘરમાં ઘરની શોભા સ્ત્રી, અથવા સર્વ સુખ આપનારી માતા હોતી નથી, તે ઘર પૈડાં વગરના રથ જેવું છે. તો તેવા ઘરમાં કયો વિદ્વાન્ પુરૂષ વાસ કરે? પૈડા વગરના રથમાં કયો ચતુર બેસે?·૧૫ જે મને વખતોવખત ઉત્તમ સમ્મતિ આપી દુઃખરૂપ સમુદ્રમાં ડૂબતાને બચાવતી હતી, તે મારી પ્રાણપ્યારી કયાં છે? ૧૬

સખીઓ બોલી–હે શત્રુઓનો નાશ કરનારા રાજા! આપની પ્યારી શું કરવા ઇચ્છે છે, તેની તો અમને ખબર નથી; પરંતુ તે આં-

---

૧ વિષયોને, ૨ ભોગવવા લાગ્યો.

* પૂર્વોક્ત છ નિયમ વિષય ભોગમાં પણ કામ આવી શકે છે. જ્યારે મૈથુન કરવામાં અત્યંત પ્રીતિ થાય, ત્યારે સ્ત્રી સાથે મૈથુન કરવું, તે પણ અમુક દિવસોએજ, શ્રાદ્ધ વિગેરેના દિવસોએ નહિ, તે પણ ગૃહસ્થાશ્રમમાંજ પોતાની પરણેત સ્ત્રીની સાથેજ, તે પણ રાત્રિએ, તે પણ પ્રજા ઉત્પન્ન થાય ત્યાં સુધી, જીવે ત્યાં સુધી નહિ. આ પ્રમાણે ખાવા–પિવા વિગેરેમાં પણ કલ્પના કરવી.

ગણામાં કાંઇપણ પાથર્યા વગર પૃથ્વી ઉપર સૂઈ રહી છે, તે આપ જુઓ ૧૭

નારદજી કહે છે—સ્ત્રીના પ્રસંગથી નાશ પામેલા જ્ઞાનવાળો પુરંજનરાજા પોતાની રાણીને, શરીરની શુદ્ધ વગર પૃથ્વી ઉપર પડેલી જોઇ, બહુ ખેદ પામ્યો. ૧૮ અને ઉદાસ થઇ, મધુર વાણીથી સાંત્વના કરવા લાગ્યો; પરંતુ તેના જોવામાં કોઇપણ ચિહ્ન એવું ન આવ્યું કે-પ્યારીએ જાણી બુઝીને આ પ્રમાણે કોપ કર્યો છે. ૧૯ વળી સ્ત્રીને પ્રસન્ન કરવામાં ચતુર એવો વીર પુરંજન રાજા ધીમે ધીમે તેને મનાવવા લાગ્યો, અને તેને ખોળામાં લઈ ચરણને અડી, આ પ્રમાણે પ્રાર્થના કરવા લાગ્યો. ૨૦

પુરંજન કહે છે—હે ચન્દ્રાનને ! હે પ્યારી ! ! દાસ અપરાધ કરે, ત્યારે તેના સ્વામીનો ધર્મ છે કે-તેને પોતાનો માની શિક્ષાને માટે દંડ આપે, અને જો સ્વામી દંડ ન આપે, તો જાણવું કે,-એ દાસ મંદભાગી છે, ૨૧ સ્વામી પોતાના સેવકોને જે શિક્ષા કરે છે, તે દાસે ધણીની બહુજ કૃપા સમજવી જોઇએ. હે કૃશોદરિ ! ધણી દંડ કરે તે વખતે સેવક જો મનમાં તે વાતનું દુઃખ લગાડે અને ક્રોધ કરે, તો તે સેવકને મૂર્ખ સમજવો જોઇએ; કારણ કે તે પોતાના શેઠના હિતેચ્છુપણાને જાણતો નથી. ૨૨ હે સુંદર દાંતવાળી ! હે સુભ્રૂ ! ! હે મનસ્વીનિ ! ! ! તારૂં મુખારવિન્દ સ્નેહના ભારથી ભૂષિત, લાજથી શોભાયમાન, મધુરહાસ્યવાળું, તિરછાં અવલોકનથી અત્યંત શોભાયમાન જણાયછે, તથા જેના શ્યામ વર્ણના નાગણ જેવા કેશ કપોલ ઉપર પડેલા છે, ઉંચી નાસિકા અને મનોહર ભાષણ છે એવા મુખ ઉપરથી ઘુંમટો દૂર કરી તારૂં ચંદ્રવદન તારા પ્રેમીને કેમ દેખાડતી નથી ? ૨૩ હે વીર પત્નિ ! બ્રાહ્મણકુળ અને ભગવાનના ભક્ત શિવાય કોઇ બીજાએ તારો અપરાધ કર્યો હોય તો તેને હું શિક્ષા કરવાને તૈયાર છું; કારણ કે ત્રણલોકમાં અથવા ત્રણલોકથી બહાર પણ મારો ભય ન રાખી આનંદિત રહેનારો કોઇપણ મનુષ્ય મારા જોવામાં આવતો નથી. ૨૪ આજસુધી તારૂં મુખારવિન્દ ચાંલ્લા વગરનું મલિન, હર્ષ રહિત; ક્રોધથી ભયંકર, પ્રેમ શૂન્ય મારા જોવામાં આવ્યું નહોતું, અને આ તારા મનોહર સ્તન પણ શોકથી લચેલા કે નેત્રોના જળથી ભિંજાયલા જોયા નહોતા, તથા પાકાં ઘીલોડાં જેવા લાલ રંગના હોઠને તાંબુલના કંકુવર્ણા રંગ વિનાના ફીકા પણ જોયા નહતા. હું તને વગર પૂછે વ્યસનમાં આતુર થઇ મૃગયા કરવા ચાલ્યો ગયો, તે અપરાધ ક્ષમા કર. કામદેવના વેગથી અધીરા થઈ ગયેલા અને પોતાને વશ્ય થઇ ગયેલા પતિને કઇ કામનાવાળી સ્ત્રી યોગ્ય કામમાં સેવે નહી. ૨૬

तन्मे प्रसीद सुहृदःकृत किल्बिषस्य ।
स्वैरं गतस्य मृगयां व्यसनातुरस्य ॥
कादेवरं वशगतं कुसुमास्त्रवेग ।
विस्रस्त पौंस्त्व मुशती न भजेत कृत्ये ॥२८॥

ઇતિ શ્રી ભાગવતપુરાણના ચતુર્થ સ્કંધમાં "પુરંજનોપાખ્યાન વર્ણન" નામનો ૨૬ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૨૭ મો.

પુરંજનનું પોતાનું સ્વરૂપ વિસરી જવું.

॥ नारद उवाच ॥

इत्थं पुरंजनं सम्यग् वशमानीय विभ्रमैः ॥
पुरंजनी महाराज रेमेरमयती पतिम् ॥१॥

નારદજી કહે છે—હે મહારાજ ! આ પ્રમાણે પોતે વિલાસ કરીને, પુરંજનને સારી રીતે વશ્ય કરીને, તે રાણી તેને રમણ કરાવવા લાગી, અને પોતે રમણ કરવા લાગી. ૧ હે રાજા ! ત્યાર પછી તે રાણી સારી રીતે સ્નાન કરી, મોઢું ધોઇ, આંખ ચાંદલો કરી, સંતુષ્ટ થઇને પુરંજનની પાસે આવી, ત્યારે તેણે તેને બહુજ માન આપ્યું. ૨ રાણીએ રાજાને આલિંગન આપ્યું, અને રાજાએ રાણીના કંઠમાં હાથ નાંખ્યો. એકાન્તમાં તેના

અનુકૂળ ગુહ્ય ભાષણોથી વિવેક રહિત થઇ, કામીનીનું મન પોતાને વશ્ય કરી, જ્ઞાન, ધ્યાનને ત્યજી તે મનમોહિની બાળાનેજ સર્વ સાધનરૂપ સમજવા લાગ્યો. અને એવો આસક્ત થઇ ગયો કે, દિવસ અને રાત્રિરૂપે વહી જતા કાળના પ્રચંડ વેગને ભૂલી ગયો. ૩ સુન્દર રસીલી શય્યા ઉપર પોતાની મનરંજનીના હાથનું ઓસીકું બનાવી, તે મહાંધ મહામનસ્વી અને મહા ઉદાર, શયન કરી, તેને સર્વોત્તમ અત્યન્ત શ્રેષ્ટ માની પુરંજન રાજા અજ્ઞાનથી તે રાણીનેજ પરમ પુરૂષાર્થ રૂપ માની પોતાનું સત્ય સ્વરૂપ (પરબ્રહ્મ) ભૂલી ગયો. ૪ હે પ્રાચીન બર્હિષ્ રાજા !! આ પ્રમાણે નિરંતર કામાતુર થઇ, રાણી સાથે રમણ કરતાં કરતાં પુરંજન રાજાની તરૂણાવસ્થા અર્ધાક્ષણની પેઠે ચાલી ગઇ. ૫ તે પુરંજન રાજાએ, એ પ્રમાણે સંસાર ચલાવી પોતાની રાણીમાં અગ્યારસો પુત્ર અને એકસો દશ પુત્રીઓ ઉત્પન્ન કરી, એટલામાં તો તેનું અર્ધું આયુષ્ય ચાલ્યું ગયું. પુત્રીઓ થઇ તે સર્વે માતા–પિતાની કીર્ત્તિને વધારનારી અને શીલ તથા ઉદારતા આદિ ગુણોથી સંપન્ન હતી. ૭ ત્યાર પછી પોતાનો વંશ વધારવા માટે એ પાંચાલ દેશના રાજા પુરંજને પોતાના પુત્રોને બીજી સ્ત્રિયો સાથે પરણાવ્યા, અને કન્યાઓનો પણ તેઓના યોગ્ય વરની સાથે વિવાહ કર્યો. ૮ પુરંજનના પ્રત્યેક પુત્રને સો સો પુત્ર ઉત્પન્ન થયા. જેથી પુરંજન રાજાનો વંશ પાંચાલ દેશમાં બહુજ વધી ગયો. ૯ તે ઘરના ભંડારમાંથી આજીવિકા લેનારા પુત્રો તથા પૌત્રોમાં મમતા બંધાઇ જવાથી તે પુરંજન રાજા વિષયોમાં બંધાઇ ગયો. ૧૦ હે પ્રાચીનબર્હિષ્ ! એ પુરંજન રાજાએ પણ તારી પેઠે દિક્ષા લઇ, અનેક પ્રકારની કામનાઓથી ભયંકર અને પશુ હત્યાવાળા યજ્ઞોથી દેવતા, પિતૃ અને ભૂતપતિયોનું યજન કર્યું. ૧૧ એ પ્રમાણે પોતાના કલ્યાણકારી કર્મોમાં અસાવધાન અને કુટુંબાસક્ત થયેલા પુરંજન રાજાને તે સમય (વૃદ્ધાવસ્થા) પ્રાપ્ત થયો કે–જે સમય સ્ત્રિયો ઉપર પ્રીતિ રાખનારા પુરૂષોને અપ્રિય લાગે છે. ૧૨ હે મહારાજ ! ચંડવેગ (વર્ષ) નામનો ગાંધર્વ લોકનો રાજા છે, તેની પાસે ત્રણસો સાઠ બળવાન્ ગાંધર્વ (દિવસ) સેવકો હતા. ૧૩ અને ત્રણસો સાઠ ગાંધર્વની સ્ત્રીઓ (રાત્રિયો) હતી, તેમાં અર્ધી કાળી અને અર્ધી ગોરી હતી. તે સદા ગંધર્વો સાથે રહેતી હતી, અને ગંધર્વોના જેવીજ બળવાન્ હતી, તે સર્વ ગંધર્વ અને તેની સ્ત્રિયો પરિભ્રમણ કરીને સર્વ સુખ સંપન્ન નગરીને લૂટ્યા કરતાં હતાં. ૧૪ ચંડવેગ ગંધર્વના અનુચર લોકો જ્યારે પુરંજન રાજાની નગરીને લૂટવા લાગ્યા, ત્યારે તે નગરીનું રક્ષણ કરનારો પાંચ મસ્તકવાળો સાપ (પ્રાણ) તેઓની સામો થઇ અટકાવવા લાગ્યો. ૧૫ પુરંજનની નગરીનો આશ્રયદાતા તે બળવાન્ નાગ સાતસો ને વીશ ગંધર્વો તથા ગંધર્વીઓની સાથે સો વર્ષ સુધી લડયો. ૧૬ ઘણા લોકો સાથે એકલો લડવાથી જ્યારે તે નાગ નિર્બળ થઇ ગયો, ત્યારે ગભરાયેલો પુરંજન રાજા પોતાના દેશ, નગર, અને બંધુજનો સાથે બહુજ ચિંતામાં પડયો. ૧૭ પાંચાલ દેશની આ નગરીમાંજ તુચ્છ સુખનો ભોગ કરતો અને પોતાના અનુચરોના આપેલા બળીને ગ્રહણ કરતો, સ્ત્રીને વશ્ય થયેલો તે પુરંજન રાજા ભયમાં આવી પડયા છતાં પણ વિચાર કરતો નહી; ૧૮ એટલામાં બીજું દુઃખ આવી પડયું. હે રાજા ! એક કાળકન્યા (વૃદ્ધાવસ્થા) પોતાના સમાન પતિને શોધતી ત્રિલોકીમાં ફરતી હતી; પરંતુ તેનો કોઇએ સ્વીકાર કર્યો નહિ. ૧૯ આ રીતે તે પોતાના દુષ્ટ ભાગ્યને લીધે જગતમાં દુર્ભગા એવા નામથી પ્રસિદ્ધ થઇ હતી, તેને પૂર્વે પૂરૂ* રાજા વર્યા હતા, તેથી પ્રસન્ન થઇને તે રાજાને તેણે રાજ્ય આપ્યું હતું. ૨૦ એક સમય ચારે દિશામાં ફરતી તે કન્યા મને, જ્યારે હું બ્રહ્મલોકમાંથી અહિ ભૂર્લોકમાં આવતો હતો, ત્યારે મળી. તે મને જાણતી હતી કે—આ નૈષ્ટિક બ્રહ્મચારી છે; તોપણ કા

* આ કથા નવમા સ્કંધમાં આવશે.

મદેવથી મોહિત થઇ, મને વરવા આવી, અને મને વરવાનું કહ્યું; પરંતુ મેં તેને ના પાડી, ત્યારે તેણે મહા કોપ કરી, મને દુઃસહ શાપ આપ્યો, કે-હે મુનિ ! તમે મારી પ્રાર્થના સ્વીકારતા નથી, તેથી તમે એક સ્થળે રહી શકશો નહિ. ૨૧-૨૨ મને વરવાનો તેનો સંકલ્પ વ્યર્થ જવાથી તે કાળકન્યા મારા કહેવાથી યવનોના રાજા ભયને વરવા માટે ગઇ, અને તેને કહ્યું કે-હે વીર ! તું યવનનો રાજા છે, તેથી મને બહુજ પ્રિય લાગે છે; માટેજ હું તને વરીશ. પ્રાણી તારા ઉપર જે મનોરથ બાંધે છે, તે મનોરથ સિદ્ધજ થાય છે. ૨૩-૨૪ લોક અને શાસ્ત્રની રીતિ પ્રમાણે જે વસ્તુ દેવી જોઇએ, તે વસ્તુ કદાચ કોઇ આર્ત્તને માગે, તે સમય જો તેને ન આપે તથા જે વસ્તુ લોક તથા શાસ્ત્રની રીતિ પ્રમાણે લેવા યોગ્ય છે, તે વસ્તુ કદાચ કોઈ આપવા માંડે, તેને જો ન લે, તો તે બે મનુષ્ય મૂર્ખ, દુરાગ્રહી અને લોકોના શોકને પાત્ર છે. ૨૫ હે ભદ્ર ! માટે તું મારો સ્વીકાર કર; કારણકે હું તને ઇચ્છું છું, તું મારા ઉપર દયા કર; કારણકે દુઃખી જીવો ઉપર દયા રાખવી, એજ પુરૂષનો મુખ્ય ધર્મ છે. ૨૬ આ પ્રમાણે કાળકન્યાનાં વચન સાંભળી યવનનો રાજા ભય કે-જે દેવતાઓના જાણવામાં પણ ન આવે, એવી વાત (ગરણ) કરવા ઇચ્છે છે, તે હસીને કાળકન્યાને કહેવા લાગ્યો કે-હું જ્ઞાનદૃષ્ટિથી તારા માટે પતિ ઠરાવી ચુકયો છું, તું અમંગળ રૂપ અને લોકોને અમાનનીય છે. તેથી કદાચ તું જઇને, કોઇને પણ પ્રાર્થના કરીશ, તો તે તારો સ્વીકાર કરશે નહી. ૨૭ માટે તું ગુપ્ત રૂપે કર્મથી ઉત્પન્ન થયેલા આ લોકને ભોગવ. ૨૮ આ પ્રજ્વર (કાળજ્વર) મારો ભાઇ છે, અને તું મારી બેન થા. ભયંકર સેના (રોગો)ને સાથે લઇને, હું પણ તમારા બેની પાછળ કોઇ જાણે નહી તેમ આ જગતમાં ફરીશ. ૩૦.

प्रज्वारोऽयं मम भ्राता त्वंचमे भगिनी भव ॥
चराम्युभाभ्यां लोकेऽस्मिन्नव्यक्तोभीमसैनिकः

ઇતિ શ્રી ભાગવતપુરાણના ચતુર્થ સ્કંધમાં " પુરંજનોપાખ્યાન વર્ણન " નામનો ૨૭ મો અધ્યાય સંપૂર્ણ.

---

*અધ્યાય ૨૮ મો.

સ્ત્રીની ચિંતાથી પુરંજનનો થયેલો સ્ત્રીનો અવતાર તથા મોક્ષ.

नारद उवाच.

सैनिका भयनाम्नो ये बर्हिष्मन् दिष्टकारिणः ॥
प्रज्वार काल कन्याभ्यां विचेरुरवनीमिमाम् ॥ १ ॥

નારદજી કહે છે—હે પ્રાચીનબર્હિષ્ રાજા! ભય નામના યવન રાજાના સીપાઇઓ તે પ્રજ્વાર અને કાળકન્યાની સાથે આ પૃથિવીમાં ફરવા લાગ્યા. ૧ એક દિવસ તેઓએ પુરંજન રાજાની નગરી કે-જે પૃથ્વીના વૈભવોથી પરિપૂર્ણ અને એક વૃદ્ધ સાપથી રક્ષાતી હતી, તેને મહાવેગથી ઘેરી લીધી. ૨ જેનાથી હારેલો પુરૂષ તુરત નિઃસાર થઇ જાય છે, તે કાળકન્યા બળાત્કારે પુરંજન રાજાની પુરીને ભોગવવા લાગી. ૩ કાળકન્યા જેને ભોગવતી હતી એવી આ આખી નગરીમાં ચારે તરફના દરવાજાઓમાં પ્રવેશ કરીને, યવન રાજાના યવન સીપાઇઓ તેને સારી પેઠે પીડા કરવા લાગ્યા. ૪ આ પ્રમાણે જ્યારે પોતાની નગરી પીડા પામવા લાગી, ત્યારે કુટુંબી તથા મમતાથી વ્યાકુળ થયેલો તે અભિમાની પુરંજન અનેક પ્રકારનાં દુઃખ પામવા લાગ્યો. ૫ કાળકન્યાએ જેનું આલિંગન કરેલું છે, એવો તે કૃપણ અને કાન્તિહીન વિષયી પુરંજન, બુદ્ધિ અને ઐશ્વર્યહીન થઇ ગયો. ૬ તે પુરીનો ગન્ધર્વ અને યવનો નાશ કરવા લાગ્યા. પુત્ર, પૌત્ર, અનુચર, ઇન્દ્રિયો તથા કારભારી એ સર્વ સામા થઇ અપમાન કરવા લાગ્યા. અને રાણીએ પણ સ્નેહ છોડી દીધો. ૭ પોતાના આત્માને જ-

---

* આ અઠયાવિશમા અધ્યાયમાં વૈદર્ભીનું આખ્યાન કહેવાથી પુરંજન રાજાને સ્ત્રીની ચિન્તાથી સ્ત્રીનો જન્મ થયો, એ વર્ણન કર્યા પછી, પ્રારબ્ધ યોગથી તેનો મોક્ષ થયો, એ કથા કહેવામાં આવશે.

રાથી, અસિત અને પાંચાળ દેશને શત્રુઓથી પીડા પામતો જોઇને પુરંજન ઘણી ચિન્તામાં પડયો, કોઇ પણ પ્રકારે તેને તે દુઃખ ટાળવાનો ઉપાય સૂઝયો નહિ. ૮ જો કે, સર્વ વિષય કાળકન્યાના ભોગવવાથી નિઃસાર થઇ ગયા હતા; તો પણ તેની ઇચ્છા કરતો તે પુરંજન દીન થઇ ગયો હતો, પરલોકથી ભ્રષ્ટ થયો હતો, અને સ્ત્રી, પુત્રાદિકે પણ સ્નેહ છોડી દીધો હતો, તેમ છતાં તે તેમને અનેક રીતે લાડ લડાવતો હતો. ૯ આ પ્રમાણે અસાવધાન રહેવાથી કાળકન્યાથી મર્દન કરાયલી તે નગરી ગંધર્વ તથા યવનોથી દબાઈ ગઈ; તોપણ રાજા તે નગરીનો ત્યાગ કરવા ઇચ્છતો નહતો; પરંતુ દુઃખી થઇ પરાણે છોડવા લાગ્યો. ૧૦ એટલામાં તો ભયનો મોટો ભાઇ પ્રજ્વાર આવી પહોચ્યો અને પોતાના ભાઇને રાજી કરવાને તેણે તે સમગ્ર નગરીને બાળી નાંખી, ૧૧ જ્યારે તે પુરી બળવા લાગી, ત્યારે પુરના લોકો તથા પુરંજન રાજા પોતાની સ્ત્રી અને પુત્રાદિકોની સાથે વિલાપ કરવા લાગ્યો. ૧૨ યવનોએ પુરનાં સર્વ સ્થળો ઘેરી લીધાં. કાળકન્યા અત્યંત દુઃખ દેવા લાગી અને પ્રજ્વારે નાગને પીડવા માંડયો, તેથી તે નાગ બહુ સંતાપ કરવા લાગ્યો. ૧૩ અત્યંત દુઃખથી બહુજ ધ્રૂજતા પુરંજને દુઃખથી છૂટવાને માટે બળતા ઝાડના કોતરમાંથી જેમ સર્પ નિકળવાની ઇચ્છા કરે તેમ તે નગરીમાંથી નિકળવાનીઈચ્છા કરી. ૧૪ જ્યારે તેનાં અંગ શિથિલ થઇ ગયાં, અને ગંધર્વોએ પરાક્રમનો નાશ કરી દીધો. તથા શત્રુ યવનોએ ચારે તરફથી ઘેરી લીધો, ત્યારે તે રડવા લાગ્યો. ૧૫ પુત્ર, પૌત્ર, પુત્રીઓ, વહુ, જમાઇ, ચાકર તથા પોતાનું ઘર, ભંડાર અને સામાન વિગેરે હતાં, તેને અહંતા મમતાથી પોતાનાં માની, ઘરમાં કુમતિથી બંધાયલો તે બિચારો ગૃહસ્થી પુરંજન, જ્યારે સ્ત્રીનો વિયોગ થવાનો સમય આવ્યો, ત્યારે વિચાર કરવા લાગ્યો કે–હું જ્યારે આ લોકને છોડી બીજા લોકમાં ચાલ્યો જઇશ, ત્યારે આ અનાથ અને કુટુંબવાળી બિચારી સ્ત્રી પોતાનાં બાળબચ્ચાંનો શોક કરતી શી રીતે નિર્વાહ કરશે? ૧૬–૧૮ તે એવી પતિવ્રતા છે કે–મને જમાડયા વગર જમતી નથી, સ્નાન કરાવ્યા વગર સ્નાન કરતી નથી, અને જ્યારે હું કોપ કરૂં છું ત્યારે બહુજ ડરે છે, હું તેનો તિરસ્કાર કરૂં છું ત્યારે ભયથી કાંઇ પણ સામું ન બોલતાં મુંગી બેશી રહે છે. ૧૯ હું જ્યારે અકળાઉં છું. ત્યારે મને ઉપદેશ કરે છે, હું પરદેશ જાઉં છું ત્યારે શોકથી દુબળી થઇ જાય છે, તે દીકરાઓની માતા છે, તેથી મારી પાછળ ગૃહસ્થાશ્રમ ચલાવશે કે મારા વિયોગથી મરી જશે? ૨૦ આ અનાથ પુત્ર અને પારકા ધનં તરીકે ગણાતી પુત્રીઓ મારા મરણ પછી શી રીતે નિર્વાહ કરી શકશે? તેની એવી દશા થશે કે, જેવી દશા સમુદ્ર વચ્ચે વાહાણ ભાંગી જવાથી તેમાં બેસનારાની થાય છે, તેવી તેઓની થશે. ૨૧ એ પ્રમાણે તે શોક કરવાને યોગ્ય નહતો; તોપણ દીન બુદ્ધિથી શોક કરવા લાગ્યો, એટલામાં તો તેને પકડવા માટે ભય નામનો યવનોનો રાજા આવી પોહોચ્યો. ૨૨ તે પુરંજનને પશુની પેઠે બાંધો. યવન લોક જ્યારે પોતાના સ્થળ તરફ લઇ ચાલ્યા. ત્યારે અતિ આતુર અને શોકાકુળ થયેલા તેના કુટુંબીઓ તેની પાછળ પાછળ દોડયાં. ૨૩ યવનોએ જ્યારે નાગને સર્વ પ્રકારે પણ મુંઝાવ્યો, ત્યારે તે નાગ પણ અકળાઇને નગરીને છોડી ચાલ્યો ગયો, તેથી તરતજ તે નગરી વિંખાઇને પંચ મહાભૂત રૂપ થઇ ગઈ. ૨૪ બળવાન્‌યવનો પુરંજનને બળાત્કારે ખેંચી લઇ જવા લાગ્યા; તોપણ એ અજ્ઞાનથી ઘેરાયલાને પોતાનો પ્રથમનો મિત્ર યાદ આવ્યો નહિ. ૨૫ પુરજને યજ્ઞાદિ સકામ કર્મોમાં નિર્દયતાથી જે જે પશુઓનો વધ કર્યો હતો, તે સર્વ પશુ તેના અપરાધ સંભારી ક્રોધિત થઇ, કુવાડાઓથી તેને કાપવા લાગ્યાં. ૨૬ સ્ત્રીના સંગથી દૂષિત થયેલો અને અપાર અંધકારમાં ડૂબેલો હોવાથી તેની યાદશક્તિ જતી રહી હતી. તે અજ્ઞાનીએ ઘણાં વર્ષ સુધી નરકની પીડા ભોગવી. ૨૭

તે રાજા મનમાં [1]સ્ત્રીની લગની રહેવાથી વિદર્ભ નામના રાજાને ત્યાં કન્યારૂપે અવતર્યો.૨૮ તે વિદર્ભ રાજાએ પોતાની કન્યાનો સ્વયંવર કર્યો, તેમાં એવો ઠરાવ હતો કે-જે રાજા અધિક પરાક્રમી હશે તેને આ કન્યા મળશે. ત્યાં શત્રુઓને જીતનારો અને દક્ષિણ દેશમાં ઉત્તમ ગણાતો પાંડય રાજા યુદ્ધમાં બીજા શત્રુઓનો પરાજય કરીને એ કન્યાને પરણ્યો. ૨૯ તે પાંડય રાજાને તે સ્ત્રીથી શ્યામ નેત્રવાળી એક કન્યા અને સાત પુત્ર ઉત્પન્ન થયા. તેઓ દ્રવિડદેશના રાજા કહેવાય છે. ૩૦ હે રાજા! સાતેમાંના પ્રત્યેકને અબજ અબજ પુત્ર થયા. કે-જેના વંશજ આ પૃથ્વીનું મન્વંતરથી પણ કાંઈ વિશેષ કાળ સુધી પાલન કરશે. ૩૧ પાંડય રાજાની કન્યા (ભગવત્સેવામાં રૂચિ) કે-જે ઉત્તમ નિયમ (શમદમાદિક) ધારણ કરતી હતી, તેની સાથે અગસ્ત્ય (મન) મુનિ પરણ્યા. અગસ્ત્ય મુનિને દૃઢચ્યુત નામનો (વૈરાગ્ય) પુત્ર થયો. અને દૃઢચ્યુતને ઇધ્મવાહ નામનો પુત્ર થયો. ૩૨ પાંડય રાજાએ પોતાના પુત્રોને પૃથ્વીના વિભાગ કરીને વહેંચી આપ્યા. પછી તે રાજા ભગવાનનું આરાધન કરવા માટે એક મોટા પર્વત ઉપર જવા લાગ્યો. ૩૩ ત્યારે તેની મદ ભરેલાં અરૂણ નેત્રવાળી રાણી વૈદર્ભિ જેમ ચાંદની ચંદ્રમા પાછળ જાય છે, તેમ ઘર, પુત્ર અને વૈભવનો ત્યાગ કરી પોતાના પતિની પાછળ ચાલવા લાગી. ૩૪ ત્યાં ચંદ્રમસા, તામ્રપર્ણી અને વટોદકા નામની મોટી મોટી નદીઓ છે, તેનાં પવિત્ર જળથી પોતાના અંતઃકરણના અને શરીરના *મળોનો નાશ કરતો તે રાજા કંદ, બીજ, મૂળ, ફળ, પાંદડાં, ઘાસ અને જળથી નિર્વાહ કરતો ધીરે ધીરે શરીર શોષાઇ જાય એવું તપ કરવા લાગ્યો. ૩૫-૩૬ તે સમદૃષ્ટિવાળો રાજા, ટાઢ, તાપ, વા, વર્ષાદ, ભૂખ, તરસ, પ્રિય, અપ્રિય અને સુખ દુઃખ ઇત્યાદિ સર્વ વેઠવા લાગ્યો; ૩૭ યમ, નિયમ, તપ અને ઉપાસનાથી જેની વાસનાઓ ટળી ગઈ છે, એવા તે રાજાએ ઇન્દ્રિયો, પવન તથા મનને વશ્ય કરીને, પોતાનું ચિત્ત પરબ્રહ્મમાં લગાડયું. ૩૮ અને દેવતાઓનાં સો વર્ષ સુધી તે એક સ્થળે સ્થિર ઉભો રહ્યો, અને પરમેશ્વરમાં પ્રીતિ રાખવાથી તેને દેહાદિક અનાત્મ વસ્તુનું ભાન રહ્યું નહિ. ૩૯ આત્મા દેહાદિકનો પ્રકાશક હોવાથી દેહાદિકથી જુદો છે, અને અંતઃકરણની વૃત્તિ કે-જે જડ છે, તેનો પણ પ્રકાશક હોવાથી તેનાથી પણ જુદો છે, કોઇ સમય એવું સ્વપ્ન આવે છે કે—મારૂં માથું કપાઈ ગયું તો તે સમય તે વાતને જાણનારો આત્મા જેમ સ્પષ્ટ રીતિથી જૂદો પ્રતીત થાય છે, તેમ જાગ્રત અવસ્થામાં પણ સર્વ પ્રકારની અંતઃકરણની વૃત્તિયોથી તે તે વૃત્તિયોનો પ્રકાશક આત્મા જુદો છે. એ પ્રમાણે પોતાના મનમાં યથાર્થ જાણનારો પાંડય રાજા બીજા સર્વ પદાર્થોથી વિરામને પામ્યો. ૪૦ જેનું નિરૂપણ, સાક્ષાત ભગવાન રૂપ ગુરૂએ વેદમાં કરેલું છે, એવા શુદ્ધ, જ્ઞાનરૂપ દીપકનો ચારે તરફ અખંડ પ્રકાશ થવાથી "જે બ્રહ્મ છે તેજ હું છું" અને જે "હું છું તેજ બ્રહ્મ છે" એવું યથાર્થ જાણવામાં આવ્યું. અને આખરે તે યથાર્થ જ્ઞાન પણ એક જાતની અંતઃકરણની વૃત્તિ છે, તેથી તેનો વિરામ થઇ જવાથી તે કેવળ અદ્વૈત રૂપથી રહ્યો; અર્થાત જીવન્મુક્ત થયો. ૪૧-૪૨ વિદર્ભ રાજાની કન્યા કે-જે પતિવ્રતા હોવાથી સર્વ સુખનો ત્યાગ કરી, બ્રહ્મવેત્તા પતિ મલયધ્વજની સેવામાં પ્રીતિપૂર્વક લાગેલી હતી. ૪૩ તે નિયમો પાળવાથી દુબળી થઇ ગઈ હતી, તથા માથાના કેશની લટો બંધાઇ ગઇ હતી, ફાટેલું વસ્ત્ર પહેર્યું હતું, અને જેમ દૂમાડા વગરના અગ્નિની જવાળા, અગ્નિ શાન્ત થઇ જવાથી

---

[1] ગીતામાં શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું છે કે—હે અર્જુન! અંતે જે જે ભાવનું સ્મરણ કરી શરીર ત્યાગે છે, તે તે ભાવને નિત્ય તદ્ભાવ ભાવિત થઇ જન્મે છે.

* વસા, વીર્ય, રક્ત, મજ્જા, મૂત્ર, વિષ્ઠા, કાનનો મેલ, નખ, કફ, હાડકાં, આંખોનો મળ અને પરસેવો એ મનુષ્યોના બાર મળ છે. આ લેખ પણ અત્રેયસંહિતામાં છે.

પોતાની મેળે શાન્ત થઇ જાય છે, તેમ પતિની સમીપમાં તે પણ પતિની પેઠે શાન્ત રૂપ થઇ ગઇ. ૪૪ તે પોતાના પતિને મરી ગયા જાણતી નહતી તેથી તે સારી રીતે સ્થિર આસન કરી, પ્રથમની પેઠે પતિની સેવા કરવા લાગી. ૪૫ પરંતુ સેવા કરતે કરતે જ્યારે પતિનાં ચરણો ઠંડાં લાગ્યાં. ત્યારે ટોળામાંથી વિખૂટી પડેલી મૃગલીની પેઠે તે મનમાં અત્યંત ઉદાસ થઇ ગઇ. ૪૬ તે અનાથ અબળા પોતાના આત્માનો શોક કરતી આંસુવડે સ્તનોને પલાળતી અત્યન્ત વ્યાકુળ થઇ, તે મહાગંભીર વનમાં ઉંચા સ્વરે વિલાપ કરવા લાગી. ૪૭ હે રાજર્ષિ ! હે પ્રિયતમ !! હે ભયહરણ !!! ઉઠો, ઉઠો. આ દીન પૃથ્વી ચોર અને અધમ ક્ષત્રિયોના ભયથી વ્યાકુળ થઇ રહી છે, માટે આ દીન દુઃખીયારી પૃથ્વીનું સમુદ્ર સુધી રક્ષણ કરો. ૪૮ આ પ્રમાણે વિલાપ કરતી, તે વૈદર્ભી પતિનું અનુસરણ કરી, તેના ચરણોમાં પડી આંસુ પાડવા લાગી. ૪૯ ત્યાર પછી તે વૈદર્ભીએ રૂદન કરતે કરતે લાકડાંની એક ચિતા ગોઠવી તે ઉપર પતિના શરીરને રાખ્યું, અને પછી ચિતા સળગાવી, પોતે પણ તેની સાથે મરવાનો વિચાર કર્યો. ૫૦ હે રાજા ! તે સમય તેનો કોઇ પૂર્વનો મિત્ર કે જે મહાજ્ઞાની હતો, તેણે બ્રાહ્મણના વેષથી ત્યાં આવી, પ્રિય વચનોથી સાંત્વના આપીને કહ્યું. ૫૧

બ્રાહ્મણ કહે છે—તું કોણછે? કોની પુત્રી છે ? અને આ ચિતામાં સૂતો છે તે કે-જેને માટે તું શોક કરે છે, તે કોણ છે? તું *મને ઓળખે છે ? હું તારો મિત્ર છું. પૂર્વે આપણે બન્ને સાથે રહેતા હતા, પરંતુ તું ભોગમાં આસક્ત થઇ મને તજીને વિષયસુખ શોધવા માટે ગયો હતો. તને એમતો સાંભરતું હશે કે પૂર્વે મારો એક મિત્ર હતો. ૫૨-૫૩ હે આર્ય ! તું અને હું બે માનસસરોવર (હૃદય) માં રહેનારા હંસ છીએ. તે આપણે બન્ને મિત્ર હજારો વર્ષ સુધી (મહા પ્રલય થયો ત્યાં સુધી) ઘર વગરજ રહ્યા હતા. ૫૪ હે મિત્ર ! મારો +ત્યાગ કરી, વિષય સુખની લાલસાથી તું પૃથ્વીમાં ગયો, ત્યાં એક સ્ત્રી (માયા)ની બનાવેલી નગરી જોવામાં આવી. ૫૫ એ નગરીમાં પાંચ બાગ હતા, નવ દરવાજા હતા, એક રક્ષણ કરનાર હતો, ત્રણ કિલ્લા હતા, છ વ્યાપારી હતા, પાંચ દુકાનો હતી, તેનાં મૂળ કારણ પાંચ હતાં, અને તેની માલિક સ્ત્રી હતી. ૫૬ હે રાજા ! શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચ બાગ જાણવા. શરીરમાં જે નવ છિદ્ર છે, તે નવ દરવાજા જાણવા, પ્રાણને નગરનું રક્ષણ કરનાર જાણવો, પૃથ્વી, જળ તેજ એ ત્રણ કિલ્લા અને શ્રોત્ર, ત્વચા, ચક્ષુ, રસના અને ઘ્રાણ એ પાંચ જ્ઞાનેન્દ્રિય અને છઠ્ઠું મન એ છ વ્યાપારી જાણવા, ૫૭ હાથ, પગ, વાણી, લિંગ અને ગુદા એ પાંચ કર્મેન્દ્રિયોને દુકાનો સમજવી. પૃથ્વી જળ, તેજ, વાયુ અને આકાશ એ પાંચ મહાભૂતોને મૂળ કારણ સમજવાં અને બુદ્ધિને તેની માલિક સમજવી કે-જેને વશ્ય થવાથી તેનો પતિ આત્મા પોતાના સ્વરૂપને વિસરી જાય છે. ૫૮ આ નગરીમાં જઇને તું તેની માલિક જે સ્ત્રી તેથી પરાજય પામી તેનો દાસ બની, તે સાથે રમણ કરવા લાગ્યો, તેથી તને તારા પોતાના સ્વરૂપની વિસ્મૃતિ થઇ ગઇ. હે મિત્ર ! કેવળ સ્ત્રીના સંગથી તારી આવી દુર્દશા થઇ છે. ૫૯ તું કાંઇ વિદર્ભ રાજાની પુત્રી નથી, તેમ આ પાંડ્યરાજા તારો પતિ નથી, અને જે પુરંજની (બુદ્ધિ) એ તને નવ દ્વારવાળી નગરીમાં રોકી રાખ્યો હતો, તેનો તું પતિ નથી. ૬૦ પૂર્વ જન્મમાં તું પોતાને પુરૂષ માનતો હતો, અને આ જન્મમાં તું પોતાના આત્માને સ્ત્રી માને છે, પણ તે બન્ને મિથ્યા છે. કારણકે આ તો કેવળ મારી બનાવેલી માયા છે, આપણે બે તો હંસ છીએ, આપણું જે સત્ય સ્વરૂપ છે, તે હું હવે કહું છું તેના તરફ તું લક્ષ્ય રાખ. ૬૧ "જે હું છું તેજ તું છે;" તું કોઇ બીજો નથી. અને "તું છે તેજ હું છું"

* અનાદિ ઇશ્વરને.

+ પોતાના વિયોગથી થયેલા અનર્થો કહી દેખાડેછે.

એ વાતનો તું વિચાર કરી જો. વિદ્વાન્ લોક તારા અને મારા વચ્ચે કદી લગાર પણ ભેદભાવ જોતા નથી. ૬૨ એકજ શરીરનું પ્રતિબિંબ દર્પણમાં જોવામાં આવે તો નિર્મળ અને સ્થિર જોવામાં આવે છે, તેજ પ્રતિબિંબ જેમ કોઈ બીજાની આંખની કીકીમાં નાનું, મલીન અને ચંચળ દેખાય છે, એ પ્રમાણે આપણા બેમાં વિદ્યા અને અવિદ્યા ઉપાધિના કરેલા ભેદ સર્વજ્ઞત્વ અને અજ્ઞત્વ આદિ જણાય છે. ૬૩

નારદજીકહે છે—આ પ્રમાણે તે [1]હંસે આ માનસરોવરમાં રહેનારા [2]હંસને સમજાવ્યો, ત્યારે તેણે પોતાના સ્વરૂપમાં સ્થિત થઇ, વિચાર કર્યો, અને વિચાર કરતાંજ તેને તે સ્મૃતિ કે-જે પૂર્વે હંસના વિયોગથી નાશ પામી હતી તે પાછી પ્રાપ્ત થઇ. ૬૪ હે પ્રાચીનબર્હિષ્ રાજા ! હું તારી પાસે સાક્ષાત્ આત્મજ્ઞાનની વાત કરત તો, તે તારા સમજવામાં આવત નહિ, એ માટેજ પુરંજન રાજાના ઈતિહાસના નિમિત્તે આ વાર્ત્તા પરોક્ષ રીતે કહી સંભળાવી. કારણકે જગતના પાળક ભગવાનને પણ આ પ્રકારે કહેલી દષ્ટાંતથી પરોક્ષ રીતિથી વેદાન્તની કથા પ્રિય લાગેછે. ૬૫

बर्हिष्मन्ने तदध्यात्मं पारोक्ष्येण प्रदर्शितम् ।
यत्परोक्ष प्रियोदेवोभगवान्विश्वभावनः ६६

ઇતિ શ્રી મહાપુરાણ ભાગવતના ચતુર્થ સ્કંધમાં "પુરંજનોપાખ્યાન વર્ણન" નામનો ૨૮ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૨૯ મો.

સ્ત્રી સંગથી જન્મ મરણ અને ભગવાનના સંગથી મોક્ષ.

प्राचीनबर्हिष् उवाच.

भगवंस्ते वचोऽस्माभिर्न सम्यगवगम्यते ॥
कवयस्त द्विजानंति नवयं कर्म मोहिताः ॥१॥

પ્રાચીનબર્હિષ્ રાજા પૂછે છે—હે મુનિ ! આપનાં વચન મારા સમજવામાં આવતાં નથી; કેમકે આવી ગૂઢ વાર્ત્તા તો જ્ઞાની લોકોજ સમજી શકે, હું તો કેવળ કર્મમાં મોહિત થયેલો હોવાથી આ વાત સમજી શકતો નથી. ૧

નારદજી કહે છે—મેં જે પુરંજન રાજા કહ્યો હતો, તે જીવ જાણવો; કારણકે જીવ પોતાનાં કર્મોદ્વારા પુર એટલે શરીરોને પ્રકટ કરે છે. એ શરીરોમાં કેટલાંક એક એક પગવાળાં, કેટલાંક બે પગવાળાં, કેટલાંક ચાર પગવાળાં, કેટલાંક ઘણાજ પગવાળાં અને કેટલાંક પગ વિનાનાં પણ છે. ૨ અવિજ્ઞાન નામે પુરંજનનો જે મિત્ર કહ્યો, તે ઇશ્વર જાણવો; કારણકે નામ, ક્રિયા તથા ગુણથી તે કોઈના જાણવામાં આવતો નથી. ૩ જીવને જ્યારે સર્વ વિષય ભોગવવાની ઇચ્છા થઈ, ત્યારે તે શરીરોમાંથી નવ છિદ્ર, બે હાથ અને બે પગવાળા મનુષ્ય શરીરને તેણે ઉત્તમ માન્યું. ૪ અને મેં પુરંજનની જે સ્ત્રી કહી, તે બુદ્ધિ છે, કે—જે માટે "હું અને મારૂં" કરવામાં આવે છે; અને આ શરીરમાં જીવ જેના અધ્યાસથી ઇન્દ્રિયો દ્વારા વિષયોને ભોગવે છે, તે બુદ્ધિના જે દશ નોકરો કહ્યા તે દશ ઇન્દ્રિયો છે, એમાંની કેટલીકથી વિષયોનું જ્ઞાન થાય છે, અને કેટલીકથી કેવળ કર્મ થાય છે. જે બુદ્ધિની સખીઓ કહી, તે ઇન્દ્રિયોની વૃત્તિયો છે, અને પાંચ માથાંવાળો સાપ કહ્યો તે પાંચવૃત્તિવાળો ([1]પ્રાણ, [2]અપાન, [3]ઉદાન, [4]સમાન, અને [5]વ્યાન) પ્રાણ છે. ૫-૬ જે મહા બળવાન્ સેનાપતિ કહ્યો તે મન છે; કારણકે તે મન, જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિયનો નાયક છે. પાંચાળ દેશ કહ્યો તે પાંચ વિષય છે,૫ જેમાં નવ દ્વારની નગરી(શરીર) રહેલીછે. ૭ બે નેત્ર, બે નસકોરાં, બે કાન, મુખ, શિશ્ન અને ગુદા એ નવ દ્વાર છે, એ દરવાજાથી તે તે ઇન્દ્રિયોને સાથે લઇને જીવ બહાર જાય છે, એટલે વિષયો ભોગવે છે. ૮ બે નેત્ર, બે નાક, અને મુખ એ પાંચ પૂર્વના દરવાજા છે, જમણો કાન દક્ષિણનો દરવાજો અને ડાબો

૧ ઇશ્વરે. ૨ જીવને.

કાન ઉત્તરનો દરવાજો છે. ૯ગુદા અને શિશ્ન એ પશ્ચિમ તરફના દરવાજા છે. ખદ્યોતા આવિર્મુખી એ બે દરવાજા છે, તે બે સરખાં નેત્ર છે; દ્યુમાન્ એટલે ચક્ષુ ઇન્દ્રિયની સહાયતાવડે એ બે તેજરૂપી દ્વારોથી વિભ્રાજીત નામના દેશમાં જાય છે, અર્થાત્ રૂપને જુએ છે. ૧૦ નલિની અને નાલિની નામના બે દરવાજા કહ્યા તે નસકોરાં છે, અને સૌરભ દેશ કહ્યો તે ગંધ છે, અવધૂત મિત્ર કહ્યો તે ઘ્રાણેન્દ્રિય છે. મુખ્ય દરવાજો કહ્યો તે મુખ છે. વિપણ એટલે વાણી અને રસજ્ઞ એટલે રસના ઇન્દ્રિય, એ બે મિત્ર છે. ૧૧ આપણ દેશ કહ્યો તે ભાષણ, અને બહુદન દેશ તે અનેક પ્રકારનાં અન્ન છે. પિતૃહૂ નામનું દ્વાર જમણો કાન અને દેવહૂને ડાબો કાન જાણવો. ૧૨ દક્ષિણ પાંચાળ દેશ તે પ્રવૃત્તિ શાસ્ત્ર, અને ઉત્તર પાંચાળ દેશ તે નિવૃત્તિ શાસ્ત્ર સમજવાં. જે શ્રુતિધર કહેલ છે, તે શ્રોત્ર ઇન્દ્રિય છે. તે વડે શાસ્ત્રને સાંભળવાથી પિતૃલોક અને દેવલોકની પ્રાપ્તિ થાય છે. ૧૩ આસુરી નામનો પશ્ચિમ દરવાજો કહ્યો તે શિશ્ન છે. દુર્મદ મિત્ર કહ્યો તે ઉપસ્થ ઇન્દ્રિય છે. ગ્રામક મિત્ર કહ્યો તે પાયુ જાણવો. વૈશસ દેશ કહ્યો તે પામર લોકોને કરવા યોગ્ય મૈથુન છે. નિર્ઋતિ નામનો દરવાજો તે ગુદા જાણવો. ૧૪ લુબ્ધક કહેલ છે તે નરક છે. બે અંધ દરવાજા કહ્યા તે હાથ અને પગ છે, કે—જેથી જીવ કામ કરે છે, અને ચાલે છે. ૧૫ અંતઃપુર જે કહ્યું તે હૃદય છે અને તેમાં જે કંચુકી કહ્યો તે મન છે, કે—જે મનના સત્વ, રજ અને તમોગુણથી હૃદયમાં પ્રમાદ, હર્ષ, અને મોહ થાય છે. ૧૬ જીવાત્મા પોતે સાક્ષી છે; તો પણ બુદ્ધિના ગુણોથી આવૃત હોવાને લીધે દર્શન તથા સ્પર્શન આદિ જે જે કાર્ય બુદ્ધિ કરે છે, તે સર્વ કર્મોને પોતે કરેલાં માને છે, અને સ્વપ્નમાં તે પ્રમાણે વિકારને પામે છે, તથા જાગ્રતાવસ્થામાં તે પ્રમાણે ઇન્દ્રિયોના પરિણામોને બદલાવ્યા કરે છે. ૧૭ રથ કહ્યો તે સ્વપ્ન અવસ્થાનું શરીર છે, ઘોડા તે ઇન્દ્રિયો છે, રથની શીઘ્ર ગતિ જે કહી. તે વર્ષ છે, કેમકે-વર્ષના વેગની પેઠે રથનો વેગ કયાંય પણ અટકતો નથી. બે પૈડાં કહ્યાં તે પુણ્ય અને પાપ છે, ત્રણ ધ્વજ કહ્યા તે ત્રણ ગુણ છે, પાંચ બંધન કહ્યાં તે પાંચ પ્રાણ છે. ૧૮ રાશ કહી તે મન છે, સારથિ બુદ્ધિ છે, બેસવાની જગ્યા હૃદય છે, સુખ અને દુઃખ તે બે ઉંટડા છે, પાંચ પદાર્થ કહ્યા તે પાંચ ઇંદ્રિઓના વિષય છે, સાત પડદા કહ્યા તે સાત ધાતુ છે. ૧૯ સ્વપ્નાવસ્થામાં બહાર ફરવાનું કહ્યું તે મૃગતૃષ્ણાના જળની પેઠે પદાર્થો ઉપર કર્મેન્દ્રિયોથી દોડવું સમજવું. તે સાથે જે સેના કહી, તે અગ્યાર ઇન્દ્રિયો છે, અને મૃગયા જે કહી તે પાંચ જ્ઞાનેન્દ્રિયોથી વિષયોનું સેવન છે, ૨૦ ચંડવેગ ગંધર્વ કહ્યો તે પ્રચંડ વેગવાળુ વર્ષ જાણવું, કે-જે વર્ષથી કાળનું પ્રમાણ જણાય છે. ૨૦ ત્રણસો સાઠ ગંધર્વ કહ્યા તે વર્ષના દિવસ છે; ત્રણસોસાઠ કાળી અને ધોળી ગંધર્વીઓ કહી તે શુકલ અને કૃષ્ણપક્ષની રાત્રિયો છે, તે દિવસ અને રાત્રિયો ભ્રમણ કરતી જીવના આયુષનો નાશ કરે છે. ૨૧ કાળકન્યા કે-જેને કોઇ માન આપતું નથી, તે જરા અવસ્થા સમજવી. યવનોનો રાજા મૃત્યુ છે, તેણે લોકનો નાશ કરવા માટે જરાને પોતાની બેન કરી રાખી. ૨૨ યવન રાજાની ચારે તરફ ફરનારા જે સીપાઇ કહ્યા તે આધિ અને વ્યાધિ સમજવા. જે પ્રજ્વાર કહ્યો તે ઉનો અને ટાઢો એ બે પ્રકારનો તાવ સમજવો તે લોકોને દુઃખ દેવામાં મહાવેગ ધારણ કરે છે. ૨૩ એ પ્રમાણે દેવતાઓથી શરીરોથી તથા બીજાં પ્રાણીથી થતાં અનેક જાતનાં દુઃખથી પીડાતો અજ્ઞાની પુરૂષ પોતે નિર્ગુણ છતાં પણ [1]પ્રાણ, ઇન્દ્રિય અને [2]મનના ધર્મોનો પોતાનામાં અહંકાર કરીને તુચ્છ વિષયોની તૃષ્ણા રાખી, અહંતા મમતાથી કર્મ કરતા દેહમાં સો વર્ષ સુધી રહે છે. ૨૪-૨૫ જીવાત્મા પોતે પરબ્રહ્મ છતાં પણ, પરમાત્મા કે-જે પરમ ગુરૂ ભગવા-

૧ ક્ષુધા-પિપાસા વગેરે પ્રાણના ધર્મ. ૨ કામ, ક્રોધ અને ક્ષોભ એ મનના ધર્મ છે.

ન્ છે, તેને જાણ્યા વિના અવિદ્યાના પદાર્થોમાં લાગી દેહાભિમાનથી પરવશ થઇ, સાત્વિક, રાજસ્ અને તામસ કર્મ કરે છે, અને તેમ કરવાથી તે કર્માનુસાર જન્મ લે છે. ૨૬-૨૭ સાત્વિક કર્મ કરવાથી કોઇ વખત ઉત્તમ અને જ્ઞાનવાળો અવતાર પામે છે, રાજસ્ કર્મ કરવાથી કર્મ કરવાના પરિશ્રમથી ભરેલાં અને પરિણામમાં દુઃખદાયી અવતાર પામેછે, અને તામસ કર્મ કરવાથી અજ્ઞાન અને શોકથી પરિપૂર્ણ અવતાર પામે છે. ૨૮ તે મંદ મતિ જીવાત્મા પોતાનાં કર્માનુસાર કોઇ સમય પુરૂષનો, સ્ત્રીનો, નપુંસકનો, દેવતાનો, મનુષ્યનો અને કોઇ વખત પશુ પક્ષીનો જન્મ પામે છે. ૨૯ જેમ ભુખ્યો કુતરો દીન થઇ, ઘરોઘર ભટકતો ભાગ્ય પ્રમાણે કોઇ સ્થળે ભાત અને કોઇ સ્થળે માર પણ ખાય છે, તેમ વિષયોની તૃષ્ણાવાળો જીવ સ્વર્ગ, પૃથ્વી અને અંતરિક્ષમાં ઉચ્ચ, નિચ યોનિયોમાં ભટકતો પ્રારબ્ધ પ્રમાણે સુખ દુઃખ પામ્યા કરે છે. ૩૦-૩૧ દુઃખ દૂર કરવાનો એકે ઉપાય નથી. જો કદી દુઃખ દુર કરવા જાય છે તો દૈવથી, પ્રાણીઓથી, અને શરીરથી થતાં દુઃખોમાંનાં કોઇ દુઃખથી તે છુટી શકતો નથી. ૩૨ જેમ મસ્તક ઉપર પુષ્કળ બોજો ઉપાડી, જે મનુષ્ય ચાલ્યો જાય છે, તે જો મસ્તક તપવાથી માથાના બોજાને ખભા ઉપર લે, તોપણ તે બોજો ઉતરી ગયો કહેવાય નહિ, તેમ દુઃખ મટાડવાના જે ઉપાય છે, તે પણ દુઃખ રૂપજ છે, માટે પ્રાણી દુઃખથી કેમે પણ છુટી શકતો નથી. ૩૩ જેમ એક સ્વપ્નમાં બીજું સ્વપ્ન આવે છે ત્યારે તે પહેલું સ્વપ્ન જેમ બીજા સ્વપ્નને મટાડી શકતું નથી, તેમ એક કર્મ અને તેને મટાડવાને કરેલું બીજું કર્મ એ બન્ને અવિદ્યાથી કરેલાં હોવાથી તેમાંનું એકે કર્મ મટી શકતું નથી. ૩૪ જેમ સ્વપ્ન અસત્ય છે; તો પણ ઉપાધીરૂપ મનની સ્વપ્ન અવસ્થા હોય, ત્યાં સુધી તે મટી શકતું નથી, તેમ સંસાર મિથ્યા છે, તો પણ મનમાં જ્યાં સુધી વિષયોનું ધ્યાન રહે ત્યાં સુધી તે મટી શકતાં નથી. ૩૫ માટે અજ્ઞાન કે જેના નિમિત્તથી પરમ પુરૂષાર્થ રૂપ આત્માના અખંડ પ્રવાહ રૂપ સંસાર થયો છે, તે અજ્ઞાનનો નાશ ગુરૂ રૂપ ભગવાનની કેવળ ભક્તિથીજ થાય છે. ૩૬ વાસુદેવ ભગવાનમાં સારી રીતે દઢ ભક્તિયોગ કરવામાં આવે, તો તેથી વૈરાગ્ય થઇ જ્ઞાન પ્રાપ્ત થાય છે. હે રાજા! આવો ભક્તિયોગ ભગવાનની કથા સાંભળવાથી પ્રાપ્ત થાય છે, માટે જે મનુષ્ય શ્રદ્ધા પૂર્વક ભગવાનની કથા સાંભળે તથા નિરંતર ભણે તેને થોડા જ દિવસોમાં ભક્તિયોગ થાયછે. ૩૮ હે રાજા! નિર્મળ અંતઃકરણવાળા તથા ભગવદ્ ગુણોના શ્રવણ વર્ણનમાં જેનું મન લાગી રહેલું છે, એવા સજ્જન વૈષ્ણવ લોક જ્યાં હોય, ત્યાં મહાત્મા લોકોના મુખમાંથી ભગવત ચરિત્ર રૂપ કેવળ શુદ્ધ અમૃતની નદીઓ ચારે તરફ વહ્યા કરે છે. એ નદીઓનું જે લોક સાવધાન કાનો દ્વારા પાન કરે, તે ભક્તિ રસિક લોકોને, ભૂખ, તરસ, ભય શોક અને મોહ કાંઇ પણ બાધ કરી શકતાં નથી. ૩૯-૪૦ શોક મોહ અને આળસ વિગેરેથી ખિન્ન થયેલા લોકોને સત્સંગ વગર ભગવાનની કથા રૂપ અમૃતના સમુદ્રમાં પ્રીતિ થતી નથી. ૪૧ પ્રજાપતિયોના પતિ, બ્રહ્મા, મહાદેવ, મનુ, દક્ષ આદિ પ્રજાપતિ, સનકાદિક નૈષ્ટિક બ્રહ્મચારી, મરીચિ, અત્રિ, અંગીરા, પુલસ્ત્ય, પુલહ, ક્રતુ, ભૃગુ, વસિષ્ટ, અને હું (નારદ) એ સર્વે કે જે બ્રહ્મચારી અને વેદવાણીના અધ્યક્ષ છીએ, તે તપ, વિદ્યા, અને સમાધિથી સર્વના સાક્ષી ઇશ્વરને જોઇએ છીયે, તો પણ આજ પર્યંત જાણી શકતા નથી. ૪૨-૪૫ પણ અંતઃકરણમાં સારી રીતે ચિંતવન કરવાથી ભગવાન્ જેના ઉપર કૃપા કરે, તે મનુષ્ય વ્યવહાર અને કર્મકાંડની આસક્તિથી નિવૃત્ત થઇ જાય છે. ૪૬ હે પ્રાચીન બર્હિષ્ રાજા! એ માટે યજ્ઞાદિક કર્મ કે-જે કેવળ અજ્ઞાનથી પુરૂપાર્થ રૂપે પ્રતીત થાય છે, ફળ સાંભળવાથી કેવળ કાનને પ્રિય લાગેછે, અને સત્ય વસ્તુનો સ્પર્શ પણ કરતા નથી, તેઓને કદાપિ વાસ્તવિક પુરૂપાર્થ રૂપ સમ-

જવું તે બુદ્ધિમાનોનું કામ નથી. ૪૭ જે લોકો કહે છે કે-વેદનું તાત્પર્ય કેવળ કર્મ કરવાં એજ છે, તે વેદના તાત્પર્યને ન જાણનારા પોતાની બુદ્ધિ યજ્ઞના ધુમાડાથી મલિન હોવાને લીધે આત્મતત્વ કે-જેના વિષયમાં સર્વ વેદનું તાત્પર્ય છે, અને જેમાં સાક્ષાત્ જનાર્દન ભગવાન્‌નુંજ કથન છે, તેને જાણતા નથી. ૪૮ તું તો મહામૂર્ખ છે; કારણ કે પૂર્વતરફ અણીવાળા દાભથી સર્વ પૃથ્વીને ઢાંકીને યજ્ઞોમાં અનેક પશુવધના અભિમાનથી અક્કડ બની ગયો છે, એથીજ તું યથાર્થ કર્મ અને યથાર્થ વિદ્યાને જાણતો નથી. જેથી ભગવાન્ પ્રસન્ન થાય તેજ સત્ય કર્મ છે, અને જેથી ભગવાનમાં મન સ્થિર થાય તેજ સત્ય વિદ્યા છે. ૪૯ ભગવાનજ પ્રાણી માત્રના આત્મા, સ્વતંત્ર કારણ અને ઇશ્વર છે, તેથી તેમના ચરણારવિંદનું શરણ લેવાથી મનુષ્યોનાં સર્વ પ્રકારનાં કલ્યાણ આ લોકમાંજ સિદ્ધ થાય છે. ૫૦ કારણ કે તે સર્વના પ્રિય આત્મા છે, અને તેમના ભજનમાં કોઈ પ્રકારનો જરા પણ ભય નથી. જે મનુષ્ય આ પ્રમાણે જાણે છે, તેજ વિદ્વાન ગણાય છે, અને જે વિદ્વાન હોય છે તેજ ગુરૂ તથા ભગવાન્ ગણાયછે. ૫૧

નારદજી કહે છે—હે પુરૂષમાં ઉત્તમ રાજા ! ! તેં મારા કહેલા ઇતિહાસનો સ્પષ્ટાર્થ પૂછયો તે મેં કહ્યો, હવે આ વિષે સારી રીતે નિશ્ચય કરેલી ગુઢ વાર્તા કહુંછું તે સાંભળ.[1] ૫૨ તુચ્છ પદાર્થ ચરનારૂં એક મૃગ ફુલવાડીમાં સ્ત્રીની સાથે તેમાં આસક્ત થઇ રહ્યું હતું, તેના કાન ભ્રમરાઓના ગુંજારવથી લોભાઇ રહેલા છે, સન્મુખ ફાડી ખાનારા વાઘો ઉભા છે, તો પણ તે મૃગ તેને ન ગણકારતાં ચાલ્યો જાય છે, તેની પીઠ પારધીએ મારેલા બાણથી વીંધાઇ ગઈ છે, માટે હે રાજા ! તું તેને શોધી કાઢ. ૫૩ હે રાજા ! મેં જે મૃગ કહ્યો, તે તું પોતેજ છે, ફુલની પેઠે પરિણામમાં રસ રહિત સ્ત્રીઓવાળા ઘરમાં ફુલની મધુર સુગંધીના સમાન અત્યન્ત તુચ્છ જીભ અને ઉપસ્થ આદિનાં અલ્પ-સુખ કે જે સકામ કર્મોના ફળથી મળે છે, તે શોધ્યા કરે છે. સ્ત્રીઓની સાથે મળી, તેમાં મન રાખે છે, ભ્રમરાઓના ગુંજારવ સમાન સ્ત્રી આદિના અતિ મનોહર ભાષણમાં તારા કાનો બહુ લોભાઇ રહ્યા છે. મુખ સામે વાઘની પેઠે, દિવસ, પખવાડીયાં અને માસ આદિ કાળના વિભાગ તારા આયુષ્યનું હરણ કરે છે, પણ તું તેને ન ગણકારતાં, ઘરમાં વિહાર કરી રહ્યા છે, અને પરોક્ષ રીતે તારી પાછળ લાગેલો આ કાળ અંદર ગુપ્ત રહેલા બાણથી તારૂં હૃદય વીંધે છે, માટે તારે તારા આત્માનો વિચાર કરવો જોઇએ. ૫૪ આ પ્રમાણે તારી દશા મૃગના જેવી છે, માટે આ વાતનો વિચાર કરીને તારા પોતાના ચિત્તને હૃદયમાં સ્થિર કર અને જેટલી બહિર્વૃત્તિ છે; તેને ચિત્તમાં રોક; આ ગૃહસ્થાશ્રમ કે-જેમાં નીચ કામી પુરૂષોનાં ટોળાંનીજ વાતો છે, તેનો ત્યાગ કર. ભગવાન્ કે-જે જીવ લોકને શરણ રૂપ છે, તેને પ્રસન્ન કર, આ પ્રમાણે કરીને સર્વથી મુક્ત થઇ જા. ૫૫

પ્રાચીનબર્હિષ રાજા પૂછે છે—હે બ્રહ્મન્! આપે જે કહ્યું તે મેં સાંભળ્યું, અને તે ઉપર વિચાર પણ કર્યો. આ વાત મારા ઉપાધ્યાયો જાણતા નથી, જો જાણતા હોય તો શા માટે કહે નહિ ? ૫૬ હે નારદજી ! આ વિષયમાં ઉપાધ્યાયોએ જે અસંભાવના રૂપ (હું ઇશ્વરાંશ છું કે-નહિ) મહાસન્દેહ અને ઉત્પન્ન કરી દીધો હતો, તે આપની કૃપાથી કપાઈ ગયો; પરંતુ એવોજ બીજો સંદેહ છે-કે જેમાં ઋષિ લોકો પણ મુંઝાઇ જાય છે, અને ઇન્દ્રિયોની વૃત્તિયો પણ પોહોંચી શકતી નથી. ૫૭ તે સંશય એ છે કે-પુરૂષે જે શરીરથી કર્મ કર્યાં હોય, તે શરીરને અહિંજ છોડી તે પરલોકમાં બીજા શરીરથી ભોગવાય, એ-

[1] આ પ્રમાણે પુરંજનના ઇતિહાસના રૂપકથી આત્માને બંધ તથા મોક્ષનો પ્રકાર કહ્યો; તો પણ પ્રબળ વૈરાગ્ય ન થવાથી તે પ્રાચીનબર્હિષ રાજા પુત્રાગમનની વાટ જોવા લાગ્યો, તેથી તેને મોટી ધાસ્તી દેખાડી, આખા શરીરથી ધ્રુજાવી તેજ વખતે ઘરમાંથી બહાર કાઢવા માટે નારદજી હરણનું રૂપક કહે છે.

વાં તે તે કર્મોના ફળોને પ્રાપ્ત થાય છે; અર્થાત્ આ દેહથી કરેલ કર્મ બીજા દેહથી ભોગવાય છે, એ પ્રમાણે વેદવેત્તા લોકો સર્વત્ર કહ્યા કરે છે; અને આપ પણ કહી ચુકયા છો, કે-પુરંજને જે જે કર્મ કર્યાં હતાં તેનું ફળ મરણ પછી તેને બીજા જન્મમાં મળ્યું, તે ઠીક, પણ તેમાં મને સંદેહ છે; કારણ કે જે કરે તેને તે કર્મનું ફળ મળવું ઉચિત છે;.પરંતુ એક દેહે કરેલાં કર્મનું ફળ બીજો દેહ ભોગવે, એ કહેવું યોગ્ય નથી. જે દેહ કર્મ કરે, તેને તેનું ફળ ન મળે અને જેણે કર્યુંજ નથી તેને તેનું ફળ મળવું એ વાર્તા ન્યાયથી વિરૂદ્ધ છે. વળી બીજો પણ એ સંદેહ છે કે-મનુષ્ય વેદ વિહિત જે કર્મ કરે છે, તે તો થોડા સમય પછી તરત અદૃશ્ય થઇ જાય છે. જેમ આપણે હોમ કરવા બેઠા, ત્યાં જેટલો વખત આપણે હોમ કરીએ તેટલોજ સમય જોવામાં આવે છે, અને હોમ થયા પછી તરત અદૃશ્ય થઇ જાય છે; અર્થાત્ જે કર્મ અદૃશ્ય થઇ ગયું અથવા નષ્ટ થઇ ગયું, તેનું ફળ પાછળથી મળે, તે વાત પણ સિદ્ધ થવી કઠિણ છે, તો પછી તે કયા પ્રકારે ઘટી શકે છે? ૫૮-૫૯

નારદજી કહે છે- કર્તા પણું અને ભોક્તાપણું સ્થૂળ દેહને નથી, પણ લિંગ દેહને છે. લિંગદેહમાં મન મુખ્ય છે, અને તે મન સ્થૂળ દેહની સાથે નાશ થતું નથી; અર્થાત્ એક સ્થૂળ દેહનો નાશ થઇને બીજો જે સ્થૂળ દેહ મળે છે, તેમાં અંતઃકરણ તેનું તે રહે છે, તેથી જે અંતઃકરણે એક સ્થૂળ દેહમાં કર્મ કર્યાં હોય, તેજ અંતઃકરણ બીજા સ્થૂલ દેહમાં તે કર્મનાં ફળ ભોગવે છે, એટલે કર્તા એક અને ભોક્તા બીજો, આ વિવાદ આમાં કોઇ રીતે આવી શકતો નથી. ૬૦ આપણને સ્વપ્ન આવે છે, તે સમય જાગ્રત અવસ્થાને આ સ્થૂળ દેહનું અભિમાન જતું રહે છે, અને બીજા સ્વપ્નાવસ્થાના દેહથી આપણે કર્મનાં ફળ રૂપ સુખ દુઃખને ભોગવીએ છીએ; પરંતુ તેમાં વાસ્તવિક રીતે ભોક્તાપણું અંતઃકરણનું છે, અને તે અંતઃકરણ જાગ્રત અવસ્થાના દેહમાં જે હતું, તેજ સ્વપ્નના દેહમાં છે, જાગ્રત અવસ્થામાં મનમાં સંસ્કાર રૂપથી જે કર્મ લાગેલું હોય છે, તેજ કર્મ સ્વપ્નાવસ્થામાં બીજો દેહ પ્રાપ્ત થવાથી ભોગવાય છે, એ પ્રમાણે એક જન્મમાં મનની અંદર સંસ્કાર રૂપથી જે કર્મ લાગ્યું હોય, તેજ કર્મ બીજા જન્મમાં ભોગવાય છે, તાત્પર્ય કે-સ્થૂળ દેહ કર્તા નથી, પણ કેવળ દ્વાર રૂપ છે. ૬૧ અંતઃકરણ જેમ પુત્રાદિકોના શરીરમાં મમતા રાખે છે કે આ મારા પુત્રાદિક છે, તેમ પોતાના સ્થૂળ દેહમાં પણ બ્રાહ્મણત્વ, વા ક્ષત્રિયત્વ આદિનું અભિમાન કરી બેસે છે, તેથી એ પ્રતીત થાય છે કે—આ અંતઃકરણને કેવળ અભિમાન કરવાનું સ્થળ સ્થૂળ દેહ છે, પણ એટલાથી સ્થૂળ દેહને કર્તા કહી શકાતો નથી. ખરો કર્તા અંતઃકરણ (લિંગદેહ) છે, અને અંતઃકરણે જે દેહમાં અભિમાન કર્યું છે. તે દેહમાં રહીને કરેલાં કર્મથી અંતઃકરણનેજ પુનર્જન્મ થયા કરે છે, એથી એ સિદ્ધ થયું કે—કર્તા પણ અંતઃકરણ અને ભોક્તા પણ અંતઃકરણજ છે. ૬૨ કર્મનો નાશ થતો જાય છે, એ વાત યુક્તિથી વિરૂદ્ધ છે, અને પૂર્વ દેહમાં કર્મ રહે છે, એ વાત યુક્તિથી સિદ્ધ છે. સર્વ ઇન્દ્રિયોને પોતપોતાના વિષયો સાથે એક સમયમાં સંબંધ હોવાથી પણ તે સર્વ વિષયોનું જ્ઞાન પોતાને એક સાથે થતું નથી, તેથી અનુમાન થાય છે કે—ઇન્દ્રિયો ઉપર અધિકાર રાખનાર કોઇ એક પદાર્થ અવશ્ય છે, અને તે ચિત્ત નામથી પ્રસિદ્ધ છે, ચિત્તનો જ્યાં સુધી ઇન્દ્રિયો સાથે સંબંધ થતો નથી, ત્યાં સુધી ઇન્દ્રિયોનો વિષય સાથે સંબંધ છતાં પણ આપણને તે વિષયનું જ્ઞાન થતું નથી, એ વાત અનુભવ સિદ્ધ છે. આ પ્રમાણે ચિત્તની વૃત્તિયો પણ એકજ સમયમાં ઉત્પન્ન થતી નથી; પણ અનુક્રમે થાય છે. એથી અનુમાન થાય છે કે—ચિત્તની વૃત્તિયોને ઉત્પન્ન કરનાર પૂર્વ દેહ સંબંધી કર્મ છે જે કર્મ જે સમય ભોગવવું હોય, તે સમયમાં તે કર્મ પોતાનો ભોગ આપવા માટે

અનુકૂળ ચિત્તની વૃત્તિને ઉત્પન્ન કરે છે, એથી પૂર્વ દેહ સંબંધી કર્મ નષ્ટ થતાં નથી, પણ અવશેષ રહે છે એમ માનવું એ યુક્તિ સિદ્ધ છે. ૬૩ હે રાજા! આ વર્તમાન દેહથી કોઇ સમયે અને કોઇ સ્થળે જેવા પ્રકારની અને જેવા સ્વરૂપની વસ્તુ અનુભવમાં આવી ન હોય, તથા જોવામાં પણ આવી ન હોય, તથા સાંભળવામાં પણ આવી ન હોય, તેવા પ્રકારની તથા તેવા સ્વરૂપની વસ્તુ કોઇ સમયે સ્વપ્ન અથવા મનોરથમાં આપણા મનમાં આવે છે, તો તે ઉપરથી અવશ્ય માનવું પડે છે કે,—પૂર્વ દેહમાં તે વસ્તુનો તેવો અનુભવ અવશ્ય થયો છે; કારણ કે જે વસ્તુનો અનુભવ ન થયો હોય, તે વસ્તુ મનમાં જરા પણ આવતીજ નથી, એથી પણ તેનો અનુભવ કરવા યોગ્ય પૂર્વ દેહ હોવાનો તથા પૂર્વ દેહ તથા આ દેહનું મન એક હોવાનું અને પૂર્વ દેહનાં કર્મના સંસ્કાર મનમાં લાગ્યા રહેવાનો નિશ્ચય થાય છે. ૬૪-૬૫ વર્તમાન કાળના પ્રાણીનો પુર્વનો જન્મ ઉચ્ચ યોનિમાં હતો કે નીચ યોનિમાં, અને હવે ભવિષ્ય જન્મ ઉચ્ચ યોનિમાં થશે કે નીચ યોનિમાં, એ વાત પણ શુભાશુભ મનની વૃત્તિ ઉપરથી જાણી શકાય છે, એમાં પણ પુર્વ જન્મ હતો અને હવે જન્મ થશે, એ માનવું સિદ્ધ થઇ શકે છે. ૬૬ આ વિષયમાં કેટલાક શંકા કરે છે કે—જે પૂર્વ જન્મમાં અનુભવ કરેલી વસ્તુ આ જન્મમાં સ્વપ્નમાં જોવામાં આવતી હોય, તો જે વસ્તુ કોઇ સમયમાં પણ જોવાને અયોગ્ય છે, તે વસ્તુ સ્વપ્નમાં શી રીતે દેખાય છે? સ્વપ્નમાં તો કોઇ સમય પર્વતના શિખર ઉપર સમુદ્ર દેખાય છે, દિવસે નક્ષત્ર દેખાય છે, અને પોતાનું મસ્તક કપાયલું દેખાય છે, તે શી રીતે? તેનો ઉત્તર એ છે કે—સમુદ્રને પૃથ્વી ઉપર, નક્ષત્રોને રાત્રિએ, અને પોતાના કપાયલા મસ્તકનું પ્રતિબિંબ જળ અથવા તેલ આદિમાં જોયું હતું, પર્વતના શિખરરૂપ સ્થાન, દિવસરૂપ કાળ અને યુદ્ધાદિ ક્રિયાનો જે ફેરફાર પડયો, તે કેવળ નિદ્રા આદિના દોષથી પડયો એ માનવું, પરંતુ નહિ અનુભવેલું જોવામાં આવ્યું એમ તો માનવુંજ નહી. ૬૭ જે મનુષ્ય અત્યન્ત દરિદ્રી હોય, તે પણ સ્વપ્નમાં કોઈ સમયે પોતાના આત્માને ચક્રવર્ત્તિ રાજા બનેલો જુએ છે, તેમ રાજા પોતાને ગરીબ થઇ ગયેલો જુએ છે, કારણ કે સર્વ વિષયો અનુક્રમે મનમાં આવ્યા કરે છે, અને ભોગવ્યા પછી ચાલ્યા જાય છે. આમ થવાનું કારણ મન છે. ૬૮ કેવળ એક સત્વગુણમાં નિષ્ઠા પામેલું મન ભગવાનના વિરાટ્ સ્વરૂપનું ધ્યાન કરે છે, ત્યારે સર્વ જગત્ જાણે મનમાં સમાયેલું હોય એમ દેખાય છે. રાહુ જો કે જોવામાં આવતો નથી; પણ ચંદ્રને ગળી જાય છે ત્યારે જોવામાં આવે છે. આવી રીતે યોગીઓ પોતાના શુદ્ધ મનમાં સઘળાં જગતને પ્રત્યક્ષ જુએ છે. ૬૯ આ પ્રમાણે સ્થૂળ શરીરનો નાશ થાય તોપણ લિંગ દેહનો નાશ થતો નથી; તેથી કર્તા એક અને ભોક્તા બીજો એ દોષ અહિં આવી શકતો નથી. આમાં જો કોઇ શંકા કરે કે—લિંગ દેહને કર્તાપણું વા ભોક્તાપણું સ્થૂળ દેહદ્વારા છે, પણ કેવળ લિંગ દેહને કર્તાપણું કે ભોક્તાપણું નથી. તેથી કોઇ સમય સ્થૂળ દેહ ન હોય, ત્યારે લિંગ દેહમાં કર્તાપણું કે ભોક્તાપણું ન રહેવાથી મુક્તિ અવશ્ય થવી જોઇએ. તેનું સમાધાન એ છે કે,—બુદ્ધિ, મન, ઇન્દ્રિયો અને વિષયોના સમૂહરૂપ આ અનાદિ લિંગ શરીર જ્યાં સુધી છે, ત્યાં સુધી જીવને સ્થૂળ દેહનો સંબંધ મટતો નથી. ૭૦ સુષુપ્તિ, મૂર્છા, મહાદુઃખ (પુત્ર મરણ આદિ), મૃત્યુ અને જ્વરમાં ઇન્દ્રિયોનો નાશ થવાથી "સ્થૂળ દેહ હું છું" એવો અહંકાર બરાબર પ્રકાશતો નથી; પણ સૂક્ષ્મ રૂપે રહે છે. ૭૧ ગર્ભમાં અને બાળપણમાં ઇન્દ્રિયો અપૂર્ણ હોવાથી, તરૂણાવસ્થામાં જેવું સ્થૂળ દેહાભિમાન અગ્યાર ઇન્દ્રિયોથી સ્પષ્ટ દેખાય છે, એવું દેખાતું નથી, જેમ અમાવાસ્યાને દિવસે ચંદ્રમાનું બિંબ હોવા છતાં પણ સ્પષ્ટ દેખાતું નથી, તેમ ગર્ભાદિક અ-

વસ્થામાં સ્થૂળ દેહનું અભિમાન હોવા છતાં પણ સ્પષ્ટ દેખાતું નથી. એજ રીતે દેહની બાબતમાં સમજવું. ૭૨ જેમ સ્વપ્નમાં મસ્તક કપાઇ ગયું આદિ અનર્થ જોવામાં આવે છે, તે જ્યાં સુધી સ્વપ્ન રહે છે ત્યાં સુધી દુર થતા નથી, તેમ આ જીવાત્મા જ્યાં સુધી વિષયોની ચિંતામાં લાગી રહે છે ત્યાં સુધી આ સંસાર મિથ્યા છતાં પણ તેની નિવૃત્તિ થતી નથી. ૭૩ પાંચ તન્માત્રા (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ), ત્રણ ગુણ (સત્વ, રજ, અને તમ) અને સોળ વિકાર (અગ્યાર ઇન્દ્રિય અને પાંચ મહાભૂત)થી વિસ્તાર પામેલા આ લિંગ શરીરમાં ચૈતન્ય પરમાત્માનો આભાસ પડે છે, એટલે એ 'જીવ' એ નામથી કહેવાય છે. ૭૪ જીવાત્મા લિંગ શરીરથી અનેક જાતનાં શરીર ધારણ કરે છે, અને છોડી દે છે; હર્ષ, શોક, ભય, સુખ અને દુઃખ પણ લિંગ શરીરને માટેજ જીવાત્માને પ્રાપ્ત થાય છે. ૭૫ એક સ્થૂળ દેહમાંથી નિકળેલું લિંગ શરીર બીજા શરીરમાં પેઠું ન હોય તે પહેલાં મુક્તિ થવી જોઇએ, એવી પણ શંકા કરવી નહિ; કારણ કે જેમ ખડમાંકડી બીજા તૃણને પકડ્યા પહેલાં પ્રથમ પકડેલું તૃણ છોડતી નથી, તેમ મરણ સમયે પણ જીવને જ્યાં સુધી પૂર્વ દેહનાં પ્રારબ્ધ સમાપ્ત થઇ બીજો સ્થૂળ દેહ મળતો નથી, ત્યાં સુધી પ્રથમના સ્થૂળ દેહનું અભિમાન મટતું નથી. હે રાજા! આથી તમે સમજો કે-પ્રાણીઓને જન્મ મરણનું કારણ એક મનજ છે. ૭૬-૭૭ ઇન્દ્રિયોથી ભોગવેલા વિષયોનું ધ્યાન કરતો મનુષ્ય વારંવાર જે કર્મ કર્યા કરે છે, તે કર્મો અને અવિદ્યાને લીધે દેહાદિક જડ પદાર્થને કર્મમાં આસક્તિ થાય છે. ૭૮ એ માટેજ સર્વ બંધન દુર કરવા માટે, સર્વ જગતને ભગવત્ રૂપ જાણીને, જે ભગવાનથી આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને સંહાર થયા કરે છે તે ભગવાનની સર્વ પ્રકારે ભક્તિ કરવી. ૭૯

મૈત્રેયજી કહે છે-હે વિદુર! વૈષ્ણવોમાં મુખ્ય નારદજી આ પ્રમાણે પ્રાચીનબર્હિષ્ રાજાને જીવ તથા ઇશ્વરના સ્વરૂપનો ઉપદેશ આપી, તે રાજાની આજ્ઞા માગી, ત્યાંથી સિદ્ધ લોકમાં ગયા. ૮૦ અને પ્રાચીનબર્હિષ્ રાજા મારા પુત્રો આવે ત્યારે તેને રાજ્ય આપવું, અને પ્રજાની રક્ષા કરવાની તેને શિખામણ આપવી, એ પ્રમાણે પોતાના મંત્રીઓને આજ્ઞા આપી, તપ કરવા માટે કપિલદેવના આશ્રમમાં ગયો. ૮૧ ત્યાં જઇ, એકાગ્ર મનથી ગોવિન્દ ભગવાનના ચરણારવિંદનું ભક્તિથી ભજન કરતો મુક્ત સંગ થઇ, તે શૂરવીર રાજા મોક્ષ પામ્યો. ૮૨ હે પાપરહિત વિદુર! નારદજીનું કહેલું પરોક્ષ રૂપથી વર્ણવેલું આત્મજ્ઞાન સંબંધી આ આખ્યાન જે સાંભળે તથા સંભળાવે, તે બન્ને લિંગ દેહથી મુક્ત થઇ જાય છે. ૮૩ ભગવાનની કીર્ત્તિના પ્રભાવથી જગતને પવિત્ર કરનારૂં અને અંતઃકરણને શુદ્ધ કરનારૂં તથા સર્વોત્તમ ફળ આપનારૂં આ નારદજીના મુખથી નિકળેલું આખ્યાન જે મનુષ્ય ગાય છે તે સર્વ બંધનોથી મુક્ત થઇને ફરી આ સંસારમાં ભ્રમણ કરતો નથી. ૮૪ આ ગુપ્ત અને અદ્ભુત બ્રહ્મજ્ઞાનનો વિષય મેં તમને કહ્યો, એનાથી દેહાભિમાન દૂર થઇ જાય છે, અને પરલોકમાં કર્મનાં ફળ ભોગવવાનો સંદેહ પણ ટળી જાય છે. ૮૫.

अध्यात्म पारोक्ष्यमिदं मया धिगतमद्भुतम्॥
एवांस्त्रियाश्रमःपुंसश्छिन्नोऽमुत्रचसंशयः।८६।

ઇતિશ્રી મહાપુરાણ ભાગવત વિષે ચતુર્થ સ્કંધમાં વિદુર મૈત્રેય સંવાદમાં "પ્રાચીનબર્હિષ્ અને નારદ સંવાદ વર્ણન" નામનો ૨૯ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૩૦ મો.

(પ્રચેતાઓએ વૃક્ષની કન્યા સાથે લગ્ન કરીને રાજ્ય કર્યું.)

॥ विदुरउवाच ॥

येत्वयाऽभिहिता ब्रह्मन्सुताः प्राचीनबर्हिषः ।
तेरुद्रगीतेनहरिं सिद्धिमापुः प्रतोष्यकाम् ।१।

વિદુર પુછેછે હે મૈત્રેય! તમે પ્રાચીનબર્હિષ્ રાજાના પુત્રોનું વૃત્તાંત કહ્યું. તેઓ રૂદ્રગીતથી ભગવાનને પ્રસન્ન કરીને કઇ સિદ્ધિને પામ્યા? હે બૃહસ્પતિના* શિષ્ય મૈત્રેય! પ્રચેતાઓ ભગવાનના પ્રિય મહાદેવની પાસે દૈવ ઇચ્છાથી જઇને તેમના કૃપાપાત્ર થઇ મુક્તિ પામ્યા; પરંતુ મુક્તિ પામ્યા પેહેલાં આ લોકમાં તથા પરલોકમાં તેઓને શું મળ્યું? તે કહો. ૨

મૈત્રેય કહે છે—પ્રચેતાઓ પિતાની આજ્ઞા માથે ચડાવી, સમુદ્રમાં રૂદ્રગીતના જપ યજ્ઞથી અને તપશ્ચર્યાથી ભગવાન્‌ને પ્રસન્ન કરવા લાગ્યા. ૩ તપ કરતાં દશ હજાર વર્ષ વીતી ગયાં; ત્યારે સનાતન પુરૂષે તેઓને દર્શન આપ્યાં, અને પોતાની શાન્ત કાન્તિથી તેના તપનાં સર્વ કષ્ટને શમન કર્યાં. ૪ જેમ સુમેરૂ પર્વતના શિખર ઉપર શ્યામ ઘટા શોભે છે, એ પ્રમાણેજ શ્રી વૈકુંઠનાથ ભગવાન્ ગરૂડની કાંધ ઉપર બિરાજમાન હતા. પીતાંબરને ધારણ કરનારા, કંઠમાં કૌસ્તુભ મણિને ધારણ કરનારા, દશે દિશાઓના અંધકારને નાશ કરી રહ્યા હતા. ૫ સુવર્ણમય સુંદર પ્રકાશમાન આભૂષણોથી કપોલ અને મુખ પ્રકાશતું હતું. મસ્તક ઉપર મુગટ ઝળકી રહ્યો હતો. ભુજાઓમાં આઠ આયુધ ધારણ કર્યાં હતાં. અનુચરો, મુનિઓ, સુરેન્દ્ર અને દેવતાઓ સેવા કરતા હતા. ગરૂડજી કિન્નરોની પેઠે પોતાની પાંખોવડે ભગવાનના યશ ગાતા હતા. ૬ પુષ્ટ આઠ લાંબી ભુજાઓના વચમાં-વક્ષઃસ્થળમાં વિરાજતાં લક્ષ્મીજી સાથે સ્પર્દ્ધા કરતી સુંદર વનમાળાથી વિંટાયલા, આદિ પુરૂષ ભગવાને દયા યુક્ત દૃષ્ટિથી જોઇને પ્રાચીનબર્હિષ્ રાજાના શરણાગત પુત્રો (પ્રચેતાઓ)ને મેઘ સમાન ગંભીર વાણીથી કહેવા લાગ્યા. ૭

શ્રી ભગવાન્ કહે છે—હે રાજપુત્રો! તમારૂં કલ્યાણ થાઓ. તમે મારી પાસે વર માગો, તમે સ્નેહને લીધે કેવળ એકજ ધર્મનું પાલન કરોછો, તેથી હું તમારો પ્રેમ જોઇને પ્રસન્ન થયોછું. ૮ જે મનુષ્ય સંધ્યાકાળે પ્રતિદિન તમારૂં સ્મરણ કરશે, તેઓને ભાઇઓ સાથે જેવી તમોને પરસ્પર પ્રીતિ છે, તેવી પ્રીતિ રહેશે અને સર્વ પ્રાણીઓની ઉપર દયા રહેશે. ૯ જે મનુષ્ય સંધ્યાકાળે અને પ્રભાતે સાવધાન થઇ, રૂદ્રગીતથી મારી સ્તુતિ કરશે, તેઓને પણ મનવાંછિત વર અને ઉત્તમ બુદ્ધિ આપીશ. ૧૦ તમે પરમાનંદથી પિતાની આજ્ઞા માથે ચઢાવી, તેથી તમારી પવિત્ર કીર્તિ સર્વ લોકમાં ફેલાશે. ૧૧ તમને મહા પ્રસિદ્ધ તથા ગુણમાં બ્રહ્મા જેવો એક (દક્ષ નામનો) પુત્ર થશે, જે પુત્ર પોતાના સંતાનોથી આ સર્વ લોકને પૂર્ણ કરી દેશે. ૧૨ હે રાજપુત્રો! [1]કંડુ ઋષિને પ્રમ્લોચા નામની અપ્સરાથી કમળ જેવાં નેત્રવાળી એક કન્યા ઉત્પન્ન થઇ, તે કન્યા જન્મતાંજ તેને ઝાડોમાં ફેંકી દઇ, અપ્સરા સ્વર્ગમાં ચાલી ગઇ, તેથી વૃક્ષોએ તે કન્યાને પોતાની પાસે રાખી. ૧૩ તે ભૂખથી દુબળી થઈ અને કલેશથી વ્યાકુળ થઇ રડવા લાગી, તેથી વૃક્ષોના રાજા ચંદ્રમાએ દયા આણીને તે કન્યાના મુખમાં પોતાની અમૃત ટપકતી તર્જની આંગળી આપી. ૧૪ હવે મને અનુસરતા તમારા પિતાએ પ્રજાની સૃષ્ટિ રચવા માટે તમને આજ્ઞા આપી છે, તો તે આજ્ઞા પાળવા માટે તમે આ દિવ્યકન્યા સાથે પરણો, વાર ન લગાડો. ૧૫ તમે સર્વ એકજ ધર્મ અને એકજ સ્વભાવવાળા છો, તે સર્વ વચ્ચે આ એકજ સ્ત્રી થશે, તે સ્ત્રીનું ચિત્ત સદા તમારામાં રહેશે, અને ધર્મ તથા સ્વભાવ પણ તમારા જેવોજ

* મૈત્રેયજી બૃહસ્પતિજી પાસેથી કાંઇ શિખ્યા હતા, તેથી બૃહસ્પતિના શિષ્ય કહેવાય છે.

૧ એક સમય કંડુ રૂષિ તપ કરતા હતા, એટલામાં ઇન્દ્રે જાણ્યું કે—આનું તપ સિદ્ધ થઇ જશે તો મારૂં ઇંદ્રાસન લઇ લેશે, એ ભયથી તેના તપનો ભંગ કરવા પ્રમ્લોચા નામની અપ્સરાને મોકલી, તે કંડુ રૂષિ પાસે આવી. અને હાવભાવ કટાક્ષથી તેણે મુનિને મોહિત કર્યા, તેથી મહર્ષિ તે અપ્સરા સાથે રમણ કરવા લાગ્યા. એમ થતાં એક કન્યા જન્મી, તેને ઝાડોમાં નાંખીને અપ્સરા સ્વર્ગમાં ચાલી ગઇ.

થશે. ૧૬ મારા અનુગ્રહથી દેવતાઓનાં હજારો વર્ષ સુધી તમારૂં સામર્થ્ય કાયમ રહેશે, અને પૃથ્વી તથા સ્વર્ગના દિવ્ય ભોગ ભોગવશો. ૧૭ અને અંતે આ નરકરૂપ સંસારનાં સુખોમાં વૈરાગ્ય ઉત્પન્ન થવાથી, મારી અખંડ ભક્તિ કરવાથી સર્વ કામ ક્રોધાદિક વાસનાઓને ભસ્મ કરી મારા ધામને પામશો. ૧૮ જે લોકો ઘરમાં રહીને પણ ઇશ્વરાર્પણ કર્મ કરે, અને મારા ગુણાનુવાદમાં સમય ગાળે તેને ઘરનું બંધન કદી થતું નથી. ૧૯ હું સર્વજ્ઞ ઇશ્વર, બ્રહ્મવેત્તા કથા કરે છે ત્યારે શ્રોતાજનોના હૃદયમાં ક્ષણે ક્ષણે નવો નવો પ્રકટ થાઉં છું, અને એ પ્રમાણે મારી પ્રાપ્તિ થવાથી લોકોને મોહ, શોક અને હર્ષ રહેતો નથી, માટે જો તમે મારી કથા સાંભળશો તો તમને ઘરનું બંધન થશે નહિ. ૨૦

મૈત્રેય કહે છે—એ રીતે પુરૂષાર્થ આપનારા પરમ ઉપકારી ભગવાનનાં વચન સાંભળીને જેના રજોગુણ તથા તમોગુણરૂપ મળ ભગવાનનાં દર્શનથીજ ટળી ગયા હતા એવા પ્રચેતાઓ હાથ જોડીને ગદ્દગદ્દ વાણીથી ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા. ૨૧

પ્રચેતાઓ સ્તુતિ કરે છે- કલેશનો નાશ કરનારા, મન વચનના વેગ કરતાં પણ અધિક વેગવાળા, ઇન્દ્રિયોની વૃત્તિયોથી પણ જેનું પદ જાણવામાં આવતું નથી એવા, અને જેનો ઉદય, નામ તથા ગુણો વેદોમાં ગાયેલાં છે, એવા આપને અમે પ્રણામ કરીએ છીએ. ૨૨ સ્વરૂપ સ્થિતિથી શુદ્ધ, શાન્ત અને મનના નિમિત્ત જેમાં આ મિથ્યા સંસાર ભાસે છે, એવા આપને અમે પ્રણામ કરીએ છીએ. જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયને માટે માયાના ગુણોથી બ્રહ્માદિક સ્વરૂપ ધારણ કરનારાં આપને અમારા પ્રણામ છે. ૨૩ વિશેષે કરીને શુદ્ધ સત્વમય શરીરવાળા, સર્વ દુઃખોને શાંત કરનારા, અને પોતાના જ્ઞાનથી સંસારના મોહને ટાળનારા, સર્વવ્યાપક, સર્વ ભક્તજનોના સ્વામી, વાસુદેવ શ્રીકૃષ્ણ સર્વ યાદવોના ઉત્પન્ન કર્ત્તા, ભવભય હર્તા, આપ ભગવાનને અમારા પ્રણામ છે. ૨૪ હે કમળ સરખાં નેત્રવાળા ! કમળોની માળા ધારણ કરનારા, કમળ સરખાં ચરણવાળા, નાભિમાં કમળવાળા આપ ભગવાનને અમારા વારંવાર પ્રણામ છે. ૨૫ કમળના કેસરા સરખાં પીળાં વસ્ત્રવાળા, સર્વ પ્રાણી માત્રના અંતર્યામી, સાક્ષીરૂપ આપને અમે નમસ્કાર કરીએ છીએ. ૨૬ અમે કે-જે કલેશ પામ્યા છીએ, તેના સર્વ કલેશને મટાડનારા આપના સ્વરૂપનાં અમને પ્રત્યક્ષ દર્શન આપ્યાં એથી વિશેષ બીજી શી દયા હશે ? ૨૭ હે અમંગળનાશક ! હે દેવ ! દીન લોકોને પોતાના સમજી યોગ્ય સમયમાં તેઓનું નિજ બુદ્ધિથી સ્મરણ કરવું, એજ દીનવત્સળ પ્રભુનું કર્તવ્ય છે: કારણ કે મહાપુરૂષો દીન જનોનું સ્મરણ કરે, તેથી દીન પુરૂષોને શાન્તિ મળી જાય છે, જ્યારે આપ ક્ષુદ્ર પ્રાણિયોના હૃદયમાં પણ અંતર્યામી રૂપથી વિરાજો છો, ત્યારે અમે કે-જે આપના ઉપાસક છીએ, તેના મનોરથો તમે કેમ નહિ જાણો ? ૨૮-૨૯ હે જગત્પતિ ! મોક્ષ માર્ગને દેખાડનારા પરમ પુરૂષાર્થરૂપ આપ પ્રસન્ન થયા, એજ અમોને માગવાનું વરદાન પુરૂં થયું. ૩૦ તો પણ હે નાથ ! કારણના પણ કારણરૂપ આપની પાસે એક વરદાન અમે માગીએ છીએ; કારણકે, ભક્તોને આપવા યોગ્ય આપની વિભૂતિયોનો અંત નથી, એથી આપ અનંત એ નામથી પ્રસિદ્ધ છો. ૩૧ જેમ ભ્રમરને અનાયાસ કલ્પવૃક્ષ મળતાં તે બીજા કોઇપણ વૃક્ષની ઇચ્છા કરતો નથી, તેમ અમને સાક્ષાત્ આપનાં ચરણકમળ પ્રાપ્ત થયાં, તેથી હવે અમે આપની પાસે બીજું શું માગીએ ? અને માગીને કેટલું માગીએ ? કારણ કે મનોરથોનો અંત નથી. ૩૨ માટે અમે એટલુંજ માગીએ છીએ કે—આપની માયાથી વીંટાયેલા અમે અમારાં કર્મોથી જ્યાં સુધી આ સંસારમાં ભટકીએ, ત્યાં સુધી અમને જન્મો જન્મ આપના ઉત્તમ ભક્તજનોનો સમાગમ આપજો. ૩૩ આપના ભક્તલોકોના સમાગમની એક ક્ષણના બરાબર અમે તો સ્વર્ગના કે મોક્ષના સુખને પણ મા-

નતા નથી, તો મનુષ્યોના રાજ્યાદિ સુખની તો વાતજ શી? ૩૪ જેના સમાગમમાં તૃષ્ણાને મટાડનારી પવિત્ર કથાઓ સાંભળવામાં આવે છે, અને પ્રાણી માત્ર સાથે નિર્વૈરભાવ થાય છે, અને કોઈપણ પ્રકારનો ઉદ્વેગ રહેતા નથી. ૩૫ અને જ્યાં સંન્યાસીઓને શરણરૂપ સાક્ષાત્ નારાયણ ભગવાનની કથાઓમાં મુક્ત સંગ લોકો વારંવાર ભગવાનની સ્તુતિ કર્યા કરે છે, તે આપના ભક્ત લોક તીર્થોને પણ પવિત્ર કરવાની ઇચ્છાથી જગતમાં ચરણોથી વિચરે છે, તેઓનો સમાગમ સંસારથી ભયભીત થયેલા પુરૂષને કેમ સારો ન લાગે? ૩૬-૩૭ હે ભગવાન્! આપના સાક્ષાત્ પ્રિય મિત્ર સદાશિવના ક્ષણમાત્રના સમાગમવડે જન્મ-મરણરૂપ અસાધ્ય રોગને મટાડનારા મહા વૈદ્યરૂપ આપને આજ અમે શરણ આવ્યા છીએ ૩૮ બીજું વરદાન એ માગીએ છીએ કે—અમે જે વેદનું અધ્યયન કર્યું છે, અને ગુરૂ, બ્રાહ્મણ, તથા વૃદ્ધોની નિરંતર સેવા કરીને તેઓને પ્રસન્ન કર્યા છે, મહાત્મા પુરૂષ, મિત્ર તથા ભાઈઓને પ્રણામ કર્યા છે, તથા કોઇનો દ્રોહ કર્યો નથી. ૩૯ અને અન્નનો ત્યાગ કરી, લાંબા સમય પર્યંત જળમાં રહી તપ કર્યું છે, એ સર્વ સત્ કર્મોથી હે ઇશ! પુરૂષ! ભૂમા!! ભગવાન્!!! આપ અમારા ઉપર કૃપાળુ થાઓ. ૪૦ મનુ, બ્રહ્મા, મહાદેવ તથા તપ સહિત જ્ઞાનથી શુદ્ધ અંતઃકરણવાળા બીજા મહાત્માઓ પણ આપના મહિમાનો અંત નહિ પામતાં પોતાની બુદ્ધિની શક્તિ પ્રમાણે આપની સ્તુતિ કરે છે; તેમ અમે પણ આપની સ્તુતિ કરીએ છીએ. ૪૧ સર્વમાં સમાન રૂપ, શુદ્ધ, પર પુરૂષ, વાસુદેવ, સત્વમુર્ત્તિ એવા આપને અમે પ્રણામ કરીએ છીએ. ૪૨

મૈત્રેય કહે છે—આ પ્રમાણે પ્રચેતાઓએ સ્તુતિ કરી, ત્યારે શરણાગત વત્સલ શ્રી હરિ પ્રસન્ન થઇ, "તથાસ્તુ" કહી, પ્રચેતાઓ ત્યાંથી ભગવાનનું પધારવું ઇચ્છતા નહતા; તો પણ અકુંઠિત પ્રભાવવાળા વાસુદેવ ભગવાન પોતાના ધામમાં પધાર્યા. ૪૩ ત્યાર પછી પ્રચેતાઓ સમુદ્રના જળમાંથી બહાર નીકળી ચાલતા થયા; ત્યાં રસ્તામાં જાણે આકાશને રોકવા માટેજ ઉંચાં વધેલાં હોય એવાં દેખાતાં વૃક્ષોથી પૃથ્વીને ઢંકાયેલી જોઇ, પ્રચેતાઓને બહુ ક્રોધ ઉત્પન્ન થયો. ૪૪ હે વિદુર! ક્રોધને લીધે પ્રચેતાઓએ પૃથ્વીને વૃક્ષ વગરની કરવા માટે, પ્રલય સમયે રૂદ્ર જેમ કાળાગ્નિથી સર્વને બાળીને ભસ્મ કરે છે, તેમજ પ્રચેતાંઓએ ક્રોધ કરીને પોતાના મુખમાંથી અગ્નિ તથા પવનને પ્રકટ કર્યાં. ૪૫ અગ્નિથી સર્વ વૃક્ષોને ભસ્મ થતાં જોઇને બ્રહ્મા ત્યાં પધાર્યા, અને નીતિનાં વચનોથી પ્રચેતાઓને શાન્ત કર્યા. ૪૬ તે અગ્નિથી જે વૃક્ષો બચ્યાં, તેઓએ પ્રચેતાના ભયથી અને બ્રહ્માના કહેવાથી પોતાની કન્યા પ્રચેતાઓને પરણાવી. ૪૭ પ્રચેતાઓ બ્રહ્માની આજ્ઞાથી વૃક્ષોની કન્યાને પરણ્યા. એ સ્ત્રીથી તેઓને દક્ષ નામનો પુત્ર થયો, આ દક્ષ પુર્વ જન્મમાં બ્રહ્માનો પુત્ર હતો; પરંતુ સદાશિવનું અપમાન કરવાના પાપથી તેનો બીજો જન્મ ક્ષત્રિય જાતિમાં થયો. ૪૮ જે દેહ બ્રહ્માનો પુત્ર હતો, તે કાળગતિથી મરણ પામી, બીજા જન્મમાં પ્રચેતાઓને ઘેર ઉત્પન્ન થયો એ દક્ષે ઇશ્વર પ્રેરણાની ચાક્ષુષ નામના મન્વન્તરમાં જેવી જોઇએ તેવી પ્રજા ઉત્પન્ન કરી. ૪૯ આ દક્ષે જન્મતાંજ પોતાની કાન્તિથી તેજસ્વી પુરૂષોના તેજનું હરણ કર્યું, તેની કામ કરવાની ચતુરાઇ જોઇને સર્વ લોકો તેને દક્ષ કહેવા લાગ્યા. ૫૦ બ્રહ્માએ આ દક્ષને અભિષેક કરીને, પ્રજાની સૃષ્ટિનું રક્ષણ કરવા માટે સર્વનો પતિ ઠરાવ્યો, તેથી તે બીજા સર્વ પ્રજાપતિયોને પોતપોતાનું કામ કરવાની આજ્ઞા કરતો હતો. ૫૧

तं प्रजासर्गरक्षायामनादिरभिषिच्यच ॥
युयोज युयुजेऽन्यांश्च सर्वे सर्व प्रजापतीन् ५१

ઇતિ શ્રી ભાગવત પુરાણના ચતુર્થ સ્કંધમાં "દક્ષોત્પત્તિ વર્ણન" નામનો ૩૦ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૩૧ મો.

નારદનાઉપદેશથી પ્રચેતાઓનો મોક્ષ અને દક્ષને રાજ્યની પ્રાપ્તિ.

॥ मैत्रेय उवाच ॥

तत उत्पन्न विज्ञाना आश्वधोक्षज भाषितम् ।
स्मरंत आत्मजे भार्यां विसृज्य प्राव्रजन् गृहात् ।

મૈત્રેય કહે છે—સંસારનાં સુખ ભોગવતાં હજારો વર્ષ વીતી ગયા પછી પ્રચેતાઓને જ્ઞાન ઉત્પન્ન થયું, અને ભગવાનનાં કહેલાં વચનો યાદ આવ્યાં, તેથી પોતાના પુત્રોને રાણીની સુપ્રત કરીને તેઓ તુરત ઘરનો ત્યાગ કરીને વનમાં ગયા. ૧ પશ્ચિમ દિશામાં સમુદ્ર કિનારે જાજલિ ઋષિ સિદ્ધ રહેતા હતા, ત્યાં જઇને સર્વ પદાર્થોમાં આત્મા છે, એવા જ્ઞાનયુક્ત બ્રહ્મ વિચાર કરવાનો તેઓએ સંકલ્પ કર્યો. ૨ મન, વચન, પ્રાણ અને દૃષ્ટિને વશ્ય કરી, દૃઢ આસન કરી, શરીરને શાન્ત તથા સરળ રાખી, પરબ્રહ્મમાં મન લગાડી તેઓ બેઠા, ત્યાં બ્રહ્માના પુત્ર દેવર્ષિ નારદ કે-જેની સ્તુતિ દેવતા અને દૈત્ય પણ કર્યા કરે છે, તે પધાર્યા. ૩ નારદજીને આવેલા જોઇ, તેઓએ ઉભા થઇ, પ્રણામ અને સત્કાર કર્યો, તથા વિધિ પૂર્વક પૂજન કર્યું, પછી સારી રીતે આસન ઉપર બેઠેલા નારદ મુનિને તેઓ પૂછવા લાગ્યા. ૪

પ્રચેતાઓ પૂછે છે—હે નારદજી ! આપે અહીં પધારીને અમને દર્શન આપ્યાં એ બહુજ સારૂં થયું. હે બ્રહ્મન્ ! સૂર્યની પેઠે આપ પણ જગતનો ભય દુર કરવા માટે ફરો છો. ૫ હે પ્રભુ ! ભગવાન્ સદાશિવ અને વિષ્ણુ ભગવાને અમને જે જ્ઞાન આપ્યું હતું, તે જ્ઞાન તો ઘરના પ્રસંગથી અમે ભૂલી ગયા છીએ, માટે અમને તે સત્ય વસ્તુને દેખાડનારૂં જ્ઞાન આપો કે જેથી અમે આ દુસ્તર ભવસાગરને વગર પ્રયાસે તરી જઈએ ૬-૭

મૈત્રેય કહે છે—આ રીતે પ્રચેતાઓએ પ્રાર્થના કરી, ત્યારે મહાકીર્તિવાળા અને ભગવાનમાંજ ચિત્તવાળા નારદ મુનિ તેઓને આવી રીતે કહેવા લાગ્યા. ૮

નારદજી કહે છે—હે મહારાજ ! આ જગતમાં જેનાથી જગતના આત્મા ભગવાનની સેવા બની શકે, તેજ મનુષ્યોનાં જન્મ, કર્મ, આયુષ્ય, મન અને વચન સફળ જાણવાં, કારણકે તે વગર બીજું સર્વ વ્યર્થ છે. ૯ કદાચ પોતાના સ્વરૂપને દેનારા ભગવાનની સેવા અને તેનું જ્ઞાન થઇ શકે, તો શૌકલ (શુદ્ધ માતા પિતાથી જન્મ), સાવિત્ર (યજ્ઞોપવિતથી થતો બીજો જન્મ) અને યાજ્ઞિક (યજ્ઞની દીક્ષા લેવાથી થતો ત્રીજો જન્મ) એ ત્રણ પ્રકારના જન્મોથી પણ શું થયું ? અને વેદ વિહિત કર્મ કરવાથી પણ શું ? અને દેવતા જેટલું મોટું આયુષ્ય હોય તો પણ શું? ૧૦ શાસ્ત્રોનું શ્રવણ, તપ, વાણીનો વિલાસ, સામર્થ્ય, નિપુણતા, બુદ્ધિ, બળ, ઇન્દ્રિયોનું સામર્થ્ય, પ્રાણાયામ આદિ યોગ, *સાંખ્ય, જ્ઞાન, સંન્યાસ, વેદાધ્યયન અને બીજાં વ્રત તથા વૈરાગ્ય આદિ અનેક સાધનોનું પણ શું પ્રયોજન છે ? ૧૧-૧૨ સર્વ ફળોમાં મુખ્ય અને છેવટનું ફળ કેવળ આત્માજ છે, કારણ કે બીજા સર્વ પદાર્થ કેવળ આત્માને માટે હોવાથી પ્રિય લાગે છે, સર્વ પ્રાણીઓમાં જે આત્મા છે, તેજ ભગવાન્ છે કે-જે ભગવાન્ અવિદ્યાને દુર કરી સ્વરૂપને પ્રકાશિત કરે છે, અને પરમાનંદ રૂપ હોવાથી પ્રિય છે, માટેજ ભગવાનની સેવા અને તેનું જ્ઞાન થાય તો સર્વ સફળ છે. ૧૩ જેમ વૃક્ષના મુળમાં જળ સીંચવાથી ઝાડની શાખાઓ, ડાળીઓ, તથા નાની નાની ડાળીઓ ફુલ તથા પાંદડાં આદિ તૃપ્ત થાય છે, તથા જેમ પ્રાણને ભોજન આપવાથી સર્વ ઇન્દ્રિયો તૃપ્ત થાય છે, તેમ ભગવાનનું પૂજન કરવાથી સર્વ દેવતાઓનું પૂજન થઇ જાય છે. ૧૪ સર્વનું મુળ ભગવાનજ છે; કારણ કે જેમ વર્ષા ઋ-

* જડ પદાર્થોથી આત્મા જુદો એમ સમજવું તે સાંખ્ય જ્ઞાન, જો કે આ જ્ઞાન ઉત્તમ છે; તોપણ બ્રહ્મ જ્ઞાન વિના તે વ્યર્થ છે; કારણ કે બ્રહ્મ એજ આત્મા છે.

તુમાં સૂર્યમાંથી પાણી ઉત્પન્ન થાય છે, અને ગ્રીષ્મ ઋતુમાં પાણું સૂર્યમાંજ લીન થાય છે, અને સ્થાવર–જંગમ પદાર્થ જેમ પૃથ્વીમાંથીજ ઉત્પન્ન થાય છે, અને પાછા પૃથ્વીમાંજ લીન થઇ જાય છે, તેમ આ સર્વ સૃષ્ટિનો પ્રપંચ ભગવાનમાંથીજ ઉત્પન્ન થાય છે, અને પાછો તેમાંજ લીન થાય છે. ૧૫ આ જગત પરમાત્માનું સર્વ ઉપાધિ રહિત સ્વરૂપ છે. કારણ કે તેમનાથી ઉત્પન્ન થયું છે, તેથી તેમનાથી જુદું નથી, સૂર્યની કાન્તિ જેમ સૂર્યથી જુદી નથી, તેમ જગત પરમાત્માથી જુદું નથી. આકાશમાં જેમ કોઇ સમયે ગંધર્વ નગર જોવામાં આવે છે, તેમ પરમાત્મામાં જગત કોઇ સમય અર્થાત્ સ્વરૂપાજ્ઞાન રહે ત્યાં સુધી દેખાય છે, જેમ જાગ્રતઅવસ્થામાં સર્વ ઇન્દ્રિયો સ્પષ્ટ દેખાય છે; પરંતુ સુષુપ્તિમાં તેમાંનું કાંઇ પણ દેખાતું નથી, તેમ અજ્ઞાન કાળમાં જગત દેખાય છે, પણ જ્ઞાનકાળમાં તેનો કાંઇ પત્તો જણાતો નથી. પંચભૂત, ઇન્દ્રિયો અને ઇન્દ્રિયોના દેવતા આદિના આ ભેદભ્રમ ભગવાનના સ્વરૂપમાંથીજ ઉત્પન્ન થયેલા છે, તેથી ભગવાનના સ્વરૂપનું જ્ઞાન થવાથી આ સર્વ ભ્રમ ટળી જાય છે. ૧૬ હે પ્રચેતાઓ! આકાશમાં જેમ વાદળાં, અંધકાર અને પ્રકાશ જોવામાં આવે છે, અને પછી લીન થઇ જાય છે, એ પ્રમાણે પરબ્રહ્મમાં એ ×રજોગુણ, તમોગુણ અને સત્વગુણ જોવામાં આવે છે, અને તે પાછા લીન થઇ જાય છે, એ પ્રમાણે આ જગતનો પ્રવાહ છે. ૧૭ માટે સર્વ પ્રાણી માત્રના અધિષ્ઠાન રૂપ ભગવાન કે જે કાળ, પ્રકૃતિ તથા પુરૂષ રૂપ હોવાથી સર્વના કારણ છે, તથા જેના સ્વરૂપનું જ્ઞાન થવાથી પ્રવાહ કયાંય જોવામાં આવતો નથી, તે પરમેશ્વરને પોતાનાથી જુદા નહી જાણતાં અપરોક્ષ રીતથી ભજો. ૧૮ સર્વ પ્રાણી માત્ર ઉપર દયા રાખવાથી જે કાંઇ મળે, તેથી સંતોષ રાખવાથી, અને સર્વ ઇન્દ્રિયોને શાન્ત રાખવાથી ભગવાન તુરત પ્રસન્ન થાય છે. ૧૯ લોક ધન તથા પુત્રની તૃષ્ણા ટળી જવાથી, નિર્મળ થયેલાં અંતઃકરણમાં નિરંતર વૃદ્ધિ પામતી ભક્તિથી, આવાહન કરી બોલાવેલા, અને પોતાનું ભક્તાધીનપણું પ્રકટ કરતા, ભગવાન ભક્તોના હૃદયમાંથી હૃદયના આકાશના સમાન ખસી જતા નથી. ૨૦ અકિંચન છતાં પણ પોતાનેજ (ભગવાન) ધન રૂપ માનનારા, ભક્તો ઉપર પ્રીતિ રાખનારા, અને ભક્તિ રસને જાણનારા ભગવાન, દુર્બુદ્ધિ લોક કે–જે શાસ્ત્રાભ્યાસ, ધન, કુળ અને કર્મના અભિમાનથી નિષ્કિંચન મહાત્મા પુરૂષોનો તિરસ્કાર કરે છે, તેની પૂજાનો પણ સ્વીકાર કરતા નથી ૨૧ પોતે પૂર્ણકામ છતાં પણ, પોતાના દાસજનને આધીન રહેનારા ભગવાન પોતાની ઇચ્છા પ્રમાણે વર્તતી લક્ષ્મીને ઇચ્છનારા રાજાઓનું તથા દેવતાઓનું પણ દાન વર્ગ માટે અપમાન કરે છે, તે ભગવાનને કૃતજ્ઞ પુરૂષ શી રીતે છોડી શકે? ૨૨

મૈત્રેય કહે છે—હે વિદુર! એ રીતે બ્રહ્માના પુત્ર નારદજી પ્રચેતાઓને આ આખ્યાન અને ધ્રુવ ચરિત્ર આદિ બીજી પણ કથાઓ સાંભળાવીને બ્રહ્મ લોકમાં પધાર્યા. ૨૩ પ્રચેતાઓ પણ નારદના મુખથી જગતના મળને મટાડનારી ભગવાનની કીર્ત્તિ સાંભળીને ભગવાનનાં ચરણનું ધ્યાન કરતા થકા મોક્ષ પામ્યા. ૨૪ હે વિદુર! જેમાં ભગવાનનું વર્ણન છે, એવું પ્રચેતા તથા નારદના સંવાદ રૂપ આખ્યાન જે તમે મને પૂછ્યું હતું, તે મેં તમને કહ્યું. ૨૫

શ્રી શુકદેવજી કહે છે—હે રાજા! આ પ્રમાણે સ્વાયંભૂવ મનુના પુત્ર ઉત્તાનપાદ રાજાના વંશ તમારી પાસે મેં કહ્યો, હવે પ્રિયવ્રતનો વંશ કહું છું તે સાંભળો. ૨૬ પ્રિયવ્રત રાજા નારદજી પાસેથી બ્રહ્મવિદ્યા શીખી પૃથ્વીનું રાજ્ય કરીને અંતે આ પૃથ્વી પોતાના પુત્રોને વેહેંચીને પરમેશ્વરના પદને પામ્યો હતો. ૨૭ મૈત્રેયે કહેલી ભગવાનનાં

× રજોગુણથી જગતની સૃષ્ટિ, તમોગુણથી જગતનો પ્રલય અને સત્વગુણથી જગતની સ્થિતિ રહે છે.

ચરિત્ર સંબંધી આ પવિત્ર કથા સાંભળી, ભક્તિની વૃદ્ધિના પ્રભાવથી આંખમાં આવેલાં આંસુથી વ્યાકુળ થયેલા વિદુરજીએ મહામુનિ મૈત્રેયનાં ચરણ પોતાને માથે અને ભગવાનનાં ચરણ પોતાના હૃદયમાં ધારણ કર્યાં. ૨૮

વિદુરજી કહે છે-હે મહાયોગી મૈત્રેયજી! આપ કૃપાળુએ કૃપા કરી મને અજ્ઞાનથી પાર કર્યો કે-જેથી વિરક્ત પુરૂષોને પ્રાપ્ત થનારા ભગવાન્ વાસુદેવના સ્વરૂપનું મને જ્ઞાન થયું છે. ૨૯

શ્રી શુકદેવજી કહે છે—હે પરીક્ષિત રાજા! શાન્ત અન્તઃકરણવાળા વિદુરજી આ પ્રમાણે મૈત્રેયજીને પ્રણામ કરી, તેમની આજ્ઞા લઇને પોતાના બન્ધુજનોનાં દર્શનની ઇચ્છાથી હસ્તિનાપુર ગયા. ૩૦ હે રાજન્! શ્રી કૃષ્ણચંદ્ર આનન્દકન્દના ચરણારવિન્દમાં જેનું ચિત્ત લાગી રહ્યું છે, એવા રાજાઓનું ચરિત્ર જે સાંભળે છે, તે આયુષ્ય, ધન, યશ, કલ્યાણ અને ઐશ્વર્યને પામે છે, કારણ કે તે રાજા પરમ ભક્ત હતા, અને નિરંતર ભગવાનના સ્વરૂપનું ધ્યાન કરતા હતા, અને તેનેજ વેદનો સાર સમજી, સંસારને સ્વપ્ન સમાન જાણતા હતા, એ માટે જે હરિના ભક્ત છે, તેને આ સંસારમાં ધન્ય છે. ૩૧

एतद्यः शृणुयाद्राजन् राज्ञां हर्यर्पितात्मनाम् ॥ आयुर्धनं यशःस्वस्ति गतिमैश्वर्यमाप्नुयात् ॥ ३१ ॥

ઇતિ શ્રી અઢાર હજાર સંહિતારૂપ મહાપુરાણ ભાગવતના ચતુર્થ સ્કંધમાં "પ્રચેતાઓનું આખ્યાન વર્ણન" નામનો ૩૧ મો અધ્યાય સંપૂર્ણ.

શ્રીમદ્ ભાગવતનો ચતુર્થ

સ્કંધ સંપૂર્ણ.

चतुर्थ स्कंध संपूर्ण.

श्रीमद्

भागवतभाषान्तर.

पंचम स्कंध.

पंचमस्कंध.



श्रीमद्

भागवत भाषांतर.

पंचम स्कंध.

અધ્યાય ૧ લો.

પ્રિયવ્રત રાજાએ કરેલું રાજ્ય.

॥ राजोवाच. ॥

प्रियव्रतो भागवत आत्मारामः कथं मुने।
गृहे रमत यन्मूलः कर्मबंधः पराभवः ॥ १ ॥

પરીક્ષિત્ રાજા પૂછે છે—હે મુનિરાજ! પ્રિયવ્રત રાજા ભગવાનના પરમ ભક્ત અને આત્મારામ હતા, છતાં તે ઘરમાં શા માટે રહ્યા? કારણકે ઘરથી તો કર્મનું બંધન અને સ્વસ્વરૂપનો પરાભવ થાય છે. ૧ હે વિપ્રવર! એવા મુક્તસંગ પુરૂષોને ઘરમાં આસક્તિ થવી સંભવે નહિ. ૨ કારણકે, હે વિપ્રર્ષિ! જે મહાન પુરૂષો ઉત્તમશ્લોક ભગવાનના ચરણારવિન્દની છાયાથી સદા શાંત ચિત્ત વાળા છે, તેઓની કદિ પણ કુટુંબમાં લાલસા યુક્ત બુદ્ધિ થતી નથી. ૩ હે બ્રહ્મન્! સ્ત્રી, પુત્ર, અને ઘર આદિમાં આસક્તિ વાળા પ્રિયવ્રત રાજાની ભગવાનમાં આવી અખંડિત ભક્તિ થઇ મુક્તિ થઇ એ વિષે મને સંદેહ છે. ૪

શ્રીશુકદેવજી કહે છે—તમે કહ્યું તે ખરૂં છે. પરંતુ પ્રિયવ્રત રાજાને ઘર વિગેરેમાં આસક્તિ થઇ નહોતી, ઉત્તમશ્લોક ભગવાનના ચરણારવિન્દના રસમાં જેનું મન આસક્ત થયું છે, તેને કાંઇ પણ વિઘ્ન આવે તો તે ટળી જાય છે. વળી તેઓ ભગવદ્‌ભક્તરૂપ પરમહંસ લોકપ્રિય શ્રીહરિની કથા રૂપ પોતાનો કલ્યાણમય માર્ગ તજતા નથી. ૫ હે રાજા! ભગવાનનો પરમભક્ત તે રાજપુત્ર પ્રિયવ્રત નારદજીના ચરણની સેવાથી અનાયાસે આત્મતત્વને યથાર્થ રીતે જાણી ગયો હતો, તેણે નિરંતર સમાધિયોગથી સર્વ ઇન્દ્રિયોનો ક્રિયાકલાપ કેવળ વાસુદેવ ભગવાનને અર્પણ કર્યો હતો, એ માટેજ અધ્યાત્મજ્ઞાનને માટે તે દિક્ષા લેવા ઇચ્છતો હતો. એટલામાં તેના પિતા સ્વાયંભુવ મનુએ તેને પૃથ્વીનું રાજ્ય કરવા માટે આજ્ઞા કરી. જો કે પિતાની આજ્ઞાનો ભંગ કરવો એ યોગ્ય નથી; તો પણ રાજ્યાધિકારમાં મિથ્યાભૂત રાજ્યના પ્રપંચથી, પોતાના પરાભવનો શોચ કરી, તેણે રાજ્ય કરવાની જરા પણ ઇચ્છા રાખી નહિ. ૬ હે રાજન્! પછી આ ગુણમય સૃષ્ટિને વધારવાની ઇચ્છાથી જે સઘળા જગત્‌ના અભિપ્રાયને જાણે છે, એવા આદિ દેવ ભગવાન્ સ્વયંભુ બ્રહ્મા, સર્વ મૂર્ત્તિમાન્ વેદ અને પોતાના મરીચિ આદિ પ્રજાપતિયોને સાથે લઇ, પોતાના સત્યલોકથી નીચે ઉતર્યા. ૭ તે બ્રહ્મા જેમ ગગન મંડળમાં ચંદ્રમા પ્રકાશે છે, તેમ પ્રકાશતા, જ્યાં ત્યાં માર્ગમાં સ્થળે સ્થળે વિમાનોની હારો ને હારોમાં બેઠેલા ઉત્તમ ઇન્દ્રાદિક દેવતાઓની કરેલી પૂજાનો અંગિકાર કરતા અને સિદ્ધ, ગંધર્વ, સાધ્ય, ચારણ અને મુનિજનોથી ગવાતા યશને સાંભળતા, ગંધમાદન પર્વતની ગુફાને પ્રકાશમાન કરતા, પ્રિયવ્રત રાજાની પાસે આવ્યા. ૮ હંસ ઉપર બેસી પધારેલા પોતાના પિતા ભગવાન્ બ્રહ્માને જોઇ નારદજી, સ્વાયંભુવ મનુ તથા પ્રિયવ્રત સહિત ઝટ ઉઠી ઉભા થયા, અને હાથ જોડી સ્તુતિ કરવા લાગ્યા. ૯ હે પરીક્ષિત્ રાજા! નારદે યથાયોગ્ય વાણીથી બ્રહ્માના ગુણગણો,

અવતારો અને સર્વોત્કર્ષનું અતિશય વર્ણન કરી, જે ભેટ અર્પણ કરી તેનો કૃપાદૃષ્ટિથી સ્વીકાર કરો, ભગવાન્ આદિપુરૂષ બ્રહ્માએ હાસ્ય સહિત કૃપાદૃષ્ટિથી અવલોકન કરી પ્રિયવ્રતને આ પ્રમાણે કહ્યું. ૧૦

બ્રહ્મા કહે છે—હે તાત ! હું જે આ સત્યવચન કહું છું તે સાંભળ. પ્રવૃત્તિનિષ્ઠ મારાં વચનને પ્રતિકૂળ માનીને મારામાં દોષારોપણ ન કરવો; કારણ કે મારા મુખથી અપ્રમેય પ્રભુજ તને આજ્ઞા કરે છે, કે-જે પરમેશ્વરની આજ્ઞાને હું (બ્રહ્મા) મહાદેવ, આ તારો બાપ, તારો આ ગુરૂ મહર્ષિ નારદ, એ સર્વ પરતંત્ર થઇને ધારણ કરે છે. ૧૧ કોઇ પણ દેહધારી પુરૂષ તપ, વિદ્યા, યોગબળ, બુદ્ધિ, ધર્મ તથા અર્થ આદિ કોઇપણ સાધનથી પોતે કે કોઇ બીજાના આશ્રયવડે પરમેશ્વરની આજ્ઞા તોડી શકતો નથી. ૧૨ હે પ્રિયવ્રત ! જન્મ, મરણ, કર્મ શોક, મોહ, ભય, સુખ અને દુઃખને માટે પ્રભુએ જે આ શરીર આપ્યું છે તેને આ જીવ સમૂહ પ્રભુની ઇચ્છા પ્રમાણે સદા ધારણ કરે છે, પ્રભુની ધારણામાં પ્રાણી ફેરફાર કરી શકતો નથી. ૧૩ હે પુત્ર ! જેમ દેહ ધારણ કરવામાં પરાધીન છીએ તેમ કર્મ કરવામાં પણ પરાધીન છીએ, કારણ કે જેની વેદ લક્ષણા વાણીરૂપ રજ્જુમાં અત્યંત દૃઢ એવા ગુણ, કર્મ વડે મજબૂત બંધાઇ ગયા છીએ; અર્થાત્ બ્રાહ્મણાદિકની જાતિઓમાં દૃઢ અભિમાન કરી બેઠા છીએ. અને એમ સર્વ જેમ નાથેલો બળદ તેના ધણીની ઇચ્છા પ્રમાણે કામ કરેછે, તેમ આપણે સર્વ પરમેશ્વરની ઇચ્છા પ્રમાણે કર્મ કરીએ છીએ. ૧૪ હે વત્સ ! કામ કરવામાં જેમ પરાધીન છીએ; તેમ ભોગ ભોગવવામાં પણ પરાધીન છીએ. ભગવાન ગુણ તથા કર્મ પ્રમાણે મનુષ્ય, પશુ, પક્ષી આદિ યોનિ આપે છે, તેનો સ્વીકાર કરીને, પોતાના સુખ દુઃખને ભોગવ્યા કરીએ છીએ. જેમ દેખતો માણસ આંધળાને તડકામાં લઇ જાય, અથવા છાયામાં લઈ જાય, પણ જ્યાં લઇ જાય છે ત્યાં તેને જવુંજ પડે છે, એ પ્રમાણે પરમેશ્વર જેવું કરવા માગે છે, તેવુંજ અમારે કરવું પડે છે. ૧૫ દૈવઇચ્છાએ કર્મભોગ કેવળ અજ્ઞાનીઓને માટેજ નથી, પણ જ્ઞાનીને પણ તેની (ઇશ્વરની) ઇચ્છા પ્રમાણે ભોગવવાં પડે છે, ગમે તો મુક્તદશા થઇ જાય: તો પણ જ્યાં સુધી પ્રારબ્ધ કર્મ રહેશે, ત્યાં સુધી આપણને દેહ તો અવશ્ય ધારણ કરવોજ પડશે: પરંતુ જેમ જાગ્રત અવસ્થામાં, સ્વપ્નામાં જોયેલા પદાર્થનું કેવળ સ્મરણ માત્ર રહે છે, પરંતુ તેમાં અભિમાન રહેતું નથી, તેમ તે દેહ વિદ્યમાન રહેવા છતાં પણ અભિમાન ન રહેવાથી જીવનમુક્તને બીજા દેહની પ્રાપ્તિ માટે ગુણ, કર્મ અને વાસના સંબંધી બંધન થતું નથી. ૧૬ જે અસાવધાન થઈ રહેશે તેને તો વનમાં પણ ભય અવશ્ય થશેજ: કારણકે પાંચ ઇન્દ્રિય, અને છઠ્ઠું મન તથા બુદ્ધિરૂપ શત્રુ તો તેની સાથેજ છે, અને જે આત્મારામ જ્ઞાની ગૃહસ્થાશ્રમમાં પણ રહેશે, અને ઇન્દ્રિયરૂપ શત્રુઓને વશ્યમાં રાખશે તો તેનો ગૃહસ્થાશ્રમ શું ખરાબ કરી શકશે? નહિજ. ૧૭ જે મનુષ્ય ઇન્દ્રિય રૂપ શત્રુનો પરાજય કરવા ઇચ્છે, તે પ્રથમ ગૃહસ્થાશ્રમમાં રહીને, તેને જીતવા માટે યત્ન કરે, અને જ્યારે તે ઇન્દ્રિય રૂપ શત્રુ ક્ષીણ થઇ જાય, ત્યારે તે વિદ્વાન ગમે તો ઘરમાં રહે, અથવા બીજે સ્થળે વિચરે; કારણકે જે કિલ્લામાં રહે છે, તે મહા બળવાન્ શત્રુને પણ જીતી શકે છે. જ્યારે શત્રુ પોતાના સ્વાધીન થઈ જાય, ત્યારે ગમે તો કિલ્લામાં રહે કે બીજે સ્થળે રહે. ૧૮ ઘરરૂપ કિલ્લાનો આશ્રય પ્રાકૃત પુરૂષોને માટે છે, અને તું તો કમળનાભ ભગવાનના ચરણ કમળના કોશ રૂપી કિલ્લાનો આશ્રય લઇ, છ શત્રુઓને જીતી, પ્રથમ તો પરમેશ્વરના આપેલા આ લોકના ભોગ ભોગવ, પછી મુક્તસંગ થઇ, ખુશીથી આત્મનિષ્ઠ થઇ જજે. ૧૯

શ્રી શુકદેવજી કહે છે—એ પ્રમાણે ભગવાનના પરમભક્ત પ્રિયવ્રતને ત્રણ લોકના ગુરૂ બ્રહ્માએ કહ્યું, ત્યારે તેણે ડોક નીચી કરી,

'જેવી આજ્ઞા' એમ કહી, બહુ માનપૂર્વક અંગિકાર કરી. ૨૦ પછી સ્વાયંભુવ મનુએ સંતોષ પામી પોતાના પિતા બ્રહ્માની યથાર્થ રીતિથી પુજા કરી, પ્રિયવ્રત રાજાને 'હું યોગથી ભ્રષ્ટ થઇશ' એવી ફિકરથી બ્રહ્મા ઉપર રીસ ચઢી નહિ. તેમ નારદને 'મારો શિષ્ય ગયો' એવો શોક પણ ન થયો. બન્ને જણ સમદ્રષ્ટિથી બ્રહ્માને જોતા હતા, પછી વ્યવહારથી ખિન્ન થયેલા, બ્રહ્મા નિર્ગુણ સ્વરૂપનું ધ્યાન કરતા, મન તથા વાણીયાં અગોચર, પોતાને બિરાજવાનું ઉત્તમ સ્થાન, જે સત્યલોક ત્યાં ગયા. ૨૧ બ્રહ્માએ આ પ્રમાણે જેના મનોરથ પૂર્ણ કરેલ છે, તે મનુ પણ નારદની સંમતિથી પોતાના પુત્રને સમગ્ર ભૂમંડળની સ્થિતિ અને રક્ષાને માટે રાજ્યાભિષેક કરી પોતે મહા વિષમ વિષયરૂપ વિષના તળાવરૂપ ઘરની વાસનાનો ત્યાગ કરી વિરામ પામ્યા. ૨૨ સઘળા જગતનાં બંધન કાપનારો જેનો મહા પ્રતાપ છે. એવા આદિ પુરૂષ ભગવાનનાં ચરણારવિંદનું નિરંતર ધ્યાન કરવાના પ્રભાવથી જેના રાગાદિ મળ ભસ્મ થઈ ગયા છે, તેથીજ પરમ શુદ્ધ અને મહત્પુરૂષોના, માનને વધારનારા પૃથ્વીપતિ પ્રિયવ્રત કે-જેને આ પ્રકારે ઇશ્વરની ઇચ્છાથી કર્મ કરવાનો અધિકાર મળ્યો છે. તે પૃથ્વીનું પાલન કરવા લાગ્યો. ૨૩ ત્યારપછી તેણે વિશ્વકર્મા નામના પ્રજાપતિની કન્યા બર્હિષ્મતી સાથે લગ્ન કર્યું, તેમાં તેણે પોતાના સમાન શીળ, ગુણ, કર્મ, રૂપ અને પરાક્રમથી ઉદાર દશ પુત્ર ઉત્પન્ન કર્યા, અને સવથી નાની ઉર્જસ્વતી નામની એક કન્યા ઉત્પન્ન કરી. ૨૪ આગ્નીધ્ર, ઇધ્મજીહ્વ, યજ્ઞબાહુ, મહાવીર, હિરણ્યરેતા, ઘૃતપૃષ્ઠ, સવન, મેધાતિથિ, વિતિહોત્ર અને કવિ એ નામના સર્વ અગ્નિના નામવાચક દશ પુત્રો થયા. ૨૫ એમાંના કવિ, મહાવીર અને સવન એ ત્રણ પુત્ર તો નૈષ્ટિક બ્રહ્મચારી થયા; કારણ કે બાલ્યાવસ્થાથીજ આત્મવિદ્યામાં એઓને ઘણો પરિચય હોવાથી તેમણે પરમહંસ આશ્રમને ધારણ કર્યો. ૨૬ તે પરમહંસાશ્રમમાંજ તે મહાજ્ઞાની રાજપુત્ર સ્વભાવે શાંત થઇને, સર્વ લોકના નિવાસ રૂપ, સંસારથી ભય પામેલા પ્રાણીઓને શરણ રૂપ વાસુદેવ ભગવાનનાં ચરણારવિંદની અખંડ ભક્તિ કરવા લાગ્યા. તેના પ્રભાવથી શુદ્ધ થયેલા અંતઃકરણમાં સર્વ પ્રાણીઓના આત્મારૂપ ભગવાન વાસુદેવ પ્રત્યક્ષ થયા હતા અને પોતાના દેહાદિની ઉપાધિથી રહિત થઇ, ભગવાન સાથે એકયતાને પામ્યા હતા. ૨૭ બીજી રાણીથી પણ મન્વન્તરોના અધિપતિ ઉત્તમ, તામસ, અને રૈવત એ ત્રણ પુત્ર ઉત્પન્ન થયા. ૨૮ આ પ્રમાણે શાન્ત પુત્રવાળા અને ઉદાર ચિત્તવાળા રાજાએ અગ્યાર *અર્બુદ વર્ષ સુધી પૃથ્વીનું રાજ્ય ભોગવ્યું. તે રાજા કેવો છે કે-જેણે અનાયાસે સર્વ પુરૂષાર્થને સિદ્ધ કરનારા બળથી પરિપૂર્ણ ભુજદંડ ખેંચેલી પણચના ટંકારથી યુદ્ધ કર્યા વગર સર્વ ધર્મના પ્રતિપક્ષી લોકોનો નાશ કર્યો હતો, તથા જે બર્હિષ્મતી રાણીના પ્રતિદિન વધતા જતા હર્ષથી, સામા ઉઠીને ઉભાં થવું, સ્ત્રી સ્વભાવ, લજ્જા, મન હરણ કરવું, હાસ્ય, અવલોકન અને સુંદર ઠઠ્ઠાહાંસી વિગેરે શૃંગારરસ ઉદ્દીપન થાય તે પ્રમાણે હાવભાવ દર્શાવવાથી જાણે વિવેક રહિત થઈ ગયો હોય એવો, એટલે કે જાણે વિષયાસક્તિથી આત્મસ્વરૂપને ભુલી ગયો હોય એવો દેખાતો હતો. ૨૯ સૂર્ય નારાયણ મેરૂ પર્વતને પ્રદક્ષિણા ફરતા લોકાલોક પર્વત સુધી પ્રકાશ કરેછે તો પણ પૃથ્વીના અરધા ભાગપર અજવાળું પડી અરધો ભાગ તો અંધકારમાંજ રહેછે. આ વાત ભગવાનની ઉપાસનાના પ્રભાવથી પુરૂષ શ્રેષ્ઠ બનેલા પ્રિયવ્રત રાજાને ગમી નહીં, તેથી રાત્રિને પણ દિવસ કરી દઉં, એવો વિચાર કરી, સૂર્યના સમાન વેગવાળો જ્યોતિર્મય રથ બનાવ્યો, અને તેમાં બેસી તે જાણે બીજો સૂર્ય હોય, તેમ સાતવાર સૂર્યની પાછળ પાછળ ચારે તરફ ફર્યો. ૩૦ તેના રથનાં પૈડાંની ધારથી પૃથ્વીમાં જે ચીલાઓ

* દશ કરોડનું એક અર્બુદ થાય છે.

પડી ગયા, તેથી સાત સમુદ્ર થયા, અને તે સમુદ્રોથી પૃથ્વીના સાત દ્વીપ થયાછે. ૩૧ જંબુદ્વીપ, પ્લક્ષદ્વીપ, શાલ્મલિદ્વીપ, કુશદ્વીપ, ક્રૌંચદ્વીપ, શાકદ્વીપ અને પુષ્કર દ્વીપ એ સાતે દ્વીપ ઉત્તરોત્તર એકએકથી પ્રમાણમાં બમણા છે, અને સમુદ્રની બહાર ચારે તરફ બનાવ્યા છે. ૩૨ [1]ક્ષારોદ, [2]ઇક્ષુરસોદ, [3]સુરોદ, [4]ઘૃતોદ, [5]ક્ષીરોદ, [6]દધિમંડોદ અને [7]શુદ્ધોદ, એ સાત સમુદ્ર સાતે દ્વીપોની ખાઇની પેઠે દ્વીપની બહારની તરફ તે તે દ્વીપની બરાબરના બનાવ્યા છે. એટલે પૃથ્વીના મધ્ય ભાગમાં એક લાખ યોજનનો જંબુદ્વીપ છે, તેની બહાર ખાઇની પેઠે એક લાખ યોજનનો ક્ષાર સમુદ્ર છે. તે ક્ષાર સમુદ્રની બહાર બે લાખ યોજનનો પ્લક્ષ દ્વીપ છે, તે પ્લક્ષ દ્વીપની બહાર બે લાખ યોજનનો ઇક્ષુરસોદ સમુદ્ર છે, એની બહાર ચાર લાખ યોજનનો શાલ્મલિ દ્વીપ છે, તેની બહાર તેટલોજ સુરોદ સમુદ્ર છે. એ પ્રમાણે સાતે દ્વીપ અને સાતે સમુદ્રો છે. આ જંબુદ્વીપ આદિ સાતે દ્વીપો બર્હિષ્મતીના પતિ રાજા પ્રિયવ્રતે પોતાના આજ્ઞાકારી આગ્નીધ્ર, ઇધ્મજીહ્વ, યજ્ઞબાહુ, હિરણ્યરેતા, ઘૃતપૃષ્ઠ, મેધાતિથિ અને વીતિહોત્ર નામના સાતે પુત્રોને એકએક દ્વીપમાં એકએકને રાજા બનાવ્યો. ૩૩ પ્રિયવ્રતને ઉર્જસ્વતી નામની પુત્રી હતી, તે શુક્રાચાર્યને પરણાવી હતી. તેનાથી તેને દેવયાની નામની પુત્રી ઉત્પન્ન થઇ હતી. ૩૪ ભગવાનના ચરણારવિન્દની રજના પ્રતાપે જેણે છ ઇન્દ્રિયો કિંવા છ ઉર્મિયો જીતી લીધી છે, તે ભક્ત લોકોનો આવો પુરૂષાર્થ થાય તે કાંઇ આશ્ચર્ય નથી; કારણકે ચાંડાળ પણ જો ભગવાનનું નામ એકવાર પણ જપે તો તે તેજ ક્ષણે સંસારના બંધનથી મુકત થઇ જાય છે. ૩૫ આ પ્રમાણે અતુલ બળ તથા પરાક્રમ વાળો પ્રિયવ્રત રાજા એક સમય નારદજીના ચરણોની સેવા કરતાં કરતાં આવી પડેલા રાજ્ય પ્રપંચના સંબંધથી પોતાના આત્માને દુઃખી માનતો, મનમાં વૈરાગ્ય પામી આ પ્રમાણે વચન કહેવા લાગ્યો. ૩૬ અરેરે!!! મેં બહુજ ભુંડું કર્યું, હું ઇન્દ્રિયોને વશ થઇ, અવિદ્યાથી રચાયલા વિકટ વિષય રૂપ અંધારા કુવામાં પડયો, હવે વિષયોથી હું ધરાઇ રહ્યો છું, મને વારંવાર ધિક્કાર છે, જે હું આ સ્ત્રીનો ક્રીડામૃગ (વાનર) થઇ રહ્યો. આ પ્રમાણે પોતે પોતાની બહુ નિન્દા કરી. ૩૭ આ પ્રમાણે ભગવાનની કૃપાથી વિવેક પ્રાપ્ત થતાંજ તે પોતાને અનુકૂળ રહેતા પુત્રોને ભાગ પ્રમાણે પૃથ્વી વહેંચી આપી ચક્રવર્ત્તિ રાજ્યની સંપત્તિ સુદ્ધાં પોતાની રાણીનો પણ મૃતક શરીરની પેઠે ત્યાગ કરી, મનમાં વૈરાગ્યને ધારણ કરી, ભગવાનની લીલાના પ્રભાવથી હૃદયમાં પક્કો નિશ્ચય કરી, નારદજીના ઉપદેશેલા માર્ગ પ્રમાણે વર્ત્તવા લાગ્યો. ૩૮ પ્રિયવ્રતના મહિમાના સંબંધમાં લોકો આ શ્લોક બોલે છે. ૩૯

प्रियव्रतकृतं कर्म को नु कुर्याद्विनेश्वरम् ॥
यो नेमिनिम्नैरकरोच्छायां घ्नन्सप्तवारिधीन्॥

ભગવદ્ભક્ત પ્રિયવ્રત રાજાએ સૂર્યની છાયા મટાડવા માટે પોતાના રથનાં પૈડાંના ચીલાઓથી સાત સમુદ્ર ઉત્પન્ન કર્યા, તે પ્રિયવ્રતના કરેલાં કર્મની બરાબરી પરમેશ્વર વગર બીજો કોણ કરી શકે તેમ છે? ૪૦

भूसंस्थानं कृतं येन सरिद्गिरिवनादिभिः ॥
सीमा च भूत निर्वृत्यै द्वीपे द्वीपे विभागशः ॥

જેણે લોકોના વિવાદ મટાડવા દ્વારા સુખ કરવા માટે દ્વીપોથી પૃથ્વીના વિભાગ કર્યા, અને દ્વીપ દ્વીપમાં નદિયો, પર્વત અને વન આદિથી સીમા બાંધી, અને ભગવદ્ભક્ત જેને પ્રિય છે, તથા ભગવદ્ભકતોને જે પ્રિય છે એવા પ્રિયવ્રત રાજાએ પાતાળ, સ્વર્ગ અને મનુષ્ય લોકને કર્મજ વૈભવ અને યોગજ વૈભવ એ બેને નરક સમાન ગણ્યા હતા, તેની બરાબરી કોણ કરી શકે તેમ છે? ૪૧

૧ ખારા પાણીનો. ૨ શેરડીના રસનો. ૩ મદિરાના રસનો. ૪ ઘીનો. ૫ દૂધનો. ૬ દહિનો. ૭ મીઠાં પાણીનો.

भौमं दिव्यं मानुषं च महित्वं कर्म योगजम् ॥
यश्चक्रे निरयौपम्यं पुरुषानुजन प्रियः ॥४१॥

ઇતિ શ્રી ભાગવત પુરાણના પંચમ સ્કંધમાં "પ્રિયવ્રત વિજય ભુવન કોશ વર્ણન" નામનો ૧ લો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૨ જો.

શ્રીપરતંત્ર પુરૂષોમાં પરમ માનનીય આગ્નીધ્ર રાજાનું ચરિત્ર.

શ્રી શુક ઉવાચ

एवं पितरि संप्रवृत्ते तदनुशासनेवर्त्तमान आग्नीध्रो जंबुद्वीपौकसः प्रजा औरस वद्धर्मा वेक्षमाणः पर्य गोपायत् ॥ १ ॥

શ્રી શુકદેવજી કહે છે—આ પ્રમાણે પ્રિયવ્રત રાજા પોતાના પુત્રને રાજ્ય આપી વનમાં ચાલ્યો ગયો, ત્યારે તેના આજ્ઞાકારી પુત્ર આગ્નીધ્ર રાજા જંબુદ્વીપની પ્રજાનું, ધર્મ પ્રમાણે ચાલીને પેટની પ્રજાની પેઠે પાલન કરવા લાગ્યો. ૧ પુત્રની ઇચ્છાવાળો તે આગ્નીધ્ર રાજા એકવાર પુષ્પાદિક પૂજાની સર્વ સામગ્રી તૈયાર કરીને, તપસ્વી બની, દેવાંગનાઓને ક્રીડા કરવાની ભૂમિ મંદરાચળ પર્વતની ગુફામાં બેસી, એકાગ્રચિત્તથી ભગવાન બ્રહ્માનું તપશ્ચર્યાવડે આરાધન કરવા લાગ્યો. ૨ આદિ પુરૂષ બ્રહ્માએ તેની તપશ્ચર્યાની વાત જાણીને પોતાની સભામાં ગાયન કરતી પૂર્વચિત્તિ નામની અપ્સરાને તે રાજાના સંભોગ માટે મોકલી. ૩ પૂર્વચિત્તિ અપ્સરા બ્રહ્માની આજ્ઞા પ્રમાણે ચાલી આગ્નીધ્ર રાજાના આશ્રમની પાસેના વનમાં ફરવા લાગી. તે ઉપવન અતિશય રમણીય હતું, ત્યાં અનેક જાતનાં વૃક્ષોની શાખાઓ ઉપર નાના પ્રકારની સુવર્ણની વેલીયો વિંટાઇ રહી હતી, તેના ઉપર અનેક પક્ષીઓ, મયૂર, અને કોયલાદિ પોતપોતાના જોડાં સાથે મધુર સ્વરથી ગાતાં હતાં, તેના કંઠનો સ્વર સાંભળીને હંસ, કારણ્ડવ વગેરે જળચર પક્ષીઓ પણ કમળોના વનમાં સાવધાન થઇ વિચિત્ર પ્રકારના શબ્દો કરી રહ્યાં હતાં, જેથી જાણે તળાવજ ગર્જના કરી રહ્યું હોય, એમ જણાતું હતું. ૪ તે અપ્સરા અત્યન્ત રમણીય રીતે ચાલતી હાવભાવ બતાવતી પગલાંભરતી હતી, અદ્ભુત ગતિવાળી તે અપ્સરાના પગલે પગલે તેના મનોહર ચરણોનાં ઘરેણાંના ખણખણાટ શબ્દ થવા લાગ્યા. એ શબ્દ આગ્નીધ્રે સાંભળ્યો, કે તુરતજ સમાધિમાં મીચેલાં નેત્રરૂપ બે કમળને જરા ઉઘાડી જોયું તો તે અપ્સરાને દીઠી. તેને જોતાંજ રાજકુમાર કામદેવને વશ્ય થઈ ગયો. હે રાજન્! અપ્સરાને જોઇને આગ્નિધ્ર રાજા કામવશ થઇ ગયો, એમાં કાંઇ આશ્ચર્ય નથી; કારણકે તે અપ્સરા તેના આશ્રમની પાસેજ મધુકરી (ભ્રમરી)ની પેઠે પુષ્પોનો વાસ લેતી હતી, અને દેવતા તથા મનુષ્યોનાં મન તથા નેત્રોને આનંદ આપનાર તેની લાજયુક્ત ગતિ, વિહાર તથા વિનયયુક્ત જોવું, મનોહર બોલવું, અને નેત્રાદિ અંગ મનને હરી લે એવાં હતાં. તે નેત્રાદિકો દ્વારા જાણે તે જોનારાની નસોમાં કામદેવને પ્રવેશ કરવાનાં દ્વાર કરી દેતી હતી, અને વળી તેના મુખથી અમૃત જેવા સ્વાદવાળાં અને આસવ સમાન માદકહાસ્ય સહિત વચનો ઝરતાં હતાં, તેની સાથે સુગંધવાન પવન જેવો શ્વાસ નિકળવાથી, તેની સુગંધથી ભમરાઓનાં ટોળાંને ટોળાં અંધ થઇ તેના વદનને ઘેરી રહ્યાં હતાં, એ મધુકરોના ભયથી તે ઉતાવળી ઉતાવળી પગલાં ભરતી હતી, તેથી તેના સ્તન, ચોટલો અને કટિમેખળા મનને હરી લે એવી રીતે હાલતાં હતાં, આવા તે અપ્સરાના હાવભાવ જોઇ, કોને આનંદ થતો નથી? તે અપ્સરાને જોઇને આગ્નીધ્ર કામદેવને વશ્ય થઇ ગયો, અને જડ જેવો બનીને આ પ્રમાણે કહેવા લાગ્યો. ૬ હે મુનીશ્વર! તમે કોણ છો? આ પર્વત ઉપર શું કરવા ઇચ્છા રાખો છો? તમે શું ભગવાનની માયા છો? હે સખા! તમે આ બે પણછ વગરનાં ધનુષ (ભ્રકુટિ) રાખેલાં છે

તે શું તમારે પોતાનેજ માટે છે? એ એનું તમારે શું કામ છે? અથવા મૃગતુલ્ય અજીતેન્દ્રિય મારા સરખા પુરૂષોને આ જંગલમાં શોધોછો? અર્થાત્ અમને વશ્ય કરવા માટે આ બે ધનુષ્યને ધારણ કરોછો? ૭ હે ભાઇ! તમારાં આ બે કટાક્ષ બે બાણરૂપ છે, કેમકે કમળરૂપ નેત્રજ તેનાં પીછાં છે. અહાહા!! એ બે વિભ્રમને માટે શાન્ત થઇ રહ્યાં છે, જો કે તેમાં પાંખ નથી; તોપણ તે પાંખ વગરનાં ઘણાં કઠિણ જોવામાં આવે છે, અને વળી તે બેનો આગલો ભાગ ઘણો ઉગ્ર છે, શું તેનો તમે પ્રયોગ કર્યા વગર શાન્ત નહિ થાઓ? તે પ્રયોગ કોના ઉપર કરવો ધારોછો! મારી સમજમાં તો કાંઈ આવતું નથી, અને ભયને લીધે હું જડ બની ગયો છું. માટે હું તમોને એટલીજ વિનંતિ કરૂંછું કે, આપનું આ પરાક્રમ (ફરવું) મારા સરખા જડ બુદ્ધિવાળાઓના કલ્યાણ માટે થાય તો બહુ સારૂં. ૮ હે ઇશ! આ (ભમરાઓ) શું બધા તમારા શિષ્ય છે? અને આપની ચારે કોર ફરી રહસ્યયુક્ત સામવેદ ભણે છે? અથવા ગાયન કરે છે? તમારા માથા ઉપરથી જે આ ફુલો વરસે છે તેને, જેમ રૂષિગણ વેદની શાખાઓનું સેવન કરે, તેમ સર્વ ભ્રમર સેવે છે. ૯ ઝાંઝરનો ઝમકાર સાંભળીને કહે છે કે—હે બ્રહ્મન્! તમારા બે ચરણમાં પેહેરેલાં બે ઝાંઝર રૂપી પાંજરાના અન્તર્ગત સર્વ રત્નરૂપી તેતરોના અત્યન્ત મનોહર શબ્દ હું સાંભળુંછું; પરંતુ તે બોલનારનું મુખ મને દેખાતું નથી. ત્યારપછી તે અપ્સરાનાં પીળાં પહેરવાના વસ્ત્રને નિતંબની કાન્તિ સમજી બોલ્યા કે—તમે તમારા સુંદર નિતંબ મંડળમાં આ કદંબનાં પુષ્પ જેવી કાન્તિ કયાંથી પામ્યા? મેખળાને જોઇ કહે છે કે અરે! જે કાન્તિ ઉપર બળતા ઉંબાડીઆઓએ આંટો લીધો છે, એવું દેખાય છે અને દીપમાળાના ચક્ર જેવું થઇ રહ્યું છે એવું આ શું છે? અને તમારૂં વલ્કલ વસ્ત્ર કયાં ગયું? ૧૦ પછી બે સ્તનો જોઇને કહે છે કે—હે દ્વિજ! આ બે સ્તનોના મધ્યમાં શું કોઇ મનોહર પદાર્થ આપે ભરી રાખ્યો છે? હું એ માટે પૂછુંછું કે—તમે મધ્ય ભાગમાંથી દુબળ થઇ અત્યન્ત કષ્ટથી જેને આપ ધારણ કરો છો, તે ભાવ જોઇ મને આ વાતનું અનુમાન થાય છે, અને જૂઓ મારી દૃષ્ટિ પણ એ બે ઉપર લાગી રહેલી છે. વળી બે સ્તન ઉપરનું કુંકુમ જોઇને પૂછે છે કે—આ તમારાં બે કુચ ઉપર આ અપૂર્વ અરૂણ રંગનો ગારો શી રીતે લાગી ગયો છે? જેથી મારો આ આશ્રમ સુગંધિત થયો છે. ૧૧ હે ઉત્તમ મિત્ર! તમે કયાં રહોછો? તે સ્થાન મને દેખાડો. મને જણાય છે કે-આપનું નિવાસસ્થાન બહુજ ચમત્કાર વાળું હશે. અહા! જ્યાંના રહેનારા લોકો મારા જેવા પુરૂષના મનને ક્ષોભ કરવા માટે આવા અપૂર્વ અવયવો (સ્તનો)ને છાતી ઉપર ધારણ કરે છે. આ બે અવયવોની સજાવટનું શું વર્ણન કરૂં? બંધુ! તમારા સ્થાનના રહેનારા કેવળ આ અપૂર્વ અવયવજ ધારણ કરતા નથી, પણ મુખમાં મધુર ભાષણ અને વિલાસ સહિત, સ્મિત, નૃત્યાદિક અને અદ્ભુત અધરામૃત પણ ધારણ કરે છે. ૧૨ હે સખા! આપને એક વાત પૂછુંછું, લોકોમાં તમે દેહ ધારણ કરવા માટે કઇ વૃત્તિનો આશ્રય લીધો છે, મને તો એવું જણાય છે કે-ભોજનથી તમારી જીવન વૃત્તિ નથી, ભોજન વગરજ તમે પ્રાણ ધારણ કરોછો. વળી તાંબૂલની સુગંધી જોઇને કહે છે કે—હે અંગ! જે ખાવાથી હવિના જેવી સુગંધી આવે છે, તેથી શું આપ વિષ્ણુની કળાછો? વિષ્ણુ ભોજન કરતા નથી, તો તમે તેના વંશમાં છો, તો પછી કયા પ્રકારે તમારે ભોજન કરવું સંભવે! હું કાંઇ મનથી કલ્પના કરીનેજ તમને વિષ્ણુના અંશ કહેતો નથી, પણ આ જે તમારા બે કાનમાં વિષ્ણુની પેઠે બે મકરાકૃત કુંડળ દીપી રહ્યાં છે, અને તેની પાસેજ નિમેષ શૂન્ય બે નયન શોભાનો વિસ્તાર કરી રહ્યાં છે, વળી તમારૂં આ મોઢું સરોવરના સમાન છે; કારણકે તેમાં બે નેત્ર બે ચંચળ મીનની પેઠે ક્રીડા કરી રહેલ

છે, અને મુખારવિંદમાં દાંતોની પંક્તિ રાજહંસોની પંક્તિના જેવી શોભી રહેલી છે, અને પરિમલ (સુગંધી)ના લોભી ભમરાનાં ટોળાં કેશકલાપની પાસે શોભી રહેલા છે. ૧૩ હે બન્ધુ ! તમે તમારા હસ્તકમળવડે જે આ દડાને વારંવાર આમતેમ ઉછાળોછો. તે દડો દિશાઓમાં ફરતો મારાં નેત્રને ચંચળ કરે છે. તમારો આ વાંકો, અંબોડો છૂટી ગયો છે, તેની તમે કેમ સંભાળ રાખતા નથી? તેમજ આ ધૂર્ત્ત લંપટ પવન તમારૂં નિચેનું વસ્ત્ર કાઢી નાંખે છે, તેની તમે કેમ સંભાળ રાખતા નથી ? ૧૪ હે તપોધન ! તમારૂં આ રૂપ-રંગ તપસ્વી લોકોનાં તપનો નાશ કરનાર છે. તમે શી રીતે તીવ્ર તપશ્ચર્યા કરીને આ અપૂર્વ રૂપ પામ્યા ? હે મિત્ર ! તમે અનુગ્રહ કરીને મારી સાથે તપ કરો; કારણકે ભગવાન બ્રહ્માએ મારા ઉપર પ્રસન્ન થઇ તમને મારી સ્ત્રી બનાવવા માટે મોકલ્યા છે કે શું ? ૧૫ મને એમ જણાય છે કે, ભગવાન બ્રહ્માએ તમને મારે માટેજ મોકલેલા છે. એ માટે હું તમને છોડીશ નહિ. તમારામાં મારી દૃષ્ટિ અને મન એવું લાગી ગયું છે કે— એક ક્ષણ પણ પાછું હઠતું નથી. હે સુંદર મુખવાળી ! બ્રહ્માએ આપેલી જે તું તેને હું કદિ વિસારનાર નથી. હે સુંદર શીંગડાંવાળી ! જ્યાં તમારી ઇચ્છા હોય, તે સ્થાનમાં મને લઈ જાઓ; કારણકે હું આપનેજ આધીનછું, અને તમારી આ સખીઓ મને અનુકૂળ થજો, અને મૃગલીઓ જતાં * જમણી તરફ ઉતરજો. ૧૬

શ્રી શુકદેવજી કહે છે—હે રાજન્ ! આગ્નીધ્ર રાજા દેવતાઓ સમાન બુદ્ધિમાન્ અને સ્ત્રીયોને મનાવવામાં પણ તે અતિ વિલક્ષણ તથા ચતુર હતો. આ પ્રમાણે તે આગ્નીધ્ર રાજાએ ગ્રામ્યજનોમાંની ચતુરતાવાળી પરિપૂર્ણ ભાષાદ્વારા તે પૂર્વચિત્તિ અપ્સરાનું સારી રીતે સન્માન કરી તેને મનાવી. ૧૭ અને તે રાજાને વીરોનોપતિ, અને તેની ઉત્તમ વિધા, બુદ્ધિ, અવસ્થા, શીલ, રૂપ, શ્રી અને ઉદારતા જોઇ પૂર્વચિત્તિ અપ્સરાનું ચિત્ત પણ તેનામાં લાગ્યું, અને દશ કરોડ વર્ષ સુધી જમ્બૂદ્વીપનાં અધિપતિ આગ્નીધ્ર રાજાની સાથે રહીને પૃથ્વીનું અને સ્વર્ગનું સુખ ભોગવ્યું. ૧૮ કાળક્રમથી તેના ગર્ભમાં રાજા આગ્નીધ્રથી નાભિ, કિંપુરૂષ, હરિવર્ષ, ઇલાવૃત, રમ્યક, હિરણ્યમય, કુરૂ, ભદ્રાશ્વ અને કેતુમાલ, એ નામના નવ પુત્રો ઉત્પન્ન થયા. ૧૯ તે પૂર્વચિત્તિ નામની અપ્સરા એકેક વર્ષે એકેક પુત્રના હિસાબે નવ વર્ષમાં નવ પુત્રોને ઉત્પન્ન કરીને, તેઓને ઘરમાંજ મૂકી પાછી બ્રહ્મા પાસે જઇને ઉભી રહી. ૨૦ હે રાજન્ ! આગ્નીધ્રને જે નવ પુત્ર થયા, તે પુત્રો માતાની કૃપાવડે સ્વાભાવિક રીતેજ મહાદૃઢ અંગવાળા અને બળવાન થયા. તેમના પિતા આગ્નીધ્રે તેઓને રાજ્ય ચલાવવાને યોગ્ય થયેલા જોઇ તે પુત્રોના નામવાળા નવ ખંડ કરી, જંબુદ્વીપનું રાજ બરાબર વિભાગ કરીને વહેંચી આપ્યું, પછી તેઓ પોતપોતાનો રાજ્યવૈભવ ભોગવવા લાગ્યા. ૨૧ આગ્નીધ્ર રાજા વિષયભોગથી તૃપ્ત થયો નહિ, તે સદા વિષય સુખનું સાધન કરવાનેજ ઉત્તમ માનતો હતો, તેથી તે વેદોક્ત કર્મ કરવાથી જ્યાં પિતૃ લોક આમોદ-પ્રમોદ કરે છે, અને જ્યાંની તે પૂર્વચિત્તિ અપ્સરા હતી, તે લોકમાં આગ્નીધ્ર રાજા ગયો. ૨૨ જ્યારે આગ્નીધ્ર રાજા પરલોકવાસી થયો, ત્યારે તેના નવ પુત્રો મેરૂની મેરૂદેવી, પ્રતિરૂપા, ઉગ્રદંષ્ટ્રી, લતા, રમ્યા, શ્યામા, નારી, ભદ્રા અને દેવવીતિ નામની નવ કન્યાઓ સાથે અનુક્રમે પરણ્યા. ૨૩

संपरेते पितरि नव भ्रातरो मेरुदुहितॄर्मेरुदेवीं प्रतिरूपा मुग्रदंष्ट्रीं लतां रम्यां श्यामां नारीं भद्रां देववीति मितिसंज्ञा नवोदवहन् ॥ २३ ॥

ઇતિશ્રી ભાગવતપુરાણના પંચમ સ્કંધમાં 'આગ્નીધ્ર ચરિત્ર વર્ણન' નામનો બીજો અધ્યાય સંપૂર્ણ.

---

* જતાં જમણાં ને વળતાં ડાબાં હરણ ઉતરે એ સારાં ગણાયછે.

અધ્યાય ૩ જો.

નાભિ રાજાના યજ્ઞમાંથી શ્રીહરિ ઋષભદેવ રૂપે પ્રગટ થયા.

॥ श्रीशुक उवाच ॥

नाभिरपत्य कामोऽप्रजया मेरुदेव्या भगवन्तं यज्ञपुरुषमवहितात्माऽयजत ॥

શ્રી શુકદેવજી કહે છે—હે પરીક્ષિત રાજા! નાભિ રાજાને કાંઇ સંતાન ન હતું, તેથી પુત્રની ઇચ્છાથી તેણે પોતાની સંતાન વગરની મેરૂદેવી સ્ત્રી સાથે એકાગ્રચિત્તે યજ્ઞ પુરૂષ ભગવાનનું યજન કરવા માટે યજ્ઞ આરંભ્યો. ૧ નાભિ રાજા શુદ્ધ ભાવ અને શ્રદ્ધાથી યજન કરતો હતો અને પ્રવર્ગ્ય નામનાં કર્મ થતાં હતાં તેથી, જો કે ભગવાન દ્રવ્ય, દેશ, કાળ, મંત્ર, ઋત્વિજ, દક્ષિણા અને વિધિ વગેરે ઉપાયો કર્યા છતાં મળવા દુર્લભ છે, તોપણ પોતાના ભક્તના મનોરથ પૂરા કરવાને તેમનું મન આકર્ષાયું. અને દયાળુ ભગવાને મન તથા નેત્રોને આનંદ આપે એવા મનોહર અવયવો વાળું સુંદર સ્વતંત્ર શરીર ધારણ કર્યું. ૨ એ પ્રગટ થયેલા ભગવાન ચાર ભુજાઓ વાળા, તેજોમય, પુરૂષોત્તમ, પીતાંબર ધારણ કરેલા, વક્ષઃસ્થળમાં શ્રીવત્સના ચિન્હ વાળા, શંખ, ચક્ર, ગદા, પદ્મ, વનમાળા અને કૌસ્તુભમણિ વગેરે ધારણ કરેલા અને ચળકતાં કિરણો વાળા ઉત્તમ મણિઓના મુગટ, કુંડળ, કડાં, કટિમેખળા, હાર, બાજુબંધ તથા નુપુર વગેરે આભૂષણોથી શણગારાયલા હતા, એવા ભગવાનનાં દર્શન કરી, જેમ નિર્ધન મનુષ્યને ધનનો ભંડાર મળવાથી તે પ્રસન્ન થાય તેમ પ્રસન્ન થઇ, ઋત્વિજ, સભાસદ અને યજમાન એ સર્વ ઘણાજ માનથી મસ્તક નમાવી પૂજા કરીને સ્તુતિ કરવા લાગ્યા. ૩

ઋત્વિજો સ્તુતિ કરેછે—હે પૂજ્ય! તમે પરિપૂર્ણ છો, તોપણ અમે દાસજનો સત્પુરૂષોની શિક્ષા પ્રમાણે તમારૂં પૂજન તથા નમસ્કાર કરીએ છીએ, તે તમે સ્વીકારો. સંસારમાં આસક્તિવાળો પુરૂષ તમો પરબ્રહ્મના સ્વરૂપને શી રીતે જાણી શકે? તમે પ્રકૃતિ પુરૂષથી પર છો, અને તમારાં રૂપ, નામ તથા આકાર અર્વાચીન છે. ૪ સર્વ પ્રાણીઓનાં દુઃખ ટાળનારા કલ્યાણકારી અને ઉત્તમ એવા તમારા ગુણોમાંથી માત્ર એક ગુણનુંજ વર્ણન થઇ શકે તેમ છે. ૫ હે પરમેશ્વર! ભક્તજનો મન અને વાણીથી પ્રીતપૂર્વક તમારી સ્તુતિ કરેછે, અને શુદ્ધ જળ, પાંદડાં, તુલસી, દુર્વાના અંકુર, વગેરે સામગ્રીથી પૂજા કરેછે, તો તેથી પણ તમે પ્રસન્ન થાઓછો. ૬ પરંતુ આ પુષ્કળ સામગ્રી વાળા યજ્ઞોથી તમારૂં પૂજન કરવામાં આવે છે, તેમ છતાં પ્રયોજન સિદ્ધ થતું હોય એમ અમને લાગતું નથી. ૭ હે નાથ! આપ તો સદા સ્વતઃસિદ્ધ સાક્ષાત્ પરમાત્મા પરમાનંદ સ્વરૂપ છો, માટે આપને યજ્ઞનું શું પ્રયોજન છે? તોપણ અમો કામનાવાળા ભક્તો યજ્ઞો વડે આપની આરાધના કરીએ છીએ. ૮ હે પુરૂષોત્તમ! અમે મૂઢજનો છીએ, તેથી ખરા કલ્યાણના માર્ગને જાણતા નથી, તોપણ આપે દયાળુ પણે અમને મોક્ષ આપવા માટે દર્શન આપ્યાં છે. આપ પૂજાની ઇચ્છા રાખતા નથી, તેમ છતાં જાણે તેની ઇચ્છા રાખતા હો તેમ આ યજ્ઞમાં પ્રગટ થયા છો. ૯ હે ભગવાન! તમે જોકે અમને વરદાન આપવાને પ્રગટ થયાછો, તોપણ રાજર્ષિ નાભિ રાજાના યજ્ઞમાં આપે પોતાના ભક્તજનોને દર્શન આપ્યાં, તેથી અમે વરદાન મળી ચુક્યાં સમજીએ છીએ. ૧૦ કારણ કે વૈરાગ્યથી થયેલા જ્ઞાનાગ્નિ વડે નાશ પામેલા મનના દોષવાળા આત્મારામ મુનિઓ આપના કલ્યાણકારી ગુણો ગાય છે, તોપણ તેમને આપનાં પ્રત્યક્ષ દર્શન થતાં નથી, તેથી તેઓ દર્શનને માટે આપના ગુણાનુવાદનો અભ્યાસ કર્યા કરે છે. ૧૧ માટે અમે આપની પ્રાર્થના કરીએ છીએ કે—અમે કોઇ ઠેકાણે પડી જઇએ, છીંક આવે, ઠેસ વાગે, કે બગાસું ખાઇએ, એવી દુઃખની સ્થિતિમાં હોઇએ અથવા તાવની અથવા મરણ દશાની સ્થિતિમાં હોવાથી અમે આપનું સ્મરણ કરવાને અશક્ત હોઇએ, ત્યારે પણ સર્વ

પાપોનો નાશ કરનારા આપના ગુણોએ કરીને ઉત્પન્ન થયેલાં આપનાં નામોનું અમારાથી ઉચ્ચારણ થયા કરે. ૧૨ જેમ કોઇ નિર્ધન મનુષ્ય કુબેરની પાસે જઇને અનાજનાં ફોતરાં માગે તેમ આ નાભિ રાજા, સ્વર્ગ અને મોક્ષ આપનારા એવા આપનું, આપના જેવો પુત્ર થવા માટે પૂજન કરે છે, કારણકે એ પુત્રની કામનાવાળા હોવાથી પ્રજાનેજ પુરૂષાર્થ માને છે. ૧૩ જેમણે મહાત્માઓનાં ચરણકમળ સેવ્યાં નથી એવો કયો પુરૂષ નહિ જીતી શકાય એવી તમારી અટપટી માયાથી હાર્યો નથી? તેમ કોની બુદ્ધિ માયાથી ઘેરાયેલી નથી? તેમ કોનો સ્વભાવ વિષયરૂપ ઝેરના વેગથી ઘેરાયેલો નથી? ૧૪ આપ અનંત કાર્ય કરનારા પ્રભુ છો, તેમ છતાં અમે આપને ક્ષુદ્ર કાર્ય કરવા માટે અહીં બોલાવ્યા છે, એવા અમે અજ્ઞાની અને મંદબુદ્ધિ વાળા છીએ. માટે હે દેવના દેવ! સમદૃષ્ટિથી તમે અમારો અપરાધ ક્ષમા કરો. ૧૫

શ્રી શુકદેવજી કહેછે—હે રાજા! આ પ્રમાણે ઋત્વિજોએ ગદ્યપદ્યાત્મક સ્તોત્રોથી દેવશ્રેષ્ઠ શ્રીહરિની સ્તુતિ કરી, અને નાભિરાજાથી વંદન કરાતા ઋત્વિજોએ તેમને પ્રણામ કર્યા, ત્યારે દયા કરીને ભગવાન બોલ્યા. ૧૬

શ્રી ભગવાન કહેછે—હે ઋષિઓ! તમો સત્યવાણીવાળાઓએ નાભિરાજાને મારા જેવો પુત્ર થવાનું દુર્લભ વરદાન માગ્યું. પરંતુ મારા જેવો તો એક હું જ છું, તથાપિ બ્રાહ્મણોનું વચન મિથ્યા થવું ન જોઇએ, કારણ કે-ઉત્તમ બ્રાહ્મણનું કુળ તો મારૂં મુખ છે. ૧૭ માટે મારા જેવો બીજો કોઇ નહી હોવાથી હું પોતેજ મારા અંશથી નાભિરાજાને ત્યાં પુત્ર રૂપે જન્મીશ. ૧૮

શ્રી શુકદેવજી કહેછે—આ પ્રમાણે મેરૂદેવીના સાંભળતાં નાભિરાજાને કહીને ભગવાન અંતર્ધાન થઇ ગયા. ૧૯ હે રાજા! પછી નાભિરાજાના યજ્ઞમાં મહર્ષિઓએ પ્રસન્ન કરેલા ભગવાન નાભિરાજાનું કલ્યાણ કરવા માટે તથા નગ્ન રહેનારા, તપસ્વીઓ, નૈષ્ઠિક-બ્રહ્મચારીઓ અને ઋષિઓના ધર્મ દર્શાવવાને માટે રાણી મેરૂદેવીને વિષે શુદ્ધ શરીર ધારણ કરીને પ્રગટ્યા. ૨૦

बर्हिषि तस्मिन्नेव विष्णुदत्त भगवान परमर्षिभिः प्रसादितो नाभेः प्रियचिकीर्षया तदवरोधायने मेरु देव्यां धर्मान् दर्शयितु कामो वातरशनानां श्रमणानामृषीणा मूर्ध्वमंथिनां शुक्लया तनुवावततार ॥ २० ॥

ઇતિશ્રી ભાગવત પુરાણના પંચમ સ્કંધમાં "નાભિ ચરિત્ર વર્ણન" નામનો ૩ જો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૪ થો.

ઋષભદેવને ત્યાં સો પુત્રની ઉત્પત્તિ અને પ્રજાનો આનંદ.

॥ श्रीशुक उवाच ॥

अथह तमुत्पत्त्यै वाभिव्यज्यमान भगवल्लक्षणं साम्योपशम वैराग्यैश्वर्य महाविभूतिभिरनुदिन मेध मानानुभावं प्रकृतयः प्रजा ब्राह्मणा देवताश्चावनितलस भवनायातितरांजगृधुः ॥ १ ॥

શ્રી શુકદેવજી કહેછે—ઋષભદેવનો જન્મ થયો ત્યારથીજ તેમના હાથ પગમાં શંખ, ચક્ર, રથ, ધ્વજા વગેરે ભગવાનનાં ચિન્હો જોવામાં આવતાં હતાં. તેમજ સમભાવ, વૈરાગ્ય, ઉપશમ, ઐશ્વર્ય અને મોટી સંપત્તિઓ સાથે તેમનો મહિમા પ્રતિદિન વધતો જતો હતો. તેથી કારભારીમંડળ, પ્રજા, બ્રાહ્મણ અને દેવતા સર્વ "આ રાજ્ય કરે તો સારૂં" એમ ઇચ્છતા હતા. ૧ તેમનું શરીર, તેજ, બળ, લક્ષ્મી, યશ, વીર્ય તથા શૌર્ય અતિ ઉત્તમ જોઇને પિતા નાભિરાજાએ તેમનું ઋષભ (શ્રેષ્ઠ) નામ પાડયું. ૨ ઇંદ્રે દ્વેષભાવથી તેમના દેશમાં વરસાદ વરસાવ્યો

નહી, તેથી યોગેશ્વર ઋષભદેવે તેની મૂર્ખતાને હસી કાઢીને પોતાની યોગમાયાથી પોતાના અજ નામના ખંડમાં વૃષ્ટિ કરી હતી. ૩ નાભિરાજાના મનમાં જેવી ઇચ્છા હતી તેવોજ પુત્ર થવાથી તે આનંદથી વિહ્વળ થઇ ગયા, અને પોતાની ઇચ્છાથી મનુષ્યદેહ ધારણ કરનારા પુરાણપુરૂષ ભગવાનને ગદ્ગદ્વાણીથી હે વત્સ ! હે તાત ! એવાં પ્રેમી વચનોથી લાડ પ્યાર કરતા પરમ આનંદ પામ્યા. ૪ પ્રજાનું કહેવું માન્ય કરનારો નાભિ રાજા કેટલોક કાળ વીત્યા પછી પુત્રને સર્વ પ્રકારે યોગ્ય થયેલ જાણી, તથા નગરજનો અને પ્રધાનમંડળ સર્વની તેમના ઉપર પ્રીતિ જોઇ, ધર્મનું રક્ષણ કરવા માટે તેમને રાજ્યાભિષેક કર્યો. પછી તેમને બ્રાહ્મણોના ખોળામાં બેસાડીને પોતે મેરૂદેવી સહિત બદરિકાશ્રમમાં ગયા. ત્યાં નિર્મળ અને તીવ્ર તપ તથા સમાધિ યોગવડે નર નારાયણ ભગવાન વાસુદેવની ઉપાસના કરતાં કરતાં કેટલાક કાળે જીવન્મુક્ત થયા. હે પરીક્ષિત રાજા ! એ રાજાના સંબંધમાં પ્રાચીન બે શ્લોકો આ પ્રમાણે જગતમાં ગવાય છે. ૫

को नु तत्कर्म राजर्षे र्नाभेरन्वाचरेत्पुमान् ॥
अपत्यता मगाद्यस्य हरिः शुद्धेन कर्मणा ॥

રાજર્ષિ નાભિરાજાએ જે કામ કર્યું છે, તે કામ બીજો કયો પુરૂષ કરી શકે ? જેનાં શુભ કર્મ વડે ભગવાન તેમના પુત્ર થઇને અવતર્યા હતા. ૬

ब्रह्मण्योऽन्यः कुतो नाभेर्विप्रा मंगलपूजिताः॥
यस्य बर्हिषि यज्ञेशं दर्शयामासुरोजसा ॥

એ નાભિરાજા વગર બીજો કોણ બ્રહ્મતેજવાળો છે ? જેના યજ્ઞમાં દક્ષિણાથી પૂજેલા બ્રાહ્મણોએ સાક્ષાત્ યજ્ઞપતિ વિષ્ણુ ભગવાનનાં મંત્રબળથી દર્શન કરાવ્યાં હતાં. ૭ નાભિરાજા પુત્રને રાજ્યાભિષેક કરીને ચાલ્યા ગયા પછી ભગવાન ઋષભદેવે પોતાના અજખંડને કર્મ કરવાનું ક્ષેત્ર માની લોકોને ઉપદેશ માટે થોડો સમય ગુરૂને ઘેર રહીને વિદ્યાભ્યાસ કર્યો. પછી ગુરૂને વરરૂપી ગુરૂ દક્ષિણા આપી આજ્ઞા લઇને ઘેર આવ્યા, અને ગૃહસ્થાશ્રમીઓને ગૃહસ્થાશ્રમના ધર્મ શીખવવા માટે તે ઇંદ્રની પુત્રી જયંતી સાથે પરણ્યા, અને શ્રુતિ તથા સ્મૃતિમાં કહેલાં કર્મો કરવા લાગ્યા અને પોતાની સ્ત્રીથી પોતાના જેવાજ સો પુત્ર ઉત્પન્ન કર્યા. ૮ એ સો પુત્રોમાં ભરત સર્વથી મોટા હતા. તે મહાયોગી અને ઉત્તમ ગુણવાળા હતા. તેમના નામ ઉપરથીજ આ ખંડને " ભારતવર્ષ " કહે છે. ૯ ભરત સિવાય બીજા કુશાવર્ત, ઇલાવર્ત, બ્રહ્માવર્ત, મલય, કેતુ, ભદ્રસેન, ઇંદ્રસ્પૃક, વિદર્ભ, અને કીકટ એ નવ બીજા નેવું પુત્રો કરતાં ઉત્તમ હતા. ૧૦ હે રાજા ! કવિ, હરિ, અંતરિક્ષ, પ્રબુદ્ધ, પિપ્લાયન, આવિર્હોત્ર, દ્રુમિલ, ચમસ અને કરભાજન, આ નવ ભગવાનના મોટા ભકત હતા. તેઓનું ચરિત્ર કે જે ભગવાનના મહિમાથી વૃદ્ધિ પામેલું અને શાંત ગુણથી ભરપુર છે, તે વાસુદેવ અને નારદના સંવાદરૂપે આગળ (એકાદશ સ્કંધમાં) કહેવામાં આવશે. ૧૧-૧૨ આ સિવાય બીજા એકાશી પુત્રો પિતાની આજ્ઞા પાળનારા, ઘણા વિનયવાળા, વેદને જાણનારા, યજ્ઞ કરનારા અને શુદ્ધ કર્મ કરનારા બ્રાહ્મણ થયા. ૧૩ ઋષભદેવ ભગવાન સ્વતંત્ર પ્રભુ, અનર્થથી દુર રહેનારા, અને કેવળ આનંદનોજ અનુભવ કરનારા ઇશ્વર હતા, તોપણ અનીશ્વર વાદીઓની પેઠે વિવિધ કર્મો કરતા હતા, અને અજ્ઞાની લોકોને તે પ્રમાણે ધર્માચરણ કરવાનું શીખવતા હતા. તે પરમદયાળુ, સમદૃષ્ટિવાળા, શાંત ચિત્તવાળા, અને સર્વની સાથે મિત્રતા રાખનારા ઋષભદેવજી ધર્મ, અર્થ, યશ, પ્રજા અને મોક્ષ એ સર્વનો સંગ્રહ કરીને બીજા લોકોને ધર્મમાં નિયમિત કરવા લાગ્યા. ૧૪ કારણ કે મોટા પુરૂષો જેવાં આચરણ કરે છે, તેવાંજ બીજા લોકો કરે છે. ૧૫ ઋષભદેવ જો કે સર્વ ધર્મ અને વેદનું રહસ્ય જાણનારા હતા, તો પણ બ્રાહ્મ-

ણુએ બતાવેલા માર્ગ પ્રમાણે તથા સામ* આદિક ઉપાયોવડે પ્રજાનું પાલન કરવા લાગ્યા. ૧૬ અને દ્રવ્ય, દેશ, કાળ, અવસ્થા, શ્રદ્ધા, ઋત્વિજો તથા જાત જાતના દેવતાઓના ઉદ્દેશથી ભરપુર એવા સઘળા પ્રકારના યજ્ઞો સો સો વાર કર્યા હતા. ૧૭ ભગવાન ઋષભદેવજી એ ખંડનું પાલન કરતાં છતાં જેમ કોઇ આકાશના પુષ્પની ઇચ્છા ન કરે તેમ કોઇ પણ મનુષ્ય બીજાની વસ્તુ તરફ જરા પણ ઇચ્છા કરતા નહતા. અને સર્વ કોઇ ક્ષણ ક્ષણ પ્રત્યે પોતાના રાજા ઉપર અત્યંત સ્નેહની વૃદ્ધિ થાય એવું ઇચ્છતા હતા. ૧૮ ભગવાન ઋષભદેવ એકવાર ફરતા ફરતા બ્રહ્માવર્તમાં ગયા, ત્યાં બ્રહ્મર્ષિઓની સભામાં પોતાના પુત્રોને બેઠેલા જોયા. તેઓ જીતેંદ્રિય, અને શ્રદ્ધા તથા વિનયવાળા હતા, તો પણ પ્રજાના સાંભળતાં તેઓને ઉપદેશ આપવાના બહાને ઋષભદેવ કહેવા લાગ્યા. ૧૯

स कदाचिदटमानो भगवानृषभो ब्रह्मावर्त्तगतो ब्रह्मर्षि प्रवरसभायां प्रजानां निशामयंती नामात्मजा नवहितात्मनः प्रश्रय प्रणयभरसुयंत्रितानप्युपशिक्षयन्निितिहोवाच।

ઇતિ શ્રી ભાગવત પુરાણના પંચમ સ્કંધમાં ઋષભદેવચરિત્ર વર્ણન નામનો ૪ થો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૫ મો.

ઋષભદેવે પુત્રોને આપેલો ઉપદેશ તથા તેમનું પરમહંસપણું.

॥ ऋषभ उवाच ॥

नायं देहो देह भाजां नृलोके ।
कष्टान् कामानर्हते विड् भुजांये ॥
तपो दिव्यं पुत्रका येन सत्वं ॥
शुद्धयेद्यस्माद्ब्रह्म सौख्यं त्वनंतम् ॥१॥

ઋષભદેવ કહે છે—વિષ્ટા ખાનાર ભૂંડને પણ દુઃખદાયી વિષયો પ્રાપ્ત થાય છે, એવા વિષયો ભોગવવાને માટે આ મનુષ્યદેહ યોગ્ય નથી. માટે હે પુત્રો! તમે તપ કરો, કારણ કે તપથી અંતઃકરણ શુદ્ધ થઇને પરબ્રહ્મનું અનંત સુખ મળે છે. ૧ મહાત્માઓની સેવા મોક્ષનું દ્વાર છે અને સ્ત્રી પુત્રાદિકનો સંગ એ નરકનું દ્વાર છે. જે સર્વના મિત્ર, શાન્ત, ક્રોધ વગરના, સદાચારી અને સમદષ્ટિવાળા છે, તેઓને મહાત્મા જાણવા. ૨ વળી જે મારા (પરમેશ્વર) વિષે પ્રેમ રાખવો એનેજ પુરૂષાર્થ સમજે છે, દેહના પોષણ માટે ઉદ્યમ કરનારા લોકો ઉપર તથા સ્ત્રી, પુત્ર અને ધનવાળા ગૃહસ્થાશ્રમ ઉપર પ્રીતિ રાખતા નથી અને પોતાના દેહના નિર્વાહ જેટલીજ સ્પૃહા રાખે છે, એવા પુરૂષોને મહાત્મા જાણવા. ૩ ઇંદ્રિયોને તૃપ્ત કરવાને માટે કર્મ કરતાં-અસાવધપણે પાપ કર્મ થાય છે, અને પાપકર્મથીજ આત્માને દુઃખ આપનારો આ દેહ ઉત્પન્ન થયેલો છે. માટે ફરી પણ પાછાં એ પાપકર્મ કરવાં એ હું ઠીક માનતો નથી. ૪ જ્યાં સુધી મનુષ્ય આત્મતત્વ જાણવાની ઇચ્છા કરતો નથી, ત્યાં સુધી અજ્ઞાનને લીધે તેને સ્વસ્વરૂપનું જ્ઞાન થતું નથી, કારણ કે જ્યાં સુધી ક્રિયા ચાલુ રહે છે, ત્યાં સુધી મન કર્મમાં લાગી રહે છે. એ કર્મને લીધેજ જીવને શરીરરૂપી બંધનથી બંધાવું પડે છે. ૫ આ રીતે જ્યાં સુધી અવિદ્યાથી આત્મસ્વરૂપ ઢંકાઇ રહે છે, ત્યાં સુધી પૂર્વકર્મ મનને વશ કરે છે અને મન પુરૂષને કર્માધીન કરે છે. માટે જ્યાં સુધી વાસુદેવ ભગવાનમાં પ્રીતિ થતી નથી ત્યાં સુધી દેહનો સંબંધ મટતો નથી. ૬ હે પુત્રો! સ્વાર્થ સાધનારો મૂઢ મનુષ્ય ઇંદ્રિયોની ચેષ્ટાને મિથ્યા જાણતો નથી, અને પોતાના આત્મસ્વરૂપને ભૂલી જઈ અજ્ઞાની બની

---

* સામ, દામ, ભેદ અને દંડ આ ચાર નીતિના ઉપાય છે. સામ એટલે સમજાવીને કામ લેવું. દામ એટલે લાલચથી કામ લેવું, ભેદ એટલે બીજા માણસને ફોડવાં એ વગેરે ઉપાયોથી કામ લેવું અને દંડ એટલે શિક્ષા કરવી.

જાય છે, અને મૈથુન સુખવાળા ઘરમાં રહીને અનેક પ્રકારનાં દુઃખ ભોગવે છે. ૭ સ્ત્રી અને પુરૂષ એ દરેકને જન્મથીજ દેહાભિમાનરૂપી એક એક ગાંઠ તો હોય છેજ, અને પછી જ્યારે પુરૂષ સ્ત્રી સાથે મળીને દંપતિ ભાવે રહે છે ત્યારે વળી અભિમાનરૂપી બીજી દૃઢ ગાંઠ બંધાય છે. તેને લીધે ઘર, ક્ષેત્ર, પુત્ર, સગાંસહોદર અને ધનાદિકમાં 'હું અને મારૂં' એવો મોહ થાય છે ૮ પરંતુ જ્યારે પુરૂષની કર્મથી બંધાયેલી મનરૂપી હૃદયની દૃઢ ગાંઠ તે દંપતિ ભાવથી નિવૃત્ત થઇ જાય છે, ત્યારે અહંકારનો ત્યાગ કરી મુક્ત થઇને પરમપદને પામે છે. ૯ હે પુત્રો ! એ અહંકારનો ત્યાગ કરવાના ઉપાય નીચે પ્રમાણે છેઃ—ઇશ્વરની ભક્તિ, ગુરૂની સેવા, તૃષ્ણાનો ત્યાગ, સુખદુઃખ સહન કરવાં, પ્રાણીઓને આ લોકમાં દુઃખ છે એમ જાણવું, તત્વ જાણવાની ઇચ્છા, તપ, સકામ કર્મનો ત્યાગ, ૧૦ મારે માટે કર્મ કરવાં, મારી કથા કહેવી તથા સાંભળવી, મારા ભક્તોનો સંગ કરવો, મારા ગુણ ગાવા, વૈરનો ત્યાગ કરવો, સર્વને સમાન સમજવા, શાન્તિ રાખવી, આ શરીર તથા ઘરમાં "આ મારૂં, આ પારકું" એવી બુદ્ધિ રહે છે તેનો ત્યાગ કરવાની ઇચ્છા રાખવી, ૧૧ વેદાન્ત શાસ્ત્રનો અભ્યાસ કરવો, એકાન્તમાં રહેવું, પ્રાણ ઇંદ્રિયો અને મનને સારી રીતે જીતવાં, શાસ્ત્રમાં શ્રદ્ધા રાખવી, બ્રહ્મચર્ય પાળવું, પોતાનું કર્તવ્ય કર્મ કરવું, વાણીને નિયમમાં રાખવી, સર્વમાં મારી ભાવના રાખી અનુભવી જ્ઞાન મેળવવું, સમાધિ, ધીરજ, પ્રયત્ન, અને વિવેક, આટલા ઉપાયો વડે ચતુર પુરૂષોએ અહંકાર રૂપી ઉપાધિનો ત્યાગ કરવો. ૧૨-૧૩ આ પ્રમાણે અહંકારને દૂર કરી, સર્વ કર્મોના આધારરૂપ હૃદયગ્રથી રૂપી બંધન કે જે અવિદ્યાથી થયેલું છે તેનો ત્યાગ કરવો. પછી સાધન કરવાના પરિશ્રમથી વિરામ પામવું. ૧૪ જો મારા લોકમાં જવાની ઇચ્છા હોય અને મારો અનુગ્રહ મેળવવાની ઇચ્છા હોય તો પિતાએ પુત્રને, રાજાએ પ્રજાને અને ગુરૂએ શિષ્યને ઉપર પ્રમાણે ઉપદેશ આપવો. પરંતુ કર્મમાંજ આસક્ત થઇ રહેલા અજ્ઞાની જનોને કર્મોમાં જોડવા નહી, કારણ કે જે સકામ કર્મોમાં લગાડવા તે આંધળાને કૂવામાં નાંખ્યા બરાબર છે, એવો પુરૂષ કયો પુરૂષાર્થ મેળવી શકે છે ? ૧૫ મનુષ્ય પોતાના કલ્યાણને જોતાં આંધળો થઇ જાય છે, કારણકે તે ઘણી તૃષ્ણાથી ધનની ઇચ્છા કરે છે, અલ્પ સુખને માટે પરસ્પર વેર કરે છે અને અનેક દુઃખો ભોગવે છે, પરંતુ તે દુઃખને દુઃખ માનતો નથી. ૧૬ જે વિવેકી જન આ વાત જાણતા હોય તે તો અજ્ઞાનથી ભટકતા કુબુદ્ધિવાળા મનુષ્યોને જોઈ તેને ફરીથી સંસારમાં જોડતો નથી. આંધળો માણસ અવળે માર્ગે જતો હોય તેને 'એજ માર્ગે ચાલ્યો જા,' એમ કયો ડાહ્યો માણસ કહે ? ૧૭ જે ગુરૂ, સંબંધી, માતા પિતા, પતિ અને દેવતા અનુક્રમે પોતાના શિષ્યને, સંબંધીને, પુત્રોને, સ્ત્રીને અને ભક્તજનોને સંસારમાં ભટકવાપણામાંથી મુક્ત કરતા નથી તેઓને ગુરૂ, સંબંધી, માતા, પિતા, પતિ અને દેવતા જાણવાં નહી. ૧૮ આ મનુષ્ય દેહ મેં મારી ઇચ્છાથી ધારણ કર્યો છે, તે કોઇના તર્કમાં આવી શકે તેમ નથી, જેમાં ધર્મ રહેલો છે એવું શુદ્ધ સત્વગુણી મારૂં હૃદય છે, માટે મેં અધર્મને દુર રાખ્યો છે, તેથીજ આર્ય લોકો મને 'ઋષભ એટલે શ્રેષ્ઠ' કહે છે. ૧૯ હે પુત્રો ! તમે સર્વ મારા શુદ્ધ સત્વગુણી શરીરથી ઉત્પન્ન થયાછો, માટે મત્સર છોડી દઇ તમે આ તમારા મોટા ભાઇ ભરતની સેવા કરજો, એની સેવા એજ મારી સેવા સમજજો, અને એજ પ્રજાનું પાલન કર્યું જાણજો. ૨૦ ચેતન તથા અચેતન સર્વ પદાર્થો કરતાં સ્થાવર ઉત્તમ છે, સ્થાવર કરતાં પેટે ચાલનારાં (સર્પાદિક) પ્રાણી ઉત્તમ છે, તેના કરતાં જ્ઞાન વાળાં પશુ ઉત્તમ છે, તેના કરતાં મનુષ્ય ઉત્તમ છે, તેના કરતાં ભૂતપ્રેતાદિક ઉત્તમ છે, તેના કરતાં ગાંધર્વો, તેના કરતાં સિદ્ધો, અને તેના કરતાં દેવતાઓના અનુચરો (કિન્નરો) ઉત્તમ છે. ૨૧ કિન્નરો કરતાં

દૈત્યો, દૈત્યો કરતાં દેવતાઓ, દેવતાઓમાં ઇંદ્ર, ઇંદ્ર કરતાં બ્રહ્માના પુત્ર દક્ષાદિ પ્રજાપતિઓ, તેના કરતાં શંકર, તેમના કરતાં બ્રહ્મા અને બ્રહ્મા કરતાં શ્રેષ્ઠ હું છું. વળી મારા કરતાં બ્રાહ્મણો શ્રેષ્ઠ છે, કેમકે હું પણ બ્રાહ્મણોની સેવા કરૂં છું. ૨૨ હે બ્રાહ્મણો! હું બ્રાહ્મણની બરાબર બીજા કોઇ પણ પ્રાણીને સમજતો નથી, તો તેનાથી અધિક તો કોણજ હોય? બ્રાહ્મણોનાં મુખમાં શ્રદ્ધાથી હોમેલા પદાર્થોથી જેવો હું તૃપ્ત થાઉં છું, તેવો અગ્નિહોત્રમાં હોમેલા પદાર્થોથી થતો નથી. ૨૩ જે બ્રાહ્મણ મારા પ્રાચીન દેહરૂપી વેદને ધારણ કરે છે, અને જેનામાં પરમ પવિત્ર સત્વગુણ, શમ, દમ, સત્ય, દયા, તપ, તિતિક્ષા અને સ્વસ્વરૂપનો અનુભવ એ આઠ ગુણો રહેલા છે. માટે એઓનાથી શ્રેષ્ઠ હું કોને ગણું? ૨૪ હે વિપ્રો! હું અનંત. કારણનું પણ કારણ અને સ્વર્ગ તથા મોક્ષનો અધિપતિ છું, તેની પાસે પણ તેઓ કાંઈ માગતા નથી, તો પછી તેમને બીજાં રાજ્યાદિકની ઇચ્છા તો કેમજ થાય? ૨૫ હે પુત્રો! તમે દ્રોહબુદ્ધિ દૂર કરી સર્વ સ્થાવર જંગમ પ્રાણીઓને મારા નિવાસરૂપ સમજીને નિરંતર તેઓનું સન્માન કરો, કારણ કે તેને હું મારૂં પૂજન માનું છું. ૨૬ જે કાંઇ કર્મ કરવું તે મનેજ અર્પણ કરવું, એજ મન, વચન, દષ્ટિ અને બીજી ઇંદ્રિઓના વ્યાપારનું ફળ છે. કારણ કે તેમ કર્યા વગર મનુષ્ય કાળની મહા મોહરૂપી પાશથી છુટી શકતો નથી. ૨૭

શ્રી શુકદેવજી કહે છે—હે પરીક્ષિત રાજા! જો કે પોતાના પુત્રો સર્વ પ્રકારે કેળવાયલા હતા, તો પણ ભગવાન્ ઋષભદેવે લોકોને ઉપદેશ આપવા માટે પુત્રોને આ પ્રમાણે ઉપદેશ આપ્યો. પછી શાંત સ્વભાવવાળા અને કર્મબંધનથી રહિત થયેલા એવા મોટા મુનિઓને ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યવાળો પરમહંસ ધર્મ શીખવવાની ઇચ્છાથી મોટા પુત્ર ભરતને પૃથ્વીનું રક્ષણ કરવા માટે ઋષભદેવે રાજ્યાભિષેક કર્યો. અને પોતે રાજ્યપાટ તથા સર્વ માયા મોહનો ત્યાગ કરી, ઉન્મત્તની પેઠે દિગંબર વેષ ધારણ કરી, છુટા કેશ મુકી, ઘરમાંના અગ્નિહોત્રનો પોતાના રૂપમાંજ આરોપ કરીને કેવળ એક દેહની સાથેજ બ્રહ્માવર્તમાંથી ચાલી નીકળ્યા. ૨૮ અવધૂત વેશવાળા ઋષભદેવજી લોકોમાં જડ, આંધળા, બેહેરા, મુંગા, પિશાચ અને ભૂત પ્રેતાદિકોની પેઠે વર્તવા લાગ્યા. કોઇ પૂછે તો તેનો ઉત્તર પણ ન આપતાં મૌન રહેવા લાગ્યા. ૨૯ નગરો, ગામડાં, ખાણો, ખેડુતનાં ગામો, ફુલવાડીઓ, છાવણીઓ, ગાયોનાં સ્થાનો, નેહો, યાત્રાળુઓના સંઘ, પર્વતો, વનો અને ઋષિઓના આશ્રમ વગેરે ઠેકાણાંમાં તથા માર્ગમાં દુષ્ટ લોકો ઋષભદેવને તિરસ્કાર કરતા, મારતા, મળમુત્ર છાંટતા, થુંકતા, પથ્થર મારતા, ધુળ નાંખતા, દુષ્ટવચનો કહી અધોવાયુ કરતા અને ડરાવતા હતા; તો પણ તે જેમ હાથી માખીઓને ગણતો નથી તેમ તેઓને ગણતા નહી. કારણ કે પોતે આત્મા અનાત્માના અનુભવ વડે પોતાના સ્વરૂપમાંજ મગ્ન રહેતા હતા, તેથી આ પરિણામે મિથ્યા છતાં કહેવા માત્રમાં સત્ય જણાતા દેહ ઉપર તેમને અહંતા મમતા નહતી. તેમનું મન સર્વદા એક અખંડિત વૃત્તિમાં રહેતું હતું અને પોતે એકલાજ પૃથ્વી ઉપર વિચરતા હતા. ૩૦ તેમના હાથ, પગ અને વક્ષ:સ્થળ ઘણાંજ કોમળ હતાં, હાથ લાંબા, ખભા વિશાળ અને ગળું તથા મુખ મનોહર હતાં, સ્વભાવથીજ સુંદર હતા, મંદહાસ્યથી મુખ મનોહર લાગતું હતું, નેત્રો નવીન કમળનાં પાંદડાં જેવાં રાતાં, લાંબાં અને સુંદર કીકીવાળાં અને વિશાળ હતાં, કપોળ, કાન, કંઠ અને નાક એ સર્વ સરખાં અને શોભાયમાન હતાં. તેમનાં ગુઢ હાસ્યવાળા મુખની મનોહરતા જોઇને ચતુર સ્ત્રીઓના મનમાં કામદેવ ઉત્પન્ન થતો હતો. આવા મનોહર છતાં પણ તેમના ગુંચવાયલા, પીંગળા અને જટારૂપ કેશનો સમુહ મુખ ઉપર લટકતો રહેતો હતો, શરીરની સંભાળ નહી રાખવાથી તે મલીન થઇ ગયું હતું, તેથી જાણે ભૂત વળગ્યું હોય એવા દેખાતા

હતા. ૩૧ પછી ઋષભદેવે જાણ્યું કે યોગ સાધવાના કામમાં લોકોનો સંગ શત્રુ સમાન છે, માટે હવે તો અત્યંત ગંદા રહેવું, એમ વિચારીને તેમણે અજગરનું વ્રત ધારણ કર્યું. અને એકજ ઠેકાણે પડી રહી સૂતાં સૂતાંજ ખાવું, પીવું, અધવું, મુતરવું વગેરે ક્રિયા કરવા લાગ્યા. વિષ્ટામાં આળોટવાથી તેમનું શરીર ખરડાઇ ગયું. ૩૨ તેમની વિષ્ટામાંથી એવો સુગંધવાન પવન નીકળતો કે તેથી આસપાસ દશ યોજન સુધીનો દેશ સુગંધમય થઇ ગયો. ૩૩ આ પ્રમાણે બળદ, મૃગ અને કાગડાની પેઠે ચાલતા, ઉભા રહેતા, બેસતા, સૂતા, ખાતા, પીતા અને મળમુત્ર વગેરે કરતા હતા. ૩૪ હે રાજા ! એ ભગવાન ઋષભદેવજી પોતે મોક્ષના પતિ અને અખંડિત પરમાનંદ સ્વરૂપના અનુભવી હતા, તો પણ 'લોકવ્યવહારનો ત્યાગ કરવા માટે યોગીઓએ આ રીતે વર્તવું" એમ દેખાડવા માટે એ રીતે વર્તતા હતા. સર્વ પ્રાણીઓના આત્મારૂપ પરમાત્મા શ્રી વાસુદેવ ભગવાન વિષે અભેદરૂપે રહેવાથી પ્રાકૃત મનુષ્યોની પેઠે ઉપાધિવાળા નહતા. પોતે સ્વતઃસિદ્ધ તથા સમસ્ત ફળોથી પરિપૂર્ણ અને કૃતાર્થ હતા, માટે આકાશમાં ઉડવું, મનના જેવો શરીરનો વેગ; અંતર્ધાન થઇ જવું, બીજાના શરીરમાં પ્રવેશ કરવો, અને દુરના પદાર્થને જોવા તથા ગ્રહણ કરવા એ જે યોગની સિદ્ધિયો છે, તે દૈવેચ્છાથી પ્રાપ્ત થઇ હતી, તો પણ ભગવાન ઋષભદેવજીએ પોતાના મનથી તેનો સત્કાર કર્યો નહતો. ૩૫

इति नानायोगचर्याचरणो भगवान्कैवल्य पतिर्ऋषभोऽविरतपरम महानंदानुभव आत्मनि सर्वेषां भूतानामात्मभूते भगवतिवासुदेव एवात्मनोऽव्यवधानानंतरोदरभावेन सिद्धसमस्तार्थपरिपूर्णो योगैश्वर्याणि वैहायसमनोजवांतर्धानपरकायप्रवेशदूरग्रहणादीनि यदृच्छयोपगतानि नांजसा नृप हृदये नाभ्यनंदत् ॥ ३६ ॥

ઇતિ શ્રી ભાગવત મહાપુરાણના પંચમ સ્કંધમાં "ઋષભદેવ ચરિત્ર વર્ણન" નામનો ૫ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૬ ઠ્ઠો.

(ઋષભદેવે દેહનો ત્યાગ કર્યો.)

॥ राजोवाच ॥

न नूनं भगव आत्मारामाणां योगसमीरित ज्ञानावभर्जित कर्म बीजानामैश्वर्याणि पुनः क्लेशदानि भवितुमर्हंति यदृच्छयोपगतानि ॥१॥

પરીક્ષિત રાજા પૂછે છે—હે ભગવાન ! આત્મારામ પુરૂષોના યોગથી પ્રદીપ્ત થયેલા જ્ઞાનરૂપ અગ્નિમાં કર્મ, બીજ, રાગદ્વેષાદિક બળી જાય છે, તેની પાસે દૈવઇચ્છાથી સિદ્ધિયો આવે; તો પણ તે તેને અહંતા મમતારૂપ કલેશ આપી શકતી નથી, તેમ છતાં ઋષભદેવે તે આવેલી સિદ્ધિયોને કેમ સ્વીકારી નહી? ૧

શ્રી શુકદેવજી કહે છે—હે રાજન્ ! તમે કહોછો તે ખરૂં છે; પરન્તુ જેમ શઠ ભીલ લોકો મૃગને પકડ્યા છતાં પણ તેનો વિશ્વાસ કરતા નથી, તેમ બુદ્ધિમાન લોકો પણ ચંચળ મનનો વિશ્વાસ કરતા નથી. ૨ માટે તત્ત્વવેત્તાઓએ શાસ્ત્રમાં કહ્યું છે કે, આ ચંચળ મનની કદી પણ મિત્રતા કરવી નહિ; કારણકે મનનો વિશ્વાસ કરવાથી સૌભરી વગેરે ઋષિઓનું ઘણા કાળનું એકઠું કરેલું તપ નાશ પામ્યું હતું. ૩ જેમ વિશ્વાસુપતિની વ્યભિચારિણી સ્ત્રી જાર કર્મ કરનારાઓને અવકાશ આપી પોતાના પતિને મરાવી નાંખે છે, તેમ જે યોગી મનનો વિશ્વાસ કરે છે તેનું મન પણ કામદેવને અને તેના અનુચર ક્રોધાદિક શત્રુઓને અવકાશ આપીને તે દ્વારા યોગીઓને ભ્રષ્ટ કરે છે. ૪ કામ, ક્રોધ, મદ, લોભ, શોક, મોહ, અને ભય વગેરે કર્મનાં બંધન છે, અને તે સર્વ મનથી થાય છે. ત્યારે એવા મનની

સાથે કયો જ્ઞાની પુરૂષ મિત્રતા રાખે? ૫ ભગવાન ઋષભદેવ જો કે સર્વ લોકપાળોમાં શિરોમણિ હતા, તોપણ જડની પેઠે અવધૂતનો વિલક્ષણ વેષ, ભાષા તથા આચરણોથી તેમનો પ્રભાવ જણાતો ન હતો. તેમને જ્યારે પોતાના દેહનો ત્યાગ કરવાની ઇચ્છા થઇ ત્યારે તે પોતાના આત્માને ઉપાધિરહિત પરબ્રહ્મની સાથે અભેદ ભાવે જોવા લાગ્યા, અને દેહાભિમાનથી મુક્ત છતાં યોગીઓને દેહત્યાગનો વિધિ શીખવવા માટે દેહાભિમાનનો ત્યાગ કર્યો. ૬ જેમ કુંભારનો ચાકડો એકવાર ફેરવવાથી વેગને લીધે ફર્યા કરે છે, તેમ દેહાભિમાન ટળી ગયા છતાં જીવન્મુક્તનો દેહ યોગમાયાની વાસનાને લીધે ફર્યા કરે છે. એવીજ રીતે ઋષભદેવજી લિંગ દેહથી મુક્ત હતા, તોપણ તેમનો દેહ પૃથ્વીપર વિચરતો હતો. તે દૈવની ઇચ્છાથી કોંક, વેંક, કુટક અને દક્ષિણ કર્ણાટક નામના દેશોમાં જઇ ચઢયો, અને ત્યાં કુટકાચળના ઉપવનમાં મુખમાં પથ્થરનો કોળીઓ રાખી ગાંડાની પેઠે છુટા કેશ રાખી નાગોજ ફરવા લાગ્યો. ૭ એટલામાં ત્યાં દૈવયોગે વાયુના વેગથી વાંસ બહુજ કંપી ઉઠયા, ને પરસ્પર ઘસાઇને તેમાંથી દાવાનળ સળગી ઉઠયો, તે વનને બાળવા લાગ્યો, તેમાં ઋષભદેવનો દેહ પણ બળી ગયો. ૮ હે રાજા! કળીયુગમાં જ્યારે અધર્મ વધી જશે ત્યારે કોંક, વેંક, અને કુટક દેશનો 'અર્હન' નામનો મૂર્ખ રાજા ઋષભદેવનું ચરિત્ર સાંભળી તે પ્રમાણે શીખીને પૂર્વજન્મનાં પાપના સંચયને લીધે મોહ પામશે, અને નિર્ભય વેદમાર્ગને છોડી દઇને પોતાની બુદ્ધિથી અકલ્યાણ કરનારો પાખંડ માર્ગ ચલાવશે. ૯ એ માર્ગે ચાલનારા નીચ મનુષ્યો કળિયુગમાં અજ્ઞાનથી મોહ પામી વેદ તથા ધર્મશાસ્ત્રોમાં કહેલી પવિત્રતા અને સદાચારનો ત્યાગ કરશે. અને ન્હાવું નહી, આચમન કરવું નહી, પવિત્રતા રાખવી નહી અને માથાના વાળ ચુંટી નાંખવા, વગેરે દેવતાઓનું અપમાન કરનારા નિયમો ગ્રહણ કરશે. અને અધર્મવાળા કળિયુગથી ભ્રષ્ટ થયેલી બુદ્ધિવાળા તેઓ વેદ, બ્રાહ્મણ, વિષ્ણુ અને મહાત્માઓની નિંદા કરશે. ૧૦ પોતાની ઇચ્છાથી વેદ વિરૂદ્ધ ચલાવેલી પાખંડ ધર્મરૂપ અંધપરંપરા ઉપર વિશ્વાસ રાખીને તેઓ પોતાની મેળેજ ઘોર નરકમાં પડશે. ૧૧ ઋષભદેવભગવાનનો આ અવતાર રજોગુણી માણસોને મોક્ષ માર્ગનો ઉપદેશ કરવાને માટેજ થયો હતો. તેમના પવિત્ર ચરિત્ર સંબંધી શ્લોકો લોકોમાં આ પ્રમાણે ગવાય છે. ૧૨ "અહો! આ સાત સમુદ્રવાળી પૃથ્વીના સર્વ દ્વીપોમાં અને સર્વ ખંડોમાં આ ભરતખંડ ઘણો પુણ્યવાન છે, કારણકે આ ખંડમાં જન્મેલા લોકો ભગવાનના ઋષભાદિક અવતારોનાં પવિત્ર ચરિત્રો ગાયછે. ૧૩ અહો! પ્રિયવ્રત રાજાના વંશની કીર્તિ કેટલી બધી ઉજળીછે! કે જે વંશમાં આદિપુરૂષ ભગવાને અવતાર લઇને મોક્ષ આપનારો ધર્મ પાળ્યો હતો. ૧૪ બીજા કયા યોગીથી એ અજન્મા ઋષભદેવના માર્ગે ચાલવાનો મનોરથ પણ કરી શકાય તેમ છે? કારણ કે બીજા યોગીઓ તો સિદ્ધિઓને ઇચ્છેછે, પણ ઋષભદેવજીએ તો પોતાની પાસે સિદ્ધિઓ આવવાનો પ્રયત્ન કરતી હતી તેમ છતાં તેઓનો ત્યાગ કર્યો હતો." ૧૫ હે રાજન્! ભગવાન ઋષભદેવ લોક, વેદ, દેવ, બ્રાહ્મણ અને ગાયોના પરમગુરૂ હતા. તેમનું પરમ પવિત્ર શુદ્ધ ચરિત્ર જે મેં તમને કહી સંભળાવ્યું, તે પુરૂષોના સર્વ પાપોનો નાશ કરનારૂં તથા કલ્યાણ કરનારૂં છે. જે મનુષ્ય સાવધાન થઇ શ્રદ્ધાથી આ ચરિત્ર સાંભળેછે અથવા સંભળાવેછે તેઓની વાસુદેવ ભગવાન ઉપર અનન્ય ભક્તિ થાયછે. ૧૬ વિવેકીજનો અનેક પ્રકારના દુઃખરૂપ સંસારના તાપથી તપી જતા આત્માને નિરંતર એ ભક્તિરસમાં નવરાવેછે, તેથી તેઓ પરમાનંદ તથા નિવૃત્તિ પામી ચારે પુરૂષાર્થની સિદ્ધિને પામેછે. એવા મહાત્માઓને પરમપુરૂષાર્થરૂપ મોક્ષ પોતાની મેળે સામે ચાલ્યો આવેછે, તોપણ તેઓ તેના ઉપર પ્રીતિ ધરાવતા નથી. ૧૭ હે પરીક્ષિત રાજા! ભગવાન શ્રી હરિ

તમારા કુળના તથા યાદવકુળના પતિ, ઉપદેશક, ઇષ્ટદેવ, પ્રિયસંબંધી અને નિયંતા હતા, તથા કોઇ કોઇ વાર પાંડવોનું દાસપણું પણ કરતા હતા. આટલું છતાં પણ મુકુંદ ભગવાન પોતાનું ભજન કરનારાઓને મુક્તિ આપેછે, પણ કોઈ દિવસ પ્રેમ લક્ષણા ભક્તિ આપતા નથી. માટે ભક્તિજ શ્રેષ્ઠ છે. ૧૮ નિરંતર અનુભવેલા સ્વરૂપના લાભથી જેમની તૃષ્ણા દૂર થઇ ગઇ હતી, તથા દેહાદિક અસત્ય પદાર્થોના મનોરથ માટે કલ્યાણના માર્ગમાં જેઓની બુદ્ધિ રહેતી હતી તેઓના કલ્યાણને માટે કૃપા પૂર્વક જેમણે નિર્ભય આત્મસ્વરૂપનો ઉપદેશ કર્યો હતો, એવા ઋષભદેવ ભગવાનને હું નમસ્કાર કરૂં છું. ૧૯

नित्यानुभूतनिजलाभनिवृत्ततृष्णः
श्रेयस्यतद्रचनया चिरसुप्तबुद्धेः ।
लोकस्य यः करुणयाऽभयमात्मलोक ।
माख्यान्नमो भगवते ऋषभायतस्मै ॥ १८ ॥

ઇતિશ્રી ભાગવત મહાપુરાણના પંચમ સ્કંધમાં "ઋષભદેવ ચરિત્ર વર્ણન" નામનો છઠ્ઠો અધ્યાય સંપૂર્ણ.

—

અધ્યાય ૭ મો.

ભરતજીએ કરેલું ભગવાનનું ભજન.

श्री शुकउवाच ॥

भरतस्तु महाभागवतो यदा भगवताऽवनितलपरिपालनाय संचिंतितस्तदनुशासनपरः पंचजनीं विश्वरूपदुहितरमुपयेमे ॥ १ ॥

શ્રી શુકદેવજી કહેછે—મહા ભગવદ્ ભકત ભરતજીને જ્યારે પૃથ્વીની રક્ષામાટે ભગવાન ઋષભદેવે આજ્ઞા કરી, ત્યારે તેમણે તે આજ્ઞા માથે ચઢાવીને વિશ્વરૂપની પુત્રી પંચજની સાથે લગ્ન કર્યું. ૧ જેમ અહંકારથી શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચ તન્માત્રા ઉત્પન્ન થાયછે, તેમ તેમણે તે સ્ત્રીથી પોતાના જેવાજ ગુણવાળા પાંચ પુત્ર ઉત્પન્ન કર્યા.૨ તેઓનાં નામ સુમતિ, રાષ્ટ્રભૃત, સુદર્શન, આવરણ, અને ધુમ્રકેતુ હતાં. આ ખંડનું નામ પૂર્વે અજનાભ હતું, તે ભરતજીના રાજ્યના સમયથી ભારતવર્ષ કહેવાયો. ૩ એ જ્ઞાની અને સ્વધર્મનિષ્ઠ રાજા પોતાના બાપદાદાની પેઠે પોત પોતાના ધર્મ પ્રમાણે વર્તનારી પ્રજાનું પાલન કરવા લાગ્યો. ૪ તેણે ચાતુર્હોત્રની વિધિથી શ્રદ્ધાપૂર્વક અગ્નિહોત્ર, દર્શ, પૂર્ણમાસ, ચાતુર્માસ્ય, પશુયાગ અને સોમયાગની પ્રકૃતિઓ અને વિકૃતિઓરૂપ અનેક યજ્ઞ કરીને યજ્ઞ પુરૂષ તથા ક્રતુરૂપી ભગવાનનું યજન કર્યું. ૫ બરાબર થતી અંગભૂત ક્રિયાઓ વાળા યજ્ઞો કરતાં તેમાંથી 'ધર્મ' નામનું યજ્ઞ ક્રિયાનું અપૂર્વ ફળ ઉત્પન્ન થતું હતું, તે કેવળ યજ્ઞપુરૂષ વાસુદેવ ભગવાનને અર્પણ કરતા હતા. એવી નિપુણતાથી જેમના રાગદ્વેષાદિક મળ દુર થઇ ગયા હતા, એવા યજમાન ભરતજી, જે વખતે અધ્વર્યુ બ્રાહ્મણો હાથમાં બળિદાન લેતા હતા, તે વખતે તે બળિનો ભાગ લેનારા દેવતાઓ પરમાત્માના અવયવોમાંજ છે એમ ધ્યાન કરતા હતા. ૬ આ પ્રમાણે શુદ્ધ અંતઃકરણવાળા ભરતજી પરમાત્માને કર્મો અર્પણ કરતા હતા, તેથી તેમના હૃદયમાં જણાતા પરમાત્માને વિષે નિત્ય નવીન ભક્તિ વધવા લાગી. તે પરબ્રહ્મ ભગવાન શ્રીવત્સ, કૌસ્તુભમણિ, વનમાળા, ચક્ર, શંખ, ગદા અને પદ્મ વગેરેથી શોભાયમાન મહાપુરૂષ રૂપે ભરતજીને મનમાં દર્શન દેતા હતા. ૭ એ રીતે લાખો વર્ષ વીતી ગયાં. પછી પોતાના પ્રારબ્ધનો અંત આવ્યો જાણીને પોતાના બાપદાદાનું રાજ્ય રૂપી ધન જે પોતે ભોગવતા હતા તે પોતાના પુત્રોને ભાગ પ્રમાણે વહેંચી આપ્યું, અને સર્વ સંપત્તિઓથી ભરપૂર ઘરનો ત્યાગ કરીને તપ કરવા માટે પુલહાશ્રમમાં ગયા. ૮ ત્યાં વિદ્યાધર કુંડને વિષે ભકતોજનો ઉપર પ્રેમવાળા શ્રી હરિ ભકતોની ઇચ્છાનુસાર દર્શન આપે છે. ૯ ત્યાં નદીઓમાં ઉત્તમ એવી ગંડકી નામની નદી છે, તેમાં ઉપર તથા નીચે છીદ્રવાળાં અને શિલાની વચ્ચે રહેલાં ચક્ર ઉત્પન્ન

થાય છે, તે આશ્રમોને પવિત્ર કરે છે. ૧૦ એ આશ્રમમાં શુદ્ધ મન વાળા ભરતજી એકલાજ રહેતા થકા અનેક પ્રકારનાં પુષ્પ, કુંપળો, તુલસી, જળ, કંદ, મૂળ, અને ફળ વગેરે સામગ્રીથી એકાંતમાં ભગવાનની સેવા કરવા લાગ્યા. અને શુદ્ધ, વિષયોની તૃષ્ણાથી રહિત તથા શાંતિથી ભરપૂર થઇને નિવૃત્તિ સુખને પામ્યા. ૧૧ એ રીતે નિરંતર ભગવાનનું પૂજન કરવાથી ભગવાન ઉપર તેમનો સ્નેહ વધતો જતો હતો, તેથી પ્રેમને લીધે તેમનું હૃદય પીગળીને શિથિળ થઇ જતું હતું, શરીર રોમાંચિત થતું હતું, ઉત્કંઠાથી આવતાં પ્રેમાશ્રુને લીધે નેત્રોની જોવાની શક્તિ રોકાઇ જતી હતી અને ભગવાનનાં આનંદકારી રાતાં ચરણારવિંદના ધ્યાનથી હૃદયમાં ચારે તરફ ફેલાતા પરમાનંદ રૂપી ઊંડા ધ્રોમાં બુદ્ધિ મગ્ન થઇ જવાથી કરવામાં આવતી ભગવાનની પૂજાનું પણ તેમને ભાન રહેતું નહતું. ૧૨ આ પ્રમાણે ભગવાનના નિયમો પાળતા, મૃગચર્મથી અને ત્રિકાળ સ્નાનથી ભીની થયેલી, પીંગળી અને ગુંચવાયલી જટાથી શોભતા ભરતજી પ્રભાતમાં ઉદય પામતા સૂર્યની સામે ઉભા રહી સૂર્યમંડળમાં રહેલા હિરણમય ભગવાન સૂર્યનારાયણની, નીચેના શ્લોકથી સ્તુતિ કરતા હતા. ૧૩

* परो रजः सवितु र्जातवेदो
वेदस्य भर्गो मनसेदं जजान ॥
सुरेतसादः पुनराविश्यचष्टे
हंसं गृध्राणं नृषद्रिंगिरामिमः ॥ १४ ॥

* આ શ્લોકને મળતો સૂર્યનારાયણના ધ્યાનનો નીચે લખ્યા પ્રમાણે શ્લોક છે.

ध्येयः सदा सवितृ मंडलमध्यवर्ती। नारायणः सरसिजासन सन्निविष्टः॥ केयूरवान् मकरकुंडलवान् किरीटी। हारि हिरण्मय वपु र्धृतशंख चक्रः॥
કમળના આસનપર બિરાજતા, બાજુબંધ, મકરાકૃત કુંડલ, મુગટ, હાર અને શંખ, ચક્ર, ગદા તથા પદ્મ ધારણ કરનારા, સુવર્ણ જેવા શરીરવાળા સૂર્યમંડળમાં રહેલા શ્રીમન્નારાયણનું સદા ધ્યાન કરવું જોઇએ.

પ્રકૃતિથીપર, કર્મનાં ફળ આપનારા, બુદ્ધિને સન્માર્ગે દોરનારા, સર્વ જગતને મનથીજ ઉત્પન્ન કરનારા, પ્રકાશાત્મા અને અંતર્યામીરૂપે જગતમાં પ્રવેશ કરીને તૃષ્ણાવાળા જીવને ચૈતન્યશક્તિથી પાળનારા તેજરૂપી ભગવાન સૂર્યનારાયણને શરણે જાઉંછું. ૧૪

ઇતિશ્રી ભાગવત પુરાણના પંચમસ્કંધમાં "ભરત ચરિત્ર વર્ણન" નામનો ૭ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૮ મો.

મૃગલીના બચ્ચાની રક્ષા કરતાં ભરતજીનું મૃગજાતિમાં અવતરવું.

શ્રી શુકઉવાચ.

एकदातु महा नद्यां कृताभिषेक नैयमिकावश्यको ब्रह्माक्षरमभिगृणानो मुहूर्त्तत्रय मुदकांत उपविवेश ॥ १ ॥

શ્રી શુકદેવજી કહેછે—હે રાજા! એકવાર ભરતજી મહાનદી ગંડકીમાં સ્નાન કરી નિત્ય કર્મથી પરવારીને ૐકારનો જપ કરતા નદીના કાંઠા ઉપર છ ઘડી સુધી બેઠા હતા. ૧ તે વખતે એક હરિણી એકલીજ ત્યાં પાણી પીવા માટે આવી ચઢી. ૨ તે પાણી પીતી હતી, એટલામાં પાસેના વનમાં એક સિંહે ભયંકર ગર્જના કરી. ૩ એક તો હરિણીનું હૃદય સ્વાભાવિકજ વ્યાકુળ હતું, તેમાં વળી સિંહની ગર્જના સાંભળવાથી મનમાં ઘણો ભય ઉપજ્યો, અને ચકિત થઇ ચારે તરફ જોવા લાગી, તેની તરશ મટી ન હતી તેમ છતાં તે ભયથી નદીના સામા કિનારા તરફ ઠેકી. ૪ તે હરિણી ગર્ભવતી હતી તેથી સામેકાંઠે ઠેકતાં અત્યંત ભયને લીધે તેનો ગર્ભ યોનિમાંથી બહાર નીકળીને નદીમાં પડયો. ૫ ભય, ઠેકવું અને ગર્ભપાત થવો એ દુઃખોથી વ્યાકુળ થયેલી અને ટોળાથી વિખુટી પડેલી તે મૃગલી જઇને કોઇ પર્વતની ગુફામાં પડી, અને તુરત મરણ પામી. ૬ એ મૃગલીનું અનાથ બચ્ચું. પાણીમાં

પડીને તજાતું જોઇ, જેમ માતા પિતાએ ત્યાગ કરેલા કોઇ બાળકને તેનો કોઇ બંધુ લઇ લે, તેમ રાજર્ષિ ભરતજી પણ તે બચ્ચાની મા મરી ગયેલી જાણીને દયાને લીધે તેને પોતાના આશ્રમમાં લાવ્યા. ૭ એ બચ્ચા ઉપર પોતાના બાળકના જેવું દૃઢ અભિમાન બંધાઈ જવાથી રોજ રોજ ખડ વગેરે ખવરાવીને તેનું લાલન પાલન કરવા લાગ્યા, નાહાર વગેરે જનાવરોથી રક્ષા કરવા લાગ્યા, ચુંબન કરી લાડ લડાવવા લાગ્યા અને ખજવાળીને રાજી કરવા લાગ્યા. આ રીતે તેમાં આસક્તિ બંધાઈ જવાથી સ્થાન, ઈશ્વરનું આરાધન અને અહિંસાદિક સઘળા નિયમો એક પછી એક છૂટી ગયા. ૮ ભરતજી રોજ સંતાપ કરવા લાગ્યા કે-અરેરે! આ બિચારૂં બચ્ચું કાળના વેગને લીધે પોતાના ટોળાથી તથા સંબંધીઓથી વિખૂટું પડીને મારે શરણે આવેલું છે, અને મનેજ માતા, પિતા, ભાઇ, તથા સંબંધી તથા ટોળાવાળો સમજે છે, બીજા કોઇને ઓળખતું નથી, અને મારોજ વિશ્વાસ રાખેછે. માટે 'મારો સ્વાર્થ બગડેછે 'એવી દોષબુદ્ધિ રાખ્યા વગર આ શરણાગત બચ્ચાનું લાલન, પાલન, પોષણ વગેરે મારે કરવું જોઇએ, કેમકે શરણે આવેલાનો અનાદર કરવો એ મોટો દોષ છે. ૯ શાંત સ્વભાવ વાળા અને દીન ઉપર દયા રાખનારા આર્યો આવા કામને માટે પોતાનો ભારે સ્વાર્થ બગડતો હોય તો તેની પણ દરકાર રાખતા નથી. ૧૦ આ પ્રમાણે આસક્તિ બંધાવાથી ભરતજી સૂવું, બેસવું, ફરવું, ઉભા રહેવું, અને ખાવું પીવું વગેરે જે જે ક્રિયા કરતા, તે વખતે બચ્ચાને પોતાની આથેનું સાથેજ રાખતા. ૧૧ દર્ભ ફુલ, લાકડાં, પાંદડાં, ફળ, મૂળ, અને પાણી લેવા જતા, ત્યારે પણ તેને કોઇ નાહાર કે કુતરા મારી નાંખશે, એવી ધાસ્તીથી પોતાની સાથેજ તેને વનમાં લઇ જતા હતા. ૧૨ તે અણસમજુ મૃગનું બચ્ચું રસ્તામાં આડુંઅવળું ભરાઇ જતું ત્યારે દયાળુ ભરતજી તેને ખભા ઉપર ઊંચકી લઇ છાતી સાથે લગાવી લાડલડાવીને આનંદ પામતા હતા.૧૩ પૂજા કરતાં કરતાં કોઇ કોઈવાર વચ્ચે વચ્ચે ઊઠીને જોતા હતા, અને સ્વસ્થ ચિત્તે તેને આશિર્વાદ દેતા કે-હે વત્સ ! તારૂં સર્વ ઠેકાણે કલ્યાણ થજો. ૧૪ તે બચ્ચાને જ્યારે તે દેખતા નહતા, ત્યારે જેમ કૃપણ માણસ પોતાના નાશ પામેલા ધનનો સંતાપ કરે તેમ ભરતજી તેના વિયોગથી વિહ્વળ થઇને હૃદયમાં સંતાપ કરતા હતા, અને મોટા મોહથી કહેતા હતા કે—૧૫ અરેરે! આ બિચારૂં મા વગરનું બચ્ચું હું કે જે દુષ્ટ, કપટી, પુણ્ય વગરનો અને નિર્ભાગી છું, તેનો અપરાધ સત્ પુરૂષની પેઠે નહિ ગણતાં પાછું મારી પાસે આવશે ! ૧૬ તેને હું આ આશ્રમના ઉપવનમાં કુશળતાથી તૃણ ચરતું જોઇશ ! ઈશ્વર તેનું રક્ષણ કરો. ૧૭ વાઘ, કુતરા અને એવાજ બીજા ટોળાં સાથે ફરનારા કે એકલા ફરનારા હિંસક પ્રાણી તેને કદાચ ખાઇ તો નહી જાય ? ૧૮ અરેરે! આ જગતનું કલ્યાણ કરનારા સૂર્યનારાયણને પણ આથમવાનો સમય થયો, તો પણ હજુ સુધી એ મૃગલીની થાપણ રૂપ બચ્ચું આવ્યું નહી. ૧૯ અનેક જાતની રમત ગમતથી મનનો ખેદ દુર કરનારૂં એ મૃગનું બચ્ચું હું નિર્ભાગીની પાસે આવીને મને સુખ આપશે ? ૨૦ ગમ્મત કરતાં હું ખોટી સમાધિ કરી આંખો મીંચી જતો ત્યારે તે બચ્ચું સ્નેહ ભરેલો કોપ કરીને આખું પાણી જઇ જળના બિંદુ જેવાં કોમળ શીંગડાંની અણીઓથી મને અડતું હતું. ૨૧ વળી જેના ઉપર પૂજાની સામગ્રી રાખતો એવા દર્ભને તે મુખવતી તાણીને ચુંથી નાંખતું, ત્યારે હું તેને ધમકાવતો, તે સમયે ઋષિના કુમારની પેઠે તે પોતાની ક્રીડા બંધ કરી શાંત થઇને બેસી જતું હતું. ૨૨ અરે ! આ ભાગ્યશાળી પૃથ્વીએ એવું શું તપ કર્યું હશે ? કારણ કે વિનયવાળા એ કાળીયાર મૃગના પુત્રનાં નાના, મનોહર અને સુકોમળ પગની ખરીઓની પંક્તિથી તે સુશોભિત થઇને મને મૃગના બાળક રૂપ ધનથી રહિત થયેલા દુઃખીને માર્ગ બતાવે છે. અને પોતે

સ્વર્ગ તથા મોક્ષની ઇચ્છાવાળા દ્વીજ લોકોને ચારે તરફથી આનંદ આપનારી તથા યજ્ઞ કરવાના સ્થાનકરૂપ થયેલી છે. ૨૩ દીન ઉપર દયા કરનારો આ ચંદ્રમા મારા આશ્રમથી વિખુટા પડેલા અને મરી ગયેલી માતાવાળા બચ્ચા ઉપર દયા કરીને તેને ખોળામાં લઈ સિંહના ભયથી તેની રક્ષા કરતો હશે? ૨૪ મારૂં હૃદયરૂપી સ્થળ કમળ બાળકના વિયોગરૂપી દાવાનળની જ્વાળાના તાપથી તપી રહ્યું છે, તેની પાસે એ બચ્ચું પાછું આવીને ટાઢા, શાંત અને પ્રેમથી ઝરતાં અમૃત જેવા થુંકનાં બિંદુથી મને ઠંડક આપશે ? ૨૫ આ પ્રમાણે અયોગ્ય મનોરથથી ભરતજીનું હૃદય વ્યાકુળ થઈ ગયું, તેથી મૃગના બચ્ચારૂપે ભાસતા પોતાના પ્રારબ્ધકર્મે તેમને યોગ તથા આરાધનથી ભ્રષ્ટ કર્યા. જો તેમ ન હોય તો જેમણે ન તજી શકાય એવા પોતાના પુત્રોનો પણ ત્યાગ કર્યો હતો, તેમને પશુ જાતિના મૃગના બચ્ચા ઉપર આસક્તિ કેમ થાય ? આવા વિઘ્નથી યોગભ્રષ્ટ થયેલા અને મૃગના બચ્ચાના પાલન, પોષણ તથા લાડ પ્યારને લીધે પોતાના આત્માની ચિંતાથી ગાફલ રહેલા રાજર્ષિ ભરતજીને જેમ ઉંદરના દર ઉપર સાપ આવી ચઢે તેમ વિકરાળ વેગવાળો અને પાછો વાળી ન શકાય એવો કાળ આવી પહોચ્યો. ૨૬ મરતી વખતે પણ પડખે બેશીને પુત્રની પેઠે દીલગીર થઇ રહતું મૃગલીનું બચ્ચું જોવાથી ભરતજીનું મન તેનામાં આસક્ત રહ્યું. તેથી પોતાના શરીરનો તથા મૃગનો સંબંધ તુટી ગયા પછી પામર મનુષ્યની પેઠે તેમને મૃગનો અવતાર આવ્યો. અને એ અવતારમાં પણ તેમને પૂર્વજન્મનું સ્મરણ રહેતું હતું. ૨૭ પોતાને મૃગનો અવતાર આવવાનું કારણ પૂર્વ જન્મે કરેલી ભગવાનની આરાધનાનો પ્રભાવ છે, એમ જાણીને તે ઘણો પસ્તાવો કરતા કહેવા લાગ્યા કે—૨૮ અરેરે ! બહુજ ખોટું થયું કે હું આત્મજ્ઞાનીઓના માર્ગથી ભ્રષ્ટ થયો ! હું સર્વ પદાર્થોનો સંગ તજી એકાંત પુણ્યક્ષેત્રમાં રહી સર્વાત્મા વાસુદેવ ભગવાનનું ભજન કરતો હતો, અને તેમના ચરિત્રોનું શ્રવણ, મનન, કીર્તન, આરાધન તથા સ્મરણ કરતાં કોઇ પણ પોહોર નકામો જતો નહતો, અને મારૂં મન ભગવાનમાંજ સ્થિર થઇ રહ્યું હતું, તેમ છતાં મારૂં મન મૃગના બચ્ચાની પાછળ દોડયું ! ૨૯ એ રીતે મનમાં પસ્તાવો કરીને એ મૃગરૂપે રહેલા ભરતજી પોતાની માતાને કાલંજર પર્વતમાંજ મુકીને પોતે પુલહાશ્રમ નામના ભગવાનના ક્ષેત્રમાં ગયા. એ ક્ષેત્ર શાંત સ્વભાવના મુનિઓને ઘણું પ્રિય હતું, ત્યાં શાલનાં વૃક્ષો ઘણાં ઉગે છે અને ત્યાં પુલહ તથા પુલસ્ત્ય મુનિના આશ્રમો છે. ૩૦ એ ક્ષેત્રમાં કાળની વાટ જોતા રહેવા લાગ્યા, બીજાના સંગથી જન્મ મરણ થાય છે એવા ભયથી એકલાજ વિચરવા લાગ્યા. અને સુકાં પાંદડાં, ખડ અને વેલા ખાઇને જીવન ગાળતા પોતાના મૃગના અવતારનાં પ્રારબ્ધ કર્મ કયારે પુરાં થશે, તેની ગણત્રી કરવા લાગ્યા. એ પ્રમાણે કેટલોક કાળ વીતવા પછી પોતે તીર્થસ્નાન કરતાં કરતાં પોતાનો મૃગનો દેહ છોડયો. ૩૧

तस्मिन्नपि कालं प्रतीक्षमाणः संगाच्च भृशमुद्विग्न आत्मसहचरः शुष्कपर्णतृणवीरुधा वर्तमानो मृगत्व निमित्तावसानमेव गणयन्मृग शरीरं तीर्थोदकक्लिन्नमुत्ससर्ज ॥३१॥

ઇતિ શ્રી ભાગવત પુરાણ વિષે પંચમ સ્કંધમાં " ભરત ચરિત્ર વર્ણન " નામનો ૮ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૯ મો.

(ભરતજીનો બ્રાહ્મણને ત્યાં જડ રૂપે જન્મ.)

શ્રી શુકउवाच.

अथ कस्यचि द्विज वरस्यांगिरः प्रवरस्य शमदमतपः स्वाध्यायाध्ययनत्यागसंतोष तितिक्षाप्रश्रय विद्याऽनसूयाऽऽत्म ज्ञानानंद

મુક્તસ્યાત્મમદ્દશશ્રુત શીલાચાર રૂપૌદાર્ય ગુણા નવસોદર્યા અંગજા બભૂવુર્મિથુનંચ યવીયસ્યાં ભાર્યાયામ્ ॥ ૧ ॥

શ્રી શુકદેવજી કહેછે—હે રાજા! પછી શમ, દમ, તપ, વેદાધ્યયન, દાન, સંતોષ, સહનશીળતા, નમ્રતા, કર્મ કરવાની વિદ્યા, દયા, દેહાદિકથી ભિન્ન એવો આત્મા ભોક્તા છે એવું જ્ઞાન, અને ધર્મ સંપત્તિનો આનન્દ, એ સર્વ ગુણોવાળો એક બ્રાહ્મણ અંગીરાના વંશમાં ઉપન્ન થયો. તે બ્રાહ્મણને પોતાની મોટી સ્ત્રીથી પોતાના સરખાજ શાસ્ત્રાભ્યાસ, શીળ,આચાર,રૂપ અને ઉદારતાવાળા નવ પુત્રો થયા, અને નાની સ્ત્રીથી એક જોડલું ઉત્પન્ન થયું. ૧ એ જોડલામાં જે પુત્ર હતો, તે ભરત નામે પૂર્વ જન્મમાં મહાવૈષ્ણવ ચક્રવર્ત્તિ રાજા હતા, બીજા જન્મમાં મૃગ થયા હતા, અને આ ત્રીજા અવતારે બ્રાહ્મણ થયા હતા ૨. બ્રાહ્મણના અવતારમાં પણ પોતાના સંબંધીઓના સંગથી બહુજ ડરતા હતા, અને જેના ગુણોનુ શ્રવણ, કીર્ત્તન અને સ્મરણ કરવાથી કર્મનાં બન્ધન છૂટી જાયછે એવા ભગવાનના ચરણારવિંદનું મનમાં ધ્યાન કરતા હતા, અને ભગવાનના અનુગ્રહથી પોતાના પૂર્વ જન્મોનું સ્મરણ કરતા હતા, કદાચિત પોતાને કોઇના સંગથી બન્ધન થઇ જાય નહિ, એવી શંકાથી લોકોને પોતાનું સ્વરૂપ ઉન્મત્ત, જડ, આંધળું અને બેહેરૂ દેખાડતા હતા. ૩ આ પુત્ર જડ છે, તેથી તેને ગૃહસ્થાશ્રમનો અધિકાર નથી; તો પણ તેની પહેલાંના [1]સમાવર્તન સુધીના સઘળા સંસ્કારો શાસ્ત્ર વિધિ પ્રમાણે કરવા જોઇએ, એવા વિચારથી પુત્રના સ્નેહબંધનને લીધે તેમના પિતાએ સંસ્કારો કરવાને જનોઇ દીધી. જો કે [2]શૌચ અને આચમન આદિ કર્મના નિયમ, જડ ભરતને પ્રિય લાગતા નહતા; તો પણ પિતાએ પુત્રને તે શિખવવું જોઇએ, એવા આગ્રહથી તેને શિખવવા લાગ્યા. ૪ પણ કેમે કરી પિતા ભણાવવાનો આગ્રહ છોડી દે, એવા હેતુથી એ જડભરત પોતાના પિતાના દેખતાં આચાર આદિમાં ગરબડ કરવા લાગ્યા, વેદ ભણાવવાના આરંભમાંજ એ જડ ભરતને તેના પિતા [3]વ્યાહૃતિ, ઓંકાર અને [4]શિર સહિત ગાયત્રી મંત્ર ભણાવવા લાગ્યા, ભણાવતાં ભણાવતાં ગ્રીષ્મ અને વસન્ત ઋતુના ચાર મહિના નિકળી ગયા; તોપણ બરાબર રીતે ભણાવી શકયા નહિ. ૫ પવિત્રતા, વેદાધ્યયન, વ્રત, નિયમ તથા ગુરૂ અને અગ્નિની સેવા આદિ બ્રહ્મચારીનાં કર્મ, જડભરતને પ્રિય લાગતાં નહતાં; તો પણ તે પુત્રને ભણાવવોજ જોઇએ, એવા આગ્રહથી જડભરતનો પિતા ભણાવવામાંજ લાગ્યો રહ્યો; આ પ્રમાણે કરતાં ઘરમાંજ આસક્ત રહેલો તે બ્રાહ્મણ સદા સાવધાન રહેનારા કાળના સપાટામાં સપડાઇ ગયો. ૬ પછી ભરતની માતા પોતાના ગર્ભથી ઉત્પન્ન થયેલ તે જોડલાને પોતાની શોકયને સોંપી સતીના ધર્મની રીતે પતિ પાછળ સતી થઇ. પિતાના મરણ પછી જડભરતના ભાઇ કે–જે જડભરતના પ્રભાવને જાણતા નહતા, અને બ્રહ્મવિદ્યામાં નહિ પણ કેવળ કર્મવિદ્યામાંજ પુરૂષાર્થ સમજતા હતા, તેઓએ ભરતને જડબુદ્ધિવાળો જાણીને ભણાવવાનો આગ્રહ છોડી દીધો. ૭ પશુઓ જેવા પામર મનુષ્ય જ્યારે એ ભરતને હે ઘેલા! હે જડ!! હે બેહેરા!!! એમ કહી બોલાવતા હતા, ત્યારે ભરતજી પણ તેઓને તેવાજ શબ્દોથી સામા બોલાવતા હતા. લોકો તેમની પાસે કામ કરાવતા હતા તો તેઓની ઇચ્છા પ્રમાણે કરતા હતા, વેઠથી, ભીખથી અથવા દૈવઇચ્છાથી થોડું ઘણું, મીઠું કે ખરાબ જેવું અન્ન મળતું, તે કેવળ પ્રાણ નિર્વાહને માટે ખાતા હતા, પણ ઇન્દ્રિયોને પ્રસન્ન કરવા માટે કાંઇ પણ ખાતા

૧ ગુરૂને ઘેર વિદ્યાભ્યાસ કરી પાછા આવવું.

૨ અભક્ષ્ય ભક્ષણ અને નિન્દનીય પુરૂષોનો સંસર્ગ તેનો ત્યાગ કરવો અને સદાચારમાં દૃઢ નિષ્ઠા રાખવી, એ શૌચ કહેવાય છે.

૩ ભૂઃ ભુવઃ સ્વઃ એ ત્રણ વ્યાહૃતિ કહેવાય છે.

૪ પ્રાણાયામ કરતાં ગાયત્રી મંત્ર પછી જે મંત્ર બોલાય છે, તેને ગાયત્રીનું શિર કહે છે.

નહિ. ૮ બીજાથી ઉત્પન્ન નહી થયેલા સ્વયં-પ્રકાશ શુદ્ધ અને અનુભવ રૂપ પરમાનન્દ આત્માની તેમને પ્રાપ્તી થઇ હતી, તેથી માન અથવા અપમાન આદિથી થતાં સુખ દુઃખમાં દેહાભિમાન કરતા નહતા. ૯ ટાઢ, તડકો, વા અને વરસાદમાં બળદની પેઠે ઉઘાડે શરીરે ફરતા હતા, અંગો સર્વ પુષ્ટ અને મજબુત હતાં, પૃથ્વી ઉપર સુવાથી, મર્દન ન કરવાથી, અને સ્નાન પણ ન કરવાથી, લાગી ગયેલીધુળને સાફ કર્યા વગરના મણિના તેજની પેઠે તેનું બ્રહ્મતેજ સ્પષ્ટ જાણવામાં આવતું નહતું, એક ફાટેલું લુગડું કેડે વીંટતા હતા. અતિશય મેલા જનોઇ ઉપરથી મૂર્ખ લોકો તેમને અધમ બ્રાહ્મણ કહી અપમાન કરતા હતા, એવી રીતે અવધૂત વેશે ફરતા હતા. ૧૦ આ પ્રમાણે ભટકતા ભરતજી મજુરી કરીને આહાર મેળવવા લાગ્યા ત્યારે તેમના ભાઇઓએ તેમને આહારની લાલચ આપી ચોખાના ખેતરમાં ક્યારાનું કામ કરવા રાખ્યા, તો તે કામ પણ કરવા મંડયા. પણ તે કયારા નાના મોટા કે વાંકા ચૂકા થઇ જતા તેનું ધ્યાન રાખતા નહી. ચોખાની કણકી, ખોળ, ફોતરાં, સડેલા અડદ અને બળેલું અન્ન વિગેરે જે કાંઇ ભાઇ આપતા, તેને અમૃત જેવું માનીને ભરતજી ખાતા હતા. ૧૧ પછી કોઇ દિવસ કોઈ ચોરનો રાજા પોતાને સંતાન થવાની ઇચ્છાથી ભદ્રકાળીને માણસનું બળીદાન આપવા લાગ્યો. ૧૨ તેમાં જે માણસને પકડયો હતો, તે માણસ દૈવગતિથી કેદમાંથી છૂટીને નાશી ગયો હતો, તેને શોધવા માટે એ રાજાનાં માણસો દોડયાં, એ વખતે બહુ અંધારી રાત હતી; તેથી એ નાશી ગયેલા માણસનો કાંઇપણ પત્તો લાગ્યો નહિ; પરંતુ દૈવઇચ્છાથી એ અંગિરાના પુત્ર જડભરત ખડી ચોકીથી હરણ અને સુવર વિગેરે જાનવરોથી કયારાઓની રક્ષા કરતા હતા, તે જોવામાં આવ્યા. ૧૩ તેના શરીરનાં લક્ષણ નિર્દોષ હોવાથી પોતાના રાજાનું કામ સિદ્ધ થશે, એમ માની દોરડાથી બાંધીને આનન્દથી હસતા મોઢે તેને દેવીના મંદીરમાં લઇ ગયા. ૧૪ પછી તે ચોર લોકોએ તે જડભરતને પોતાની રીત પ્રમાણે નવરાવી નવાં વસ્ત્ર પેહેરાવ્યાં, અને ઘરેણાં, ચન્દન, માળા અને તિલક વગેરેથી શણગારી ભોજન કરાવી, ગાન, સ્તુતિ, મૃદંગ અને ઢોલના મહાશબ્દ કરીને તે નરપશુને ભદ્રકાળીની સામે બેસાડયા. પછી ધૂપ, દીપ, પુષ્પ, ચોખા, કુંપળ, અંકુર, ફળ અને નૈવેદ્યાદિ હિંસા કરવાનો વિધિ થઇ રહ્યો. ૧૫ ત્યારે તે ચોર રાજાના પુરોહિતે એનરપશુના લોહીરૂપી આસવથી ભદ્રકાળીને તૃપ્ત કરવાને માટે દેવીના મંત્રથી મંત્રલી અતિ વિકરાળ તરવાર હાથમાં લીધી. ૧૬ એ રાજસી અને તામસી પ્રકૃતિવાળા, દ્રવ્યના મદરૂપ રજોગુણથી છકેલા અને ભગવાનનો જેમાં અંશ છે, એવા બ્રાહ્મણ કુળને તુચ્છ માનીને પોતાની ઇચ્છા પ્રમાણે અવળે રસ્તે ચાલનારા તથા હિંસાને તો કેવળ એક રમતરૂપ માનનારા એ શુદ્ર લોક, સાક્ષાત્ બ્રહ્મભૂત, બ્રહ્મર્ષિના પુત્ર, વેર રહિત અને પ્રાણીમાત્રના મિત્રનો વધ કરવાની હિંસકશાસ્ત્રમાં પણ આજ્ઞા નથી; તોપણ તેવા મહાત્માનો વધ કરવારૂપ અત્યન્ત દારૂણ કર્મ કરવા લાગ્યા. એ જોઇને ભદ્રકાળી દેવીનું શરીર જડભરતના અસહ્ય તેજથી બળવા લાગ્યું. તેથી દેવી પોતાની મૂર્ત્તિનો ત્યાગ કરીને, તુરત તેમાંથી બહાર નીકળી. ૧૭ તે લોકોનો અપરાધ સહન ન થઇ શકવાથી, અને શરીરમાં જે દાહ થવા લાગ્યો તેથી ભદ્રકાળી મૂર્ત્તિમાંથી ભારે વેગથી ઉછળી તેના તેત્ર રૂપ વૃક્ષની શાખારૂપ ભ્રૂકુટિ ઊંચી કપાળમાં ચઢી ગઇ, દાઢો અને રાતાં ચોળ નેત્રોના આડંબરથી મુખ અત્યંત ભયંકર દેખાવા લાગ્યું, અને જાણે આખા જગતનો પ્રલય કરવાનો વિચાર હોય, એવા મહા કોપથી ખડખડ ખડખડ હસવા લાગી, અને પુરોહિતના હાથમાંથી ખડ્ગ પડાવી લઇ, તે ખડ્ગથી તે ચોરોનાં મસ્તક ઉડાવી દીધાં. તેના ગળામાંથી નિકળતા ઉના લોહીરૂપી આસવનું માતાજીએ પોતાના ભુવાઓ સાથે પાન કર્યું, અને અત્યન્ત પાનના મદથી વિહ્વળ થઇને,

ભવાનીએ સાથે અત્યંત ઉંચા સ્વરથી ગાયન અને નૃત્ય કર્યું. તથા તેઓનાં માથાં ઉંચાં ઉછાળી દડાની રમત રમ્યાં, ૧૮ આ પ્રમાણે જે મનુષ્ય મોટા પુરૂષોનું ભૂંડું કરવા ઇચ્છે છે, તો તેથી બધી રીતે પોતાનુંજ ભૂંડું થાય છે, ૧૯ હે પરીક્ષિત રાજા ! મહા વૈષ્ણવ પરમહંસોને પોતાનું માથું કપાવા વખતે જરાપણ ગભરાટ થતો નથી, એમાં આશ્ચર્ય નથી; કેમકે તેઓ દેહાદિક જડ પદાર્થોને આત્મા માનવારૂપ હૃદયની દૃઢ ગાંઠથી રહિત હોય છે, અને પ્રાણી માત્રના મિત્ર, આત્મરૂપ, વૈર રહિત, અને ભગવાનનાં નિર્ભય ચરણારવિંદના મૂળમાં રહેનારા લોકોની સાક્ષાત ભગવાનજ પોતાના સાવધાન કાળરૂપી ચક્રવડે અને બીજા પણ તે તે પદાર્થોવડે રક્ષા કરેછે. ૨૦

न वा एतद्विष्णुदत्त महदद्भुतं यदसंभ्रमः स्वशिरश्छेदन आपतितेऽपि विमुक्तदेहाद्यात्मभावसुदृढहृदयग्रंथीनां सर्वसत्वसुहृदात्मनांनिर्वैराणां साक्षाद्भगवताऽनिमिषारिवरायुधेनाप्रमत्तेनतैस्तैर्भावैः परिरक्ष्यमाणानां तत्पादमूलमकुतोभयमुपसृतानां भागवतपरमहंसानाम् ॥ २० ॥

ઇતિશ્રી ભાગવત પુરાણના પંચમ સ્કંધમાં " જડભરત ચરિત્ર વર્ણન " નામનો ૯ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૦ મો.

(રહૂગણ અને જડભરતનો મેળાપ.)

॥ श्री शुकउवाच ॥

अथ सिंधु सौवीरपते रहूगणस्य व्रजत इक्षुमत्यास्तटे तत्कुलपतिना शिबिकावाह पुरुषान्वेषणसमये दैवेनोपसादितः सद्विजवर उपलब्ध एष पीवा युवा संहननांगो गोखरवद्धुरं वोढुमलमिति पूर्वविष्टिगृहीतैः सह गृहीतः प्रसभमतदर्ह उवाह शिबिकां स महानुभावः ॥ १ ॥

શ્રી શુકદેવજી કહે છે —ત્યારપછી સિન્ધુ અને સૌવીર દેશનો રાજા રહુગણ કપિલદેવના આશ્રમમાં જતો હતો, ત્યાં ઇક્ષુમતી નદીના કાંઠા ઉપર તે રાજાની પાલખી ઉપાડનારા ભોઇ લોકોનો જમાદાર, બીજા પાલખી ઉપાડનારની શોધ કરતો હતો, તેટલામાં દૈવયોગે તેના હાથમાં જડભરત આવી ગયા. તે પુષ્ટ, જુવાન અને મજબુત હોવાથી બળદ અને ગધેડાની પેઠે ભાર ઉપાડવામાં સમર્થ છે, એમ ધારીને બીજાઓની સાથે તેમને પણ બળાત્કારે પકડી લીધા. એ મહાજ્ઞાની જડભરત તે કામને યોગ્ય ન હતા; તોપણ તેમણે બીજા ભોઇઓની સાથે પાલખી ઉપાડી. ૧ એ જડભરત રસ્તામાં પગથી કોઇ જીવ ચંપાઇ ન જાય, એ માટે એક બાણ જેટલી જગ્યા પણ જોઇ જોઇને ચાલતા હતા; તેથી બીજા ભોઇ લોકોની ચાલ સરખી નહિ આવવાથી પાલખી વાંકી થઇ જતી હતી, તેથી રહુગણે ભોઇઓને કહ્યું કે—'અરે ભોઇઓ ! બરાબર ચાલો. પાલખી વાંકી કેમ થઇ જાય છે?' ૨ રાજાનું આવું ઠપકાભરેલું વચન સાંભળીને, દંડની બીકથી ભોઇ લોકોએ અરજ કરી કે-હે રાજા ! અમારી ગફલત નથી, અમે તો આપની આજ્ઞા પ્રમાણે બરાબર ચાલીએ છીએ; પરંતુ આ નવો પકડેલો મનુષ્ય ઉતાવળો ચાલતો નથી. તેથી અમે તેની સાથે ચાલી શકીશું નહિ. ૩-૪ આ પ્રમાણે તે ભોઇઓનાં દીન વચન સાંભળીને રાજાએ એવો નિશ્ચય કર્યો કે એકનો અપરાધ હોય તોપણ તેની સાથેના બીજા પુરૂષો ઉપર પણ અપરાધ આવે છે, જો કે રાજા રહુગણ વૃદ્ધ પુરૂષોની સેવા કરનારો હતો, તોપણ રાજસી અને રાજકીય સ્વભાવને લીધે તેણે જરા ક્રોધવશ થઇને, જેનું તેજ રાખમાં દબાયલા અગ્નિની પેઠે સ્પષ્ટ જોવામાં આવતું ન હતું, એવા જડભરતને આ પ્રમાણે મશ્કરીનાં વચન કહ્યાં. ૫ "હે ભાઈ!! મહા શોકની વાત છે કે-તું

જરૂર બહુજ થાકી ગયો છે! બહુજ લાંબા માર્ગમાં ઘણી વાર થયા તું એકલોજ પાલખી ઉપાડી ચાલ્યો આવે છે, તું બહુજ જાડો નથી, તેમ તારૂં શરીર પણ મજબુત નથી, અને ઘરડપણથી તું ઘેરાયલો પણ છે. હે મિત્ર! આ તારા સોબતીઓ જરા પણ તારા જેવા નથી." આ પ્રમાણે રહુગણે બહુજ મશ્કરી કરી; તોપણ તે જડભરતને પોતાના છેલ્લા દેહરૂપ ખોટું ઓઢું કે—જે પંચમહાભૂત, ઇન્દ્રિય, કર્મ અને અંતઃકરણરૂપ માયાના પદાર્થોથી બનેલ છે, તેમાં હું અને મારૂં એવી મિથ્યા પ્રતીતિ નહતી અને બ્રહ્મસ્વરૂપ હતા, તેથી કાંઇપણ ન કહેતાં, પ્રથમનાં પેઠે પાલખી ઉપાડી ચાલવા લાગ્યા. ૬ વળી ફરી પાછી પાલખી વાંકી થઈ ગઇ, ત્યારે રહુગણ ક્રોધ કરીને બોલ્યો કે અરે! આ શું? તું જીવતે મુવેલા જેવો છે, તું મને ન ગણકારતાં મારૂં અપમાન કરે છે. યમરાજ જેમ પ્રાણીઓને શિક્ષા આપે છે, તેમ હું પણ તને અલમસ્તને શિક્ષા કરીશ, ત્યારે તું સીધો થઈ જઇશ. ૭ આ પ્રમાણે રહુગણ રાજા કે-જે રજોગુણ અને તમોગુણથી વધી ગયેલા અભિમાનને લીધે, કોઈ વૃષ્ણુવજનને ગણતો નહતો અને રાજાપણાના અભિમાનથી નજરમાં આવે તેમ બહુજ બોલતો હતો, તેને બ્રહ્મસ્વરૂપ, ગર્વ રહિત, સર્વ પ્રાણીઓના મિત્ર, આત્મસ્વરૂપ અને યોગેશ્વરોની રીતે વર્તનારા જડભરતે જાણે હસતા હોય તેમ નીચે પ્રમાણે કહ્યું. ૮

જડભરત કહે છે—હે રાજા![1] તમે જે કહ્યું તે ખરૂં છે, તેમાં મારી કાંઇ મશ્કરી કરી નથી. જે ભાર નામનો કોઇ પદાર્થ હોય, તે ઉપાડનારા દેહને લાગતો હોય, અને તેની સાથે મને કાંઇપણ સંબંધ હોય તો તો તમે મારી મશ્કરી કરી એમ હું સમજું; પરંતુ ભાર એ શું છે? અને દેહ એ શી વસ્તુ છે? એનો નિર્ણય થઇ શકતો નથી, અને ભાર તથા દેહની સાથે મારે કાંઇપણ સંબંધ નથી. માટે તારાં વાક્યોને હું મશ્કરીરૂપ સમજતો નથી, તેમજ જો કોઇ ચાલીને પોહોંચવાનું સ્થળ અથવા ચાલવાનો માર્ગ હોય, અને તે સાથે મારે કોઇપણ પ્રકારનો સંબંધ હોય. તો તમે મારી મશ્કરી કરી, એમ હું સમજું; પરંતુ તે માંહેનું કાંઇપણ નથી, તેથી તમે કહ્યું તે ખરૂંજ છે, એમ હું માનુછું.[2] આત્માને "પુષ્ટછે" એમ કહેવું એતો કેવળ મૂર્ખોનેજ સંભવે; કેમકે પાંચ ભૂતોના સમૂહરૂપ દેહજ પુષ્ટ થાય છે, પણ આત્મા કદી પુષ્ટ થતો નથી. ૯ જાડાપણું, પાતળાપણું, વ્યાધિ, આધિ, ક્ષુધા, તૃષા, ભય, કલહ, ઇચ્છા, જરા, નિદ્રા, મૈથુન, ક્રોધ, શોક અને અહંકારથી થનારો મદ એ સર્વ જે જન દેહની સાથે જન્મ્યો હોય, તેને થાય છે; પરંતુ હું દેહ સાથે જન્મ્યો નથી, એથી મને તે માંહેનું કશું પણ નથી. ૧૦ હે રાજા! હું એકલોજ + જીવતે મૂવો નથી, પણ સઘળું જગત્ જીવતે મૂવેલું છે, કેમકે આ જગત્ ક્ષણે ક્ષણે ઉત્પન્ન થાય છે, અને મરે છે. હે સ્તુતિપાત્ર રાજા! ×સ્વામીભાવ અને દાસભાવ જો અવિચળ હોય તો તારે આજ્ઞા કરવી, અને મારે કામ કરવું એ બની શકે છે; પરંતુ તે અવિચળ નથી, જો તું રાજ્યથી ભ્રષ્ટ થાય અને મને રાજ્ય મળે તો હું આજ્ઞા કરૂં અને તારે કામ કરવું પડે. ૧૧ આ રાજા છે અને આ સેવક છે, એવી ભેદબુદ્ધિનો અવકાશ વ્યવહાર વગર થોડો પણ જોવામાં આવતો નથી, માટે જો કે આ પ્રકારે વ્યવહાર દૃષ્ટિનો ત્યાગ કરી, વાસ્તવિક વિચાર કરવામાં આવેતો, તેમાં રાજા કોણ અને તેનો સેવક કોણ? એ કાંઈ પણ ન-

૧ તું થાકી ગયો નથી, અને લાંબો રસ્તો કાપ્યો નથી, એમ જે વક્રોક્તિથી કહ્યું હતું, તેનો ઉત્તર આપે છે.

૨ તું બહુ જાડો નથી એમ જે વક્રોક્તિથી કહ્યું હતું, તેનો ઉત્તર આપે છે.

+ તું જીવતો મૂવો છે એમ જે કહ્યું તેનો ઉત્તર આપે છે.

× તું ધણીના હુકમનું અપમાન કરે છે, એમ જે કહ્યું તેનો ઉત્તર આપે છે.

થી; તોપણ જો તને રાજાપણાનું અભિમાન હોય તો તું કહે તેમ કરવાને હું તૈયાર છું. ૧૨ હું *ઉન્મત્ત, મત્ત અને જડ જેવો રહું છું; અને બ્રહ્મભાવને પામ્યો છું તેને દંડથી અથવા શિક્ષાથી શું થવાનું છે? કેમકે જીવન્મુક્તને અર્થ તથા અનર્થ એ બેમાંથી કાંઇપણ રહેતું નથી, કદાચિત હું જીવન્મુક્ત નથી, પણ અક્કડ અને ઘેલોજ છું તો પણ દળેલાને દળવાની પેઠે મારા ઉપર દંડ કે શિક્ષા એ સર્વ વ્યર્થ છે, કારણકે જડ માણસને કોઇ પણ રીતે સમજદાર કરી શકાતો નથી. ૧૩

શ્રી શુકદેવજી કહે છે—હે પરીક્ષિત રાજા! સ્વભાવથી શાન્ત અને દેહાભિમાન કરાવનારી અવિદ્યાથી મુક્ત થયેલા જડભરત કે-જે સુખ દુઃખાદિકોને ભોગવીને, પ્રારબ્ધ કર્મનો ક્ષય કરતા હતા, તે આ પ્રમાણે રહુગણ રાજાની કહેલી સર્વ વક્રોક્તિનો પ્રત્યુત્તર આપી પ્રથમની પેઠે પાલખી ઉપાડી ચાલવા લાગ્યા, ૧૪ હે પરીક્ષિત! એ સિંધુ તથા સૌવીર દેશનો રાજા રહુગણ કે-જેણે ઉત્તમ શ્રદ્ધાને માટે તત્વ સમજવાનો અધિકાર મેળવ્યો હતો, તે પોતે આ પ્રકારે દેહાભિમાનને કાપનાર અને યોગના ઘણાજ ગ્રંથોમાં માન્ય કરેલાં જડભરતનાં વચન સાંભળી તુરતજ પાલખીમાંથી નીચે ઉતરી રાજાપણાના અભિમાનનો ત્યાગ કરી, એ જડભરતના ચરણોમાં માથું મૂકી ક્ષમા માગીને બોલ્યો કે- ૧૫ ગુપ્ત રૂપે ફરનારા તમે કોણ છો? તમે કંઠમાં જનોઇ ધારણ કરીછે તો કયા મુનિછો? દત્તાત્રેય આદિ અવધૂતોમાંથી તમે કયા અવધૂત છો? તમે કોના પુત્ર છો? કયાં રહો છો? અને અહીં શા માટે આવ્યા છો? અમારૂં કલ્યાણ કરવા માટે પધાર્યા હો, તો તમે કપિલદેવ તો નથી? ૧૬ હું ઇંદ્રના વજ્રના ડરથી ડરતો નથી; મહાદેવના ત્રિશૂળથી ડરતો નથી, યમરાજના દંડથી ડરતો નથી, અને અગ્નિ, સૂર્ય, વાયુ તથા કુબેરના અસ્ત્રથી પણ ડરતો નથી, પણ બ્રાહ્મણના કુળનું અપમાન કરવાથી બહુજ ડરૂંછું. ૧૭ માટે હે સાધુ! અપાર મહિમા વાળા અને જ્ઞાન રૂપ ગુપ્ત પ્રભાવવાળા તમે જડની પેઠે ફરોછો, તે મારા પૂછેલા પ્રશ્નોનો ઉત્તર આપો, યોગથી ગુંથાયલાં તમારાં વચનો સૂક્ષ્મ દૃષ્ટિવાળા વિદ્વાનોથી પણ બરાબર સમજાય તેમ નથી. ૧૮ હું પણ મહાયોગેશ્વર આત્મવેત્તા, મુનિજનોના પરમ ગુરૂ અને જ્ઞાનશક્તિથી અવતાર ધારણ કરનારા ભગવાન્ કપિલદેવ પાસે "આ સંસારમાં સાચું શરણ કયું છે?" એ વાત પૂછવા માટે જાઉં છું. ૧૯ તમે લોકોને જોવાને માટે ગુપ્ત રૂપથી ફરતા ભગવાન કપિલદેવ તો નથી? અધબુદ્ધિનો અને ઘરમાંજ દૃઢબંધનથી બંધાયેલો પુરૂષ યોગેશ્વરોની ગતિને શી રીતે જાણી શકે? ૨૦ તમે કહ્યું કે-શ્રમ જરાપણ નથી, પરંતુ એ વાત મારા મનમાં ઠસતી નથી, કેમકે હું કોઇ સમયે યુદ્ધ આદિ કામ કરૂં છું, ત્યારે શ્રમિત થઇ જાઉં છું, તે પ્રમાણે આપને પણ ભાર ઉપાડવા અને ચાલવા આદિથી થાક લાગવોજ જોઇએ એમ હું અનુમાન કરૂં છું. વ્યવહાર માર્ગને આપ અસત્ કહો છો, પરંતુ જેમ અસત્ ઘડાથી પાણી લાવવા વિગેરેનું કાર્ય થતું નથી, તેમ વ્યવહાર પણ જો અસત્ હોય, તો તેથી કાંઇ પણ કાર્ય થવું જોઇએ નહિ. વ્યવહાર -(સંસાર) થી તો સર્વ કાર્ય થાય છે, માટે તેને અસત્ શી રીતે કહી શકાય? ૨૧ તમે કહ્યું કે-સુખ દુઃખાદિ ધર્મ કેવળ દેહના છે, પણ આત્માના નહિ, એ વિષયમાં મને સંદેહ છે, કારણ કે તપેલીને તાપ લાગવાથી તેમાં રહેલા દ્રવને તાપ લાગે છે, દ્રવને તાપ લાગવાથી ચોખાના ઉપરના ભાગને તાપ લાગે છે, અને ઉપરના ભાગને તાપ લાગવાથી અંદરના ભાગમાં તાપ લાગે છે, એ પ્રમાણે દેહને દુઃખ થવાથી તેની અંદર રહેલી ઇંન્દ્રિયોને દુઃખ થાયછે, ઇન્દ્રિયોને દુઃખ થવાથી, પ્રાણને દુઃખ થાયછે, પ્રાણને દુઃખ થવાથી મનને દુઃખ થાયછે, અને મનને દુઃખ થવાથી તેના સંબંધી આત્માને દુઃખ થાય.

* તું ગાંડો થઇ ગયો છે, માટે હું તને શિક્ષા કરીશ, જેથી તું તારા મૂળસ્વભાવ ઉપર આવી જઇશ, એમ જે કહ્યું તેનો ઉત્તર આપે છે.

છે. ૨૨ તમે કહ્યું કે-સ્વામીપણું અને સેવકપણું અવિચળ નથી; પરંતુ જે સમયે જે રાજા હોય તે સમયે તે પ્રજાનું શાસન અને પાલન કરે એમાં શું ખોટું છે? જે રાજા ભગવાનનો ભક્ત થઈને ઘટતી રીતે પોતાનો રાજ્યાધિકાર ચલાવતો હોય, અને ગાફલ વિગેરે લોકોને શિક્ષા કરતો રહે, તે દળેલાને દળવા જેવું શી રીતે કહી શકાય? હું તો એમ જાણું છું કે-એ રાજા પોતાના ધર્મ પાલનરૂપ ભગવદ્ભક્તિ કરવાથી પોતાના પાપસમૂહનો નાશ કરે છે. ૨૩ માટે હે દીનબન્ધુ! મેં રાજાપણાના અભિમાનથી મહાત્મા પુરૂષોનું અપમાન કર્યું છે, તેના ઉપર કૃપાદૃષ્ટિ કરો કે-જેથી મહાત્માઓનાં અપમાન કરવાના પાપથી મુક્ત થઊં. ૨૪ તમે સર્વ જગતના સંબંધી, સખા અને સમતાને લીધે દેહાભિમાન રહિત છો, માટે તમને કોઈપણ વિકાર નથી; તોપણ મારા જેવો મનુષ્ય તો મહાદેવ સમાન સમર્થ હોય તોપણ પોતે કરેલ મહાત્માના અપમાનથી તુરતજ નાશ પામે. ૨૫

न विक्रिया विश्व सुहृत्सखस्य साम्येन वीता भिमतेस्तवापि ॥ महद्विमानात्स्वकृताद्धिमादृङ्नङ्क्ष्यत्यदूरादपिशूलपाणिः ॥२६॥

ઇતિશ્રી ભાગવત પુરાણના પંચમ સ્કંધમાં "રહુગણ જડભરત સંવાદ વર્ણન" નામનો ૧૦ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૧ મો.

ભરતજીએ રહૂગણને કરેલો બ્રહ્મ જ્ઞાનનો ઉપદેશ.

॥ ब्राह्मण उवाच ॥

अकोविदः कोविदवादवादान् । वदस्यतो नातिविदां वरिष्ठः । नसूरयोहि व्यवहारमेनं तत्त्वावमर्शेन सहाऽऽमनंति ॥१॥

ભરતજી કહેછે-તું મૂર્ખછે તેમ છતાં વિદ્વાનના જેવી વાતો કરે છે; પરંતુ તેથી તું મોટો વિદ્વાન્ ગણાય તેમ નથી; કારણકે ખરી રીતે જોતાં.આ વ્યવહાર સાચો ઠરતો નથી, એમ વિદ્વાનો કહે છે. ૧ હે રાજા! જેમ લોકવ્યવહાર અસત્ય છે તેમ વેદમાં કહેલો કર્મવ્યવહાર પણ અસત્ય છે. ઘરમાં રહીને કરવાના યજ્ઞોના વિસ્તાર સંબંધી વિદ્યાઓનું પ્રતિપાદન કરનારાં વેદ વચનોમાં તત્ત્વજ્ઞાનની વાત ઘણું કરીને જોવામાં આવતી નથી; કેમકે તત્ત્વજ્ઞાન હિંસાદિક દોષથી રહિત છે, અને કર્મકાંડની વિદ્યામાં હિંસાદિક દોષ રહેલા છે, તત્ત્વજ્ઞાનમાં રાગદ્વેષાદિક દોષ રહેતા નથી, અને કર્મકાંડની વિદ્યામાં રાગ દ્વેષાદિક રહે છે; અર્થાત સકામ કર્મ કરવાથી તત્ત્વજ્ઞાન થતું નથી, પણ જે કર્મ કરે, તે ઇશ્વરાર્પણ કરવામાં આવે તો અંતઃકરણની શુદ્ધિવડે પરમાર્થ ફળ રૂપ તત્ત્વજ્ઞાનનો હેતુ થાય છે. ૨ જેમ સ્વપ્નનું સુખ દશ્ય છતાં મિથ્યા છે, તેમ ગૃહસ્થાશ્રમનું સુખ પણ દશ્ય અને અનિત્ય હોવાથી મિથ્યાજ છે, એવું અનુમાન જે મનુષ્યે પોતાના મનથી કર્યું ન હોય તે મનુષ્યને, વેદાંતનાં વાક્ય, જો કે તત્ત્વજ્ઞાનને માટે અતિ ઉત્તમ છે; તો પણ યથાર્થ તત્ત્વજ્ઞાન આપી શકતાં નથી. ૩ જ્યાં સુધી મનુષ્યનું મન સત્વ, રજ અને તમો ગુણને વશ્ય રહેછે, ત્યાં સુધી નિરંકુશ રહીને, જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિયથી પાપ પુણ્ય કરે છે. ૪ પુણ્યની વાસનાવાળું, વિષયોથી રંગાયેલું, વિષયોમાં આડુંઅવળું ભટકતું પાંચ મહાભૂત અને અગ્યાર ઇન્દ્રિયોમાં મુખ્ય ગણાતું તથા કામ ક્રોધાદિક અનેક વિકારવાળું એ મનજ દેવ, મનુષ્ય અને પશુ પક્ષી આદિ અનેક દેહ તથા જુદાં જુદાં નામો ધારણ કરેછે, અને તે તે દેહો વડે ઉંચ પણું તથા નીચ પણું કરે છે. ૫ ટાળ્યાં ટળે નહિ એવાં અને સમય પ્રમાણે આવીને ઉભાં રહેતાં સુખ, દુઃખ અને મોહને ચારેકોર ઉત્પન્ન કરનારૂં પણ મનજ છે, તે મન જીવની માયા રચિત ઉપાધિ છે. તેથી જીવને પોતાનામાં મિથ્યા અધ્યાસ કરાવીને "હુંજ

મન છું" એમ મનાવીને સંસારરૂપ ચક્રમાં છળ કરી ભ્રમણ કરાવે છે. ૬ આ પ્રમાણે જાગ્રત અને સ્વપ્ન રૂપ આ સંસાર મનની કલ્પનાથીજ ઉભો થયો છે, અને મન છે ત્યાં સુધીજ પ્રકાશ કરે છે. આત્મા એ મનથી ઉત્પન્ન થયેલ સંસારનો કેવળ દ્રષ્ટા હોવાથી વાસ્તવિક રીતે તેની સાથે બીજો કાંઇપણ સંબંધ રાખતો નથી; તોપણ એ "મન હુંછું" એવા મિથ્યા અધ્યાસથી ઉંચપણું નીચપણું આદિ ધર્મ પોતાનામાં માની લે છે. આ પ્રમાણે આત્માને દેહાભિમાનરૂપ અધમતા આપનારૂં જો કે મન જ છે; તોપણ દેહાભિમાનથી મુક્ત થવા રૂપ ઉત્તમતા આપનારૂં પણ મનજ છે. ૭ મન વિષયોમાં લાગ્યું રહે તો જીવને જન્મ મરણાદિક દુઃખ આપે છે, અને તેજ મન જો વિષયોથી દુર રહે, તો મોક્ષ આપે છે. જેમ દીવો ઘી અને વાટને ખાધા કરે છે, ત્યાં સુધી તેમાંથી ધુમાડાવાળી શિખા નિકળ્યા કરે છે, અને જ્યારે ઘી તથા વાટ સર્વ બળી જાય છે, ત્યારે બુઝાઇને બ્રહ્મરૂપ થઇ જાય છે. ૮ મનની અગ્યાર વૃત્તિયો છે, તેમાં પાંચ ક્રિયારૂપ, પાંચ જ્ઞાનરૂપ અને એક અભિમાનરૂપ છે. હે રાજા! પાંચ વિષય, પાંચ કર્મ અને એક પુર, એ અગ્યાર ઉપર કહેલી અગ્યાર વૃત્તિયોને રહેવાનાં સ્થળ છે. ૯ તેમાં શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચ વિષય છે: તે જ્ઞાનેંદ્રિયરૂપ દ્વારથી મનની વૃત્તિયોનાં સ્થાન છે, મળત્યાગ, મૈથુન, ગતિ, ભાષણ અને કારીગરી એ પાંચ કર્મ છે; કર્મેન્દ્રિયરૂપ દ્વારથી મનની વૃત્તિયોની સ્થાન છે. અગીઆરમું જે પુર કહ્યું તે અભિમાન (મમતા) રૂપ મનની વૃત્તિનું સ્થાન શરીર સમજવું, કેટલાક વિદ્વાન્ એમ પણ કહે છે કે અહંકાર નામે મનની એક બારમી વૃત્તી છે, અને તેનું સ્થાન શરીર છે. જો કે આ પ્રકારે મુખ્યત્વે કરીને મનની અગ્યાર વૃત્તિયો ગણાય છે; તોપણ તે વૃત્તિયો સ્વભાવ, પદાર્થ, સંસ્કાર, અદૃષ્ટ અને કાળને લીધે તેના સેંકડો, હજારો અને કરોડો ભેદ થાય છે. હવે એ વૃત્તિયો જીવમાંથી ઉત્પન્ન થવાનો તો સંભવજ નથી; કારણ કે જીવ તો નિર્વિકાર છે, તેમ પરસ્પર ઉત્પન્ન થવાનો પણ સંભવ નથી; કેમકે એમ માનવામાં અન્યોઅન્યના [1]આશ્રયનો દોષ આવે છે, તેમ પોતે પોતાનામાંથી પણ ઉત્પન્ન થવી ઘટતી નથી; કારણ કે એમ હોવાથી [2]આત્માશ્રય દોષ આવે છે. એ રીતે કોઇપણ રીતે એ વૃત્તિયોની ઉત્પત્તિનું નિરૂપણ થઇ શકતું નથી, માટે એ વૃત્તિયોને કેવળ મિથ્યાજ જાણવી. ૧૧ આ પ્રમાણે વિષય અને કર્મોના સંબંધથી મનની વૃત્તિયો ઉઠે છે, અને જ્યારે તે સંબંધ મટે, ત્યારે તે મન આત્મારૂપ થઇ જાય છે. તે આત્મા પોતાને અપવિત્ર કરનાર અને માયાથી નિર્માણ કરેલા મનના પ્રવાહરૂપે નિરંતર ચાલતી એ વૃત્તિયોને જોયા કરે છે. જાગ્રત અને સ્વપ્નાવસ્થામાં પ્રત્યક્ષ જોનારો છે અને સુષુપ્તિ અવસ્થામાં ઢંકાયલી જોનારો છે, અર્થાત્ અવસ્થાનો સાક્ષી આ ક્ષેત્રજ્ઞ આત્મા છે, ૧૨ ક્ષેત્રજ્ઞ બે પ્રકારનો છે. એક તો ત્વં પદાર્થ જીવ, એ સાક્ષીરૂપ ક્ષેત્રજ્ઞ આત્મા પુરાણપુરૂષ, સ્વયંપ્રકાશ, અપરોક્ષ, અજન્મા બ્રહ્માદિકોના પણ ઇશ્વર, અને ભગવાન્ નારાયણ વાસુદેવ રૂપ છે. તે પોતાની માયાવડે જીવમાત્રને નિયમમાં રાખનારા છે. ૧૩ જેમ વાયુ સર્વસ્થાવરજંગમમાં પ્રાણરૂપથી પ્રવેશ કરીને સર્વને વશ રાખે છે, તેમ ક્ષેત્રજ્ઞ ભગવાન્ વાસુદેવ આ જગતમાં પ્રવેશ કરીને તેને નિયમમાં રાખે છે. ૧૪ હે રહૂગણ! જ્યાં સુધી પ્રાણી સંગમાત્રનો ત્યાગ કરી, છ ઇન્દ્રિયરૂપ શત્રુઓનો પરાજય કરી, જ્ઞાનના ઉદયથી જોવામાં આવતી આ માયાને દૂર કરીને પોતાના સ્વરૂપને જાણતો નથી, ત્યાં સુધી તે સંસારમાં ભટકયા કરે છે. ૧૫ શોક, મોહ, રાગ, લોભ, વૈર અને મમતા કરનાર તથા

૧ હરદત દેવદત્તમાંથી જન્મ્યો, અને દેવદત્ત હરદત્તમાંથી જન્મ્યો, એમાં પરસ્પર અન્યોન્યાશ્રય દોષ આવે છે, તેમ અહિ પણ પહેલું તત્વ બીજામાંથી અને બીજું પહેલામાંથી ઉત્પન્ન થયું, એવો દોષ આવશે.

૨ પોતાને પોતાનામાંથીજ ઉત્પન્ન થયો માનવો એ આત્માશ્રયદોષ ગણાય છે.

સ્વરૂપની ઉપાધિરૂપ એ મનજ મનુષ્યને સંસારનાં દુઃખોનું મૂળ છે. આ પ્રમાણે જ્યાં સુધી મનુષ્યને જ્ઞાન થતું નથી. ત્યાં સુધી સંસારમાં ભટક્યા કરે છે. ૧૬ માટે હે રાજા! તું પણ આ મનરૂપ શત્રુ કે જેની ઉપેક્ષા કરવાથી તે વૃદ્ધિ પામે છે, મહા બળવાન્ છે, અને મિથ્યા છતાં પણ સ્વરૂપ જ્ઞાનને ભુલાવી દે છે, તેનાથી સાવધાન રહી ભગવાન્ રૂપ ગુરૂના ચરણોની ઉપાસનારૂપ અસ્રથી તેનો નાશ કરી નાખ. ૧૭

भ्रातृव्यमेनं तददभ्रवीर्यमुपेक्षयाऽध्येधितमप्रमत्तः ॥ गुरोर्हरेश्चरणोपासनास्त्रोऽजहि व्यलीकं स्वयमात्ममोषम् ॥ १७ ॥

ઇતિશ્રી ભાગવત મહાપુરાણના પંચમ સ્કંધમાં "ભરત રહૂગણ સંવાદ વર્ણન" નામનો ૧૧ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૨ મો.

જડભરતે રહૂગણના મનનો સંદેહ દુર કર્યો.

॥ रहूगण उवाच ॥

नमोनमः कारण विग्रहायऽस्वरूप तुच्छी कृत विग्रहाय ॥ नमोऽवधूतद्विजबंधुलिंगऽनिगूढ नित्यानुभवाय तुभ्यम् ॥ १ ॥

રહૂગણ પૂછે છે—હે યોગેશ્વર! તમે ઇશ્વરનું જ સ્વરૂપ, પરમાનન્દના પ્રકાશથી દેહાદિકને તુચ્છ માનનારા અને સામાન્ય બ્રાહ્મણના વેષથી પોતાના સ્વતંત્ર અનુભવને ગુપ્ત રાખનારા છો, એવા તમને હું વારંવાર નમસ્કાર કરૂંછું. ૧ રોગથી પીડાતા મનુષ્યને જેમ ઔષધ અમૃતરૂપ છે, અને ગરમીથી તપેલા પુરૂષને જેમ ટાઢું પાણી અમૃત રૂપ છે, તેમ હું આ અધમ શરીરના અભિમાન રૂપ સર્પના ડંશથી આંધળો થયેલો છું તેને આપનાં વચન ઔષધ સમાન અને અમૃત રૂપ છે. ૨ માટે મારા મનમાં જે સંદેહ છે, તેતો હું આપને પછીથી પૂછીશ, પણ હાલ તો જ્ઞાનયોગથી ગુંથાયેલાં જે વચનો તમે કહ્યાં, તે વચનો જે પ્રકારે સારી રીતે મારા સમજવામાં આવે તેમ વર્ણવીને કહો, એ સાંભળવા માટે મને ઉત્સાહ થયો છે. ૩ હે યોગેશ્વર! આ ભાર ઉપાડવો આદિ ક્રિયા અને તેથી થનારો પરિશ્રમ આદિ કે-જે પ્રત્યક્ષ જોવામાં આવેછે, અને જે વ્યવહારનું કારણ છે, તે સર્વ ખરી રીતે જોતાં કાંઇજ નથી એમ જે આપે કહ્યું, એ વિષેની મારા મનની ભ્રાન્તિ મટતી નથી. ૪

જડભરત બોલ્યા—હે રાજા! પૃથ્વીથી ઉત્પન્ન થયેલા જે પદાર્થ કોઇ કારણથી પૃથ્વી ઉપર ચાલે છે, તેને આપણે ભોઈ વિગેરે નામોથી જાણીએ છીએ, અને જે ચાલતો નથી, તેને આપણે પત્થર વગેરે નામથી જાણીએ છીએ; પરંતુ વિચાર કરી જોઇએ છીએ તો ભોઈ અથવા પત્થરમાં કાંઈપણ ભેદ નથી, અને પત્થર જડ હોવાથી તેને કાંઇપણ શ્રમ કે ભાર વગેરે નથી, તેમ ભોઇને પણ ભાર અથવા શ્રમ આદિ ન થવો જોઇએ, જેથી શ્રમ થાય છે, તેનું જો નિરૂપણ થઇ શકતું હોય તો કદાચિત આપણે પરિશ્રમ થવાની વાત સાચી માનીએ; પરંતુ તેમ નથી. કેમકે અવયવો વગર અવયવીનું નિરૂપણજ થઈ શકતું નથી. પ્રથમ વિચાર કરો કે-ભોઇના શરીરમાં કેટલા અવયવ છે. માટીમાંથી બનેલા ભોઇના પગ ઉપર ઘુંટી છે, ઘુંટી ઉપર પીંડીઓ છે, પીંડી ઉપર ગોઠણ છે, ગોઠણ ઉપર સાથળ છે, સાથળ ઉપર કેડ છે, કેડ ઉપર છાતી છે. છાતી ઉપર ડોક છે. ડોકની બે બાજુએ બે ખભા છે. ૫ અને ખભા ઉપર લાકડાની પાલખી છે. જે પાલખીમાં સૌવીર દેશનો રાજા એવા નામ વાળું માટીનું પૂતળું બેઠેલું છે. હવે એટલા બધા અવયવમાં કયા અવયવને ભાર કે પરિશ્રમ છે? વળી તે અવયવોના કટકાનો ત્યાગ કરતાં શરીર નામનો કોઇપણ પદાર્થ રહેતો નથી, માટે ભાર કે પરિશ્રમ કોને લાગે છે? તેનું કાંઇપણ નિરૂપણ થઇ શકતુંજ નથી. પાલ-

ખીમાં બેઠેલા માટીના પૂતળામાં "સિંધુ દેશનો રાજા છું." એવું અભિમાન કરીને તું રાજાપણાના મદથી આંધળો થઇને, બિચારા મહાદુઃખી આ દીનજનોને વેઠે પકડે છે, માટે તું નક્કી નિર્દય અને ઘાતકી છે, અને એ પ્રમાણે ઘાતકી છતાં પણ તું નિર્લજ્જ થઇને બકયા કરે છે કે-"હું મનુષ્યોનું રક્ષણ કરનાર છું" માટે વિવેકી પુરૂષોની સભામાં તને માન મળશે નહીં. ૬-૭ ઉપરના અવયવોનો ભાર નીચેના અવયવોને લાગે છે, એમ પણ કહી શકાતું નથી; કેમકે અવયવ વાળા એક પદાર્થનું જેમ નિરૂપણ થઇ શકતુ નથી, તેમ અવયવોનું પણ નિરૂપણ થઇ શકતું નથી, કેમકે હું જાણું છું કે સ્થાવર અને જંગમ સઘળા જગતની ઉત્પત્તિ અને નાશ પૃથ્વીમાંજ થાય છે, એ વાત પ્રસિદ્ધ છે. એ માટે સર્વ અવયવ પૃથ્વીનાજ વિકાર છે, એટલુંજ નહિ, પરંતુ કોઇપણ જગતનો પદાર્થ પૃથ્વીથી જુદો પડે તેમ નથી. માત્ર એ પદાર્થોનાં નામ જુદાં જુદાં છે, માટે નામ માત્ર વગર વ્યવહારનું કોઇપણ કારણ કાર્ય કરવાને લીધે સત્ય છે, એવું અનુમાન થઇ શકતું નથી, જો એ અનુમાન થઇ શકતું હોય તો તુંજ કહે. ૮ આ ઉપરથી અંતે એમ પણ ન જાણવું કે "પૃથ્વી સત્ય છે" કેમકે ખરી રીતે જોતાં પૃથ્વી પણ મિથ્યા ઠરે છે. પૃથ્વી પોતાનાં કારણરૂપ સૂક્ષ્મ પરમાણુઓમાં લય પામે છે, તેથી પરમાણુ વગર પૃથ્વી કાંઇપણ પદાર્થ નથી, અને પરમાણુ કે જેના સમુહથી પૃથ્વીની કલ્પના કરવામાં આવી છે, અને પૃથ્વીને સિદ્ધ કરવા માટે જેઓની માત્ર મનથીજ કલ્પના થઇ છે, તેઓ પણ સત્ય નથી; કેમકે સર્વ પ્રપંચની પેઠે પરમાણુઓ પણ ખરૂં કારણ જાણ્યા વિના અજ્ઞાનથીજ કલ્પેલા છે. ૯ એ પ્રમાણે પાતળું, જાડું, નાનું, મોટું, કારણ, કાર્ય, ચેતન અને જડ એ સર્વ દ્વૈત માત્ર માયાથીજ બનેલું છે. અને દ્રવ્ય, સ્વભાવ, સંસ્કાર, કાળ અને અદષ્ટ એ સર્વ મળીને માયાનાંજ નામ છે, ૧૦ ત્યારે સાચું શું છે? એ જાણવું હોય તો જ્ઞાનમય એક પરબ્રહ્મજ સત્ય છે, જે પરબ્રહ્મ, શુદ્ધ, એક, સ્વયં, પરિપૂર્ણ, નિર્વિકાર, પરમાર્થસ્વરૂપ, પ્રત્યક્રૂપ છે. જેનાથી બહાર અને અંદર બીજું કાંઇપણ નથી, અને જ્ઞાની લોક જેને ઐશ્વર્યાદિ ષડ્ગુણ સંપન્ન ભગવાન વાસુદેવ કહે છે. ૧૧ હે રહૂગણરાજા! આ પોતાના સ્વરૂપની પ્રાપ્તિ તપ કરવાથી અથવા વેદોક્ત કર્મ કરવાથી અથવા પ્રાણિયોને અન્નાદિક આપવાથી અથવા પરોપકાર કરવાથી અથવા વેદાભ્યાસ કરવાથી અથવા જળ, અગ્નિ અને સૂર્યની ઉપાસના કરવાથી થતી નથી, પણ મહાત્મા પુરૂષોના ચરણની રજનું સેવન કર્યાથી પરબ્રહ્મની પ્રાપ્તિ થાય છે ૧૨ જે મહાત્મા પુરૂષોમાં વિષયની વાતોનો નાશ કરનારી ભગવત્ કથાજ નિરંતર ચાલ્યા કરે છે. એ કથાનું પ્રતિદિન સેવન કરવામાં આવે તો, મુમુક્ષુ માણસને ભગવત્ સબંધી ઉત્તમ જ્ઞાન થાય છે. ૧૩ હું પૂર્વે ભરત નામનો રાજા હતો. આ લોકની તથા પરલોકની સર્વ તૃષ્ણાનો ત્યાગ કરી ભગવાનનું આરાધન કરતો હતો, ત્યાં મૃગના સંગથી સઘળા કર્તવ્યનો નાશ થઇ જતાં મૃગના અવતારમાં આવી પડયો હતો. ૧૪ હે રાજન! ભગવાનની આરાધનાના પ્રભાવથી મૃગના અવતારમાંપણ મને પૂર્વજન્મનું સ્મરણ રહ્યું છે, તેથી હું લોકોનો સંગ થઇ જવાના ડરથી ગુપ્ત અને સંગરહિત રહીને ફરૂં છું. ૧૫ માટે વૈરાગ્યવાન મહાત્મા પુરૂષોના સત્સંગથી ઉત્પન્ન થયેલા જ્ઞાનરૂપ ખડ્ગથી જે મનુષ્ય મોહને કાપી નાખે છે, તેને ભગવાનની લીલા ગાવાથી તથા સંભારવાથી સ્વરૂપનું જ્ઞાન થઇ જાય છે, અને તેથી સંસારનો પાર પામી ભગવત્ સ્વરૂપને પામે છે. ૧૬

तस्मान्नरोऽसंगसुसंगजात ज्ञानासिनेहैव विवृक्ण मोहः ॥ हरिं तदोहा कथनस्मृतिभ्यां लब्ध स्मृतिर्यात्यतिपारमध्वनः ॥१६॥

ઇતિશ્રી મહાપુરાણ ભાગવત વિષે પંચમ સ્કંધમાં "બ્રાહ્મણ રહૂગણ સંવાદ વર્ણન"નામનો ૧૨ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૩ મો.

રહુગણ રાજાને દૃઢ વૈરાગ્ય કરવા માટે જડભરતે કરેલું ભવાટવીનું વર્ણન.

॥ ब्राह्मण उवाच ॥

दुरत्ययेऽध्वन्यजया निवेशितो
रजस्तमः सत्त्वविभक्त कर्मदृक् ॥
स एष सार्थोऽर्थपरः परिभ्रमन्
भवाटवीं याति न शर्म विंदति ॥ १ ॥

જડભરત કહે છે—આ દુસ્તર પ્રવૃત્તિ માર્ગમાં માયાએ નાખેલો અને રજોગુણ, તમોગુણ તથા સત્વગુણથી જુદા જુદા વિભાગ કરેલાં કર્મોનેજ પોતાનું કર્ત્તવ્ય જાણનારો આ જીવસમુહ જેમ વાણિઆઓનો સંઘ દ્રવ્ય કમાવાની ઇચ્છાથી વનમાં ચાલ્યો જતો હોય, તેમ સુખ મેળવવા માટે ભટકતો સંસાર રૂપ વનમાં ભટકે છે, પરંતુ સુખ પામતો નથી. ૧ હે રાજા ! જે વનમાં ખરાબ નાયકવાળા એ સંઘને છ [3]ચોર બળાત્કારથી [4]લુટી લે છે, જેમ નાહાર ઘેટાંના ટોળામાં ઘુસી જઇને ઘેટાને ખેંચી જાયછે, તેમ [5]શિયાળિયાં સંઘમાં [6]ઘુસીને, ગાફલ રહેનારાં મનુષ્યને ખેંચી જાય છે. ૨ [7]સઘનલતા, ઘાસ અને ગુચ્છાથી ગહન ભયંકર સ્થળમાં ડાંસ અને મચ્છરોનો ઘણો ઉપદ્રવ કરે છે; કોઇ જગ્યાએ એ સંઘ [8]ગંધર્વ નગરને સાચું માને છે, અને કોઇ કોઇ ઠેકાણે મહાવેગથી જતાં ભૂતનાં [1]ઊંબાડિયાંને લેવાની ઇચ્છા કરેછે. ૩ ઉતારાની જગ્યા, જળ અને ધનની લાલચવાળી બુદ્ધિથી વગડામાં આમ તેમ દોડ્યા [2]કરે છે, કોઇ જગ્યાએ આંખોમાં ધૂળ પડવાથી, [3]વંટોળીઆથી ઉડેલી [4]ધૂળથી ઢંકાઇ ગયેલી [5]દિશાઓને દેખતો નથી, ૪ જોવામાં ન આવે એવાં [6]તમરાંના સાદથી કાનને પીડા થાય છે, [7]ઘૂડના શબ્દથી અન્તઃકરણમાં ખેદ થાય છે, ભૂખને લીધે અપવિત્ર ઝાડને સેવે છે, અને કોઇ વખતે ઝાંઝવાનાં પાણી પીવાને દોડે છે. ૫ કોઈ વખતે પાણી વગરની સુકી [8]નદીઓ કે-જેમાં પડી જવાથી શરીર ભાંગી જઈ [9]દુઃખ થાય, અને પાણી પણ મળે નહિ, તેમાં [10]ઉતરે છે, કોઇ વખત અન્ન ખુટી પડવાથી બીજાઓ પાસેથી લેવાની [11]ઇચ્છા કરે છે, કોઇ વખતે [12]દાવાનળની પાસે જઇ ચઢી, [13]અગ્નિથી તપી જઇને, અકળાઈ જાય છે, કોઇ વખત [14]યક્ષ લોકો [15]પ્રાણ લઈ લે છે, ૬ કોઇ વખત બળવાન મનુષ્યો ધન હરી લે છે, તેથી ખેદ પામી શોક કરે છે, મોહ પામે છે અને મૂર્ચ્છિત થાય છે, કોઈ વખતે ગંધર્વ [16]નગરમાં પેસીને સુખીઆની પેઠે થોડી વાર આનંદ માની લે છે. ૭ કોઈ સ્થળે ચાલતાં કાંટા અને [17]કાંકરીઓ પગમાં લાગે છે, તેથી [18]પર્વત ઉપર ચડવાની ઇચ્છા કરતાં તે પાર ન પડવાથી ઉદાસ થઇ જાય છે. ક્ષણે ક્ષણે [19]અગ્નિથી પીડાઇને, એ કુટુમ્બમાં રહેલા પ્રાણી બીજાઓ

---

૧ આ તેરમા અધ્યાયમાં વર્ણવેલાં રૂપકનું વ્યાખ્યાન ચૌદમા અધ્યાયમાં આપેલું છે.

૨ બુદ્ધિ. ૩ છ ઈંદ્રયો. ૪ ધર્મમાં ઉપયોગી હોય એવું ધન ઉપયોગદ્વારા લૂટી લે છે.

૫ સ્ત્રી પુત્ર આદિ. ૬ તું મારો ધણી તુ મારો બાપ એ પ્રમાણે કહીને ઘુસીને.

૭ તૃષ્ણા અને કર્મ આદિથી ગહન ગૃહસ્થાશ્રમમાં દુર્જનો પીડા કરે છે.

૮ ગંધર્વ નગરની પેઠે મિથ્યા છતાં પણ જોવામાં આવતા દેહાદિકને સત્ય માને છે.

---

૧ ભૂતના મંડળના સમાન સુવર્ણ. ૨ વિષય એ પક્ષમાં સમાન છે. ૩ રજોગુણ. ૪ સ્ત્રી. ૫ કર્મના સાક્ષી રૂપ દિશાના દેવતા. ૬ પરોક્ષ અપ્રિય બોલનાર. ૭ પ્રત્યક્ષ અપ્રિય બોલનાર. ૮ અધર્મી લોક. ૯ ખોટા વિષયો. ૧૦ આ લોક અને પરલોકમાં દુઃખ દેનારા પાખંડોમાં મળે છે. ૧૧ પુત્ર અને ભાઇઓ વિગેરે પાસેથી. ૧૨ ઘર. ૧૩ શોક. ૧૪ યક્ષ જેવા રાજાઓ. ૧૫ ધન. ૧૬ ગંધર્વ નગરના સમાન મિથ્યાભૂત પિતા, પુત્ર વિગેરેના સમજવા. ૧૭ વિઘ્ન દુઃખ આપે તે. ૧૮ મોટાં કામ કરવાની ઇચ્છા. ૧૯ જઠરાગ્નિ-ભૂખ.

ઉપર ક્રોધ કરે છે. ૮ કોઇ વખતે [1]અજગરે ગળવાથી વનમાં ફેંકી દીધેલા મુડદાંની પેઠે કશું પણ જાણતો નથી, કોઇ સ્થળે [2]હિન્સક પ્રાણીઓ[3] કરડતાં[4] આંધળો થઇ, ઉંડા અંધારા [5] કુવામાં પડી, [6]દુઃખમાંજ સુઇ રહે છે. ૯ કોઇ સ્થળે [7]મધને શોધવા જતાં, તેની માંખીઓ [8]કરડવાથી દુઃખી થાય છે, અને વખતે મહા મુશીબતે હાથમાં મધ આવે છે, તો તેની પાસેથી બીજાઓ બળાત્કારથી લુટી લે છે અને જો તેઓની સામો થાય છે, તો વળી ત્રીજો લુટી લે છે. ૧૦ કોઇ વખતે ટાઢ, તડકો, વાયુ અને વરસાદથી બચવાનો ઉપાય નહિ બની શકતાં એમજ બેસી રહે છે, કોઈ વખતે થોડી ઘણી લેવડદેવડ કરતાં ધનના વિષયમાં ઠગાઈ કરવાથી સામા મનુષ્યનો શત્રુ થાય છે. ૧૧ કોઇ કોઇ ઠેકાણે દ્રવ્ય ખૂટી જવાથી નિર્ધન થઇ વનમાં ખાટલો, આસન, ઉતારો કે વાહન નહી મળવાથી, તે બીજાની પાસે જઈને માગે છે, પણ જોઇતી વસ્તુ મળતી નથી, ત્યારે પારકી વસ્તુ લેવાની ઇચ્છા કરે છે, અને તેથી તે અપમાન પામે છે. ૧૨ પરસ્પર વસ્તુઓ આપ લે કરવાનો વ્યવહાર કરતાં વૈર વધી જાય છે; તો પણ તેઓની સાથે પરસ્પર વિવાહ આદિ સમ્બન્ધ કરે છે, મહાકષ્ટ, પરિશ્રમ, ધનહાનિ અને દ્વેષ આદિ ઉપદ્રવોને લીધે વનમાં મુવેલા જેવો થઈ જાય છે. ૧૩ હે રાજા! રસ્તામાં જો કોઇ મરણ પામે, તેને ત્યાંજ મૂકી દે છે, અને નવા જન્મે તેને સાથે લઇ ચાલે છે, એ પ્રમાણે ચાલતાં [9]જ્યાંથી ચાલવાનું શરૂ થાય છે, તે જગા ઉપર કોઈ પાછો આવતો નથી, અને એ સંસારરૂપી માર્ગના છેડા રૂપી યોગને કોઇ પણ પોહોચતો નથી. ૧૪ શૂરવીર અને દિગ્વિજય કરનારા પુરૂષો પણ "આ પૃથ્વી મારી છે" એમ પૃથ્વીને માટે વૈર બાંધીને યુદ્ધમાં લડી મરે છે; પરંતુ વૈર વિનાના સંન્યાસી જે પદને પામે છે, તે પદને કોઈ પણ પહોચી શકતો નથી. ૧૫ એ [1]વગડામાં [2]લતાઓની [3]શાખાઓને જોઇને મોહ પામે છે, અને લતા ઉપર રહેનારા પક્ષીઓના મીઠા શબ્દ સાંભળવાની ઇચ્છા કરે છે, કોઇ ઠેકાણે [4]સિંહનાં ટોળાંથી ત્રાસ પામી તે ત્રાસ દુર કરવાને લોકોના ભમાવવાથી [5]બગલા, [6]કાગડા અને [7]ગિદ્ધો સાથે મિત્રતા કરે છે. [8]જ્યારે એ બગલા આદિ ઠગી લે છે, ત્યારે આની સંગતિ કરવામાં કાંઈ લાભ નથી; એમ જાણી [9]હંસોના ટોળામાં જાય છે, પણ હંસોની રીતભાત[10] ઠીક નહી લાગવાથી, વાનરોનાં ટોળામાં પેસેછે એ વાનરોની રમતથી તથા [11]પરસ્પર મુખ જોઇ સુખમાની મરણની અવધિ ભૂલી જાય છે. [12]ઝાડની ડાળીઓ ઉપર રમવાની ઇચ્છા રાખતો, સ્ત્રી અને પુત્રોમાં મહા પ્યાર કરે છે, મૈથુન વાસ્તે દીન બનીને, મોહ થઇ જવાથી પોતે બંધનમાં પડી જાય છે, કોઇવાર ગફલતથી પર્વતની [13]ગુફામાં પડી જાય છે, ત્યારે તે ગુફાના [14]હાથીથી ભય પામીને એક [15]લતાને પકડીને ઉભો રહે છે. ૧૮ એ આપદામાંથી માંડ માંડ છુટીને પાછો તે [16]સંઘમાં જઇને મળે છે, આ વનના માર્ગમાં માયાએ નાખી દીધેલો કોઇ પણ મનુષ્ય ભટકયા કરતો હજી સુધી ચેતતો નથી. ૧૯ હે રહુગણ રાજા! તું પણ તેમાંનોજ છે, માટે અભિમાન ત્યાગ કરી, પ્રાણી માત્રની સાથે મિત્રભાવ રાખી વિષયોમાંથી આસક્તિ છોડી ભગવાનની

૧ નિદ્રા. ૨ દુર્જનો. ૩ પીડા કરતાં. ૪ વિવેક રહિત. ૫ મોહ. ૬ પરસ્ત્રી વિગેરે. ૭ તેઓના સ્વામી. ૮ મારવા લાગવાથી. ૯ પરબ્રહ્મ.

૧ સિંહાવલોકન રીતે ફરીથી ભવાટવીનું વર્ણન કરે છે. ૨ સ્ત્રિયો. ૩ શાખાના જેવા સુકુમાર હાથ ૪ સ્ત્રી સંગની આસક્તિવાળાં મનુષ્ય. ૫ કાળચક્રથી થનારા જન્મ મરણાદિક. ૬ બગલા જેવા ઠગ. ૭ કાગડા જેવા ક્ષુદ્ર. ૮ ગિદ્ધ જેવા ક્રુર—પાખંડી. ૯ બ્રાહ્મણ. ૧૦ પ્રાયશ્ચિત પૂર્વક પુનઃ સંસ્કાર કરવો આદિ બ્રાહ્મણોની રીતિ નીતિ પસંદ ન આવવાથી વાનરાઓના જેવા આચાર ભ્રષ્ટ પુરૂષો સાથે જઇ મળવું. ૧૧ સ્ત્રી પુરૂષ. ૧૨ ઘર. ૧૩ ભયંકર રોગ આદિ દુઃખ. ૧૪ મૃત્યુ. ૧૫ પ્રારબ્ધ કર્મ. ૧૬ પ્રવૃત્તિ માર્ગ.

સેવાથી તીક્ષ્ણ જ્ઞાન રૂપ તરવાર હાથમાં લઇ આ ભવાટવીનો માર્ગ કાપી નાંખ. ૨૦

રહુગણ કહેછે—અહો ! મનુષ્ય જન્મ બીજા સર્વ જન્મો કરતાં ઉત્તમ છે; કેમકે બીજા અવતારોમાં ભગવાનના યશથી ચિત્તને શુદ્ધ કરનારા આપના જેવા મહાત્માઓનો સમાગમ થતો નથી, માટે સ્વર્ગમાં દેવાદિકનો અવતાર આવે તો તે પણ શા કામનો ? ૨૧ આપનાં ચરણારવિંદની રજનું નિરંતર સેવન કરવાથી જેનાં પાપ ટળી ગયાં છે, તેને ભગવાનની નિર્મળ ભક્તિ પ્રાપ્ત થાય એમાં કાંઇ પણ આશ્ચર્ય નથી; કારણકે આપના બે ઘડીના સમાગમથીજ, મારો અવિવેક કે-જે કુતર્કથી મજબુત થયો હતો, તે ટળી ગયો. ૨૨ બ્રહ્મવેત્તાઓ ઓળખવામાં આવતા નથી, માટે સર્વને પ્રણામ કરૂં છું. મોટાઓને, નાનાઓને, તરૂણને અને બટુક પર્યંત સઘળાઓને હું નમસ્કાર કરૂં છું. જે બ્રહ્મવેત્તા અવધૂત રૂપે પૃથ્વીમાં વિચરે છે, તેઓથી રાજાઓનું કલ્યાણ થજો. ૨૩

શ્રી શુકદેવજી કહે છે—હે પરિક્ષીત! એ પ્રમાણે બ્રહ્મવેત્તા જડભરતે પોતાનું અપમાન કરનારા રહુગણ રાજાને પણ દયા કરીને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કર્યો, રહુગણ રાજાએ પણ દીનતાથી જડભરતનાં ચરણોમાં નમસ્કાર કર્યા પછી તે જડભરત કે-જેના અન્તઃકરણના તરંગો સ્થિર અને ભરપૂર સમુદ્રની પેઠે શાન્ત હતા, તે આ પૃથ્વી ઉપર ફરવા લાગ્યા ૨૪ જડભરતના ઉપદેશથી આત્મતત્ત્વ જ્યારે યથાર્થ સમજવામાં આવી ગયું, ત્યારે રહુગણે પણ આત્મસ્વરૂપમાં અજ્ઞાનને લીધે આરોપ થયેલી દેહાત્મબુદ્ધિ છોડી દીધી. હે પરિક્ષીત રાજા! ભગવદ્ ભક્તોનો આશ્રય લેવાનો પ્રભાવ એવો છે. ૧૫

પરિક્ષીત રાજા પૂછે છે—હે શુકદેવજી ! મહા વિદ્વાન આપે પરોક્ષ વચનથી જે અહિં જીવોના સંસાર રૂપી વનના માર્ગનું વર્ણન કર્યું, તેના વિષયો ગંભીર હોવાને લીધે અલ્પબુદ્ધિના માણસોથી સેહેજ સમજી શકાય એવા નથી, માટે એ સમજી ન શકાય એવા વિષયને સંસારના વિષયોની સાથે બરોબર સરખાવીને સમજાવો ૨૬.

योऽहवा इह बहुविदा महाभागवत त्वयाऽभिहितः परोक्षेण वचसा जीवलोकभवाध्वा सह्यार्यमनीषया कल्पितविषयो नांजसाऽव्युत्पन्नलोकसमधिगमः अथ तदेवैतद्दुरवममं समवेतानुकल्पेन निर्दिश्यतामिति ।

ઇતિશ્રી મહાપુરાણ ભાગવત વિષે પંચમ સ્કંધમાં "ભવાટવી વર્ણન" નામનો ૧૩ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૪ મો.

(ભવાટવીનું સ્પષ્ટ કરણ.)

॥सहोवाच॥ य एष देहात्ममानिनां सत्त्वादिगुणविशेष विकल्पित कुशलाकुशलसमवहारविनिर्मित विविधदेहावलिभिर्वियोगसंयोगाद्यनादि संसारानुभवस्य द्वारभूतेन षडिंद्रियवर्गेण तस्मिन्दुर्गाध्ववदसुगमेऽध्वन्या पतित ईश्वरस्य भगवतो विष्णोर्वशवर्तिन्या मायया जीवलोकोऽयं यथा वणिक्सार्थोऽर्थपरः स्वदेह निष्पादितकर्मानुभवः श्मशानवदशिवतमायां संसाराटव्यां गतो नाद्यापि विफलबहुप्रतियोगहस्तत्तापोपशमनीं हरिगुरुचरणारविंद मधुकरानुपदवीमवरुंधे यस्यामु ह वा एते षडिंद्रियनामानः कर्मणा दस्यव एव ते ॥ १ ॥

શ્રી શુકદેવજી કહે છે—હે રાજા! જે જીવો દેહને આત્મા તરીકે માનેછે તેઓને સત્વાદિક ગુણોથી વેહેંચાઇ ગયેલાં ભલાંભુડાં કર્મોથી અનેક પ્રકારના દેહ ઉત્પન્ન થાય છે, અને વળી તે દેહોનો નાશ થઇ જાયછે. સંસારના અનુભવના દ્વારરૂપ છ ઇંદ્રિયોછે, તે ઇંદ્રિયો વડે તથા ભગવાનની માયાવડે આ જીવ વન વગડાના માર્ગની પેઠે આ સંસારરૂ

રૂપી મહા કઠિણ માર્ગમાં આવી પડયો છે. જેમ વાણીયાનો સંઘ ધન કમાવા માટે એક દેશથી બીજા દેશમાં જતાં વિકટ વનમાં જઈ ચઢેછે, તેમ આ જીવ સમૂહ પણ સ્મશાનની પેઠે સંસાર રૂપી અમંગળ વનમાં જઇ ચઢીને કર્મોનાં ફળ ભોગવેછે; માર્ગમાં આવી પડતાં અનેક વિઘ્નો દુર કરવાને ઉદ્યમ કરેછે તે પણ વ્યર્થ જાયછે, તેમ છતાં જીવસમૂહ સંસારના પરિતાપનું શમન કરનારા ગુરૂરૂપ શ્રી હરિના ચરણ રૂપી કમળના ભ્રમર રૂપી ભક્ત જનોના માર્ગને સેવતો નથી. આ સંસાર રૂપી રણવગડામાં છ ઇંદ્રિયો ચોરનું કામ કરેછે. ૧ કેમકે સંસારમાં મહાકષ્ટે મેળવેલુ ધન પરલોકને માટે ભગવાનનું આરાધન કરવા રૂપ ધર્મમાં ઉપયોગ કરવાને યોગ્ય છે, તેને છ ઇંદ્રિયો રૂપી ચોરો જોવું, અડકવું, સાંભળવું, સ્વાદ લેવો, સુંઘવું અને સંકલ્પ વિકલ્પ કરવો, એ વગેરે ઘરનાં તુચ્છ સુખો ભોગવાવીને જીવનું ધર્મ રૂપી ધન લૂંટી લે છે. જેમ બાયલા નાસકભાળા અને અસાવધ રહેનારા સંઘ પર ચોર લોક લુંટી જાયછે તેમજ કુબુદ્ધિવાળા અને ઇંદ્રિયોને વશ રહેનારા મનુષ્યોનું ધર્મ રૂપી ધન છ ઇંદ્રિયો રૂપી ચોર લુંટી જાય છે. ૨ હે રાજા! આ સંસાર રૂપી રણ વગડામાં નાહર અને શિયાળવાં વગેરે કહ્યાં તેનું એમ સમજવું કે–સંસારમાં સ્ત્રી પુત્રાદિક છે તેજ નાહર અને શિયાળવાંનું કામ કરનારાં છે. જેમ ઘેટાંના રખવાળની મરજી ન છતાં પણ નાહર તેનાં ઘેટાંને પકડી લઇ જાય છે, તેમ લોભી કુંટુંબવાળા પુરૂષે સાચવી રાખેલુ ધન તેની ઇચ્છા ન છતાં પણ તેના દેખતાંજ સ્ત્રી પુત્રાદિક લુંટી જાયછે. ૩ જેમ વર્ષોવર્ષ ખેતર ખેડતાં પણ જો તેમાંનાં બીજ બાળી નાંખ્યાં ન હોયતો તે ખેતર જાળાં, ઝાંખરાં, વેલા તથા ઘાસ ઉગીને જંગલ જેવું થઇ જાયછે, તેમ આ ગ્રહસ્થાશ્રમ સર્વ કર્મોનાં ક્ષેત્ર અને કામનાઓનો ભંડાર છે, તેમાંનાં કર્મરૂપી બીજ નાશ પામતાં નથી. જેમ કોઇ વાસણમાં કપૂર રાખેલુ હોય, તે ઉડી જાય તોપણ તેની વાસ તેમાંથી જતી નથી, તેમ આ સંસારમાં પણ વાસનાનો નાશ થયા વિના કર્મો નાશ પામતાં નથી. ૪ આ સંસારમાં પડેલો જીવ ડાંસ અને મચ્છર જેવા નીચ મનુષ્યોથી તથા તીડ, પક્ષી, ચોર અને ઉંદર વગેરેથી દુઃખ પામે છે અને તેઓ તેનાં ધનરૂપી પ્રાણ હરી લેછે, તોપણ એ જીવ સંસારના માર્ગમાં ફરવાથી ધરાતો નથી, અને આ સંસાર ગંધર્વ નગરની પેઠે મિથ્યા છતાં અવિદ્યા, વાસના તથા કર્મોથી રંગાયલા મનને લીધે મિથ્યા દૃષ્ટિવાળો જીવ આ મિથ્યા સંસારને સાચો માનેછે. ૫ વળી આ સંસારમાં પડેલો જીવ ખાન, પાન અને મૈથુન વગેરે વ્યસનમાં લુબ્ધ થઇને કોઇ કોઇવાર ઝાંઝવાંનાં જળ જેવા મિથ્યા જણાતા વિષયો તરફ દોડેછે. ૭ કોઇવાર ટાઢથી દુઃખી થતો માણસ આતુરતાથી અગ્નિ મેળવવાસારૂ ભૂતના ભડકા લેવાને ઇચ્છેછે, વળી રજોગુણને લીધે પોતાની બુદ્ધિથી સુવર્ણ મેળવવાની ઇચ્છા કરે છે, કે જે સોનું સર્વ દોષોનું સ્થાનક અને અગ્નિથી ઉત્પન્ન થયેલું છે. ૭ કોઇવાર પોતાને રહેવાનો ઉતારો, પાણી અને ધન વગેરે પોતાના નિર્વાહની વસ્તુઓની લાલચ માટે આ સંસારરૂપી ગહનવનમાં ચારે તરફ દોડે છે. ૮ કોઇવાર વંટોળીયા જેવી સ્ત્રીના ખોળામાં પુરૂષ બેસે છે, તે સમયે ઉત્પન્ન થતા અનુરાગથી રજોગુણ રૂપી ધૂળ પડેલાં નેત્રો જેવો અંધ થઇને મર્યાદાનો ત્યાગ કરે છે. અને તેથી સારાં નરસાં કર્મના સાક્ષી રૂપ દિશાઓના દેવતાઓને પણ જોતો નથી. ૯ વળી કોઈવાર મનમાં વિચાર કરે છે કે 'સર્વ વિષયો વ્યર્થ છે' પરંતુ દેહાભિમાનથી તેની એ સ્મૃતિ નાશ પામી જાય છે; અને ભાન વગરનો થઇને ઝાંઝવાંનાં જળ જેવા મિથ્યા વિષયો તરફ દોડે છે. ૧૦ કોઇવાર શત્રુઓએ અથવા રાજાઓએ પ્રત્યક્ષમાં અથવા પરોક્ષમાં ઘુવડ અને તમરાંના શબ્દ જેવાં કઠોર, તીક્ષ્ણ અને તિરસ્કાર ભરેલાં વચનો કહ્યાથી તેના હૃદયમાં અને કાનમાં ઘણી પીડા થાય છે. ૧૧ એ રીતે ફરતાં ફરતાં જ્યારે તેનું પૂર્વનું સંચિત પુ-

ઃખ ભોગવી રહે છે, ત્યારે જીવતાં મુવા સરખો તે કારસ્કર તથા કાકતુંડ વગેરે અપવિત્ર વૃક્ષો, વેલીઓ તથા ઝેરના કૂવાની પેઠે આ લોક તથા પરલોકમાં જેનું ધન નકામું છે એવા જીવતે મુવેલા પુરૂષ પાસે જાય છે. ૧૨ વળી કોઇવાર નીચ લોકોથી ઠગાઇને, પાણી વગરની નદીમાં પડવાથી જેમ બન્ને પ્રકારે દુઃખ થાય છે તેમ પાખંડી ધર્મમાં પડીને દુઃખી થાય છે. ૧૩ કોઇવાર અન્ન વગરનો પુરૂષ ભૂખ અને તરસથી દુઃખી થાય છે ત્યારે પિતાને, પુત્રને અથવા તે પિતા તથા પુત્રનું જેની પાસે કાંઇ થોડું ઘણું લેહેણું હોય તેઓને દુઃખ આપે છે. ૧૪ કોઇવાર પ્રિયપદાર્થો વગરના અને અંતે દુઃખદાયી એવા દાવાનળ જેવા ઘરમાં રહેતો થકો શોકરૂપી અગ્નિથી બળતો ખેદ પામ્યા કરેછે. ૧૫ કોઈવાર રાજાના માણસો કાળની ગતિને લીધે પ્રતિકુળ થઇને રાક્ષસોની પેઠે ધનરૂપી પ્રિય પ્રાણ હરી લે છે, તેથી તે મડદાની પેઠે જીવન રહિત થઇ રહે છે. ૧૬ કોઇ કોઈવાર બાપ દાદા વગેરે મિથ્યા પદાર્થોને સાચા માનીને (ગંધર્વ નગરની પેઠે) સ્વપ્નના આનંદનો અનુભવ કરે છે. ૧૭ કોઇવાર ગૃહસ્થાશ્રમનાં ભારે કર્મોરૂપી પર્વત ઉપર ચઢવાની ઇચ્છાથી લૌકીક વ્યસનોથી દુઃખી થઇ કાંટા અને કાંકરાવાળી જગ્યામાં ચાલનારા માણસની પેઠે દુઃખી થાય છે. ૧૮ કોઇ કોઇવાર મોટા કુટુંબ પરિવારવાળો પુરૂષ ન ખમી શકાય એવા જઠરાગ્નિ (ભૂખ)થી નિર્બળ થઇને પોતાના કુટુંબ ઉપર ક્રોધ કરે છે. ૧૯ કોઇવાર તેને નિદ્રારૂપી અજગર ગળી જાય છે, ત્યારે તે નિર્જનવનમાં સૂતેલાની પેઠે ઘરરૂપી અંધારા કુવામાં ડુબી જઇ મડદાની પેઠે નિશ્ચેષ્ટ થઇ પડે છે. ૨૦ કોઈવાર દુષ્ટ લોકોરૂપી હિંસકપ્રાણીઓ ગર્વરૂપી દાઢો તોડી પાડે છે ત્યારે એક ક્ષણવાર પણ નિદ્રા નહી આવવાથી મનમાં વ્યથા પામતો જ્ઞાનહીન થઇને આંધળાની પેઠે અંધારા કૂવામાં પડે છે. ૨૧ કોઈ વાર મધનાં ટીપાં જેવા વિષયોની શોધ કરતાં પારકી સ્ત્રી અને પારકું ધન હરી લે છે ત્યારે તેના માલિક અથવા રાજા તેને માર નાંખે છે, અને તે અપાર નરકમાં પડે છે. ૨૨ માટે પ્રવૃત્તિ માર્ગમાં જે કર્મ છે તેજ આ લોક અને પરલોક સંબંધી સંસારની જન્મભૂમિ છે. ૨૩ જો જીવ તે બંધનથી છૂટી જાય છે, તોપણ તેની પાસેથી તે પદાર્થ દેવદત્ત એટલે બીજો માણસ લઈ લે છે અને દેવદત્તની પાસેથી વિષ્ણુમિત્ર એટલે ત્રીજો માણસ લઇ લે છે, પરંતુ તે પોતે ભોગવી શકતો નથી. ૨૪ સંસારમાં કોઇવાર ટાઢ, તડકો અને વાયુ વગેરે અનેક પ્રકારના આધિદૈવિક, આધિ ભૌક્તિક અને આધ્યાત્મિક દુઃખો આવી પડે છે, તેનું નિવારણ કરવા જાય છે, પણ તે ટાળવાને અશક્ત હોવાથી તે ઘણો દુઃખી થઇ ચિંતામાં ડુબી જાય છે. ૨૫ કોઈ કોઇવાર પરસ્પર લેવડદેવડ કરતાં બીજાની પાસેથી કોડી જેટલું થોડું કે તેથી પણ ઓછું ધન હરણ કરવાને છળકપટ કરે છે, તેથી બીજાઓનો શત્રુ થઇ પડે છે. ૨૬ હે પરીક્ષિત રાજા ! આ પ્રમાણે આ ભવાટવીના માર્ગમાં બીજાં સુખ, દુઃખ, રાગ, દ્વેષ, ભય, અભિમાન, પ્રમાદ, ઉન્માદ, શોક, મોહ, લોભ, મત્સર, ઇર્ષ્યા, અપમાન, ભૂખ, તરસ, મનની પીડા, રોગ, જન્મ, જરા અને મરણ વગેરે ભારે ઉપદ્રવો છે. કોઇવાર ભગવાનની માયારૂપી સ્ત્રી ભુજાઓરૂપી લતાઓથી ભેટે છે, ત્યારે તે વિવેક અને જ્ઞાન વગરનો થઇને સ્ત્રી સાથે વિહાર કરવા સારૂ અને ગૃહસ્થાશ્રમ માંડવા સારૂ તેનું હૃદય વ્યાકુળ થાય છે, અને સ્ત્રીના આશ્રયે રહેલાં પુત્ર પુત્રી વગેરેનાં કાલાં ઘેલાં વચન તથા ચેષ્ટાઓથી તેનું હૃદય પરવશ થઇ જાય છે અને તે ઇંદ્રિઓને વશ રહેનારો પુરૂષ પોતાના આત્માને અપાર અંધકારમાં નાંખે છે. ૨૮ કોઇવાર સમર્થ વિષ્ણુ ભગવાનનું કાળચક્ર કે જે દ્વીપરાર્ધકાળે પૂરૂં થાય છે, તથા જે તૃણ અને થંભડાંથી માંડીને બ્રહ્માપર્યંત સર્વ પ્રાણીઓનાં આયુષ્યને વેગથી હરી લે છે, અને જેનો વેગ અટકાવવાને કોઇ સમર્થ નથી, એવા સાવધાન રહેનારા કાળચક્રથી ડરીને પુરૂષ, કાળચક્રરૂપી આયુધવાળા

સત્પુરૂષ ભગવાનનો અનાદર કરીને કાગડા, ગીધ, બગલા તથા વટ જેવાં પક્ષીઓ જેવા અને આર્યશાસ્ત્રમાં જેનાં નામ કે નિશાન પણ નથી, એવા દેવતાઓને પાખંડશાસ્ત્રની રીત પ્રમાણે સેવવા યોગ્ય માને છે. ૨૯ જે લોકોને પોતે ઠગી લીધા હોય એવા પાખંડી લોક તેને સારી પેઠે ઠગી લે છે, ત્યારે તે ત્યાંથી જઇ બ્રાહ્મણોના મંડળમાં વસે છે; પરંતુ ત્યાં તો તેને ‘જનોઇ વગેરે સંસ્કાર તથા શ્રૌત સ્માર્ત કર્મ કરીને ભગવાનનું આરાધન કરવું’ એ વગેરે બ્રાહ્મકર્મની ખટપટ ગમતી નથી, તેથી તે શુદ્રના મંડળમાં જઇને વસેછે. શુદ્ર લોકો અપવિત્ર હોવાથી તેઓને અગ્નિહોત્રાદિક વૈદિક કર્મ કરવાનો અધિકાર નહિ હોવાથી વાંદરાની પેઠે કેવળ મૈથુન અને કુટુંબનું પોષણ કરવાનોજ ધંધો કરે છે. ૩૦ એ કૃપણ બુદ્ધિવાળો પુરૂષ શુદ્ર જાતિમાં ભળી શુદ્રની પેઠે કોઇ પણ કામની છોછ રાખ્યા વિના મરજી મુજબ વિહાર કરે છે, અને એક બીજાનું મોઢું જોઈ પશુના જેવાં કર્મ કરતો થકો પોતાના મરણના કાળને પણ ભૂલી જાય છે. ૩૧ કોઇવાર જેમ વાંદરો ઝાડ ઉપર રમી કૂદીને આનંદ પામે છે તેમ તે સંસારમાં સ્ત્રી પુત્રો ઉપર પ્રીતિ કરી મૈથુનસુખમાંજ આનંદ માને છે. ૩૨ એ પ્રમાણે એ સંસારરૂપ રણવગડાના માર્ગમાં સુખ દુઃખાદિક ભોગવતો મૃત્યુરૂપી હાથીના ભયથી ભરેલા તથા પર્વતની ગુફા જેવા રોગશોકાદિક દુઃખમાં પડે છે. ૩૩ એ પ્રમાણે ટાઢ, તડકો વગેરે સંસારના ત્રણ પ્રકારના પરિતાપનું નિવારણ કરવાને અશક્ત થઈ અપાર દુઃખદાયી પીડાથી મુંઝાઇને બેસી રહે છે. ૩૪ કોઇવાર તે પરસ્પર આપ લે કરવામાં ઠગાઇ કરીને થોડું ઘણું ધન એકઠું કરે છે, અને તેમ કરવામાં પણ અપમાનાદિક દુઃખ થાય છે. ૩૫ કોઇવાર પોતાની પાસે ધન નહી છતાં ખાવા પીવાના તથા ઓઢવા પાથરવાના પદાર્થોની ઇચ્છા થાય છે અને તે મેળવવાને કરેલા મનોરથ વ્યર્થ જતાં ચારે તરફથી અપમાન પામે છે. ૩૬ આ પ્રમાણે દ્રવ્ય મેળવવાને પરસ્પર વૈર વધે છે, તોપણ પૂર્વની વાસનાથી એક બીજાની સાથે લેવડ દેવડ કરે છે. ૩૭ હે રાજા ! આ પ્રમાણે તે પ્રાણી આ સંસારરૂપી માર્ગમાં અનેક પ્રકારનાં દુઃખો તથા ઉપદ્રવોથી દુઃખી થાય છે અથવા મરણ પામે છે, ત્યારે તેની સાથેનાં મનુષ્ય તેને માર્ગમાંજ પડતો મુકી બીજાં નવાં જન્મેલાંને સાથે લઇને આગળ ચાલે છે. રસ્તામાં તેઓ શોક, મોહ, ભય, વિવાદ, આનંદ, ગાવું, ભાર ઉપાડવો અને બુમો પાડવી વગેરે ક્રિયાઓ કરતા માર્ગ કાપે છે. આ પ્રમાણે તે મનુષ્યોના સંઘમાંના સત્પુરૂષો સિવાય કોઇપણ મનુષ્ય જ્યાંથી તે નીકળ્યો હોય છે ત્યાં પાછો જઇ શકતો નથી. એ સ્થાન ભવાટવીનું મુખ્ય સ્થાન કહેવાય છે અને એનેજ સંસારના માર્ગનો છેડો કહે છે. ૩૮ સત્પુરૂષ વિના બીજો કોઇ સંસારનો પાર પામતો નથી તેનું કારણ એ છે કે—આ પ્રકારની યોગની શિક્ષાને કોઇ અનુસરતા નથી. સર્વ પ્રાણીને અભયદાન દેનારા, અભિમાનનો ત્યાગ કરનારા, શાંત સ્વભાવવાળા અને પોતાના મનને વશ રાખનારા સંન્યાસીઓ એ યોગની શિક્ષાને જાણે છે. ૩૯ જેઓએ અનેક યજ્ઞો કરી દિગ્ગજોને પણ જીતેલા એવા મોટા મોટા રાજર્ષિઓ પણ “આ મારી પૃથ્વી છે” એવી મમતાથી પરસ્પર વૈર બાંધીને લડી મુઆ છે, અને આ પૃથ્વીનો ત્યાગ કરીને પોતે એકલાજ ચાલ્યા ગયા છે. ૪૦ જીવ કર્મરૂપી વેલાને પકડીને કોઇપણ રીતે નરકની પીડામાંથી છૂટે છે અને સ્વર્ગમાં જાયછે, તોપણ તે પાછો ભવાટવીમાં આવીને મનુષ્યોના સંઘમાં ભળે છે. ૪૧ હે રાજા ! આ પ્રમાણે લોકો ભરતજીનું ચરિત્ર ગાય છે. જેમ માખી મનથી પણ ગરૂડના માર્ગનો પાર પામી શકે નહી, તેમ ઋષભદેવના પુત્ર મહાત્મા ભરતજીના માર્ગનો પાર પામવાને કોઇપણ રાજા સમર્થ નથી. ૪૨ જે ભરતજીએ ભગવાનની ભક્તિમાટે જુવાન અવસ્થામાંજ ન તજી શકાય એવાં સ્ત્રી, પુત્રો, સગાં સહોદર તથા રાજ્યપાટનો મળની પેઠે ત્યાગ કરી

દીધો હતો. ૪૩ તેમણે પૃથ્વી, પુત્રો, સ્ત્રી, કુટુંબીઓ તથા ઇંદ્રાદિક દેવતાઓ જેને ઈચ્છે છે એવી લક્ષ્મીની પણ દરકાર રાખી નહતી. ભગવાનની સેવામાં આસક્ત મનવાળા મહાત્મા પુરૂષો આ પ્રમાણે વર્તે એ યોગ્યજ છે, કેમકે તેઓ મોક્ષને પણ તુચ્છ માને છે. ૪૪ "યજ્ઞસ્વરૂપ, ધર્મનું જ્ઞાનરૂપી ફળ આપનારા, ધર્માચરણ કરવામાં પ્રવીણ, અષ્ટાંગ યોગરૂપ, માયાના નિયંતા અને પ્રાણીમાત્રના અંતર્યામી ભગવાન શ્રીહરિને હું પ્રણામ કરૂં છું." આવાં ઉદાર વચનો મૃગ દેહવાળા ભરતજી મરતી વખતે પણ બોલ્યા હતા. તેમની પેઠે વર્તવાને બીજો કયો પુરૂષ સમર્થ છે? ૪૫ ભગવાનના ભક્તો જેના શુદ્ધ ગુણ અને કર્મોનું વર્ણન કરે છે, એવા રાજર્ષિ ભરતજીનાં ચરિત્ર કે—જે કલ્યાણકારી, આયુષ્ય આપનારાં તથા ધન, યશ, સ્વર્ગ અને મોક્ષ આપનારાં છે, તેને જે પુરૂષ ભક્તિથી સાંભળે, વર્ણવે, વખાણે અને ગ્રહણ કરે તેને સર્વ ઈષ્ટ પદાર્થો સ્વયં પ્રાપ્ત થઇ જાય છે, અને બીજા કોઇ પદાર્થની અપેક્ષા રહેતી નથી. ૪૫

य इदं भागवतसभाजितावदातगुणकर्मणो राजर्षेर्भरतस्यानुचरितं स्वस्त्ययनमायुष्यं धन्यं यशस्यं स्वर्ग्यापवर्ग्यं वानुश्रृणोत्याख्यास्यत्यभिनंदति च सर्वा एवाशिष आत्मन आशास्ते न कांचन न परत इति ॥ ४६ ॥

ઈતિ શ્રી ભાગવત મહાપુરાણના પંચમ સ્કંધમાં "ભરત ઉપાખ્યાન વિષે પરોક્ષ વિવરણ" નામનો ૧૪ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૫ મો.

ભરતના વંશના રાજાઓનું વર્ણન.

॥ श्री शुक उवाच ॥

भरतस्यात्मजः सुमतिर्नामाभिहितो यमु ह वा व केचित्पाखंडिन ऋषभपदवीमनुवर्तमानं चानार्या अवेदसमाम्नातां देवतां स्वमनीषया पापीयस्यां कलौ कल्पयिष्यंति॥१॥

શ્રી શુકદેવજી કહેછે—ભરતને સુમતિ નામનો પુત્રહતો, તેણે સઘળી પૃથ્વીપર વિજય મેળવ્યો હતો. એ સુમતિ ઋષભદેવના માર્ગને અનુસરનારો હતો, તેથી કળિયુગમાં કેટલાક અનાર્ય પાખંડી લોક પોતાની પાપીષ્ટ બુદ્ધિથી સુમતિને બુદ્ધદેવનો અવતાર માનશે; પરંતુ તે દેવ હતો એવું વેદમાં કોઇપણ ઠેકાણે લખ્યું નથી. સુમતિનેવૃદ્ધસેના નામનીસ્ત્રીથી દેવાજીત નામનો પુત્ર થયો.૨ દેવાજીતને આસુરી સ્ત્રીથીદેવદ્યુમ્ન પુત્રથયો, દેવદ્યુમ્નની સ્ત્રી ધેનુમતિથી પરમેષ્ટી નામનો પુત્રથયો, પરમેષ્ટીને સુવર્ચલા સ્ત્રીથી પ્રતીહ નામનો પુત્રથયો. ૩ એણે ઘણા લોકને આત્મવિદ્યાનો ઉપદેશ કર્યો હતો, અને પોતે પણ પરમશુદ્ધ હોવાથી મહાપુરૂષ શ્રીહરિનો સાક્ષાત્કાર કર્યો હતો. ૪ પ્રતીહને સુવર્ચલા નામની સ્ત્રીથી પ્રતિહર્તા પ્રસ્તોતા અનેઉદ્ગાતા નામના ત્રણ પુત્રથયા,તે યજ્ઞવિદ્યામાંકુશળહતા. પ્રતિહર્તાની સ્તુતિ નામની સ્ત્રીથી અજ અને ભૂમા નામના બે પુત્ર ઉત્પન્ન થયાહતા.૫ ભૂમાને ઋષિકુલ્યા નામની સ્ત્રીથી ઉદ્ગીથ નામનો પુત્ર થયો, તેને દેવકુલ્યા નામની સ્ત્રીથી પ્રસ્તાવ નામનો પુત્રથયો, પ્રસ્તાવને નિયુત્સા નામની સ્ત્રીથી વિભુ નામનો પુત્રથયો, વિભુને રતિ નામની સ્ત્રીથી પૃથુષેણ નામનો પુત્રથયો, પૃથુષેણની આકુતિ નામની સ્ત્રીથી નક્ત નામે પુત્રથયો, તેને દ્રુતિ નામની સ્ત્રીથી ગય નામે પુત્રથયો. આ ગયરાજા મોટી કીર્તિવાળો અને રાજર્ષિઓમાં ઉત્તમ હતો, જગતનું રક્ષણ કરવાની ઇચ્છાથી સત્વગુણવાળો હતો. સાક્ષાત્ ભગવાનના અંશરૂપ હતો, અને આત્મજ્ઞાની પણું વગેરે લક્ષણોથી મહાત્માઓની પદવીને પામ્યો હતો.૬ માયાથીપર, સર્વાત્મા અને મહા પુરૂષ પરબ્રહ્મ ભગવાનને અર્પણ કરવાથી મોક્ષ આપનારા એવા પ્રજાનું પાલન, પોષણ, રંજન, લાલન, ઉપદેશ વગેરે રાજધર્મથી તથા યજ્ઞ વગેરે કરવારૂપી ગૃહસ્થાશ્રમના

ધર્મોથી તથા બ્રહ્મવેત્તા પુરુષોની ચરણસેવાથી મળેલા ભક્તિયોગથી વારંવાર સંસ્કાર પામવાને લીધે ગયરાજાની બુદ્ધિ ઘણી નિર્મળ થઇ ગઇ હતી. તેના દેહાભિમાન વગરના અંતઃકરણમાં એનીમેળે પરબ્રહ્મનું જ્ઞાન થયું હતું; તોપણ એ રાજાએ અભિમાનથી રહિત રહીનેજ પૃથ્વીનું પાલન કર્યું હતું. ૭ હે પરીક્ષિત ! એનાં એવાં આચરણોથી ઇતિહાસ જાણનારા લોકો તેની ગાથા ગાયછે. ૮ તે ગાથા આ પ્રમાણેછે—મહાત્મા ગય રાજા યજ્ઞ કરનાર, મનસ્વી; બહુ જાણનાર, ધર્મરક્ષક, લક્ષ્મીવાન, સાધુપુરૂષોની સભાનો અધિપતિ, અને મહાત્માઓની સેવા કરનારોછે, તેથી ભગવાનના અંશ વગર બીજો ક્યો રાજા એના જેવાં કામ કરવાને સમર્થ છે ! ૯ સાચા આશીર્વાદવાળી શ્રદ્ધા, મૈત્રી, દયા વગેરે દક્ષ પ્રજાપતિની કન્યાઓએ નદીઓના જળથી આનંદ પૂર્વક તેને રાજ્યાભિષેક કર્યો હતો. વળી તે કામના વગરનો હતો, તેમ છતાં તેના ગુણરૂપી વાછરડાવડે બાહુલાંમાંથી દૂધ ઝરતી પૃથ્વીરૂપી ગાય તેની પ્રજાના સર્વ મનોરથો પૂરા કરતી હતી. ૧૦ એ પોતે કામના વગરનો હતો તોપણ વેદો અને વેદોક્ત કર્મો તેની મનકામના પૂરી કરતાં હતાં, યુદ્ધમાં બાણોથી સત્કાર પામેલા રાજા તેને ભેટો આપતા હતા, અને દક્ષિણા તથા રક્ષાથી સત્કાર પામતા બ્રાહ્મણો પોતાને પરલોકમાં મળનારા પુણ્યના ફળમાંથી છઠ્ઠો ભાગ તેને આપતા હતા. ૧૧ જેમાં અત્યંત સોમપાન થતું હતું એવા ગય રાજાના યજ્ઞમાં ઇંદ્ર સોમનું પાન કરીને ગાંડો થઇ ગયો હતો, અને યજ્ઞ પુરૂષ ભગવાને શ્રદ્ધાથી તથા શુદ્ધ અને અવિચળ ભક્તિથી ગય રાજાએ અર્પણ કરેલાં યજ્ઞનાં ફળ સ્વીકાર્યાં હતાં. ૧૨ જે ભગવાન પ્રસન્ન થવાથી દેવતા, પશુ, પક્ષી, મનુષ્ય, લતા અને ઘાસ વગેરેથી માંડીને બ્રહ્મા પર્યંત સઘળું જગત પ્રસન્ન થઇ જાયછે, તે વિશ્વંભર અંતર્યામી ભગવાને ગય રાજાના યજ્ઞમાં " હું તૃપ્ત થયો છું " એમ કહીને પોતાની પ્રીતિ બતાવી હતી. ૧૩ ગય રાજાને ગયંતી નામની સ્ત્રીથી ચિત્રરથ, સુગતિ; તથા અવરોધન નામે ત્રણ પુત્ર થયા હતા. ચિત્રરથને ઉર્ણા નામની સ્ત્રીથી સમ્રાટ નામનો પુત્ર થયો. ૧૪ સમ્રાટને ઉત્કલા નામની સ્ત્રીથી મરીચિ નામનો પુત્ર થયો, મરીચિને બિંદુમતિ નામની સ્ત્રીથી બિન્દુમાન નામે પુત્ર થયો, બિંદુમાનને સરઘા નામની સ્ત્રીથી મધુ નામે પુત્ર થયો, મધુને સુમના નામની સ્ત્રીથી વીરવ્રત નામનો પુત્ર થયો. તેને ભોજા સ્ત્રીથી મન્થુ અને પ્રમંથુ નામે બે પુત્ર થયા. મંથુને સત્યા નામની સ્ત્રીથી ભૌવન નામે પુત્ર થયો, ભૌવનને દૂષણા નામની સ્ત્રીથી ત્વષ્ટા નામનો પુત્ર થયો, ત્વષ્ટાને વિરોચના નામની સ્ત્રીથી વિરજ નામે પુત્ર થયો, વિરજને વિષૂચી નામની સ્ત્રીથી શતજીત આદિ સો પુત્ર અને એક પુત્રી થઈ. ૧૫ એ વિરજના ગુણ સંબંધી એક શ્લોક આ પ્રમાણે છે—જેમ ભગવાન વિષ્ણુ પોતાની કીર્તિથી દેવતાઓને અત્યંત શોભાવે છે, તેમ છેલ્લા ઉત્પન્ન થયેલા વિરજ રાજાએ પ્રિયવ્રતના વંશને પોતાની કીર્તિથી ઘણો શોભાવ્યો હતો. ૧૬

प्रैयव्रतं वंशमिमं विरजश्चरमोद्भवः ॥
अकरोदत्यलंकीर्त्या विष्णुः सुरगणं यथा १६

ઇતિશ્રી ભાગવત પુરાણના પંચમ સ્કંધમાં " પ્રિયવ્રત વંશ વર્ણન " નામનો ૧૫ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૬ મો.

જંબુદ્વીપના નવ ખંડોનું વર્ણન તથા મેરૂ-પર્વતની સ્થિતિ.

॥ राजोवाच ॥

उक्तस्त्वयाभूमंडलायामविशेषो यावदादित्यस्तपति यत्र चासौ ज्योतिषांगणैश्चंद्रमा वा सह दृश्यते ॥ १ ॥

પરીક્ષિત રાજા પૂછે છે—હે શુકદેવજી ! ભગવાન સૂર્યનારાયણ જેટલા ભૂમંડળમાં પ-

કાશે છે, અને તારાગણો સહિત ચંદ્રમા જેટલા ભૂમંડળમાં દેખાય છે, તેટલા ભૂમંડળના વિસ્તારનું વિશેષ વર્ણન આપે કર્યું. ૧ એ ભૂમંડળમાં પ્રિયવ્રત રાજાના રથનાં પૈડાંથી ખોદાઇને સાત સમુદ્ર બનેલા છે. હે ભગવન્! આપે એ સાત સમુદ્રથીજ આ ભૂમંડળના મધ્યનો અને સાતે દ્વીપોનો સંક્ષેપ માત્ર વર્ણન કરેલ છે. એ સાત દ્વીપો તથા સમુદ્રનું માપ અને લક્ષણના વિશેષ વિસ્તારસહ સાંભળવાની મારી ઇચ્છા છે. ૨ હે યોગિન્! ભગવાનના ગુણમય સ્થૂળરૂપ (બ્રહ્માંડ) માં લાગેલું મન નિર્ગુણ, સૂક્ષ્મ, સ્વયંપ્રકાશ, પરબ્રહ્મ સ્વરૂપ જે પરમપુરુષ વાસુદેવ છે, તેનામાં ધારણ કરી શકાય છે. માટે હે ગુરૂ! અનુગ્રહ કરીને આપ એ વિષય મારી પાસે વર્ણન કરવાને યોગ્ય છો. ૩

શ્રી શુકદેવજી કહે છે—હે મહારાજ! મનુષ્ય કદાચ દેવતાના જેટલું આયુષ્ય પામે; તોપણ મુખ્ય મુખ્ય રચનાનાં નામ, રૂપ અને ભગવાનની માયાની વિભૂતિનો અંત મન વચનથી જાણવાને સમર્થ થઇ શકતો નથી. એ માટે મુખ્ય મુખ્ય દ્વીપોનાં નામ, સ્થિરતા અને ચિન્હ વર્ણન કરીનેજ, તમારી પાસે ભૂગોળનાં સર્વે સ્થાનોની વ્યાખ્યા કરીશ. ૪ હે રાજન્! આ ભૂમંડળ એક મહાભારે કમળનું સ્વરૂપ છે. સાત દ્વીપ તેના કોષ છે. એ સાત દ્વીપ રૂપ કોષના મધ્યમાં મધ્યવર્તી કોષ જમ્બુદ્વીપ છે, તે દ્વીપ પહેલો છે. તેની લંબાઇ તથા પોહોળાઇ લાખ યોજનની છે, તે જમ્બુદ્વીપ કમળપત્રની પેઠે ચારે તરફથી ગોળ છે. ૫ જંબુદ્વીપમાં નવ ખંડ છે. એ નવ ખંડોમાં ભદ્રાશ્વ અને કેતુમાળ ખંડ વગેરે પ્રત્યેક ખંડનો વિસ્તાર નવનવ હજાર યોજનનો છે. એ નવ ખંડ આઠ સિમાડાના પર્વતથી સારી રીતે વહેંચાઇ ગયેલા છે. ૬ એ સર્વ ખંડોની વચ્ચે ઇલાવૃત નામનો ખંડ છે. તેની વચ્ચે સર્વ [1]પર્વતોનો રાજા મેરૂ પર્વત છે, તે આખો સોનાનો છે, તેની ઊંચાઇ લાખ જોજનની છે. એ પર્વત ઉપલી બાજુએ બત્રીશ હજાર યોજન પોહોળો અને મૂળમાં સોળ હજાર યોજન ફેલાયલો છે. અને પૃથ્વીમાં પણ સોળહજાર યોજન પેઠેલો છે. અને બહારના ભાગમાં ચોરાશી હજાર યોજન દેખાય છે. એ સુમેરૂ પર્વત આ પ્રમાણે ભૂમંડળની મહાભારે કમળની દાંડીના રૂપે ભાસે છે. ૭ હે રાજન્! ઇલાવૃતની ઉત્તર દિશાએ અનુક્રમે નીલગીરિ, શ્વેતગીરિ અને શૃંગવાન્ ગીરિ છે. એ ત્રણે પર્વત અનુક્રમે રમ્યક, હિરણ્મય અને કુરૂખંડના સીમાડાના પર્વત રૂપે રહ્યા છે. આ ત્રણે પર્વત પૂર્વ દિશામાં લાંબા છે. એ ત્રણ પર્વતની બે કોરની બગલો ખારા સમુદ્ર પર્યંત પહોચેલી છે, તેનો વિસ્તાર બે હજાર યોજનનો છે. એ પર્વતોમાં પેહેલા પર્વતના કરતાં પાછળનો પર્વત લંબાઇમાં દશમા ભાગથી જરા વધારે ભાગે ઓછો છે. ૮ આ પ્રમાણે ઇલાવૃતની દક્ષિણમાં નિષધ, હેમકૂટ અને હિમાલય નામના અનુક્રમે ત્રણ પર્વત છે. એ ત્રણે પર્વતો પ્રથમ કહેલા નીલાદિ પર્વતોની પેઠે પૂર્વ દિશા તરફ બબ્બે હજાર યોજન છે. અને દશ દશ હજાર યોજન ઉંચા છે. હે રાજન્! એ ત્રણ પર્વત ક્રમે કરીને હરિવર્ષ, કિંપુરૂષવર્ષ અને ભારતવર્ષના સીમાડા છે. ૯ ઇલાવૃતની પૂર્વ અને પશ્ચિમ દિશામાં અનુક્રમે માલ્યવાન્ અને ગંધમાદન નામે પર્વત છે. એ બે પર્વત ઉત્તરમાં નીલ પર્વત અને દક્ષિણમાં નિષેધાચળ સુધી લાંબા છે, અને બબ્બે હજાર યોજન પોહોળા છે. એ બે પર્વત કેતુમાળ અને ભદ્રાશ્વના સીમાડા ઉપર છે. ૧૦ મેરૂ પર્વતની ચારે કોર મંદર, મેરૂમંદર સુપાર્શ્વ અને કુમુદ નામના ચાર પર્વત રૂપી સ્તંભ છે. એ પર્વતોમાં પ્રત્યેકનો વિસ્તાર અને ઉંચાઇ દશ દશ હજાર યોજન છે, એ ચારે પર્વતોમાં પૂર્વ અને પશ્ચિમ દેશના પર્વત, પૂર્વ પશ્ચિમમાં ફેલાયલા છે. એ ચારે પર્વતો ઉપર સુંદર વૃક્ષો છે. પૂર્વ દિશા તરફ મંદર પર્વત ઉપર આંબાનું, દક્ષિણ દિશા-

[1] મહેન્દ્રાચળ, મલયાચળ, સહ્યગિરિ, શુક્તિમાન્ પર્વત, ઋક્ષપર્વત અને વિંધ્યાચળ અને પારિયાત્રાચળ એ સાત કુલ પર્વત છે

આ મેરૂ મંદારગિરિ ઉપર જાંબુનું, પશ્ચિમ દિશાના લતામાં સુપાર્શ્વ ઉપર કદંબનું અને ઉત્તર દિશાની સીમામાં, કુમુદ પર્વત ઉપર વડનું ઝાડ છે, એ ચારે ઝાડ ચાર પર્વતોની ધ્વજા જેવાં દેખાયછે. અને અગ્યાર અગ્યારસો યોજન ઉંચા અને અગ્યાર અગ્યારસો યોજન તેની શાખાઓનો વિસ્તાર છે, અને સો યોજનની જાડાઇ છે. ૧૨ હે ભરતકુળના શ્રેષ્ઠ રાજા! એ ચાર વૃક્ષોની સમીપમાંજ ચાર ધ્રો છે. તેમાંથી એકમાં દુધ, બીજામાં મધ, ત્રીજામાં શેરડીનો રસ અને ચોથામાં શુદ્ધ મીઠું જળ છે. એ ચારે હૃદના જળમાં અત્યંત ચમત્કાર છે. એ હૃદોના જળનું સેવન કરીને ઉપદેવતાઓ સ્વાભાવિક રીતેજ યોગને ધારણ કરે છે. ૧૩ એ ચાર હૃદો ઉપરાંત, વળી ત્યાં નંદન, ચૈત્રરથ, વૈભ્રાજક અને સર્વતોભદ્ર એ નામનાં ચાર દેવતાઓનાં ઉદ્યાન છે. ૧૪ એ સર્વે ઉદ્યાનોમાં મુખ્ય મુખ્ય દેવતાઓ પોતાની ઉત્તમ દેવાંગનાઓ સાથે વિહાર કરે છે. એ પ્રમાણે વિહાર કરતી વખતે ઉપદેવતાઓ તેનો મહિમા ગાય છે. ૧૫ મંદર પર્વતના મધ્યમાં દેવતાઓનું જે એક આંબાનું વૃક્ષ છે, તે અગ્યારસો યોજન ઉંચું છે. એ આંબાના વૃક્ષના અગ્રભાગથી નિરંતર અનેક અમૃત તુલ્ય બહુજ મીઠાં ફળ પડે છે, તે સર્વ ફળ. પર્વતોના શિખર જેવડાં મોટાં થાય છે. ૧૬ એ ફળો પડેછે કે તરત ફુટી જાયછે, તેમાંથી અત્યંત મીઠો સુગંધીદાર અને લાલ રંગનો રસ વહીને અરૂણોદા નામની નદી તે મંદર પર્વતના શિખર ઉપરથી ચાલેછે, ને પૂર્વ તરફ ઇલાવૃત ખંડને ભીંજવે છે. ૧૭ એ રસ પીવાથી પાર્વતીની દાસીઓનાં તથા યક્ષોની સ્ત્રીઓનાં શરીર સુગંધીદાર થાય છે અને તેમનો સ્પર્શ થવાથી પવનમાં સુગંધી પ્રસરીને ચારે કોર દશ દશ યોજન સુધી સુગંધ ફેલાવે છે. ૧૮ એ પ્રમાણે જાંબુના વૃક્ષનાં ફળ હાથીના શરીર જેવડાં મોટાં કાળા રંગનાં થાય છે. અને તેનો ઠળીઓ બહુજ નાનો હોય છે. તે ફળ ઉંચેથી પડતાં ફાટીને તેના રસથી જંબુ નામની નદી વહેછે. તે નદી મેરૂમંદરના શિખરમાંથી દશહજાર યોજનની ઊંચાઇથી પૃથ્વી ઉપર પડેછે, તે સ્થાનથી આપણી દક્ષિણ દિશા તરફ સઘળા ઇલાવૃતમાં પોતાનો વિસ્તાર કરીને વહે છે. ૧૯ એ નદીના બે કિનારાની માટી તેના જળના રસ સાથે મળી જઇ, વાયુ તથા સૂર્યના સંયોગથી સારી રીતે પાકીને જાંબુનદ નામનું સુવર્ણ થઇ જાય છે. દેવતાઓ પોતાની સ્ત્રીઓ સાથે તે સુવર્ણનાં મુકુટ, કડાં, કટિમેખળા વગેરે આભૂષણ બનાવીને પહેરે છે. ૨૦-૨૧ સુપાર્શ્વ પર્વત ઉપર કદંબનુ મોટું ઝાડ છે. તેનાં સઘળાં કોતરોમાંથી પાંચપાંચ મધની ધારા તે પર્વત ઉપરથી પડીને, પશ્ચિમ દિશામાં આવેલા ઇલાવૃતને પોતાની સુગન્ધિથી ચારેકોર સો સો યોજન સુધી સુવાસિત કરે છે. ૨૨ જે સ્ત્રીઓ એ પર્વતની મધની ધારાઓનું સેવન કરે છે, તે સ્ત્રીઓનાં મુખની સુગંધના સ્પર્શથી વાયુ સુગંધિત થઇને સો સો યોજન સુધી ચારેકોર સુગંધીદાર કરી મુકે છે. ૨૩ આ પ્રમાણે કુમુદ પર્વત ઉપર શતવલ્શ નામનું વડનું ઝાડ છે, તેની શાખાઓમાંથી દહીં, દુધ, ઘી, મધ, ગોળ, અન્ન, વસ્ત્ર; શય્યા, આસન અને આભૂષણ વગેરેના નદીઓ તે પર્વતના અગ્રભાગમાંથી નિકળીને પોતાની ઉત્તરે આવેલા ઇલાવૃતને જોડા થઇ સમુદ્રને જઇને મળે છે. ૨૪ આ ધોરાનું સ્નાન કરવાથી ત્યાંની પ્રજાને કદી પણ અંગમાં વિકળતા, થાક, ખેદ, પરસેવો, ઘડપણ, રોગ, દુર્ગન્ધ, મૃત્યુ, ટાઢ, તડકો, નિસ્તેજપણું તથા વિઘ્નાદિ કોઇપણ સંતાપ થતા નથી. તે જીવતા સુધી સર્વોત્તમ સુખ ભોગવે છે. ૨૫ હે રાજા! કુરંગ, કુરર, કુસુમ્ભ, વૈકંક, ત્રિકૂટ, શિશિર, પતંગ, રૂચક, નિષધ, શિનીવાસ, કપિલ, શંખ, વૈડૂર્ય, જારૂધિ, હંસ, ઋષભ, નાગ, કાળન્જર તથા નારદ વગેરે વીશ પર્વતો મેરૂના મૂળમાં જેમ કમળકળીની આસપાસ તેના કેસરતંતુ રહ્યા હોય તેમ રહેલા છે. ૨૬ મેરૂ પર્વતની પૂર્વે

દિશામાં જઠર અને દેવકૂટ નામના બે પર્વત છે. તે ઉત્તર દિશામાં અઢાર હજાર યોજન લાંબા અને બબ્બે હજાર યોજન પોહોળા તથા ઉંચા છે. એ પ્રમાણે મેરૂની પશ્ચિમ દિશાએ પવન અને પારિયાત્ર નામના બે પર્વત છે, જે દક્ષિણ દિશાએ લાંબા છે. દક્ષિણ દિશામાં કૈલાસ અને કરવીર નામે બે પર્વત છે, તે પૂર્વ તરફ લાંબા છે. તેમજ ઉત્તર તરફ ત્રિશૃંગ અને મકર નામના બે પર્વત છે, તે પશ્ચિમ તરફ લાંબા છે. એ આઠ પર્વતોથી ચારે તરફ ઘેરાયેલો કાંચનગિરિ મેરૂ પર્વત અગ્નિની પેઠે પ્રકાશે છે. ૨૭ મેરૂ પર્વતની ઉપર મધ્યભાગમાં દશહજાર યોજન લાંબી પોહોળી બ્રહ્માની એક નગરી છે, તે સોનાની છે એમ પંડિતજનો કહેછે. ૨૮ આ બ્રહ્માની પરીને ફરતી ચારે દિશામાં [1]આઠ લોકપાળોની આઠ નગરીઓ છે. તે સર્વ નગરીઓનો વર્ણ તેમાં રહેનારા લોકપાળોના વર્ણ જેવો છે, અને તે પ્રત્યેકનું પ્રમાણ બ્રહ્મપુરીના ચોથા ભાગ જેટલું છે. ૨૯

तामनुपरितो लोकपालानामष्टानां यथादिशं यथारूपं तुरीयमानेनपुरोऽष्टावुपक्लृप्ताः

ઈતિ શ્રી ભાગવત મહાપુરાણના પંચમ સ્કંધમાં "ભુવન કોશ વર્ણન" નામનો ૧૬ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૭ મો.

ગંગાનું દિશાઓમાં ગમન, તથા સદાશિવે કરેલી સંકર્ષણની સેવા.

॥ श्री शुकउवाच ॥

तत्र भगवतः साक्षाद्यज्ञलिंगस्य विष्णोर्विक्रमतो वामपादांगुष्ठनखनिर्भिन्नोर्ध्वांडकटाहविवरेणांतः प्रविष्टा या बाह्यजलधारा तच्चरणपंकजावनेजनारुणकिंजल्कोपरंजिताखिलजगदघमलांपहोपस्पर्शनाऽमलासाक्षाद्भगवत्पदीत्यनुपलक्षितवचोऽभिधीयमानाति महता कालेन युगसहस्रोपलक्षणेन दिवो मूर्द्धन्यवततार यत्तद्विष्णुपदमाहुः ॥१॥

શ્રી શુકદેવજી કહે છે—હે પરીક્ષિત્ રાજા ! યજ્ઞમૂર્તિ સાક્ષાત્ ભગવાન્ વિષ્ણુએ વામન અવતાર ધારણ કરી, બળિરાજાના યજ્ઞમાં ત્રણ પગલાં પૃથ્વી ભરતી વખતે વિરાટ સ્વરૂપ ધરી, પોતાના જમણા પગથી પૃથ્વીને દબાવીને, જ્યારે ડાબો પગ ઉંચો કરવા લાગ્યા, ત્યારે ડાબા પગના અંગુઠાના નખથી બ્રહ્માંડનો ઉપરનો ભાગ ફાટવાથી જે છિદ્ર થયું, તે છિદ્રદ્વારા બહાર આવરણરૂપે રહેલા પાણીની ધારા બ્રહ્માંડમાં પેઠી હતી, તે હજારો યુગ વીતી ગયા પછી સ્વર્ગની ઉપર આવેલા વિષ્ણુપદ નામના સ્થાનમાંથી ઉતરીને પૃથ્વીમાં આવી છે, એની ધારાથી ભગવાનના ચરણ કમળમાં લાગેલું કેસર ધોવાયાથી તેના કેસર સાથે મળીને રાતી થઇ ગયેલી છે, એના સ્પર્શથી આખા જગતના મળ નાશ પામે છે; તો પણ તે પોતેજ અત્યંત નિર્મળ છે, અને ભગવાનનાં ચરણથી ઉત્પન્ન થઇ, માટે એનાં જાન્હવી, ભાગીરથી ઇત્યાદિ નામ પડયાં છે. ૧ વિષ્ણુપદમાં રહેનારા ઉત્તાનપાદના પુત્ર વૈષ્ણવ, વીરવ્રત અને દઢ સંકલ્પવાળા ધ્રુવજીએ ગંગાજીને જોઇ મનમાં પરમાનંદ પામીને કહ્યું કે–આ અમારા કુળ દેવતા ભગવાન્ હરિના ચરણ કમળનું જળ છે, એવું મનમાં સમજી પ્રતિજ્ઞા સહિત, પ્રતિદિન પરમ આદર સન્માનથી પોતાના મસ્તક ઉપર તે ગંગાને ધારણ કરી રહ્યા છે, એ મહાત્મા ધ્રુવજીનું હદય ક્ષણે ક્ષણે વૃદ્ધિ પામતી ભક્તિના યોગથી અત્યંત પીગળી જાય છે, ઉત્કંઠાથી ઉત્પન્ન થયેલી પરવશતાને લીધે, તેનાં નેત્ર કમળ મીંચાઇ જાય છે. ત્યારે નેત્રોમાંથી નિર્મ-

---

[1] બ્રહ્માની મનોવતી, ઇન્દ્રની અમરાવતી, અગ્નિની તેજોવતી, યમરાજની સંયમની, નિઋતિની કૃષ્ણાંગના, વરુણની શ્રદ્ધાવતી, મરુતની ગન્ધવતી, કુબેરની મહોદયા અને ઇશની યશોમતી એ નવ પુરી સુમેરુ પર્વતમાં છે.

ળ આંસુનાં બિંદુ પડે છે, અને તે સાથેજ તેના શરીરનાં રૂવાડાં ઉભાં થઇ જાય છે. ૨ હે રાજા! ધ્રુવ નીચે રહેનારા, ગંગાના પ્રભાવને જાણનારા તથા સર્વના આત્મારૂપ ભગવાન વાસુદેવ ઉપર ભક્તિનો લાભ થવાથીજ બીજા પુરૂષાર્થોનો તથા આત્મજ્ઞાનનો પણ આદર નહિ કરનારા મહર્ષિઓ " આ ગંગા તપની પરમ સિદ્ધિ છે એના વિના બીજી કોઈ સિદ્ધિ નથી " એમ ધારીને જેમ મુમુક્ષુજનો મુક્તિને ધારણ કરે છે. તેમ પોતપોતાની જટામાં ગંગાજીને ધારણ કરે છે. ૩ વિષ્ણુના ચરણથી ઉત્પન્ન થયેલી તે ગંગાજી સપ્તર્ષિના સ્થાનથી હજારો અને કરોડો વિમાનોના સમૂહ જેમાં શોભે છે, એવા આકાશ માર્ગથી ઉતરીને ચંદ્ર મંડળને ભીંજાવતી, બ્રહ્માની નગરીમાં પડે છે. ૪ ત્યાંથી તેની ચાર ધારાઓ થઇને, ચારે તરફ વહેતી સમુદ્રમાં મળે છે. એ ચાર ધારાઓ સીતા, અલકનંદા, ચક્ષુ અને ભદ્રા એ નામથી પ્રસિદ્ધ છે. ૫ એ ચાર ધારાઓમાંથી પ્રથમ સીતા બ્રહ્માના સ્થાનમાંથી પ્રકટ થઈ, કેસરાચળ આદિ પર્વતોનાં શિખરો ઉપરથી નીચે ઉતરી, મુખ્ય મુખ્ય શિખરો ઉપર પડે છે, ત્યાર પછી એ સર્વ શિખરોથી ક્રમથી નીચે વહીને ગન્ધમાદન પર્વતનાં શિખરો ઉપર પડી, પછી ભદ્રાશ્વ ખંડના મધ્યમાં વહીને પૂર્વ તરફના ખારા સમુદ્રમાં જઇને મળે છે. ૬ એ પ્રમાણે ચક્ષુ નામની ધારા માલ્યવાન પર્વતના શિખરથી નિકળી કેતુમાલખંડ તરફ વહીને મોટા વેગથી પશ્ચિમ દિશાના સમુદ્રમાં મળે છે. ૭ ભદ્રાનામની ધારા ઉત્તર દિશામાં મેરૂના શિખર ઉપરથી પડીને એકથી બીજા શિખર ઉપર થતી, કુમુદ પર્વતના શિખર ઉપર થઇ નીલગિરિના શિખર ઉપર આવી, ત્યાંથી વહીને શ્વેતપર્વતના શિખર ઉપર થઇ શૃંગવાન પર્વત ઉપર જઈ ત્યાંથી નીચે પડી ઉત્તર કુરૂદેશમાં થઈ ઉત્તર દિશામાં ખારા સમુદ્રને મળે છે. ૮ અલકનન્દા નામની ધારા બ્રહ્મલોકથી પડતી, ઘણા પર્વતોનાં શિખરોને ઓળંગીને ભારે વેગથી હેમકૂટ પર્વતમાં થઇ, ભરતખંડમાં થઇને દક્ષિણ તરફ ખારા સમુદ્રને મળે છે. આ ગંગામાં સ્નાન કરવાને માટે આવેલાં મનુષ્યોને પગલે પગલે અશ્વમેધ તથા રાજસૂયયજ્ઞનું ફળ થાય છે. ૯ હે રાજન્! આ પ્રમાણે મેરૂ આદિ પર્વતોમાંથી નીકળેલી સેંકડો નદિયો અને નદ પ્રત્યેક ખંડમાં આવેલા છે. ૧૦ પરંતુ જેટલા ખંડ છે તે સર્વમાં ભરતખંડનેજ કર્મક્ષેત્ર કહે છે. અને જે બીજા આઠ ખંડ છે, તે સ્વર્ગવાસિયોનાં બાકી રહેલાં પુણ્ય ભોગવવાનાં સ્થાન છે. તે પૃથ્વીનાં સ્વર્ગ કહેવાય છે. ૧૧ એ આઠ ખંડમાં જેઓ રહે છે, તેઓનું આયુષ્ય દશહજાર વર્ષનું હોય છે. દેવતાઓના જેવાં રૂપ હોય છે, અને દશહજાર હાથીના જેટલું બળ હોય છે. વજ્ર જેવાં મજબુત શરીર હોય છે. બળ, અવસ્થા અને આનંદથી આનંદયુક્ત સ્ત્રી પુરૂષ મૈથુનનું મોટું સુખ ભોગવે છે. એ સંભોગ સુખ ભોગવતાં જ્યારે એક વર્ષનું આયુષ્ય બાકી રહે છે, ત્યારે તેઓની સ્ત્રીઓ ગર્ભ ધારણ કરે છે. એ ખંડોમાં ત્રેતાયુગના જેવો સમય ચાલેછે. ૧૨ પોતપોતાના યોગ્યસ્થાનોમાં પોતપોતાના મુખ્ય સેવકોથી સેવાતા ઇચ્છાનુસાર મોટા મહાત્મા પુરૂષો આશ્રમોમાં, પર્વતોમાં ગુફાઓમાં, અને નિર્મળ જળાશયોમાં નાના પ્રકારના જળવિહાર કરે છે, અને ઋતુઋતુનાં પુષ્પો, ગુચ્છાઓ, ફળો તથા નવી કુંપળોરૂપી સંપત્તિથી નીચી નમેલી ડાળીઓ તથા લતાઓવાળાં ઝાડોથી એ આશ્રમોનાં તથા પર્વતોની ગુફાઓનાં વન ઘણાં સુશોભિત લાગેછે, અને તળાવ તથા સરોવરમાં નવી નવી જાતનાં પ્રફુલ્લિત કમળ અને કળિઓની સુગંધથી પ્રસન્ન થઇને, રાજહંસ, કલહંસ, જળકુકડી, કારંડવ, સારસ અને ચકવા આદિ પક્ષિયોના કલ્લોલ અને ભ્રમરોના ગુંજારવ જળાશયમાં સુંદર સુંદર સુર સુંદરી સાંભળી સાંભળીને મનમાં ને મનમાંજ આનંદ પામી, પરમ પવિત્ર જળને નિરખી, અનેક પ્રકારની જળક્રીડા કરીને કામદેવથી ક્ષુભિત

હાસ્ય વિલાસાદિકથી જેનાં મન વશીભૂત થઈ રહેલ છે, અને તેના હાવભાવ જોઇ જોઇને ત્યાં જળ વિહાર કરનારા દેવતાઓનાં મન અને નેત્રો વિષયાસક્ત રહે છે. ૧૩ એ નવ ખંડોમાં મહાપુરૂષ ભગવાન્ નારાયણ ભક્તો ઉપર પરમ અનુગ્રહ કરવાને માટે પોતાની મૂર્ત્તિઓના સમૂહમાં આજ પર્યંત વિરાજમાન થઇ રહેલા છે. ૧૪ ઇલાવૃત ખંડમાં ભગવાન્ શિવજ એક પુરૂષ છે, ત્યાં બીજો કોઇ પુરૂષ જતો નથી; જો કોઇ પુરૂષ અજાણ્યે જાય છે, તો તે પાર્વતીના શાપથી તત્કાળ સ્ત્રી થઈ જાય છે. એનું કારણ આગળ નવમ સ્કંધમાં કહેવામાં આવશે. ૧૫ એ ઇલાવૃત ખંડમાં પાર્વતીની અસંખ્ય દાસીઓ અહર્નિશ શિવજીની સેવા કરે છે. વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન અને અનિરૂદ્ધ એ ચાર મૂર્ત્તિવાળા મહાપુરૂષ ભગવાનની ચોથી તામસી મૂર્ત્તિ કે જેમાંથી પોતાની ઉત્પત્તિ થઇ છે તેનું મનમાં ધ્યાન ધરીને તેને પોતાની પાસે લાવે છે. મહાદેવજી આ મંત્રનો અહર્નિશ જપ કર્યા કરે છે. ૧૬

શ્રી મહાદેવ કહે છે કે—ॐ नमो भगवते महापुरुषाय सर्वगुणसंख्यानायानन्तायाव्यक्ताय नमः ॥ હે મહાપુરૂષ ! સર્વ ગુણના પ્રકાશક, અનંત અને અવ્યક્ત, શ્રી સંકર્ષણ ભગવાન્ આપને હું નમસ્કાર કરૂંછું. ૧૭ હે ભજવા યોગ્ય ભગવાન્! તમે સંપૂર્ણ ઐશ્વર્ય આપનારા પરમ આશ્રયરૂપ. પોતાના ભક્તોને અત્યંત આનંદદાયક, પોતાના જનોને પોતાના મનોહર સ્વરૂપનું દર્શન દેનારા સંસારનાશક, અને અભક્તોને સંસાર આપનારા આપનાં શરણાગત રક્ષક ચરણારવિન્દોનું હું ભજન કરૂંછું. ૧૮ તમે જગતને નિયમમાં રાખવા માટે નિરંતર જુઓછો, તોપણ જેમ ક્રોધના વેગને નહી જીતનારા લોકોની દૃષ્ટિ વિષયોથી તથા ઇંદ્રિયોથી લેપાય છે, તેમ તમારી દૃષ્ટિ જરાપણ લેપાતી નથી. એવા તમોને કયો મુમુક્ષુ જીવ ભજે નહી. ૧૯ અજ્ઞાની, કુબુદ્ધિવાળા, માયાથી મોહિત થયેલા અને મિથ્યા દૃષ્ટિવાળા પુરૂષને આપનાં મદ ભરેલાં લાલ નેત્રો મદોન્મત્તની પેઠે ભયાનક લાગેછે. તમારા ચરણના સ્પર્શથી મનમાં કામાતુર થયેલી નાગણીઓ લાજથી તમારૂં પૂજન કરતાં પણ ડરેછે. ૨૦ આ વિશ્વની ઉત્પત્તિ, પાલન અને સંહાર કરનારા હે અનંત ! સંત અને વેદના મંત્ર આપને ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયથી રહિત કહે છે. આપે હજાર મસ્તકોમાંથી કોણ જાણે કયા મસ્તક ઉપર આ ભૂમંડળ સર્ષવના દાણાની પેઠે રાખેલું છે, કે જેને આપ જાણતા પણ નથી, એવા શેષ ભગવાનને નમસ્કાર છે. ૨૧ સત્વગુણના આશ્રયવાળો મહત્તત્વ તે આપના ગુણોવડે થયેલો પ્રથમ દેહ છે, તેમાંથી બ્રહ્મા ઉત્પન્ન થયા, અને બ્રહ્માથી હું રૂદ્ર ઉત્પન્ન થયો. તે હું ત્રિગુણાત્મક મારી વિભૂતિરૂપ અહંકારથી દેવતા, પંચમહાભૂત અને ઇન્દ્રિય વર્ગને ઉત્પન્ન કરૂંછું. ૨૨ જેમ પક્ષીઓ દોરીથી બંધાઇ રહેછે, તેમ અમે સર્વ મહત્તત્વ, અહંકાર, દેવતા, પંચમહાભૂત અને ઇન્દ્રિયો, આપને વશ્ય થઇ રહેલા છીએ. આપની કૃપાથીજ અમે સર્વ બ્રહ્માંડને સરજીએ છીએ, ૨૩.સંસારમાં મોહ પામેલ પુરૂષ તમે રચેલી અને કર્મરૂપી ગાંઠવડે બાંધનારી માયાને સહજ જાણે છે; પરંતુ તેનાથી પાર પડવાનો કાંઈપણ ઉપાય જાણતા નથી, એવા તથા જેના સ્વરૂપમાં જગતની ઉત્પત્તિ અને નાશ થાયછે, એવા આપને પ્રણામ કરૂંછું.૨૪

यन्निर्मितां कर्ह्यपि कर्मपर्वणीं मायांजनोयं गुणसर्गमोहितः ॥ न वेद निस्तारणयोग मंजसा तस्मै नमस्ते विलयोदयात्मने॥

ઇતિશ્રી ભાગવત પુરાણના પંચમ સ્કંધમાં “ ઇલાવૃત ખંડમાં ભગવાન સંકર્ષણ વર્ણન ” નામનો ૧૭ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૮ મો.

છ ખંડના ઈષ્ટદેવો તથા તેના ભક્તો.

श्री शुक उवाच·

तथा च भद्रश्रवा नाम धर्मसुतस्तत्कुलप-

तथैव पुरुषा भद्राश्ववर्षे साक्षाद् भगवतो वासुदेवस्य प्रियां तनुंधर्ममयीं हयशीर्षाभिधानीं परमेण समाधिना सन्निधाप्येदमभिगृणंत उपधावंति ॥ १ ॥

શ્રી શુકદેવજી કહે છે—હે રાજા! ભદ્રાશ્વ ખંડમાં ધર્મપુત્ર ભદ્રશ્રવા અને તેના કુળના મુખ્ય પુરૂષો તથા સેવકો વસે છે. તેઓ સાક્ષાત્ ભગવાન વાસુદેવની ધર્મમય હયગ્રીવની પરમ પ્રિયમૂર્ત્તિને, ઉત્તમ સમાધિથી પોતપોતાના હૃદયમાં ધારણ કરી, આ નીચે કહેલા મંત્રનો જપ કરી સ્તુતિ કરે છે. ૧

ભદ્રશ્રવાદિ કહે છે—ॐ नमो भगवते धर्मायात्म विशोधनायनमः ॥ આત્માને શુદ્ધ કરનારો અને ધર્મ સ્વરૂપ ભગવાન્‌ને નમસ્કાર કરીએ છીએ. ૨ અહા! ભગવાનની ગતિ કેવી વિચિત્ર છે!! કે પુત્રને અથવા પિતાને બાળીને આવ્યાથી તેઓના ધન ઉપર જીવવાને ઇચ્છનારા તથા સંસારનાં તુચ્છ સુખોને ભોગવવા માટે માત્ર કર્મ કરવાને ઇચ્છનારા મનુષ્યો સર્વને ભક્ષણ કરનારા કાળને દેખેછે તેમ છતાં તેની ચિંતા રાખતા નથી. ૩ હે પ્રભુ! પંડિત લોકો આ જગતને નાશવાન્ કહે છે, અને આત્મતત્વને જાણનારા યોગી લોકો સમાધિદ્વારા જગત નાશવાન્ છે એમ પ્રત્યક્ષ અનુભવે છે; તોપણ હે અજન્મા! તે લોકો આપની માયાથી મોહિત થઇ જાય છે. આ આપનું કૃત્ય અત્યંત આશ્ચર્યજનક છે. માટે હવે સર્વ પરિશ્રમોનો ત્યાગ કરી, કેવળ આપના ચરણારવિંદમાંજ પ્રણામ કરીશું. ૪ આપ નિવારણ અને કર્ત્તા હોવાથી પણ વેદ આ જગતની ઉત્પત્તિ, પાલન અને પ્રલયકર્ત્તા આપનેજ માન્યા છે, એ બરાબર છે. કેમકે આપ માયાને લીધે જગતને રચનારા અને સર્વના આત્મારૂપ આપનામાં જેમ સૃષ્ટિને ઉત્પન્ન કરવાપણું છે, તેમ અકર્તાપણું અને આવરણ રહિતપણું છે. ૫ હે જનાર્દન! ચારવેદોનો તામસી શંખાસુરે તિરસ્કાર કર્યો, તેથી વિક્ષિપ્ત થઇ, પ્રલયકાળે જળમાં ડૂબી ગયા હતા, તેને યુગાન્ત સમયે આપ હયગ્રીવ શરીર ધારણ કરીને પાતાળમાંથી સર્વ વેદોને લાવ્યા હતા અને બ્રહ્માની પ્રાર્થનાથી આપે ચારે વેદ તેમને આપ્યા. તમે તેજ ભગવાન્ સત્ય સંકલ્પવાળા છો, એ આપને અમે વારંવાર નમસ્કાર કરીએ છીએ ૬ હે રાજન! હરિખંડમાં વિષ્ણુ ભગવાન્ નૃસિંહરૂપ ધારણ કરી વિરાજે છે. ભગવાને જે આ અદ્દ્ભુત સ્વરૂપ ધારણ કર્યું, તેનું કારણ સપ્તમ સ્કંધમાં કહેવામાં આવશે. પ્રિયરૂપ, મહાપુરૂષ, મહા વૈષ્ણવ ગુણોથી ભરપૂર અને જેમ આચરણ તથા સ્વભાવ દૈત્ય તથા દાનવ કુળને પવિત્ર કરનારાં છે એવા મોટા ભક્ત પ્રહ્લાદ તે ખંડમાં રહેનારા પુરૂષોની સાથે એકાગ્ર ચિત્તે અત્યંત ભક્તિ યોગથી તે અદ્દ્ભુત સ્વરૂપની સેવા કરેછે અને નીચેનો મંત્ર ભણેછે. ૭

પ્રહ્લાદજી કહે છે—ॐ नमो भगवते नरसिंहाय नमस्तेजसे. आविराविर्भव वज्रनख वज्रदंष्ट्र कर्माशयान् रंधय रंधय तमो ग्रस ग्रस ॐ स्वाहा अभयमभयमात्मनि भूयिष्ठा ॐ क्षौम् ॥

ઓંકાર સહિત ભગવાન્ નૃસિંહને વારંવાર નમસ્કાર કરૂંછું. આપ સર્વ તેજોના તેજરૂપ છો, અને વજ્રના જેવી દાઢોથી કર્મરૂપ વાસનાઓને "રંધય રંધય" અર્થાત્ બાળી નાંખો, બાળી નાંખો. અજ્ઞાનરૂપ અંધકારને ગળી જાઓ, ગળી જાઓ. અને અંતઃકરણમાં અભયરૂપ થાઓ, અભયરૂપ થાઓ. ॥ ॐ ક્ષ્રૌમ્ ॥ એ બીજ મંત્ર છે. ૮ હે વિશ્વરૂપ! સર્વ જગતનું કલ્યાણ થાઓ. ખળ લોકો પોતાની ખળતાનો ત્યાગ કરો, પ્રાણી માત્ર પોતપોતાના અંતઃકરણમાં પરસ્પર એક બીજાનું કલ્યાણ ઇચ્છો, મન શાંતિ વિગેરેનું સેવન કરો; અને અમારી તથા સર્વ લોકોની બુદ્ધિ નિષ્કામ થઇ અધોક્ષજ ભગવાનમાં લાગી રહો. ૯ અમને કોઇનો પણ સંગ ન થાઓ, પરંતુ ભગવાનના ભક્તોનો સંગ થાઓ; કારણ કે ભગવાનના ભક્ત ભક્તિ અને મુક્તિનો માર્ગ બતાવે છે, અને ઘર, સ્ત્રી, પુત્ર, ધન અને બંધુ વર્ગનો

સંગ અમને કોઇ પણ પ્રકારે ન થાઓ, કેમકે કેવળ ભોજનથીજ સંતોષ પામનાર આત્મજ્ઞાની હરિભક્ત જેવો શીઘ્ર સિદ્ધ થઇ જાય છે, તેવો ઇન્દ્રિયોને પ્રસન્ન રાખનારો અને ઘરમાં આસક્તિવાળો, મનુષ્ય કદિ સિદ્ધ થઇ શકતો નથી. ૧૦ ભગવદ્ ભક્તોના સત્સંગથી ભગવાનનાં પરાક્રમવાળાં પવિત્ર ચરિત્રો સાંભળવામાં આવે છે અને તેથી ભગવાન તેના હૃદયમાં પ્રવેશ કરીને તેના મનના મળને હરી લે છે. ગંગા યમુના આદિ તીર્થોમાં વારંવાર સ્નાન કરવાથી કેવળ મનુષ્યોના તનનોજ મળ દૂર થાય છે, પણ મનનો મળ તો જેમનો તેમ રહે છે. માટે ઉત્તમ ભક્તોને કોણ ન સેવે? ૧૧ ભગવાનમાં જેની નિષ્કામ પ્રીતિ થાય છે, તેના ઉપર ભગવાન પ્રસન્ન થવાથી સર્વ દેવતા, ધર્મ જ્ઞાનાદિ સહિત તે પુરૂષના હૃદયમાં નિરંતર વાસ કરે છે; પરંતુ ઘર વગેરેમાં આસક્તિવાળા અને ભગવાનની ભક્તિ વિનાના પુરૂષોને જ્ઞાન અને વૈરાગ્યાદિક ઉત્તમ ગુણ ક્યાંથી મળે? ૧૨ જેમ માછલાંઓનો પ્રિય આત્મા પાણી છે, તેમ સર્વાત્માઓનો સાક્ષાત ભગવાનજ પ્રિય આત્મા છે, માટે મહા પ્રખ્યાત મનુષ્ય પણ જો ભગવાનને તજીને ઘરબાર વગેરેમાં આસક્ત થઇ જાય તો, સ્ત્રી પુરૂષોમાં જેમ મોટી ઉમ્મરવાળો પુરૂષ મોટો ગણાય છે, તેમ તેની મોટાઇ ગણાય છે, પરંતુ જ્ઞાનાદિકથી તેની મોટાઈ ગણાતી નથી. ૧૩ માટે તૃષ્ણા, રાગ, શોક, ક્રોધ, માન, સ્પૃહા, ભય, દીનતા અને મનોવ્યથા એ સર્વનું મૂળ જે ઘર કે-જેને લીધે જન્મ મરણ થયા કરે છે, તેનો ત્યાગ કરી ભય રહિત થઇ નૃસિંહ ભગવાનનાં ચરણારવિંદનું ભજન કરો. ૧૪ કેતુમાલ ખંડમાં લક્ષ્મીજીને, સંવત્સરરૂપ પ્રજાપતિની પુત્રીઓને તથા પુત્રોને પ્રસન્ન રાખવાને માટે ભગવાન નારાયણ કામદેવ રૂપે બિરાજે છે. એ પ્રજાપતિના પુત્રો એ ખંડના પતિ છે; સો વર્ષના દિવસ અને રાત્રિના જેટલી એ પ્રજાપતિના પુત્રો તથા પુત્રીઓની સંખ્યા છે, એટલે ૩૬૦૦૦ હજાર છે. હે ભરતવંશાવતંસ! સંવત્સરોનું વિશેષ હિત કરવાનું કારણ એ છે કે, મહાપુરૂષ ભગવાનના ચક્રના તેજના તાપથી, તે કન્યાઓનાં અન્તઃકરણ અતિશય નિર્બળ અને કમ્પાયમાન થઇ જાય છે, અને તેના ગર્ભ વર્ષના અંતમાં પતિત થઇ પ્રાણ વિનાના થઇ જાય છે, માટે એ ખંડમાં પુરૂષોની સંખ્યા વિશેષ થતી નથી. ૧૫ અને ભગવાન કામદેવ સુંદર ગતિથી. વિલાસથી, મંદહાસ્ય સહિત અવલોકનની લીલાથી અને પોતાની ભમરોને જરા જરા ઉંચી કરતા મુખારવિંદની શોભાથી લક્ષ્મીજીને રમાડીને પોતાની ઇંદ્રિયોને તૃપ્ત કરે છે. ૧૬ લક્ષ્મીજી પણ સંવત્સરની રાત્રિયોમાં પ્રજાપતિયોની પુત્રીઓ સાથે અને દિવસોમાં એ પુત્રીઓના પતિઓ સાથે મળીને ભગવાનના માયાવી અવતાર કામદેવની ઉપાસના કરીને સદા નીચેનો મંત્ર જપે છે. ૧૭

લક્ષ્મીજી મંત્ર ભણે છે—ॐ ह्रां ह्रीं ह्रूं ॐ नमोभगवते हृषीकेशाय सर्वगुणविशेषैर्विलक्षितात्मने, आकूतीनां चित्तीनां चेतसां विशेषाणां चाधिपतये षोडशकलाय छन्दोमयायान्नमयायामृतमयाय सर्वमयायसहसेओजसे बलायकान्ताय कामाय नमस्ते उभयत्रभूयात् ॥

ઇંદ્રિયોના અધિપતિ, ભગવાન્ હૃષીકેશને હું નમસ્કાર કરૂં છું. તમારૂં સ્વરૂપ સર્વ શ્રેષ્ઠ વસ્તુઓથી જાણવામાં આવે છે, જ્ઞાનેંદ્રિય, કર્મેન્દ્રિય અને તેના સર્વ વિષયોના અધિપતિ છો, અગ્યાર ઇંદ્રિયો અને પાંચ વિષય સહિત સોળ પદાર્થ એ તમારી કળા છે, તમે વેદોક્ત કર્મવડે પ્રાપ્ત થાઓ છો, તમે અન્નમય છો, અમૃતમય છો, સર્વરૂપ છો, અને મન, ઇંદ્રિયો તથા શરીરના બળને આપનારા હોવાથી તે તે રૂપ છો, માટે અત્યંત સુંદર એવી આપની મૂર્તિને આ લોકમાં તથા પરલોકમાં મારા નમસ્કાર છે. ૧૮ આપ પોતેજ સર્વ ઇંદ્રિયોના પતિ છો, જે સ્ત્રીઓ વ્રતથી નાના પ્રકારે આરાધન કરીને, આપ વગર બીજા પતિની ઇચ્છા કરે છે, તે તેઓના પતિ તેઓનાં પ્રિય સંતાન, પ્રિય વસ્તુ, દ્રવ્ય

અને આયુષ્યની રક્ષા કરી શકતા નથી; કેમકે તેઓ પોતેજ પરતંત્ર છે. ૧૯ પતિ તો એવો હોવો જોઇએ કે, જે પોતે નિર્ભય હોય, અને ભયાતુરની સર્વ પ્રકારે રક્ષા કરે. એવા તો આપ એકજ સર્વના પતિ છો, બીજો કોઇ નથી, આપ આત્મસ્વરૂપના લાભ વિના બીજી કોઇ વસ્તુને અધિક સમજતા નથી, જેને બીજાથી સુખ મળે છે તે સ્વતંત્ર કહેવાતો નથી, સ્વતંત્ર તો આપ એકજ છો. સર્વ સ્વતંત્ર હોય તો મંડળેશ્વરોની પેઠે પરસ્પર એક બીજાનો ભય રહે. ૨૦ હે ભગવાન્! જે સ્ત્રી કેવળ આપના ચરણ કમળોનીજ પૂજા કરવાની કામના કરે છે, અને બીજી કોઈ વસ્તુની ઇચ્છા કરતી નથી, તેની સર્વ કામના પૂર્ણ થઇ જાય છે; પરંતુ જે સ્ત્રી ફળની ઇચ્છા રાખીને આપની પૂજા કરે છે, તેને તેનું ઇચ્છેલું ફળ જ આપોછો, તે ફળ ભોગવ્યા પછી પાછું દુઃખ ભોગવવું પડેછે. ૨૧ હે અજીત! જેનું મન કેવળ વિષય સુખમાં લાગી રહ્યું છે, એવા બ્રહ્મા, મહાદેવ, અને દૈત્યો વિગેરે મારી પ્રાપ્તિ માટે ઉગ્ર તપ કરે છે; પરંતુ આપના ચરણારવિંદના આશ્રય વગર તે લોકો મને પામતા નથી, કારણ કે, મારૂં ચિત્ત આપનામાંજ રહેલું છે, અને તેથી હું આપને આધીન છું, માટે જે પુરૂષ આપનું ધ્યાન કરે છે, તેના તરફ હું જોઉં છું. ૨૨ માટે હે પ્રભુ! આપ તે સત્પુરૂષ છો કે, જેની સેવા કર્યા વગર કોઇ કાર્ય સિદ્ધ થતું નથી. આપના હસ્તકમળથી સર્વ કામનાઓનો વરસાદ થાય છે, માટે સાધુ લોકો નિરંતર જેની સ્તુતિ કરે છે, અને આપ કે જે આપના ભક્તજનોના મસ્તક ઉપર કરકમળને ધર્યા કરોછો, તે હસ્તકમળ કૃપા કરીને મારા મસ્તક ઉપર ધારણ કરો. હું એવું નથી કહી શકતી કે મારા પ્રત્યે આપનો આદર નથી, કારણ કે તમે મને વક્ષઃસ્થળમાં ધારણ કરોછો, તોપણ આપની ભક્તજનો ઉપર જેવી કૃપા છે તેવી મારા ઉપર નથી. આપ ઈશ્વર છો, તેથી આપની માયાની ચેષ્ટા કોણ જાણી શકે? ૨૩ હે રાજા! રમ્યક ખંડમાં વિષ્ણુભગવાન્ પોતાના મત્સ્ય રૂપથી વિરાજે છે, કે જે સ્વરૂપ આ ખંડના અધિપતિ મનુને પ્રથમ દેખાડયું હતું. શ્રાદ્ધદેવ મનુ આજ પર્યન્ત અત્યંત ભક્તિભાવ અને પ્રેમથી ભગવાન્‌ની એ મનોહર મૂર્ત્તિનું આરાધન કરેછે. અને આ મંત્ર ભણે છે. ૨૪ ॐ नमो भगवते मुख्यतमाय नमः सत्त्वाय प्राणायौजसे सहसे बलाय महामत्स्याय नमः॥

મનુ રાજા કહે છે- સર્વથી શ્રેષ્ઠ, સત્વગુણ પ્રધાન, પ્રાણ રૂપ અને શરીર, મન તથા ઇંદ્રિયોના બળ રૂપ આપ મત્સ્યમૂર્ત્તિ ભગવાનને હું પ્રણામ કરૂં છું. ૨૫ બીજાઓ સ્તુતિ કરીને કહે છે કે,—હે પ્રભુ! આપ સર્વ ભૂતોમાં બાહાર અને અંદર ફરો છો, તેમ છતાં લોકપાળો તમારા સ્વરૂપને જોઇ શકતા નથી, અને વેદ પણ આપનો મહિમા ગાઇ શકતા નથી; પરંતુ આપનો વેદરૂપી નાદ અતિ મોટો છે, મનુષ્ય જેમ લાકડાની પૂતળીને પોતાને વશ રાખે છે, તેમ તમે વિધિ નિષેધ રૂપ વચનોથી સર્વ જગતને પોતાને વશ રાખ્યું છે, એવા ઇશ્વર આપ છો. ૨૬ ઈન્દ્રાદિક લોકપાળ, મત્સર રૂપી જ્વરમાં ગ્રસ્ત રહેવાને લીધે, આપને છોડી, જુદા જુદા તથા એકઠા મળીને આ જગતની રક્ષા કરવા લાગ્યા હતા, પણ મનુષ્યો, પશુઓ, સર્પો અને સ્થાવર પદાર્થો જે કાંઈ આ જગતમાં જોવામાં આવેછે તેઓનું રક્ષણ કરી શકયા નહતા. ૨૭ હે અજન્મા ભગવાન! જેમાં મોટા તરંગો ઉઠી રહ્યા હતા એવા પ્રલય કાળના સમુદ્રમાં ડુબેલી સર્વ ઔષધી તથા લતાઓના ભંડારરૂપ આ પૃથ્વીને અને મને ધારણ કરીને રક્ષા કરવા માટે ઘણીવાર સુધી ફર્યા હતા. એવા જગતના પ્રાણીઓના નિયંતા આપને હું નમસ્કાર કરૂં છું. ૨૮ હે રાજન્! હિરણ્યમય ખંડમાં ભગવાન્ નારાયણ કૂર્મ શરીર ધારણ કરીને વિરાજે છે, ત્યાં પિતૃગણોના અધિપતિ અર્યમા એ ખંડમાં રહેનારા પુરૂષોની સાથે નિરંતર તેની ઉપાસના કરે છે, અને આ મંત્રનો જપ કરે છે. ૨૯

અર્યમા મંત્ર ભણે છે—ॐ नमो भगवते अकूपाराय सर्वसत्त्वगुणविशेषणाय नोपलक्षित स्थानाय नमो वर्ष्मणे नमो भूम्ने नमो नमोऽवस्थानाय नमस्ते સર્વે સત્વગુણવાળા તથા અજ્ઞાત સ્થાનવાળા કૂર્મરૂપ ભગવાનને હું નમસ્કાર કરૂંછું, કાળેથી અમાપ એવા આપને નમસ્કાર કરૂંછું, સર્વ વ્યાપક અને સર્વના આધારરૂપ આપને વારંવાર નમસ્કાર કરૂંછું. ૩૦ હે ભગવન્! આપે આપની માયાથી જે આ આકૃતિનો પ્રકાશ કર્યો છે, તે દૃશ્ય પૃથ્વીથી આદિ લઇ, સર્વ પદાર્થ આપનુંજ રૂપ છે, તમારાથી અલગ કાંઇપણ નથી, તેમ મિથ્યા છતાં દેખાયછે, તેથી ઝાંઝવાંનાં જળની પેઠે તેની ગણત્રી થઇ શકતી નથી, માટે જેનું નિરૂપણ થઇ શકતું નથી. એવા આપને હું નમસ્કાર કરૂંછું. ૩૧ હે ભગવન્! જરાયુજ, સ્વેદજ, અંડજ અને ઉદ્ભિજ તથા સ્થાવર, જંગમ, દેવતા, ઋષિ, પિતૃ, ભૂત, ઇંદ્રિય, સ્વર્ગ, આકાશ, પૃથ્વી, પર્વત, નદી, સમુદ્ર, દ્વીપ, ગ્રહ અને નક્ષત્ર એ સર્વ આપનાંજ નામ છે, તમારાથી જુદું કાંઇપણ નથી. ૩૨ આપનાં નામ, રૂપ અને આકૃતિના અસંખ્ય ભેદ છે, તેની ગણના થઇ શકતી નથી; તોપણ કપિલાદિ વિદ્વાનોએ તેની ચોવીશ સંખ્યાની કલ્પના કરી છે. જે સંખ્યા તત્વજ્ઞાનથી મટી જાય છે, તે આપ તત્વજ્ઞાનની સાક્ષાત્ પ્રતિમારૂપ પરમાર્થ જ્ઞાનસ્વરૂપ આપને નમસ્કાર કરૂંછું. ૩૩ ઉત્તર કુરૂખંડમાં યજ્ઞપુરૂષ ભગવાન્ વરાહરૂપે વિરાજે છે. ત્યાં પણ આ પૃથ્વી દેવી કુરૂગણ સહ અવિચળ ભક્તિનો પ્રકાશ કરીને તેની સેવા કરે છે, અને તે નીચેનો ઉત્તમ મંત્ર ભણે છે. ૩૪

પૃથ્વીદેવી મંત્ર જંપે છે—ॐ नमो भगवते मंत्रतत्त्वलिंगाय यज्ञक्रतवे महाध्वरावयवाय महापुरुषाय नमः कर्मशुक्लाय त्रियुगायनमस्ते ॥ હે પ્રભુ! આપ મંત્રથી જાણવામાં આવો છો, સયજ્ઞ અને અયૂપયજ્ઞ ઇત્યાદિ જે કાંઇ દેખાય છે, તે સર્વ આપનુંજ સ્વરૂપ છે. આપ કર્મોથી શુદ્ધ, અર્થાત્ યજ્ઞાનુષ્ઠાન કરનારા, અને ત્રણ યુગનું સ્વરૂપ છો, એવા આપને હું નમસ્કાર કરૂંછું. ૩૫ જેમ અગ્નિ કાષ્ટમાં ગુપ્ત રહેલો છે, તેમ જેનું સ્વરૂપ, દેહ અને ઇંદ્રિયાદિક પદાર્થોમાં ગુંથાયલું છે, નિપુણ પુરૂષો વિવેકરૂપી સાધન વાળા મન અને કર્મ તથા તેનાં ફળથી જેને દર્શન કરવાની ઇચ્છાથી નિરંતર શોધ્યા કરે છે અને એમ શોધવાથી જેનો આત્મા પ્રકટ થાય છે, તે ભગવાનને હું પ્રણામ કરૂંછું. ૩૬ વિષયો, ઇંદ્રિયોના વ્યાપાર, ઇંદ્રિયોના દેવતા, દેહ, કાળ, અને અહંકાર એટલામાં માયાના કાર્યોથી જેનું સત્ય સ્વરૂપ જાણવામાં આવે છે, અને વિચાર તથા યમ નિયમાદિક સાધનોથી નિશ્ચય બુદ્ધિવાળા લોક જેના સ્વરૂપમાંથી માયાના સંબંધને લીધે થયેલી આકૃતિનો ત્યાગ કરે છે, એવા આપને હું પ્રણામ કરૂંછું. ૩૭ આપને માટે નહિ; પરંતુ જીવોના ઉપભોગને માટે આપે ઇચ્છેલાં જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય માયા પોતાના ગુણોથી કરે છે, જો કે માયા પોતે જડ છે; તોપણ જેમ ચમક પાહાણની પાસે રહેલું લોઢું ફર્યા કરે છે, તેમ માયા આપની પાસે આ સઘળી ક્રિયા કર્યા કરે છે, માટે માયા, ગુણો અને જીવોના સાક્ષીરૂપ આપને હું પ્રણામ કરૂંછું. ૩૮ આપ જગતના કારણરૂપ વરાહ સ્વરૂપ ધારણ કરી રસાતળથી મને (પૃથ્વીને) દાઢની અણી ઉપર ધારણ કરી, હાથીની પેઠે પ્રલય સમુદ્રમાંથી નિકળ્યા હતા, અને પછી બીજા હાથી જેવા હિરણ્યાક્ષ દૈત્યને સંગ્રામમાં ક્રીડા કરતાં કરતાં મારીને બાહાર નિકળી આવ્યા હતા, એવા આપ સર્વ વ્યાપક વરાહ ભગવાનને પ્રણામ કરૂંછું. ૩૯

प्रमथ्य दैत्यं प्रतिवारणं मृधे ।
यो मां रसाया जगदादिसूकरः॥
कृत्वाऽग्रदंष्ट्रे निरगादुदन्वतः ।
क्रीडन्निवेभः प्रणतास्मि तं विभुम्॥३९॥

ઇતિ શ્રી ભાગવત પુરાણના પંચમ સ્કં-

ધમાં "ભુવન કોશ વર્ણન" નામના ૧૮ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૯ મો.

ભરતખંડના ઇષ્ટદેવ તથા તેના સેવકોનું વર્ણન.

॥ श्री शुकउवाच ॥

किं पुरुषे वर्षे भगवंतमादिपुरुषं लक्ष्मणाग्रजं सीताऽभिरामं रामं तच्चरणसन्निकर्षाभिरतः परम भागवतो हनुमान्सह किंपुरुषै रविरतभक्तिरुपास्ते ॥ १ ॥

શ્રી શુકદેવજી કહે છે—રામચંદ્રજીના ચરણારવિંદની પાસે રહેવાને પ્રીતિ ધરાવનારા પરમભક્ત હનુમાનજી, કિંપુરૂષોની સાથે જાનકીવલ્લભ અને લક્ષ્મણના વડીલ બંધુ શ્રીરામચંદ્રજીની અત્યંત ભક્તિથી ઉપાસના કરે છે. ૧ અને ગંધર્વોએ આર્ષ્ટિષેણની સાથે ગાયેલી પરમ કલ્યાણકારી પોતાના સ્વામી રામચંદ્રજીની કથા સાંભળે છે. અને આ મંત્રનો જપ કરે છે. ૨

ॐ नमो भगवतेउत्तमश्लोकाय नम आर्यलक्षणशीलव्रताय नम उपशिक्षितात्मन उपासितलोकाय नमः साधुवादनिकर्षणाय नमो ब्रह्मण्यदेवाय महापुरुषाय महाराजायनमः ॥ ३ ॥

હનુમાનજી સ્તુતિ કરે છે—ઉત્તમશ્લોક ભગવાનને નમસ્કાર કરૂં છું. શ્રેષ્ઠ લક્ષણો તથા સ્વભાવવાળા તથા શીલવ્રતવાળા ભગવાનને નમસ્કાર કરૂં છું. મનને જીતનારા, લોકોની રીતિને અનુસરનારા અને સજ્જનતાની પરીક્ષાની કસોટીરૂપ બ્રાહ્મણોનું રક્ષણ કરનારા મહાપુરૂષ અને મહારાજ શ્રીરામચંદ્ર ભગવાનને મારા વારંવાર પ્રણામ છે. ૩ જેને વેદાંતનાં વચનોથી એક રૂપ કહીને પ્રસિદ્ધ કરે છે, જે શુદ્ધ અનુભવ સ્વરૂપ છે. જેની શાંત સ્વરૂપના પ્રકાશને લીધે ગુણોની સર્વ જાગૃત્ આદિ અવસ્થા મટી જાય છે. જે દૃશ્ય પદાર્થોથી પૃથક્ નામ તથા રૂપથી રહિત અને નિરહંકાર છે. વળી જે શુદ્ધ ચિત્તથી પરબ્રહ્મનું રૂપ જાણવામાં આવે છે, એવા પરબ્રહ્મ શ્રીરામચંદ્રજીને હું નમસ્કાર કરૂં છું. ૪ સર્વ વ્યાપક શ્રીરામચંદ્રજીએ મનુષ્યાવતાર ધારણ કર્યો તે કેવળ રાવણાદિ રાક્ષસનો વધ કરવા માટેજ નહી, પરંતુ સ્ત્રીસંગ વગેરેથી મનુષ્યને જે દુઃખ પડે છે તે દુઃખ દુર કરવાં અશક્ય છે, એ વાતનો મનુષ્યોને ઉપદેશ દેવાને માટે હતો. જો એમ ન હોય તો પોતાના સ્વરૂપમાં રમણ કરનારા વિશ્વના આત્મા રામચંદ્રજીને સીતાના વિરહથી ઉત્પન્ન થયેલું દુઃખ શી રીતે સંભવે? ૫ તે ધૈર્યવાન્ ધીર પુરૂષોના આત્મા, ભક્તવત્સળ, પરમપ્રિય, શ્રીરામચંદ્રજી ત્રણે લોકમાં કોઇપણ ઉપર આસક્ત નહતા, * માટે તે સ્ત્રીથી ઉત્પન્ન થયેલાં દુઃખ ભોગવે નહિ, તેમ લક્ષ્મણજીનો ત્યાગ પણ કરે નહિ, પરંતુ તેમણે સંસારના સર્વ લોકોને શિક્ષણ આપવા માટે તેમ કર્યું હતું, અને પોતે તો આદિ પુરૂષ અવિનાશી કમળપત્રની પેઠે નિર્લેપ છે. ૬ ઉચ્ચકુળમાં જન્મ, સુંદર સ્વરૂપ, મનોહરવાણી, ગંભીર બુદ્ધિ, અને ઉત્તમ જાતિ, એનાથી ભગવાન્ પ્રસન્ન થતા નથી, પણ તે તો

---

* દેવતાનો દૂત (મૃત્યુ) શ્રીરામચંદ્રજી પાસે ગુપ્ત વાત કરવા આવ્યો હતો, તે વખતે તેણે શ્રીરામચંદ્રજીને કહ્યું કે, આ વખતે જો કોઇ આવે તો તેને મારવાની પ્રતિજ્ઞા કરો, પછી હું મારૂં વૃત્તાન્ત કહું. રામચંદ્રજીએ તેનું કહેવું માન્ય કર્યું. તે વખતે દુર્વાસાએ આવીને લક્ષ્મણજીને કહ્યું કે–તું મારા આવ્યાની ખબર રામને આપ, નહિ તો આખા કુળને શાપ આપુંછું, ત્યારે લક્ષ્મણે વિચાર્યું કે–કુળની રક્ષા થતી હોય ને મારા પ્રાણ જતા હોય તો ભલે, એમ વિચાર કરી દુર્વાસા ઋષિ આવ્યાની ખબર આપવા અંદર ગયા, ત્યારે રામે તેનો નાશ કરવાની તૈયારી કરી, પણ વશિષ્ટની આજ્ઞાથી રામચંદ્રજીએ ત્યાગને મરણ સમાન જાણી લક્ષ્મણજીનો ત્યાગ કર્યો હતો. (વાલ્મિકી રામાયણ ઉત્તરકાંડ.)

કેવળ એક ભક્તિ કરવાથીજ પ્રસન્ન થાય છે. જુઓ ! નીચ કુળમાં મારો જન્મ છે, મારામાં સુંદરતા નથી, કોઇ ગુણ નથી, કાંઇ ઉત્તમતા નથી, અને અમારી ચંચળતા જગતમાં પ્રસિદ્ધ છે; તોપણ કેવળ ભક્તિને વશ થઈ, એ લક્ષ્મણજીના વડીલ બંધુ શ્રીરામચંદ્રજીએ અમને પોતાના સખા બનાવ્યા છે. ૭ માટે દેવતા, દાનવ, વાનર અથવા નર ગમે તે હોય, પણ તેને સર્વ પ્રકારે યત્ન કરીને, તે મનુષ્યરૂપ ભગવાન્ શ્રીરામચંદ્રજીની આરાધના કરવી જોઇએ. તે પ્રભુ મહા કૃતજ્ઞ છે. થોડાં ભજનને પણ વિશેષ કરી જાણનારા છે. તેમની ઉપાસના કરવાથી મહાફળ મળવાની આશા છે; એવા સર્વ અયોધ્યાવાસીઓને સ્વર્ગમાં લઇ જનારા ઇશ્વરને અમારા નમસ્કાર છે. ૮

શ્રી શુકદેવજી કહે છે- -હે રાજા ! ભરતખંડમાં ભગવાન્ નરનારાયણ બદ્રિકાશ્રમમાં ગુપ્ત રૂપે વિરાજે છે. જેની ગતિ જાણી શકાતી નથી. જે ધીર લોકો ઉપર અનુગ્રહ કરવાને માટે વૃદ્ધિ પામેલ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય અને નિરહંકારતાથી આત્મસ્વરૂપનું જ્ઞાન કરાવનારી તપશ્ચર્યા કરે છે. ૯ ભગવાને કહેલા સાંખ્ય તથા યોગની સાથે ભગવાનના પ્રભાવથી ભરપૂર પંચરાત્રનો સાવર્ણિમનુને ઉપદેશ કરનારા દેવર્ષિ નારદજી વર્ણાશ્રમના ધર્મો પાળનારી ભરતખંડની પ્રજાની સાથે પરમ ભક્તિ ભાવથી તે ભગવાન્ નરનારાયણની ઉપાસના કરે છે, અને આ મંત્રનો જપ કરે છે. ૧૦ ૐ नमो भगवते उपशमशीलायोपरतानात्म्याय नमोऽकिंचनवित्ताय ऋषिऋषभाय नरनारायणाय परमहंसपरमगुरवे आत्मारामाधिपतये नमोनमः ॥

નારદજી કહે છે—શાન્ત સ્વભાવવાળા અહંકાર વિનાના વૈરાગ્યવાન્ પુરૂષોના પરમધનરૂપ, પરમહંસોના પરમગુરૂ, અને જ્ઞાની પુરૂષોના અધિપતિ નરનારાયણ ભગવાનને હું વારંવાર નમસ્કાર કરૂંછું. ૧૧ આ મંત્ર ભણીને સ્તુતિ કરે છે કે—જે આ વિશ્વની સૃષ્ટિ આદિના કર્ત્તા છતાં પણ હું "કર્ત્તા છું" એમ કહી પોતાના મનમાં અહંકાર કરતા નથી, શરીરમાં રહેલા છે છતાં શરીરના ભૂખ, તરસ આદિ ધર્મથી દુઃખી થતા નથી, અને દ્રષ્ટા છતાં પણ જેની દ્રષ્ટિ દૃશ્ય પદાર્થોથી વિકાર પામતી નથી, તે આસક્તિ રહિત, શુદ્ધ અને સર્વના સાક્ષી એવા ભગવાનને નમસ્કાર કરૂંછું. ૧૨ હે યોગેશ્વર ! અંતકાળે આ ગંદી દેહનું અભિમાન છોડીને તમારા સ્વરૂપમાં ભક્તિપૂર્વક મન લગાડે છે, એજ યોગવિદ્યાની ચતુરાઇ છે એમ ભગવાન બ્રહ્માનું કહેવું છે. ૧૩ આ લોક અને પરલોકનાં સુખોમાં લપટાએલો અને સ્ત્રી પુત્ર તથા ધનની ચિંતા કરનારો મૂર્ખ મનુષ્ય જેમ આ અધમ દેહના મરણથી ડરે છે, તે પ્રમાણે જો વિદ્વાન્ પુરૂષ પણ આ દેહના મરણથી ડરતો હોય તો તેણે વિદ્યાભ્યાસ માટે કરેલો પ્રયત્ન કેવળ શ્રમરૂપજ જાણવો. ૧૪ માટે હે પ્રભુ ! આપ અમને તમારામાં સહજ વાસના રહે એવો યોગ આપો, જેથી અમે આ દુષ્ટ દેહમાં તમારી માયાએ કરાવેલી અને અત્યંત કષ્ટથી ટાળી ન શકાય એવી અહંમમતાને ઝટ ટાળી શકીએ. ૧૫ ભરતખંડમાં પણ ઇલાવૃત્તની પેઠે નદી તથા પર્વતો ઘણા છે. મલય, મંગળપ્રસ્થ, મૈનાક, ત્રિકૂટ, ઋષભ કૂટક, કૌલ્લક, સહ્ય, દેવગિરિ, ઋષ્યમૂક, શ્રીશૈલ, વેંકટ, મહેંદ્ર, વારિધાર, વિંધ્ય, શુક્તિમાન, ઋક્ષગિરિ, પારિયાત્ર, દ્રોણ, ચિત્રકૂટ, ગોવર્દ્ધન, રૈવતક, કકુભ, નીલાચલ, ગોકામુખ, ઇન્દ્રકીલ અને કામગિરિ આદિ બીજા પણ હજારો છે, અને તેમાંથી ઉત્પન્ન થયેલી નદીઓ તથા નદ પણ અસંખ્ય છે. ૧૬ જે નદીઓનાં નામ લેવાથીજ પુરૂષ પવિત્ર થઇ જાય છે. તે નદીઓમાં ભરતખંડવાસી અહર્નિશ સ્નાન અને ક્રીડા કરે છે. ૧૭ ચંદ્રવશા, તામ્રપર્ણી, અવટોદા, કૃતમાલા, વૈહાયસી, કાવેરી, વેણી, પયસ્વિની, શર્કરાવતી, તુંગભદ્રા, કૃષ્ણા, વેણ્યા, ભીમરથી, ગોદાવરી, નિર્વિન્ધ્યા, પયોષ્ણી, તાપી, રેવા, સુરસા, નર્મદા, ચર્મણવતી, સિંધુ, મહાનદી, વેદસ્મૃતિ, ઋષિકુલ્યા, ત્રિશામા, કૌશિકી, મંદાકિની, યમુના, સરસ્વતી, દૃષદ્વતી,

ગોમતી, સરયૂ, રોધસ્વતી, સપ્તવતી, સુષોમા, શતદ્રૂ, ચંદ્રભાગા, મરુદ્વૃદ્ધા, વિતસ્તા, અસિક્નિ અને વિશ્વા એ મોટી નદિયો છે, અને અંધ તથા શોણ એ બે મોટા નદ છે. ૧૮ આ ખંડમાં જન્મ પામીને પુરૂષ પોતાનાં સાત્વિક, રાજસ અને તામસ કર્મોદ્વારા અનુક્રમે સ્વર્ગ, પૃથ્વી અને નરકમાં અનેક જન્મ પામે છે; પરંતુ વર્ણાશ્રમના ધર્મ, મોક્ષનાં સાધન તથા મોક્ષનો લાભ આ ભરતખંડમાંજ છે. ૧૯ અનેક યોનિમાં જન્મ આપનારો દેહાભિમાન ટળી જાય, ત્યારે પ્રાણી માત્રના આત્મા ભગવાન્ વાસુદેવ કે-જે રાગાદિકોથી રહિત, વાણીથી અગોચર અને સ્વાશ્રય પરમાત્મા છે, તેમનામાં નિષ્કામ ભક્તિ થાય છે, અને તેજ મોક્ષનું સ્વરૂપ છે. અને તે ભગવાનના ભક્તોના સત્સંગથી પ્રાપ્ત થાય છે. ૨૦ એ કારણથી ભરતખંડમાં જન્મેલા પ્રાણીઓ માટે દેવતાઓ આ પ્રમાણે ગાય છે. ઓહોહોહો ! ! ! જેઓને મુકુંદ ભગવાનની સેવામાં ઉપયોગી એવો મનુષ્યાવતાર આ ભરતખંડમાં મળ્યો છે. તેઓએ શાં પુણ્ય કર્યાં હશે ? અથવા શ્રીહરિ ભગવાન પોતે તેઓના ઉપર પ્રસન્ન થયા હશે ? કેમકે એવો અવતાર પામવાને અમો પણ ઇચ્છીએ છીએ. ૨૧ કોઇનાથી ન બની શકે એવા યજ્ઞ, તપ, વ્રત અને દાનાદિકથી જે આ તુચ્છ સ્વર્ગ લોક અમને મળેલ છે, એથી શું થયું ? કેમકે આ સ્વર્ગમાં નારાયણના ચરણારવિંદનું સ્મરણ થતું નથી, પણ ઇંદ્રિયોને અત્યંત ભોગ મળવાને લીધે એ સર્વ ભૂલી જવાય છે. ૨૨ આ સ્વર્ગ લોકને પામી, અમે એક કલ્પ પર્યંત જીવીશું; પરંતુ અમારે પાછો જન્મ તો લેવોજ પડશે, માટે થોડા આયુષ્યવાળો પણ જો ભરતખંડમાં મનુષ્યજન્મ મળે તો બહુ સારૂં થાય, કેમકે આ ખંડમાં બુદ્ધિશાળી પુરૂષો મનુષ્યદેહથી એક ક્ષણમાંજ સર્વ કર્મનો ત્યાગ કરીને હરિ ભગવાન્નાં અભયપદને પામે છે. ૨૩ જ્યાં વૈકુંઠ ભગવાનની કથારૂપ અમૃતની નદી નથી, જ્યાં એવી કથાના આશ્રયરૂપ ભગવાન્ના ભક્તો નથી, તથા જ્યાં મહા ઉત્સવવાળી ભગવાનની પૂજાનો પ્રકાર નથી, તે સ્થાન જો બ્રહ્મલોક હોય તો ત્યાં પણ રહેવું નહિ. ૨૪ જે પ્રાણી જ્ઞાન તથા જ્ઞાનની સાધનક્રિયા તથા તેને ઉપયોગી પદાર્થોથી ભરપૂર એવો આ મનુષ્ય દેહ પામ્યા છતાં મોક્ષને માટે યત્ન કરતા નથી, તેઓ શિકારીના હાથમાંથી છૂટી ગયેલા પક્ષીઓની પેઠે ફરી પાછા બંધનમાં જઈ પડે છે. ૨૫ આ ભરતખંડના લોક કેવા ભાગ્યશાળી છે ? કે જે લોકો યજ્ઞમાં વિધિસહિત શ્રદ્ધાથી મંત્રો ભણીને જુદા જુદા દેવતાઓને ચરૂ તથા પુરોડાશ “નમમ” એમ કહીને અર્પણ કરેછે. તે પદાર્થો, પૂર્ણ કામનાવાળા ભગવાન કે જેને ઇંદ્ર વિગેરે જુદાં જુદાં નામો દઇ બોલાવી અર્પણ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસન્ન થઇને ગ્રહણ કરેછે. ૨૬ ભગવાનની પાસે માગવામાં આવે તો તે માત્ર માગેલી વસ્તુજ આપે છે, પણ તેને મોક્ષ આપતા નથી, કેમકે એક વસ્તુ માગ્યા પછી બીજી માગવાનો સંભવ છે, અને જે નિષ્કામ ભાવથી ભગવાનને ભજે છે, તેને તો ભગવાન પોતાનાં ચરણારવિંદ આપે છે. જેથી તેની સર્વ ઇચ્છાઓ પરિપૂર્ણ થઇ જાય છે. ૨૭ અહિં અમે સ્વર્ગનું જે સુખ ભોગવી લીધું છે, તેમાં જો કાંઇ બાકી રહ્યું હોય તો યજ્ઞ, વ્યાખ્યાન તથા બીજા કોઇ સત્કર્મના ફળને લીધે ભગવાનના ચરણોનું સ્મરણ કરાવનારો ભરતખંડમાં જન્મ થાઓ. કેમકે જ્યાં ભગવાન પોતાને ભજનારા લોકોને પરમસુખ આપે છે. ૨૮

શ્રી શુકદેવજી કહે છે—હે પરીક્ષિત્ ! કેટલાક વિદ્વાનો કહે છે કે,-જંબુદ્વીપના આઠ ઉપદ્વીપ છે, અને તે આઠ ઉપદ્વીપો સગરના પુત્રો અશ્વમેધના ઘોડાની શોધ કરવા માટે આ પૃથ્વીને ચારેકોરથી ખોદતા હતા, તેને લીધે થયેલા છે આમ કહે છે. ૨૯ તે આઠ ઉપદ્વીપ આ પ્રમાણે છે,-સ્વર્ણપ્રસ્થ, ચંદ્રશુક્લ, આવર્તન, રમણક, મંદરહરિણ, પાંચજન્ય, સિંહલ અને લંકા. ૩૦ હે પરીક્ષિત રાજા ! આ પ્રમાણે મુનિલોકોના કહેવા પ્રમા-

ણે એ તમારી પાસે જંબુદ્વીપના ખંડોના વિભાગ વર્ણવી બતાવ્યા. ૩૧

एवं तव भारतोत्तम जंबूद्वीपवर्षविभागो यथोपदेशमुपवर्णित इति ॥ ३१ ॥

ઇતિશ્રી ભાગવત પુરાણના પંચમ સ્કંધમાં "જંબુદ્વીપ વર્ણન" નામનો ૧૯ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૨૦ મો.

પ્લક્ષાદિ છ દ્વીપો, સાત સમુદ્રો અને લોકાલોક પર્વતનું માપ.

શ્રી શુક ઉવાચ.

अतःपर प्लक्षादीनां प्रमाणलक्षणसंस्थानतो वर्षविभाग उपवर्ण्यते ॥ १ ॥

શ્રી શુકદેવજી કહે છે—હે રાજન્ ! હવે હું તમારી પાસે પ્લક્ષ વગેરે દ્વીપોનું પ્રમાણ, લક્ષણ, વિભાગ અને તેઓની સ્થિતિનું વર્ણન કરીશ. ૧ જેમ લાખ યોજન ઊંચો મેરૂ પર્વત લાખ યોજનવાળા જંબુદ્વીપથી ઘેરાયલો છે, તેમ આ જંબુદ્વીપ પણ લાખ યોજનના ખારા સમુદ્રથી ઘેરાયલો છે. અને બહારનાં ઉપવનથી જેમ ખાઇ ઘેરાએલી હોય છે તેમ ખારો સમુદ્ર પણ પોતાનાથી બમણા વિસ્તારવાળા પ્લક્ષ દ્વીપથી ઘેરાયલો છે. આ દ્વીપમાં એક લાખ યોજન ઉંચુ પીપરનું સોનેરી ઝાડ છે, તેથી એ દ્વીપનું નામ પ્લક્ષદ્વીપ પડયું છે. આ વૃક્ષમાં સાત જીભવાળો અગ્નિ રહે છે. આ દ્વીપના અધિપતિ પ્રિયવ્રત રાજાના પુત્ર ઇધ્મજીહ્વે, પોતાના દ્વીપના સાત ખંડ કરી, તે ખંડોના જેવાજ નામવાળા પોતાના પુત્રોને જુદા જુદા ખંડોનાં રાજ્ય આપી યોગસમાધિથી દેહત્યાગ કર્યો હતો. ૨ શિવ, યવસ, સુભદ્ર, શાંત, ક્ષેમ, અમૃત અને અભય એ પુત્રોનાં નામ છે. અને તેજ ખન્ડોનાં નામ છે. એ સાત ખંડોમાં સાત મર્યાદાગિરિ અને સાત પ્રસિદ્ધ નદિયો છે. ૩ મણિકૂટ, વજ્રકૂટ, ઇન્દ્રસેન, જ્યોતિષ્માન્, સુવર્ણ, હિરણ્યષ્ઠીવ અને મેઘમાલ નામના સાત પર્વતો છે, અને અરૂણા, નૃમ્ણા, આંગિરસી, સાવિત્રી, સુપ્રભાતા, ઋતંભરા અને સત્યંભરા એ નામની મોટી નદીઓ છે. એ દ્વીપમાં હંસ, પતંગ, ઊર્ધ્વાયન અને સત્યાંગ એ ચાર વર્ણ (જાતિ) છે. એ લોકોનો રજોગુણ તથા તમોગુણ નદીઓમાં સ્નાન કરવાથી ટળી જાય છે, ને સર્વ લોકોની આવરદા હજાર વર્ષની છે. એ લોકોની ઉત્પત્તિ અને દેખાવ દેવતાઓના જેવો છે. એ લોકો વેદત્રયીમય સ્વર્ગના દ્વારરૂપ ભગવાન્ સૂર્યનારાયણની ઉપાસના કરે છે, અને આ મંત્રનો જાપ કરે છે. ૪ प्रत्नस्य विष्णो रूपं यत्सत्यस्यर्तस्य ब्रह्मणः अमृतस्य च मृत्योश्च सूर्यमात्मानमीमहीति ॥ અનુષ્ઠાયમાન ધર્મ, પ્રમીયમાણ ધર્મ, બ્રહ્મબોધકવેદ, શુભફળ અને અશુભફળ એ સર્વના અધિષ્ઠાતા પુરાણ પુરૂષ વિષ્ણુરૂપ શ્રી સૂર્યનારાયણને શરણે જઇએ છીએ. ૫ પ્લક્ષાદિ છ દ્વીપોમાં આયુષ્ય, ઇંદ્રિયોનાં સુખ, શરીરનું બળ, મનનું બળ, ઇંદ્રિયોનું બળ, બુદ્ધિ અને પરાક્રમ એટલી સ્વાભાવિક સિદ્ધિયો સર્વ મનુષ્યોમાં સમાનજ હોય છે. ૬ જેમ પ્લક્ષ દ્વીપ પોતાના જેટલા શેરડીના રસના સમુદ્રથી ઘેરાયલો. છે, તેમજ તેની બહાર તેનાથી બમણો શાલ્મલિ દ્વીપ છે, તે પણ પોતાના જેવડાજ મદિરાના સમુદ્રથી ઘેરાયલો છે. ૭ એ દ્વીપમાં પ્લક્ષના જેવડુંજ મોટું શાલ્મલી (શીમળા)નું વૃક્ષ છે, તેમાં પક્ષિયોનો રાજા ગરૂડ કે જે વેદથી ભગવાનની સ્તુતિ કર્યા કરે છે, તેનું સ્થાન છે આમ કહે છે. એ શાલ્મલીના વૃક્ષ ઉપરથી એ દ્વીપનું નામ શાલ્મલી પડયું છે. ૮ એ દ્વીપના અધિપતિ પ્રિયવ્રત રાજાના પુત્ર યજ્ઞબાહુએ પોતાના સાત પુત્રોને તેઓનાં નામ પ્રમાણે ખંડના સાત ભાગ કરી આપ્યા. એ ખંડ તથા પુત્રોનાં નામ આ પ્રમાણે છે. સુરોચન, સૌમનસ્ય, રમણક, દેવવર્ષ, પારિભદ્ર, આપ્યાયન, અને અવિજ્ઞાત, એ ખંડોમાં પણ સાત સી-

આડાના પર્વત તથા સાત મોટી નદીઓ છે. તે પર્વતોનાં નામ આ પ્રમાણે છે,—સ્વરસ, શતશૃંગ, વામદેવ, કુંદ, મુકુંદ, પુષ્પવર્ષ અને સહસ્રશ્રુતિ. અને નદીઓ--અનુમતિ, સિનીવાળી, સરસ્વતી, કુહુ, રજની, નંદા અને રાકા. ૧૦ એ ખંડોમાં શ્રુતધર, વીર્યધર, વસુંધર, અને ઈષંધર નામની ચાર જાતિ છે. એ લોકો વેદસ્વરૂપ ભગવાન ચંદ્રમાને ભજે છે અને આ મંત્રનો જપ કરે છે. ૧૧ स्वगोभिः पितृदेवेभ्यो विभजन् कृष्णशुक्लयोः । प्रजानां सर्वासां राजांधः सोमो न आस्त्विति ॥ "શુક્લપક્ષમાં દેવતાઓને અને કૃષ્ણપક્ષમાં પિતૃઓને પોતાનાં કિરણોથી વિભાગ કરીને અન્ન વેહેંચી આપનારા સોમ દેવતા અમારા અને સર્વ પ્રજાના રાજા થાઓ." ૧૨ મદિરાના સમુદ્રથી બહાર તેનાથી બમણો અને તે પ્રમાણે ઘીના સમુદ્રથી ઘેરાયલો કુશદ્વીપ છે, એ દ્વીપમાં દેવતાઓનો કરેલો દર્ભનો ગુચ્છો છે. તે નામથી એ દ્વીપનું નામ કુશદ્વીપ પડયું છે. જાણે બીજો અગ્નિજ હોય, એવા તેજવાળો એ દર્ભનો ગુચ્છો પોતાની કોમળ શિખાની કાન્તિથી દશે દિશાઓને પ્રકાશિત કરે છે. ૧૩ એ દ્વીપનો અધિપતિ પ્રિયવ્રતનો પુત્ર હિરણ્યરેતા પોતાના ખંડોના જેવાજ નામવાળા સાત પુત્રોને દ્વીપનું રાજ્ય ભાગ પ્રમાણે આપી, પોતે તપ કરવા ચાલ્યો ગયો. ખંડ તથા પુત્રોનાં નામ આ પ્રમાણે છે. વસુ, વસુદાન, દઢરૂચિ, નાભિગુપ્ત, સ્તુત્યવ્રત, વિવિક્ત અને વામદેવ. ૧૪ આ દ્વીપના ખંડોમાં પણ સાત મર્યાદાગિરિ અને સાત મોટી નદીઓ છે. સાત પર્વતોનાં નામ ચક્ર, ચતુઃશૃંગ, કપિલ, ચિત્રકુટ, દેવાનીક, ઉર્ધ્વરોમા અને દ્રવિણ છે. અને નદીયોનાં નામ રસકુલ્યા, મધુકુલ્યા, મિત્રવિંદા, શ્રુતવિંદા, દેવગર્ભા, ઘૃતચ્યુતા અને મંત્રમાળા છે. ૧૫ એ નદીઓનાં જળથી પવિત્ર થયેલી, કુશળ, કોવિદ, અભિમુક્ત અને કુલક એ ચાર જાતિ કુશદ્વીપમાં રહીને અગ્નિરૂપ ભગવાનનું કર્મની કુશળતાથી યજન કરે છે. અને આ મંત્ર જપે છે. परस्य ब्रह्मणः साक्षाज्जातवेदोऽसिहव्यवाट् । देवानां पुरुषांगानां यज्ञेन पुरुषं यजेति "હે અગ્નિ! તમે સાક્ષાત્ પરબ્રહ્મ ભગવાનને બળિ પોહોચાડોછો, માટે ભગવાનના અંગરૂપ દેવતાઓના નામથી કરેલી પૂજા ભગવાનને પોહોચાડજો" ૧૭ કુશદ્વીપથી બહાર એનાથી બમણો મોહોટો ક્રૌન્ચ દ્વીપ છે જેમ કુશદ્વીપ ઘીના સમુદ્રથી ઘેરાયલો છે, તેમ તે પોતાના જેવડા મોટા દૂધના સમુદ્રથી ઘેરાયલો છે, એ દ્વીપમાં ક્રૌન્ચ નામનો એક મોટો પર્વત છે. તે નામપરથી એ દ્વીપનું ક્રૌન્ચ નામ પડયું છે. ૧૮ કાર્ત્તિકસ્વામીએ પોતાના પરાક્રમથી તેના તટ અને કુંજોને તોડી પાડયા હતા; તોપણ દૂધના સમુદ્રની છોળોથી વરૂણ દેવતાએ ભીંજાવી જેનું રક્ષણ કર્યું હતું, તેથી તે સદા નિર્ભય રહે છે. ૧૯ એ દ્વીપના અધિપતિ પ્રિયવ્રતના પુત્ર ઘૃતપૃષ્ટે પણ પોતાના દ્વીપના સાત ખંડ કરી પોતાના પુત્રોનાં નામ પ્રમાણે ખંડોનાં નામ પાડીને પુત્રોને વેહેંચી આપ્યા, પછી તે સર્વના આત્મા અને અત્યંત કલ્યાણરૂપી કીર્ત્તિવાળા ભગવાનનાં ચરણારવિંદને પામ્યો. ૨૦ ઘૃતપૃષ્ઠના પુત્રોનાં તથા ખંડોનાં નામ આ પ્રમાણે છે.-આમ, મધુરૂહ, મેઘપૃષ્ટ, સુધામા, ભ્રાજીષ્ટ, લોહિતાર્ણ અને વનસ્પતિ. એ દ્વીપોમાં સાત સીમાડાના પર્વત અને સાત મુખ્ય નદીઓ છે, પર્વતોનાં નામ શુકલ, વર્ધમાન, ભોજન, ઉપબર્હિણ, નંદ, નંદન અને સર્વતોભદ્ર છે. અને નદીઓનાં નામ અભયા, અમૃતૌધા, આર્યકા, તીર્થવતી, વૃતિરૂપવતી, પવિત્રવતી અને શુકલા. ૨૧ એ નદીયોનાં પવિત્ર અને નિર્મળ જળને ઉપયોગમાં લેનારા. પુરૂષ, રૂષભ, દ્રવિણ. અને દેવક નામના એ દ્વીપના પુરૂષો જળથી ભરેલી અંજલી વડે જળરૂપ ભગવાનનું યજન કરે છે. અને આ મંત્રનો જપ કરે છે. ૨૨ आपः पुरुषवीर्याः स्थ पुनंती र्भूर्भुवः सुवः । ता नः पुनीतामीवघ्नीः स्पृशतात्मना भुव "હે જળ! તમને ઈશ્વર પાસેથી સામર્થ્ય મળ્યું છે. તેથી તમે તમારા સ્વરૂપવડે ત્રણે લોકનાં પાપ દૂર કરનારા છો,

તેથી અમે અમારાં શરીરે કરીને સ્પર્શ કરીએ છીએ, માટે અમને તથા સર્વ ભૂમીને પવિત્ર કરો." ૨૩ દૂધના સમુદ્રથી ચારેકોર ઘેરાયલો શાકદ્વીપ છે. તેનો વિસ્તાર બત્રીશ લાખ યોજનનો છે. તે દ્વીપ તેના જેવડાજ મોટા દહીના સમુદ્રથી ઘેરાયલો છે. એ દ્વીપમાં શાક નામનું વૃક્ષ છે. તેપરથી એ દ્વીપનું નામ શાકદ્વીપ પડયું છે. એ વૃક્ષની અત્યંત સુગંધિ એ દ્વીપને સુગંધિત કરે છે.૨૪ એનો અધિપતિ પ્રિયવ્રતનો પુત્ર મેધાતિથિ પોતાના સાત પુત્રોને તેઓનાં નામો પ્રમાણે એ ખંડના સાત વિભાગ કરી રાજ્ય વેહેંચી આપી, ભગવાન્‌માં મન લગાડી તપોવનમાં ગયો. પુરોજવ, મનોજવ, પવમાન, ધૂમ્રાનીક, ચિત્રરેફ, બહુરૂપ અને વિશ્વધાર એ નામના સાત પુત્રોનાં તથા ખંડોનાં નામ છે. એ ખંડમાં સાત મર્યાદાગિરિ અને સાત મહાનદીઓ છે. ઇશાન, ઉરૂશૃંગ, બળભદ્ર, શતકેશર, સહસ્રસ્રોત, દેવપાલ અને મહાનસ એ પર્વતોનાં નામ છે. અનઘા, આયુર્દા, ઉભયસ્પૃષ્ટિ, અપરાજીતા, પંચપદી, સહસ્રશ્રુતિ અને નિંર્ધૃતિ એ નામની સાત નદીઓ છે. ૨૫-૨૬ એ દ્વીપમાં ઋત, સત્યવ્રત, દાનવ્રત અને અનુવ્રત એ નામની ચાર વર્ણ છે. એ લોકો પ્રાણાયામથી રજોગુણ અને તમોગુણને દૂર કરી, એકાગ્રચિત્તથી વાયુરૂપ ભગવાનની ભક્તિ કરે છે. અને આ મંત્રનો જપ કરેછે. ૨૭ अंतः प्रविश्य भूतानि योबिभर्त्यात्म केतुभिः ॥ अंतर्यामीश्वरः साक्षात्पातु नो यद्वशे स्फुटम् ॥ " જે સર્વમાં પ્રવેશ કરીને પ્રાણ અને અપાન આદિ પોતાની વૃત્તિયોથી પ્રાણી માત્રનું રક્ષણ કરે છે, અને જેને આધીન સર્વ જગત્ છે, તે અંતર્યામી વાયુરૂપ ભગવાન અમારી રક્ષા કરો." ૨૮ એ રીતે દહીના સમુદ્ર પછી તેનાથી બમણો મોટો પુષ્કર દ્વીપ છે. એ દ્વીપ પોતાના જેવડાજ મોટા મીઠા જળના સમુદ્રથી ઘેરાયલો છે. એમાં જગદીશ્વર બ્રહ્માના આસન રૂપ એક મોટું કમળ છે. જેની કરોડો પાંખડીઓ અગ્નિની શિખા જેવી સ્વચ્છ છે. ૨૯ એ દ્વીપના મધ્યમાં માનસોત્તર નામનો એક પર્વત છે. એથી કરીને એ ખંડોની સીમા બંધાયલી છે, એ માનસોત્તર પર્વત દશહજાર યોજન ઉંચો તથા પોહોળો છે. તેની ઉપર ચારે દિશાઓમાં ઇન્દ્રાદિક લોકપાળોની ચાર નગરીઓ છે. સૂર્ય નારાયણનો રથ કે-જે મેરૂ પર્વતની ચારે કોર ફરે છે. તેનું વર્ષરૂપ પૈડું દક્ષિણાયન અને ઉત્તરાયનરૂપે એ માનસોત્તર પર્વતના ઉપર ફર્યા કરે છે. ૩૦ પ્રિયવ્રતનો પુત્ર વીતિહોત્ર એનો અધિપતિ હતો, તે રમણક અને ધાતકિ નામના બે પુત્રોને તે ખંડના રાજા બનાવી પોતે પોતાના મોટા ભાઇઓની પેઠે ભગવાનની સેવામાં લાગી ગયો. ૩૧ એ ખંડના રહેવાસીઓ બ્રહ્મરૂપ ભગવાનનું સકામ કર્મથી પૂજન કરે છે, અને આ પ્રમાણે મંત્ર જપે છે. ૩૨ यत्तत्कर्ममयं लिंगं ब्रह्मलिंगं जनोऽर्चयेत् एकान्तमद्वयं शांतं तस्मै भगवते नमः ॥ કર્મના ફળરૂપ, પરબ્રહ્મના સ્વરૂપને જણાવનારા એક પરમેશ્વરમાંજ નિષ્ઠાવાળા, અદ્વૈત અને શાન્ત જે સ્વરૂપનું લોક પૂજન કરે છે. તે ભગવાનને અમે પ્રણામ કરીએ છીએ. ૩૩

શ્રી શુકદેવજી કહે છે—આ મીઠા જળના સમુદ્રથી પર લોકાલોક નામનો પર્વત છે લોક અને અલોકના વિભાગને માટે તે બન્નેની વચ્ચે તેને ઉભો કરેલો છે. ૩૪ માનસોત્તર અને મેરૂ પર્વતની વચ્ચે જેટલું અંતર છે, એટલાજ પ્રમાણવાળી બીજી ભૂમિ મીઠા સમુદ્રની આવે છે, તેમાં પ્રાણી પણ રહે છે. તે પછી સુવર્ણમય ભૂમિ છે. તે આઠ કરોડ અને ઓગણચાલીશ લાખ યોજનના પ્રમાણની છે. તે અરીસા જેવી સ્વચ્છ છે. તેમાં જો કાંઇ પણ પદાર્થ મુકવામાં આવે તો તે પાછો હાથ લાગતો નથી. તેથી ત્યાં કોઇ પણ પ્રાણી રહેતાં નથી. ૩૫ પછી લોકાલોક પર્વત આવે છે. તેનું લોકાલોક નામ પડવાનું કારણ એ કે તે લોક અને અલોકની વચ્ચે આવેલો છે. ૩૬ ત્રણે લોકના અંતમાં ત્રણ લોકની મર્યાદારૂપ એ પર્વત ઇશ્વરે ત્રણે લોકની ચારે તરફ રાખેલ છે. સૂર્યથી

માંડીને ધ્રુવ સુધી સર્વ તેજસ્વી પદાર્થોનાં કિરણો ત્રણે લોકમાં ચારે કોર પ્રકાશ કરે છે, તે કિરણો કોઈ પણ દિવસે પર્વતની બીજી કોરના લોકમાં પોહોચી ન શકે, એટલી એ પર્વતની ઊંચાઇ તથા પોહોળાઇ છે. ૩૭ લોકની રચનાનું પ્રમાણ, લક્ષણ અને સ્થિતિ આ પ્રમાણે વિદ્વાનોએ નક્કી કરી છે. એ લોકાલોક પર્વત પચાશ કરોડ યોજનથી પૃથ્વીના ચોથા ભાગમાં રહેલો છે. અર્થાત્ મેરૂથી ચારે કોર સાડાબાર કરોડ યોજન દૂર છે. ૩૮ એ પર્વત ઉપર ચારે દિશાઓમાં સર્વ જગતના ગુરૂ બ્રહ્માએ ઋષભ, પુષ્કરચૂડ, વામન અને અપરાજીત નામના ચાર દિગ્ગજો રાખેલા છે. તેના આધારે સર્વ લોકોની સ્થિતિ રહેલી છે. ૩૯ એ દિગ્ગજોની અને પોતાની વિભૂતિરૂપ ઈંદ્રાદિક લોકપાળોની અનેક પ્રકારની શક્તિયોની વૃદ્ધિને માટે પરમ મહાપુરૂષ અને મહા વિભૂતિ પતિ અંતર્યામી ભગવાન્ સર્વ લોકોના કલ્યાણને માટે એ ઉત્તમ લોકાલોક પર્વત ઉપર વિરાજે છે. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ઐશ્વર્ય વિગેરે આઠ મહાસિદ્ધિરૂપ પોતાના શુદ્ધ સત્ત્વગુણને ધારણ કરી રહેલ છે. વિષ્વક્સેન આદિ પોતાના ઉત્તમ પાર્ષદોથી ઘેરાયલા ભગવાન્ પોતાનાં ઉત્તમ આયુધો વડે શોભતી ભુજાઓથી શોભી રહ્યા છે. ૪૦ પોતે યોગ માયાથી રચેલા અનેક પ્રકારના લોકોની મર્યાદાના રક્ષણને માટે ભગવાન્ કલ્પ સુધી આવીજ લીલા કરે છે. ૪૧ જેટલો લોકનો વિસ્તાર છે, તેટલોજ અલોકનો વિસ્તાર છે. એ અલોક લોકાલોક પર્વતથી બહાર છે, એની પેલીમેર યોગેશ્વરોની શુદ્ધ ગતિનું સ્થાન છે, બ્રહ્માંડની નીચે અને ઉપરના ભાગની મધ્યમાં સૂર્ય રહેલ છે; અર્થાત્ સૂર્યની નીચે બ્રહ્માંડની નીચેની કોર સુધી અને સૂર્યથી ઉપર બ્રહ્માંની ઉપરની કોર સુધી પચીશ પચીશ કરોડ યોજનનું અંતર છે. ૪૩ આ બ્રહ્માંડ અચેતન હતું. એ સમયે વૈરાટ રૂપથી સૂર્યે તેમાં પ્રવેશ કર્યો, એથી સૂર્યનું માર્તંડ નામ પડયું. સુવર્ણ જેવા પ્રકાશતા બ્રહ્માંડમાંથી ઉત્પન્ન થયા તેથી તેનું નામ હિરણ્યગર્ભ પડયું. ૪૪ દિશા, સ્વર્ગ, પૃથ્વી, મોક્ષસ્થાન, નરક અને પાતાળ એ સર્વના ભાગ સૂર્યથીજ પડે છે. ૪૫ દેવ, પશુ, પક્ષી, મનુષ્ય, સાપ અને લતા આદિ સર્વ જીવોના આત્મા અને નેત્રોના અધિષ્ટાતા સૂર્યજ છે. ૪૬

देवतिर्यक् मनुष्याणां सरीसृपसवीरुधाम् ।
सर्व जीवनिकायानां सूर्य आत्मादृगीश्वरः ॥

ઇતિ શ્રી ભાગવત પુરાણના પંચમ સ્કંધમાં "ભુવન કોશ વર્ણનમાં, સમુદ્રો, દ્વીપો તથા તેના ખંડોની સ્થિતિ અને તેનાં માપ તથા લક્ષણ વર્ણન" નામનો ૨૦ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૨૧ મો.

સૂર્યનારાયણનું રાશિઓમાં જવું અને જગતની યાત્રા.

શ્રી શુક उवाच.

एतावानेव भूवलयस्य सन्निवेशः प्रमाण लक्षणतो व्याख्यातः एतेन हि दिवो मंडलमानं तद्विद्व उपदिशंति ॥ १ ॥

શ્રી શુકદેવજી કહેછે—આ પ્રમાણે શાસ્ત્રકારોએ ભૂમંડળનું પ્રમાણ તથા લક્ષણનો વિસ્તાર કહ્યો છે. ૧ જેમ ચણા, ચોળા વગેરેની દાળના બે કટકા બરાબર થાય છે, તેમ ભૂગોળ અને ખગોળ એ બે બરાબર છે, એ બેના વચમાં અંતરિક્ષ છે, તે બન્નેની સાથે જોડાયલું છે. ૨ એ અંતરિક્ષના મધ્યમાં રહેલા પ્રકાશક પદાર્થોના પતિ સૂર્ય નારાયણ તાપથી ત્રણ લોકને તપાવે છે, અને પોતાના પ્રકાશથી પ્રકાશિત કરે છે. એ સૂર્ય ઉત્તરાયન, દક્ષિણાયન અને વૈષુવત નામની પોતાની મંદ, શીઘ્ર અને સમગતિથી ઊંચેના, નીચેના, અને સપાટ સ્થળમાં ચાલીને પોતાના નિયમિત સમય ઉપર મકર આદિ રાશિઓમાં આવી, દિવસો તથા રાત્રિયોને લાંબા, ટુંકા

તથા સરખા કરે છે. ૩ જ્યારે મેષ તથા તુળા રાશિમાં સૂર્ય હોય છે, ત્યારે રાત્રિઓ તથા દિવસ બરાબર હોય છે, જ્યારે સૂર્ય વૃષભ, મિથુન, કર્ક, સિંહ તથા કન્યા રાશિમાં ફરે છે, ત્યારે દિવસ મોટો થાય છે અને રાત્રિઓ દરેક મહિને એક એક ઘડી ઓછી થતી જાય છે. ૪ જ્યારે સૂર્ય, વૃશ્ચિક, ધન, મકર, કુંભ અને મીન રાશિમાં ફરે છે, ત્યારે દિવસો નાના અને રાત્રિઓ મોટી થાય છે. ૫ સૂર્ય દક્ષિણાયનના થાય છે ત્યારે દિવસો મોટા થાય છે અને ઉત્તરાયનના થાય છે ત્યારે રાત્રિઓ મોટી થાય છે. ૬ એ પ્રમાણે માનસોત્તર પર્વત અને મેરૂના વચમાં ફરવાનો રસ્તો નવ કરોડ અને એકાવન લાખ યોજનનો છે, એમ પંડિતજનો કહે છે. એ માનસોત્તર પર્વત ઉપર પૂર્વ દિશામાં દેવધાની નામની ઇંદ્રની પુરી છે. દક્ષિણમાં સંયમની નામની યમરાજની પુરી છે. પશ્ચિમમાં નિમ્લોચની નામની વરૂણની પુરી છે, અને ઉત્તરમાં વિભાવરી નામની સોમની પુરી છે. એ પુરીઓમાં સમયાનુસાર સૂર્યોદય, મધ્યાહ્ન, સૂર્યાસ્ત અને મધ્યરાત્ર એ ચાર કાળ કે-જે પ્રાણીમાત્રને પ્રવૃત્તિમાં લગાડનારા છે, તે થયા કરે છે; મેરૂની દક્ષિણ તરફ રહેનારાઓને ઇંદ્રની પુરીથી ઉદયાદિક થાય છે, મેરૂથી પશ્ચિમમાં રહેનારાઓને યમની પુરીથી ઉદયાદિક થાય છે, મેરૂથી ઉત્તરમાં રહેનારાઓને વરૂણની પુરીથી ઉદયાદિક થાય છે, અને મેરૂથી પૂર્વમાં રહેનારાઓને સોમની પુરીથી ઉદયાદિક થાય છે. ૭ જે મેરૂની ઉપર રહે છે, તેને તો સૂર્ય સદા મધ્યાન્હ કાળના જેવોજ તપ્યા કરે છે. નક્ષત્રોના સન્મુખ પોતાની ગતિથી સૂર્ય જો કે મેરૂને ડાબી તરફ રાખીને ફરે છે; તો પણ પ્રવહ નામના વાયુથી ભ્રમણ કરતાં જ્યોતિષચક્રની ગતિથી મેરૂ પર્વત સૂર્યની જમણી તરફ રહે છે. ૮ જ્યાં સૂર્યનો ઉદય થાય છે, તેનાથી સમાન રેખામાં અસ્ત પામે છે, અને જ્યાં મધ્યાન્હ થાય છે, ત્યાંથી સમાન રેખામાં મધ્ય રાત્રિ થાય છે. સૂર્યને જે જુવે છે તેઓ સૂર્ય જ્યારે બરાબર સમ રેખામાં આવેલા સામા સ્થાનમાં જાય છે, ત્યારે તેને દેખતા નથી. ૯ સુર્ય ઇંદ્રની પુરીથી ચાલીને, પંદર ઘડીમાં યમની પુરીમાં પહોચે છે, એટલા વખતમાં સવા બે કરોડ, સાડાબાર લાખ અને પચીસ હજાર યોજનનો રસ્તો કાપે છે. ૧૦ એ પ્રમાણે યમની પુરીથી વરૂણની પુરીમાં પોહોચે છે, અને વરૂણની પુરીથી સોમપુરીમાં અને સોમપુરીથી પાછા ઇંદ્રની પુરીમાં પોહોચે છે, એ પ્રમાણે ચંદ્ર વિગેરે બીજા ગ્રહોનો પણ જ્યોતિષચક્રમાં નક્ષત્રોની સાથેજ ઉદય તથા અસ્ત થાય છે. ૧૧ વેદમય એ સુર્યનો રથ ચારે પુરીઓમાં બે ઘડીમાં ફરીને ચોત્રીશ લાખ આઠસો યોજનનો રસ્તો કાપે છે. ૧૨ સુર્યના રથનું સંવત્સર (વર્ષ) રૂપ પૈડું છે, તેને બાર માસ રૂપી આરા છે, છ ઋતુ રૂપ પૈડાંના પાટા છે, અને શિયાળો, ઉનાળો તથા ચોમાસું એ ત્રણ કુંડળિયો છે, આમ વિદ્વાનો કહે છે. એની ધરીનો ઉપલો ભાગ મેરૂ પર્વતની ઉપર છે, જેમાં પરોવેલું અને ઘાણીની પેઠે ફરતું સુર્યના રથનું પૈડું માનસોત્તર પર્વત ઉપર ફર્યા કરે છે. ૧૩ તે ધરીમાં તેનાથી ચોથા ભાગની બીજી ધરી છે, તેનો ઉપરનો ભાગ ધ્રુવમાં લગાડેલો છે, તેથી તે ઘાણીની ધરીની પેઠે ફર્યા કરે છે. ૧૪ રથમાં બેસવાની જગ્યા છત્રીશ લાખ યોજન લાંબી અને નવ લાખ યોજન પોહોળી છે. રથની ધોંસરી પણ તેટલીજ મોટી છે, અને અરૂણના જોતરેલા ગાયત્રી આદિ છંદના નામવાળા સાત ઘોડા એ સૂર્યના રથને ખેંચી જાય છે. ૧૫ સૂર્યનો સારથિ અરૂણ જો કે સૂર્યની આગળ બેસે છે; તો પણ તેનું મુખ પશ્ચિમ તરફ રહે છે. ૧૬ અંગુઠાના ટેરવા જેવડી કાયાવાળા વાલખિલ્ય નામના સાઠ હજાર ઋષિ સૂર્યના મુખ આગળ સ્તુતિ કરવાને માટે જોડાયલા છે, તેઓ સદા સૂર્યની સ્તુતિ કર્યા કરે છે. ૧૭ એ પ્રમાણે બીજા ઋષિઓ ગન્ધર્વો, અપ્સરાઓ, નાગ, યક્ષો, રાક્ષસો અને દેવતા કે-જે એક એક ગણતાં ચોદ

અને ભળએ ગણતાં સાત છે, તેઓ મહિને મહિને જુદા જુદા નામવાળા સૂર્યનારાયણની જુદાં જુદાં કામો કરીને સેવા કરે છે. ૧૮ સાડાનવ કરોડ અને એક લાખ યોજન માપના આ ભૂમંડળને ફરતાં સૂર્ય એક ક્ષણમાં બે હજાર યોજન અને બે ગાઉનો માર્ગ કાપે છે. ૧૯

लक्षोत्तरं सार्द्धनवकोटियोजनपरिमंडलं भूवलस्य क्षणेन सगव्यूत्युत्तरं द्विसहस्र योजनानि स भुंक्ते ॥ १९ ॥

ઇતિશ્રી ભાગવત પુરાણના પંચમ સ્કંધમાં "ભુવન કોશ વર્ણન વિષે જ્યોતિષ ચક્ર, સૂર્ય રથ મંડળ વર્ણન" નામનો ૨૧ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૨૨ મો.

ચંદ્ર, શુક્રાદિક ગ્રહોની ગતિ પ્રમાણે શુભાશુભ ફળ.

॥ राजोवाच ॥

यदेतद्भगवत आदित्यस्य मेरुं ध्रुवं च प्रदक्षिणेन परिक्रामतो राशीनामभिमुखं प्रचलितं चाप्रदक्षिणं भगवतोपवर्णितं तत्रमुष्य वयं कथमनुमिमीमहीति ॥ १ ॥

પરીક્ષિત્ રાજા પૂછે છે–હે શુકદેવજી! તમે કહ્યું કે સૂર્ય ધ્રુવ અને મેરૂને જમણી તરફ રાખીને રાશિયોની સામે ચાલે છે, તેમજ મેરૂ તથા ધ્રુવને ડાબી તરફ રાખીને પણ ચાલે છે, આ પ્રમાણે વિરૂદ્ધ વાત મારા સમજવામાં શી રીતે આવે? ૧

શ્રી શુકદેવજી કહે છે—જેમ કુંભારના ચાકડા ઉપર ચાલતાં કીડી વિગેરે પ્રાણીઓની ગતિ તે ચાકડાની ગતિથી જુદીજ છે; કેમકે તે ચાકડાના જુદા જુદા ભાગમાં પણ તે રહેલાં જોવામાં આવે છે. એ પ્રમાણે નક્ષત્રની રાશિયોથી જાણવામાં આવતું કાળચક્ર કે-જે ધ્રુવ અને મેરૂની જમણી તરફ દોડે છે. તેની સાથેજ સૂર્યાદિક ગ્રહ ફર્યા કરે છે; પણ તે ગ્રહોની પોતાની ગતિ તો જુદીજ છે, કેમકે તે જુદાં જુદાં નક્ષત્રોમાં તથા રાશિઓમાં જોવામાં આવે છે. અર્થાત કાળચક્રની ગતિથી તેને ધ્રુવ તથા મેરૂ જમણી કોર રહે છે; પરંતુ પોતાની ગતિથી તે રાશિઓની સામે ચાલે છે, તેથી તેને મેરૂ અને ધ્રુવ ડાબી તરફ રહે છે. ૨ વિદ્વાન્ લોક વેદદ્વારા જેના સ્વરૂપને જાણવાને ઇચ્છેછે, એવા એ ભગવાન્ સૂર્યનારાયણ, લોકનાં કલ્યાણને માટે વેદમય અને તે તે કાળના નિયમથી કર્મોની શુદ્ધિને માટે. પોતાના સ્વરૂપના બાર બાર પ્રકારના વિભાગ કરીને વસંત આદિ છ ઋતુઓમાં પ્રાણીઓનાં પ્રારબ્ધ પ્રમાણે ટાઢ, તડકો આદિ ઋતુઓના ધર્મો પ્રકટ કરે છે. ૩ વર્ણાશ્રમનો આચાર પાળનારા લોકો વેદવિદ્યાથી, વેદમાં કહેલાં નાનાં મોટાં કર્મોથી અને યોગસાધનાઓથી શ્રદ્ધાપૂર્વક તે સૂર્યનું પૂજન કરે છે, અને તેથી તેઓનું વિનાશ્રમે કલ્યાણ થાય છે. ૪ સ્વર્ગ અને પૃથ્વીની વચ્ચે આવેલા અંતરિક્ષમાં રહેલા કાળચક્રની વચ્ચે રહેલા સર્વ લોકોના આત્મારૂપ સૂર્યનારાયણ વર્ષના અવયવ રૂપ બાર મહિનાને ભોગવે છે. એ મહિનાઓ રાશિયો ઉપરથી ઠરાવ્યા છે, બે પખવાડીઆનો મહિનો ગણાય છે, તે પિતૃઓનો એક રાત્રિદિવસ કહેવાય છે. એ મહિનો ચંદ્રમાના હિસાબથી ગણાય છે. તેમજ સૂર્ય સવાબે નક્ષત્રમાં ફરે, તે પણ એક મહિનો થયો કહેવાય છે. સૂર્ય જેટલા કાળમાં બે રાશિયોને ભોગવી લે, તે કાળને ઋતુ કહેછે, તે વર્ષના અવયવ રૂપ છે. ૫ સૂર્ય જેટલા વખતમાં આકાશના અર્ધભાગમાં ફરી રહેછે તેને 'અયન' કહેછે. ૬ સ્વર્ગ અને પૃથ્વીના મધ્યમાં રહેલા આકાશમંડળમાં જેટલા વખતમાં સૂર્ય ફરી રહે છે, તેને વર્ષ કહેછે. એક વર્ષમાં ધીમી ઉતાવળી અને મધ્ય એવી ત્રણ પ્રકારની સૂર્યની ગતિઓ હોય છે. સંવત્સર, પરિવત્સર, ઇડાવત્સર, અનુવત્સર

અને વત્સર એ પ્રમાણે વર્ષના પાંચ ભેદ છે. ૭ એ પ્રમાણે ચંદ્રમા, સૂર્યનાં કીરણોની ઊપર એક લાખ યોજન દૂર જણાય છે, સૂર્ય એક વર્ષમાં જેટલું ચાલે છે, તેટલું ચંદ્રમા બે પખવાડીઆંમાં ચાલે છે, સૂર્ય એક મહિનામાં જેટલું ચાલે છે, તેટલું ચંદ્રમા સવાબે દિવસમાં ચાલે છે, સૂર્ય પખવાડિયામાં જેટલું ચાલે છે, તેટલું ચંદ્રમા એક દિવસમાં ચાલે છે, એવી ચંદ્રમાની ગતિ ઉતાવળી છે. ૮ જેમાં ચંદ્રમાની કળાઓ પૂર્ણ થતી જાય છે તે શુકલપક્ષ અને દેવતાઓનો દિવસ ગણાયછે, અને જેમાં ચંદ્રની કળાઓ ઘટતી જાય છે તે કૃષ્ણપક્ષ અને પિતૃઓનો દિવસ ગણાય છે. આ પ્રમાણે ચંદ્ર શુકલપક્ષ તથા કૃષ્ણપક્ષ વડે દેવતાઓનાં તથા પિતૃઓનાં દિવસ તથા રાત્રિઓ નિર્માણ કરે છે. અન્નમય હોવાથી સર્વ પ્રાણી માત્રના પ્રાણ રૂપ અને સમસ્ત જીવોના જીવન રૂપ ચંદ્રમા સાઠ સાઠ ઘડીમાં એકેક નક્ષત્રને ભોગવે છે. ૯ સોળ કળાવાળો, મનોમય, અન્નમય, તથા અમૃતમય ચંદ્રમાનો સ્વભાવ, દેવ, પિતૃ, મનુષ્ય, ભૂત, પશુ, પક્ષી, સર્પ તથા લતાઓને તૃપ્તિ તથા જીવન દેનારો હોવાથી તેને વિદ્વાનો સર્વમય કહે છે. ૧૦ ચંદ્રમાની ઉપર ત્રણ લાખ યોજન દૂર નક્ષત્રો આવેલાં છે. કાળચક્રની અંદર ઈશ્વરનાં જોડેલાં એ નક્ષત્ર મેરૂની પ્રદક્ષિણા કરે છે, તેની સંખ્યા અભિજીત નક્ષત્ર સુદ્ધાં અઠ્ઠાવિશની છે. ૧૧ નક્ષત્રથી બે લાખ યોજન ઉપર શુક્ર દેખાય છે. એ શુક્ર સૂર્યની આગળ પાછળ અથવા સાથે ધીમી, ઉતાવળી અને સમાન ગતિથી સૂર્યની પેઠે ફરે છે, એમ તેની ગતિ ઉપરથી જાણી શકાય છે. એ શુક્ર લોકોનું શુભ કરનારો છે, અને જે ગ્રહો વૃષ્ટિનો અટકાવ કરનારા છે તેને શાંત કરી દે છે. ૧૨ ચંદ્રમાનો પુત્ર બુધ પણ શુક્રના જેવોજ છે, તે શુક્રની ઉપર બે લાખ યોજન દૂર છે, તે ઘણું કરીને સર્વનું શુભ કરેછે; પરંતુ જ્યારે સૂર્યથી જુદો પડે છે, ત્યારે તેનો અતિચાર થઇ જવાથી વૃથા વાદળાં તથા અનાવૃષ્ટિનો ભય ઉત્પન્ન કરે છે. ૧૩ બુધની ઉપર બે લાખ યોજનને છેટે મંગળ છે, તે જો વક્ર ગતિથી ન ચાલે તો ત્રણ પખવાડીએ એક એક રાશિને ભોગવે છે, અને તે અશુભ તથા દુઃખ સૂચવનારો છે. ૧૪ મંગળથી ઉપર બે લાખ યોજનને છેટે બૃહસ્પતિ છે, તે વક્રગતિથી ન ચાલે તો એક એક વર્ષમાં એક એક રાશિને ભોગવે છે, તે બ્રાહ્મણોને અનુકૂળ રહે છે. ૧૫ બૃહસ્પતિની ઉપર બે લાખ યોજનને છેટે શનિ છે, તે એક એક રાશિને ત્રીશ ત્રીશ મહિનામાં ભોગવે છે, અને ત્રીશ વર્ષમાં સર્વ રાશિયો ઉપર આવી જાય છે. એ શનૈશ્ચર ઘણું કરીને સર્વને દુઃખી કરનાર છે. ૧૬ શનૈશ્ચરના ઉપર અગીયાર લાખ યોજનને છેટે સપ્તઋષિ દેખાય છે, તે લોકોનું કલ્યાણ કરનારા છે, અને વિષ્ણુના પરમધામરૂપ ધ્રુવની આસપાસ ફર્યા કરેછે. ૧૭

तत उत्तरस्मादृषय एकादशलक्षयोजनांतर उपलभ्यन्ते य एव लोकानां शमनुभावयन्तो भगवतो विष्णोर्यत्परमं पदं प्रदक्षिणं प्रक्रमांति ॥ १७ ॥

ઇતિ શ્રી ભાગવત પુરાણના પંચમ સ્કંધમાં "જ્યોતિષચક્ર વર્ણન" નામનો ૨૨ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૨૩ મો.

ધ્રુવનું સ્થાન તથા ભગવાનની બળદ રૂપે સ્થિતિ.

॥ श्री शुकउवाच ॥

अथ तस्मात्परतस्त्रयोदशलक्षयोजनांतरतो यत्तद्विष्णोः परमं पदमभिवदंति यत्र ह महाभगवतो ध्रुव औत्तानपादिरग्निनेंद्रेण प्रजापतिना कश्यपेन धर्मेण च समकालयुग्भिः सबहुमानं दक्षिणतः क्रियमाण इदानीमपि

कल्पजीविनामाजीव्य उपास्ते तस्येहानुभाव उपवर्णितः ॥ १ ॥

શુકદેવજી કહે છે—સપ્તર્ષિયોની ઉપર તેર લાખ યોજનને છેટે લોકપ્રસિદ્ધ વિષ્ણુ ભગવાનનું પરમપદ છે, એમ વિદ્વાનો કહે છે. ઉત્તાનપાદ રાજાના પુત્ર ભગવદ્ ભક્ત ધ્રુવજી રહે છે, તે કલ્પ પર્યંત જીવનારાઓના આધાર રૂપ છે, એ ધ્રુવની સાથે એકજ સમયમાં જોડેલા અગ્નિ, ઇંદ્ર, પ્રજાપતિ, કશ્યપ અને ધર્મ આજ પર્યંત પ્રદક્ષિણા કરતા ફર્યા કરે છે. ધ્રુવનો મહિમા ચતુર્થ સ્કંધમાં આવી ગયો છે. ૧ કોઇ દિવસ જેની ગતિ બંધ થતી નથી, એવો મહા વેગવાળો મહા સમર્થ કાળ જેમાં ફર્યા કરે છે, એવાં નક્ષત્ર અને ગ્રહ આદિ સર્વ જ્યોતિશ્ચક્રોને બાંધીને રાખનારા એક વૃક્ષની પેઠે બનાવેલા એ ધ્રુવ નિરંતર પ્રકાશે છે. ૨ જેમ ખળામાં ધાન્યને કણુસલાંથી છુટું પાડવા માટે હાલરામાં જોડેલા બળદો ત્રણે કાળ પોતાના સ્થાનમાં રહી ગોળ ચક્કરમાં ફર્યા કરે છે, તેમ કાળચક્રની અંદર અને બાહાર જોડેલા ગ્રહઆદિ તારા વાયુની પ્રેરણાથી ધ્રુવનો આશ્રય કરીને એક કલ્પ સુધી ફર્યા કરે છે. જેમ વાદળાં અને બાજ આદિ પક્ષી પોતપોતાનાં કર્મની સહાયતાથી વાયુને આધીન રહીને, આકાશમાં ફર્યા કરે છે; પરંતુ નીચે પડતાં નથી, તેમ પ્રકૃતિ પુરૂષના સંયોગથી ગોઠવાએલા અને કર્મ પ્રમાણે જેઓની ગતિ નીમાએલી છે એવા તારાઓ આકાશમાં ફર્યા કરે છે; પરંતુ પૃથ્વી ઉપર પડતા નથી. ૩ કેટલાક વિદ્વાન કહે છે કે–એ જ્યોતિશ્ચક્ર ભગવાનની યોગધારણામાં બળદના આકારથી રહેલ છે. ૪ માથું ફેરવીને, કુંડાળાના આકારમાં બેઠેલા આ જ્યોતિશ્ચક્રરૂપ બળદના પુછડાના અગ્ર ભાગમાં ધ્રુવ છે, પુછડાના અગ્રથી નીચેના ભાગમાં પ્રજાપતિ, અગ્નિ, ઇંદ્ર અને ધર્મ છે. પુછડાના મૂળ ભાગમાં ધાતા અને વિધાતા છે, કટિભાગમાં સપ્તર્ષિયો, જમણી તરફ કુંડાળાના આકારવાળા આ બળદના જમણા પડખામાં ઉત્તર દિશા તરફ ફરનારાં અભિજીતથી પુનર્વસુ સુધીનાં ચૌદ નક્ષત્ર રહ્યાં છે, અને ડાબા પડખામાં પુષ્યથી ઉત્તરાષાઢા સુધીનાં દક્ષિણ તરફ ફરનારાં ચૌદ નક્ષત્રો રહેલાં છે. એ કુંડળાકાર શિશુમાર ચક્રનાં અવયવ બે પડખામાં સરખી સંખ્યાવાળાં છે. અજવીથિ તેની પીઠપર રહેલી છે. અને પેટમાં આકાશગંગા છે. ૫ પુનર્વસુ જમણો નિતંબ છે. પુષ્પ ડાબો નિતંબ છે, પાછળના જમણા પગમાં આર્દ્રા છે. પાછળના ડાબા પગમાં આશ્લેષા છે. અભિજીત જમણા નાક ઉપર છે. ડાબા નાક ઉપર ઉત્તરાષાઢા છે. જમણી આંખમાં શ્રવણ છે. ડાબી આંખમાં પૂર્વાષાઢા છે. જમણા કાનમાં ધનિષ્ટા, ડાબા કાનમાં મૂળ છે. મઘાઆદિ દક્ષિણ તરફ ફરનારાં આઠ નક્ષત્રો ડાબા પડખાનાં હાડકાંમાં છે. મૃગશીર્ષ આદિ આઠ ઉત્તર તરફ ફરનારાં નક્ષત્રો જમણા પડખાનાં અસ્થિયોમાં રહેલાં છે. જમણા ખભા ઉપર શતભિષા, અને ડાબા ખભા ઉપર જયેષ્ટા છે. ૬ ઉપરના હોઠમાં અગસ્ત્ય, નિચેના હોઠમાં યમ, મુખમાં મંગળ, ઉપસ્થમાં શનૈશ્ચર, ખુંધમાં બૃહસ્પતિ, વક્ષઃસ્થળમાં સૂર્ય, હૃદયમાં નારાયણ, મનમાં ચંદ્રમા, નાભિમાં શુક્ર, બે સ્તનોમાં બે અશ્વિનીકુમાર, પ્રાણ અને અપાનમાં બુધ, ગળામાં રાહુ, સર્વ અંગોમાં કેતુઓ, અને રૂંવાડાંમાં સર્વ તારાગણ રહેલા છે. ૭ પ્રતિદિન સન્ધ્યાકાળે સાવધાન થઇ, મૌનવ્રત ધારણ કરી, ભગવાનનાં આ જ્યોતિશ્ચક્ર રૂપ સર્વ દેવતામય રૂપનું દર્શન કરતાં કરતાં આ મંત્રથી સ્તુતિ કરવી. ॐ नमोज्योतिर्लोकाय कालायनायानिमिषांपतये महापुरुषायाभिधीमहीति ॥ તેજના આશ્રયરૂપ, કાળચક્ર રૂપ અને દેવતાઓના સ્વામી મહાપુરૂષનું અમે ધ્યાન કરીએ છીએ, તથા તેમને નમસ્કાર કરીએ છીએ. ૮ ગ્રહ, નક્ષત્ર અને તારારૂપ, સર્વ દેવતારૂપ, ત્રણે કાળ રૂપ અને ઉપર કહેલા મંત્રનો જપ કરનારાઓના પાપનો નાશ કરનાર આ શિશુ-

માર ચક્રને જે પુરૂષ નમસ્કાર કરેછે તથા સંભારેછે. તે મનુષ્યનાં તે તે સમયનાં પાપ તુરત નાશ પામેછે. ૯

ग्रहर्क्षताराममयमाधिदैविकं पापापहं मंत्र कृतां त्रिकालम् ॥ नमस्यतः स्मरतो वा त्रिकालं नश्येत तत्काल जमाशु पापम् ॥९॥

ઇતિ શ્રી ભાગવત પુરાણના પંચમ સ્કંધમાં "શિશુમાર ચક્રના અવયવોનું વર્ણન" નામનો ૨૩ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૨૪ મો.

સૂર્યની નીચે આવેલા ગ્રહોનું તથા પાતાળનું વર્ણન.

શ્રી શુક ઉવાચ.

अधस्तात्सवितुर्योजनायुते स्वर्भानुनक्षत्रवच्चरतीत्येके योसावमरत्वं चालभत भगवदनुकंपया स्वयमसुरापसदः सैंहिकेयोह्यतदर्हस्तस्य तात जन्मकर्माणि चोपरिष्टाद्वक्ष्यामः॥

શ્રી શુકદેવજી કહે છે—હે પરીક્ષિત રાજા! સૂર્યની નીચે દશહજાર યોજનને છેટે નક્ષત્રની પેઠે રાહુ ફર્યા કરે છે, એમ કેટલાએક પંડિતો કહે છે. દૈત્યોમાં અધમ અને સિંહિકાનો પુત્ર રાહુ અમરપણાને અને ગ્રહની પદવીને યોગ્ય ન હતો છતાં ભગવાનની કૃપાથી તે પદ પામ્યો હતો એ રાહુના જન્મ અને કર્મોનું વર્ણન આગળ (અષ્ટમ સ્કન્ધમાં) કહીશું. ૧ સર્વને તપાવનાર સૂર્યનું મંડળ દશહજાર યોજન વિસ્તારનું છે. ચંદ્રનું મંડળ બારહજાર યોજનનું છે, અને રાહુનું મંડળ તેર હજાર યોજનનું છે, એમ વિદ્વાનો કહેછે. એ રાહુ અમૃતપાન કરતી વખતે સૂર્ય અને ચંદ્રની વચ્ચે જઇને બેઠો હતો, ત્યાં 'એ દૈત્ય છે દેવતા નથી.' આમ સૂર્ય અને ચંદ્રે કહેવાથી વિષ્ણુ ભગવાને પોતાના ચક્રથી રાહુનું મસ્તક છેદી નાંખ્યું. એ વૈરને લીધે તે અમાવાસ્યાને દિવસે સૂર્યની સામે અને પુનેમને દિવસે ચંદ્રની સામે દોડે છે, તેથી તેના રક્ષણ માટે ભગવાને પોતાનું પ્રિય "સુદર્શનચક્ર" રાખેલું છે. તેના અસહ્ય તેજને લીધે તથા તેને વારંવાર ફરતું જોઇને, માત્ર બે ઘડી સુધી સામો ઉભો રહીને, ઉદ્વેગ પામતો રાહુ ત્રાસથી દૂરથીજ પાછો ચાલ્યો જાય છે. રાહુ ચંદ્ર તથા સૂર્યની સામે જેટલી વાર સુધી ઉભો રહે છે, તે સમયને લોકો "ગ્રહણ" કહેછે. ૨-૩ રાહુની નીચે દશહજાર યોજનને છેટે, સિદ્ધ ચારણ અને વિદ્યાધર લોકોનાં સ્થાન છે. ૪ એની નીચે યક્ષ, રાક્ષસ, પિશાચ, પ્રેત અને ભૂત લોકોનાં ટોળાંને રમવાનું સ્થાન અંતરિક્ષ છે. ત્યાં સુધી વાયુ તીવ્ર વેગથી વાય છે, અને વાદળાં જોવામાં આવે છે. ૫ તે અંતરિક્ષની નીચે સો યોજનને છેટે આ પૃથ્વી છે. હંસ, ચાસ, બાજ અને ગરૂડ આદિ મોટાં પક્ષીઓ સો યોજન સુધી ઊંચે ઉડી શકે છે. ૬ હે પરીક્ષિત! પૃથ્વીની જેવી સ્થિતિ છે, તે મેં તમને કહી સંભળાવી. પૃથ્વીની નીચે પણ સાત પાતાળ છે. તે પ્રત્યેકની દશ દશહજાર યોજન ઉંચાઇ તથા પોહોળાઇ છે. તે સાત પાતાળનાં નામ અતલ, વિતલ, સુતલ, તલાતલ, મહાતલ, રસાતલ અને પાતાળ છે. ૭ આ પૃથ્વીનાં ગુફારૂપી સ્વર્ગોમાં અર્થાત પાતાળોમાં કામભોગ, ઐશ્વર્ય, આનંદ અને વિભૂતિ સ્વર્ગથી પણ અધિક છે, તેથી ઘર, ઉપવન, વિહારભૂમિ અને રમણ કરવાની ભૂમિયોમાં અદ્દભુત સમૃદ્ધિ બની રહી છે. એ સ્થાનોમાં ગૃહસ્થાશ્રમી દૈત્યો, દાનવો અને નાગ લોક કે—જેની ઇચ્છા ઇશ્વર પણ ભંગ કરી શકતા નથી, તે માયાથી વિનોદ કરતા નિવાસ કરે છે. એ લોકોની સ્ત્રી, પુત્ર, બંધુ, પિતૃ તથા અનુચર નિરંતર આનંદ તથા સ્નેહથી સંપન્ન રહે છે. ૮ હે મહારાજ! એ પાતાળ લોકમાં માયાવી મયદૈત્યની બનાવેલી સુશોભિત નગરીઓમાં વિચિત્ર ભવન, કિલ્લા, દરવાજા, સભા, વિશ્રામસ્થાન, ચૌટાં અને બીજાં પણ અનેક સ્થાન નાનાપ્રકારના

ઉત્તમ મણિયોનાં બનેલાં છે. નાગ અને અસુર લોકોનાં જોડાં; તથા કબુતર, પોપટ અને મેનાઓથી ભરપૂર ભૂમિયોવાળા પાતાળના રાજાઓના ઉત્તમ રાજમહેલ પ્રકાશી રહ્યા છે. ૯ ત્યાં દેવલોકની શોભાથી અધિક શોભાવાળા બાગ બગીચા છે. તે મન તથા ઇંદ્રિયોને સદા આનંદ પમાડે છે. પુષ્પ, ફળ, ગુચ્છા તથા સુંદર કુંપળિઓથી નમી પડેલી સુંદર ડાળીઓવાળાં અને લતાથી આલિંગન કરાયલાં વૃક્ષો શોભી રહ્યાં છે. નિર્મળ જળથી ભરેલાં જળાશયોની અંદર અનેક પ્રકારનાં પક્ષીઓનાં જોડાંની વિશેષ શોભા જ્યાં ત્યાં થઇ રહેલી છે. માછલાંઓના ઉછળવાથી જેના જળની અંદર લેહેરો ઉત્પન્ન થાય છે, એવાં જળાશયોમાં કમળ, કુમુદ, કુવલય, કલ્હાર, નીલ, ઉત્પલ તથા રાતાં કમળ આદિનાં વનોમાં રહેનાર પક્ષિયોના અખંડ વિહારથી અને જાતજાતના મધુરા સ્વરથી, ઇંદ્રિયોને અત્યંત આનંદ મળે છે. ૧૦ એ પાતાળોમાં સૂર્ય વિગેરે નહિ હોવાથી રાત્રિ દિવસ વિગેરે કાળના વિભાગોનો ભય નથી. ૧૧ ત્યાં મોટા મોટા સર્પના મસ્તકના મણિઓ સર્વ અંધારાનો નાશ કરે છે. ૧૨ હે રાજન્! એ પાતાળમાં વસનારા પ્રાણીઓને દિવ્ય ઔષધી, રસ, રસાયન, અન્ન તથા પાનને લીધે, આધિ, વ્યાધિ, ધોળા વાળ, શરીરમાં સળો અને ઘરડપણ વિગેરે દેહની અવસ્થા તથા ઝાંખું પડવું, દુર્ગંધતા, પરસેવો, પરિશ્રમ કે ગ્લાનિ કાંઇ પણ થતું નથી. ૧૩ એ માટે તેજરૂપ ભગવાન્ નારાયણના ચક્ર વગર બીજા કોઇથી તે મહા કલ્યાણરૂપ લોકોનું મૃત્યુ થતું નથી. ૧૪ જ્યારે ભગવાનનું ચક્ર પાતાળમાં આવે છે, ત્યારે દૈત્યોની સ્ત્રીઓના ગર્ભ ભયથી સ્રવીને પડી જાય છે. ૧૫ અતલ નામના પેહેલા પાતાળમાં મયદાનવનો પુત્ર બળાસુર નામનો દાનવ રહે છે. તેણે ઉત્પન્ન કરેલી છન્નું માયાઓમાંથી કેટલીક માયા આજ પણ માયાવી લોક ધારણ કરે છે. એ બળાસુર બગાસું ખાતો હતો, ત્યારે તેના મુખમાંથી સ્વૈરિણી (પોતાની જાતના પુરૂષપર પ્રીતિ કરનારી), કામિની (પર જાતિના પુરૂષપર પ્રીતિ કરનારી) અને પુંશ્ચલી (અત્યંત વ્યભિચાર કરનારી) સ્ત્રીઓનાં ત્રણ ટોળાં ઉત્પન્ન થયાં હતાં. એ સ્ત્રીઓ પાતાળમાં ગયેલા પુરૂષને સુવર્ણનો રસ પાઇને સંભોગ કરવામાં સમર્થ બનાવી પોતાના વિલાસ, અવલોકન, સ્નેહયુક્ત મંદહાસ્ય, ભાષણ તથા આલિંગન આદિથી ઇચ્છાનુસાર રમણ કરાવે છે. એ રસ પીવાથી મનુષ્યમાં દશ હજાર હાથીનું બળ આવે છે, તેથી તે પુરૂષ "હું ઇશ્વર છું, હું સિદ્ધ છું" એમ મદાંધની પેઠે બકયા કરે છે. ૧૬ અતળની નીચે વિતળ લોકમાં પોતાના પાર્ષદરૂપ ભૂતગણથી ઘેરાયલા હાટકેશ્વર મહાદેવ, બ્રહ્માની સૃષ્ટિ વધારવા માટે પાર્વતી સાથે જોડું થઇને વિરાજે છે. હે રાજન્! એ મહાદેવ અને પાર્વતીના વીર્યથી હાટકી નામની મહાનદી વહે છે. પવનની પ્રેરણાથી અગ્નિ એ વીર્યને પરાક્રમથી પી જાય છે, અને પીને પાછો વમન કરે છે, તે હાટક નામનું સુવર્ણ થાય છે. એ સુવર્ણનાં આભૂષણો મોટા મોટા દૈત્યોના અંતઃપુરમાં સ્ત્રીઓ તથા પુરૂષો પેહેરે છે. ૧૭ વિતળની નીચે સુતળ લોકમાં પવિત્ર કીર્ત્તિવાળો વિરોચનનો પુત્ર બળિ રાજા રહેછે. ઇંદ્રનું ભલું કરવાની ઇચ્છાથી ભગવાને અદિતિના ઉદરમાં અવતાર ધારણ કરીને, બટુક વામનરૂપથી ત્રણ લોકના રાજ્યને હરણ કર્યું; પરંતુ દયા આવવાથી ભગવાને તે બળિને પાતાળમાં રાખ્યો. ઇંદ્રાદિકોની પાસે પણ ન હોય, એવી સમૃદ્ધિવાળી લક્ષ્મી તેની પાસે છે. તે આરાધન કરવા યોગ્ય ભગવાનની સ્વધર્મથી ભક્તિ કરતો થકો નિર્ભય થઇને આજ પર્યંત ત્યાંજ રહે છે. ૧૮ સર્વ જીવોના નિયંતા, આત્મારામ, ઉત્તમપાત્ર, સર્વના જીવરૂપ અને સ્વરૂપભૂત પરમાત્મા ભગવાન્ દાનનું પાત્ર મળવાથી, એ બળિરાજાએ પરમ આદરથી સાવધાન ચિત્તે મોક્ષ દેનારૂં પૃથ્વીનું દાન આપ્યું, તેના ફળમાં તેને પાતાળનું રાજ્ય મળ્યું એવી કલ્પના કરવી

યોગ્ય નથી. ૧૯ કેમકે છીંક આવવી, ઠોકર વાગવી, વગેરે અવસ્થાઓમાં પરવશ થયેલો મનુષ્ય એકવાર પણ ભગવાનનું નામ લે, તો કર્મબંધન કે-જેને તોડવા માટે મુમુક્ષુ લોક સાંખ્ય અને યોગઆદિ સાધન સાધવાને અનેક પ્રકારનાં દુઃખ વેઠે છે, એવાં કર્મ બંધનોને તે તોડી શકે છે. ૨૦ માટે ભક્તોને આત્મસ્વરૂપ અને જ્ઞાનીઓને જ્ઞાન આપનારા ભગવાનને પૃથ્વીનું દાન આપ્યું હતું તેનું ફળ પાતાળનું રાજ્ય નહી પણ મોક્ષ છે. ૨૧ ખરૂં જોતાં તો ભગવાને બળિરાજા ઉપર અનુગ્રહ કર્યોજ નથી; કેમકે માયામય રાજ્યનું ઐશ્વર્ય કે-જે આત્મ સ્વરૂપને ભૂલાવી દેનારૂં છે તે તેને આપ્યું. ૨૨ હે રાજન્! ભગવાનને જ્યારે બીજો કાંઇપણ ઉપાય જોવામાં ન આવ્યો, ત્યારે ભીખ માગવાનું બહાનું કરીને, તેનું માત્ર શરીર જ બાકી રાખીને, ત્રણે લોકનું સર્વ રાજ્ય હરી લીધું, અને પછી વરૂણ પાશથી બાંધીને પર્વતની ગુફા જેવા પાતાળ લોકમાં નાખ્યો હતો; તોપણ તે સમયે બળિરાજાએ આ પ્રમાણે કહ્યું કે,—"ઇંદ્રે જો કે વિચાર કરવાને માટે બૃહસ્પતિને ગુરૂ ઠરાવ્યા છે, તોપણ તે પોતાના સાચા સ્વાર્થમાં નિપુણ નથી, કેમકે ભગવાનનેજ માગી લેવા જોઇતા હતા, તેના બદલામાં ભગવાનને મારી પાસે મોકલીને ભગવાનદ્વારા રાજ્યસુખ માગ્યું, પરંતુ ભગવાનનું દાસત્વ માગ્યું નહિ. એક મન્વંતરમાં પાછું જતું રહેનારૂં ત્રણ લોકનું રાજ્ય, ઇંદ્રને આટલા પરિશ્રમથી મળ્યું, તે અત્યંત ગંભીર વેગવાળા કાળની સામે શી ગણતીમાં છે? ૨૩-૨૪ મારા દાદા પ્રહ્લાદ પોતાના સ્વાર્થમાં મહાકુશળ હતા, કેમકે તેમના પિતા હિરણ્યકશિપુ માર્યા ગયા, ત્યારે ભગવાન જો કે તેમને તેમના પિતાનું નિષ્કંટક રાજ્ય આપવા લાગ્યા; તોપણ તે અનિત્ય અને ભગવાનથી ભિન્ન છે, એમ જાણીને તેનો સ્વીકાર ન કરતાં તેમણે ભગવાનનું દાસપણું માગ્યું હતું. ૨૫ પરંતુ ભગવાનની ઓછી કૃપાવાળા મારા જેવા પુરૂષ કે-જેના રાગ દ્વેષાદિક નાશ પામ્યા નથી, તે તો એ મહાનુભાવ પ્રહ્લાદજીને માર્ગે ચાલવાની ઇચ્છા પણ શી રીતે કરે? ૨૬ હે પરીક્ષિત રાજા! એ બળિરાજાનું ચરિત્ર આગળ "અષ્ટમ સ્કંધમાં" વર્ણન કરવામાં આવશે. જેના દ્વાર ઉપર સાક્ષાત્ સર્વ જગતના ગુરૂ અને પોતાના ભક્તો ઉપર પરમ કૃપા કરનારા નારાયણ હાથમાં ગદા લઇ નિરંતર ઉભા રહે છે, જે સમયે રાવણ દિગ્વિજય કરતો કરતો પાતાળમાં આવ્યો, ત્યારે એ વામન ભગવાને તેને પગના અંગુઠાની ઠેસ મારીને લાખો યોજન દૂર ફેંકી દીધો હતો. ૨૭ સુતળની નીચે તળાતળ લોકમાં ત્રણ નગરનો અધિપતિ મય નામનો મહાદાનવ રહે છે. ત્રણ લોકને સુખ કરવાની ઇચ્છાથી મહાદેવે તેનાં ત્રણે નગર બાળીને ભસ્મ કરી નાંખ્યાં હતાં, પછી ફરીથી તેના ઉપર કૃપા કરીને એ સ્થાન તેને આપ્યું હતું. એ માયાવી લોકોનો આચાર્ય મયદાનવ મહાદેવના રક્ષણ તળે રહેવાથી સુદર્શન ચક્રનો પણ ભય ન રાખતાં, તળાતળ લોકમાં પૂજાય છે. ૨૮ તલાતળ લોકની નીચે મહાતળ લોકમાં અનેક માથાંવાળું કદ્રૂના પુત્ર સર્પ લોકનું ક્રોધવશ નામનું મંડળ રહે છે, એમાં કુહક, તક્ષક, કાલિય અને સુષેણ આદિ સર્પ મુખ્ય ગણાય છે, મોટી કાયાવાળા એ સર્પો ભગવાનના વાહન ગરૂડજીથી નિરંતર ડરતા રહે છે; તો પણ કોઇ સમય પોતાની સ્ત્રી, પુત્ર, સંબંધી અને કુટુંબીઓના પ્રસંગથી પ્રમત્ત થઇને ક્રીડા કરે છે. ૨૯ એની નીચે રસાતળ લોકમાં નિવાતકવચ, કાલેય, અને હિરણ્યપુરવાસી એ ત્રણ ટોળાવાળા પણિની નામના દૈત્યો અને દાનવો રહે છે, તેઓ જન્મથીજ દેવતાઓના શત્રુ, પરાક્રમી અને મહાસાહસીક છે; તો પણ સર્વ લોકમાં અખંડ પ્રભાવવાળા ભગવાનના સુદર્શન ચક્રથી તેઓના બળનું અભિમાન હણાઇ જવાને લીધે, જેમ રાફડામાં સર્પ રહે છે, તેમ તેઓ

રસાતળમાં રહે છે. સરમા નામે દેવતાની કુતરી ઇંદ્રની દૂતી છે; તેનો મંત્ર રૂપ વાણી સાંભળીને એ લોકો ઇંદ્રથી ડર્યા કરે છે. ૩૦ રસાતળની નીચે પાતાળ નામના સાતમા લોકમાં મોટા શરીરવાળા અને મહાક્રોધી વાસુકી પ્રમુખ નાગ લોકના રાજા રહેછે. તેઓમાં શંખ, કુલિક, મહાશંખ, શ્વેત, ધનંજય, ધૃતરાષ્ટ્ર, શંખચૂડ, કંબલ, અશ્વતર અને દેવદત્ત આદિ નાગ મુખ્ય ગણાય છે. પાંચ, સાત, દશ, સો અને હજાર માથાંવાળા એ નાગ પોતાની ફેણો ઉપર રહેલા મહાપ્રકાશવાળા મણિયોની કાન્તિથી પાતાળના ગાઢ અંધકારનો નાશ કરે છે. ૩૧

ततोऽधस्तात्पाताले नागलोकपतयो वासुकि प्रमुखाः शंखकुलिकमहाशंखश्वेतधनंजयधृतराष्ट्रशंखचूडकंबलाश्वतरदेवदत्तादयो महाभोगिनो महामर्षा निवसंति येषामु ह वै पंचसप्तदशशतसहस्रशीर्षाणां फणासु विरचिता महामणयो रोचिष्णवः पातालविवरतिमिरनिकरं स्वरोचिषा विधमंति ॥३१॥

ઇતિ શ્રી ભાગવત મહા પુરાણના પંચમ સ્કંધમાં " રાહુ આદિકની સ્થિતિ તથા પાતાળની મર્યાદાનું નિરૂપણ " નામનો ૨૪ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૨૫ મો.

રૂદ્રોની ઉત્પત્તિ તથા શેષ નાગની સ્થિતિ.

॥ श्री शुकउवाच ॥

तस्य मूलदेशे त्रिंशद्योजनसहस्रांतर आस्ते या वै कला भगवतस्तामसी समाख्याताऽनंत इति सात्वतीया द्रष्टृदृश्ययोः संकर्षणमहमित्यभिमानलक्षणं यं संकर्षणमित्याचक्षते ॥ १ ॥

શ્રી શુકદેવજી કહે છે—હે પરિક્ષિત! પાતાળની નીચે ત્રીસ હજાર યોજનને છેટે શેષ નાગ રહે છે, તે ભગવાનનો તમોગુણી અવતાર કહેવાય છે, એ અહંકારના અધિષ્ઠાતા છે, અને અહંકાર રૂપથી દેહ અને આત્માને એક માને છે, તેથી પંચરાત્રનો સિદ્ધાન્ત જાણનારા પુરૂષો તેને સંકર્ષણ કહે છે. ૧ અનંતમૂર્ત્તિ અને હજાર મસ્તકવાળા એ શેષજીના એક માથા ઉપર રહેલું આ ભૂમંડળ સર્ષવના દાણા જેવડું જણાય છે. ૨ એ શેષ ભગવાન્ પ્રલયકાળે આ જગતનો સંહાર કરવો ધારે છે, ત્યારે ક્રોધથી વાંકી કરેલી અને ફરતી તેમની બે ભ્રકુટિની વચ્ચેથી સંકર્ષણ નામના ત્રણ નેત્રવાળા અગિયાર રૂદ્રો, ત્રણ ફણાવાળું ત્રિશૂળ હાથમાં લઇ પ્રકટ થાય છે. ૩ ઉત્તમ ભક્ત લોકો સાથે પરમ ભક્તિથી પ્રણામ કરતા નાગ લોક, દેદીપ્યમાન કુંડળની કાંતિથી શોભાયમાન કપોળવાળા અને અતિ સુંદર પોતાના મુખને જે શેષ ભગવાનના ચરણ કમળના લાલ અને શુદ્ધ મણિના સમાન નખસમૂહમાં આનંદ પૂર્વક જોયા કરે છે. ૪ સંસાર સંબંધી સુખની કામનાવાળી નાગ કન્યાઓ જે શેષ ભગવાનના કંકણથી શોભાયમાન, સ્વચ્છ, મોટા, ધોળા, તથા અત્યંત સુંદર ભુજારૂપી રૂપાના થાંભલાને અગર, ચંદન, તથા કેસરના ગારાથી લેપ કરતાં તેના સ્પર્શથી વિકાર યુક્ત હૃદયમાં કામદેવનો આવેશ હોવાથી અત્યંત મનોહર

---

૧ જ્યારે પણિની નામના અસુરોએ ગાયને સંતાડી દીધી હતી, ત્યારે તેના શોધ માટે ઇંદ્રે દેવતાઓની કુતરી સરમાને મોકલી, તે કુતરીની સાથે સમાધાન કરવાની ઇચ્છાથી પણિની નામના દૈત્યો કહેવા લાગ્યા કે-હે સરમા! તારી શી ઇચ્છા છે? ત્યારે સંધિ કરવાની ઇચ્છા ન રાખતી તે કુતરી ઇંદ્રની સ્તુતિ પૂર્વક પાછાં કઠોર વચન બોલી કે— ' તમે ઇંદ્રના હાથથી મરીને ઢળી પડો ' તેનાં આવાં વચન સાંભળીને તેઓ સદા ઇંદ્રથી ડર્યા કરે છે, તે કુતરીનો વાણી રૂપ મંત્ર એ છે કે " हता इन्द्रेण पणयः शयध्व मित्यादि मंत्रो स्तीति ॥ ऋगवेद ॥

રીતે મંદ મંદ મલકાય છે, અને તેનું મુખારવિંદ કે-જે સ્નેહ તથા મદથી આનંદયુક્ત તથા મદથી ફરતી તથા રાતી આંખથીકરૂણા ભરેલી રીતે જોતાં શેષ ભગવાનના મુખ કમળને લજ્જા યુક્ત જુએ છે. ૫ તે અનંત ગુણોના સમુદ્ર રૂપ, અનંત તથા આદિદેવ, શેષનાગ, ક્રોધના વેગને રોકીને, લોકોના કલ્યાણ માટે વિરાજે છે. ૬ દેવ, દૈત્ય, નાગ, સિદ્ધ, વિદ્યાધર અને મુનિ લોક તેમનું ધ્યાન કરે છે, તેમનાં નેત્ર સદા મદને લીધે વિકાર યુક્ત, વિહ્વળ અને આનંદથી ભરપૂર રહે છે. સુંદર ભાષણ રૂપ અમૃતથી પોતાના મોટા પાર્ષદો અને દેવલોકના અધિપતિઓને સદા આનંદ આપે છે, કાળાં વસ્ત્ર ઓઢી, એક કુંડળ એક કાનમાં ધારણ કરે છે, હળ ઉપર પોતાનો અતિ સુંદર હાથ મૂકીને બેઠેલા શેષ ભગવાન ઇંદ્રના હાથી જેમ સુવર્ણની માળા ધારણ કરે, તેમ પોતાની વૈજયંતી નામની વનમાળાને સહાલીલા પૂર્વક ધારણ કરે છે. એ માળાની કાન્તિ કદી કરમાતી નથી, નવીન તુળસીના સુગંધમય મકરંદરસથી મદોન્મત્ત થતા અનેક ભ્રમર એ માળા ઉપર મધુર ગાયન કરતા શોભી રહ્યા છે. ૭ આ પ્રમાણે શેષ ભગવાનનું શ્રવણ તથા ધ્યાન કરવાથી તે મુમુક્ષુ લોકોના અંતઃકરણમાં આવીને, તેનું દેહાભિમાન કે-જે સત્વ, રજ તથા તમો ગુણથી ભરપૂર અને અનાદિ કાળની કર્મ વાસનાઓથી ગુંથાયલું અવિદ્યામય છે તેનો ઝટ નાશ કરે છે. તેમના પ્રભાવના શ્લોકો બ્રહ્માના પુત્ર નારદજીએ પૂર્વે તુમ્બરૂ ગંધર્વની સાથે બ્રહ્માની સભામાં નીચે પ્રમાણે ગાયા હતા. ૮ આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયના કારણ રૂપ સત્વ આદિ માયાના ગુણ જેની દૃષ્ટિ પડવાથી પોતપોતાના કાર્યમાં સમર્થ થાય છે, વળી પોતે અનંત તથા અનાદિ રૂપથી એક છતાં પોતાના સ્વરૂપમાં અનેક પ્રકારનો કાર્ય પ્રપંચ ઉત્પન્ન કર્યો છે. તે પરબ્રહ્મરૂપ શેષ ભગવાનના તત્વને આ લોકો શી રીતે જાણી શકે? ૯ ભક્ત લોકોનાં મન વશ કરવાને માટે કરેલી જેની ઉત્તમ લીલાનો સિંહ પણ સ્વીકાર કરે છે, તથા જેના સ્વરૂપમાંજ આ સર્વ કાર્યકારણરૂપ જગત્ પ્રકાશે છે, તે ઉદાર પરાક્રમવાળા શેષ ભગવાને અમારા ઉપર પૂર્ણ કૃપા કરીને, આ શુદ્ધ સત્વ સ્વરૂપ ધારણ કર્યું છે. ૧૦ જેનું નામ બીજા પુરૂષને મોઢે સાંભળીને મહા પાપી પણ અકસ્માત અથવા પીડાથી કે મશ્કરીમાં બોલે તો તેનાં સર્વ પાપ તુરત નાશ પામે છે; તે શેષ ભગવાનને તજીને મુમુક્ષુજન બીજા કોને શરણે જાય? ૧૧ અનંત રૂપ તથા અપાર પરાક્રમવાળા અને હજાર મસ્તકવાળા જે શેષ ભગવાન્ પોતાના મસ્તક ઉપર પર્વત, નદીઓ, સમુદ્ર અને પ્રાણીઓથી ભરપૂર ભૂમંડળ પરમાણુની પેઠે ધારણ કરે છે, તેનાં પરાક્રમોને હજાર જીભોથી પણ કોણ ગણી શકે તેમ છે? ૧૨ આવા પ્રભાવવાળા, અનંત, અપાર બળવાળા, સ્વતંત્ર અને અનેક ગુણવાળા એ શેષ ભગવાન્ પાતાળમૂળમાં બિરાજી, જગતના કલ્યાણને માટે લીલાથી પૃથ્વીને ધારણ કરે છે. ૧૩ સાંસારિક સુખની કામનાવાળાં મનુષ્ય પોતપોતાનાં કર્મથી જે ગતિને પામે છે, તે તમામ કથા મેં શાસ્ત્ર રીતિ પ્રમાણે તમને કહી સંભળાવી. ૧૪ હે રાજા! પુરૂષોના પ્રવૃત્તિ રૂપ, ધર્મના ફળરૂપ અને એક એકથી ભિન્ન ભિન્ન પ્રકારવાળી ઉચ્ચ નીચ આટલીજ ગતિયો છે, તે મેં તમારા પૂછ્યા પ્રમાણે કહી બતાવી, હવે બીજું શું કહું તે કહો. ૧૫

एतावतीर्हि राजन्पुंसः प्रवृत्तिलक्षणस्य धर्मस्य विपाकगतय उच्चावचा विसदृशा यथाप्रश्नं व्याचख्ये किमन्यत् कथयाम ॥१६॥

ઇતિ શ્રી ભાગવત પુરાણના પંચમ સ્કંધમાં "શ્રી શેષ સ્વરૂપ વર્ણન" નામનો ૨૫ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૨૬ મો.

જ્યાં યમદૂતો પાપીઓને શિક્ષા કરે છે એવા પાતાળની નીચે આવેલા નરકનું વર્ણન.

॥ राजोवाच ॥

महर्ष एतद्वैचित्र्यं लोकस्य कथं ॥ १ ॥

પરીક્ષિત્ રાજા પૂછે છે—હે મહર્ષિ ! લોકોને કર્મનાં સુખ દુઃખ ભરેલાં વિચિત્ર ફળો શાથી મળે છે ? તે કહો. ૧

શ્રી શુકદેવજી કહે છે—શ્રદ્ધા પ્રમાણે કર્મનાં ફળમાં ફેરફાર થાય છે; સત્વગુણી શ્રદ્ધાથી કર્મ કરનારને સુખ મળે છે, રજોગુણી શ્રદ્ધાથી કર્મ કરનારને સુખ અને દુઃખ બે મળે છે, અને તમોગુણી શ્રદ્ધાથી કર્મ કરનારને દુઃખ મળે છે. ૨ એ પ્રમાણે અધર્મ કે જેનો વેદ તથા શાસ્ત્રોમાં નિષેધ કર્યો છે, તેનાં આચરણ કરનારાની શ્રદ્ધામાં પણ ફેરફાર રહે છે, અને તેથી અધર્મી લોકોને જુદાં જુદાં કર્મફળ મળે છે. અનાદિ કાળની અજ્ઞાનતાને લીધે પ્રકટ થતી ઇચ્છાથી નરકની ગતિ મળે છે, તેમાંથી મુખ્ય મુખ્ય નરકોનું વર્ણન કરૂં છું. ૩

પરીક્ષિત્ રાજા પૂછે છે—હે ભગવાન ! એ નરકો તે શું કોઇ દેશો છે ? અને તે બ્રહ્માંડની બાહાર આવેલા છે કે બ્રહ્માંડમાંજ છે? અથવા તેથી કોઇ બીજા ભાગમાં છે ? ૪

શુકદેવજી બોલ્યા—એ નરકો ત્રણ લોકની અંદરજ છે. એ દક્ષિણ દિશામાં પૃથ્વીની નીચે અને જળની ઉપર છે. જે દિશામાં અગ્નિષ્વાત વિગેરે પિતૃગણો સાચા મનથી પોતાના વંશજોને સત્ય આશીર્વાદ આપતા વિરાજે છે. ૫ પિતૃગણના અધિપતિ યમરાજ પણ મરેલા પ્રાણિયોને પોતાના દુતો દ્વારા પોતાની પાસે બોલાવીને, ભગવાને બાંધેલા નિયમ પ્રમાણે ચિત્રગુપ્ત આદિ પોતાના ગણોની સહાયથી સર્વને તેમના અપરાધ પ્રમાણે દંડ આપે છે. ૬ કેટલાક વિદ્વાન એકવીશ નરક કહે છે. એ નરકોનાં નામ, રૂપ તથા લક્ષણો અનુક્રમે કહુંછું તે સાંભળો. તામિસ્ર, અંધતામિસ્ર, રૈરવ, મહારૈરવ, કુંભીપાક, કાલસૂત્ર, અસિપત્રવન, સૂકરમુખ, અંધકૂપ, કૃમિભોજન, સંદંશ, તપ્તસૂર્મિ, વજ્રકંટક, શાલ્મલી, વૈતરણી, પૂયોદ, પ્રાણરોધ, વિશસન, લાલાભક્ષ, સારમેયાદન, અવીચિરયઃપાન; એ એકવીશ નરક કહેવાય છે. ક્ષારકર્દમ, રક્ષોગણ ભોજન, શુલપ્રોત, દંડશુક , અવટનિરોધન, પર્યાવર્તન અને સૂચીમુખ એ નામનાં બીજાં સાત નરક પણ છે. એ અઠ્ઠાવીશ નરક અનેક પ્રકારનાં દુઃખ ભોગવવાનાં સ્થાન છે. ૭ જે મનુષ્ય પારકાં ધન, પુત્ર કે સ્ત્રીનું હરણ કરે છે, તેને મહા વિકરાળરૂપ યમદુત કાળપાશથી બાંધીને, બળાતકારે તામિસ્ર નામના નરકમાં નાંખે છે. એ નરકમાં ખાધા પીધા વિના લાકડીઓના માર તથા તિરસ્કારના દુઃખથી તે એકદમ મૂર્ચ્છા પામે છે. ૮ વળી જે મનુષ્ય, કોઇ સ્ત્રીના પતિને છેતરી, તેની સ્ત્રીને ભોગવે છે, તેને અંધતામિસ્ર નામના નરકમાં નાખે છે. એ નરકની પીડાથી જીવ બુદ્ધિહીન ને આંધળો બની જાય છે. અને મૂળ કાપતી વેળા ઝાડની જેવી દશા થાય છે, એવીજ એ જીવની દશા થાય છે. તેથી એ નરકને અંધતામિસ્ર કહે છે. ૯ જે મનુષ્ય “ આ શરીર હું છું ” અને “ આ ધન વગેરે મારૂં છે ” એવી મમતાથી બીજાં પ્રાણિયોનો દ્રોહ કરીને કેવળ પોતાના કુટુંબનુંજ ભરણપોષણ કરે છે, તે મનુષ્ય કુટુંબને અહિંજ મુકીને પોતે એકલો તે પાપથી મહાઘોર રૈરવ નરકમાં પડે છે. ૧૦ જે જીવોને જે પ્રકારે માર્યા હોય તે જીવ રૂરૂ નામનાં પ્રાણીનું રૂપ લઇને યમ યાતનામાં આવેલા એ પ્રાણીને એ પ્રમાણે પાછા મારે છે, એથીજ એ નરકનું નામ રૈરવ છે. રૂરૂ એ જંતુ સર્પથી પણ અત્યંત ક્રૂર હોય છે. ૧૧ એ પ્રમાણે જે મનુષ્ય કેવળ પોતાના દેહનુંજ પોષણ કરે છે, તે મહારૈરવ નામના નરકમાં પડે છે. ત્યાં તેને ક્રવ્યાદ નામનાં રૂરૂ માંસને માટે કરડી ખાય છે. ૧૨ જે ક્રૂર મનુષ્યો જીવતાં પશુ પક્ષીઓને રાંધે છે, તે નિર્દય અને રાક્ષસોથી

પણ ધિક્કાર પામતા મનુષ્યોને યમપુરીમાં યમરાજના દૂત કુંભીપાક નામના નરકમાં ઉકળતા તેલમાં નાંખીને તળી કાઢે છે. ૧૩ જે મનુષ્ય, પિતા, બ્રાહ્મણ તથા વેદનો દ્રોહ કરે છે. એ મનુષ્યને કાળસૂત્ર નામના દશહજાર યોજન વિસ્તારના નરકમાં નાંખે છે. એની ભૂમિ કેવળ તાંબાની, ગરમ અને સરખી છે. તે ઉપર સૂર્ય તપ્યા કરે છે, અને નીચે અગ્નિના તાપથી તપે છે. એ નરકમાં પડેલો પ્રાણી ભૂખ તથા તરસથી શરીરની બાહાર અને અંદર બળ્યા કરે છે. અને બકરાંના શરીરમાં જેટલા વાળ હોય છે, તેટલા હજાર વર્ષ સુધી તે નરકમાં બેસી રહે છે, સૂઇ રહે છે, ચાલે છે, ઉભો રહે છે અને દોડ્યા કરે છે. ૧૪ જે મનુષ્ય આપત્કાળ વગર પોતાના વેદમાર્ગનો ત્યાગ કરી પાખંડ ધર્મમાં ભળે છે, તેને અસિપત્રવન નામના નરકમાં નાંખીને ચાબકાથી મારે છે. તેની વેદનાથી તે ચારે તરફ દોડે છે. એ વખતે બે તરફ ધારવાળા તાલના વનમાં તરવારનાં જેવાં પાંતરાંઓ શરીર ઉપર પડવાથી તેનાં સર્વ અંગ ચીરાઇ જાય છે, અને તેથી તે પ્રાણી "હાય હું મરી ગયોરે, હાય હું મરી ગયોરે" એ પ્રમાણે ચીસો પાડતો અતિશય વેદનાથી મૂર્છિત થઇને પગલે પગલે પડી જાય છે. જે પોતાનો ધર્મ છોડીને પાખંડ ધર્મમાં ભળે છે, તેને એવું ફળ છે. ૧૫ આ લોકમાં રાજા તથા રાજાના મનુષ્યો જે દંડને યોગ્ય ન હોય તેને દંડ દેછે, અને બ્રાહ્મણને દેહાંત દંડની શિક્ષા કરે છે, તે મનુષ્ય મરણ પછી સૂકરમૂખ નામના નરકમાં પડે છે. એ નરકમાં મહા બળવાન્ યમદૂતો તેના શરીરના અવયવોને કોલુમાં જેમ શેરડીને પીલે તેમ પીલે છે; જેથી તે ઘણી બૂમો પાડીને રડે છે, અને કોઈવાર દુઃખથી મૂર્છા પામે છે. જે પ્રમાણે તેણે કેદ કરીને નિરપરાધી લોકોને દુઃખ દીધું હોય એ પ્રમાણે તેને દુઃખ ભોગવવું પડે છે. ૧૬ જે મનુષ્ય પોતે ઇશ્વરે નિર્માણ કરેલા ધર્મવાળો અને પારકી પીડાને જાણનારો છતાં માંકડ આદિ જંતુ કે-જેનો નિર્વાહ મનુષ્યોનું લોહી પીવાથીજ ઇશ્વરેજ કલ્પેલો છે, અને જે પારકી પીડાને જાણતાં નથી, એવાં પ્રાણીને દુઃખ આપે છે, તે મનુષ્ય મરણ પછી તે પાપને લીધે અંધકૂપ નામના નરકમાં પડે છે. એ નરકમાં પશુ, પક્ષી, મૃગ, સર્પ, મચ્છર, જુ, માંકડ અને માખી આદિ પ્રાણી કે-જેને તે મનુષ્યે દુઃખ દીધું હોય, તે ચારે તરફથી તેને દુઃખ દેવા લાગે છે. તેને નિદ્રાનું સુખ મળતું નથી, એક જગ્યાએ રહેવાતું નથી. અને કીડા આદિના શરીરમાં જીવ જેમ તરફડયા કરે છે. તેમ એ અંધકારમય નરકમાં તરફડ્યા કરેછે. ૧૭ જે કાંઇ ખાવાને મળે, તે બીજાને વહેંચી આપ્યા વગર જે એકલો ખાય, અને પંચ મહાયજ્ઞ કરે નહિ, તે કાગડા જેવો મનુષ્ય મરણપછી કૃમિભોજન નામના અધમ નરકમાં પડે છે. લાખ યોજન વિસ્તારવાળા એ કૃમિકુંડમાં કીડો થઇને બીજા કીડાને ખાયછે અને બીજા કીડા તેના શરીરને ખાય છે. કોઇને કાંઇ આપ્યા વગર અથવા હોમ કર્યા વગર ખાનારા અને તેનું પ્રાયશ્ચિત ન કરનારા મનુષ્યો જ્યાં સુધી તેનું પાપ રહે છે, ત્યાં સુધી દુઃખ ભોગવે છે. ૧૮ જે મનુષ્ય ચોરીથી અથવા બળાત્કારથી બ્રાહ્મણના સુવર્ણ રત્નાદિ પદાર્થો હરી લેછે, અથવા આપત્કાળ વગર બીજાના સુવર્ણ આદિ પદાર્થો હરી લે છે, તે મનુષ્ય મરણ પછી સંદંશ નામના નરકમાં પડે છે, ત્યાં યમરાજના દૂતો ધગધગતા લોઢાના સાંણસાથી તેની ચામડી ઉતરડી કાઢે છે. ૧૯ જે પુરૂષ અગમ્યા સ્ત્રી સાથે ગમન કરે, અથવા જે સ્ત્રી અગમ્ય પુરૂપ સાથે ગમન કરે, તેઓ તપ્તસૂર્મિ નામના નરકમાં પડે છે, ત્યાં યમદૂત તેને ચાબકાથી મારે છે. પુરૂષને તપાવેલી લોઢાની સ્ત્રીની મૂર્ત્તિની સાથે અને સ્ત્રીને તે પ્રમાણે પુરૂષની મૂર્ત્તિની સાથે ભેટાવેછે. ૨૦ જે મનુષ્ય પશુ વગેરેની સાથે મૈથુન કરે તે મરણ પછી વજ્રકંટકશાલ્મલી નામના નરકમાં પડે છે, ત્યાં યમદુતો તેને વજ્ર સમાન કાંટાવાળાં સીમળાનાં ઝાડ ઉપર ચડાવીને નીચે ખેંચેછે. ૨૧ જે રાજા તથા રાજસેવ

પોતે ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયા છતાં ધર્મના માર્ગ તોડી પાડે છે તેઓને વૈતરણી નદીમાં નાંખેછે. ત્યાં તેને જળજંતુઓ ચારે તરફથી ખાવા લાગે છે, પણ પ્રાણ નિકળતા નથી, તેથી તે એ નદીમાં આમતેમ ગોથાં ખાધાં કરે છે. પોતે જે પાપકર્મો કર્યાં હોય તે સંભારીને અત્યંત પરિતાપ પામે છે, અને વિષ્ટા, મૂત્ર, પરૂ, રૂધિર, કેશ, નખ, હાડકાં, મેદ, માંસ અને ચરબીથી ભરપૂર એ નદીમાં સદા પશ્ચાત્તાપ કર્યા કરે છે. ૨૨ નીચ રાંડોને રાખનારા, નિર્લજ્જ, તથા પવિત્રતા, આચાર અને નિયમોનો નાશ કરનારા જે લોક પશુની પેઠે આચરણ કરે છે, તે મરણ પછી પૂયોદ નામના નરકમાં પડેછે- એ નરક, પરૂ, વિષ્ટા, મત્ર, કફ, અને મળથી ભરેલા સાગર જેવું છે, તેમાં પડીને તે અત્યંત ગંદા પદાર્થ તેને ખાવા પડે છે. ૨૩ કુતરા અને ગધેડા આદિને પાળનારા બ્રાહ્મણ વિગેરે, શિકારને કેવળ રમત માનનારા અને શાસ્ત્રમાં કહેલા સમય વગર પણ પશુઓને મારનારાઓ મરણ પછી પ્રાણરોધ નામના નરકમાં પડે છે, ત્યાં યમદુતો તેઓને તાકીને બાણોથી વીંધે છે; ૨૪ જે ઢોંગી પુરૂષો દંભાયજ્ઞોમાં પશુઓને મારે છે, તેઓ મરણ પછી વિશસન નામના નરકમાં પડે છે. ત્યાં નરકના અધિપતિ તેને મારીને કાપી નાંખેછે. ૨૫ જે દ્વિજ કામથી મોહિત થઇને, પોતાની જાતિની સ્ત્રી સાથે મૈથુન કરે છે, તે પાપી મરણ પછી લાલાભક્ષ નામના નરકમાં પડે છે. ત્યાં તેને વીર્યની નદીમાં નાખીને યમદુતો વીર્ય પાય છે, ૨૬ જે ચોરલોકો, રાજાના અથવા રાજાના સેવકોનાં ઘર અગ્નિથી બાળી મૂકે છે, લોકોને ઝેર દેછે, અથવા ગામ કે સંઘને લુંટી લે છે, તે મરણ પછી સારમેયાદન નાંમના નરકમાં પડે છે. ત્યાં યમના દુતરૂપે રહેલા વજ્રસરખા દાઢોવાળા સાતસો વીશ કુતરા તેને મહાવેગથી દોડીદોડીને ફાડી ખાય છે. ૨૭ જે મનુષ્ય સાક્ષીમાં અથવા ધનના લેહેણદેણમાં અથવા દાન આપવામાં કોઇપણ રીતે જુઠું બોલેછે, તે મનુષ્ય આધાર વગરના અવીચિ નામના નરકમાં પડેછે, ત્યાં યમના દુતો સો યોજન ઊંચા પર્વતના શિખર ઉપરથી ઊંધે માથે નીચે ફેંકી દે છે. એ નરકમાં પથરનું તળીયું પાણી જેવું દેખાયછે, એથી એ નરકનું નામ અવીચિ પડયું છે. એ સ્થળમાં પડવાથી તલતલ જેવડા શરીરના કટકા થઈ જાયછે, તોપણ તે મરતો નથી, એથી તેને વારંવાર શિખર ઉપર ચઢાવીને નીચે ફેંકે છે. ૨૮ જેણે સોમપાન કર્યું હોય તે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અથવા તેની સ્ત્રીઓ અથવા બીજા પણ પ્રત્યેક નિયમમાં રહેનારા મનુષ્ય પ્રમાદથી પણ મદ્યપાન કરે તે અયઃપાન નામના નરકમાં પડે છે. ત્યાં યમરાજના દુત નરકના ત્રાસથી દુઃખી થતા એ લોકોની છાતી ઉપર પગ મુકીને તેના મુખમાં અગ્નિથી ઉકાળેલો લોઢાનો રસ રેડે છે. ૨૯ પોતેજ પોતાને ઉત્તમ માનનાર જે અધમ મનુષ્ય વિદ્યા, આચાર અને વર્ણાશ્રમના ધર્મવાળા ઉચ્ચ વર્ગના લોકોનો આદર કરતા નથી, તે મનુષ્યને મરણ પછી ક્ષારકર્દમ નામના નરકમાં ઉંધે માથે નાંખે છે, ત્યાં તેને અપાર દુઃખ ભોગવવું પડે છે. ૩૦ જે મનુષ્ય નરમેધયજ્ઞ કરે છે, અને જે સ્ત્રીઓ પુરૂષરૂપી પશુનું માંસ ખાય છે, તે પશુના મોતે મરીને રક્ષોગણભોજન નામના નરકમાં પડે.છે. અને યમલોકમાં પૂર્વે મારેલાં મનુષ્યોના આકારવાળા રાક્ષસરૂપ યમદુતો તેને દુઃખ આપે છે, અને કસાઇઓની પેઠે છરાથી કાપી કાપીને તેનું લોહી પીએછે, નાચેછે, ગાયછે, અને મનુષ્યોને ખાઇને તે જેમ રાજી થતા હતા તેમ રાજી થાયછે. ૩૧ જે મનુષ્ય વનમાં અથવા ગામમાં નિરપરાધી તથા જીવવાની ઇચ્છાવાળા પ્રાણીયોને વિશ્વાસનાં સાધનોથી વિશ્વાસ દઇને, શળ અથવા દોરી આદિમાં પરોવીને રમતની વસ્તુ માનીને દુઃખ આપે છે, તે મરણ પછી શળપ્રોત નામના નરકમાં પડે છે. ત્યાં તેને યમદુતો શળઆદિમાં પરોવીને ભૂખ અને તરસથી મહાપીડા કરે છે. અને તીક્ષ્ણ ચાંચવાળા કાગડા અને વટ આદિ પક્ષીઓ તેને ચારે તરફથી ઠોલવા માંડે છે, જેથી એ પાપી

પોતાનાં પૂર્વનાં પાપો સંભારે છે. ૩૨ સર્પના જેવા ક્રૂર સ્વભાવવાળા જે લોક આહીં પ્રાણીઓને દુઃખ દે છે, તે મરીને દંદશૂક નામના નરકમાં પડે છે, ત્યાં પાંચ મુખવાળા અને સાત મુખવાળા સર્પ ઝપટ મારીને ઊંદરની પેઠે તેને ગળી જાય છે ૩૩ જે લોકો આ લોકમાં અંધારા અને ઊંડા ખાડામાં પ્રાણીઓને પૂરે છે, તે મરણ પછી અવટનિરોધન નામના નરકમાં પડે છે, ત્યાં તેને તેવાજ અંધારા ખાડામાં પૂરીને ઝેરી અગ્નિના ધુમાડાથી ગુંગળાવીને દુઃખી કરે છે. ૩૪ જે ગૃહસ્થો અતિથી અથવા અભ્યાગતો ઉપર વારંવાર ક્રોધ કરીને જાણે તેને બાળી નાંખશે એવી ક્રૂર દૃષ્ટિથી જોતા હોય, તે પર્યાવર્ત્તન નામના નરકમાં પડે છે, ત્યાં વજ્ર જેવી ચાંચવાળાં ગિદ્ધ, કંક, કાગડા અને વટઆદિ પક્ષી બળાત્કારે એ ક્રૂર દૃષ્ટિવાળા મનુષ્યનાં નેત્ર ફોડી નાખે છે. ૩૫ ધનાઢયપણાનું અભિમાન રાખનારો, અભિમાની, કુટિલદૃષ્ટિવાળો, સર્વની શંકા રાખનારો, ધન ખરચાઇ જવાની ચિંતાથી જેનું મુખ અને હૃદય સૂકાયા કરે છે એવો; અને જે મનુષ્ય નિવૃત્તિ ન પામતાં યક્ષની પેઠે ધનનું રક્ષણ કરે છે, તે મનુષ્ય મરણ પછી સૂચીમુખ નામના નરકમાં પડે છે. ત્યાં ધનના યક્ષ રૂપી તે પાપી પુરૂષ કે-જેને દ્રવ્યોપાર્જન કરવા તથા વધારવાનું પાપ લાગ્યુંજ રહે છે, તેનાં સર્વ અંગોને યમરાજના દૂત દરજીઓના રામાન દોરાઓથી સીવી લેછે. ૩૬ હે રાજન! એ પ્રમાણે યમપુરીમાં સેંકડો અને હજારો નરકો છે. એ સર્વ નરકોમાં સર્વ અધર્મી લોક કે જેમાંથી કેટલાએકનું મેં વર્ણન કર્યુ છે, અને કેટલાકનું કર્યું નથી, તે સર્વમાં અનુક્રમે પડે છે. એ પ્રમાણે ધર્મને અનુસરનારા લોકો સ્વર્ગમાં જાય છે, અને પુણ્ય તથા પાપના શેષ રહેલા ભાગથી અહિં મનુષ્ય લોકમાં પાછા અવતરે છે. ૩૭ નિવૃત્તિ ધર્મનો માર્ગ મેં પ્રથમથીજ (દ્વિતીય સ્કંધમાં) કહેલો છે. બ્રહ્માંડ એટલું છે કે-જેના અંતર્ગત ભેદ પુરાણોમાં ચૌદ પ્રકારના કહેલા છે. તે સાક્ષાત્ મહાપુરૂષ ભગવાન્ નારાયણની માયાથી બનેલું સ્થૂળ રૂપ છે, તેનું વર્ણન હું આપના પાસે કરી ચુકયોછું. જે મનુષ્ય આદરભાવથી આ પ્રકારનો પાઠ કરે, સાંભળે અથવા સંભળાવે છે, તેની બુદ્ધિ શ્રદ્ધા તથા ભક્તિથી શુદ્ધ થઇ જાય છે, અને તેમ થવાથી પરમાત્માનું સત્યસ્વરૂપ કે-જે અત્યંત ગૂઢ છે; તે પણ જાણી શકાય છે. ૩૮ સંન્યાસીએ પ્રથમ ભગવાનના સ્થૂળ રૂપનું વર્ણન સાંભળીને પછી સૂક્ષ્મ સ્વરૂપને સાંભળવું. પ્રથમ સ્થળ રૂપના ધ્યાનમાં મનને વશ્ય કરીને પછી ધીમે ધીમે બુદ્ધિદ્વારા સુક્ષ્મ રૂપમાં મનને લઇ જઇ તેમાં સ્થિર કરવું. ૩૯ હે મહારાજ! પૃથ્વી, દ્વીપ, ખંડ, નદીઓ, પર્વતો, આકાશ, સમુદ્ર, પાતાળ, દિશા, નરક, જ્યોતિશ્ચક્ર અને બીજા લોકની સ્થિતિ કે જે સઘળાં પ્રાણીઓના સમૂહના સ્થાનરૂપ અને પરમેશ્વરના અદ્ભુત સ્થૂળ શરીરરૂપ છે, તે મેં તમારી આગળ કહી બતાવી. ૪૦

भूद्वीप वर्षसरिदद्रिनभः समुद्र।
पातालदिङ्नरकभागणलोकसंस्था॥
गीता मया तव नृपाद्भुतमीश्वरस्य।
स्थूलं वपुः सकलजीवनिकायधाम॥४०॥

ઇતિશ્રી ભાગવત મહાપુરાણના પંચમ સ્કંધમાં "નરક વર્ણન" નામનો ૨૬ મો અધ્યાય સંપૂર્ણ

પંચમ સ્કંધ સંપુર્ણ.

ભજન.

ગોવિંદ ગુણ ગાઇ લ્યો મન ઘેલા, તમે થાઓને વેહેલા વેહેલા—
હરિ ગુણ ગાઓને પ્રથમ પેહેલા, ગોવિંદ ગુણ ગાઇ લ્યો મન ઘેલા. ૧
કાયા પાણીનો પરપોટો, અંતે એનો ભરોંસો છે ખોટો;
જગમાં હરિજશ છે મોટોરે, ગોવિંદ ગુણ ગાઇ લ્યો૦— ૨
મન તું મારૂં મારૂં કરતો, સગાં સંબંધી સાથે લડતો;
હીંડે છે રંગ રડવડતોરે, ગોવિંદ ગુણ ગાઇ લ્યો૦— ૩
જીવ તારાં માતપિતા ને ભ્રાત, તારી કોઇ નહી આવે સાથ;
તારે જાવું એકલા વાટરે, ગોવિંદ ગુણ ગાઇ લ્યો૦— ૪
જીવ તારે અવર તણી છે આશ, વેશ ઘણા ને થોડી રાત;
ક્ષણમાં થઇ જાશે પરભાતરે, ગોવિંદ ગુણ ગાઇ લ્યો૦— ૫
એવી વૈષ્ણવ જનની રીત, કરી લે શ્યામળીયાસું પ્રીત;
ભક્ત ભવાન કહે હરિ ભજીને જીત જીતરે—ગોવિંદ ગુણ ગાઇ લ્યો૦— ૬

તુલસીદાસની સાખીઓ.

સ્વામિકો સેવક ઘને, સેવકકો પ્રભુ એક;
તુલસી દામેં સો બડો, જાકે મનમેં ટેક. ૧
ભગત બીજ પલટે નહીં, જો જુગ જાય અનંત,
ઊંચ નીચ ઘેર ઉપજે, આખર સંતકા સંત. ૨
જાકે બોલે બંધ નહીં, શરમ નહીં મનમાંય;
તાકે સંગ ન ચાલીએ, છોડ ચલે બનમાંય. ૩
થોડા સા ચંપા ભલા, ક્યા કરનેકા ઝાડ;
ધન્ય નિરધનકી ઝુંપડી, કયા ધનવંતકા મહાલ. ૪
ઊંચકુલ કીસ કામકા, જ્યાં નહીં હરીકો નામ;
તુલસી સુપચ ભલો, જીસમુખ હરિકાનામ. ૫
તુલસી પંખી પીનેસે, ઘટે ન સરિતા નીર;
ધર્મ કિયે ધન ના ઘટે, સાહ્ય કરે રઘુવીર. ૬
તુલસી ગરીબ ના સતાવોએ, બુરી ગરીબકી હાય;
મુઆ ઢોર કે ચામસે, લોહા ભસ્મ હો જાય. ૭
ચિંતા મતકર માનવી, દેનહાર સમરથ;
જલમેં વસે માછલી, વાકી ગાંઠે કહાં અથ. ૮
મેરે મન કછુ ઓરહે, કર્ત્તા કે કછુ ઓર;
ઓધવ કહે માધવસે, સબ જુઠી મતકી દોર. ૯

श्रीमद्

भागवतभाषान्तर.

शष्ठ स्कंध.

षष्ठस्कंध.


परीक्षित.
शुक
यमदूत
विष्णुदूत.
विष्णुदूत
विश्वरूप
देव
वृत्रासुर
इंद्र
स्त्रिया
अंगिरा
चित्रकेतु
मृतपुत्र
चित्रकेतु
विमानस्थ
इंद्र
दि.

श्रीमद्

भागवत भाषांतर.

षष्ठ स्कंध.

અધ્યાય ૧ લો.

અજામિલનું આખ્યાન તથા યમદૂતોએ કહેલું ધર્માદિકનું લક્ષણ.

॥ राजोवाच ॥

निवृत्तिमार्गः कथितआदौ भगवता यथा ।
क्रमयोगोपलब्धेन ब्रह्मणा यदसंसृतिः ॥

પરીક્ષિત રાજા પુછેછે—હે શુકદેવજી! તમે પ્રથમ નિવૃત્તિ માર્ગ તો યથાર્થ રીતે કહ્યો, એ માર્ગથી યોગની પ્રાપ્તિ થઇ બ્રહ્માની સાથે મોક્ષ પ્રાપ્ત થાયછે. ૧ વળી હે મુનિ! તમે સ્વર્ગાદિક સુખ આપનારો પ્રવૃત્તિ માર્ગ પણ કહ્યો, એ માર્ગમાં માયાથી લેપાયલા પુરૂષને ભોગ ભોગવવા માટે વારંવાર દેહ પ્રાપ્ત થાયછે. ૨ વળી આપે અધર્મથી મળતાં અનેક પ્રકારનાં નરકનું વર્ણન કર્યું, તથા સ્વાયંભુવ મનુનો પહેલો મન્વંતર પણ કહ્યો. ૩ વળી આપે પ્રિયવ્રત તથા ઉત્તાનપાદ રાજાનો વંશ તથા તેઓનાં ચરિત્ર પણ કહ્યાં. દ્વીપ, ખંડ, સમુદ્ર, પર્વત, નદી, બગીચા, અને વનસ્પતિ વગેરેનું વર્ણન કર્યું. ૪ વિભાગ, લક્ષણ તથા માપસહિત ભૂમંડળની સ્થિતિ, જ્યોતિશ્ચક્રની સ્થિતિ તથા પાતાળની સ્થિતિ એ સર્વ ભગવાને જે પ્રમાણે સરજેલાં છે તે પ્રમાણે તમે કહી બતાવ્યાં. ૫ હે મહાભાગ્યશાળી શુકદેવજી! હવે અનેક ભયંકર દુઃખોવાળાં નરકોમાં મનુષ્ય પડે નહી તેવો ઉપાય અને કહેવો યોગ્ય છે. ૬

શ્રી શુકદેવજી કહેછે—હે રાજા! જે મનુષ્ય મન, વચન, કર્મથી કરેલાં પાપોનું મન, વચન અને કાયાથી પ્રાયશ્ચિત કરતો નથી, તે મરી ગયા પછી મેં તમારી પાસે જે તીક્ષ્ણ દુઃખોવાળાં નરકોનું વર્ણન કર્યું તેમાં અવશ્ય જાયછે. ૭ માટે મરતા અગાઉજ પાપોનું પ્રાયશ્ચિત કરવા માટે તુરત પ્રયત્ન કરવો જોઇએ. જેમ રોગોનાં નિદાન જાણનારો વૈદ્ય રોગનો ભારે અથવા થોડો ઉપાડ જોઇને તે પ્રમાણે ઉપાય કરેછે, તેમ થોડાં અથવા ઘણાં પાપોનો વિચાર કરી તે પ્રમાણે પ્રાયશ્ચિત કરવું જોઇએ. ૮

પરીક્ષિત રાજા પૂછેછે—ગુન્હો કરનારને રાજા દંડ દેછે તે પ્રત્યક્ષ જોવાથી, તથા પાપી નરકમાં પડેછે તે સાંભળવાથી મનુષ્ય જાણે છે કે 'પાપ એ મારૂં અહિત કરનાર છે' તેમ છતાં પરાધીન થઇને પાપ કરે છે અને પછી તેનું પ્રાયશ્ચિત કરેછે; પરંતુ તેને પ્રાયશ્ચિત કેમ કહી શકાય? ૯ કેમકે પ્રાયશ્ચિત કરવાથી પાપ નિર્મૂળ થતું નથી, જો થતું હોય તો તે ફરીથી ઉત્પન્ન થવું ન જોઇએ, મનુષ્ય એકવાર પાપનું પ્રાયશ્ચિત કરીને પાછો ફરીથી પાપ કરેછે, તે ઉપરથી હું તો તે પ્રાયશ્ચિતને હસ્તિસ્નાન (હાથી ન્હાઇને પાછો શરીર ઉપર ધૂળ નાંખીને શરીર મેલું કરેછે) જેવું ફોકટ માનુછું. ૧૦

શ્રી શુકદેવજી કહે છે—હે રાજા! ચાંદ્રાયણાદિ પ્રાયશ્ચિત કરવાથી પાપ નિર્મળ થઇ જતુ નથી, કેમકે અજ્ઞાની મનુષ્ય પ્રાયશ્ચિતના અધિકારી છે. માટે પ્રાયશ્ચિતથી પાપ નાશ પામેછે; તોપણ સંસ્કારને લીધે તે ફરીફરીને પાપ કરેછે, માટે મુખ્ય પ્રાયશ્ચિત તો જ્ઞાન જ છે. ૧૧ જેમ પથ્ય પાળનારા મનુષ્યને કોઇ રોગ પીડા કરી શકતો નથી, તેમ નિયમો પાળનારા મનુષ્યને પણ રાગદ્વેષાદિક નડી શકતાં નથી, તેથી તે ધીરે ધીરે

તત્ત્વજ્ઞાન જાણવાને સમર્થ થાયછે. ૧૨ જેમ અગ્નિ, વાંસના મોટા જથ્થાને બાળી નાંખે છે, તેમ ધર્મ જાણનારો શ્રદ્ધાવાળો ધીર પુરૂષ દેહ, વાણી અને બુદ્ધિથી કરેલાં મોટાં પાપોને તપ, બ્રહ્મચર્ય, શમ, દમ, ત્યાગ, સત્ય, શૌચ, યમ અને નિયમાદિકવડે બાળીને ભસ્મ કરી નાંખેછે. ૧૩–૧૪ જેમ સૂર્ય કિરણોવડે ઝાકળનો નાશ કરેછે, તેમ કેટલાક વાસુદેવ પરાયણ ભક્તો કેવળ ભક્તિથીજ સર્વ પાપનો નાશ કરેછે. ૧૫ ભગવાનના ભક્તોની સેવાથી શ્રી કૃષ્ણમાં પ્રાણ અર્પણ કરનારો પુરૂષ જેવો પાપથી મુક્ત થાયછે, તેવો તપ આદિ કરવાથી થતો નથી. ૧૬ માટે ભક્તિમાર્ગ જ જગતમાં કલ્યાણકારી અને સર્વ વાતે નિર્ભય છે, એ માર્ગે ઉત્તમ સ્વભાવવાળા નારાયણપરાયણ રહેનારા મહાત્માઓ ચાલેછે. ૧૭ હે રાજન ! જેમ નદીઓ મદિરાના ઘડાને પવિત્ર કરી શકતી નથી, તેમ નારાયણથી વિમુખ રહેનારા ભક્તિરહિત પુરૂષને પ્રાયશ્ચિત પણ પવિત્ર કરી શકતાં નથી. ૧૮ ભગવાનના ગુણોમાં પ્રીતિ રાખનારા પુરૂષો શ્રી કૃષ્ણ ભગવાનનાં ચરણકમળમાં એકવાર પણ મન લગાડે તો તે સ્વપ્નમાં પણ યમરાજના દુતોને દેખતા નથી, કેમકે તેઓને સર્વ પ્રકારનાં પ્રાયશ્ચિત કરી ચુકેલા જાણવા. ૧૯ આ બાબતમાં એક પ્રાચીન ઇતિહાસનું દૃષ્ટાંત કહુંછું, તે સાંભળો. એ આખ્યાનમાં વિષ્ણુના પાર્ષદો અને યમદુતોનો સંવાદ છે. ૨૦ કાન્યકુબ્જ (કનોજ) શેહેરમાં એક દાસીનો પતિ 'અજામિલ' નામનો બ્રાહ્મણ રહેતો હતો. તે દાસીના સંબંધથી દૂષિત અને સદાચારથી ભ્રષ્ટ થયો હતો. ૨૧ બાન પકડવાં, જુગટુ રમવું, ઠગાઇ અને ચોરી કરવી, વગેરે નિંદ્યકર્મોથી આજીવિકા ચલાવી કુટુંબનું પોષણ કરતો હતો, જાતે અપવિત્ર હોઇ બીજાં પ્રાણીઓને દુઃખી કરતો હતો. ૨૨ હે રાજા ! એ પ્રમાણે નિર્વાહ કરતાં તથા દાસીના પુત્રોને લાડ લડાવતાં તેનું અઠ્યાસી હજાર વર્ષનું આયુષ્ય ચાલ્યું ગયું, તેની તેને લગાર પણ ખબર ન પડી. ૨૩ એ બુઢ્ઢા અજામિલને દશ પુત્રો હતા. તે સર્વમાં નાનાનું નામ નારાયણ હતું, તે માતપિતાને ઘણો વહાલો હતો. ૨૪ કાલુંઘેલું બોલનારા એ છોકરા ઉપર અજામિલની આસક્તિ બંધાઇ ગઈ હતી, તેની રમત ગમ્મત જોઇને તે ઘણો રાજી થતો હતો. ૨૫ જ્યારે તે જમતો, કાંઈ ખાતો કે પીતો ત્યારે તે બાળકને પણ જમાડતો, ખવરાવતો અને પાણી પાતો હતો. એ પ્રમાણે બાળકના સ્નેહથી બંધાયેલો અજામિલ પાસે આવેલા કાળને પણ જાણી શક્યો નહીં. ૨૬ એ રીતે સંસાર વ્યવહાર ચલાવતાં તેનો અંતઃકાળ આવી પોહોંચ્યો, ત્યારે અજ્ઞાની અજામિલનું ચિત્ત નારાયણમાં લાગવાથી તેને બહુ ચિંતા થવા લાગી. એટલામાં વાંકાં મોઢાંવાળા, ઉભાં રૂંવાટાંવાળા અને હાથમાં પાશવાળા મહા ભયંકર ત્રણ યમદૂતો અજામિલને લેવા માટે આવ્યા. તેઓને જોઇને તેની સર્વે ઇંદ્રિયો વ્યાકુળ થઇ ગઇ, તેથી ગળગળા સાદથી પોતાના નારાયણ પુત્રને બોલાવવા લાગ્યો. ૨૮–૨૯ કાળના મુખમાં સપડાયલા અજામિલે એ પ્રમાણે ભગવાનનું નામ લીધું તેથી, ભગવાનના પાર્ષદો પોતાના સ્વામીનું નામ સાંભળીને તુરત ત્યાં આવ્યા. ૩૦ દાસીપતિ અજામિલને ખોળીયામાંથી બહાર કાઢતા યમદુતોને વિષ્ણુના દુતો બળાત્કારે અટકાવવા લાગ્યા. ૩૧ આ રીતે અટકાવવાથી યમના દુતો વિષ્ણુના દૂતોને કહેવા લાગ્યા કે— "ધર્મરાજાની આજ્ઞા ભંગ કરનારા તમે કોણ છો ? ૩૨ તમે કોના દુત છો ? કયાંથી આવ્યા છો ? અને આ પાપીને લઇ જતાં કેમ અટકાવો છો ? તમે કોઇ દેવ, ઉપદેવ કે ઉત્તમ સિદ્ધ છો ? ૩૩ તમે બધા કમળની પાંખડી જેવાં નેત્રોવાળા, પીળાં રેશમી વસ્ત્ર પેહેરેલા, મુગટ, કુંડળ અને કમળની માળાથી શોભો છો, એવા તમે કોણ છો ? ૩૪ તમે સુંદર તરૂણાવસ્થાવાળા અને ચતુર્ભુજ છો, વળી ધનુષ, ભાથા, તરવાર, ગદા, શંખ, ચક્ર અને કમળથી શોભી રહ્યા છો. ૩૫ તમે દિશાઓને પોતાની કાન્તિથી પ્રકા-

શિત કરોછો, તે તમે અમો ધર્મરાજાના સેવકોને શા માટે અટકાવો છો? ૩૬

શ્રી શુકદેવજી કહે છે—હે રાજા! એ પ્રમાણે તે યમના દુતોએ કહ્યું. તેથી વાસુદેવ ભગવાનના પાર્ષદો હસીને મેઘ જેવી ગંભીર વાણીથી કહેવા લાગ્યા. ૩૭

વિષ્ણુના દુત બોલ્યા—જો તમે ધર્મરાજાના દુત હો તો ધર્મનું તત્ત્વ અને ધર્મનાં જે લક્ષણો છે તે કહો. ૩૮ શિક્ષા કેવી રીતે કરવામાં આવે છે? કોણ શિક્ષાને યોગ્ય છે? સર્વ પ્રાણી માત્ર શિક્ષાને યોગ્ય છે કે કેવળ મનુષ્યજ? જો મનુષ્યજ શિક્ષાને યોગ્ય હોય તો તેમાં કોણ કોણ? તે અમને કહો. ૩૯

યમદુતો બોલ્યા— વેદમાં જે કરવાનું કહ્યું છે તે ધર્મ છે, અને જે કરવાની ના પાડી છે તે અધર્મ છે વેદ સાક્ષાત નારાયણનું સ્વરૂપ છે એમ અમોએ સાંભળ્યું છે. ૪૦ જે નારાયણે પોતાના સ્વરૂપમાં જ સત્વ, રજ અને તમઃ ગુણરૂપી પદાર્થો, પ્રાણીઓના ગુણો, નામો, ક્રિયાઓ અને રૂપોનું યથાર્થ વિવેચન કરેલું છે, તેજ નારાયણનું યથાર્થરૂપ વેદસ્વરૂપ છે. ૪૧ સૂર્ય, અગ્નિ, આકાશ, વાયુ, ગાય, ચંદ્ર, સંધ્યા, રાત્રિ, દિવસ, દિશા, જળ, પૃથ્વી, કાળ અને ધર્મ એ સર્વ પ્રાણીઓએ કરેલાં પાપપુણ્યના સાક્ષી છે. ૪૨ એ વડે અધર્મ જાણી શકાય છે, અને અધર્મી શિક્ષાને પાત્ર થાય છે. કર્મ કરનારાં સર્વ પ્રાણી કર્મ પ્રમાણે શિક્ષાને પાત્ર થાય છે. ૪૩ હે નિર્દોષી પુરૂષો! કર્મ કરનારાઓથી શુભ તથા અશુભ કર્મો થયાજ કરે છે; કેમકે તેના ગુણોનો સંગ નિરંતર હોય છે, તેથી કર્મ કર્યા વગર રહી શકતા નથી, અને કર્મથી પાપ પણ થાય છે. ૪૪ જે પ્રાણીએ જેટલો અધર્મ અથવા ધર્મ અહીં કર્યો હોય તે પ્રમાણે તેને કર્મનું ફળ પરલોકમાં અવશ્ય ભોગવવું પડે છે. ૪૫ હે દેવતાઓ! આ જન્મમાં જેમ વિચિત્ર ગુણોને લીધે શાંત, ઘોર અથવા મૂઢપણાથી, અથવા સુખથી કે દુઃખથી અથવા સુખ દુઃખના મિશ્રપણાથી પ્રાણીઓમાં ત્રણ પ્રકાર જોવામાં આવે છે, તેમજ બીજા જન્મોમાં પણ એવા ત્રણ પ્રકાર હશે એવું અનુમાન થાય છે. ૪૬ જેમ વર્તમાનકાળની વસંતાદિક ઋતુથી ભૂતકાળની તથા ભવિષ્યકાળની વસંતાદિક ઋતુઓનાં ફુલ ફલાદિકના ગુણો જાણવામાં આવે છે, તેમ પ્રાણીઓના વર્તમાન કાળના ધર્મ અધર્મ ઉપરથી તેના ભૂતકાળના જન્મનાં અને ભવિષ્યકાળના જન્મનાં કર્મ જાણવામાં આવે છે. ૪૭ ધર્મ અધર્મ જાણવાની આ રીત તો બીજા લોકોને માટે છે, પરંતુ યમરાજા તો પોતાની નગરીમાં બેઠા બેઠા મનથીજ જીવોના પૂર્વ જન્મને તથા ભવિષ્યકાળના જન્મને સારી પેઠે જાણી શકે છે, કેમકે તે અજન્મા ભગવાન છે. ૪૮ જેમ ઊંઘેલો મનુષ્ય સ્વપ્નાના દેહને જાણે છે, પણ જાગ્રત અવસ્થાના દેહને કે પ્રથમના સ્વપ્નાના દેહને જાણતો નથી, તેમ અજ્ઞાનથી ઘેરાએલો જીવ પોતાના પૂર્વ જન્મના કે ભવિષ્યમાં પ્રાપ્ત થવાના દેહને જાણતો નથી, માત્ર વર્તમાનકાળના દેહને જાણે છે. ૪૯ પાંચ કર્મેંદ્રિયોથી જીવ કર્મ કરે છે, અને પાંચ જ્ઞાનેંદ્રિયોથી શબ્દ સ્પર્શાદિક પાંચ વિષયોને જાણે છે. અને સોળમા મનની સાથે સત્તરમો જીવ પોતે એકલો કર્મેંદ્રિયો, જ્ઞાનેંદ્રિયો અને મન એ ત્રણના વિષયોને ભોગવે છે. ૫૦ એ પ્રમાણે ત્રિગુણાત્મક અને સોળ કળાવાળો અનાદિ લિંગદેહ જીવને હર્ષ, શોક, ભય અને પીડા કરનારાં જન્મ મરણ આપ્યા કરે છે. ૫૧ આ જીવને કર્મ કરવાની ઇચ્છા ન હોય તો પણ લિંગશરીર બળાત્કારે તેને કર્મ કરાવે છે; કેમકે જીવે ઇંદ્રિયોને જીતી નથી. જીવ કોશેટાના જીવડાની પેઠે કર્મવડે પોતાને ઢાંકી દેછે, અને તેથી તેમાંથી છુટવાનો ઉપાય જાણતો નથી તેથી મુંઝાય છે. ૫૨ કોઇ પણ જીવ એક ક્ષણ પણ કર્મ કર્યા વગર રહેતો નથી. પૂર્વ જન્મના સંસ્કારથી થતા રાગદ્વેષાદિક ગુણ તેને પરાધીન બનાવીને બળાત્કારે કર્મ કરાવે છે, તે કર્મને અનુસરીને દેહ પામે છે. જીવ પુણ્ય પાપરૂપ પ્રારબ્ધને લીધે સ્થુલ તથા સૂક્ષ્મ શરીરને

પામે છે અને વીર્ય તથા રૂધિર બન્ને સરખાં હોય તો પણ કર્મોની વાસનાને લીધે માતાપિતાના જેવોજ દેહ થાય છે. ૫૩-૫૪ આ પ્રમાણે જીવનો સંસારમાં અવતરવાનો ફેરફાર પ્રકૃતિના સંબંધને લીધે થાય છે; પરંતુ તે ભગવાનના ભજનથી તુરત નાશ પામે છે. ૫૫ આ અજામિલ પ્રથમ શાસ્ત્રસંપન્ન, સારા સ્વભાવવાળો, સદાચારી, ગુણોનો ભંડાર, વ્રતો કરનારો, કોમળ મનનો, ઇંદ્રિયોને જીતનારો, સત્યવાદી, મંત્રને જાણનારો અને પવિત્ર હતો. ૫૬ તે ગુરૂ, અગ્નિ, અતિથિ તથા વૃદ્ધોની સેવા કરનારો, અભિમાન વગરનો, પ્રાણી માત્રનો મિત્ર, સાધુ, થોડું બોલનારો, અને ઈર્ષ્યા વગરનો હતો. ૫૭ એક દહાડો તે બ્રાહ્મણ પિતાની આજ્ઞાથી વનમાં ગયો, ત્યાંથી ફળ, પુષ્પ, કાષ્ઠ અને દર્ભ લઈને ફર્યો. ૫૮ તેણે રસ્તામાં લોકની મદિરા પીવાના મદથી ઘુમતાં નેત્રવાળી એક વેશ્યાની સાથે એક કામી શૂદ્રને આવતાં દીઠો. ૫૯ એ મદોન્મત્ત રાંડના ચણિયો ઢીલો થઈ ગયો હતો, તેની સાથે ક્રીડા કરતા, ગાતા અને હાસ્ય કરતા આચારથી ભ્રષ્ટ થયેલા એ શૂદ્ર પુરૂષને જોયો. ૬૦ એ કામી પુરૂષે એ રાંડને આલિંગન કરેલું હતું એવી સ્થિતિમાં એ રાંડને જોઈને અજામિલ મોહ પામી કામાતુર બની ગયો. ૬૧ તેણે જ્ઞાનના બળ અને બુદ્ધિથી મનને રોકયું તો ખરૂં, પણ કામથી કંપેલા મનનું સમાધાન કરી શકયો નહીં. ૬૨ એ બન્નેને જોવાથી ઉત્પન્ન થયેલા કામરૂપ ગ્રહને આધીન થઇ ભાન ભુલી જઇ તેનું મનમાં મનન કરતો સ્વધર્મથી ભ્રષ્ટ થયો. ૬૩ પછી એ રાંડને પ્રસન્ન કરવાને માટે પિતાનું સર્વ ધન ખરચી સંસારના સુંદર સુંદર વૈભવોથી તેને સંતુષ્ટ કરવા લાગ્યો. ૬૪ એ પાપી વેશ્યાનાં કટાક્ષોથી વિંધાયેલા અજામિલે પોતાની ઉંચા કુળની પરણેતર સ્ત્રીનો થોડા દિવસમાં ત્યાગ કર્યો. ૬૫ મંદ બુદ્ધિનો તે અજામિલ જ્યાં ત્યાંથી ન્યાય કે અન્યાયથી ધન લાવીને તે રાંડના કુટુંબનું ભરણ પોષણ કરવા લાગ્યો. ૬૬ શાસ્ત્રનું ઉલ્લંઘન કરીને સ્વચ્છંદપણે વર્તનારો, લોકોથી નિંદાતો, પાપી અને અપવિત્ર અજામિલ એ રીતે ઘણા કાળ સુધી વર્ત્યો. ૬૭ માટે એવાં પાપ કર્યા છતાં તેનું પ્રાયશ્ચિત ન કરનારા આ અજામિલને અમે યમરાજાની પાસે લઇ જઇશું, કે જ્યાં આગળ પ્રાણી શિક્ષા પામીને શુદ્ધ થાય છે. ૬૮

तम एनं दंडपाणेः सकाशं कृत किल्बिषम् ।
नेष्यामोऽकृत निर्वेशं यत्र दंडेन शुध्यति ॥

ઈતિ શ્રી ભાગવત પુરાણના ષષ્ઠ સ્કંધમાં "અજામિલોપાખ્યાન વર્ણન" નામનો ૧ લો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૨ જો.

અજામિલનું આખ્યાન અને વિષ્ણુ નામનો મહિમા.

॥ श्री शुक उवाच ॥

एवं ते भगवद्दूता यमदूताभि भाषितम् ॥
उपधार्याथतान्राजन् प्रत्याहुर्नयकोविदाः ॥

શ્રી શુકદેવજી કહે—હે પરીક્ષિત રાજા ! એ પ્રમાણે યમદૂતોનું કહેવું સાંભળીને ન્યાયને જાણનારા ભગવાનના પાર્ષદો બોલ્યા કે—૧ અહાહા ! મહા ખેદની વાત છે કે ધર્મને જાણનારા યમરાજાની સભામાં પણ અધર્મે પ્રવેશ કર્યો છે, કેમકે નિરપરાધી અને નિષ્પાપીને પણ વૃથા શિક્ષા કરવામાં આવે છે. ૨ પ્રજાને પિતાની પેઠે પાળનારા, સદ્ગુણી અને સમદૃષ્ટિવાળા ન્યાયાધીશો હોવા જોઇએ: જો તેઓ જ અન્યાયથી વર્તે તો પછી પ્રજા કોને શરણે જાય ? ૩ શ્રેષ્ઠ પુરૂષો જેવાં આચરણ કરેછે, તે પ્રમાણે બીજા લોકો પણ વર્તે છે, તથા તેઓ જેને માન્ય કરેછે તેને બીજા લોકો પણ માનેછે. ૪ લોકો જેના ખોળામાં માથું મૂકી નિશ્ચિંતપણે સુએ છે, તે પુરૂષ પશુની પેઠે ધર્મ અધર્મને ન જાણે તો તે વિશ્વાસઘાતી થાયછે. ૫ જેણે પોતાનો આત્મા વિશ્વાસથી અર્પણ કરેલો

છે અને મિત્રતા કરેલી છે, એવા ભક્તિવાળા મહ પુરૂષનો દ્રોહ કરવો યોગ્ય છે ? ૬ આ અજામિલ કરોડો જન્મોનાં પાપોનું પ્રાયશ્ચિત કરી ચુકયો છે, કેમકે તેણે પરાધીનપણે પણ શ્રી હરિનું કલ્યાણકારી નામ લીધું છે. ૭ "હે નારાયણ, આવ" એ ચાર અક્ષરનું નામ એ બોલ્યો તેટલાથીજ તે નિષ્પાપ થઈ ગયો છે. ૮ ચોર, મદિરા પીનાર, મિત્રદ્રોહી, બ્રહ્મઘાતી, ગુરૂસ્ત્રીના સંગ કરનાર, સ્ત્રીહત્યા કરનાર, રાજા પિતા અને ગાયને મારનાર તથા બીજા જે પાપ કરનારા છે, તે સર્વ પાપીઓનાં પાપનું નિવારણ શ્રીહરિનું નામ લેવાથી થાયછે. કારણ કે પોતાનું નામ રટનારને ભગવાન પોતાના કરી માનેછે. ૯ ૧૦ ભગવાનના નામનું ઉચ્ચારણ કરવાથી મનુષ્ય જેવો શુદ્ધ થાયછે, તેવો વેદવેત્તા મનુ આદિ મહાત્માઓએ કહેલાં વ્રતાદિ પ્રાયશ્ચિતોથી શુદ્ધ થતો નથી. કેમકે નામ લેવાથી ભગવાનના ઉત્તમ ગુણોનું સ્મરણ થાયછે. ૧૧ મનુષ્યનું મન પ્રાયશ્ચિત કર્યા પછી અવળમાં દોડેછે, માટે પ્રાયશ્ચિત પાપનું મળ કાઢનારૂં ગણાય નહીં: પાપોનો નાશ કરવાને ઇચ્છનારા પુરૂષોનાં પાપોનું ખરૂં પ્રાયશ્ચિત તો શ્રીગુરૂના ગુણ ગાવા એજ છે, કેમકે એથી ચિત્ત શુદ્ધ થાયછે તેથી ફરીથી પાપ થવાનો સંભવ નથી. ૧૨ માટે પાપોનું પ્રાયશ્ચિત કરનારા આ અજામિલને તમે લઇ જાઓ નહીં, કેમકે તેણે અંત સમયે ભગવાનનું નામ લીધું છે. ૧૩ પુત્રાદિકના સંકેતથી, મશ્કરીથી, ગીતના રાગ પૂરવાથી અથવા અપમાનથી પણ ભગવાનનું નામ લે તો તે સર્વ પાપોનો નાશ કરેછે એમ જાણવું. ૧૪ પડતો આખડતો, જેનાં અંગ ભાગી ગયાં હોય તે, સર્પે કરડેલો, તાવથી પીડાતો, અને લાકડીથી માર ખાધેલો જે મનુષ્ય પરાધીન થઇને પણ શ્રી હરિનું નામ લે તો તે યમપુરીનાં દુઃખ ભોગવતો નથી ૧૫ મોટા મોટા ઋષિઓએ વિચાર કરીને મોટાં પાપનાં મોટાં પ્રાયશ્ચિત અને નાનાં પાપોનાં નાનાં પ્રાયશ્ચિત કહેલાં છે. ૧૬ તપ, દાન અને જપ વગેરેથી કેવળ પાપ નાશ પામેછે. પણ અધર્મથી ઉત્પન્ન થયેલું સંસ્કારનું સૂક્ષ્મ સ્વરૂપ નાશ પામતું નથી, એ તો ભગવાનના ચરણની સેવાથી નાશ પામેછે. ૧૭ જેમ જાણે કે અજાણે અગ્નિમાં લાકડાં નાંખે તો તે બળી જાય છે, તેમ અજ્ઞાનથી કે જ્ઞાનથી ઉત્તમ કીર્તિવાળા ભગવાનનું લીધેલું નામ પુરૂષોનાં પાપોને બાળી નાંખેછે. ૧૮ જેમ પરાક્રમી ઓષધ દૈવઇચ્છાથી અજાણતાં ખાનારાને પણ પોતાનો ગુણ બતાવેછે, તેમ ભગવાનના નામનો મંત્ર પણ પોતાનો પ્રભાવ બતાવેછે. ૧૯

શ્રી શુકદેવજી કહે છે—હે રાજા ! એ રીતે વિષ્ણુના પાર્ષદોએ ભાગવત ધર્મનો નિર્ણય કરીને તે અજામિલ બ્રાહ્મણને યમપાશથી છોડાવીને મૃત્યુથી બચાવ્યો. ૨૦ હે શત્રુને દમનારા રાજા ! આ રીતે પરાજય પામેલા યમદુતોએ યમરાજા પાસે જઇને બનેલી સવ વાત કહી. ૨૧ પાર્ષદોનાં દર્શનથી હૃદયમાં આનંદ પામેલો અજામિલ યમપાશથી છુટીને નિર્ભય થઇ ગયો. અને વિષ્ણુ ભગવાનના અનુચરોને માથું નમાવીને પ્રણામ કરવા લાગ્યો ૨૨ હે નિર્દોષી રાજા ! એ બ્રાહ્મણ કાંઇ કહેવા જતો હતો તેટલામાં તે પાર્ષદો તેના દેખતાંજ ત્યાં આગળ અંતર્ધાન થઇ ગયા. ૨૩ પછી એ અજામિલ યમદુતો પાસેથી વેદમાં કહેલો સગુણ ધર્મ તથા ભગવાનના દુતોએ કહેલો શુદ્ધ નિર્ગુણ ધર્મ સાંભળીને તથા શ્રીહરિનું મહાત્મ્ય સાંભળીને તુરત ભગવાનમાં ભક્તિવાળો થઇ ગયો. પછી તો પોતાનાં પાપી કર્મો સંભારી સંભારીને તેને પશ્ચાત્તાપ થવા લાગ્યો. ૨૪ ૨૫ અરેરે ! મેં દુષ્ટે મનને વશ થઇને ઘણુંજ ખોટું કર્યુ કે શુદ્રસ્ત્રીમાં પુત્ર રૂપે આત્માને ઉત્પન્ન કરીને બ્રાહ્મણત્વનો નાશ કર્યો. ૨૬ સત્પુરૂષોથી નિંદાયલો અને કુળમાં કાજળરૂપ એવા મને ધિક્કાર છે કે મેં સતી બિચારી બાળારૂપ પરણેત સ્ત્રીનો ત્યાગ કરીને મદીરા પીનારી વેશ્યાને ઘરમાં ઘાલી. ૨૭ વૃદ્ધ, અનાથ, બંધુ વગરનાં અને દુઃખી

માત પિતાને મેં કૃતઘ્નીએ નીચની પેઠે ક્ષણવારમાં ત્યાગ કર્યો. ૨૮ માટે હું ખરેખર મહા ભયંકર નરકમાં પડીશ, અને ધર્મનો નાશ કરનારા કામી લોકો યમપુરીનાં ભયંકર દુઃખ ભોગવે છે તે દુઃખો હું ભોગવીશ. ૨૯ અરેરે! આ તે શું સ્વપ્ન હતું? ના સ્વપ્ન તો નહીજ, આ આશ્ચર્ય તો મેં પ્રત્યક્ષ જાગતાંજ દીઠું છે. હાથમાં પાશ લઇ અને બાંધીને ખેંચતા હતા તેઓ ક્યાં ગયા? ૩૦ મને પાશથી બાંધી નરકમાં લઈ જતાં છોડાવનારા શુભ દર્શનવાળા ચાર સિદ્ધ પુરૂષો ક્યાં ગયા? ૩૧ આ જન્મમાં તો હું મહાપાપી છું, પણ મારાં જન્માંતરનાં પુણ્ય હોવાથી તે ઉત્તમ દેવતાનાં દર્શન થયાં, જેથી મારૂં મન શુદ્ધ થઇ ગયું છે. ૩૨ જો મારાં પૂર્વનાં પુણ્ય ન હોય તો અપવિત્ર વેશ્યાનો પતિ એવો જે હું, તેની જીભ મરણ સમયે ભગવાનનું નામ શી રીતે લે? ૩૩ કપટી, પાપી, બ્રાહ્મણત્વનો નાશ કરનારો અને નિર્લજ્જ એવો હું ક્યાં! અને એ નારાયણ ભગવાનનું મંગળકારી નામ ક્યાં!! ૩૪ માટે હવે તો હું ચિત્ત, ઇંદ્રિયો અને પ્રાણને જીતીને એવો પ્રયત્ન કરૂં કે જેથી હવે મારો આત્મા ગાઢ અંધકારવાળા નરકમાં ડુબે નહીં. ૩૫ અવિદ્યા, કામ, અને કર્મોથી ઉત્પન્ન થયેલા આ બંધનને કાપીને સર્વ પ્રાણીઓનો સંબંધી, શાંત, જગતનો મિત્ર, દયાળુ અને જ્ઞાની થઇને સ્ત્રીરૂપ ભગવાનની માયાથી ગળાયેલા મારા આત્માને તુરત છોડાવીશ. હું નીચ સ્ત્રીરૂપ માયાને વશ થઇને મદારીના વાંદરાની પેઠે નાચી રહ્યો છું. ૩૬-૩૭ દેહ વગેરેમાં "હું અને મારૂં" એવી જે બુદ્ધિ થઇ છે તેનો ત્યાગ કરીને ભગવાનનાં કિર્તનાદિકથી શુદ્ધ થયેલા મારા અંતઃકરણને ઇશ્વરમાં લગાડીશ. ૩૮

શ્રી શુકદેવજી કહે છે—એ રીતે સત્પુરૂષોના ક્ષણમાત્ર સમાગમથી તેને સારી રીતે વૈરાગ્ય થયો. પછી તે સ્ત્રી પુત્રાદિકના સ્નેહરૂપ બંધનને છોડીને ગંગાના કિનારા ઉપર આવ્યો. ૩૯ ત્યાં તેણે દેવમંદિરમાં બેશી, યોગ ધારણ કરી ઇંદ્રિયોને વિષયોમાંથી પાછી ખેંચી લઈ પોતાનું મન પરમાત્મામાં જોડ્યું. ૪૦ પછી દેહ તથા ઇંદ્રિયાદિકથી આત્માને જુદો પાડી ચિત્તની એકાગ્રતા સાથે પરબ્રહ્મરૂપ અને અનુભવથી જાણવામાં આવે એવા ભગવાનના સ્વરૂપમાં જોડી દીધો. ૪૧ જ્યારે પરમાત્મામાં સ્થિર બુદ્ધિ થઈ, ત્યારે તેણે પોતાની પાસે ઉભેલા ભગવાનના પાર્ષદોને જોયા, અને જોતાંજ તેમને ઓળખીને મસ્તકવડે પ્રણામ કર્યા. ૪૨ દર્શન કરતાંજ તેણે પોતાનો દેહ ગંગા કિનારે છોડીને ભગવાનના પાર્ષદોનું રૂપ ધારણ કર્યું. ૪૩ પછી તે ચાર ભુજાઓવાળું રૂપ ધારણ કરી પાર્ષદોની સાથે સુવર્ણના વિમાનમાં બેશીને આકાશ માર્ગે જ્યાં લક્ષ્મપતિ વિષ્ણુ બિરાજે છે એવા વૈકુંઠ ધામમાં ગયો. ૪૪ એ અજામિલે પોતાનું સર્વ બ્રાહ્મણત્વ ડુબાવી દીધું હતું, દાસીને ઘરમાં રાખી હતી અને નિંદિત કર્મથી ભ્રષ્ટ થઇ ગયો હતો, તેથી તે નરકમાં પડવાની તૈયારીમાં હતો, પરંતુ નારાયણનું નામ લેવાથી તુરત તેમાંથી છુટ્યો હતો. ૪૫ માટે મુમુક્ષુ પુરૂષોને પવિત્ર કીર્તિવાળા ભગવાનનાં કીર્તન વિના બીજું કોઇ પણ સાધન કર્મનાં બંધન કાપનારૂં નથી, કેમકે ભગવાનનાં કીર્તનથી શુદ્ધ થયા પછી મન ફરીથી કર્મોમાં આસક્ત થતું નથી. અને બીજાં પ્રાયશ્ચિતો કરવાથી તો મન રજોગુણ તથા તમો ગુણથી મલીન રહે છે. ૪૬ જે મનુષ્ય પાપનો નાશ કરનારો આ અજામિલનો ઉત્તમ ગુપ્ત ઇતિહાસ શ્રદ્ધાથી સાંભળે છે તથા ગાય છે, તે પુરૂષ ગમે તો અધમ હોય, તો પણ તે નરકમાં જતો નથી, તેમ યમના દુતો તેની સામે પણ જોઇ શકતા નથી, અને તે વૈકુંઠમાં જાય છે. ૪૭-૪૮ મરણ પામતો મહાપાપી અજામિલ પુત્રને બોલાવતાં ભગવાનનું નામ લેવાથી વૈકુંઠ ધામમાં ગયો. ત્યારે જે મનુષ્ય શ્રદ્ધાથી ભગવાનનું કીર્તન કરે તો તેનું કલ્યાણ થાય તેમાં તો કહેવુંજ શું? ૪૯

म्रियमाणो हरेर्नाम गृणन्पुत्रोपचारितम् ॥
अजामिलोऽप्यगाद्धाम किं पुनः श्रद्धया गृणन् ॥

ઇતિશ્રી ભાગવત મહાપુરાણના ષષ્ઠ સ્કંધમાં "અજામિલોપાખ્યાન" વર્ણન નામનો બીજો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૩ જો.

યમરાજાએ દૂતોને વૈષ્ણવોની મહત્તા બતાવીને શાંત કર્યા.

॥ राजोवाच ॥

निशम्य देवः स्वभटोपवर्णितं ।
प्रत्याहार्के तानमुति धर्मराजः ॥
एवं हताज्ञो विहतान् मुरारे ।
र्नैदेशिकैर्यस्य वशे जनोऽयम् ॥ १ ॥

પરીક્ષિત રાજા પુછેછે—હે મુનિ! જેને તાબે સર્વ લોક છે એવા યમરાજાએ પોતાના દુતોની વાત સાંભળીને, તે દુતો કે જેઓને ભગવાનના દુતોએ યમરાજાની આજ્ઞાનો ભંગ કરી મારીને કાઢી મુકયા હતા તેઓને પછી શું કહ્યું? ૧ હે મુનીશ્વર! કોઈ ઠેકાણે યમરાજાની આજ્ઞાનો ભંગ થયેલો આજસુધી અમે સાંભળ્યો નથી, માટે આ વાતમાં મને સંદેહ છે, માટે મારા સંશયને આપના વિના બીજો કોઇ ટાળી શકે તેમ નથી, એમ મારો નિશ્ચય છે. ૨

શ્રી શુકદેવજી કહેછે—હે રાજા! ભગવાનના પાર્ષદોએ જેઓનો ઉદ્યમ તોડી પાડયો હતો, એવા યમદુતો યમપુરીના રાજા યમરાજની પાસે જઈ વિનંતિ કરીને બોલ્યા. ૩

યમદુતો કહેછે—હે રાજા! સાત્વિક, રાજસી અને તામસી કર્મ કરનારા લોકને કર્મનાં ફળ આપવા માટે આ લોકમાં કેટલા ન્યાયાધીશ છે? ૪ જો આ લોકમાં આજ્ઞા અને શિક્ષા કરનારા ન્યાયાધીશ ઘણા હોય તો કેટલાકને સુખદુઃખ થાય અને કેટલાકને ન થાય, ૫ કારણ કે એક ન્યાયાધીશ હા કહે તો બીજો ના કહે, આમ પરસ્પર વિરૂદ્ધ વિચારને લીધે કોઇને પણ સુખદુઃખ ન થાય અને જો એકમત થાય તોપણ તેઓને પરસ્પરની ઇચ્છાથી સંમ્મતિ આપવી પડશેજ, તેથી સુખદુઃખની વ્યવસ્થા રહેશે નહી. કર્મ કરનારા ઘણા લોકોને શિક્ષા કરનારા અધિપતિ ઘણા હોય તો તેઓનું ખંડીયા રાજાઓની પેઠે અધિપતિપણું કેવળ નામનુંજ રહે. ૬ માટે તમે રાજાઓ સહિત સર્વ પ્રાણીઓના સ્વામી, આજ્ઞા કરનારા, શિક્ષા કરનારા અને મનુષ્યોનાં પુણ્ય પાપનું વિવેચન કરનારા છો. ૭ એવા આપની આજ્ઞા હવે જગતમાં ચાલતી નથી, કારણ કે આપની આજ્ઞાનો ચાર અદ્ભૂત સિદ્ધોએ ભંગ કર્યો છે. ૮ અમે તમારી આજ્ઞાથી પાપી અજામિલને નરકમાં લાવતા હતા, ત્યાં ચાર સિદ્ધોએ બળાત્કારે અમારા પાશ કાપી નાંખીને તેને છોડી મુકાવ્યો. ૯ માટે એ વાત કહેવાને તમે અમને યોગ્ય જાણતા હો તો અમને કહો કે—તેઓ કોણ હતા, તે અમે જાણવાને ઇચ્છીએ છીએ. અપરાધી અજામિલે 'નારાયણ' નામ લીધું કે તરત તેઓ ત્યાં આવી પોહોચ્યા. ૧૦

શ્રી શુકદેવજી કહેછે—હે રાજા! એ પ્રમાણે દુતોએ પુછવાથી પ્રજાને દંડ દેનારા તે યમરાજા પ્રસન્ન થઇ ભગવાનનાં ચરણકમળનું સ્મરણ કરીને બોલ્યા ૧૧

યમરાજા કહેછે—આ સ્થાવર જંગમ જગતનો સ્વામી કોઇ જૂદોજ છે, જેના અંશરૂપ બ્રહ્મા, વિષ્ણુ અને રૂદ્રથી આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય થાયછે, તથા નાકમાં નાથેલા બળદની પેઠે સર્વ લોક જેને આધીન છે, તે સર્વના સ્વામી પરમેશ્વર વિષે તાંતણામાં વસ્ત્રની પેઠે આખું જગત ઓતપ્રોત છે. ૧૨ જેમ ગોવાળ બળદને દામડાવડે નાથમાં બાંધી લેછે, તેમ પરમેશ્વરે વર્ણાશ્રમમાં રહેલા સર્વ લોકોને પોતાની વેદવાણીથી બાંધી રાખેલા છે, અને નામ તથા કર્મરૂપ બંધનોથી બંધાયેલા સર્વ લોક ભયને લીધે તેમને આધીન રહીને કર્મ કરેછે. ૧૩ હું, ઇંદ્ર,

નિર્ઋતિ, વરૂણ, ચંદ્રમા, અગ્નિ, શિવ, પવન, સૂર્ય, બ્રહ્મા, અદિતિના પુત્રો, વિશ્વેદેવતા, વસુ, સાધ્યદેવો, મરૂદ્ગણ, રૂદ્રગણ, સિદ્ધલોક અને બીજા પણ ભૃગુ વગેરે પ્રજાપતિઓ તથા દેવતાઓના અધિપતિઓ કે જેઓને રજોગુણ તથા તમોગુણનો સ્પર્શ પણ નથી અને જેઓમાં સત્વગુણજ મુખ્ય છે, તેઓ પણ માયાના સ્પર્શને લીધે એ પરમાત્માનાં કર્તવ્ય કર્મને જાણી શકતા નથી, ત્યારે બીજાઓ તો ક્યાંથીજ જાણી શકે? ૧૪ ૧૫ રૂપ જેમ પોતાને જોનારાં નેત્રોને જાણી શકતું નથી, તેમ પ્રાણીઓ પણ સર્વ જીવોના અંતર્યામી તથા દ્રષ્ટા એવા પરમેશ્વરને ઇંદ્રિઓથી, મનથી, પ્રાણથી, હૃદયથી કે વાણીથી કોઇ પણ રીતે જાણી શકતા નથી. એવા પરમેશ્વર મારાથી કેવળ જુદાજ છે. ૧૬ એ સ્વતંત્ર, સર્વોત્કૃષ્ટ, મહાત્મા અને માયના અધિપતિ પરમેશ્વરના મનોહર પાર્ષદો જગતમાં ફર્યા કરેછે. તેઓનાં રૂપ, ગુણ અને સ્વભાવ ઘણું કરીને ભગવાનના જેવાંજ હોય છે. ૧૭ જેઓનાં દર્શન થવાં પણ દુર્લભ છે એવા, દેવતાઓથી પૂજાતા અને મહા અદ્ભુત પાર્ષદો ભગવાનની ભક્તિ કરનારા મનુષ્યોને શત્રુઓથી, મારાથી અને અગ્નિ આદિ સર્વ ઉપદ્રવોથી બચાવેછે. ૧૮ તેઓએ અધર્મનો પક્ષ કર્યો એવું તમે સમજશો નહીં, કેમકે મોટા મોટા સિદ્ધો, ઋષિઓ અને દેવતાઓ પણ જ્યારે સાક્ષાત ભગવાને નિશ્ચય કરેલા ધર્મને જાણતા નથી, ત્યારે મનુષ્યો, અસુરો, વિદ્યાધરો અને ચારણ વગેરે લોકો તો ક્યાંથીજ જાણી શકે? ૧૯ હે દૂતો! બ્રહ્મા, રૂદ્ર, નારદ, સનત્કુમાર, કપિલદેવ, મનુ, પ્રહ્લાદ, જનક, ભીષ્મ, બળિરાજા, શુકદેવજી અને અમે (યમ) એ બાર જણજ ગુપ્ત, શુદ્ધ અને ઘણાજ પરિશ્રમથી જાણવામાં આવતા ભગવાનના ધર્મને જાણીએ છીએ, કે જે ધર્મ જાણવાથી મોક્ષ થાયછે. ૨૦-૨૧ ભગવાનનાં નામ લેવા વગેરેથી ભગવાનની ભક્તિ કરવી એજ આ લોકમાં મનુષ્યોનો મુખ્ય ધર્મ છે. ૨૨ હે પુત્રો! ભગવાનનાં નામ લેવાનો મહિમા તો જુઓ! કેમકે જેને લીધે અજામિલ પણ મૃત્યુના પાશથી મુક્ત થયો. ૨૩ મનુષ્યોનાં પાપ દૂર થવા માટે ભગવાનના ગુણ, કર્મ તથા નામોનું કીર્તન કરવું. કેમકે અજામિલ મહાપાપી હતો, તો પણ "હે નારાયણ" એમ ઘાંટો પાડીને પુત્રને બોલાવવાથી પાપથી મુક્ત થઇ ગયો, એટલુંજ નહિ પણ મોક્ષને પણ પામ્યો. ૨૪ ઇશ્વરની માયાથી જેઓની બુદ્ધિ મોહિત થયેલી છે અને જેઓ ફુલની પેઠે ઉપરથી સારા લાગે એવા અર્થવાદોથી ભરેલા વેદવાદોના આગ્રહથી જડબુદ્ધિવાળા તથા વેદનાં મોટાં કર્મમાં જોડાયલા ઋષિઓ ઘણું કરીને ભગવાનના નામનો મહિમા જાણતા નથી, તેઓ બીજાં મોટાં પ્રાયશ્ચિતો બતાવે છે. ૨૫ આવા વિચારથી બુદ્ધિશાળી લોકો તો સર્વ પ્રકારે ભગવાનની ભક્તિરૂપ ઉપાય કર્યા કરે છે, એવા લોકો મારા દંડને યોગ્ય નથી. અને કદાચિત હોય, તોપણ ભગવાનનું કીર્તનજ તેઓનાં પાપનો નાશ કરે છે. ૨૬ સમદ્રષ્ટિવાળા, ઉત્તમ ગુણોવાળા, તથા દેવતાઓ અને સિદ્ધ લોકો પણ જેઓની પવિત્ર કથા ગાય છે, એવા ભગવાનના ભક્તોનું ભગવાનની ગદાથી રક્ષણ થાય છે, માટે તમારે તેઓની પાસે કદી જવું નહિ; કેમકે આપણે અને કાળ પણ તેઓને શિક્ષા કરવાને સમર્થ નથી. ૨૭ માટે તમે નિષ્કંચન અને રસના સ્વાદને જાણનારા પરમહંસ લોક નિરંતર જેનું સેવન કરે છે એવા ભગવાનનાં ચરણકમળના રસથી વિમુખ રહેનારા અને નરકના માર્ગરૂપ ઘરમાં તૃષ્ણા બાંધીને બેઠેલા એવા દુષ્ટ લોકોને અહીં પકડી લાવો. ૨૮ વળી જેની જીભ ભગવાનના ગુણ ગાતી નથી તથા ભગવાનનાં નામો લેતી નથી, જેનું ચિત્ત ભગવાનનાં ચરણારવિંદનું સ્મરણ કરતું નથી, જેનું મસ્તક એકવાર પણ ભગવાનને નમતું નથી, તેવાઓને અહીં પકડી લાવો. મારા દૂતોએ અજામિલને દુઃખ દેવાનો જે અન્યાય કર્યો છે, તેને માટે પુરાણ પુરૂષ નારાયણ ભગવાન મારા ઉપર ક્ષમા

કરો. હું અજ્ઞાની હાથ જોડીને આપની સન્મુખ ઉભો છું, તેને આપે પોતાનો દાસ જાણીને ક્ષમા કરવી યોગ્ય છે. આપ સમર્થ પુરૂષ ભગવાનને હું પ્રણામ કરૂં છું. ૩૦

શુકદેવજી કહે છે—હે પરીક્ષિત ! જગતમાં મંગળકારી ભગવાનના નામનું કીર્તન મહા પાપનું પણ ભારે પ્રાયશ્ચિત છે. ૩૧ ભગવાનનાં ઉત્તમ ચરિત્રો નિરંતર સાંભળવાથી તથા ગાવાથી પ્રાપ્ત થયેલી દૃઢ ભક્તિથી આત્મા જેવો શુદ્ધ થાય છે તેવો વ્રતાદિ કરવાથી થતો નથી. ૩૨ જેણે ભગવાનના ચરણ કમળનો સ્વાદ લીધો છે. તે મનુષ્ય તો દુઃખદાયી વિષયોનો ત્યાગ કરીને ફરીથી તેઓના ઉપર પ્રીતિ કરતા નથી, અને અભક્ત મનુષ્ય તો તૃષ્ણાથી પરાભવ પામીને પોતાનાં પાપની નિવૃત્તિને માટે પાછો પ્રાયશ્ચિતરૂપ કર્મ કરે છે. તેથી ફરીથી પાછી પાપના મૂળરૂપ વિષયોમાં આસક્તિ થાય છે. ૩૩ હે રાજા ! એ રીતે યમરાજાએ કહેલું ભગવાનનું મહાત્મ્ય સાંભળીને યમદૂતો વિસ્મય પામ્યા નહીં. પણ સાચું માનીને ત્યાર પછી ભગવાનના ભક્તોની સામે નજર કરતાં પણ ડરે છે. ૩૪ મહાત્મા અગસ્ત્ય મુનિએ મલયાચળ ઉપર બેસીને ભગવાનના ચરણોનો સ્પર્શ કરીને આ અજામિલનો ગુપ્ત ઇતિહાસ કહ્યો હતો. ૩૫

इतिहासमिमं गुह्यं भगवान्कुंभसंभवः॥
कथयामास मलय आसीनोहरि मर्चयन्॥३६॥

ઇતિ શ્રી ભાગવત પુરાણના ષષ્ઠ સ્કંધમાં "યમરાજાએ કહેલું ભગવન્નામ મહાત્મ્ય વર્ણન" નામનો ત્રીજો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૪ થો.

પ્રજાની સૃષ્ટિ રચવાને દક્ષે તપથી તથા હંસગુહ્ય સ્તોત્રથી ભગવાનની આરાધના કરી.

राजोवाच.

देवासुर नृणांसर्गो नागानां मृगपक्षिणाम् ॥ सामासिकस्त्वया प्रोक्तो यस्तुस्वायंभुवेंतरे ॥१॥

પરીક્ષિત રાજા પૂછે છે હે શુકમુનિ ! સ્વાયંભુવ મન્વંતરમાં દેવ, અસુર, નાગ, મનુષ્ય, મૃગ અને પક્ષીઓની જે સૃષ્ટિ આપે ટુંકાણમાં કહી, તેનો વિસ્તાર તમારી પાસે સારી રીતે જાણવાને ઇચ્છું છું. તેમજ બ્રહ્માએ જે શક્તિથી જે પ્રમાણે સૃષ્ટિ રચી તેને તથા તેની રીતિને અને પાછળથી થયેલી સૃષ્ટિને પણ હું જાણવાની ઇચ્છા રાખું છું. ૧-૨

સૂતજી કહે છે—હે મુનીશ્વરો ! મહાયોગી શુકદેવજી આવી રીતના પરીક્ષિત રાજાના પ્રશ્ન સાંભળી તેનાં વખાણ કરીને બોલ્યા ૩

શ્રી શુકદેવજી કહે છે– હે રાજન્ ! જ્યારે પ્રાચીન બર્હિષ રાજાના પ્રચેતા નામના દશ પુત્રો સમુદ્રમાંથી બહાર નીકળ્યા ત્યારે તેઓએ પૃથ્વીને વૃક્ષોથી ઢંકાઇ ગયેલી જોઇ. ૪ તેથી તપના પ્રભાવથી વધેલા ક્રોધવાળા પ્રચેતાઓએ વૃક્ષો ઉપર ક્રોધ કરી તેઓને બાળી નાંખવાની ઇચ્છાથી પોતાના મુખમાંથી વાયુને અને અગ્નિને પ્રકટ કર્યા. ૫ હે પરીક્ષિત ! એ વાયુ તથા અગ્નિથી વૃક્ષો બળવા લાગ્યાં, તે જોઇને વનસ્પતિના રાજા ચંદ્રમા તેઓનો ક્રોધ શાંત કરવાને કહેવા લાગ્યા. ૬ હે મહા ભાગ્યવાનો ! તમારે આ ગરીબ વૃક્ષો ઉપર કોપ ન કરવો જોઇએ, કારણ કે તમે તો પ્રજાની વૃદ્ધિ કરનારા પ્રજાપતિઓ છો. ૭ પ્રજાપતિઓના પતિ, અવિનાશી અને સમર્થ ભગવાને પ્રજાઓને અન્નની સવડ કરી આપવા માટેજ વનસ્પતિ અને વૃક્ષો ઉત્પન્ન કર્યાં છે. ૮ જંગમ જીવોનું સ્થાવર જીવ અન્ન છે, પગથી ચાલનાર જીવોનું અન્ન પગ વગરના જીવો છે, હાથવાળા જીવોનું અન્ન હાથ વગરના જીવો છે, અને બે પગવાળા જીવોનું અન્ન ચાર પગવાળા જીવો છે. ૯ હે નિર્દોષી પ્રચેતાઓ ! તમારા પિતાએ અને બ્રહ્માએ આજ્ઞા આપી

છે કે-'તમે પ્રજા રચો' તેમ છતાં તમે પ્રજાના અન્નરૂપ વૃક્ષોને શા માટે બાળી નાંખવાને ઇચ્છો છો? ૧૦ તમે ક્રોધ શમાવી દો, અને તમારા પિતા, પિતામહ, તથા પ્રપિતામહ જે સત્પુરૂષોના માર્ગે ચાલ્યા છે, તે માર્ગે તમે ચાલો. ૧૧ બાળકોનું રક્ષણ કરનાર માતપિતા છે, નેત્રોનું રક્ષણ કરનાર પાંપણો છે, સ્ત્રીનો રક્ષક પતિ છે, ભિક્ષુકના રક્ષક ગૃહસ્થો છે, અજ્ઞાનીઓના રક્ષક જ્ઞાની છે, અને પ્રજાના રક્ષક પ્રજાપતિ છે. ૧૨ સર્વ પ્રાણીઓમાં ભગવાન અંતર્યામી રૂપે રહેલા છે, માટે સઘળું જગત ભગવાનના સ્થાનરૂપ છે, એમ જાણો. એમ જાણવાથીજ તમે ભગવાનને પ્રસન્ન કર્યા કહેવાશે. ૧૩ જે માણસ દેહમાં અકસ્માત ઉત્પન્ન થયેલા ભયંકર ક્રોધને આત્મવિચારથી શમાવી દે છે, તે સંસારના બંધનથી મુક્ત થઇ જાય છે. ૧૪ માટે હવે આ રાંક વૃક્ષોને બાળવાનું બંધ કરો અને બાકી રહેલાં વૃક્ષોનું તથા તમારૂં કલ્યાણ થાઓ, અને આ વૃક્ષોએ ઉછેરેલી કન્યાને તમારી સ્ત્રી કરો. ૧૫ હે રાજા! એ રીતે ચંદ્રમા તેઓને શાંત કરીને તથા અપ્સરાની રૂપાળી કન્યા તેઓને આપીને ત્યાંથી ગયા, અને પ્રચેતાઓ ધર્મ પ્રમાણે તે કન્યાને પરણ્યા. ૧૬ પ્રચેતાઓને એ સ્ત્રીથી દક્ષ નામનો પુત્ર થયો, તેની પ્રજાની રચનાથી ત્રૈલોક્ય ભરાઇ ગયું છે. ૧૭ હવે પુત્રીઓ ઉપર પ્રીતિવાળા દક્ષે વીર્યથી અને મનથી જે રીતે પ્રાણીઓને રચ્યાં તે હું કહું છું, સાવધાન થઇને સાંભળો. ૧૮ પ્રથમ તો દક્ષે મનથીજ જળ, સ્થળ તથા આકાશમાં રહેનારી અનેક પ્રકારની પ્રજા તથા દેવતા, દૈત્ય અને મનુષ્ય વિગેરે ઉત્પન્ન કર્યાં. ૧૯ પરંતુ તે પ્રજાની સૃષ્ટિ વૃદ્ધિ ન પામી, તેથી દક્ષ પ્રજાપતિ વિંધ્યાચળની પાસેના વનમાં જઇને દુશ્કર તપ કરવા લાગ્યા. ૨૦ ત્યાં પાપનો નાશ કરનારૂં એક અઘમર્ષણ નામનું ઉત્તમ તીર્થ છે, તેમાં ત્રણે કાળ સ્નાન કરી તપ વડે શ્રી હરિને પ્રસન્ન કર્યા હતા, તે હંસગુહ્ય નામનું સ્તોત્ર હું તમને કહું છું. ૨૧-૨૨

દક્ષ પ્રજાપતિ સ્તુતિ કરેછે—સકળ જ્ઞાનવાળા, જીવ તથા માયાના નિયંતા, પ્રમાણરહિત, સ્વયંપ્રકાશ અને દેહાદિકને સત્ય માનનારા જીવો જેના સ્વરૂપને જાણતા નથી, એવા સર્વોત્તમ સ્વયંભુ ભગવાનને નમસ્કાર કરૂં છું. ૨૩ રૂપાદિક વિષયો જેમ પોતાના મિત્ર ચક્ષુરાદિક ઇંદ્રિયોના પ્રકાશપણાને જાણતા નથી, તેમ જીવ આ શરીરમાં રહ્યા છતાં પણ પોતાની સાથે રહેનારા પ્રપંચના દ્રષ્ટા, પોતાના મિત્ર અને અંતર્યામીની મિત્રતાને (ઇંદ્રિયોના પ્રવર્તકપણાને) જાણતો નથી, તે મહેશ્વરને હું નમસ્કાર કરૂં છું. ૨૪ દેહ, પ્રાણ, ઇંદ્રિયો, અંતઃકરણ, પાંચ મહાભુતો તથા તેના શબ્દાદિક વિષયો એ સર્વ પોતપોતાને જણાવનારા ઇંદ્રિયોને અને તેના નિયંતા દેવોને જાણતા નથી. અને જીવ તો એ ત્રણેને તથા તેના મૂળ ગુણોને પણ જાણે છે, તોપણ તે સર્વજ્ઞ અને અનંત ભગવાનને જાણતો નથી, તે ભગવાનની હું સ્તુતિ કરૂં છું. ૨૫ નામ અને રૂપને જણાવનારૂં મન જ્યારે સમાધિ અવસ્થામાં સંસારનાં દર્શન અને સ્મરણનો નાશ થવાથી શાંત થઇ જાય છે, ત્યારે તે પરમાત્મા કેવળ પોતાના સ્વરૂપથીજ જણાયછે, તે શુદ્ધ તથા શુદ્ધ મનમાં વસનારા પરમાત્માને હું નમસ્કાર કરૂં છું. ૨૬ યજ્ઞ કરનારા લોકો સામધેની નામના પંદર મંત્રોથી પ્રકાશ કરનારા અલૌકિક અગ્નિને જેમ અરણીમાંથી ખેંચી કાઢેછે, તેમજ બ્રહ્મવેત્તાપુરૂષો પ્રકૃતિ, પુરૂષ, મહત્તત્વ, અહંકાર, પાંચ વિષયો, ત્રણ ગુણ, અગીયાર ઇંદ્રિયો અને પાંચ મહાભૂતરૂપી પોતાની શક્તિઓથી ઢંકાઇ રહેલા પરમાત્માને વિચારથી હૃદયમાં સ્થિર કરીને બહાર કાઢેછે. ૨૭ સર્વ પ્રકારની માયાનો નિષેધ કરતાં કૈવલ્ય સુખથી જાણવામાં આવતા સર્વનામી, સર્વરૂપી, અને જેની માયાશક્તિનું સત્ અને અસત્પણાથી નિરૂપણ થઇ શકતું નથી, એવા વિશ્વરૂપ ભગવાન મારા ઉપર પ્રસન્ન થાઓ. ૨૮ વચનથી કહેવામાં આવેછે તે, ઇંદ્રિયોથી ગ્રહણ કરવામાં આવેછે તે, અને મનથી સં-

કલ્પ કરવામાં આવે છે તે, એ સર્વ ભગવાનનું સ્વરૂપ નથી, કેમકે એ સર્વ ગુણોનુંજ સ્વરૂપ છે. ભગવાન તો ગુણોના પ્રલયથી અને ઉત્પત્તિથી જાણવામાં આવે છે, જો ચૈતન્યરૂપ અધિષ્ઠાન ન હોય તો સૃષ્ટિ અથવા પ્રલય થવાનો સંભવ નથી. ૨૯ જેમાં જગત રહ્યું છે તે બ્રહ્મ છે, જેમાંથી જગત ઉત્પન્ન થાય છે તે બ્રહ્મ છે, જેનું જગત થાય છે તે બ્રહ્મ છે, જેના માટે જગત થાય છે તે બ્રહ્મ છે, જે કરવામાં આવે છે તે બ્રહ્મ છે, જે કરે છે તે બ્રહ્મ છે, ક્રિયાને માટે જેને પ્રેરણા કરવામાં આવે છે તે બ્રહ્મ છે, ક્રિયા વગેરેના સંબંધ અને પ્રકાર છે તે બ્રહ્મ છે, તે સર્વનું કારણ છે, સર્વથી પ્રથમ પ્રસિદ્ધ છે, પ્રથમથી અને પાછળથી ઉત્પન્ન થયેલા સર્વ પદાર્થોનું એ મૂળ છે, એનાથી જુદું કાંઇપણ નથી અને સજાતીય પણ કાંઇ નથી. ૩૦ જ્યારે સર્વનું કારણ બ્રહ્મ છે, ત્યારે મિમાંસકો વગેરે "આ જગત સર્વદા આવું ને આવુંજ રહે છે, કોઇ દહાડો આ જગત નહતું એમ નથી" આમ બોલીને શા માટે વિવાદ કરે છે ? એમ શંકા થાય તો તેનું સમાધાન એ છે કે-વિવાદ કરનારા લોકોમાં જે કાંઇ વિવાદ છે અને એક મત છે, તે સર્વ પરમાત્માની માયા તથા અવિદ્યાની શક્તિઓથી થાય છે. જેમની માયાની શક્તિઓ તેઓને વારંવાર મોહિત કરે છે, તે અનંત ગુણવાળા પરબ્રહ્મને હું નમસ્કાર કરૂંછું. ૩૧ યોગશાસ્ત્રમાં ભગવાનને અવયવ રહિત ઠરાવેલા છે, તો આ પરસ્પર વિરૂદ્ધ વિવાદ ભગવાનના અવયવોના વિષયમાંજ છે, પણ ભગવાનના સ્વરૂપમાં નથી. આ પ્રમાણે ભગવાનનું સ્વરૂપ વિવાદના વિષયનું અધિષ્ઠાન છે. કારણ કે અધિષ્ઠાન વગર અવયવોની કલ્પના અને અવયવોનો નિષેધ થઇ શકતો નથી, માટે વિધિ અને નિષેધ એ બન્નેના આશ્રયરૂપ, બન્નેને અનુકુળ, બન્નેથી ભિન્ન અને બન્નેમાં સમાન રહેનારા ભગવાન છે તેજ પરબ્રહ્મ છે. ૩૨ જે અનંત ભગવાન પોતે નામ તથા રૂપથી રહિત છે, તે પોતાના ચરણ કમળની ભક્તિ કરનારાઓની ઉપર અનુગ્રહ કરવા માટે પૃથક પૃથક જન્મ ધારણ કરીને અને કર્મ કરીને, નામો અને રૂપોને ધારણ કરે છે, તે પરબ્રહ્મ ભગવાન મારા ઉપર પ્રસન્ન થાઓ. ૩૩ વાયુ એકજ છે, પરંતુ જેમ જુદાં જુદાં ફુલ વગેરેના સંબંધથી અનેક પ્રકારના ગંધવાળો થાય છે, અને જુદા જુદા રંગની ધુળના સંબંધથી અનેક રૂપવાળો દેખાય છે, તેમજ એકજ અંતર્યામી ભગવાન જુદી જુદી ઉપાસનાઓથી અનેક દેવતારૂપે જાણવામાં આવે છે, તે ઈશ્વર મારા મનોરથ પૂર્ણ કરો. ૩૪

શ્રી શુકદેવજી કહે છે—હે કુરૂવંશના શ્રેષ્ઠ રાજા ! એ પ્રમાણે દક્ષે સ્તુતિ કરતાં ભક્તવત્સળ ભગવાન તે અઘમર્ષણ તીર્થમાં પ્રગટ થયા. ૩૫ એ સમયે ભગવાન ગરૂડની ખાંધ ઉપર બિરાજ્યા હતા, મોટી અને લાંબી આઠ ભુજાઓ શોભતી હતી, અને ભુજાઓમાં શંખ, ચક્ર, ખડ્ગ, ઢાલ, ધનુષ્ય, બાણ, પાશ અને ગદા ધારણ કરી હતી. ૩૬ પીળાં વસ્ત્ર પેહેર્યાં હતાં, મેઘ જેવી શ્યામ કાન્તિ હતી, મુખ તથા નેત્ર પ્રસન્ન હતાં, વનમાળાથી શરીર ઢંકાઇ ગયું હતું, શ્રીવત્સ તથા કૌસ્તુભમણિથી વક્ષઃસ્થળ શોભી રહ્યું હતું. ૩૭ માથે મોટો મુગટ તથા હાથમાં કડાં પેહેર્યાં હતાં, કાનમાં મકરાકૃતિ કુંડળ શોભી રહ્યાં હતાં, વળી કટિમેખળા, વીંટી, કંકણ, ઝાંઝર અને બાજુબંધથી શોભી રહ્યા હતા. ૩૮ ત્રિલોકને મોહ પમાડે એવું રૂપ ધારણ કરેલા, નારદ અને નંદ વગેરે પાર્ષદોથી ઘેરાયલા, દેવતાઓનાં યુથોથી સ્તુતિ કરાતા, સિદ્ધ ગંધર્વ અને ચારણોથી ગાન તથા સ્તુતિ કરાતા ત્રિલોકનાથનું અદ્ભૂત રૂપ જોઇને દક્ષપ્રજાપતિ બહુજ પ્રસન્ન થયા અને પૃથ્વી ઉપર પડીને દંડવત પ્રણામ કર્યા. ૩૯-૪૦ તે સમયે પાણીના પ્રવાહથી જેમ નદીઓ ભરાઇ જાય તેમ ઘણા આનંદથી ઇંદ્રિયો ભરાઇ ગઇ, તેથી દક્ષ કાંઈ પણ બોલી શકયા નહી. ૪૧ ત્યારે સર્વ પ્રાણીઓના મનની ઇચ્છાને જાણનારા ભગવાન, પ્રણામ

કરીને ઊભેલા અને પ્રજાની ઇચ્છાવાળા દક્ષને કહેવા લાગ્યા. ૪૨

શ્રી ભગવાન્ બોલ્યા—હે મહાભાગ્યવાન પ્રચેતાઓના પુત્ર! તું તપ વડે સિદ્ધ થયો છે, કેમકે તેં પરિપૂર્ણ શ્રદ્ધાથી મારી દૃઢ ભક્તિ સંપાદન કરી છે. ૪૩ હે પ્રજાપતિ! તારૂં તપ પ્રજાની વૃદ્ધિને માટે છે તેથી હું તારા ઉપર પ્રસન્ન થયોછું, પ્રાણીઓની વૃદ્ધિ થાય એવી મારી ઈચ્છા છે. ૪૪ બ્રહ્મા, શંકર, તમે પ્રજાપતિ. મનુ અને લોકપાળ એ સર્વે જગતની ઉત્પત્તિ કરનાર મારી વિભુતિઓ છે. ૪૫ યમ નિયમથી ધ્યાન કરવું એ મારૂં હૃદય છે, મંત્રનો જપ એ મારો દેહ છે, ક્રિયા એ મારી આકૃતિ છે, યજ્ઞો મારૂં મન છે અને દેવતાઓ મારા પ્રાણરૂપ છે. ૪૬ સૃષ્ટિના આરંભમાં હુંજ હતો, અંદર તેમ બહાર બીજું કાંઇ પણ નહતું, તે સમયે ચૈતન્ય માત્ર, ઇંદ્રિયોથી ન જાણી શકાય એવું અને ચારે તરફથી નિદ્રાવશ હોય એવું મારૂ સ્વરૂપ હતું. ૪૭ પછી અનંત તથા અનંત ગુણવાળા મારા સ્વરૂપમાંથી બ્રહ્માંડ ઉત્પન્ન થયું, તેજ સમયે સર્વના આદિ અજન્મા બ્રહ્મા ઉત્પન્ન થયા. ૪૮ એ મારી શક્તિથી ઉત્પન્ન થયેલા બ્રહ્માએ સૃષ્ટિ રચવાની તૈયારી કરી, પણ પોતાના આત્માને અશક્ત જાણ્યો. ૪૯ તેથી મારી પ્રેરણાથી તેમણે ઉગ્રતપ કર્યું. એ તપના પ્રભાવથી તેમણે તમો નવ પ્રજાપતિઓને ઉત્પન્ન કર્યા. ૫૦ હે દક્ષ! આ પંચજન નામના પ્રજાપતિની અસિકની નામની કન્યાને સ્ત્રી તરિકે ગ્રહણ કર. ૫૧ તું મૈથુન ધર્મવાળો છે અને આ સ્ત્રી પણ મૈથુન ધર્મવાળી છે, માટે તેનાથી તું સૃષ્ટિનો ઘણો વધારો કરીશ. ૫૨ તારા પછીની સઘળી પ્રજા મારી માયાવડે મૈથુન ધર્મથીજ ઉત્પન્ન થશે, અને મારી ભક્તિ કરશે. ૫૩

શ્રી શુકદેવજી કહે છે—એ પ્રમાણે ત્રિલોકને પાળનારા શ્રી હરિએ દક્ષને કહ્યું. પછી તે તેના દેખતાંજ સ્વપ્નમાં જોયેલા પદાર્થની પેઠે ત્યાંજ અંતર્ધાન થઇ ગયા. ૫૪

इत्युक्त्वा मिषतस्तस्य भगवान् विश्वभावनः॥
स्वप्नोपलब्धार्थइव तत्रैवांतर्दधे हरिः॥५४॥

ઇતિશ્રી ભાગવત મહાપુરાણના ષષ્ટ સ્કંધમાં "દક્ષ સ્તુતિ વર્ણન" નામનો ૪ થો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૫ મો.

દક્ષના પુત્રોને અવળે માર્ગે ચઢાવ્યાથી દક્ષે નારદને શાપ આપ્યો.

॥ श्री शुकउवाच ॥

तस्यां स पांचजन्यां वै विष्णुमायोप बृंहितः॥
हर्यश्व संज्ञानयुतं पुत्रानजनयद्विभुः ॥१॥

શ્રી શુકદેવજી કહેછે—ભગવાનની માયાથી વૃદ્ધિ પામેલા એ દક્ષ પ્રજાપતિએ પંચજનની પુત્રી અસિકનીથી હર્યશ્વ નામના દશહજાર પુત્ર ઉત્પન્ન કર્યા. ૧ હે રાજા! એ સવ પુત્રો એકસરખા આચાર તથા સ્વભાવવાળા હતા, તેઓને દક્ષે સૃષ્ટિ કરવાની આજ્ઞા કરી, તેથી તેઓ પશ્ચિમ દિશામાં ગયા. ૨ ત્યાં સિદ્ધો તથા મુનિઓએ સેવેલું 'નારાયણસર' તીર્થ છે, ત્યાં આગળ સિંધુ નદીનો સમુદ્ર સાથે સંગમ થાયછે. ૩ એ તીર્થમાં સ્નાન કરવાથી તેઓના સર્વ દોષ દૂર થઇ ગયા, તેઓની મરજી પરમહંસનો ધર્મ પાળવાની હતી, પરંતુ પિતાની આજ્ઞા પ્રમાણે સૃષ્ટિની વૃદ્ધિ પ્રમાણે દારૂણ તપ કરવા લાગ્યા. એ રીતે તપ કરતા હર્યશ્વોને નારદજીએ દીઠા. ૪-૫ નારદજી બોલ્યા કે—હે હર્યશ્વો! તમે પ્રજાને પાળનારા છતાં અજ્ઞાની છો, તમે પૃથ્વીનો અંત પણ જોયો નથી, તો તમે શી રીતે પ્રજાને સરજશો? ૬ વળી એક પુરૂષવાળો દેશ જેમાંથી નીકળવાનો માર્ગ જડે નહી એવી ગુફા, અનેક પ્રકારનાં રૂપ ધારણ કરનારી સ્ત્રી, વ્યભિચારિણીનો પતિ, બે તરફ વહેનારી નદી, પચીશ વસ્તુઓથી બનેલું અદ્ભૂત ઘર, કોઇવાર વિચિત્ર કથા કરનો હંસ, પોતાની મેળે ફ-

રતું અને અસ્ત્ર તથા વજ્રોથી બનેલું તીક્ષ્ણ ચક્ર, અને પોતાના સવજ્ઞ પિતાની આજ્ઞા, એ દશ વસ્તુને જાણ્યા વિના તમે મુખાઓ શી રીતે સૃષ્ટિ રચશો. ૭-૮-૯

એ પ્રમાણે નારદનું કહેવું સાંભળીને હર્યશ્વો નારદની કપટ ભરેલી વાણી વિષે પોતાની બુદ્ધિથી વિચાર કરવા લાગ્યા કે.—૧૦ અનાદિ અને આત્માને જન્મ આપનારૂં જે લિંગ શરીર છે, તેનેજ પૃથ્વી જાણવી. તે લિંગ શરીરનો મોક્ષ કરવાનાં સાધનો જાણ્યા વિના મોક્ષમાં ઉપયોગી નહી એવાં કર્મો કરવાથી શું થવાનું છે? ૧૧ સર્વના સાક્ષી, પોતાનોજ આશ્રય કરનારા, સર્વથી પર અને સર્વગુણસંપન્ન એક ઇશ્વર જ આ દેહરૂપી દેશમાં રહેછે, એ નિત્યમુક્ત પુરૂષને જોયા વિના તેને અર્પણ નહિ કરવામાં આવતાં કર્મ કરવાથી શું ફળ છે? ૧૨ જેમ પાતાળરૂપ ગુફામાં ગયેલો મનુષ્ય પાછો આવતો નથી, તેમ જે સ્વયંપ્રકાશ પરબ્રહ્મને પોહોંચીને પાછું અવાતું નથી એ પરબ્રહ્મરૂપી ગુફાને જાણ્યાવિના નાશવંત સ્વર્ગાદિકનાં સાધનરૂપ કર્મ કરવાથી શું ફળ છે? ૧૩ અનેક પ્રકારનાં રૂપ અને ગુણવાળી પોતાની બુદ્ધિ જ વ્યભિચારી સ્ત્રી છે, તેના વિવેકને જાણ્યા વિના ઉગ્ર કર્મ કરવાથી શું ફળ છે? ૧૪ વ્યભિચારિણી સ્ત્રીના પતિની પેઠે જીવ વ્યભિચારી બુદ્ધિએ આપેલાં સુખદુઃખ ભોગવેછે, અને તેના સંગથી પોતાની સ્વતંત્રતા ખોઇ બેસે છે, તેને જાણ્યા વિના બુદ્ધિના અવિવેકથી કરેલાં કર્મોથી શું ફળ થવાનું છે? ૧૫ બે તરફ વેહેનારી જે નદી કહી તે માયા જાણવી, તે સૃષ્ટિની ઉત્પત્તિ અને પ્રલય એ કામ કરેછે; અને આ ભવસાગરમાં પડેલા લોકોને નીકળવાના સ્થાનરૂપ તપ, વિદ્યા, વગેરેનો કામ ક્રોધાદિથી અટકાવ કરનારી છે, આવી માયાને નહી જાણનારા અસાવધ પુરૂષને માયિકકર્મ કરવાથી શું ફળ છે? ૧૬ કાર્ય તથા કારણથી બનેલા શરીરનો અધિષ્ઠાતા અંતર્યામી પુરૂષ જ પચીશ તત્ત્વોના આશ્રયરૂપ ઘર છે, તેને જાણ્યાવિના મિથ્યા સ્વતંત્રતા માનીને કરેલાં કર્મોથી શું ફળ છે? ૧૭ ઇશ્વરનું પ્રતિપાદન કરનારાં શાસ્ત્રો હંસરૂપ છે, હંસ જેમ દૂધ અને પાણીને જૂદાં પાડેછે, તેમ એ શાસ્ત્ર જડ અને ચૈતન્યને જુદાં પાડેછે, અને બંધ તથા મોક્ષ સંબંધી ઉપદેશ કરેછે, માટે એવાં શાસ્ત્રોનો અભ્યાસ કર્યા વગર બહિર્મુખ કર્મો કરવાથી શું ફળ થવાનું? ૧૮ પોતાની મેળે ફરનારૂં ચક્ર કહ્યું તે કાળચક્ર સમજવું. તે સઘળા જગતને ખેંચી જાયછે, તીક્ષ્ણ છે અને સ્વતંત્ર છે, તેને જાણ્યાવિના વિઘ્નવાળાં કર્મો કરવાથી શું ફળ છે? ૧૯ મનુષ્ય નિવૃત્તિ માર્ગને યોગ્ય છે, તેને શાસ્ત્રરૂપ પિતા નિવૃત્તિને માટે આજ્ઞા કરેછે, તેને જાણ્યા વિના પ્રવૃત્તિ માર્ગ ઉપર વિશ્વાસ રાખીને સૃષ્ટિ રચવામાં શા માટે ગુંથાવું જોઇએ? ૨૦

શ્રી શુકદેવજી કહેછે—હે રાજા! આ પ્રમાણે નિશ્ચય કરીને તે હર્યશ્વો એક મનના થઇ, નારદને પ્રદક્ષિણા કરીને નિવૃત્તિના માર્ગ તરફ ચાલ્યા. ૨૧ અને નારદજી સ્વરબ્રહ્મમાં પ્રકાશતા ભગવાનનાં ચરણારવિંદમાં મનને અખંડિત જોડીને લોકોમાં વિચરવા લાગ્યા. ૨૨ નારદજીએ ઉત્તમ સ્વભાવવાળા પુત્રોને ખરાબ કર્યા, તેથી "ઉત્તમ પ્રજા શોકનું પાત્ર થઇ પડેછે" એમ કહીને શોક કરતા દક્ષ પ્રજાપતિ મનમાં દુઃખી થવા લાગ્યા. ૨૩ પછી બ્રહ્માએ આવીને તેમને શાંત કર્યા. ત્યાર પછી તેમણે પોતાની સ્ત્રીમાં શબલાશ્વ નામના બીજા એક હજાર પુત્રો ઉત્પન્ન કર્યા. ૨૪ એ સબલાશ્વ પણ પિતાની આજ્ઞા પ્રમાણે સૃષ્ટિ રચવા માટે યમનિયમ ધારણ કરીને જ્યાં આગળ પોતાના મોટા ભાઇઓ સિદ્ધિ પામ્યા હતા તે નારાયણસરમાં ગયા. ૨૫ ત્યાં સ્નાન કરવાથી નિર્મળ થયેલાં અંતઃકરણવાળા સંબલાશ્વ ૐકારનો જપ કરતા ભારે તપશ્ચર્યા કરવા લાગ્યા. ૨૬ કેટલાક મહિના સુધી કેવળ પાણી પીને અને કેટલાક મહિના સુધી કેવળ વાયુનો આહાર કરીને રહ્યા. અને નીચે લખેલા મંત્રનો જપ કરીને ભગવાનની આરાધના કરવા લાગ્યા. ૨૭

" ॐ नमो नारायणाय पुरुषाय महात्मने वि शुद्धसत्वधिष्ण्याय महाहंसाय धीमहि " ॥ મહાત્મા પુરૂષ નારાયણને અમે નમસ્કાર કરીએ છીએ, અને શુદ્ધ સત્વગુણના આશ્રય રૂપ તે પરમહંસ ભગવાનનું ધ્યાન કરીએ છીએ. ૨૭ હે રાજા ! સૃષ્ટિ રચવાની ઇચ્છાવાળા એ સબલાશ્વ નામના દક્ષના પુત્રોની પાસે નારદજીએ આવીને પ્રથમની પેઠે ખોટાં વચનો કહ્યાં કે–૨૯ " હે દક્ષના પુત્રો હું તમને ઉપદેશ કરૂં છું તે સાંભળો. તમે તમારા ભાઇઓની ઉપર પ્રેમ રાખનારા છો, માટે તમે તમારા ભાઇના માર્ગને અનુસરો. ૩૦ ધર્મજ્ઞ ભાઇ પોતાના ભાઇને માર્ગે ચાલેછે,તે પોતાના પુણ્યની સ્હાયતાથી મરૂતદેવનાં સાથે આનંદથી રહે છે. " ૩૧ હે રાજન્ ! એ પ્રમાણે કહીને સફળ દર્શનવાળા નારદજી ત્યાંથી ચાલ્યા ગયા, અને સબલાશ્વો પોતાના ભાઇના માર્ગ પ્રમાણે ચાલવા લાગ્યા. ૩૨ એ રીતે ઉત્તમોત્તમ તથા અંતર્વૃત્તિથી મળનારા પરબ્રહ્મના માર્ગને અનુસરનારા સબલાશ્વો વીતી ગયેલી રાત્રિયોની પેઠે આજસુધી પણ પાછા ફર્યા નથી. ૩૩ એ સમયમાં ઘણા ઉત્પાતો જોઇને તથા પ્રથમની પેઠે નારદજીએ પુત્રોને ખરાબ કર્યાની વાત સાંભળીને પુત્રોના શોકથી ઘેરાઇને ક્રોધથી હોઠ ફરકાવતા દક્ષપ્રજાપતિ નારદજીને કહેવા લાગ્યા. ૩૪–૩૫

દક્ષ કહે છે—અરે ! સત્પુરૂષનો વેષ ધરનાર દુષ્ટ ! તેં મારા સદાચારી પુત્રોને ભિક્ષુકને માર્ગે ચઢાવી દઇને તેઓનું ભુંડું કર્યું છે. ૩૬ ત્રણ ઋણોથી* નહી છુટેલા અને જેઓએ કર્મ માર્ગનો વિચાર પણ કર્યો નથી, એવા મારા પુત્રોના આ લોકના અને પરલોકના કલ્યાણનો તેં નાશ કર્યો છે. ૩૭ આ પ્રમાણે તું નિર્દય, બાળકોની બુદ્ધિને ફેરવી નાંખનારો, ભગવાનની કીર્તિનો નાશ કરનારો અને નિર્લજ્જ છતાં ભગવાનના પાર્ષદોની સાથે ફરે છે. ૩૮ ભગવાનના બીજા ભક્તો તો પ્રાણીઓ ઉપર અનુગ્રહ કરે છે પણ તું તો સ્નેહનો ભંગ કરનારો અને વિનાકારણ વૈર કરાવનારો છે. ૩૯ સ્નેહરૂપી બંધન એક ઉપશમથીજ નાશ પામે છે એમ તું માનતો હોય, તો તું પોતેજ મિથ્યાજ્ઞાનીનો વેશ ધરીને ફરનારો છે, તેથી તારા ઠગાઇ ભરેલા ઉપદેશથી પુરૂષોને વૈરાગ્ય થાયજ નહી. ૪૦ કેમકે વિષયોનો અનુભવ કર્યા વિના 'વિષયો દુઃખદાયી છે' એમ પુરૂષ જાણી શકતો નથી. માટે વિષયોનાં દુઃખ ભોગવ્યાથી તેના ઉપર જેવો વૈરાગ્ય થાય છે, તેવો વૈરાગ્ય બીજાએ ભમાવવાથી થતો નથી. ૪૧ અમે કર્મની મર્યાદાવાળા સદ્ગુણી ગૃહસ્થ છીએ, તેનું તે પ્રથમ પણ એકવાર સહન ન થઇ શકે એવું ભુંડું કર્યું હતું, તે પણ અમે સહન કર્યું હતું. ૪૨ પરતુ હે સંતાનનો નાશ કરનારા દુષ્ટ ! એટલાથી તે સંતોષ નહી પામતાં બીજીવાર પણ મારૂં ભુંડું કર્યું, માટે 'તું લોકમાં ભટક્યા કર અને ઠરીને બેસવા ન પામ.' ૪૩

શ્રી શુકદેવજી કહે છે—સત્પુરૂષોમાં માન પામેલા નારદજીએ દક્ષના એ શાપનો સ્વીકાર કર્યો, કારણ કે સામો શાપ આપવાનું સામર્થ્ય છતાં સહન કરી રહેવું એ સત્પુરૂષોની રીતિ છે. ૪૪

प्रतिजग्राह तद्वाढं नारदः साधु संमतः॥
एतावान्साधुवादोहि तितिक्षेतेश्वरःस्वयम् ॥

ઇતિ શ્રી ભાગવત પુરાણના ષષ્ઠ સ્કંધમાં " નારદ શાપ વર્ણન " નામનો ૫ મો અધ્યાય સંપૂર્ણ.

---

* દેવઋણ, પિતૃઋણ અને ઋષિઋણ એ ત્રણ પ્રકારનું ઋણ છે, તે અનુક્રમે યજ્ઞ કરવાથી, પુત્ર ઉત્પન્ન કરવાથી અને વિદ્યાભ્યાસથી છુટે છે. એ ત્રણ ઋણથી છુટ્યા વિના જે સંન્યાસ લે છે તે નરકે જાયછે. (મનુસ્મૃતિ.)

અધ્યાય ૬ ઠો.

દક્ષની સાઠ કન્યાઓના જૂદા જૂદા વંશો અને અદિતિના પુત્રથી વિશ્વરૂપનો જન્મ.

॥ श्री शुकउवाच ॥

ततः प्राचेतसोऽसिक्न्या मनुनातः स्वयंभुवाः
षष्ठिं संजनयामास दुहितृः पितृवत्सलाः ॥

શ્રી શુકદેવજી કહે છે—ત્યાર પછી દક્ષે અસિક્ની નામની સ્ત્રીમાં બ્રહ્માની આજ્ઞાથી સાઠ કન્યાઓ ઉત્પન્ન કરી, તે સર્વ પિતાની ઉપર સ્નેહ રાખનારી હતી. ૧ એ સાઠમાંથી દશ કન્યા ધર્મને, તેર કશ્યપને, સત્યાવીશ ચંદ્રમાને, બબ્બે ભુત, અંગિરા તથા કૃશાશ્વને અને બાકીની ચાર તાર્ક્ષ્યનામના કશ્યપને આપી. ૨ હવે તેનાં સંતાન સહિત નામ કહું છું તે સાંભળો. એ સંતાનની પરંપરાથી આ ત્રણે લોક ભરાઇ ગયા છે. ૩ ભાનુ, લંબા, કકુભ, જામિ, વિશ્વા, સાધ્યા, મરૂત્વતિ, વસુ, મુહુર્તા, અને સંકલ્પા; એ દશ ધર્મની સ્ત્રીઓ છે, હવે તેના પુત્રોનાં નામ સાંભળો. ૪ ભાનુને દેવઋષભ, અને દેવઋષભને ઇંદ્રસેન પુત્ર થયો; લંબાને વિદ્યોત, અને વિદ્યોતને સ્તનયિત્નુ પુત્ર થયો.૫ કકુભને સંકટ, સંકટને કીકટ અને કીકટને પૃથ્વીના કિલ્લાના અભિમાની દેવતાઓ ઉત્પન્ન થયા; જામિને સ્વર્ગ, અને સ્વર્ગને નંદી પુત્ર થયો. ૬ વિશ્વાને વિશ્વેદેવા નામના પુત્રો થયા, તેઓને કાંઇ પ્રજા થઇ નહતી; સાધ્યાને સાધ્ય નામના દેવગણો, અને તેઓને અર્થસિદ્ધિ નામના પુત્ર થયા. ૭ મરૂત્વતિને મરૂત્વાન તથા જયંત એ બે પુત્ર થયા, જયંત ભગવાનનો અંશ હોવાથી તેને ઉપેંદ્ર કહે છે.૮ મુહુર્તાને મૈહુર્તીક નામના પુત્રો થયા, તેઓ પ્રાણીઓને પોત પોતાના સમયનું ફળ આપે છે. ૯ સંકલ્પાને સંકલ્પ નામે પુત્ર થયો, તેને કામ નામનો પુત્ર થયો; વસુ નામની સ્ત્રીને આઠ વસુ નામના પુત્ર થયા, તેઓનાં નામ કહું છું તે સાંભળો. ૧૦ દ્રોણ, પ્રાણ, ધ્રુવ, અર્ક, અગ્નિ, દોષ, વસુ અને વિભાવસુ એ આઠ વસુ છે. દ્રોણને અભિમતિ નામની સ્ત્રીથી હર્ષ, શોક, અને ભય વગેરે પુત્ર થયા. ૧૧ પ્રાણને ઉર્જસ્વતી સ્ત્રીથી સહ, આયુ અને પુરોજવ એ ત્રણ પુત્ર થયા; ધ્રુવને ધરણી નામની સ્ત્રીથી અનેક પ્રકારના પુરના અભિમાની દેવતા નામે પુત્રો થયા. ૧૨ અર્કને વાસના નામની સ્ત્રીથી તર્ષ વગેરે પુત્રો થયા; અગ્નિને વસોર્ધારા નામની સ્ત્રીથી દ્રવિણક વગેરે પુત્ર થયા. ૧૩ કૃતિકાને સ્કંદ (કાર્તીકસ્વામી)* અને તેમને વિશાખ વગેરે પુત્રો થયા; દોષની શર્વરી નામની સ્ત્રીથી શિશુમાર નામનો પુત્ર થયો, તે ભગવાનનો અંશ હતો. ૧૪ વસુને આંગિરસી નામની સ્ત્રીથી શિલ્પ કળાના આચાર્ય વિશ્વકર્મા નામના પુત્ર થયા, તેમને ચાક્ષુષમનુ અને ચાક્ષુષને વિશ્વેદેવા તથા સાધ્યદેવો નામના પુત્રો થયા. ૧૫ વિભાવસુને ઉષા નામે સ્ત્રી હતી, તેને વ્યુષ્ટ, રોચિષ અને આતપ એ નામના ત્રણ પુત્રો થયા; આતપને પંચયામ (દિવસનો અભિમાની દેવ) નામનો પુત્ર થયો, તેને લીધે સર્વ પ્રાણી પોતપોતાનાં કામોમાં વળગે છે. ૧૬ ભુતને બે સ્ત્રીઓ હતી, તેમાંની સરૂપા નામની સ્ત્રીથી રૂદ્ર નામના કરોડો પુત્ર ઉત્પન્ન થયા, તેમાં અગીયાર રૂદ્ર મુખ્ય છે, તેઓનાં નામ રૈવત, અજ, ભવ, ભીમ, વામ, ઉગ્ર, વૃષાકપિ, અજૈકપાદ, અહિર્બુધ્ન્ય, બહુરૂપ અને મહાન છે. ભુતની બીજી સ્ત્રીથી ભયંકર ભૂતો તથા વિનાયક વગેરે રૂદ્રગણના પાર્ષદો ઉત્પન્ન થયા. ૧૭ ૧૮ પ્રજાપતિ અંગિરાની એક સ્વધા નામની સ્ત્રીએ પિતૃઓને પુત્ર કરી રાખ્યા અને બીજી સતી નામની સ્ત્રીએ અથર્વણ વેદને પુત્ર કર્યો હતો.૧૯ કૃશાશ્વની એક અર્ચિષ નામની સ્ત્રીથી ધૂમ્રકેશ અને બીજી ધિષણા નામની સ્ત્રીથી વેદશિરા, દેવલ, વયુન અને મનુ નામના પુત્રો થયા. ૨૦ દક્ષના જમાઇ તાર્ક્ષ્યને વિનતા, કદ્રુ, પતંગી અને યામિની નામની

ચાર સ્ત્રીઓ હતી, તેમાં પતંગીએ પક્ષીઓ ઉત્પન્ન કર્યાં, યામિનીએ તીડોને ઉત્પન્ન કર્યાં, સુપર્ણા ઉર્ફે વિનતાને યજ્ઞસ્વરૂપ વિષ્ણુ ભગવાનનું વાહન ગરૂડ તથા સૂર્યના સારથિ અરૂણ નામના પુત્ર થયા. અને કદ્રુએ અનેક નાગ ઉત્પન્ન કર્યા. ૨૨ હે પરીક્ષિત રાજા! ચંદ્રમાને કૃતિકાઆદિ સત્યાવીશ નક્ષત્ર સ્ત્રીઓ છે. પરંતુ દક્ષના શાપથી ચંદ્રને ક્ષયરોગ થવાથી તે સદા પીડાતો રહે છે તેથી તેને કાંઈ પણ સંતાન થયું નથી. ૨૩ ચંદ્રમાએ ફરીથી દક્ષને પ્રસન્ન કરીને ક્ષયરોગથી ખંડિત થયેલી પોતાની કળાને પાછી મેળવી, તોપણ પુત્ર ન થયો. હવે જગતની માતા ગણાતી કશ્યપની સ્ત્રીઓનાં કલ્યાણકારી નામો કહું છું તે સાંભળો. ૨૪ કશ્યપની તેર સ્ત્રીઓથી આ જગત ઉત્પન્ન થયું છે. અદિતિ. દિતિ, દનુ, કાષ્ઠા, અરિષ્ટા, સુરસા, ઈલા, મુનિ, ક્રોધવશા, તામ્રા, સુરભિ, સરમા અને તિમિ એ કશ્યપની સ્ત્રીઓ છે. ૨૫ તેમાં તિમિથી જળજંતુ ઉત્પન્ન થયાં, સરમાથી હિંસક પ્રાણી થયા, સુરભિથી ગાય ભેંસ વગેરે બે ખરીવાળાં પશુ ઉત્પન્ન થયાં. ૨૬ તામ્રાને બાજ, ગીધ વગેરે પુત્ર થયા, મુનિથી અપ્સરાઓ ઉત્પન્ન થઇ, ક્રોધવશાથી દંદશુક વગેરે સર્પ થયા. ૨૭ ઇલાથી સઘળી જાતનાં વૃક્ષો થયાં, સુરસાથી યક્ષો થયા, ૨૮ અરિષ્ટાથી ગંધર્વો થયા, કાષ્ઠાથી એક ખરીવાળાં પશુ થયાં. દનુને એકસઠ પુત્ર થયા, ૨૯ તેઓમાં દ્વિમુર્દ્ધા, શંબર, અરિષ્ટ, હયગ્રીવ, વિભાવસુ, અયોમુખ, શંકુશિરા, સ્વર્ભાનુ, કપિલ, અરૂણ, ૩૦ પુલોમા, વૃષપર્વા એકચક્ર, અનુતાપન, ધૂમ્રકેશ, વિરૂપાક્ષ, વિપ્રચિત્તિ અને દુર્જય એ મુખ્ય છે. ૩૧ સ્વર્ભાનુને સુપ્રભા નામની પુત્રી હતી, તેને નમુચિ પરણ્યો હતો, અને વૃષપર્વાની શર્મિષ્ઠા નામની પુત્રી સાથે નહુષનો પુત્ર મહાબળવાન યયાતિ રાજા પરણ્યો હતો. ૩૨ દનુનો પુત્ર વૈશ્વાનર હતો, તેને મનોહર રૂપવાળી ઉપદાનવી, હયશિરા, પુલોમા, અને કાલકા નામની ચાર કન્યાઓ હતી. તેમાંની ઉપદાનવી સાથે હિરણ્યાક્ષ, હયશિરા સાથે ક્રતુ, અને પુલોમા તથા કાલકા એ બેની સાથે કશ્યપ પ્રજાપતિ બ્રહ્માની આજ્ઞાથી પરણ્યા હતા. પુલોમા તથા કાલકાથી પૌલોમ તથા કાલકેય નામના બળવાન દૈત્યો ઉત્પન્ન થયા. ૩૫ હે રાજા! તેઓનાથી નિવાતકવચ નામના સાઠ હજાર દૈત્યો ઉત્પન્ન થયા, તેઓ યજ્ઞમાં વિઘ્ન કરતા હતા. તેથી જ્યારે તમારા દાદા અર્જુન સ્વર્ગમાં ગયા હતા, ત્યારે ઇંદ્રની આજ્ઞાથી તેને સારૂં લગાડવા માટે તેમણે એકલાએજ તે સાઠ હજાર દૈત્યોનો નાશ કર્યો હતો. ૩૬ વિપ્રચિત્તિને સિંહિકા નામની સ્ત્રીથી રાહુ તથા સો કેતુ ઉત્પન્ન થયા, તેમાંનો રાહુ પછવાડેથી ગ્રહપણું પામ્યો હતો. ૩૭ હવે અદિતિનો વંશ કહું છું તે સાંભળો. અદિતિના વંશમાં સાક્ષાત્ નારાયણ પોતાના અંશવડે અવતર્યા હતા. ૩૮ અદિતિને વિવસ્વાન, અર્યમા, પૂષા, ત્વષ્ટા, સવિતા, ભગ, ધાતા, વિધાતા, વરૂણ, મિત્ર, શક્ર (ઇંદ્ર), તથા ઉરૂક્રમ એ બાર પુત્રો થયા. ૩૯ તેમાંના વિવસ્વાનને સંજ્ઞા નામની સ્ત્રીથી શ્રાદ્ધદેવ નામનો મનુપુત્ર અને યમ તથા યમુના એ બે પુત્ર પુત્રીનું જોડલું ઉત્પન્ન થયું. એજ જોડલું ઘોડી રૂપે પૃથ્વી ઉપર આવતાં તેમાંથી સૂર્યના વીર્યવડે બે અશ્વિનીકુમારો ઉત્પન્ન થયા. ૪૦ વિવસ્વાનની છાયા નામની બીજી સ્ત્રીથી શનૈશ્ચર અને સાવરણી નામના મનુ અને તપતી નામની કન્યા ઉત્પન્ન થઇ, એ કન્યા સંવરણને પરણાવી હતી. ૪૧ અર્યમાને માતૃકા નામની સ્ત્રીથી ચર્ષણ નામના પુત્રો થયા, તેઓ દેહાભિમાની હોવાથી બ્રહ્માએ તેઓને મનુષ્ય જાતિમાં ગણ્યા છે. ૪૨ પૂષાએ દક્ષની ઉપર કોપેલા સદા શિવનું દાંત દેખાડીને હાસ્ય કર્યું હતું, તેથી શંકરના ગણોએ તેના દાંત તોડી નાંખ્યાથી તે લોટ ખાઇને રહે છે, તેને કાંઇ સંતાન નહતું. ૪૩ ત્વષ્ટાને દૈત્યોની નાની બેન રચના નામની સ્ત્રી હતી, તેનાથી તેને સંનિવેશ તથા વિશ્વરૂપ નામના પરાક્રમી પુત્ર થયા. ૪૪

વિશ્વરૂપ જોકે દૈત્યોનો દૌહિત્ર હતો, તોપણ જ્યારે બૃહસ્પતિએ દેવતા તરફથી અપમાન થવાથી દેવતાઓનો ત્યાગ કર્યો હતો, ત્યારે દેવતાઓએ વિશ્વરૂપને ગુરૂ બનાવ્યો હતો.૪૫

त वत्रिरे सुरगणा दौहित्रं द्विषतामपि ॥

विमतेन परित्यक्ता गुरुणाङ्गिरसेनयत् ॥

ઇતિશ્રી ભાગવત પુરાણના ષષ્ઠસ્કંધમાં "દક્ષકન્યાવંશ વર્ણન" નામનો છઠ્ઠો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૭ મો.

દેવતાઓની પ્રાર્થનાથી વિશ્વરૂપ તેઓનો પુરોહતિ થયો.

राजोवाच.

कस्यहेतोः परित्यक्ता आचार्येणात्मनःसुराः।

एतदाचक्ष्व भगवन् शिष्याणामक्रमं गुरौ ॥

પરીક્ષિત રાજા પુછે છે— હે ભગવન્! બૃહસ્પતિએ પોતાના શિષ્ય દેવતાઓનો ત્યાગ શા કારણથી કર્યો હતો? દેવતાઓએ ગુરૂનો શો અપરાધ કર્યો હતો? ૧

શ્રી શુકદેવજી કહેછે—હે રાજા! ત્રૈલોક્યના ઐશ્વર્યના મદથી ઇંદ્ર સન્માર્ગનું ઉલ્લંઘન કરવા લાગ્યો. એકવાર સભામાં મોટા ઇંદ્રાસનપર બેઠો હતો, ત્યારે વાયુદેવતાઓ, વસુઓ, રૂદ્રો, આદિત્યો, ઋભુદેવો, વિશ્વેદેવતાઓ, સાધ્યદેવો, અને અશ્વિનીકુમારો તેને વીંટાઇને બેઠા હતા, સિદ્ધ, ચારણ, ગંધર્વ, વેદ ભણનારા મુનિઓ, વિદ્યાધરો, અપ્સરાઓ, કિન્નરો, પક્ષીઓ, તથા સર્પો ઇંદ્રની સેવા તથા સ્તુતિ કરતા હતા. ૨-૩-૪ તેની પાસે સુંદર ગાયન ચાલી રહ્યું હતું, અને ચંદ્રમંડળ જેવું મનોહર શ્વેત છત્ર તેની ઉપર ધરેલું હતું.૫ ચક્રવર્તિ રાજાને ઘટતાં ચામર, પંખા વગેરે તેની ઉપર ઢળાતાં હતાં, અને જોડે અર્ધાસનપર ઇંદ્રાણી બેઠી હતી, તેથી તેની શોભા ઘણી વધી પડી હતી. ૬ એ વખતે દેવતાઓના અને પોતાના પરમગુરૂ બૃહસ્પતિ સભામાં પધાર્યા, તો પણ ઉભા થઇ તેમની સામા જઇ આસન આપીને ઇંદ્રે સત્કાર કર્યો નહી. ૭ દેવ દાનવોથી વંદાતા મોટા આચાર્ય બૃહસ્પતિને સભામાં પધારેલા જોયા, તો પણ ઇંદ્ર પોતાના આસનપરથી જરા પણ ઉભો ન થયો. ૮ તેથી મહાસમર્થ બૃહસ્પતિ' આને લક્ષ્મીનો મદ વધી ગયો છે' એમ જાણીને તરતજ પાછા ફરીને ઘેર ચાલ્યા ગયા. ૯ તે વખતે ગુરૂનો અપરાધ થયેલો જાણીને સભા વચ્ચે ઇંદ્ર પોતાના મુખથીજ પોતાને ધિક્કારવા લાગ્યો કે-૧૦ "અરેરે! મેં અલ્પ બુદ્ધિવાળાએ ઐશ્વર્યના મદથી સભા વચ્ચે ગુરૂનું અપમાન કર્યું એ બહુજ ભૂંડું કર્યું.૧૧ ત્રૈલોક્યાધિપતિની રાજ્યલક્ષ્મીની પણ કયો પંડિત ઇચ્છા કરે? કેમકે લક્ષ્મીવડે હું ઇંદ્ર સરખો પણ અસુરપણાને પામ્યો. ૧૨ ચક્રવર્તિ રાજા સિંહાસન ઉપર બેઠેલો હોય, તે સમયે તેણે કોઇની સામે ઉભા થવું નહિ, એમ જે કહે છે, તેઓ બરાબર ધર્મને જાણતા નથી. ૧૩ તેઓ અવળો માર્ગ દેખાડનારા નરકના અધિકારી છે, એવા લોકોનાં વચન ઉપર જે વિશ્વાસ રાખે છે, તે પથરાના વાહાણમાં બેશીને ભવસાગર તરવાને ઇચ્છે છે એમ જાણવું. ૧૪ માટે હું શઠપણું છોડી દઇ ગુરૂનાં ચરણ કમળમાં મસ્તક મૂકીને મહાબુદ્ધિશાળી દેવતાઓના ગુરૂ બૃહસ્પતિને પ્રસન્ન કરીશ." ૧૫ એ રીતે ઇંદ્ર વિચારે છે એટલામાં બૃહસ્પતિ પોતાની માયાથી ઘરમાંથી પણ અદ્રશ્ય થઇ ગયા. ૧૬ ઇંદ્રે ગુરૂની ઘણી શોધ કરાવી, પણ પત્તો નહી લાગવાથી ઇંદ્ર તથા દેવતાઓ પોતાની બુદ્ધિથી વિચાર કરવા લાગ્યા, પણ તેઓને શાંતી વળી નહી. ૧૭ આ વાત જાણીને મદોન્મત્ત દૈત્યો શુક્રાચાર્યની સલાહથી શસ્ત્રો લઇને દેવતાઓ ઉપર ચડી આવ્યા. ૧૮ દૈત્યોએ છોડેલાં તીક્ષ્ણ બાણોથી દેવતાઓનાં મસ્તક, સાથળો અને હાથ વિગેરે અંગો કપાવા લાગ્યાં. પછી દેવતાઓ ઇંદ્રની સાથે બ્રહ્માની પાસે ગયા અને માથાં નમાવીને

પગે લાગ્યા. ૧૯ ભગવાન્ બ્રહ્મા દેવતાઓને અત્યંત દુઃખી જોઇને દયાથી શાંત કરીને બોલ્યા. ૨૦

બ્રહ્મા કહેછે—અહો દેવતાઓ ! તમે રાજ્યના મદથી છકી જઇને વેદવેત્તા અને જીતેંદ્રિય આચાર્ય બૃહસ્પતિનું અપમાન કર્યું, એ બહુજ ખોટું કર્યું. ૨૧ હે દેવતાઓ ! તમે સમૃદ્ધિવાન છો અને તમારા શત્રુ નિર્બળ છે, તેમ છતાં તેઓનાથી તમે હાર્યા એ તમારા અન્યાયનું ફળ છે. ૨૨ હે ઇંદ્ર ! તમારા શત્રુ દૈત્યો પ્રથમ પોતાના ગુરૂ શુક્રાચાર્યનો અપરાધ કરવાથી ક્ષીણ થઇ ગયા હતા, પણ હાલમાં ભક્તિપૂર્વક ગુરૂની સેવા કરીને ઉન્નતિને પામ્યા છે, તેઓ હાલમાં તો મારૂં સ્થાન પણ લઇ લે એવા બળવાન થયા છે. ૨૩ ભૃગુકુળના શિષ્યો કે જેઓ વિચાર ગુપ્ત રાખનારા છે, તેઓ સ્વર્ગને જરાપણ ગણતા નથી. જેઓના ઉપર બ્રાહ્મણ, ગાય અને ભગવાનનો અનુગ્રહ થાયછે, તે રાજાઓનું ભૂંડું થતું નથી. ૨૪ માટે તમે ત્વષ્ટાના પુત્ર વિશ્વરૂપ કે જે તપસ્વી અને ધૈર્યવાન છે તેમનું સેવન કરો. તથા તેમનું સારી રીતે સન્માન કરશો તથા તે દૈત્યોનો પક્ષપાત કરે તે સહન કરશો તો તમારાં સર્વ કાર્ય કરી આપશે. ૨૫

શ્રી શુકદેવજી કહેછે—હે રાજા ! આવાં બ્રહ્માનાં વચન સાંભળીને એ નિર્ભય થયેલા દેવતાઓ વિશ્વરૂપ ઋષિની પાસે ગયા, અને આલિંગન કરીને કહેવા લાગ્યા કે—૨૬

દેવતાઓ કહેછે—તમારૂં કલ્યાણ થાઓ. અમે તમારા આશ્રમમાં આજ અતિથિ તરીકે આવ્યા છીએ, માટે હે તાત ! તમે તમારા વડીલનું સમયોચિત કાર્ય કરો. ૨૭ સુપુત્રનો ધર્મ છે કે-તે પોતે પુત્રવાળો હોય તોપણ તેણે પિતાની સેવા કરવી, ત્યારે બ્રહ્મચારી પુત્રે તો અવશ્ય સેવા કરવીજ જોઇએ. ૨૮ આચાર્ય બ્રહ્માનું સ્વરૂપ છે, પિતા પ્રજાપતિનું સ્વરૂપ છે, અને માતા સાક્ષાત્ પૃથ્વીનું સ્વરૂપ છે. ૨૯ બેન દયાનું સ્વરૂપ છે, અભ્યાગત અગ્નિનું સ્વરૂપ છે અને સર્વ પ્રાણીઓ વિષ્ણુની મૂર્તિ છે. ૩૦ માટે હે તાત ! તમારે તમારા વડીલોની શત્રુઓ તરફના અપમાન રૂપી પીડાને તપના પ્રભાવથી દૂર કરીને તેઓનું કહેવું માનવું જોઇએ. ૩૧ તમે વેદવેત્તા, ઉપાધ્યાય અને બ્રાહ્મણ છો, માટે તમને અમારા ગુરૂ થવાની માગણી કરીએ છીએ, જેથી તમારા તપોબળથી અમે વિનાશ્રમે શત્રુઓને જીતીશું. ૩૨ હે બ્રહ્મદેવ ! કાર્યસિદ્ધિને માટે નાનાના ચરણોમાં પ્રણામ કરવા, એ કાંઇ નિંદિત કર્મ નથી; બીજી બાબતોમાં અવસ્થા મોટાઇનું કારણ ગણાય છે, પરંતુ વેદવિદ્યાની બાબતમાં અવસ્થાને મોટી ગણવી નહીં. માટે તમે ભલે ને નાના છો, પરંતુ અમારા ગુરૂ થવાને યોગ્ય છો. ૩૩

શ્રી શુકદેવજી કહેછે—આ પ્રમાણે દેવતાઓએ પોતાના પુરોહિત કરવા માટે મહા તપસ્વી વિશ્વરૂપની પ્રાર્થના કરી, ત્યારે તે પ્રસન્ન થઇ મધુરવાણીથી બોલ્યો કે—૩૪

વિશ્વરૂપ કહેછે—હે દેવતાઓ ! ધર્માત્મા પુરૂષોએ પુરોહિતપણાને ધિક્કારેલું છે, કારણ કે તે બ્રહ્મતેજનો નાશ કરનારૂં છે, તોપણ તમે લોકપાળોએ પ્રાર્થના કરી, માટે હું તમારી શિક્ષા ગ્રહણ કરવાને યોગ્ય છું, માટે તમારી માગણીનો અનાદર શી રીતે કરી શકું ? કેમકે મહાપુરૂષોનું કહેવું માન્ય કરવું એજ ખરો સ્વાર્થ ગણાયછે. ૩૫ *શીળ અને ×ઊંછ કરવું એજ અકિંચન પુરૂષોનું ધન છે, અને તે ધનથી હું ઘરમાં રહીને સત્પુરૂષોનો સત્કાર કરૂંછું, માટે હે અધીશ્વરો ! નિંદવાયોગ્ય તથા જેનાથી દુષ્ટ બુદ્ધિવાળો પુરૂષજ પ્રસન્ન થાયછે, એવું પુરોહિતપણું હું કેમ કરૂં ? ૩૬ તોપણ હું તમને ના કહેતો નથી, તમે વડીલોએ મારી પાસે કેટલું માગ્યું ? તમારી માગણીને હું મારા પ્રાણ તથા ધનથી પૂરી કરીશ. ૩૭

શ્રી શુકદેવજી કહેછે—એ રીતે મહા ત-

* ખેતરમાં વેરાયેલા દાણા વીણી લાવવા તે.
× દુકાનોમાં વેરાયેલા દાણા વીણી લાવવા તે.

પરવી વિશ્વરૂપ દેવતાઓની માગણી સ્વીકારીને તેઓનું પુરોહિતપણું કરવા લાગ્યો. ૩૮ શુક્રાચાર્યના વિદ્યાથી દૈત્યોની લક્ષ્મી રક્ષાયેલી હતી, તોપણ વિશ્વરૂપે નારાયણ કવચરૂપ વિદ્યાથી દૈત્યો પાસેથી તે લક્ષ્મી પાછી હરી લઇને ઇંદ્રને આપી. ૩૯ ઉદાર બુદ્ધિવાળા વિશ્વરૂપે ઇંદ્રને તે વિદ્યા આપી હતી, જે વિદ્યાથી રક્ષણ પામેલો સમર્થ ઇંદ્ર દૈત્યોની સેનાઓને જીતીને વિજય પામ્યો હતો. ૪૦

ययागुप्तः सहस्राक्षो जिग्येऽसुरचमूर्विभुः ॥
तां प्राहस महेंद्राय विश्वरुप उदारधीः ॥

ઇતિ શ્રી ભાગવત પુરાણના ૬ઠ્ઠ સ્કંધમાં "વિશ્વરૂપે દેવતાઓનું પુરોહિતપણું સ્વીકાર્યું" એ નામનો ૮ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૮ મો.

વિશ્વરૂપે ઇંદ્રને કહેલું નારાયણ કવચ.

राजोवाच.

यया गुप्तः सहस्राक्ष सवाहान् रिपुसैनिकान्॥
क्रोडन्निवविनिर्जित्यत्रिलोक्या बुभुजेश्रियम्॥

પરીક્ષિત રાજા પૂછે છે—હે મુનિ! જે વિદ્યાથી રક્ષાયલા ઇંદ્રે વાહનો સહિત શત્રુઓની સેનાઓને રમતમાત્રમાં જીતીને ત્રણ લોકની રાજ્યલક્ષ્મીને ભોગવી હતી, ૧ તે નારાયણ કવચ મને કહો, તથા કવચથી રક્ષાયલા ઇંદ્રે સંગ્રામમાં આતતાયી શત્રુઓને જે રીતે જીતી લીધા હતા તે પણ કહો. ૨

શ્રી શુકદેવજી કહે છે- હે રાજા! પુરોહિત બનાવેલા વિશ્વરૂપને ઇંદ્રે પૂછ્યું, ત્યારે તેણે તેને જે નારાયણ કવચ કહ્યું હતું, તે તમને હું કહુંછું, એકચિત્ત સાંભળો. ૩

વિશ્વરૂપ કહે છે—હે ઇંદ્ર! કોઇ પણ જાતનો ભય પાસે આવ્યો હોય ત્યારે મનુષ્યે હાથપગ ધોઇ, આચમન કરી, દર્ભની પવિત્રી (વીંટી) ધારણ કરીને ઉત્તર દિશા તરફ મુખ રાખીને બેસવું. પછી અષ્ટાક્ષર તથા દ્વાદશ અક્ષરના મંત્રથી અંગન્યાસ તથા કરન્યાસ કરીને મૌન ધારણ કરી પવિત્ર થઇને નારાયણ કવચને ધારણ કરવું. ॐ नमो नारायणाय આ અષ્ટાક્ષર મંત્રના ૐકારાદિક અક્ષરોના અનુક્રમથી બે પગ, બે ગોઠણ, બે સાથળ, પેટ, હૃદય વક્ષઃસ્થળ, મુખ, અને મસ્તકમાં ન્યાસ કરવો. અથવા યથી માંડીને ઉલટા અનુક્રમથી એ અક્ષરોનો મસ્તકાદિક અંગોમાં ન્યાસ કરવો. ૪-૫-૬ પછી ॐ नमो भगवते वासुदेवाय એ દ્વાદશ અક્ષરના મંત્રથી આંગળીમાં તથા અંગુઠાના પર્વોમાં ન્યાસ કરવો. મંત્રના પ્રત્યેક અક્ષરને ૐકારથી સંપુટ કરીને જમણા હાથની તર્જનીથી ડાબા હાથની તર્જની સુધી આઠ આંગળીઓમાં આઠ અક્ષરોનો અને બે અંગુઠાનાં ઉપરનાં બે પર્વોમાં તથા નીચેના બે પર્વમાં બાકીના ચાર અક્ષરોનો ન્યાસ કરવો. ૭ પછી 'ॐ विष्णवे नमः' એ મંત્રથી અંગન્યાસ કરવો. તેમાં ૐકારનો હૃદયમાં, વિકારનો મસ્તકમાં, ષકારનો ભ્રકુટિના મધ્યભાગમાં, ણકારનો શિખામાં, વેકારનો નેત્રોમાં, નકારનો સર્વ સંધિયોમાં અને મકારનો 'मः अस्त्राय फट्' એમ કહીને સર્વ દિશામાં ન્યાસ કરવો. એ પ્રમાણે જ્ઞાની પુરૂષે મંત્રમૂર્તિ થવું. ૮-૧૦ પછી ધ્યાન કરવાયોગ્ય, ઐશ્વર્યાદિક છ શક્તિઓવાળા અને વિદ્યા, તેજ તથા તપરૂપ મૂર્તિવાળા પરમાત્માનું ધ્યાન ધરીને નીચે પ્રમાણે નારાયણ કવચનો પાઠ કરવો. ૧૧ ગરૂડની પીઠ ઉપર ચરણકમળને ધારણ કરનારા, આઠ સિદ્ધિઓવાળા, અને આઠ ભુજાઓમાં શંખ, ચક્ર, ગદા, ઢાલ, તરવાર, બાણ, ધનુષ્ય, અને પાશને ધારણ કરનારા શ્રી હરિ મારૂં સર્વ પ્રકારે રક્ષણ કરો. ૧૨ જળમાં મત્સ્યાવતાર ભગવાન જળજંતુરૂપ વરૂણના પાશથી મારી રક્ષા કરો, માયાથી બટુક બનેલા વામન ભગવાન સ્થળમાં મારી રક્ષા કરો; સર્વ બ્રહ્માંડરૂપ ત્રિવિક્રમ ભગવાન આકાશમાં મારી રક્ષા કરો. ૧૩ વન અને સંગ્રામ વગેરે સંકટનાં સ્થળોમાં અસુર યુથપતિઓના શત્રુ નૃસિંહ ભગવાન મારી

રક્ષા કરો, કે જે ભગવાન ભારે અટ્ટહાસ્યથી હસ્યા હતા ત્યારે તેના શબ્દથી દિશાઓ ગાજી ઉઠી હતી અને સ્ત્રીઓના ગર્ભ પડી ગયા હતા. ૧૪ પોતાની દાઢવડે પૃથ્વીનો ઉદ્ધાર કરનારા અને યજ્ઞરૂપ અવયવવાળા વરાહ ભગવાન માર્ગમાં મારી રક્ષા કરો. પર્વતોનાં શિખરોપર પરશુરામજી મારી રક્ષા કરો. અને પ્રવાસમાં ભરતજીના વડીલ બન્ધુ રામલક્ષ્મણ મારી રક્ષા કરો. ૧૫ અભિચાર વગેરે ઉગ્રધર્મથી તથા પ્રમાદથી નારાયણ મારી રક્ષા કરો. ગર્વથી નર ભગવાન મારી રક્ષા કરો, યોગેશ્વર દત્તાત્રય યોગના વિનાશથી મારી રક્ષા કરો. ગુણોના સ્વામી કપિલદેવ કર્મબન્ધનથી મારી રક્ષા કરો. ૧૬ કામદેવથી સનત્કુમાર મારી રક્ષા કરો. માર્ગે જતાં દેવતાઓને નમસ્કાર નહિ કરવાથી થયેલા અપરાધથી હયગ્રીવ ભગવાન મારી રક્ષા કરો. દેવર્ષિ નારદજી ભગવદ્ભક્તિમાં થતા વિઘ્નથી મારી રક્ષા કરો. સર્વ નરકોથી કચ્છપ ભગવાન મારી રક્ષા કરો. ૧૭ કુપથ્યથી ધન્વંતરી મારી રક્ષા કરો, જીતેંદ્રિય ઋષભદેવ ભગવાન કામક્રોધાદિકના ભયથી મારી રક્ષા કરો. લોકોપવાદથી યજ્ઞપુરૂષ મારી રક્ષા કરો. લોકોના ઉપદ્રવથી બળભદ્રજી મારી રક્ષા કરો. ક્રોધવશ નામના સર્પગણોથી શેષ ભગવાન મારી રક્ષા કરો. ૧૮ ભગવાન વેદવ્યાસ અજ્ઞાનથી મારી રક્ષા કરો. પ્રમાદવાળા પાખંડીઓથી બુદ્ધદેવ મારી રક્ષા કરો. કાળના મળરૂપ કળિયુગથી ધર્મના રક્ષણ માટે અવતાર ધારણ કરનારા કલ્કિ ભગવાન મારી રક્ષા કરો. ૧૯ કેશવ ભગવાન પ્રભાતમાં ગદાથી મારી રક્ષા કરો. વાંસળી ધારણ કરનારા ગોવિંદ ભગવાન સંગવકાળમાં મારી રક્ષા કરો, શક્તિને ધારણ કરનારા નારાયણ ભગવાન પૂર્વાહ્નકાળમાં મારી રક્ષા કરો, ચક્ર ધારણ કરનારા વિષ્ણુ ભગવાન મધ્યાન્હકાળમાં મારી રક્ષા કરો. ૨૦ ઉગ્ર ધનુષ્યવાળા મધુદૈત્યને મારનારા ભગવાન અપરાહ્ન કાળમાં મારી રક્ષા કરો. બ્રહ્મા, વિષ્ણુ અને રૂદ્ર એ ત્રિમૂર્તિ માધવ ભગવાન સાયંકાળમાં મારી રક્ષા કરો. ઇંદ્રિયોના સ્વામી ભગવાન પ્રદોષકાળમાં મારી રક્ષા કરો. એકલા પદ્મનાભ ભગવાન મધ્યરાત્રિએ મારી રક્ષા કરો. ૨૧ શ્રીવત્સના ચિન્હવાળા ભગવાન પાછલી રાતે મારૂં રક્ષણ કરો. ખડ્ગ ધારણ કરનારા જનાર્દન ભગવાન મળસ્કામાં મારી રક્ષા કરો. દામોદર ભગવાન પ્રભાતમાં મારી રક્ષા કરો, કાળમૂર્તિ વિશ્વેશ્વર ભગવાન સર્વ સંધ્યાઓમાં મારી રક્ષા કરો. ૨૨ હે પ્રલયકાળના અગ્નિ જેવા તીક્ષ્ણ ધારવાળા ભગવાને મુકેલા ચક્ર! તું ચારે તરફ ફરીને વાયુસહિત અગ્નિ જેમ ઘાસને બાળી નાંખેછે, તેમ શત્રુઓની સેનાને તુરત બાળી મુક. ૨૩ હે વજ્ર જેવા સ્પર્શવાળી ભગવાનની પ્યારી ગદા! તું કુષ્માંડ, વિનાયક, યક્ષ, રાક્ષસ, ભૂત, ગ્રહો તથા શત્રુઓને ભાંગી નાંખીને ચુરેચુરા કરી નાંખ. ૨૪ હે પાંચજન્ય શંખ! ભયંકર શબ્દવાળો તું ભગવાને ફુંકવાથી ભયંકર શબ્દ કરી શત્રુઓનાં હૃદયને કંપાવી રાક્ષસ, પ્રમથ, પ્રેત, માતૃકા, પિશાચ અને બ્રહ્મરાક્ષસ વગેરે ઘોર દૃષ્ટિવાળાઓને ભગાવી દે. ૨૫ હે તિક્ષ્ણ ધારવાળી તરવાર! તું ભગવાનના હાથથી પ્રેરાઇને શત્રુઓની સેનાને કાપી નાંખ. હે ચંદ્રજેવી સો ફુદડીવાળી ઢાલ! તુ પાપી શત્રુઓનાં આંખોને ઢાંકી દે અને કુદૃષ્ટિવાળાઓની દૃષ્ટિને હરી લે. ૨૬ અમને ગ્રહ, કેતુ, મનુષ્ય, સર્પ, દાઢવાળાં જનાવર તથા પાપથી જે ભય લાગેછે તે સર્વનો, તથા અમારા કલ્યાણમાં વિઘ્ન કરનારનો ભગવાનના નામરૂપી અસ્ત્રના કીર્તનથી તુરત નાશ થાઓ. ૨૭-૨૮ વેદનાં સ્તોત્રોથી સ્તુતિ કરાતા, વેદમય અને સમર્થ ગરૂડ ભગવાન સર્વ સંકટોથી મારી રક્ષા કરો. વિશ્વક્સેન ભગવાન પોતાનાં નામોથી મારી રક્ષા કરો. ૨૯ ભગવાનનાં નામ, રૂપ અને આયુધો સઘળી આપત્તિઓથી મારી રક્ષા કરો, ભગવાનના મુખ્ય પાર્ષદો અમારી બુદ્ધિ, ઇંદ્રિય, મન તથા પ્રાણની રક્ષા કરો. ૩૦ આ સર્વ સચરાચર જગત્ ખરેખર ભગવાનનુંજ સ્વરૂપ છે, આ

સત્યથી અમારા સર્વ ઉપદ્રવોનો નાશ થાઓ. ૩૧ ભગવાન પોતે અભેદ દૃષ્ટિવાળાઓની દૃષ્ટિમાં ભેદરહિત જ છે, તોપણ તે પોતાની માયાથી આભૂષણો, આયુધો અને ચિહ્નો નામની શક્તિઓને ધારણ કરેછે.૩૨ એ વાર્તા સત્ય છે, તો એ સત્ય પ્રમાણથી સર્વવ્યાપક અને સર્વજ્ઞ શ્રી હરિ ભગવાન પોતાનાં સર્વ સ્વરૂપોવડે સર્વ કાળમાં અને સર્વ ઠેકાણે અમારી રક્ષા કરો. ૩૩ નૃસિંહના નામની ગર્જનાથી લોકોના ભયને મટાડનારા અને પોતાના પ્રભાવથી દિગ્ગજ, ઝેર, શસ્ત્ર, જળ, વાયુ અને અગ્નિ વગેરે સર્વ પદાર્થોના સામર્થ્યને ગળી જનારા ભગવાન પ્રહ્લાદ (નૃસિંહ) દિશાઓમાં, ખુણાઓમાં, ઉંચે, નીચે, અંદર, બહાર અને ચારે તરફ અમારી રક્ષા કરો. ૩૪

વિશ્વરૂપ કહે છે—હે ઇંદ્ર ! આ નારાયણ કવચ મેં તમને કહ્યું, જે પેહેરીને તમે મોટા મોટા દૈત્યોને વિના પરિશ્રમે જીતી લેશો. ૩૫ આ કવચને ધારણ કરનારો પુરૂષ જેની સામે જુએ અથવા ચરણથી જેને અડે તે તુરત ભયથી મુક્ત થાય છે. ૩૬ આ વિદ્યાને જે ધારણ કરે છે તેને રાજા, ચોર, ગ્રહ અને વ્યાઘ્ર આદિક તરફથી ભય રહેતો નથી. ૩૭ પૂર્વે આ વિદ્યાને ધારણ કરનારા કોઇ કૌશિકગોત્રના બ્રાહ્મણે યોગ ધારણાથી મરૂ અને ધન્વ નામના નિર્જળ દેશમાં પોતાના દેહનો ત્યાગ કર્યો હતો. ૩૮ એકવાર ગંધર્વોનો રાજા ચિત્રરથ વિમાનમાં બેશીને આકાશ માર્ગે જતો હતો, તે જ્યાં પેલા બ્રાહ્મણનો દેહ પડયો હતો ત્યાં આગળ આવ્યો. ૩૯ એટલે તે તુરત વિમાન સહિત ઉંધે માથે નીચે પડયો, પછી વાલખિલ્ય ઋષિએ કહેવાથી એ બ્રાહ્મણનાં હાડકાં લઇને તેણે પ્રાચી સરસ્વતીમાં નાંખ્યાં. પછી ત્યાં સ્નાન કરી, આશ્ચર્ય પામતો તે ગંધર્વ પોતાના લોકમાં ગયો. ૪૦

શ્રી શુકદેવજી કહેછે—હે રાજા ! જે મનુષ્ય આ નારાયણ કવચને યોગ્ય સમયે આદરથી સાંભળે અથવા ધારણ કરેછે, તેને સર્વ પ્રાણીઓ નમેછે, અને તે સર્વ ભયથી મુક્ત થાયછે. ૪૧ ઇંદ્રે વિશ્વરૂપ પાસેથી આ વિદ્યા ભણી રણમાં સર્વ દૈત્યોને જીતીને ત્રણલોકની રાજ્યલક્ષ્મી ભોગવી હતી. ૪૨

एतां विद्यामधिगतो विश्वरूपाच्छत क्रतुः ।
त्रैलोक्य लक्ष्मीं बुभुजेविनिर्जित्य मृधेऽसुरान् ॥

ઇતિશ્રી ભાગવત પુરાણના ષષ્ઠસ્કંધમાં " નારાયણ કવચ " નામનો આઠમો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૯ મો.

ઇંદ્રે કરેલો વિશ્વરૂપનો નાશ તથા વૃત્રાસુરનું ઉત્પન્ન થવું.

॥ श्री शुकउवाच ॥

तस्यास्वन्विश्वरूपस्य शिरांसि त्रीणिभारत॥
सोमपीथं सुरापीथमन्नादामितिशुश्रुम ॥

શ્રી શુકદેવજી કહે છે—હે રાજા ! એ વિશ્વરૂપને ત્રણ માથાં હતાં, તેમાં એક સોમપાન કરવાનું, બીજું સુરાપાન કરવાનું અને ત્રીજું અન્ન ખાવાનું હતું, એમ અમે સાંભળ્યું છે. ૧ હે રાજા ! તે વિશ્વરૂપ યજ્ઞોમાં પોતાના વડીલો દેવતાઓને તેઓનો ભાગ આપવા માટે વિનય સહિત ઉંચા સ્વરથી મંત્રો બોલતો હતો. ૨ અને તેની મા કે જે દૈત્યની પુત્રી હતી તેના સ્નેહને લીધે દૈત્યોને પણ છાની રીતે યજ્ઞભાગ આપતો હતો. ૩ આવી રીતે ધર્મ કાર્યમાં તેનો કપટરૂપી અપરાધ જોઇને ઇંદ્રને ભય ઉત્પન્ન થયો, તેથી તેણે ક્રોધ કરીને વિશ્વરૂપનાં ત્રણે માથાં કાપી નાંખ્યાં. ૪ તેમાંના સોમપાન કરનારા માથામાંથી કપિંજલ પક્ષી ઉત્પન્ન થયું, સુરાપાન કરનારા માથામાંથી કલવિંક પક્ષી થયું અને અન્ન ખાનારા માથામાંથી તેતર પક્ષી થયું. ૫ ઇંદ્રને માથે બેઠેલી એ બ્રહ્મહત્યા દૂર કરવાને તે સમર્થ હતો, તોપણ તેણે હાથ જોડીને એ બ્રહ્મહત્યાને એક વર્ષ સુધી ધારણ કરી, અને વર્ષ પૂરૂં થયું ત્યારે લોકા-

પશ્ચાત્ ટાળવાને માટે એ બ્રહ્મહત્યાના ચાર ભાગ કરીને પૃથ્વી, જળ, વૃક્ષ અને સ્ત્રીઓને વેહેંચી આપી. ૬ બ્રહ્મહત્યાનો ચોથો ભાગ પૃથ્વીએ એવી શરતે લીધો કે-મારામાં જે ખાડો પડે તે પોતાની મેળેજ પૂરાઇ જાય. પૃથ્વીપર જેટલો ખારોપાટ છે તે બ્રહ્મહત્યાનું રૂપ દેખાય છે. ૭ બીજો ભાગ વૃક્ષોએ એવા ઠરાવથી લીધો કે-અમને કાપ્યા છતાં પણ પાછાં ઊગીએ. વૃક્ષોમાં જે ગુંદર છે તે બ્રહ્મહત્યાનું સ્વરૂપ છે. ૮ એક ભાગ સ્ત્રીઓએ એવા ઠરાવથી લીધો કે-બાળક જણતા સુધી મૈથુન કરીએ તોપણ ગર્ભને નુકશાન ન થાય. સ્ત્રીઓને મહિને મહિને ઋતુસ્રાવ થાય છે એ બ્રહ્મહત્યાનું સ્વરૂપ છે. ૯ ચોથો ભાગ જળે એવા ઠરાવથી લીધો કે-કુવા વગેરેમાંથી ઉલેચ્યા છતાં પણ અમે તેટલાંજ રહીએ. જળમાં જે પરપોટા તથા ફીણ દેખાય છે તે બ્રહ્મહત્યાનું સ્વરૂપ છે. ૧૦ પછી ત્વષ્ટાએ પોતાનો પુત્ર મરણ પામવાથી ઇંદ્રનો શત્રુ ઉત્પન્ન કરવાને 'હે ઇંદ્રના શત્રુ ! તું વૃદ્ધિ પામ અને ઝટ શત્રુનો નાશ કર' એવા અર્થવાળો મંત્ર ભણીને અગ્નિમાં હોમ કર્યો. ૧૧ એ હોમના પ્રભાવથી, જેમ પ્રલય સમયે લોકોનો ભયંકર કાળ ઉઠે છે તેમ દક્ષિણાગ્નિમાંથી એક ભયંકર રૂપવાળો પુરૂષ ઉભો થયો. ૧૨ એ ભયંકર પુરૂષ, ફેંકેલું એક બાણ જેટલા હાથ દુર જાય તેટલા હાથ દરરોજ ચારે તરફથી વધવા લાગ્યો. બળેલા પર્વતનો રંગ જેવો કાળો હોય છે, તેવો તેના શરીરનો રંગ હતો, સંધ્યાકાળનાં વાદળાં જેવું તેનું તેજ હતું. ૧૩ દાઢી, મુછ અને માથાના વાળ તપાવેલા ત્રાંબા જેવા લાલ હતા, નેત્રો મધ્યાન્હકાળના સૂર્યનાં જેવાં ઉગ્ર હતાં. ૧૪ અત્યંત તેજસ્વી ત્રણ અણીવાળા ત્રિશૂળમાં જાણે પૃથ્વી અને આકાશને પરોવ્યાં હોય એવો દેખાતો હતો, નાચ કરીને તથા ગર્જનાઓ કરીને પૃથ્વીને ધ્રુજાવતો હતો. ૧૫ પર્વતની ગુફા જેવી ભયંકર તથા મોટી દાઢોવાળા મુખથી એ વારંવાર બગાસાં ખાતો હતો, તે વખતે જાણે તે આકાશને પીજતો હોય, જીભથી નક્ષત્રોને ચાટતો હોય અને ત્રણે લોકને ગળી જતો હોય એવો દેખાતો હતો. એને જોઇને ત્રાસ પામેલા દેવતાઓ દશે દિશામાં નાસવા લાગ્યા. ૧૬-૧૭ એ રીતે ત્વષ્ટાના પુત્રરૂપી ગાઢ અંધકારે સર્વ લોકોને ઘેરી લીધા, તેથી એ અત્યંત દારૂણ તથા પાપીનું 'વૃત્ર' નામ પડયું. ૧૮ મોટા મોટા દેવતાઓ પોતાની મોટી મોટી સેનાઓ સાથે અસ્ત્રો તથા શસ્ત્રો લઇને તેને મારવા લાગ્યા, પરંતુ તે સર્વ આયુધોને વૃત્રાસુર ગળી ગયો. ૧૯ તેથી નિસ્તેજ થયેલા, ખેદ પામેલા અને વિસ્મય પામેલા દેવતાઓ એકાગ્ર ચિત્તથી અંતર્યામી ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા. ૨૦

દેવતાઓ સ્તુતિ કરે છે—વાયુ, આકાશ, અગ્નિ, જળ, પૃથ્વી, ત્રણ લોક, બ્રહ્માદિક અને અમે પણ ભય પામીને જેની આજ્ઞા પ્રમાણે કામ કરીએ છીએ, એવો કાળ પણ જેનાથી ડરે છે, એ પરમેશ્વર અમારૂં રક્ષણ કરો. ૨૧ અહંકાર વિનાના, શાંત, પોતાના સ્વરૂપના લાભથીજ પૂર્ણ કામનાવાળા અને ઉપાધિ વગરના ભગવાનને છોડીને જે પુરૂષ બીજાનો આશ્રય કરે છે તે મુર્ખ, કૂતરાની પૂછડી પકડીને સમુદ્રને તરવાની ઇચ્છા રાખે છે. ૨૨ સત્યવ્રત મનુ જેનાં મોટાં શીંગડાંમાં પૃથ્વીરૂપી નૌકા બાંધીને યોગ્ય રીતે સંકટથી પાર ઉતર્યા તે મત્સ્યાવતાર ભગવાન અમો આશ્રિતોને વૃત્રાસુરના અપાર ભયથી રક્ષા કરો. ૨૩ પૂર્વે અતિ પ્રચંડ પવનના ઝપાટાથી ઉછળતાં મોજાંના શબ્દોથી મહાવિકરાળ પ્રલયના જળમાં કમળમાંથી બ્રહ્મા પડી ગયા. તે વેળા બ્રહ્મા એકલા હતા, તોપણ જેની સહાયતાવડે સંકટથી મુક્ત થયા તે ઇશ્વર અમને આ સંકટથી પાર ઉતારો. ૨૪ જે ભગવાને એકલાએ અમને ઉત્પન્ન કર્યા છે અને જેના અનુગ્રહથી અમે જગતને સર્જીએ છીએ, તે ભગવાન અમારાથી પેહેલાં જ અંતર્યામીપણાથી કામ કરે છે તોપણ જુદા જુદા સ્વામીત્વનું અભિમાન રાખનારા અમે તેના સ્વરૂપને જાણતા નથી. ૨૫ વળી જે ભગ-

વાન પોતે નિત્ય છતાં પ્રત્યેક યુગમાં દેવતા, ઋષિ, પશુ, પક્ષી, તથા મનુષ્યોમાં પોતાની માયાથી અવતાર ધારણ કરીને શત્રુઓથી અત્યંત પીડાતા એવા અમને પોતાના જાણીને રક્ષણ કરે છે. ૨૬ તેજ આત્મારૂપ, ઇષ્ટદેવરૂપ, સર્વરૂપ, સર્વથી જુદા, સર્વના પરમ કારણરૂપ, પ્રકૃતિ પુરૂષરૂપ, અને શરણાગતવત્સળ ભગવાનને અમે શરણે જઇએ છીએ. તે મહાપુરૂષ ભગવાન અમારૂં કલ્યાણ કરો.૨૭

શ્રી શુકદેવજી કહે છે—હે રાજા ! એ પ્રમાણે દેવતાઓએ સ્તુતિ કરી, ત્યારે શંખ, ચક્ર, ગદા અને પદ્મ ધારણ કરનારા ભગવાને તેઓનાં હૃદયમાં દર્શન આપ્યું, અને પછી બહાર પશ્ચિમ દિશામાં દર્શન આપ્યું. ૨૮ શ્રીવત્સ અને કૌસ્તુભમણિ વગર બાકીનાં સર્વ ભગવાનના જેવાંજ ચિન્હવાળા સુનંદ આદિ સોળ પાર્ષદો ભગવાનની ચારે તરફ સેવા કરતા હતા. શરદ્ ઋતુનાં પ્રફુલ્લિત કમળ જેવાં નેત્રવાળા વિષ્ણુ ભગવાનનાં દર્શન કરીને આનંદથી વિહ્વળ થયેલા દેવતાઓએ પૃથ્વીપર પડી દંડવત્ પ્રણામ કર્યા, પછી ધીરેધીરે ઉઠીને સ્તુતિ કરવા લાગ્યા.૨૯-૩૦

દેવતાઓ સ્તુતિ કરેછે—હે ભગવાન ! આપ યજ્ઞરૂપ સામર્થ્યવાળા, કાળરૂપ દૈત્યોની ઉપર ચક્ર ચલાવનારા અને ઘણાં સુંદર નામોવાળા છો, એવા આપને અમે નમસ્કાર કરીએ છીએ. ૩૧ હે ઇશ્વર ! તમે ત્રણે ગુણનાં નિયંતા છો, તમારા ત્રણ ગુણથી પર તથા નિર્ગુણ સ્વરૂપને જાણવાને પ્રાકૃત મનુષ્ય સમર્થ નથી. ૩૨ હે ભગવાન ! હે નારાયણ ! હે વાસુદેવ ! હે આદિપુરૂષ ! હે મહાપુરૂષ ! હે મહાનુભાવ ! હે પરમ મંગળરૂપ ! હે પરમ કલ્યાણરૂપ ! હે પરમ કારૂણિક ! હે કેવળ સ્વરૂપ ! હે જગદાધાર ! હે ગદાધર ! હે ત્રિલોકનાથ ! હે સર્વેશ્વર ! હે લક્ષ્મીપતિ ! પરમહંસ લોક ઉત્તમ અષ્ટાંગ યોગવડે સમાધિ લગાવી તમારા ભજનનો અભ્યાસ કરેછે, તેથી તેના મનનાં અંધારાંરૂપ કમાડ ઉઘડી જાયછે, અને આત્મસ્વરૂપનો પ્રત્યક્ષ પ્રકાશ થાયછે, તેમાં તેઓને પોતાની મેળેજ જે સ્વરૂપના સુખનો અનુભવ થાયછે, તે સુખના અનુભવરૂપ આપજ છો, માટે અમે સર્વ આપને નમસ્કાર કરીએ છીએ. ૩૩ હે ભગવાન્ ! તમારી લીલા કળી શકાય તેમ નથી, કેમકે આપ આધારરહિત, શરીરરહિત, અને ગુણરહિત છો. અને અમારી સહાયતા વિના નિર્વિકાર સ્વરૂપવડેજ આ સગુણ જગતને સરજો છો, પાળોછો અને સંહારો છો ૩૪ જેમ કોઇ પ્રાકૃત મનુષ્ય ઘર આદિ બનાવીને પોતે કરેલાં શુભ અશુભ કર્મનાં ફળ ભોગવેછે, તેમ બ્રહ્મસ્વરૂપ એવા આપ જીવરૂપે સંસારમાં અવતાર ધરીને ત્યાં કરેલાં શુભાશુભ કર્મનાં ફળ ભોગવોછો ? કે આત્મારામ ઉપશમ શીળ તથા અખંડ ચૈતન્યરૂપ આપ સાક્ષીરૂપે રહોછો ? એ વાતનો ભેદ અમે જાણી શકતા નથી. ૩૫ પરંતુ હે પ્રભુ ! આપનાથી એ બેય વાત વિરૂદ્ધ પડતી નથી. એ માટે બીજાના દૃષ્ટાંતથી આપનામાં સંશય કરવો યોગ્ય નથી; કેમકે આપ સ્વતંત્ર છો, આપનામાં અપરિમિત ગુણોના સમૂહ પ્રકાશમાન છે, આપનું માહાત્મ્ય તર્ક કરતાં પણ જાણવામાં આવે એવું નથી. એ માટે વિકલ્પ, વિતર્ક, વિચાર, મિથ્યા પ્રમાણો તથા કુતર્કથી ભરેલાં શાસ્ત્રોથી મલીન થયેલાં અંતઃકરણમાં ઠસી ગયેલા દુરાગ્રહને લીધે વાદ કરનારા લોકોના વિવાદથી આપનું સ્વરૂપ જાણી શકાય તેમ નથી, આપ ઈશ્વર, સંસારથી રહિત અને કેવળ આત્મસ્વરૂપ છો, માયાને વચ્ચે રાખીને વિચારી કરીએ તો આપનાથી કયી વસ્તુ ન બની શકે તેવી છે ? માટે આપનામાં કર્તૃત્વાદિ સર્વ સંભવેછે, તેમ છતાં પણ આપને વિષે વિરોધ આવતો નથી, કેમકે આપનું સ્વરૂપ એકજ છે. ૩૬ હે પ્રભુ સર્પાદિક વિષયક બુદ્ધિયુક્ત મનુષ્યોને જેમ દોરડી વિષે સર્પનો ભ્રમ ઉત્પન્ન થાયછે, તેમ આપ એકજ છો, તેમ છતાં સમબુદ્ધિવાળા લોકો તમને અનુગ્રહ કરનારા માનેછે, અને વિષમ બુદ્ધિવાળા લોકો તમને નિગ્રહ કરનારા માનેછે. ૩૭ આ પ્રમાણે અનેકરૂપે

દેખાતા તમે એકજ છો, સઘળી વસ્તુમાં સત્સ્વરૂપે રહેલા છો, સર્વના ઇશ્વર છો, સર્વ જગતના કારણના પણ કારણ છો, સર્વ જીવોના અંતર્યામીપણાને લીધે સર્વ વિષયોને પ્રકાશ કરોછો અને શ્રુતિઓ 'નેતિ નેતિ' કહીને આપની પ્રશંસા કરેછે. ૩૮ એવા પ્રભાવથી આપ પરમેશ્વર છો તેમ છતાં હે મધુસુદન! પરમ ભક્તજનો આપના ચરણકમળની સેવા કેમ છોડી દેછે? આપનો મહિમા અમૃતનો સાગર છે, તેનું એક બિંદુ એકવાર ચાખવાથી જે અખંડ સુખ થાયછે તે જોઇને આ લોકનું તથા પરલોકનું અલ્પ અને તુચ્છ વિષયસુખ તો ભૂલીજ જવાય છે, આપ સર્વના પ્રિયમિત્રરૂપ તથા સર્વના આત્મારૂપછો, તેથી પરમભક્તો આપના સ્વરૂપથી નિરંતર પરમનિવૃત્તિ સુખ પામેછે. આપની સેવા કરવાથી આ સંસારમાં ફરી જન્મ ધરવો પડતો નથી. ૩૯ હે ત્રિલોકાત્મા! હે ત્રિલોકાશ્રય! હે ત્રિવિક્રમ! હે ત્રિલોકને સરજનારા! હે મનોહર પ્રભાવવાળા! હે દંડ દેનારા! આપે સર્વ દૈત્ય દાનવોને "આ ઉદ્યમનો સમય છે" એમ વિચારીને તમે પોતાની માયાથી દેવતા, મનુષ્યો, પશુઓ, મિશ્રજાતિ તથા જળચરોમાં અવતાર લઇને પૂર્વે અપરાધીઓને દંડ દીધો છે, એવી રીતે હાલ પણ આ ત્વષ્ટાના પુત્ર વૃત્રાસુરનો વધ કરો. ૪૦ હે તાત! હે પિતામહ! અમે સર્વ તમારા છીએ, અમે તમારાં ચરણારવિંદમાં પ્રણામ કરીએ છીએ, અને નિરંતર આપનાં એ ચરણ કમળના ધ્યાનથી અમારૂં મન દઢ રીતે બંધાઇ ગયું છે, વળી આપે પોતાનું સ્વરૂપ પ્રકાશીને અમને અંગીકાર કરેલા છે. હે નિર્દોષ! હે હરિ! આપ દયાવડે અનુરાગવાળા મંદહાસ્ય સહિત અવલોકનથી તથા મુખમાંથી નીકળેલી મધુર મનોહર વચનરૂપ કળાથી અમારા અંતઃકરણના તાપને સમાવવાને યોગ્ય છો. ૪૧ હે ભગવાન! આપ જગતની ઉત્પત્તિ, સ્થિતિ તથા લયના કારણરૂપ અને દિવ્ય માયાવડે વિનોદ કરનારા છો, તથા સર્વના ઉપાદાન કારણ હોઇ સર્વ જીવોના અંતઃકરણમાં બ્રહ્મરૂપથી તથા અંતર્યામી સ્વરૂપથી અને બાહાર પ્રધાન સ્વરૂપથી દેશ, કાળ તથા દેહની અવસ્થાનો અનુભવ કરોછો, બુદ્ધિ વગેરેના સાક્ષીછો, સાક્ષાત્ પરબ્રહ્મ પરમાત્માછો, આપનું સ્વરૂપ આકાશની પેઠે નિર્લેપછે. જેમ અગ્નિનો તણખો અગ્નિને પ્રકાશિત કરી શકતો નથી, તેમ અમે પણ તમારી પાસે અમારી ઇચ્છા જણાવી શકતા નથી. ૪૨ માટે અમે જે કામનાને માટે આપની પાસે આવ્યા છીએ, તે અમારી કામના પરિપૂર્ણ કરો. હે ભગવાન્! આપ પરમ ગુરૂ છો, આપનાં ચરણકમળની છાયા સંસારનાં અનેક દુઃખો દૂર કરનારી છે, તેને આશ્રયે આવ્યા છીએ. ૪૩ હે ઇશ્વર! ત્વષ્ટાના પુત્ર વૃત્રાસુરનો હવે ઝટ નાશ કરો, કારણ કે એ ત્રણે લોકને ગળી ગયો છે, અને અમારાં તેજ તથા અસ્ત્રશસ્ત્રને પણ ગળી ગયો છે. ૪૪ શુદ્ધ, હૃદયાકાશમાં રહેનારા, સદાનંદ સ્વરૂપ, બુદ્ધિ વગેરેના સાક્ષી, સુંદર યશવાળા, અનાદિ, સાધુપુરૂષોએ સેવવા યોગ્ય, સંસાર રૂપી માર્ગમાં વટેમાર્ગુને શરણ અને શ્રેષ્ઠ ગતિ આપનારા, એવા આપને અમે નમસ્કાર કરીએ છીએ. ૪૫

શ્રી શુકદેવજી કહે છે--હે રાજા! એ પ્રમાણે દેવતાઓએ ભગવાનની આદર પૂર્વક સ્તુતિ કરી, તે સાંભળી પ્રસન્ન થઇને ભગવાન બોલ્યા. ૪૬

શ્રી ભગવાન કહે છે—હે શ્રેષ્ઠ દેવો! હું તમારી બ્રહ્મવિદ્યાથી તથા સ્તુતિથી પ્રસન્ન થયો છું, કારણ કે તેનાથી પુરૂષોને સંસારની અસારતાનું સ્મરણ થશે અને મારા વિષે એકાંતિક ભક્તિ થશે. ૪૭ હું જ્યારે પ્રસન્ન થાઉં છું ત્યારે કોઇ પણ વસ્તુ દુર્લભ રહેતી નથી, તોપણ મારામાં અનન્ય બુદ્ધિ રાખનારો તત્વવેત્તા પુરૂષ મારા વિના બીજા કશાની ઇચ્છા કરતો નથી. ૪૮ વિષયોને સત્ય જાણનારો અજ્ઞાની મનુષ્ય પોતાના ખરા સુખને જાણતો નથી, તેથી તે વિષયસુખને ઇચ્છે છે, માટે કોઇ દેવ પણ વિષયસુખ ઇચ્છનારાને તે સુખ આપે તો તેને પણ અ-

જ્ઞાની જાણવો. ૪૯ જેમ ઉત્તમ વૈદ્ય કુપથ્ય ખાવાની ઇચ્છા રાખનારા રોગીને કદી કુપથ્ય પદાર્થ ખાવાને આપતો નથી, તેમ ખરા સુખને જાણનારો વિદ્વાન મનુષ્ય અજ્ઞાની જનોને કર્મ કરવાનો ઉપદેશ કરતો નથી. ૫૦ હે ઇંદ્ર! હવે તું સર્વ ઋષિઓમાં ઉત્તમ દધીચ ઋષિની પાસે જઇને વિદ્યા, વ્રત, તથા તપથી દૃઢ થયેલું તેમનું શરીર માગ, તેમાં વાર ન લગાડ. ૫૧ એ ઋષિ બ્રહ્મવેત્તા છે, તેમણે ઘોડાનાં મસ્તકથી[ᴬ] અશ્વિનીકુમારોને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કરીને જીવન્મુક્ત કર્યા હતા. ૫૨ હે ઇંદ્ર! એ અથર્વ વેદને જાણનારા દધીચિ ઋષિએ ભેદી ન શકાય એવું નારાયણ કવચ ત્વષ્ટાને આપ્યું હતું, ત્વષ્ટાએ વિશ્વરૂપને ભણાવ્યું હતું અને વિશ્વરૂપ પાસેથી તું ભણ્યો છે. ૫૩ તમે અથવા અશ્વિની કુમારો તેમની પાસેથી તેમનાં અંગ માગશો તો અશ્વિની કુમારો ઉપરના પ્રેમને લીધે તે તમને આપશે, એટલે તેમનાં અસ્થિઓમાંથી વિશ્વકર્મા વજ્ર નામનું ઉત્તમ શસ્ત્ર બનાવી આપશે. ૫૪ એ શસ્ત્રથી મારા તેજવડે વૃદ્ધિ પામેલો તું વૃત્રાસુરનું મસ્તક છેદીશ. તેનો નાશ થયાથી તમને તેજ, અસ્ત્રો આયુધો, તથા સર્વ સંપત્તિઓ પાછી મળશે. વૃત્રાસુર અમને મારી નાંખશે એવો ભય રાખશો નહી. કારણ કે મારા ભકતોને કોઇ પણ મારી શકતો નથી. તમારૂં કલ્યાણ થાઓ. ૫૫

तस्मिन्विनिहते यूयं तेजोस्त्रायुध संपदः ॥
भूयः प्राप्स्यथ भद्रं वो न हिंसंति च मत्परान्॥

ઇતિશ્રી ભાગવત મહાપુરાણના ષષ્ઠ સ્કંધમાં "ઇંદ્ર સ્તુતિ વર્ણન" નામનો ૯ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૦ મો.

ઇંદ્રે વૃત્રાસુરનો નાશ કર્યો.

॥ श्री शुकउवाच ॥

इंद्रमेवं समादिश्य भगवान विश्वभावनः॥
पश्यतामनिमेषाणां तत्रैवांतर्दधेहरिः॥

શ્રી શુકદેવજી કહે છે—જગત્પાળક ભગવાન એ પ્રમાણે ઇંદ્રને કહીને દેવતાઓના દેખતાંજ અંતર્ધાન થઇ ગયા. ૧ હે પરીક્ષિત! પછી ભગવાનની આજ્ઞા પ્રમાણે દેવતાઓએ મહાત્મા દધીચિ ઋષિની પ્રાર્થના કરી, ત્યારે તે પ્રસન્ન થઇને હસતાં હસતાં આ પ્રમાણે બોલ્યા. ૨ હે દેવતાઓ! પ્રાણીઓને અંતકાળે જે અસહ્ય અને જીવિતનો નાશ કરનારૂં દુઃખ થાય છે, તે તમે જાણતા નથી? ૩ જીવવાને ઇચ્છનારા જીવોને સંસારમાં સર્વ કરતાં પોતાનો દેહ ઘણો વાહાલો હોય છે, માટે એવા દેહને માગવા માટે જો વિષ્ણુ પોતે આવે તોપણ તે આપવાને કોણ રાજી થાય? ૪

દેવતાઓ બોલ્યા—હે બ્રહ્મદેવ! આપના જેવા પ્રાણીઓ ઉપર દયા કરનારા અને ય-

[ᴬ] એકવાર અશ્વિની કુમારોએ અથર્વવેદ જાણનારા તથા બ્રહ્મવિદ્યામાં કુશળ એવા દધીચિ ઋષિ પાસે જઇને કહ્યું કે-'હે મહારાજ! અમને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કરો.' ત્યારે મુનિ બોલ્યા કે—હમણાં હું નિત્યકર્મમાં ગુંથાયો છુ, માટે તમે પછી આવજો. અશ્વિની કુમારો ગયા પછી ઇંદ્રે આવીને મુનિને કહ્યું કે—"તમે અશ્વિની કુમારોને બ્રહ્મવિદ્યા ભણાવશો નહી, જો મારૂં કહેવું નહી માનીને ભણાવશો તો હું તમારૂં મસ્તક છેદી નાખીશ." એમ કહીને ઇંદ્ર ગયા. પછી અશ્વિની કુમારોએ આવીને બ્રહ્મવિદ્યા માટે ઋષિને વિનતી કરતા તેમણે ઇંદ્રનાં વચન કહી સંભળાવ્યાં. ત્યારે અશ્વિની કુમારોએ કહ્યું કે-"અમે તમારૂં માથુ કાપી લઇને ઘોડાનું માથું સાંધીએ, એ મુખથી તમે અમને બ્રહ્મવિદ્યા શીખવો. પછી ઇંદ્ર આવીને તમારૂં ઘોડાનું માથું કાપી નાંખશે એટલે અમે તમારૂં અસલ માથું સાંધી દઇશું." એવાં અશ્વિની કુમારનાં વચનો સાંભળીને દધીચિએ તેમને કર્મવિદ્યા તથા બ્રહ્મવિદ્યા ઘોડાના મુખથી શીખવી. એટલામાં ઇંદ્રે આવીને તેમનું મસ્તક કાપી નાંખ્યું, એટલે અશ્વિની કુમારોએ તેમનું પ્રથમનું માથું સાંધી દીધું. એવી પુરાણમાં કથા છે.

શસ્ત્રી પુરૂષોથી વખાણ પામતા પુરૂષો કઇ વસ્તુનો ત્યાગ કરી શકતા નથી. ૫ પરંતુ સ્વાર્થી લોક પારકી પીડાને જાણતા નથી, જો જાણતા હોય તો માગે નહી; તેમજ દાતા પણ સમર્થ અને પારકી પીડાને જાણનારો હોય તો તે પણ ના પાડે નહી. ૬

દધીચિ ઋષિ બોલ્યા—હે દેવતાઓ ! તમારી પાસે ધર્મની વાત સાંભળવાને માટેજ મેં તમને ના કહી હતી. આ મારો દેહ અંતે મારો ત્યાગ કરનારોજ છે, માટે હું હાલજ તેનો ત્યાગ કરીને તમને પ્રસન્ન કરીશ. ૭ જે મનુષ્ય પ્રાણીઓ ઉપર દયા કરીને આ નાશવંત દેહથી ધર્મ અથવા યશ ન મેળવે તે મનુષ્ય જડ પ્રાણીઓમાં પણ ધિક્કારવા યોગ્ય છે. ૮ બીજા પ્રાણીને દુઃખી જોઇને પોતે દુઃખી થવું અને સુખી જોઇને સુખી થવું એટલાજ અવિનાશી ધર્મને મહાત્મા પુરૂષો સેવે છે. ૯ અહાહા ! મુઆ પછી પોતાના કામમાં નહી આવનારા, અને કાગડા કૂતરાંને ઉપયોગમાં આવનારા ક્ષણભંગુર શરીર તથા ધન પુત્રાદિકથી લોક પરોપકાર કરતા નથી એ કેટલી બધી ખેદની તથા દીનતાની વાત છે ! ! ૧૦

શ્રી શુકદેવજી કહે છે—હે પરીક્ષિત રાજા ! આ રીતે અથર્વ વેદને જાણનારા દધીચિએ નિશ્ચય કરીને પોતાનું મન પરબ્રહ્મને વિષે જોડીને દેહ ત્યાગ કર્યો. ૧૧ ઇંદ્રિયો, પ્રાણ, મન તથા બુદ્ધિને નિયમમાં રાખીને સ્વરૂપને જોનારા તથા બંધનમાંથી મુક્ત થયેલા દધીચિ મુનિએ ઉત્તમ યોગ સમાધિ ચઢાવી દેહ ત્યાગ કર્યો. ૧૨ પછી એ મુનિનાં હાડકાંમાંથી વિશ્વકર્માએ વજ્ર બનાવ્યું, તે લેઇને ઉન્નતિ પામેલો અને ભગવાનના તેજથી વૃદ્ધિ પામેલો ઇંદ્ર ઐરાવત હાથી ઉપર ચઢયો. ૧૩ તે વખતે સર્વ દેવતાઓ તેને વીંટાઇને ચાલ્યા અને મુનિ લોકો તેની સ્તુતિ કરવા લાગ્યા. એ રીતે અલૌકિક શોભાવાળો અને ત્રૈલોકયને પ્રસન્ન કરતો ઇંદ્ર કોપ કરીને રૂદ્ર જેમ કામની સામે ચઢયા હતા, તેમ તે દૈત્યસેનાપતિઓથી વીંટાયલા વૃત્રાસુર ઉપર વેગથી ચઢયો. ૧૪-૧૫ સત્યયુગના અંતમાં અને ત્રેતાયુગના આરંભમાં નર્મદાને કાંઠે દેવતાઓ અને દૈત્યોની વચ્ચે આ મહાદારૂણ યુદ્ધ થયું. ૧૬ હે રાજા ! રૂદ્ર, વસુ, આદિત્ય, અશ્વિનીકુમાર, પિતૃ, અગ્નિ, વાયુ, ઋભુ, સાધ્ય, અને વિશ્વેદેવતાથી વીંટાયેલા અને પોતાની માયાથી વજ્રધારી ઇંદ્રને યુદ્ધમાં જોઇને વૃત્રાસુર વગેરે દૈત્યો સહન કરી શકયા નહી. ૧૭-૧૮ નમુચિ, શંબર, અનર્વા, દ્વિમુર્દ્ધા, ઋષભ, અંબર, હયગ્રીવ, શંકુશિરા, વિપ્રચિત્તિ, અયોમુખ, ૧૯ પુલોમા, વૃષપર્વા, પ્રહેતિ, હેતિ, ઉત્કલ વગેરે બીજા પણ હજારો દૈત્યો, દાનવો, રાક્ષસો તથા સુમાલી અને માલી આદિ હજારો રાક્ષસો સુવર્ણની યુદ્ધ સામગ્રીથી સજ્જ થઇ મૃત્યુથી પણ ખાળી ન શકાય એવી ઇંદ્રની મુખ્ય સેનાને રોકીને પીડવા લાગ્યા, અને મહોન્મત્તપણાથી સિંહના જેવી ગર્જના કરતા ગદા, પરિઘ, બાણ, પ્રાસ, મુદ્દગર, તોમર, ત્રિશુળ, ફરશી, તરવાર, તોપ, અને ભુશુંડી વગેરે શસ્ત્રો તથા અસ્ત્રોનો દેવતાઓ ઉપર ચોતરફ વરસાદ કરવા લાગ્યા. ૨૦-૨૩ એક પછી એક એમ પડતાં બાણોના સમૂહથી જેમ વાદળાંથી તારા ઢંકાઇ જાય તેમ ચારે તરફથી પડતાં બાણોથી દેવતાઓ ઢંકાઇ ગયા. ૨૪ પરંતુ હાથ ચાલાકીવાળા દેવતાઓએ આકાશમાંજ એ શસ્ત્રો અને અસ્ત્રોના હજારો કકડા કરી નાંખ્યા. ૨૫ જ્યારે શસ્ત્ર તથા અસ્ત્ર ખુટી પડ્યાં ત્યારે દૈત્યો દેવતાઓની સેના ઉપર પર્વતોનાં શિખરો, વૃક્ષો, અને પથ્થરોનો વરસાદ કરવા લાગ્યા, પરંતુ દેવતાઓએ સર્વ પ્રથમની પેઠે કાપી નાંખ્યાં. ૨૬ આ પ્રમાણે અસ્ત્રો, શસ્ત્રો, પર્વતોનાં શિખરો, પથ્થરો, અને વૃક્ષોથી પણ ઇંદ્રની સેના ઘાયલ ન થઇ ત્યારે દૈત્યો કાયર થઇને ત્રાસ પામ્યા. ૨૭ જેમ શુદ્રજનો મહાત્માઓને દુષ્ટ અને કઠણ વચનો કહે તે વ્યર્થ જાય છે, તેમ જેને ભગવાન અનુકુળ છે એવા દેવતાઓના નાશ માટે દૈત્યોએ કરેલા અનેક પ્રયત્નો નિષ્ફળ થયા. ૨૮ ભગવાનથી વિમુખ રહેનારા, યુદ્ધ

કરવાનો ગર્વ નાશ પામેલા અને ધીરજ વિનાના થઇ ગયેલા દૈત્યો પોતાનો પરિશ્રમ નિષ્ફળ થયેલો જોઇને પોતાના સ્વામી (વૃત્રાસુર) ને છોડીને નાશી જવાનો વિચાર કરવા લાગ્યા. ૨૯ આ રીતે પોતાની સેનામાં ભંગાણ પડતું જોઇને એ મનસ્વી અને મહાવીર વૃત્રાસુર હસીને સમયોચિત્ત અને પ્રિયવાણીથી બોલ્યો કે-હે વિપ્રચિત્તિ ! હે નમુચિ ! હે પુલોમા ! હે મય ! હે અનર્વા ! હે શબર ! મારાં વચન સાંભળો. ૩૦-૩૧ જે જન્મે છે તે જરૂર મરે છે એ નક્કી છે, મરણથી બચવાનો કોઇ પણ ઉપાય જગતમાં છેજ નહીં, ત્યારે જે મરણથી આ લોકમાં યશ અને પરલોકમાં સ્વર્ગ મળે છે એવા ઉત્તમ મરણને કોણ માગે નહિ ? ૩૨ આ જગતમાં શાસ્ત્રે બે મૃત્યુને માન્ય કરેલાં છે, એક તો યોગી પ્રાણાયામ કરીને પરમાત્માના ધ્યાનથી દેહનો ત્યાગ કરે છે તે, અને બીજું યુદ્ધમાં અગ્રણી થઇને પાછી પાની ન કરતાં દેહનો ત્યાગ કરે છે તે. આ બન્ને મૃત્યુ અત્યંત દુર્લભ છે. ૩૩

द्वौ संमताविह मृत्यू दुरापौ ।
यद्ब्रह्म संधारणया जितासुः ॥
कलेवरं योगरतो विजह्या ।
द्यदग्रणीर्वीरशयेऽनिवृत्तः ॥ ३३ ॥

ઇતિશ્રી ભાગવત પુરાણના ષષ્ટ સ્કંધમાં "વૃત્રાસુરના વધ વિષે અસુર પરાજય" નામનો દશમો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૧ મો.

યુદ્ધમાં વૃત્રાસુરનાં ભક્તિ-જ્ઞાન ઉત્પન્ન કરે એવાં વિચિત્ર વચનો.

શ્રી શુકઉવાચ.

तएवं शंसतो धर्म्यं वचः मत्युरचेतसः ॥
नैवा गृह्णन् भयत्रस्ताः पलायनपरा नृप ॥

શ્રી શુકદેવજી કહે છે—હે પરીક્ષિત રાજા! એ પ્રમાણે દૈત્યોના રાજા વૃત્રાસુરે ધર્મનાં વચનો કહ્યાં, તોપણ ત્રાસ પામેલા અને નાસતા એ મુર્ખ દૈત્યોએ તેનું કહ્યું માન્યું નહીં. ૧ અનુકુળ સમયવાળા દેવોએ અનાથની પેઠે તે સેનાનો નાશ કર્યો, તેથી તે સર્વ સેના વિખરાઇ ગઈ. એવું જોઇને વૃત્રાસુરના મનમાં સંતાપ થયો, તેથી ક્રોધે ભરાઇ સેનાના સંહારને સહન નહી કરતાં દેવતાઓને બળપૂર્વક અટકાવીને તિરસ્કાર કરીને કહેવા લાગ્યો કે—૨-૩ "આ નાસતા અને માતાની વિષ્ટારૂપ દૈત્યોને પાછળથી મારો છો તેમાં તમારો શો પુરૂષાર્થ છે ? ભય પામેલાને મારવો એ શૂરવીર પુરૂષોને માટે વખાણવા યોગ્ય નથી તથા સ્વર્ગ આપનાર નથી. ૪ હે ક્ષુદ્ર લોકો ! તમને યુદ્ધ કરવામાં પ્રીતિ હોય તથા હૃદયમાં ધીરજ હોય અને સંસારી સુખોની ઇચ્છા ન હોય તો એક ક્ષણ પણ મારી સામે ઉભા રહો. ૫ એ પ્રમાણે કોપેલા તથા મહા બળવાન વૃત્રાસુરે કહીને પોતાના શરીરવડે શત્રુઓને ડરાવીને મોટી ગર્જના કરી, એ ગર્જના સાંભળીને સર્વ લોક મુર્છિત થઇ ગયા. ૬ જેમ વજ્રના પ્રહારથી પર્વતો પૃથ્વી ઉપર ઢળી પડે તેમ વૃત્રાસુરની ગર્જનાથી મુર્છા પામેલા સર્વ દેવતાઓ પૃથ્વી ઉપર પડી ગયા. ૭ જેમ ગાંડો હાથી ઘાસના વનને પગવતી કચરી નાંખે, તેમ પૃથ્વીને ધ્રુજાવતો અને ત્રિશુળ ઉગામીને ઉભેલો મદોન્મત્ત વૃત્રાસુર ભયથી વ્યાકુળ થઇ આંખો મીંચીને પડેલી દેવતાઓની સેનાને બે પગવતી જોરથી કચરી નાંખવા લાગ્યો. ૮ આ પ્રમાણે સેનાને કચરી નાંખતો જોઇને કોપેલા ઇંદ્રે ધસી આવતા પોતાના શત્રુ ઉપર મોટી ગદા ફેંકી, એટલે એ અસહ્ય ગદાને વૃત્રાસુરે રમત માત્રમાં પોતાના ડાબા હાથથી પકડી લીધી. ૯ ભયંકર પરાક્રમવાળા તથા અત્યંત કોપેલા વૃત્રાસુરે ગર્જના કરીને તે ગદા ઇંદ્રના હાથીના કુંભસ્થળમાં મારી. એ જોઈ સર્વ લોકો તેનાં વખાણ કરવા લાગ્યા. ૧૦ ગદાના પ્રહારથી ઐરાવતનું મોઢું ભાગી ગયું, અને વજ્રથી તોડી પાડેલા પર્વ-

તની પેઠે તે ચકરી ખાઇ લોહી ઓકતો અત્યંત પીડા પામીને ઇંદ્ર સહિત સાત ધનુષ્ય પાછો હઠી ગયો. ૧૧ પોતાનું વાહન ઘવાયાથી ઇંદ્રને મનમાં ઘણો ખેદ થયો. તેથી મહાત્મા વૃત્રાસુરે તેને ફરીથી ગદા મારી નહી. પછી ઇંદ્ર પોતાના અમૃત ઝરતા હાથના સ્પર્શથી ઘવાયલા હાથીની પીડા મટાડીને વૃત્રાસુરની સામે યુદ્ધ કરવાને ઉભો. ૧૨ હે ગજેંદ્ર ! એ પ્રમાણે વજ્ર ધારણ કરેલા અને પોતાના ભાઇને મારનારા શત્રુ ઇંદ્રને યુદ્ધ કરવાને સામે ઉભેલો જોઇને વૃત્રાસુરને તેનાં અત્યંત ક્રૂર પાપ કમ સાંભરી આવ્યાં, તેથી તે શોક તથા મોહથી ઘેરાઇ હસીને કહેવા લાગ્યો. ૧૩

વૃત્રાસુર કહે છે—હે ઇંદ્ર ! તું બ્રહ્મહત્યા કરનારો, ગુરૂની હત્યા કરનારો અને મારા ભાઇને મારનારો મારો શત્રુ આજ મારી સામે આવીને ઉભો છે તે બહુજ સારૂં થયું. હે મહા દુષ્ટ ! હવે થોડા વખતમાં મારા ત્રિશૂળથી તારૂં પથ્થર જેવું હૃદય ચીરીને આજ હું મારા ભાઇના ઋણથી છૂટીશ.૧૪ જેમ સ્વર્ગ પામવાને ઇચ્છનારો નિર્દય યજમાન ખડ્ગથી પશુનું માથું કાપી નાંખે છે, તેમ તેં વિશ્વાસઘાત કરીને બ્રાહ્મણ, ગુરૂ, આત્મજ્ઞાની, નિર્દોષી, અને દીક્ષા લીધેલા મારા મોટા ભાઈઓનાં માથાં કાપી નાંખ્યાં છે. ૧૫ તું લજ્જા, લક્ષ્મી, દયા તથા કીર્તિ વગરનો અને પોતાનાં કર્મોથી રાક્ષસોવડે પણ ધિક્કારવા યોગ્ય છે. માટે આજ મારા દુઃખદાયી ત્રિશૂળથી તારૂં માથું કાપી નાંખીશ, તેને અગ્નિનો સ્પર્શ પણ નહી થાય અને ગીધ પક્ષીઓ ખાઇ જશે. ૧૬ તને પાપીને અનુસરનારા બીજા મૂર્ખ લોકો જો શસ્ત્રોથી મને મારવા આવશે, તો તેઓનાં ગળાં તીક્ષ્ણ ધારવાળા ત્રિશૂળથી કાપી નાંખીને તેના વડે ગણો સહિત ભૈરવાદિકને બળિદાન આપીશ. ૧૭ હે ઇંદ્ર ! જો તું અહીં બળાત્કારે વજ્રથી મારૂં માથું કાપીશ તો હું કર્મબંધનથી છૂટી મારા શરીરનું પ્રાણીઓને બળીદાન આપીને ધીરલોકોના સ્થાનને પામીશ. ૧૮ હે દેવતાઓના રાજા ! હું તારો શત્રુ તારી સામે ઉભો છું, તેને તું તારૂં અમોઘ વજ્ર કેમ મારતો નથી ? જેમ કૃપણ પાસે કરેલી યાચના વ્યર્થ જાય છે, તેમ તારી ગદા વ્યર્થ ગઈ છે. પણ તારૂં વજ્ર વ્યર્થ જવાનો સંશય રાખીશ નહી. ૧૯ આ તારૂં વજ્ર ભગવાનના તેજથી અને દધીચિઋષિના તપથી પ્રભાવવાળું છે, માટે તું વિષ્ણુની પ્રેરણાથી એ શસ્ત્રવડેજ મને મારી નાંખ. જે પક્ષમાં ભગવાન હોય છે, તે પક્ષમાં વિજય, લક્ષ્મી અને ગુણ રહે છે. ૨૦ મારા ગુરૂ સંકર્ષણે આપેલા ઉપદેશ પ્રમાણે તેનાં ચરણકમળમાં મન સ્થિર કરીને તારા વજ્રના વેગથી નાશ પામેલી વિષયવાસનાવાળો હું દેહ તજીને યોગીની ગતિને પામીશ. ૨૧ પોતાના અનન્ય ભક્તોને ભગવાન સ્વર્ગની, પૃથ્વીની તથા પાતાળની સંપત્તિ આપતા નથી, કેમકે એ સંપત્તિથી તો દ્વેષ, ઉદ્વેગ, આધિ, મદ, કલહ, દુઃખ અને શ્રમ જ નીપજે છે. ૨૨ હે ઇંદ્ર ! અમારા સ્વામી તો પોતાના ભક્તોના ધર્મ, અર્થ અને કામ સંબંધી શ્રમનો નાશ કરેછે, તેથી બીજાઓને દુર્લભ તથા ભક્તજનોને મળે એવી ભગવાનની કૃપા તેઓની ઉપરછે, એવું અનુમાન થાય છે. ૨૩ (હવે વૃત્રાસુર ભગવાનની સ્તુતિ કરે છે.) હે ભગવાન ! હું ફરી પણ તમારાં ચરણારવિંદના આશ્રયે રહેનારા દાસોનો પણ દાસ થાઉં. મારૂં મન તમો પ્રાણજીવનના ગુણોનું સ્મરણ કરે, મારી વાણી તમારા ગુણો ગાય, અને મારૂં શરીર તમારી સેવા કરે એવી કૃપા કરો. ૨૪ હે સોભાગ્યના ભંડાર ! તમને છોડીને હું સ્વર્ગલોક, બ્રહ્મલોક, ચક્રવર્તિ રાજ્ય, પાતાળનું રાજ્ય, અણિમાદિક આઠ સિદ્ધિઓ તથા મોક્ષને પણ ઇચ્છતો નથી. ૨૫ જેમ પક્ષીઓનાં પાંખવિનાનાં બચ્ચાં માને જોવાને ટમટમી રહેછે, જેમ ભૂખ્યાં વાછરડાં દૂધની વાટ જોયા કરે છે, અને જેમ વિયોગથી ખિન્ન થયેલી સ્ત્રી પરદેશ ગયેલા પતિને જોવાની ઇચ્છા કરે છે, તેમ હે કમળનયન ! મારૂં મન તમારાં દર્શનમાટે આતુર રહે છે. ૨૬ હે નાથ !

આ સંસાર ચક્રમાં હું પોતાનાં કર્મોથી ભટકું છું, અને તમારી માયાને લીધે પુત્રો, સ્ત્રીઓ અને ઘરમાં આસક્ત થઇ રહ્યો છું. તેનો હવે તમારા ભક્તોની સાથેજ મિત્રતા થાઓ. પરંતુ ફરીને દેહાદિકમાં આસક્તિ થાઓ નહી. ૨૭

ममोत्तमश्लोक जनेषु सख्यं ।
संसारचक्रे भ्रमतः स्वकर्मभिः ॥
त्वन्माययाऽत्मात्मजदारगेहे ।
ष्वासक्तचित्तस्य न नाथ भूयात् ॥

ઇતિશ્રી ભાગવત મહાપુરાણના ષષ્ટ સ્કંધમાં "વૃત્રાસુર સ્તુતિ વર્ણન" નામનો ૧૧ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૨ મો.

ઇંદ્રે વૃત્રાસુરનો કરેલો વધ.

ऋषिरुवाच.

एवं जिहासुर्नृप देहमाजौ ।
मृत्युं वरं विजयान्मन्यमानः ।
शूलं प्रगृह्याभ्यपतत् सुरेंद्रं ।
यथा महापुरुष कैटभोप्सु ॥ १ ॥

શ્રીશુકદેવજી કહે છે—હે પરીક્ષિત રાજા ! એ રીતે યુદ્ધમાં દેહ છોડવાને ઇચ્છતો તથા વિજય કરતાં મરણને ઉત્તમ માનનારો વૃત્રાસુર જેમ પ્રલયકાળના જળમાં કૈટભદૈત્ય ભગવાન ઉપર ધસ્યો હતો તેમ ત્રિશૂળ લઇને ઇંદ્રની ઉપર ધસ્યો. ૧ એ મહા શૂરવીર વૃત્રાસુર પ્રલયકાળના અગ્નિ જેવું ભયંકર જ્વાળાવાળું ત્રિશૂળ ઇંદ્ર ઉપર વેગથી ફેંકીને ક્રોધથી ગર્જના કરીને બોલ્યો કે-હે દુષ્ટ ! હવે તારૂં મોત આવ્યું છે. ૨ ગ્રહ અને ઉંબાડીઆના જેવું અને જોઇ ન શકાય એવું ત્રિશૂળ ફરતું ફરતું આકાશમાંથી આવતું હતું, તેને જોઇને ભય ન પામતાં ઇંદ્રે પોતાના સો ધારવાળા વજ્રથી તે ત્રિશૂળને તથા તેનો સર્પ રાજના જેવો શ્યામ હાથ પણ કાપી નાંખ્યો. ૩ વૃત્રાસુરનો એક હાથ કપાઇ જવાથી તેણે કોપ કરીને વજ્રધારી ઇંદ્રના ગાલની પાસેના ભાગમાં ભોગળ મારી, અને તેના હાથીને પણ ભોગળ મારી. એ મારથી ઇંદ્રના હાથમાંથી વજ્ર પડી ગયું. ૪ વૃત્રાસુરનું આવું અદ્ભૂત કામ જોઇને દેવતાઓ, દૈત્યો, ચારણો અને સિદ્ધિલોકોનો સમૂહ તેને વખાણવા લાગ્યો, અને ઇંદ્રનું સંકટ જોઇને ઘણો હાહાકાર કરવા લાગ્યો. ૫ શત્રુના દેખતાં હાથમાંથી વજ્ર પડી જવાથી લજ્જા પામીને ઇંદ્રે તે વજ્રને પાછું હાથમાં લીધું નહી, તેથી વૃત્રાસુરે કહ્યું કે-હે ઇંદ્ર ! વજ્ર લઇને તારા શત્રુને માર, ખેદ કરવાનો આ વખત નથી. ૬ ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયના સ્વામી, સર્વજ્ઞ, અને સનાતન આદિપુરૂષ ભગવાન વિના લડવાને ઇચ્છનારા બીજા પરાધીન આતતાયી પુરૂષોનો સદા જય થતો નથી. ક્વચિત જય થાય છે અને ઘણી વાર પરાજય થાય છે. ૭ જળમાં બંધાયેલાં પક્ષીઓની પેઠે પરવશ થયેલા લોકપાળો સહિત આ લોકો જેના સ્વાધીન રહીને જીવે છે, તે કાળરૂપ ભગવાનજ જય અને પરાજયનું કારણ છે. ૮ શરીરની શક્તિ, મનની શક્તિ, ઇંદ્રિયોની શક્તિ, પ્રાણ, અમરપણું અને મરણ એ સર્વેનું કારણ કાળ જ છે; પરંતુ મનુષ્ય તે કાળને નહી જાણતાં પોતાના જડ દેહને તે સર્વેનું કારણ માને છે. ૯ હે ઇંદ્ર ! જેમ કાષ્ટની પૂતળી અને યંત્રનું મૃગ નચાવનારને આધીન છે, તેમ સર્વ પ્રાણી માત્ર ઇશ્વરને આધીન છે, એમ તું જાણ. ૧૦ પુરૂષ, પ્રકૃતિ, મહત્તત્વ, અહંકાર, ઇંદ્રિયો અને અંતઃકરણ એ સર્વ જેના અનુગ્રહ વગર આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ તથા પ્રલય વગેરે કરી શકતાં નથી, તેને આધીન આ સઘળું જગત છે. ૧૧ એ પ્રમાણે નહી જાણનારો અજ્ઞાની મનુષ્ય પોતાના પરાધીન દેહને સ્વતંત્ર માને છે, પરંતુ ભગવાન પ્રાણીદ્વારા પ્રાણીને ઉત્પન્ન કરે છે, તેમજ પ્રાણીદ્વારા પ્રાણીનો નાશ પણ કરે છે. તે ઉપરથી ભગવાન પોતે જ સર્વ

કરાવે છે એમ સિદ્ધ થાય છે. ૧૨ જેમ દુઃખની ઇચ્છા નહી કર્યા છતાં પણ મનુષ્યને સમય પ્રમાણે દુઃખાદિક આવીને ખડું થાય છે, તેમજ આયુષ્ય, લક્ષ્મી, કીર્તિ, ઐશ્વર્ય, તથા બીજાં સુખો પોતાના સમયે આવીને ખડાં થાય છે. માટે યશ અપયશ, જય પરાજય, સુખ દુઃખ, અને જીવવા મરવાથી હર્ષ કે શોક કરવો ન જોઇએ. ૧૪ સત્વ, રજ અને તમ એ પ્રકૃતિના ગુણો છે, આત્માના નથી. આત્મા તો તેનો સાક્ષી છે, એમ જે જાણે છે તે હર્ષ શોકથી બંધાતા નથી ૧૫ હે ઇંદ્ર! હું હાર્યો છું અને મારો હાથ તથા આયુધો કપાઇ ગયાં છે; તોપણ તારો પ્રાણ લેવાને પ્રયત્ન કરૂં છું તે તરફ નજર કર.૧૬ આ યુદ્ધરૂપી જુગાર છે, તેમાં બાણરૂપી પાસા છે, વાહનરૂપી સોગઠાં છે, અને પ્રાણરૂપી સરત છે; હવે આ જુગારમાં કોનો જય થશે અને કોનો પરાજય થશે એ જાણવામાં આવતું નથી. ૧૭

શ્રી શુકદેવજી કહે છે –એવાં વૃત્રાસુરનાં વચન સાંભળીને ઇંદ્રે તેને નિષ્કપટભાવથી આદરમાન આપ્યું. પછી હાથમાં વજ્ર લઇ ગર્વ રહિત થઇને હસીને કહ્યું. ૧૮

ઇંદ્ર કહે છે—હે દાનવ! તું જીવન્મુક્ત છે, તથા જગતના મિત્ર, આત્મા અને ઇશ્વર એવા ભગવાનનો ભક્ત છે, કેમકે તારી આવી બુદ્ધિ થઇ છે. ૧૯ તું લોકોને મોહિત કરનારી ભગવાનની માયાને તરી ચુકયો છે, કેમકે તું આસુરભાવ છોડીને મહા પુરૂષપણાને પામ્યો છે. ૨૦ તારો સ્વભાવ રજોગુણી છે, તેમ છતાં સત્વગુણી વાસુદેવ ભગવાનમાં તારી દૃઢ બુદ્ધિ થઈ છે, એ મોટું આશ્ચર્ય છે. ૨૧ જેને મોક્ષના અધિપતિ ભગવાન શ્રી હરીમાં ભક્તિ થાય છે તેને બીજાં હલકાં સુખોનું શું પ્રયોજન છે? જે અમૃતના સમુદ્રમાં વિહાર કરતો હોય તેને ખાબોચીયામાં ભરાયેલા મેલા પાણીનું શું પ્રયોજન છે? ૨૨

શ્રી શુકદેવજી કહે છે—હે રાજા! આ પ્રમાણે ધર્મ જાણવાની ઇચ્છાથી પરસ્પર ભાષણ કરતા મહા પરાક્રમી અને યુદ્ધના અગ્રેસર ઇંદ્ર તથા વૃત્રાસુર યુદ્ધ કરવા લાગ્યા. ૨૩ શત્રુઓને મારનારા વૃત્રાસુરે ડાબા હાથથી ગજવેલની ભોગળ ફેરવીને ઇંદ્રની ઉપર ફેંકી. ૨૪ ત્યારે ઇંદ્રે સો ધારવાળા વજ્રથી તેની ભોગળ અને હાથીની સૂંઢ જેવો તેનો હાથ કાપી નાંખ્યો. ૨૫ બન્ને હાથ મુળમાંથી કપાઇ જવાથી તેમાંથી લોહી વહેવા લાગ્યુ. તે વખતે તે વૃત્રાસુર, ઇંદ્રે પાંખો કાપી નાંખવાથી આકાશમાંથી પડેલો પર્વત જેવો શોભે તેવો શોભતો હતો. ૨૬ પછી વૃત્રાસુર પોતાનો નીચલો હોઠ પૃથ્વી ઉપર અને ઉપલો હોઠ આકાશમાં રાખીને આકાશ જેવા ગંભીર મોઢાથી, સાપના જેવી ભયંકર જીભથી અને કાળના જેવી ભયંકર દાઢોથી જાણે ત્રણે લોકને ગળી જતો હોય એવો દેખાવા લાગ્યો. ઘણીજ મોટી કાયાવાળો, વેગથી પર્વતોને ઉડાવી દેતો, અને પગે ચાલતા પર્વતની પેઠે પોતાના પગોથી પૃથ્વીના ચુરેચુરા કરતો એ વૃત્રાસુર ઇંદ્રની પાસે જઇને તેના હાથી સહિત તેને ગળી ગયો. ૨૭–૨૮–૨૯ જેમ અજગર મોટા હાથીને ગળી જાય, તેમ એ મહા બળવાન તથા મહા પરાક્રમી વૃત્રાસુર ઇંદ્રને ગળી ગયો, એ જોઇને પ્રજાપતિ, મહર્ષિયો તથા દેવતાઓ ખેદ પામીને 'હાય હાય બહુજ ભુંડું થયું' એમ બુમો પાડવા લાગ્યા. વૃત્રાસુર ઇંદ્રને ગળી ગયો, તોપણ ઇંદ્ર મરી ગયો નહી, કારણ કે તે નારાયણ કવચથી તથા યોગમાયાના બળથી રક્ષાયેલો હતો. ૩૦–૩૧ પછી મહા બળવાન ઇંદ્ર વજ્રવડે તેનુ પેટ ચીરીને બહાર નીકળ્યો, અને બળથી પર્વતના શિખરની પેઠે તેનું માથું કાપી નાંખ્યું. ૩૨ ભારે વેગવાળું વજ્ર વૃત્રાસુરને મારવા માટે ચારે તરફ ફરીને તેનું ગળું કાપવા લાગ્યું ત્યારે ત્રણસેં સાઠ દિવસે તેનું મસ્તક કપાઇને જુદું પડયું. ૩૩ એ વખતે આકાશમાં દુંદુભિ વાગવા લાગ્યાં અને વૃત્રાસુરના વધના વર્ણનવાળાં સ્તોત્રથી સ્તુતિ કરતા ગંધર્વો, સિદ્ધો તથા મહર્ષિઓનાં મંડળ આનંદથી પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યાં. ૩૪ હે શત્રુને દમનારા રાજા!

તે સમયે વૃત્રાસુરના શરીરમાંથા જીવરૂપ તેજ નીકળીને સર્વ લોકોના દેખતાં શ્રી હરિમાં મળી ગયું. ૩૫

वृत्रस्य देहान्निष्क्रान्त मात्मज्योतिररिंदम ॥
पश्यतां सर्वलोकानामलोकं समपद्यत ॥

ઈતિ શ્રી ભાગવત પુરાણના ષષ્ઠ સ્કંધમાં "વૃત્રાસુર વધ વર્ણન" નામનો ૧૨ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૩ મો.

બ્રહ્મહત્યાના ડરથી સંતાયેલા ઇંદ્રની વિષ્ણુએ રક્ષા કરી.

શ્રી શુકઉવાચ.

वृत्रेहते त्रयो लोका विनाशक्रेण भूरिद ॥
सपाला ह्यभवन्सद्यो विज्वरा निर्वृतेंद्रियाः ॥

શ્રી શુકદેવજી કહે છે—હે મહાદાનેશ્વરી પરીક્ષિત! વૃત્રાસુરના મરણ પછી એક ઇંદ્ર વગર ત્રણે લોક તથા લોકપાળોના ભય દુર થઇ જઈ તેઓના મનમાં શાંતિ થઇ. ૧ પછી સર્વ દેવતા, ઋષિ, પિતૃ, ભૂત, દૈત્ય અને દેવતાના અનુચરો પોત પોતાને સ્થાને ગયા. અને બ્રહ્મા, શીવ તથા ઇંદ્રાદિક પણ પોત પોતાને ઠેકાણે ગયા. ૨

પરીક્ષિત રાજા પૂછે છે—હે શુકમુનિ! ઇંદ્રને શાંતિ કેમ ન થઇ? તેનું કારણ જાણવાને હું ઇચ્છું છું. દેવતાઓ સુખ પામ્યા, તેમ છતાં ઇંદ્રને દુઃખ કેમ રહ્યું? ૩

શ્રી શુકદેવજી કહે છે—વૃત્રાસુરના પરાક્રમથી ખેદ પામીને તેને મારવા માટે સર્વ દેવતાઓએ તથા ઋષિઓએ ઇંદ્રની પ્રાર્થના કરી હતી, પણ બ્રહ્મહત્યાના ડરથી ઇંદ્રે તેને મારવાની ઇચ્છા કરી નહી અને આ પ્રમાણે કહ્યું. ૪

ઇંદ્ર બોલ્યો—વિશ્વરૂપનો નાશ કરવાથી મને જે બ્રહ્મહત્યા લાગી હતી, તે તો સ્ત્રી, પૃથ્વી, જળ, અને વૃક્ષોએ મારા ઉપર અનુગ્રહ કરીને વેહેંચી લીધી; હવે પાછ વૃત્રાસુરને મારવાથી જે બ્રહ્મહત્યા લાગે તે હું શી રીતે દુર કરૂં? ૫

શ્રી શુકદેવજી કહે છે—એવાં ઇંદ્રનાં વચન સાંભળીને ઋષિઓએ કહ્યું કે-અમે તમને અશ્વમેધયજ્ઞ કરાવીને તમારી હત્યા દુર કરીશું, તમે ડરશો નહી, તમારૂં કલ્યાણ થશે. ૬ પરમાત્મા પરબ્રહ્મનારાયણનું અશ્વમેધયજ્ઞથી આરાધન કરવાથી તમે બ્રહ્મહત્યા તો શું પણ આખા જગતની હિંસાના પાપથી પણ છુટી જશો. ૭ જે ભગવાનના ગુણો ગાવાથી બ્રહ્મહત્યા, પિતૃહત્યા, ગૌહત્યા, માતૃહત્યા અને ગુરૂહત્યા ટળી જાય છે, તથા ચાંડાળ, પાપી અને ઢેડ સરખો હોય તે પણ પવિત્ર થઇ જાય છે. ૮ તે ભગવાનનું આરાધન અમારા કરાવ્યાથી શ્રદ્ધા પૂર્વક કરશો, તો બ્રાહ્મણો સહિત સર્વ સ્થાવર જંગમ જગતનો નાશ કર્યાનું પાપ પણ તમને લાગશે નહી, ત્યારે આ દુષ્ટ વૃત્રાસુરને શિક્ષા કર્યાથી શી રીતે પાપ લાગશે? ૯

શ્રી શુકદેવજી કહે છે—એ પ્રમાણે વૃત્રાસુરને મારવા માટે બ્રાહ્મણોએ ઇંદ્રને પ્રેરણા કર્યાથી ઇંદ્રે તેને માર્યો, તેથી તુરત તેની પાછળ બ્રહ્મહત્યા લાગી. ૧૦ એ બ્રહ્મહત્યાના સંતાપથી ઇંદ્રને શાંતિ વળી નહી, કારણ કે જ્યારે લજ્જાવાન પુરૂષ નિંદાપાત્ર થાય છે, ત્યારે તેને બીજા કોઈ પણ ગુણ સુખ આપતા નથી. ૧૧ ચાંડાળણી જેવી, વૃદ્ધાવસ્થાથી ધ્રુજતી, ક્ષયરોગવાળી, અને લોહીથી ખરડાયલાં વસ્ત્રોવાળી તે બ્રહ્મહત્યા મૂર્તિમાન થઇ ઇંદ્રની પાછળ પડી. ૧૨ તે માથાના ધોળા વાળ છુટા મુકીને "ઉભો રહે, ઉભો રહે" એમ બોલતી હતી, અને માછલાંના જેવી દુર્ગંધવાળા શ્વાસથી માર્ગમાં દુર્ગંધ ફેલાવતી હતી. ૧૩ હે રાજા! ઇંદ્ર આકાશ, અને સર્વ દિશાઓમાં ફરી વળ્યો, પરંતુ બ્રહ્મહત્યાએ તેનો કેડો મુક્યો નહિ, તેથી તે છેવટ ઈશાન ખુણામાં જઇ માનસ સરોવરમાં સંતાયો. ૧૪ ત્યાં કમળના તંતુઓમાં ગુપ્ત રીતે એક હજાર વર્ષ સુધી સંતાઇ રહ્યો, અને બ્રહ્મહત્યાથી છુટવાનો મનમાં વિચાર કર્યા

કરતો. ઈંદ્રને યજ્ઞનો ભાગ પણ મળતો નહતો. ૧૫ જ્યાં સુધી ઈંદ્ર કમળનાળમાં રહ્યો, ત્યાં સુધી વિદ્યા, તપ, યોગ અને બળના પ્રભાવથી નહુષ રાજાએ સ્વર્ગનું રાજ્ય કર્યું; પરંતુ સંપત્તિ તથા ઐશ્વર્યના મદથી આંધળા થઇને તેણે ઈંદ્રાણી સાથે સંભોગ કરવાની માગણી કરી, તેથી ઈંદ્રાણીએ તેને શાપ દેવરાવીને અજગરનો * અવતાર આપ્યો હતો. ૧૬ ઈંદ્ર જ્યાં સુધી માનસ સરોવરમાં રહ્યો ત્યાં સુધી ઇશાન ખુણાના દેવતા રૂદ્ર તથા લક્ષ્મીએ તેની રક્ષા કરી હતી, તેથી બ્રહ્મહત્યા તેનો પરાભવ કરી શકી નહી. પછી ભગવાનના ધ્યાનથી ઈંદ્રના પાપનો નાશ થઇ ગયો એટલે બ્રાહ્મણોના કહેવાથી તે સ્વર્ગમાં ગયો. ૧૭ હે રાજા ! પછી બ્રહ્મર્ષિઓએ ભગવાનની આરાધનાવાળા અશ્વમેધ યજ્ઞની શાસ્ત્રવિધિ પ્રમાણે ઈંદ્રને દીક્ષા આપી. ૧૮ અને અશ્વમેધ યજ્ઞ કરાવવા લાગ્યા. ઈંદ્રે સર્વ વેદરૂપ યજ્ઞપુરૂપ ભગવાનનું યજન કર્યું કે-તુરતજ સૂર્યથી જેમ ઝાકળનો નાશ થઇ જાય તેમ પૂજનવડે વૃત્રાસુરની હત્યારૂપી ભારે પાપનો પુંજ નાશ પામ્યો. ૧૯-૨૦ મરીચિ આદિ ઋષિઓએ વિધિ પ્રમાણે કરાવેલા અશ્વમેધ યજ્ઞોવડે યજ્ઞપતિ પુરાણપુરૂષનું પૂજન કરીને ઈંદ્ર પાપ રહિત થઇ મહાત્મા થયો હતો. ૨૧ ઈંદ્રનું બ્રહ્મહત્યામાંથી છુટયાનું તથા તેના વિજયનું આ મોટું આખ્યાન પાપનો નાશ કરનારૂં, ભગવાનના કીર્તનવાળું, ભક્તિનો વધારો કરનારૂં, ભક્તજનોના વર્ણનથી ભરપૂર, ઈંદ્રિયોનું બળ વધારનારૂં, શત્રુઓનો પરાજય કરનારૂં, આયુષ્ય વધારનારૂં, અને ધન, યશ તથા કલ્યાણ આપનારૂં છે. આ આખ્યાનનો વિદ્વાનોએ પ્રત્યેક પર્વે પાઠ કરવો અથવા સાંભળવું. ૨૨-૨૩

पठेयुराख्यानमिदं सदा बुधाः ।
शृण्वन्त्यथो पर्वणि पर्वणींद्रियं ॥
धन्यं यशस्यं निखिलाघमोचनं ।
रिपुंजयं स्वस्त्ययनं तथायुषम् ॥ २३ ॥

ઇતિશ્રી ભાગવત મહાપુરાણના ષષ્ઠ સ્કંધમાં 'ઈંદ્રવિજય' નામનો તેરમો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૪ મો.

પુત્રના મરણથી ચિત્રકેતુએ કરેલો શોક.

परीक्षिदुवाच.

रजस्तमः स्वभावस्य ब्रह्मन् वृत्रस्य पाप्मनः॥
नारायणे भगवति कथमासीत् दृढामतिः ॥

પરીક્ષિત રાજા પૂછે છે—હે મહારાજ ! વૃત્રાસુર રજોગુણી તથા તમોગુણી સ્વભાવવાળો અને મહાપાપી હતો, તેમ છતાં તેની ભગવાન નારાયણ વિષે દૃઢબુદ્ધિ શી રીતે થઇ ? ૧ શુદ્ધ સત્વગુણી દેવતાઓની અને નિર્મળ અંતઃકરણવાળા ઋષિઓની પણ ઘણું કરીને ભગવાનનાં ચરણોમાં ભક્તિ થતી નથી. ૨ પૃથ્વીના જેટલા રજકણછે, તેટલા અસંખ્યાત જીવ આ સંસારમાં છે, તેમાંથી મનુષ્યાદિક થોડાક જીવોજ ધર્માચરણ કરે છે. ૩ ધર્મપાળનારાઓમાં પણ કેટલાક ઉત્તમ દ્વિજ વર્ણનાજ પ્રાણી મોક્ષની ઇચ્છા રાખેછે, એવા મુમુક્ષુમાં પણ હજારોમાં કોઇ એકાદજ ઘણુ

* ઈંદ્રની જગા ખાલી પડવાથી બૃહસ્પતિએ નહુષ રાજાને ઈંદ્ર બનાવ્યો હતો, પણ તેણે ઈંદ્રાણી સાથે સંભોગ કરવાની માગણી કર્યાથી ઈંદ્રાણીએ એ વાત પોતાના ગુરૂ બૃહસ્પતિને જણાવી. ત્યારે બૃહસ્પતિએ ઈંદ્રાણીને કહ્યું કે—તારે નહુષ રાજાને કહેવું કે—"તું બ્રાહ્મણો પાસે પાલખી ઉપડાવી તેમાં બેસીને મારી પાસે આવ, એટલે હું તારી ઇચ્છા પૂર્ણ કરીશ." પછી એ પ્રમાણે ઈંદ્રાણીએ નહુષને કહ્યું. તેથી તે અગસ્ત્યાદિક બ્રાહ્મણો પાસે પાલખી ઉપડાવી તેમાં બેસીને ઈંદ્રાણી પાસે જવા નીકળ્યો. રસ્તામાં નહુષે 'સર્પ સર્પ' (જલદી ચાલ, જલદી ચાલ) કહીને અગસ્ત્ય મુનિને પગ અડકાડયો. તેથી મુનિએ શાપ આપ્યો કે-'તું સાપ થા.' તેથી તે અજગર યોનને પામ્યો હતો. (મહાભારત)

વગેરેની આસક્તિ છોડી દે છે, અને તત્ત્વને જાણે છે. ૪ અને એવા કરોડો જીવન્મુક્તમાં પણ ભગવત્પરાયણ અને શાંતચિત્તવાળો કોઇ એક જવલ્લેજ હોય છે. ૫ આ વૃત્રાસુર તો મહાપાપી અને સર્વ લોકને સંતાપ કરનારો હતો, તેમ છતાં ભયંકર સંગ્રામના સમયમાં પણ તેની બુદ્ધિ ભગવાનમાં શા કારણથી દૃઢ થઇ ? ૬ હે મહારાજ ! આ બાબતમાં મને મોટો સંશય છે; અને તે સાંભળવાની આતુરતા છે, કેમકે વૃત્રાસુરે યુદ્ધમાં પરાક્રમ કરીને ઇંદ્રને પ્રસન્ન કર્યો હતો તેથી તે ઇંદ્રના ભયથી ભગવાનને શરણે ગયો હોય, એમ માનવામાં આવતું નથી. ૭

સૂતજી કહે છે—હે મુનિઓ ! આ પ્રમાણે શ્રદ્ધાવાળા પરીક્ષિત રાજાનો પ્રશ્ન સાંભળી તેનો સત્કાર કરીને શુકદેવજી બોલ્યા. ૮

શ્રી શુકદેવજી કહે છે—હે રાજા ! આ ઇતિહાસ મેં વ્યાસજી, નારદજી અને દેવલ મુનિના મુખથી સાંભળ્યો છે, તે હું તમને કહું છું. સાવધાન થઇને સાંભળો. ૯ શૂરસેન દેશમાં ચક્રવર્તિ ચિત્રકેતુ નામનો રાજા રાજ કરતો હતો, તેની સર્વ મન કામનાઓ પૃથ્વી પૂરી પાડતી હતી ૧૦ એ રાજાને એક *કરોડ રાણી હતી, વળી તે પુત્ર ઉત્પન્ન કરવાને પણ સમર્થ હતો, તોપણ તેને તે રાણીઓથી પુત્ર થયો નહી. ૧૧ તે રાજા રૂપ, ઉદારતા, અવસ્થા, ઉત્તમ કુળમાં જન્મ, વિદ્યા, ઐશ્વર્ય, અને લક્ષ્મી વગેરેથી સર્વ ગુણસંપન્ન હતો, તોપણ સ્ત્રીઓ વાંઝણી હોવાથી તેના મનમાં ઘણી ચિંતા થયા કરતી. ૧૨ તેથી તેને સર્વ સંપત્તિઓ, રૂપવતી સ્ત્રીઓ તથા પૃથ્વી, એમાંથી કોઇપણ વસ્તુ આનંદ આપતી ન હતી. ૧૩ એકવાર ભગવાન અંગિરા ઋષિ લોકોમાં ફરતા ફરતા દૈવઇચ્છાથી તેની પાસે આવી ચઢયા. ૧૪ રાજાએ ઉઠી, સામા જઈ અનેક પ્રકારની પૂજાની સામગ્રીથી તેમની પૂજા કરી યોગ્ય રીતે અતિથિ સત્કાર કર્યો. પછી મુનિ સુખથી આસનપર બિરાજ્યા અને રાજા પણ સાવધાન થઇને તેમની પાસે બેઠો. ૧૫ રાજાએ વિનયથી પ્રણામ કર્યા, તે પછી ઋષિએ રાજાનો સત્કાર કરી સંબોધીને નીચે પ્રમાણે કહ્યું. ૧૬

અંગિરા કહે છે—તમારૂં અને તમારાં રાજ્યનાં *અંગોનું આરોગ્ય અને કલ્યાણ તો છે ? જીવ જેમ મહત્તત્વાદિક સાત પ્રકૃતિઓથી રક્ષાયેલો રહે છે, તેમ રાજા પણ મંત્રી આદિ રાજ્યનાં સાતે અંગોથી રક્ષાયલો રહી, તેઓને અનુસરીને ચાલે છે, તો તેને રાજ્યનું સુખ મળે છે; તેમજ મંત્રીમંડળનું સુખ પણ રાજાને આધીન છે. ૧૭-૧૮ તમારી રાણીઓ, પ્રજા, મંત્રી, નોકરો, વ્યાપારીઓ, સલાહકારો, નગરજનો, દેશીઓ, જાગીરદારો, ઠાકોરો તથા પુત્રો એ સર્વ તમારી મરજી પ્રમાણે ચાલે છે ? ૧૯ જેનું મન પોતાને વશ હોય, તેને સર્વે વશ રહે છે, અને સર્વ લોક તથા લોકપાળો પણ આળસ છોડી દઇને તેને કર આપે છે. ૨૦ હે રાજા ! તમારૂં મન ઉદાસ લાગે છે તેનું શું કારણ છે ? શું કોઇ બીજાના કામ નિમિત્ત ઉદાસ છો ? અથવા તમારા કામ માટે ઉદાસ છો ? તમને કોઇ વસ્તુની ઇચ્છા હોય એમ લાગે છે, કેમકે તમારૂં મન ચિંતાથી ઉતરી ગયેલું છે. ૨૧

શ્રી શુકદેવજી કહે છે—હે રાજા ! અંગિરાઋષિ સર્વજ્ઞ હતા, તોપણ તેમણે એ રીતે પૂછ્યું. ત્યારે પ્રજાની ઇચ્છાવાળા એ રાજાએ વિનયથી નમ્ર થઇને કહ્યું. ૨૨

ચિત્રકેતુ કહે છે—હે ભગવન્ ! તપ, જ્ઞાન તથા સમાધિથી પાપરહિત થયેલા યોગીઓને પ્રાણીઓના મનની અને બહારની કઇ વાત અજાણી છે ? ૨૩ તેમ છતાં આપે

*એમ કહેવાય છે કે–ચિત્રકેતુ રાજા ચિત્ર વિદ્યામાં કુશળ હતો. તેણે એક કરોડ સ્ત્રીઓનાં મનોહર ચિત્ર પોતાના રાજ્યભુવનમાં બનાવ્યાં હતાં, અને પોતાની મરજીમાં આવે તે વખતે તે તેને સજીવન કરતો હતો. તેથી તે એક કરોડ રાણીઓનો પતિ કહેવાતો હતો.

*મંત્રી, પુરોહિત, ભંડાર, કિલ્લા, દેશ, સેના અને મિત્રો એ રાજ્યનાં સાત અંગ છે.

જાણીબુઝીને પૂછ્યું તો આપની આજ્ઞા માથે ચઢાવીને મારી ચિંતાનું કારણ કહું છું. ૨૪ જો કે મારા ચક્રવર્તિ રાજ્યનું ઐશ્વર્ય તથા સંપત્તિ દેવતાઓએ પણ માગવા યોગ્ય છે, તોપણ જેમ ભૂખ્યા અને તરસ્યા મનુષ્યને ચંદનાદિક પદાર્થથી આનંદ થતો નથી, તેમ મને પ્રજા વગરનાને પણ ઐશ્વર્ય તથા વૈભવથી આનંદ થતો નથી ૨૫ માટે હે મહાભાગ્યવાળા મુનિ! મને પુત્ર નહી હોવાથી હું મારા પૂર્વજો સહિત નરકમાં પડેલો છું, તેનું રક્ષણ કરો. અને પ્રજા થઇ હું દુસ્તર નરકમાંથી તરી જાઉં તેમ કરો. ૨૬

શ્રી શુકદેવજી કહે છે—એ રીતે ચિત્રકેતુએ પ્રાર્થના કરી. તેથી દયાળુ અંગિરા ઋષિએ ત્વષ્ટા દેવતાનો ચરૂ તૈયાર કરીને તેવડે ત્વષ્ટા દેવતાનું યજન કર્યું. ૨૭ અને પછી ચિત્રકેતુની પટ્ટરાણી કૃતદ્યુતિને તે ચરૂનો શેષ ભાગ ખાવાને આપ્યો. ૨૮ અને પછી રાજાને કહ્યું કે-"તમને હર્ષ અને શોક કરાવનારો એક પુત્ર થશે" એમ કહીને બ્રહ્માના પુત્ર અંગિરાઋષિ ચાલ્યા ગયા. ૨૯ પછી એ અન્ન ખાવાથી કૃતદ્યુતિરાણીને, કૃતિકાને જેમ અગ્નિથી ગર્ભ રહ્યો હતો, તેમ ચિત્રકેતુથી ગર્ભ રહ્યો. ૩૦ હે રાજા! શૂરસેન દેશના રાજા ચિત્રકેતુથી રહેલો ગર્ભ શુકલપક્ષના ચંદ્રમાની પેઠે ધીરે ધીરે દીનપ્રતિદીન વધવા લાગ્યો. ૩૧ પછી પ્રસવકાળ થતાં તેને કુંવર જન્મ્યો. એ વાત જાણીને શૂરસેન દેશની પ્રજા ઘણીજ રાજી થઇ. ૩૨ રાજાએ પ્રસન્ન થઈ, નાહી, પવિત્ર થઇ, આભુષણો પહેર્યાં અને બ્રાહ્મણો પાસે સ્વસ્તિવાચન કરાવી કુંવરનું જાતકર્મ કરાવ્યું. ૩૩ પછી બ્રાહ્મણોને સોનું, રૂપુ, વસ્ત્ર, આભૂષણ, ગામ, ઘોડા, હાથી તથા સાઠ કરોડ ગાયો આપી. ૩૪ વળી ઉદાર મનના રાજાએ કુંવરનાં ધન, યશ અને આયુષ્યની વૃદ્ધિને માટે મેઘની પેઠે બીજા માણસોને પણ મનવાંચ્છિત પદાર્થો આપ્યા. ૩૫ જેમ કોઈ નિર્ધને મહા કષ્ટે મેળવેલા ધન ઉપર તેનો દરરોજ સ્નેહ વધતો જાય છે, તેમ તે રાજાને પણ મહા પરિશ્રમે મેળવેલા પુત્ર ઉપર પ્રતિદીન સ્નેહ વધવા લાગ્યો. ૩૬ તેની કૃતદ્યુતિ રાણીને પણ પુત્ર ઉપરના મોહને લીધે સ્નેહ અત્યંત વધવા લાગ્યો, પણ તેની શોકયોને તો પ્રજાની ઇચ્છાથી બહુ સંતાપ થવા લાગ્યો. ૩૭ દરરોજ પુત્રને રમાડતા ચિત્રકેતુરાજાને પુત્રવાળી કૃતદ્યુતિ રાણી ઉપર જેવી પ્રીતિ થઇ તેવી બીજી રાણીઓ ઉપર નહતી. ૩૮ ઇર્ષ્યાથી, વાંઝીયાપણાના દુઃખથી અને રાજાના અનાદરથી પોતાને ધિક્કારતી તે સ્ત્રીઓ આ પ્રમાણે પરિતાપ કરવા લાગી ૩૯ "પ્રજા વગરની પાપીણી અને પતિના માન વગરની સ્ત્રીને ધિક્કાર છે! કેમકે ઉત્તમ પ્રજાવાળી શોકયો તેનો દાસીની પેઠે તિરસ્કાર કરે છે. ૪૦ નિરંતર પોતાના સ્વામીની સેવા કરીને માન પામતી દાસીઓ પણ સુખી હોય છે; પરંતુ આપણે તો દાસીઓની પેઠે ભાગ્યહીન છીએ ૪૧ આ પ્રમાણે શોકયને પુત્ર થવાથી સદા બળતી અને રાજાઓને જેનું જીવતર પણ ખરાબ લાગતું હતું એવી બીજી રાણીઓનાં મનમાં મોટા દ્વેષ ઉત્પન્ન થયો. ૪૨ દ્વેષથી નાશ પામેલી બુદ્ધિવાળી અને ક્રૂર મનવાળી એ રાણીઓએ રાજાનું વર્તન સહન ન કરતાં કુંવરને ઝેર દીધું. ૪૩ શોકયોના આ મોટા અપરાધને નહી જાણનારી કૃતદ્યુતિ કુંવર સૂતેલો છે એમ જાણીને ઘરમાં ફરવા લાગી. ૪૪ બાળક ઘણીવાર થયા સૂઇ રહ્યો છે એમ જાણીને એ ચતુર કૃતદ્યુતિએ દાસીને કહ્યું કે–હે ભદ્રે! તું કુંવરને લઈ આવ. ૪૫ પછી દાસી કુંવરની પાસે ગઈ, તો તેને તે પ્રાણ, ઇંદ્રિયો તથા ચૈતન્યથી રહિત અને આંખોની કીકીઓ ખોટી પડી ગયેલો જોયો, તેથી તે 'હાય હું મરી ગઇ' એમ ચીસ પાડી પૃથ્વીપર ઢળી પડી. ૪૬ એ દાસીને બે હાથે છાતી કુટતી તથા અત્યંત દુઃખ ભરેલા સ્વરથી રોતી સાંભળીને કૃતદ્યુતિ તુરત કુંવરની પાસે ગઇ, તો તેને મરેલો જોયો. ૪૭ આ પ્રમાણે પુત્રને મરી ગયેલો જોઇને અત્યંત શોકથી મૂર્ચ્છા પામીને તે ધરતીપર પડી ગઇ, અને તેના વાળ તથા

વસ્ત્ર વીખરાઇ ગયાં. ૪૮ દાસીનું રૂદન સાંભળીને રાજાના અંતઃપુરમાં રહેનારા માણસો સ્ત્રી પુરૂષો ત્યાં આવ્યાં અને દુઃખથી રડવા લાગ્યાં. અપરાધ કરનારી પેલી શોકયો પણ જુદું જુદું રોવા લાગી. ૪૯ કુંવરનું એકાએક મરણ થયેલું સાંભળી આંધળો થઇ ગયેલો રાજા પડતો આખડતો માર્ગમાં ઠોકરો ખાતો અને સ્નેહબંધનથી ઉભરાતા શોકને લીધે મૂર્છા પામતો બ્રાહ્મણો સાથે ત્યાં આવ્યો, અને મંત્રીઓ પણ તેની પાછળ ત્યાં આવ્યા. ૫૦ જેના કેશ અને વાળ વીખરાઇ ગયા છે એવો એ ચિત્રકેતુ રાજા મરેલા પુત્રના પગ પાસે પડયો. અને આંસુથી કંઠ રૂંધાઇ જવાથી કાંઇ બોલી શકયો નહી. ને લાંબા શ્વાસ લેવા લાગ્યો. ૫૧ કૃતદ્યુતિ રાણી પોતાના એકના એક પુત્રને મુવેલો જોઇને તથા રાજાને અત્યંત શોકાતુર જોઇને લોકોનાં અને મંત્રીમંડળનાં હૃદય ફાટી જાય એવી રીતે અનેક પ્રકારના વિલાપ કરવા લાગી. ૫૨ ચંદન કેશરથી ચર્ચેલા બન્ને સ્તનોને આંજણવાળાં આંસુનાં પાણીથી ભીજાવતી રાણી જેમાંથી ફુલોની માળા સરી પડે છે એવી વેણીઓને વીખેરી નાંખતી ટિટોડીના પેઠે ઊંચા સ્વરથી અનેક પ્રકારે શોક તથા વિલાપ કરવા લાગી. ૫૩ અરે વિધાતા ! તું અત્યંત મૂર્ખ જણાયછે, કારણ કે તું તારી સૃષ્ટિને ઘટે નહી એવું ઉલટું કામ કરેછે. મોટાંને જીવતાં રાખી નાનાંને મારી નાંખેછે, એ છેક વિપરીત વાત છે. જો તારી એવુંજ કરવાની ઇચ્છા હોય તો તું પ્રાણીમાત્રનો કટ્ટો શત્રુ છે. ૫૪ જ્યારે જીવોને પોતપોતાનાં કર્મ પ્રમાણે જન્મ મરણ થવાથી જન્મ મરણનો ક્રમ રહી શકતો નથી, ત્યારે તારૂં કામજ શું છે ? કદાચિત્ તારા વગર એકલાં કર્મોથી કાંઇપણ થઇ શકતું નથી તોપછી સૃષ્ટિ વધારવા માટે તેં સ્નેહરૂપ પાશ બાંધેલો છે; તેને તુંજ કાપી નાંખેછે. આમ થવાથી કોઇપણ પ્રાણી પોતાના પુત્ર વગેરે સાથે સ્નેહ કરશે નહી, અને તેથી તારી સૃષ્ટિ વધશે પણ નહી. ૫૫ હે પુત્ર ! હું અનાથ અને દીન છું, તેનો તારે ત્યાગ કરવો ન જોઇએ. શોકથી તપેલા આ તારા પિતાની સામે તો જો. તું જીવતો રહેત તો અમે, અપુત્ર માણસોથી ન તરી શકાય એવાં નરકને સહજ તરી જાત. અરે ! તું એ નિર્દય યમરાજની સાથે દુર જઇશ નહિ. ૫૬ હે તાત ! હે રાજપુત્ર ! ઉઠ. આ તારી સમાન વયવાળા તારા મિત્રો તને રમવા માટે બોલાવે છે, તું ઘણીવાર થયાં સૂઇ રહ્યો છે, તને ભૂખ ઘણી લાગી હશે, માટે સ્તનપાન કર, અને તારાંજ થઇ રહેલાં જે અમે તેમનો શોક દુર કર. ૫૭ હે પુત્ર ! તારા સુંદર હાસ્યવાળા તથા આનંદ ભરેલી દૃષ્ટિવાળા મુખકમળને હું અભાગ્યણી જોઇ શકતી નથી. અરેરે! જ્યાં ગયા પછી પાછું અવાતું નથી, એવા પરલોકમાં તું ચાલ્યો ગયો છે કે શું ? અરે ! નિર્દય યમરાજા તને ત્યાં લઇ ગયો કે શું ? ૫૮

શ્રી શુકદેવજી કહે છે—હે રાજા ! એ પ્રમાણે કૃતદ્યુતિ રાણી પોતાના મરણ પામેલા પુત્રનો વિચિત્ર વચનોથી વિલાપ કરવા લાગી. એ સાંભળીને અત્યંત દુઃખી થયેલો ચિત્રકેતુ રાજા પણ ઊંચા સ્વરથી રડવા લાગ્યો. ૫૯ આ પ્રમાણે રાજા રાણીને વિલાપ કરતાં જોઇને તેઓને અનુસરનારાં સર્વ સ્ત્રી પુરૂષો પણ રડવા લાગ્યાં અને બેભાન થઇ ગયાં. ૬૦ આ પ્રમાણે ચિત્રકેતુ રાજાને દુઃખી, મુર્છિત તથા અનાથ થઇ પડેલા જાણીને અંગિરા મુનિ નારદની સાથે ત્યાં આવ્યા. ૬૧

एवं कश्मलमापन्नं नष्टसंज्ञमनायकम् ॥
ज्ञात्वांऽगिरा नाम मुनिराजगामम नारदः ॥

ઇતિશ્રી ભાગવત પુરાણના ૫૪ સ્કંધમાં " ચિત્રકેતુના પુત્રનું મરણ " એ નામનો ૧૪ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૫ મો.

અંગિરા તથા નારદે ચિત્રકેતુને કરેલો ઉપદેશ.

श्री शुकउवाच.

ऊचतुर्मृतं कोपांते पतितं मृतकोपमम ।
शोकाभिभूतं राजानं बोधयं तौ सदुक्तिभिः ॥

શ્રી શુકદેવજી કહે છે—હે રાજા ! પુત્રના શબની પાસે શબની પેઠે પડેલા અને શોકથી પરાભવ પામેલા ચિત્રકેતુ રાજાને અંગિરા તથા નારદ શાસ્ત્રોક્ત વચનોથી ઉપદેશ કરવા લાગ્યા કે-૧ હે રાજેન્દ્ર ! તું જેનો શોક કરે છે, તે તારો શું થાય છે ? અને આ સૃષ્ટિમાં તું તેનો શો સગો થાય છે ? પરજન્મમાં, આ જન્મમાં અને આવતા જન્મમાં તારે અને એને શો સંબંધ હતો ? હાલ કેવો સંબંધ છે અને હવે પછી કેવો સંબંધ થશે ? ૨ જેમ પાણીના પ્રવાહના વેગથી રેતી જુદી પડી જાય છે અને પાછી એકઠી થઈ જાય છે, તેમ કાળના વેગથી પ્રાણી માત્ર જુદાં પડી જાય છે અને પાછાં એકઠાં થાય છે. ૩ જેમ કોઇ વેળા એક બીજમાંથી બીજાં બીજ ઉત્પન્ન થાય છે, કોઇવાર થતાં નથી અને કોઇવાર ઉત્પન્ન થઈને નાશ પામે છે, તેમ ઇશ્વરની માયાથી કોઇવાર એક પ્રાણીમાંથી બીજાં પ્રાણી ઉત્પન્ન થાય છે, કોઇવાર ઉત્પન્ન થતાં નથી અને કોઇવાર થઇને મરી જાય છે. માટે જેમ બીજમાં પિતા પુત્રાદિકનો સંબંધ નથી, તેમ પ્રાણીઓમાં પણ પિતા પુત્રાદિકનો સંબંધ નથી. ૪ હે રાજા ! અમે, તમે અને વર્તમાનકાળનાં આ સર્વ સ્થાવર જંગમ પ્રાણી તથા પદાર્થો જેમ જન્મની પેહેલાં નહતાં, મરણ પછી રહીશું નહિ અને હમણાં પણ નથી, માત્ર સ્વપ્નાની પેઠે સર્વને 'છે' એમ ભાસે છે, પણ ખરૂં જોતાં તે મિથ્યા છે, માટે પુત્રનો શોક કરવો અઘટિત છે. ૫ અજન્મા ઇશ્વર પોતે ઇચ્છા રહિત છે, તોપણ બાળકની પેઠે લીલા માટે રચેલાં પરતંત્ર પ્રાણીઓદ્વારા પ્રાણીઓને ઉત્પન્ન કરે છે, પાળે છે અને સંહારે છે. ૬ જેમ એક બીજમાંથી બીજાં બીજ થાય છે, તેમ માતાપિતાના દેહથી પુત્રનો દેહ થાય છે. બીજમાં જેમ પૃથ્વી આદિક તત્ત્વો તેનાં તેજ છે, તેમ દેહમાં પણ આત્મા તેનો તેજ રહે છે. માટે જન્મ મરણાદિક વ્યવહાર માત્ર દેહનેજ છે, આત્માને નથી ૭ જેમ જાતિ અને આકૃતિની કલ્પના એકજ વસ્તુમાં થયેલી છે, તેમ દેહ અને દેહીના વિભાગની કલ્પના પણ એકજ વસ્તુમાં અનાદિકાળના અજ્ઞાનથી કરેલી છે: પરંતુ ખરી રીતે જોતાં તે મિથ્યા છે. ૮

શ્રી શુકદેવજી કહે છે—એ પ્રમાણે મુનિઓનાં વચનોથી રાજા આશ્વાસન પામ્યો. પછી અંતરની પીડાથી મલીન થયેલું મુખ હાથવતી લુછીને બોલ્યો. ૯

ચિત્રકેતુ કહે છે - જ્ઞાનથી પરિપૂર્ણ અને મહાત્માઓમાં શ્રેષ્ઠ એવા તમે અવધુતવેશે ગુપ્તરીતે અહીં પધાર્યા છો, તે આપ કોણ છો ? ૧૦ કેવળ ભગવાનમાંજ પ્રીતિવાળા બ્રાહ્મણો મારા જેવા અજ્ઞાનીઓને ઉપદેશ કરવાને માટે ઉન્મત્ત જેવા વેશથી ઇચ્છા પ્રમાણે ફરે છે. ૧૧ સનત્કુમાર, નારદ, ઋભુ, અંગિરા, દેવલ, અસિત, અપાંતરતમ, વ્યાસ, માર્કંડેય, ગૌતમ, ૧૨ વસિષ્ઠ, પરશુરામ, કપિલ, શુકદેવજી, દુર્વાસા, યાજ્ઞવલ્ક્ય, જાતુકર્ણ્ય, આરૂણિ, ૧૩ લોમશ, ચ્યવન, દત્તાત્રેય, આસુરિ, પતંજલિ, વેદશિરા, બોધ્ય, પંચશિરા, ૧૪ હિરણ્યનાભ, કૌશલ્ય, શ્રુતદેવ, ઋતધ્વજ, એ આદિ મોટા મોટા સિદ્ધ લોકો જ્ઞાનનો ઉપદેશ કરવાનેજ ફરે છે. ૧૫ માટે હું ગાઢ અંધકારમાં ડુબેલો અને ગ્રામ્ય પશુ જેવો મુઢ છું, તેને તમે જ્ઞાનરૂપી દીવાનો પ્રકાશ કરો. ૧૬

અંગિરા કહે છે—હે રાજા ! તને જ્યારે પુત્રની ઇચ્છા હતી, ત્યારે તને પુત્ર આપનાર હું અંગિરા હતો, અને આ સાક્ષાત્ બ્રહ્માના પુત્ર નારદ છે ૧૭ તું ભગવાનનો ભક્ત છે તેથી શોક કરવાને અયોગ્ય છે, માટે પુત્રના શોકથી મહા મોહમાં ડુબેલો જાણીને તારા ઉપર અનુગ્રહ કરવા માટે અમે અહીં આવ્યા છીએ; કારણ કે બ્રાહ્મણોને માનનાર ભગવાનના ભક્તને મોહ થવો યોગ્ય નથી. ૧૮-૧૯ હું પ્રથમ તારે ઘેર આવ્યો તેજ વખતે તને ઉત્તમ જ્ઞાન આપવાનો મારો વિ-

ચાર હતો; પરંતુ તે વખતે તને સંસારમાં આસક્ત જોઇને મેં પુત્ર આપ્યો. ૨૦ પુત્ર વાળાને કેવું દુઃખ થાય છે, તે હમણાં તારા અનુભવવામાં આવ્યુ, એજ પ્રમાણે સ્ત્રી, ઘર, ધન તથા અનેક પ્રકારની સંપત્તિપણ દુઃખદાયી છે. ૨૧ શબ્દાદિક વિષયો અને રાજ્ય વૈભવ સ્થિર નથી. હે શૂરસેન દેશના રાજા! પૃથ્વી, રાજ્ય, સૈન્ય, ભંડાર, નોકર, મંત્રી અને સગાંસંબંધી એ સર્વ શોક, મોહ, ભય તથા દુઃખ દેનારાં છે, તથા ગંધર્વ નગરની પેઠે નાશવંત છે. અને સ્વપ્ન, માયા તથા મનોરથની પેઠે મિથ્યા છે. ૨૨-૨૩ તે કેવળ મનથીજ ઉત્પન્ન થયેલા અને અસત્ય દેખાય છે. જો સત્ય હોય તો એક ક્ષણમાં દેખાઇને બીજા ક્ષણમાં દેખાતા બંધ થવા ન જોઇએ. કર્મોની વાસનાથી વિષયોનું ચિંતવન કરનાર પુરૂષનાં કર્મ મનથી ઉત્પન્ન થયાં છે, માટે એ કર્મોથી થતા પદાર્થો પણ મનથીજ ઉત્પન્ન થયા છે ૨૪ દેહાભિમાની જીવને પાંચ મહાભૂત, ઇંદ્રિયો અને ઇંદ્રિયોના દેવતારૂપ આ દેહજ અનેક પ્રકારના ક્લેશ અને સંતાપને ઉત્પન્ન કરનારો કહેલો છે, ૨૫ માટે સ્વચ્છ મનથી પોતાના સ્વરૂપનો વિચાર કરી દ્વૈતવસ્તુમાં સત્યતાનો વિશ્વાસ છે તેને તજીને શાંતિનો આશ્રય લે. ૨૬

નારદજી કહે છે—આ પરમ કલ્યાણકારી મંત્રવિદ્યાને તું સાવધાન થઇને મારી પાસેથી લે, જે વિદ્યાનું સાત રાત્રિસુધી અખંડ ચિંતવન કરવાથી તને શેષ ભગવાનનાં દર્શન થશે. ૨૭ હે રાજા! મહાદેવ આદિ પ્રાચીન મહાત્માઓ જેના ચરણારવિંદનું શરણ લેવાથી આ ભ્રાંતિરૂપ દ્વૈતભાવ છોડી દઇને જેના સમાન અથવા જેનાથી અધિક કોઇ નથી એવા બ્રહ્મને પામ્યા છે, તે સર્વોત્તમ શેષ ભગવાન તને થોડા સમયમાં મળશે. ૨૮

यत्पादमूल मुपसृत्य नरेंद्र पूर्वे ।
शर्वादयो भ्रममिमं द्वितीयं विसृज्य ॥
सद्यस्तदीयमतुलानधिकं महित्वं ।
प्रापुर्भवानपिपरं न चिरादुपैति ॥

ઇતિ શ્રી ભાગવત પુરાણના ષષ્ઠ સ્કંધમાં "ચિત્રકેતુને અંગિરાએ જ્ઞાનોપદેશ આપ્યો" એ નામનો ૧૫ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૬ મો.

ચિત્રકેતુને નારદે કરેલો ઉપદેશ.

શ્રી શુકઉવાચ.

अथदेवऋषिराजन् संपरेतं नृपात्मजम् ।
दर्शयित्वेति होवाच ज्ञातीनामनुशोचताम् ॥

શ્રી શુકદેવજી કહેછે—હે રાજા! ત્યારપછી નારદજીએ પોતાના યોગબળથી મરણ પામેલો રાજકુમાર તેનાં સંબંધીઓને પ્રત્યક્ષ દેખાડયો, પછી તે બાળકને કહ્યું. ૧

નારદજી કહેછે—હે જીવાત્મા! તારાં માતા, પિતા, મિત્ર તથા બંધુ તારા શોકથી ઘણાં ખિન્ન થઇ ગયાં છે, તેના તરફ તું જો. ૨ આ તારા શરીરમાં પેશીને બાકી રહેલું તારૂં આયુષ્ય અને પિતાના આપેલા ભોગોને સંબંધી લોકોની સાથે રહીને ભોગવ, અને રાજ્યાસન ઉપર બેસ. ૩ ત્યારે તે જીવ દેહમાં પેશીને બોલ્યો કે-હું કર્મોવડે દેવતા, પશુ, પક્ષી અને મનુષ્યોની યોનિઓમાં ભટક્યા કરૂંછું, તેમાંના કયા જન્મનાં આ મારાં માતા પિતા હતાં? ૪ મારા મરણથી મને પુત્ર જાણી શોક કરેછે, તો શત્રુ જાણીને હર્ષ કેમ કરતાં નથી? કારણ કે સંબંધી, સાપિંડ, શત્રુ, મધ્યસ્થ, મિત્ર, ઉદાસીન અને દ્વેષી અનુક્રમે સૌ પરસ્પર થાયછે, માટે પુત્રાદિકનો સંબંધ કાયમ રહેનારો નથી. ૫ જેમકે સુવર્ણ વગેરે વેચવાની વસ્તુઓ વેપારીઓમાં તેની તેજ ફર્યા કરેછે, તેમ જીવ પણ અનેક યોનિઓમાં તેનો તેજ ફર્યા કરેછે. ૬ પશુ વગેરે જીવતાં પ્રાણીનો સંબંધ પણ મનુષ્યને નિરંતર રહેતો નથી, કારણ કે તેને વેચી નાંખ્યા પછી સંબંધ છુટી જાયછે, અને જ્યાંસુધી સંબંધ રહેછે ત્યાં સુધીજ તેના ઉપર મમતા રહેછે. ૭ એ પ્રમાણે જે દેહમાં જીવ આવ્યો હોય તે દેહમાં તે જ્યાંસુધી ર-

હેછે, ત્યાંસુધી તેમાં મમતા રહેછે. દેહ પડયા પછી રહેતી નથી. અનેક યોનિમાં ભટકનારો જીવ તો તેનો તેજ છે, માટે વસ્તુતાએ તે અહંકાર રહિત છે. ૮ જીવ નિત્ય, અવિનાશી, જન્મમરણથી રહિત, દેહાદિક પદાર્થોનો આશ્રય, તથા સ્વયંપ્રકાશ છે, અને તે પોતાની માયાના ગુણોથી પોતાને જગતરૂપે રચેછે. ૯ જીવને કોઇ અત્યંત પ્રિય નથી, અપ્રિય નથી, પોતાનો નથી, પારકો નથી. તેથી મારે કોની સાથે રહેવું ? કોને રાજી રાખવાં ? જીવ તો હિત તથા અહિત કરનારા મિત્રાદિકની અનેક પ્રકારની બુદ્ધિનો સાક્ષી છે. ૧૦ જીવાત્મા સુખ, દુઃખ કે રાજ્યાદિકને ભોગવતો જ નથી; કેમકે તે કાર્ય તથા કારણોનો સાક્ષી છે, પણ ભોક્તા નથી; સ્વતંત્ર છે, પણ દેહાદિકને વશ નથી. ઉદાસીનની પેઠે રહેલો છે. તે જીવ હું પોતે છું, માટે તમારે ને મારે કાંઇ સંબંધ નથી, માટે તમે શોક ન કરો. ૧૧

શ્રી શુકદેવજી કહેછે—હે રાજા ! એ પ્રમાણે કહીને જીવ પાછો શરીરમાંથી નીકળી ગયો. પછી તેનાં સંબંધીઓએ વિસ્મય પામીને પોતાની સ્નેહરૂપ સાંકળ કાપી નાંખી શોક કરવો છોડી દીધો. ૧૨ પછી તેના શબને અગ્નિસંસ્કાર કરીને તેની ઉત્તરક્રિયા કરીને શોક. મોહ, ભય અને પીડા આપનારો દૃઢ સ્નેહ છોડી દીધો. ૧૩ હે રાજા ! બાળહત્યા કરનારી અને હત્યાને લીધે નિસ્તેજ થયેલી સ્ત્રીઓએ અંગિરાનાં વચન સાંભળી લજ્જાયમાન થઇને પુત્ર આદિની કામનાનો ત્યાગ કર્યો, અને અંગિરાનું કહેવું સાંભળીને યમુના નદીના તીર ઉપર જઇને બાળહત્યાનું પ્રાયશ્ચિત કર્યું ૧૪ એ પ્રમાણે અંગિરા અને નારદજીનાં વચનથી ચિત્રકેતુને જ્ઞાન ઉપજ્યું, તેથી તે તળાવના કાદવમાંથી જેમ હાથી નીકળે, તેમ ઘરરૂપી અંધારા કુવામાંથી બહાર નીકળ્યો. ૧૫ પછી યમુનામાં શાસ્ત્રોક્ત રીતે નાહી, તર્પણ કરી મૌન તથા જીતેંદ્રિય થઇને અંગિરા તથા નારદને પગે લાગ્યો. ૧૬ પછી નારદજીએ પ્રસન્ન થઇને જીતેંદ્રિય તથા ભક્તિભાવવાળા શરણાગત રાજાને આ વિદ્યાનો ઉપદેશ કર્યો. ૧૭ વાસુદેવ, પ્રદ્યુમ્ન, અનિરૂદ્ધ અને સંકર્ષણરૂપ આપ ભગવાનનુ અમે ધ્યાન તથા નમસ્કાર કરીએ છીએ. ૧૮ અનુભવ સ્વરૂપ, પરમાનંદ મૂર્તિ, આત્મારામ, શાંત અને દ્વૈત દૃષ્ટિથી રહિત એવા આપને અમે પ્રણામ કરીએ છીએ. ૧૯ આત્માનંદના અનુભવથીજ માયાથી થતા રાગદ્વેષનો ત્યાગ કરનાર, ઇંદ્રિયોના સ્વામી અને વિશ્વમૂર્તિ મહાત્મા એવા આપને અમે પ્રણામ કરીએ છીએ. ૨૦ મન તથા ઇંદ્રિયો જેને ન પોહોચતાં વિરામ પામેછે, ત્યારે નામ રૂપરહિત, ચૈતન્યસ્વરૂપ, અને સર્વના કારણરૂપ જે એકજ પ્રકાશે છે, તે ભગવાન અમારી રક્ષા કરો. ૨૧ જેને વિષે આ જગત રહેલું છે, જેનાથી આ જગત ઉત્પન્ન થાય છે, જેનાથી આ જગત નાશ પામેછે તથા ઘટાદિકમાં માટીની પેઠે સર્વમાં વ્યાપક છે, એવા પરબ્રહ્મરૂપ આપને અમે નમસ્કાર કરીએ છીએ. ૨૨ જે ઇશ્વર આકાશની પેઠે બાહાર તથા અંદર વ્યાપી રહેલા છે, પ્રાણ જેનો સ્પર્શ કરી શકતા નથી, તથા મન, બુદ્ધિ વગેરે ઇંદ્રિયો જેને જાણી શકતી નથી, તે પરમાત્માને હું નમસ્કાર કરૂં છું. ૨૩ દેહ, ઇંદ્રિયો, પ્રાણ, મન અને બુદ્ધિ જેના ચૈતન્યાંશના આવેશથી જાગ્રત તથા સ્વપ્ન અવસ્થામાં પોતપોતાનાં કામ કરેછે અને જેમ અગ્નિથી તપ્યા વગરનું લોઢું બાળી શકતુ નથી, તેમ સુષુપ્તિ અને મૂર્છા અવસ્થામાં જેનાં ચૈતન્યાંશ વગર આ દેહાદિક કામ કરી શકતાં નથી, અને જે જાગ્રત આદિ અવસ્થામાં દૃષ્ટા નામ ધરાવનારો આ જીવ પણ જેને જાણતો નથી એવા પ્રભુને પ્રણામ કરૂં છું. ૨૪ હે સર્વેશ્વર ! હે સર્વોત્તમ ! આપ મહા પ્રભાવવાળા, અને મહા વિભૂતિના પતિ છો, અને સર્વે મોટા ભક્તોનો સમૂહ પોતાના હસ્તકમળની કળીયોથી આપનાં બે ચરણારવિંદને લાડ લડાવેછે, એવા આપ ભગવાનને અમે પ્રણામ કરીએ છીએ.૨૫

શ્રી શુકદેવજી કહેછે—હે રાજા ! શરણે

આવેલા ભક્ત ચિત્રકેતુને એ પ્રમાણે વિદ્યાનો ઉપદેશ કરીને નારદજી અંગિરાની સાથે બ્રહ્મલોકમાં ગયા. ૨૬ પછી ચિત્રકેતુએ સાત દિવસ સુધી જળપાન કરી સાવધાનીથી નારદજીએ કહેલા મંત્રનો જપ કર્યો. ૨૭ સાત રાત્રિ પૂરી થતાં મંત્રના અનુષ્ઠાનથી તે રાજાને અખંડિત વિદ્યાધરોનું અધિપતિપણું મળ્યું. ૨૮ પછી કેટલાક દિવસે એ વિદ્યાના પ્રભાવથી તેને મન ઇચ્છિત ગતિ મળી, તેવડે તે દેવાધિદેવ શેષનાગની પાસે ગયો ૨૯ કમળનાળ જેવા ગૌર શરીરવાળા, કાળાં વસ્ત્ર ધારણ કરેલા, પ્રસન્ન મુખવાળા, લાલ નેત્રોવાળા, મોટા મોટા સિદ્ધ લોકોથી વીંટાએલા, મુગટ, બાજુબંધ, કંદોરો તથા કડાં ધારણ કરેલા શેષ ભગવાનનાં દર્શન કર્યાં. ૩૦ તેમના દર્શનથી રાજાનાં સર્વ પાપ ટળી ગયાં, તેનું મન સ્વચ્છ તથા નિર્મળ થઇ ગયું, ભક્તિની વૃદ્ધિથી સ્નેહનાં આંસુ આવી ગયાં અને ગાત્રો રોમાંચ થયાં. તેણે શેષજીને શરણે જઇ પ્રણામ કર્યો. ૩૧ ભગવાનના ચરણકમળના આસનરૂપ શેષ ભગવાનને પ્રેમાશ્રુઓનાં બિંદુઓથી વારંવાર અભિષેક કરતો તે ચિત્રકેતુ પ્રેમને લીધે કંઠ રૂંધાઇ જવાથી ઘણીવાર સુધી તેમની સ્તુતિ કરી શક્યો નહીં. ૩૨ પછી બુદ્ધિવડે મનને સ્થિર કરવાથી તેને વાણી પ્રાપ્ત થઈ, તેથી તે સર્વ ઇંદ્રિયોની બહારની વૃત્તિઓને રોકીને ભક્તિશાસ્ત્રમાં વર્ણવ્યા પ્રમાણેના સ્વરૂપવાળા જગત ગુરૂ શેષ ભગવાનની સ્તુતિ કરવા લાગ્યો ૩૩

ચિત્રકેતુ સ્તુતિ કરે છે—હે ભગવાન ! આપ અજીત છો, તોપણ સમદૃષ્ટિવાળા જીતેંદ્રિય પુરૂષોએ આપને જીતી લીધા છે, અને આપ કે જે નિષ્કામ ભક્તોને આત્મસ્વરૂપનું દર્શન આપનારા તથા અત્યંત દયાવાળા છો, તેમણે ભક્તજનોને જીતી લીધા છે. ૩૪ હે ભગવાન ! જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય થાય છે, તે સર્વ આપનીજ લીલા છે, જગતને રચનારા બ્રહ્માદિક આપના અંશના પણ અંશ છે. તેઓ જુદા જુદા ઇશ્વરપણાના અભિમાનથી સૃષ્ટિ વગેરેનાં કાર્યોમાં વૃથા ચડસાચડસી કરે છે. ૩૫ તમે પરમસૂક્ષ્મ તથા પરમસ્થુળ કાર્યના આદિમાં, મધ્યમાં અને અંતમાં રહેનારા છો, તેમ છતાં આદિ, મધ્ય તથા અંતથી રહિત છો. જે વસ્તુ કાર્યોના આદિમાં, મધ્યમાં તથા અંતમાં રહેતા હોય તેજ અવિનાશી કહેવાય છે. ૩૬ પૃથ્વી વગેરે એક એકથી દશ દશગણાં આવરણોથી વીંટાયેલું આ બ્રહ્માંડ તથા એવાંજ બીજાં કરોડો બ્રહ્માંડ આપના રોમકુપોમાં પરમાણુની પેઠે ઉડ્યા કરે છે, માટે આપ અનંત છો. ૩૭ વિષયોની તૃષ્ણાવાળા નરપશુઓ આપની વિભૂતિરૂપ ઇંદ્રાદિક દેવોની ઉપાસના કરે છે, પણ સર્વના કારણરૂપ એવા આપની ઉપાસના કરતા નથી, તેઓનાં સુખ, જેમ રાજાના મરણ પછી તેના ચાકરનફરનાં સુખ નાશ પામે છે, તેમજ તેઓના દેવતાઓના નાશ પછી નાશ પામે છે. ૩૮ હે પરમેશ્વર ! ગુણરહિત તથા જ્ઞાનસ્વરૂપ એવા આપને વિષયની કામના અર્પણ કરવામાં આવે તો શેકેલાં બીજ જેમ બીજાં બીજને ઉત્પન્ન કરી શકતાં નથી, તેમ તે બીજા દેહને ઉત્પન્ન કરી શકતી નથી; કારણ કે જીવ ગુણોને લીધેજ સુખ દુઃખ ભોગવે છે. માટે નિર્ગુણ ભગવાનનું ભજન કામના વડે પણ કર્યું હોય તો ધીરે ધીરે નિર્ગુણપણું પ્રાપ્ત થાય છે. ૩૯ હે અજીત ! નિષ્કંચન અને આત્મારામ સનકાદિક મુનિઓ પણ મોક્ષને માટે જેમની ઉપાસના કરેછે, એવા નિર્દોષ વૈષ્ણવધર્મ આપે કહ્યા, ત્યારથીજ આપનો વિજય થઇ ચુક્યો છે. ૪૦ બીજા ધર્મમાં જેમ 'હું-તું અને મારૂં તારૂં' એવી વિષમ બુદ્ધિ રહે છે, એવી બુદ્ધિ આ વૈષ્ણવધર્મમાં રહેતી નથી. શત્રુનું મરણ ઇચ્છવું એ વગેરે એવી વિષમ બુદ્ધિથી જે ધર્મ રચાયો હોય, તે રાગ દ્વેષાદિકથી ભ્રષ્ટ, નાશવંત ફળોવાળો ધર્મ પાળવાથી પોતાનું તથા પારકાનું શું ભલું થનાર છે ? અને કયું કામ સિદ્ધ થનાર છે? એ ધર્મમાં કહ્યા પ્રમાણે શરીરને ઘણું કષ્ટ આપવાથી આત્મારામ એવા આપને પીડા

થાય છે. અને બીજાને પીડા કરવાથી અધર્મ અને આત્મપીડા એ બે થાય છે. ૪૨ આપનો વિચાર પરમાર્થનો ત્યાગ કરવાવાળો નથી, કારણ કે તે વૈષ્ણવધર્મને કહેનારો છે. અને સ્થાવર-જંગમ પ્રાણીઓ ઉપર સમબુદ્ધિ રાખનાર આ વૈષ્ણવધર્મનું સેવન કરે છે. ૪૩ હે ભગવાન ! આપનાં દર્શન કરવાથી મનુષ્યોનાં સઘળાં પાપ દૂર થઇ જાય છે, એમાં કાંઈ આશ્ચર્ય જેવું નથી, કારણ કે જો ચંડાળ પણ આપનું નામ એકવાર સાંભળે તો સંસારથી મુક્ત થઇ જાય છે. ૪૪ આપનાં દર્શનથી હવે મારા મનના મેલ ધોવાઇ ગયા છે, આપના ભક્ત નારદજીએ કહેલી વાત મિથ્યા થાયજ કેમ ? ૪૫ હે અનંત! આ જગતમાં લોકો જે જે આચરણ કરે છે, તે સર્વ આપ જગતના આત્મારૂપ હોવાથી જાણોછો, જેમ સૂર્યની પાસે પતંગિયાને પ્રકાશ કરવાની જરૂર નથી, તેમ આપ પરમગુરુની પાસે કાંઇ પણ જણાવવાની જરૂર નથી, આપ સર્વજ્ઞ છો. ૪૬ આપ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લયના સ્વામી છો. કુયોગિઓ ભેદદૃષ્ટિને લીધે આપના તત્ત્વને જાણતા નથી, એવા આપ પરમહંસરૂપને નમસ્કાર કરૂંછું. ૪૭ પ્રજાપતિઓ જેમના શ્વાસની પાછળ શ્વાસ લેછે, જ્ઞાનેંદ્રિયો જેમના જાણવા પછી જાણી શકે છે, અને જેમના માથા ઉપર આ ભૂમંડળ સર્ષવના દાણાની પેઠે રહેલું છે, તે હજાર મસ્તકવાળા શેષ ભગવાનને નમસ્કાર કરૂંછું. ૪૮

શ્રી શુકદેવજી કહે છે—હે કુરુવંશી ! એ પ્રમાણે ચિત્રકેતુએ શેષજીની સ્તુતિ કરી, એટલે વિદ્યાધરોનાપતિ ચિત્રકેતુને શેષજીએ પ્રસન્ન થઇને કહ્યું. ૪૯

શેષ ભગવાન કહે છે—હે રાજા ! નારદજી તથા અંગિરાઋષિએ તને મારા સ્વરૂપનો ઉપદેશ કર્યો છે, તે વિદ્યાથી તથા મારાં દર્શનથી તું સિદ્ધ થયો છે ૫૦ આ સ્થાવર જંગમ જગત જણાય છે તે મારૂંજ સ્વરૂપ છે, સર્વનો ભોક્તા અને સર્વનો ઉત્પાદક પણ હુંજ છું, વેદ અને પરબ્રહ્મ એ બે મારાંજ નિત્ય સ્વરૂપ છે. ૫૧ હું જગતમાં વ્યાપેલો છું અને જગત મારામાં વ્યાપી રહેલું છે, કારણરૂપે પરમાત્મા એ બન્નેમાં વ્યાપેલા છે. પરમાત્માને વિષે મારી અને જગતની કલ્પના કરેલી છે. ૫૨ જેમ સૂતેલો માણસ આખા જગતને પોતાનામાં જુએ છે, તથા પોતે સ્વપ્નમાં સૂતેલો છતાં ઉભો રહેલો જુએ છે, અર્થાત્ સ્વપ્નમાં જાગ્રત અવસ્થાનો અનુભવ કરે છે, ૫૩ તેમ બુદ્ધિની જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થા છે તે કેવળ મિથ્યા છે. અને તેનો દૃષ્ટા આત્મા એ ત્રણે અવસ્થાઓથી પર છે. ૫૪ ઉંઘેલો જીવ ઉઘતી વખતે જેનાથી પોતાના સ્વરૂપના અજ્ઞાનને અને નિર્ગુણ સુખને જાણે છે, તે આત્મા બ્રહ્મ હું છું, એમ તું જાણ. ૫૫ જેમ જાગ્રત અવસ્થામાં તથા સ્વપ્નાવસ્થામાં અનુભવેલી વાતનું પુરૂષને સ્મરણ રહે છે, તેમ સુષુપ્તિ અવસ્થામાં અનુભવેલી વાતનું પણ સ્મરણ રહે છે, આ પ્રમાણે ત્રણે અવસ્થાને જ્ઞાન સાથે સંબંધ છે, પરંતુ જ્ઞાન એ ત્રણે અવસ્થાથી જાદું છે. એ જ્ઞાન છે તેજ પરબ્રહ્મ છે. ૫૬ આવી રીતનું મારૂં બ્રહ્મસ્વરૂપ જો પુરૂષ ભૂલી જાય છે તો તે પોતાના સ્વરૂપથી જાદો પડી જાય છે, અને તેમ થતાં તેને વારંવાર જન્મ મરણ થયા કરે છે. ૫૭ માટે શાસ્ત્રનું જ્ઞાન અને અપરોક્ષ જ્ઞાન જેમાં મળી શકે છે એવો મનુષ્યાવતાર પામીને જે મનુષ્ય પોતાના સ્વરૂપને ઓળખતો નથી તેને ક્યાંય પણ શાંત થતી નથી. ૫૮ પ્રવૃત્તિમાર્ગમાં કલેશ તથા ફળનું વિપરીતપણું છે, અને નિવૃત્તિ માર્ગમાં અભય એટલે મોક્ષ છે, એમ જાણીને જ્ઞાની પુરૂષે સંકલ્પોથી રહિત થવું. ૫૯ આ જગતમાં સ્ત્રીપુરૂષો સુખની પ્રાપ્તિ અને દુઃખની નિવૃત્તિ માટે પ્રયત્ન કરે છે, પરંતુ તે કર્મોથી દુઃખ મટતું નથી, અને સુખ મળતું નથી. ૬૦ આ પ્રમાણે જ્ઞાનીપણાનું અભિમાન રાખનારા મનુષ્યો સુખ દુઃખની બાબતમાં ભૂલે છે, એમ જાણીને અને આત્માનું સૂક્ષ્મ સ્વરૂપ જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ

એ ત્રણ અવસ્થાથી રહિત છે, એમ જાણીને વિવેકના બળથી આ લોકના તથા પરલોકના વિષયોને છોડીને જ્ઞાનથી તથા અપરોક્ષજ્ઞાનથી સંતુષ્ટ થવું. ૬૧-૬૨ યોગવિદ્યામાં નિપુણ બુદ્ધિવાળા યોગીઓએ જીવાત્મા તથા પરમાત્મા એકજ છે એમ સર્વથા જાણવું, અને એટલોજ તેમનો સ્વાર્થ છે એમ સમજવું. ૬૩ હે ચિત્રકેતુ ! તું સાવધાનીથી આ મારૂં કહેવું સંભાળી રાખીશ, તો થોડા સમયમાં જ્ઞાન તથા વિજ્ઞાન પામીને સિદ્ધ થઇ જઇશ. ૬૪

શ્રી શુકદેવજી કહે છે—આ પ્રમાણે જગદ્ગુરૂ વિશ્વાત્મા શેષ ભગવાન ચિત્રકેતુને આશ્વાસના આપીને તેના દેખતાંજ અંતર્ધાન થઇ ગયા. ૬૫

आश्वास्य भगवानित्थं चित्रकेतुं जगद्गुरुः ॥
पश्यतस्तस्य विश्वात्मा ततश्चान्तर्दधे हरिः ॥

ઇતિશ્રી ભાગવત મહાપુરાણના ૫૪ સ્કંધમાં ચિત્રકેતુને શેષભગવાને ઉપદેશ આપ્યો એ નામનો ૧૬ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૭ મો.

અમોઘ શક્તિ પામી આકાશમાં ફરતા ચિત્રકેતુએ શંકરની મશ્કરી કરવાથી તેને પાર્વતીએ શાપ આપ્યો તેથી તે વૃત્રાસુર થયો.

શ્રી શુકઉવાચ.

यतश्चान्तर्हितोऽनंत स्तस्यै कृत्वादिशे नमः ॥
विद्याधरश्चित्रकेतुश्च चारगगने चरः ॥ १ ॥

શ્રી શુકદેવજી કહે છે—હે રાજા ! પછી જે દિશા તરફ શેષ ભગવાન અંતર્ધાન થયા હતા, તે દિશાને નમસ્કાર કરીને ચિત્રકેતુ વિદ્યાધર આકાશમાં ફરવા લાગ્યો. ૧ તેની ઇંદ્રિયોનું બળ લાખો વર્ષ સુધી કાયમ રહ્યું હતું. મુનિઓ, સિદ્ધો તથા ચારણો તેની સ્તુતિ કરતા હતા. ૨ સંકલ્પ કરતાંજ ઉત્તમ વૈભવો આપનારી પ્રખ્યાત કુલાચળ પર્વતની ગુફાઓમાં વિદ્યાધરીઓ પાસે ભગવાનના યશ ગવરાવતો એ મહાયોગી વિહાર કરવા લાગ્યો. ૩ એક દિવસ એ ચિત્રકેતુ વિષ્ણુએ આપેલાં દિવ્ય વિમાનમાં બેશીને આકાશમાર્ગે જતો હતો, એટલામાં સિદ્ધો તથા ચારણોથી વીંટાયેલા ભગવાન શંકરને તેણે દીઠા. ૪ તે સમયે ખોળામાં બેઠેલાં પાર્વતીને આલિંગન કરીને ભગવાન સદાશિવ બેઠા હતા, તેમને જોઇને ચિત્રકેતુ પાસે ગયો અને પાર્વતીના સાંભળતાં ખડખડાટ હસીને બોલ્યો. ૫

ચિત્રકેતુ કહેછે—આ શંકર જગદ્ગુરૂ અને મનુષ્યોના ધર્મના વક્તા છે, તે સભામાં સ્ત્રીને લઇને મુખ્ય આસને બેઠા છે. ૬ જટાધારી, તીવ્ર તપ કરનારા અને બ્રહ્મવાદીઓની સભાના અધ્યક્ષ સદાશિવ પ્રાકૃત મનુષ્યની પેઠે લજ્જા તજીને સ્ત્રીને ખોળામાં લઇને બેઠા છે. ૭ પ્રાકૃત મનુષ્યો પણ ઘણું કરીને એકાંતમાંજ સ્ત્રીને ખોળામાં બેસાડે છે, પરંતુ આ શંકર મહા વ્રતધારી છતાં સભાની વચ્ચે સ્ત્રીને ખોળામાં લઇને બેઠા છે. ૮

શ્રી શુકદેવજી કહેછે—હે રાજા ! અગાધ બુદ્ધિવાળા સદાશિવ સમર્થ છતાં ચિત્રકેતુનાં વચન સાંભળી હસીને ચુપ બેશી રહ્યા, તેમજ શંકરને અનુસરનારા સભાસદો પણ કાંઇ બોલ્યા નહી. ૯ એ રીતે શંકરના પ્રભાવને નહી જાણનારા અને જીતેંદ્રિયપણાનું અભિમાન રાખનારા ચિત્રકેતુએ ઘણાં અઘટિત વચનો કહ્યાં, તે સાંભળીને પાર્વતીએ ક્રોધ કરીને એ નિર્લજ્જને આ પ્રમાણે કહ્યું.૧૦

શ્રી પાર્વતી બોલ્યાં—જગતમાં અમારા જેવા દુષ્ટ તથા નિર્લજ્જ લોકોને શિક્ષા કરનારો, દંડ દેનારો, અને પ્રતિકુળ વિચાર કરનારો શું ચિત્રકેતુ રાજા નિમાયો છે ? ૧૧ બ્રહ્મા, પ્રજાપતિઓ, નારદાદિક, સનત્કુમાર, કપિલદેવ, અને મનુ એઓમાં કોઇ ખરેખર ધર્મ જાણતા નથી, કારણ કે શાસ્ત્ર વિરૂદ્ધ વર્તનારા શંકરને તેઓ અટકાવતા નથી ! ૧૨ પોતે નીચ ક્ષત્રિય છતાં મોટા વિ-

જ્ઞાનીને મૂર્ખ બનાવીને જગતના ગુરૂ, ધર્મમૂર્તિ અને બ્રહ્માદિક પણ જેનાં ચરણારવિંદનું ધ્યાન કરેછે, એવા શંકરને એ ઉપદેશ આપેછે, માટે એ શઠ શિક્ષાને પાત્ર છે. ૧૩ પોતાના મનથી પોતાને ઉત્તમ માનીને અક્કડ રહેનારો આ ચિત્રકેતુ મહાત્માઓએ સેવેલાં ભગવાનનાં ચરણકમળની પાસે જવાને યોગ્ય નથી ૧૪ માટે હે કુમતિવાળા પુત્ર ! તું મહા નીચ અસુરની યોનિમાં અવતરજે, કે જેથી તું ફરીથી મહાત્માઓનો અપરાધ કરી શકે નહી. ૧૫

શ્રી શુકદેવજી કહેછે—હે રાજા ! એ પ્રમાણે પાર્વતીનો શાપ પામેલો ચિત્રકેતુ વિમાનમાંથી નીચે ઉતરી પડી મસ્તક નમાવીને તેમને પ્રસન્ન કરવા લાગ્યો. ૧૬

ચિત્રકેતુ કહેછે—હે માતુશ્રી! તમારો શાપ હું માથે ચઢાવુછું, કારણ કે દેવતાઓ મનુષ્યને જે કહેછે, તે તેનાં પ્રારબ્ધ કર્મથીજ થાયછે. ૧૭ જીવ અજ્ઞાનથી મોહિત થઇને આ સંસારચક્રમાં ભટકતો સર્વત્ર નિરંતર સુખદુઃખ ભોગવ્યા કરેછે. ૧૮ સુખ અથવા દુઃખનો કર્તા પોતે અથવા બીજો કોઇ નથી, તેમ છતાં મૂર્ખ મનુષ્ય પોતાને તથા બીજાને દુઃખ સુખનો કર્તા માનેછે. ૧૯ આ સંસારરૂપ ગુણોના પ્રવાહમાં શાપ, અનુગ્રહ, સ્વર્ગ, નરક, સુખ અને દુઃખ એ શું છે? કાંઇજ નથી. ૨૦ બંધનથી રહિત એક પરમેશ્વર જ પોતાની માયાથી પ્રાણીઓને સરજે છે, તથા તેનાં બંધ, મોક્ષ, સુખ અને દુઃખને રચે છે. ૨૧ સર્વમાં સમાન અને નિર્લેપ પરમેશ્વરને વહાલું, અળખામણું, જ્ઞાતિ, બંધુ, પોતાનો કે પારકો કોઇપણ નથી. તેને સુખ ઉપર પ્રીતિ નથી ત્યારે પ્રીતિથી ઉત્પન્ન થતો ક્રોધ તો ક્યાંથીજ હોય? ૨૨ તોપણ એ ઇશ્વરના માયાની સૃષ્ટિરૂપ પાપ પુણ્ય આદિ કર્મજ પ્રાણીઓને સુખ, દુઃખ, હીત, અહિત, બંધ, મોક્ષ, જન્મ અને મરણરૂપ સંસાર આપવાને સમર્થ થાયછે. ૨૩ માટે હે સતી! હું પાપમાંથી છુટવા માટે તમારી ક્ષમા માગતો નથી, પણ મારૂં કહેવું યોગ્ય છતાં તમે અયોગ્ય માનોછો, તે માટે ક્ષમા માગુંછું. ૨૪

શ્રી શુકદેવજી કહેછે—હે પરીક્ષિત રાજા! એ રીતે પાર્વતીની ક્ષમા માગીને ચિત્રકેતુ વિમાનમાં બેશીને આશ્ચર્ય પામેલાં શિવ પાર્વતીના દેખતાંજ ત્યાંથી ચાલ્યો ગયો. ૨૫ પછી દેવતાઓ, ઋષિઓ, દૈત્યો, સિદ્ધો અને પાર્ષદોના સાંભળતાં ભગવાન શંકરે પાર્વતીને કહ્યું. ૨૬

સદાશિવ કહે છે—હે સુંદર નિતંબવાળી પાર્વતી! અદ્ભુત કર્મવાળા, સ્પૃહા વગરના અને મહાત્મા શ્રીહરિના દાસાનુદાસનો મહિમા તમે જોયો? ૨૭ સ્વર્ગમાં, નરકમાં અને મોક્ષમાં સમાન પ્રયોજન જોનારા નારાયણપરાયણ ભકતો કોઇનાથી ડરતા નથી. ૨૮ પ્રાણીઓને દેહનો સંયોગ થતાં ઇશ્વરની માયાથી સુખ, દુઃખ, સ્મૃતિ, જન્મ, શાપ તથા અનુગ્રહ વગેરે દ્વંદ્વ થયા કરે છે. ૨૯ એમાં જે ઇષ્ટ અનિષ્ટ જેવું જણાય છે, તે સર્વ ભેદ સ્વપ્નાવસ્થામાં થયેલાં સુખ દુઃખાદિકની પેઠે તથા માળામાં સર્પાદિકની ભ્રાંતિની પેઠે કેવળ અજ્ઞાનથી થાય છે. ૩૦ વાસુદેવ ભગવાનની ભક્તિ કરનાર અને જ્ઞાન તથા વૈરાગ્યનું બળ રાખનાર લોકોને આ જગતમાં કોઈ પણ પદાર્થ વિશેષ બુદ્ધિથી આશ્રય કરવાને યોગ્ય નથી. ૩૧ હું, બ્રહ્મા, સનત્કુમાર, નારદ, પ્રજાપતિઓ, મુનિઓ અને દેવતાઓ ભગવાનના અંશના અંશરૂપ છીએ, તોપણ જુદી જુદી ઇશ્વરતાના અભિમાનને લીધે ભગવાનના અભિપ્રાયને જાણતા નથી, તો તેમનાં સ્વરૂપને તો ક્યાંથીજ જાણીએ? ૩૨ ભગવાનને કોઇ વહાલું કે અળખામણું, પોતાનું કે પારકું, અને શત્રુ કે મિત્ર નથી. તે સર્વ પ્રાણીઓના આત્મારૂપ છે અને સર્વને પ્રિય છે. ૩૩ આવા ભગવાનનો એ ચિત્રકેતુરાજા પ્રિયભક્ત છે, તે સર્વત્ર સમદૃષ્ટિવાળો, શાંત અને મહાભાગ્યશાળી છે. હું પણ ભગવાનનો પ્રિયભક્ત છું, માટે મેં એના ઉપર ક્રોધ કર્યો નથી. ૩૪ માટે શાંત સ્વભાવના અને સમદૃષ્ટિવાળા એવા ભગવદ્ભક્ત મહાત્માઓને વિષે કાંઇ પણ

આશ્ચર્ય પામવું નહી. ૩૫

શ્રી શુકદેવજી કહે છે—હે પરીક્ષિત રાજા ! આ પ્રમાણે સદાશિવનાં વચન સાંભળીને પાર્વતી શાંત થયાં અને તેમની આશ્ચર્યતા દુર થઇ ગઇ. ૩૬ જો કે મહાવૈષ્ણવભક્ત ચિત્રકેતુ પાર્વતીને સામો શાપ આપવાને સમર્થ હતો, તોપણ તેણે બે હાથ જોડીને પાર્વતીનો શાપ માથે ચઢાવ્યો. એ સત્યપુરૂષનું લક્ષણ છે. ૩૭ આ પ્રમાણે અસુરની યોનિમાં અવતરવાનો શાપ પામેલો ચિત્રકેતુ ત્વષ્ટા દેવતાના દક્ષિણાગ્નિમાંથી ઉત્પન્ન થઇ વૃત્રાસુર નામથી પ્રસિદ્ધ થયો હતો. આ જન્મમાં પણ તે જ્ઞાન તથા વિજ્ઞાનયુક્ત હતો. ૩૮ વૃત્રાસુર અસુર જાતિમાં ઉત્પન્ન થયેલો છતાં તેની બુદ્ધિ ભગવાન વિષે હોવાનું કારણ તમે મને પૂછ્યું હતું, તે સર્વ મેં તમને કહી સંભળાવ્યું. ૩૯ મહાત્મા ચિત્રકેતુનો આ પવિત્ર ઇતિહાસ તથા વૈષ્ણવભકતોનું મહાત્મ્ય જે મનુષ્ય સાંભળે છે, તે જન્મ મરણથી મુક્ત થાય છે. ૪૦ જે માણસ પ્રભાતમાં ઉઠી ભગવાનનું સ્મરણ કરી, મૌન રહી, શ્રદ્ધાથી આ ઇતિહાસનો પાઠ કરે, તે પરમગતિને પામે છે. ૪૧

य एतत्प्रातरुत्थाय श्रद्धया वाग्यतः पठेत् ॥
इतिहासं हरिं स्मृत्वा सयाति परमांगतिम् ॥

ઇતિશ્રી ભાગવત મહાપુરાણના ષષ્ટ સ્કંધમાં ચિત્રકેતુને પાર્વતી શાપ વર્ણન ”નામનો ૧૭ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૮ મો.

અદિતિ તથા દિતિના પુત્રોનો વંશ, ઇંદ્રે કરેલો દતિના ગર્ભનો નાશ.

શ્રી શુકઉવાચ.

पृश्निस्तु पत्नी सवितुः सावित्रीं व्याहृतिं त्रयीम्।
अग्निहोत्रं पशुं सोमं चातुर्मास्यं महामखान् ॥

શ્રી શુકદેવજી કહે છે—હે પરીક્ષિત રાજા ! અદિતિના પાંચમા પુત્ર સવિતા હતા, તેમની સ્ત્રી પ્રશ્નિથી ગાયત્રી, વ્યાહૃતિ, ત્રણવેદ, અગ્નિ હોત્ર, પશુયાગ, સોમયાગ, ચાતુર્માસ્ય તથા પંચ મહાયજ્ઞોના દેવતા ઉત્પન્ન થયા. ૧ અદિતિના છઠ્ઠા પુત્ર ભગદેવતા હતા, તેની સ્ત્રી સિદ્ધિથી મહિમા, વિભુ અને પ્રભુ એ ત્રણ પુત્ર તથા સુંદર શરીરવાળી આશિષ નામની એક કન્યા ઉત્પન્ન થઇ હતી. ૨ અદિતિના સાતમા પુત્ર ધાતાને ચાર સ્ત્રીઓ હતી. તેમાં કુહુનામની સ્ત્રીથી સાયં નામનો પુત્ર થયો, સિનીવાળી સ્ત્રીથી દર્શ નામનો પુત્ર, રાકા સ્ત્રીથી પ્રાતર નામનો પુત્ર, અને અનુમતિ નામની સ્ત્રીથી પુર્ણમાસ નામનો પુત્ર ઉત્પન્ન થયો. ૩ વિધાતાની ક્રિયા નામની સ્ત્રીથી પુરીષ્ય નામના અગ્નિ ઉત્પન્ન થયા. વરૂણની સ્ત્રી ચર્ષણીથી ભૃગુ કે જે પ્રથમ બ્રહ્માના પુત્ર હતા તે ફરીને જન્મ્યા હતા. ૪ અને મહાયોગી વાલ્મીક કે જે રાફડામાંથી નીકળ્યા કહેવાય છે તે પણ વરૂણના પુત્ર કહેવાય છે. મિત્ર અને વરૂણે ઉર્વશી અપ્સરાના દેખતાં પોતાનું સ્ખળિત થયેલું વીર્ય ઘડામાં નાંખ્યું હતું, તેમાંથી અગસ્ત્ય તથા વસિષ્ઠ ઉત્પન્ન થયા. ૫ અદિતિના દશમા પુત્ર મિત્રને રેવતી નામની સ્ત્રીથી આરિષ્ટ, ઉત્સર્ગ અને પિપ્પલ નામના પુત્રો ઉત્પન્ન થયા. ૬ અગિયારમા સમર્થ પુત્ર ઇંદ્રને પોતાની પૌલોમી નામની સ્ત્રીથી જયંત, ઋષભ અને મીઢુષ એ ત્રણ પુત્ર ઉત્પન્ન થયા, એમ મેં સાંભળ્યું છે. ૭ અદિતિના બારમા પુત્ર ઉરૂક્રમ કે જેમણે માયાથી વામનરૂપ ધારણ કર્યું હતું તેમની કીર્તિ નામની સ્ત્રીથી બૃહત્શ્લોક નામનો પુત્ર થયો હતો, અને તેના સૌભગ વગેરે પુત્ર થયા હતા. ૮ મહાત્મા વામનજીએ કશ્યપની સ્ત્રી અદિતિથી જન્મ ધરીને જે જે ચરિત્રો તથા પરાક્રમો કર્યાં છે તેના ગુણ હવે પછી (અષ્ટમ સ્કંધમાં) કહીશ. ૯ હવે કશ્યપની સ્ત્રી દિતિના દૈત્યપુત્રોનો વંશ કહું છું, જે વંશમાં શ્રીમાન્ પ્રહ્લાદ તથા બળિરાજા એ મહા-

ભગવદ્ભક્ત થયેલા છે. ૧૦ દિતિને હિરણ્ય કશિપુ અને હિરણ્યાક્ષ નામના બેજ પુત્ર હતા, તેઓને સર્વ દેવતાઓ તથા દૈત્યો પ્રણામ કરતા હતા. ૧૧ જંભાસુરની પુત્રી કયાધુ હિરણ્યકશિપુને પરણી હતી. તેનાથી સંહ્રાદ, અનુહ્રાદ, હ્રાદ અને પ્રહ્લાદ નામના ચાર પુત્ર, અને સિંહિકા નામની એક પુત્રી થઈ હતી. એ સિંહિકાને વિપ્રચિત્તિ પરણ્યો હતો, તેનાથી રાહુ નામનો પુત્ર થયો હતો. ૧૨-૧૩ એ રાહુ સૂર્ય અને ચંદ્રની વચ્ચે બેશીને અમૃત પીતો હતો, તે વખતે ભગવાને ચક્ર મૂકીને તેનું મસ્તક કાપી નાંખ્યું હતું. સંહ્રાદને કૃતિ નામની સ્ત્રીથી પંચજન નામનો પુત્ર થયો હતો. ૧૪ હ્રાદને ધમની નામની સ્ત્રીથી વાતાપ અને ઇલ્વલ નામના પુત્ર થયા હતા. એ ઇલ્વલે અતિથિ થઇને આવેલા અગસ્ત્યમુનિને જમાડવા માટે વાતાપિને ઘેટો કરીને રાંધ્યો હતો. ૧૫ અનુહ્રાદને સૂર્પા નામની સ્ત્રીથી બાષ્કલ અને મહિષ નામના બે પુત્ર થયા હતા, પ્રહ્લાદને વિરોચન અને વિરોચનને બળિરાજા પુત્ર થયા હતા. ૧૬ બળિરાજાને અશના નામની સ્ત્રીથી બાણાસુર આદિ સો પુત્રો થયા હતા. બળિરાજાનો વખાણવા યોગ્ય પ્રભાવ હવે પછી (અષ્ટમ સ્કંધમાં) કહીશું. ૧૭ બાણાસુરે મહાદેવની આરાધના કરીને તેમના ગણોમાં અધ્યક્ષપણું મેળવ્યું હતું. એ બાણાસુરના પાસે શંકર હજી પણ નગરની રક્ષા કરવાને રહેલા છે. ૧૮ ઓગણપચાસ મરૂત (વાયુ) પણ દિતિના પુત્ર છે, તે સર્વ પ્રજા રહિત અને દૈત્યો હતા, પણ ઇંદ્રે તેઓને દેવતા બનાવ્યા હતા. ૧૯

પરીક્ષિત રાજા પૂછે છે—હે ગુરૂ ! એ વાયુઓ જન્મથી અસુર છતાં તેઓનો આસુર ભાવ દુર કરીને કેવી રીતે દેવતા થયા હતા? તેઓએ એવું શુ કર્યું હતું ? ૨૦ હે મહારાજ ! આ વાર્તા જાણવાની મારા સુદ્ધાં આ સર્વ ઋષિઓ પણ ઇચ્છા રાખે છે, માટે તમારે એ કથા અમને કહેવા યોગ્ય છે. ૨૧

સૂતજી કહે છે—હે શૈનકાદિક ઋષિયો ! આદરવાળું, અલ્પ અક્ષરવાળું અને બહુ અર્થવાળું પરીક્ષિત રાજાનું વચન સાંભળીને શાંત ચિત્તે સત્કાર કરતા સર્વજ્ઞ શુકદેવજી બોલ્યા. ૨૨

શ્રી શુકદેવજીકહે છે—વિષ્ણુએ ઇંદ્રનો પક્ષ કરીને દિતિના પુત્રોને મારી નાંખ્યા હતા, તેથી શોક અને ક્રોધથી રાતદિવસ બળતી દિતિ મનમાં વિચારવા લાગી કે-૨૩ ભાઇઓને મારનારા, વિષયસુખમાં આસક્ત રહેનારા, ક્રૂર, પાપી અને કઠણ હૃદયવાળા ઇંદ્રનો નાશ કરાવીને હું ક્યારે સુખે સૂઇશ ? ૨૪ મોટો રાજાધિરાજ કહેવાતો હોય, તે પણ મુઆ પછી તેનું શરીર જો સડી જાય છે તો તેમાં કીડા પડે છે, તેને કોઇ ખાઇ જાય છે તો વિષ્ટા થઇ જાય છે, અને જો તેને બાળી મુકવામાં આવે છે તો ભસ્મ થઇ જાય છે, આવા અસાર દેહને માટે પ્રાણીઓનો દ્રોહ કરનારો પુરૂષ શું પોતાનો સ્વાર્થ સમજતો નથી ? તે જાણતો નથી કે દ્રોહ કરવાથી નરક મળે છે. ૨૫ આ દેહાદિક પદાર્થોને સત્ય માનનારા તથા ઉદ્ધત મનવાળા ઇંદ્રનો નાશ કરે એવો પુત્ર જે ઉપાયથી મને થાય તેવો ઉપાય મારે કરવો જોઇએ ૨૬ એવા હેતુથી એ દિતિ પોતાના પતિ કશ્યપની મરજી પ્રમાણે વર્તવા લાગી. હે રાજા ! સેવાથી, સ્નેહથી, વિવેકથી, જીતેંદ્રિયપણાથી, ઉત્તમ ભક્તિથી, મનોહર ભાષણથી અને હાસ્ય તથા કટાક્ષથી જોવાથી તેણે પતિનું મન વશ કર્યું. ૨૭-૨૮ જો કે કશ્યપ વિદ્વાન હતા, તોપણ પોતાની ચતુર સ્ત્રીને વશ થઇને તેનો મનોરથ પૂર્ણ કરવાનું કબુલ કર્યું. સ્ત્રીની આગળ આમ થવું એ કાંઇ આશ્ચર્ય જાણવું નહી. ૨૯ કારણકે પુર્વે પ્રજાપતિએ પ્રાણીઓને રતિ વિનાના જોઇને મૈથુનદ્વારા સૃષ્ટિની વૃદ્ધિ કરવા માટે પોતાના અરધા શરીરમાંથી સ્ત્રીને ઉત્પન્ન કરી હતી, જે સ્ત્રીથી પુરૂષોની બુદ્ધિ હરાયેલી છે. ૩૦ હે તાત ! દિતિએ કશ્યપની સેવા કરવાથી તેમણે પ્રસન્ન થઇ હસીને કહ્યું. ૩૧

કશ્યપજી કહે છે—હે નિર્દોષ સ્ત્રી ! તું વરદાન માગ, હું તારાપર પ્રસન્ન થયો છું, પતિ પ્રસન્ન થવાથી સ્ત્રીના કયા મનોરથ સિદ્ધ થતા નથી ? ૩૨ સ્ત્રીઓએ પોતાના પતિનેજ પરમ દૈવત સમજવું, લક્ષ્મીપતિ વિષ્ણુ ભગવાન તો પ્રાણીમાત્રના માનસિક પતિ છેજ. ૩૩ એ ભગવાનને જુદાં જુદાં નામ તથા રૂપવાળા દેવતાઓની મુર્તિરૂપે પુરૂષો પૂજા કરે છે અને સ્ત્રીઓ પતિરૂપથી પુજે છે. ૩૪ માટે હે સુંદર કેડવાળી ! કલ્યાણ ઇચ્છનારી પતિવ્રતા સ્ત્રીઓ અનન્ય ભક્તિ ભાવથી પરમાત્મારૂપ પતિની સેવા કરે છે. ૩૫ હે કલ્યાણી ! તેં આવા ભાવથી ભક્તિપૂર્વક મારી પૂજા કરી છે. માટે સ્ત્રીઓને દુર્લભ એવા તારા મનોરથ પુરા પાડીશ. ૩૬

દિતિ કહે છે—હે મહારાજ ! જો તમે મને વરદાન આપતા હોતો, જેણે વિષ્ણુ પાસે મારા બે પુત્રોને મારી નંખાવ્યા છે, તે ઇંદ્રનો નાશ કરે એવો અમર પુત્ર મને આપો. ૩૭

શ્રી શુકદેવજી કહે છે—દિતિનાં એવાં વચન સાંભળીને કશ્યપજી મનમાં ઉદાસ થઇ પશ્ચાત્તાપ કરવા લાગ્યા કે-અરેરે ! આજ મારા ઉપર મોટો અધર્મ આવી પડયો છે. ૩૮ સ્ત્રીરૂપ માયાએ મારૂં વિષયાસક્તનું મન જીતી લીધું છે, તેથી હું હવે જરૂર નરકમાં પડવાનો. ૩૯ સ્ત્રી પોતાના સ્વભાવ પ્રમાણે વર્તનારી છે, તેનો તેમાં કશો દોષ નથી, પરંતુ સ્વાર્થ સાધવામાં હુંજ અજ્ઞાની છું, મને ધિક્કાર છે ! કારણકે મેં ઇંદ્રિયોને કબજે નહિ રાખતાં છુટી મુકી દીધી. ૪૦ સ્ત્રીઓનાં મુખ શરદ્‌ઋતુના કમળ જેવું પ્રફુલ્લિત છે, અને વચન કાનને અમૃત જેવાં મીઠાં લાગે છે, પરંતુ તેઓનાં હૃદય અસ્ત્રાની ધાર જેવાં તીક્ષ્ણ હોય છે, માટે સ્ત્રીઓનાં ચરિત્રોને કોણ જાણી શકે છે ? ૪૧ પોતાનો સ્વાર્થ સાધવામાં તત્પર રહેનારી સ્ત્રીને પ્રાણસમાન પ્રિય ગણવામાં આવે તોપણ તેને કોઇ પ્રિય નથી, કારણકે એ સ્વાર્થને માટે પતિનો, પુત્રનો અને ભાઇનો નાશ કરે છે અથવા કરાવે છે. ૪૨ મેં તેને વર આપવાનું વચન આપ્યું છે તે મિથ્યા ન થવું જોઇએ, તેમ ઇંદ્રને પણ મારવો યોગ્ય નથી, માટે આ બાબતમાં કાંઇ પ્રપંચ કરવો જોઇએ. ૪૩ એવો વિચાર કરીને કોપેલા તથા પોતાને ધિક્કારતા કશ્યપમુનિએ દિતિને આ પ્રમાણે કહ્યું:—૪૪

કશ્યપજી બોલ્યા—હે દિતિ ! હું તને એક વ્રત બતાવું છું, તે એક વર્ષ સુધી તું બરાબર પાળીશ તો ઇંદ્રનો નાશ કરે એવો પુત્ર તને થશે, અને જો તેમાં ખામી આવશે તો તે પુત્ર ઇંદ્રનો બંધુ થશે. ૪૫

દિતિ બોલ્યાં—હે મહારાજ ! હું એ વ્રત બરાબર રીતે કરીશ, માટે તેમાં જે જે નિયમો પાળવાના હોય તે તથા જે કરવાનો નિષેધ હોય તે તથા તેમાં વિઘ્ન ન કરનારા નિયમો હોય તે મને કહો. ૪૬

કશ્યપજી કહે છે—કોઇપણ પ્રાણીની હિંસા ન કરવી, કોઇને ગાળ ન દેવી, અસત્ય બોલવું નહીં, નખ તથા વાળ ન કાપવા, અમંગળ પદાર્થનો સ્પર્શ ન કરવો, ૪૭ પાણીમાં પેશીને ન્હાવું નહીં, ક્રોધ ન કરવો, દુષ્ટોની સાથે ભાષણ ન કરવું, ધોયા વિનાનાં વસ્ત્ર ન પેહેરવાં, બીજાએ પેહેરેલી માળા ન પેહેરવી, એંઠું અન્ન, ભદ્રકાળીને અર્પણ કરેલું નૈવેદ્ય, માંસવાળું અન્ન, શુદ્રે આણેલું અન્ન તથા રજસ્વલા સ્ત્રીએ જોયેલું અન્ન ખાવું નહી, ખોબાવડે પાણી પીવું નહી. ૪૯ એંઠા મુખે આચમન લીધા વગર, સંધ્યાકાળે માથાના વાળ છૂટા મૂકીને, શરીરે આભૂષણ પેહેર્યા વગર, વાણીને નિયમમાં રાખ્યા વગર, અને વસ્ત્રથી શરીર ઢાંક્યા વગર બહાર ફરવું નહીં. ૫૦ પગ ધોયા વિના, અસાવધપણે, ભીના પગે, ઉત્તર દિશા તરફ માથું રાખીને, બાજા સાથે નગ્ન થઇને અને પ્રભાતમાં તથા સંધ્યાકાળે સુઇ રહેવું નહી. ૫૧ હમેશ પ્રાતઃકાળમાં સ્નાન કરી, પવિત્ર થઇ, ધોયેલાં વસ્ત્ર પેહેરી, માંગલિક

પદાર્થો સાથે લઇ ભોજન કર્યા પહેલાં ગાય, બ્રાહ્મણો, લક્ષ્મી અને ભગવાનની પૂજા કરવી, પર ચંદન, પુષ્પ, ખાવાના પદાર્થો અને આભૂષણોથી સૌભાગ્યવતી સ્ત્રીઓની પૂજા કરવી, પછી પતિનું પૂજન કરીને હૃદયમાં તેમનું ધ્યાન કરવું ૫૩ આ રીતનું પુત્રને આપનારૂં વ્રત જો તું એક વર્ષ સુધી અખંડિત કરીશ તો ઇંદ્રનો નાશ કરનારો પુત્ર તને થશે. ૫૪

શ્રી શુકદેવજી કહે છે—હે રાજા ! ઉદાર મનવાળી દિતિએ કશ્યપે કહેલું વ્રત કરીને ગર્ભ ધારણ કર્યો. ૫૫ હે માન આપનારા રાજા ! મહા જ્ઞાની ઇંદ્ર પોતાની માસી દિતિનો અભિપ્રાય જાણીને કશ્યપના આશ્રમમાં રહેતાં માસીની સેવા કરવા લાગ્યો. ૫૬ તે સમયે સમયે વનમાંથી ફૂલ, ફળ, મૂળ, સમીધ, દર્ભ, પાંદડાં, અંકુર, માટી અને જળ વગેરે લાવીને આપવા લાગ્યો. ૫૭ હે રાજા! વ્રત ધારણ કરેલાં દિતિનાં છિદ્ર જોતો ઇંદ્ર, પારધી જેમ મૃગનો વેશ ધારણ કરે તેમ ગુપ્ત અભિપ્રાય જાણનારો થઇનેતેની સેવા કરવા લાગ્યો, ૫૮ હે રાજા ! સ્વાર્થી ઇંદ્રને દિતિના વ્રતનું છિદ્ર જોવામાં ન આવ્યું, ત્યારે તે મનમાં મોટી ચિંતા કરવા લાગ્યો કે—હવે મારૂં કેવી રીતે કલ્યાણ થશે ૫૯ એક દિવસ વ્રતથી દુર્બળ થયેલાં દિતિ દૈવયોગથી ગાફલ થઇ ગયાં, અને આચમન લીધા વગર તથા પગ ધોયા વગર સાયંકાળે સૂઇ ગયાં. ૬૦ આ સમયનો લાભ લઇને યોગાવદ્યા જાણનારો ‘ ઇંદ્ર ’ યોગમાયાથી બેભાન થયેલાં દિતિના પેટમાં પેશી ગયો ૬૧ અંદર જઇને તેણે સુવર્ણ જેવા તેજસ્વી ગર્ભના વજ્રવડે સાત કટકા કર્યા. તેથી તે કટકા રોવા લાગ્યા, ત્યારે ઇંદ્રે ‘રડો નહી, રડો નહીં’ કહીને ફરીથી તે દરેકના સાત સાત કકડા કર્યા. ૬૨ આ પ્રમાણે કાપી નાંખેલા ગર્ભના કકડા હાથ જોડીને ઇંદ્રને કહેવા લાગ્યા કે—“ હે ઇંદ્ર ! તું અમને શા માટે મારેછે ? અમે તો તારા ભાઇ મરૂત દેવતા છીએ ” ૬૩ એ સાંભળીને ઇંદ્રે પોતાનાપર અનન્યભાવ રાખનારા પોતાના પાર્ષદ મરૂત ગણોને કહ્યું કે—“ તમે ડરશો નહી, તમે મારા ભાઇ છો. ” ૬૪ હે પરીક્ષિત રાજા ! ભગવાનની કૃપાથી જેમ તમે અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રથી બચી ગયા હતા, તેમ ઇંદ્રે દિતિના ગર્ભને સારી પેઠે કાપ્યા છતાં તે મુઆ નહી. ૬૫ જો મનુષ્યો ભગવાનનું એકવાર પણ પૂજન કરે તો તેમના સ્વરૂપને પામેછે, ત્યારે આ દિતિએ તો વર્ષમાં થોડા જ દિવસ બાકી રહ્યા ત્યાં સુધી ભગવાનની પૂજા કરી હતી, તો તેનું ફળ મળ્યા વગર કેમ રહે ? ૬૬ એ ઓગણપચાસ મરૂતગણો ઇંદ્રની સાથે દેવતાઓ ગણાયા. ઇંદ્રે તેઓનો માતા તરફનો દોષ દુર કરીને સોમપાન કરનારા દેવતા બનાવ્યા. ૬૭ દિતિએ ઉઠીને જોયું તો ઇંદ્રની સાથે અગ્નિ જેવા તેજસ્વી કુમારોને દીઠા. તેઓને જોને દિતિ પ્રસન્ન થયાં. ૬૮ દિતિએ ઇંદ્રને કહ્યું કે—“ હે તાત! દેવતાઓને ભય ઉપજાવનારો પુત્ર થવાની ઇચ્છાથી હું આ કઠણ વ્રત કરતી હતી. ૬૯ મેં એક પુત્રનોજ સંકલ્પ કર્યો હતો, તેમ છતાં આ ઓગણપચાસ પુત્ર શી રીતે થયા? માટે હે પુત્ર ! જો એ વાત તું જાણતો હોય તો મને સાચેસાચું કહે, ખોટું ન કહીશ.૭૦

ઇંદ્ર બોલ્યો—હે માસી ! સ્વાર્થ બુદ્ધિવાળો હું તમારા વ્રતનો અભિપ્રાય જાણીને તમારી પાસે આવીને રહ્યો હતો, અને લાગ મળતાં મેં તમારો ગર્ભ કાપી નાંખ્યો હતો. ૭૧ મેં તમારા ગર્ભને કાપીને સાત કકડા કર્યા, તો તેમાંથી સાત કુમારો ઉત્પન્ન થયા, અને તેઓના પણ સાત સાત કકડા કર્યા, તોપણ તેઓ મુઆ નહી. ૭૨ આવું મોટું આશ્ચર્ય જોઇને મેં મનમાં નિશ્ચય કર્યો કે—આ ભગવાનની પૂજાનું કોઈ પ્રાસંગિક ફળ છે. ૭૩ નિષ્કામપણે ભગવાનની આરાધના કરનારા જે લોક મોક્ષને પણ ઇચ્છતા નથી, તેઓ સ્વાર્થમાં કુશળ કહેવાયછે. ૭૪ પોતાના આત્મારૂપ અને આત્મસ્વરૂપને આપનારા ભગવાનને આરાધીને કયો જ્ઞાની માણસ જે સુખ નરકમાં પણ મળેછે એવા સુખની

માગણી કરો? ૭૫ હે ઉદાર મનવાળાં માતા! હું મૂર્ખ છું, મારી દુર્જનતા માટે તમે ક્ષમા કરો. ગર્ભ મૃત્યુથી બચ્યો એ ઘણુંજ સારૂં થયું છે. ૭૬

શ્રી શુકદેવજી કહે છે—હે રાજા! ઇંદ્રનો શુદ્ધ ભાવ જોઇને દિતિ પ્રસન્ન થયાં પછી ઇંદ્રને રજા આપવાથી તે મરૂત્‌ગણોના સાથે પ્રણામ કરીને સ્વર્ગમાં ગયો. ૭૭ મરૂત દૈવતાના મંગળકારી જન્મ વિષે તમે મને પુછયું, તે સર્વ મેં તમને કહી સંભળાવ્યું, હવે બીજું તમને શું કહું? તે કહો. ૭૮

एवं ते सर्वमाख्यातं यन्मां त्वं परिपृच्छसि ।
मंगलं मरुतां जन्म किं भूयः कथयामि ते ॥

ઇતિશ્રી ભાગવત પુરાણના ષષ્ઠ સ્કંધમાં "મરૂતગણોની ઉત્પત્તિ વર્ણન" એ નામનો ૧૮ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૯ મો.

કશ્યપે દિતિને કહેલા પુંસવન વ્રતની વિધિનું વિસ્તારથી વર્ણન.

राजोवाच.

व्रतं पुंसवनं ब्रह्मन् भवता यदुदीरितम् ।
तस्य वेदितुमिच्छामि येन विष्णुः प्रसीदति ॥

પરીક્ષિત રાજા પૂછે છે—હે બ્રહ્મન્! આપે જે પુંસવન વ્રત કહ્યું, તેનો વિધિ જાણવાની મને ઇચ્છા છે, કારણ કે એ વ્રતથી શ્રી વિષ્ણુ પ્રસન્ન થાય છે. ૧

શ્રી શુકદેવજી કહે છે—માગશર શુદ પડવાના દિવસથી સ્ત્રીએ પોતાના પતિની આજ્ઞાથી સર્વ કામનાઓ પૂરી પાડનારૂં પુંસવન વ્રત કરવા માંડવું. ૨ વ્રત શરૂ કરતા પેહેલાં મરૂતગણોના જન્મની કથા સાંભળવી, પછી બ્રાહ્મણોની આજ્ઞા પ્રમાણે વ્રત આરંભવું. વ્રત કરનારી સ્ત્રીએ દરરોજ વેહેલાં ઉઠી ઝાડે જઇ આવી દાતણ તથા સ્નાન કરવું, પછી શરીરે સૌભાગ્ય શણગાર પેહેરી બે ધોળાં વસ્ત્ર પેહેરીને લક્ષ્મીજી સહિત ભગવાનની પૂજા કરીને નમસ્કાર કરવા, અને તે પછી જમવું. ૩ "હે પુર્ણકામ! તમને બીજા કોઇની કોઇપણ પ્રકારની અપેક્ષા નથી, તમારી પાસે જે જોઇએ તે સઘળું છે, તમે લક્ષ્મીના પતિ છો અને સર્વ વિભૂતિઓ તથા સિદ્ધિઓના નિવાસરૂપ છો, એવા તમને હુ નમસ્કાર કરૂંછું. ૪ આપનામાં કૃપા, વૈભવ, તેજ, મહિમા, સામર્થ્ય તથા બીજા સર્વે ઉત્તમ ઇશ્વરી ગુણો રહેલા છે, માટે તમે ભગવાન અને પ્રભુ છો. ૫ હે વિષ્ણુપત્નિ! હે મહામાયા! હે પરમેશ્વરના જેવાં લક્ષણોવાળી! હે મહા ભાગ્યવતી! હે જગતજનની લક્ષ્મીજી! તમને નમસ્કાર કરૂંછું" ૬ આ મંત્રોથી નમસ્કાર કર્યા પછી "ॐ नमो भगवते महापुरुषाय महानुभावाय महाविभूतिपतये सह महाविभूतिभिर्बलिमुपहराणि" (મોટા પ્રભાવવાળા, મોટી વિભૂતિઓના પતિ મહાપુરૂષ ભગવાનને નમસ્કાર કરૂંછું, અને મોટી મોટી વિભૂતિઓ સાથે બળિદાન આપુંછું.) એ મંત્રથી દરરોજ આવાહન કરીને અર્ઘ્ય, પાદ્ય, આચમન, સ્નાન, વસ્ત્ર, જનોઇ, આભૂષણ, ચંદન, પુષ્પ, ધુપ, દીપ, અને નૈવેદ્ય વગેરે પૂજાના ઉપચાર સાવધાનીથી ભગવાનને અર્પણ કરવા. ૭ પછી "ॐ नमो भगवते महापुरुषाय महाविभूतिपतये स्वाहा" એ મંત્ર ભણીને બાકી રહેલા બળિથી અગ્નિમાં બાર આહુતિઓ હોમવી. ૮ જો સર્વ સંપત્તિઓની ઇચ્છા હોય તો વરદાન દેનારાં અને મનોરથ પૂર્ણ કરનારાં લક્ષ્મીજીના અને ભગવાનની ભક્તિભાવથી નિત્ય પૂજા કરવી. ૯ પછી મનને ભક્તિથી સરળ કરી પૃથ્વી ઉપર પડીને ભગવાનને દશવાર દંડવત્ પ્રણામ કરવા, પછી નીચેના સ્તોત્રથી સ્તુતિ કરવી. ૧૦ "હે લક્ષ્મીનારાયણ! તમે આ જગતના સ્વામી અને જગતનું આદિકારણ છો, તેમાં લક્ષ્મી સૂક્ષ્મ પ્રકૃતિ અને ટાળી ન ટળે એવી માયા શક્તિરૂપ છે. ૧૧ એ શક્તિના અધિપતિ પરમપુરૂષ આપજ છો. આપ સર્વ યજ્ઞરૂપ છો અને લક્ષ્મીજી યજ્ઞની ભાવનારૂપ છે. વળી લક્ષ્મી ક્રિયારૂપ છે અને આપ ફળના ભોક્તા છો. ૧૨ લક્ષ્મી ગુણોના પ્રકાશરૂપ છે અને આપ ગુ

થોનો પ્રકાશ કરનારા છો, આપ સર્વ પ્રાણીઓના આત્મા છો અને લક્ષ્મીજી શરીર, ઇંદ્રિયો તથા અંતઃકરણરૂપ છે. લક્ષ્મી નામ તથા રૂપમય મૂર્તિ છે અને આપ તેના પ્રકાશક તથા આધારરૂપ છો. ૧૩ હે ઉત્તમ શ્લોક ! તમે બન્ને ત્રૈલોક્યને વર આપનાર ત્રૈલોક્યપતિ છો, એ સત્યથી મારા સર્વ મનોરથ સફળ થાઓ." ૧૪ એ પ્રમાણે વરદાન દેનારા અને લક્ષ્મીના નિવાસરૂપ ભગવાનની લક્ષ્મીજી સાથે સ્તુતિ કર્યા પછી નૈવેદ્ય વગેરે ઉપાડી લઇને પછી ભગવાનને આચમન કરાવવું. ૧૫ પછી ભક્તિથી સરળ થયેલા મનથી સ્તોત્રનો પાઠ કરીને સ્તુતિ કરવી. પછી હોમતાં બાકી રહેલા પદાથને સુંઘીને ફરીથી ભગવાનની પૂજા કરવી. ૧૬ સ્ત્રીએ પતિને પરમેશ્વર રૂપ જાણીને પરમ ભક્તિથી તથા પ્રિય પદાર્થોથી તેની સેવા કરવી. પતિએ પણ પ્રેમથી સ્ત્રીના નાની મોટી સર્વ સેવાનો અંગીકાર કરવો. ૧૭ સ્ત્રી તથા પુરૂષ એ બમાંથી એક જણ વ્રત કરે તો આ વ્રત બન્નેએ કર્યું એમ ગણાયછે, માટે જો સ્ત્રી રજસ્વલા હોવાથી વ્રત કરવાને અયોગ્ય હોય, તો પતિએ સાવધ થઇને વ્રત કરવું. ૧૮ આ વિષ્ણુનું વ્રત કરનારાએ વચ્ચે વ્રતનો ભંગ ન કરવં. બ્રાહ્મણોની, પુત્રવાળી સૌભાગ્યવતી સ્ત્રીઓની અને ભગવાનની ચંદન, પુષ્પ, બળિ, અને આભૂષણોથી ભક્તિપૂર્વક પૂજા કરવી. ૧૯ પછી ભગવાનને તેમના સ્થાનમાં પધરાવીને ધરેલું નૈવેદ્ય પોતે ખાવું, કેમકે એથી મન શુદ્ધ થઇ સર્વ કામનાની સિદ્ધિ થાયછે. ૨૦ એ રીતની પૂજાના વિધિથી બાર માસ અથવા અધિક માસ હોય તો તેર માસ સુધી પતિવ્રતા સ્ત્રીએ વ્રત કરવું. અને કાતક મહિનાની અમાવાસ્યાને (છેલ્લે) દિવસે ઉપવાસ કરવો. ૨૧ બીજે દિવસે પ્રભાતમાં જળનું આચમન લઇને પ્રથમની પેઠે શ્રી કૃષ્ણની પૂજા કરીને પાવર્ણસ્થાલી પાકની વિધિથી દુધમાં રાંધેલા ઘી સહિત ચરૂની બાર આહુતિઓ પતિએ અગ્નિમાં હોમવી. ૨૨ પછી પ્રસન્ન થયેલા બ્રાહ્મણોએ આપેલા આશિર્વાદ માથે ચઢાવી, ભક્તિથી પ્રણામ કરી, તેઓની આજ્ઞા લઇને ભોજન કરવું. ૨૩ પછી આચાર્યને આગળ કરી, મૌન ધારણ કરી, બંધુઓની સાથે ઉભા રહીને ઉત્તમપુત્રો આપનારા અને સૌભાગ્ય વધારનારા ચરૂનો શેષભાગ સ્ત્રીને ખવરાવવો. ૨૫ શાસ્ત્રવિધિથી આ વ્રત કરનારા પુરૂષને આ લોકમાં મન વાંચ્છિત કામનાઓ મળેછે. જો સ્ત્રી આ વ્રત કરે તો તેને સૌભાગ્ય, લક્ષ્મી, પ્રજા, યશ તથા ઘર મળેછે. ૨૫ જો કન્યા આ વ્રત કરે તો તેને સર્વ લક્ષણ સંપન્ન પતિ મળેછે, વિધવા આ વ્રત કરે તો તેનાં પાપ ટળી જઇને ઉત્તમ ગતિ મળેછે, જેને છોકરાં ન જીવતાં હોય એવી સ્ત્રીનાં છોકરાં જીવે છે, નિર્ધનને ધન મળેછે, કુરૂપવાળી સ્ત્રી સુંદરરૂપવાળી થાય છે, રોગી રોગથી મુક્ત થઈ ઇંદ્રિયો તથા શરીરે પુષ્ટ થઇ જાય છે. આ આખ્યાનનો શુભ કાયમાં પાઠ કરવાથી પિતૃઓ તથા દેવતાઓ અત્યંત તૃપ્ત થાયછે. ૨૬-૨૭ હોમ પૂરો થયેથી અગ્નિ, લક્ષ્મી તથા ભગવાન પ્રસન્ન થઇને સર્વ મનોરથ પૂરા કરેછે. હે રાજા ! આ પવિત્ર મરૂત ગણોનું જન્મચરિત્ર તથા દિતિએ કરેલું મહાવ્રત મેં તમને કહી સંભળાવ્યું. ૨૮

तुष्टाः प्रयच्छन्ति समस्त कामान् ।
होमावसाने हुतभुक् श्रीर्हरिश्च ॥
राजन्महन् मरुतां जन्मपुण्यं ।
दितेर्व्रतं चाभिहितं महत्ते ॥ २८ ॥

ઇતિશ્રી ભાગવત મહાપુરાણના ષષ્ઠ સ્કંધમાં "પુંસવન વ્રત વિધિ વર્ણન" નામનો ૧૯ મો અધ્યાય સંપૂર્ણ.


ષષ્ઠ સ્કંધ સંપુર્ણ.

श्रीमद्

भागवत भाषान्तर.

सप्तम स्कंध.

सप्तमस्कंध



श्रीमद्

भागवत भाषांतर.

सप्तम स्कंध.

અધ્યાય ૧ લો.

હિરણ્યકશિપુને પોતાના વૈષ્ણવ પુત્ર પ્રહ્લાદ ઉપર ક્રોધ થવાનું કારણ.

राजोवाच.

समः प्रियः सुहृद् ब्रह्मन् भूतानां भगवान् स्वयम्।
इंद्रस्यार्थे कथं दैत्या नवधी द्विषमो यथा ॥

પરીક્ષિત રાજા પૂછે છે—હે શુકદેવજી! શ્રી કૃષ્ણ ભગવાન સર્વ પ્રાણીઓને સમાન, સર્વને પ્રિય અને મિત્રરૂપ છે. તેમણે વિષમ બુદ્ધિવાળા મનુષ્યની પેઠે ઇંદ્રને માટે દૈત્યોનો નાશ શા માટે કર્યો? ૧ સાક્ષાત સચ્ચિદાનંદ સ્વરૂપ અને નિર્ગુણ ભગવાનને દેવતાઓથી કાંઇ લાભ ન હતો, તેમ અસુરો સાથે કાંઇ શત્રુવટ કે ભય ન હતો. ૨ હે મહા ભાગ્યશાળી! આ પ્રમાણે મને નારાયણના ગુણોને વિષે મોટો સંશય થયો છે, તે તમે સર્વજ્ઞ હોવાથી દુર કરવાને યોગ્ય છો. ૩

શ્રી શુકદેવજી કહે છે—હે મહારાજ! ભગવાનનાં અદ્ભૂત ચરિત્રોના સંબંધમાં તમે બહુ સારો પ્રશ્ન પૂછયો, કારણકે એમાં ભક્તિ વધારનારૂં પ્રલ્હાદનું મહાત્મ્ય છે ૪ તે પરમપવિત્ર અદ્ભૂત ચરિત્રને નારદાદિ ઋષિઓ ગાય છે, તે શ્રીહરિની કથા હું મહામુનિ શ્રી વેદવ્યાસજીને નમસ્કાર કરીને વર્ણવું છું. ૫ ભગવાન માયાથીપર, અજન્મા, નિર્ગુણ, અને રાગદ્વેષાદિકના કારણરૂપ ઇંદ્રિયોથી રહિત છે, તેમ છતાં પોતાની માયાના ગુણોમાં પ્રવેશ કરીને મિત્ર અને શત્રુભાવને પ્રગટ કરીને મરનાર અને મારનારપણાને પ્રાપ્ત થયા છે. ૬ એ ગુણ જો ભગવાનના પોતાના હોય તો તે ભગવાનવિષે પ્રાકૃત પુરૂષની પેઠે વિષમપણું કહેવાય; પરંતુ સત્વ, રજ અને તમ એ ત્રણે ગુણ માયાના છે. એ ગુણોનું ઘટવું કે વધવું એક વખતેજ થતું નથી, પણ કાળના ક્રમ પ્રમાણે થાય છે. ૭ તે કાળને અનુકુળ રહેનારા ભગવાન સત્વગુણના વિજયનો સમય હોય ત્યારે દેવતા તથા ઋષિયોને, રજોગુણના વિજયનો સમય હોય, ત્યારે અસુરોને અને તમોગુણના વિજય માટે યક્ષો અને રાક્ષસોને ભજે છે. ૮ જેમ અગ્નિ એક જ પ્રકારનો છે; પરંતુ કાષ્ટાદિકમાં અનેક પ્રકારનો દેખાય છે, જેમ જળ એક પ્રકારનું છે, તોપણ જુદા જુદા રંગનાં વાસણમાં ભરવાથી જુદા જુદા રંગનું દેખાય છે, અને જેમ આકાશ એકજ હોયછે, પરંતુ ઘટાદિક પદાર્થોમાં અનેક પ્રકારનું જણાયછે, તેમ ભગવાન પણ એકજરૂપ છે, પરંતુ દેવ, દૈત્યો અને રાક્ષસ વગેરે અનેકરૂપે દેખાયછે, તોપણ એ દેવ આદિના શરીરોથી પ્રત્યક્ષ રીતે જુદા જણાતા નથી; પરંતુ વિદ્વાન લોક સ્વભાવવાદ, કાળવાદ, અને કર્મવાદનો નિષેધ કરીને કાર્યોના દેખાવ ઉપરથી વિચારશક્તિથી પોતામાં રહેલા પરમાત્માને જાણેછે. ૯ પરમેશ્વર જ્યારે જીવના ઉપભોગ માટે શરીર ઉત્પન્ન કરવાની ઇચ્છા કરેછે, તે જ્યારે અનેક પ્રકારનાં શરીરોમાં વિહાર કર-

વાને ઇચ્છેછે, ત્યારે સત્વગુણને જુદોજ સરજે છે, અને જ્યારે સંહાર કરવાની ઇચ્છા કરેછે, ત્યારે તમોગુણને જુદો જ ઉત્પન્ન કરે છે. ૧૦ એ અજન્મા ઇશ્વર કાળ, પ્રધાન કે પુરૂષને આધીન નથી, પરંતુ પ્રધાન અને પુરૂષના નિમિત્તથી અમોઘકાર્ય કરનારા ઇશ્વર પ્રધાન અને પુરૂષને સહાયક છે, વર્તમાનકાળને પોતે જ રચેછે, ને એ કાળ જ્યારે સત્વગુણને વધારે છે, ત્યારે મહા કીર્તિવાળા અને દેવતાઓને પ્રિય ભગવાન સત્વગુણી દેવોના સમુહને વધારતા હોય તેવા, રજોગુણવાળા તથા દેવતાઓના શત્રુ અસુરોનો નાશ કરતા હોય તેવા દેખાય છે. ૧૧ હે પરીક્ષિત રાજા! પૂર્વે રાજસૂય યજ્ઞમાં પ્રશ્ન પૂછતા યુધિષ્ઠિર રાજાને દેવર્ષિ નારદજીએ પ્રસન્ન થઇને આ બાબત ઉપર એક ઇતિહાસ કહી સંભળાવ્યો છે. ૧૨ રાજસૂય નામના મોટા યજ્ઞમાં ચેદી દેશનો રાજા શિશુપાળ ભગવાન વાસુદેવમાં લીન થઇ જઇ સાયુજ્ય મુક્તિને પામ્યો હતો, એ અતિ આશ્ચર્યકારક વાત સાંભળીને યુધિષ્ઠિરે ત્યાં બિરાજેલા દેવર્ષિ નારદજીને સર્વ મુનિઓના સાંભળતાં આ પ્રમાણે પૂછયું હતું. ૧૩-૧૪

યુધિષ્ઠિર પુછે છે—અહાહા! ભગવાનના એકાન્તિક ભક્તોને પણ ન મળે એવી પરમતત્ત્વરૂપ વાસુદેવ ભગવાનની પ્રાપ્તિ નિરંતર શત્રુવટ રાખનાર શિશુપાળને મળી એ મોટું આશ્ચર્ય છે. ૧૫ હે નારદમુનિ! હું એ સઘળી વાત જાણવાને ઇચ્છુંછું. જ્યારે વેન રાજાએ ભગવાનની નિંદા કરી હતી, ત્યારે બ્રાહ્મણોએ તેને નરકમાં નાંખ્યો હતો. ૧૬ એજ રીતે આ દમઘોષના પુત્ર શિશુપાળને પણ નરકમાં પડવું જોઇએ, કારણકે એ દુષ્ટ શિશુપાળ તથા દંતવક્ત્ર બાલ્યાવસ્થાથી માંડીને આજ સુધી શ્રી કૃષ્ણ ભગવાન સાથે મત્સર રાખતા હતા. ૧૭ તથા પક્ષપાતથી રહિત ભગવાનની તેઓ વારંવાર નિંદા કરતા હતા, તેમ છતાં તેઓના જીભમાં શ્વેત કોઢ નીકળ્યા નહી, તેમ તેઓ અંધકારમય નરકમાં પણ પડયા નહી. ૧૮ પરંતુ સર્વ લોકના દેખતાં જેમનું સ્વરૂપ પ્રાપ્ત થવું અત્યંત દુર્લભ છે, એવા ભગવાનને વિષે વિનાશ્રમે લીન થયા, તેનું કારણ શું? ૧૯ આ વિષયમાં મારી બુદ્ધિ, જેમ વાયુથી દીવાની શિખા ભમે છે તેમ ભમે છે, માટે એ અદ્ભુત વિષયમાં જે કારણ હોય તે આપ સર્વજ્ઞ મને કહો. ૨૦

શ્રી શુકદેવજી કહે છે—આ પ્રમાણે યુધિષ્ઠિર રાજાનું વચન સાંભળીને નારદજી પ્રસન્ન થયા. અને સર્વ સભાસદોના સાંભળતાં બોલ્યા. ૨૧

નારદજી કહે છે—હે યુધિષ્ઠિર રાજા! જેની નિંદા, સ્તુતિ, સત્કાર અને તિરસ્કાર થાય છે, એવું આ શરીર પ્રધાન તથા પ્રકૃતિના અવિવેકથી કલ્પાયેલું છે. ૨૨ એવા શરીરના અભિમાનથી પ્રાણીઓને જેમ 'હું અને મારૂં' એવી વિષમબુદ્ધિ થાય છે, અને મારવાથી તથા કડવાં વચનો કહેવાથી જેવી પીડા થાય છે, તેમ ઇશ્વરને થતું નથી. ૨૩ જે દેહમાં અભિમાન બંધાયેલું છે, તે દેહના નાશથી મારો નાશ થયો, એમ પ્રાણીઓને જણાય છે, તેમ ઇશ્વરને થતું નથી; કારણકે ઇશ્વરતો સર્વના આત્મારૂપ છે, તેથી તેમને દેહાભિમાન નથી. સર્વને શિક્ષા કરનારા ભગવાનને મારવાને કોણ સમર્થ છે? ૨૪ કોઇની નિંદા સાંભળીને ઇશ્વરને વિષમબુદ્ધિ થતી નથી, માટે વૈર, ભક્તિ, ભય, સ્નેહ અને કામ એ પાંચ ઉપાયોમાંથી ગમે તે એક ઉપાયથી ભગવાનમાં મનને જોડવું, કે જેથી ઇશ્વર વિના બીજું કાંઇ પણ જોવામાં આવે નહી. ૨૫ વૈરના અનુબંધનથી મનુષ્ય જેવો તલ્લીન થઇ જાય છે, તેવો ભક્તિયોગથી થતો નથી, એવો મારો નિશ્ચય છે. ૨૬ જેમ ભમરીએ પોતાના દરમાં પુરી રાખેલો કીડો ક્રોધના તથા ભયના યોગથી તે ભમરીનું સ્મરણ કરવાથી ભમરીરૂપ થઈ જાય છે. ૨૭ તેમ માયાવડે મનુષ્યાવતાર ધારણ કરનારા શ્રી કૃષ્ણ ભગવાન સાથે વૈર બાંધીને તેમનું વારંવાર ચિંતવન કરવાથી શિશુપાળ વગેરે પાપથી છુટીને ભગવાનના સ્વરૂપને પામ્યા છે. ૨૮ ભક્તિથી

જેવું ઇશ્વરમાં મન જોડાય છે, તેવું કામથી, દ્વેષથી, ભયથી અથવા સ્નેહથી ઇશ્વરમાં ચિત્ત લગાડીને ઘણા લોકો પાપથી રહિત થઇને ભગવાનની ગતિને પામ્યા છે. ૨૯ જુઓઃ—ગોપીઓ કામભાવે ભગવાનની ગતિને પામી હતી, કંસ ભયથી, શિશુપાળ વગેરે રાજાઓ દ્વેષભાવથી, વૃષ્ણીકુળના યાદવો સંબંધથી, તમે સ્નેહથી અને અમે ભક્તિભાવથી ભગવાનની ગતિને પામ્યા છીએ. ૩૦ વેનમાં તો ભક્તિ વગેરે પાંચ પ્રકારોમાંનો એકે પ્રકાર નહોતો, તેથી તે નરકમાં પડ્યો હતો, માટે મનુષ્યે કોઇ પણ ઉપાયથી શ્રી કૃષ્ણમાં મન રાખવું જોઈએ. ૩૧ હે યુધિષ્ઠિર રાજા! તમારી માસીના પુત્ર શિશુપાળ અને દંતવક્ત્ર પ્રથમ ભગવાનના મુખ્ય પાર્ષદ હતા, તે બ્રાહ્મણોના શાપથી પદભ્રષ્ટ થયા છે. ૩૨

યુધિષ્ઠિર પૂછે છે—ભગવાનના એકાન્તિક ભક્તોનો પણ પરાભવ કરનારો એ શાપ તે કેવો હતો અને કોણે આપ્યો હતો? ભગવાનના એકાંતિક ભક્તને ફરીથી જન્મવું પડે એ વાત સંભવતી નથી. ૩૩ જેના દેહ, પ્રાણ તથા ઇંદ્રિયો પ્રાકૃત નથી એવા વૈકુંઠવાસીઓને પ્રાકૃત દેહ મળ્યો, એ સંબંધી આખ્યાન મને કહી સંભળાવો. ૩૪

નારદજી કહે છે—એક દિવસ બ્રહ્માના પુત્ર સનકાદિક ત્રણે લોકમાં ફરતા ફરતા દૈવઇચ્છાથી વૈકુંઠમાં જઇ ચઢ્યા. ૩૫ આ સનકાદિક મુનિઓ મરીચિ વગેરે ઋષિયોથી પણ અવસ્થામાં મોટા હતા, તોપણ પાંચ છ વર્ષના બાળક જેવા દેખાતા હતા, અને નગ્ન હતા તેથી તેમને બાળક જાણીને ભગવાનના બે દ્વારપાળોએ અંદર જતાં અટકાવ્યા. ૩૬ તેથી સનકાદિકોએ ક્રોધ કરીને તેઓને શાપ આપ્યો કે-"રજોગુણ તથા તમોગુણથી રહિત એવાં ભગવાનનાં ચરણની પાસે રહેવાને તમે યોગ્ય નથી. માટે હે મુર્ખો! તમે અસુરની નીચ યોનિમાં જન્મો." ૩૭ આ પ્રમાણે શાપ થવાથી એ બે દ્વારપાળો વૈકુંઠમાંથી પડવા લાગ્યા, ત્યારે સનકાદિકે દયા આણીને કહ્યું કે-તમે ત્રણ જન્મ પછી પાછા આ લોકમાં આવશો. ૩૮ પછી એ બે દેવ અને દૈત્યોથી વંદાતા પાર્ષદો દિતિના પુત્ર થઈ અવતર્યા. તેમાં મોટો હિરણ્યકશિપુ અને નાનો હિરણ્યાક્ષ હતો. ૩૯ એમાંના હિરણ્યકશિપુને ભગવાને નૃસિંહાવતાર ધારણ કરીને માર્યો હતો, અને હિરણ્યાક્ષને વરાહરૂપ ધરી મારીને પૃથ્વીનો ઉદ્ધાર કર્યો હતો. ૪૦ જેને ભગવાન વહાલા હતા એવા પોતાના પુત્ર પ્રહ્લાદને મારવાની ઇચ્છાથી હિરણ્યકશિપુ તેને અનેક પ્રકારનાં દુઃખ દેવા લાગ્યો. ૪૧ પ્રાણીમાત્રના આત્મારૂપ, શાંત, સર્વત્ર બ્રહ્મદૃષ્ટિ રાખનારા, અને ભગવાનના તેજથી રક્ષાએલા પ્રહ્લાદને મારવા માટે તેણે અનેક પ્રયત્ન કર્યા, પણ તે મારી શક્યો નહી. ૪૨ ત્યાર પછી તેઓ બન્ને જણા વિશ્રવા ઋષિની સ્ત્રી કેશીનીથી રાવણ અને કુંભકર્ણ નામના રાક્ષસો થઇ લોકોને પીડવા લાગ્યા. ૪૩ તે વખતે ભગવાને રામાવતાર લઇને તેઓનો શાપ છોડાવવા માટે નાશ કર્યો હતો. હે પરીક્ષિત રાજા! એ રામચંદ્રજીનું ચરિત્ર તમે માર્કંડેય ઋષિના મુખથી સાંભળશો. ૪૪ પછી ત્રીજા અવતારે તે બન્ને જણ તમારી માસીના પુત્ર શિશુપાળ અને દંતવક્ત્ર થઇ ક્ષત્રિયકુળમાં જન્મ્યા હતા, તે હમણાં શ્રી કૃષ્ણના ચક્રથી પાપથી છુટીને શાપથી મુક્ત થયા છે. ૪૫ આ પ્રમાણે વૈરભાવથી તીવ્ર ધ્યાનવડે ભગવત સ્વરૂપને પામીને ભગવાનના પાર્ષદો થઈને પાછા ભગવાનની પાસે ગયા છે. ૪૬ યુધિષ્ઠિર પૂછે છે—હે ભગવન્! હિરણ્યકશિપુને પોતાના પ્રિયપુત્ર મહાત્મા પ્રહ્લાદ ઉપર શા કારણથી દ્વેષ થયો હતો? અને પ્રહ્લાદને ભગવાનની અનન્ય ભક્તિ શાથી પ્રાપ્ત થઇ? તે મને કહો. ૪૭

विद्वेषो दयिते पुत्रे कथमासीन्महात्मनि ।
ब्रूहि मे भगवन् येन प्रह्लादस्याच्युतात्मता ॥

ઇતિશ્રી ભાગવત મહાપુરાણના સપ્તમ સ્કંધમાં "જય વિજયના ત્રણ જન્મની કથા વર્ણવી" એ નામનો ૧ લો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૨ જો.

ભગવાને હિરણ્યાક્ષનો નાશ કરવાથી હિરણ્યકશિપુએ તેના પુત્રોને શાંત કર્યા.

नारदउवाच.

भ्रातर्येवं विनिहते हरिणा क्रोड मूर्तिना ।
हिरण्यकशिपु राजन् पर्यतप्यद्रुषा शुचा ॥

નારદજી કહે છે—હે રાજા ! વરાહમૂર્તિ ભગવાને હિરણ્યાક્ષને મારી નાંખ્યો તેથી હિરણ્યકશિપુને ક્રોધ તથા શોકને લીધે મહા પરિતાપ થયો. ૧ તે ક્રોધયુક્ત થઇ દાંતથી હોઠ કરડીને કોપરૂપ અગ્નિના ધુમાડાથી ધુમ્ર થયેલા આકાશ તરફ બળતી આંખોથી જોવા લાગ્યો. ૨ વિકરાળ દાઢો, ભયંકર આંખો અને ચઢેલી ભ્રકુટિને લીધે તેના મોઢા સામું જોઇ શકાતું નહતું. પછી તેણે ક્રોધથી ત્રિશૂળ ઉગામીને સભા વચ્ચે દાનવોને કહ્યું કે-૩ હે દાનવો ! હે દૈત્યો ! હે દ્વિમુર્દ્ધા ! હે ત્ર્યક્ષ ! હે શતબાહુ ! હે હયગ્રીવ ! હે નમુચિ ! હે પાક ! હે ઇલ્વલ ! હે વિપ્રચિત્તિ ! હે પુલોમા ! હે શકુન ! તમે મારૂં કહેવું સાંભળીને તે પ્રમાણે ઝટ કરો, વાર ન લગાડો. ૪-૫ વિષ્ણુ સર્વને સમાન છે, પણ મારા ક્ષુદ્ર શત્રુ દેવતાઓએ તેની સેવા કરીને પોતાના પક્ષમાં લીધો છે, અને તેને હાથે મારા વહાલાભાઇ હિરણ્યાક્ષનો નાશ કરાવ્યો છે. ૬ માટે પોતાના સમભાવનો ત્યાગ કરનારા, તેજોમય છતાં માયાથી વરાહનું રૂપ ધરનારા, ભજનારાને ભજનારા, અને બાળકની પેઠે ચંચળ ચિત્તવાળા એ વિષ્ણુનું ગળું મારા ત્રિશુળથી કાપીને તેના પુષ્કળ લોહીથી, મારો ભાઇ કે જેને લોહી ઘણું પ્રિય હતું તેનું તર્પણ કરીને તૃપ્ત કરીશ, ત્યારે મારો શોક મટશે. ૭-૮ એ કપટી અને ભુડું કરનારો વિષ્ણુ મરી જશે, ત્યારે વૃક્ષનું મુળ કપાઇ જવાથી જેમ તેનાં ડાળાં સુકાઈ જાય છે, તેમ વિષ્ણુ જેના પ્રાણ છે એવા દેવતાઓ પણ નાશ પામશે. ૯ માટે તમે પ્રથમ તો બ્રાહ્મણ તથા ક્ષત્રિયોથી ભરપુર થઇ પૃથ્વીપર જઇને તપ, યજ્ઞ, વેદાભ્યાસ, વ્રત, તથા દાન કરનારા લોકોનો નાશ કરો. ૧૦ કારણ કે બ્રાહ્મણની ક્રિયા એ યજ્ઞસ્વરૂપ તથા ધર્મસ્વરૂપ વિષ્ણુનું મુળ છે, અને તે વિષ્ણુજ દેવતા, ઋષિ, પિતૃ, ભૂત, અને ધર્મના મુખ્ય આશ્રયરૂપ છે. ૧૧ વળી જે જે દેશમાં બ્રાહ્મણો, ગાયો, વેદો, વર્ણાશ્રમ અને ક્રિયા હોય, તે તે દેશોમાં જઈ આગ લગાડીને બાળી દો, તથા યજ્ઞનાં ઉપયોગી વૃક્ષોને કાપી નાંખો. ૧૨

નારદજી કહે છે—એ પ્રમાણે પોતાના રાજાની આજ્ઞા આદરભાવથી માથે ચઢાવીને પ્રજાનો નાશ કરવાથીજ રાજી થનારા દૈત્યો લોકોનો સંહાર કરવા લાગ્યા. ૧૩ તેઓ નગર, ગામ, વ્રજ, બાગ, ખેતર, વાડી, આશ્રમ, ખાણો, ખેડુતોનાં સ્થાનો, પાહાડી ગામો, આહીર લોકોનાં સ્થાન અને રાજધાનીઓને બાળવા લાગ્યા. ૧૪ કેટલાક દૈત્યો પુલ, કિલ્લા અને દરવાજાઓ કોદાળીઓથી ખોદીને તોડી પાડવા લાગ્યા, કેટલાક દૈત્યો હાથમાં કુહાડા લઇ લોકોના જીવનરૂપ વૃક્ષો કાપી નાંખવા લાગ્યા, અને કેટલાક દૈત્યો હાથમાં બળતાં લાકડાં લઇને લોકોનાં ઘર બાળી નાંખવા લાગ્યા. ૧૫ આ પ્રમાણે હિરણ્યકશિપુના અનુચરો વારંવાર લોકોને દુઃખી કરવા લાગ્યા, તેથી (યજ્ઞ ભાગ બંધ થવાથી) દેવતાઓ સ્વર્ગ છોડીને છુપી રીતે પૃથ્વીપર ફરવા લાગ્યા. ૧૬ હે રાજા ! શોકથી દુઃખી થયેલા હિરણ્યકશિપુએ પોતાના મરણ પામેલા ભાઇની પ્રેતક્રિયા કરીને શકુનિ, શંબર, ધૃષ્ટ, ભૂત, સંતાપન, વૃક્ષ, કાળનાભ, હરિશ્મશ્રુ, અને ઉત્કચ નામના પોતાના ભત્રિજાઓને તથા તેઓની માતા રૂષાભાનુને તથા પોતાની માતા દિતિને મધુર વાણીથી શાંત કરી, પછી દેશકાળને જાણનારો હિરણ્યકશિપુ તેઓને આ પ્રમાણે કહેવા લાગ્યો. ૧૭-૧૮-૧૯

હિરણ્યકશિપુ કહે છે—હે માતા ! હે વહુ ! હે પુત્રો ! તમારે હિરણ્યાક્ષનો શોક ક

રવો યોગ્ય નથી; કારણ કે શત્રુઓની સામે વધ થાય તે શૂરાઓને માટે વખાણવા યોગ્ય તથા અત્યંત પ્રિય છે. ૨૦ હે સુંદર વ્રતોવાળી માતા ! પૂર્વનાં પ્રારબ્ધકર્મથી એકઠાં થતાં અને પછી પોતપોતાનાં કર્મોથી વિખુટાં પડતાં પ્રાણી સંસારમાં પરબમાં પાણી પીવાને એકઠાં મળેલાં મનુષ્યોની પેઠે એકઠાં મળેછે. ૨૧ ખરી રીતે જોતાં શોક કરવો નકામો છે, કેમકે આત્મા દેહાદિકથી જુદો છે, તેથી તે મરતો નથી. એ તો સદા શુદ્ધ, અવિનાશી, અવ્યય, સર્વવ્યાપક તથા સર્વજ્ઞ છે, માટે એ દુર્બળ છે, મલીન છે, વિયોગી છે, અજ્ઞાની છે, એમ માનીને તેનો શોક કરવો નહી. એ આત્મા લિંગશરીરમાં મિથ્યા અભિમાન રાખવાને લીધે પોતાની અજ્ઞાનતાથી ઊંચ, નીચ દેહો અને સુખ દુઃખાદિક ધર્મને ધારણ કરેછે. ૨૨ જેમ પાણી હાલવાથી કાંઠાપરનાં વૃક્ષો પણ હાલતાં હોય એમ દેખાયછે, તેમ લિંગ શરીરના સુખ દુઃખાદિક ધર્મ પણ આત્મામાં હોય એમ દેખાયછે. જેમ ફુદડી ફરનારની ફરની આંખવડે પૃથ્વી ફરતી હોય એમ દેખાયછે, તેમ ગુણોને લીધે લિંગ શરીર પણ ફર્યા કરેછે, માટે જો કે આત્મા સદા શુદ્ધ છે, તોપણ જાણે ફરતો હોય (જન્મમરણ પામતો હોય) એવો દેખાયછે. ૨૩ હે માતા ! આત્માને વસ્તુતઃ લિંગ શરીરનો સંબંધ નથી, તોપણ જાણે તેનો સંબંધ હોય તેમ લિંગ શરીરના ધર્મ આત્મામાં જોવામાં આવેછે. ૨૪ આત્માને વિષે 'હું દેહ છું' એમ માની લેવું એજ પોતાના સ્વરૂપનું ઉલટાપણું છે, (પ્રિય વસ્તુનો વિયોગ, અપ્રિય વસ્તુનો લાભ, કર્મ, અનેક ગર્ભોમાં પ્રવેશ, જન્મ, મરણ, અનેક પ્રકારના શોક, અવિવેક, ચિંતા, અને સ્વસ્વરૂપનું ભૂલી જવું, એ સર્વ દેહાભિમાનથીજ થાયછે. ૨૫–૨૬ શોક કરવાનું કારણ નહી છતાં પણ શોક કરેછે, તે સંબંધમાં યમરાજા અને શબનાં સંબંધીઓના સંવાદરૂપ એક પ્રાચીન ઇતિહાસ કહુંછું તે સાંભળો. ૨૭ ઉશીનર દેશમાં સુયજ્ઞ નામનો એક પ્રખ્યાત રાજા હતો, તેને શત્રુઓએ યુદ્ધમાં મારી નાંખ્યો, ત્યારે તેનાં સંબંધીઓ તેની આસપાસ વીંટાઇને બેઠાં. ૨૮ એ રાજાનું રત્નજડિત કવચ કપાઈ ગયું હતું, આભૂષણ અને માળાઓ વીખરાઈ ગઇ હતી, બાણોથી છાતી વીંધાઈ ગઇ હતી, તેથી તે લોહીથી ખરડાઇને પૃથ્વી ઉપર પડયો હતો. ૨૯ તેના કેશ વીખરાઇ ગયા હતા, આંખો ફૂટી ગઇ હતી, હોઠ ક્રોધથી ડસેલા હતા, મોઢું ધૂળથી મલીન થઇ ગયું હતું, અને હાથ તથા શસ્ત્રો યુદ્ધમાં કપાઇ ગયાં હતાં. ૩૦ દૈવે આવી દશા કરી મૂકેલા પોતાના પતિને જોઇને તેની પટ્ટરાણીઓ દુઃખી થઇને "હે નાથ ! અમે મરી ગયેલી છીએ." એમ બોલતી વારંવાર હાથવડે છાતી કૂટતી તેના પગ આગળ ઢળી પડી. ૩૧ ઉંચા સ્વરથી રડતી, સ્તનના કેસરથી રંગાયલાં આંસુઓથી પતિનાં ચરણોને ભીંજવતી, કરૂણાજનક વિલાપથી મનુષ્યોનાં હૃદયમાં શોક ઉપજાવતી અને જેના કેશ તથા આભૂષણો વિખરાઇ ગયાં છે એવી રાણીઓ વિલાપ કરવા લાગી. ૩૨ અરેરે પ્રભુ ! નિર્દય વિધાતાએ આપને અદૃશ્ય કર્યા ! જેણે પ્રથમ આપને ઉશીનર દેશના લોકોને આજીવિકા દેનારા બનાવ્યા હતા, તેણેજ આજ તે પ્રજાનો શોક વધારનારા કર્યા છે. ૩૩ હે પૃથ્વીપતિ ! કૃતજ્ઞ અને પરમસ્નેહી એવા તમારા વગર અમે શી રીતે જીવીશું ? માટે જ્યાં તમે જતા હો ત્યાં અમને પણ તમારી ચરણસેવા માટે આવવાની આજ્ઞા આપો. ૩૪ એ પ્રમાણે પોતાના મરી ગયેલા પતિને લઇને સઘળી રાણીઓ વિલાપ કરતી હતી, અને તેને બાળી દેવાને ઇચ્છતી ન હતી એવી રીતે વિલાપ કરતાં સૂર્ય અસ્ત થઇ ગયો. ૩૫ પછી એ શબના સંબંધીઓના વિલાપ સાંભળીને યમરાજા બાળકનું રૂપ લઇને ત્યાં આવ્યા અને કહેવા લાગ્યા. ૩૬

યમરાજા કહેછે—અહાહા ! આ મનુષ્યો મારા કરતાં મોટી ઉમ્મરના છે, અને સંસારમાં થતા જન્મ મરણાદિકની રીતને જાણેછે,

તોપણ તેઓને ઘણો મોહ છે. મનુષ્ય જ્યાંથી આવેલો હતો ત્યાં જાયછે, અને પોતે પણ ત્યાં જવાના છે, તેમ છતાં નકામો શોક કરેછે. ૩૭ અરે ! તમારા કરતાં તો મને ધન્ય છે કે-મારાં માતાપિતાએ મારો ત્યાગ કર્યો છે, અને હું બાળક છું, તોપણ કંઇ શોક કરતો નથી, વળી હું બળ વગરનો છું, તોપણ નાહર વગેરે પ્રાણી પણ મને ખાઇ જતાં નથી, કારણ કે જેણે ગર્ભમાં મારૂં રક્ષણ કર્યું છે, તેજ સર્વ ઠેકાણે રક્ષા કરનાર છે. ૩૮ હે સ્ત્રીઓ ! જે અવિનાશી પરમેશ્વર આ જગતને રચેછે, પાળેછે અને સંહારે છે, તે પરમેશ્વરનું આ સ્થાવર જંગમ જગત રમકડા જેવું છે, માટે મારવાને તથા પાળવાને ઇશ્વર જ સમર્થ છે. ૩૯ રસ્તામાં પડેલાને પણ જો ઇશ્વર બચાવેછે. તો તે જીવતું રહેછે, અને ઘરમાં રક્ષણ કરી રાખેલાને પણ જો ઇશ્વર ન બચાવે તો તે બચતું નથી. અનાથ અને વનમાં નાંખી દીધેલા ઉપર પણ જો ઇશ્વરની કૃપાદૃષ્ટિ હોય તો તે જીવી શકેછે, અને ઘરમાં રક્ષણ કર્યા છતાં પણ જો ઇશ્વરથી તેનો નાશ થવો સરજ્યો હોય તો તે જીવી શકતો નથી. ૪૦ જન્મવું તથા મરવું દેહને થાયછે, આત્માને થતાં નથી, કારણ કે પ્રાણીમાત્ર પોતાના લિંગ દેહવડે જે કર્મો કરેછે તે વડે જ તેનાં જન્મમરણ થાયછે. આત્મા જો કે દેહમાં રહ્યા છે, તથાપિ તે દેહના ધર્મોથી લેપાતો નથી; કારણ કે તે દેહના ધર્મોથી વિલક્ષણ છે. ૪૧ આ શરીર કેવળ અવિવેકથીજ આત્મારૂપ જણાયછે, વાસ્તવિક રીતે તો આત્માથી કેવળ જુદુંજ છે, જેમ કોઇ અવિવેકી માણસ પોતાના ઘરને પોતાનુંજ કરી માનેછે, પરંતુ તે ઘર તેનાથી જુદુંજ છે, તેમ આત્મા પણ દેહથી જુદોજ છે. જળના પરમાણુઓથી બનેલા પરપોટાની પેઠે, પૃથ્વીના પરપોટાથી બનેલા ઘડા વગેરેની પેઠે, અને સુવર્ણના પરમાણુઓથી બનેલા કુંડળાદિકની પેઠે, તે ત્રણે જાતનાં પરમાણુઓમાંથી બનેલો આ દેહ પણ કાળે કરીને નાશ પામેછે, પરંતુ તેની જોડે આત્માનો નાશ થતો નથી.

૪૨ જેમ અગ્નિ કાષ્ઠમાં રહેલો છે, પણ દાહક તથા પ્રકાશકપણાથી કાષ્ઠથી કેવળ જુદો જણાયછે; અને જેમ વાયુ શરીરમાં રહ્યા છતાં મુખ અને નાસિકાથી જુદોજ રહેલો જણાયછે, તેમ આત્મા દેહમાં રહેલો છે, તોપણ દેહથી જુદોજ છે. જેમ આકાશ સર્વમાં રહેલો છે, તોપણ દેહથી જુદોજ છે. જેમ આકાશ સર્વમાં રહેલું છે, છતાં કોઇના ગુણથી લિપ્ત થતું નથી, તેમજ આત્મા દેહ તથા ઇંદ્રિયોમાં રહેલો છે, છતાં તે દેહાદિકથી જુદો છે, માટે તે દેહ તથા ઇંદ્રિયાદિકના જન્મ મરણાદિક ગુણોથી બંધાતો નથી. ૪૩ હે મૂઢજનો ! તમે જેનો શોક કરોછો, તે તમારો સ્વામી સુયજ્ઞ તો અહીં સૂતો છે, તેમ છતાં શા માટે શોક કરોછો ? કદાચ તમે કહેશો કે—આટલા વખત સુધી તે સાંભળતો હતો અને બોલતો હતો, પણ હવે તો તે સાંભળતો નથી અને બોલતો પણ નથી, તેથી અમે શોક કરીએ છીએ, તોપણ તમારે તેનો શોક કરવો યોગ્ય નથી; કેમકે આ શરીરમાં જે સાંભળનાર અને બોલનાર છે, તેને તમે પ્રથમ પણ કોઇ દિવસ જોયો નથી. ૪૪ આ દેહમાં પ્રાણ મુખ્ય ગણાય છે, પણ તે સાંભળનારો કે બોલનારો ગણાતો નથી, પરંતુ દેહ અને ઇંદ્રિયોથી જુદો અને તેનો દૃષ્ટા જે આત્મા છે તે સાંભળનાર અને બોલનાર છે, અને તે પ્રાણ તથા દેહથી જુદો છે. ૪૫ આત્મા પોતે જુદો છે, તોપણ પ્રાણ, ઇંદ્રિય અને મનને લીધે ઉત્પન્ન થનારો જુદાં જુદાં શરીરોને 'હું છું' એમ માની લે છે, અને જ્યારે વિવેક થાયછે ત્યારે તે મિથ્યાજ્ઞાનનો ત્યાગ કરેછે. ૪૬ જ્યાંસુધી આત્માને લિંગ શરીરનું અભિમાન રહેછે, ત્યાંસુધી તેને કર્મો બંધનકારક થાયછે, અને તેના શરીરના ધર્મ આત્મામાં જણાયછે તથા કલેશ થાયછે, કેમકે એ વિપર્યયાદિક માયાને લીધેછે, પણ ખરી રીતે જોતાં તે મિથ્યાછે. ૪૭ સુખ દુઃખાદિક આત્માના ધર્મ છે એમ જાણવું તથા કહેવું એ મિથ્યા દુરાગ્રહ છે, કેમકે જેમ મનોરથ તથા સ્વપ્ન મિથ્યા છે, તેમ ઇંદ્રિયોના વિષયો

પણ મિથ્યા છે. ૪૮ માટે જ્ઞાની પુરૂષો આત્મા નિત્ય અને દેહને અનિત્ય સમજીને તેનો શોક કરતા નથી. કેઈ કહેશે કે-જ્ઞાનીઓ પણ શોક કરેછે, તો જાણવું કે તેઓને દૃઢ જ્ઞાન નથી, તેથી પોતાનો સ્વભાવ છોડી શકતા નથી. ૪૯ આ ઠેકાણે એક દૃષ્ટાંત કહેછે- ઇશ્વરનો બનાવેલો પક્ષીઓના કાળરૂપ એક પારધી વનમાં જ્યાં ત્યાં જાળ નાંખી પક્ષીઓને લલચાવીને પોતાનું કામ સાધતો હતો. ૫૦ એટલામાં ત્યાં આગળ એક કુલિંગ પક્ષીનું જોડું ફરતું તેણે દીઠું, તેમાંની કુલિંગીને તે પારધીએ લલચાવીને કાળના ઝપાટામાં લઇ જાળમાં ફસાવી લીધી. એ રીતે પોતાની દીન સ્ત્રીને દુઃખ પામતી જોઇને કુલિંગ અત્યંત દુઃખી થયો. ૫૧-૫૨ એ પોતે તેને જાળમાંથી છોડાવવાને અસમર્થ તથા દીન હતો, તેથી સ્નેહને લીધે વિલાપ કરવા લાગ્યો કે—અરેરે ! વિધાતા ઘણો નિર્દય છે ! મારો રાંકનો શોક કરતી, દીન, તથા દયાપાત્ર મારી સ્ત્રીને લઇ જઇને તે શું કરશે ? ૫૩ હવે દીન, સ્ત્રી વગરના અને દુઃખી જીવતરવાળા મારા અરધા શરીરનું મારે શું પ્રયોજન છે ? માટે દૈવ મને પણ ભલે લઇ જાય. ૫૪ જેને હજી પાંખો પણ આવી નથી, એવાં મા વગરનાં થઇ પડેલાં બચ્ચાંનું હું શી રીતે પોષણ કરીશ ! અરેરે ! મારાં એ નિર્ભાગી બચ્ચાં માળામાં પોતાની માની વાટ જોતાં હશે ! ૫૫ એ પ્રમાણે સ્ત્રીના વિયોગથી આતુર થઇ વિલાપ કરતા અને જેના મુખમાં આંસુ પડતાં હતાં એવા એ કુલિંગ પક્ષીને પણ પાસે સંતાઇ રહેલા અને કાળે પ્રેરેલા પારધીએ બાણ મારીને વીંધી નાંખ્યો. ૫૬ એ પ્રમાણે તમે પણ મુર્ખ છો, અને પોતાના મરણને જાણતી નથી, તેથી તમે ગમે તો સો વર્ષ સુધી શોક કર્યા કરશો, તોપણ આ તમારો મરેલો પતિ પાછો મળવાનો નથી. ૫૭

હિરણ્યકશિપુ કહે છે—એ બાળકનાં એવાં વચન સાંભળીને એ ઉશીનર રાજાનાં સંબંધીઓ વિસ્મય પામ્યાં, અને સર્વને નિશ્ચય થયો કે-આ જગત અનિત્ય અને મિથ્યા છે. ૫૮ આ પ્રમાણે કહીને યમરાજા ત્યાંજ અંતર્ધ્યાન થઇ ગયા. પછી તે રાજાનાં સંબંધીઓએ તેની પરલોક સંબંધી યોગ્ય ક્રિયા કરી. ૫૯ માટે તમે પણ બીજાનો અથવા પોતાનો શોક ન કરો. 'આ પોતાનું છે અને આ પારકું છે' એવા દુરાગ્રહરૂપી અજ્ઞાન વિના પ્રાણીઓને પોતાનું શું છે ? અને પારકું શું છે ? તેમજ પોતે કોણ છે ? અને બીજો પણ કોણ છે ? ૬૦

નારદજી કહે છે—આ પ્રમાણે પોતાના પુત્રની વહુ સાથે દિતિએ હિરણ્યકશિપુનાં વચન સાંભળીને ક્ષણવારમાં પુત્રનો શોક છોડી દીધો, અને પરમાત્મામાં ચિત્ત લગાડ્યું. ૬૧

इति दैत्य पतेर्वाक्यं दितिराकर्ण्य सस्नुषा ।
पुत्रशोकं क्षणात्त्यक्त्वा तत्त्वे चित्तमधारयत ॥

ઇતિ શ્રી ભાગવત મહાપુરાણના સપ્તમ સ્કંધમાં "દિતિ શોક નિવારણ" નામનો બીજો અધ્યાય સંપૂર્ણ

અધ્યાય ૩ જો.

હિરણ્યકશિપુએ કરેલા તપથી પ્રસન્ન થયેલા બ્રહ્માએ તેને વરદાન આપ્યું.

नारद उवाच.

हिरण्यकशिपु राजन्नजेयमजरामरम् ।
आत्मानम प्रतिद्वंद्व मेकराजं व्यधित्सत ॥

નારદજી કહે છે—હે યુધિષ્ઠિર રાજા ! પછી હિરણ્યકશિપુએ પોતાના દેહને અજર, અમર, શત્રુ રહિત, અજીત અને ચક્રવર્તિ કરવાની ઇચ્છા કરી. ૧ એ ઇચ્છા પૂરી કરવાને તેણે મંદરાચળ પર્વતની ગુફામાં જઇ, હાથ ઉંચા કરી, દૃષ્ટિ આકાશ તરફ રાખી, પગના અંગુઠાવડે પૃથ્વી ઉપર ઉભો રહીને મહા દારૂણ તપ કરવા માંડ્યું. ૨ તે હિરણ્યકશિપુ પોતાની જટાનાં કિરણોથી, જેમ પ્રલયકાળનો સૂર્ય કિરણોથી શોભે, તેમ શોભતો હતો. તે વખતે દેવતાઓ કે જેઓ

ગુપ્ત રીતે પૃથ્વી ઉપર ફરતા હતા તે પોત પોતાને સ્થાને ગયા. ૩ એ દૈત્યના માથામાંથી પ્રગટ થયેલો, ધુમાડાવાળો, તપોમય અગ્નિ આડો, ઉંચો અને ચારે તરફ ફેલાઇને ત્રણે લોકને તપાવવા લાગ્યો. ૪ તેનાથી નદીઓ તથા સમુદ્રો ક્ષોભ પામ્યાં, દ્વીપો તથા પર્વતો સહિત પૃથ્વી કંપવા લાગી, ગ્રહ તથા તારાઓ ખરવા લાગ્યા, અને દશે દિશાઓ બળવા લાગી. ૫ એ અગ્નિથી દેવતાઓ તપા જઇ સ્વર્ગ છોડીને બ્રહ્મલોકમાં જઇ બ્રહ્માને વિનંતી કરવા લાગ્યા કે–હે દેવના દેવ ! હે જગત્પતિ ! હિરણ્યકશિપુના તપથી તપી જવાથી અમે સ્વર્ગમાં રહી શકતા નથી, માટે હે મહારાજ ! જો આપની ઇચ્છા હોય તો આપની પૂજા કરનારા આ લોક હજુ નાશ પામ્યા નથી તે પેહેલાં એ દૈત્યનો નાશ કરો. ૭ જો કે આપનાથી કોઇ વાત છાની નથી, તોપણ તેણે ભારે તપ કરીને જે સંકલ્પ કર્યો છે તે અમારી પાસેથી સાંભળો. ૮ " હે પ્રજાપતિ ! આ સચરાચર જગતને તપ તથા યોગના પ્રભાવથી રચીને સર્વ લોક કરતાં શ્રેષ્ઠ સત્ય લોકમાં તમે બેઠા છો, ૯ તેમ હું પણ તપ અને યોગ સમાધિ કરી મારૂં કાર્ય સિદ્ધ કરીશ. આયુષ્ય અલ્પ હોવાથી દેહ વારંવાર પડી જવાનો સંભવ છે, પરંતુ કાળ અને આત્મા અવિનાશી છે, માટે અનેક જન્મોથી પણ મારૂં કાર્ય કરીશ. ૧૦ અને મારા સામર્થ્યથી દેવતાઓમાંથી દૈત્યો, અને દૈત્યોમાંથી દેવતાઓ, તથા પુણ્યને પાપ અને પાપને પુણ્ય, એમ જગતને ઉલટપાલટ કરી નાંખીશ. કલ્પાંતે કાળની ગતિથી નાશ પામનારા ધ્રુવાદિકસ્થાનનું મારે શું પ્રયોજન છે? મારે તો બ્રહ્માનું પદ લેવું છે." ૧૧ હે ત્રિભુવનપતિ ! આ પ્રમાણે તેનો નિશ્ચય છે એમ અમે સાંભળ્યું છે, અને એટલા માટેજ તેં મહા મોટું તપ કરેછે, હવે આપને જેમ યોગ્ય લાગે તેમ કરો. ૧૨ હે જગત્પતિ ! તમારૂં આસન ગાયો તથા બ્રાહ્મણોની ઉત્પત્તિ માટે, કલ્યાણ માટે, ઐશ્વર્ય માટે, અને ઉત્કર્ષ તથા ક્ષેમને માટે છે. ૧૩

આ પ્રમાણે દેવતાઓએ બ્રહ્માને વિનંતિ કરી, એટલે ભૃગુ તથા દક્ષ પ્રજાપતિની સાથે બ્રહ્મા હિરણ્યકશિપુના આશ્રમમાં ગયા. ૧૪ ત્યાં હિરણ્યકશિપુ રાફડા, ખડ તથા વાંસની ઝાડીથી ઢંકાઈ ગયો હતો, તેથી પ્રથમ તો તે જોવામાં પણ ન આવ્યો, પછી જેમ વાદળાંમાંથી સૂર્ય દેખાય તેમ કિંચિત માત્ર જોવામાં આવ્યો. એની ચરબી, ચામડી, માંસ તથા લોહીને કીડીઓ ખાઇ ગઇ હતી, માત્ર હાડકાં રહ્યાં હતાં, એવી રીતે તપવડે લોકોને તપાવેછે એમ જાણીને બ્રહ્મા અચરજ પામી હસીને બોલ્યા. ૧૫-૧૬

બ્રહ્મા કહે છે—હે કશ્યપના પુત્ર ! ઉઠ ઉઠ, ઉભો થા. તારૂં કલ્યાણ થાઓ, તું તપવડે સિદ્ધ થયો છે. હું વરદાન દેનારો તારી પાસે આવ્યો છું, માટે તારે જે ઇચ્છા હોય તે માગી લે. ૧૭ મેં તારી અચરજ પમાડે એવી ધીરજ જોઇ, તારા દેહને ડાંસ ખાઇ ગયા છે, તોપણ તારા પ્રાણ માત્ર હાડકાંમાં રહ્યા છે. ૧૮ આજ સુધી આવું તપ કોઇ ઋષિએ પણ કર્યું નથી, અને હવે પછી પણ કોઇ કરનાર નથી, દેવતાઓનાં સો વર્ષ સુધી પાણી પીધા વગર કોણ જીવી શકે ? ૧૯ હે દિતિના પુત્ર ! મોટા ધીરપુરૂષથી પણ બની શકે નહી, એવા આ તપરૂપી ઉદ્યમથી તેં મને વશ કરી લીધો છે. ૨૦ માટે હે દૈત્યપતિ ! હું તારા સર્વ મનોરથ પૂરા કરીશ, કારણ કે મરણ ધર્મવાળા તને મારાં દર્શન થયાં તે નિષ્ફળ થવાં ન જોઇએ. ૨૧

નારદજી કહેછે—આ પ્રમાણે બ્રહ્માએ કહીને જેના શરીરને કીડીઓ ખાઈ ગઈ હતી એવા હિરણ્યકશિપુ ઉપર પોતાના અમોઘ શક્તિવાળા કમંડળનું દિવ્ય જળ છાંટ્યું. ૨૨ તે જળ છાંટતાંજ જેમ કાષ્ટમાંથી અગ્નિ પ્રગટ થાય, તેમ વાંસોવાળા રાફડામાંથી હિરણ્યકશિપુ નીકળ્યો. શરીર, ઇંદ્રિયો તથા મનના બળવાળો, સર્વ અવયવોથી સંપૂર્ણ, તરૂણ અવસ્થાવાળો, તપાવેલા સોના જેવી કાંતિવાળો, અને વજ્ર જેવા મજબુત શરીરવાળો

તે દૈત્ય આકાશમાં રહેલા બ્રહ્માનાં દર્શન કરીને પરમ આનંદ પામ્યો, અને પૃથ્વી ઉપર પડીને મસ્તકવડે પ્રણામ કર્યા. ૨૩—૨૪ પછી હર્ષનાં આંસુ આણી, શરીરે રોમાંચિત થઇ ઉઠીને નમ્રતાથી હાથ જોડી, ગદ્‌ગદ વાણીથી બ્રહ્માની સ્તુતિ કરવા લાગ્યો. ૨૫

હિરણ્યકશિપુ કહે છે—કલ્પના અંત સમયે ઉત્પન્ન કરેલા ગાઢ તમોગુણથી ઢંકાયેલા આ જગતને તમે સ્વયંપ્રકાશ પ્રભુએ પોતાના તેજથી પ્રગટ કર્યું છે. ૨૬ વળી ત્રિગુણાત્મક શરીરથી આ જગતને સરજો છો, પાળોછો, અને સંહારો છો. તે રજોગુણ, સત્વગુણ અને તમોગુણના આશ્રયરૂપ આપ પરમેશ્વરને હું નમસ્કાર કરૂંછું. ૨૭ સર્વના આદિ, જ્ઞાન તથા વિજ્ઞાનરૂપ, સર્વના કારણરૂપ, અને પ્રાણ, ઇંદ્રિયો, મન તથા બુદ્ધિરૂપ વિકારોથી કાર્યના આકારને પામેલા, એવા આપને પ્રણામ કરૂંછું. ૨૮ આપ, મુખ્ય પ્રાણથી સ્થાવર જંગમના નિયંતા હોવાથી પ્રજાઓના અધિપતિ છો, પ્રજાઓનાં ચિત્ત, ચેતના, મન અને ઇંદ્રિઓના પતિ છો, અને આકાશાદિક પંચ મહાભૂત, તેના વિષયો, તથા વાસનાઓને સરજનારા છો, માટે આપજ સર્વથી મોટા છો. ૨૯ ચાર હોતાઓને કર્મ કરવા સંબંધી વિષયોવાળી ત્રણ વેદ વિદ્યાથી આપજ યજ્ઞોનો વિસ્તાર કરોછો, વળી પ્રાણીઓના આત્મા અને અંતર્યામી પણ આપજ છો, કારણ કે આપ સર્વજ્ઞ, અખંડિત, અનાદિ, અનંત અને અપાર છો. ૩૦ વળી કાળના પ્રવાહરૂપ આપજ લય આદિ વિભાગોથી લોકોના આયુષ્યને ક્ષીણ કરોછો, આપ અવિનાશી, જ્ઞાનસ્વરૂપ, પરમેશ્વર, અજન્મા, અપરિમિત, અને આ જીવલોકના જીવનરૂપ તથા નિયંતા છો. ૩૧ કાર્ય, કારણ, સ્થાવર, જંગમ, એમાંનું કાંઇપણ આપનાથી જુદું નથી. સર્વ વિદ્યાઓ તથા કળાઓ આપનાજ શરીરરૂપ છે, કારણ કે ત્રિગુણાત્મક, પ્રધાનથી પર અને બ્રહ્માંડ જેના ઉદરમાં છે, એવા પરબ્રહ્મ આપ છો. ૩૨ આ સર્વ બ્રહ્માંડ આપનુંજ શરીર છે, જે શરીરથી આપ પોતાના સ્વરૂપમાં રહીને ઇંદ્રિય, પ્રાણ, અને મનના વિષયોને ભોગવો છો, માટે આપ નિરૂપાધિ બ્રહ્મસ્વરૂપ તથા પુરાણપુરૂષ છો. ૩૩ હે અનંત! આપ મન તથા વચનથી ન જાણી શકાય એવા સ્વરૂપથી સર્વ જગતમાં વ્યાપ્ત છો, તે વિદ્યા તથા વિદ્યાશક્તિવાળા આપને હું પ્રણામ કરૂંછું. ૩૪ હે વરદાન દેનારાઓમાં શ્રેષ્ઠ! જો આપ મને ઇચ્છિત વરદાન આપતા હો તો આપે રચેલા કોઇપણ પ્રાણીઓથી મારૂં મરણ ન થાય. ૩૫ બહાર, અંદર, દિવસે, રાતે, આપના રચેલા પદાર્થોથી, શસ્ત્રોથી, પૃથ્વીપર, આકાશમાં, મનુષ્યોથી, મૃગોથી, ૩૬ નિર્જીવ પદાર્થોથી, દેવતાઓથી, દૈત્યોથી અને મોટા સર્પોથી પણ મારૂં મરણ ન થાય તેવો કરો. વળી મને સર્વ પ્રાણીઓનો એક ચક્રવર્તિ રાજા બનાવો, તથા યુદ્ધમાં મારી સામે કોઇ ઉભો ન રહે તેવો કરો. ૩૭ વળી મને સર્વ લોકપાળોના જેવો તથા આપના જેવો મહિમા આપો. તથા તપ અને યોગના પ્રભાવવાળા પુરૂષોની કદી નાશ ન પામે એવી અણિમાદિક સિદ્ધિઓ મને આપો. ૩૮

सर्वेषां लोकपालानां महिमानं यथात्मनः।
तपो योग प्रभावाणां यन्नरिष्यति कर्हिचित्॥

ઇતિશ્રી ભાગવત પુરાણના સપ્તમ સ્કંધમાં "હિરણ્યકશિપુએ બ્રહ્મા પાસે વરદાન માગ્યું" એ નામનો ૩ જો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૪ થો.

વરદાન મળ્યાથી હિરણ્યકશિપુએ દેવોને આપેલું દુઃખ.

नारदउवाच.

एवं वृतः शतघ्राते हिरण्यकशिपोरथ।
प्रादात्तत्तपसा प्रीतो वरांस्तस्य सुदुर्लभान्॥

નારદજી કહે છે—એ પ્રમાણે હિરણ્યકશિપુએ વર માગ્યો, ત્યારે તેના તપથી પ્ર-

સજ થયેલા બ્રહ્માએ કોઈને ન મળી શકે એવો વર આપ્યો ૧

બ્રહ્મા કહે છે—હે તાત ! તું મારી પાસે જે વર માગે છે તે જો કે મનુષ્યોને મળવા દુર્લભ છે, તોપણ તે સર્વ હું તને આપુંછું. ૨

નારદજી કહે છે—પછી સફળ અનુગ્રહવાળા, સમર્થ અને પ્રજાપતિઓ જેની સ્તુતિ કરે છે એવા બ્રહ્માની હિરણ્યકશિપુએ પૂજા કરી, પછી બ્રહ્મા ત્યાંથી પોતાના ધામમાં પધાર્યા. ૩ આ પ્રમાણે વરદાન પામેલો અને કંચન જેવી કાયાવાળો હિરણ્યકશિપુ પોતાના ભાઈનો નાશ કરેલો સંભારીને ભગવાનનો દ્વેષ કરવા લાગ્યો. ૪ એ જગતને જીતનારા મોટા દૈત્યરાજે સર્વ દિશાઓ, ત્રણે લોક, દેવતાઓ, અસુરો, મનુષ્યોના રાજા, ગંધર્વ, ગરૂડ, સર્પ, સિદ્ધ, ચારણ, વિદ્યાધર, ઋષિ, પિતૃઓના પતિ, મનુષ્યો, યક્ષોના રાજા, રાક્ષસોના રાજા, ભૂતોના રાજા, તથા સર્વ પ્રાણીઓના અધિપતિઓને જીતી લઇને પોતાને તાબે કર્યા. અને લોકપાળોના તેજ સહિત તેઓનાં સ્થાન લઇ લીધાં. ૫–૬–૭ દેવતાઓનાં નંદનવન વગેરે ઉદ્યાનોની શોભાવાળા સ્વર્ગમાં રહીને ત્રૈલોક્યનુ રાજ્ય કરવા લાગ્યો, અને વિશ્વકર્માનાં બનાવેલાં, ત્રૈલોક્યની સમૃદ્ધિથી ભરપૂર એવાં ઇંદ્રભુવનમાં રહેવા લાગ્યો. ૮ જે ઘરમાં વિદ્રુમમણિનાં પગથીઆંવાળી અમુલ્ય મરકતમણિની ભૂમિઓ છે, સ્ફટિકમણિની ભીંતો છે, વૈદુર્યમણિના થાંભલાની હારો શોભી રહી છે. ૯ વળી જ્યાં વિચિત્ર ચંદરવા બાંધેલા છે, પદ્મરાગમણિનાં આસન બિછાવેલાં છે, દુધના ફીણ જેવી સુકોમળ સફેદ શય્યાઓ બિછાવેલી છે, જેમાં મોતીની માળાઓનાં તોરણો બાંધેલાં છે. ૧૦ ઝાંઝરના ઝમકારથી ભવનની ચારે તરફ રૂમઝુમ કરતી સુંદર કુંદકળી જેવા દાંતવાળી દેવાંગનાઓ મનોહર રત્નજડિત ભુમિમાં પોતાનાં મુખનાં પ્રતિબિંબને જોયા કરે છે. ૧૧ આવાં સુશોભિત ઇંદ્રભવનમાં મહાબળવાળો, મહા પ્રતાપી, ઉદાર મનનો, વિશ્વવિજયી, પ્રચંડ તેજવાળો અને તપના પ્રભાવથી જેના ચરણોમાં દેવતાઓ વારંવાર વંદન કરે છે એવો એ દૈત્ય ત્યાં વિહાર કરવા લાગ્યો. ૧૨ હે રાજા ! મહા તીવ્ર ગંધવાળી મદિરા પીને મસ્ત રહેનાર, મદથી ઘુમતી લાલ આંખોવાળા અને તપ, યોગ, બળ તથા પરાક્રમવાળા એ દૈત્યરાજાને બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર સિવાય સવ લોકપાળો અનેક પ્રકારની ભેટો આપીને તેની સેવા કરતા હતા. ૧૩ હે પાંડવ ! બળાત્કારે ઇંદ્રાસનપર બેઠેલા એ દૈત્યરાજની આગળ વિશ્વાવસુ, તુંબરૂ, તથા હું (નારદ) ગાયન કરવા લાગ્યા, અને ગંધર્વો, સિદ્ધો, ઋષિઓ, વિદ્યાધરો અને અપ્સરાઓ સ્તુતિ કરવા લાગ્યાં. ૧૪ વર્ણ અને આશ્રમવાળા લોક પુષ્કળ દક્ષિણાવાળા યજ્ઞોથી તેનું પુજન કરવા લાગ્યા અને તે પોતાના બળથી બળિદાનના ભાગ ગ્રહણ કરવા લાગ્યો. ૧૫ સાતે દ્વીપવાળી પૃથ્વી ખેડ્યા વગર તેને ફળ આપતી હતી, તેની સર્વ કામનાઓ સ્વર્ગ પુરી કરતું હતું, આકાશમાં અનેક આશ્ચર્ય જોવામાં આવતાં હતાં. ૧૬ ખાર, મદિરા, ઘી, મધ, દહીં, દુધ તથા અમૃતથી ભરેલા સમુદ્રો પોતાની લહેરોથી રત્ન આપતા હતા, નદીઓ દુધ, દહીં વગેરે રસ આપતી હતી. ૧૭ પર્વતો પોતાની ગુફાઓમાં ક્રીડા સ્થાન આપતા હતા, વૃક્ષો સવ ઋતુઓમાં ફુલફળાદિ આપતાં હતાં, અને સર્વ લોકપાળોના જુદા જુદા ગુણોને તે પોતે એકલોજ ધારણ કરતો હતો. ૧૮ આ પ્રમાણે તે દિગ્વિજય કરનારો ચક્રવર્તિ હિરણ્યકશિપુ ઇચ્છા પ્રમાણે પ્રિય વિષયો ભોગવતો હતો, તોપણ તે ઇંદ્રિયોને આધીન હોવાથી તેને તૃપ્તિ થતી નહીં. ૧૯ એ પ્રમાણે ઐશ્વર્યથી મદમત્ત થયેલા, શાસ્ત્રથી ઉલટા ચાલનારા અને બ્રાહ્મણોના શાપથી દૈત્યયોનિમાં જન્મેલા એ ગર્વિષ્ઠ હિરણ્યકશિપુને વિષયો ભોગવતાં ઘણો કાળ વીતી ગયો. ૨૦ અને ભયંકર દંડથી સવ દેવતાઓ તથા લોકો ઉદ્વેગ પામ્યા, તેઓને કોઇએ પણ આશ્રય આપ્યો નહી, તેથી તેઓ અચ્યુત ભગવાનને શરણે જઇને સ્તુતિ કરવા લાગ્યા. ૨૧ જે દિશામાં સર્વના

આત્મારૂપ શ્રી હરિ છે, વળી જે નિર્મળ અને શાંત છે અને સન્યાસીઓ જ્યાં જઇને પાછા આવતા નથી, તે દિશાને નમસ્કાર કરીએ છીએ. ૨૨ આ પ્રમાણે તેઓ ઇંદ્રિયોને વશ કરી, બુદ્ધિને સ્થિર કરી, નિદ્રાનો ત્યાગ કરી, વાયુનું ભક્ષણ કરી, સમાધિ લગાવીને હૃષિકેશ ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા. ૨૩ તે સમયે મેઘના જેવા ગંભીર શબ્દવાળી, સર્વ દિશાઓને ગજાવનારી અને સાધુજનોને અભય આપનારી આકાશવાણી થઈ કે—૨૪ હે દેવો ! તમે જરા પણ ડરશો નહીં, તમારૂં કલ્યાણ થાઓ. મારી સ્તુતિ, શ્રવણ તથા દર્શન કરવાથી સર્વને કલ્યાણની સિદ્ધિ થાય છે. ૨૫ એ નીચ દૈત્યનું દુષ્ટપણું મારા જાણવામાં છે, હું તેની શાંતિ કરીશ, હમણાં તો તમે તે સમયની વાટ જુઓ. ૨૬ જે પુરૂષ દેવતા, વેદ, ગાય, બ્રાહ્મણ, સાધુ, ધર્મ અને મારો દ્વેષ કરે છે, તે તુરત નાશ પામે છે. ૨૭ એ દૈત્ય જો કે વરદાનથી વધી ગયો છે, તોપણ જ્યારે વૈર વિનાના, શાંત અને મહાત્મા પુત્ર પ્રલ્હાદનો દ્રોહ કરશે, ત્યારે હું તેનો નાશ કરીશ. ૨૮

નારદજી કહે છે—આ પ્રમાણે ભગવાનનાં વચન સાંભળીને ઉદ્વેગ રહિત થયેલા દેવતાઓ ભગવાનને પ્રણામ કરીને પોતાના સ્થાનક તરફ પાછા ફર્યા, અને હિરણ્યકશિપુને મુવેલો માનવા લાગ્યા. ૨૯ એ દૈત્યરાજને મહા અદ્ભૂત ચાર પુત્ર હતા, તેમાં પ્રલ્હાદ સર્વ કરતાં ગુણોમાં શ્રેષ્ઠ અને મહાત્મા પુરૂષોની સેવા કરનારો હતો. ૩૦ તે બ્રાહ્મણોને માન આપનારો, સારા સ્વભાવવાળો, વચન પાળનારો, જીતેંદ્રિય અને પ્રાણી માત્રનો પોતાના આત્મા સમાન પ્રિય મિત્ર હતો. ૩૧ તે મહાત્માઓનાં ચરણમાં દાસની પેઠે નમતો હતો, દીનજનો ઉપર પિતાની પેઠે પ્રેમ રાખતો હતો, ગુરૂને ઇશ્વર તુલ્ય માનતો હતો, અને વિદ્યા, ધન, રૂપ, તથા કુળવાળો હતો, તોપણ તેનામાં અભિમાન કે અક્કડપણું બિલકુલ નહતું. ૩૨ તે દુઃખથી ઉદ્વેગ પામતો નહતો. આ લોક અને પરલોકનાં વિષયસુખોને મિથ્યા માનતો હતો, તેથી તેમાં ઇચ્છા રહિત હતો, ઇંદ્રિય, પ્રાણ, શરીર અને બુદ્ધિને વશ રાખતો હતો, તેની સર્વ કામના શાંત રહેતી હતી, અને જાતે અસુર હતો, તોપણ તેનામાં અસુરના ગુણો નહતા. ૩૩ હે રાજા ! એના એવા ઉત્તમ ગુણોને વિદ્વાન પણ વારંવાર ગ્રહણ કરે છે. જેમ ભગવાનના ગુણોનો લોપ થતો નથી, તેમ તેના ગુણોનો પણ આજ સુધી લોપ થયો નથી. ૩૪ દેવતાઓ દૈત્યોના શત્રુ છે, તોપણ તેઓની સભામાં જ્યારે પ્રસંગ નીકળે છે, ત્યારે તેઓ પ્રલ્હાદના ઉત્તમ ગુણોનું દૃષ્ટાંત આપે છે, ત્યારે બીજા તમારા જેવા તેનું દૃષ્ટાંત આપે એમાં આશ્ચર્ય શું ? ૩૫ મેં માત્ર તેના ગુણોનો મહિમા કહ્યો છે, બાકી તેના ગુણોનો તો પારજ નથી. તેને વાસુદેવ ભગવાન ઉપર સ્વાભાવિક પ્રીતિ હતી. ૩૬ નાનપણથીજ તેનું મન ભગવાનમાં ચોટયું હતું, તેને ભગવાનરૂપી ભૂત વળગ્યું હતું, તેથી તે જડની પેઠે 'જગત કેવું છે' તેપણ જાણતો નહતો. ૩૭ તેનું મન બેસતાં, ફરતાં, ખાતાં, પીતાં, સૂતાં, ઉઠતાં અને બોલતાં ગોવિંદમાંજ રમણ કરી રહ્યું હતું, વિષય સુખના ઉપભોગનું તેને કાંઇ ભાન નહતું. ૩૮ ભગવાનના ધ્યાનથી તેની બુદ્ધિ વ્યાપ્ત રહેતી હતી, તેથી તે કોઇ વેળા રડતો હતો, કોઈ વેળા હસતો, અને કોઇવાર ધ્યાનના આનંદથી ઉંચા સ્વરે ગાતો હતો. ૩૯ કોઇવાર ખુલ્લા કંઠથી ગર્જના કરતો હતો, કોઇ વખત લાજ મૂકીને નાચતો હતો અને કોઇવાર ભગવાનની ભાવનાથી તદ્રુપ બની જઇને ભગવાનના જેવીજ ચેષ્ટાઓ કરતો હતો. ૪૦ કોઈવાર ભગવાનના સ્વરૂપનું જ્ઞાન થવાથી સુખ પામી રોમાંચિત થઇને છાનોમાનો બેસી રહેતો હતો, અને અખંડ સ્નેહના આનંદથી આંખોમાં આંસુ ભરાઇ આવવાથી આંખો મીંચી દેતો હતો. ૪૧ નિષ્કંચન પુરૂષોના સંગથી મળેલી ભગવાનના ચરણની સેવાથી તે પોતાના મનને ઘણી શાંતિ આપતો હતો, તથા દુષ્ટ સંગથી દીન

થયેલા બીજા પુરૂષોના મનને પણ શાંતિ આપતો હતો. ૪૨ હે રાજા! એવા મહા-વૈષ્ણવ, મહાત્મા અને ભાગ્યશાળી પુત્રનો હિરણ્યકશિપુ દ્રોહ કરવા લાગ્યો. ૪૩

યુધિષ્ઠિર પૂછે છે—હે નારદજી! હે સુંદર વ્રતવાળા! એ શુદ્ધ અને સદ્દગુણી પુત્રનો પિતાએ દ્રોહ શા માટે કર્યો? એ વાત જાણવાની હું ઇચ્છા રાખુંછું. ૪૪ જો પુત્ર કુપુત્ર હોય તોપણ પુત્ર ઉપર પ્રેમ રાખનારો પિતા તેને ઉપદેશ આપવા માટે ઠપકો આપે છે; પરંતુ શત્રુની પેઠે દ્વેષ કરતો નથી. ૪૫ આ પ્રહ્‌લાદ તો અનુકુળ રહેનારો, સુપાત્ર, અને કેવળ ગુરૂનેજ ઇષ્ટદેવ માનનારો હતો, આવા સદ્દગુણી પુત્રનો તો દ્રોહ કેમજ કરે? હે મહારાજ! આ વાતમાં મને અચરજ લાગે છે, તે તમે દુર કરો. પિતા પુત્રનો દ્વેષ મરણ નીપજાવનારો છે. ૪૬

एतत्कौतूहलं ब्रह्मन्नस्माकं विधमप्रभो ।
पितुः पुत्राय यद्द्वेषो मरणाय प्रयोजितः ॥

ઇતિ શ્રી ભાગવત પુરાણના સપ્તમ સ્કંધમાં "પ્રહ્‌લાદ ચરિત્ર વર્ણન" નામનો ચોથો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૫ મો.

હિરણ્યકશિપુનો પ્રહ્‌લાદને મારવાનો પ્રયત્ન નિષ્ફળ ગયો.

नारदउवाच.

पौरोहित्याय भगवान् वृतः काव्यःकिलासुरैः
शंडामर्कौ सुतौतस्य दैत्यराज गृहान्तिके॥

નારદજી કહે છે—હે યુધિષ્ઠિર રાજા! દૈત્યોએ મહાત્મા શુક્રાચાર્યને પોતાના પુરોહિત બનાવ્યા હતા, તેને શંડ અને અમર્ક નામના બે પુત્ર હતા તે હિરણ્યકશિપુની પાસે રહેતા હતા. ૧ તેઓ હિરણ્યકશિપુએ મોકલેલા નીતિનિપુણ પ્રહ્‌લાદને તથા બીજા દૈત્યપુત્રોને દંડ, નીતિ વગેરે વિષયો ભણાવતા હતા. ૨ ત્યાં પ્રહ્‌લાદજી ગુરૂનું કહેવું સાંભળીને તે પ્રમાણે ભણી જતો હતો; પરંતુ "આ પારકું અને આ પોતાનું" એવા મિથ્યા દુરાગ્રહવાળા વિષયો તેમને ઠીક લાગતા નહી. ૩ એક દિવસ હિરણ્યકશિપુએ પ્રહ્‌લાદને ખોળામાં બેસાડીને પૂછયું કે—હે પુત્ર! તું તારા મનમાં જે વાતને ઉત્તમ માનતો હોય તે કહે. ૪

પ્રહ્‌લાદ કહે છે—હે દૈત્યરાજ! 'હું અને મારૂં' એવા દુરાગ્રહથી નિરંતર ઉદ્વેગ પામેલા પ્રાણીઓએ જેનો આશ્રય કરવાથી નરકમાં પડાયછે, એવા ઘરરૂપી અંધારા કુવાનો ત્યાગ કરી વનમાં જઇને કેવળ ભગવાનનો આશ્રય કરવો, એજ ઉત્તમ માર્ગ છે. ૫

નારદજી કહે છે—પોતાના શત્રુનો પક્ષ કરનારી પુત્રની વાણી સાંભળીને હિરણ્યકશિપુ હસ્યો, અને બોલ્યો કે—બાળકોની બુદ્ધિ બીજાના શીખવ્યાથી ફરી જાયછે, ૬ માટે પ્રહ્‌લાદને ગુરૂના ઘરમાં સારા બંદોબસ્તથી રાખવો, કે જેથી વિષ્ણુના પક્ષવાળા બ્રાહ્મણો ગુપ્ત રીતે તેની બુદ્ધિ ફેરવી નાંખે નહી. ૭ પછી દૈત્યોના પુરોહિતો પ્રહ્‌લાદને પોતાને ઘેર લાવ્યા, અને મીઠી વાણીથી તેનાં વખાણ કરીને સામ વચનોથી પૂછયું કે—હે વત્સ પ્રહ્‌લાદ! તારૂં કલ્યાણ થાઓ. તું સાચું કહે, જુઠું બોલીશ નહી. આ સર્વ બીજા બાળકોની બુદ્ધિમાં ફેર ન પડતાં તારી બુદ્ધિમાં આ ફેરફાર શાથી થયો? હે કુળનંદન! તારી બુદ્ધિ બીજા કોઇએ ફેરવી નાંખી છે કે એની મેળેજ ફરી ગઈ છે? આ વાત અમે કે જે તારા ગુરૂ છીએ તેમને જાણવાની ઇચ્છા છે, માટે તું ખરેખરૂં કહે. ૧૦

પ્રહ્‌લાદજી કહે છે—મનુષ્યોને "આ પારકું અને આ પોતાનું"! એવો મોહ જેની માયાથી થયો છે, અને જેની માયાથી તમારી બુદ્ધિ મોહ પામેલી જોવામાં આવેછે, તે માયાપતિ ભગવાનને પ્રણામ કરૂંછું. ૧૧ એ ભગવાન જ્યારે અનુકુળ* થાયછે, ત્યારે 'હું

* मूकं करोति वाचालं पंगुंलंघयते गिरिम् ॥
यत्कृपात्वहं वन्दे परमानंद माधवम् ॥

બીજો અને આ બીજો' એવી પશુના જેવી ભેદ પામેલી સાંસારિક બુદ્ધિ નાશ પામેછે. ૧૨ જેનું વર્ણન કરવું ઘણું કઠણ છે, અને જે માર્ગમાં બ્રહ્માદિક પણ મોહ પામેછે, તે પરમાત્માને અવિવેકી પુરૂષ પોતાના અને પારકા કહેછે, તેજ પરમાત્માએ મારી બુદ્ધિ ફેરવી નાંખી છે.૧૩ હે મહારાજ! જેમ ચમક પહાણની પાસે લોઢું પોતાની મેળે ફર્યા કરે છે, તેમ ભગવાનની પાસે રહેતું મારૂં મન પણ પોતાની મેળે ફર્યા કરેછે. ૧૪

નારદજી કહે છે—એ પ્રમાણે મોટી બુદ્ધિવાળા પ્રહ્લાદજીએ બ્રાહ્મણોને કહ્યું, અને પછી ચુપ રહ્યા. પછી તે કોપેલો રાજસેવક પ્રહ્લાદજીનો તિરસ્કાર કરીને બોલ્યો કે-૧૫ અરે! સોટી લાવો, આ બાળક તો આપણી અપકીર્તિ કરનારો છે. કુળમાં અંગારારૂપ આ દુર્બુદ્ધિવાળા બાળકને તો દંડ દેવોજ યોગ્ય છે. ૧૬ દૈત્યકુળરૂપ ચંદનવનમાં આ બાળક કાંટાવાળું ઝાડ થયું છે, કારણ કે દૈત્યોનાં મૂળ કાપી નાંખવાને કુહાડારૂપી વિષ્ણુનો હાથો ઉત્પન્ન થયો છે. ૧૭ એ પ્રમાણે તિરસ્કાર વગેરે અનેક ઉપાયોથી ડરાવતો તે બ્રાહ્મણ પ્રહ્લાદને ધર્મ, અર્થ, અને કામના ગ્રંથો ભણાવવા લાગ્યો. ૧૮ ત્યાર પછી કેટલેક દિવસે ગુરૂ, પ્રહ્લાદને સામ, દામ, ભેદ તથા દંડના વિષયો ભણી ગયેલો જાણીને તેને તેની માતાના હાથથી નવરાવી ધોવરાવી શણગાર સજાવી હિરણ્યકશિપુની પાસે લઇ ગયો. ૧૯ પ્રહ્લાદ પિતાને પગે લાગ્યો. એટલે હિરણ્યકશિપુ તેને આશિર્વાદ આપી સત્કાર કરીને, ઘણીવાર સુધી હાથથી આલિંગન કરીને ઘણું સુખ પામ્યો. ૨૦ હે યુધિષ્ઠિર રાજા! પછી તેને ખોળામાં બેસાડી, માથું સુંઘી, આંસુઓનાં બિંદુઓથી નવરાવતો તે દૈત્ય પ્રફુલ્લિત મુખવાળા પોતાના પુત્રને કહેવા લાગ્યો. ૨૧

અર્થઃ—હે માધવ! તમારી કૃપા થાયછે તો મુંગા માણસને વાચા થાયછે, અને પાંગળો માણસ પણ પર્વતને ઉલ્લંઘન કરેછે, એવા હે પરમાનંદ સ્વરૂપ આપને હું નમસ્કાર કરૂંછું.

હિરણ્યકશિપુ પૂછે છે—હે પ્રહ્લાદ! હે તાત! હે દીર્ઘાયુષી! તું આજ સુધીમાં ગુરૂની પાસેથી જે ઉત્તમ વિદ્યા ભણ્યો હોય, તે મને કહી સંભળાવ. ૨૨

પ્રહ્લાદજી કહે છે—ભગવાનનું શ્રવણ, કીર્તન, સ્મરણ, સેવન, પૂજન, વંદન, દાસપણું, મિત્રપણું, તથા દેહાર્પણ કરવું. ૨૩ આ નવ પ્રકારની ભક્તિ કરવામાં આવે, અને તે કર્યા પછી ભગવાનને અર્પણ કરવી નહી, પણ પ્રથમથીજ દેહ અર્પણ કરીને કરવામાં આવે, તો તે ઉત્તમ ભણતર છે એમ હું માનુંછું. ૨૪ નારદજી યુધિષ્ઠિરને કહે છે—આ પ્રમાણે પુત્રનાં વચન સાંભળી ક્રોધથી ફરકતા હોઠવાળા હિરણ્યકશિપુએ ગુરૂને કહ્યું કે-૨૫ અરે નીચ બ્રાહ્મણ! અરે દુષ્ટ બુદ્ધિવાળા! તેં મારો અનાદર કરીને, મારા શત્રુના પક્ષમાં રહીને આ બાળકને આવી નઠારી વિદ્યા કેમ ભણાવી? ૨૬ જગતમાં જેઓ કપટી વેષવાળા અને જુઠી મિત્રતા બતાવનારા દુષ્ટો હોય છે તેઓનું પાપ સમય આવે પાપીઓના રોગની પેઠે પોતાની મેળે ઉઘાડું થાય છે. ૨૭

શુક્રાચાર્યનો પુત્ર બોલ્યો—હે ઇંદ્રના શત્રુ! આ તમારો પુત્ર મારૂં ભણાવેલું કે બીજા કોઇનું ભણાવેલું બોલતો નથી, એ તો એની સ્વાભાવિક બુદ્ધિથી બોલે છે. માટે તમે ક્રોધને શાંત કરો, અને મને દોષ ન દો. ૨૮

નારદજી કહે છે—આ પ્રમાણે જ્યારે ગુરૂપુત્રે કહ્યું, ત્યારે હિરણ્યકશિપુએ ફરીથી પ્રહ્લાદને પૂછયું કે-હે દુષ્ટ! તારી આવી બુદ્ધિ ગુરૂના ઉપદેશથી થઇ નથી, તો શી રીતે થઈ? ૨૯

પ્રહ્લાદ કહે છે—કેવળ ઘર સંબંધીજ ચિંતા કરનારા, વારંવાર ચાવેલાનેજ ચાવનારા (ભોગવેલા વિષયોનેજ ભોગવનારા), અને અજીતેંદ્રિયપણાથી જન્મમરણ પામનારા પુરૂષોની બુદ્ધિ પોતાની મેળે, અથવા કોઇના ઉપદેશથી, અથવા પરસ્પરની વાર્તાથી ભગવાનમાં નિવાસ કરતી નથી. ૩૦ બ્રાહ્મણાદિક નામોવાળી વેદવાણીરૂપ ઇશ્વરની દોરીથી બંધાયેલા, વિષયોની વાસનાવાળા

અને એવાનેજ ગુરૂ માનનારા લોક ભગવાનને જાણતા નથી, એટલુંજ નહી, પણ આંધળાને દોરનારા આંધળાની પેઠે ખાડામાં પડેછે. ૩૧ માટે મનુષ્યો જ્યાં સુધી અહંકાર રહિત પરમાત્માના ચરણની રજમાં સ્નાન કરતા નથી, ત્યાં સુધી તેઓની બુદ્ધિ ભગવાનના ચરણોને પોહોચતી નથી, તેથી તેઓનો આ સંસારરૂપી અનર્થ દૂર થતો નથી. ૩૨

એ પ્રમાણે કહીને ચુપ રહેલા પ્રહ્લાદને આંધળા બનેલા હિરણ્યકશિપુએ પોતાના ખોળામાંથી પૃથ્વી ઉપર પછાડ્યો. ૩૩ પછી અસહનતા અને ક્રોધથી લાલ આંખો કરીને બોલ્યો કે—"હે રાક્ષસો! આને અહીંથી લઇ જઇને મારી નાંખો, કેમકે એ મારવાને જ યોગ્ય છે. ૩૪ આ નીચ મારા ભાઇને મારનારો છે, કારણ કે પોતાના સંબંધીઓનો ત્યાગ કરીને પોતાના કાકાને મારનારા વિષ્ણુના ચરણનું દાસની પેઠે પૂજન કરેછે. ૩૫ જેને તજવો બહુ કઠણ છે એવો માતાપિતાનો સ્નેહ પાંચ વર્ષની ઉમ્મરમાં જ તજી દેનારો આ દુષ્ટ છોકરો વિષ્ણુનું પણ શું ભલું કરશે? ૩૬ પારકો છતાં પણ આપણું હિત કરે, તેને આપણો પુત્ર સમજવો, અને પોતાના દેહથી ઉત્પન્ન થયેલો પુત્ર હોય તે જો અહિત કરનારો હોય તો તેને રોગના જેવો સમજવો જોઇએ. હાથ પગ આદિ જે અંગ દુઃખદાયી હોય તો તે કાપી નાંખવું જોઇએ, જેથી બાકીનું શરીર સુખેથી જીવેછે. ૩૭ દુષ્ટ ઇંદ્રિય જેમ મુનિની શત્રુ છે તેમ આ પુત્ર મારો શત્રુ છે, માટે ખાવા, સુવા અને બેસવા વગેરે સર્વ કાર્યોમાં ઝેર દેવા આદિ સર્વ પ્રકારના ઉપાયોથી એને મારી નાંખવો જોઇએ. ૩૮ એ પ્રમાણે હિરણ્યકશિપુએ આજ્ઞા કરી એટલે તીક્ષ્ણ દાઢોવાળા, વિકરાળ મુખવાળા, તથા રાતી દાઢી મૂછોવાળા, અને હાથમાં ત્રિશૂળ ધારણ કરેલા તે રાક્ષસો ભયંકર નાદ કરતા અને 'મારો, કાપો' એમ બોલતા ત્રિશૂળોથી પ્રહ્લાદનાં મર્મસ્થળો વીંધી નાંખવા લાગ્યા ૩૯-૪૦ પરંતુ પુણ્ય વગરના પુરૂષોનો ઉદ્યમ જેમ નિષ્ફળ જાયછે, તેમ સર્વને અગોચર અને સર્વ સ્વરૂપ પરબ્રહ્મમાં જેનું મન જોડાઇ ગયું હતું, એવા પ્રહ્લાદને કરેલા પ્રહાર નિષ્ફળ ગયા. ૪૧ હે યુધિષ્ઠિર રાજા! એ પ્રયત્ન નિષ્ફળ જવાથી હિરણ્યકશિપુ મનમાં શંકા પામીને ઘણા આગ્રહથી તેને મારી નાંખવાના ઉપાયો કરવા લાગ્યો. ૪૨ તેણે દિગ્ગજોથી, સર્પોથી, અભિચારના મંત્રોથી, પર્વત ઉપરથી ફેંકી દેવાથી, માયાના પ્રયોગથી, ખાડામાં નાંખી દેવાથી, ઝેર દેવાથી, ભૂખે મારવાથી, બરફમાં રાખવાથી, પવનમાં રાખવાથી, અગ્નિમાં નાંખવાથી, પાણીમાં ડૂબાડી દેવાથી, તેના ઉપર પથ્થરની શિલાઓ મારવાથી, વગેરે અનેક ઉપાયોથી તેનો નાશ કરવાનો પ્રયત્ન કર્યો, તોપણ એ નિષ્પાપ પુત્રનો નાશ કરી શકયો નહી. ૪૩-૪૪ પછી તે મનમાં ચિંતા કરવા લાગ્યો કે મેં કઠોર વચનોથી તેનો ઘણો તિરસ્કાર કર્યો, તેમજ તેના નાશ માટે અનેક ઉપાયો કર્યા, તોપણ તે પોતાના તેજના પ્રભાવથી સર્વ દુઃખો તથા અભિચારના પ્રયોગોથી છુટો થયો છે. ૪૫ એ મારી પાસે રહે છે, અને બાળક છે, તોપણ નિર્ભયપણે કુતરાની પૃછડીની પેઠે મારી શત્રુતાને ભૂલતો નથી. ૪૬ આ છોકરાનો પ્રભાવ અગાધ છે, તે સર્વત્ર નિર્ભય અને અવિનાશી છે. માટે એને દુઃખ દેવાથી અવશ્ય મારૂં મૃત્યુ થશે, અથવા નહીં થાય. ૪૭ આ પ્રમાણે ચિંતાથી જરા ઉદાસી અને મલીન થયેલું મુખ નીચું ઘાલીને બેઠેલા હિરણ્યકશિપુને શુક્રાચાર્યના પુત્ર શંડ તથા અમર્ક એકાંતમાં કહેવા લાગ્યા કે-૪૮ હે નાથ! તમે એકલાએ ત્રૈલોકયને જીતી લીધું છે. તમારી ભ્રકુટિ ચઢેલી જોઇને સર્વે લોકપાળો ત્રાસ પામે છે, માટે તમારે ચિંતા કરવા જેવું કાંઇ છેજ નહી, ૪૯ માટે ગુરૂ શુક્રાચાર્ય આવતા સુધી આ છોકરાને વરૂણ પાશથી બાંધી રાખો, કે જેથી તે બીકથી નાશી જાય નહી. પુરૂષની બુદ્ધિ પુખ્ત ઉમ્મર થયેથી તથા મહાત્માઓની સેવાથી સુધરી જાય છે." ૫૦ એ પ્રમાણે ગુરૂના પુત્રોનું

કહેવું સાંભળીને હિરણ્યકશિપુએ તેમ કરવાની આજ્ઞા આપી, અને કહ્યું કે-તમે એને ગૃહસ્થી રાજાઓના ધર્મનો ઉપદેશ આપો. ૫૧ પછી એ બ્રાહ્મણો નમ્રતાવાળા પ્રહ્‌લાદને ધર્મ, અર્થ અને કામનો ઉપદેશ કરવા લાગ્યા. ૫૨ ગુરૂઓએ એ વિષયો સારી પેઠે ભણાવ્યા, પરંતુ એ ઉપદેશ પ્રહ્‌લાદને સારો લાગ્યો નહીં, કારણ કે રાગદ્વેષાદિકથી સંસારિક સુખમાં ક્રીડા કરનારા પુરૂષોએ તે વિષયોનું વર્ણન કરેલું છે. ૫૩ જ્યારે ગુરૂ ઘરના કામકાજ માટે બહાર જતા, ત્યારે વખત મળવાથી પોતાના સરખી ઉમ્મરના બાળકોને પ્રહ્‌લાદ પોતાની પાસે બોલવતા હતા. ૫૪ તે વખતે તેઓની જન્મમરણાદિક સ્થિતિને જાણનારા પ્રહ્‌લાદ બાળકો ઉપર દયા લાવી સુખ મલકાવીને ઉપદેશ કરતા હતા. ૫૫ જેઓની બુદ્ધિ રાગદ્વેષથી, અને વિષયી પુરૂષોનાં ભાષણ તથા ચેષ્ટાથી દુષ્ટ થઇ નહતી, એવા એ સર્વ બાળકો પ્રહ્‌લાદની મોટાઈને લીધે રમતનાં સાધનો છોડી દઇને, ૫૬ કેવળ પ્રહ્‌લાદમાંજ પોતાનાં મન તથા નેત્રો રાખીને તેની આસપાસ બેશી જતા હતા. હે રાજેંદ્ર! તે વખતે દયાળુ, સર્વના મિત્ર અને મહાવૈષ્ણવ પ્રહ્‌લાદજી બાળકોને આ પ્રમાણે ઉપદેશ કરતા હતા. ૫૭

पर्युपासत राजेन्द्र तन्न्यस्त हृदयेक्षणाः ॥
तानाह करुणो मैत्रो महाभागवतोऽसुरः ॥

ઇતિ શ્રી ભાગવત મહાપુરાણના સપ્તમ સ્કંધમાં "પ્રહ્‌લાદ આખ્યાન વર્ણન "નામનો બીજો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૬ ઠો.

પ્રહ્‌લાદજીએ બાળકોને કરેલો જ્ઞાનોપદેશ.

प्रह्लादउवाच.

कौमार आचरेत्प्राज्ञो धर्मान्भागवतानिह ।
दुर्लभं मानुषंजन्म तदप्यध्रुवमर्थदम् ॥

પ્રહ્‌લાદજી કહે છે—બુદ્ધિશાળી માણસોએ બાલ્યાવસ્થાથીજ વૈષ્ણવધર્મ પાળવા જોઇએ, કેમકે મનુષ્યજન્મ દુર્લભ છે, તે ક્ષણભંગુર છે, પરંતુ તે ઇચ્છિત ફળ આપનારો છે. ૧ માટે ભગવાનનાં ચરણમે શરણે રહેવું એજ યોગ્ય છે, કારણ કે ભગવાન સર્વ પ્રાણીમાત્રના ઇશ્વર અને આત્મા હોવાથી સર્વના પ્રિયમિત્ર છે. ૨ વિષયસુખને માટે મનુષ્યે પ્રયત્ન ન કરવો, કારણકે તેથી મનુષ્યનું આયુષ્ય ફોગટ વહી જાય છે, વિષયસુખ તો દેહની સાથેજ પ્રાણીઓને સર્વ અવતારોમાં મળે છે. જેમ શ્રમ કર્યા વગરજ દુઃખ આવી મળે છે, તેમ સુખ પણ આવી મળે છે, તો પછી વિષયસુખ માટે શા માટે પ્રયત્ન કરવો? ૩-૪ જગતમાં જન્મીને જ્યાં સુધી મનુષ્યદેહ પરિપૂર્ણ તથા સમર્થ હોય ત્યાં સુધીમાં ચતુર મનુષ્યે પોતાના કલ્યાણ માટે જરૂર પ્રયત્ન કરવો જોઇએ. ૫ ઇંદ્રિયાધીન પુરૂષનું આયુષ્ય સો વર્ષનું ગણાય છે, તેમાંનાં પચાસ વર્ષ તો નિષ્ફળ જાય છે, કારણકે એટલાં વર્ષ સુધી તો તે નિદ્રારૂપી મહા મોહમાં પડીને સૂઇ રહે છે. ૬ વીશ વરસ બાલ્યાવસ્થાના અજ્ઞાનમાં તથા કુમાર અવસ્થાની રમત ગમ્મતમાં જાય છે, વીશ વર્ષ વૃદ્ધાવસ્થાથી શરીર ઘેરાવાથી અસમર્થપણામાં નીકળી જાય છે. ૭ અને બાકીનાં વર્ષ ગૃહાસક્ત પ્રમત્ત પુરૂષનાં પૂરી ન થઇ શકે એવી તૃષ્ણામાં અને બળવાન મોહમાં ચાલ્યાં જાય છે. ૮ ઇંદ્રિયોને આધીન રહેલો કયો પુરૂષ ઘર ધંધામાં લાગેલા અને સ્નેહના દૃઢ પાશોથી બંધાયલા પોતાના આત્માને છોડાવી શકે છે? ૯ જે ધન પ્રાણ કરતાં પણ વધારે પ્રિય છે, અને જે ધન મેળવવાને માટે ચોર, સેવક અને વેપારી લોક પોતાના પ્રાણને પણ જોખમમાં નાંખે છે, તે ધનની તૃષ્ણાને કયો મનુષ્ય છોડી શકે છે? ૧૦ પુત્ર, સુંદર પુત્રીઓ, ભાઇ, બેન, ગરીબ માત પિતા, મનોહર સામાનથી ભરેલાં ઘર, કુળ પરંપરાની આજીવિકા, અને ઘરનાં પશુ તથા સેવક વર્ગને સંભારતો, સ્નેહથી બંધાયલો, લોભથી જેની તૃષ્ણા પૂરી થતી નથી એવો, ઉપસ્થ (ગુહ્ય-

ઇંદ્રિ) તથા જીભના રસને અધિક માનનારો, અને અપાર મોહથી તેમાં લાગી રહેલો તથા કોશેટાનો કીડો જેમ પોતાનું ઘર બનાવતાં પોતાને બહાર નીકળવાનો માર્ગ પણ રાખતો નથી, તે પ્રમાણે કર્મ કરતો પ્રાણી દયાપાત્ર સ્ત્રીના એકાંત સંગને અને મનોહર વિચારોને શી રીતે છોડી શકે? તેમજ સંબંધીઓના તથા કાલું કાલું બોલનારાં બાળકોના સંગને પણ શી રીતે છોડી શકે? ૧૧-૧૩ મદોન્મત્ત મનુષ્ય કુટુંબના ભરણ પોષણના કામમાં ઓછા થઇ જતા પોતાના આયુષ્યને અને નાશ પામતા પોતાના પુરૂષાર્થને જાણતો નથી, અને કુટુંબમાં પ્રીતિ રાખવાથી ત્રણે પ્રકારના તાપોથી દુઃખી થયા કરે છે, તોપણ તેને દુઃખરૂપ માનતો નથી. ૧૪ અજીતેંદ્રિય અને જેનું ચિત્ત નિરંતર ધનમાંજ લાગી રહેલું છે એવો કુટુંબવાળો મનુષ્ય પારકું ધન હરનારાને આ લોકમાં તથા પરલોકમાં જે દુઃખ મળે છે તે જાણે છે, તોપણ તૃષ્ણા શાંત ન થવાથી ચોરી કરે છે. ૧૫ હે દૈત્યો! જ્ઞાની પુરૂષો પણ જો આ પ્રમાણે પોતાના અને પારકામાં ભેદ દૃષ્ટિ રાખીને કુટુંબનું પોષણ કરતો હોય તો તે આત્મવિચાર કરવામાં સમર્થ થઇ શકતો નથી, પણ મૂઢની પેઠે કેવળ અહંતા મમતામાંજ ચક્કર ખાધા કરે છે. ૧૬ જેની દૃષ્ટિમાં કામદેવ વસી રહેલો છે તથા જેનો સંગ કરવાથી પુત્ર પૌત્રાદિરૂપ બેડીમાં પડાય છે, તેની પાસે મદારીના વાંદરાના જેવો દીન બનીને રહેનારો કોઇપણ મનુષ્ય કોઇ પણ કાળે કોઈ પણ ઠેકાણે પોતાના આત્માને છોડાવવાને સમર્થ થતો નથી. ૧૭ માટે તમે વિષયોમાં લાગેલા દૈત્યોનો સંગ દુરથી છોડીને આદિદેવ નારાયણનુંજ ભજન કરો; કારણ કે નિઃસંગ પુરૂષો નારાયણના ભજનનેજ મોક્ષ માને છે. ૧૮ હે દૈત્યપુત્રો! નારાયણને પ્રસન્ન કરવામાં ઘણો પ્રયાસ કરવો પડતો નથી, કારણ કે નારાયણ સર્વના આત્મા છે અને સર્વત્ર પ્રસિદ્ધ છે. ૧૯ સ્થાવરથી તે બ્રહ્મા સુધીના પ્રાણીઓમાં, પાંચ ભૂતથી બનેલા નિર્જીવ પદાર્થોમાં, પંચ મહાભૂતોમાં, ૨૦ ત્રણ ગુણોમાં, પ્રકૃતિમાં, અને મહત્તત્વાદિક વિકારોમાં પણ અવિનાશી પરમાત્મા એકજ છે. ૨૧ એ પરમાત્મા પોતે એકજ અને નામ રહિત છે, તોપણ ભોક્તારૂપે વ્યાપક છે અને ભોગ્યરૂપથી વ્યાપ્ય છે. ૨૨ એ પરમાત્મા કેવળ અનુભવ સ્વરૂપ પરમાનંદ છે, અને પોતાના સર્વજ્ઞપણાદિક ઐશ્વર્યના ગુણોની ગરબડવાળી માયાથી ભગવાને તે ઐશ્વર્યને અંતર્હિત કરેલું છે. ૨૩ માટે તમે આસુરભાવનો ત્યાગ કરીને પ્રાણી માત્રની ઉપર દયા તથા સ્નેહ રાખો, દયાથીજ ભગવાન પ્રસન્ન થાય છે ૨૪ એ આદિપુરૂષ અનંત ભગવાન પ્રસન્ન થાય છે, ત્યારે કોઇ પણ વસ્તુ દુર્લભ નથી, તોપણ તેમનાં ચરણરૂપી અમૃતનેજ સેવનારા અને તેમનુંજ ગાન કરનારા આપણને ધર્મ, અર્થ તથા કામનું શું પ્રયોજન છે? કેમકે એતો પ્રારબ્ધયોગથી પોતાની મેળેજ આવી મળે છે, માટે મોક્ષ ઇચ્છિવાનું પણ કાંઇ પ્રયોજન નથી. ૨૫ ધર્મ, અર્થ અને કામ એ ત્રિવર્ગ, આત્મવિદ્યા, કર્મવિદ્યા, તર્કવિદ્યા, દંડનીતિ તથા અનેક પ્રકારની આજીવિકા વગેરે વેદમાં નિરૂપણ કરેલા સર્વ વિષયો જો અંતર્યામી ભગવાનને પોતાનો આત્મા અર્પણ કરી દેવાના સાધનરૂપ થઇ પડે તો તેઓને હું સફળ માનું છું. ૨૬ આ દુર્લભ અને નિર્મળ જ્ઞાન નરના મિત્ર નારાયણે નારદજીને કહ્યું હતું, તે ભગવાનના એકાંતિક ભક્તોની ચરણરજમાં આળોટનારા પ્રાણીઓને પણ પ્રાપ્ત થાય છે. ૨૭ આ અનુભવી જ્ઞાન તથા ભગવાનનો શુદ્ધ ધર્મ મેં પૂર્વે દેવતા સમાન દર્શનવાળા નારદજી પાસેથી સાંભળ્યો હતો. ૨૮

દૈત્યોના પુત્રો કહે છે—હે પ્રહ્લાદ! તમે અને અમે, આ બે ગુરૂના પુત્રો વિના બીજા કોઇને ગુરૂ જાણતા નથી, કારણકે છેક નાની ઉમ્મરથીજ એ આપણા ગુરૂ છે. ૨૯ હે શાંત ગુણોવાળા! તમે બાલ્યાવસ્થાથીજ અંતઃપુરમાં રહેલા છો, તેથી તમને મહાત્મા પુરૂષોનો સમાગમ થવો દુર્લભ છે, એ વાતનો અમારા મનમાં મોટો સંદેહ છે, માટે આ સંબંધમાં વિશ્વાસ યોગ્ય કારણ હોય તે કહીને

અમારો સંશય દૂર કરો. ૩૦

बालस्यांतःपुरस्थस्य महत्संगो दुरन्वयः ।
छिंधि नः संशयं सौम्य स्याच्चेद्विश्रंभकारणम्॥

ઇતિશ્રી ભાગવત મહાપુરાણના સપ્તમ સ્કંધમાં " પ્રહ્લાદ આખ્યાન " નામનો છઠ્ઠો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૭ મો.

પ્રહ્લાદે વિશ્વાસ બેસાડવા માટે પોતાને નારદે કરેલો ઉપદેશ દૈત્યના બાળકોને કહી સંભળાવ્યો.

नारदउवाच.

एवंदैत्यसुतैःपृष्टो महाभागवतोऽसुरः ।
उवाच स्मय मानांस्तान् स्मरन्मदनुभाषितम्॥

નારદજી કહે છે—હે યુધિષ્ઠિર! એ પ્રમાણે દૈત્યોના પુત્રોએ મહા વૈષ્ણવ પ્રહ્લાદને પૂછ્યું, તેથી તેણે મારૂં કહેલું યાદ કરીને આશ્ચર્ય પામેલા તે દૈત્ય પુત્રોને આ પ્રમાણે કહ્યું. ૧

પ્રહ્લાદ કહે છે—મારા પિતા તપ કરવાને મંદરાચળ ઉપર ગયા હતા, ત્યારે દેવતાઓએ દૈત્યો સાથે યુદ્ધ કરવાની મોટી તૈયારી કરી હતી. ૨ ઇંદ્રાદિક દેવતાઓ કહેવા લાગ્યા કે-કીડીઓ જેમ સાપને ખાઇ જાય છે, તેમ આ લોકને દુઃખ દેનારા હિરણ્યકશિપુને તેનું પાપ ખાઈ ગયું છે, તે ઘણું સારૂં થયું છે. ૩ દેવતાઓનો બળવાન ઉદ્યોગ જોઇને તથા તેઓના મારથી ભયભીત બનીને સર્વ દૈત્યો તથા દૈત્યોના યુથપતિઓ ચારે તરફ નાસવા લાગ્યા. ૪ સ્ત્રી, પુત્ર, મિત્ર, સંબંધી, ઘર, પશુ અને સરસામાનની કાંઇ પણ સંભાળ ન કરતાં પ્રાણ બચાવવાને દૈત્યો નાસવા લાગ્યા. ૫ જય ઇચ્છનારા દેવતાઓએ રાજાના દરબારમાં લુંટ ચલાવી, અને ઇંદ્રે મારી માતા કયાધુને પકડી લીધાં. ૬ ટીંટોડીની પેઠે રોતી અને ભયથી વ્યાકુળ બનેલી મારી માતાને પકડીને ઇંદ્ર લઇ જતો હતો, એટલામાં દૈવ ઇચ્છાથી આવતા નારદજીએ માર્ગમાં મારી માતાને દીઠી. ૭ તેથી તેમણે ઇંદ્રને કહ્યું કે-હે સુરપતિ! આ નિરપરાધી સ્ત્રીને લઇ જવી ન જોઇએ. હે ભાગ્યવાન! આ પતિવ્રતા પરસ્ત્રીને છોડી દો, છોડી દો. ૮

ઇંદ્રે કહ્યું—એના પેટમાં હિરણ્યકશિપુથી રહેલો ગર્ભ છે, માટે પ્રસવ થતા સુધી એને હું મારી પાસે રાખીશ. અને પુત્ર જન્મ્યા પછી તેને મારી નાંખીને આ સ્ત્રીને હું છોડી મૂકીશ. ૯

નારદજી કહે છે—એના ઉદરમાં તો નિષ્પાપ અને મહાવૈષ્ણવ મહાત્મા બાળક છે, તે ભગવાનનો ભક્ત મહાબળવાન છે, તેથી એ તારાથી મરશે નહીં. ૧૦

આ પ્રમાણે નારદજીએ કહ્યું, તેથી ઇંદ્રે તેમનાં વચનને માન આપીને મારી માતાને છોડી દીધી. અને પોતે ભગવાનના ભક્ત ઉપર પ્રીતિ રાખનારો હોવાથી તે મારી માતાને પ્રદક્ષિણા કરીને સ્વર્ગમાં ચાલ્યો ગયો. ૧૧ પછી નારદજીએ મારી માતાને પોતાના આશ્રમમાં લઇ જઈ આસના વાસના કરીને કહ્યું કે-હે પુત્રી! તારો પતિ આવે ત્યાં સુધી તું અહીંજ રહે. ૧૨ પછી મારા પિતા ભારે તપશ્ચર્યા કરીને પાછા આવતાં સુધી મારી માતા નિર્ભયપણે નારદજીની પાસે રહી. ૧૩ મારી ગર્ભવતી અને પતિવ્રતા માતાએ પોતાના ગર્ભના રક્ષણને માટે અને પતિ આવ્યા પછી પ્રસવ થવાને માટે ત્યાં રહી પરમભક્તિભાવથી નારદજીની સેવા કરી. ૧૪ દયાળુ તથા સમર્થ નારદજીએ અને ઉપદેશ આપવા માટે મારી માતાને ધર્મનું તત્વ અને નિર્મળજ્ઞાન આપ્યું. ૧૫ મારી માતા સ્ત્રીજાત અને વળી ઘણો વખત વીતી ગયો તેથી તેને મળેલો બોધ તે ભૂલી ગઈ, પરંતુ નારદજીના અનુગ્રહથી મને હાલ સુધી તેનું સ્મરણ રહેલું છે. ૧૬ તમે પણ મારા કહેવા ઉપર શ્રદ્ધા રાખશો તો તમને પણ જ્ઞાન થશે. શ્રદ્ધા હોય તો સ્ત્રીઓ તથા બાળકોને પણ મારા જેવું તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થાય છે.૧૭ મહાસમર્થ કાળને લીધે 'જન્મવું, જીવવું, વધવું, રૂપાંતર પામવું, ઓછું થવું અને નાશ પામવું' આ છ વિકારો જેમ વૃક્ષના અ-

સ્તિત્વથી ફૂળોમાં જોવામાં આવે છે, તેમ આત્માના અસ્તિત્વથી દેહમાં જોવામાં આવે છે; પરંતુ એ વિકારો આત્માને થતા નથી. ૧૮ આત્મા નિત્ય છે અને દેહ અનિત્ય છે; આત્મા ક્ષીણ થતો નથી અને દેહ ક્ષીણ થાય છે: આત્મા શુદ્ધ છે અને દેહ અશુદ્ધ છે; આત્મા એક છે અને દેહ અનેક છે: આત્મા દેહાદિકને જાણે છે અને દેહ જડ છે; આત્મા દેહાદિકના આધાર રૂપ છે અને દેહ આત્માના આશ્રયથી છે; આત્મા નિર્વિકાર છે અને દેહ વિકારવાળો છે; આત્મા સ્વયંપ્રકાશ છે અને દેહ પરપ્રકાશ્ય છે. આત્મા સર્વનું કારણ છે અને દેહ કાર્ય છે: આત્મા વ્યાપક છે અને દેહ વ્યાપ્ય છે; આત્મા અસંગ છે અને દેહ સંગવાળો છે; આત્મા કોઇથી ઢંકાતો નથી અને દેહ વસ્ત્રાદિકથી ઢંકાય છે. ૧૯ આ બાર લક્ષણોથી આત્માને યથાર્થ જાણીને દેહાદિકવિષે મોહથી થયેલી અહંમમતારૂપ અસત્ બુદ્ધિનો ત્યાગ કરવો જોઈએ. ૨૦ જેમ ઉપાયો જાણનારો સોની પથ્થરાદિકથી સુવર્ણને જૂદું પાડે છે, તેમ જ્ઞાની પુરૂષ પણ નીચે લખેલા આત્મ પ્રાપ્તીના ઉપાયોથી દેહરૂપ ક્ષેત્રથી આત્માને જૂદો જાણે છે. ૨૧ માયા, મહત્તત્વ, અહંકાર, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ તથા ગંધ એ આઠ પ્રકૃતિ ગણાય છે, અને સત્વ, રજ અને તમ એ ત્રણ માયાના ગુણ છે, તે માયાથી જુદા નથી. અગીયાર ઇંદ્રિયો અને પાંચ મહાભૂત મળીને સોળ વિકાર છે. આઠ પ્રકૃતિ અને સોળ વિકાર મળીને ચોવીશ તત્વ થાય છે, તેમાં સર્વના સાક્ષીપણાના સંબંધથી આત્મા એકજછે, એમ કપિલ વગેરે આચાર્યોનું કહેવું છે. ૨૨ એ ચોવીશ તત્વોનો સમૂદાય તે દેહ કહેવાય છે, તે સ્થાવર અને જંગમ એમ બે પ્રકારનો છે. એ દેહમાંજ આત્માને શોધવો જોઇએ, અને તે સહજમાં થઇ શકે છે. જેમકે-"આ આત્મા નથી, આ આત્મા નથી" એમ સર્વ જડ પદાર્થોનો ત્યાગ કરતાં છેવટે જે ચેતન વસ્તુ રહે છે, તેનેજ સત્ય આત્મા જાણવો. ૨૩ જેમ મણિઓ એક દોરામાં રહેલા હોય, તે દોરો મણિઓથી જુદો નથી, તેમ દેહાદિક આત્માથી જુદા નથી, પણ આત્મા તેનાથી જુદો છે. આવી રીતના વિવેકથી તથા શુદ્ધ અંતઃકરણથી જગતની ઉત્પત્તિ, સ્થિતિ તથા લયનું નિરૂપણ કરનારાં વેદવાક્યોનો વિચાર કરવાથી ધીર પુરૂષો આત્માને શોધી કાઢે છે. ૨૪ જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તી એ ત્રણ વૃત્તિઓ બુદ્ધિની છે, એ વૃત્તિઓ જેનાથી જાણવામાં આવે છે, તેજ સર્વના સાક્ષી તથા સર્વથાપર આત્મા છે. ૨૫ કર્મથી ઉત્પન્ન થયેલી અને બુદ્ધિની ત્રિગુણાત્મક વૃત્તિઓને આત્માના ધર્મોથી રહિત જાણી, તેઓને દુર કરીને, તે ઉપરથી તેને જાણનારા આત્માના સ્વરૂપને જાણી લેવું જોઇએ. જેમ પુષ્પના ધર્મરૂપ ગંધથી તેના આશ્રયરૂપ પવન જાણવામાં આવે છે, તેમ બુદ્ધિના ધર્મરૂપ ત્રણ અવસ્થાઓ ઉપરથી તેને જાણનારા અને અધિષ્ઠાનરૂપ આત્માને જુદો જાણવો. ૨૬ આ સંસાર બુદ્ધિના ગુણો અને કર્મોથી રચાયેલો છે, તેનું મૂળ અજ્ઞાન છે, તેથી તે મિથ્યા છે, તેમ છતાં સ્વપ્નાની પેઠે તે જોવામાં આવે છે. ૨૭ માટે તમારે યોગ સાધવો જોઇએ. એ યોગ ત્રિગુણાત્મક, કર્મનાં બીજરૂપ, અજ્ઞાનનો નાશ કરનારો તથા ત્રણ અવસ્થારૂપ બુદ્ધિના જાગ્રતાદિક પ્રવાહને શાંત કરનાર છે. ૨૮ તેમાં પણ જે ધર્મોથી નારાયણ ભગવાનમાં પ્રીતિ થાય, તે ધર્મોનું પાલન કરવું, એજ હજારો ઉપાયોમાં ઉત્તમ ઉપાય છે, એમ નારદજીએ કહેલું છે. ૨૯ ગુરૂની સેવા, ભક્તિ, મેળવેલા સર્વ પદાર્થો ભગવાનને અર્પણ કરવા, ઉત્તમ ભક્ત લોકોનો સત્સંગ, ઈશ્વરનું આરાધન, ભગવાનની કથામાં શ્રદ્ધા, ભગવાનના ગુણ કર્મોનું કીર્તન, ભગવાનના ચરણ કમળોનું ધ્યાન અને ભગવાનની મૂર્તિનાં દર્શન તથા પૂજન કરવાં, આ સર્વ ધર્મરૂપી મુખ્ય સાધનોથી ભગવાનની સેવા કરવી. ૩૦-૩૧ સર્વ પ્રાણીઓમાં શ્રી હરિ રહેલા છે, એવો વિચાર કરીને પ્રાણી માત્રનો મનથી અને ઇચ્છિત વસ્તુઓ આપીને સત્કાર કરવો. ૩૨ આ પ્રમાણે જી-

તેંદ્રિય પુરૂષો ભગવાનની ભક્તિ કરેછે, એ ભક્તિથી વાસુદેવ ભગવાનની પ્રીતિ થાયછે. ૩૩ ભગવાનનાં કર્મો, સર્વોત્તમ ગુણો અને લીલાવતારોથી કરેલાં પરાક્રમો સાંભળીને મનમાં અત્યંત આનંદ થાય, રૂંવાડાં ઉભાં થઇ જાય, વાણી ગદ્ગદ થઇ જાય, અને કંઠ ખુલ્લો મૂકીને ગાવા માંડે, નાચવા લાગે, અને શબ્દ કરવા લાગે ૩૪ કોઇવાર ભૂત વળગ્યું હોય તેમ હસે તથા રડે, કોઇવાર ધ્યાન કરે, નિઃસાસા નાંખે, મનુષ્યોને પગે લાગે, અને હે હરિ! હે જગત્પતિ! હે નારાયણ! એમ શરમ છોડી દઇને બોલે, ત્યારે તેને આત્મસ્વરૂપની પ્રાપ્તિ થઇ છે એમ જાણવું. ૩૫ જ્યારે આત્મસ્વરૂપની પ્રાપ્તિ થાયછે ત્યારે મનુષ્ય સર્વ બંધનોથી છુટીને મનમાં તથા શરીરમાં ભગવાનની ચેષ્ટા સમાન ભાવનામય થઇને કર્મના બીજરૂપ અજ્ઞાનને તથા વાસનાઓને બાળી નાંખીને મહાભક્તિયોગથી ભગવાનને પામેછે. ૩૬ મનવડે ભગવાનનું સ્મરણ કરવું, એજ મલીન મનવાળા પ્રાણીઓના જન્મ મરણના ફેરાને ટાળનાર છે, અને એજ મોક્ષસુખ છે, એમ વિદ્વાનો કહેછે. માટે તમે હૃદયમાં અંતર્યામી ભગવાનનું ભજન કરો. ૩૭ હે દૈત્યપુત્રો! ભગવાનની ઉપાસના કરવામાં શો પરિશ્રમ છે? કેમકે તે આપણા હૃદયમાં આકાશની પેઠે રહેલા છે. ભગવાન આપણા આત્મા અને સર્વ પ્રાણીઓના સખા છે, માટે તેમનું ભજન કરો. સર્વ પ્રાણીઓની પેઠે વિષયસુખ સંપાદન કરવામાં શું ફળ છે? વિષયોમાં નિષ્ઠા રાખવાથી તો સૂવર વગેરે પ્રાણીઓના જેવું થવાય છે. ૩૮ ધન, સ્ત્રીઓ, પશુ, પુત્ર, ઘર, પૃથ્વી, હાથી, ભંડાર, ઐશ્વર્ય અને બીજા સર્વ અર્થ અને કામનાઓ ચંચળ છે, તેઓ ક્ષણભંગુર આયુષ્યવાળા મનુષ્યોનું કેટલું હિત કરી શકે? ૩૯ યજ્ઞ કરવાથી મેળવેલા સ્વર્ગાદિક લોક પણ નાશવંત છે, કારણ કે તે પણ ઇર્ષ્યાદિક દોષવાળા, પુણ્યોના ફેરફારથી ઓછા વધતા સુખવાળા અને અવધિ આવ્યે નાશ પામનારા છે, માટે સર્વ વાતે નિર્દોષી એવા એક ભગવાનના સ્વરૂપની પ્રાપ્તી માટે તેમનું ભજન કરો. ૪૦ વિદ્વાનપણાનું અભિમાન રાખનારો પુરૂષ જે ફળની ઇચ્છા રાખીને કર્મ કરેછે, તેનાથી તેને ઉલટું ફળ મળે છે. ૪૧ કર્મ કરનાર મનુષ્યનો સંકલ્પ સુખ મેળવવાનો અને દુઃખ ટાળવાનો હોયછે; પરંતુ કર્મ કરવાથી નિરંતર દુઃખજ મળેછે, પણ સુખ મળતું નથી, સુખ તો કર્મો નહી કરવાથીજ મળેછે. ૪૨ મનુષ્ય સકામ કર્મ કરીને જેને માટે સુખ મેળવવાને ઇચ્છે છે, તે દેહ તો પારકાને (કુતરાં વગેરેને) કામ આવનારો ક્ષણભંગુર છે, અને વારંવાર નાશ પામનારો અને ઉત્પન્ન થનારો છે ૪૩ જ્યારે અહંતાના સ્થાનરૂપ દેહ જ પારકો છે, ત્યારે સંતાન, સ્ત્રીઓ, ઘર, ધન, રાજ્ય, ભંડાર, હાથી, મંત્રી, નોકર ચાકર અને સબંધીઓ કે જે દેહથી જૂદાં અને મમતાનાં પાત્રરૂપ છે, તેઓ પારકાં હોય એમાં તો કહેવુંજ શું? ૪૪ આત્મા અવિનાશી અને આનંદના સમુદ્રરૂપછે, તેને તુચ્છ અને દેહની સાથે નાશ પામનાર તથા અનર્થરૂપ હોવા છતાં પણ ભૂલથી પુરૂષાર્થ રૂપ લાગતાં સંતાન આદિ અનર્થોનું શું પ્રયોજન છે? ૪૫ હે અસુરના પુત્રો! પૂર્વનાં કર્મોને લીધે ગર્ભાવસ્થા વગેરેનાં દુઃખ પામતા પ્રાણીઓને આ લોકમાં પુત્ર ધનાદિકથી કેટલું સુખ મળેછે, તે કહો. ૪૬ પોતારૂપ માનેલા દેહવડે પ્રાણી કર્મ કરેછે અને કર્મથી પાછો દેહ પ્રાપ્ત થાયછે, એ રીતે કર્મ અને દેહ એ બન્ને અજ્ઞાનથીજ થાયછે. ૪૭ માટે અર્થ કામ અને ધર્મ એ સર્વ જેને આધીન છે, તે ક્રિયારહિત ભગવાનને નિષ્કામપણે ભજો. ૪૮ ભગવાન પોતે ઉત્પન્ન કરેલાં પંચમહાભૂતોથી રચાયલા સર્વ પ્રાણીઓના પ્રિય આત્મા અને અંતર્યામી છે. ૪૯ દેવ, અસુર, મનુષ્ય, યક્ષ અથવા ગંધર્વ ગમે તે હોય, પણ ભગવાનના ચરણનું ભજન કરવાથી તેનું કલ્યાણ જ થાયછે. ૫૦ હે દૈત્યપુત્રો! બ્રાહ્મણપણું, દેવપણું, ઋષિપણું, સદાચાર, બહુજ્ઞાન, દાન, તપ, યજ્ઞ, પવિ-

ગ્રતા અને વ્રત એમાંનું કાંઇપણ ભગવાનને પ્રસન્ન કરવાને સમર્થ નથી. શ્રી હરિ કેવળ નિર્મળ ભક્તિથીજ પ્રસન્ન થાયછે, બાકી બીજું સર્વ ઢોંગ ધતીંગ છે. ૫૧-૫૨ માટે હે દૈત્યો! સર્વને આપણા સમાન જાણીને, સર્વ પ્રાણીમાત્રના આત્મારૂપ ભગવાન શ્રીહરિનીજ ભક્તિ કરો. ૫૩ દૈત્યો, યક્ષો, રાક્ષસો, સ્ત્રીઓ, શુદ્રો, વ્રજવાસી, પક્ષીઓ, ચોપગાં પશુઓ અને બીજા પણ પાપી પ્રાણી ભક્તિ કરવાથી ભગવાનના સ્વરૂપને પામ્યાંછે. ૫૪ આ લોકમાં ભગવાનની અખંડિત ભક્તિ કરવી, અને સર્વમાં ભગવાન રહેલા છે એમ જાણવું, એજ મનુષ્યનો સ્વાર્થ છે, એમ સમજવું. ૩૫

एतावानेव लोकेस्मिन् पुंसः स्वार्थःपरःस्मृतः
एकांत भक्तिर्गोविंद यत्सर्वत्र परीक्षणम् ॥

ઇતિ શ્રી ભાગવત મહાપુરાણના સપ્તમ સ્કંધમાં "પ્રહ્લાદે દૈત્યપુત્રોને ઉપદેશ કર્યો" એ નામનો ૭ મો અધ્યાય સંપૂર્ણ

અધ્યાય ૮ મો.

નૃસિંહ ભગવાને હિરણ્યકશિપુનો કરેલો વધ.

नारदउवाच.

अथ दैत्य सुताः सर्वे श्रुत्वा तदनुवर्णितम् ।
जगृहुर्निरवद्यत्त्वान्नैव गुर्वनुशिक्षितम् ॥१॥

નારદજી કહે છે—હે યુધિષ્ઠિર રાજા! દૈત્યોના નિર્દોષ બાળકો પ્રહ્લાદની વાત સાંભળીને તે ગ્રહણ કરવા લાગ્યા; પરંતુ ગુરૂનું શિક્ષણ ગ્રહણ કર્યું નહી. ૧ આ રીતે એ સર્વ બાળકોની બુદ્ધિ પરબ્રહ્મમાં લાગેલી જોઇને શુક્રાચાર્યના પુત્રે ડરીને એ સર્વ વાત યથાર્થ રીતે હિરણ્યકશિપુને કહી. ૨ પુત્રની એવી અપ્રિય તથા અસહ્ય અનીતિ સાંભળીને તેનું શરીર ક્રોધથી ધ્રૂજવા લાગ્યું, અને પુત્રને મારી નાંખવાનો મનમાં વિચાર કર્યો. ૩ જેનો તિરસ્કાર ન કરવો જોઇએ એવા પ્રહ્લાદનો કઠોર વાણીથી તિરસ્કાર કર્યો, અને વાંકી તથા ક્રોધ ભરેલી દૃષ્ટિથી જોતો, સ્વભાવથીજ દારૂણ અને પગથી કચરાયલા સાપની પેઠે ફુંફાડા મારતો હિરણ્યકશિપુ, જીતેંદ્રિય અને નમ્રતાથી હાથ જોડીને સામે ઉભેલા પ્રહ્લાદને કહેવા લાગ્યો—૪-૫

હિરણ્યકશિપુ કહેછે—અરે વિનય વગરના! હે મંદબુદ્ધિ! તું મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરનારો અભિમાની છે, માટે આજ હું તને યમપુરીમાં મોકલી દઇશ. ૬ જેના કોપથી લોકપાળો સહિત ત્રણે લોક કંપેછે, તે મારી આજ્ઞાનું તું નિર્ભયપણે કોના બળથી ઉલ્લંઘન કરેછે? ૭

પ્રહ્લાદજી કહે છે—હે રાજા! પૂર્વનાં અને હાલનાં સર્વ સ્થાવર જંગમ પ્રાણીઓને તથા બ્રહ્માદિકોને પણ જેણે વશ કરેલા છે, તે ઇશ્વર મને અને તમને બળરૂપ છે, એટલુંજ નહિ, પણ તે બીજા બળવાન પ્રાણીઓના પણ બળરૂપ છે. ૮ અપાર પરાક્રમવાળા એ ઇશ્વર કાળરૂપ છે, શરીરની તથા મનની શક્તિરૂપ છે, બળ બુદ્ધિ તથા ઇંદ્રિયોના નિયંતા છે, અને એજ ત્રણ ગુણોના સ્વામી પરમાત્મા પોતાની માયાશક્તિથી જગતને સરજે છે, પાળેછે અને સંહારેછે. ૯ માટે તમે તમારો આસુરભાવ છોડી દો, અને મનમાં શાંતિ રાખો; કેમકે નહી જીતેલા અને અવળે માર્ગે ચાલનારા મન વગર બીજો કોઇ શત્રુ નથી. મનમાં સમતા રાખવી એજ ભગવાનની સેવા છે. ૧૦ કેટલાક લુંટારાઓ છ ઇંદ્રિઓરૂપી શત્રુને જીત્યા વગર પ્રથમથીજ દશે દિશાઓને જીતી લીધેલી માનેછે; પરંતુ જે મનને જીતનારા અને પ્રાણીમાત્ર ઉપર સમતા રાખનારા જ્ઞાની છે, તેને પોતાના અજ્ઞાનથી કલ્પાયલા શત્રુ ક્યાંથીજ હોય? ૧૧

હિરણ્યકશિપુ કહે છે—તું નક્કી મરવાને જ ઇચ્છે છે, કેમકે તું બહુ બકે છે. હે મંદબુદ્ધિ! જેનું મરણ પાસે આવેછે, તેને જો-

લવાનો ઢંગધડો રહેતો નથી. ૧૨ હે મંદ ભાગી! તું મારા વિના બીજાને જગતનો ઈશ્વર કહેછે, તે જો હોય તો ક્યાં છે? બતાવ.

પ્રહ્લાદે કહ્યું—તે સર્વ સ્થળે વ્યાપેલાછે.

હિરણ્યકશિપુ બોલ્યો—ત્યારે તે આ થાંભલામાં કેમ દેખાતો નથી?

પ્રહ્લાદે કહ્યું—આ રહ્યા, દેખાય છે.

તે થાંભલામાં કાંઇ નહી દેખાવાથી હિરણ્યકશિપુ બોલ્યો કે—૧૩ તું આમ અવળું બકે છે, માટે તારૂં માથું ધડથી જૂદું કરી દઈશ, પછી તારૂં રક્ષણ કરનારો ભગવાન તને શી રીતે બચાવેછે તે હું જોઉંછું.

નારદજી કહે છે—એ રીતે મહા વૈષ્ણવ પુત્રને દુષ્ટ વચનોથી વારંવાર પીડતો અને ક્રોધે ભરાયેલો એ મહા બળવાન દૈત્ય હાથમાં ખડ્ગ લઇ આસન ઉપરથી ઉછળ્યો, અને થાંભલા પાસે જઇને તેમાં તેણે જોરથી મુક્કી મારી. ૧૫ હે યુધિષ્ઠિર રાજા! તે ક્ષણે એ થાંભલામાંથી ભયંકર શબ્દ થયો, જેથી બ્રહ્માંડરૂપી કઢાઇ ફૂટી ગઇ. એ શબ્દ સાંભળીને પોતાના લોકમાં રહેલા બ્રહ્માદિક દેવતાઓને પણ પોતાના લોકનો નાશ થશે એમ લાગ્યું. ૧૬ પરાક્રમ કરતા અને બળથી પુત્રને મારી નાંખવાને ઇચ્છતા એ દૈત્યે અપૂર્વ અને અદ્‌ભૂત શબ્દ સાંભળ્યો, જેથી દૈત્યના સેનાપતિઓ પણ ભય પામ્યા; પરંતુ સભામાં શબ્દ કરનારો જોવામાં આવ્યો નહી. ૧૭ એટલામાં શ્રી હરિ નીચે કહેલી વાતો સત્ય કરવાને પ્રગટ થયાઃ—પોતાના ભક્ત પ્રહ્લાદે કહ્યું હતું કે—'ભગવાન થાંભલામાં દેખાય છે' એ વાત ખરી કરવા માટે; તથા 'સર્વ સ્થળે છે' એ વાત ખરી કરવા માટે, પોતાના પાર્ષદ હિરણ્યકશિપુએ બ્રહ્મા પાસેથી વરદાન માગ્યું હતું કે—"હું તમારાં સરજેલાં પ્રાણીઓથી મરૂં નહી, મનુષ્યથી કે પશુથી, ઘરમાં કે બહાર, રાતે કે દિવસે પણ મરૂં નહિ" એ વાત ખરી કરવા માટે, પોતાના ભક્ત બ્રહ્માએ હિરણ્યકશિપુને 'તથાસ્તુ' કહેલું તે વરદાન ખરૂં કરવા માટે, હિરણ્યકશિપુએ કહ્યું હતું કે 'કદાચ આ પુત્ર સાથે વૈર કરવાથી મારૂં મૃત્યુ થશે' એ વાત ખરી પાડવા માટે, પોતાના ભક્ત નારદજીએ ઇંદ્રને કહ્યું હતું કે—'આ કયાધુનો ગર્ભ તારાથી નહિ મરતાં સર્વથી નિર્ભય રહેશે' એ વાત ખરી કરવા માટે, તેમજ વળી ભગવાને પોતાના ભક્તોને અનેકવાર કહેલું છે કે—'હું મારા ભક્તોની રક્ષા કરૂંછું' એ વાત ખરી કરવા માટે, નહી પશુ કે નહી મનુષ્ય એવું અદ્‌ભૂત નૃસિંહરૂપ ધરીને ભગવાન સભા મધ્યે થાંભલામાંથી પ્રગટ થયા. ૧૮ અદ્‌ભૂત શબ્દ સાંભળીને હિરણ્યકશિપુ આ શબ્દ કોણે કર્યો? એમ ચારે તરફ જોતો હતો, એટલામાં તો થાંભલામાંથી નૃસિંહરૂપ નીકળતું જોઇને વિચારવા લાગ્યો કે-આ તો જાનવર પણ નથી, તેમ માણસ પણ નથી, સિંહ અને મનુષ્યનું મિશ્રિત સ્વરૂપ છે, આ વિચિત્ર સ્વરૂપ શાનું હશે? ૧૯ એ પ્રમાણે વિચારેછે એટલામાં મહા ભયંકર નૃસિંહરૂપ તેની પાસે આવ્યું, તેમની આંખો તપાવેલા સુવર્ણ જેવી ભયંકર હતી, જટા તથા કેશવાળીના પ્રકાશથી મોઢું ઘણું ભારે દેખાતું હતું. ૨૦ દાઢો વિકરાળ હતી, જીભ સજૈયાની ધાર જેવી તીક્ષ્ણ હતી, મુખ ચઢેલી ભ્રકુટિથી ભયંકર લાગતું હતું, કાન ઊંચા હતા, પર્વતની ગુફા જેવું અદ્‌ભૂત ફાટેલું મુખ અને નાસિકા હતાં, કાનના મૂળ સુધી ફાટેલાં ગલોફાં હોવાથી મહા ભયંકર દેખાતાં હતાં. ૨૧ આકાશને અડકે એટલું ઉંચું શરીર હતું, ડોક ટુંકી અને જાડી હતી, છાતી મહા વિશાળ હતી, કમર પાતળી હતી, અને ચંદ્રનાં કિરણો જેવી પ્રકાશતી શ્વેત રોમાવળીથી શરીર ઢંકાઇ ગયું હતું. હજારો હાથ સર્વ દિશાઓમાં ફેલાઈ ગયા હતા, આયુધો જેવા નખ શોભતા હતા. ૨૨ ભયથી કોઇ પાસે જઇ શકતું ન હતું, તેમણે ચક્ર વગેરે પોતાનાં આયુધો તથા વજ્રાદિક દિવ્ય શસ્ત્રો ધારણ કર્યાં હતાં, તેથી દાનવો તથા દૈત્યો નાસતા હતા, આવું સ્વરૂપ જોઇને હિરણ્યકશિપુ કહેવા લાગ્યો કે—

મહા માયાવાળા વિષ્ણુએ આવી રીતે મારો નાશ કરવાનું ધાર્યું છે, એના આવા ઉદ્યમથી મને શું થવાનું છે? ૨૩ એમ બોલીને એ દૈત્ય હાથમાં ગદા લઇને નૃસિંહ ભગવાન ઉપર ધસી આવ્યો, તે વખતે અગ્નિમાં પડેલા પતંગીયાની પેઠે તે નૃસિંહ ભગવાનના તેજમાં અદૃશ્ય થઇ ગયો. અર્થાત્ ભગવાનના તેજ આગળ તે નિસ્તેજ થઇ ગયો. ૨૪ સત્વસ્વરૂપના પ્રકાશક ભગવાન કે જે સૃષ્ટિના આરંભ સમયે પ્રલયકાળના અંધકારને પોતાના તેજથી પી ગયા હતા, તેમના તેજ આગળ તે દૈત્ય નિસ્તેજ થઇ જાય તેમાં આશ્ચર્ય નથી. પછી હિરણ્યકશિપુએ આવીને ક્રોધથી ભારે વેગવાળી ગદાથી નૃસિંહ ભગવાન ઉપર પ્રહાર કર્યો. ૨૫ એટલામાં જેમ ગરૂડજી મોટા સર્પને પકડી લે તેમ તે પરાક્રમ કરતા ગદાધારી દૈત્યને ભગવાને પકડી લીધો, પરંતુ રમતમાત્રમાં તે જેમ ગરૂડની ચાંચમાંથી સર્પ નીકળી જાય તેમ ભગવાનના હાથમાંથી છુટી ગયો. ૨૬ હે ધર્મરાજા! જેઓનાં સ્થાન હિરણ્યકશિપુએ લઇ લીધાં હતાં એવા સર્વ લોકપાળો તથા દેવતાઓ કે જેઓ વાદળાંને ઓઠે રહીને જોતા હતા તેઓ એ દૈત્યને ભગવાનના હાથમાંથી છુટી ગયેલો જોઇને એ વાતને ઘણી અશુભ માનવા લાગ્યા. હવે એ ભગવાનના હાથમાંથી છુટી બચેલો દૈત્ય ભગવાન પોતાના પરાક્રમથી ડરેછે એમ માનીને ભગવાનની ઉપર ધસી આવ્યો. ૨૭ બાજપક્ષીના જેવા વેગવાળા અને ઢાલ તરવારના દાવપેચથી શત્રુને ન ફાવે એવી રીતની યુક્તિઓથી ઉપર નીચે ફરતા હિરણ્યકશિપુને, નૃસિંહ ભગવાને ભયંકર શબ્દવાળું તીવ્ર અટ્ટહાસ્ય કરી પોતાના તેજથી તેની આંખો મીંચાવી દઇને મોટા વેગથી તેને પકડી લીધો. ૨૮ સર્પે પકડેલા ઊંદરની પેઠે પરવશ પડી ચારે તરફ તરફડીઆં ખાતો અને જેની ચામડી ઇંદ્રના વજ્રથી પણ કપાઇ નહતી, એવા હિરણ્યકશિપુને બારણા વચ્ચે પોતાની સાથળો ઉપર નાંખીને ગરૂડ જેમ મહા ઝેરી સાપને ચીરી નાંખે તેમ રમતમાત્રમાં સાયંકાળે નખોવડે ચીરી નાંખ્યો. ૨૯ ક્રોધને લીધે કોઇથી પણ જેની સામે જોઇ શકાતું નહતું, એવા મહા વિકરાળ નેત્રવાળા, મુખનાં ફાટેલાં ગલોફાંને જીભથી ચાટતા, ગળામાં આંતરડાંની માળા પેહેરેલા, હાથીને મારનારા સિંહની પેઠે જેની જટા અને મુખ લોહીનાં ટીપાંથી ખરડાઇને લાલ થઇ ગયાં છે એવા, ૩૦ અને હાથરૂપી સેનાવાળા નૃસિંહ ભગવાને હિરણ્યકશિપુ કે જેના હૃદયકમળને નખોની અણીઓથી ફાડી નાંખ્યું હતું, તેને દૂર ફેંકીને, તેના હથિયારવાળા હજારો અનુચરો તથા પક્ષપાતીઓને ચારે તરફથી નખો, શસ્ત્રો અને પાટુઓના મારથી મારી નાંખ્યા. ૩૧ એ સમયે ભગવાનની કેશવાળીથી કંપેલાં વાદળાં વિખરાઇ ગયાં, ભગવાનની દૃષ્ટિના તેજથી ગ્રહો નિસ્તેજ થઇ ગયા, તેમના શ્વાસથી સમુદ્રોમાં તોફાન થવા લાગ્યું, અને તેમનો શબ્દ સાંભળીને ભયભીત બનેલા દિગ્ગજો ચીસો પાડવા લાગ્યા ૩૨ કેશવાળીની ઝપટથી વિમાનો આકાશમાં ઉંચે ઉડવા લાગ્યાં, પગના ભારથી પૃથ્વી કંપવા લાગી, તેમના વેગથી પર્વતો પડવા લાગ્યા અને તેજથી આકાશ તથા દિશાઓ ઝાંખી પડી ગઇ. ૩૩ પછી સભામાં ઉત્તમ રાજ્યાસન ઉપર બેઠેલા, પોતાના તેજથી સર્વનું તેજ હરનારા અને જેની સામે કોઇપણ શત્રુ જોવામાં આવતો નથી એવા મહા ક્રોધથી ભરેલા અને વિકરાળ મુખવાળા એ નૃસિંહ ભગવાનની પાસે કોઇ પણ જઈ શક્યું નહી. ૩૪ ત્રણે લોકનાં માથાંના શુળ જેવા એ આદિદૈત્ય હિરણ્યકશિપુને ભગવાને મારી નાંખ્યાની વાત સાંભળીને આનંદના ઉભરાથી પ્રફુલ્લિત મુખવાળી દેવાંગનાઓ વારંવાર પુષ્પવૃષ્ટિ કરવા લાગી. ૩૫ તે સમયે ભગવાનનાં દર્શન માટે આવેલા દેવતાઓનાં વિમાનોના સમૂહથી આકાશ છાઇ ગયું, દેવતાઓનાં દુંદુભિ વાગવા લાગ્યાં, અને અપ્સરાઓ નાચવા લાગી. ૩૬ બ્રહ્મા, ઇંદ્ર અને શંકર આદિ દેવતાઓ, ઋષિઓ, પિ-

તૃઓ, સિદ્ધો, વિદ્યાધરો, મોટા મોટા નાગ, મનુઓ, પ્રજાપતિઓ, ગંધર્વો, અપ્સરાઓ, ચારણો, યક્ષો, કિંપુરૂષો, વૈતાળો, કિન્નરો, અને સુનંદ તથા કુમુદ આદિ ભગવાનના સર્વે પાર્ષદો ત્યાં આવીને, માથા ઉપર બે હાથ જોડીને થોડે છેટે ઉભા રહ્યા, અને સિંહાસન ઉપર બિરાજેલા અત્યંત તીવ્ર તેજવાળા નૃસિંહજીની જુદી જુદી સ્તુતિ કરવા લાગ્યા. ૩૭-૩૮-૩૯

બ્રહ્મા સ્તુતિ કરે છે—સત્વ આદિ ગુણો દ્વારા આપની લીલાથી જગતની ઉત્પત્તિ, સ્થિતિ તથા સંહાર કરનારા, અવ્યય સ્વરૂપવાળા, અનંત શક્તિવાળા, વિચિત્ર પરાક્રમવાળા અને પવિત્ર ચરણવાળા આપને હું પ્રણામ કરૂંછું. ૪૦

શંકર સ્તુતિ કરે છે—આપના કોપનો સમય તો પ્રલયકાળ જ છે, હમણાં તો આપે આ એક નાના દૈત્યને માર્યો છે, માટે હે ભક્તવત્સળ! હવે ક્રોધ શાંત કરીને આપના શરણાગત ભક્ત પ્રહ્લાદની રક્ષા કરો. ૪૧

ઇંદ્ર સ્તુતિ કરે છે—હે પરમેશ્વર! તમે અમારૂં રક્ષણ કરી દૈત્યની પાસેથી અમારા યજ્ઞભાગ અમને પાછા અપાવ્યા, આપનું ધ્યાન કરવાના સ્થાનરૂપી અમારૂં હૃદય કમળ દૈત્યોના ભયથી વ્યાપેલું હતું, તેને ભયરહિત કરીને પ્રફુલ્લિત કર્યું. જેનો કાળે કરીને નાશ થનાર છે, એવું આ ત્રણલોકનું રાજ્ય તો આપના ભક્તજનોને શા ગણત્રીમાં છે? કારણ કે તેઓ મુક્તિને પણ ઉત્તમ માનતા નથી, ત્યારે બીજાં સુખો તે શી ગણત્રીમાં છે? ૪૨

ઋષિઓ સ્તુતિ કરે છે—હે આદિ પુરૂષ! હે શરણાગત રક્ષક! આપના પ્રભાવથી ભરપૂર ધ્યાનરૂપ તપવડે આપનામાં રહેલું આ જગત ઉત્પન્ન કર્યું છે, તે તપ કરવાનું આપે અમને કહ્યું છે, પરંતુ એ તપનો આ દૈત્યે નાશ કર્યો હતો, માટે તેના રક્ષણ માટે અવતાર ધારણ કરીને ફરીથી તપ કરવાને આપે અમને આજ્ઞા કરી છે. ૪૩

પિતૃઓ સ્તુતિ કરે છે—આ દુષ્ટ દૈત્ય, અમને અમારા પુત્રોએ આપેલાં શ્રાદ્ધ અને તીર્થોમાં આપેલા તલ તથા જળને પણ બળાત્કારે લઇ લેતો હતો, તે દૈત્યનું પેટ નખોથી ચીરી નાંખીને આપે અમને એ સર્વ પાછું અપાવ્યું છે માટે સર્વ ધર્મના રક્ષક એવા આપને અમે પ્રણામ કરીએ છીએ. ૪૪

સિદ્ધો સ્તુતિ કરે છે—જે દુષ્ટ દૈત્ય યોગ અને તપના બળથી અમારી યોગસિદ્ધિઓને લઇ ગયો હતો, એ અપાર ગર્વવાળા દૈત્યને આપે નખોથી ચીરી નાંખ્યો, એવા આપ નૃસિંહ ભગવાનને અમે નમસ્કાર કરીએ છીએ. ૪૫

વિદ્યાધરો સ્તુતિ કરે છે- બળ તથા પરાક્રમથી ગર્વિષ્ટ બનેલા દૈત્યે જુદી જુદી ધારણાથી મેળવેલી અમારી વિદ્યાને અટકાવી દીધી હતી, તે દૈત્યને આપે યુદ્ધમાં પશુની પેઠે માર્યો, તે માયાથી નૃસિંહરૂપ ધરનારા આપને અમે વારંવાર પ્રણામ કરીએ છીએ.૪૬

નાગલોક સ્તુતિ કરે છે—જે પાપીએ અમારાં રત્ન અને ઉત્તમ સ્ત્રીઓનું હરણ કર્યું હતું, તે દૈત્યના વક્ષઃસ્થળને ચીરીને અમને જેમણે આનંદ આપ્યો છે, એવા આપને અમે નમસ્કાર કરીએ છીએ. ૪૭

મનુઓ સ્તુતિ કરે છે— અમે મનુઓ આપની આજ્ઞા પ્રમાણે કર્મ કરનારા છીએ, તેની સર્વ મર્યાદાઓનો જેણે ભંગ કર્યો હતો તે દુષ્ટ દૈત્યને આપે માર્યો, એ બહુ સારૂં કર્યું. હે પ્રભુ! અમો તમારા દાસજનોને શી આજ્ઞા છે? અમને આજ્ઞા કરો. ૪૮

પ્રજાપતિઓ સ્તુતિ કરે છે— હે પરમેશ્વર! આપની પ્રેરણાથી અમો પ્રજાને રચતા હતા, તે આ દુષ્ટ દૈત્યના અટકાવથી અમે અમારૂં કાર્ય કરી શકતા ન હતા, તે દૈત્યને આપે નખોવતી ચીરી નાંખવાથી તે ધરતી ઉપર ઢળી પડ્યો છે. હવે અમે આનંદથી પ્રજાને રચીશું. હે સત્વમૂર્તિ! આપનો આ અવતાર જગતનું કલ્યાણ કરનારો છે. ૪૯

ગંધર્વો સ્તુતિ કરે છે- હે પ્રભુ! અમે આપની પાસે નાચનારા અને ગાનારા છીએ તેઓને જે દૈત્યે પોતાના શૌર્ય અને બળના

યજ્ઞભાગો સ્વાધીન કર્યા હતા, તે દૈત્યની આજ આપે આવી દશા કરી એ ઠીક કર્યું છે. શું ઉલટે માર્ગે ચાલનારનું કલ્યાણ થાયછે ! ૫૦

ચારણો સ્તુતિ કરે છે—સાધુ લોકોને દુઃખ દેનારા આ દૈત્યને આપે પૂરો કર્યો, માટે હે હરિ ! અમે આપનાં સંસારને મટાડનારાં ચરણારવિંદને શરણે આવ્યા છીએ. ૫૧

યક્ષો સ્તુતિ કરે છે—હે ચોવીશ તત્વોના અધિપતિ ! અમે દાસજનો ઉત્તમ કામો કરીને આપની સેવા કરીએ છીએ, તેઓને આ દુષ્ટ દૈત્યે પોતાના વેઠીઆ બનાવ્યા હતા, એ દુઃખો જાણીને આપે આજ તેને મારી નાંખ્યો છે. ૫૨

કિંપુરૂષો સ્તુતિ કરે છે—અમે કિંપુરૂષો છીએ અને આપ મહા પુરૂષ ઇશ્વર છો, તેથી અમે આપની સ્તુતિ શી રીતે કરીએ ? આ દુષ્ટ હિરણ્યકશિપુને જયારથી મહાત્માઓએ ધિક્કાર્યો હતો ત્યારથીજ તે મરી ગયો હતો. ૫૩

વૈતાલિકો સ્તુતિ કરે છે—સભાઓમાં અને યજ્ઞોમાં આપની નિર્મળ કીર્તિનું ગાન કરીને અમે મહાપુજા પામતા હતા, પરંતુ આ દુર્જન અમારી એ પૂજાની પેહેરામણી લઇ જતો હતો. માટે રોગની પેઠે તેનો નાશ કર્યો એ બહુ સારૂં કર્યું. ૫૪

કિન્નરો સ્તુતિ કરે છે—હે હરિ ! અમે તમારા સેવક કિન્નરો છીએ, આ દૈત્ય અમારી પાસે વેઠ કરાવતો હતો, તેને તમે મારી નાંખ્યો, માટે હે નાથ ! હે નૃસિંહ ! આપ અમારૂં કલ્યાણ કરો. ૫૫

વિષ્ણુના પાર્ષદો સ્તુતિ કરે છે—હે ભક્તોને આશ્રય આપનારા ! સર્વ લોકોને સુખ દેનારૂં આપનું આ અદ્ભૂત નૃસિંહરૂપ તો અમે આજેજ જોયું. હે પ્રભુ ! આ આપના સેવક હિરણ્યકશિપુને બ્રાહ્મણોએ શાપ આપ્યો હતો, તેનો આપે અંત આણ્યો, તે તેના અનુગ્રહ માટેજ કર્યું છે, એમ અમે જાણીએ છીએ. ૫૬

अद्यैतद्धरि नररूपमद्भुतं ते
दृष्टं नः शरणद सर्व लोक शर्म ॥
सोयं ते विधिकर ईश विप्रशप्त
स्तस्येदं निधन मनुग्रहाय विद्मः ॥

ઇતિશ્રી ભાગવત મહાપુરાણના સપ્તમ સ્કંધમાં "હિરણ્યકશિપુવધ તથા નૃસિંહ સ્તુતિ વર્ણન" નામનો ૮ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૯ મો.

પ્રહ્લાદે નૃસિંહજીની કરેલી સ્તુતિ.

નારદउवाच.

एवं सुरादयः सर्वे ब्रह्मरुद्रपुरः सरा ॥
नोपेतुमशकन्मन्युसंरंभं सुदुरासदम् ॥

નારદજી કહે છે—એ રીતે ક્રોધે ભરાયેલા અને જેમની પાસે ન જઇ શકાય એવા નૃસિંહ ભગવાનથી દૂર ઉભા રહીને બ્રહ્મા, રૂદ્ર વગેરે સર્વ દેવતા સ્તુતિ કરતા હતા, પણ તેમની પાસે જઇ શકયા નહી. ૧ પછી દેવતાઓએ સાક્ષાત્ લક્ષ્મીજીને તેમની પાસે મોકલ્યાં, પરંતુ તે પણ કદી નહી જોયેલું અને નહી સાંભળેલું એવું અદ્ભુત સ્વરૂપ જોઇ ત્રાસના ડરથી પાસે જઈ શકયાં નહી.૨ પછી પાસે ઉભેલા પ્રહ્લાદને બ્રહ્માએ કહ્યું કે-હે તાત ! તારા પિતા ઉપર કોપેલા ભગવાનની પાસે તું જા, અને તેમને શાંત કર. ૩ હે રાજા ! બ્રહ્માની આજ્ઞા માથે ચઢાવીને ભગવાનના પરમભક્ત એ બાળકે ધીરે ધીરે નૃસિંહની પાસે જઇ, બે હાથ જોડી, પૃથ્વી ઉપર પડીને શરીરવડે પ્રણામ કર્યા. ૪ નૃસિંહભગવાને એ બાળકને પોતાનાં ચરણના મૂળમાં પડેલો જોઇને પરિપૂર્ણ કૃપા કરીને ઊઠાડયો, અને કાળરૂપ સર્પથી મનમાં ત્રાસ પામેલા લોકોને અભય આપનારો પોતાનો હસ્ત કમળ તેમના માથા ઉપર મૂક્યો. ૫ ભગવાનના હાથનો સ્પર્શ થતાંજ તેનાં સર્વ પાપ અને વાસનાઓ ટળી ગઇ, અને તુરત અપરોક્ષ જ્ઞાન પ્રાપ્ત થયું, હૃદયમાં નિર્વૃત્તિ સુખ થયું, શરીર રોમાંચિત થઇ ગયું, હૃ-

દય પ્રેમથી ભરાઇ ગયું, નેત્રોમાં પ્રેમનાં આંસુ આવ્યાં અને મનમાં ભગવાનનાં ચરણારવિંદનું ધ્યાન કરવા લાગ્યો. ૬ પછી જીતેંદ્રિય પ્રહ્લાદજી પોતાનાં નેત્ર અને હૃદયને શ્રીહરિમાં જોડીને એકાગ્ર ચિત્તથી તથા પ્રેમથી ગદ્ગદ વાણીવડે સ્તુતિ કરવા લાગ્યા. ૭

પ્રહ્લાદ સ્તુતિ કરે છે—સત્ત્વ ગુણથી વિસ્તાર પામેલી બુદ્ધિવાળા બ્રહ્માદિક દેવતાઓ, મુનિઓ અને સિદ્ધ લોકો પણ વચનોના પ્રવાહોથી તથા અનેક ગુણોથી આજ સુધી આપનું આરાધન કરવાને સમર્થ થયા નથી, ત્યારે આસુરી બુદ્ધિવાળો હું આપને શી રીતે પ્રસન્ન કરી શકું? ૮ પરંતુ હું માનું છું કે–ધન, ઉત્તમ કુળમાં જન્મ, રૂપ, તપ, વિદ્વાનપણું, ઇંદ્રિયોની કુશળતા, કાન્તિ, પ્રભાવ, બળ, ઉદ્યમ, બુદ્ધિ અને અષ્ટાંગયોગ એ સર્વે ભગવાનને પ્રસન્ન કરવાને સમર્થ નથી, ભગવાન ભક્તિવડે ગજેન્દ્ર ઉપર પ્રસન્ન થયા હતા. ૯ જે મનુષ્ય જાતે બ્રાહ્મણ હોય અને તે ઉપર કહેલા બાર ગુણો વાળો હોય; પરંતુ તે જો ભગવાનથી વિમુખ હોય, તો તેના કરતાં પોતાનાં મન, કર્મ, વચન, ધન અને પ્રાણ ભગવાનને અર્પણ કરનારા ચંડાળને હું ઉત્તમ માનું છું, કારણ કે એ પોતાના કુળને પવિત્ર કરે છે, અને બહુ ગર્વવાળો બ્રાહ્મણ પોતાને પણ પવિત્ર કરી શકતો નથી. ૧૦ ભગવાન પોતે પોતાના સ્વરૂપના લાભથી પરિપૂર્ણ છે, તેથી અજ્ઞાની મનુષ્યની પાસેથી પોતાની પૂજા ગ્રહણ કરવાની ઇચ્છા કરતા નથી; પરંતુ દયાળુ હોવાથી પૂજાને ઇચ્છે છે, જેમ મનુષ્યના મુખ ઉપરની સઘળી શોભા સત્વર તેના પ્રતિબિંબને મળે છે, તેમ ભગવાનની જે જે પૂજા કરવામાં આવે છે તે તે પૂજા, પૂજા કરનારને મળે છે. ૧૧ માટે નીચ અને આથાવડે સંસારમાં પડેલો હું નિર્ભય થઇને સઘળા પ્રયત્નોથી મારી બુદ્ધિ પ્રમાણે ઇશ્વરનો મહિમા વર્ણવું છું, કારણ કે આપનો મહિમા ગાનાર પવિત્ર થઇ જાય છે. ૧૨ હે પ્રભુ! આપનાથી ઉદ્વેગ પામતા આ સર્વ દેવતાઓ આપ કે જે સત્વગુણના ભંડાર છો તેમના દાસ છે, પરંતુ તેઓ અમારી પેઠે શત્રુભાવે ભજનારા નથી. આપે સુંદર અવતારો વડે કરેલી લીલા જગતના કલ્યાણ, ઐશ્વર્ય અને સુખને માટે હોય છે; પરંતુ લોકોને ભય ઉપજાવવાને માટે નથી હોતી.

૧૩ માટે આપ હવે ક્રોધને શાંત કરો. આપ અસુરનો તો નાશ કરી ચુક્યા છો, તો પછી હવે ક્રોધનું શું કામ છે? વીંછી અને સાપનો નાશ કરવાથી જેમ મહાત્માઓ પ્રસન્ન થાય છે તેમ આપે આ દૈત્યનો નાશ કર્યો થી સત્પુરૂષો પ્રસન્ન થયા છે, તેઓ સર્વ આપનો ક્રોધ શાંત થયેલો જોવાને ઇચ્છે છે. હે નૃસિંહજી! પોતાનો ભય દૂર કરવાને માટે લોકો આપના સ્વરૂપનું સ્મરણ કરે છે માટે હવે ક્રોધ શાંત કરો. ૧૪ હે અજીત! આપનું અતિ ભયંકર મુખ, જીભ, સૂર્યના જેવી આંખો, ભ્રકુટિ અને વિકરાળ દાઢોવડે બિહામણું દેખાય છે, આંતરડાંની માળા ધારણ કરી છે, કેશવાળી લોહીથી ખરડાયેલી છે, કાન ખીલાની પેઠે ઉભા છે, શત્રુને ફાડી નાંખે એવી નખની અણીઓ છે, અને ગર્જનાથી દિગ્ગજો પણ ભયભીત થઈ જાય છે, આવું આપનું ભયંકરરૂપ છે, તેનાથી હું ડરતો નથી. ૧૫ પરંતુ હે દીનદયાળ! અસત્ય તથા ઉગ્ર સંસારચક્રના દુઃખથી હું બહુજ ડરૂં છું, તેમાં પણ હું પોતાનાં કર્મ બંધનથી હિંસક લોકોમાં પડયો છું, તેથી મને ઘણોજ ભય લાગે છે. માટે હે સુંદર! આપ પ્રસન્ન થઇને મોક્ષરૂપ અને શરણરૂપ આપનાં ચરણારવિંદમાં મને ક્યારે બોલાવશો? ૧૬ પ્રિય પદાર્થોના નાશથી અને અપ્રિય પદાર્થોના લાભથી ઉત્પન્ન થતા શોકરૂપ અગ્નિથી સર્વ અવતારોમાં હું બળ્યા કરૂં છું. સંસારમાં દુઃખ ટાળવાના જે જે ઉપાયો છે તે પણ દુઃખદાયી છે, તો પણ હું દેહાદિકના અભિમાનથી ભટક્યા કરૂં છું. માટે હે પ્રભુ! હવે મને આપની સેવા બતાવો. ૧૭ હે નૃસિંહ! આપની સેવાથી હું બંધનોથી છુટીને તથા આપનાં ચરણારવિંદમાં રહેનારા જ્ઞાની લોકોનો સંગ કરીને પ્રિય સંબંધી

તથા પરમ દૈવતરૂપ આપની બ્રહ્માએ ગાયેલી પવિત્ર કથાઓને ગાવાથી વિનાશ્રમે દુઃખોને તરી જઈશ. ૧૮ હે નૃસિંહ ભગવાન ! આ જગતમાં દુઃખ મટાડવાને માટે જેટલાં સાધન છે, તે સર્વે જ્યાં સુધી તમે પ્રાણીઓની ઉપેક્ષા કરતા નથી ત્યાં સુધી કામ આવે છે, જો તમે ઉપેક્ષા કરો તો માતા પિતા પણ બાળકનાં રક્ષા કરી શકતાં નથી, ઔષધ રોગીનું રક્ષણ કરી શકતું નથી, અને સમુદ્રમાં ડુબતાં મનુષ્યનું વાહાણ પણ રક્ષણ કરી શકતું નથી. ૧૯ જુદા જુદા સ્વભાવવાળા પૂર્વે ઉત્પન્ન થયેલા બ્રહ્માદિક અથવા તે પછી ઉત્પન્ન થયેલા પિતા વગેરે જે નામાં, જે કારણથી, જ્યારે, જે સંબંધી, જેને માટે, જે પ્રકારે, જેની પ્રેરણાથી, અને જેને ઉત્પન્ન કરે છે તથા રૂપાંતરને પમાડેછે, તે સર્વ આપનુંજ સ્વરૂપ છે. ૨૦ મન કે જે કર્મ કરનાર, બળવાન, વેદોક્ત કર્મમય, અને અવિદ્યાએ અર્પેલા સોળ વિકારરૂપ આરાવાળું (વિકારવાળું) છે, તેને કાળે ક્ષોભ પમાડેલા ગુણોવાળી માયા પોતાના અંશરૂપ પુરૂષની દૃષ્ટિથી ઉત્પન્ન કરે છે, એવા સંસાર ચક્રરૂપ મનથી તમારા ભક્ત વગર કોણ તરી શકે ? ૨૧ ચૈતન્ય શક્તિથી નિરંતર બુદ્ધિના ગુણોને જીતનારા, માયાના પ્રેરક અને કાર્ય તથા સાધનોની શક્તિઓને સ્વાધીન રાખનારા એવા આપની માયાથી સોળ વિકારવાળા સંસાર ચક્રમાં હું પડેલો છું અને શેરડીની પેઠે પીલાઉંછું, તે શરણાગત ભકતને પોતાની પાસે લઇ લ્યો. ૨૨ હે પ્રભુ ! સર્વ લોકપાળોનાં આયુષ્ય, લક્ષ્મી અને વૈભવ કે જેને લોક ઇચ્છે છે, તે સર્વ મેં જોઇ લીધાં છે, તે એ મારા પિતાના ક્રોધયુક્ત હાસ્યથી ઉંચી ચડેલી ભ્રકુટિના ફરકવાથી નાશ પામ્યાં હતાં, તે મારા પિતાને પણ આપે મારી નાંખ્યો છે. ૨૩ માટે વૈભવોના પરિણામને જાણનારો હું બ્રહ્મા પર્યંત સર્વ પ્રાણીઓનાં આયુષ્ય, લક્ષ્મી તથા ઇંદ્રિયોથી ભોગવાતાં સુખ અને ભોગની ઇચ્છા કરતો નથી, તેમ આપના કાળરૂપ પ્રબળ પરાક્રમથી નાશ થનારી સિદ્ધિઓને પણ હું ઇચ્છતો નથી. માટે મને આપના દાસની પાસે લઈ જાઓ. ૨૪ કેવળ કાનને સુખ આપનારાં, પરંતુ પરિણામે ઝાંઝવાંનાં જળ જેવાં સંસારનાં સુખોમાં શો સાર છે ? તેમજ સર્વ રોગના સ્થાનરૂપ આ શરીરમાં પણ શો સાર છે ? આ પ્રમાણે મનુષ્યો જાણે છે, તો પણ પરિશ્રમથી મળતાં અલ્પ સુખોથી કામના રૂપ અગ્નિને શાંત કરે છે, પરંતુ વૈરાગ્ય પામતા નથી. ૨૫ હે ઈશ્વર ! રજોગુણથી રચેલા શરીરવાળા અને તમોગુણની વૃદ્ધિવાળા આ દૈત્યકુળમાં જન્મેલો હું ક્યાં ? અને આપની દયા ક્યાં ? જે દયાથી પરમપુરૂષાર્થરૂપ આપનો હસ્તકમળ કે જે આજ પર્યંત બ્રહ્મા, શંકર કે લક્ષ્મીજીના માથા ઉપર પણ મૂક્યો નથી, તે મારા માથા ઉપર ધારણ કર્યો. ૨૬ બ્રહ્માદિક ઉત્તમ છે, અને આ અસુર નીચ છે, એવી આપને સાધારણ લોકોના જેવી વિષમ દૃષ્ટિ નથી, કેમકે આપ તો સઘળા જગતના આત્મા અને મિત્ર છો, તો પણ કલ્પવૃક્ષની પેઠે જે જેવી સેવા કરે છે તેને તેવો અનુગ્રહ કરી ફળ આપોછો. ૨૭ હે ભગવાન ! જેમ આપે મારા ઉપર દયા કરીને અને પોતાનો કરી રાખ્યો, એ પ્રમાણેજ સંસારરૂપી સર્પવાળા કુવામાં પડેલા અને વિષય સુખની ઈચ્છાવાળા લોકોના પ્રસંગથી અંધારા કુવામાં પડતાં અને નારદજીએ પોતાનો કરી રાખ્યો છે, તેથી હું આપના દાસજનોની સેવા શી રીતે છોડી શકું ? ૨૮ હે અનંત ! આપે મારા પ્રાણની રક્ષા કરી અને મારા પિતાનો વધ કર્યો, તે પોતાના દાસ અને ઋષિયોનાં વચન સત્ય કરવા માટે કરેલું છે એમ હું માનુંછું. અયોગ્ય કર્મ કરવાની ઇચ્છાવાળો મારો પિતા હાથમાં તરવાર લઇને બોલ્યો હતો કે—"મારા વિના બીજો કોઇ ઇશ્વર હોય તો ભલે તે તારી રક્ષા કરે, હું તો તારૂં માથું કાપી નાંખુંછું." એમ કહ્યું, તે વેળા ભક્તોને અભયદાન દેવાને માટે આપ પ્રગટ થયા છો. ૨૯ આપ સર્વ જગતરૂપ એકજ છો, જગતના આદિમાં અને અંતમાં આપ એકલાજ ર-

હો છો, અને મધ્યમાં પણ આપજ છો. આપે પોતાની માયાથી ગુણોના પરિણામરૂપે આ જગતને સરજીને તેમાં પ્રવેશ કરેલો છે, અને માયાના ગુણોથી આપ કોઇના રક્ષક અને કોઇને મારનારા એમ અનેક રૂપે જણાઓ છો. ૩૦ હે ઇશ્વર ! આ કાર્ય કારણરૂપ જગત આપનાથી જુદું નથી, પણ આપ જગતથી જુદા છો. માટે 'આ પોતાનું અને આ પારકું' એવી જે બુદ્ધિ કરવી તે મિથ્યા અને માયારૂપ છે. જેમ વૃક્ષ પૃથ્વીમય બીજરૂપ છે, અને બીજ સૂક્ષ્મભૂતરૂપ છે, તેમ આ જગત્ પંચમહાભૂતરૂપ છે, પંચભૂત પોતાનાં સૂક્ષ્મભૂતરૂપ છે, અને સૂક્ષ્મભૂત પરબ્રહ્મરૂપ છે. જે જેનાથી ઉત્પન્ન થાય, જેનાથી પ્રકાશિત થાય અને જેમાં લીન થાય, એ વસ્તુ તદ્રૂપ જાણવી. ૩૧ આ જગતને પોતાના સ્વરૂપમાં રાખીને સ્વસ્વરૂપનો અનુભવ કરનારા અને ચેષ્ટા રહિત એવા આપ પ્રલયકાળના જળમાં શેષશય્યા ઉપર પોઢો છો, અને યોગવડે નેત્રો મીંચી આત્મસ્વરૂપના પ્રકાશથી નિદ્રાને જીતી, જાગ્રત, સ્વપ્ન તથા સુષુપ્તિ એ ત્રણ અવસ્થાથી જુદી તુરિયાવસ્થામાં રહો છો, માટે આપ અજ્ઞાનને અથવા જાગ્રત સ્વપ્નના વિષયોને જોતા નથી. ૩૨ આપ પ્રલય કાળના જળમાં પોઢનારા અને પોતાની કાળશક્તિથી પ્રકૃતિના ગુણોના પ્રેરક છો, તે તમારૂં સ્વરૂપ આ જગત્ છે, આપ શેષશય્યા ઉપર પોઢનારાની સમાધિ પુરી થઇ, ત્યારે એક નાના બીજમાંથી જેમ વડ ઉત્પન્ન થાય છે, તેમ આપની નાભિમાંથી મોટું કમળ ઉત્પન્ન થયું, તે તમારા સ્વરૂપમાંજ ગુપ્ત રહેલું છે. ૩૩ એ કમળમાંથી ઉત્પન્ન થયેલા બ્રહ્માએ આસપાસ જોયું તો એક કમળ વિના બીજું કાંઇ જોવામાં આવ્યું નહી. પછી બીજરૂપ આપ કે જે પોતામાંજ વ્યાપીને રહ્યા હતા, તેમને પોતાનાથી બહાર છો એમ ધારીને સો વર્ષ સુધી જળમાં શોધ્યા, તોપણ આપ હાથ લાગ્યા નહી, કારણ કે અંકુર ફુટ્યા પછી બીજ શી રીતે હાથ લાગે? ૩૪ પછી બ્રહ્માએ અતિ વિસ્મય પામી, પાછા ફરી, કમળ ઉપર બેશીને ઘણાં વર્ષ સુધી તપ કર્યું, તેથી તેમનું અંતઃકરણ શુદ્ધ થઇ ગયું, ત્યારે તેમણે પૃથ્વીમાં જેમ સૂક્ષ્મ ગંધ જોવામાં આવે, તેમ ભૂત, ઇંદ્રિય અને અંતઃકરણરૂપ પોતાના શરીરને વિષે આપને વ્યાપેલા દીઠા. ૩૫ એ પ્રમાણે તપ કરવાથી આપનું લોકરૂપ અવયવવાળું માયામય વિરાટસ્વરૂપ કે જેમાં હજારો મુખ, પગ, હાથ, માથાં, નાક, કાન અને નેત્ર હતાં, તથા જે આભૂષણો અને આયુધોથી ભરપૂર હતા, તેને જોઇને બ્રહ્મા આનંદ પામ્યા. ૩૬ વળી તમે હયગ્રીવનો અવતાર ધારણ કરી વેદના દ્રોહી, તથા તમોગુણ રજોગુણરૂપ મધુકૈટભ નામના બે દૈત્યોને મારીને વેદ પાછા આણી આપ્યા હતા. હે પ્રભુ ! સત્વગુણ જ આપની પ્રિયમૂર્તિ કહેવાય છે. ૩૭ હે મહાપુરૂષ ! એ પ્રમાણે મનુષ્ય, પશુ, પંખી, દેવ, અને મત્સ્યાવતાર ધારણ કરીને આપ લોકોનું પાલન કરોછો, લોકોનો દ્વેષ કરનારા પાપીઓનો નાશ કરોછો, અને તે તે યુગમાં ચાલતા ધર્મની રક્ષા કરોછો; પરંતુ કળિયુગમાં તો આપ ગુપ્ત રૂપે રહોછો, ત્રણ યુગમાંજ આપ પ્રગટ દેખાઓછો, તેથી આપનું નામ 'ત્રિયુગ' પ્રસિદ્ધ છે. ૩૮ હે વૈકુંઠનાથ ! પાપથી દૂષિત થયેલું, બહિર્મુખ, તીવ્ર કામનાઓથી આતુર, અને હર્ષ, શોક, ભય, તથા તૃષ્ણાથી પીડિત અમારૂં મન આપની કથામાં લાગતું નથી. માટે હું દીનજન મારી ગતિનો મનમાં કેવી રીતે વિચાર કરી શકું ? ૩૯ હે અચ્યુત ! જેમ એક પતિની પાછળ લાગેલી ઘણી સ્ત્રીઓ તેને તોડી ખાયછે, તેમ આ ઇંદ્રિયો મને ચારે તરફ ખેંચી રહી છે, કોઈ દિવસ તૃપ્ત થતીજ નથી. સ્વાદને માટે જીભ મને એક તરફ ખેંચવા લાગેછે, તો બીજી તરફ શિશ્નઇંદ્રિય કામની ઇચ્છા માટે તાણેછે, ત્રીજી તરફ સ્પર્શના સુખ માટે ત્વચા ઇંદ્રિય ખેંચેછે, ચોથી તરફ આહારને માટે પેટ ખેંચેછે, પાંચમી તરફ મધુર શબ્દ સાંભળવાને કાન ખેંચેછે, છઠ્ઠી તરફ સુગંધ લેવાને ના-

સિકા ખેંચેછે અને સાતમી તરફ સુંદર રૂપ
જોવા માટે ચંચળ નેત્રો ખેંચેછે. ૪૦ હે મ-
હારાજ! જેમ હું દુઃખી છું, તેમ બીજા
મનુષ્ય પણ દુઃખી છે, તેઓ સંસારરૂપી વૈ-
તરણી નદીમાં પડેલાં છે. એક બીજાથી થ-
તાં જન્મ, મરણ અને ભક્ષણથી અત્યંત ડ-
રેછે, પોતાની અને પારકાઓની સાથે મિત્ર-
તા અને શત્રુતા રાખે છે, માટે હે નિત્યમુક્ત
પ્રભુ! એવા મૂઢ લોકો ઉપર કૃપા કરીને તે-
ઓને સંસારરૂપ વૈતરણીમાંથી બહાર કાઢીને
તેઓની રક્ષા કરો. ૪૧ હે અખિલગુરૂ! હે
ભગવાન! આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ
અને લય કરોછો, તો તમને એ લોકોનો ઉ-
દ્ધાર કરવામાં શું શ્રમ પડવાનો છે? હે દી-
નબંધુ! મૂઢજનો ઉપર અનુગ્રહ કરવો એમાં
જ ખરી મોટાઈ છે. તો અમે કે જે તમારા
ભક્તજનોની સેવા કરનારા છીએ, તેમનો ઉ-
દ્ધાર કરશો તેમાં શી નવાઈ છે? ૪૨ હે પ-
રમાત્મા! આપનાં પરાક્રમોના ગાનરૂપી મ-
હા અમૃતમાં મારૂં મન ડુબેલું છે, તેથી હું
તો આ અપાર સંસારરૂપ વૈતરણીથી ડરતો
નથી, પરંતુ જેનું ચિત્ત આપની કથાથી વિ-
મુખ છે, અને જે માયિક વિષયસુખને માટે
કુટુંબનો ભાર વહ્યા કરેછે, એવા મૂઢજનોને
માટે હું શોક કરૂંછું. ૪૩ હે દેવ! મુનિ લો-
કો તો ઘણુંકરીને પોતાની મુક્તિ માટે એકાંત
વનમાં તપશ્ચર્યા કરે છે, બીજાનું કાંઈ પણ
કાર્ય કરતા નથી, માટે હું તો એ બિચારા
દીન લોકોને છોડીને એકલો મુક્તિ પામવાને
ઇચ્છતો નથી. આપને આટલુ બધું કહેવાનું
કારણ એજ છે કે—આ સંસારરૂપી જંગ-
લમાં ભટકતા લોકોને તમારા વગર બીજો
કોઇ આશ્રય મારા જોવામાં આવતો ન-
થી. ૪૪ ગૃહસ્થાશ્રમનું જે મૈથુન વગેરે સુખ
છે તે તો અત્યંત તુચ્છ છે, કેમકે જેમ હાથ-
વડે શરીરને ખજવાળતાં એક દુઃખ મટાડવા
જતાં બીજું દુઃખ ઉભું થાય છે, તેમ વિષ-
યસુખ ભોગવતાં પણ એક દુઃખ દૂર કરતાં
બીજું ઉભું થાયછે. એવાં સુખને ઇચ્છિનારા
સંસારી લોક અનેક દુઃખ ભોગવેછે, તોપણ
એ સુખથી ધરાતા નથી, પરંતુ કોઇકજ ધી-
રપુરૂષ આપની કૃપાથી ખરજની પેઠે કામ-
દેવની ખરજને પણ સહન કરેછે. ૪૫ મૌન-
વ્રત, શાસ્ત્રશ્રવણ, એકાદશીવ્રત, વેદાધ્યયન,
સ્વધર્માચરણ, વ્યાખ્યાન, એકાંતવાસ, જપ,
અને સમાધિ, એ દશ મોક્ષનાં સાધન છે;
પરંતુ એ સાધનો ઘણુંકરીને અજીતેંદ્રિય ત-
થા દાંભિક મનુષ્યોને પેટપોષણના સાધનરૂપ
થઇ પડેછે, અને કોઇવાર એવા ઉપયોગમાં
આવતાં પણ નથી. ૪૬ બીજમાંથી અંકુર
અને અંકુરમાંથી બીજ, એમ પ્રવાહરૂપથી
પ્રવૃત્ત થતાં કાર્ય અને કારણ એ બે આપ
અપ્રાકૃતરૂપવાળાનાં રૂપ છે, તોપણ તે જુદાં
નથી એમ વેદ કહેછે. જેમ કાષ્ઠને મથવાથી
તેમાં રહેલો અગ્નિ દેખાયછે, તેમજ ભક્તિ-
યોગથી જીતેંદ્રિય પુરૂષો કાર્ય અને કારણમાં
રહેલા આપને જુએછે, આપના વિના બીજા
કોઇથી કાર્ય અને કારણોની ઉત્પત્તિ થતી ન-
થી. ૪૭ હે સર્વવ્યાપક! વાયુ, અગ્નિ, પૃથ્વી,
આકાશ, પાણી, શબ્દાદિક વિષયો, પ્રાણ, ઇં-
દ્રિયો, મન, ચિત્ત, અહંકાર, સ્થુળ અને સૂ-
ક્ષ્મ, એ સર્વ તમેજ છો. મન તથા વચનથી
જે કાંઈ પ્રકાશિત થાય છે, તે સઘળું તમા-
રાથી ભિન્ન નથી. ૪૮ ગુણ, ગુણવાન; મહ-
ત્તત્વાદિક, મન વગેરે, દેવતા, અને મનુષ્યો
કે જે આદિ અને અંતવાળા છે, તેઓ આ-
દિ અંતથી રહિત એવા તમારા સ્વરૂપને
જાણતા નથી. એમ વિચારીને જ્ઞાનીપુરૂષો
અધ્યયનાદિકનો ત્યાગ કરીને કેવળ તમારીજ
ઉપાસના કરેછે. ૪૯ માટે હે પૂજ્યદેવ! પ્ર-
ણામ, સ્તુતિ, સર્વ કર્મ સમર્પણ, પૂજન, ચ-
રણોનું સ્મરણ અને કથાશ્રવણ, એ છ પ્રકા-
રની આપની સેવા કર્યા વગર પરમહંસોને
મળી શકે એવા આપ ભગવાનની મનુષ્યો
કેવી રીતે ભક્તિ કરી શકે? ભક્તિ વિના મો-
ક્ષ નથી, અને સેવા વગર ભક્તિ નથી, મા-
ટે આપ કૃપા કરીને મને આપનું દાસત્વ
આપો. ૫૦

નારદજી કહે છે—એ પ્રમાણે ભગવદ્ભ-
ક્ત પ્રલ્હાદે નિર્ગુણ ભગવાનના ગુણોનું વર્ણ-

ન કર્યું. પછી ક્રોધને શાંત કરી પ્રસન્ન થઇને નૃસિંહજી પ્રણામ કરનારા પ્રહ્લાદને આ પ્રમાણે કહેવા લાગ્યા. ૫૧

શ્રી ભગવાન કહે છે—હે દૈત્યોમાં ઉત્તમ! તારૂં કલ્યાણ થાઓ. હું તારા ઉપર પ્રસન્ન થયો છું, તારે ઇચ્છા હોય તે વર માગ, હું મનુષ્યોની મનકામના પૂરનારો છું. ૫૨ હે આયુષ્યમન્! મને પ્રસન્ન કર્યા વિના મારૂં દર્શન પામવું દુર્લભ છે, તેમજ મારૂં દર્શન પામીને પ્રાણી ફરીથી પોતાને માટે સંતાપ કરતો નથી. ૫૩ માટે કલ્યાણની ઇચ્છાવાળા ભાગ્યશાળી અને ધીરપુરૂષો સર્વ સુખોના સ્વામી એવા મને સર્વ પ્રકારના ભાવથી પ્રસન્ન કરેછે. ૫૪

નારદજી કહે છે—એ પ્રમાણે લોકોને લલચાવનારાં વરદાનોથી ભગવાને પ્રહ્લાદને લલચાવ્યો, તોપણ તે ભગવાનનો નિષ્કામ ભક્ત હોવાથી તેણે કોઇપણ વરદાનની ઇચ્છા કરી નહી. ૫૫

एवं प्रलोभ्यमानोऽपि वरैर्लोक प्रलोभनैः।
एकांतित्वाद्भगवति नैच्छत्तान सुरोत्तमः॥

ઇતિ શ્રી ભાગવત મહાપુરાણના સપ્તમ સ્કંધમાં "પ્રહ્લાદે શ્રી નૃસિંહ ભગવાનની સ્તુતિ કરી" એ નામનો ૯ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૦ મો.

પ્રહ્લાદ તથા રૂદ્ર ઉપર ભગવાને કરેલો અનુગ્રહ.

नारदउवाच.

भक्तियोगस्य तत्सर्व मंतराय तयाऽर्भकः॥
मन्यमानो हृषिकेशं स्मयमान उवाचह॥

નારદજી કહે છે—એ સર્વ ભક્તિયોગમાં અંતરાયરૂપ માનીને એ બાળક પ્રહ્લાદે હસતાં હસતાં ભગવાનને કહ્યું. ૧

પ્રહ્લાદ કહે છે—હું જન્મથીજ વિષયોમાં આસક્ત થયેલો છું, માટે મને વરદાનોની લાલચ આપીને લોભાવો નહી. કામનાઓના સંગથી ભયભીત થયેલોઅને ખેદ પામેલો હું મુક્તિને માટે આપને શરણે આવ્યો છું. ૨ હે પ્રભુ! મારામાં ભક્તનાં લક્ષણો છે કે નહી, એ જાણવા માટે તમે મને સંસારના બીજરૂપ અને હૃદયની ગાંઠરૂપ કામનાઓમાં પ્રેરોછો. ૩ હે જગદ્‌ગુરૂ! મારી પરીક્ષા વિના આપ દયાળુને બીજું કાંઇ કારણ નથી. જે મનુષ્ય તમારો દાસ થઇને વરદાનોની આશા રાખે, તેને દાસ નહિ પણ વેપારી જાણવો. ૪ જે સેવક સ્વામી પાસેથી અનેક પ્રકારની વસ્તુઓની લાલચ રાખે તેને સેવક ન જાણવો, તેમજ જે સ્વામી સેવકની પાસે સેવાની ઇચ્છા રાખીને તેને વાંચ્છિત પદાર્થો આપે છે, તેને સ્વામી જાણવો નહી. ૫ હું તો આપનો નિષ્કામ ભક્ત છું. અને આપ મારા નિષ્કામ સ્વામી છો; રાજા અને નોકરની વચ્ચે જેવો સ્વાર્થનો સંબંધ છે, તેવો આપણી વચ્ચે નથી. ૬ હે વરદાન દેનારાઓમાં શ્રેષ્ઠ! જો આપ મને માગેલાં વરદાન આપતા હો તો હું આપની પાસે એટલુંજ માગુંછું કે-મારા મનમાં કોઈ પણ કામનાનો અંકુર ફુટે નહી. ૭ કામનાઓની ઉત્પત્તિથી ઇંદ્રિયો, મન, પ્રાણ, દેહ, ધર્મ, ધીરજ, બુદ્ધિ, લજ્જા, લક્ષ્મી, તેજ, સ્મૃતિ અને સત્ય એ સર્વનો નાશ થાય છે. ૮ હે કમળનયન! મનુષ્ય જ્યારે મનની સર્વ કામનાઓનો ત્યાગ કરે છે, ત્યારે તે મુક્તિને યોગ્ય થાય છે. ૯ આપ મહાપુરૂષ, પરમાત્મા, પરબ્રહ્મરૂપ અને અદ્‌ભુત સિંહરૂપ વિષ્ણુ ભગવાનને હું પ્રણામ કરૂંછું. ૧૦

નૃસિંહ ભગવાન કહે છે—તારા જેવા મારા નિષ્કામ ભક્ત જો કે આ લોકનાં તથા પરલોકનાં સુખોની કોઈ દિવસ આશા રાખતા નથી, તો પણ મારી આજ્ઞાથી આ એક મન્વંતર સુધી તું દૈત્યોના રાજાનો વૈભવ ભોગવ. ૧૧ અને તું મારી પ્રિય કથાઓનું સેવન કરજે, અને હું સર્વ પ્રાણીઓમાં વ્યાપક, એક ઈશ્વર તથા યજ્ઞોના અધિષ્ઠાતારૂપ છું તેને મનમાં રાખીને મારૂં યજન

કરજે, અને કરેલાં કર્મ અને અર્પણ કરીને તેનાં ફળની ઇચ્છા રાખીશ નહી. ૧૨ આ પ્રમાણે કરવાથી તું સુખ ભોગથી પુણ્યને, પુણ્યથી પાપને, અને કાળના વેગથી દેહને ત્યાગ કરીને, તથા દેવતા પણ જેને બાધા કરે એવી પવિત્ર કીર્તિ વિસ્તારીને બંધનથી મુક્ત થઇને મારી પાસે આવીશ. ૧૩ જે મનુષ્ય તેં કરેલી મારી આ સ્તુતિને પાઠ કરશે તથા તારૂં અને મારૂં સ્મરણ કરશે, તે પણ કર્મનાં બંધનથી છૂટશે. ૧૪

પ્રહ્લાદ કહે છે—હે પરમેશ્વર ! તમે વરદાન દેનારાઓના સ્વામી છો, માટે આપની પાસે હું એ વરદાન માગુંછું કે-તમારા ઇશ્વરી તેજને નહી જાણનારા મારા પિતાએ ક્રોધ તથા અભિમાનના મદથી ઉન્મત્તની પેઠે 'આ તો મારા ભાઇને મારનારા છે' એવી મિથ્યાબુદ્ધિથી આપ સર્વ જગતના પરમ પૂજ્ય સાક્ષાત્ પરમાત્માની નિંદા કરી, અને આપને ભક્ત જે હું તેના દ્રોહ કર્યો, તો હે દીનદયાળ ! જો કે મારો પિતા આપની દૃષ્ટિથી પવિત્ર થયેલો છે, તો પણ દુરંત તથા દુસ્તર પાપથી પવિત્ર થાય એવી કૃપા કરો. ૧૫-૧૬-૧૭

શ્રી ભગવાન કહે છે—હે નિર્દોષી બાળક ! જ્યારથી તેં તેના ઘરમાં જન્મ ધર્યો છે, ત્યારથી તારો પિતા તો પોતાની એકવીશ પેઢી સાથે પવિત્ર થઇ ગયો છે. ૧૮ જે જે ઠેકાણે શાંત, સમદર્શી, સાધુ તથા સદાચારી મારા ભક્તો અવતાર લે છે, તે અપવિત્ર સ્થળ અને ત્યાંના નીચ પુરૂષો પણ પવિત્ર થઇ જાય છે. ૧૯ હે પ્રહ્લાદ ! મારી ભક્તિથી ઇચ્છારહિત થયેલા ભક્તલોક સર્વ પ્રકારે નાના મોટા કોઇ પણ પ્રાણીની હિંસા કરતા નથી. ૨૦ હે પ્રહ્લાદ ! આ જગતમાં તને અનુસરીને ચાલનારા લોકો પણ મારા ભક્ત થશે, અને મારા સર્વ ભક્તોમાં તું શ્રેષ્ઠ થઇશ. ૨૧ તારા પિતાને મારાં અંગને સ્પર્શ થવાથી તે સર્વ પ્રકારે પવિત્ર થયેલો છે, માટે હવે તું તેની પ્રેતક્રિયા કર. ૨૨ હે પ્રહ્લાદ ! તારા જેવો સપુત પુત્ર હોવાથી તે સ્વર્ગમાં જશે. ૨૨ હે તાત ! બ્રહ્મવાદીઓના કહેવા પ્રમાણે મારા પરાયણ રહી, મારામાં મન લગાડીને તું તારા પિતાની રાજ્યગાદી ઉપર બેસ. ૨૩

નારદજી કહે છે—પછી ઉત્તમ બ્રાહ્મણોએ પ્રહ્લાદને રાજ્યાભિષેક કર્યો, અને પ્રહ્લાદે ભગવાનની આજ્ઞા પ્રમાણે પોતાના પિતાની ઉત્તરક્રિયા કરી. ૨૪ પછી દેવતા વગેરેથી વીંટાયેલા બ્રહ્માએ કૃપાયુક્ત પ્રસન્ન મુખવાળા નૃસિંહ ભગવાનની પવિત્ર વાણીથી સ્તુતિ કરીને કહ્યું. ૨૫

બ્રહ્મા કહે છે—હે દેવાધિદેવ ! હે સર્વોપરી ! હે જગત્પિતા ! હે જગત્પાળક ! લોકોને દુઃખી કરનારા પાપી દૈત્યને તમે માર્યો એ બહુ સારૂં કર્યું. ૨૬ એણે મારી પાસેથી એવું વરદાન મેળવ્યું હતું કે-મારી રચેલી સૃષ્ટિના હાથે તે મરે નહી, અને તપ, યોગ તથા બળના પ્રભાવથી મદમત્ત થઇને સર્વ ધર્મોના નાશ કર્યો હતો. ૨૭ તેને પુત્ર ભગવાનને પરમભક્ત અને સદ્ગુણી છે, તેને આપે મૃત્યુથી બચાવ્યો એ બહુજ સારૂં કર્યું, અને હાલમાં એ આપને પામ્યો છે એ પણ સારૂં થયું છે. ૨૮ જે મનુષ્ય મનને જીતીને આપના નૃસિંહરૂપનું ધ્યાન કરે, તો તેને મારવા માટે પોતે કાળ આવેલો હશે, તો તેના ત્રાસથી પણ તેને બચાવ થશે. ૨૯

શ્રી નૃસિંહજી કહે છે—હે બ્રહ્મા ! તમારે દૈત્યોને આવું વરદાન આપવું નહી, કેમકે ક્રૂર સ્વભાવવાળા દૈત્યોને વરદાન દેવું, તે સર્પોને અમૃત પાવા જેવું છે. ૩૦

નારદજી કહે છે—હે યુધિષ્ઠિર રાજા ! આ પ્રમાણે કહી બ્રહ્માની પૂજા સ્વીકારીને સર્વ લોકોના જોવામાં ન આવે એવી રીતે શ્રીહરિ ત્યાંજ અંતર્ધાન થઇ ગયા. ૩૧ એ સમયે પ્રહ્લાદે ભગવાનના અંશરૂપ બ્રહ્મા, શંકર, પ્રજાપતિઓ તથા દેવતાઓની પૂજા કરીને તેઓને માથું નમાવી પ્રણામ કર્યા. ૩૨ પછી બ્રહ્માએ શુક્રાચાર્ય વગેરે મુનિઓને સાથે રાખીને પ્રહ્લાદને દૈત્ય તથા દાનવોના રાજા બનાવ્યા. ૩૩ હે રાજા ! પછી પૂજા પા-

મેલા બ્રહ્માદિક દેવતાઓ પ્રસન્ન થઇ, ઉત્તમ આશિર્વાદ દઇ પોતપોતાને સ્થાને ગયા. ૩૪ એ પ્રમાણે ભગવાનના એ બે પાર્ષદ દિતિના પુત્ર થયા, અને વૈરભાવથી ભગવાનને હૃદયમાં રાખીને ભગવાનના હાથે મરણ પામ્યા હતા. ૩૫ પછી સનત્કુમારોના શાપથી તેઓ બીજા અવતારમાં રાવણ અને કુંભકર્ણ નામના રાક્ષસ થયા, તે બન્નેને રામચંદ્રજીએ પોતાના પરાક્રમથી માર્યા. ૩૬ જ્યારે શ્રી રામચંદ્રજીનાં તીક્ષ્ણ બાણોથી તેઓની છાતી વીંધાઇ ગઇ અને રણમાં પડ્યા, ત્યારે તેમણે પૂર્વ જન્મની પેઠે ભગવાનના ચરણારવિંદનું મનન સ્મરણ કરતાં કરતાં દેહ ત્યાગ કર્યો હતો. ૩૭ પછી તેઓ ત્રીજા જન્મે શિશુપાળ અને દંત્રવક્ત્ર થયા, તેઓ વૈર બાંધવાને લીધે તમારા દેખતાંજ ભગવત્ સ્વરૂપને પામ્યા છે. ૩૮ આવી રીતે પૂર્વે ઘણા રાજાઓ વૈરભાવે ભગવાનનું સ્મરણ કરવાથી, જેમ ભમરીનું ચિંતવન કરનારો કીડો ભમરી રૂપ બની જાય છે તેમ, અંતે ભગવત્ સ્વરૂપને પામ્યા છે. ૩૯ ભેદદૃષ્ટિ વગરની ભગવાનની પરમભક્તિ કરવાથી જેમ ભગવાનના સ્વરૂપની પ્રાપ્તિ થાય છે, તેમજ ભગવાનનું ચિતવન કરવાથી શિશુપાળ વગેરે રાજાઓ પણ ભગવાનના સ્વરૂપને પામ્યા છે. ૪૦ શિશુપાળ અને દતવક્ત્ર વગેરે રાજાઓ ભગવાનની સાથે દ્વેષભાવ રાખતા છતાં તેઓ ભગવત્ સ્વરૂપને શાથી પામ્યા, એ વિષે તમોએ પૂછેલા પ્રશ્નનો ઉત્તર મેં તમને કહી સંભળાવ્યો. ૪૧ બ્રહ્મણ્યદેવ મહાત્મા શ્રી કૃષ્ણ ભગવાનની આ પવિત્ર કથા કે જેમાં આદિદૈત્ય હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુના વધનું વર્ણન છે, તે મેં તમને કહી સંભળાવી. ૪૨ વળી ભગવાનના પરમભક્ત પ્રહ્લાદજીનાં ચરિત્ર તથા ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યનાં લક્ષણ અને ઉત્પત્તિ, સ્થિતિ તથા સંહારના અધિપતિ ભગવાનના તત્વ તથા તેમના ગુણ, કર્મોનું વર્ણન, દેવતા તથા દૈત્યોનાં સ્થાનોના કાળને લીધે થતો મોટો ફેરફાર, ભગવાનની પ્રાપ્તિ કરાવનારો ભાગવત ધર્મ, અને બ્રહ્મજ્ઞાન, એ સર્વ વિષયો મેં પૂરેપૂરી રીતે વર્ણવી બતાવ્યા. ૪૩–૪૪–૪૫ ભગવાનનાં પરાક્રમથી ભરપૂર આ પવિત્ર આખ્યાનનું જે મનુષ્ય શ્રદ્ધાથી સાંભળીને કીર્તન કરે છે, તેનાં કર્મનાં બંધન છુટી જાય છે. ૪૬ જે મનુષ્ય સાવધાન થઇને આદિપુરૂષ નૃસિંહ ભગવાને હિરણ્યકશિપુના વધની જે લીલા કરી છે તે લીલા, તથા સત્પુરૂષોમાં ઉત્તમ એવા પ્રહ્લાદનાં પવિત્ર ચરિત્રો સાંભળે છે, તે મનુષ્ય નિર્ભયપદને પામે છે. ૪૭ હે યુધિષ્ઠિર રાજા! તમે આ મનુષ્ય લોકમાં મહા ભાગ્યવાન છો, કારણકે તમારા ઘરમાં મનુષ્યાવતારથી ગુપ્ત રહેલા પરબ્રહ્મ શ્રી કૃષ્ણ ભગવાન રહેલા છે, તેથી જગતને પવિત્ર કરનારા મોટા મોટા મુનિ લોકો તમારે ઘેર આવે છે. ૪૮ જે શ્રી કૃષ્ણ તમારા પ્રિય સંબધી, મામાના દીકરા, આત્માતુલ્ય, પૂજવા યોગ્ય, તમારી આજ્ઞા ઉઠાવનારા થયા છે, તે શ્રી કૃષ્ણ તમને હિતકારી ઉપદેશ આપનારા ગુરૂ છે, મહાત્માઓએ શોધવા યોગ્ય છે, ઉપાધિરહિત છે, પરમાનંદ અનુભવ સ્વરૂપ તથા પરબ્રહ્મ છે. ૪૯ બ્રહ્મા અને શંકર પણ જેમના સ્વરૂપને "આવું જ છે" એમ પોતાની બુદ્ધિથી વર્ણવી શકયા નથી, તે ભગવાન પોતાની મેળેજ તમારી ઉપર પ્રસન્ન થયા છે, અને અમે તો મૌન, ભક્તિ તથા શાંતિથી તેમને પ્રસન્ન કરીએ છીએ, એ ભકતોના પતિ શ્રી હરિ અમારા ઉપર પ્રસન્ન થાઓ. ૫૦ હે યુધિષ્ઠિર રાજા! પૂર્વે અનંત માયાવાળા મયદાનવે શંકરની કીર્તિનો નાશ કર્યો હતો, તેનો ભગવાને પાછો વિસ્તાર કર્યો. ૫૧

યુધિષ્ઠિર પૂછે છે—મયદાનવે જગતપતિ શંકરના યશનો કયા કામમાં નાશ કર્યો હતો, અને પછી શી રીતે શ્રી કૃષ્ણે તેમના યશનો વિસ્તાર કર્યો? તે સર્વ મને કહો. ૫૨

નારદજી કહે છે—શ્રી કૃષ્ણ ભગવાનથી વૃદ્ધિ પામીને દેવતાઓએ દૈત્યોને યુદ્ધમાં જીતી લીધા, ત્યારે દૈત્યો માયાવીઓના પરમગુરૂ મયદાનવને શરણે ગયા. ૫૩ એ સમર્થ

દૈત્યો તેઓને સુવર્ણનાં, રૂપાનાં, અને લોઢાનાં ત્રણ નગર બનાવીને આપ્યાં. એ ત્રણ નગર ક્યારે આવેછે ? ક્યારે જાયછે ? તેમાં કેવી જાતની વસ્તુઓ ભરેલી છે ? તે જાણવું બહુ મુશ્કેલ હતું. ૫૪ હે રાજેશ્વર ! પૂર્વનું વૈર સંભારતા તે દૈત્યોના સેનાપતિ કોઈ ન જાણે એવી રીતે એ નગરોમાં રહીને લોકપાળો સહિત ત્રણ લોકનો સંહાર કરવા લાગ્યો. ૫૫ ત્યારે લોકપાળો સહિત સર્વ લોકો શંકરની પાસે ગયા અને સ્તુતિ કરીને કહ્યું કે—"હે સમર્થ પ્રભુ ! ત્રિપુરમાં રહેનારા દૈત્યો અમારો નાશ કરેછે, માટે તમે તમારા ભક્તોની રક્ષા કરો." ૫૬ એ સાંભળીને સદાશિવે અનુગ્રહ કરીને દેવતાઓને કહ્યું કે—"તમે ડરશો નહી." એમ કહીને પોતાના ધનુષ્યપર ત્રણ બાણો સાંધીને તે ત્રણે નગરો ઉપર છોડયાં. ૫૭ અગ્નિ જેવાં મહા તીક્ષ્ણ બાણ મંત્ર ભણીને ચલાવ્યાં, તે જાણે સૂર્ય મંડળમાંથી કિરણોનો સમૂહ બહાર નીકળે તેમ તે ચાલ્યાં. તેથી ઢંકાઇને ત્રણે નગરો દેખાતાં બંધ થયાં. ૫૮ એ બાણો વાગવાથી ત્રિપુરવાસી દૈત્યો પ્રાણરહિત થઇને પડવા લાગ્યા તેઓને ઉપાડી ઉપાડીને મયદાનવે પોતે બનાવેલા અમૃતના કુવામાં નાંખ્યા. ૫૯ એ અમૃતના રસમાં પડતાંજ તે દૈત્યો પાછા વજ્ર જેવા દઢ અંગવાળા, મહા બળવાન અને વાદળ ભેદી નાંખે એવા વીજળીના અગ્નિની પેઠે પાછા ઊભા થયા. ૬૦ આવું જોઇને પોતાનો સંકલ્પ ભાગી પડવાથી શંકર ઉદાસ થયા. તે વખતે વિષ્ણુ ભગવાને પધારીને એક એવો ઉપાય કર્યો કે—બ્રહ્માને વાછરડુ બનાવ્યા, અનેપોતે ગાય બન્યા. અને મધ્યાન્હ સમયે ત્રિપુરમાં પેશીને અમૃતમય કુવાનો રસ પીવા લાગ્યા. ૬૧-૬૨ એ કે દૈત્યોએ તેમને અમૃત પીતાં દીઠા હતા, પણ ભગવાનની માયાથી મોહિત થવાથી તેઓને કોઇએ અટકાવ્યા નહી. એ વાત જાણીને રસના કુવાની ચોકી કરનારા શોકાતુર દૈત્યોને શોકરહિત મય દાનવે એ વાતને દૈવગતિથી બનેલી જાણીને કહ્યું કે—પોતાનું, પારકું, અથવા એ બંનેનું દૈવે જે કરવું ધાર્યું હોય તે મિથ્યા કરવાને કોઇ દેવ, દૈત્ય, મનુષ્ય કે બીજો કોઇ સમર્થ નથી. ૬૩-૬૪-૬૫ પછી વિષ્ણુ ભગવાને પોતાના ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ઋદ્ધિ, તપ વિદ્યા અને ક્રિયા વગેરે શક્તિઓથી શંકરને માટે યુદ્ધ સારૂ રથ, સારથિ, ધ્વજા, કવચ અને બાણ વગેરે યુદ્ધની સામગ્રી તૈયાર કરી આપી. ૬૬ પછી મહાદેવે કમર કસી રથમાં બેશીને હાથમાં ધનુષ્યબાણ લીધાં. પછી અભિજીત મુહૂર્તમાં ધનુષ્યમાં બાણ સાંધીને દૈત્યોનાં ભેદી ન શકાય એવાં એ ત્રણ નગરોને બાળીને ભસ્મ કરી નાંખ્યાં. તે સમયે સ્વર્ગમાં નગારાં વાગવા લાગ્યાં અને આકાશમાં હજારો વિમાનોની ઘણી ભીડ થઇ રહી. ૬૭-૬૮ દેવતાઓ, ઋષિઓ, પિત્રીશ્વરો, અને સિદ્ધો જયજય શબ્દ બોલીને પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા. પ્રસન્ન થયેલા ગંધર્વો ગાયન કરવા લાગ્યા અને અપ્સરાઓ નૃત્ય કરવા લાગી. ૬૯ હે રાજા ! એ પ્રમાણે સદાશિવ ત્રણે નગરોને બાળી નાંખીને બ્રહ્માદિકોથી સ્તુતિ કરાતા પોતાના કૈલાસધામમાં પધાર્યા. ૭૦ પોતાની માયાથી મનુષ્યલીલા કરનારા, જગતગુરૂ પરમાત્મા શ્રી હરિનાં આવાં જગતને પવિત્ર કરનારાં પરાક્રમો ઋષિઓએ ગાયેલાં છે, હવે તમારે બીજી કંઇ કથા સાંભળવાની ઇચ્છા છે ? તે કહો. ૭૧

एवं विधान्यस्य हरेः स्वमायया ।
विडंब मानस्य नृलोकमात्मनः ॥
वीर्याणि गीतान्यृषिभिर्जगद्गुरो ।
र्लोकान् पुनानान्यपरं वदामि किम् ॥

ઇતિ શ્રી ભાગવત પુરાણના સપ્તમ સ્કંધમાં "ત્રિપુરદહન" નામનો ૧૦ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૧ મો.

મનુષ્યોના સાધારણ ધર્મ, ચારે વર્ણના અને સ્ત્રીઓના સામાન્ય તથા વિશેષ ધર્મ.

श्री शुकउवाच.

श्रुत्वेहितं साधु सभा सभाजितं ।
महत्तमाग्रण्य उरुक्रमात्मनः ॥
युधिष्ठिरो दैत्यपतेर्मुदायुतः ।
पप्रच्छभूयस्तनयं स्वयंभुवः ॥ १ ॥

શ્રી શુકદેવજી કહે છે—હે પરીક્ષિત રાજા! મહાત્માઓમાં મુખ્ય અને ભગવાનમાંજ મન રાખનારા પ્રહ્‌લાદજીનું સત્પુરૂષોની સભામાં માન પામેલું ચરિત્ર સાંભળીને પ્રસન્ન થયેલા યુધિષ્ઠિર રાજાએ નારદજીને ફરીથી પૂછયું. ૧

યુધિષ્ઠિર પૂછેછે—હે ભગવાન! મનુષ્યોનો સનાતન ધર્મ તથા વર્ણાશ્રમના આચાર સાંભળવાને હું ઇચ્છુંછું, કારણ કે તે પાળવાથી મનુષ્ય પરમાત્માને પામેછે. ૨ આપ પ્રજાપતિ બ્રહ્માના સાક્ષાત્ પુત્ર છો, અને તપ, યોગ તથા સમાધિથી માનીતા છો. ૩ જે બ્રાહ્મણ આપના જેવા નારાયણના ભક્ત, દયાળુ, સદ્‌ગુણી તથા શાંત છે, તેજ પરમગુપ્ત ધર્મને જાણે છે, પણ બીજા જાણતા નથી. ૪

નારદજી કહે છે—લોકોના ધર્મને પ્રવર્તાવનારા શ્રીમન્નારાયણ ભગવાનને પ્રણામ કરીને તેમના મુખથી સાંભળેલા સનાતન ધર્મ કહુંછું. ૫ જે નારાયણ ધર્મની સ્ત્રી મૂર્તિ વિષે પોતાના અંશ નરની સાથે અવતાર ધારણ કરીને લોકોના કલ્યાણને માટે બદરિકાશ્રમમાં તપશ્ચર્યા કરેછે. ૬ હે રાજા! સર્વ વેદરૂપ ભગવાનજ ધર્મની બાબતમાં અગ્રેસર છે, તેમ વેદ જાણનારાઓએ રચેલી સ્મૃતિઓ તથા જેનાથી મન પ્રસન્ન થાયછે, એ પણ ધર્મમાં પ્રમાણ ગણાયછે. ૭ સત્ય, દયા, તપ, પવિત્રતા, સહનશીલતા, યોગ્યાયોગ્યનો વિચાર, મનોનિગ્રહ, ઇંદ્રિયનિગ્રહ, અહિંસા, બ્રહ્મચર્ય, દાન, સ્વાધ્યાય, સરળતા, ૮ સંતોષ, સેવા, પ્રવૃત્તિ માર્ગમાંથી ધીરે ધીરે દૂર થવું, મનુષ્યોના નિષ્ફળ જતી ક્રિયાઓનો વિચાર, મિથ્યા ભાષણનો ત્યાગ, દેહાદિકથી આત્મા જૂદો છે એવું જ્ઞાન, ૯ પોતાના ખોરાકમાંથી ભાગ પાડીને બીજાને આપવો, પ્રાણીમાત્રને અને તેમાં પણ મનુષ્યને આત્મા અને દેવરૂપ જાણવાં, ૧૦ મહાત્માઓની ગતિરૂપ ભગવાનનું શ્રવણ, કીર્તન, સ્મરણ, સેવા, પૂજા, નમસ્કાર, દાસભાવ, સખાભાવ અને દેહનું સમર્પણ. ૧૧ આ ત્રીશ લક્ષણવાળો ધર્મ સર્વ મનુષ્યને માટે સાધારણ ધર્મ છે, તે ધર્મ પાળવાથી સર્વના અંતર્યામી ભગવાન પ્રસન્ન થાય છે. ૧૨ વેદના મંત્રોથી જેના ગર્ભાધાનાદિક સંસ્કાર અવિચ્છિન્ન થયા હોય તે દ્વિજ કહેવાય છે, એ સંસ્કાર જેને કરવાના બ્રહ્માએ કહેલા છે તેનેજ થાયછે, જે દ્વિજ જન્મથી અને કર્મથી શુદ્ધ હોય તેને યજ્ઞ, વેદાધ્યયન અને દાન એ ત્રણ કર્મ કરવાની તથા આશ્રમ સંબંધી ક્રિયાઓ કરવાની છૂટ છે. ૧૩ ઉપર કહેલાં ત્રણ કર્મો તથા ભણાવવું, યજ્ઞ કરાવવા, અને દાન લેવું એ ૭ કર્મ બ્રાહ્મણોનાં છે. તેમાંનાં પાછલાં ત્રણ કર્મ બ્રાહ્મણની આજીવિકાને અર્થે છે. ક્ષત્રિયને આપત્કાળમાં દાન લેવા વિના ભણાવવાનો તથા યજ્ઞ કરાવવાનો અધિકાર છે. ક્ષત્રિય રાજાએ બ્રાહ્મણ વિના બીજાની પાસેથી કર, દંડ અને જકાત લેવી. ૧૪ વૈશ્યે ખેતીવાડી તથા વેપારધંધો કરીને પોતાની આજીવિકા ચલાવવી, અને બ્રાહ્મણોને અનુકુળ રહેવું. શૂદ્રે ત્રણ વર્ણની સેવા કરવી, અને જે દ્વિજ પોતાનો સ્વામી હોય તેની પાસેથી દ્રવ્ય લઇને પોતાનો સ્વામી હોય તેની પાસેથી દ્રવ્ય લઇને પોતાનો નિર્વાહ કરવો. ૧૫ ખેતીવાડી વગેરે ધંધો કરવો, વગર માગ્યે મળતું ધાન્યાદિક, દરરોજ ભિક્ષા માગી લાવવી અને શીલ તથા ઉંછ (ખેતરમાંના તથા દુકાનમાંના પડી રહેલા દાણા વીણી લેવા તે), આ ચાર પ્રકારની વૃત્તિ બ્રાહ્મણોની છે, તેમાં ઉત્તરોત્તર ઉત્તમ છે. ૧૬ હલકી વર્ણે આપત્તિ

વગર પોતાનાથી ઊંચી વર્ણની આજીવિકા ગ્રહણ કરવાની છૂટ છે ૧૭ ઋત, અમૃત, મૃત, પ્રમૃત અથવા સત્યાનૃતથી આજીવિકા કરવી: પરંતુ કૂતરાની પેઠે આજીવિકા કરવી નહી. ૧૮ ખેતરમાં કે દુકાનમાં તેના ધણીના લઇ ગયા પછી જે દાણા પડી રહેછે, તે વીણી લાવવા, તેને ઋત કહેછે, વગર માગે મળે તે અમૃત. ભીક્ષા માગી લાવવી તે મૃત, ખેતીવાડીના ધંધામાંથી મળે તે પ્રમૃત, ૧૯ વેપાર કરવો તે સત્યાનૃત (સાચું જૂઠું), અને નીચની સેવા કરવી તે શ્વાનવૃત્તિ કહેવાય છે. બ્રાહ્મણે તથા ક્ષત્રિયે શ્વાનવૃત્તિ કરવી નહી, કારણ કે બ્રાહ્મણ તો સર્વ વેદમય અને ક્ષત્રિય દેવમય છે. ૨૦ મનોનિગ્રહ, ઇંદ્રિયનિગ્રહ, તપ, પવિત્રતા, સંતોષ, ક્ષમા, સરળતા, જ્ઞાન, દયા, ભગવત્પરાયણતા અને સત્ય એ બ્રાહ્મણનાં લક્ષણ છે. ૨૧ યુદ્ધમાં ઉત્સુકતા, પરાક્રમ, ધીરજ, તેજ, દાન, મનનો વિજય, ક્ષમા, બ્રાહ્મણનો સત્કાર, પ્રસન્નતા અને રક્ષા એ ક્ષત્રિયનાં લક્ષણ છે. ૨૨ દેવની ભક્તિ, ગુરૂની ભક્તિ, ભગવાનની ભક્તિ, ધર્મની વૃદ્ધિ, ધનની વૃદ્ધિ, વિષયસુખની વૃદ્ધિ, આસ્તિકપણું, ઉદ્યોગ અને નિપુણતા એ વૈશ્યનાં લક્ષણ છે. ૨૩ પોતાનાથી ઉત્તમ વર્ણને નમવું, પવિત્રતા રાખવી, સ્વામીની નિષ્કપટ સેવા કરવી, મંત્ર ભણ્યા વગર વૈશ્વદેવાદિક પંચયજ્ઞ કરવા, ચોરી ન કરવી, સાચું બોલવું, અને ગાય બ્રાહ્મણની રક્ષા કરવી, એ શૂદ્રનાં લક્ષણ છે. ૨૪ પતિની સેવા કરવી, પતિને અનુકુળ રહેવું, પતિનાં સગાંઓને અનુસરવું, અને પતિએ કરેલા નિયમ પાળવા, એ ચાર પતિવ્રતાના ધર્મ તથા લક્ષણ છે. ૨૫ સ્ત્રીએ નિત્ય શુદ્ધ થઇ શણગાર સજવા, કપાળમાં ચાંલ્લો કરવો, ઘરનો સરસામાન વગેરે સ્વચ્છ રાખવું, ઘરમાં વાસીદું વાળવું તથા લીંપવું, મંડળો કરવાં, ૨૬ નાનાં મોટાં સુખનાં સાધન, વિનય, જીતેંદ્રિયપણું અને સત્ય તથા પ્રિય વચનોથી પ્રેમ આણીને સમયે સમયે પતિની સેવા કરવી. ૨૭ જે મળી આવે તેટલાથીજ સંતોષ પામવો, અળેલા પદાર્થો ભોગવવાને ઘણી તૃષ્ણા ન રાખવી, આળસનો ત્યાગ કરવો, સત્ય તથા પ્રિય ભાષણ કરવું, સાવધાન રહેવું, ધર્મનું જ્ઞાન મેળવવું, પવિત્ર અને સ્નેહાળ રહેવું, અને પતિ પતિત થયેલો ન હોય તો તેની સેવા કરવી ૨૮ જે સ્ત્રી પતિપરાયણ થઇને લક્ષ્મીની પેઠે પોતાના પતિને ઇશ્વરતુલ્ય જાણીને તેની સેવા કરેછે, તે સ્ત્રી લક્ષ્મીની પેઠે વિષ્ણુરૂપ પોતાના પતિની સાથે વૈકુંઠલોકમાં આનંદ કરેછે. ૨૯ વર્ણસંકર જાતિવાળાએ ચોરી તથા પાપ ન કરતાં પોતપોતાના કુળની આજીવિકાથી નિર્વાહ કરવો, તેમજ ચંડાળ અને ધોબા વગેરે નીચ લોકોએ પણ પોતાના કુળની આજીવિકાથી નિર્વાહ કરવો. ૩૦ હે યુધિષ્ઠિર રાજા! ઘણું કરીને પ્રત્યેક યુગમાં મનુષ્યોના સત્વાદિક પ્રકૃતિથી જે ધર્મ શાસ્ત્રવેત્તાઓએ કહેલા છે, તેજ ધર્મ આ લોક તથા પરલોકમાં કલ્યાણકારી છે. ૩૧ સત્વાદિક સ્વભાવથી ઠરાવેલી આજીવિકાથી વર્તનાર અને પોતાનાં કર્મ કરનાર મનુષ્ય પોતાના સ્વભાવથી ઉત્પન્ન થયેલાં કર્મબંધનોથી ધીરે ધીરે છૂટીને નિર્ગુણપણાને પામેછે. ૩૨ જે ખેતરમાં વારંવાર ધાન્ય વવાતું હોય, તે ખેતર પોતાની મેળેજ નિર્વીર્ય થઇને તેમાં ધાન્ય ઉત્પન્ન થતું નથી, અને તેમાં વાવેલું બીજ નાશ પામેછે. ૩૩ એ રીતે કામનાઓથી ભરેલું ચિત્ત અત્યંત વિષયો ભોગવવાથી તૃપ્ત થઇને પછી વૈરાગ્ય પામેછે, જેમ અગ્નિ ઘીનાં ટીપાં નાંખવાથી શાંત થતો નથી, પરંતુ ઘણું ઘી હોમવાથી શાંત થાયછે, તેમજ ચિત્ત પણ થોડા થોડા વિષયો ભોગવવાથી શાંત પડતું નથી, પણ ઘણાં વિષયો ભોગવવાથી શાંત પડેછે. ૩૪ મનુષ્યનાં વર્ણને જણાવનારાં જે લક્ષણ કહ્યાં છે, તે લક્ષણ જો બીજી વર્ણના મનુષ્યમાં જોવામાં આવે તો તેને પણ તે વર્ણનોજ જાણવો. ૩૫

यस्य यल्लक्षणं प्रोक्तं पुंसो वर्णाभिव्यंजकम्।
यदन्यत्रापि दृश्येत तत्तेनैव विनिर्दिशेत्॥

ઇતિશ્રી ભાગવત મહાપુરાણના સપ્તમ સ્કં-

ધમાં "વર્ણાશ્રમધર્મ કથન" નામનો ૧૧ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૨ મો.

વર્ણાશ્રમના ધર્મો.

नारदउवाच.

ब्रह्मचारी गुरुकुले वसन्दांतो गुरोर्हितम् ॥
आचरन् दासवन्नीचो गुरौ सुदृढ सौहृदः ॥

નારદજી કહે છે—બ્રહ્મચારીએ ગુરૂને ઘેર રહીને જીતેંદ્રિયપણું, ગુરૂના હિતમાં તત્પરપણું, દાસની પેઠે અત્યંત નમ્રપણું અને ગુરૂ ઉપર દૃઢ પ્રીતિ રાખવી. ૧ સાંજે તથા સવારે ગુરૂ, અગ્નિ, સૂર્ય અને ઉત્તમ દેવતાઓની ઉપાસના કરવી, ગાયત્રી મંત્રનો જપ કરવો, અને મૌન રહેવું. ૨ ગુરૂ ભણવાને માટે બોલાવે ત્યારે તેમની પાસે બેશીને ધ્યાનપૂર્વક વેદાધ્યયન કરવું. ભણવાની શરૂઆતમાં અને અંતે ગુરૂના ચરણમાં મસ્તકવડે પ્રણામ કરવા. ૩ શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે મેખળા, મૃગચર્મ, વસ્ત્ર, જટા, દંડ અને કમંડલુ ધારણ કરવાં, હાથમાં દર્ભ રાખવો, યજ્ઞોપવીત ધારણ કરવું. ૪ સવારે અને સાંજે ભીક્ષા માગી લાવી ગુરૂને અર્પણ કરવી, ગુરૂ આજ્ઞા આપે તો જમવું, અને જો આજ્ઞા ન આપે તો ઉપવાસ પણ કરવો. ૫ સ્વભાવ સારો રાખવો, નિયમિત ભોજન કરવું, પવિત્ર રહેવું, શ્રદ્ધા રાખવી, જીતેંદ્રિય રહેવું, સ્ત્રીઓની સાથે અને સ્ત્રીલંપટ લોકોની સાથે જરૂર જેટલોજ વ્યવહાર રાખવો. ૬ કેવળ બ્રહ્મચારીએજ નહીં, પણ ગૃહસ્થાશ્રમી વિના બીજા બ્રહ્મચર્ય ધારણ કરનારા છે તેમણે સ્ત્રી સબંધી વાત પણ કરવી નહી, કેમકે બળવાન ઇંદ્રિયો મનુષ્યના મનને બળાત્કારે વશ કરી લે છે. ૭ તરૂણ (જુવાન) બ્રહ્મચારીએ તરૂણ ગુરૂપત્નિ પાસે માથાના કેશ ઓળાવવા નહી, શરીરે મર્દન કરાવવું નહી, સ્નાન અને અંજનાદિક ક્રિયા કરાવવી નહી. ૮ કેમકે તરૂણ સ્ત્રી અગ્નિસમાન અને તરૂણ પુરૂષ ઘીના ઘડા સમાન છે, પોતાની પુત્રી સાથે પણ એકાંતમાં બેસવું નહી, ભિક્ષાદિક પ્રસંગે અથવા સર્વ માણસોની સમક્ષ ખપ જેટલોજ વ્યવહાર રાખવાને હરકત નથી. ૯ જ્યાં સુધી જીવને સ્વસ્વરૂપનો સાક્ષાત્કાર થઇને દેહાદિક મિથ્યા છે, એવો નિશ્ચય થઇ જીવ સ્વતંત્ર ન થાય ત્યાં સુધી તેની દ્વૈતભાવના (આ પુરૂષ આ સ્ત્રી) મટતી નથી, અને એ ભાવના મટે નહી, ત્યાં સુધી વિષયો ભોગવવાની લાલચ થાય છે, માટે સ્ત્રી આદિથી બને ત્યાં સુધી દૂરજ રહેવું. ૧૦ ઉપર કહેલા ધર્મો સર્વ ગૃહસ્થે અને સંન્યાસીએ પણ પાળવા; પરંતુ ગૃહસ્થે ઋતુકાળે સ્ત્રીસંગ કરવો, અને બની શકે તો ગુરૂની સેવા કરવી. ૧૧ બ્રહ્મચારી, વાનપ્રસ્થ, અને સંન્યાસીઓએ આંખમાં આંજણ આંજવું નહી, શરીરે તેલ ચોળવું નહી, મર્દન કરવું નહી, સ્ત્રીને અથવા સ્ત્રીના ચિત્રને પણ જોવું નહી, મદ્ય, માંસ, હાર, સુગંધ, અરગજા અને અલંકારાદિકનો ત્યાગ કરવો. ૧૨ આ પ્રમાણે ગુરૂને ઘેર રહીને પોતાની શક્તિ તથા અધિકાર પ્રમાણે વેદો, તેનાં અંગ તથા ઉપનિષદોનો અભ્યાસ કરવો, અને તેનો અર્થ સમજીને જો શક્તિ હોય તો ગુરૂ માગે તેવી ગુરૂદક્ષિણા આપવી, પછી ગુરૂની રજા લઇ ગૃહસ્થાશ્રમમાં, વનમાં અથવા સંન્યાસાશ્રમમાં જવું, અથવા નૈષ્ઠિક બ્રહ્મચારી થઇને ગુરૂને ત્યાંજ રહેવું. ૧૩-૧૪ અગ્નિ, ગુરૂ, આત્મા, અને સર્વ પ્રાણીમાં પોતાના અંશભૂત જીવોની સાથે તેના નિયંતારૂપે પેઠેલા હોય એમ જણાતા, પરંતુ વાસ્તવિક રીતે તેમાં નહિ પેઠેલા ભગવાનનું ચિંતવન કરવું. ૧૫ બ્રહ્મચારી, વાનપ્રસ્થ, સંન્યાસી અથવા ગૃહસ્થ આ પ્રમાણે રહેવાથી જ્ઞેય વસ્તુને જાણીને પરબ્રહ્મને પામે છે. ૧૬ હવે મુનિઓએ સ્વીકારેલા વાનપ્રસ્થના ધર્મ કહું છું, જે ધર્મો પાળવાથી મુનિઓ વિનાશ્રમે મહર્લોકને પામે છે. ૧૭ વાનપ્રસ્થે ખેતીથી પાકેલું અનાજ ખાવું નહી, ખેડ વિના પાકેલું છતાં સમય વિના પાકેલું હોય તે અન્ન પણ ખાવું નહી.

જે ફળ આદિ પદાર્થ સૂર્યથી પાકેલા હોય તે ખાવા અથવા તો અગ્નિમાં પકાવેલું કે કાચું અન્ન ખાવું. ૧૮ વનમાં ઉત્પન્ન થયેલા શ્યામા વગેરે ધાન્યોના ચરૂ, પુરોડાશ, વગેરે કરીને શાસ્ત્રમાં કહેલા સમયે અગ્નિમાં હોમ કરવો. અન્ન વગેરે નવી વસ્તુ મળે તો જુની વસ્તુનો ત્યાગ કરવો. ૧૯ અગ્નિના રક્ષણ માટે પર્ણકુટી કે પર્વતની ગુફાનો આશ્રમ કરવો, અને ટાઢ, તડકો, વરસાદ, વાયુ અને અગ્નિને સહન કરવાં. ૨૦ કેશ, રૂંવાડાં, નખ, દાઢી અને મૂછો ઉતરાવવી નહી, તેનો મેલ ધોવો નહી, માથે જટા રાખવી, કમંડલુ, મૃગચર્મ, દંડ, વલ્કલ, વસ્ત્ર તથા અગ્નિહોત્રની સામગ્રી રાખવી. ૨૧ એ પ્રમાણે વનમાં બાર, આઠ, ચાર, બે અથવા એક વર્ષ સુધી રહેવું. તપના ક્લેશથી બુદ્ધિ નાશ ન પામે તો ઉપર કહેલા પક્ષોમાંથી ગમે તે એક પક્ષ ગ્રહણ કરવો. ૨૨ વાનપ્રસ્થ જ્યારે વ્યાધિથી અથવા ઘરડપણથી પોતાની ક્રિયા કરવાને અશક્ત થાય અને આત્મજ્ઞાનનો અભ્યાસ કરવાને પણ અસમર્થ થઇ જાય, ત્યારે તેમણે અનશન વગેરે વ્રત ધારણ કરવાં. ૨૩ વાનપ્રસ્થ થતા પહેલાં અગ્નિહોત્રના અગ્નિઓનું પોતાના દેહમાંજ આરોપણ (ધ્યાન) કરી, અહંતામમતાનો ત્યાગ કરીને યથાયોગ્ય રીતે દેહનો તેની ઉત્પત્તિનાં કારણોમાં લય કરવો. ૨૪ ઉત્પત્તિ પ્રમાણે દેહનાં છિદ્રોનો આકાશમાં, શ્વાસનો વાયુમાં, ગરમીનો તેજમાં, રૂધિર, શ્લેષ્મ તથા પરૂનો પાણીમાં, હાડકાં વગેરે કઠણ ભાગોનો પૃથ્વીમાં, ૨૫ વાણી અને તેનાં કર્મરૂપ ભાષણનો અગ્નિમાં, હાથ અને તેના કર્મરૂપ શિલ્પનો ઇંદ્રમાં, પગ અને તેની કર્મરૂપગતિનો વિષ્ણુમાં, ઉપસ્થ અને તેની કર્મરૂપ રતિનો પ્રજાપતિમાં, પાયુ અને તેના કર્મરૂપ મળત્યાગનો મૃત્યુમાં, શ્રોત્ર અને શબ્દનો દિશાઓમાં, ત્વચા અને સ્પર્શનો વાયુમાં, ચક્ષુ અને રૂપનો તેજમાં, જીહ્વા અને વરૂણનો પાણીમાં, ઘ્રાણ અને અશ્વિનીકુમારોનો ગંધવાળી પૃથ્વીમાં, ૨૭ મનનો તથા મનોરથોનો ચંદ્રમાં, બુદ્ધિનો તથા તેના વિષયોનો બ્રહ્મામાં, અને અહંકાર અને તેનાં કર્મોનો રૂદ્ર કે જે અહંતામમતા પૂર્વક ક્રિયા કરાવનાર છે તેમાં લય કરવો. ચિત્ત અને ચેતનાનો ક્ષેત્રજ્ઞમાં, અને ક્ષેત્રજ્ઞનો, ગુણોનો તથા દેવતાઓનો પરબ્રહ્મમાં લય કરવો, અર્થાત 'अहंब्रह्मास्मि' એવો નિશ્ચય કરવો. ૨૮–૨૯ પૃથ્વીનો જળમાં, જળનો તેજમાં, તેજનો વાયુમાં, વાયુનો આકાશમાં, આકાશનો અહંકારમાં, અહંકારનો મહત્તત્ત્વમાં, મહત્તત્વનો પ્રકૃતિમાં અને પ્રકૃતિનો પરમાત્મામાં લય કરવો. ૩૦ આ પ્રમાણે શેષ રહેલા ચૈતન્ય સ્વરૂપ આત્માને પરબ્રહ્મરૂપ જાણીને અદ્વૈતરૂપ થઇને, કાષ્ટ બળી ગયા પછી રહેલા ધૂમાડા વગરના અગ્નિની પેઠે વિરામ પામવું. ૩૧

इत्यक्षरतयात्मानं चिन्मात्रमवशेषितम् ।

ज्ञात्वाऽद्वयोथ विरमेद्दग्धयोनिरिवानल ॥

ઇતિ શ્રી ભાગવત પુરાણના સપ્તમ સ્કંધમાં " આશ્રમધર્મ વર્ણન " નામનો ૧૨ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૩ મો.

સાધક સંન્યાસીના ધર્મ તથા અવધૂતના ઇતિહાસ દ્વારા કહેલી સિદ્ધલોકોની અવસ્થા.

नारद उवाच.

कल्पस्त्वेवं परिव्रज्य देहमात्रावशेषितः ॥

ग्रामैकरात्र विधिना निरपेक्षश्चरेन्महीम् ॥

નારદજી કહે છે—જે વાનપ્રસ્થ આત્મવિદ્યામાં અસમર્થ હોય, તેણે ઉપવાસાદિક વ્રત કરવાં, અને જે આત્મવિદ્યામાં સમર્થ હોય તેણે તો સંન્યાસ લઈ, દેહ વગર સર્વ વસ્તુનો ત્યાગ કરીને કોઇ પણ વસ્તુની ઇચ્છા ન રાખતાં પૃથ્વી ઉપર ફર્યા કરવું, અને એક ગામમાં એક રાતથી વધારે રહેવું નહી. ૧ જો વસ્ત્ર ધારણ કરવાની ઇચ્છા થાય તો

માત્ર કૌપીન જેટલુંજ વસ્ત્ર ધારણ કરીને શરીર ઢાંકવું, અને દંડ વગેરે ચિન્હો વિના બીજી કોઇ પણ તજી દીધેલી વસ્તુ પોતાની પાસે રાખવી નહી. ૨ સંન્યાસીએ એકલાજ ફરવું, કોઇનો આશ્રય લેવો નહી, પોતાના આત્માની સાથેજ વિહાર કરવો, સર્વ પ્રાણી માત્ર સાથે મિત્રતા રાખવી, શાંતચિત્તે રહેવું, નારાયણ પરાયણ રહેવું. ૩ કાર્ય તથા કારણથી પર એવા અવિનાશી ઇશ્વરમાં આ જગત રહેલું છે, અને કાર્ય કારણરૂપ આખા જગતમાં પરબ્રહ્મરૂપ આત્મા રહેલો છે એમ જોવું. ૪ સુષુપ્તિ અવસ્થામાં આત્માનું સ્વરૂપ તમોગુણથી ઢંકાઇને રહે છે, અને તે જાગ્રત તથા સ્વપ્ન અવસ્થામાં વિક્ષેપને લીધે પ્રકાશતું નથી, પરંતુ અવસ્થાની સંધિમાં તમોગુણ કે વિક્ષેપ હોતો નથી, તેથી તે સમયે આત્માને લક્ષ્ય બનાવીને આત્મસ્વરૂપને જોતા રહેવું, તથા બંધ અને મોક્ષને માયા માત્ર જાણીને આત્માને સર્વત્ર વ્યાપક જોવો. ૫ મૃત્યુ કે જે અવશ્ય થનાર જ છે, તેની ઇચ્છા કરવી નહી, તેમજ અસ્થિર જીવિતની પણ ઇચ્છા ન કરવી, પરંતુ પ્રાણીઓની ઉત્પત્તિ અને નાશ કરનારા કાળનીજ વાટ જોયા કરવી. ૬ નાટ્યાદિક મિથ્યા શાસ્ત્રોનો અભ્યાસ ન કરવો. જ્યોતિષાદિકથી શુભાશુભ ફળ જોવાનો ધંધો કરીને આજીવિકા ન કરવી, અયોગ્ય વાદ વિવાદ અને ખોટા તર્ક ન કરવા, અને કોઇ પણ પક્ષનો આગ્રહ કરવો નહી. ૭ ઘણા શિષ્ય કરવા નહી, ઘણા ગ્રંથો ભણવા નહી, સભા મેળવીને વ્યાખ્યાન આપવાં નહી, મઠાદિક જગાઓ બાંધવી નહી. ૮ જ્ઞાન ઉત્પન્ન થયું ન હોય ત્યાં સુધી સંન્યાસનાં ચિન્હ ધારણ કરીને અંતઃકરણની શુદ્ધિને માટે યમ નિયમ પાળીને જ્ઞાન પ્રાપ્ત થવા માટે યત્ન કરવો. જ્ઞાન ઉત્પન્ન થયા પછી નિયમો પાળવાની કાંઇ જરૂર નથી, યમ નિયમો પોતાની મેળે જ મળે છે. માટે શાંત, રાગદ્વેષ રહિત—સમચિત્તવાળા મહાત્મા સંન્યાસીને આશ્રમનાં ચિહ્ન રાખવાથી ઘણું કરીને ધર્મનો લાભ થતો નથી. ૯ બહારનાં ચિહ્ન નહી રાખતાં આત્માનું અનુસંધાન રાખવું, પોતે વિદ્વાન છતાં પણ લોકોની દૃષ્ટિમાં ઉન્મત્ત બાળકની પેઠે રહેવું, અને વિચક્ષણ છતાં પણ પોતાના શરીરને મૂંગા જેવું બતાવવું. ૧૦ આ બાબતમાં પ્રહ્લાદ અને અજગર વૃત્તિવાળા એક મુનિના સંવાદરૂપ એક પુરાતન ઈતિહાસ છે તે કહું છું. ૧૧

લોકોની રીતભાત જાણવાની ઇચ્છાથી કેટલાક કારભારીઓને સાથે લઇને લોકોનો તપાસ કરવાને નીકળેલા મહા વૈષ્ણવ પ્રહ્લાદે સહ્યાદ્રિની પાસે કાવેરી નદીને કાંઠે પૃથ્વી ઉપર પોઢેલા અને શરીર ધુળથી ઢંકાઇ જવાથી જેનું તેજ ઢંકાઇ ગયું હતું એવા એક અવધુત યોગીને દીઠા. ૧૨–૧૩ કર્મ, આકૃતિ, વાણી કે વર્ણાશ્રમ વગેરેનાં ચિહ્નો ઉપરથી તે 'આ છે કે નહી' એમ કોઇથી ઓળખાય નહી, એવા એ યોગીને પ્રણામ કરીને વિધિપૂર્વક પૂજા કર્યા પછી ચરણમાં મસ્તક મૂકીને જ્ઞાનની ઇચ્છાથી મહા વૈષ્ણવ પ્રહ્લાદજીએ તેને આ પ્રમાણે પૂછ્યું. ૧૪–૧૫ "ઉદ્યમી અને ભોગ ભોગવનારાની પેઠે આપનું શરીર પુષ્ટ છે એનું શું કારણ? કેમકે ઉદ્યમીને દ્રવ્ય મળે છે, દ્રવ્યવાળાને નાના પ્રકારના ભોગવિલાસનાં સુખ મળે છે, અને ભોગ સુખવાળાનું શરીર પુષ્ટ હોય છે, બીજાઓનું શરીર પુષ્ટ હોતું નથી. ૧૬ આપ તો સૂઇ રહોછો, કાંઇ પણ ઉદ્યમ કરતા નથી, માટે સુખ આપનારૂં ધન તમારી પાસે હોવાનો સંભવ નથી, તો હે દેવ! ભોગસુખ વિના તમારૂં શરીર શાથી પુષ્ટ થયું? તે જો મને કહેવાને યોગ્ય હોય તો કહો. ૧૭ આપ વિદ્વાન, ચતુર, સમર્થ અને વિચિત્ર વાતોથી લોકોને પ્રસન્ન કરનારા છો, તેમ છતાં સુતા રહોછો, અને સમદૃષ્ટિથી લોકો કર્મ કરે છે તે જોયા કરોછો; પણ ઉદ્યમ કરતા નથી." ૧૮

નારદજી કહેછે—એ પ્રમાણે પ્રહ્લાદજીએ પૂછવાથી તેમની વાણીરૂપી અમૃતને આધીન થયેલા યોગી હસીને બોલ્યા. ૧૯

બ્રાહ્મણ કહે છે—હે દૈત્યરાજ ! તમે જ્ઞાનીજનોમાં પ્રખ્યાત છો, તે પ્રવૃત્તિ અને નિવૃત્તિમાં મનુષ્યોને કેવું ફળ મળે છે તે સર્વ આત્મજ્ઞાનવડે જાણોછો. ૨૦ કારણ કે શુદ્ધ ભક્તિથી તમારા હૃદયમાં ભગવાન નારાયણ બિરાજીને, સૂર્ય જેમ અંધકારનો નાશ કરે છે તેમ અજ્ઞાનનો નાશ કરે છે. ૨૧ હે રાજા! તો પણ જેવું મેં સાંભળ્યું છે તે પ્રમાણે તમારા પ્રશ્નોનો ઉત્તર આપુંછું. જેને અંતઃકરણ શુદ્ધ કરવાની ઇચ્છા હોય, તેણે આપને અવશ્ય માન આપવું જોઇએ. ૨૨ જન્મ મરણરૂપી પ્રવાહને ચલાવનારી અને ભરપૂર વિષયોથી પણ શાંત ન થનારી તૃષ્ણાએ કર્મ કરાવીને મને અનેક યોનિમાં નાંખ્યો હતો. ૨૩ કર્મોથી ભટકતો ભટકતો હું એ તૃષ્ણાથી હવે દૈવગતિથી પાછો આ મનુષ્ય દેહમાં આવ્યોછું. જે મનુષ્ય દેહ પુણ્ય કરવાથી સ્વર્ગ, પાપ કરવાથી નીચ યોનિ, પુણ્ય અને પાપ ભેગાં કરવાથી મનુષ્ય દેહ અને નિવૃત્તિથી મોક્ષ આપનારો છે. ૨૪ આ મનુષ્ય જન્મમાં સ્ત્રી પુરૂષો પણ સુખ મેળવવાને અને દુઃખ દૂર કરવાને અનેક પ્રકારનાં કર્મ કરે છે; પરંતુ તેની ઇચ્છા કરતાં ઉલટું ફળ મળે છે. આવું જોઇને હું નિવૃત્તિ માર્ગે ચાલુંછું. ૨૫ આ જીવનું સ્વરૂપ સુખ છે, તે સર્વ ક્રિયાઓ બંધ થયા પછી પોતાની મેળે પ્રકાશે છે. સર્વ પ્રકારના ભોગો મનકલ્પિત અને નાશવંત છે, એમ જાણીને હું ઉદ્યમ કર્યા વગર બેશી રહુંછું, અને પ્રારબ્ધથી જે ભોગ મળે છે તે ભોગવુંછું. ૨૬ પોતાનો સુખરૂપ પુરૂષાર્થ પોતાનામાંજ છે, અને દ્વૈતપદાર્થ પણ મિથ્યા છે, તેમ છતાં તેને ભૂલી જઇને માણસ ભયંકર સંસારના પ્રવાહમાં પડે છે. ૨૭ જેમ કોઇ મૂર્ખ માણસ શેવાળ વગેરેથી ઢંકાયેલા જળને છોડીને જળ પીવા માટે ઝાંઝવાંનાં જળ તરફ દોડે, તેમ પોતાના સ્વરૂપ સિવાય બીજે ઠેકાણે સુખ છે એમ માનીને અજ્ઞાનીપુરૂષ વિષયો તરફ દોડે છે. ૨૮ દૈવાધીનદેહાદિક પદાર્થોથી સુખ મેળવવાને અને દુઃખ દૂર કરવાને ભાગ્યહીન પુરૂષો જે જે ઉદ્યમ કરે છે તે સર્વ નિષ્ફળ થાય છે. ૨૯ આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક દુઃખોથી કદીપણ નહી છુટનારો અને જેના માથા ઉપર સદા મૃત્યુ ભમ્યા કરે છે એવા મનુષ્યને કદાચિત્ ભારે કષ્ટથી ધન કે સુખ મળે, તો પણ તેથી શું થયું ? ૩૦ હુંતો ધનવાનોને પણ દુઃખી દેખુંછું, કારણ કે તેઓ લોભી હોય છે, અજીતેંદ્રિય હોય છે, ભયને લીધે રાતે તેને ઊંઘ પણ આવતી નથી, અને દિવસે પુત્રાદિક સર્વની શંકા રાખે છે. ૩૧ જીવવાની અને ધનની આશા વાળાને રાજાથી, ચોરથી, શત્રુથી, સ્વજનથી, પશુ પક્ષીથી, માગનારાઓથી, કાળથી તથા પોતાથી પણ નિત્ય ભય રહે છે. ૩૨ જેને માટે મનુષ્યોને શોક, મોહ, ભય, ક્રોધ, પ્રીતિ, દીનતા અને પરિશ્રમાદિક થયા કરે છે, એવા પ્રાણ અને ધનની તૃષ્ણાનો વિદ્વાનોએ ત્યાગ કરવો જોઇએ. ૩૩ આ લોકમાં મધમાખી અને અજગર એ બે મારા પરમ ગુરૂ છે, એઓથી શિક્ષા પામીને હું વૈરાગ્ય અને સંતોષ પામ્યોછું. ૩૪ મધમાખીથી હું સર્વ વિષયોમાં વૈરાગ્ય રાખવાનું શીખ્યો છું. મધમાખીએ મહાદુઃખે એકઠું કરી રાખેલું મધ જેમ બીજા લોકો તેને ઉડાડી મૂકીને લઇ જાય છે, તેમ એક મનુષ્યે મહાકષ્ટે મેળવેલું ધન બીજો મનુષ્ય તેને મારીને લઇ જાય છે. ૩૫ હું અજગરથી સંતોષ રાખવાનું શીખ્યોછું, મને વગરઉદ્યમે દૈવ ઇચ્છાથી જે કાંઇ મળે છે, તેટલાથી સંતોષ પામુંછું. જો કાંઇ મળતું નથી તો અજગરની પેઠે ઘણા દિવસ સુધી પડયો રહુંછું. ૩૬ મને કદી થોડું, કદી ઘણું, કદી સ્વાદવાળું, કદી સ્વાદ વગરનું, કદી બહુ ગુણવાળું, કદી ગુણ વગરનું, જે કાંઇ આહાર માટે મળે છે તે ખાઇને દેહનું પોષણ કરૂંછું. ૩૭ કોઇ દિવસે કોઇ શ્રદ્ધાથી આપે છે, તો કોઇ દિવસ અપમાનથી પણ મળે છે, કોઇ વાર દિવસે મળે છે, તો કદી રાતે મળે છે, તો પણ દૈવ ઇચ્છાથી જે મળે છે તે ખાઇને સદા આનંદમાં રહુંછું. ૩૮ રેશમી વસ્ત્ર, સણનાં વસ્ત્ર, ચામડું, ચીથરું, ભોજપત્ર,

વલ્કલ અને બીજું જે કાંઈ મળે છે, તેજ પેહેરી લઉં છું, અને દૈવ ઉપર દૃષ્ટિ રાખીને સદા સંતોષથી રહું છું. ૩૯ કોઇ વખતે ધરતી ઉપર ઘાસ, પાંદડાં, પથરા કે રાખ ઉપર સુઇ રહું છું, કોઇ વાર કોઇની ઇચ્છાથી મેહેલમાં પલંગ ઉપર બિછાવેલી તળાઈ ઉપર સુઇ રહું છું. ૪૦ કદી સ્નાન કરી, શરીરે ચંદન ચોપડી, સુંદર વસ્ત્ર પેહેરી, માળા તથા આભૂષણ ધારણ કરી, રથ, ઘોડા તથા હાથીઓ ઉપર બેશીને ફરૂં છું, અને કદી વૃક્ષની પેઠે નાગોજ ફર્યા કરૂં છું. ૪૧ પરસ્પર ઉલટા સ્વભાવવાળાની હું નિંદા કરતો નથી, તેમ સ્તુતિ કરતો નથી, પણ સર્વનું કલ્યાણ અને પરમાત્મામાં એકતા થાય એવું ઇચ્છું છું. ૪૨ ભેદભાવને મનોવૃત્તિમાં હોમવો, મનોવૃત્તિને પદાર્થોના ભ્રમવાળા મનમાં હોમવી, મનને અહંકારમાં હોમવું અને અહંકારને મહત્તત્વ દ્વારા માયામાં હોમી દેવો. ૪૩ એ માયાને સત્યસ્વરૂપ જાણનારા મુનિએ સ્વસ્વરૂપના અનુભવમાં હોમી દેવી, પછી ઉદ્યમ રહિત થઇને પોતાના અનુભવથી સ્વસ્વરૂપમાં રહીને વિરામ પામવું. ૪૪ આ પ્રમાણે મારાં આચરણ અત્યંત ગુપ્ત અને લોક તથા શાસ્ત્રથી વિરૂદ્ધ છે, તો પણ તમે ભગવાનના ભક્ત છો, માટે તમને વર્ણવી બતાવ્યાં છે. ૪૫

નારદજી કહે છે—આ પ્રમાણે એ અવધુતના મુખથી પરમહંસના ધર્મ સાંભળીને પ્રહ્લાદજી પ્રસન્ન થયા. પછી તેમનું પૂજન કરી, આજ્ઞા લઇને પોતાને ઘેર ગયા. ૪૬

धर्मं पारमहंस्यं वै मुनेः श्रुत्वाऽसुरेश्वरः ॥

पूजयित्वा ततः प्रीत आमंत्र्य प्रययौगृहम् ॥

ઇતિ શ્રી ભાગવત મહાપુરાણના સપ્તમ સ્કંધમાં "યતિ ધર્મ કથન" નામનો ૧૩ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૪ મો.

ગૃહસ્થોના મોક્ષદાયક તથા સુખદાયક ધર્મો.

युधिष्ठिर उवाच.

गृहस्थ एतां पदवीं विधिना येन चांजसा ।

याति देवऋषे ब्रूहि मादृशो गृहमूढधीः ॥

યુધિષ્ઠિર રાજા પૂછે છે—હે નારદજી! મારા જેવો ઘરમાં આસક્તિવાળો મૂઢ મતિવાળો ગૃહસ્થપુરૂષ વિનાશ્રમે મોક્ષ પામે એવો ઉપાય મને કહો. ૧

નારદજી કહે છે—હે રાજા! ઘરમાં રહેલા ગૃહસ્થ પુરૂષે સમય પ્રમાણે યથોચિત ક્રિયાઓ કરવી, અને તે સર્વ સાક્ષાત્ વાસુદેવ ભગવાનને અર્પણ કરવી અને મહર્ષિઓની સેવા કરવી. ૨ ભગવાનના અવતારની કથારૂપી અમૃતનું નિત્ય શ્રદ્ધાથી પાન કરવું, અને સમય પ્રમાણે શાંત ચિત્તવાળા મહાત્માઓનો સમાગમ કરવો. ૩ જેમ સ્વપ્નામાંથી જાગેલો મનુષ્ય સ્વપ્નામાં જોયેલા પુત્રાદિકમાંથી આસક્તિ છોડી દેછે, તેમજ સ્ત્રી પુત્ર આદિક કે જે એક દિવસ પોતાનો ત્યાગ કરનારાં છે, તેઓનો સંગ પણ સત્સંગવડે ધીરે ધીરે છોડી દેવો. ૪ વિવેકી મનુષ્યે તો દેહમાં અને ઘરમાં જેટલું પ્રયોજન હોય એટલોજ સંબંધ રાખવો, અને મનમાં વૈરાગ્ય રાખીને ઉપરથી આસક્ત પુરૂષની પેઠે પુરૂષાર્થ કરવો. ૫ જ્ઞાતિજનો, માતા, પિતા, પુત્ર, ભાઈ અને બીજા સંબંધીઓ જે કાંઇ કહે તથા ઇચ્છે, તેમાં મમતા છોડી દઇને અનુમોદન આપવું. ૬ પૃથ્વીમાંથી મળેલું ધનાદિક અને દૈવઇચ્છાથી મળેલું ધન તે સર્વનો ઉપભોગ કરીને વિદ્વાન પુરૂષે ઉપર કહ્યા પ્રમાણે વર્તવું. ૭ જેટલાથી પેટ ભરાય તેટલુંજ ધાન્ય પ્રાણીઓનું પોતાનું છે, તેનાથી વધારેને માટે જે અભિમાન રાખે તે મનુષ્ય ચોર સમાન હોવાથી શિક્ષાને પાત્ર છે. ૮ મૃગ, ઉંટ, ગધેડાં, વાંદરાં, ઉંદર, સર્પ, વીંછી, પક્ષી અને માખી-

ઓને પોતાના પુત્ર સમાન ગણવાં, કેમકે તેમાં અને પુત્રાદિકમાં કાંઇ અંતર નથી. ૯ ઘરમાં રહેતાં છતાં પણ અત્યંત કષ્ટ વેઠીને ધર્મ, અર્થ તથા કામ સંપાદન કરવા નહી; પરંતુ દેશ કાળને અનુસરીને જેટલું પ્રારબ્ધમાં મળે તેટલાથી સંતોષ પામવો. ૧૦ કુતરા, પતિત અને ચંડાળાદિક સર્વ પ્રાણીને પોતાના અન્નમાંથી યથાયોગ્ય ભાગ આપવો, અને પોતાની સ્ત્રી કે જે મુખ્યત્વે પોતાની સેવા કરવા માટે છે તથા જેમાં મનુષ્યોને 'આ મારી છે' એવો આગ્રહ છે, તે સ્ત્રી પાસે પણ ધર્મશાસ્ત્રમાં કહ્યા પ્રમાણે અતિથિઓની સેવા કરાવવી. ૧૧ જેને માટે મનુષ્ય પોતાનો પ્રાણ આપેછે અને પોતાના ગુરૂ તથા પિતાને પણ મારી નાંખેછે, તે સ્ત્રીમાંથી જેણે મમતા છોડી દીધી છે, તેણે અજીત ભગવાનને પણ જીતી લીધા જાણવા. ૧૨ અંતે જેની રાખ, કીડા અથવા વિષ્ટા થવાની છે, એવું આ તુચ્છ શરીર ક્યાં? અને આ દેહના સુખ માટે જેમાં પ્રીતિ થાયછે એવી સ્ત્રી ક્યાં? તથા સર્વવ્યાપક આત્માનું સ્વરૂપ ક્યાં? ૧૩ પ્રારબ્ધથી જે અન્નાદિક મળે તેનાથી પંચમહાયજ્ઞ કરતાં બાકી રહેલા અન્નથી પોતાનો નિર્વાહ કરવો, અને નિર્વાહ કરતાં જે બચે તેમાં મમતા રાખવી નહી. આ પ્રમાણે જે વિવેકી પુરૂષ વર્તેછે, તે પરમહંસની ગતિને પામેછે. ૧૪ પોતાની આજીવિકામાંથી જે ધન મળે તેનાથી નિત્ય, દેવ, ઋષિ, પિતૃ, મનુષ્ય અને પ્રાણીઓનું પૂજન કરવું અને પોતાના શરીરનું પોષણ કરવું. આ પ્રમાણે કરવાથી અંતર્યામી ભગવાનની પૂજા થાયછે. ૧૫ જ્યારે પોતાને અધિકાર વગેરે યજ્ઞની સર્વ સામગ્રી મળે, ત્યારે વેદમાં કહેલા અગ્નિ હોત્રાદિકના વિધિ પ્રમાણે યજન કરવું. ૧૬ સર્વ યજ્ઞોના ભોક્તા ભગવાન બ્રાહ્મણોને જમાડવાથી જેવા પ્રસન્ન થાયછે, તેવા અગ્નિના મુખમાં ઘી વગેરે હોમવાથી પ્રસન્ન થતા નથી. ૧૭ માટે બ્રાહ્મણ, દેવતા, મનુષ્ય, અને બીજાં પ્રાણીઓને દાન તથા માન આપીને તેનામાં રહેલા અંતર્યામી ભગવાનનું પૂજન કરવું, કારણ કે ભગવાનનું મુખ્ય મુખ બ્રાહ્મણજ છે ૧૮ દ્વિજવર્ણે ભાદરવા મહિનાના કૃષ્ણપક્ષમાં માતાપિતાનું મહાલય શ્રાદ્ધ કરવું, અને વિશેષ સંપત્તિ હોય તો માતાપિતાનાં સંબંધીઓનું પણ શ્રાદ્ધ કરવું. ૧૯ દક્ષિણાયન (કર્કસંક્રાંત), ઉત્તરાયન (મકરસંક્રાંતિ), વિષુવ (મેષ અને તુલા સંક્રાંતિ), વ્યતિપાત, ક્ષયદિવસ, ચંદ્ર સૂર્યનાં ગ્રહણ, શ્રાવણની દ્વાદશી, ૨૦ અખાત્રીજ, કાર્તિક શુદી નવમી, હેમંત તથા શિશિર ઋતુની ચાર અષ્ટકા (કૃષ્ણપક્ષની સાતમ, આઠમ અને નવમી) નામની તિથિઓ, ૨૧ માઘ શુદી સાતેમ, માઘ માસની મઘા નક્ષત્રવાળી પુનેમ, અને જે નક્ષત્રો ઉપરથી પ્રત્યેક માસનાં નામ પડેલાં છે તે નક્ષત્રોના દિવસે શ્રાદ્ધ કરવું. ૨૨ બારશને દિવસે અનુરાધા, શ્રવણ, ઉત્તરાફાલ્ગુની, ઉત્તરાષાઢા, અથવા ઉત્તરાભાદ્રપદ નક્ષત્ર હોય, એકાદશીને દિવસે પુર્વાફાલ્ગુની, પૂર્વાષાઢા અથવા પુર્વાભાદ્રપદ નક્ષત્ર હોય, અને જે તિથિમાં જન્મ નક્ષત્ર અથવા શ્રવણ નક્ષત્ર હોય તે દિવસે શ્રાદ્ધ કરવું. ૨૩ ઉપર કહેલા દિવસો એકલું શ્રાદ્ધ કરવા માટેનાજ છે એમ નહિ સમજતાં તે મનુષ્યોના સર્વ પ્રકારના ધર્મની વૃદ્ધિ કરનારા છે એમ સમજીને તે દિવસોમાં સર્વ પ્રકારના ધર્મની વૃદ્ધિ કરનારા છે એમ સમજીને તે દિવસોમાં સર્વ પ્રકારે પુણ્ય દાન કરવું; કારણ કે એજ આયુષ્યને સફળ કરનાર છે. ૨૪ એ પુણ્ય તિથિઓમાં સ્નાન, જપ, હોમ, વ્રત, દેવતા તથા બ્રાહ્મણોની પૂજા, અને પિતરો, પ્રાણીઓ તથા મનુષ્યોને જે આપ્યું હોય, તે સર્વ અક્ષય થાય છે ૨૫ હે રાજન્! સ્ત્રીના, પુત્રના અથવા પોતાના સંસ્કાર સમયે, પ્રેતને બાળવા વગેરેના સમયે, સાંવત્સરિક શ્રાદ્ધના સમયે, અને બીજાં પણ માંગળિક કાર્યો કરવાના સમયે પણ પુણ્ય કરવું. ૨૬ હવે ધર્મ વગેરે કલ્યાણ કરનારા દેશોનાં નામ તમને કહું છું તે સાંભળોઃ–જે દેશમાં સુપાત્ર માણસો રહેતા હોય, ૨૭ જ્યાં સચરાચરના નિવાસરૂપ

ભગવાનની મૂર્તિ મળી આવે, જ્યાં તપ, વિદ્યા અને દયાવાળા બ્રાહ્મણો રહેતા હોય, ૨૮ જ્યાં ભગવાનની પ્રતિમા હોય, જે દેશમાં પુરાણોમાં પ્રસિદ્ધ એવી ગંગા આદિક નદીઓ હોય, ૨૯ પુષ્કરાદિક સરોવરો, મહાત્માઓનાં નિવાસસ્થાન, કુરૂક્ષેત્ર, ગયા, પુલહાશ્રમ, નૈમિષારણ્ય, ફાલ્ગુન, સેતુબંધરામેશ્વર, પ્રભાસ, દ્વારકા, કાશી, મથુરા, પંપાસર, બિંદુસર, નારાયણાશ્રમ, નંદા, સીતા તથા રામનો આશ્રમ, મહેંદ્ર તથા મલયાદિક મોટા પર્વતો, અને ભગવાનની સ્થિર મૂર્તિવાળા દેશ, એ સર્વ અત્યંત પવિત્ર ગણાય છે. પોતાનું કલ્યાણ ઇચ્છનારા મનુષ્યોએ એ દેશનું વારંવાર સેવન કરવું. એ દેશોમાં કરેલું પુણ્યદાન મનુષ્યોને હજારગણા કરતાં પણ વધારે ફળ આપે છે. ૩૦—૩૩ હે યુધિષ્ઠિર ! સુપાત્રને ઓળખનારા વિદ્વાનોએ એક ભગવાનને જ પાત્ર ગણેલા છે, કારણ કે સર્વ સ્થાવર જંગમ જગત ઈશ્વરરૂપ છે. ૩૪ હે રાજા ! આપના યજ્ઞમાં દેવતા, ઋષિ, મહાત્મા, અને બ્રહ્માના પુત્ર વગેરે સર્વ હતા; પરંતુ એ સભામાં પ્રથમ પૂજનને યોગ્ય સર્વોત્તમ પાત્ર તો એક શ્રી કૃષ્ણ ભગવાનજ ગણાયા હતા. ૩૫ આ બ્રહ્માંડરૂપ મોટું ઝાડ છે, તે અનેક જીવોથી ભરેલું છે, તેનું મૂળ ભગવાન છે, માટે ભગવાનની પૂજા કરવાથી સર્વ જીવોની તથા પોતાની તૃપ્તિ થાય છે. ૩૬ મનુષ્ય, પશુ, પક્ષી, ઋષિ અને દેવતા વગેરેનાં શરીર ભગવાને જ રચેલાં છે, અને તેમાં જીવરૂપે પોતે શયન કરે છે, માટે તે પુરૂષ કહેવાય છે. ૩૭ હે રાજા ! પશુ પંખીનાં શરીર કરતાં મનુષ્ય દેહમાં ભગવાન અધિક અંશે રહ્યા છે, માટે મનુષ્ય સુપાત્ર ગણાય છે, તેમાં પણ જે જ્ઞાની હોય તે અધિક સુપાત્ર ગણાય છે. ૩૮ પૂર્વે મનુષ્યોના શરીરમાંજ ભગવાનની પૂજા કરવામાં આવતી હતી; પરંતુ મનુષ્યોમાં પરસ્પર અપમાન થવા લાગ્યાં, તેથી ત્રેતાયુગના આરંભથી વિદ્વાનોએ ભગવાનની મૂર્તિની પૂજા કરવા માંડી. ૩૯ માટે કેટલાક માણસો મૂર્તિમાન ભગવાન છે, એમ માનીને તેની ઉપાસના કરે છે. જે મનુષ્ય બીજા મનુષ્યોનો દ્વેષ કરે છે, તેને તે મૂર્તિની પૂજા ફળદાયક થતી નથી. ૪૦ હે રાજેંદ્ર ! મનુષ્યોમાં પણ જે બ્રાહ્મણ તપ, વિદ્યા અને સંતોષથી ભગવાની મૂર્તિરૂપ વેદનો અભ્યાસ કરે છે, તે બ્રાહ્મણને સુપાત્ર જાણવો ૪૧ હે રાજન્ ! પોતાના ચરણની રજથી ત્રૈલોક્યને પવિત્ર કરનારા એવા સુપાત્ર બ્રાહ્મણો આ જગતના આત્મા શ્રી કૃષ્ણ ભગવાનના પરમ દૈવત રૂપ છે. ૪૨

नन्वस्य ब्राह्मणा राजन् कृष्णस्य जगदात्मनः
पुनंतःपादरजमा त्रिलोकीं दैवतं महत ॥

ઇતિ શ્રી ભાગવત મહાપુરાણના સપ્તમ સ્કંધમાં 'ગૃહસ્થ ધર્મ વર્ણન' નામનો ૧૪ મો અધ્યાય સંપૂર્ણ

અધ્યાય ૧૫ મો.

વર્ણાશ્રમની રીત અને મોક્ષનું લક્ષણ.

नारद उवाच.

कर्मनिष्ठा द्विजाः केचित्तपोनिष्ठा नृपाऽपरे ॥
स्वाध्यायेऽन्ये प्रवचने ये केचिज्ज्ञान योगयोः

નારદજી કહે છે—હે યુધિષ્ઠિર, કેટલાક બ્રાહ્મણો કર્મનિષ્ઠ ! કેટલાક તપોનિષ્ઠ, કેટલાક સ્વાધ્યાય કરનારા, કેટલાક વ્યાખ્યાનમાં નિષ્ઠા રાખનારા, અને કેટલાક જ્ઞાનમાં તથા યોગમાં નિષ્ઠા રાખનારા હોય છે. ૧ પિતૃ તથા દેવતાનાં કાર્યોમાં અનંત ફળની ઇચ્છાવાળા પુરૂષે જ્ઞાનનિષ્ઠ બ્રાહ્મણને ભોજન કરાવવું અને જ્ઞાની ન મળે તો બીજા બ્રાહ્મણોને યથોચિત ભોજન કરાવવું. ૨ પુષ્કળ સમૃદ્ધિવાન પુરૂષે પણ શ્રાદ્ધમાં વિશ્વેદેવના બે અને પિતૃના ત્રણ અથવા એ બન્નેનો એકેકો બ્રાહ્મણ જમાડવો, પરંતુ વધારે વિસ્તાર ન કરવો. ૩ વિસ્તાર કરવાથી સ્વજનોને જમાડવામાં દેશકાળમાં જોઇતી શ્રદ્ધા, પદાર્થ, પાત્ર અને પૂજન એ પણ યોગ્ય રીતે બની શકતાં નથી. ૪ ઉચિત દેશકાળમાં શ્યામો વગેરે સુ

નિર્ધનોનું ખડધાન્ય પણ ભગવાનને અર્પણ કરીને શ્રદ્ધાથી વિધિ પ્રમાણે સત્પાત્રને જમાડવામાં આવે તો તે પણ અક્ષય અને સર્વ કામનાને પૂરી પાડનાર છે. ૫ દેવતા, ઋષિ, પિતરો, પ્રાણીઓ, પોતે અને સ્વજનો એ સર્વને ઇશ્વરરૂપ જાણીને અન્નના વિભાગ વેહેંચી આપવા. ૬ ધર્મનાં તત્ત્વ જાણનારા પુરૂષે શ્રાદ્ધમાં બ્રાહ્મણોને માંસ જમાડવું નહી, અને પોતે પણ ખાવું નહી: કારણ કે પિતૃઓ મુનિના ખડધાન્યથી જેવા તૃપ્ત થાય છે તેવા પશુહિંસાથી થતા નથી. ૭ મન, વચન તથા કર્મથી કોઇ પ્રાણીની હિંસા કરવી નહી, ઉત્તમ ધર્મની ઇચ્છાવાળા પુરૂષને એના જેવો બીજો એકે ધર્મ નથી. ૮ કેટલાક યજ્ઞવેત્તા અને નિષ્કામી જ્ઞાની પુરૂષો જ્ઞાનથી પ્રકાશીને થયેલ મનોનિગ્રહરૂપી યજ્ઞમાં કર્મો હોમી દે છે, અર્થાત્ મનોનિગ્રહમાં કર્મ વિઘ્નરૂપ જાણીને તેનો ત્યાગ કરે છે. ૯ જેમાં પદાર્થો હોમાય છે, એવો યજ્ઞ કરવાને તૈયાર થયેલા મનુષ્યને જોઇને બીજાં પ્રાણીઓ ભય પામે છે કે—આ આત્માને નહિ જાણનારો, પેટભરો અને નિર્દય મનુષ્ય અવશ્ય અમને મારી નાંખશે. ૧૦ માટે ધર્મવેત્તા પુરૂષોએ પ્રારબ્ધથી પ્રાપ્ત થયેલા શ્યામા વગેરે ધાન્યથી સંતોષ પામીને દરરોજ નિત્ય નૈમિત્તિક ક્રિયાઓ કરવી. ૧૧ વિધર્મ, પરધર્મ, આભાસ, ઉપમા, અને છળ એ પાંચ અધર્મની શાખાઓ છે, તેનો ધર્મવેત્તા પુરૂષે અધર્મની પેઠે ત્યાગ કરવો. ૧૨ જે ક્રિયા ધર્મ સમજીને કરતાં તેનાથી સ્વધર્મમાં બાધ આવે તો તે વિધર્મ છે. જે બીજાઓનો ધર્મ તે પરધર્મ છે, મનુષ્યોએ પોતાની ઇચ્છાથી ઉભા કરેલા અને આશ્રમથી જુદા ધર્મને આભાસ જાણવો, જે પાખંડ ધર્મ હોય તેને ઉપમા જાણવો, અને જે ઢોંગી અથવા ધર્મશાસ્ત્રનાં વચનોનો ઉલટો અર્થ કરીને માન્ય કરેલો હોય તેને છળ જાણવો. ૧૩ એ સર્વ મિથ્યા અને દુઃખ કારક ધર્મો છે. ધર્મશાસ્ત્રોમાં કહેલો સ્વાભાવિક ધર્મ કોને શાંતિ આપતો નથી? ૧૪ નિર્ધન મનુષ્યે ધર્મ કરવા માટે અથવા નિર્વાહને અર્થે પણ ધનની ઇચ્છા કરવી નહી, કારણ કે નિરનિવાળા મનુષ્યને અજગરની પેઠે નિવૃત્તિજ આજીવિકા છે. ૧૫ જે સુખ આત્મારામ, સંતોષી અને નિવૃત્તિવાળા પુરૂષને મળે છે, તે સુખ વિષયોના લોભથી ધન મેળવવા માટે ચારે તરફ દોડનારા મનુષ્યને ક્યાંથી મળે? ૧૬ પગમાં પગરખાં પેહેરનારા મનુષ્યને જેમ કાંટા અને કાંકરાવાળી જમીનમાં પણ સુખ મળે છે, તેમ સદા સંતોષી પુરૂષને પણ જ્યાં જાય ત્યાં સુખ છે ૧૭ હે રાજા! સંતોષી મનુષ્ય માત્ર જળથી પણ પોતાનો નિર્વાહ કરી શકે છે, તેમ છતાં તે ઉપસ્થ (ગુહ્યેંદ્રિ) અને જીભના રસની લાલચથી કુતરા જેવો બને છે. ૧૮ જે બ્રાહ્મણ સંતોષી હોય, તેનુ તેજ, વિદ્યા, તપ, અને યશ ઇંદ્રિયોની લોલુપતાથી ઝરી જાય છે, અને જ્ઞાન પણ નાશ પામે છે. ૧૯ ભૂખ તથા તરસ વેઠવાથી કામનો અંત આવે છે, અને કોઇને પણ દુઃખ દેવાથી ક્રોધનો અંત આવે છે; પરંતુ લોભનો અંત તો દિગ્વિજય કરવાથી અથવા રાજ્ય ભોગવવાથી પણ આવતો નથી. ૨૦ હે મહારાજ! ઘણું જાણનારા અને સંશય કાપનારા પંડિતો અને સભાપતિઓ પણ અસંતોષથી નરકમાં પડે છે. ૨૧ મનમાં નાના પ્રકારના સંકલ્પ વિકલ્પ ન થવા દઈ કામનાને જીતવી, કામનાનો ત્યાગ કરીને ક્રોધને જીતવો, ધનને અનર્થકારક સમજીને લોભને જીતવો, તત્ત્વવિચારથી ભયને જીતવો. ૨૨ આત્મવિદ્યાથી શોક તથા મોહને જીતવા, મહાત્માઓની સેવાથી દંભને જીતવો, મૌનથી યોગના વિઘ્નરૂપ મિથ્યાવ્યવહારને જીતવો, શરીરની સ્પૃહા તજીને હિંસાને જીતવી. ૨૩ કોઇ પ્રાણીથી થયેલા દુઃખને દયાથી જીતવું, દેવ તરફથી આવેલા દુઃખને સમાધિથી જીતવું, દેહથી થયેલા દુઃખને યોગબળથી જીતવું, સાત્વિક વસ્તુના સેવનથી નિદ્રાને જીતવી. ૨૪ સત્વ ગુણથી રજોગુણ તથા તમોગુણને જીતવા, અને ઉપશમથી સત્વગુણને જીતવો. આ સર્વ સાધારણ ઉપાય કહ્યા; પરંતુ એક ગુરૂભક્તિજ સર્વને વિનાશ્રમે જીતી

લે છે. ૨૫ જ્ઞાનરૂપ દીવો આપનારા અને સાક્ષાત્ ભગવાનરૂપ ગુરૂને વિષે જે મનુષ્ય 'આ તો મનુષ્ય છે' એવી મિથ્યા બુદ્ધિ કરે છે તેનો શાસ્ત્રાભ્યાસ હાથીના સ્નાન જેવો મિથ્યા છે. ૨૬ ગુરૂજ પ્રધાનપુરૂષના ઈશ્વર અને યોગેશ્વર જેનાં ચરણને શોધ્યા કરે છે એવા સાક્ષાત્ ભગવાન છે, તેમ છતાં મૂઢબુદ્ધિવાળા લોકો તેને મનુષ્ય માને છે. ૨૭ સર્વ નિયમો પાળવાને શાસ્ત્રમાં જે આજ્ઞાઓ કરી છે, તે છ ઇંદ્રિયોને નિયમમાં રાખવાને માટે છે, અને ઇંદ્રિયોને જીત્યા પછી પણ જો તેથી ધ્યાન, ધારણા અને સમાધિ ન થઇ શકે તો તે સર્વ આજ્ઞાઓ કેવળ શ્રમરૂપ છે. ૨૮ જેમ ખેતીવાડી અને વ્યાપાર આદિ આજીવિકાઓ યોગના ફળ રૂપ મોક્ષને આપતી નથી, પણ જન્મ મરણ આપે છે, તેમ દુષ્ટ મનુષ્યને યજ્ઞ તથા વાવ કુવા બનાવવા વગેરે કામો પણ જન્મ મરણ આપે છે. ૨૯ મનને જીતવાને ઈચ્છનારા પુરૂષે કોઇનો સંગ કરવો નહી, સ્ત્રી પુત્રાદિક તથા ધન ધાન્યાદિકનો સંગ્રહ ન કરવો, એકાંતમાં રહેવું, એકલાજ ફરવું, અને ભિક્ષા માગવાથી જે કાંઇ મળે તેનો આહાર કરવો ૩૦ પવિત્ર અને સરખી ભૂમિમાં સ્થિર અને સમ આસન જમાવીને તે ઉપર સરલ અંગથી બેશીને ૐકારનો ઉચ્ચાર કરવો. ૩૧ જ્યાં સુધી મન સર્વ કામનાઓનો ત્યાગ કરે, ત્યાં સુધી પોતાના નાકની અણી ઉપર દૃષ્ટિ રાખીને પૂરક, કુંભક અને રેચકથી પ્રાણ તથા અપાન વાયુને રોકવા. ૩૨ કામનાઓથી ભ્રષ્ટ થયેલું અને ભટકતું મન જે જે વિષય તરફ દોડે, તેમાંથી પાછું વાળીને વિદ્વાન પુરૂષે તેને ધીરે ધીરે હૃદયમાં રોકવું. ૩૩ એ પ્રમાણે નિરંતર અભ્યાસ કરનારા સંન્યાસીનું મન થોડા સમયમાં લાકડાં વગરના અગ્નિની પેઠે શાંત થાય છે. ૩૪ કામાદિકથી ક્ષોભ ન પામેલું અને જેની સર્વ વૃત્તિઓ શાંત થયેલી હોય એવું ચિત્ત, બ્રહ્મસુખનો સ્પર્શ થવાથી પાછું કદી પણ વિષયાસક્ત થતું નથી. ૩૫ જે મનુષ્ય પ્રથમ ધર્મ અર્થ અને કામનું સેવન કરે, તે નિર્લજ સંન્યાસીને વમન કરેલું ખાનારો જાણવો. ૩૬ પોતાના દેહને અનાત્માં, મરનાર અને વિષ્ઠા, કીડા અથવા ભસ્મરૂપ થનારો જાણનારા પુરૂષો પણ નીચ બનીને આ દેહને પોતાનો માનીને તેની સ્તુતિ કરાવે છે. ૩૭ ગૃહસ્થ થઇને ક્રિયાનો ત્યાગ કરે, બ્રહ્મચારી થઇને બ્રહ્મચર્ય પાળે નહી, વાનપ્રસ્થ થઇને ગામમાં રહે, અને સંન્યાસી થઇને ઇંદ્રિય સુખ ઈચ્છે, ૩૮ એ સર્વેને અધમ અને સાચા આશ્રમોનું નાટક કરનારા જાણવા. ભગવાનની માયાથી મોહિત થયેલા એ લોકો ઉપર દયા કરીને તેઓની ઉપેક્ષા કરવી. ૩૯ જે મનુષ્ય પોતાને પરબ્રહ્મરૂપ જાણતો હોય તે જ્ઞાનથી વાસના નિવૃત્ત થઇ જવાને લીધે પાછો કયા પ્રયોજન નથી અને કોને માટે લંપટ બનીને પોતાના દેહનું પોષણ કરે? ૪૦ પંડિત લોકો આ શરીરને રથ કહે છે, ઇંદ્રિયોને ઘોડા કહે છે, ઇંદ્રિયોના અધિપતિ મનને રાશ કહે છે, શબ્દાદિક વિષયોને માર્ગ કહે છે, બુદ્ધિને સારથિ કહે છે, ઇશ્વરે ઉત્પન્ન કરેલું ચિત્ત રથનું બંધન છે એમ કહે છે. ૪૧ દશ પ્રાણો ધરી છે, ધર્મ તથા અધર્મરૂપ બે પૈડાં છે, અહંકારી જીવ એ રથમાં બેસનારો છે, ૐકાર તેનું ધનુષ્ય છે, શુદ્ધ જીવ બાણ રૂપ છે, અને પરબ્રહ્મ નિશાન છે. ૪૨ રાગ, દ્વેષ, લોભ, શોક, મોહ, ભય, મદ, માન, અપમાન, અસૂયા (ગુણોમાં દોષનો આરોપ કરવો), માયા, હિંસા, મત્સર, રજોગુણ, પ્રમાદ, ક્ષુધા, નિદ્રા, ઇત્યાદિક શત્રુરૂપ છે, કોઇ કોઇ વાર રજોગુણ તમોગુણના સ્વભાવ તેમજ કોઈવાર સત્વ ગુણવાળા સ્વભાવ પણ શત્રુરૂપ થાય છે. ૪૩-૪૪ જ્યાં સુધી કાયારૂપી રથનાં ઇંદ્રિયાદિક અંગ સ્વાધીન હોય, ત્યાં સુધી ગુરૂના ચરણની સેવાના પ્રભાવથી સજજ કરેલી જ્ઞાનરૂપી તરવાર ધારણ કરી, ભગવાનનોજ આશ્રય કરીને કામાદિક શત્રુનો નાશ કરવો, પછી શાંત થઇ સ્વરૂપાનંદથી પ્રસન્ન થઇને તે દેહરૂપી રથનો પણ ત્યાગ કરવો. ૪૫ જો ભગવાનનો આશ્રય કર્યો ન હોય

તો બહિર્મુખ ઇંદ્રિયોરૂપી ઘોડા તથા બુદ્ધિરૂપી સારથિ અસાવધ પુરૂષને આડે માર્ગે લઇ જઇને વિષયોરૂપી ચોર લોકોની મંડળીમાં ફેંકી દે છે, પછી એ ચોરલોકો ઘોડાઓ તથા સારથિ સહિત એ રથમાં બેઠેલા પુરૂષને મૃત્યુના ભયવાળા, તથા ગુઢ અંધકારવાળા સંસારરૂપી ઉંડા કુવામાં નાંખી દે છે. ૪૬ પ્રવૃત્ત અને નિવૃત્ત એવાં બે પ્રકારનાં કર્મ વેદમાં કહેલાં છે, તેમાંનાં પ્રવૃત્તિવાળાં કર્મોથી મનુષ્ય સંસારમાં જન્મ મરણ પામે છે, અને નિવૃત્તિવાળાં કર્મોથી મોક્ષ પામે છે. ૪૭ હિંસાવાળા શ્યેનયાગ વિગેરે, અગ્નિહોત્ર, દર્શ, પૂર્ણમાસ, ચાતુર્માસ, પશુયાગ, સોમયાગ, વૈશ્વદેવ અને બળિદાન, એ વગેરે કર્મ દ્રવ્યોથી કરી શકાય છે. તે ઇષ્ટ કર્મો કહેવાય છે. અને દેવાલય, બાગ બગીચા, કુવા વાવ તથા પરબ બંધાવવાં, એ આદિક જે કર્મોછે તે પૂર્ત કહેવાય છે. અને એજ કર્મો જો સકામ તથા આસક્તિથી કરવામાં આવે તો તે પ્રવૃત્ત કહેવાય છે. ૪૮-૪૯ હે રાજા! પ્રવૃત્તિવાળાં કર્મ કરનારો પુરૂષ ચરૂ તથા પુરોડાશ વગેરેના સૂક્ષ્મ ભાગથી બંધાયેલા દેહને ધારણ કરીને ધૂમના અભિમાની દેવતા પાસે જાય છે, ત્યાંથી રાત્રિના અભિમાની દેવતા પાસે જાય છે, ત્યાંથી કૃષ્ણપક્ષના અભિમાની દેવતા પાસે જાય છે, ત્યાંથી દક્ષિણાયનના અભિમાની દેવતા પાસે જાય છે,અને ત્યાંથી ચંદ્રલોકમાં જાય છે. ત્યાં સુધી ચઢીને પછી ભોગનો ક્ષય થવાથી શોકાગ્નિથી દેહનો લય થવાથી અદૃશ્ય થઇ જાય છે. પછી વૃષ્ટિદ્વારા ઔષધિ, લતા, અન્ન અને વીર્યમાં અનુક્રમે અવતરીને આ સંસારમાં જન્મે છે. ૫૦-૫૧ ગર્ભાધાનથી મરણ પર્યંતના વૈદિક સંસ્કાર પામેલો દ્વીજ એ પ્રવૃત્તિવાળું કર્મ કરવાને અધિકારી છે. હવે નિવૃત્ત કર્મ કહું છું, જ્ઞાની પુરૂષ ઇષ્ટ તથા પૂર્ત વગેરે ઇંદ્રિયોથી બનતાં કર્મોને જ્ઞાનથી પ્રકાશ પામેલી ઇંદ્રિયોમાં હોમે છે, એટલે તેને ઇંદ્રિયોથી જૂદાં માનતો નથી. ૫૨ તેમજ ઇંદ્રિયોને સંકલ્પ વિકલ્પ કરનારા મનમા હોમે છે, મનને વેદવાણીમાં હોમે છે, વાણીને અક્ષરોના સમુદાયમા, અક્ષરોના સમુદાયને ૐકારમાં, ૐકારને બિંદુમાં, બિંદુને નાદમાં, નાદને પ્રાણમાં, અને પ્રાણને પરબ્રહ્મમાં હોમે છે. ૫૩ એ પ્રમાણે નિવૃત્તિ કર્મ કરનારો પુરૂષ પ્રથમ અગ્નિદેવની પાસે જાય છે, પછી દિવસના અભિમાની દેવતા (સૂર્ય) ની પાસે, પછી દિવસના ઉત્તરાર્ધના અભિમાની દેવતાની પાસે, પછી શુકલ પક્ષના અભિમાની દેવતાની પાસે, પછી પૂર્ણ માસના અભિમાની દેવતાની પાસે, પછી ઉત્તરાયણના અભિમાની દેવતાની પાસે, અને પછી બ્રહ્માની પાસે જાય છે. એ રીતે બ્રહ્મલોક સુધી પોહોચીને ત્યાંના ભોગ ભોગવ્યા પછી એ સ્થૂળ દેહની ઉપાધિવાળો અને વિશ્વ નામ ધરાવનારો પોતાના શરીરનો સૂક્ષ્મમાં લય કરીને સૂક્ષ્મ ઉપાધિવાળો તૈજસ્ થાય છે. પછી સૂક્ષ્મને કારણમાં લય કરી, કારણ શરીરની ઉપાધિવાળો પ્રાજ્ઞ થાય છે, કારણ શરીરનો ત્રણ સ્વરૂપમાં વ્યાપક સાક્ષી સ્વરૂપમાં લય કરીને પોતે ચોથો શુદ્ધ આત્મા રહે છે. ૫૪ ઉપર કહેલા અનુક્રમથી ઉત્તરોત્તર સ્વરૂપ પામીને છેવટે પરબ્રહ્મ થવાય છે. આ માર્ગને ‘ દેવયાન ’ કહે છે. આત્મસ્વરૂપને ભજનારો, શાંત ચિત્તવાળો, અને આત્મામાંજ નિવાસ કરનારો પુરૂષ એ માર્ગે જાય છે,અને તે આ સંસારના જન્મ મરણના ફેરામાંથી છૂટે છે. ૫૫ આ પ્રમાણે વેદમાં કહેલા પિતૃયાન તથા દેવયાન નામના માર્ગને શાસ્ત્રદૃષ્ટિથી જાણે છે, તે પુરૂષ દેહમાં રહેલો હોય તો પણ મોહ પામતો નથી. ૫૬ દેહના આદિ તથા અંતમાં રહેનારા ભોજ્ય, ભોક્તા, ઉંચ, નીચ, જ્ઞાન, જ્ઞેય, શબ્દ, અર્થ, અપ્રકાશ અને પ્રકાશ એ સર્વ જ્ઞાની પોતેજ છે; અર્થાત્ તે કોઇ પણ વસ્તુને પોતાનાથી જુદી જોતો નથી, તેથી તેને મોહ થતોજ નથી. ૫૭ પ્રતિબિંબ વગેરે પદાર્થ તર્કના વિરોધને લીધે મિથ્યા છે, તો પણ જેમ તેને એક વસ્તુરૂપે માનવામાં આવે છે, તેમજ ઇંદ્રિયોથી જણાતો સંસાર તર્કથી સિદ્ધ થતો નથી, માટે તે ખોટો છે, તો પણ તે કોઇ વસ્તુરૂપે

છે એમ માનેલો છે. ૫૮ હે રાજા ! પૃથ્વી આદિ પંચ મહાભૂતોની જેમાં ઐક્યતા થયેલી જોવામાં આવે છે, એવા આ દેહાદિક પદાર્થ સંઘાત, કાર્ય કે પરિણામ એમાંથી કોઇ પણ જાતનો નથી. જેમ વૃક્ષોના સંઘાતથી વન થાય છે, તેમ પંચ મહાભૂતોના સંઘાતથી આ દેહ નથી, કેમકે એક દેશના આકર્ષણથી સર્વ દેશનું આકર્ષણ થતું નથી, તથા એક વૃક્ષને ખેંચવાથી આખું વન નથી ખેંચાતું, પરંતુ દેહમાં તેમ નથી, દેહનો તો એક ભાગ ખેંચવાથી આખો દેહ ખેંચાય છે. વળી દેહ પંચ મહાભૂતોનું કાર્ય નથી, તેમ પરિણામ પણ નથી, કેમકે તે અવયવોથી છેક ભિન્ન નથી, તેમ તેમાં સર્વ રૂપથી કે અંશથી મળેલો પણ નથી, માટે દેહાદિક મિથ્યા જ છે. ૫૯ જેમ દેહાદિક મિથ્યા છે, તેમજ તે સર્વના હેતુરૂપ પૃથ્વી આદિ પંચમહાભૂત પણ મિથ્યા છે, કેમકે સઘળા પંચમહાભૂત અવયવી પદાર્થ છે, તેથી અવયવો વિના એનું કાંઇ જુદું નિરૂપણ થઇ શકે એમ પણ નથી, તેથી તે અવયવી કારણથી કાંઇ અલગ પદાર્થ નથી, એવો નિશ્ચય થાય છે, અને અવયવી જ્યારે મિથ્યા ઠરે છે, ત્યારે છેવટ અવયવ પણ મિથ્યા જ છે, કારણ કે અવયવીની પ્રતીતિ વિના બીજા કોઇ પણ પ્રમાણથી અવયવ સિદ્ધ થઇ શકતો નથી. માટે ખરી રીતે વિચાર કરીને જોઇએ તો પરમ કારણ રૂપ અતિરિક્ત પરમાત્મા વિના બીજું કાંઇ પણ સત્ય નથી. ૬૦ કોઇને એમ શંકા થશે કે-અવયવીનો અભાવ થશે, તો પણ આવનારી તથા નાશ પામનારી બાલ્યાદિક અવસ્થાઓમાં “ આ તે દેવદત્ત છે ” એવું જે જ્ઞાન થાય છે, તે નહી થાય. તેનો એ ઉત્તર છે કે-એક પરમાત્મા વિના બીજી કોઇ પણ વસ્તુ સત્ય નથી, તેમ છતાં ‘ આ પદાર્થ આના જેવો છે, આવી જે સરખાપણાથી ભ્રાંતિ થાય છે તે કેવળ અવિદ્યાને લીધેજ થાય છે, અવિદ્યા ટળી ગયાથી એવી દ્વૈતભ્રાંતિ પણ ટળી જાય છે, હે રાજા ! એ પ્રમાણે જ્યારે સર્વ વસ્તુ મિથ્યા છે, ત્યારે શાસ્ત્રમાં કહેલો વિધિ નિષેધ પણ સ્વપ્નામાં આવતી જાગ્રત તથા સ્વપ્નાવસ્થાની પેઠે મિથ્યાજ છે. ૬૧ એટલા માટે મનનશીળ યોગી ભાવનાનો અદ્વૈત, ક્રિયાનો અદ્વૈત, દ્રવ્યનો અદ્વૈત પોતાના આત્મસ્વરૂપના અનુભવથી જાગ્રતાદિક ત્રણ અવસ્થાઓનું નિવારણ કર્યા કરેછે. ૬૨ ભાવનાનો અદ્વૈત કોને કહે છે તે સાંભળો:-જેમ વસ્ત્ર કોઇ પદાર્થ નથી, તેનો મુખ્ય પદાર્થ સૂત્ર છે, તેમજ જાગ્રત અવસ્થા કોઇ પદાર્થ નથી, પરબ્રહ્મજ મુખ્ય પદાર્થ છે, એ પ્રમાણે વસ્ત્ર અને સૂત્રની પેઠે કાર્ય અને કારણને એકરૂપે વિચારવાં તેનું નામ ભાવનાનો અદ્વૈત છે. ૬૩ હે યુધિષ્ઠિર રાજા ! સર્વ કાર્યો મન, વાણી તથા કાયાથી સાક્ષાત્ પરબ્રહ્મને અર્પણ કરવાં તે દ્વૈતક્રિયા કહેવાય છે, તેનો વિચાર કરવાથી કર્મોને વિષે થયેલી ભેદબુદ્ધિ નાશ પામે છે, કારણકે ક્રિયાનાં ફળોની જુદાઇથી તે ક્રિયામાં પણ જુદાઇ થાય છે, પરતુ તે ક્રિયાઓ ઇશ્વરને અર્પણ કરવાથી તેમાં ભેદભાવ રહેતો નથી. ૬૪ પુત્ર, સ્ત્રી, પોતે અને સર્વ દેહધારીઓમાં જે પોતાનાં છે, તથા પરાયાં છે, તે સર્વ પંચભૂતાત્મકતાથી એકરૂપ છે, અને સર્વના ભોક્તા પણ એક પરબ્રહ્મ પરમેશ્વર છે, તેથી તેઓનો અર્થ તથા કામ પણ એકજ છે; આવો જે વિચાર કરવો તે દ્રવ્યાદ્વૈત કહેવાય છે. ૬૫ (હવે આશ્રમના ધર્મ ફરીથી ટુંકામાં કહે છે) શાસ્ત્રમાં જે ઉપાયથી, જેની પાસેથી, જે ઠેકાણેથી તથા જે દ્રવ્યથી જે પુરૂષને કર્મ કરવાનો નિષેધ ન કર્યો હોય, તે પુરૂષે જ્યાં સુધી આપત્તિકાળ ન આવે, ત્યાં સુધી, તે ઉપાયથી, તેની પાસેથી, તે ઠેકાણેથી, તે દ્રવ્યથી કર્મ કરવાં, પરંતુ બીજા ઉપાયથી કર્મો ન કરવાં. ૬૬ આ તથા બીજા વેદોક્ત અથવા ભગવાનની ભક્તિ કરવાથી મનુષ્ય ઘેર બેઠાં ભગવાનની પરમગતિને પામે છે. ૬૭ હે રાજન્ ! તમે ટાળી ન ટળે એવી આપત્તિઓમાંથી ભગવાનની સહાયતાથી તરીને બહાર નીકળ્યા

છો, વળી તમે ભગવાનનાં ચરણ કમળની સેવાના પ્રતાપથી દિગ્ગજોનો પરાજય કરીને મોટા મોટા યજ્ઞો કર્યા છે. ૬૮ ગયા કલ્પમાં હું ઉપબર્હણ નામનો એક ગંધર્વ હતો, અને બીજા ગંધર્વો મારો સારો સત્કાર કરતા હતા. ૬૯ રૂપ, સૌંદર્યતા, માધુર્યતા, અને સુગંધીપણાથી મારા દર્શનની સર્વને અભિલાષા રહેતી હતી, સ્ત્રીઓને હું ઘણો પ્રિય લાગતો હતો, નિરંતર મદમત્ત રહેતો હતો અને ઘણોજ લંપટ હતો ૭૦ એકવાર દેવતાઓની સભામાં પ્રજાપતિઓએ ભગવાનની કથા ગાવાને ગંધર્વો તથા અપ્સરાઓને બોલાવી હતી. ૭૧ હું પણ સુંદર સ્ત્રીઓના મંડળથી વીંટાઇને ગાતો બજાવતો ત્યાં જઇ પોહોચ્યો. મને જોઇને પ્રજાપતિઓએ ક્રોધ કરીને પોતાના પ્રભાવથી મને શાપ આપ્યો કે-તે અમારો અપરાધ કર્યો છે, માટે તું લક્ષ્મી રહિત થઇને શુદ્રયોનિમાં અવતરજે. ૭૨ આ પ્રમાણે મોટાઓનો અપરાધ કરવાથી હું દાસીને પેટે અવતર્યો હતો, એ અવતારમાં મહાત્માઓની સેવા કરવાથી તથા સત્સંગના પ્રતાપથી આ ત્રીજા અવતારમાં હું બ્રહ્માનો પુત્ર થઇને અવતર્યો છું. ૭૩ આ પ્રમાણે પાપના નાશ કરનારા ગૃહસ્થાશ્રમના ધર્મ મેં તમને કહ્યા. આ ધર્મ પ્રમાણે વર્તવાથી ગૃહસ્થાશ્રમી વિનાશ્રમે સંન્યાસીઓએ પામવા યોગ્ય પદવીને પામે છે. ૭૪ હે રાજા! આ મૃત્યુલોકમાં તમે મોટા ભાગ્યશાળી છો, કારણ કે તમારે ઘેર ત્રણે લોકને પવિત્ર કરનારા મુનિલોક ચારે તરફથી આવે છે, અને મનુષ્યાવતાર ધારણ કરેલા સાક્ષાત્ પરબ્રહ્મ શ્રી કૃષ્ણ તમારે ઘેર વિરાજે છે. ૭૫ તે આદિપુરૂષ અવિનાશી પરમાત્મા કે જેમને મુનિલોકો સમાધિ લગાવીને શોધે છે, તો પણ તેમના ધ્યાનમાં આવતા નથી, એવા શ્રી કૃષ્ણ તમારા પરમમિત્ર, મામાના દીકરા, સંબંધી, આત્મારૂપ, પૂજવા યોગ્ય, આજ્ઞાકારી તથા જગદ્ગુરૂ છે. તે તમારી સાથે રાતદિવસ રહે છે, તે પોતે મોક્ષદાયક, ઉપાધિ રહિત અને સુખના અનુભવરૂપ છે. ૭૬ શિવબ્રહ્માદિક દેવતા જેમના સાક્ષાત્ સ્વરૂપનું કોઇ પણ રીતે વર્ણન કરી શકતા નથી કે ભગવાન કેવા છે! તેથી મૌનપણે ઇંદ્રિયોને શાંત કરીને ભક્તિપૂર્વક ભગવાનનું પૂજન કરે છે તેજ ભક્તવત્સળ પરમકૃપાળુ શ્રીકૃષ્ણ પરમાત્મા અમારા ઉપર પ્રસન્ન થાઓ. ૭૭

શ્રી શુકદેવજી કહે છે—એ પ્રમાણે નારદજીનાં વચન સાંભળીને આનંદ પામેલા યુધિષ્ઠર રાજાએ પ્રેમથી વિહ્વળ થઇને નારદજી સહિત શ્રી કૃષ્ણની પૂજા કરી ૭૮ પછી નારદજી શ્રી કૃષ્ણની તથા યુધિષ્ઠિરની આજ્ઞા લઇને ત્યાંથી ચાલ્યા ગયા. અને યુધિષ્ઠર રાજા શ્રી કૃષ્ણને પરબ્રહ્મરૂપ જાણીને અત્યંત આશ્ચર્ય પામ્યા. ૭૯ હે રાજા! આ પ્રમાણે દક્ષની પુત્રીઓના જુદા જુદા વંશનો વિસ્તાર મેં તમને કહી સંભળાવ્યો, કે જે વંશમાંથી દેવતાઓ, દૈત્યો તથા મનુષ્યો વગેરે સર્વ ચરાચર જગત ઉત્પન્ન થયું છે. ૮૦

इति दाक्षायणीनां ते पृथक्वंशाःप्रकीर्तिताः
देवासुर मनुष्याद्या लोका यत्र चराचराः ॥

ઇતિ શ્રી અઢારહજાર સંહિતારૂપ શ્રીમદ્ ભાગવત પુરાણના સપ્તમ સ્કંધમાં યુધિષ્ઠર નારદ સંવાદે પ્રહ્લાદાખ્યાન વિષે સદાચાર નિર્ણય નામનો ૧૫ મો અધ્યાય સંપૂર્ણ.


इति श्री भागवतपुराणनो
सप्तमस्कंध समाप्त.

श्रीमद्

भागवत भाषान्तर.

अष्टम स्कंध.

अष्टमस्कंध.


गजेंद्र
ग. कृष्ण.
लक्ष्मी
चं
रत्नें.
दै.
समुद्रमंथन
मंदराचल.
देव.
देव
मोहिनी
कश्यप
वामन
बळी
शुक्र
वामन
मत्स्यावतार

श्रीमद्

भागवत भाषांतर

अष्टम स्कंध.

અધ્યાય ૧ લો.

સ્વાયંભુવ, સ્વારોચિષ, ઉત્તમ અને તામસ એ ચાર મનુઓની કથા.

राजोवाच.

स्वायंभुवस्येहगुरोर्वंशोऽयं विस्तराच्छ्रुतः ॥

यत्रविश्वसृजांसर्गो मनूनन्यान्वदस्वनः ॥ १ ॥

પરીક્ષિત રાજા પુછે છે—હે ગુરૂ ! સ્વાયંભુવ મનુનો વંશ કે જેમાં મરીચિ આદિ ઋષિઓની સૃષ્ટિ થઇ છે, તે વંશનો વિસ્તાર મેં તમારી પાસેથી સાંભળ્યો, હવે બીજા મનુઓના વંશની કથા કહો. ૧ હે મહારાજ ! જે જે પ્રસંગમાં શ્રી હરિના જન્મ અને ચરિત્રો વિદ્વાનોએ ગાયાં હોય, તે મને કહી સંભળાવો. ૨ વળી જગતનું પાલન કરનારા ભગવાને જે જે મન્વંતરમાં જે જે ચરિત્રો કર્યાં હોય તથા હવે પછી જે જે ચરિત્રો કરશે, તે સર્વ મને કહો. ૩

શ્રી શુકદેવજી કહેછે-હે રાજા ! આ કલ્પમાં સ્વાયંભુવ વગેરે છ મનુઓ તો થઈ ગયા છે, તેમાંથી પેહેલા સ્વાયંભુવ મનુ કે જેમાં દેવતા વગેરેની ઉત્પત્તિ થઇ છે, તેનું વર્ણન હું કરી ચૂક્યો છું. ૪ સ્વાયંભુવ મનુની પુત્રી આકૂતિ અને દેવહૂતિના ઉદરથી ધર્મ અને જ્ઞાનનો ઉપદેશ કરવા માટે ભગવાન અવતર્યા હતા. ૫ તેમાં દેવહૂતિના પુત્ર કપિલદેવનું ચરિત્ર મેં તમને કહ્યું છે, હવે ભગવાન યજ્ઞનારાયણે જે જે ચરિત્રો કર્યાં છે તે કહુંછું. ૬ શતરૂપાના પતિ સ્વાયંભુવ મનુ કામભોગથી વૈરાગ્ય પામી રાજ્ય છોડીને તપ કરવા માટે સ્ત્રી સહિત વનમાં ગયા હતા. ૭ ત્યાં સુનંદા નદીને કાંઠે એક પગે પૃથ્વીપર ઉભા રહીને ભારે તપશ્ચર્યા કરવા લાગ્યા, તે વખતે તે આ પ્રમાણે બોલ્યા. ૮

મનુ કહેછે—જે ચૈતન્યથી આ જગત ચેતનાવાળું થાયછે, પરંતુ જગત જેને સચેતન કરી શકતું નથી, વળી જગત સૂઇ રહેછે ત્યારે જે સાક્ષીપણે જાગેછે, તે ઈશ્વરને કોઈ જાણતું નથી, પણ ઈશ્વર સર્વને જાણેછે. ૯ આ પૃથ્વીમાં જે જે કાંઇ વસ્તુ છે તે સર્વમાં ઈશ્વર વ્યાપી રહેલાછે, માટે પરમેશ્વર જે કાંઇ આપે તેટલાથી નિર્વાહ કરવો, પણ બીજા કોઇના ધનની ઈચ્છા કરવી નહી. ૧૦ જે સર્વને દેખે છે, પણ જેને કોઇ દેખતું નથી, વળી જેનું જ્ઞાન અવિનાશી છે, તે સર્વ પ્રાણીઓના અંતર્યામી અને સંગરહિત ભગવાનનું ભજન કરો. ૧૧ જેને આદિ, અંત, મધ્ય, પોતાનો, પારકો, બહાર કે અંદર કોઇ નથી, અને જે જગતના આદિ, અંત, મધ્ય, પોતાના, પારકા, અંદર અને બહાર છે, તથા આ જગત જેમનું સ્વરૂપ છે, તે સત્ય અને પૂર્ણ પરમાત્મા છે. ૧૨ તે પરમાત્મા સત્ય, સ્વયંપ્રકાશ અજન્મા, પુરાણપુરૂષ, અસંખ્ય નામવાળા અને વિશ્વરૂપ છે, તેજ પોતાની માયાશક્તિથી

જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરે છે, અને વિદ્યાશક્તિથી માયાનો ત્યાગ કરીને પોતે નિર્વિકાર રહેછે. ૧૩ માટે ઋષિ લોકો પણ મોક્ષને માટે પ્રથમ કર્મો કરે છે, કારણ કે કર્મ કરનારો પુરૂષ ઘણું કરીને નિષ્ક્રિય થઇ જાય છે. ૧૪ જુઓ, ભગવાન કર્મ કરે છે, પણ તેમાં બંધાતા નથી, માટે જેઓ તેમને અનુસરીને ચાલે છે, તેઓ પણ બંધાતા નથી. ૧૫ કર્મ કરવાથી પણ અહંકાર વિનાના, સર્વજ્ઞ, કામના રહિત, પરિપૂર્ણ સ્વસ્વાધીન, પોતાનાં આચરણોથી લોકોને ઉપદેશ આપનારા, તથા સર્વ ધર્મના પ્રવર્તાવનારા ભગવાનને હું શરણે જાઉંછું. ૧૬

શ્રી શુકદેવજી કહેછે—એ પ્રમાણે સ્વાયંભુવ મનુ સમાધિ ચઢાવી મંત્રો તથા ઉપનિષદો બોલતા હતા, તે વખતે અસુરો અને રાક્ષસો તેમને ખાવાને માટે દોડયા. ૧૭ તેઓનો એવો વિચાર જાણીને સર્વ વ્યાપક યજ્ઞભગવાન 'યામ' નામના દેવતાઓને સાથે લઇને ત્યાં આવ્યા, અને તે દૈત્યોને મારીને સ્વર્ગનું રાજ કરવા લાગ્યા. ૧૮ અગ્નિના પુત્ર 'સ્વારોચિષ' બીજા મનુ થયા, તેમને દ્યુમાન, સુષેણ અને રોચિષ્માન વગેરે પુત્ર હતા. ૧૯ એ મન્વંતરમાં 'રોચન' નામે ઇંદ્ર થયો, તુષાદિક નામના દેવતા થયા અને ઉર્જ તથા સ્તંભ આદિ બ્રહ્મજ્ઞાની સપ્તર્ષિ થયા. ૨૦ વેદશિરા નામે મુનિની તુષિતા નામની સ્ત્રીને પેટે 'વિભુ' નામે ભગવાન અવતર્યા હતા. ૨૧ વ્રત ધારણ કરનારા અઠ્યાશી હજાર ઋષિઓ એ બાળબ્રહ્મચારી વિભુ ભગવાન પાસેથી યમ નિયમો શીખ્યા હતા. ૨૨ પ્રિયવ્રતનો પુત્ર ઉત્તમ ત્રીજો મનુ થયો. હે રાજા ! તેના પુત્ર પવન, સંજય અને યજ્ઞહોત્રાદિક હતા. ૨૩ વસિષ્ઠના પ્રમાદાદિક પુત્રો સપ્તર્ષિ હતા; સત્ય, વેદશ્રુત અને ભદ્ર નામના દેવતા થયા. અને સત્યજીત નામનો ઇંદ્ર થયો. ૨૪ ધર્મની સુનૃતા નામની સ્ત્રીથી સત્યવ્રત નામના દેવતાઓની સાથે 'સત્યસેન' નામથી ભગવાન પ્રગટ થયા હતા. ૨૫ એ ભગવાને સત્યજીત ઇંદ્રની સાથે મિત્રતા કરીને જૂઠું બોલનારા, દુષ્ટ કામ કરનારા અને દુષ્ટ સ્વભાવવાળા યક્ષોનો, રાક્ષસોનો તથા પ્રાણીઓનો દ્રોહ કરનારાઓનો નાશ કર્યો હતો. ૨૬ ઉત્તમનો ભાઇ તામસ નામે ચોથો મનુ થયો, તેને પૃથુ, ખ્યાતિ, નર અને કેતુ વગેરે દશ પુત્રો થયા હતા. ૨૭ સત્યક, હરિ અને વીર એ દેવતા થયા હતા, ત્રિશિખ નામે ઇંદ્ર થયો અને જ્યોતિર્ધામ વગેરે સપ્તર્ષિ થયા હતા. ૨૮ હે રાજન્! એ તામસ મન્વંતરમાં વિધૃતિના પુત્ર વૈધૃત નામના દેવતા પણ થયા હતા, જેઓએ કાળે કરીને નાશ પામેલા વેદોને ધારણ કર્યા હતા. ૨૯ એ મન્વંતરમાં પણ હરિમેધાની હરિણી નામની સ્ત્રી વિષે ભગવાને 'હરિ' નામનો અવતાર લીધો હતો, જેમણે ગજેંદ્રને ગ્રાહથી છોડાવ્યો હતો. ૩૦

પરીક્ષિત રાજા પૂછેછે—હે શુકદેવજી! હરિ ભગવાને ગ્રાહે ગળેલા હાથીને શી રીતે છોડાવ્યો હતો? એ હું તમારી પાસેથી સાંભળવાને ઇચ્છુંછું. ૩૧ જે જે કથામાં ઉત્તમ શ્લોક ભગવાનના યશ ગવાય છે, તે કથા પરમપવિત્ર, ધનધાન્ય આપનારી, કલ્યાણકારી અને શુભ હોય છે. ૩૨

સૂતજી કહેછે—હે શૌનકાદિક ઋષિઓ ! અનશન વ્રત ધારણ કરેલા પરીક્ષિત રાજાએ આ પ્રમાણે શુકદેવજીને કથા કહેવા માટે પ્રેરણા કરી, ત્યારે તે રાજાનાં વખાણ કરીને સર્વ સભાના સાંભળતાં સભા મધ્યે શુકદેવજી આનંદપૂર્વક કહેવા લાગ્યા. ૩૩

परीक्षितैवं स तु बादरायणिः
प्रायोपविष्टेन कथासु चोदितः ॥
उवाच विप्राः प्रतिनंद्य पार्थिवं
मुदामुनीनां सदसि स्म शृण्वताम् ॥

ઇતિ શ્રી ભાગવત મહાપુરાણના અષ્ટમ સ્કંધમાં 'મન્વંતર ચરિત્ર વર્ણન' નામનો ૧ લો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૨ જો.

હાથણીઓ સાથે જળવિહાર કરતા ગજેંદ્રનું ગ્રાહથી પકડાવું.

श्री शुकउवाच.

आमीद्गिरिवरो राजंस्त्रिकूट इति विश्रुतः ॥
क्षीरोदेनावृतः श्रीमान्योजनायुत मुच्छ्रितः ॥

શ્રી શુકદેવજી કહેછે—હે પરીક્ષિત રાજા! ક્ષીરસમુદ્રથી વીંટાયેલો એક ત્રિકૂટ નામે મહાવિખ્યાત પર્વત હતો. તે દશ હજાર યોજન ઉંચો અને તેટલોજ પોહોળો હતો, તેને ત્રણ શિખર હતાં, તેમાં એક રૂપાનું, બીજું લોઢાનું અને ત્રીજું સોનાનું હતું. એ શિખરોના તેજથી ક્ષીરસમુદ્ર, દિશાઓ અને આકાશ શોભી રહ્યાં હતાં. ૧–૨ એ સિવાય બીજાં પણ ઘણાં શિખર હતાં, તે રત્નો તથા ધાતુઓથી વિચિત્ર બનેલાં, તથા અનેક પ્રકારનાં વૃક્ષો, લતાઓ અને ગુચ્છાઓથી સુશોભિત હતાં. એ પર્વત ઝરણોના સોહામણા શબ્દોથી દિશાઓને શોભાવતો હતો. ૩ એનાં ચારે તરફનાં મૂળ ક્ષીરસમુદ્રનાં મોજાંથી ધોવાતાં હતાં, અને એની ભૂમિ લીલા રંગના મરકત મણિઓની કાન્તિથી શ્યામ રંગની થઇ રહી હતી. ૪ એની ગુફાઓમાં સિદ્ધો, ચારણો, ગંધર્વો, વિદ્યાધરો, મોટા મોટા નાગો, કિન્નરો, અને અપ્સરાઓ ક્રીડા કરતી હતી. ૫ તેઓનાં ગાયનોના શબ્દથી ગુફાઓ ગાજતી હતી, તેથી તેને શત્રુના શબ્દ જાણીને સિંહો સામી ગર્જના કરતા હતા. ૬ અનેક પ્રકારનાં જંગલી પશુઓના સમૂહથી તેની ગુફાઓ શોભાયમાન થઇ રહી હતી, અનેક પ્રકારનાં વૃક્ષોથી શોભતા દેવતાઓના બગીચાઓમાં પક્ષીઓ મધુર સ્વરથી કલ્લોલ કરતાં હતાં. ૭ ત્યાં નિર્મળ જળથી ભરેલાં તળાવ અને નદીઓ હતી, તેના કિનારાઓમાં મણિજેવી રેતી હતી. એ જળાશયોમાં દેવાંગનાઓ સ્નાન કરતી હતી, તેથી જળ અને પવન સુગંધવાન થતાં હતાં. ૮ એ પર્વતની એક ગુફામાં મહાત્મા વરૂણની 'ઋતુમત' નામની વાડી હતી, તેમાં દિવ્ય વૃક્ષ ચારે તરફ શોભી રહેલાં હતાં, તેમાં દેવાંગનાઓ ક્રીડા કરતી હતી. ૯ મંદાર, પારિજાતક, પાટલ, આસોપાલવ, ચંપા, આંબા, રાયણ, ફણસ, આમળી, આમ્રાતક, સોપારી, નાળિયેરી, ખજૂરી, બિજોરાં, મહુડા, સાળ, તાડ, તમાલ, અસન, અર્જુન, અરીઠી, ઉંબરા, પીપળા, વડ, ખાખરા, ચંદનવૃક્ષ, લીમડા, કોવિદાર, સરલ, દેવદાર, દ્રાક્ષ, શેરડી, કેળ, જાંબુ, બોરડી, બેહેડાં, હરડાં, આમલી બીલી, કોઠી, લીંબુ અને ભીલામા વગેરે અનેક પ્રકારનાં વૃક્ષોથી તે પર્વત ઢંકાઇ ગયો હતો. એ વાડીમાં એક મોટું સરોવર હતું, તેમાં સોનેરી કમળો શોભી રહ્યાં હતાં. ૧૦–૧૪ તેમાં ઉત્પલ, કુમુદ, કહ્લાર, તથા શતપત્રથી ભારે શોભા થઇ રહી હતી. મદોન્મત્ત ભ્રમરો ગુંજારવ કરી રહ્યા હતા, અને મધુર સ્વરવાળાં પક્ષીઓના અવાજથી ગાજી રહ્યું હતું. ૧૫ હંસ, કારંડવ, ચકવા, સારસ, જળકુકડી, કોયષ્ટિક, તથા બપૈયાના શબ્દથી તે સરોવર ગાજી ઉઠયું હતું. ૧૬ તેમાં માછલાં તથા કાચબા ફરતા હોવાથી તેનાથી કમળો હાલતાં હતાં, તેથી તેનો પરાગ પાણીમાં ચોમેર ફેલાતો હતો. તેના કિનારાપર કદંબ, નેતર, વાંસ, આસોપાલવ, બોલસરી, મોગરા, બપોરીયા, નીલ, સરસડા, કડા, ઇંગોળીયા, કુબ્જક, સોનેરી જુઇ, નાગકેસર, પુન્નાગ, જાઇ, મલ્લિકા, શતપત્ર, માધવી અને જાળક વગેરે વૃક્ષો અને બીજાં પણ સર્વ ઋતુઓમાં ફળ ફૂલની સંપત્તિથી ભરપૂર રહેનારાં વૃક્ષો હતાં. ૧૭–૧૯ એકવાર એ વનમાં રહેનારો એક મોટો હાથી હાથણીઓને સાથે લઇને કાંટાવાળાં ઝાડ, પોલા વાંસ, નેતરનાં ઝાડો તથા બીજાં મોટાં ઝાડોને તોડી પાડતો તે વનમાં ફરતો હતો. ૨૦ તેની ગંધ આવતાંજ સિંહો, હાથીઓ, વાઘ, સર્પ, મૃગ, કાળિયાર, સરભ, ચમરી ગાય, નાહર, સૂવર, પાડા, રીંછ, શેઢાઇ, વાંદરાં, કૂતરાં, અને આંકડાં વગેરે બી-

કથી દૂર નાશી જતાં હતાં, નાનાં હરણ અને સસલાં વગેરે ક્ષુદ્ર પ્રાણી એ ગજેંદ્રના અનુગ્રહથી વનમાં નિર્ભયપણે ફરતાં હતાં. ૨૧–૨૨ એવો એ મદઝર ગજરાજ તાપથી તપી ગયો હતો, તે બચ્ચાં, હાથી અને હાથણીઓની સાથે શરીરના ભારથી ચારે તરફ પર્વતોને કંપાવતો હતો. મદ ખાનારા ભમરાઓનાં ટોળાંથી વીંટાએલો, મદથી ઘેરાયેલી આંખોવાળો અને કમળની પરાગવાળા પવનને સુંઘતો તથા તરસ્યાં ટોળાંની તરશ મટાડવા માટે તે ગજરાજ સરોવરની પાસે આવ્યો. ૨૩–૨૪ અને તુરત તે સરોવરમાં પેશીને સુવર્ણનાં કમળ તથા ઉત્પલની રજથી સુગંધિત અમૃત જેવું જળ પોતાની સૂંઢમાં ભરી ભરીને ખૂબ પીધું, અને જળવડે પોતાના શરીરને નવરાવીને સર્વ શ્રમ દૂર કર્યો. ૨૫ તે દયાળુ ગજેદ્રે પોતાની સૂંઢમાં પાણી ભરીભરીને હાથણીઓને અને બચ્ચાંઓને ગૃહસ્થની પેઠે નવરાવીને પાયું, પરંતુ ભગવાનની માયાથી મોહ પામેલા એ મદોન્મત્ત ગજરાજે પોતાને દુઃખ પડવાનું છે તે જાણ્યું નહી. ૨૬ હે રાજા ! એટલામાં દૈવની પ્રેરણાથી કોઇ બળવાન ગ્રાહે (ઝુડે) ત્યાં આવીને ક્રોધથી તે ગજેંદ્રનો પગ પકડી લીધો. એ પ્રમાણે દૈવઇચ્છાથી દુઃખ આવી પડયું. તોપણ જ્યાંસુધી પોતાનું બળ ચાલ્યું ત્યાં સુધી તેણે પુષ્કળ બળ વાપર્યું. ૨૭ એ પ્રમાણે દુઃખી બનેલા અને બળવાન ઝુડથી ખેંચાતા ગજેંદ્રને રાંકડી હાથણીઓ અને પાસે ઉભેલા બીજા હાથીઓ બાહાર કાહડવા લાગ્યા. પણ કાઢી શકયા નહી, તેથી ચીસો પાડવા લાગ્યા. ૨૮ આ પ્રમાણે એ ગજેંદ્ર અને ગ્રાહનું પરસ્પર યુદ્ધ થવા લાગ્યું ગ્રાહ હાથીને પાણીમાં ખેંચતો હતો, અને હાથી તેને બહાર ખેંચતો હતો. એ પ્રમાણે એ બન્ને બળવાનોને યુદ્ધ કરતાં એક હજાર વર્ષ વીતી ગયાં. એ જોઇને દેવતાઓ પણ આશ્ચર્ય પામ્યા. ૨૯ એ રીતે લાંબા કાળસુધી પાણીમાં ખેંચાતા અને દુઃખી થતા ગજરાજનો ઉત્સાહ, બળ તથા ઇંદ્રિયોની શક્તિ ક્ષીણ થઇ ગયાં, અને જળમાં રહેનારા ગ્રાહનાં વધી ગયાં. ૩૦ આ પ્રમાણે દૈવઇચ્છાથી પરવશ પડેલો તે ગજેંદ્ર જ્યારે પ્રાણસંકટમાં આવી પડયો અને છૂટવાને અસમર્થ થયો, ત્યારે તેને એવી બુદ્ધિ ઉત્પન્ન થઈ કે–૩૧ મને દુઃખીને આ મારા સંબંધીઓ પણ છોડાવી શકતા નથી, તો પછી હાથણીઓ તો કયાંથીજ છોડાવી શકે ? હું મારી મેળે પણ છૂટી શકતો નથી. માટે હવે વિધાતાના પાશરૂપી ગ્રાહથી બંધાયેલો હું પરમાત્માને શરણે જાઉં. ૩૨ જે પરમેશ્વર મહા બળવાન, પ્રચંડ વેગવાળા અને ઘણાજ દોડતા કાળરૂપી સર્પથી રક્ષા કરેછે, અને જેના ભયથી મૃત્યુ પણ નાશી જાયછે, તે પરમેશ્વરને શરણે હું જાઉંછું. ૩૩

यः कश्चनेशो बलिनोऽंतकोरगात्
प्रचंड वेगादभिधावतो भृशम् ॥
भीतं प्रपन्नं परिपाति यद्भया
न्मृत्युः प्रधावत्यरणं तमीमहि ॥ ३३ ॥

ઇતિ શ્રી ભાગવત મહાપુરાણના અષ્ટમ સ્કંધમાં " ગજેદ્રોપાખ્યાન " નામનો બીજો અધ્યાય સંપૂર્ણ

અધ્યાય ૩ જો.

ભગવાને ગજ તથા ગ્રાહનો ઉદ્ધાર કર્યો.

श्री शुक उवाच.

एवं व्यवसितो बुद्धया समाधाय मनोहृदि ।
जजाप परमं जाप्यं प्राग्जन्मन्यनु शिक्षितम् ॥

શ્રી શુકદેવજી કહેછે–એ પ્રમાણે નિશ્ચય કરી મનને હૃદયમાં સ્થિર કરીને તે ગજેંદ્રે પૂર્વ જન્મમાં (ઇંદ્રદ્યુમ્ન રાજા હતો ત્યારે) શીખેલા ઉત્તમ સ્તોત્રથી ભગવાનની સ્તુતિ કરવા માંડી. ૧

ગજેંદ્ર સ્તુતિ કરેછે—જેમનાથી આ જગતને ચેતના મળેછે, એ ભગવાનને હું નમસ્કાર કરૂંછું, જે પ્રાણીમાત્રના દેહને વિષે કારણરૂપે રહેલા છે, જે આદિપુરૂષ છે, જે

પરમેશ્વર છે, તે ભગવાનને નમસ્કાર કરીએ છીએ; તથા તેમનું ધ્યાન કરીએ છીએ. ૨ જે આ જગતના આધારરૂપ છે, જેનાથી જગત ઉત્પન્ન થયું છે, જેનાવડે જગત છે, જે આ જગતરૂપ છે, અને જે કાર્ય તથા કારણથીપર છે, તે સ્વતઃસિદ્ધ પરમાત્માને હું શરણે જાઉં છું. ૩ જે પોતાની માયાથી આ જગતને પોતાના સ્વરૂપમાં ધારણ કરીને તેનો કોઇવાર આવિર્ભાવ અને કોઈવાર તિરોભાવ કરેછે,જેની દૃષ્ટિ કદી લુપ્ત થતી નથી. જે અખંડ જ્ઞાનવાળા તથા સર્વના સાક્ષીરૂપે કાર્ય કારણરૂપ સર્વને જુએ છે, તે સ્વયંપ્રકાશ અને ચક્ષુઆદિ ઇંદ્રિયોના પ્રકાશક શ્રી હરિ મારૂં રક્ષણ કરો. ૪ જ્યારે કાળને લીધે સર્વ લોકો, લોકપાળો તથા તેઓનાં કારણો એ સર્વ નાશ પામે છે, ત્યારે ગહન તથા ગંભીર અંધારૂં રહેછે, તે અંધારાથી પર જે વ્યાપક ભગવાન પ્રકાશે છે, તે મારૂં રક્ષણ કરો. ૫ અનેક આકારોથી લીલા કરનારા ભગવાનના સ્વરૂપને દેવતાઓ તથા ઋષિઓ પણ જાણતા નથી, ત્યારે બીજો કયો પ્રાણી જાણવાને તથા વર્ણવવાને સમર્થ છે ? જેમ જુદા જુદા વેશ ધરીને રમત કરનારા નટનું ચરિત્ર જાણી શકાતું નથી, તેમ જેમનાં ચરિત્ર જાણવામાં આવતાં નથી, એવા અવર્ણનીય ભગવાન મારી રક્ષા કરો. ૬ જે ભગવાનનાં પરમ માંગલિક સ્વરૂપને જાણવાના ઇચ્છાવાળા મુનિઓ તથા મહાત્મા પુરૂષો સર્વનો સંગ છોડીને સર્વ જીવોને પોતાના આત્મા જેવા માનીને તથા તેઓને મિત્ર જેવા ગણીને વનમાં અખંડિત બ્રહ્મચર્યાદિક વ્રત પાળેછે, તે ભગવાન મારી ગતિ છે. ૭ જે ભગવાનને જન્મ, કર્મ, નામ, રૂપ કે ગુણ અથવા દોષ કાંઇપણ નથી, તોપણ જે ભગવાન લોકોની ઉત્પત્તિ અને નાશને માટે પોતાની માયાથી સમયે સમયે અવતારો ધારણ કરેછે. ૮ જે અનંત શક્તિવાળા પરબ્રહ્મ પરમેશ્વર અરૂપ અને અનેકરૂપ છે, તે અદ્ભુત કર્મ કરનારા ભગવાનને હું પ્રણામ કરૂં છું. ૯ આત્માવિના બીજા પ્રકારથી નહીં દેખાતા, સાક્ષીરૂપ, મન વાણી તથા ચિત્તથી અગોચર એવા પરમાત્માને હું પ્રણામ કરૂં છું. ૧૦ શુદ્ધ સંન્યાસવડે વિદ્વાનોને જે મેળવવા યોગ્ય છે, જે મોક્ષના સ્વામી છે, અને જે મોક્ષના આનંદના અનુભવરૂપ છે, તે ભગવાનને મારા નમસ્કાર છે. ૧૧ જે શાંત, ઘોર અને મૂઢત્વથી સત્વાદિક ગુણોના ધર્મોને અનુસરનારા છે, ભેદરહિત છે, સમગુણવાળા છે, અને જ્ઞાનઘનસ્વરૂપ છે, તે ભગવાનને હું પ્રણામ કરૂં છું. ૧૨ ક્ષેત્રજ્ઞ તથા સર્વના અધ્યક્ષ, સાક્ષી, પુરૂષ, સ્વયપ્રકાશ, અને માયાના પણ કારણરૂપ ભગવાનને મારા નમસ્કાર છે. ૧૩ સર્વ ઇંદ્રિયોની વૃત્તિઓને જાણનારા, સર્વ ઇંદ્રિયોના વિષયોને જોનારા અને પ્રતિબિંબ જેમ બિંબને જણાવે છે, તેમ અસતરૂપ અહંકાર જેને જણાવેછે, તથા સર્વ પદાર્થમાં સતરૂપથી પ્રકાશે છે, એવા ભગવાનને પ્રણામ કરૂં છું. ૧૪ સર્વના કારણરૂપ છતાં વિકારરહિત, સર્વ શાસ્ત્રો તથા વેદોના મહાસાગરરૂપ, ઉત્તમ પુરૂષોના આશ્રયરૂપ અને મોક્ષરૂપ એવા આપને મારા નમસ્કાર છે. ૧૫ આપ ગુણરૂપ અરણીમાં ઢંકાયલા જ્ઞાનાગ્નિરૂપ છો, સૃષ્ટિના આરંભમાં આપનું મન ગુણોના ક્ષોભથી બહિર્વૃત્તિવાળું હોય છે, તથા આત્મતત્ત્વની ભાવનાથી વિધિ–નિષેધનો ત્યાગ કરનારા જ્ઞાની લોકોમાં સ્વયંપ્રકાશ છો, એવા આપને હું નમસ્કાર કરૂં છું. ૧૬ મારા જેવા શરણાગત પશુને પાશથી છોડાવનારા, મુક્ત, પરમદયાળુ, આળસ વિનાના, પરિચ્છેદ રહિત, પોતાના અંતર્યામી રૂપથી સર્વ પ્રાણીઓના મનમાં પ્રકાશતા અને માપરહિત એવા આપને હું પ્રણામ કરૂં છું. ૧૭ દેહ, પુત્ર, કુટુંબ, ઘર, ધન તથા મનુષ્યોમાં આસક્તિવાળા પુરૂષોને નહિ મળનારા, ગુણોથી અસંગ રહેનારા, દેહાભિમાન વગરના પુરૂષોના હૃદયમાં ચિંતન કરાતા અને જ્ઞાનાત્મા ભગવાનને હું પ્રણામ કરૂં છું. ૧૮ ધર્મ, અર્થ, કામ તથા મોક્ષની ઇચ્છાથી જે આપનું ભજન કરેછે, તેને મનવાંચ્છિત ફળ મળેછે, એટલુંજ નહીં,

પણ બીજી કામનાઓને તથા અવિનાશી દેહને પણ પામેછે, તે પૂર્ણ દયાળુ ભગવાન મારો છૂટકો કરો. ૧૯ સર્વજ્ઞ તથા મુક્ત પુરૂષોની સેવા કરનારા ભગવાનના એકાન્તિક ભક્તો કોઇપણ વસ્તુને ઇચ્છતા નથી, પરંતુ પરમ અદ્‌ભુત અને પરમ મંગળકારક ભગવાનનાં ચરિત્ર ગાઇને આનંદના સમુદ્રમાં મગ્ન રહેછે. ૨૦ તે અવિનાશી, પરબ્રહ્મ, પરમેશ્વર, ઇંદ્રિયાદિકથી અગોચર, આત્મજ્ઞાનથી જાણવામાં આવનારા, અતિ સૂક્ષ્મસ્વરૂપ, અતિ દૂર જણાતા, અનંત, આદિપુરૂષ અને પરિપૂર્ણ એવા આપની હું સ્તુતિ કરૂંછું. ૨૧ જેમની અલ્પકળામાંથી બ્રહ્માદિક દેવતાઓ, સ્થાવર જંગમ જગત્, અને ચાર વેદ નામ તથા રૂપના ભેદથી બનેલા છે, તે ભગવાનનો વિજય થાઓ. ૨૨ જેમ અગ્નિમાંથી વારંવાર જ્વાળાઓ નીકળેછે, તે પાછી અગ્નિમાંજ સમાય છે, તથા જેમ સૂર્યમાંથી વારંવાર કિરણો નીકળેછે, તે પાછાં સૂર્યમાંજ સમાયછે, તેમ મન, ઇંદ્રિઓ તથા શરીરની સૃષ્ટિઓ આપ સ્વયંપ્રકાશ પરમાત્મામાંથી વારંવાર ઉત્પન્ન થાય છે, અને પાછી આપનામાંજ લીન થાયછે. ૨૩ તે પરમાત્મા દેવ, દૈત્ય, મનુષ્ય, પશુ, પંખી, સ્ત્રી, પુરૂષ, નપુંસક, અથવા બીજી કોઇપણ જાતના પ્રાણીરૂપ નથી, તેમજ જે ગુણ, કર્મ, કારણ કે કાર્યરૂપે પણ નથી, પરંતુ તે સર્વથી રહિત છતાં સર્વ સ્વરૂપ છે, તે ભગવાન મારો ઉદ્ધાર કરો. ૨૪

હે ભગવાન! હું આ ગ્રાહના પાશથી છુટયા પછી જીવવાને ઇચ્છતો નથી, કારણ કે અંદરના તથા બહારના ભાગમાં અજ્ઞાનથી વીંટાયલા આ હાથીના દેહનું મારે કાંઇ પ્રયોજન નથી, પણ હું તો કાળને લીધે પણ નાશ નહી પામનારા આત્મસ્વરૂપને ઢાંકી દેનારા અજ્ઞાનથી છૂટવાને ઇચ્છુંછું. ૨૫ તેટલા માટે હું સૃષ્ટિને સરજનારા, વિશ્વમૂર્તિ, વિશ્વથી જૂદા, જેનું ઉપકરણ વિશ્વ છે એવા, વિશ્વાત્મા, અજન્મા, પરમપદરૂપ તથા પરબ્રહ્મરૂપ પરમાત્માને હું નમસ્કાર કરૂંછું. ૨૬ યોગાભ્યાસથી કર્મનો નાશ કરનારા યોગીઓ પોતાના શુદ્ધ અંતઃકરણમાં જે ભગવાનનાં દર્શન કરેછે, તે યોગેશ્વર ભગવાનને હું પ્રણામ કરૂંછું. ૨૭ અસહ્ય વેગવાળી સત્વાદિક ત્રણ ગુણરૂપ શક્તિઓના સ્વામી, સર્વ ઇંદ્રિયોના વિષયરૂપ, શરણાગત, રક્ષક, અનંત, શક્તિવાળા, અને દુષ્ટાત્મા પુરૂષો જેનો પાર પામતા નથી, એવા આપને મારા વારંવાર નમસ્કાર છે. ૨૮ જે ભગવાનની માયાના અભિમાનથી ઢંકાયેલા આત્માને લોકો જાણતા નથી, એવા અકળિત મહાત્મ્યવાળા ભગવાનને હું શરણે જાઉંછું. ૨૯

શ્રી શુકદેવજી કહે છે—આ પ્રમાણે તે ગજેંદ્રે એવીજ રીતે સ્તુતિ કરી, તોપણ દેવતાઓનું અભિમાન ધરાવનારા બ્રહ્માદિક કોઇ દેવતાએ તેને છોડાવ્યો નહી, ત્યારે સર્વરૂપ તથા સર્વ દેવમય શ્રી હરિ ત્યાં પ્રગટ થયા. ૩૦ પ્રાણીમાત્રના નિવાસરૂપ શ્રી હરિ ગજેંદ્રને પીડાતો જોઇને તથા તેની સ્તુતિ સાંભળીને પોતાના વેદમય વાહન ગરૂડ ઉપર બેસી હાથમાં ચક્ર લઇને ઉતાવળા ઉતાવળા તે ગજેંદ્રની પાસે દેવતાઓ સહિત આવી પોહોચ્યા. ૩૧ બળવાન ગ્રાહે સરોવરમાં પકડ્યાથી દુઃખ પામતા ગજેંદ્રે ચક્ર ધારણ કરેલા અને ગરૂડ ઉપર બિરાજેલા ભગવાનને આકાશમાં આવતા જોઇ પોતાની સુંઢમાં કમળ લઇ, સૂંઢ ઊંચી કરીને આર્તસ્વરે કહ્યું કે—"હે નારાયણ! હે જગદ્‌ગુરૂ! હે ઇશ્વર! આપને હું પ્રણામ કરૂં છું." ૩૨ એ રીતે દુઃખ પામતા હાથીને જોઇ દયા આણીને ભગવાન એકદમ ગરૂડ ઉપરથી નીચે ઉતરી પડ્યા, અને ગજેંદ્રને ગ્રાહ સુદ્ધાં સરોવરમાંથી બહાર ખેંચી કાઢી દેવતાઓના દેખતાંજ ચક્રવડે તે ગ્રાહનું મોઢું કાપી નાંખીને ગજેંદ્રને છોડાવ્યો. ૩૩

तं वीक्ष्य पिडितमजःसहसाऽवतीर्यं ।
सग्राहमाशु सरसः कृपयोज्जहार ॥
ग्राहाद्विपाटित मुखादरिणा गजेंद्रं ।
संपश्यतां हरिरमू मुचदुच्छ्रियाणां ॥

ઇતિ શ્રી ભાગવત મહાપુરાણના અષ્ટમ સ્કંધમાં "ગજેંદ્રમોક્ષ" નામનો ત્રીજો અધ્યાય સંપૂર્ણ

અધ્યાય ૪ થો.

ગજેંદ્ર ભગવાનનો પાર્ષદ થયો અને ગ્રાહ ગંધર્વ થયો.

श्रीशुकउवाच.

तदा देवर्षि गंधर्वा ब्रह्मेशान पुरोगमाः ॥
मुमुचुः कुसुमासारं शंसंतः कर्म तद्धरेः ॥

શ્રી શુકદેવજી કહે છે હે રાજા! એ સમયે બ્રહ્મા, સદાશિવ વગેરે દેવતાઓ, ઋષિઓ અને ગંધર્વો, ભગવાનના ચરિત્રનાં વખાણ કરીને પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા. ૧ દેવતાઓ દુંદુભિ વગાડવા લાગ્યા, ગંધર્વો ગાવા તથા નાચવા લાગ્યા, ઋષિઓ, ચારણો અને સિદ્ધો સ્તુતિ કરવા લાગ્યા. ૨ હૂહૂ ગંધર્વ દેવલ ઋષિના શાપથી ગ્રાહ થયો હતો, તે શાપથી છૂટીને પરમ અદ્દભુત સ્વરૂપવાળો ગંધર્વ થયો. ૩ પવિત્ર કીર્તિવાળા, અવિનાશી, યશના ધામરૂપ, અને જેનાં ગુણ તથા પવિત્ર ચરિત્રો ગાવા યોગ્ય છે, એવા ભગવાનને મસ્તકથી પ્રણામ કરીને તે ગંધર્વ તેમના ગુણ ગાવા લાગ્યો. ૪ ભગવાનની કૃપાથી શાપથી છૂટેલો ગંધર્વ પ્રદક્ષિણા તથા પ્રણામ કરીને લોકોના દેખતાં પોતાના લોકમાં ચાલ્યો ગયો. ૫ ગજેંદ્રને ભગવાનનો સ્પર્શ થતાંજ તેના અજ્ઞાનનાં બંધન છૂટી ગયાં, અને ભગવાનના જેવું ચાર ભુજાવાળું તથા પીતાંબર પેહેરેલું સ્વરૂપ પામ્યો. ૬ એ ગજેંદ્ર પૂર્વે જન્મમાં પાંડુ દેશનો ઇંદ્રદ્યુમ્ન નામનો રાજા હતો. તે ભગવાનનાં વ્રતો કરવામાં ઉત્સુક તથા દ્રવિડ દેશમાં શ્રેષ્ઠ હતો. ૭ એ રાજા મલયાચળમાં આશ્રમ બાંધી, જટા ધારણ કરીને તપશ્ચર્યા કરતો હતો. એકવાર ભગવાનના આરાધન વખતે સ્નાન કરી મૌનવ્રત લઇને ભગવાનની પૂજા કરતો હતો. ૮ એટલામાં દૈવયોગે મોટી કીર્તિવાળા અગસ્ત્ય ઋષિ પોતાના શિષ્યો સાથે ત્યાં આવી ચડયા. એકાંતમાં ચૂપચાપ બેસી રહેલા રાજાએ ઋષિનું પૂજન વગેરે કાંઇ સત્કાર નહિ કરવાથી ઋષિએ ક્રોધથી શાપ દીધો કે—"આ અસાધુ, દુરાત્મા, અને નહિ કેળવાયેલી બુદ્ધિવાળો રાજા બ્રાહ્મણોનું અપમાન કરે છે, અને હાથીની પેઠે જાડી બુદ્ધિવાળો છે, તેથી એ નીચ યોનિમાં અવતરવો જોઇએ, માટે હાથીનો અવતાર પામો."૯-૧૦

શ્રી શુકદેવજી કહે છે—એ પ્રમાણે શાપ આપીને અગસ્ત્યમુનિ પોતાના શિષ્યો સાથે ચાલ્યા ગયા. અને ઇંદ્રદ્યુમ્ન રાજા પણ દેવઇચ્છાથી દુઃખ મળેલું છે, એમ વિચારવા લાગ્યો. ૧૧ પછી તે કાળે કરીને પોતાની સ્મૃતિ નાશ કરનારી હાથીની યોનિમાં અવતર્યો. ભગવાનની સેવાના પ્રતાપથી હાથીના અવતારમાં પણ તેને ભગવાનનું સ્મરણ રહ્યું. ૧૨ એ પ્રમાણે પદ્મનાભ ભગવાન ગજેંદ્રને છોડાવી, તેને પોતાનો પાર્ષદ બનાવી, પોતાની સાથે લઇ, ગરૂડ ઉપર બેસીને પોતાના ધામમાં પધાર્યા. એ સમયે ગંધર્વો, સિદ્ધો અને દેવતાઓ તેમનાં અદ્દભુત ચરિત્રો ગાતા હતા. ૧૩ હે રાજા! આ ગજેંદ્ર મોક્ષરૂપ ભગવાનનું ચરિત્ર મેં તમને કહ્યું. આ ચરિત્ર સાંભળનારાને સ્વર્ગ તથા યશ મળે છે અને તેના કળિયુગના દોષ દૂર થઈ જઈ દુઃસ્વપ્નનો નાશ થઇ જાય છે. ૧૪ પોતાનું કલ્યાણ ઇચ્છનારા દ્વિજલોક પ્રાતઃકાળમાં ઉઠી, પવિત્ર થઇને આ ચરિત્ર ગાય, તો તેનાં દુષ્ટ સ્વપ્નો વગેરે સંકટ નાશ પામે. ૧૫ હે કુરૂકુળમાં શ્રેષ્ઠ! સર્વ પ્રાણીરૂપ સમર્થ ભગવાને ગજેંદ્રનો મોક્ષ કરતી વખતે પ્રસન્ન થઇને તેને આ પ્રમાણે કહ્યું. ૧૬

શ્રી ભગવાન કહે છે—હું, તું, આ સરોવર, પર્વત, ગુફા, વન, આ નેતર, આ પોલા વાંસ, ઝાડી, કલ્પવૃક્ષ, ૧૭ શંકરના તથા મારા ધામરૂપ આ પર્વતનાં શિખરો, મારૂં પ્રિય સ્થળ ક્ષીરસમુદ્ર, પ્રકાશમાન શ્વેતદ્વીપ, ૧૮ શ્રીવત્સ, કૌસ્તુભમણિ, વૈજયંતીમાળા, મારી કૌમોદકી ગદા, સુદર્શનચક્ર, પાંચજન્ય

શંખ, પક્ષીઓનો રાજા ગરૂડ, મારા સૂક્ષ્મ અંશરૂપ શેષનાગ, મારા આશ્રયવાળાં લક્ષ્મીજી, બ્રહ્મા, નારદ, શંકર, પ્રહ્લાદ, ૨૦ મત્સ્ય, કુર્મ, વરાહ વગેરે અવતારોમાં કરેલાં મારાં પવિત્ર ચરિત્રો, સૂર્ય, ચંદ્ર, અગ્નિ, ૨૧ ૐકાર, સત્ય, માયા, ગાય, બ્રાહ્મણ, ભક્તિ, ધર્મ, દક્ષની પુત્રીઓ, ૨૨ ગંગા, સરસ્વતી, નંદા, યમુના, ઐરાવત હાથી, ધ્રુવ, સપ્તર્ષિઓ અને પવિત્ર કીર્તિવાળા મનુષ્યો, ૨૩ આ સર્વ મારી વિભૂતિઓ છે, તેનું જે લોક પાછલી રાતે ઉઠી એકાગ્રચિત્તે નિયમ ધારણ કરીને સ્મરણ કરે છે, તે સર્વ પાપોથી છૂટી જાય છે. ૨૪ હે ગજેંદ્ર! જે પાછલી રાતે જાગીને આ ગજેંદ્રમોક્ષ સ્તોત્રથી મારી સ્તુતિ કરે છે, તેઓને અંતકાળે હું નિર્મળ બુદ્ધિ આપું છું. ૨૫

શ્રી શુકદેવજી કહે છે -એ પ્રમાણે કહી, શંખનાદ કરી, દેવતાઓના સમૂહને આનંદ પમાડતા ભગવાન ગરૂડ ઉપર બેશીને પોતાના ધામમાં પધાર્યા. ૨૬

इत्यादिश्य हृषिकेशः प्रध्माय जलजोत्तमम् ॥
हर्षयन् विबुधानीक मारुरोह खगाधिपम् ॥

ઇતિ શ્રી ભાગવત મહાપુરાણના અષ્ટમ સ્કંધમાં " ગજેંદ્રમોક્ષ " નામનો ચોથો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૫ મો.

પાંચમા તથા છઠ્ઠા મનુનું વર્ણન અને બ્રાહ્મણના શાપથી લક્ષ્મીરહિત થયેલા દેવતાઓએ કરેલી ભગવાનની સ્તુતિ.

श्री शुकउवाच.

राजन्नुदितमेतत्ते हरेः कर्माघ नाशनम् ।
गजेन्द्र मोक्षणं पुण्यं रैवतं त्वंतरं शृणु ॥

શ્રી શુકદેવજી કહેછે—હે રાજન્! પાપનો નાશ કરનારી ગજેંદ્રમોક્ષની કથા મેં તમને કહી સંભળાવી. હવે રૈવત નામના મન્વંતરની કથા કહું છું તે સાંભળો. ૧ તામસ મનુનો ભાઇ રૈવત પાંચમો મનુ થયો, તેને અર્જુન, બળિ તથા વિંધ્ય વગેરે પુત્રો હતા. ૨ તે કાળમાં વિભુ નામનો ઇંદ્ર ભૂતરય વગેરે દેવતા અને હિરણ્યરોમા, વેદશિરા, તથા ઉર્ધ્વબાહુ વગેરે સપ્તર્ષિ હતા. ૩ શુભ્રની વિકુંઠા નામની સ્ત્રીથી ભગવાન વૈકુંઠ પોતાના અંશવડે વૈકુંઠ નામના શ્રેષ્ઠ દેવતાઓ સાથે પ્રગટ થયા. ૪ તેમણે લક્ષ્મીજીની પ્રાર્થનાથી તેમને પ્રસન્ન કરવાને જગતવંદિત વૈકુંઠ લોક બનાવ્યો. ૫ એ વૈકુંઠ ભગવાનનો પ્રભાવ અને તેમના ઉત્તમ ગુણોનું વર્ણન તમને કહી સંભળાવ્યું છે. હે રાજા! ભગવાનના સર્વ ગુણોનું વર્ણન કરવાને ઇચ્છવું, એ પૃથ્વીનાં રજકણ ગણી કાઢવા બરાબર છે. ૬ ચક્ષુષનો પુત્ર ચાક્ષુષ નામે છઠ્ઠો મનુ થયો. તેને પુરૂ, પુરૂષ, સુદ્યુમ્ન, વગેરે પુત્રો હતા. ૭ તે વખતે મંત્રદ્રુમ નામનો ઇંદ્ર, આપ્ય આદિ દેવતાઓ અને હવિષ્માન તથા વીરક આદિ સપ્તર્ષિ હતા. ૮ એ મન્વંતરમાં વૈરાજની સંભૂતિ નામની સ્ત્રી વિષે 'અજીત' નામના ભગવાને પોતાના અંશથી અવતાર ધારણ કર્યો હતો. ૯ એમણે સમુદ્ર મથન કરીને દેવતાઓને અમૃત પાયું અને કચ્છપરૂપ ધરીને જળમાં ઘૂમરી ખાતા મંદરાચળ પર્વતને પોતાની પીઠ ઉપર ધારણ કર્યો હતો. ૧૦

પરીક્ષિત રાજા પૂછે છે—હે મહારાજ! જે રીતે ભગવાને ક્ષીરસમુદ્રનું મથન કર્યું, જે માટે તેમણે કચ્છપરૂપ ધરીને મંદરાચળને ધારણ કર્યો, ૧૧ અને જેવી રીતે દેવતાઓને અમૃત પાયું તે તથા બીજાં જે જે ભગવાનનાં અદ્‌ભુત ચરિત્ર હોય તે કૃપા કરીને કહો. ૧૨ તમે ભક્તપતિ ભગવાનનો મહિમા કહોછો, તોપણ ઘણા કાળથી તપી ગયેલું મારૂં ચિત્ત તેનાથી તૃપ્ત થતું નથી. ૧૩

સૂત કહે છે—હે શૌનકાદિક ઋષિઓ! એ પ્રમાણે પરીક્ષિત રાજાએ વ્યાસજીના પુત્ર શુકદેવજીને પૂછ્યું, ત્યારે તેમની પ્રશંસા કરીને શુકદેવજી શ્રી હરિનાં ચરિત્રો કહેવા લાગ્યા. ૧૪

શ્રી શુકદેવજી કહે છે—જ્યારે યુદ્ધમાં દૈત્યોનાં તીક્ષ્ણ શસ્ત્રોથી દેવતાઓ પ્રાણરહિત થઇ પડયા, અને પાછા ઉઠયાજ નહી, ૧૫ તથા જ્યારે દુર્વાસાના શાપથી* ઇંદ્ર સહિત ત્રણે લોક નિર્ધન થઇ ગયા, અને યજ્ઞ વગેરે ક્રિયાઓ બંધ પડી. ૧૬ ત્યારે એ સર્વ જોઇને ઇંદ્ર અને વરૂણ વગેરે દેવતાઓ મળીને વિચાર કરવા લાગ્યા, પણ કાંઇ નિશ્ચય થયો નહી. ૧૭ ત્યારે સર્વ મળીને સુમેરૂ પર્વતના શિખર ઉપર બ્રહ્માની સભામાં ગયા, અને પ્રણામ કરીને સર્વ વાત કહી. ૧૮ બ્રહ્માએ ઇંદ્ર તથા વાયુ વગેરે દેવતાઓને અધીર તથા તેજ વગરના જોઇને,લોકોને દુઃખી જોઇને અને દૈત્યોને સમૃદ્ધિવાન જોઇને મનવડે ભગવાનનું સ્મરણ કરી એકાગ્ર ચિત્તે પ્રસન્નતાથી કહ્યું કે-૧૯-૨૦ હું, શિવ, તમે, દૈત્યાદિક, મનુષ્ય, પશુ, પક્ષી, વૃક્ષ અને પરસેવાથી ઉત્પન્ન થનારાં પ્રાણીઓ સર્વ જે ભગવાનની અંશકળાથી ઉત્પન્ન થયેલા છીએ, તે ભગવાનને શરણે જઇએ. ૨૧ એ પરમાત્માને કોઈ શત્રુ, મિત્ર, ઉપેક્ષા કરવા યોગ્ય, તેમ આદર કરવા યોગ્ય કોઇ નથી, તે સર્વમાં સમદૃષ્ટિવાળા છે, તોપણ ઉત્પત્તિ, સ્થિતિ, અને પ્રલયને માટે તે સમયે સમયે સત્વ, રજ અને તમોગુણને ધારણ કરેછે, ૨૨ પ્રાણીઓના કલ્યાણને માટે સત્વગુણને ધારણ કરનારા ભગવાનનો હમણાં જગતની મર્યાદાનું રક્ષણ કરવાનો સમય છે, માટે આપણે સર્વ જગતગુરૂ શ્રીહરિને શરણે જઈએ. દેવતાઓ ઉપર પ્રીતિ રાખનારા ભગવાન તેમના ભક્તનું (આપણું) કલ્યાણ કરશે. ૨૩

શ્રી શુકદેવજી કહે છે—હે રાજા! એરીતે દેવતાઓને કહી, બ્રહ્મા તેઓને સાથે લઇને લોકાલોકથી પર એવા અજીત ભગવાનના ધામમાં ગયા. ૨૪ બ્રહ્મા ત્યાં જઇ પૂર્વે સાંભળેલા, પણ નહિ દેખાતા ભગવાનની એકાગ્ર ચિત્તથી વેદવાણીથી સ્તુતિ કરવા લાગ્યા. ૨૫

બ્રહ્મા સ્તુતિ કરે છે—સત્યસ્વરૂપ, વિકારરહિત, અનંત, આદિપુરૂષ, સર્વવ્યાપક, ઉપાધિરહિત, અતર્ક્ય; મન કરતાં પણ વધારે વેગવાળા, વાણીથી અગોચર, દેવશ્રેષ્ઠ, અને સ્તુતિ કરવા યોગ્ય એવા આપને અમે પ્રણામ કરીએ છીએ. ૨૬ પ્રાણ, મન, બુદ્ધિ તથા અહંકારના જાણનારા, વિષયોથી અને ઇંદ્રિયોથી પ્રકાશતા, અજ્ઞાનરહિત, દેહરહિત, અવિનાશી, આકાશની પેઠે વ્યાપક, ત્રણે યુગમાં પ્રગટ થનારા અને જીવનો પક્ષ કરનારા વિદ્યા તથા અવિદ્યાથી રહિત એવા આપને શરણે આવ્યા છીએ. ૨૭ માયાથી પ્રેરાયલું, મનોમય, પંદર આરાવાળું,[1] ઉતાવળી ગતિવાળું, ત્રણ નાભિવાળું,[2] વીજળીના જેવું ચંચળ, અને આઠ પાટાવાળું[3] આ દેહરૂપી ચક્ર છે, તેની ધરીરૂપે એક આપજ સત્ય પરમાત્મા છો, તેમને હું શરણે જાઉં છું. ૨૮ જે ભગવાન જ્ઞાનસ્વરૂપ છે, પ્રકૃતિથી પર છે, અદૃશ્ય છે,નિર્વિકલ્પ છે,દેશકાળના માપમાં ન આવે એવા છે, અને જીવના નિયંતા છે, અને યોગસાધનથી ધીરપુરૂષ જેની ઉપાસના કરે છે, તે ભગવાનને અમે પ્રણામ કરીએ છીએ. ૨૯ જે ભગવાનની માયાથી મોહિત થઇને મનુષ્ય આત્મસ્વરૂપને ભૂલી જાય છે, જેની માયાને કોઇપણ તરી શકતું નથી, જેણે માયાને તથા માયાના ગુણોને જીતી લીધા છે, અને જે સર્વ વસ્તુઓમાં સરખી રીતે રહેલા છે, તે ભગવાનને અમે નમસ્કાર કરીએ છીએ. ૩૦ અમે દેવતા તથા ઋષિઓ જેના પ્રિય દેહરૂપ સત્ત્વગુણથી પ્રગટ થયેલા છીએ, તેમ છતાં પણ અમે અંદર અને બહાર પ્રગટ રહેલા છતાં જેના સૂક્ષ્મ સ્વરૂપને જા-

*એકવાર ઇંદ્ર જતો હતો, ત્યાં તેને દુર્વાસા ઋષિ મળ્યા. મુનિએ પ્રસન્નતાથી પોતાના કંઠમાં પેહેરેલી માળા ઇંદ્રને આપી, ઇંદ્રે લક્ષ્મીના મદથી પોતે નહી પેહેરતાં ઐરાવતને પહેરાવી, હાથીએ તે માળા સૂંઢવતી પગતળે ઘાલીને કચરી નાંખી, એ જોઇ ક્રોધ પામેલા મુનિએ ઇંદ્રને શાપ આપ્યો કે—"તું ત્રણે લોક સાથે નિર્ધન થઈ જા."

૧ દશ ઇંદ્રિય અને પાંચ પ્રાણ. ૨ સત્વ, રજ અને તમ. ૩ આઠ પ્રકૃતિ.

જાણતા નથી, ત્યારે રજોગુણુ અને તમોગુણી દૈત્યાદિક તો ક્યાંથી જાણે ? ૩૧ જેમાં જરાયુજ, અંડજ, સ્વેદજ તથા ઉદ્ભિજ એ ચાર પ્રકારની સૃષ્ટિ રહેલી છે, એવી પૃથ્વી જેના ચરણરૂપ છે, તે સ્વતંત્ર, મહા ઐશ્વર્યવાળા, અખંડ સ્વરૂપ પરમાત્મા મારા ઉપર પ્રસન્ન થાઓ. ૩૨ જે જળથી ત્રૈલોક્ય સહિત સર્વ લોકપાળો ઉત્પન્ન થાય છે, જીવે છે અને વૃદ્ધિ પામે છે, તે મોટી શક્તિવાળું જળ જેના વીર્યરૂપ છે, તે મહાવિભૂતિવાળા ભગવાન મારા ઉપર પ્રસન્ન થાઓ. ૩૩ દેવતાઓના અન્નરૂપ અને તેથી બળ તથા આયુષ્ય આપનાર, વૃક્ષોના સ્વામી અને પ્રજાની વૃદ્ધિ કરનાર ચંદ્રમા જેનું મન છે, એમ વેદો કહેછે, તે મહા ઐશ્વર્યવાળા પરમાત્મા અમોને પ્રસન્ન થાઓ. ૩૪ ધનને ઉત્પન્ન કરનારો, યજ્ઞાદિ કર્મની પ્રવૃત્તિ માટે પ્રગટ થયેલો, પેટમાં જઠરાગ્નિરૂપથી ખાધેલા પદાર્થને પચાવનારો, અને સમુદ્રના જળનું શોષણ કરનારો અગ્નિ જેમનું મુખ છે, તે મહા ઐશ્વર્યવાળા ભગવાન અમારા ઉપર પ્રસન્ન થાઓ. ૩૫ દેવયાન માર્ગના દેવતા, વેદમય, પરબ્રહ્મની ઉપાસનાના ધામરૂપ, મુક્તિના દ્વારરૂપ, અમૃતરૂપ, અને કાળરૂપ સૂર્ય જેમનાં નેત્ર છે, તે મહા ઐશ્વર્યવાળા ભગવાન મારા ઉપર પ્રસન્ન થાઓ. ૩૬ સ્થાવર જંગમના પ્રાણરૂપ, ઇંદ્રિય, મન તથા શરીરની શક્તિરૂપ વાયુ જેમના પ્રાણથી ઉત્પન્ન થયો છે, અને સેવક લોકો જેમ ચક્રવર્તિ રાજાની સેવા કરેછે, તેમ અમે જેમની સેવા કરીએ છીએ, તે મહા વિભૂતિવાળા ભગવાન મારા ઉપર પ્રસન્ન થાઓ. ૩૭ જેમની કર્ણેંદ્રિયથી દિશાઓ, જેમના હૃદયથી દેહનાં છિદ્રો, અને જેમની નાભિથી પ્રાણ, ઇંદ્રિયો, મન અને શરીરના આશ્રયરૂપ આકાશ ઉત્પન્ન થયું છે, તે મહા ઐશ્વર્યવાળા ભગવાન મારા ઉપર પ્રસન્ન થાઓ. ૩૮ જેમના બળથી ઇંદ્ર, કૃપાથી દેવતા, ક્રોધથી સદાશિવ, બુદ્ધિથી બ્રહ્મા, છિદ્રથી વેદ તથા ઋષિઓ, અને ઉપસ્થથી પ્રજાપતિ પ્રગટ થયા છે, તે મહા ઐશ્વર્યવાળા ભગવાન મારા ઉપર પ્રસન્ન થાઓ. ૩૯ જેમના વક્ષઃસ્થળમાંથી લક્ષ્મી, છાયામાંથી પિતરો, સ્તનમાંથી ધર્મ, પીઠમાંથી અધર્મ, મસ્તકમાંથી સ્વર્ગ, અને વિહારથી અપ્સરાઓ ઉત્પન્ન થઇ છે, તે મહા ઐશ્વર્યવાળા ભગવાન મારા ઉપર પ્રસન્ન થાઓ. ૪૦ જેમના મુખમાંથી બ્રાહ્મણો તથા ગુપ્ત વેદો, ભુજાઓમાંથી ક્ષત્રિયો તથા બળ, ઉરૂમાંથી વૈશ્ય તથા વ્યાપાર અને ચરણમાંથી શૂદ્રો તથા સેવા ઉત્પન્ન થયાં છે, તે મહા ઐશ્વર્યવાળા ભગવાન મારા ઉપર પ્રસન્ન થાઓ. ૪૧ જેમના નીચલા હોઠમાંથી લોભ, ઉપલ્યા હોઠમાંથી પ્રેમ, નાસિકામાંથી કાન્તિ, સ્પર્શમાંથી નિર્લજોને સારો લાગતો કામ, ભ્રમરમાંથી યમ, અને પાંપણોમાંથી કાળ પ્રગટ થયેલો છે, એવા મહા ઐશ્વર્યવાળા ભગવાન મારા ઉપર પ્રસન્ન થાઓ. ૪૨ પાંચ મહાભૂત, કાળ, કર્મ, ગુણ, અને લોકપ્રપંચ, એ સર્વ જાણવામાં આવતા નથી, તેમ વિદ્વાનલોકોના તર્કમાં પણ જે આવી શકતા નથી. અને એ સર્વ જે ભગવાનની યોગમાયાથી રચેલાં છે, તે મહા ઐશ્વર્યવાળા ભગવાન મારા ઉપર પ્રસન્ન થાઓ. ૪૩ શાંત શક્તિવાળા, સ્વરૂપાનંદના લાભથી પરિપૂર્ણ, માયાએ રચેલા વિષયોમાં વૃત્તિઓથી બંધાય નહી એવા, અને વાયુના જેવી લીલા કરનારા આપ ભગવાનને અમે પ્રણામ કરીએ છીએ. ૪૪ અમે તમારે શરણે આવ્યા છીએ, અને અમને તમારા મંદહાસ્યવાળા મુખ કમળનાં દર્શનની ઇચ્છા છે, તો અમારી ઇંદ્રિયોથી દેખાય એવું આપનું સ્વરૂપ દેખાડો. ૪૫ હે પ્રભુ ! તમે સમયે સમયે ઇચ્છાનુસાર અવતાર ધારણ કરીને અમારાથી ન બની શકે એવાં કામ કરોછો. ૪૬ વિષયોમાં લંપટ રહેનારા પુરૂષોનાં કર્મ ઘણાં ક્લેશવાળાં, અસાર અને નિષ્ફળ હોય છે, પરંતુ આપને અર્પણ કરેલાં કાર્ય તેવાં હોતાં નથી. ૪૭ થોડાં અને આભાસરૂપ કર્મ પણ જો ઇશ્વરને અર્પણ કર્યાં હોય તો તે વ્યર્થ થતાં નથી, કેમકે ઇશ્વર મનુષ્યોને પ્રિય, હિતકારક અને આત્મારૂપ

છે. ૪૮ જેમ ઝાડના મૂળમાં સીંચવાથી તેની નાની મોટી ડાળીઓનું પોષણ થાયછે, તેમ સર્વાત્મા ભગવાનનું આરાધન કરવાથી સર્વનું આરાધન થઇ જાય છે. ૪૯ હે ભગવાન! તમે તર્કમાં ન આવોએવા, અનંત, નિર્ગુણ, ગુણોના સ્વામી, હાલના સમયમાં સત્વગુણમાં રહેલા અને કાર્ય કરનારા છો, એવા આપને અમે પ્રણામ કરીએ છીએ. ૫૦

नमस्तुभ्यमनंताय दुर्वितर्क्यात्मकर्मणे ।
निर्गुणाय गुणेशाय सत्त्वस्थाय च सांप्रतम् ॥

ઇતિશ્રી ભાગવત મહાપુરાણના અષ્ટમ સ્કંધમાં "સમુદ્રમથન વિષે બ્રહ્માકૃત ભગવદ્દસ્તુતિ" નામનો ૫ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૬ ઠો.

દેવતાઓએ વિષ્ણુના વિચારથી અમૃતને માટે દૈત્યો સાથે કરેલી તૈયારી.

श्रीशुकउवाच.

एवं स्तुतः सुरगणैर्भगवान हरिरीश्वरः ॥
तेषामाविरभूद्राजन् सहस्रार्कोदयद्युतिः ॥

શ્રી શુકદેવજી કહે છે—હે રાજન્! એ પ્રમાણે દેવતાઓએ ભગવાનની સ્તુતિ કરી, ત્યારે એકીવારે જાણે હજારો સૂર્ય ઉગ્યા હોય એવા તેજવાળા ભગવાન પ્રગટ થયા. ૧ તેમના તેજથી સર્વ દેવતાઓની આંખો અંજાઇ ગઇ, તેથી આકાશ, પૃથ્વી, દિશાઓ અને પોતાના શરીરને પણ દેખતા બંધ પડયા, તો પછી ભગવાનને તો ક્યાંથીજ દેખે? ૨ કેવળ બ્રહ્માને તથા સદાશિવને એ મૂર્તિનાં દર્શન થયાં, તે સ્વરૂપ સ્વચ્છ, મરકત મણિના જેવું શ્યામ રંગનું, કમળના ગર્ભ જેવાં રાતાં નેત્રવાળું, ૩ તપાવેલા સોના જેવું, પીળાં પીતાંબર ધારણ કરેલું, સર્વ પ્રસન્ન તથા મનોહર અંગોવાળું, સુંદર મુખ તથા ભ્રકુટિવાળું, ૪ અમૂલ્ય મણિ જડિત મુગટ અને બાજુબંધથી શોભાયમાન, અને કાનોનાં કુંડળથી પ્રકાશી રહેલા કપોળ (ગાલ) ને લીધે મુખ કમળની ભારે શોભાવાળું હતું. ૫ કંદોરો, કંકણ, ઝાંઝર અને કૌસ્તુભમણિ ધારણ કર્યાં હતાં, વનમાળા પેહેરી હતી, અને વક્ષઃસ્થળમાં લક્ષ્મીજી વિરાજતાં હતાં. ૬ સુદર્શન ચક્રાદિક અસ્રો મૂર્તિમાન થઇને તેમની સેવા કરતાં હતાં. એવા સુંદર સ્વરૂપવાળા પુરૂષોત્તમ ભગવાનને પૃથ્વી ઉપર પડી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને સર્વ દેવતાઓની સાથે બ્રહ્મા અને શંકર સ્તુતિ કરવા લાગ્યા. ૭

બ્રહ્મા સ્તુતિ કરે છે—હે ભગવાન! જન્મ, સ્થિતિ તથા નાશથી રહિત, નિર્ગુણ, નિર્વાણ સુખના સમુદ્રરૂપ, સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ, માપમાં ન આવે એવા સ્વરૂપ તથા પ્રભાવવાળા, એવા આપને અમે વારંવાર નમસ્કાર કરીએ છીએ. ૮ હે પુરૂષોત્તમ! કલ્યાણ ઇચ્છનારા પુરૂષો વૈદિક અને તાંત્રિક ઉપાયથી આપની મૂર્તિનું પૂજન કરે છે. હે વિધાતા! તે આપના વિશ્વરૂપમાં અમે ત્રણે લોકને જોઇએ છીએ. ૯ હે ભગવાન! આ જગત પ્રથમ આપના સ્વતંત્ર સ્વરૂપમાં હતું, મધ્ય કાળમાં પણ આપનામાંજ રહેલું છે, અને અંતે પણ આપના સ્વરૂપમાંજ રહેશે. જેમ ઘડાના આદિ, મધ્ય અને અંતમાં માટી જ છે, તેમ આ જગતના આદિ, મધ્ય તથા અંતમાં આપજ છો, કારણ કે આપ માયાથી પણ પર છો. ૧૦ તમારે સ્વાધીન રહેનારી માયાવડે તમે જગતને રચીને તેમાં પ્રવેશ કર્યો છે, તેથી શાસ્ત્રવેત્તા વિવેકી પુરૂષો સૃષ્ટિ થયા પછી પણ આપને નિર્ગુણ જુએ છે. ૧૧ જેમ કાષ્ઠમાંથી અગ્નિ, ગાયથી ઘી, પૃથ્વીમાંથી અન્ન તથા જળ અને ઉદ્યમથી આજીવિકા પમાય છે, તેમ વિદ્વાન મનુષ્યો દેહાદિકમાં વિચારશક્તિથી આપને પામે છે, અને પછી એવાજ સ્વરૂપનું વર્ણન કરે છે. ૧૨ હે પદ્મનાભ! આપને મળવાની અમને ઘણા દિવસથી ઇચ્છા હતી, તે આજ આપને પ્રગટ થયેલા જોઇને, જેમ દાવાનળથી પીડાતા હાથી ગંગાજળને જોઇને આનંદ પામે છે, તેમ અમે પણ પરમ આનંદ પામ્યા

છીએ. ૧૩ આ સમયે આ સર્વે લોકપાળો સહિત અમે જે કાર્ય માટે આપનાં ચરણ કમળને શરણે આવ્યા છીએ, તે કાર્ય પૂર્ણ કરો. હે અંતર્યામી ! આપ સર્વના સાક્ષી છો, તેથી અમે શું કહી બતાવીએ ? આપ સર્વ કાંઈ જાણોછો. ૧૪ હું, શંકર, દેવતાઓ અને દક્ષાદિક પ્રજાપતિઓ એ સર્વ અગ્નિના તણખાની પેઠે આપના અંશભૂત છતાં આપનાથી જુદા દેખાઇએ છીએ, અમે પોતાના કલ્યાણને જાણતા નથી, માટે આપજ દ્વિજ અને દેવતાઓને સુખ થાય એવો ઉપાય બતાવો. ૧૫

શ્રી શુકદેવજી કહે છે—હે પરિક્ષિત રાજા ! એ પ્રમાણે બ્રહ્માદિક દેવતાઓએ ભગવાનની સ્તુતિ કરી, તેથી ભગવાન તેઓના મનનો અભિપ્રાય જાણીને; બે હાથ જોડીને ઉભેલા તથા જીતેંદ્રિય દેવતાઓને મેઘ જેવી ગંભીરવાણીથી કહેવા લાગ્યા. ૧૬ ભગવાન સર્વ કાર્ય પોતે એકલાજ કરવાને સમર્થ છે, તો પણ પોતાને સમુદ્રમથન આદિ લીલા કરવાની ઇચ્છા હોવાથી તેમણે દેવતાઓને કહ્યું. ૧૭

શ્રી ભગવાન કહે છે—હે બ્રહ્મા ! હે સદાશિવ ! હે દેવતાઓ ! હું કહુંછું તે સર્વ તમે સાવધાન થઈને સાંભળો. તે પ્રમાણે કરવાથી તમારૂં કલ્યાણ થશે. ૧૮ તમે હમણાં જાઓ, અને જ્યાં સુધી તમારો અભ્યુદય થવાનો સમય આવે ત્યાં સુધી તમે દૈત્યો તથા દાનવોની સાથે સંપ કરો. ૧૯ મોટું કામ પાર પાડવું હોય તો પ્રથમ શત્રુઓની સાથે પણ મળી જવું જોઇએ, અને જ્યારે તે કામ સિદ્ધ થાય ત્યારે જેમ ઉંદરની સાથે સાપ* વર્ત્યો હતો તેમ કરવું જોઇએ. ૨૦ તમે હમણાં જઈને અમૃત ઉત્પન્ન કરવાનો તુરત પ્રયત્ન કરો, જે પીવાથી મૃત્યુથી ઘેરાયેલો જીવ અમર થઇ જાય છે. ૨૧ સર્વ લતાઓ, તૃણ, તથા ઔષધીઓ ક્ષીર સમુદ્રમાં નાંખી, મંદરાચળને રવૈયો બનાવી, વાસુકી નાગનું નેતરૂં કરી સમુદ્રનું મથન કરો, આ કામમાં હું તમને સહાયતા આપીશ. આ કામમાં દૈત્યોને કેવળ દુઃખજ મળશે અને ખરો લાભ તમને મળશે. ૨૨-૨૩ હે દેવતાઓ ! દૈત્યલોકો જે જે કરવાને ઇચ્છે, તે સર્વ તમારે માનવું, કારણ કે સઘળાં કામ શાંતપણાથી જેવાં સિદ્ધ થાય છે, તેવાં ઉતાવળથી સિદ્ધ થતાં નથી. ૨૪ સમુદ્રમાંથી કાળકુટ નામનું ઝેર ઉત્પન્ન થશે, તેનાથી તમે ડરશો નહીં, અને બીજી જે વસ્તુઓ નીકળે તેમાં જરાપણ લાલચ રાખશો નહી, કારણ કે તે ન મળે તો તેથી ક્રોધ ઉત્પન્ન થાય છે. ૨૫

શ્રી શુકદેવજી કહે છે—હે રાજન્ ! સ્વતંત્ર ગતિવાળા પુરૂષોત્તમ ભગવાન આ પ્રમાણે દેવતાઓને કહીને તેઓના દેખતાં અંતર્ધાન થઇ ગયા. ૨૬ પછી બ્રહ્મા તથા સદાશિવ ભગવાનને પ્રણામ કરી પોતાના ધામમાં ગયા, અને દેવતાઓ બળિરાજા પાસે ગયા. ૨૭ દેવતાઓ યુદ્ધની તૈયારી કરીને ગયા ન હતા, તો પણ દૈત્યોના સેનાપતિઓ તેઓને જોઇને યુદ્ધની તૈયારી કરવા લાગ્યા. એ જોઇને સંધિ અને વિગ્રહના સમયને જાણનારા મોટી કીર્તિવાળા બળિરાજાએ તેઓને વાર્યા. ૨૮ પછી દેવતાઓ દૈત્યસેનાપતિઓથી રક્ષાયલા ઉત્તમ રાજ્ય લક્ષ્મીવાળા, અને ત્રૈલોક્યમાં વિજય કરનારા બળિરાજાની પાસે ગયા. ૨૯ પછી ચતુર ઇંદ્રે મધુર વાણીથી બળિરાજાને સમજાવીને પુરૂષોત્તમ ભગવાને શીખવેલી સઘળી વાત કહી સંભળાવી. ૩૦ એ વાત બળિરાજાને, શંબરને, અરિષ્ટનેમિને તથા બીજા સર્વ ત્રિપુરવાસી દૈત્યાધિપતિઓને ગમી. ૩૧ પછી દેવતાઓ અને દૈત્યોએ પરસ્પર મળીને અમૃત માટે ભારે તૈયારીઓ કરવા માંડી. ૩૨ પરિઘના જેવા

* એક પેટીમાં સાપ પૂરાઈ ગયો હતો, તેણે પેટીમાંથી નીકળવા માટે ઉંદરને વિનંતિ કરી, અને પ્રતિજ્ઞાપૂર્વક તેની સાથે મૈત્રી કરી, તેથી ઉંદરે પેટી કાપીને સર્પને બહાર નીકળવાનો રસ્તો કરી દીધો, પછી તે સર્પે તે રસ્તેથી નીકળીને તે ઉંદરને ખાઇ ગયો.

લાંબા હાથવાળા, દુર્મદ તથા સમર્થ દૈત્યો અને દેવતાઓ મંદરાચળને ઊપાડીને ગર્જના કરતા પરાક્રમથી સમુદ્ર તરફ લઈ ચાલ્યા. ૩૩ બહુ દૂર સુધી એ પર્વતનો ભાર ઉપાડવાથી ઇંદ્રાદિક દેવતાઓ તથા બળિ વગેરે દૈત્યો થાકીને લોથ જેવા થઇ ગયા, અને ઉપાડી શક્યા નહી, તેથી પર્વતને રસ્તા વચ્ચે મૂકી દીધો. ૩૪ ત્યાં પડતાં પડતાં પોતાના મોટા ભારથી તેણે ઘણાક દેવતાઓ તથા દૈત્યોને કચરી નાંખ્યા. ૩૫ હાથ, સાથળ અને ખભા ભાગી જવાથી દેવ દૈત્યોનાં મન ભંગ થઇ ગયેલાં જોઈને ભગવાન ગરૂડ ઉપર બેશીને ત્યાં પધાર્યા. ૩૬ પર્વત પડ્યાથી કચરાઈ ગયેલા દૈત્યો તથા દેવતાઓને જોઇને ભગવાને અમૃતદૃષ્ટિથી તેઓને જીવતા કર્યા, અને શિથિળતા તથા ઘા વિનાના પ્રથમ જેવા હતા તેવા કર્યા. ૩૭ પછી રમતમાત્રથી પર્વતને એક હાથે ઉપાડીને ગરૂડ ઉપર મૂક્યો, અને પોતે પણ ગરૂડ ઉપર બેસીને દેવદૈત્યોથી વીંટાયેલા ભગવાન ક્ષીરસાગરને કાંઠે આવ્યા. ૩૮ ત્યાં પક્ષીઓના રાજા ગરૂડે પોતાની કાંધ ઉપરથી પર્વતને ઉતારીને પાણી પાસે મૂક્યો. પછી ભગવાને તેમને રજા આપવાથી તે ત્યાંથી ચાલ્યા ગયા. ૩૯

अवरोप्य गिरिं स्कंधात् सुपर्णः पततांवरः॥
ययौ जलांत उत्सृज्य हरिणा स विसर्जितः॥

ઇતિ શ્રી ભાગવત મહાપુરાણના અષ્ટમ સ્કંધમાં "સમુદ્રમથન માટે મંદરાચળ લાવ્યા" એ નામનો છઠ્ઠો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૭ મો.

સમુદ્ર મથવાથી પ્રથમ ઝેર નીકળ્યું તેનું સર્વ લોકોની સ્તુતિથી શંકરે પાન કર્યું.

श्री शुकउवाच.

ते नागराजमामंत्र्य फलभागेन वासुकीम्।
परिवीय गिरौ तस्मिन्नेत्र माब्धिमुदान्विताः॥

શ્રી શુકદેવજી કહેછે—હે પરીક્ષિત રાજા! પછી નાગલોકના રાજા વાસુકીને અમૃતમાંથી ભાગ આપવાનું કબુલ કરીને દેવતા તથા દૈત્યોએ તેનું નેતરૂં બનાવ્યું, પછી તેને પર્વતની આસપાસ વીંટી મોટા ઉત્સાહથી અમૃતને માટે સમુદ્રનું મથન કરવા લાગ્યા. ભગવાને પ્રથમ નાગના મુખ તરફનો ભાગ ઝાલ્યો, તેથી સર્વ દેવતાઓએ પણ મુખ તરફનો ભાગ પકડ્યો. ૧-૨ ભગવાનની આ વર્તણુક દૈત્યોને ગમી નહી, તેથી તેઓ બોલ્યા કે-"અમે સર્પનું અમાંગળિક પુછડું નહી પકડીએ. ૩ અમે પણ વેદાધ્યયન કરનારા અને શાસ્ત્રસંપન્ન છીએ, તથા જન્મ અને કર્મથી પણ વિખ્યાત છીએ." એમ કહીને દૈત્યો ચુપ રહ્યા. એવું જોઇ ભગવાને હસીને મોઢા તરફનો ભાગ છોડીને દેવતાઓની સાથે પુછડા તરફનો ભાગ ઝાલ્યો. ૪ એ પ્રમાણે ફેરફાર કર્યા પછી ભારે પ્રયત્નથી અમૃત માટે સમુદ્રને મથવા લાગ્યા. ૫ સમુદ્ર મથતી વખતે નીચે કાંઇ આધાર નહી હોવાથી તે મંદરાચળ, જો કે તેને દેવતાઓએ અને દૈત્યોએ પકડી રાખ્યો હતો, તોપણ તે પોતાના ભારથી પાણીમાં પેસી ગયો. ૬ દેવના બળથી પોતાનો પુરૂષાર્થ નાશ પામેલો જોઇને તેઓને ઘણો ખેદ થયો. અને તેઓનાં મોઢાંની કાન્તિ ઝાંખી પડી ગઈ. ૭ અપાર પરાક્રમવાળા તથા સત્ય સંકલ્પવાળા ભગવાને આ કામમાં વિઘ્નેશ્વરે વિઘ્ન નાંખેલું જોઇને પોતે કચ્છપનું રૂપ ધારણ કર્યું. અને જળમાં પેસીને મંદરાચળને બહાર કાઢ્યો. ૮ એ પર્વતને બહાર નીકળેલો જોઇને દેવતાઓ અને દૈત્યો ફરી મથન કરવાને પાછા તૈયાર થયા. જાણે સમુદ્રમાંથી બીજો દ્વીપ નીકળ્યો હોય એવા કચ્છપમૂર્તિ ભગવાને લાખ યોજન પોહોળી પીઠથી પર્વતને ધારણ કર્યો. ૯ દેવતાઓ તથા દૈત્યોએ પોતાની ભુજાઓના પરાક્રમથી કંપાવેલો પર્વત પોતાની પીઠ ઉપર ફરતો હતો, તોપણ અપ્રમેય કચ્છપ ભગવાન પોતાના અંગની ચળ મટાડવારૂપ માનતા હતા. ૧૦ ભગવાને દે-

ત્યોમાં દૈત્યરૂપથી, દેવતાઓમાં દેવરૂપથી અને સર્પમાં સર્પરૂપથી ગુપ્ત રીતે પ્રવેશ કરીને તેઓનું બળ વધાર્યું. ૧૧ જાણે બીજો મોટો પર્વત હોય એવા હજાર હાથવાળા ભગવાન મંદરાચળને પોતાના હાથથી દબાવીને ઉભા રહ્યા. તે વખતે બ્રહ્મા, શંકર અને ઇંદ્રાદિક દેવતાઓ સ્તુતિ કરીને પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા. ૧૨ ઉપર પોતાના સ્વરૂપથી, નીચે કાચબાના રૂપથી અને પર્વત, નાગ, દેવ તથા દૈત્યોમાં તે તે રૂપથી રહેલા ભગવાનથી તેઓ અધિક બળવાળા થયા. પછી મહોન્મત્ત દેવતાઓ અને દૈત્યો ઘણા જોરથી સમુદ્રનું મથન કરવા લાગ્યા. પર્વતના ફરવાથી સમુદ્રમાં રહેલાં મગર વગેરે જળચર પ્રાણીઓ વ્યાકુળ થવા લાગ્યાં. ૧૩ વાસુકી નાગની હજારો વિકરાળ આંખોમાંથી, મોઢાંમાંથી અને શ્વાસમાંથી નીકળતા અગ્નિથી અને ધુમાડાથી પૌલોમ, કાલેય, બળિ અને ઇલ્વલ વગેરે દૈત્યો નિસ્તેજ થઈ ગયા, અને દાવાનળથી બળેલા દેવદારૂના ઝાડ જેવા કાળા થઇ ગયા. ૧૪ વાસુકી નાગના નિઃશ્વાસના અગ્નિની જ્વાળાથી દેવતાઓની કાન્તિ પણ ઝાંખી થઈ ગઈ, અને તેઓનાં વસ્ત્ર, માળા, ઉત્તમ કવચ અને મોઢાંનો રંગ બદલાઈ ગયો; પરંતુ ભગવાનની સહાયતાથી તેઓના ઉપર મેઘ વરસવા લાગ્યા, અને સમુદ્રનાં મોજાંથી શીતળ થયેલો વાયુ વાવા લાગ્યો. ૧૫ એ પ્રમાણે દેવતા તથા દૈત્યોના યૂથપતિઓએ સમુદ્રનું મથન કર્યું, પરંતુ અમૃત ઉત્પન્ન થયું નહી, ત્યારે અજીત ભગવાન પોતે મથવા લાગ્યા. ૧૬ તે સમયે ઘનશ્યામ, પીતામ્બર પેહેરેલા, કાનમાં વીજળી જેવાં ચળકતાં કુંડળવાળા, વીખરાયલા માથાના વાળોથી શોભતા, વનમાળા ધારણ કરેલા, રાતાં નેત્રવાળા, પર્વતને ધારણ કરનારા, જગતને અભય આપનારા અને જય મેળવનારા ભગવાન હાથવડે વાસુકીને પકડીને પર્વતવડે સમુદ્રનું મથન કરતાં જાણે એક પર્વતની સામે બીજો પર્વત હોય, એવા શોભતા હતા. ૧૭ એ પ્રમાણે સમુદ્ર મથતાં તેમાંથી પ્રથમ મહા ભયંકર અને જેનો કાંઇપણ ઉપાય નથી, એવું મહા હળાહળ ઝેર ઉત્પન્ન થયું. તેથી સમુદ્રમાં રહેલાં માછલાં, મગર, કાચબા, તિમિ, જળના હાથી, ગ્રાહ, અને તિમિંગળો વ્યાકુળ થઇ ગયાં, તેથી સમુદ્ર ખળભળી ઉઠયો. ૧૮ એ અતિ ઉગ્ર, સહન ન કરી શકાય એવું, અને અનુપમ ઝેર ઉપર નીચે અને ચારે દિશાઓમાં ફેલાઇને ઉછળવા લાગ્યું, તે જોઇને લોકપાળો સહિત સર્વ લોક કયાંય શરણ નહી મળવાથી ભયભિત થઇને શંકરને શરણે ગયા. ૧૯ ત્રણે લોકના કલ્યાણને માટે પાર્વતી સાથે કૈલાસમાં બિરાજેલા અને મુનિઓએ માન્ય કરેલા તપને તેઓના મોક્ષને માટે કરતા દેવશ્રેષ્ઠ સદાશિવને જોઇને સર્વ લોક પ્રણામ કરીને સ્તુતિ કરવા લાગ્યા. ૨૦

પ્રજાપતિઓ સ્તુતિ કરે છે—હે દેવના દેવ! હે મહાદેવ! હે ભૂતાત્મન્! હે જગત્રક્ષક! ત્રૈલોકયને બાળી નાંખનારા આ ઝેરના ભયથી અમે આપને શરણે આવ્યા છીએ, માટે અમારૂં રક્ષણ કરો. ૨૧ આ સઘળા જગતના બંધ અને મોક્ષના સ્વામી આપજ છો, માટે ડાહ્યા પુરૂષો આપને શરણાગતના દુઃખ હરનારા ગુરૂ જાણીને પૂજે છે. ૨૨ હે સર્વવ્યાપક સ્વયંપ્રકાશ પ્રભુ! તમે પોતાની ગુણમય શક્તિથી આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને સંહાર કરોછો, ત્યારે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર એવાં નામ ધારણ કરોછો. ૨૩ આપ દેવ, મનુષ્ય, પશુ, પક્ષી વગેરેને ઉત્પન્ન કરનારા અને સર્વથી પરમ ગુહ્ય પરબ્રહ્મ છો. વળી તમે જગતના આત્મા અને ઇશ્વર છો. તમેજ અનેક પ્રકારની શક્તિઓરૂપે જણાઓ છો. ૨૪ હે ભગવાન્! તમે વેદના કારણરૂપ છો, તમારા ગુણોમાંથી પ્રાણ, ઇંદ્રિય, અને શરીર ઉત્પન્ન થાય છે વળી તમે મહત્તત્વરૂપ, અહંકારરૂપ અને કાળ, સંકલ્પ, સત્ય તથા ધર્મરૂપ છો, તમારામાંજ અવિનાશી ૐકાર રહેલો છે, એમ વિદ્વાનો કહે છે. ૨૫ સર્વ દેવતાના આત્મારૂપ અગ્નિ તમારૂં મુખ છે, પૃથ્વી ત-

મારાં ચરણ છે, કાળ તમારી ગતિ છે, દિશાઓ તમારા કાન છે, અને વરૂણ દેવતા તમારી જીભ છે, એમ વિદ્વાનોએ તમારા વિરાટસ્વરૂપની કલ્પના કરી છે. ૨૬ આકાશ તમારી નાભિ છે, વાયુ શ્વાસ છે, સૂર્ય નેત્ર છે, જળ વીર્ય છે, ભૂત ભવિષ્યના સર્વ જીવોનો આશ્રય તે તમારો અહંકાર છે, ચંદ્રમા તમારૂં મન છે અને સ્વર્ગ એ તમારૂં મસ્તક છે. ૨૭ હે વેદમૂર્તે! સમુદ્ર આપની કુખ છે, પર્વતો તમારાં હાડ છે, સર્વ ઔષધીઓ તથા લતાઓ તમારાં રૂંવાડાં છે, સાત છંદ તમારી ધાતુઓ છે, અને સર્વ પ્રકારના ધર્મ તમારૂં હૃદય છે. ૨૮ હે ઇશ્વર! તત્પુરૂષાદિક પાંચ મંત્ર તમારાં મુખ છે, તેઓનાં પદચ્છેદ કરવાથી એકસો આડત્રીશ મંત્ર થાય છે, અને સ્વયંપ્રકાશ તથા પ્રકાશમાન 'શિવ' નામની સત્યવસ્તુ એ તમારી શાંત ભરેલી સ્થિતિ છે. ૨૯ અધર્મની લેહેરો તમારી છાયા છે, અનેક પ્રકારની સૃષ્ટિ થાયછે તે સત્વ, રજ અને તમ એ ત્રણ ગુણ તમારાં ત્રણ નેત્ર છે. સાક્ષાત્ વેદ તમારા વિચાર છે, કારણ કે તમે સાંખ્યરૂપ, વેદના કર્તા, વેદરૂપ અને પુરાણપુરૂષ છો. ૩૦ હે સદાશિવ! પરમજ્યોતિરૂપ અને ભેદરહિત બ્રહ્મ કે જેમાં સત્વ, રજ કે તમ કાંઇપણ નથી, તે આપનું સ્વરૂપ સર્વ લોકપાળો, બ્રહ્મા, વિષ્ણુ તથા ઇંદ્રના જાણવામાં પણ ન આવે એવું છે. ૩૧ આપ પ્રલયકાળમાં પોતાના નેત્રના અગ્નિના તણખાથી બળી ગયેલા આ જગતને જાણતા પણ નથી, અને જેણે કામદેવ, દક્ષ પ્રજાપતિનો યજ્ઞ, ત્રિપુરાસુર અને મૃત્યુ વગેરે અનેક જગત્દ્રોહીઓનો નાશ કરેલો છે, તે આપ આ ઝેરનું ભક્ષણ કરો, એમાં આપનાં વખાણ કરવા જેવું કાંઇ નથી. ૩૨ આપને પાર્વતીની સાથે ફરતા જોઇને જે લોક આપને કામી કહેછે, અને આપને સ્મશાનમાં ફરતા જોઇને જે લોક આપને ઉગ્ર તથા હિંસક કહે છે, તે નિર્લજ લોકો આપની લીલાથી અજાણ્યા છે. જેમના ચરણાર્વિંદને આત્મારામ તથા ઉપદેશ કરનારા લોકો હૃદયમાં ચિંતવે છે, તેમનામાં કામીપણું કેમ સંભવે? અને જેમનામાં તપશ્ચર્યાને લીધે કેવળ શાંતિજ રહેલી છે, તેમનામાં ઉગ્રપણું કે હિંસકપણું પણ કેમ સંભવે? ૩૩ આપ સર્વ કાર્ય-કારણોથી પર તથા વ્યાપક છો, બ્રહ્માદિક દેવતાઓ પણ આપના સ્વરૂપને જાણવાને સમર્થ નથી, ત્યારે તમારી સ્તુતિ કરવાને તો ક્યાંથીજ સમર્થ હોય? જ્યારે બ્રહ્માદિક સમર્થ નથી, તોપછી બ્રહ્માના પુત્ર પૌત્રાદિકના વંશમાં ઉત્પન્ન થયેલા અમે અસમર્થ હોઇએ એ વાત સિદ્ધ જ છે; તોપણ અમારી શક્તિ પ્રમાણે અમે આપની સ્તુતિ કરીએ છીએ. ૩૪ હે મહેશ્વર! અમે તમારા આ સ્વરૂપનેજ જાણીએ છીએ, તમારા પરમસ્વરૂપને જાણતા નથી. અવ્યક્ત લીલા કરનારા એવા આપની મૂર્તિ ત્રૈલોક્યના કલ્યાણને માટે છે. ૩૫

શ્રી શુકદેવજી કહે છે—આ પ્રમાણે પ્રજાનું દુઃખ જોઇને કરૂણાથી અત્યંત દુઃખી થતા દેહધારીઓના મિત્ર સદાશિવે પોતાની પ્રિયા સતીને કહ્યું. ૩૬

સદાશિવ કહે છે—હે ભવાની! ક્ષીર સમુદ્રના મથનથી કાળકૂટ નામનું હળાહળ ઝેર ઉત્પન્ન થયું છે અને તેનાથી પ્રજા દુઃખી થાય છે તે તો જુઓ! ૩૭ આ પ્રજા પોતાના પ્રાણ બચાવવાને ઇચ્છેછે, માટે અવશ્ય મારે તેઓને અભય આપવું જોઇએ, કારણ કે દીન પ્રાણીઓનું રક્ષણ કરવું એજ સમર્થ પુરૂષનું કામ છે. ૩૮ પ્રાણીઓ ભગવાનની માયાથી મોહિત થઇ પરસ્પર વૈરભાવથી એક બીજાને મારી નાંખવાને ઇચ્છેછે, ત્યારે મહાત્માઓ પોતાના ક્ષણભંગુર પ્રાણોને જતા કરીને પણ પ્રાણીઓનું રક્ષણ કરેછે. ૩૯ હે કલ્યાણી! જે મનુષ્ય દયા કરેછે, તેના ઉપર સર્વના અંતર્યામી ભગવાન પ્રસન્ન થાય છે, અને ભગવાન પ્રસન્ન થયા કે સ્થાવર જંગમ સહિત હું પણ પ્રસન્ન થાઉંછું. માટે હું આ ઝેરનું ભક્ષણ કરૂંછું, મારાથી આ પ્રજાનું કલ્યાણ થવું જોઇએ. ૪૦

શ્રી શુકદેવજી કહે છે—હે રાજા! એ પ્ર-

આપે જગત્પાળક સદાશિવ પાર્વતીની રજા માગીને તે ઝેર ખાવા લાગ્યા, ત્યારે તેમના પ્રભાવને જાણનારાં પાર્વતીએ પણ તેમ કરવાની હા પાડી. ૪૧ પછી ચારે તરફ ફેલાયેલા તે હળાહળ ઝેરને હથેળીમાં લઇને પ્રાણીઓ ઉપર દયા કરીને શંકર પી ગયા. ૪૨ જળના મેલરૂપ એ ઝેરે તેમને પણ પોતાનું પરાક્રમ બતાવ્યું, જેથી ગળામાં કાળો ડાઘ પડયો. પરંતુ સત્યદેવ મહાદેવને તે ડાઘ આભૂષણરૂપ થઈ પડયો. ૪૩ ઘણું કરીને મહાત્મા પુરૂષો લોકોનાં દુઃખ જોઇને દુઃખી થાયછે, અને એમ કરવું એજ સર્વાત્મા શ્રી હરિનું આરાધન ગણાય છે. ૪૪ દેવના દેવ તથા સર્વના મનોરથ પૂરા કરનાર સદાશિવનું આ ચરિત્ર જોઇને પ્રજા, સતી, બ્રહ્મા, અને વિષ્ણુ સર્વેએ તેમનાં વખાણ કર્યાં. ૪૫ સદાશિવે વિષપાન કરતાં તેમાંથી થોડું ઝેર નીચે પડી ગયું, તેને વીંછી, સાપ, ઝેરી ઓષધીઓ તથા બીજાં ઝેરી પ્રાણીઓએ ગ્રહણ કર્યું. ૪૬

प्रस्कन्नं पिबतः पाणेर्यत्किंचिज्जगृहुः स्म तत्।
वृश्चिकाहि विषौषध्यो दंदशूकाश्च येऽपरे ॥

ઇતિ શ્રી ભાગવત મહાપુરાણના અષ્ટમ સ્કંધમાં "ભગવાન શંકરે વિષપાન કર્યું" એ નામનો ૭ મો અધ્યાય સંપૂર્ણ

અધ્યાય ૮ મો.

સમુદ્ર મથનથી લક્ષ્મીજી ઉત્પન્ન થયાં તે ભગવાનને વર્યાં, અમૃત નીકળ્યું તે અસુરોએ હરી લીધું, તેથી ભગવાને મોહીની અવતાર ધારણ કર્યો.

श्रीशुक उवाच.

पीते गरे वृषांकेन प्रीतास्तेऽमरदानवाः ॥
ममंथुस्तरसा सिंधुं हविर्धानी ततोऽभवत् ॥

શ્રી શુકદેવજી કહે છે—હે પરીક્ષિત રાજા! સદાશિવે ઝેર પીધા પછી દેવતાઓ તથા દૈત્યો પ્રસન્ન થઇને પાછા સમુદ્રનું મથન કરવા લાગ્યા તો તેમાંથી કામધેનુ ઉત્પન્ન થઈ. ૧ પરલોકમાં લઇ જનારા યજ્ઞનાં પવિત્ર ઘી વગેરે હવિષ્યને માટે અગ્નિહોત્રના કામમાં આવનારી એ ગાયને બ્રહ્મવાદી ઋષિઓ લઇ ગયા. ૨ પછી ચંદ્રમા જેવો ધોળો ઉચ્ચૈઃશ્રવા નામનો ઘોડો નીકળ્યો, તે લેવાની બળિરાજાએ ઇચ્છા કરી, પણ ભગવાનની શીખામણથી ઇંદ્રે તેની ઇચ્છા કરી નહી, ઐરાવત હાથી નીકળ્યો, તે પોતાના ચાર દાંતોથી કૈલાસ પર્વતની શોભાનું હરણ કરતો હતો. ૪ પછી સમુદ્રમાંથી કૌસ્તુભમણિ નીકળ્યો, તેની વક્ષઃસ્થળના અલંકાર માટે ભગવાને ઇચ્છા કરી. ૫ પછી સ્વર્ગના આભૂષણરૂપ પારિજાતક નામનું કલ્પવૃક્ષ ઉત્પન્ન થયું. હે રાજા! જેમ તમે પૃથ્વીપરના ભિક્ષુકોના મનોરથો પૂરા કરો છો, તેમ તે વૃક્ષ સ્વર્ગવાસીઓના મનોરથ પૂરા પાડે છે. ૬ પછી કંઠમાં પદક પેહેરેલી અને સુંદર વસ્ત્ર ધારણ કરેલી અપ્સરાઓ ઉત્પન્ન થઇ, જે પોતાની મનોહર ચાલથી તથા કટાક્ષપૂર્વક જોવાથી દેવતાઓને રમાડનારી થઈ. ૭ પછી ભગવત્ પરાયણ સાક્ષાત્ લક્ષ્મીજી પ્રગટ થયાં. જે સુદામા પર્વતની દિશામાં ઉત્પન્ન થનારી વીજળીના જેવી પોતાની કાન્તિથી દિશાઓને પ્રકાશિત કરતાં હતાં. ૮ તેમના સૌંદર્યતા, ઉદારતા તથા અવસ્થા જોઇને સર્વ દેવતાઓ, દૈત્યો તથા મનુષ્યો મોહિત થઇ ગયા. ૯ ઇંદ્રે તે લક્ષ્મીજીને અદ્ભુત આસન લાવી આપ્યું, મૂર્તિમાન્ નદીઓએ સુવર્ણના કળશ ભરી પવિત્ર જળ લાવી આપ્યું, પૃથ્વીએ અભિષેક યોગ્ય સર્વ ઔષધીઓ આણી આપી, ગાયો પંચગવ્ય લાવી, વસંત વગેરે ઋતુઓએ પોતપોતાનાં ફળ ફુલ આપ્યાં. ૧૧ ઋષિ લોકોએ વિધિથી અભિષેક કર્યો, ગંધર્વો ગાયન કરવા લાગ્યા, નટની સ્ત્રીઓ નાચવા તથા ગાવા લાગી. ૧૨ મેઘ જેવા ગંભીર શબ્દવાળાં મૃદંગ, પણવ, મુરજ, આનક, ગોમુખ, શંખ, વેણુ અને વીણા વગેરે

વાજીંત્ર વગાડવા લાગ્યા. ૧૩ દિગ્ગજોએ હાથમાં કમળ ધારણ કરનારાં લક્ષ્મીજીને જળના કળશ ભરી આપીને અભિષેક કર્યો, અને બ્રાહ્મણો વૈદિક મંત્ર ભણવા લાગ્યા. ૧૪ સમુદ્રે પીળાં રેશમી વસ્ત્ર આપ્યાં, વરૂણ દેવે જેના ઉપર મદમત્ત ભમરાઓ ગુંજારવ કરી રહ્યા છે એવી વૈજયંતીમાળા આપી. ૧૫ વિશ્વકર્મા પ્રજાપતિએ વિચિત્ર આભૂષણો અર્પણ કર્યાં, સરસ્વતીએ હાર આપ્યો, બ્રહ્માએ કમળ આપ્યું, અને નાગ લોકોએ કુંડળ આપ્યાં. ૧૬ પછી બ્રાહ્મણોએ સ્વસ્તિ વાચન કર્યું, એટલે ભમરાઓ જેના ઉપર ગુંજારવ કરી રહ્યા છે એવી કમળની માળા હાથમાં લઇ લજ્જાથી, હાસ્યથી અને કપોળ ઉપર ઝુકી રહેલાં કુંડળોથી શોભતા મુખવાળાં લક્ષ્મીજી ત્યાંથી ચાલ્યાં. ૧૭ તેમનું પેટ ઘણુંજ પાતળું હતું, બન્ને સ્તન બરાબર, વચમાં અંતર વગરના તથા ચંદન કેસરથી ચરચેલા હતા. પોતે ઝાંઝરના ઝમકારા કરતાં ચારે તરફ ફરતાં સુવર્ણની વેલી જેવાં શોભતાં હતાં. ૧૮ તે જેમાં સર્વદા શ્રેષ્ઠ ગુણો રહે છે એવું અવિચળ તથા દોષ વગરનું સ્થાન શોધવા લાગ્યાં, પરંતુ ગંધર્વ, યક્ષ, દૈત્ય, સિદ્ધ, ચારણ અને દેવતા વગેરેમાં કોઇ પોતાને યોગ્ય પતિ મળ્યો નહીં. ૧૯ લક્ષ્મીજી વિચાર કરવા લાગ્યાં કે-દુર્વાસા વગેરે તપસ્વી છે, પણ તે ક્રોધને વશ છે, બૃહસ્પતિ વગેરે જ્ઞાની છે, પરંતુ તેમણે જગતનો સંગ છોડયો નથી. બ્રહ્મા મોટા છે, પણ તે કામ દેવને વશ છે, ઇંદ્રાદિક સમર્થ છે, પણ તે બીજાને આશ્રયે રહેલા છે તેથી તે સ્વતંત્ર નથી. ૨૦ પરશુરામ ધર્માત્મા છે, પરંતુ તે નિર્દય છે; શિબિરાજા દાનેશ્વરી છે, પરંતુ તે દાન મોક્ષને માટે કરતો નથી. સહસ્રાર્જુન પરાક્રમી છે, પરંતુ કે કાળના વેગથી નાશ ન પામે એવો નથી, સનકાદિક કેવળ સમાધિનિષ્ઠ જ છે, તેથી તે પણ પતિ થવાને યોગ્ય નથી. ૨૧ માર્કંડેયાદિક ચિરંજીવી છે, પરંતુ તે સદા ઇંદ્રિયોનું દમન કરનારા હોવાથી શૃંગાર ઉપર પ્રીતિવિનાના છે, હિરણ્યકશિપુ શૃંગાર ઉપર પ્રીતિવાળો છે, પણ તેનું આયુષ્ય સ્થિર નથી, સદાશિવ લાંબા આયુષ્યવાળા છે, પણ તે અમંગળ ચરિત્રોવાળા છે. પછી છેવટે વિષ્ણુની સામું જોઇને લક્ષ્મીજી બોલ્યાં કે-જેમાં સર્વગુણો છે, પણ તે આત્મારામ હોવાથી અને ઇચ્છતા નથી. ૨૨ એ પ્રમાણે વિચાર કરી નિરંતર રહેનારા ધર્મ અને જ્ઞાન વગેરે શ્રેષ્ઠ ગુણોથી તથા પોતાનાજ એક આશ્રયપણાથી સર્વોત્તમ છે, સર્વ સિદ્ધિઓ પણ એમને વરેલી છે, અને પોતાની પણ તેમના ઉપર પ્રીતિ છે એમ જાણીને ગરજ વિનાના ભગવાનને લક્ષ્મીજી વર્યાં. ૨૩ મદોન્મત્ત ભમરો જેના ઉપર મધુરસ્વરથી ગુંજારવ કરી રહ્યા છે એવાં સુંદર નવીન કમળોની માળા ભગવાનના કંઠમાં આરોપીને લજ્જા તથા હાસ્યયુક્ત પ્રફુલ્લિત નેત્રથી પોતાના નિવાસરૂપ ભગવાનના વક્ષઃસ્થળની સામું જોઇ લક્ષ્મીજી ભગવાનની પાસે ઉભાં રહ્યાં. ૨૪ ભગવાને તે જગતજનની ત્રૈલોક્યની વિભૂતિરૂપ લક્ષ્મીને પોતાના વક્ષઃસ્થળરૂપ અવિચળ પદ આપ્યું, કે જ્યાં રહેલાં લક્ષ્મીજીએ દયા ભરેલી દ્રષ્ટિથી પોતાની પ્રજારૂપ ત્રણ લોકનો અને તેઓના અધિપતિઓનો અભ્યુદય કર્યો. ૨૫ તે સમયે શંખ, તુરી, અને મૃદંગ વગેરે વાજીંત્રોનો ભારે નાદ થવા લાગ્યો અને સ્ત્રીઓ સહિત ગંધર્વો નાચવા તથા ગાવા લાગ્યા. ૨૬ બ્રહ્મા, રૂદ્ર, અંગિરા વગેરે સર્વ પ્રજાપતિઓ પુષ્પવૃષ્ટિ કરતા વિષ્ણુનું પ્રતિપાદન કરનારા સફળ વેદના મંત્રોથી સ્તુતિ કરવા લાગ્યા. ૨૭ લક્ષ્મીજીની કૃપાદ્રષ્ટિથી શીળ વગેરેવાળા દેવતાઓ તથા પ્રજાપતિઓ સહિત પ્રજા પરમ સુખ પામી. ૨૮ હે રાજા ! જ્યારે લક્ષ્મીજીએ દાનવો તથા દૈત્યોનો અનાદર કર્યો, ત્યારે તેઓ નિઃસત્વ, ચંચળ વૃત્તિવાળા, ઉદ્યોગ વગરના અને નિર્લજ્જ થઇ ગયા. ૨૯ પછી સમુદ્રમાંથી કમળ સરખાં નેત્રવાળી વારૂણી (મદિરા) નામની કન્યા ઉત્પન્ન થઇ, તેને ભગવાનની સમ્મતિથી દૈત્યોએ ગ્રહણ કરી. ૩૦ હે મહારાજ !

પાછી પાછા અમૃતને માટે દેવતાઓને દૈત્યો સમુદ્ર મથતા હતા, એવામાં તેમાંથી એક અદ્દભુત પુરૂષ ઉત્પન્ન થયો. ૩૧ એ પુરૂષના હાથ લાંબા તથા પુષ્ટ હતા, કંઠ શંખ સમાન, રાતાં નેત્ર, શ્યામ વર્ણ, અવસ્થા તરૂણ, માળા તથા આભૂષણથી શોભાયમાન, વસ્ત્ર પીળાં, વક્ષઃસ્થળ મોટું, ઉજ્વળમણિઓનાં કુંડળ પેહેરેલાં, વાળ વાંકા વળેલા અને રૂપ સુંદર હતું. સિંહ સમાન પરાક્રમી અને કંકણથી શોભાયમાન હાથમાં અમૃતથી ભરેલો કળશ ધારણ કરેલો હતો. એ પુરૂષ સાક્ષાત્ વિષ્ણુ ભગવાનના અંશના અંશમાંથી ઉત્પન્ન થયા હતા. ૩૨-૩૩-૩૪ તે જગતમાં ધન્વંતરિ નામથી પ્રસિદ્ધ થયા. તેમણે આયુર્વેદ (વૈદક) પ્રવર્તાવ્યો છે. તેમને યજ્ઞનો ભાગ મળે છે. તેમના હાથમાં અમૃત ભરેલો કળશ જોઇને સર્વ વસ્તુની ઈચ્છાવાળા દૈત્યો બળાત્કારે કળશ લઇને નાઠા, ૩૫ જ્યારે દૈત્યો અમૃતનો કળશ ઝુંટાવી ગયા ત્યારે દેવતાઓ ખેદ પામીને ભગવાનને શરણે ગયા. ૩૬ તેઓની દીનતા જોઇને દાસ જનની કામના પૂરી કરનારા ભગવાન બોલ્યા કે-'તમે ગભરાશો નહીં, હું મારી માયાથી દૈત્યોમાં પરસ્પર કલેશ ઉત્પન્ન કરાવીને તમારૂં કામ સિદ્ધ કરી આપીશ, ૩૭ એટલામાં તો ભગવાનની માયાથી અમૃતના લોભી દૈત્યોમાં "હું પેહેલો પીઉં, હું પેહેલો પીઉં. તું નહિ, તું નહિ" એ રીતે પરસ્પર કજીઓ થયો. ૩૮ હે રાજા! તેઓમાં જે દુર્બળ હતા, તે કળશ લઇને ઉઠેલા બળવાન દૈત્યોને મત્સરમાં આવી જઇને વારંવાર અટકાવીને કહેવા લાગ્યા કે-"જે પ્રમાણે યજ્ઞમાં સર્વને બરાબર ભાગ મળે છે, તે પ્રમાણે અહીં પણ દેવતાઓને તેઓનો ભાગ બરાબર મળવો જોઇએ, કારણ કે તેઓએ પણ આપણી બરોબર પરિશ્રમ કરેલો છે, માટે તેઓને ભાગ આપવો એજ સનાતન ધર્મ છે. ૩૯-૪૦ એટલામાં તો સર્વ ઉપાયને જાણનારા વિષ્ણુ ભગવાને મહા અદ્દભુત, અવર્ણનીય સ્ત્રીરૂપ ધારણ કર્યું. ૪૧ તે સ્ત્રીનું રૂપ જોવા યોગ્ય અને નીલ કમળ સમાન શ્યામ વર્ણવાળું હતું, સર્વ અંગ સુંદર હતાં, કાનોમાં આભૂષણ ધારણ કર્યાં હતાં, કપોળ, નાસિકા અને મુખ સુંદર હતાં. ૪૨ નવીન તરૂણાવસ્થાને લીધે ઉપડેલા સ્તન મંડળના ભારથી શરીર નમી રહેલું અને પેટ પાતળું હતું. મુખની સુગંધ લેવામાં અનુરાગી ભમરાઓના ગુંજારવથી નેત્રો ઉદ્વિગ્ન હતાં. ૪૩ ચોટલામાં પ્રફુલ્લિત મલ્લિકાની માળા ગુંથેલી હતી, કંઠ સુંદર હતો, કંઠમાં આભૂષણ પેહેર્યાં હતાં, સુંદર ભુજાઓમાં બાજુબંધ શોભતા હતા. ૪૪ નિતંબરૂપી દ્વીપ વસ્ત્રથી ઢંકાયેલ હતા, તેના ઉપર પેહેરેલી કટિમેખળાથી તે શોભતા હતા, ચાલવાથી સુંદર ઝાંઝરનો ઝમકાર થતો હતો. ૪૫ એ મોહીનીના લાજયુક્ત મંદહાસ્યથી અને કટાક્ષપૂર્વક જોવાથી મોટા મોટા દૈત્યોનાં ચિત્તમાં વારંવાર કામદેવ પ્રદીપ્ત થવા લાગ્યો. ૪૬

सव्रीडस्मित विक्षिप्त भ्रूविलासावलोकनैः ॥
दैत्ययूथ पचेतस्सु काम मुद्दीपयन्मुहुः ॥

ઇતિશ્રી ભાગવત મહાપુરાણના અષ્ટમ સ્કંધમાં "સમુદ્ર મથન વર્ણન" નામનો ૮ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૯ મો.

ભગવાને મોહિનીરૂપ ધરી દૈત્યોને છેતરીને દેવતાઓને અમૃત પાયું.

શ્રી શુકઉવાચ.

तेऽन्योऽन्यतोऽसुराः पात्रं हरंतस्त्यक्त सौहृदाः
क्षिपंतोदस्यु धर्माण आयांतीं ददृशुः स्त्रियम्॥

શ્રી શુકદેવજી કહે છે—હે રાજા! તે દૈત્યો સ્નેહભાવ છોડી દઇ લૂંટારાની પેઠે પરસ્પર અમૃત ઝુંટાવી લેતા એક બીજાને ગાળો દેતા હતા. એટલામાં તેઓએ એક સ્ત્રીને આવતી દીઠી. ૧ અહાહા! તેનું કેવું

સ્વરૂપ છે! કેવી કાન્તિ છે! અને કેવી નવીન અવસ્થા છે! એ પ્રમાણે બોલતા અને કામાતુર થયેલા દૈત્યો તેની પાસે જઇને પૂછવા લાગ્યા કે-૨ હે કમળનયની! તું કોણ છે? ક્યાંથી આવી છે? તારી શી મરજી છે? હે સુંદરી! તું કોની પુત્રી છે? અમને કહે તો ખરી, તું અમારાં મનને મથી નાંખે છે. ૩ દેવતા, દૈત્ય, સિદ્ધ, ગંધર્વ, ચારણ, અને લોકપાળ કોઇએ પણ આજસુધી તારો સ્પર્શ કરેલો જણાતો નથી, તોપછી મનુષ્ય તો તને શી રીતે ભોગવી શકે? ૪ હે સુંદર ભ્રકુટિવાળી! દયાળુ ભગવાને પ્રાણીઓની સર્વ ઇંદ્રિયો તથા મનને પ્રસન્ન કરવા માટે તને અહીં મોકલી છે? કે તું તારી ઇચ્છાથીજ અહીં ચાલી આવી છે? ૫ હે માનીની! અમે બધા ભાઇઓ છતાં એક ચીજ માટે વૈર બાંધીને પરસ્પર લડી મરીએ છીએ, માટે હે સુંદર કેડવાળી! જેથી અમારામાં કલહ ન થાય, અને અમને સુખ થાય, તેમ કર. ૬ અમે સર્વે કશ્યપના પુત્રો-ભાઇઓ છીએ, અમે બધાએ સરખો પુરૂષાર્થ કરેલો છે, માટે ભેદભાવ ન રાખતાં કલહ ન થાય તેવી રીતે અમોને યથાયોગ્ય અમૃત વેહેંચી આપ. ૭ આ પ્રમાણે દૈત્યોએ પ્રાર્થના કરી, એટલે માયાથી સ્ત્રીરૂપ ધરેલા ભગવાન હસીને સુંદર કટાક્ષથી તેઓની સામે જોઇ કહેવા લાગ્યા. ૮

શ્રી ભગવાન કહે છે—તમે કશ્યપના પુત્ર થઇને હું છીનાળ સ્ત્રીની ઉપર કેમ આસક્ત થયા છો? ડાહ્યા પુરૂષ સ્ત્રીઓનો વિશ્વાસ કદી કરેજ નહી. ૯ હે દૈત્યો! કૂતરાંનો અને છીનાળ સ્ત્રીઓનો મિત્રભાવ કદી સ્થિર રહે નહી, કારણ કે તે નવાનવાને શોધ્યા કરે છે. ૧૦

શ્રી શુકદેવજી કહે છે—એ પ્રમાણે તે સ્ત્રીનાં હાસ્યવચનોથી મનમાં ભરોંસો આણી લલચથી ગંભીર રીતે હસીને દૈત્યોએ તેને અમૃતનો કળશ આપ્યો. ૧૧ શ્રીહરિએ અમૃતનો કળશ હાથમાં લઇ શોભાયમાન મુખથી મંદહાસ્ય કરીને મધુરવાણીથી કહ્યું કે—હું યોગ્ય કે અયોગ્ય જે કરૂં, તે તમારે કબુલ હોય તો હું આ અમૃત વેહેંચી આપું. ૧૨ તે સ્ત્રીનાં એવાં વચન સાંભળીને તેના પ્રભાવને નહિ જાણનારા દૈત્યોએ એ વાત કબુલ કરી. ૧૩ પછી દેવતા અને દૈત્યો ઉપવાસ કરી, સ્નાન કરી, હવિથી અગ્નિમાં હોમ કરી, ગાયો, બ્રાહ્મણો અને બીજાં પ્રાણીને દાન આપી, બ્રાહ્મણો પાસે સ્વસ્તિવાચન કરાવી, યથાયોગ્ય નવીન વસ્ત્રો પેહેરી, શણગાર ધરી, પૂર્વ તરફના અગ્રભાગવાળાં દર્ભનાં આસનો ઉપર બેઠા, ૧૪-૧૫ ધુપથી સુગંધમય થયેલી અને ફુલ તથા દીવાઓથી શોભીતી શાળામાં સર્વ દેવતા અને દૈત્યો પૂર્વાભિમુખે બેઠા, એટલે મોહિની હાથમાં કળશ લઇ તે સભામાં આવ્યાં, તે સ્ત્રીની જંઘા હથેળીના છેડા જેવી ગોળ હતી, પહેરેલાં રેશમી વસ્ત્ર શોભતાં હતાં, નિતંબના ભારથી તેની ગતિ મંદ હતી, નેત્રો મદથી વિહ્વળ હતાં, સોનાનાં ઝાંઝર ઝમકતાં હતાં, ઘડા જેવા મોટા સ્તન હતા. ૧૬-૧૭ કાનોમાં સુવર્ણનાં કુંડળ પેહેર્યાં હતાં, કાન, ગાલ, નાક, અને મુખ સુંદર હતાં, અને સાક્ષાત્ લક્ષ્મી જેવી રૂપાળી હતી. સ્તનો ઉપરનું વસ્ત્ર વારંવાર ખસી જતું હતું તે જોઇને, તથા તેના મંદહાસ્ય પૂર્વક જોવાથી સર્વ દેવતા અને દૈત્યો મોહ પામ્યા. ૧૮ ક્રૂર જાતિના દૈત્યોને અમૃત આપવું એ સર્પને દૂધ પાવા જેવું અયોગ્ય છે, એમ જાણીને ભગવાને તેઓને જરા પણ અમૃત આપ્યું નહી. ૧૯ જગત્પતિ ભગવાને દેવદૈત્યોની જૂદી જૂદી પંક્તિ કરાવીને પોત પોતાની પંક્તિમાં તેઓને બેસાડયા. ૨૦ મોહિની ભગવાને હાથમાં કળશ લઇ, સ્ત્રીચરિત્ર કરીને દૈત્યોને છેતરી, દુર બેઠેલા દેવતાઓને જરા તથા મૃત્યુને હરનારૂં અમૃત પાયું ૨૧ હે રાજા! તે દૈત્યો પોતે કબુલ કરેલો ઠરાવ પાળવા અને મોહિનાથી સ્નેહ કરી ચુકયા હતા, તેથી તે સ્ત્રીની સાથે વિવાદ નહિ કરતાં ચુપ બેશી રહ્યા. ૨૨ મોહિની સાથે અત્યંત સ્નેહ બંધાયો હતો, એ

સ્નેહ તુટવાના ભયથી અને મોહિનીના અતિ આદર ભાવથી બંધાયેલા દૈત્યો તેને કાંઈ પણ ખોટું લાગે એવું વચન બોલ્યા નહી. ૨૩ એ સમયે-રાહુ દેવતાઓનું રૂપ ધરીને દેવતાઓની પંક્તિમાં સૂર્ય ચંદ્રની વચ્ચે ઘુસી ગયો, અને અમૃત પીવા લાગ્યો. એ વાતની સૂર્યે તથા ચંદ્રે ભગવાનને સૂચના કરી. ૨૪ સૂચના કરતાંજ વિષ્ણુભગવાને અસ્ત્રાના જેવી ધારવાળા ચક્રથી અમૃત પીતાં પીતાં તેનું માથું ઉડાવી દીધું. તેના ધડમાં અમૃત પોહોંચ્યું ન હતું, તેથી તે પડી ગયું, ૨૫ પણ માથું અમર થયું, તેથી બ્રહ્માએ તેને ગ્રહ બનાવ્યો, તે પર્વે પર્વે (અમાંસ તથા પુનમે) વૈર રાખીને આજ સુધી સૂર્ય અને ચંદ્રની પાછળ દોડે છે. ૨૬ ઘણા ખરા દેવતા અમૃત પી ચુકયા હતા, એટલે જગતનું કલ્યાણ કરનારા શ્રી હરિએ દૈત્યોના દેખતાં પોતાનું ચતુર્ભુજ સ્વરૂપ ધારણ કર્યું. ૨૭ એ પ્રમાણે અમૃત કાઢવાના કામમાં દેવતા અને દૈત્યો દેશ, કાળ, પર્વત, પદાર્થ, પરિશ્રમ, અને વિચારમાં બરાબર હતા, તો પણ ફળ મળવામાં ભેદ પડયો. ભગવાનનાં ચરણ કમળના આશ્રયથી દેવતાઓને તો જેવું જોઈએ તેવું અમૃતરૂપ ફળ મળ્યું, અને દૈત્યોને કાંઇ પણ મળ્યું નહિ ૨૮ મનુષ્યો દેહ તથા પુત્રાદિકોને માટે પ્રાણ, કર્મ ધન, મન અને વચનથી જે કાંઇ કરે છે, તે જો ભેદદૃષ્ટિથી કરે છે, તો સર્વ વ્યર્થ જાય છે, પણ જો અભેદદૃષ્ટિથી સર્વને ઇશ્વરરૂપ જાણીને જે કાંઈ કરે છે, તે સર્વ ફળદાયક થાય છે એ બાબત દૃષ્ટાંત કે-ઝાડના મૂળમાં સીંચેલું પાણી આખા ઝાડમાં પોહોંચે છે. ૨૯

यद्युज्यतेऽसुवसुकर्म मनो वचोभि-
र्देहात्मजादिषु नृभिस्तदसत् पृथक्त्वात् ॥
तैरेव सद्भवति यत्क्रियतेऽपृथक्त्वात् ।
सर्वस्य तद्भवति मूलनिषेचनं यत् ॥

ઇતિશ્રી ભાગવત મહાપુરાણના અષ્ટમ સ્કંધમાં "મોહિનીએ દેવતાઓને અમૃત પાયું" એ નામનો ૯ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૦ મો.

દૈત્યોની માયાથી દેવતાઓ યુદ્ધમાં મુંઝાયા, તેથી ભગવાન પ્રગટ થયા.

श्रीशुकउवाच.

इति दानव दैतेया नाविंदन्नमृतं नृप ॥
युक्ताः कर्मणि यत्ताश्च वासुदेव पराङ्मुखाः॥

શ્રી શુકદેવજી કહે છે—હે રાજા! એ રીતે દેવતાઓ તથા દૈત્યો કામમાં સાથે લાગેલા હતા, પણ દૈત્યો ભગવાનથી વિમુખ હોવાને લીધે તેઓને અમૃત મળ્યું નહી. ૧ અમૃત ઉત્પન્ન કરી, પોતાના ભક્ત દેવતાઓને પાઈ, સર્વના દેખતાં ભગવાન ગરૂડ ઉપર બેશીને પધાર્યા. ૨ શત્રુઓની ચઢતી જોઇને તે સહન નહિ કરનારા દૈત્યો હથિયારો લઇને દેવતાઓની ઉપર ચઢી આવ્યા. ૩ ત્યારે અમૃત પીવાથી બળવાન થયેલા અને ભગવાનના ચરણના આશ્રયવાળા દેવતાઓ પણ શસ્ત્રો લઇ સામે યુદ્ધ કરવા લાગ્યા. ૪ હે રાજા! ત્યાં સમુદ્રકિનારે દેવાસુર નામે અતિદારૂણ અને રૂવાડાં ઉભાં કરે એવું તુમુલ યુદ્ધ થવા લાગ્યું. ૫ ત્યાં રણસંગ્રામમાં કોપેલા શત્રુઓ પરસ્પર એક બીજાની સામે ખડ્ગ, બાણ અને અનેક પ્રકારનાં શસ્ત્રોના પ્રહાર કરવા લાગ્યા. ૬ શંખ, તુરી, મૃદંગ, ભેરી અને ડમરૂના ભારે નાદ થઈ રહ્યા હતા, અને હાથી, રથ, પાયદળ તથા ઘોડાઓ ગર્જનાઓ કરતા હતા. ૭ રથી રથી સાથે, પાયદળ પાયદળ સાથે, ઘોડેસ્વાર ઘોડેસ્વાર સાથે અને હાથી હાથીઓની સાથે રણમાં લડવા લાગ્યા. ૮ હે રાજા! કેટલાક ઊંટો ઉપર બેસીને લડતા હતા, કેટલાક ગધેડા ઉપર બેઠા હતા, કેટલાક હાથી ઉપર ચઢયા હતા, કેટલાક ગૌર મૃગો ઉપર, કેટલાક રીંછો ઉપર, કેટલાક ચિત્તા ઉપર, કેટલાક સિંહો ઉપર, કેટલાક ગીધ, કંક, બગલા, શકરા, ભાસ, મધરમચ્છ, શરભ, ભેંસ, ગેંડા, બળદ, રોઝ, અરૂણ, શિયાળવાં, ઊંદર, કાકીંડા, સસલા, મનુષ્ય, બકરા, કા-

ળીયાર, હંસ, સૂવર અને બીજાં પણ અનેક પ્રકારનાં ભયંકર શરીરવાળાં જળચર જાનવરો તથા પક્ષીઓઉપર બેસી બેસીને યોદ્ધાઓ આગળ આગળથી બન્ને સેનામાં પેસવા લાગ્યા. ૯–૧૨ ચિત્ર વિચિત્ર ધ્વજા પતાકાઓ, ધોળાં છત્ર, હીરાની ડાંડીવાળા મોરપીચ્છના વીંઝણા, ચામર, પવનથી ઉડતાં ઉત્તરીય વસ્ત્ર, પાઘડીઓ તથા આભૂષણો, સૂર્યનાં કિરણોથી ઘણાંજ ચળકતાં શસ્ત્રો વગેરે શોભી રહ્યાં હતાં. ૧૩–૧૪ એથી દેવતા અને દૈત્યોના વીર પુરૂષોની સેનાઓ જેમ જળજંતુની પંક્તિઓથી સમુદ્ર શોભે તેમ શોભતી હતી. ૧૫ દૈત્યોની સેનાનો સ્વામી વિરોચનનો પુત્ર બળિરાજા સંગ્રામમાં મયદાનવે બનાવેલું વૈહાયસ નામનું વિમાન કે જે જ્યાં ઇચ્છે ત્યાં જઇ શકે એવું, સઘળી યુદ્ધની સામગ્રીથી ભરેલું, જરાવારમાં દેખાય અને જરાવારમાં ન દેખાય એવું આશ્ચર્યકારક અને અવર્ણનીય હતું તેમાં બેઠો. તે સર્વ સંપત્તિઓથી, ચામર, પંખા અને ઉત્તમ છત્રથી, જેમ ઉગતો ચંદ્ર શોભે તેમ શોભતો હતો. ૧૬–૧૭–૧૮ નમુચિ, શંબર, બાણ, વિપ્રચિત્તિ, અયોમુખ, દ્વિમૂર્દ્ધા, કાળનાભ, પ્રહેતિ, હેતિ, ઇલ્વલ, શકુનિ, ભૂતસંતાપ, વજ્રદંષ્ટ્ર, વિરોચન, હયગ્રીવ, શંકુશિરા, કપિલ, મેઘદુંદુભિ, તારક, ચક્રદંક, શુંભ, નિશુંભ, જંભ, ઉત્કલ, અરિષ્ટ, અરિષ્ટનેમિ, મલ, ત્રિપુરાધિપતિ તથા બીજા પણ પૌલોમ, કાલેય, નિવાતકવચ વગેરે દૈત્યસેનાપતિઓ વાહનો ઉપર બેસી બેસીને બળિરાજાની ચારે તરફ ઉભા હતા. ૧૯–૨૨ તેઓએ દેવતાઓને ઘણીવાર જીતી લીધા હતા, તેઓને અમૃતનો ભાગ મળ્યો નહતો, પણ કેવળ કલેશજ મળ્યો હતો, તેથી સિંહનાદ કરતા શંખોના ઘોર નાદ કરવા લાગ્યા. આ પ્રમાણે શત્રુઓને ગર્વથી મત્ત થયેલા જોઇને ઇંદ્રને ઘણોજ ક્રોધ ચઢ્યો. ૨૩–૨૪ ઇંદ્ર મદઝરતા ઐરાવત હાથી ઉપર ચઢ્યો, તે વખતે તે જેમ ઝરણાં ઝરતા ઉદયાચળ ઉપર સૂર્ય શોભે તેમ શોભવા લાગ્યો. ૨૫ લોકપાળ, વાયુ, અગ્નિ અને વરૂણ આદિ સર્વ દેવતાઓ પોતપોતાના ગણોની સાથે અનેક જાતનાં વાહનો, ધ્વજાઓ તથાં આયુધો સજીને ઇંદ્રની ચારે તરફ ઉભા રહ્યા. ૨૬ એ દેવ. દૈત્યો એક બીજાની સામા ઉભા રહીને પરસ્પર કડવાં વચનોથી તિરસ્કાર કરવા લાગ્યા, નામ લઇ લઇને બોલાવતા અને આગળ વધતા દ્વંદ્વ યુદ્ધ કરવા લાગ્યા. ૨૭ બળિરાજાની સાથે ઇંદ્ર, તારકાસુરની સાથે કાર્તિકસ્વામી, હેતિ સાથે વરૂણ, પ્રહેતિ સાથે મિત્રદેવ, ૨૮ કાળનાભ સાથે યમરાજા, મયદાનવ સાથે વિશ્વકર્મા, શંબર સાથે ત્વષ્ટા, વિરોચન સાથે સવિતા, ૨૯ નમુચિ સાથે અપરાજિત, વૃષપર્વા સાથે અશ્વિનીકુમાર, બાણ વગેરે બળિરાજાના સો પુત્રો સાથે સૂર્ય, ૩૦ રાહુ સાથે ચંદ્રમા, પુલોમા સાથે વાયુ, શુંભ નિશુંભની સાથે બળવાન ભદ્રકાળી, ૩૧ જંભની સાથે વૃષાકપી, મહિષાસુરની સાથે વિભાવસુ, ઇલ્વલ તથા વાતાપિની સાથે બ્રહ્માના પુત્રો, ૩૨ દુર્મર્ષ સાથે કામદેવ, ઉત્કલ સાથે માતૃગણ, શુક્રાચાર્ય સાથે બૃહસ્પતિ, નરકાસુરની સાથે શનૈશ્ચર, ૩૩ નિવાતકવચની સાથે મરૂતગણ, કાલેય સાથે વસુ, પૌલોમ સાથે વિશ્વેદેવા અને ક્રોધવશ દૈત્યોની સાથે રૂદ્રગણ, ૩૪ એ પ્રમાણે એ દેવતા અને દૈત્યો સામ સામા જોડીદાર થઇને પરસ્પર જયની ઇચ્છાથી તીક્ષ્ણ બાણો, ખડ્ગો, અને ભાલાઓ મારવા લાગ્યા. ૩૫ ભુશુંડી, ચક્ર, ગદા, ઋષ્ટિ, કરવત, સાંગ, ઊંબાડીયાં, પ્રાસ, ફરશી, તરવાર, ભાલા, ભોગળ, મુદ્‌ગર, અને ભીંડીપાળ વગેરે હથિયારોથી એક બીજાનાં માથાં કાપવા લાગ્યા. ૩૬ હાથી, ઘોડા, રથ, પાયદળ, અને સ્વારોના અનેક ટુકડા થવા લાગ્યા; હાથ, સાથળ, ડોક અને પગ કપાઈ કપાઇને પડવા લાગ્યાં. ધ્વજા, ધનુષ, કવચો અને આભૂષણોના કટકે કટકા થઈ ગયા. ૩૭ યોદ્ધાઓના પગરવટથી તથા રથનાં પૈડાં ફરવાથી રણક્ષેત્રમાં ધુળ ઉડવા લાગી, તેથી સર્વ દિશાઓ, આકાશ, અને સૂર્ય ઢંકાઈ ગયા, પછી લોહીના ધોધ વેહેવા લાગ્યા, તેથી ઉડતી

ધુળ બેસી ગઇ. ૩૮ મુગટ અને કુંડળ વિનાનાં થઇ રહેલાં, ક્રોધ ભરેલી આંખોવાળાં અને ડસેલા હોઠવાળાં માથાંથી, આભૂષણો તથા હથિયારોવાળી મોટી મોટી ભુજાઓથી અને ગોળ સાથળોથી છાઇ ગયેલી રણભૂમિ બહુ શોભવા લાગી. ૩૯ યુદ્ધમાં પોતાના માથામાં રહેલી આંખોથી, યોદ્ધાઓને હથિયારો લઇ પોતાની સામે દોડી આવતા જોઇને ધડો હાથમાં રહેલાં શસ્ત્રો ઉપાડીને ઉઠવા લાગ્યાં. ૪૦ એ વખતે બળિરાજાએ દશ બાણ ઇંદ્રને, ત્રણ બાણ ઐરાવતને, ચાર બાણ ઇંદ્રના ચાર ઘોડાને અને એક બાણ મહાવતને માર્યું. ૪૧ શીઘ્ર પરાક્રમ કરનારા ઇંદ્રે તે બાણોને આવતાં જોઇને તેટલાંજ બાણો સામાં મારીને હસતાં હસતાં બળિ રાજાનાં બાણો કાપી નાંખ્યાં. ૪૨ ઇંદ્રનું આ મોટું કામ જોઇને બળિએ હાથમાં સાંગ લીધી, તે વીજળીની પેઠે બળતી સાંગ તેના હાથમાંજ હતી, એટલામાં તો ઇંદ્રે તેને કાપી નાંખી. ૪૩ પછી બળિએ ત્રિશુળ, પ્રાસ, ભાલા તથા ઋષ્ટિ વગેરે જે જે શસ્ત્ર હાથમાં લીધાં તે સર્વ ઇંદ્રે કાપી નાંખ્યાં. ૪૪ પછી બળિએ અદૃશ્ય થઇ જઇને પોતાની આસુરી માયા વિસ્તારી, તેથી દેવતાઓની સેના ઉપર એક પર્વત પ્રગટ થઇને પડયો. ૪૫ દાવાનળથી બળતાં ઝાડો પડવા લાગ્યાં, અને તીક્ષ્ણ અણીઓવાળી શિલાઓ તથા શિખરો પડવાથી સેનાનો કચ્ચરઘાણ થવા લાગ્યો. ૪૬ વળી મોટા મોટા સાપ, વીંછી, કાનખજૂરા, તથા મોટા મોટા હાથીઓનું મર્દન કરનારા વાઘ, સિંહ, વરાહ વગેરે ચારે તરફથી ચઢી આવ્યાં. ૪૭ હે રાજા! હાથમાં ત્રિશુળ ધારણ કરેલી, નગ્ન શરીરવાળી અને 'મારો, કાપો' એમ બોલતી સેંકડો રાક્ષસીઓ તથા રાક્ષસો ઉત્પન્ન થયાં. ૪૮ પછી ગંભીર તથા કઠોર ગર્જના કરતા મેઘ આકાશમાંથી અંગારા વરસાવવા લાગ્યા, અને પવન સાથે અથડાવાથી કાટકા કરવા લાગ્યા. ૪૯ પછી બળિરાજાએ પવનની સહાયતાથી પ્રલયકાળના અગ્નિ જેવો ભયંકર અગ્નિ પ્રગટ કર્યો, તે દેવતાની સેનાને બાળવા લાગ્યો. ૫૦ પછી પ્રચંડ પવનથી જેમાં ભારે મોજાં ઉઠી રહ્યાં છે, અને ધુમરીઓ પડી રહી છે, એવો ભયંકર સમુદ્ર મર્યાદા મૂકીને ચારે તરફ વધવા લાગ્યો. ૫૧ જેની ગતિ જાણવામાં આવતી નથી, એવા ભયંકર અને મહામાયાવી દૈત્યોએ એ રીતે અનેક પ્રકારની માયાઓ કરી, તેથી દેવતાઓની સેના ગભરાઇ ગઇ. ૫૨ ઇંદ્રાદિક દેવતાઓને કાંઇ ઉપાય સૂઝયો નહી, તેથી તેમણે ભગવાનનું સ્મરણ કર્યું કે તરત જગતનું કલ્યાણ કરનારા ભગવાન પ્રગટ થયા. ૫૩ ગરૂડના ખભા ઉપર ચરણપલ્લવ ધારણ કરેલા, પીળાં વસ્ત્ર પેહેરેલા, આઠ ભુજાઓમાં આઠ શસ્ત્ર ધારણ કરેલા, લક્ષ્મી, કૌસ્તુભમણિ, અમુલ્ય મુગટ તથા કુંડળથી શોભતા અને નવીન કમળ સરખાં નેત્રોવાળા ભગવાન જોવામાં આવ્યા. ૫૪ ભગવાન પધારતાંજ તેમના મહિમાથી દૈત્યોએ કૂડકપટથી રચેલી સર્વ માયા, જેમ જાગ્રત થયા પછી સ્વપ્નની માયા નાશ પામે છે, તેમ નાશ પામી ગઇ; કારણ કે શ્રી હરિનું સ્મરણ સર્વ વિપત્તિઓથી છોડાવનારૂં છે. ૫૫ રણભૂમિમાં ભગવાનને ગરૂડપર બેઠેલા જોઇને સિંહ ઉપર બેઠેલા કાળનેમિ દૈત્યે તેમના ઉપર ત્રિશૂળ ફેંક્યું. હે રાજા! એ ત્રિશૂળ ગરૂડના મસ્તક ઉપર પડતું હતું, એટલામાં તેને રમત માત્રમાં પકડી લઇને ભગવાને તેજ ત્રિશૂળથી તેને વાહનની સાથે મારી નાંખ્યો. ૫૬ પછી ભગવાને ચક્રવડે માલી અને સુમાલી નામના બળવાન દૈત્યોનાં માથાં કાપી નાંખ્યાં, તેથી તે બન્ને ધરણી ઉપર ઢળી પડયા, એટલે ગર્જના કરતા માલ્યવાન દૈત્યે હાથમાં તીક્ષ્ણ ગદા લઇને ગરૂડને મારી, એટલામાં તો ભગવાને ચક્રથી તેનું માથું પણ ઉડાવી દીધું. ૫૭

माली सुमाल्यतिबलौ युधि पेततुर्य-
च्चक्रेण कृत शिरसावथ माल्यवांस्तम् ॥
आहत्य तिग्मगदयाऽहनदंडजेंद्रं ।
तावच्छिरोऽच्छिनदरेर्नदतोऽरिणाद्यः ॥

ઇતિ શ્રી ભાગવત મહાપુરાણના અષ્ટમ સ્કંધમાં "દેવાસુર સંગ્રામ વર્ણન" નામનો ૧૦ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૧ મો.

દૈત્યોનો નાશ કરતા દેવતાઓને નારદજીએ વાર્યા અને શુક્રાચાર્યે દૈત્યોને સજીવન કર્યા.

श्री शुकउवाच.

अथोऽसुराः मत्युपलब्धचेतसः ।
परस्य पुंसः परयानुकंपया ॥
जघ्नुर्भृशं शक्रसमीरणादय-
स्तांतान् रणे यैरभिसंहताःपुरा ॥

શ્રી શુકદેવજી કહે છે—હે રાજન્! પછી ભગવાનની પરમ કૃપાથી દેવતાઓને ચેતના આવી, એટલે ઇંદ્ર અને વાયુ વગેરે દેવતાઓ, જે દૈત્યોએ પ્રથમ પોતાને માર્યા હતા તેઓને મારવા લાગ્યા. ૧ જ્યારે ઇંદ્રે કોપ કરીને બળિરાજાને મારવા માટે વજ્ર ઉગામ્યું, ત્યારે સર્વ પ્રજા હાહાકાર કરવા લાગી. ૨ સામે ઉભેલા, ઉદાર મનવાળા, ઘણી સમૃદ્ધિવાળા, અને યુદ્ધમાં ઘૂમતા બળિરાજાનો તિરસ્કાર કરીને ઇંદ્રે કહ્યું કે-૩ "હે મૂર્ખ! જેમ બાજીગર મૂઢ લોકોને માયાવડે હરાવીને તેઓનું ધન હરી લે છે, તેમ તું પણ અમો માયાના અધિપતિને માયા કરીને જીતવાને ઇચ્છે છે. ૪ જે માયાના બળવડે સ્વર્ગમાં આવવાને ઇચ્છે છે, અથવા સ્વર્ગને ઉલ્લંઘીને એથી પણ ઉંચે જવાને ઇચ્છે છે, તે મૂર્ખ ચોર લોકોને તેઓના પ્રથમના સ્થાનથી પણ નીચે નાંખું છું. ૫ તારૂં દુષ્ટ માયાવીનું માથું આજ હું મારાં સો ધારવાળાં વજ્રથી કાપી નાંખીશ. માટે હે મંદબુદ્ધિવાળા! તારે તારા જાતિ ભાઇઓને મળવું હોય તો મળી લે. ૬

બળિરાજા કહે છે—હે ઇંદ્ર! જેઓનાં કર્મોને કાળ પ્રેરે છે, એવા યુદ્ધ કરતા સઘળા લોકોને ક્રમથી યશ, પરાજય, જય, અને મૃત્યુ યથાજ કરે છે. ૭ વિદ્વાન લોકો આ જગતને કાળને આધીન રહેલું જાણે છે, તેથી તેઓ આનંદ પણ માનતા નથી અને શોક પણ કરતા નથી, પણ તું એ વાતથી અજાણ્યો છે. ૮ તું તો કીર્તિ અને જય વગેરેમાં પોતાના આત્માનેજ કર્તા માને છે, માટે તું મહાપુરૂષોએ શોચ કરવા યોગ્ય છે. તારાં મર્મભેદક વચનોને હું સ્વીકારતો નથી. ૯

શ્રી શુકદેવજી કહે છે—વીર પુરૂષોનો નાશ કરનારા વીર બળિ રાજાએ એ પ્રમાણે ઇંદ્રનો તિરસ્કાર કરીને વચનોથી હરાવેલા ઇંદ્રને કાન સુધી ધનુષ્ય ખેંચીને બાણો માર્યાં. ૧૦ આ પ્રમાણે સત્યવાદી શત્રુએ તિરસ્કાર કર્યો, તેથી અંકુશવડે મારેલા હાથીની પેઠે ઇંદ્રે બળિરાજાનાં વચનો સહન કર્યાં નહી. ૧૧ શત્રુઓનું મર્દન કરનારા ઇંદ્રે તેની ઉપર વજ્ર માર્યું, તેથી પાંખો કપાઇ ગયેલા પર્વતની પેઠે બળિરાજા વિમાન સહિત ધરતી ઉપર પડયો. ૧૨ એ જોઇને બળિ રાજાનો સંબંધી તથા મિત્ર જંભાસુર મરેલા મિત્રની મિત્રતાઇ સાચવવાને ઇંદ્રની સામે ચઢી આવ્યો. ૧૩ એ સિંહ ઉપર બેઠેલા દૈત્યે તુરત પાસે આવીને ગદા ઉગામી ઇંદ્રની હાંસડીમાં મારી, તથા ઐરાવતને પણ ગદા મારી. ૧૪ ગદા વાગવાથી ઐરાવત હાથી દુઃખથી વિહ્વળ થઇ જઇ ધરતી ઉપર ગોઠણીયાંભેર બેસી ગયો, અને ઘણો દુઃખી થયો. ૧૫ તે પછી માતલી સારથિએ એકહજાર ઘોડા જોડેલો રથ લાવીને હાજર કર્યો, એટલે ઇંદ્ર ઐરાવત ઉપરથી ઉતરી પડીને રથમાં બેઠા. ૧૬ જંભાસુરે તે સારથિનું કામ વખાણી હસીને તેને બળતું ત્રિશૂળ માર્યું. ૧૭ માતલીએ તેની અસહ્ય પીડા ધીરજથી સહન કરી, એટલામાં તો ઇંદ્રે કોપીને વજ્રથી જંભાસુરનું માથું કાપી નાંખ્યું. ૧૮ તેના મરણની વાત નારદજીના મુખથી સાંભળીને નમુચિ, બલ તથા પાક એ ત્રણ દૈત્યો તુરત તેની પાસે

આવ્યા. ૧૯ અને કઠોર વચનોથી ઇંદ્રનાં મર્મસ્થાન ભેદતા જેમ મેઘની ધારા પર્વત ઉપર વરસે, તેમ બાણોની વૃષ્ટિ કરવા લાગ્યા. ૨૦ પોતાના ફુરતીવાળા હાથથી બલદૈત્યે એક હજાર બાણો મારીને ઇંદ્રના હજાર ઘોડાઓને એકીવારે વીંધી નાંખ્યા. ૨૧ પાક દૈત્યે એકીવારે બસેં બાણો મારીને માતલીને તથા તેના રથનાં અંગોને જુદાં જુદાં વીંધી નાંખ્યાં. આ કામ યુદ્ધમાં આશ્ચર્યકારક ગણાયું. ૨૨ નમુચિએ સોનાની પાંખવાળાં મોટાં પંદર બાણ મારીને ઇંદ્રને વીંધી નાંખીને મેઘાડંબરની પેઠે ગર્જના કરી. ૨૩ વર્ષાઋતુમાં વાદળાં જેમ સૂર્યને ઢાંકી દે છે, તેમજ દૈત્યોએ બાણો મારી મારીને રથ તથા સારથિ સહિત ઇંદ્રને ઢાંકી દીધો. ૨૪ ઇંદ્રને નહી દેખવાથી તેના અનુચરો સહિત સર્વ દેવતાઓ શત્રુના બળથી પરાજય પામી, જેમ સમુદ્રમાં વહાણ ભાગી જવાથી વ્યાપારીઓ અત્યંત વિહ્વળ થઇ જાય, તેમ અત્યંત વિહ્વળ થઇને બુમો પાડવા લાગ્યા. ૨૫ પછી બાણોના પીંજરામાંથી ઘોડા, રથ, ધ્વજા, અને સારથિ સહિત ઇંદ્ર બહાર નીકળ્યો, અને સૂર્ય જેમ પોતાના તેજથી દિશાઓ, આકાશ તથા પૃથ્વીને પ્રકાશિત કરતો પ્રભાતમાં શોભે છે, તેમ ઇંદ્ર શોભવા લાગ્યો. ૨૬ પછી પોતાની સેનાને રણભૂમિમાં શત્રુઓના હાથે પીડાતી જોઇને ઇંદ્રે કોપ કરીને શત્રુને મારવા માટે વજ્ર ઉઠાવ્યું. ૨૭ હે રાજા! આઠ ધારવાળા તે વજ્રવડે જોનારા સર્વ દૈત્યોને ભય ઉપજાવતાં ઇંદ્રે બલ તથા પાકનાં માથાં કાપી નાંખ્યાં. ૨૮ એ બન્નેને મરણ પામેલા જોઇને શોક, અસહનતા તથા ક્રોધથી ભરાયેલા નમુચિએ ઇંદ્રનો નાશ કરવાનો ભારે પ્રયત્ન કર્યો. ૨૯ ઘંટાવાળું અને સુવર્ણથી શોભતું પથ્થરનું ત્રિશૂળ લઈ કોપ કરીને 'હવે તારૂં મોત આવી પોહોચ્યું છે' એમ બોલી ઇંદ્રનો તિરસ્કાર કરીને ગર્જના કરી, અને ઇંદ્રના ઉપર ત્રિશૂળ ફેંક્યું. ૩૦ એ મોટા વેગવાળું ત્રિશૂળ આકાશમાં ચાલ્યું આવતું હતું, એટલામાં ઇંદ્રે બાણો મારી મારીને તેના હજારો કડકા કરી નાંખ્યા, અને ઇંદ્રે ક્રોધે ભરાઇને તેનું માથું કાપી નાંખવા માટે તેની ગરદનમાં વજ્ર માર્યું. ૩૧ ઇંદ્રે ઘણા જોરથી પ્રબળ વજ્ર માર્યા છતાં તેની ચામડી પણ કપાઈ નહી, એ ઘણી અચરજ પમાડનારી વાત બની; કેમકે મહા બળવાન વૃત્રાસુરને જેણે કાપી નાંખ્યો હતો, તે વજ્ર પણ નમુચિ દૈત્યની ગરદનને કાપી શક્યું નહી. ૩૨ જેનાપર વજ્રનું બળ પણ ચાલ્યું નહી, એવા શત્રુથી ઇંદ્ર પણ ડરવા લાગ્યો કે—જગતને મોહ ઉપજાવે એવું દૈવયોગથી આ શું બન્યુ? ૩૩ જે પર્વતો પોતાની પાંખોવડે ઉડી પૃથ્વી ઉપર પડીને પ્રજાનો નાશ કરતા હતા, તે પર્વતોની પાંખો મેં જે વજ્રથી કાપી નાંખી હતી, ૩૪ તથા ત્વષ્ટાના તપના સારભૂત વૃત્રાસુરને જેનાવડે મેં ફાડી નાંખ્યો હતો, અને બીજાં અસ્ત્રોથી ન કપાય એવા બીજા ઘણાઓને જેનાવડે મેં કાપી નાંખ્યા હતા, ૩૫ વળી જે દધીચિ ઋષિના તેજરૂપ છે, તે વજ્ર આજ મેં આ નાના દૈત્ય ઉપર ચલાવ્યું, તો પણ તે નિષ્ફળ નીવડીને પાછું ફર્યું, માટે હવે લાકડાં જેવા આ વજ્રને હું હાથમાં ધારણ કરીશ નહી. ૩૬ આ પ્રમાણે ઇંદ્ર ખેદ કરતો હતો, એટલામાં આકાશવાણી થઇ કે—"આ દૈત્ય લીલા કે સૂકા પદાર્થથી મરશે નહી, ૩૭ કારણ કે—મેં એને એવું વરદાન આપેલું છે, માટે હે ઇંદ્ર! આ શત્રુનો નાશ કરવા માટે તું બીજો ઉપાય શોધી કાઢ." ૩૮ એવી આકાશવાણી સાંભળીને ઇંદ્ર સ્થિર ચિત્તથી વિચાર કરવા લાગ્યો તો ધ્યાનમાં આવ્યું કે—સમુદ્રનું ફીણ લીલું પણ નથી તેમ સૂકું પણ નથી. ૩૯ પછી એ સમુદ્રના ફીણથી ઇંદ્રે નમુચિનું માથું કાપી નાંખ્યું, તે વખતે મુનિઓ સ્તુતિ કરી પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા. ૪૦ વિશ્વાવસુ તથા પરાવસુ નામના મુખ્ય ગંધર્વો ગાવા લાગ્યા અને અપ્સરાઓ આનંદથી નાચવા લાગી. ૪૧ એ પ્રમાણે વાયુ, અગ્નિ, વરૂણ વગેરે બીજા દેવતાઓ પણ, જેમ સિંહ હરણનો સંહાર

કરે તેમ અસ્ત્રોના સમૂહથી શત્રુઓનો સંહાર કરવા લાગ્યા. ૪૨ હે રાજા! દૈત્યોનો નાશ થતો જોઇને બ્રહ્માએ મોકલેલા દેવર્ષિ નારદજીએ સર્વ દેવતાઓને વાર્યા. ૪૩

નારદજી કહે છે—તમે ભગવાનની ભુજાઓનો આશ્રય કર્યાથી અમૃત પામ્યાછો, અને લક્ષ્મીની સંપત્તિથી પણ વધી ગયાછો માટે હવે તમે યુદ્ધનો કલેશ ન કરો. ૪૪

શ્રી શુકદેવજી કહે છે—હે રાજન્! નારદજીનાં વચન માની ક્રોધને રોકીને સેવક લોકોથી સ્તુતિ કરાતા સર્વ દેવતાઓ સ્વર્ગમાં સિધાવ્યા. ૪૫ જે દૈત્યો બચ્યા હતા, તે સર્વ નારદજીની સલાહથી મરણ પામેલા બળિરાજાને લઇને અસ્તાચળ ઉપર ગયા. ૪૬ ત્યાં જેઓનાં અંગ કપાઇ ગયાં નહતાં, તેમજ જેઓનાં ડોકાં સાજાં હતાં, તે દૈત્યોને શુક્રાચાર્યે પોતાની સંજીવની વિદ્યાથી જીવતા કર્યા. ૪૭ શુક્રાચાર્યે સ્પર્શ કરતાંજ બળિરાજાની સર્વ ઇંદ્રિઓ સચેત થઇ, અને ભાન આવ્યું. તે લોકવ્યવહારને જાણનારો હોવાથી હાર્યા છતાં પણ ખેદ પામ્યો નહી. ૪૮

बलिश्चोशनसास्पृष्टः प्रत्यापन्नेंद्रियस्मृतिः ॥
पराजितोऽपिनाखिद्यल्लोकतत्त्वविचक्षणः ॥

ઇતિશ્રી ભાગવત મહાપુરાણના અષ્ટમ સ્કંધમાં "દેવાસુર સંગ્રામ વર્ણન" નામનો ૧૧ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૨ મો.

સદાશિવ મોહિની ઉપર મોહી પડયા.

श्रीबादरायणिरुवाच.

वृषध्वजो निशम्येदं योषिद्रूपेण दानवान् ॥
मोहयित्वा सुरगणान् हरिः सोममपाययत् ॥

શ્રી શુકદેવજી કહે છે—ભગવાને મોહિની સ્વરૂપથી દૈત્યોને મોહ પમાડી દેવતાઓને અમૃત પાયું, એ વાત સાંભળીને સદાશિવ પાર્વતી સહિત પોઠીઆ ઉપર બેશીને પોતાના પાર્ષદો સાથે ભગવાન પાસે ગયા. ૧-૨ ભગવાને શિવપાર્વતીનો સત્કાર કર્યો, પછી શંકરે સારી રીતે બેશી ભગવાનનો સત્કાર કરીને મંદહાસ્યથી કહ્યું–૩

સદાશિવ કહે છે—હે દેવના દેવ! હે જગત્ વ્યાપક! હે જગદીશ્વર! હે જગતમય! તમે સર્વના આત્મા, કારણ તથા ઇશ્વર છો. ૪ જેનાથી જગતનાં આદિ, અંત અને મધ્ય થાયછે, જે અવિનાશીનાં આદિ અંત કે મધ્ય નથી, અને દૃશ્ય-દૃષ્ટા, ભોગ્ય-ભોક્તા જેનાથી જુદાં નથી, તે સત્ય અને ચૈતન્યસ્વરૂપ પરબ્રહ્મ તમેજ છો. ૫ પોતાના કલ્યાણને ઇચ્છનારા મુનિઓ નિષ્કામ થઇને આ લોક તથા પરલોકની આસક્તિ છોડી તમારાંજ ચરણકમળની ઉપાસના કરેછે. ૬ તમે પૂર્ણ, અમૃત, નિર્ગુણ, શોકરહિત, આનંદમય, નિર્વિકાર; સર્વમય, સર્વથી જુદા પરબ્રહ્મ છો; તોપણ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયના કારણરૂપ છો, પ્રાણીઓને જુદાં જુદાં ફળ આપનાર છો. તમને બીજા કોઇની અપેક્ષા નથી, પણ પ્રાણીમાત્રને તમારી અપેક્ષા છે. ૭ કુંડળ-કડાંના આકારથી બનેલું સોનું અને એવા આકાર વિનાનું સોનું એ બન્ને જેમ એકજ છે, તેમ કાર્યકારણરૂપ દ્વૈત અને તે દ્વૈતનું પરમકારણ તમેજ છો. તમારામાં કોઇપણ જાતનો વસ્તુભેદ નથી, જે ભેદ દેખાય છે તે લોકોએ અજ્ઞાનથી તમારા વિષે કલ્પેલો છે. કેમકે ઉપાધિ રહિત આપના સ્વરૂપમાં ગુણોથીજ ભેદ કલ્પાએલો છે, પણ વસ્તુતાએ ભેદ છેજ નહી. ૮ વેદાંતવાળા આપને પરબ્રહ્મ માને છે, મિમાંસક લોકો ધર્મરૂપ માને છે, સાંખ્યવાળાઓ કાર્યકારણથી જુદા પુરૂષરૂપ માને છે, પંચરાત્રવાળા નવ શક્તિવાળા પરમેશ્વર માને છે, અને યોગશાસ્ત્રવાળા આપને સ્વતંત્ર, અવિનાશી મહાપુરૂષ માને છે. ૯ હું, બ્રહ્મા તથા મરીચિ વગેરે ઋષિઓ સત્ત્વગુણની સૃષ્ટિ છીએ તે અમે સર્વ તમારા બનાવેલા જગતને યથાર્થ રીતે જાણતા નથી, ત્યારે આપને તો ક્યાંથીજ જાણીએ? જ્યારે બ્રહ્માદિક પણ જ

મતને યથાર્થ રીતે જાણતા નથી, ત્યારે આપની માયાથી મોહ પામેલા અને રજોગુણ તમોગુણથી ઉત્પન્ન થયેલા દૈત્યો અને મનુષ્યો વગેરે જગતને જાણે નહિ એમાં તો શું જ કહેવું ? ૧૦ તમે જગતના આત્મા અને જ્ઞાનસ્વરૂપ હોવાથી તમારાં રચેલા જગતની ઉત્પત્તિ, સ્થિતિ તથા પ્રલયને, પ્રાણીઓની ચેષ્ટાને અને જગતનાં બંધન તથા મોક્ષને જાણોછો. કેમકે વાયુ જેમ સ્થાવર, જંગમ, આકાશ સર્વમાં વ્યાપી રહેલો છે,તેમ તમે સર્વમાં વ્યાપી રહેલા છો. ૧૧ ગુણોવડે અનેક લીલા કરનારા આપના બીજા અવતારો મેં જોયા છે, માટે હવે આપનું મોહિની સ્વરૂપ જોવાને ઇચ્છુંછું. ૧૨ જે સ્વરૂપથી તમે દૈત્યોને મોહ પમાડી દેવતાઓને અમૃત પાયુ, તે સ્વરૂપ જોવાની ઇચ્છાથી અમે અહીં આવેલા છીએ. એ બાબતમાં અમને મોટું કુતૂહળ લાગે છે. ૧૩

શુકદેવજી કહે છે –એ પ્રમાણે સદાશિવે પ્રાર્થના કરતાં વિષ્ણુ ભગવાને ગંભિર ભાવથી હસીને કહ્યું. ૧૪

શ્રી ભગવાન કહે છે—દૈત્યો અમૃતનું પાત્ર ઝુંટાવી ગયા ત્યારે, દેવતાઓનું કામ કરવા માટે દૈત્યોને મોહ પમાડવાને મેં મોહિની સ્વરૂપ ધર્યું હતું. ૧૫ એ સ્વરૂપને કામીજનો ઉત્તમ ગણે છે. તેનાથી કામ ઉત્પન્ન થાય છે, તો પણ તે જોવાની તમારી ઇચ્છા છે તો હું દેખાડીશ. ૧૬

શુકદેવજી કહે છે—એ પ્રમાણે કહીને ભગવાન અંતર્ધાન થઇ ગયા. અને મહાદેવ પાર્વતી સાથે ચારે તરફ જોતા ત્યાં બેશી રહ્યા. ૧૭ થોડીવારમાં સદાશિવે વિચિત્ર ફુલ તથા પાંદડાંવાળાં વૃક્ષોવાળો એક બગીચો દીઠો. તેમાં દડાથી રમત રમતી એક સુંદર સ્ત્રી દીઠી. એ સ્ત્રીએ સુંદર વસ્ત્ર પેહેરેલા નિતંબ ઉપર સોનાની કટિમેખળા પેહેરી હતી. ૧૮ ઊંચે નીચે દડો ઉછાળતાં શરીર હાલવાથી તેના સ્તન હાલતા હતા. તે સ્તનના ભારથી તથા ઉત્તમ હારના ભારથી તેની કેડના જાણે કડકા થઇ જતા હોય એમ ચારે તરફ ચાલતી કોમળ પગવડે પગલાં ભરતી હતી. ૧૯ ચારે તરફ ભમતા દડાને લીધે તેનાં ચપળ અને વિશાળ નેત્ર ઉદ્વિગ્ન થતાં અને કાનમાં પેહેરેલાં કુંડળની કાન્તિથી તેના ગાલ તથા કાળા કેશ શોભતા હતા. ૨૦ શરીર પરથી ખસી જતાં વસ્ત્રને તથા છુટી જતા કેશને સુંદર ડાબા હાથવડે ઠીક કરતી હતી, અને જમણા હાથે દડો ઉછાળતી પોતાની માયાથી જગતને મોહ પમાડતી હતી. ૨૧ દડાની રમત કરતાં મોહિનીએ લજ્જાયુક્ત મંદહાસ્ય કરી નેત્રકટાક્ષ માર્યાં, તે જોઇ સદાશિવ છેતરાઇ ગયા અને એક નજર થતાં એવા વિહ્વળ થઇ ગયા કે તેમને પાસે બેઠેલા પાર્ષદોનું, પાર્વતીનું અને પોતાના શરીરનું પણ ભાન રહ્યું નહી ૨૨ તે સ્ત્રીના હાથમાંનો દડો દૂર જતો રહેતાં તે દડા પાછળ દોડી, તે વખતે પવનથી તેનું ઝીણું વસ્ત્ર કટિમેખળા સહિત ઉડી ગયું, તે સદાશિવે દીઠું. ૨૩ એ રીતે રૂપાળી, મનને લલચાવનારી, નેત્રનાં કટાક્ષ મારનારી અને અરધી મીંચેલી આંખોની અણીઓથી સામું જોતી તે સ્ત્રીને જોઇને સદાશિવ મોહિત થઇ ગયા. ૨૪ તેથી જ્ઞાનથી હરાએલા અને વિહ્વળ થયેલા સદાશિવ પાર્વતીના દેખતાંજ લાજ મૂકીને તે સ્ત્રીની પાછળ દોડયા. ૨૫ પેલી સ્ત્રી નગ્ન હોવાથી મહાદેવને આવતા દેખીને શરમાઇ ગઇ, તેથી હસી પડીને વૃક્ષોમાં સંતાવા લાગી. ૨૬ કામ વશ્ય થવાથી હરાઇ ગયેલા ચિત્તવાળા સદાશિવ જેમ હાથણીની પાછળ હાથી દોડે તેમ તેની પાછળ દોડયા. ૨૭ ઘણા વેગથી દોડી તે સ્ત્રીને પકડી પાડીને તેની મરજી ઉપરાંત તેનો ચોટલો પકડી બે હાથથી તેનુ આલિંગન કર્યું. ૨૮ જેમ હાથી હાથણીને દબાવે તેમ પોતે તેને દબાવી હતી, પરંતુ છુટી જવાનો લાગ શોધતી, છૂટા કેશવાળી, મોટા નિતંબવાળી અને દિવ્ય માયાવાળી તે સ્ત્રી સદાશિવની બાથમાંથી છુટીને નાઠી. ૨૯-૩૦ અદ્ભુત કર્મ કરનારા ભગવાનની પાછળ સદાશિવ દોડયા. તે જાણે પૂર્વેના શત્રુ કામદેવે તેમને જીતી લીધા હોય

તેમ જણાતું હતું. ૩૧ જેમ ગાયની પછવાડે આખલો દોડે તેમ મોહિનીની પાછળ દોડતા અમોઘ વીર્યવાળા સદાશિવનું વીર્ય સ્ખળિત થઇ ગયું. ૩૨ હે પૃથ્વીપતિ! સદાશિવનું વિર્ય જ્યાં જ્યાં પડયું ત્યાં ત્યાં સોનાની અને રૂપાની ખાણો થઈ. ૩૩ નદીઓ, તળાવ, વન, ઉપવન, અને જ્યાં જ્યાં ઋષિઓના આશ્રમ હતા ત્યાં પણ મહાદેવ મોહિનીની પછવાડે દોડયા હતા. ૩૪ હે રાજા! વીર્ય સ્ખળિત થયા પછી ભગવાનની માયાથી પોતાનું મન જડ થયેલું જાણીને સદાશિવનું અજ્ઞાન દૂર થઇ ગયું. ૩૫ જગતના આત્મા અને જેનું પરાક્રમ જાણવામાં આવતું નથી એવા ભગવાનની માયાથી પોતાની ભૂલ થયેલી જાણીને સદાશિવે એ વાતને આશ્ચર્યકારક માની નહી. ૩૬ શંકરને સ્વસ્થ અને લજ્જા રહિત જોઇ પ્રસન્ન થઇ પોતાનું પુરૂષરૂપ ધારણ કરીને ભગવાને કહ્યું. ૩૭

શ્રી ભગવાન કહે છે—હે દેવોત્તમ! તમે મારી સ્રીરૂપ માયાથી મોહિત થયા છતાં પાછા પોતાની મેળેજ પોતાની સ્થિતિમાં આવી ગયા, એ બહુજ સારૂં થયું. ૩૮ અનેક પ્રકારના ભાવ બતાવતી અને અજીતેંદ્રિય પુરૂષોથી ન તરી શકાય એવી મારી માયાને આપના વિના બીજો કયો આસક્ત પુરૂષ તરી શકે? ૩૯ સૃષ્ટિના કારણરૂપ તથા કાળરૂપ મારા પ્રભાવથી ઘટતા વધતા રજોગુણ આદિ અંશવાળી મારી ગુણમયી આ માયા તમારો પરાભવ કરી શકશે નહી. ૪૦

શ્રી શુકદેવજી કહે છે—હે રાજન્! આ પ્રમાણે શ્રીવત્સના ચિન્હવાળા ભગવાનથી શંકર સત્કાર પામી, તેમની આજ્ઞા માગી, પ્રદક્ષિણા કરી પોતાના પાર્ષદો સહિત કૈલાસમાં ગયા. ૪૧ ત્યાં જઇ સર્વ ઋષિઓના સાંભળતાં પોતાની અર્ધાંગના માયારૂપ પાર્વતીને પ્રીતિથી કહ્યું કે–૪૨ હે પાર્વતી! પરમેશ્વરૂપ, પરમ પુરૂષરૂપ, અને અજન્મા ભગવાનની માયાનો પ્રભાવ તમે જોયો? જે માયાથી ભગવાનની વિભૂતિઓમાં શ્રેષ્ઠ અને સ્વતંત્ર એવો હું પણ મોહ પામ્યો, તો પછી બીજા પરતંત્ર લોકો મોહ પામે તેમાં શી નવાઇ? ૪૩ હે પાર્વતી! એક હજાર વર્ષ સુધી યોગ સમાધિ કરીને જ્યારે મેં સમાધિ ઉતારી હતી, ત્યારે તમે આવીને જે વિષે મને પૂછ્યું હતું, તે સાક્ષાત્ પુરાણ પુરૂષ ભગવાન એજ છે. એમના વિષે કાળની ગતિ ચાલતી નથી અને વેદ પણ તેમના સ્વરૂપનું નિરૂપણ કરી શકતા નથી. ૪૪

શ્રી શુકદેવજી કહે છે—હે તાત! આ પ્રમાણે સમુદ્ર મથન કરતી વખતે પોતાની પીઠ ઉપર મોટા મંદરાચળ પર્વતને ધારણ કરનારા ભગવાનનું ચરિત્ર મે તમને કહી સંભળાવ્યું. ૪૫ ભગવાનના આ ચરિત્રનું વારંવાર કીર્તન તથા શ્રવણ કરનારાઓનો કોઇ પણ ઉદ્યોગ કદી નિષ્ફળ થતો નથી; કારણ કે ઉત્તમ કીર્તિવાળા ભગવાનના ગુણોનું વર્ણન સંસારના સર્વ પરિશ્રમોને મટાડનારૂં છે. ૪૬ જે ભગવાને કપટથી સ્રીરૂપ ધરી, દૈત્યોને મોહિત કરી, દુષ્ટ પુરૂષોને દુર્લભ અને ભક્તિથી સુલભ એવાં ભગવાનનાં ચરણ કમળને શરણે રહેલા દેવતાઓને સમુદ્રમથનથી ઉત્પન્ન થયેલું અમૃત પાયું હતું, તે શરણાગત ભક્તોના મનોરથ પૂર્ણ કરનાર ભગવાનને હું પ્રણામ કરૂં છું. ૪૭

अमृदाविषयमंघ्रि भावगम्यं प्रपन्ना-
नमृतममरवर्या नाशयत्सिंधुमथ्यम् ॥
कपट युवतिवेषो मोहयन्यः सुरारीं ।
स्तमहमुपसृतानां कामपुरं नतोऽस्मि ॥

ઇતિ શ્રી ભાગવત મહાપુરાણના અષ્ટમ સ્કંધ વિષે "શંકર મોહ વર્ણન" નામનો ૧૨ મો અધ્યાય સંપૂર્ણ

— —

અધ્યાય ૧૩ મો.

સાતમા મનુથી માંડીને છ છ ભેદવાળા સર્વ મન્વંતરોની કથા.

શ્રી શુકउवाच.

मनुर्वैवस्वतः पुत्रः श्राद्धदेव इतिश्रुतः ।

सप्तमो वर्तमानो यस्तदपत्यानिमे शृणु ॥

શ્રી શુકદેવજી કહે છે—હે રાજા! વિવસ્વતનો પુત્ર શ્રાદ્ધદેવ નામનો સાતમો મનુ જે હાલ ચાલુ છે, તેનાં સંતાનનાં નામ સાંભળો. ૧ વૈવસ્વત મનુના ઇક્ષ્વાકુ, નભગ, ધૃષ્ટ, શર્યાતિ, નરિષ્યંત, નાભાગ, દિષ્ટ, કરૂષ, પૃષધ્ર, અને દશમો વસુમાન એ દશ પુત્રો થયા. ૨-૩ વસુ, આદિત્ય, રૂદ્ર, વિશ્વેદેવા, મરૂત, અશ્વિનીકુમાર, અને ઋભુ એ દેવતા છે, પુરંદર નામના ઇંદ્ર છે. ૪ કશ્યપ, અત્રિ, વશિષ્ઠ, વિશ્વામિત્ર, જમદગ્નિ, ગૌતમ અને ભરદ્વાજ એ સપ્તર્ષિ છે. ૫ આ મન્વંતરમાં પણ કશ્યપની સ્ત્રી અદિતિથી વિષ્ણુનો વામન અવતાર થયો હતો. અદિતિના સર્વ પુત્રોમાં વામનજી નાના હતા. ૬ એ રીતે સંક્ષેપથી સાત મન્વંતર તો મેં તમને કહ્યા. હવે ભગવાનની શક્તિવાળા ભવિષ્યમાં થનારા મન્વંતરો કહું છું તે સાંભળો. ૭ વિશ્વકર્માની સંજ્ઞા અને છાયા નામની બે પુત્રીઓ સૂર્યની સ્ત્રીઓ હતી, તેઓની કથા મેં પ્રથમ વર્ણવી બતાવી છે. ૮ કેટલાક કહે છે કે-સૂર્યને ત્રીજી વડવા નામે સ્ત્રી હતી. તેમાંની સંજ્ઞાને યમ, યમુના અને શ્રાદ્ધદેવ એ ત્રણ સંતાન થયાં, હવે છાયાનાં સંતાન સાંભળો. ૯ સાવર્ણિ, તપતી (સંવરણની સ્ત્રી) નામની કન્યા અને શનૈશ્ચર એ ત્રણ છાયાનાં સંતાન હતાં. અને વડવાને અશ્વિનીકુમાર નામના બે પુત્ર થયા. ૧૦ હે રાજા! આવતા આઠમા મન્વંતરમાં સાવર્ણિ મનુ થશે, અને નિર્મોક, વિરજસ્ક વગેરે તેના પુત્રો થશે. ૧૧ વળી તે મન્વંતરમાં સુતપા, વિરજ અને અમૃતપ્રભ નામના દેવતા થશે, અને વિરોચનનો પુત્ર બળિરાજા ઇંદ્ર થશે. ૧૨ એ બળિએ યાચના કરનારા વિષ્ણુને ત્રણ પગલાં પૃથ્વી આપી હતી. તે પછી તે ઇંદ્રિપદનો ત્યાગ કરીને મોક્ષ પામશે. ૧૩ બળિને પ્રથમ તો ભગવાને બાંધ્યો હતો, પણ પછીથી પ્રસન્ન થઇને સ્વર્ગથી અધિકાતા સુતળ લોકમાં રાખતાં તે ત્યાં હમણાં ઇંદ્રની પેઠે રહે છે. ૧૪ ગાલવ, દીપ્તીમાન, પરશુરામ, અશ્વત્થામા, કૃપાચાર્ય, ઋષ્યશૃંગ અને મારા પિતા વેદવ્યાસ એ પોતાના યોગના પ્રભાવથી ત્યાં સપ્તર્ષિઓ થશે. હે રાજા! હમણાં તો તે પોતપોતાના આશ્રમમાં રહે છે ૧૫-૧૬ દેવગુહ્યની સ્ત્રી સરસ્વતીને પેટ સાર્વભૌમ નામનો ભગવાનનો અવતાર થશે, તે ઇંદ્રની પાસેથી રાજ્ય ખુંચાવી લઇને બળિને આપશે. ૧૭ હે રાજા! વરૂણનો પુત્ર દક્ષસાવર્ણિ નામનો નવમો મનુ થશે. તેને ભૂતકેતુ, દીપ્તિકેતુ વગેરે પુત્રો થશે ૧૮ પાર, મરિચિગર્ભ વગેરે દેવતા થશે, અદ્ભુત નામે ઇંદ્ર થશે, અને દ્યુતિમાન વગેરે સપ્તર્ષિ થશે. ૧૯ આયુષ્માનની અંબુધારા નામની સ્ત્રીને પેટે ઋષભ ભગવાનનો અવતાર થશે, જે ભગવાને અપાવેલા ત્રણલોકનું રાજ્ય અદ્ભુત નામનો ઇંદ્ર ભોગવશે. ૨૦ દશમો મનુ ઉપશ્લોકનો પુત્ર બ્રહ્મસાવર્ણિ થશે, ભૂરિષેણ વગેરે તેના પુત્ર થશે હવિષ્માન, સુકૃત, સત્ય, જય અને મૂર્તિ વગેરે સપ્તર્ષિ થશે. સુવાસન અને વિરૂદ્ધ વગેરે દેવતા થશે, અને શંભુ નામનો ઇંદ્ર થશે. ૨૧-૨૨ પ્રજાપતિના ઘરમાં વિષુચિ સ્ત્રીથી વિષ્વકસેન નામે ભગવાનનો અવતાર પોતાના અંશથી થશે, અને તે શંભુ ઇંદ્રની સાથે મિત્રતા કરશે. ૨૩ આત્મજ્ઞાની ધર્મસાવર્ણિ નામનો અગિયારમો મનુ થશે, તેના સત્ય, ધર્મ વગેરે પુત્રો થશે. ૨૪ વિહંગમ, કામગમ, અને નિર્વાણરૂચિ એ દેવતાઓ થશે, વૈધૃતિ નામે ઇંદ્ર થશે અને અરૂણાદિક સપ્તર્ષિ થશે. ૨૫ આર્યકની વૈધૃતા સ્ત્રીને પેટે ધર્મસેતુ નામે ભગવાનનો અંશાવતાર થશે, તે ત્રૈલોક્યને પાળશે. ૨૬ હે રાજા! રૂદ્ર સાવર્ણિ નામનો બારમો મનુ થશે. તેના દેવવાન, ઉપદેવ અને દેવશ્રેષ્ઠ વગેરે પુત્રો થશે. ૨૭ ઋતધામા નામનો ઇંદ્ર થશે, હરિત વગેરે દેવતા થશે, તપોમૂર્તિ, તપસ્વી, આગ્નિધ્રક વગેરે સપ્તર્ષિઓ થશે, ૨૮ અને સત્યસહાની સ્ત્રી સુનૃતાને પેટે સ્વધામા નામનો ભગવાનનો અંશાવતાર થશે તે, તે મન્વંતરનું પાલન કરશે. ૨૯ તેરમો દેવસાવર્ણિ નામનો જ્ઞાની મનુ થશે, (ચિત્ર-

સેન, વિચિત્ર વગેરે તેના પુત્ર થશે, ૩૦ સુકર્મ, સુત્રામ નામના દેવતા થશે, દિવસ્પતિ નામે ઇંદ્ર થશે; નિર્મોક અને તત્વદર્શી વગેરે સમર્ષિ થશે. ૩૧ દેવહોત્રની બૃહતી નામની સ્ત્રીથી યોગેશ્વર નામથી ભગવાનનો અંશાવતાર થશે, તે દિવસ્પતિ ઇંદ્રને સહાયતા કરશે. ૩૨ ઇંદ્રસાવર્ણિ નામનો ચૌદમો મનુ થશે. તેના ઉરૂ, ગંભીર વગેરે પુત્રો થશે. ૩૩ પવિત્ર ચાક્ષુષ વગેરે દેવતા થશે; શુચિ નામનો ઇંદ્ર થશે; અગ્નિ, બાહુ, શુચિ, શુદ્ધ અને માગધ વગેરે સમર્ષિ થશે. ૩૪ હે રાજા! સત્રાયણની વિતાના નામની સ્ત્રીને પેટે બૃહદ્ભાનુ નામનો ભગવાનનો અવતાર થશે, તે ક્રિયાકાંડનો વિસ્તાર કરશે. ૩૫ હે પરીક્ષિત રાજા! ભૂત, ભવિષ્ય અને વર્તમાન કાળના આ ચૌદ મન્વંતરો મેં તમને કહ્યા. આ સર્વ મનુઓ એક હજાર યુગમાં થાયછે. આ ચૌદ મન્વંતરને થતાં જેટલો કાળ લાગેછે, તેટલા સમયને એક કલ્પ કહેછે. ૩૬

राजंश्चतुर्दशैतानि त्रिकालानुगतानिते ।
प्रोक्तान्येभिर्मिथः कल्पोयुगसाहस्र पर्ययः ॥

ઇતિશ્રી ભાગવત મહાપુરાણના અષ્ટમ સ્કંધમાં "મન્વંતર વર્ણન" નામનો ૧૩ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૪ મો.

મનુ વગેરેનાં જુદાં જુદાં કામો.

રાજોવાચ.

मन्वन्तरेषु भगवन्यथा मन्वादयस्त्विमे ।
यस्मिन् कर्मणि ये येन नियुक्तास्तद्वदस्वमे ॥

પરીક્ષિત રાજા કહેછે—હે મહારાજ! એ મન્વંતરોમાં મનુ ઇંદ્ર વગેરેને કયા કામમાં જોડેછે, તથા તેઓ કેવી રીતે વરતેછે, તે મને કહો. ૧

શ્રી શુકદેવજી કહે છે—હે રાજા! મનુ, મનુના પુત્રો, ઋષિઓ, ઇંદ્ર અને દેવતા એ ભગવાનના અંશાવતારની આજ્ઞામાં રહેછે. હે રાજા! યજ્ઞાદિક જે ભગવાનના અવતાર કહ્યા, તે ભગવાનના અંશાવતારો છે, તેમની આજ્ઞા પ્રમાણે મનુ વગેરે જગતનો વ્યવહાર ચલાવેછે. ૩ એ ચાર યુગની એક ચોકડીને અંતે કાળે કરીને નાશ પામેલા વેદોને સમર્ષિઓ તપવડે શોધી કાઢેછે, જેનાવડે સનાતન ધર્મ જાણવામાં આવેછે. ૪ પછી ભગવાનની આજ્ઞાથી મનુઓ સાવધાન થઇને પોતપોતાના સમયમાં પૃથ્વી ઉપર પ્રત્યક્ષ રીતે ધર્મ ચલાવેછે. ૫ પ્રજાપાળક મનુના પુત્રો અને તેના પુત્રો તથા પૌત્રો મન્વંતર પુરો થતા સુધી પૃથ્વીનું પાલન કરેછે, દેવતા અને તેની સાથે રહેનારા બીજાઓ યજ્ઞના ભાગ ગ્રહણ કરેછે. ૬ ઇંદ્ર, ભગવાને આપેલી મહા ભારે ત્રણ લોકની સંપત્તિ ભોગવતો ત્રણે લોકનું પાલન કરેછે, અને પોતાની ઇચ્છા પ્રમાણે જગતમાં જળની વૃષ્ટિ કરેછે. ૭ ભગવાન સનકાદિક સિદ્ધસ્વરૂપ ધારણ કરીને યુગે યુગે જ્ઞાનોપદેશ કરેછે. યાજ્ઞવલ્ક્ય વગેરે ઋષિઓના સ્વરૂપથી કર્મનો ઉપદેશ કરેછે અને દત્તાત્રય વગેરે યોગેશ્વરોના સ્વરૂપથી યોગનો ઉપદેશ કરેછે. ૮ વળી તે પ્રજાપતિના સ્વરૂપથી સૃષ્ટિ રચેછે, રાજાઓનું સ્વરૂપ ધારણ કરીને ચોરોનો નાશ કરેછે, અને ટાઢ, તાપ વગેરે જૂદા જૂદા ગુણવાળા કાળમૂર્તિ થઇને ભગવાન સર્વનો નાશ કરેછે. ૯ મનુષ્યો નામ રૂપાત્મક માયાથી મનમાં મોહિત થઇ અનેક પ્રકારનાં શાસ્ત્રોથી ભગવાનનું નિરૂપણ કરેછે, તોપણ તે કોઇના જાણવામાં આવતા નથી. ૧૦ અહો કલ્પના પેટાના કલ્પનું પ્રમાણ આ પ્રમાણે મેં તમારી પાસે કહ્યું. આ અવંતર કલ્પમાં ચૌદ મનુઓ થાયછે, એમ પ્રાચીન વિદ્વાનો કહેછે. ૧૧

एतत्कल्पविकल्पस्य प्रमाणं परिकीर्तितम् ॥
यत्र मन्वंतराण्याहु श्चतुर्दश पुराविदः ॥११॥

ઇતિ શ્રી ભાગવત મહાપુરાણના અષ્ટમ સ્કંધમાં "મન્વંતર વર્ણન" નામનો ૧૪ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૫ મો.

બલિ રાજાએ વિશ્વજીત યજ્ઞ કરી સ્વર્ગનો વિજય કર્યો.

राजोवाच.

बलेः पदत्रयं भूमेः कस्माद्धरिरयाचत ।
भूत्वेश्वरः कृपण वल्लब्धार्थोऽपि बबन्धतम १ ॥

પરીક્ષિત રાજા પૂછેછે—શ્રી હરિ પોતે ઇશ્વર છતાં તેમણે કૃપણની પેઠે બળિરાજા પાસેથી ત્રણ પગલાં પૃથ્વી શા માટે માગી? અને પૃથ્વી આપ્યા છતાં તેને શા માટે બાંધ્યો? ૧ યજ્ઞેશ્વર અને પૂર્ણ પુરૂષોત્તમ શ્રી હરિ માગવા ગયા, અને વળી તેમણે નિરપરાધી બળિને બાંધ્યો, એ વાતથી મને આશ્ચર્ય લાગેછે, માટે એ સર્વ હું જાણવાને ઇચ્છુંછું. ૨

શ્રી શુકદેવજી કહેછે—હે રાજા! ઇંદ્રે બળિરાજાને હરાવીને મારી નાંખ્યો હતો, તેને ભૃગુવંશના બ્રાહ્મણોએ સજીવન કર્યો હતો, તેથી એ ઉદાર બળિરાજા, તન, મન અને ધન સર્વ તેઓને અર્પણ કરીને સેવા કરવા લાગ્યો. ૩ એ બળિરાજાને સ્વર્ગ જીતવાની ઇચ્છા હોવાથી મહાનુભાવ ભૃગુવંશી બ્રાહ્મણોએ પ્રસન્ન થઇ મહાભિષેકની વિધિથી અભિષેક કરી તેની પાસે 'વિશ્વજીત' નામનો યજ્ઞ કરાવ્યો. ૪ અગ્નિનું હવિથી પૂજન કર્યા પછી તેમાંથી સુવર્ણના પાટાવાળો રથ, ઇંદ્રના ઘોડાના જેવા લીલા રંગના ઘોડા અને સિંહના ચિહ્નથી શોભતો ધ્વજ, સુવર્ણથી જડેલું દિવ્ય ધનુષ્ય, અખુટ ભાથા અને દિવ્ય કવચ નીકળ્યાં. વળી પ્રહ્લાદે કરમાય નહી એવી ફૂલની માળા આપી, અને શુક્રાચાર્યે શંખ આપ્યો. ૫-૬ આ પ્રમાણે તેને બ્રાહ્મણોએ યુદ્ધને માટે સર્વ સામગ્રી મેળવી આપી, અને સ્વસ્તિવાચન કરીને આશિર્વાદ આપ્યો. પછી બળિરાજાએ બ્રાહ્મણોને પ્રણામ તથા પ્રદક્ષિણા કરી તથા પ્રહ્લાદની આજ્ઞા માગીને પ્રણામ કર્યા. ૭ પછી એ મહારથી સુંદર પુષ્પોની માળા પેહેરી કમર કસીને ભૃગુવંશી બ્રાહ્મણોએ આપેલા દિવ્યરથમાં બેઠો. ૮ તે સમયે ભુજાઓમાં સોનાનો બાજુબંધ બાંધેલો અને કાનોમાં ઝળકતાં મકરાકૃત કુંડળવાળો રથમાં બેઠેલો મહારથી બળિરાજા કુંડમાં રહેલા અગ્નિના જેવો શોભતો હતો. ૯ પોતાના જેવાંજ ઐશ્વર્ય, બળ તથા લક્ષ્મીવાળા, જાણે દૃષ્ટિથી આકાશને પીજતા હોય એવા, તથા દિશાઓને ભસ્મ કરી દેતા હોય એવા દૈત્યોના યૂથપતિઓથી વીંટાયેલો બળિરાજા દૈત્યોની મોટી સેનાને સાથે લઇ આકાશ તથા પૃથ્વીને કંપાવતો ઇંદ્રની સંપત્તિવાળી અમરાવતી નગરી તરફ ચાલ્યો. ૧૦-૧૧ એ ઇંદ્રપુરી ભારે સમૃદ્ધિવાળી અને નંદનાદિક ઉપવનો તથા ઉદ્યાનોથી શોભતી હતી, તેમાં પક્ષીઓનાં જોડાં કલ્લોલ કરતાં હતાં, મદમત્ત ભમરાઓ ગુંજારવ કરતા હતા. ૧૨ ફળ, પુષ્પ, અને અંકુરના ભારથી કલ્પવૃક્ષોની શાખાઓ નમી રહી હતી, હંસ, સારસ, ચકવા, કારંડવ વગેરે પક્ષીઓનાં ટોળાંથી ભરપૂર તળાવોમાં દેવતાઓ દેવાંગનાઓની સાથે જળક્રિડા કરતા હતા. ૧૩ એ નગરીની ચારે બાજુએ આકાશગંગા ખાઇની પેઠે વીંટાએલી હતી, તેની આસપાસ સોનાનો કિલ્લો હતો અને તેની ઉપર યુદ્ધ માટે મોરચા તથા લડવાનાં ઠેકાણાં બાંધેલાં હતાં. ૧૪ સર્વ ઘરોનાં બારણાંનાં કમાડમાં સોનાનાં પતરાં જડેલાં હતાં, દરવાજાઓ સ્ફટિક મણિના હતા, વિશ્વકર્માએ બનાવેલા મોટા રાજમાર્ગો, સભાઓ, ચૌટાં, શેરીઓ અને મણિમય ચોક અસંખ્ય વિમાનોથી ભરપૂર હતા ચોકમાં વેદિકાઓ હીરા અને પરવાળાંની શોભતી હતી. ૧૫-૧૬ જેઓની તરૂણાવસ્થા અને સુકુમારતા નિત્ય નવી ને નવીન જ રહેછે એવી સ્વચ્છ વસ્ત્રો પેહેરેલી સોળ વર્ષની તરૂણ સૌંદર્યવતી સ્ત્રીઓ અગ્નિ જેમ જ્વાળાથી શોભે તેમ પોતાના રૂપથી શોભતી હતી. ૧૭ દેવાંગનાઓના કેશપાશમાંથી પડેલી કમળની માળાઓની સુગંધથી માર્ગમાં સુગંધીવાળો પવન વાતો હતો.

૧૮ સોનાનાં જાળિયાંમાંથી નીકળતા અગરૂના સુગંધીદાર સફેદ ધૂમાડાથી ઢંકાઇ ગયેલા માર્ગોમાં દેવાંગનાઓ આવ જા કરતી હતી. ૧૯ ચંદરવામાં મોતીના ગુચ્છા લટકી રહેલા હતા, મણિ અને સુવર્ણની ધ્વજાઓ અને નાના પ્રકારની પતાકાઓ ફરકી રહી હતી, છજાંઓ ઉપર બેઠેલા મોર, કબુતર, અને ભમરાઓ ગુંજારવ કરી રહ્યા હતા. વિમાનમાં બેઠેલી દેવાંગનાઓ મધુર સ્વરથી માંગલિક ગીત ગાતી હતી. ૨૦ મૃદંગ, શંખ, નગારાં, દુંદુભિ, તાળ, વીણા, મુરજ, ઋષ્ટિ અને વેણુ વગેરે વાજીત્ર વાગી રહ્યાં હતાં. જ્યાં ત્યાં સુંદર નાચ અને ગાયન થઇ રહ્યાં હતાં, ગંધર્વો મધુર ગાયન કરતા હતા, તેથી એ નગરી મનોહર દેખાતી હતી. તેણે પોતાની કાંતિથી સૂર્યાદિક તેજસ્વી પદાર્થોની કાંતિને પણ હરી લીધી હતી. ૨૧ ત્યાં અધર્મી, ખળ, પ્રાણીઓના દ્રોહી, શઠ, અભિમાની, લંપટ અને લોભી પુરૂષો જઇ શકતા નથી, પણ સત્પુરૂષો જ જઇ શકેછે. ૨૨ તે ઇંદ્રપુરીને દૈત્યોની સેનાના અધિપતિ બળિરાજાએ પોતાની સેનાવડે ચારે તરફ ઘેરી લીધી, અને શુક્રાચાર્યે આપેલો ભારે શબ્દવાળો શંખ વગાડયો, તેથી ઇંદ્રની સ્ત્રીઓને ભય ઉત્પન્ન થયો. ૨૩ બળિનો મહાભારે ઉદ્યમ જોઇ, તેનો અભિપ્રાય જાણીને સર્વ દેવતાઓના સાથે ઇંદ્રે બૃહસ્પતિની પાસે જઇને કહ્યું કે-૨૪ હે મહારાજ! અમારા પ્રથમના શત્રુ બળિરાજાએ ભારે તૈયારી કરી છે, તે હાલમાં કોઇનાથી જીતી શકાય એવો નથી, તે આવો મહા તેજસ્વી શાથી થયો હશે? ૨૫ હે ગુરૂ! મને એવું લાગેછે કે-હાલમાં તેને હઠાવી શકે એવો કોઇપણ પુરૂષ નથી. તે મુખથી જાણે જગતને પી જતો હોય, દશે દિશાઓને ચાટી જતો હોય અને દૃષ્ટિથી દિશાઓને બાળી દેતો હોય, એવી રીતે પ્રલયકાળના અગ્નિ જેવો આપણી નગરી ઉપર ચઢી આવ્યો છે. ૨૬ આ મારો શત્રુ શા કારણથી બળવાન થયો અને તેનું શરીરબળ, મનોબળ અને ઇંદ્રિયબળ શાથી વધ્યાં? કે જેથી તેણે આવો ભારે ઉદ્યમ આરંભ્યો છે? તે મને કહો. ૨૭

બૃહસ્પતિ કહેછે—હે ઇંદ્ર! તેની ચઢતીનું કારણ હું જાણુંછું. વેદવેત્તા ભૃગુવંશી બ્રાહ્મણોએ પોતાના શિષ્યને પોતાનું તેજ આપ્યું છે. ૨૮ જેમ કોઇ મનુષ્ય કાળની સામે થઇ શકતો નથી, તેમ એક ભગવાન વિના તું અથવા તારા જેવો બીજો કોઇ પણ તેની સામે થવાને સમર્થ નથી. ૨૯ માટે હમણાં તો તમે સર્વે સ્વર્ગ છોડી દઇને જતા રહો, અને શત્રુઓનો સમય બદલાવાની વાટ જોયા કરો. ૩૦ હમણાં આ બળિરાજાના ભાગ્યોદયની અને પરાક્રમની વૃદ્ધિ બ્રાહ્મણોના બળથી થયેલ છે, તે જ્યારે તેઓનું અપમાન કરશે ત્યારે તે પરિવાર સહિત નાશ પામશે. ૩૧

શ્રી શુકદેવજી કહે છે—એ પ્રમાણે ગુરૂની સલાહથી દેવતાઓ ઇચ્છાનુસાર રૂપ ધરીધરીને સ્વર્ગ છોડીને ચાલ્યા ગયા. ૩૨ દેવતાઓ નાસી ગયા પછી વિરોચનના પુત્ર બળિએ દેવતાઓની રાજધાનીમાં રહીને ત્રણે લોકને વશ કર્યા. ૩૩ પછી શિષ્યની ઉપર પ્રેમ રાખનારા ભૃગુવંશીઓએ વિશ્વવિજયી અને આજ્ઞાકારી પોતાના શિષ્યને સો અશ્વમેધ યજ્ઞ કરાવ્યા. ૩૪ એ યજ્ઞોના પ્રભાવથી ત્રણ લોકમાં પ્રખ્યાત કીર્તિને ફેલાવતો બળિરાજા ચંદ્રની પેઠે શોભવા લાગ્યો. ૩૫ પોતાને કૃતાર્થ માનતો ઉદાર મનનો બળિરાજા બ્રાહ્મણોએ આપેલી મોટી સમૃદ્ધિવાળી રાજ્યલક્ષ્મી ભોગવવા લાગ્યો. ૩૬

बुभुजे च श्रियं स्वृद्धां द्विजदेवोपलंभिताम् ।
कृतकृत्यमिवात्मानं मन्यमानो महात्मनः ॥

ઇતિ શ્રી ભાંગવત મહાપુરાણના અષ્ટમ સ્કંધમાં "બળિવિજય" નામનો ૧૫ મો અધ્યાય સંપૂર્ણ.

— —

અધ્યાય ૧૬ મો.

પુત્રો નાશી જવાથી અદિતિએ કરેલો શોક અને કશ્યપે તેને કરેલો પયોવ્રતનો ઉપદેશ.

श्री शुकउवाच.

एवं पुत्रेषु नष्टेषु देवमाताऽदितिस्तदा ।
हृते त्रिविष्टपेदैत्यैः पर्यतप्यं दनाथवत ॥

શ્રી શુકદેવજી કહે છે—હે પરીક્ષિત રાજા ! એ પ્રમાણે પુત્રો નાશી જવાથી અને દૈત્યોએ સ્વર્ગ ખુંચાવી લીધાથી દેવમાતા અદિતિ અનાથની પેઠે સંતાપ કરવા લાગી. ૧ એક દિવસ કશ્યપમુનિ ઘણા કાળે સમાધિમાંથી ઉઠીને અકસ્માત પોતાના આશ્રમમાં આવ્યા, તો તે આશ્રમને આનંદ ઉત્સવથી રહિત દીઠો. ૨ પછી અદિતિએ આપેલા આસન ઉપર બેસી, યોગ્ય સત્કાર પામી સ્ત્રીનું ઉતરી ગયેલું મુખ જોઇને કશ્યપજીએ પૂછ્યું કે-૩ હે કલ્યાણી ! હમણાં જગતમાં બ્રાહ્મણોનું, ધર્મનું અથવા મૃત્યુને વશ વર્તનારા લોકોનું કાંઇ અકલ્યાણ તો નથી થયું? ૪ અથવા જેમાં સ્વધર્મ પાળવાથી યોગ સાધ્યા વિના યોગનું ફળ મળેછે એવા ઘરમાં ધર્મ, અર્થ કે કામનો નાશ તો નથી થયો ? ૫ અથવા તું કુટુંબમાં આસક્ત રહેવાથી ઘેર આવેલા અતિથિઓને ઉઠી માન નહી આપવાથી સત્કાર પામ્યા વગર પાછા તો નથી ગયા ? ૬ જેના ઘરમાં અતિથિઓનો જળથી પણ સત્કાર નહિ થતાં તેઓ પાછા જાયછે, તે ઘરને શિયાળની બોડના જેવું જાણવું. ૭ અથવા હે સતિ! મારા પરદેશ જવાથી ઉદ્વિગ્ન ચિત્તવાળી તું કોઈ દિવસ અગ્નિમાં ઘીનો હોમ કરવો ભૂલી ગઈ તો નથી? ૮ બ્રાહ્મણ અને અગ્નિ એ સર્વ દેવના આત્મા ભગવાનના મુખરૂપ છે, તેઓનું પૂજન કરવાથી ગૃહસ્થો મનવાંચ્છિત ફળ આપનારા લોકમાં જાયછે. ૯ હે મનસ્વી ! તારા સર્વે પુત્રો કુશળ છે ? તારાં લક્ષણો જોતાં મને તારૂં ચિત્ત ઉદાસ લાગેછે. ૧૦

અદિતિ કહેછે—હે મહારાજ ! બ્રાહ્મણો, ગાયો, ધર્મ અને આ લોકનું સર્વ પ્રકારે કુશળ છે. આ ઘર ધર્મ, અર્થ અને કામનું ક્ષેત્ર છે, એ ત્રિવર્ગ પણ યથાયોગ્ય થયા કરેછે, ૧૧ હું આપનું ધ્યાન કરૂંછું, તેના પ્રભાવથી અગ્નિ, અતિથિ, ચાકર અને ભિક્ષુક લોક, એ સર્વને કોઇપણ જાતની ન્યૂનતા રહી નથી. ૧૨ હે મહારાજ ! પ્રજાના અધિપતિ એવા આપ મને આ પ્રમાણે નિરંતર ધર્મોપદેશ કરોછો, તો મારી કઇ માનસિક ઇચ્છા પૂરી ન થાય ? ૧૩ હે મરીચિના પુત્ર! સત્વ, રજ અને તમોગુણવાળી આ સર્વ પ્રજા આપનાજ મન અને તનથી ઉત્પન્ન થયેલી છે. હે પ્રભુ ! જો કે દૈત્યાદિક સર્વે આપને મન તો સરખા છે; તોપણ પોતાના ભક્તનું કલ્યાણ કરવું, એવી સમર્થ પુરૂષોની રીતિ છે. ૧૪ હે નાથ! હું આપની સેવા કરૂંછું, માટે મારા કલ્યાણનો વિચાર કરો. શત્રુઓએ અમારી રાજ્યલક્ષ્મી લઇ લીધી છે, માટે અમારૂં રક્ષણ કરો. ૧૫ હે પ્રભુ ! શત્રુઓએ મને મારા સ્થાનમાંથી કાઢી મૂકી છે, તેથી હું દુઃખ દરિયામાં ડુબી ગઇ છું. મહા બળવંતા દૈત્યોએ મારાં ઐશ્વર્ય, લક્ષ્મી, યશ તથા સ્થાન લઇ લીધાં છે. ૧૬ હે સત્પુરૂષ ! એ સઘળું મારા પુત્રોને જે પ્રકારે પાછું મળે તે રીતે મારૂં કલ્યાણ કરવાનો વિચાર કરો. તમે મારૂં કલ્યાણ કરનારા પ્રાણપતિ છો. ૧૭

શ્રી શુકદેવજી કહે છે—એ પ્રમાણે અદિતિએ પ્રાર્થના કરવાથી જાણે હસતા હોય તેમ કશ્યપજી બોલ્યા કે—અહો ! ભગવાનની માયાનું બળ તો જુઓ ! કે જેને લીધે આ જગત સ્નેહથી બંધાઈ રહ્યું છે, ૧૮ પાંચભૂતથી બનેલો અને જડ આ દેહ ક્યાં ? કોણ કોનો પતિ અને પુત્રાદિક છે? કેવળ મોહજ તેનું કારણ છે. ૧૯ હે કલ્યાણી! જો તું તારા પુત્રોનું કલ્યાણ ઇચ્છતી હોય તો સર્વ પ્રાણીઓના અંતર્યામી, વાસુદેવ, જગ-

દગુરૂ અને પરમપુરૂષ જનાર્દન ભગવાનની ભક્તિ કર. ૨૦ એટલે એ દીનદયાળુ ભગવાન તારા મનોરથ સફળ કરશે. ભગવાનની ભક્તિ વિના બીજા દેવતાઓની ભક્તિ સફળ થતી નથી, એવો મારો નિશ્ચય છે. ૨૧

અદિતિ બોલ્યાં—હે મહારાજ! હું કયા વિધિથી જગત્પતિ ભગવાનની ભક્તિ કરૂં? કે જેથી સંકલ્પ સત્ય કરનારા ભગવાન મારા મનોરથ પૂર્ણ કરે, અને પુત્રોની સાથે હું દુઃખી થાઉંછું તેને તુરત પ્રસન્ન થાય? ૨૨-૨૩

કશ્યપ મુનિ કહેછે—હે સ્ત્રી! પુત્રની કામનાથી મેં બ્રહ્માને પૂછ્યું હતું, ત્યારે તેમણે જેથી ભગવાન પ્રસન્ન થાય એવું વ્રત મને કહ્યું હતું, તે હું તમને કહુંછું. ૨૪ ફાગણ માસના શુક્લપક્ષમાં બાર દિવસ સુધી માત્ર દૂધ પીને પરમભક્તિથી ભગવાનનું પૂજન કરવું. ૨૫ અમાવાસ્યાને દિવસે જો સૂવરે ખોદેલી માટી મળે તો તે શરીરે ચોળીને નદીના પ્રવાહમાં સ્નાન કરવું. તે વખતે આ પ્રમાણે મંત્ર ભણવો. ૨૬ "હે પૃથ્વીદેવી! આદિ વરાહ ભગવાને આ જગતની સ્થિતિની ઇચ્છાથી તમારો પાતાળમાંથી ઉદ્ધાર કર્યો છે, એવાં તમને હું નમસ્કાર કરૂંછું. તમે મારાં પાપોનો નાશ કરો." ૨૭ એ પ્રમાણે નિત્ય નૈમિત્તિક કર્મથી પરવારી, સાવધાન થઇને મૂર્તિમાં, સૂર્યમાં, પૃથ્વીમાં, જળમાં, અગ્નિમાં અને ગુરૂમાં ભગવાનનું પૂજન કરવું. ૨૮ પૂજા કરતી વખતે આ પ્રમાણે પ્રાર્થના કરવીઃ—સર્વથી મોટા, સર્વ પ્રાણીઓના નિવાસરૂપ, ઐશ્વર્યવંત, વાસુદેવ અને સાક્ષીરૂપ ભગવાનને હું પ્રણામ કરૂંછું. ૨૯ ઇંદ્રિયોથી અપ્રગટ, સૂક્ષ્મ, પ્રધાનપુરૂષરૂપ, ચોવીશ તત્વોને જાણનારા, અને સાંખ્યશાસ્ત્રના પ્રવર્તક આપ ભગવાનને પ્રણામ કરૂંછું. ૩૦ બે મસ્તકવાળા, ત્રણ પગવાળા, ચાર શીંગડાંવાળા, સાત હાથવાળા, ત્રણે વેદરૂપ, અને કર્મોનાં ફળનો વિસ્તાર કરનારા આપ યજ્ઞમૂર્તિ ભગવાનને પ્રણામ કરૂંછું. સર્વ વિદ્યાઓના અધિપતિ, પ્રાણીઓના પતિ, શક્તિધર, શિવ તથા રૂદ્રરૂપ એવા આપને મારા પ્રણામ છે. ૩૨ હિરણ્ય ગર્ભ, પ્રાણરૂપ, જગદાત્મા, યોગના કારણરૂપ, યોગના ઐશ્વર્યરૂપ આપને અમે વારંવાર પ્રણામ કરીએ છીએ. ૩૩ આદિદેવ, સાક્ષીરૂપ, ઋષિરૂપ, પુરૂષરૂપ, નારાયણરૂપ એવા આપ શ્રી હરિને હું વારંવાર પ્રણામ કરૂંછું. ૩૪ મરકતમણિ જેવા શ્યામવર્ણવાળા, લક્ષ્મીને ધારણ કરનારા અને પીળાં વસ્ત્રવાળા એવા આપ કેશવ ભગવાનને હું પ્રણામ કરૂંછું. ૩૫ હે વરદેનારાઓમાં શ્રેષ્ઠ! હે સર્વોત્તમ! તમે મનુષ્યોને મનવાંચ્છિત વર આપનારા છો, માટે ધીરપુરૂષો તમારી ચરણરજને સેવેછે. ૩૬ જેમના ચરણકમળની સુગંધ લેવાની ઇચ્છાથી દેવતાઓ તથા લક્ષ્મીજી જેમની સેવા કરેછે, એવા આપ ભગવાન મારા ઉપર પ્રસન્ન થાઓ." ૩૭ આ પ્રમાણે આવાહનના મંત્રોથી ભગવાનનો સત્કાર કરી, શ્રદ્ધાથી પાદ્ય, આચમન વગેરે આપીને પૂજા કરવી. ૩૮ ગંધ, પુષ્પ વગેરે અર્પણ કરીને ભગવાનને દુધથી નવરાવવા, પછી વસ્ત્ર, યજ્ઞોપવીત, આભૂષણ, પાદ્ય, આચમન, ચંદન, ધૂપ, વગેરે ઉપચારોથી દ્વાદશ અક્ષરનો મંત્ર ભણીને ભગવાનની પુજા કરવી. ૩૯ ધનવાન માણસે ઘી તથા ખાંડયુક્ત દૂધપાકનું નૈવેદ્ય ધરાવવું, અને દ્વાદશાક્ષર મંત્ર ભણીને તેનો અગ્નિમાં હોમ કરવો. ૪૦ ભગવાનને ધરાવેલું નૈવેદ્ય કોઇ ભક્તને આપી દેવું, અથવા પોતે આરોગવું, પછી ભગવાનને આચમન કરાવી, પૂજન કરીને તાંબુલ આપવું. ૪૧ પછી એકસોને આઠવાર મંત્ર જપી ભગવાનની સ્તોત્રોવડે સ્તુતિ કરી, પ્રદક્ષિણા કરી આનંદથી પૃથ્વી ઉપર પડીને દંડવત્ પ્રણામ કરવા. ૪૨ પછી ભગવાનની પ્રસાદીની વસ્તુ મસ્તકપર ચઢાવીને ભગવાનનું વિસર્જન કરવું. પછી ઓછામાં ઓછા બે બ્રાહ્મણને દુધપાકથી જમાડવા. ૪૩ બ્રાહ્મણોનો સત્કાર કરી આજ્ઞા લઇને બાકી રહેલું ભોજન કુટુંબ સહિત જમવું. રાતે બ્રહ્મચર્ય પાળવું. બીજે દિવસ પ્રાતઃકાળમાં ઉઠી સ્નાન કરી, પવિત્ર થઇ, એકાગ્રચિત્તથી શાસ્ત્રોક્ત વિધિથી દુધવડે ભગવાનને નવરાવીને પૂજા કરવી

એ પ્રમાણે વ્રત પૂરૂં થતા સુધી નિત્ય કરવું. ૪૪—૪૫ વિષ્ણુ ભગવાનના પૂજનમાં પ્રીત રાખો, દુધનું ભોજન કરીને આ પયોવ્રત કરવું. પયોવ્રત કરનારે ઉપર પ્રમાણે અગ્નિમાં હોમ કરવો અને બ્રાહ્મભોજન કરાવવું. ૪૬ આ રીતે પયોવ્રત કરનારાએ બાર દિવસ સુધી નિત્ય ભગવાનનું પૂજન કરવું, હોમ કરવો, ભેટ અર્પણ કરવી અને બ્રાહ્મભોજન કરાવવાં. ૪૭ શુદ્ધ પડવાથી શુદ્ધ તેરશ સુધી પયોવ્રત કરવું, બ્રાહ્મચર્ય પાળવું, ભોંયપર સૂવું, દિવસમાં ત્રણ વાર સ્નાન કરવું, ૪૮ અસત્ય ન બોલવું, ખોટી વાત કરવી નહીં, નાના મોટા સર્વ ભોગ છોડી દેવા, કોઈ પ્રાણીની હિંસા ન કરવી, અને ભગવત્ પરાયણ રહેવું. ૪૯ તેરશને દિવસે પંચામૃતથી ભગવાનને સ્નાન કરાવવું, અને શાસ્ત્રવેત્તા બ્રાહ્મણોના હાથથી શાસ્ત્રોક્ત રીતે ધનનો લોભ ત્યજીને ભગવાનની મહાપૂજા કરાવવી. શિપિવિષ્ટ નામના વિષ્ણુ ભગવાનને માટે દુધમાં ચરૂ રાંધવો, ૫૦—૫૧ એ ચરૂવડે વ્રત કરનારાએ સાવધાનપણાથી ભગવાનનું યજન કરવું, અને એક પુરૂષ ધરાય એટલું ગુણવાળું નૈવેદ્ય ભગવાનને ધરવું. ૫૨ જ્ઞાનસંપન્ન આચાર્યને તથા ઋત્વિજોને વસ્ત્ર, આભૂષણ તથા ગાયોનું દાન આપીને પ્રસન્ન કરવા. એજ ભગવાનનું મુખ્ય આરાધન સમજવું. ૫૩ હે પવિત્ર હાસ્યવાળી! વળી બીજા જે કોઇ બ્રાહ્મણો આવી ચઢ્યા હોય તે સર્વને ગુણવાળા શ્રેષ્ઠ અન્નથી શક્તિ પ્રમાણે જમાડવા. ૫૪ ગુરૂ અને ઋત્વિજોને યથાયોગ્ય દક્ષિણા આપવી, અને આવી ચઢેલા ચાંડાળાદિક તમામને અન્નાદિકથી પ્રસન્ન કરવા. ૫૫ ગરીબ, આંધળા અને રાંક લોકો સુદ્ધાં સર્વ જણ જમી રહ્યા પછી પોતે કુટુંબીઓની સાથે જમવું, આ પ્રમાણે કરવાથી ભગવાન રાજી થાયછે. ૫૬ નાચ, વાજીંત્ર, ગાયન, સ્તુતિ, સ્વસ્તિવાચન તથા ભગવાનની કથાથી નિત્ય પૂજા કરાવવી. ૫૭ આ પયોવ્રત નામનું ઉત્તમ વ્રત ભગવાનને પ્રસન્ન કરનારૂં છે, આ વ્રત બ્રહ્માએ અને કહ્યું હતું, તે મેં તને કહ્યું. ૫૮ હે મહા ભાગ્યવાળી! આ વ્રત તું સારી રીતે કરીને જીતેંદ્રિય થઇ શુદ્ધ અંતઃકરણથી અવિનાશી ભગવાનનું ભજન કર. ૫૯ હે કલ્યાણી! આ વ્રત સર્વ યજ્ઞરૂપ, સર્વ વ્રતરૂપ, તપના સારરૂપ તથા દાનરૂપ છે, તેથી તે ભગવાનને પ્રસન્ન કરનારૂં છે. ૬૦ જેનાથી ભગવાન રાજી થાય તેજ ખરો નિયમ, ખરો યમ, સાચું તપ, દાન, વ્રત અને યજ્ઞ છે. ૬૧ હે કલ્યાણી! એટલા માટે તું સાવધ થઇને શ્રદ્ધાથી આ વ્રત કર, તેથી ભગવાન તારા ઉપર પ્રસન્ન થઇને તારા સર્વ મનોરથ સિદ્ધ કરશે. ૬૨

तस्मादेतद्व्रतं भद्रे पयता श्रद्धयाचर।
भगवान् परितुष्टस्ते वरानाशु विधास्यति॥

ઇતિ શ્રી ભાગવત મહાપુરાણના અષ્ટમ સ્કંધમાં "પયોવ્રત વર્ણન" નામનો ૧૬ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૭ મો.

પયોવ્રતથી પ્રસન્ન થયેલા ભગવાનનું અદિતિને ત્યાં પુત્રરૂપે અવતરવું.

श्रीशुकउवाच.

इत्युक्ता साऽदिति राजन्स्वभर्त्राकश्यपेनवै॥
अन्वतिष्ठद्व्रतमिदं द्वादशाह मतंद्रिता॥ १॥

શ્રી શુકદેવજી કહે છે—હે રાજા! એ પ્રમાણે પોતાના પતિ કશ્યપજીએ અદિતિને પયોવ્રતનો ઉપદેશ કરતાં તેણે સાવધ થઇને બાર દિવસનું વ્રત કરવાનો આરંભ કર્યો. ૧ બુદ્ધિને સારથિ બનાવીને મનવડે ઇંદ્રિયોરૂપી દુષ્ટ ઘોડાઓને નિયમમાં રાખી, એકાગ્ર બુદ્ધિથી મહાપુરૂષ ભગવાનનું ધ્યાન કર્યું, અને સર્વના આત્મારૂપ ભગવાન વાસુદેવમાં મન જોડીને પયોવ્રત કર્યું. ૨ હે રાજા! તેના પ્રભાવથી પીતાંબર પેહેરેલા, શંખ, ચક્ર, ગદા ધારણ કરેલા, અને ચાર ભુજાવાળા

આદિપુરૂષ શ્રીહરિ પ્રગટ થયા. ૪ ભગવાનને પ્રત્યક્ષ જોઇને વિહ્વળ થયેલી અદિતિએ તુરત આદરપૂર્વક ઉઠીને પૃથ્વીપર પડીને દંડવત્ પ્રણામ કર્યા. ૫ પછી તે ઉભી થઇ હાથ જોડીને સ્તુતિ કરવા લાગી; પરંતુ આનંદનાં આંસુથી નેત્રો ભરાઇ જવાથી, શરીર રોમાંચિત થવાથી, અને ભગવાનનાં દર્શનથી થયેલા ઉત્સાહને લીધે શરીર કંપવા લાગ્યાથી સ્તુતિ કરી શકી નહી, અને છાનીમાની ઉભી રહી. ૬ હે રાજા ! પછી તે અદિતિ યજ્ઞપતિ, જગત્પતિ અને લક્ષ્મીપતિ વિષ્ણુ ભગવાનને નેત્રોથી જાણે પી જતી હોય તેમ પ્રીતિપૂર્વક જોતી ગળગળી વાણીથી ધીમે ધીમે સ્તુતિ કરવા લાગી. ૭

અદિતિ સ્તુતિ કરે છે—હે યજ્ઞેશ્વર ! હે યજ્ઞપુરૂષ ! હે અચ્યુત ! હે પવિત્ર ચરણવાળા ! હે પવિત્ર કીર્તિવાળા ! હે માત્ર શ્રવણથીજ મંગળ કરનારા નામવાળા ! હે શરણાગતનાં પાપોનો નાશ કરનારા ! હે ઇશ્વર ! હે ભગવાન ! આપ અમારૂં કલ્યાણ કરો; કારણ કે તમે દીનાનાથ છો. ૮ વિશ્વરૂપ, જગતની ઉત્પત્તિ, સ્થિતિ તથા સંહાર કરનારા, પોતાની ઇચ્છાથી માયાના અનેક ગુણ ધારણ કરનારા, વ્યાપક, પોતાના સ્વરૂપમાં રહેનારા, નિરંતર વધતા બોધથી જેમણે પોતાના માયારૂપ અજ્ઞાનનો નાશ કર્યો છે, એવા આપ શ્રી હરિને પ્રણામ કરૂ છું. ૯ હે અનંત ! આપ પ્રસન્ન થવાથી મનુષ્યોને બ્રહ્માના જેટલું આયુષ્ય, સુંદર રૂપ, અતુલ્ય સંપત્તિ, સ્વર્ગ, પૃથ્વી તથા પાતાળનું રાજ્ય, સર્વ સિદ્ધિઓ, ધર્મ, અર્થ, કામ તથા મોક્ષ એ સર્વ મળેછે; તોપછી શત્રુને જીતવાની કામના પૂરી થાય તેમાં શું આશ્ચર્ય ? ૧૦

શ્રી શુકદેવજી કહે છે—હે રાજન્ ! એ પ્રમાણે અદિતિએ સ્તુતિ કરતાં સર્વ જીવોના ક્ષેત્રજ્ઞ કમળનયન ભગવાન આ પ્રમાણે બોલ્યા. ૧૧

શ્રી ભગવાન કહે છે—હે દેવમાતા ! મેં તમારી ઘણા કાળની ઇચ્છા જાણી લીધી છે, તમારી એ ઇચ્છા છે કે—"દૈત્યોએ મારા પુત્રોની સર્વ રાજ્યલક્ષ્મી ખુંચાવી લઇને સ્વર્ગમાંથી નસાડી મૂક્યા છે, ૧૨ તેઓ સંગ્રામમાં એ મદોન્મત્ત દૈત્યોને જીતીને પાછા જય તથા લક્ષ્મી પામે, ૧૩ અને સર્વમાં ઇંદ્ર મોટો છે, એવા તમારા પુત્રને હાથે દૈત્યો માર્યા જાય, અને તેઓની સ્ત્રીઓને દુ:ખથી રોતી જોવાની તમારી ઇચ્છા છે. ૧૪ વળી તમારા પુત્રો મારી સંપત્તિ પામી, યશ અને લક્ષ્મી પાછી મેળવી પાછા સ્વર્ગમાં રમતા જોવાની તમારી ઇચ્છા છે." ૧૫ પરંતુ હે દેવી ! હમણાં તે દૈત્યોના યુથપતિઓને જીતી શકાય તેમ નથી, કારણ કે તેઓને કાળ અનુકુળ છે, અને બ્રાહ્મણો તેની રક્ષા કરેછે. માટે તેઓની સાથે યુદ્ધ કરવાથી તમને સુખ મળશે નહી. ૧૬ તોપણ મારે કાંઇક ઉપાય શોધવો પડશે; કારણ કે પયોવ્રત કરીને તમે મને પ્રસન્ન કરેલો છે, મારી પૂજા ઇચ્છિત ફળ આપનારી છે, માટે તે વ્યર્થ જાય નહી. ૧૭ તમે પયોવ્રત કરીને પુત્રોના રક્ષણ માટે મારી પૂજા તથા સ્તુતિ કરી છે, માટે હું કશ્યપજીના વીર્યમાં આવીને મારા અંશથી તમારો પુત્ર થઇ તમારા પુત્રોની રક્ષા કરીશ. ૧૮ હે કલ્યાણી ! તમારા પતિના શરીરમાં હું આવા જ રૂપથી રહેલો છું, એમ માનીને તમે તમારા નિર્દોષપતિ કશ્યપજીની સેવા કરો.૧૯ જો તમને કોઈ પુછે તોપણ તમે આ વાત કોઇને કહેશો નહી; કારણ કે હે દેવી ! દેવતાઓની વાર્તા ગુપ્ત રહેવાથી જ સર્વ સિદ્ધ થાયછે.૨૦

શ્રી શુકદેવજી કહે છે—હે રાજા ! એટલું કહીને ભગવાન અંતર્ધાન થઇ ગયા. અદિતિ પણ ભગવાનનો દુર્લભ જન્મ પોતાના ઉદરથી થવાનો વર પામીને કૃતાર્થ થયાં, અને પરમ ઉલ્લાસ તથા ભક્તિથી પતિની સેવા કરવા લાગ્યાં. અમોઘ જ્ઞાનવાળા કશ્યપજીએ પણ સમાધિના પ્રભાવથી જાણ્યું કે ૨૧-૨૨ શ્રી હરિનો અંશ મારા શરીરમાં પેઠો છે. હે રાજા ! પછી કશ્યપજીએ એકાગ્ર ચિત્તવાળા થઇને જેમ પવન કાષ્ઠમાં અગ્નિ નાંખે, તેમ ઘણા દિવસનું જાળવી રાખેલું વીર્ય તપના પ્રભાવથી અદિતિને વિષે નાંખ્યું. ૨૩

અદિતિના ગર્ભમાં સનાતન ભગવાનને આવેલા જાણીને બ્રહ્મા ગુહ્ય નામોથી ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા. ૨૪

બ્રહ્મા સ્તુતિ કરેછે—હે ઉરૂક્રમ! હે ભગવાન! હે ઉરૂગાય! આપનો જય થાઓ. હું આપને પ્રણામ કરૂં છું. બ્રહ્મણ્યદેવ અને ત્રિગુણમય એવા આપને હું વારંવાર નમસ્કાર કરૂં છું. ૨૫ પૃશ્નિના પુત્ર, વેદોમાં પ્રકાશમાન, ત્રણે લોકને ઉદરમાં ધારણ કરનારા, ત્રણે લોકની ઉપર રહેનારા, અને જીવોના અંતર્યામી આપ વિષ્ણુ ભગવાનને હું નમસ્કાર કરૂં છું. ૨૬ તમે આ જગતના આદિ મધ્ય અને અંતરૂપ છો, શ્રુતિઓ આપને અનંત શક્તિવાળા, પુરૂષરૂપે વર્ણવે છે. હે ઈશ્વર! કાળસ્વરૂપ પણ આપજ છો, કારણ કે જેમ ગંભીર પ્રવાહ પોતાની અંદર પડેલા પદાર્થને ખેંચી જાયછે, તેમ કાળમૂર્તિ એવા આપ પણ સર્વ જગતને ખેંચી જાઓ છો. ૨૭ સ્થાવર જંગમ પ્રજાના તથા પ્રજાપતિઓના ઉત્પન્ન કરનારા પણ આપજ છો. હે દેવ! જેમ પાણીમાં ડુબતા મનુષ્યને વહાણ આશ્રય છે, તેમ સ્વર્ગથી ભ્રષ્ટ થયેલા દેવતાઓને તો તમેજ મુખ્ય આશ્રય છો. ૨૮

त्वं वै प्रजानां स्थिर जंगमानां।
प्रजापतीनामसि संभविष्णुः॥
दिवौकसां देव दिवच्युतानां।
परायणं नौरिव मज्जतोऽप्सु॥

ઇતિ શ્રી ભાગવત મહાપુરાણના અષ્ટમ સ્કંધમાં 'ભગવાન અદિતિના ગર્ભમાં આવ્યા' એ નામનો ૧૭ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૮ મો.

બળિરાજાના યજ્ઞમાં વામન ભગવાનનું પધારવું.

શ્રી શુકઉવાચ.

इत्थं विरिंचस्तुत कर्म वीर्यः।
प्रादुर्बभुवामृतभूरदित्याम्॥
चतुर्भुजः शंख गदाब्ज चक्रः।
पिशंगवासा नलिनायतेक्षणः॥

શ્રી શુકદેવજી કહે છે—એ પ્રમાણે બ્રહ્માએ ભગવાનનાં ચરિત્ર અને પરાક્રમનું વર્ણન કર્યું. પછી જન્મ મરણથી રહિત, કમળ જેવાં નેત્રવાળા, પીળાં વસ્ત્રવાળા, અને શંખ, ચક્ર ગદા, પદ્મ ધારણ કરેલા ભગવાન અદિતિના ઉદરથી ચતુર્ભુજરૂપે પ્રગટ થયા. ૧ એ ભગવાનની કાંતિ સુંદર શ્યામ રંગની હતી, મકરાકૃત કુંડળની કાન્તિથી મુખારવિંદ ઘણું શોભતું હતું, વક્ષઃસ્થળમાં શ્રીવત્સનું ચિહ્ન હતું, કંકણ, બાજુબંધ, કટિમેખળા, મુગટ અને મનોહર ઝાંઝર પેહેર્યાં હતાં. ૨ જેના ઉપર ભ્રમરોનાં ટોળાં ગુંજારવ કરતાં હતાં એવી વનમાળા પેહેરી હતી, ગળામાં કૌસ્તુભ મણિ ધારણ કર્યો હતો, અને પોતાની કાંતિથી કશ્યપજીના ઘરના અંધકારને દૂર કરતા હતા. ૩ ભગવાન પ્રગટ થતાંજ દિશાઓ અને જળાશયો નિર્મળ થઇ ગયાં, પ્રજામાં આનંદવર્તાયો, ઋતુઓ સર્વ ગુણયુક્ત થઇ, સ્વર્ગ, પૃથ્વી, આકાશ, દેવતા, ગાયો, બ્રાહ્મણ તથા પર્વતો પ્રસન્ન દેખાયા. ૪ ભાદરવા શુદ બારશને દિવસે અભિજીત મુહૂર્તમાં અને શ્રવણ નક્ષત્રમાં ભગવાન પ્રગટ થયા. તે સમયે નક્ષત્ર, ગ્રહ વગેરે સર્વ અનુકૂળ હતાં. ૫ હે મહારાજ! બારશને દિવસે મધ્યાન્હ સમયે ભગવાન જન્મ્યા. એ બારશને વિજયા દ્વાદશી કહેછે. ૬ તે સમયે શંખ, દુંદુભિ, મૃદંગ, પણવ તથા આનક વાગવા લાગ્યાં, અને વિચિત્ર વાજાં તથા તુરીના શબ્દ થવા લાગ્યા. ૭ અપ્સરાઓ રાજી થઇને નાચ કરવા લાગી, મોટા મોટા ગંધર્વો ગાવા લાગ્યા, મુનિઓ, દેવતાઓ, મનુઓ, પિતૃઓ, અગ્નિઓ, ૮ સિદ્ધો, વિદ્યાધરો, કિન્નરો, કિંપુરૂષો, ચારણો, યક્ષો, રાક્ષસો, સુપર્ણો અને મોટા મોટા સર્પો સ્તુતિ કરવા લાગ્યા. ૯ દેવતાઓના અનુચરો ગાતા, નાચતા, તથા સ્તુતિ કરતા અદિતિના આશ્રમમાં પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા. ૧૦ સાક્ષાત્ પરમપુરૂષ

ભગવાન પોતાના ઉદરથી પ્રકટ થયેલા જોઇને અદિતિ વિસ્મય પામીને આનંદિત થયાં. પોતાની યોગમાયાથી ભગવાને અવતાર લીધેલો જાણીને કશ્યપ મુનિએ પણ આશ્ચર્ય પામીને 'જય જય' શબ્દ કર્યો. ૧૧ અલૌકિક ગતિવાળા, અવ્યક્ત તથા ચૈતન્યસ્વરૂપ ભગવાને આભૂષણો તથા આયુધો સાથે પોતે જે વ્યક્ત સ્વરૂપ ધારણ કર્યું હતું, તેજ સ્વરૂપથી પોતે માતાપિતાના દેખતાં નટની પેઠે વામન બટુક થયા. ૧૨ વામન બટુકને જોઇને મહર્ષિઓએ પ્રસન્ન થઇ પ્રજાપતિને આગળ કરીને તેમને જાતકર્માદિ સંસ્કાર કરાવ્યા. ૧૩ જ્યારે તેમને યજ્ઞોપવિત સંસ્કાર કર્યો, ત્યારે સૂર્યે ગાયત્રીમંત્રનો ઉપદેશ કર્યો બૃહસ્પતિએ જનોઇ પેહેરાવ્યું, કશ્યપે મેખળા આપી. ૧૪ પૃથ્વીએ કાળા મૃગનું ચર્મ આપ્યું, વનપતિ ચંદ્રમાએ દંડ આપ્યો, માતાએ કોપીન આપ્યું, અને સ્વર્ગે છત્ર આપ્યું. ૧૫ હે મહારાજા! બ્રહ્માએ કમંડળ, સપ્તર્ષિઓએ દર્ભ, અને સરસ્વતીએ અવિનાશી ભગવાનને જપમાળા આપી. ૧૬ ઉપવીત સંસ્કાર થઇ રહ્યા પછી યક્ષોના રાજા કુબેરે તેમને ભિક્ષાપાત્ર આપ્યુ અને સાક્ષાત ભગવતી જગદંબાએ ભિક્ષા આપી. ૧૭ આ પ્રમાણે શ્રેષ્ઠ વામન ભગવાન સર્વથી આન પામીને પોતાના બ્રહ્મતેજવડે બ્રહ્મર્ષિગણોથી સેવાતી સભામાં સર્વના કરતાં અધિક શોભવા લાગ્યા. ૧૮ પછી બટુક ભગવાને આહિતાગ્નિને પ્રદીપ્ત કરી પરિસમૂહન તથા પરિસ્તરણ અને પૂજન કરીને તેમાં સમિધનો હોમ કર્યો. ૧૯ પછી ભૃગુવંશી બ્રાહ્મણો બળિરાજાને સો અશ્વમેધ યજ્ઞ કરાવેછે, તેથી તે બહુ વૃદ્ધિ પામ્યો છે, એવી વાત સાંભળીને સર્વ બળથી પરિપૂર્ણ ભગવાન પોતાના ભારથી ડગલે ડગલે પૃથ્વીને નમાવતા આલ્યા. ૨૦ નર્મદા નદીને કાંઠે ભૃગુકચ્છ (ભરૂચ) ક્ષેત્રમાં બળિરાજાને ભૃગુવંશી બ્રાહ્મણો ઉત્તમ યજ્ઞો કરાવતા હતા, તે ઋત્વિજોએ જાણે સમીપમાંજ સૂર્યોદય થયો હોય, તેમ વામનજીને દીઠા. ૨૧ વામનજીના તેજથી એ સર્વ ઋત્વિજો, યજમાન અને સભાસદોનું તેજ ઝાંખું પડી ગયું. તેઓ મનમાં વિચારવા લાગ્યા કે–યજ્ઞ જોવાને માટે સૂર્ય આવેછે કે શું? અથવા અગ્નિ કે સનત્કુમાર આવે છે કે શું? ૨૨ એ પ્રમાણે શિષ્યોસહિત સર્વ ભૃગુવંશી બ્રાહ્મણો તર્ક કરતા હતા, એટલામાં તો દંડ, છત્ર, તથા પાણીથી ભરેલું કમંડળ લઇને વામનજી યજ્ઞમંડપમાં પધાર્યા. ૨૩ તેમણે કેડે મુંજની કટિમેખળા ધારણ કરી હતી, મૃગચર્મના ઉત્તરીયને જનોઇની પેઠે અંગપર ઓઢ્યું હતુ, માથાપર કેશ હતા, એવા માયાથી વામનરૂપ બનેલા ભગવાનને યજ્ઞમંડપમાં પધારેલા જોઇને તેમના તેજથી ઝાંખા થઇ ગયેલા ભૃગુવંશી બ્રાહ્મણો, તેઓના શિષ્યો તથા અગ્નિઓએ સામા ઉભા થઇને તેમને માન આપ્યું. ૨૪–૨૫ અનુપમ રૂપવાળા, મનને ગમતા તથા નાના નાના અવયવવાળા વામનજીને જોઇને પ્રસન્ન થયેલા યજમાન બળિરાજાએ તેમને બેસવા માટે આસન આપ્યું. ૨૬ પછી સત્કારનાં મધુર વચનોથી અભિનંદન કરી એ સંગરહિત મનોહર ભગવાનનાં ચરણ ધોઇને તેમની પૂજા કરી. ૨૭ પછી ધર્મ જાણનારા બળિરાજાએ લોકોનાં પાપ દૂર કરનારૂં મહા મંગળકારી ચરણોદક પોતાના મસ્તકપર ધારણ કર્યું, કે જે જળને દેવના દેવ ચંદ્રમૌલી મહાદેવ પરમભક્તિથી પોતાના શિરપર ધારણ કરેછે. ૨૮

બળિરાજા બોલ્યા—હે મહારાજ! આપ ભલે પધાર્યા, હું આપને પ્રણામ કરૂંછું, મને શી આજ્ઞા છે? હે આર્ય! આપને હું બ્રહ્મર્ષિઓનું સાક્ષાત્ મૂર્તિમાન તપ માનુંછું. ૨૯ આજ આપ મારે ઘેર પધાર્યા તેથી મારા પિતૃઓ તૃપ્ત થયા, મારૂં કુળ પવિત્ર થયું અને મારો યજ્ઞ પરિપૂર્ણ થયો. ૩૦ હે બ્રાહ્મણના પુત્ર! તમારા પધારવાથી આજે મારા અગ્નિઓમાં વિધિપૂર્વક હોમ થયો, આપના ચરણોદકથી મારાં પાપ નાશ પામ્યાં છે, અને આ પૃથ્વી પણ તમારા નાજુક ચરણોથી પવિત્ર થઇ છે. ૩૧ હે બટુક! તમારે

જે ઇચ્છા હોય તે મારી પાસે માગો, તમે કાંઇક માગવાને આવેલા છો એમ મને લાગે છે, માટે ગાય, સુવર્ણ, મનોહર ઘર, મિષ્ટાન્ન, પાન, બ્રાહ્મણની કન્યા, સમૃદ્ધિવાળાં ગામ, ઘોડા, હાથી અને રથ, એમાંથી જે જોઇએ તે માગી લ્યો. ૩૨

यद्यद्वटो वांच्छसि तत्प्रतिच्छमे ।
त्वामर्थिनं विप्रसुतानु तर्कये ॥
गां काञ्चनं गुणवद्धाम मृष्टं ।
तथान्नपेयमुत वा विप्रकन्याम ॥
ग्रामान्समृद्धांस्तुरगान्गजान् वा ।
रथांस्तथार्हत्तम संप्रतीच्छ ॥ ३२ ॥

ઇતિ શ્રી ભાગવત મહાપુરાણના અષ્ટમ સ્કંધમાં 'બળિવામન સંવાદ' નામનો ૧૮ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૯ મો.

વામનજીએ ત્રણ પગલાં પૃથ્વી માગી, તે આપતાં બળિને શુક્રાચાર્યે અટકાવ્યો.

श्री शुकउवाच.
इति वैरोचनेर्वाक्यं धर्मयुक्तं ससूनृतम ।
निशम्य भगवान् प्रीतः प्रतिनंद्येदमब्रवीत ॥

શ્રીશુકદેવજી કહે છે –એ પ્રમાણે બળિરાજાનું ધર્મયુક્ત, પ્રિય તથા સત્યવચન સાંભળી, પ્રસન્ન થઇને વામન ભગવાને તેનો સત્કાર કરીને કહ્યું. ૧

શ્રીભગવાન કહે છે—હે રાજા! તમારૂં ધર્મસહિત કીર્તિ આપનારૂં સત્ય વચન તમારા કુળને યોગ્ય છે; કારણ કે તમારા પારલૌકિક કાર્યમાં ભૃગુવંશી બ્રાહ્મણો તથા શાંત ચિત્તવાળા કુળમાં વૃદ્ધ પિતામહ પ્રહ્લાદ જેવા પ્રમાણરૂપ છે. ૨ તમારા કુળમાં 'હા કહીને પછી ના કહી હોય, અથવા બ્રાહ્મણને આપવા માટે ના કહી હોય, એવો કોઇ સત્વહીન કે કૃપણ પુરૂષ થયો નથી. ૩ વળી તમારા કુળમાં કોઈ યાચકે તીર્થમાં દાનની માગણી કરતાં અથવા કોઇ યોદ્ધાએ યુદ્ધની માગણી કરતાં દાન તથા આપવાને ના પાડી હોય એવો કૃપણ મનનો રાજા થયો નથી. તમારા કુળમાં પ્રહ્લાદજી જેમ આકાશમાં ચંદ્ર પ્રકાશે છે તેમ પોતાના નિર્મળ યશથી પ્રકાશી રહેલા છે. ૪ વળી તમારા કુળમાં જન્મેલો હિરણ્યાક્ષ હાથમાં ગદા લઇ દિગ્વિજય કરવાને માટે સામે લડનાર યોદ્ધાને શોધતો ફર્યો, પરંતુ કોઇ સામે લડનારો શૂરવીર મળ્યો નહતો. ૫ છેવટે પૃથ્વીનો ઉદ્ધાર કરતી વખતે તે વરાહરૂપ વિષ્ણુ ભગવાનની સામે આવતાં વિષ્ણુએ તેને મહાકષ્ટે માર્યો હતો; પરંતુ તેના મોટા પરાક્રમને સંભારીને પોતાની જીત વધેલી માની ન હતી. ૬ તેનો વધ સાંભળીને તેનો ભાઇ હિરણ્યકશિપુ પોતાના ભાઇને મારનારા વિષ્ણુનો નાશ કરવા માટે ક્રોધ કરીને વૈકુંઠમાં ગયો. ૭ તેને હાથમાં ત્રિશુળ લઇ કાળની પેઠે આવતો જોઇ, સમય જાણનારા અને માયાવી પુરૂષોમાં શ્રેષ્ઠ વિષ્ણુએ વિચાર્યું કે-૮ જેમ મૃત્યુ પ્રાણીઓની પીઠ છોડતું નથી, તેમ આ દૈત્ય હું જ્યાં જઇશ ત્યાં આવશે, માટે બહિર્દૃષ્ટિવાળા આ દૈત્યના હૃદયમાં પેશી જાઉં. ૯ હે બળિરાજા! આ પ્રમાણે નિશ્ચય કરીને ઉદ્વેગ પામેલા વિષ્ણુ સૂક્ષ્મરૂપ ધારણ કરીને દોડતા આવતા શત્રુના શરીરમાં શ્વાસની સાથે પ્રાણનાં છિદ્રદ્વારા પેશી ગયા. ૧૦ હિરણ્યકશિપુએ વૈકુંઠને વિષ્ણુ વગરનું જોઇને ગર્જના કરી. પછી તેણે સ્વર્ગ, પૃથ્વી, દિશા, આકાશ, પાતાળ તથા સમુદ્ર વગેરે સર્વ જગ્યાએ વિષ્ણુને શોધ્યા, પરંતુ તેનો પત્તો ન લાગ્યો. ૧૧ જ્યારે વિષ્ણુ ક્યાંય પણ જોવામાં ન આવ્યા, ત્યારે તે બોલ્યો કે-મેં આખું જગત્ શોધ્યું, પરંતુ મારા ભાઇને મારનારો મળ્યો નહી, માટે તે અવશ્ય જ્યાં ગયેલો પુરૂષ પાછો આવતો નથી એવા સ્થાનમાં ગયો છે. ૧૨ આ જગતમાં શૂરવીરોને વૈરનો સંબંધ માત્ર મરતા સુધી હોયછે, અને અજ્ઞાન દૂર થયા પહેલાં અભિમાનથી વધેલો ક્રોધ તજી દેવો એ પણ

નિર્બળપણું કહેવાયછે. ૧૩ તમારા પિતા વિરોચનની બ્રાહ્મણોની ઉપર ઘણી પ્રીત હતી. તેમની પાસે દેવતાઓએ બ્રાહ્મણનો વેશ ધરીને તેમનું આયુષ્ય માગ્યું હતું, ત્યારે વિરોચને જાણ્યા છતાં પણ દેવતાઓને પોતાનું આયુષ્ય આપ્યું હતું. ૧૪ તમે પણ તમારા શુરવીર પૂર્વજોએ, બ્રાહ્મણોએ તથા બીજા ઉત્તમ કીર્તિવાન પુરૂષોએ આચરેલા ધર્મો પાળોછો. ૧૫ માટે હે દૈત્યપતિ! વર દેનારાઓમાં શ્રેષ્ટ એવા તમારી પાસે કેવળ ત્રણ પગલાં જેટલી પૃથ્વી માગુંછું ૧૬ હે રાજા! તમે જગતના સ્વામી અને ઉદાર છો, તોપણ હું એટલી પૃથ્વી સિવાય બીજું કાંઈ માગતો નથી; કેમકે વિદ્વાન પુરૂષ જરૂર જેટલું જ ગ્રહણ કરે તો તેને દોષ લાગતો નથી. ૧૭

બળિરાજા કહે છે—હે બ્રાહ્મણના પુત્ર! તારી વાતો વૃદ્ધ પુરૂષ માન્ય કરે એવી છે; પરંતુ તું હજી બાળકબુદ્ધિનો છે, તેથી તું પોતાનો સ્વાર્થ સમજતો નથી. ૧૮ હું સર્વ લોકોનો ઇશ્વર અને આખો દ્વીપ આપી શકું એવો છું, તેને વાતોથી રાજી કરીને તું માત્ર ત્રણ પગલાં પૃથ્વી માગેછે, એ તારી મૂર્ખતા છે. ૧૯ જે એકવાર મારી પાસે માગેછે, તેને ફરી યાચના કરવી પડતી નથી. માટે હે બટુક! જેથી તારી આજીવિકા ચાલે તેટલી પૃથ્વી તારી ઇચ્છા પ્રમાણે માગી લે. ૨૦

શ્રી ભગવાન કહે છે—હે રાજા! ત્રણ લોકમાં જેટલા પ્રિય વિષયો છે, તે સર્વ વિષયો અજીતેંદ્રિય પુરૂષને મળે, તોપણ તેને તૃપ્તી થતી નથી. ૨૧ જેને ત્રણ પગલાં પૃથ્વીથી સંતોષ નહી થાય, તેને આખો નવખંડવાળો દ્વીપ મળવાથી પણ તૃપ્તી થશે નહીં; કારણ કે તેને વળી સાત દ્વીપ લેવાની ઇચ્છા થશે. ૨૨ મેં સાંભળ્યું છે કે પૃથુ તથા ગય આદિ રાજાઓને સાતે દ્વીપનું રાજ્ય હતું, તોપણ તેઓ ધન અને વિષયસુખની તૃષ્ણાનો પાર પામ્યા નહતા. ૨૩ માટે દૈવઇચ્છાથી જે મળે તેમાં જે સંતોષ રાખેછે, તે સદા સુખી છે, પરંતુ જેને સંતોષ નથી એવા અજીતેંદ્રિય પુરૂષને ગમે તો ત્રણ લોકનું રાજ્ય મળે તોપણ તે સુખ પામતો નથી. ૨૪ મનુષ્યને ધન તથા વિષયોમાં અસંતોષ રહે, એજ જન્મમરણનું કારણ છે, અને દૈવઇચ્છાથી જે મળે તેમાં સંતોષ માનવો એ મુક્તિ આપનારૂં છે. ૨૫ જે બ્રાહ્મણ દૈવઇચ્છાથી જે મળે તેથી સંતોષ પામેછે, તેનું તેજ વધેછે, અને જે સંતોષ રાખતો નથી, તેનું તેજ જેમ જળથી અગ્નિ શાંત થઇ જાયછે, તેમ શાંત થઇ જાયછે. ૨૬ માટે વરદેનારાઓમાં શ્રેષ્ઠ એવા તમારી પાસે હું ત્રણ પગલાં પૃથ્વી માગુંછું. મારૂં એટલાથીજ કામ સિદ્ધ થશે; કારણ કે જરૂર કરતાં વધારે ધન દુઃખદાયી છે. ૨૭

શ્રી શુકદેવજી કહે છે—હે પરીક્ષિત રાજા! એ પ્રમાણે વામનજીએ કહ્યું, ત્યારે બળિરાજાએ હસતાં હસતાં કહ્યું કે—બહુ સારૂં, તમારી ઇચ્છા પ્રમાણે માગી લ્યો એમ કહીને વામનજીને પૃથ્વીનું દાન આપવા માટે બળિરાજાએ હાથમાં જળપાત્ર લીધું. ૨૮ વિષ્ણુને પૃથ્વી આપતી વખતે જ્ઞાનવાનોમાં શ્રેષ્ઠ શુક્રાચાર્યે વિષ્ણુનો અભિપ્રાય જાણીને પોતાના શિષ્ય બળિરાજાને કહ્યું કે—૨૯

શુક્રાચાર્ય કહે છે—હે બળિરાજા! આ અવિનાશી સાક્ષાત વિષ્ણુ ભગવાન છે, અને દેવતાઓનું કાર્ય સાધવા માટે કશ્યપજીની સ્ત્રી અદિતિને પેટે પ્રગટ થયા છે. ૩૦ થનારા અનર્થને નહીં જાણતાં તેં પૃથ્વી આપવાનું કબુલ કર્યું એ બહુજ ખોટું કર્યું, દૈત્યો ઉપર આ મોટો અન્યાય થયો છે. ૩૧ આ તો સાક્ષાત વિષ્ણુ માયાથી બટુકરૂપ ધારણ કરીને આવેલ છે, એ તારૂં ઐશ્વર્ય, સ્થાન, લક્ષ્મી, તેજ, યશ અને શાસ્ત્રાભ્યાસ સર્વ તારી પાસેથી લઇને ઇંદ્રને આપી દેશે. ૩૨ આ વામન વિશ્વ જેવડી કાયા કરીને ત્રણ પગલાંથી આ પૃથ્વીને ભરી લેશે, માટે હે મૂર્ખ! એને સર્વસ્વ આપી દઇને પછી તું તારી આજીવિકા શી રીતે ચલાવીશ? ૩૩ આ વિષ્ણુ એક પગલાથી પૃથ્વીને અને બીજા પગલાથી આકાશ તથા સ્વર્ગને મોટી કાયા કરીને ભ-

શી લેશે, પછી ત્રીજું પગલું તું ક્યાંથી આપીશ ? ૩૪ તેં આપવાને કબુલ કરેલું નહી આપી શકાવાથી તું નરકમાં પડીશ, એમ હું માનું છું. ૩૫ જે દાનથી આજીવિકા નાશ પામે, તે દાનને વિદ્વાનો વખાણતા નથી. કેમકે આજીવિકાવાળાથીજ દાન, યજ્ઞ, તપ, તથા કર્મ સર્વ થઇ શકેછે. ૩૬ ધર્મ, યશ, અર્થ, કામના તથા પોતાના સબંધીઓ, એ પાંચને માટે ધન વાપરનારો મનુષ્ય આ લોકમાં તથા પરલોકમાં સુખ પામેછે. ૩૭ હે દૈત્યરાજ ! આ વિષયમાં ઋગ્વેદીઓએ જે વ્યવસ્થા કહીછે, તે કહું છું; સાંભળો. અંગીકાર કરેલાનું પાલન કરવું તે સત્ય કહેવાય છે, અને અંગીકાર કરેલી વસ્તુની ના પાડવી એ અસત્ય કહેવાય છે. ૩૮ જે સત્ય છે તે દેહરૂપી વૃક્ષનાં ફળ ફુલરૂપ છે, તે ફળફુલ દેહરૂપી વૃક્ષ જીવતું હોય તો થઇ શકે છે, અને અસત્ય છે તે દેહરૂપી વૃક્ષનું મૂળ છે, માટે અસત્ય પણ બોલવું નહીં, પરંતુ થોડા પણ અસત્ય વિના સત્યની સિદ્ધિ થતી નથી. ૩૯ જે વૃક્ષનું મૂળ ઉખડી ગયુ હોય તે જેમ સુકાઇ જાયછે, તેમ અસત્ય બોલવાથી આ દેહ તુરત નાશ પામેછે. ૪૦ "હા" એ અક્ષર ધનને દુર લઇ જનારો અને ધનવાનને ધનથી ખાલી કરનારો છે, કેમકે જે કાંઇ વસ્તુ આપવાને હા પાડી હોય તે વસ્તુથી મનુષ્ય ખાલી થાયછે. ૪૧ જે મનુષ્ય ભિક્ષુકને સર્વ આપી દેવાને કબુલ કરેછે, તે મનુષ્ય ભોગાદિક સુખ યથાર્થ રીતે ભોગવી શકતો નથી. ૪૨ તેમજ 'ના' એ અક્ષર કહેવો તે અમુક વસ્તુ આપવાને કબુલ કર્યા પછી તે વિષે ફરી જવાને માટે કહેવામાં આવેછે, તેથી તે અસત્ય વચન કહેવાયછે, તેમાં ધનનો ખર્ચ નહી થવાથી ધનવાનોને ધનથી ભરપૂર રાખનારો અને બીજાના ધનને ધનવાનની તરફ ખેંચનારો છે. ૪૨ પરંતુ આઉપરથી જેસર્વ સમયે જૂઠુંજ બોલે તે અપકીર્તિનું પાત્ર અને જીવતાં મુવા જેવો છે, માટે સત્ય અને અસત્ય એ બેને ભેગાં રાખીને વર્તવું જોઇએ. સ્ત્રીઓની પાસે, મશ્કરીમાં, વિવાહ કાર્યમાં, વર વગેરેનાં વખાણ કરવામાં, આજીવિકાનું રક્ષણ કરવામાં, પ્રાણસંકટમાં, ગાય બ્રાહ્મણના હિતને માટે, અને જ્યાં સત્ય બોલવાથી કોઇનો નાશ થતો હોય, એવે ઠેકાણે જુઠું બોલવામાં દોષ નથી ૪૩

स्त्रीषुनर्म विवाहे च वृत्त्यर्थे प्राणसंकटे ।
गो ब्राह्मणार्थे हिंसायांनानृतं स्याज्जुगुप्सितम्

ઇતિ શ્રી ભાગવત મહાપુરાણના અષ્ટમ સ્કંધમાં "વામનજીને પૃથ્વી આપતાં શુક્રાચાર્યે બળિને અટકાવ્યો" એ નામનો ૧૯ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૨૦ મો.

વામનજીનું કપટ જાણ્યા છતાં બળિરાજાએ પૃથ્વીનું દાન આપ્યું, પછી ભગવાનનું અદ્ભુત રીતે વધવું.

श्रीशुकउवाच.

बलिरेवं गृहपतिः कुलाचार्येण भाषितः ॥
तूष्णीं भूत्वा क्षणं राजन्नुवाचावहितो गुरुम्।

શ્રી શુકદેવજી કહે છે—હે રાજા ! એ પ્રમાણે ગુરૂ શુક્રાચાર્યે બળિરાજાને કહ્યું, ત્યારે તે થોડીવાર ચુપ રહી પછી સાવધ થઇને બોલ્યો. ૧

બળિરાજા કહે છે—આપે ખરૂં કહ્યું કે—જેથી અર્થ, કામ, યશ તથા આજીવિકાનો નાશ થાય તેમ ન કરવું, એ ગૃહસ્થનો ધર્મ છે. ૨ પરંતુ હું પ્રહ્લાદનો પૌત્ર થઇને "હું આપીશ" એવી પ્રતિજ્ઞા કરીને જુગારીની પેઠે ધનના લોભથી હવે બ્રાહ્મણને શી રીતે ના પાડી શકું ? આ પૃથ્વી પણ એમ કહે છે કે "અસત્યથી વિશેષ કોઇ અધર્મ નથી. હું સઘળું સહન કરૂં છું, પરંતુ અસત્ય બોલનારાનો ભાર હું ઉપાડી શકતી નથી." ૪ હું બ્રાહ્મણને ઠગવાથી જેવો ડરૂં છું, તેવો નરકથી, દરિદ્રતાથી, દુઃખના સમુદ્રથી, પદભ્રષ્ટ થવાથી કે મૃત્યુથી પણ ડરતો નથી. ૫ ધન વગેરે જે જે પદાર્થ છે, તે જો આપણે નહી

આપીએ, તોપણ મુઆ પછી આપણને તે છોડી દેનાર છે, માટે આપણા હાથથી કેમ ન આપવા? અને જો તે આપવાથી પણ બ્રાહ્મણ રાજી ન થાય, તોપછી તે આપેલું પણ શા કામનું? ૬ દધીચિ ઋષિ અને શીબિ રાજા વગેરે મહાત્મા પુરૂષોએ પોતાના ન તજી શકાય એવા પ્રાણોનો ત્યાગ કરીને પણ પ્રાણીઓનું કલ્યાણ કર્યું છે, ત્યારે પૃથ્વી, ધન વગેરે આપવામાં શા માટે વિચાર કરવો? ૭ હે મહારાજ! યુદ્ધમાં પાછી પાની નહી કરનારા મોટા મોટા દૈત્યોએ આ પૃથ્વી ભોગવી, તે સર્વના આ લોકના તથા પરલોકના વૈભવને તો કાળ ગળી ગયો છે, પરંતુ તેઓએ પૃથ્વી ઉપર જે કીર્તિ વિસ્તારી છે, તેને કાળ ગળી શક્યો નથી. ૮ હે બ્રહ્મરૂપ યુદ્ધમાં પાછા ન હટતાં દેહનો ત્યાગ કરનારા પુરૂષો તો ઘણા છે; પરંતુ સુપાત્રને શ્રદ્ધાથી ધન આપનારા થોડા છે. ૯ યાચકની યાચના પૂર્ણ કરતાં દયાળુ અને ઉદાર પુરૂષને કદાચ દરિદ્રતા આવે તો તે પણ ઉત્તમ છે, તેમાં પણ આપના જેવા બ્રહ્મવેત્તા બ્રાહ્મણોના મનોરથ પૂર્ણ કરતાં દરિદ્રતા આવે તે ઉત્તમ કેમ ન ગણાય? માટે હું તો આ બટુકને તેમની ઇચ્છા પ્રમાણે પૃથ્વી આપીશ. ૧૦ વેદવિધિમાં નિપુણ આપના જેવા મહાત્મા પણ યજ્ઞોથી જેનું આદરપૂર્વક યજન કરેછે, તે ગમે તો વર આપનારા વિષ્ણુ હો કે બીજો કોઇ શત્રુ હો, પરંતુ હું તો તેમણે માગેલી પૃથ્વી આપીશ. ૧૧ કદાચ તે મને નિરપરાધીને અન્યાયથી બાંધીને કેદ કરશે, તોપણ ભયથી બ્રાહ્મણનું રૂપ ધરીને આવેલા શત્રુનેહું મારીશ નહી, ૧૨ ઉત્તમ કીર્તિવાળા આ વિષ્ણુ જો પોતાની કીર્તિનો ત્યાગ કરવાની ઇચ્છા કરત નહી, તો તે મને યુદ્ધમાં મારીને મારી પૃથ્વી લઇ જાત, અથવા હું તેને મારીને પૃથ્વી ઉપર સુવાડી દેત. ૧૩

શ્રી શુકદેવજી કહે છે—હે રાજા! એ પ્રમાણે સત્ય પ્રતિજ્ઞાવાળા ઉદાર શિષ્ય બળિરાજાએ ગુરૂ શુક્રાચાર્યની ઉપર શ્રદ્ધા ન રાખતાં તેનું કહેલું માન્યું નહી, ત્યારે દૈવની પ્રેરણાથી શુક્રાચાર્યે તેને શાપ આપ્યો કે-૧૪ "તું અજ્ઞાની છતાં પંડિતપણાનું અભિમાન રાખે છે, અને અમારી ઉપેક્ષાથી તું છકી જઇને અમારી આજ્ઞા માનતો નથી, માટે હવે તું થોડાજ સમયમાં રાજ્યલક્ષ્મીથી ભ્રષ્ટ થઇ જઇશ." ૧૫ આ પ્રમાણે ગુરૂએ શાપ આપ્યો, તો પણ એ ઉદાર બળિરાજા પોતાના સત્યથી ડગ્યો નહી, અને વામનજીની પૂજા કરી જળથી સંકલ્પ કરીને તેમને પૃથ્વીનું દાન આપ્યુ. ૧૬ એ સમયે તેની રાણી વિંધ્યાવલી મોતીનાં આભૂષણો પેહેરી હાથમાં ચરણ પખાળવાને જળથી ભરેલી ઝારી લઈને ત્યાં આવી. ૧૭ એટલે બળિરાજાએ ભગવાનના બન્ને શોભાયમાન ચરણો ધોઇને તે જગતને પવિત્ર કરનારૂં ચરણોદક માથે ચઢાવ્યું. ૧૮ એ વખતે આકાશમાં રહેલા દેવતા, ગંધર્વ, વિદ્યાધર, સિદ્ધો તથા ચારણો એ સર્વે તેની સરળતાનાં તથા તેના કામનાં વખાણ કરતા આનંદિત થઇને પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા. ૧૯ હજારો દુંદુભિ વારંવર વાગવા લાગ્યાં, ગંધર્વો, કિન્નરો તથા કિંપુરૂષો ગાવા લાગ્યા, અને સર્વે કહેવા લાગ્યા કે-'આ ઉદાર મનવાળા બળિરાજાએ જાણતાં છતાં શત્રુને ત્રૈલોક્યનું રાજ્ય આપ્યું, એ તેણે કોઇથી ન બને તેવું કામ કર્યું છે. ૨૦ પછી અનંત ભગવાનનું ત્રિગુણાત્મક વામન સ્વરૂપ અદ્‌ભુત રીતે વધવા લાગ્યું, અને તેમાં પૃથ્વી, આકાશ, દિશા, સ્વર્ગ, પાતાળ, સમુદ્ર પશુ, પક્ષી, મનુષ્ય, દેવતા અને ઋષિઓ, એ સર્વે સમાઇ ગયા. ૨૧ ઋત્વિજો, આચાર્ય તથા સભાસદો સહિત બળિરાજાએ એ મહા વિભૂતિવાળા ભગવાનના ત્રિગુણાત્મક શરીરમાં પંચમહાભૂત, ઇંદ્રિયો, વિષય, અંતઃકરણ અને જીવો સહિત આ ત્રિગુણાત્મક સઘળું જગત દીઠું. ૨૨ વળી બળિરાજાએ ભગવાનનાં પગનાં તળીઆંમાં પાતાળ, પગમાં પૃથ્વી, પીંડીઓમાં પર્વતો, ગોઠણમાં પક્ષીઓ અને બે સાથળમાં પવનના ગણો દીઠા. ૨૩ ભગવાનનાં વસ્ત્રોમાં સંધ્યા, ગુહ્યસ્થાનમાં પ્રજાપતિઓ, જંઘામાં

બળિ વગેરે દૈત્યો, નાભિમાં આકાશ, ઉદરમાં સાત સમુદ્રો, અને છાતીમાં નક્ષત્રો દીઠાં. ૨૪ વળી ભગવાનના હૃદયમાં ધર્મ, સ્તનોમાં ઋત તથા સત્ય, મનમાં ચંદ્રમા, વક્ષઃસ્થળમાં કમળ ધારણ કરેલાં લક્ષ્મીજી અને કંઠમાં સામગાન તથા સર્વ શબ્દો દીઠા. ૨૫ વળી હાથમાં ઇંદ્રાદિક દેવતાઓ, કાનમાં દિશાઓ, મસ્તકમાં સ્વર્ગ, કેશમાં મેઘ, નાસિકામાં વાયુ, નેત્રમાં સૂર્ય, મુખમાં અગ્નિ, ૨૬ વાણીમાં છંદ, રસનામાં વરૂણ, ભ્રકુટિમાં વિધિનિષેધ, પાંપણોમાં રાત્રિ દિવસ, લલાટમાં ક્રોધ, નીચલા હોઠમાં લોભ, ૨૭ સ્પર્શ ઇંદ્રિયમાં કામ, વીર્યમાં જળ, પીઠમાં અધર્મ, પગની ગતિમાં યજ્ઞ, છાયામાં મૃત્યુ, હાસ્યમાં માયા, રોમાવળીમાં સર્વ ઔષધિઓ, ૨૮ નાડીઓમાં નદીઓ, નખોમાં શિલાઓ, બુદ્ધિમાં બ્રહ્મા, ઇંદ્રિયોમાં દેવતા તથા ઋષિઓ અને ગાત્રોમાં સર્વ ચરાચર જીવ જોયા. ૨૯ હે રાજા! સર્વાત્મા ભગવાનના સ્વરૂપમાં આ સર્વ જગતને જોઇને સર્વ દૈત્યો મોહ પામ્યા. એટલામાં અસહ્ય તેજવાળું સુદર્શન ચક્ર, વીજળી જેવા કડાકાવાળું શારંગ ધનુષ્ય, મહા વેગવાળી કૌમોદકી ગદા, સો ચંદ્રના જેવી ફુદડીઓવાળું વિદ્યાધર નામનું ખડગ અખુટ બાણોથી ભરેલા બે ભાથા, ૩૦-૩૧ અને નંદ, સુનંદ વગેરે પાર્ષદો, એ સર્વ ભગવાનની પાસે હાજર થયાં. હે રાજા! એ સમયે મુગટ, બાજુબંધ, મકરાકૃત કુંડળ, શ્રીવત્સ, કૌસ્તુભમણિ, કટિમેખળા, સુંદર વસ્ત્રો, અને જેના ઉપર ભ્રમરો ગુંજારવ કરી રહ્યા છે એવી વનમાળા ધારણ કરેલા વામન ભગવાન અતિશય શોભતા હતા. એ ભગવાને એક પગલાથી પૃથ્વી ભરી લીધી, શરીરવડે આકાશને પૂરી દીધું. ૩૨-૩૩ બીજા પગલાથી સ્વર્ગ ભરી લીધું. પછી ત્રીજા પગલા માટે બળિરાજા પાસે કાંઇ રહ્યું નહી, અને ઉરૂક્રમ ભગવાનનો ચરણ ઉપર જતાં જતાં મહર્લોક, જનલોક, તથા તપ લોકને ઓળંગીને છેક સત્ય લોક સુધી પોહોચ્યો. ૩૩

पदं द्वितीयं क्रमतस्त्रिविष्टपं ।
नवै तृतीयाय तदीयमण्वपि ॥
उरुक्रमस्यांघ्रिरुपर्युपर्यथो ।
महर्जनाभ्यां तपसः परंगतः ॥

ઇતિ શ્રી ભાગવત મહાપુરાણના અષ્ટમ સ્કંધમાં "વિશ્વરૂપ દર્શન" નામનો ૨૦ મો અધ્યાય સંપૂર્ણ.

— —

અધ્યાય ૨૧ મો.

ત્રણ પગલાં પૂરાં ન થવાથી વામનજીએ બળિરાજાને બાંધ્યો.

શ્રી શુક ઉવાચ.

सत्यं समीक्ष्याब्जभवो नखेंदुभि ।
र्हतस्वधामद्युति रावृतोऽभ्यगात् ॥
मरीचिमिश्रा ऋषयो बृहद्व्रताः ।
सनंदनाद्या नरदेव योगिनः ॥ १॥

શ્રી શુકદેવજી કહે છે—હે રાજા! ભગવાનનો ચરણ સત્યલોકમાં આવેલો જોઇને, બ્રહ્મા કે જેના સ્થાનકની કાન્તિ ભગવાનના નખરૂપી ચંદ્રની કાન્તિથી ઝાંખી પડી ગઇ હતી, અને પોતે પણ જેમના નખરૂપી ચંદ્રોથી ઢંકાઇ ગયા હતા તે, મરિચિ આદિ ઋષિઓ, સનત્કુમાર વગેરે નૈષ્ટિક બ્રહ્મચારીઓ, યોગીઓ, વેદો, ઉપવેદો, નિયમો, યમો, તર્ક, ઇતિહાસ, શિક્ષાદિ વેદનાં છ અંગ, પુરાણો, તેઓની સંહિતાઓ, તથા યોગરૂપી પવનથી પ્રદીપ્ત થયેલા જ્ઞાનરૂપ અગ્નિથી જેઓનાં કર્મનાં પાપો બળી ગયાં છે, એ સર્વ ભગવાનના ચરણની પાસે આવ્યા. અને કર્મથી ન મળે એવા બ્રહ્મલોકને જેમના સ્મરણના પ્રભાવથી પોતે પામ્યા છે, તે ભગવાનના ચરણને તેઓએ પ્રણામ કર્યા. ૧—૨ પછી પવિત્ર કીર્તિવાળા બ્રહ્માએ પોતે જેમના નાભિ કમળમાંથી ઉત્પન્ન થયા છે, તેમના સારી પેઠે ઊંચા કરેલા ચરણને અ-

ર્ઘ્યજળ આપીને પૂજા કરી, તથા ભક્તિ પૂર્વક સ્તુતિ કરી. ૩ હે રાજા! ભગવાનના ચરણ ધોવાથી પવિત્ર થયેલું બ્રહ્માના કમંડળનું જળ ગંગા નામથી પ્રસિદ્ધ થયું છે. એ ગંગા જાણે ભગવાનની નિર્મળ કીર્તિ હોય, તેમ આકાશમાંથી પડતી ત્રૈલોક્યને પવિત્ર કરે છે. ૪ પછી પોતાની વિભૂતિને સંકેલીને પ્રથમના જેવા વામનરૂપથી ઉભેલા પોતાના સ્વામી શ્રી હરિનું પોતાના અનુચરો સહિત બ્રહ્માદિક લોકપાળોએ પૂજન કરીને બળિ-અર્પણ કર્યું ૫ જળ, પુષ્પોની માળા, દિવ્ય સુગંધીમય લેપન, ધૂપ, દીપ, નૈવેદ્ય, અક્ષત, ફળ અને અંકુરો ભગવાનને અર્પણ કર્યાં. ૬ પછી ભગવાનનાં પરાક્રમો દર્શાવનારાં સ્તોત્રોથી, જયનાદથી, નૃત્યથી, વાજીંત્રોથી, ગાયનથી, અને શંખ તથા દુંદુભિના શબ્દોથી મહોત્સવ કર્યો. ૭ મનના જેવા વેગવાળા રીંછપાત જાબવાને ભેરી વગાડીને સર્વ દિશાઓમાં મહોત્સવ પ્રદર્શિત કર્યો. ૮ ત્રણ પગલાંની કપટ ભરેલી માગણીથી યજ્ઞની દિક્ષા લીધેલા પોતાના સ્વામી બળિરાજાની આખી પૃથ્વી હરી લીધેલી જોઈને ક્રોધે ભરાયલા દૈત્યોએ કહ્યું કે—૯ "અરે ! આ બટુક નથી, આ તો માયાવીઓનો શિરોમણિ વિષ્ણુ છે, તે બ્રાહ્મણના વેષથી ગુપ્ત રીતે દેવતાઓનું કાર્ય સાધવાને ઇચ્છે છે. ૧૦ આ શત્રુએ બટુકનું રૂપ લઈ ત્રણ પગલાં પૃથ્વી માગીને યજ્ઞમાં દીક્ષા લીધેલા અને કોઇને પણ શિક્ષા નહી કરવાનો સંકલ્પ કરેલા આપણા રાજાનું સર્વસ્વ લઇ લીધું છે. ૧૧ સત્યવાદી, બ્રાહ્મણોની રક્ષા કરનારા, દયાળુ અને વળી યજ્ઞની દીક્ષા લઇ બેઠેલા બળિરાજા જૂઠું બોલી શકતા નથી. ૧૨ માટે આ કપટી બટુકને મારવાથી ધર્મ થશે. તથા આપણા સ્વામીની સેવા કરી ગણાશે. આ પ્રમાણે વિચાર કરીને બળિરાજાના અનુચર દૈત્યોએ હાથમાં હથિયાર લીધાં. ૧૩ હે રાજા! બળિરાજાની મરજી નહી છતાં ક્રોધે ભરાયેલા સબળા દૈત્યો હાથમાં ત્રિશુળો તથા પટ્ટીશો વગેરે લઈને વામનજીને મારવાને દોડયા. ૧૪ દૈત્યોને દોડતા આવતા જોઇને ભગવાનના પાર્ષદોએ હસતાં હસતાં શસ્ત્રો ઉગામીને તેઓને રોકયા. ૧૫ નંદ, સુનંદ, જય, વિજય, પ્રબળ, બળ, કુમુદ કુમુદાક્ષ, વિશ્વકસેન, ગરૂડ, જયંત, શ્રુતદેવ, પુષ્પદંત અને સાત્વત, એ સર્વે દશહજાર હાથીઓના બળવાળા ભગવાનના પાર્ષદો દૈત્યોની સેનાને મારવા લાગ્યા. ૧૬-૧૭ પોતાના અનુચર દૈત્યોને ભગવાનના પાર્ષદોથી માર્યાજતા જોઇને શુક્રાચાર્યના શાપને યાદ કરતા બળિરાજાએ ક્રોધે ભરાયેલા દૈત્યોને વાર્યા કે—૧૮ "હે વિપ્રચિત્તિ! હે રાહુ! હે નેમિ! તમે મારૂં કહેવું સાંભળો. તમે લડશો નહી, પાછા વળો. આ સમય આપણને અનુકુળ નથી. ૧૯ હે દૈત્યો-જે કાળ સર્વને સુખ દુઃખ દેવાને સમર્થ છે તેને કોઇ પણ પુરૂષ પ્રયત્નોથી ઉલ્લંઘી શકતો નથી. ૨૦ જે કાળ પ્રથમ આપણને અનુકુળ અને દેવતાઓને પ્રતિકુળ હતો, તેજ કાળ આજ વિપરીત થઇ પડયો છે. ૨૧ કોઇ પણ પુરૂષ બળ, મંત્રી, બુદ્ધિ, કિલ્લા, મંત્રો, ઔષધિઓ, તથા સમાદિક ઉપાયોથી પણ કાળનું ઉલ્લંઘન કરી શકતો નથી. ૨૨ આપણને કાળ અનુકુળ હતો ત્યારે તમે આ વિષ્ણુના પાર્ષદોને ઘણીવાર જીતી લીધા હતા, પરંતુ આજ તેઓ અનુકુળ કાળના પ્રભાવથી આપણને જીતી લઇને ગર્જના કરે છે. ૨૩ જ્યારે આપણને દૈવ અનુકુળ થશે, ત્યારે આપણે તેઓને જીતી લઇશું, માટે કાળ અનુકુળ થવાની વાટ જુઓ." ૨૪

શ્રી શુકદેવજી કહે છે—હે રાજા! વિષ્ણુના પાર્ષદોથી માર ખાતા દૈત્યો તથા દાનવોના સેનાપતિઓ પોતાના સ્વામીનું કહેવું માનીને પાતાળમાં પેશી ગયા. ૨૫ પછી ગરૂડજીએ ભગવાનનો અભિપ્રાય જાણીને યજ્ઞમાં સોમવલ્લી ખાંડવાને દિવસે વરૂણ પાશથી બળિરાજાને બાંધી લીધા. ૨૬ મહા સમર્થ ભગવાને બળિને બાંધ્યો તે સમયે સર્વે દિશાઓમાં, સ્વર્ગમાં તથા પૃથ્વી ઉપર ભારે હાહાકાર થઇ રહ્યો. ૨૭ હે રાજા! વરૂણ પાશથી બંધાયા છતાં અને લક્ષ્મીહીન થયા

છતાં પણ જેની બુદ્ધિ સ્થિર રહી હતી એવા મોટા મનના બળિરાજાને વામનજીએ કહ્યું કે—૨૮ હે અસુર! તેં મને ત્રણ પગલાં પૃથ્વી આપવાનું કહ્યું છે, તેમાં બે પગલાંમાં મેં તારી સર્વ પૃથ્વી દબાવી લીધી છે, હવે ત્રીજું પગલું મૂકવાની જગ્યા બતાવ. ૨૯ જેટલામાં આ સૂર્ય પોતાનાં કિરણોથી પ્રકાશે છે, જેટલામાં નક્ષત્રો સાથે ચંદ્રમા પ્રકાશે છે, અને જેટલામાં મેઘ વરસે છે, તેટલી તારી પૃથ્વી છે. ૩૦ તારા દેખતાંજ મેં એક પગલાથી તારી સઘળી પૃથ્વી ભરી લીધી છે, મારા વ્યાપક શરીરથી આકાશ તથા દિશાઓને ભરી લીધાં છે, અને બીજા પગલાથી સ્વર્ગલોકને ભરી લીધોછે. ૩૧ હે બળિરાજા! તેં ત્રણ પગલાં પૃથ્વી આપવાની પ્રતિજ્ઞા કર્યા છતાં ત્રીજું પગલું આપતો નથી, તેથી તારો નરકમાં વાસ થશે, માટે તું તારા ગુરૂના કહેવા પ્રમાણે નરકમાં જા. ૩૨ જે માણસ આપવાનું કબુલ કરીને પછી નહી આપતાં યાચકને છેતરે છે, તેનાસર્વ મનોરથ મિથ્યા થાયછે, તેનાથી સ્વર્ગ દૂર રહેછે, અને તે ઘોર નરકમાં પડે છે. ૩૩ તે ધનવાનપણાનું અભિમાન રાખીને 'હું ત્રણ પગલાં પૃથ્વી આપીશ, એમ કહીને મને છેતર્યો છે. માટે એ મિથ્યા વચનના ફળરૂપ નરકને તું કેટલાંક વર્ષ સુધી ભોગવ ૩૪

विप्रलब्धोंददामीति त्वयाहं चाढ्यमानिना ।
तद्व्यलीकफलंभुंक्ष्व निरयं कतिचित्समाः ॥

ઇતિ શ્રીભાગવત મહાપુરાણના અષ્ટમ સ્કંધમાં "બળિનિગ્રહ" નામનો ૨૧ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૨૨ મો.

ભગવાને પ્રસન્ન થઈ બળિરાજાને વરદાનો આપીને પાતાળમાં મોકલ્યો અને પોતે તેના દ્વારપાળ થયા.

શ્રી શુકઉવાચ.

एवं विप्रकृतोराजन् बलिर्भगवताऽसुरः ।
भिद्यमानोप्यभिन्नात्मा प्रत्याहा विक्लवंवचः ।

શ્રી શુકદેવજી કહે છે—હે રાજા! આ પ્રમાણે ભગવાને અપમાન કરેલો અને ધીરજથી ચળાયમાન કરવા માંડેલો બળિ રાજા સત્વગુણથી ચળાયમાન નહી થતાં દઢતાથી બોલ્યો—૧

બળિરાજા કહે છે—હે પવિત્રકીર્તિવાળા! હે દેવાધિદેવ! મેં કરેલા પ્રતિજ્ઞાથી હું જરા પણ ફર્યો નથી, કપટ તો આપે કર્યું છે, કારણ કે આપે વામનરૂપથી પૃથ્વી માગી અને બીજારૂપથી ભરી લીધી, તો પણ મારૂં વચન સત્ય કરી આપું છું. ત્રીજું પગલું મારા માથા ઉપર મૂકો. ૨ હું જેવો જૂઠથી તથા અપકીર્તિથી ડરૂંછું, તેવો નરકથી, પદભ્રષ્ટ થવાથી, પાશવડે બંધાવાથી, અપાર દુઃખથી, ધન સબંધી કષ્ટથી, અને આપે કરેલી શિક્ષાથી ડરતો નથી. ૩ વળી મહાત્મા પુરૂષોએ કરેલી શિક્ષાને હું ઘણી વખાણવા યોગ્ય માનુંછું, કારણ કે એવી શિક્ષા મા બાપ, ભાઇ તથા સબંધીઓ પણ આપી શકતા નથી. ૪ આપ અસુરોના તમે પરોક્ષ રીતે મોટા ગુરૂ છો, કારણ કે અમે અનેક પ્રકારના મદથી આંધળા છીએ, તેને પદભ્રષ્ટ કરીને તમે જ્ઞાનદૃષ્ટિ આપી છે. ૫ ઘણાક દૈત્યો આપની સાથે દઢ વૈર બાંધીને ખરા યોગીઓ જે સિદ્ધિ મેળવે છે, તે સિદ્ધિને પામે છે. ૬ અનેક ચરિત્રો કરનારા આપે મને વરૂણ પાશથી બાંધ્યો છે તેથી હું લજવાતો નથી. તેમ દુઃખ પણ માનતો નથી. ૭ આપે મને

તમારા ભક્ત પ્રહ્લાદનો પૌત્ર જાણીને આ અનુગ્રહરૂપી દંડ કરેલો છે; પરંતુ હું અનુગ્રહને પાત્ર નથી. આપના ભક્તોમાં પરમ માન્ય અને ઉત્તમ વાતો પ્રગટ કરનારા મારા દાદા પ્રહ્લાદને તમારા શત્રુ અને તેમના પિતા હિરણ્યકશિપુએ ઘણાં દુઃખો દીધાં હતાં. ૮ તોપણ તેમણે વિચાર કર્યો કે—"આ દેહ જે અંતે મને છોડીને જનાર છે, તેનું શું પ્રયોજન છે? તેમજ સગાં સંબંધીરૂપી ચોર કે જેઓ અંતે સર્વસ્વ હરી લેછે, તેઓનું પણ શું પ્રયોજન છે? તેમજ સ્ત્રી કે જે જન્મમરણ આપનારી છે, તેનું પણ શું પ્રયોજન છે? અને ઘર કે જેથી કેવળ લોકોના આયુષ્યનો નાશ થાયછે, તેમાં રહેવાથી શો લાભ છે?" ૯ આ પ્રમાણે નિશ્ચય કરીને તે અગાધ જ્ઞાનવાળા મહાત્મા પ્રહ્લાદજી સંબંધીઓથી ભય પામીને પોતાના પક્ષનો ક્ષય કરનારાં આપનાં નિર્ભય ચરણારવિંદને શરણે આવ્યા હતા. ૧૦ જે બુદ્ધિથી ગર્વિષ્ટ બુદ્ધિવાળો પુરુષ કાળની પાસે રહેલા પોતાના જીવિતને અધ્રુવ જાણતો નથી, તે લક્ષ્મીનો મને બળાત્કારે ત્યાગ કરાવીને આપનાં ચરણારવિંદની પાસે મારૂં દૈવ જ લાવ્યું છે. આપ ઉપરથી અમારા શત્રુ જણાઓ છો, પણ ખરી રીતે અમારાં મિત્ર છો. ૧૧

શ્રી શુકદેવજી કહે છે—હે મહારાજ! એ પ્રમાણે બળિરાજા કહેતા હતા, એટલામાં ત્યાં ભગવાનના પરમભક્ત અને ઉદય પામેલા પૂર્ણ ચંદ્રના જેવા સુખદાયી પ્રહ્લાદજી આવ્યા. ૧૨ કમળ જેવાં નેત્રવાળા, પીળાં વસ્ત્રવાળા, શ્યામ કાન્તિવાળા, લાંબી ભુજાઓવાળા, અને ઉન્નત શરીરવાળા મહા ભાગ્યશાળી દાદા પ્રહ્લાદજીને બળિરાજાએ જોયા. ૧૩ આ વેળા બળિરાજા વરૂણપાશના બંધનમાં હોવાથી પ્રથમની પેઠે પ્રહ્લાદજીની પૂજા કરી શકયો નહીં, તેથી માત્ર મસ્તકથી પ્રણામજ કર્યા, અને આંખમાં આંસુ આવી જવાથી નીચું મુખ કરીને ઉભો રહ્યો. ૧૪ ત્યાં નંદ, સુનંદ વગેરે પાર્ષદોથી સેવાતા સત્પુરૂષોના પતિ ભગવાનને જોઇને ઉદાર મનવાળા પ્રહ્લાદે તેમની પાસે આવીને પૃથ્વી ઉપર માથું નમાવીને પ્રણામ કર્યા, અને બળિરાજા ઉપર ભગવાને અનુગ્રહ કરેલો જોઇ રોમાંચિત થઇ આનંદાશ્રુ આવી ગયાં. ૧૫

પ્રહ્લાદજી કહે છે—હે ભગવાન! આ બળિને તમેજ સમૃદ્ધિવાળું ઇંદ્રનું પદ આપ્યું હતું તે આજે પાછું લઇ લીધું તે બહુ જ સારૂં કર્યું. વળી મનને મોહ પમાડનારી લક્ષ્મીથી તેને ભ્રષ્ટ કર્યો, એ આપે તેના ઉપર મોટો અનુગ્રહ કર્યો છે. ૧૬ જે લક્ષ્મીથી વિદ્વાન પણ મોહ પામેછે, તે લક્ષ્મી પાસે હોય ત્યાં સુધી કયો પુરૂષ પોતાના સ્વરૂપને યથાર્થ રીતે જાણી શકેછે? માટે આવી કૃપા કરનારા જગદીશ્વર અને સર્વના સાક્ષીરૂપ આપ નારાયણને હું પ્રણામ કરૂંછું. ૧૭

શ્રી શુકદેવજી કહે છે—હે રાજા! હાથ જોડીને ઉભેલા પ્રહ્લાદના સાંભળતાં બ્રહ્મા ભગવાનને કહેવા લાગ્યા. ૧૮ એટલામાં પોતાના પતિને બાંધેલો જોઇને ભયથી વિહ્વળ થયેલી બળિરાજાની સ્ત્રી સતી વિંધ્યાવલી મુખ નીચું કરી હાથ જોડી ઉભી હતી, તે પ્રણામ કરીને બોલી. ૧૯

વિંધ્યાવલી કહે છે—હે ઇશ્વર! આપે લીલાને માટે આ ત્રૈલોક્યને રચેલું છે, તેમાં બીજા કુબુદ્ધિવાળા નિર્લજ્જ પુરૂષો પોતાનું સ્વામીત્વ વૃથા માનેછે, ત્રૈલોક્યને રચનાર પાળનાર અને સંહારનાર આપજ છો, તથા 'અમે સ્વતંત્ર છીએ' આવી વાત કરવાનો અધિકાર પણ આપેજ આપ્યો છે, માટે તેઓ આપને શું આપી શકે? સર્વ કાંઇ આપનુંજ છે. અર્થાત્ હું ત્રૈલોકય આપી ચુકયો છું, માટે હવે ત્રીજું પગલું મારા માથા ઉપર મૂકો, એમ બળિરાજા કહે છે તે મિથ્યા છે, કેમકે એ દેહ પણ આપનોજ છે. ૨૦

બ્રહ્મા બોલ્યા—હે લોકોનું રક્ષણ કરનારા! હે લોકનાથ! હે દેવનાદેવ! હે વિશ્વમૂર્તિ! જેનું આપે સર્વસ્વ હરી લીધું છે, એવા આ બળિને છોડી મૂકો, હવે એ દંડને યોગ્ય નથી. ૨૧ એણે આપને સઘળી પૃથ્વી

તથા કર્મોથી મેળવેલા લોક પણ અર્પણ કર્યા છે, એટલુંજ નહીં પણ પોતાનું શરીર પણ દૃઢ બુદ્ધિથી આપને અર્પણ કર્યું છે. ૨૨ જે નિર્મળ અંતઃકરણથી આપનાં ચરણોમાં કેવળ જળ અર્પણ કરે અને દુર્વાના અંકુરોથી આપની પુજા કરે, તો તે પણ ઉત્તમ ગતિને પામેછે, ત્યારે મનમાં ખેદ કર્યા વગર જેણે ત્રણલોકનું રાજ્ય અર્પણ કર્યું, તે કેમ પીડા પામે ? ૨૩

શ્રી ભગવાન કહે છે—હે બ્રહ્મા ! હું જેના ઉપર અનુગ્રહ કરૂંછું, તેને જો લક્ષ્મીનો મદ હોય તો તેની લક્ષ્મી હરી લઉંછું, કારણ કે તે લક્ષ્મીના મદથી ગર્વિષ્ઠ થઇને લોકોની અને મારી અવજ્ઞા કરે છે. ૨૪ આ પરતંત્ર જીવ પોતાનાં કર્મોથી અનેક યોનિમાં ભટકતો ભટકતો કોઇક વખતેજ મનુષ્ય દેહ પામે છે. ૨૫ તો તે મનુષ્યદેહમાં જન્મ, કર્મ, અવસ્થા, રૂપ, વિદ્યા, ઐશ્વર્ય અને ધન વગેરેનું તેને અભિમાન ન થાય, તો તેના ઉપર મારો અનુગ્રહ જાણવો. ૨૬ જે મારો પરમભક્ત હોય છે, તે અભિમાન તથા અક્કડપણાના કારણરૂપ અને સર્વ કલ્યાણના શત્રુરૂપ ઉત્તમ કુળમાં જન્મ, ધનવાનપણું વગેરેથી મોહ પામતો નથી, એવા ભક્તને હું લક્ષ્મી આપુંછું, અને જે અભક્તને ધનાદિકથી મોહ થાય છે, તેની ઉપર અનુગ્રહ કરવાને તેનું ધન હરી લઉંછું. ૨૭ દૈત્ય દાનવમાં અગ્રણી અને તેઓની કીર્તિને વધારનારો આ બળિરાજા મારી માયાને જીતી ગયો છે, કારણ કે એને દુઃખી કર્યા છતાં ગભરાતો નથી. ૨૮ તે રાજ્યભ્રષ્ટ થયો, ધનરહિત થયો, શત્રુના હાથથી બંધાયો, તિરસ્કાર પામ્યો, નાતિલાઓએ છોડી દીધો, દુઃખ પામ્યો, ગુરૂએ ધમકાવીને શાપ આપ્યો, અને મેં પણ છળ કરીને ધર્મની વાત કહી; પરંતુ એ સત્યવાદી તથા સદાચરણી બળિએ પોતાના ધર્મનો ત્યાગ કર્યો નહી. ૨૯-૩૦ માટે હું તેને દેવતાઓને પણ દુર્લભ એવું સ્થાન આપુંછું. એ સાવર્ણિ નામના આઠમા મન્વંતરમાં ઇંદ્રપદ પામશે, અને હું તેને આશ્રય આપીશ. ૩૧ ત્યાંસુધી એ વિશ્વકર્માના બનાવેલા સુતળ લોકમાં રહેશે. ત્યાં રહેનારાઓને મારી કૃપાદૃષ્ટિથી આધિ, વ્યાધિ, શ્રમ, આળસ અને પરાભવ વગેરે ઉપદ્રવ થતા નથી. ૩૨ હે બળિરાજા ! તારૂં કલ્યાણ થાઓ. તું જેને દેવતાઓ પણ ઇચ્છેછે એવા સુતળ લોકમાં તારા નાતીલાઓની સાથે જા ૩૩ તારો પરાભવ લોકપાળોથી પણ થઈ શકશે નહી, ત્યારે બીજાઓથી તો ક્યાંથીજ થાય ? અને જે દૈત્યો તારી આજ્ઞા માનશે નહી, તેને મારૂં સુદર્શન ચક્ર કાપી નાંખશે ૩૪ હું પણ સરસામાન તથા અનુચરો સહિત ચારે તરફથી રક્ષણ કરીશ, અને તારો દ્વારપાળ થઇને રહીશ, તેથી તને નિરંતર મારાં દર્શન થયા કરશે. ૩૫ વળી ત્યાં દૈત્ય દાનવોના સંગથી થયેલો તારો આસુરભાવ મારો પ્રભાવ જોઇને તુરત નાશ પામી જશે. ૩૬

तत्र दानव दैत्यानां संगात्ते भाव आसुरः ।
दृष्ट्वा मदनुभावं वै मद्यः कुंठो विनंक्ष्यति ॥

ઇતિ શ્રી ભાગવત મહાપુરાણના અષ્ટમ સ્કંધમાં 'બળિવામન સંવાદ' નામનો ૨૨ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૨૩ મો.

બળિરાજા સુતળમાં જવાથી વામનની સહાયતાથી ઇંદ્રને સ્વર્ગ મળ્યું.

श्री शुकउवाच.

इत्युक्तवंतं पुरुषं पुरातनं ।
महानुभावोऽखिल साधुसंमतः ॥
बद्धांजलिर्बाष्प कलाकुलेक्षणो ।
भक्त्युत्कलो गद्गदया गिराऽब्रवीत ॥

શ્રી શુકદેવજી કહે છે—આ પ્રમાણે પુરાણપુરૂષ ભગવાનનાં વચન સાંભળી ભક્તિથી ઉત્કંઠાવાળા, મહાનુભાવ અને સર્વ મહાત્માઓમાં માન્ય ગણાતા બળિરાજાની

આંખમાં ભક્તિરસથી આંસુ આવી ગયાં. પછી તે બે હાથ જોડીને ગદ્દગદ્દ વાણીથી બોલ્યો. ૧

બળિરાજા કહે છે—અહો! આપને પ્રણામ તો શું, પણ પ્રણામ કરવાને માટે કરેલો ઉદ્યમ પણ આપના શરણાગત ભક્તનાં કાર્ય સાધવામાં તૈયાર રહેછે, કારણ કે લોકપાળ-દેવતાઓને પણ પૂર્વે નહિ મળેલો એવો અનુગ્રહ તમે હું આ એક નીચ અસુર છું તેના ઉપર કર્યો છે. ૨

શ્રી શુકદેવજી કહે છે—હે રાજન્! એ પ્રમાણે કહીને બ્રહ્મા, વિષ્ણુ અને મહેશને પ્રણામ કરી રાજી થઇ બંધનથી છૂટીને બળિરાજા દૈત્યોની સાથે સુતળ પાતાળમાં ગયો. ૩ એ પ્રમાણે ભગવાન ઇંદ્રને સ્વર્ગ આપી, અદિતિની કામના પૂરી કરી ઉપેંદ્રરૂપે આખા જગતનું પાલન કરવા લાગ્યા. ૪ પછી ભક્તિમાં તત્પર રહેનારા પ્રહ્‌લાદજી, પોતાના વંશને ધારણ કરનારા પૌત્ર બળિરાજાને ભગવાનનો કૃપાપાત્ર થયેલો અને વરૂણપાશથી છૂટેલો જાણીને બોલ્યા. ૫

પ્રહ્‌લાદજી કહે છે—જેને સઘળું જગત્ પ્રણામ કરેછે એવા અને મહાત્મા લોકો પણ જેમનાં ચરણોમાં નમેછે એવા આપ અમારા અસુર લોકોના દ્વારપાળ થયા. આવો અનુગ્રહ તો બ્રહ્મા, લક્ષ્મી અને શંકર ઉપર પણ થયો નથી ત્યારે બીજાની તો વાતજ શી? હે શરણ આપનારા! બ્રહ્માદિક દેવતાઓ આપનાં ચરણકમળના મકરંદના સેવનથીજ ઐશ્વર્ય ભોગવેછે, પરંતુ અમે દુરાચારી અને ખળજાતિ છીએ, તેમ અમે આપના ચરણની સેવાએ કરી નથી, તેઓના ઉપર આપની શા કારણથી અનુગ્રહ દૃષ્ટિ થઇ? ૭ તમે અપાર યોગમાયાની લીલાવડે સર્વ બ્રહ્માંડને રચનારા છો, તમારાં ચરિત્રો ઘણાં આશ્ચર્યકારક છે. તમે સર્વાત્મા અને સમદૃષ્ટિવાળા છો, તેમ છતાં ભક્તજનો ઉપર પ્રીતિ રાખો છો, તેથી આપ વિષમ સ્વભાવવાળા છો એમ નથી, કેમકે આપનો સ્વભાવ કલ્પવૃક્ષ સમાન છે. ૮

શ્રી ભગવાન કહે છે—હે વત્સ! હે પ્રહ્‌લાદ! તારૂં કલ્યાણ થાઓ. તું તારા પૌત્રને સાથે લઇને આનંદથી સુતળ લોકમાં જા, અને તારા નાતિલાઓને સુખ આપ. ૯ તું ત્યાં પણ મને હાથમાં ગદા લઇને ઉભેલો જોઇશ, મારાં દર્શનના ભારે આનંદથી તારાં સર્વ કર્મબંધનો કપાઇ જશે. ૧૦

શ્રી શુકદેવજી કહે છે—હે રાજા! પછી નિર્મળ બુદ્ધિવાળા પ્રહ્‌લાદે બળિરાજા સહિત હાથ જોડી ભગવાનની આજ્ઞા માથે ચઢાવી આદિપુરૂષ ભગવાનને પ્રદક્ષિણા તથા પ્રણામ કરી, આજ્ઞા લઇને તે સુતળલોકમાં ગયા. ૧૧-૧૨ હે રાજા! એ સમયે બ્રહ્મવાદીઓની સભામાં ઋત્વિજોની વચ્ચે પોતાની પાસે બેઠેલા શુક્રાચાર્યને ભગવાને કહ્યું કે- ૧૩ હે બ્રહ્મન્! તમારો શિષ્ય બળિરાજા યજ્ઞ કરતો હતો, તેમાં જે કાંઇ ન્યૂનતા રહી ગઇ હોય તે તમે પૂરી કરો, કર્મમાં જે કાંઇ ન્યૂનતા રહી ગઇ હોય, તે બ્રાહ્મણોની દૃષ્ટિથી પૂર્ણ થાયછે. ૧૪

શુક્રાચાર્ય કહે છે—કર્મોના પ્રવર્તાવનારા, યજ્ઞપતિ તથા યજ્ઞપુરૂષ એવા આપની જેણે સર્વભાવથી પૂજા કરી છે, તેના કર્મમાં શી રીતે ન્યૂનતા રહી શકે? ૧૫ મંત્ર, તંત્ર, દેશ, કાળ, પાત્ર, તથા દક્ષિણા વગેરેમાં જે કાંઇ ન્યૂનતા રહી ગઇ હોય, તે આપનાં પવિત્ર ચરિત્રોના કીર્તનથી પરિપૂર્ણ થઇ જાય છે. ૧૬ તોપણ હે વ્યાપક! આપ કહોછો તેથી આપની આજ્ઞા પ્રમાણે કરીશ; કારણ કે આપની આજ્ઞા પાળવી એ પ્રાણીઓને પરમ કલ્યાણકારક છે. ૧૭

શ્રી શુકદેવજી કહે છે—ભગવાનની આજ્ઞા થવાથી શુક્રાચાર્યે બ્રાહ્મણો સાથે બળિરાજાના યજ્ઞમાં જે ન્યૂનતા હતી તે પૂર્ણ કરી. ૧૮ હે રાજા! એ પ્રમાણે ભગવાને વામનરૂપ ધરીને બળિરાજા પાસેથી પૃથ્વી માગીને શત્રુઓએ લઇ લીધેલું સ્વર્ગનું રાજ્ય પોતાના ભાઇ ઇંદ્રને પાછું આપ્યું. ૧૯ પછી પ્રજાપતિઓના પતિ બ્રહ્માએ સર્વ જીવોના કલ્યાણને માટે અને કશ્યપજી તથા અદિતિને

રાજી કરવા માટે દેવતા, ઋષિ, પિતૃ, મનુ, દક્ષ, ભૃગુ અને અંગિરા વગેરે મુનિ, સનત્કુમારો તથા સદાશિવ એ સર્વને લઇને વામનજીને સર્વ લોકપાળોના અધિપતિ કર્યા. ૨૦–૨૧ હે રાજા! વેદ, સર્વ દેવતા, ધર્મ, યશ, લક્ષ્મી, મંગળ, વ્રત, સ્વર્ગ તથા મોક્ષ એ સર્વેનું પાલન કરવામાં સમર્થ વામનજીને જ્યારે સર્વના કલ્યાણ માટે પતિ કર્યા, ત્યારે સર્વ પ્રાણીઓને અત્યંત આનંદ થયો. ૨૨–૨૩ પછી ઇંદ્ર બ્રહ્માની સલાહથી વામનજીને વિમાનમાં બેસાડી તેમને આગળ કરી લોકપાળો સહિત સ્વર્ગમાં લઇ ગયો. ૨૪ વામનજીની ભુજાથી રક્ષાયેલો ઇંદ્ર ત્રૈલોક્યનું રાજ્ય પામી મોટી રાજ્યલક્ષ્મી ભોગવતો નિર્ભયપણે આનંદ કરવા લાગ્યો. ૨૫ હે રાજા! બ્રહ્મા, શંકર, સનત્કુમાર, ભૃગુ વગેરે મુનિઓ, પિતૃઓ, સર્વ પ્રાણીઓ તથા વિમાનમાં બેસનારા સિદ્ધો ભગવાનના પરમ અદ્ભુત તથા મહા ભારે કામનાં વખાણ કરતા પોતપોતાને સ્થાને ગયા. ૨૬–૨૭ હે કુળને આનંદ ઉપજાવનારા! સાંભળનારાઓનાં પાપનો નાશ કરનારૂં ભગવાનનું આ ચરિત્ર મેં તમારી પાસે કહ્યું છે. ૨૮ જેમ પૃથ્વીનાં રજકણોની ગણત્રી કરવી અશક્ય છે, તેમ મોટાં મોટાં કામ કરનારા અને પરિપૂર્ણ ભગવાનના મહિમાનો પાર પામવો અશક્ય છે. મંત્રોના દૃષ્ટા વસિષ્ઠ મુનિએ કહ્યું છે કે–જન્મેલો અથવા જન્મનારો માણસ શું ભગવાનના મહિમાનો પાર પામી શકે છે? નથીજ પામતો. ૨૯ દેવના દેવ અને અદ્ભુત ચરિત્રોવાળા ભગવાનના આ અવતારનાં ચરિત્ર જે મનુષ્ય સાંભળેછે. તે પરમગતિને પામેછે ૩૦ દેવતા, પિતૃ અને મનુષ્ય સંબંધી કર્મ કરતી વખતે આ ચરિત્રનો પાઠ કરવામાં આવે તે કર્મ પરિપૂર્ણ સિદ્ધ થાય છે, એમ વિદ્વાનો કહેછે. ૩૧

क्रियमाणे कर्मणीदंदैवे पित्र्येथ मानुषे ॥
यत्र यत्रानुकीर्त्येत तत्तेषां सुकृतं विदुः ॥

ઇતિ શ્રી ભાગવત મહાપુરાણના અષ્ટમ સ્કંધમાં "વામનચરિત્ર વર્ણન" નામનો ૨૩ મો અધ્યાય સંપૂર્ણ

અધ્યાય ૨૪ મો.

ભગવાને મત્સ્યાવતાર લઈ મહાસાગરમાં સત્યવ્રતની રક્ષા કરી.

राजोवाच.

भगवन् श्रोतुमिच्छामि हरेरद्भुत कर्मणः ।
अवतार कथामाद्यां माया मत्स्य विडंबनम् ॥

પરીક્ષિત રાજા પૂછે છે—હે ભગવન્! અદ્ભુત ચરિત્ર કરનારા ભગવાને માયાથી પ્રથમ જે મત્સ્યાવતારની લીલા કરી છે, તે કથા સાંભળવાની હું ઇચ્છા રાખુછું. ૧ ભગવાને પોતે, જગતમાં નિંદવા યોગ્ય, તમોગુણી અને દુઃસહ એવું મત્સ્ય (માછલાનું) સ્વરૂપ જાણે કર્મથી બંધાયેલા હોય તેમ શા કારણથી ધર્યું હતું? ૨ હે મહારાજ! સર્વ લોકોને સુખ આપનારૂં ભગવાનનું સઘળું ચરિત્ર મને યથાર્થ રીતે કહો. ૩

સૂતજી કહે છે— હે સૌનકાદિક ઋષિઓ એ પ્રમાણે પરીક્ષિત રાજાએ પૂછવાથી શુકદેવજીએ, ભગવાને મત્સ્યરૂપ ધરીને જે ચરિત્ર કર્યું હતું, તે કહેવા માંડયું. ૪

શ્રી શુકદેવજી કહે છે—હે રાજા! ગાય, બ્રાહ્મણ, દેવતા, સત્પુરૂષ, ધર્મ, વેદ અને અર્થની રક્ષા કરવાની ઇચ્છાથી ભગવાન અનેક પ્રકારના અવતાર ધરે છે ૫ જેમ વાયુ સારા નરસા સર્વે પદાર્થોમાં વિચરે છે, છતાં તે ઊંચ નીચપણું પામતો નથી, તેમજ ભગવાન પણ બુદ્ધિના ગુણોથી માનેલા ઊંચા નીચા સર્વ પદાર્થોમાં અંતર્યામીપણે રહે છે, પરંતુ પોતે નિર્ગુણ હોવાથી ઊંચ નીચપણું પામતા નથી. ૬ ગયા કલ્પને અંતે બ્રહ્માનો દિવસ પૂરો થવાથી તેને નિદ્રા આવવા રૂપી નૈમિત્તિક પ્રલય થયો હતો, તેમાં ભૂર્લોક, ભૂવર્લોક તથા સ્વર્ગલોક સમુદ્રમાં ડુબી ગયા હતા. ૭ તે સમયે કાળને લીધે બ્રહ્માને નિદ્રા આવવાથી સૂવાની ઇચ્છા થઇ, એટલામાં તેમના મુખમાંથી નીકળેલા વેદોને તેમની પાસે રહેલા જોઇને બળવાન હયગ્રીવ નામનો

દૈત્ય લઇ ગયો. ૮ શ્રી હરિએ દૈત્યોના રાજા હયગ્રીવનું આ ચરિત્ર જોઇને તુરત મત્સ્યરૂપ ધારણ કર્યું હતું, અને એ દૈત્યને મારી વેદો લાવીને બ્રહ્માને આપ્યા હતા. ૯ ત્યાં સત્યવ્રત નામનો મોટો રાજર્ષિ ભગવાનનો પરમ ભક્ત કેવળ જળપાન કરીને તપશ્ચર્યા કરતો હતો. ૧૦ તે રાજા આ મહાકલ્પમાં સૂર્યના પુત્ર શ્રાદ્ધદેવ નામથી પ્રસિદ્ધ થયો છે, ભગવાને તેને મનુની પદ્વી આપી છે. ૧૧ તે એક દહાડો કૃતમાળા નદીમાં જળથી તર્પણ કરતો હતો, ત્યારે તેના ખોબાના જળમાં એકાએક એક માછલી આવી. ૧૨ હે રાજા! એ દ્રવીડ દેશના રાજા સત્યવ્રતે ખોબામાં આવેલી એ માછલીને જળ સાથે પાછી પાણીમાં નાંખી. ૧૩ તે વખતે એ મહાદયાળુ રાજાને માછલીએ દયા ઉપજે એવી રીતે કહ્યું કે-હે દીનવત્સળ! હું પોતાની જાતિનું ભક્ષણ કરનારાં આ જળજંતુઓથી ભયભીત થયેલી દીન છું, તેને તમે પાણીમાં પાછી શા માટે નાંખો છો? ૧૪ રાજાને ખબર નહોતી કે ભગવાને મારા ઉપર અનુગ્રહ કરવા માટે મત્સ્યાવતાર લીધો છે, તો પણ તેણે પ્રીતિ પૂર્વક એ માછલીનું રક્ષણ કરવાનો વિચાર કર્યો. ૧૫ એ દયાળુ રાજા માછલીનાં દીન વચન સાંભળીને તેને કમંડળમાં ઘાલીને પોતાના આશ્રમમાં લઇ ગયો. ૧૬ તે ત્યાં એક રાતમાં એટલી બધી વધી ગઇ કે કમંડળમાં સમાઇ નહીં, ત્યારે તેણે રાજાને કહ્યું કે-આ કમંડળમાં દુઃખથી રહેવાની મારી ઇચ્છા નથી, માટે જેમાં હું સુખે રહી શકું એવું મોટું સ્થાન આપો. ૧૭-૧૮ પછી રાજાએ તેને તેમાંથી કાઢીને પાણીથી ભરેલા ગોળામાં નાંખી, પણ બે ઘડીમાં તે ત્રણ હાથ વધી ગઇ. ૧૯ તેથી તેણે કહ્યું કે આ ગોળામાં તો હું સુખ પૂર્વક રહી શકીશ નહીં, માટે મને કોઇ મોટું સ્થાન આપો; કારણ કે હું તમારે શરણે આવી છું. ૨૦ હે પરીક્ષિત રાજા! પછી સત્યવ્રત રાજાએ તે માછલીને તેમાંથી કાઢીને સરોવરમાં નાંખી, એટલે તે પોતાના શરીરથી સરોવરના પાણીને ઢાંકીને મોટા મચ્છરૂપે વધી ગઇ. ૨૧ પછી તેણે કહ્યું કે—હે રાજા! હું જળમાં રહેનાર પ્રાણી છું, તેથી મારે રહેવાને આટલું પાણી પૂરતું નથી, માટે મારૂં રક્ષણ કરવાને મને કોઇ અખુટ જળમાં નાંખ. ૨૨ એ સાંભળીને સત્યવ્રત રાજા, તે મત્સ્યને જુદાં જુદાં અનેક જળાશયોમાં લઇ ગયો, પરંતુ તે માછલી જે જળાશયમાં પડે, તેમાં તેના જેવડું મોટું થઇ જાય, તેથી છેવટે તેણે તેને સમુદ્રમાં નાંખી. ૨૩ સમુદ્રમાં નાંખતી વખતે તે મહા મચ્છે કહ્યું કે—હે વીર! અહીં તો મને મહા બળવાન મગરમચ્છો ખાઇ જશે, માટે તું મને આ સમુદ્રમાં નાંખીશ નહીં. ૨૪ આવી તેની મધુર વાણી સાંભળીને રાજા મુંઝાઇ ગયો. તેણે મત્સ્યને કહ્યું કે—તમે આછલારૂપે મને મુંઝવનારા કોણ છો? ૨૫ તમે એકજ દિવસમાં સો યોજન વિસ્તારવાળા સરોવરમાં વ્યાપી ગયા, આવું પરાક્રમી જળચર પ્રાણી તો મેં કોઇ પણ જોયું નથી, તેમ સાંભળ્યું પણ નથી. ૨૬ માટે તમે સાક્ષાત્ અવિનાશી નારાયણ ભગવાન છો, અને પ્રાણીઓના કલ્યાણને માટે જળચર સ્વરૂપ ધારણ કરો છો. ૨૭ હે પુરૂષોત્તમ! હે ઉત્પત્તિ, સ્થિતિ અને સંહાર કરનારા ઇશ્વર! હે વિભુ! તમે શરણાગત ભક્તોના અગ્રેસર અને સાચા આશ્રયરૂપ છો, તમને હું પ્રણામ કરૂં છું. ૨૮ તમે લીલા કરવાને ધરેલા અવતાર પ્રાણીઓનું કલ્યાણ કરનારા હોય છે, તો આ અવતાર તમે શા કારણથી ધર્યો છે, તે હું જાણવાને ઇચ્છું છું. ૨૯ હે કમળનયન! બીજા દેહાભિમાની પુરૂષોને શરણે જવું જેમ નિષ્ફળ થાય છે, તેમ સર્વના મિત્ર, પ્રિય અને આત્મારૂપ એવા આપના ચરણારવિંદનું શરણ નિષ્ફળ થતું નથી, કારણ કે આપે આ અદ્ભુત સ્વરૂપ દેખાડયું છે. ૩૦

શ્રી શુકદેવજી કહે છે—હે રાજા! એ પ્રમાણે સત્યવ્રત રાજાનું કહેવું સાંભળીને પ્રલયકાળના સમુદ્રના જળમાં વિહાર કરવાની ઇચ્છાવાળા, સાચા ભક્ત ઉપર પ્રેમ રાખનારા, અને રાજાનું ભલું કરવાને ઇચ્છતા ભ-

મત્સ્યાવતારધારી ભગવાન બોલ્યા કે—૩૧

શ્રી ભગવાન કહે છે—હે શત્રુને દમનારા રાજા ! આજથી સાતમા દિવસે સ્વર્ગ, પૃથ્વી વગેરે ત્રણેલોક પ્રલય સમુદ્રમાં ડૂબી જશે. ૩૨ જ્યારે પ્રલયકાળના જળમાં ત્રૈલોક્ય ડૂબવા માંડશે, ત્યારે મારૂં મોકલેલું એક મોટું વહાણ તારી પાસે આવશે. ૩૩ તે વખત તું સર્વ ઔષધીઓ અને નાનાં મોટાં સર્વ બીજ લઈને સપ્તર્ષિઓ તથા સર્વ જીવોની સાથે એ મોટા વહાણમાં બેશી, નિર્ભય થઇ ઋષિઓના તેજથી તે અંધકારમય પ્રલયસાગરમાં ફરજે. ૩૪-૩૫ જ્યારે ભારે વાવાઝોડાથી વાહાણ ડોલવા માંડે અને હું ફરતો ફરતો તારી પાસે આવું, ત્યારે વાસુકી નાગવડે તે વાહાણને તું મારા શીંગડા સાથે બાંધી દેજે. ૩૬ હે રાજા ! બ્રહ્માની રાત્રિ પૂરી થતા સુધી ઋષિઓ સહિત હું એ વાહાણને ખેંચતો સમુદ્રમાં ફર્યા કરીશ. ૩૭ મારો મહિમા 'પરબ્રહ્મ' નામથી પ્રસિદ્ધ છે, તેને વિષે તું અને પ્રશ્નો પૂછીશ, તેના હું તને ઉત્તર આપીશ, તેથી મારા અનુગ્રહથી તું પરબ્રહ્મને તારા હૃદયમાં જાણીશ. ૩૮

શ્રી શુકદેવજી કહે છે—આ પ્રમાણે આજ્ઞા કરીને ભગવાન અંતર્ધાન થઇ ગયા. પછી સત્યવ્રત રાજા ભગવાને કહેલા સમયની વાટ જોવા લાગ્યો. ૩૯ પછી એ રાજર્ષિ પૂર્વાભિમુખે દર્ભનું આસન બિછાવી તે ઉપર બેશી ભગવાનના ચરણનું ધ્યાન કરવા લાગ્યો ૪૦ સાતમે દિવસે મર્યાદા મૂકીને ચારે તરફથી પૃથ્વીને ડુબાવતો અને વરસતા મોટા મોટા મેઘોથી વધતો સમુદ્ર જોવામાં આવ્યો. ૪૧ તે વખતે ભગવાનની આજ્ઞાનું સ્મરણ કરતો સત્યવ્રતરાજા વાહાણ આવેલું જોઇને સર્વ ઔષધિઓ તથા લતાઓ વગેરેનાં બીજ લઈ સપ્તર્ષિઓની સાથે તે વાહાણમાં બેઠો. ૪૨ તે વખતે પ્રસન્ન થયેલા ઋષિઓએ તેને કહ્યું કે-હે રાજા ! કેશવ ભગવાનનું ધ્યાન કરો, તે ભગવાન આપણને આ સંકટમાંથી બચાવીને કલ્યાણ કરશે. ૪૩ પછી રાજાએ ભગવાનનું ધ્યાન કર્યું કે તુરત તે મહાસાગરમાં એક લાખ યોજનના મોટા શરીરવાળો એક શીંગડાવાળો સોનાનો મચ્છ પ્રગટ થયો. ૪૪ એટલે ભગવાને પ્રથમ કહ્યું હતું તે પ્રમાણે વાસુકી નાગરૂપી દોરડાથી વાહાણને મચ્છના શીંગડા સાથે બાંધી દીધું. પછી પ્રસન્ન થયેલો એ રાજા ભગવાનની સ્તુતિ કરવા લાગ્યો. ૪૫ *

સત્યવ્રત રાજા સ્તુતિ કરે છે—અનાદિકાળની અવિદ્યાથી આત્મજ્ઞાન નાશ પામેલા લોકો અજ્ઞાનથી ઉત્પન્ન થતા આ સંસારમાં જન્મમરણરૂપી મહા પરિશ્રમથી આતુર થઇ જાયછે, પરંતુ તેઓ જેના અનુગ્રહથી, જેના આશ્રયથી, જે મુક્તિને પામેછે, તે મુક્તિને આપનારા આપ અમારા પરમગુરૂ છો. ૪૬ પોતાનાં કર્મથી બંધાયેલા લોક સુખની ઈચ્છાથી મહાકષ્ટ વેઠીને કર્મો કરેછે, તે સુખની ઇચ્છારૂપ બુદ્ધિને મનુષ્ય જેની સેવાથી કાપી નાંખેછે, તે ભગવાન અમારા ગુરૂ થઇને અમારા હૃદયની દેહાભિમાનરૂપી ગાંઠને કાપી નાંખો. ૪૭ જેમ રૂપું અગ્નિમાં તપવાથી મેલનો ત્યાગ કરીને પોતાના અસલ સ્વરૂપને પામેછે, તેમ જે ભગવાનની સેવાથી મનુષ્ય પોતાના મનના મેલરૂપ અજ્ઞાનનો ત્યાગ કરીને સ્વસ્વરૂપને પામેછે, તે અવિનાશી ભગવાન અમારા પરમગુરૂ થાઓ. ૪૮ બીજા દેવતા, ગુરૂ અને લોક સર્વ એકઠા મળીને પણ જેમની કૃપાના દશહજારમા ભાગની કૃપા પણ કરી શકતા નથી, એવા આપ પરમેશ્વરને શરણે હું આવ્યો છું. ૪૯ મૂર્ખનો ગુરૂ મૂર્ખ થાય, એ તો જેમ આંધળાને દોરનારો આંધળો હોય તેના જેવું છે, માટે

* આ ઠેકાણે કહેલો પ્રલય થવો સંભવતો નથી, પ્રથમ લાંબી મુદત અનાવૃષ્ટિઓ થઇ અગ્નિથી સર્વ ભસ્મ થઇ જાય. પછી મોટા મેઘોની મૂશળધાર વૃષ્ટિઓ થઇને સર્વત્ર જળ જળ થઇ રહે છે. ત્યારે મહાપ્રલય કહેવાય છે. પરંતુ આ પ્રલય તો અકસ્માત આશ્ચર્ય તરીકે દેખાડેલો છે. જેમ ભગવાને વૈવસ્વત મન્વંતરમાં માર્કંડેયને પ્રલય દેખાડયો હતો. તેમ આ પ્રલય ભગવાને સત્યવ્રત રાજાને દેખાડયો છે.

અમારા પોતાના સ્વરૂપને જાણવાને ઇચ્છતા એવા અમે, સર્વ ઇંદ્રિયોના પ્રકાશક તથા સૂર્ય ચંદ્ર જેમનાં નેત્ર છે, એવા આપનેજ ગુરૂ કરીએ છીએ. ૫૦ જેઓ સદ્‌ગુરૂનો ત્યાગ કરીને મૂર્ખ ગુરૂને સેવેછે, તે અનર્થને પામે છે; કારણ કે મનુષ્ય તો મનુષ્યને વિષયાદિકનો ઉપદેશ આપેછે, જેથી તે મહા અંધકારમય નરકમાં પડેછે; પરંતુ આપ તો અવિનાશી અને ફળિભૂત થાય એવા જ્ઞાનના આપનારા છો, જેથી મનુષ્ય અનાયાસે પોતાના સ્વરૂપને પામેછે. ૫૧ આપ સર્વ લોકોના મિત્ર, પ્રિય તથા ઇશ્વર છો, આત્મા, ગુરૂ, જ્ઞાન તથા ઇષ્ટ સિદ્ધિરૂપ છો, વળી તમે પ્રાણીમાત્રના અંતઃકરણમાં વાસ કરનારા છો, તોપણ અંધબુદ્ધિવાળા અને તૃષ્ણાથી બંધાયેલા લોક આપને જાણતા નથી. ૫૨ હું જ્ઞાનને માટે સર્વ દેવોમાં શ્રેષ્ઠ, ઉદાર અને ઇશ્વર એવા આપને શરણે આવ્યો છું. માટે હે ભગવાન! પરમાર્થનો પ્રકાશ કરનારાં આપનાં વચનોથી મારા હૃદયની ગાંઠોને કાપીને પોતાના સ્વરૂપનો પ્રકાશ કરો. ૫૩

શ્રી શુકદેવજી કહે છે—એ પ્રમાણે સ્તુતિ કરતા સત્યવ્રત રાજાને આદિપુરૂષ મત્સ્યમૂર્તિ ભગવાને મહાસાગરમાં ફરતાં ફરતાં તત્વજ્ઞાનનો ઉપદેશ કર્યો. ૫૪ જેમાં સાંખ્ય, યોગ તથા કર્મકાંડની કથા છે તથા જેમાં પોતાનું સર્વ રહસ્ય રહેલું છે, એવું દિવ્ય મત્સ્યપુરાણ ભગવાને સત્યવ્રત રાજાને કહ્યું,તેમજ વહાણમાં બેઠેલા સત્યવ્રત રાજાએ સપ્તર્ષિઓ સાથે ભગવાને કહેલું સનાતન બ્રહ્મતત્વ અને આત્મતત્વ નિઃસંદેહપણે સાંભળ્યું. ૫૬ એ મત્સ્યાવતાર ધરી ભગવાને ગયા પ્રલયના અંતે વેદોનું હરણ કરનારા હયગ્રીવ દૈત્યને મારી વેદો પાછા લાવીને જાગ્રત થયેલા બ્રહ્માને આપ્યા હતા. ૫૭ એ જ્ઞાન તથા વિજ્ઞાનવાળો રાજા ભગવાનની કૃપાથી આ કલ્પમાં વૈવસ્વત નામનો મનુ થયો છે. ૫૮ માયાથી મત્સ્યરૂપ બનેલા ભગવાન તથા રાજર્ષિ સત્યવ્રત રાજાના સંવાદરૂપ આ મોટા આખ્યાનને જે મનુષ્ય સાંભળેછે, તે પાપથી મુક્ત થઇ જાયછે. ૫૯ જે મનુષ્ય આ મત્સ્યાવતારનું નિત્ય કીર્તન કરે છે, તેના સર્વ મનોરથ સિદ્ધ થઇ પરમગતિને પામેછે. ૬૦ જેમણે પ્રલયના સમુદ્રમાં હયગ્રીવ દૈત્યને મારીને, સૂતેલા બ્રહ્મા પાસેથી હરી લીધેલા વેદ પાછા લાવીને બ્રહ્માને આપ્યા, તથા જેમણે સત્યવ્રતને તથા સપ્તર્ષિઓને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કર્યો હતો, તે સર્વના કારણરૂપ તથા માયાથી મત્સ્યનું સ્વરૂપ ધારણ કરનારા ભગવાનને હું પ્રણામ કરૂંછું. ૬૧

प्रलय पयसि धातुः सुप्तशक्तेर्मुखेभ्यः ।
श्रुतिगणमपनीतं प्रत्युपादत्त हत्वा ॥
दितिजमकथयद्यो ब्रह्म सत्यव्रतानां ।
तमहमखिलहेतुं जिह्ममीनं नतोऽस्मि ॥

ઇતિ શ્રી ભાગવત મહાપુરાણના અષ્ટમ સ્કંધમાં "મત્સ્યાવતાર ચરિત્ર વર્ણન" નામનો ૨૪ મો અધ્યાય સંપૂર્ણ.


इति श्री भागवतपुराणनो
अष्टमस्कंध समाप्त.

ભજન.

અબ તુમ કબ સમરોગે રામ અબ તુમ૦ ટેક.
ગર્ભ કુલીમેં જપ તપ કીને, નીકલ હુવા બેઇમાન. અબ૦
બાલપનો હુસ ખેલ ગુમાયો, તરૂન-પનકે કામ. અબ૦
હાથ પાંવ જબ કાંપન લાગે, નિકલ ગયો અવસાન. અબ૦
જુઠી કાયા જુઠી માયા, આખર મોત નિદાન. અબ૦
કહત કબીરા સુનો ભાઈ સાધુ, જીવડા હો દીનકા મીજબાન. અબ૦

ભજન.

ખલક સબ રેનકા સપના, સમજ મન કોઇ નહી અપના. ટેક.
કઠીન હે લોભકી ધારા, બહે સબ જાત સંસારા. ખલક૦
ઘડા જ્યું નીરકા ફૂટ્યા, પતા જ્યું ડારસું તૂટા. ખલક૦
એસી નર જાન જીંદગાની, સમજ મન ચેત અભિમાની. ખલક૦
ભૂલ્યો મત દેખ તન ગોરા, જગતમેં જીવના થોરા. ખલક૦
તજો મદ લોભ ચતુરાઇ, રહો નીઃશંક જગ માંઇ. ખલક૦
કુટુંબ પરીવાર સુત દારા, ઉસી દીન હોયગા ન્યારા. ખલક૦
નિઃશંક જબ પ્રાન જાવેગા, કોઈ નહીં કામ આવેગા. ખલક૦
સદા મત જાનો એ દેહા, લગાવો રામસેં નેહા. ખલક૦
કટેગી જન્મકી ફાંસી, કહે કબીર અવિનાશી. ખલક૦


अश्विनीकुमार
च्यवन
अंबरीष·
दुर्वासा
कृत्या.
कपिल
सीता
ययाति

श्रीमद्

भागवत भाषांतर.

नवम स्कंध.

અધ્યાય ૧ લો.

વૈવસ્વત મનુના પુત્રના વંશમાં ચંદ્ર વંશ તથા સુદ્યુમન રાજા સ્ત્રી થઈ ગયો તેની કથા.

राजोवाच.

मन्वंतराणि सर्वाणि त्वयोक्तानि श्रुतानिमे ।
वीर्याण्यनंत वीर्यस्य हरेस्तत्र कृतानिच ॥

પરીક્ષિત રાજા કહે છે—હે શુકદેવજી! આપે સર્વ મન્વંતરો તથા તેમાં અપાર પરાક્રમવાળા ભગવાને કરેલાં પરાક્રમ કહ્યાં, તે મેં સાંભળ્યાં. ૧ તથા દ્રવિડ દેશનો રાજા સત્યવ્રત કે જેને ગયા કલ્પને અંતે ભગવાનની સેવાથી જ્ઞાન પ્રાપ્ત થયું હતું. ૨ તે સૂર્યનો પુત્ર શ્રાદ્ધદેવ (વૈવસ્વત) નામનો મનુ થયો, અને તેને ઇક્ષ્વાકુ રાજા વગેરે પુત્ર થયા તે તમારી પાસેથી સાંભળ્યું. ૩ માટે હે મહારાજ ! હે મહા ભાગ્યવાન ! ઇક્ષ્વાકુ વગેરે રાજાઓના જુદા જુદા વંશમાં ઉત્પન્ન થયેલા રાજાઓનાં ચરિત્ર કહો, કારણ કે તે સાંભળવાને અમે ઇચ્છીએ છીએ. ૪ એ વંશમાં જે પવિત્ર કીર્તિવાળા રાજાઓ થયા છે, તથા જે હવે થશે, અને હમણાં છે, તે સર્વેનાં પરાક્રમ મને કહો. ૫

સૂતજી કહેછે—હે સૌનકાદિક ઋષિઓ ! આ પ્રમાણે બ્રહ્મવાદીઓની સભામાં પરીક્ષિત રાજાએ પ્રશ્ન કર્યો, એટલે ઉત્તમ ધર્મવેત્તા શુકદેવજી બોલ્યા કે—૬

શ્રી શુકદેવજી કહે છે—હે મહારાજ ! વૈવસ્વત મનુના વંશની મુખ્ય મુખ્ય વાતો કહું છું તે સાંભળો; કારણ કે વિસ્તારપૂર્વક કહેવા બેસીએ તો સેંકડો વર્ષે પણ કહી શકાય તેમ નથી. ૭ કલ્પના અંતભાગમાં આ જગત ઇશ્વરરૂપજ હતું, કે જે પરમપુરૂષ નાનાં મોટાં સર્વ પ્રાણીઓના આત્મારૂપ છે, તેમના વિના બીજું કાંઇ પણ નહતું. ૮ તેમની નાભિમાંથી સુવર્ણનો મોટો કમળકોશ ઉત્પન્ન થયો, અને તેમાં ચાર મુખવાળા બ્રહ્મા ઉત્પન્ન થયા. ૯ બ્રહ્માના મનમાંથી મરીચિ ઉત્પન્ન થયા, મરીચિના કશ્યપ થયા અને કશ્યપની સ્ત્રી અદિતિ (દક્ષની પુત્રી) થી સૂર્ય ઉત્પન્ન થયા. ૧૦ સૂર્યની સંજ્ઞા નામની સ્ત્રીથી શ્રાદ્ધદેવ નામના મનુ થયા, એ મનુની શ્રદ્ધા નામની સ્ત્રીને દશ પુત્ર થયા. ૧૧ ઇક્ષ્વાકુ, નૃગ, શર્યાતિ, દિષ્ટ, ધૃષ્ટ, કરૂષક, નરિષ્યંત, પૃષધ્ર, નભગ અને કવિ એ દશ પુત્ર થયા. ૧૨ એ મનુને પ્રથમ તો કાંઇ સંતાન થયું નહી, તેથી સંતાન માટે વસિષ્ઠ મુનિએ મિત્રાવરૂણની ઇષ્ટિ (યજ્ઞ) કરી હતી. ૧૩ તે વેળા મનુની સ્ત્રી શ્રદ્ધા કે જેણે નિયમથી પયોવ્રત કર્યું હતું, તેણે હોતાની પાસે આવીને પ્રણામ કરીને કહ્યું કે—મને પુત્રી થાય તેમ કરજો. ૧૪ પછી અધ્વર્યુની પ્રેરણાથી હોતાએ હવિષ્ય લઇ હોમ કરવા માંડયો, તે વખતે શ્રદ્ધાનું કહેલું ધ્યાનમાં રાખીને વષટ્કારનો ઉચ્ચાર કરીને હોમવાના કામમાં ફેરફાર કર્યો. ૧૫ આ પ્રમાણે હોતાએ ફેરફાર કર્યાથી મનુને ઇલા નામની કન્યા થઇ, તેને જોઈ મનમાં ખેદ પામીને મનુએ વસિષ્ઠને કહ્યું કે—૧૬ હે મહારાજ ! આ શું થયું ? તમારા જેવા બ્રહ્મવેત્તાની ક્રિયામાં આમ ફેરફાર થાય, એ ઘણું શોકકારક છે. મંત્રોમાં

આવો ફેરફાર થવો ન જોઇએ. ૧૭ આપ મંત્ર જાણનારા, તપથી નિષ્પાપ થયેલા અને સાવધાન છો, વળી દેવતાઓમાં જેમ અસત્ય સંભવે નહી, તેમ તમારા સંકલ્પમાં ફેરફાર સંભવે નહી, તેમ છતાં કેમ થયો ? ૧૮ એવું મનુનું કહેવું સાંભળી હોતાને અપરાધી જાણીને વસિષ્ઠ સૂર્યના પુત્ર મનુને કહ્યું કે—૧૯ તમારા હોતાના દોષથી આ સંકલ્પમાં ફેરફાર થયોછે, તોપણ મારા પ્રભાવથી હું તમને પુત્ર આપીશ. ૨૦ હે રાજા! એ પ્રમાણે નિશ્ચય કરીને ઇલા નામની કન્યાને પુત્ર બનાવવાની ઇચ્છાથી મહા યશસ્વી વસિષ્ઠ મુનિએ ભગવાનની સ્તુતિ કરી. ૨૧ એ સ્તુતિથી શ્રી હરિએ પ્રસન્ન થઇને તેમને મનવાંચ્છિત વરદાન આપ્યું, તેથી ઇલા નામની કન્યા મટીને સુદ્યુમ્ન નામનો ઉત્તમ પુત્ર થયો. ૨૨ હે મહારાજા! એ સુદ્યુમ્ન એક દહાડો કેટલાએક કારભારીઓને સાથે લઇ, સિંધુ દેશના ઘોડા ઉપર બેશી, સુંદર ધનુષ્ય તથા અદ્ભુત બાણ લઇ, બખ્તર પેહેરીને મૃગયા માટે વનમાં ગયો. ત્યાં મૃગની પાછળ દોડતાં દોડતાં ઉત્તર દિશામાં ચાલ્યો ગયો. ૨૩-૨૪ એ કુમાર મેરૂ પર્વતની નીચેના એક વનમાં પેઠો. ત્યાં ભગવાન સદાશિવ પાર્વતીની સાથે વિહાર કરતા હતા. ૨૫ હે રાજા ! શત્રુઓનો નાશ કરનારા સુદ્યુમ્ને તે વનમાં પેસતાં જ પોતાને સ્ત્રીના સ્વરૂપમાં અને ઘોડાને ઘોડીના સ્વરૂપમાં જોયો. ૨૬ એજ પ્રમાણે તેની સાથેના સર્વ અનુચરો પણ પોતાના શરીરનાં ચિહ્નોમાં ફેરફાર જોઇને ઉદાસ થયા, અને એકબીજાના મોં સામે જોવા લાગ્યા. ૨૭

પરીક્ષિત રાજા પૂછેછે—હે ભગવાન્! એ પ્રદેશમાં એવો ગુણ શાથી હતો ? અને કોણે કર્યો હતો ? એ વિષે મને મોટું અચરજ લાગેછે, માટે મારા પ્રશ્નનો ઉત્તર આપો. ૨૮

શ્રી શુકદેવજી કહે છે—એક દિવસ પોતાની કાન્તિથી દિશાઓમાં પ્રકાશ કરતા સદાચારવાળા મુનિઓ એ વનમાં શંકરનાં દર્શન કરવાને ગયા હતા. ૨૯ તેમને જોઇ નવસ્ત્રાં પાર્વતીએ લજ્જીત થઇ શંકરના ખોળામાંથી ઉઠીને તુરત વસ્ત્ર પેહેરી લીધાં. ૩૦ ઋષિઓ પણ શંકર પાર્વતીનો રમણ કરવાનો પ્રસંગ જોઇ ત્યાંથી પાછા ફરીને નરનારાયણના આશ્રમમાં ગયા. ૩૧ એ સમયે પાર્વતીને પ્રસન્ન કરવા માટે શંકરે કહ્યું કે-જે પુરૂષ આ સ્થાનમાં આવશે તે સ્ત્રી થઇ જશે. ૩૨ એ દિવસથી પુરૂષોએ એ વનમાં જવાનું છોડી દીધું છે. હવે પેલો રાજકુંવર સ્ત્રી થઇ જવાથી તે પોતાની અનુચરીઓ સાથે એક વનથી બીજા વનમાં અને બીજામાંથી ત્રીજા વનમાં એ પ્રમાણે વિચરવા લાગ્યો. ૩૩ એ રીતે તે બુધના આશ્રમ પાસે જઇ પોહોચતાં સ્ત્રીઓથી વીંટાયેલી એ ઉત્તમ સ્ત્રીને ફરતી જોઇને ભગવાન બુધ તેના ઉપર આસક્ત થયા. ૩૪ અને એ સુંદર ભ્રકુટિવાળી ઇલાએ પણ ચદ્રમાના પુત્ર બુધને પતિ કરવાની ઇચ્છા કરી તે પછી બુધને તેનાથી પુરૂરવા નામનો પુત્ર થયો. ૩૫ એ પ્રમાણે સ્ત્રીપણાને પામેલા મનુના પુત્ર સુદ્યુમ્ને કેટલાક દિવસ પછી પોતાના કુળના આચાર્ય વસિષ્ઠને સંભાર્યા હતા, એમ સાંભળ્યું છે. ૩૬ સુદ્યુમ્નની એવી દશા જોઇ દયાથી ખેદ પામતા વસિષ્ઠ મુનિએ સુદ્યુમ્નને પાછો પુરૂષ બનાવવા માટે શંકરની સ્તુતિ કરી. ૩૭ હે રાજા ! તેથી શંકરે પ્રસન્ન થઇ વસિષ્ઠને પ્રસન્ન કરવા તથા પોતાનું વચન સાચું કરવા માટે કહ્યું કે—૩૮ આ તમારો વંશ સુદ્યુમ્ન એક મહિના સુધી સ્ત્રી અને એકમહિનો સુધી પુરૂષ રહેશે. આવી વ્યવસ્થાથી એ ભલે પૃથ્વીનું પાલન કરે. ૩૯ એ પ્રમાણે વસિષ્ઠના અનુગ્રહથી સુદ્યુમ્ન પુરૂષપણું મેળવીને વ્યવસ્થા પ્રમાણે પૃથ્વીનું રાજ્ય કરવા લાગ્યો; પણ એકાંતરે મહિને તેને સ્ત્રી થઇને ગુપ્ત રહેવું પડતું હતું, તેથી પ્રજાએ તેને રાજા તરીકે માન્ય કર્યો નહી. ૪૦ હે રાજા ! તે સુદ્યુમ્નને ઉત્કલ, ગય તથા વિમળ એ નામના ત્રણ પુત્ર થયા, એ ત્રણે ધર્મ ઉપર પ્રીતિ રાખનારા દક્ષિણ દેશના રાજા થયા. ૪૧ ત્યારપછી કેટલોક કાળ વીતી ગયા પછી પ્રતિ-

ષ્ઠાનપુરનો રાજા સુદ્યુમ્ન પોતાના પુત્ર પુરૂરવાને રાજ્ય આપીને વનમાં ગયો. ૪૨

ततः परिणते काले प्रतिष्ठानपतिः प्रभुः ।
पुरूरवस उत्सृज्य गां पुत्राय गतोवनम् ॥

ઇતિ શ્રી ભાગવત મહાપુરાણના નવમ સ્કંધમાં 'ઇલોપાખ્યાન' નામનો ૧ લો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૨ જો.

વૈવસ્વત મનુના પુત્રોનો વંશ.

શ્રી શુકઉવાચ.

एवं ,.तेऽथ सुद्युम्ने मनुर्वैवस्वतः सुते ॥
पुत्र कामस्तपस्तेपे यमुनायां शतं समाः ॥

શ્રી શુકદેવજી કહે છે—આ પ્રમાણે પોતાનો પુત્ર સુદ્યુમ્ન વનમાં ચાલ્યો ગયો, તેથી વૈવસ્વત મનુએ બીજા પુત્રની ઇચ્છાથી યમુના કિનારે સો વર્ષ સુધી તપ કર્યું. ૧ તેણે પુત્રની કામનાથી શ્રી હરિનું યજન કર્યું તેથી તેને પોતાના જેવાજ ઇક્ષ્વાકુ વગેરે દશ પુત્ર થયા. ૨ મનુનો પુત્ર પૃષધ્ર કે જેને વસિષ્ઠ ગુરૂએ ગાયોનું રક્ષણ કરવાના કામ ઉપર નીમ્યો હતો, તે રાત્રે વીરાસનથી બેશી સાવધાનપણાથી ગાયોની રક્ષા કરતો હતો. ૩ એક દિવસ રાતે વરસાદ વરસતો હતો, તે વખતે એક વાઘ ગાયોના વાડામાં આવ્યો, તેથી નિદ્રાવશ થયેલી ગાયો ભય પામી ઉઠીને વાડામાં આડી અવળી દોડવા લાગી. ૪ તેમાંની એક ગાયને એ બળવાન વાઘે પકડી લીધી. તેથી તે બરાડવા લાગી. એ સાંભળીને પૃષધ્ર હાથમાં તરવાર લઇને ત્યાં જઇ પોહોચ્યો. ૫ અને વેગથી તરવાર તાણીને રાતે તારાનું પણ અજવાળું ન હતું એવા ઘોર અંધારામાં અજાણતાં તેણે વાઘ સમજીને એક કપિલા ગાયનું માથું કાપી નાંખ્યું. ૬ તરવારની અણીથી વાઘનો કાન કપાઇ ગયો, તેથી ભયભીત થઇ માર્ગમાં લોહીનાં ટીપાં પાડતો નાશી ગયો. ૭ શત્રુનો નાશ કરનારો પૃષધ્ર "મેં વાઘને માર્યો છે" એમ માનવા લાગ્યો, પણ પ્રભાતમાં જુએ છે તો ત્યાં પોતાને હાથે ગાયનો વધ થયેલો દીઠો. તેથી ઘણો ખેદ કરવા લાગ્યો. ૮ અજાણતાં અપરાધ કરનારા એ પૃષધ્રને કુળગુરૂ વસિષ્ઠે શાપ આપ્યો કે—"આ પાપી કર્મથી તું ક્ષાત્રય ન રહેતાં શુદ્ર થઇ જઇશ." ૯ આ પ્રમાણે ગુરૂએ શાપ આપ્યો, તે તેણે બે હાથ જોડીને માથે ચઢાવ્યો. ત્યાર પછી એ વીર પુરૂષ બ્રહ્મચર્ય પાળીને મુનિઓને પ્રિય એવું વ્રત પાળવા લાગ્યો. ૧૦ સર્વના આત્મા, માયાથી પર અને નિર્મળ ભગવાન વાસુદેવની ભક્તિ કરતાં એકાગ્ર ચિત્તે રહેવા લાગ્યો અને પ્રાણી માત્ર સાથે મિત્રતા તથા સમદ્દષ્ટિ રાખવા લાગ્યો. ૧૧ જીતેંદ્રિય થઇ, મનને શાંત કરી, અસંગપણાથી પરિગ્રહનો ત્યાગ કર્યો, અને દૈવ ઇચ્છાથી જે મળતું, તે વડે પોતાનો નિર્વાહ કરવા લાગ્યો. ૧૨ જ્ઞાની બનેલો એ પૃષધ્ર જીવાત્માને પરમાત્માના સ્વરૂપમાં ધારણ કરીને સમાધિમાં રહેવા લાગ્યો, અને જ્ઞાનથી તૃપ્ત રહીને જડ, અંધ તથા બેહેરાના જેવા વેશથી પૃથ્વીપર ફરવા લાગ્યો. ૧૩ એવી વૃત્તિથી વર્તતો એ પૃષધ્ર વનમાં ગયો, અને ત્યાં બળતા દાવાનળમાં પોતાનું શરીર ઝંપલાવી દઇને પરબ્રહ્મને પામી ગયો. ૧૪ મનુના પુત્રોમાં સર્વથી નાનો કવિ હતો, તે બાળપણથીજ પરબ્રહ્મને જાણતો હતો, તેથી તે પણ નિસ્પૃહપણે રાજ્ય છોડી દઇ પોતાના ભાઇઓની સાથે વનમાં ગયો, અને ત્યાં મનમાં પરમાત્માનું ધ્યાન કરતો થકો સ્વયંપ્રકાશ પરબ્રહ્મને પામ્યો. ૧૫ મનુના પુત્ર કરૂષના વંશમાં કારૂષ નામના ક્ષત્રિયો થયા હતા તે સર્વે બ્રાહ્મણને માન આપનારા તથા ધર્મ ઉપર પ્રેમવાળા હતા. તેઓ ઉત્તર દિશામાં રાજ કરતા હતા. ૧૬ મનુના પુત્ર ધૃષ્ટથી ધાર્ષ્ટ નામના ક્ષત્રિયો થયા. તેમાંના કેટલાક તો પૃથ્વી ઉપર બ્રાહ્મણો થયા હતા મનુના પુત્ર નૃગને સુમતિ નામે પુત્ર થયો, તેને ભૂતજ્યોતિ, તેને વસુ, ૧૭ વસુને પ્રતીક, તેને ઓઘવાન, અને એ ઓઘવાનને ઓઘવાન

નામનો પુત્ર તથા ઓઘવતી નામની પુત્રી થઇ હતી, એ કન્યાને સુદર્શન સાથે પરણાવી હતી. ૧૮ મનુના પુત્ર નિરષ્યંતને ચિત્રસેન નામનો પુત્ર થયો હતો, તેને દક્ષ, દક્ષને મીઢવાન, તેને કૂર્ચ, અને કૂર્ચને ઇંદ્રસેન નામનો પુત્ર થયો હતો. ૧૯ ઇંદ્રસેનને વીતિહોત્ર, તેને સત્યશ્રવા, તેને ઉરૂશ્રવા અને તેને દેવદત્ત નામનો પુત્ર થયો હતો. ૨૦ એ દેવદત્તને ત્યાં અગ્નિનો અવતાર થયો, તેનું નામ અગ્નિવેશ્ય હતું. તે કન્યાથી જન્મ્યો હતો, તેથી તેને કાનીન પણ કહે છે, અને જાતુકર્ણ્ય નામથી જે મોટા ઋષિ પ્રસિદ્ધ છે તે પણ અગ્નિવેશ્યનુંજ નામ છે. ૨૧ હે રાજા! તેનાથી અગ્નિવેશ્યાયન નામનું બ્રાહ્મણનું કુળ થયું. આ રીતે નરિષ્યંતનો વંશ વર્ણવ્યો, હવે દિષ્ટનો વંશ કહું છું. ૨૨ મનુના પુત્ર દિષ્ટને નાભાગ નામનો પુત્ર થયો, તે પોતાનાં કર્મને લીધે વૈશ્ય થઇ ગયો હતો, નાભાગને ભલંદન, તેને વત્સપ્રીતિ, તેને પ્રાંશુ, તેને પ્રમતિ, તેને ખનિત્ર, તેને ચાક્ષુષ અને ચાક્ષુષને વિવિંશતિ નામનો પુત્ર થયો. ૨૩ ૨૪ વિવિંશતિને રંભ, રંભને ધર્મનિષ્ઠ ખનિનેત્ર, અને તેને કરંધમ નામનો પુત્ર થયો હતો, તે રાજા હતો. ૨૫ કરંધમને આવિક્ષિત અને તેને મરૂત નામે ચક્રવર્તિ પુત્ર થયો, તેને મહાયોગી અંગિરા નામનો પુત્ર થયો એ અંગિરાના પુત્ર સંવર્તે યજ્ઞ કરાવ્યો હતો. ૨૬ એ મરૂત રાજાના જેવો યજ્ઞ બીજા કોઇનો થયો નથી. તેના યજ્ઞમાં સર્વ પાત્રો સોનાનાં હતાં. તે સઘળાં સુશોભિત હતાં. ૨૭ તેના યજ્ઞમાં સોમપાનથી ઇંદ્ર પ્રસન્ન થયો હતો, અને દક્ષિણાથી બ્રાહ્મણ પ્રસન્ન થયા હતા. પીરસનારા પવન હતા અને વિશ્વદેવતા સભાસદ હતા. ૨૮ મરૂતને દમ નામનો પુત્ર થયો, તેને રાજ્યવર્ધન, તેને સુધૃતિ અને સુધૃતિને નર નામનો પુત્ર થયો હતો. ૨૯ નરને કેવલ, તેને વેગવાન, તેને બંધુ અને તેને રાજા તૃણબિંદુ નામનો પુત્ર થયો હતો. ૩૦ એ ગુણોના ધામરૂપ તૃણબિંદુને અલંબુષા નામની ઉત્તમ અપ્સરા પરણી હતી, તેનાથી તેને પુત્રો તથા ઇડવિડા નામની પુત્રી ઉત્પન્ન થઇ હતી. ૩૧ એ ઇડવિડાને વિશ્રવા પરણ્યો હતો, તેનાથી કુબેર નામનો પુત્ર થયો હતો. પોતાના પિતા મહા યોગેશ્વર પુલસ્ત્ય ઋષિ પાસેથી વિશ્રવા ઉત્તમ વિદ્યા શીખ્યો હતો. ૩૨ તૃણબિંદુને વિશાલ, શુન્યબંધુ તથા ધુમ્રકેતુ નામના ત્રણ પુત્રો અલંબુષા અપ્સરાથી થયા હતા. વંશને વધારનારા વિશાલ રાજાએ વૈશાલી નામની નગરી વસાવી હતી. ૩૩ વિશાલને હેમચંદ્ર, તેને ધુમ્રાક્ષ, તેને સંયમ અને સંયમને કૃશાશ્વ તથા સહદેવજ નામના બે પુત્રો થયો હતો. ૩૪ કૃશાશ્વને સોમદત્ત નામનો પુત્ર થયો હતો, તે અશ્વમેધ યજ્ઞોથી ભગવાનનું યજન કરી યોગેશ્વરોના આશ્રયથી મોક્ષગતિ પામ્યો હતો. ૩૫ સોમદત્તને સુમતિ અને સુમતિને જન્મેજય નામનો પુત્ર થયો હતો. આ સર્વ રાજાઓ વિશાલના વંશના અને તૃણબિંદુના યશને જાળવી રાખનારા હતા. ૩૬

सोमदत्तिस्तु सुमति स्तत्सुतो जनमेजयः ॥
एते वैशाल भूपाला स्तृणबिंदोर्यशोधराः ॥

ઇતિ શ્રી ભાગવત મહાપુરાણના નવમ સ્કંધમાં "વૈવસ્વત મનુના વંશનું વર્ણન" નામનો બીજો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૩ જો.

મનુપુત્ર શર્યાતિના વંશમાં થયેલી સુકન્યાનું તથા રૈવતનું આખ્યાન.

શ્રી શુકઉવાચ.

शर्यातिर्मानवोराजा ब्रह्मिष्ठः स बभूवह ।
योवा अंगिरसां सत्रे द्वितियमह ऊचिवान् ॥

શ્રી શુકદેવજી કહે છે—હે પરીક્ષિત રાજા! મનુનો પુત્ર શર્યાતિ રાજા બ્રહ્મનિષ્ઠ હતો, તેણે અંગિરસકુળના બ્રાહ્મણોના યજ્ઞમાં બીજે દિવસે કરવાનું કર્મ કહ્યું હતું. ૧ તેને કમળ સરખાં નેત્રવાળી સુકન્યા નામની કન્યા થઇ. એકવાર એ કન્યાને સાથે લઇને

શર્યાતિ રાજા વનમાં ફરવા ગયો હતો. ત્યાં તે ચ્યવન ઋષિના આશ્રમમાં જઇ ચઢયો. ૨ ત્યાં સખીઓથી વીંટાએલી તે સુકન્યા વૃક્ષોને શોધતી વનમાં ફરતી હતી, એટલામાં તેણે એક રાફડાનાં છિદ્રમાં પતંગિયા જેવા બે ચળકતા પદાર્થ જોયા. ૩ એ જોઇને તેઓને પેલી બાળક સુકન્યાએ દૈવની પ્રેરણાથી કાંટાવડે વીંધી નાંખ્યા, તેથી તેમાંથી ઘણું લોહી વેહેવા લાગ્યું. ૪ એ સમયે સેનાનાં સઘળાં માણસોનો ઝાડો પીશાબ બંધ થઈ ગયાં. એવું જોઇ વિસ્મય પામીને રાજાએ પોતાનાં માણસોને પૂછયું કે-૫ તમોએ કાંઇ ચ્યવન ઋષિનો અપરાધ તો નથી કર્યો ? મને લાગે છે કે આપણામાંથી કોઇએ તેમના આશ્રમમાં બિગાડ કર્યો છે. ૬ એ સાંભળીને સુકન્યાએ ડરીને કહ્યું કે-“ હે પિતાજી ! મે અપરાધ કર્યો છે, મેં અજાણતાં કાંટાવડે રાફડામાંના બે તેજસ્વી પદાર્થોને વીંધી નાંખ્યા છે.” ૭ એવાં સુકન્યાનાં વચન સાંભળીને શર્યાતિ રાજા ભય પામ્યો. પછી રાફડામાં બેઠેલા ચ્યવન ઋષિની પાસે ધીરે ધીરે જઇને પ્રસન્ન કર્યા. ૮ પછી મુનિનો અભિપ્રાય સમજીને પોતાની પુત્રીને ચ્યવન ઋષિ સાથે પરણાવી. પછી કષ્ટમાંથી છૂટેલો રાજા સાવધ થઇ મુનિના આજ્ઞા લઇને પોતાના નગરમાં આવ્યો. ૯ અત્યંત ક્રોધી ચ્યવન ઋષિને પરણેલી અને પતિના અભિપ્રાયને જાણનારી સુકન્યાએ સાવધાનીથી અનુકૂળ રહીને તેમને પ્રસન્ન કર્યા. ૧૦ પછી કેટલોક કાળ વીતી ગયા પછી અશ્વિનીકુમારો તેના આશ્રમમાં આવ્યા. તેમની પૂજા કરીને ચ્યવન ઋષિએ કહ્યું કે—“ હે ઉત્તમ વૈદ્યો ! તમે મને જુવાન બનાવો. ૧૧ મારી અવસ્થા તથા રૂપ સ્ત્રીઓને ગમે એવાં કરી આપશો તો તમને યજ્ઞમાં સોમનો ભાગ મળતો નથી, તે ચાલુ કરાવીશ.” ૧૨ એ વાત ઉત્તમ વૈદ્ય અશ્વિનીકુમારોએ કબુલ કરી, સત્કાર કરીને ચ્યવન ઋષિને કહ્યું કે—“ તમે આ સિદ્ધલોકોએ બંધાવેલા ધરામાં ડુબકી મારો ” ૧૩ આ પ્રમાણે કહીને, જેનું શરીર વૃદ્ધાવસ્થાથી સુકાઇ ગયું હતું. એકલી નસોજ દેખાતી હતી, અને ચામડીમાં કરચલી પડી જવાથા તથા પળીયાં આવવાથી અપ્રિય લાગતું હતું એવા ચ્યવન ઋષિને ધરામાં પેસાડયા અને પોતે પણ પેઠા. ૧૪ થોડીવારમાં એ ધરામાંથી ત્રણ પુરૂષ નીકળ્યા. તેઓ અતિ સુંદર, સ્ત્રીઓને પ્રિય લાગે એવા, કમળોની માળાવાળા, કુંડળ પેહેરેલા, સારાં વસ્ત્રો ધારણ કરેલા, અને સરખાં રૂપવાળા હતા. ૧૫ એ સૂર્ય સરખા તેજસ્વી પુરૂષો એક સરખાં રૂપવાળા હોવાથી સુકન્યાએ પોતાના પતિને ઓળખ્યો નહી, તેથી તેણે અશ્વિનીકુમારોની પ્રાર્થના કરી. ૧૬ તેનું પતિવ્રતપણું જોઇને પ્રસન્ન થયેલા અશ્વિનીકુમારો તેનો પતિ દેખાડી મુનિની આજ્ઞા લઇ વિમાનમાં બેસીને સ્વર્ગમાં ચાલ્યા ગયા. ૧૭ ત્યાર પછી એક દિવસ શર્યાતિરાજા યજ્ઞ કરવાની ઇચ્છાથી ચ્યવન મુનિના આશ્રમમાં ગયો, ત્યાં તેણે પોતાની પુત્રીની પાસે એક સૂર્યના જેવો તેજસ્વી પુરૂષ બેઠેલો દીઠો. ૧૮ સુકન્યાએ પિતાને જોઇને પ્રણામ કર્યા, તોપણ રાજાએ તેને આશીર્વાદ નહી દેતાં કચવાઇને કહ્યું કે—૧૯ “ અરે ! આ તેં શું કર્યું ? સર્વ લોકો જેને નમસ્કાર કરેછે, એવા ચ્યવન ઋષિ સાથે તેં છળ કર્યું? હે દુષ્ટા ! બહુ વૃદ્ધ અને અપ્રિય લાગે એવા પતિનો ત્યાગ કરીને તું આ કોઇ વટેમાર્ગુની સેવા કરેછે !! ૨૦ હે ઉત્તમ કુળની કન્યા ! તું ઉત્તમ કુળમાં જન્મેલી છતાં તારી આવી વિપરીત બુદ્ધિ શાથી થઈ ગઇ છે? તું નિર્લજ્જ થઈને જાર પુરૂષની સાથે બેઠી છે, એ બે કુળને કલંક લગાડયું છે, અને તેં પતિના તથા પિતાના કુળને નરકમાં નાંખ્યાં છે.” ૨૧ આ પ્રમાણે કહેતા પોતાના પિતાને સુકન્યાએ હસીને કહ્યું કે—“ હે પિતા ! આ તમારા જમાઈ ચ્યવનમુનિ જ છે.” ૨૨ પછી જે પ્રમાણે મુનિને રૂપ તથા અવસ્થા મળ્યાં હતાં, તે સર્વ હકીકત કહી સંભળાવી. એ સાંભળી રાજા આશ્ચર્ય પામી ઘણો પ્રસન્ન થઇને પુત્રીને મળ્યો ૨૩ પછી ચ્યવન મુનિએ રાજાની પાસે

સોમયજ્ઞ કરાવ્યો, તેમાં અશ્વિનીકુમારોને સોમરસનો ભાગ મળતો નહુતો; તોપણ ચ્યવન મુનિએ પોતાના પ્રભાવથી તેઓને સોમનો ભાગ લેતા કર્યા. ૨૪ એ કારણથી તુરત ઇંદ્રે કોપાયમાન થઇ ચ્યવન ઋષિને મારવા માટે હાથમાં વજ્ર લીધું; પરંતુ ચ્યવન મુનિએ વજ્ર સહિત ઇંદ્રના હાથને સ્તબ્ધ કરી દીધો. ૨૫ ત્યારપછી સર્વેએ અશ્વિની કુમારોને સોમરસનો ભાગ આપવાનું સ્વીકાર્યું, તે પેહેલાં તેઓ વૈદ્યો છે એમ ધારીને તેઓને સોમરસનો ભાગ આપતા નહુતા. ૩૬ શર્યાતિને ઉત્તાનબર્હિ, આનર્ત, તથા ભૂરિષેણ એ ત્રણ પુત્ર થયા; આનર્તને રેવત નામનો પુત્ર થયો. ૨૭ હે શત્રુદમન ! એ રેવત રાજા સમુદ્રમાં કુશસ્થલી (દ્વારકા) નગરી વસાવી, તેમાં રહીને આનર્ત (ઓખામંડળ) વગેરે દેશો ઉપર રાજ્ય કરતો હતો. ૨૮ એ રેવત રાજાને સો પુત્રો થયા હતા, તેમાં સર્વેથી મોટો કકુદ્મી હતો. રેવત રાજા પોતાની પુત્રી રેવતીને સાથે લઇ કન્યાને માટે યોગ્ય વર પૂછવાને બ્રહ્મલોકમાં ગયો, પણ ત્યાં ગાયન ચાલતું હતું, તેથી પૂછવાનો અવકાશ મળ્યો નહીં, માટે તે ક્ષણવાર બેઠો. ૨૯-૩૦ ગાયન ગાઇ રહ્યા પછી નમસ્કાર કરીને તેણે બ્રહ્માને પોતાનો વિચાર જણાવ્યો. એ સાંભળીને બ્રહ્મા હસીને બોલ્યા કે—૩૧ અરે રાજા! તેં જે જે વરોને માટે વિચાર કર્યો હતો, તે બધા કાળે કરીને નાશ પામ્યા છે, એટલુંજ નહી પણ તેઓના પુત્ર, પૌત્ર અને પ્રપૌત્રોના વંશ પણ રહ્યા નથી. ૩૨ કારણ કે પૃથ્વી ઉપર સત્તાવીશ યુગ વીતી ગયા છે. માટે હવે તું પૃથ્વી ઉપર જા, અને રત્ન સરખી તારી કન્યા શ્રી કૃષ્ણ ભગવાનના અંશરૂપ મનુષ્યોમાં રત્નરૂપ મહા બળવાન બળદેવજીને આપ. ૩૩ જે હમણાં પૃથ્વીનો ભાર ઉતારવાને માટે જેનાં શ્રવણ કીર્તન પુણ્યકારી છે, એવા શ્રીકૃષ્ણ ભગવાન સાથે તેમના અંશથી બળદેવ નામથી અવતરેલા છે. ૩૪ આ પ્રમાણે બ્રહ્માએ આજ્ઞા કરી, એટલે તેમને પ્રણામ કરીને રાજા પોતાના નગરમાં આવ્યો. ૩૫ ત્યાં આવીને જુએછે તો યક્ષોના ત્રાસથી તેના ભાઇઓ નગર છોડીને નાશી ગયા હતા, પછી મહા બળવાન બળદેવજીને પોતાની સુંદર કન્યા પરણાવીને તે તપ કરવા માટે નરનારાયણના બદરિકાશ્રમમાં ગયો. ૩૬

सुतां दत्त्वाऽनवद्यांगीं बलाय बलशालिने ।
बदर्याख्यं गतो राजा तप्तुं नारायणाश्रमम् ॥

ઇતિ શ્રી ભાગવત મહાપુરાણના નવમસ્કંધમાં "સુકન્યા આખ્યાન વર્ણન" નામનો ૩ જોઅધ્યાય સંપૂર્ણ

અધ્યાય ૪ થો.

મનુના પુત્ર નભગની તથા તેના પુત્ર અંબરીષ રાજાની કથા.

श्री शुकउवाच.

नाभागो नभगापत्यं यंततं भ्रातरः कविम् ।
यविष्ठं व्यभजन्दायं ब्रह्मचारिणमागतम् ॥

શ્રી શુકદેવજી કહે છે—હે પરીક્ષિત રાજા ! મનુના પુત્ર નભગને નાભાગ નામનો પુત્ર હતો, તે ઘણા કાળ સુધી ગુરૂને ઘેર વિદ્યાભ્યાસ કરવા માટે રહ્યો, તેથી તેના મોટા ભાઇઓએ ધાર્યું કે- એ તો નૈષ્ટિક બ્રહ્મચારી રહેશે. એમ માનીને તેનો કાંઇ પણ ભાગ ન રાખતાં તેઓએ પિતાની સઘળી મિલકત વેહેંચી લીધી. પછી વિદ્વાન નાભાગે ઘેર આવીને પોતાનો ભાગ માગ્યો, ત્યારે તેના ભાઇઓએ નાના ભાઇના ભાગ બદલ તેને પોતાના વૃદ્ધ પિતા સોંપ્યા. ૧ નાભાગે આવીને ભાઇઓને પૂછયું કે-હે ભાઇઓ ! મારા ભાગમાં તમોએ શું રાખ્યું છે ? ત્યારે તેઓએ કહ્યું કે-તારા ભાગમાં અમે પિતાને રાખ્યા છે. નાભાગે પિતાની પાસે જઇને કહ્યું કે-મારા મોટા ભાઇઓએ તમને મારા ભાગ બદલ સોંપ્યા છે, ત્યારે પિતાએ કહ્યું કે—તું એ વાત કબુલ કરીશ નહીં; કારણ કે મારાવડે તારી આજીવિકા ચાલશે નહીં. ૨ તો પણ તારા ભાગમાં મને સોંપ્યો છે, માટે

હમણાં હું તને આજીવિકાનો ઉપાય બતાવું છું. હમણાં અંગિરાના કુળના વિદ્વાન બ્રાહ્મણો યજ્ઞ કરે છે, તેમાં તેઓ છઠ્ઠે છઠ્ઠે દિવસે કર્મ કરવામાં મુંઝાય છે, ૩ માટે તું ત્યાં જઈને તેઓને વિશ્વદેવોનાં બે સૂક્ત ભણાવ, કે જેથી તેઓ પોતાની ભૂલ સુધારી યજ્ઞ પૂરો કરી સ્વર્ગમાં જશે. ત્યારે પોતાના યજ્ઞમાં બાકી રહેલું સર્વ ધન તને આપશે. ૪ માટે તું ત્યાં જા, પછી નાભાગે તેમ કર્યું. તેથી એ બ્રાહ્મણો જે ધન યજ્ઞમાં બાકી રહ્યું હતું તે સર્વ નાભાગને આપીને સ્વર્ગમાં ગયા. ૫ નાભાગે તે ધન લેવા માંડયું, એટલામાં કાળા રંગનો કોઇ એક પુરૂષ ઉત્તર દિશામાંથી તેની પાસે આવ્યો, અને કહેવા લાગ્યો કે—'આ યજ્ઞભૂમિમાં પડેલું ધન મારૂં છે.' ૬ ત્યારે નાભાગે કહ્યું કે—'આ ધન તો ઋષિઓએ મને આપી દીધું છે.' ત્યારે તે કાળા પુરૂષે કહ્યું કે—'આપણી આ તકરારના સંબંધમાં તારા પિતાને પુછીએ.' પછી નાભાગે જઈને પોતાના પિતાને પુછયું, ત્યારે તેણે કહ્યું કે—"યજ્ઞભૂમિમાં જે કાંઇ રહે તે સર્વ રૂદ્રનો ભાગ છે, એવો એક વખતે ઋષિ લોકોએ ઠરાવ કરેલો છે, માટે એ સર્વ ધનના માલિક રૂદ્ર જ છે." ૭-૮ પછી નાભાગે રૂદ્રની પાસે આવી પ્રણામ કરીને કહ્યું કે—હે ઈશ! મારા પિતા કહે છે કે—યજ્ઞભૂમિ ઉપર ઉચ્છિષ્ટ રહેલો ભાગ રૂદ્રનો છે. માટે હે બ્રહ્મન્! મેં કરેલા અપરાધબદલ મસ્તક નમાવીને ક્ષમા માગું છું. ૯ એ સાંભળીને રૂદ્ર બોલ્યા કે—તારા પિતાએ ધર્મની વાત કહી, અને તેં પણ આવીને સત્ય વચન કહ્યું, માટે તું મંત્રનો દ્રષ્ટા થશે, તને સનાતન બ્રહ્મજ્ઞાન આપું છું. ૧૦ અને આ યજ્ઞમાં બાકી રહેલું ધન પણ તને આપું છું, તે તું લે. એમ કહીને સત્યપ્રિય ભગવાન રૂદ્ર અંતર્ધાન થઇ ગયા. ૧૧ હે રાજા! જે મનુષ્ય સાવધાન થઇને સવારે અથવા સાંજે આ વાતનું સ્મરણ કરે છે, તે મનુષ્ય વિદ્વાન તથા વેદવેત્તા થઈ આત્મસ્વરૂપને જાણનારો થાય છે. ૧૨ એ નાભાગને અંબરીષ નામનો પુત્ર થયો, તે મોટો પુણ્યશાળી હતો. બ્રાહ્મણનો શાપ પણ તેને લાગી શકયો નહોતો; પરંતુ તેનાથી પાછો હઠી ગયો હતો. ૧૩

પરીક્ષિત રાજા પૂછેછે—હે મહારાજ! હું એ મહા બુદ્ધિવાન રાજર્ષિ અંબરીષનું ચરિત્ર સાંભળવાને ઇચ્છું છું; કારણ કે તેના ઉપર બ્રાહ્મણોએ ચલાવેલો મહાભયંકર શાપ પણ ચાલી શકયો ન હતો. ૧૪

શ્રી શુકદેવજી કહે છે—મહા ભાગ્યશાળી અંબરીષ રાજાને સાત દ્વીપવાળી પૃથ્વીનું રાજ્ય, અખુટ લક્ષ્મી અને બીજા કોઇને ન મળી શકે એવા દુર્લભ વૈભવ, એ સર્વ મળ્યાં હતાં; તો પણ આ તે વૈભવો નાશવંત છે, એવા જ્ઞાનવાળો અંબરીષ રાજા તેને સ્વપ્ના સમાન માનવા લાગ્યો, કારણ કે વૈભવોથી મનુષ્ય મોહમાં પડે છે. ૧૫—૧૬ એમ ધારીને તે ભગવાન વાસુદેવ ઉપર તથા તેમના ભક્ત સાધુજનો ઉપર સારો ભાવ રાખતો હતો અને આ સંસારને માટી જેવો તુચ્છ ગણવા લાગ્યો. ૧૭ તેણે પોતાના મનને સદા ભગવાનનાં ચરણારવિંદમાં, વાણીને ભગવાનના ગુણાનુવાદ ગાવામાં, હાથને ભગવાનનાં મંદીર વાળવા ઝાડવા તથા લીંપવામાં અને કાનને ભગવાનની ઉત્તમ કથા સાંભળવામાં લગાડયા હતા. ૧૮ બે નેત્રને ભગવાનની મૂર્તિનાં દર્શન કરવામાં, અંગને ભગવાનના ભકતોનો સ્પર્શ કરવામાં, નાસિકાને ભગવાનનાં ચરણાવિંદમાં ચડેલી તુલસીની સુગંધ લેવામાં, અને જીભને ભગવાનના નૈવેદ્યની પ્રસાદી ગ્રહણ કરવામાં લગાડી હતી. ૧૯ બે પગને તીર્થનાં તથા ભગવાનનાં મંદિરોમાં જવાના કામમાં અને મસ્તકને ભગવાનના ચરણોમાં પ્રણામકરવામાં લગાડયાં હતાં, વળી પુષ્પની માળાઓનો તથા ચંદન વગેરેનો વિષયસુખની ઇચ્છા પૂર્ણ કરવામાં ઉપયોગ કરતો ન હતો, પણ ભગવાનની સેવાના કામમાં લેતો હતો, વળી તે જેથી પવિત્ર કીર્તિવાળા ભગવાનના ભક્તોની સાથે પ્રીતિ થાય એવી રીતે સર્વ કામ કરતો હતો.

૨૦ તે જે કાંઇ કાર્ય કરતો તે સર્વ નિરંતર યજ્ઞેશ્વર પ્રભુ પુરૂષોત્તમ ભગવાનને અર્પણ કરતો હતો, અને સર્વમાં આત્મા છે એવી ભાવના રાખતો અંબરીષ રાજા ભગવદ્ભક્ત બ્રાહ્મણોના કહ્યા પ્રમાણે રાજ્ય કરતો હતો. ૨૧ એ રાજાએ વસિષ્ઠ, અસિત અને ગૌતમ વગેરે ઋષિઓ મારફત નિર્જળ દેશમાં સરસ્વતી નદીના સામા પ્રવાહપર મોટા મોટા અશ્વમેધ યજ્ઞો કરીને યજ્ઞેશ્વર ભગવાનનું યજન કર્યું હતું, પોતે ભારે સંપત્તિવાળો હોવાથી તે યજ્ઞો મોટા અંગોવાળા તથા મોટી દક્ષિણાઓવાળા અને વિસ્તારવાળા કર્યા હતા. ૨૨ તેના યજ્ઞોમાં સભાસદો, ઋત્વિજો બ્રાહ્મણો અને બીજા લોકો ઉત્તમ વસ્ત્રો તથા આભુષણોથી દેવતાઓના જેવા શોભતા હતા, અને તેઓનાં નેત્ર પણ યજ્ઞના ઉત્સાહથી દેવતાઓનીપેઠે મટકાં મારતાં ન હતાં. ૨૩ તેમજ ભગવાનનાં ચરિત્રો ગાતી અને સાંભળતી પ્રજા પણ દેવતાઓને પ્રિય એવા સ્વર્ગને પણ ઇચ્છતી નહુતી, ૨૪ કારણ કે—જેઓ પોતાનાં હૃદયમાં સદા ભગવાનને જુએ છે તેઓને, સિદ્ધ પુરૂષોને પણ દુર્લભ એવા વિષયો કદી પ્રસન્ન કરતા નથી; કેમકે સ્વસ્વરૂપના લાભ આગળ તે સર્વ તુચ્છ છે. ૨૫ એ રીતે તપ, ભક્તિયોગ, તથા સ્વધર્મથી ભગવાનને પ્રસન્ન કરતા તે રાજાએ ધીરે ધીરે સર્વ સંગનો ત્યાગ કર્યો. ૨૬ ઘર, સ્ત્રીઓ, પુત્રો, બન્ધુઓ, ઉત્તમ હાથીઓ, રથો, ઘોડાઓ, પાયદળો, રત્નો, આભૂષણો તથા આયુધ વગેરે અખુટ પદાર્થોથી ભરપૂર ખજાનાઓ પણ મિથ્યા છે, એમ જાણતો હતો. ૨૭ શ્રી હરિ ભગવાને તેની એ એકાંતિક ભક્તિથી પ્રસન્ન થઇને તેને, શત્રુની સેનાને ભય પમાડનારૂં તથા ભક્તનું રક્ષણ કરનારૂં સુદર્શન ચક્ર આપ્યું હતું. ૨૮ એ રાજાએ ભગવાનની આરાધના કરવાની ઇચ્છાથી પોતાના જેવાજ સ્વભાવવાળી રાણીની સાથે એક વર્ષ સુધીનું દ્વાદશીનું વ્રત આરંભ્યું હતું. ૨૯ વ્રત પૂરૂં થતાં તેણે કાર્તિક માસમાં ત્રણ રાતના ઉપવાસ કરી, યમુનામાં સ્નાન કરી મધુવનમાં શ્રી હરિનું પૂજન કરવા માંડયું. ૩૦ પૂજાની સર્વ સામગ્રી તૈયાર કરી મહા અભિષેકના વિધિથી ભગવાનને અભિષેક કરી, કેવળ ભગવાનમાંજ ચિત્ત રાખી, વસ્ત્રો આભૂષણો, ચંદન, પુષ્પ અને નૈવેદ્ય વગેરેથી ભગવાનનું પૂજન કર્યું, વળી એ રાજાએ ભાગ્યશાળી તથા નિસ્પૃહી બ્રાહ્મણોની પુજા પણ ભક્તિભાવથી કરી. ૩૧ ૩૨ અને સોનાના શીંગડીઓ વાળી, રૂપાની ખરીઓવાળી, ઉત્તમ વસ્ત્રોથી શણગારેલી, દુધ દેતી, શીળ સ્વભાવવાળી, જુવાન, રૂપાળી, તથા વાછડાંવાળી સાઠ કરોડ ગાયો સર્વોત્તમ સંસ્કારથી ગુણવાન બ્રાહ્મણોને આપી, અને પ્રથમ મધુર તથા ગુણવાળા ભોજનથી બ્રાહ્મણોને જમાડીને ઇચ્છાનુસાર દક્ષિણા આપી. ૩૩-૩૪ પછી પૂર્ણ કામનાવાળા બ્રાહ્મણોની આજ્ઞાથી પારણું કરવાની તૈયારી કરી, એટલામાં સાક્ષાત ભગવાન દુર્વાસારૂપે તેને ત્યાં અતિથિ થઇને આવ્યા, ૩૫ રાજાએ ઉઠીને આસન આપ્યું, અને તેમનું અતિથિ પૂજન કર્યું, પછી પગે લાગીને ભોજન કરવા માટે પ્રાર્થના કરી. ૩૬ રાજાની પ્રાર્થના સ્વીકારીને સંધ્યા વંદનાદિક નિત્યકર્મ કરવા માટે ઋષિ યમુનાપર ગયા, અને પવિત્ર જળમાં પેસીને પરબ્રહ્મનું ધ્યાન કરવા લાગ્યા. ૩૭ હવે ધર્મવેત્તા અંબરીષ રાજાને પારણું કરવા માટે દ્વાદશી માત્ર એક ઘડીજ બાકી રહી હતી, તેથી ધર્મ સંકટને માટે તે બ્રાહ્મણોની સાથે વિચાર કરવા લાગ્યો કે, ૩૮ "હું દુર્વાસા ઋષિનો અનાદર કરીને પારણું કરૂં તો દોષ લાગે અને બારશમાં પારણું ન કરૂં તોપણ દોષ લાગે, માટે હવે કેમ કરૂં તો મારૂં સારૂં થાય અને દોષ પણ ન લાગે ૩૯ માટે હું કેવળ પાણીથીજ પારણું કરીશ, કારણ કે બ્રાહ્મણો કહે છે કે—જળપાન કરવું એ ભોજન કર્યા બરાબર ગણાય છે, અને ન કર્યા જેવું પણ ગણાય છે." ૪૦ એ પ્રમાણે વિચારીને એ રાજર્ષિએ મનમાં શ્રી હરિનું ધ્યાન કરીને જળપાન કર્યું, અને હે રાજા! પછી તે દુર્વાસાને

આવવાની વાટ જોવા લાગ્યો. ૪૧ એટલામાં નિત્યકર્મથી પરવારીને યમુના કિનારેથી દુર્વાસા આવ્યા, અને રાજાએ તેમનો સારો સત્કાર કર્યો, પરંતુ મુનિ પોતાની બુદ્ધિથી રાજાનું કૃત્ય જાણી જઇને તેમણે ક્રોધ કર્યો: તેમનું શરીર કંપવા લાગ્યું, ભ્રકુટી ચઢી જવાથી મોઢું વાંકું થઈ ગયું, અને બબ્ભુક્ષુણી લાગેલી હોવાથી બે હાથ જોડીને ઉભેલા અંબરીષ રાજાને કહ્યું કે ૪૨-૪૩ "અહો! આ લક્ષ્મીથી ઉન્મત્ત થઇ ગએલા, ભગવાનથી વિમુખ અને સમર્થપણાનું અભિમાન રાખનારા અંબરીષે ધર્મનું ઉલ્લંઘન કર્યું તે તો જુઓ! ૪૪ હું અતિથિ થઇને આવેલાને આતિથ્ય સત્કારનું નોતરૂં દઇને જમાડ્યા વગર પોતે ભોજન કર્યું, માટે તેને અપરાધનું ફળ તુરત દેખાડીશ આપીશ." ૪૫ એ પ્રમાણે ક્રોધથી સળગી ઉઠેલા દુર્વાસાએ કહીને પોતાની જટા ઉખેડી નાંખીને તેમાંથી કાળ તથા અગ્નિ જેવી એક કૃત્યા અંબરીષ રાજા માટે ઉત્પન્ન કરી. ૪૬ અગ્નિની પેઠે બળતી, પગથી ધરતી ધ્રુજાવતી અને હાથમાં તરવાર લઇને એ કૃત્યા આવી. તેને જોઇને રાજા એક પગલું પણ પાછો હઠ્યો નહી. ૪૭ એટલામાં ભગવાને પોતાના ભક્તની રક્ષા કરવા માટે મૂકેલા સુદર્શન ચક્રે આવીને અગ્નિ જેમ કોપેલા સર્પને બાળી નાંખે તેમ પેલી કૃત્યાને બાળી નાંખી. ૪૮ પછી તે ચક્ર દુર્વાસાની પાછળ પડ્યું. તે ચક્રને પોતાની પાછળ આવતું જોઇને તથા પોતાનો પ્રયત્ન નિષ્ફળ થયેલો જોઇને પોતાના પ્રાણ બચાવવા માટે મુનિ દિશાઓમાં દોડવા લાગ્યા. ૪૯ ઊંચી શિખાવાળો અગ્નિ જેમ સર્પની પાછળ દોડે તેમ ભગવાનનું ચક્ર પણ દુર્વાસાની પાછળ દોડ્યું. ચક્રને પાછળ લાગેલું જોઇને દુર્વાસા મેરૂ પર્વતની ગુફામાં પેસવાને દોડ્યા. ૫૦ એ પ્રમાણે દિશાઓમાં, આકાશમાં, પૃથ્વી ઉપર, ગુફાઓમાં, સમુદ્રોમાં, લોકોમાં, લોકપાળોનાં સ્થાનોમાં, તથા સ્વર્ગમાં પણ ગયા. અને જ્યાં જ્યાં દોડીને ગયા ત્યાં ત્યાં એ અસહ્ય ચક્રને પાછળ આવતું દીઠું. ૫૧ કોઇપણ ઠેકાણે એ ત્રાસ પામેલા દુર્વાસાનું રક્ષણ કરનાર કોઇ મળ્યો નહીં. તેથી તે શરણ શોધતા બ્રહ્માને શરણે ગયા, અને કહ્યું કે—હે વિધાતા! હે સ્વયંભૂ! હે અજીત! તમે આ ચક્રના તેજથી મારૂં રક્ષણ કરો. ૫૨

બ્રહ્મા બોલ્યા—હે મુનિ! જ્યારે બે પરાર્ધ વર્ષ સુધીની પોતાની ક્રીડા પૂરી થશે, ત્યારે ભગવાન કાળાગ્નિ ભ્રકુટી ચઢાવીને જગત સહિત મારા આ સ્થાનને બાળી નાંખવાની ઈચ્છા કરશે કે તુરત સઘળું જગત નાશ પામશે. ૫૩ અને હું, શંકર, દક્ષ, ભૃગુ, તથા પ્રજાપતિઓ, ભૂપતિઓ અને ઇંદ્રાદિક સર્વ દેવતાઓ પ્રમુખ અમે સર્વ તેની આજ્ઞાને, લોકોનુ કલ્યાણ થાય એ રીતે માથા ઉપર ધારણ કરીએ છીએ, તે ભગવાનના ભક્તનો તમે દ્રોહ કર્યો છે, માટે મારાથી તમારૂં રક્ષણ કરી શકાશે નહી. ૫૪

શ્રી શુકદેવજી કહે છે—એ પ્રમાણે બ્રહ્માએ કહ્યું, ત્યારે વિષ્ણુના ચક્રથી બળતા દુર્વાસા કૈલાસમાં શંકરને શરણે ગયા. ૫૫

શ્રી રૂદ્ર બોલ્યા—હે મુન! જે વ્યાપક તથા માયાથી પર ભગવાનમાં આ બ્રહ્માંડ તથા બ્રહ્મારૂપી જીવનાં શરીરરૂપ બીજાં હજારો બ્રહ્માંડો ઉત્પન્ન થાયછે અને પાછાં લીન થઇ જાયછે, અને જેમાં અમે ભટક્યા કરીએ છીએ, તે કાળમૂર્તિ ભગવાન આગળ અમારી શક્તિ ચાલશે નહી. ૫૬ હું, સનત્કુમાર, નારદ, બ્રહ્મા, કપિલ, અપાંતરતમ, દેવલ, ધર્મ, આસુરી અને મરીચિ વગેરે મુનિ તથા બીજા સિદ્ધેશ્વરો સર્વજ્ઞ છતાં જે ભગવાનની માયાથી વીંટાયેલા થકા જેમની માયાને જાણતા નથી, ૫૭-૫૮ તે જગત્પતિ ભગવાનનું આ શસ્ત્ર અમારાથી પણ સહન થઇ શકે તેમ નથી. માટે તમે ભગવાનનેજ શરણે જાઓ, તે તમારૂં કલ્યાણ કરશે. ૫૯

શ્રી શુકદેવજી કહે છે—પછી દુર્વાસા મનમાં નિરાશ થઇને જ્યાં શ્રીહરિ લક્ષ્મીની સાથે વીરાજતા હતા, તે વૈકુંઠ લોકમાં ગયા. ૬૦ ભગવાનના ચક્રના અગ્નિથી બળતા અ-

ને ધ્રુજતા દુર્વાસા ભગવાનનાં ચરણકમળમાં પડીને બોલ્યા કે—હે અચ્યુત ! હે અનંત ! હે સત્પુરૂષોથી ઇચ્છાતા ! હે પ્રભુ ! હે જગતનું કલ્યાણ કરનારા ! હું અપરાધી છું, તેની રક્ષા કરો. ૬૧ તમારા મોટા પ્રભાવને નહીં જાણતાં મેં તમારા ભક્તનો અપરાધ કર્યો છે. માટે એ અપરાધનું નિવારણ કરો; કારણ કે નારકી જીવ પણ આપનું નામ લેવાથી નરકનાં દુઃખથી પણ છૂટેછે. ૬૨

શ્રી ભગવાન કહે છે—હું ભક્તોને આધીન હોવાથી પરતંત્ર છું, અને ભક્તજનો પ્રિય છે, વળી મહાત્મા ભક્તોએ મારૂં હૃદય પોતાને આધીન કરેલું છે. ૬૩ હે બ્રાહ્મણ ! જે સાધુજનોને હુંજ પરમ આશ્રય છું, એવા મારા ભક્તો વિના મારા શરીરને કે મારી પાસે નિરંતર રહેનારી લક્ષ્મીને પણ હું ઇચ્છતો નથી. ૬૪ જેઓ સ્ત્રી, ઘરબાર, પુત્ર, સંબંધી, પ્રાણ ધન અને આ લોક તથા પરલોકનો ત્યાગ કરીને મારે શરણે આવેલા છે, તે ભક્તોને હું કેવી રીતે તજી શકું ? ૬૫ જેમ પતિવ્રતા સ્ત્રીઓ પોતાના ઉત્તમ પતિને વશ કરેછે, તેમ સમદૃષ્ટિવાળા અને મારામાંજ ચિત્ત જોડી રાખનારાં સાધુપુરૂષો મને ભક્તિથી વશ કરેછે. ૬૬ સેવાથી તૃપ્ત થનારા ભક્તલોકને મારી સેવાવડે સાલોક્ય, સાયુજ્ય, સામીપ્ય અને સાર્ષ્ટિ એ ચારે મુક્તિઓ મળેછે, તોપણ તેઓ તેને ઇચ્છતા નથી, તોપછી કાળથી નાશ પામનારા બીજા પદાર્થોને તો કેમજ ઇચ્છે ? ૬૭ મહાત્મા પુરૂષો મારૂં હૃદય છે, અને એ લોકોનું હૃદય હું છું; તેઓ મારા વિના બીજું કાંઇ જાણતા નથી, અને હું પણ તેઓના વિના બીજું કાંઇ જાણતો નથી. ૬૮ હે વિપ્ર ! હું તમને એક ઉપાય કહુંછું, તે સાંભળો. તમને જેનાથી આ દુઃખ થયું છે તેની પાસે જાઓ, સાધુપુરૂષ ઉપર ચલાવેલી શક્તિ તે ચલાવનારનુંજ અકલ્યાણ કરેછે. ૬૯ તપ તથા વિદ્યા બ્રાહ્મણોનું કલ્યાણ કરનારાં છે; પરંતુ અવિનયી બ્રાહ્મણનું તેનાથી અકલ્યાણ થાયછે. ૭૦ હે બ્રહ્મન ! તમારૂં કલ્યાણ થાઓ. તમે નાભાગના પુત્ર અંબરીષ રાજાને શરણે જાઓ, અને એ મહા ભાગ્યશાળી રાજા પાસે ક્ષમા માગો, જેથી તમને શાંતિ થશે. ૭૧

ब्रह्मंस्तद्गच्छ भद्रं ते नाभाग तनयं नृपम् ।
क्षमापय महाभागं ततः शान्तिर्भविष्यति ॥

ઇતિ શ્રી ભાગવત મહાપુરાણના નવમસ્કંધમાં "અંબરિષ ચરિત્ર વર્ણન" નામનો ૪ થો અધ્યાય સંપુર્ણ

અધ્યાય ૫ મો.

સુદર્શન ચક્રથી પીડાતા દુર્વાસાની અંબરીષ રાજાએ કરેલી રક્ષા.

શ્રી શુકઉવાચ.

एवं भगवतादिष्टो दुर्वासाश्चक्र तापितः ॥
अंबरीष मुपावृत्य तत्पादौ दुःखितोऽग्रहीत् ॥

શ્રી શુકદેવજી કહેછે—એ પ્રમાણે ભગવાને આજ્ઞા કરી, એટલે સુદર્શન ચક્રના તાપથી દુઃખી થતા દુર્વાસા ઋષિએ અંબરીષ રાજાની પાસે જઇને તેનાં બે ચરણ પકડયાં. ૧ ચરણ સ્પર્શથી શરમાતા અને દયાથી અત્યંત દબાયેલા અંબરીષ રાજા દુર્વાસાનો એવો ઉદ્યમ જોઇને ભગવાનના ચક્રની સ્તુતિ કરવા લાગ્યા. ૨

અંબરીષ રાજા સ્તુતિ કરે છે—હે સુદર્શન ! તમે અગ્નિ, ભગવાન સૂર્ય, ચંદ્રમા, જળ, પૃથ્વી, આકાશ, વાયુ, શબ્દાદિક પાંચ વિષયો તથા ઇંદ્રિયોરૂપ છો. ૩ હે હજાર આરાવાળા ! હે ભગવાનને પ્રિય ! હે સર્વ અસ્ત્રોનો નાશ કરનારા ! હે પૃથ્વીપતિ ! તમને હું નમસ્કાર કરૂંછું, તમે બ્રાહ્મણનું કલ્યાણ કરો. ૪ તમે ધર્મ, અમૃત, સત્ય, યજ્ઞ, સર્વ યજ્ઞના ભોક્તા, લોકપાળ, સર્વાત્મા અને ભગવાનના સર્વોત્તમ તેજરૂપ છો. ૫ હે સુંદર સુદર્શન ચક્ર ! તમે સર્વ ધર્મના સેતુરૂપ, અધર્મી દૈત્યોના ધુમકેતુરૂપ, ત્રૈલોક્યના રક્ષણ કરનાર, શુદ્ધ તેજવાળા, મન સ-

માન વેગવાળા, અને અદ્દભુત કામ કરનાર છો, તે તમને હું નમસ્કાર કરૂંછું. ૬ તમે તમારા ધર્મમય તેજથી અંધકારનો નાશ કરોછો અને સૂર્યાદિકના તેજનો પ્રકાશ કરોછો. હે વાણીના પતિ! તમારો મહિમા અકાળત છે, તમે કાર્ય-કારણરૂપ તથા ભૂત ભવિષ્ય રૂપ છો. ૭ હે અજીત! તમને જ્યારે ભગવાન આજ્ઞા કરેછે, ત્યારે તમે દૈત્યો અને દાનવોની સેનામાં પેસીને નિરંતર તેઓના હાથ, પેટ, પગ, ગળાં વગેરેને કાપતા રણભૂમિમાં શોભોછો. ૮ એવા તમે અત્યંત બળવાન હોવાથી જ ગદાધારી ભગવાને દુષ્ટજનોનો નાશ કરવા માટે અને જગતના રક્ષણ માટે તમને સર્વથી શ્રેષ્ઠ ઠરાવેલા છે, તેથી અમારા કુળના ઉત્તમ ભાગ્યનો લાભ થયો છે, માટે આ બ્રાહ્મણનું કલ્યાણ કરો. ૯ મેં જે કાંઈ દાન તથા યજ્ઞાદિક કર્યા હોય, અને બ્રાહ્મણો અમારા કુળનું દૈવત હોય તો આ બ્રાહ્મણનો દુઃખમાંથી છૂટકો થજો. ૧૦ સર્વ ગુણોના આશ્રયરૂપ એક ભગવાન, સર્વ પ્રાણીઓ ઉપર આત્મભાવ રાખવાથી પ્રસન્ન થયા હોય, તો આ બ્રાહ્મણનું દુઃખ નાશ પામજો. ૧૧

શ્રી શુકદેવજી કહે છે—એ પ્રમાણે અંબરીષ રાજાએ સ્તુતિ કરી. તેથી દુર્વાસાને ચારે તરફથી બાળતું ચક્ર શાંત થઈ ગયું. ૧૨ પછી ચક્રના અગ્નિના તાપથી કુશળતા સાથે મુક્ત થયેલા દુર્વાસા ઉત્તમ આશિર્વાદ આપીને રાજાની પ્રશંસા કરવા લાગ્યા. ૧૩

દુર્વાસા કહે છે— અહો! ભગવાનના ભક્તોની મોટાઇ મેં આજજ જોઇ, કારણ કે હું તમારો અપરાધી છું, તો પણ તમે મારૂં કલ્યાણ ઇચ્છોછો. ૧૪ જેઓએ ભક્તપતિ ભગવાનને વશ કર્યા છે, એવા સત્પુરૂષો શું ન કરી શકે? અને મહાત્માઓ શું ન તજી શકે? ૧૫ જેનું માત્ર નામ સાંભળવાથીજ મનુષ્ય નિર્મળ થઇ જાય છે, તે પવિત્ર ચરણવાળા ભગવાનના ભક્તોને કઇ વસ્તુ દુર્લભ છે? ૧૬ હે અંબરીષ રાજા! તમે મારો અપરાધ નહી ગણતાં મારા ઉપર દયા કરીને મારા પ્રાણ બચાવ્યા છે, એ મારા ઉપર મોટો અનુગ્રહ કર્યો છે. ૧૭

શ્રી શુકદેવજી કહે છે—અંબરીષ રાજા દુર્વાસાને પાછા આવવાની વાટ જોતા ભુખ્યાજ રહ્યા હતા, તે જ્યારે દુર્વાસા પાછા આવ્યા, ત્યારે રાજાએ તેમના ચરણ પકડી પ્રસન્ન કરીને જમાડયા. ૧૮ રાજાએ દુર્વાસાને આદરભાવથી સર્વ પ્રકારે ઇચ્છા પૂર્ણ કરનારૂં ભોજન પીરસ્યું, તે જમી તૃપ્ત થઇ ઋષિએ પ્રીતિ પૂર્વક રાજાને કહ્યું કે—"તમે ભોજન કરો. ૧૯ હું તમો વૈષ્ણવનાં દર્શન, સ્પર્શ, ભાષણ તથા આત્મબુદ્ધિથી કરેલા અતિથિ સત્કારથી પ્રસન્ન થયોછું. તમે મારા ઉપર મોટો અનુગ્રહ કર્યો છે. ૨૦ આવાં તમારાં પવિત્ર કામને દેવાંગનાઓ તથા પૃથ્વીપરના મનુષ્યો વારંવાર ગાશે." ૨૧ એ પ્રમાણે અંબરીષને કહીને પ્રસન્ન થયેલા દુર્વાસાઋષિ આજ્ઞા માગીને આકાશમાર્ગે નિષ્કામ કર્મોથી મળનારા બ્રહ્મલોકમાં ગયા. ૨૨ દુર્વાસા અંબરીષને ત્યાંથી ચક્રના ભયથી નાઠા, અને સર્વત્ર ફરીને પાછા આવ્યા, એટલામાં એક વરસ વીતી ગયું, તેટલો વખત અંબરીષ રાજા મુનિનાં દર્શનની ઇચ્છાથી કેવળ જળપાન કરીને રહ્યા હતા. ૨૩ દુર્વાસા ગયા પછી અંબરીષ રાજા બ્રહ્મભોજનથી પવિત્ર થયેલું અન્ન જમ્યા. ઋષિને દુઃખ થયું, તે દુઃખથી છૂટયા અને પોતાની ધારજ રહી, એ સર્વ ભગવાનના પ્રભાવથીજ થયું છે, એમ અંબરીષ રાજાએ માન્યું. ૨૪ આવા આવા અનેક ગુણવાળો અંબરીષ રાજા ઉત્તમ કર્મ કરીને વાસુદેવ ભગવાની ભક્તિ કરતો હતો, જે ભક્તિના પ્રભાવથી બ્રહ્મલોક સુધીના સર્વ વૈભવ તેને નરક તુલ્ય લાગતા હતા. ૨૫ પછી એ ધીર વીર અંબરીષ રાજા પોતાના જેવાજ સ્વભાવવાળા પુત્રોને રાજ્ય સોંપીને વનમાં ગયો. ત્યાં પરમાત્મા વાસુદેવમાં ચિત્ત લગાડીને સંસારના પ્રવાહથી છૂટી ગયો. ૨૬ આ અંબરીષ રાજાના પવિત્ર આખ્યાનને જે મનુષ્ય ગાય તથા સાંભળે, તે ભગવાનનો પરમ ભક્ત થાય છે. ૨૭

इत्थं तत्पुण्य माख्यानमंबरीषस्य भूपतेः ॥
संकीर्तयन्ननुध्यायन् भक्तो भगवतो भवेत् ॥

ઇતિ શ્રી ભાગવત મહાપુરાણના નવમ સ્કંધમાં "અંબરીષ ચરિત્ર વર્ણન" નામનો ૫ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૬ ઠો.

ઇક્ષ્વાકુવંશની કથા તથા માંધાતાના જમાઇ સૌભરી ઋષિની કથા.

શ્રી શુકउवाच.

विरूपः केतुमान् शंभुरंबरीषमुनात्रयः ॥
विरूपात्पृपदश्वोऽभूत्तत्पुत्रस्तु रथीतरः ॥

શ્રી શુકદેવજી કહે છે—અંબરીષ રાજાને વિરૂપ, કેતુમાન તથા શંભુ, એ ત્રણ પુત્ર હતા. તેમાંના વિરૂપને પૃષદશ્વ નામનો પુત્ર હતો, અને તેનો પુત્ર રથીતર થયો. ૧ એ રથીતરને કાંઇ સંતાન નહી હોવાથી તેણે સંતાન માટે અંગિરા ઋષિની પ્રાર્થના કરી, તેથી અંગિરાએ તેની સ્ત્રીથી બ્રહ્મતેજવાળા પુત્રો ઉત્પન્ન કર્યા હતા. ૨ એ પુત્રો અંગિરાના વીર્યથી રથીતરના ક્ષેત્રમાં ઉત્પન્ન થયા હતા, તેથી તેઓ આંગિરસ કહેવાયા, અને ક્ષત્રિય જાતિ સાથે બ્રાહ્મણ ગણાતાં રથીતરના ગોત્રમાં ઉત્તમ ગણાયા. ૩ વૈવસ્વત મનુને છીંક આવતાં તેની નાસિકામાંથી ઇક્ષ્વાકુ નામનો પુત્ર ઉત્પન્ન થયો, એ ઇક્ષ્વાકુને સો પુત્ર થયા, તેમાં વિકુક્ષિ, નિમિ અને દંડક એ ત્રણ મુખ્ય હતા. ૪ એ સો પુત્રોમાંના પચીશ આર્યાવર્ત (હિમાલય અને વિંધ્યાચળની વચ્ચે)માં પૂર્વ તરફ રાજ્ય કરતા હતા, અને પચીશ આર્યાવર્તમાં પશ્ચિમ તરફ રાજ્ય કરતા હતા, બાકીના પુત્રો આર્યાવર્તના દક્ષિણ તથા ઉત્તર તરફના ભાગમાં રાજ્ય કરતા હતા. ૫ એક દિવસ ઇક્ષ્વાકુએ અષ્ટકા શ્રાદ્ધમાં પોતાના પુત્ર વિકુક્ષિને કહ્યું કે-તું તરત જઇને પવિત્ર માંસ લઇ આવ. ૬ એ ઉપરથી વિકુક્ષિએ વનમાં જઇને શ્રાદ્ધ યોગ્ય પશુ માર્યાં, પરંતુ થાક તથા ભૂખને લીધે તેમાંનું એક સસલું ભૂલથી ખાઇ ગયો. ૭ અને બાકીનાં જનાવર લાવીને પિતાને સોંપ્યાં. ઇક્ષ્વાકુએ માંસને પ્રોક્ષણ કરવા માટે વસિષ્ઠ ગુરૂને પૂછતાં તેમણે કહ્યું કે-આ માંસ ઉચ્છિષ્ટ હોવાથી શ્રાદ્ધકર્મને યોગ્ય નથી. ૮ આ પ્રમાણે ગુરૂએ કહેવાથી એ કર્મ પુત્રનું છે એમ જાણી, ક્રોધ કરીને ઇક્ષ્વાકુ રાજાએ શાસ્ત્રની મર્યાદાનું ઉલ્લંઘન કરનારા વિકુક્ષિને દેશનિકાલ કર્યો. ૯ પછી ઇક્ષ્વાકુ રાજા વસિષ્ઠની સાથે આત્મતત્ત્વનો સંવાદ કરતાં યોગી થઈ ગયા, અને દેહ છોડીને પરબ્રહ્મને પામ્યા. ૧૦ પિતાના મરણ પછી વિકુક્ષિએ પાછા આવીને આર્યાવર્તનું રાજ્ય કર્યું, અને યજ્ઞો થી ભગવાનનું યજન કર્યું, એ સસલું ખાઇ ગયો હતો તેથી શશાદ પણ કહેવાય છે. ૧૧ તેને પુરંજય નામે પુત્ર થયો, તેનાં બીજાં નામ ઇંદ્રવાહ તથા કકુત્સ્થ હતાં. એ ત્રણ નામ શાથી પડયાં તે હું કહું છું. ૧૨ જ્યારે દેવ દૈત્યોનું ભારે નાશકારક યુદ્ધ થયું, ત્યારે તેમાં દેવતાઓ દૈત્યોથી હાર્યા, તેથી તેઓએ પુરંજયની મદદ માગી. ૧૩ પુરંજયે કહ્યું કે "જો ઇંદ્ર મારૂં વાહન બને તો હું દૈત્યોને મારૂં." એ વાત લજ્જાને લીધે ઇંદ્રને ગમી નહી; પરંતુ વિષ્ણુની આજ્ઞાથી ઇંદ્ર મોટા બળદનું રૂપ ધરીને તેનું વાહન બન્યો. ૧૪ પછી પુરંજય કમર કસી દિવ્ય ધનુષ્ય તથા સજેલાં બાણો લઇ દેવતાઓથી વખાણાતો યુદ્ધ કરવા માટે પેલા સાંઢ ઉપર ચઢીને તેની ખાંધ ઉપર બેઠો. ૧૫ મહાત્મા ભગવાન વિષ્ણુના તેજથી વૃદ્ધિ પામેલા પુરંજયે દેવતાઓને સાથે લઇને પશ્ચિમમાં આવેલી દૈત્યોની નગરીને ઘેરી લીધી. ૧૬ ત્યાં તેને દૈત્યોની સાથે રોમાંચ ખડાં થાય એવું ભારે યુદ્ધ થયું, જે જે દૈત્યો યુદ્ધમાં સામા ચઢી આવ્યા હતા, તેઓને ભાલાથી મારી મારીને યમપુરીમાં પોહોચાડયા. ૧૭ આ પ્રમાણે પ્રલય કાળના અગ્નિ જેવાં ભયંકર બાણોના મારાથી દૈત્યો યુદ્ધ છોડી દઇને પાતાળમાં નાશી ગયા. ૧૮ પછી દૈત્યો

નું નગર તથા રાજ્યલક્ષ્મી જીતી લઇને ઇંદ્રને આપ્યાં, આ કામ કરવાથી તેનાં ત્રણ નામ પડ્યાં: દૈત્યોનું પુર જીત્યું તેથી પુરંજય, ઇંદ્રનું વાહન કર્યું તેથી ઇંદ્રવાહ, અને તેની ખાંધ ઉપર બેસવાથી કકુત્સ્થ નામ પડ્યું હતું. ૧૯ પુરંજયને અનેના નામનો પુત્ર થયો હતો. તેને પૃથુ, તેને વિશ્વરંધિ, તેને ચંદ્ર અને ચંદ્રને યુવનાશ્વ નામનો પુત્ર થયો. ૨૦ તેનો પુત્ર શાબસ્ત થયો, તેણે શાબસ્તિ નામની નગરી વસાવી હતી, શાબસ્તને બૃહદશ્વ અને તેને કુવલયાશ્વ નામનો પુત્ર થયો હતો. ૨૧ એ બળવાન કુવલયાશ્વ પોતાના એકવીશ હજાર પુત્રોથી વીંટાઇને ઉતંક ઋષિને પ્રસન્ન કરવા માટે ધુંધુ નામના દૈત્યને માર્યો હતો. ૨૨ તેથી તેનું નામ 'ધુંધુમાર' પડ્યું. એ ધુંધુ દૈત્યના મુખમાંથી અગ્નિ નીકળવાથી એ રાજાના સઘળા પુત્રો બળી ગયા હતા, માત્ર દઢાશ્વ, કપિલાશ્વ, તથા ભદ્રાશ્વ એ ત્રણ બચ્યા હતા. તેમાં દઢાશ્વને હર્યશ્વ પુત્ર થયો અને તેનો પુત્ર નિકુંભ હતો. ૨૩-૨૪ નિકુંભને બર્હણાશ્વ, તેને કૃશાશ્વ, તેને સેનજીત અને સેનજીતને યુવનાશ્વ નામનો પુત્ર હતો. યુવનાશ્વને કાંઇ પ્રજા નહોતી, તેથી તે ખિન્ન થઇ પોતાની સો સ્ત્રીઓ સહિત વનમાં ગયો હતો ત્યાં તેના ઉપર ઋષિઓએ દયા કરીને સંતાન થવા માટે સાવધાનીથી ઇંદ્રની ઇષ્ટિ કરાવી. ૨૫-૨૬ રાતે રાજા તરસ્યો થવાથી તે યજ્ઞસ્થાનમાં ગયો, ત્યાં સર્વ બ્રાહ્મણોને નિદ્રાવશ જોઇને કોઇને ન પૂછતાં મંત્રોથી મંત્રેલું પાણી, કે જે તેની રાણીને પાવાનું હતું, તે પોતે પી ગયો. ૨૭ પ્રભાત થતાં બ્રાહ્મણો જાગી ઉઠ્યા તો કળશ ખાલી દીઠો, ત્યારે તેઓએ પૂછ્યું કે-"પુત્ર ઉત્પન્ન કરનારૂં જળ કોણ પી ગયું ?" ૨૮ પછી જાણવામાં આવ્યું કે-એ પાણી દૈવઇચ્છાથી રાજાએજ પીધું છે, ત્યારે ભગવાનને પ્રણામ કરીને બોલ્યા કે—અહો ! દૈવનું બળ ખરૂં છે. ૨૯ પછી એ મંત્રેલું પાણી પીવાથી યુવનાશ્વરાજાને ગર્ભ રહ્યો. * નવ માસ પૂરા થતાં તેના પેટની જમણી કુખ ફાડીને તે ચક્રવર્તી ગર્ભ બહાર નીકળ્યો. ૩૦ એ કુમાર બહુ રોવા લાગ્યો, ત્યારે બ્રાહ્મણો બોલ્યા કે—આ છોકરો કોને ધાવશે ? પછી ઇંદ્રે તેને કહ્યું કે-"હે પુત્ર ! તું રડીશ નહી, મને ધાવજે" એમ કહીને તેણે તેના મોઢામાં પોતાની અમૃત સ્રાવિણી તર્જની (અંગુઠાની પાસેની) આંગળી આપી, તેથી તેનું નામ 'માંધાતા' પડ્યું. ૩૧ બ્રાહ્મણોની અને દેવતાઓની કૃપાથી યુવનાશ્વ જીવતો રહ્યો, પછી એ વનમાંજ રહી તપ કરીને મોક્ષ પામ્યો. ૩૨ હે રાજા ! માંધાતાનું નામ ઇંદ્રે 'ત્રસદસ્યુ' પાડ્યું હતું, કારણ કે એનાથી રાવણ વગેરે દુષ્ટ નિશાચરો ધ્રુજતા અને ત્રાસ પામતા હતા. ૩૩ માંધાતા ચક્રવર્તી રાજા થયો, અને ભગવાનના તેજથી સાત દ્વીપવાળી પૃથ્વી ઉપર એકલોજ રાજ્ય કરવા લાગ્યો. ૩૪ એ આત્મજ્ઞાની માંધાતાએ પુષ્કળ દક્ષિણાવાળા યજ્ઞો કરીને સર્વ દેવમય, સર્વરૂપ અને ઇંદ્રિયોથી અગમ્ય, તથા મંત્રો, દ્રવ્ય, વિધિ, યજ્ઞ, યજમાન, ઋત્વિજ, ધર્મ, દેશ અને કાળ આ સર્વ જે ભગવાનનું સ્વરૂપ છે, તે ભગવાનનું યજન કર્યું. ૩૫-૩૬ જેટલા પ્રદેશમાં સૂર્ય ઉગે છે અને આથમે છે તે સર્વ પ્રદેશ યુવનાશ્વના પુત્ર માંધાતાના હતા એમ કહેવાય છે. ૩૭ માંધાતાને શશબિંદુની પુત્રી બિંદુમતિથી પુરૂકુત્સ, અંબરીષ અને મુચકુંદ એ ત્રણ પુત્ર થયા. ૩૮ તે ત્રણ ભાઇઓ વચ્ચે પચાસ બહેનો હતી, તે સૌભરી ઋષિને પરણી હતી. સૌભરી ઋષિ યમુનાજીના જળમાં ડુબીને ભારે તપ કરતા હતા, ત્યાં માછલાંનું મૈથુનસુખ જોઇને તેમ કર-

* પુરૂષને ગર્ભ રહ્યો એ બાબતની વાત છે. એકવાર પુષ્કરજીમાં શંતનુથી ગંગાજીને ગર્ભ રહેલો જોઇને યુવનાશ્વ હસ્યો હતો, તે અપરાધ ભગવાને સહન ન કરતાં "જેમ તું ગંગાનો ગર્ભ જોઇને હસ્યો તેમ તારો ગર્ભ જોઇને લોક હસશે" એવો યોગ લાવી મેળવ્યો.

વાની તેમને ઇચ્છા થઇ, તેથી તેમણે માંધાતાની પાસે જઇને એક કન્યા માગી. ૩૯-૪૦ ત્યારે માંધાતાએ કહ્યું કે—હે મહારાજ ! સ્વયંવરમાં જે કન્યા તમને પસંદ કરે, તેને તમે ગ્રહણ કરો. સૌભરીએ વિચાર્યું કે—હું સ્ત્રીઓને ન ગમું એવો વૃદ્ધ છું. ૪૧ મારા શરીરમાં કરચલીઓ પડી ગઇ છે, વાળ ધોળા થઇ ગયા છે, અને માથું કંપે છે, તેથી રાજાએ મને ના પાડવાને ચતુરાઈ વાપરી છે. માટે હવે હું એવું શરીર કરી દઉં કે રાજાની કન્યા તો શું ? પરંતુ દેવતાઓની સ્ત્રીઓને પણ પ્રિય થઇ પડું, એવું વિચારીને પોતે નવયૌવન કામદેવ જેવા બન્યા. ૪૨ પછી રાજાનો દ્વારપાળ એ મુનિને કન્યાઓના સમૃદ્ધિવાળા અંતઃપુરમાં લઇ ગયો, એટલે તેમને જોઇને રાજાની પચાસે કન્યાઓ તેમને એકલાનેજ વરી. ૪૩ તેઓનું મન સૌભરીમાં લાગવાથી એ રાજકન્યાઓનો પરસ્પરનો સ્નેહ તુટી ગયો, અને પરસ્પર લડવા લાગી કે—'આવો સુંદર પતિ મનેજ યોગ્ય છે, તને યોગ્ય નથી.' ૪૪ એ ઋગ્વેદી મુનિ પચાસે સ્ત્રીઓની સાથે અપાર સમૃદ્ધિવાળા ઘરમાં રમણ કરવા લાગ્યા. પોતાના અપાર તપથી ઘરમાં અમૂલ્ય સરસામાન ભરેલા હતા, અનેક પ્રકારના બગીચા અને નિર્મળ જળથી ભરેલાં સરોવરો શોભી રહ્યાં હતાં, સરોવરોમાં સુગંધવાન કમળોનાં વન ઝુકી રહ્યાં હતાં. ૪૫ શય્યા, આસન, વસ્ત્ર, આભૂષણ, નહાવાના પદાર્થો, ચંદન, અરગજા, ભોજન તથા પુષ્પની માળાઓ વગેરે અમૂલ્ય પદાર્થોથી ઘર ભરપૂર હતું. પક્ષી, ભમરા અને બંદીજનો ગાયન કરી રહ્યાં હતાં. અને દાસ દાસીઓ પણ સુંદર શણગાર ધારણ કરીને ફર્યા કરતાં હતાં. ૪૬ સૌભરી ઋષિનો આવો ગૃહસ્થાશ્રમ જોઇને ચક્રવર્તીની લક્ષ્મીવાળા અને સાત દ્વીપના પતિ માંધાતા રાજાએ આશ્ચર્ય પામીને પોતાનો ગર્વ તજી દીધો. ૪૭ એ પ્રમાણે ઘરમાં આસક્ત અને વિષયો ભોગવનારા સૌભરી ઋષિ અગ્નિ જેમ ઘીનાં ટીપાંથી તૃપ્ત ન થાય તેમ અનેક પ્રકારના સુખકારક પદાર્થોથી તૃપ્ત ન થયા. ૪૮ એ ઋગ્વેદીઓના આચાર્ય સૌભરી ઋષિ એક દિવસ બેઠા બેઠા વિચાર કરવા લાગ્યા તો માછલાંના સંગથી પોતાના તપનો નાશ થયેલો જાણવામાં આવ્યો. તેથી બોલી ઉઠયા કે—અરેરે ! હું તપસ્વી, સુપાત્ર અને સારા નિયમ ધારણ કરનારો હતો, તેની આ કેટલી બધી ખરાબી થઇ ! જળમાં માછલાંનો સંગ જોઇને મેં લાંબા કાળથી સંચિત કરેલું તપ ગુમાવ્યું, ૫૦ માટે મોક્ષની ઇચ્છાવાળાએ દંપતિનો સંગ કરવો નહી, તેમજ ઇંદ્રિયોને પણ છૂટી મૂકવી ન જોઇએ; પરંતુ એકલા જ રહીને એકાંતમાં અનંત ભગવાનમાં ચિત્ત લગાડવું. જો કોઇનો સંગ કરવાની ઇચ્છા થાય તો ભગવાનના પ્રિય ભક્તજનોનો પ્રસંગ કરવો. ૫૧ તપ કરતી વખતે હું એકલોજ હતો, તે જળમાં માછલાંનો સંગ જોઇને પચાસરૂપે થયો, વળી પચાસ સ્ત્રીઓમાંની પ્રત્યેકમાં સો સો પુત્ર ઉત્પન્ન કરવાથી પાંચહજારરૂપે થયો; તો પણ હું માયાથી હરાઇ ગયેલી બુદ્ધિવાળો અને વિષયોનેજ પુરૂષાર્થ માનનારો આ લોકનાં તથા પરલોકનાં કાર્ય કરવારૂપી મનોરથના પારને પામતો નથી. ૫૨ આ પ્રમાણે સૌભરી ઋષિને ઘરમાં રહેતાં વૈરાગ્ય થવાથી સર્વનો સંગ છોડીને તે વનમાં ચાલ્યા ગયા. તેમની સાથે તેમની પતિવ્રતા સ્ત્રીઓ પણ વનમાં ગઇ. ૫૩ આત્મજ્ઞાની મુનિએ શરીરને દુબળું કરનારૂં ઉગ્ર તપ કરીને અગ્નિહોત્ર સહિત પોતાના આત્માને પરમાત્મામાં જોડી દીધો. ૫૪ હે મહારાજ ! તેમની સ્ત્રીઓ પણ પોતાના પતિને મોક્ષ પામેલા જોઇને અગ્નિ શાંત પડયા પછી જેમ તેની જવાળાઓ શાંત પડી જાય, તેમ પતિના પ્રભાવથી મોક્ષ પામી. ૫૫

ताःस्वपत्युर्महाराज निरीक्ष्याध्यात्मिकींगतिम्
अन्वीयुस्तत्प्रभावेन अग्निं शांतमिवार्चिषः ॥

ઇતિ શ્રી ભાગવત મહાપુરાણના નવમ સ્કંધ વિષે "સૌભરી આખ્યાન વર્ણન" નામનો ૬ ઠ્ઠો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૭ મો.

માંધાતાના વંશના રાજા પુરૂકુત્સ તથા હરિશ્ચંદ્રની કથા.

श्री शुकउवाच.

मांधातुः पुत्रप्रवरो योम्बरीषः प्रकीर्तितः ॥
पितामहेन प्रवृतो यौवनाश्वश्च तत्सुतः ॥

શ્રી શુકદેવજી કહે છે–હે રાજા! માંધાતાના મોટા પુત્ર અંબરીષને તેના દાદાએ દત્તક લીધો હતો, તેનો પુત્ર યૌવનાશ્વ થયો અને તેને હારીત નામનો પુત્ર થયો. અંબરીષ, યૌવનાશ્વ અને હારીત એ ત્રણે માંધાતાના વંશમાં મુખ્ય ગણાયછે. માંધાતાના વંશના પુત્ર પુરૂકુત્સને સર્પોએ પોતાની બેન નર્મદા પરણાવી હતી. ૨ એ નર્મદા વાસુકી નાગની આજ્ઞાથી પોતાના પતિને પાતાળમાં લઈ ગઈ, ત્યાં પુરૂકુત્સે વિષ્ણુની શક્તિથી મારવા યોગ્ય ગંધર્વોનો નાશ કર્યો. ૩ તેથી નાગલોકે તેને વરદાન આપ્યું કે–'આ આખ્યાન જે સાંભળશે, તેને સર્પનો ભય રહેશે નહી.' એ પુરૂકુત્સને ત્રસદસ્યુ, તેને અનરણ્ય, તેને હર્યશ્વ, તેને અરૂણ, તેને નિબંધન, અને નિબંધનને સત્યવ્રત નામનો પુત્ર થયો. સત્યવ્રતનું બીજું નામ ત્રિશંકુ હતું. ૪-૫ એ ત્રિશંકુ વસિષ્ઠ ગુરૂના શાપથી ચંડાળ થયો હતો; પરંતુ વિશ્વામિત્રે પોતાની શક્તિથી તેને સ્વદેહે સ્વર્ગમાં મોકલ્યો હતો, તે આજ પણ આકાશમાં દેખાયછે. ૬ તે જ્યારે સ્વર્ગમાં ગયો ત્યારે દેવતાઓએ તેને ઉંધે માથે પાછો નાંખી દીધો હતો, પરંતુ વિશ્વામિત્રે પોતાના તપની શક્તિથી તેને આકાશમાં અધર રાખ્યો હતો. ત્રિશંકુને હરિશ્ચંદ્ર નામનો પુત્ર થયો, તેને માટે વિશ્વામિત્ર અને વસિષ્ઠને *પક્ષીરૂપે ઘણાં વર્ષસુધી યુદ્ધ ચાલ્યું હતું. ૭ હરિશ્ચંદ્રને પુત્ર નહતો, તેથી ખેદ પામી નારદજીના ઉપદેશથી વરૂણ દેવતાને શરણે જઇને કહ્યું કે–"હે પ્રભુ! મને પુત્ર થાય તેમ કરો. ૮ મને વીરપુત્ર થશે તો તેનું હું તમને બળિદાન કરીશ." એટલે વરૂણે "તથાસ્તુ" કહ્યું. તેથી તેને 'રોહિત' નામનો પુત્ર થયો. ૯ પછી વરૂણે કહ્યું કે–'તને પુત્ર થયો, માટે એનાવડે તું મારૂં યજન કર.' ત્યારે હરિશ્ચંદ્રે કહ્યું કે–'આ બાળકપશુ દશ દહાડાનો થાય ત્યારે તે પવિત્ર થાય.' એ સાંભળીને વરૂણદેવ ગયા. ૧૦ જ્યારે બાળક દશ દિવસનો થયો, ત્યારે વરૂણે આવીને કહ્યું કે–હવે મારૂં યજન કર. ત્યારે રાજાએ કહ્યું કે–એને જ્યારે દાંત આવશે ત્યારે પવિત્ર થશે. ૧૧ પછી બાળકને દાંત આવ્યા ત્યારે વરૂણે આવીને કહ્યું કે–હવે મારૂં યજન કર, ત્યારે રાજાએ કહ્યું કે–આ બાળકપશુના દાંત જ્યારે પડી જાય ત્યારે તે પવિત્ર થાય. ૧૨ પછી તેના દાંત પડી ગયા, ત્યારે વળી વરૂણે કહ્યું કે–હવે આપ. ત્યારે હરિશ્ચંદ્રે કહ્યું કે–એને જ્યારે ફરીને દાંત આવે ત્યારે તે પશુ પવિત્ર થાય. ૧૩ થોડા દિવસ પછી નવા દાંત આવ્યા, એટલે વરૂણે કહ્યું કે–હવે એ પશુથી મારૂં યજન કર. ત્યારે રાજા બોલ્યો કે–હે રાજા! ક્ષત્રિય જાતિનો પુત્ર જ્યારે યુદ્ધ કરવાને સમર્થ થાય, ત્યારે તે પવિત્ર ગણાયછે. ૧૪ આ પ્રમાણે પુત્ર ઉપર પ્રીતિવાળા હરિશ્ચંદ્ર રાજાએ પુત્રવાત્સલ્યતાથી જૂદા જૂદા સમયો કહ્યા, તે તે સમયની વરૂણદેવતા વાટ જોઇ રહ્યા. ૧૫ એટલામાં રોહિત પણ પોતાનું કર્તવ્ય જાણી ગયો. તેથી પ્રાણ બચાવવા માટે તે હાથમાં ધનુષ્ય લઇને વનમાં ચાલ્યો ગયો. ૧૬ પછી વરૂણે કોપ કરીને હરિશ્ચંદ્રને જળોદરનો રોગ ઉત્પન્ન કર્યો, તેથી તેનું પેટ ઘણુંજ વધી ગયું. એ સમાચાર જાણીને રોહિત પાછો ઘેર આવવા લા-

* વિશ્વામિત્રે રાજસૂય યજ્ઞની દક્ષિણાના બહાનાથી હરિશ્ચંદ્રનું સર્વસ્વ લઇ લીધું હતું, તેથી વસિષ્ઠે કોપ કરીને વિશ્વામિત્રને શાપ આપ્યો કે–'તું બગલો થા.' તેથી વિશ્વામિત્રે પણ સામો શાપ આપ્યો કે–'તું પણ બગલો થા.' આ પ્રમાણે બન્ને પક્ષીરૂપે ઘણાં વર્ષસુધી લડયા હતા.

ગ્યો. તેથી ઇંદ્રે તેને અટકાવ્યો, ૧૭ અને કહ્યું કે—તારે તીર્થયાત્રા કરતાં પૃથ્વીપર ફરવું એ પુણ્યકારક છે. એવા ઇંદ્રના ઉપદેશથી તે પાછો એક વર્ષસુધી વનમાં રહ્યો- ૧૮ એ રીતે બીજે, ત્રીજે, ચોથે તથા પાંચમે વર્ષે પણ ઇંદ્રે બ્રાહ્મણવેશે આવીને તેને પિતાના નગરમાં આવતાં અટકાવ્યો. ૧૯ એ રીતે છઠ્ઠું વર્ષ પણ વનમાં ફરીને ગાળ્યું, અને સાતમે વર્ષે પિતાના નગર તરફ આવવા લાગ્યો, રસ્તે આવતાં અજીગર્ત નામના બ્રાહ્મણની પાસેથી તેના વચટ પુત્ર શુનઃશેફને વેચાતો લીધો. ૨૦ એ શુનઃશેફને પોતાની વતી હોમવા માટે પિતા હરિશ્ચંદ્રને આપીને રોહિતે પ્રણામ કર્યા. પછી મહાયશસ્વી હરિશ્ચંદ્ર રાજાએ તેનો પુરૂષમેધ કર્યો. અને પોતે જળોદરના રોગથી મુક્ત થયો એ યજ્ઞમાં વિશ્વામિત્ર હોતા, આત્મજ્ઞાની જમદગ્નિ અધ્વર્યુ, વસિષ્ઠ બ્રહ્મા, અને અયાસ્યમુનિ ઉદ્ગાતા થયા હતા, ઇંદ્રે યજ્ઞમાં પ્રસન્ન થઈને હરિશ્ચંદ્રને સુવર્ણનો રથ આપ્યો હતો. ૨૧-૨૨-૨૩ એ શુનઃશેફનું મહાત્મ્ય આગળ કહેવામાં આવશે. હરિશ્ચંદ્ર રાજાની તથા તેની રાણીની સત્યતાવાળી ધીરજ જોઇને વિશ્વામિત્ર ઋષિ ઘણા પ્રસન્ન થયા, અને રાજાને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કર્યો. પછી એ જ્ઞાનના પ્રભાવથી તેણે પોતાના મનનો પૃથ્વીમાં, પૃથ્વીનો જળમાં, જળનો તેજમાં, તેજનો વાયુમાં, ૨૪-૨૫ વાયુનો આકાશમાં, આકાશનો અહંકારમાં, અને અહંકારનો મહત્તત્વમાં લય કર્યો. પછી વિષયાકારને જૂદા પાડી, શુદ્ધ રહેલા જ્ઞાનનું આત્મસ્વરૂપમાં ધ્યાન કરીને તે ધ્યાનરૂપ વૃત્તિથી અજ્ઞાનને બાળી નાંખ્યું. ૨૬ પછી નિર્વાણસુખરૂપી જ્ઞાનવડે તે ધ્યાનરૂપ વૃત્તિનો પણ ત્યાગ કરી દઇ સર્વ બંધનમાંથી છૂટીને પોતાનું સ્વરૂપ કે જે કોઈથી પણ ગ્રહણ કરી શકાતું નથી, તથા તર્કમાં પણ આવી શકતું નથી તેમાં રહ્યા ૨૭

हित्वा तांस्तेन भावेन निर्वाण सुखसंविदा ।
अनिर्देश्या प्रतर्क्येण तस्थौ विध्वस्त बंधनः ॥

ઇતિ શ્રી ભાગવત મહાપુરાણના નવમ સ્કંધમાં “ હરિશ્ચંદ્ર આખ્યાન વર્ણન ” નામનો ૭ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૮ મો.

સગર રાજાના પુત્રો કપિલદેવના શાપથી બળી ગયા.

શ્રી શુકઉવાચ.

हरितो रोहितसुतश्चंपस्तस्माद्विनिर्मिता ॥
चंपापुरी सुदेवोऽतो विजयो यस्य चात्मजः॥

શ્રી શુકદેવજી કહે છે—રોહિતને હરિત અને હરિતને ચંપ નામનો પુત્ર થયો, તેણે ચંપાપુરી વસાવી હતી. ચંપને સુદેવ, સુદેવે વિજય, ૧ તેને ભરૂક, તેને વૃક, અને વૃકને બાહુક નામે પુત્ર થયો. એ બાહુકનું રાજ્ય શત્રુઓએ લઇ લેવાથી તે પોતાની સ્ત્રીની સાથે વનમાં ચાલ્યો ગયો હતો. ૨ એ રાજા ઘરડો થઇને મરણ પામ્યો, તેથી તેની રાણી સતી થવા લાગી, પણ તે ગર્ભવતી હોવાથી ઔર્વ ઋષિએ સતી ન થવા દીધી. ૩ તે સગર્ભા છે એવું જાણીને તેની શોકયોએ તેને અન્નની સાથે ઝેર દીધું, પણ તે ગર્ભ મરી ગયો નહીં; પરંતુ તે ગર (ઝેર)ની સાથેજ અવતર્યો, તેથી તે મહાયશસ્વી રાજા ‘ સગર ’ નામથી પ્રખ્યાત થયો. ૪ એ ચક્રવર્તી રાજા થયો, એના પુત્રોએ સાગર નિર્માણ કર્યો છે. એ સગર રાજાએ પોતાના ગુરૂની આજ્ઞાથી યુદ્ધમાં તાલજંઘ, યવનો, શક, હૈહય અને બર્બર લોકોને મારી નહીં નાંખતાં તેમાંના કેટલાકને વિચિત્ર પોશાક પેહેરનારા બનાવ્યા, કેટલાકને મુંડીયા બનાવ્યા, કેટલાકને દાઢી મુછવાળા કર્યા, કેટલાકને છૂટા કેશવાળા કર્યા, અને કેટલાકને અર્ધા મુંડેલા કર્યા. ૫-૬ વળી કેટલાકને અંદરના વસ્ત્ર વગરના અને કેટલાકને બહારના વસ્ત્ર વગરના કર્યા. તેણે ઔર્વ મુનિએ બતા-

વ્યા પ્રમાણે સર્વ વેદમય તથા દેવમય પરમાત્માનું અશ્વમેધ યજ્ઞોથી યજન કર્યું હતું. તેણે યજ્ઞમાંથી છોડેલા ઘોડાને ઇંદ્ર હરી ગયો હતો. ૭—૮ તેથી રાજાની આજ્ઞાથી તેની સુમતિ રાણીના સાઠહજાર પુત્રો ઘોડાની શોધ કરવા લાગ્યા, અને ગર્વથી ચારે તરફથી પૃથ્વી ખોદવા લાગ્યા. ૯ એ પ્રમાણે ખોદીને શોધતાં તેમણે ઇશાનખુણામાં કપિલદેવની પાસે યજ્ઞનો ઘોડો બાંધેલો દીઠો. અને કપિલદેવને બન્ને આંખો મીંચીને બેઠેલા દીઠા. તે વખતે એ સઘળા પુત્રો બોલી ઉઠયા કે—આ જ આંખો મીંચીને બેઠેલો આપણા ઘોડાનો ચોર છે, માટે એ પાપીને મારો. એ પ્રમાણે બોલી શસ્ત્રો ઉગામીને તેઓ મારવાને દોડયા, એટલામાં મુનિએ સમાધિમાંથી જાગીને આંખ્યો ઉઘાડી, ૧૦-૧૧ કે તરત તે રાજકુમારો કે જેઓની બુદ્ધિ ઇંદ્રે હરી લીધી હતી, અને મહાત્માઓના અપરાધથી જેઓ હણાયલાજ હતા, તેઓ પોતાના શરીરના અગ્નિથી ક્ષણવારમાં બળીને ભસ્મ થઇ ગયા, ૧૨ કેટલાક કહે છે કે—એ સગર રાજાના પુત્રો કપિલદેવના કોપથી બળી ગયા; પરંતુ એ વાત અસંભવિત છે, કારણ કે શુદ્ધ દેહવાળા, સત્વમૂર્તિ અને જગતને પવિત્ર કરનારા કપિલમુનિને ક્રોધરૂપ અજ્ઞાન થવાની વાત સંભવતી નથી. જેમ આકાશમાં પૃથ્વીની રજનો સંભવ નથી, તેમ સત્વમૂર્તિ ભગવાનમાં ક્રોધમય અજ્ઞાન સંભવેજ નહી. ૧૩ જેમણે સાંખ્યશાસ્ત્રરૂપ દૃઢ નૌકા આ લોકમાં ચલાવેલી છે, અને એ નૌકાવડે મુમુક્ષુ પુરૂષો ન તરી શકાય એવા મૃત્યુના માર્ગરૂપ ભવસાગરને તરી જાયછે, એવા સર્વજ્ઞ તથા બ્રહ્મરૂપ કપિલમુનિને શત્રુ-મિત્ર વગેરે ભેદબુદ્ધિ કેમ થાય? ૧૪ સગરરાજાને બીજી કેશિની નામની રાણી હતી, તેને અસમંજસ નામનો પુત્ર હતો, તેનો પુત્ર અંશુમાન નામનો હતો, તે પોતાના દાદા સગરનું હિત કરવામાં તત્પર રહેતો હતો. ૧૫ અસમંજસ પૂર્વે યોગી હતો, પરંતુ લોકના સંગને લીધે યોગથી ભ્રષ્ટ થઇને તે સગર રાજાને ત્યાં જન્મ્યો હતો. અને પૂર્વ જન્મનું સ્મરણ હતું, તેથી પોતાના શરીરને મેલુ ઘેલું દેખાડતો હતો. ૧૬ વળી તે જગતમાં નિંદિત અને લોકોને અપ્રિય લાગે એવાં કામ કરતો, અને લોકોને ઉદ્વેગ આપવા માટે રમતાં બાળકોને સરયૂ નદીમાં ફેંકી દેતો હતો. ૧૭ તેનાં આવાં આચરણથી તેના પિતાએ સ્નેહ છોડી દઇને તેને કાઢી મુકયો, ત્યારે યોગના પ્રભાવથી તેણે સરયૂમાં નાંખેલાં બાળકોને જીવતાં દેખાડયાં, અને પછી તે ત્યાંથી ચાલ્યો ગયો. ૧૮ હે રાજા! પોતાનાં બાળકો પાછાં આવેલાં જોઇને અયોધ્યાવાસી લોક આશ્ચર્ય પામ્યા અને રાજા મનમાં સંતાપ કરવા લાગ્યો. ૧૯ પછી રાજાએ અંશુમાનને આજ્ઞા કરવાથી તે ઘોડાની શોધ માટે પોતાના કાકાઓએ ખોદેલી પૃથ્વીને માર્ગે માર્ગે ચાલ્યો, તો આગળ જતાં રાખના ઢગલાની પાસે ઘોડાને દીઠો. ૨૦ વળી ત્યાં ભગવાન કપિલદેવને પણ બેઠેલા દીઠા, એટલે ઉદાર ચરિત્રોવાળો અંશુમાન સ્થિરતાથી પ્રણામ કરી હાથ જોડીને મુનિની સ્તુતિ કરવા લાગ્યો. ૨૧

અંશુમાન સ્તુતિ કરે છે—આત્માથી પર એવા આપ પરમેશ્વરને બ્રહ્મા પણ આજસુધી સમાધિવડે પ્રત્યક્ષ અને યુક્તિઓથી અપરોક્ષ જાણતા નથી, ત્યારે અર્વાચીન લોકો કે જે બ્રહ્માના તન, મન તથા બુદ્ધિથી થયેલી સૃષ્ટિમાં ઉત્પન્ન થયેલા છે, તેઓ તો કયાંથીજ જાણે! જ્યારે એમ છે, તો અમો અજ્ઞાની લોકોની તો વાતજ શી કરવી? ૨૨ આપની માયાથી મોહિત થયેલા પ્રાણીઓ બુદ્ધિને આધીન અને કેવળ બહારનાંજ જ્ઞાનવાળા હોયછે, તેઓ જાગ્રત તથા સ્વપ્નામાં વિષયોને જુએછે, અને સુષુપ્તિમાં અજ્ઞાનને જુએ છે; પરંતુ સ્વસ્વરૂપમાં રહેનારા એવા આપને જાણતા નથી. ૨૩ તમે શુદ્ધ જ્ઞાનમય અને સ્વભાવથી માયાના ગુણરૂપ ભેદનો તથા મોહનો નાશ કરનારા સનકાદિક મુનિઓએ ધ્યાન કરવા યોગ્ય છો, એવા આપને હું મૂઢ શી રીતે જાણી શકું? ૨૪ હે

શાંતગુણવાળા ભગવાન! આપ પુરાણપુરૂષ ભગવાનને હું નમસ્કાર કરૂં છું, માયાના ગુણો, સૃષ્ટિ વગેરે કર્મો તથા બ્રહ્માદિક રૂપો એ આપનાંજ છે. આપ કાર્ય-કારણથી રહિત અને નામ-રૂપથી રહિત છો, અને અજ્ઞાનીઓને જ્ઞાનોપદેશ આપવા માટે અવતાર ધારણ કરો છો. ૨૫ તમારી માયાએ રચેલા આ લોકમાં કામ, લોભ, ઇર્ષ્યા તથા મોહથી ભમેલા ચિત્તવાળા પુરૂષો ઘર વગેરે પદાર્થોને સાચા માનીને ભટકયા કરેછે. ૨૬ હે ભગવાન! હે સર્વ પ્રાણીમય! આજે આપનાં દર્શન કરવાથી મારો કાળ, કર્મ તથા ઇંદ્રિયોના આશ્રયરૂપ મોહરૂપી દઢ પાશ કપાઇ ગયો છે. ૨૭

શ્રી શુકદેવજી કહે છે—હે રાજા! એ પ્રમાણે અંશુમાને સ્તુતિ કરી, ત્યારે ભગવાન કપિલદેવે તેના ઉપર મનવડે અનુગ્રહ કરીને તેને આ પ્રમાણે કહ્યું. ૨૮

કપિલદેવ કહે છે—"હે વત્સ! આ તારા દાદાનો ઘોડો લઇ જા, અને આ તારા કાકાઓ બળી ગયા છે, તેઓની મુક્તિ ગંગાજળથી થશે, બીજા કશાથી થવાની નથી." ૨૯ પછી અંશુમાન કપિલમુનિને પ્રણામ તથા પ્રદક્ષિણા કરી, પ્રસન્ન કરી ઘોડાને લઇને સગર રાજાની પાસે આવ્યો, એટલે રાજાએ અધુરો રહેલો યજ્ઞ પૂરો કર્યો. ૩૦ પછી સગરરાજા અંશુમાનને રાજ્ય સોંપી, સ્પૃહા તથા બંધનથી રહિત થઇને ઔર્વ મુનિએ બતાવેલા માર્ગે સર્વોત્તમ ગતિને પામ્યો. ૩૧

राज्यमंशुमति न्यस्य निस्पृहो मुक्तबंधनः ॥
और्वोपदिष्ट मार्गेण लेभे गतिमनुत्तमाम् ॥

ઇતિ શ્રી ભાગવત મહાપુરાણના નવમ સ્કંધમાં "સગરરાજાનું ઉપઆખ્યાન વર્ણન" નામનો ૮ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૯ મો.

સગર રાજાના પૌત્રના પૌત્ર ભગીરથ રાજા પૃથ્વી ઉપર ગંગાજી લાવ્યા.

શ્રી शुकउवाच.

अंशुमांश्च तपस्तेपे गंगानयन काम्यया ॥
कालं महांतं नाशन्कोत्ततः कालेन संस्थितः॥

શ્રી શુકદેવજી કહે છે-હે પરીક્ષિત રાજા! અંશુમાન રાજાએ પૃથ્વી ઉપર ગંગાજી લાવવાને માટે ઘણાં વર્ષસુધી તપ કર્યું; પરંતુ તે લાવી શકયો નહી, અને કાળે કરીને મરણ પામ્યો. ૧ તેનો પુત્ર દિલીપ થયો, તેણે કરેલો પ્રયત્ન પણ નિષ્ફળ થયો, અને તે પણ કાળે કરીને મરણ પામ્યો. પછી દિલીપના પુત્ર ભગીરથે ઘણાં વર્ષ સુધી તપશ્ચર્યા કરી. ૨ તેને ગંગાજીએ દર્શન આપીને કહ્યું કે—'હું તારા ઉપર પ્રસન્ન થઇને વરદાન આપવા આવી છું, માગ.' ત્યારે ભગીરથે પ્રણામ કરીને પોતાનો વિચાર જણાવ્યો. ૩ એટલે ગંગાજીએ કહ્યું કે—'હે રાજા! હું પૃથ્વી ઉપર પડીશ; પરતુ મારા વેગને ધારણ કરનારો કોઈ પુરૂષ હોવો જોઇએ, નહી તો પૃથ્વી ફાડીને હુ પાતાળમાં ચાલી જઇશ. ૪ હે રાજા! હું પૃથ્વી ઉપર આવવાને રાજી નથી, કારણ કે લોકો મારાવિષે પોતાનાં પાપ ધોશે, તોપછી હું તે પાપને કયાં ધોઉં? તેનો ઉપાય તમે બતાવો. ૫

ભગીરથ બોલ્યો—સર્વના સંગનો ત્યાગ કરનારા, જગતને પવિત્ર કરનારા, શાંતઅને બ્રહ્મવેત્તા મહાત્માઓ તમારા જળમાં નાહીને તમારા પાપનો નાશ કરશે, કેમકે સર્વ પાપોને હરનારા ભગવાન તેમનામાં વસેછે. ૬ તમારા વેગને દેહધારીઓના આત્મારૂપ શંકર ધારણ કરશે, જેમ તંતુઓમાં સાડી ઓતપ્રોત રહેલી છે, તેમ શંકર વિષે આ જગત ઓતપ્રોત રહેલું છે. ૭

શ્રી શુકદેવજી કહે છે—હે રાજા! એ પ્રમાણે ગંગાજીને કહીને ભગીરથે શંકરને પ્રસન્ન કરવા માટે તપશ્ચર્યા કરવા માંડી, તેથી

થોડા સમયમાં સદાશિવ પ્રસન્ન થયા. ૮ અને ભગીરથે કરેલી માગણીને "તથાસ્તુ" કહીને સ્વીકારી. પછી સર્વ લોકોના હિતેચ્છુ શંકરે સાવધાન થઇને શ્રી ભગવાનનાં ચરણોથી પવિત્ર થયેલાં ગંગાજીને ધારણ કર્યાં, ૯ એટલે પછી ભગીરથ જ્યાં પોતાના વડવાઓનાં શરીર ભસ્મ થઈ પડેલાં હતાં, ત્યાં આગળ જગતપાવની ગંગાજીને લઇ જવા લાગ્યો. ૧૦ ભગીરથ રાજા વાયુના જેવા વેગવાળા રથમાં બેસીને આગળ ચાલ્યો, અને તેની પાછળ દોડતાં અને દેશોને પવિત્ર કરતાં ગંગાજીએ જઇને ભસ્મરૂપ થયેલા સગરરાજાના પુત્રોને નવરાવ્યા. ૧૧ જો કે સગરના પુત્રો બ્રહ્મદંડથી બળીને ભસ્મ થઈ ગયા હતા; તોપણ માત્ર તેઓની રાખનેજ ગંગાજીના સ્પર્શ થતાં સ્વર્ગમાં ગયા હતા. ૧૨ હે રાજા ! બળીને રાખ થઈ ગયેલાં શરીરોને ગંગાજીનો સ્પર્શ થતાં સ્વર્ગમાં ગયા, ત્યારે શ્રદ્ધાથી સદાચાર પાળીને ગંગાજીનું સેવન કરનારો પુરૂષ સ્વર્ગમાં કેમ ન જાય? ૧૩ ભગવાનનાં ચરણકમળમાંથી પ્રગટ થયેલાં અને ભવજાળને કાપનારાં ગંગાજીનું આ મહાત્મ્ય કહ્યું છે, તેમાં તમારે કાંઇ અચરજ પામવું નહી. ૧૪ કારણ કે નિર્મળ મનવાળા મુનિઓ ભગવાનમાં ચિત્ત લગાડીને ન છૂટી શકે એવાં દેહનાં બંધનોનો ત્યાગ કરીને તુરતજ ભગવાનના રૂપને પામ્યા છે. ૧૫ હે રાજા ! ભગીરથને શ્રુત નામનો પુત્ર ઉત્પન્ન થયો હતો, તેને નાભ, નાભને સિંધુદ્વીપ, તેને અયુતાયુ, ૧૬ અને તેને ઋતુપર્ણ નામનો પુત્ર ઉત્પન્ન થયો હતો. એ ઋતુપર્ણ નળરાજાનો મિત્ર હતો. તેણે નળને દ્યૂતવિદ્યા શીખવીને તેની પાસેથી પોતે અશ્વવિદ્યા શીખ્યો હતો. ઋતુપર્ણને સર્વકામ નામનો પુત્ર હતો. ૧૭ તેને સુદાસ, અને સુદાસને સૌદાસ નામનો પુત્ર થયો હતો. એ સૌદાસને મદયંતી નામે રાણી હતી. એ રાજાને મિત્રસહ તથા કલ્માષાંઘ્રિ પણ કહે છે. તે વસિષ્ઠના શાપથી રાક્ષસ થઇ પોતાનાં કર્મોથી સંતાન વિનાનો રહ્યો હતો. ૧૮

પરીક્ષિત રાજા પૂછે છે—હે ભગવાન્! મહાત્મા સૌદાસને ગુરૂ વસિષ્ઠનો શાપ શાથી થયો ? તે વાત જો કહેવા જેવી હોય તો મને કહો, તે સાંભળવાને હું ઇચ્છા રાખું છું. ૧૯

શ્રી શુકદેવજી કહે છે—મહાત્મા સૌદાસ રાજાએ મૃગયા રમતાં કોઇ રાક્ષસને મારી નાંખ્યો હતો, અને તેના ભાઇને છોડી મૂક્યો હતો, તેથી ભાઇનું વેર વાળવાને માટે તે સૌદાસના ઘરમાં રસોઇઆનું રૂપ ધરીને રહ્યો હતો. રાજાનું ભૂડું કરવાની ઇચ્છાથી તેણે એકવાર ભોજન કરવા આવેલા વસિષ્ઠ મુનિને મનુષ્યનું માંસ રાંધીને પીરસ્યું. ૨૦-૨૧ પીરસતાંજ ભગવાન વસિષ્ઠે તેને અભક્ષ્ય જાણી ક્રોધ કરીને રાજાને શાપ આપ્યો કે—'આવું કર્મ કરવાથી તું રાક્ષસ થઇશ.' ૨૨ પછી એ કામ તો રાક્ષસે કર્યું છે, એમ જાણીને મુનિએ એ શાપની અવધિ બાર વરસની રાખી. પછી રાજા પણ હાથમાં જળ લઇ ગુરૂને શાપ આપવા લાગ્યો. ૨૩ તે વખતે તેની મદયંતી રાણીએ તેને વાર્યો, ત્યારપછી તે દિશાઓ, આકાશ, પૃથ્વી તથા સઘળા જગતને જીવમય જોઇને તેણે પોતાના હાથમાંનું શાપિત તીક્ષ્ણ જળ પોતાના પગ ઉપર નાંખ્યું. ૨૪ તેથી તેના પગ કાળા થઇ ગયા અને તે કલ્માષપાદ કહેવાયો. પછી તે શાપને લીધે રાક્ષસ થઇને વનમાં ફરવા લાગ્યો, ત્યાં એક દિવસે તેણે વનમાં એક બ્રાહ્મણને બ્રાહ્મણી સાથે સંગ કરતાં દીઠો. ૨૫ એટલે ભૂખથી પીડાતા રાક્ષસે બ્રાહ્મણને પકડયો, તે વખતે પેલી બ્રાહ્મણી દીનની પેઠે બોલી.

બ્રાહ્મણી કહે છે—તું રાક્ષસ નથી પણ ઇક્ષ્વાકુ વંશનો મહારથી રાજા મદયંતી રાણીનો પતિ છે. ૨૬ હે વીર ! માટે તારે આવો અધર્મ કરવો યોગ્ય નથી, મને સંતાનની ઈચ્છા છે, માટે આ મારો પતિ બ્રાહ્મણ કે જેનો સંભોગ હજી પૂરો થયો નથી તેને ન મારતાં મને આપ. ૨૭ હે રાજા ! આ મનુષ્ય દેહ સર્વ પુરૂષાર્થો આપનારો છે, તેથી મનુષ્યદેહનો નાશ કરવો એ સર્વ પુરૂષાર્થોનો

નાશ કર્યા બરાબર છે. ૨૮ આ બ્રાહ્મણ વિદ્વાન છે, તેમજ તપ, શીલ તથા ગુણયુક્ત છે. વળી તે સર્વ પ્રાણીઓને આત્મારૂપ જાણીને પ્રાણીઓના દેહાદિકથી ઢંકાઇ રહેલા મહા પુરૂષ પરબ્રહ્મનું આરાધન કરવાની ઇચ્છાવાળો છે, માટે હે ધર્મજ્ઞ! જેમ પિતાને હાથે પુત્રનો વધ થવો યોગ્ય નથી. તેમ આવા બ્રહ્મર્ષિનો તારા જેવા રાજર્ષિના હાથથી વધ થવો યોગ્ય નથી. ૨૯-૩૦ આ બ્રાહ્મણ સદ્‌ગુણી, નિષ્પાપ, વિદ્વાન અને બ્રહ્મવાદી છે, તેનો વધ કરવો એ ગૌહત્યા સમાન છે, માટે સત્પુરૂષોમાં માન પામેલા એવા તને આ વધ કરવો યોગ્ય નથી. ૩૧ તેમ છતાં જો તારે એને ખાઇજ જવો હોય તો તું પ્રથમ મને ખાઇ જા, કારણ કે એના વિના હું શબની પેઠે એક ક્ષણ પણ જીવીશ નહી. ૩૨

શુકદેવજી કહે છે—આ પ્રમાણે પેલી બ્રાહ્મણી કરૂણાજનક વચનો બોલતી અનાથની પેઠે વિલાપ કરવા લાગી; પરંતુ શાપથી સ્વસ્વરૂપને ભૂલી ગયેલો સૌદાસ રાજા જેમ પશુને વાઘ ખાઇ જાય તેમ બ્રાહ્મણને ખાઈ ગયો. ૩૩ ગર્ભાધાન કરનારા પતિને રાક્ષસ ખાઇ ગયેલો જોઇને પોતાના દેહનો શોક કરતી એ પતિવ્રતા બ્રાહ્મણીએ ક્રોધ કરીને રાજાને શાપ આપ્યો કે—૩૪ "અરે પાપી! હે મૂર્ખ! હું કે જે કામાતુર છું, તેના પતિને તું ખાઇ ગયો, માટે તારૂં પણ સ્ત્રીનો સંભોગ કરતાં મૃત્યુ થશે." ૩૫ આ રીતે સૌદાસને શાપ દઇને એ પતિવ્રતા સ્ત્રી પોતાના પતિનાં હાડકાં અગ્નિમાં નાંખીને પોતે પણ તેમાં બળી ગઇ, અને પતિની ગતિને પામી. ૩૬ જ્યારે બાર વર્ષ પૂરાં થયાં, ત્યારે તે રાજા શાપથી છુટ્યો. એટલે તે પોતાની સ્ત્રી સાથે સંભોગ કરવાને તૈયાર થયો, ત્યારે તેની રાણીએ બ્રાહ્મણીનો શાપ સંભારીને તેને તેમ કરતાં અટકાવ્યો. ૩૭ ત્યારપછી તેણે મૈથુનસુખનો ત્યાગ કર્યો અને પોતાનાં કર્માવડે સંતાન વગરનો રહ્યો. પછી તેની આજ્ઞાથી વસિષ્ઠમુનિએ મદયંતીને ગર્ભ રાખ્યો હતો. ૩૮ મદયંતીને ગર્ભ ધારણ કર્યાને સાત વર્ષ થઇ ગયાં, તોપણ તેને પ્રસવ થયો નહી, તેથી વસિષ્ઠે તેના પેટમાં પથ્થર માર્યો, તેથી તેને પુત્ર અવતર્યો, તેનું નામ 'અશ્મક' રાખ્યું. ૩૯ અશ્મકને મૂળક નામનો પુત્ર થયો. જ્યારે પરશુરામે પૃથ્વીને નિ:ક્ષત્રી કરી હતી, ત્યારે તેને સ્ત્રીઓએ છૂપાવી રાખીને બચાવ્યો હતો, તેથી તેને નારીકવચ પણ કહેછે. તેમજ ક્ષત્રિયોના મૂળરૂપે રહ્યો તેથી તેને મૂળક પણ કહેછે. ૪૦ મુળકને દશરથ, તેને એડવિડ, તેને વિશ્વસહ, અને તેને ચક્રવર્તી ખટ્વાંગ નામે પુત્ર થયો હતો. ૪૧ એ કોઇથી ન જીતી શકાય એવા ખટ્વાંગ રાજાની દેવતાઓએ સ્તુતિ કરવાથી તેણે દૈત્યોનો નાશ કર્યો હતો, તેથી પ્રસન્ન થયેલા દેવતાઓએ વર માગવાનું કહ્યું, ત્યારે રાજાએ પૂછ્યું કે—મારૂં આયુષ્ય કેટલું છે, તે કહો. દેવતાઓએ કહ્યું કે—હવે તારૂં આયુષ્ય માત્ર બે ઘડી છે. એ વાત જાણી તુરત વિમાનમાં બેસીને તે ઘેર આવ્યો, અને પોતાનું ચિત્ત ભગવાનમાં ચોંટાડયું. ૪૨ તેણે મનમાં વિચાર કર્યો કે—મારા કુળના દૈવતરૂપ બ્રાહ્મણો કરતાં મને પ્રાણ, પુત્ર, લક્ષ્મી, પૃથ્વી, રાજ્ય અને સ્ત્રી વગેરે કાંઇએ વધારે પ્રિય નથી. ૪૩ તેમજ બાલ્યાવસ્થામાં પણ મારી બુદ્ધિ કદી અધર્મને માર્ગે ગઇ નથી, અને હું કોઇપણ વસ્તુને ભગવાનથી જૂદી દેખતો નથી. ૪૪ જો કે ત્રૈલોકયના ઇશ્વર દેવતાઓએ મનવાંચ્છિત વર માગવાનું કહ્યું, પણ હું વર માગવાને ઇચ્છતો નથી; કારણ કે મારૂં ધ્યાન ભગવાનમાંજ રહેછે. ૪૫ જેની ઇંદ્રિયો તથા બુદ્ધિ વિષયોથી વિક્ષિપ્ત થઇ ગયેલી છે, એવા દેવતાઓ પણ પોતાના હૃદયમાં રહેલા નિરંતર પ્રિય આત્માને ઓળખતા નથી, ત્યારે બીજાઓ તો કયાંથીજ ઓળખે? ૪૬ માટે ભગવાનની માયાએ રચેલા, અને ગંધર્વ નગર જેવા ખોટા દેખાતા વિષયોમાં સ્વાભાવિક રીતે મારી પ્રીત મજબુત લાગી છે. તેનો ભગવાનની ભાવનાથી ત્યાગ કરીને હું ભગવાનને શરણે જાઊંછું. ૪૭ એ પ્રમાણે નારાયણના ધ્યાનવાળી બુદ્ધિથી નિ-

શ્રય કરીને ખટ્વાંગ રાજાએ દેહાદિકના અભિમાનરૂપી અજ્ઞાનનો ત્યાગ કરીને પોતાના સ્વરૂપનો આશ્રય કર્યો. ૪૮ જે સ્વરૂપને ભક્તજનો 'ભગવાન વાસુદેવ' કહે છે, તથા જે પરમ સૂક્ષ્મ અને શુન્ય નહિ છતાં જેની શુન્યના જેવી કલ્પના કરેલી છે, તેજ પરબ્રહ્મ છે એમ જાણવું. ૪૯

एतद् ब्रह्म परं सूक्ष्ममशून्यं शून्य कल्पितम्॥
भगवान् वासुदेवेति यं गृणंतिहि सात्त्वताः ॥

ઇતિ શ્રી ભાગવત મહાપુરાણના નવમ સ્કંધમાં "સૂર્યવંશ વર્ણન" નામનો ૯ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૦ મો.

ખટ્વાંગનો વંશ તથા શ્રી રામચંદ્રજીનું ચરિત્ર.

श्री शुकउवाच.

खट्वांगाद्दीर्घ बाहुश्चरघुस्तस्मात्पृथुश्रवाः ॥
अजस्ततो महाराज तस्माद्दशरथोऽभवत् ॥

શ્રી શુકદેવજી કહે છે—હે મહારાજા! ખટ્વાંગને દીર્ઘબાહુ, તેને મોટી કીર્તિવાળો રઘુરાજા, રઘુને અજ, અને અજને દશરથ નામનો પુત્ર થયો. ૧ દશરથ રાજાને ત્યાં દેવતાઓની પ્રાર્થનાથી સાક્ષાત્ પરબ્રહ્મ શ્રી હરિ પોતાના અંશના અંશથી ચાર પુત્રરૂપે પ્રગટ થયા. ૨ તેઓનાં નામ રામ, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન હતાં. સીતાપતિ શ્રી રામચંદ્રજીનાં ચરિત્ર તત્વવેત્તા વાલ્મીકિ વગેરે ઋષિઓએ ઘણાં વર્ણવ્યાં છે, તે તમે વારંવાર સાંભળ્યાં હશે. ૩ જે શ્રી રામચંદ્રજીએ પિતાને માટે રાજ્યનો ત્યાગ કર્યો, અને સીતાના હાથનો સ્પર્શ પણ સહન કરી શકે નહી એવાં કમળ જેવાં કોમળ ચરણોથી ચાલીને વનમાં ભટક્યા; સુગ્રીવ અને લક્ષ્મણે તેમનો માર્ગનો શ્રમ દૂર કર્યો, તેમણે સૂર્પણખાનાં નાક કાન કાપી લેવાથી રાવણ સીતાને હરી ગયો, ત્યારે સીતાના વિરહથી પ્રગટેલા ક્રોધથી ભ્રકુટિ ચઢાવી, સમુદ્રને ત્રાસ આપી, તેપર સેતુ બાંધીને રાક્ષસરૂપી વનને બાળીને ભસ્મ કરી નાંખ્યું, તે પુરાણ પુરૂષ કોશલપતિ અમારી રક્ષા કરો. ૪ વળી જેમણે વિશ્વામિત્રના યજ્ઞમાં લક્ષ્મણના દેખતાં મારીચ વગેરે મોટા મોટા રાક્ષસોનો વધ કર્યો હતો. ૫ વળી જેમણે સીતાના સ્વયંવર મંડપમાં જગતના સર્વ વીર પુરૂષોની સભામાં ત્રણસેં મનુષ્યોએ આણેલા શંકરના ભારે ધનુષ્યને લઇ સજજ કરી, ખેંચીને જેમ હાથીનું બચ્ચું શેરડીના સાંઠાને ભાંગી નાંખે, તેમ વચમાંથી તોડી નાંખ્યું હતું. ૬ સીતાજી કે જેમના ગુણ, સ્વભાવ, અવસ્થા, અંગ, તથા રૂપ પોતાના જેવાં અને વક્ષઃસ્થળમાં રહેલા લક્ષ્મીના અંશરૂપ હતાં, તેમને પરણીને પધાર્યા ત્યારે માર્ગમાં, જેમણે એકવીશવાર નક્ષત્રી પૃથ્વી કરી હતી, એવા પરશુરામનો ભારે ગર્વ ઉતાર્યો. ૭ વળી રામચંદ્રજી પોતાના સ્રીને વશ્ય તથા સત્યના પાશથી બંધાઇ ગયેલા પિતા દશરથની આજ્ઞા માથે ચઢાવી યોગી જેમ પ્રાણને છોડી દે તેમ રાજ્ય, લક્ષ્મી, સગાં સંબંધી તથા ઘરબારનો ત્યાગ કરી સીતાને સાથે લઇને વનમાં પધાર્યા હતા. ૮ ત્યાં દુષ્ટ બુદ્ધિવાળી રાવણની બેન સૂર્પણખાનાં નાક કાન કાપીને વિરૂપ કરી મૂકી, અને તેના ખર, ત્રિશિરા, દૂષણ વગેરે ચૌદ હજાર બંધુઓને અસહ્ય પરાક્રમવાળું ધનુષ હાથમાં લઇને માર્યા હતા, અને વનમાં રહીને ઘણાં કષ્ટ સહન કર્યાં હતાં. ૯ હે રાજા! સીતાની વાત સાંભળીને કામદેવથી પ્રદિપ્ત થયેલા રાવણે મારીચ નામના રાક્ષસને અદ્ભુત સુવર્ણમૃગ બનાવીને રામચંદ્રજીના આશ્રમની પાસે મોકલ્યો, તેને જોઇને સીતાજી લલચાયાં, અને એ અદ્ભુત શરીરવાળો મારીચ રામચંદ્રજીને આશ્રમથી દૂર લઇ ગયો, પછી રૂદ્રે જેમ દક્ષને માર્યો હતો તેમ રામચંદ્રજીએ બાણવતી તુરત મારીચને મારી નાંખ્યો. ૧૦ તે વખતે નીચ રાવણ તેમની ગેરહાજરીમાં નાહરની પેઠે

સીતાજીને હરી ગયો. ત્યારે સીતાના વિયોગથી શ્રી રામચંદ્રજી સ્ત્રીઓનો સંગ કરનારની દશા દર્શાવતા પોતાના ભાઇ લક્ષ્મણની સાથે દીન જેવા બની વનમાં વિચરવા લાગ્યા. ૧૧ સીતાની રક્ષા માટે રાવણની સાથે યુદ્ધ કરીને મરણ પામેલો જટાયુ પક્ષી કે જેને દહનનો અધિકાર નહોતો, તેને રામે અગ્નિદાહ દીધો; પછી કબંધનો વધ કર્યો, વાનરો સાથે મિત્રતા કરી, વાળીને માર્યો, વાનરો દ્વારા સીતાની શોધ કરાવી. પછી બ્રહ્મા તથા શંકરે પૂજેલાં ચરણવાળા શ્રી રામચંદ્રજી વાનરોની સેના સાથે લઈ પોતાના ભાઇ લક્ષ્મણની સાથે સમુદ્રના તીર ઉપર ગયા. ૧૨ ત્યાં ત્રણ દિવસ સુધી ઉપવાસ કરીને સમુદ્રની વાટ જોઇ, પણ તે આવ્યો નહી, ત્યારે શ્રી રામચંદ્રજીએ કોપ કર્યો. તેમણે ક્રોધના વિલાસથી ફાટેલાં નેત્રવડે કટાક્ષથી જોયું, તેથી સમુદ્રમાં રહેલાં ઝુડ અને મઘર વગેરે પ્રાણી ગભરાઇ ગયાં, તેથી સમુદ્ર ત્રાસને લીધે ગર્જના બંધ કરી મૂર્તિમાન થઇ માથાપર પૂજાની સામગ્રી મૂકી શ્રી રામચંદ્રજીનાં ચરણ કમળની પાસે આવીને બોલ્યો કે, ૧૩ "હે સર્વ વ્યાપક! જડ બુદ્ધિવાળો હું, કુટસ્થ, આદિ પુરૂષ તથા જગતપતિ એવા આપને જાણી શકતો નથી, જેમના સત્વગુણથી દેવતા, રજોગુણથી પ્રજાપતિ અને તમોગુણથી ભૂતપતિ થયા છે, તે ગુણોના આપ નિયંતા છો. ૧૪ આપ સુખેથી પધારો, વિશ્રવા ઋષિના નરકરૂપ અને ત્રણે લોકને રડાવનારા રાવણને મારો, અને સીતાજીને પાછાં મેળવો. આપની કીર્તિ વિસ્તારવાને મારા ઉપર સેતુ બાંધો, કે જે સેતુની પાસે આવીને દિગ્વિજય કરનારા રાજાઓ તમારી કીર્તિનું ગાન કરે." ૧૫ હે રાજા! એ પ્રમાણે સમુદ્રે વિનંતિ કર્યા પછી મોટા વાનરોએ પોતાના હાથથી જે વૃક્ષોની શાખાઓ હલાવી નાંખી હતી. એવા અનેક જાતના પર્વતોનાં શિખરોથી સમુદ્ર ઉપર સેતુ બાંધીને રામચંદ્રજી વિભિષણની સલાહ પ્રમાણે, સુગ્રીવ, નીલ, હનુમાન જેમાં મુખ્ય છે એવી પોતાની સેના સાથે હનુમાને પ્રથમથીજ બાળી મૂકેલી લંકામાં દાખલ થયા. ૧૬ વાનરોની સેનાથી લંકાનાં વિહારસ્થાન, કોઠાર, બારણાં, દરવાજા, સભા, છાજલીઓ તથા છજાંના સર્વ ભાગ રોકાઇ ગયા, અને ચબુતરા, ધ્વજા, પતાકા, સોનાના કળશ અને ચોટાં તોડી પાડવા લાગ્યા. ૧૭ એ જોઇને રાક્ષસના અધિપતિ રાવણે કુંભ, નિકુંભ, ધુમ્રાક્ષ, દુર્મુખ, સુરાંતક, નરાંતક વગેરે, પોતાનો મોટો પુત્ર ઇંદ્રજીત, પ્રહસ્ત, અતિકાય, અને વિકંપન વગેરે સર્વ અનુચરોને, તથા કુંભકર્ણને પણ યુદ્ધ કરવાને મોકલ્યા. ૧૮ એ રાક્ષસોની સેના તરવાર, ત્રિશુળ, ધનુષ્ય, પ્રાસ, ઋષ્ટિ, શક્તિ, બાણો, ભાલા, કટાર તથા ખડ્ગો વગેરેને લીધે ખાળી શકાય નહી એવી હતી, તેના ઉપર સુગ્રીવ, લક્ષ્મણ, હનુમાન, ગંધમાદન, નીલ, અંગદ, જાંબવાન, અને પનસ વગેરે યોદ્ધાઓની સાથે શ્રી રામચંદ્રજીએ ચઢાઇ કરી. ૧૯ રામચંદ્રજીના અંગદ વગેરે સર્વ સેનાપતિઓ, હાથીઓ, પગપાળાઓ, રથીઓ, અને ઘોડેસ્વારોના સેના સામે જઇને એક બીજાના સામે જોડીદાર થઇ યુદ્ધ કરવા લાગ્યા, અને વૃક્ષો, પર્વતો, ગદાઓ તથા બાણોથી રાક્ષસોની સેનાનો નાશ કરવા લાગ્યા, કારણ કે સીતાજીનો સ્પર્શ કરનારા રાવણનું અકલ્યાણ થવા બેઠું હતું. ૨૦ પોતાની સેનાનો નાશ થતો જોઇને ક્રોધે ભરાયેલો દુષ્ટ રાવણ વિમાનમા બેશીને રામચંદ્રજીની સામે ધસી આવ્યો, અને ઇંદ્રના માતલી સારથિએ આણેલા તેજસ્વી રથમાં બેઠેલા રામચંદ્રજી ઉપર તીક્ષ્ણ ધારવાળાં બાણો મારવા લાગ્યો. ૨૧ એ સમયે રામચંદ્રજીએ કહ્યું કે—"હે અધમ રાક્ષસ! હે દુષ્ટ! અમારી ગેરહાજરીમાં તેં કુતરાની પેઠે અમારી સ્ત્રી સીતાનું હરણ કર્યું છે, માટે હું અસહ્ય પરાક્રમવાળો તને નિર્લજ્જને તથા નીચ કર્મ કરનારને તારા કર્મનું ફળ આપું છું. ૨૨ એ પ્રમાણે કહી, ધનુષ્યપર સાંધેલું બાણ મારીને તેનું હૃદય ચીરી નાંખ્યું, તેથી તે પોતાનાં દશે મુખથી લોહી ઓકવા લાગ્યો, અને જેમ પુણ્યશાળી પુરૂષ પુણ્ય પરવારતાં વિમાનમાંથી નીચે પડે

છે, તેમ તે પુષ્પક વિમાનમાંથી નીચે તૂટી પડ્યો. તે સમયે લોકોમાં હાહાકાર થઇ રહ્યો. ૨૩ તે સમયે મંદોદરીની સાથે હજારો રાક્ષસીઓ અત્યંત વિલાપ કરતી લંકામાંથી નીકળીને રણક્ષેત્રમાં આવી. ૨૪ તે દીન બની ગયેલી સ્ત્રીઓ લક્ષ્મણનાં બાણોથી મરેલા પોત પોતાના પતિઓને ભેટીને વિલાપ કરવા લાગી, અને હાથવતી છાતી કુટતી કહેવા લાગી કે–૨૫ "હે નાથ! હે લોકોને રોવરાવનાર રાવણ! અમે જીવતે હણાઇ ચુકી છીએ. શત્રુઓથી પીડાતી અને તમારા વિનાની થઇ પડેલી લંકા હવે કોને શરણે જશે? ૨૬ હે ભાગ્યવંત! તમે કામવશ થવાથી સીતાના તેજના પ્રભાવને જાણ્યો નહી, તેથી તમારી આ દશા થઇ છે. ૨૭ હે દેવતાઓનું નિકંદન કરનાર! હે કુળનંદન! તમે પરલોક સીધાવીને લંકાને અને અમને પણ વિધવા કરી મૂકી, તમારા શરીરને ગીધ પક્ષીઓનું ભક્ષ્ય બનાવ્યું અને આત્માને નરકમાં નાંખ્યો. ૨૮

શ્રી શુકદેવજી કહે છે—પછી રામચંદ્રજીની સંમતિથી વિભિષણે પોતાના સંબંધીઓની શાસ્ત્ર વિધિ પ્રમાણે ઉત્તરક્રિયા કરી. ૨૯ પછી ભગવાન શ્રી રામચંદ્રજીએ અશોક વાડીમાં જઇને જોયું તો પોતાના વિરહથી દુર્બળ થઇ ગયેલાં સીતાજીને શીસમના વૃક્ષ તળે બેઠેલાં દીઠાં. ૩૦ પોતાનાં દર્શનના આનંદથી જેમનું મુખકમળ પ્રફુલ્લિત થયું હતું, એવાં રાંકડાં તથા અત્યંત પ્યારાં સીતાને જોઇને શ્રી રામચંદ્રજીને તેમની ઉપર દયા આવી. ૩૧ પછી રામચંદ્રજી સીતાને લઇને લક્ષ્મણજી, સુગ્રીવ તથા હનુમાનની સાથે વિમાનમાં બેઠા, અને વિભિષણને લંકાનું રાજ્ય આપી એક કલ્પ સુધીનું આયુષ્ય આપ્યું. અને પોતાનો ચૌદ વર્ષ વનમાં રહેવાનો નિયમ પૂરો થવાથી અયોધ્યા પધાર્યા. તે સમયે માર્ગમાં લોકપાળો પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા. ૩૨–૩૩ બ્રહ્માદિક દેવતાઓ આનંદ પામીને તેમનાં ચરિત્ર ગાવા લાગ્યા. આ પ્રમાણે આવતાં રામચંદ્રજીએ સાંભળ્યું કે–"જ્યારથી હું વનવાસ નીકળ્યો છું, ત્યારથી ભાઇ ભરતજી નંદીગ્રામમાં રહીને ગોમૂત્રમાં રાંધેલા જવ ખાય છે, વલ્કલ પેહેરે છે; માથે જટા રાખે છે અને ભોંયપર સૂવે છે," આવું સાંભળીને દયાળુ રામચંદ્રજીને મહાસંતાપ થયો. ૩૪–૩૫ પોતાના મોટા ભાઇ શ્રી રામચંદ્રજીનું પધારવું સાંભળીને નંદીગ્રામમાં રહેલા ભરતજી રામની પાદુકા માથે મૂકીને શેહેરના લોકો, મંત્રીઓ તથા પુરોહિતોની સાથે સામા ગયા. ૩૬ તે સમયે વાજીંત્રો વાગવા લાગ્યાં, બ્રાહ્મણો વારંવાર વેદ ભણીને વેદધ્વનિ કરવા લાગ્યા, સોનાની કિનારીવાળી પતાકાઓ ફરકવા લાગી, ચિત્ર વિચિત્ર ધ્વજાવાળા રથોમાં સોનેરી સાજવાળા ઉત્તમ ઘોડા જોડેલા હતા, યોદ્ધાઓએ સોનાનાં બખ્તર પેહેર્યા હતાં, વ્યાપારીઓ, વારાંગનાઓ અને અનુચરો સાથે રાજાને યોગ્ય છત્ર, ચામર વગેરે વસ્તુઓ અને નાની મોટી સર્વ સામગ્રી લઇ ભરતજી શ્રી રામચંદ્રજીની પાસે જઇને પગમાં પડ્યા. ૩૭–૩૯ વડીલ બંધુ શ્રી રામચંદ્રજીનાં દર્શન કરતાંજ ભરતજીનું હૈયું પ્રેમથી ભરાઇ આવ્યું, અને નેત્રો આંસુથી છાઇ ગયાં. પછી પાદુકા શ્રી રામચંદ્રની આગળ મૂકી પગે લાગીને હાથ જોડીને ઉભા રહ્યા. ૪૦ પછી સીતા સહિત શ્રી રામ લક્ષ્મણે ભરતજીને બે હાથવતી ઘણીવાર સુધી આલિંગન કરીને પ્રેમનાં આંસુઓથી નવરાવી દીધા. પછી બ્રાહ્મણોને તથા કુળના માન્ય પુરૂષોને પ્રણામ કર્યા, અને પ્રજાએ રામચંદ્રજીને પ્રણામ કર્યા. ૪૧ ઘણે વરસે પોતાના સ્વામીને પધારેલા જોઇને ઉત્તરીય વસ્ત્રના છેડા હલાવની અને પુષ્પવૃષ્ટિ કરતી ઉત્તરકોશલ દેશની પ્રજા આનંદથી નૃત્ય કરવા લાગી. ૪૨ આ રીતે ભારે મહોત્સવ થયો. પછી ભરતજીએ પાદુકા ઉપાડી લીધી, વિભિષણ તથા સુગ્રીવે ચામર લીધાં, હનુમાનજીએ શ્વેત છત્ર લીધું. ૪૩ શત્રુઘ્ને ધનુષ્ય અને ભાથા લીધા, સીતાજીએ તીર્થોદક ભરેલું કમંડળ લીધું, અંગદે તરવાર લીધી, અને જાંબવાને સોનાની

કાલ લીધી. ૪૪ સ્ત્રીઓ સાથે પુષ્પક વિમાનમાં બિરાજેલા રામચંદ્રજીની બંદીજનો સ્તુતિ કરતા હતા, તે વખતે રામચંદ્રજી તારાઓની સાથે ઉદય પામેલા ચંદ્રમાની પેઠે શોભતા હતા. ૪૫ હે રાજા ! પછી ભાઇઓ તરફથી સત્કાર પામેલા રામચંદ્રજી ધામધુમથી અયોધ્યાપુરીમાં પધાર્યા, અને રાજભુવનમાં દાખલ થઇને પોતાની માતાને, ઓરમાન માતાઓને, ગુરૂને, મિત્રોને તથા પોતાનાથી નાની ઉમ્મરના સંબંધીઓને પ્રણામ કરીને સત્કાર કર્યો અને તેઓએ સામો સત્કાર કર્યો. એજ પ્રમાણે સીતાજીએ તથા લક્ષ્મણજીએ પણ સર્વને મળીને સત્કાર કર્યો. ૪૬-૪૭ હે મહારાજ ! જેમ પ્રાણની સામે શરીર ઉભું હોય તેમ ઉભેલી માતાઓ પુત્રોને ખોળામાં બેસાડીને આંસુઓથી નવરાવીને પોતાનો શોક ટાળવા લાગી. ૪૮ પછી વસિષ્ઠ મુનિએ રામના મસ્તકની જટા ઉતરાવી નાખી, અને કુળના વૃદ્ધજનોની સાથે રહી, ચાર સમુદ્રનું જળ મંગાવીને જેમ ઇંદ્રને અભિષેક કરે, તેમ વિધિપૂર્વક રામચંદ્રજીને રાજ્યાભિષેક કર્યો. ૪૯ આ પ્રમાણે મસ્તકે અભિષેક કરાયેલા રામચંદ્રજી સુંદર વસ્ત્રો, માળાઓ તથા આભૂષણોથી શણગારાયેલા, ઉત્તમ વસ્ત્રો ધારણ કરેલા ભાઇઓ તથા સીતાની,સાથે શોભવા લાગ્યા. ૫૦ પછી ભરતજીએ પ્રણામ કરીને પ્રસન્ન કરેલા રામચંદ્રજીએ રાજ્યાસનનો સ્વીકાર કર્યો, અને સ્વધર્મ પાળનારી તથા વર્ણ અને આશ્રમના ગુણોવાળી પ્રજાનું પિતાની પેઠે પાલન કરવા માંડયું. અને પ્રજા પણ શ્રી રામચંદ્રજીને પિતા તુલ્ય ગણવા લાગી. ૫૧ રામરાજ્ય સમયે ત્રેતાયુગ ચાલતો હતો, તો પણ તે સત્યયુગ જેવો વર્તતો હતો. હે મહારાજા ! સર્વ પ્રાણીઓને સુખકારક ધર્મ જાણનારા રામરાજા હતા, તેથી તેમના રાજ્યમાં વનો, નદીઓ, પર્વતો, ખંડો, દ્વીપો તથા સમુદ્રો, એ સર્વ પ્રજાઓના સઘળા મનોરથ પૂરા કરતાં હતાં. ૫૨-૫૩ તે સમયે આધિ, વ્યાધિ, જરા, ગ્લાનિ, દુઃખ, શોક, ડર તથા શ્રમ એમાંનું કશું નહોતું. તેમજ પોતાની ઇચ્છાવગર કોઇનું મૃત્યુ પણ થતું નહતું. ૫૪ પરમ પવિત્ર રામચંદ્રજીનું ચરિત્ર રાજર્ષિના જેવું હતું. પોતે એક પત્નિવ્રત ધારણ કરીને ગ્રહસ્થાશ્રમના ધર્મ લોકોને શીખવવા માટે સ્વધર્મ પાળતા હતા. ૫૫ તેમજ સ્વામીનો અભિપ્રાય સમજનારાં, વિશ્વાસુ અને વિવેકી સતી સીતાજી પણ પ્રેમ, સેવા, સુશીલતા, બુદ્ધિ તથા લજ્જાથી પોતાના પતિનું મન હરણ કરતાં હતાં.* ૫૬

प्रेम्णानुवृत्त्या शीलेन प्रश्रयावनता सती ॥

धियाह्रिया च भावज्ञा भर्त्तुः सीताऽहरन्मनः॥

ઇતિ શ્રી ભાગવત મહાપુરાણના નવમ સ્કંધમાં "રામચરિત્ર વર્ણન" નામનો ૧૦ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૧ મો.

શ્રી રામચંદ્રજીએ અયોધ્યામાં ભાઇઓની સાથે કરેલા યજ્ઞો.

श्री शुकउवाच.

भगवानात्मनात्मानं राम उत्तम कल्पकैः ॥

सर्वदेवमयं देवमीज आचार्यवान्मखैः ॥

શ્રી શુકદેવજી કહે છે—હે પરીક્ષિતરાજા ! આચાર્યવાળા ભગવાન રામચંદ્રજીએ ઉત્તમ યજ્ઞ કરીને સર્વ દેવમય અને પ્રકાશમાન પોતાના સ્વરૂપનું પોતેજ યજન કર્યું. ૧ એ યજ્ઞની દક્ષિણામાં હોતાને પૂર્વદિશા, બ્રહ્માને દક્ષિણ દિશા, અધ્વર્યુને પશ્ચિમ દિશા, ઉદ્ગાતા એટલે સામગાન કરનારને ઉત્તર દિશા, અને આચાર્યને દિશાઓની વચ્ચે જેટલી પૃથ્વી છે તે સર્વ પૃથ્વી "બ્રાહ્મણજ આ સર્વ

*રામચરિત્ર નીચેના એક શ્લોકમાં આવી જાયછે.

आदौरामतपोवनादिगमनं हत्वा मृगं काञ्चनं ।

वैदेहीहरणं जटायु मरणं सुग्रीव संभाषणम् ॥

वालीनिर्दलनं समुद्र तरणं लंकापुरी दाहनं ।

पश्चाद्रावण कुंभकर्ण हननं चैतद्धि रामायणम् ॥

રાજ્યને યોગ્ય છે.” એમ વિચારીને શ્રી રામચંદ્રજીએ નિઃસ્પૃહ થઈને આપી. ૨-૩ પોતે શરીર ઉપર ધારણ કરેલાં આભૂષણો અને વસ્ત્રો જ બાકી રાખ્યાં, તેમજ મહારાણી સીતાજીએ પણ પોતે પેહેરેલાં હાથનાં કંકણ, ગળાનું મંગળસૂત્ર, વગેરે સૌભાગ્યભૂષણ વગર બાજું કાંઇપણ રાખ્યું નહીં. ૪ બ્રાહ્મણના રક્ષક શ્રી રામચંદ્રજીનું આવું ઉત્તમ વાત્સલ્ય જોઇને બ્રાહ્મણો ઘણા પ્રસન્ન થયા, તેઓ આર્દ્રચિત્તવાળા થઇ રાજ્ય પાછું આપીને કહેવા લાગ્યા કે—૫ “હે ભગવાન! હે ભુવનેશ્વર! તમે અમને શું નથી આપ્યું? કારણ કે તમે અમારાં હૃદયમાં પેશીને પોતાના સ્વરૂપના પ્રકાશથી અમારાં અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરોછો. ૬ આપ બ્રાહ્મણોના રક્ષક, અકુંઠિત બુદ્ધિવાળા, પવિત્ર કીર્તિવાળા, લોકોમાં શ્રેષ્ઠ, અને સત્પુરૂષોના ચિત્તમાં ચરણ આપનારા છો. એવા આપને અમે નમસ્કાર કરીએ છીએ. ૭ એક દિવસ લોકચર્ચા જાણવાને માટે શ્રી રામચંદ્રજી એકલા રાત્રે છાનામાના નગરમાં ફરતા હતા, તે વખતે એક મનુષ્ય પોતાની સ્ત્રીને કાંઇક કહેતો હતો, તે રામચંદ્રજીએ સાંભળ્યું કે—૮ “તું દુષ્ટ, વ્યભિચારીણી અને બીજાના ઘરમાં જનારી છે, માટે તને હું ઘરમાં રાખીશ નહીં, એ તો સ્ત્રીનો લાલચુ રામજ સીતાને રાખે, પરતુ હું તો હવે તને રાખીશ નહી.” ૯ આ પ્રમાણે ઘણા મુખવાળા અને કોઈપણ રીતે રાજી ન કરી શકાય એવા અજ્ઞાની લોકના ડરથી શ્રી રામચંદ્રજીએ સીતાનો ત્યાગ કરી, વાલ્મીકિ મુનિના આશ્રમમાં મોકલી દીધાં. તેથી તે ત્યાં જઈને રહ્યાં. ૧૦ ત્યાં ગર્ભવતી સીતાજીએ પ્રસવકાળ થતાં કુશ અને લવ નામના બે પ્રખ્યાત પુત્રને જોડલારૂપે જન્મ આપ્યો. વાલ્મીકિ મુનિએ તેમને જાતકર્માદિ સંસ્કાર કર્યા. ૧૧ હે રાજા! લક્ષ્મણજીને અંગદ તથા ચિત્રકેતુ નામના બે પુત્ર થયા હતા, ભરતજીને તક્ષ તથા પુષ્કલ નામના બે પુત્ર થયા હતા, ૧૨ અને શત્રુઘ્નને સુબાહુ અને સુકેતુ નામના બે પુત્રો થયા હતા. ભરતજીએ દિગ્વિજયમાં કરોડો ગાંધર્વોનો નાશ કર્યો હતો, ૧૩ અને તેઓની સર્વ લક્ષ્મી લાવીને રામચંદ્રજીને અર્પણ કરી હતી. શત્રુઘ્ને મધુના પુત્ર લવણને મારીને મધુવનમાં મથુરા નગરી વસાવી હતી. ૧૪ શ્રી રામચંદ્રજીએ વનમાં કાઢેલાં સીતા, પોતાના બે પુત્રો વાલ્મીકિ મુનિને સોંપીને રામનાં ચરણોનું ધ્યાન કરતાં કરતાં પૃથ્વીમાં સમાઇ ગયાં. ૧૫ એ વાત સાંભળીને રામચંદ્રજીએ થતા શોકને બુદ્ધિવડે રોકયો, પરંતુ સીતાના ગુણો સાંભરી આવવાથી અટકાવી શક્યા નહીં. ૧૬ આ પ્રમાણે સમર્થ પુરૂષોને પણ સ્ત્રી પુરૂષનો પ્રસંગ સર્વત્ર ત્રાસ આપનારો થઇ પડેછે, ત્યારે ઘરમાં આસક્ત રહેનારા વિષયી જીવોને ત્રાસ આપે તેમાં તો કહેવુંજ શું? ૧૭ એ રીતે સીતાજીએ પૃથ્વીમાં પ્રવેશ કર્યા પછી ભગવાન રામચંદ્રજીએ તેર હજાર વર્ષસુધી અખંડિત બ્રહ્મચર્ય પાળીને અગ્નિહોત્ર હોમ કર્યો. ૧૮ પછી દંડકારણ્યમાં કાંટાથી વીંધાયેલાં પોતાનાં ચરણારવિંદને ભક્તજનોનાં હૃદયમાં રાખીને પોતે સ્વધામ પધાર્યા. ૧૯ જેમણે દેવતાઓના પ્રાર્થનાથી લીલાવતાર ધારણ કર્યો હતો, અને જેમના પ્રભાવની બરાબર તેમજ તેથી અધિક કોઈનો પણ પ્રભાવ નથી, એવા રામચંદ્રજીએ અસ્ત્રોથી રાક્ષસોનો નાશ કર્યો અને સમુદ્રમાં સેતુ બાંધ્યો, એ કાંઇ ભારે આશ્ચર્ય નથી. શત્રુઓને મારવામાં તેમને વાનરોએ સહાયતા આપી, તે પણ સર્વ તેમનીજ લીલા છે. ૨૦ જેમના નિર્મળ યશ દિગ્ગજોના કાનના આભરણરૂપ તથા પાપનો નાશ કરનારા છે, તને ઋષિઓ રાજસભામાં આજપણ ગાય છે. દેવતાઓના તથા રાજાઓના મુગટથી જેમનાં ચરણકમળ સેવાયછે, એવા રામચંદ્રને શરણે જાઉંછું. ૨૧ કોશલદેશના લોકોએ રામચંદ્રજીનો સ્પર્શ તથા દર્શન કર્યાં હતાં, તેમની પાસે બેઠા હતા, અને તેમની પાછળ ચાલ્યા હતા. ૨૨ હે પરીક્ષિત રાજા! જે મનુષ્ય કાનવડે રામનાં ચરિત્ર સાં-

ભળે છે, અને સદાચાર પાળેછે, તે ક્રૂર હોય, તોપણ કર્મનાં બંધનથી છૂટેછે. ૨૩

પરીક્ષિત રાજા પૂછે છે—હે મહારાજ! ભગવાન શ્રી રામચંદ્રજી કેવી રીતે વર્તતા હતા? પોતાના ભાઇઓ પ્રત્યે કેવું વર્તન રાખતા હતા? અને ભાઇઓ તથા પ્રજાજન તેમની સાથે કેવી રીતે વર્તતા હતા? તે કહો. ૨૪

શ્રી શુકદેવજી કહે છે—ત્રૈલોક્યપતિ શ્રી રામે પોતાના ભાઇઓને દિગ્વિજય કરવાને આજ્ઞા આપી, અને પોતે ભક્તજનોને દર્શન દેવાને સેવકોની સાથે જ્યારે સુગંધી જળથી તથા હાથીઓનાં ગંડસ્થળમાંથી ઝરતા મદથી છાંટેલી અને ધ્વજા પતાકાઓથી શણગારેલી નગરી જોવા માટે નીકળતા, તે વખતે નગરી પોતાના સ્વામીને જોઇને મદોન્મત્ત થઇ જતી હતી. ૨૫-૨૬ દેવમંદિરો, દરવાજાઓ, સભાઓ, માર્ગમાંનાં મોટાં મોટાં વૃક્ષો અને રાજમહેલો ઉપર સુવર્ણના કળશો અને પતાકાઓ ચઢાવ્યાં હતાં. ૨૭ લૂમખાંવાળાં સોપારીનાં તથા કેળનાં ઝાડો, ઊંચી જાતનાં વસ્ત્રોની પતાકાઓ, અરીસા, વસ્ત્રો, પુષ્પોની માળાઓ તથા તોરણોથી નગર શણગાર્યું હતું. ૨૮ નગરવાસીઓ હાથમાં ભેટો લઇને જ્યાં ને ત્યાંથી શ્રી રામચંદ્રજીની પાસે આવીને આશિર્વાદ આપતા હતા, અને કહેતા હતા કે—"હે ભગવાન! તમે વરાહ અવતાર લઇને ઉદ્ધાર કરેલી આ પૃથ્વીનું પાલન કરો." ૨૯ શ્રી રામચંદ્રજી પોતાના દેશની નિરીક્ષા કરીને ઘણે દિવસે પાછા પોતાના નગરમાં પધારતા, ત્યારે નગરનાં સ્રીપુરૂષો તેમનાં દર્શનની ઇચ્છાથી ઘરો છોડીને હવેલીઓ ઉપર ચઢીચઢીને પુષ્પવૃષ્ટિ કરતાં હતાં, અને દર્શનથી તૃપ્ત થતાં ન હતાં. ૩૦ એ પ્રમાણે નગરજનોથી સત્કાર પામતા શ્રી રામચંદ્રજી પોતાના પૂર્વજોએ સેવેલા રાજમેહેલમાં પધારતા હતા, કે જેમાં સર્વ જાતના અખૂટ ખજાના ભરેલા હતા, અમૂલ્ય નાના પ્રકારની સામગ્રીઓ ભરેલી હતી. ૩૧ બારણાંના ઉંબરા પરવાળાંના હતા, વૈદૂર્યમણિના થાંભલાની હારો શોભી રહી હતી, મરકત મણિના ચોક, અને ઉજ્વળ સ્ફટિકમણિની ભીંતો શોભી રહી હતી. ૩૨ વળી તેમાં વિચિત્ર માળાઓ, વાવટાઓ, વસ્ત્રો, મણિઓના સમૂહની કાન્તિઓ, અને ચૈતન્ય જેવાં પ્રકાશમાન મોતી શોભી રહ્યાં હતાં. ૩૪ સુગંધવાન ધૂપ તથા દીપનો સુવાસ પ્રસરી રહ્યો હતો, દેવતાઓના જેવી કાન્તિવાળાં તથા પુષ્પોથી શણગારાયલાં સ્રી પુરૂષોથી રાજમેહેલ શોભી રહ્યો હતો. ૩૪ એવા ઉત્તમ રાજમેહેલમાં આત્મારામ તથા ધીરપુરૂષોમાં શ્રેષ્ઠ શ્રી રામચંદ્રજી પોતાનાં સ્નેહાળ પ્રિયા સીતાજી સાથે નિત્ય વિહાર કરતા હતા. ૩૫ હે રાજા! મનુષ્યો જેમનાં ચરણારવિંદનું સદાધ્યાન કરેછે, એવા શ્રી રામચંદ્રજી ધર્મમાં બાધ ન આવે તે રીતે ઘણાં વર્ષસુધી સમયાનુસાર વૈભવસુખ ભોગવતા હતા. ૩૬

बुभुजे च यथाकालं कामान् धर्ममपीडयन् ।
वर्षपुगान्बहून्नृणांमभिध्यातांघ्रिपल्लवः ॥

ઇતિ શ્રી ભાગવત મહાપુરાણના નવમ સ્કંધમાં "શ્રી રામોપાખ્યાન વર્ણન" નામનો ૧૧ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૨ મો.

શ્રીરામના પુત્ર કુશનો વંશ તથા ઇક્ષ્વાકુના પુત્ર શશાદનો વંશ.

શ્રી શુકઉવાચ.

कुशस्य चातिथिस्तस्मान्निषध स्तत्सुतो नभः ।
पुंडरीकोथ तत्पुत्रः क्षेमधन्वाऽभवत्ततः ॥

શ્રી શુકદેવજી કહે છે—હે પરીક્ષિત રાજા! કુશને અતિથિ નામે પુત્ર થયો, તેને નભ, નભને પુંડરીક અને તેને ક્ષેમધન્વા નામનો પુત્ર થયો. ૧ ક્ષેમધન્વાને દેવાનીક, તેને અનીહ, તેને પારીયાત્ર, તેને બલસ્થલ, અને તેને વજનાભ નામનો પુત્ર થયો, તે સૂર્યનો અંશ હતો. ૨ તેને ખગણ, તેને વિધૃતિ,

અને તેને હિરણ્યનાભ નામનો પુત્ર થયો. એ હિરણ્યનાભ જૈમિનિ ઋષિનો શિષ્ય અને યોગનો આચાર્ય હતો. તેને કૌશલ્ય યાજ્ઞવલ્ક્ય ઋષિએ મહોદય કરનારી અને હૃદયના અજ્ઞાનની ગાંઠને કાપી નાંખનારી અધ્યાત્મ યોગવિદ્યા શીખવી હતી. ૩-૪ હિરણ્યનાભને પુષ્ય, તેને ધ્રુવસંધિ, તેનેસુદર્શન, તેને અગ્નિવર્ણ, તેને શીઘ્ર અને તેને મરૂ નામનો પુત્ર થયો. ૫ એ યોગસિદ્ધ મરૂ કલાપ નામના ગામમાં રહેતો હતો, તે કળિયુગને અંતે નાશ પામેલા સૂર્યના વંશને ફરીથી ઉત્પન્ન કરશે. ૬ મરૂને પ્રસુશ્રુત, તેને સંધિ, તેને અમર્ષણ, તેને મહસ્વાન અને તેને વિશ્વસાહ્વ નામનો પુત્ર થયો. ૭ તેને પ્રસેનજીત, તેને તક્ષક, અને તેને બૃહદ્બલ નામનો પુત્ર થયો હતો. તેને તમારા પિતા અભિમન્યુએ ભારતના યુદ્ધમાં માર્યો હતો. ૮ ઉપર કહ્યા પ્રમાણે ઇક્ષ્વાકુ વંશના રાજાઓ થઇ ગયા છે. હવે ભવિષ્યમાં થનારા રાજાઓનાં નામ કહું છું:—બૃહદ્બળને બૃહદ્રણ નામે પુત્ર થશે. ૯ તેને ઉરૂક્રિય, તેને વત્સવૃદ્ધ, તેને પ્રતિવ્યોમ, તેને ભાનુ, તેને સેનાપતિ દિવાકર, ૧૦ તેને શૂરવીર બૃહદશ્વ, તેને ભાનુમાન, તેને પ્રતીકાશ્વ, તેને સુપ્રતીક, ૧૧ તેને મરૂદેવ, તેને સુનક્ષત્ર, તેને પુષ્કર, તેને અંતરિક્ષ, તેને સુતપા, તેને અમિત્રજીત, ૧૨ તેને બૃહદ્રાજ, તેને બર્હિ, તેને કૃતંજય, તેને રણંજય, તેને સંજય, ૧૩ તેને શાક્ય, તેને શુદ્ધોદ, તેને લાંગલ, તેને પ્રસેનજીત, તેને ક્ષુદ્રક, ૧૪ તેને રણક, તેને સુરથ, અને સુરથને સુમિત્ર નામનો પુત્ર થશે. સુમિત્ર રાજાથી એ વંશની સમાપ્તિ થશે. એ પ્રમાણે બૃહદ્બળના વંશના રાજાઓનાં નામ મેં તમને કહી સંભળાવ્યાં. ૧૫ હે રાજા! ઇક્ષ્વાકુ વંશના રાજાનો આ વંશ સુમિત્ર સુધી ચાલશે. પછી કળિયુગમાં સુમિત્ર રાજાથી એ વંશની સમાપ્તિ થશે. ૧૫

इक्ष्वाकूणामयं वंशः सुमित्रांतो भविष्यति ॥
यतस्तं प्राप्यराजानं संस्थां प्राप्स्यति वैकलौ

ઇતિ શ્રી ભાગવત મહાપુરાણના નવમ સ્કંધમાં "ઇક્ષ્વાકુવંશ વર્ણન" નામનો ૧૨ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૩ મો.

ઇક્ષ્વાકુના પુત્ર નિમિનો વંશ.

શ્રી શુકઉવાચ.

निमिरिक्ष्वाकु तनयो वसिष्ठमवृतर्त्विजम् ।
आरभ्यसत्रं सोप्याह शक्रेण प्राग्वृतोस्मि भोः

શ્રી શુકદેવજી કહે છે—હે રાજા! ઇક્ષ્વાકુના પુત્ર નિમિએ યજ્ઞ કરવા માટે વસિષ્ઠ મુનિને ઋત્વિજ તરીકે વરાવ્યા હતા, તેમણે યજ્ઞનો આરંભ કર્યા પછી નિમિરાજાએ કહ્યું કે—"મને પ્રથમ ઇંદ્રે યજ્ઞમાં વરાવ્યો છે, ૧ માટે ઇંદ્રનો યજ્ઞ પૂરો કરીને પાછો આવું ત્યાં સુધી મારી વાટ જોજો." એ સાંભળીને રાજા ચુપ રહ્યા, અને વસિષ્ઠમુનિ ઇંદ્રને યજ્ઞ કરાવવા ગયા. ૨ પછી આત્મજ્ઞાની નિમિરાજાએ મનુષ્યનું આયુષ્ય અસ્થિર જાણીને વસિષ્ઠગુરૂ પાછા આવતા પહેલાંજ બીજા ઋત્વિજો પાસે યજ્ઞ કરાવી લીધો. ૩ પછી ઇંદ્રનો યજ્ઞ પૂરો કરીને વસિષ્ઠજી પાછા આવ્યા, અને પોતાના શિષ્યે કરેલો અપરાધ જોઇને શાપ આપ્યો કે—"ડાળચાલુ પંડિત નિમિ રાજાનો દેહ દેહ પડી જાઓ." ૪ એ સાંભળીને અધર્મથી ચાલનારા વસિષ્ઠને નિમિએ સામો શાપ આપ્યો કે—"તમે લોભથી ધર્મને જાણતા નથી, માટે તમારો દેહ પણ પડી જાઓ," ૫ આ રીતે શાપ દઇને આત્મજ્ઞાની નિમિરાજાએ પોતાનો દેહ છોડયો. અને વસિષ્ઠનું શરીર પણ પડી ગયું. અને ઉર્વશીને જોવાથી વીર્યસ્ખલિત થયેલા મિત્રાવરૂણે પોતાનું વીર્ય ઘડામાં નાંખ્યું હતું, તે વીર્યથી વસિષ્ઠનો બીજો જન્મ થયો. ૬ નિમિરાજાના શરીરને મુનિઓએ સુગંધી વસ્તુઓમાં રાખી મૂકયું હતું, તેઓએ જ્યારે યજ્ઞ પૂરો થયો ત્યારે દેવતા-

ઓને કહ્યું કે-"તમે પ્રસન્ન થયા છો અને સમર્થ છો, તો આ નિમિરાજાના શરીરને સજીવન કરો" ત્યારે દેવતાઓએ "તથાસ્તુ" કહ્યું. એટલે નિમિરાજા જીવતો થઈને બોલ્યો કે-"મારે દેહનું બંધન જોઈતું નથી. ૭-૮ ભગવાનનું ધ્યાન કરનારા મુનિઓ મરવાના ડરથી દેહના સંબંધની ઇચ્છા રાખતા નથી-પરંતુ ભગવાનના ચરણકમળના ભજનનીજ ઇચ્છા રાખેછે. ૯ જેમ પાણીમાં રહેલાં માછલાને ચારે તરફથી મૃત્યુનો ભય રહેછે, તેમજ દેહને પણ જગતમાં મૃત્યુનો ભય લાગેલો રહેછે, માટે એ દુઃખ, શોક અને ભયને આપનારા દેહને હું ઇચ્છતો નથી." ૧૦ પછી દેવતાઓએ કહ્યું કે—"જો એમ છે તો સર્વ દેહધારી પ્રાણીઓનાં નેત્રોમાં દેહ વગર નિમિરાજા રહેશે, અને નેત્રોમાં રહીને તે આંખને ઉઘાડવી તથા મીંચવી વગેરે ક્રિયાથી જાણવામાં આવશે." ૧૧ હે રાજા! પછી મહર્ષિઓએ રાજાવિના મનુષ્યોને કષ્ટ આવી પડશે, એમ વિચારીને નિમિના શરીરનું મથન કરીને તેમાંથી એક પુત્ર ઉત્પન્ન કર્યો. ૧૨ એ બાળક જન્મ્યો તેથી તેનું નામ જનક પાડયું, મરેલા દેહમાંથી ઉત્પન્ન થયો માટે વૈદેહ કહેવાયો, અને શરીર મથવાથી ઉત્પન્ન થયો માટે મૈથિલ કહેવાયો. એ રાજાએ મિથિલાપુરી નગરી વસાવી હતી. ૧૩ હે રાજા! જનકને ઉદાવસુ, તેને નંદીવર્ધન, તેને સુકેતુ, તેને દેવરાત, ૧૪ તેને બૃહદ્રથ, તેને મહાવીર્ય, તેને સુધૃતિ, તેને ધૃષ્ટકેતુ, તેને હર્યશ્વ, તેને મરૂ, ૧૫ તેને પ્રતીપક, તેને કૃતિરથ, તેને દેવમીઢ, તેને વિશ્રુત, તેને મહાધૃતિ, ૧૬ તેને કૃતિરાત, તેને મહારોમા, તેને સ્વર્ણરોમા, તેને હ્રસ્વરોમા, ૧૭ અને તેને સીરધ્વજ નામનો પુત્ર થયો હતો. એ રાજા યજ્ઞને માટે પૃથ્વી ખેડતો હતો, એટલામાં હળની અણીથી સીતાજી પ્રગટ થયાં હતાં, તેથી તે સીરધ્વજ (જનક) કહેવાયો. ૧૮ સીરધ્વજને કુશધ્વજ, તેને ધર્મધ્વજ, અને તેને કૃતધ્વજ તથા મિતધ્વજ નામના બે પુત્ર થયા હતા. ૧૯ તેમાંના કૃતધ્વજને કેશિધ્વજ, અને મિતધ્વજને ખાંડિક્ય નામનો પુત્ર હતો. હે રાજા! કેશિધ્વજ બ્રહ્મવિદ્યામાં ઘણો વિચક્ષણ અને ખાંડિક્ય કર્મવિદ્યામાં વિચક્ષણ હતો, તે કેશિધ્વજથી ડરીને નાશી ગયો હતો. કેશિધ્વજને ભાનુમાન, તેને શતદ્યુમ્ન, ૨૧ તેને સનદ્વાજ, તેને ઉર્ધ્વકેતુ, તેને અજ, તેને પુરૂજીત, ૨૨ તેને અરિષ્ટનેમિ, તેને શ્રુતાયુ, તેને સુપાર્શ્વક, તેને ચિત્રરથ, તેને ક્ષેમધિ, ૨૩ તેને સમરથ, તેને સત્યરથ, તેને ઉપગુરૂ, અને તેને ઉપગુપ્ત નામનો પુત્ર થયો હતો. એ ઉપગુપ્ત અગ્નિમાંથી ઉત્પન્ન થયો હતો. ૨૪ તેનો પુત્ર વસ્વનંત, તેનો શ્રુત, તેનો જય, તેનો વિજય, તેનો ઋત, ૨૫ તેનો સુનક, તેનો વીતહવ્ય, તેનો ધૃતિ, તેનો બહુલાશ્વ, તેનો મહા જીતેંદ્રિય કૃતિ નામનો પુત્ર થયો હતો. ૨૬ હે પરીક્ષિત રાજા! એ મિથિલવંશના રાજાઓ યાજ્ઞવલ્ક્ય વગેરે યોગેશ્વરોના પ્રતાપથી આત્મવિદ્યામાં કુશળ હતા, અને ઘરોમાં રહેલા છતાં પણ સંસારનાં બંધનોથી મુક્ત હતા. ૨૭

एते वै मिथिलाराजन्नात्मविद्या विशारदाः॥
योगेश्वर प्रसादेन द्वंद्वैर्मुक्ता गृहेष्वपि ॥

ઇતિ શ્રી ભાગવત મહાપુરાણના નવમ સ્કંધમાં "નિમિવંશ વર્ણન" નામનો ૧૩મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૪ મો.

બૃહસ્પતિની સ્ત્રી તારાનું તથા પુરૂરવા અને ઉર્વશીનું આખ્યાન.

શ્રી शुकउवाच.

अथातः श्रूयतां राजन्वंशः सोमस्यपावनः॥
यस्मिन्नैलादयो भूपाः कीर्त्यंते पुण्यकीर्तयः॥

શ્રી શુકદેવજી કહે છે-હવે ચંદ્રમાનો પવિત્ર વંશ સાંભળો, જેમાં પવિત્ર કીર્તિવાળા પુરૂરવા વગેરે રાજા ઉત્પન્ન થયેલા કહેવાય છે. ૧ હજાર મસ્તકવાળા નારાયણના નાભિ

કમળમાંથી બ્રહ્મા પ્રગટ થયા, તેમના પુત્ર અત્રિ થયા, તે પિતાના જેવાજ ગુણવાળા હતા. ૨ અત્રિના નેત્રમાંથી ચંદ્રમા ઉત્પન્ન થયા, તેને બ્રહ્માએ બ્રાહ્મણ, ઔષધિ તથા નક્ષત્રોના અધિપતિ બનાવ્યા. ૩ એ ચંદ્રમાએ ત્રૈલોકયને જીતીને રાજસૂય યજ્ઞ કર્યો હતો, અને ગર્વથી બૃહસ્પતિની સ્ત્રી તારાનું હરણ કર્યું હતું. ૪ પોતાની સ્ત્રી પાછી લેવાને માટે બૃહસ્પતિએ ઘણીવાર ચંદ્રમા પાસે માગણી કરી, પણ મદને લીધે ચંદ્રમાએ તેને પાછી આપી નહી, તેથી દેવતાઓ અને દૈત્યોની વચ્ચે ભારે યુદ્ધ થયું હતું. ૫ શુક્રાચાર્યને બૃહસ્પતિ સાથે દ્વેષ હોવાથી તેમણે દૈત્યો સાથે ચંદ્રમાનો પક્ષ કર્યો, અને શંકર બૃહસ્પતિના પિતા અંગિરા પાસે ભણ્યા હતા, તેથી સ્નેહને લીધે તેમણે પોતાના ગણો સહિત ગુરૂપુત્ર બૃહસ્પતિનો પક્ષ કર્યો. ૬ સર્વ દેવતાઓ સહિત ઇંદ્રે બૃહસ્પતિનો પક્ષ કર્યો. એ પ્રમાણે તારાને માટે ભારે યુદ્ધ થયું, તેમાં દેવતાઓ અને દૈત્યોનો ઘણો વિનાશ થયો. ૭ પછી બૃહસ્પતિની પ્રાર્થનાથી બ્રહ્માએ ચંદ્રમાનો તિરસ્કાર કરીને બૃહસ્પતિને તારા પાછી અપાવી, પણ બૃહસ્પતિએ જાણ્યું કે તારા ગર્ભવતી છે, ૮ તેથી તેને બૃહસ્પતિએ કહ્યું કે—હે દુષ્ટ બુદ્ધિવાળી! બીજાએ રાખેલો ગર્ભ મારા ક્ષેત્રમાંથી બહાર કાઢી નાંખ. હે પતિવ્રતા! મને સંતાનની ઇચ્છા હોવાથી તને સ્ત્રીજાતને બાળીને ભસ્મ કરી દેતો નથી. ૯ એ સાંભળી શરમાઇ જઇને તારાએ સુવર્ણ જેવી કાંતિવાળો કુમાર તજી દીધો. તેને જોઇને બૃહસ્પતિ તથા ચંદ્રમા તેને લેવા માટે વિવાદ કરવા લાગ્યા. ૧૦ તેઓ બન્ને 'આ કુમાર મારો છે, તારો નથી.' એમ ધાંટા પાડીને વિવાદ કરવા લાગ્યા. ત્યારે દેવતાઓએ તથા ઋષિઓએ તે વિષે તારાને પૂછયું, પણ શરમને લીધે તારાએ કાંઇ ઉત્તર આપ્યો નહી. ૧૧ તારાને ખોટી રીતે શરમાતી જોઇને કુમારે ક્રોધે ભરાઇને કહ્યું કે-અરે દુરાચરણી! તું ખરી વાત કેમ કહેતી નથી? તારૂં જે પાપ હોય તે મને તુરત કહી દે. ૧૨ પછી બ્રહ્માએ તારાને એકાંતમાં લઇ જઇ સમજાવીને પૂછતાં તેણે ધીરેધીરે ચંદ્રમાનું નામ દીધું, તેથી એ પુત્રને ચંદ્રમા લઇ ગયા. ૧૩ હે રાજા! બ્રહ્માએ કુમારને ગંભીર બુદ્ધિવાળો જોઇને તેનું નામ 'બુધ' પાડયું, અને એને જોઇને ચંદ્રમા રાજી થયા. ૧૪ બુધની સ્ત્રી ઇલા હતી, તેનાથી પુરૂરવા નામે પુત્ર ઉત્પન્ન થયો હતો, તેનું વર્ણન મેં પ્રથમ કરેલું છે. નારદે ઇંદ્રની સભામાં જઇને એ પુરૂરવાનાં રૂપ, ગુણ, ઉદારતા, શીળ, ધન તથા પરાક્રમ ગાયાં, એ સાંભળીને ઉર્વશી અપ્સરા કામદેવથી પીડાવા લાગી. પછી જ્યારે તે મિત્રાવરૂણના શાપથી મનુષ્યદેહને પામી, ત્યારે તે પુરૂરવાને મૂર્તિમાન કામદેવ જેવો તથા પુરૂષોમાં શ્રેષ્ઠ સાંભળીને તેની પાસે ગઇ. ૧૫-૧૭ તે પુરૂરવાની પાસે જઇને ધીરજ ધરીને ઉભી રહી. ઉર્વશીને જોઇને પુરૂરવા રાજાનાં નેત્ર આનંદથી પ્રફુલ્લિત થઇ ગયાં, અને શરીર રોમાંચિત થઇ ગયું. પછી તેણે મધુર વાણીથી ઉર્વશીને કહ્યું કે—૧૮

પુરૂરવાએ કહ્યું—હે સુંદર અંગવાળી! તું આવી તે ઠીક થયું, આવ, અહીં બેશ, હું તારૂં શું કામ કરૂં? મારી સાથે રમણ કર, અને આપણ બન્નેની વચ્ચે નિરંતર પ્રીતિ રહો. ૧૯

ઉર્વશી બોલી—હે સુંદર રાજા! કઇ સ્ત્રીનું ચિત્ત તથા દૃષ્ટિ તમારામાં આસક્ત ન થાય? કારણ કે રમણ કરવાની ઇચ્છાથી તમારો સમાગમ થયા પછી કોઇ પણ સ્ત્રી ઉદાસ રહેજ નહી. ૨૦ હે માન આપનારા રાજા! હું પ્રથમથી તમારી પાસે માગણી કરૂં છું કે—"આ મારા બે ઘેટા છે, તે મારી થાપણ તરિકે તમારે બરાબર સંભાળી રાખવા. હું તમારી સાથે સારી પેઠે વિલાસ કરીશ, કેમકે જે વખાણવા યોગ્ય હોય છે તેજ સ્ત્રીનો વર ગણાય છે. ૨૧ હું ઘી વગર બીજું કંઇ પણ ખાઇશ નહી, અને મૈથુન સિવાય બીજા વખતે હું તમને નગ્ન જોઇશ નહી." આટલી વાત તમે જયાં સુધી પાળ-

શો, ત્યાં સુધી હું તમારી પાસે રહીશ. એ સર્વ વાત ઉદાર મનના રાજાએ માન્ય કરી. ૨૨ અને તે બોલ્યો કે—અહો ! આવું રૂપ તથા ભાવ ખરેખર મનુષ્યોને મોહ પમાડનારાં છે. હે દેવી ! તું પોતે સામી ચાલી આવેલીને કયો પુરૂષ સેવે નહી ? ૨૩

પછી યથાયોગ્ય વિહાર કરાવતી તે ઉર્વશી સાથે પુરૂષશ્રેષ્ઠ પુરૂરવા ચૈત્રરથ વગેરે દેવતાઇ બાગોમાં ઇચ્છા પ્રમાણે રમણ કરવા લાગ્યો. ૨૪ કમળકેસરના જેવા સુગંધવાળી દેવનારીની સાથે વિહાર કરતા તેના મુખની સુગંધથી લલચાયેલા રાજાએ આનંદમાં ને આનંદમાં ઘણાં વર્ષ ગાળ્યાં. ૨૫ ઉર્વશીને સ્વર્ગમાં નહી જોવાથી ઇંદ્રે ગંધર્વોને આજ્ઞા કરી કે—ઉર્વશી વિના મારૂં સ્થાન શોભતું નથી, માટે તમે તેને શોધી લાવો. ૨૬ પછી મધ્ય રાત્રે અંધારૂં થતાં ઇંદ્રના સેવકોએ જઇને ઉર્વશીના બે ઘેટા કે જે તેણે રાજાને થાપણ તરીકે સોંપ્યા હતા, તે લઇને જવા લાગ્યા. ૨૭ એ ઘેટાને લઇ જતાં તે બરાડવા લાગ્યા, તેઓની ચીસ સાંભળીને ઉર્વશી બોલી કે—નપુંસક છતાં પોતાને વીર માનનારા આ નીચ પતિએ મને ખરાબ કરી. ૨૮ એનો વિશ્વાસ રાખીને હું દુઃખી થઇ પડી, અને મારાં બચ્ચાંને ચોરલોકો ચોરી ગયા, દિવસે પુરૂષ ગણાતો, પરંતુ રાતે સ્ત્રી જેવો આ રાજા ભયભીત થઇને સૂઇ રહ્યોછે. ૨૯ આ રીતે તેનાં વચનરૂપી બાણોથી, જેમ હાથી ભાલાથી વીંધાઇ જાય, તેમ રાજા વીંધાઇ ગયો. તેથી તે ક્રોધે ભરાઇ વસ્ત્ર પેહેર્યા વગર જ હાથમાં તરવાર લઇને મધ્ય રાત્રિએ ગંધર્વોની પાછળ દોડયો. ૩૦ તેથી પેલા ગંધર્વોએ ઘેટાઓને છોડી દઇ ત્યાં વીજળી જેવા પ્રકાશવાન થઇને અજવાળું કરી મૂકયું, તેથી ઘેટા લઇને પાછા આવતા પતિને ઉર્વશીએ નાગો દીઠો. ૩૧ એ પ્રમાણે કરેલો ઠરાવ તોડવાથી ઉર્વશી ત્યાંથી જતી રહી. પછી પુરૂરવાએ પાછા આવીને શય્યામાં જોયું તો ત્યાં ઉર્વશીને દીઠી નહી, તેથી તે મનમાં ઉદાસ થઇ ગયો. ઉર્વશીમાંજ ચિત્ત લાગી જવાથી તે શોક કરતો ઉન્મત્તની પેઠે પૃથ્વી ઉપર ભટકવા લાગ્યો. ૩૨ પૃથ્વીપર ફરતાં ફરતાં એક દિવસે કુરૂક્ષેત્રમાં સરસ્વતી નદીના કિનારા ઉપર હસતા મુખવાળી ઉર્વશીને તથા તેની પાંચ સખીઓને જોઇને પુરૂરવા કહેવા લાગ્યો કે—અરેરે ! હે નિર્દય સ્ત્રી ! ઉભી રહે, મને સુખ આપ્યા વગર તારે જવું યોગ્ય નથી, આવ, આપણે વાતો કરીએ. ૩૪ હે દેવી ! આ મારો સુંદર દેહ તારેજ માટે અહીં સુધી આવ્યો છે, તેના ઉપર તું કૃપા નહી કરે તો તે નાશ પામશે, અને તેને નાહર તથા ગીધ પક્ષીઓ ખાઇ જશે. ૩૫

ઉર્વશી બોલી—તું મરીશ નહી, તું પુરૂષ છે, ધીરજ રાખ; તું ઇંદ્રિયાધીન થઇ ખરાબ ન થા; સ્ત્રીઓની મિત્રતા કયાંય પણ સ્થિર હોતી નથી. સ્ત્રીઓનું હૃદય તો નાહરના હૃદય જેવું હોય છે. ૩૬ નિર્દય, ક્રૂર, અસહનતાવાળી અને સાહસ ઉપર પ્રીતિ રાખનારી સ્ત્રીઓ સહજ વાતમાં પોતાના વિશ્વાસુ પતિનો તથા ભાઇનો પણ નાશ કરે છે. ૩૭ સ્નેહ વિનાની, છીનાળ, પુરૂષનું અતિક્રમણ કરનારી અને સ્વચ્છંદપણે વર્તનારી સ્ત્રીઓ મૂર્ખ પુરૂષોને ખોટો વિશ્વાસ બેસાડીને નવા નવા પુરૂષની ઇચ્છા કરે છે. ૩૮ હે રાજા ! હું એક વર્ષ પછી એક રાત તમારી પાસે રહી જઇશ, અને મારાથી તમને બીજા પણ પુત્ર થશે. ૩૯

શ્રી શુકદેવજી કહે છે—હે રાજા ! એ વાત ઉપરથી ઉર્વશીને ગર્ભવતી જાણીને પુરૂરવા પાછો પોતાના નગરમાં આવ્યો, અને એક વરસ પૂરૂં થયા પછી તે વીર પુત્રોની માતા ઉર્વશીની પાસે ગયો. ૪૦ અને તેની પાસે એક રાત આનંદમાં ગાળી. જતી વખતે દીન તથા વિરહાતુર થયેલા રાજાને ઉર્વશીએ કહ્યું કે—૪૧ " તું આ ગંધર્વોની સ્તુતિ કર, એટલે તેઓ મને આપી દેશે. " પછી પુરૂરવાએ ગંધર્વોની સ્તુતિ કરી, તેથી પ્રસન્ન થઇને તેઓએ તેને એક અગ્નિની થાળી આપી. એ થાળીને ઉર્વશી માનીને તે વનમાં ફરવા લાગ્યો; પરંતુ તેને માલૂમ પડયું કે આ ઉ-

વંશી નથી, પણ થાળી છે. ૪૨ પછી તે થાળીને વનમાં મૂકીને પોતાને ઘેર ચાલ્યો ગયો ત્યાં પણ તે રાતે ઉર્વશીનું ધ્યાન કરતો હતો. એ રીતે ધ્યાન કરતાં કરતાં ત્રેતાયુગના આરંભમાં તેના ચિત્તમાં કર્મનો ઉપદેશ કરનારા ત્રણ વેદ પ્રગટ થયા. ૪૩ પછી જ્યાં પોતે થાળી મૂકી હતી ત્યાં જઇને જોયું તો શમીના ઝાડ ભેગો પીપળો ઉગેલો દીઠો, તે પીપળાની બે અરણી બનાવીને ઉર્વશીના લોકમાં જવાની ઈચ્છાથી મથન કરવા લાગ્યો. ૪૪ તેમાં નીચેની અરણીમાં ઉર્વશીની, ઉપરની અરણીમાં પોતાની અને એ બેની વચ્ચે ઉપસ્થ ઇંદ્રિયની ભાવના કરીને ઉર્વશીનું ધ્યાન ધરતાં રાજાએ મથન કર્યું. ૪૫ એ મથનથી યોગ્ય વસ્તુ આપનારા અગ્નિ ઉત્પન્ન થયા. તે વેદવિદ્યાની વિધિ પ્રમાણે આહવનીય, ગાર્હપત્ય અને દક્ષિણાગ્નિરૂપે પ્રગટ થયા, તેઓને પુરૂરવાએ પોતાના પુત્રો માન્યા. ૪૬ પછી ઉર્વશીના લોકમાં જવાની ઇચ્છાથી એ રાજાએ સર્વ દેવમય, યજ્ઞપતિ શ્રીહરિનું તે અગ્નિવડે યજન કર્યું. ૪૭ પ્રથમ સર્વ વાણીના બીજરૂપ એક ૐકારજ વેદરૂપે હતો, એક નારાયણજ દેવ ગણાતા હતા, એક લૌકીક અગ્નિજ અગ્નિરૂપે હતો, અને શુકલ નામની એકજ જાતિ (વર્ણ) હતી. ૪૮ હે રાજા! પુરૂરવા રાજાથીજ ત્રેતાયુગના આરંભથી ત્રણ વેદ થયા હતા. પછી તે રાજા પુત્રરૂપ અગ્નિવડે ગંધર્વ લોકમાં ગયો હતો. ૪૯

पुरूरवस एवासीत्त्रयी त्रेतामुखे नृप ॥
अग्निना प्रजयाराजा लोकं गांधर्व मेयिवान् ॥

ઇતિ શ્રી ભાગવત મહાપુરાણના નવમસ્કંધમાં "પુરૂરવા-ઉર્વશી ઉપાખ્યાન" વર્ણન નામનો ૧૪ મો અધ્યાય સંપૂર્ણ

અધ્યાય ૧૫ મો.

પુરૂરવાનોવંશ તથા તેમાં ઉત્પન્ન થયેલા પરશુરામે કરેલો સહસ્રાર્જુનનો નાશ.

શ્રી શુકઉવાચ.

ऐलस्यचोर्वशी गर्भात्षडासन्नात्मजा नृप ॥
आयुः श्रुतायुः सत्यायुरयोऽथ विजयो जयः

શ્રી શુકદેવજી કહે છે—હે રાજા! પુરૂરવાને ઉર્વશીના ગર્ભથી આયુ, શ્રુતાયુ, સત્યાયુ, રય, વિજય અને જય નામના છ પુત્ર થયા. ૧ તેમાંના શ્રુતાયુને વસુમાન, સત્યાયુને શ્રુતંજય, રયને એક, જયને અમિત, અને વિજય ને ભીમ નામનો પુત્ર થયો. ભીમને કાંચન, તેને હોત્રક અને તેને જહ્નુ નામનો પુત્ર થયો. એ જહ્નુ ઋષિહતા, તે ગંગાને કોગળો કરીને પી ગયા હતા. તેનો પુત્ર પુરૂ, તેનો બલાક અને બલાકનો પુત્ર અજક હતો. ૨-૩ તેનો કુશ હતો. કુશ ને કુશાંબુ, મૂર્તય, વસુ તથા કુશનાભ નામના ચાર પુત્ર હતા, તેમાં કુશાંબુને ગાધી નામે પુત્ર થયો. ૪ ગાધિને સત્યવતી નામની કન્યા હતી, તે ઋચિક ઋષિએ માગવાથી તેને કન્યાને યોગ્યવર ન જાણીને ગાધિએ કહ્યું કે—૫ "ચંદ્રમા જેવા ધોળા અને જેનો એક કાન કાળો હોય છે એવા શ્યામકર્ણ એક હજાર ઘોડા આપો તો એ મૂલ્યથી કન્યા તમને આપું; આટલા મૂલ્યથી પણ તમને એ કન્યા મળે નહી, કેમકે અમે કુશિક વંશના છીએ. ૬ એ સાંભળી તેનો વિચાર જાણીને તે ઋષિ વરૂણની પાસે ગયા. અને ત્યાંથી ઘોડા લાવી આપીને તે સુંદર મુખવાળી સત્યવતીને પરણ્યા. ૭ સત્યવતી અને તેની માતાએ સંતાનની ઈચ્છાથી ઋચિક ઋષિની પ્રાર્થના કરી, તેથી એક ચરૂ બ્રાહ્મણના મંત્રથી અને બીજો ચરૂ ક્ષત્રિયના મંત્રથી રાંધીને ઋષિ સ્નાન કરવા ગયા. ૮ એટલામાં સત્યવતીની માતાએ પુત્રીનો ચરૂ ઉત્તમ સમજીને પુત્રી પાસેથી તે માગી લીધો, અને

માતાનો ચરૂ સત્યવતીએ ખાધો. ૯ ઋષિએ સ્નાન કરીને આવ્યા પછી એ વાત જાણીને સત્યવતીને કહ્યું કે–" તેં બહુ ખોટું કર્યું ! તારો પુત્ર ભયંકર દંડ ધારણ કરનારો થશે, અને તારો ભાઇ ઉત્તમ વેદવેત્તા થશે. " ૧૦ એ સાંભળીને સત્યવતીએ પ્રાર્થના કરી કે–" હે મહારાજ ! એમ ન થાય તેમ કરો. " ત્યારે ઋષિ બોલ્યા કે–' તારો પુત્ર નહી પણ પૌત્ર ભયંકર દંડ ધારણ કરનારો થશે.' પછી સત્યવતીને જમદગ્નિ નામે પુત્ર થયો. ૧૧ જમદગ્નિની માતા સત્યવતી અત્યંત પવિત્ર અને લોકોને પવિત્ર કરનારી કૌશિકી નામની નદી થઇ. અને જમદગ્નિ રેણુની પુત્રી રેણુકાને પરણ્યા. ૧૨ તેથી તેમને વસુમાન વગેરે પુત્રો થયા, તેમાં પરશુરામ સૌથી નાના હતા. ૧૩ હૈહય નામના ક્ષત્રિય વંશનો નાશ કરનારા પરશુરામ ભગવાનના અંશાવતાર કહેવાય છે, તેમણે એકવીશવાર નક્ષત્રી પૃથ્વી કરી હતી. ૧૪ બ્રાહ્મણોને નહિ માનનારા પૃથ્વીના ભારરૂપ દુષ્ટ ક્ષત્રિયો રજોગુણી તથા તમોગુણી હોવાથી થોડો અપરાધ કરનારા છતાં પણ તેઓનો નાશ કર્યો હતો. ૧૫

પરીક્ષિત રાજા પૂછે છે—ઇંદ્રિયાધીન ક્ષત્રિયોએ પરશુરામનો શો અપરાધ કર્યો હતો? કે જેથી તેમણે ક્ષત્રિય કુળનું વારંવાર નિકંદન કર્યું? ૧૬

શ્રી શુકદેવજી કહે છે—હૈહયકુળના ક્ષત્રિયોનો અધિપતિ અર્જુન નામનો એક ઉત્તમ ક્ષત્રિય હતો. તેણે અંશાવતારરૂપ ભગવાન દત્તાત્રેયની સેવાથી એકહજાર હાથ મેળવ્યા હતા, તેથી શત્રુઓ તેનો પરાભવ કરી શકતા નહતા, તેમજ ઇંદ્રિયોનું બળ, લક્ષ્મી, તેજ, વીર્ય; યશ તથા બળ પણ મેળવ્યાં હતાં. ૧૭–૧૮ વળી યોગેશ્વરપણું તથા ઐશ્વર્ય કે જેમાં અણિમાદિક સિદ્ધિઓ રહી છે, તે પણ દત્તાત્રેયની કૃપાથી તેણે મેળવ્યું હતું. અને લોકોમાં પવનની પેઠે અટક્યા વિના ફરતો હતો. ૧૯ એકવાર તે ઉત્તમ સ્ત્રીઓની સાથે રેવા નદીના જળમાં વિહાર કરતો હતો, તે સમયે મદોન્મત્ત અને વૈજયંતી માળા ધારણ કરેલા સહસ્રાર્જુને પોતાના હજાર હાથથી નદીનો પ્રવાહ અટકાવી દીધો. ૨૦ તેથી પાછાં વળેલાં નર્મદાનાં પાણીએ રાવણની છાવણી બોળી દીધી. એ જોઇને શૂરવીરપણાનું અભિમાન રાખનારા રાવણથી સહસ્રાર્જુનનું પરાક્રમ સહન થયું નહી, તેથી તેની સાથે યુદ્ધ કરવાને ગયો. ૨૧ ત્યાં સ્ત્રીઓની સમક્ષ રાવણને રમતમાત્રથી પકડીને માહિષ્મતી નગરીમાં કેદ કર્યો હતો, પણ પાછળથી તેને વાંદરાની પેઠે છોડી મૂકયો હતો. ૨૨ એકવાર સહસ્રાર્જુન મૃગયા માટે વનમાં ફરતો હતો, ત્યાં દૈવની ઇચ્છાથી તે જમદગ્નિના આશ્રમમાં જઇ ચઢયો. ૨૩ મુનિએ કામધેનુના પ્રભાવથી સેના, મંત્રીઓ અને વાહનો સહિત એ રાજાની પરોણાગત કરી. ૨૪ એ હૈહય કુળનો રાજા પોતાના ઐશ્વર્ય કરતાં પણ ઋષિનું અધિક ઐશ્વર્ય જોઇને મનમાં પ્રસન્ન નહી થતાં તેણે મુનિની ધેનુ લઇ લેવાનો વિચાર કર્યો. ૨૫ પછી ગર્વથી ઋષિની કામધેનુ લઇ લેવાની પોતાના માણસોને આજ્ઞા કરી, તેથી તેઓ વાછરડા સહિત બરાડતી ગાયને બળાત્કારે માહિષ્મતી નગરીમાં લઇ ગયા. ૨૬ પછી રાજા પણ ત્યાંથી વિદાય થયો, એટલામાં પરશુરામ આવ્યા, તેમણે રાજાની દુષ્ટતા સાંભળી તેથી પાટુથી મારેલો સાપ જેમ કોપાયમાન થાય તેમ તે કોપી ઉઠયા. ૨૭ અને ભયંકર ફરશી. ઢાલ, ભાથા તથા ધનુષ લઇને તે મહા તેજસ્વી પરશુરામ જેમ સિંહ હાથની પાછળ દોડે, તેમ સહસ્રાર્જુનની પાછળ દોડ્યા. ૨૮ ધનુષ, બાણ અને ફરશી ધારણ કરેલા, મૃગચર્મ ઓઢેલા, સૂર્ય જેવા તેજસ્વી, માથે જટા ધારણ કરેલા, અને વેગથી નગરમાં પેસતા પરશુરામને જોઇને સહસ્રાર્જુને હાથી, ઘોડા, રથ. પાયદળ, ગદા, બાણ, તરવાર, ઋષ્ટિ શતઘ્ની અને સાંગો સાથે અત્યંત ભયંકર સત્તર અક્ષૌહિણી સેના સામે લડવાને મોકલી, તે સર્વનો પરશુરામ એકલાએજ નાશ કર્યો. ૨૯–૩૦ મન તથા પવનના જેવા વેગવાળા અને શત્રુની સેનાનો નાશ કરનારા પરશુરામે જ્યાં જ્યાં ફરશી ચ-

લાગ્યા ત્યાં ત્યાં યોદ્ધાઓની ભુજાઓ, સાથળો, અને ગળાં કપાઇ જવાથી તથા સારથિઓનો અને વાહનોનો નાશ થવાથી યોદ્ધાઓ પૃથ્વીપર પડવા લાગ્યા. ૩૧ લોહીના પ્રવાહથી કાદવ જામેલા રણક્ષેત્રમાં પરશુરામનાં બાણોથી જેની ધ્વજાઓ, ઢાલો, ધનુષો, અને શરીર કપાઇ ગયાં હતાં એવી પોતાની સેનાને પૃથ્વીપર પડેલી જોઇને ક્રોધે ભરાયેલો સહસ્રાર્જુન યુદ્ધ કરવાને આવ્યો.૩૨ તેણે એકજ ફેરે પાંચસેં ધનુષમાં પાંચસેં બાણો સાંધીને પરશુરામની ઉપર ચલાવ્યાં, તે શસ્ત્રધારાઓમાં અગ્રણી તથા એક ધનુષધારી પરશુરામે બાણો મારીને એકે ફેરે સર્વ બાણોને કાપી નાંખ્યાં ૩૩ પછી પોતાના હાથોવતી પર્વતો તથા વૃક્ષો ઉપાડીને યુદ્ધમાં વેગથી દોડતા આવતા સહસ્રાર્જુનને જોઇને પરશુરામે તીક્ષ્ણધારવાળા ફરસીથી જેમ સર્પની ફેણો કાપી નાંખે તેમ બળાત્કારે તેની ભુજાઓ કાપી નાખી. ૩૪ તેના દશહજાર હાથ કપાઇ ગયા પછી જેમ પર્વતનું શિખર ઉડાવી દે, તેમ તેનું માથું ઉડાવી દીધું. તેના મરણ પછી તેના દશહજાર પુત્રો ભયથી નાશી ગયા. ૩૫ પછી શત્રુને મારી નાંખનારા પરશુરામે વાછડા સહિત દુઃખી થયેલી ગાયને પાછી લાવી આશ્રમમાં આવીને પિતાને આપી. ૩૬ પછી તેમણે કરેલું કામ પોતાના પિતાને તથા ભાઇઓને કહી સંભળાવ્યું, એ સાંભળીને જમદગ્નિ બોલ્યા કે-૩૭ હે રામ ! હે રામ ! હે મહાબાહુ ! સર્વ દેવમય રાજાને નાહક મારીને તેં મહા પાપ કર્યું છે. ૩૮ હે તાત ! અમે બ્રાહ્મણ છીએ, અને ક્ષમા કરવાથી પૂજ્ય ગણાઇએ છીએ, બ્રહ્મા પણ ક્ષમાથીજ બ્રહ્મપદને પામ્યા છે. ૩૯ ક્ષમાથીજ બ્રાહ્મણોની લક્ષ્મી સૂર્યના તેજની પેઠે શોભેછે, અને ભગવાન પણ ક્ષમાવંત ઉપર તુરત પ્રસન્ન થાયછે. ૪૦ રાજ્યાભિષેક કરેલા રાજાનો નાશ કરવો તે બ્રહ્મહત્યા કરતાં પણ અધિક પાપ છે, માટે હવે તું મનમાં ભગવાનનું સ્મરણ કરતો તીર્થનું સેવન કરીને પાપનો નાશ કર. ૪૧

राज्ञो मूर्धाभिषिक्तस्य वधो ब्रह्म वधाद्गुरुः ॥
तीर्थ संसेवया चांहो जह्यं गाच्युत चेतनः ॥

ઇતિ શ્રી ભાગવત મહાપુરાણના નવમસ્કંધમાં "સહસ્રાર્જુન વધ કથન" નામનો ૧૫ મો અધ્યાય સંપૂર્ણ

અધ્યાય ૧૬ મો.

સહસ્રાર્જુનના પુત્રોએ જમદગ્નિને મારી નાંખ્યા તેથી પરશુરામે વારંવાર ક્ષત્રિયોનો નાશ કર્યો.

શ્રી શુકउवाच.

पित्रोपशिक्षितो रामस्तथेति कुरुनंदन ॥
संवत्सरं तीर्थयात्रां चरित्वाऽश्रममाव्रजत ॥

શ્રી શુકદેવજી કહે છે—હે પરીક્ષિત ! પિતાનો હુકમ માથે ચઢાવીને પરશુરામ એક વર્ષસુધી તીર્થયાત્રા કરીને પાછા આશ્રમમાં આવ્યા ૧ એકવાર રેણુકા પાણી ભરવાને ગંગાકાંઠે ગયાં હતાં, ત્યાં કમળોની માળા પેહેરેલા ગંધર્વના રાજા ચિત્રરથને અપ્સરાઓની સાથે જળક્રીડા કરતો જોયો. ૨ રેણુકા તેને જોતા લાગ્યાં, તેથી તેને મુનિના હોમના સમયનું ભાન રહ્યું નહી, અને તે ગંધર્વ ઉપર કાંઇક આસક્ત પણ થઇ. ૩ પછી હોમનો સમય વીતી ગયેલો જોઇને મુનિના શાપથી ડરતી રેણુકા તુરત આશ્રમમાં આવી, અને પાણીનો કળશ મુનિની પાસે મૂકી હાથ જોડીને ઉભી રહી. ૪ પોતાની સ્ત્રીનો માનસિક વ્યભિચાર જાણી ક્રોધે ભરાઇને મુનિએ પુત્રોને કહ્યું કે—"હે પુત્રો ! આ પાપિણી સ્ત્રીને મારી નાંખો." પરંતુ તેમની આજ્ઞા કોઇએ માની નહી. ૫ તેથી જમદગ્નિએ પરશુરામને આજ્ઞા કરી કે "તું તારી માતાને તથા ભાઇઓને મારી નાંખ." એટલે તેમણે તે પ્રમાણે કર્યું; કારણ કે તે પોતાના પિતાના સામર્થ્યના તથા તપના પ્રભાવને સારી રીતે જાણતા હતા. ૬ પછી પરશુરામ ઉપર પ્રસન્ન થઇને જમદગ્નિએ વર

માગ્યાનું કહ્યું;ત્યારે પરશુરામે 'પોતાની માતા તથા ભાઇઓ સજીવન થઇ જાય, અને પોતે તેઓને માર્યા છે, એવું તેઓને ભાન ન રહે.' એવું માગ્યું. ૭ એ સાંભળીને મુનિએ 'તથાસ્તુ' કહ્યું કે તુરત જ તેઓ જેમ ઉંઘમાંથી જાગી ઉઠે તેમ કુશળ ઉઠ્યાં. પરશુરામ પિતાનાં પરાક્રમને તથા તપને જાણતા હોવાથીજ તેમણે બંધુજનોના નાશ કર્યો હતો. ૮ હે રાજા! સહસ્રાર્જુનના પુત્રો પોતાના પિતાનો પરશુરામે કરેલા વધ સંભારતા થકા પરશુરામના પરાક્રમથી હારી ગયા હતા, તેથી તેમને ચેન પડતું ન હતુ. ૯ એક દિવસ પરશુરામ ભાઇઓ સહિત વનમાં ગયા હતા, ત્યારે સમય સાધીને સહસ્રાર્જુનના પુત્રો વેર વાળવાને આશ્રમમાં આવ્યા. ૧૦ તે સમયે જમદગ્નિને ઉત્તમ કીર્તિવાળા ભગવાનમાં બુદ્ધિ સ્થિર કરી સમાધિ ચઢાવીને અગ્નિશાળામાં બેઠેલા જોઇને બેઠેલા પાપી ક્ષત્રિયોએ તેમને મારી નાંખ્યા. ૧૧ એ વખતે પરશુરામની માતાએ દયાજનક રીતે તેઓની પ્રાર્થના કરી, તોપણ એ ક્રૂર ક્ષત્રિયો બળાત્કારે મુનિનું મસ્તક કાપીને લઇ ગયા. ૧૨ અને સતી રેણુકા બિચારી દુઃખ તથા શોકગ્રસ્ત થઇને છાતી તથા માથું કુટતી "હે રામ! હે રામ! હે તાત!" એમ ધાંઠા પાડીને રોવા લાગી. ૧૩ દૂર રહેલા પરશુરામ 'હે રામ!' એવો આર્ત્ત શબ્દ સાંભળીને તુરત આશ્રમમાં આવ્યા અને જોયું તો પિતાનો વધ કરેલો દીઠો. ૧૪ પિતાને મરણ પામેલા જોઇને દુઃખ, રોષ, અસહનતા, પીડા અને શોકના વેગથી પરશુરામ મોહિત થઇ ગયા, અને 'હે તાત! હે સાધુ! હે ધર્મનિષ્ઠ! અમને ત્યજીને તમે સ્વર્ગમાં પધાર્યા!' ૧૫ એ પ્રમાણે વિલાપ કરવા લાગ્યા. પછી પિતાનો દેહ ભાઇઓને સોંપી, પોતાના હાથમાં ફરશી લઇને તેમણે ક્ષત્રિયોનો નાશ કરવાનો વિચાર કર્યો. ૧૬ અને હે રાજા! બ્રહ્મહત્યાથી નિસ્તેજ થયેલી માહિષ્મતી પુરીમાં જઇને પરશુરામે સહસ્રાર્જુનનાં માથાં કાપીકાપીને તેનો એક મોટો પર્વત કર્યો. ૧૭ અને બ્રાહ્મણોનો અપરાધ કરનારા ક્ષત્રિયોને ત્રાસ આપનારી લોહીની ભયંકર નદી વહેવરાવી, પિતાના વધના નિમિત્તથી અન્યાયથી વર્તનારા ક્ષત્રિયોને મારવાનો આરંભ કર્યો. ૧૮ રેણુકાએ એકવીશવાર છાતી કૂટી હતી, તેથી પરશુરામે એકવીશવાર નક્ષત્રી પૃથ્વી કરી હતી, અને કુરૂક્ષેત્રમાં લોહીના નવ ધરા બનાવ્યા હતા. ૧૯ એ રીતે પરશુરામ પિતાના શત્રુઓને મારીને પિતાનું મસ્તક યજ્ઞમંડપમાં લાવ્યા,અને તે ધડ સાથે સાંધીને તેમને સજીવન કર્યા. પછી યજ્ઞો કરીને સર્વ દેવમય તથા પોતાના સ્વરૂપમય ઇશ્વરનું યજન કર્યું. ૨૦ એ યજ્ઞમાં હોતાને પૂર્વ દિશા, બ્રહ્માને દક્ષિણ દિશા, અધ્વર્યુને પશ્ચિમ દિશા, ઉદ્‌ગાતાને ઉત્તર દિશા, ૨૧ બીજા ઋષિઓને ખુણાઓ, કશ્યપને પૃથ્વીનો મધ્ય ભાગ, ઉપદ્રષ્ટાને આર્યાવર્ત, અને બાકી રહેલો ભાગ સભાસદોને આપ્યો. ૨૨ પછી બ્રહ્મનદી સરસ્વતીમાં અવભૃથ સ્નાન કરી સર્વ પાપથી મુક્ત થઇને, જેમ નિર્મળ આકાશમાં સૂર્ય શોભેછે, તેમ શોભવા લાગ્યા. ૨૩ પરશુરામના પિતા જમદગ્નિ સ્મરણવાળું શરીર પામીને સપ્તર્ષિઓના મંડળમાં સાતમા ઋષિ થયા, અને પરશુરામથી સત્કાર પામ્યા. ૨૪ હે રાજા! કમળ સરખાં નેત્રવાળા પરશુરામ પણ આવતા મન્વંતરમાં સપ્તર્ષિઓમાંના એક ઋષિ થશે. ૨૫ તે આજસુધી તે અભિમાનનો ત્યાગ કરી શાંત ચિત્તે મહેંદ્રાચળ ઉપર રહેછે. અને સિદ્ધો, ગંધર્વો તથા ચારણો તેમનાં ચરિત્રો ગાયછે. ૨૬ એ પ્રમાણે વિશ્વાત્મા શ્રી હરિએ ભૃગુકુળમાં અવતાર લઇ, રાજાઓને મારીને પૃથ્વીનો ભાર ઉતાર્યો હતો. ૨૭ ગાધિરાજાને વિશ્વામિત્ર નામે મહા તેજસ્વી પુત્ર હતા, તે પ્રદીપ્ત અગ્નિ જેવા મહા તેજસ્વી હતા, તેમણે તપ કરીને ક્ષત્રિયપણાનો ત્યાગ કરીને બ્રહ્મતેજ મેળવ્યુ હતું. ૨૮ હે મહારાજા! વિશ્વામિત્રને સો પુત્ર હતા, તેઓમાં વચલા પુત્રનુ નામ મધુચ્છંદા હતું. તેથી તે સઘળા

મધુચ્છંદસ કહેવાતા હતા, ૨૯ ભૃગુકુળમાંના અજીગર્ત ઋષિનો પુત્ર શુનઃશેપ હતો, તે હરિશ્ચંદ્રના યજ્ઞમાં પુરૂષ પશુરૂપે વેચાયો હતો, તે પ્રજાપતિ વગેરે દેવતાઓની સ્તુતિ કરીને વરૂણપાશથી છૂટ્યો હતો, અને દેવતાઓએ બચાવ્યાથી ગાધિના વંશમાં જે દેવરાત નામથી પ્રસિદ્ધ થયો હતો, તેને વિશ્વામિત્રે પોતાનો પુત્ર કરીને પોતાના બીજા પુત્રોને કહ્યું હતું કે–'આ શુનઃશેપને તમે વડીલબંધુ તરીકે માનજો.' ૩૦-૩૨ આ વાત મધુચ્છંદાથી મોટા પુત્રોએ કબુલ કરી નહી, તેથી વિશ્વામિત્રે ક્રોધ કરીને તેઓને શાપ આપ્યો કે—'અરે દુષ્ટો! તમે મ્લેચ્છ થઇ જાઓ.' ૩૩ પછી મધુચ્છંદા તથા તેનાથી નાના પુત્રોએ વિશ્વામિત્રને કહ્યું કે—"આપ જે આજ્ઞા કરશો તે પ્રમાણે અમે ચાલીશું." ૩૪ પછી તેઓએ મંત્રદષ્ટા શુનઃશેપને મોટો ભાઇ માનીને કહ્યું કે—"અમે તમને અનુસરીશું." પછી વિશ્વામિત્રે તેઓને કહ્યું કે—"તમે પુત્રવાન થશો, કારણ કે તમે મારી આજ્ઞા પાળીને મને પુત્રવાન કર્યો છે. ૩૫ હે પુત્રો! આ વીર દેવરાતને તમે કુશિક વંશનોજ ગણજો, કારણ કે તે મારો પુત્ર છે, માટે તમે એને અનુસરીને વર્તજો." વિશ્વામિત્રને અષ્ટક, હારીત, જય, અને ક્રતુમદ વગેરે બીજા પણ પુત્રો હતા, ૩૬ આ રીતે વિશ્વામિત્રને અનેક પુત્રો થયા, તેથી કૌશિક ગોત્ર અનેક પ્રકારનું થયું, અને ભૃગુવંશી દેવરાતને મોટો પુત્ર કર્યાથી ભૃગુકુળ બીજા પ્રવરવાળું થયું. ૩૭

एवंकौशिक गोत्रंतु विश्वामित्रैः पृथग्विधम् ।
प्रवरांतरमापन्नं तद्धिचैवं प्रकल्पितम् ॥

ઇતિ શ્રી ભાગવત મહાપુરાણના નવમ સ્કંધમાં "પરશુરામ ચરિત્ર વર્ણન" નામનો ૧૬ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૭ મો.

પુરૂરવાના પુત્રોના વંશનું વર્ણન.

શ્રી શુકઉવાચ.

यः पुरूरवसः पुत्र आयुस्तस्याभवन् सुताः ॥
नहुषः क्षत्रवृद्धश्च रजी रंभश्च वीर्यवान् ॥

શ્રી શુકદેવજી કહે છે—હે પરીક્ષિત! પુરૂરવાના પુત્ર આયુને નહુષ, ક્ષત્રવૃદ્ધ, રજી, રંભ અને અનેના, એ નામના પાંચ પુત્રો થયા. ૧ તેમાંના ક્ષત્રવૃદ્ધનો વંશ કહુંછું તે સાંભળો. ક્ષત્રવૃદ્ધને સુહોત્ર નામનો પુત્ર હતો, તેને કાશ્ય, કુશ અને ગૃત્સમદ એ ત્રણ પુત્ર થયા. ગૃત્સમદને શુનક અને શુનકને શૌનક નામનો પુત્ર થયો, તે ઋગ્વેદીઓમાં શ્રેષ્ઠ ગણાયછે. ૨-૩ કાશ્યને કાશિ, તેને રાષ્ટ્ર, તેને દીર્ઘતમા; અને તેને ધન્વંતરિ નામનો પુત્ર થયો. તેમણે આયુર્વેદ (વૈદક) શાસ્ત્ર રચ્યું છે. ૪ તેમના સ્મરણ માત્રથી જ રોગની પીડા ટળી જાયછે, તે ભગવાનના અંશાવતાર હતા, અને તેમને યજ્ઞમાં ભાગ મળતો હતો. તેમનો પુત્ર કેતુમાન્ થયો, તેનો ભીમરથ, તેનો દિવોદાસ, ૫ અને દિવોદાસનો પુત્ર દ્યુમાન હતો. તે પ્રતર્દન, શત્રુજીત, કુવલયાશ્વ, ઋતધ્વજ તથા વત્સ નામોથી પ્રસિદ્ધ છે, તેને અલર્ક વગેરે પુત્રો થયા હતા. ૬ હે રાજા! અલર્ક સિવાય બીજા કોઇ રાજાએ છાસઠ હજાર વર્ષ સુધી જુવાન રહીને પૃથ્વીનું રાજ્ય કર્યું નથી. ૭ અલર્કને સંતતિ, તેને શુનાથ, તેને સુકેતન તેને ધર્મકેતુ, તેને સત્યકેતુ, ૮ તેને ધૃષ્ટકેતુ, તેને સુકુમાર, તેને વીતિહોત્ર, તેને ભર્ગ અને ભર્ગને ભાર્ગભૂમ નામનો પુત્ર થયો. એ પ્રમાણે કાશી રાજાના વંશજ પોતાના પરદાદા ક્ષત્રવૃદ્ધનાં વંશને મળેછે. આયુના પુત્ર રંભને રભશ, તેને ગંભીર, અને તેને અક્રિય નામનો પુત્ર થયો. ૧૦ એ અક્રિયના ક્ષેત્રમાં બ્રાહ્મણો ઉત્પન્ન થયા હતા. હવે અનેનાનો વંશ સાંભળો. આયુના પુત્ર અનેનાને શુદ્ધ, તેને શુચિ, તેને ત્રિકકુદ તેને ધર્મસારથિ,

૧૧ અને તેને શાંતરય નામનો પુત્ર થયો. તે જ્ઞાની હોવાથી કૃતકૃત્ય હતો. આયુના પુત્ર રજીને મહાપરાક્રમી પાંચસો પુત્ર ઉત્પન્ન થયા. ૧૨ રજીએ દેવતાઓના કહેવાથી દૈત્યોને મારીને ઇંદ્રને સ્વર્ગનું રાજ્ય આપ્યું હતું, પરંતુ પ્રહ્લાદ વગેરે દૈત્યોના ભયથી ઇંદ્રે રજીના ચરણમાં પડીને તેને સ્વર્ગનું રાજ્ય પાછું આપીને પોતાનું શરીર પણ અર્પણ કર્યું હતું. જ્યારે રજી મરણ પામ્યો ત્યારે ઇંદ્રે સ્વર્ગ પાછું લેવાની માગણી કરી; પરંતુ રજીના પુત્રોએ તેને આપ્યું નહીં, અને યજ્ઞનો ભાગ પણ તેઓ લેવા લાગ્યા. પછી ઇંદ્રે બૃહસ્પતિ પાસે અભિચાર મંત્રોથી અગ્નિમાં હોમ કરાવી તેવડે રજીના પુત્રોને ધર્મભ્રષ્ટ કરીને મારી નાંખ્યા, કોઇ પણ જીવતો શક્યો નહીં. ક્ષત્રવૃદ્ધના પૌત્ર કુશનો પ્રતિ, તેને સંજય અને તેને જય નામનો પુત્ર થયો ૧૩-૧૬ જયને, કૃત, તેને હર્યવન, તેને સહદેવ, તેને હીન, તેને જયસેન, ૧૭ તેને સંકૃતિ, તેને જય, અને તેને મહારથી ક્ષત્રધર્મા નામનો પુત્ર થયો. એ ક્ષત્રવૃદ્ધના વંશના રાજા તમને કહ્યા. હવે આયુના પુત્ર નહુષનો વંશ કહું છું તે સાંભળો. ૧૮

संकृतिस्तस्य च जयः क्षत्रधर्मा महारथः ।
क्षत्रवृद्धान्वया भूपाः शृणु वंशं च नाहुषम् ॥

ઇતિ શ્રી ભાગવત મહાપુરાણના નવમ સ્કંધમાં "ચંદ્રવંશ વર્ણન" નામનો ૧૭ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૮ મો.

નહુષના પુત્ર યયાતિ રાજાની કથા.

શ્રી શુકઉવાચ.

यतिर्ययातिः संयातिरायातिर्वियतिः कृतिः ।
षडिमे नहुषस्यासन्निन्द्रियाणीव देहिनाम् ॥

શ્રી શુકદેવજી કહે છે—જેમ પ્રાણીઓને ૭ ઇંદ્રિઓ હોયછે, તેમ નહુષને યતિ, યયાતિ, સંયાતિ, આયતિ, વિયતિ અને કૃતિ, એ ૭ પુત્ર હતા. ૧ તેઓમાં સર્વથી મોટો યતિ હતો, તે રાજ્યનું પરિણામ જાણતો હતો, તેથી તેને તેના પિતાએ રાજ્ય આપવા માંડયું, પણ તેણે લીધું નહી; કારણ કે રાજ્યખટપટવાળો પુરૂષ આત્મસ્વરૂપને ઓળખતો નથી. ૨ નહુષ રાજા અમુક કાળસુધી ઇંદ્રપદ પામ્યો હતો, ત્યારે તેણે ઇંદ્રાણી ઉપર બળાત્કાર કરવાથી તેને અગસ્ત્યાદિક બ્રાહ્મણોએ રાજ્યપદ ઉપરથી ભ્રષ્ટ કરીને અજગરની યોનિમાં નાંખ્યો, ત્યારે તેનો બીજો પુત્ર યયાતિ રાજા થયો હતો. ૩ એ યયાતિ રાજા શુક્રાચાર્યની તથા વૃષપર્વાની પુત્રીને પરણ્યો હતો. તે પોતાના ચાર નાના ભાઇઓને, ચાર દિશામાં રાજ્ય કરવાની આજ્ઞા કરીને પોતે પૃથ્વીનું રાજ્ય કરતો હતો. ૪

પરીક્ષિત રાજા પૂછેછે—મહાત્મા! શુક્રાચાર્ય બ્રાહ્મણ હતા, અને યયાતિ રાજા ક્ષત્રિય હતો, તેમ છતાં તેઓની વચ્ચે પ્રતિલોમ વિવાહ કેવી રીતે થયો હતો? ૫

શ્રી શુકદેવજી કહે છે—હે રાજા! એક દિવસ દૈત્યોના રાજા વૃષપર્વાની શર્મિષ્ઠા નામની કુંવારી કન્યા પોતાની હજારો સખીઓ તથા ગુરૂપુત્રી દેવયાનીને સાથે લઇને નગર બહાર બાગમાં ફરતી હતી. તેમાં ફુલઝાડો ભરપૂર હતાં અને તળાવના કિનારા ઉપર ભમરાઓ મનોહર ગુંજારવ કરતા હતા. ૬-૭ તે કમળ જેવાં નેત્રવાળી કન્યાઓ તળાવ ઉપર આવી, અને કિનારા ઉપર વસ્ત્રો મૂકીને પરસ્પર પાણી છાંટતી તળાવમાં જળક્રીડા કરવા લાગી. ૮ એટલામાં પાર્વતી સહિત સદાશિવ નંદીકેશ્વર ઉપર બેશીને જતા હતા, તેમને જોઇને કન્યાઓએ લજ્જીત થઇ બાહાર નીકળીને વસ્ત્રો પેહેરી લીધાં. ૯ શર્મિષ્ઠાએ ભૂલથી દેવયાનીનાં વસ્ત્રોને પોતાનાં જાણીને પેહેરી લીધાં, એ જોઇને દેવયાની કોપ કરીને બોલી કે-૧૦ "અરેરે! આ દાસીનું અયોગ્ય કામ તો જુઓ! જેમ કૂતરી યજ્ઞનું હવિષ્ય અન્ન ખાઇ જાય, તેમ આ રાંડે મારાં વસ્ત્ર પેહેરી લીધાં છે. ૧૧ જે બ્રાહ્મણોએ તપવડે આ જગતને રચ્યું છે, જે

પરમપુરૂષ ભગવાનના મુખરૂપ છે, જે પરમાત્માને જાણેછે, જેમણે કલ્યાણકારી વેદમાર્ગ બતાવ્યો છે, ૧૨ અને લોકપાળ દેવતાઓ તથા શ્રીનિવાસ ભગવાન શ્રી હરિ પણ જેઓની સ્તુતિ તથા સેવા કરેછે. ૧૩ આવી રીતે બ્રાહ્મણો ઉત્તમ છે, તેમાં પણ અમે તો ભૃગુવંશી છીએ, અને એનો પિતા દૈત્ય છે, અને તે પણ અમારો શિષ્ય છે, તેમ છતાં જેમ શુદ્ર વેદને ધારણ કરે, તેમ આ રંડાએ મારાં વસ્ત્ર ધારણ કરી લીધાં છે." ૧૪ આ પ્રમાણે દેવયાની ગાળો દેવા લાગી, ત્યારે શર્મિષ્ઠા પણ છંછેડાએલી નાગણની પેઠે ક્રોધથી શ્વાસ લેતી હોઠ ડસતી બોલી કે-૧૫ "અરે ભીખારણ! તું પોતાની સ્થિતિ જાણ્યા વિના બહુ બહુ બકેછે. શું તું અમારાં ઘરોમાં કુતરીની પેઠે ટુકડાની દરકાર નથી રાખતી? ૧૬ આ પ્રમાણે શર્મિષ્ઠાએ કેટલાંક કઠોર વચનો કહીને શુક્રાચાર્યની પુત્રી દેવયાનીનો તિરસ્કાર કરી ક્રોધથી વસ્ત્ર પડાવી લઇને તેને કુવામાં નાંખી દીધી. ૧૭ પછી શર્મિષ્ઠા ઘેર ચાલી ગઇ. પછી મૃગયા માટે નીકળેલો યયાતિ રાજા ફરતો ફરતો દૈવઇચ્છાથી ત્યાં આવી ચઢયો, તો તેણે કુવામાં દેવયાનીને દીઠી. ૧૮ એ દયાળુ રાજાએ નગ્ન દેવયાનીને પેહેરવા માટે પોતાનુ અંગવસ્ત્ર આપ્યું, અને પોતાના હાથથી તેનો હાથ પકડીને બહાર કાઢી. ૧૯ પછી શુક્રાચાર્યની પુત્રી દેવયાનીએ પ્રેમભરેલી વાણીથી તે શૂરવીર રાજાને કહ્યું કે—"હે વિજયી રાજા! તમે મારો હાથ ઝાલ્યો છે. ૨૦ માટે હવે મારો હાથ બીજો કોઇ ઝાલે એ યોગ્ય નથી. હે વીર! આપણો આ સંબંધ કોઇ પુરૂષે કરેલો નથી, પણ ઇશ્વરે કરેલો છે. ૨૧ મારૂં આ કૂવામાં પડવું, અને આપનાં અચાનક દર્શન થવાં, એ ઇશ્વર ઇચ્છાથીજ બન્યું છે. હે મોટી ભુજાઓવાળા! બૃહસ્પતિના પુત્ર કચ કે જેને મેં પ્રથમ શાપ આપ્યો હતો, તેણે મને શાપ આપ્યો છે કે—તારો પતિ બ્રાહ્મણ થશે નહી.* ૨૨ આ કામ શાસ્ત્રવિરૂદ્ધ છે એમ જાણીને યયાતિને ગમ્યું નહી; તોપણ દૈવસંયોગથી તેનું મન આસક્ત થવાથી દેવયાનીનું કહેવું માન્ય કર્યું. ૨૩ પછી યયાતિ રાજા ત્યાંથી ચાલ્યો ગયો, અને દેવયાનીએ રોતાં રોતાં પિતાની પાસે જઇને શર્મિષ્ઠાએ કરેલું તથા કહેલું વૃત્તાંત કહ્યું. ૨૪ એ સાંભળીને મહાત્મા શુક્રાચાર્ય ખેદ પામ્યા. પછી પુરોહિતપણાને (ગોરપદાને) નિંદતા તથા ×કાપોતી વૃત્તિને વખાણતા પુત્રી સહિત નગર બહાર નીકળ્યા. ૨૫ શુક્રાચાર્ય શત્રુના પક્ષમાં જાયછે, એમ જાણીને વૃષપર્વાએ તેમની પાછળ જઇ માર્ગ વચ્ચે પગમાં મસ્તક નમાવ્યું, અને પ્રસન્ન કરવા લાગ્યો. ૨૬ ત્યારે ક્ષણમાત્રના ક્રોધવાળા શુક્રાચાર્ય પોતાના શિષ્ય વૃષપર્વાને કહ્યું કે—હે રાજા! દેવયાનીની મરજી પ્રમાણે કર, કારણ કે હું એને અહીં છોડી શકતો નથી. ૨૭ એ સાંભળીને વૃષપર્વાએ શુક્રાચાર્યનું કહેવું કબુલ કર્યું. પછી દેવયાની બોલી કે—મારા પિતા મને જેની સાથે પરણાવે, અને હું જ્યાં જાઉં ત્યાં શર્મિષ્ઠા પોતાની દાસીઓ સહિત મારી પાછળ આવે. આ વાત જો કબુલ કરો તો હું આ નગરમાં રહેવાને ખુશી છું. ૨૮ પોતાના કુટુંબ ઉપર આવેલું સંકટ શુક્રાચાર્ય રહે તો દૂર થાય, એમ વિચારીને શર્મિષ્ઠા હજાર દાસીઓ સાથે દેવયાનીની સેવા કરવા લાગી. ૨૯ શુક્રાચાર્યે પોતાની પુત્રીને યયાતિ રાજા સાથે પરણાવી, અને તેના સાથે દાસી તરિકે શર્મિષ્ઠાને આપી, અને રાજાને કહ્યું કે હે રાજા! તારે કદીપણ શર્મિષ્ઠાને શય્યામાં લેવી નહી. ૩૦ હે રાજા! એકવાર દેવયાનીને પુત્રવાળી જોઇને શર્મિષ્ઠા-

* બૃહસ્પતિનો પુત્ર કચ શુક્રાચાર્યના પાસે મૃતસંજીવની વિદ્યા ભણતો હતો, તે સમયમાં તેનાં રૂપગુણથી મોહિત થયેલી દેવયાનીએ તેને પતિ થવાની માગણી કરી, પરંતુ ગુરૂપુત્રી જાણીને કચે ના પાડવાથી દેવયાનીએ તેની વિદ્યા નિષ્ફળ થવાનો શાપ આપ્યો, તેથી કચે પણ સામો શાપ આપ્યો કે—તારો પતિ બ્રાહ્મણ થશે નહી.

× એક એક દાણો વીણી લાવીને ગુજરાન કરવું તે.

એ એકાંતમાં ઋતુકાળમાં પોતાની સખીના પતિ યયાતિ પાસે ગર્ભાધાન માટે પ્રાર્થના કરી. ૩૧ રાજકુમારીએ ઋતુકાળમાં સંતાન માટે પ્રાર્થના કરી, ત્યારે યયાતિ રાજાને શુક્રાચાર્યની આજ્ઞા સાંભરતો હતી,તોપણ "આવા સમયે સ્ત્રીની ઇચ્છા પૂરવી એ પણ એક મારો ધર્મ છે." એવો વિચાર કરીને તેણે આ પ્રસંગ દૈવઇચ્છાથી થયેલો જાણીને તેની સાથે સંભોગ કર્યો. ૩૨ દેવયાનીને યદુ અને તુર્વસુ નામના બે પુત્ર થયા, અને વૃષપર્વાની પુત્રી શર્મિષ્ઠાને દ્રુહ્યુ, અનુ, અને પુરૂ નામના ત્રણ પુત્ર થયા. ૩૩ શર્મિષ્ઠાને પોતાના પતિથી ગર્ભ રહેલો જાણીને માનવાળી દેવયાની ક્રોધ કરીને પિતાને ઘેર નાસી ગઇ, ૩૪ તેથી કામી યયાતિ રાજા વચનોથી તેને મનાવતો તેની પાછળ પાછળ ગયો, અને પગ ચાંપવા વગેરે ઉપાયોથી પણ તેને મનાવી શક્યો નહી. ૩૫ એટલામાં શુક્રાચાર્યે આવી ક્રોપ કરીને તેને કહ્યું કે-હે કામી! હે જૂઠા! હે મૂર્ખ! મનુષ્યોને વિરૂપ કરનારી વૃદ્ધાવસ્થા તને પ્રાપ્ત થાઓ. ૩૬

યયાતિ રાજા બોલ્યો-હે મહારાજ! તમારી પુત્રી વિષેની મારી કામના પૂરી થઇ નથી, માટે ક્ષમા કરો.

શુક્રાચાર્ય બોલ્યા—જે માણસ તારી વૃદ્ધાવસ્થા લે તેની અવસ્થા સાથે તું તારી અવસ્થા ઇચ્છાનુસાર અદલબદલ કરજે. ૩૭

શ્રી શુકદેવજી કહે છે—એ પ્રમાણે શુક્રાચાર્યનો અનુગ્રહ મેળવ્યા પછી રાજાએ પોતાના મોટા પુત્ર યદુને કહ્યું કે-હે તાત! હે યદુ! તારી માતાના પિતાએ આપેલી વૃદ્ધાવસ્થા તું લે, અને તારી જુવાન અવસ્થા મને આપ. હે વત્સ! હું હજી વિષયેથી તૃપ્ત થયો નથી, તેથી તારી તરૂણાવસ્થાવડે હુ કેટલાંક વર્ષસુધી વિષયસુખ ભોગવીશ.૩૮- ૯

યદુ કહે છે—આ મારી તરૂણાવસ્થામાં તમારી વૃદ્ધાવસ્થા લઇને રહેવાની ઇચ્છા હું રાખતો નથી, કારણ કે પુરૂષ સંસારનાં સુખ ભોગવ્યા વિના તૃષ્ણારહિત થતો નથી. ૪૦

શ્રી શુકદેવજી કહે છે—હે રાજા! પછી યયાતિએ તુર્વસુને, દ્રુહ્યુને તથા અનુને પણ વૃદ્ધાવસ્થા લેવાનું કહ્યું; પરંતુ તેઓ ધર્મને જાણતા નહતા, તથા નાશવંત દેહના યૌવનને નિત્ય જાણનારા હતા, તેથી તેઓએ પિતાને ના પાડી. ૪૧ ત્યારે રાજાએ સર્વથી નાનો છતાં ગુણથી મોટા પુરૂને કહ્યું કે—હે વત્સ! તું તારા મોટા ભાઇઓની પેઠે ના પાડીશ નહી. ૪૨

પુરૂ બોલ્યો—હે રાજા! આ સંસારમાં જન્મ આપનાર પિતાના ઉપકારનો બદલો કયો પુરૂષ વાળી શકેછે? જે પિતાની કૃપાથી પુરૂષ મોક્ષ પામેછે. ૪૩ જે પુત્ર પિતાના મનનું ધાર્યું કરે તેને ઉત્તમ પુત્ર જાણવો, જે પિતાનું કહેલું કામ કરે તેને મધ્યમ પુત્ર જાણવો, શ્રદ્ધા વગર કામ કરે તેને અધમ પુત્ર જાણવો, અને પિતાએ આજ્ઞા કર્યા છતાં પણ જે કાર્ય કરે નહી, તેને પિતાની વિષ્ઠારૂપ જાણવો. ૪૪

શ્રી શુકદેવજી કહે છે—એ પ્રમાણે કહી પ્રસન્ન થઇને પુરૂએ પિતાનું ઘરડપણ લીધું. પછી યયાતિ રાજા પુત્રની પાસેથી જુવાની પામીને મનગમતી રીતે વિષયસુખ ભોગવવા લાગ્યો. ૪૫ સાતે દ્વીપોનો પતિ યયાતિ રાજા પોતાની પ્રજાનું પાલન પિતાની પેઠે કરતો હતો અને ક્ષીણ ન થાય એવી ઇંદ્રિયશક્તિથી યથાયોગ્ય વિષયોનો ઉપભોગ કરવા લાગ્યો. ૪૬ પ્રિયતમા દેવયાની પણ મન, વચન, દેહ તથા પદાર્થોથી પ્રતિદિન એકાંતમાં પોતાના પતિની પ્રીતિ સંપાદન કરતી હતી. ૪૭ એ રીતે વિષયસુખ ભોગવતાં યયાતિ રાજાએ, જેમ આકાશમાં મેઘની પંક્તિ રહેલી છે, તેમજ જે ભગવાનને વિષે આ સઘળું જગત રહેલું છે અને તે જગત સ્વપ્ન, માયા તથા મનોરથની પેઠે જ્યાંસુધી ઇંદ્રિયોની વૃત્તિઓની પ્રવૃત્તિ હોયછે; ત્યાંસુધી અનેક પ્રકારનું ભાસેછે, અને નિવૃત્તિ હોય છે ત્યારે પરબ્રહ્મરૂપ ભાસેછે, તેજ સર્વ દેવમય, સર્વ વેદમય અને યજ્ઞપુરૂષ એવા ભગવાનનું ઘણી દક્ષિણાઓવાળા યજ્ઞો કરીને યજન કર્યું. ૪૮-૪૯ પછી સર્વના અંતર્યામી

અને અત્યંત સૂક્ષ્મરૂપ એવા એ ભગવાનને હૃદયમાં રાખીને નિષ્કામપણે તેમનું યજન કર્યું, ૫૦ એ પ્રમાણે તે ચક્રવર્તી યયાતિ રાજાએ પોતાની અતિ ચપળ ઇંદ્રિયો કે જેમાં છઠ્ઠું મન છે, એવી ઇંદ્રિઓવડે સાઠ હજાર વર્ષસુધી ભોગભોગવ્યા, તોપણ તે તૃપ્ત થયો નહી. ૫૧

एवं वर्ष सहस्राणि मनः षष्ठैर्मनः सुखम् ।
विदधानोपि नातृप्यत्सार्वभौमःकदिंद्रियैः ॥

ઇતિ શ્રી ભાગવત મહાપુરાણના નવમ સ્કંધમાં "યયાતિ કથા વર્ણન" નામનો ૧૮ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૯ મો.

યયાતિ રાજા પોતાનું ચરિત્ર દેવયાનીને બકરાના જેવું સંભળાવીને વૈરાગ્ય પામ્યો.

શ્રી શુકउवाच.

सइत्थमाचरन्कामान् स्त्रैणोपहृत्रमात्मनः।
बुध्वाप्रियायै निर्विण्णो गाथामेतामगायत ॥

શ્રી શુકદેવજી કહેછે—હે પરીક્ષિત રાજા! એ પ્રમાણે યયાતિ રાજા વિષય ભોગવતાં સ્ત્રીલંપટપણાથી પોતાના સ્વરૂપને ભૂલી ગયેલો જાણી મનમાં ખેદ કરતો દેવયાનીને પ્રાચીન કથા કહેવા લાગ્યો. ૧

યયાતિ કહેછે—હે દેવયાની! વનમાં રહેનાર વીરપુરૂષો મારા જેવા ગામમાં રહેનાર ગમાર કામોને માટે શોક કરેછે. તેના આચરણના વિષયમાં એક પ્રાચીન કથા સાંભળ.૨ કોઈ એક બકરો પોતાનું મનગમતું શોધતો વનમાં ફરતો હતો, એટલામાં તેણે એક બકરીને પોતાનાં કર્મોને લીધે કૂવામાં પડેલી દીઠી ૩ એટલે એ કામી બકરો તેને બહાર કાઢવાનો ઉપાય શોધવા લાગ્યો. અંતે તેણે પોતાનાં શીંગડાંની અણીથી એ કુવાના કિનારા ખોદીને બહાર નીકળવાનો રસ્તો કર્યો. ૪ પછી પેલી સુંદર બકરી કૂવામાંથી નીકળીને એજ બકરાને પરણી. શરીરે પુષ્ટ, દાઢી મૂછવાળા, મૈથુનમાં ચતુર અને મનોહર બકરાને પેલી સુંદર બકરી વરેલી જોઇને બીજી પણ અનેક બકરીઓ તેને વરવાની ઇચ્છા કરવા લાગી. ૫ એ પ્રમાણે ઘણી બકરીઓની પ્રીતિ વધારતો અને કામદેવરૂપી ગ્રાહથી ગળાયેલો એ મોટો બકરો બકરીઓની સાથે વિહાર કરવા લાગ્યો, તેથી તે પોતાનું સ્વરૂપ ભૂલીગયો. ૬ એ બકરાને બીજી બકરીઓ સાથે વિહાર કરતો જોઇને પેલી કૂવામાંથી નીકળેલી બકરી એ કર્મને સહન કરી શકી નહી. ૭ તેથી એ મનમાં દુષ્ટ અને ઉપરથી સ્નેહ બતાવતા, કામી, ક્ષણિક પ્રીતિવાળા તથા વિષયાસક્ત બકરાને છોડીને ખેદ કરતી પોતાના રક્ષકની પાસે ગઇ. ૮ તેથી પેલો સ્ત્રીલંપટ બકરો પણ રાંક થઇને તેની પાછળ પાછળ તેને રાજી કરવાને ગયો, અને રસ્તામાં બેં બેં શબ્દો કરવા લાગ્યો, પણ પેલી બકરીએ માન્યું નહી. ૯ એ બકરીનો માલિક કોઈ એક બ્રાહ્મણ હતો, તેણે ક્રોધ કરીને એ બકરાના લટકતા વૃષણ કાપી નાંખ્યા, પણ ઉપાય જાણનારા એ બ્રાહ્મણે પેલી બકરીના સુખ માટે તે વૃષણ પાછા સાંધી આપ્યા. ૧૦ હે કલ્યાણી! પેલા બકરાના વૃષણ સાંધી આપ્યા પછી તે પેલી કૂવામાંથી નીકળેલી બકરી સાથે ઘણો કાળ થયાં વિષય ભોગ ભોગવેછે, તેમ છતાં તે હજી સુધી સંતોષ પામતો નથી. ૧૧ હે સુંદર ભ્રકુટિવાળી! એજ પ્રમાણે હું પણ તારા પ્રેમપાશથી બંધાઇને મોહિત થઇ જઇ મારા સ્વરૂપને ભૂલી ગયોછું. ૧૨ આ પૃથ્વી ઉપર જેટલાં ધાન્ય, સોનું, ઢોર તથા સ્ત્રીઓ છે, તે સર્વ પદાર્થો મળે, તો પણ તૃષ્ણાથી પરાભવ પામેલા પુરૂષને તે સંતુષ્ટ કરી શકતાં નથી. ૧૩ વિષયભોગથી તૃષ્ણા કદી પણ શાંત થતી નથી, પણ જેમ ઘી હોમવાથી અગ્નિ વધેછે, તેમજ કામનાઓ વિષયોથી વધેછે. ૧૪ જ્યારે પુરૂષ કોઇ પ્રાણી ઉપર દુષ્ટ ભાવના નહી રાખતાં સમદૃષ્ટિ રાખેછે, ત્યારે તેને સર્વ દિશાઓ સુખમય લાગેછે. ૧૫ દુષ્ટ બુદ્ધિવાળા પુરૂષોથી જે તૃષ્ણાનો ત્યાગ કરી શકાતો

નથી, અને જે તૃષ્ણા મનુષ્ય જીર્ણ થયા છતાં પણ જીર્ણ થતી નથી, તે દુઃખ દેનારી તૃષ્ણાને સુખ ઈચ્છનારા પુરૂષે તુરત તજી દેવી જોઇએ. ૧૬ મા, બેન, અને પુત્રીની સાથે પણ એકાંતમાં કે એક આસન ઉપર બેસવું નહી; કારણ કે ઇંદ્રિયોનો સમૂહ મહા બળવાન છે, તે વિદ્વાનને પણ મોહિત કરેછે. ૧૭ મને વારંવાર વિષયો ભોગવતાં એક હજાર વર્ષ વીતી ગયાં, તોપણ હજી વારંવાર વિષયો ઉપર તૃષ્ણા થવા કરેછે. ૧૮ માટે હું તેને છોડીને પરબ્રહ્મમાં મન લગાડી, સુખ દુઃખ તથા અહંકારથી રહિત થઇને વનમાં મૃગોની સાથે ફરીશ. ૧૯ જગતમાં જે કાંઇ જોવામાં તથા સાંભળવામાં આવેછે, તે સર્વને મિથ્યા જાણીને તેનું ચિંતવન કે સેવન કરવું નહી, કારણ કે તેનું ચિંતવન તથા સેવન કરવાથી સ્વસ્વરૂપનો નાશ થઇ જઇ સંસારમાં જન્મમરણ થાયછે, આમ જે જાણેછે તેને આત્મજ્ઞાન થાયછે. ૨૦

શ્રી શુકદેવજી કહેછે—એ પ્રમાણે યયાતિ રાજાએ દેવયાનીને કહી નિસ્પૃહ થઇ, પુરૂને તેની તરૂણાવસ્થા પાછી આપીને પોતાની વૃદ્ધાવસ્થા પાછી લીધી. ૨૧ પછી દ્રુહ્યુને અગ્નિ કોણનું, યદુને દક્ષિણ દિશાનું તુર્વસુને પશ્ચિમ દિશાનું અને અનુને ઉત્તર દિશાનું રાજ્ય આપ્યું. ૨૨ અને પુરૂને આખા ભૂમંડળનું રાજ્ય આપી રાજ્યાભિષેક કરી, મોટા ભાઇઓને તેના સ્વાધીનમાં રાખીને યયાતિ રાજા વનમાં ગયો. ૨૩ હે પરીક્ષિત! પાંખો આવ્યા પછી પક્ષી જેમ પોતાનો માળો તજી દેછે, તેમજ જે છ ઇંદ્રિયોથી ઘણાં વર્ષસુધી વિષય સુખ ભોગવ્યાં હતાં તે ઇંદ્રિયોનો યયાતિ રાજાએ એકક્ષણમાં ત્યાગ કરી દીધો. ૨૪ વનમાં જઇને જેણે સર્વ સંગનો ત્યાગ કર્યોછે, તથા સ્વરૂપાનુભવથી જેણે લિંગ શરીરનો પણ ત્યાગ કરી દીધોછે, એવો પ્રખ્યાત યયાતિ રાજા નિર્મળ, માયાથી પર એવા પરબ્રહ્મ સ્વરૂપ ભગવાનની ગતિને પામ્યો. ૨૫ સ્ત્રી પુરૂષના સ્નેહને લીધે વિકળ ભાવ રહેછે, તેથી યયાતિએ મશ્કરી જેવી જે વાત કહી હતી તે સર્વ કથા દેવયાનીએ સાંભળીને રાજાએ પોતાને નિવૃત્તિ માર્ગમાં ઉત્તેજન આપ્યુંછે એમ માન્યું. ૨૬ અને જેમ વટેમાર્ગુઓ પાણીની પરબ ઉપર એકઠા થાયછે, તેમજ ઈશ્વરને આધીન રહેલાં સગાંસંબંધી વગેરે લોકો ભગવાનની માયાથી એકઠાં થાયછે. ૨૭ એવો નિશ્ચય કરી સર્વને સ્વપ્ન સમાન જાણી સર્વમાંથી આસક્તિ છોડી દઇને દેવયાનીએ ભગવાનમાં ચિત્ત જોડી દઇને પોતાના લિંગદેહનો ત્યાગ કર્યો. ૨૮ સર્વ પ્રાણીઓમાં વાસ કરનારા, સર્વ જગતને રચનારા શાંતમૂર્તિ અને પરબ્રહ્મરૂપ એવા ભગવાન વાસુદેવને હું નમસ્કાર કરૂંછું. ૨૯

नमस्तुभ्यं भगवते वासुदेवाय वेधसे ।
सर्वभूताधिवासाय शांताय बृहते नमः ॥

ઇતિ શ્રી ભાગવત મહાપુરાણના નવમ સ્કંધમાં "યયાતિ આખ્યાન વર્ણન" નામનો ૧૯ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૨૦ મો.

પુરૂના વંશમાં જન્મેલા દુષ્યંતનું આખ્યાન તથા ભરતનો વંશ.

श्री शुकउवाच.

पूरोर्वंशं प्रवक्ष्यामि यत्रजातोऽसि भारत ॥
यत्रराजर्षयो वंश्या ब्रह्म वंश्याश्च जज्ञिरे ॥

શ્રી શુકદેવજી કહે છે—હે ભારત! જે વંશમાં રાજર્ષિઓ અને બ્રાહ્મણો અને તમે ઉત્પન્ન થયા છો, તે પુરૂનો વંશ હું તમને કહુંછું. ૧ પુરૂને જન્મેજય, તેને પ્રાચન્વાન, તેને પ્રવીર, તેને નમસ્યુ, તેને ચારૂપાદ, ૨ તેને સુદ્યુ, તેને બહુગવ, તેને સંયાતિ, તેને અહંયાતિ, અને તેને રૈદ્રાશ્વ નામનો પુત્ર થયો. ૩ રૈદ્રાશ્વને ઘૃતાચિ નામની અપ્સરાથી ઋતેયુ, કુક્ષેયુ, સ્થંડિલેયુ, કૃતેયુ, જલેયુ, સંતતેયુ, ધર્મેયુ, સત્યેયુ, વ્રતેયુ, અને વનેયુ,

એ દશ પુત્રો થયા હતા. ૪ એ દશે પુત્રો, જેમ દશ ઇંદ્રિયો મુખ્ય પ્રાણને આધીન રહે છે, તેમ રૌદ્રાશ્વને આધીન રહેતા હતા. ૫ હે રાજા! ઋતેયુને રંતિભાર અને રંતિભારને સુમતિ, ધ્રુવ અને અપ્રતિરથ નામના ત્રણ પુત્ર થયા. તેમાં અપ્રતિરથને કણ્વ, તેને મેધાતિથિ અને તેને પ્રસ્કણ્વ વગેરે બ્રાહ્મણ પુત્ર થયા. સુમતિને રૈભ્ય અને રૈભ્યને દુષ્યંત નામનો પુત્ર થયો. ૬-૭ એ દુષ્યંત મૃગયા માટે વનમાં ગયો હતો, ત્યાં કણ્વમુનિના આશ્રમમાં જઈ ચઢયો ત્યાં તે આશ્રમને પોતાની કાન્તિથી ચોતરફ શોભાવતી લક્ષ્મીના જેવી એક કન્યા તેના જોવામાં આવી. ૮ દેવતાની માયા જેવી મનોહર કન્યાને જોઇને રાજા તેના ઉપર મોહિત થયો, અને તેના દર્શનથી આનંદ પામી માર્ગના પરિશ્રમથી મુક્ત થયો. પછી કેટલાક અનુચરોથી વીંટાયેલા અને કામતપ્ત થયેલા દુષ્યંત રાજાએ હસીને મધુર વાણીથી તે સુંદરીને પૂછ્યું કે ૯-૧૦ હે કમળ જેવાં નેત્રવાળી!! હે મારા હૃદયમાં વસનારી! તું કોણ છે? કોની પુત્રી છે? અને આ નિર્જન વનમાં શું કરવા ઇચ્છેછે? ૧૧ મને લાગેછે કે તું કોઇ રાજકન્યા છે, કારણ કે પુરૂવંશના રાજાઓનું મન કોઇ પણ દિવસ અધર્મમાં પ્રીતિ ન કરે, તેમ છતાં મારૂં ચિત્ત તારામાં ચોટયું છે. ૧૨

શકુંતલા બોલી—હું વિશ્વામિત્રની કન્યા છું, મેનકા અપ્સરાએ મને વનમાં ત્યજી દીધી છે. હે વીર! આ વાત મહાત્મા કણ્વમુનિ જાણેછે, તમે મને શી આજ્ઞા કરોછો? ૧૩ હે કમળનયન! આપ અહીં વિશ્રામ લ્યો, અને અમારી પૂજા સ્વીકારો. સામગ્રી તૈયાર છે, મરજી હોય તો ભોજન કરો, અને અહીં રહો. ૧૪

દુષ્યંત બોલ્યો—હે સુંદર ભ્રકુટિવાળી! તું કૌશિકવંશમાં જન્મેલી છે, તેથી તને આવું બોલવું યોગ્ય છે, રાજકન્યાઓ પોતાની મેળેજ યોગ્યપતિને પસંદ કરેછે. ૧૫

શ્રી શુકદેવજી કહે છે—પછી શકુંતલાએ હા પાડતાં દેશકાળના વિભાગને જાણનારા દુષ્યંત રાજાએ ગાંધર્વ વિવાહની વિધિથી તેની સાથે લગ્ન કર્યું. ૧૬ પછી અમોઘ વીર્યવાળા તે રાજર્ષિએ રાણી શકુંતલામાં ગર્ભાધાન કર્યું અને બીજે દિવસે પોતાના નગરમાં ગયો. પછી સમય થતાં શકુંતલાએ એક પુત્ર જણ્યો. ૧૭ એ કુમારને જાતકર્માદિ સર્વે સંસ્કાર કણ્વમુનિએ કર્યા. એ મોટો થતાં સિંહોને પકડી લાવીને તેની સાથે રમત કરવા લાગ્યો. ૧૮ પછી ભગવાનના અંશના અંશથી ઉત્પન્ન થયેલા એ મહા પરાક્રમી બાળકને સાથે લઇને શકુંતલા પોતાના પતિની પાસે ગઇ. ૧૯ પણ પોતાની નિર્દોષ સ્ત્રી તથા પુત્રને વિસરી જવાથી સ્વીકાર્યાં નહી. ત્યારે સર્વ લોકોના સાંભળતાં આકાશવાણી થઇ કે-૨૦ "માતા તો એક ધમણના જેવી છે, અને પુત્ર તો પિતાનો જ કહેવાયછે, કારણ કે જે જેનાથી ઉત્પન્ન થયો તે તેનુંજ રૂપ ગણાય છે, માટે હે દુષ્યંત! તું આ પુત્રનું પાલન કર અને શકુંતલાનો અનાદર ન કર. ૨૧ હે રાજા! પુત્રને માટે માતા પિતા વચ્ચે વિવાદ થાય તો ધર્મરાજાની સભામાં ન્યાય થતાં વીર્યાધાન કરનારા પિતાનેજ પુત્ર મળેછે, પણ માતાને મળતો નથી. વંશ વધારનારો પુત્ર પિતાને પુત્ નામના નરકથી તારેછે, તેથી તે પુત્ર કહેવાયછે. શકુંતલાને ગર્ભ રાખનાર તું છે, એ શકુંતલાની વાત ખરી છે." હે રાજા! એ પ્રમાણે આકાશવાણી થવાથી દુષ્યંતે પુત્ર તથા સ્ત્રીનો સ્વીકાર કર્યો. ૨૨ દુષ્યંતના મરણ પછી તેનો પુત્ર ભરત મહાકીર્તિવાળો ચક્રવર્તી રાજા થયો. ભગવાનના અંશથી ઉત્પન્ન થયેલા એ રાજાનો મહિમા પૃથ્વી ઉપર ઋગ્વેદના મંત્રોથી ગવાયછે. ૨૩ એના જમણા હાથમાં ચક્રનું ચિહ્ન હતું, બન્ને પગમાં કમળકોશનું ચિહ્ન હતું અને મહા અભિષેકની વિધિથી તેને અભિષેક થયો હતો. એવા એ ચક્રવર્તી ભરતરાજાએ સામતેય ઋષિને પુરોહિત કરીને ગંગાના કિનારા ઉપર પંચાવન અશ્વમેધ યજ્ઞો કરીને ભગવાનનું યજન કર્યું હતું. ૨૪

–૨૫ એ દુષ્યંતના પુત્ર ભરતે ઇઠયોતેર પવિત્ર ઘોડાઓ બાંધ્યા હતા, બ્રાહ્મણોને પુષ્કળ ધન આપ્યું હતું, અને અગ્નિચયન નામનું વેદોક્ત કર્મ કરાવીને પ્રત્યેક બ્રાહ્મણને એક એક બદ્ધ (તેરહજાર ચોર્યાશી) ગાયો આપી હતી. ૨૬ વળી એણે તેત્રીશ સો ઘોડા બાંધીને સર્વ રાજાઓને વિસ્મય પમાડયા હતા. વળી એના વૈભવ દેવતાઓના વૈભવ કરતાં પણ ચઢીયાતા હતા. તે અંતે ભગવાનની માયાથી તરીને મોક્ષગતિ પામ્યો હતો. ૨૭ વળી તેણે મષ્ણાર નામના વૈદિકકર્મમાં ધોળા દાંતવાળા, કાળા રંગના અને સોનાથી શણગારેલા ચૌદ લાખ મૃગજાતિના હાથીનું દાન કર્યું હતું. ૨૮ જેમ પુવનો કોઈ પુરૂષ પોતાના હાથથી સ્વર્ગમાં ગયો નથી, અને હવે પછીનો પણ કોઇ જનાર નથી, તેમ પૂર્વના કોઇ રાજાએ ભરતરાજાના જેવું મહાન્આશ્ચર્યકારક કામ કર્યું નથી અને હવે પછી પણ કોઈ કરનાર નથી. ૨૯ એ રાજાએ કિરાત, હુણ, યવન, અંધ્ર, કંક, ખસ અને શક જાતિના સર્વ રાજાઓ કે જેઓ બ્રાહ્મણોને પીડા કરનારા મ્લેચ્છ હતા, તેઓનો દિગ્વિજયમાં સંહાર કર્યો હતો. ૩૦ વળી પૂર્વે મહા બળવાન દૈત્યો દેવતાઓને જીતી તેઓની સ્ત્રીઓને લઇ જઇને પાતાળનું રાજ્ય કરતા હતા, તે સર્વ સ્ત્રીઓને ભરતરાજા છોડાવી લાવ્યા હતા. ૩૧ આકાશ અને પૃથ્વી ભરતરાજાની પ્રજાના મનોરથ પૂરા કરતાં હતાં, તેણે સત્તાવીશ હજાર વર્ષસુધી સર્વ દિશાઓમાં પોતાની આણ ફેરવી હતી. ૩૨ એ ચક્રવર્તી રાજા પોતાનું લોકપાળના જેવું ઐશ્વર્ય, ચક્રવર્તીની રાજ્યલક્ષ્મી, અસ્ખલિત આજ્ઞા તથા પ્રાણ એ સર્વને મિથ્યા જાણીને મનમાં વૈરાગ્ય પામ્યો હતો. ૩૩ હે રાજા ભરતને વિદર્ભકુળની ત્રણ રાણીઓ હતી, તે ઘણી માનવંતી હતી. તેઓને જે જે પુત્રો થતા તેઓને જોઇને "આ પુત્રો મારા નથી" એમ ભરત કહેતો હતો, તેથી રાજા આપણને વ્યભિચારિણી જાણીને તજી દેશે, એવા ભયથી તે સ્ત્રીઓ પુત્રોને મારી નાંખતી હતી. ૩૪ આ પ્રમાણે થવાથી વંશ જવા બેઠો, તેથી વંશ રાખવા માટે ભરતરાજાએ મરૂત્સોમ નામનો યજ્ઞ કરીને મરૂત દેવતાનું યજન કર્યું, તેથી તે દેવતાએ તેને ભરદ્વાજ નામનો પુત્ર આપ્યો. ૩૫ આ ભરદ્વાજની ઉત્પત્તિની કથા સાંભળો. એકવાર પોતાના ભાઇ ઉતથ્યની મમતા નામની સ્ત્રી સાથે બૃહસ્પતિ ચોરીથી મૈથુન કરવા લાગ્યા. ત્યારે બીજા ગર્ભનો ઉદરમાં અવકાશ નહી રહેવાથી તેના ગર્ભમાં પ્રથમ રહેલા પુત્રે તિરસ્કાર કરીને બૃહસ્પતિને ના પાડી, તોપણ બૃહસ્પતિએ કોપાયમાન થઇ ગર્ભને 'આંધળો થા' એમ શાપ આપીને તે મમતાની યોનિમાં બળાત્કારે વીર્યાધાન કર્યું. બૃહસ્પતિના શાપથી તે દીર્ઘતમા આંધળો થઇ ગયો, પરંતુ પોતાની એડીના પ્રહારથી તેણે બૃહસ્પતિનું વીર્ય યોનિ બહાર કાઢી નાંખ્યું, તેથી તે પૃથ્વી ઉપર પડયું, તેમાંથી એક પુત્ર ઉત્પન્ન થયો. ૩૬ એ વેળા પોતાને વ્યભિચારિણી જાણીને પતિ ત્યાગ કરશે, એવી બીકથી મમતા તે પુત્રનો ત્યાગ કરીને જવા લાગી, ત્યારે તેને બૃહસ્પતિએ કહ્યું કે—અરે મૂર્ખી! આ આપણ બન્નેથી ઉત્પન્ન થયેલા પુત્રનું તું પોષણ કર, તારે કશી વાતનો ડર રાખવો નહી, કારણ કે એ બીજાના વીર્યથી ઉત્પન્ન થયો છે, પણ ક્ષેત્ર તો તારા પતિનું જ છે, ત્યારે મમતાએ કહ્યું કે—આપણ બેથી આ પુત્ર અન્યાયના માર્ગથી ઉત્પન્ન થયો છે, માટે એનું પોષણ તમે કરો. એ પ્રમાણે પરસ્પર વિવાદ કરતાં એ બન્ને તેને છોડીને જતાં રહ્યાં. પછી તે પુત્રનું 'ભરદ્વાજ' (ભર એટલે પોષણ કર, દ્વાજ એટલે બન્નેથી ઉત્પન્ન થયેલો) પડયું. ૩૭–૩૮ એ પ્રમાણે ગાથા ગાઇને દેવતાઓએ મમતાને પુત્રનું પોષણ કરવાનું કહ્યું, તોપણ એ પુત્ર વ્યભિચારથી ઉત્પન્ન થયેલો હોવાથી મિથ્યા માનીને તેણે ત્યાગ કર્યો, તેથી મરૂત દેવતાએ એ પુત્રનું પોષણ કર્યું, અને ભરતનો વંશ નાશ પામતો જોઇને તેઓએ તે પુત્ર ભરતને આપ્યો. ૩૯

चोद्यमाना सुरैरेवं मत्वा वितथमात्मजम् ।
व्यसृजन्मरुतोऽबिभ्रन् दत्तोयं वितथेऽन्वये॥

ઇતિ શ્રી ભાગવત મહાપુરાણના નવમ સ્કંધમાં "પુરૂવંશ વર્ણન" નામનો ૨૦ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૨૧ મો.

ભરતવંશી રંતિદેવ તથા અજમીઢ વગેરે રાજાઓની કીર્તિ.

શ્રી શુકઉવાચ.

वितथस्य सुतो मन्युर्बृहत्क्षत्रो जयस्ततः ॥
महावीर्यो नरोगर्गः संस्कृतिस्तु नरात्मजः ॥

શ્રી શુકદેવજી કહે છે—હે પરીક્ષિત! ભરતનો વંશ નિર્વંશ જતો હોવાથી બ્રાહ્મણ ભરદ્વાજને દત્તક લીધો હતો, તેથી તેનું નામ વિતથ પડ્યું. વિતથને મન્યુ, તેને બૃહત્ક્ષત્ર, જય, મહાવીર્ય, નર અને ગર્ગ નામના પાંચ પુત્ર થયા, તેમાં નરને સંસ્કૃતિ નામનો પુત્ર થયો. ૧ હે રાજા! સંસ્કૃતિને ગુરૂ તથા રંતિદેવ નામના બે પુત્ર હતા. એ રંતિદેવના યશ આ લોકમાં તથા પરલોકમાં ગવાયછે. ૨ એ રાજા વિનાપ્રયાસે દૈવઇચ્છાથી જે કાંઇ મળી આવે તેથી પોતાની આજીવિકા ચલાવતો હતો; અને પોતે ભૂખ્યો હોય તેમ છતાં જે કાંઇ મળી આવતું તે ભિક્ષુકોને આપી દેતો હતો, તેથી તેના પાસે કાંઇ રહેતું નહી, અને કુટુંબ સહિત દુઃખ સહન કરતો ધીરજથી રહેતો હતો. ૩ એકવાર કુટુંબ સહિત પોતે એવો દુઃખી થઇ ગયો કે અડતાળીસ દિવસ સુધી પીવાને પાણી પણ મળ્યું નહીં, ઓગણપચાસમે દિવસે પ્રભાતમાં ઘી, દુધપાક, કંસાર તથા પાણી મળ્યું એટલે તે મહા દુઃખી કુટુંબ સહિત ભૂખ અને તરશથી કંપતો રંતિદેવ ભોજન કરવા બેઠો, એટલામાં ત્યાં એક બ્રાહ્મણ અતિથિ થઇને આવ્યો. ૪-૫ સર્વમાં ભગવાનને જોનારા એ રાજાએ શ્રદ્ધાથી આદરપૂર્વક તે બ્રાહ્મણને ભોજન કરાવ્યું. એ બ્રાહ્મણ ભોજન કરીને ગયા પછી બાકી રહેલા અન્નનું ભોજન કરવા માંડેછે, એટલામાં એક શૂદ્ર આવી ચઢયો, એટલે રાજાએ ભગવાનનું સ્મરણ કરીને તેને પણ ભોજન કરાવ્યું. ૬-૭ શૂદ્ર ગયા પછી એક બીજો અતિથિ કુતરાઓથી વીંટાએલો આવ્યો અને બોલ્યો કે—હે રાજા! હું મારા આ પરિવાર સાથે ભૂખ્યો છું, માટે મને અન્ન આપો. ૮ એ સાંભળીને રંતિદેવે બાકી રહેલું બધું અન્ન તેને આપી દઇને કુતરા સહિત તેના માલિકને પ્રણામ કર્યા ૯ ત્યાર પછી કેવળ એક જણ પીએ એટલું પાણી બાકી રહ્યું હતું તે પીવા લાગ્યો. એટલામાં એક ચાંડાળે આવીને કહ્યું કે—"મને નીચ જાતિનાને પાણી આપો." ૧૦ ચાંડાળની ઘણી પરિશ્રમવાળી કરૂણાજનક વાણી સાંભળીને રાજા દયાને લીધે ખિન્ન થઇને બોલ્યો કે- ૧૧ "હું ભગવાનની પાસે અષ્ટસિદ્ધિવાળું ઐશ્વર્ય કે મોક્ષ માગતો નથી; પરંતુ સર્વ પ્રાણીઓમાં રહીને તેઓની પીડા ભોગવવાનું માગું છું, કે જેથી સર્વ પ્રાણી સુખી થાય. ૧૨ જીવવાની ઇચ્છાવાળા રાંક પ્રાણીને હું જળ આપું છું, તેથી તેનાં ભૂખ, તરશ, પરિશ્રમ, દીનતા, થાક, દુઃખ, શોક અને મોહ સર્વે દૂર થઇ જશે." ૧૩ એ પ્રમાણે કહીને સ્વભાવથીજ દયાળુ અને ધીરજવાળો રંતિદેવ તરશથી મરવા જેવો થઇ ગયો હતો, તોપણ તેણે તે ચંડાળને પીવા માટે પાણી આપ્યું. ૧૪ તેજ વખતે ત્રૈલોક્યના અધિપતિપણાના ફળને ઇચ્છનારા પુરૂષોને ફળ આપનારા, બ્રહ્માદિક દેવતાઓ કે જેઓ શુદ્ર, કુતરાંવાળા તથા ચાંડાળ થઇને આવ્યા હતા, તેઓએ રંતિદેવને પોતાનું સ્વરૂપ દેખાડયું. ૧૫ એટલે આસક્તિ રહિત અને નિઃસ્પૃહ રાજાએ વાસુદેવ ભગવાનને વિષે ભક્તિ હોવાથી તેઓને નમસ્કાર કર્યા, પરંતુ કાંઇપણ માગ્યું નહી. ૧૬ હે રાજા! એ અનન્ય ભક્ત રાજાએ પોતાનું મન એક ઇશ્વરમાંજ જોડયું હતું, તેથી તેની ત્રિગુણા-

રમાક માયા સ્વપ્નની પેઠે લય પામી હતી. ૧૭ એ રંતિદેવને અનુસરનારા લોકો પણ તેના પ્રસંગના પ્રભાવથી યોગી તથા નારાયણપરાયણ થયા હતા. ૧૮

મન્યુને ગર્ગ નામનો પુત્ર હતો, તેને શિનિ અને શિનિને ગાર્ગ્ય નામનો પુત્ર હતો. એ સઘળા ક્ષત્રિયો છતાં બ્રાહ્મણ થયા હતા. મન્યુના પુત્ર મહાવીર્યને દુરિતક્ષય અને તેને ત્ર્ય્યારૂણિ, કવિ, તથા પુષ્કરારૂણિ નામના ત્રણ પુત્ર થયા હતા. તેઓ પણ બ્રાહ્મણ થયા હતા. મન્યુના પુત્ર બૃહત્ક્ષત્રને હસ્તી નામનો પુત્ર હતો, તેણે હસ્તિનાપુર વસાવ્યું હતું. ૧૯-૨૦ એ હસ્તિને અજમીઢ, દ્વિમીઢ અને પુરૂમીઢ નામના ત્રણ પુત્ર હતા, તેમાં અજમીઢના વંશમાં પ્રિયમેધ વગેરે બ્રાહ્મણો થયા હતા. ૨૧ અજમીઢને બૃહદિષુ, તેને બૃહદ્ધનુ, તેને બૃહત્કાય, તેને જયદ્રથ, તેને વિશદ, તેને સેનજીત અને સેનજીતને રૂચિરાશ્વ, દઢહનુ, કાશ્ય તથા વત્સ નામના પુત્ર થયા હતા. ૨૨-૨૩ રૂચિરાશ્વને પાર, પારને પૃથુસેન તથા નીપ નામના બે પુત્ર થયા હતા. તેમાં નીપને એકસો પુત્ર હતા. ૨૪ એ નીપરાજા શુકદેવજીની* પુત્રી કૃત્વીને પરણ્યા હતા, તેથી તેને બ્રહ્મદત્ત નામનો પુત્ર થયો હતો. યોગી બ્રહ્મદત્તને સરસ્વતી નામની સ્ત્રીથી વિશ્વકસેન નામનો પુત્ર થયો હતો. ૨૫ યોગી બ્રહ્મદત્તે જૈગીશવ્યના ઉપદેશથી એક યોગશાસ્ત્રનો ગ્રંથ રચ્યો હતો. વિશ્વકસેનને ઉદકસ્વન નામનો પુત્ર થયો હતો, તેને ભલ્લાદ નામનો પુત્ર થયો હતો. એ રીતે બૃહદિષુનો વંશ કહ્યો. ૨૬ દ્વિમીઢને યવીનર, તેને કૃતિમાન, તેને સત્યધૃતિ, તેને દઢનેમિ, તેને સુપાર્શ્વ, ૨૭ તેને સુમતિ, તેને સન્નતિમાન, અને તેને કૃતિ નામનો પુત્ર થયો હતો. એ કૃતિએ હિરણ્યનાભની પાસેથી યોગવિદ્યા શીખીને પ્રાચ્યસામની છ સંહિતાઓ રચીને શિષ્યોને ભણાવી હતી. ૨૮ કૃતિને નીપ, તેને ઉગ્રાયુધ, તેને ક્ષેમ, તેને સુવીર, તેને રિપુંજય, અને તેને બહુરથ નામનો પુત્ર થયો હતો. હસ્તિના પુત્ર પુરૂમીઢને કાંઇ સંતાન નહોતું, અજમીઢને નલિની નામની સ્ત્રીથી નીલ નામનો પુત્ર થયો હતો, નીલને શાંતિ નામનો પુત્ર થયો હતો. ૨૯-૩૦ શાંતિને સુશાંતિ, તેને પુરૂજ, તેને અર્ક ભર્મ્યાશ્વ અને ભર્મ્યાશ્વને મુદ્ગલ, યવીનર, બૃહદિષુ, કાંપિલ્ય તથા સંજય નામના પાંચ પુત્રો થયા હતા. ભર્મ્યાશ્વે એ પુત્રોને જોઇને કહ્યું કે—'આ મારા પાંચ પુત્રો પાંચ દેશોનું રક્ષણ કરવાને સમર્થ છે.' તેથી એ પાંચ પુત્રો પાંચાલ નામથી પ્રસિદ્ધ થયા હતા. મુદ્ગલથી મૌદ્ગલ્યગોત્રી બ્રાહ્મણો ઉત્પન્ન થયા હતા. ૩૧-૩૩ ભર્મ્યાશ્વના પુત્ર મુદ્ગલની સ્ત્રીને એક જોડું અવતર્યું હતું, તેમાં પુત્રનું નામ દિવોદાસ અને પુત્રીનું નામ અહલ્યા હતું. અહલ્યા ગૌતમની સ્ત્રી હતી, તેનાથી શતાનંદ નામનો પુત્ર થયો હતો. ૩૪ શતાનંદને ધનુર્વિદ્યામાં કુશળ એવો સત્યધૃતિ નામનો પુત્ર થયો હતો, તેનાથી શરદ્વાન મુનિ જન્મ્યા હતા. તેમણે ઉર્વશીને જોવાથી સ્ખલિત થયેલું વીર્ય કાંસડાના થુંબડામાં નાંખ્યું, તેથી એક સુંદર જોડલું ઉત્પન્ન થયું. ૩૫ એ જોડલું મૃગયા માટે ગયેલા શંતનુ રાજાના જોવામાં આવ્યું, તેથી દયા કરીને તેને ઘેર લાવ્યા. એ જોડલામાં જે ત્ર હતો તેનું નામ કૃપાચાર્ય અને જે પુત્રી હતી તેનું નામ કૃપી હતું. એ કૃપી દ્રોણાચાર્યની સ્ત્રી થઇ હતી. ૩૬

तदृष्ट्वा कृपया गृह्णाच्छंतनु र्मृगयांचरन् ।
कृपः कुमारः कन्याच द्रोणपत्न्यभवत्कृपी ॥

ઇતિ શ્રી ભાગવત મહાપુરાણના નવમ

---

* શુકદેવજી જન્મથીજ નૈષ્ઠિક બ્રહ્મચારી હતા, તેમને પુત્રી ક્યાંથી? તેનું સમાધાન કે—જ્યારે શુકદેવજી સંન્યાસ લઇને વનમાં ચાલી નીકળ્યા, ત્યારે તેમણે પોતાના વિરહાતુર પિતા વ્યાસજીના મનની સ્થિરતા માટે એક છાયાશુક બનાવી ગયા હતા. એ છાયાશુક પિતૃની કન્યા વીરણીને પરણ્યા હતા, તેથી તેમને કૃત્વી નામની કન્યા અને બીજા પાંચ પુત્રો થયા હતા.

સ્કંધમાં "ચંદ્રવંશ વર્ણન" નામનો ૨૧ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૨૨ મો.

ઋક્ષના વંશના જરાસંધ, યુધિષ્ઠિર, દુર્યોધન વગેરે રાજાઓના વંશ.

શ્રી શુકઉવાચ.

मित्रेयुश्च दिवोदासा च्च्यवनस्तत्सुतो नृप ॥
सुदासः सहदेवोऽथ सोमको जंतु जन्मकृत ॥

શ્રી શુકદેવજી કહે છે—હે પરીક્ષિત રાજા! દિવોદાસને મિત્રેયુ, તેને ચ્યવન, તેને સુદાસ, તેને સહદેવ, અને સહદેવને સોમક નામે પુત્ર થયો. સોમકને સો પુત્ર હતા, તેમાં સર્વથી મોટાનું નામ જંતુ અને નાનાનું નામ પૃષત હતું, પૃષતને દ્રુપદ નામે પુત્ર થયો હતો. તેને દ્રુપદી નામની પુત્રી અને ધૃષ્ટદ્યુમ્ન વગેરે પુત્રો હતા. ૧-૨ ધૃષ્ટદ્યુમ્નને ધૃષ્ટકેતુ નામનો પુત્ર થયો હતો. એ સર્વ ભર્મ્યાશ્વના પાંચાલવંશી રાજાઓ કહેવાતા હતા. હવે હસ્તિના પુત્ર અજમીઢના દીકરા ઋક્ષનો વંશ કહું છું. ઋક્ષને સંવરણ નામનો પુત્ર હતો. ૩ અને સૂર્યની પુત્રી તપતીથી કુરૂ નામનો પુત્ર થયો હતો, તે કુરૂક્ષેત્રનો અધિપતિ થયો. તેને પરીક્ષિત, સુધનુ, જહ્નુ અને નિષધાશ્વ નામના ચાર પુત્ર થયા હતા. ૪ સુધનુને સુહોત્ર, તેને ચ્યવન, તેને કૃતિ, ઉપરિચરવસુ અને તેને બૃહદ્રથ, કુશાંબ, માત્સ્ય, પ્રત્યગ્ર તથા ચેદિપ વગેરે પુત્રો થયા, તેઓ ચેદિદેશના રાજા હતા. બૃહદ્રથને કુશાગ્ર, તેને ઋષભ, તેને સત્યહિત તેને પુષ્પવાન, અને તેને જહુ નામનો પુત્ર થયો હતો. બૃહદ્રથની બીજી સ્ત્રીને બે કડકા જન્મ્યા હતા. ૫-૬-૭ એ બે કડકાને તેની માતાએ માર્ગમાં ફેંકી દીધા, પરંતુ જરા નામની રાક્ષસીએ 'જીવ જીવ' કહીને સાંધી દીધા, તેથી નામ જરાસંધ પડયું. ૮ જરાસધને સહદેવ, તેને સોમાપિ અને તેને શ્રુતશ્રવા નામનો પુત્ર થયો હતો. કુરૂના પુત્ર પરીક્ષિતને કાંઇ સંતાન નહોતું. કુરૂના પુત્ર જહ્નુને સુરથ નામે પુત્ર હતો, ૯ તેને વિદૂરથ, તેને સાર્વભૌમ, તેને જયસેન, તેને રાધિક, તેને અયુત, ૧૦ તેને ક્રોધન, તેને દેવાતિથિ, તેને ઋષ્ય, તેને દિલીપ, અને દિલીપને પ્રતીપ નામનો પુત્ર હતો. ૧૧ પ્રતીપને દેવાપિ, શંતનુ અને બાહ્લીક નામના ત્રણ પુત્ર હતા. દેવાપિ પિતાનું રાજ્ય છોડીને વનમાં ચાલ્યો ગયો, ૧૨ તેથી શંતનુ રાજા થયો. એનું પૂર્વે મહાભિષ નામ હતું. એ શંતનુ રાજા પોતાના હાથથી જેને અડતો હતો, તે જુવાન થઇ જઇ ઉત્તમ શાન્તિ પામતો હતો. તેથી એનું નામ શંતનુ પડયું હતું, એના રાજ્યમાં જ્યારે બાર વરસસુધી વરસાદ વરસ્યો નહીં, ત્યારે બ્રાહ્મણોએ તેને કહ્યું કે—"તારો મોટો ભાઇ હયાત છતાં તું રાજ્ય કરે છે, તેથી તને પરિવેત્તાપણાનો દોષ લાગ્યો છે. માટે તું જો દેશની તથા નગરની આબાદી ઇચ્છતો હોય તો મોટા ભાઇને રાજ્ય આપ." ૧૩-૧૫ એ પ્રમાણે બ્રાહ્મણોના કહેવાથી શંતનુએ દેશ અને નગરની વૃદ્ધિને માટે પોતાના મોટા ભાઇ દેવાપિની પાસે જઇને પ્રાર્થના કરી કે—તમે રાજ્યનો સ્વીકાર કરો. પરંતુ શંતનુના મંત્રીઓએ એ વાતને અયોગ્ય જાણીને પ્રથમથીજ કેટલાક બ્રાહ્મણોને દેવાપિની પાસે મોકલીને તેને પાખંડમતનો ઉપદેશ કરાવીને તેને વેદધર્મથી ભ્રષ્ટ કર્યો હતો, તેથી તે શંતનુની પાસે વેદની નિંદા કરવા લાગ્યો, તેથી તે રાજ્યને માટે અયોગ્ય થઇ જવાથી શંતનુનો દોષ ટળી ગયો, એટલે વૃષ્ટિ થઇ. પેલો દેવાપિ યોગવિદ્યાનો આશ્રય કરીને કલાપ ગામમાં રહ્યો. ૧૬-૧૭ તે કળિયુગમાં નાશ પામેલા ચંદ્રવંશને સત્યયુગના આરંભમાં સ્થાપન કરશે. બાહ્લીકને સોમદત્ત અને સોમદત્તને ભૂરિ, ભૂરિશ્રવા તથા શલ નામના ત્રણ પુત્ર થયા હતા. ૧૮ શંતનુને પોતાની સ્ત્રી ગંગાથી ભીષ્મ નામના પુત્ર થયા હતા. તે શ્રેષ્ઠ ધર્મવેત્તા, આત્મજ્ઞાની, વિદ્વાન, મહા વૈષ્ણવ અને વીર પુરૂષોમાં અગ્રેસર હતા. તેમણે યુદ્ધમાં પર-

શુરામને પણ પ્રસન્ન કર્યા હતા. શંતનુને ઢીમર (મચ્છીમાર) ની કન્યા સત્યવતી નામની બીજી સ્ત્રીથી ચિત્રાંગદ અને વિચિત્રવીર્ય એ બે પુત્ર થયા હતા. તેમાં ચિત્રાંગદને કોઇ ચિત્રાંગદ નામના ગંધર્વે મારી નાંખ્યો હતો. સત્યવતીને કુંવારી અવસ્થામાં પરાશર ઋષિના સંગથી સાક્ષાત્ ભગવાનના અંશરૂપ વેદવ્યાસ નામના પુત્ર થયા હતા. એ વેદની રક્ષા કરનારા હતા, તેમની પાસેથી હું આ ભાગવત સંહિતા ભણ્યો હતો. એમણે પોતાના પૈલ વગેરે શિષ્યોને આ પરમગુહ્ય ભાગવત સંહિતાનો ઉપદેશ ન કરતાં અને શાંતગુણી પુત્રને તેનો ઉપદેશ કર્યો હતો. ભીષ્મ સ્વયંવરમાંથી અંબિકા અને અંબાલિકા નામની બે કાશીરાજની કન્યાને બળાત્કારે હરી લાવ્યા હતા, એ બન્નેને વિચિત્રવીર્ય પરણ્યો હતો. તેઓમાં તે એવો આસક્ત થયો હતો કે તેથી ક્ષયરોગ થવાથી તે અપુત્ર મરણ પામ્યો હતો. ૧૯-૨૪ તેથી વેદવ્યાસે માતાના કહેવાથી પોતાના ભાઇ વિચિત્રવીર્યના ક્ષેત્રમાં ધૃતરાષ્ટ્ર, પાંડુ અને વિદુર નામના ત્રણ પુત્ર ઉત્પન્ન કર્યા. ૨૫ તેમાં ધૃતરાષ્ટ્રને ગાંધારીથી સો પુત્ર અને એક દુ:શલા નામની પુત્રી થઇ હતી. સો પુત્રોમાં દુર્યોધન સર્વથી મોટો હતો. ૨૬, વનમાં મૃગયા કરતાં શાપ થવાથી પાંડુ રાજા મૈથુન કરી શકતા નહતા, તેથી તેમની સ્ત્રી કુન્તીમાં ધર્મરાજાના અંશથી યુધિષ્ઠિર, વાયુના અંશથી ભીમ, અને ઇંદ્રના અંશથી અર્જુન, એ રીતે ત્રણ પુત્ર ઉત્પન્ન થયા હતા. ૨૭ પાંડુ રાજાની બીજી સ્ત્રી માદ્રીથી અશ્વિનીકુમારના અંશથી નકુળ તથા સહદેવ ઉત્પન્ન થયા. એ પાંચે પાંડવોની સ્ત્રી દ્રૌપદીને પાંચ દીકરા થયા હતા, કે જે તમારા કાકા થાય. ૨૮ તેમાં યુધિષ્ઠિરથી પ્રતિવિંધ્ય, ભીમથી શ્રુતસેન, અર્જુનથી શ્રુતકીર્તિ, નકુળથી શતાનીક અને સહદેવથી શ્રુતકર્મા નામનો પુત્ર થયો. યુધિષ્ઠિરની બીજી સ્ત્રી પૌરવીથી દેવક નામનો પુત્ર થયો હતો. ભીમસેનને હિડિંબા સ્ત્રીથી ઘટોત્કચ અને કાલી નામની સ્ત્રીથી સર્વગત નામનો પુત્ર થયો હતો. સહદેવને પર્વતના રાજાની કન્યા વિજયાથી સુહોત્ર નામનો પુત્ર થયો હતો. ૨૯-૩૧ નકુળને કરેણુમતી નામની સ્ત્રીથી નિરમિત્ર નામે પુત્ર થયો હતો, અર્જુનને ઉલુપી નામની નાગકન્યાથી ઇરાવાન, મણિપુરના રાજાની ચિત્રાંગદા નામની કન્યાથી બભ્રુવાહન, અને સુભદ્રાથી તમારા પિતા અભિમન્યુ થયા હતા. તેમાંના બભ્રુવાહનને તેના નાના (માના બાપ) એ દત્તકપુત્ર કરી રાખ્યો હતો. અભિમન્યુની ઉત્તરા નામની સ્ત્રીથી તમે જન્મ્યા છો. ૩૩ સર્વ કૌરવોનો સંહાર થઇ ગયા પછી અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રના તેજથી તમારો નાશ થતો હતો; પરંતુ ભગવાનના પ્રભાવથી તમે બચ્યા હતા. ૩૪ હે પરીક્ષિત રાજા! તમારે જનમેજય, શ્રુતસેન, ભીમસેન અને ઉગ્રસેન નામના ચાર પુત્રો છે. ૩૫ તેમાં પરાક્રમી જનમેજય તમને તક્ષક નાગના ડંશથી મરણ પામેલા જાણી ક્રોધથી સર્પયાગ કરીને તેના અગ્નિમાં સર્પોને હોમશે. ૩૬ વળી તે આખી પૃથ્વીને જીતીને કાવષેય જેના તુર નામના બ્રાહ્મણને પુરોહિત કરીને અશ્વમેધ યજ્ઞો કરશે. ૩૭ તેનો પુત્ર શતાનીક થશે. તે યાજ્ઞવલ્કય પાસેથી ત્રણ વેદ, કૃપાચાર્ય પાસેથી અસ્ત્રવિદ્યા અને શૌનક પાસેથી બ્રહ્મવિદ્યા શીખશે. ૩૮ શતાનીકને સહસ્રાનીક, તેને અશ્વમેધજ, તેને અસીમકૃષ્ણ, અને તેને નિમિચક્ર નામનો પુત્ર થશે. ૩૯ હસ્તિનાપુર ગંગાના પ્રવાહથી તણાઇ જશે, ત્યારે તે કૌશામ્બીમાં સારી રીતે નિવાસ કરશે. તેને ઉક્ત, તેને ચિત્રરથ, તેને કવિરથ, તેને વૃષ્ટિમાન, તેને સુષેણ, તેને સુનીથ, તેને નૃચક્ષુ અને તેને સુખીનલ નામનો પુત્ર થશે. ૪૦—૪૧ સુખીનલને પરિપ્લવ, તેને સુનય, તેને મેધાવી, તેને નૃપંજય, તેને દૂર્વ, તેને તિમિ, ૪૨ તેને બૃહદ્રથ, તેને સુદાસ, તેને શતાનીક, તેને દુર્દમન, તેને બહીનર, ૪૩ તેને દંડપાણિ, તેને નિમિ અને તેને ક્ષેમક નામનો પુત્ર થશે. એ રીતે દેવતા અને ઋષિઓથી સત્કાર પામેલો બ્રહ્મક્ષત્રનો

વંશ તમને કહ્યો. ૪૪ ક્ષેમક રાજાથી એ વંશ કળિયુગમાં નાશ પામશે. હવે મગધવંશના રાજાઓ થશે તે તમને કહું છું. ૪૫ જરાસંધના દીકરા સહદેવને માર્જારી, તેને શ્રુતશ્રવા, તેને અયુતાયુ, તેને નિરમિત્ર, ૪૬ તેને સુનક્ષત્ર, તેને બૃહત્સેન, તેને કર્મજીત, તેને સૃતંજય, તેને વિપ્ર, તેને શુચિ, ૪૭ તેને ક્ષેમ, તેને સુવ્રત, તેને ધર્મસૂત્ર, તેને શમ, તેને દ્યુમત્સેન, તેને સુમતિ, તેને સુબલ, તેને સુનીથ, તેને સત્યજીત, તેને વિશ્વજીત અને તેને રિપુંજય નામનો પુત્ર થશે. આ રાજાઓ બૃહદ્રથના વંશમાં થશે. તેઓ એકહજાર વર્ષસુધી રાજ્ય કરશે. ૪૮–૪૯

सुनीथः सत्यजिदथ विश्वजिद्यद्रिपुंजयः ।
बार्हद्रथाश्च भूपाला भाव्याः साहस्रवत्सराम्॥

ઇતિ શ્રી ભાગવત મહાપુરાણના નવમ સ્કંધમાં "જરાસંધાદિ વંશ વર્ણન" નામનો ૨૨ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૨૩ મો.

યયાતિ રાજાના પુત્રોનો વંશ.

શ્રી શુકउवाच.

अनोः सभानरश्चक्षुः परोक्षश्च सुतास्त्रयः ।
सभानरात्कालनरः सृंजयस्तत्सुतस्ततः ।

શ્રી શુકદેવજી કહેછે—હે પરીક્ષિત રાજા ! યયાતિ રાજાના ચોથા પુત્ર અનુને સભાનર, ચક્ષુ અને પરોક્ષ એ ત્રણ પુત્ર હતા. તેમાં સભાનરને કાલનર, તેને સૃંજય, ૧ તેને જનમેજય, તેને મહાશીળ, તેને મહામના, અને મહામનાને ઉશીનર તથા તિતિક્ષુ નામના બે પુત્ર હતા. ૨ ઉશીનરને શિબિ, વન, શમી, તથા દક્ષ એ ચાર પુત્ર હતા, તેમાંના શિબિને વૃષાદર્ભ, સુવીર, ભદ્ર; તથા કૈકય એ ચાર પુત્ર હતા, અને તિતિક્ષુને રૂશદ્રથ નામે પુત્ર હતો, તેને હેમ, તેને સુતપા અને તેને બલિ નામનો પુત્ર થયો. ૩–૪ બલિની સ્ત્રી વિષે દીર્ઘતમા ઋષિએ અંગ, વંગ, કલિંગ, સુહ્મ, પુંડ્ર, અને અંધ્ર નામના ૭ પુત્ર ઉત્પન્ન કર્યા હતા. ૫ તેઓએ પોતપોતાનાં નામો ઉપરથી પૂર્વ દિશામાં અંગ, વંગ વગેરે ૭ દેશો નિર્માણ કર્યા હતા. અંગને ખનપાન, તેને દિવિરથ, ૬ તેને ધર્મરથ અને તેને ચિત્રરથ ઉર્ફે રોમપાદ નામનો પુત્ર હતો. તેને કાંઇ સંતાનનહિ હોવાથી તેના મિત્ર દશરથ રાજાએ પોતાની કન્યા શાંતા તેને દીકરી તરીકે આપી હતી, તેને ઋષ્યશૃંગ સાથે પરણાવી હતી. ૭ રોમપાદના દેશમાં અનાવૃષ્ટિ થઇ, ત્યારે કેટલીએક વેશ્યાઓ નૃત્ય, ગીત, વાજીંત્ર, વિલાસ, આલિંગન તથા પૂજા વગેરેથી મોહિત કરીને એ મૃગલીના પુત્ર ઋષ્યશૃંગને રોમપાદ રાજાના નગરમાં લઇ આવી હતી. ૮ એ ઋષિએ સંતાન વિનાના દશરથ રાજા પાસે ઇંદ્રની ઇષ્ટિ કરાવીને તેમને ચાર પુત્ર આપ્યા હતા. ૯ રોમપાદને ચતુરંગ, તેને પૃથુલાક્ષ અને તેને બૃહદ્રથ, બૃહત્કર્મા અને બૃહદ્ભાનુ નામના ત્રણ પુત્ર થયા હતા. તેમાં બૃહદ્રથને બૃહન્મના અને તેને જયદ્રથ નામનો પુત્ર હતો. ૧૦–૧૧ જયદ્રથને વિજય નામનો દીકરો હતો, તેને સંભૂતિ નામની સ્ત્રીથી ધૃતિ નામનો પુત્ર થયો હતો, તેને ધૃતવ્રત, તેને સત્કર્મા, અને તેને અધિરથ નામનો પુત્ર હતો. ૧૨ એ અધિરથને કાંઇ સંતાન નહોતું, તે એકવાર ગંગા કાંઠે વિહાર કરતો હતો, એટલામાં પાણીમાં વહેતી એક પેટી તેણે દીઠી. તેમાં કુંતીએ કુંવારી અવસ્થામાં સૂર્યનો સંગ કરવાથી ઉત્પન્ન થયેલા બાળકને ઘાલીને તે પેટી ગંગામાં તરતી મૂકી હતી, તેમાં રહેલા પુત્રને પોતાનો પુત્ર કરીને રાખ્યો હતો. ૧૩ એ પુત્રનું નામ કર્ણ હતું, તેને વૃષસેન નામનો પુત્ર હતો. હવે યયાતિના પુત્ર દ્રુહ્યુનો વંશ કહું છું. દ્રુહ્યુને બભ્રુ, તેને સેતુ, ૧૪ તેને આરબ્ધ, તેને ગાંધાર, તેને ધર્મ, તેને ધૃત, તેને દુર્મના અને તેને પ્રચેતા નામનો દીકરો હતો. એ પ્રચેતાને સો પુત્ર હતા. ૧૫ તેઓ સર્વે મ્લેચ્છોના અધિપતિ થઇને ઉત્તર દેશમાં જઇને વસ્યા હતા. યયાતિના પુત્ર તુર્વસુને વ-

ક્ષિ, તેને ભર્ગ, તેને ભાનુમાન, ૧૬ તેને ત્રિભાનુ, તેને ઉદાર કરંધમ અને તેને મરૂત નામનો પુત્ર હતો. તેને પુત્ર નહી હોવાથી પુરૂવંશના દુષ્યંતને દત્તક પુત્ર કર્યો હતો. ૧૭ પણ તે રાજ્યની ઇચ્છાથી પાછો પુરૂવંશી થયો હતો. હે મહારાજા ! હવે તમને યયાતિ રાજાના પુત્ર યદુનો વંશ કહુંછું, એ વંશ મનુષ્યોને મહા પુણ્યદાયક અને સર્વ પાપનો નાશ કરનાર હોવાથી તેને સાંભળનાર મનુષ્ય સર્વ પાપથી મુક્ત થઇ જાયછે. ૧૮-૧૯ કારણ કે એ વંશમાં પરમાત્મા શ્રી હરિએ મનુષ્યરૂપે અવતાર લીધો છે. એ ઉત્તમ યદુ રાજાને સહસ્રજીત, ક્રોષ્ટા, નળ અને રિપુ એ ચાર પુત્ર હતા. તેમાં સહસ્રજીતને શતજીત નામનો પુત્ર હતો, તેને મહાહય, વેણુહય અને હૈહય નામના ત્રણ પુત્ર હતા. ૨૦-૨૧ તેમાંના હૈહયને ધર્મ, તેને નેત્ર, તેને કુંતિ, તેને સોહંજી, તેને મહિષ્માન, તેને ભદ્રસેનક, ૨૨ અને ભદ્રસેનકને દુર્મદ તથા ધનક નામના બે પુત્ર હતા. ધનકને કૃતવીર્ય, કૃતાગ્નિ, કૃતવર્મા, અને કૃતૌજા એ ચાર પુત્ર હતા. ૨૩ તેઓમાંના કૃતવીર્યને અર્જુન નામનો પુત્ર હતો, તે સાત દ્વીપનો રાજા હતો, તેણે ભગવાનના અંશાવતાર શ્રી દત્તાત્રેયની પાસેથી યોગની આઠ સિદ્ધિઓ મેળવી હતી. ૨૪ કોઈપણ રાજા યજ્ઞ, દાન, તપ, યોગ, શાસ્ત્રશ્રવણ, પરાક્રમ તથા વિજય વગેરેમાં સહસ્રાર્જુનની બરાબરી કરી શકે તેમ નથી. ૨૫ એણે પંચાશીહજાર વર્ષસુધી અખંડ બળથી છ ઇંદ્રિયોના અખૂટ વિષયો ભોગવ્યા હતા. તેનું નામ લેવાથી ધનનો નાશ થતો નહી. ૨૬ સહસ્રાર્જુનને પાંચહજાર પુત્ર હતા; પરંતુ પરશુરામની સાથેના યુદ્ધમાં જયધ્વજ, શૂરસેન, વૃષભ, મધુ અને ઉર્જિત એ પાંચ પુત્રો બચ્યા હતા. ૨૭ જયધ્વજને તાલજંઘ નામનો પુત્ર હતો, તેને સો પુત્રો હતા તેઓ સર્વ તાલજંઘજ કહેવાતા હતા.તેઓનોઔર્વઋષિના પ્રભાવથી સગર રાજાએ નાશ કર્યો હતો ૨૮ તાલજંઘના સો પુત્રોમાં સર્વથી મોટોવીતિહોત્ર હતો. સહસ્રાર્જુનના પુત્ર મધુને પણ સો પુત્ર હતા, તેમાં સર્વથી મોટો વૃષ્ણિ હતો. તેના નામ ઉપરથી એ કુળનું નામ વૃષ્ણિ કહેવાય છે. ૨૯ એ કુળમાંના રાજા મધુ ઉપરથી માધવ, વૃષ્ણિ ઉપરથી વૃષ્ણિ અને યદુના નામ ઉપરથી યાદવકુળ કહેવાયછે. યદુના પુત્ર ક્રોષ્ટુને વૃજિનવાન નામનો પુત્ર હતો. ૩૦ તેને સ્વાહિ, તેને રૂશેકુ, તેને ચિત્રરથ, અને તેને શશબિંદુ નામનો પુત્ર હતો, તે મહાયોગી, મહાવૈભવશીળ અને મહારાજા હતો. ૩૧ તેની પાસે ચૌદ રત્ન હતાં, અને પોતે ચક્રવર્તી હતો તથા કોઈથી જીતી શકાતો નહી. તે મહા યશસ્વી હતો અને તેને દશહજાર સ્ત્રીઓ હતી. ૩૨ એ દરેક સ્ત્રીઓએ એક એક લાખ પુત્રો જણ્યા હતા. તેથી એ રાજાને એક અબ્જ પુત્ર થયા હતા, તેઓમાં છ પુત્રો મુખ્ય હતા. તેમાંના પૃથુશ્રવાને ધર્મ અને ધર્મને ઉશના નામનો પુત્ર હતો, તેણે એક સો અશ્વમેધ યજ્ઞ કર્યા હતા. ઉશનાને રૂચક નામનો પુત્ર હતો, તેને પાંચ દીકરા હતા. ૩૩-૩૪ તેઓનાં નામ પુરૂજીત, રૂકમ, રૂકમેષુ, પૃથુ, જ્યામઘ હતાં. તેમાંના જ્યામઘને કાંઇ સંતાન નહી હોવાથી તેને બીજી સ્ત્રી પરણવાની ઇચ્છા હતી; પરંતુ તેની સ્ત્રી શૈબ્યાના ડરથી તે પરણી શકતો નહી. એકવાર તે પોતાના શત્રુની કોઇ ભોજ્યા નામની કન્યાનું હરણ કરી તેને રથમાં બેસાડીને લઇ જતો હતો, તેને જોઇને શૈબ્યાએ અસહનતાથી પૂછ્યુ કે—૩૫ ૩૬ "અરે કપટી રાજા! આ કોની સ્ત્રી છે? તેને મારે બેસવાના રથમાં મારે ઠેકાણે કેમ બેસાડી છે?" ત્યારે રાજાએ કહ્યું કે—"આ તો તારા દીકરાની વહુ છે." પછી શૈબ્યાએ હસીને કહ્યું કે—"હું વાંઝણી છું તેમ મને શોકય પણ નથી, તો પછી મારા પુત્રની વહુ ક્યાંથી હોય?" ત્યારે જ્યામઘે કહ્યું કે—"હે રાણી! તને પુત્ર થશે, તેને આ કન્યા ઉપયોગમાં આવશે." ૩૭-૩૮ એ સાંભળીને વિશ્વેદેવતાઓ તથા પિતરો કે જેઓનું તેણે ઘણું પૂજન કર્યું હતું તેઓને ઘણી દયા આવી, તેથી તેઓએ 'તથાસ્તુ' કહ્યું. પછી શૈબ્યાને ગર્ભ રહ્યો, અને સમય થતાં એક સુંદર કુંવર

જન્મ્યો. તેનું નામ વિદર્ભ પાડ્યું. એ વિદર્ભ પેલી પતિવ્રતા કન્યા ભોજ્યાને પરણ્યો હતો. ૩૯

शैब्या गर्भमधात्काले कुमारं सुषुवे शुभम् ॥
सविदर्भ इति प्रोक्त उपयेमे स्नुषां सतीम् ॥

ઇતિ શ્રી ભાગવત મહાપુરાણના નવમ સ્કંધમાં "યદુવંશ વર્ણન" નામનો ૨૩ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૨૪ મો.

વિદર્ભના ત્રણ પુત્રાનો શ્રી કૃષ્ણબળદેવ સુધીનો વંશ.

શ્રી શુકઉવાચ.

तस्यांविदर्भोऽजनयत्पुत्रो नाम्ना कुशक्रथौ।
तृतीयं रोमपादंच विदर्भकुलनंदनम् ॥

શ્રી શુકદેવજી કહે છે—વિદર્ભ રાજાને ભોજ્યા સ્ત્રીથી કુશ, ક્રથ અને રોમપાદ નામના ત્રણ પુત્રો થયા હતા. તેમાં રોમપાદ વિદર્ભ કુળને આનંદ આપનાર હતો. ૧ એ રોમપાદને બભ્રુ, તેને કૃતિ, તેને ઉશિક, તેને ચેદિ, અને તેને ચૈદ્ય નામના પુત્રો થયા હતા. ૨ ક્રથને કુંતિ નામે પુત્ર હતો, તેને ધૃષ્ટિ, તેને નિર્વૃત્તિ, તેને દશાર્હ, તેને વ્યોમ, ૩ તેને જીમૂત, તેને વિકૃતિ, તેને ભીમરથ, તેને નવરથ, તેને દશરથ, તેને શકુનિ, તેને કરંભિ, તેને દેવરાત, તેને દેવક્ષત્ર, તેને મધુ, તેને કુરુવંશ અને તેને અનુ નામનો પુત્ર હતો. ૪-૫ અનુને પુરૂહોત્ર, તેને આયુ અને આયુને સાત્વત નામે પુત્ર હતો. તેને ભજમાન, ભજી, દિવ્ય, વૃષ્ણિ, દેવાવૃધ, અંધક અને મહાભોજ નામના સાત પુત્ર હતા. તેમાંના ભજમાનને એક રાણીથી નિમ્લોચી, કિંકણ અને વૃષ્ણિ એ ત્રણ પુત્ર, અને બીજી રાણીથી શતાજીત, સહસ્રાજીત અને અયુતાજીત એ ત્રણ મળીને કુલ છ પુત્ર થયા હતા. ૬-૭ દેવાવૃધને બભ્રુ નામનો પુત્ર હતો, એ દેવાવૃધ તથા બભ્રુના સંબંધમાં કવિઓ એ શ્લોકો કહે છે કે-૮ "દેવાવૃધ અને બભ્રુને જેવા દૂરથી સાંભળીએ છીએ, તેવાજ પાસે જતાં જોઇએ છીએ. બભ્રુ મનુષ્યોમાં શ્રેષ્ઠ છે અને દેવાવૃધ દેવતાઓ સમાન છે. ૯ એ બન્નેના ઉપદેશથી છહજાર પાંસઠ અને આઠ પુરૂષો મોક્ષગતિ પામ્યા છે." ૧૦ મહાભોજરાજા ધર્માત્મા હતો. તેના નામથી ભોજકુળ ઉત્પન્ન થયું છે. ૧૧ હે પરંતપ! સાત્વતના ચોથા પુત્ર વૃષ્ણિને સુમિત્ર, તેને યુધાજીત, અને તેને શિનિ તથા અનમિત્ર નામના બે પુત્ર થયા. અનમિત્રને નિમ્ન નામનો પુત્ર થયો હતો. ૧૨ તેને શત્રાજીત તથા પ્રસેન નામના બે પુત્ર હતા. અનમિત્રના બીજા પુત્ર શિનિને સત્યક નામનો પુત્ર હતો. ૧૩ તેને યુયુધાન, તેને જય, તેને કુણિ, અને તેને યુગંધર નામનો પુત્ર હતો. અનમિત્રના ત્રીજા પુત્ર વૃષ્ણિને શ્વફલ્ક તથા ચિત્રરથ નામના બે દીકરા હતા. શ્વફલ્કને ગાંદિની નામની સ્ત્રીથી અક્રૂર, આસંગ, સારમેય, મૃદુર, મૃદુવિદ, ગિરિ, ધર્મવૃદ્ધ, સુકર્મા, ક્ષેત્રોપેક્ષ, અરિમર્દન, શત્રુઘ્ન, ગંધમાદ અને પ્રતિબાહુ નામના બાર પ્રખ્યાત પુત્ર હતા, અને તેઓની વચ્ચે સુચિરા નામની એક બેન હતી. એમાંના અક્રૂરને દેવવાન તથા ઉપદેવ નામના બે પુત્ર હતા. ચિત્રરથને પૃથુ, વિદુરથ વગેરે ઘણા પુત્રો વૃષ્ણિકુળને આનંદ આપનારા હતા. ૧૪-૧૮ સાત્વતના છઠ્ઠા પુત્ર અંધકને કુકુર, ભજમાન, શુચિ, અને કંબલ બર્હિષ નામના ચાર દીકરા હતા. તેમાંના કુકુરને વહ્નિ, તેને વિલોમા, ૧૯ તેને કપોતરોમા અને તેને અનુ નામનો પુત્ર હતો. અને અનુનો મિત્ર તુંબરૂ નામનો ગંધર્વ હતો. અનુનો પુત્ર અંધક, તેનો દુંદુભિ, તેનો અરિદ્યોત, તેનો પુનર્વસુ. ૨૦ તેનો આહુક હતો. એ આહુકને એક આહુકી નામની બેન હતી. આહુકને દેવક તથા ઉગ્રસેન નામના બે પુત્ર હતા. દેવકને દેવવાન, ઉપદેવ, સુદેવ તથા દેવવર્ધન નામના ચાર પુત્ર હતા, અને એ ચાર ભાઇઓને સાત બેનો હતી. તેનાં નામ—ધૃતદેવા, શાંતિદેવા, ઉપદેવા, શ્રીદેવા, દેવરક્ષિતા, સહદેવા, અને દેવકી હતાં. એ

સાતેને વસુદેવજી પરણ્યા હતા. ૨૧-૨૩ ઉગ્રસેન રાજાને કંસ, સુનામા, ન્યગ્રોધ, કંક, શંકુ, સહુ, રાષ્ટ્રપાલ, સૃષ્ટિ અને તુષ્ટિમાન નામના નવ પુત્ર હતા. ૨૪ ઉગ્રસેનને કંસા, કંસાવતી, કંકા, શુરભૂ, તથા રાષ્ટ્રપાલિકા એ પાંચ પુત્રીઓ હતી, તેઓને વસુદેવજીના નાના ભાઇઓ પરણ્યા હતા. ૨૫ અક્રૂરના કાકાના દીકરા વિદુરથને શુર, તેને ભજમાન, તેને શિનિ, તેને સ્વયંભોજ, અને સ્વયંભોજને હદિક નામનો પુત્ર થયો હતો. ૨૬ હદિકને દેવબાહુ, શતધનુ, કૃતવર્મા તથા દેવમીઢ એ ચાર પુત્ર હતા. તેમાંના દેવમીઢને શુર નામનો પુત્ર હતો, તેને મારિષા નામની સ્ત્રી હતી. ૨૭ એ મારિષાથી શુરને પાપરહિત વસુદેવ, દેવભાગ, દેવશ્રવા, આનક, સૃંજય, શ્યામક, કંક, સમીક, વત્સક અને વૃક નામના દશ પુત્ર થયા હતા. તેમાં શ્રી કૃષ્ણના પિતા વસુદેવના જન્મ વખતે દેવતાઓનાં આનક તથા દુંદુભિ વાગ્યાં હતાં, તેથી તેમને આનક દુંદુભિ કહે છે. એ દશ ભાઇઓ વચ્ચે પૃથા, શ્રુતદેવા, શ્રુતકીર્તિ, શ્રુતશ્રવા અને રાજાધિદેવી નામની પાંચ બેનો હતી. તેમાંની પૃથાને તેના પિતાએ પોતાના મિત્ર કુંતીભોજને તે સંતાન વગરનો હોવાથી પુત્રી તરિકે આપી હતી, તેથી તેનુ નામ કુંતી કહેવાતું હતું. ૨૮-૩૧ એ કુંતીએ બાલ્યાવસ્થામાં દુર્વાસાની સેવા કરીને દેવહુતી નામની વિદ્યા મેળવી હતી. તે વિદ્યાની પરીક્ષા કરવા માટે તેણે સૂર્ય દેવનો મંત્ર જપતાં તે તુરત ત્યાં આવ્યા, તેમને જોઇ આશ્ચર્ય પામીને કુંતી બોલીકે-મેં દુર્વાસાએ આપેલી વિદ્યાની પરીક્ષા કરવા માટે આ પ્રયોગ કર્યો હતો. હે મહારાજ! મારો અપરાધ ક્ષમા કરો, અને પાછા પધારો. ૩૨-૩૩ ત્યારે સૂર્ય બોલ્યા કે—"હે દેવી! હે સુંદર કેડવાળી! મારાં દર્શન સફળ છે. માટે હું તારા ક્ષેત્રમાં પુત્ર ઉત્પન્ન કરીશ. તું કુંવારી છે, માટે તારી ગુહેંદ્રિય દૂષિત નહી થાય તેવી રીતે તારા વિષે ગર્ભાધાન કરીશ." ૩૪ એમ કહી કુંતીને વિષે ગર્ભાધાન કરીને સૂર્યદેવ આકાશમાં ચાલ્યા ગયા. અને કુંતીને તુરતજ બીજા સૂર્ય સમાન કાન્તિવાળો કુંવર જન્મ્યો. ૩૫ કુંતીએ લોકોની નિંદાની બીકથી એ બાળકને પેટીમાં ઘાલીને ગંગામાં મૂકી દીધો હતો, તેનું નામ કર્ણ પડયું હતું. કુંતીને તમારા મહા પરાક્રમી પરદાદા પાંડુ રાજા પરણ્યા હતા. ૩૬ વસુદેવની બીજી બેન શ્રુતદેવાને કરૂષદેશના રાજા વૃદ્ધશર્મા સાથે પરણાવી હતી, તેનાથી દંતવક્ત્ર ઉત્પન્ન થયો હતો. તે પૂર્વજન્મમાં સનકાદિકના શાપથી દૈત્ય થયો હતો. ૩૭ શ્રુતકીર્તિને કેકયદેશનો રાજા ધૃષ્ટકેતુ પરણ્યો હતો, તેને સતર્દન વગેરે પાંચ પુત્ર થયા હતા, તેઓ સર્વ કેકય કહેવાતા હતા. ૩૮ વસુદેવની નાની બેન રાજાધિદેવીને અવંતીનો રાજા જયસેન પરણ્યો હતો, તેને વિંદ અને અરવિંદ નામના બે પુત્ર થયા હતા. વસુદેવની ચોથી બેન શ્રુતશ્રવાને ચેદિદેશનો રાજા દમઘોષ પરણ્યો હતો. ૩૯ તેને શિશુપાળ નામે પુત્ર થયો હતો. તેની ઉત્પત્તિની કથા મેં તમને પ્રથમ કહેલી છે. વસુદેવના ભાઇ દેવભાગને કંસા નામની સ્ત્રીથી ચિત્રકેતુ અને બૃહદ્બળ નામના બે પુત્ર થયા હતા. ૪૦ વસુદેવના ભાઇ દેવશ્રવાને કંસાવતી નામની સ્ત્રીથી સુવીર અને ઇષુમાન નામના બે પુત્ર થયા હતા. વસુદેવના ભાઇ આનકને કંકા નામની સ્ત્રીથી સત્યજીત અને પુરૂજીત નામના બે પુત્ર થયા હતા. ૪૧ સૃંજયને રાષ્ટ્રપાલી નામની સ્ત્રીથી વૃષ અને દુર્મર્ષણ વગેરે પુત્રો થયા હતા. શ્યામકને શુરભૂમિ નામની સ્ત્રીથી હરિકેશ તથા હિરણ્યાક્ષ નામના બે પુત્ર થયા હતા. ૪૨ વસુદેવના ભાઈ વત્સકને મિશ્રકેશી નામની અપ્સરાથી વૃક વગેરે પુત્રો થયા હતા. વસુદેવના ભાઈ વૃકને દુર્વાક્ષી નામની સ્ત્રીથી તક્ષ, પુષ્કર, શાલ વગેરે પુત્રો થયા હતા. ૪૩ વસુદેવના ભાઈ શમીકને સુદામિની નામની સ્ત્રીથી સુમિત્ર, અર્જુન, પાલ વગેરે પુત્રો થયા હતા. વસુદેવના ભાઇ કંકને કર્ણિકા નામની સ્ત્રીથી ઋતુધામ અને જય નામના બે પુત્ર ઉત્પન્ન થયા હતા. ૪૪ વસુદેવને પૌરવી, રોહિણી, ભદ્રા, મદિરા રોચના, ઇલા તથા દેવકી પ્ર


મુખ બીજી પણ સ્ત્રીઓ હતી. ૪૫ તેમાં રોહિણીથી બળ, ગદ, સારણ, દુર્મદ, વિપુલ, ધ્રુવ, તથા કૃત વગેરે પુત્રો ઉત્પન્ન થયા હતા. ૪૬ પૌરવી સ્ત્રીથી સુભદ્ર, ભદ્રવાહ, દુર્મદ, ભદ્ર તથા ભૂત વગેરે બાર પુત્ર ઉત્પન્ન થયા હતા. ૪૭ મદિરા સ્ત્રીથી નંદ, ઉપનંદ, કૃતક, અને શુર વગેરે પુત્ર થયા હતા. ભદ્રા નામની સ્ત્રીથી એક કુળનંદન કેશી નામનો પુત્ર થયો હતો. ૪૮ રોચના નામની સ્ત્રીથી હસ્ત અને હેમાંગદ વગેરે પુત્ર થયા હતા. ઈલાથી ઉરૂ, વલ્કલ અને યદુ વગેરે પુત્ર થયા હતા. ૪૯ વસુદેવની ધૃતદેવા નામની સ્ત્રીથી એક વિપૃષ્ટ નામનો પુત્ર થયો હતો. શાંતિદેવાને શ્રમ, પતિશ્રુત વગેરે પુત્ર થયા હતા. ૫૦ ઉપદેવા નામની સ્ત્રીથી કલ્પ, વર્ષ વગેરે દશ પુત્ર થયા હતા. શ્રીદેવા સ્ત્રીથી વસુ, હંસ, અને સુવંશ વગેરે છ પુત્ર થયા હતા. ૫૧ દેવરક્ષિતા નામની સ્ત્રીથી ગદ વગેરે નવ પુત્ર અવતર્યા હતા. જેમ ધર્મને વસુ નામના આઠ પુત્રો થયા હતા, તેમ વસુદેવને સહદેવા નામની સ્ત્રીથી પુરૂ, વિશ્રુત વગેરે આઠ પુત્ર થયા હતા. અને દેવકીથી પણ વસુદેવજીને આઠ પુત્રો થયા હતા ૫૨-૫૩ એ આઠનાં નામ—કીર્તિમાન, સુષેણ, ભદ્રસેન, ઋજુ, સંમર્દન, ભદ્ર તથા શેષનો અવતાર બળભદ્ર એ સાતપુત્ર, અને આઠમા શ્રી હરિ પોતેજ હતા. તે ઉપરાંત એક સુભદ્રા નામની પુત્રી હતી, હે પરીક્ષિત રાજા! એ સુભદ્રા તમારી દાદી થાય. ૫૪-૫૫ જ્યારે જ્યારે આ પૃથ્વી ઉપર ધર્મનો નાશ થાય છે, અને પાપની વૃદ્ધિ થાય છે, ત્યારે ત્યારે ભગવાન શ્રી હરિ અવતાર ધારણ કરેછે. ૫૬ હે પૃથ્વીપતિ! માયાના નિયંતા, અસંગ, સર્વના સાક્ષીરૂપ, અને સર્વવ્યાપક ભગવાનને માયાના વિનોદ વગર જન્મ ધરીને કર્મો કરવાનું બીજું કાંઇ પણ કારણ નથી. ૫૭ જગતની ઉત્પત્તિ, સ્થિતિ તથા પ્રલય કરવાને સ્વીકારેલી જે ભગવાનની માયાનું શરીર ઉત્પન્ન કરીને તે વડે ધર્માચરણ કરાવવું, જીવો ઉપર અનુગ્રહ કરવો વગેરે કર્તવ્ય છે, અને જેમનાં શ્રવણ કીર્તન મનુષ્યના જન્માદિકને અટકાવીને મોક્ષ આપે છે, એ ભગવાનને કર્માદિકની પરતંત્રતાથી જન્મ મરણ થવા સંભવે જ નહી. ૫૮ માત્ર રાજચિન્હ ધારણ કરનારા, અક્ષૌહિણીઓના અધિપતિ, દૈત્યોના ભારથી દબાયેલી પૃથ્વીનો ભાર ઉતારવાને માટે જેમણે બળદેવજીની સાથે અવતાર ધારણ કર્યો, એવા શ્રી કૃષ્ણ ભગવાને દેવતાઓના તર્કમાં પણ ન આવે એવાં કામો કર્યાં, ૫૯-૬૦ અને કળિયુગમાં ઉત્પન્ન થનારા પોતાના ભક્તો ઉપર અનુગ્રહ કરવાને માટે મહા પવિત્ર તથા દુઃખ, શોક અને અજ્ઞાનને દુર કરનારી પોતાની કીર્તિ વિસ્તારી, ૬૧ જે ભક્તોના કાનને અમૃત જેવાં લાગતાં ભગવાનના યશરૂપી ઉત્તમ તીર્થમાંથી માણસ કાનરૂપી અંજલીવડે એક વાર પણ આચમન કરેછે, તો તે કર્મોની વાસનાનો નાશ કરેછે. ૬૨ ભોજ, વૃષ્ણિ, અંધક, મધુ, શુરસેન, દશાર્હક, યાદવ, કુરૂ, સૃંજય, તથા પાંડવો જેમનાં ચરિત્રોની નિરંતર પ્રશંસા કરેછે, એવા શ્રી કૃષ્ણ ભગવાન સ્નેહ ભરેલાં મંદહાસ્યથી, જોવાથી, ઉદાર વચનોથી, પરાક્રમયુક્ત લીલાથી તથા સર્વ સુંદર અંગવાળા શરીરથી મનુષ્ય લોકને રમાડતા હતા. ૬૩-૬૪ જેમણે કાનોમાં પેહેરેલાં સુંદર મકરાકૃત કુંડળની પ્રભાથી શોભતા કપોલવડે મનોહર અને સુંદર વિલાસયુક્ત હાસ્યથી તથા નિત્ય આનંદથી ભરેલાં ભગવાનનાં મુખારવિંદને, પોતાનાં નેત્રોથી જોતાં સ્ત્રી પુરૂષો આનંદ પામતાં હતાં અને જોતાં તૃપ્ત થતાં ન હતાં, અને દર્શનમાં વચ્ચે વિઘ્ન કરનાર નિમિરાજા (મટકા) ઉપર કોપ કરતાં હતાં, ૬૫ એવા શ્રી કૃષ્ણ ભગવાન પ્રથમ પોતાના પૂર્ણ પુરૂષોત્તમ સ્વરૂપે અવતર્યા હતા, અને પછી મનુષ્યરૂપે થઇને પિતાના ઘરથી વ્રજમાં પધાર્યા હતા અને ત્યાં વ્રજવાસીઓના મનોરથ પૂરા કર્યા હતા, શત્રુઓનો સંહાર કર્યો હતો, હજારો સ્ત્રીઓ સાથે પરણ્યા હતા, એ સ્ત્રીઓથી હજારો પુત્રો ઉત્પન્ન કર્યા હતા, અને પોતાના વેદમા-

ગનો વિસ્તાર કરવાને અનેક યજ્ઞોથી પોતે પોતાના સ્વરૂપનુંજ યજન કર્યું હતું. ૬૬ પૃથ્વીનો મોટો ભાર ઉતારવાને માટે એજ શ્રી કૃષ્ણ ભગવાને કૌરવ-પાંડવો વચ્ચે કલહ ઉત્પન્ન કરાવી યુદ્ધમાં દૃષ્ટિદ્વારા અનેક રાજાઓની અપાર સેનાઓનો નાશ કરીને જગતમાં અર્જુનના વિજયનો જયઘોષ પ્રવર્તાવ્યો હતો, અને છેવટે ઉદ્ધવજીને જ્ઞાનોપદેશ આપીને પોતે પોતાના સ્વરૂપથી સ્વધામમાં પધાર્યા હતા. ૬૭

पृथ्व्या स वै गुरुभरं क्षमयन्कुरुणा ।
मंतः समुत्थकलिना युधि भूपचम्वः ॥
दृष्टया विधूय विजये जयमुद्विघोष्य ।
प्रोच्योद्धवाय च परं समगात्स्वधाम ॥

ઇતિ શ્રી અઢારહજાર સંહિતારૂપ મહાપુરાણ ભાગવતના નવમ સ્કંધમાં "શ્રી સૂર્ય સોમવંશ વર્ણન" નામનો ૨૪ મો અધ્યાય સંપૂર્ણ.

इति श्री भागवतपुराणनो
नवमस्कंध समाप्त.


कंस
देवकी
पूतना
यशोदा
बकासुर

શ્રીમદ્ ભાગવત ભાષાંતર.

દશમસ્કંધ પૂર્વાર્ધ.

અધ્યાય ૧ લો.

કંસે દેવકીના છ પુત્રોનો કરેલો નાશ.

राजोवाच.

कथितो वंशविस्तारो भवता सोमसूर्ययोः ॥
राज्ञां चोभयवंश्यानां चरितं परमाद्भुतम् ॥१॥

પરીક્ષિત રાજા કહે છે—હે શુકદેવજી! તમે ચંદ્ર અને સૂર્યવંશનો વિસ્તાર તથા એ બેઉ વંશના રાજાઓનાં પરમ અદ્ભુત ચરિત્રો કહ્યાં. ૧ એટલુજ નહિ, પરંતુ ધર્મશીલ યદુરાજાના વંશનું તો તમે વિસ્તારથી વર્ણન કર્યું. હવે આપ એજ વંશમાં અંશાવતારે ઉત્પન્ન થયેલા શ્રીવિષ્ણુનાં પરાક્રમો મને કહો. ૨ વળી યદુરાજાના વંશમાં ઉત્પન્ન થઇને વિશ્વાત્મા ભગવાને જે જે પરાક્રમો કર્યાં હોય તે તે મને વિસ્તારથી કહો. ૩ આ જગતમાં મુક્ત, મુમુક્ષુ અને વિષયી એમ ત્રણ પ્રકારના લોક છે, તેમાં કોઇને પણ શ્રીકૃષ્ણની ભક્તિમાં, ‘હવે થયુ” એમ થતું નથી, કારણ કે જે તૃષ્ણારહિત મુકત પુરૂષો છે તે નિરંતર તેમના ગુણાનુવાદ ગાયા કરે છે, મુકિતની ઇચ્છાવાળા જે મુમુક્ષુ પુરૂષો છે તે આ સંસારમાંથી છુટવાને માટે તેમના ગુણાનુવાદ ગાય છે; અને જે વિષયી પુરૂષો છે તે કાન અને મનને પ્રિય લાગે તેવાં તેમનાં ચરિત્રો વર્ણવવા રૂપ ગુણાનુવાદમાં તલ્લીન રહે છે; એટલે આત્મઘાતી અથવા પશુઘાતી સિવાય બીજો કયો પુરૂષ શ્રીભગવાનના ગુણાનુવાદ નથી ગાતે? ૪ દેવતાઓને જીતનાર ભીષ્મ પિતામહ જેવા મગરમચ્છથી ન તરી શકાય એવા કૌરવોના સૈન્યરૂપ સાગરને મારા પિતામહોએ શ્રીકૃષ્ણચંદ્ર રૂપી નૌકાને લીધેજ એક વાછડાના પગલાથી બનેલા ખાબોચિયા રૂપ ગણી તર્યા હતા; એટલે શ્રીકૃષ્ણચંદ્ર તો અમારા કુળના દૈવતરૂપ છે. માટે મારે તેમની કથા નિરંતર સાંભળવીજ જોઇએ. ૫ વળી અમારા કુળનો નાશ કરવાને માટે દ્રોણના પુત્ર અશ્વત્થામાએ જ્યારે બ્રહ્માસ્ત્ર મૂક્યું અને મારી માતા શ્રીકૃષ્ણને શરણે ગઇ, ત્યારે કૌરવો અને પાંડવોના વંશના બીજરૂપ આ મારા શરીરની પણ એમણે ગર્ભની આગળ પાછળ સુદર્શન ચક્ર મૂકીને રક્ષા કરી હતી. ૬ હે વિદ્વન્! અંતરદૃષ્ટિથી જોનાર, મુક્તિ આપનાર, બાહ્યદૃષ્ટિથી જોનાર, કાળરૂપે મૃત્યુ આપનાર અને માયાથીજ માત્ર મનુષ્ય થયેલા શ્રીકૃષ્ણ ભગવાનનાં પરાક્રમો તમે મને કહો. ૭ હે મુનિ! એકવાર (નવમસ્કંધમાં) સંકર્ષણ બળદેવજીને તમે રોહિણીના પુત્ર અને બીજીવાર દેવકીના પુત્ર કહ્યા તે દેહાંતર વગર કેમ બન્યું, તે પણ મને સમજાવો. ૮ મુકુંદ ભગવાન શામાટે પોતાના પિતાનું ઘર મૂકીને વ્રજમાં ગયા અને પોતાનાં બંધુજનની સાથે એ મહાભાગ ભગવાને કયા સ્થળમાં નિવાસ કર્યો? ૯ વ્રજમાં અને મથુરામાં વસતાં કેશવ ભગવાને કેવી કેવી લીલાઓ કરી અને પોતાના મામા કંસને મારવો યોગ્ય નહી છતાં શામાટે મારી નાંખ્યો? ૧૦ મનુષ્ય દેહ ધરીને કેટલા વર્ષ સૂધી એ યાદવોની સાથે મથુરાંમાં રહ્યા

અને ત્યાં તેમને કેટલી સ્ત્રીઓ હતી? ૧૧ હે મુનિ! આ અને બીજાં જે કંઇ શ્રીકૃષ્ણ પરમાત્માનાં ચરિત્ર હોય તે આપે મને સંભળાવવાં જોઇએ, કારણ કે, હે સર્વજ્ઞ! મને એ ભગવાનનાં ચરિત્ર સાંભળવાની શ્રદ્ધા થઇ છે. ૧૨ મેં અન્નજળનો ત્યાગ કરેલો હોવા છતાં આપના મુખરૂપી કમળમાંથી નીકળતું શ્રીહરિની કથારૂપ અમૃત પીવાથી અતિ દુઃસહ એવી ક્ષુધા અને તૃષા પણ આજ મને બાધ કરી શકતી નથી. ૧૩

સુતજી કહેછે—હે ભ્રગુપુત્ર શૌનક! પરીક્ષિત રાજાનો આવો ઉત્તમ પ્રશ્ન સાંભળીને પ્રસન્ન થયેલા અને વૈષ્ણવોમાં મુખ્ય શ્રીશુકમુનિ, રાજાનાં વખાણ કરીને કળિયુગનાં પાપનો નાશ કરે એવાં શ્રી કૃષ્ણનાં પરમ અદ્‌ભૂત ચરિત્ર કહેવા લાગ્યા. ૧૪

શ્રીશુકદેવજી કહેછે—હે રાજર્ષિ! તમારી બુદ્ધિએ પાકો નિશ્ચય કર્યો છે, તેથીજ તમને શ્રી વાસુદેવની કથા સાંભળવાની નૈષ્ઠિક પ્રીતિ થઇ છે. ૧૫ ગંગાનું જળ જેમ ત્રણે લોકને પવિત્ર કરે છે, તેમ શ્રી વાસુદેવ ભગવાનની કથા સંબંધી પ્રશ્ન પણ પૂછનાર, સાંભળનાર* અને કહેનાર એ પુરૂષોને પાવન કરે છે. ૧૬ અહંકારી રાજાઓ જે દૈત્યરૂપ હતા તેમનાં મોટાં સૈન્યના મોટા ભારથી દબાયેલી પૃથ્વી ગાયનું રૂપ ધરીને બ્રહ્માને શરણે ગઇ. જેની આંખોમાં આંસુ આવેલાં હતાં એવી, ખિન્ન અને આક્રંદ કરતી તે ગાય બ્રહ્માની પાસે ઉભી રહીને તેમને પોતાનું દુઃખ કહેવા લાગી. ૧૭-૧૮ દુઃખ સાંભળ્યા પછી બ્રહ્મા તેને તથા દેવોને તેડીને ક્ષીરસાગરને તીરે ગયા. ૧૯ ત્યાં જઇને તેમણે પુરૂષસૂક્તના મંત્રથી જગતના નાથ, દેવના દેવ અને પરમપુરૂપ એવા શ્રી વિષ્ણુ ભગવાનની સ્તુતિ કરી. ૨૦ ત્યારે સમાધિમાં બ્રહ્મદેવજ ભગવાને આકાશવાણીથી ઉત્તર આપ્યો. એ ઉત્તર સાંભળીને બ્રહ્માએ પોતાનાસાથે આવેલા દેવતાઓને કહ્યુંકે,—હે દેવતાઓ! શ્રીભગવાનનાં વચન સાંભળો અને સત્વર તે પ્રમાણે કરો. ૨૧ આપણા કહ્યા પહેલાંજ શ્રીભગવાને પૃથ્વીરૂપી ગાયનાં દુઃખ જોઇને એવી આજ્ઞા કરી છે કે—તમે સઘળા દેવતાઓ અંશે કરીને યાદવકુળમાં જન્મ લ્યો, અને ઇશ્વરના ઇશ્વર શ્રીવિષ્ણુ ભગવાન પોતાની કાળશક્તિથી પૃથ્વીનો ભાર ઉતારવાને યદુવંશમાં જન્મ લેશે. ૨૨ સાક્ષાત્ પરમ પુરૂષ ભગવાન, વસુદેવનેઘેર પુત્ર થઇને પૃથ્વીમાં અવતાર ધારણ કરશે અને તેમને પ્રસન્ન કરવાને માટે તમારી સ્ત્રીઓ ગોકુળમાં ગોપી થઇને અવતરશે. ૨૩ શ્રીહરિનું પ્રિય કરવાની ઇચ્છાવાળા, સહસ્રમુખવાળા, અને સ્વયંપ્રકાશ અનંત ભગવાન શેષનાગ, ભગવાનની પહેલાંજ વસુદેવનેત્યાં જન્મ લેનાર છે. ૨૪ જેણે આખા જગતને મોહીત કર્યું છે એવાં ભગવતી વીષ્ણુની માયા ભગવાનની આજ્ઞાથી કામ સિદ્ધિને માટે અંશાવતારે પૃથ્વીપર અવતરશે. ૨૫


શુકદેવજી કહેછે—આ રીતે દેવતાઓને

* ભગવાનની કથા સાંભળવાનો અભ્યાસ ન હોય તો અંતસમે ભગવાનનું સ્મરણ ક્યાંથી થાય? જે કાર્ય કરે તેમાંજ ચિત્ત લાગ્યું રહે છે. ત્યાં દૃષ્ટાંત કે:— એક કુડીઓ અનાજનો વેપાર કરતો હતો. એક દિવસ તેનો એક મિત્ર આગ્રહ કરી તેને કથા સાંભળવા લઇ ગયો. તે હાથમાં લાકડી ઝાલીને ગયો. ત્યાં કથા સાંભળતાં કુડીઆને ઊંઘ આવી ગઇ, તે એક થાંભલાને અઢીંગીને બેઠો હતો એટલામાં એક કૂતરો તેના મુખમાં લઘુશંકા કરી ગયો તે સમે કુડીઆજીને એવું સ્વપ્ન આવી રહ્યું છે કે જાણે દુકાન ખોલીને બેઠો છે ને બારણે દાણાના ઢગલા પડ્યા છે, ત્યાં એક ગાય આવીને તે ઢગલામાંથી દાણા ખાવા લાગી, તેથી તે કુડીઆએ ક્રોધમાં ને ઉંઘમાં ઉઠીને પેલી ગાયને લાકડી મારી. એટલામાં આંખ ઉઘડી ગઇ, ને જોયું તો તે લાકડી કથા કહેનાર પુરાણીને જ મ થામાં વાગવાથી તેને ‘ હાય બાપ! હાય હાય ’ કરતો દીઠો. પેલા કૂતરાના મૂત્રથી કુડીઆનું મોઢું ખારૂં થઇ જવાથી તે ‘ શું, શું, કથા તો ખુબજ, ખારી છે ’, એમ બોલતો ત્યાંથી પોબારા ગણી ગયો.

આજ્ઞા કર્યા પછી પ્રજાપતિઓના અધિપતિ શ્રીબ્રહ્મદેવ પણ ગાયનું રૂપ ધારણ કરીને આવેલી પૃથ્વીનું આશ્વાસન કરી બ્રહ્મલોકમાં પધાર્યા. ૨૬

પૂર્વે યદુઓનો અધિપતિ શૂરસેન નામનો રાજા મથુરાંપૂરીમાં રહીને માથુર અને શૂરસેન નામના દેશો ઉપર રાજ્ય કરતો હતો. ૨૭ એ રાજાના સમયથી યદુવંશીઓની રાજ્યધાની મથુરાં નગરીમાં થઇ હતી કે જેમાં શ્રીહરિ નિરંતર પાસેજ રહેછે. ૨૮ એકવાર જ્યારે શૂરના પુત્ર વસુદેવ* નવી પરણેલી, પોતાની નવોઢા સ્ત્રી દેવકીને લઇ રથમાં બેશીને પોતાને ઘેર જતા હતા. ૨૯ ત્યારે બેનનું પ્રિય કરવાની ઇચ્છાવાળો ઉગ્રસેન રાજાનો પુત્ર કંસ તે રથે જોડેલા ઘોડાઓની રાશ હાથમાં લઇ રથ હાંકવા બેઠો હતો. ૩૦ પુત્રી ઉપર પ્રેમવાળા દેવકે સુવર્ણની માળાવાળા ચારસેં હાથી, પંદરસેં ઘોડા, અને અઢારસેં રથ ઉપરાંત સર્વે અલંકાર ધારણ કરાવેલી બસેં સુકુમાર દાસીઓ પેહેરામ-

* યદુવંશમાં ભજમાન રાજા થયો, તેનો પુત્ર પૃથિકુરાજા, તેનો વિદુરથ અને વિદુરથનો પુત્ર શૂરસેન થયો, તેની રાણીનું નામ મરિષ્યા હતું. તેને દશ પુત્ર અને પાંચ પુત્રીઓ હતી તેમાં મોટા પુત્રનું નામ વસુદેવ હતું. તે રોહિણુ રાજાની પુત્રી રોહિણી સાથે પરણ્યા હતા. એ પ્રમાણે તેમણે સત્તર પટરાણીઓ કરી. ત્યારપછી અઢારમી વાર દેવક રાજાની પુત્રી દેવકીની સાથે પરણ્યા એ દેવકી કંસના કાકાની દીકરી થાય. હવે કંસની ઉત્પત્તિ સાંભળો:— વૃષ્ણિવંશમાં એક આહુક રાજા થયો, તેને દેવક અને ઉગ્રસેન નામે બે પુત્ર હતા. દેવકના મરણ પછી ઉગ્રસેન મથુરાપુરીનો રાજા થયો તેની રાણીનું નામ પવનરેખા હતું, એ બહુજ સુંદર અને પતિવ્રતા હતી. તે એકવાર પોતાની સખી સાહેલીઓની સાથે રથમાં બેશીને યમુનાકાંઠે વનક્રીડા કરવા ગઈ હતી. ત્યાં તે દૈવયોગે સખીઓથી છુટી પડી જઈ વનની શોભા જોતી જોતી એકલી વનમાં ચાલી ગઇ. એટલામાં દૈવયોગે દ્રુમલિક નામનો રાક્ષસ ત્યાં આવી ચડ્યો, તેણે પવનરેખાનું રૂપ જોઇ મોહ પામી તેની સાથે સંભોગ કરવા ધાર્યું ને રાક્ષસી માયાથી તરત ઉગ્રસેનનું રૂપ ધરી પવનરેખા પાસે જઇને સંભોગ માગ્યો. પવનરેખાએ તેને પતિ સમજ્યા છતાં દિવસે સંભોગ કરવાની ના પાડી. ત્યારે તે રાક્ષસે બળાત્કારે પૃથ્વીપર નાંખી સંભોગ કર્યો. ને પછી તેને પોતાનું રાક્ષસરૂપ દેખાડ્યું, તેને જોઇ ભય પામેલી પવનરેખા તિરસ્કાર કરી શાપ દેવા લાગી, ત્યારે રાક્ષસ બોલ્યો કે—"હે સતી! તું ક્રોધ કરીને મને શાપ ન દે. તને પુત્ર ન હોવાથી મેં તને પુત્ર આપ્યોછે, તે મહા બળવાન થશે. પૂર્વજન્મમાં મારૂં નામ કાળનેમિ હતું અને હનુમાનને હાથે મારૂં મૃત્યુ થયું હતું. હું પુત્રરૂપે તારે ત્યાં અવતરીશ, ને શ્રીકૃષ્ણને હાથે મરીશ." એ સાંભળીને પવનરેખા 'દૈવની ગતિ ન્યારીજ છે તથા કર્મની રેખા ટાળવાને કોઈ સમર્થ નથી' એમ સમજીને એ વાત કોઇને ન કહેતાં ત્યાંથી પાછી ફરી સાહેલીઓને મળી, ને પછી ઘેર ગઇ. પૂરા દશ મહિને માહા શુદ ૧૩ ગુરૂવારે તેને પુત્ર થયો. ઉગ્રસેને હર્ષ પામી તેની જન્મકુંડલી કરાવી. તે નીચે પ્રમાણે છે.



ગ્રહ જોઇ જોશી લોકોએ કહ્યું કે—"હે ઉગ્રસેન રાજા! તમારો આ પુત્ર કંસ મહા બળવાન થશે, અનેક રાક્ષસો એને આધીન રહેશે, તે સાધુ, સંત તથા હરિભક્તોને મહા દુઃખ દેશે, કોઇને હોમ, યજ્ઞ, જપ, તપ કરવા દેશે નહી, તમારી પાસેથી રાજ્ય છીનવી લઈ કેદ કરી પોતે રાજ્ય કરશે ને પ્રજાને ઘણું દુઃખ દેશે" એ સાંભળીને ઉગ્રસેન બહુ દુઃખ પામ્યો. કંસ મોટો થતાં મગધ દેશના રાજા જરાસંધને હરાવીને તેની બે પુત્રી સાથે પરણ્યો અને ઉગ્રસેનને રાજ્યગાદીપરથી ઉઠાડી મૂકી કેદ કરીને રાજ્ય કરવા લાગ્યો.

ણીમાં આપી હતી. ૩૧-૩૨ વરવધૂના વરઘોડામાં આ બધો સાજ વધૂવરના રથની આસપાસ વિંટાઈને ચાલતો હતો, તે વખતે મંગળ પ્રયાણ સૂચક મૃદંગ, તૂરી, શંખ અને દુંદુંભિ વાગી રહ્યાં હતાં. ૩૩ એટલામાં આકાશવાણી થઇ કે, "હે અબુધ કંસ! આ દેવકીનો આઠમો ગર્ભ-પુત્ર તારો નાશ કરશે" ૩૪ આવી આકાશવાણી સાંભળીને પાપી, ખળ અને ભોજવંશના અંગારરૂપ કંસે દેવકીને મારી નાખવા માટે એક હાથે તરવાર ખેંચી બીજે હાથે તેનો ચોટલો પકડયો. ૩૫ આ પ્રમાણે ક્રૂર કર્મ કરવાને માટે તૈયાર થયેલા તે દુષ્ટને શાંત કરવા સારૂ મહાભાગ વસુદેવજી યુક્તિથી દયા ઉપજે તેમ તેને કહેવા લાગ્યા.

વસુદેવ કહેછે—હે કંસ! શૂર પુરૂષોએ વખાણેલા ગુણવાળા અને ભોજકુળના યશને વધારનાર એવા તમે, વિવાહના શુભ સમયમાં એક તો સ્ત્રી જાતિ અને તે પણ તમારી બેન તેને કેમ મારોછો? ૩૭ હે વીર! જન્મધારીઓમાં મૃત્યુ તો દેહની સાથેજ રહેલુ છે, આજ અથવા સો વર્ષે પણ પ્રાણિઓને મૃત્યુ તો અવશ્ય આવવાનું છે. દેહધારી મનુષ્યો મરણ પામતાં અવશ્ય બીજા દેહને પામે છે. અને એ પ્રમાણે દેહાંતર થયા પછી તેનાં કર્મ પ્રમાણે પ્રથમનો દેહ છોડી બીજા દેહમાં જાય છે, માટે જો તમે આ દેહના મૃત્યુભયને લીધે ભય પામતા હો તો એ ભય મિથ્યા છે, અને જો દેહાંતરને માટે ભય પામતા હો તો પણ વ્યર્થ છે; કારણ કે કર્માનુસારે આ દેહ એનાં કર્મ પુરાં થતાં નાશ પામનાર છે. ૩૮-૩૯ ચાલતો માણસ જેમ એક પગલું આગળ ભર્યા પછી બીજો પગ ઉપાડે છે તથા ખડમાંકડી જેમ એક તૃણને બરોબર પકડયા પછી પાછળના તૃણને છોડી દે છે, તેમ કર્મના માર્ગમાં ચાલ્યો જતો આ જીવ પણ કર્માનુસારે મળેલા બીજા દેહને પામતાં પૂર્વ દેહને છોડીને ચાલ્યો જાય છે. ૪૦ રાજાદિકના જોયેલા અને ઇન્દ્રાદિકના સાંભળેલા દેહ સબંધી જે સંસ્કારોનું મનમાં ચિન્તવન થતું હોય છે તે તે દેહોને પ્રાણી સ્વપ્નમાં દેખે છે અને તેને પોતાના માની પોતાના દેહનો સ્મૃતિ ભૂલી જાય છે. વળી એજ પ્રમાણે જાગ્રત અવસ્થામાં પ્રાણી મનમાં થતા મનોરથજન્ય દેહને જોઇ તેને પોતાનો માની સ્વદેહની સ્મૃતિ ભૂલિ જાય છે, તેજ રીતે પ્રાણી મરણ પામતાં કર્માનુસાર બીજા દેહને પામી પૂર્વના દેહની સ્મૃતિ ભૂલી જાય છે. ૪૧ માયાએ જગતમાં પંચભૂતને નાના પ્રકારના દેહોમાં રચી મૂકેલાં છે, તેથી મરણ સમયે પ્રાણીનું મન જેવી ભાવના તરફ જાય છે તેવો તેને પંચમહાભૂતનો બનેલો દેહ પ્રાપ્ત થાય છે, અને તે દેહ પ્રાપ્ત થતાં તેમાં તેને 'હુંપદ' આવે છે. સારા ખોટા દેહાંતરની પ્રાપ્તિનું કારણ કર્મ તથા ભાવનાએ પ્રેરેલુ મન જ છે, તેમ છતાં મનના સંગમાં રહેલો જીવ તેની સાથે ભિન્ન ભિન્ન દેહોમાં પર્યટન કરે છે. ૪૨ જેમ પાણીથી ભરેલા ઘડામાં ચંદ્ર-સૂર્યાદિકનું તેજ વાયુની લહરીઓથી હાલતું જણાય છે, તેમજ પોતાની ભાવનાથી પ્રાપ્ત થયેલા દેહોમાં મનની સાથે જીવ પણ પ્રવેશ કરે છે, અને આત્મામાં જેમ દેહનો અધ્યાસ થવાથી દુર્બળતા તથા સ્થૂળતા વિગેરે દેહના ધર્મ જણાય છે તેમજ દેહમાં આત્માનો અધ્યાસ થવાથી પ્રેમાદિ આત્માના ધર્મ સ્ફુરાયમાન થતા જોવામાં આવે છે. આમ હોવાથી રાજાનો તથા સૂવરનો દેહ સમાન છે. બેઉકાળે તે તે દેહ પ્રિય હોય છે માટે મૃત્યુ ટાળવાનો ઉપાય કરવો એ મિથ્યા છે. ૪૩ આત્માનું કલ્યાણ ઇચ્છનારે કોઇનો પણ દ્રોહ કરવો નહિ; કારણ કે દ્રોહીને શત્રુનો અવશ્ય ભય છે. ૪૪ માટે હે કંસ! આ તારી નાની બેન બિચારી બાળા, દીન અને કાષ્ટની પુતળી જેવી છે, તેને તારા જેવા દીનદયાળુએ મારી નાખવી એ ઘટતું નથી. ૪૫

શુકદેવજી કહેછે—આ પ્રમાણે સામ તથા ભેદથી સમજાવવા છતાં પણ તે રાક્ષસોની

રીતિએ ચાલનારા ક્રૂર સ્વભાવના કંસે દેવકીને મૂકયાં નહિ. ૪૬ દેવકીને મારી નાંખવાનો નિશ્ચય કરેલા કંસને જોઇને વસુદેવજીએ સમય વિચારી પોતાના મનમાં નીચે પ્રમાણે નિશ્ચય કર્યો. ૪૭ "જ્યાં સુધી બુદ્ધિ પહોંચે ત્યાં સુધી બુદ્ધિમાન પુરૂષે મૃત્યુને અટકાવવાનો યત્ન કરવો જોઇએ. ઉપાય કર્યા છતાં પણ ન અટકાવી શકાય તો તેમાં પુરૂષનો અપરાધ ગણાતો નથી. ૪૮ છોકરાંઓને મારવા આપવાની શરતે પણ હવે મ રે આ દીન દેવકીને મરણથી છોડાવવી જોઇએ. છોકરાં થયા પછી જે થવાનું હશે તે થશે, પરંતુ હાલ તો દેવકીના પ્રાણ બચાવવા એ કર્તવ્ય છે. દેવકીને પુત્ર થાય એટલામાં કદાપિ કંસનો-જ કાળ આવી જાય, અને કદાપિ કંસ જીવતો હોય અને પુત્રથીજ તેનું મરણ થાય એમ વિપરીત પણ કેમ ન બને ? ઇશ્વરની ગતિ ન્યારીજ છે. કોણ જાણે છે કે કાલે શું થશે ? હાલ મારે કરવું જોઇએ તે એજ કે દેવકીના મસ્તક ઉપર આવેલા મરણને અટકાવવા યત્ન કરવો; તેમ છતાં તેનો કાળ થશે તો મારો અપરાધ ગણાશે નહિ. હાલ દેવકી બચે અને તેના આઠમા ગર્ભથી કંસનો કાળ આવે એમ પણ કેમ ન બને? કારણ કે પ્રાણિઓનું અદૃષ્ટ વિચારમાં આવવું એ પણ કઠિણ છે. ૪૯-૫૦ વનમાં વૃક્ષોને અને ગામમાં ગૃહોને બાળતો અગ્નિ પાસેની વસ્તુ મૂકી દૂરની વસ્તુને બાળી* મૂકેછે. તેમ પ્રાણિઓના જન્મ મરણનું અદૃષ્ટ પણ પાસેનું રહેવા દઇ દૂરનાને લઈ જાય છે અને તે પ્રથમથી કળવામાં આવતું નથી, " ૫૧ આવી રીતે બુદ્ધિ પહે ચાડી તથા વિચાર કરીને વસુદેવજીએ તે પાપી કંસને બહુ માન આપી શાંત પાડવાનો વિચાર કર્યો. ૫૨ પછી મનમાં ખેદ છતાં પ્રસન્ન મુખ રાખીને વસુદેવજી તે ક્રૂર કંસને આ પ્રમાણે કહેવા લાગ્યા. ૫૩

વસુદેવજી કહેછે—હે શતોગુણી! આકાશવાણીએ તને જે ભય બતાવ્યો છે તે ભય તારે રાખવો નહિ. કારણ કે જે પુત્રનો તને ભય લાગ્યો છે તે દેવકીના પુત્રો હું તને આપી દઇશ. ૫૪

શુકદેવજી કહેછે—વસુદેવનાં આવાં વાકય સાંભળીને કંસે દેવકીને છોડી મૂકયાં એટલે પ્રસન્ન થયેલા વસુદેવજી પણ તેનાં વખાણ કરી દેવકીની સાથે પોતાને ઘેર ગયા. ૫૫ પછી વર્ષ વર્ષને આંતરે દેવતારૂપ દેવકીએ એક પછી એક, એમ આઠ પુત્ર અને એક પુત્રીને જન્મ આપ્યો. ૫૬ જ્યારે પ્રથમ ગર્ભે અવતરીને કીર્તિમાન નામનો પુત્ર આવ્યો, ત્યારે સત્યવાદી વસુદેવ મનથી ખિન્ન છતાં પણ તે પુત્રને લઇને કંસને આપી આવ્યા. ૫૭ સત્યવાદી પુરૂષો કંઇપણ સહન કરતા નથી, વસુદેવે એજ રીતે પોતાના પુત્રને મૃત્યુના મુખમાં મૂકયો, ઇશ્વર સિવાય બીજું કંઇ સત્ય નથી એમ સમજનારને કોઇ વાતની અપેક્ષા રહેતી નથી. વસુદેવજી આવા

---

* આ વાતપર એક દૃષ્ટાંત છેઃ—એક ભકત મંદિરમાં બેઠો બેઠો હનુમાનજીની પૂજા કરતો હતો. તે વખત ગામમાં મોટી આગ લાગી, સેંકડો ઘરનું સત્યાનાશ વાળતી તે આગ પેલા ભકતના ઘર નજીક આવી પહોંચી, ત્યારે લોકોએ તેને પૂજા છોડી દઇ આગ બુઝવવાને તથા ઘરમાંથી સરસામાન કાઢી લેવાનું કહ્યું. ત્યારે તે બોલ્યો કે—જેની હું પૂજા કરૂં છું તે શું આગ નહી બુઝાવી શકે ? અને મારૂ ઘર નહી બચાવી શકે? એનું નામ પવન પુત્ર છે, તે શું પોતાના પિતાને નહીં સમજાવી શકે? જેની હુ ઘણાં વરસથી સેવા કરૂં છુ તે મારૂં કામ એક ઘડીવાર પણ નહી કરે ! તેણે—

કવિત.

લંકાકો જરાયો ઔર સીતાકો બચાય દિયો,
આંચ નાંહિ આઇ બિભિષનકે મકાનકો; લગતેહી
શકિત જબ લક્ષ્મણ ગિરે પૃથ્વીપર, ઔષધિકો ભેજે
રામ હનુમત બલવાનકો; મિલી ના સજીવન જબ
પર્વત ઊઠાય લાયે, લક્ષ્મણકો જીવાયો શિર નાયો
ભગવાનકો; દુષ્ટનકે ભક્ષક ઔર રક્ષક હરિભકતનકે
મોકો તો ભરોસો ઉન વીર હનુમાનકો. ૧

એજ વખતે પૂર્વ તરફનો પવન હતો તે પશ્ચિમ તરફનો થઇ ગયો: અને એ ભક્તનું ઘર બચી ગયું. માટે ધાર્યું ધણીનું થાય છે ને વિચાર્યું વાયે જાય છે.

સ્વભાવના હતા તેથી તેમણે પોતાના પુત્રને લાડ લડાવવાની ઉપેક્ષા કરી. દુષ્ટ માણસ ન કરે એવું કંઇ છેજ નહિ, એટલે 'હું પોતે પુત્રને આપવા જઇશ તો કંસ તેને મારશે નહિ' એમ વસુદેવે મનમાં પણ ધાર્યું નહોતું. જેમણે શ્રીહરિને પોતાનું ચિત્ત અર્પણ કરેલું છે તેમને આ જગતમાં કંઇપણ અત્યાજ્ય છેજ નહિ, તેથી દેવકીએ પણ પહેલા ખોળાના પુત્રને મરણ માટે આપ્યો અને વસુદેવજીએ લાવી કંસને અર્પણ કર્યો. ત્યારે તેમની સત્યતા અને સમતાથી પ્રસન્ન થયેલા કંસે હસતાં હસતાં તેમને કહ્યું કે; "વસુદેવ! આ પુત્રને તમે પાછો લઇ જાઓ, કારણ કે એનાથી મને ભય નથી. તમારા આઠમા પુત્રથીજ મને મૃત્યુનો ભય છે તે પુત્ર મને આપજો." ૫૮–૬૦ વસુદેવજી 'વારૂ એમ કરીશ' એમ કહી કીર્તિમાનને લઇ ઘેર આવ્યા,પરંતુ દુષ્ટ અને પરાધીન મનના કંસના કહેવા ઉપર વિશ્વાસ રાખ્યો નહિ. ૬૧ આવી કંસની શાંતિ દેવતાઓના કાર્યને અનુકૂળ નહોતી તેથી વસુદેવના ગયા પછી નારદજીએ કંસની પાસે આવીને કહ્યું કે,"હે રાજન્! ગોપકુળના નંદાદિગોપ, તેમની સ્ત્રીઓ, તથા યદુ કુળના વસુદેવાદિક યાદવો, દેવકી આદિક સ્ત્રીઓ, જ્ઞાતિ બંધુઓ અને જેઓ સ્નેહી થઇ તમને અનુસરે છે તે સર્વે દેવતા રૂપ છે, અને તેઓ ભૂમિનો ભાર ઉતારવાને જન્મેલાં છે. ૬૨–૬૪ આમ કહી નારદજી ગયા. ત્યાર પછી યાદવોને દેવતા માની દેવકીથી વિષ્ણુ જન્મશે એમ ધારને કંસે વસુદેવ દેવકીના પગમાં બેડીઓ નાંખી કેદ કર્યાં અને એક પછી એક તેમના પુત્રોને મારતો ગયો. ૬૫–૬૬ પોતાના લોભને તૃપ્ત કરનારા રાજાઓ મા. બાપ, બંધુ અને સંબંધીઓને પણ મારી નાંખે છે. ૬૭ પૂર્વે હું કાળનેમિ હતો અને વિષ્ણુએ મારી નાંખ્યો હતો તેજ પાછો હું અહીં જન્મેલો છું' એમ જાણીને કંસ યાદવોની સાથે વિરોધ રાખતો હતો. ૬૮ મહાબળવાન કંસ, યદુ ભોજ અને અંધકકુળના સ્વામી એવા પોતાના પિતા ઉગ્રસેનને કેદ કરીને પોતે શૂરસેન દેશનું રાજ્ય કરવા લાગ્યો. ૬૯

उग्रसेनं च पितरं यदुभोजान्धकाधिपम् ।
स्वयं निगृह्य बुभुजे शूरसेनान् महाबलः ॥६९॥

ઇતિ શ્રી ભાગવત પુરાણના દશમસ્કંધ પૂર્વાર્ધમાં "શ્રી કૃષ્ણાવતારોપક્રમ" નામનો પહેલો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૨ જો.

દેવકીના ગર્ભમાં રહેલા શ્રી કૃષ્ણ ભગવાનની દેવોએ કરેલી સ્તુતિ.

शुक उवाच.

प्रलम्बबकचाणूरतृणावर्तमहाशनैः ।
मुष्टिकारिष्टद्विविदपूतनाकेशिधेनुकैः ॥१॥

શ્રીશુકદેવજી કહે છે કે હે પરીક્ષિત! પ્રલંબાસુર, બક, ચાણૂર, તૃણાવર્ત, અઘાસુર, મુષ્ટિક, અરિષ્ટ, દ્વિવિદ, પૂતના, કેશિ, ધેનુક, બાણાસુર અને નરકાસુર વગેરે રાક્ષસોની સાહાય્યથી ઉન્મત્ત થયેલો કંસ યાદવોનું નિકંદન કરવા લાગ્યો. ૧–૨ તેથી ભય પામીને તેઓ કુરૂ, પાંચાલ, કેકય, શાલ્વ, વિદર્ભ, નિષધ, વિદેહ અને કોશલ વગેરે દેશોમાં નાશી ગયા. અને કેટલાક તેને અનુસરીને તેની સેવામાં રહ્યા. દેવકીના છ પુત્રોને કંસે મારી નાખ્યા. ૪ ત્યાર પછી અનંત (શેષ) ભગવાન સાતમા ગર્ભરૂપે શ્રીદેવકીના ગર્ભમાં આવ્યા. અનંત વિષ્ણુના અંશ હોવાથી સાતમા ગર્ભથી દેવકીને આનંદ અને શોક થયો. ૫ યાદવોના ઉપર પડતું કંસ તરફનું દુઃખ જોઇને તેમના નાથ અને વિશ્વાત્મા એવા શ્રીવિષ્ણુ ભગવાને યોગમાયાને કહ્યું કે, ૬ 'હે દેવિ! હે ભદ્રે! ગોપ અને ગાયોથી શોભાયમાન વ્રજમાં તું જા. નંદજીના ગોકુળમાં વસુદેવની સ્ત્રી રોહિણી તથા બીજી સ્ત્રિયો કંસથી ડરીને ગુફાઓમાં ગુપ્ત રહે છે. ૭ દેવકીજીના ગર્ભમાં મારા અંશરૂપે શેષનાગ આવેલા છે તેમને ત્યાંથી કાઢીને રોહિ

ણીના ગર્ભમાં મુકી દે. ૮ હે શુભે! હું પણ મારા અંશ ભાગવડે દેવકીને પેટે જન્મ ધરીશ અને તું નંદરાયના રાણી યશોદાજીને પેટે પુત્રી થઇને અવતરજે. ૯ સર્વ કામનાને પુરનાર એવાં તમને લોક ધૂપ, ઉપહાર અને બલિથી પુજશે અને જગતમાં તેઓ તમારાં જુદાં જુદાં નામ પાડી અનેક સ્થાનકો બંધાવશે. ભદ્રકાળી, વિજયા, વૈષ્ણવી, કુમુદા, ચંડિકા, કૃષ્ણા, માધવા, કન્યકા, માયા, નારાયણી, શારદા અને અંબિકા વગેરે તમારાં નામ પડશે ૧૦-૧૨ તમે દેવકીનો ગર્ભ આકર્ષીને રોહિણીના ઉદરમાં મૂકશો તેથી તે જગતમાં સંકર્ષણ કહેવાશે. વળી તે લોકને આનંદ આપનાર હોવાથી રામ, અને બળવાન હોવાથી બળદેવજી કહેવાશે' ૧૩ આ રીતે શ્રીવિષ્ણુની આજ્ઞા થતાં માયા તેમની પ્રદક્ષિણા કરીને પૃથ્વી ઉપર આવ્યાં અને વિષ્ણુની આજ્ઞા પ્રમાણે કર્યું. ૧૪ જ્યારે ભગવતી યોગમાયાએ દેવકીજીના ગર્ભનું આકર્ષણ કરી લીધું ત્યારે 'અરેરે દેવકીને બિચારીને કસુવાવડ થઇ, એમ લોકમાં દયાર્દ્ર વચન નીકળતાં સંભળાયાં. ૧૫ ભક્તજનને અભય કરનાર ભગવાન અંશભાગે કરીને વસુદેવજીના મનમાં પ્રવેશ્યા. ૧૬ ભગવાનના અંશ ભાગ આવવાથી વસુદેવજી પ્રાણીઓથી પાસે જઇ શકાય નહિ એવા પ્રચંડ તથા સૂર્યની પેઠે તેજસ્વી લાગવા માંડ્યા. ૧૭ પછી સકળ જગત્ જેને વિષે રહેલું છે એવા જગત્ મંગળ વિષ્ણુના અંશને વસુદેવજી ધારણ કરતાં દેવી દેવકીએ પણ વસુદેવથી શ્રી ભગવાનના અંશને પોતાના ગર્ભમાં ધારણ કર્યો, અને તેથી તે આનંદકારી ચંદ્રને ધારણ કરવાથી જેમ પૂર્વ દિશા શોભે તેમ શોભવા લાગ્યાં. ૧૮ સર્વ જગતના નિવાસ રૂપ ભગવાનનાં નિવાસભૂત થયા છતાં પણ ઘડામાં રહેલી દીપક જ્યોતિની તથા ખળ પુરૂષમાં રહેલી સદ્વિદ્યાની માફક દેવકીજી શોભતાં નહોતાં. ૧૯ કારણ કે તે કંસના કારાગૃહમાં પડેલાં હતાં. સુંદર હાસ્યવાળાં દેવકીજીનું તેજ ભરનને શોભાવતું જોઇ કંસને ભય લાગ્યો અને તેણે મનમાં વિચાર કર્યો કે, 'અવશ્ય દેવકીજીના ગર્ભમાં મારો નાશ કરનાર આવી મૂક્યો છે, કેમકે પહેલાં તે આટલી બધી તેજસ્વી જણાતી નહોતી. ૨૦ હવે મારે શું કરવું તે સુઝતું નથી, પરંતુ હમણાં તેનો નાશ કરીને મારે મારાં પરાક્રમને લાજ લગાડવા ઘટતી નથી. દેવકી ગમે તેવી તોપણ મારા બેન, સ્ત્રીજાત અને વળી સગર્ભા છે, માટે જો હું તેને હમણાં મારીશ તો તેથી મારી કીર્તિનો અને આયુષ્યનો તરતજ નાશ થશે. ૨૧ જે માણસ ઘણુંજ ક્રૂર કર્મ કરે છે તે જીવતાં છતાં મુએલો ગણાય છે અને તે માની પુરૂષને જગત પણ કહે છે કે 'આ માનીનો મરણ પછી મહા નરકમાં વાસ થશે.' ૨૨ શ્રી હરિની સાથે વેરભાવ રાખનાર કંસ દેવકીને મારવાને સમર્થ છતાં આ પ્રમાણે પોતાના મનમાં વિચાર કરીને વિષ્ણુના જન્મની વાટ જોવા લાગ્યો. સુતાં, બેસતાં, ઉઠતાં અને હરતાં ફરતાં તે ભગવાનનુંજ રાત દિવસ સ્મરણ કરતો આખા જગતને તે હરિમય જોવા લાગ્યો. ૨૩-૨૪ પછી ભગવતી દેવકીજીના ગર્ભમાં આવેલા શ્રી વિષ્ણુના અંશની બ્રહ્મા, દેવતાઓ અને મુનિઓ આકાશ માર્ગે કારાગૃહ ઉપર આવીને નીચે પ્રમાણે ગર્ભસ્તુતિ કરવા લાગ્યા. ૨૫

દેવતાઓ સ્તુતિ કરે છે.

હે સત્ય સંકલ્પવાળા, સત્ય છે સાધન જેનું એવા, ત્રણેકાળે જેમની સત્યમાંજ સ્થિતિ છે એવા, સત્યને વિષે રહેનારા, સદા સર્વદા સત્યરૂપજ રહેનાર હે વિભો! અમે તમારે શરણે આવ્યા છીએ. ૨૬ આ દેહ બ્રહ્માંડરૂપ આદિ વૃક્ષ આપના માયાથી ઉત્પન્ન થઇ આપનાજ આશ્રયે રહે છે, તેમાં સુખ અને દુઃખરૂપી બે ફળ છે; રજ, તમ અને સત્વ એ ત્રણ ગુણ એનાં મૂળ છે; ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપી ચાર રસ છે, ઇન્દ્રિયો રૂપી પાંચ અંકુર છે; રાગ, દ્વેષ, લોભ, મોહ, પિપાસા અને ક્ષુધારૂપી છ સ્વભાવ છે, લોહી, માંસ, મેદ, સ્નાયુ, અસ્થિ,

મજ્જા, અને શુક્ર એ સાત ધાતુઓ રૂપી છાલ છે; પંચભૂત, મન, બુદ્ધિ અને અહંકાર રૂપી આઠ એની શાખાઓ છે; બે નેત્ર, બે કાન, બે નસકોરાં, અને ઊપસ્થ રૂપી નવ છિદ્રો છે; પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન, સમાન, નાગ, કૂર્મ, કૃકલ, દેવદત્ત અને ધનંજયરૂપી દશ પાંદડાં છે; અને જીવ તથા ઇશ્વરરૂપી બે પક્ષીઓનો જેમાં વાસ છે એવા દેહરૂપી આદિ વૃક્ષની ઉત્પત્તિ તમારાથીજ થયેલી છે; તેની સ્થિતિ તમારા વડેજ છે અને તેનો લય પણ તમારામાંજ થાય છે એટલે આ જગત તમારાથી જુદું નથી, પણ તમેજ જગત (બ્રહ્માંડ) મય છો. જેના ચિત્ત ઉપર માયાનું આવરણ ફરી વળેલું હોય છે તેજ પુરૂષ બ્રહ્માંડને તમારાથી અતિરિક્ત દેખે છે. જ્ઞાની તો સર્વત્ર વિષ્ણુમય જગતને જુવે છે. ૨૭-૨૮ તમેજ સદ્ધર્મિયોને સુખ આપનારા, અને અધર્મિયોનો નાશ કરનારા સત્વગુણથી ઉત્પન્ન થતા અવતાર સ્થાવર જંગમ જગતના કલ્યાણને માટે ધરો છો. ૨૯ હે કમળનયન! સમાધિવડે તમારાં ચરણ કમળમાં ચિત્ત પરોવીને રહેનારા મહાત્મા પુરૂષો આ ભવસાગરને ગાયના વાછડાના એક પગલામાં ભરાયલા પાણી જેવો ગણી તરી શકે છે. ૩૦ હે દેવના દેવ! આપના ચરણ કમળરૂપ નાવનો અને મહાત્માઓનો બીજો પણ પ્રભાવ અવર્ણનીય છે. મહાત્માઓ મહા ભયંકર અને ન તરી શકાય એવો આ સંસારરૂપી સાગર તમારા ચરણકમળરૂપ નાવથી તરી જવા છતાં પણ તે નાવ આ કિનારે મૂકી ગયેલા છે. ૩૧ હે કમળનયન! બીજા કેટલાક માની પુરૂષો 'અમે મુક્ત છીએ.' એવા અભિમાનથી ભક્તિથી વિમુખ રહેછે, અશુદ્ધ ચિત્ત રહે છે અને તમારા ચરણકમળનો અનાદર કરે છે, તેથી સત્કુળ અને સત્વશાસ્ત્ર પામેલા છતાં પણ ભવતારણમાં વિફળ થાય છે. ૩૨ હે માધવ! જેઓ તમારામાં પ્રેમ રાખી રહેલા છે તે દુષ્ટાત્માઓની પેઠે સ્વમાર્ગથી ભ્રષ્ટ થતા નથી, પરંતુ તમારા રક્ષણમાં રહેલા તેઓ મોટાં વિઘ્નોનાં માથાંપર પગ મૂકીને ચાલ્યાં જાય છે. ૩૩ પ્રાણીઓને સારા કર્મનાં ફળ આપવાને સારૂ તમે જગતની રક્ષા કરતી વેળા શુદ્ધ સત્વગુણથી અવતાર ધરો છો. એ સત્વ ગુણમય અવતારના શરીરને ઉદ્દેશીને વેદક્રિયાઓ, યજ્ઞયાગાદિ, તપશ્ચર્યા અને સમાધિવડે અનુક્રમે બ્રહ્મચારીઓ, ગૃહસ્થો, વાનપ્રસ્થો, અને સન્યાસિઓ તમને ભજે છે. ૩૪ જો તમે અવતાર ન ધરો તો પૂજનના અભાવે કર્મ ફળની સિદ્ધિ ન થાય. આપનો સત્વગુણમય અવતાર ન હોય તો અજ્ઞાન ટાળનાર વિજ્ઞાનનો પણ નાશ થાય. બુદ્ધિ વગેરે અદૃશ્ય જેનાવડે જણાય છે તેવા આપ જો અવતાર ન ધારણ કરતા હો તો તે જણાય નહિ અને આપ દૃષ્ટિગોચર થાઓ નહિ; એટલે અજ્ઞાન બાહ્યેંદ્રિયોથી આપનું સ્વરૂપ જાણવામાં આવે નહિ. આપનું સ્વરૂપ બાહ્યેંદ્રિયને અગોચર છે તેમ છતાં પણ જ્ઞાનીઓ ઉપાસનામાં તેને સાક્ષાત્ દેખી શકે છે, એ તમે આપેલી બુદ્ધિનો પ્રભાવ છે. ૩૫-૩૬ જે માણસ હરતાં, ફરતાં, બોલતાં ચાલતાં આપના ચરણકમળમાં ચિત્ત રાખે છે તેને પુનર્જન્મ થતો નથી. ૩૭ હે વિષ્ણુ! તમારો આ અવતાર થયો તે સારૂ થયું, કારણ કે તેથી પૃથ્વી ઊપરનો ભાર ઊતરી જશે. આપનાં શોભાયમાન ચરણથી અંકિત થયેલી ભૂમિને તથા સ્વર્ગને જોઇને અમે પ્રસન્ન થઇશું. ૩૮ આપ અજન્મા છો તેમ છતાં માત્ર લીલાને માટેજ જન્મ ધરો છો એમ અમે ધારીએ છીએ; નહિતો આપનો જન્મ ક્યાંથી સંભવે? પ્રાણીઓને જન્મ, જીવન અને મરણ થાય છે, તે આપના સ્વરૂપના અજ્ઞાનથીજ થાય છે ૩૯ હે પ્રભુ! મત્સ્ય, અશ્વ, કચ્છપ, નૃસિંહ, વરાહ, રાજા, વિપ્ર અને દેવતાઓમાં અવતાર ધરીને આપે જેમ બીજા કાળોમાં ત્રિભુવનની રક્ષા કરી છે તેવી રીતે આ અવતારમાં અમારી રક્ષા કરો અને પૃથ્વીનો ભાર ઊતારો, તે માટે અમે તમને વંદન કરીએ છીએ. ૪૦ (દેવકી પ્રતિ કહે છે) હે

માતા! તમારા કલ્યાણને માટે તમારા ઉદરમાં સર્વાંશપૂર્ણ શ્રી પરમપુરૂષ આવેલા છે માટે તમે કંસનો ડર રાખશો નહિ. આ તમારા પુત્ર રૂપ થયેલા શ્રીવિષ્ણુ હવે યાદવોનું રક્ષણ કરશે. ૪૧

શુકદેવજી કહે છે—જેનું રૂપ પણ સમજી ન શકાય તથા જણાય નહિ એવા શ્રી વિષ્ણુની ગર્ભ સ્તુતિ કર્યા પછી બ્રહ્મા તથા શિવને આગળ કરીને દેવતાઓ પાછા સ્વર્ગમાં પધાર્યા. ૪૨

इत्यभिष्टूयपुरुषं यद्रूपमनिदं यथा ॥
ब्रह्मेशानौ पुरोधाय देवाः प्रतिययुर्दिवम् ॥४२॥

ઇતિ શ્રીમદ્‌ભાગવતના દશમસ્કંધ પૂર્વાર્ધમાં "બ્રહ્માદિકે કરેલી ગર્ભસ્તુતિ" નામે બીજો અધ્યાય સંપુર્ણ.

અધ્યાય ૩ જો.

શ્રી કૃષ્ણનો જન્મ અને તેમનું ગોકુળમાં પધારવું.

શુક उवाच.

अथ सर्वगुणोपेतः कालः परमशोभनः ॥
यर्ह्येवाजनजन्मर्क्षं शान्तर्क्षग्रहतारकम् ॥१॥

શ્રી શુકદેવજી કહે છે—પછી જ્યારે સર્વ ગુણવાળો અને અત્યંત શોભાયમાન સમય આવ્યો, ચંદ્ર રોહિણી નક્ષત્રમાં આવ્યો, ગ્રહો તથા તારા અનુકૂળ થયા, દિશાઓ અને આકાશ સ્વચ્છ થયાં તથા નક્ષત્રો પૂર્ણ પ્રકાશવા લાગ્યાં, રાજનગરીઓ, ગ્રામો, વ્રજ, અને ખાણો વગેરે સ્થાનોમાં મંગળ વર્તાઇ રહ્યાં, નદીઓમાં નિર્મળ જળ વહેવા માંડયાં, જળાશયોમાં કમળની શોભા જામી રહી, વન વજીફાઓમાં પુષ્પ ઉપર ભ્રમરો અને શાખાઓમાં પક્ષીઓ કલ્લોલ કરવા લાગ્યાં, શીતળ સુગંધીવાળો મંદમંદ વાયુ વાવા લાગ્યો. હોત્રીઓના શાંત અગ્નિ સારી રીતે પ્રજ્વલિત થયા, કંસ તથા તેના સાથીતો સિવાય ચરાચર જગત અને દેવતાઓ આનંદમાં આવ્યા, સ્વર્ગમાં મંગળ સૂચક દુંદુભિ વાગવા માંડયાં, ગંધર્વ અને કિન્નરો મુરજ ઉપર તાલ દઇને ગાવા લાગ્યા, સિદ્ધ અને ચારણો સ્તુતિપાઠ કરવા લાગ્યા, વિદ્યાધરીઓ અને અપ્સરાઓ નૃત્ય કરવા લાગી, દેવતાઓ અને ઋષિઓ પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા, સમુદ્રની પછવાડે મંદમંદ મેઘની ગર્જના થવા લાગી, ચારે તરફ ઘોર અંધારૂં છાઇ રહ્યું, અને માર્ગ મનુષ્યની આવજાથી શાંત પડયા. ત્યારે—મધ્ય રાતે પૂર્વ દિશામાં ચંદ્રનો ઉદય થયો અને દેવતારૂપ દેવકીજીથી સર્વના ઇશ્વર શ્રીકૃષ્ણ પરમાત્માનો જન્મ થયો. ૧-૮ આ બાળકને જ્યારે વસુદેવ જોવા આવ્યા ત્યારે તે તેમને અદ્‌ભુત બાળક જેવો જણાયો. તેનાં નેત્ર કમળ જેવાં હતાં, ચાર હાથ હતા તેમાં તેણે શખ, ચક્ર, ગદા અને પદ્મ ધારણ કરેલાં હતાં, તેના વક્ષઃસ્થળમાં શ્રીવત્સનું ચિન્હ હતું, કંઠમાં કૌસ્તુભમણિ શોભી રહેલો હતો, પીળાં વસ્ત્ર ધારણ કરેલાં હતાં અને શરીર નવા મેઘના જેવું શ્યામ હતું. વૈદુર્ય મણિનાં કુંડળ અને મુગટ ધારણ કરેલાં હતાં, લલાટ ઉપર કેશ પ્રકાશતા હતા, કંદોરો, બાજુબંધ અને કડાં વગેરે અલંકારો ધારણ કરેલા હતા. ૯-૧૦ જ્યારે આવો બાળક વસુદેવની નજરે પડયો ત્યારે તેમણે ધાર્યું કે આ સાક્ષાત્ પરમપુરૂષ આવેલા છે. આ સમયે તેમણે દશ સહસ્ત્ર ગૌદાનનો મનમાં સંકલ્પ કર્યો. ૧૧ આખા સૂતિકાગૃહને શોભાવતા પોતાના પુત્રને પરમપુરૂષ ધારીને શુદ્ધ ગતિવાળા વસુદેવજીએ મસ્તક નમાવી તથા હાથ જોડીને તેમની નીચે પ્રમાણે સ્તુતિ કરી. ૧૨

વસુદેવ સ્તુતિ કરે છે.

હે પ્રભો! બુદ્ધિના સાક્ષી, માત્ર અનુભવ, તથા આનંદજ જેનું સ્વરૂપ છે એવા, પ્રકૃતિથીપર આપ પરમપુરૂષ છો. ૧૩ આપ માયાથી રચાયલા ત્રિગુણાત્મક જગતમાં ર-

હેલા ન છતાં તેમાં રહેલા હો તેવા દેખાઓ છો. ૧૪ મહત્તત્વ, અહંકાર અને શબ્દાદિક પંચતન્માત્રાઓ જુદાં જુદાં હોય તો કઇપણ કરવાને સમર્થ નથી તે પંચભૂત,પંચજ્ઞાનેંદ્રિય અને પંચઆંતરેંદ્રિય તથા મન એ સોળવિકારો સાથે મળીને બ્રહ્માંડને ઉત્પન્નકરેછે,પરંતુ બ્રહ્માંડના રચનમાં તે જણાતું નથી તેમ આપ પણ સર્વના કર્ત્તા છતાં અગોચરજ રહો છો. ૧૫-૧૬ રૂપાદિકના જ્ઞાન પરથી ઇંદ્રિયોના સ્વરૂપનું અનુમાન થાયછે તેમાં આપ રહેલ છો, તથાપિ ઇંદ્રિયોથી આપ ગ્રહણ થઇ શકાતા નથી. સર્વરૂપ, સર્વાત્મા, સર્વવ્યાપક અને પરમાર્થ વસ્તુ સમાન આપ માપ રહિત છો. આપના સ્વરૂપમાં બ્રહ્માંતર ભેદ નથી તો પછી કાર્યોમાં આપનો પ્રવેશ કેમ સંભવે ? ૧૭ દેહ વગેરે ગોચર પદાર્થો આત્માથી જુદા છે એમ જાણનારને મૂર્ખ ધારવો; કારણ કે દેહ એ તો નામ માત્ર પદાર્થ છે, બીજું કંઇજ નથી. જે વસ્તુ અસત્ય છે તેને સત્ય અને નિત્ય માનનાર માણસને મુર્ખ જાણવો. ૧૮ આપ નિર્ગુણતાથી ક્રિયારહિત,અને ક્રિયા રહિતત્વથી નિર્વિકાર છો. તેમ છતાં તમારાથી આ બ્રહ્માંડનાં ઉત્પત્તિ, સ્થિતિ અને લય થાય છે. પરમ બ્રહ્મતાને લીધે, નિર્વિકાર અને ઇશ્વરત્વને કર્ત્તા પણ આપજ છો, આપનામાં ઉક્ત વિષયોનો કંઇપણ વિરોધ નથી, સેવકના કાર્યનો જેમ રાજામાં આરોપ કરવામાં આવે છે તેમ ગુણો સૃષ્ટિ રચે છે તેમ છતાં આપ ગુણોના આશ્રય હોવાથી તેનો આપનામાં આરોપ થાય છે. ૧૯ આપ જગન્નિર્માણસમયે રજોગુણથી રાતોવર્ણ ધારણ કરોછો, સૃષ્ટિના પાલન કાળે શ્વેત વર્ણ ધારણ કરો છો અને પ્રલય સમયે કૃષ્ણ વર્ણ ધારણ છો. ૨૦ આપ આ જગતની રક્ષા કરવાને માટે મારે ઘેર જન્મ્યા છો. હવે તમે મોટી સેનાઓવાળા અને ભૂમિને ભારે મારનારા કરોડો રાજાનો નાશ કરશો. ૨૧ હે દેવેશ્વર ! આપનો જન્મ થયાનું આકાશવાણીમાં સાંભળી આ દુષ્ટ કંસે તમારા મોટા ભાઇઓને જન્મતાં વાંતજ મારી નાંખ્યા છે, અને તમારો જન્મ થયાની વાત ચોકીદારોથી સાંભળીને તે શસ્ત્ર લઇ આપનો નાશ કરવાને માટે હમણાં અહીં આવશે. ૨૨

શુકદેવજી કહે છે—પછી મહાપુરૂષનાં ચિન્હવાળા પોતાના પુત્રને જોઇ સુંદર હાસ્ય વાળાં દેવકીજી કંસથી ભય પામતાં તેમની નીચે પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યાં. ૨૩

દેવકીજી સ્તુતિ કરે છે—બુદ્ધિનો પ્રકાશ કરનારા આપ સાક્ષાત્ વિષ્ણુ છો. આપ કારણરૂપ, અપ્રકટ, ચૈતન્યરૂપ, નિર્ગુણ, નિર્વિકાર, સત્તામાત્ર, ક્રિયા અને વિશેષ રહિત છો. ૨૪ બ્રહ્માના પરાર્ધમાં જ્યારે બ્રહ્માંડનો લય થાય છે ત્યારે પંચમહાભૂત તેમની તન્માત્રાઓમાં લય પામે છે અને તન્માત્રાઓ પ્રધાનમાં લય પામે છે. એ પ્રધાનને જાણનાર તમેજ માત્ર લયમાં પણ અવશેષ રહો છો. ૨૫ હે પ્રકૃતિપ્રવર્તક ! નિમેષ જેનો પ્રારંભ અને વર્ષ જેનો અંત છે એવા કાળની આવૃત્તિઓથી જગતની આવૃત્તિઓ થાય છે તે કાળ પણ આપની લીલા માત્ર છે. આપ અભય આપનાર હોવાથી હું શરણે આવેલી છું. ૨૬ હે પુરાણ પુરૂષ ! કાળરૂપ સર્પના ભયથી ત્રાસ પામેલા લોકને કોઇપણ ઠેકાણે અભય સ્થાન મળતું નથી, પરંતુ જો ભવિષ્યના અને ભાગ્યોદયના પ્રતાપે તે આપના ચરણ કમળને આશ્રયે આવે તો ત્યાં તેને અભય મળે છે, એટલુંજ નહિ, પણ કાળરૂપ સર્પ તેનાથી દૂર નાશી જાય છે ૨૭ અમે કંસથી ત્રાસ પામેલાં છીએ માટે આપ અમારી રક્ષા કરો. આપ ભક્ત ત્રાતા અને ભક્તજ્ઞ છો. ધ્યાન ધરવા રૂપ આપના સ્વરૂપને તમે ચર્મ ચક્ષુવાળા દુષ્ટોની આગળ પ્રકટ કરશો માં. ૨૮ હે પ્રભો ! એ દુષ્ટ કંસ મારાથી આપનો જન્મ થયાનું જાણશે નહિ; કારણ કે, હું અધીર ચિત્તવાળીએ દુષ્ટના કર્તવ્યથી ઉદ્વેગ પામું છું. ૨૯ હે વિશ્વાત્મા ! શંખ, ચક્ર, ગદા અને પદ્મધારી આપનું અલૌકિક ચતુર્ભુજ સ્વરૂપ હવે આપ સમાવી દો. ૩૦ આપ જે આખા બ્રહ્માંડના રચનાર છો તે મારા ઉદરમાં રહ્યા તેની લોકો મશ્કરી કરશે, માટે આપે આ

સ્વરૂપનું અંતર્ધ્યાન કરી મનુષ્ય રૂપ ધારણ કરવું ઘટે છે. ૩૧

શ્રી ભગવાન કહે છે—હે સતિ ! પૂર્વ જન્મમાં એટલે સ્વાયંભૂવ મન્વન્તરમાં તમે પૃશ્નિ, અને વસુદેવ સુતપા નામે પ્રજાપતિ હતા. ૩૨ જ્યારે બ્રહ્માએ પ્રજાની સૃષ્ટિ ઉત્પન્ન કરવ ને તમને કહ્યું, ત્યારે તમે ઇંદ્રિય સંયમ રાખી મોટી તપશ્ચર્યા કરવા લાગ્યાં. ૩૩ તાપ, વરસાદ તથા ટાઢ વગેરે કાળના ધર્મને સહન કરતાં પ્રાણાયામથી તમે તમારૂં મન શુદ્ધ કર્યું. અને પાંદડાં તથા પવનનું ભક્ષણ કરીને તમે વરદાન મેળવવાને માટે માત્ર મારૂંજ આરાધન કર્યા કર્યું. ૩૫ અત્યંત દુષ્કર તપ કરતાં તમે મારામાં ચિત્ત રાખીને દેવતાઓનાં બાર હજાર વર્ષ સૂધી નિરંતર શ્રદ્ધા અને ભક્તિ રાખી હતી. વર આપનારાઓમાં મુખ્ય હું બાર હજાર વર્ષની તપશ્ચર્યા થી પ્રસન્ન થયેલો જ્યારે તમને વર આપવાને આવ્યો, ત્યારે તમે મુક્તિ ન માગતાં મારા જેવા પુત્રનો વર માગ્યો હતો. ૩૬-૩૮ સંસાર સુખથી અજાણ અને માય થી મુગ્ધ થયેલાં હોવાથી તમે તે વખતે મોક્ષ માગ્યો નહિ, પરંતુ પુત્ર માગ્યો. ૩૯ મારા અંતર્ધ્યાન થયા પછી જેમના મનોરથ પૂર્ણ થયા છે એવાં તમે બેઉ સંસારનાં સુખ લેવા લાગ્યાં. ૪૦ ઉદારતાશીલ અને ગુણથી મારા જેવો બીજો ન જણાયાથી પૃશ્નિ ગર્ભ એવા નામથી હું તે જન્મમાં તમારો પુત્ર થયો. ૪૧ બીજા અવતારમાં તમે બે જણ કશ્યપ અને અદિતિ થયાં અને 'ઉપેન્દ્ર' એવા નામથી હું તમારો પુત્ર થયો. ઠીંગણો હોવાથી હું એ અવતારમાં વામન પણ કહેવાતો હતો. ૪૨ આ તમારા ત્રીજા અવતારમાં હું તમારે ત્યાં પુત્ર થઇને આવ્યો છું. ૪૩ મારા પૂર્વ જન્મનું તમને સ્મરણ આપવા સારૂજ હું તમને આ ચતુર્ભુજ સ્વરૂપ દેખાડું છું. જો હું મનુષ્ય રૂપે તમારી નજરે પડ્યો હોત તો તમે મને ઓળખત નહિ. ૪૪ હે સતિ! હવે તમે પુત્ર અને પરમેશ્વર એ બેઉ ભાવથી મારૂં સ્મરણ કરજો, અને સ્નેહ રાખજો, એટલે તમને મુક્તિ મળશે. ૪૫ જો તમને કંસનો ભય લાગતો હોયતો મને ગોકુળમાં લઇ જઇ ત્યાંથી યશોદાજીની પુત્રી જે મારી માયારૂપ છે તેને અહીં લઇ આવો. ૪૬

શ્રી શુકદેવજી કહે છે—આ પ્રમાણે કહ્યા પછી વસુદેવ અને દેવકીના જોતજોતામાં ભગવાન પોતાની માયાના પ્રભાવથી પ્રાકૃત બાળકરૂપ થઇ ગયા. ૪૭ પછી જ્યારે વસુદેવજી સૂતિકાગૃહમાંથી શ્રી બાળગોપાળને લઇને બહાર જવા લાગ્યા, ત્યારે ગોકુળમાં નંદરાયનાં પત્નિ યશોદાએ પણ એક પુત્રીને જન્મ આપ્યો હતો. ૪૮ યોગમાયાએ પોતાના પ્રભાવથી સઘળા દ્વારપાળોને તથા પૌરજનને ઘાડ નિંદ્રામાં નાંખ્યાં, એટલે વસુદેવજી કોઇ જાણે નહિ તેમ બાળક શ્રી કૃષ્ણચંદ્રને લઇને ગોકુળ તરફ જવાને નિકળ્યા. વસુદેવને જોઇ મથુરાનાં દ્વાર જોકે તેને મોટી મોટી લોખંડની ભોગળો હતી તેમ છતાં સૂર્યથી જેમ અંધકાર ઉઘડી જાય તેમ એની મેળે ઉઘડી ગયાં. વસુદેવ ગોકુળ તરફ ચાલવા લાગ્યા ત્યારે મંદમંદ વરસાદ વરસતો હતો અને શેષનાગ પોતાની ફણા પસારી શ્રીકૃષ્ણચંદ્રપર પડતું જળ અટકાવતા હતા. ૪૯-૫૦ મેઘકાળ હોવાથી યમુનાજીમાં પૂર આવેલું હતું અને પાણીમાં ઉપરાઉપરી ભમરીઓ પડી ફીણના ફીસોટા વળતા હતા. બીતા બીતા વસુદેવ જ્યારે નદી ઉતરવા લાગ્યા ત્યારે રામચંદ્રજીને જેમ સમુદ્રે માર્ગ આપ્યો હતો તેમ વસુદેવજીને પણ યમુનાજીએ માર્ગ આપ્યો. ૫૧ વસુદેવ ગોકુળમાં આવ્યા ત્યારે માયાના બળે સઘળા ગોવાળ ભરનિંદ્રામાં પડેલા હતા. નંદના ઘરમાં જઇ યશોદાની શય્યામાં પુત્રને મૂકી વસુદેવજીએ પુત્રીને લઇ મથુરાંનો માર્ગ પકડ્યો. ૫૨ પુત્રીને દેવકીજીની શય્યામાં મૂકી વસુદેવજીએ પોતાના પગમાં બેડીઓ પહેરી લીધી. ૫૩ ગોકુળમાં નંદરાયની રાણી યશોદાજીને પોતાને બાળક આવ્યું એમ માલૂમ પડ્યા છતાં માયાની પ્રેરેલી નિંદ્રાને લીધે અને પ્રસવના પરિશ્રમને લીધે તે પુત્રી હતી કે પુત્ર તેનું ભાન રહ્યું નહોતું. ૫૪

यशोदानन्दपत्नी च जातं परमबुध्यत ॥
न तल्लिंगं परिश्रान्ता निद्रयापगतस्मृतिः॥५४॥

ઇતિ શ્રીમદ્ ભાગવતના દશમસ્કંધ પૂર્વાર્ધમાં "શ્રીકૃષ્ણ પ્રાગટ્ય" નામે ત્રીજો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૪ થો.

કંસે બાળકોની હિંસા કરવાને આરંભેલો પ્રયત્ન.

शुक उवाच.

बहिरन्तःपुरद्वारः सर्वाःपूर्ववदावृताः ॥
ततो बालध्वनिंश्रुत्वा गृहपालाःसमुत्थिताः॥१॥

શ્રી શુકદેવજી કહે છે—વસુદેવજી આવ્યા પછી બહારનાં તથા અંદરનાં બારણાં પાછાં એની મેળે વસાઇ ગયાં અને થોડી વારે બાળકનું રડવું સાંભળીને દ્વારપાળો ઊંઘમાંથી ઝબકી ઉઠયા. ૧ ઉદ્વેગથી કંસ સર્વદા જેની વાટ જોયા કરતો હતો એવા એ બાળક આવ્યાના સમાચાર દ્વારપાળોએ તેને આપ્યા. ૨ સમાચાર સાંભળતાં એ બાકળા જેવો કંસ ઉંઘમાંથી ઉઠયો અને છૂટે કેશે વારંવાર ઠેસો ખાતો દેવકીજીના સૂતિકાગૃહમાં આવ્યો. ૩ કંસને જોઇને દીન થઈ ગયેલાં દેવકીજીએ તેને કહ્યું કે 'હે બંધુ! આ તારી સ્નુષા છે માટે તારે એને મારવી નહિ. અગ્નિ સરખા તેજસ્વી મારા છ પુત્રો તેં મારી નાંખ્યા. આ સાતમી વાર પુત્રી આવી છે તેને તારે ઉગારી મને આપવી જોઇએ છીએ. ૫ હું દીન અભાગિયણ તારી નાની બેન છું, માટે કૃપા કરીને આટલું મારૂં સંતાન બચાવી તેને જીવતું રહેવા દે.' ૬

શુકદેવજી કહે છે—પુત્રીને છાતી સાથે ચાંપીને દીનની માફક પોતાનું સંતાન બચાવવાની પ્રાર્થના કરતાં દેવકીજીના હાથમાંથી તે દુષ્ટ બુદ્ધિવાળા કંસે તરતની જન્મેલી છોકરીને ખેંચી લીધી. ૭ સ્વાર્થને લીધે સ્નેહ તજીદેનારા કંસે પોતાની બેનની તે છોકરીના પગ ઝાલી તેને એક શિલા ઉપર પછાડવાનો યત્ન કર્યો. ૮ પરંતુ વિષ્ણુની માયારૂપ તે કંન્યા કંસના હાથમાંથી છુટીને આકાશમાં જતી રહી, અને ઊંચું જોતાં તે તેને યોગમાયા રૂપે દેખાઇ. તેણે દિવ્ય પુષ્પની માળા, વસ્ત્ર, ચંદનના લેપ અને રત્નના અલંકારો ધારણ કરેલા હતા. આઠ ભુજાઓમાં તેણે ધનુષ, ત્રિશૂલ, બાણ, ઢાલ, ખડ્ગ, શંખ, ચક્ર, અને ગદા ધારણ કરેલાં હતાં. ૯–૧૦ સિદ્ધ, ચારણ, ગંધર્વ, અપ્સરાઓ, કિન્નરો, અને નાગ તેને બલિદાન આપી સ્તુતિ કરતા હતા. યોગમાયાએ આકાશમાંથી પછી કંસને કહ્યું કે ૧૧ 'હે મંદબુદ્ધિવાળા કંસ! મને હણવાથી તારૂં શું વળવાનું હતું. તારો પૂર્વ જન્મનો શત્રુ અને પ્રાણ લેનાર તો બીજા સ્થાનમાં પૃથ્વી ઉપર ઉત્પન્ન થયો છે, હવે દીન પ્રાણીઓને મિથ્યા હણતો નહિ'. ૧૨ આ પ્રમાણે કંસને કહીને ભગવતી યોગમાયા આકાશમાં લય પામવા છતાં ઘણાં નામથી પૃથ્વીનાં અનેક સ્થાનમાં પૂજાવા લાગ્યાં. ૧૩ યોગમાયાનાં વચન સાંભળવાથી તથા તે પોતાના હાથમાંથી છટકી જવાથી ખિન્ન થયેલા કંસે પછી વસુદેવ તથા દેવકીજીને કારાગૃહમાંથી છોડીને વિવેકથી કહ્યું કે—'હે બહેન! હે વસુદેવજી! મેં બહુજ ક્રૂર કર્મ કર્યાં છે. રાક્ષસની પેઠે મેં પાપીએ તમારાં સંતાન મારી નાંખ્યાં છે. ૧૫ નિર્દય, જ્ઞાતિ તથા સંબંધીયોનો ત્યાગ કરનાર, ખળ તથા બ્રહ્મઘાતક હું જીવતે મુવેલા જેવોજ છું. હું અઘોર કર્મોકરવાનેલીધે કયા લોકને પામીશ? ૧૬ મનુષ્યજ જુઠું બોલે છે એમ નથી, પરંતુ દેવતાઓ પણ જુઠું બોલે છે. દેવતાઈ આકાશવાણીના વિશ્વાસપર રહીનેજ મેં દુષ્ટ કર્મ કરનારે પોતાની બેનના પુત્રોને મારી નાંખી મહા ક્રુર કર્મ કરેલું છે. ૧૭ હે ભાગ્યશાળિઓ! તમારા પુત્રોતો એમનાં પ્રારબ્ધને પામ્યા છે એટલે તમે તેમનો શોક કરશો નહિ. પ્રાણિઓ દૈવાધીન છે એટલે તેઓ એક સ્થાનમાં સાથે રહી શકતાં

નથી. ૧૮ પૃથ્વીના વિકારરૂપ મૃતિકામાંથી ઉત્પન્ન થયેલા ઘટાદિ પદાર્થો જેમ તેમાં લય પામવા છતાં તે નિર્વિકાર રહે છે તેમજ દેહ પામવાથી તથા લય થવાથી આત્મા નિર્વિકાર રહે છે. ૧૯ આ વાતને ન સમજનાર પ્રાણીજ દેહમાં આત્મબુદ્ધિ કરી ભેદબુદ્ધિથી પુત્રાદિકના દેહથી સંયોગ વિયોગનાં સુખ દુઃખને પામે છે. ૨૦ હે બેન! દેહમાં આત્મબુદ્ધિ રાખીને મેં મારી નાંખેલા તારા પુત્રોને માટે શોક કરતી નહિ. પ્રાણી માત્રને કર્માનુસાર ગતિને આધીન થવું પડેછે તેમ તારા પુત્રોપણ તેમની કર્માનુસાર ગતિને આધીન થયાછે. ૨૧ 'હું મારૂં છું અને મરૂં છું' એવું દેહાભિમાન જ્યાં સુધી હોય છે ત્યાં સુધી પોતાને નહિ જાણનાર પુરૂષ પ્રાયશ્ચિત્તને યોગ્ય છે. ૨૨ દીન જન પર દયાની દૃષ્ટિ રાખનારા સાધુ પુરૂષો મારા અપરાધ ક્ષમા કરજો, એમ કહીને ગદ્‌ગદિત થઇ ગયેલા કંસે વસુદેવ અને દેવકીના ચરણમાં માથું મૂક્યું ૨૩ અને યોગમાયાનાં વચન સાંભળીને કંસે વસુદેવ અને દેવકીને બંધનમુક્ત કર્યાં, ૨૪ ત્યારે પશ્ચાત્તાપ પામતા પોતાના ભાઇ કંસને ક્ષમા દૃષ્ટિએ જોતાં દેવકીજીએ કહ્યું કે, ૨૫ 'હે કંસ! તું જેમ કહે છે તેમજ છે. દેહાભિમાનના અજ્ઞાનથી પ્રાણીઓ 'આ મારૂં અને આ પારકું' એવી ભેદબુદ્ધિ રાખે છે. ઇશ્વરજ પદાર્થોનો પદાર્થોથી નાશ કરે છે એ વાત, હર્ષ, શોક, ભય, દ્વેષ, લોભ, મોહ અને માયામાં વિંટાયેલા દેહાભિમાનીઓ જાણતા નથી, તેથી તેઓ પોતાને મારનાર અને માર ખાનાર માની લે છે.' ૨૭

આ પ્રમાણે દેવકી અને વસુદેવે પ્રસન્ન ચિત્તથી સંબોધાયલો કંસ તેમની આજ્ઞા લઇને પોતાના મહેલમાં ગયો. ૨૮ બીજે દિવસે પ્રભાતે તેણે પોતાના મંત્રીઓને બોલાવી યોગમાયાએ કહેલી વાત કહી સંભળાવી. ૨૯ દેવના શત્રુ, ટુંકી દૃષ્ટિવાળા અને ક્રોધી સ્વભાવના તેના મંત્રીઓએ એ વાત સાંભળી ઉત્તર આપ્યો કે, ૩૦ 'હે યાદવેન્દ્ર! જો યોગમાયાનાં વચનથી તમને ભય ઉત્પન્ન થતો હોય તો આપણા રાજ્યમાં પૂર, ગામ, અને વ્રજમાં જેટલાં બાળક આજથી દશ દિવસની અંદર જન્મેલાં હશે તેમનો અમે સત્વર નાશ કરીશું. ૩૧ યુદ્ધ કરનારા અને તમારા ધનુષના ટંકારવથી ધ્રુજી જનારા દેવતાઓ તેમના ઉદ્યમથી શું કરી શકનાર છે? ૩૨ તમે જ્યારે ધનુષ લઇ બાણો છોડો છો ત્યારે ભય પામતા અને મરણ શરણ થતા દેવતાઓ દિશાઓમાં નાશી જતાં હાથ જોડીને શરણ ઇચ્છે છે. ૩૩ શસ્ત્ર નીચે મૂકી બે હાથ જોડી દેવતાઓ ભયથી વ્યાકુળ થઇ "અમે તમારાથી ભય પામ્યા છીએ" એમ કહી દીન થઇ જાય છે. ૩૪ તમે અસ્ત્ર શસ્ત્ર વગરના, રથ રહિત, દીન, ભયાતુર, બીજાની સાથે યુદ્ધ કરનારા, નાસતા, ભાગી ગયેલા ધનુષવાળા, અને યુદ્ધમાં ન રોકાયલા હોય તેવા માણસોને મારતા નથી, ૩૫ નિર્ભય સ્થળમાં રહેનારા દેવતાથી અને વનમાં રહેનાર શંકરથી તેમજ હરિથી શું થવાનું છે? ૩૬ તેમજ થોડા પરાક્રમવાળા ઇંદ્રથી કે નિત્ય તપશ્ચર્યા કરતા બ્રહ્માથી પણ શું થવાનું છે? તથાપિ દેવતાઓ આપણા શત્રુ છે, માટે તેઓના તરફ બેદરકાર રીતે રહેવું નહી એવો અમારો મત છે. હવે તમે તે દેવતાઓનાં મૂળ ઉખેડી નાંખવાના કામમાં અમને—સેવકોને લગાડો. ૩૭ જેમ શરીરમાં થયેલા રોગની ઉપેક્ષા કરવાથી તે જામી જઇ ઉપાય કર્યા છતાં પણ મટતો નથી અને ઇંદ્રિયના સમુદાયને જેમ છૂટો મૂકયો હોય તો તે પછીથી વશ થતો નથી; તેમ શત્રુ પણ પોતાનું બળ બાંધીને મોટો થઇ પડે છે, ત્યારે તેને ચળાયમાન કરી શકાતો નથી, ૩૮ માટે દેવતાઓનું મૂળ વિષ્ણુ છે અને તે વિષ્ણુ જ્યાં સનાતન ધર્મ હોય છે ત્યાં રહે છે, અને તે સનાતન ધર્મનું મૂળ વેદ, ગાય, બ્રાહ્મણ, તપ, યજ્ઞ, તથા દક્ષિણાઓ છે, ૩૯ માટે હે રાજન્! સર્વથા વેદ ભણનારા,* તપસ્વી તથા યજ્ઞ

* રાક્ષસોએ વેદપાઠી બ્રાહ્મણોને મારી નાંખવાનું કહ્યું. વગર ભણેલાને નહી મારવાનું કારણ એ કે વગર ભણેલા મૂર્ખ બ્રાહ્મણોતો અમારીજ (રાક્ષસ) જાતના છે.

કરનારા બ્રાહ્મણોને અને યજ્ઞમાં ઉપયોગી એવા ગાયોને અમે મારીશું. ૪૦ બ્રાહ્મણો, ગાયો, વેદ, તપ, સત્ય, ઇંદ્રિયોનો નિગ્રહ, મનની શાંતિ શ્રદ્ધા, દયા, તિતિક્ષા અને યજ્ઞ, એટલી વસ્તુ શ્રી હરિનું શરીર છે. ૪૧ તે વિષ્ણુ સર્વ દેવતાઓનો અધ્યક્ષ છે, અસુરનો શત્રુ છે, ગુપ્ત વાસ કરનારો છે અને સર્વ દેવતાઓ, બ્રહ્મા તથા શંકર, વિષ્ણુનું મૂળ છે, માટે ઋષિઓનો નાશ કરવો, એ તેના નાશનો ઉપાય છે. ૪૨

શ્રી શુકદેવજી કહેછે—દુષ્ટ બુદ્ધિવાળા અને કાળની ફાંસીમાં ફસાયલા અસુર કંસે ઉપર પ્રમાણે દુષ્ટ મંત્રીઓની સાથે વિચાર કરી બ્રહ્મહત્યામાં પોતાનું હિત માન્યું. ૪૩ પછી બીજાનો નાશ કરવામાં પ્રીતિ ધરાવનારા ઇચ્છાનુસાર રૂપ ધારણ કરનાર તે દૈત્યોને જુદી જુદી દિશાઓમાં રહેતા મહાત્મા-સત્પુરૂષોનો નાશ કરવાની આજ્ઞા કરીને પોતે પોતાને ઘેર ગયો. ૪૪ તે દૈત્યો કે જેઓ રજોગુણી સ્વભાવના, તમોગુણથી મૂઢ બુદ્ધિવાળા તથા જેમનું મૃત્યુ પાસે હતું, તેઓ મહાત્મા પુરૂષોની સાથે દ્વેષ કરવા લાગ્યા. ૪૫ મહાપુરૂષનો અપરાધ એ આયુષ્ય, લક્ષ્મી, યશ, ધર્મ, પુણ્ય, સુખ અને કલ્યાણ એ સર્વનો નાશ કરે છે. ૪૬

आयुः श्रियं यशो धर्मं लोकानाशिष एव च ॥
हन्ति श्रेयांसि सर्वाणि पुंसो महदतिक्रमः ४६

ઇતિ શ્રીમદ્ ભાગવત પુરાણના દશમસ્કંધ પૂર્વાર્દ્ધનો ચોથો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૫ મો.

શ્રી કૃષ્ણનો જન્મ થવાથી નંદજીએ વ્રજમાં કરેલો મહોત્સવ.

શુક ઉવાચ.

नन्दस्त्वात्मज उत्पन्ने जाताह्लादो महामनाः ।
आहूय विप्रान्दैवज्ञान् स्नातः शुचिरलंकृतः १

શ્રી શુકદેવજી કહેછે—પુત્રનો જન્મ થવાથી આનંદ પામેલા ઉદાર મનના નંદજીએ નાહીધોઇ પવિત્ર થઇ સારાં આભૂષણો ધારણ કરીને ભવિષ્ય જાણનારા વિદ્વાન બ્રાહ્મણોને બોલાવી સ્વસ્તિ વાચન તથા જાતકર્મ સંસ્કાર કરાવી પિતૃ તથા દેવતાઓનું પૂજન કર્યું. ૧-૨ સારી રીતે શણગારેલી બે લાખ ગાયો, રત્નના ઢગલા, અને જરીઆનથી ઢાંકેલા તલના સાત પર્વત બ્રાહ્મણોને દાનમાં આપ્યા. ૩ પૃથ્વી વગેરે કાળથી, દેહ સ્નાનથી અપવિત્ર પદાર્થ પ્રક્ષાલનથી, ગર્ભાદિક સંસ્કારથી, ઇન્દ્રિયો તપથી, વિપ્ર વર્ગ યજનથી, ધન દાનથી, મન સંતોષથી અને આત્મા બ્રહ્મજ્ઞાનથી પવિત્ર કરી આનંદ પામ્યા. દાન પામેલા બ્રાહ્મણો, બંદિજનો, માગધો, અને સૂત આશીર્વાદના ઘોષથી નંદનું દ્વાર ગજાવા મંડવા લાગ્યા. ગવૈયા ગાન કરવા લાગ્યા. ભેરી તથા દુંદુભિ વાગવા લાગ્યાં. ૫ દ્વાર, આંગણું અને ઓરડાઓ વાળી ઝાડીને શુદ્ધ કરી તેમાં પવિત્ર જળનાં છાંટણાં છાંટ્યાં, વિચિત્ર રંગની ધ્વજાઓ બાંધવામાં આવી, બારણે વસ્ત્ર અને આસોપાલવનાં તોરણો બંધાયાં, ૬ ગાય, બળદ તથા વાછડાંને હળદર અને તેલ લગાડી પુષ્પની માળાઓ, વસ્ત્ર અને બીજા શણગારથી શણગારવામાં આવ્યાં, ૭ આભૂષણ, વસ્ત્ર અને પાઘડીઓથી શોભતા ગોપ લોક આ આનંદમાં જુદી જુદી જાતની ભેટો લઇને નંદરાયને ભેટ આપવા આવ્યા. ૮ યશોદાને પુત્ર અવ્યાના સમાચાર સાંભળવાથી પ્રસન્ન થયેલી ગોપીઓ આનંદ મંગળથી તથા વસ્ત્ર અને અલંકારોથી શોભવા લાગી, ૯ કેસરની પીળો કરેલાં પ્રસન્ન મુખવાળી, ઉતાવળે ચાલવાથી હાલતા સ્તનવાળી અને મોટા નિતંબથી શોભતી સ્ત્રીઓ ભેટ લઇને યશોદા પાસે આવવા લાગી. ૧૦ સ્વચ્છ મણિનાં કુંડળવાળી, કંઠમાં ધારણ કરેલા હારવાળી, કંકણ વાળી અને વિચિત્ર વસ્ત્રથી શોભતી ગોપીઓ જ્યારે નંદને ઘેર જવા લાગી ત્યારે માર્ગમાં તેમના કેશ પાશમાંથી ખરતાં પુષ્પની વૃષ્ટિ થવા લાગી. હાલતાં કુંડળ અને કંપતા સ્તનવાળી તે ગો-

પિકાઓ હળદીનાં ચૂર્ણ અને તેલિ જળથી લોકને છાંટતી 'આ બાળક ઘણું જીવજો' એવા આશિર્વાદ દેતાં મંગળ ગીત ગાતી હતી. ૧૧-૧૨ આ મહોત્સવમાં નાના પ્રકારનાં વાજીંત્ર વાગતાં હતાં. પ્રસન્ન થયેલા ગોપ એક બીજાના ઉપર દહીં દૂધ છાંટતા હતા, નંદરાય મોટા મનથી બંદિજન, માગધ અને સૂત લોકને વસ્ત્ર, અલંકાર, તથા ગાયોનાં દાન આપતા હતા. ૧૫ વિષ્ણુને પ્રસન્ન કરવા માટે ઉદાર ચિત્તવાળા નંદજીએ પુત્રના કલ્યાણાર્થે સર્વેની યથા ઘટિત પૂજા કરવા માંડી હતી. ૧૬ સ્વામીનાં માન પામેલી રાણી રોહિણી નાના પ્રકારના અલંકારો ધારણ કરીને આ મહોત્સવમાં મ્હાલતાં હતાં ૧૭ તેથી તથા સર્વ સમૂહ આનંદમાં તલ્લીન થયો હતો તેથી નંદ ગોપનું ગોકુળ આજ લક્ષ્મીને રમણ કરવા યોગ્ય સ્થાન બની રહ્યું હતું. ૧૮

હે પરીક્ષિત રાજા ! આ પ્રમાણે ઉત્સવ કર્યા પછી એક વાર સર્વે ગોવાળીઆઓને ગોકુળની રક્ષા કરવાનું કહીને નંદરાય એક વર્ષના કર ભરવાને માટે મથુરાંમાં ગયા. ૧૯ કંસને કર ભરીને પોતાને ઉતારે આવી રહેલા નંદને મળવા માટે વસુદેવ તેમને ઉતારે ગયા. ૨૦ પ્રાણ આવતાં જેમ દેહ ઉભો થાય તેમ વસુદેવ જેવો પરમ પ્રિય મિત્ર આવતાં પ્રસન્ન થયેલા નંદજી ઉભા થઇ પ્રીતિથી બે હાથ વતી વસુદેવજીને ભેટી પડયા. ૨૧ પછી પૂજન કરીને બેસાડેલા. તથા ચિત્તમાં પોતાના પુત્રનુંજ સ્મરણ કરતા વસુદેવજીએ નંદરાયને આ પ્રમાણે કહ્યું. ૨૨

વસુદેવજી કહેછે—હે બંધુ ! વૃદ્ધ થયા છતાં પ્રજા વગર રહેલા અને નિરંતર પ્રજાની આશા રૂપી દોરીએ બંધાયલા તમને હમણાં પુત્ર આવ્યો તે બહુજ સારૂં થયું. ૨૩ આ સંસારની ઘટમાળમાં ઘૂમતા તમે પુત્ર જન્મથી બીજીવાર જન્મ પામ્યા જેવા લાગો છો તે ઠીક થયું, કારણ કે આ સંસારમાં પ્રિય વસ્તુનું દર્શન દુર્લભ છે. ૨૪ જળ પ્રવાહમાં ખેંચાઇ જતાં ઘાસ તથા લાકડાં જેમ એક સ્થાને રહેતાં નથી તેમ વિચિત્ર પ્રારબ્ધ વાળાં પ્રાણીઓ પણ સંબંધી છતાં એક પ્રિય સહવાસમાં સ્થિર થઇ રહેવાં એ દુર્લભ છે. ૨૫ તમે હમણાં જે સ્થાનમાં સંબંધીઓ સાથે રહોછો તે સ્થાન પશુને હિતકારક, વ્યાધિ રહિત અને જળ, ઘાસ, ધાન્ય વગેરેથી ભરપુર છે કે કેમ ? ૨૬ વળી હે ભાઇ ! મારો પુત્ર જે તેની માતા પાસે તમારે આશ્રયે રહેલો છે અને તમને પિતા તુલ્ય ગણે છે તેને તમે સારી રીતે રાખો છો ? સંબંધીઓને કામ આવે તેજ પુરૂષનાં ધર્મ, અર્થ અને કામને ધન્ય છે. ૨૭-૨૮

નંદજી બોલ્યા—હું ઘણોજ ખિન્ન છું કે, દેવકીજીના ઘણા પુત્રોને મારી નાંખવા છતાં હમણાં ઇશ્વરે આપેલી એક છોકરીને પણ કંસે મારી નાંખી. ૨૯ મનુષ્યના સુખનો આધાર દૈવ ઉપરજ છે. અદૃષ્ટજ સર્વથી મોટું છે એમ જાણનારા જ્ઞાની પુરૂષને કદી પણ કલેશ થતો નથી, તેમ તમે પણ દુઃખી થશો નહિ. સુખ દુઃખાદિકનું કારણ એજ છે તો પછી સંતાપનું શું પ્રયોજન રહ્યું ? આવી રીતે નંદજીને આશ્વાસન આપીને વળી કહ્યું કે, ભાઇ ! હવે તમે કંસને કર આપી આવ્યા છો અને અમને મળી ચૂકયા છો, માટે હવે અહીં વધારે દિવસ ખોટી થવાની શી જરૂર છે ? કારણ કે ગોકુળમાં ઉત્પાત થતા હશે એમ મને લાગે છે ૩૦-૩૧

શુકદેવજી કહેછે—વસુદેવે એ રીતે કહ્યા પછી નંદ આદિ ગોવાળિઆઓ વસુદેવની આજ્ઞા લઇ પોતાનાં ગાડાં જોડીને ગોકુળ ગયા. ૩૨

इति नन्दादयो गोपाः प्रोक्तास्ते शौरिणा ययुः॥
अनोभिरनडुद्युक्तैस्तमनुज्ञाप्य गोकुलम् ॥३२॥

ઇતિ શ્રીમદ્ ભાગવતના દશમસ્કંધ પૂર્વાર્ધમાં નંદ વસુદેવ સમાગમ નામનો પાંચમો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૬ ઠો.

શ્રી કૃષ્ણ ભગવાને કરેલો પૂતનાનો વધ.

शुक उवाच.

नन्दः पथिवचः शौरेर्नमृषेति विचिन्तयन ॥
हरिंजगाम शरणमुत्पातागमशंकितः ॥१॥

શ્રી શુકદેવજી કહેછે—વસુદેવજીનું વચન ખોટું ન હોય એમ, ચિન્તવન કરતા નંદજી માર્ગમાં ચાલતા હતા, છતાં મનમાં ઉત્પાતની શંકા હોવાથી શ્રીહરિનું ધ્યાન ધરવા લાગ્યા. ૧ નંદજી માર્ગમાં હતા તેવામાં બાળકોનો નાશ કરનારી કંસની પ્રેરેલી પૂતના નામની રાક્ષસી શહેર, ગામડાં અને ગોવાળીઆઓનાં સ્થાનકોમાં ફરતી હતી. ૨ જે ઠેકાણે શ્રી હરિનું સ્મરણ કીર્તન નથી થતું ત્યાં રાક્ષસો પોતાનું કામ કરી શકે છે, અર્થાત્ નંદાદિ ગોપ બહાર ગામ ગયેલા હતા તેનો લાભ લઇને પૂતના બાળકોને મારવા માટે ફરતી હતી. નંદજીની ગેરહાજરીમાં બાળકોને સંહારનારી પૂતના એક સુંદર સ્ત્રીનો વેષ લઇને ગોકુળમાં આવી. ૩-૪ તેણે વેણીમાં મલ્લિકાનાં પુષ્પ ઘાલ્યાં હતાં અને સ્તન તથા નિતંબના ભારથી તેની નાજુક કેડ લચી ગઇ હતી. તેણે સુન્દર વસ્ત્ર ધારણ કરેલાં હતાં તથા કાનમાં પહેરેલાં કુંડળને લીધે પ્રકાશ મારતું તેનું મુખકમળ ઘણુંજ મનોહર લાગતું હતું. ૫ તેના મંદ હાસ્યથી અને કટાક્ષથી ગોપ તેને અટકાવી શક્યા નહિ, તેમજ હાથમાં કમળ લઇ આવેલી તે બીજી લક્ષ્મી સમાન લાગતી હોવાથી ગોપીઓ તેને યથેષ્ટ ગમન કરતાં વારી શકી નહિ. ૬ ગામમાં ફરતાં ફરતાં તે બાળકોના ગ્રહ જેવી પૂતનાએ નંદના આંગણામાં આવતાં આવતાં રાખમાં સંતાયલા અગ્નિ જેવા અને પ્રાણીઓના કાળરૂપ શ્રીકૃષ્ણ પરમાત્માને પારણામાં પોઢેલા જોયા. ૭ જગત માત્રના આત્મારૂપ શ્રી કૃષ્ણચંદ્રે તેને પોતાની તરફ આવતી જોઇ એટલે નેત્ર મીંચી દીધાં, પારણાની પાસે આવીને પૂતનાએ જેમ અજ્ઞાની માણસ દોરી સમજીને સર્પને પકડે તેમ પોતાના કાળ જેવા શ્રી કૃષ્ણચંદ્રને ઉપાડી ખોળામાં લીધા. ૮ મ્યાન કરેલી તરવારની પેઠે ઉપરથી સુંદર અને કોમળતાવાળી પૂતનાને જોઇ મોહ પામી ગયેલાં યશોદા અને રોહિણી તે ઘરમાં આવી તેમ છતાં કંઇ બોલી શક્યાં નહિ. અને ઉભાં ઉભાં જોઇ રહ્યાં. ૯ એવામાં તે દુષ્ટ પૂતનાએ મહા ભયંકર ઝેર ચોપડેલો તેનો સ્તન શ્રીકૃષ્ણના મુખમાં આપ્યો. ક્રોધ આવવાથી ક્રૂર લાગતા શ્રી કૃષ્ણે બે હાથે જોરથી ઘોળી તેનો પુષ્ટ સ્તન મુખમાં ઘાલ્યો અને પ્રાણની સાથે પૂતનાને ધાવવા લાગ્યા. ૧૦ નાડીઓ ખેંચાવા લાગતાં મહા પીડાથી પૂતનાએ કહ્યું કે–'છોડ છોડ' પણ શ્રીકૃષ્ણે તેના પ્રાણ ખેંચવા માંડયા હતા તે છોડે કેમ? જોતજોતામાં તે દુષ્ટાની આંખો ફાટી ગઇ, શરીરે પરસેવો આવી ગયો, હાથ પગ પછાડવા લાગી અને છેવટે અસહ્ય પીડાથી તેણે ઘોર શબ્દ કરી બુમો પાડવા માંડી, ૧૧ ત્યારે પર્વતો સાથે પૃથ્વી ચળાયમાન થઇ ગઇ, આકાશ, પાતાળ અને ગ્રહો કંપવા લાગ્યા તેથી વજ્રપાતના ભયથી મનુષ્યો ધરણીપર ઢળી પડયા. ૧૨ પ્રાણ ખેંચાઇ જતાં છેવટની ઘડીએ તે બાળકોનો નાશ કરનારી પૂતનાએ પોતાનું મુળ સ્વરૂપ ધારણ કર્યું. વજ્રથી નાશ પામેલા વૃત્રાસુરની પેઠે શ્રી કૃષ્ણચંદ્રને ધવરાવતાં કાળને શરણ થયેલી પૂતના લાંબી થઇને વ્રજમાં પડી તેનું મુખ ફાટી ગયું, કેશ છુટા થઇ ગયા અને હાથ પગ દિશાઓમાં ફેલાઇ રહ્યા. ૧૩ હે રાજન્! આ રીતે નાશ પામતાં પામતાં પણ તેના દેહે છ ગાઉ સુધીનાં વૃક્ષોનો ચૂરો કરી નાંખ્યો. ૧૪ એના ફાટી ગયેલા મુખમાં હળની કોશ જેવી ભયંકર દાઢો હતી, તેનું નાક મોટી ગુફાઓ જેવું અને સ્તન મોટા પર્વતની શિલાઓ જેવા હતા. રાતા વિખરાઇ ગયેલા કેશ ભયંકર દેખાતા હતા. અંધારા કુવા જેવી તેની આંખો અને સુકાઇ ગયેલી નદીના ભાઠા જેવા પહોળા ભયંકર તેના નિતંબ હતા. જ-

ળ રહિત ઘરા જેવું તેનું પેટ અને હાથ તથા પગ સપાટ માર્ગ જેવા હતા. ૧૫-૧૬ મરણ ચીસથી જેમના કાન બહેર મારી ગયા હતા તેવા ગોપ અને ગોપીઓ આવું ભયંકર પૂતનાનું શબ જોઇ ત્રાસ પામી ગયાં. એવા ભયંકર શબની છાતી ઉપર નિડરપણે રમતા રમાનાથને ગોપીઓએ આવીને ઉપાડી લીધા. ૧૮ પછી યશોદા અને રોહિણીએ શ્રી કૃષ્ણચંદ્રનું બાળપંપાળ મટાડવા માટે તેમના ઉપર ગૌપુચ્છ ફેરવવા માંડયાં. ૧૯ ગોમુત્ર, ગોબર, અને ગૌરજથી નવરાવી તેમનાં બાર અંગોપર શ્રી ભગવાનનાં નામથી રક્ષાઓ બાંધી. ૨૦ જીવ હેઠો બેઠા પછી વળી ગોપિકાઓએ પોતે અંગન્યાસ કરીને ભગવાનને બીજન્યાસ કરાવ્યો. ૨૧ વળી તેઓ નીચે પ્રમાણે શ્રીકૃષ્ણચંદ્રનાં પ્રત્યેક અંગની રક્ષા કરવા લાગી. અજન્મા ભગવાન તમારા પગની, અણિમાન ઘૂંટણની, યજ્ઞ સાથળની, અચ્યુત કટિની, હયગ્રીવ ઉદરની, કેશવ હૃદયની, ઇશ વક્ષઃસ્થળની, ઇન્દ્ર કંઠની, વિષ્ણુ ભુજાની, ઉરૂક્રમ મુખની, અને ઇશ્વર મસ્તકની રક્ષા કરજો. ૨૨ ગદાધર પુઠની, ધનુષ ધારણ કરનાર અને ખડ્ગધારી અજન્મા ભગવાન્ પડખાની, શંખધારી, ઉરૂગાય ભગવાન્ ચારે ખૂણાની, ઉપેન્દ્ર ઉપરથી, તાર્ક્ષ્ય નીચેથી, અને હળધર સર્વ દિશામાં તમારૂં રક્ષણ કરજો ૨૩ હૃષીકેશ ઇંદ્રિયની, નારાયણ પ્રાણની શ્વેત દ્વીપપતિ ચિત્તની, યોગેશ્વર મનની, પૃશ્નીગર્ભ બુદ્ધિની, અને પરમાત્મા ભગવાન તમારા અહંકારની રક્ષા કરજો. રમતાં ગોવિંદ માધવ, ચાલતાં વૈકુંઠપતિ, બેસતાં લક્ષ્મીપતિ અને જમતાં યજ્ઞભોક્તા તમારી રક્ષા કરજો. ૨૪-૨૬ વળી હે ભગવાન! ડાકણો, રાક્ષસીઓ, કુષ્માંડ, બાળગ્રહ, ભૂત, પ્રેત, પિશાચ, યક્ષ, રાક્ષસ, વિનાયક, રેવતી, અલક્ષ્મી પૂતના અને માતૃકા આદિ દુષ્ટ વર્ગ તથા ઉન્માદ અપસ્માર આદિ વ્યાધિ અને બીજાં દેહ ઇન્દ્રિય અને પ્રાણ જે પીડા કરનાર હોય તેનો તમે નાશ કરજો. વિષ્ણુનું નામ લેવાથી નાશ થતા બાળગ્રહો, સ્વપ્નમાં જણાતા ઉત્પાતો વગેરે આ બાળક શ્રીકૃષ્ણચંદ્રથી દૂર રહેજો. ૨૭-૨૯

શુકદેવજી કહેછે—આ રીતે પ્રેમથી બંધાયેલી ગોપીઓએ રક્ષા કરેલા બાળગોવિંદને પછી યશોદાજીએ ધવરાવીને પારણામાં પોઢાડયા. ૩૦ હવે ગોપ સાથે નંદ ગોકુળમાં આવતા હતા તેમણે માર્ગમાં પડેલા મહા ભયંકર પૂતનાના શબને દીઠું એટલે દિગ્મૂઢ થઇ તેઓ કેહેવા લાગ્યા કે, 'અહો! વસુદેવ તો કોઇ ઋષિ કે યોગેશ્વરનોજ અવતાર છે, કારણ કે તેમણે કહ્યું હતું તેવોજ અત્રે ઉત્પાત થયેલો છે. ૩૧-૩૨ પછી સઘળા ગોવાળ લોકે એકઠા થઇ પૂતનાના પ્રચંડ શરીરને કુહાડાઓથી કાપીને છૂટું કરી નાંખ્યું અને કેટલાક મોટા અવયવોને દૂર ફેંકી દઇ બાકીનાને લાકડાં ખડકીને બાળી મૂક્યું. ૩૩ શ્રી ભગવાન જેને ધાવ્યા હતા એવી પૂતનાનો દેહ દહન થતાં તેમાંથી અગરૂના જેવો સુગંધ નીકળવા લાગ્યો. ૩૪ આ પ્રમાણે લોકનાં બાળકોને હણનારી અને રૂધિર પાન કરીને જીવનારી છતાં ભગવાનને ધવરાવી પાપ મુક્ત થયેલી પૂતનાનો* પ્રાણ મોક્ષે ગયો તો પછી શ્રદ્ધાથી અને ભક્તિથી ભગવાનને ભજનારનો મોક્ષ થાય તેમાં શી નવાઇ? ગાયો અને ગોપીઓ જેઓ ભગવાનની લીલામાં તલ્લીન રહી હતા તે પણ મોક્ષ પામી છે. ૩૫-૩૬ ભક્તોના હૃદયમાં વસનાર, જગતવંદનીય ભગવાન જેનાં અંગ દબાવીને ધાવ્યા તે તેમની માતાને યોગ્ય થયેલી પૂતના જ્યારે સ્વર્ગે ગઇ ત્યારે ગોપિકાઓ અને ગાયો કે જેમનાં દૂધ

* પૂતના પૂર્વ જન્મમાં બલિરાજાની રત્નમાળા નામની કન્યા હતી. તેણે પોતાના પિતાના યજ્ઞમાં આવેલા વામન ભગવાનમાં પુત્ર સમાન પ્રેમ પોતાના મનમા કર્યો અને કહ્યું કે—જો આવો સુંદર પુત્ર મને હોય, તો હું તેને સ્તનપાન કરવું અને જન્મ જન્મના તાપને શાન્ત કરૂં. આવી તેની મનોકામના અન્તર્યામી વામનજીએ જાણી તેને મનથીજ વરદાન દઇ દીધું, તે કારણથી દ્વાપરના અન્તમાં તે પૂતના થઇ, શ્રીકૃષ્ણને સ્તનપાન કરાવી મોક્ષ પામી.

દહીં પ્રભુ ખાતા હતા તેમને સદ્ગતિ મળે એમાં શું આશ્ચર્ય ? ૩૭-૩૮ પુત્રના સ્નેહને લીધે જેમને પાનો ચઢતો એવાં દેવકીજી તથા યશોદા વગેરેને મોક્ષ આપનાર ભગવાનને સ્નેહથી ધવરાવનારી માતાઓનો સંસારનો ફેરો કેમ સંભવે ? ૩૯-૪૦ શબની સુગંધથી આશ્ચર્ય પામતા ગોપ અને નંદ આ શું થયું એમ કહેતા કહેતા શ્રી ગોકુળમાં પધાર્યા. ૪૧ ગામમાં આવતાં તેઓ પૂતનાનું આવવું તથા તેનું મરણ અને શ્રી કૃષ્ણચંદ્રનું કુશળ વગેરે વૃતાંત સાંભળી આનંદ પામ્યા. ૪૨ હે રાજન્ ! ઉદાર નંદરાય જેમ મરણ પામીને પાછા જીવતા થયા હોય તેમ પોતાના પુત્રને ખોળામાં લઇ તેનું મુસ્તક સુંઘી આનંદ પામ્યા. ૪૩ પૂતનાને મોક્ષ આપવા રૂપ આ શ્રી કૃષ્ણનાં અદ્ભુત બાળ ચરિત્રને જે માણસ શ્રદ્ધાથી સાંભળે છે તેને શ્રીકૃષ્ણમાં પ્રીતિ ઉત્પન્ન થાય છે. ૪૪

य एतत्पूतनामोक्षं कृष्णस्यार्भकमद्भुतम् ॥
शृणुयाच्छ्रद्धया मर्त्यो गोविन्दे लभते रतिम्॥४४

ઇતિ શ્રીમદ્ ભાગવત પુરાણના દશમસ્કંધ પૂર્વાર્ધમાં છઠ્ઠો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૭ મો.

શ્રી કૃષ્ણે તૃણાવર્તનો નાશ કર્યો તથા યશોદાજીને મુખમાં બ્રહ્માંડ દેખાડયું.

राजोवाच.

येनयेनावतारेण भगवान्हरिरीश्वरः ॥
करोति कर्म रम्याणि मनोज्ञानि च नःप्रभो॥१॥

પરીક્ષિતરાજા પૂછેછે—હે શુકદેવજી ! ભગવાન શ્રીહરિએ જે જે અવતાર ધારણ કરીને જે જે કર્મો કર્યાં છે તે અમને સાંભળવાં બહુ ગમે છે, માટે જો આપની અમારા પર કૃપા હોય તો આપ મનની ખિન્નતા અને તૃષ્ણાને ટાળનારાં તેમનાં બાળ ચરિત્રો કહો કે જેથી અમારાં અંતઃકરણ શુદ્ધ થાય, એમના ક્રીડનમાં પ્રેમ થાય અને વૈષ્ણવજનની સાથે મિત્રતા બંધાય. ૧—૨ નંદજીને ઘેર ઉછરતા શ્રી કૃષ્ણ પરમાત્માએ પછી કેવાં કેવાં બાળ ચરિત્રો કર્યાં તે અમને કહી સંભળાવો. ૩

શુકદેવજી કહેછે—જ્યારે ભગવાન પાસું ફેરવવા શીખ્યા ત્યારે તે નિમિત્તે ઉત્સવ કરવાનો હતો. ઉત્સવને દિવસે જન્મ નક્ષત્રનો યોગ સારો હતો, ગોપિકાઓ મંગળ ગીત ગાવા લાગી, વાજીંત્ર વાગવા લાગ્યાં. ગોપીઓનાં વૃંદમાં બેસીને યશોદાજીએ બ્રાહ્મણોની પાસે પોતાના પુત્રને અભિષેક કરાવ્યો ૪ બ્રાહ્મણોએ મંત્ર સહિત સ્વસ્તિવાચન કર્યા પછી યશોદાજીએ બ્રાહ્મણોને સારાં સારાં વસ્ત્ર, ગાય, અન્ન અને બીજાં દાન આપ્યાં. પછી ભગવાનની આંખોમાં ઊંઘ ભરાતાં યશોદાજીએ તેમને એક ગાડાની નીચે ઝોળી ભરાવીને તેમાં સુવાડયા. ૫ સર્વે વ્રજ વાસીનું મન આ વખતે ઉત્સવમાં લાગી રહેલું હતું. યશોદાજીએ પણ ઉત્સાહના આનંદમાં ભગવાનનું રૂદન સાંભળ્યું નહિ. ધાવવાને માટે આતુર થયેલા ભગવાને ઝોળીમાંથી પગની લાતો મારવા માંડી. ૬ ત્યારે કુંપળો જેવા સુકુમાર ભગવાનના પગના પ્રહારથી તેમને જે ગાડાની નીચે ઝોળી કરીને સુવાડેલા હતા તે ગાડું પડી ગયું. જુદી જુદી જાતના રસોથી ભરેલાં પાત્ર, ગાડું, તેની ઉંધ અને ધુંસરી વગેરે ઉંધું પડી ગયેલું જોતાં ગોવાળીઆ તથા ગોપીઓ અત્યંત આશ્ચર્ય પામી અને એક બીજાને કહેવા લાગી કે, 'આ ગાડું* ઉંધું પડવાનું શું કારણ હશે' ? ૭-૮

* આને શકટાસુર કહે છે, જો કે ભાગવતમાં શકટાસુર નામ નથી; તથાપિ ગર્ગ સંહિતામાં ઉત્કચ નામથી આની કથા છે, કંસનો મોકલેલો ઉત્કચ નામનો દૈત્ય આવીને બેઠો, અને જેવો તે પ્રભુ ઉપર ગાડું નાખવા ઇચ્છતો હતો, તેટલામાં શ્રીકૃષ્ણે લાત મારી તેથી તે ગાડું અને દૈત્ય પછડાયાં, પછી તે દૈત્ય નિર્મલરૂપ થઇ ગોલોકમાં ગયો. તે પૂર્વજન્મમાં હિરણ્યાક્ષ દૈત્યનો પુત્ર ઉત્કચ નામે હતો. તે લોમશ મુનિના આશ્રમમાં ગયો હતો, ત્યાં સર્વે ઝાડો ભાંગી નાંખ્યાં તેથી લોમશ મુનિને ક્રોધ આવ્યો તેથી

આ પ્રમાણે એક બીજાને પૂછતાં ગોપગોપીઓ ગાડાને વિંટાઇ વળયાં. ગાડું શાથી ઉંધું પડ્યું તેનો કાંઇ નિશ્ચય ન થતાં આસપાસ ઉભેલાં બાળકો અને ગોપીઓ કહેવા લાગી કે, 'શ્રી બાળ ગોપાળે રમતાં રમતાં પગની લાત મારીને ગાડાને ઉંધું પાડી નાંખ્યું છે, એમાં શક નથી.' ૯ ગોવાળીઆ કે જેમને શ્રી બાળગોપાળના બળનું જ્ઞાન નહોતું તેઓ કહેવા લાગ્યા કે, આ બાળકો તો મિથ્યા બોલે છે. ૧૦ પોતાના પુત્રને તે બીન્યો હશે અને કંઇ વળગાટ લાગ્યો હશે કે કેમ, એમ વિચાર કરતાં યશોદાજીએ બ્રાહ્મણોની પાસે શ્રીકૃષ્ણને અભિષેક અને સ્વસ્તિવાચન કરાવ્યું અને ધવરાવીને પારણામાં પોઢાડયા. ૧૧ બળવાન ગોપલોકે પછી તે ગાડાને પાછું જેમ હતું તેમ ગોઠવી દીધું અને બ્રાહ્મણોએ હોમાદિક કરીને દહિં, અક્ષત, દર્ભ અને જળથી ગ્રહોનું પૂજન કર્યું. ૧૨ જે પુરૂષો અસૂયા, મિથ્યા ભાષણ, દંભ, ઇર્ષ્યા, હિંસા અને અભિમાનથી રહિત સત્ય સ્વભાવના હોય છે તેમના આશિર્વાદ કદી પણ વ્યર્થ જતા નથી. ૧૩ એમ ધારીને નંદરાયે ઉત્તમ બ્રાહ્મણો પાસે ઋક્ યજુ: સામ મંત્રોથી પોતાના પુત્રને અભિષેક કરાવ્યો. હોમ કરાવ્યા પછી સર્વે બ્રાહ્મણોને મિષ્ટાન્ન જમાડર્યાં. ૧૪–૧૫ વળી નંદજીએ તે બ્રાહ્મણોને દક્ષિણામાં ઉત્તમ ગુણવાળી, માળાઓ અને વસ્ત્રોવાળી ગાયો દાનમાં આપી અને તેમણે સામા આશીર્વાદ દીધા. મંત્રજાણનારા બ્રાહ્મણો જેવો આશીર્વાદ દે છે તેવુંજ તેનું ફળ થાયછે. ૧૬—૧૭

એકવાર યશોદાજી શ્રીકૃષ્ણને ખોળામાં લઇને રમાડતાં હતાં, ત્યારે તેમને પર્વત જેટલો ખોળામા ભાર લાગવા માંડયો. ભગવાનના શરીરમાં રહેલા બ્રહ્માંડના ભારથી વ્યથા પામેલાં અને આશ્ચર્યથી ચકિત થઇ ગયેલાં યશોદા તેમને પૃથ્વી ઉપર મૂકી પોતાને કામે લાગી ગયાં. ૧૮–૧૯ આ સમયે કંસે મોકલેલો તૃણાવર્ત દૈત્ય વંટોળીઆનું રૂપ ધરી ભગવાનને હરી ગયો. ૨૦ આખા ગોકુળ ગામમાં વંટોળીયો વાવા લાગ્યો એટલે તેમાં ઉડેલી ધૂળથી લોકનાં નેત્ર ભરાઇ ગયાં. દિશાઓમાં વાયુના સપાટાથી ભયંકર શબ્દ થવા લાગ્યા. ૨૧ અને બે ઘડી સૂધી ગોકુળ ગામ ધૂળકટથી છવાઇ રહ્યું. હાંફળાં ફાંફળાં યશોદાજીએ જે ઠેકાણે પુત્રને મૂકયો હતો ત્યાં જોયુ પણ તે ત્યાં નહોતો. ૨૨ વંટોળીયામાં ઉડેલા કાંકરાથી અને ધૂળથી માણસ પોતાને કે બીજા કોઇને જોઇ શકતું નહોતું. ૨૩ વંટોળીઆથી ધૂળનો વરસાદ વરસી રહ્યો હતો. પોતાનો પુત્ર ન જડવાથી વ્યાકુળ થયેલાં યશોદાએ વાછડા વિયોગી ગાયની પેઠે શોક કરવા માંડયો. ૨૪ યશોદાનું રૂદન સાંભળી એકઠી થયેલી ગોપિકાઓએ પણ જ્યારે કૃષ્ણને જોયા નહિ ત્યારે વ્યાકુળ થઇને રડવા લાગી. ૨૫ આણી તરફ ભગવાનને લઇને આકાશમાં ચડતા તૃણાવર્તને ભગવાનનો અતિશય ભાર લાગવા માંડયો એટલે તેણે તેમને મૂકી દેવા માંડયા, પરંતુ શ્રીકૃષ્ણ તેને ગળે ઝુડની પેઠે બાઝી રહ્યા. તૃણાવર્ત વધારે ઉંચે જઇ શકયો નહિ, એટલુંજ નહિ પણ ભારથી પીડાયેલો અને ગળેથી પિસાયેલો તૃણાવર્ત ચીસ પણ ન પાડી શકતાં આંખો બહાર નીકળી જઇ ભગવાનની સાથે મોટા જોરથી શબવત્ થઇ વ્રજમાં પડયો. ૨૬–૨૮ જેના અવયવો ત્રિપુરાસુરની પેઠે છિન્ન ભિન્ન થઇ ગયા હતા એવા તૃણાવર્તને* એક શિલા ઉપર બેભાન થઇને

તેમણે શાપ દીધો કે—જા તું વિદેહ થઈ જા; અર્થાત્ પવનરૂપ રહીશ આ સાંભળી દૈત્ય ગભરાયો અને ધ્રુજતો મુનિના ચરણને શરણ થયો, અને કહ્યું કે—હે મહારાજ ! હું આપના પ્રભાવને જાણતો ન હતો, માટે મારો અપરાધ ક્ષમા કરો, અને મને દેહ આપો. આવાં તેનાં વચન સાંભળી મુનિને દયા આવવાથી કહ્યું કે—જા કૃષ્ણાવતારમાં ભગવાનના ચરણનો સ્પર્શ થવાથી તારી મુક્તિ થશે.

* એ તૃણાવર્ત્ત પૂર્વે પાંડુ દેશનો રાજા હતો, તેનું નામ વિશ્વવિજય હતું. તેને એક હજાર સ્ત્રીઓ હતી. એક દિવસ તે પોતાની સ્ત્રીઓ સાથે મદોન્મત્ત થઇ પુષ્પભદ્રા નદીમાં જળ ક્રીડા કરતો હતો એટલામાં દૈવસંયોગે દુર્વાસા ઋષિ ત્યાં આવી ચઢ્યા

પડેલો, રૂદન કરતી ગોપિકાઓએ દીઠો. ૨૯ દૈત્ય આકાશમાં લઇ ગયો હતો: તેથી મૃત્યુના મુખમાં પડેલા છતાં ત્યાંથી બચી નીચે આવીને દુષ્ટ રાક્ષસની છાતી ઉપર રમતા શ્રી કૃષ્ણને રૂદન કરતી ગોપિકાઓએ ઉપાડી લઇ વિસ્મય પામી યશોદાજીને આપ્યા. શ્રી કૃષ્ણચંદ્રને જોઇને જેમના મનોરથ સફળ થયા હતા એવા નંદ તથા ગોપ અને ગોપીઓ આનંદાશ્ચર્યમાં પડી કહેવા લાગ્યાં કે, ૩૦ રાક્ષસના હાથમાં ગયેલો આ બાળક જીવતો આવ્યો એ મહા અદ્ભુત જેવું થયું.' હિંસક પોતાના પાપથી માર્યો જાય છે અને સાધુજન પોતાની સમતાથી ભયને તરી જાય છે તે આનું નામ. ૩૧ આપણે શાં તપ, પૂજન, જળાશયો, યજ્ઞ અને દાન કરેલાં હશે કે આ બાળક દૈત્યના હાથમાંથી બચી બંધુજનને આનંદ આપવા પાછો આવ્યો? ૩૨ ગોકુળમાં આવાં વિઘ્ન થતાં જોઇને નંદજીને વસુદેવે કહેલાં વચનમાં ઉત્તરોત્તર વધારે ને વધારે વિશ્વાસ આવતો ગયો. ૩૩

કેટલાક દિવસ ગયા પછી વળી એકવાર યશોદાજી શ્રી કૃષ્ણને પુર્ણ સ્નેહથી ધવરાવતાં ધવરાવતાં રમાડતાં હતાં, ત્યારે તેમણે ધાવી રહીને બગાસું ખાધુ. યશોદાજીએ ખમા ખમા કરી તેમના સામું જોયું તો પહોળા થયેલા શ્રી કૃષ્ણચંદ્રના મુખમાં તેમણે આકાશ, સ્વર્ગ, પૃથ્વી, તારામંડળ દિશાઓ, સૂર્ય, ચંદ્ર, અગ્નિ, વાયુ, સમુદ્રો, દ્વીપો, પર્વતો, નદીઓ, વન અને ટુંકામાં કહીએ તો સર્વ સ્થાવર જંગમ પ્રાણીઓને દીઠાં. ૩૪-૩૬ હે રાજન્! પ્રભુના મુખમાં બ્રહ્માંડનું દર્શન થતાં જેમને કંપ અને વિસ્મય ઉત્પન્ન થયો હતો એવાં તથા હરણના બાળ જેવી આંખોવાળાં યશોદાજી તો આશ્ચર્યથી તુરતજ આંખો મીંચી ગયાં. ૩૭

सा वीक्ष्य विश्वं सहसा राजन् संजात वेपथुः ॥
संमील्य मृगशावाक्षी नेत्रे आसीत्सुविस्मिता ३७

ઇતિ શ્રીમદ્ ભાગવતના દશમસ્કંધ પૂર્વાર્ધમાં તૃણાવર્ત વધ કથન નામે સાતમો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૮ મો.

શ્રી કૃષ્ણ બળદેવનાં ગર્ગાચાર્યે નામ પાડ્યાં.

शुक उवाच.

गर्गःपुरोहितो राजन् यदूनां सुमहातपाः ॥
व्रजं जगाम नन्दस्य वसुदेवप्रचादितः ॥१॥

શ્રીશુકદેવજી કહેછે.—હે રાજન્! યદુઓના મહા તપસ્વી પુરોહિત ગર્ગાચાર્યે વસુદેવની સૂચનાથી નંદજીના વ્રજમાં ગયા. ૧ નંદજીએ ગર્ગને આવેલા જોઇ ઉભા થઇ હાથ જોડી પ્રણામ કરી પ્રસન્ન થઇને તેમની પૂજા કરી. ૨ આતિથ્ય સત્કાર થઇ રહ્યા પછી ગર્ગમુનિ જ્યારે સુખાસન ઉપર બિરાજ્યા ત્યારે હાથ જોડીને નંદજી તેમને નીચે પ્રમાણે વિનંતિ કરવા લાગ્યા. હે મહારાજ આપ સર્વ વાતે કુશળ છો? આપ આજ્ઞા કરો કે હું તમારૂં શું પ્રિય કરૂં? ૩ આપના જેવા મહાત્માઓનું આગમન સંસારમાં ગુંથાઇ રહેલા ગૃહસ્થાશ્રમીઓના કલ્યાણને માટેજ હોય છે, પોતાના સ્વાર્થને માટે હેતુ નથી. ૪ આપે ઇંદ્રિયો પણ ન પહોંચી શકે એવું ભૂત, ભવિષ્ય અને વર્તમાન જણાવનારૂં જ્યોતિષ શાસ્ત્ર બનાવેલું છે. ૫ વળી આપ વેદ પારગત છો તેથી, આપજ હે મહારાજ! આ બે બાળકોને સંસ્કાર કરવાને યોગ્ય છો, બ્રાહ્મણ જન્મથીજ પ્રજા માત્રના ગુરૂ છે માટે આપે આ પુત્રોને સંસ્કાર કરવા જોઇએ. ૬

ગર્ગાચાર્ય કહે છે.—હે નંદજી! હું યા-

ને જુએ છે તો સ્ત્રીઓ સાથે નગ્ન નિર્લજ્જપણે ક્રીડા કરે છે. એ જોઈ કોપ કરીને ઋષિએ શાપ દીધો કે અરે દુષ્ટ! તું અસુર થઇ જા અને એક લાખ વર્ષ સુધી બ્રહ્માંડમાં ભમતો ફર; જ્યારે વ્રજમાં શ્રી કૃષ્ણ અવતાર લેશે ત્યારે તેમના હાથે તારૂં મૃત્યુ થયે તારો મોક્ષ થશે.


દેવોનો આચાર્ય આ પૃથ્વી ઉપર જગ જાહેર પ્રસિદ્ધ છું. માટે જો હું આ બાળકોને સંસ્કાર કરીશ તો કંસ એમ માનશે કે તે દેવકીના પુત્ર છે. ૭ વળી તમારે વસુદેવની સાથે મિત્રતા છે તે કંસ જાણે છે; તેમ દેવકીની પુત્રીએ તેને કહ્યું છે તેથી તે જાણે છે કે, તેનો આઠમો ગર્ભ પુત્રીરૂપ નહોતો. આમ વહેમ જવાથી તે તમારા પુત્રોનો નાશ કરે તો તેથી અમારૂં અશુભ થયું ગણાય, તેથી હું તેમને સંસ્કાર કરીશ નહિ. ૮-૯ આટલું સાંભળીને નંદજીએ ફરીથી તેમને કહ્યું કે, 'જો આપને એમ લાગતું હોય તો મારા માણસોના પણ જાણવામાં ન આવે તેવી ગુપ્ત જગ્યામાં આપ આ બાળકોને સંસ્કાર કરો. ૧૦ આ પ્રમાણે નંદજીની વિનંતીથી પોતાનું જે કર્તવ્ય હતું તે કરવાને ગર્ગાચાર્યે પછી તે બાળકોને એકાંતમાં નામકરણ આદિ સંસ્કાર કર્યા. ૧૧ પછી ગર્ગાચાર્ય બોલ્યા—હે નંદજી! આ પોતાના સંબંધીઓને રંજન કરનાર રોહિણીનો પુત્ર રામ કહેવાશે એટલુંજ નહિ પણ બળવાળો હોવાથી બળદેવ અને છિન્નભિન્ન થઇ ગયેલા યાદવ કુળને એકઠા કરવાથી સંકર્ષણ પણ કહેવાશે. ૧૨ યુગે યુગમાં અવતાર ધારણ કરનાર આ તમારા બીજા પુત્રના શ્વેત, કૃષ્ણ અને પિત એવા ત્રણ રંગ છે, છતાં આ અવતારમાં તેનો શ્યામરંગ હોવાથી તે શ્રીકૃષ્ણ§ કહેવાશે. ૧૩ તમારો શુભ લક્ષણવાળો પુત્ર પૂર્વે વસુદેવને ત્યાં જન્મ્યો હતો તેથી તે વાસુદેવ† કહેવાશે. ૧૪ છતાં આ પુત્રનાં

§ કૃષ્ણ એ નામમાં જે કકાર છે, તે લક્ષ્મીકાન્તનું રૂપ છે અને ઋકાર એ રામ રૂપ છે, તથા ષકાર એ છ ઐશ્વર્ય સંપન્ન શ્વેત દ્વીપ નિવાસી ભગવાનનું રૂપ છે, અને ણંકાર એ નૃસિંહજીનું રૂપ છે; તથા અકાર એ અક્ષર (અંજન્માં) સર્વના ભોક્તા અગ્નિનું રૂપ છે અને તે પ્રમાણે જ એ બે વિસર્ગ નરનારાયણનાં રૂપ છે. એ પ્રમાણે છ પૂર્ણરૂપ જે મહામુનિ (જ્ઞાની)માં લીન થાય; અર્થાત્ જેના અંશથી આ સર્વ અવતારાદિ થાય છે, તેનું કૃષ્ણ એવું નામ થાય છે.

તેના ગુણ કર્માનુસાર ઘણાં નામ લોકમાં ગવાય છે અને તે હુ જાણું છું. ૧૫ ગોપ અને ગોકુળને આનંદ આપનાર તમારો આ પુત્ર શુભ કરશે અને તેના પ્રતાપથી તમે વગર શ્રમે સર્વ સંકટને તરી જશો. ૧૬ હે વ્રજરાય! પૂર્વે જ્યારે ચોરલોકનો ઉપદ્રવ વધી પડયો હતો ત્યારે તમારા આ પુત્રે સત્પુરુષોને વધારી તથા તેમનુ રક્ષણ કરીને ચોર લોકનું જોર તોડી પાડ્યું હતું. ૧૭ અસુરો જેમ વિષ્ણુના પક્ષને હરાવી શકતા નથી તેમ જે માણસો તમારા આ પુત્રના ઉપર પ્રીતિ રાખશે, તેમને શત્રુઓ હરાવી શકશે નહિ. ૧૮ હે નંદ! તમારા આ પુત્રનું તમે સારી રીતે પાલન કરજો, કારણ કે તે ગુણ, લક્ષ્મી કીર્તિ અને ઐશ્વર્યમાં વિષ્ણુના જેવો છે. ૧૯*

† આઠે વસુ અને સર્વ દેવતા તથા ચિત તેને વસુ કહે છે, તેમા જે વસે તેન વાસુદેવ કહે છે ૧ वासुदेवोयं ब्रह्मेति श्रुतिश्च । વાસુદેવ એ બ્રહ્મ છે, એ શ્રુતિ પણ છે; તો પણ ગર્ગાચાર્યે ગુપ્ત રાખીને, વસુદેવના પુત્ર એમ કહ્યું.

*** શ્રીકૃષ્ણ ભગવાનની જન્મ કુંડળી**



૧ જન્મકુંડલીમાં વરખરાશિનો ચંદ્ર લગ્ને છે માટે તે ઘણી સ્ત્રીઓ સાથે વિહાર કરનારા થશે.

૨ બીજે રાહુ ઉચનો છે માટે પોતાના કુટુંબમાં પરસ્પર કલેશ ઉપજાવીને નાશ કરશે.

૩ ત્રીજા ભુવનનો સ્વામી ચંદ્ર લગ્ને હોવાથી તે મહા પરાક્રમી થશે.

૪ ચોથે સૂર્ય સ્વગૃહમાં રહેલો છે તેથી તે પોતાનાં માતપિતાને બંધનમુક્ત કરાવશે.

૫ પાંચમે બુધ ઊંચનો હોવાથી તેમને ઘણી પ્રજા ઉત્પન્ન થશે, વળી તે પ્રપંચી, કપટી તથા વિદ્યાઓના મર્મ જાણનાર થશે.

શુકદેવજી કહેછે—આ પ્રમાણે નામકરણ સંસ્કાર કરીને પછી ગર્ગાચાર્ય ગયા એટલે નંદજીએ પ્રસન્ન થઇ પોતાના સર્વે મનોરથો સિદ્ધ થયા હોય એમ માન્યું. ૨૦ કેટલાક માસ વીત્યા પછી કૃષ્ણ અને બળદેવ ઘૂંટણીએ ચાલતા શીખ્યા. ૨૧ પગમાં પહેરાવેલી ઝાંઝરીઓની ઘૂઘરીઓના ઘણઘણાટથી પ્રસન્ન થતા તે બે બાળકો વ્રજમાં આમ તેમ ફરતા તથા અમુક માણસની પાછળ ત્રણ ચાર ડગલાં જઇ આવી ભયથી પાછા પોતાની માતાઓના ખોળામાં પેશી જતા હતા. ૨૨ યશોદા અને રોહિણી પણ રસ્તાની રજવાળા પુત્રોને છાતી સાથે દાબી પ્રસન્ન થઇને ધવરાવતી હતી. ૨૩ જેમ જેમ વખત જતો ગયો તેમ તેમ તે બાળકો મોટા થતા ગયા. જ્યારે તેઓ વત્સનાં પુંછ ઝાલીને ઉભા રહેતા તથા વત્સ તેમને આમ તેમ ઘસડી જતાં ત્યારે આડોશપાડોશની ગોપીઓ તેમને જોઇને પ્રસન્ન થતી હતી. ૨૪ અત્યંત ચપળ અને રમત રમતા તે બે બાળકોને, અગ્નિથી, હથીઆરથી, શિંગડાંવાળાં તથા દાઢવાળાં પ્રાણીઓથી અને કાંટાઓથી બચાવવા માટે તેમની માતાઓને ઘરનાં કામ રહેતા દઇ બાવરાં બાવરાં ફરવું પડતું હતું. ૨૫ જ્યારે એ બે બાળકો પગે ચાલતા ગોકુળમાં ફરવા લાગ્યા ત્યારે શ્રી કૃષ્ણ ભગવાન બળદેવજી તથા બીજા સરખી ઉમ્મરના ગોપ બાળકોની સાથે ગામમાં અનેક રમતો રમવા લાગ્યા. ગોપીઓને તેમની લીલાઓ જોઇને ઘણો આનંદ થતો હતો, એકવાર સઘળી ગોપીઓએ એકઠી મળી શ્રી કૃષ્ણચદ્રના ઉન્માદની યશોદાજી આગળ રાવ ખાધી. ૨૬–૨૮

ગોપીઓ બોલી-હે નંદરાણી! તમારો આ અટકચાળો પુત્ર જ્યારે અમારૂં મન બીજા કામમાં રોકાયલું હોય છે, ત્યારે, કવખતે વાછડાંને છોડી મૂકે છે. ઠપકો દેવા જતાં મોઢે વળગ્યો આવે છે અને હસે છે. છાનો માનો અમારા ઘરમાં પેશી સ્વાદિષ્ટ દહીં, માંખણ અને દૂધ ચોરી ખાય છે. માંકડાને એકઠાં કરી તેમની પાસે દહીં દૂધનાં માટ ભેળાવે છે, અને જો માંકડાં ખાતાં નથી તો પોતે તે માટને ફોડી નાંખે છે. અમે જ્યારે દહીં દૂધનાં માટ સંતાડોએ છીએ ત્યારે તમારો આ રિસાળ પુત્ર ઘરમાં પેશી ઉંઘતા બાળકોને રોવરાવી જાય છે; ઉંચી વસ્તુ લેવાને માટે ઉખળ ઊંધા પાડા તેની ઉપર ચઢે છે, અને સીંકામાં મૂકેલી વસ્તુઓ લેવા માટે ચોરી કરવામાં કુશળ આ કૃષ્ણ લાકડીથી તેમાં કાણું પાડે છે. અંધારામાં મૂકેલી વસ્તુઓને શોધી લેવા માટે તે મણિના અલંકારો પહેરી ચોરી કરવા આવે છે ૨૯–૩૦ જ્યારે પકડાય છે અને અમે તેને ચોર કહીએ છીએ ત્યારે સામો થઇ ઘરધણીપણું દેખાડવા અમને ચોર ઠરાવે છે. ઘરમાં જ દેકૂદી જાય છે તથા મૂતરી જાય છે, તેમ છતાં તમારી પાસે તે શુદ્ધ થઇ ઉભો રહે છે. કૃષ્ણ ભયશીલ આંખે ગોપીઓના સામું જોઇ આ બધું સાંભળતા હતા તેમ છતાં જ્યારે ગોપીઓ સઘળું કહી રહી અને યશોદાજી હસી પડયાં ત્યારે શ્રીકૃષ્ણ મનમાં પ્રસન્ન થયા ૩૧

૬ છઠ્ઠે તુલા રાશીનો શુક્ર, શનિ સાથે રહેલો છે તેથી તે પોતાના શત્રુઓનો તથા મોસળ પક્ષનો નાશ કરનાર થશે તથા નવનીત (સત્વ માખણ) ને ચોરનાર થશે.

૭ સાતમાનો સ્વામી મંગળ ઊંચનો થઈ નવમા ભુવને રહેલો હોવાથી તે ઘણી સ્ત્રીઓમાં આસક્તિ રાખનાર થશે.

૮ આઠમે કેતુ ઉંચનો હોવાથી તેમનું મૃત્યુ નીચ માણસના હાથથી અને હથિયારથી થશે.

૯ નવમે મંગળ ઉંચનો છે તે બીજાઓનાં અભિમાન ઉતારીને સારી કીર્તિ મેળવશે.

૧૦ દશમાનો સ્વામી શનિ છઠ્ઠે હોવાથી એ પોતે રાજા થાય પણ અધિકાર બીજાનો રહે.

૧૧ અગીયારમે ગુરૂ મીન રાશિનો છે તેથી તે દેવાંશી, વૈભવવાળા, લક્ષ્મીવાળા, પરાક્રમી તથા લાંબી ઉમ્મરવાળા થશે.

૧૨ બારમા ભુવનનો સ્વામી મંગળ નવમે હોવાથી તે અપાર ખર્ચાળ અને ધર્મ કાર્ય કરનાર થશે.

પછી એકવાર શ્રીકૃષ્ણ બળદેવજી સાથે રમતા હતા ત્યાંથી ઘેર નાશી આવ્યા, એટલે ગોવાળીઆઓએ યશોદાને કહ્યુ કે, 'તમારા પુત્રે માટી ખાધી છે.' ૩૨ પુત્રનું ભલું ઇચ્છનારાં યશોદાએ ભયથી ચમકતાં લોચનવાળા શ્રી કૃષ્ણચંદ્રનું મુખ પકડીને કહ્યું કે, 'અલ્યા ચંચળ! તે શું માટી ખાધી છે કે?' કૃષ્ણે જવાબ આપ્યો કે, મેં માટી ખાધી નથી. ત્યારે યશોદાજીએ કહ્યું કે, આ બાળકો અને તારો મોટો ભાઇ કહેછે કે તેં માટી ખાધી છે તે શું ખોટું બોલે છે? ૩૩-૩૪ કૃષ્ણે ઉત્તર આપ્યો કે, 'માતાજી! તેઓ સર્વે જૂઠું બોલે છે, મેં માટી ખાધી નથી, તેમ છતા જો તમને વિશ્વાસ ન આવતો હોય તો જુઓ મારૂં મુખ.' ૩૫ 'બતાવ ત્યારે' એમ યશોદાજીએ કહ્યું, એટલે ક્રીડા કરવા માટેજ માત્ર મનુષ્ય દેહ ધરી આવેલા અખંડ ઐશ્વર્યવાળા શ્રીકૃષ્ણ પરમાત્માએ પોતાનું મુખ પહોળું કર્યું યશોદાજીએ તે મુખમાં જોયું તો તેમાં સ્થાવર જંગમાત્મક જગત, આકાશ, દિશાઓ, પર્વતો, દ્વીપો, સમુદ્ર, ભૂગોળ, વાયુ, વિજળી, ચંદ્ર, તારા, સ્વર્ગલોક, જળ, તેજ, વાયુ, આકાશ, ઇંદ્રિયોના દેવ, તન્માત્રાઓ, ત્રણ ગુણ, જીવ, કાળ, સ્વભાવ, કર્મ, અંતઃકરણ અને ટુંકામાં કહીએ તો પોતે અને વ્રજને પણ તેમાં જોયું. આવું જોતાં યશોદાજી શંકામાં પડી ગયાં. ૩૬-૩૯ અને હું શું સ્વપ્ન તો નથી જોતી? એમ વિચાર કરવા લાગ્યાં. શું આ ઇશ્વરની માયા હશે કે બીજું કંઇ હશે? માયા હોય તો બીજાને પણ આમ દેખાવું જોઇએ, પણ આ તો દર્પણમાં જેમ વસ્તુ ઉલટી દેખાય છે તેમ મારી બુદ્ધિમાં ભ્રમ થવાથી મને વિપરીત વસ્તુ દેખાય છે જો એમ હોય તો શ્રી કૃષ્ણ પોતાના મુખમાં ન દેખાવા જોઇએ, કારણ કે દર્પણમાં દર્પણ દેખાય નહિ. આ સ્વપ્ન કે ભ્રમ જેવું કંઇ નથી પણ મારો પુત્રજ એવો ઐશ્વર્યવાળો છે અને તેનોજ આ પ્રભાવ છે. ૪૦ મારો પુત્ર ઇશ્વર છે એમ માનીને યશોદાજીએ સ્તુતિ કરવા માંડી કે, "મન, કર્મ અને વાણીવડે ન જાણવામાં આવે એવું આ જગત્ જેને આધારે રહેલું છે, જેનાથી પ્રકટ થાય છે અને જેમાં લય પામે છે તે પરમાત્માનો મને આશ્રય હો. ૪૧ હું યશોદા, નંદરાયની રાણી, આ મારો પુત્ર, હું સર્વ ધનની, ગોપની, વ્રજની અને ગાયોની ધણિઆણી અને તે સર્વ મારૂં એમ જેની માયાથી મને ભાસે છે, તે ઇશ્વર મારૂં શરણ છે." ૪૨ યશોદાને આવું પરમ જ્ઞાન પ્રાપ્ત થતાં શ્રી પરમેશ્વરે તેમને પુત્ર સ્નેહ ઉત્પન્ન કરાવનારી માયામાં પાછાં ઉતારી દીધાં. ૪૩ એટલે શ્રી કૃષ્ણચંદ્રને ખોળામાં લઇ છાતી સાથે દાબીને યશોદાએ તેમને પુત્રસમાન લાડ લડાવવા માંડયાં. ૪૪ વેદમાં જેને ઇન્દ્રદિક રૂપે વર્ણવેલા છે, ઉપનિષદોમાં જેને બ્રહ્મ કહેલું છે, સાંખ્યશાસ્ત્ર જેને પુરૂષ કહે છે, યોગમાં જેને પરમાત્મા કહેલા છે અને ભક્તો જેને ભગવાન કહે છે તે સાક્ષાત્ શ્રી હરિને યશોદાજીએ પોતાના પુત્ર માન્યા. ૪૫

પરીક્ષિત રાજા પૂછેછે—હે મહારાજ! નંદજીએ એવું શું મોટું પુણ્ય કર્યું હતું કે વિષ્ણુ તેમને ત્યાં આવ્યા? અને યશોદાએ કયું પુણ્ય કર્યું હતું કે શ્રી હરિએ તેમના સ્તનનું પાન કર્યું? ૪૬ ત્રણે લોકનાં પાપનો નાશ કરનાર શ્રી કૃષ્ણ, જેમનાં બાળ ચરિત્રો લોક ગાય છે તેમની લીલાઓનો લ્હાવો તેમનાં ખરાં માતપિતાએ ન લીધો અને નંદ યશોદાએ શાથી લીધો? તેનું કારણ આપ મને કહો. ૪૭

શુકદેવજી કહેછે—હે રાજન્! આઠ વસુઓમાં મોટો દ્રોણ નામે વસુ હતો. તેને બ્રહ્માએ ગાયોની રક્ષા કરવાની આજ્ઞા કરી ત્યારે તેણે માગી લીધું હતું કે. ૪૮ "પૃથ્વી પર અમારો જન્મ થાય ત્યાં વિશ્વપતિ ઉપર અમારી પૂર્ણ ભક્તિ થાય." બ્રહ્માએ 'અસ્તુ' કહીને તેનો વર માન્ય રાખ્યો. ત્યાર પછી તે વ્રજમાં નંદ થઇને અને તેની સ્ત્રી ધરા યશોદા થઇને અવતર્યાં. ૫૦ હે ભારત! ગોપ ગોપીઓને શ્રીકૃષ્ણ ઉપર ભક્તિ હતી તેના કરતાં નંદ યશોદાને તે પોતાના પુત્ર હોવા

થી વધારે ભક્તિ રહેતી હતી. ૫૧ બ્રહ્માની આજ્ઞા સત્ય કરવાની ઇચ્છાવાળા શ્રીકૃષ્ણે રામની સાથે વ્રજમાં રહીને પોતાની લીલાઓથી તેઓની પ્રીતિ સંપાદન કરી. ૫૨

कृष्णो ब्रह्मण आदेशं सत्यं कर्तुं व्रजेविभुः ॥
सहरामो वसंश्चक्रे तेषां प्रीतिं स्वलीलया ५२

ઇતિ શ્રીમદ્ ભાગવત મહાપુરાણના દશમસ્કંધ પૂર્વાર્ધમાં વિશ્વરૂપ દર્શન વર્ણન નામે આઠમો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૯ મો.

શ્રી કૃષ્ણે કરેલી બાળલીલા.

शुक उवाच.

एकदा गृहदासीषु यशोदानन्दगेहिनी ॥
कर्मान्तरनियुक्तासु निर्ममन्थस्वयंदधि॥१॥

શ્રી શુકદેવજી કહેછે—એકવાર ઘરની દાસીઓ બીજા કામમાં રોકાયલી હોવાથી નંદજીનાં ધણિઆણી યશોદા પોતેજ વલોણું વલોવવા લાગ્યાં. ૧ વલોવતાં વલોવતાં તે ભગવાનનાં પૂર્વનાં બાળ ચરિત્રો સંબંધી ગીતો ગાતાં હતાં. ૨ મનોહર ભ્રકુટીવાળાં યશોદાએ આ વખત વિશાળ નિતંબપર રેશમી વસ્ત્ર ધારણ કરેલું હતું અને તેનાપર કટિમેખળા પેહેરી હતી. પુત્રપરના પ્રેમને લીધે સ્તનોમાં પાનો આવેલો હતો. નેતરાં ખેંચવાથી તેમનું શરીર આમ તેમ હાલતું હતું અને એ ચલનથી થતા પરિશ્રમને લીધે કંકણો અને કુંડળો હાલતાં હતાં. મુખપર પરસેવો આવ્યો હતો અને ચોટલામાંથી મ્લાન થયેલાં માલતીનાં પુષ્પ ખરતાં હતાં. ૩ યશોદા આ રીતે દહીં વલોવતાં હતાં તેવામાં શ્રીકૃષ્ણને ધાવવાની ઇચ્છા થવાથી પાસે આવી રવૈયો પકડીને ઉંચું જોવા લાગ્યા. પુત્રની ઇચ્છા જાણી જઇ યશોદાએ વલોવવાનું રહેવા દઇ તેમને ખોળામાં લીધા અને પાનો ચડવાથી જેમાંથી દૂધ ઝરતું હતું એવો સ્તન તેમના મુખમાં આપ્યો. ધાવતા અને પ્રસન્ન થતા શ્રીકૃષ્ણચંદ્રનું મુખ જોઇને પ્રસન્ન થતાં યશોદાજી જ્યારે આ પ્રમાણે તેમને ધવરાવતાં હતાં ત્યારે ચૂલા ઉપર ઉકળવા મૂકેલું દુધ ઊભરાઇ જવા લાગ્યું, તેથી બાળકને ખોળામાંથી હેઠા મૂકી તરતજ તેઓ ચુલા તરફ દોડી ગયાં. ૪–૫ આમ થવાથી રીસે ભરાયલા શ્રીકૃષ્ણે ક્રોધથી ફરકતા અધરને દાંતથી દાબી પાસે પડેલો એક પથ્થર લઇ ગોળીને માર્યો તેથી ગોળી ભાગી ગઇ અને દહીંની આખા ઘરમાં રેલમછેલ થઇ રહી ગોળી ફોડી નાંખ્યા પછી શ્રીકૃષ્ણ એક ખૂણામાં બેશીને માંખણ ખાવા લાગ્યા. ૬ એવામાં દૂધને ચૂલા ઉપરથી હેઠે ઉતારી યશોદાજી ત્યાં આવ્યાં અને જોયું તો કૃષ્ણની લીલા દીઠી. આ કામ કૃષ્ણનુંજ હશે એમ ધારી તેમને આમ તેમ શોધ્યા પણ જણાયા નહિ. ૭ એટલે અંદરના ઓરડામાં ગયાં, ત્યાં એક ઉખળને ઉંધો નાંખી તેના પર ઉભા રહી શીંકામાંથી માંખણ લઇને ખાતા શ્રી કૃષ્ણને તેમણે દીઠા વળી તે પોતે વાંદરાને માખણ ખવરાવતા હતા. માતા આવવાથી ભય પામતાં તેમનાં નેત્ર ચકળ વકળ થવા લાગ્યાં. ૮ માતાને લાકડી લઇ આવતી જોઇ ભય પામેલાની પેઠે કૃષ્ણ તે ઉખળ ઉપરથી ઉતરીને નાશી ગયા. યોગીઓનું ધ્યાનપણ જેને પહોંચી શકતું નથી એવા કૃષ્ણને પકડવાને યશોદા તેમની પાછળ દોડયાં, પરંતુ તે પકડી શક્યા નહિ ૯ સુંદર કટિ વાળાં યશોદાજી ભારે નિતંબને લીધે બરોબર દોડી શકતાં નહોતાં અને ઉતાવળે દોડવાથી તેમના અંબોડામાંથી પુષ્પ ખરી પડતાં હતાં છતાં મહા શ્રમથી છેવટે તેમણે શ્રીકૃષ્ણને પકડી પાડયા. ૧૦

અપરાધમાં આવેલા શ્રીકૃષ્ણે માતાના હાથથી પકડાતાં રોવા માંડયું એટલુંજ નહિ પણ હાથથી આંખો ચોળીને મોઢું આંજણના લેપવાળું કરી નાંખ્યું. યશોદાજી તેમના હાથ ઝાલીને ઠપકો દેવા લાગ્યાં. પરંતુ પુત્રને ભય પામી ગયેલો જોઇ મારી શક્યાં નહિ.

પણ તેમને બાંધવાનો વિચાર કર્યો. જેની અંદર, બહાર અને આસપાસ આખું જગત છે એવા અને આખા જગતમાં જે વ્યાપી રહેલા છે એવા શ્રીકૃષ્ણને યશોદાજીએ નેતરાંથી ખાંયણીઆની સાથે બાંધવાનો પ્રયત્ન કરવા માંડ્યો. ૧૧-૧૪ કૃષ્ણની પાછળ ફરી રહેતાં નેતરૂં ટુંકુ પડયું ત્યારે બીજું સંધાડયું. ૧૫ તે પણ બે આંગળ ટૂંકુ પડયું. આ પ્રમાણે ત્રણ ચાર નેતરાં સંધાડયાં પણ તે સઘળાં ટૂંકાં પડયાં. ૧૬ ત્યારે ગોપિકાઓ અને યશોદા હાસ્યથી આ ચમત્કાર જોઇને આશ્ચર્ય પામ્યાં. પછી પોતાની માતાને અત્યંત શ્રમ ન પહોંચાડતાં કૃષ્ણ બંધાયા. ૧૭-૧૮ હે રાજન્! જેને આધીન આખું વિશ્વ, શિવ અને બ્રહ્માદિક રહેલા છે એવા શ્રીકૃષ્ણ ભક્તાધીનપણું બતાવવાને માટે બંધાયા. ૧૯ બ્રહ્માએ, શિવે, અને અંગમાં રહેનારાં લક્ષ્મીએ મુક્તિ આપનારા હરિનો પ્રસાદ મેળવ્યો હતો, પરંતુ યશોદા અને ગોપીઓએ તો તેમના કરતાં વધારે સારો પ્રસાદ મેળવ્યો છે. ૨૦ શ્રી ભગવાન પોતાના ભક્તોને જેવાં સુખ આપે છે તેવાં સુખ દેહાભિમાની તપસ્વીઓને પણ આપતા નથી. ૨૧ કૃષ્ણને બાંધ્યા પછી જ્યારે યશોદા પોતાના ઘરના કામમાં લાગ્યાં ત્યારે શ્રીકૃષ્ણે નંદજીના આંગણામાં ઉછેરેલાં બે યમલાર્જુનનાં વૃક્ષ દીઠાં. એ વૃક્ષ પૂર્વજન્મમાં ગુહ્યક અને કુબેરના પુત્ર નલકૂબર અને મણિગ્રીવ હતા. લક્ષ્મીના મદને લીધે અંધ થયેલા તેઓ નારદના શાપથી વૃક્ષ થઇ ગયા હતા. ૨૨—૨૩

पुरानारदशापेन वृक्षतां मापितौमदात्
नलकूबरमणिग्रीवावितिख्यातौश्रियान्वितौ२३

ઇતિ શ્રીમદ્ભાગવત પુરાણના દશમસ્કંધ પૂર્વાર્ધમાં બાળલીલા કથન નામે નવમો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૦ મો.

શ્રીકૃષ્ણે કરેલો યમલાર્જુનનો મોક્ષ.

राजो उवाच.

कथ्यतांभगवन्नेतत्तयोःशापस्यकारणम् ॥
यत्तद्विगर्हितं कर्मयेन वा देवर्षेस्तमः ॥१॥

પરીક્ષિતરાજા પૂછે છે—હે મહારાજ! તેઓના શાપનું કારણ આપ મને કહો. તેમણે એવું શું નઠારૂં કામ કર્યું હતું કે જેથી દેવર્ષિ નારદને તેમના ઉપર ક્રોધ ચડયો?

શ્રી શુકદેવજી કહે છે—હે પરીક્ષિતરાજા! એકવાર એ કુબેરના પુત્રો વારૂણી મદિરાનું પાન કરી મદથી રાતાંચોળ નેત્રોવાળા, લક્ષ્મીના મદવાળા કૈલાસની રમણીય ભૂમિમાં ક્રીડા કરતા હતા. તેઓની પાછળ સ્ત્રીઓ ગીત ગાતી હતી અને મંદાકિનીના તટ ઉપર આવેલાં ઉપવનોમાં તેઓ વિચિત્રવિધ વિલાસ કરતી હતી. ૨-૩ ઉપવનમાં ક્રીડા કરી રહ્યા પછી તે બન્ને ગુહ્યકો કમળો વાળા ગંગાજીના પ્રવાહમાં પેશીને હાથીઓ જેમ હાથણીઓની સાથે ક્રીડા કરે તેમ અપ્સરાઓની સાથે ક્રીડા કરવા લાગ્યા. ૪ એટલામાં દૈવ ઇચ્છાથી ત્યાંઆગળ નારદઋષિ આવી ચઢયા. ઋષિ આવતાંજ નગ્ન થયેલી સ્ત્રીઓએ વસ્ત્ર પહેરી લીધાં. પરતુ પેલા બે જણે વસ્ત્ર પેહેર્યાં નહિ.† ૬ નારદજીએ જાણી લીધું કે, તેઓ મત્ત થયેલા છે. તેમના આવા અવિવેકથી ક્રોધ પામેલા ઋષિએ તેમને શિક્ષા કરવાના ઇરાદાથી નીચે પ્રમાણે શાપ દીધો. ૭

નારદજી બોલ્યા—લક્ષ્મીના મદથી મત્ત થયેલા અને પ્રિય વિષયોને સેવનારા પુરૂષોનીજ બુદ્ધિ ભ્રષ્ટ થાય છે. કુલીનતા, વિદ્વત્તા અ-

† પવિત્ર જળવાળી ગંગાજીને વિષે મનુષ્યે આ તેર વાતનો ત્યાગ કરવો. શૌચ, આચમન, ઉચ્છિષ્ટ, મલત્યાગ, તૈલમર્દન કરી સ્નાન, જલ સંતરણાદિ ક્રીડા યુક્ત સ્નાન, કોઇનું દીધેલું દાન લેવું, રતિ, બીજા તીર્થની અભિલાષા, બીજા તીર્થની પ્રશંસા, નગ્ન સ્નાન, કૂવાના દેડકાનું પાન અને ચોરી (પદ્મ પુરાણ)

થવા રજોગુણના મદથી બુદ્ધિ ભ્રષ્ટ થતી નથી. વળી લક્ષ્મીના મદમાંજ સ્ત્રી સેવન, જુગાર અને મદિરાનાં વ્યસનોએ વાસ કરેલો છે. ૮ લક્ષ્મીના મદથી અંધ થયેલા પુરૂષો આ ક્ષણભંગુર દેહને અજરામર જાણી પશુ હિંસાદિક પાપો કરે છે. ૯ આ પંચભૂતનો બનેલો દેહ નરદેવ અથવા ભૂદેવ કહેવાતાં છતાં અંતે સડી જાય છે, તેમાં કીડા પડે છે અને તેથી ખવાઇ જાય છે, છેવટ વિષ્ટારૂપ થઇ જાય છે, અને જો અગ્નિમાં નાંખ્યો હોયતો બળીને રાખ થઇ જાય છે. આ દેહ એવો નિઃસાર છતાં પણ તેમાં અભિમાન રાખનારા માણસો પ્રાણીનો દ્રોહ કરે એમાં શી નવાઈ? પ્રાણીનો દ્રોહ કરવાથી નરક મળે છે એવું તેમને મદમાં માલૂમ પડતું નથી. ૧૦ ક્ષણભંગુર દેહ આપણો તો નથી, એટલુંજ નહિ પરંતુ તે તેને પોષણ કરનાર અન્નદાતાનોએ નથી, પિતાનોએ નથી, માતાનો નથી, બળવાનનો, દત્તક લેનારનો કે શેઠનો પણ નથી. વળી એ અગ્નિમાં બળી જાય છે તેમ છતાં અગ્નિનો નથી, અને કુતરાં તેનો ભક્ષ કરે છે તેમ છતાં કુતરાંનો પણ નથી, પરંતુ સર્વનો છે. ૧૧ જુદાં જુદાં દ્રવ્યોથી ઉત્પન્ન થયેલો આ દેહ અવ્યક્તથી ઉત્પન્ન થઇ અવ્યક્ત માંજ લય પામે છે, એટલે મૂર્ખ શિવાય કોણ આવા દેહમાં અભિમાન રાખી પ્રાણીનો દ્રોહ કરે? ૧૨ લક્ષ્મીના મદથી મત્ત થએલાઓનું અંજન દરિદ્રતા છે, કારણ કે દરિદ્રતાથી તેમનો મદ જતો રહે છે અને તેઓ પ્રાણીઓપર દયા રાખતાં શીખે છે. દરિદ્રતામાં સર્વના ઉપર સરખી દ્રષ્ટિ રહે છે. ૧૩ જેને કાંટો વાગેલો છે તે બીજા પ્રાણીને કાંટાથી કેવું દુઃખ થશે તે જાણે છે, તેવીજ રીતે દરિદ્રપણાથી ભય પામેલો માણસ બીજા દીન જનોની વિપત્તિ જાણે છે. દરિદ્રતા આવતાં માણસના સર્વે મદ ટળી જાય છે, અને અભિમાન જતું રહેવાથી તેને જો કષ્ટ પડે છે તો તે કષ્ટ તપરૂપ થઇ પડે છે. ૧૪–૧૫ પરાયા અન્નની આશામાં રહેતો દરિદ્રી ભૂખે મરે છે, અને ભૂખને લીધે દુર્બળ થતાં તેની ઇંદ્રિયો શિથિલ થઇ જાય છે તેથી તેનાથી હિંસા પણ થતી નથી. ૧૬ દરિદ્રી પુરૂષને જો કોઇ મહાત્મા પુરૂષનો સંગ થય અને નિત્ય ઉપદેશ મળે તો તેથી તે જતે દહાડે શુદ્ધ થાય છે. ૧૭ સમદૃષ્ટિવાળા મહાત્મા પુરૂષો લક્ષ્મીના મદથી મત્ત થયેલા દુષ્ટાશ્રય શ્રીમંતોના સંગથી અલગ રહે છે, તેમ તેમને એવા ગર્વિષ્ઠોના સંગનું પણ શું પ્રયોજન છે? મહાત્મા પુરૂષો તો દરિદ્રી ઉપરજ સ્નેહ રાખે છે. ૧૮ વારૂણી પીને મત્ત થઇ ગયેલા, લક્ષ્મીના મદથી અંધ થયેલા, સ્ત્રીલંપટ અને અજીતેંદ્રિય આ કુબેરના પુત્રોના અજ્ઞાનનો મારે નાશ કરવો જોઇએ. ૧૯ લોકપાળના પુત્રો છતાં મદથી આંધળા થયેલા હોવાથી તેઓ પોતાને નાગા જાણતા નથી. ૨૦ આ મદ વાળાઓ સ્થાવર જાતિમાં જવાને યોગ્ય છે. એમ થવાથી તેઓ ફરીને આવું કામ નહિ કરે. વૃક્ષના અવતારમાં આવ્યા છતાં તેમને પૂર્વ જન્મનું સ્મરણ રહેશે અને દેવતાનાં સો વર્ષ પછી ભગવાનના સ્પર્શથી મુક્ત થશે. ૨૧–૨૨

શ્રી શુકદેવજી કહેછે—આ પ્રમાણે શાપ દઇને નારદમુનિ નારાયણાશ્રમમાં ગયા, અને નલકૂબેર તથા મણિગ્રીવ વ્રજમાં નંદજીના આંગણામાં યમલાર્જુનનાં વૃક્ષ થયા. ૨૩ વૈષ્ણવોમાં મુખ્ય એવા નારદના વચનને સત્ય કરવા માટે ભગવાન તે ઉખળને ખેંચતા ખેંચતા યમલાર્જુન પાસે ગયા. ૨૪ અને વિચાર કર્યો કે હવે આ બે જણને મોક્ષ આપું, કારણ કે તેથી મને પ્રિય એવા નારદનું વચન સત્ય થાય અને કુબેરના પુત્રો શાપમાંથી છુટે. ૨૫ આમ વિચાર કરીને ભગવાન તે બે વૃક્ષની વચમાં થઇને નીકળવા ગયા, પરંતુ ઉખળ આડો આવતાં તેને ખેંચવો પડયો એટલે જોરથી તે બન્ને વૃક્ષો મૂળથી ખેંચાઇને ઉખડી પડયાં. ભગવાને જોર કરતાંજ તે વૃક્ષની શાખાઓ અને કુંપળો કંપાયમાન થઈ અને જોત જોતામાં તો તે બન્ને ઝાડો મૂળ સાથે લાંબાં થઇને પૃથ્વી ઉપર પડયાં, ૨૬–૨૭ મોટા અવાજની સાથે

તે વૃક્ષો નીચે પડતાંજ તેમાંથી મૂર્તિમાન અગ્નિ જેવો પ્રકાશ કરતા, રજોગુણ રહિત બે પુરૂષો નીકળ્યા. તેઓ મસ્તકથી પ્રણામ કરીને નીચે પ્રમાણે શ્રી કૃષ્ણની સ્તુતિ કરવા લાગ્યા. ૨૮

નલકૂબર અને મણિગ્રીવ સ્તુતિ કરે છે—હે કૃષ્ણ! હે મહાયોગી! તમે સર્વના આદિ પુરૂષ છો, આ જગતમાં સર્વત્ર તમારૂં સ્થૂલ તથા સૂક્ષ્મ સ્વરૂપ રહેલું છે, એમ બ્રહ્મવેત્તાઓ કહે છે. ૨૯ પ્રાણીઓના દેહ, પ્રાણ, અહંકાર, અને ઇંદ્રિયોના તમે ઇશ્વર છો. તમે કાળમૂર્તિ વિષ્ણુ અને અવિનાશી ઇશ્વર છો. ૩૦ તમેજ મહત્તત્વ, સત્વ, રજ, અને તમ સ્વરૂપ છો. તેમજ પ્રકૃતિ, સર્વના અધ્યક્ષ અને શરીરોના વિકાર જાણનાર છો. ૩૧ ઇંદ્રિયોથી ગ્રહણ કરવામાં આવતા પ્રકૃતિના પદાર્થોથી તમે ગ્રહણ કરી શકાતા નથી. જીવાદિની પહેલાંના આપ સ્વતઃસિદ્ધ છો એટલે દેહ દિથી વિંટાયલો કયો પુરૂષ તમને જાણી શકે? ૩૨ વાસુદેવ, વેધા અને ભગવાન કહેવાતા એવા આપને અમે પ્રણામ કરીએ છીએ તમે પ્રકાશ કરેલા ગુણોથી જેનો મહિમા ઢંકાઇ ગયેલો છે એવા આપ બ્રહ્મરૂપને અમે નમસ્કાર કરીએ છીએ. ૩૩ સર્વના દેહમાં રહેલા આપને દેહ નથી એટલે તમારો અવતાર સંભવતો નથી, તેમ છતાં મોટાં મોટાં પરાક્રમોથીજ આપ સર્વના જાણવામાં આવો છો. ૩૪ લોકના કલ્યાણને માટે આપ હમણાં આ લોકમાં જન્મ્યા છો અને અહીં આપ યાદવોના પતિ, વાસુદેવ અને મંગળ સ્વરૂપ છો, તેમને અમે નમસ્કાર કરીએ છીએ ૩૫-૩૬ આપ હવે અમને આજ્ઞા કરો શ્રી નારદજીના અનુગ્રહથીજ અમને આજ આપનાં દર્શન થયાં છે. ૩૭ અમારી વાણી આપના ગુણાનુવાદ કરવામાં, કાન આપની કથા સાંભળવામાં, હ થ આપની સેવા કરવામાં, મન આપના ચરણનું ધ્યાન ધરવામાં, મસ્તક આપને પ્રણામ કરવામાં અને દૃષ્ટિ આપના દેહરૂપ મહાત્મા પુરૂષોનાં દર્શન કરવામાંજ સર્વદા સાવધાન રહો એમ અમે ઇચ્છીએ છીએ. ૩૮

શુકદેવજી કહેછે—તેમની આવી સ્તુતિ સાંભળીને ગોકુલેશ ભગવાન તેમના સામું જોઇ હસીને આ પ્રમાણે કહેવા લાગ્યા ૩૯

શ્રીભગવાન કહેછે—લક્ષ્મીના મદથી આંધળા થયેલા તમને મદથી મુક્ત કરવા માટે દયાળુ નારદજીએ જે શાપ દીધો હતો તે પ્રથમથીજ મારા જાણવામાં છે. ૪૦ સૂર્યનાં દર્શનથી જેમ નેત્રને બંધન રહેતું નથી, તેમજ સમદૃષ્ટિવાળા અને સર્વદા મારામાંજ ચિત્ત રાખનારાઓનાં દર્શનથી પુરૂષને બંધન રહેતું નથી. ૪૧ હે નલકૂબર! હવે તમે મારા ઉપર ભક્તિ રાખીને તમારા સ્થાનમાં જાઓ. સંસારને ટાળનારો ભક્તિભાવ તમને મારા ઉપર ઉત્પન્ન થયો છે, માટે હવે સુખેથી સિધારો. ૪૨

શ્રીશુકદેવજી કહેછે—હે રાજન્! આ રીતે ભગવાને કહ્યા પછી નલકૂબર અને મણિગ્રીવ ઉખળે બંધાયલા શ્રીકૃષ્ણ ભગવાનને પ્રદક્ષિણા તથા પ્રણામ કરીને તેમની રજા લઇને ઉત્તર દિશામાં ચાલ્યા ગયા. ૪૩

इत्युक्तौ तौ परिक्रम्य प्रणम्य च पुनः पुनः ॥
बद्धोलूखलमामंत्र्य जग्मतुर्दिशमुत्तराम् ॥४३॥

ઇતિ શ્રીમદ્ ભાગવત પુરાણના દશમ સ્કંધ પૂર્વાધમાં નારદ શાપ કથન નામે દશમો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૧ મો.

શ્રીકૃષ્ણે વત્સાસુર તથા બકાસુરનો વધ કર્યો.

શુક ઉવાચ.

गोपानंदादयः श्रुत्वा द्रुमयोः पततो रवम् ॥
तत्राजग्मुः कुरुश्रेष्ठ निर्घातभयशंकिताः॥१॥

શુકદેવજી કહેછે—હે કુરૂશ્રેષ્ઠ! એ બે વૃક્ષ પડતાં તેનો થયેલો કડકડાટ સાંભળીને વજ્ર પડવાની શંકાથી નંદ આદિ ગોપાળો-

આ ત્યાં આગળ દોડી આવ્યા. ૧ અને જુએ છે તો યમલાર્જુનનાં વૃક્ષોને પૃથ્વી ઉપર પડેલાં અને તે વૃક્ષોની વચ્ચે થઇને નેતરાથી બાંધેલા ઉખળની સાથે બહાર નીકળવાનો યત્ન કરતા શ્રીકૃષ્ણને દીઠા. આ વૃક્ષો કેવી રીતે પડયાં હશે એમ આશ્ચર્યમાં પડીને તેઓ કેટલીક વાર સૂધી જોઇ રહ્યા, ૨-૩ એટલામાં પાસે રમતા બાળકોએ કહ્યુ કે-"બાળ ગોપાળ આ બે વૃક્ષોની વચ્ચમાં થઇને જતા હતા. પરંતુ ઉખળ વચમાં આવવાથી તે નીકળી શકયા નહિ, ત્યારે તેમણે એક આંચકો માર્યો કે તરત વૃક્ષો નીચે પડયાં અને તેમાંથી બે ઉત્તમ પુરૂષો નીકળ્યા એવું અમે દીઠું છે" ૪ બાળક કૃષ્ણના આંચકાથી વૃક્ષો પડી જાય એ અસંભવિત લાગવાથી કેટલાક જણે માન્યું નહિ, અને કેટલાકના મનમાં તેથી મોટો સંદેહ ઉત્પન્ન થયો. ૫ નેતરાથી બાંધેલા અને ઉખળને લઇને ઘૂંટણીએ ચાલતા પોતાના પુત્રને જોઇ નંદરાયને હસવું આવ્યું અને પછી પિતૃસ્નેહથી તેમને ઉપાડી લઇ બંધન મુકત કર્યા. ૬ બાળગોવિંદ ભગવાન પણ પોતાને કોઇ ઓળખી ન જાય તેને માટે સાવધાન રહેતા આવી આવી બાળલીલાઓ કરતા હતા. કોઇ કોઇવાર ગોપિકાઓ તાળી વગાડી ભગવાનને ખેલાવતી હતી અને કોઇ વાર તેમના પ્રેમને વશ થયેલા ભગવાન તેમની સામે નાચતા તથા ગાતા હતા. ૭ આજ્ઞાધારણ કરતા બાળમુકુંદ કોઇવાર ગોપિકાઓના કહેવાથી તેમનાં કામ કરતા હતા અને આમ તેમ ખેલી બે હાથ ઉછાળી પોતાના ઉપર મુગ્ધ થયેલાં ભકત જનને આનંદ ઉપજાવતા હતા. પરમ દૈવતને પ્રકાશ કરતા ભગવાન આ પ્રમાણે ભકતોને આધીન રહી નાના પ્રકારના બાળ ચેષ્ટાઓથી વ્રજના લોકોને આનંદ ઉપજાવતા હતા. ૮-૯ એકવાર સર્વને ફળ દેનારા શ્રી કૃષ્ણ "ફળ લ્યો ફળ" એવો કોઇ ફળ વેચનારીનો શબ્દ સાંભળી દાણા લઇને ફળ લેવાને તેની પાસે ગયા. ૧૦ ફળ વેચનારીએ દાણા લઇને શ્રી કૃષ્ણનો ખોળો ફળોથી ભરી આપ્યો અને ભગવાને તેનો ટોપલો રત્નોથી ભરી આપ્યો હતો. ૧૧ યમલાર્જુન વૃક્ષોને પાડી નાંખનારા શ્રીકૃષ્ણ એકવાર નદીકાંઠે રમવા ગયા હતા, ત્યારે તેમને યશોદાજી બોલાવીને કહેવા લાગ્યાં કે "આજે તારી જન્મ ગાંઠ છે માટે તું ન્હાઇ શુદ્ધ થઇ બ્રાહ્મણોને ગાયોનુ દાન આપ. જો આ તારા મિત્રોને તેમની માતાઓએ નવરાવીને કેવા શણગાર્યા છે? તુ પણ ન્હાઇને જમી લે અને ઘરેણાં પેહેરીને પછી રમ." ૧૨-૧૩ આ રીતે કહીને શ્રીકૃષ્ણ તથા બળદેવને બોલાવવા લાગ્યાં તોપણ રમતને લીધે તેઓ આવ્યા નહિ. ત્યારે રોહિણીએ પુત્ર ઉપર વહાલ રાખનારાં યશોદાને મોકલ્યાં. ૧૪ પુત્ર સ્નેહથી જેને પાનો ચઢતો હતો એવાં યશોદાજી, બાળકોના સાથે રમતા શ્રીકૃષ્ણ બળદેવને આ પ્રમાણે સાદ પાડીને બોલાવવા લાગ્યાં. ૧૫ "હે કૃષ્ણ! હે કૃષ્ણ! હે તાત! અહીં આવ. રમવું બંધ કરીને અને ધાવ. તને ભૂખ લાગી હશે અને રમતથી તું થાકી ગયો હશે. ૧૬ હે બળદેવ! હે કુળને આનંદ પમાડનાર! તું ભાઇને તેડીને ઝટ આવ, તું સવારમાં જમેલો છે, હવે તારે જમવાનો વખત થયો છે. ૧૭ હે બળદેવ! નંદરાય જમવા માટે તારી વાટ જુએ છે. માટે ચલ, અને અમને રાજી કર. હે છોકરાંઓ! તમે તમારે ઘેર જાઓ." ૧૮ આ પ્રમાણે સ્નેહાધીન યશોદા સર્વના મુગટમણિ શ્રીકૃષ્ણને પોતાના પુત્ર માના તેમને હાથે પકડીને બળદેવજીની સાથે પોતાને ઘેર તેડી ગયાં અને ઉત્સવ કર્યો. ૧૯

શ્રીશુકદેવજી કહેછે—વ્રજમાં વરંવાર ઉત્પાત થતા હોવાથી એક વાર નંદ અને બીજા વૃદ્ધ ગોપ લોકોએ એકઠા થઇ પોતાનો વાસ બદલવાનો વિચાર કર્યો. ૨૦ શ્રીકૃષ્ણ અને બળદેવનું હિત ઇચ્છનારા તથા દેશકાળને જાણનારા ઉપનંદ નામના ગોપે તે વખતે આગળ આવીને કહ્યું કે, 'જો ગોકુળનું હિત ઇચ્છતા હો તો અહીંથી નીકળી બીજે કોઇ ઠેકાણે રહેવા જવું યોગ્ય છે; કારણ કે અહીં

વારંવાર બાળકોનો નાશ કરનારા ઉત્પાતો થાય છે. ૨૧-૨૨ હમણાંજ બાળકોનો નાશ કરનારી રાક્ષસીના સપાટામાંથી શ્રીકૃષ્ણ સદ્ભાગ્યે બચવા પામ્યા છે. ગાડાથી અને વંટોળીઆથી આ બાળકની શ્રી હરિએ રક્ષા કરી છે. બે મોટાં વૃક્ષોની વચ્ચમાં આવ્યા છતાં તથા આકાશમાંથી શિલા ઉપર પડવા છતાં પણ ઇશ્વરે તેનું સર્વદા રક્ષણ કર્યું છે. ૨૩-૨૫ નિરંતર ઉપદ્રવ રૂપ થઇ પડેલા ઉત્પાતો આ વ્રજનો નાશ કરે ત્યાર પહેલાં આપણે બાળકો તથા સેવકો સાથે આ સ્થાનનો ત્યાગ કરવો જોઇએ. અહીંથી થોડે દૂર વૃંદાવન નામનું એક સુંદર અને ઢોર ઢાંખરને હિતકારક વનસ્પતિથી પરિપૂર્ણ એક સ્થાન છે ત્યાં જઇને રહેવું એ સારૂં છે, માટે જો મારી શીખામણ તમને સર્વને રૂચતી હોય તો, પવિત્ર પર્વત, જળ અને લતાઓ વાળા વૃંદાવનમાં જવાને તૈયાર થાઓ. ૨૬-૨૭ ગાડાં જોડો અને સરસામાન તથા ગાયોનાં વૃંદ વગેરેને લઇ ચાલો. આ પ્રમાણે કરવાની તમારી ઇચ્છા છે? જો હોય તોજ તેમ કરજો.' ૨૮ એ સાંભળી સર્વે ગોપ પ્રસન્ન થયા અને 'તેમજ કરવું ઠીક છે' એમ કહી ગાડાં જોડી તેમાં સઘળો સરસામાન ભરી વૃંદાવન તરફ જવા માટે તૈયાર થયા. ૨૯ હે રાજન્! પછી વૃદ્ધ, બાળ, સ્ત્રીઓ અને ઘરવાખરો ગાડાંમાં ભરી, ગાયોનાં વૃંદને આગળ કરી હાથમાં ધનુષબાણ લઇ સાવધાન થઇ શંખ તથા ભેરી વગેરે વગાડતા વગાડતા તેઓ પોતાના પુરોહિત સાથે વૃંદાવન તરફ ચાલ્યા. ૩૦-૩૧ કંઠમાં ઘરેણાં પહેરેલી, સુંદર વસ્ત્રવાળી, અને સ્તન ઉપરના કુંમકુંમ લેપથી મનોહર લાગતી ગાડાંમાં બેઠેલી ગોપિકાઓ શ્રીકૃષ્ણની લીલાઓને ઉદ્દેશીને મંગળગીત ગાતી ગાતી માર્ગમાં જવા માંડી. ૩૨ યશોદા અને રોહિણી પોત પોતાના પુત્રને લઈ એક ગાડામાં સાથે બેઠાં હતાં, તેઓ પુત્રની લીલાઓ સાંભળીને પદે પદે પ્રસન્ન થવા લાગ્યાં. ૩૩ વૃંદાવન આવ્યું એટલે અર્ધચંદ્રના આકારમાં ગાડાં ઉભાં રાખી ગોપલોકે પોતાના વાસની ગોઠવણ કરી. ૩૪ હે રાજન્ સુંદર વૃંદાવન, શ્રી ગોવર્ધન પર્વત અને પવિત્ર યમુનાજીને જોઇ કૃષ્ણ બળદેવ પરમ આનંદ પામ્યા. ૩૫ ત્યાર પછી વાસની યથાયોગ્ય ગોઠવણ થઇ અને બાળલીલાઓથી તથા મધુર વાકયોથી વ્રજવાસીને પ્રીતિ ઉત્પન્ન કરતા કૃષ્ણ તથા બળદેવ ધીરે ધીરે વાછરડાં ચારવા જવા લાગ્યા. ૩૬ વાછરડાં ચારવા જતાં તેઓ પોતાની સાથે કામની વસ્તુઓ રાખતા અને ઝાઝા દૂર જતા નહિ. બીજા ગોપલોકના બાળકો પણ તેમની સાથે જતા હતા. ૩૭ વૃંદાવનના ઉપકંઠમાં ગયા પછી વાછરડાં પોતે ચારો ચરતાં અને શ્રીકૃષ્ણ બળદેવ બીજા બાળક મિત્રો સાથે રમતા હતા, તેમાં કોઇવાર તેઓ વાંસળી વગાડતા, કોઇવાર ઘુઘરીઓ વાળા પગે થઇ થેઈ નાચતા, કોઇવાર બીલીનાં ફળ અને આંબળાંને ફેંકતા હતા, કોઈવાર કાંબળ ઓઢીને બળદ થયેલા બીજા ગોપ પુત્રોની સાથે શ્રીકૃષ્ણ બળદેવ બળદ થઇ રમતા, પરસ્પર લડતા, કુસ્તી કરતા, બુમો પાડતા અને કોઈ કોઇ વાર હંસ તથા મોર વગેરેના જેવા અવાજ કરી તેમની પાછળ પડીને નાસતા હતા. વાછરડાં ચારવા જતા બીજા ગોપ પુત્રોની પેઠે શ્રીકૃષ્ણ બળદેવ પણ પ્રાકૃત માણસનાં છોકરાં જેવા થઇ નાના પ્રકારની લીલાઓ કરતા હતા. ૩૮-૩૯

એકવાર શ્રી કૃષ્ણ બળદેવ મિત્રો સાથે વૃંદાવનના ઉપકંઠમાં વાછરડાં ચારવાને ગયા હતા ત્યારે તેમને મારવાની ઇચ્છાવાળો કોઇ એક રાક્ષસ રૂપ બદલી ત્યાં આવ્યો. ૪૦ અને ચરતાં વાછડાંમાં વાછડાનું* રૂપ લઇ ચરવા લાગ્યો.. શ્રી કૃષ્ણચંદ્રે તેનું આવવું

* એ વત્સાસુર વિજયીમુરૂ નામના દૈત્યનો પ્રમીલ નામનો પુત્ર હતો, તે એક દિવસ બ્રાહ્મણનું રૂપ ધરી વસિષ્ઠ મુનિના આશ્રમમાં જઇ તેની મનોહર નંદિની નામની કામધેનુ ગાયને જોઇ, જેવો લેવા ઇચ્છે છે, તેવો જ ગાયે શાપ આપ્યો કે–અરે દુષ્ટ! તું ઋષિયોની ગાય લેવા ઇચ્છે છે, માટે તુ વાછડો થઈ જા. તે ઉપરથી તે વત્સાસુર થયો હતો

જાણી બળદેવજીને બતાવ્યો અને પોતે ધીરે ધીરે તેની પાસે જઇ તેને ખબર પડે નહિ તેમ તેના પાછલા પગ અને પુંછડું પકડી માથા ઉપર ફેરવી એક મોટા કોઠીના વૃક્ષની સાથે પછાડયો. વૃક્ષની સાથે પછડાતાં તેણે પોતાનું મોટું રાક્ષસ રૂપ ધારણ કર્યું તેથી ઝાડ અને તે બેઉ ભૂમિ ઉપર પટકાઇ પડયાં. ૪૧-૪૨ રાક્ષસ માર્યો જતાં ગોપબાળકો પ્રસન્ન થયા અને આકાશમાંથી પ્રસન્ન થયેલા દેવતાઓએ તેમના ઉપર પુષ્પવૃષ્ટિ કરી. ૪૩ સર્વ જગતનું પાલન કરનાર શ્રીકૃષ્ણ બળદેવ પોતે વાછડાના પાળક થઇ સીમમાં ભાથું લઇ વૃંદાવનમાં વત્સ ચરાવતા હતા.

એકવાર વાછડાંને ચરાવી બીજા બાળકો તેમને પાણીપાવા માટે યમુનાજીમાં લઇ ગયા, ત્યાં આગળ મોટા પર્વતના શિખર જેવો એક મોટો બગલો તેમના જોવામાં આવ્યો. ગોપ બાળકોના સામું ન જોતાં બકાસુર§ નામનો તે રાક્ષસ શ્રી કૃષ્ણની સામા આવી પોતાની તીક્ષ્ણ ચાંચમાં તેમને ભેરવી ગળી ગયો. ૪૫-૪૭ પ્રાણરહિત ઇંદ્રિયોની પેઠે બળરામ અને બીજા બાળકો શ્રીકૃષ્ણને બકાસુર ગળી ગયેલો જોઇ આકુળ વ્યાકુળ થઈ ગયા. ૪૮ પરંતુ બકના પેટમાં ગયેલા અને બ્રહ્માના પણ પિતારૂપ નંદજીના બાળકે તે દુષ્ટના તાળવામાં દાહ ઉત્પન્ન કર્યો. તાળવામાં લાહ્ય થવાથી બકાસુરે પ્રથમ તેમને સાજાસારા બહાર ઓકી કાઢયા, પરંતુ પછી વિશેષ ક્રોધમાં આવી ચાંચને પહોળી કરી તે તેમને છુંદી નાંખવાને માટે સામો દોડયો. ૪૯ દેવલોકને આનંદ આપનાર અને સત્પુરૂષોના પતિ એવા શ્રીકૃષ્ણ ભગવાને પછી તે કંસના મિત્ર અને પોતાના શત્રુરૂપ બકને ચાંચના બે પડખાથી પકડી લઇ ગોપ બાળકોના દેખતાં લીલા માત્રમાં પાનને ચીરી નાંખે તેમ ચીરી નાંખ્યો. ૫૦ એ વખતે નંદન વનનાં પુષ્પથી દેવતાઓ તેમને વધાવી લેવા લાગ્યા અને વાજીંત્રો વગાડી તેમના સ્તુતિ પાઠ ગાવા લાગ્યા. ગોપ બાળકો આ બધું જોઇને આશ્ચર્ય પામ્યા. ૫૧ પ્રાણ આવતાં જેમ ઇંદ્રિયોને આનંદ થાય તેમ બકાસુરથી મુકત થયેલા શ્રીકૃષ્ણને જોઇ બળરામ તથા ગોપ પુત્રો પ્રસન્ન થયા, અને તેમને આલિંગન દીધાં. પછી સાંજ પડતાં વાછડાંને એકઠાં કરી તેઓ ગામમાં આવ્યા અને તે વાત સર્વને કહી. ૫૨ ગોપ અને ગોપિકાઓ તે વાત સાંભળી પ્રસન્ન થયાં, એટલુંજ નહિ પણ જેમ પરલોકમાં જઇ આવેલાને જુએ તેમ શ્રીકૃષ્ણચંદ્રને મુગ્ધ મને અને તૃષાતુર દૃષ્ટિએ ધારી ધારીને જોવા લાગ્યાં કોઇ દયા આવવાથી કહેવા લાગ્યાં કે, ૫૩ અરે રે! આ બાળકના ઉપર ઘણી ઘાતો આવી ગઇ. બીજાનું ભૂંડું કરનાર ઘાતકોજ તેમને ઘાત કરવા આવતાં ઘાતના ભોગ થઇ પડયા છે. ૫૪ ભયંકર રૂપ ધારી તેઓ પતંગીઆની પેઠે શ્રીકૃષ્ણ ઉપર ઘાત કરવાને આવે છે, પરંતુ અગ્નિ જેવા શ્રી ભગવાન આગળ તેમનું કંઇ ચાલતું નથી અને પોતેજ નાશ પામે છે. ૫૫ ભગવાન ગર્ગાચાર્ય કહી ગયા હતા તે પ્રમાણેજ થયા કરે છે, ખરેખર સત્યજ છે કે વેદને જાણનારાઓની વાણી અસત્ય થતી નથી. ૫૬ આ રીતે શ્રી કૃષ્ણ અને બળરામ સંબંધી કથા વાર્તા કરતા નંદ આદિ ગોપ લોકને સંસારનાં દુઃખ જણાતાં નહોતાં. ૫૭ અને કૃષ્ણચંદ્ર તો નિત્ય નિત્ય સંતાવું, સેતુ બાંધવા, અને માંકડાની પેઠે કુદવું તથા બીજી મન

§ એ બકાસુર ઉત્કળ નામનો હયગ્રીવ દૈત્યનો પુત્ર હતો, તેણે રણમાં દેવતાઓને જીતીને, ઇન્દ્રનું છત્ર લઇ લીધું હતું, અને રાજાઓનાં રાજ્ય છીનવી લઇ, સો વર્ષ અખન્ડ રાજ્ય કર્યું હતું. તે એક દિવસ જાજલિ મુનિના આશ્રમ પાસે સિન્ધુ અને સાગરના સંગમમાં જાળ મૂકી માછલાં મારતો હતો, તે સમયે મુનિએ તેને રોકયો, પણ તે મદોન્મત્તે માન્યું નહિ તેથી ક્રોધ કરી મુનિએ શાપ આપ્યો. કે—અરે દુષ્ટ! તું બગલાની પેઠે માછલાં મારી મારીને ખાય છે માટે જા તું બગલો થજે. પછી મુનિએ તેનો અનુગ્રહ કરતાં કહ્યું કે—જયારે વૃન્દાવનમાં શ્રી કૃષ્ણ ભગવાન્ તને મારશે, ત્યારે તું તેના રૂપમાં મળી જઇશ, એથી તે તદ્રૂપ થયો.

ગમતી બાળ ક્રીડાઓ કરવી વગેરે વિહારો કરીને વૃંદાવનમાં પોતાની બાલ્યાવસ્થા ગાળતા હતા. ૫૮

एवं विहारैः कौमारैः कौमारं जहतुर्व्रजे ॥
निलायनैः सेतुबंधैर्मर्कटोत्प्लवनादिभिः॥५८॥

ઇતિ શ્રીમદ્ ભાગવતના દશમસ્કંધ પૂર્વાર્ધમાં "વત્સબકવધ" નામે ૧૧ મો અધ્યાય

અધ્યાય ૧૨ મો.

શ્રી કૃષ્ણે કરેલો અઘાસુરનો વધ.

शुक उवाच.

क्वचिद्वनाशाय मनो दधद्व्रजात्मातः
समुत्थाय वयस्य वत्सपान् ॥
प्रबोधयन् शृंगरवेण चारुणा
विनिर्गतोवत्सपुरस्सरो हरिः ॥ १ ॥

શુકદેવજી કહેછે—હે પરીક્ષિતરાજા! એકવાર વાછડાં ચારવા જવા માટે પ્રભાતમાં વહેલા ઉઠી વાછડાં અને મિત્રોને ભેગા કરી શીંગડી વગાડી સર્વેને ચાલવાની આજ્ઞા આપીને શ્રી હરિ વનમાં ગયા. ૧ તેમની સાથે હજારો બાળકો પ્રેમને લીધે પોતાનાં નાના પ્રકારનાં ખાવાનું રાખવાનાં શિંકાં, શિંગડાઓ, ગેડીઓ અને વાંસળીઓ લઇ પાત પોતાનાં વાછડાંને આગળ કરી ઘણાજ આનંદભેર બહાર નીકળ્યા. ૨ અસંખ્યાત બીજાં વાછડાંની સાથે પોતાનાં વાછડાંને ભેગાં કરી તેમને ચરાવતા તે વનમાં અનેક જાતની બાળલીલાઓ કરવા લાગ્યા. ૩ તેઓ કાચ, ગુંજા, મણિ અને સુવર્ણના અલંકારોથી શણગારાયલા છતાં પણ વનમાં ફળ, કળિયો, પુષ્પ પુષ્પના ગુચ્છા અને પિંછાં વગેરેથી પોતાનાં શરીર શણગારતા હતા. ૪ વળી એક બીજાનાં શિંકાંને ચોરતા હતા અને તે ચોરી પકડાઇ જાય ત્યારે ચોરેલી વસ્તુને ફેંકી દેતા હતા. દૂર ઉભેલા બીજા છોકરાઓ હાસ્ય કરતા તે વસ્તુને લઇ પાછી તેના માલિકને આપતા હતા. ૫ જ્યારે જ્યારે વનની શોભા જોવાને માટે શ્રીકૃષ્ણચંદ્ર આગળ જતા ત્યારે તેઓ માંહોમાંહ્ય "હું આગળ જઇશ, હું આગળ જઇશ, અલ્યા મને જવાદે" એમ કહીને રમત રમતા હતા. ૬ કોઇ વેણુ વગાડતા, કોઇ શિંગડાંનાં તતુડાં વગાડતા, કોઇ ભમરાઓની સાથે ગુણગુંણ કરતા, બીજા કોઇ વળી કોયલની પેઠે તેની સામે ટહુકા કરતા, ૭ કોઇ પક્ષીઓની છાયાઓની સાથે દોડતા, કોઇ હંસની પાછળ પડતા, કોઇ બગલાની પાછળ જતા અને કોઇ મોરની સાથે નાચતા હતા. ૮ કોઇ ઝાડ ઉપર બેઠેલાં વાંદરાંનાં પુંછડાં પકડતા, તો કોઇ તેમની પેઠે ઝાડે ચઢી ડાળીઓ ઉપર બેસતા, તથા બીજાઓ માંકડાની પેઠે તેમના મુખ સામું જોઇ વિચિત્ર ચાળા કરતા હતા. ૯ કોઇ આમથી તેમ દોડતા, કોઇ પાણીમાં પડીને રમતા, કોઇ એક બીજાના છાંયડા કાપતા અને કોઇ એક બીજાના ચાળા પાડી એક બીજાને મોટેથી બોલવી ઘાંટા કાઢીને રમતા હતા. ૧૦ આ રીતે મોટા સાધુ પુરૂષોને પણ ન મળે તેવું બ્રહ્મસુખ શ્રીકૃષ્ણ પરમાત્માના સંગથી ગોપ પુત્રોને મળતુ હતું. પરમેશ્વર ભક્તિને પરાયણ છે માટે તે પોતાના ભકતોને સાધુ પુરૂષો અને વિદ્વાનોના કરતાં પણ વધારે પ્રીતિથી પોતાનું સુખ દેખાડે છે. ગોકુળના ગોવાળીઆનાં છોકરાંનું મોટું ભાગ્ય કે શ્રી કૃષ્ણ તેમના સાથે આવી બાળલીલાઓ કરતા હતા. ૧૧ મોટા યોગીઓ મહા કષ્ટકારક તપ કરી ધ્યાન ધરે છે તેમને પણ જે અગમ્ય છે, એવા પરમાત્મા જેને સહજ થઇ રહ્યા હતા, તે ગોકુળના લોકના ભાગ્યનાં શાં વખાણ કરીએ!! ૧૨.

શ્રી કૃષ્ણ તથા તેમના મિત્રોની આવી સુખકારક લીલાઓ ન દેખી ખમાવાથી એક વાર તેઓ જ્યારે વનમાં ક્રીડા કરતા હતા, ત્યારે અઘાસુર નામનો મોટો દૈત્ય તે વનમાં આવ્યો. અમૃતનું પાન કરેલું હોવા છતાં પણ દેવતાઓ અઘના ઉપર પોતાના જીવનની આશા રાંખતા હતા, અર્થાત્ અઘ જ્યાં

સૂધી જીવતો હતો ત્યાં સૂધી અમૃત પીવા
છતાં પણ આપણે અમર છીએ એમ તેઓ
માનતા નહોતા. ૧૩ કંસે મોકલેલો બકાસુ-
રનો તથા પૂતનાનો નાનો ભાઇ અઘાસુર
શ્રીકૃષ્ણ પ્રમુખ ગોપપુત્રોને જોઇ પોતાના મ-
નમાં કહેતો હતો કે, આ લોકોએ મારાં સ-
હોદરને મારેલાં છે માટે જ્યારે હું તેમને
તેમના સાથ સાથે હણીશ ત્યારેજ મારા અ-
તરનો દ્વેષાગ્નિ ઓલવાશે. ૧૪ અને ગોપપુ-
ત્રોની તિલાંજલી આપીશ ત્યારેજ તેમને
તૃપ્તિ થશે. તથા પુત્રને પ્રાણરૂપ માનનારી
આ લોકની પ્રજામાં રહેલા વ્રજના વાશીઓ
પણ એમ કર્યે.થીજ નાશ પામશે. ૧૫ આવો
વિચાર કરી તે એક યોજન જેવડું અને મોટા
પર્વત સમાન જાડું અજગરનું શરીર ધારણ
કરી ગુફા જેવુ મોટું મુખ પોહોળું કરી તે-
મને ગળી જવાને માટે માર્ગમાં સૂતો. ૧૬
તેનો નીચલો હોઠ પૃથ્વીને અડેલો હતો અને
ઉપરનો હોઠ આકાશમાં ગયેલો હતો. તેનાં
ગલોફાં કાળી અંધારી ગુફાના જેવાં અને
તેની દાઢો પર્વતનાં શિખર જેવી હતી. તેના
શ્વાસનો પવન મહા ઝેરી અને આંખો દાવા-
નળ જેવી ક્રૂર દેખાતી હતી. ૧૭ જ્યારે તે
આવુ ભયંકર અજગરનું રૂપ ધારણ કરી
તથા મુખવિકાશીને સામે આવીને પડયો ત્યારે
ગોપ બાળકો સામ સામે તેના સંબંધી ઉ-
ત્પ્રેક્ષાઓ કરવા લાગ્યા. ૧૮ હે મિત્રો! આ
આપણી સામે દેખાતો દેખાવ કોઇ અજગ-
રના મુખ જેવો લાગે છે કે નહિ? તેનું એક
ડાચું નીચે અને બીજું 'આકાશમાં છે. ૧૯
આકાશવાળો ભાગ સૂર્યના તેજથી રાતો લા-
ગે છે અને સામા ભાગ ઉપર તેની તેવીજ
રાતી પ્રતિ છાયા પડે છે. ૨૦ ગલોફાંથી ફ-
રીને તેનું મુખ પર્વતની ગુફા જેવું લાગે છે,
અને ઉંચાં શિખરો જેવા તેના દાંત હોય
એમ લાગે છે. ૨૧ અંધારાવાળા ઉંડા તેના
ગળામાં મોટી જીભ હાલ્યા કરતી ગર્જના
કરે છે. તેનો શ્વાસ પ્રબળ પવન જેવો છે, અને
બળતા પ્રાણીના જેવી વાસ તેના મુખમાંથી
આવતી હોય એમ જણાય છે, જાણે આપ-
ણને ગળી જવાને માટે મુખ પહોળું કરીને
પડેલો અજગર હોય એમ દેખાય છે. ખરે-
ખર! અજગર હતો તેને આ પ્રમાણે ગોવા-
ળીઆનાં છોકરાં અમસ્થું અજગરનું રૂપ
આપી એક બીજામાં હસી હસીને વાતો ક-
રવા લાગ્યાં. અને પછી, તે આપણને ગળી
જશે તો શ્રીકૃષ્ણ પરમાત્મા મુકાવશે એમ
ધારીને આગળ ચાલ્યાં, અને મહા ભયંકર
એવા તે અજગરના મુખમાં દાખલ થયાં.
સઘળાં વાછડાં અને ગોપપુત્રો તેના મુખમાં
પેઠા હતાં શ્રીકૃષ્ણ અંદર ગયા નહોતા તેથી
તેણે પોતાનુ મુખ બંધ કર્યું નહિ. ૨૩ ૨૬
જગતને અભય આપનાર શ્રીકૃષ્ણ પ માત્મા
પોતાના સ્નેહીઓ અને વાછડાંને તે દુષ્ટ રાક્ષ-
સના જઠરમાં ઘાસની પેઠે નાશ પામવાને
પેઠલાં જોઇ વિચાર કરવા લાગ્યા કે, આ દુ-
ષ્ટને મારવો અને મ રા સ્નેહીઓને બચાવી
લેવા એ હવે મારૂં કર્તવ્ય છે. આ પ્રમાણે
નિશ્ચય કરીને તે દુષ્ટના મુખમાં તેમણે પ્રવેશ
કર્યો. ૨૭-૨૮ જ્યારે કૃષ્ણ પરમાત્મા અઘા-
સુરના મુખમાં પેઠા ત્યારે આકાશમાં ઉભે-
લા દેવલોક ત્રાસ પામી ગયા અને રાક્ષસો
પ્રસન્ન થયા. ૨૯ વાછડાં અને ગોપપુત્રને હ-
જમ કરવાને ઇચ્છતા અઘસુરના ગળામાં
જઇ શ્રીકૃષ્ણે પોતાનો દેહ વધાર્યો. ૩૦ તેથી
તેનું મોઢું રૂંધાઇ ગયુ, શ્વાસ લેવાયો નહિ,
આંખો નીકળી પડી અને આમ તેમ તરફ-
ડીઆં મારવા લાગ્યો. છેવટે પ્રાણવાયુ રૂંધા-
ઇ તેનું બ્રહ્મરંધ્ર ફાટીને બહાર નીકળ્યો. ૩૧
અઘાસુરનો પ્રાણ જતાં તેનાં ગાત્ર શિથિલ
થઇ ગયાં એટલે અમૃત દૃષ્ટિથી ગોપપુત્ર અ-
ને વત્સને સજીવન કરી શ્રીકૃષ્ણ પોતે પરમ
આનંદ પામતા તેના મુખમાંથી બહાર ની-
કળ્યા, અને અઘાસુરનું મહા તેજસ્વી તેજ
બિંબ શ્રીકૃષ્ણમાં સમાઇ ગયું*.૩૨-૩૩ અઘા-

* એ અઘાસુર શંખાસુરનો પુત્ર કે જે મહા
બળવાન્, તરૂણ કામદેવ સમાન રૂપવાન્ હતો, તે
એક દિવસે મલયાચલ પર્વત ઉપર જતાં અષ્ટાવક્ર
મુનિ કે-જે આઠ સ્થળે વાંકા હતા તેમને જોઇને
અહો! આ કોણ આવો મહા કદરૂપો છે? એમ

સુરનો નાશ થવાથી પ્રસન્ન થયેલા દેવલોકોએ પુષ્પવૃષ્ટિ કરી અને અપ્સરાઓએ નાચ કર્યો. ગુહ્યકોએ ગાનથી, બ્રાહ્મણોએ સ્તુતિથી અને બોજાઓએ 'જય જય' એમ બોલીને ભગવાનને વધાવી લીધા. ૩૪ આ લોકના હર્ષધ્વનિ સાંભળીને બ્રહ્મા બહુજ આશ્ચર્ય પામી ગયા શ્રીકૃષ્ણ પરમાત્માએ હણેલા તે મોટા અજગરનું ખોખું પછી વ્રજવાસીઓને રમવાની એક ગુફારૂપ થઇ પડયું. ૩૫-૩૬ ગોપના પુત્રોએ પોતાને શ્રીકૃષ્ણે મરણ પામતા બચાવ્યા તે કર્મ શ્રીહરિએ કુમારાવસ્થામાં૬ કર્યું, પરંતુ એક વર્ષ પછી તેમણે વ્રજમાં કહ્યું. અઘાસુર પણ શ્રીકૃષ્ણને હાથે મરણ પામતાં ભગવાનના રૂપમાં મળી ગયો. જેના પેટમાં ભગવાન પેઠા તેને મુકિત મળે એમાં શું આશ્ચર્ય ? કારણ કે મનોમય સ્વરૂપનું ધ્યાન ધરનારાઓને પણ મોક્ષ મળેલો છે. ૩૭-૩૯

સૂત કહેછે—હે વિપ્રો ! પછી પોતાની રક્ષા કરનાર ભગવાનના ચરિત્રમાં જેનું મન લાગ્યું હતું એવા પરીક્ષિતરાજાએ શુકદેવજીને તે સંબંધી ફરી પ્રશ્ન કર્યો. ૪૦

પરીક્ષિત રાજા પૂછેછે—હે મહારાજ ! કૌમારાવસ્થામાં કરેલું કર્મ જયારે ભગવાન પૌગંડાવસ્થામાં આવ્યા ત્યારે ગોપ બાળકોએ પ્રસિદ્ધ કર્યું તેનું શું કારણ ? ૪૧ આ અસંભવિત વાત કેમ બની તે સાંભળવાની મને ઇચ્છા છે, માટે હે ગુરૂ ! આપ તે કથા મને વિસ્તાર કરીને સંભળાવો. એ હરિની માયાજ હશે એમ હું ધારૂં છું છતાં આપ તે મને કહો. આપના મુખથી થતાં ભગવાનનાં ચરિત્રોના વર્ણન રૂપી કથામૃતથી મને તૃપ્તિ થતી નથી. ૪૨-૪૩

સૂત કહેછે—હે વૈષ્ણવોમાં ઉત્તમોત્તમ મુનિ ! આવી રીતનો પરીક્ષિત્ રાજાનો પ્રશ્ન સાંભળી વ્યાસના પુત્ર શુકદેવજી તો શ્રીકૃષ્ણનાં ચરિત્રના ઉલ્લાસમાં મગ્ન થઇ ગયા. છતાં પછી ધીરે ધીરે ઇંદ્રિયોને સ્વસ્થ કરી ભગવાનની તે અદ્ભુત લીલા કહેવા લાગ્યા. ૪૪

इत्थं स्मपृष्टः सतु बादरायणि
स्तत्स्मारितानंतहृताखिलेंद्रियः
कृच्छ्रात्पुनर्लब्धबहिर्दृशिः शनैः
प्रत्याहतं भागवतोत्तमोत्तम ॥४४॥

ઇતિ શ્રીમદ્ભાગવત દશમસ્કંધ પૂર્વાર્ધ વિષે "અઘાસુર વધ" નામે ૧૨ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૩ મો.

બ્રહ્માએ ગોપ બાળકોનું તથા વાછડાંનું હરણ કર્યું.

शुक उवाच.

साधु पृष्टं महाभाग त्वया भागवत्तोत्तम ॥
यन्नूतनयसीशस्य शृण्वन्नपि कथां मुहुः ।१।

શ્રી શુકદેવજી કહેછે—હે મહાભાગ ! હે વૈષ્ણવોત્તમ ! તમે ઘણો સારો પ્રશ્ન પૂછયો. તમે ભગવાનની કથાઓને વારંવાર નવીન જેવી કરી સાંભળો છો. ૧ સત્પુરૂષો સર્વ ઇંદ્રિયોથી કથા સાંભળવા છતાં પણ કામીની પેઠ ભગવાનની કથાને નિત્ય નવી કરી સાંભળેછે. ૨ તમને સાંભળવાની ઇચ્છા છે તો હે રાજન્ ! હવે તમે સાવધાન થઇને ભગવાનની માયિક લીલા સાંભળો. ભકિતવાળા શિષ્યની આગળ ગુપ્ત વાર્તા પણ કહેવી જોઇએ, માટે હું પણ આ લીલા ગુપ્ત છે છતાં તમને સંભળાવું છું. ૩ મૃત્યુરૂપી અઘાસુરના મુખમાંથી છુટેલાં વાછડાં તથા ગોપ પુત્રને લઇને શ્રીકૃષ્ણ પરમાત્મા પછી યમુના-

---

કહીને તે અઘાસુર બહુ જ હસ્યો, ત્યારે મુનિએ ક્રોધ કરી શાપ આપ્યો કે—પૃથ્વિમાં સર્પની જાત વાંકી ચાલનારી છે. એ માટે અરે ! અધમ દૈત્ય ! તું સર્પ થઈ જા, આમ કહેતાં તો તે દૈત્ય મુનિના ચરણમાં પડયો, ત્યારે મુનિએ પ્રસન્ન થઇ, વરદાન આપ્યું કે ભગવાન્ શ્રીકૃષ્ણ જયારે તારા પેટમાં પેસશે, ત્યારે તારી સર્પયોનિ છુટશે.

૬ પાંચ વર્ષ સુધી કુમાર અવસ્થા, દશ વર્ષ સુધી પૌગંડ અવસ્થા, પંદર વર્ષ સુધી કિશોર અવસ્થા અને સોળમા વર્ષથી તરૂણ અવસ્થા ગણાય છે.

જીના તીરમાં આગળ વધ્યા અને કિનારે આવી બોલ્યા કે, હે મિત્રો ! આ સુંદર, રળીઆમણા કિનારાની રેતી સુંવાળી છે અને અહીં આગળ રમવાની પણ મઝા પડે તેવું છે, કમળ ઉપરથી ખેંચાઇ આવી નવીન પુષ્પવાળાં અને ઉપર બેઠેલા ભ્રમરથી શોભતાં આ વૃક્ષો ચારે દિશામાં અત્યંત આનંદ ઉપજાવે છે. ૪-૫ રમવાની ઇચ્છા થાય તેવું સ્થાન છે છતાં વખત થઇ ગયો છે અને સર્વેને ભૂખ લાગી હશે માટે પ્રથમ ચાલો આપણે આ રમણીય સ્થાનમાં બેશીને જમી લઇએ. આપણે જમવા બેશીએ ત્યાર પહેલાં આ વાછડાંને પાણી પાઇ પાસેના વનમાંથી ધીરે ધીરે ચારો ચરવા મૂકી આવો..૬ વૃંદાવન નાયક ભગવાનની આજ્ઞા પ્રમાણે ગોપપુત્રોએ પ્રથમ વછડાંને પાણી પાઇ, લીલા કુંજાર જેવા વનમાં વૈડૂર્યમણિનાં કિરણ જેવું સુકોમળ ઘાસ ચરવા માટે છૂટાં મુકયાં. પછી પોતે પોતાનાં ભાથાંનાં શીંકાં છોડી શ્રીકૃષ્ણ પરમાત્માની સાથે સર્વે જમવા બેઠા. ૭ શ્રી કૃષ્ણની સામે મુખ રાખી વ્રજવાસી બાળકો ગોળમંડળાકાર પંક્તિએ જમવા બેઠેલા હોવાથી તે વનમાં કમળકોશની પાંખડીઓ જેવા શોભતા હતા. તેમનાં નેત્ર પ્રફુલ્લ અને અંતઃકરણ આનંદથી ભરેલાં હતાં. ૮ એમણે પુષ્પનાં, કમળપત્રનાં, પાનનાં અને શિંકાંનાં પતરાળાં બનાવ્યાં હતાં. કેટલાક ઠીબમાં જમતા હતા. વળી જમતાં જમતાં તેઓ પોતાની જુદી જુદી વાનીઓ એક બીજાને ચખાડતા હતા. પરસ્પર હસતા અને હસાવતા ગોપબાળકોની સાથે યજ્ઞભોકતા ભગવાન નારાયણ શ્રીકૃષ્ણ પણ તેમની સાથે બેશીને જમતા હતા. જમવા બેઠેલા શ્રીકૃષ્ણે કેડમાં વાંસળી ઘાલી, શિંગડી અને છડીને બગલમાં રાખી હતી. એક હાથે દહિં ભાતના નાના કોળીઆ લેતા હતા અને આંગળીઓ વચ્ચે અથાણાની ચિરીઓ રાખી તેનો સ્વાદ લેતા જમતા હતા. તે જમતાં જમતાં અનેક જાતનાં ટીખળ કરી પોતાના મિત્રોને હસાવતા હતા. આ લીલા જોઈ દેવલોક આકાશમાં સ્તબ્ધ થઇ ગયા હતા. ૧૦-૧૧ હે રાજન્! આવી રીતે ભગવાનની સામે સર્વ ગોપપુત્ર જમવા બેઠા ત્યારે છૂટાં મૂકેલાં વાછડાં સારૂં સારૂં ઘાસ શોધતાં વનમાં ઘણે દૂર નીકળી ગયાં. ૧૨ વાછડાં નહિ જણાવાથી ગોપપુત્રો ભય પામી ગયા અને ઉઠવાનું કરતા હતા એટલામાં જેમની દૃષ્ટિએ કરીને જગતનો ભય માત્ર દૂર થઇ જાય છે એવા શ્રી ભગવાને તેમને કહ્યું કે, 'હે મિત્રો! તમે જમવાનું રહેવા દેશો નહિ, હું તે વાછડાંને આણીતરફ વાળી લાવુંછું. ૧૩ પછી હાથમાં કોળિયો લઇ ભગવાન અજીઠે મુખે અને અજીઠે હાથે વન, પર્વત અને ગુફાઓમાં વાછડાંની શોધ કરવા જવા ઉભા થયા. ૧૪ શ્રી ભગવાન વાછડાં શોધવાને નિકળ્યા, તે લાગ જોઇ અઘાસુરનો મોક્ષ જોવા આવતાં શ્રીકૃષ્ણનાં પરાક્રમ જોઈ આશ્ચર્ય પામેલા બ્રહ્માએ તેમની માયા જોવાને માટે દૂર ગયેલાં વાછડાંને અને બીજી તરફથી જમતા ગોપ પુત્રોને હરી લીધા. બાળકોને અને વાછડાંને પોતાના લોકમાં લઇ જઇ સંતાડી દીધા પછી, બ્રહ્મા પણ ત્યાંથી અંતર્ધ્યાન થઇ ગયા. ૧૫ વનમાં વાછડાં નહિ જડવાથી ભગવાને પોતે જે તીર ઉપર જમવા બેઠા હતા ત્યાં આવીને જોયું તો બાળકોને દીઠા નહિ. વાછડાં અને ગોપ પુત્રને તેમણે ચારે દિશામાં શોધ્યાં પણ આખા વનમાં તેમાંનું કોઇ દૃષ્ટિએ પડયું નહિ, ત્યારે જગતને જોનાર શ્રી કૃષ્ણ પોતાના મનમાં સમજી ગયા કે, મારી પરીક્ષા જોવાને માટે બ્રહ્માએજ આ પ્રમાણે કર્યું છે. ૧૬-૧૭ જગતને ઉત્પન્ન કરનાર ભગવાન પછી બ્રહ્માને અધિક ચમત્કાર બતાવવા તથા ગોપીઓને આશ્વાસન અને ગાયોને તેમનાં વાછડાં આપી આનંદ પમાડવા માટે પોતાના શરીરમાંથી ગોપકુમારો અને વાછડાં બનાવ્યાં. ૧૮ આખું જગત જેનામય છે એવા ભગવાન પછી બ્રહ્માને વિસ્મયમાં નાંખવા સર્વ રૂપ થયા, અને ગોવાળીઆના જેવાં તથા વાછડાંના જેવાં રૂપ, ગુણ, સ્વભાવ, આકાર, વર્તન વગેરેવાળા થઇ તથા તેમના જેવાં વસ્ત્ર, સિં-

કાં, લાકડીઓ, અલંકાર વગેરે ધારણ કરી તેમની પોત પોતાની માતા ઉપરની પ્રીતિવાળા થયેલા ભગવાન એક છતાં અનેક રૂપ થઇ વૃંદાવનમાં અધિક શોભવા લાગ્યા. ૧૯ પછી જ્યારે સાંજ પડવા આવી અને ઘેર જવાનો વખત થયો ત્યારે ભગવાને પોતા રૂપ ગોપ પુત્રોની પાસે વનમાંથી સઘળાં વાછડાંને એકઠાં કરાવી માર્ગમાં નાના પ્રકારનાં હાસ્ય વિનોદ કરતા વ્રજમાં પધાર્યા. ૨૦ હે રાજન્! ગામ આવતાં દરેક બાળક અને વત્સ પોત પોતાનું ફળિયું આવતાં તેણી તરફ વળ્યાં અને પોત પોતાના ઘરમાં ગયાં. ૨૧ પોતાના પુત્ર રૂપ થયેલા ભગવાનને વેણુ નાદ કરતા બાળક રૂપે થઇ આવેલા જોઇ ઘરમાંથી સ્નેહને લીધે બહાર નીકળી આવેલી ગોપિકાઓએ મોટા હર્ષથી પોતાના પુત્રોને ઉચકી લીધા અને સ્નેહથી પાનો ચઢી આવેલા સ્તનથી તેમને ધવરાવવા લાગી. ૨૨ મોહ પામેલી ગોપીઓ ભગવાનને યથાર્થ વર્તન, સ્વભાવ અને આકારવાળા હોવાથી પોતાના બાળક રૂપ માની તેમને મર્દન, સ્નાન, લેપન, અલંકાર, રક્ષાબંધન, જમાડવા વિગેરે ક્રિયાથી લાડ કરવા લાગી. ૨૩ ગાયો પોતાનાં વાછડાંને સ્નેહથી ચાટતી હુંકાર શબ્દથી પ્રસન્ન થતી ધવરાવવા લાગી. ૨૪ ગાયો અને ગોપીઓમાં ભગવાનને તો પેહેલાંના જેવો માતૃભાવ રહ્યો, પરંતુ શ્રીહરિની લીલાથી માતાઓને પ્રથમના કરતાં વધારે પ્રેમ આવવા માંડયો. ૨૫ યશોદાના પુત્ર ઉપર જેવો પુત્ર સમાન સ્નેહ ગોપીઓનો હતો તેવોજ સ્નેહ તેમને આ વખતે પોતાના પુત્ર રૂપ થયેલા શ્રીકૃષ્ણ ઉપર થયો. ૨૬ અને એ પ્રમાણે માયામય વાછડાં અને ગોપપુત્ર એક વર્ષ દિવસ સૂધી એક સરખા નિયમથી પોતાની માતાઓને આનંદ પમાડતા રહ્યા. વ્રજવાસી લોકો તેમજ ભગવાને પોતે પણ એક વર્ષ સૂધી પોતાની માતાને પોતે પાલન કરી અને વ્રજમાં તથા વૃંદાવનમાં લોકોત્તર લીલાઓ અને ક્રીડાઓ કરતાં લાંબો કાળ ટુંકો કરી નાંખ્યો. ૨૭ જ્યારે વર્ષ પૂરું થવામાં ચાર પાંચ રાત્રિ બાકી રહી ત્યારે એક વાર બળભદ્રજીના જોવામાં કંઇ ચમત્કાર જેવું લાગ્યું. બળભદ્ર અને શ્રીકૃષ્ણ નિત્યના નિયમ પ્રમાણે ગોપ પુત્રની સાથે વાછડાં વનમાં લઇ ચારવા ગયા હતા, ત્યાં દૂર ગોવર્દ્ધન પર્વતના શિખર ઉપર ચરતી ગાયોને ઉંચાં પુછડાં કરી તથા લાંબી ડોક પ્રસારી નીચે દોડી આવતી જોઈ. માર્ગ કુમાર્ગ ન જોતાં દોડી આવતી ગાયો શાને માટે આવે છે, તેની તપાસ કરતાં ઉપકંઠમાં બળભદ્રે વાછડાં તથા ગોપપુત્રોને દીઠા. ગાયોની પછવાડે મોટા ગોવાળીઆ પણ ઉતરી આવ્યા. ગાયોએ પોતાનાં વાછડાંને ઘણાજ પ્રેમથી ધવરાવવા માંડયાં અને ગોપ લોકે પોત પોતાના પુત્રોને ઉપાડી લઇ તેમને આલિંગન ચુંબન કર્યાં. ૨૮-૩૪ પ્રથમના કરતાં તેમનો અધિક સ્નેહ જોઇ બળભદ્રને આશ્ચર્ય લાગ્યું અને તે પોતાના મનમાં વિચારવા લાગ્યા કે, પ્રથમના કરતાં ગાયો, ગોપીઓ અને ગોપ લોકોને પોતાનાં વત્સ ઉપર હમણાં અત્યંત પ્રીતિ વધી ગયેલી જણાય છે તેનું શું કારણ હશે? ૩૫-૩૬ મને પણ વત્સ ઉપર પ્રેમ વધતો જાય છે, ત્યારે શું દેવની, મનુષ્યની, કિંવા દૈત્યની કાંઇ માયા હશે કે શું? જે માયાથી મને મોહ થયો છે, તે માયા બીજા લોકોની હોય? ખરેખર પરમ પુરૂષ એવા ભગવાન શ્રી કૃષ્ણનીજ આ માયા હશે કે જે માયાએ મને પણ મુગ્ધ બનાવી દીધો છે. ૩૭ પછી બળદેવજીએ જ્ઞાનદૃષ્ટિથી જોયું તો સઘળા ગોપ પુત્ર અને વાછડાં શ્રીકૃષ્ણમય તેમના જોવામાં આવ્યાં. ૩૮ પોતાની શંકાનું સમાધાન થવા માટે પછી તેમણે કૃષ્ણ પરમાત્માને પૂછયું કે, હે બંધુ! આપણે જે વત્સ અને બાળકોની સાથે ક્રીડા કરીએ છીએ તે સર્વ મુનિઓ અને સિદ્ધ પુરૂષના અંશરૂપ છે એ તો હું જાણું છું, છતાં હમણાં મને તે તેમના અંશરૂપ લાગતાં નથી. સર્વ આપના અંશરૂપ લાગે છે; માટે આ શું આપની માયા છે કે મને ભ્રમ થયો છે? તે આપ જેવું હોય તેવું કહી મને સમજાવો. બળ-

ભદ્રે પૂછવાથી ભગવાને તેમને ખરી વાત કહી. ૩૯ બ્રહ્માએ એક ક્ષણની ગમ્મત કરી, પરંતુ આ લોકમાં તો એક વર્ષ નીકળી ગયું. ગોપપુત્ર તથા વાછડાંને પોતાના લોકમાં ગુપ્ત રાખી બ્રહ્માએ વૃંદાવનમાં આવીને એક દિવસ જોયું તો તેના તેજ ગોપપુત્ર અને તેનાં તેજ વાછડાંની સાથે તેના તેજ શ્રીકૃષ્ણ ભગવાનને વૃંદાવનનાં વનોમાં નાના પ્રકારની લીલાઓ કરતા જોયા. ૪૦ વિસ્મય પામેલા બ્રહ્મા તેમને જોઇને વિચાર કરવા લાગ્યા કે, મેં ગોવાળીઆ તથા વાછડાંને મારા લોકમાં ગુપ્ત રાખ્યાં છે તે ત્યાંજ છે, છતાં આ અહીં તેમનાં બીજાં રૂપ કયાંથી ? શું મને મોહ તો નથી થયો ? વૃંદાવનમાં જોઇ વળી એકવાર બ્રહ્મા પોતાના લોકમાં જઇ સંતાડેલાંને જોઇ આવ્યા, ત્યારે તેમને અપાર આનંદ અને વિસ્મય થયો. જેટલાં તે લેઇ ગયા હતા તેટલાં અને તેવાંજ સ્વરૂપને ભગવાન સાથે ક્રીડા કરતાં જોઇ જગતને રચનાર બ્રહ્માને મોહ થાય એમાં શું આશ્ચર્ય? ૪૧-૪૩ ઘણીવાર સુધી વિચાર કર્યો તથાપિ બ્રહ્મા શ્રીકૃષ્ણને મોહમાં નાંખતાં પોતેજ મોટા મોહમાં અને વિચારમાં પડી ગયા. ૪૪ જેમ અંધારી રાતે ઝાકળનું અંધારૂં જુદું આવરણ કરી શકતું નથી અને જેમ પતંગીયું સૂર્યના તેજમાં જુદું અજવાળું પાડી શકતું નથી, તેમ બ્રહ્માથી પણ ભગવાનની અદ્ભુત માયામાં પોતાની માયાથી મોહ ઉત્પન્ન કરી શકાયો નહિ. ૪૫ બ્રહ્મા ભગવાનની માયા સંબંધી વિચારમાં લીન થઇ જોઇ રહ્યા હતા, એટલામાં વળી બીજો ચમત્કાર તેમના જોવામાં આવ્યો. સઘળાં વાછડાં અને ગોપપુત્રો ચારે હાથમાં શંખ, ચક્ર, ગદા અને પદ્મ ધારણ કરેલા શ્રી ભગવાન ઘનશ્યામ શરીર રૂપ તેમને દેખાવા લાગ્યા. તે સઘળાઓએ શ્રી કૃષ્ણ ભગવાનના સ્વરૂપે એકજ જાતનાં કુંડળ, કિરીટ, વનમાળાઓ, શ્રીવત્સ, નૂપુર, કટિમેખળાઓ અને ત્રણ ધારવાળાં કંકણ ધારણ કરેલાં હતાં. ૪૬-૪૮ તેમના અંગ ઉપર મહા પુણ્યશાળી ભક્તજનોએ અર્પણ કરેલી તુલશીની કોમળ અને નવીન માળાઓ વિંટાયલી હતી. ૪૯ એ ભગવાન ચાંદની જેવાં સ્વચ્છ મંદ હાસ્યરૂપી સત્વગુણથી અને રતાશવાળી પ્રફૂલ્લ નેત્રરૂપી રજોગુણથી ભક્તોના મનોરથ પુરતા અને સરજતા હોય એવા દેખાતા હતા. ૫૦ વળી બ્રહ્માથી માંડી સ્તંભ પર્યંત સઘળું સ્થાવર જંગમ જગત તેમની મનોહર મૂર્તિની સ્તુતિ અને પુજા કરતું હોય એમ જ્યારે બ્રહ્માના જોવામાં આવ્યું ત્યારે તો તેમના વિસ્મયનો પાર રહ્યો નહિ. બ્રહ્માને પોતાનું માયા રૂપ દેખાડવા ભગવાન અણિમાદિ સિદ્ધિઓ, માયા વગેરે વિભૂતિઓ, અને ચોવીસ તત્વોથી વીંટાયેલા હતા. ૫૧-૫૨ વળી કામ, કાળ, સ્વભાવ, સંસ્કાર તથા કર્મ, દેહધારી થઇ ગુણરૂપે તેમની જુદી જુદી સેવા કરતાં જોવામાં આવતાં હતાં. સિદ્ધિ અને વૃતિઆદિનો મહિમા તેમના સ્વરૂપ આગળ લય થતો જણાતો હતો. ૫૩ અનેક રૂપે દેખાતા શ્રીકૃષ્ણ સત્ય, જ્ઞાન, અનંત, અને આનંદમય એક રસ મૂર્તિરૂપ થઇ રહેતા હતા, એટલે તેમના મહિમાનો તથા માહાત્મ્યનો પાર આવે તેમ નહોતું. ૫૪ એક ક્ષણમાં બ્રહ્માએ આખા વૃંદાવનને અને તેમાંની સર્વ વસ્તુને શ્રીકૃષ્ણ પરમાત્મા રૂપ જોયાં એટલે બ્રહ્મા તો જેમ ચિતરેલા હોય તેમ પરબ્રહ્મની માયામાં સ્તબ્ધ જ થઇ ગયા. ૫૫ તેમની ઇંદ્રિયો જડ થઇ ગઇ અને નિશ્ચળની પેંઠે અનેક વિચાર કરવા લાગ્યા. ત્યારે પરમ દયાળુ એવા ભગવાન શ્રીકૃષ્ણે પોતાની માયા ખેંચી લીધી. ૫૫–૫૭ પછી ઉંઘમાંથી જાગ્રત થયા હોય તેમ બ્રહ્માએ આંખ ઉઘાડીને જોયું ત્યારે માત્ર એકજ શ્રીકૃષ્ણ તેમના જોવામાં આવ્યા. ચારે તરફ દૃષ્ટિ ફેરવી તો ત્યાં પણ માનવ લોકમય અને નાના પ્રકારનાં વૃક્ષોથી છવાયલું સુંદર વૃંદાવન તેમના જોવામાં આવ્યું. ૫૯ ભગવાનના વાસથી ક્રોધ અને રાગનો નાશ થવાને લીધે એ વૃંદાવનમાં વેર વાળાં માણસ તથા પશુઓ પરસ્પર મિત્રભાવથી રહેતાં હતાં. ૬૦ પછી જ્યારે બ્રહ્માએ અદ્વૈત રૂપ બાળ-

ગોપાળના રૂપે થયેલા શ્રીકૃષ્ણને યમુનાજીના કિનારામાં વાછડાં અને ગોવાળીઆને શોધતા દીઠા ત્યારે તેમને બરોબર ભાન આવ્યું, અને માયાનું આવરણ દૂર થઇ ગયું. પૂર્વની પેઠે વૃંદાવન, ગોવાળીઆ અને વાછડાં તેમના જોવામાં આવ્યાં. અને અગાધ જ્ઞાનવાળા છતાં મિત્રોને શોધતા તથા અનંત છતાં દિશાઓમાં ફરતા સર્વના કારણ રૂપ છતાં બાલ્યાવસ્થાવાળા થઇ, દહીં ભાતનો કોળીઓ હાથમાં લઇને ફરતા ભગવાન તેમના જોવામાં આવ્યા. ૬૧ પછી બ્રહ્મા પોતાના હંસ વાહન પરથી નીચે ઉતરી સુવર્ણ દંડની પેઠે ચારે મુકુટવાળા મસ્તકે તેમના ચરણારવિંદમાં પ્રણામ કરી આનંદનાં આંસુથી તેમના પગને અભિષેક કરી વારંવાર ઉભા થઈ વળી વળીને તેમના ચરણમાં સાષ્ટાંગદંડવતપ્રણામ કરવા લાગ્યા. ૬૨-૬૩ પછી ધીરેથી ઉભા થઇ, આંખમાંનાં આંસુ લૂછી નાંખી ભગવાનની સામું જોઇ મસ્તક નીચું નમાવી બે હાથ જોડી ભગવાનની સામે ઉભા રહી ધ્રુજતે અંગે ગદ્‌ગદ્ વાણીથી બ્રહ્માએ આ પ્રમાણે સ્તુતિ કરવા માંડી. ૬૪

शनैरथोत्थाय विमृज्य लोचने
मुकुंदमुद्वीक्ष्य विनम्रकंधरः ॥
कृतांजलिः प्रश्रयवान् समाहितः
सवेपथुर्गद्गदयैलतेलया ॥६४॥

ઇતિ શ્રીમદ્ ભાગવત દશમસ્કંધ પૂર્વાર્ધમાં ૧૩ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૪ મો.

બ્રહ્માએ શ્રી કૃષ્ણની કરેલી સ્તુતિ.

ब्रह्मोवाच.

नौमीड्यतेऽभ्रवपुषेतडिदंबराय
गुंजावतंसपरिपिच्छलसन्मुखाय ॥
वन्यस्रजेकवलवेत्रविषाणवेणु
लक्ष्म श्रियेमृदुपदेपशुपांगजाय ॥१॥

બ્રહ્મા સ્તુતિ કરેછે—હે સ્તુતિ કરવા યોગ્ય ઇશ્વર! નવા મેઘ જેવા શ્યામ શરીરવાળા, વીજળી જેવા તેજસ્વી, પીળાં વસ્ત્ર ધારણ કરનાર, કાને ચણોઠીનાં આભૂષણવાળા, ચારે તરફ ઝુલતાં મોર પીંછના મુગટથી શોભતા મુખવાળા, વન પુષ્પની માળાને ધારણ કરનારા, કોળીઓ, છડી, શીંગડી અને વેણુનાં ચિન્હવાળા, કોમળચરણવાળા, અને ગોપકુમાર એવા હે કૃષ્ણપરમાત્મા! હું આપને વંદન કરૂં છું. ૧ હે દેવ! મારો અનુગ્રહ કરનાર અને સ્વેચ્છામય એવા આપના શુદ્ધ સત્વમય શરીરને જાણવાને પણ અમે સમર્થ નથી, તો પછી સાક્ષાત્ આત્મ સુખનો અનુભવ લેનાર એવા આપ, જે કેવળ નિર્વિકાર છો તેમને સમાધિ વડે પણ કોણ જાણી શકે તેમ છે? ૨ વિદ્વાનોએ પ્રસિદ્ધ કરેલી અને વારંવાર ગવાતી એવી આપની વાર્તાઓને જે લોકો જ્ઞાન સંપાદન કરવાનો શ્રમ ન લેતાં પોતાના સ્થાનમાં બેઠા બેઠા સાંભળ્યા કરે છે, તે લોકથી હે અજીત! તમે ત્રૈલોકયથી અજીત છતાં જીતાયલા છો. ૩ હે વિભો! શ્રેયને સ્રવતી એવી આપની ભક્તિનો ત્યાગ કરી જેઓ બોધને માટે માત્ર ક્લેશજ સહન કરે છે તેમને ફોતરાં ખાંડનારાઓને ભાગ જેમ ફોતરાંજ રહે છે તેમ તેમને માટે માત્ર ક્લેશજ રહે છે. ૪ હે અચ્યુત! યોગથી જ્ઞાન ન મળતાં પોતાનાં કર્મ આપને અર્પણ કરી તેથી પ્રાપ્ત થતી આપની ભક્તિથીજ પૂર્વે ઘણાક યોગીઓ સહસા આપની પરમ ગતિને પામી ગયેલા છે. ૫ હે પ્રભુ! નિર્મળ અંતઃકરણવાળા પુરૂષો કદાપિ આપના નિર્ગુણ સ્વરૂપનો તથા મહિમાનો પાર પામી શકે છે, પરંતુ અચિંત્ય તથા અનંત એવા આપના સગુણ સ્વરૂપનો પાર કોઇ પામી શકતું નથી. ૬ જગતના હિતાર્થે જેમનો જન્મ થયેલો છે અને ગુણના જે અધિષ્ઠાતા રૂપ છે, તેમના ગુણની ગણના કોનાથી થાય છે? પરમાણુ, આકાશમાં ઉડતાં હિમકણ અને નક્ષત્રાદિકનાં કિરણની ઘણા જન્મે ગણના કરનારા નિપુણ પુરૂષો પણ તમારા ગ-

જુની ગણના કરી શકતા નથી. ૭ તપાદિકના કલેશ સહન નહિ કરતાં જે પુરૂષ તન, મન અને ધનથી આપની ભકિત કરે છે તેને જ મુકિત મળે છે. ૮ હે ઇશ ! મારૂં દુર્જનપણું તો જુઓ ! કે મોટા મોટા માયાવીઓને પણ મોહમાં નાંખવાને સમર્થ એવા આપની માયા જોવા માટે મેં ચેષ્ટા કરી ! જવાળા જેમ અગ્નિ આગળ કંઇ ગણત્રીમાં નથી, તેમ મારૂં આપની આગળ શું ચાલી શકે ? ૯ હે અચ્યુત ! રજો ગુણમાંથી ઉત્પન્ન થયેલો હું તમારાથી જુદી ઇશ્વરતા માનનાર છું, પરંતુ આપે તો મને દાસરૂપ ગણી મારા સઘળા અપરાધો માફ કરવા જોઇએ. ૧૦ આ તત્વમય બ્રહ્માંડમાં સાત વેંતની કાયાવાળો હું કયાં અને એ સઘળાં તત્વો જેનાં રોમ છિદ્રોમાં નિરંતર ઉડયા કરે છે એવા આપ કયાં ? આપનો મહિમા અગણિત છે, માટે આપે તો મને સેવક સમાન ગણી સદા દયાની દૃષ્ટિથીજ જોવો. ૧૧ આ જગત આપના મહાન ઉદાર ઉદરમાં રહેલું છે અને હું એ ઉદરની બહાર નથી. માટે જેમ માતા પોતાના પેટમાં રહેલા બાળકની લાતોને ક્ષમા કરે છે, તેમ આપે પણ મારા અપરાધ ક્ષમા કરવા જોઇએ. ૧૨ સમુદ્રમાં સુતેલા આપના નાભી કમળમાંથી ઉત્પન્ન થયેલો છું એટલે હું પણ તમારો પુત્ર છું, એમ ધારી આપે મારા અપરાધ ક્ષમા કરવા જોઇએ. ૧૩ જીવોના સમૂહને જે જાણે તે નારાયણ, નાર એટલે જીવોનો સમૂહ અને અયન એટલે આશ્રય એવા પણ આપજ નારાયણ છો. આપની મૂર્તિ જળમાં રહેનારી છે, પરંતુ તે માયારૂપ હોવાથી અમાપ રહેલી છે. જો એ આપનું સ્વરૂપ સત્ય હોય તો મને આશ્ચર્ય લાગે છે કે કમળ નાળને માર્ગે મેં સો વર્ષ સૂધી આપના શરીરની શોધ કરી તોપણ તે મારા જોવામાં કેમ ન આવ્યું ? જ્યારે મેં તેને જોવાને તપ કર્યું ત્યારેજ જોવામાં આવ્યું, માટે સમુદના જળમાં રહેનારૂં તમારૂં રૂપ માત્ર માયાજન્યજ છે. ૧૫ હે માયાને હરનાર ! આપને કોઇ જાતનો પરિચ્છેદ ઘટતો નથી, આ બધું માયાનું કારણ છે, અને તે આપે આ અવતારમાં દેખાડી આપ્યું છે. બહાર જણાતું આ માયામય જગત આપે યશોદાજીને મુખમાં દેખાડી સિદ્ધ કરીઆપ્યું છેકે આપનામાંજ આખા બ્રહ્માંડનો સમાવેશ થયેલો છે. ૧૬ જે પ્રપંચમય જગત બહાર દેખાય છે તેજ જગત આપની સાથે આપના મુખમાં દેખાયું, ત્યારે તે માયાનું કારણ હતું એમ કેમ ના કહેવાય ? વળી જો એ જગત પ્રતિબિંબ રૂપે આપનામાં દેખાયું હોય અને આપ જગતના આદર્શરૂપ હો તો તેમાં આપનુ સ્વરૂપ દેખાવું જોઇએ નહિ, એટલે કે આદર્શમાં આદર્શનું દર્શન અસંભવિત હોવાથી આપે એ માયા દેખાડીને અમને સિદ્ધ કરી આપ્યું છે કે, આ પ્રપંચમય જગત કંઇજ નહિ પણ માયાથી ઉત્પન્ન થયેલી ઉપાધિ રૂપ અને મિથ્યાભાસ છે. ૧૭ હમણાં મને પણ આપે જગતનું મિથ્યાપણું દેખાડયું હતું. આપ માત્ર એક સત્ય, અવિનાશી અને ખરા છો આપ એક હતા તે વાછડાં અને ગોપપુત્રો રૂપે અનેક થયા, વળી થોડીવારમાં તત્વોથી સેવાતા આપ મને ચતુર્ભુજ રૂપે દેખાયા અને વળી અનેક બ્રહ્માંડમય થઇ ગયા. આ ઉપરથી મને તો ખાત્રી થઇ છે કે આપજ એક આ આખા બ્રહ્માંડનું કારણ છો. ૧૮ ઉત્પત્તિ વખતે બ્રહ્મા, પાલન વખતે વિષ્ણુ અને સંહારકાળે રૂદ્ર રૂપે પણ આપને આપજ પ્રકૃતિમાં રહ્યા થકા જણાઓછો. ૧૯ હે ઇશ્વર ! મુનિ, મનુષ્ય, જળચર, અને પક્ષીઓમાં થયેલા આપના અવતાર દુષ્ટને દળવા અને સાધુજનનો અનુગ્રહ કરવાને થયેલા છે. ૨૦ હે વ્યાપક ! હે યોગમાયાના યોગેશ્વર ! આપ વિસ્તાર કરીને લીલાઓ કરો છો, તે લીલાઓ અને ક્રીડાઓને આ જગતમાં કોણ જાણી શકે છે ? ૨૧ આ જગત જે મિથ્યારૂપ, સ્વપ્ન જેવું, પ્રતિભાસિત, અને અપાર દુઃખમય છે, તે આપની નિત્ય સુખમય માયાથી ઉત્પન્ન થયેલું હોવાને લીધે માયામાં પચી રહેલાઓને અત્યંત સુખમય લાગે છે. ૨૨ દૃશ્ય માત્ર અસત્ય અને અદૃશ્ય માત્ર સત્ય તે આપજ

એકલા છો. વિકારવાળા હોય તે અસત્ય અને અવિકારી તેજ સત્ય અને તેવા અવિકારી માત્ર આપજ છો. કાર્યના આદિ હોવાથી આપ કારણરૂપ, સર્વમાં પ્રથમ હોવાથી આદિ પુરૂષ, અને સનાતન હોવા છતાં જન્મ થવાથીજ માત્ર તમને અસ્તિત્વ મળે છે એમ નથી, પણ આપ નિરંતર સર્વત્ર રહેલા છો. આપ સઘળા સુખમય હોવાથી આપમાં કંઇ વિપર્યય થતો નથી. અક્ષય હોવાથી ક્ષય, અને અમૃત હોવાથી આપનો નાશ પણ નથી. અનંત અને અદ્વૈત એવા આપને કશો પરિચ્છેદ છેજ નહિ, આપ સ્વયંપ્રકાશ હોવાથી આપને સંપાદન કરવાને બીજું કોઇ પણ સાધન નથી. આપ અસંગ હોવાથી આપને કંઇ લાગેલું નથી. અને આપ નિરંજન છો તેથી આપને કોઇ જાતનો સંસ્કાર પણ લાગતો નથી. ૨૩ જે પુરૂષો જ્ઞાનરૂપ નેત્રથી સર્વના ઇશ્વર એવા આપને જુએ છે તે આ દુસ્તર ભવસાગરને તરી જાય છે. ૨૪ પોતાના આત્માને નહિ જાણનારાઓને આખો સંસારપ્રપંચમય દેખાય છે, પરંતુ જ્યારે સદ્ગુરૂ દ્વારા ઉત્તમ જ્ઞાન મળે છે ત્યારે પ્રપંચમય સંસાર તેનાં નેત્ર આગળથી દૂર થઇ આખું જગત તેને બ્રહ્મમય લાગે છે. રજ્જુને ન ઓળખવાથી જેમ તે ભયંકર સર્પરૂપ લાગે છે, પરંતુ પ્રકાશવડે તેને જોતાં ખોટો ભ્રમ દૂર થાય છે, તેમ જ્યાં સુધી અજ્ઞાનરૂપી અંધકાર મનુષ્યના હૃદયમાં વ્યાપી રહેલો હોય છે ત્યાં સુધી તેને સદ્બોધ થતો નથી. ૨૫ અજ્ઞાનથીજ બંધ મોક્ષ છે, એટલે કે મન એજ બંધમોક્ષને માની લેનારૂં છે. જેને જ્ઞાન થાય છે તેને તો બંધ મોક્ષ છેજ નહિ. રાત્રિ અને દિવસ જેમ સૂર્યમાં નથી, તેમ જ્ઞાન અને મોક્ષ કંઇ આપમાં છેજ નહિ. ૨૬ આત્મામાં દેહનો અને દેહમાં આત્માનો અધ્યાસ કરીને ઇશ્વરને શોધવો તે માત્ર અજ્ઞાનજ છે. ૨૭ રજ્જુ હોય પરંતુ જ્યાં સુધી રજ્જુ છે એમ જ્ઞાન ન થાય, ત્યાં સૂધી સર્પનો ભય દૂર થતો નથી. જ્ઞાનથી મોક્ષ સુલભ છે છતાં પણ હે ઇશ! આપની કૃપા વગર જ્ઞાન આવતું નથી, માટે હું તમારી સ્તુતિ કરૂં છું. ૨૮-૨૯ હે નાથ! દરેક જન્મમાં હું આપની ભક્તિની ઇચ્છા રાખું છું, કારણ કે ભક્તિથી પરમાનંદ સુલભ છે. ૩૦ યજ્ઞોથી પણ જે તૃપ્ત થયા નથી તે આપ ગોપપુત્ર અને વાછડાંના રૂપે ગોપીઓ અને ગાયોથી તૃપ્ત થયા માટે તેમના જન્મ સફળ છે અને તેમને ધન્ય છે. ૩૧ પરમાત્મા જેમના મિત્ર, પુત્ર, અને સ્નેહી થઇ રહ્યા છે એવા વ્રજવાસીઓના ભાગ્યનેજ ધન્ય છે. અમે પણ વ્રજવાસી લોકથી ધન્ય છીએ, કારણ કે તેમનાથીજ અમે આપના ચરણ રૂપી મકરંદને પીએ છીએ, એક એક ઇંદ્રિયનો રસ લેનારા અમે તૃપ્ત થઇએ છીએ તો હે બાળમુકુન્દ! સર્વ ઇંદ્રિયોથી તમારો રસ લેનાર વ્રજવાસીઓનાં ભાગ્યોનો મહિમા કેટલો? એમના મહિમાનું તો અમારાથી વર્ણન પણ થાય તેમ નથી. ૩૨-૩૩ મૃત્યુલોકમાં, વળી વનમાં અને તે પણ ગોકુળમાં અવતાર થવો એ તો મોટા ભાગ્યની વાત છે. શ્રુતિઓ જેમના ચરણની નિરંતર ઇચ્છા કરે છે તેમનાં ચરણ જે ગોકુળમાં ફરે છે તે ગોકુળવાસીઓના ચરણ રજની પણ કોણ ઇચ્છા ન કરે? ૩૪ હે દેવ! આપના સ્વરૂપના ભોગ દર્શન વગર વળી વ્રજવાસીઓને તો આપ શું આપશો, એમ દેવલોકના મનમાં વિચાર થયા કરે છે. પ્રપંચથી આવેલા માણસને આપ અનન્ય ફળ આપો છો. પૂતના જે તમારો નાશ કરવા આવી હતી તેને તમારૂં સ્વરૂપ આપ્યું તો વ્રજના લોક જે તમારા સત્ય ભક્ત છે તેને તમે આપો એવું કયું ફળ છે? વળી પૂતનાના સંબંધીઓને પણ આપે સ્વરૂપ લાભ આપ્યો છે તો પછી જે લોકોએ તન, મન, ધન, ઘરબાર, પુત્ર, મિત્ર, દેહ અને સર્વસ્વનો આપને માટે ત્યાગ કરેલો છે તેમને તમે પેલાંના જેટલોજ લાભ આપશો એમ કેમ બને? ૩૫ હે કૃષ્ણ! જ્યાં સૂધી આપની સત્ય ભક્તિ નથી ત્યાં સૂધીજ રાગદ્વેષાદિક ચોરનું, ઘર બંધનનું અને મન મોહ રૂપ બેડીનું કામ કરે છે, આપ અજન્મા

છો, તથાપિ ભક્તોના હિતને માટે જગતમાં આપનો જન્મ થાય છે. ૩૬-૩૭ હે પ્રભુ! મારાં મન, વાણી અને કર્મ આપના પ્રભાવને પહોચી શકતાં નથી, તેથી હું આપનો વિશેષ મહિમા ગાઇ શકતો નથી. હે કૃષ્ણ! સર્વને જોનાર આપ અમારી શક્તિને અને આપના મહિમાને જાણો છો, માટે હવે મને મારા લોકમાં જવાની આજ્ઞા આપો. હે નંદના આનંદમય પુત્ર! મમતાના સ્થાનરૂપ જગત અને તેમાં સાર રૂપ આ શરીર, હું તમનેજ અર્પણ કરૂંછું. ૩૮-૩૯ હે યાદવકુળ કમળ પ્રફુલ્લક! હે પૃથ્વી, દેવ, બ્રાહ્મણ અને પશુરૂપ સમુદ્રની વૃદ્ધિના કારણરૂપ કૃષ્ણચંદ્ર! હે પાખંડતિમિરનાશક સૂર્યચંદ્રાવકાશ! હે કંસ જેવા બળવાન રાક્ષસનો બાલ્યાવસ્થામાંજ નાશ કરનાર! હે સર્વ પૂજ્ય! હે ભગવાન! આ કલ્પ પૂરો થાય ત્યાં સુધી આપને મારા પ્રણામ હો. ૪૦

શ્રી શુકદેવજી કહેછે—ઉપર પ્રમાણે શ્રીકૃષ્ણ પરમાત્માની સ્તુતિ કરી બ્રહ્મા તેમને ત્રણ વાર પ્રદક્ષિણા અને ચરણમાં પ્રણામ કરી આજ્ઞા લઇ પોતાના લોકમાં ગયા. ૪૧ ત્યાર પછી બ્રહ્માના કહેવા પ્રમાણે તેમણે ગોપપુત્ર અને વાછડાંની પ્રથમની પેઠે ગોઠવણ કરી. એક વર્ષ ઉપર બ્રહ્મા તેમને હરી ગયા ત્યારે જેમ તેઓ સંઘરાં બેઠેલાં ઉભેલાં હતાં તેમ બનાવી દીધાં, અને માયારૂપ વત્સ તથા ગોપને પોતાના સ્વરૂપમાં અંતર્ધ્યાન પમાડી દીધાં, તેથી કરીને એક વર્ષ જેટલો કાળ વહી જવા છતાં ખરા ગોપપુત્રોને તે અર્ધા ક્ષણ જેટલો લાગ્યો. ૪૨-૪૩ ભગવાનની માયામાં મોહ પામેલું જગત પોતાના આત્માને ભૂલી જાય છે, તો ગોપબાળકો એક વર્ષ જેટલા ટુંકા કાળને ભૂલી જાય એમાં શું આશ્ચર્ય? ૪૪ પેલા મિત્ર ગોપકુમારો શ્રી કૃષ્ણને જોઇને કહેવા લાગ્યા કે—આવો, તમે ઝટ આવ્યા તે ઠીક કર્યું; હજી તો અમે બીજો કોળીઓ પણ ભર્યો નથી. ૪૫ પછી જ્યારે વત્સને પાછાં વાળવાનો વખત થયો ત્યારે ખરા ગોપ પુત્રો અને વત્સની સાથે ભગવાન નાના પ્રકારનાં હાસ્યવિનોદ કરતા અને અજગરનું મોટું ખોખું તેમને દેખાડતા વ્રજમાં આવવાને માટે ચાલ્યા. ૪૬ શ્રીકૃષ્ણે મોરપિચ્છ, પુષ્પ અને વન ધાતુઓથી પોતાના શરીરને શણગારેલું હતું. વેણુ વગાડતા હતા, અને નામ દઇ વાછડાંને બોલાવતા તથા ગમ્મત કરતા માર્ગમાં ચાલતા હતા, ત્યારે ગોપ લોકના પુત્રો તેમનું યશો ગાન કરતા જતા હતા. ગોપિકાઓની દૃષ્ટિને જેમનાં દર્શન ઉત્સવ રૂપ હતાં એવા શ્રી યશોદાજીના લાડિલાપુત્ર કૃષ્ણચંદ્ર વ્રજમાં આવ્યા. ૪૭ ત્યારે ગોપના પુત્રોએ વ્રજના લોકને જણાવ્યુ કે, "યશોદાના આનંદને વધારનાર આ શ્રીકૃષ્ણે વનમાં આજે એક મોટા અજગરને મારી અમારૂં તેનાથી રક્ષણ કર્યું હતું." ૪૮

પરીક્ષિત રાજા પૂછે છે—હે મુનિ! પોતાના ઔરસ પુત્રો કરતાં પણ અધિક પ્રેમ શ્રીકૃષ્ણ ચંદ્ર ઉપર તેમને શાથી થયો? તે આપ મને સમજાવો. એટલે વ્યાસના પુત્ર શુકદેવજી નીચે પ્રમાણે બોલ્યા. ૪૯

શુકદેવજી કહેછે—હે રાજન્! પ્રાણી માત્રને પોતાનો આત્મા અત્યંત પ્રિય છે. આત્મા ઉપરના પ્રેમને લીધેજ પ્રાણીઓને ધન સંતાન ઉપર પ્રેમ થાય છે. ૫૦ પુત્ર, ઘર, અને ધન વગેરે મમતાનાં સ્થાન કરતાં અહંતાના સ્થાન રૂપ દેહમાં પ્રાણીઓને અત્યંત પ્રીતિ હોય છે. ૫૧ અને જેમ આત્માનો અભ્યાસ તેમાં વધારે તેમ પ્રીતિ વધારે થાય છે. દેહને આત્મા માનનારાઓને દેહ સમાન કશું નથી. દેહથી ઉત્પન્ન થનારાં પુત્ર, સ્ત્રી અને ધન તેમને દેહથી અધિક પ્રિય હોતાં નથી. દેહને હું નહિ પણ મારો કરી માનનારા પુરૂષોને આત્માના જેટલો દેહ ઉપર પ્યાર રહેતો નથી. દેહના કષ્ટથી પીડાતાં તેઓ વારંવાર એમ બોલે છે કે "આ દેહથી છૂટાય તો સુખી થવાય." જગતમાં આત્માના સમાન કશુ પ્રિય નથી, એ આ ઉપરથી સિદ્ધ થાય છે. અને આત્મસુખને માટેજ પ્રાણીઓને બીજી વસ્તુઓ ઉપર સ્નેહ બંધાય છે. ૫૨-૫૪ પ્રાણીઓના પરમ પ્રેમનું સ્થાન આત્મા છે,

અને શ્રીકૃષ્ણચંદ્ર પ્રાણી માત્રના આત્મા હોવાથી હે રાજન્! તેમના ઉપર વ્રજના લોકને પુત્ર કરતાં પણ અધિક પ્રેમ થયો તેમાં આશ્ચર્ય પામવા જેવું કંઇ નથી. જગતના કલ્યાણને માટેજ શ્રીકૃષ્ણ માયાથી દેહધારીઓમાં ઉત્પન્ન થયા હતા. ૫૫ તે પ્રાણીઓના જ માત્ર આત્મા નથી, પણ જડના પણ આત્મારૂપ છે. તેમનાથી જગતનુ કલ્યાણ થાય છે એમ માનનારા પુરૂષો ચરાચર અને સ્થાવર જંગમ આખા જગતને તેમનામય દેખે છે. શ્રી ભગવાનથી જુદી કોઈ વસ્તુ આ બ્રહ્માંડમાં છેજ નહિ. ૫૬ દરેક વસ્તુનું પરમાર્થ કારણ જોઇએ તો એક છે અને સર્વ કારણ માત્ર શ્રી હરિ છે એટલે તેમનાથી જાુદું શું હોય? ૫૭ ભગવાનના ચરણ રૂપી નાવને આશ્રયે રહેલા પ્રાણીઓ આ સંસારને વાછડાના પગલાના ખાડાથી બનેલા ખાબોચીયા જેવો ગણી તરી જાય છે, તેમને પરમ પદ મળે છે અને વિપત્તિયોની ખાણરૂપ પુનર્જન્મ થતોજ નથી. ૫૮ ભગવાને કરેલી કુમારાવસ્થાની લીલા પૌગંડાવસ્થામાં ગોપપુત્રોએ કેવી રીતે પ્રસિદ્ધ કરી એમ તમે મને પૂછ્યું હતું તેનો મેં તમને આ પ્રમાણે ખુલાસો કર્યો. ૫૯ મિત્રોની સાથે વનમાં ક્રીડા કરતાં ભગવાને અઘાસુર નામના મોટા રાક્ષસને માર્યો, યમુનાના લીલા કુંજાર પ્રદેશમાં બેશીને ભોજન કર્યું, પોતાનું સત્ય સ્વરૂપ દેખાડ્યું અને બ્રહ્માએ તેમની સ્તુતિ કરી; વગેરે કથા જે પુરૂષ ગાય છે તથા સાંભળે છે તેને સર્વે પુરૂષાર્થની પ્રાપ્તી થાય છે. ૬૦ આ પ્રમાણે સંતાઇ જવું, સેતુ બાંધવા, અને વાનરની પેઠે કૂદવું, રમવું વગેરે વિહારો કરતાં તેમણે વ્રજમાં બાલ્યાવસ્થા ગાળી. ૬૧

एवं विहारैः कौमारैः कौमारं जहतुर्व्रजे ॥
निलायनैः सेतुबंधैर्मर्कटोत्प्लवनादिभिः ॥६१॥

ઇતિ શ્રી મહાપુરાણ ભાગવતના દશમ સ્કંધ પૂર્વાર્ધમાં "બ્રહ્મસ્તુતિ" નામે ૧૪ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૫ મો.

ધેનુકાસુરનો વધ તથા તાડ વનમાં કરેલી લીલા.

शुक उवाच.

ततश्च पौगंडवयः श्रितौ व्रजे
बभूवतुस्तौ पशुपालसंमतौ ॥
गाश्चारयन्तौ सखिभिः समंपदै
र्वृंदावनं पुण्यमतीव चक्रतुः ॥ १ ॥

શુકદેવજી કહેછે—પૌગંડ ઉમરમાં આવેલા શ્રીકૃષ્ણ અને બળભદ્ર પછી ગાયો ચારવા જેવા મોટા થયા અને મિત્રોની સાથે ગાયો ચારતા પવિત્ર એવા વૃંદાવનને પુણ્યમય કરવા લાગ્યા. ૧ શ્રીકૃષ્ણ ભગવાન નિરંતર બળભદ્રની સાથે પોતાના યશનું ગાયન કરનારા ગોવાળીઆ લોકની સાથે વેણુ વગાડતા પશુઓને હિતકારક અને પુષ્પની સમૃદ્ધિવાળા વૃંદાવનમાં ગાયો ચારવા જવા લાગ્યા. ૨ ગુંજાર કરતા ભ્રમરો, બાળ અને મોટાં ચંચળ નેત્રવાળાં હરિણો, તથા નાના પ્રકારનાં પક્ષીઓથી ભરેલા, સત્પુરૂષોનાં મન જેવાં સ્વચ્છ સરોવર વાળા, અને કમળની સુગંધીથી સુગંધમય થઇ રહેલા વૃંદાવનને જોઇને શ્રીકૃષ્ણને રમવાની ઇચ્છા થતી. ૩ રક્ત પલ્લવથી શોભતાં અને પુષ્પ તથા ફળના ભારથી પગને અડકે એટલાં નીચાં નમી ગયેલાં વૃક્ષોની શાખાઓ જોઇને હાસ્ય વિનોદ કરતા તથા વનની શોભાથી પ્રસન્ન થતા શ્રી કૃષ્ણચંદ્ર પછી પોતાના વડીલબંધુ બળભદ્રને સંબોધીને એકવાર તેમને આ પ્રમાણે કહેવા લાગ્યા. ૪

શ્રીકૃષ્ણ કહેછે—હે દેવોત્તમ! આ વનમાં વૃક્ષો પોતાનાં પાપ કર્મની શાંતિને માટે નીચાં નમી તથા પુષ્પ સમૃદ્ધિથી તમારા ચરણકમળમાં અર્ઘ્ય આપીને પ્રણામ કરે છે. ૫ દેવલોકથી પણ જેનાં ચરણારવિંદ પૂજાયલાં છે એવા હે બળભદ્રજી! આપ પણ આદિ પુરૂષ છો અને સર્વ લોકને તીર્થરૂપ એવી ત-

મારી કીર્તિનું યશોગાન કરતા આ વૃંદાવનના ભ્રમરો તમારી સેવા કરતા હોય એમ લાગે છે, કારણ કે મુનિઓના દૈવતરૂપ આપ જ્યારે મનુષ્યનો દેહ ધારણ કરીને આ વનમાં ફરોછો, ત્યારે તેઓ પણ તમારી પાછળ ભ્રમર થઇને ઉડ્યા કરે છે. ૬ હે સ્તુતિ કરવા યોગ્ય! આ વનના મયૂરો તમને રીઝાવવાને માટે તમારી સન્મુખ નૃત્ય કરે છે; કોકિલાઓ પંચમ રાગથી તમારો ઉજ્વળ કીર્તિનું ગાન કરે છે, અને હરિણો ચંચળ નેત્રને સ્થિર કરી તમારી મનોહર મૂર્તિનું પાન કરતાં કરતાં તમારી પાછળ ફરે છે, માટે હે સત્પુરૂષ! આ વનમાં રહેલી વસ્તુઓનાં, પક્ષીઓનાં અને ભ્રમરોનાં પણ ધન્ય ભાગ્ય કે તે તમારા જેવા પુણ્યશાળીની સેવા કરે છે, એજ આ લોકમાં ખરેખરાં ભાગ્યશાળી છે કે તમારી પુંઠે ફરવા પામે છે. આ વનમાં પશુ, પક્ષી અને વૃક્ષો પણ સત્પુરૂષના કર્તવ્યને અને સાધુતાને અનુસરતાં જણાય છે; કારણ કે જેમ પુરૂષો પોતાના પરોણાને સર્વ વસ્તુ અર્પણ કરે છે, તેમ તેઓ પોતાનાં તન મન તમને અર્પણ કરી પોતાને કૃતાર્થ માને છે. વૃંદાવનની ભૂમિ તમારા ચરણથી, વનસ્પતિ તમારા કર તથા નખક્ષતથી અને પર્વતો, નદીઓ તથા વૃક્ષો તમારા કૃપા પૂર્ણ અવલોકનથી પોતાને ભાગ્યશાળી માને છે. વળી હે બળભદ્રજી! લક્ષ્મી પણ જેના વક્ષઃસ્થળની ઇચ્છા રાખે છે એવા તમારા વક્ષઃસ્થળને પામતી એવી વ્રજની ગોપિકાઓના અવતારને પણ ધન્ય છે! ખરેખરાં ભાગ્યશાળી તો તેજ છે કે જેમને આંખ ભરી ભરીને આપની મનોહર મૂર્તિનાં દર્શન કરવાનો લાભ મળે છે. ૭

શુકદેવજી કહેછે—હે રાજન્! આ પ્રમાણે વૃંદાવનની શોભા જોઇ પ્રસન્ન થતા શ્રી કૃષ્ણ નિરંતર પોતાના મિત્ર બળવાન ગોપ લોકની સાથે વૃંદાવનમાં ગાયો ચારવાને માટે આવતા અને પર્વતની પડોશમાં આવેલી નદીઓના સુંદર કિનારા ઉપર ગાયો ચારતાં પરમ આનંદ અનુભવતા હતા. ૯ ગોપલોક જેમના બળ ઐશ્વર્યની સ્તુતિ કરતા હતા એવા વનમાળાને ધારણ કરનાર શ્રીકૃષ્ણ તે વનમાં કોઇવાર મદોન્મત્ત ભ્રમરોની સાથે ગુંજાર કરતા હતા, કોઇવાર હંસની પાછળ તેમના જેવા મધુર કલરવ કરી દોડતા હતા અને કોઇવાર નાચતા મોરની સામે ઉભા રહી તેમના જેવું તાંડવ નૃત્ય કરી પોતાના મિત્રોને આનંદ ઉપજાવતા હતા. ૧૦-૧૧ મેઘના જેવા ગંભીર અને ગોપલોકને ગમે એવા સ્વરથી કોઇવાર ગાયોને હાક મારી પોતાની પાસે બોલાવતા હતા. ૧૨ ચકોર, ક્રૌંચ, ચક્રવાક, ભારદ્વાજ અને મયૂરની પાછળ તેમના ચાળા પાડી કરતા હતા, અને ગોપ તથા પશુઓની પેઠે વાઘ તથા સિંહથી ભય પામી નાશી જતા હતા ૧૩ વનમાં શ્રીકૃષ્ણ પરમાત્મા પોતાના મોટા ભાઇની ઘણી સેવા કરતા હતા. જ્યારે વનમાં ફરવાના પરિશ્રમને લીધે બળભદ્રજી ગોપલોકના ખોળામાં મસ્તક મૂકીને સુઇ જતા ત્યારે તે તેમના પગ ચાંપવાને બેસતા.* ૧૪ ઘણીવાર એક બીજાના હાથ ઝાલીને તેઓ ફરતા, ગાતા અને યમુનાજીના પુલિનમાં કુસ્તી કરતા ગોપલોકનાં વખાણ કરતા હતા. ૧૫ મલ્લયુદ્ધ કરીને થાકી ગયા હોય ત્યારે શ્રીકૃષ્ણ ઘણીવાર પાંદડાંની શય્યા કરી ગોપલોકના ખોળામાં માથું મૂકી વૃક્ષના થડ આગળ છાયામાં સુઇ જતા હતા. ૧૬ જ્યારે ભગવાન આ રીતે પરિશ્રમને લીધે પોઢયા હોય ત્યારે ઘણાક ગોપ તેમની પગ ચંપી કરે, કેટલાક તેમને મન ગમતાં ધીરાં ધીરાં ગાયન ગાય, કોઇ વેણુ અને વાજીંત્ર વગાડે, કોઇ કમળપત્રના પંખાવડે પાસે બેશીને પવન ઢોળે. ૧૭ અને હે રાજન્! આ પ્રમાણે ગોપ લોક શ્રી કૃષ્ણને અનેક પ્રકારના વિલાસ કરાવે, તથાપિ તેમનું દેવત્વ કોઇ કોઇવાર સે-

* શ્રીકૃષ્ણ ભગવાન વિષ્ણુનો અવતાર અને બળભદ્ર ભગવાનના અંશ શેષજીનો અવતાર હતા, તેમ છતાં બળદેવજીને મોટાભાઇ કરી તેમની સેવા કરવાનું કારણ એ કે ત્રેતાયુગમાં લક્ષ્મણજીએ રામચંદ્રજીની બહુજ સેવા કરી હતી, તેથી રામચંદ્રજીએ લક્ષ્મણજીને વરદાન આપ્યું હતું કે દ્વાપરયુગમાં તમને મોટાભાઈ બનાવીને હું તમારી સેવા કરીશ.

હેજેજ પ્રસિદ્ધ થઇ જતું હતું. આયાવડે પોતાનાં ચરિત્રને દેખાડતા શ્રીકૃષ્ણ ભગવાન નિત્ય નિત્ય ગ્રામવાસી ગોપની સાથે આવા વન વિહારમાં કાળ ગાળતા હતા. ૧૮-૧૯

હે રાજન્! શ્રી કૃષ્ણચંદ્ર વૃંદાવનમાં નિત્ય આવી લીલાઓ કરતા હતા, તેવામાં એકવાર તેમના મિત્ર શ્રીદામા, સુબલ, અને સ્તોક વગેરેએ તેમને કહ્યું કે, ૨૦ હે બળભદ્રજી! હે કૃષ્ણ! હે દુષ્ટનો સંહાર કરનારાઓ! આ વૃંદાવનની પાસે તાડના વૃક્ષોથી ભરપૂર એક સુંદર તાડવન આવેલું છે. ૨૧ એ વનમાં અનેક જાતનાં ફળ થાય છે છતાં ધેનુકાસુર નામના રાક્ષસના ભયને લીધે તે ઠેકાણે કોઇથી જઇ શકાતું નથી, તેથી સ્વાદિષ્ટ ફળો પણ ત્યાં નકામાં પડી રહી સૂકાઇ જાય છે, પણ કોઇના ખાધામાં આવતાં નથી. ૨૨ એ દૈત્ય ગધેડાનું રૂપ ધારણ કરી વનમાં રહેલો છે, અને તેના મિત્રો પણ તેમાં એજ રૂપે વસે છે. ૨૩ હે શત્રુઓનો નાશ કરનારા! દુષ્ટ અને મનુષ્યના માંસનુ ભક્ષણ કરનાર તે દૈત્યોના ત્રાસને લીધે ત્યાં કોઇ માણસ જતું નથી, એટલુંજ નહિ પણ પશુ અને પક્ષીઓએ પણ તે દિશાનો ત્યાગ કરેલો છે. ૨૪ એ વનમાંથી મીઠાં તાડ ફળની વાસ આવે છે તે જુઓ. અમે તો તેનો સ્વાદ કદી પણ લીધો નથી. ૨૫ હે કૃષ્ણ! ફળની મિઠી વાસથી અમને તે ફળ ખાવાની ઇચ્છા થઇ છે, માટે આપ અમારી ઇચ્છા પૂર્ણ કરો. ચાલો આપણે તે વનમાં જઇએ. હે બળભદ્રજી! તમને તેની ઇચ્છા થાય છે કે નહિ? ૨૬ મિત્રોની ઇચ્છા જાણી તેમને મન ગમતું આપવાની ઇચ્છાવાળા શ્રીકૃષ્ણ ભગવાન અને બળભદ્રજી પછી તેમને તેડીને તાડવનમાં પધાર્યા. ૨૭ બળભદ્રજીએ મોટા મદોન્મત્ત હાથીની પેઠે ત્યાં જઇ તાડનાં ઝાડ હલાવવા માંડયાં. તેનો શબ્દ સાંભળીને આખા વનને અને પૃથ્વીને ધ્રુજાવતો ધેનુકાસુર શ્રી બળભદ્રજીની ઉપર ધશી આવ્યો. ૨૮-૨૯ તેણે દોડી આવી બળભદ્રની છાતીમાં પાછલા પગોએ લાત મારી અને પછી ચારે તરફ ફરવા લાગ્યો. તે જેવો બીજીવાર લાત મારવા આવ્યો તેવાજ બળભદ્રજીએ તેના પાછલા બે પગ પકડી લીધા અને મસ્તક પાછળ ફેરવી એવા જોરથી તેને તાડના ઝાડ સાથે પછાડયો કે, તેના પ્રાણની સાથે મોટું વૃક્ષ કડેડાટ કરતું ભાગી પડયું. એક વૃક્ષનો બીજાની સાથે અને બીજાનો ત્રિજાની સાથે આઘાત થવાથી આખા વનનાં વૃક્ષો એક બીજાને ગાથડાઇને ભાગી પડયાં અને પૃથ્વી ઉપર ફળનો વરસાદ વરસવા સાથે ભયંકર વંટાળીયાની પેઠે આખા તાડવનમાં ક્ષોભ થઇ રહ્યો. ૩૦-૩૪ અનંતના અવતાર ભગવાન બળભદ્રજીમાં તતુમાં વસ્ત્રની પેઠે આ જગત ઓતપ્રોત રહેલું છે, એટલે તે આવું પરાક્રમ કરે એમાં શી નવાઇ? ૩૫ ધેનુકાસુર* માર્યો જવાથી તેના સાથીઓ શ્રીકૃષ્ણ અને બળભદ્ર ઉપર ધશી આવ્યા, પરંતુ તેમને પણ એ બે બળવાન વીરોએ ધેનુકાસુરની પેઠે પાછલા પગ પકડી પકડીને તાડનાં ઝાડ સાથે પછાડી મારી નાંખ્યા. ૩૬-૩૭ તાડ ફળથી, દૈત્યોના દેહથી અને વૃક્ષનાં પાનથી છવાઇ ગયેલી પૃથ્વી વાદળથી છવાયલા આકાશ જેવી દેખાવા લાગી. ૩૮ ધેનુકાસુરનો વધ થતાં પ્રસન્ન થયેલા દેવતાઓએ આકાશમાંથી પુષ્પવૃષ્ટિ કરી અને વાજીંત્રો વગાડી તેમની સ્તુતિ કરવા માંડી. ૩૯ અસુરનો ભય દૂર થતા તાડવનમાં મનુષ્યો ફળ ખાવા લાગ્યા અને પશુઓ સુખથી ઘાસ ચરવા જવા લાગ્યાં. ૪૦ પછી જયારે

* એ ધેનુકાસુર પૂર્વે સાહસિક નામનો બલિરાજાનો પુત્ર હતો, તેણે એક દિવસે દશ હજાર સ્ત્રિયો સાથે લઇ, ગંધમાદન પર્વતમાં જઇ, ક્રીડા કરી. ત્યાં તેની ક્રીડાના સમયનાં વાંજાં વિગેરે વાગવાથી ગુફામાં બેઠેલા દુર્વાસા મુનિનું ધ્યાન છુટી ગયું તેથી મુનિએ બાહાર નિકળીને તેને શાપ આપ્યો કે—'અરે દુષ્ટ! તું ગધેડાની પેઠે રમે છે, તેથી જા તું ગધેડા થઇશ પછી અનુગ્રહ કરતાં કહ્યું કે—ચાર લાખ વર્ષ પછી બળદેવજીના હાથથી તારી મુક્તિ થશે, એ માટે બળદેવજીએ માર્યો. વળી ભગવાને પ્રહ્લાદને વરદાન આપ્યું હતુ કે; તમારા વંશમાંનાને હું મારીશ નહિ. એથી ભગવાને તેને માર્યો નહિ.

સાંજ પડવા આવી ત્યારે કમળપત્ર જેવાં નેત્રવાળા શ્રીકૃષ્ણ પરમાત્મા પોતાના મિત્રો સાથે વ્રજમાં જવા લ. ગ્યા. ૪૧ વનની રજથી ધુંસર થયેલા કેશવાળા, મયૂર પિચ્છ અને પુષ્પથી શોભતા, મનોહર હાસ્ય કરતા અને મોરલી વગાડતા મોરલીધર ભગવાન જ્યારે સાંજે ગામમાંઆવ્યા ત્યારે તેમનાં દર્શનકરવાને આતુર થયેલી ગોપીઓ સામી આવી. ૪૨ ભ્રમર રૂપ નેત્રવડે શ્રીકૃષ્ણના મુખમધુનું પાન કરવાથી ગોપિકાઓનો દિનભરનો વિયોગ સંતાપ શાંત થયો અને લજ્જાથી નમ્રમુખી થઇ સત્કાર કરતી ગોપીઓને કટાક્ષથી જોતા જોતા તે નંદને આંગણે આવ્યા. ૪૩ યશોદાજી અને રોહિણી પોતાના પુત્રોને માટે અડધી અડધી થઇ જતી હતી. ઘેર આવી જ્યારે તેઓ ઊંના જળથી સ્નાન કરી સુંદર વસ્ત્ર અને પુષ્પમાળાઓ પહેરી ઉત્તમ મન ગમતાં ભોજન કરી સુંદર શયનમાં સુઇ જતા ત્યારે તેમનાં મન પૂર્ણ આનંદ પામતાં હતાં. ૪૪-૪૬

આ પ્રમાણે સુંદર વૃંદાવનમાં વિહાર કરતા ભગવાન એકવાર ગોપપુત્રોની સાથે બળભદ્ર વગર યમુનાજીના તટ ઉપર ગાયો ચારવા ગયા, ૪૭ તેઓ જે ઠેકાણે પશુ ચરાવતા હતા તે ઠેકાણે કાલિય નાગનો ધ્રો હતો. ઉનાળાના તાપને લીધે તૃષા લાગવાથી ગાયોએ અને ગોપ બાળકોએ તે ધ્રોનું ઝેરથી દૂષિત થયેલું પાણી પીધું, તેથી અચેત થઇ તેઓ સઘળાં કિનારા ઉપર ભીલો ચઢયો હોય તેમ પડયાં. પોતાને પ્રિય એવાં પશુ અને ગોપને આ પ્રમાણે ઝેરથી દૂષિત થયેલા જળપાનથી મરી ગયેલાં જોઇ યોગેશ્વરોના પણ ઇશ્વર એવા શ્રી ભગવાને પોતાની અમૃતમય દૃષ્ટિ તેમના ઉપર નાંખી સૌને સજીવન કર્યાં. જીવ આવતાં તેઓ બેઠાં થઇ એક બીજાની સામું જોવા લાગ્યાં, અને હે રાજન્! તેઓ સમજ્યાં કે ઝેરવાળા જળનું પાન કરવાથી આપણે મરી ગયાં હતાં તે શ્રીકૃષ્ણ પરમાત્માની કૃપાથીજ સજીવન થયાં છીએ. ૪૮-૫૨

अन्वमंसत तद्राजन् गोविन्दानुग्रहेक्षितम् ॥
पीत्वाविषंपरेतस्य पुनरुत्थानमात्मनः ॥५२॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત દશમસ્કંધ પૂર્વાર્ધમાં “ ધેનુકાસુર વધ ” નામે ૧૫ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૬ મો.

ભગવાને કાલિય નાગ નાથ્યો.

शुक उवाच.

विलोक्य दूषितां कृष्णांकृष्णःकृष्णाहिना विभुः॥
तस्या विशुद्धिमन्विच्छन् सर्पं तमुदवासयन् ॥१॥

શ્રીશુકદેવજી કહેછે—શ્રીકૃષ્ણ ભગવાને કાલિયનાગથી દૂષિત થયેલાં યમુનાને જોઇ તેને શુદ્ધ કરવા માટે સર્પને તેમાંથી બહાર કાઢયો. ૧

પરીક્ષિતરાજા પૂછેછે—હે મહારાજ! ઘણા યુગથી એ નાગ યમુનાના જળમાં કેમ વાસ કરીને રહ્યો હતો અને નદીના અગાધ જળમાં પડી ભગવાને તેને કેવી રીતે બહાર કાઢયો? તે કથા આપ મને સંભળાવો, કારણ કે સ્વચ્છંદ લીલાઓ કરતા શ્રીકૃષ્ણચંદ્રના કથામૃતથી અમને તૃપ્તી થતી નથી. ૨-૩

શુકદેવજી કહેછે—જ્યાં આગળ કાલિયનાગ રહેતો હતો ત્યાં આગળ યમુના ઘણી ઉંડી હતી, અને સાપને લીધે જળમાં એટલું બધું ઝેર વ્યાપી ગયું હતું કે આકાશમાં ઉડતાં પક્ષીઓ પણ તેની વરાળથી નીચે આવી પડતાં હતાં. ૪ નદીના કિનારા ઉપરનાં વૃક્ષો અને બીજાં પશુઓ પવનથી થતી લહરીઓનાં જળ શીકરને લીધે નાશ પામતાં હતાં. ૫ નાગના વસવાથી ઉપદ્રવવાળો થયેલો યમુનાનો તે ધરો નિરૂપદ્રવ કરવા માટે એકવાર શ્રીકૃષ્ણ ભગવાને તેના કિનારા ઉપરના કદંબના ઝાડ ઉપર ચઢી કછોટો વાળી, થાપ ઠોકી મોટા જોરથી હુકારો મારી ધરામાં ભુસકો માર્યો. ૬ જોરથી તે પાણીમાં પડયા

તેથી પાણી કેટલાંક ધનુષ* ઉછળી કિનારા ઉપર ચઢી ગયું. પાણીના ક્ષોભથી ભય પામેલો નાગ આમ તેમ નાશભાગ કરવા લાગ્યો, પરંતુ શ્રીકૃષ્ણને જળમાં રમતા અને જળ ઉડાડતા જોઇ ક્રોધથી તેમની પાસે આવ્યો. શણગારથી શોભતા શ્રીકૃષ્ણની પાસે આવી તેણે તેમના ઘનશ્યામ શરીર ઉપર ચૂડ નાંખી અને મર્મસ્થાનમાં બચકાં ભર્યાં. ૭–૯ ભગવાનને પોતાનું તન, મન અને ધન માનનારા ગોવાળીઆ, આ પ્રમાણે તેમને સર્પથી વિંટાયલા જોઇ ગભરાઇ ગયા. ગોપ લોક રડવા લાગ્યા, ગાયો હુંકાર કરવા લાગી અને વાછડીઓ ચકિત થયેલાં અને આંસુ ભરેલાં નેત્રથી સ્તબ્ધ થઇ જઈ તેમના સામું જોવા લાગી. શ્રીકૃષ્ણ ધરામાં કાલિયનાગની ચૂડમાંથી નીકળવાનો પ્રયત્ન કરતા આમ તેમ ખેંચી તેને શિથિલ કરતા હતા, ત્યારે આણી તરફ ગોકુળમાં પૃથ્વી,[1] આકાશ[2] અને દેહ સંબંધી[3] ત્રણ જાતના ઉત્પાત થયા, તે જોઇ નંદ આદિ ગોવાળોએ તો એમજ માન્યું કે, બળભદ્ર વગર એકલા ગયેલા શ્રીકૃષ્ણનો નાશ થયો. પિતાના તેમ સર્વે ગોકુળવાશીઓના મનમાં આ પ્રમાણે શંકા આવી તેથી તેઓ એકદમ ગોકુળમાંથી બહાર નિકળી વન તરફ આવવા લાગ્યા. ૧૦–૧૫ દુઃખ, શોક અને ભયથી ખિન્ન થઇ ગયેલાં તે સર્વેના મનમાં ઘણો સંતાપ થતો હતો. ગોપલોકને ભય પામતા જોઇ બળભદ્રને તેમના અજ્ઞાન માટે હસવું આવ્યું અને કંઇ બોલ્યા નહિ છતાં તેઓ પોતે તો તેમના નાના ભાઇની શકિતને સારી રીતે જાણતા હતા. ૧૬ શ્રીકૃષ્ણચંદ્રનાં પગલાં જોતા જોતા વ્રજવાસીજનો તેમને શોધતા કાલિયનાગના ધ્રો આગળ આવ્યા. ૧૭ કમળ, જવ, પદ્મ, વજ્ર અને અંકુશના ચિન્હવાળાં શ્રીકૃષ્ણનાં પગલાંને ગાયોનાં પગલાંની વચ્ચેથી ઓળખી કાઢી જે રસ્તે થઇને તે ગયા હતા તેજ રસ્તે સત્વર કિનારા ઉપર આવી પહોચ્યા. ૧૮ ત્યાં શ્રીકૃષ્ણને સર્પની ચૂડમાં ફસાઇ ગયેલા જોઇ મૂઢ થઇ જઇ ઉભેલા ગોપ અને બરાડા પાડતી ગાયોને જોઇ નંદાદિ ગોપનાં મન ચિંતાથી વ્યાકુળ થઈ ગયાં, ૧૯ અને ગોપિકાઓ જે તેમને સ્નેહથી, કટાક્ષથી, મંદ હાસ્યથી અને પ્રેમથી વારંવાર સ્મરણ કરતી હતી, તેઓ તો આવો દેખાવ જોઇ ત્રિભુવનને નિઃસાર અને નિર્જન દેખવા લાગી. ૨૦ યશોદા પોતાના પુત્રનું દુઃખ જોઇ નદીમાં પડવા જતાં હતાં તેમને ઝાલી રાખીને ઉભેલી છતાં પણ ગોપિકાઓ તેમના સામી દૃષ્ટિ રાખી તેમના સંબંધી વાત કરતી અને પાંપણોમાં આંસુનું પુર ખાળી રાખી શોક કરતી ઉભી રહી. ૨૧ નંદ વગેરે બીજા આર્ત ગોવાળીઆ પણ યમુનામાં પ્રવેશ કરતા હતા, પરંતુ શ્રીકૃષ્ણનો મહિમા જાણનારા બળભદ્રે તેમને તેમ કરવા દીધું નહિ. ૨૨ પોતાને કષ્ટમાં જોઇ ગોકુળના તમામ લોકને આક્રંદ કરતું જોઇ ભક્તવત્સળ ભગવાને બે ઘડી સુધી શ્વાસ લઇ પછી નાગના બંધનમાંથી મુકત થવાનો પ્રયત્ન કર્યો. ૨૩ અને ક્ષણવારમાં તો તેમનું શરીર હતું તેના કરતાં વિશેષ જાડું થઇ ગયું. આમ થવાથી નાગના સાંધાઓ શિથિલ થવા માંડ્યા એટલે તેણે પોતે ચૂડ છોડી નાંખી અને મોટી ફેણાને વિસ્તારી ડોક ઊંચી કરી તેમના સામું જોવા લાગ્યો. નાસિકાનાં છિદ્રોમાંથી ઝેરમય વરાળો કાઢતો, બળતા ખોયણા જેવા મુખવાળો અને મોટા અગ્નિના કુંડ જેવી આંખોવાળો નાગ થાકથી અને પરાજયથી ફુંફવાડા મારવા લાગ્યો, અને દરેક મુખમાં રહેલી બે જીભોને લળકાવતા ઝેરરૂપી અગ્નિથી બળતા અને ભયંકર દેખાતા તે નાગની પાછળ ભગવાન ગરૂડની પેઠે ફરવા લાગ્યા. જેમ શ્રીકૃષ્ણ ફરે તેમ નાગ ફરે. એમ કરતાં કરતાં નાગની ચોટ ભુલાવી દાવ સાધી તેની ફેણા નંમાવી તેના ઉપર ચઢી બેઠા.

---

* આઠ જવનો ૧ આંગળ, ૩ આંગળનો ૧ તાલ, ૩ તાલનો ૧ હસ્ત, બે હસ્તનો ૧ કિષ્કુ અને ૨ કિષ્કુનું ૧ ધનુષ થાય છે.

૧ ધરતીકંપ. ૨ આકાશમાંથી તારાઓનું ખરવું. ૩ ડાબું અંગ ફરકવું.

નામના મસ્તક ઉપરના મણિઓની પ્રભાથી પ્રભુના પગ લાલ દેખાવા લાગ્યા, અને તે વારંવાર ભ્રમણ કરનો હતો તેથી તેનાં મસ્તક સ્થિર રહી શકતાં નહોતાં, તેમ છતાં નૃત્યના આચાર્ય હોય એવા ભગવાન તેનાં મસ્તકોના ફલક ઉપર નાચ કરવા લાગ્યા. ૨૪-૨૬ ભગવાને નૃત્ય કરવા માંડયું એટલે ગંધર્વો, ગુહ્યકો અને કિન્નરો ગાયનનાં સાજ લઇ આવ્યા. મૃદંગ અને પ્રણવાદિ વાજીંત્ર વગાડી પુષ્પવૃષ્ટિ અને નૈવેદ્ય વગેરે ધરાવી તેમની સ્તુતિ કરવા લાગ્યા. ૨૭ આયુષ્યક્ષીણ થયેલો સો મસ્તકવાળો કાલિયનાગ પણ પોતાના બળનું જોર હજી મુકતો નહોતો. તે ચારે તરફ ચકરભમર ફર્યા કરતો હતો, અને કોઇવાર મસ્તકને ઊંચું કરવા જતો, પરંતુ મોટી ચતુરાઇથી નાચ કરતા ભગવાન તેનું જે જે મસ્તક ઉંચું થાય તેના ઉપર પગ દઇ નીચું નમાવી દેતા હતા. નાગનાં મસ્તકો ઉપર લાતો મારી તેના બળના ગર્વનું ખંડન કરતા શ્રીકૃષ્ણચંદ્ર આ વખતે ગોવાળીઆઓને ક્ષીર સાગરમાં સુતેલા શ્રીમન્નારાયણ જેવા લાગતા હતા. ૨૮-૨૯ પછી ગાત્રશિથિલ થયાં અને પોતાનું કંઈ ચાલ્યું નહિ, ત્યારે કાલિયનાગે જાણ્યું કે તેના ઉપર સુંદર તાંડવ નૃત્ય કરનાર બીજું કોઇ નહિ પણ પુરાણપુરૂષ અને સ્થાવર જંગમ જગતના ગુરૂ શ્રીભગવાન પોતેજ છે. જ્યારે તેના જાણવામાં આવ્યુ કે શ્રીમન્નારાયણના પાદ પ્રહારથી મારાં ગાત્ર શિથિલ થાય છે, ત્યારે તે દીન થઇ જઇ તેમને શરણે ગયો. ૩૦ બ્રહ્માંડના ભારવાળા શ્રીકૃષ્ણચંદ્રના પગના પ્રહારથી ભાગી ગયેલા ફણા સમૂહને જોવાથી ખિન્ન થયેલી, વસ્ત્ર, ભૂષણ અને કેશ પાશથી શિથિલ થએલી અને અત્યંત દીન થઇ ગયેલી તે કાલિયનાગની સ્ત્રીઓ ગદગદ કંઠે શ્રીકૃષ્ણને શરણે આવી. ૩૧ પતિવ્રતા, પોતાના પતિને કષ્ટમાંથી મુકત કરાવવાની ઇચ્છાવાળી, અને ઉદ્વેગથી વ્યાકુળ થયેલા મનવાળી નાગણો પોતાનાં બાળકને આગળ કરી હાથ જોડી શ્રીકૃષ્ણની પાસે આવી, અને બાળકો સાથે પૃથ્વી ઉપર પડી તેમને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યાં. અને પછી તેઓ નીચે પ્રમાણે તેમની સ્તુતિ કરવા લાગી. ૩૨

નાગણો સ્તુતિ કરેછે—હે ભગવાન ! પુત્ર અને શત્રુ ઉપર સમાન દૃષ્ટિવાળા એવા આપે આ અપરાધીને શિક્ષા કરી છે તે યોગ્ય છે. આપનો અવતાર દુષ્ટના નિગ્રહને માટે છે. અપરાધીને પણ આપ જે યોગ્ય હોય તેજ શિક્ષા કરોછો. આ નાગને આપે દીધેલી શિક્ષા દુષ્ટોને ધડો લેવા જેવી છે, અને વળી આપનો આ માયામય જગતમાં જન્મ થયો છે તે પણ અપરાધીને શિક્ષા કરવાને માટેજ થયેલો છે. અમે તો આપના કોપને પણ અનુગ્રહ રૂપ માનીએ છીએ, કારણ કે આપના કોપને લીધે આને જે સર્પનો દેહ મળ્યો હતો તેની અવધ હવે આવી ગઇ છે. ૩૩-૩૪ આ નાગે પૂર્વજન્મે કોઇ મોટું તપ કરેલું કે તેને આપે આજ શરણ આપ્યું છે. વૈભવનો ત્યાગ કરવાથી અને ઘણા કાળના તપથીજ સ્ત્રીઓમાં ઉત્તમ એવાં લક્ષ્મીજીને આપના ચરણનું સેવન કરવાનો વખત આવ્યો છે, તો પછી આ કાલિયનાગે એવું કયું તપ કર્યું હશે કે જેથી આપના ચરણ એના મસ્તક ઉપર ફરવા પામ્યા. આટલાથીજ અમે તો એના જીવનને અને ભાગ્યને ધન્ય માનીએ છીએ. ૩૫-૩૬ અહો ! આ કાલિયનાગના તપનો પ્રભાવ તે કેવો કે જેના મસ્તક ઉપર આપના જેવા જગતના પરમ દૈવતરૂપ પ્રભુનો સ્પર્શ થયો ? આપના ચરણારવિંદની રજને પામનારાઓ સ્વર્ગ, તેનું અધિપતિપણું, ચક્રવર્તિપણું, બ્રહ્માનું પદ, પાતાળનું રાજ્ય, યોગીઓની સિદ્ધિ અને મોક્ષની પણ ઇચ્છા રાખતા નથી, તો પછી આપનાં સાક્ષાત્ ચરણકમળ જેના મસ્તકના સ્પર્શને પામ્યાં તેના ભાગ્યની મોટાઇ કેટલી ? ૩૭ હે નાથ ! આપના ચરણની રજને મોટા મોટા બ્રહ્માદિક ઇચ્છે છે અને જે પ્રાપ્ત થતાં મનુષ્ય સ્વર્ગ, રાજ્ય અને મોટા પદની પણ ઇચ્છા કરતો નથી તે તમારા પવિત્ર ચરણની રજ આ મહા ક્રોધી અને તમોગુણી સાપને

પ્રાપ્ત થઈ તે તેનાં સદ્ભાગ્ય છે આપના
ચરણની રજ મળવાથી સંસારનાં ઘટમાળમાં
ફરતો મનુષ્ય જે સુખ ઇચ્છે તે મેળવે છે તો
આ નાગને હવે શાની બાકી રહી ? ૩૮ હે
વિભો ! અમે આપ અંતર્યામિ, મહાત્મા,
પંચભૂતના આશ્રયરૂપ, જગતના આદિ કા-
રણરૂપ અને કારણ ભાવથી વળી અતીત
એવા આપને મસ્તક નમાવી પ્રણામ કરીએ
છીએ. ૩૯ જ્ઞાન, વિજ્ઞાન, પરબ્રહ્મ, અનંત
શકિત, પ્રકૃતિને પ્રવર્તાવનાર અને નિર્ગુણ
સ્વરૂપ એવા આપને વંદન કરીએ છીએ.
૪૦ કાળ જેવા, કાળના કારણરૂપ, ઇંદ્રિયાદિ-
કની ઈંદ્રિયરૂપ, પંચભૂતની તન્માત્રાએ રૂપ,
વિશ્વસૃષ્ટિરૂપ તેના કારણ રૂપ, કાળના વિભ-
ગના સાક્ષી, સર્વ કારણોના કારણરૂપ, કૂટસ્થ,
સર્વજ્ઞ, અનંત, સૂક્ષ્મ, મન બુદ્ધિ અને ચિત્ત-
રૂપ, ત્રણ ગુણવાળા, સ્વતઃસિદ્ધ, વાદને
અનુસરનારા, અને પ્રવૃત્તિ તથા નિવૃત્તિનું
પોષણ કરનારા એવા આપ પરમેશ્વરને અમે
પ્રણામ કરીએ છીએ. ૪૧-૪૪ શુદ્ધ સત્વમાં
દીપનારા, ઉપાસકોનું પાલન કરનારા, શ્રી
કૃષ્ણ, બળભદ્ર, પ્રદ્યુમ્ન અને અનિરૂદ્ધ રૂપી
આપને અમે પ્રણામ કરીએ છીએ. ૪૫ અં-
તઃકરણનો ઊદય કરનાર, પોતાના સ્વરૂપને
ગુણવડે ગુપ્ત રાખનાર, ચિત્તવૃત્તિ ઉપરથી
જણાઓ એવા, મનના સાક્ષી, અગોચર, મ-
નમાં પણ ન આવી શકે એવા મહિમાવા-
ળા, ઈંદ્રિયોના પ્રેરક, સર્વદા આનંદમાં રહે-
નાર હે વિભો! તમને અમે નમન કરીએ છીએ.
૪૬ ૪૮ હે પ્રભુ! આપજ આ જગતને સરજો
છો,પાળોછો અને સંહારોછો. આપ આ જગ-
તમાં નાના પ્રકારની લીલાઓ અને ક્રીડાઓ
કરોછો. ૪૯ ત્રણ ભુવનમાં જેટલાં શરીર છે
તે સર્વે આપને ક્રીડા કરવાનાં સ્થાન છે,
સત્પુરૂષોનું પાલન કરતાં તમે શાંત શરીર
ધારણ કરો છો, માટે હે મહારાજ ! હે ભ-
ગવાન ! અમારા ઉપર કૃપા કરો, દયા લાવો,
અને આ અપરાધી નાગના પ્રાણ જાય છે
તેનું રક્ષણ કરો. આપના વગર આ જગત
માં બીજું કોઇ અમારૂં શરણ નથી. સત્પુ-
રૂષોએ શોચ કરવા યોગ્ય અમો અબળાઓને
આપ આ સર્પ રૂપ પતિનું દાન આપો;
પ્રજાએ કરેલા અપરાધની શિક્ષા સ્વામિને
થાય છે તેમ આ નાગને થઇ. હે દીનાનાથ!
દયાળુ થાઓ, અને આ નાગના અપરાધો
ક્ષમા કરો. મૂઢત્વથી તે આપને ઓળખી
શકયો નહિ, છતાં આપે તો એને હવે ક્ષમા
કરવી ઘટે છે. અમે તમારી દાસીઓ છીએ
એમ જાણીને અમને આજ્ઞા કરો, અમે શ્ર-
દ્ધાથી તે પાળીશું; કારણ કે આપની આજ્ઞા
ધારણ કરનારો પ્રાણી આ ભવસાગરનાં સ-
ઘળા ભય તથા સંકટોથી મુકત થાય છે. ૫૦-૫૩

શ્રીશુકદેવજી કહે છે—આપ્રમાણે નાગણોએ
સ્તુતિ કરી એટલે શ્રીકૃષ્ણ ભગવાને મૂર્છા
પામેલા અને પદપ્રહારથી જેનાં મસ્તક છું-
દાઇ ગયાં હતાં એવા કાલિયનાગને છોડી
દીધો. ૫૪ મુર્છા વળી અને ઇંદ્રિય તથા
પ્રાણ પાછા આવ્યા ત્યારે દુઃખથી નિશ્વાસ
નાંખતો નાગ દીન વાણીથી હાથ જોડીને બો-
લ્યો કે-૫૫—હે ભગવાન ! અમે નાગ લોક
જન્મથીજ મોટા ક્રોધવાળા, ખળ અને તમો
ગુણી છીએ, ગમે તેટલું કરવા છતાં પણ
સ્વભાવ બદલાતો નથી. ૫૬ આ જગત
આપે ભિન્ન ભિન્ન ગુણથી, સ્વભાવથી, શ-
ક્તિથી, બળથી અને યોનિયોથી ઉત્પન્ન કરે
લું છે, તેમાં તમોગુણ પ્રધાન અમે ક્રોધવાળા
સરજાયલા છીએ એટલે તમારી માયાથીજ
મુગ્ધ થયેલા અમે તમોગુણ અને ખળ સ્વ-
ભાવને છોડી દેવાને કેવી રીતે શકિતમાન થઇ-
એ ? ૫૭-૫૮ માયાના પ્રવર્તાવનાર અને પાછી
સંકેલી લેનાર આપ સમર્થ છો, માટે હવે
આપને જેમ ઘટિત લાગે તેમ કરો. આપ
ઇશ્વર છો, માટે હું જો આપને અનુગ્રહને
યોગ્ય લાગતો હોઉં તો અનુગ્રહ, અને નિ-
ગ્રહને યોગ્ય લાગતો હોઉં તો નિગ્રહ કરો.
૫૯ કારણથી મનુષ્ય દેહધારીઓમાં આવેલા
ભગવાન કાલિયનાગનાં આવાં વિનય અને
આધિનતા યુકત વચન સાંભળીને બોલ્યા કે,
હે કાલિયનાગ ! તારે અત્રે રહેવાનું પ્રયો-
જન નથી. તું તારી સ્ત્રીઓ, બાળકો અને

ટુંકામાં કહીએ તો સઘળો પરિવાર લઇને સમુદ્રમાં જા. ગે કુળની ગાયો અને ગોપલોકો હવેથી આ સ્થળનો ઉપભોગ કરશે; અને મેં તને જે શિક્ષા કરી છે તેનું જે માણસ સવારે અથવા સાંજે સ્મરણ કરે તે માણસને તારે ઉપદ્રવ કરવો નહિ. ૬૦-૬૧ મારૂં સ્મરણ કરી જે માણસ આ સ્થાનમાં સ્નાન કરશે તેનાં સઘળાં પાપ કર્મો દૂર થઈ જશે. ૬૨ હે કાલિયનાગ! હવે તારે ગરૂડનો ભય રાખવો નહિ, કારણ કે તારા મસ્તક ઉપર મારા પગનાં ચિન્હ થયેલાં છે તેથી તે તને કદી ભક્ષણ કરશે નહિ. ૬૩ ભગવાનનાં વચન સાંભળીને પ્રસન્ન થયેલા નાગે તથા તેની પત્નીઓએ પછી અદ્ભુત કર્મના કરનાર શ્રીકૃષ્ણ ભગવાનની અત્યંત પ્રીતિથી પૂજા કરી. દિવ્ય વસ્ત્ર, માળા, ભૂષણમણિ, પુષ્પ અને ચંદનથી પ્રસન્ન ચિત્તે ભગવાનની પૂજા કરી તેમની આજ્ઞા લઇ ત્રણ પ્રદક્ષિણા કરી કાલિયનાગ§ પોતાના કુટુંબ સાથે તે સ્થાનમાંથી સમુદ્રમાં ચાલ્યા ગયો. ક્રીડા કરવાને માટે મનુષ્યરૂપ થયેલા ભગવાનના અનુગ્રહથી તે પછી યમુના નદી અમૃતના જેવા જળવાળી અને નિર્વિષ થઇ. ૬૪-૬૭

तदैव सामृतजला यमुनानिर्विषाभवत् ॥
अनुग्रहाद्भगवतः क्रीडामानुषरूपिणः॥६७॥

ઇતિ શ્રીમદ્ ભાગવત દશમસ્કંધ પૂર્વાર્ધમાં કાલીયનાગ નાથ્યો એ નામે ૧૬ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૭ મો.

ભગવાને દાવાનળથી કરેલી રક્ષા.

राजोवाच.

नागालयं रमणकं कस्मात्तत्याज कालियः ॥
कृतं किंवा सुपर्णस्य तेनैकेनासमंजसम् ॥१॥

પરિક્ષિત રાજા પૂછેછે—હે શુકદેવજી! કાલિયનાગે નાગલોકના સ્થાનરૂપ રમણક દ્વીપને શા માટે છાડી દીધો હતો, અને તે એકલા કાલીયનાગે ગરૂડનું એવું શું ભુડું કર્યું હતુ? તે કહો. ૧

શુકદેવજી કહેછે—હે રાજન્! પૂર્વે, ગરૂડનો રાત દિવસનો ત્રાસ મટાડવાને નાગલોકોએ દરેક માસે એક વૃક્ષના મૂળ આગળ તેને બલિદાન આપવાનો ઠરાવ કર્યો હતો§ ૧ દરેક માસની અમાવાસ્યાને દિવસે વારા પ્ર-

§ પૂર્વે સ્વાયંભુવ મન્વન્તરમાં વિંધ્યાચળ પર્વતમાં ભૃગુતરથી 'વેદશિરા' નામના મુનિ તપ કરતા હતા. ત્યાં કોઇ 'અશ્વશિરા' નામના મુનિ તપ કરવાને આવ્યા, તેને જોઇ ક્રોધથી લાલ નેત્ર કરી 'વેદશિરા' મુનિએ કહ્યું કે-મારા આશ્રમ પાસે તું તપ કરીશ નહિ, અને જો કરીશ તો સુખી થઇશ નહિ, આ સાંભળી ક્રોધ યુક્ત થઇ 'અશ્વશિરા'એ ઉત્તર આપ્યો કે આ સર્વ પૃથ્વી મહા પ્રભુ વિષ્ણુ ભગવાનની છે, અને તેમાં કોણ જાણે કેટલાયે મહાત્માઓએ તપ કર્યું હશે તેના ઉપર તું વૃથા મમતા બાંધી ક્રોધ કરે છે, અને સર્પના સમાન ફુંફાડા મારે છે. એથી જા તું સર્પરૂપ થઇને રહીશ. ત્યાં પણ તને ગરૂડજીનો ભય રહેશે આ શાપ સાંભળી ક્રોધથી બળતા 'વેદશિરા' મુનિએ કહ્યું કે—અરે દુષ્ટ! તેં થોડા અપરાધથી કાગડાની પેઠે કાક્ કાક્ કરીને મને ઉગ્ર શાપ આપ્યો એ માટે જા તું પણ કાગડો થઇશ. પછી નીલગીરિમાં 'અશ્વશિરા' મુનિ તો શ્રીરામના ભક્ત કાગભુશુન્ડજી થયા, અને વેદશિરા મુનિ કાળિય નાગ થયા.

§ સર્પોની માતા કદ્રૂ અને ગરૂડાદિ પક્ષિયોની માતા વિનતા એ બે કશ્યપની સ્ત્રિયો હતી; તેને પરસ્પર શોકય ભાવથી વૈર રહેતું હતું, એક દિવસ કદ્રૂએ વિનતાને પૂછ્યું કે-સૂર્યના ઘોડાઓનાં પૂછડાં કાળાં છે કે ધોળાં? ત્યારે વિનતાએ કહ્યું કે ધોળાં છે અને કદ્રૂ કહે કે કાળાં છે, આમાં ખરૂં શું છે? તે માટે એ બન્ને વચ્ચે ઠરાવ થયો કે-જે હારે તે દાસી બનીને રહે. આ વાત કદ્રૂએ પોતાના પુત્ર સર્પોને કહી કે-હે પુત્રો! સૂર્યના ઘોડાનાં પૂછડાં કેવાં છે? તેઓ કહે કે ધોળાં છે. આથી કદ્રૂ ખેદ કરવા લાગતાં સર્પોએ કહ્યું કે-હે માતા! શું છે? ત્યારે તેણે જે પ્રમાણે વાત થઇ હતી તે બધી કહી દેખાડી.

માણે નાગલોકો ગરૂડને બલિ આપે જતા હતા. ૩ પરંતુ કદ્રુનો પુત્ર આ કાલિયનાગ પોતાના ઝેર અને બળના મદથી મત્ત થઇ ગરૂડની ઉપેક્ષા કરી બલિદાનને ખાઈ જવા લાગ્યો. ૪ ભગવાનને પ્રિય એવા ગરૂડજી એ વાત સાંભળી મોટા વેગથી કાલિયનાગને મારવા ગયા. ત્યારે મદથી મત્ત થયેલો અને ઝેર રૂપી આયુધવાળો કાલિયનાગ પોતાનાં મસ્તક ઉંચાં કરી તેમની સામે થયો, એટલુંજ નહિ, પણ દાંતરૂપી આયુધવાળો, વિકરાળ જીભવાળો અને મોટી તીવ્ર આંખોવાળો તે ગરૂડને કરડવા ગયો. ૫ વિષ્ણુના વાહનરૂપ મોટા વેગવાળા અને મોટા પરાક્રમવાળા ગરૂડજીએ તેને દંશ દેતાં પોતાની સુવર્ણ જેવી પાંખ વડે તેને દૂર ઉડાડી દીધો. ૬-૭ ગરૂડના બળથી ભય પામેલો તે યમુનાજીનો આ ધ્રોકે જ્યાં ગરૂડથી અવાતું નથી ત્યાં આવીને પોતાના રક્ષણને માટે નિવાસ કરી રહ્યો. ૮ એકવાર ગરૂડજીએ ભૂખ લાગવાથી આ યમુનાજીના ધ્રોમાંથી એક મત્સ્યને સૌભરી ઋષિએ ના કહેવા છતાં ઉપાડી લીધો હતો. ૯ પોતાનો સ્વામી જવાથી દુઃખી થયેલા મત્સ્યને સુખ કરવાને માટે સૌભરી ઋષિએ કહ્યું કે, "હવે પછી જો ગરૂડ, આ ધ્રો આગળ આવશે તો તેનો પ્રાણ જશે." આ શાપને લીધે ગરૂડજીથી ત્યાં જવાતું નહી. આ વાત બીજા નાગ જાણતા નથી, માત્ર કાલિયનાગજ જાણે છે. જ્યારે ગરૂડથી મરણનો ભય માથે આવ્યો ત્યારે કાલિયનાગ આ ધ્રોમાં આવીને રહ્યો હતો. અને શ્રીકૃષ્ણે પછી ગાયો તથા ગોપના સુખ માટે તેને સમુદ્રના દ્વીપમાં કાઢી મૂકયો હતો. ૧૦-૧૧

આ રીતે કાલિયનાગને કાઢયા પછી શ્રીકૃષ્ણ કે જે દિવ્ય પુષ્પોની માળા, સુગંધી પદાર્થો વસ્ત્રો તથા મહા મણિઓનાં લુમખાં તથા સુવર્ણથી ભરપૂર હતા તે ધ્રોમાંથી બહાર નીકળ્યા. તેમને મળવાથી જેમ પ્રાણ આવતાં ઇંદ્રિઓ સચેત થાય તેમ સર્વે વ્રજવાસી ગોવાળ સચેત થયા, અને ઉભા થઇ આનંદમગ્ન થઇને શ્રીકૃષ્ણને પ્રેમથી ભેટયા. ૧૨-૧૪ યશોદા, રોહિણી, નંદજી, ગોપીઓ તથા ગોવાળ સર્વે ભગવાનને મળીને ભાનવાળાં થયાં અને તેઓના મનોરથ સફળ થયા. ૧૫ ભગવાનનો પ્રભાવ જાણનારા બળદેવજી શ્રીકૃષ્ણને ભેટીને હસ્યા, યમુનાના કાંઠાનાં વૃક્ષોને નવાં પાન ફૂટયાં અને ગાયો, વાછરડાં, તથા બળદ આનંદ પામ્યા. ૧૬ પછી બ્રહ્મ ગુરૂઓએ સ્ત્રી સહિત નંદજીની પાસે આવીને કહ્યું કે—"તમારો પુત્ર કાળીયનાગના પાશથી છૂટયો તે બહુ સારૂં થયું. ૧૭ શ્રીકૃષ્ણ સાપના મોઢામાંથી છૂટયા માટે બ્રાહ્મણોને દાન આપો." એ સાંભળીને નંદજીએ પ્રસન્ન થઇને બ્રાહ્મણોને ગાયો તથા સોનાનાં દાન આપ્યાં. ૧૮ અને જેનો પુત્ર ગયેલો પાછો આવ્યો હતો એવાં મહાભાગ્યવાન સતી યશોદાજી પુત્રને છાતી સાથે ચાંપી, ખોળામાં બેસાડીને આનંદાશ્રુ પાડવા લાગ્યાં. ૧૯ હે પરીક્ષિત રાજા! ભૂખ અને તરસથી તથા દિવસના થાકથી થાકી ગયેલાં વ્રજવાસીઓએ તે રાત ત્યાંજ ગાળી. ૨૦ તે વખતે ઉન્હાળાની ઋતુ હોવાથી અધ્ય રાતે તે વનમાં ચારે તરફ દવ લાગ્યો અને ઉંઘી ગયેલાં વ્રજવા-

ત્યારે સર્પોએ કહ્યું કે ડરશો નહિ. એમ કહી સર્વે સૂર્યના ઘોડાનાં પૂછડાંને વિંટળાઇ વળ્યા તેથી પૂછડાં કાળાં દેખાવા લાગ્યાં. ત્યારે કદ્રૂને વિનતાએ કહ્યું કે—હું તારી દાસી છું. પછી વિનતા કદ્રૂની દાસી થઈ રહી, પણ શોકયે અપમાન કર્યું તેનો વિચાર કરી વિનતાએ કશ્યપજીની પાસે જઇ, તેની ઘણા દિવસ સેવા કરી, તેથી તે પ્રતાપે તેને 'અરૂણ, અને ગરૂડ' બે પુત્ર થયા. ગરૂડે ઉત્પન્ન થતાંજ માતાને કહ્યું કે—હે માતા! શી આજ્ઞા છે? ત્યારે વિનતાએ કહ્યું કે—હે પુત્ર! હું કદ્રૂની દાસી થઇને રહું છું માટે તું મને દાસીપણાથી મુકત કરય, માતાનાં વચન સાંભળી ગરૂડ કદ્રૂની પાસે ગયા, ત્યારે કદ્રુએ કહ્યું કે—અમૃત લાવી દે તો તારી માતાનું દાસીપણું છૂટે. ગરૂડે તે પ્રમાણે કર્યું અને માતાને દાસીપણાથી મુક્ત કરી, તે વૈરનું સ્મરણ કરી ગરૂડ કદ્રૂના પુત્ર સર્પને નિત્ય ખાતા હતા. એ જોઇ સર્વ સર્પ બ્રહ્માને શરણ ગયા, બ્રહ્માએ કહ્યું કે—ગરૂડને બલિ આપો. ત્યારથી ગરૂડ માટે બલિદાન ઠર્યું.

સાંઓની ચારે તરફ ફરી વળીને તેઓને બાળવા લાગ્યો. ૨૧ દવથી બળવા લાગતાં વ્રજવાસીઓ જાગી ઉઠયાં અને, જગત્રાંઇને માયાથી મનુષ્યદેહ ધારણ કરેલા શ્રીકૃષ્ણ ભગવાનને શરણે ગયાં, અને બોલ્યાં કે-૨૨ હે કૃષ્ણ ! હે કૃષ્ણ ! હે અપાર પરાક્રમવાળા બળરામ ! અમો તમારા ભક્તોને આ ભયંકર અગ્નિ ગળી જાય છે. ૨૩ માટે હે પ્રભુ ! અમે કે જે તમારાં સ્વજન છીએ તેઓનું આ ભયંકર કાળરૂપી અગ્નિથી રક્ષણ કરો. અમે મરણથી ભય પામતા નથી, પરંતુ તમારા ચરણકમળને તજવાં પડે એ મોટો ભય લાગે છે. પછી જગતના ઇશ્વર, અનંત શક્તિવાળા શ્રીકૃષ્ણે ઉપર પ્રમાણે પોતાનાં સ્વજનને વ્યાકુળ થયેલાં જોઇને દાવાનળનું પાન કર્યું. ૨૪-૨૫

इत्थं स्वजनवैक्लव्यं निरीक्ष्य जगदीश्वरः ॥
तमग्निमपिबत्तीव्रमनंतोऽनंतशक्तिधृक् ॥२६॥

ઇતિ શ્રીમદ્ ભાગવત દશમસ્કંધ પૂર્વાર્ધમાં દાવાનળ પાન નામે ૧૭ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૮ મો.

શ્રીબળદેવજીએ કરેલો પ્રલંબાસુરનોવધ

शुक उवाच.

अथकृष्णः परिवृतो ज्ञातिभिर्मुदितात्मभिः ॥
अनुगीयमानो न्यविशद्व्रजं गोकुलमंडितम् ?

શુકદેવજી કહેછે.—હે રાજન્ ! પછી પ્રસન્ન થયેલા ગોવાળીઆથી વીંટાયેલા શ્રીકૃષ્ણ તેમનાથી સ્તુતિ કરાતા ગાયોના વૃંદની સાથે વ્રજમાં પધાર્યા. ૧ આ પ્રમાણે ગોપાલના મિષવાળી માયાથી વ્રજમાં શ્રીકૃષ્ણ બળદેવ લીલાઓ કરતા હતા, એટલામાં એક વાર પ્રાણીયોને પ્રિય ન લાગે એવી ઉનાળાની મોસમ આવી. ૨ જેમાં બળભદ્રની સાથે ભગવાન રહેતા હતા એવા વૃંદાવનમાં ઉનાળો પણ વસંત જેવો લાગતો હતો. ૩ ઝરણાના ખળખળાટથી વૃંદાવનનાં તમરાંના શબ્દ કાને પડતા નહિ, અને તેના છાંટાથી સુંદર વૃક્ષોનાં મૂળમાં જળ સિંચન થતું હતું. ૪ કમળ, કલ્હાર અને પોયણાંના પરાગવાળાં સરોવરો, નદીઓ અને ઝરણાના તરંગ ઉપર થઇને આવતા વાયુને લીધે ઉજડ પ્રદેશમાં પણ સૂર્ય અથવા તેનો પ્રબળ તાપ મનુષ્યને વ્યાકુળ કરતો નહિ. ૫ ગ્રીષ્મ ઋતુના સૂર્યનાં પ્રચંડ કિરણો પણ અગાધ જળવાળી નદીઓના તરંગથી ભીના થતા ઉપકંઠની ભૂમિના રસને તથા વનસ્પતિના સૌભાગ્યને હરીશકતાં નહોતાં. ૬ જેમાં નાના પ્રકારનાં પક્ષી અને પશુઓ આનંદથી શબ્દ કર્યા કરતાં હતાં, ભમરો ગુંજારવ કરતા હતા, કોકિલાઓ પંચમ રાગ ઉચ્ચારતી હતી, મયૂરો તાંડવ નૃત્ય કરતા હતા અને નદીના કિનારાઓ ઉપર સારસનાં કૂજનથી પ્રતિઘોષ પડતા હતા, એવા કુસુમ સંપત્તિવાળા વૃંદાવનમાં શ્રીકૃષ્ણ ભગવાન લીલા કરવાને માટે બળભદ્ર, ગોપ અને ગાયોથી વીંટાઇ વિહાર કરવા આવતા હતા. ૭-૮ પુષ્પાંકુર, પુષ્પગુચ્છ, અને મોર પિચ્છના અલંકાર ધારણ કરી શ્રી ભગવાન, બળભદ્ર અને ગોવાળીઆ ત્યાં નાચ કરતા હતા. કેટલાક મલ્લયુદ્ધ કુસ્તી કરતા હતા, કેટલાક ગાયન ગાતા હતા અને કેટલાક વેણુ, શીંગડી અને તાળીઓ વગાડતા હતા. હે રાજન્ ! ગોપમાં ગુપ્ત રહેલા દેવતાઓ ગોપની સાથે નાચ, ગાન અને રમત રમતા નટ જેમ નટને વખાણે તેમ શ્રીકૃષ્ણ અને બળભદ્રને વખાણતા હતા. ૯-૧૧ ઝુલફાંવાળા શ્રીકૃષ્ણ બળદેવ જુદા જુદા દાવપેચથી તટ ઉપર મલ્લ યુદ્ધ કરતા હતા. જ્યારે બીજા ગોવાળીઆ ગાન કરતા ત્યારે એ બે બંધુઓ તેમના ગાનમાં તાલ પુરાવતા, વાંસળી વગાડતા, તાળીઓ પાડતા અને વાહ વાહ કહી તેમના નાચ તથા ગાનનાં વખાણ કરતા હતા. ૧૨-૧૩ કોઇવાર બીલાં ઉછાળતા, કોઇવાર કોઠાં તોડી લાવતા, કોઇવાર આંબળાંની મુઠીઓ ભરી વેરતા, કોઇવાર એક બીજાની આંખો દબાવી એક બીજાને અડ-

વાની સરત કરતા, પશુ, પક્ષીઓના ચાળા પાડતા. ૧૪ કોઇવાર દેડકાની પેઠે કુદકારા મારતા, એક બીજાની ચેષ્ટા કરી હસતા, કોઇ વાર ઉંચા ઝાડે બાંધેલા હીંચકા ઉપર બેસી હીંચતા, કોઇ વાર રાજા થઇ રાજાની રમત રમતા હતા. ૧૫ આ પ્રમાણેં રમતો રમતા તેઓ સર્વેના વારા ફરતી વનો, કુંજો, નદીઓ, ગુફાએ અને પર્વતોમાં ફરતા હતા. ૧૬

એકવાર તેઓ વૃંદાવનમાં ઉપર કહ્યું તેવી ક્રીડાઓ અને લીલાઓ કરતા હતા, તેવામાં પ્રલંબ નામનો અસુર શ્રીકૃષ્ણ બળભદ્રને હરી જવાની ઇચ્છાથી ગોપનું રૂપ ધારણ કરીને તે વનમાં આવ્યો. ૧૭ ચરાચર જગતની હિલચાલ જાણનારા શ્રીકૃષ્ણ ભગવાન સર્વજ્ઞતાથી તેને આવવાનું કારણ જાણી ગયા. તેમ છતાં તેનો વધ કરવાનો વિચાર કરી પ્રથમ તેની સાથે મિત્રતા કરી. ૧૮ નાના પ્રકારની ક્રીડાઓની રીતોને જાણનાર ભગવાને પછી ગોપલોકને બોલાવી તેમને કહ્યું કે—"હે ગોપબંધુઓ! ક્રીડા કરવાને માટે આપણે બરોબર બે ભાગમાં વહેંચાઇ જઇને રમત રમવી યોગ્ય છે." ૧૯ પછી બંને ભાગ પાડીને ગોપલોકે શ્રીકૃષ્ણ બળદેવને પોતાના નેતા અને ઉપરી ઠરાવ્યા. જે હારે તેની પીઠ ઉપર બેસવું, એવી એ રમત હતી. રમત શરૂ થઇ અને હારનારા, જીતેલાને પીઠને પોતાની ખાંધ ઉપર બેસાડી વૃંદાવનથી તે ભાંડીર નામના વડ સુધી લઇ જવા લાગ્યા. ૧૯–૨૨ બળભદ્રજી જેમાં પ્રમુખ હતા એવા શ્રીદામા અને વૃષભ વગેરે ગોવાળીઆ જીત્યા એટલે શ્રીકૃષ્ણ વગેરે તેમને પોતાના ઉપર અસવારી કરાવી વનમાં જવા લાગ્યા. ૨૩ શ્રીદામા શ્રીકૃષ્ણની ખાંધ ઉપર બેઠો, વૃષભ ભદ્રસેનના ઉપર બેઠો અને બળભદ્રજી પ્રલંબાસુરની ખાંધ ઉપર બેઠા. ૨૪ શ્રીકૃષ્ણની દૃષ્ટિ ચૂકાવી પ્રલંબાસુર બળભદ્રજીને પોતાની ખાંધઉપરથી હદ આગળ હેઠે ન ઉતારતાં આગળ નાસી ગયો. ૨૫ આપ મટી રાક્ષસનું રૂપ ધારણ કરી પ્રલંબાસુર પર્વતના જેવા ભારે બળભદ્રને લઇને નાઠો, તે વેળાએ તે ચંદ્રમાને ધારણ કરનાર અને વીજળીવાળા મેઘની પેઠે સુવર્ણના અલંકારોને લીધે શોભવા લાગ્યો. ૨૬ બળભદ્રજી તેનું શરીર જોઇને ભય પામી ગયા, કારણ કે તેનું મસ્તક આકાશને ચુંબન કરતું હતું. ઘણા વેગને લીધે દિપ્ત દૃષ્ટિવાળું મોટી દાઢોવાળું, જ્વાળા સમાન કેશવાળું અને અલંકારોથી શોભતું તેનું શરીરજ ભય ઉત્પન્ન કરે એવું થઇ ગયું હતું. ૨૭ આ રાક્ષસ છે' એમ સ્મરણ આવતાં બળભદ્રજીએ પોતાને લઇ જતા તે રાક્ષસના મસ્તકમાં ઇન્દ્ર જેમ વજ્ર મારે તેમ મુષ્ટિનો પ્રહાર કર્યો. ૨૮ બળદેવજીના દૃઢ મુષ્ટિ પ્રહારથી મસ્તક ફાટી જતાં રુધિરનું વમન કરતો દેહનું ભાન ભૂલી ગયેલો, અને ચીસો પાડતો પ્રલંબાસુર પછી ઇન્દ્રના વજ્રથી ઘવાયલા મોટા પર્વતની પેઠે મરણ પામીને ધરણી ઉપર ઢળી પડયો. ૨૯ બળવાળા બળભદ્રજીએ પ્રલંબાસુરને* માર્યો તે જોઇને વિસ્મય તથા આનંદ પામેલા ગોપ લોકોએ તેમને અત્યંત ધન્યવાદ આપ્યો, અને તેમની સ્તુતિ કરતાં મરણના મુખમાંથી બચેલા બળભદ્રજીને ભેટી અત્યંત આનંદથી તેમની સ્તુતિ કરવા લાગ્યા. પ્રલંબાસુરનો નાશ થવાથી પ્રસન્ન થયેલા દેવલોકે આકાશમાંથી બળભદ્રજીના ઉપર પુષ્પવૃષ્ટિ કરી અને "તમે સારૂં કર્યું, સારૂં કર્યું." એમ હર્ષ નાદ કરવા લાગ્યા. ૩૦–૩૨

* એ પ્રલમ્બાસુર કોણ હતો? તેની કથા આ પ્રમાણે છે. શ્રીશિવજીની પૂજા માટે પોતાના ચૈત્રરથ નામના વનમાં ફૂલોનાં રક્ષણ માટે કુબેરજીએ કેટલાક યક્ષો રાખ્યા હતા, અને કહ્યું હતું કે—આ મારા વનમાંથી કોઇ પણ પુષ્પ લે નહિ. આ પ્રમાણે યક્ષો તે વનનું સંરક્ષણ કરતા હતા; તો પણ મનોહર હોવાને લીધે ચોર લોકો ફૂલોની ચોરી કરતા હતા, ત્યારે કુબેરજીએ કોપ કરી શાપ આપ્યો કે, આજથી કોઇ દેવ વા મનુષ્ય મને પૂછ્યા વગર આ વનમાંથી એક પણ ફૂલ લેશે, તો તે રાક્ષસ થઇ જશે: પછી કેટલાક દિવસ પછી વિજય નામનો ગંધર્વ તે વનમાં દૈવેચ્છાથી આવ્યો. અને અજાણતાં તેણે ફૂલ લીધું કે તુરત રાક્ષસ થઇ ગયો. એ રીતે એ હુહુ નામના ગન્ધર્વનો પુત્ર વિજય પ્રલમ્બાસુર થયો હતો.

पापे प्रलंबे निहते देवाः परमनिर्वृताः ॥
अभ्यवर्षन्बलंमाल्यैः शशंसुःसाधु साध्विति ३०

ઇતિ શ્રીમદ્ ભાગવત દશમસ્કંધ પૂર્વાર્ધમાં પ્રલંબવધ નામે ૧૮ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૯ મો.

ભગવાને દાવાનળ પાન કરી ગોપ તથા ધેનુની રક્ષા કરી.

शुक उवाच.

क्रीडासक्तेषु गोपेषु तद्गावो दूरचारिणी ॥
स्वैरं चरंत्यो विविशुस्तृणलोभेनगह्वरम् ॥१॥

શુકદેવજી કહે છે—હે રાજન્! ગોપલોકો રમત રમવામાં તલ્લીન થઇ ગયા હતા તેવામાં સ્વેચ્છાથી ચરતી ગાયો સારા ઘાસના લોભે વનમાં એક ગુફામાં દાખલ થઇ ગઇ.૧ એક ઠેકાણેથી બીજે અને બીજેથી ત્રીજે એમ ઘાસની લાલચે આગળ વધતી ગાયો, બકરીઓ અને ભેંસો ઘણે દૂર નીકળી જતાં તરશી થઇ. ૨ શ્રીકૃષ્ણ, બળદેવ અને ગોવાળિયા ગાયોને ન દેખતાં મનમાં વિમાસણ કરી આમ તેમ શોધ કરવા લાગ્યા, પરંતુ ગુફાઓમાં ચાલી ગયેલી હોવાથી તે તેમને જડી નહિ. ૩ પોતાની આજીવિકા રૂપ ગાયો ખોવાયાથી વ્યાકુળ થયેલા ગોપ ગાયોનાં પગલાંએ અને અરધા ચાવેલા ઘાસના કકડાઓને આધારે શોધ ચલાવતા ચલાવતા આગળ ચાલ્યા. ૪ ગોપલોક એ પ્રમાણે પગલે પગલે મુંજના વનમાં ગયા, ત્યાં તેમને ગાયો જણાઇ. તરશી હોવાથી ગાયો બરાડાં પાડતી હતી અને ગોપલોકને પણ તરસ લાગી હતી, તેથી તરત તેમણે ગાયોને પાછી વાળી. ૫ પરંતુ તે વનને મૂકીને બહાર નીકળે ત્યાર પહેલાં પવનથી પ્રજ્વલિત થનો દાવાગ્નિ તેમની આસપાસ ફરી વળ્યો. ઘનગંભીર સ્વરે શ્રીકૃષ્ણે નામ દઇને બોલાવેલી ગાયો હુંકાર શબ્દથી તેમને જવાબ આપતી હતી, પરંતુ દાવાગ્નિ સપાટાબંધ તેમની પાછળ વીંટાઇ વળ્યો, તેથી બહાર જવાનો માર્ગ રહ્યો નહિ. ૬-૭ ગોપલોક અને ગાયો દાવાગ્નિથી ઘેરાઇ જતાં ગભરાઇ ગયાં. સંસારના તાપથી ભય પામેલા માણસો જેમ ઇશ્વરની પ્રાર્થના કરે છે તેમ દાવાગ્નિથી બળતા ગોપલોકે પછી શ્રીકૃષ્ણની પ્રાર્થના કરી. ૮ "હે કૃષ્ણ! હે ધર્મજ્ઞ! તમારે શરણે આવેલા અને બંધુ જેવા અમને દાવાગ્નિથી પીડા થવી ન જોઇએ. તમે અમારા નાથ અને શરણ છો." ૯-૧૦ પોતાના બંધુ જેવા ગોવાળનાં આવાં વચન સાંભળી શ્રીકૃષ્ણે ઉત્તર આપ્યો કે, 'હે ગોપ બંધુઓ! તમે દાવાગ્નિથી ભય પામશો નહિ. તમે ક્ષણવાર આંખો મીંચો એટલે બસ.' ૧૧ ગોવાળીઆઓએ આંખો મીચી. ત્યાર પછી યોગેશ્વર એવા શ્રીકૃષ્ણ પરમાત્માએ મુખવડે દાવાગ્નિને પોતાના પેટમાં ખેંચી લીધો. ભક્ત વત્સળ ભગવાને આ પ્રમાણે પ્રચંડ એવા દાવાગ્નિનું પાન કરી ભક્તજન એવા ગોપ અને ગાયોનું રક્ષણ કર્યું. ૧૨ ગોવાળીઆઓએ આંખો ઉઘાડી ત્યારે તેમના અચંબા વચ્ચે તેઓ પોતાને ભાંડીર વનની પાસે ગાયો સહિત જોઇ પરમ વિસ્મય પામ્યા. ૧૩ દાવાગ્નિનું પાન કરી ભગવાને પોતાની રક્ષા કરી એ તેમનું યોગમાયાના જેવા પ્રભાવવાળું યોગબળ જોઇ શ્રીકૃષ્ણને દેવત રૂપ માનવા લાગ્યા. ૧૪ વેણુ વગાડતા વગાડતા તેઓ સાંજે બળભદ્રની સાથે ગોપલોકથી સ્તુતિ કરાતા ગામમાં આવવા લાગ્યા. ૧૫ ભગવાનના વગર એક ક્ષણને યુગ જેટલી માનતી ગોપિકાઓ ગોવિંદનાં દર્શન કરી સાંજે પરમ આનંદ પામી. ૧૬

गोपीनां परमानंद आसीद्गोविंद दर्शने ॥
क्षणंयुगशतमिव यासांयेनविनाभवत् ॥१६॥

ઇતિ શ્રીમદ્ભાગવત દશમસ્કંધ પૂર્વાર્ધમાં દાવાનળપાન નામે ૧૯ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૨૦ મો.

વર્ષા અને શરદ્ ઋતુનું વર્ણન.

શુક ઉવાચ.

तयोस्तदद्भुतंकर्म दावाग्नेर्मोक्षमात्मनः ॥
गोपाः स्त्रीभ्यः समाचख्युः प्रलंबवधमेवच॥१॥

શ્રી શુકદેવજી કહેછે—શ્રીકૃષ્ણે દાવાગ્નિ પીધો અને બળભદ્રજીએ પ્રલંબને માર્યો એ બે અદ્ભુત કામ ગોવાળીઆઓએ ઘેર આવી ગોપીઓને કહ્યાં. ૧ તે સાંભળીને ગોપીઓ અને વૃદ્ધ ગોવાળીઆઓએ શ્રીકૃષ્ણ બળદેવને દેવ માન્યા. ૨ પછી પ્રાણી માત્રને જીવન અને ઉત્પત્તિ આપનાર વર્ષાઋતુ આવી. સૂર્યચંદ્રની આસપાસનાં શોભાયમાન કુંડાળાં, ગર્જનાથી ગંભીર અને વિજળીઓથી શોભતું આકાશ કાળાં વાદળાંથી ઘેરાઇ ગયું. સત્વ, રજ અને તમો ગુણથી છવાયલા જીવની પેઠે વિજળીઓ ગર્જનાઓ અને વાદળાંથી આકાશ ઢંકાઇ ગયું. ૩-૪ જેમ પ્રજાની પાસેથી લીધેલો કર રાજા કોઈ વખતે પ્રજાને પાછો આપે છે, તેમ ભગવાન્ સૂર્યનારાયણે આઠ માસ સુધી ખેંચેલું જળ પૃથ્વીને પાછું આપવા માંડયું. ૫ મનુષ્યોને દુઃખ પામતાં જોઇને જેમ કૃપાળુ સત્પુરૂષો અનુકંપાથી કંપાયમાન થઇ પોતાનું જીવન ધન આપી દેછે, તેમ વિજળી રૂપી નેત્રથી વિશ્વને સંતપ્ત થયેલું જોઇ મોટા મેઘ પણ વાયુથી કંપાયમાન થઇ વિશ્વને પોતાનું જીવન—જળ આપી દેવા માંડયું ૬ જેમ ફળની ઇચ્છાથી તપ કરનારાઓ પ્રથમ કૃશ થઇ ફળ મળતાં પુષ્ટ થાય છે, તેમ ગ્રીષ્મના તાપથી કૃશ થયેલી પૃથ્વી પણ જળ મળવાથી સંતુષ્ટ અને પુષ્ટ થઇ. ૭ કળિયુગમાં પાપથી જેમ પાખંડ માર્ગ પ્રકટ થઇને શોભે છે તેમ સમીસાંજના અંધકારમાં તારા તો નહિ પરંતુ ખદ્યોત આગિયા પ્રકાશવા લાગ્યા. ૮ નિત્ય કર્મ કરી રહ્યા પછી આચાર્યનો શબ્દ સાંભળી જેમ શિષ્યો ભણવા માંડે છે, તેમ મેઘની ગર્જના સાંભળીને દેડકાઓ નાદ કરવા લાગ્યા. ૯ ઇંદ્રિયાધીન પુરૂષની સંપત્તિઓની પેઠે અલ્પકાળમાં સુકાઇ જનારી નાની નદીઓ આડમાર્ગે ચાલવા લાગી ૧૦ રાજાની સેનાસંપત્તિની પેઠે પૃથ્વી પણ લીલાં તૃણથી લીલી ઇન્દ્રગોપથી રાતી, અને બિલાડાંના ટોપથી છત્રવાળી થઇ રહી. ૧૧ ધાન્યનાં કરપણોથી ખેતરો ખેડુતને આનંદ, અને લાભાલાભ દૈવાધીન છે એમ નહિ જાણનારા ધનવાન અનાજના વેપારીઓને સંતાપ ઉપજાવવા લાગ્યા. ૧૨ શ્રીહરિની સેવામાં રહેનારાઓની પેઠે નવા જળનું સેવન કરવાથી જળ અને સ્થળમાં રહેનારાઓ નવાં મનોહર રૂપ ધારણ કરીને શોભવા લાગ્યા ૧૩ કાચા યોગીનું ચિત્ત જેમ કામાસક્ત ગુણના સંગથી ક્ષોભ પામે છે તેમ વાયુથી ઉછળતો સમુદ્ર પણ નદીઓના સંગથી ગાજવા લાગ્યો ૧૪ ઉપરા ઉપરી દુઃખ પડવા છતાં જેમ મહા પુરૂષો* દુઃખ માનતા નથી તેમ વરસાદની ઝડીઓથી ધોવાતા પર્વતો પણ દુઃખ પામતા નથી. ૧૫ દ્વિજલોકથી ન ભણાતી શ્રુતિયો જેમ કાળે કરીને લુપ્ત થઇ જાય છે, તેમ અવર જવર વગરના માર્ગો પણ ઘાસ ઉગવાથી ઢંકાઇ ગયા. ૧૬ પુંશ્ચલિ—વ્યભિચારણી સ્ત્રી જેમ ગુણવાન પુરૂષનું ઘર માંડીને રહે નહિ,§

* જુઓ રાજા હરિશ્ચંદ્રને માથે દુઃખનાં ઝાડ ઉગ્યાં. રાજ્યપાટ ગયું, ધન ગયું, ચાંડાળને ઘેર વેચાયો, તોપણ પોતે કષ્ટમાં સહનશીલતા રાખી છેવટ સુધી સત્ય ન છોડયું. ધન્ય છે એવા વીર પુરૂષને!

§ સંસારમાં જે ગુણીજન છે, તે પોતાની સ્ત્રી સાથે ગૃહસ્થાશ્રમમાં સુખ દુઃખ ભોગવે છે; પરંતુ એવો કોઇ ગુણી સાંભળ્યો નથી કે તેનો સ્ત્રીએ ત્યાગ કર્યો હોય, છતાં શ્રી શુકદેવજીએ કહ્યું કે ગુણી પ્રાણીમાં સ્ત્રી વિશેષ સમય રહેતી નથી. એ શંકાનું સમાધાન કે—'स्थैर्यमचक्रुः कामिन्यः' આ શ્લોકમાં શાસ્ત્રજ્ઞ મુનિઓએ કામિનીનો સ્ત્રી અર્થ કર્યો નથી, સંસારનાં સુખની જે તૃષ્ણા છે, કે જે વિશેષ પ્રીતિ છે, તે જ કામિની છે, તૃષ્ણાની બહુ જ પ્રીતિરૂપ કામિની ગુણવાન્ પુરૂષોમાં વિશેષ સમય રહેતી નથી, વિશેષ સમય મૂર્ખમાં રહે છે.

તેમ લોકના બંધુરૂપ મેઘમાં વીજળી સ્થિર થઇને રહેતી નહોતી. ૧૭ પ્રપંચથી સંગત થયેલા ગુણોના સમુદાયમાં જેમ નિર્ગુણ-પુરૂષ-આત્મા શોભે છે, તેમ ગર્જનાથી ગર્જિત થઇ રહેલા આકાશમાં નિર્ગુણ-પણછ વગરનું છતાં પણ મેઘધનુષ શોભતું હતું. ૧૮ સ્વઆભાસથી પ્રકટ થયેલા અહંકારથી છવાયેલા જીવાત્માની પેઠે ચંદ્રના તેજથી પ્રકાશ પામેલાં વાદળાંમાં ચંદ્ર શોભતો નહોતો. ૧૯ ઘરમાં સંતાપ પામેલો સાધુજન જેમ ભગવદ્‌ભક્તને જોઇને આનંદ પામે તેમ મેઘના આગમનથી આનંદ પામેલા મયૂરો કેકા શબ્દથી મેઘને અભિનંદન આપવા લાગ્યા. ૨૦ પુર્વાવસ્થામાં તપથી થાકી જઈ દુબળા થઇ ગયેલા પુરૂષો કામના સેવનથી જેમ પુષ્ટ થાય છે તેમ ઉનાળામાં સૂકાઇ ગયેલાં વૃક્ષો વરસાદ આવતાં મૂળવડે પાણીનું સેવન કરવાથી નાના પ્રકારે ફૂટી નીકળ્યાં. ૨૧ દુરાશયી પુરૂષો જેમ અશાંત કાંના ભારથી ભરેલાં ગ્રામ્ય ઘરોમાં રહે છે, તેમ સારસ પક્ષીઓ પણ કંટક વૃક્ષના તીરવાળાં અને કદવ વિગેરેથી ભરેલાં સરોવરોમાં રહેતાં હતાં. ૨૨ કલિયુગમાં પાખંડ માર્ગીઓના વાદ વિવાદોથી જેમ વેદના માર્ગ તૂટી જાય છે, તેમ વરસાદ વરસવાથી ઘણા પાણીના પૂરથી સેતુઓ તૂટી ગયા. ૨૩ વિશ્વપતિઓથી પ્રેરાયલા બ્રાહ્મણો જેમ પ્રજાને આશિષ આપે છે તેમ વખતો વખત વાયુથી પ્રેરાયેલાં વાદળાં અમૃત જેવું જળ પ્રાણીઓને આપવા લાગ્યાં. ૨૪ આ પ્રમાણે જળ વરસવાથી ખજુર અને જાંબુ જેમાં પાકી ગયેલાં હતાં એવા સુંદર વનમાં શ્રીકૃષ્ણ પરમાત્મા પોતાના બંધુ બળરામ, ગાયો અને ગોપની સાથે પધાર્યા. ૨૫ બાઉલાંના ભારથી મંદમંદ ચાલતી અને આંચળમાંથી દુધ ઝરતી ગાયો ભગવાને બોલાવી એટલે તુરત વનમાં આવવા લાગી. ૨૬ આનંદ પામતી વનવાશીઓની સ્ત્રીઓને, મધુસ્ત્રવતી વનરાજીઓને, પર્વતોમાંથી પડતી પાણીની ધારાઓને અને પાસે રહેલી સુંદર ગુફાઓને ભગવાન પ્રસન્ન ચિત્તથી જોવા લાગ્યાં. ૨૭ વનમાં જ્યારે જ્યારે વરસાદની ઝડીઓ પડતી ત્યારે ત્યારે શ્રી કૃષ્ણ ભગવાન કોઇ વાર વનનાં મોટાં ઝાડોની ગુફાઓમાં પેશીને રમતા હતા તથા કંદમૂળ વગેરેનું ભોજન કરતા હતા. ૨૮ બલરામ સહિત ભગવાન કોઇ કોઇવાર સાથે ભોજન કરવાની ઇચ્છાથી પાણીને કાંઠે સ્વચ્છ શિલાઓ ઉપર બેશી ગોપ લોકની સાથે ઘેરથી બાંધી આણેલાં દહીં ભાત જમતા હતા. ૨૯ ચારો ચર્યા પછી લીલા ઘાસ ઉપર બેશી સુખથી વાગોળતા બળદ, વાછડાં, અને બાઉલાંના ભારથી થાકી ગયેલી આંખો મીંચીને બેઠેલી ગાયોને જોઇ શ્રીકૃષ્ણચંદ્ર પ્રાણી માત્રને સુખ આપનારી વર્ષા ઋતુની શોભા જોઇને પ્રસન્ન થતા હતા. ૩૦–૩૧ શ્રી કૃષ્ણ અને બળભદ્ર આ પ્રમાણે ગાયો ચારવાને વ્રજમાંથી વૃંદાવનમાં જતા અને વર્ષા ઋતુની નેત્રોને આનંદ આપનારી વનની શોભાને જોઇ આનંદ પામતા હતા. એમ કરતાં કરતાં વર્ષાના દિવસો વીતિને શરદ્ ઋતુ આવી. ૩૨ આકાશમાંથી કાળા અંધાર વાદળાંની ઘટાઓ વેરાઇ ગઇ, જળાશયોનાં મલિન થયેલાં જળ નીતરી સ્વચ્છ થયાં, અને પવનની કઠોરતા પણ ઓછી થઈ ગઇ. યોગથી ભ્રષ્ટ થયેલા યોગીઓનાં મન જેમ સમાધિયુક્ત થતાં યોગની પ્રવૃત્તિ ચાલુ કરતાં પાછાં નિર્મળ થાય છે, તેમ કમળોને પ્રફુલ્લ કરનારી શરદ્ ઋતુનો પ્રારંભ થતાં જળ નિર્મળ થઇ રહ્યાં. ગુરૂને માટે જળ ભરવાના શ્રમથી, ભગવાનની ભક્તિ જેમ શિષ્યને મુક્ત કરે છે તેમ શરદઋતુએ આકાશને વાદળાંથી મુક્ત કર્યું. શ્રી કૃષ્ણની ભક્તિ જેમ મનુષ્યનાં પાપને હરે છે તેમ શરદઋતુએ પૃથ્વીના કાદવને હરી લીધો. ૩૩–૩૪ પાપથી છૂટેલા અને વાંછનાનો ત્યાગ કરવાથી શાંત થયેલા મુનિયોની પેઠે પોતાનું સર્વસ્વ આપી દઇને શાંત થયેલા એવા ધોળાં વાદળાંની પ્રભાથી શોભવા લાગ્યો. ૩૫ જ્ઞાની પુરૂષો જેમ કોઇને જ્ઞાનામૃત આપે છે અને કોઇને નથી આપતા, તેમ પર્વતો કેટલેક ઠેકાણે જળ આપતા અને કેટલેક ઠેકાણે

આપતા નહતા. અધિકારીને જ્ઞાનીઓ જ્ઞાન આપે છે અને અનધિકારીને નથી આપતા, તેમ પર્વતો પણ જે સ્થળ જળને યોગ્ય હોય ત્યાં જળને સ્રવતા અને ઉચ્ચસ્થાન જે જળને યોગ્ય નહોય તેને જળ આપતા નહતા. ૩૬ જેમ કેટલાક મૂઢ સંસારીઓ પ્રત્યેકક્ષણે ઓછા થતા પોતાના આયુષ્યને જાણતા નથી, તેમ દરરોજ ઓછા થતા પ્રવાહને મૂઢ જળચર જંતુ જાણતા નહોતા. ૩૭ જેમ દરિદ્રી, કૃપણ, અને અજીતેંદ્રિય સંસારીઓ સંસારના તાપને પામે છે, તેમ આછાં પાણીમાંનાં જળચરો શરદઋતુના પ્રખર સૂર્યનો તાપ પામવા લાગ્યાં. ૩૮ જેમ સાધુપુરૂષ ધીરે ધીરે મમતા તથા અહંતા છોડી દે છે, તેમ નદીના પ્રદેશો ધીરે ધીરે કાદવનો ત્યાગ કરવા લાગ્યા.અને લતાઓ અપકવતા છોડી દેવા લાગી. ૩૯ કર્મને છોડી દીધા પછી મુનિયો મૌન ધારણ કરે છે, તેમ સમુદ્ર તેનું પાણી સ્થિર થવાથી શરદ ઋતુ આવતાં શાંત થયો, ૪૦ યોગીઓ જેમ ઇંદ્રિયોને માર્ગે બહાર જતા જ્ઞાનને ઇંદ્રિયોના રોધથી ખાળી રાખે છે, તેમ ખેડુતો નીંકોને માર્ગે ચાલ્યા જતા જળને નીંકોને આડીપાળો બાંધીને જળને રોકી રાખવા લાગ્યા. ૪૧ દેહાભિમાનથી ઉત્પન્ન થયેલા તાપને જેમ જ્ઞાન હરી લે છે અને ગોપીઓના તાપને જેમ શ્રીકૃષ્ણ હરી લે છે, તેમ શરદ ઋતુના સૂર્યના તાપને ચંદ્રમા હરી લેવા લાગ્યો. ૪૨ વેદના યથાર્થ અર્થને જાણનારૂં રજ અને તમો ગુણથી રહિત ચિત્ત જેમ શોભે છે, તેમ વાદળાં રહિત નાના પ્રકારના તારાઓથી ભરાયલું આકાશ શોભવા લાગ્યું. ૪૩ યાદવથી વીંટાએલા યદુનાથ શોભે તેમ તારાઓથી વીંટાએલો શરદઋતુનો ચંદ્રમા શોભવા લાગ્યો. ૪૪ શરદઋતુમાં ખીલેલાં વન સર્વેના તાપ હરતાં હતાં, પરંતુ ભગવાનથી હરાયેલા ચિત્તવાળી ગોપિકાઓ કામાગ્નિથી પરિતાપ પામતી હતી. ૪૫ શરદના પ્રભાવથી પુરૂષો કામી થઇને પોતાની સ્ત્રીઓ પાછળ ફરવા લાગ્યા, એટલે આખલા ગાયોની પાછળ, હરણ હરિણીની પાછળ, પુરૂષ સ્ત્રીની પાછળ ફરવા લાગ્યા, તેથી તેમની ઇચ્છા નહોવા છતાં પણ નિષ્કામ તપ કરનારાઓની ઇચ્છા જેમ પૂરી થાય છે તેમ તે સ્ત્રીઓ સગર્ભા થવા લાગી. ૪૬ સઘળી જાતનાં કમળો સૂર્યથી પ્રફુલ્લ થવા લાગ્યાં, પરંતુ જેમ રાજાથી એકલા ચોરલોક પ્રફુલ્લ થતા નથી તેમ કુમુદ પ્રફુલ્લ થયાં નહિ. ૪૭ નવા ધાન્યથી પૃથ્વી શોભવા લાગી તેમાં પણ નવા ધાન્યને ખાવાને માટે ઉત્સવ કરતા નાગરિકોથી અને શ્રીકૃષ્ણ બળદેવથી તે વધારે શોભાયમાન દેખવા લાગી. ૪૮ આયુષ્યના બંધન દેહમાં ભરાઇ રહેલા મંત્ર તથા યોગાદિથી સિદ્ધ થયેલા જીવો આયુષ્ય પૂરૂં થતાં ચાલી નીકળે, તેમ વર્ષાઋતુને લીધે બંધાઇ રહેલા વ્યાપારીઓ, સંન્યાસીયો, રાજાઓ અને બ્રહ્મચારીઓ વર્ષાઋતુ પૂરી થતાં બહાર ચાલી નીકળી પોતાના અર્થને પામવા લાગ્યા. ૪૯

वणिङ् मुनिनृपस्नाता निर्गम्यार्था न्मपेदिरे।
वर्षरुद्धा यथासिद्धाः स्वपिण्डान्कालआगते ४९

ઇતિશ્રીમદ્ ભાગવત દશમસ્કંધ પૂર્વાર્ધમાં વર્ષા-શરદ્ વર્ણન નામે ૨૦ મો અધ્યાય સં.

અધ્યાય ૨૧ મો.

ભગવાને કરેલા વેણુગીતનું ગોપીઓએ કરેલું વર્ણન.

शुक उवाच.

इत्थं शरत्स्वच्छजलं पद्माकरसुगंधिना ॥
न्यविशद्वायुनावातं सगोगोपालकोऽच्युतः ॥१॥

શુકદેવજી કહેછે—હે રાજા! આ પ્રમાણે શરદ ઋતુથી સ્વચ્છ થયેલાં જળવાળા, કમળવાળા, અને મંદવાયુવાળા વૃંદાવનમાં અચ્યુત ભગવાન ગાયો અને ગોવાળીઆઓની સાથે આવતા હતા. ૧ કુસુમિત થયેલાં વનરાજીઓમાં મદોન્મત્ત ભ્રમરો અને પક્ષીઓ ગાન કરતાં હતાં, તથા જેના કિનારા ઉપ,

બાળ હંસોના કલરવ થતા હતા, એવા વૃંદાવનમાં આવીને એકવાર શ્રીકૃષ્ણ ભગવાને વેણુ વગાડી. ૨ કામદેવ ઉત્પન્ન કરનાર વેણુનો સૂર સાંભળી વ્રજની વનિતાઓ પોતાની સખિઓને તે સુરનું વર્ણન કરી બતાવવા લાગી. ૩ શ્રીકૃષ્ણની લીલાઓનું સ્મરણ કરતી તેઓ વર્ણન કરવાનો યત્ન કરવા લાગી; પરંતુ કામના વેગને લીધે તેઓ તેમ કરી શકી નહિ. ૪ મોરપિચ્છના મુકુટવાળા, કર્ણિકારના પુષ્પને કાનમાં ખોસેલા, પોતે કાળા અને પીળાં વસ્ત્ર પહેરેલા, તથા ઢીંચણ સુધી પહોચતી વનમાળાવાળા અને બહુરૂપીના જેવા વેશવાળા શ્રીકૃષ્ણ વનમાં પોતાના અધર રસથીજ વેણુનાં છિદ્રો પૂરતા હતા. ગોવાળીઆઓ તેમનાં રૂપનાં વખાણ કરતા હતા. હે રાજન્! સર્વ પ્રાણીનાં મન હરી લે એવો વેણુનો સૂર સાંભળી વ્રજની ગોપીઓ તેનું આ પ્રમાણે વર્ણન કરવા લાગી. ૫–૬

ગોપીઓ કહેછે—હે સખિઓ! આ જગતમાં જીવતરનું સાફલ્ય તો તેમણેજ મેળવ્યું છે કે જેઓ વનમાં જઈ ગોપ, ગાયો અને બળભદ્રની વચમાં ઉભા રહી વેણુ વગાડતા અને લોચનિયાં નચાવતા શ્રી કૃષ્ણ ચંદ્રના મુખનું ઉઘાડાં નેત્રોથી પાન કરે છે. ૭ નાટકની ભૂમિ ઉપર બહુ વેશવાળો નાચનારો નટ શોભે તેમ કૃષ્ણ તેમના ગોપ મિત્રોના સમુદાયમાં શોભે છે. ૮ ભગવાનના અધરનું અમૃત ગોપીઓનું છે, છતાં આ વાંસળી તેને ઘણે અંશે પી જાય છે, તે જોઇને તેથી પ્રસન્ન થઇ નદીઓ અને વૃક્ષો પુષ્પના વરસાદ વરસાવે છે. હે સખિઓ! વાંસની જાતમાં ઉછરેલી ભગવાનની વાંસળીની જાત લાકડાની છે, પરંતુ તેના ભાગ્યને ધન્ય છે, કારણ કે તે સ્વચ્છંદ રીતે તેમના અધરરસનું પાન કરી શકે છે. બેન! એ વાંસના કટકાએ પેલે જન્મ મોટાં પુણ્ય કર્યાં હશે, તેથીજ આ અવતારમાં વનમાળી તેને પોતાના અધર ઉપર ખેલાવે છે. ૯ વૃંદાવનની ભૂમિ આજ સ્વર્ગથી પણ અધિક ભાગ્યશાળી છે, કારણ કે દેવકીજીના પુત્ર શ્રી ગિરિધારી તેના ઉપર પોતાનાં કોમળ ચરણારવિંદથી ફરે છે. ભગવાને વગાડેલી વેણુનો સૂર સાંભળી મંદ ગર્જનાવાળા મેઘની ભ્રાંતિથી ગિરિ તલાટીમાં રહેલા મયૂરો નૃત્ય કરવા માંડે છે એટલે પર્વતનાં શિખર ઉપરનાં પક્ષીઓ પોતાનો ચારો ચરતાં પણ અટકી પડે છે. શ્રી ભગવાનની લીલાઓથી હાલ વૃંદાવનમાં જે પરમાનંદ વરતી રહે છે તે આનંદ દેવલોકમાં હોય એમ અમને તો લાગતું નથી. હે સખિઓ! વૃંદાવનની હરિણીઓને ધન્ય છે, તેઓ પોતાના સ્વામિની સાથે વનમાં ફરતી ભગવાનની વેણુના સુરની એક દૃષ્ટિએ તેમના વિચિત્ર સુખસામું જોઇ રહી એકાગ્રચિત્તે પાન કરે છે. ૧૧ હે સખિઓ! નંદના નંદનને જોઇને કોને મોહ નથી થતો? જુઓ આ પોતાના સ્વામિની સાથે વિમાનમાં બેઠેલી દેવાંગનાઓ પણ કામને ઉત્પન્ન કરે એવો વેણુનો સૂર સાંભળી પતિના ખોળામાં બેઠેલી છતાં કામની અધીરી થઇ જતાં તેમના ચોટલામાંથી પુષ્પ ખરી પડે છે અને અંબોડા છૂટી જાય છે. ૧૨ ગાયો ઉંચા કાન રાખીને વેણુના સૂરનું પાન કરેછે, અને ધાવતાં વાછડાં તે સાંભળીને ધાવતાં છૂટી જઇ ભગવાનના સામું જોઇ રહે છે. ગાયો મનથી ભગવાનનું આલિંગન કરવા જાય છે. ૧૩ આ વનમાં જે પક્ષીઓ છે તેઓ પણ મુનિજન છે, કારણ કે મુનિયોની પેઠે આ સઘળાં પક્ષીઓ વૃક્ષોની શાખાઓમાં બેશી મૌન થઇ આંખો મીંચી ભગવાનની વાંસળીનો સૂર સાંભળ્યા કરે છે. ગાયો, મૃગો, ભ્રમરો, અને પક્ષીઓના અવતારને ધન્ય છે કે તેઓ વૃંદાવનમાં વિહાર કરતા, વેણુ વાતા અને વનિતાઓને આનંદ આપનારા વનમાળીની નાના પ્રકારની ક્રીડાઓ જોઇ પોત પોતાનાં નેત્રોનું સાફલ્ય કરે છે. ૧૪ એ સચેતન પ્રાણીઓની વાત તો એક કોરે રહી, પરંતુ હે સખિઓ! જુઓતો ખરી. આ નદીઓ પણ કેવી અ-

વસ્થા અનુભવે છે. કામદેવના આવેશને લીધે ભમરીઓ પડી જતાં મંદ થયેલા વેગવાળા પ્રવાહથી મંદ ગતિએ વહેતી અને વેણુના સૂરનું શ્રવણ કરતી પોતાના તરંગ રૂપી ભુજાઓથી ભગવાનનાં બે ચરણમાં કમળોની ભેટ કરે છે. ૧૫ શરદ ઋતુના તડકામાં મિત્રોની સાથે વૃંદાવનમાં ફરતા ભગવાનને જોઇ તેમનો મિત્ર મેઘ તેમના ઉપર આછાં આછાં જળબિંદુઓ નાંખતો વાદળથી વારંવાર છાયા કરી છત્ર ધરે છે. ૧૬ હે સખિઓ ! આ વનની ભિલડીઓને ધન્ય છે કે તે ભગવાનના ચરણ કમળને લાગેલું તેમની રમણિયોના કુચ ઉપરનું કેશર જે ઘાસમાં ભરાઇ ગયેલું છે, તેને લઇને પોતાના મસ્તક ઉપર અને સ્તન ઉપર ચોપડવાને ભાગ્યશાળી થાય છે. એ રીતે પણ એમનો મનોરથ પુરો થાય છે, અને વેણુનો સુર સાંભળી ઉત્પન્ન થયેલો તેમનો કામજ્વર ભગવાનના પાદનું કેસર સ્તન ઉપર ચોપડવાથી શાંત થાય છે. ૧૭ સખિઓ ! વળી આ ગોવર્દ્ધન પર્વતને પણ ધન્ય છે કે-તે ભગવાનને પોતાના ઉપર ફેરવી ઘાસ અને વૃક્ષરૂપી રોમોદ્‌ગમને અનુભવતો નવી નવી વનસ્પતિવાળો થઈ ગોપ, ગાયો તથા બળભદ્ર સહિત ભગવાનને પોતાના ઉપર આમંત્રે છે. ૧૮ ગાયોનાં ગાળિયાંને માથા ઉપર વીંટીને જ્યારે કૃષ્ણ બળદેવ વનમાં વેણુ વગાડે છે, ત્યારે જંગમ પ્રાણીઓ પણ સ્થાવરના જેવી અવસ્થા ભોગવે છે. વધારે આશ્ચર્ય પામવા જેવું તો એ છે કે જ્યારે જંગમ સ્થાવરની અવસ્થાને અનુભવે છે ત્યારે સ્થાવર વૃક્ષાદિ પુષ્પોત્પાત રૂપી રોમોદ્‌ગમથી જંગમ પ્રાણીની ચેષ્ટાઓ દેખાડે છે. સખિઓ ! વૃંદાવનની ભૂમિ, ગાયો, ગોપ અને ટુંકામાં પક્ષીઓને ધન્ય છે કે તે મોરલીધરની મોરલીનો સુર સાંભળી આનંદ પામે છે. આપણે ભાગ્યશાળી કે વૃંદાવનવાસી ભાગ્યશાળી ?

શુકદેવજી કહેછે—વૃંદાવન વિહારી વનમાળીની આ પ્રમાણે નાના પ્રકારની લીલાઓનું અન્યોન્ય વર્ણન કરતી ગોપિકાઓ શ્રી ભગવાનના સ્મરણથી તેમનામય થઇ જતી હતી ૧૯

एवं विधा भगवतो या वृंदावनचारिणः॥
वर्णयंत्यो मिथोगोप्यःक्रीडास्तन्मयतां ययुः २०।

ઇતિશ્રી ભાગવત દશમ સ્કંધમાં "વેણુગીત વર્ણન" નામનો ૨૧ મો અધ્યાય સંપુર્ણ.

અધ્યાય ૨૨ મો.

ગોપ કન્યાઓએ કાત્યાયની વ્રત કરતાં ભગવાને કરેલું વસ્ત્ર હરણ.

શુક ઉવાચ.

हेमंते प्रथमे मासि नंदव्रजकुमारिकाः ॥
चेरुर्हविष्यं भुंजानाःकात्यायन्यर्चनव्रतम् ॥१॥

શ્રી શુકદેવજી કહેછે—હેમંત ઋતુના પહેલા મહિનામાં એટલે માગશરમાં નંદજીના ગામની કુમારિકાઓએ હવિષ્ય અન્ન ખાવાનો નિયમ લઇ કાત્યાયનિ દેવીનું વ્રત કરવા માંડ્યું હતું. ૧ હે રાજન્ ! તે કન્યાઓ સૂર્યોદય પહેલાં યમુનાજીમાં સ્નાન કરી પુલિનમાં કાત્યાયનિની મુર્તિ કરી ચંદન, પુષ્પ, ધુપ, દીપ, નૈવેદ્ય, અને બલિથી તેનું પુજન કરતી હતી, ૨-૩ અને માગતી હતી કે "હે કાત્યાયનિ ! હે મહામાયા, હે યોગિની ! તમે શ્રીકૃષ્ણને અમારા પતિ કરો, અમે તમને વંદન કરીએ છીએ. ભગવાનમાં ચિત્ત જોડીને એ કુમારિકાઓએ એક મહિના સુધી આ પ્રમાણે કરવાનો નિયમ લીધો હતો. તેમના મનમાં જે વરની ઇચ્છા હતી તે એજ કે, "નંદનો કુંવર અમારો સ્વામિ થાય." ૪-૫ નિત્ય મળસ્કામાં વહેલી ઉઠી એક બીજીને બોલાવી ટોળે મળી મોટા સ્વરથી શ્રીકૃષ્ણનાં ગીત ગોતી ગાતી તેઓ યમુનાજી ઉપર જતી

હતી. ૬ તેઓનો નિત્ય નિયમ જાણનાર શ્રી કૃષ્ણ પછી એક દહાડો વહેલા ઉઠી યમુનાજી ઉપર ગયા, અને જેવી પેલી કુમારિકાઓ પોતાનાં વસ્ત્ર ઉતારી કિનારા ઉપર મુકી નહાવાને ઉતરી ૭ તેવાજ ગોપ લોકની સાથે તે ત્યાં આવ્યા, અને કિનારા ઉપર મુકેલાં વસ્ત્ર લઇ કદંબના ઝાડ ઉપર ચઢી ગયા. વસ્ત્ર હરણ કર્યા પછી જળમાં નહાતી કુમારિકાઓના સામું જોઈ ગોવાળિયા સાથે તેઓ હાસ્ય કરવા લાગ્યા, એટલુંજ નહિ પણ કુમારિકાઓને બોલાવી તેમની ચેષ્ટા કરતાં કરતાં કહેવા લાગ્યા કે, ૮-૯ 'હે કુમારિકાઓ ! તમે અહીં આવીને પોત પોતાનાં વસ્ત્ર લઈ જાઓ, હું મશ્કરી કરતો નથી, તેમ અસત્ય બોલતો નથી. પુછી જુઓ આ ગોપ લોકોને, કે હું કોઇ દિવસ અસત્ય ભાષણ કરૂં છું ? હે સુંદરીઓ ! ગમે તો તમે એકે એકે આવીને વસ્ત્ર લઈ જાઓ કિંવા બધી સાથે આવીને લઇ જાઓ; તમને જેમ ગમે તેમ કરો." ૧૦-૧૧

શ્રી શુકદેવજી કહેછે—ભગવાને પોતાની હાંસી કરવાથી પ્રેમ રસમાં ડુબેલી કુમારિકાઓ એક બીજીના સામું જોવા લાગી, પરંતુ લાજને લીધે બહાર નીકળી શકી નહિ. ૧૨ શ્રીકૃષ્ણનાં હાસ્ય વચનથી મોહ પામેલી છતાં ગળા સુધીના પાણીમાં રહેલી તેઓ ટાઢને લીધે થર થર ધ્રુજવા લાગી, પરંતુ બહાર નીકળી શકી નહિ. તેમણે પાણીમાં રહીને શ્રીકૃષ્ણને કહ્યું કે, ૧૩ "હે કૃષ્ણ! આ અનીતિનું કર્મ ન કરો. નંદરાયના કુમાર અને વ્રજમાં પ્રસિદ્ધ એવા તમને આ ઘટતું નથી. અમે શીયાળાની ટાઢથી પાણીમાં ધ્રુજીએ છીએ, માટે અમારાં વસ્ત્ર આપો. ૧૪ હે શ્યામ સુંદર ! અમે તમારી દાસીઓ છીએ, તમે કહેશો તેમ કરીશું; પરંતુ હમણાં તો અમારાં વસ્ત્ર આપો. હે ધર્મને જાણનાર ! અમારાં વસ્ત્ર આપી દો, નહિ તો અમે નંદરાયને કહીશું." ૧૫

શ્રીકૃષ્ણ કહેછે—હે સુંદર અને મંદ હાસ્યવાળી ગોપીઓ ! તમે મારી દાસીઓ હો તો બહાર નીકળી આવીને મારી પાસેથી પોત પોતાનાં વસ્ત્ર લઇ જાઓ. ૧૬

શુકદેવજી કહેછે—પછી જ્યારે કૃષ્ણ એકના બે ન થયા ત્યારે ટાઢથી ધ્રુજતી અને લાજથી અડધી અડધી થઇ જતી તે કુમારિકાઓ યોનિને હાથવતે ઢાંકીને જળની બહાર નીકળી. ૧૭ શુદ્ધ અંતઃકરણથી શ્રી કૃષ્ણને પ્રસન્ન કરતી તે કુમારિકાઓ બહાર આવીને ઉભી રહી, ત્યારે પોતાના ખભા ઉપર વસ્ત્ર મુકી શ્રી કૃષ્ણ ભગવાન બોલ્યા કે:-૧૮ "વ્રત ધારણ કરવા છતાં તમે જળમાં પેશીને નાગાં નાહી જળ દેવનો અપરાધ કર્યો છે * માટે માથા ઉપર બે હાથ જોડી રાખી નમસ્કાર કરીને પોત પોતાનાં વસ્ત્ર લ્યો." ૧૯ વ્રતનો ભંગ થવાના ભયથી પછી તેઓ શ્રીકૃષ્ણને પગે લાગી. પ્રણામ કરાવ્યા પછી દેવકીના પુત્ર કૃષ્ણે તે કુમારિકાઓને તેમનાં વસ્ત્ર આપ્યાં. વસ્ત્ર હરણ કર્યાં, હાંસી કરી, નદીમાંથી નગ્નાવસ્થામાં બહાર આવવાની ફરજ પાડી, તેમ છતાં પણ તે કુમારિકાઓએ ભગવાન ઉપર દોષદૃષ્ટિ કરી નહિ, માટે એમનેજ ધન્ય છે, વ્રજની કુમારિકાઓએ પોતાનો અનન્ય વિનય દેખાડયો. ૨૦-૨૨ વસ્ત્ર પહેર્યા પછી ભગવાન ઉપર મોહ પામેલી તેઓ ત્યાંથી ખશી નહિ. તેઓ મુખથી કંઇ બોલી નહિ. પછી પોતાને માટે વ્રત કરનાર તે કુમારિકાઓને શ્રીકૃષ્ણે કહ્યું કે, "મારૂં પુજન કરવાનો તમારો મનસુબો છે, પરંતુ શરમને લીધે તમે બોલતાં નથી, છતાં પણ હું તે સમજી ગયો છું. તમે તમારો મનોરથ સફળ કરવાને યોગ્ય છો. ૨૩-૨૫ મારી ઇચ્છા રાખનારાઓની ઇચ્છાઓ પુરી

* જળ એ વરૂણ દેવનું સ્વરૂપ છે અને તેમાં અગ્નિ દેવતા પણ રહે છે. માટે જળમાં મળમૂત્ર કરવું, થુંકવું અને નગ્ન સ્નાન કરવું એ તે દેવતાઓનો અપરાધ છે.

થાય છે અને તે ફરીથી ઉત્પન્ન થતી નથી. બળેલું બીજ નવા ધાન્યને ઉત્પન્ન કરી શકતું નથી, તમે હવે ગામમાં જાઓ, વખત આવતાં તમારા મનના લાડકોડ પુરા થશે. આવતી ચાંદનીમાં એટલે શુદ્ધ પક્ષમાં તમારી સાથે હું રમણ કરીશ, કારણ કે મારે માટેજ તમે આવું દુસ્તર તપ કરેલું છે તે હું જાણું છું." ૨૬ ૨૭

શુકદેવજી કહે છે—જેમના મનોરથ ભગવાને પુર્યા હતા એવી તે વ્રજકન્યાઓ પછી ભગવાનના ચરણારવિંદનું ધ્યાન ધરતી ધરતી ગામમાં ગઇ, ૨૮ અને દેવકીજીના પુત્ર ભગવાન પણ ગોપ લોકની સાથે ગાયો ચારતા ચારતા વૃંદાવનમાં ઘણે દુર ચાલ્યા ગયા. ૨૯ પ્રચંડ કિરણોવાળા તાપમાં ચાલતાં મોટાં વૃક્ષોને પોતાના ઉપર છત્રની પેઠે છાયા કરતાં જોઇ સ્તોક, કૃષ્ણ, અંશુ, શ્રીદામા, સુબલ, અર્જુન, વિશાલ, ઋષભ, દેવપ્રસ્થ અને વરૂથપ વગેરે ગોપમિત્રોને સંબોધી તેઓ બોલ્યા કે, હે મિત્રો! જેમનું જીવન પરોપકારને માટે છે એવાં આ વૃક્ષો તો જુઓ. તેઓ શીયાળામાં ટાઢ, ઉનાળામાં તડકો અને ચોમાસામાં વરસાદની ઝડીઓ સહન કરીને પણ મનુષ્ય તથા બીજાં પ્રાણીને સુખ આપે છે. ૩૦-૩૨ સુજનની પેઠે જેમની આગળ આવેલા યાચકો પાછા જતા નથી,તેવાં આ વૃક્ષોને ખરેખર ધન્ય છે. ૩૩ પાન, ફળ, ફુલ, લાકડાં, ગુંદર, છાયા, મુળ, સુગંધ, ઠળીઆ અને છેવટે ભસ્મ વગેરેથી પ્રાણીઓની ઇચ્છાને પુરનારાં વૃક્ષોના પરોપકારી જીવનનેજ ધન્ય છે. ૩૪ પ્રાણ, અર્થ, બુદ્ધિ અને વાણીથી બીજાનું શ્રેય કરવું એ જીવનનું સાફલ્ય છે. ૩૫ આ રીતે વૃક્ષોનાં વખાણ કરતા ભગવાન, ગુચ્છ અને ફુલના ભારથી નમી પડેલાં વૃક્ષોની છાયામાં થઇને મિત્રોની સાથે પાછા યમુનાજીના ઉપકંઠમાં આવ્યા. ૩૬ યમુનાજીનું સ્વચ્છ, ગુણકારી અને શીતળ જળ પ્રથમ ગાયોને પાઇ ગોપ લોકોએ તરસ છીપે તેમ જળપાન કર્યું. ૩૭ અને પછી કિનારા ઉપર આમથી તેમ ગાયોને ચરાવતા ભુખ્યા થવાથી તેઓએ શ્રીકૃષ્ણ બળદેવને નીચે પ્રમાણે વિનય વચનો કહ્યાં. ૩૮

तस्या उपवने कामं चारयंतः पशून्नृप ॥
कृष्ण रामावुपागम्य क्षुधार्ता इदमब्रुवन् ॥३८॥

ઇતિ શ્રીમદ્ ભાગવત દશમસ્કંધ પુર્વાર્ધમાં વસ્ત્ર હરણ નામે ૨૨ મો અધ્યાય સંપુર્ણ.

અધ્યાય ૨૩ મો.

ભગવાને અન્ન યાચના કરાવી બ્રાહ્મણોની સ્ત્રીઓ ઉપર અનુગ્રહ કર્યો.

गोपा ऊचुः—
रामराममहावीर्य ! कृष्णदुष्टनिबर्हण ! ॥
एषा वै बाधते क्षुन्न स्तच्छांतिकर्तुमर्हथः ।१।

ગોપ કહેછે—હે રામ! હે રામ! હે મહા પરાક્રમી! હે કૃષ્ણ! હે દુષ્ટને મારનાર! અમને ક્ષુધા લાગી છે માટે તેની શાંતિ કરાવો તો ઠીક. ૧

શુકદેવજી કહેછે-શ્રીકૃષ્ણે બ્રાહ્મણીઓ ઉપર કૃપા કરવાનો વિચાર કરીને વિનંતિ કરતા ગોપલોકને કહ્યું કે, ૨ "હે બંધુઓ! હે ગોપ! વેદવેત્તા બ્રાહ્મણો સ્વર્ગ મળવાની ઇચ્છાથી અહીંથી થોડે છેટે આંગીરસ નામનો યજ્ઞ કરવા બેઠા છે. હે ગોપ લોક! તમે મારી આજ્ઞાથી એ બ્રાહ્મણોની સભામાં જઇ મારૂં તથા બળદેવજીનું નામ લઇ તેમની પાસેથી અન્ન માગી લાવો." ૪ શ્રીકૃષ્ણનાં વચન સાંભળી પેલા ગોવાળિયા બ્રાહ્મણોની યજ્ઞશાળા આગળ ગયા અને તેમને દંડવત પ્રણામ કરીને કહેવા લાગ્યા કે, ૫ "હે વેદ જાણનારા અને યજ્ઞ પરાયણ બ્રાહ્મણો! અમે ગોપલોક શ્રીકૃષ્ણના કહેવાથી અને બળરામની પ્રેરણાથી અહીં આવ્યા છીએ, માટે તમે અમારૂં વચન સાંભળો. ૬ શ્રીકૃષ્ણ અને બળભદ્રજી ગાયો ચારતા ચારતા તમારી યજ્ઞશાળાની

પાસે આવતાં ભુખ્યા થયા છે, અને ખાવાની ઇચ્છાથી તેઓએ અન્નની યાચના કરાવી છે. હે ધર્મને જાણનારાઓ! અન્નની જરૂર પડી છે, માટે તમે એ બંધુઓને માટે અમને અન્ન આપો. ૭ હે ઉત્તમ દ્વિજો! અગ્નિષ્ટોમની પહેલાં એટલે યજ્ઞપશુ મારતા પહેલાં યજ્ઞમાં દીક્ષા લેનારનું અન્ન ખાવાનો દોષ છે, પરંતુ પશુવધ થયા પછી અને સૌત્રામણિયજ્ઞ વિના દીક્ષિતનું અન્ન ખાવાનો દોષ નથી.” ૮ સ્વર્ગ રૂપી ફળની ઇચ્છાવાળા, દુસ્તર એવાં વેદ કર્મ કરનારા અને મુર્ખ છતાં પોતાને જ્ઞાની માનનારા બ્રાહ્મણોએ ગોવાળની મારફતે કરેલી ભગવાનની અન્ન માટેની યાચનાને કાન તળે કાઢી નાંખી. ૯ મંત્ર, તંત્ર, દેશ, કાળ, યજ્ઞ, ઋત્વિજ, દેવતા, અગ્નિ, યજમાન અને ધર્મ રૂપ શ્રીકૃષ્ણ ભગવાનને સામાન્ય મનુષ્ય જેવા માની બ્રાહ્મણોએ ગોવાળીઆ લોકની યાચના સાંભળી નહિ. દુષ્ટ બુદ્ધિવાળા બ્રાહ્મણો, અમે મોટા છીએ એમ માનનારા હતા. ૧૦-૧૧ બ્રાહ્મણોએ હા કિંવા ના કંઇ પણ કહ્યું નહિ, ત્યારે શરમાઇ ગયેલા અને ઉતરી ગયેલા મુખવાળા ગોવાળીઆ વિલા પડીને શ્રીકૃષ્ણ બળદેવની પાસે પાછા આવ્યા ને યજ્ઞશાળામાં બનેલી વાત ગોવાળોએ કહી. ૧૨ તે સાંભળીને જગતના ઇશ્વર ભગવાન શ્રીકૃષ્ણદેવ કિંચિત હસીને બોલ્યા કે, યાચના કરવા જનારે અપમાનથી ડરવું નહિ, તેમજ કાર્યસિદ્ધિ ઇચ્છનારાએ થાકી જવું પણ નહિ. હે ગોપ બંધુઓ! બ્રાહ્મણોએ કરેલી અવજ્ઞાથી શાંત પડી ન જતાં એકવાર ફરીથી તમે યજ્ઞ શાળામાં જાઓ, અને બ્રાહ્મણોની પતિવ્રતા સ્ત્રીઓને હું તથા બળભદ્રજી આવ્યાના સમાચાર આપો. એ બ્રાહ્મણીઓ માત્ર દેહથીજ એમના સ્વામી સાથે રહેલી છે, પ્રાણથી અને બુદ્ધિથી તેઓ મારામાં વસે છે, માટે તમે તેમને અમારૂં નામ દઇ અન્નને માટે કહેશો કે તુરત તેઓ તમને અન્ન આપ્યા વગર રહેશે નહિ. ૧૩-૧૪ શ્રીકૃષ્ણ પરમાત્માની આજ્ઞાથી ગોવાળો ફરી પાછા યજ્ઞશાળામાં ગયા અને જે ઠેકાણે શણગાર ધારણ કરીને તથા સ્વસ્થ થઇને બ્રાહ્મણીઓ બેઠી હતી ત્યાં જઇ તેમને પ્રણામ કરીને કહ્યું કે,-૧૫ “હે દ્વિજપત્નિઓ! અમે તમને પ્રણામ કરીએ છીએ; વૃંદાવનમાં ગાયો ચારવા નીકળેલા શ્રીભગવાન બહુ લાંબે સુધી નીકળી જતાં તમારાથી થોડે છેટે આવેલા છે. તેઓ પોતાના વડીલ બંધુ અને મિત્રો સાથે ભુખ્યા થઇ ગયા છે, માટે અમને તમારી પાસે અન્નની યાચના કરવા મોકલ્યા છે; જો તમને એમના ઉપર શ્રદ્ધા હોય તો અમને અન્ન આપો.” ૧૬-૧૭ પરોક્ષ કથાઓ સાંભળવાથી જેમનાં મન ભગવાનમાં તલ્લીન હતાં, એવાં કૃષ્ણનાં દર્શનને માટે નિરંતર અભિલાષા રાખનારી બ્રાહ્મણીઓને જ્યારે આ પ્રમાણે કહ્યું, ત્યારે તેઓ તેમના દર્શનને માટે આતુર થઇ અને તેમની પાસે જવાની ઉતાવળ કરવા લાગી. ૧૮ લેહ્ય, ચોષ્ય, ભક્ષ્ય અને ભોજ્ય એમ ચાર પ્રકારનું અન્ન લઇ તેઓ મોટા આનંદથી શ્રી ભગવાનની પાસે જવાને ઉભી થઇ, પરંતુ તેમના પતિ, બંધુ અને પુત્રોએ તેમને વારી રાખી. ઘણા દિવસથી સાંભળેલી કીર્તને લીધે તેમનાં મન ભગવાનમાં લાગી રહેલાં હતાં, તેથી તેઓને વારવા છતાં પણ અટકી નહિ, અને જેમ નદીઓ સમુદ્રને મળવાને માર્ગનું પણ ઉલ્લંઘન કરીને ચાલી જાય તેમ તેઓ પતિ, બંધુ તથા પુત્રનું વારણ ન માનતાં શ્રીભગવાનને ભોગ આપવાને ચાલી નીકળી. ૧૯-૨૦ શ્રી યમુનાજીના તટ ઉપર બળદેવજીની સાથે અને ગોપના ટોળાથી વીંટાએલા શ્રીકૃષ્ણને તેમણે અશોકનાં નવિન પલ્લવથી શોભતા વનમાં ફરતા જોયા. ૨૧ શ્યામ સુંદરવાનવાળા તે કાળા હતા. તેમણે સુવર્ણ જેવાં પીળાં વસ્ત્ર પહેર્યાં હતાં અને ફુલ, મોરપિંચ્છ તથા ધાતુ અને પલ્લવના શણગાર ધારણ કર્યા હતા,

તેથી નટના જેવા વિચિત્ર દેખાતા હતા. જ્યારે બ્રાહ્મણીઓએ તેમને દીઠા તે વખતે એક હાથ મિત્રના ખભા ઉપર મુકી બીજે હાથે કમળ ફેરવતા હતા. તેમણે કાનમાં પુષ્પ ઘાલેલાં હતાં, કપાળ ઉપર કુંતલ ફરફર ઉડયા કરતા હતા અને નટનાગર મંદમંદ હસતા હતા. ૨૨ વખાણ સાંભળીને મોહી પડેલી બ્રાહ્મણીઓએ શ્રીભગવાનને ઉઘાડાં નેત્રથી જોઇ પોતાના અંતઃકરણમાં તેમની મૂર્તિને દાખલ કરી ઘણીવાર સુધી મનોભાવથી તેમનું આલિંગન કરી પોતાના ઘણા દિવસનો ખેદ શમાવ્યો. ૨૩ બુદ્ધિના સાક્ષી ઇશ્વર તેમને આવવાનું કારણ જાણતા હતા, તેમ છતાં વિનય દેખાડવા માટે હસતાં હસતાં તેમને કહેવા લાગ્યા કે-"હે ઋષિ પત્નિઓ! આવો, તમે ભલે પધાર્યા, અહીં બેસો અને જે મનમાં હોય તે અમને આજ્ઞા કરો. અટકાવ્યા છતાં પણ તમે મને જોવાને આવ્યાં માટે તમારા જીવનને અને પ્રેમને ધન્ય છે. ૨૪-૨૫ પુરૂષાર્થ ઉપર આશા રાખનારા કુશળ લોકો આત્માથી પ્રિય એવા જે હું તેમાં નિષ્કામ-ભેદરહિત ભક્તિ રાખે છે, તેનાજ જીવનને ધન્ય છે. ૨૬ આત્માનાં સંબંધી સ્ત્રી, પુત્ર, દેહ અને ધન, પ્રિય લાગે છે, માટે આત્માથી વધારે પ્રિય વસ્તુ આ જગતમાં બીજી કોઇ છેજ નહિ. ૨૭ હવે તમે મારા દર્શનથી કૃતાર્થ થયાં માટે યજ્ઞશાળા તરફ પાછાં જાઓ, એટલે આશ્રમના વસનારા તમારા સ્વામિઓ પોતે આરંભેલું યજ્ઞકાર્ય પુરૂં કરે." ૨૮

ઋષિ પત્નિઓ કહેછે—હે પ્રભો! તમારે અમને આવાં કઠોર વચન કહેવાં ઘટતાં નથી. તમારો ભક્ત થયો તે દુઃખી થાય અને તમારે શરણે આવેલું પાછું જાય એ અસંભવિત છે, માટે તમેજ તમારાં અને વેદનાં વચનોને સફળ કરો. પતિ, બંધુ અને પુત્રનું ઉલ્લંઘન કરી અમે, તમે ઉતારી નાંખેલી તુલસીની માળાને ધારણ કરવાને માટે અત્રે આવ્યાં છીએ. ૨૯ અમે જો પાછાં જઈશું તો બંધુઓ, સ્નેહીઓ, સગાં અને પતિઓ અમને ગ્રહણ કરશે નહિ; તેમ બીજું કોઇ અમારૂં શરણ નથી. હે પ્રભો! અમારૂં એકજ શરણ આપ અમારા સ્વર્ગાદિક ગતિ ન કરતાં આપની દાસીઓ બનાવી અમને ગ્રહણ કરો.' ૩૦ બ્રાહ્મણીઓનાં આવાં વચન સાંભળ્યા પછી શ્રીકૃષ્ણે તેમને કહ્યું કે, "તમે હમણાં પાછાં જાઓ. માબાપ, પુત્ર, ભાઈ અને પતિ કોઈપણ મારી આજ્ઞાને લીધે તમારો દોષ કાઢશે નહિ. આકાશ તરફ આંગળી કરીને કહે છે કે, જુઓ આ દેવતાઓ પણ તમને હું કહુંછું તેમજ કરવાને સુચવે છે. ૩૧ હે બ્રહ્મપત્નિઓ! મનુષ્ય દેહમાં અંગનો સંગ કંઇ પ્રીતિને વધારનારો નથી, માટે તમે તેની દુરાશા રાખશોમાં. તમે પાછાં તમારા સ્થાનમાં જાઓ અને મનથી મને ભજજો, એટલે થોડાજ કાળમાં મારા પરમ પદને પામશો." ૩૨

શુકદેવજી કહેછે-આ પ્રમાણે ભગવાનનાં વચન સાંભળી વિપ્ર પત્નીઓ પાછી યજ્ઞશાળામાં ગઇ અને ઋષિઓ તેમના ઉપર દોષ દૃષ્ટિ ન કરતાં તેમને પોતાના કર્મમાં સામેલ કરી યજ્ઞ પુરો કર્યો. ૩૩ જ્યારે સઘળી બ્રાહ્મણની સ્ત્રીઓ અન્ન લઇને શ્રીકૃષ્ણની પાસે જવાને નીકળી, ત્યારે એક સ્ત્રીને તેના પતિએ બળાત્કારથી રોકી રાખી. તે પતિથી રોકાયલી સ્ત્રી દેહ માત્રે ત્યાં રહી અને તેના પ્રાણ શ્રીકૃષ્ણને આલિંગન દેવાને જતા રહ્યા. ૩૪ બ્રાહ્મણની સ્ત્રીઓ જે ચાર પ્રકારનાં અન્ન લાવી હતી તે અન્નથી ભગવાને પછી વૃંદાવનમાં ગોપ લોકને ભોજન કરાવ્યું અને પોતે પણ જમ્યા. ૩૫ લીલા કરવા માટે મનુષ્યનો દેહ ધારણ કરીને આવેલા શ્રીભગવાન ઉપર પ્રમાણે મનુષ્યના જેવી લીલાઓ કરતા ગોપ, ગોપી અને ગાયોને રમાડીને ગોકુળમાં નાના પ્રકારની ક્રીડાઓ કરતા હતા. ૩૬ આણી તરફ પોતે શ્રીકૃષ્ણ બળદેવને મ-

શુષ્ય ધારી અન્ન આપ્યું નહિ, તેથી બ્રાહ્મણોને પસ્તાવો થયો અને તેઓ પોત પોતાના મનમાં કહેવા લાગ્યા કે, મનુષ્યને અનુસરતા શ્રીભગવાનને આપણે ઓળખ્યા નહિ, માટે આપણા જન્મને, બ્રહ્મચર્યને, જ્ઞાનને અને કુળને ધિક્કાર છે. ૩૭-૩૯ ભગવાનની માયા અદ્‌ભુત અને યોગીઓને પણ મોહ ઉત્પન્ન કરનારી છે. બ્રાહ્મણો ઉપદેશક છતાં સ્વાર્થી અને ભ્રમવાળા છે. ૪૦ સ્ત્રીઓને જગતના ઇશ્વર ભગવાન ઉપર અનન્ય શ્રદ્ધા હોય છે. આપણી સ્ત્રીઓએ પોતાની તે ભાવના સ્પષ્ટ કરી બતાવી છે. આ સ્ત્રીઓને કોઇ પણ જાતના સંસ્કાર થયેલા ન હોવા છતાં તેમને જેવી ભક્તિ ઉત્પન્ન થઇ છે તેવી આપણને ભગવાન ઉપર ભક્તિ ઉત્પન્ન થઇ નથી. ૪૧-૪૩ સ્વાર્થમુઢ અને સંસારનાં કર્મો કરવામાં પ્રીતિવાળા આપણે પ્રમત્ત થઇ ગોવાળીઆઓએ ભગવાનને માટે અન્ન માગ્યું તેમ છતાં તેના ઉપર લક્ષજ આપ્યું નહિ, માટે આપણે પામર પ્રાણી જેવા ભગવાનને જાણવાને અશક્ત છીએ. લક્ષ્મી પોતાની ચંચળતા છોડી દઇ એક ચિત્તથી જેની સેવા કરે છે એવા અને મનુષ્યપણાને પામેલા ભગવાને પોતે આપણી પાસે અન્ન માગ્યું તેમ છતાં પણ આપણે કર્મકાંડમાં પ્રમત્ત થયેલાએ તેના ઉપર લક્ષ ન આપ્યું, એ મોટો પ્રમાદ થયો. ૪૪-૪૬ આખું જગત જેનામય છે એવા યોગેશ્વરોના ઇશ્વરે આ જગતમાં મનુષ્ય અવતાર લીધો છે એમ જાણવા છતાં પણ આપણે તેમની ઉપેક્ષા કરી, એ કંઇ ઓછું ખોટું કર્યું નથી. આપણે મુઢત્વને લીધે કંઇ જાણ્યું નહિ, અને આપણી સ્ત્રીઓએ શ્રીભગવાનને ઓળખ્યા. ૪૭-૪૮ ઇશ્વરને ઓળખનારી સ્ત્રીઓ જેના ઘરમાં છે તેના જન્મને ધન્ય છે. આ સ્ત્રીઓને લીધેજ આપણને પશ્ચાત્તાપ થઇ ભગવાનમાં નિશ્ચળ ભક્તિ ઉત્પન્ન થઇ. ૪૯ જેની માયાથી મોહ પામી આપણે કર્મના કુમારામાં ભુલા ભમ્યા ફરીએ છીએ તે શ્રીભગવાનને નમસ્કાર હો. ૫૦ આપણે માયાથી મોહ પામેલા અને ઇશ્વરના પ્રભાવને નહિ જાણનારા છીએ, પરંતુ એ આદિ પુરૂષ આપણા અપરાધો ક્ષમા કરશે; ઇશ્વરને સર્વે પ્રાણીઓ સમાન છે.૫૧ શ્રીકૃષ્ણ ભગવાનનું અપમાન કરનારા બ્રાહ્મણોને આ રીતે પશ્ચાત્તાપ થયો અને તેને લીધે તેઓને શ્રીકૃષ્ણ તથા બળદેવજીનાં દર્શન કરવાની ઇચ્છા ઉત્પન્ન થઇ, પરંતુ કંસના રાજ્યમાં રહેનારા તેઓ તેની બીકને લીધે દર્શને ગયા નહિ. ૫૨

इति स्वाघमनुस्मृत्य कृष्णे ते कृतहेलनाः ॥
दिदृक्षवोऽप्यच्युतयोः कंसाद्भीता नचाचलन् ॥५२॥

ઇતિ શ્રીમદ્ ભાગવતપુરાણના દશમસ્કંધ પુર્વાર્ધમાં વિપ્ર પત્નિઓનો ઉદ્ધાર કર્યો એ નામે ૨૩ મો અધ્યાય સંપુર્ણ.

અધ્યાય ૨૪ મો.

શ્રીકૃષ્ણે ગોવર્ધન પર્વતનો મહોત્સવ કરાવ્યો.

शुक उवाच—
भगवानपि तत्रैव बलदेवेन संयुतः ॥
अपश्यन्निवसन् गोपानिंद्रयागकृतोद्यमान् ॥१॥

શ્રીશુકદેવજી કહેછે—હે રાજન! ગોપલોકને ઇંદ્રનો યાગ કરતા જોઇને બળદેવજીની સાથે ભગવાને સર્વના આત્મા અને સર્વજ્ઞ હોવા છતાં એકવાર નંદ આદિ વડીલ ગોપ લોકને વિનય પુર્વક પુછ્યું કે-'હે તાત! આપ શાની ધામધુમ કરોછો? તમે કોઇ યાગની તૈયારી કરતા હો એમ મને લાગેછે. આપ મને જણાવશો કે યાગથી શું ફળ મળે છે? તમે જે યાગ કરવા ધારોછો તેનો કયો દેવતા છે? હે તાત! આપ મને આ વિષે સમજાવો. તમારા મનમાં યાગ સંબંધી મોટો મનોરથ હોય એમ લાગે છે. ૧-૩ સર્વ પ્રાણીઓમાં સમાન દૃષ્ટિ રાખનારા સાધુઓને કોઇ

બાબત ગુપ્ત હોતી નથી. તેમને મિત્ર, શત્રુ અને ઉદાસીન સર્વે સરખા હોય છે; એટલે આ મારો માણસ અને આ પારકો એમ તેઓ વિચાર રાખતા નથી. ભેદ દૃષ્ટિવાળાઓ, મિત્ર તથા શત્રુને સમાન ગણનારા ઉદાસીનને ત્યજી દે છે, પરંતુ મિત્રને પોતાના સહાયક તરીકે સાથે રાખે છે અને સાથે વિચાર કરે છે. દેખાદેખી નહિ પણ મિત્ર અને સ્નેહીઓની સાથે વિચાર કરીને કામ કરનારાઓ વિજય મેળવેછે. સમજીને કાર્ય કરનારાઓ વિજય મેળવે છે, અને વગર સમજે કામ કરનારા પાછા પડે છે. કાર્ય સાધવાની ઇચ્છા અને સિદ્ધિની ઈચ્છા એમ કાર્યની બે રીતો છે. એક જ્ઞાનપુર્વક વિચાર કરીને કાર્ય કરવાની અને બીજી લોક રીતને અનુસરી કાર્ય કરવાની. શાસ્ત્રની રીતે અને લોકની રીતે એમ બે રીતે કાર્ય ઉપસ્થિત થાય છે. હે તાત! આ બે રીતોમાંની કયી રીત પ્રમાણે આપ આ યાગ કરવાનો ઉદ્યમ કરો છો.?” ૪-૭

નંદજી કહેછે—હે પ્રિય પુત્ર! મેઘ ઇન્દ્ર રાજાની પ્રિય મુર્તિઓ રૂપ છે. અને મેઘ સઘળા આનંદ તથા જગતને જીવન આપનાર એવું જળ વરસાવે છે. ૮ ઇન્દ્ર મેઘના ઈશ્વર અને સ્વામિ છે, તેથી મેઘથી પાકેલા નવા અન્નથી અમે વર્ષોવર્ષે ઇન્દ્રનો યાગ કરીએ છીએ. ૯ નવાં પાકેલાં અનાજથી ઇન્દ્રયાગ કર્યા પછી જે શેષ રહે છે તેથી સઘળું જગત પોતાની જીવનવૃત્તિ ચલાવે છે. પુરૂષાર્થનું અર્થાત્ મહેનતનું ફળ આપનાર મેઘરાજા છે. પુરૂષાર્થ એટલે ખેડ વગેરે કરવાથીજ માત્ર અન્ન થતું નથી, મેઘ પોતાના જળથી ખેડુતની મહેનત સફળ કરે છે. ૧૦ શરદઋતુમાં જ્યારે નવું ધાન્ય ઉત્પન્ન થાય ત્યારે ઇન્દ્રદેવને નિમિત્તે યાગ કરવાનો પરંપરાગતનો ચાલ પડેલો છે. અને જે માણસ ભયથી, લોભથી અથવા દ્વેષથી યાગ કરતો નથી તેનું કલ્યાણ થતું નથી. ૧૧

શુકદેવજી કહેછે—નંદરાય તથા ગોપ લોકનાં આવાં વચન સાંભળી ઇંદ્રને કોપ ઉત્પન્ન કરાવી તેનો ગર્વ ઉતારવાના ઉદ્દેશથી શ્રીકૃષ્ણ ભગવાને પોતાના પિતા નંદરાયજી તથા બીજા ગોપ લોકને બોલાવીને કહ્યું કે- ૧૨ “હે બંધુઓ! આ જગતમાં જીવ જન્મે છે. મરે છે, ભોગ ભોગવે છે, સુખ પામે છે અને દુઃખનો ભોગી થાય છે. તે બીજા કશાથી નહિ, પણ પોતાના કર્મને લીધેછે. ૧૩ કર્મજ બધાનું પ્રેરક છે. દેવતાઓ કર્મના અથવા સુખ દુઃખાદિના પ્રેરક નથી. કર્મ સારા ખોટા ફળને આપનાર છે, દેવતાઓ નહિ. તમે કર્મને ધર્મ રૂપ માનો, દેવતાઓ કોઇપણ કાર્યના કર્તા નથી. વિવાદને માટે ફળની પ્રાપ્તીઓ છે એમ ક્ષણભર માનીએ, તોપણ તે સિદ્ધાંતથી તમારૂં કર્મ સિદ્ધ થવાનું નથી; કારણ કે કર્મ પ્રમાણે ઇશ્વર અથવા દેવતા ફળ આપે છે એમ માનીએ તો દેવતાઓ ગૌણ થઇ જાય છે, અને કર્મ કર્યું હોય તેવું તેઓ ફળ આપી શકે છે, કર્મ ન કર્યું હોય તો તેઓ કંઇ આપી શકતા નથી. સુખ દુઃખ આદિ લઇને ફળ કર્મ ઉપર આધાર રાખે છે અને ઇશ્વર-દેવતા કર્માનુસાર ફળ આપે છે એમ સિદ્ધ થતાં ઈશ્વરનું પ્રયોજન રહેતું નથી. આ જગતમાં પ્રાણી પોતપોતાના કર્મ પ્રમાણે ફળ ભોગવેછે ત્યારે ઇન્દ્ર તમને શું આપવાનો છે? ઇન્દ્ર પ્રાણીને દુઃખ સુખ આપી શકતો નથી, માત્ર કર્મજ તેનું કારણ છે. પુર્વજન્મના કર્મને આધીન આ લોક માત્ર તે કર્મનાં ફળ ભોગવે છે. આખું જગત એટલે દેવ દાનવ અને મનુષ્ય કર્માનુસાર ગતિ પામે છે માટે ઇશ્વરની જરૂર નથી. જો પુજવાની પણ અગત્ય હોય તો કર્મની પુજા કરો કે જે સુખ દુઃખાદિનું પ્રેરક છે. ૧૪-૧૬ કર્મથીજ જીવ ઉત્તમ નીચ દેહને પામે છે તથા છોડે છે. કર્મ ગુરૂ, ઇશ્વર, મિત્ર, શત્રુ અને ઉદાસીન છે માટે કર્મને આધારે રહેલા જીવોએ તેને પુજવું જો

ઉત્તમ છે. આહુતિયો આપવી અને દેવતાનાં નામ દેવાં વગેરે કર્મ છે, માટે દેવતાઓ પણ કર્મને વશ છે. કર્મ દેવતાનાં મુખ છે, માટે ઇશ્વરને નહિ, પરંતુ કર્મને પ્રધાન માની તેની પુજા કરવી. માણસની જેના વડે આ જીવિકા ચાલે છે તેજ તેનું દૈવત ગણાય છે. ૧૭-૧૮ એક જણનું ખાવું અને બીજાનું પુજન કરવું એ વ્યભિચારી ભાવ છે, તે મનુષ્યને સુખદાતા નથી. પોતાના સ્વામિનું ખાનારી વ્યભિચારી સ્ત્રી પરપુરૂષની પુજા સેવનથી જેમ શ્રેયને પામતી નથી, તેમ પોતાના અન્નદાતાને મુકીને બીજાને સેવનારનું કલ્યાણ થતું નથી. ૧૯ ચારે વર્ણવાળાઓએ પોત પોતાના ધર્મથી વર્તવું એ સુખદાયક છે. બ્રાહ્મણે વેદ ભણી પોતાનું પોષણ કરવું, ક્ષત્રિયે પૃથ્વીનું રક્ષણ કરી પોતાની આજીવિકા ચલાવવી, વૈશ્યે વ્યાપાર કરવો અને શુદ્રે ચાકરી કરીને ગુજરાન કરવું. આ ધર્મ પ્રમાણે જો આપણે વિચાર કરીએ તો આપણી આજીવિકા ચલાવનારી ગાયો છે, માટે તેમને પુજવી. ૨૧ એમ ન ધારવું કે ગાયોની આજીવિકાનો ચલાવનાર ઇન્દ્ર છે; કારણ કે જગતમાં સ્થિતિ, ઉત્પત્તિ અને નાશ થાય છે તે ત્રણ ગુણને લીધે થાય છે. રજો ગુણવાળાં સ્ત્રી પુરૂષના સંગમાંથી અનેક રંગવાળું આ જગત ઉત્પન્ન થાય છે, તેમ રજો ગુણવાળાં વાદળાં આ પૃથ્વી ઉપર પાણી વરસાવેછે. જો ઇન્દ્ર વરસાદ વરસાવતો હોય તો શું તે ઘેલો છે કે, સમુદ્ર, પર્વત અને ખારીજમીન ઉપર વરસાદનાં પાણી વરસાવે? જ્ઞાનીને હાથે એવું અયોગ્ય કર્મ થાય નહિ, માટે વરસાદ વરસાવનારો ઇન્દ્ર નથી. જગતનું જીવન મેઘ ઉપર આધાર રાખે છે, પરંતુ તેને પ્રવર્તાવનાર ઇન્દ્ર નથી. ૨૩ આપણી પાસે દેશ, નગર કિંવા ગામ નથી એટલે આપણે યોગક્ષેમની શી અગત્ય છે? આપણે આહીર છીએ અને વનમાં વસનારા હોવાથી વનચર જેવા છીએ, એટલે આપણે વનમાં અને પર્વતોમાં રહીએ છીએ. ૨૪ ગાયો આપણી આજીવિકા છે. આ ઉપરથી તમારા સમજવામાં આવ્યું હશે કે આપણે જો યાગ યા પુજન કરવું હોય અથવા યોગક્ષેમની અવશ્ય હોય તો તે ઇન્દ્રની નહિ પણ વન, પર્વત અને ગાયોની છે. જો યાગ કરવાનીજ તમારી ઇચ્છા હોય તો ભલે ગાયો, બ્રાહ્મણો અને પર્વતોનો યાગ શરૂ કરો. ઇન્દ્રના યજ્ઞ કરવાને માટે જે સાહિત્ય લાવ્યા છો તેનો એ યાગમાં ઉપયોગ કરો. ૨૫ દુધપાકથી માંડીને દાળ પર્યંત અને દુધમાંથી થતી બીજી મિઠાઇ વગેરે સર્વે જાતનાં પકવાન્ન પકાવો. ૨૬ અને બ્રાહ્મણોને બોલાવી અગ્નિમાં તેની આહુતિયો અપાવો. બ્રાહ્મણોને× અન્ન, ગાયો અને દક્ષિણા આપીને મિષ્ટાન્ન જમાડો. ૨૭ કુતરાં, ગરીબ અને અશક્ત માણસોને જમાડો ગાયોને તૃપ્ત કરો અને પર્વત વગેરેને નૈવેદ્ય ધરો. સારા વસ્ત્રાલંકાર ધારણ કરી મહોત્સવ કરવો અને તેમાં પર્વત, વન અને ગાયોનાં પુજન કરવાં. ૨૮-૨૯ હે ગોપબંધુઓ! જો તમે મારો મત માનતા હો તો આ પ્રમાણે કરવું એ મને યોગ્ય લાગે છે. ઇન્દ્ર દેવનો યજ્ઞ કરવાનું પ્રયોજન નથી.” ૩૦ ભગવાનનાં આ યુક્તિ ભરેલાં વચન સાંભળી નંદ વગેરે ગોવાળો તે પ્રમાણે કરવાને કબુલ થયા. ૩૧ તેમણે પછી વેદ જાણનારા બ્રાહ્મણોને બોલાવી સ્વસ્તિ વાચન કરાવ્યાં, અને સઘળા ગોપલોકે મોટા આનંદથી એકઠા થઇ પર્વત તથા બ્રાહ્મણોને બલિદાન આપ્યાં. અને ગાયોને ઘાસ ખવરાવી તથા પુજન કરી ગાડાંમાં બેસીને ગોવર્ધનની પ્રદક્ષિણા કરી. નાના પ્રકારનાં વસ્ત્ર ધારણ કરી બ્રાહ્મણો પદેપદે તેમને આશીર્વાદ દેવા લાગ્યા. ૩૨-૩૪ ભગવાને ગોવર્ધનમાં પેશી મોટું રૂપ ધારણ કરી જે

× આ અધ્યાયમાં શ્રી કૃષ્ણે યજ્ઞ યાગાદિનું ખંડન કર્યું છે, એ ખંડન માત્ર ઇન્દ્રનો દર્પ તોડવાને માટે હતું કંઇ કૃષ્ણનો અભિપ્રાય તેવો નહોતો.

બલિદાન મુકવામાં આવ્યું તે ખાવા માંડયું. રૂપ છતાં બીજા રૂપથી ગોપ લોકમાં ઉભા રહી પ્રાકૃત મનુષ્યની પેઠે તે એમ બોલવા લાગ્યા કે જુઓ ભાઇ ગોવર્ધન પર્વતે આપણું બલિદાન સ્વીકારી આપણા ઉપર મોટો અનુગ્રહ કર્યો. પર્વત પોતાનો તિરસ્કાર કરનારને જુદા રૂપે નાશ કરે છે, માટે ગાયો તથા આપણા કલ્યાણને માટે તેમને નમસ્કાર કરવા જોઇએ. ભગવાન પ્રથમ પર્વતને પગે લાગ્યા એટલે પોતે પોતાના રૂપને નમ્યા. ૩૦-૩૭ પછી પર્વત, ગાયો અને બ્રાહ્મણોના યાગને ભગવાનની આજ્ઞા પ્રમાણે સંપુર્ણ કરી ગોપલોક મોટા આનંદથી વ્રજમાં ગયા. ૩૮

इत्यद्रिगोद्विजमखं वासुदेव प्रणोदिताः ॥
यथा विधाय ते गोपाः सहकृष्णाव्रजंययुः॥३८॥

ઇતિશ્રી ભાગવત પુરાણના દશમ સ્કંધ પૂર્વાર્ધમાં ગોવર્ધન મહોત્સવ નામે ૨૪ મો અધ્યાય સંપુર્ણ.

અધ્યાય ૨૫ મો.

શ્રીકૃષ્ણે ગોવર્ધન ઉપાડીને ગોકુળની રક્ષા કરી.

शुक उवाच.

इंद्रस्तदात्मनः पूजां विज्ञाय विहतां नृप ॥
गोपेभ्यः कृष्णनाथेभ्यो नंदादिभ्यश्चुकोप सः १

શ્રીશુકદેવજી કહેછે—હે રાજા! પોતાની પુજા બંધ પાડવાથી કૃષ્ણ જેમના નાથ છે એવા ગોવાળ અને નંદ વગેરે ઉપર ઇન્દ્ર કોપી ઉઠયો. ૧ મોટા મેઘ કુળમાંના સાંવર્તક નામના મેઘોને તેણે વ્રજ ઉપર વરસાદ વરસાવવાની આજ્ઞા આપી, અને કોપ પામેલા ઇન્દ્રે પોતાને ઇશ્વર રૂપ માનતાં એવું અભિમાન યુક્ત વચન કહ્યું કે "જેને મૃત્યુનો ભય આવનાર છે એવા કૃષ્ણના કહેવાથી વનમાં રહેનારા વનેચર જેવા ગોપલોકોએ મારૂં અપમાન કર્યું, એ તેમનો લક્ષ્મીનો મદ શું ઓછો કહેવાય? ૨-૩ બહુ બોલા, બાળક, અને પોતાને પંડિત ગણાવનાર કૃષ્ણની સલાહથી બ્રહ્મવિદ્યા મુકીને અદૃઢ અને કર્મથી થતા યજ્ઞોથી જેમ સંસાર તરવાનો યત્ન કરે તેમ ગોવાળીઆ લોકે અને મુકી પર્વત તથા ગાયોને પુજી મારૂં અપ્રિય કર્યું છે. ૪-૫ લક્ષ્મીથી મત્ત થયેલા અને કૃષ્ણથી ઉશ્કેરાયલા ગોપ લોકના ધન મદ ઉતારવાને માટે તમે શીઘ્ર વ્રજ ઉપર જાઓ, અને ભારે વરસાદથી તેમની પશુ સમૃદ્ધિનો નાશ કરો. ૬ દેવોની મોટી સેના લઇ ઐરાવત ઉપર બેસીને હું પણ વ્રજનો નાશ કરવાને તમારી પાછળ આવું છું. આ પ્રમાણે આજ્ઞા આપી ઇન્દ્રે પ્રલય આવે ત્યાં સુધી બાંધી રાખેલા મેઘોને મુક્ત કર્યા, અને તેઓ મોટા આવેશથી અને ભારે બળથી બંધનમુક્ત થઇ વ્રજ ઉપર ચઢી ગયા. ૮ નંદરાયના ગોકુળની ઉપર કાળ અંધાર પ્રલય કાળના મેઘો આવીને ઘેરાયા અને આંખનું તેજ હરી જાય તેવી પ્રાણીને ચમકાવનારી વિજળીઓના ચમકારા, અને વજ્ર જેવા કડાકા ભડાકા કરવા લાગ્યા. આ રીતે મેઘ મંડળ આકાશમાં છવાઇ રહેતાંની સાથેજ શુરા પવનની સાથે મોટા કરાથી વરસાદ વરસવા લાગ્યો. ૯ ઉપરા ઉપરી ચઢી આવતાં વાદળોએ મુશળધાર એક સરખી વૃષ્ટિ કરવા માંડી અને જળના અત્યંત ઓઘમાં પૃથ્વી પણ દેખાતી બંધ થઇ ગઇ. ૧૦ જ્યારે સતત આવો એક ધારો મુશળધાર વરસાદ વરસવા લાગ્યો ત્યારે પાણીના પુરથી, વરસાદથી, પવનથી અને જળાઘાતથી પીડાયલાં ગોપ, ગોપીઓ અને ગાયો પવનના સપાટાની ટાઢથી ધ્રુજતાં ધ્રુજતાં શ્રીકૃષ્ણ પરમાત્માને શરણે ગયાં. ૧૧ નાનાં બાળકને પોતાનાં મસ્તક નીચાં નમાવી ગરદનથી ઢાંકી ધ્રુજતા લોક શ્રીકૃષ્ણ પાસે આવી તેમને કહેવા લાગ્યા કે, ૧૨ "હે કૃષ્ણ! હે પરમાત્મા, હે ભક્તવત્સળ પ્રભુ! ઇન્દ્રના કોપથી તમારે અમારૂં રક્ષણ કરવું જોઇએ" ૧૩

આકાશમાંથી પથ્થરનો વરસાદ વરસતો હોય એવાં બરફનાં ચોસલાં વરસાવતા ભારે વરસાદથી ગોકુળને આકુળ વ્યાકુળ થયેલું જોઈ શ્રીકૃષ્ણ પરમાત્માએ જાણ્યું કે આવો કોપ કરનાર કોપાવેલો ઇન્દ્રજ હશે. ૧૪ શ્રીકૃષ્ણે મનમાં વિચાર કર્યો કે, યજ્ઞબંધ પડાવવાથી કોપેલો ઇન્દ્ર મારી સાથે વ્રજનો નાશ કરવાને આ ઉદ્યમ લઇ બેઠો, અને કદહાડે પવનની સાથે મોટા કરાનો વરસાદ વરસાવવા લાગ્યો એ એનું લોકપાળપણાનું અભિમાન અને ધનમદનો અહંકાર દુર કર્યા વગર સમજશે નહિ. ૧૫-૧૬ બળવાન છતાં સત્વગુણવાળા દેવલોકને પોતાના ઐશ્વર્યનું અભિમાન થવું જોઇએ નહિ. અપમાનથી તેમનો ગર્વ ઉતાર્યા વગર તેમને જ્ઞાન થશે નહિ, માટે મારે અવશ્ય તેમનું અભિમાન ઉતારવું જોઇએ. દુષ્ટ લોકોને માનભંગથી જ્ઞાન થાય છે તેમ દેવતાઓને પણ પ્રથમ માનભંગ કરી પછી તેમના ઉપર અનુગ્રહ કરવો. ૧૭ ગોકુળનો હું સ્વામી છું, ગોકુળ મારે શરણે છે અને ગોકુળના લોક વગેરેને મેં ગ્રહણ કરેલા છે, માટે મારેજ તેમનું યોગબળથી રક્ષણ કરવું જોઇએ. તેઓ મારે શરણે આવ્યા છે એટલે શરણાગત તરીકે પણ મારે અવશ્ય તેમની રક્ષા કરવી ઘટે છે. ૧૮ આ પ્રમાણે વિચાર કર્યો પછી શ્રીભગવાને એક નાનું બાળક જેમ બિલાડીનો ટોપ ખેંચી લઈ ઉંચો કરે તેમ લીલા માત્રમાં ગોવર્ધન પર્વતને પોતાના એક હાથે ઉંચકી લીધો. ૧૯ ગોવર્દ્ધન ઉપાડવાથી પડેલો ખાડો દેખાડી શ્રી કૃષ્ણચંદ્રે તેમને કહ્યું કે-હે માતા! હે તાત! હે ગોપ અને ગોપિકાઓ! ગાયો તથા બીજા વસ્તાર સાથે સુખથી તમે આ ખાડામાં દાખલ થાઓ. ૨૦ અને મેં જે આ પર્વત તમારા ઉપર ધરી રાખ્યો છે તે પડવાનો લગાર પણ ભય રાખશો નહિ. હવે તમે પવન અને વરસાદના ભયથી મુક્ત છો એમ માનજો. આ ખાડામાં તમારૂં ભલી રીતે રક્ષણ થશે અને કોઈ જાતની વિટંબણા તમારા ઉપર પડશે નહિ. ૨૧ શ્રીકૃષ્ણ ભગવાનની આજ્ઞા થયા પછી ગાડાં, ગાયો અને પરિવારને લઇ સઘળાં ગોપ કુટુંબો તે ખાડામાં ઉતરી પડયાં. ૨૨ ભુખ તરસની પીડા રહિત અને સુખની અપેક્ષા વગરના તે અધોરાઆ લોક ખાડામાં પેસવા છતાં તે પડશે તો નહિ? એવી શંકાથી પર્વતની સામું જોઇ રહ્યા, અને ભગવાને તેમને આશ્વાસન આપતાં લાગ લાગટ સાત દિવસ સુધી તે પર્વતને ઉંચો ધરી રાખ્યો. એક પગલું પણ તેઓ આઘા પાછા થયા નહિ. ૨૩ સાત દિવસ સુધી મુશળધાર વરસાદ વરસ્યો તેમ છતાં ગોકુળના રહેવાશીઓને કંઇ હરકત થઈ નહિ, ત્યારે શ્રીકૃષ્ણના યોગબળથી આશ્ચર્ય પામી, ગર્વ તજી દઇ પોતાના નિશ્ચયમાં નિરાશ થયેલા ઇંદ્રે પ્રલયકાળના મેઘોને જળ વરસાવતા અટકાવ્યા. ૨૪ પછી જ્યારે આકાશમાંથી વાદળાં વિખરાઈ ગયાં, સુર્યનો તડકો પડવા માંડયો, તોફાની પવન અને વરસાદ શાંત પડયા, ત્યારે ગોવર્ધનને ધરી રહેલા ગિરિવરધારી શ્રીકૃષ્ણ પરમાત્માએ ગોકુળ નિવાસીઓને કહ્યું કે, ૨૫ હે ગોપ બંધુઓ! તમે ભય તજીને ગાયો, સ્ત્રીઓ અને બાળકોને લઇને ધીમે ધીમે બહાર નીકળો. વરસાદ ઉઘડી ગયો છે, આકાશ ખુલ્લું થઇ ગયું છે અને તોફાની પવન બંધ પડી ગયો છે. નદી નાળાંનાં અને ગામના પાદરનાં પાણી અને પુર ઉતરી ગયાં છે ૨૬ ભગવાનની આજ્ઞા થઇ એટલે ગોપ લોક પોત પોતાનો સામાન, રાચરચીલું અને ગાયો, સ્ત્રીઓ તથા બાળકોને લઇને ધીમે ધીમે ગુફાની બહાર નીકળ્યાં. ૨૭ જ્યારે પ્રાણી માત્ર ગુફામાંથી બહાર નીકળી રહ્યાં ત્યારે યોગેશ્વર શ્રીકૃષ્ણ ભગવાને જેમ લીલા માત્રમાં મોટા ગોવર્ધનને ઉપાડયો હતો તેમ લીલાથી તેને પાછો ગોઠવી દીધો. ૨૮ પોતાનો બચાવ કરવાથી પ્રસન્ન થયેલા વ્રજ-

વાસીઓએ આનંદથી પ્રભુને આલિંગન આપ્યાં અને ગોપિકાઓએ મોટા હર્ષાવેશમાં આવી દહીં, અક્ષત અને જળવડે ભગવાનની પુજા કરી તેમને આશીર્વાદ દીધા. ૨૯ યશોદા, રોહિણી, નંદ અને બળવાળાઓમાં મોટા બળવાન એવા બળભદ્રજીએ પણ તેમને આલિંગન આપી આશીષ દીધી. ૩૦ હે રાજન ! પ્રસન્ન થયેલા દેવગણ, સિદ્ધ, ચારણ, અને ગંધર્વ લોકે આકાશમાંથી તેમની સ્તુતિ ગાઇને પુષ્પવૃષ્ટિ કરી. ૩૧ વળી દેવ લોકના આજ્ઞાથી સ્વર્ગમાં પણ શંખ અને દુંદુભિ વાગવા માંડયાં અને તુંબરૂ વગેરે ગવૈયાઓ શ્રીકૃષ્ણના યશ ગાવા લાગ્યા. ૩૨ હે રાજન ! પછી પ્રીતિવાળા સ્વજનો સહિત બળભદ્રજી અને ગોપ લોકને લઇ શ્રીકૃષ્ણચંદ્ર વ્રજમાં પધાર્યા, અને જેમનાં હૃદયમાં શ્રી કૃષ્ણ ભગવાન રમી રહ્યા હતા, એવી ગોપિકાઓ પણ તેમની સ્તુતિ કરતી કરતી વ્રજમાં ગઇ. ૩૩

तत्रे ऽनुरक्तैः पशुपैः परिश्रितो
राजन्स्वगोष्ठं सबलोऽव्रजद्धरिः ॥
तथाविधान्यस्य कृतानि गोपिका
गायंत्यईयुर्मुदिता हृदिस्पृशः ॥ ३३ ॥

ઇતિશ્રી ભાગવત પુરાણના દશમ સ્કંધ પૂર્વાર્ધમાં શ્રી કૃષ્ણે ગોવરધન ધર્યો એ નામે ૨૫ મો અધ્યાય સંપુર્ણ.

અધ્યાય ૨૬ મો.

શ્રીકૃષ્ણ ભગવાને કરેલાં અદ્‌ભુત કર્મ.

શુક उवाच—

एवंविधानिकर्माणि गोपाः कृष्णस्यवीक्ष्यते ।
अतद्वीर्यविदः प्रोचुः समभ्येत्य सुविस्मिताः ।१

શ્રીશુકદેવજી કહેછે—શ્રીકૃષ્ણ ભગવાનનાં પરમ અદ્‌ભુત કર્મ જોઇને વિસ્મય પામેલા ગોપ લોક તેમની શક્તિના અજ્ઞાનથી કહેવા લાગ્યા કે, ૧ "આપણા જેવા ગામડીઆ લોકમાં આ બાળકનો સંભવ ઘટતો નથી, કારણ કે તેનાં કર્મ ઘણાંજ અદ્‌ભુત અને વિસ્મય ઉત્પન્ન કરે તેવાં છે. એ પુરૂષનો આપણા સમુદાયમાં કેમ જન્મ થયો હશે ? ૨ મદોન્મત્ત હાથી જેમ કમળને ખેંચી લે તેમ આ સાત વર્ષની વયના બાળકે મોટો ગોવર્ધન પર્વત લીલા માત્રમાં એક હાથે ધરી રાખ્યો એ કંઇ ઓછું આશ્ચર્યકારક નથી. ૩ કાળ જેમ યૌવનને હરી લે છે તેમ પુતનાના સ્તન પાનની સાથે આ બાળકે તેના પ્રાણ ખેંચી લીધા. ૪ ત્રણ માસની નાની ઉમ્મરમાં ગાડાની હેઠે બાંધેલી ઝોળીમાંથી લાત મારી એક મોટા ગાડાને તેણે ઉથલાવી નાંખ્યું. ૫. આ બાળક એક વરસનો હતો, તે સમયે તૃણાવર્ત દૈત્ય તેને આકાશમાં લઇ ગયો હતો ત્યારે તેનું ગળું દબાવી મારી નાંખ્યો હતો. ૬ ગોળી ફોડી માખણ ખાઇ જતાં માતા યશોમતિના વાંકમાં આવેલા આ બાળકને જ્યારે ઉખળની સાથે દામણા વડે બાંધવામાં આવ્યો ત્યારે તેણે ઉખળ સહિત બે વૃક્ષોની વચ્ચે પેશી બે મોટાં વૃક્ષને જડ મુળથી ઉખાડી પાડયાં હતાં. ૭ બળભદ્રજી અને ગોપ લોકનાં છોકરાંની સાથે વાછડાં ચારતાં જ્યારે બકાસુર નામનો દૈત્ય આવ્યો ત્યારે આ બાળકે તેની બે ચાંચ પકડીને જેમ પાનને ચીરી નાંખે તેમ ચીરી નાંખ્યો હતો. ૮ એકવાર વાછડાનું રૂપ લઇ વાછડાના ટોળામાં પેશી જઇ છળ કરવા આવેલા દૈત્યનો પ્રાણ લીધો હતો. વળી ધેનુકાસુર નામના અસુરને તથા તેના મિત્રોને લીલા માત્રમાં મારી નાંખી તેમનાં શબ તાડનાં ઝાડમાં અફાળી પોતાના ગોપ મિત્રોને તાડનાં ફળ ખાવાંની ઇચ્છા થયેલી તે આ બાળકે પુરી કરી હતી. ૯-૧૦ બળભદ્રની પાસે પ્રલંબાસુર નામના અસુરને મરાવીને ગોપ બાળકો તથા ગાયોની તેણે દાવાનળથી રક્ષા કરી હતી. ૧૧ યમુનાજીના ધ્રોમાં પડી મોટા ઝેરવાળા કાલિયનાગને નાથી તેનું ઝેર રૂપી

બળથી ઉત્પન્ન થયેલું ઐશ્વર્ય હરી લઇ તેને સમુદ્રમાં કાઢયો તથા યમુનાજીનું જળ નિર્વિષ કર્યું હતું. એ એનું પરાક્રમ કેમ સ્તુતિપાત્ર ન કહેવાય? ૧૨ હે નંદરાયજી! તમારા પુત્રનો પ્રેમ આ ગોકુળવાસીઓ ભુલે તેવો નથી, તેમ એની અમારા ઉપરની મમતા પણ છોડી શકાય તેવી નથી. અમારા ઉપર ઉપકાર થવાથી અમને, અને સહવાસથી તથા ભક્તિથી તેમને, એમ અમારી તથા તેમની પ્રીતિ ન મુકી શકાય તેવી દ્રઢછે. ૧૩ હે રાજન! હે નંદરાય! તમારો આ સાત વર્ષનો બાળક કયાં અને મોટો ગોવરધન પર્વત કયાં? ખરેખર તેનાં કર્મ અત્યંત અદ્‌ભુત અને વિસ્મય પમાડે તેવાં છે. ઉપર કહ્યાં તેવાં તેનાં અપ્રતિહત પરાક્રમો જોઇને અમને તો એમ લાગે છે કે મનુષ્યરૂપ ધારણ કરી આવેલો આ તમારો પુત્ર મનુષ્ય નહિ પણ પ્રાણી માત્રના આત્મારૂપ છે” ૧૪

નંદજી કહેછે—હે ગોપબંધુઓ! આ બાળકને માટે યાદવોના કુળગુરૂ ગર્ગાચાર્યે અને શું કહ્યું હતું તે સાંભળો, એટલે તમારા મનની શકા દુર થાય. ૧૫ જયારે ગર્ગાચાર્ય આવ્યા અને મેં તેમને આ બાળકના ગ્રહ જોવાનું કહ્યું, ત્યારે તેમણે મને જણાવ્યું કે, “પ્રત્યેક યુગમાં જન્મ લેનાર આ બાળકના ત્રણ વર્ણ છે. ગોરો, રાતો અને પડિવર્ણો, હાલ તે ગોકુળમાં નીલવર્ણ ધરીને જન્મ પામેલો છે. ૧૬ પુર્વના યુગમાં તે વસુદેવનો પુત્ર હોવાથી હાલ પણ તેને કેટલાક વસુદેવનો પુત્ર એટલે વાસુદેવ કહે છે. ૧૭ ગુણ અને કર્મ પ્રમાણે આ બાળકનાં નામ અપાર છે, એ નામ અને રૂપને મારા શિવાય બીજા લોકો જાણતા નથી. ૧૮ ગોકુળ, ગાયો અને ગોપ લોકને પ્રસન્ન કરનાર તે ગોકુળના વતનીઓનું કલ્યાણ કરશે, અને જુદી જુદી જાતનાં અદ્‌ભુત પરાક્રમો કરી તમારાં કષ્ટ કાપશે. ૧૯ હે રાજન! જયારે પુર્વે જગતમાં કોઇ રાજા ન હોવાથી ચોર લોક વધી પડયા અને તેઓએ જગતને પીડા કરવા માંડી ત્યારે આ તમારા પુત્રે સત્પુરૂષોની રક્ષા કરી વૃદ્ધિ કરી હતી. ૨૦ રાક્ષસો જેમ વિષ્ણુના પક્ષનો પરાજય કરી શકતા નથી તેમ આ તમારા નાના બાળકનો આશ્રય કરનારને તેના શત્રુઓ હરાવી શકતા નથી. ૨૧ હે નંદરાય! ગુણ, લક્ષ્મી અને યશથી આ તમારો પુત્ર વિષ્ણુના જેવો છે.” હે ગોપબંધુઓ! ગર્ગાચાર્યે આવી ભવિષ્ય વાણી ભાખી હતી ત્યારે તેનામાં તમે કહ્યાં તેવાં પરાક્રમો પ્રતીત થાય તેમાં શું વિસ્મય પામવા જેવું છે? ગર્ગાચાર્યના ગયા પછી તેનાં અદ્‌ભુત કર્મો જોઇ હું તેને વિષ્ણુનો અંશ માનુંછું. ૨૩ શ્રીકૃષ્ણચંદ્ર એક પછી એક એમ પરાક્રમો કરતા હતા તેથી ગોપલોક આશ્ચર્યમાં ગરકાવ થઇ ગયા હતા. શ્રી ભગવાનનો જન્મ પ્રાણીઓના ઉદ્ધાર માટેજ થયો છે.

શ્રીશુકદેવજી કહેછે—ઉપર પ્રમાણેનાં ગર્ગાચાર્યે કહેલાં વચન નંદજીના મુખથી સાંભળી શ્રી કૃષ્ણનાં પરાક્રમને જોનારા અને સાંભળનારા ગોવાળીઆ અત્યંત વિસ્મયમાં પડી નંદ તથા શ્રીકૃષ્ણનો સત્કાર કરવા લાગ્યા. ૨૪ યજ્ઞનો ભંગ કરવાથી કોપેલા ઇંદ્રે ક્રોધ કરી ગોકુળ ઉપર વરસાદ, પવન અને કરા વરસાવવા માંડયા ત્યારે ગોકુળને બચાવવાને શ્રી કૃષ્ણ ભગવાને એક બાળક જેમ બિલાડીના ટોપને ઉપાડે તેમ ગોવર્ધન પર્વતને ઉપાડીને ગાયોની, વાછડાંની અને ગોપ લોકની રક્ષા કરી. ઇન્દ્રના કોપથી ગોકુળનું રક્ષણ કરનારા ગાયોના ઇશ્વર શ્રીકૃષ્ણ પરમાત્મા અમારા ઉપર પ્રસન્ન થાઓ. ૨૫

उत्पाट्यैक करेण शैलमबलो लीलोच्छिलीन्ध्रं यथा
बिभ्रद्गोष्ठमपान्महेन्द्रमदभित्प्रीयान्न इन्द्रो गवाम् ॥

ઇતિ શ્રીમદ્ ભાગવત પુરાણ દશમસ્કંધ પૂર્વાર્ધમાં ૨૬ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૨૭ મો.

કામધેનુએ તથા ઈંદ્રે શ્રીકૃષ્ણના ઉપર કરેલો મહાભિષેક.

शुक उवाच.

गोवर्धने धृतेशैले आसाराद्रक्षिते व्रजे ॥
गोलोकादाव्रजत्कृष्णं सुरभिः शक्र एवच॥१॥

શ્રીશુકદેવજી કહેછે—જ્યારે ગોવર્ધન પર્વત ઉપાડી વરસાદથી વ્રજની રક્ષા કરવામાં આવી ત્યારે ઇંદ્ર અને કામધેનુ ગોલોકમાંથી કૃષ્ણની પાસે આવ્યાં. અપરાધને લીધે શરમાતા ઇન્દ્રે એકાંત સ્થાનમાં જઇ સૂર્ય જેવો પોતાનો તેજસ્વી મુકુટ તેમના પગમાં મુકયો. ૧-૨ અને તેમનો પ્રભાવ જોઇ ત્રણે લોકના સ્વામિત્વનું અભિમાન છોડી દીધું, એટલુંજ નહિ, પરંતુ મહા તેજસ્વી ભગવાનની બે હાથ જોડીને સ્તુતિ કરવા લાગ્યો. ૩

ઈન્દ્ર સ્તુતિ કરે છે— હે પ્રભુ! તમારૂં સ્વરૂપ તમોગુણ તથા રજોગુણ રહિત, શાંત, શુદ્ધ, સત્વમય અને સર્વજ્ઞ છે. અજ્ઞાનથી બંધાયલો આ માયામય સંસાર તમને બાધક નથી; ૪ તો પછી સંસારમાંથી ઉત્પન્ન થનારાં કામ, ક્રોધ, લોભાદિક તો તમારામાં કયાંથી હોય? તમે માયાથી રહિત છો, તથા ખળ પુરૂષોને દંડ દેવા તથા સાધુ પુરૂષોના રક્ષણને માટે આ જગતમાં અંશાવતારે જન્મ લ્યો છો. અજ્ઞાની માણસો તમારા પરમ સ્વરૂપને જાણતા નથી, તમે આ જગતના પિતા, ગુરૂ, ઇશ્વર અને કાળરૂપ છો. મારા જેવા અજ્ઞાનથી જગતના ઇશ્વરત્વને માની લેનારાઓનાં માન ઉતારવાને માટે તમે જે દંડ કરો છો તે યોગ્ય છે અને તમારા અવતારો લોકોના કલ્યાણ અર્થેજ છે. ૬ સ્વામિત્વના અભિમાનવાળા મારા જેવા મૂઢ બુદ્ધિવાળાઓ તમારા દંડથી પોતાનું અભિમાન મુકી સન્માર્ગે વળે છે. તમારી લીલાઓ ભક્તજનોને આનંદજનક અને ખળ જનને દંડ દેવા રૂપ છે. ૭ હે પ્રભુ! તમારા પ્રભાવને નહિ જાણનારો, ઐશ્વર્યના મદથી અંધ થયેલો, અપરાધી અને મંદ બુદ્ધિવાળો હું આપના દંડને યોગ્ય છું, તથાપિ હવે આપે મારા તે અપરાધો ક્ષમા કરવા. હું આપના ચરણકમળમાં પડીને માગું છું કે હવે પછી મારી આવી બુદ્ધિ થશો નહિ. ૮ પૃથ્વીને ભારરૂપ ઘણા સેનાધિપતિઓવાળા દુષ્ટ અતિ માન રાજાઓના નાશને અર્થે અને ભક્તજનના ઉદ્ધારને માટે તમારો આ અવતાર છે. ૯ આપ સર્વના અંતર્યામી, સર્વના નિવાસ સ્થાનરૂપ, યાદવોના સ્વામી અને પરિચ્છેદ રહિત આપ જે સાક્ષાત્ પરમ દૈવત છો તેમને હું વારંવાર પ્રણામ કરૂં છું. ૧૦ ભક્તની ઈચ્છાનુરૂપ અવતાર લેનાર, માયાથી રહિત અને સર્વ માયારૂપ જ્ઞાનમૂર્તિ, વસ્તુ માત્રના ઉત્પત્તિ કારણરૂપ, અને જગતના આત્મારૂપ એવા આપ શ્રીકૃષ્ણના ચરણમાં હું પ્રણામ કરૂં છું. ૧૧ હે પ્રભુ! આપે જ્યારે મારા યજ્ઞનો નિષેધ કર્યો ત્યારે મને અભિમાનવાળાને મહાક્રોધ ઉત્પન્ન થયો અને વાયુ તથા મેઘને પ્રેરી ગોકુળના નાશ કરવાને આજ્ઞા આપી, ૧૨ છતાં હે પ્રભુ! આપે મારો મદ ઉતારવાને માટે મારા ક્રોધથી ઉત્પન્ન થયેલા મદનું દલન કરવાને ગોકુળનો સપરિવાર રક્ષા કરી, મારો ઉદ્યમ નિષ્ફળ કર્યો એજ હું મારા ઉપર અનુગ્રહ થયો એમ માનું છું. હે નાથ! હે ભક્તવત્સળ! હવે હું અપરાધી આપના ચરણ કમળને શરણે આવ્યો છું તેના ઉપર કૃપા દૃષ્ટિ કરી ક્ષમા કરો. ૧૩

શ્રીશુકદેવજી કહેછે—એ પ્રમાણે ઇંદ્રે સ્તુતિ કરી એટલે મેઘના જેવી ગંભીર વાણીથી કિંચિત હસીને શ્રીકૃષ્ણ ભગવાને તેને નીચે પ્રમાણે કહ્યું. ૧૪ "હે ઇંદ્ર! દેવ લોકના ઉપર રાજ્ય મેળવવાથી તું અભિમાની થઈ ગયો હતો, ઉન્મત્ત થયેલા પુરૂષને મારૂં સ્મરણ થતું નથી, એમ જાણી તારો મદ

ઉતારી તને મારૂં નિરંતર સ્મરણ થવા માટે મેં તારા યજ્ઞનો ભંગ કરી તારા ઉપર અનુગ્રહ કર્યો છે. લક્ષ્મી તથા ઐશ્વર્યથી ઉન્મત્ત થયેલો પુરૂષ દંડ દેનારા એવા મને ઓળખતો નથી, માટે જેનાપર મારે અનુગ્રહ કરવો હોય છે તેની સંપત્તિનો હું સર્વથા નાશ કરૂં છું. ૧૫-૧૬ હે ઇન્દ્ર ! તમને હવે પોતાના સ્વરૂપનું જ્ઞાન થયું છે એટલે જાઓ; તમારૂં કલ્યાણ થશે. હવે તમે તમારા અધિકારમાં પૂર્વની પેઠે સાવધાન રહીને પ્રવૃત્ત રહેજો. ૧૭ આ પ્રમાણે ઇન્દ્રનું સમાધાન થયા પછી ઉદાર ચિત્તવાળી કામધેનુએ પોતાના પરિવાર સાથે શ્રી ભગવાનની સામે આવી તેમને સત્કાર પ્રણામ વગેરે કરી પ્રાર્થના કરી. ૧૮

સુરભિ પ્રાર્થના કરેછે—હે કૃષ્ણ ! હે કૃષ્ણ ! હે મોટા યોગી, ! હે જગતના આત્મા ! હે જગતને ઉત્પન્ન કરનાર ! હે અચ્યુત ! હે ભગવાન ! ઇન્દ્રે તો અમને મારી નાંખવા માંડયાં હતાં, પરતુ આપે ગોવર્ધન પર્વત ધારણ કરી અમારી રક્ષા કરી છે. ૧૯ તમે અમારા ઇષ્ટદેવ છો, માટે હે જગતના સ્વામિ ! આજથી ગાયો, વિપ્રો, અને સાધુ પુરૂષના આપ ઇન્દ્ર થાઓ તથા તેમનું કલ્યાણ કરો. ૨૦ અમે બ્રહ્માની આજ્ઞાથી તમારેજ અમારા ઇન્દ્ર તરીકે અભિષેક કરીશું. હે પ્રભુ ! હવે અદિતિથી ઉત્પન્ન થયેલા એવા ઇન્દ્રનું અમારે કંઇ કામ નથી. હે નાથ ! આપ આ પૃથ્વી ઉપર થયેલા દુષ્ટનો ભાર ઉતારવાને માટેજ ગોકુળમાં અવતરેલા છો. ૨૧

શુકદેવજી કહેછે—ભગવાનની આજ્ઞા પ્રમાણે પછી સુરભિએ પોતાના અમૃત જેવા દુધથી શ્રીભગવાનને અભિષેક કર્યો, અને ઇન્દ્રે પોતાના ઐરાવતની શુંઢોમાં આકાશ ગંગાનું જળ ભરાવી દેવતાઓની અનુમતિથી શ્રીકૃષ્ણને ગાયોના ઇન્દ્ર એટલે 'ગોવિંદ' એવા પદ ઉપર અભિષેક કર્યો. ૨૨-૨૩ જે સમયે ઇન્દ્ર તથા સુરભિએ ભગવાનને અભિષેક કર્યો તે સમયે ગંધર્વ, વિદ્યાધર, કિન્નર, સિદ્ધ, ચારણ, નારદ અને તુંબરૂ વગેરેએ આનંદથી ગાન કર્યું અને અપ્સરાઓએ તેમનું યશોગાન કરતાં મનુષ્યને દુર્લભ એવો દેવતાઇ નાચ કર્યો. ૨૪ મોટા મોટા દેવતાઓએ શ્રીકૃષ્ણ પરમાત્માની સ્તુતિ કરી દેવતાઇ પુષ્પનો તેમના ઉપર વરસાદ વરસાવ્યો. આ પ્રમાણે શ્રીકૃષ્ણ પરમાત્માનો ગોવિંદ પદે અભિષેક થતાં ત્રણે લોક પ્રસન્ન થયા અને ગાયોએ પોતાનાં દુધથી પૃથ્વીને પલાળી દીધી. ૨૫ નદીઓમાં દુધની સેરો ચાલવા માંડી, વૃક્ષોમાં નવી અમી આવી, કૃષિ કર્મનો શ્રમ ન લેવા છતાં અનાજ પાકી ગયાં અને પર્વતોમાંથી એની મેળે રત્નો ઉત્પન્ન થયાં. ૨૬ હે રાજન ! ક્રૂર સ્વભાવનાં પ્રાણીઓ પણ ભગવાનનો અભિષેક થતાં પોતાનો વૈરભાવ ભુલી ગયાં, એ રીતે ગાય તથા વ્રજના ઇશ્વરનો ગોવિંદ પદે અભિષેક કરી દેવતાઓ તેમની આજ્ઞા લઇ ઇન્દ્રને આગળ કરી પોતાના સ્વર્ગ લોકમાં સિધાવ્યા. ૨૭-૨૮

इति गोगोकुलपतिं गोविंदमभिषिच्यसः ॥
अनुज्ञातो ययौ शक्रो वृतो देवादिभिर्दिवम् ।२८।

ઇતિ શ્રીમદ્ ભાગવત પુરાણના દશમ સ્કંધ પુર્વાર્ધમાં "ઇન્દ્ર સ્તુતિ" નામે ૨૭ મો અધ્યાય સંપુર્ણ.

અધ્યાય ૨૮ મો.

શ્રી કૃષ્ણે નંદજીને વરૂણ લોકમાંથી પાછા આણ્યા તથા ગોપ લોકને વૈકુંઠનાં દર્શન કરાવ્યાં.

शुक उवाच—

एकादश्यां निराहारः समभ्यर्च्य जनार्दनं ॥
स्नातुं नंदस्तु कालिन्द्या द्वादश्यां जलमाविशत् ।१।

શ્રીશુકદેવજી કહેછે.—જનાર્દન ભગવાનની પુજા કરી એકાદશીને દિવસે નિરાહાર રહેલા નંદજી બારસને દિવસે પ્રભાતમાં સ્ના-

ન કરવાને કાલિંદી ઉપર ગયા અને જળમાં ઉતર્યા. ૧ બારસને દિવસે સવેળાએ પારણું કરવાને માટે અંધારામાં ઉઠી નંદજી નદીમાં પેઠા તેવોજ વરૂણનો એક સેવક તેમને લઇ ઉંડા પાણીમાં ઉતરી ગયો અને નંદજીને વરૂણ દેવની પાસે લઇ ગયો. ૨ નંદજીને ન દેખવાથી ગોપલોક શ્રીકૃષ્ણ અને બળભદ્રજીને બોલાવવા લાગ્યા. ભક્તજનને અભય આપનાર શ્રીકૃષ્ણ ગોપ લોકમાંથી નંદજીને વરૂણનો દુત લઇ ગયેલો છે એમ જ્ઞાન દ્રષ્ટિથી જાણીને નદીમાં ઉતરી પડયા. ૩ શ્રીકૃષ્ણને પોતાને મંદિર પધારેલા જોઇ લોકપાળોમાં ઉત્તમ એવા વરૂણદેવે અતિ આદરથી તેમની પુજા તથા સ્તુતિ કરીને શ્રી કૃષ્ણચંદ્રને વિનવ્યા કે, ૪ "હે પ્રભુ ! આજ મારો જન્મ સફળ થયો અને આજેજ મને સર્વ સંપત્તિઓ મળી. આપના ચરણ કમળનાં દર્શન પામનારા પુરૂષો સંસારને તરી જાય છે, માટે આજે મારો પણ સંસારનો ફેરો ટળી ગયો એમ હું માનું છું. ૫ આપ પરમ મોક્ષપદ આપનાર છો. સૃષ્ટિની કલ્પના કરનારી માયા આપના વિષે ભક્તિ રાખનારાઓને બાધ કરી શકતી નથી; એટલુંજ નહિ, પરંતુ પરમાત્મા અને પરબ્રહ્મરૂપ આપ ભગવાનને શરણે આવનારને અવશ્ય મોક્ષ મળે છે. હે નાથ ! હું તમારા ચરણમાં નમસ્કાર કરૂં છું ૬ કર્તવ્યથી અજાણ્યો અને શાસ્ત્રની મર્યાદા નહિ જાણનારો મારો અનુચર યમુનાજીમાં સ્નાન કરવા ઉતરેલા આપના પિતાજીને અહીં લઇ આવ્યો છે, માટે અમારા અપરાધ માટે ક્ષમા કરવા જોઇએ. ૭ હે સર્વના સાક્ષીરૂપ શ્રીકૃષ્ણ ! અમારા ઉપર કૃપાદ્રષ્ટિથી અનુગ્રહ કરવો ઘટે છે. હે પિતૃવત્સળ ! હે ગોવિંદ ! આપ આ તમારા પિતાજીને ગોકુળમાં લઇ જાઓ." ૮

શ્રી શુકદેવજી કહેછે—હે રાજન ! આ રીતે વરૂણે પુજા કરી પ્રસન્ન કરેલા લોકપાળોના પણ ઇશ્વર શ્રીકૃષ્ણ ભગવાન વરૂણદેવ ઉપર અનુગ્રહ કરી પોતાના પિતાને લઇ જળમાંથી બહાર આવ્યા, અને સંબંધી જનને પરમ આનંદ ઉત્પન્ન કર્યો. ૯ વરૂણનો પુર્વે નહિ જોયેલો એવો વૈભવ જોઇ વિસ્મય પામેલા નંદરાયે પોતાના સંબંધીઓને તે વૈભવની વાત અને વરૂણદેવે શ્રીકૃષ્ણને આપેલું માન કહી બતાવ્યું. ૧૦ હે રાજન ! શ્રીકૃષ્ણને ઇશ્વર માની ગોપલોક તેમની પ્રાથના કરવા લાગ્યા કે, હે પ્રભુ ! આપ અમને તમારૂં સ્વરૂપ અને સ્થાન દેખાડો. ૧૧ પોતાના સંબંધીઓનો આવો વિચાર જાણી, હે રાજન ! શ્રી કૃષ્ણ ભગવાને પોતાના મનમાં વિચાર કર્યો કે, અહંબુદ્ધિથી ઉત્પન્ન થયેલી તૃષ્ણા રૂપ નદીમાં તણાતો અને કર્મોથી ઉંચ નીચ યોનિમાં અવતાર ધારણ કરતો મનુષ્ય પોતાની ગતિને જાણી શકતો નથી. ૧૨-૧૩ આ રીતે વિચાર કર્યા પછી પ્રકૃતિથી પર એવા શ્રી કૃષ્ણ પરમાત્માએ ગોપલોક અને પોતાના સંબંધીઓને પોતાનું પરમ અદ્ભુત સ્વરૂપ દેખાડયું. બ્રહ્મસ્વરૂપનાં દર્શન કરાવ્યા પછી તેમને વૈકુંઠ જોવાની ઇચ્છા થઇ હતી તે પણ પરમ કૃપાળુ એવા ભગવાને પુરી કરી. ૧૪ સત્ય, જ્ઞાનસ્વરૂપ, અનંત, સ્વયંપ્રકાશ, અને નિરંતર સિદ્ધ બ્રહ્મસ્વરૂપ કે જેને જ્ઞાનીપુરૂષો જડનો ત્યાગ કરી અંતઃકરણમાં જુએ છે તે ગોપલોકને દેખાડયું; જેમાં પુર્વે અક્રુર ગયા હતા તેવા જ્ઞાનધ્રોમાં ભગવાને તેમને ઉતાર્યા એટલે તેઓના જોવામાં વૈકુંઠ લોક આવ્યો. ૧૫-૧૬ વૈકુંઠ લોકનો વૈભવ અને વેદથી સ્તુતિ કરાતા શ્રી કૃષ્ણને જોઇ તેઓ પ્રસન્ન થયા, પરંતુ શ્રી કૃષ્ણે જ્યારે તેમને ધ્રોમાંથી બહાર કાઢયા ત્યારે ગોકુળના જેવા શ્રીકૃષ્ણને પ્રાકૃત રૂપે જોઇ તેઓ પરમ આશ્ચર્ય અને વિસ્મય પામી ગયા. ૧૭

नंदादयस्तु तं दृष्ट्वा परमानंद निर्वृताः ॥
कृष्णं च तत्रछंदोभिः स्तूयमानं सुविस्मिताः ॥१७॥

ઇતિ શ્રીમદ્ ભાગવત પુરાણના દશમ સ્કંધ પુર્વાર્ધનો ૨૮ મો અધ્યાય સંપુર્ણ.

અધ્યાય ૨૯ મો.

શ્રીકૃષ્ણે વૃંદાવનમાં કરેલી રાસલીલા.

શુક ઉવાચ—

भगवानपि ता रात्रीः शरदोत्फुल्लमल्लिकाः ॥
वीक्ष्य रन्तुं मनश्चक्रे योगमायामुपाश्रितः ॥ १ ॥

શ્રી શુકદેવજી કહેછે—શરદ્ ઋતુથી પ્રફુલ્લિત થયેલી નવમલ્લિકાવાળી રાત્રીઓ આવતાં યોગમાયાના આશ્રયથી ભગવાને સાક્રીડા કરવાનો વિચાર કર્યો; કારણ કે તેમ કરવાને તેમણે ગોપિકાઓને વચન આપેલું હતું. ૨ ઘણા લાંબા વિયોગ પછી પ્રિયાને મળેલો પ્રિયપતિ જેમ તેના મુખને ચંદનથી ઉજ્વળ કરે તેમ ચંદ્રમાએ પુર્વ દિશાના મુખને પોતાનાં ઉજ્વળ કિરણથી શોભાવતાં ભગવાનને પ્રસન્ન કરવા માંડયા. ૨ લક્ષ્મીજીના મુખ જેવા અને સોળે કળાએ ઉગેલા ચંદ્રમાએ પોતાનાં શીતળ, શુભ્ર અને કોમળ કિરણથી વનના પ્રદેશને શોભા આપવા માંડી ભગવાને પણ ગોપિકાઓનાં મન હરી લે તેવી વેણુ વગાડવા માંડી. કામ અને મોહ ઉત્પન્ન કરે એવો ભગવાનની મોરલીનો સુર સાંભળી જેમનાં ચિત્ત ખેંચાયાં હતાં એવી વ્રજની સુંદરીઓ એક બીજાને ન જણાવતાં કામ ભોગનું સુખ લેવાને માટે વૃંદાવનમાં શ્રીકૃષ્ણ ભગવાન ઉભા હતા ત્યાં આવી. ત્વરાથી ચાલતાં તેમના કાનનાં કુંડળ હાલતાં હતાં અને કેશમાંથી માલતીનાં પુષ્પ ખરતાં હતાં. ૪ ગાય દોહવા બેઠેલી ગોપિકાઓ દોહવાનું રહેવા દઇ શ્રીકૃષ્ણને મળવા દોડી, કેટલીક દુધ ઉનું કરવા મુકેલું તે ઉતરતાં વાસણ ઉતાર્યા વગર ચાલી. રંધાઈ ગયેલી ખીર ચુલા પરથી ઉતાર્યા વગર કેટલીક ગોપિકાઓ ઘરમાંથી નીકળી. ૫ પિરસવા રહેલીઓ પિરસવું મુકીને ચાલી નીકળી. શ્રીકૃષ્ણ ચંદ્રની મોરલીના મધુર સ્વરથી જેઓનાં મન હરાયાં હતાં એવી છોકરાંવાળી ઓઓ ધાવતાં બાળકને વછોડીને તથા પતિની સેવા કરતી પતિવ્રતાઓ પતિને સુતા મુકીને ભગવાનને ભેટવા દોડી. જમતી, લીંપતી, સ્નાન કરતી અને આંખોમાં અંજન આંજતી ગોપિકાઓ પોત પોતાનાં કામ અધુરાં મુકી વૃંદાવન તરફ ચાલી. મોહથી મત્ત થયેલીઓ વસ્ત્ર તથા આભુષણને અવળાં પહેરી નીકળી. ૬-૭ અને બંધુઓ, સ્નેહીઓ તથા સ્વામિઓએ વારવા છતાં તેઓ વારી રહી નહિ, ભગવાનમાં જેમનું ચિત્ત એકતાર થઇ ગયું હતુ એવી ગોપિકાઓ મોરલીનો સુર સાંભળી મર્યાદા મુકી તુર્ત શ્રીકૃષ્ણની પાસે આવી. જે ગોપિકાઓથી વૃંદાવનમાં જવાયું નહિ તેઓ ઘરમાં પોતાની આંખો મીંચી મનમાં શ્રીકૃષ્ણના સ્વરૂપનું ધ્યાન ધરવા લાગી. ૮-૯ શ્રીકૃષ્ણની સાથે જાર કર્મ કરવાને તેમણે ધ્યાન ધર્યું તથાપિ ઝેર જાણીને પીધેલું અમ્રત જેમ અદ્ભુત લાભ કરે, તેમ જાર રૂપે જોયેલા શ્રીકૃષ્ણે પણ તેમને ત્રિગુણમય મનુષ્ય દેહના બંધનથી મુક્ત કરી. કર્મબંધન હોય ત્યાં સુધી મુક્ત થવાય નહિ તે ખરૂં, પરંતુ શ્રીકૃષ્ણના ધ્યાનથી તો તેમનાં કર્મબંધન તુરત તુટી ગયાં અને પાપ તથા પુણ્યનો લય થઇ તેમને મોક્ષ મળ્યો-એટલે કે વૃંદાવનમાં ન જવાથી તેમના દેહ છુટી ગયા અને તેમને સાયુજ્ય મુક્તિ મળી. ૧૦-૧૧ પરીક્ષિત રાજા પુછેછે—હે શુકદેવજી! હે કૃપાળુ! ગોકુળની ગોપિકાઓ શ્રીકૃષ્ણને પરબ્રહ્મ નહિ, પરંતુ જાર જાણીને ભેટી તો તેમને મોક્ષ કેવી રીતે મળ્યો? કારણ કે જ્યાં સુધી આત્માને પરબ્રહ્મ રૂપે માનવામાં આવતો નથી, ત્યાં સુધી મનુષ્યનાં બંધન તુટતાં નથી. ઇશ્વરને પણ ઇશ્વર ધારીને ભજ્યા હોય તોજ ફળની પ્રાપ્તી થાય છે. હે મહારાજ! કામ વાસનાવાળી ગોપીઓને મોક્ષ મળવો ન જોઇએ, તેમ છતાં મોક્ષ કેમ મળ્યો તેનું કારણ આપ મને સમજાવવું જોઇએ. ૧૨

શ્રી શુકદેવજી કહેછે—હે રાજન્! આગળ મેં તમને કહ્યું છે કે, ભગવાનના ઉપર દ્વેષ રાખનાર શિશુપાળ રાજાને મુક્તિ મળી હતી. જ્યારે દ્વેષ રાખનારને મુક્તિ મળે ત્યારે પ્રેમ રાખનારને કેમ મુક્તિ ન મળે? ૧૩ હે રાજન! અપ્રમેય, ગુણોના પ્રવર્તાવનાર નિર્ગુણ અને અવિનાશી ભગવાન પ્રાણીઓના કલ્યાણને માટે અવતાર ધારણ કરે છે. ૧૪ જેઓ ભગવાન વિષે કામ, ક્રોધ, મોહ, ભય અને પ્રીતી રાખે છે તેઓ નિરંતર ભગવાનને હૃદયમાં ધારણ કરવાથી આ સંસારનાં બંધનથી મુક્ત થાય છે. ૧૫ મથુરાનો રાજા કંસ ભગવાનના ભયથી તેમનુંજ નિરંતર ધ્યાન ધરતો હતો, તેથી તેને મુક્તિ મળીછે. જન્મ રહિત, અને યોગેશ્વર ભગવાન શ્રીકૃષ્ણનું ધ્યાન ધરતાં સ્થાવરાદિકને મોક્ષ મળે છે તો મનુષ્યને જાર ભાવથી મોક્ષ મળે એમાં શું આશ્ચર્ય પામવા જેવું છે? ૧૬ પછી જ્યારે વ્રજની વનિતાઓ મોરલીના સુરથી ખેંચાઈ વૃંદાવનમાં શ્રી ભગવાનનાં ચરણકમળને શરણે આવી ઊભી રહી ત્યારે બોલવામાં ચતુર ભગવાન વાણી વિલાસથી મોહ ઉપજાવતાં બોલ્યા. ૧૭

શ્રી ભગવાન કહે છે—હે મોટા ભાગ્યવાળી ગોપિકાઓ! તમે ભલે આવ્યાં. હવે કહો કે હું તમારૂં શું પ્રિય કરૂં? વ્રજમાં પ્રાણી માત્ર કુશળ અને નિર્વિઘ્ન તો છેને? હે ગોપીઓ! રાત્રીને વખતે તમે શા કારણથી અહીં આવ્યાં છો તે મને કહો. ૧૮ રાત્રિમાં રાત્રિચર ભયંકર પ્રાણીઓ ફરે છે, માટે તમે તેવે વખત અહીં ઉભાં ન રહેતાં પાછાં વ્રજમાં જાઓ. હે સુંદરીઓ! સ્ત્રીજાતીએ આવે વખતે અહીં આવવું અને ઉભાં રહેવું યોગ્ય નથી. ૧૯ માબાપ, પતિ, બંધુ અને સંબંધીઓ તમને ઘરમાં નહિ જોતાં આમ તેમ શોધશે, માટે હવે વિલંબ ન કરતાં તમે પાછાં જાઓ. સંબંધી જનને વ્યાકુળ કરવાં એ ઠીક નહિ. ૨૦ ખિલેલાં પુષ્પવાળું, પુર્ણ ચંદ્રની ચંદ્રિકાથી ધવળ થએલું અને કાલિંદીના તરંગ ઉપર અથડાઈને વાતા મંદમંદ પવનને લીધે જેનાં વૃક્ષોનાં પાંદડાં હાલી રહ્યાં છે એવું રમણીય આ વૃંદાવન જો તમને જોવાની ઇચ્છા હોય અને તે જોવા આવ્યાં હો તો તે પણ તમે જોઇ લીધું. ૨૧ હવે વ્રજમાં પોતાના સ્વામિની સેવામાં હાજર થાઓ. હે સતિયો! તમારાં બાળક અને ગાયોનાં વાછડાં તમારા વગર બુમો પાડતાં હશે, માટે વ્રજમાં જઈ તેમનું આશ્વાસન કરી ધવરાવો. ૨૨ જો તમે મારા ઉપરના પ્રેમને લીધે અહીં આવ્યાં હો તો તે પ્રેમ તમારા આગમનથી સફળ થયો છે, અને મારા ઉપર પ્રેમ રાખનારાં જેમ મારાં દર્શન કરી પાછાં વળે છે તેમ તમે હવે મારાં દર્શન કર્યાં છે માટે પાછાં સિધાવો. ૨૩ હે સુંદરીઓ! નિષ્કપટપણે સ્વામિ, તેનાં સંબંધી અને બાળકોનું લાલન પાલન કરવું એજ સ્ત્રીઓનો શ્રેષ્ઠ ધર્મ છે. ૨૪ પતિ દુષ્ટ, ક્રોધી, રોગી, વૃદ્ધ, જડ, નિર્ધન. નિર્દય અને આળસુ છતાં પણ મહા પાપી ન થયો હોય ત્યાં સુધી સ્ત્રીએ પોતાના શુભની ઇચ્છાથી તેની સેવા કરવી જોઇએ. પોતાનું શ્રેય ઇચ્છનારીઓ સ્વપ્નમાં પણ પતિથી વિરૂદ્ધ વિચાર કે કલ્પના મનમાં આણવી નહિ. ૨૫ ઉત્તમ કુળવાન સ્ત્રીને માટે જાર પુરૂષનું સુખ સ્વર્ગ સુખમાં આડે આવનાર, કીર્તિનો નાશ કરનાર, તુચ્છ, નિંધ, ભયંકર અને મહા કષ્ટકારક ગણાય છે. ૨૬ શ્રવણથી, દર્શનથી, કીર્તનથી અને ધ્યાનથી મારામાં પ્રીતિ રાખનારને મારા અંગ સંગથી શું વધારે છે? માટે તમે ઘેર જાઓ. ૨૭

શ્રી શુકદેવજી કહે છે—શ્રી ભગવાનના મુખથી આવાં અપ્રિય વચન સાંભળીને ગોપીઓ ઉદાસ થઇ ગઇ. તેઓનો મનોરથ ભાગી ગયો ને અપાર ચિંતામાં પડી ગઈ. ૨૮ શોકથી નિશાસા મુકી અધર પલ્લવને સુકવતી, નીચાં મુખ કરીને ઉભેલી, પગના

અંશુકાથી સીંચ ખોતરતી, અંજનવાળાં આંસુના પ્રવાહથી સ્તન ઉપરનું કેસર ધોઈ નાંખતી અને શાંત થઇ મૌન રહેલી ગોપિકાઓ કેટલીક વાર સુધી તો એમ ને એમ ઉભીજ રહી. ૨૯ મોરલીના સુરથી મોહી પડી ભગવાનના સમાગમ સુખને માટે જેણે સંસારનાં સુખનો ત્યાગ કર્યો હતો, એવી ગોપીઓ પછી રાતી થઇ ગયેલી આંખોમાંથી આંસુ લુછી નાંખી, શત્રુની પેઠે અપ્રિય વચન બોલતા શ્રીકૃષ્ણ પરમાત્માને ક્રોધથી કહેવા લાગી. ૩૦

ગોપિકાઓ કહે છે—હે પ્રભુ ! તમારે અમને આવાં ક્રૂર વચન કહેવાં યોગ્ય નથી. સઘળા સુખનો ત્યાગ કરી આપનાં ચરણકમળને ભજનારી એવી અમને તમારે તો નારાયણ જેમ મુમુક્ષુ જનને સેવે છે તેમ સેવવી જોઇએ. ૩૧ હે કૃષ્ણ ! ધર્મને જાણનાર એવા આપે અમને પતિ સેવા રૂપી જે ધર્મ સંબંધી બોધ કર્યો તે અમે તમારાં ચરણારવિંદથીજ સફળ થશે એમ માનીએ છીએ. ઇશ્વરની સેવામાં સર્વની સેવાનો સમાસ થાય છે, અને આપ ઇશ્વર હોવાથી જગતના આત્મા, પ્રિય અને બંધુ રૂપ છો. તમે ધર્મોપદેશક હોત અને અમે તમારાં શ્રોતા હોત તો તમે કહ્યું તે યથાર્થ હતું, પરંતુ તેમ નથી. તમે ધર્મોપદેશક નહિ, પણ જગતના આત્મા છો; અને અમે ધર્મજીજ્ઞાસુ નહિ, પરંતુ ધર્મના ફળરૂપ ઇશ્વરની ભક્તિ ઇચ્છનારી ગોપિકાઓ છીએ. પતિની સેવારૂપ ધર્મનું આપે કહ્યું તે અમે તમારી સેવાથી સિદ્ધ થશે એમ માનીએ છીએ. તમે પતિના પતિરૂપ છો એટલે તમારી સેવામાં પતિની સેવા આવી જાય છે. જેમાં સર્વનો સમાવેશ થાય તેને મુકીને આળપંપાળને કોણ ભજે? ૩૨ શાસ્ત્ર જાણનારાઓ આત્મારૂપ એવા આપનામાંજ પ્રીતિ રાખે છે. પીડાકારક પતિ અને પુત્રોમાં પ્રીતિ રાખવાનું અમને પ્રયોજન નથી. અમે તમારે શરણે આવ્યાં છીએ માટે તમેજ કૃપા કરીને અમારી મન કામનાઓને સફળ કરો. હે કમળ નયન ! ઘણા દિવસથી તમારામાં રાખેલી અમારી કામનાઓનો નાશ કરશો નહિ. ૩૩ તમે અમને પાછાં જવાનું કહ્યું, પરંતુ મોરલીના સુરથી તમેજ ખેંચી લીધેલાં અમારાં ચિત્ત જે આજ સુધી ઘરમાં લાગી રહ્યાં હતાં તે હવે ઘરમાંથી ઉઠી ગયાં છે. અમારા હાથ પગ તમારી સેવામાં આવીને નિશ્ચળ થઇ ગયા છે એટલે અમે પાછાં શી રીતે જઇએ ? ૩૪ હે કૃષ્ણ ! તમારા મંદ હાસ્યથી અને ગાયનથી અમારામાં અપુર્વ કામાગ્નિ ઉત્પન્ન થયેલો છે. હે નાથ ! તે કામાગ્નિને આપ ચુંબનાદિથી શમાવો, નહિ તો એ કામાગ્નિ અને બીજો વિયોગાગ્નિ અમને બાળીને ભસ્મ કરી નાંખશે. યોગિયો ધ્યાન ધરવાથી જેમ તમારાં ચરણકમળને પામે છે, તેમ અમે પણ તમારી ગતિને પામીશું. ૩૫ હે કમળનેત્ર ! વનમાં રહેનારા યોગિયો જેનું નિરંતર ધ્યાન ધરે છે અને લક્ષ્મીજીને પણ જેનો લાભ ક્વચિતજ મળે છે તે તમારાં પવિત્ર ચરણાર્વિંદમાં મન પરોવાયા પછી તો અમે અન્યજનની પાસે ઉભાં પણ રહી શકતાં નથી. ૩૬ લક્ષ્મીજીએ શોક્યરૂપી તુલસીની પાસેથી જે ચરણકમળની રજ મેળવી છે, તે રજમાં અમે ભાગ લેવા ઇચ્છીએ છીએ. યોગિયોની પેઠે ઘરબાર ત્યજી અમે તમારી સેવા કરવાને આવ્યાં છીએ. ૩૭ માટે હે નાથ ! અમારા ઉપર કૃપા કરો. હે પુરૂષરત્ન ! તમારા મંદ હાસ્યથી પ્રજવલિત થયેલા કામાગ્નિથી તપી ગયેલાં અમારાં ગાત્રને આપના વક્ષઃસ્થળ સાથે ચાંપી શાંત પાડો, નહિ તો અમારા સુકુમાર દેહ બળી જશે. ૩૮ લલાટ ઉપર આવેલા કેશ અને કુંડળની શોભાવાળું અધરના અમૃતથી ભરેલું આપનું સુંદર મુખકમળ જોઇ આનંદ પામેલી, અભય આપનારા તમારા ભુજદંડથી બંધન ઇચ્છતી, અને લક્ષ્મીના સ્થાનક રૂપ તમારા વક્ષઃસ્થળ

ઉપર મોહી રહેલી એવી અમો દાસીઓને કૃતાર્થ કરો. પુત્ર, ધન, સ્વામિ વગેરેનો ત્યાગ કરી અમે તમારૂં માત્ર આલિંગન સુખજ ઇચ્છીએ છીએ. અમે તમારી દાસી થવાને આવી છીએ. માટે હે નાથ! વ્યભિચાર કરવો એ નઠારૂં છે, તથાપિ તમારૂં મનોહર રૂપ, મુખ, અને ગાયન સાંભળી ત્રિલોકમાં એવી કયી સ્ત્રી છે કે જે પતિવ્રતથી ચળાયમાન ન થાય? તમારૂં રૂપ, અને મોરલીનો સુર સાંભળીને ગાયો, વૃક્ષો અને યમુનાજીનું નીર સ્થિર થઇ ગયાં છે, તો પછી અમે ભાન ભુલી જઇએ એમાં શું આશ્ચર્ય? દેવલોકની પીડાઓનો જેમ આદિપુરૂષ નાશ કરે છે, તેમ વૃજની પીડાઓનો નાશ કરવાને તમે અવતાર ધારણ કર્યો છે. હે દીનબંધુ! હવે વધારેવાર અમને ન તલસાવતાં કામદેવના તાપે કરી તપી ગયેલા અમારા પુષ્ટ સ્તન ઉપર અને મસ્તક ઉપર આપનો શાંતિ આપનારો હાથ મુકો. ૩૯–૪૧

શ્રી શુકદેવજી કહે છે—એ પ્રમાણે વ્રજ સુંદરીઓનાં વિનય વચન સાંભળી યોગેશ્વરોના ઇશ્વર શ્રીકૃષ્ણ તેમના સામું જોઇ મંદ હાસ્ય કરી દયાથી તે ગોપીઓને રમાડવા લાગ્યા. ૪૨ તેમને આનંદમાં આવેલી જોઇને કામ મત્ત થયેલી, પ્રફુલ્લ મુખવાળી અને મંદમંદ હાસ્ય કરી અદમત્ત હાથિણીની પેઠે શ્રીકૃષ્ણની આગળ પાછળ ઉભેલી ગોપિકાઓથી શ્રીકૃષ્ણ પરમાત્મા નક્ષત્રોથી જેમ ચંદ્ર શોભે તેમ શોભવા લાગ્યા. ૪૩ હજારો સ્ત્રીઓથી વિંટાયલા, તેમનાથી સ્તુતિ ગીત ગવાતા અને મોટી વૈજયંતી માળાવાળા શ્રીકૃષ્ણ તે વનને શોભા આપતા રમણ કરવા લાગ્યા. ૪૪ યમુનાજીનાં કુમુદો ઉપર અથડાઇને આવતા તરંગના સીકરથી શીતળ થયેલા મંદમંદ પવનમાં ગોપીઓને લઇ પુલિનમાં બેઠેલા શ્રીકૃષ્ણ પરમ આનંદ પામવા લાગ્યા. ૪૫ ભુજ પસારીને ભેટવાથી, હાથેહાથ, કેશેકેશ, સાથળે સાથળ અને સ્તનની સાથે છાતી ભીડી સાંધે સાંધા મેળવી હાસ્ય કરતા, નખક્ષત પાડતા, ક્રીડાથી મુખ ઉંચાં કરી કરીને જોતા, ગુલાબના જેવા ગોરા ગાલ ઉપર દાંતની પંક્તિ પાડતા, અને હસી હસીને વ્રજની સુંદરીઓના કામને વધારતા શ્રીકૃષ્ણ ભગવાન રેતીમાં તેમને નાના પ્રકારની ક્રીડાઓ કરાવવા લાગ્યા. ૪૬ શ્રીકૃષ્ણને પોતાના ઉપર નચાવતી અને માન પામતી ગોપિકાઓને બીજી સ્ત્રીઓના કરતાં પોતાને મળેલું અનન્ય સુખ જોઇ મનમાં અહંકાર ઉત્પન્ન થયો. ૪૭ બ્રહ્મા અને રૂદ્રને વશ કરનાર શ્રી કૃષ્ણને પોતાને વશ કરી મત્ત થયેલી ગોપિકાઓનો મદ ઉતારવાને માટે શ્રી કૃષ્ણ ભગવાન જોત જોતામાં ત્યાંથી અંતર્ધ્યાન થઇ ગયા. ૪૮

तासां तत्सौभगमदं वीक्ष्यमानं च केशवः॥
प्रशमाय प्रसादाय तत्रैवांतरधीयत ॥ ४८ ॥

ઇતિ શ્રીમદ્ભાગવત પુરાણ દશમ સ્કંધ પુર્વાર્ધમાં રાસક્રીડા વર્ણન નામે ૨૯ મો અધ્યાય સંપુર્ણ.

અધ્યાય ૩૦ મો.

ગોપીઓ શ્રી કૃષ્ણની શોધ કરે છે.

शुक उवाच.

अंतर्हिते भगवति सहसैव व्रजांगनाः ॥
अतप्यंतमचक्षाणाः करिण्यइवयुथपं ॥ १ ॥

શ્રી શુકદેવજી કહે છે—હે રાજન્! સહજમાં શ્રી કૃષ્ણને અંતર્ધ્યાન થઇ ગયેલા જોઇ વ્રજની સ્ત્રીઓ જેમ હાથિણીઓ હાથીને ન દેખવાથી ખેદ પામે તેમ પરિતાપ પામવા લાગી. ૧ લક્ષ્મીપતિ ભગવાનની ગતિ, સ્નેહ, હસવું, કટાક્ષ દ્રષ્ટિવડે જોવું, તથા મનને આનંદ ઉપજાવે એવાં ભાષણ, રમતો અને વિલાસ વડે જેમનાં ચિત્ત ખેંચાયલાં છે એવી, અને ભગવાનમાં તલ્લીન થઇ ગયેલી

વ્રજાંગનાઓએ ભગવાને જે જે લીલાઓ કરેલી તે તે લીલાઓના સરખી રમતો કરવા માંડી. ૨ ભગવાનની ચાલ, મંદહાસ્ય, કટાક્ષ દ્રષ્ટિ ઈત્યાદિ જોવા વડે કરીને ભગવાનની મૂર્તિ જેઓનામાં રહેલી છે એવી વ્રજાંગનાઓ પરસ્પર 'હું કૃષ્ણ છું' એમ બોલતી શ્રીકૃષ્ણ ભગવાને કરેલી લીલાઓનું અનુકરણ કરવા લાગી. ૩ તેમણે ઉંચે સ્વરે શ્રીકૃષ્ણનું ગાયન કરવા માંડ્યું, અને ઉન્મત્તની પેઠે એક વનમાંથી બીજા વનમાં ભટકતી તે સ્ત્રીઓ ભગવાનને શોધવા લાગી. આકાશની પેઠે પ્રાણી માત્રની બહાર અને અંદર રહેલા ભગવાનના સમાચાર તેઓ વૃક્ષોને પુછવા લાગી કે-૪ હે પીંપળા! હે વડ! હે પીંપળ! સ્નેહ, હાસ્ય અને કટાક્ષ દ્રષ્ટિ વડે અમારાં મન હરણ કરી નંદજીના પુત્ર શ્રીકૃષ્ણ અહીં થઇને જતાં તમારા જોવામાં આવ્યાછે ? ૫ હે કુરબક! હે આસોપાલવ, હે નાગ, હે પુન્નાગ, હે ચંપક ! માનવતી સ્ત્રીઓના માનને હરણ કરનાર અને મંદહાસ્યવાળા, બળભદ્રજીના નાનાભાઇ શ્રીકૃષ્ણ અહીં તમારી પાસે થઇને ગયા છે ? ૬ હે ભગવાનના ચરણને વહાલી ભાગ્યશાળી તુલસી ભમરાઓના સમૂહોની સાથે તને ધારણ કરનાર અને તને અત્યંત વહાલા એવા શ્રીકૃષ્ણ તારા જોવામાં આવ્યા છે ? ૭ હે માલતી ! હે મલ્લિકા! હે જાઇ! હે જુઇ! પોતાના હાથનો સ્પર્શ કરી તમને રાજી કરતા શ્રીકૃષ્ણ ભગવાન અહીં થઇને ગયા છે : ૮ હે આંબા ! હે રાયણ, હે ફણસ, હે કોવિદાર, હે આસન, હે જાંબુ, હે આકડા, હે બીલી, હે બોરસરી, હે આમલી, હે કદંબ, હે નીપ, અને હે પરાયાને માટે જન્મ લઇ યમુના નદીના કાંઠા ઉપર ઉત્પન્ન થયેલાં વૃક્ષો ! તમે તીર્થવાસી રૂપ છો, માટે અમને ભાન વગરનાંને તમે શ્રીકૃષ્ણ ભગવાનની શોધ બતાવો. ૯ હે પૃથ્વી ! તેં શું તપ કર્યું હશે? કે જેથી ભગવાનના ચરણારવિંદનો સ્પર્શ થવાથી તને આનંદ મળ્યો હોય એવી રીતે તું હર્ષનાં રૂવાંટાં ધારણ કરી રહેલા હોય તેમ શોભે છે, માટે આવો હર્ષ તે તને હમણાં ભગવાનના ચરણારવિંદનો સ્પર્શ થવાથી થયો છે કે વામન સ્વરૂપ ધારણ કરનાર ભગવાને પોતાનાં પગલાં વડે તને માપી ત્યારથી તને આનંદ મળ્યો છે ? અથવા વરાહ સ્વરૂપ ધારણ કરનાર ભગવાને તને આલિંગન આપ્યું તેથી તને આનંદ પ્રાપ્ત થયો છે ? તે તું મને કહે. ૧૦ હે હરણની સ્ત્રીઓ ! હે સખીઓ ! પોતાના અવયવોવડે નેત્રોને આનંદ આપતા શ્રીકૃષ્ણ ભગવાનને પોતાની પ્રિયા સહિત અહીંથી જતાં તમે દીઠા છે ? કારણ કે પ્રિયાના અંગ સંગની વેળા તેના સ્તન ઉપરનાં કેસરથી રંગાયલી શ્રીકૃષ્ણે પેહેરેલી ડોલરની માળાની સુગંધ આવે છે. ૧૧ હે વૃક્ષો ! પોતાનો એક હાથ પ્રિયાના ખભા ઉપર મૂકી અને એક હાથમાં કમળ ઝાલી ફરતા અને તુલસીમાં વિંટાયલા મદોન્મત્ત ભમરાઓ જેની પાછળ ચાલ્યા જાય છે એવા શ્રીકૃષ્ણ ભગવાન પોતાની સ્નેહ રૂપ દ્રષ્ટિવડે કરીને તમારા પ્રણામ સ્વીકારે છે ? ૧૨ કેટલીક ગોપીઓ કહેવા લાગી—"હે સખિઓ ! આ લતાઓએ અવશ્ય ભગવાન મળેલા હોવા જોઇએ, કેમકે તે વૃક્ષોના ડાળાંઓની સાથે વિંટાયલી છે. તોપણ પોતાના ધન્ય ભાગ્યરૂપ ભગવાનના નખનો સ્પર્શ થવાથી હર્ષનાં રૂવાં ધારણ કરી રહેલી હોય એમ જણાય છે." ૧૩ આ પ્રમાણે ઉન્મત્તની પેઠે બોલતી અને શ્રીકૃષ્ણ ભગવાનને ખોળતાં વિહ્વળ થયેલી અને ભગવાન્મય થઇ ગયેલી ગોપીઓ ભગવાને જે જે લીલાઓ કરેલી તે તે લીલાને અનુસરીને રમતો રમવા માંડી. ૧૪ કોઇ ગોપી શ્રીકૃષ્ણ રૂપ થઇ પુતનારૂપ થયેલી ગોપીને ધાવવા લાગી. કોઇ ગોપીએ રડતા બાળકરૂપ થઇને ગાડારૂપ થયેલી ગોપીને લાત મારી. ૧૫ કોઇ ગોપીએ તૃણાવર્ત્ત દૈત્યરૂપ થઈ બીજી

બાળકૃષ્ણરૂપ થયેલી ગોપિનું હરણ કર્યું. વળી કોઇ એક ગોપી બાળકરૂપ શ્રીકૃષ્ણ થઇ ઘુઘરીઓ ધમકાવતી પગવડે ઘુંટણીએ ચાલવા લાગી. ૧૬ વળી તે ગોપીઓમાંથી બે ગોપીઓ શ્રીકૃષ્ણ અને બળભદ્રરૂપ થઈ અને બીજી ગોપીઓ ગોવાળીઆરૂપ થઇ, અને વળી એક ગોપી વાછડારૂપ થઇ, તેના ઉપર બીજી ગોપીએ પ્રહાર કર્યો. વળી એક ગોપી બગલા રૂપથયેલી બીજી ગોપીને મારવા લાગી. ૧૭ વળી એક ગોપી શ્રીકૃષ્ણરૂપ બની છેટે ગયેલી ગાયોને જેમ શ્રીકૃષ્ણ બોલાવતા હતા તેમ બોલાવવા લાગી. વળી શ્રીકૃષ્ણરૂપ થયેલી એક ગોપી વાંસળી વગાડતી હતી, એક રમતો કરતી હતી અને બીજી ગોવાળીઆ રૂપ થયેલી ગોપીઓ 'બહુ સારૂં કરે છે, બહુ સારૂં કરે છે' એમ કહેતી હતી. ૧૮ વળી એક ગોપીના ઉપર હાથ મુકી ચાલતી શ્રીકૃષ્ણ ભગવાનમાંજ જેનું મન લાગેલું છે એવી બીજી ગોપી તેને કહેવા લાગી કે 'મારી ચાલ જુઓ, હું શ્રીકૃષ્ણ છું" એ પ્રમાણે કહેતી હતી. ૧૯ વળી શ્રીકૃષ્ણરૂપ થયેલી એક ગોપી ગોવાળીઆરૂપ થયેલી બીજી ગોપીઓને કહેવા લાગી કે 'વાયુ અને વરસાદથી તમે ડરશો નહીં, કેમકે તમારૂં તેથી રક્ષણ કરવાનો મેં ઉપાય કર્યો છે' એમ કહી એક હાથ યત્ન કરી પોતાનું લુગડું આકાશમાં ઉંચું કર્યું. ૨૦ હે પરીક્ષિત રાજા! વળી શ્રીકૃષ્ણરૂપ થયેલી એક ગોપી કાલિયનાગરૂપ થયેલી બીજી ગોપીના માથા ઉપર પગ મુકી કહેવા લાગી કે-હે દુષ્ટ સર્પ! તું જતો રહે, નિશ્ચે હું ખળ પુરૂષોને શિક્ષા કરવા માટે ઉત્પન્ન થયો છું. ૨૧ વળી ત્યાં આગળ એક શ્રીકૃષ્ણરૂપ થયેલી ગોપી ગોવાળીઆરૂપ થયેલી ગોપીઓને કહેવા લાગી કે હે ગોવાળીઆઓ! આ ભયંકર દાવાનળ જુઓ; તમે ઝટ તમારી આંખો મીંચી જાઓ, હું લગારવારમાં તમારૂં રક્ષણ કરીશ. ૨૨ વળી યશોદારૂપ થએલી એક ગોપીએ માળાવડે ખાંયણીઆની સાથે બાંધેલી શ્રીકૃષ્ણરૂપ ગોપી ભય પામતી હોય તેમ આંખ્યો ઢાળી પોતાનું મોં સંતાડતી હોય તેમ જણાવવા લાગી. ૨૩ આ પ્રમાણે વૃંદાવનની લતાઓને અને વૃક્ષોને શ્રીકૃષ્ણ ભગવાનની શોધ પુછતી ગોપીઓએ વનના કોઇ ભાગમાં શ્રીકૃષ્ણ પરમાત્માનાં પગલાં દીઠાં. ૨૪ તે જોઇ તેઓ નિશ્ચય કરવા લાગી કે નિશ્ચે આ શ્રીકૃષ્ણ પરમાત્માનાં પગલાં છે, કેમકે તેમાં ધ્વજ, કમળ, વજ્ર, અંકુશ, જવ, ઇત્યાદિનાં ચિન્હો જણાય છે. આ પ્રમાણેનાં ચિન્હોવાળાં ભગવાનનાં પગલાં ખોળતી તે અબળાઓએ આગળ ચાલવા માંડયું તો ભગવાનનાં પગલાંની સાથે કોઇ સ્ત્રીનાં પગલાં મળેલાં જોઇ ખેદ પામતી તે સ્ત્રીઓ બોલવા લાગી કે-"નંદજીના પુત્રની સાથે ગયેલા આ કઈ સ્ત્રીનાં પગલાં છે? જેમ હાથીની સાથે હાથણી જાય, તેમ આ સ્ત્રી પોતાનો હાથ ભગવાનના ખભા ઉપર મુકી ચાલતી હોય એમ જણાય છે. ૨૬-૨૭ નિશ્ચે આ સ્ત્રીએજ ભગવાનની આરાધના કરેલી છે, કેમકે તેનાથી પ્રસન્ન થયેલા ભગવાન આપણને છોડી દેઈ તેને એકાંતમાં લેઇ ગયા છે. ૨૮ હે સખીઓ! ભગવાનના ચરણારવિંદની આ રજને ધન્ય છે કે તે રજને બ્રહ્મા, શંકર અને લક્ષ્મીજી પણ પોતાનાં પાપથી મુક્ત થવા માટે માથા ઉપર ધારણ કરે છે, માટે બ્રહ્માદિક દેવતાઓને જેવી રીતે ભગવાન મળ્યા તેવી રીતે આપણે જો આ રજનો અભિષેક કરીએ તો આપણે પણ ભગવાનને પામવા સમર્થ થઇએ. ૨૯ આ પ્રમાણે કહેતાં બીજી ગોપીઓ કહેવા લાગી કે-ગોપીઓને પાન કરવા યોગ્ય ભગવાનના અધરામૃતને હરણ કરી આ ગોપી એકલીજ પાન કરે છે, આ ગોપીનાં પગલાંની સાથે ભગવાનનાં પગલાં છે તેજ આપણને આકળામણ ઉપજાવે છે. ૩૦ ગોપીઓએ આગળ ચાલવા માંડયું તો એકલાં ભગવાનનાં પ-

ગલાં પડેલાં જોઇ ગોપીઓ વધારે અકળાવા લાગી અને બોલી કે—અહીં આગળ તે સ્ત્રી-નાં પગલાં જણાતાં નથી, માટે એ ઉપરથી નક્કી થાય છે કે તે સ્ત્રીના સુકોમળ પગ ઘા-સના અંકુરોથી તળવાઇ જવાથી વહાલા ભગવાને પોતાની પ્રિયાને ઉંચકીને ખભા ઉપર બેસાડી હશે. ૩૧ એમ કરતાં આગળ જતાં બીજાં પગલાં જોઇ તેઓ કહેવા લાગી કે હે સખીઓ! જુઓ, અહીં આગળ વહાલા શ્રીકૃષ્ણ ભગવાનને પોતાની વહાલી પ્રિયાને માટે પુષ્પના ગુચ્છ કરેલા જણાય છે, કેમકે પુષ્પ વીણતાં પગની પાનીઓ ઉંચી કરવાથી પગના આગલા ભાગવડે પૃથ્વીનું દબાણ થવાથી આ અડધાં પગલાં પડેલાં જણાય છે. ૩૨ આગળ જતાં ભગવાનના બે ઢીંચણ વચ્ચે બેઠેલી સ્ત્રીનું ચિન્હ જોઇ તેઓ કહેવા લાગી-હે સખીઓ! જુઓ, આ ઠેકાણે કામી ભગવાને કામી સ્ત્રીનો ચોટલો ગુંથેલો છે. કેમકે તેના ચોટલામાં ચુડાના આકારથી ફુલ ગુંથતાં ભગવાન અહીં આગળ નિશ્ચે બેઠેલા છે. ૩૩

આ પ્રમાણે શ્રીકૃષ્ણ ભગવાન પોતામાંજ આનંદ માનનાર, આત્મારામ, સ્ત્રીઓના વિહારમાં આસક્ત નહીં થયેલા હતા, તો પણ સ્ત્રીઓનું દુઃશીલપણું અને કામી પુરૂષોનું ગરીબડાપણું જણાવવાને માટે તે સ્ત્રીની સાથે રમતા હતા. ૩૪ આ વખત ભગવાનની સાથે આવેલી સ્ત્રીએ પોતાના મનમાં માન્યું કે હું સર્વ સ્ત્રીઓના કરતાં ઉત્તમ અને રૂપવાન છું, કેમકે ભગવાનને ઇચ્છતી બીજી ગોપીઓનો ત્યાગ કરી ભગવાન મને ઇચ્છે છે. ૩૫-૩૬ આ પ્રમાણે વનના કોઇક ભાગમાં જઇ તે ગર્વ પામેલી ગોપીએ ભગવાનને કહ્યુંકે-હું હવે ચાલી શકતી નથી, માટે તમારે જ્યાં જવાની મરજી હોય ત્યાં તમે મને તેડીને લેઇ જાઓ. ૩૭ (ભગવાન કામિઓનું ગરીબડાપણું જણાવે છે) આ પ્રમાણે પ્રિયાનું બોલવું સાંભળી ભગવાન તેને કહેવા લાગ્યા કે-તું મારા ખભા ઉપર બેસ. આ સાંભળી તે સ્ત્રી ભગવાનના ખભા ઉપર બેસવાને તૈયાર થઇ, એટલામાં ભગવાન અંતર્ધ્યાન થઇ ગયા. પછી તે સ્ત્રી ખેદ પામવા લાગી. ૩૮ હે નાથ, હે રમણ, હે વહાલા, હે મોટી ભૂજાવાળા, તમે ક્યાં છો? ક્યાં છો? હે સખા! હું આપની રાંક દાસી છું, માટે આપ મને સમીપમાં દર્શન આપો. ૩૯ પછી થોડીવાર થઇ એટલામાં ભગવાનનો શોધ કરતી ગોપીઓએ પોતાની નજીકમાં ભગવાનના વિયોગથી મોહ પામતી અને દુઃખી થતી પોતાની સખીને દીઠી. ૪૦ પોતાને શ્રી કૃષ્ણ ભગવાન પાસેથી માન મળ્યું અને પછી અભિમાન થવાથી અપમાન મળ્યું. એ સઘળી વાત પોતાની સખીને મોઢેથી સાંભળીને તે ગોપીઓ અત્યંત વિસ્મય પામવા લાગી. ૪૧ ત્યાર પછી ચંદ્રમાનો પ્રકાશ જ્યાં સુધી જણાયો ત્યાં સુધી તે સખીને વનમાં લેઇ ગોપીઓએ આગળ ચાલવા માંડયું. પછી અંધારૂં થયું જોઇ ગોપીઓ પાછી વળવા લાગી. ૪૨ શ્રી કૃષ્ણ ભગવાનમાં મનવાળી, શ્રી કૃષ્ણ ભગવાન સંબંધીનું ગાયન કરતી, શ્રી કૃષ્ણ ભગવાન સંબંધીની રમતો કરતી અને શ્રી કૃષ્ણ ભગવાનમયપણાને પામેલી તે ગોપીઓએ ભગવાનના ગુણનું ગાયન કરવા માંડયું, પણ તેમણે પોતાના ઘર સંબંધીનું કાંઈ સ્મરણ કર્યું નહિ. શ્રી કૃષ્ણ ભગવાનમાં જેમની ભક્તિ રહેલી છે એવી અને શ્રી કૃષ્ણ ભગવાનના આવવાની આશા રાખતી, એકઠી મળેલી તે સ્ત્રીઓએ કાલિંદીના કાંઠા ઉપર આવી ભગવાનનું ગાયન કરવા માંડયું. ૪૩-૪૪

पुनः पुलिनमागत्य कालिंद्याः कृष्णभावनाः ।
समवेता जगुःकृष्णं तदागमन कांक्षिताः ॥४५॥

ઇતિ શ્રીમદ્ ભાગવતના દશમસ્કંધ પૂર્વાર્ધમાં ગોપી વિરહ વર્ણન નામે ૩૦ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૩૧ મો.

ગોપિકા ગીત.

गोप्युचुः—

जयतितेऽधिकं जन्मनाव्रजः
श्रयतइंदिराशश्वदत्र हि ॥
दयित दृश्यतांदिक्षुतावका
स्त्वयिधृतासवस्त्वां विचिन्वते ॥ १ ॥

ગોપીઓ કહે છે—હે વહાલા ! આપના જન્મવડે કરીને આ વ્રજનો વધારે વિજય થયો છે, અને તેથી લક્ષ્મીજી પણ નિરંતર અહીંજ રહેલાં છે. તમારે વિશે વૃત્તિઓ જેઓણે અર્પણ કરેલી છે એવી અમે આપની દાસિઓ આપને દિશાઓમાં શોધીએ છીએ માટે આપ દર્શન આપો. ૧ હે સુરતનાથ ! હે વરદાન આપનાર ! શરદ ઋતુનાં સુંદર જળાશયોમાં ઉગેલાં કમળની શોભાને હરણ કરનારી આપની દ્રષ્ટિ વડે આપે આપની વગર મુલની દાસીઓનો વધ કર્યો એમ કેમ નહિ કહેવાય ? આપે અમારા ઉપર દયા લાવી ઘણા પ્રકારના મૃત્યુથી રક્ષણ કર્યું છે છતાં આ વખત આપના દ્રષ્ટિરૂપ કામદેવને પ્રેરણા કરી શા માટે મારી નાંખો છો ? ૨ હે સર્વોત્તમ ! કાલિંદીના ઝેરી જળથી, અઘાસુરથી, રાક્ષસોથી, વૃષ્ટિથી, વાયુથી, વિજળીઓથી, અગ્નિથી, વત્સાસુરથી, વ્યોમાસુરથી અને બીજા સઘળા ભયથી આપે અમારૂં વારંવાર રક્ષણ કરેલું છે. ૩ હે સખા! આપ કાંઇ યશોદાના પુત્ર નથી, પણ તમામ દેહધારીઓમાં અંતર્યામી રૂપે રહેલા ભગવાન છો. આ જગતનું રક્ષણ કરવા માટે જ્યારે બ્રહ્માએ આપની પ્રાર્થના કરી ત્યારે આપે ભક્તોના કુળમાં અવતાર ધારણ કર્યો છે. ૪ હે યાદવોમાં અગ્રેસર ! હે કાંત ! માયાથી ભય પામી આપના ચરણાર્વિંદને શરણે આવેલાને અભય આપનાર, કામનાઓ પુરનાર, અને લક્ષ્મીજીનો હાથ ઝાલનારો આપનો હસ્ત કમળ અમારા માથા ઉપર મુકો. ૫ હે વ્રજવાસીઓની પીડાને હરનાર! હે વીર ! હે પોતાના ભક્તોના ગર્વનો નાશ કરનાર મંદ હાસ્યવાળા સખા ! અમે આપની દાસીઓ છીએ, માટે અમો સ્ત્રી જાતિને આપનું કમળ સરખું સુંદર મુખારવિંદ દેખાડો. ૬ આપને શરણે આવેલાં પ્રાણીઓના પાપને મટાડનારાં, ખડચર પશુઓના પાછળ ચાલતાં, લક્ષ્મીજીના સ્થાનરૂપ અને કાલિયનાગની ફણાઓ ઉપર અર્પણ કરેલાં એવાં આપનાં ચરણાર્વિંદ અમારા સ્તન ઉપર મુકો અને અમારા કામરૂપ અગ્નિને શાંત કરો. ૭ હે કમળનયન ! હે વીર ! બુદ્ધિમાન મનુષ્યોના મનને આનંદ ઉપજાવનારી અને સુંદર વાક્યવાળી આપની મધુર વાણી વડે મોહ પામેલી આ અમે આપની દાસીઓ છીએ, માટે આપ અમને અધરામૃત પાઇને જીવાડો. ૮ આપનો વિયોગ થયે અમને મરણજ શરણ છે. પણ આપની કથારૂપ અમૃતનું પાન કરાવતા ભાગ્યશાળી પુરૂષોએ અમને આપની કથારૂપ અમૃત પાઇને મૃત્યુમાંથી ઉગારેલાં છે. એવું આપનું કથારૂપ અમૃત પાપને નાશ કરનારૂં હોવાથી બ્રહ્માદિક દેવતાઓએ દેવતાના અમૃતને તુચ્છ ગણી સંસારના તાપથી તપેલા પુરૂષોને આપની કથા અમૃતરૂપ છે એમ જાણી આપના તે અમૃતની સ્તુતિ કરેલી છે. વળી આપનું કથામૃત મનુષ્યને સાંભળવાથીજ કલ્યાણ આપનારૂં તથા શાંતિને આપનારૂં છે, અને દેવતાઓનું અમૃત તો યજ્ઞાદિક કરવાથીજ મળે છે છતાં મદને ઉપજાવનારૂં છે, માટે દેવતાઓને પીવાનું અમૃત તો આપના કથામૃતના આગળ કંઇ વિશાતમાં નથી, એમ જાણીને ઘણા જન્મોમાં જેઓએ ઘણાં પુણ્ય કરેલાં છે એવા પુરૂષો આ પ્રથમનાં મનુષ્યોને જીવન આપવા માટે

આપના કથામૃતનું સેવન કરે છે એમ અમે માનીએ છીએ. આ પ્રમાણે આપના કથામૃતને સેવનારા પુરૂષોને આ લોકમાં જ્યારે અમે ભાગ્યશાળી ગણીએ છીએ, ત્યારે જેઓ આપના સ્વરૂપને દેખે છે તેઓ સંપુર્ણ ભાગ્યવાળા હોય એમાં શી નવાઈ? માટે હે ભગવાન! તમે અમને દર્શન આપો. ૯ આપનું કપટ ભરેલું હસવું, પ્રેમ પુર્વક કટાક્ષ દૃષ્ટિથી જોવું, ધ્યાનમાં આનંદ આપતા વિહાર, અને હૃદયમાં ચોંટી રહેલી એકાંતની વાતો એ સઘળાં અમારા મનને મુંઝાવે છે, માટેજ આપનું કથામૃત અમને શાંતિ પમાડતું નથી માટે આપ હવે અમને દર્શન આપો; તમારે વિશે અત્યંત સ્નેહ હોવાને લીધે જેમનાં મન કોમળ થઇ ગયેલાં છે એવી ગોપિકાઓ ઉપર શા માટે કપટ કરોછો? ૧૦ હે નાથ! આપ જ્યારે વ્રજમાંથી ગાયો ચારવા માટે જાઓછો ત્યારે આપનાં કમળ જેવાં સુકોમળ ચરણ પથરા, ઘાસ અને કાંટાઓ વડે દુઃખી થતાં હશે એમ જાણી અમારૂં મન ઉદ્વેગ પામે છે; આમ અમે જાણીએ છીએ, છતાં આપ અમારાથી જુદાઇ શા માટે રાખો છો? ૧૧ હે વીર! સંધ્યાકાળ વખતે આપ શ્યામ કેશથી વીંટાયલા અને ગાયોના સમુહથી ઉડેલી રજવડે છવાયલા અને ભમરાઓથી વીંટાયલા આપના મુખને જ્યારે દેખાડોછો, ત્યારે આપ અમારા મનમાં વારંવાર કામદેવને ઉત્પન્ન કરોછો, છતાં અમને સંગ આપતા નથી માટે આપ કપટી છો. ૧૨ હે અસુરજનને મારનાર! હે રમણ! શરણે આવેલાને મોક્ષ આપનાર લક્ષ્મીજીએ સેવેલાં, પૃથ્વીને શોભાવનારાં અને દુઃખ વખતે ધ્યાન કરવા યોગ્ય, અત્યંત શાંતિ આપનારાં એવાં આપનાં ચરણારવિંદ છે, માટે કપટ મુકી તે ચરણારવિંદ અમારા સ્તન ઉપર મુકી અમારા કામાગ્નિને શાંત કરો. ૧૩ હે વીર! સંભોગ સંબંધી આનંદને વધારનારૂં, શોકનો નાશ કરનારૂં, સ્વર વાળી વેણુએ સારી રીતે ચુંબન કરેલું અને મનુષ્યોને સંસાર સંબંધીના સુખોને ભુલવણાં આપનારૂં આપનું અધરામૃત અમને પાઓ. ૧૪ જ્યારે આપ દિવસે વનમાં ફરો છો ત્યારે આપના મુખને નહિ દેખવાથી અમને આંખ મીંચીને ઉઘાડીએ તેટલો વખત પણ યુગ જેવડો મોટો થઇ પડે છે. અને વાંકડીઆ કેશથી વીંટાયલું આપનું શોભાયમાન મુખ જ્યારે અમે જોઇએ છીએ ત્યારે એકી નજરે જોતાં અમારી પાંપણો મીંચાઇ જવાથી આપનાં દર્શન થવામાં તેટલું અમને રોકાણ થાય છે અને તે વિલંબ અમારાથી સહન ન થઇ શકવાથી પાંપણો ઉત્પન્ન કરનારો બ્રહ્મા ઓછી બુદ્ધિવાળો છે એમ માનિયે છીએ. આ પ્રમાણે એક ક્ષણવાર જો અમને આપનું દર્શન થતું નથી તો દુઃખ ઉત્પન્ન થાય છે, આપનું દર્શન થાય ત્યારેજ અમને સુખ મળે છે. ૧૫ અને તેટલા માટેજ અમે અમારા, પતિ, છોકરાં, ભાઈ અને બંધુઓની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને આપની પાસે આવ્યાં છીએ. હે કપટી! હે અચ્યુત! અમારા આવવાના કારણને જાણોછો છતાં આપના ગાયન વડે મોહ પામેલી આ સ્ત્રીઓને આપના વિના રાત્રિના વખતમાં બીજો કોણ ત્યાગ કરે? ૧૬ જેથી કરીને અમને કામદેવ ઉત્પન્ન થાય એવા આપના એકાંતના સંકેત, હાસ્ય, પ્રેમ પુર્વક જોવું, લક્ષ્મીજીના નિવાસરૂપ આપનું વક્ષઃસ્થળ, એ સર્વે જોઇ અમને તમારી ઘણી ઇચ્છા થાય છે, તેથી અમારૂં મન વારંવાર મોહ પામે છે. ૧૭ હે પ્રિય! આપને અવતાર ધરવાનું કારણ તો વ્રજવાસીઓનાં અને વનવાસીઓનાં દુઃખોને હરણ કરવાં અને જગતને આનંદ પમાડવો એજ છે. અને આપની સ્પૃહા રાખનારી અમે આપનીજ દાસીઓ છીએ, માટે અમારા હૃદયના તાપને મટાડનારૂં (મનને શાંત કરનારૂં) જે ગુણ ઔષધ આપની પાસે છે તેમાંથી એક લગાર

ઔષધ અમને આપો. અમારો અભિપ્રાય તમે જાણોછો, માટે તે પ્રમાણે આપ અમારા મનને શાંત કરો, એમ ગોપીઓ શુદ્ધ અભિપ્રાયથી કહેવા લાગી. ૧૮ વળી અત્યંત પ્રેમવડે અકળાઇ જતાં રડતી ગોપીઓ આ પ્રમાણે કહેવા લાગી–હે પ્રાણનાથ! આપનાં સુકોમળ ચરણારવિંદ અમે અમારા કઠણ સ્તનો ઉપર ધીમે ધીમે મુકીયે છીયે, કેમકે અમારા કઠણ સ્તનો રખેને આપના સુકોમળ ચરણને ખુંચે, પણ તેજ ચરણારવિંદ વડે આપ વનમાં ફરોછો, તો ત્યાં તમને ઝીણા કાંકરા વગેરે શું નહિ ખુંચતા હોય? તમને શું પીડા નહિ થતી હોય? એવી રીતે અમારા આવરદા રૂપ આપ હોવાથી આપનામાં અમારી બુદ્ધિ તલસ્યા કરે છે. ૧૯

यत्ते सुजात चरणांबुरुहं स्तनेषु
भीताः शनैः प्रिय दधीमहि कर्कशेषु ॥
तेनाटवीमटसि तद्व्यथते न किंस्वित्
कूर्पादिभिर्भ्रमति धीर्भवदायुषां नः ॥१॥

ઇતિશ્રી ભાગવત પુરાણના દશમ સ્કંધ પૂર્વાર્ધમાં "ગોપિકાગીત" નામે ૩૧ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૩૨ મો.

શ્રીકૃષ્ણે પ્રગટ થઇને ગોપીઓને શાંત કરી.

શુક ઉવાચ–

इति गोप्यः प्रगायंत्यः प्रलपंत्यश्च चित्रधा ॥
रुरुदुः सुस्वरं राजन् कृष्णदर्शनलालसाः ॥१॥

શ્રી શુકદેવજી કહેછે–હે રાજન્! એ રીતે ગાયન કરતી અને વિચિત્ર રીતે રૂદન કરતી ગોપિકાઓ શ્રીકૃષ્ણનાં દર્શન માટે સુંદર રાગ કાઢીને રડવા લાગી. ૧ ત્યારે પિતાંબર, વનમાળા, અને આભૂષણ ધારણ કરેલા, હસતા મુખવાળા અને કામદેવને પણ મોહ ઉપજાવનારા ભગવાન તેમની વચમાં એચિંતા આવીને પ્રકટ થયા. ૨ શ્રીકૃષ્ણ ભગવાનને જોતાં આનંદ પામેલી ગોપિકાઓ ભાન આવતાં પંચ મહાભૂતનો બનેલો દેહ જેમ સચેત થઇ ઉભો થાય તેમ ઉભી થઇ.૩ કેટલીક ગોપીઓએ ભગવાનની પાસે આવી તેમના હસ્તકમળને હર્ષથી ગ્રહણ કર્યો. કેટલીકે હાથ ઝાલીને પોતાના ખભા ઉપર મુકયો. ૪ કોઇ ગોપીએ ભગવાને ચાવેલું પાનબીડું લઈ મુખમાં મુકયું, કોઇએ વિરહ તાપથી તપી ગયેલાં પોતાનાં સ્તન ઉપર ભગવાનના કોમળ ચરણ મુકાવ્યા. ૫ કેટલીક ગોપિકાઓ ભગવાનના ઉપર રીસાયલી હોય તેમ તિરછી આંખે તેમને મોહનાં બાણ મારવા લાગી. ૬ અને આંખ ભરી ભરીને જોતી કેટલીક અતિ આતુર ગોપીઓ તો ભગવાનના મુખારવિંદને જોતા છતાં તૃપ્ત થતી ન હતી. ૭ યોગીઓની પેઠે કેટલીક ગોપીઓ ભગવાનના સ્વરૂપને અંતરમાં ધારણ કરી માનસિક આલિંગનથી આંખો મીંચી સ્તબ્ધ થઇ ગઇ. ૮ ભગવાનનાં દર્શન થતાં ગોપીઓનો વિરહ તાપ ઓછો થઇ ગયો. ઇશ્વર મળવાથી જેમ દુઃખીનો તાપ શમી જાય, બ્રહ્મવેત્તા ગુરૂના સમાગમથી જેમ સંસારી માણસનો તાપ ટળી જાય અને સુષુપ્તિના સાક્ષી પરમાત્માને પામીને જેમ નિદ્રા લેનારા જીવોના તાપ ટળી જાય છે, તેમ ભગવાનનાં દર્શન થતાં ગોપિકાઓનો કામાગ્નિ શમી ગયો. ૯ ગોપીઓથી વિંટાયલા શ્રીકૃષ્ણ ભગવાન જેમ સત્વશક્તિઓથી પરમાત્મા, જ્ઞાનશક્તિથી જેમ ઉપાસક અને અવિદ્યાની ઉપાધિઓથી જેમ જીવ શોભે તેમ શોભવા લાગ્યા. ૧૦

પછી આનંદથી પ્રફુલ્લિત થયેલી ગોપીઓને લઇને શ્રીકૃષ્ણ યમુનાના તીર ઉપર આવ્યા. તે વખતે યમુનાજીના તટ ઉપર કુંદ અને મંદારનાં પ્રફુલ્લ થયેલાં પુષ્પની મીઠી સુગંધવાળો પવન વાતો હતો, મકરંદ પીવાને માટે ભ્રમરનાં ટોળાં ગુંજારવ કરતાં

હતાં. ૧૧ શરદઋતુનો પુર્ણચંદ્ર પ્રકાશી રહ્યો હતો, દુધથી ધોળેલા હોય તેવા દિશાઓ ચંદ્રિકાથી ધોળી થઇ રહી હતી, અને યમુનાજીએ જાણે આંકળીઓ પાડીને મોતીના દાણાથી ભગવાનને રાસક્રીડા કરવા માટે પાથરી હોય તેવી રેતી પવનની ગતિથી ઓકળીયોદાર થઇ રહી હતી. ૧૨ ગોપિકાઓ ભગવાનને લઈ ત્યાં આવી, એટલે કર્મ કાંડમાં ઇશ્વરનાં દર્શન ન થવાથી જ્ઞાનકાંડમાં ઇશ્વરને મળીને શ્રુતિઓ જેમ પોતાના શ્રમને સફળ માને તેમ વિરહથી આતુર થયેલી ગોપીઓએ પણ ભગવાનનાં યમુનાજીનાં તટમાં દર્શન કરી પોતાનો શ્રમ સફળ કર્યો. સ્તન ઉપરના કેસરના લેપથી રંગાયલી પોતાની ચુંદડી ઉતારીને ગોપીઓએ પુલિનમાં શ્રીકૃષ્ણને આસન નાંખી આપ્યું. ૧૩ ગોપિકાઓએ માન આપેલા, ગોપિકાઓવડે શોભતા અને ગોપીઓની સભામાં બેઠેલા શ્રી કૃષ્ણ તે વખતે ઇંદ્રિયોના સમુહમાં બેઠેલા નિર્લેપ આત્માની પેઠે શોભવા લાગ્યા. ૧૪ શ્રીકૃષ્ણના હાથ પગ પોતાના ખોળામાં લઈ ચંપા કરતી, સુખનાં મરકડલાં કરી કરીને શ્રી ભગવાનના મુખ સામું જોઇ વળી પોતાના કુચ દેખાડતી હોય તેમ વક્ષઃસ્થળ તરફ દૃષ્ટિને નમાવતી અને ભગવાનને કામદેવ વધારતો હોય તેમ નાના પ્રકારનાં કામોદ્દીપન અભિનય કરતી ગોપિકાઓ પછી ભગવાનને પુછવા લાગી-૧૫

ગોપીઓ પુછે છે—હે કૃષ્ણ! કેટલાક પુરૂષો પોતાને ભજનારને તેના ભજનના પ્રમાણમાં ભજે છે, કેટલાક ભજનની આશા વગર સામાને ભજે છે, અને બીજા કેટલાક પુરૂષો પોતાને ભજનારને તથા પોતાને નહિ ભજનારને પણ ભજતા નથી. આમાં કયો ઉત્તમ તે અમને સમજાવો. ૧૬

શ્રી કૃષ્ણ કહે છે—હે ગોપિકાઓ! જે પુરૂષો અન્યોઅન્ય એક બીજાને ભજે છે તેઓ સ્વાર્થને લઇને ભજન કરે છે. એ ભજન ગાય ભેંસની સેવાની પેઠે સ્વાર્થમય હોવાથી ધર્મ નથી. ૧૭ પોતાને નહિ ભજનારને પણ ભજનારા બે પ્રકારના છે. દયાળુ લોકો પોતાને નહિ ભજનારના ઉપર પણ દયાને લીધે ભક્તિ રાખે છે, અને વાત્સલ્ય સ્નેહથી બંધાયલાં માબાપ પણ પોતાને નહિ ભજતા એવા પુત્રને નિરંતર ભજે છે. દયાની ભક્તિમાં નિર્મળ ધર્મનો અંશ છે અને વાત્સલ્ય ભક્તિમાં પ્રેમનો અંશ છે. ૧૮ તેમજ ભજનારની ઉપેક્ષા કરનાર અને નહી ભજનારની પણ ઉપેક્ષા કરનાર પુરૂષો ચાર પ્રકારના છે. ૧ આત્મારામ, ૨ પુર્ણકામ, ૩ અકૃતજ્ઞ, અને ૪ ગુરૂદ્રોહી; એમ તેઓ ચાર પ્રકારના છે. આત્મારામ પુરૂષો માત્ર પોતાના આત્મામાંજ આંતર્દ્રષ્ટિએ ભક્તિ રાખે છે, પુર્ણકામ પુરૂષો પોતાને કોઇ પણ વસ્તુની જરૂર ન હોવાથી પોતામાંજ તલ્લીન રહે છે એટલે બીજાને ભજતા નથી, અકૃતજ્ઞ પુરૂષો બીજાના ભજનની ઉપેક્ષા કરે છે એટલે તેઓ પોતાને ભજનારને પણ ભજતા નથી, અને ગુરૂદ્રોહી પુરૂષ તો પોતાના ઉપર ઉપકાર કરનાર જે ગુરૂરૂપ પુરૂષ તેની પણ કઠણ હૃદયથી ઉપેક્ષા કરે છે. ૧૯ હે સખીઓ! હું એમાંના કોઇ પ્રકારનો નથી. હું તો પરમ દયાળુ અને સ્નેહ ભરેલો છું. દયાથી અને સ્નેહથી હું મારા ઉપર ભક્તિ રાખનાર અને નહિ રાખનાર બન્નેને ભજું છું. વળી જેઓ નિરંતર મને ભજતા હોય તેમને પણ કોઈવાર ભજતો નથી. ધનનો નાશ થવાથી લોભી માણસને જેમ ધનની ઝંખના રહે, તેમ મારો સંગ કરવાને માટે સંબંધીજનનો ત્યાગ કરીને આવેલી એવી તમારી મારામાં નિરંતર ભકિત રહે એવા ભાવથી હું અંતર્ધ્યાન થઇ ગયો હતો. મારા અંતર્ધ્યાન થવા છતાં પણ તમે મારે માટે ઝંખતાં હતાં તે હું સાંભળતો હતો, અને તે ઝંખનાને લીધેજ હાલ હું તમારી આગળ પ્રગટ થયો છું. હે પ્રિય સખીઓ! ત-

માટે મારા ઉપર રોષ ધરવો નહિ. હું પરીક્ષક છું, અને પ્રેમની પરીક્ષા વિયોગમાંજ થાય છે. તમે મારા ઉપર સ્નેહ રાખો છો માટે હું તમારા ઉપર પ્રત્યુપકાર કરવાને સજ્જ થયો છું. છેદી શકાય નહિ તેવાં સાંસારિક બંધનોને છેદી તમે મારા ઉપર અનન્ય ભક્તિ બતાવી છે તે આભાર ઉતારવાને હું દેવતાઓના આયુષ્યવડે પણ શક્તિવાન નથી. તમારા ગુણજ તેના સાક્ષીરૂપ છે. તમે એક મારામાં સ્નેહવાળાં છો, પરંતુ હું ઘણામાં સ્નેહવાળો છું એટલે મારાથી તમારી સેવાઓનો સમાન ઉપકાર પુરી શકાય તેમ નથી. ૨૦-૨૨

नपारयेऽहं निरवद्य संयुजां ।
साधुकृत्यंविबुधायुषापिवः
यामाभजन् दुर्जरगेहशृंखलाः।
संवृश्च्यतद्वः प्रतियातुसाधुना ।। २२ ।।

ઇતિ શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધ પુર્વાર્ધમાં ગોપી સાંત્વન નામે ૩૨ મો અધ્યાય સંપુર્ણ.

અધ્યાય ૩૩ મો.

ભગવાને કરેલી રાસલીલા તથા જળલીલા.

શુક ઉવાચ–

इत्थं भगवतो गोप्यः श्रुत्वा वाचःसुपेशलाः।
जहुर्विरहजं तापं तदंगोपचिताशिषः ।। १ ।।

શ્રી શુકદેવજી કહેછે—હે રાજા ! ભગવાનની એવી સુકોમળ વાણી સાંભળીને ગોપિકાઓનો વિરહતાપ શમી ગયો. ૧ પછી ભગવાને એક બીજાના હાથમાં હાથ મેળવીને ઉભેલી, પ્રસન્ન થયેલી અને પોતાને અનુસરનારી ગોપિકાઓના મનોરથ પુરવાને માટે બબ્બે ગોપીઓ વચ્ચે પોતાનું શ્યામ સુંદર રૂપ ધારણ કર્યું. ને મંડળાકાર ઉભેલી ગોપિકાઓની વચ્ચે પેશી ભગવાને તેમનાં ગંડસ્થળ ઉપર હાથ નાંખ્યા. જ્યારે ભગવાને ઘણાં રૂપ ધરી સઘળી ગોપિકાઓના ખભા ઉપર હાથ નાંખ્યા ત્યારે તેઓ પોતપોતાને ધન્ય માનવા લાગી, એટલુંજ નહિ, પરંતુ 'મારી પાસે ભગવાન છે અને તેમણે મને આલિંગન દીધેલું છે.' એમ માનવા લાગી. આ રીતે યથાનુક્રમ રાસક્રીડાની રચના થઇ, તે જોવાને આતુર થયેલા દેવલોક પોતાની સુંદરીઓને લઇ આકાશમાં આવી ઉભા રહ્યા. દેવસુંદરીનો સાથે રાસક્રીડા જોવા આવતા દેવતાઓનાં દિવ્ય વિમાનથી આકાશ છવાઇ ગયું. ૨-૪ રાસક્રીડાના આરંભમાં ઉત્સાહજનક દેવલોકનાં દુંદુભિ ગડગડવા લાગ્યાં, પુષ્પની વૃષ્ટિ થવા લાગી અને આનંદથી ઉભરાઇ જતાં અંતઃકરણથી ભગવાનની સાથે રાસક્રીડા કરવાને ઉત્સુક થયેલી વ્રજાંગનાઓના ભાગ્યની દેવીઓને ઈર્ષ્યા ઉત્પન્ન થવા લાગી. અંતરિક્ષમાં ઉભેલા ગંધર્વો પોતાની સ્ત્રીઓ સાથે ભગવાનના યશ ગાવા લાગ્યા. ૫ રાસમંડળમાં જ્યારે રાસ રમાવા લાગ્યો ત્યારે શ્રી કૃષ્ણ ભગવાનની સાથે ગોપિકાઓનાં ઝાંઝર, કંકણ અને પગની ઘુઘરીઓના ઘમકાર યુક્ત ઝણકાર થવા લાગ્યા. ૬ સુવર્ણની ચાલતી લતાઓ જેવી ગોપિકાઓની વચ્ચે નીલમણિની મુર્ત્તિ જેવા ભગવાન શ્રીકૃષ્ણ અત્યંત શોભવા લાગ્યા. ૭ હાથ હલાવવા, મંડળમાં ફરતાં ઘટિત અંતરે પગ ઠોકવા અને મુકવા, મંદહાસ્ય કરી કટાક્ષ ભરેલી વાંકી દૃષ્ટિથી સામું જોવું, નાજુક કેડો લચકાવી નીચાં વળવું, સૂર ખેંચતાં છિપડના પુષ્ટ સ્તનના ભારને વહન કરવો, પવનથી ચળાયમાન થતા અંચળાથી વિલાસમય ગતિ કરવી, ઝુલતાં કર્ણાભરણથી ગંડસ્થળના ઉપર પ્રતિચ્છાયા પાડવી, પરસેવાને લીધે લલાટ ઉપર બંધાતાં શ્રમ જળકણ દામણીઓના નવીન શોભાને ધારણ કરવી અને રસમાં રસની વૃદ્ધિ ઉત્પન્ન કરે એવા રસિક ભગ-

વાનનાં યશોગાન કરવાં; વગેરે ચતુરાઇમાં કુશળ વ્રજાંગનાઓ ભગવાનની સાથે રાસ રમતી ત્રિભુવનની શોભાને ધારણ કરવા લાગી. શિથિલ થઇ જતા અંબોડા અને નીવિબંધવાળી ગોપીઓ બહુરૂપે મેઘમંડળમાં જેમ વીજળીઓ શોભે તેમ શોભતી હતી. ૮ થેઇ થેઇકાર કરી નાચ કરતી, ઝાંઝરના ઝમકારથી પગના તાલ દેતી, ભિન્ન ભિન્ન સુર ખેંચી ગાન કરતી અને રતિમાં પ્રીતિવાળી વ્રજાંગનાઓ ભગવાનને ઉત્સાહ ઉત્પન્ન કરતાં રાસક્રીડા કરતી હતી. ગોપીઓના રાગથી આખું વિશ્વ રાગમય થઇ રહ્યું હતું. ૯ ભગવાનના ધીર, ગંભીર, મેઘ ગર્જના જેવા પ્રૌઢ રાગની સાથે પોતાના રાગ મેળવવાને માટે જ્યારે ગોપીઓએ ધ્રુવતાલથી સૂરને ખેંચ્યા ત્યારે શ્રીકૃષ્ણ તેમના ઉપર પ્રસન્ન થઇ ધન્યવાદ આપવા લાગ્યા. ૧૦ રાસમંડળમાં ફરતાં શ્રમિત થઇ ગયેલી સુકુમાર ગોપીઓ ક્રીડાનો ભંગ ન કરતાં પોતાના પડખામાં રહેલા ભગવાનના ખભા ઉપર ભાર મુકી ફરવા લાગી. ૧૧ કમળના નાળ જેવા, સુગંધીદાર ચંદનના લેપવાળા, હાથીની સુંઢ જેવા અને પોતાના ખભા ઉપર મુકેલા ભગવાનના હાથનો સ્પર્શ કરી રોમાંચિત થઇ ચુંબન કરવા લાગી. ૧૨ નાચના લટકાથી હાલતાં કુંડળને લીધે શોભતું ગંડસ્થળ પોતાને અડતાં પુલકિત શરીરવાળી ગોપિકાઓ ભગવાનના મુખનું પાન લઇ ચાવતી હતી. ૧૩ નૃત્ય, ગાયન અને ચલનના પરિશ્રમથી શ્રમિત થયેલી ગોપીઓ ભગવાનના કલ્યાણકારી હાથ પોતાના સ્તન ઉપર મુકતી હતી.* ૧૪ લક્ષ્મીના પતિ શ્રીકૃષ્ણ ભગવાનને પોતાના પતિરૂપ માની અત્યંત પ્રિય રતિ સુખનો અનુભવ કરતી ગોપીઓ નાના પ્રકારનાં ગાયન કરતાં ભગવાનના પડખામાં રહી લટકાથી નૃત્ય ગાન કરી કરી નાના પ્રકારના વિહાર કરતી હતી. ૧૫ ગંધર્વો અને કિન્નરો પોતાની સ્ત્રીઓ સાથે ભગવાનના રાસમાં વાજિત્ર વગાડતા હતા. રાસક્રીડાના રસમાં મસ્ત થઇ ગયેલા તેઓ નાચ કરતાં કંકણ અને ઝાંઝરથી રાગ પુરાવતા હતા. ગોપિકાઓ ભગવાનની સાથે થન થન નાચતી ત્યારે ભમરા ગવૈયાનું કામ કરતા હતા. કર્ણ ઉપરના કમળથી, ગાલ ઉપર આવેલા કેશથી, અને પરસેવાથી ભીંજાયલાં લલાટથી ગોપિકાઓનાં મુખ કમળ શોભી રહ્યાં હતાં. નૃત્યથી કેશકલાપમાંથી પુષ્પ ખરતાં હતાં તે જાણે તાલથી સંતુષ્ટ થયેલા દેવો પુષ્પવૃષ્ટિ કરતા હોય તેવા દેખાવા લાગ્યા. ૧૬ ગોપીઓ જેમ ભગવાનની સાથે ઉંડા અંતઃકરણે રાસ રમતી હતી. તેમ ભગવાન પણ તેમને આલિંગન, સ્પર્શ, કટાક્ષ, હાસ્ય, અને ચેષ્ટાઓથી પ્રસન્ન કરતા હતા. બાળક જેમ પોતાનાં પ્રતિબિંબની સાથે ક્રીડા કરે તેમ ભગવાન ગોપીઓની સાથે આ પ્રમાણે રાસક્રીડા કરતા હતા. * ૧૭

---

* ભગવાને પોતાના હસ્તકમળ ધ્રુવ પ્રલ્હાદાદિક ભક્તો ઉપર મુકીને તેઓનું કલ્યાણ કરેલું છે, એવા કલ્યાણકારી હાથ સ્તન ઉપર મુકવાથી કામદેવ સતાવશે નહી અને સંસારનાં બંધનથી મુક્ત થઇ જવાશે, એમ સમજીને ગોપીઓએ ભગવાનના હાથ પોતાના સ્તન ઉપર મુક્યા હતા.

* રાસક્રીડા તે કૃષ્ણ અને ગોપિકાઓનો વ્યભિચાર વ્યાપાર નહિ, પરંતુ આત્મા અને ઇંદ્રિયોના વ્યાપારનું એક રૂપક છે. શ્રીકૃષ્ણ તે આત્મા. શરીર ઇત્યાદિ સાધન સ્થાન, અને ગોપીઓ એટલે ઇંદ્રિયો. તેની સાથે ભળેલો આત્મા કેવી લીલાઓ કરે છે તે આમાં સ્પષ્ટ બતાવ્યું છે. મનુષ્ય શરીરરૂપી સ્થાનમાં આવેલો આત્મા પોતાના પરમ સ્વરૂપનું માયામય ઇંદ્રિયોને જ્ઞાન નહિ થવા દેતાં તેમને પ્રસન્ન કરવા તેમનામાં સામેલ રહી નાના પ્રકારનાં તેમનાં રસનાં આસ્વાદનનો સાક્ષી થઇ પોતે નિર્લેપ રહી ઇંદ્રિયોને પ્રસન્ન રાખે છે. શ્રીકૃષ્ણ ભગવાન પણ આ રાસક્રીડામાં પોતે નિર્લેપ રહી ગોપિકાઓનાં મન પ્રસન્ન રાખવા તેમની ઇચ્છા પ્રમાણે રમણ, વિહારાદિ કરે છે. ટુંકામાં રાસક્રીડા તે નિર્લજ્જ રતિક્રીડા નહિ પણ ઇંદ્રિય આત્માનો વ્યાપાર માત્ર છે.

હે રાજન્ ! ભગવાનના અંગસંગ થવાથી પ્રસન્ન થયેલી ગોપિકાઓને પોતાની પુષ્પમાળાઓ ખશી જતાં આભરણ, અને ઉતરી પડતાં ઉત્તરીય તથા ઉઘડી જતા સ્તનપ્રદેશ ઢાંકવાનું પણ ભાન રહેતું નહીં. ૧૮ વળી રસના સમુદ્ર રેડ્યો હોય તેવી ભગવાનની ક્રીડાઓ જોઇને વિમાનમાં બેઠેલી દેવાંગનાઓ પણ કામાતુર થઇ જતી હતી. નક્ષત્રોના સાથે આકાશને ધવળ કરતો ચંદ્રમા રાસ જોવાથી મોહિત અને વિસ્મયથી દિગ્મૂઢ થઇ ગયો હતો. ૧૯ વ્રજાંગનાઓની ઇચ્છા પુર્ણ કરવાના ઉદ્દેશથી ભગવાન તેમના જેટલાં રૂપ ધારણ કરી તેમની સાથે રાસક્રીડા કરતા હતા. ૨૦ અત્યંત વિહાર કરવાથી ગોપીઓનાં મુખ ઉપર આવી ગયેલા વાળ અને પરસેવાને ભગવાન લુછી નાંખતા હતા. ૨૧ ભગવાન આ પ્રમાણે પોતાના મનોરથ પુરતા અને સેવા કરતા તેથી ગોપીઓ પ્રસન્ન થતી હતી. કાને પેહેરેલા સુવર્ણનાં આભુષણોથી શોભતા મુખવાળી, અને કપાળ ઉપર વિખરાઇ પડતા કેશોથી રમણીય લાગતી ગોપિકાઓને અંતહાસ્ય કરી ચેષ્ટા કરતા ભગવાન નખના સ્પર્શથી પ્રસન્ન કરતા હતા, અને ગોપિકાઓ તેમનાં પવિત્ર કર્મોનું વર્ણન કરતી હતી. ૨૨

આ પ્રમાણે યમુનાજીના પવિત્ર તીર ઉપર રાસક્રીડા કરી શ્રાંત થયેલા ભગવાન પછી લોક તથા વેદની મર્યાદાનું ઉલ્લંઘન કરવાથી ક્ષોભ પામતાં શ્રમિત થયેલા હાથી જેમ હાથણીઓની સાથે જળક્રીડા કરવાને મોટા સરોવરમાં ઉતરે તેમ મત્ત થયેલી ગોપીઓને લઇ જળક્રીડા કરવાને માટે શ્રી યમુનાજીના જળમાં ઉતર્યા. ભીડાતાં અંગના સ્પર્શથી ચંપાતી અને કુચમર્દનથી કરમાતી સ્તન ઉપરનાં કેસરથી રંગાયેલી પુષ્પમાળાઓની સુગંધી ઉપર ભમતા ભ્રમરો પણ શ્રી કૃષ્ણના ગંધર્વ રૂપ થઇ તેમની સાથે જળ ઉપર જઇ ભમણ કરવા લાગ્યા. ૨૩ હે રાજન્ ! પ્રમત્ત થઇ અત્યંત નિર્લજની પેઠે હસી હસીને ભગવાનના ઉપર પાણી છાંટતી જુવાન ગોપીઓ તેમને ઘેરી લેવા લાગી. સ્ત્રીઓથી પ્રેમ ભરેલી દૃષ્ટિએ જોવાતા, પુષ્પની વૃષ્ટિથી અને યશોગાનથી દેવતાઓના ધન્યવાદ પામતા, તથા સુંદર રૂપને જણાવતા ભગવાન શ્રીકૃષ્ણ જેમ મોટો હાથી હાથિણીઓની સાથે જળવિહાર કરે તેમ ગોપીઓની સાથે જળક્રીડા કરવા લાગ્યા. ૨૪ ભ્રમરો અને ગોપીઓથી વીંટાએલા શ્રીકૃષ્ણ ભગવાન મદોન્મત્ત હાથીની પેઠે સ્થળ જળમાં વિહાર કરતાં શ્રી યમુનાજીના ઉપવનમાં વિહાર કરવા લાગ્યા. ૨૫ ભાગવતીઓના સમુહમાં ફરતા, સત્ય પ્રતિજ્ઞાવાળા, અને વિર્યને રોકી રાખી ક્રીડા કરતા ભગવાન શ્રીકૃષ્ણચંદ્રે ચંદ્રમાનાં કિરણોથી મનોરમ્ય લાગતી શરદઋતુની સુખકારક રાત્રિઓમાં ગોપીઓને નાના પ્રકારના વિહારો કરાવી પ્રસન્ન કરી. ૨૬

પરીક્ષિત રાજા પુછેછે—હે શુકદેવજી ! ધર્મ સંસ્થાપનને વાસ્તે, અધર્મના નાશને માટે, ધર્મની મર્યાદા બાંધવા માટે અને સત્કર્મના રક્ષણને માટે અંશાવતારે જન્મ લેનાર શ્રીકૃષ્ણ ભગવાને માત્ર અધર્મ રૂપજ નહિ, પરંતુ અત્યંત અનાચાર રૂપ પરસ્ત્રી સંગ શા માટે કર્યો ? ૨૭–૨૮ હે મુનિ ! પુર્ણકામ ભગવાને કરેલો આ અનાચાર અધર્મ રૂપ ન કહેવાય એમ આપ માનતા હો તો કામના રહિત હોવા છતાં આવું નિંદાપાત્ર કામ શા કારણથી કર્યું હતું તે આપ મને સમજાવો. ૨૯

શુકદેવજી કહેછે—હે રાજન્ ! બ્રહ્મા, ઇંદ્ર, ચંદ્રમા અને વિશ્વામિત્ર વગેરે મહાત્માઓએ ધર્મનું ઉલ્લંઘન કરી પુર્વે આવો અનાચાર કરેલો છે, પરંતુ સર્વભક્ષી અગ્નિને નિંદ્ય પદાર્થનું દહન કરતાં પણ જેમ દોષ લાગતો નથી, તેમ મહાપુરૂષોને પણ ધર્મ ઉલ્લંઘન કરી અનાચાર કરવાથી દોષ લાગ-

તો નથી. ૩૦ મહાત્માનો દાખલો લઇ સાધારણ માણસે આવું કર્મ કરવું નહિ. દેહાભિમાની પુરૂષોએ તો મનથી પણ આવું કામ કરવું નહિ. શિવજી સમુદ્રમાંથી ઉત્પન્ન થયેલું ઝેર પી ગયા હતા, પરંતુ બીજાથી તે ઝેર જીરવાય નહિ. ૩૧ મોટા પુરૂષની શીખામણ પ્રમાણે વર્તવું એમ કહેલું છે, પરંતુ મોટા પુરૂષના વર્તન પ્રમાણે વર્તવું એમ કહેલું નથી. બુદ્ધિમાન માણસોએ મહાત્મા પુરૂષોના વચન પ્રમાણે વર્તવું જોઇએ. ગુરૂની શિક્ષાનું અનુકરણ કરવું, પરંતુ ગુરૂની પાસેનો દુર્ગુણ ગ્રહણ કરવો નહિ. ૩૨ મહાપુરૂષમાં પણ અવગુણ તો અવગુણજ કહેવાય છે. અને અવગુણ સર્વદા નિંદાપાત્ર છે. પ્રારબ્ધ કર્મના ક્ષયને માટેજ મહાત્માઓ અનાચાર કરે છે તેમાં બીજ રહેલું નથી. ૩૩ હે રાજન્! મહાપુરૂષોને પણ આ રીતે પુણ્ય પાપનો સંબંધ નથી, ત્યારે મનુષ્ય, પક્ષી, પશુ અને દેવના પણ નિયંતા એવા શ્રીકૃષ્ણના રાસને તો અનાચાર કહેવાયજ કેમ? એમને પુણ્ય પાપનો સબંધજ ઘટતો નથી. ૩૪ ભગવાનની ચરણ રજ પામેલા યોગીઓને બંધન નથી, તો પછી ભગવાનને કર્મ બંધન ક્યાંથી હોય? ગોપીઓ પરસ્ત્રી છે એમ ગણીએ તો આ પ્રમાણે સમાધાન થાય છે, પરંતુ ભગવાનને તો કોઇપણ સ્ત્રી પરસ્ત્રી સમાન છેજ નહિ. ૩૫ ગોપીઓના, તેમના પતિના, અને પ્રાણી માત્રના અંતર્યામી અને બુદ્ધિ વગેરેના સાક્ષીરૂપ ભગવાન દેહધારી લીલા કરે એમાં અનાચાર શો? હે રાજન્! શ્રીકૃષ્ણ ભગવાન કંઇ આપણા જેવા નહોતા કે તેમને દોષ લાગે. પોતે પુર્ણ કામ હતા, પરંતુ મનુષ્યોને પોતાની લીલા બતાવી તેમાં દૃઢ પ્રીતિ ઉત્પન્ન કરાવવાને માટે તેમણે આ પ્રમાણે રાસક્રીડા કરી હતી. શૃંગાર રસમાં પચી રહેલાઓને શૃંગાર રસની દ્વારા પોતાના ગુણાનુવાદમાં પ્રીતિ થવાને તેમણે આ અનાચાર રૂપ કર્મ કર્યું હતું. ૩૬-૩૭ માયાથી મોહ પામેલા ગોવાળીઆઓને પોતાની સ્ત્રીઓ ભગવાનની પાસે ગયા છતાં પણ તેમના ઉપર દ્વેષ આવ્યો નહોતો. ૩૮ ગોપીઓ પતિની પાસે જવાને ઇચ્છતી નહોતી, તેમ છતાં પાછલી બે ઘડિકા રાત્રિ રહી ત્યારે ભગવાને તેમને પોતપોતાને ઘેર જવાને પ્રેરી. પછી પુર્ણ મોજ માણી ગોપિકાઓ પોતાને ઘેર ગઇ. ૩૯ જે માણસ ભગવાનની આ રાસક્રીડા વાંચે છે અથવા સાંભળે છે તે થોડાજ વખતમાં કામનાથી રહિત થઇ કામદેવને જીતે છે, કારણ કે ભગવાને પણ કામ જીતવાને માટેજ રાસક્રીડા કરી હતી. ૪૦

विक्रीडितं व्रजवधूभिरिदं च विष्णोः ।
श्रद्धान्वितोऽनुशृणुयादथ वर्णयेद्यः ॥
भक्तिपरां भगवति प्रतिलभ्यकामं ॥
हृद्रोगमाश्वपहिनोत्यचिरेण धीरः ॥४०॥

ઇતિ શ્રીમદ્ ભાગવત પુરાણના દશમ સ્કંધ પુર્વાર્ધમાં રાસલીલા વર્ણન નામે ૩૩ મો અધ્યાય સંપુર્ણ.

અધ્યાય ૩૪ મો.

અજગરનો મોક્ષ અને શંખચુડનો વધ.

शुक उवाच.

एकदा देवयात्रायां गोपाला जातकौतुकाः ।
अनोभिरनडुद्युक्तैः प्रययुस्तेऽम्बिकावनम् ॥१॥

શ્રી શુકદેવજી કહેછે—હે રાજા! એકવાર દેવતાની યાત્રા કરવાની ઇચ્છા થવાથી વ્રજના ગોવાળ લોક બળદનાં ગાડાં જોડીને અંબિકા વનમાં ગયા. ૧ પવિત્ર સરસ્વતિ નદીમાં સ્નાન કરી તેમણે પૂજન સામગ્રીથી ભગવાન પશુપતિનું અને દેવી અંબિકાનું પુજન કર્યું. ૨ 'અમારા ઉપર પ્રસન્ન થાઓ' એમ કહી તેઓએ બ્રાહ્મણોને બોલાવી તે-

અને ગાયો, સુવર્ણ, મધ તથા વસ્ત્ર આપીને ભોજન કરાવ્યાં. ૩ વ્રતની ઇચ્છાવાળા નંદ અને સુનંદ તે દિવસે ઉપવાસ કરી આખી રાત નિરાહાર રહ્યા. આખો દિવસ માત્ર પાણી પીને રહેલા નંદજી રાત્રિએ સુખથી નિદ્રા કરી ગયા. ૪ તે વખતે વનમાં ક્ષુધાતુર થઇ ફરતો એક અજગર તેમની પાસે આવી ચઢયો, અને ધીરે ધીરે તેમને પગથી ગળવા માંડયા. ૫ પગ અજગરના મુખમાં જતાં નંદજીની આંખ ઉઘડી ગઈ, અને તેમણે વ્યાકુળ થઇ સહાયને માટે હે કૃષ્ણ! હે કૃષ્ણ! હે શરણાગત વત્સલ! મને આ અજગર ગળી જાય છે, તેનાથી છોડાવ, એવી બુમો મારી. ૬ નંદની બુમ સાંભળી ગોવાળ લોક એકદમ જાગ્રત થઇ ગયા અને ઉતાવળા ઉતાવળા બળતાં લાકડાં લાવી અજગરને ચાંપવા લાગ્યા. ૭ બળતાં ઉંબાડીયાં ચાંપવા છતાં પણ જયારે તે અજગરે નંદજીને છોડયા નહિ, ત્યારે યાદવોના પતિ શ્રી કૃષ્ણ ભગવાને ત્યાં દોડી આવી અજગરને પગની ઠેસ મારી. ભગવાનના સુકોમળ પગના પ્રહારથી જેનાં પાપ ધોવાઇ ગયાં હતાં એવો અજગર તુરત પોતાના સ્વરૂપને છોડી દઇ વિદ્યાધરનો દેહ પામ્યો. ૮-૯ સુવર્ણની માળાવાળા, તેજસ્વી શરીરવાળા, અને મસ્તક નમાવી ઉભેલા તે પુરૂષને જોઇ ભગવાન બોલ્યા કે-૧૦ સુંદર દેહવાળો અને મસ્તક નમાવીને ઉભેલો તું કોણ છે? અને પરવશની પેઠે આ અજગરની યોનિને કેવી રીતે પામ્યો હતો? ૧૧

વિદ્યાધર કહેછે—હે દેવનાદેવ! ધન અને રૂપના ગર્વવાળો હું સુદર્શન નામનો વિદ્યાધર હતો. મોટા વિમાનમાં બેશીને હું એકવાર ફરવા ગયો હતો. ૧૨ ત્યારે અંગિરાના કુળમાં ઉત્પન્ન થયેલા વિરૂપ મુનિયોને જોઇ મને હસવું આવ્યું, તેથી મારા રૂપનો ગર્વ ઉતારવા તેમણે મને આ અજગરના દેહમાં પડવાનો શાપ દીધો. ૧૩ ને દયાળુ બ્રાહ્મણોએ મારાં પાપનો નાશ કરવાને માટેજ મને અજગરનો દેહ આપ્યો, કે જેથી આજે આપના ચરણનો સ્પર્શ થવા વખત આવ્યો. ૧૪ હે દુઃખનાશક! શાપથી મુક્ત થયેલો એવો હું મારા લોક પ્રત્યે જવા માટે, સંસારથી ભય પામી શરણ માગનારાઓના ઇશ્વર રૂપ આપની આજ્ઞા માગુ છું. ૧૫ હે યોગી! હે સત્પુરૂષોના નાથ! હું આપના ચરણ કમળને આશ્રયે છું, માટે હે સર્વેશ્વર! આપ મને આજ્ઞા આપો. ૧૬ હે અચ્યુત! આપના ચરણ કમળનો સ્પર્શ થતાં હું બ્રાહ્મણોના શાપમાંથી મુક્ત થયો છું. તમારૂં નામ લેનાર અને સાંભળનાર પવિત્ર થઇ જાય છે, તો પછી આપના ચરણના સ્પર્શથી હું પવિત્ર થાઉં તેમાં આશ્ચર્ય શું? ૧૭

શ્રી શુકદેવજી કહે છે—પછી ભગવાનને પ્રદક્ષિણા, પ્રાર્થના અને પ્રણામ કરી તથા આજ્ઞા લઇ સુદર્શન વિદ્યાધર પોતાના લોકમાં ગયો, અને વસુદેવજી દુઃખમાંથી છુટયા. ૧૮ શ્રી ભગવાનનાં પરાક્રમ જોઇ આશ્ચર્ય પામેલા ગોપ લોક પછી પોતાના નિયમો પુરા કરી ભગવાન સંબંધી વાતો કરતા કરતા વ્રજ તરફ ગયા. ૧૯ અદ્ભુત પરાક્રમવાળા શ્રીકૃષ્ણ બળદેવ કોઇ કોઇ વાર રાતને વખતે વ્રજ સુંદરીઓમાં રમતા હતા. ૨૦ બેઉ ભાઇ શરીરે અલંકાર, લેપન, પુષ્પની માળાઓ અને સુંદર સફેદ વસ્ત્ર પહેરતા હતા. ૨૦ તારા અને ચંદ્રના ઉદયથી રમણીય લાગતા પ્રદોષ કાળે કોઇ કોઇ વાર શ્રી કૃષ્ણબળદેવજી સ્વરમંડળોની મુર્છનાઓવાળાં અને પ્રાણી માત્રને મોહ ઉત્પન્ન કરે એવાં ગાયનો ગાઇ મલ્લિકાની સુવાસથી મત્ત થયેલા ભ્રમરોને અને કુમુદની વાસવાળા પવનને માન આપતા હતા. ૨૧-૨૨ હે રાજન! જ્યારે શ્રીકૃષ્ણ ચંદ્ર લોકને મોહ ઉપજાવે એવું ગાયન કરતા હતા, ત્યારે વ્રજની સુંદરીઓ એવી ઘેલી થઈ જતી હતી

કે તેમને પોતાનાં વસ્ત્ર ખશી ગયાનું કિંવા અંબોડા ઉપરથી વેણી પડી જવાનું પણ ભાન રહ્યું નહિ. ૨૪

હે રાજન્! આ પ્રમાણે તેઓ ક્રીડા કરતા અને ગાયન ગાતા હતા, તેવામાં એક-વાર કુબેરનો અનુચર શંખચુડ તેમના વિહારમાં આડે આવ્યો. ૨૫ ભગવાનથી સનાથ થયેલી વ્રજ સુંદરીઓને તે દુષ્ટ તેઓના દેખતાં ઉપાડી ચીસો પાડતી જ ઉત્તર દિશા તરફ લઈ ગયો. ૨૬ વાઘે પકડેલી ગાયો જેમ બરાડા પાડે તેમ હે કૃષ્ણ! હે બળદેવજી! અમારી વાહારે ધાઓ એમ, બુમો પાડતી ગોપિકાઓને જોઇ બેઉ ભાઇ તે યક્ષની પાછળ પડ્યા. ૨૭ 'ડરશો નહિ, ડરશો નહિ' એમ બોલી અભય આપતા તેઓ વેગથી શાલવૃક્ષો ઉપાડી શંખચુડની પાછળ દોડ્યા. ૨૮ કાળ અને મૃત્યુના જેવા શ્રી કૃષ્ણ બળદેવજી પહોંચી વળેલા જોઇ ×શંખચુડ સ્ત્રીઓને મુકીને નાશી ગયો, પરંતુ તેનાથી દુર જવાયું નહિ. તેના મસ્તકમાંનો મણિ લઇ લેવા શ્રીકૃષ્ણ ભગવાન તે જ્યાં જ્યાં ગયો ત્યાં પાછળ ગયા. બળભદ્રજીએ સ્ત્રીઓનું આરક્ષણ કર્યું એટલે ભગવાને તે દુષ્ટને પકડીને તેના મસ્તકમાંથી મણિ ખેંચી લીધો. ગોપિકાઓના દેખતાં શંખચુડને મારી તેનો મસ્તક ચુડામણિ લાવી શ્રીકૃષ્ણ ભગવાને અત્યંત પ્રીતિ પુર્વક પોતાના મોટા ભાઇના હાથમાં આપ્યો. ૨૯–૩૨

शंखचूडं निहत्यैवं मणिमादाय भास्वरं ॥
अग्रजायाऽददत्प्रीत्या पश्यंतीनां च योषितां ॥

ઇતિ શ્રીમદ્ ભાગવતપુરાણના દશમસ્કંધ પુર્વાર્ધમાં અજગર મોક્ષ તથા શંખચુડ વધ નામે ૩૪ મો અધ્યાય સંપુર્ણ.

× એ શંખચુડ પૂર્વ જન્મમાં ગોલોકવાસી શ્રી દામા નામનો ગોવાળ હતો. એક સમય શ્રીકૃષ્ણ વિરજાની સાથે વિહાર કરતા હતા, તે સમયે શ્રી દામા પોળીયાના કામપર હતો, તે વખતે શ્રી રાધિકાજી ભગવાનની પાસે જવા લાગ્યાં, તેમને શ્રીદામાએ રોકવાથી રાધિકાજીએ શાપ દીધો કે–અરે દુષ્ટ! રાક્ષસ થઇ જા, તે ઉપરથી તે શંખચુડ રાક્ષસ થયો હતો તેનો ભગવાને ઉદ્ધાર કર્યો.

અધ્યાય ૩૫ મો.

યુગલ ગીત.

શુક ઉવાચ

गोप्यः कृष्णे वनं याते तमनुद्रुत चेतसः ॥
कृष्णलीलाःप्रगायंत्यो निन्युर्दुःखेन वासरान् ॥

શ્રી શુકદેવજી કહેછે—હે રાજન્! શ્રીકૃષ્ણચંદ્ર જ્યારે ગાયો ચારવાને વનમાં જતા ત્યારે તેમનામાં એકતાર થઇ રહેલા ચિત્તવાળી ગોપિકાઓ તેમનીજ લીલા સંબંધી ગાન કરીને દુઃખથી દિવસો પુરા કરતી હતી. ૧

ગોપીઓ ગાય છે—હે સખિઓ! શ્રી કૃષ્ણચંદ્ર જ્યારે ડાબા ખભા ઉપર ડાબો ગાલ અડકાડી ચંચળ આંગળીઓથી વેણુનાં છિદ્રને રાગમાં લાવતા અધરે અડકાડી વેણુ વગાડે છે, ત્યારે પોતાના સ્વામીની પાસે બેઠેલી છતાં પણ દેવતાની સ્ત્રીઓ મોહ પામી જાય છે અને તેમને પોતાનાં વસ્ત્રનું ભાન પણ રહેતું નથી. ૨–૩ હે સ્ત્રીઓ! વળી આ બીજું આશ્ચર્ય સાંભળો, દુઃખી માણસોનાં દુઃખ ટાળનાર, જેનું ઉજ્વળ હાસ્ય હારના જેવું છે અને જેમના વક્ષઃસ્થળમાં લક્ષ્મીજી વિજળીની પેઠ ચંચળ છતાં સ્થિર રહેલાં છે, એવા શ્રીકૃષ્ણ ભગવાન જ્યારે વાંસળી વગાડે છે, ત્યારે સુરથી મોહ પામેલાં વ્રજનાં મૃગ, ગાયો અને બળદનાં વૃંદ મુખમાં લીધેલા ચારાના કોળીઆ એમને એમ રાખી કાન ઉંચા કરી જેમ ચિત્રમાં આળેખેલાં હોય તેમ સ્તબ્ધ થઇ જાય છે. ૪–૫ મોરપિંછ, પુષ્પના ગુચ્છ, ધાતુ અને પાંદડાં ધારણ કરી મલ્લની પેઠ કેડ બાંધીને ઉભેલા શ્રીકૃષ્ણ ભગવાન જ્યારે ગાયોને બોલાવે છે, ત્યારે હે સખિ! તેમના ચરણારવિંદની રજને ઇચ્છતી નદીઓ ઉભી રહીને તરંગરૂપી પોતાના હાથ પસારી ભગવાનના પગની સેવા કરવાની ઇચ્છા કરે છે. ૬–૭ જેમનાં પરાક્રમ

આનારા ગોવાળીઆ છે એવા, લક્ષ્મીને પોતામાં સ્થિર કરનાર ભગવાન જ્યારે પર્વતોનાં શિખર ઉપર ચઢતી ગાયોને બોલાવે છે ત્યારે પોતાના હૃદયમાં ઉત્પન્ન થયેલો પ્રેમ ભાવ જણાવતી હોય તેમ વનની લતાઓ પુષ્પ અને ફળના ભારથી નમીને મધુ વરસાવે છે. અને તે પ્રમાણેજ તેઓના પતિ વૃક્ષોને પણ આનંદ થાય છે. ૮-૯ વનમાળામાં સારી સુગંધીવાળી તુળશીના ગંધમાં મત્ત થયેલા ભમરાઓના ગાનને વધારતા અને સુંદર પુરૂષોમાં અતિ સુંદર એવા ભગવાન જ્યારે વેણું વગાડે છે ત્યારે સરોવર ઉપરનાં હંસ, સારસ અને કારંડવ વગેરે પક્ષીઓ તેમના મનોહર સુરમાં તદાકાર થઇ જઇ સરોવર ઉપરથી ઉડી આવી શ્રી ભગવાનની પાસે બેસે છે. ૧૦-૧૧ મોતીના અલંકાર ધારણ કરેલા ભગવાન પોતાના વડાભાઇ બળભદ્રજીની સાથે પર્વતોમાં ફરતા ફરતા જ્યારે વેણુના સુંદર સુર સાથે ગાયન કરે છે, ત્યારે તેમના જેવા લોકને સુખ આપનારા મેઘો પણ ધીમી ધીમી ગર્જના કરતા તેમના ઉપર છાયા કરી ઝીણાં ઝીણાં જળબિંદુથી તેમના ઉપર વૃષ્ટિ કરતા તેમની ગતિને અનુસરતા હોય એમ લાગે છે. ૧૨-૧૩ હે યશોદા! ગોપ લોકની ક્રીડા કરવામાં ચતુર તમારો પુત્ર જ્યારે બિંબ ફળના જેવા લાલ અધરપર વાંસળી લઇ નવા નવા રાગમાં મધુર ગાયન ગાય છે ત્યારે વિદ્વાન છતાં પણ બ્રહ્મા, શંકર અને દેવતાઓ તેના સુર સમજી શકતા નથી, એટલુંજ નહિ, પરંતુ તે સુરમાં લોભાઇ તેઓ જે દિશામાંથી સુર આવતો હોય તે દિશા તરફ વારંવાર કંઠ અને કાન ફેરવ્યા કરે છે. ૧૪-૧૫ ધ્વજા, વજ્ર, કમળ અને અંકુશના ચિન્હવાળા પગથી વ્રજની ભુમીને ગાયોની ખરીઓથી થયેલી પિડાને સમાવતા શ્રી કૃષ્ણ ભગવાન જ્યારે મોરલીનું ગાન ચલાવે છે, ત્યારે હે યશોદા! ગજેંદ્ર જેવી ગતિવાળા અને વિલાસથી ભરેલાં કટાક્ષ મારતા શ્રી કૃષ્ણચંદ્રમાં મોહ પામી ગયેલી અમે અમારા વસ્ત્રનાં અને કેશનાં ભાન ભુલી જઇ તેમનામાં ઘેલી જેવી થઇ રહીએ છીએ. ૧૬-૧૭ મણિની અને તુલસીની માળા ધરનાર અને મણિની માળાના મણકાથી ગાયોની ગણત્રી કરતા ભગવાન જ્યારે પોતાના સખાના ખભા ઉપર હાથ દઇ વનમાં ઉભા રહે છે, અને વેણુથી ગાયન ગાય છે, ત્યારે તે સુરથી હરાયેલાં ચિત્તવાળી મૃગલીઓ અમારી પેઠે ઘેલી થઇ જઇ પોતાના સ્વામીના પ્યારને છોડી સર્વ ગુણના સમુદ્ર રૂપ શ્રી કૃષ્ણ ભગવાનની પાસે દોડી આવે છે. અને મોરલી વગાડતા વગાડતા તેઓ જ્યારે વનમાં ફરે છે ત્યારે હરિણિઓ પણ તેમને અનુસરતી પોતાનાં બચ્ચાં તથા સ્વામીને સંભારતી નથી. ૧૮-૧૯ હે યશોદાજી! કુંદ પુષ્પની માળા ધારણ કરી જ્યારે તમારા પુત્ર ગોવાળ અને ગાયોના વૃંદની સાથે સ્નેહી જનને આનંદ ઉત્પન્ન કરે તેવા યમુનાજીના જળમાં વિહાર કરે છે, ત્યારે સ્પર્શ કરીને ભગવાનને સ્નેહ ઉત્પન્ન કરતો દક્ષિણ દિશાનો પવન અનુકુળ રીતે વાય છે, અને ગંધર્વાદિકનાં ટોળાં બંદિજનની પેઠે તેમના વિહારને યોગ્ય ગાન અને વાદિંત્ર વગાડતાં તેમની સેવામાં તત્પર થઇ જાય છે. ૨૦-૨૧ ગોવર્ધન પર્વતને ધારણ કરીને ગાયો અને ગોપનું રક્ષણ કરનારા, પરિશ્રમવાળી કાંતિથી નેત્રોને આનંદ આપનારા, ગૌરજથી ભરાઇ ગયેલી વનમાળાઓવાળા, ભક્તોની આશાઓ પુરવા દેવકીજીના પેટથી જન્મ લેનારા, મોરલી વગાડનારા અને અનુચરો જેમની સ્તુતિ ગાય છે એવા શ્રી કૃષ્ણ ચંદ્ર જ્યારે ગાયો વાળીને સાંજે ગામમાં આવે છે, ત્યારે માર્ગે બ્રહ્માદિક પણ તેમને પ્રણામ કરે છે. તેમના પ્રણામ સ્વીકારી આવતાં માર્ગમાં તેમને કેટલીક વાર લાગે છે. ૨૨-૨૩ મદવાળાં લોચનવાળા, પાકેલા બિમ્બ ફળના

જેવા પાંડુર મુખવાળા, સ્નેહીજનને પ્રિય, સુવર્ણનાં કુંડળથી શોભતા ગંડસ્થળવાળા, વનમાળાને ધારણ કરનારા અને મદોન્મત્ત ગજના જેવી ધીર લલિત ચાલે ચાલતા યાદવોના નાથ શ્રી કૃષ્ણ ભગવાન જ્યારે સાંજ પડતાં ગાયો ચારી વ્રજમાં આવે છે, ત્યારે ચંદ્રમાની પેઠે તેઓ આપણાં દર્શન કરવાને તલસી રહેલાં નેત્રને આનંદનાં અંજન આંજી પ્રસન્ન કરે છે. ૨૪-૨૫

શ્રી શુકદેવજી કહે છે—હે રાજા ! જેમનું જીવન અને મન શ્રી ભગવાનમાં એકતાર થઇ રહેલું હતું એવી ગોપિકાઓ તેમની લીલાનું સ્મરણ કરતાંજ દિવસ સુખથી ગાળતી હતી. ૨૬

एवंव्रजस्त्रियो राजन् कृष्णलीलानु गायतीः॥
रेमिरेऽहस्सुतच्चित्तास्तन्मनस्कामहोदयाः॥२६॥

ઇતિ શ્રીમદ્ ભાગવત પુરાણના દશમસ્કંધ પૂર્વાર્ધમાં યુગલગીત વર્ણન નામે ૩૫ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૩૬ મો.

શ્રીકૃષ્ણે અરિષ્ટાસુરને માર્યો તથા કંસે કૃષ્ણ બળદેવને મથુરા તેડી લાવવાને અક્રૂરને આજ્ઞા કરી.

શુક ઉવાચ.

अथतर्ह्यागतो गोष्ठमरिष्टो वृषभासुरः॥
महीं महाककुत्कायः कंपयन् खुरविक्षताम्॥१॥

શ્રી શુકદેવજી કહે છે—હે રાજા ! અરિષ્ટાસુર નામે રાક્ષસ એકવાર બળદનું રૂપ ધરી પોતાની ખરીઓથી ધરતીને કંપાવતો કંપાવતો વ્રજમાં આવ્યો. ૧ મોટા મોટા શબ્દ કરતો, લાતો મારી ભુમિ ઊખેડતો, પુછડું માથે ચડાવી શીંગડાંથી ઉકરડા અને ટેકરાને ઊથલાવી નાંખતો, મળ મુત્ર કરતો અને કાતરિયાં ખાતો ખાતો તે ગામમાં ફરવા લાગ્યો. તેના કઠોર અવાજ સાંભળીને સ્ત્રીઓ અને ગાયોના ગર્ભ પડી ગયા, અને પર્વતના જેવી તેની ખાંધ જોઇ વાદળ જાણે તેના ઉપર વિરામ લેતાં હોય તેમ ધુળના ગોટા તેની ખાંધપર જણાતા હતા. ૨-૪ અણીદાર શીંગડાંવાળા આ મદમત્ત બળદને જોઇ ગોપીઓ અને ગોવાળીઆ ભય પામી ગયાં; એટલુંજ નહીં, પણ બીજાં પ્રાણીઓ તો ભયથી ગોકુળમાંથી નાશી જવા લાગ્યાં. ૫ ભયથી નાઠેલા તેઓએ શ્રીકૃષ્ણ ભગવાનને પોતાની મદદે બોલાવ્યા અને ભગવાને પણ ગોકુળને ભય પામી નાસતું જોઇ, ૬ 'તમે કોઇ ડરશોમાં, ડરશોમાં' એમ કહીને અરિષ્ટાસુરને પોતાની તરફ બોલાવ્યો. અને કહ્યું કે-" હે મંદ ! હે દુષ્ટ ! તું ગોવાળીઆ તથા પશુઓને શા માટે ડરાવે છે ? તેથી તારૂં પરાક્રમ જણાવાનું નથી. તારા જેવા દુષ્ટનાં બળ તથા પરાક્રમને હરનાર હું તો આ રહ્યો, અહીં આવ." આ રીતે થાપ ઠોકી ડચકારા વગાડી અરિષ્ટાસુરને કોપ ઉત્પન્ન કરી ભગવાન પોતાના મિત્રના ખભા ઉપર હાથ મુકી ઉભા રહ્યા. ભગવાનનાં વચનથી ચીડાયલો, લાતો નાંખી પૃથ્વીને ઉખેડતો અને ખાંધ ઉપર પડેલો ધુળનાં વાદળને પુછડું ઉંચું કરી દુર ખસેડતો અરિષ્ટાસુર પછી માથું વીંઝીને ભગવાન ઉપર દોડયો. ૭-૯ લોહી જેવી લાલ અને કરડી આંખોવાળો તે રાક્ષસ શિંગડાં નમાવી ઇંદ્રે મુકેલા વજ્રની પેઠે શ્રી કૃષ્ણની સામે દોડયો. ૧૦ હાથી જેમ સામે આવતા હાથીને પાછો પાડે તેમ શ્રી કૃષ્ણ ભગવાને તે અસુરને તેનાં શીંગડાં પકડી અઢાર કદમ પાછો હડસેલી મુકયો. ૧૧ પરસેવાથી નવાઇ જતો, હાંફતો અને પાછો ફેંકવાથી ક્રોધે ભરાએલો બળદ તુરતજ પાછો તેમની સામે થયો. ૧૨ ફરીને પણ ભગવાને શીંગડાં પકડી તેને નીચે પટકી દીધો. અને આણુસ જેમ પગ તળે વાલી લુગડું નીચોવે તેમ આમળી નાંખ્યો. વળી એનાંજ શીંગડાંથી એને

ચીરી નાંખ્યો. ૧૩ મોંઢે લોહી ઓકતો, મળ મુત્ર કરતો, પગ પછાડતો અને ફાટી ગયેલી આંખોથી ભગવાનની સામું જોતો બળદ * મરી ગયો. પછી દેવ લોકે ભગવાનના ઉપર પુષ્પવૃષ્ટિ કરી વધાવી લીધા અને સ્તુતિ કરવા માંડી. ૧૪ એ પ્રમાણે બળદને મારવાથી ગોપલોક જેની સ્તુતિ કરતા હતા એવા ગોપીઓના નેત્રને આનંદ આપનારા શ્રીકૃષ્ણચંદ્ર સાંજે વ્રજમાં પધાર્યા. ૧૫ અરિષ્ટાસુરવાળી વાત બની ગયા પછી નારદ કંસને ત્યાં ગયા અને તેને કહ્યું કે—" હે રાજન્ ! જેને લોકો કન્યા કહેતા હતા તે કન્યા તો યશોદાની પુત્રી હતી અને કૃષ્ણ દેવકીનો પુત્ર છે. બળભદ્રજી રોહિણીના પુત્ર છે. વાસુદેવે તમારા ભયથી એ બે છોકરાઓ નંદને ઉછેરવા આપ્યા છે અને તમારા માણસોને વ્રજમાં તેજ મારી નાંખે છે." ૧૬-૧૭ નારદજીએ આ પ્રમાણે ખરી વાત જણાવી કંસને ઉશ્કેરણી આપી એટલે વસુદેવને મારી નાંખવા માટે તેણે નવી ઉતારેલી તરવાર તાણી. ૧૮ કંસને સાહસ કરતો જોઇને નારદજીએ કહ્યું કે—" હે રાજન્ ! વસુદેવને મારશો તો છોકરાઓ ચેતીને નાશી જશે." પછી વસુદેવના પુત્રોને પોતાના મૃત્યુરૂપ માની કંસે બેન બનેવીના પગમાં લોઢાની બેડીઓ નંખાવી. ૧૯ નારદજી ગયા પછી કેશી નામના દૈત્યને બોલાવી કંસે કૃષ્ણ તથા બળદેવજીને મારવા તેને ગોકુળ જવાની આજ્ઞા કરી. ૨૦ પછી મુષ્ટિક, ચાણુર, શલ અને તોશલને બોલાવી મંગાવ્યા અને પછી મંત્રી તથા મહાવતોને બોલાવીને કહ્યું કે—૨૧ હે વીરો ! હે ચાણુર તથા મુષ્ટિક ! વસુદેવના પુત્ર બળભદ્ર અને કૃષ્ણ ગોકુળમાં રહે છે અને એમને હાથે મારૂં મરણ થવાનો આપણને દેવલોકે ભય બતાવેલો છે, માટે તેઓ અહીં આવે તો તમે મલ્લયુદ્ધ કરીને મારી નાંખજો. ૨૨-૨૩ અખાડાની આસપાસ બેઠકો તૈયાર કરાવો અને આખા નગરને મલ્લયુદ્ધ જોવાની છુટ અપાવો. ૨૪ હે મહાવત ! અખાડાની પાસે તારે કુવલયાપીડ હાથીને રાખવો અને મારા શત્રુઓને તેના પગતળે પીલાવી નંખાવવા. ૨૫ ચૌદશને દિવસે નિયમાનુસાર આપણે ધનુર્યાગનો આરંભ કરવાનો છે. વરદાન મેળવવા માટે તે દિવસે તમારે ભુત નાથની આગળ પવિત્ર પશુઓના ભોગ આપવા. ૨૬

સ્વાર્થ સાધવાને તત્પર થયેલા કંસે પછી તેમને રજા આપી, અને અક્રૂરને બોલાવી તેમના હાથમાં હાથ આપી વિનયથી તેમને સમજાવીને કહેવા લાગ્યો કે-હે અક્રૂર ! તમે મારે સારૂ એક મિત્રનું કામ કરો. વૃષ્ણી અને ભોજ વંશમાં તમારા જેવો બીજો કોઇ મારો સ્નેહી અને પ્રેમવાળો નથી. ૨૭-૨૮ માટે વિષ્ણુના આશ્રયથી ઇંદ્રે જેમ પોતાનો સ્વાર્થ સાધ્યો હતો તેમ હું તમારો આશ્રય લઇ મારો સ્વાર્થ સાધવાનો વિચાર રાખું છું. ૨૯ હે અક્રૂરજી ! તમે ગોકુળમાં જાઓ, અને વસુદેવના બે પુત્રોને આ રથમાં બેસાડી મથુરાં તેડી લાવો. ૩૦ દેવલોકે કહ્યું છે કે, એ બે જણથી મારૂં મરણ છે, માટે હું તેમને મારી નાંખવા ધારૂં છું. તમે ગોકુળ જાઓ અને નંદ વગેરે ગોવાળીઆઓને ભેટ લઇ મથુરાં આવવાનું કહો. ૩૧ એ બે છોકરાઓને કુવલયાપીડના પગતળે કચરાવી નાંખીશ અને તેમાંથી બચશે તો પછી વીજળી જેવા પ્રચંડ મલ્લોની પાસે મારી નંખાવીશ. ૩૨ એમનું કાશળ કાઢયા પછી સંતાપ પામેલા વસુદેવ, વૃષ્ણી, ભોજ અને દશાર્હ જેઓ મારી વિરૂદ્ધ હશે તેમને મારી

* એ વૃષભાસુર પુર્વે બૃહસ્પતિનો શિષ્ય હતો, એકવાર તે ગુરુ સન્મુખ બળદની પેઠે પગ પસારીને બેઠો હતો, તેથી ગુરુએ ક્રોધે ભરાઇને શ્રાપ આપ્યો કે—અરે દુષ્ટ ! તારાં બળદના જેવાં આચરણ હોવાથી તું બળદ થઇજા. તે ઉપરથી તે વૃષભ એટલે બળદ થયો અને દૈત્યોના સહવાસથી દૈત્યભાવને પામ્યો હતો.

નાંખીશ. ૩૩ વૃદ્ધ થયા છતાં રાજ્યની ઇચ્છા રાખનાર મારો પિતા ઉગ્રસેન, તેનો ભાઇ દેવક અને બીજા જે લોક મારા શત્રુ હશે તેમને પણ હું પુરા કરાવી નાંખીશ. ૩૪ અને પૃથ્વી મારે માટે નિષ્કંટક થઇ રહેશે. જરાસંધ મારો સસરો છે, દ્વિવિદ વાનર મારો મિત્ર છે અને શંબર, નરકાસુર તથા બાણાસુર વગેરે રાજાઓ મારાપર સ્નેહ રાખે છે, માટે તેઓનાં સહાયથી દેવતાના પક્ષના રાજાઓનો સંહાર કરી હું પૃથ્વીનું રાજ્ય મેળવીશ. ૩૫-૩૬ હે મિત્ર ! મારો આવો વિચાર છે માટે ગોકુળ જઇ ધનુર્યાગ અને મથુરાની શોભા જોવાને બહાને એ બાળકોને તેડી લાવો. ૩૭

અક્રૂરજી કહેછે—હે રાજન્ ! તમારૂં મરણ ટાળનારો આ તમારો વિચાર બહુ ઉત્તમ છે, છતાં આ કાર્યની સિદ્ધિ અસિદ્ધિને માટે ચિંતા કરવી અથવા ઘણું આતુર રહેવું ન જોઇએ. દરેક બાબતમાં ફળ આપવું એ દૈવના હાથમાં છે. ૩૮ દૈવ મનોરથો તોડી પાડે છે, તો પણ મનુષ્ય પોતાના મનમાં મોટા મોટા મનોરથો કરે છે, અને છેવટ ધારેલા વિચાર પ્રમાણે ફળ આવતું નથી ત્યારે આનંદની પાછળ ઉદ્વેગ થાય છે. હે રાજન્ ! તમારી આજ્ઞા છે તો હું તે પ્રમાણે કરીશ. ૩૯

શ્રી શુકદેવજી કહે છે—આ રીતે અક્રૂરજીને સમજાવી મંત્રી વગેરેને રજા આપી કંસ પોતાના મંદિરમાં ગયો અને અક્રૂરજી પણ પોતાને ઘેર ગયા. ૪૦ *

एवमादिश्य चाणूरं मुष्टिकं च विसृज्य सः ।
प्रविवेश गृहं कंसस्तथाक्रूरः स्वमालयम् ॥४०॥

ઇતિ શ્રીમદ્ ભાગવત પુરાણના દશમ સ્કંધ પૂર્વાર્ધમાં ૩૬ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૩૭ મો.

શ્રી કૃષ્ણે કેશી દૈત્યનો તથા વ્યોમાસુરનો કરેલો નાશ.

શુક उवाच.

केशी तु कंसप्रहितः खुरैर्महीं
महाहयो निर्जरयन्मनोजवः ॥
सटावधूताभ्र विमानसंकुलं
कुर्वन्नभो हेषितभीषिताखिलः ॥१॥

શ્રી શુકદેવજી કહે છે—કંસે મોકલેલો કેશી * દૈત્ય મોટા ઘોડાનું રૂપ લેઈ પગના ડાબલાથી પૃથ્વીને ઉખેડી નાંખતો કેશવાળી ફફડાવી દિશાઓને પુરી નાંખતો મનના જેવા વેગથી દોડતો અને મોટા હણહણાટથી ગર્જના કરતો ગોકુળમાં આવ્યો. ૧ તેની આંખો મોટી, મુખ ગુફાના જેવું ભયંકર, ગરદન જાડી અને શરીર નવા મેઘના જેવું

---

* કોઇને શંકા થશે કે અક્રૂરજી કંસની પાસે રહ્યા છતાં ભગવાનપર પ્રીતિવાળા કેમ રહ્યા હશે ? ત્યાં દ્રષ્ટાંત છે કે મહાત્મા પુરૂષો કુસંગતિમાં પણ પોતાનું મહાત્માપણું છોડી દેતા નથી. એક હરિભક્ત મધ્ય રાત્રિએ ક્યાંઇક જતો હતો, એટલામાં રસ્તામાં તેને ચોર મળ્યા, તેઓએ તેને પુછ્યું કે તું કોણ છે ? ભક્ત બોલ્યો કે-' જેવા તમે તેવો હું ' ચોરોએ પુછ્યું કે-' ક્યાં જાય છે ? ' ભક્તે કહ્યું ' જ્યાં તમે જાઓછો ત્યાં હું જાઉંછું.' આ પરથી ચોરોએ જાણ્યું કે આ પણ ચોર છે, તેથી તેને સાથે લીધો તેઓ એક શેઠના ઘરમાં ચોરી કરવા પેઠા. પેલો ભક્ત પણ અંદર ગયો. ત્યાં એક વાસણમાં સુંદર પાકેલી મીઠી કેરીઓ દીઠી. તે ભક્ત આખા દિવસનો ભુખ્યો હોવાથી ઝટ પોતાના ગજવામાંથી લાલજીની મુર્તિ કાઢી કેરીનો ભોગ ધરાવીને શંખ વગાડ્યો કે તરત ઘરના માણસો જાગી ઉઠ્યા ને સર્વ પકડાઇ ગયા. પેલો હરિભક્ત તો પોતાની ખરી હકીકત જાહેર કરીને છુટી ગયો ને ચોર લોકો માર્યા ગયા. એજ રીતે અક્રૂરજીને પણ કંસની કુસંગતિ લાગી નહતી.

* એ કેશીદૈત્ય પુર્વ જન્મે કુમુદ નામનો ઇંદ્રનો સેવક હતો. એકવાર ઇંદ્રે યજ્ઞ કરવા માંડ્યો, તે સમયે તેનો શ્યામ "કર્ણ ઘોડો" ચોરી જઇને કુમુદ પાતાળમાં જતો રહ્યો, પછી દેવતાઓ તેને પકડીને ઇંદ્ર પાસે લાવ્યાં, ત્યારે ઇંદ્રે તેને શાપ આપ્યો કે—તું ઘોડારૂપે દૈત્ય થઇ જા, તે ઉપરથી તે કેશી નામનો દૈત્ય થયો હતો.

શ્વાસ હતું. કંસનું શુભ કરવાના વિચારથી એ દુષ્ટ નંદજીના ગોકુળને કંપાવતો હતો. મોટા હણહણાટથી લોકોને ત્રાસ આપતો પુંછડાને ફેરવી ધુળના વાદળને વિખેરી નાંખતો અને પોતાની સાથે યુદ્ધ કરનાર માણસને શોધતો તે ગોકુળમાં ફરતો હતો. સિંહના જેવી ગર્જના કરી શ્રી કૃષ્ણ ભગવાને તેને પોતાની સામે બોલાવ્યો. ૨ ભગવાનને જોઈ ભયંકર વેગવાળો, કોઇથી માર્યો જાય નહી એવો તથા જીતી શકાય નહી એવો કેશી આકાશને પી જવા માટે જેમ મુખ પહોળું કર્યું હોય તેમ મોઢું ફાડીને ભગવાનની સામે આવ્યો અને પાછલા પગથી તેમને પાટુ મારી. ૩ શ્રી કૃષ્ણે તેની પાટુ નહી વાગવા દેતાં પગ પકડી લીધા અને માથા પછવાડે ફેરવી રમત માત્રમાં સો ધનુષ છેટે ફેંકી દીધો. ગરૂડ જેમ સાપને નાંખી દેઇ થોડીવાર થંભે છે તેમ કેશીને પછાડી ભગવાન થોડીવાર ઉભા રહ્યા. ૪ ભાન આવતાં કેશી દૈત્ય વધારે ક્રોધથી મુખ ફાડી ભગવાનની ઉપર ધસ્યો, એટલે ભગવાને સાપને જેમ દરમાં ઘાલી દે તેમ પોતાનો ડાબો હાથ તેના ફાડેલા મુખમાં ખોશી ઘાલ્યો. ૫ તપાવેલા લોઢાના જેવા ભગવાનના હાથના સ્પર્શથી તે દુષ્ટના બધા દાંત પડી ગયા અને ઔષધની બેદરકારીથી જેમ જળોદર વધે તેમ ભગવાનનો હાથ તેના પેટમાં વધ્યો. ૬ શ્વાસ બંધ થઇ જવાથી કેશી અકળાવા લાગ્યો, તેને શરીરે પરશેવો થઇ ગયો, અને મળ મુત્ર કરતો જમીન ઉપર પડી મરણ પામ્યો. ૭ કેશી ધરણી ઉપર પડયો એટલે જરા પણ ગર્વ કર્યા વગર ભગવાને પોતાનો હાથ પાછો ખેંચી લીધો અને વગર પરિશ્રમે શત્રુને મારી નાંખવાથી વિસ્મય પામેલા દેવલોકે સ્તુતિ કરી તેમના ઉપર પુષ્પ વરસાવ્યાં. ૮ હે રાજન્! પછી વૈષ્ણવોમાં ઉત્તમ નારદજીએ એકાંતમાં મળી તેમને આ પ્રમાણે કહેવા માંડયું. ૯

નારદજી કહેછે—હે કૃષ્ણ! હે જાણવામાં ન આવો એવા સ્વરૂપવાળા! હે યોગેશ્વર! હે જગતના ઇશ્વર! હે વાસુદેવ! હે સર્વના નિવાસરૂપ! હે યાદવોત્તમ! સર્વ પદાર્થોના આત્મા માત્ર તમે એકજ છો. લાકડામાં જેમ અગ્નિ ગુપ્ત રહેલો છે તેમ આપ મનુષ્ય માત્રમાં ગુપ્ત રહેલા છો, બુદ્ધિના સાક્ષી છો અને ટુંકી મતિવાળા માણસો તમને જાણી શકતા નથી. સર્વ જીવના તમે ઈશ્વર છો. ૧૦-૧૧ પુર્વે તમેજ સ્વતંત્ર રીતે માયામાંથી ગુણોને ઉત્પન્ન કર્યા હતા અને ગુણોથીજ આપ જગતને સરજો છો, પાળો છો, અને સંહારો છો. ૧૨ દુષ્ટ રાજાઓને મારી પૃથ્વીનો ભાર ઉતારવા અને ધર્મની મર્યાદાનું રક્ષણ કરવા માટે આપ અવતરેલા છો. ૧૩ કેશી દૈત્ય જે ઘોડાનું રૂપ લેઇ મોટા હણહણાટથી ગોકુળને ત્રાસ પમાડતો હતો અને દેવતાઓ, તે સાંભળી સ્વર્ગમાં નાશી જતાં હતા, તેને આપે લીલા માત્રમાં મારી નાંખ્યો એ ઘણુંજ સારૂં કર્યું. ૧૪ હે પ્રભુ! વળી પરમ દહાડે તમે ચાણુર, મુષ્ટિક, બીજા મલ્લો, કુવલયાપીડ અને કંસને મથુરામાં મારી નાંખશો, તે પણ હું જોઇશ. ૧૫ હે જગતના નાથ! પંચજન, કાળયવન, મુર અને નરકાસુરને મારશો; પારિજાતકનું હરણ કરી લાવશો; ઇંદ્રને હરાવશો. ૧૬ અને પરાક્રમ રૂપી કિંમત આપી રાજાઓની કન્યાઓને આપ પરણશો; નૃગરાજાને તેના પાપમાંથી મુક્ત કરશો. ૧૭ જાંબવતીની સાથે આપ પરણશો; ઋષિના મરેલા પુત્ર યમને ઘેરથી આણી આપશો. ૧૮ બનાવટી વાસુદેવને મારશો; કાશીપુરીમાં આગ લગાડશો; દંતવક્રને મારશો; તથા યુધિષ્ઠિર રાજાના રાજસુય યજ્ઞમાં શિશુપાળનો વધ કરશો. ૧૯ તથા દ્વારકામાં રાજ કરતાં આપ આવાં આવાં બીજાં પરાક્રમો કરશો, તે પણ હું જોઇશ ૨૦ પૃથ્વીનો ભાર ઉતારવા કુરૂક્ષેત્રમાં અર્જુનના સારથિ થઈ આપ કાળની પેઠે

અઢાર અક્ષૌહિણી સેનાનો નાશ કરાવશો તે પણ હું જોઇશ. ૨૧ શુધ્ધ જ્ઞાનરૂપ, માયાના કાર્યરૂપ, સંસારનો પ્રવાહ ચલાવનાર આપની ચૈતન્યશક્તિને હું શરણે આવેલો છું. ૨૨ હે ઇશ્વર, સ્વતંત્ર માયાથી સર્વ પ્રકારની કલ્પના કરનાર, અને ક્રીડા કરવા માટે હમણાં મનુષ્યનો દેહ ધારણ કરેલો છે એવા, યદુ, વૃષ્ણિ તથા સાત્વતોના અગ્રેસર એવા આપને હું વારંવાર પ્રણામ કરૂં છું. ૨૩

શ્રી શુકદેવજી કહેછે—યાદવેશ્વર શ્રી કૃષ્ણ ભગવાનને પ્રણામ કરી તેમની રજા લેઈ તેમનાં દર્શનથી પ્રસન્ન થયેલા મહા વૈષ્ણવ નારદજી પછી સ્વર્ગમાં ગયા. ૨૪ ગોકુળના માણસોને આનંદ આપનાર શ્રી કૃષ્ણભગવાન પછી કેશીને મારવાથી ખુશી થયેલા ગોપલોકની સાથે ગાયો ચારવા લાગ્યા. ૨૫

એકવાર પર્વતોના શિખર ઉપર ભગવાન ગોપલોકની સાથે ગાયો ચારતા હતા, અને નાના નાના ગોવાળિયા ચોરની રમત રમતા હતા. ૨૬ કેટલાક ચોર થયા હતા, કેટલાક ધણી થયા હતા, અને કેટલાક ઘેટાં બન્યા હતા. ગોવાળિયા આ પ્રમાણે નિર્ભય થઇ રમત રમતા હતા. ૨૭ ત્યાં આગળ તેમના જેવું રૂપ લેઈ મયદાનવનો પુત્ર વ્યોમાસુર* રમત રમવા લાગ્યો. ઘેટારૂપ થયેલા કેટલાએક ગોવાળીયાઓને ચોરી જઇ તેણે બંધ ગુફામાં નાંખવા માંડયા. ધીરે ધીરે તેણે ચાર પાંચજ ગોવાળીયા રહ્યા ત્યાં સુધી હરણ કર્યા કર્યું. ૨૮-૨૯ સત્પુરૂષોને આશ્રય આપનાર શ્રી કૃષ્ણભગવાને જ્ઞાનદૃષ્ટિથી તેનું દુષ્ટ કર્મ જોઈ સિંહ જેમ વરૂને પકડે તેમ તેને પકડી લીધો. ૩૦ ભગવાને પકડયો એટલે તરત તે બળવાન દૈત્ય મોટા પર્વતના જેવું રૂપ લેઇ છુટો થવાને મથવા લાગ્યો. ૩૧ પરંતુ ભગવાને તો તેને નીચે પાડી જેમ પશુને મારી નાંખે તેમ આકાશમાં રહેલા દેવતાઓના દેખતાં ચીરી નાંખ્યો. ૩૨ પછી ગુફાનાં દ્વાર ઉઘાડી વ્યોમાસુરે હરેલા ગોપ પુત્રોને બહાર કાઢયા. પછી ગોપ અને દેવતાઓ જેની સ્તુતિ કરતા હતા એવા શ્રી કૃષ્ણભગવાન ગાયો વાળી ગોકુળમાં આવ્યા. ૩૩

* વ્યોમાસુર પુર્વ જન્મે કાશીપુરાનો ભીમરથ નામનો રાજા હતો, તે રાજ્યપાટ છોડીને મલયાચળ ઉપર તપ કરતો હતો. તે સમયે ત્યાં અગસ્ત્ય મુનિ આવ્યા છતાં તેણે તેમનો સત્કાર નહી કરવાથી મુનિએ શાપ આપ્યાથી તે રાક્ષસ યોનિ પામ્યો હતો.

गुहापिधानं निर्भिद्य गोपान्निःसार्य कृच्छ्रतः ॥
स्तूयमानः सुरैर्गोपैः प्रविवेश स्वगोकुलम् ॥

ઇતિ શ્રીમદ્ ભાગવત પુરાણના દશમ સ્કંધ પુર્વાર્ધમાં વ્યોમાસુર વધ નામે ૩૭ મો અધ્યાય સંપુર્ણ.

અધ્યાય ૩૮ મો.

અક્રૂરજી ગોકુળમાં ગયા અને શ્રી કૃષ્ણે તેમનો સત્કાર કર્યો.

શુક ઉવાચ.

अक्रूरोऽपि च तां रात्रिं मधुपुर्यां महामतिः ॥
उषित्वा रथमास्थाय प्रययौ नंदगोकुलम् ॥१॥

શ્રી શુકદેવજી કહેછે—હે રાજન! મોટી બુદ્ધિવાળા અક્રૂરજી તે રાતે મથુરામાં રહી બીજે દહાડે સવારના પોહોરમાં રથમાં બેશી નંદજીના ગોકુળ તરફ ચાલ્યા. ૧ રસ્તે જતાં શ્રી કૃષ્ણના ઉપર જેને પરમ ભક્તિ ઉત્પન્ન થયેલી છે એવા અક્રૂરજીએ નીચે પ્રમાણે વિચાર કર્યો. ૨

અક્રૂરજી વિચાર કરે છે—અહોહો ! મેં કયું તપ અને કેવું પુણ્યદાન કર્યું હશે કે જેના પ્રતાપથી આજ મને શ્રી કૃષ્ણનાં દર્શન થશે. ૩ શુદ્રને જેમ વેદાધ્યયન દુર્લભ છે, તેમ મારા જેવા વિષયાસક્ત પુરૂષને ભગવાનનાં દર્શન પણ દુર્લભ હોવાં જોઇએ. ૪ તેમ છતાં હું કેવો ભાગ્યશાળી કે મને અધમને પણ તેમનાં દર્શન થશે. નદીમાં તણા-

તાં અનેક તૃણમાંથી જેમ એકાદ તૃણ કિનારે નીકળી જાય છે. તેમ કાળરૂપી નદીમાં તણાતો હું કોઇ કર્મના પ્રસંગે આજ શ્રી કૃષ્ણનાં દર્શન કરીને ભવસાગરથી તરી જઇશ. ૫ માલ તેમને તેડવા જવાથીજ મારાં પાપ નાશ થયાં છે અને જન્મ સફળ થયો છે. સમાધિ સાધનારા મોટા યોગિયોને ભગવાનનાં જે ચરણ નજરે પણ પડતાં નથી તે ચરણમાં આજ હું મારૂં મસ્તક મુકીશ. ૬ કંસે મારા ઉપર મોટો ઉપકાર કર્યો, કારણ કે તેના મોકલવાથીજ આજ હું શ્રી હરિનાં ચરણારવિંદને નમીશ અને તેમના નખ મંડળની કાંતિથી મારા અજ્ઞાનનો નાશ કરીશ. ૭ બ્રહ્મા અને શંકર વિગેરે દેવતાઓ જેની પુજા કરે છે એવાં શ્રી કૃષ્ણનાં ચરણારવિંદ મને સુલભ નથી. ગાયોને ચારવા વનમાં જતાં કૃષ્ણનાં ચરણ યમુનાની ધુળથી અને ગોપિયોનાં સ્તન ઉપરનાં કેસરથી રંગાયલાં છે. ૮ રાતા કમળના જેવાં નેત્રવાળું, વાંકડિયા વાળથી વીંટાયલું, સુંદર કપોળ અને નાસિકાવાળું તેમનું હસતું મુખ હું આજ ખરેખર દેખીશ, કારણ કે હરિણો જમણી બાજુએ જાય છે. ૯ પૃથ્વીનો ભાર ઉતારવા પૃથ્વી ઉપર મનુષ્ય થઇ આવેલા વિષ્ણુનાં દર્શન થવાથી મારાં નેત્ર સફળ થશે. ૧૦ પોતાની દૃષ્ટિથીજ કાર્યો તથા કારણોના કર્તા છતાં પણ અહંકાર રહિત, પોતાના નિત્ય સ્વરૂપના સાક્ષાત્કારને લીધે અજ્ઞાન, ભેદ અને ભ્રમથી રહિત હોવા છતાં પોતાને આધિન રહેનારી માયાને પોતાનીજ સૃષ્ટિના પ્રભાવથી પ્રાણ, ઇંદ્રિયો અને બુદ્ધિની સાથે પોતાનામાંજ રહેલા જીવોને જાણે વૃંદાવનનાં વૃક્ષોમાં અને ગોપિયોનાં ઘરોમાં કામ કરતા હોય એવા જણાય છે. ૧૧ જે ભગવાન, પાપને ટાળનાર ગુણ જન્મ અને કર્મના વર્ણનવાળી વાણીથી જગતને જીવાડે છે, શોભા આપે છે અને પવિત્ર કરે છે; પરંતુ જે ભગવાનના ગુણ, કર્મ અને જન્મને ન ગાનારી વાણી અલંકારવાળી હોય તો પણ વસ્ત્ર તથા પુષ્પમાળાથી શણગારેલા શબની પેઠે અમંગળ મનાય છે. ૧૨ તે ભગવાન શ્રી કૃષ્ણરૂપે અવતરેલા છે અને વ્રજમાં રહે છે. ૧૩ મહાત્માઓની ગતિરૂપ, ગુરૂરૂપ, ત્રૈલોકયમાં સુંદર નેત્રવાળાઓને આનંદ આપનારા, લક્ષ્મીને પ્રિય અને ઉત્તમ સ્વરૂપ ધારણ કરનારા ભગવાનનાં હું દર્શન કરીશ, કારણ કે પ્રાતઃકાળમાં મને સારા શુકન થયા છે. ૧૪ આજે હું રથમાંથી ઉતરી, જેમનું યોગિયો ધ્યાન ધરે છે તેમનાં સાક્ષાત્ ચરણ કમળમાં પ્રણામ કરીશ અને એમના મિત્ર ગોવાળીઆઓને પણ નમીશ. ૧૫ જ્યારે હું એમના ચરણ કમળમાં પડીશ ત્યારે કાળને વારનારા અને શરણ ઇચ્છનારા માણસને અભય આપનારો તેમનો હાથ મારા માથા ઉપર મુકશે. ૧૬ એમનો એ હાથ કે જેનું બળિરાજાએ પુજન કર્યું હતું અને જેણે રાસક્રીડામાં ગોપિયોનો પરિશ્રમ ટાળ્યો હતો, તેજ હાથ મારા માથા ઉપર મુકશે. ૧૭ હું કંસનો દુત છું, તો પણ ભગવાન મને શત્રુ ગણશે નહિ, કારણ કે તે સર્વજ્ઞ અને અંતર્યામી છે તેથી હું બહારથી કંસને અને અંદરથી તેમને ભજું છું તે પોતે જાણે છે. ૧૮ બે હાથ જોડી એમના ચરણપાસે ઉભો રહીશ ત્યારે મુખ મલકાવી પ્રભુ મારા સામું જોશે અને હું પાપ મુક્ત થઇ આનંદ પામીશ. ૧૯ ભગવાન વગર કોઇ બીજો મારો ઇષ્ટદેવ નથી અને વળી હું એમનો સંબંધી તથા સ્નેહી છું, તેથી લાંબા હાથ કરીને જ્યારે એ મને ભેટશે ત્યારે હું પવિત્ર થઇશ અને આ દેહનાં કર્મબંધન શિથિલ થઇ જશે. ૨૦ હું પ્રણામ કરીશ ત્યારે મને આલિંગન આપી ભગવાન કહેશે કે, હે અક્રૂર કેમ છો? ત્યારે મારો જન્મ સફળ થશે. ભગવાન જેનો અનાદર કરે તેના જન્મને ધિક્કાર છે. ૨૧ તેમને કોઇ પ્રિય અપ્રિય કે ઉપેક્ષાનું પાત્ર નથી. ભગવાન તો

કલ્પવૃક્ષની પેઠે પોતાને ભજનારાને ભજે છે. જ્યારે હું જઈને પ્રણામ કરીશ ત્યારે મારા હાથ ઝાલી હાસ્ય પુર્વક આલિંગન કરી ઘરમાં તેડી જઈ સઘળા સત્કાર આપી બળભદ્રજી સાથે કંસ વિષે મને પુછશે. ૨૩

શ્રી શુકદેવજી કહે છે—હે રાજન્ ! આ પ્રમાણે વિચાર તથા ચિંતવન કરતા અક્રૂરજી સુર્યાસ્ત સમયે ગોકુળમાં આવ્યા. ૨૪ કમળ, યવ અને અંકુશની રેખાઓ ઉપરથી ઓળખાઈ આવતાં ભગવાનનાં પગલાં અક્રૂરજીએ પૃથ્વી ઉપર પડેલાં દીઠાં ૨૫ એ પગલાંનાં દર્શન કરવાથી અક્રૂરજીનાં રૂંવાં ઉભાં થયાં, આંખોમાં પાણી આવી જવાથી નેત્ર વ્યાકુળ થઇ ગયાં અને પ્રભુનાં પગલાં મને બહુ દુર્લભ છે એમ કહી રથમાંથી હેઠા ઉતરી લોટી પડયા. ૨૬ તેમણે કંસના સંદેશાથી માંડીને ભગવાનના દર્શન સુધીનો જે હેવાલ કહ્યો તે જો બીજા માણસથી થાય તો તેને બીજો જન્મ ધરવો ન પડે. ૨૭ અક્રૂરજીએ શ્રીકૃષ્ણ બળદેવને ગાયો દોહવાના સ્થાનમાં દીઠા. શ્રીકૃષ્ણે પીળાં વસ્ત્ર પહેર્યાં હતાં, શરીર શ્યામ હતું, હાથ મોટા અને અવસ્થા કીશોર હતી; બળભદ્રજીએ કાળાં વસ્ત્ર પહેર્યાં હતાં, અને તેમની આંખો કમળના જેવી હતી; બંને લક્ષ્મીના નિવાસ રૂપ હતા. ૨૮–૨૯ તેમના હાથમાં ધ્વજ, વજ્ર, કમળ અને અંકુશનાં ચિન્હ હતાં રત્નની માળાઓ પેહેરી હતી, ચંદનનું લેપન કર્યું હતું, વસ્ત્રો પેહેર્યાં હતાં અને દિશાઓના અંધકારને મટાડતા હતા. તેમણે સોનાના અલંકારો પેહેરેલા હતા. ૩૦–૩૩ શ્રીકૃષ્ણ બળદેવજીને દુરથી જોઇ રથમાંથી ઉતરી પડી અક્રૂરજી લાકડીની પેઠે લાંબા થઇને તેમના પગમાં પડયા. ૩૪ હે રાજન્ ! ભગવાનના દર્શનથી તેમની આંખોમાં આંસુ આવી ગયાં, રૂવાં ઉભાં થઇ ગયાં અને બોલાયું પણ નહિ, ૩૫ પ્રસન્ન થયેલા ભગવાને બેઠા કરી તેમને આલિંગન આપ્યું. ૩૬ બળભદ્ર પણ તેમને ભેટી ભલે પધાર્યા એમ કહી પોતાને ઘેર તેડી ગયા. ૩૭ આસન આપ્યું, પગ ધોયા અને એક ગાયનું દાન આપી તેમનો થાક ઉતારી ગયા, પછી ઘણા ગુણવાળું ભોજન કરાવ્યું. ૩૮–૩૯ પછી મુખવાસ, ચંદન અને પુષ્પ આપી તેમને પ્રસન્ન કર્યા. ૪૦ બેઠા પછી નંદરાયે પુછયું કે, હે અક્રૂરજી ! કંસ જીવે છે ત્યાં સુધી કસાઇના હાથમાં ગયેલા ઘેટાની પેઠે તમે શી રીતે જીવો છો ? ૪૧ ખળ અને ઈંદ્રિયો તૃપ્ત કરનારા કંસે પોતાની બેહેનનાં બાળકો મારી નાંખ્યાં, એવા દુષ્ટના રાજ્યમાં તમારૂં જીવન કેમ ચાલે છે? તમારા કુશળના સમાચાર પુછવા એજ અમારો પ્રથમ પ્રશ્ન હોય એમાં શું આશ્ચર્ય ? ૪૨ આ રીતે પ્રસન્ન થયેલા નંદજીએ મધુર વાણીથી સત્કાર કર્યો અને અક્રૂરજીએ નંદજીના પુછેલા પ્રશ્નોના ઉત્તર આપતાં માર્ગનો પરિશ્રમ દુર થયો. ૪૩

इत्थं सूनृतया वाचा नंदेन सुसभाजितः ॥
अक्रूरः परिपृष्टेन जहावध्वपरिश्रमम् ॥४३॥

ઇતિ શ્રીમદ્ ભાગવત પુરાણના દશમ સ્કંધ પુર્વાર્ધમાં અક્રૂરનું ગોકુળ ગમન નામે ૩૮ મો અધ્યાય સંપુર્ણ

અધ્યાય ૩૯ મો.

વિરહ વિલાપ.

शुक उवाच.

सुखोपविष्टः पर्यंके रामकृष्णोरुमानितः।
लेभे मनोरथान्सर्वान् पथियान्स चकार ह ॥१॥

શ્રી શુકદેવજી કહેછે—હે રાજન્ ! અક્રૂરજીએ માર્ગમાં જે મનોરથ કર્યા હતા તે મનોરથ જ્યારે રામ અને કૃષ્ણે તેમને પલંગ ઉપર બેસાડી માન આપ્યું ત્યારે સફળ થયા. ૧ લક્ષ્મીના નિવાસરૂપ ભગવાન પ્રસન્ન થતાં કોઇ વાતનું કમીપણું રહેતું નથી. હે રાજા ! વાસ્તવિક રીતે તો તેમના સત્યસ્વ-

કર્તાને, કોઇ વાતની અપેક્ષા પણ હોતી નથી. ૨ સાંજે વાળુ કર્યા પછી, દેવકીજીના પુત્ર શ્રી કૃષ્ણ ભગવાને અક્રૂરજીને, કંસ તેના સંબંધીઓ સાથે કેવી રીતે વર્તે છે તથા તે શું કરવા ધારે છે વગેરે બાબત પ્રશ્ન પુછવા માંડયા. ૩

શ્રી ભગવાન પુછે છે—હે સૌમ્ય ! તમે ભલે પધાર્યા, તમારી પ્રસન્નતા જોઇ હું ઘણોજ આનંદ પામ્યો છું. મધુપુરીમાં આપણા સંબંધી જન સર્વે સુખમાં છે ને ? ૪ આમ પુછવાનું કારણ એજ છે કે, તમારા કુળમાં મહા વ્યાધિ રૂપ અમારો મામો પ્રતિ દિવસ બળમાં વધતો જાય છે. જ્યાં આગળ વ્યાઘ્ર રૂપ મનુષ્યનું જોર વધતું હોય ત્યાંની કુશળતાનું પણ શું પુછવું ? ૫ હે અક્રૂરજી ! અમારે માટે અમારાં મા બાપને જે દુઃખ પડયું છે તે અમારામાંથી વિસાર્યું વિસરાય તેવું નથી. મારે માટે તેઓના પુત્રોનો નાશ કર્યો હતો અને તેઓને કેદ કર્યાં હતાં. ૬ આપ અમારા કાકા છો, તમારાં દર્શનને માટે મને ઘણા દિવસથી ઇચ્છા હતી, જગદીશ્વરની કૃપાથી આજ તે પુરી પડી છે. હે તાત ! હવે આપને પધારવાનું કારણ અમને જણાવો. ૭

શ્રી શુકદેવજી કહે છે—ભગવાને આ પ્રમાણે પુછ્યું એટલે અક્રૂરજીએ ઉઘાડા અંતઃકરણે કંસનું યાદવો સાથેનું વેર, વસુદેવને મારવા માટે કરેલો યત્ન, ધનુર્યાગની ગોઠવણ, અને દુત કરી પોતાને મોકલ્યા હતા તે, તથા નારદજીએ શ્રીકૃષ્ણના જન્મ સંબંધી કંસને કહેલી વાત, અને છેવટ તેમણેજ કંસને ચેતાવ્યાની હકીકત માંડીને કહી બતાવી.* ૮-૯ શત્રુનો નાશ કરનાર શ્રીકૃષ્ણ ભગવાન અને બળદેવજીએ તેમનાં વચન સાંભળી સહજ હાસ્ય કરી નંદરાયની આગળ કંસની આજ્ઞા સંબંધી વાત કહી. ૧૦ પછી નંદરાયજીએ પોતાના ગોપલોકને આજ્ઞા કરી કે, હે ગોપ બંધુઓ ! તમે ગાડાં જોડીને તૈયાર થાઓ અને ભેટો તથા દુધના દરેક પ્રકારના મિષ્ટ રસ સાથે લઇ લ્યો. ૧૧ આવતી કાલે આપણે સર્વેને મથુરામાં ધનુર્યાગ જોવા જવાનું છે. સાથે રાખેલા મિષ્ટ રસ આપણે રાજા કંસને અર્પણ કરીશું. ગોપ લોકને આજ્ઞા કર્યા પછી વળી ગામના તમામ લોકની જાણ માટે નંદરાયે ગામમાં સઘળે ઠેકાણે સાદ પડાવી ખબર અપાવી. ૧૨ શ્રી કૃષ્ણ તથા બળભદ્રજીને મથુરાંમાં લઇ જવાને માટે અકરૂરજી આવેલા છે, એમ જાણતાં ગોકુળની ગોપિકાઓ ઘણીજ શોકાતુર થઇ. ૧૩ શ્રીકૃષ્ણ મથુરા જશે, એવી વાત સાંભળતાં કેટલીક ગોપિયોનાં મુખ વિરહ તાપથી તથા ઉના નિઃશ્વાસથી કરમાઇ ગયાં. કેટલીકનાં વસ્ત્ર, અંબોડા, કંકણ અને બાજુબંધ વગેરે શિથિલ થઇ ગયાં. ૧૪ સ્તબ્ધ થઇ ગયેલી ઇંદ્રિયોને લીધે કેટલીક ગોપીઓ મુક્ત પુરૂષનાં પેઠે પોતાના દેહનું ભાન ભુલી ગઇ. ૧૫ હૃદયમાં રમી રહેલી, અને નાના પ્રસંગથી રમણીય ભગવાનની લીલાઓ યાદ આવવાથી કેટલીક ગોપિયો મુર્છા પામી ગઇ. ૧૬ કેટલીક તેમનું ગમન, ચેષ્ટાઓ, કટાક્ષથી જોવું, શોકને હરણ કરે એવી બે અર્થવાળી મશ્કરીઓ, અને તેમનાં પરાક્રમોનું વારંવાર સ્મરણ કરવા લાગી. ભગવાનની બાળલીલાઓને સંભારતી અને તેમનાં વિલસનોમાં જેમનાં ચિત્ત પરોવાઇ ગયાં હતાં એવી ગોપિકાઓ ટોળે મળી મળીને ભગવાન સંબંધી નીચે પ્રમાણે વિરહ વિલાપ કરવા લાગી. ૧૭-૧૮

*આ ઠેકાણે કોઇ શંકા કરશે કે-કંસે અક્રૂરને એ વાત ગુપ્ત રાખવાનું કહીને મોકલ્યા હતા તે વાત અક્રૂરે શ્રીકૃષ્ણને કહી દીધી ને કંસનું કપટ ઉઘાડું પાડ્યું. ત્યારે અક્રૂરને સ્વામીદ્રોહી વિશ્વાસઘાતી કેમ ન કહેવા ? તેનો ઉત્તર એ છે કે-એ બાબતમાં અક્રૂરને તો ધર્મસંકટ જેવું થયું, પછી તેમણે વિચાર કર્યો કે ભગવાન તો અંતર્યામી છે, તે સર્વેના મનની વાત જાણે છે. વળી કંસ તો દુષ્ટ ભગવાનનો દ્રોહી છે માટે ભગવાનનાજ પક્ષમાં ચાલવું એ ભક્ત જનોનું કામ છે, એમ વિચારીને કંસનું કપટ કહી દીધું હતું. તેથી તે વિશ્વાસઘાતના દોષને પાત્ર થતા નથી.

ગોપિયો કહે છે—હે દૈવ ! તારા જેવો નિર્દય કોઇ નથી, મિત્રના કાર્યથી અથવા સ્નેહથી એકઠાં થએલાં પ્રાણીઓને તેમના કાર્યની સમાપ્તિ થતા પહેલાંજ તું વિનાકારણ છુટાં પાડે છે, અને બાળકના જેવી ક્રીડા કરે છે. ૧૯ તું શ્યામ કુંતલથી શોભતું, મનોહર કપોળ વાળું, ઉંચી નાસિકાવાળું, અને અંતરના શોકને દુર કરે એવા મંદહાસ્યવાળું શ્રીકૃષ્ણચંદ્રનું મુખ અમને દેખાડીને પાછું તે દુર કરાવા ધારે છે ? હે દૈવ ! તારા આ નિર્દય કાર્યને કોણ નહિ ધિક્કારે ? ૨૦ તારા વગર આવું કાર્ય બીજા કોઇથી થતું નથી, અને અમે તો ધારીએ છીએ કે અકરૂરનું નામ ધારણ કરી હે ક્રૂર દૈવ ! તુંજ શ્રી હરિને તેડવા આવેલો છે. તારાં આપેલાં આ નેત્રોથી શ્રી હરિના રમણીય મુખચંદ્રને તથા અંગ પ્રત્યંગને જોઇ અમે લોચનની સફળતા માનતાં હતાં; તેમને મથુરાં મોકલી તું અમને છતી આંખે અંધાપો આપવા જેવું કરીશ કે શું ? ૨૧ અરેરે ! ઘર, બાર, પુત્ર, પરિવાર અને મર્યાદા મુકી આપણે જેમના ઉપર વારી જતાં હતાં તે વનમાળી તો નવી નવી વસ્તુનાજ ભોગી છે, તેથી તે મથુરાં જવાને તૈયાર થયા છે. ૨૨ હે સખિયો ! આવતી કાલનું પ્રભાત મથુરાંની સ્ત્રીઓને ભાગ્યશાળી નીકળશે, કારણ કે મોટી, અણિયાળી તથા કામણથી ભરેલી શ્રી કૃષ્ણની આંખોના કટાક્ષથી વિંધાઇ, તેમના મુખને જોઇ તેઓ પોતાની સુંદર આંખોથી મદ ઉત્પન્ન કરે એવા તેમના મુખનું પાન કરવાને ભાગ્યશાળી થશે. ૨૩ હે સખિયો ! શ્રી કૃષ્ણ દક્ષ તથા ચતુર છે, અને માત પિતાને સ્વાધિન છે, છતાં મથુરાંની નાગરિક સ્ત્રીઓ તેમને પોતાનાં મીઠાં ભાષણ, સલજ્જ હાસ્ય, અને વિલાસોથી વશ કરી લેશે, તેથી પછી આપણે ગામડીઆંનો એ ભાવ પણ પુછશે નહિ, અર્થાત્ ગોકુળ તરફ પાછા આવશે નહિ. ૨૪ દાશાર્હ, ભોજ, અંધક, વૃષ્ણિ અને સાત્વત કુળના યાદવો મથુરાંમાં આજે શ્રીભગવાનનું મુખ જોઇ આનંદ પામશે. ગુણોના સ્થાન અને લક્ષ્મીના પતિ શ્રીકૃષ્ણ ભગવાનને જોઇ મથુરાં વાસીઓને મોટો ઉત્સવ થશે. ૨૫ શ્રીકૃષ્ણને લઇ જનારનું નામ અકરૂર શોભતું નથી, કારણ કે તે ક્રૂર થઇ આપણને વિજોગ કરાવે છે. ૨૬ શ્રીકૃષ્ણ ભગવાનને રથમાં બિરાજ્યા જોઈ ગાડામાં બેઠેલા ગોપલોક વળી ઉન્મત્ત હોય તેમ ઉતાવળ કરે છે અને ઘરડા માણસ પણ તેમના અન્યાયને અટકાવતા નથી. આ વખતે કોઇને અકસ્માત અથવા કોઇના ઉપર વજ્રપાત પણ થતો નથી, કે શ્રીકૃષ્ણ મથુરાં જતાં અટકે. દૈવેજ આજ આપણને શ્રી કૃષ્ણનો વિયોગ થવો નિર્માણ કરેલો હશે. ૨૭ ચાલો આપણે સઘળી એકઠી થઇ તેમને જતા વારીએ, ઘરડેરાં અને વડીલો શું કરનાર છે ? આપણને હવે મૃત્યુનો પણ શો ભય છે,? કારણ કે શ્રી કૃષ્ણનાં દર્શનમાં અર્ધ નિમેષનો અંતરાય પડે છે તે પણ આપણને મરણ સમાન લાગે છે. ૨૮ હે સખિયો ! રાસ ક્રીડામાં શ્રી કૃષ્ણચંદ્રની સાથે રમણ કરતાં તેમનાં આલિંગન, લીલા પુર્વક જોવું, વિલાસથી હસવું અને સ્નેહથી કટાક્ષ ફેંકવાં વગેરે ચેષ્ટાઓ જોતાં ઘણીક રાત્રિઓ આપણે ક્ષણની પેઠે ગાળી હતી, તે ભગવાનનો આવો વિયોગ હવે કેમ સહેવાશે ? અવશ્ય ધીરજ રાખી સાહસ કરો અને તેમને મથુરાં જતાં રોકો. ૨૯ જો આપણે એમને રોકીશું નહિ તો આપણા જીવ જતા રહેશે, કારણ કે સંધ્યાકાળે બળભદ્ર અને ગોપ લોકની સાથે ગાયોને લઇ ગોકુળમાં આવતા શ્રીકૃષ્ણ ભગવાનનું ગોરજથી ભરેલું મુખ જોતાંજ આપણે આજ સુધી જીવ્યાં છીએ. ૩૦

શ્રીશુકદેવજી કહેછે—હે રાજા ! આ રીતે વિચાર કરતી ગોપિકાઓ પછી જ્યારે શ્રી કૃષ્ણ જવા માંડયા ત્યારે તો ઉંચા સ્વરથી, 'હે કૃષ્ણ ! હે દામોદર ! હે ગોવિંદ માધવ !'

એમ બોલતી રૂદન કરવા લાગી. ૩૧ સ્નાન સંધ્યા વગેરે કર્મ કરી પ્રભાતના પહોરમાં ભગવાન સુર્યનારાયણનો ઉદય થતાંજ ગોપિકાઓના વિરહ વિલાપ ઉપર લક્ષ ન આપતાં અક્રૂરજીએ શ્રી કૃષ્ણને રથમાં બેસાડી રથ મથુરાંના માર્ગ તરફ હાંકયો. ૩૨ નંદ અને બીજા ગોપલોક ગોરસનાં પાત્ર લઇ તેમની પાછળ ચાલવા લાગ્યા. ૩૩ ગોપિકાઓ પણ નિલંજ થઈ તેમના રથની પાછળ ચાલી, પરંતુ શ્રીકૃષ્ણ ભગવાને પાછું વાળી તેમના સામું જોયું, એટલે તેઓ ઉત્તર મળવાની આશાએ ઉભી રહી. ૩૪ ભગવાને પછી દુત મોકલી તેમને આશ્વાસનાર્થે કહેવરાવ્યું કે, 'હું વહેલો આવીશ, તમે સંતાપ કરશો નહિ.' ૩૫ ભગવાનના રથની ધ્વજા અને ઉડતી રજ દેખાઇ ત્યાં સુધી ગોપિકાઓ જેમ આળેખેલી હોય તેમ ભગવાનમાં ચિત્ત રાખી સ્થિર ઉભી રહી. ૩૬ હવે ભગવાન પાછા વળશે નહિ, એમ ધારી પછી તેઓ પાછી વળી, અને તેમના ગુણાનુવાદ કરતી પોતાના ત્રિજગના દોહ્યલા દિવસ ગાળવા લાગી. ૩૭ અક્રૂરજીએ પણ રથને વાયુ વેગે ચલાવ્યો, એટલે બળભદ્રની સાથે બેઠેલા શ્રીકૃષ્ણ સપાટાબંધ પવિત્ર કિનારાવાળી યમુનાજી ઉપર આવી પહોચ્યા. ૩૮ ત્યાં પ્રથમ રથમાંથી નીચે ઉતરી મણિ જેવા નિર્મળ જળથી સ્નાન કરી ઝાડના સમુહમાં ઉભા રહી આવી બળભદ્રની સાથે તેઓએ ક્ષણવાર વિરામ લીધો. ૩૯ પછી અક્રૂરજીએ શત્રુના ભયને લીધે તેમને રથમાં બેસાડી પોતે પણ યમુનાજીના ધ્રોમાં સ્નાન કરી લીધું. ૪૦ સ્નાન કરી ગાયત્રીનો મંત્ર જપતાં તેમણે પાણીમાં ડુબકી મારી એટલે પાણીમાં પણ બળભદ્રની સાથે બેઠેલા શ્રી કૃષ્ણ તેમના જોવામાં આવ્યા. ૪૧ વસુદેવજીના પુત્રો રથમાં બેસાડેલા છે અને જળમાં કેમ દેખાય છે? અથવા તેઓ અત્રે છે તો રથમાં નહિજ હોય, એમ વિચાર કરી તેમણે પાણીની બહાર મસ્તક કાઢી રથ સામું જોયું તો ત્યાં પણ તે બેઉ બેઠેલા જણાયા. જળમાં મને ભ્રમ થયો હશે, એમ જાણી ફરીથી તેમણે પાણીમાં ડુબકી મારી એટલે ફરીને પણ તેમને આગળની પેઠે તેઓ પાણીમાં જોવામાં આવ્યા. આ વખતે અક્રૂરજીએ તેમના પ્રભાવમાં અધિકતા દીઠી, તે એ કે સિદ્ધ, ચારણ, ગંધર્વ અને અસુરો મસ્તક નમાવી તેમની સ્તુતિ કરતા જોવામાં આવ્યા. વળી તેમણે શેષનાગને દીઠા, જેમને હજાર મસ્તક હતાં અને ફણાઓ ઉપર મુકુટ ધારણ કરેલા હતા, શરીરે શ્યામ વસ્ત્ર પેહેરેલાં હતાં, શરીર કમળ નાળ જેવું ગોર હતું અને શિખરોવાળા કૈલાસના જેવા શોભતા હતા. ૪૨-૪૫ કુંડળી વળીને બેઠેલા શેષ ભગવાનની ઉપર સુંદર સ્વરૂપવાળા, શાંત સ્વરૂપ શ્રી કૃષ્ણને પોઢેલા જોયા. એ પરમ પુરૂષ શ્રી નારાયણ હતા, તેમની કાંતિ ઘનશ્યામ હતી, પીળાં વસ્ત્ર ધારણ કરેલાં હતાં, ચાર ભુજા હતી, કમળપત્ર સરખાં રાતાં નેત્ર હતાં. ૪૬ મુખ સુંદર અને પ્રસન્ન હતું, ભ્રકુટી સુંદર અને મુખ હસમુખું હતું, નાસિકા, કાન અને કપોળ મનોહર હતાં, હોઠ રાતા હતા. ૪૭ ભુજાઓ લાંબી અને પુષ્ટ હતી. ખભા ઉંચા હતા, વક્ષઃસ્થળમાં લક્ષ્મી હતાં, કંઠ શંખના જેવો સુંદર, નાભિ ઉંડી અને પીપળાના પાન જેવા નાજુક ઉદર ઉપર ત્રિવળી પડેલી હતી. ૪૮ ઉપરથી જાડા અને ઉતરતા ગોળ તેમના સાથળ હતા. સર્વાંગ સુંદર હતાં, આંગળીઓ નાજુક કમળનાં પત્ર સમાન હતી. ૪૯-૫૦ તે અમુલ્ય મણિના મુકુટ, કડાં, બાજુબંધ, કટીમેખળા, જનોઇ, હાર, ઝાંઝર અને કુંડળોથી શોભી રહ્યા હતા, ચાર ભુજામાં શંખ, ચક્ર, ગદા અને પદ્મ ધારણ કરેલાં હતાં. છાતી ઉપર શ્રીવત્સનું ચિન્હ હતું, તેની વચમાં કૌસ્તુભ મણિ શોભતો હતો. કંઠમાં મોટી વનમાળા પહેરેલી હતી. ૫૧-૫૨

નંદ તથા સુનંદ વગેરે પાર્ષદો, સનકાદિક ઋષિઓ, બ્રહ્મા, રૂદ્ર આદિ દેવતાઓ, મરીચિ વગેરે મહર્ષિઓ અને નારદ, પ્રહ્‌લાદ, રૂચિર વગેરે મોટા વૈષ્ણવો તેમની સ્તુતિ કરતા હતા. ૫૩-૫૪ લક્ષ્મી, પુષ્ટી, સરસ્વતી, કાંતિ, કીર્તિ, ઇલા, ઉર્જા, વિદ્યા, અવિદ્યા, માયા અને બીજી સર્વ શક્તિઓ તેમની સેવા કરતી હતી. ૫૫ ભગવાનને જોઇ પ્રસન્ન થયેલા, પરમ ભક્તિવાળા, રોમાંચિત થયેલા, અને ભાવને લીધે જેનાં નેત્ર તથા અંતઃકરણ આર્દ્ર થઇ ગયાં હતાં, એવા અક્રૂરજી ધીરજ રાખી પાણીમાં ને પાણીમાં મસ્તક નમાવી તથા હાથ જોડી ધીરે ધીરે ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા. ૫૬-૫૭.

गिरागद्‌गदयास्तौषीत्सत्वमालंब्यसात्वतः।
प्रणम्य मूर्ध्नावहितः कृतांजलिपुटः शनैः॥५७॥

ઇતિ શ્રીમદ્ ભાગવત પુરાણના દશમ સ્કંધ પુર્વાર્ધનો ૩૯ મો અધ્યાય સંપુર્ણ.

અધ્યાય ૪૦ મો.

અક્રૂરે ભગવાનની કરેલી સ્તુતિ.

अक्रूर उवाच—

नतोऽस्म्यहं त्वाखिलहेतुहेतुं
नारायणं पूरुषमाद्य मव्ययम् ॥
यन्नाभिजातादरविंदकोशा-
द्ब्रह्माविरासीद्यत एष लोकः ॥१॥

અક્રૂર સ્તુતિ કરે છે—સકળ લોકને ઉત્પન્ન કરનાર બ્રહ્માજી જેમની નાભિમાંથી ઉત્પન્ન થયેલા કમળ કોશમાંથી ઉત્પન્ન થયા છે એવા આદિ પુરૂષ, અને સર્વ કારણના પણ કારણરૂપ નારાયણને હું પ્રણામ કરૂં છું. ૧ જગતના કારણ રૂપ દેવતાઓ, સર્વ વિષયો, પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, અહંકાર, માયા, મન, પુરૂષ અને ઇંદ્રિયો વગેરે સર્વ આપના અંગરૂપ છે. ૨ માયાના વિસ્તારથી ઉત્પન્ન થયેલા અજ્ઞાનને લીધે વસ્તુ માત્ર પ્રત્યક્ષ દેખાય છે, છતાં આપને માયાવી માણસો જોઇ શકતા નથી. ૩ સર્વનો જ્ઞાતા જીવ છે તે પણ આપની માયાના આવરણે કરીને ગુણમાં ગુંથાયલો, આપ જે ગુણથી પર છો તેમને જાણી શકતો નથી. ગોલોક, દેવતાઓ અને ઇંદ્રિયોના સાક્ષી રૂપ આપ યોગીઓથી નિરંતર ભજાઓ છો. ૪ કર્મયોગમાં પ્રવૃત્ત રહેનારા બ્રાહ્મણો અનેક દેવનાં નામથી ત્રણ વેદવડે યજ્ઞ ક્રિયાઓ કરી આપને ભજે છે. ૫ અને કર્મનો જેમણે ત્યાગ કરેલો છે એવા ઊપરામ યોગીઓ સમાધિયજ્ઞવડે અંતરમાંજ આપને ભજે છે. ૬ કેટલાક લોકો પંચરાત્રમાં કહેલી વિધિથી વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન, અનિરૂદ્ધ એમ જુદી જુદી મુર્તીઓ રૂપે આપને ભજે છે. ૭ કેટલાક જુદા જુદા આચાર્યોએ કહેલા માર્ગોથી શંકર રૂપે આપને ભજે છે, અર્થાત્ સદાશિવ પણ આપજ છો. ૮ બીજા દેવને ભજનારા કેટલાક માણસો બાહારથી બીજા દેવને ભજતા છતાં આપ સર્વ દેવમય હોવાથી વાસ્તવિક રીતે આપનેજ ભજે છે. ૯ પર્વતમાંથી ઉત્પન્ન થયેલી અને વરસાદથી નાના પ્રકારના જળવાળી નદીઓ જેમ અનેક માર્ગે વહી છેવટ સમુદ્રને મળે છે, તેમ જુદા જુદા માર્ગોવાળા મનુષ્યો પણ આખરે આપને જુદા રૂપે ભજવા છતાં પામે છે. ૧૦ તમારી માયાના ત્રણ ગુણ રજ, તમ અને સત્વ છે. એક સ્થૂળ વૃક્ષના ઠુંઠાથી તે બ્રહ્મા સુધી સઘળું જગત આપનામાંજ રહેલું છે. ગુણ માયામાં અને માયા આપમાં વસેલી છે. ૧૧ નિર્ગુણ બુદ્ધિવાળા, સર્વના આત્મા અને ચરાચર જગતની બુદ્ધિના સાક્ષી એવા હે પ્રભુ! હું તમને પ્રણામ કરૂં છું. અવિદ્યામાંથી ઉત્પન્ન થયેલો અને ગુણરૂપ સંસારનો પ્રવાહ શરીરને પોતાનો માનનારા જીવોમાં પ્રવર્તે છે. દેવ, માણસ, પશુ અને પંખીઓનાં શરીરને પોતાનાં માનનારા જીવો મિથ્યા શરીરમાં મમતાવાળા છે. હે પ્રભુ!

અગ્નિ તમારૂં મુખ, પૃથ્વી પગ, સુર્ય નેત્ર, આકાશ નાભી, દિશાઓ કાન, સ્વર્ગલોક મસ્તક, દેવતાઓ હાથ, સમુદ્ર પેટ, વાયુ પ્રાણ, વૃક્ષ અને વનસ્પતિ રૂંવાટાં, મેઘ કેશ, પર્વતો અસ્થિ, રાત્રિ દિવસ નિમેષ રૂપ, પ્રજાપતિ શિશ્ન રૂપ અને વૃષ્ટિ આપનું વાર્ય છે. ૧૨-૧૪ હે પ્રભુ! અત્યંત જીવો વાળા આ લોકપાળ વગેરે, મનની વૃત્તિથી જણાતા આપના સ્વરૂપમાં રહેલા છે. જેમ ઝીણા જંતુ જળમાં ભમ્યા કરે છે તેમ અનેક બ્રહ્માંડ આપના વિરાટ સ્વરૂપમાં ભમ્યા કરે છે. ૧૫ ક્રીડાને માટે આપ જે સ્વરૂપને ધારણ કરો છો તે સ્વરૂપમાં અનુરક્ત રહેનારા ભક્ત લોક આપની સ્તુતિ કરે છે. ૧૬ પ્રલયના સમુદ્રમાં ફરનારા આપે મત્સ્યાવતાર ધારણ કરેલો હતો અને આપજ મોટા ઇશ્વર છો, તેમને હું પ્રણામ કરૂં છું. મધુકૈટભનો નાશ કરનાર હયગ્રીવરૂપ આપને હું પ્રણામ કરૂં છું. ૧૭ મંદરાચળને ધારણ કરનાર કચ્છપ રૂપ તમને હું પ્રણામ કરૂંછું. અગાધ જળમાં પડી વિહાર કરતા અને પૃથ્વીનો ઉદ્ધાર કરનાર એવા આપ વરાહ રૂપ ભગવાનને હું પ્રણામ કરૂંછું. ૧૮ સાધુ પુરૂષના ભયનો નાશ કરનાર એવા નૃસિંહરૂપ ધરનાર આપને હું પ્રણામ કરૂં છું. વામન રૂપ ધરી ત્રિલોકને ત્રણ પગલાંમાં માપી લેનાર એવા આપને મારા પ્રણામ છે. ૧૯ મોટા શૌર્યના ગર્વવાળા ક્ષત્રિયોના વંશનો નાશ કરનાર પરશુરામ એવા આપને પ્રણામ કરૂંછું. રામચંદ્રનો અવતાર લઇ રાવણનો નાશ કરનાર એવા આપને મારા પ્રણામ છે. ૨૦ ભક્તોનું રક્ષણ કરનાર વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન અને અનિરૂદ્ધ રૂપ આપને હું પ્રણામ કરૂં છું. ૨૧ દૈત્ય અને દાનવોને મોહ ઉપજાવનારા બુદ્ધરૂપ આપને હું પ્રણામ કરૂં છું. ઘણા ખરા મ્લેચ્છરૂપ થયેલા ક્ષત્રિયોને હણનાર કલ્કી રૂપ આપને હું પ્રણામ કરૂં છું. ૨૨ હે ભગવાન! તમારી માયાથી મોહ પામેલો તથા દેહમાં અહંતા વાળો આ જીવલોક કર્મના માર્ગોમાં ભુલીને ભમ્યા કરે છે. ૨૩ અને જીવોમાં રહેલો હું પણ તેમની પેઠે ઘર, પુત્ર, સ્ત્રી, ધન અને સ્વજનમાં પ્રીતિવાળો થઇ સ્વપ્ન જેવા પદાર્થોને સત્ય માની સંસારમાં ભુલો ભમું છું. ૨૪ એવાં કર્મ ફળને નિત્ય માનનારો, દેહને આત્મારૂપ ગણનારો, દુઃખના દ્વારને સુખ રૂપ લેખવનારો, અને અજ્ઞાનમાં લીપ્ત રહેનારો હું પરમાનંદના સ્થાનરૂપ આત્માને ઓળખતો નથી. ૨૫ ઘાસથી ઢંકાયલા જળાશયને ન દેખતાં મૂર્ખ માણસ જેમ ઝાંઝવાંનાં જળની પાછળ દોડે છે, તેમ હું પણ આપને મૂકી દેહાદિકની પાછળ ભમ્યા કરૂં છું. ૨૬ કામ અને કર્મથી ક્ષુભિત થયેલા અંતઃકરણવાળો અને બળવાન ઇંદ્રિયોથી વિષયોમાં લાલસાવાળો હું વાસના બુદ્ધિને રોકવાને અસમર્થ છું. ૨૭ હું વિષયી જીવોને દુર્લભ એવા આપના ચરણ કમળને શરણે આવેલો છું. મારા જેવાને શરણ આપવું એ હવે આપના અનુગ્રહનુંજ ફળ માનું છું. જ્યારે મોક્ષ મળવાનો હોય ત્યારેજ મનુષ્યને આપના ભક્તિમાં પ્રીતિ થાય છે. ૨૮ હે કાળ અને કર્માદિકના નિયંતા ભગવાન! હું આપને પ્રણામ કરૂં છું. હે પ્રભુ! વાસુદેવ એવા આપને હું પ્રણામ કરૂં છું, સર્વ ભુતનો નાશ કરનાર આપને નમન કરૂં છું. હે હૃષિકેશ! તમને મારા પ્રણામ છે. આપ મને શરણ આપો. ૨૯-૩૦

नमस्ते वासुदेवाय सर्वभूत क्षयाय च ।
हृषीकेश नमस्तुभ्यं प्रपन्नं पाहि मां प्रभो ॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણના દશમસ્કંધ પૂર્વાર્ધમાં અક્રૂર સ્તુતિ નામે ૪૦ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૪૧ મો.

મથુરા પ્રવેશ.

શુક ઉવાચ.

સ્તુવતસ્તસ્ય ભગવાન્ દર્શયિત્વા જલે વપુઃ।
ભૂયઃ સમાહરત્કૃષ્ણો નટો નાટ્યમિવાત્મનઃ॥૧॥

શ્રીશુકદેવજી કહેછે જળમાં અકરૂરજી ભગવાનની સ્તુતિ કરતા હતા એટલામાં તે: પોતાનું સ્વરૂપ દેખાડનારા ભગવાને નટ જેમ પોતાનું નાટક સમેટી લે તેમ પોતાનું સ્વરૂપ સમેટી લાધું. ૧ આશ્ચર્ય પામેલા અકરૂરજી પછી બાહાર નીકળી પોતાનું નિત્ય કર્મ કરી રથના પાસે આવ્યા, ત્યારે ભગવાને પુછ્યું કે હે અકરૂરજી! આકાશમાં, જળમાં કે પૃથ્વીમાં તમે કાંઇ ચમત્કાર જોયા કે શું ? તમારી આકૃતિ ઉપરથી તો મને લાગે છે કે તમે કાંઇક જોયું છે. ૨-૩

અકરૂરજી કહેછે-આ જગતમાં પછી ગમે તો જમીન ઉપર આકાશમાં જ્યાં જોઇએ ત્યાં ચમત્કાર છે અને એ સઘળું તમારામાં રહેલું હોવાથી મેં તમને જોયા એટલે બધાએ ચમત્કાર જોવામાં આવ્યા એમ હું ધારૂં છું. હે પ્રભુ! જેનામાં સઘળા ચમત્કાર ભરેલા છે એવા તમને જોયા પછી આકાશમાં અથવા પૃથ્વીમાં શું જોવાનું છે? ૪-૫

શ્રીશુકદેવજી કહેછે—આ પ્રમાણે કહીને અકરૂરજીએ પછી રથ હાંકયો, અને નમતે પોહોરે શ્રીકૃષ્ણ તથા બળદેવને મથુરાંમાં પોહોચાડયા. ૬ હે રાજા ! માર્ગમાં જે જે લોક મળતા હતા તે વસુદેવના પુત્રોને જોઇ પ્રસન્ન થતા વારંવાર પાછું વાળી વાળીને જોતા હતા. ૭ રથ મથુરાંમાં આવ્યો તે પહેલાં નંદ અને બીજા ગોવાળીયા મથુરાંના ઉપવનમાં તેમની વાટ જોતા હતા. સઘળાઆન મળી ભગવાને અકરૂરજીનો હાથ ઝાલી હસતાં હસતાં કહ્યું કે તમે રથ લઇ ગામમાં જાઓ, અમે અહીં રહીશું, અને પછીથી ગામમાં આવીશું. ૮-૧૦

અકરૂરજી કહેછે-હે પ્રભુ ! તમારા વગર હું એકલો મથુરામાં નહિ જાઉં, અને તમારા ભક્તને તજો નહીં. ૧૧ મારી સાથે ચાલો, મોટાભાઇ, ગોપલોક અને મિત્રોની સાથે આપ મારે ઘેર પધારી મારૂં ઘર પવિત્ર કરો ૧૨ તમારા ચરણામૃતથો પિતૃ, અગ્નિ, અને દેવતાઓ તૃપ્ત થાય છે. માટે અમારા આંગણામાં તમારા ચરણ કમળ પાડી તેમને પવિત્ર કરો. ૧૩ આપના ચરણ ધોવાથી બળિ રાજાને કીર્તિ મળી છે, અને ઘણાક ભક્તો તેથી મોક્ષ મેળવી ગયા છે. ૧૪ તમારાં ચરણના જળે (ગંગાજીએ) ત્રણે લોકને પવિત્ર કર્યા છે અને સદાશિવે તેને મસ્તક ઉપર ધર્યું છે. શિવના મસ્તકમાં રહેલા તે જળને પૃથ્વી ઉપર લેઈ આવતાં સગરના પુત્રો તરી ગયા છે. ૧૫ હે દેવ ! હે જગતપતિ ! હે યદુવંશમાં શ્રેષ્ઠ ! હે ઉત્તમ કીર્ત્તિવાળા ! હે નારાયણ! જેનાં શ્રવણ તથા કીર્તન પવિત્ર છે, એવા આપને હું પ્રણામ કરૂં છું. ૧૬

શ્રીકૃષ્ણ કહેછે—યાદવોનું ભુંડું કરનાર કંસને માર્યા પછી બળભદ્રની સાથે હું તમારે ઘેર આવી આપણા સંબંધીઓને આનંદ આપીશ. ૧૭

કૃષ્ણનાં વચન સાંભળી કચવાયલા મને અકરૂરજી મથુરાંમાં ગયા અને કંસને બધી હકીકત જણાવી. ૧૮ સાંજે બળભદ્ર અને ગોપલોકની સાથે મથુરાં જોવાને શ્રીકૃષ્ણ ગામમાં આવ્યા. સ્ફટિકના બુરજોવાળી ઉંચાં અને શોભિતાં સોનાનાં કમાડ અને તોરણવાળી, શત્રુઓથી પેસાય નહી એવી પરિખાવાળી અને લોઢાના તથા તાંબાના કોઠાર અને સુંદર અશ્વશાળાઓવાળી મથુરા નગરીને તેઓ જોવા લાગ્યા. ૧૯-૨૦ સોનાનાં બજાર, ગૃહસ્થોનાં મંદિર અને ઉપવન, રોજગારથી જીવનારા લોકોને બેસવાની દુકાનો અને બીજાં મદિરોથી મથુરાં શોભી

રહી હતી વૈદુર્ય, મણિ, હીરા, સ્ફટિક, નીલમ અને પોખરાજથી જડેલાં જાળિયાં અને રાવઠીઓવાળી તથા તેની ઉપર બેઠેલાં પારેવાં અને મોરવાળી, રાજમાર્ગ ચૌટાં અને આંગણામાં છાંટેલાં પાણીથી શોભતી, ફુલ, જુવારા અને અક્ષતવાળી તથા ચોખાના ઢગલાઓ ઉપર મુકેલા જળ ભરેલા ઘડાઓથી શોભતાં ઘરવાળી અને ઘડા ઉપર દહીં તથા ચંદન છાંટવાથી મંગળમય લાગતી પુરીને તેઓ જોવા લાગ્યા. ઘડાઓની ઉપર ફુલની માળાઓ અને વસ્ત્ર વીંટેલાં હતાં અને ઘડાના મોઢામાં આંબાનાં પાંદડાં તથા પુષ્પ ઘાલેલાં હતાં, તેના ઉપર એક બીજું વાસણ મુકી તેમાં દીવા કરેલા હતા. ઠેકાણે ઠેકાણે ફળોની લુમો સાથે કેળો તથા સોપારીનાં ઝાડો ઉભાં કર્યાં હતાં અને બારણામાં ધ્વજા પતાકાઓ ફરફરી રહી હતી. ૨૧-૨૩ આવી નગરીમાં થઇને જતાં શ્રીકૃષ્ણ બળદેવને જોવા તે શેહેરની સ્ત્રીઓ, પોતાના ઝરૂખામાં ચડી. ૨૪ એટલી ઉતાવળથી તેઓ ચડી કે તેમણે ઘરેણાં તથા લુગડાં અવળાં પેહેરી લીધાં, કેટલીએક બબ્બે ઘરેણાંમાંથી એકેકું ભુલી ગઇ, કેટલીકે એકેકું ઝાંઝર પેહેરી લીધું, કેટલીએકે એકજ આંખ આંજેલી હતી. ૨૫ કેટલીએક જમતી જમતી ઉઠીને આવી હતી, કેટલીએક તેલ મર્દન કરતી કરતી નાહ્યા વગરજ બારાએ આવી હતી, કેટલીએક સુઇને છોકરાં ધવરાવતી બાઇડીઓ છોકરાંને ધાવતાં વછોડી આવી કૃષ્ણને જોવા લાગી. ૨૬ મોટા હાથીની પેઠે ચાલતા, લક્ષ્મીને પ્રીતિ ઉપજાવનારા શ્રીકૃષ્ણ ભગવાન જોતા અને હસતા તેમનાં મનને હરતા હતા. ૨૭ હે કામદેવને જીતનારા રાજા! વારંવાર સાંભળેલા હોવાથી સ્ત્રીઓનાં તેમનામાં મન લાગી રહેલાં હતાં. એ સ્ત્રીઓ ભગવાનના જોવા તથા હસવારૂપી અમૃતના સંગથી રોમાંચિત થઇ અને નેત્રરૂપી દ્વારથી ભગવાનને પોતાના અંતઃકરણમાં પધરાવી મનથી તેમનું આલિંગન કરી પ્રસન્ન થવા લાગી. ૨૮ અટારીઓમાંથી તેમણે શ્રીકૃષ્ણ બળદેવને ફુલથી વધાવી લીધા. ખુશી થયેલા બ્રાહ્મણો જળ, દહીં, અક્ષત અને માળાથી એ બે ભાઇઓનો સત્કાર કરવા લાગ્યા. ૨૯-૩૦ મથુરાંની સ્ત્રીઓ મનમાંને મનમાં કહેવા લાગી કે-અહો! ગોપિઓના જન્મને ધન્ય છે કે તેઓ રાત દહાડો શ્રીકૃષ્ણ બળદેવને જુએ છે. એમણે એવું શું તપ કર્યું હશે? ૩૧ મથુરામાં ચાલતાં એક રંગારા ધોબીને અતિ ઉત્તમ લુગડાં લેઇ આવતો જોઇ ભગવાને તેની પાસે વસ્ત્ર માગ્યાં અને કહ્યું કે-૩૨ હે ધોબી અમને બે ભાઇઓને જોઇએ એવાં વસ્ત્ર આપ. તારૂં કલ્યાણ થશે. ૩૩ સર્વ પ્રકારે પરિપુર્ણ ભગવાને વસ્ત્ર માગ્યા છતાં તે કંસનો નોકર હોવાથી કૃષ્ણને તરછોડી નાંખીને બોલ્યો કે-૩૪ "છકેલા છોકરા! જંગલમાં ફરનારો તું આવાં લુગડાંને યોગ્ય નથી. હે મુર્ખ રાંચા લોકો! અહીંથી નાશી જાઓ, જો જીવવાની આશા હોય તો કશું માગતા નહિં. કારણ કે રાજાના માણસો સાંભળશે તો મારશે અને બાંધી લેશે." ૩૫-૩૬ ધોબીને આ પ્રમાણે બોલતો સાંભળી ભગવાને પોતાના હાથ વડે તેનું માથું ધડથી જુદું કરી નાંખ્યું. ૩૭ એ જોઇને બીજા ધોબીઓ લુગડાંની ગાંસડીઓ મુકીને નાશી ગયા અને ભગવાને તે વસ્ત્ર લેઇ કેટલાંક પોતે અને બળભદ્રે પેહેર્યાં તથા બીજા ગોવાળિયાઓને વેહેંચી આપ્યાં. ૩૮-૩૯ ત્યાંથી રાજી થઇને ભગવાન આગળ ચાલ્યા એટલે એક દરજીએ તેમને વાઘા કરી આપ્યા. ૪૦ ઉત્તમ લુગડાં પેહેરેલા શ્રીકૃષ્ણ બળદેવ મેળામાં શણગારેલા ધોળા અને કાળા બે હાથીનાં બચ્ચાંની પેઠે શોભવા લાગ્યા. ૪૧ દરજી* ઉપર ખુશ થઇ ભગવાને તેને પોતાના

---

* દરજી પૂર્વ જન્મમાં જનકપુરીનો રેહેવાસી. હરિ ભક્ત હતો. શ્રી રામચન્દ્રજીના વિવાહમાં ભગવાનને માટે ઉત્તમ કપડાં શીવી પ્રભુને પહેરાવવા લાગ્યો. તે સમય તે રામ રૂપમાં એવો ગરક થયો કે-તન મનની શુદ્ધ રહી નહિં. પછી પણ મનમાં

જેવું રૂપ, લક્ષ્મી અને સ્મરણશક્તિ આપી. ૪૨ પછી બેઉ સુદામા નામના માળીને ઘેર ગયા. માળી જમીન ઉપર માથું મૂકી તેમને પગે લાગ્યો ૪૩ અને તેમને તથા ગોવાળીઆઓને આસન તથા પગ ધોવાનું પાણી આપી માળા, તાંબુલ અને ચંદનથી પૂજા કરીને બોલ્યો કે-હે પ્રભુ! તમારા આવવાથી મારો જન્મ સફળ થયો, મારૂં કુળ પવિત્ર થયું, દેવ, પિતૃ અને રૂષિઓ મારા ઉપર ખુશી થયા. ૪૪-૪૫ તમે જગતના પરમ કારણરૂપ છો, જગતની વૃદ્ધિ અને અભ્યુદયને માટે તમે પૃથ્વી ઉપર અવતરેલા છો. ૪૬ તમે ભજતો હોય તેને ભજો છો, તોપણ સર્વ પ્રાણીમાં સમાન, સર્વના મિત્ર અને આત્મા છો તેથી જુદા પડો છો, એમ કહેવાય નહીં. ૪૭ આપ મને આજ્ઞા કરો કે હું આપનું શું કામ કરૂં ? આપ આજ્ઞા કરો, એ પણ મારા ઉપર મોટો અનુગ્રહ છે. ૪૮ પછી તે માળીએ સુગંધીદાર ફુલોની માળાઓ તેમને પેહેરાવી. પુષ્પના હાર પહેરવાથી શોભતા ગોવાળીઆઓની સાથે ખુશી થયેલા તે બે ભાઇઓએ માળીને વરદાન માગવાનું કહ્યું. ૪૯-૫૦ માળીએ * તેમનાપર અચળ પ્રીતિથી ભક્તો ઉપર પ્રેમ અને પ્રાણિઓ ઉપર દયા માગી લીધી. ૫૧ ભગવાન તેને વરદાન આપી તે ઉપરાંત તેને લક્ષ્મિ, બળ, આયુષ, યશ અને કાન્તિ આપીને આગળ ચાલ્યા. ૫૨

एति तस्मै वरं दत्त्वा श्रियं चान्वयवर्धिनीम् ।
बलमायुर्यशः कान्तिं निर्जगाम सहाग्रजः ॥५२॥

ઇતિ શ્રી મહાપુરાણ ભાગવતના દશમ સ્કંધ પૂર્વાર્ધમાં મથુરા પ્રવેશ નામે ૪૧ મો અધ્યાય સંપુર્ણ.

અધ્યાય ૪૨ મો.

ભગવાને કુબ્જાનો ઉદ્ધાર કર્યો.

शुक उवाच—

अथ व्रजन् राजपथेन माधवः
स्त्रियं गृहीताङ्गविलेपभाजनाम् ।
विलोक्य कुब्जां युवतीं वराननां
पप्रच्छ यान्तीं प्रहसन् रसप्रदः ॥ १ ॥

શ્રી શુકદેવજી કહેછે—હે રાજા! રાજમાર્ગમાં ચાલતાં, સુંદર મુખવાળી અને હાથમાં ચંદનનું પાત્ર લેઇ જતી એક કુબ્જા નામની સ્ત્રી ભગવાનના નજરે પડી, એને જોઇ હસતાં હસતાં શ્રીકૃષ્ણ ભગવાને પૂછ્યું કે-"હે સુંદરિ! તું કોણ છે? અને આ ચંદન કોને માટે લેઇ જાય છે? તે અમને કહે. તું એ ચંદન અમને આપીશ તો તારૂં કલ્યાણ થશે." ૧-૨

કુબ્જા કહેછે—હે સુંદર! હું ત્રિવક્રા નામે કંસની દાસી છું, ચંદન બનાવવામાં હું કુશળ હોવાથી કંસને પ્રિય છું. મારૂં બનાવેલું ચંદન કંસને બહુ પ્રિય લાગે છે. તમારા વિના બીજો કોણ આ ચંદનને યોગ્ય હોય ? ૩

શ્રીશુકદેવજી કહેછે—રૂપ, સુકુમારતા, રસિકતા, હાસ્ય અને બોલવું વિગેરે જોઇ મોહ પામેલી કુબ્જાએ શ્રી કૃષ્ણ બળભદ્રને ઘેલું ચંદન આપ્યું. ૪ નાભિથી ઉપરના સઘળા ભાગ ઉપર તે ચંદનના લેપ કરવાથી તેઓ શોભવા લાગ્યા. ૫ પ્રસન્ન થયેલા તેમણે પછી સુંદર મુખવાળી કુબ્જાને પોતાના દર્શનનું ફળ આપવા માટે તેની વક્રતા કાઢી

એજ મનોરથ રહ્યો કે-હજી પણ જો એકવાર સમય મળે કે-જેથી પ્રભુને કપડાં પેહેરાવું. આ વાસનાથી તે હજી પાછો મથુરામાં જન્મ પામી પોતાના મનોરથની સાથે સારૂપ્ય મુક્તિ પામ્યો.

* એ સુદામા માળી પૂર્વ જન્મમાં કુબેરજીનો ચૈત્રરથ નામના બગીચામાં રહેનારો, સત્સંગતી, શાન્ત, દાની અને મહાવૈષ્ણવ હેમમાલી નામનો માળી હતો. તેણે શ્રી કૃષ્ણની પ્રાપ્તિને માટે પાંચ હજાર વર્ષ સુધી સુગન્ધિ કમળોથી શ્રીશિવજીનું પુજન કર્યું હતું. શ્રીશિવજીએ પ્રસન્ન થઇ વર આપવાનું કહેતાં તેણે વર માગ્યો કે-મને ઘેર બેઠાં શ્રીકૃષ્ણનાં દર્શન થાય, અને અવિચળ ભક્તિ પામું. આ સાંભળતાં મહાદેવે 'તથાસ્તુ' કહ્યું. તેથી તે સુદામા માળી ઘેર બેઠે શ્રી કૃષ્ણના દર્શન પામી અવિચળ ભક્તિથી કૃતાર્થ થયો.

નાંખવાનો વિચાર કર્યો. ૬ તેના પગનાં તળીયાંને પોતાના પગથી દબાવી દાઢીથી મસ્તક પકડી ભગવાને તેને ઉંચી ખેંચી. ૭ એટલે તેનું વાંકું શરીર સરખું થઇ ગયું. પછી મોટા નિતંબ અને સ્તનવાળી કુબ્જાએ ભગવાનના સ્પર્શથી સુંદર રૂપ ધારણ કર્યું. ૮ રૂપ, ગુણ અને ઉદારતાવાળી કુબ્જા કામદેવથી વ્યાકુળ થઇ હસતાં હસતાં ભગવાનનો છેડો પકડીને કહેવા લાગી કે, ૯ સુંદર વર! હવે આપ મારે ઘેર ચાલો. હું તમને અહીં મુકનાર નથી. હે પુરૂષોત્તમ! જેના મનને તમે હરી લીધું છે, એવી હું પરવશ થઈ છું, માટે મારા ઉપર કૃપા કરો. ૧૦ બળભદ્ર વગેરેના દેખતાં આવું કહેવાથી શરમાયેલા શ્રીકૃષ્ણ ભગવાને હસીને તેને કહ્યું કે ૧૧ પુરૂષોના મનની પીડાને હરનાર તારે ઘેર, મારા કામથી પરવારીને હું આવીશ. અહીં આગળ અમારૂં ઘર નથી, માટે તારે ઘેરજ અમે આશ્રય લેઇશું. ૧૨ એવાં મીઠાં વચન કહી શ્રીકૃષ્ણે તેને વિદાય કરી, ને પોતે આગળ ચાલવા માંડયું. વેપારીઓએ પાન, માળાઓ અને સુગંધી પદાર્થોથી માર્ગમાં તેમનું પૂજન કરવા માંડયું. ૧૩ શ્રીકૃષ્ણચંદ્રને જોવાથી ઘેલી થયેલી સ્ત્રીઓ જેમ આળેખેલી હોય, તેમ છજામાં સ્તબ્ધ થઇ ઉભી રહીઓ. કેટલીક વસ્ત્ર, કંકણ અને કેશનું ભાન પણ ભૂલી ગઇ. ૧૪ પછી ધનુર્યાગનો માર્ગ પૂછતા પૂછતા તેઓ આગળ ચાલ્યા. ઇંદ્રના ધનુષ્ય જેવું કંસનું ધનુષ્ય ત્યાં તેમના જોવામાં આવ્યું. ૧૫ ત્યારે અનુચરોએ ના કહેવા છતાં શ્રીકૃષ્ણે તે ઉપાડયું, અને લીલા માત્રમાં ડાબા હાથવડે ચઢાવી મદોન્મત્ત હાથી જેમ શેરડીના સાંઠાને ભાગી નાંખે, તેમ જમણા હાથથી ખેંચી ભાગી નાંખ્યું. ૧૬-૧૭ ભાગતા ધનુષ્યના શબ્દથી સ્વર્ગ, આકાશ, પૃથ્વી અને દિશાઓ ગાજી રહી, અને કંસને ત્રાસ પડયો. ૧૮ ધનુષ્યને સાચવનારા કંસના માણસો 'એને પકડો, બાંધો' એમ કહેતા શસ્ત્રો ખેંચી શ્રીકૃષ્ણની આગળ પાછળ વીંટાઈ વળ્યા. ૧૯ શ્રીકૃષ્ણબળભદ્રે તેઓનો દુષ્ટ વિચાર જોઇને ધનુષના કકડાઓ લેઇ તેઓના સામે મારો ચલાવ્યો, ૨૦ એટલુંજ નહીં, પરંતુ પાછળથી કંસે લશ્કર મોકલ્યું તેને પણ મારીને હઠાવ્યું. ત્યાંથી બાહાર નીકળી નગરની શોભા જોઈ બંને ભાઈઓ પ્રસન્ન થવા લાગ્યા. ૨૧ તેમનાં પરાક્રમરૂપ તેજ અને ધીરજ જોઇ આ કોઈ દેવ છે, એમ શેહેરના લોક કેહેવા લાગ્યા. ૨૨

પછી સૂર્ય અસ્ત થતાં ગોવાળની સાથે ગામ બહાર તેઓ પોતાને ઉતારે ગયા. ૨૩ ભગવાનના જવાથી વિરહાતુર થયેલી ગોપીઓએ મથુરામાં થનારી લીલાની જે જે કલ્પના કરી હતી, તે ભગવાનની અનુપમ શોભા જોઇ પ્રસન્ન થયેલા મથુરાંના લોકમાં પ્રત્યક્ષ થઇ રહી. ૨૪ હાથ પગ ધોઈ દૂધવાળું ભોજન કર્યા પછી કંસને કરવાનું કામ જાણનારા તે બેઉ ભાઇઓએ ઉતારામાં સુખથી રાત્રિ ગાળવાનો વિચાર કર્યો. ૨૫ ધનુષ્ય ભાગ્યું, રખવાળને માર્યા, અને પોતે મોકલેલા સૈન્યનો સંહાર કર્યો, એ વગેરે ભગવાનનાં અદ્ભૂત કામોને સંભારી ભય પામેલો કંસ સ્વપ્નામાં અને જાગૃત અવસ્થામાં મૃત્યુ સૂચવનારાં નઠારાં સ્વપ્ન જોવા લાગ્યો. ૨૬-૨૭ તે પોતાનું પ્રતિબિંબ જોતો પણ માથું દેખતો નહી. દૃષ્ટિમાં વિકાર ન હોવા છતાં ચંદ્ર વગેરેનાં બબ્બે પ્રતિબિંબ દેખતો. ૨૮ પડછાયામાં કાણાં દેખતો, કાનમાં આંગળીઓ ઘાલતાં રૂધિરનો શબ્દ સાંભળતો નહીં, સોનાનાં વૃક્ષ દેખતો, ધુળ અને કાદવમાં પોતાનાં પગલાં જોતો નહીં, ૨૯ સ્વપ્નમાં શબને ભેટતો, ગધેડાપર સ્વારી કરતો, ઝેર ખાતો તથા પોતાને જાસુદનાં ફુલની માળા પેહેરી તેલથી ચોળેલા ચળકતા શરીરે નગ્નાવસ્થામાં દેખતો. ૩૦ આ પ્રમાણે અશુભ નિમિત્ત દેખવાથી ત્રાસ પામેલો કંસ મરણના ભયથી રાત્રે નિદ્રા કરી શકતો નહોતો. ૩૧ હે રાજન્! પ્રભાત થયું, સૂર્ય નારાયણ ઉગ્યા અને લોક પરવાર્યા, ત્યારે કંસે અખાડામાં મલ્લમહોત્સવ કરાવવા માંડયો. ૩૨ ભેરી અને તુરી વગેરે વાજીંત્ર વાગવા લાગ્યાં અને લોકોએ અખાડાની પૂજા કરી, ધ્વજ હાર અને લૂગડાંથી આસનોને શણગાર્યાં.

૩૩ શેહેરના બ્રાહ્મણ તથા ક્ષત્રિય વગેરે લોકો આસન ઉપર આવી બેઠા, તથા સામંત લોકોએ પોતાને માટે મૂકેલા મંચ ઉપર આવી આસન લીધાં. ૩૪ પછી મંત્રીઓની સાથે ભયવાળા અંતઃકરણે કંસ સામંત રાજાઓની વચ્ચે મૂકેલા રાજ્યાસન ઉપર આવી બેઠા. ૩૫ મોટા ગર્વવાળા લોકો પોતાના ઉસ્તાદની જોડે અખાડામાં આવ્યા. ચાણુર, મુષ્ટિક, કૂટ, શલ્લ અને તોશલ્લ જ્યારે અખાડામા આવ્યા ત્યારે સુંદર વાજીંત્ર વાગવા લાગ્યાં. ૩૬-૩૭ પછી કંસના આમંત્રણથી આવેલા નંદ અને બીજા ગોવાળીઆ રાજાને ભેટો અર્પણ કરી મલ્લયુદ્ધ જોવા પોત પોતાના આસન ઉપર બેઠા. ૩૮

नंद गोपादयो गोपा भोजराज समाहुताः ॥
निवेदितोपायनास्ते एकस्मिन्मंच आविशन् ॥ ३८ ॥

ઇતિ શ્રીમદ્ ભાગવતના દશમસ્કંધ પૂર્વાર્ધમાં ૪૨ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૪૩ મો.

શ્રી કૃષ્ણે કુવલયાપીડ હાથીનો કરેલો વધ.

શ્રી શુક ઉવાચ.

अथ कृष्णश्च रामश्च कृतशौचौ परंतप ॥
मल्ल दुंदुभिनिर्घोषं श्रुत्वा द्रष्टुमुपेयतुः ॥ १ ॥

શ્રી શુકદેવજી કહેછે.—હે પરંતપ ! મલ્લનાં દુંદુભિનો અવાજ સાંભળી અખાડામાં જવાને વાસ્તે નિત્યકર્મ કરી શ્રીકૃષ્ણબળદેવ તૈયાર થયા. ૧ અખાડા આગળ આવ્યા ત્યારે જેને અંબષ્ટ મહાવત હાંકતો હતો એવો કુવલયાપીડ હાથી તેમના જોવામાં આવ્યો. ૨ કેડ અને કેશ બાંધી મેઘના જેવી ગંભીર વાણીથી ભગવાને અંબષ્ટને કહ્યું કે-૩ હે મહાવત ! તારા હાથીને લેઇને ખશી જા, અમને માર્ગ આપ, નહિ તો હમણાં તને અને હાથીને જમપુરીમાં મોકલાવી દઈશ. ૪ શ્રી કૃષ્ણનાં એવાં વચન સાંભળી ક્રોધ પામેલા મહાવતે કાળ જેવા હાથીને ભગવાનની સામે ઉશ્કેર્યો, ૫ હાથીએ ક્રોધથી દોડી આવી તેમને સૂંઢમાં પકડી લીધા, પરંતુ ચાલાક ભગવાન એક મુક્કી મારી, તેની સુંઢમાંથી નીકળી તેના ચાર પગ વચ્ચે સંતાઇ ગયા. ૬ પોતાના હાથમાંથી ભગવાનને છટકી ગયેલા જોઈ, હાથીએ સુંઘીને તેમને શોધવા માંડયા, ફરી તેની સુંઢમાં સપડાયા અને બળાત્કારથી છટકી ગયા. ૭ પછી ગરૂડ જેમ સાપને ખેંચે તેમ ભગવાને પુંછડું ઝાલી મોટા બળવાળા હાથીને લીલામાત્રમાં પચીસ ધનુષ જેટલો પાછો ખેંચ્યો. ૮ બાળક જેમ વાછડાનું પુંછડું પકડીને ફરે તેમ ભગવાન ડાબી જમણી બાજુએ ફરવા લાગ્યા. ૯ પછી એકદમ આગળ આવી તેના માથામાં એક મુક્કી મારી ભગવાન અડના ન અડતા આગળ દોડયા; પકડતાં પકડતાં હાથી અને ભગવાન એ જમીન ઉપર ઉથલી પડયા, હાથીએ એકદમ ઉભા થઇ ભોંય ઉપર પડેલા ભગવાનને જમીનમાં કચરી ઘાલવા વાસ્તે દંતુશળનો પ્રહાર કર્યો. ૧૦-૧૧ પરંતુ ભગવાન ત્યાંથી ઉઠી ગયા, અને દંતુશળ જમીનમાં ઠોકાવાથી અત્યંત ગુસ્સે થયેલો કુવળયાપીડ * તેમની પાછળ

---

* કુવળયાપીડ પૂર્વ જન્મમાં એક લાખ હાથીયોના સમાન બળવાન્, મહા ધનુર્ધારી, પહાડ જેવો, મન્દગતિ નામનો બળિનો પુત્ર હતો, તે એક સમય ડોલતો રંગયાત્રામાં જવા નિકળ્યો. તેના ધક્કાથી કેટલાક લોકો પડી ગયા. તેમાં અતિ વૃદ્ધચિત નામના મહાત્મા મુનિ હતા. તેમણે ક્રોધ કરી શાપ આપ્યો કે-અરે ! ખળ મદમત્ત ! જેથી તું મદાન્ધ ગજના સમાન મનુષ્યોને પાડતો જાય છે, તેથી તું ગજ થઇશ. પછી અનુગ્રહ માગતાં મુનિએ કહ્યું કે-તું ડરીશ નહિ. જો કે મારૂં વચન તો અસત્ય થશે નહિ; પરન્તુ જા, જ્યારે મથુરા નગરીમાં શ્રી કૃષ્ણ ભગવાન્ પધારશે અને તને મારશે ત્યારે તારી મુક્તિ થશે. તે દૈત્ય વિન્ધ્યાચળ પર્વતમાં દશ હજાર હાથીના સમાન બળવાળો હાથી થયો. તેને જરાસન્ધે ઘણા ઉપાયે પકડી, કંસના લગ્ન સમયે દાયજામાં આપ્યો હતો.

દોડયો. ૧૨ પોતાની સામે આવતા હાથીની તરફ ફરી ભગવાને તેની સુંઢ પકડી, વીંઝીને જમીન ઉપર ફેંકી દીધો અને તેનું માથું એક પગતળે દાબી મોટા જોરથી તેનો દાંત ખેંચી લીધો. ને એ દાંત વડેજ તેને અને તેના રક્ષકોને મારી નાંખ્યા. ૧૩-૧૪ હાથીનો દાંત ખભા ઉપર મૂકી રૂધિર અને મદ છાંટાવાથી અત્યંત શોભતા ભગવાન પછી ધીરે ધીરે અખાડામાં પધાર્યા. ગોવાળીયા અને મિત્રો પણ તેમની સાથે અંદર ગયા. ૧૫-૧૬ મલ્લને વજ્રરૂપ લાગતા, માણસને ઉત્તમ મનુષ્યરૂપ લાગતા, સ્ત્રીઓને કામદેવ રૂપ લાગતા, ગોપને બંધુરૂપ લાગતા, દુષ્ટને દંડદાયક લાગતા, મા બાપને બાળક લાગતા, કંસને મૃત્યુરૂપ જણાતા, લોહીથી ખરડાવાને લીધે અજ્ઞાનીઓને સુગાળ લાગતા, યોગીયોને પરમાત્મા રૂપ લાગતા, અને યાદવોને દૈવતરૂપ લાગતા શ્રી કૃષ્ણભગવાન બળદેવની સાથે અખાડામાં જઇને બેઠા. ૧૭ હે રાજન્! કુવળયાપીડ મરાયો સાંભળી, આમને 'કેમ જીતી લેવાશે' એમ માની કંસ પોતાના મનમાં ખિન્ન થયો. ૧૮ મોટા હાથવાળા, કાન્તિથી લોકોનું મન હરણ કરતા અને વિચિત્ર ભુષણ, માળા તથા વસ્ત્રોવાળા એ બે ભાઇઓ નટના જેવા શોભતા હતા. ૧૯ નગરના લોકો નેત્રો ભરી ભરીને તેમને જોવા લાગ્યા, મુખથી પાન કરવા લાગ્યા, વળી ભગવાનનાં રૂપ ગુણ, મીઠાશ અને પરાક્રમોનું સ્મરણ કરીને તેઓ પરસ્પર વાતો કરવા લાગ્યા કે-નારાયણ ભગવાનના અંશથી આ બેઉ જણા વસુદેવને ઘેર અવતરેલા છે. ૨૦-૨૩ દેવકીથી જન્મેલા શ્રી કૃષ્ણને ગોકુળ લઇ ગયા હતા, આટલાં વરસ તે નંદને ઘેર ઉછરેલા છે. ૨૪ગોકુળમાં એમણે પુતના, તૃણાવર્ત, યમલાર્જુન, શંખચૂડ, કેશી, ધેનુકાસુર, અને બીજા પણ એવા દુષ્ટ લોકોને માર્યા હતા. ૨૫ ગાયો અને ગોવાળીઆઓને દાવાનળથી બચાવ્યા હતા, કાલિયનાગનું દમન કર્યું હતું, ઇંદ્રનો મદ ઉતાર્યો હતો, ૨૬ સાત દિવસ સુધી ગોવર્ધન તોળ્યો હતો અને ગોકુળનું રક્ષણ કર્યું હતું. ૨૭ હસવાથી સુંદર લાગતું એમનું મુખ ગોપીઓ નિરંતર જોઈ જોઇને પોતાના ત્રિવિધિ તાપ મટાડતી હતી, ૨૮ કૃષ્ણથી રક્ષાતો યદુવંશ જગત ઉપર ઘણી લક્ષ્મી અને મોટો યશ મેળવશે. ૨૯ તેમની સાથે કમળ જેવાં નેત્રવાળા બળભદ્ર છે. એ એમના મોટાભાઇએ પ્રલંબાસુર, વત્સાસુર અને બકાસુર આદિને માર્યા હતા. ૩૦ લોકો આ પ્રમાણે વાતો કરતા હતા, એટલામાં ચાણુરે તેમને પોતાની પાસે બોલાવીને કહ્યું કે 'હે નંદના પુત્ર! હે બળભદ્ર! તમે બે જણા વીર લોકમાં માન પામેલા છો, માટે કંસ રાજાએ આ યુદ્ધ જોવા તમને બોલાવ્યા છે. ૩૧-૩૨ મન વચન અને કર્મથી જે પ્રજા રાજાને પ્રસન્ન કરે છે તેનું કલ્યાણ થાય છે, અને વિરૂદ્ધ ચાલનાર નાશ પામે છે. ૩૩ ગાયોનું પાલન કરનારા લોકો વનમાં મલ્લયુદ્ધ કરે છે, એ જગજાહેર વાત છે, ૩૪ તમારે રાજાનું મન રાખવા માટે મલ્લ યુદ્ધ કરવું, કારણ કે રાજાને પ્રસન્ન કરવા એ સર્વને પ્રસન્ન કરવા જેવું છે. ૩૫ ચાણુરનાં વચન સાંભળી તેનો સત્કાર કરી ભગવાન બોલ્યા કે-૩૬ તમે અને વનમાં ફરનારા અમે કંસ રાજાની પ્રજા છીએ, અને આપણે રાજાને પ્રસન્ન કરવા જોઇએ, ૩૭ પણ અમે બાળક છીએ તેથી એક બીજાની સાથે માંહી માંહી દાવ પેચ રમીશું. ૩૮ ચાણુરે ઉત્તર આપ્યો કે-તમે બાળક નથી અને નાનાએ નથી, કારણ કે મારા દેખતાંજ તમે બળવાન કુવલયાપીડ નામના હાથીને મારી નાંખ્યો છે. બળભદ્રજી પણ મોટા બળવાન છે. ૩૯ માટે તમારે બે ભાઇઓને બળવાળા મલ્લ લોકની સાથે લડવું પડશે. હે કૃષ્ણ! એમાં કાંઇ અનીતિ થવાની નથી. તમે મારી સાથે લડો અને બળભદ્રજી મુષ્ટિક સાથે લડે. ૪૦

तस्माद्भवद्भ्यां बलिभिर्योद्धव्यं नाऽनयोऽत्र वै॥
मयि विक्रम वार्ष्णेय बलेनसह मुष्टिकः॥४०॥

ઇતિ શ્રીમદ્ ભાગવત પુરાણના દશમસ્કંધ પૂર્વાર્ધમાં 'કુવલયાપીડ વધ' નામે ૪૩ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૪૪ મો.

ભગવાને મલ્લોનો તથા મામા કંસનો વધ કર્યો.

शुक उवाच.

एवं चर्चित संकल्पो भगवान्मधुसूदनः ॥
आससादाथ चाणूरं मुष्टिकं रोहिणी सुतः १।

શ્રી શુકદેવજી કહેછે—આ પ્રમાણે વાત થયા પછી આગળથી નિશ્ચય કરી રાખ્યો હતો તે પ્રમાણે, શ્રી કૃષ્ણ ચાણુરની સાથે અને બળભદ્ર મુષ્ટિકની સાથે યુદ્ધ કરવા લાગ્યા. ૧ તેઓ હાથે હાથ અને પગે પગ ભીડાવી એક બીજાની સાથે દાવપેચ રમવા લાગ્યા. ૨ કોણીએ કોણી, ઘુંટણે ઘુંટણ, માથે માથાં અને છાતીએ છાતી અફાળવા લાગ્યા. ૩ ધક્કો મારવો, બાથમાં લેઈ દાબી દેવો, થાપ દેઇ દૂર ખશી જવું, પાછા હઠવું અને આગળ વધવું વગેરે બંધ પ્રતિબંધ કરવા લાગ્યા. ૪ પછી નીચે પડેલાની ચતી લેવી, વળગેલાને દૂર ખસેડવો વગેરે દાવથી તેઓ એકબીજાના શરીરને રગડવા લાગ્યા. ૫ હે રાજા ! બે બળીયા અને સુકુમારને મલ્લયુદ્ધ કરતા જોઇ દયાને વશ થયેલી સ્ત્રીઓ ત્યાં આ પ્રમાણે વાતો કરવા લાગી. ૬

સ્ત્રીઓ કહેછે.—અરેરે ! આ રાજાના સભાસદો અખાડામાં થતું સબળ નિર્બળનું યુદ્ધ જોઈ રહ્યા છે અને કંઇ બોલતા નથી, એ કેવો અધર્મ છે ૭ પહાડ જેવાં મોટાં અને વજ્ર જેવાં કઠણ અંગવાળા આ મલ્લ કયાં, અને જુવાની પણ જેમને આવી નથી એવા તથા સુકુમાર અંગવાળા આ બાળકો કયાં ! ૮ સબળ નિર્બળનું યુદ્ધ થાયછે એ ખરેખર મોટો અધર્મ છે. અહિં ઉભા રહેવુંયે ન જોઇએ ! અધર્મયુદ્ધ જોનાર સભાસદને કેવું પાપ લાગે છે તે જાણનાર માણસ તો, આવી સભામાં ન આવે. અને સમજ્યા છતાં અધર્મ જોઇ રહેનારને બહુ દોષ લાગે છે. ૯-૧૦ શત્રુની પાછળ પડેલા શ્રી કૃષ્ણ ભગવાનનું મુખકમળ પાણીથી ઢંકાયલા કમળની પેઠે પરસેવાથી ભીંજાઈ ગયું છે. ૧૧ બળભદ્રજીનું મુખ મુષ્ટિક ઉપર આવેલા ક્રોધને લીધે અને રાતાં થયેલાં નેત્રને લીધે કેવું શોભી રહ્યું છે, તેતો જુઓ ! ૧૨ મનુષ્ય દેહમાં ગુપ્ત રીતે રહેલા, વનમાળા ધારણ કરનારા, ગાયો ચારતા અને વેણુ વગાડતા જ્યારે તેઓ વનમાં ફરતા ત્યારે સદાશિવ અને લક્ષ્મીજી પણ તેમની ક્રિડાઓ જોઈ મોહ પામી જતાં. આ સભાને ધિક્કાર છે, કારણ કે અહિં તો ભગવાનને દુઃખ પડે છે. ૧૩ શ્રી ભગવાનનું રૂપ સ્વાભાવિક રીતે હરેક વખત નવા નવા જેવું લાગે છે, એ રૂપ જગતમાં અનન્ય છે અને ગોપીઓ આંખો ભરી ભરીને તેનું પાન કરે છે. તો હે સખિઓ ! ગોપીઓએ એવાં તે કેવાં તપ કર્યાં હશે ? આપણે ઓછા ભાગ્યવાળાં ભગવાનને આવા વખતમાં જોઇએ છીએ ! ૧૪ ભગવાનનું ચિંતન કરતી પ્રેમને લીધે આંસુથી ભરાયલા કંઠવાળી ગોપીઓ ખાંડતાં, વલોવતાં, લીંપતાં, ઝુલતાં, છોકરાં રમાડતાં અને વાશીદું વાળતાં ભગવાનનું સ્મરણ કરે છે, માટે તેમને ધન્ય છે. ૧૫ ગાયોની સાથે સવારમાં બાહાર જતા અને સાંજે પાછા આવતા ભગવાન જ્યારે વાંસળી વગાડેછે, ત્યારે તેનો સુર સાંભળીને ગોપીઓ ઘરમાંથી બહાર નીકળી ભગવાનના મુખનાં દરશન કરીને પ્રસન્ન થાય છે. ૧૬

શ્રી શુકદેવજી કહેછે.—આ પ્રમાણે સ્ત્રીઓ વાતો કરતી હતી તેથી યોગેશ્વર ભગવાને તેમનો ભય મટાડવા શત્રુને મારી નાંખવાનો વિચાર કર્યો. ૧૭ સ્ત્રીઓની ભય ભરેલી વાતો સાંભળીને વાત્સલ્ય પ્રેમને લીધે શોકાતુર થયેલાં અને બાળકના બળને નહિ જાણનારાં વસુદેવ ને દેવકી ચિંતા કરવા લાગ્યાં. ૧૮ અનેક પ્રકારે શ્રીકૃષ્ણ અને બળભદ્ર ચાણુર તથા મુષ્ટિક સાથે ન્યાય પ્રમાણે મલ્લયુદ્ધ કરતા હતા. ૧૯ ભગવાનના વજ્ર જેવા પ્રહારથી ચાણુરનાં અંગ ભાગી જવા લાગ્યાં, એટલે બાજની પેઠે ધસારો કરી બે મુઠીઓ વાળી ચાણુરે ભગવાનની છાતીમાં પ્રહાર

કર્યો. ૨૦-૨૧ ફુલની માળા વાગે તેને જેમ હાથો ગણકારે નહિ તેમ ભગવાને તેના પ્રહારને ગણકાર્યો નહી, તેમણે બે હાથથી ચાણુરને પકડી પોતાના મસ્તક ઉપર ફેરવી તેના જીવનને ખેંચી લેતાં જમીન ઉપર પટકયો. ભૂષણ, વાળ અને માળાઓ વિખરાઇ જઇ ઇંદ્રધ્વજની પેઠે તે જમીન ઉપર પડયો. ૨૨-૨૩ બળભદ્રે પણ મુષ્ટિકની મુઠીને ન ગણકારતાં તેને એવો પ્રહાર કર્યો કે મોઢામાંથી લોહી ઓકતો તે, પવને ઉખાડી નાંખેલું ઝાડ જેમ દૂર જઇ પડે તેમ દૂર જઈ પડયો. ૨૪-૨૫ હે રાજન્! પછી કુટ નામનો ત્રીજો મલ્લ બળદેવની સામો થયો અને શલ્લ ભગવાનની સામે થયો. લીલામાત્રમાં બળભદ્રજીએ કુટને અને ભગવાને શલ્લને કચરી નાંખ્યો. તો શલ્લ આવ્યો એટલે તેને પણ ભગવાને લાતમારી પુરો કરી નાંખ્યો. ૨૬-૨૭ ચાણુર, મુષ્ટિક, કુટ, શલ્લ અને તોશલ્લ માર્યા જવાથી બીજા મલ્લો જીવ લઇને અખાડામાંથી નાશી ગયા, * પછી નાચતા અને જેમણે ઝાંઝર પેહેર્યાં હતાં એવા શ્રી કૃષ્ણ અને બળદેવ પોતાના જેટલી ઉમ્મર વાળા ગોવાળીઆએને અખાડામાં બોલાવી તેમની સાથે કુસ્તી કરવા લાગ્યા. ૨૯ શ્રી કૃષ્ણ અને બળભદ્રનું કામ જોઇ કંસ શિવાય સઘળા ખુશી થયા અને 'સારૂં થયું, સારૂં થયું' એમ કહેવા લાગ્યા. ૩૦ પાંચ મલ્લ માર્યા જવાથી શોક પામેલો કંસ વાગતાં વાજાં બંધ કરાવી આ પ્રમાણે કહેવા લાગ્યો.' ૩૧

કંસ કહે છે—અરે! કોણ છે? અહીં આવો, અને વસુદેવના બે પુત્રોને ગામમાંથી કાઢી મુકી, ગોપ લોકનું સર્વ ધન લુંટી લઈ, નંદને મુસ્કેટાટ બાંધી લ્યો. ૩૨ કપટ કરનાર વસુદેવને આ ક્ષણે મારી નાંખો અને મારો પિતા જે શત્રુઓનો પક્ષ કરનારો છે, તેને તેના સહાયકોની સાથે કાપી નંખાવો. દુષ્ટ માણસોને તેમની દુષ્ટતાનું આ ઘડીએ જ ફળ આપો. ૩૩

શુકદેવજી કહે છે—હે રાજન્! કંસ આ પ્રમાણે બકવા લાગ્યો એટલે કોપ પામેલા શ્રીકૃષ્ણ ભગવાન એક છલંગ મારી, તેના ઉંચા આસન ઉપર ચઢી ગયા. ૩૪ પોતાના કાળ જેવા શ્રીકૃષ્ણને જોઇ કંસ ઢાલ તલવાર લઇ આસન ઉપરથી ઉભો થયો. ૩૫ અને બાજ પક્ષી જેમ આકાશમાં ઘુમરી લે તેમ તરવાર ફેરવતાં તે આમ તેમ ફરવા લાગ્યો. શ્રીકૃષ્ણ ભગવાને ઘણીજ ચાલાકી વાપરી, ક્રોધથી ફુંફવાડા મારતા સાપને જેમ ગરૂડ પક્ષી પકડી લે છે, તેમ તેને પકડી લીધો. ૩૬ એક લપડાક મારી તેના માથા ઉપરનો મુગટ પાડી નાંખ્યો, અને કેશ પકડી મસ્તક વીંખી નાંખી લોકના આશ્ચર્ય વચ્ચે ઉંચો કરી તેને ઉંચા આસન ઉપરથી નીચે અખાડામાં નાંખી દીધો. જગતના આશ્રયરૂપ ભગવાન અત્યંત ભારે થઇ તેના ઉપર કુદીને પડયા, તેથી તે કચરાઈ ગયો. ૩૭ સિંહ જેમ મારી નાંખેલા હાથીને ઘસડે તેમ તેમણે કંસને જમીન ઉપર ઘસડયો. એ વેળા લોકોમાં હાહાકાર થઇ રહ્યો. ૩૮ ખાતાં, પીતાં, ઉઠતાં બેસતાં અને સુતાં કંસ નિરંતર શ્રીકૃષ્ણ ભગવાનને પોતાની સામે દેખતો હતો, એટલે વૈરભાવે તે શ્રીભગવાનને જોતો હતો, તથાપિ કૃપાનિધાન એવા વાસુદેવ ભગવાને તેને પોતાનું પરમપદ આપ્યું. ૩૯ તે પછી કંક અને ન્યગ્રોધક. વગેરે તેના આઠ ભાઇઓ બંધુનું વેર લેવા માટે શ્રીકૃષ્ણ ભગવાનની સામે દોડી આવ્યા, ૪૦ પરંતુ પશુને જેમ સિંહ મારી નાંખે, તેમ બળદેવજીએ દરવાજાની મોટી ભુંગળ લઈ તેમને અખાડામાં પેસતાંજ મારી નાંખ્યા. ૪૧ કંસ તથા તેના બંધુઓ મરતાં દેવ લોકનાં દુંદુભિ વાગ્યાં

* એ ચાણુર-આદિ પાંચે મલ્લ પૂર્વે ઉતથ્ય મુનિના પુત્ર હતા, તેઓ પોતાનું વિદ્યાધ્યયન જપ-આદિ જે બ્રહ્મકર્મ તેનો ત્યાગ કરી બળિરાજાના અખાડામાં જઇને મલ્લયુદ્ધ શીખતા હતા. આવા પોતાના પુત્રોને જોઇ ક્રોધ કરી ઉતથ્ય મુનિએ કહ્યું કે શમ, દમ, તપ, શાન્તિ, ઉદારતા, જ્ઞાન, વિજ્ઞાન, આસ્તિકપણું એવાં કર્મ બ્રાહ્મણોનાં છે. હે દુષ્ટો! તમે પોતાનાં સ્વાભાવિક કર્મોનો ત્યાગ કરી, ક્ષત્રિયોનો ધર્મ મલ્લયુદ્ધ કરો છો, એ માટે જાઓ તમે ભરતખંડમાં મલ્લ થશો, અને દૈત્યોની સંગતિથી પૂરેપૂરા દુર્જન થશો.

અને બ્રહ્મા તથા સદાશિવ જે ભગવાનની વિભૂતિઓ રૂપ છે તેઓ મોટા હર્ષથી પુષ્પ વૃષ્ટિ કરી સ્તુતિ કરવા લાગ્યા, અપ્સરાઓ નૃત્ય કરવા લાગી અને જગત આનંદ પામ્યું. ૪૨ હે રાજન્! પતિના મરણથી શોક પામેલી કંસની સ્ત્રીઓ પછી અખાડા આગળ આવી અને છાતી તથા માથાં કુટી આક્રંદ કરવા લાગી. ૪૩ અખાડાની ભૂમિમાં શબરૂપ થઇ પડેલા સ્વામિના શરીરને આલીંગન દઈ તેઓ ચોધાર આંસુ પાડતી કરૂણાજનક સ્વરે આ પ્રમાણે વિલાપ કરવા લાગી. ૪૪ હે નાથ! હે પ્રિયતમ! હે ધર્મજ્ઞ! હે દયાળુ! આપના નાશથી ઘર તથા પ્રજા રહિત થયેલી અમો અબળાઓનો પણ નાશજ થયો છે. ૪૫ હે નરશ્રેષ્ઠ! સ્વામિ નાશ પામવાથી ઉત્સવ રહિત અને અમંગળ બની રહેલી આ મથુરાં નગરી પણ અમારી પેઠે વિધવા થવાથી શોભતી નથી. ૪૬ હે નાથ! નિરપરાધી પ્રાણીઓનો નાશ કરવાથી નિરંતર દુઃખજ થાય છે, તે સત્ય છે. આપે એવાનો દ્રોહ કરી આપનો કાળ આણ્યો એ અમે આજ પ્રત્યક્ષ જોયું. ૪૭ આ શ્રી કૃષ્ણ ભગવાન પ્રાણી માત્રના ઉત્પન્ન કરનાર, પાળનાર અને નાશ કરનાર છે, એમનો દ્રોહ અથવા દ્વેષ કરનાર અવશ્ય નાશ પામે છે. હે દિનબંધુ! હે નાથ! હે યુવતિજન વલ્લભ! કંસ, તમારા મરણથી અમો અશરણ થઇ ગયાં છીએ. ૪૮

શ્રીશુકદેવજી કહે છે—હે રાજન્! દીનવત્સળ ભગવાનને તેમના વિલાપ સાંભળી દયા આવી. પછી તેમનું આશ્વાસન કરી મરનારાઓના ઉત્તર સંસ્કાર કરવાની આજ્ઞા આપી. ૪૯ પછી તે બન્ને ભાઇ પોતાનાં માત પિતાને મળવા માટે કેદખાનામાં ગયા અને દરવાજા તથા બેડીઓ ભાગી તેમને બંધનમુક્ત કર્યાં. અને અત્યંત વિનયથી તેમના ચરણ કમળમાં મસ્તક મુકયાં. ૫૦ પુત્ર રૂપ ભગવાને પોતાના ચરણમાં પ્રણામ કર્યા તોપણ દેવકી તથા વસુદેવજી જગતના કારણરૂપ શ્રીકૃષ્ણબળદેવને ઇશ્વર માનીને ભેટયાં નહી. અને પુત્રભાવ ભુલી જઇ સામાં હાથ જોડી ઉભાં રહ્યાં. ૫૧

देवकी वसुदेवश्च विज्ञाय जगदीश्वरौ ॥
कृत संवंदनौ पुत्रौ सस्वजाते न शंकितौ ॥ ५१ ॥

ઇતિ શ્રીમદ્ ભાગવત પુરાણના દશમસ્કંધ પૂર્વાર્ધમાં "કંસ વધ" નામનો ૪૪ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૪૫ મો.

શ્રીકૃષ્ણ બળદેવે ઉગ્રસેનને રાજ્યાભિષેક કર્યો તથા ગુરૂને પુત્ર આણી આપ્યો.

शुक उवाच.

पितरावुपलब्धार्थौ विदित्वा पुरुषोत्तमः ॥
माभूदिति निजां मायां ततान जनमोहिनीम् ॥ १ ॥

શ્રીશુકદેવજી કહેછે—હે પરીક્ષિત રાજા! માત પિતાને હું ઇશ્વર છું એમ માલમ પડેલું જાણીને શ્રીકૃષ્ણ ભગવાને લોકોને મોહ ઉત્પન્ન કરનારી માયા પ્રસારી દીધી. ૧ માયા પ્રસરતાંજ તેમણે શ્રી ભગવાનને પોતાના પુત્ર રૂપ માન્યા. પછી શ્રીકૃષ્ણબળદેવ મોટા સ્નેહથી તેમની પાસે આવ્યા, ને નમન કરીને બોલ્યા કે–હે માતા! હે પિતા! તમે બે જણે અમારે માટે નિરંતર ચિંતા રાખી છે અને અમારી બાલ્ય, પૌગંડ તથા કિશોર અવસ્થામાં તમોને જે સુખ મળવાં જોઇએ તે મળ્યાં નથી. ૨–૩ વળી અમારા હિણ ભાગ્યે અમે પણ એ અવસ્થાઓમાં તમારી સાથે રહેવા પામ્યા નથી. માતા પિતાની પાસે રહેતાં બાળકને જે અનન્ય સુખ મળે છે તે અમને મળ્યાં નથી; એટલુંજ નહિ, પણ તમે પણ અમારી બાળલીલા જોઇ નથી. સુખની અભિલાષા બેઉને રહી ગઇ છે. ૪ મા બાપની સેવા કરવી એ બાળકોનો મુખ્ય ધર્મ છે અને અમને તે સેવા કરવાનો લાભ મળ્યો નથી, એટલે અમારાથી તો સત્ય કહીએ તો અમારો ધર્મ પણ પળાયો નથી. જેના

વડે ધર્માદિ પુરૂષાર્થો સધાય એવો દેહ આપનારાં માત પિતાના ઋણમાંથી સેંકડો વર્ષે પણ છુટાતું નથી. ૫ ધન તથા શરીરથી સમર્થ છતાં જે પુત્ર પોતાનાં માત પિતાની સેવા કરતો નથી તેના જીવતરને ધિક્કાર છે. પોતાનાં માબાપને આજીવિકા ન આપનારા પુત્રને મુઆ પછી યમરાજા તેને પોતાનુંજ માંસ ખાવા આપે છે. ૬ જે માણસ સમર્થ છતાં મા, વૃદ્ધ પિતા, સ્ત્રી, બાળકો અને અતિથી બ્રાહ્મણને ભોજન આપતો નથી, તેને જીવતાંજ મુવેલો જાણવો. ૭ હે માત પિતા! કંસથી ભય પામેલા અમે આટલા દિવસ તમારી સેવાથી પરાંગમુખ રહી ગુજાર્યા છે, તેથી એ દિવસ અમારા વ્યર્થ ગયા છે, શત્રુના ભયને લીધે આપની સેવા ન કરતાં દૂર રહેલા એવા અમારા ઉપર તમારે ક્ષમા કરવી જોઇએ. ૮-૯

શ્રી શુકદેવજી કહે છે—બાળક રૂપ બનેલા વિશ્વાત્મા શ્રીકૃષ્ણ ભગવાનની માયાથી મોહ પામેલાં દેવકી અને વસુદેવજીએ પછી બંને પુત્રોને પોતાના ખોળામાં બેસાડી આનંદથી આલિંગન આપી તેમનાં મસ્તક સુંઘ્યાં. હરખનાં આંસુ પાડતાં સ્નેહના બંધનથી બંધાયેલાં, મોહ પામેલાં અને ગદ્‌ગદ થઇ ગયેલાં દેવકીજી અને વસુદેવજી પ્રેમના ભારથી એવાં દબાઇ ગયાં કે શ્રી ભગવાનનાં નમ્ર વચનનો તેમનાથી ઉત્તર પણ દેવાયો નહિં. ૧૦-૧૧ માતપિતાનું આ પ્રમાણે આશ્વાસન કર્યા પછી દેવકીજીના પુત્ર શ્રીકૃષ્ણ ભગવાને પોતાના દાદા ઉગ્રસેનને કહ્યું કે ૧૨—હે મહારાજ! અમે તમારી પ્રજા છીએ. અમને તમે હવે જે ઘટિત હોય તે પ્રમાણે આજ્ઞા કરો. યયાતિના શાપને લીધે યદુવંશીથી રાજગાદી ઉપર બેસાય તેમ નથી, માટે હું રાજગાદી ઉપર બેસનાર નથી. ૧૩ હું સેવક થઇ આપની આજ્ઞામાં રહીશ, એટલે દેવલોક પણ તમને મસ્તક નમાવી આજ્ઞા ઉઠાવશે. દેવલોક તમને કર આપશે તો પછી બીજા રાજાઓ માન આપે એમાં શું આશ્ચર્ય? ૧૪ પછી શ્રીકૃષ્ણ ભગવાને, પરદેશમાં રહેતા, દુઃખ વેઠતા અને કંસના ભયથી સ્વદેશ છોડી નાશી ગયેલા યદુ, વૃષ્ણિ, અંધક, પૃથુ, દશાર્હ અને કુકુર વગેરે લોકોને પાછા મથુરાંમાં તેડાવી તેમને માન સત્કાર આપ્યાં, અને ધન વગેરેથી તૃપ્ત કરી પોત પોતાના ઘરમાં રહેવાની આજ્ઞા આપી. ૧૫-૧૬ શ્રીકૃષ્ણ બળદેવથી રક્ષણ પામતા અને તેમના પ્રતાપથી જેમના તાપ ટળી ગયા હતા એવા તે લોકો સુખ ચેનથી પોતાનાં ઘરોમાં રહી આનંદ મંગળ કરવા લાગ્યા. ૧૭ અને આનંદથી ભરેલું, હસતું, દયાળુ, અને વિલાસયુક્ત શ્રી ભગવાનનું મુખ જોવાથી ઘરડા યાદવો જુવાન થઈ ગયા અને તેમના મુખકમળનું પાન કરનાર નિર્મળ માણસો પુષ્ટ થઈ બળવાન થયા. ૧૮-૧૯ આ પ્રમાણે સઘળાને સુખાવાસ આપ્યા પછી શ્રી ભગવાન નંદજીની પાસે આવી તેમને નીચે પ્રમાણે કહેવા લાગ્યા. ૨૦

શ્રીકૃષ્ણ બળદેવ કહે છે—હે પિતા! વાત્સલ્ય સ્નેહથી ભરપૂર આપે અમને ઉછેરતાં બહુ લાડ લડાવેલાં છે. સત્ય છે કે પોતાના દેહ કરતાં પણ માબાપને પુત્ર ઉપર વધારે સ્નેહ હોય છે. ૨૧ પોતાના બંધુજનોએ અથવા માબાપે તજી દીધેલાં જે નિરાધાર બાળકોનું નિઃસ્વાર્થ પોષણ અને રક્ષણ કરે છે તેને ધન્ય છે, તેજ પેલા બાળકનાં ખરેખરાં માતપિતા સમજવાં. ૨૨ હે નંદબાવા! હવે આપ આ ગોપ લોકને લઇ વ્રજમાં જાઓ, અને અત્રેનાં સંબંધીઓનો બંદોબસ્ત કર્યા પછી અમો બેઉ ભાઇઓ આપને મળવા માટે ત્યાં આવીશું. આપ જેવા દુઃખ સહન કરનાર પિતાને મળ્યા વગર રહીશું નહિ. તમારા સ્નેહનો અમો બાળકો જાણવાને અસમર્થ હોઇએ એમાં શું આશ્ચર્ય!! ૨૩

શ્રી શુકદેવજી કહે છે—હે રાજન્! આ પ્રમાણે પોતાના પિતા નંદજીનું અને ગોપલોકોનું આશ્વાસન કર્યા પછી શ્રી ભગવાને પોતાના સંબંધી અને મિત્ર ગોપલોકને પ્રસંન કરવા માટે તેમને નાના પ્રકારનાં વસ્ત્ર, અલંકાર તથા ધાતુનાં વાસણો વગેરે આપીને સંતુષ્ટ કર્યા. ૨૪ શ્રી કૃષ્ણ ભગવાને પૂજન કર્યા પછી સ્નેહથી ગદ્‌ગદ્ થઇ ગયેલા નંદ બાવા વારંવાર શ્રી કૃષ્ણ અને બળભદ્રજીનું આલિંગન કરી પુનઃ તેમના સામું જોઈ સ-

સ્નેહ નેત્રમાંથી વાત્સલ્ય આંસુ પાડતા ગોપલોકને લઈ વ્રજ તરફ ગયા. ૨૫ પછી શૂરના પુત્ર વસુદેવજીએ યાદવોના કુળગુરૂ ગર્ગાચાર્યને બોલાવી પોતાના બેઉ પુત્રોને શાસ્ત્ર વિધિથી ઉપનયન સંસ્કાર કરાવ્યા. ૨૬ એ મંગળ કાર્યમાં આવેલા બ્રાહ્મણોને વસુદેવજીએ સોનાના અલંકાર અને રેશમના ઓઢા તથા વાછડાં વાળી ગાયો બ્રાહ્મણોને દાનમાં આપી તેમનું પુજન કર્યું, અને ભુરસી દક્ષિણાઓ આપી. ૨૭ શ્રી કૃષ્ણ બળદેવના જન્મ સમયે તેમણે જે ગાયો આપવાનો સંકલ્પ કર્યો હતો, તે ગાયો પણ આ મંગળ પ્રસંગ ઉપર બ્રાહ્મણોને આપી. ૨૮ ઉપનયન સંસ્કાર પામેલા શ્રી કૃષ્ણ બળદેવજીએ પછી પોતાના ગુરૂના ઉપદેશ પ્રમાણે ગાયત્રી મંત્રનું વ્રત કરતાં બ્રહ્મચર્ય વ્રત પાળવા માંડ્યું. ૨૯ સર્વ વિદ્યાઓના ઉત્પન્ન કરનાર, સર્વના ઈશ્વર અને જ્ઞાન માત્રના ભંડાર શ્રી કૃષ્ણ ભગવાન મનુષ્યની ચેષ્ટા કરવા માટે પોતાના કુળના મેહેતાજી જે ઉજ્જેનમાં રહેતા હતા, અને કાશ્ય અથવા સાંદીપની નામે પ્રસિદ્ધ હતા, તેમને ત્યાં જઇ વિદ્યાભ્યાસ કરવા માંડયો. પોતાના આચાર પ્રમાણે બીજાઓ ચાલે એવા વિચારથી અનેક જણને સેવ્ય એવા શ્રી કૃષ્ણ ભગવાન જીતેંદ્રિય રહી સાંદીપનિની સેવા કરવા લાગ્યા. ૩૦-૩૨ સેવાથી પ્રસન્ન થયેલા ગુરૂએ તે બે ભાઈઓને છએ અંગ સાથે વેદનો અભ્યાસ કરાવ્યો.× ૩૩ મંત્ર અને દેવતાના જ્ઞાન સાથે ધનુર્વેદ, ધર્મશાસ્ત્ર, મીમાંસા, તર્ક વગેરે શાસ્ત્ર તથા છ પ્રકારની રાજનીતિ શીખવી. ૩૪ ગુરૂ એકવાર શીખવાડતા એટલે સર્વ વિદ્યાઓના પ્રવર્તાવનાર શ્રીકૃષ્ણ બળદેવને તે તુરત આવડી જતી હતી. ૩૫ તેઓ ચોસઠ દિવસમાં ચોસઠ કળાઓ શીખ્યા. સવ શાસ્ત્ર ભણી રહ્યા પછી તેઓએ પોતાના ગુરૂને ઇચ્છામાં આવે તે ગુરૂદક્ષિણા માગવાની વિનંતિ કરી. ૩૬ મનુષ્યમાં ન જોવામાં આવે એવી અલૌકિક શક્તિ જેમણે જોયેલી હતી એવા સાંદીપની ઋષિએ પોતાની સ્ત્રીની સાથે વિચાર કરીને પ્રભાસના મહાસાગરમાં ડુબી મરણ પામેલો પોતાનો પુત્ર આણી આપવાનું કહ્યું. ૩૭ પછી રથમાં બેસી તે બે ભાઇઓ સમુદ્રના કિનારા ઉપર આવીને થોડીવાર બેઠા, એટલામાં તો ઇશ્વર પોતાને ત્યાં આવેલા જોઈ સમુદ્ર પણ પુજન કરવાની સામગ્રી લઈ આવ્યો. ૩૮ ભગવાને તેનું પુજન સ્વીકારીને કહ્યું કે-'હે સમુદ્ર! અમારા ગુરૂનો જે બાળકપુત્ર તેં મોટા મોજાથી પોતાનામાં લઇ લીધો છે તેને પાછો કાઢી આપ. ૩૯

સમુદ્ર બોલ્યો—હે પ્રભુ! મેં એ બાળકને લીધો નથી, પરંતુ મારા જળમાં રહેનાર પંચજન નામના રાક્ષસે તેને લીધો હશે. શ્રી કૃષ્ણ ભગવાન પછી જળમાં ઉતર્યા અને પંચજન જાતના શંખાકૃતિમાં રહેલા રાક્ષસનો પરાજય કર્યો. એના પેટમાંથી ભગવાનને પંચજન નામનો શંખ પ્રાપ્ત થયો, પણ ઋષિપુત્ર મળ્યો નહિ. ૪૦-૪૧ પછી પંચજન શંખ લઇને ગુરૂના પુત્રને શોધવા માટે તેઓ રથમાં બેશીને સંયમની નામની યમરાજાની પુરીમાં ગયા. ત્યાં જઇ શંખનાદ કર્યો એટલે યમરાજાએ સામા આવી તેમનો સત્કાર કર્યો, અને પૂજન કરી અત્યત માન આપ્યું. સર્વ પ્રાણી માત્રના અંતર્યામી શ્રીકૃષ્ણ ભગવાનને પ્રણામ કરી યમરાજા બોલ્યા કે-લીલા કરવા માટે અવતરેલા હે વિષ્ણુ ભગવાન! આપ આજ્ઞા કરો કે હું આપનું શું પ્રિય કરૂં? ૪૨-૪૪ ભગવાને કહ્યું કે-'હે યમરાજા! એના કર્મ બંધનને યોગે આપને ત્યાં આવી રહેલો અમારા ગુરૂનો પુત્ર અમારી આજ્ઞા માનીને પાછો આપો. ૪૫ યમરાજાએ તે લાવી આપ્યો, અને શ્રીકૃષ્ણ બળદેવ તેને લઇ આશ્રમમાં આવ્યા. ગુરૂ અને ગુરૂપત્નિ પો-

× વેદનાં શિક્ષા-આદિ છ અંગ, ચાર વેદ, મીમાંસા શાસ્ત્ર, ન્યાયશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર અને પુરાણ એ ચૌદ વિદ્યા અને આયુર્વેદ (વૈદક), ધનુર્વેદ, ગાંધર્વ (ગાયન વિદ્યા) અને ચોથું અર્થશાસ્ત્ર એ અઢાર વિદ્યા છે. શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરૂક્ત, જ્યોતિષ, અને છંદ એ વેદનાં છ અંગ છે. વેદના પગ છન્દ, હાથ કલ્પ, જ્યોતિષ આંખો, નિરૂક્ત કાન, શિક્ષા નાસિકા અને વ્યાકરણ વેદનું મુખ છે. એ વેદનાં છ અંગ છે.

તાના પુત્રને જોઇ પ્રસન્ન થયાં, છતાં શ્રી ભગવાને તેમને કહ્યું કે હજી તમારે કંઈ માગવું હોય તો માગો. ૪૬ શાંદીપાનિએ પ્રસન્ન મનથી કહ્યું કે-હે રાજપુત્રો ! તમે ગુરૂદક્ષિણામાં મને ઘણું આપ્યું છે. તમારા જેવી ગુરૂદક્ષિણા કોણ આપી શકે તેમ છે ? ૪૭ હવે તમે ખુશીથી પોતાને ઘેર જાઓ, તમારી કીર્તિ જગત ઉપર ફેલાજો અને સર્વ મનોરથ સિદ્ધ થજો. ૪૮ ગુરૂની આજ્ઞા મળ્યા પછી તે બે ભાઇઓ પવનના જેવા વેગવાળા અને મેઘના જેવા શબ્દવાળા રથમાં બેશી મથુરાંમાં આવ્યા. ૪૯ મથુરાના લોક કે જેમણે ઘણા દિવસથી એ બે ભાઇઓને જોયા નહોતા, તે આ ગયેલું ધન પાછું મળતાં જેમ આનંદ પામે તેમ તેમને જોઇ આનંદ પામ્યા. ૫૦

समनंदन्प्रजाः सर्वा दृष्ट्वा रामजनार्दनौ ॥
अपश्यंत्यो बह्वहानि नष्टलब्धधना इव ॥५०॥

ઇતિ શ્રીમદ્ ભાગવત પુરાણના દશમસ્કંધ-પૂર્વાર્ધનો ૪૫ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૪૬ મો.

શ્રી કૃષ્ણે ઉદ્ધવજી સાથે સંદેશો મોકલીને નંદ યશોદાનો શોક દુર કર્યો.

शुक उवाच.

वृष्णीनां प्रवरो मंत्री कृष्णस्य दयितः सखा ॥
शिष्यो बृहस्पतेः साक्षादुद्धवो बुद्धिसत्तमः ॥१॥

શ્રી શુકદેવજી કહેછે—હે રાજા ! કૃષ્ણના પ્રિય મિત્ર, વૃષ્ણીઓમાં ઉત્તમ, મંત્રી અને બૃહસ્પતિના શિષ્ય બુદ્ધિશાળી ઉદ્ધવ હતા. તેમને એકવાર શ્રી ભગવાને હાથમાં હાથ લઇ આ પ્રમાણે કહેવા માંડયું. ૧–૨

શ્રી કૃષ્ણ કહે છે –હે ઉદ્ધવ ! તમે મારી વતી વૃંદાવનમાં જઈ અમારાં માતપિતા નંદયશોદાને અમારા કુશળ સમાચાર કહી આનંદ આપી આવો. ગોપીઓ મારે માટે અનેક જાતની પીડાઓ વેઠતી હશે. માટે હે સખા ! તમે વ્રજમાં જઈ તેમને મારો સંદેશો કહી [illegible]. ૩ મારે માટે પતિ અને પુત્ર વગેરેનો ત્યાગ કરી મનેજ ભજનારી ગોપિકાઓના પ્રાણ મારામાં રહેલા છે, જેઓ મારે માટે આ લોક તથા પરલોકના સુખનો ત્યાગ કરે છે, તેને હું સુખ આપું છું. ૪ અત્યંત પ્રિય એવા મને યાદ કરતી ગોપિકાઓ પરવશ જેવી થઈ પડી મારી વાર્તા કરતી જ કાળ ગાળતી હશે અને હૃદયમાં મુંઝાતી હશે. ૫ ગોકુળમાંથી નીકળતી વખત મેં તેમને ઝટ પાછા જવાનું વચન આપ્યું છે. તે વચન ઉપર વિશ્વાસ રાખીને તેઓ મહાકષ્ટથી જીવતી હશે. ૬

શુકદેવજી કહેછે-હે રાજા! મહાત્મા ઉદ્ધવજી શ્રીકૃષ્ણ ભગવાનનો સંદેશો લઈ તેમની આજ્ઞા સાથે આવી સુંદર રથમાં બેશી ગોકુળ જવા માટે નીકળ્યા. ૭ વનમાંથી પાછા ફરતા ગોધનની રજથી જેનો રથ છવાઇ ગયો હતો એવા ઉદ્ધવજી જ્યારે દિનમણિ પશ્ચિમ દિશાને શોભાવવા લાગ્યો ત્યારે ગોકુળમાં પહોંચ્યા. ૮ આ સમયનો દેખાવ ઘણોજ રમણીય બની રહ્યો હતો. ગાયોને માટે એક બીજાની સાથે લડતા સાંઢ વાડાઓમાં મદોન્મત્ત થઇ ગર્જના કરતા હતા, અને દૂધના ભારથી નમી ગયેલાં બાઉલાંવાળી ગાયો ધસીને પોતાનાં વાછરડાંની પાસે દોડી જતી હતી. ૯ ગોપિકાઓ વિગેરે ગાયોને દોહવાની ખટપટમાં પડેલાં હતાં અને તે સંબંધી વાર્તાલાપ સર્વત્ર પ્રસરી રહ્યા હતા. ગોપલોક સુંદર વાંસળીઓ વગાડી દિશાઓને શબ્દથી પુરી દેતા હતા. ૧૦ ત્યારે શ્રી કૃષ્ણબળભદ્રનાં યશોગાનવાળાં મધુર ગાન કરતી ગોપિકાઓ સુંદર વસ્ત્રાલંકાર ધારણ કરી માર્ગોની શોભામાં વધારો કરતી હતી. ૧૧ અગ્નિ, સૂર્ય, અતિથી, ગાયો, બ્રાહ્મણો, પિતૃઓ અને દેવતાઓનાં પૂજનથી ગોપલોકનાં ઘરની શોભા થઇ રહી હતી. અને ધુપ, દીપ, નૈવેદ્ય તથા પુષ્પોથી વ્રજ મનોહર દેખાતું હતું. ૧૨ વ્રજની આસપાસનાં વન પ્રફુલ્લિત થઇ રહ્યાં હતાં, અને હંસ તથા કારંડવ વગેરે પક્ષીઓ કમળોમાં આનંદ કરતાં હતાં. ૧૩ આવે વખતે

શ્રી કૃષ્ણચંદ્રના મિત્ર ઉદ્ધવજી ગામમાં આવ્યા. નંદબાવાએ ઇશ્વર બુદ્ધિથી ઉદ્ધવજીને આલિંગન આપી ઘણાજ સ્નેહ પૂર્વક પોતાના ઘરમાં લઇ જઇ આતિથ્ય કરી સુંદર દુધપાક જમાડયો, પછી સુંદર તળાઇ પાથરી આપી તેમાં બેસાડી પૂર્ણ શ્રદ્ધાળુતાથી તેમની પગચંપી કરવા માંડી. સુખે સુઇ રહેલા અને આનંદ પામેલા ઊદ્ધવજીને પછી નંદ બાવાએ આ પ્રમાણે શ્રી કૃષ્ણ પરમાત્મા સંબંધી કથા પુછવા માંડી:—૧૪-૧૫ હે ભાગ્યશાળી ઊદ્ધવ! દુઃખમાંથી છુટેલા અને સંબંધીજન સાથે મળેલા તથા પુત્રાદિકના સંગથી આનંદ પામેલા અમારા પરમ પ્રિય મિત્ર વસુદેવજી આનંદમાં છે? ૧૬ સાધુ અને ધર્માત્મા યાદવોનો દ્વેષ કરનાર પાપી કંસ તેના અનુચરો સહિત માર્યો ગયો તે ઘણુંજ સારૂં કામ થયું. ૧૭ હે ઉદ્ધવ! અમે, એમની માતાને, મિત્રોને, ગોપને, ગોવર્ધનને, ગાયોને અને સંબંધીઓને શ્રીકૃષ્ણ કદી સંભારે છે? ૧૮ સગાં સ્નેહી જનને મળવા માટે એકવાર અહીં આવવાનું કહેલું છે તે જ્યારે અહીં આવશે ત્યારે સુંદર નાસિકાવાળું મંદહાસ્યથી મનોહર લાગતું અને નેત્રથી આનંદ આપતું તેમનું મુખ જોઇ અમે પરમ સંતોષ પામીશું. ૧૯ દાવાનળ, તોફાની વરસાદ, અરિષ્ટ, અઘ. અને બીજા દુષ્ટ રાક્ષસોથી શ્રી કૃષ્ણ પરમાત્માએ અમારી રક્ષા કરી છે. ૨૦ હે ઉદ્ધવજી! તેમનાં પરાક્રમ, તેમનું લીલા પૂર્વક જોવું, હાસ્ય અને વિનોદ ભર્યાં ભાષણ સંભારી સંભારીને અમારી સઘળી ક્રિયાઓ શિથિલ થઇ જાય છે. ૨૧ તેમનાં ચરણારવિંદથી અંકિત થયેલાં નદી, પર્વત, વનપ્રદેશ, વિહાર વિગેરેનાં સ્થાન જ્યારે અમારી નજરે પડે છે, ત્યારે અમારૂં મન શ્રીકૃષ્ણરૂપ થઇ જાય છે. ૨૨ શ્રીકૃષ્ણ અને બળભદ્રજી દેવતાઓનું કોઇક મોટું કાર્ય કરવાને માટે આ પૃથ્વી ઉપર જન્મ્યા છે, એવું ગર્ગાચાર્યનું વચન યાદ કરી તેમનાં પરાક્રમો તરફ નજર કરૂં છું ત્યારે મને પણ ખરૂં લાગે છે. ૨૩ દશ હજાર હાથીના જેવા બળવાળા કંસને, મલ્લને અને કુવલયાપીડ હાથીને તેમણે, સિંહ જેમ પશુને મારી નાંખે તેમ મારી નાંખ્યા. ૨૪ અને ત્રણ તાલ જેવું મોટું ધનુષ, હાથી જેમ લાકડી ભાગી નાંખે તેમ લીલા માત્રમાં ભાગી નાંખ્યું. એ એમનું અપૂર્વ પરાક્રમ અમને વિસ્મય પમાડે છે. વળી સાત દિવસ સુધી ગોવર્ધન નામનો મોટો પર્વત ટચલી આંગળીના ટેરવા ઉપર ધરી રાખ્યો. ૨૫ પ્રલંબ, ધેનુ, તૃણ અને બક જેવા જગતને જીતી લેવાને સમર્થ એવા મોટા રાક્ષસોને જેમણે લીલા માત્રમાં મારી નાંખ્યા તે શ્રી કૃષ્ણ અને બળભદ્રજી ખરેખર કોઈ મોટા દેવલોકજ છે. હે ઉદ્ધવ! શ્રી કૃષ્ણ અને બળભદ્રજી કંઇ સાધારણ મનુષ્ય નથી, એમ અમને ખાત્રી છે. ૨૬

શ્રી શુકદેવજી કહે છે—હે રાજન્! જેની બુદ્ધિ ભગવાનમાં લાગી રહેલી હતી એવા નંદરાય આ પ્રમાણે તેમનાં પરાક્રમોને સારી પેઠે યાદ કરી કરીને મૌન થઈ રહ્યા. ૨૭ પ્રેમથી તેઓ વિહ્વળ થઇ ગયા, ત્યારે પુત્રનાં ચરિત્ર સાંભળી જેના સ્તનમાંથી સ્નેહને લીધે પાનો છુટતો હતો એવાં શ્રી યશોદાજી ગદ્‌ગદ થઇ જઈ આંખમાંથી અશ્રુ પાડવા લાગ્યાં. ૨૮ નંદ યશોદાનો ભગવાન ઉપરનો પ્રેમ જોઈ પ્રસન્ન થએલા ઉદ્ધવજી પછી તેમને શાંત પાડવા માટે આ પ્રમાણે કહેવા લાગ્યા. ૨૯

ઉદ્ધવજી કહે છે—હે માન આપનારા! જગતના ગુરૂ નારાયણમાં આવી અનન્ય ભક્તિ તથા પ્રીતિ રાખનાર તમે બેઉ જણ આ જગતમાં રહેલાં સર્વ પ્રાણીઓમાં સ્તુતિપાત્ર છો, ૩૦ અને ખરેખર જગતનું નિમિત્ત અને ઉપાદાન કારણ જો જોવા જઇએ તો એ બે ભાઇઓમાંજ રહેલું છે. શ્રીકૃષ્ણ અને બળભદ્રજી તે પુરૂષ અને પ્રકૃતિ રૂપ છે. સર્વ પ્રાણીના શરીરમાં રહેલા અને ઉપાધિ ભિન્નત્વથી ભિન્ન લાગતા સર્વ જીવ માત્રના નિયંતા ભગવાન તે એ પોતેજ પુરાણપુરૂષ છે. ૩૧ હે મહાત્મા! માણસ મરણ વખતે પોતાનું શુદ્ધ મન એક ક્ષણવાર તેઓમાં રાખેતો તે કર્મ વાસનાઓથી મુક્ત થઇ પરમ ગતિને પામે છે. ૩૨ તે સર્વના આત્મારૂપ, કારણરૂપ

અને જગતનું કલ્યાણ કરવા માટે મનુષ્યદેહમાં આવેલા ભગવાનમાં તમે બે જણે અનન્ય ભાવ રાખ્યો છે, તો હવે તમારે ઈચ્છવા જેવું બીજું શું બાકી રહ્યું કહેવાય? ૩૩ યાદવોના ઈશ્વર શ્રીકૃષ્ણચંદ્ર થોડા દિવસ પછી અહીં આવશે અને તમે જે એમનાં માતપિતા છો તેમનું પરમ પ્રિય કરશે. ૩૪ યાદવોથી ઉલટા ચાલનાર દુષ્ટ કંસને માર્યા પછી તેમણે તમને જે કહ્યું છે તે તેઓ સત્ય કરી બતાવશે. ૩૫ માટે હે મહા ભાગ્યશાળી! તમે તેમને માટે કોઈ વાતે શોક કરશોમાં. કાષ્ટમાં રહેલા અગ્નિની પેઠે શ્રી ભગવાન સર્વ પ્રાણીમાં રહેલા છે, તો તમે પણ તેમને તમારા અંતરમાં રાખશો. ૩૬ એ મા બાપને મુકીને નહિ આવે એમ શંકા કરશો નહિ, કારણ કે તેમને જગત સઘળું સમાન છે. એ નિરભિમાન મહાત્માને કોઇ અપ્રિય નથી, તેમ કોઇ પ્રિય પણ નથી, કોઇ ઉત્તમ નથી તેમ કોઈ અધમ પણ નથી. તેમને માતા, પિતા, પુત્ર, ભાર્યા, પોતાનો કે પારકો, દેહ કે જન્મ કશું છેજ નહિ, સર્વ સમાન છે. ૩૭-૩૮ એમને કર્મબંધન નથી. એ તો લોકમાં ક્રીડા કરવા તથા સાધુ લોકના રક્ષણને માટે અને અસાધુના નાશને માટે ઈચ્છામાં આવે તેમ નીચ ઉચ્ચ યોનિઓમાં ઉત્પન્ન થાય છે. ૩૯ એ ભગવાન પોતે અજન્મા, ક્રિડા રહિત અને નિર્ગુણ હોવા છતાં સત્વ, રજ અને તમ એ ત્રણ માયાના ગુણોને ભજે છે. એ ત્રણ ગુણોને આશ્રયે રહી ક્રીડા કરતાં તેઓ ઉત્પત્તિ, સ્થિતિ અને નાશના કારણ બને છે. ૪૦ ગોળ કુદડી ફરનારને જેમ પૃથ્વી ફરતી જણાય છે, અને કર્મ કરનારાને અભ્યાસને લીધે આત્મા કર્મ કરતો હોય એમ ભાસે છે, તેમજ આ સૃષ્ટિ આદિ સઘળો પ્રપંચ માયાથી થાય છે, છતાં પરમાત્મા તે કરતા હોય એમ લાગે છે. ૪૧ શ્રીકૃષ્ણ માત્ર તમારાજ પુત્ર નથી, પરંતુ સર્વના પુત્ર છે અને પુત્રજ નહિ પણ પુત્ર, પિતા, માતા, બંધુ, આત્મા અને ઈશ્વર પણ એજ છે. ૪૨ ભૂત, ભવિષ્ય અને વર્તમાન, જોયેલી, સાંભળેલી અને અનુમાન કરેલી તથા સ્થાવર, જંગમ, નાની અને મોટી સઘળી વસ્તુઓ ભગવાનથી જુદી નથી. હે નંદબાવા! હે માતા યશોદાજી! તમારા પુત્ર શ્રીકૃષ્ણચંદ્ર સર્વત્ર એકરૂપ, એક આનંદઘન અને સર્વવ્યાપક છે તેજ ભગવાન સત્ય છે. ૪૩

શ્રીશુકદેવજી કહે છે—આ પ્રમાણે નંદરાય અને ઉદ્ધવજી વચ્ચે શ્રીકૃષ્ણચંદ્ર સંબંધી વાર્તાલાપ કરતાંજ રાત્રી વીતી ગઈ, ગામમાં ગોપીઓએ વહેલાં ઉઠી દીવા કરી દધી મંથન કરવાની તૈયારીઓ કરવા માંડી. ૪૪ અનેક કંકણવાળી તેઓ ધમ ધમ કરતાં નેતરાં ખેંચવા લાગી. દધી મંથન કરતાં તેમના સ્તન, નિતંબ અને હાર હાલવા માંડયા અને તેઓ કપોળ તથા કુંડળથી શોભવા લાગી. રાતાં કેસરથી અને મણિનાં આભૂષણોથી દીવાની કાંતિએ દેદીપ્યમાન લાગતી તેઓ અત્યંત મનોહર લાગતી હતી. ૪૫ ભગવાનનાં પરાક્રમોનું ગાન કરતી અને દહીં વલોવતી ગોપીઓનો વલોણાના ધમકાર સાથે મિશ્ર થતો શબ્દ આકાશમાં પ્રતિઘોષ પાડતો હતો. ૪૬ એમ કરતાં કરતાં પ્રભાત થયું અને જ્યારે સૂર્ય નારાયણનો ઉદય થયો ત્યારે નંદબાવાના આંગણામાં ઉભેલો સુવર્ણનો રથ જોઈ તેઓ પરસ્પર કહેવા લાગી કે-"આ કોનો રથ ઉભો છે? ૪૭ કંસનો સ્વાર્થ સાધનાર અક્રૂર કે જે કમળ જેવાં લોચનવાળા શ્રીકૃષ્ણને લેઇ ગયો હતો તે આવ્યો છે કે શું? ૪૮ એનો રાજા જે મરણ પામ્યો છે તેને આપણા માંસના પિંડ બલિદાન આપવાને તો નથી આવ્યો?" ગોપિકાઓ પરસ્પર આ પ્રમાણે વાતો કરતી હતી એટલામાં યમુનાજી ઉપર સંધ્યા કર્મ કરવા ગયેલા ઉદ્ધવજી સ્નાનાદિક કર્મ સંપૂર્ણ કરી પાછા આવતા જણાયા, પછી તેમણે ઉદ્ધવને નંદબાવાના ઘરમાં જતાં જોયા. ૪૯

किं साधयिष्यत्यस्माभिर्भर्तुः प्रीतस्य निष्कृतिम् ॥

इति स्त्रीणां वदंतीनां उद्धवोऽगात्कृताह्निकः ॥

ઇતિ શ્રીમદ્ ભાગવત પુરાણના દશમસ્કંધ પૂર્વાર્ધમાં ૪૬ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૪૭ મો.

ઉદ્ધવજી ગોપીઓને તત્વોપદેશ કરીને મથુરામાં પધાર્યા.

શુક ઉવાચ.

तं वीक्ष्य कृष्णानुचरं व्रजस्त्रियः ।
प्रलंब बाहुं नवकंज लोचनम् ॥
पितांबरं पुष्कर मालिनं लसन ।
मुखारविंदं मणिमृष्टकुंडलम् ॥ १ ॥

શ્રી શુકદેવજી કહેછે—દીર્ઘ બાહુવાળા, નવાં કમળ જેવા નેત્રવાળા, પિતાંબરવાળા અને કુંડળ તથા પુષ્પોની માળાઓથી મનોહર લાગતા મુખવાળા શ્રી કૃષ્ણના ભક્ત ઉદ્ધવજીને જોઈ, આ વળી કોણ આવ્યું છે? એમ બોલતી, હસતી અને સુંદર વિલાસ કરતી વ્રજની સ્ત્રીઓ તેમને વીંટાઈ વળી. ૧-૨ ભગવાનનો સંદેશો લઈ તેઓ અત્રે આવેલા છે એમ જાણતાંજ ગોપીઓ લજ્જાથી હસતી, આંખોથી પ્રેમ દેખાડતી અને વચનથી સત્કાર કરતી ઉદ્ધવજીને એકાંતમાં લઈ જઈ એક આસન ઉપર બેસાડી તેમને પૂછવા લાગી. ૩

ગોપીઓ કહેછે—તમે ભગવાનના મિત્ર છો અને તેમની આજ્ઞાથી અહીં આવ્યા છો તે અમે જાણીએ છીએ, મુનિજનથી પણ ન ત્યજી શકાય એવા બંધુજન ઉપરના સ્નેહને લીધે શ્રી ભગવાને તમને એમના માતપિતાને પ્રસન્ન કરવા માટે સંદેશો લઈ મોકલ્યા છે, તે હે ઉદ્ધવ! અમે સમજીએ છીએ. માતપિતા વગર વ્રજનું કોઈ એમને સાંભરતું નહિ હોય એવી અમને ખાત્રી છે. ૪-૫ બંધુજનનો પ્રેમ કઠિણ છે અને એજ પ્રેમથી એમણે તમને મોકલ્યા છે. વ્રજમાં એમણે જે કંઈક બીજી પ્રીતિ કરી હતી તેતો સ્વાર્થને લઈને હતી, એટલે તેમને ક્યાંથી સાંભરે? સ્વાર્થ સર્યો અને પ્રીતિ ઉડી ગઈ. ભ્રમરની પુષ્પ સાથેની અને જાર પુરૂષની વ્યભિચારીણી સ્ત્રી સાથેની પ્રીતિ માત્ર નામનીજ હોય છે. ૬ હે ઉદ્ધવજી! એ તો સત્યજ છે કે-ગણિકાઓ જેમ નિર્ધન યારને, પ્રજાઓ અશક્ત રાજાને, ભણી રહેલા શિષ્યો ગુરૂને, ઋત્વિજો યજમાનને, ૭ પંખીઓ ફળ વિનાનાં વૃક્ષોને અતિથીઓ ગૃહસ્થના ઘરને અને મૃગો જેમ બળી ગયેલા વનને છોડી દે છે, તેમ જાર પુરૂષો પ્રેમવાળી છતાં ભોગવેલી સ્ત્રીઓને ત્યજી દે છે. ૮ કાનુડા કૃષ્ણને અમે ઓળખીએ છીએ.” આ પ્રમાણે કેટલુંક ઉદ્ધવજીને મુખે કહ્યા પછી ટોળે મળેલી ગોપિકાઓ શ્રી ભગવાનનું ચિત્તમાં આરોપણ થવાથી મુગ્ધ બની ગઈ તેમનાં બાલ્યાવસ્થાનાં તથા કિશોર વયનાં ચરિત્રો સંભારતી તથા તેમના સુભાગી સમાગમને યાદ કરતી કેટલીક ગોપીઓ મન તનને ભુલી ભગવાનમય થઈ રહી. લોકવ્યવહાર અને લોકલજ્જાનો ત્યાગ કરી તેઓ ભગવાનનું ધ્યાન ધરતાં ઉદ્ધવને ભુલી જઈ જાણે ભ્રમરજ તેમની પાસે સંદેશો લઈ આવ્યો હોય તેમ માની તેને દૂત ઉદ્દેશીને ઉદ્ધવની સમક્ષ શ્રીકૃષ્ણ પ્રતિ આ પ્રમાણે કહેવા લાગી. ૯-૧૧

ગોપી કહેછે—હે કિતવ! હે ભ્રમર! અમને અડતો નહિ. કારણ કે અમારી શોક્યના કુચ સાથે અડવાથી રંગાયેલી શ્રીકૃષ્ણની વનમાળાનું કેસર તારી મુંછોને લાગેલું છે, એ ભલે એમને મનાવે અને યાદવોની સભામાં તું જેમનો દૂત છું એવા શ્રીકૃષ્ણની મશ્કરીઓ થાય. ૧૨ અધરામૃત પાઈ અમને તારા જેવા મતલબીયા શ્રીભગવાને છોડી દીધાં છે. આપસ્વાર્થી એવા તારા મિત્રનાં ચરણકમળને લક્ષ્મી કેમ સેવતાં હશે તે અમારાથી સમજાતું નથી. એમની અસત્ય વાતોમાં મોહ પામેલાં લક્ષ્મીજી એમના ઉપર ભુલાં ભમતાં હોય તો ભલે. અમને એવી ભોળીઓ સમજતો નહિ. ૧૩ અમો ઘર વિનાની સ્ત્રીઓની આગળ તું વારંવાર ધૂર્ત એવા એ યાદવોના પતિનું યશોગાન શા માટે કરી જાય છે? અમે એમને જાણ્યા છે. જાદવરાયથી અમે અજાણ્યાં નથી, હે ભમરા! હાલ જે એમના ચિત્તને ચોરી રહી હોય તેમની આગળ જઈ એમના યશ ગા. ભગવાનથી જેમના કામ

જ્વર ઉતરતા હશે એવી સ્ત્રીઓ તને મન માનતું આપશે, તને આવકાર દેશે તથા તારા ગુંજારવ સાંભળશે. ૧૪ કામણગારા તારા મિત્રના ભ્રકુટિના ચાળાથી સ્વર્ગ. પાતાળ અને પૃથ્વીની કઈ સ્ત્રી ચળાયમાન ન થાય? જ્યારે લક્ષ્મીજીજ એમની લીલામાં પરવશ જેવાં થઇ જઇ પગ તળાંસે છે ત્યારે અમે કોણ માત્ર? તો પણ તું તારા મિત્રને કહેજે કે 'જે માણસ દીનજનની દયા જાણે છે તેજ મહાત્મા અને મોટા યશવાળો કહેવાય છે.' ૧૫ (પછી ભ્રમરને પગ આગળ ગણગણતો જોઇ વળી બોલે છે કે) અલ્યા ધુર્ત ભ્રમર! મારે પગે પડતો નહિ, એમ કર્યાથી તારો અર્થ સરવાનો નથી; ભગવાનની પાસેથી તું આવી પ્રણય યુક્તિઓ શીખી લાવ્યો હોઇશ તે હું જાણું છું. હવે અમારાથી એમની સાથે સમાધાન કરાય તેમ નથી; કારણ કે પતિ, પુત્ર અને ઘરબારનો ત્યાગ કરી અમે એમને સેવ્યા, તેમ છતાં એ ચંચળ મનના થઇ અમને ત્યજી ગયા અને અમારી પ્રાર્થનાઓ સાંભળી નહિ. એમને હાથે ક્યારે સારાં ખોટાં નથી થતાં? ૧૬ રામાવતારમાં પારધીના જેવું કર્મ કરી વાળીને માર્યો હતો. અને સ્ત્રીને વશ થઇ કાયરના જેવું કર્મ કરી એમણે સુર્પનખાનાં નાક કાન કાપ્યાં હતાં. વામનાવતારમાં કાગડા જેવું કર્મ કરી બળિરાજાનું બળિદાન ખાઇને તેને બાંધી લીધો હતો. આવાં આવાં તારા સખાનાં પરાક્રમો સંભારી સંભારીને અમને એમના ઉપર વિશ્વાસ આવતો નથી. એમની સાથે સ્નેહ જોડતાં અમને કેમ ભય ન લાગે? તું વિચાર કર કે એમણે કેવાં કેવાં કાર્ય કરેલાં છે? ૧૭ એમના યશ સાંભળી રાગદ્વેષથી મુક્ત થયેલા માણસો ઘરબાર છોડી ચીંથરે હાલ જેવા થઈ જઈ જગતમાં ફરે છે, તોપણ એમને કંઇ લાગે છે? અમે પણ એમની પાછળ સર્વસ્વનો ત્યાગ કરી ઘેલાં થયાં, પણ શું વળ્યું? મધુરો રસ લઈ મધુસુલોચન તો ચાલ્યા ગયા. ૧૮ હરિણિઓ જેમ પારધીના રાગથી મોહ પામી આખરે તેના બાણથી ઘાયલ થઇ પીડાય છે, તેમ એમની મોરલી ઉપર મોહી પડેલી અને નખક્ષતથી વિંધાએલી અમે હાલ પ્રેમની પીડાથી પીડાઇએ છીએ. એમના વચન ઉપર શો વિશ્વાસ? હે ભ્રમર! કૃષ્ણજીની તો અમને ખબર છે માટે તેમના પ્રેમ શિવાય બીજું જે કાંઇ કહેવું હોય તે કહે. ૧૯ (પછી ઘણાજ વિભ્રમમાં પડી તેઓ બોલી કે) હે ભ્રમર! તું ક્યાં જઇ આવ્યો? સ્વામીની પાસે જઇ પાછો આવ્યો? શું અમને તેડવા આવ્યો છું? તારે જે જોઈતું હોય તે માગી લે, તું અમને તેમની પાસે લઈ જવા ઇચ્છતો હોય તો તેમાં તું ભુલ કરે છે, કારણ કે લક્ષ્મીજી તો તેમની સાથે છાતીમાં સરસાસરસી રહે છે માટે અમને ત્યાં લઇ જઇને તું કેમ મેળવી શકીશ? શું ગુરૂને ત્યાં ભણવા ગયા હતા ત્યાંથી પાછા મથુરાં આવ્યા છે? ગાયોને કે ગોપલોકને કદી સંભારે છે? અમો દાસીઓની તે કોઇ દિવસ વાત કાઢે છે? હે ભ્રમર! શ્રીકૃષ્ણચંદ્ર ક્યારે એમના કમળ જેવા હાથ અમારાં મસ્તક ઉપર ધરશે? ૨૦-૨૧

શ્રીશુકદેવજી કહે છે-આ ભાષણ સાંભળ્યા પછી ભગવાનનાં દર્શનની ઇચ્છાવાળી ગોપીઓનું સાંત્વન કર્યા પહેલાં તેમને ઉદ્ધવજીએ કહ્યું. ૨૨

ઉદ્ધવજી કહેછે—હે ગોપિકાઓ! તમારૂં મન ભગવાનમાં એકતાર થઈ રહેવાને લીધે આ જગતમાં તમનેજ ધન્ય છે. ૨૩ દાન, વ્રત, તપ. હોમ, જપ, અધ્યયન અને નિયમો વગેરે અનેક રીતે ભગવાનમાં ભક્તિ થાય છે. ૨૪ અને મુનિઓથી પણ ન થઇ શકે એવી તમે એમની ભક્તિ કરો છો, તેમને ભજો છો, તે બહુજ યોગ્ય કરો છો. ૨૫ પતિ, પુત્ર, ઘરબાર, દેહ અને સ્વજન એ સઘળાંની લલુતાનો ત્યાગ કરી પરમ પુરૂષ એવા શ્રી કૃષ્ણ ભગવાનને તમો વર્યાં છો તે ઘણુંજ ઉત્તમ કાર્ય કર્યું છે. ૨૬ હે ભાગ્યશાળી ગોપીઓ! વિરહને લીધે તમને ભગવાનની સાચી ભક્તિ પ્રાપ્ત થઈ છે, અને એ ભક્તિ મારા આગળ દેખાડી તમે મને પણ ઉપકૃત કર્યો છે. ૨૭ હે સ્ત્રીઓ! તમને આનંદ આપે એવો શ્રી ભગવાને તમારા ઉપર મોકલેલો સંદેશો હું કહું છું તે સાંભળો. ભગવાનનાં

ગુપ્ત રહસ્યનાં કામ કરનાર હું તમારા પરનો શ્રી કૃષ્ણનો સંદેશો લાવ્યો છું, તે તમને એમના શ્રી શબ્દોમાંજ નિવેદન કરીશ. ૨૮

શ્રી ભગવાન કહેછે—તમને મારો વિયોગ થવાનો નથી, કારણ કે આકાશ, વાયુ, જળ, અગ્નિ અને પૃથ્વી એ પાંચ મહાભૂત જેમ સઘળે રહેલાં છે, તેમ હું પણ સર્વત્ર રહેલો છું. ૨૯ હું મારી માયાથી ભૂત ઇંદ્રિય અને ગુણથી મારા સ્વરૂપ જેવું જગત ઉત્પન્ન કરૂંછું, તેનું પાલન કરૂંછું અને પ્રલય કરૂંછું. ૩૦ ભૂતાદિક રૂપથી આત્માને દોષ લાગતો નથી, તે શુદ્ધ છે, ગુણ સાથે સંબંધ રાખતો નથી, અતિરિક્ત છે અને જ્ઞાન સ્વરૂપ છે. માયાથી થયેલી મનની જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિ નામની વૃત્તિઓને લીધે પ્રાણ રૂપે જણાયછે, પણ ખરૂં જોતાં તે પોતાના સ્વરૂપમાં નથી. ૩૧ જાગેલા માણસને સ્વપ્ન જેમ મિથ્યા લાગે છે તેમ વિદ્વાન માણસો જેને મિથ્યા માને છે એવું વિષયોનું સુખ મનમાં વિચાર કરવાથી ઇંદ્રિયોને મળે છે, માટે સાવધાનપણે મનને રોકવું જોઇએ. ૩૨ વેદ, યોગ, આત્મા, આત્મારહિતપણું, સંન્યાસ, સંયમ, સ્વધર્મ તથા સત્ય વગેરેનું ફળ ઈન્દ્રિયોને રોકવી એજ છે. જેમ નદીઓ આખરે સમુદ્રને મળે છે તેમ એ બધાં ફળ મનનો નિરોધ કરનારને મળે છે. ૩૩ હું તમારાથી દૂર રહુંછું તેનું કારણ બીજું કાંઇજ નથી, પણ એથી કરીને તમને મારૂં વધારે ધ્યાન રહે એટલા માટે રહુંછું. ૩૪ દૂર રહેલા માણસમાં સ્ત્રીઓનું જેટલું ચિત્ત પરોવાઈ રહેછે તેટલું પાસે રહેવામાં રહેતું નથી. ૩૫ સઘળી વૃત્તિઓને છોડી દઇ તમે મારામાં મન રાખી જો મારૂંજ ભજન કરશો, તો થોડે દહાડે મને પામશો. ૩૬ જ્યારે વૃંદાવનમાં આપણે રાસક્રિડા રચી ત્યારે જે સ્ત્રીઓ પોતાના સ્વામીના રોકવાથી મધુવનમાં આવી શકી નહોતી, તેઓ મારૂં ચિંતન કરવાથી તુરત મને પામી હતી. ૩૭

શ્રીશુકદેવજી કહેછે—હે રાજન્! ભગવાનનો આવો સંદેશો સાંભળી પ્રસન્ન થએલી ગોપિકાઓએ ઉદ્ધવજીને કહ્યું કે-૩૮ હે કૃષ્ણના સખા! યાદવોના શત્રુ અને લોકને દુઃખ દેનાર કંસને તેના સેવકો સાથે મારી નાંખ્યો એ ભગવાને બહુ સારૂં કર્યું, અને જેમના મનોરથ પુરાયા છે એવા સંબંધીઓની સાથે મથુરામાં આનંદથી રહે છે એ પણ ઠીક થયું છે. ૩૯ હે ઉદ્ધવજી! સ્નેહ અને લાજથી હસતી અમે જેમને પુજતી હતી એવા એ શ્રીકૃષ્ણ ભગવાનને મથુરાંની સ્ત્રીઓ ઉપર પ્રીતિ થઈ છે? ૪૦ અમે તો ધારીએ છીએ કે, રતિતંત્રને જાણનારા, સ્ત્રીઓને પ્રિય લાગે એવા, અને બોલવા ચાલવામાં ચતુર શ્રી ભગવાન, એ સ્ત્રીઓ સાથે પ્રીતિથી બંધાયા હશે. ૪૧ હે ઉદ્ધવજી! એ નાગરણોના ટોળામાં બેસી વાતો કરતાં ગામડાની ગમાર એવી અમો ગોપીઓને સંભારે છે? ૪૨ કુમુદ, કુન્દ, અને ચંદ્રમાથી શોભી રહેલી મધુવનની સુંદર રાત્રિઓ જેમાં ઝાંઝરના ઝમકાર વાળી ગોપિયોની સાથે ભગવાન રાસ રમ્યા હતા, એ વાત તેમને કદી યાદ આવે છે? ૪૩ ઇંદ્ર જેમ મેઘથી જગતને જીવાડેછે તેમ આલિંગનથી અમને જીવાડવાને માટે એ અહીં આવશે ખરા? ૪૪ પણ ના, ના. હવે એ અહીં શું કરવા આવે? કારણ કે શત્રુ મરી ગયો, મથુરાંનું રાજ્ય મળ્યું, સંબંધીઓનો સમાગમ થયો અને રાજાઓની કન્યા પરણ્યા, એટલે સર્વ મનોરથ પૂરા થયા છે, તેથી હવે અમને શું કરવા સંભારે? ૪૫-૪૬ પિંગળા વેશ્યાએ કહ્યું છે કે "आशा हि परमं दुःखं नैराश्यं परमं सुखम्"-આશા ન રાખવી એજ મોટું સુખ છે. અમે આ સમજીએ છીએ,પણ એમને મળવાની આશા છોડાતી નથી. ૪૭ ભગવાન લક્ષ્મીને ઇચ્છતા નથી, તોપણ એ ઉત્તમ કીર્તિવાળાને લક્ષ્મી ત્યજી શકતાં નથી. એમની એકાંત વાતો છોડીને જવું ગમેએ નહિ તો! ૪૮ હે ઉદ્ધવ! બળભદ્રના સાથે એ જેમાં ક્રિડાઓ કરતા હતા એવાં નદી, પર્વત, અને વન વારંવાર અમને એમનું સ્મરણ આપે છે. લક્ષ્મીનાં સ્થાન જેવાં એમનાં પગલાં જોતાં અમે તેમને વીસારી શકતી નથી. ૪૯ ૫૦ એમની ગતિ, એમનું મનોહર હસવું, એમની લીલાઓ, એમનાં કટાક્ષ અને એ-

મની મધુર વાણી અમને વિસાર્યા વિસરતાં નથી. ૫૧ હે કૃષ્ણ! હે લક્ષ્મીપતિ! હે ગોવિંદ! હે નાથ! એકવાર અહીં આવી દુઃખમાં બુડી ગયેલા ગોકુળને તારો. ૫૨

શ્રીશુકદેવજી કહેછે—ભગવાનનો સંદેશો સાંભળીને જેમનો વિરહતાપ મટી ગયો હતો એવી ગોપિકાઓએ ભગવાનને પરમાત્મા જાણી ઉદ્ધવની પૂજા કરી. ૫૩ પછી ગોકુળના લોકનો અને ગોપીઓના મનનો તાપ મટાડવા માટે તથા ભગવાનની લીલાઓની કથાઓ કરવા માટે ઉદ્ધવજી કેટલાએક મહિના સુધી ગોકુળમાં રહ્યા. ૫૪ ભગવાનની કથાઓ કરતા ઉદ્ધવજી વ્રજમાં રહ્યા તે બધો કાળ ત્યાંના લોકને ક્ષણની પેઠે જણાયો પણ નહિ. ૫૫ નદી, વન, પર્વત અને ગુફાઓ વગેરે જોતા તથા શ્રીકૃષ્ણ ભગવાનની લીલાઓના પ્રશ્ન પૂછતા ઉદ્ધવજી તેમની સાથે દરેક સ્થળમાં ફરતા હતા. ૫૬ ગોપીઓની ભગવાન ઉપર આવી પ્રીતિ જોઈ પ્રસન્ન થયેલા ઉદ્ધવજી નીચે પ્રમાણે વિચાર કરવા લાગ્યા કે—૫૭ સંસારથી ભય પામતા મુનિઓ અને આપણે શ્રીકૃષ્ણમાં જેવો ભાવ રાખીએ છીએ તેના કરતાં આ ગોપીઓ ઘણી દૃઢ ભક્તિ રાખે છે, માટે એમના જન્મને ધન્ય છે. ભગવાનની લીલાઓ ગાવામાં મન લાગે તો પછી બ્રાહ્મણનાં કર્મોનું શું પ્રયોજન છે? ૫૮ વનમાં ફરનારી અને વ્યભિચારી મનની આ ગોપીઓ ક્યાં અને ઇશ્વર ઉપરનો તેમને દૃઢ ભાવ ક્યાં? અમૃતની પેઠે પોતાને ભજનાર માણસને ઇશ્વર ફળ આપે છે. ૫૯ રાસ રમતાં જેમના કંઠમાં હાથ નાંખી ભગવાને જેમને પાવન કરી છે એવી આ ગોપીઓના જેવી કૃપા તો શ્રીકૃષ્ણચંદ્રે છાતીમાં રહેલાં લક્ષ્મીને પણ દેખાડી નથી અને અપ્સરાઓને પણ દેખાડી નથી. ૬૦ શ્રુતિઓ જેને શોધે છે એવા ભગવાનના પદની રજ જે વૃક્ષ અને લતાઓ ઉપર પડી છે ત્યાં આગળ આપણો જન્મ થયો હોત તો ધન્ય માનત. ૬૧ લક્ષ્મીએ પૂજેલું અને બ્રહ્મા તથા યોગીયો જેનું અંતરમાં ધ્યાન ધરે છે એવાં શ્રીભગવાનનાં ચરણારવિંદ પોતાના સ્તન ઉપર મુકાવીને પાવન થયેલી આ ગોપીકાઓના ચરણની રજ મારા મસ્તક ઉપર પડે તોપણ ધન્ય છે. ૬૨ ત્રૈલોક્યને પાવન કરે એવું શ્રી ભગવાનની કથાઓનું ગાન કરનારી આ ગોપીકાઓના ચરણની રજને હું વારંવાર પ્રણામ કરૂં છું. ૬૩

શ્રીશુકદેવજી કહેછે—હે રાજન્! પછી ગોપીઓની, યશોદાની તથા નંદરાયની રજા લેઈ ગોવાળીઆઓનાં મન મનાવી મથુરાં જવા માટે ઉદ્ધવજી રથમાં બેઠા. ૬૪ અનેક જાતની ભેટો લેઇ ઉદ્ધવને વળાવા આવેલા હરખનાં આંસુ ભરેલી આંખોવાળા નંદાદિક ગોપ પછી બોલ્યા કે-અમારી વૃત્તિઓ નિરંતર શ્રીકૃષ્ણના ચરણારવિંદમાં રહેજો; અમારી વાણી એમના નામનું ઉચ્ચારણ કરજો અને આ શરીર નિરંતર એમને પ્રણામ કરવામાં તત્પર રહેજો. ૬૫-૬૬ કર્મ પ્રમાણે જુદી જુદી યોનિમાં જન્મીએ ત્યાં પણ અમારી બુદ્ધિ સદાચરણ અને દાન ધર્મથી ઈશ્વરમાં રહેજો. ૬૭ હે રાજન્! ભગવાનની ભક્તિને લીધે ગોવાળીઆઓનો સત્કાર પામીને ઉદ્ધવજી મથુરાંમાં આવ્યા. ૬૮ અને ત્યાં વ્રજની સ્ત્રીઓની અપાર ભક્તિનું તેમણે શ્રીકૃષ્ણચંદ્રની આગળ વર્ણન કરી બતાવ્યું, અને પોતાને મળેલી ભેટો શ્રીકૃષ્ણ, વસુદેવ, બળભદ્ર તથા રાજાને અર્પણ કરી. ૬૯

कृष्णाय प्रणिपत्याह भक्त्युद्रेकं व्रजौकसां ।
वसुदेवाय रामाय राज्ञे चोपायनान्मदात्
॥ ६९ ॥

ઇતિ શ્રીમદ્ ભાગવત પુરાણના દશમસ્કંધ પૂર્વાર્ધમાં ‘ઉદ્ધવ પ્રયાણ’ નામનો ૪૭ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૪૮ મો.

શ્રીકૃષ્ણે કુબ્જા સાથે વિહાર કર્યો તથા અક્રૂરને હસ્તિનાપુર મોકલ્યા.

શુક ઉવાચ.

अथ विज्ञाय भगवान् सर्वात्मा सर्व दर्शनः ॥

सैरंध्र्याः कामतप्तायाः प्रियमिच्छन् गृहं ययौ ॥ १ ॥

શ્રીશુકદેવજી કહે છે—હે રાજન્! સર્વના આત્મા અને સર્વજ્ઞ ભગવાન પછી કામદેવથી તપેલી કુબ્જાને આપેલું વચન સંભારીને તેને ઘેર ગયા. ૧ એના ઘરમાં બહુ મુલ્યવાન સરસામાન હતો, અને ભીંતો ઉપર કામદેવને ઉત્પન્ન કરનારાં રતિનાં આસનોનાં ચિત્રો પાડેલાં હતાં. અંદર મોતીની માળાઓ, શયનો, રાનકદાર ઝુલો અને ચંદરવા વિગેરે હતાં. સુગંધી, ધુપ, દીપ, પુષ્પ અને ચંદનાદિકથી તેનું ઘર મઘમઘી રહેલું હતું. ૨ ભગવાનને ત્યાં આવતા જોઇ તેણે આસન ઉપરથી ઉઠી સખીઓની સાથે સામા જઈ ભગવાનને માન આપ્યું. ૩ તેમની સાથે ઉદ્ધવજી હતા, તે આસન ઉપર ન બેસતાં પૃથ્વી ઉપર બેઠા. પ્રેમરસને અનુસરેલા ભગવાન તેના મોટા પલંગ ઉપર જઈ બેઠા. એટલે સ્નાન, ચંદન, વસ્ત્ર, ભૂષણ, માળા, સુગંધ અને તાંબુલ સાથે આસવથી બણી ઠણી કુબ્જા ધીરેથી હસતી અને વિલાસ કરતી તેમની પાસે ગઇ. ૫ નવા સંગથી લજવાતી ને શંકા પામતી કુબ્જાને પોતાની પાસે બોલાવી કંકણુથી શોભતો તેનો હાથ ઝાલી પલંગમાં સુવાડી અને માત્ર ચંદન આપવા શિવાય બીજું વધારે જેનું પુન્ય નહોતું એવી તે કુબ્જાની સાથે ભગવાન વિલાસ કરવા લાગ્યા. ૬ તેમના ચરણને સૂંઘતી હોય તેમ તેને પોતાના સ્તન ઉપર ચાંપતી અને આંખોને અડકાડતી પોતાનો કામજ્વર શાંત પાડવા લાગી. વળી પોતાને પ્યારા ભગવાનને તેણે પોતાના મોટા સ્તનની સાથે ભીડી દઈ બે હાથથી આલિંગન આપી પોતાના જીવને પ્રસન્ન કરવા માંડયો. ૭ પછી તેણે ભગવાનને કહ્યું કે-હે મહારાજ! હે વહાલા! ગોપિકાઓના જેટલાં મારાં પુન્ય અને નિષ્ઠા નથી, પરંતુ હું તમારા સંગને છોડી શકતી નથી, માટે કેટલાક દિવસ સુધી આપ મારે ઘેર રહી મારી સાથે રમણ કરો. ૮-૯ સર્વને માન આપનાર ભગવાન પછી કુબ્જાને કામદેવથી ખુશ કરી સારી પેઠે રંગ જમાડી ફરીથી પાછા તેને ઘેર આવવાનુ વચન આપી ઉદ્ધવજી સાથે પોતાને ઘેર આવ્યા. ૧૦ ઇશ્વરના પણ ઇશ્વર અને ઘણી મહેનતે પ્રસન્ન થાય એવા ભગવાનને ખુશ કરીને તેમની પાસે જે માણસ તુચ્છ વિષય સુખ માગે છે તેમની બુદ્ધિ અલ્પ જાણવી ૧૧ શ્રીકૃષ્ણ ભગવાન પછી અક્રૂરજીને પ્રસન્ન કરવા માટે બળભદ્રની સાથે તેમને ઘેર ગયા. ૧૨ અક્રૂરજીએ તેમને ભેટી બહુ સારો આવકાર આપી માન આપ્યું. ૧૩ વળી તેમને પગે લાગી ઉત્તમ આસન ઉપર બેસાડી ચરણોદક લીધું. ભેટ, વસ્ત્રો, સુગંધ, માળા અને આભૂષણોથી તેમનું પૂજન કરી તેમના પગ પોતાના ખોળામાં લઈ પગચંપી કરતા બહુજ આનંદથી કહેવા લાગ્યા. ૧૪-૧૬

અક્રૂરજી કહે છે—તમે પાપી કંસને સહ પરિવાર મારીને તમારા કુટુંબને દુઃખ દરિયામાંથી તાર્યું અને સુખી કર્યું તે બહુ સારૂં કર્યું. ૧૭ તમે બે ભાઇ જગતના કારણરૂપ, મુખ્ય પુરૂપ અને જગતમય છો; તમારા વગર કાર્ય તથા કારણ કંઇ પણ નથી. ૧૮ હે પ્રભુ! રજો ગુણથી ઉત્પન્ન કરેલા આ જગતમાં ખરૂં જોતાં તમે નથી, તોપણ સર્વ પદાર્થમાં તમે દેખાઓછો. પૃથ્વી માંથી બનેલા પદાર્થોમાં પૃથ્વી નથી, પણ રૂપાંતરમાં સર્વત્રતે રહેલી છે. ૧૯-૨૦ ત્રણ ગુણથી તમે જગતને ઉત્પન્ન કરોછો, પાળો છો અને સંહારો છો, તેમ છતાં એ ગુણોથી અને કર્મોથી તમે બંધાતા નથી. આપના જ્ઞાન સ્વરૂપમાં અવિદ્યા કદી સંભવેજ નહી. ૨૧ તમને બંધન થવાની વાત તો એક બાજુએ રહી, પરંતુ વસ્તુતઃ વિચાર કરતાં જીવને પણ જન્મ અને તેના ભેદ નથી, એટલે દેહની ઉપાધિનું નિરૂપણ થતું નથી. આપ અવિદ્યા વગરનાને બંધન કે મોક્ષ કશુંએ નથી, બંધન અને મોક્ષ મનુષ્યના અજ્ઞાનનાં કારણ છે. ૨૨ જ્યારે જ્યારે વેદમાર્ગ તુટી જઇ પાખંડ મત ચાલે છે, ત્યારે તમે સત્વ ગુણથી અવતાર ધરો છો. ૨૩ દૈત્યોના વશ રૂપ દુષ્ટ રાજાઓને તેમની મોટી સેનાઓની સાથે મારી તમે પૃથ્વીનો ભાર ઉતારો છો.

આ વખતે પણ તમે બળભદ્રની સાથે પૃથ્વીનો ભાર ઉતારવા, અને તમારા કુળની કીર્ત્તિ વધારવા વસુદેવને ઘેર જન્મ્યા છો. ૨૪ હે પ્રભુ! દેવ, પિતૃ, ભૂત અને રાજાઓ જેના શરીરમાં છે એવા અને જેના ચરણનું જળ ગંગાજી રૂપે ત્રણે લોકને પવિત્ર કરે છે એવા આપ અમારે ઘેર પધાર્યા છો, તેથી અમારાં ઘર આજ તપોવનથી પણ વધારે પવિત્ર બન્યાં છે. ૨૫ આપ સર્વના સ્નેહી છો, તે તમને મુકીને માણસ બીજા કોને શરણે જાય? તમારી ભક્તિ કરનારને તમે સુખવૈભવ આપી સુખી કરો છો. ૨૬ હે જનાર્દન! દેવતા અને સિદ્ધ લોકને દુર્લભ એવું દરશનનું સુખ તમે આપ્યું છે, તો હે મહારાજ! પુત્ર, સ્ત્રી, ધન અને સંબંધીઓમાં જે મોહથી અમે બંધાઇ રહેલા છીએ તે માયાની બેડીને કાપી નાંખો. ૨૭ એ પ્રમાણે અક્રૂરજીએ ભગવાનની સ્તુતિ અને પૂજન કર્યું, ત્યારે તેમના ઉપર પ્રસન્ન થયેલા ભગવાન બોલ્યા કે-૨૮

શ્રીભગવાન કહેછે—તમે અમારા કાકા, ગુરૂ અને સંબંધી છો. અમે તમારા પુત્રરૂપ છીએ, માટે તમારે તો અમારાપર દયા રાખી પાલન કરવું જોઇએ. ૨૯ કલ્યાણની ઇચ્છાવાળા માણસોએ તમારા જેવા બડભાગીની સેવા કરવી જોઇએ, દેવતા પોતાનું કામ સાધવા તૈયાર થાય છે, પણ સાધુ પુરૂષો તો પરહિતમાં તત્પર રહે છે, માટે જો ખરૂં કહીએ તો જગતમાં તેમનુંજ સેવન કરવું જોઇએ. પાણી તીર્થો નથી અને માટી કે પથ્થરની મૂર્તિઓ દેવતા નથી, તેઓ તીર્થ રૂપ અને દેવતારૂપ છે, તે ઘણા કાળની સેવાથી પ્રસન્ન થાય છે. તમે અમારા નજીકના સંબંધી છો, માટે પાંડુ રાજાનું હિત કરવા સારૂ હસ્તિનાપુર જાઓ. ૩૨ પાંડુ રાજા મરી જવાથી દુઃખી થયેલા પાંડવોને તેમની માતા સાથે ધૃતરાષ્ટ્ર રાજા હસ્તિનાપુર લઇ ગયા છે, પાંડવો હાલ હસ્તિનાપુરમાં રહે છે એવું અમારા જાણવામાં છે. ૩૩ આંધળો, નિર્બળ મનનો, અને પોતાના દુષ્ટ પુત્રોને વશ થયેલો ધૃતરાષ્ટ્ર પાંડવો ઉપર સમદૃષ્ટિ રાખતો નથી. ૩૪ તમે ત્યાં જાઓ અને તેમની સારી માઠી સ્થિતિનો તપાસ કરો, એમ થયા પછી આપણે યોગ્ય લાગશે તેવી રીતે બંદોબસ્ત કરીશું. ૩૫

શ્રીશુકદેવજી કહેછે—આ રીતે શ્રી કૃષ્ણ પરમાત્માએ અક્રૂરને આજ્ઞા કર્યા પછી તેઓ ગયા. અને પોતે પણ બળભદ્ર તથા ઉદ્ધવ સખાની સાથે મંદિરમાં પધાર્યા. ૩૬

इत्यक्रूरं समादिश्य भगवान्हरिरीश्वरः ॥
संकर्षणोद्धवाभ्यां वै ततः स्वभवनं ययौ॥३६॥

ઇતિ શ્રીમદ્ ભાગવત પુરાણના દશમસ્કંધ પૂર્વાર્ધનો ૪૮ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૪૯ મો.

અક્રૂર હસ્તિનાપુર જઇ ધૃતરાષ્ટ્રની વર્તણુક જોઇને મથુરાંમાં આવ્યા.

शुक उवाच.

स गत्वा हस्तिनापुरं पौरवेंद्रयशोऽङ्कितम् ॥
ददर्श तत्रांबिकेयं स भीष्मं विदुरं पृथाम्॥१॥

શ્રીશુકદેવજી કહેછે—હે પરીક્ષિત રાજા! પુરવંશીઓના યશથી અંકિત થયેલા હસ્તિનાપુરમાં જઇ અક્રૂરજી ધૃતરાષ્ટ્ર, ભીષ્મ, વિદુર, કુંતાજી, સોમદત્ત, બાહ્લિક, દ્રોણ, કૃપાચાર્ય, કર્ણ, દુર્યોધન, અને અશ્વત્થામા વગેરેને મળ્યા. ૧-૨ પ્રથમ અન્યોઅન્ય એક બીજાના કુશળ સમાચાર પુછયા પછી તેઓનો તેમને સત્કાર મળ્યો. ૩ અધીર મનના, ખળની મતિ પ્રમાણે વર્તનાર, અને જેના પુત્રો દુષ્ટ સ્વભાવના હતા એવા ધૃતરાષ્ટ્ર રાજાના મનનો પાર લેવા માટે અક્રૂરજી કેટલાક મહિના સૂધી હસ્તિનાપુરમાં રહ્યા. ૪ પાંડવોનો પ્રતાપ, તેમનું શૌર્ય, બળ, તેજ, તેમના ઉપર પ્રજાની પ્રીતિ વગેરે જોવાથી ઇર્ષ્યાળુ થયેલા દુર્યોધન આદિએ તેમને મારવા

અને ફસાવવાને વાસ્તે કરેલાં છળ કપટ વિગેરેની સઘળી વાતો વિદુર તથા કુંતાજીએ અક્રૂરજીને એકાંતમાં કહી સંભળાવી. ૫-૬ આંખમાં આંસુ આણી સ્નેહથી ગદ્ગદ્ થઇ ગયેલાં કુંતાજી પોતાને ત્યાં આવેલા પોતાના બાંધવ અક્રૂરજીને એકવાર તેમની પાસે જઈ પૂછવા લાગ્યાં કે-૭

કુંતાજી કહેછે -હે ભાઇ! હે સૌમ્ય! મારાં માત પિતા, ભાઇઓ ભોજાઇઓ, સખીઓ, ભત્રિજાઓ. અને કુટુંબની સ્ત્રીઓ મને સંભારે છે? મારા બંધુના પુત્ર શ્રીકૃષ્ણ અને બલભદ્ર શરણાગતનું રક્ષણ કરનાર અને મોટા પ્રભાવવાળા છે, તે બાપ વગરના ભાગ્યહીન પુત્રોને સંભારે છે? ૯ વરૂઓથી ઘેરાએલી મૃગલી જેવી હું અને દીન તથા બાળક એવા મારા પુત્રોને રક્ષણ અને સહાય આપશે? અમને એ ધીરજ આપે એટલે બસ, અમારે બીજું કાંઇ જોઈતું નથી. ૧૦ હે કૃષ્ણ! હે યોગેશ્વર! હે વિશ્વાત્મા! હે ગોવિંદ! તમારે શરણે આવેલી અને પુત્રોની સાથે પીડાતી એવી મને તમે સહાય કરજો. ૧૧ મરણશીલ આ સંસારમાં જેનાં ચરણથી સર્વને અભય મળે છે એવા તમો વિના હું બીજા કોઇને મારા શરણ રૂપ જોતી નથી. ૧૨ તમે શુદ્ધ સ્વરૂપ, યોગેશ્વર અને જ્ઞાનના રાશિમય પરબ્રહ્મ છો તેને મારા પ્રણામ હો. તમે મારૂં રક્ષણ કરો; હું તમારે શરણે છું. ૧૩

શ્રીશુકદેવજી કહેછે—હે રાજા! સંબંધીજન અને શ્રીકૃષ્ણ પરમાત્માને સંભારીને તમારાં દાદી કુંતાજી જ્યારે ધીરજ તજીને રડવા લાગ્યાં, ૧૪ ત્યારે તેમના સુખે સુખી અને દુખે દુઃખી થનારા મોટા યશવાળા અક્રૂર તથા વિદુરજીએ પાંડવોના જન્મના કારણ કહી સંભળાવીને શાંત કર્યા. ૧૫ પછી જ્યારે પોતાને જવાનો વખત પાસે આવ્યો, ત્યારે અક્રૂરજી સર્વ સંબંધીઓની વચ્ચે બેઠેલા અને પોતાના દુષ્ટ પુત્રોની દુર્મતિ પ્રમાણે ચાલનારા ધૃતરાષ્ટ્ર રાજાને કૃષ્ણ બળદેવના સંદેશો કહેવા લાગ્યા. ૧૬

અક્રૂરજી કહેછે—હે ધૃતરાષ્ટ્ર! તમે કુરૂકુળમાં કીર્તિને વધારવા આવ્યા છો, છતાં તમે તે પ્રમાણે વર્તતા નથી. કારણ કે તમારા બંધુ પાંડુ રાજા મરણ પામ્યાછે અને તેમના પુત્રો અત્રે છે, છતાં તમે રાજ્યગાદી ઉપર બેઠા છો. ગાદીએ બેઠા છતાં પણ જો તમે ધર્મથી વર્તશો. પ્રજાનું પાલન કરશો અને પોતાના પુત્રો તથા ભાઇના પુત્રો ઉપર સમદૃષ્ટિ રાખશો તો તમારૂં કલ્યાણ થશે; ૧૮ અને જો વિષમ દૃષ્ટિથી વર્તશો તો આ લોકમાં અપકીર્તિ પામી પરલોકમાં નરકમાં પડશો. માટે તમે સમદૃષ્ટિ રાખજો. ૧૯ અને એમ માનજો કે આ જગતમાં કોઈની સાથે સદા સર્વદા સહવાસ રહેતો નથી. માણસને પોતાના દેહ સાથે પણ સહવાસ રહેતો નથી, તો બીજાની સાથે કેમ જ રહે? સ્ત્રી પુત્ર વગેરે કોઈ કોઈનું નથી. ૨૦ જીવ એકલોજ જન્મે છે, એકલોજ પાપ પુણ્યનાં ફળ ભોગવે છે અને એકલોજ મરે છે. તેનાં પુણ્ય પાપજ તેની સાથે રહે છે. ૨૧ જેમ માછલાંના જીવન રૂપ જળને તેનાં બચ્ચાં પી જાયછે, તેમ માણસના જીવનરૂપ ધનને તેના પુત્રો પડાવી લે છે. મનુષ્ય જેઓને પોતાનાં ગણીને અધર્મથી પોષે છે, તે પ્રાણ, ધન તથા પુત્રાદિક પરિવાર, તે મૂર્ખનો, સુખ ભોગવ્યા પહેલાંજ ત્યાગ કરે છે. ૨૩ પછી પુત્રાદિકથી તજાયલો પોતાના સ્વાર્થને નહિ જાણનારો, ધર્મથી વિમુખ અને જેનું કંઇ પણ પ્રયોજન સિદ્ધ થયેલું નથી એવો તે માણસ પોતે કરેલાં પાપ લઇને નરકમાં પડે છે. ૨૪ હે રાજન્! સ્વપ્ન, માયા અને મનોરથના જેવો આ લોક મિથ્યા છે એમ સમજી બુદ્ધિથી પોતાના મનને વશ રાખી શાંતિમાં રહેવું અને સમદૃષ્ટિ રાખવી, એજ ઉત્તમ છે. ૨૫

ધૃતરાષ્ટ્ર કહેછે—હે અક્રૂરજી! પુરૂષને જેમ અમૃત પીવાથી તૃપ્તિ થતી નથી, તેમ મને તમારાં અમૃત તુલ્ય વચનો સાંભળવાથી તૃપ્તી થતી નથી. ૨૬ તેમ છતાં પુત્રોના પ્રેમને લીધે વિષમ થયેલી મારી બુદ્ધિ પર્વતમાં થયેલી વીજળીની પેઠે સ્થિર રહેતી નથી. ૨૭ પૃથ્વીનો ભાર ઉતારવાને ભગવાન

યદુકુળમાં જનમ્યા છે; તેમણે જે ધાર્યું હશે તે કોઇનાથી મિથ્યા થવાનું નથી. ૨૮ ન કળી શકાય તેવી લીલાથી સૃજેલા આ સંસાર ચક્રને ગતિ આપનાર એ પરમાત્મા વિચારમાં ન આવી શકે તેવી માયાથી માણસને પોતપોતાનાં કર્મો પ્રમાણે ફળ આપે છે. તેમને હું વિનય પૂર્વક પ્રણામ કરૂંછું. ૨૯

શ્રી શુકદેવજી કહેછે—હે રાજન્! પછી ધૃતરાષ્ટ્ર રાજાનો મત લઇ તથા તેમને શીખામણ આપી અક્રૂરજી સંબંધીઓની આજ્ઞા લઇ મથુરાંમાં આવ્યા. ૩૦ પછી તેમણે શ્રી કૃષ્ણ તથા બળરામને ધૃતરાષ્ટ્રની વર્ત્તણુક સંબંધી સઘળી હકીક્ત કહી સંભળાવી. ૩૧


शशंस रामकृष्णाभ्यां धृतराष्ट्रविचेष्टितम् ॥
पाण्डवान्प्रति कौरव्य यदर्थं प्रेषितः स्वयम् ॥ ३१ ॥

ઇતિશ્રી અઢાર હજાર સંહિતા રૂપ શ્રીમદ્ ભાગવત મહાપુરાણના દશમસ્કંધ પૂર્વાર્ધનો ૪૯ મો અધ્યાય સંપૂર્ણ.

ઇતિ શ્રી દશમ સ્કંધ પૂર્વાર્ધ સમાપ્ત.

इति श्री दशमस्कंध-पूर्वार्ध समाप्त.

दशमस्कंध उत्तरार्ध.



श्रीमद् भागवत भाषांतर.

दशमस्कंध उतरार्ध.

અધ્યાય ૫૦ મો.

શ્રીકૃષ્ણે જરાસંધનો પરાજય કર્યો અને સંબંધીઓને દ્વારકામાં વસાવ્યા.

अस्तिः प्राप्तिश्च कंसस्य महिष्यौ भरतर्षभ।
मृतेभर्त्तरिदुःखार्तै ईयतुः स्म पितुर्गृहान् ॥१॥

શ્રીશુકદેવજી કહેછે—હે પરીક્ષિત રાજા! કંસની અસ્તિ અને પ્રાપ્તિ નામે બે રાણીઓ સ્વામીના મરણથી દુઃખી થએલી પિતાને ઘેર ગઈ. ૧ અને પોતાને વિધવાપણું પ્રાપ્ત થયાની વાત પોતાના પિતા જરાસંધને વિદિત કરી. ૨ આવી અશુભ વાત સાંભળી શોક ન સહન થાય એવા વૈર્યને લીધે જરાસંધ રાજાએ પૃથ્વીને યાદવો વિનાની કરવાનો નિશ્ચય કર્યો. ૩ ત્રેવીસ અક્ષૌહિણી સેના લેઇને તે ચઢી આવ્યો, અને મથુરાંની પાછળ ઘેરો ઘાલ્યો. ૪ સમુદ્રની ભરતીની પેઠે સૈન્યથી ઘેરાઈ ગયેલી નગરીને તથા ભયથી આકુળ થએલા સંબંધીઓને જોઇને ભગવાન શ્રીકૃષ્ણ વિચાર કરવા લાગ્યા કે "જરાસંધને મારવો કે તેના સૈન્યને મારવું, અથવા બંનેને મારવાં?" છેવટ એવો ઠરાવ કર્યો કે "જેમાં પાયદળ, ઘોડા, અને હાથીઓને ગણવામાં આવે છે એવું આ લશ્કર જરાસંધે પોતાના તાબાના રાજાઓની પાસેથી આણેલું છે, તે પૃથ્વીના ભાર રૂપ છે તેનો નાશ કરૂં; પરંતુ જરાસંધને હમણાં મારવો નહિ, કારણ કે જો તે જીવતો હશે તો બીજાં પણ લશ્કર લાવશે અને એ પ્રમાણે લશ્કરનેજ માર્યા કરીશું તો પૃથ્વી ઉપરનો ભાર ઉતરશે. ૫–૮ પૃથ્વીનો ભાર ઉતારવા, સત્પુરૂષોનું રક્ષણ કરવા અને દુષ્ટોને દંડ દેવાને માટેજ મેં આ જગતમાં અવતાર ધારણ કરેલો છે. જ્યારે જ્યારે પૃથ્વીપર ધર્મની ગ્લાનિ થઇ અધર્મ વધી જાય છે, ત્યારે ત્યારે ધર્મની રક્ષા અને અધર્મનો નાશ કરવા માટે હું અવતાર ધારણ કરૂં છું." ૧૦

શ્રીકૃષ્ણ ભગવાન આ પ્રમાણે વિચાર કરતા હતા, એટલામાં સૂર્યના જેવા તેજસ્વી, સરસામાનવાળા અને સારથિઓવાળા બે રથ આકાશમાંથી નીચે ઉતરી આવ્યા, રથ આવ્યા પછી શ્રીકૃષ્ણ ભગવાને બળદેવજીને કહ્યું કે, ૧૧–૧૨ હે બંધુ! આપણા સંબંધીઓ દુઃખમાં આવી પડયા છે, માટે અંતરિક્ષથી આવેલા અને પ્રિય આયુધોવાળા આ રથમાં બેશી જરાસંધના લશ્કરનો નાશ કરી આપ તેમને દુઃખમાંથી મુકાવો. પૃથ્વીનો ભાર ઉતારવા અને સાધુજનને સુખ આપવા માટે જ જગતમાં તમારો જન્મ થયેલો છે. ૧૩–૧૪ આ ત્રેવીશ અક્ષૌહિણી લશ્કરને મારી પૃથ્વીનો ભાર ઉતારો. આવો વિચાર કર્યા પછી શ્રીકૃષ્ણચંદ્ર અને બળદેવ કવચ પેહેરી તથા હથિયાર બાંધીને પેલા રથમાં બેઠા અને થોડુંક સૈન્ય લેઈ મથુરાંની બહાર નીકળ્યા. શ્રીકૃષ્ણ ભગવાનના રથને દારૂક નામનો સારથિ હાંકતો હતો. બહાર આવી ભગવાને પોતાનો શંખ વગાડયો. ૧૫–૧૬ તેનો નાદ સાંભળી શત્રુના લશ્કરમાં સર્વને ત્રાસ અને કંપ ઉત્પન્ન થયો. તેમને સામા આવેલા જોઇ જરાસંધ બોલ્યો કે-હે પુરૂષોમાં અધમ કૃષ્ણ! તું એકલો અને બાળક છે. તેથી હું તારી સાથે યુદ્ધ કરવા ઈચ્છતો નથી. ટુંકી બુદ્ધિવાળા અને ભાઇઓને મારનારા તારા જેવા ગુપ્ત રહી ઉછરનારની સાથે હું યુદ્ધ કરવાને

યોગ્ય નથી, તું અહીંથી ચાલ્યો જા. ૧૭ ૧૮ હે બળભદ્ર! તું મારી સાથે યુદ્ધ કરતાં મારાં બાણથી વીંધાઈ સ્વર્ગમાં જજે, અથવા મને મારી નાંખજે. ૧૯

શ્રીભગવાન કહે છે -હે રાજન્! વીર પુરૂષો બોલતા નથી પણ કરી દેખાડે છે. તમે મરવાને તૈયાર થયેલા આતુર છો, તેથી હું તમારાં વચન સ્વીકારતો નથી. ૨૦

શ્રીશુકદેવજી કહેછે—વાયુ જેમ વાદળાં વડે સૂર્યને અને ધુળવડે અગ્નિને ઢાંકી દે, તેમ જરાસંધે લશ્કર, રથ અને સારથિવાળા એ યાદવભાઇઓના સૈન્યને ઢાંકી દીધું. ૨૧ અગાશીઓ અને રાવટીઓ ઉપર યુદ્ધ જોવાને ચઢેલી સ્ત્રીઓ જ્યારે ભગવાનના રથને જોઈ શકી નહી, ત્યારે મુંઝાવા લાગી. શ્રીકૃષ્ણનો રથ ગરૂડના ચિન્હવાળો અને બળભદ્રનો રથ તાલના ચિન્હવાળો હતો. ૨૨ શત્રુનાં સૈન્યથી ઘેરાઈ ગયેલા પોતાના રથને શ્રીકૃષ્ણ ભગવાને દેવ અને દૈત્યો જેને માન આપે છે એવા શારંગ ધનુષ્યનો મોટો ચમત્કાર દેખાડવા માંડયો. ૨૩ જ્યારે ભાથામાંથી બાણ લેતાં અને પણછ ઉપરથી મરાતાં અનેક બાણ તેમના ધનુષ્યમાંથી છુટતાં ત્યારે શારંગ ધનુષ્ય બોયણાના ચક્ર જેવું જણાતું હતું. ૨૪ કુંભસ્થળ ભેદાયલા હાથીઓ, બાણથી વીંધાઇ ગયેલી ગરદનોવાળા ઘોડાઓ, ધ્વજ, સારથિ અને રથી નાશ પામ્યાથી શુન્ય લાગતા રથો રણસંગ્રામમાં ઢળી પડવા લાગ્યા. ૨૫ હાથ, પગ અને ગળામાં ઘાયલ થયેલા પાળાઓ રણ ઉપર શયન કરવા લાગ્યા. તેજદાર મોટા મુશળથી હાથી અને ઘોડાઓનાં મસ્તક કાપી નાંખતાં રણસંગ્રામમાં તેમના લોહીની નદીઓ વેહેવા લાગી. એ નદીઓમાં કપાયલા હાથી સાપની પેઠે, માથાની ખોપરીઓ કાચબાની પેઠે અને હાથીઓનાં શબ બેટની પેઠે દેખાવા લાગ્યા. ઘોડાઓ તેમાં મગર જેવા, હાથ તથા પગ માછલાં જેવા, માણસના વાળ શેવાળ જેવા અને ધનુષ્ય તરંગ જેવાં જણાતાં હતાં. આયુધો પુછડાંની પેઠે બુડતાં અને તરતાં હતાં. તેમાં ગુચ્છ અને ઢાલો ભયંકર ભમરીઓ જેવી લાગતી હતી; મણિ, માણેક અને અલંકાર તેમાં કાંકરા રૂપ થઇ રહેલાં હતાં આ નદી બીકણોને ભયંકર અને શુરવીરોને આનંદ આપનારી જણાતી હતી. ૨૬-૨૮ હે રાજન્! એ સૈન્યરૂપી નદી સમુદ્રની પેઠે ભયંકર અને પાર ના આવે એટલી ઉંડી હતી. તેનો આવું પરાક્રમ કરી ભગવાને તથા બળભદ્રે મળી નાશ કર્યો. ૨૯

અનંત ગુણવાળા અને ઉત્પત્તિ, સ્થીતિ તથા પ્રલય કરનારા ઈશ્વર પોતાના શત્રુને શિક્ષા કરે એમાં કાંઈ નવાઈ જેવું નથી; છતાં આટલું વર્ણન કરવાનું કારણ કે-તેઓ મનુષ્યનું રૂપ ધારણ કરી આવેલા હતા. ૩૦ ભાગી ગએલા રથવાળો અને સૈન્ય મરી જતાં માત્ર પ્રાણજ બાકી રહેલો જરાસંધ, સિંહના પંજામાં મૃગ પકડાય તેમ બળભદ્રના હાથમાં પકડાઇ ગયો. ૩૧ શત્રુઓને મારનાર જરાસંધને વરૂણના અને મનુષ્યના પાશથી બળભદ્રજીએ બાંધવા માંડયો ત્યારે આથી પણ મોટું કાર્ય કરાવવા માટે શ્રીકૃષ્ણચંદ્રે બાંધવા દીધો નહીં. ૩૨ જગતના સ્વામી શ્રીકૃષ્ણ અને બળભદ્રથી હારી છુટેલો જરાસંધ પછી લાજ પામીને તપ કરવા માટે વનમાં જવા લાગ્યો, પરંતુ માર્ગમાં તેને બીજા વીર રાજાઓએ ધર્મોપદેશ, તથા લોકરીતિ અને રાજનીતિનાં નીચે પ્રમાણે વચનો કહીને વાર્યો. 'હે રાજન્! તમે મોટા બળવાન છતાં સાધારણ યાદવલોકથી હાર્યા તે પૂર્વજન્મનાં કર્મનું ફળ છે, બીજું કાંઈજ નથી. ૩૩-૩૪ એ સાંભળીને પરાજયથી સંકોચ પામેલો જરાસંધ પોતાનું સૈન્ય મરી ગયું હતું, છતાં પણ પાછો મગધ દેશ તરફ ગયો. ૩૫ પોતાનું સૈન્ય અખંડ રહેતાં શત્રુના સૈન્યરૂપી સમુદ્રને તરી શ્રીકૃષ્ણ ભગવાન મથુરાંમાં પધાર્યા, ત્યારે દેવલોક સ્તુતિ કરી પુષ્પની વૃષ્ટિ કરવા લાગ્યા. ૩૬ અને દુઃખથી મુક્ત થયેલા મથુરાંના લોકો, સુત, માગધ અને બંદીજન સાથે મળી તેમના યશ ગાવા લાગ્યા. ૩૭ મથુરાંમાં શંખ, ભેરી, વીણા, મૃદંગ, દુંદુભિ અને વેણુ વિગેરે વાજીંત્રો વાગી રહ્યાં. ૩૮ માર્ગોમાં છંટકાવ થયા, ઘેરે ઘેર તોરણ બંધાયાં અને નાગરિકો પ્રસન્ન થયા, વેદના

મંત્રોનો ઘોષ થવા માંડયો, મંદિરો ઉપર ધ્વજાઓ ચડી અને સ્ત્રીઓ ફુલ, દહીં તથા અક્ષતવડે શ્રીકૃષ્ણચંદ્રને વધાવી લેતી સ્નેહ ભરેલાં નેત્રોથી તેમને જોવા લાગી. ૩૯-૪૦

જરાસંધ સાથે થયેલા યુદ્ધમાંથી મળેલી લૂંટ, વીરલોકોનાં આભૂષણો અને બીજું અપાર ધન શ્રીકૃષ્ણ જે લેતા આવ્યા હતા, તે તેમણે યાદવોના રાજા ઉગ્રસેનને આપ્યું. ૪૧ ફરીને જરાસંધ મથુરાં ઉપર ચઢી આવ્યો અને ફરી હાર્યો. એ પ્રમાણે સત્તરવાર નવાં નવાં સૈન્ય લેઇ આવી તેણે યાદવોના રક્ષક શ્રીકૃષ્ણ ભગવાન સાથે યુદ્ધ કર્યું હતું. ૪૨ જેટલી વાર તે યાદવોની મથુરાં નગરી ઉપર ચઢી આવ્યો તેટલી વાર મોટી હાર ખાઇને પાછો નાસી ગયો. ૪૩ જરાસંધ અઢારમી વાર ચઢાઇ લઇ આવવાનો હતો, એટલામાં નારદજીએ પ્રેરેલા કાળયવન નામના શૂરવીર રાજાએ જેની સામે સ્પર્ધા ન થઇ શકે એવું બળવાન સૈન્ય લેઇ મથુરાંને ઘેરો ઘાલ્યો. જ્યારે શ્રીકૃષ્ણચંદ્રે જાણ્યું કે મનુષ્ય લોકમાં આપણે બળવાન છીએ, એમ ધારીને કાળયવને ઘેરો ઘાલ્યો છે, ૪૪-૪૫ ત્યારે તેમણે બળભદ્રની સાથે વિચાર કર્યો કે-હે પ્રિયબંધુ! મથુરાં નગરી ઉપર બે શત્રુઓ ગાજે છે. ૪૬ આજ કાળયવને ઘેરો ઘાલ્યો છે, અને કાલે જરાસંધ મોટી સેના લેઇ આવી પોહોચશે. આપણે આ યવનોની સાથે યુદ્ધ કરતા હોઇશું, એટલામાં એ દુષ્ટ કદાપિ નગરમાં દાખલ થઈ આપણા સંબંધીઓને મારી નાંખશે અથવા કેદ કરી લઈ જશે. ૪૮ માટે નગર પછવાડે કિલ્લો બંધાવી સંબંધીઓને તેમાં મૂકી પછી આપણે લડવાને બાહાર પડવું જોઇએ. ૪૯ આવો વિચાર કર્યા પછી સમુદ્રની અંદર સઘળી ગોઠવણવાળું એક અદ્ભુત નગર બંધાવ્યું. ૫૦ તે બાર યોજનના વિસ્તારનું અને શિલ્પકળાની ચતુરાઇથી બાંધેલું છે. તેમાં ઘર, મંદિર, અનુકુળ રસ્તા, રાજમાર્ગ અને વિશાળ આંગણાં કરેલાં છે. ૫૧ દેવતાઇ વૃક્ષો, લતાઓ અને ફુલ ઝાડની સુંદર વાડીઓ કરાવી છે. ઠેકઠેકાણે મણિ અને સ્ફટિક જડેલી ભમિકાઓ, દરવાજાઓ અને અંડાકાર સોનાનાં શિખર કરાવ્યાં છે. ૫૨ ઘોડાર અને શાળાઓ રૂપાની તથા પીળા લોઢાની બનાવેલી છે. દરેક મંદિરો ઉપર સોનાના કળશ મુકેલા છે, દેવ મંદિર અને અગાશીયોની અનુકુળ રચનાઓ છે તેમાં ચારે આશ્રમના, ચારે વર્ણના અને સારા લોક રહે છે, મોટું રાજ્યમંદિર છે. ૫૩ ૫૪ ભગવાનને વાસ્તે મનુષ્યને ભુખ તરસ લાગે નહિ એવું કલ્પવૃક્ષ તથા સુધર્મા નામની સભા ઇંદ્ર રાજાએ એ નગરમાં નિર્માણ કર્યા છે. ૫૫ વરૂણદેવે ધોળા, મનના જેવા વેગવાળા અને જેનો એકજ કાન કાળો છે એવા ઘોડાઓ એ નગરને માટે ભેટ આપ્યાં છે, એટલુંજ નહીં પણ લોકપાળ કુબેરે પોતાની વિભૂતીરૂપ આઠ ભંડાર લાવી એજ નગરમાં સ્થાપેલ છે. ૫૬ હે રાજન્! ભગવાન શ્રીકૃષ્ણચંદ્રે દેવતાઓને જે જે સમૃદ્ધિ આપી હતી તે તે સમૃદ્ધિ તેમણે નગર વસાવ્યું ત્યારે પાછી મોકલી આપી. ૫૭ રમણીય સમુદ્રમાંનું નગર એટલે દ્વારામતિ (દ્વારકાં)તૈયાર થતાં શ્રીકૃષ્ણ ભગવાને યોગબળથી પોતાનાં સંબંધીઓને તેમાં મોકલી દીધાં. પછી બળભદ્રને પ્રજાનું રક્ષણ કરવા માટે નગરમાં મુકી કંઈ પણ હથીઆર ન લેતાં શ્રીકૃષ્ણ ભગવાન કમળપુષ્પની માળા ધારણ કરી મથુરાં નગરીમાંથી બહાર નીકળ્યા. ૫૮

तत्रयोग प्रभावेन नीत्वा सर्वजनं हरिः ॥
प्रजापालेन रामेण कृष्ण स मनुमंत्रितः ॥
निर्जगाम पुरद्वारात् पद्ममाली निरायुधः ॥

ઇતિ શ્રીમદ્ ભાગવત પુરાણના દશમસ્કંધ ઉત્તરાર્દ્ધમાં ૫૦ મો અધ્યાય સંપુર્ણ.

અધ્યાય ૫૧ મો.

શ્રી કૃષ્ણે મુચકુંદ રાજા પાસે કાળયવનનો નાશ કરાવ્યો.

શ્રી શુક ઉવાચ.

तं विलोक्य विनिष्क्रांतमुज्जिहानमिवोडुपम् ॥

दर्शनीयतमंश्यामं पीत कौशेय वाससम् ॥१॥

શ્રી શુકદેવજી કહેછે—પીળાં રેશમી વસ્ત્ર ધારણ કરેલા, કંઠમાં શોભતા કૌસ્તુભમણિ-વાળા, લાંબા જાડા હાથવાળા, નવાં કમળ જેવાં રાતાં નેત્ર વાળા, હસતા મુખવાળા. ચળકતાં મકરાકૃતિ કુંડળ વાળા, અને ઊગતા ચંદ્રમાની પેઠે શોભતા શ્યામસુંદર શ્રીકૃષ્ણ-ચંદ્રને મથુરામાંથી બાહાર નીકળેલા જોઇ કાળયવને* વિચાર કર્યો કે-નારદજીએ કહેલો વસુદેવનો પુત્ર કૃષ્ણ તે આ જ પુરૂષ હશે, કારણ કે તેનાં કમળ જેવાં નેત્ર છે, શ્રીવત્સ-નાં છાતીમાં ચિન્હ છે અને વનમાળા ધારણ કરેલી છે. એની પાસે આયુધ નથી, તે પ-ગપાળોજ મારી સામે આવે છે, માટે હું પણ આયુધ છોડી દઇને એની સાથે લડીશ. ૧-૫ આવો વિચાર કરીને કાળયવન તેમને પકડવા દોડયો. યોગીયો જેમને મનવડે પોહોચી શ-કતા નથી, એવા શ્રીકૃષ્ણ ભગવાન તેના મુખ આગળ થઇને નાસવા લાગ્યા. લગભગ લગ-ભગ રહીને નાસતા શ્રીકૃષ્ણને હમણાં પક-ડીશ, હમણાં પકડીશ, એવા વિચારથી તે ઘણે દૂર સુધી દોડી ગયો; અને ભગવાન પણ પોતે ધારેલી પર્વતની ગુફા તરફ તેને લઈ ગયા. ૬-૭ "હે કૃષ્ણ! યદુકુળમાં જન્મેલો તું નાસ-વાને યોગ્ય નથી" એમ કહી તિરસ્કાર કરતો કાળયવન પાછળ દોડતાં ભગવાનને પકડી શકયો નહી. ૮ કાળયવન તિરસ્કાર કરતો હતો તેને ન ગણકારતાં શ્રીકૃષ્ણ ભગવાન પેલી ગુફામાં પેશી ગયા. એટલે જેનાં અશુભ કર્મ પૂરાં થયાં નહોતાં એવો કાળયવન પણ તેમાં દાખલ થયો. અંદર જતાં અંધારામાં તેણે એક પુરૂષને સૂતેલો દીઠો. ૯ "આ જ કૃષ્ણ હશે માટે લાવ ઉઠાડું" એમ વિચાર કરી સૂતેલા પુરૂષને તેણે લાત મારી. ૧૦ ઘણા દિવસથી સૂઇ રહેલો તે પુરૂષ લાત વાગતાં બેઠો થયો અને કાળયવનના સામું જોયું. ૧૧ તેની આંખ ઊઘડતાં ક્રોધાગ્નિની જવાળાથી કાળયવન જોત જોતાંમાં બળીને ભસ્મ થઈ ગયો. ૧૨

પરીક્ષિતરાજા પૂછેછે—હે મહારાજ! એ કાળયવનને ભસ્મ કરી નાંખનાર ગુફામાં સૂઇ રહેલો પુરૂષ કોણ? કયા વંશનો? કેવા પ્રભાવવાળો? કોનો પુત્ર? અને શા કારણ માટે ગુફામાં સૂઈ રહેતો હતો? તે મને કહે-વાની કૃપા કરો. ૧૩

શ્રીશુકદેવજી કહેછે—ઇક્ષ્વાકુના કુળમાં જન્મેલો માન્ધાતાનો પુત્ર અને સત્ય પ્રતિજ્ઞા વાળો તે મુચકુંદ રાજા હતો. ૧૪ દૈત્યોથી ત્રાસ પામેલા દેવતાઓની પ્રાર્થનાથી ઘણાં વર્ષ સૂધી તેણે તેઓ ની રક્ષા કરી હતી. ૧૫ જ્યા-રે દેવતાઓને કાર્તિકસ્વામી પોતાની સેનાનું અધિપતિપણું લેનાર મળ્યા, ત્યારે તેઓએ મુ-ચકુંદને રજા આપીને કહ્યું કે-હે રાજન્! હવે તમે આ પરિશ્રમ છોડી દો. ૧૬ પોતાનું રા-જ્ય છોડી, સુખનો ત્યાગ કરી, પુત્રો, રાણીઓ, ભાયાતો, મંત્રિઓ અને સંબંધીઓ વગેરે કોઇની પણ દરકાર ન કરતાં તમે અમારી સેવા કરી છે, માટે આપ નિવૃત્ત થાઓ. ૧૭-૧૮ ગોવાળ જેમ પશુઓને આમ તેમ ફેરવે છે, તેમ કાળ પોતાની માયાથી પ્રજાઓને જગતમાં ફેરવે છે. ૧૯ તમારા સાથી માણસો સઘળાં મરણ પામ્યાં છે, માટે તમે મોક્ષ વિના બીજો જોઇએ તે વર અમારી પાસેથી માગી લ્યો, કારણ કે મોક્ષ આપવો એ તો ચરાચર અને અવિનાશી એક શ્રી વિષ્ણુનાજ હાથમાં છે. ૨૦ આ રીતે દેવતાઓનાં વચન સાંભળી મોટી કીર્તિવાળા મુચકુંદ રાજાએ પોતાને થ-યેલા અત્યંત શ્રમની શાંતિ માટે નિદ્રા માગી લીધી. ૨૧ અને કહ્યું કે-હે દેવતાઓ! તમે મને એવો વર આપો કે જે કોઇ માણસ મારી નિદ્રાનો ભંગ કરે તે તુર્તજ બળીને ભ-સ્મ થાય. દેવતાઓએ તે વર માન્ય રાખ્યો. પછી મુચકુંદ રાજા એ ગુફામાં જઇને સૂઈ ગયા.

* ગાર્ગ્યને તેમના સાળાઓએ નપુંસક કહેવા-થી યાદવોએ ગાર્ગ્યની મશ્કરી કરી તેથી ગાર્ગ્યે શંકરનું તપ કરીને યાદવોને પૂરો પડે એવો પુત્ર માગ્યો અને તે કોઇ યવનરાજાની સ્ત્રીમાં ઉત્પન્ન કર્યો તેથી તે કાળયવન કહેવાયો.

૨૨ દેવલોકે તેમને કહ્યું હતું કે-તમને નિદ્રામાંથી જગાડનારો પુરૂષ તમારી દૃષ્ટિ પડતાં જ બળીને ભસ્મ થઇ જશે. ૨૩ હે રાજા! આ પ્રમાણે કાળયવનને પારકે હાથે ભસ્મ કરાવી શ્રીકૃષ્ણ ભગવાને મુચકુંદને દર્શન આપ્યાં. ૨૪ ઘનશ્યામ, પીળાં રેશમી વસ્ત્રવાળા, છાતીમાં શ્રીવત્સના ચિન્હવાળા, કૌસ્તુભમણિથી શોભતા, ચાર હાથ વાળા, વૈજયંતિમાળા જેમણે ધારણ કરેલી છે એવા, સુંદર પ્રસન્ન મુખવાળા, ચળકતાં કુંડળવાળા, મનુષ્ય લોકને જોવા જેવા, સ્નેહથી હસતા, તેજથી તપતા અને સિંહની પેઠે મોટાં પરાક્રમ વાળા ભગવાનને જોઇ તે રાજાએ આશ્ચર્ય અને શંકાથી તેમને આ પ્રમાણે પૂછયું. (શ્લોક) ૨૫-૨૮.

મુચકુંદ કહેછે—કાંટાવાળા આ પ્રદેશમાં તમે કોણ છો? પર્વતના વિષમ પ્રદેશમાં તમે કમળપત્ર જેવા કોમળ પગ વાળા શી રીતે ફરોછો? ૨૯ તમે તેજસ્વીઓના તેજ રૂપ અગ્નિદેવ, સૂર્ય,ચંદ્ર, ઇંદ્ર, કે કોઈ બીજા લોકપાળ છો? ૩૦ તમે કાન્તિથી આ ગુફાના અંધકારનો નાશ કરો છો, માટે હું ધારૂં છું કે આપ દેવતાઓમાં શ્રેષ્ઠ એવા વિષ્ણુ છો. ૩૧ હે મનુષ્યોમાં ઉત્તમ! તમારા જન્મ, કર્મ અને વંશ અમો સાંભળવાને ઇચ્છીએ છીએ ૩૨ હે નૃસિંહ! અમે ઇક્ષ્વાકુના વંશના ક્ષત્રિય છીએ, અને માંધાતાનો પુત્ર હું મુચકુંદ છું, ૩૩ ઘણા કાળના ઉજાગરાથી નિદ્રાવશ થએલી ઇંદ્રિઓને લીધે આ ગુફાને એકાંત જોઇ હું બહુ કાળથી અહીં સૂઇ રહ્યો હતો. મને કોણે ઊઠાડયો તે માલુમ નથી; ૩૪ પરંતુ ઉઠાડનાર તો બળીને ભસ્મ થઇ ગયો શત્રુઓનો નાશ કરનારા અને અત્યંત રૂપાળા એવા આપ કોણ છો? હે ભાગ્યશાળી! તમારા મુખના તેજની પ્રભાથી અંજાઈ ગયેલો એવો હું આપના શ્રી મુખનાં બરોબર દરશન કરી શકતો નથી, આપ સર્વ પ્રાણીઓને વંદન કરવા યોગ્ય છો. ૩૫-૩૬

શ્રીશુકદેવજી કહેછે—હે રાજન્! મુચકુંદનો પ્રશ્ન સાંભળી મેઘના જેવી ગંભીર વાણીથી જરાક હશીને ભગવાને ઉત્તર આપ્યો. ૩૭

શ્રીભગવાન કહેછે—હે રાજા! જન્મ, કર્મ અને નામનો પાર નથી. અત્યંતતાને લીધે હું તમને એ સંખ્યા કહી શકતો નથી. ૩૮ પૃથ્વીના રજકણને ગણનારા માણસો પણ મારા ગુણ, કર્મ અને જન્મને ગણી શકતા નથી. ૩૯ ત્રણે કાળમાં કેટલાએક મુનિયો મારાં જન્મ કર્મ ગણ્યા કરે છે, પણ પાર પામતા નથી. ૪૦ હાલનાં મારાં જન્મ કર્મ તમને કહુંછું તે તમે સાંભળો. ધર્મના રક્ષણ માટે અને પૃથ્વી ઉપર ભાર રૂપ થઇ રહેલા રાક્ષસોનો નાશ કરવા માટે બ્રહ્માની પ્રાર્થનાથી મેં હાલ વસુદેવને ઘેર જન્મ ધારણ કરેલો છે. વસુદેવનો પુત્ર હોવાથી લોક અને વાસુદેવ કહે છે. ૪૧-૪૨ પૂર્વજન્મના કાળનેમી અને હાલના કંસ તથા પ્રલંબાસુર વગેરે રાક્ષસોને મેં મારી નાંખ્યા છે, અને હે રાજન્! આ દુષ્ટને આજ તમારા નેત્રના અગ્નિથી બાળી મુકાવ્યો છે. ૪૩ ભક્તજનને પ્રિય એવો હું તમારી અત્યંત ભક્તિથી પ્રસન્ન થઇ તમારા ઉપર અનુગ્રહ કરવાને માટે અહીં આવેલો છું. ૪૪ હે માન્ધાતાના પુત્ર! તમને જે ઇચ્છા હોય તે વર માગો. હું તમારી ઈચ્છાઓ પૂર્ણ કરીશ, મારે શરણે આવેલો કોઈપણ પુરૂષ ફરીને સંતાપ પામતો નથી. ૪૫

શ્રીશુકદેવજી કહેછે—ભગવાનનાં વચનથી પ્રસન્ન થયેલા મુચકુંદ રાજાએ ગર્ગ મુનિનાં વચન યાદ કરી આ વિષ્ણુ દેવ છે એમ જાણીને નીચે પ્રમાણે સ્તુતિ કરી. ૪૬

મુચકુંદ સ્તુતિ કરેછે—હે પ્રભુ! આપની માયાથી મોહ પામવાને લીધે વિષયાનુરક્ત લોકો આપને ભજતા નથી, પણ પરસ્પર કલેશ કરતા અને દુઃખના કારણરૂપ આ સંસારને સુખરૂપ માની લેતા, મિથ્યાં મમત્વમાં કાળ ગાળે છે. ૪૭ હે ઇશ્વર! આ કર્મભૂમિમાં કોઇ પણ જાતના ઉદ્યમથી ન મળી શકે એવો સંપૂર્ણ અંગવાળો મનુષ્ય

દેહ મળ્યા છતાં પણ વિષયસુખમાં પ્રીતિ રાખી ઘરરૂપી ગુફામાં ભરાઇ રહેતાં મોક્ષને આપનારાં એવાં આપનાં ચરણારવિંદને ભજતા નથી. ૪૮ ને પશુ જેમ ખડથી લોભાઇને અંધારા કુવામાં પડે છે, તેમજ વિષયોની ઇચ્છાથી મનુષ્ય ઘરરૂપી અંધારા કુવામાં પડે છે. હે પ્રભુ! રાજ્યલક્ષ્મીથી મત્ત થયેલો, દેહને આત્મા માનનારો, પુત્ર, સ્ત્રી, ભંડાર અને પૃથ્વીમાં આસકત થઇ રહેલો હું રાજા થઈ આટલો બધો વખત મેં વ્યર્થ ગુમાવ્યો. ૪૯ ઘડા અને કોડીઆ જેવા જડ દેહમાં 'હું રાજા છું' એવું અભિમાન રાખી રથ, હાથી, ઘોડા અને પાળાથી વીંટાઇ પૃથ્વીમાં ફરતાં મેં ઘણો કાળ મદોન્મત્તની પેઠે ગાળ્યો. ૫૦ ફલાણું કામ આ રીતે કરવાં એ વિચારમાં મગ્ન રહેનારા, ભાગી પડતા મનોરથોને વારંવાર ઉત્પન્ન કરનારા અને વિષયો મળ્યા છતાં વધારે વધારે તૃષ્ણા રાખનારા મનુષ્ય દેહને જીભ વડે મોઢું ચાટતો મોટો સર્પ જેમ ઊંદરને ચડપ લઇને ગ્રહણ કરી લે છે, તેમ કાળ તેને ઝડપી લે છે. ૫૧ રાજા થઇ નાના પ્રકારનાં આભૂષણથી શણગારેલો જે દેહ પ્રથમ રથ, હાથી અને ઘોડાઓપર બેશીને ફરે છે; તેજ દેહ કાળને વશ થઇ કોઇ ખાઈ જાય તો વિષ્ટા, પડયો રહે તો કીડા, અને બાળી મુકવામાં આવે તો ભસ્મ, એવાં નામ ધરાવેછે. ૫૨ હે ઇશ્વર! સઘળી દિશાઓમાં વિજય કરી આવી, મોટા સિંહાસન ઉપર બેઠેલો અને હજારો રાજાઓ જેના પગ આગળ મસ્તક નમાવે છે એવો પુરૂષ પણ મૈથુન સુખના ભોગવાળાં સ્ત્રીઓનાં અંતઃપુરની અંદર વાંદરીઓના ટોળામાં બુઠોઆની પેઠે ફર્યા કરે છે. ૫૩ રાજ્ય મળવાની ઇચ્છાથી પ્રથમ મોટું તપ કરવા માટે ભોગ છોડી દે છે, પરંતુ જ્યારે તેને રાજ્ય મળે છે, ત્યારે બીજા જન્મમાં ચક્રવર્તિ થવાની ઇચ્છા ઉત્પન્ન થાય છે, તેથી પ્રાપ્ત થયેલું સુખ અતૃપ્તીને લીધે ભોગવી શકતો નથી. ૫૪ હે ભગવાન્! આ દુઃખરૂપી સંસારમાં આટા મારતા માણસને જ્યારે સાધુ પુરૂષનો સમાગમ થાય છે, ત્યારેજ આપની ભક્તિ ઉપર પ્રીતિ થાય છે. ૫૫ મને દૈવયોગે સત્સંગ પ્રાપ્ત થયો અને તૃષ્ણા તૂટી ગઇ, એ પણ મોટો અનુગ્રહ થયો એમ હું માનું છું, કારણ કે સુખ ભોગવનારા રાજાઓ મહા કષ્ટે સત્સંગ મેળવી શકે છે. ૫૬ દેહાભિમાનરહિત પુરૂષ જેની ઇચ્છા કરે એવું આપનાં ચરણ કમળના સેવનનું સુખજ હું માગું છું, એ શિવાય મને બીજી ઇચ્છા નથી. હે વિષ્ણુ! મોક્ષને આપનાર એવા આપને પ્રસન્ન કરી ફરીને બંધન થાય એવું વરદાન કયો મૂર્ખ માગે? ૫૭ હે પ્રભુ! રજ, તમ અને સત્વ ગુણથી સંકળાયેલી સર્વ સુખની ઇચ્છાઓનો ત્યાગ કરતાં હું નિરંજન, નિર્ગુણ, અદ્વૈત અને પરમજ્ઞાનના ધામરૂપ આપનું શરણ ઇચ્છુંછું. ૫૮ હે પરમેશ્વર! ઘણા કાળથી સંસારમાં કર્મફળ ભોગવતો, તેની વાસનાઓથી સંતાપ પામતો અને છ ઇંદ્રિયોરૂપી શત્રુઓથી ઘેરાયલો હું, નિર્ભય, સત્ય અને પરમ આનંદના ધામરૂપ આપના ચરણકમળને શરણે આવ્યો છું, માટે આપજ મારૂં રક્ષણ કરો. ૫૯

શ્રીભગવાન કહેછે—હે ચક્રવર્તિ! તમારી બુદ્ધિ નિર્મળ અને મોટી છે, કારણ કે વર આપવાની લાલચ મળવા છતાં પણ તમે લોભાયા નથી. ૬૦ તમે વર પામ્યા હોત તો ફરીથી તમને પ્રમાદની ઇચ્છા થાત, પણ મારા સત્ય ભકતોની બુદ્ધિ કદી પણ સંસાર સુખમાં લાગતી નથી. ૬૧ હે રાજન્! પ્રાણાયામથી જે પુરૂષો મને વશ કરે છે, પણ તેમની વાસના ક્ષીણ થઈ ન હોય તો તે ફરીથી પાછા વિષયોમાં પ્રવર્તે છે. ૬૨ તમે ભકિત કરતા આ પૃથ્વી ઊપર ફરો, જે સત્ય પુરૂષો છે તે તો મારા ઉપર ભક્તિભાવ રાખે છે. ૬૩ તમે ક્ષત્રિયધર્મને વશ રહી મૃગયાદિમાં ઘણાં પશુઓનો વધ કર્યો છે, તે પાપનો મારા આશ્રયથી અને એકાંતમાં તપ કરીને નાશ કરો. ૬૪ હે રાજન્! સર્વ પ્રા-

ણીઓના મિત્ર તમે હવે પછીના જન્મમાં ઉત્તમ બ્રાહ્મણ થઇ મારા અદ્વૈત રૂપને પામશો. ૬૫

जन्मन्यनंतरे राजन् सर्वभूतसुहृत्तमः ।
भूत्वा द्विजवरस्त्वं वै मामुपैष्यसि केवलम् ॥

ઇતિ શ્રીમદ્ ભાગવત પુરાણના દશમસ્કંધ ઉત્તરાર્ધમાં "મુચકુંદ સ્તુતિ" નામનો ૫૧ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય પર મો.

શ્રીકૃષ્ણ મથુરાંથી દ્વારકાં ગયા અને રૂક્મિણીનો સંદેશો સ્વીકાર્યો.

श्री शुक उवाच.

इत्थंसोऽनुगृहीतोंगकृष्णेनेक्ष्वाकुनंदनः ॥
तंपरिक्रम्यसंनम्यनिश्चक्रामगुहामुखात् ॥ १ ॥

શ્રીશુકદેવજી કહેછે-હે રાજા ! આ પ્રમાણે શ્રીકૃષ્ણથી અનુગ્રહ પામેલા ઇક્ષ્વાકુ વંશના રાજાના પુત્ર મુચકુંદ શ્રીકૃષ્ણને પ્રદક્ષિણા કરી ગુફાની બહાર નિકળ્યા. ૧ મનુષ્ય, પશુ અને વનસ્પતિને નાનાં થઈ ગયેલાં જોઇ મુચકુંદે વિચાર કર્યો કે જગત ઉપર કળિયુગનો પ્રારંભ થઇ ચૂકયો છે, માટે ઉત્તર દિશા તરફ જવું. ૨ પછી તપ કરવાની ઈચ્છાવાળા, ધીર, વીર, સંગ રહિત અને જેના શંસય મટી ગયા હતા એવા મુચકુંદ રાજા ભગવાનમાં મન રાખી ગંધમાદન પર્વત ઉપર ગયા. ૩ ત્યાં બદ્રિકાશ્રમમાં જઇ નર નારાયણના સ્થાનમાં બેશી શાંત મનથી તેમણે ઇશ્વરની આરાધના કરવા માંડી. ૪

શ્રીકૃષ્ણ ભગવાન પેલી ગુફામાંથી પાછા ફરી મથુરાં આવ્યા અને મ્લેચ્છ લોકનો સંહાર કરી મથુરાંનું ધન દ્વારકાં મોકલવા લાગ્યા. ૫ ભગવાનની ઈચ્છાથી બળદીયા અને માણસો બધું ધન દ્વારકાં લેઈ જતા હતા, એટલામાં જરાસંધ ચઢી આવ્યો. ૬ હે રાજન ! કૃષ્ણ અને બળદેવ ભેગા થયા અને ભય ન પામેલા છતાં ભય પામેલાની પેઠે પેલું ધન પડતું મૂકીને નાશી ગયા. ૭ એ ભાઇઓને મૂઠીઓ વાળીને નાસતા જોઇ ભગવાનની મહત્તાને નહી જાણનારો જરાસંધ હસતો હસતો તેમની પાછળ પડયો. શ્રીકૃષ્ણ બળદેવ પ્રવર્ષણ નામના પર્વત કે જ્યાં ઇંદ્ર હમેશાં વૃષ્ટિ કરે છે, તેના ઉપર ચઢી ગયા. ૮-૧૦ જરાસંધે એ પર્વતમાં આવી ઘણી શોધ કરી પણ પત્તો લાગ્યો નહીં, ત્યારે પર્વતની આસપાસ લાકડાં ખડકી અગ્નિ લગાડયો. ૧૧ જ્યારે શિખરો ઉપર જ્વાળાઓ નીકળી, ત્યારે તેઓ અગીયાર યોજન ઉંચા પર્વત ઉપરથી જરાસંધ ન દેખે તેમ હેઠે કુદી પડયા. ૧૨ પછી બેઉ ભાઇઓ સમુદ્રથી વીંટાએલી દ્વારામતીમાં આવ્યા. ૧૩ અને જરાસંધ શ્રીકૃષ્ણ બળભદ્ર બળી ગયા એમ ધારી સૈન્ય લેઈ મગધમાં પાછો ગયો. ૧૪ ધનવાન આનર્ત (ઓખામંડળ) દેશના રાજા રૈવતે બ્રહ્માની પ્રેરણાથી પોતાની કુંવરી રેવતી બળભદ્રને પરણાવી. ૧૫ અને લક્ષ્મીજીના અંશ રૂપ ભીષ્મક રાજાની પુત્રી રૂક્મિણીને ભગવાન શ્રીકૃષ્ણ સ્વયંવરમાં પરણ્યા. ૧૬ જેમ ગરૂડે દેવતાઓને હરાવીને અમૃત હરી લીધું હતું, તેમ શ્રીકૃષ્ણ ભગવાને શિશુપાળના પક્ષના રાજાઓને હરાવીને સર્વ લોકના દેખતાં રૂક્મિણીનું હરણ કર્યું હતું. ૧૭

પરીક્ષિત પુછેછે-હે મહારાજ ! રાક્ષસ વિવાહથી શ્રીકૃષ્ણ ભગવાન ભીષ્મક રાજાની કુંવરીને કેવી રીતે પરણ્યા ? તે આપ મને વિસ્તારથી સંભળાવો. ૧૮ જરાસંધ અને શાલ્વ વગેરે રાજાઓનો પરાજય કરી ભગવાને કેવી રીતે રૂક્મિણીનું હરણ કર્યું ? તે કથા હું વિસ્તારથી સાંભળવા ઇચ્છું છું. ૧૯ કારણ કે પવિત્ર, મધુર અને પાપને હરનારી શ્રી ભગવાનની કથાઓ સાંભળતાં કોણ તૃપ્તિ પામે છે ? ૨૦

શ્રીશુકદેવજી કહેછે— હે રાજન્ ! વિદર્ભ

દેશમાં ભીષ્મક નામે એક મોટો રાજા રાજ્ય કરતો હતો, તેને પાંચ દીકરા અને એક સુંદર મુખવાળી કન્યા હતી. ૨૧ રૂક્મિ, રૂક્મરથ, રૂક્મબાહુ, રૂક્મકેશ અને રૂક્મમાલિ, એવાં પાંચ પુત્રોનાં નામ હતાં, અને રૂક્મિણી એવુ તેમની સતી બેનનું નામ હતું. ૨૨ પોતાને ત્યાં આવનાર લોકોથી શ્રી ભગવાનનાં રૂપ, પરાક્રમ, ગુણ અને લક્ષ્મીની વાત સાંભળી રૂક્મિણીએ શ્રીકૃષ્ણને પોતાને યોગ્ય પતિ માન્યા. તેમજ શ્રીકૃષ્ણને પણ ઉદારતા, ગુણ, રૂપ, અને બુદ્ધિના આશ્રયવાળી રૂક્મિણી સાથે પરણવાની ઈચ્છા થઇ હતી. ૨૪ હે રાજા! સગાં સંબંધી પણ તેનો વિવાહ શ્રીકૃષ્ણની સાથે કરવાને રાજી હતાં, પરંતુ કન્યાનો મોટો ભાઈ રૂક્મિ એ વાતથી વિરૂદ્ધ પડયો અને શીશુપાળની સાથે સગાઇ કરાવી. ૨૫ એ વિવાહથી ખિન્ન થયેલાં રૂક્મિણીએ પછી એક સાચુ બોલનાર અને વિશ્વાસુ બ્રાહ્મણ શોધી કાઢી તેની સાથે શ્રીકૃષ્ણ ઉપર પત્ર મોકલાવ્યો. ૨૬ દ્વારિકાંમાં આવી દ્વારપાળોની મારફત મેહેલમાં જઈ સુવર્ણના આસન ઉપર બેઠેલા ભગવાનને તેણે દીઠા. ૨૭ બ્રાહ્મણને આદર માન આપનારા ભગવાન તેની સામે ગયા અને પોતાના આસન ઉપર લાવીને બેસાડયો તથા લોકો જેમ પોતાની પૂજા કરે છે, તેમ તેમણે તે બ્રાહ્મણની પૂજા કરી. ૨૮ ભોજન કરી જ્યારે તે વિશ્રામ લેવાને સૂઇ ગયો, ત્યારે ધીરે ધીરે પગ ચાંપતાં શ્રીભગવાને તેને પુછયું કે-૨૯ હે બ્રાહ્મણોત્તમ! આપનો પરાપૂર્વનો ધર્મ કેમ ચાલે છે? જે માણસ સંતોષ રાખીને ધર્મનો ત્યાગ ન કરતાં નિરંતર એક સરખી રીતે ધર્મ પાળે છે તેના બધા મનોરથ સફળ થાય છે. ૩૦-૩૧ ઇંદ્રાસન મળ્યા છતાં પણ જો મનમાં અસંતોષ હોય તો માણસને સુખ થતું નથી, અને નિર્ધન છતાં પણ સંતોષ રાખે તો સુખથી સુવેછે. ૩૨ જે બ્રાહ્મણો સ્વાભાવિક રીતે મળતી વસ્તુ ઉપર સંતોષ રાખે છે, અને જેઓ સ્વધર્મ ઉપર પ્રીતિ, સર્વ પ્રાણી ઉપર મૈત્રી અને અભિમાન ન રાખતાં શાંત રહે છે, તેમને હું મસ્તકવડે પ્રણામ કરૂંછું. ૩૩ હે મહારાજ! રાજદ્વારથી તમારૂં કુશળ છે? જેના દેશમાં લાલન પાલનથી પ્રજાને સુખ છે તેજ રાજા મને પ્રિય છે. ૩૪ આપ જે ઇચ્છાથી દરીઆ ઉતરીને અહીં આવેલા છો અને સંદેશો લાવ્યા છો, તે સઘળું જો ખાનગી ન હોય તો આપ મને જણાવશો. અમે તમારૂં શું પ્રિય કરીએ? ૩૫ આ પ્રમાણે લીલા કરવા માટે અવતરેલા ભગવાનનાં વચન સાંભળીને તે બ્રાહ્મણે સઘળી વાત વિદિત કરી, અને રૂક્મિણીએ આપેલો પત્ર વાંચી સંભળાવ્યો. ૩૬

રૂક્મિણી લખેછે કે-"હે જગત્ સુંદર! હે જગત્મનોહર! લોકોના કાનથી સાંભળેલો આપનો યશ, લાજ વગરના મારા મનમાં વશી રહ્યા છે. ૩૭ હે મુકુંદ! આપ જે કુળ, રૂપ, વિદ્યા, શીળ અને અવસ્થાના પ્રભાવથી સર્વ લોકનાં નેત્રને આનંદ આપનાર છો, તે મારા મનમાં વશી રહ્યા છો. મનુષ્ય લોકને પ્રિય લાગો એવા તમે ઉંચા કુળની ગુણવંતી અને બુદ્ધિશાળી કન્યાને પરણવા યોગ્ય છો. ૩૮ માટે હે ભગવાન! હું તમને વરી ચુકી છું. મારો દેહ તમને અર્પણ કરેલો છે. માટે અહીં આવી આપ જે સિંહ રૂપ છો, તેના ભાગને પડાવી જતા શિયાળ રૂપ શિશુપાળને અટકાવો. ૩૯ પેલા ભવમાં જો મેં નવાણ બંધાવ્યાં હોય, અગ્નિહોત્ર, દાન, નિયમ અને વ્રત પાળ્યાં હોય અને આરાધના કરી હોયતો તમેજ અહીં આવી મારો હાથ ઝાલજો; શિશુપાળ મને સ્પર્શ ન કરે એમ કરજો. ૪૦ હે અજીત! વિવાહને આગલે દિવસે ગુપ્ત રીતે આવીને આપ મારૂં હરણ કરજો. શિશુપાળ આદિ રાજાઓની સાથે બીજા રાજાઓનાં અને જરાસંધનાં સૈન્યને હરાવી પોતાના પરાક્રમથી સર્વ વસ્તુ મેળવનાર આપ મારૂં રક્ષણ કરજો. અને મને હરી જઇને રાક્ષસવિધિથી પરણજો. ૪૧

અંત:પુરની સ્ત્રીઓ અને બંધુઓને તજી મારાથી કેમ અવાય? એવી શંકા લાવશો નહિ. અમારા કુળનો એવો ચાલ છે કે લગ્નને આગલે દિવસ દરેક કન્યાને કુળદેવી પાર્વતીનાં દર્શન કરવા જવું પડે છે. ૪૨ હે કમળ નેત્ર! શંકરની પેઠે અજ્ઞાન લોકો પોતાના દોષ ટાળવા માટે જેમના ચરણમાં પડે છે એવા આપ જો કૃપા નહીં કરો તો હું મારો દેહ વ્રતોથી દુર્બળ કરી નાંખીને તેનો ત્યાગ કરીશ. એ પ્રમાણે જન્માંતરો સુધી હું આપનેજ ભજીશ. એમ ઘણી વખત થશે ત્યારે આપની કૃપા મળશે. ૪૩

બ્રાહ્મણ કહે છે કે-હે યદુશ્રેષ્ઠ! હું જે સંદેશો લાવ્યો છું તેમાં પણ આવી હકીકત છે, માટે વિચાર કરીને હવે આપને જેમ કરવું યોગ્ય લાગે તેમ કરો. ૪૪

इत्येते गुह्यसंदेशा यदुदेव मयाहृताः ॥
विमृश्य कर्तुं यच्चात्र क्रियतां त-नंतरम् ॥

ઇતિ શ્રીમદ્ ભાગવત પુરાણના દશમસ્કંધ ઉત્તરાર્ધમાં રૂકિમણી સંદેશ નામે ૫૨ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૫૩ મો.

શ્રી કૃષ્ણ ભગવાને વિદર્ભ દેશમાં જઇને રૂકિમણીનું હરણ કર્યું.

શ્રીશુકउवाच.

वैदर्भ्याः स तु संदेशं निशम्य यदुनंदनः ॥
प्रगृह्य पाणिना पाणिं प्रहसन्निदमब्रवीत् ॥१॥

શ્રીશુકદેવજી કહેછે—હે રાજા! વિદર્ભ રાજાની કુંવરીનો સંદેશો સાંભળીને યદુનંદન શ્રીકૃષ્ણ ભગવાન બ્રાહ્મણનો હાથ ઝાલીને હસતાં હસતાં આ પ્રમાણે બોલ્યા. ૧

શ્રીભગવાન કહેછે—મારૂં મન પણ રૂકિમણીમાં લાગી રહ્યું છે, અને એ ચિંતાને લીધે મને ઊંઘ આવતી નથી. રૂકિમએ દ્વેષને લીધે મારો વિવાહ અટકાવ્યો છે તે વાત હું જાણું છું, ૨ પરંતુ લાકડાની સાથે લાકડાનું મથન કરીને જેમ અગ્નિની શિખા પ્રગટ કરાય છે તેમ રાજાઓનું મથન કરીને સુંદર અંગવાળી રૂકિમણીને હું હરણ કરી લાવીશ. ૩

શ્રી શુકદેવજી કહેછે—પછી પરમદહાડે રૂકિમણીનું લગ્ન છે, એવો વિચાર કરી શ્રી કૃષ્ણ ભગવાને પોતાના સારથિને બોલાવીને કહ્યું કે-હે દારૂક! મારો રથ જોડી લાવ. એટલે તે શબ્ય, સુગ્રિવ, મેઘપુષ્પ અને બલાહક નામના ચાર ઘોડા જોડેલો રથ લાવ્યો. ૪-૫ ભગવાન પેલા બ્રાહ્મણને લઈ તેમાં બેઠા, અને સપાટાબંધ એ આનર્ત દેશમાંથી વિદર્ભ દેશ ભણી વિદાય થયા. એક રાતમાં તેઓ કુંડિનપુર આવ્યા. ૬ પુત્રની મરજી પ્રમાણે ચાલનાર ભિષ્મક રાજાએ શિશુપાળને કન્યા દેવાની મોટી ધામધૂમ કરી રાખી હતી, અને પિતૃ, દેવતા, ગણપતિ વગેરેની પૂજાનો આરંભ કરાવી દીધો હતો. ગલીઓ, રાજમાર્ગ અને બજાર વગેરે વળાવી ઝડાવી પાણી છંટાવ્યાં હતાં, તથા સ્ત્રીઓ અને પુરૂષો પુષ્પની માળાઓ, સુગંધીદાર ફૂલના હાર અને સુંદર વસ્ત્રો ધારણ કરી ફરતા હતાં. ઘેરેઘેર અગરના ધૂપ થઇ રહ્યા હતા, ધ્વજા પતાકા અને તોરણો બંધાઈ રહ્યાં હતાં. ૭-૯ પિતૃ અને દેવતાઓની પૂજા કરી જમાડેલા બ્રાહ્મણો સ્વસ્તિવાચન કરાવી રહ્યા હતા, આખા નગરમાં આ પ્રમાણે વિવાહની ધામધૂમ ચાલી રહી હતી. ૧૦ રાજમહેલમાં સુંદર દાંતવાળી કન્યાને મંગળસ્નાન કરાવી સુંદર શણગાર પહેરાવીને સ્વસ્તિવાચન કરાવ્યું. ૧૧ ઉત્તમ બ્રાહ્મણોએ ઋગ્વેદ, યજુર્વેદ અને શામવેદના મંત્રોથી કન્યાને રક્ષાબંધન કર્યાં હતાં, તે પછી મુખ્ય પુરોહિતે અથર્વવેદના મંત્રોથી ગ્રહશાંતિનો હોમ કરાવ્યો. ૧૨ વિધિ જાણનારાઓમાં ઉત્તમ ભીષ્મક રાજાએ બ્રાહ્મણોને સોનું, રૂપું, વસ્ત્ર, તલ, ગોળ અને ગાયોનાં દાન દીધાં તથા પુત્રોના મંગળકાર્યનો પ્રારંભ કર્યો. ૧૩

આણી તરફ ચેદી દેશના રાજા દમઘોષે પોતાના પુત્ર શિશુપાળને મંત્ર જાણનારા બ્રાહ્મણો પાસે વિવાહને યોગ્ય કર્મ કરાવ્યું. ૧૪ અને તેણે મદ ઝરતા અને સોનાની માળાઓવાળા હાથીઓ, રથો, પગપાળાઓ અને ઘોડે સ્વારની અસંખ્ય સંખ્યાવાળું મોટું સૈન્ય લઈ પુત્રને પરણાવવા કુંડિનપુર તરફ પ્રયાણ કર્યું. ૧૫ જાન આવી પોહોંચતાં ભીષ્મક રાજાએ આદર સત્કારથી હર્ષપૂર્વક સામૈયું કરી જાનને માટે ખાસ બાંધેલા મંદિરમાં તેમને ઊતારો આપ્યો. ૧૬ શ્રીકૃષ્ણ તથા બળભદ્રના શત્રુ શાલ્વ, જરાસંધ, દંતવક્ત્ર વગેરે રાજાઓ શિશુપાળનો પક્ષ કરવા માટે મોટાં સૈન્ય લઇને જાનમાં આવ્યા હતા. ૧૭ "બળભદ્ર અને યાદવોનું સૈન્ય લઈ આવેલો શ્રીકૃષ્ણ જો કન્યાનુ હરણ કરશે તો આપણે સઘળા એકત્ર થઈ તેની સાથે યુદ્ધ કરીશું" આવો વિચાર કરી સૈન્ય તથા વાહન સાથે તેઓ તૈયાર થઇ આવ્યા હતા. ૧૮-૧૯ શત્રુઓનો વિચાર જાણવાથી બળભદ્ર પોતાના ભાઇને મદદ કરવા માટે હાથી, ઘોડા અને પાયદળવાળું મોટું સૈન્ય લઈ પાછળથી કુંડિનપુર આવ્યા. ૨૦-૨૧

સુંદર અંગવાળાં ભીષ્મકની પુત્રી રૂક્મિણી ભગવાનના ઉપર પત્ર લઈ મોકલેલા બ્રાહ્મણની વાટ જોતાં આ પ્રમાણે ચિંતા કરતાં હતાં. "હું મંદ ભાગ્યવાળી છું, વિવાહને આડી એકજ રાત છે, પણ ભગવાન આવ્યા નથી, આનું શું કારણ હશે તે મારાથી સમજાતું નથી. સંદેશો લઈ જનાર બ્રાહ્મણ પણ પાછો આવ્યો નહિ. ૨૨-૨૩ મને પરણવા તૈયાર થયા છતાં રખેને મારો દોષ એમના દીલમાં વસ્યો હોય અને પાછા વળી ગયા હોય? હું ખરેખર હીનભાગી છું. ૨૪ વિધાતા, સદાશિવ અને તેમનાં સતી સ્ત્રી પાર્વતી દુર હોવાથી રખેને એમને માર્ગમાંજ કંઇ અડચણ આવી હોય." ૨૫ આમ વિચાર કરતાં અને ભગવાનમાં તન્મય થઈ રહેલાં રૂક્મિણી ભગવાનને આવવાનો સમય થયો નથી, એમ ચિંતા કરતાં આંખોમાંથી આંસુ પાડવા લાગ્યાં. ૨૬ હે રાજા! રૂક્મિણી ચિંતા કરતાં હતાં, એટલામા તેમનો ડાબો પગ, ડાબી સાથળ, ડાબો હાથ અને ડાબી આંખ્ય ફરક્યાં. ૨૭ એ વખતે તુરતજ પેલો બ્રાહ્મણ મહેલમાં આવ્યો અને અંતઃપુરમાં રહેલાં રૂક્મિણીને શોક કરતાં દીઠાં. ૨૮ બ્રાહ્મણનું મોઢું પ્રસન્ન હતું, તેથી આ શુભ કામ કરી આવ્યો છે એમ અનુમાનથી માની રૂક્મિણીએ મંદહાસ્ય કરીને આદર પૂર્વક પૂછ્યું કે-૨૯ હે મહારાજ! ભગવાન આવી પોહોચ્યા કે નહિ? તેમણે જે વચન આપ્યું છે તે પાળશે કે નહિ? બ્રાહ્મણે કહ્યું કે-આવ્યા છે, ૩૦ એટલે રૂક્મિણી પ્રસન્ન થયાં, પણ પોતાની પાસે વધામણીમાં કાંઇ આપવા જેવું ન હોવાથી માત્ર તેને પ્રણામજ કર્યો, કારણકે લક્ષ્મીજીનો અવતાર રૂક્મિણી તેને બીજું શું આપે? જેને લાખો માણસો વંદન કરે છે એવાં લક્ષ્મીજીએ પ્રણામ કર્યો કે તરતજ તેના ભાગ્યનો ઉદય થઇ ગયો. ૧ શ્રી કૃષ્ણ બળદેવને પોતાની કન્યાના વિવાહ ઉપર આવેલા સાંભળી ભીષ્મક રાજા પૂજાના પદાર્થો લઈ વાજતે ગાજતે તેમની સામે ગયો. ૩૨ અને મધુપર્ક, સુંદર કપડાં તથા મનગમતી ભેટો આપી તેમનો સત્કાર કર્યો. ૩૩ તેમને સારો ઉતારો આપી તેમના ચાકર નોકર અને સૈન્યનો બંદોબસ્ત કરી આતિથ્ય કર્યું. ૩૪ એ પ્રમાણે બીજા પણ જે જે રાજાઓ આવ્યા હતા તેમને યથાઘટિત માન આપી વિદર્ભ રાજાએ સત્કાર કર્યો હતો. ૩૫ ભગવાનને આવ્યા સાંભળી કુંડિનપુરના લોક હરખભેર આંખ્યો ફાડી ફાડીને શ્રીકૃષ્ણચંદ્રના મુખનું પાન કરવા લાગ્યા, કેટલાએક કહેવા લાગ્યા કે-૩૬ રૂક્મિણીને યોગ્ય વર તો આજ છે, અને વહુ થવાને માટે પણ રૂક્મિણી એમને યોગ્ય છે. ૩૭ આપણું જો કંઈ પુણ્ય ઉદય થાય તો રૂક્મિણી આમનેજ પરણાવજો. ૩૮ પ્રેમથી બંધાયલા લોક આવી વાત કરતા હતા, એટલામાં મોટો વરઘોડો લેઇ અંબિકાનું પૂજન કરવા જવા માટે રૂક્મિણી પોતાના મંદિરમાંથી બહાર નીકળ્યાં. ૩૯ અંબિકાનાં ચરણારવિંદનું દર્શન કરવા

માટે જતાં રૂક્મિણી પગે ચાલતાં શ્રીકૃષ્ણચંદ્રના ચરણનું ધ્યાન ધરતાં હતાં. ૪૦ માતાઓ તેમની સાથે હતી, પોતે મૌન ધારણ કર્યું હતું, અને સખીઓ તેમને આગળ પાછળ વીંટાઇને ચાલતી હતી. શૂરવીર અને હથિયાર લઈ સજ્જ થયેલા યોદ્ધાઓ તેમની આગળ પાછળ ચાલતા હતા, અને મૃદંગ, શંખ, ઢોલ, તૂરી તથા ભેરી વગેરે વાજીંત્ર વાગતાં હતાં, ૪૧ હજારો વેશ્યાઓ ઉત્તમ પોષાક પેહેરી ઉપહાર લેઈ સાથે ચાલતી હતી, તેમજ પુષ્પની માળા, ચંદન, વસ્ત્ર અને આભૂષણોથી શણગારેલી બ્રાહ્મણની સ્ત્રીઓ પણ સાથે ચાલતી હતી. ૪૨ ગાતા અને સ્તુતિ કરતા ગવૈયા, વાજાં વગાડનાર માગધ અને બંદિજન તેમની સ્તુતિ કરતા ચાલતા હતા. ૪૩ દેવીનું મંદિર પાસે આવતાં રૂક્મિણીએ હાથ પગ ધોઈ આચમન કરી પવિત્રતાથી મંદિરમાં પ્રવેશ કર્યો. ૪૪ વિધિ જાણનારી વૃદ્ધ બ્રાહ્મણીઓએ તેમને શંકર પાર્વતીના ચરણમાં પ્રણામ કરાવ્યા, પ્રણામ કરતાં રૂક્મિણી બોલ્યાં કે-૪૫ હે અંબિકા! સંતાન સહિત પરમમંગળ રૂપ આપને હું પ્રણામ કરૂં છું. અને શ્રીકૃષ્ણ મારા પતિ થાય એવી આપ મારા ઉપર કૃપા કરજો. ૪૬ આ પ્રમાણે સ્તુતિ કર્યા પછી જળ, અક્ષત, ધૂપ, દીપ, માળા, ફૂલ અને આભરણો વગેરે ચઢાવી તેમણે પૂજા કરી. ૪૭ સૌભાગ્યવતી બ્રાહ્મણીઓએ મીઠું, માલપુડા, તાંબુલ, કંઠસુત્ર, ફળ અને શેરડીથી દેવીની પૂજા કરી. ૪૮ પછી રૂક્મિણીને આશિર્વાદ દીધા. રૂક્મિણી તેમને પ્રણામ કરી શેષ લીધા પછી મૌનવ્રત મુકી રત્નની વીંટીથી શોભતા હાથવડે દાસીનો હાથ ઝાલીને મંદિરમાંથી બહાર નીકળ્યાં. ૪૯-૫૦ દેવલોકની માયાની પેઠે તેમણે વીર લોકોને મોહ ઉપજાવવા માંડયો, પાતળી કમરવાળાં, એરીંગથી શોભતા મુખવાળાં, જુવાન અને નિતંબો ઉપરની કટિમેખળાથી મોહ ઉપજાવતાં હતાં, સ્તન ઉપડતા હતા, મુખ આગળ આવી રહેલા કેશોથી ડરતાં હોય તેમ નેત્રો ચંચળ હતાં. ૫૧ ત્યારે મુખ સ્વચ્છ હતું, મંદમંદ હાસ્ય કરતાં હતાં, પાકાં બિલોડાં જેવા હોઠની કાંતિથી દાંત રૂપી મોગરાનાં ફૂલ રાતાં થઇ ગયાં હતાં, એવાં રૂક્મિણી રૂમઝુમ કરતાં હંસના સરખી ચાલે ચાલવા લાગ્યાં, સુંદર જેવરની ઘૂઘરીઓથી હંસોનાં બાળ પ્રસન્ન થવા લાગ્યાં. અને ભેગા થયેલા વીર લોકો મોહ પામી ગયા ૫૨-૫૩ ચાલવાના મીશથી ભગવાનને પોતાની શોભા દેખાડતાં રૂક્મિણી જ્યારે માર્ગમાં થઇ ચાલવા લાગ્યાં, ત્યારે તેમના હાસ્યથી અને કટાક્ષથી સામૈયે આવેલા રાજાઓ મુર્છા ખાઇ ખાઈ હાથી, ઘોડા અને રથ ઉપરથી નીચે ઢળી પડવા લાગ્યા. ૫૪ ધીરે ધીરે પગલાં ભરતાં ભગવાનની વાટ જોતાં રૂક્મિણીએ ડાબા હાથથી પોતાના કેશ ઉંચા કરી શરમાતાં શરમાતાં વાંકી દૃષ્ટિથી રાજાઓના ટોળા સામું જોયું, એટલે શ્રીકૃષ્ણચંદ્ર તેમના જોવામાં આવ્યા. ૫૫ જોત જોતાંમાં રથ પાસે આવી પોહોચ્યો અને જેવાં તેમાં બેસવા જાય છે કે તરતજ શત્રુઓના દેખતાં શ્રીકૃષ્ણે તેમનું હરણ કર્યું. સઘળા રાજાઓનો પરાભવ કરી શ્રીકૃષ્ણે ગરૂડના ચિન્હવાળા પોતાના રથમાં કન્યાને ખેંચી લઇ સિંહ જેમ શિયાળીઆંના ટોળામાંથી પોતાનો ભાગ લઈ ચાલ્યો જાય તેમ શ્રીકૃષ્ણ ચાલ્યા ગયા. ૫૬ જરાસંધના હાથ તળેના રાજાઓ ભગવાનના આ કાર્યને સહન કરી શક્યા નહિ. તેઓ કહેવા લાગ્યા કે-અહો! હથિયાર લેઇ આવેલા છતાં મૃગ જેમ સિંહના યશ હરી લે, તેમ ગમાર ગોવાળીઓ આપણા યશ હરી ગયો. ધિક્કાર છે આપણા પુરૂષત્વને !!!

तं मानिनः स्वाभिभवं यशः क्षयं ।
परे जरासंधवशा न सेहिरे ॥
अहो धिगस्मान् यश आत्त धन्वनां ।
गोपैर्हृतं केसरिणां मृगैरिव ॥ ५७ ॥

ઇતિ શ્રીમદ્ ભાગવત પુરાણના દશમસ્કંધ ઉત્તરાર્ધમાં "રૂક્મિણી હરણ" નામે ૫૩ મો અધ્યાય સંપુર્ણ.

અધ્યાય ૫૪ મો.

શ્રીકૃષ્ણે રૂક્મિનો પરાજય કરી રૂક્મિણીને દ્વારકાં લઈ જઇને તેમની સાથે લગ્ન કર્યું.

श्री शुक उवाच.

इति सर्वे सुसंरब्धा वाहनारुह्य दंशिताः ॥
स्वैः स्वैर्बलैः परिक्रांता अन्वीयु र्धृतकार्मुकाः ॥ १ ॥

શ્રીશુકદેવજી કહેછે—ક્રોધના આવેશથી વાહનમાં બેશી તથા શસ્ત્રો લેઇ પોતાના સૈન્યની સાથે સઘળા રાજાઓ ભગવાનની પાછળ દોડયા. ૧ હે રાજન્! તેઓને આવતા જોઇ યાદવોના સેનાપતિઓ પોતાનાં ધનુષનો ટંકાર કરી તેમની સામે થયા. ૨ ઘોડા, હાથી અને રથમાં બેસવાની કુશળતાવાળા રાજાઓ વાદળાં જેમ પર્વત ઉપર વરસાદ વરસાવે તેમ યાદવ સેના ઉપર બાણોની વૃષ્ટિ કરવા લાગ્યા. ૩ રાજાઓનાં બાણોથી છવાઈ ગયેલું પોતાના પતિનું સૈન્ય જોઇ રૂક્મિણી ભયથી તથા લજ્જાથી શ્રીકૃષ્ણના સામું જોવા લાગ્યાં, ૪ તે ઉપરથી શ્રીકૃષ્ણે હસીને કહ્યું કે "હે સુંદર નેત્રવાળી! તમે ભય પામશો નહિ. શત્રુઓના સૈન્યને હમણાં નસાડી મુકવામાં આવશે." ૫ તે પછી ગદ અને બળભદ્ર બાણો મુકી મુકી શત્રુના હાથી, ઘોડા અને રથને પાયમાલ કરવા લાગ્યા. ૬ ઘોડેસ્વારનાં, હાથીપર બેસનારાંનાં અને યોદ્ધાઓનાં કુંડળથી શોભતાં મસ્તક રણસંગ્રામમાં પડવા લાગ્યાં.૭ ખડ્ગ, ગદા અને ધનુષવાળા હાથ, પગ તથા ઘોડા, ખચ્ચર, હાથી, ઊંટ ને ગધેડાં વગેરે રણભૂમિમાં પડી મરણ પામવા લાગ્યાં. ૮ યાદવોના સખત મારાથી જરાસંધ આદિ રાજાઓ રણમાંથી પાછે પગલે નાસવા લાગ્યા. ૯ સુકાતે મોઢે નિરાશ થયેલા, નિસ્તેજ થઇ ગયેલા અને જેમ પોતાની પરણેલી સ્ત્રીનું હરણ થયું હોય તેમ લેવાઇ ગયેલા શિશુપાળ રાજાને તેના પક્ષના રાજાઓ કહેવા લાગ્યા કે-૧૦

"હે રાજન્! આ બાબતનો શોક છોડી દો. જગતમાં સારા માઠાની સ્થિરતા છેજ નહિ. ૧૧ જેમ લાકડાની પૂતળી દોરી સંચારાથી નાચે છે, તેમ ઈશ્વરના તત્રમાં રહેલા પ્રાણીઓ સુખ દુઃખ પામ્યા કરે છે. ૧૨ જરાસંધે કહ્યું કે—"ત્રેવીસ અક્ષોહિણી સૈન્ય લેઈ કૃષ્ણની સામે લડવા છતાં હું સત્તરવાર હાર્યો છું. માત્ર એકજવાર જીત્યો હતો, ૧૩ પરંતુ તેનો મને હર્ષ શોક થતો નથી, કારણ કે દૈવે પ્રેરેલા કાળે આ જગતને પરાજય પમાડેલું છે. ૧૪ આપણે જે વીર લોકના સર્વોપરી છીએ, તે હાલ કૃષ્ણના નાના લશ્કરથી પણ પરાજય પામ્યા છીએ. તેથી શું? ૧૫ શત્રુનો સમય અનુકુળ હોવાથી તે વિજય કરી ગયો છે. આપણો પણ અનુકુળ વખત આવશે ત્યારે જીતીશું." ૧૬ મિત્ર રાજાઓએ આ પ્રમાણે સમજાવ્યા પછી પોતાનાં માણસો લેઇ શિશુપાળ પાછો ફર્યો, અને બચેલું સૈન્ય લેઇ તેના પક્ષમાં આવેલા રાજાઓ પણ તેની પાછળ ગયા. ૧૭ પોતાની બેનનું હરણ થવાથી ક્રોધ પામેલો રૂક્મિ મોટા સૈન્યની સાથે પાછો ફરી રાજાઓના દેખતાં બોલ્યો કે—"કૃષ્ણને મારી રૂક્મિણીને પાછી લાવીશ, તોજ હું કુંડિનપુરમાં પ્રવેશ કરીશ. તમારી આગળ હું આ સત્ય પ્રતિજ્ઞા કરૂંછું." ૧૮–૨૦ આ રીતે કહી ઊતાવળો ઊતાવળો તે રથમાં બેઠો, અને સારથિને કહ્યું કે—"કૃષ્ણના રથની પાછળ ઘોડા મારી મૂક. ૨૧ હું એ ગોવાળિયાના પરાક્રમના અભિમાનને ઉતારી રૂક્મિણીને પાછી લાવીશ ત્યારેજ મારો ક્રોધ સમશે." ૨૨ આમ કહી શ્રીકૃષ્ણના પ્રભાવને નહિ જાણનારો રૂક્મિ તેમને પોહોચી વળ્યો. અને પાસે જઇને બોલ્યો કે—"હે દુષ્ટ! યજ્ઞમાંથી કાગડો જેમ બળિ લેઇ જાય તેમ તું મારી બેનને ક્યાં લઇ જાય છે? હે મંદબુદ્ધિવાળા! તું માયાવી, કપટી અને પ્રપંચી છે, પરંતુ આજે હું તારો ગર્વ ઊતારીશ. ૨૫ મારાં બાણથી પ્રાણ તજતા પેહેલાં છ

મારી બેનનો ત્યાગ કર.” શ્રીકૃષ્ણે હસતાં હસતાં બાણે બાણે મારી રૂક્મિના હાથમાંનું ધનુષ્ય પાડીનાંખીને તેના ચાર ઘોડા અને સારથિ વગેરેને વીંધી નાંખ્યા. રૂક્મિએ બીજું ધનુષ લેઈ ફરીને શ્રીકૃષ્ણને પાંચ બાણ માર્યાં. ૨૬–૨૭ શ્રીકૃષ્ણે તેનું ધનુષ કાપી નાંખ્યું. રૂક્મિએ ત્રીજું ધનુષ લીધું તે પણ તેમણે ભાગી નાંખ્યું. ૨૮ પછી રૂક્મિએ પરિઘ, પટીશ, ત્રિશૂળ, ઢાલ, તરવાર, અને સાંગ વગેરે જે જે આયુધ લીધાં તે સર્વ શ્રીકૃષ્ણે ભાગી નાંખ્યાં. ૨૯ ક્રોધ પામેલો રૂક્મિ હાથમાં ખડ્ગ ખેંચી પતંગીયું જેમ અગ્નિમાં પડવાને દોડે તેમ શ્રીકૃષ્ણની સામે દોડયો. ૩૦ શ્રીકૃષ્ણે દોડી આવતા રૂક્મિના હાથમાંની તરવાર, બાણ મારીને ભાગી નાંખી અને પોતે તેને મારવાને વાસ્તે ઉત્તમ તરવાર હાથમાં લીધી. ૩૧ પોતાના ભાઇને મારવાનો શ્રીકૃષ્ણનો ઉદ્દેશ જોઇ પતિને પગે પડી રૂક્મિણી બોલ્યાં કે–હે યોગેશ્વર! હે અપ્રમેયાત્મા! હે દેવ! હે જગત્પતિ! હે કલ્યાણ મૂર્તિ! તમારે મારા ભાઈને મારવા યોગ્ય નથી. ૩૨–૩૩

શ્રીશુકદેવજી કહેછે—ત્રાસથી ધ્રુજતા અંગવાળાં, શોકથી ગદ્ગદ થઈ ગયેલા મુખવાળાં, રૂંધાઇ ગયેલા કંઠવાળાં અને ગભરામણથી ખશી ગયેલાં આભરણવાળાં, રૂક્મિણીને પગે પડેલાં જોઈ શ્રીકૃષ્ણે રૂક્મિના ઉપર ઘા કર્યો નહિ, ૩૪ પરંતુ વસ્ત્રથી બાંધી લઇ તેની મૂછના અને દાઢીના વાળ કાપી નાંખી વિરૂપ બનાવ્યો. આણી તરફ હાથી જેમ કમળને તોડી નાખે તેમ યાદવોના સૈન્યે રૂક્મિના સૈન્યને છિન્નભિન્ન કરી નાંખ્યું. ૩૫ પછી બળભદ્રે ભગવાનની પાસે જઇને જોયું તો તેમણે રૂક્મિને રથે બાંધેલો દીઠો. હતપ્રાય થઈ ગયેલા અને બંધાયેલા રૂક્મિને જોઇ બળભદ્રે તેને છોડી મુકયો અને શ્રીકૃષ્ણને કહ્યું કે–૩૬ નિંદા થાય એવું આ કામ તમે કેમ કર્યું? દાઢી અને મુછના વાળ મુંડી નાંખી સંબંધીને વિરૂપ બનાવવો એ તેને માર્યા બરોબર છે. ૩૭ હે સારા સ્વભાવવાળાં રૂક્મિણી! તમારા ભાઇને અપમાન પોહોચ્યુ તેથી અમારા ઉપર રોષ આણશો નહિ. માણસને પોતાનું કર્મજ સુખ દુઃખ આપે છે. ૩૮ સ્નેહીએ દેહાંત શિક્ષા કરવા યોગ્ય અપરાધ કર્યો હોય, તોપણ તેને મારવો જોઇએ નહિ; પરંતુ તેનો ત્યાગ કરી દેવો, કારણ કે એ માણસ પોતાના દોષથીજ મરી ગયેલો છે. ૩૯ ભાઇએ ભાઇને મારી નાખવો એવો ક્ષત્રિયોનો ધર્મ બ્રહ્માએ બાંધેલો છે, માટે હે દેવી! આમાં અમારો અપરાધ ગણવો જોઇએ નહિ. ૪૦ જે લોક લક્ષ્મીના મદથી આંધળા બન્યા છે. તે રાજ્ય, પૃથ્વી, ધન કે સ્ત્રીને માટે સંબંધીનું અપમાન કરે છે તેને ધિક્કાર છે, આપણે હાથે એવું કાર્ય થવું ન જોઇએ. ૪૧ હે દેવી! જગતને કંટકરૂપ થઇ રહેલા તમારા ભાઇઓનું અજ્ઞાનીની પેઠે તમે સારૂં ઇચ્છો છો, એ તમારી ભૂલ છે, એમ કર્યાથી બીજા સંબંધીઓનું બુરૂં થાય છે. ૪૨ દેહને આત્મા કરી માનનારા મનુષ્યોને આ મારો મિત્ર, આ શત્રુ અને આ ઉદાસીન છે, એમ ઈશ્વરની માયાથીજ મનાય છે. ૪૩ પ્રાણી માત્રમાં આત્મા તો શુદ્ધ એકજ છે, છતાં જેમ એકજ ચંદ્ર પાણીમાં જુદા જુદા દેખાય છે, તેમ મુઢ લોક દેહાદિક ઉપાધિથી આત્માને અનેક પ્રકારના જાણે છે. ૪૪ આદિ અને અંતવાળો આ લોક ઇંદ્રિય, દેહ અને ગોલકવાળો છતાં અજ્ઞાનને લીધેજ પોતાનો માની ચોરાશીના ફેરામાં ફરે છે. આત્મા વગર બીજું સર્વ ખોટું છે અને આત્મા છે ત્યાં સૂધીજ દેહ કલ્પાયલો છે. ૪૫ હે સતી! આત્મા વગર બીજું સર્વ ખોટું છે. આત્માને દેહ સાથે સંયોગ કે વિયોગ નથી. દૃષ્ટિ અને રૂપ એક બીજાને દેખે છે, તેનું મુળ જેમ સૂર્ય છે, તેમ ઇંદ્રિયો અને ઇંદ્રિયોના દેવતા આત્માથીજ સિદ્ધ છે, એ સઘળું આત્માના કાર્ય રૂપ છે. ૪૬ જેમ વધવું અને ઘટવું ચંદ્રની કળાઓને છે, ચંદ્રને નથી; તેમ મરવું અને જીવવું દેહને છે પણ આત્માને નથી. અમાવાસ્યાને દહાડે કળાઓનો નાશ થતાં ચંદ્રનો ક્ષય થયો એમ કહેવાય છે, તેમ સામાન્ય રીતે દેહનો નાશ થતાં આત્માનો નાશ થયો એમ કહેવાય છે. ૪૭ સ્વપ્નામાં માણસ જેમ અમુક વસ્તુનો ભોક્તા અને ભોગ્ય થઇ અનુભવ લે છે, તેમ અજ્ઞાની માણસ સઘળા પદાર્થો ખોટા છતાં સં-

સારનો હ્લાવો લે છે. ૪૮ હે રૂક્મિણી ! મનને દુખવનાર અજ્ઞાનથી ઉત્પન્ન થયેલો શોક તત્વજ્ઞાનથી હઠાવીને તમે શાંત થાઓ. ૪૯

શ્રીશુકદેવજી કહેછે—બળભદ્રનાં વચન સાંભળી રૂક્મિણી શોકનો ત્યાગ કરી શાંત થયાં. ૫૦ પ્રાણજ જવા બાકી રહ્યા હતા એવો તથા શ્રીકૃષ્ણે છોડી મૂકેલો રુક્મિ પોતાને વિરૂપ બનાવ્યો તે વાત સંભારતો મનોરથ ભંગ થવાથી તથા બળ અને કાંતિ હરાઈ જવાથી નાખુશ થયો અને નગરમાં પાછા ન ફરવાની પ્રથમ જે પ્રતિજ્ઞા લીધી હતી તેને અનુસારે તેજ ઠેકાણે ભોજકટ નામનું નવું નગર વસાવીને રહ્યો. ભગવાન સઘળા રાજાઓને હરાવી રૂક્મિણીને લઇ દ્વારકાં આવ્યા અને વિધિ પ્રમાણે લગ્ન કર્યું. ૫૩ શ્રીકૃષ્ણના ઉપર ભક્તિ હોવાથી લોકોએ ઘેરઘેર ઉત્સવ કર્યો. મણિનાં કુંડળ પહેરી પ્રસન્ન થયેલાં સ્ત્રી પુરૂષો વિચિત્ર વસ્ત્રવાળાં વરવહુને ભેટ આપવા લાગ્યાં. ૫૪-૫૫ અને ઊંચા કરેલા ઇંદ્રધ્વજો, પુષ્પો, વસ્ત્રો અને તોરણો વગેરેથી યાદવોની નગરી શોભી રહી. કુંભ, અગરૂના ધૂપ અને દીવાઓથી લોકોએ પોતાનાં મંદિર શોભાવ્યાં. માર્ગમાં પાણી છંટાવ્યાં. ૫૬ અને ઉત્સવમાં આવેલા રાજાઓના મદઝરતા હાથીઓએ ઉપાડેલાં કેળો તથા સોપારીનાં ઝાડોથી નગર શોભી રહ્યું. ૫૭ ઉત્સાહથી કરતા કુરૂ, સંજય, કેકય, વિદર્ભ, યદુ અને કુંતિ દેશના રાજા એકમેકને મળી ભેટીને આનંદ પામ્યા. ૫૮ રાજકન્યાઓથી ગવાતું રૂક્મિણી હરણ સાંભળીને લોકો પ્રસન્ન થયા. ૫૯ હે રાજન્ ! લક્ષ્મીપતિ ભગવાને પછી લક્ષ્મીના અંશરૂપ રૂક્મિણી સાથે દ્વારકાંના રહેવાસીઓમાં ભળી મોટો ઉત્સવ કર્યો. ૬૦

द्वारकायामभूद्राजन् महामोदःपुरौकसाम् ॥
रुक्मिण्या रमयोपेतं दृष्ट्वा कृष्णं श्रियःपतिम्
॥ ६० ॥

ઇતિશ્રી ભાગવત પુરાણના દશમસ્કંધ ઉત્તરાર્ધમાં "રૂક્મિણી વિવાહ" નામનો ૫૪ મા અધ્યાય સંપુર્ણ.

અધ્યાય ૫૫ મો.

પ્રદ્યુમ્નનો જન્મ અને તેમણે શંબરાસુરનો કરેલો વધ.

श्री शुकउवाच-

कामस्तु वासुदेवांशो दग्धःप्रागुद्रमन्युना॥
देहोपपत्तये भूयस्तमेव प्रत्यपद्यत ॥ १ ॥

શ્રીશુકદેવજી કહેછે--હે રાજન્ ! પૂર્વે મહાદેવના ક્રોધથી બળી ગયેલો કામદેવ વાસુદેવના અંશથી દેહધારણ કરી ભગવાનને ત્યાં ફરીને ઉત્પન્ન થયો. ૧ શ્રીકૃષ્ણના વિર્યથી રૂક્મિણીને વિષે કામદેવનો અંશ ઉત્પન્ન થયો, તેનું પ્રદ્યુમ્ન નામ પાડયું. તે તેના પિતાથી કોઈ રીતે ઓછો નહોતો. ૨ તે કામદેવનો શત્રુ શંબરાસુર, પ્રદ્યુમ્નને પોતાના દુશ્મન જાણી તેમને દશ વાસા થયા નહોતા એટલામાં સુતિકાગૃહમાંથી હરી જઈ સમુદ્રમાં નાંખી આવ્યો. ૩ ત્યાં તેને એક મોટું માછલું ગળી ગયું. પછી એકવાર મચ્છીમારોની જાળમાં બીજાં માછલાં ભેગું તેજ માછલું પકડાયું ૪ તેને લઇ તેઓ શંબરાસુરને ત્યાં આપી આવ્યા, રસોઈ કરનારે જ્યારે તેને કાપ્યું ત્યારે તેમાંથી પેલો બાળક નીકળ્યો. સુંદર પુત્રને જોઈ રસોઇઆએ તે શંબરાસુરની દાસી માયાવતીને આપ્યો. એટલામાં નારદજી ત્યાં આવ્યા, તેમણે માયાવતીને કહ્યું કે-"હે સુંદરી ! શ્રીકૃષ્ણ ને રૂક્મિણીથી ઉત્પન્ન થયેલો આ કામદેવ છે. શંબરાસુરે તેને સમુદ્રમાં નાંખ્યો હતો." ૫-૬ આ માયાવતી પૂર્વે જન્મે કામદેવની સ્ત્રી રતિ હતી અને શંકરના કોપથી બળી ગયેલા કામદેવને ફરી મળવાની ઇચ્છા રાખતી હતી. ૭ માયાવતી શંબરાસુરની રસોઇયણ થઇને રહેલી હતી. માછલાના પેટમાંથી નીકળેલો કુંવર પોતાનો પતિ છે એમ જાણી તેનું પાલન કરવા લાગી. ૮ વખત જતાં છોકરો મોટો થયો અને જુવાની આવી ત્યારે સ્ત્રીઓને મોહ ઉપજાવવા લાગ્યો. ૯ હે રાજન્ ! કમળ જેવાં અને મોટાં નેત્રવાળા લાંબા હાથવાળા અને અત્યંત

રૂપાળા દેહધારી કામદેવને જોઇ માયાવતી (રતિ)પ્રસન્ન થવા લાગી. ૧૦ ત્યારે એક-વાર પ્રદ્યુમ્ને તેને કહ્યું કે–હે માતા! તમારી બુદ્ધિ ખરાબ થઇ છે. તમે માતાની પેઠે નહિ, પણ સ્ત્રીની પેઠે મારા તરફ નજર રાખો છો, તે ખોટું કરો છો. ૧૧ માયાવતી બોલી કે-હે પ્રભુ! તમે નારાયણના પુત્ર છો. શંબરાસુર તમને ત્યાંથી હરી લાવ્યો છે, હું અધિકારવાળી તમારી સ્ત્રી રતિ છું, અને તમે કામદેવ છો. ૧૨ દશવાસા થયા પહેલાં રાક્ષસે તમને હરી જઇ સમુદ્રમાં નાંખ્યા હતા, અને એક માછલું તમને ગળી ગયું હતું, એજ માછલું આ રસોડામાં આવતાં તમ તેના પેટમાંથી નીકળ્યા હતા. ૧૩ હે નાથ! હવે તમે મોટા થયા છો, માટે અનેક માયાઓને જાણનાર એ દુષ્ટ રાક્ષસને તમારી માયાથી મારી નાંખો. ૧૪ પુત્ર શોકવાળાં અને સ્નેહથી વ્યાકુળ થયેલાં રૂક્મિણી રાણી વાછડા વગરની ગાયની પેઠે તમારે માટે નિરંતર શોક કરે છે. ૧૫

શ્રી શુકદેવજી કહેછે–પછી માયાવતીએ પ્રદ્યુમ્નને મહામાયા નામની વિદ્યા શીખવી. ૧૬ પછી તે શંબરાસુર પાસે આવ્યા અને અનેક તિરસ્કાર કરી યુદ્ધ માટે તેને સામો બોલાવ્યો. ૧૬ તિરસ્કારથી ઉશ્કેરાયેલો અને પગ તળે કચરાયલા સાપની પેઠે ક્રોધથી રાતો પીળો થઇ ગયેલો શંબરાસુર હાથમાં ગદા લેઈ તેમની સામે થયો. ૧૮ ગદા તેમની સામે નાખી તેથી વજ્રના અથડાવા જેવી મોટી ગર્જના થઇ. ૧૯ હે રાજન્! અત્યંત ક્રોધ પામેલા પ્રદ્યુમ્ને તેની ગદાને પાછી વાળી પોતાની ગદા તેને મારી. ૨૦ મયદાનવે ઉત્પન્ન કરેલી દૈત્યોની માયાથી આકાશમાં ઊભેલો શંબરાસુર પ્રદ્યુમ્ન ઉપર અસ્ત્રની વૃષ્ટિ કરવા લાગ્યો, ૨૧ પછી પ્રદ્યુમ્નેતે દુષ્ટને પરાજય પમાડવા માટે સત્વગુણમય પોતાની મહામાયાનો પ્રયોગ કર્યો. ૨૨ યક્ષ, ગંધર્વ, પિશાચ, સર્પ અને રાક્ષસો વગેરેની માયાઓનો શંબરાસુરે પ્રદ્યુમ્ન ઉપર ઉપયોગ કર્યો. તેમણે તેની માયાઓને મટાડી દેઈ ઉતારેલી તરવારથી મોટા જોરથી ઘા કરી મુગટ અને કુંડળથી શોભતું અને રાતાં દાઢી મૂછવાળું શંબરાસુરનું માથું ધડ ઉપરથી જુદું કરી નાંખ્યું. ૨૩–૨૪ સ્તુતિ કરતા દેવતાઓએ પછી પ્રદ્યુમ્નને વધાવી લીધા અને રતિએ આવી આકાશ માર્ગે તેમને દ્વારિકામાં મુકી દીધા. ૨૫ હે રાજન્? હજારો સ્ત્રીઓથી ભરપૂર શ્રીકૃષ્ણ ભગવાનના અંતઃપુરમાં વિજળી સાથે જેમ મેઘ આવે તેમ તેમણે ઘરમાં પ્રવેશ કર્યો. ૨૬ શ્યામ દેહવાળા, પીળાં વસ્ત્રવાળા અને રાતી આંખોવાળા તથા સુંદર હાસ્ય કરતા પ્રદ્યુમ્નને શ્રીકૃષ્ણ ધારીને સ્ત્રીઓ લજ્જા પામી છુપાઇ ગઇ. ૨૭–૨૮ પરંતુ પછી કૃષ્ણમાં અને પ્રદ્યુમ્નમાં થોડોક ફેર જોઇ તેમની પાસે આવી. સ્નેહને લીધે પાનો ચઢી આવેલો હતો એવાં રૂક્મિણીએ તેમને ઓળખ્યા. "૨૯–૩૦ કમળ જેવાં નેત્રવાળા આ કોણ હશે? કોના પેટમાં પાક્યા હશે? અને આ સ્ત્રી તેને ક્યાંથી મળી હશે? એમ વિચાર કરી તે ફરીને બોલ્યાં કે ૩૧ મારો સુવાવડમાંથી ખોવાયેલો છોકરો આવોજ હતો, અને તેનાં રૂપ ગુણ પણ આવાંજ હતાં. ૩૨ આકૃતિ, શરીર, ગતિ અને હાસ્ય શ્રીકૃષ્ણના જેવાંજ આને કેવી રીતે મળ્યાં હશે? ૩૩ મારા ગર્ભમાં ઉત્પન્ન થયેલો આજ છોકરો હશે, એમ મને ખાત્રી થાય છે. કારણ કે મને એના ઉપર પ્રીતિ ઉત્પન્ન થાય છે અને મારૂં ડાબું અંગ ફરકે છે. ૩૪ રૂક્મિણી આ પ્રમાણે વિચાર કરતાં હતાં એટલામાં શ્રીકૃષ્ણ, વસુદેવ અને દેવકી ત્યાં આવી પોહોચ્યાં. ૩૫ ભગવાન સઘળું જાણતા હતા, પણ મૌન રહ્યા. પછી નારદજીએ આવીને અથ ઇતિ સઘળી વાત કહી સંભળાવી. ૩૬ આશ્ચર્યકારક વાત સાંભળી ફરીને સજીવન થયા હોય તેવો ઘણે વર્ષે આવી મળેલા પુત્રને જોઇ સઘળાંએ તેનો સત્કાર કર્યો. ૩૭ અને વસુદેવ, દેવકી, શ્રીકૃષ્ણ, બળભદ્ર, રૂક્મિણી, તથા બીજી સ્ત્રીઓએ એ જોડાને આલિંગન આપી મોટું માન આપ્યું. ૩૮ દ્વારિકાના લોક પણ આ વાત સાંભળીને ખુશી થયા. શ્રીકૃષ્ણના જેવું રૂપ જોઇ સઘળી સ્ત્રીઓ તેમના ઉપર સ્વામિની પેઠે ભાવનાઓ રાખી એકાંતમાં માતાપણું ભૂલી જવા લાગી, પણ આમાં કાંઇ

આશ્ચર્ય પામવું નહિ; કારણ કે તે કામદેવનો અવતાર હોવાથી સ્ત્રીઓને મોહ ઉત્પન્ન કરે એમાં નવાઇ શી? માતાઓની ભૂલ થઇ તો બીજી સ્ત્રીઓની ભૂલ થાય એમાં આશ્ચર્ય શું! ૩૯-૪૦

यंवै मुहुःपितृसरुपनिजेशभावा ॥
स्तन्मातरो यदभजन् रहरूढभावाः ॥
चित्रं न तत्खलु रमास्पद विंबविंबे
कामेस्मरेऽक्षि विषये किमुतान्य नार्यः ॥

ઇતિ શ્રીમદ્ ભાગવત પુરાણના દશમસ્કંધ ઉત્તરાર્ધમાં ૫૫ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૫૬ મો.

મિથ્યા કલંક લાગવાથી શ્રીકૃષ્ણે સ્યમંતક મણિ આણી આપ્યો તથા તે જાંબવતીને તથા સત્યભામાને પરણ્યા.

श्रीशुकउवाच.

सत्राजितः स्वतनयां कृष्णायकृतकिल्बिषः ॥
स्यमंतकेन मणिना स्वयमुद्यम्य दत्तवान् ॥१॥

શ્રીશુકદેવજી કહેછે-હે રાજા! અપરાધમાં આવેલા સત્રાજીતે પોતેજ ઉદ્યમ કરીને સ્યમંતક નામના મણિ સહિત પોતાની કન્યા ભગવાનને આપી હતી. ૧

પરીક્ષિત રાજા પૂછે છે-હે મહારાજ! સત્રાજીતે ભગવાનનો શો અપરાધ કર્યો હતો? મણિ તેને ક્યાંથી મળ્યો હતો? અને શા માટે તેણે શ્રીકૃષ્ણને કન્યા પરણાવી હતી? ૨

શ્રીશુકદેવજી કહેછે-સત્રાજીત યાદવ સૂર્યનો ભક્ત હતો, અને સૂર્ય તેના મિત્રરૂપ થઈ રહ્યા હતા. સૂર્યનારાયણે પ્રસન્ન થઇ તેને સ્યમંતક નામનો મણિ આપ્યો હતો. ૩ હે રાજા! જ્યારે ગળામાં તે મણિ પહેરી સત્રાજીત દ્વારકાંમાં આવ્યો ત્યારે તેને સૂર્યની પેઠે પ્રકાશતો જોઈ સ્યમંતકના તેજથી અંજાઇ ગયેલા લોકો ચોપટ રમવા બેઠેલા શ્રીકૃષ્ણની પાસે જઇને કહ્યું કે-૪-૫ હે કમળનયન! હે નારાયણ! હે શંખ, ચક્ર, ગદાધારી! હે જગત્પતિ! હે દામોદર! કીરણના પ્રભાવથી મનુષ્યોનાં નેત્રને ઝંખાવી નાંખતા ભગવાન સૂર્યનારાયણ તમારાં દરશન કરવાને આવેછે. ૬-૭ હે મહારાજ! ત્રૈલોક્યમાં મોટા મોટા દેવતાઓ પણ આપનાં દર્શન ઇચ્છે છે. આ સૂર્યદેવ તમને યાદવમાં ગુપ્ત રહેલાજાણીને મળવા આવે છે. ૮ શ્રીકૃષ્ણ બોલ્યા કે-તમે ભૂલ ખાઓ છો. આ તો મણિના તેજથી પ્રકાશતો સત્રાજીત યાદવ છે. ૯ પછી સત્રાજીતે પોતાને ઘેર જઈ મોટો ઉત્સવ, મંગળકાર્ય અને વિધિ કરાવીને સ્યમંતક મણિને દેવસ્થાનમાં પધરાવ્યો. ૧૦ એ મણિ તેને દરરોજ આઠ ભાર સોનું આપતો હતો, અને જ્યાં તેનું પૂજન થતું ત્યાં દુકાળ, અકાળ મૃત્યુ, આધિવ્યાધિ, અને અશુભ થતું નહિ. માયાવી લોકો તેની પાસે પણ આવી શકતા નહોતા. ૧૧ યાદવોના રાજા ઉગ્રસેનની મારફત શ્રીકૃષ્ણે સત્રાજીતની પાસે તે મણિની માગણી કરી હતી, પરંતુ સારા ખોટાનો વિચાર કર્યા વગર સત્રાજીતે તે આપવાને ના પાડી હતી. ૧૨ એકવાર સત્રાજીતનો ભાઈ પ્રસેન તે મણિને ગળામાં પહેરી ઘોડે બેશી વનમાં શિકાર કરવા ગયો, ત્યાં તે એક સિંહની પછવાડે પડયો. સિંહે તેને અને ઘોડાને મારી નાંખી તે મણિ લેઇ લીધો, અને આગળ વનમાં ચાલ્યો ગયો, ત્યાં મણિ લેવાની આશાએ જાંબવાને તે સિંહને મારી નાંખ્યો. ૧૩-૧૪ જાંબવાને સ્યમંતકને પોતાની ગુફામાં રમતાં છોકરાંની રમતના રમકડા તરીકે રાખ્યો. જ્યારે પોતાના ભાઇને ન દીઠો, ત્યારે સત્રાજીત મનમાં સંતાપ કરતો કહેવા લાગ્યો કે-કંઠમાં મણિ પહેરી મારો ભાઇ મૃગયા રમવા ગયો હતો, તેને મણિ લેવાની ઇચ્છાથી કૃષ્ણે મારી નાંખ્યો હશે. કાનોકાન આ વાત આખા ગામમાં પ્રસરી ગઈ. ૧૫-૧૬ ત્યારે શ્રીકૃષ્ણ ભગવાન પોતાના ઉપર આવેલો અપરાધ ખોટો કરી બતાવવા માટે ગામના લોક સાથે વનમાં પ્રસેનની શોધ કરવા ગયા.

૧૭ વનમાં શોધ કરતાં પ્રસેન તથા તેનો ઘોડો મરી ગયેલા જણાયા. સિંહને પગલે આગળ ચાલતાં પર્વતની કરાડ આગળ સિંહને રીંછે મારી નાંખેલો જોવામાં આવ્યો. ૨૦ લોકને બહાર બેસાડીને શ્રીકૃષ્ણ ભગવાન ઘણાજ અંધારાવાળી રીંછના રાજાની ગુફામાં એકલાજ પેઠા. ૧૯ ને જોયું તો રીંછનાં છોકરાં સ્યમંતક મણિ લેઇ રમતાં હતાં. ભગવાન મણિ લેવા ત્યાં ઉભા રહ્યા, ૨૦ મનુષ્યને જોઈ રીંછનાં છોકરાંએ ભય પામીને કારમી ચીસ પાડી. છોકરાંની ચીસ સાંભળી મહા બળવાન જાંબવાન, ભગવાનના પ્રભાવને નહિ જાણતાં બહાર ધસી આવી તેમની સાથે યુદ્ધ કરવા લાગ્યો. ૨૧-૨૨ માંસના ટુકડા માટે જેમ બે બાજ લડે તેમ તેમણે ભયંકર યુદ્ધ કરવા માંડયું. આ યુદ્ધ ઝાડ, પથરા અને વજ્રના જેવી મુક્કીઓના માર મારતાં એક ઘડી પણ અટકયા વગર અઠ્ઠાવીશ દિવસ સુધી ચાલુ રહ્યું. ૨૩-૨૪ પછી ભગવાનની મુક્કીઓના પ્રહારથી જાંબવાનના સાંધા ઢીલા પડી ગયા, બળ જતું રહ્યું, અને શરીર પરસેવાથી નવાઇ ગયું, ત્યારે આશ્ચર્ય પામીને તે બોલ્યો. ૨૫

જાંબવાન કહેછે-હે સર્વ પ્રાણિયોના પ્રાણરૂપ, ઇંદ્રિય, દેહ અને મનના બળરૂપ, પુરાણપુરૂષ, સર્વના ઇશ્વર અને જગતને વશ કરનાર, મેં આપને ઓળખ્યા. ૨૬ જગતના પેદા કરનારને પણ તમે પેદા કરનાર છો, સઘળાં કાર્યના ઉપાદાન કારણ રૂપ છો, અને જગતને વશ કરનારાઓને પણ વશ કરનારા કાળમૂર્તિ છો, ઇશ્વરછો તથા સર્વ જીવોના શુદ્ધ આત્મા છો; આપ મારા ઈષ્ટદેવ રામચંદ્રજી છો, આપના પગની રજથી સમુદ્રના મગરો અને માછલાં પણ મોક્ષ પામ્યાં હતાં, સમુદ્રે માર્ગ આપ્યો હતો, તેના ઉપર સેતુ બંધાયો હતો, લંકા બળી ગઇ હતી અને રાવણનાં માથાં કપાયાં હતાં. ૨૮

શ્રીશુકદેવજી કહેછે-હે રાજન્ ! આ રીતે રીંછના રાજાને જ્ઞાન થતાં દેવકીના પુત્ર કમળનયન ભગવાને પ્રસન્ન થઇ તેના ઉપર હાથ ફેરવીને કહ્યું કે-"હે રીંછના રાજા ! સ્યમંતકમણિની શોધ કરવા માટે અમે આ ગુફાના દ્વાર આગળ આવ્યા હતા. લોકો બહાર બેઠા અને હું મારા ઉપર આવેલો મણિ ચોરવાનો મિથ્યા આરોપ મટાડવા માટે ગુફામાં આવ્યો." ૨૯-૩૧ પછી જાંબવાને ભગવાનનો સત્કાર કરવા માટે ઘણી પ્રીતિથી તે મણિની સાથે પોતાની જાંબવતી કન્યાનું દાન દીધું. ૩૨ ગુફા બહાર દ્વારકાંના લોક બાર દિવસ સૂધી ભગવાનની વાટ જોઇ પાછા ગયા. ૩૩ અને દેવકી, વસુદેવ, રૂક્મિણી તથા બીજા સંબંધીઓએ ગુફામાંથી બહાર નહિ નીકળેલા હોવાથી ભગવાનનો શોક કર્યો. ૩૪ સત્રાજીતનો તિરસ્કાર કરતાં દ્વારિકાંના લોકે ભગવાનને મળવા માટે ચંદ્રભાગા નામની દેવીની સ્તુતિ કરવા માંડી, ૩૫ જયારે દેવીએ આશિર્વાદ આપ્યો ત્યારે સિદ્ધ કામ કરી આવેલા ભગવાન સ્યમંતક અને જાંબવતી સાથે દ્વારિકામાં પ્રગટ થયા. ૩૬ જેમ કોઇ મુએલો પાછો આવ્યો હોય તેમ મણિ તથા સ્ત્રી સહિત ભગવાન પાછા આવ્યાથી લોકોએ મોટો ઉત્સવ કર્યો. ભગવાને પણ રાજાની સમક્ષ સભા ભરી સ્યમંતક મણિની સઘળી વાત કહી સત્રાજીતને બોલાવીને મણિ પાછો આપ્યો. ૩૭-૩૮ પોતે મુકેલો આરોપ ખોટો ઠરવાથી લજવાતો અને પશ્ચાત્તાપ પામતો સત્રાજીત નીચે મોઢે પોતાને ઘેર ગયો. ૩૯ બળીયા સાથે આ રીતે વેર થવાથી સત્રાજીતે પોતાના મનમાં વિચાર કર્યો કે-મારા ઉપર આવેલો અપરાધ મારે હવે શી રીતે ફેડવો ? કૃષ્ણને શી રીતે પ્રસન્ન કરવા ? કેવી રીતે મારૂં સારૂં થાય ? ટુંકી નજરવાળો ક્ષુદ્ર, મૂઢ અને ધનનો લોભી એવો હું શું કરૂં તો લોક મને ગાળો ન દે ? ૪૦-૪૧ સ્ત્રીઓમાં રત્ન જેવી મારી કન્યા સત્યભામા અને મણિ એમને આપું તો ઠીક, એ વિના બીજો ઉપાય નથી. ૪૨ આ પ્રમાણે વિચાર કર્યા પછી સત્રાજીતે પોતેજ ગોઠવણ કરી સત્યભામા અને સ્યમંતક મણિ બેઉ ભગવાનને આપ્યાં; ૪૩ જેને વાસ્તે ઘણાં માગાં આવતાં હતાં એવી રૂપાળી, શીળવાન અને ઉદાર મનવા-

થી સત્રાજીતની કન્યાને ભગવાન વિધિ પ્રમાણે પરણ્યા. ૪૪ પરણી ઉઠયા પછી તેમણે સત્રાજીતને કહ્યું કે તમારા મણિનું અમારે કામ નથી, તમે સૂર્યના ભક્ત છો માટે મણિ તમારી પાસે રહેવા દો. અમે તો આ કાર્યમાંથી ઉત્પન્ન થયેલા ફળના જ ભોગી છીએ. ૪૫

भगवानाह न मणिं प्रतीच्छामो वयंनृप ॥
तवास्तां देवभक्तस्य वयंच फलभागिनः ॥

ઇતિશ્રી ભાગવત પુરાણના દશમસ્કંધ ઉત્તરાર્ધમાં ભગવાન જાંબવતી તથા સત્યભામાને પરણ્યા એ નામે ૫૬ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૫૭ મો.

શતધન્વાને મારવાથી શ્રીકૃષ્ણને માથે ફરીથી મણિ ચોરવાનો આરોપ આવ્યો, તે અક્રૂર પાસેથી મંગાવીને દુર કર્યો.

શુક उवाच.

विज्ञातार्थोऽपि गोविंदो दग्धानाकर्ण्य पांडवान् ॥
कुंतीं च कुल्य करणे सहरामो ययौ कुरून् ॥१॥

શ્રી શુકદેવજી કહેછે—પાંડવો બળી ગયેલા નથી, એમ જાણવા છતાં પાંડવો તથા કુંતાજી લાક્ષાભવનમાં બળી ગયાં છે, એમ સાંભળીને લૌકિક વ્યવહાર સાચવવા માટે બળભદ્રને લેઈ ભગવાન હસ્તિનાપુર ગયા.૧ ત્યાં જઈ તેમણે ભિષ્મપિતામહ, કૃપાચાર્ય, વિદુર, ગાંધારી અને દ્રોણાચાર્યને મળી તેમના જેવુંજ દુઃખ દેખાડતાં કહ્યું કે-' અરેરે ! બહુ ખોટું થયું, ! હે રાજન ! આ વખતનો લાભ લેઇને દ્વારકાંમાં અક્રૂર તથા કૃતવર્માએ શતધન્વાને શીખવ્યુ કે-તું સત્રાજીત પાસેથી મણિ કેમ લેઈ લેતો નથી ? ૩ રત્નના જેવી કન્યા એણે તમને આપવાનું કહીકૃષ્ણને આપી દીધી, માટે એને મારી નાંખવો જોઇએ. ૪ આ બેઉ જણાએ ચઢાવેલો અને દુષ્ટબુદ્ધિવાળો શતધન્વા પોતાનું મરણ માગતો હોય તેમ ઊશ્કેરાઇ ગયો. અને એકવાર વખત મળતાં સત્રાજીતને તેણે સૂતો મારી નાંખ્યો.૫ સ્ત્રીઓ બૂમો પાડતી રહી, અને કસાઇ જેમ પશુને મારી નાંખે તેમ સત્રાજીતને મારીને પેલો મણિ લેઈ ગયો. ૬ પોતાના પિતાને મારી નાંખેલા જોઈ શોકથી ગદ્‌ગદ્ થઈ ગયેલાં સત્યભામા-હાય હાયરે પિતાજી! આ શું થયું ! ! એમ વિલાપ કરવા લાગ્યાં. ૭ પછી પોતાના બાપના શબને તેલની કોઠીમાં રાખી શોક કરતાં સત્યભામા હસ્તિનાપુર ગયાં, અને સઘળી વાત શ્રી કૃષ્ણને નિવેદન કરી. ૮ હે રાજા ! સસરાનું મૃત્યુ સાંભળી ઇશ્વરનો અવતાર છતાં મનુષ્યની લીલા કરતા ભગવાન બળભદ્રની સાથે શોક કરવા લાગ્યા. માણસોએ તેમનું મન મનાવી છાના રાખ્યા. ૯ ત્યારપછી તેઓ સત્યભામા તથા બળભદ્રજીની સાથે દ્વારિકાં આવ્યા અને શતધન્વાને મારવાની તથા મણિ લેઇ લેવાની ગોઠવણ કરવા લાગ્યા. ૧૦ શ્રી કૃષ્ણ પોતાની વેતરણમાં છે એવા સમાચાર જાણી શતધન્વાએ ભય પામી કૃતવર્માની મદદ માગી, ત્યારે તે બોલ્યો કે-શ્રી ભગવાન અને બળભદ્ર બળવાન છે, તેમનો અપરાધી થઇને હું શું સુખ પામું ? એમનો દ્વેષ કરવાથી મોટા બળ અને સમૃદ્ધિવાળો કંસ સહપરિવાર મરણ પામ્યો, અને જરાસંધ પણ સત્તર વાર તેમનાથી હારી ગયો હતો. ૧૧-૧૩ આ રીતે કૃતવર્માએ તેને મદદ કરવાની ના પાડી, ત્યારે તેણે અક્રૂરજીની પ્રાર્થના કરવા માંડી. અક્રૂરજીએ કહ્યું કે-તમે કહો છો તે ખરૂં, પણ એ બે ઇશ્વરનો અવતાર છે, માટે એમની સાથે વિરોધ કેમ થાય ? ૧૪ આ જગતને ઉત્પન્ન કરનાર. પાળનાર અને નાશ કરનાર એજ છે. એમની માયાને બ્રહ્માદિક પણ જાણતા નથી. ૧૫ સાત વરસની નાની વયમાં બાળક જેમ બિલાડીનો ટોપ ઉપાડે તેમ એમણે ગોવર્ધન પર્વતને તોળી રાખ્યો હતો. ૧૬ એ અદ્ભુત ક-

ર્મ કરનાર, અનંત, અવિનાશી, સર્વાત્મા અને જગતના આદિકારણ રૂપ ભગવાનને હું પ્રણામ કરૂંછું. ૧૭ જ્યારે અક્રૂરજીએ પણ તેને ના પાડી ત્યારે તે ઘણો ગભરાયો અને અક્રૂરજીને પેલો મણિ આપી સો યોજન દોડે એવા ઘોડા ઉપર બેશી દ્વારિકાંમાંથી નાશી ગયો. ૧૮ શ્રીકૃષ્ણ અને બળભદ્ર મોટા વેગવાળા ઘોડાઓ જેને જોડયા હતા, અને જેના ઉપર ગરૂડના ચિન્હવાળી ધ્વજા હતી એવા રથમાં બેશી તેની પાછળ પડયા. ૧૯ શતધન્વાનો ઘોડો મિથિલા નગરીના ઉપવનમાં પડી ગયો, તેથી તે પગપાળો દોડવા લાગ્યો ભગવાન પણ રથમાંથી ઉતરી પગપાળા તેની પાછળ પડયા. ૨૦ પછી તીવ્ર ધારવાળા સુદર્શન ચક્રથી ભગવાને તેનું માથું કાપી નાંખ્યું અને તેનાં વસ્ત્રોમાં મણિ શોધવા લાગ્યા, પણ મળ્યો નહિ, એટલે બળભદ્રને કહ્યું કે એને વૃથા માર્યો, એની પાસે મણિ નથી. ૨૧–૨૨ ભગવાનનાં વચન સાંભળી બળભદ્રને એવો શક આવ્યો કે કૃષ્ણ તેના ભાઇડીને મણિ આપવા મને પાણીની મુઠીઓ ભરાવે છે. પછી શ્રીકૃષ્ણને તેમણે કહ્યું કે "શતધન્વાએ તે કોઇને આપ્યો હશે, માટે દ્વારકાંમાં જઇ તપાસ કરો. ૨૩ વિદેહ રાજાને અને મારે પ્રીતિ છે, માટે હું મિથિલા નગરીમાં જઉં છું." એમ કહીને બળભદ્ર પછી ત્યાંથી મિથિલા નગરીમાં ગયા. ૨૪ જનકરાજાએ પૂજવા યોગ્ય બળભદ્રજીની વિધિપૂર્વક પૂજા કરી અને માન આપ્યું. ૨૫ બળભદ્રજી ત્યાં કેટલાંક વરસ સુધી રહ્યા. ધૃતરાષ્ટ્રનો પુત્ર દુર્યોધન આ વખતે જનકને ત્યાં રહેલો હતો, તે બળભદ્ર પાસે ગદાયુદ્ધ શીખ્યો. ૨૬ આણી તરફ ભગવાને દ્વારિકાંમાં આવી સત્યભામાને ખુશી કરવા શતધન્વાને માર્યાની વાત કહી. ૨૭ મણિ નહિ મળવાથી સત્યભામાને એવો શક આવ્યો કે, ભગવાન મણિ પોતાના ભાઇને આપી તેને જનકપુર મૂકતા આવ્યા છે, શ્રીકૃષ્ણે પછી સંબંધીઓની પાસે પોતાના સસરાની ક્રિયા કરાવી. ૨૮ અક્રૂર અને કૃતવર્મા શતધન્વાને મારી નાંખ્યાની વાત સાંભળી ભયથી દ્વારિકાંમાંથી નાશી ગયા. ૨૯ હે રાજા! "અક્રૂર દ્વારકામાંથી ગયા પછી પ્રજાને શરીરમાં તથા મનમાં દેવતા સંબંધી તથા ભૂત સંબંધી કેટલાક સંતાપ વારંવાર થવા લાગ્યા." એ રીતે કેટલાક મુનિઓ શ્રીકૃષ્ણનું મહાત્મ્ય ભુલી જઇને કહેછે. પરંતુ મુનિઓના જેમાં વાસ છે એવા શ્રીકૃષ્ણ ભગવાન જ્યાં હોય ત્યાં ઉત્પાત થવો કેમ સંભવે? ૩૦–૩૧ વળી કેટલાક મુનિઓ કેહેછે કે–અક્રૂરના ગયા પછી દ્વારિકાંના વૃદ્ધ લોકો કહેવા લાગ્યા કે–ઇંદ્ર જ્યારે વૃષ્ટિ કરતો નહી, ત્યારે કાશીના રાજાએ શ્વફલક યાદવને ગાંદીની નામની પોતાની પુત્રી આપીને વરસાદ વરસાવ્યો હતો, એમના પુત્ર અક્રૂરજી થયા હતા, માટે અક્રૂર જ્યાં હોય ત્યાં વરસાદ થતો હતો. ૩૩ પછી ભગવાને લોકનાં મન રાજી રાખવા માટે એક દૂત કાશી મોકલી અક્રૂરને દ્વારિકાં તેડાવ્યા. એમ કહેવાતુ કે ભગવાનેજ અક્રૂરને કાશી મોકલ્યા હતા, પણ બળભદ્ર અને સત્યભામાનો શક દૂર કરવાને તેમને તેડાવ્યા હતા. દ્વારિકાંમાં આવ્યા પછી ભગવાને હસતાં હસતાં તેમને કહ્યું કે–૩૪–૩૫ હે દાનપતિ! શતધન્વાએ મણિ તમને આપેલોછે, તે હું જાણું છું. ૩૬ સત્રાજીતને પુત્ર નથી, તેથી તેને જળદાન અને પિંડદાન આપી તેનું ઋણ પતાવી તેની જે મિલકત હોય તે તેની દીકરીના દીકરાને લેવાનો અધિકાર છે, તોપણ એ મણિ તો તમારી પાસેજ રહેશે; પરંતુ એ મણિને માટે બળભદ્રજીને મારા ઉપર શક આવ્યો છે, વાસ્તે અન્યોઅન્ય ભાઇઓનાં મન ઉંચાં ન થાય માટે તમે તે મણિ દેખાડો. મણિને વાસ્તે તમારાથી ના પડાય તેમ નથી. કારણ કે તમે સોનાની વેદીવાળા યજ્ઞો કર્યા છે, તે એ મણિ વગર કેમ થાય? ૩૭–૩૯ હે રાજન્! શ્રીકૃષ્ણ ભગવાનનાં આવાં વચન સાંભળી સૂર્યના જેવી કાંતિવાળો પેલો મણિ એક વસ્ત્રમાં વીંટાળીને અક્રૂરે ભગવાનને આપ્યો. ૪૦ બળભદ્રજી, સત્યભામાજી અને જ્ઞાતિબંધુઓને મણિ દેખાડી પોતાની

ઉપરનું કલંક ઉતારી શ્રીકૃષ્ણ ભગવાને પછી અક્રૂરજીને તે પાછો આપ્યો. ૪ જગતના ઇશ્વર શ્રીકૃષ્ણ ભગવાનના પરાક્રમવાળું, દુઃખને હરનારૂં અને મંગળરૂપ આ આખ્યાન જે માણસ સાંભળે છે, સંભારે છે, અને ભણે છે, તેને કદી અપકીર્તિ આવતી નથી, તેનાં પાપ દુર થઈ શાન્તિ પામે છે. ૪૨

यस्त्वेतद्भगवत ईश्वरस्य विष्णो-
र्वीर्याढ्यं वृजिनहरं सुमंगलं च ।
आख्यानं पठति शृणोत्यनु स्मरेद्वा
दुष्कीर्तिं दुरितमपोह्य याति शांतिम् ॥

ઇતિ શ્રીમદ્ભાગવત પુરાણના દશમસ્કંધ ઉત્તરાર્ધમાં "સ્યમંતક ઉપાખ્યાન" નામનો ૫૭ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૫૮ મો.

શ્રી કૃષ્ણનું પાંચ કન્યાઓ સાથે પરણવું.

शुक उवाच.

एकदा पांडवान्द्रष्टुं प्रतीतान्पुरुषोत्तमः ॥
इंद्रप्रस्थं गतः श्रीमान्युयुधानादिभिर्वृतः ॥१॥

શ્રી શુકદેવજી કહેછે—હે રાજન્! યુધાનની સાથે શ્રી કૃષ્ણ ભગવાન એકવાર પાંડવોને મળવા માટે ઇંદ્રપ્રસ્થમાં ગયા ૧ સર્વ લોકના ઇશ્વર શ્રીકૃષ્ણને જોઇ જેમ પ્રાણ આવતાં ઇંદ્રિઓ જાગૃત થાય તેમ પાંડવો ઉભા થયા. ૨ અને તેમના શ્રીઅંગને આલિંગીને પોતાના પાપથી મુક્ત થયા. સ્નેહથી ભરેલું તેમનું મુખ જોઇ પાંડવોને આનંદ થયો. ૩ યુધિષ્ઠિર ને ભીમસેન પોતાનાથી મોટા હતા, તેથી શ્રીકૃષ્ણ તેમને પગે લાગ્યા, અર્જુનને ભેટ્યા અને નકુળ સહદેવે તેમને પ્રણામ કર્યા. ૪ પછી નવાં પરણી આવેલાં દ્રૌપદી લજવાતાં લજવાતાં સુંદર આસન ઉપર બેઠેલા શ્રી કૃષ્ણ ભગવાનને પગે પડ્યાં. ૫ સાત્યકી અને બીજા જે માણસો તેમની સાથે આવ્યાં હતાં તેમને પણ સારૂં માન આપી પાંડવોએ આસન ઉપર બેસાડ્યા, ૬ પછી ભગવાન તેમની ફોઇ કુંતાજી પાસે જઈ પગે પડ્યા, અને કુંતાએ તેમના માથા ઉપર આનંદનાં આંસુ ભરેલી આંખે હાથ મુક્યો. ફોઇએ પોતાના ભાઈઓની અને ભત્રિજાએ ફોઈની તથા તેમના કુટુંબની કુશળતા પૂછી. ૭ પ્રેમથી ગદ્ગદ થઇ ગયેલાં ને પોતાના ઉપર પડેલાં દુઃખ સંભારી આંસુ પાડતાં કુંતાજીએ દરશન માત્રથી માણસના કલેશને મટાડનારા ભગવાનને કહ્યું કે-હે કૃષ્ણ! તમે અક્રૂરજીને અમારી સંભાળ લેવાને મોકલ્યા ત્યારથીજ અમે અમને કુશળ ગણીએ છીએ. ૯ જગતના ઇશ્વર એવા તમને મારૂં કે પારકું એવું નથી, એમ જાણીને તમે હમેશાં સર્વનો કલેશ હરોછો. ૧૦ યુધિષ્ઠિરે કહ્યું કે-હે પ્રભુ! યોગેશ્વરોને પણ દુર્લભ એવાં આપનાં દર્શન મને કયા પુન્યથી મળ્યાં હશે? તે હું સમજી શકતો નથી. ૧૧ પછી ચાર મહિના ચોમાસું આવવાથી અને યુધિષ્ઠિરનો આગ્રહ હોવાથી શ્રી કૃષ્ણ ઇંદ્રપ્રસ્થના લોકને આનંદ આપતા ત્યાંજ રહ્યા. અર્જુન વાનરની ધ્વજાવાળા સુંદર રથમાં બેશી અક્ષય ધનુષ અને ભાથા લઈ અનેક સાપ અને મૃગોથી ભરેલા વનમાં શ્રી કૃષ્ણની સાથે શિકારે ગયા. ૧૩-૧૩ ત્યાં વાઘ, પાડા, સુવર, શરભ, રોઝ, ગેંડા, સસલાં, હરણ વગેરે પ્રાણી હતાં. તેમનો ધનુષ બાણ લેઇ તેમણે શિકાર કર્યો. ૧૫ પર્વણીનો દિવસ હોવાથી સાથે આવેલા માણસો તે પશુઓને યુધિષ્ઠિર ની પાસે લેઇ ગયા, અને તૃષાતુર થયેલા તથા થાકી ગયેલા અર્જુન યમુનાજીના તટ ઉપર આવ્યા. ૧૬ યમુનાજીના કિનારા ઉપર શ્રી કૃષ્ણ તથા અર્જુને જઇ જળપાન કર્યા પછી તેમણે એક રૂપાળી કન્યા દીઠી. શ્રીકૃષ્ણચંદ્રે અર્જુનને તેની પાસે મોકલ્યા, અર્જુને તેને પૂછ્યું કે-હે સુંદર નિતંબવાળી તું કોણ છે? કોની પુત્રી છે? કયાંથી અને શું કરવા આવી છે? જો તને પતિની ઇચ્છા હોય તો કહે. ૧૭-૧૯

યમુનાજી કહેછે-હું સૂર્યની દીકરી છું, અને સર્વને વરદાન આપનાર તેજસ્વી શ્રી વિષ્ણુ મારા પતિ થાય એવી ઇચ્છાથી તપ કરૂંછું. ૨૦ લક્ષ્મીનો જેમાં વાસ છે, એવા

વિષ્ણુ શિવાય બીજાને હું ઇચ્છતી નથી, માટે અનાથ લોકના આશ્રય મુકુંદ ભગવાન મને પ્રસન્ન થાઓ ૨૧ મારું નામ કાલિંદી છે અને જ્યાં સુધી ભગવાનનાં દરશન થશે ત્યાં સુધી યમુનામાં બાંધી આપેલા આ ઘરમાં હું રહેવાની છું. ૨૨

શ્રી શુકદેવજી કહેછે-અર્જુને કાલિંદીની વાત શ્રીકૃષ્ણને કહી, પણ તે તો સઘળું જાણતાજ હતા, તેથી રથમાં બેસાડી તેને લઈ ઇંદ્રપ્રસ્થમાં યુધિષ્ઠિરની પાસે આવ્યા. ૨૩ પાંડવોના આગ્રહથી જ્યારે શ્રીકૃષ્ણ ભગવાન ઇન્દ્રપ્રસ્થમાં રહ્યા હતા, ત્યારે દેવ લોકના શિલ્પી વિશ્વકર્માએ તેમની આજ્ઞાથી આ અપૂર્વ નગર પાંડવોને માટે બાંધી આપ્યું હતું. ૨૪ સંબંધીજનનું પ્રિય કરનાર ભગવાને અર્જુનને અનુગ્રહ વગેરે આપવા માટે અર્જુને જ્યારે અગ્નિ પાસે ખાંડવવન બળાવ્યું હતું. ત્યારે તેના સારથિનું કામ કર્યું હતું. ૨૫ વનનું ભક્ષણ કરવાથી પ્રસન્ન થયેલા અગ્નિએ અર્જુનને ધનુષ, ભાથા, દિવ્ય શસ્ત્રો અને અભેદ્ય કવચ સાથે સફેદ ઘોડાની જોડ આપી હતી. ૨૬ વળી અગ્નિમાંથી મુકાવેલા મયદાનવે અર્જુનને માટે એક અલૌકિક સભા બનાવી આપી હતી, અને એજ સભામાં જળને ઠેકાણે સ્થળ અને સ્થળને ઠેકાણે જળ જોવાથી દુર્યોધન રાજા તેનું અવલોકન કરતાં વિભ્રમમાં પડયો હતો. ૨૭ એ સઘળું થયા પછી શ્રીકૃષ્ણ ભગવાન વળી પોતાના સ્નેહી સંબંધી અને યુધિષ્ઠિરની આજ્ઞા લઈ સાત્યકીની સાથે દ્વારામતી તરફ વિદાય થયા હતા. ૨૮ અને ત્યાં આવી શુભ ઋતુ અને શુભ સમયે યથાવિધિ પ્રમાણે તે કાલિંદી સાથે પરણ્યા હતા. ૨૯ દુર્યોધનની મતિ પ્રમાણે ચાલનારા અવંતીના વિંદ અને અનુવિંદ રાજાની મિત્રવિંદા નામની બેન જે શ્રી કૃષ્ણ ઉપર પ્રેમ ધરાવતી હતી અને જે તેમની ફોઈ રાજાધિદેવીની દીકરી થતી હતી, તેને તેઓ બળાત્કારથી પરણી આવ્યા. ૩૦-૩૧ હે રાજન્! કોશલ દેશના નગ્નજીત રાજાની રૂપવતી કુંવરી સત્યા ઉર્ફે નાગ્નજીતી હતી. તે કન્યા તીક્ષ્ણ શીંગડાંવાળા અને મહાબળવાન સાત સાંઢને જીત્યા વગર મળે તેમ નહોતું. તે કન્યાના રૂપની વાત શ્રી ભગવાનના સાંભળવામાં આવતાં પોતે સૈન્ય લઈ કોશલપુર ગયા અને રાજાએ તેમને ઘટે તેવું સન્માન આપ્યું. નાગ્નજીતી શ્રીકૃષ્ણ ભગવાનને જોઈ તેમના રૂપ ઉપર મોહ પામી અને મનમાં ને મનમાં બોલી કે-જો વ્રતાદિકવડે મેં શ્રી ભગવાનનું ધ્યાન કર્યું હોય તો આ શ્રીકૃષ્ણ મારા પતિ થઈ મારા નિર્મળ મનોરથ સફળ કરજો. બ્રહ્મા તથા લક્ષ્મી પણ જેમના ચરણની રજ પોતાના મસ્તક ઉપર ધરવા માટે સદા આતુર રહે છે, એવા લીલાવતાર ધારણ કરનારા શ્રીકૃષ્ણ ભગવાન મારા ઉપર પ્રસન્ન થજો. ૩૨-૩૭ રાજાએ વળી તેમની પૂજા કરીને કહ્યું કે-હે નારાયણ! હે જગત્પતિ! તમે આત્માનંદથી પૂર્ણ છો, તો હું આપનું શું પ્રિય કરૂં? ૩૮

શ્રીશુકદેવજી કહેછે-હે રાજા! પ્રસન્ન થયેલા ભગવાને આસન ઉપર બેસી મેઘના જેવી ગંભીર વાણીથી તે રાજાને કહ્યું કે-૩૯ હે રાજા! ધર્મમાં પ્રવર્તનાર ક્ષત્રિય પોતાને માટે કાંઈ વસ્તુની માગણી કરે એ યોગ્ય નથી, એમ વિદ્વાનોએ કહેલું છે, તોપણ તમારી સાથે સ્નેહ સંબંધ બાંધવાની ઇચ્છાથી. હું તમારી કન્યાની માગણી કરૂં છું. અમે કન્યા પરણવા માટે કન્યાના બાપને ધન આપનાર નીચ માણસ નથી. ૪૦

નગ્નજીત કહેછે—હે નાથ! ગુણના સ્થાન રૂપ અને જેના અંગમાં લક્ષ્મીનો વાસ છે એવા આપનાથી અધિક ગુણવાળો બીજો કયો વર છે? ૪૧ પણ હે યાદવોત્તમ! કન્યાનો વર શોધવા માટે તથા તેનાં પરાક્રમની પરીક્ષા કરવા માટે અમે આગળથીજ એવો ઠરાવ કરેલો છે કે- ૪૨ જે માણસ મદોન્મત્ત, જંગલી અને પુરૂષને દેખે ત્યાંથી મારી નાંખે એવા આ સાત બળદોને વશ કરે તેને એ કન્યા આપવી. ઘણા ઘણા રાજકુંવરો આવી ગયા; પરંતુ તે સઘળાઓનાં ગાત્ર આ બળદોએ ભાગી નાંખેલાં છે. ૪૩ હે યદુનંદન! હે લક્ષ્મીપતિ! બળદોને વશ કરો તો ઘણી

ખુશીથી અમે તમને કન્યાદાન દઈએ. ૪૪

શ્રીશુકદેવજી કહેછે—હે રાજા! નગ્નજીતનાં વચન સાંભળ્યા પછી શ્રીભગવાને સાત જુદાં જુદાં રૂપ ધારણ કરી તે બળદોને રમત માત્રમાં વશ કરીને પકડી લીધા. ૪૫ અને પછી જેઓનો ગર્વ તથા શક્તિ નાશ પામ્યાં હતાં એવા તે બળદોને નાથ ઘાલી બાળક જેમ લાકડાના બળદોને ઘસડી લાવે તેમ ભગવાન તેમને રાજાની પાસે ઘસડી લાવ્યા. ૪૬ ભગવાનનું પરાક્રમ જોઈ પ્રસન્ન થયેલા કોશલ દેશના રાજાએ પછી તેમને પોતાની કન્યા પરણાવી. ભગવાને વિધિપ્રમાણે તે સુંદર સુંદરીનું પાણિગ્રહણ કર્યું. ૪૭ પોતાની કન્યાને યોગ્ય વર મળવાથી પ્રસન્ન થયેલી કોશલેશ્વરની રાણીઓએ લગ્ન નિમિત્ત મોટો ઉત્સવ કરાવ્યો, ૪૮ શંખ, ભેરી, મૃદંગ વગેરે વાજીંત્ર વગડાવ્યાં, ગાયન થયાં અને બ્રાહ્મણો આશીર્વાદ આપવા લાગ્યા, પ્રસન્ન થયેલા લોકોએ સારાં સારાં વસ્ત્ર અને અલંકાર ધારણ કરી તે ઉત્સવમાં ભાગ લીધો. ૪૯ પછી નગ્નજીત રાજાએ પુત્રી તથા જમાઇનો સત્કાર કરી પેહેરામણીમાં દશહજાર ગાયો, વસ્ત્રાભૂષણોથી શણગારેલી ત્રણસેં દાસીઓ, નવ હજાર હાથી, તેનાથી સો ગણા રથ, રથોથી સોગણા ઘોડા અને ઘોડાઓથી સો ગણું પાયદળ વગેરે આપ્યું. ૫૦ ૫૧ સ્નેહથી ભરેલા હૃદયવાળા રાજાએ પછી મોટા સૈન્ય સાથે પોતાની પુત્રી તથા જમાઇને વિદાયગીરી આપી. ૫૨ યાદવો અને બળદોએ જેમનાં બળ ઉતારી દીધાં હતાં એવા રાજાઓએ કન્યા લઈને જતાં શ્રીકૃષ્ણને માર્ગમાં રોક્યા, ૫૩ પરંતુ બંધુનું પ્રિય કરનાર અર્જુને અનેક બાણોના સમૂહથી, સિંહ જેમ મૃગને મારી નાંખે તેમ તેમને મારી વિખેરી નાંખ્યા. ૫૪ પછી દેવકીના પુત્ર શ્રીકૃષ્ણ ભગવાન, સસરાએ આપેલી સમૃદ્ધિ લઇ દ્વારકામાં આવી સત્યભામાની સાથે રમણ કરવા લાગ્યા. ૫૫ પછી કેકય દેશમાં ઉત્પન્ન થયેલી પોતાની ફોઈ શ્રુતકીર્તિની પુત્રી ભદ્રાને તેના સંતર્દન વગેરે ભાઇઓએ આપવાથી તેની સાથે શ્રીકૃષ્ણ પરણ્યા. ૫૬ શુભ લક્ષણવાળી મદ્ર દેશના રાજાની કુંવરી લક્ષ્મણાને ગરૂડ જેમ અમૃત હરી લાવ્યા હતા તેમ શ્રીકૃષ્ણ તેને સ્વયંવરમાંથી ઉઠાવી લાવ્યા. ૫૭ આ પ્રમાણે ભગવાનને હજારો રૂપાળી રાણીઓ મળી હતી, કે જેમને તેઓ નરકાસુરને મારી બંધનમુક્ત કરી પરણી લાવ્યા હતા. (રૂક્મિણી, જાંબવતી, નાગ્નજીતી, ભદ્રા, લક્ષ્મણા, કાલિંદી, મિત્રવિંદા અને સત્યભામા એ આઠ શ્રીકૃષ્ણ ભગવાનની પટ્ટરાણીઓ હતી.) ૫૮

अन्याश्चैवंविधा भार्याः कृष्णस्यासन् सहस्रशः ॥
भौमं हत्वा तन्निरोधादाहृताश्चारु दर्शनाः ॥

ઇતિ શ્રીમદ્ ભાગવત પુરાણના દશમસ્કંધ ઉત્તરાર્ધમાં આઠ પટરાણી સાથે શ્રીકૃષ્ણનો વિવાહ નામનો ૫૮ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૫૯ મો.

શ્રીકૃષ્ણ નરકાસુરનો વધ કરીને હજારો રાજ કન્યાઓને પરણ્યા તથા સ્વર્ગમાંથી પારિજાતકનું ઝાડ લાવ્યા.

राजोवाच.

यथा हतो भगवता भौमो येन च ताः स्त्रियः ॥
निरूद्धा एतदा चक्ष्व विक्रमं शार्ङ्ग धन्वनः॥१॥

પરીક્ષિત રાજા પૂછેછે—હે મહારાજ! ભગવાને ભૌમાસુરને કેમ માર્યો ? અને તેણે સ્ત્રીયોને બંદીવાન કરી હતી તેનું કારણ શું તથા શારંગધનુષ ધરનાર ભગવાનનું કેવું પરાક્રમ હતું ? તે મને કહો. ૧

શ્રીશુકદેવજી કહેછે—વરૂણનું છત્ર, દેવમાતા અદિતિનાં કુંડળ, અને મણિગિરિ નામનું મેરૂ ઉપરનું ઇંદ્રનું સ્થાન નરકાસુર હરી ગયો હતો. તેથી ઇંદ્રે શ્રીકૃષ્ણની આગળ સત્યભામાના મંદિરમાં આવી સ્તુતિ કરી. તે ઉપરથી ભગવાન સત્યભામાને પોતાની

સાથે લઈ પ્રાગ્જ્યોતિ નામના તેના નગરમાં ગયા. ૨ તેના નગરની આસપાસ પર્વતોના અને શસ્ત્રોના ગઢ હતા, તથા જળ, અગ્નિ અને વાયુ આસપાસ રાખેલા હતા, અને મુર દૈત્યે તેની આસપાસ ભયંકર પાશ વિંટાળેલા હતા, તેથી એ નગરમાં પેસાય તેમ ન હતું. ૩ તોપણ ભગવાને ત્યાં આવી ગદાથી પર્વતના ગઢને, અસ્ત્રથી શસ્ત્રને, ચક્રથી વાયુ વગેરેને અને ખડ્ગથી પાશને છેદી નાંખી, યંત્રો અને વીરલોકના હૃદયોને શંખનાદથી ચૂર્ણ કરી નાંખ્યાં. ૪–૫ પ્રલયકાળના કડાકા જેવા ભગવાનના પાંચજન્ય શંખનો શબ્દ સાંભળી જળની ખાઈમાં સુતેલો પાંચ માથાંવાળો મુરદૈત્ય જાગી ઉઠયો. ૬ અને સૂર્ય તથા અગ્નિના જેવું ત્રિશૂળ લઈ તે મહા ભયંકર દૈત્ય પોતાનાં મુખથી ત્રણે લોકને ગળી જવા આવતો હોય તેમ શ્રી ભગવાનના ઉપર ધસતાં તેણે મોટી ભયંકર ચીસ પાડી. ૭ તેની બુમથી આખું બ્રહ્માંડ ભરાઇ ગયું. ગરૂડ ઉપર તેણે પોતાનું ત્રિશૂળ નાંખ્યું; પરંતુ ભગવાને બે બાણથી તેને ભાગી નાંખી તેના મુખને બીજાં બાણોથી પુરી નાંખ્યું. તેણે વળી ગદા નાંખી, ભગવાને તેને પણ આવતાંજ પોતાની ગદાથી ભાગીને ભૂકો કરી નાંખી. પોતાનાં બે હથિયાર નકામાં જવાથી કોપ પામેલો તે દૈત્ય પછી હાથ ઉંચા કરી ભગવાન ઉપર આવ્યો, પરંતુ પાસે આવતા પહેલાં તો તેમણે તેનાં પાંચે મસ્તક લીલા માત્રમાં ચક્રથી કાપી નાંખ્યાં, ૮–૧૦ તેથી શિખરો પડી જવાથી બેડોળ લાગતા પર્વતની પેઠે તે મુઢ નિઃશ્ચેષ્ટ થઇ પાણીમાં પડયો. તામ્ર, અંતરિક્ષ, શ્રવણ, વિભાવસુ, વસુ, નભસ્વાન્ અને અરૂણ નામના તેના સાત પુત્રો પિતાને રણમાં પડેલો જોઇ અત્યંત ક્રોધથી ભગવાન સામે યુદ્ધ કરવાને તૈયાર થયા. નરકાસુરની આજ્ઞા અને પ્રેરણાથી પીઠ નામના સેનાધિપતિને આગળ કરી તેઓ શ્રીકૃષ્ણ ભગવાનની સામે લડવા માટે નગર બહાર નીકળ્યા. ૧૧–૧૨ ક્રોધને લીધે ભયંકર લાગતા દૈત્યોએ શ્રીકૃષ્ણ ઉપર બાણ, ગદા, સાંગ, ત્રિશૂળ, તરવાર, વગેરેનો ઉપયોગ કરવા માંડયો. રાક્ષસોનાં અસ્ત્રોના શ્રીભગવાને રાઇરાઈ જેટલા કટકા કરી નાંખ્યા. ૧૩ એટલુંજ નહિ, પરંતુ પીઠ વગેરે જે યોદ્ધાઓ મોટા મમત્વથી તેમની સામે યુદ્ધ કરવાને આવ્યા હતા, તેમનાં માથાં, જંઘાઓ, બાહુઓ અને અંગને વિંધી નાંખી તેમને યમપુરીમાં મોકલી દીધા. શ્રીકૃષ્ણ ભગવાને પોતાના ચક્ર અને બાણથી જ્યારે સઘળા રાક્ષસોને મારી નાંખ્યા અને મોટો સંહાર વળી ગયો, ત્યારે ભગવાનનું તેજ અને પરાક્રમ સહન ન થવાને લીધે પૃથ્વીનો પુત્ર નરકાસુર ક્ષીર સમુદ્રમાંથી ઉત્પન્ન થયેલા મદોન્મત્ત હાથીઓનું મોટું સૈન્ય લઇ શ્રી ભગવાનની સામે થવા માટે બહાર નીકળ્યો. સૂર્ય ઉપર વિજળી સહિત મેઘ બેઠો હોય તેમ સત્યભામાની સાથે ગરૂડ ઉપર ભગવાનને બેઠેલા જોઇ મોટા ક્રોધથી તેણે તેમની ઉપર શતઘ્ની નામનું શસ્ત્ર માર્યું; અને તેની સાથે આવેલા રાક્ષસવીર પણ એકદમ ભગવાનના ઉપર પોતાનાં અસ્ત્રોનો પ્રયોગ કરવા લાગ્યા. ૧૪–૧૫ તીવ્ર ધારવાળાં બાણોથી શ્રીકૃષ્ણ ભગવાને નરકાસુરના યોદ્ધાઓનાં માથાં, હાથ તથા જંઘાઓ ચીરી નાંખી કેટલાક ઘોડા અને હજારો હાથીઓનો સંહાર વાળી નાંખ્યો. ૧૬ ભગવાન જ્યારે ભૌમાસુરના સૈન્યનો નાશ કરતા હતા, ત્યારે તેમનો વિહંગરાજ ગરૂડ પોતાની પાંખોથી હાથીઓને કચરી નાંખતો હતો. યોદ્ધાઓનાં શસ્ત્રો અને અસ્ત્રોનો ભગવાને ત્રણ બાણ મારી ભાગીને ભુકો કરી નાંખ્યો. ગરૂડે પાંખથી, ચાંચથી, અને પંજાથી મારી મારીને નરકાસુરના હસ્તિદળને ગામમાં નસાડી મુક્યું. ૧૭–૧૯ હસ્તિદળને નસાડી મુકનાર ઉપર ક્રોધે ભરાયલા તે દૈત્યેશ્વરે પછી વજ્રને પણ જેણે એક વાર ઝીલી લીધું હતું તેવી પોતાની સાંગ ગરૂડની ઉપર મારી, પરંતુ પુષ્પની માળાથી જેમ હાથીને અસર થાય નહિ, તેમ તેની સાંગથી ગરૂડને કંઈ થયું નહિ. ૨૦ ગરૂડ ઉપરનો ઉદ્યમ નિરર્થક જતાં ક્રોધે ભરાયલા નરકાસુરે શ્રી કૃષ્ણને મારવા

માટે પોતાનું ત્રિશૂળ ઉપાડયું. તેણે હજી તો ત્રિશુળ નાંખ્યું પણ નહોતું, ત્યાર પહેલાં શ્રીભગવાને અસ્ત્રાની ધાર જેવા ચક્રથી હાથી ઉપર બેઠેલા તે દુષ્ટનું માથું કાપી નાંખ્યું. ૨૧ અત્યંત તેજસ્વી મુગટ અને કુંડળવાળું પૃથ્વીપર પડેલું તેનું માથું શોભવા લાગ્યું. નરકાસુરનો વધ થતાં દૈત્યો ત્રાસ પોકારવા લાગ્યા અને ઋષિઓ તથા સાધુ પુરૂષો સારૂં થયું સારૂં થયું એમ બોલવા લાગ્યા. દેવલોકે પુષ્પવૃષ્ટિ કરી ભગવાનની સ્તુતિ કરવા માંડી. ૨૨ અને પૃથ્વી દેવીએ ત્યાં આવીને સુવર્ણ જેવાં અને રત્નથી જડેલાં અદિતિનાં કુંડળ, વૈજયંતી નામની અપુર્વ વનમાળા, વરૂણનું છત્ર અને એક ઉત્તમ મણિ ભગવાનના ચરણમાં મૂક્યાં. ૨૩ હે રાજા! વિનયથી નમ્ર થયેલાં પૃથ્વી દેવી દેવલોકથી પુજાયલા શ્રીકૃષ્ણ ભગવાનની સ્તુતિ કરવા લાગ્યાં. ૨૪

પૃથ્વી સ્તુતિ કરેછે—હે દેવના દેવ! હે ઇશ્વર! હે શંખ, ચક્ર અને ગદાધારી! હું આપને પ્રણામ કરૂંછું. હે પરમાત્મા! ભક્તોની ઇચ્છાનુસાર અવતાર ધારણ કરનારા આપને હું નમસ્કાર કરૂંછું. ૨૫ જેમની નાભિમાંથી કમળ થયું હતું અને જે નિરંતર કમળની માળાઓ ધારણ કરેછે, એવા આપ પરમાત્માને હું પ્રણામ કરૂંછું. કમળના જેવાં નેત્ર તથા ચરણવાળા આપને મારા નમસ્કાર હો. ૨૬ પદાર્થ માત્રના આશ્રય રૂપ, સર્વ વ્યાપક, અને સર્વોત્તમ ઐશ્વર્યવાળા આપને અમારા પ્રણામ હો. સંપૂર્ણ બોધવાળા, આદિપુરૂષ, અને કારણના પણ કારણ રૂપ આપને મારા પ્રણામ છે, ૨૭ પોતે અજન્મા છતાં જગતને ઉત્પન્ન કરનાર, મોટા વિરાટ સ્વરૂપ અને અણુ જેવા સૂક્ષ્મ દેહવાળા આપને મારા પ્રણામ છે. ૨૮ હે પ્રભુ! હે જગત્પતિ! આપને જ્યારે જગત ઉત્પન્ન કરવાની ઇચ્છા થાય છે, ત્યારે આપ પ્રથમ રજોગુણની વૃદ્ધિ કરી તેને ધારણ કરોછો, પ્રલયને માટે તમો ગુણને ઉત્પન્ન કરો છો, અને જગતના પાલન માટે તમે સત્વગુણને, ધારણ કરો છો. આપ આ પ્રમાણે ત્રણે ગુણને ઉત્પન્ન કરો છો, તથાપિ તેનાથી આપ લેપાતા નથી. કાળ, પ્રધાન અને પુરૂષ આપનાથી ભિન્ન નથી; પરંતુ આપ સર્વથી ભિન્ન છો. ૨૯ હે પ્રભુ! હું પૃથ્વી, જળ, વાયુ, આકાશ, દેવતાઓ, વિષયો, અહંકાર, ઇંદ્રિયો, મન, અને મહત્તત્વથી થયેલું આ જગત આપના બીજા સ્વરૂપમાં માત્ર ભ્રાંતિમય છે. ૩૦ હે શરણાગત વત્સળ! નરકાસુરનો પુત્ર ભગદત્ત આપનાથી ભય પામ્યો હતો તેને હું અત્રે લઈ આવી છું, તે આપના ચરણ કમળને પ્રણામ કરી તેનો આશ્રય લે છે, માટે આપ તેને શરણ આપી એનું પાલન કરો, અને સર્વ પાપને દૂર કરનારો આપનો શ્રીહસ્ત એના મસ્તક ઉપર ફેરવો. હે દેવ! આટલી એ બાળક ઉપર દયા કરો. ૩૧

શ્રી શુકદેવજી કહે છે—આ પ્રમાણે અતિ નમ્રતા પૂર્વક પૃથ્વી દેવી વિનંતી અને સ્તુતિ કરીને તેમની આજ્ઞા માટે ઉભી રહી. એટલે પરમકૃપાળુ ભગવાન દયા લાવી તેના પુત્રને અભય વચન આપી તેના ઘરમાં ગયા. ૩૨ નરકાસુરના મંદિરમાં ભગવાને સોળ હજાર ને એકસો રાજકન્યાઓને જોઈ, કે જેમને તે બળાત્કારથી તેમના પિતાઓ પાસેથી હરી લઇ આવ્યો હતો. ભગવાનને જોઇ પ્રસન્ન થયેલી તે કન્યાઓ તેમને પોતાના મનથી વરી, ૩૪ એટલુંજ નહિ, પણ તેમણે બે હાથ જોડીને એવી ઇચ્છા કરી કે શ્રીકૃષ્ણ ભગવાન અમારા પતિ થજો. ૩૫ પછી વાહનોમાં બેસાડી ભગવાને તેમને દ્વારકા મોકલાવી દીધી. અને નરકાસુરના ભંડારમાંથી રત્ન, મણિ અને અત્યંત સુંદર હાથી તથા ઘોડા મેળવી લીધા. ૩૬ ચાર ચાર દંતૂશળવાળા, ધીર, ગંભીર, મદ ગતિવાળા અને અત્યંત સુંદર ૬૪ હાથીઓ તેમણે દ્વારકાં મોકલી દીધા. ૩૭ પછી ભગવાન સ્વર્ગમાં ગયા અને કુંડળ દેવલોકની માતુશ્રી અદિતિને પાછાં આપ્યાં. ઇંદ્ર તથા ઇંદ્રાણીએ સત્યભામા સહિત તેમનું પૂજન કર્યું. ૩૮ પછી શ્રીકૃષ્ણ સત્યભામાની ઇચ્છાનુસાર

પારિજાતક નામના વૃક્ષને ઇંદ્રના ઉદ્યાનમાંથી ઉખેડી ગરૂડ ઉપર મુકી, દ્વારકામાં લઇ આવ્યા. ૩૯ સત્યભામાના વિહારભવનના ચોકમાં તેને વાવ્યું, એટલે તેના પુષ્પની સુગંધથી ખેંચાયેલા ભ્રમરો આકાશમાંથી પૃથ્વી ઉપર આવ્યા. ૪૦ પોતાનું કાર્ય કરી લેવા માટે પ્રથમ ઇંદ્રે પોતાના મુગટના મણિઓથી ભગવાનના ચરણને નમન કરી નરકાસુરના વધ માટે તેમની સ્તુતિ કરી હતી. તેજ ઇંદ્રે પાછળથી ભગવાન સાથે વિરોધ કર્યો, માટે એમજ કહેવું બેહેતર છે કે ધનવાનપણાને ધિક્કાર છે! ૪૧

પછી જેટલી કન્યાઓ હતી તેટલાં રૂપ લઈ તેઓની સાથે ભગવાન પરણ્યા, અને દરેકને જૂદા જૂદા સુંદર મહેલ રહેવા માટે આપ્યા.૪૨ જૂદાં જૂદાં સ્વરૂપ લઈ તેઓ સર્વેની સાથે રહી નિર્લેપ છતાં ગૃહસ્થાશ્રમીઓને ગૃહ વ્યવહાર શીખવાડવા માટે ગૃહસ્થાશ્રમ ભોગવવા લાગ્યા. તે સઘળી સ્ત્રીઓમાં લક્ષ્મીનો અંશ હતો, અને તેથી ભગવાન તેમની સાથે રમણ કરતા હતા. ૪૩ બ્રહ્મા પણ જેમની અકળ કળાને જાણતા નથી એવા ભગવાનમાં સ્વામિભક્તિ રાખી તે સ્ત્રીઓ હોંશથી વર્તવા લાગી, સ્નેહથી જોવા, અને બોલવા તથા લાજ કાઢવા લાગી. ૪૪ અનેક દાસ દાસીઓ હોવા છતાં ઘણીજ પ્રીતિથીતેઓ શ્રીકૃષ્ણ ભગવાનનેમાન આપવામાં,આસન,તથા પુજન, તાંબુલ, ચંદન, નવાણ અને ભોજન આપવામાં તૈયાર રહેતી હતી,એટલુંજ નહિ પણ તેઓ તેમના પગ ધોતી, પુષ્પ પહેરાવતી, પુષ્પ સુંઘાડતી, પવન ઢાળતી, કેશ સ્વચ્છ કરતી અને સુવાડતી હતી, ટુંકામાં તેઓ દાસી થઇને રહેતાં પ્રેમથી રસબસ રહેતી હતી. ૪૫

प्रत्युद्गमासनवरार्हणपादशौच ।
तांबुलविश्रमण वीजन गंधमाल्यैः ॥
केश प्रसार शयन स्नपनोपहार्यैः–
दासी शता अपि विभोर्विदधुःस्मदास्यम्॥

ઇતિ શ્રીમદ્ ભાગવત પુરાણના દશમસ્કંધ ઉત્તરાર્ધમાં "નરકાસુર વધ" નામે ૫૯ મો અધ્યાય સંપુર્ણ.

અધ્યાય ૬૦ મો.

શ્રીકૃષ્ણે હાસ્યવચનોથી રૂક્મિણીને રીસાવ્યાં અને પછીથી તેમને શાંત કર્યાં.

शुक उवाच.

कर्हिचित्सुखमासीनं स्वतल्पस्थं जगद्गुरुम्॥
पतिंपर्यचरद्भैष्मी व्यजनेन सखीजनैः॥ १ ॥

શ્રીશુકદેવજી કહેછે—એકવાર પોતાના પલંગપર બેઠેલા જગત્ગુરૂ ભગવાન શ્રીકૃષ્ણ પરમાત્માને પોતાની સખીઓ સાથે બેઠેલાં રૂક્મિણી પવન ઢાળતાં હતાં. ૧ જે ઇશ્વર પોતાની લીલાથી આ જગતને ઉત્પન્ન કરે છે, પાળે છે અને સંહારે છે, તે પોતાની લીલાઓનો અનુભવ કરવા અને મર્યાદાઓનું પાલન કરવાને યદુકુળમાં જન્મેલા હતા. રૂક્મિણીનું વિલાસભુવન મોતીની સુંદર ઝાલરો, મણિના દીવાઓ અને માળાઓથી શોભી રહ્યું હતું. ૩ પુષ્પની સુગંધ લેવા માટે આવેલા ભ્રમરો ત્યાં ગુંજારવ કરી રહ્યા હતા, જાળીને માર્ગે ચંદ્રમાનાં ઉજળાં કિરણ અંતઃપુરમાં પડી રહ્યાં હતાં, ૪ અને ઉપવનમાં વાવેલા પારિજાતકની સુવાસ સર્વત્ર ફેલાઇ રહી હતી. ધુપના ધુમાડા જાળીને માર્ગે બહાર પ્રસરતા હતા, ૫ અને દૂધના ફીણ જેવી ધોળી શય્યામાં શ્રીકૃષ્ણ ભગવાન બિરાજેલા હતા તથા રૂક્મિણી તેમની સેવા કરતાં હતાં. ૬ રત્નની દાંડીવાળો વીંઝણો સખીના હાથમાંથી લઇ તે તેમને પવન ઢોળતાં હતાં, ૭ અને મણિનાં ઝાંઝરના ઝમકાર, વિંટીઓ, કંકણ, પત્ર રચના, કુચ ઉપરના શીતળ લેપ, અમુલ્ય કટિમેખળા અને બીજાં આભૂષણોથી તેઓ પોતાના પતિનું મનરંજન કરતાં હતાં. ૮ શ્રીકૃષ્ણના અવતારને યોગ્ય રૂપવાળાં પોતે સાક્ષાત્ લક્ષ્મી છે એવા વિચારથી તથા પોતાના અલંકારોથી જેમનું મુખ હસી રહ્યું હતું એવાં રૂક્મિ-

ણીને આનંદથી પોતાની સેવા કરતાં જોઇ શ્રીકૃષ્ણ ભગવાને મજાક કરવા માટે હસતાં હસતાં કહ્યું કે-૯

શ્રીભગવાન કહેછે—હે રાજપુત્રી! દેવલોક જેવા બળ તથા ઐશ્વર્યવાળા, મોટા પ્રભાવવાળા, ધન, રૂપ તથા ગુણના ભંડારવાળા, અને ઉદાર તથા મોટા બળવાળા રાજાઓ તમને ઇચ્છતા હતા. ૧૦ તમારા ભાઇ તથા પિતાએ તેમની સાથે તમારૂં વેવીશાળ કર્યું હતું, એવા તમને ઈચ્છનારા શિશુપાળ વગેરે રાજાઓ તમને પરણવા માટે સ્વયંવરમાં આવી ચુકયા હતા, તેમ છતાં હે કમળનયને! એ સઘળા આશાભર્યા રાજાઓનો ત્યાગ કરીને તમે અમને કે જે તમારી બરોબરના નહોતા તેને કેમ પરણ્યાં? ૧૧ અમે તેઓ રાજાઓના ભયથી નાશીને સમુદ્રને શરણે આવેલા, બળવાન લોકની સાથે બાકરી બાંધનારા, અને રાજ્ય વગરના છીએ, તો મને તમે કેમ પરણ્યાં તે તો કહો? ૧૨ અજાણ, રીતભાત નહિ જાણનારા, અને સામાન્ય જનસમૂહથી જુદી રીતે ચાલનાર માણસની સાથે પાનું પાડનાર સ્ત્રીઓ પાછળથી પસ્તાય છે અને મનમાં મુંઝાય છે. ૧૩ અમે ધન તથા વૈભવ વગરના અને તેવાઓની સાથે મૈત્રીવાળા છીએ, એટલે ધનવાન, ઉદાર અને વૈભવશીલ લોકો અમને માનતા નથી. ૧૪ વળી હે સુંદરી! જેઓ ધન, વૈભવ, જન્મ, કુળ, ઐશ્વર્ય અને સ્થિતિથી સમાન હોય તેવા લોકો વચ્ચેજ વિવાહ વગેરે થવાં યોગ્ય છે. ઉચ્ચ અને નીચ વચ્ચેનો વિવાહ તથા મૈત્રીનો સંબંધ શોભતો નથી. ૧૫ હે વૈદર્ભિ! તમે અમને પરણતા પહેલાં લાંબો વિચાર કરેલો હોય એમ લાગતું નથી. અમે ગુણ રહિત અને ભિક્ષુકલોકથી માન પામનાર છીએ, તેને વરવામાં તમે કંઈ મોટું કાર્ય કર્યું નથી. ૧૬ હજી પણ જો તમારી ઇચ્છા હોય તો કોઈ ઉત્તમ બળવાળા અને વૈભવશીલ ક્ષત્રિય રાજાને વરો, કે જેથી આ લોકનાં તથા પરલોકનાં ઉત્તમ સુખ ભોગવી શકાય. ૧૭ શિશુપાળ, શાલ્વ, જરાસંધ, દંતવક્ત્ર અને તમારો મોટોભાઈ વગેરે સૌ મારો દ્વેષ કરતા હતા. ૧૮ તેથી તેઓ મદથી આંધળા બની ગયેલા અભિમાનીઓનો ગર્વ ઉતારવા માટે જ હું તમને હરી લાવ્યો છું, ૧૯ બાકી અમે સ્ત્રી, સંતાન કિંવા ધનની ઇચ્છા રાખનારા નથી. વળી અમે દેહ અને ઘરની લાલસાથી રહિત, દીવાની પેઠે માત્ર સાક્ષી રૂપે રહેનાર, ક્રિયા રહિત, અને ધન વગરના છીએ. માટે અમો પોતાના સ્વરૂપના લાભથી પૂર્ણ રહેનારા તમારા જેવાં રાજકુંવરીને યોગ્ય નથી. ૨૦

શ્રીશુકદેવજી કહેછે—હે રાજા! શ્રીભગવાન નિરંતર તેમની પાસે રહેતા હતા, તેથી "શ્રીકૃષ્ણને હુંજ વહાલી છું" એવો રૂક્મિણીને ગર્વ આવ્યો હતો, એ ગર્વ ઉતારવા માટે ભગવાને તેમને આટલાં વચન કહ્યાં, ૨૧ ત્રણે લોકના સ્વામીના પણ સ્વામી અને પોતાને અત્યંત પ્રિય એવા શ્રીકૃષ્ણ ભગવાનને મુખેથી કદી સાંભળવા યોગ્ય નહિ એવાં અપ્રિય વચન સાંભળી મનમાં ભય પામેલાં અને આંખમાંથી આંસુ પાડતાં રૂક્મિણી અત્યંત ચિંતામાં પડી ગયાં. ૨૨ લાલ નખની કાંતિવાળા પગના અંગુઠાથી ભૂમિ ખણતાં અને અંજન મિશ્રિત આંસુથી કેસરના લેપવાળા કુચને નવરાવતાં ઘણાજ દુઃખથી બોલી પણ ન શકવાને લીધે મૌન થઇ ગયેલાં રાણી રૂક્મિણી ભગવાનનાં વચન સાંભળીને નીચું જોઇ રહ્યાં. ૨૩ ભગવાનના મુખથી અપ્રિય વચન સાંભળવાને લીધે દુઃખ, ત્યાગની શંકાથી ભય, અને પશ્ચાત્તાપથી જેના વિચાર વ્યાકુળ થઇ ગયા હતા એવાં દેવી, શોકથી તદાકાર થઈ જતાં તેમના હાથમાંથી ચમ્મર અને કંકણ નીચે પડી ગયાં. શોકની વૃદ્ધિ થતાં પરવશ હોય એવો તેમનો દેહ મૂર્છાને લીધે ઢળી પડયો અને કેશ વિખરાઇ ગયા. ૨૪ ઉપહાસ્ય નહિ સમજનારાં દેવી રૂક્મિણીની આ સ્થિતિ જોઇ પરમકૃપાળુ શ્રીકૃષ્ણ ભગવાનને તેમના ઉપર દયા આવી. ૨૫ શ્રી ભગવાને ચાર હાથથી તેમને ધરતી ઉપરથી ઉપાડી લીધાં, તેમને આલિંગન આપ્યું, કેશ સમાર્યા અને મુખ લુછી નાંખ્યું. ૨૬ આં-

સુધી ભરેલાં નેત્રવાળાં અને આંસુથી ભીંજાયલા સ્તનવાળાં દેવીને પોતાના ખોળામાં બેસાડી શ્રીભગવાને પોતાના અશરણને શરણ આપનાર હાથથી આલિંગન દીધું અને પછી સાંત્વના કરવામાં ચતુર શ્રીકૃષ્ણ, ઉપહાસ્યને યોગ્ય નહિ એવાં તથા ઉપહાસ્યથી જેમની આવી સ્થિતિ થઇ હતી એવાં દેવી રૂકિમણીને શાંત કરવા લાગ્યા. ૨૭-૨૮

શ્રીભગવાન કહેછે—હે રૂકિમણી! તમારે મારા ઉપર રીસ લાવવી નહિ. હું સારી રીતે જાણું છું કે તમે મારોજ આશ્રય કર્યોછે. મેં જે કંઇ કહ્યું છે તે તમારો ઉત્તર સાંભળવા માટે હાસ્યવિનોદમાં કહ્યું છે. ૨૯ તમારા મનના કોપથી ફરકતા હોઠવાળું, ક્રોધથી રાતી થયેલી આંખોની અણીઓવાળું અને ભ્રકુટિથી શોભતું મુખ જોવાને માટે મેં મશ્કરીમાં આ સઘળું કહ્યું છે, એ કંઇ વાસ્તવિક વચન નથી. હે રીસાયલી! પોતાની વ્હાલીની સાથે વિલાસ, વિનોદ અને કટાક્ષમાં કાળ ગાળવો એજ ગૃહસ્થાશ્રમીઓનો એક મોટો લહાવો છે. ૩૦-૩૧

શ્રી શુકદેવજી કહેછે–હે રાજા! શ્રી ભગવાનનાં આ વચનો સાંભળી રૂકિમણીએ પોતાના ત્યાગનો ભય તજી દીધો. ૩૨ એટલુંજ નહીં પણ તેઓ જે મશ્કરી કરતા હતા તે જાણી વાંકાં તથા કોપથી મનોહર લાગતાં નેત્રોથી લાજ સહિત તેમના સામું જોઇ સ્નેહથી હાસ્ય ભરેલાં વચન કહેવા લાગ્યાં. ૩૩

રૂકિમણી કહેછે–હે કમળ નયન! તમે કહ્યું કે *–'અમે તમારા બરોબરીઆ નથી.' એ વચન તમે ખરાંજ બોલ્યા છો, કારણ કે પોતાના સ્વરૂપાનંદમાં મગ્ન રહેનારા અને બ્રહ્માદિના પણ સ્વામી એવા આપ, અને અજ્ઞાનજનથી સેવાતાં લક્ષ્મીરૂપ હું એ બેમાં મોટો ફેર છે. ૩૪ વળી આપે કહ્યું કે 'અમો રાજાઓથી ભય પામી સમુદ્રને શરણે આવેલા છીએ' તે પણ સત્ય છે, કારણ કે રાજાઓરૂપી વિષયોના સ્પર્શથી દૂર રહેલા આપ સાગરના જેવા મોટા અને અક્ષુભિત મનવાળા છો. વળી વિષયોની સાથે તલ્લીન રહી બળવાન બનેલી ઇંદ્રિયો જેવા બળવાનોની સાથે તમે દ્વેષ રાખનાર છો, એટલે બળવાન સાથે દ્વેષ રાખનાર એમ આપે જણાવ્યું તે પણ ખરૂં છે. તમે કહ્યું કે, 'રાજ્યાસનનો અમે ત્યાગ કરેલો છે' તે વાત પણ ખરી છે, કારણ કે રાજ્યાસન એ અજ્ઞાનથી ભરેલું અહંપદ છે, અને તમારા સેવકોએ પણ તેનો ત્યાગ કરેલો છે તો આપ તેનો ત્યાગ કરી દૂર રહેલાં હો એમાં શું આશ્ચર્ય પામવા જેવું છે? તમો અજાણી રીતભાતવાળા છો એમ જણાવ્યું તે વાત પણ ખરી છે, કારણ કે આપની ભક્તિ કરનારા મુનિજનની રીતભાત પણ આ લોકના જાણવામાં આવતી નથી, તો પછી આપની રીતભાત તો કેમજ જાણી શકાય? આપે કહ્યું કે "અમે સર્વ લોકથી ન્યારા પંથવાળા છીએ" તે પણ ખરૂં છે, કારણકે આપને અનુસરનારા લોકોનો માર્ગ જુદો હોય છે, તો પછી તમારો જુદો હોય એમાં શી નવાઇ? ૩૬ તમો કહોછો કે 'અમે નિષ્કંચન છીએ' તે ખરૂં છે. કારણ કે આપનાથી ભિન્ન કશું છેજ નહિ, એટલે આપ નિષ્કંચન છો, પરંતુ નિષ્કંચન એટલે દરિદ્રતા તો આપનામાં છેજ નહિ, તમે નિષ્કંચન જનોને પ્રિય છો, એ વાત પણ ખરી છે, કારણ કે બ્રહ્માદિક જે લોક દેહાભિમાન વગરના છે તેજ આપને પ્રિય છે. 'સમૃદ્ધિવાળા લોક અમને ભજતા નથી' એમ કહ્યું તે સાચું છે, કારણ કે ધનથી આંધળા થયેલા અને ઇંદ્રિયોનું પોષણ કરનારા લોક કાળરૂપ આપને ઓળખતા નથી, અને ઇંદ્રિયોને તૃપ્ત કરવામાંજ તેઓ આનંદ માને છે. ૩૭ તમે કહોછો કે–સમાનની સાથે વિવાહ અને મૈત્રીનો સંબંધ થવો ઘટિત છે,તે પણ ખરૂં છે, કારણ કે સર્વ પુરૂષાર્થમય અને આનંદસ્વરૂપ આપને તો આનંદની પ્રાપ્તીની ઇચ્છા વાળાઓજ ભજવાને સમર્થ છે, અને જેઓ બીજાં સુખડાંનો પરિત્યાગ કરી શકે

* શ્રીકૃષ્ણે પોતાના ૧૬ દોષ દેખાડીને રૂકિમણીનું ઉપહાસ્ય કર્યું હતું, તેના રૂકિમણી ઉત્તર આપેછે. અને તે દોષોનું ગુણો તરીકે પ્રતિ પાદન કરેછે.

છે, તેઓજ આપની સાથે મૈત્રી બાંધી શકે છે. આધિ વ્યાધિ અને ઉપાધિવાળી સંસારની ખટપટમાં પડેલા લોક આપની સાથે સંબંધ બાંધી શકતા નથી; પામર માણસો તો સ્ત્રી પુરૂષની ગાંઠથી જોડાય છે, આપની સાથે ગાંઠ બાંધી શકતાં નથી. ૩૮ તમને ભીખારી લોક વખાણે છે, એ વાત પણ ખરી છે, કેમકે પોતાનું સર્વસ્વ આપીને પરવારેલા ભિક્ષુક લોક આપની સ્તુતિ કરતા ફરે છે. વળી હે નાથ ! આપે મને સંબોધીને કહ્યું કે-'તું મને વૃથા વરી છે' પરંતુ તેમ નથી, હું તો આત્મારૂપ અને સ્વરૂપને જાણનાર આપને યોગ્ય ગણીને વરી છું. બ્રહ્માદિક પણ જેના પ્રભાવને જાણતા નથી એવા આપને વરવામાં મેં ટુંકી દૃષ્ટિથી માર્ગ લીધો નથી. ૩૯ સિંહ જેમ વનપશુઓને નસાડી મૂકી પોતાનો ભાગ લઈ જાય, તેમ તમે બીજા નિર્બળ રાજાઓને નસાડી મુકી મને મોટા વિજયથી હરી લાવ્યા છો. માટે તમે સમુદ્રનું શરણ લીધું છે એમ કહો છો તે સત્ય નથી. ૪૦ તમારે પાલવે પડનાર મુંઝાય છે એમ કહો છો તે ખોટું છે, કારણ કે અંગ, પૃથુ, ભરત, યયાતિ તથા ગય વિગેરે મોટા મોટા રાજાઓ સુખ, વૈભવ અને ઇંદ્રના જેવી સાહ્યબીનો ત્યાગ કરી આપને ભજવા માટે તમારે પાલવે પડયા છે અને તેઓ દુઃખ પામતા નથી, પણ પરમ ઉત્તમપદને પામી આપના સ્વરૂપને પામ્યા છે, તેમ હે પાતળિયા ! તમારે પાલવે પડનાર દુઃખ પામતું નથી, પણ પરમ આનંદઘનસ્વરૂપને પામે છે. ૪૧ સર્વ ગુણના સ્થાનરૂપ આપના ચરણકમળનો વાસ મેળવ્યા પછી કઈ અધમ સ્ત્રી બીજી વસ્તુની ઇચ્છા કરે ? અને બીજા અધમપતિને પાલવે પડે ? બીજા પતિ અનેક જાતના ભયથી દબાવલા છે, માટે હું જે આપને વરી છું તે યથાર્થ કર્યું છે. જેને માથે મોટા ભય ગાજે છે એવા બીજા પતિને કયી સ્ત્રી ઇચ્છે ? ૪૨ સર્વ લોકના ઇશ્વર અને સર્વ રીતે યોગ્ય એવા જગતના સ્વામી આપને વરવામાં મેં ટુંકી નજર વાપરી નથી, પણ યોગ્ય કર્યું છે. અવતારોના ફેરામાં ફરતી હું વારંવાર પ્રણામ કરી આપની પાસે માગી લઉં છું કે-મને તો સર્વ દુઃખથી મુક્ત કરનારાં આપનાં ચરણારવિંદ જન્મોજન્મ પ્રાપ્ત થજો. ૪૩ હે અચ્યુત ! બીજા બળવાન રાજાઓને માટે આપ બોલો છો, પરંતુ તેઓ તો સ્ત્રીઓના અંતઃપુરમાં રહેતાં ગધેડાની પેઠે માત્ર ભારજ ઉપાડે છે, બળદની પેઠે કામ કર્યા કરે છે, કુતરાની પેઠે અપમાન સહન કરે છે, અને બિલાડાની પેઠે નીચ અને દુષ્ટ લોકના ભયથી નિરંતર ભય પામતા રહીને પોતાનો કાળ ગાળે છે. તેઓ સર્વદા ઓશીયાળા જેવા અને દીન થઈ રહેલા જોવામાં આવે છે, તથા તેમની સ્ત્રીઓના કાનમાં શંકર અને બ્રહ્માની સભાઓમાં થતી આપની કથાઓનો એક અક્ષર સરખો પણ પડતો નથી. ૪૪ તમારાં ચરણ કમળની સુવાસ જેણે સુંઘી નથી, તેજ સ્ત્રી, બાહારથી દાઢી, મુછ, નખ, રૂવાડાં અને ચામડીથી મઢેલા શરીરવાળા મનુષ્યને પોતાનો પતિ માને છે, બાકી તેના પતિનો દેહ તો અંતે વિષ્ઠા જેવો છે, તે સડી જાય છે, અંદર કીડા પડે છે અને ગંધાય છે. એવા પતિનો દેહ માત્ર વાત, પિત્ત અને કફથી બનેલો પાણીના પરપોટા જેવો વાયુમય છે. ૪૫ હે ભગવાન ! મારી પોતાતાની ઇચ્છા એવી છે કે આપ મારા ઉપર કૃપા કરી જન્મોજન્મ મને આપની કિંકરી થવા દેજો, આપના ચરણકમળ ઉપર પ્રેમ થાય એજ મને મોટામાં મોટો લાભ છે અને એજ હું ઇચ્છું છું. હું માયા રૂપ છું તેના ઉપર આપ સૃષ્ટિની ઉત્પત્તિને માટે રજોગુણ રૂપી માયા રાખી કૃપાદૃષ્ટિ કરો છો, એ મારાં મોટાં સદ્ભાગ્ય છે એમ હું માનુંછું. ૪૬ હે મધુસુદન ! આપે મને બીજા ઉપર પ્રેમ કરવાનું કહ્યું તેના ઉત્તરમાં આપને જણાવવાનું કે કુંવારી અવસ્થામાં કદી કદી કન્યાઓને એમ થાય છે, કારણ કે પૂર્વે અંબા નામની કાશીરાજની કન્યાને કુંવારી અવસ્થામાં શાલ્વ ઉપર મોહ લાગ્યો હતો. ૪૭ વળી પરણેલી અધમ જાતની સ્ત્રીઓને પણ નવા નવા વર

કરવાની ઇચ્છા થાય છે, પરંતુ હે અમોઘ પરાક્રમવાળા! મારી તો નિરંતર તમારામાંજ પ્રીતિ જામી રહેલી છે. હે પ્રભો! વિદ્વાન પુરૂષે વ્યભિચારી સ્ત્રીને પોતાના ઘરમાં રાખવી જોઇએ નહિ, કારણ કે એવી દુષ્ટ વ્યભિચારીણી સ્ત્રીને ઘરમાં રાખવાથી પુરૂષનો આ લોક અને પરલોક બન્ને બગડે છે. ૪૮

શ્રીભગવાન કહેછે-હે સતિ! હે રાજપુત્રી! તમારા મુખમાંથી આવાં વચન સાંભળવા માટેજ મેં તમારી મશ્કરી કરી હતી. તમે જે વચનો કહ્યાં તે સત્ય છે. ૪૯ હે વિલાસવતિ! તમે મનથી જે જે મનોરથ ઇચ્છો છો, તે તે મનોરથ તમને તુરત પ્રાપ્ત થશે, કારણ કે તમે મારામાં પરમ ભક્તિ રાખો છો અને નિરંતર સાચા મનથી મને સેવો છો. હે કલ્યાણી! તમારા મનોરથનું પરિણામ પણ સારૂંજ આવશે. ૫૦ હે રાજપુત્રી! મેં આ વચનો કહી તમારી બુદ્ધિની પરીક્ષા કરી જોઇછે, અને હવે મને ખાત્રી થઇ છે કે તમારી ભક્તિ અને મતિ પતિ ઉપર નિશ્ચળ પ્રેમવાળી છે, અને તમે તેમાં યત્કિંચિત્ પણ ચળાયમાન થતાં નથી. તમારી મતિ બીજા વિષયમાં પ્રવૃત્ત થતી નથી. ૫૧ મોક્ષનો આપનાર હું છું અને જે દાંપત્ય સુખથી લુબ્ધ થયેલા લોકો મને ભજે છે તે મિથ્યા છે, કારણ કે એમ કરવાથી તેમને મોક્ષ મળતો નથી. ૫૨ મને ભજવામાં જે લોક સંપત્તિ અને વૈભવની ઇચ્છા રાખે છે પણ મને ઇચ્છતા નથી, તેમને મંદભાગ્યવાળા જાણવા, કારણ કે વિષય સુખ તો માણસને નરકમાં પણ મળી શકે છે. વિષયસુખ નરકની ખાણ જેવું છે, તે સહજ પ્રાપ્ત થાય છે. ૫૩ હે ગૃહિણિ! ખળ લોકથી મારી નિષ્કામ સેવા થઇ શકતી નથી, પણ તમે તો મારી તેવી સેવા ઘણીવાર કરી છે, માટે તમને ધન્ય છે. નિષ્કામ સેવાથી માણસને અનન્ય ફળની પ્રાપ્તિ થાય છે. સર્વે કર્મ મને અર્પણ કરનાર માણસ જન્મ મરણના ફેરામાંથી મુક્ત થાય છે. ઇંદ્રિયોની તૃપ્તિ માટે ઇચ્છા રાખનારી દુષ્ટ અને વિષયસુખની ઈચ્છાવાળી અભાગિણી સ્ત્રીથી પોતાના સ્વામીની આવી સારી સેવા કરાતી નથી. ૫૪ મારી નિષ્કામ સેવા કરનારી સ્ત્રીઓ મારા અંતઃપુરમાં બીજી પણ ઘણી છે, પરંતુ હે માનિનિ! તમારી નિષ્કામ સેવાથી તો અવધિ છે. તમારી ભક્તિ અને પ્રેમ પ્રારંભથીજ નિષ્કામ અને પૂર્ણ શ્રદ્ધાવાળાં છે; કારણ કે મારાં ગુણ કીર્તન સાંભળવાથીજ મોટા મોટા રાજાઓનો ત્યાગ કરી તમે તમારા વિવાહ સમયે છુપી રીતે મારા ઉપર એક ખાનગી બ્રાહ્મણ સાથે સંદેશો કહાવી મોકલ્યો હતો, ૫૫ તમારા ભાઇને યુદ્ધમાં મેં વિરૂપ બનાવ્યો અને અનિરૂદ્ધના વિવાહના ઉત્સવમાં જુગારની સભામાં અત્યંત અપમાન ભરેલા શબ્દોને માટે તેનો નાશ કર્યો. * તોપણ તમારી મારા ઉપરની ભક્તિ અવિચળ રહી છે, અને એવી ભક્તિથી અમે હવે તમારે વશ થઇ રહ્યા છીએ. ૫૬ તમે સંદેશો મોકલ્યો, એટલુંજ નહિ પણ મને આવતાં વાર થાય તો તમે તમારો ઉત્તમ દેહ, કે જે બીજાને મળવો દુર્લભ છે તેને પણ મારે માટે છોડી દેવાનો નિશ્ચય કર્યો હતો અને જગતને શુન્યરૂપ માન્યું હતું, એ તમારા ગુણનો બદલો મારાથી વાળી શકાય તેમ નથી, તમારા એ કામને અમે અભિનંદન આપીએ છીએ. ૫૭

શ્રીશુકદેવજી કહેછે—હે રાજા! જગતના ઇશ્વર શ્રી ભગવાન પોતે અનન્ય આત્મારામ હોવા છતાં મનુષ્ય લોકની લીલા કરવા માટે આ રીતે લક્ષ્મીના અવતાર રૂપ રૂક્મિણી સાથે નાના પ્રકારની ચેષ્ટાઓવાળી રમતો અને ગમ્મતો કરતા હતા. ૫૮ તેમ બીજી સ્ત્રીઓની સાથે પણ સમાન ભાવથી તેઓ એક ગૃહસ્થ મનુષ્યની પેઠે રમણ કરી સૌને સમાન રીતે પ્રસન્ન રાખતા હતા. શ્રીકૃષ્ણ ભગવાન તેમની સ્ત્રીઓમાં અને સ્ત્રીઓ તે-

---

* રૂક્મિના વધની કથા ૬૧ મા અધ્યાયમાં આવશે. આ ઉપરથી સમજાયછે કે રૂક્મિના વધ પછી આ ઉપહાસ કરેલો છે.

મનામાં અપૂર્વ પ્રેમથી તન્મય રહેતાં હતાં. ૫૯

तथान्यासा मपि विभुर्गृहेषु गृहवानिव ॥

आस्थितो गृहमेधीयान् धर्मांल्लोक गुरुर्हरिः ॥

ઈતિશ્રી ભાગવત પુરાણના દશમસ્કંધ પૂર્વાર્ધમાં "શ્રીકૃષ્ણ રૂકિમણી સંવાદ" નામનો ૬૦ મો અધ્યાય સંપુર્ણ.

અધ્યાય ૬૧ મો.

શ્રીકૃષ્ણનાં સંતાન તથા બળભદ્રે કરેલો રૂકિમનો વધ.

શ્રી શુકઉવાચ

एकैकशस्ताः कृष्णस्य पुत्रान्दशदशाबलाः ॥

अजीजनन्ननवमान्पितुः सर्वात्मसंपदा ॥ १ ॥

શ્રીશુકદેવજી કહેછે–શ્રીકૃષ્ણની સોળ હજાર એકસો ને આઠ સ્ત્રીઓએ પ્રત્યેકે ભગવાનના જેવા સુંદર દશ દશ છોકરાઓ જણ્યા. ૧ ભગવાનના આત્મારામત્વને ન જાણનારી રાજપુત્રીઓ (શ્રીકૃષ્ણની સઘળી સ્ત્રીઓ) તેમને પોતાના અંતઃપુરમાંથી બહાર ન જતા જોઈ તેમના ઉપર અત્યંત ભક્તિ અને પ્રેમ રાખતી હતી. ૨ ભગવાનનું કમળના જેવું સુંદર મુખ, લાંબા હાથ અને વિશાળ નેત્ર, પ્રેમ પૂર્વક હસવું તથા જોવું અને મધુર ભાષણ વિગેરેથી મોહ પામેલી સ્ત્રીઓ પોતાના અનેક વિલાસોથી તેમનું મન હરણ કરવાને સમર્થ થતી નહોતી. ૩ મુખ, હાસ્ય અને અંગના વિલાસોથી આલસ્યવાળાં તથા રતિની પ્રીતિથી પ્રેરાયલાં કટાક્ષો કરતી તે સ્ત્રીઓ કામશાસ્ત્રના પ્રસિદ્ધ ઉપાયો અને સાધનોથી પણ તેમને રીઝવવાને સમર્થ થતી નહોતી. અને શ્રીપરમાત્મા ભગવાન પોતે, સોળ હજાર એકસો ને આઠ સ્ત્રીઓ છતાં એકેમાં લુબ્ધ થઇ જતા નહોતા. ૪ બ્રહ્માદિક પણ જેની ગતિને જાણતા નથી, એવા શ્રીકૃષ્ણ ભગવાનને પામવાથી સઘળી સ્ત્રીઓ અત્યંત પ્રીતિના પુરમાં તણાતાં હાસ્ય, કટાક્ષ, વિલાસ અને નાના પ્રકારના વિહારમાં નવીન સંગમ કરતી આનંદથી પ્રફુલ્લ રહેતી હતી. ૫ દરેક રાણીની પાસે અનેક દાસીઓ હતી, તેમ છતાં પણ તેઓ દાસીની પેઠે ભગવાનને નવરાવતી, સુવાડતી, તેમના પગ ધોતી, પાન આપતી; વા નાંખતી, પગ તળાંસતી, કેશ હોળતી, મર્દન કરતી, ભોજન આપતી અને સેવા કરતી હતી. ૬ દરેકને દશ દશ પુત્ર હતા, તે સઘળાનાં નામ તો અત્રે ગણાય તેમ નથી, પણ તેમની મુખ્ય આઠ પટરાણીઓના પુત્રોનાં નામની ઉપેક્ષા કરવી યોગ્ય નથી, મુખ્ય પટરાણી શ્રી રૂકિમણીજીને પ્રદ્યુમન, ચારૂદેષ્ણ, સુદેષ્ણ, ચારૂદેહ, સુચારૂ, ચારૂગુપ્ત, ભદ્રચારૂ, ચારૂચંદ્ર, વિચારૂ અને ચારૂ એ દશ પુત્ર હતા, અને તેઓ સઘળા પિતા કરતાં જરાપણ ઉતરતા નહોતા. ૮-૯ સત્યભામાજીને ભાનુ, સુભાનુ, સ્વર્ભાનુ, પ્રભાનુ, ભાનુમાન, ચંદ્રભાનુ, બૃહદભાનુ, અતિભાનુ, શ્રીભાનુ અને પ્રતિભાનુ નામે દશ પુત્ર હતા. શ્રી જાંબવતીજીને સાંબ, સુમિત્ર, પુરૂજીત, શતજીત, સહસ્રજીત, વિજય, ચિત્રકેતુ, વસુમાન, દ્રવિડ, અને ક્રતુ નામના દશ પુત્ર થયા અને તેઓ ભગવાનને અત્યંત પ્રિય હતા. ૧૦-૧૨ નાગ્નજીતી રાણીને વીર, ચંદ્ર, અશ્વસેન, ચિત્રગુ, વેગવાન, વૃષ, આમ, શંકુ, વસુ, અને કુંત નામે દશ પુત્ર હતા. ૧૩ કાલિંદીજીને શ્રુત, કવિ, વૃષ, વીર, સુબાહુ, ભદ્ર, શાંતિ, દર્શ, પુર્ણમાસ, અને સોમક નામે દશ પુત્ર હતા. ૧૪ લક્ષ્મણા રાણીને પ્રઘોષ, ગાત્રવાન, સિંહ, બલ, પ્રબળ, ઉર્ધ્વગ, મહાશક્તિ, સહ, ઓજ અને અપરાજીત નામે દશ પુત્ર હતા. ૧૫ મિત્રવિંદાને વૃક, હર્ષ, અનિલ, ગૃધ્ર, વર્દ્ધન, અન્નાદ, મહાશ, પાવન, વન્હિ, અને ક્ષુધિ નામે દશ પુત્ર હતા. ૧૬ શૈબ્યા રાણીને સંગ્રામજીત, બૃહત્સેન, શૂર, પ્રહરણ, અરિજીત, જય, સુભદ્ર, વામ, આયુ, અને સત્યક એ દશ પુત્ર હતા. વળી સોળ હજાર એકસોને આઠ ‡ સ્ત્રીઓમાંની રોહિણીને દિપ્તીમાન, તામ્રતપ્ત, વગેરે પુત્રો હતા. હે રા-

---

‡ મૂળ પ્રતમાં ૧૬૦૦૦ છે.

જન્! ભોજકટ નગરમાં રૂક્મિની પુત્રી રૂક્મવતીને પ્રદ્યુમ્ન પરણ્યા હતા, તેને મહા બળવાન અનિરૂદ્ધ નામનો પુત્ર ઉત્પન્ન થયો હતો. શ્રીકૃષ્ણ ભગવાનના બીજા પુત્રોને કરોડો પુત્ર તથા પૌત્ર હતા અને ઘણી રાણીઓ હોવાથી તેમની વસ્તી પણ ઘણીજ મોટી થઇ હતી. ૧૭-૧૯

પરીક્ષિત રાજા પૂછે છે—હે મહારાજ! શ્રીકૃષ્ણથી પરાભવ પામેલો રૂક્મિ નિરંતર તેમના ઉપર વેર લેવાને માટે તલપી રહ્યો હતો,તેણે પોતાની કન્યા પ્રદ્યુમ્નને કેમ આપીહતી હે વિદ્વાન! એકબીજાના શત્રુરૂપ થઈ રહેલા એ બે રાજાઓને વેહેવાઇનો સંબંધ કેવી રીતે થયો? તે આપ મને કહી સંભળાવો. ૨૦ રૂક્મિનો વિચાર તમારાથી અજાણ્યો નહિ હોય, કારણકે મહાયોગી એવા આપ ભુત, ભવિષ્ય અને વર્તમાન ત્રણે કાળના જાણુ છો, માટે હે મહારાજ! મને એ બાબત યથાસ્થિત કહો. ૨૧

શ્રીશુકદેવજી કહેછે—હે રાજન્! રૂક્મિએ પોતાની કન્યા રૂક્મવતીનો સ્વયંવર રચ્યો હતો, અને સાક્ષાત્ કામદેવના અવતાર રૂપ પ્રદ્યુમ્ન ઉપર તે મોહી પડી હતી. સ્વયંવરમાં તેણે પ્રદ્યુમ્નના કંઠમાં વરમાળા આરોપી, એટલે સઘળા રાજાઓના દેખતાં પ્રદ્યુમ્ને તેનું હરણ કર્યું, ૨૨ અને રૂક્મિને જો કે કૃષ્ણ ઉપરનું વેર સાંભરતું અને સાલતું હતું, તેમ છતાં પોતાની બેહેનને પ્રસન્ન કરવા માટે તેણે ભાણેજને કન્યા આપવા સામે વાંધો નહિ લીધો. ૨૩ હે રાજા! ચારૂમતી નામની વિશાળ નેત્રવાળી રૂક્મિણીની પુત્રી બળવાન કૃતવર્માના પુત્ર વેરે પરણાવી હતી.૨૪ અને રૂક્મિ સાથે વેર હોવા છતાં ભગવાનના પૌત્ર અનિરૂદ્ધને રૂક્મિની પૌત્રી રોચના વેરે પરણાવ્યો હતો. ૨૫ પોતાની બેનને પ્રસન્ન કરવા માટે તેણે એ સંબંધ કર્યો હતો, અને એ વિવાહમાં શ્રીકૃષ્ણ, રૂક્મિણી, બળભદ્ર, સાંબ, પ્રદ્યુમ્ન વગેરેને ભોજકટમાં આમંત્રણ કર્યાં હતાં. રૂક્મિએ આ વિવાહ મોટી ધામધુમ અને ઉત્સવથી કર્યો તથા પ્રદ્યુમ્ન અને રૂક્મિણી પ્રસન્ન થાય તેમ કર્યું, ૨૬ છતાં કલિંગ દેશના રાજાએ તેને કહ્યું કે વિવાહના માંગલિક વખતમાં બળભદ્રને દ્યુત રમાડી જીતી લ્યો, ૨૭ કારણકે તેમને પાસા નાંખતાં આવડતા નથી.તેમ છતાં તેમને દ્યુત રમવાની ઘણી ટેવ છે. રાજાઓથી ઉશ્કેરાયેલો રૂક્મિ પછી બળભદ્રને બોલાવી તેમની સાથે દ્યુત ખેલવા લાગ્યો અને બળભદ્ર પણ મોટી ખુશીથી તેમાં સામેલ થયા. ૨૮ સો. હજાર, અને દશહજારની શરતોથી બાજી શરૂ થઈ,બળભદ્રને પાસા નાખતાં ન આવડવાથી રૂક્મિ તેમાં જીતતો ગયો. બળભદ્ર હાર્યા એટલે કલિંગ દેશના રાજાએ ખડખડાટ હાસ્ય કરી તેમની ચેષ્ટા કરી, તે બળરામથી સહન થયું નહિ. તેથી વધારે મોટી શરતથી રમવા લાગ્યા. ૨૯ રૂક્મિએ લાખની શરત કરી અને એ બાજીમાં બળભદ્ર જીત્યા. તેમ છતાં પેલા રાજાઓ હસી ગયા, તેથી વધારે રીસે ચઢી બળરામે એક કરોડની શરતથી બાજી માંડી. એમાં બળરામ જીત્યા તોપણ પેલા રાજાઓ અને રૂક્મિએ કહ્યું કે ભોજકટનો રાજા જીત્યો અને બળરામ હાર્યા. આવાં અધર્મનાં વચનો સાંભળવાથી સમુદ્ર ક્ષોભ પામે તેમ તેમને ક્રોધ ચડયો, અને જન્મથીજ રાતાં લોચનવાળા બળરામ ક્રોધથી અગ્નિવર્ણા લોચનવાળા થઈ બોલ્યા કે-સત્ય શું છે? તે જાણ્યા વગર તમે મિથ્યા મમત્વ કરો છો. ૩૦-૩૨ તુરત આકાશ વાણી થઇ કે બળભદ્ર જીત્યા છે અને રૂક્મિ અસત્ય ભાષણ કરે છે. ૩૩ દુષ્ટ રાજાઓની પ્રેરણાથી અને પાસે આવી રહેલા મોતથી રૂક્મિ આકાશ વાણીને ખોટી પાડી બોલ્યોકે-૩૪ "નહિ,હું જીત્યો છું, તમે વનમાં ફરનારા ગોવાળ લોક દ્યુતની રમતમાં શું સમજો. રાજા લોક હોય તેજ પાસા અને બાણથી ક્રીડાઓ કરી જાણે." ૩૫ રૂક્મિએ આમ કહ્યું તેથી અને તેના સાથી રાજાઓ હસી પડયા તેથી ક્રોધ પામેલા બળભદ્રે એ માંગલિક સમયે મૂશળ ઉગામીને રૂક્મિને મારી નાંખ્યો. ૩૬ કલિંગ દેશનો રાજા ઉઠીને નાઠો, પણ દશ કદમ જતાં જતાં તેને પૃથ્વી ઉપર નાંખી, તે દાંત

દેખાડીને હસ્યો હતો માટે તેના દાંત પાડી નાંખ્યા. ૩૭ બીજા રાજાઓને પણ માર પડ્યો. કેટલાકનાં મુખ ભાગી ગયાં, કેટલાકના હાથ, પગ, સાથળ અને માથાં ભાગી જવાથી લોહીલુહાણ થઈ ગયા અને મુશળ લઇ ઘુમતા બળભદ્રથી ત્રાસ પામી તેઓ નાશી ગયા. ૩૮ રૂકિમ મરણ પામ્યો અને બળભદ્ર ઘુતમાં મોટું રમખાણ મચાવી દીધું, પણ શ્રીકૃષ્ણ ભગવાન, રૂક્મિણી તેમજ બળરામને ખોટું લાગવાના ભયથી 'સારૂં થયું કે ખોટું થયું એવું કાંઇ બોલ્યા નહિ,૩૯ પછી જેના સર્વ મનોરથ સિદ્ધ થયા હતા એવા યાદવો રોચના અને અનિરૂદ્ધને રથમાં બેસાડી જાન લઈ પાછા વળ્યા, અને ભોજકટથી દ્વારિકામાં આવ્યા. ૪૦

ततोऽनिरुद्धं सहसूर्ययावरं ।
रथं समारोप्य ययु कुशस्थलीम ॥
रामादयो भोजकटा दशार्हाः ।
सिद्धाऽखिलार्थो मधुसूदनाश्रयाः ।

ઇતિ શ્રી ભાગવત પુરાણના દશમ સ્કંધ ઉત્તરાર્ધમાં રૂકિમવધ નામે ૬૧ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૬૨ મો.

અનિરૂદ્ધને ઓખા સાથે ભોગવિલાસ કરતો જોઇને તેને બાણાસુરે બાંધ્યો.

राजोवाच

बाणस्यतनयामूषा मूपयेमे यदूत्तमः ॥
तत्र युद्धमभूद्घोरं हरिशंकरयोर्महत् ॥१॥

પરીક્ષિત રાજા પુછે છે-હે મહા યોગી! જ્યારે પ્રદ્યુમ્નના પુત્ર અનિરૂદ્ધ બાણાસુરની કન્યા ઉષાને પરણ્યા ત્યારે શ્રીકૃષ્ણ અને શંકર વચ્ચે મોટું ભયંકર યુદ્ધ થયું હતું, તે સઘળું આપ મને વિસ્તારથી કહી સંભળાવો. ૧

શ્રી શુકદેવજી કહેછે—હે રાજા! વામન અવતારમાં શ્રીવિષ્ણુને પૃથ્વીનું દાન આપનારા મહાત્મા બલિરાજાને સો પુત્ર હતા, તેમાં બાણાસુર સૌથી મોટો હતો. ૨ તે સદાશિવના ભક્ત, ઉદાર, શુરવીર, સત્ય પ્રતિજ્ઞાવાળો અને મોટો બુદ્ધિમાન બાણાસુર પૂર્વે શોણિતપુરમાં રાજ્ય કરતો હતો. સદાશિવની કૃપાથી દેવલોક તેના દાસ જેવા થઈ રહ્યા હતા, એટલુંજ નહિ પણ સદાશિવે તેને એક હજાર હાથ આપ્યા હતા. તેણે તાંડવ નૃત્યથી શંકરને પ્રસન્ન કરી માગી લીધું કે તમારે શોણિતપુરનું રક્ષણ કરવા રહેવું. ૪૫ શંકર શોણિતપુરમાં રહ્યાપછી એકવાર સુર્ય જેવા તેજસ્વી મુકુટ સાથે શંકરને ચરણે પડીને બાણાસુરે કહ્યું કે-હે સદાશિવ! આપ જગત ગુરૂ અને સર્વની મનકામના પુરનાર ઈશ્વર છો, ભક્તજનને કલ્પવૃક્ષ સમાન છો, અને મારા અનુગ્રહ કરનાર છો, આપના ચરણમાં મસ્તક નમાવીને હું માગું છું કે ૬ ૭ આપે મને હજાર હાથ તો આપ્યા, પણ તેની સાથે મારૂં બળ અજમાવનાર આપ્યો નહિ. પર્વતોને ચુર્ણ કરી નાંખતો નાંખતો એકવાર જ્યારે હું મારા બાહુનું બળ દેખાડવા દિગ્ગજોની સામે ગયો ત્યારે તેઓ પણ મારાથી નાશી ગયા, માટે આપ મારા હાથનું બળ અજમાવાય તેવો સાથી બતાવો. બાણાસુરનાં આ વચન સાંભળી અત્યંત ક્રોધાવેશમાં આવેલા શંકરે કહ્યું કે-હે મૂઢ! તને ગર્વ થયો છે તે ઉતરશે. લે આ ધ્વજા લઇ જા, અને જ્યારે એ ધ્વજા ભાગી પડે ત્યારે જાણજે કે તારો ગર્વ ઉતરે એવું યુદ્ધ થવાનો વખત આવ્યો છે. ૮-૧૦

હે રાજા! શંકરનાં વચન સાંભળી પ્રસન્ન થયેલો મૂઢ બુદ્ધિવાળો બળિરાજાનો મોટો પુત્ર બાણાસુર તેના પરાક્રમનો નાશ કરે એવા એ ભયંકર પ્રસંગની વાટ જોતો શોણિતપુરમાં અતિ ઉત્સુકતાથી પોતાનો વખત ગાળવા લાગ્યો. ૧૧એ બાણાસુરને ઉષા(ઓખા) નામે ઘણીજ મનોહર પુત્રી હતી. એ કુંવરીએ કદીપણ નહિ દીઠેલા શ્રી ભગવાનના પૌત્રઅનિરૂદ્ધને એકવાર સ્વપ્નમાં દીઠા, અને

તેમના સ્વપ્નામાં સમાગમથી તે પ્રસન્ન થઈ. ૧૩ ઉષાનું સ્વપ્ન પુરૂં થયું અને જ્યારે તેણે પોતાના મનમાં વશી રહેલા અલબેલાને દીઠો નહિ, ત્યારે સખીઓના સમુહમાં તે વિહ્વળ અને કામાતુર જેવી થઇ રહી. ૧૩ બાણાસુરના પ્રધાન કુંભાડને ચિત્રલેખા નામે પુત્રી હતી, અને તે ઉષાની સખી હતી, તેણે ઉષાની પ્રકૃતિ જોઇ કૌતુકથી એકવાર તેને પુછયું કે-હે સુંદરી ! હે સખી ! તારો શો મનોરથ છે? અને તારો વિવાહ હજી થયો નથી તેમ છતાં તું કોને શોધે છે? ૧૪-૧૫

ઉષા બોલી શ્યામ કમળજેવાં નેત્રવાળો, પીળાં વસ્ત્રવાળો, લાંબી ભુજાવાળો અને સ્ત્રી જાતના મનમાં વસી જાય એવો એક પુરૂષ આજ મેં સ્વપ્નામાં જોયો છે. ૧૬ એણે પ્રથમ મને અધરામૃત પાયું, ત્યારપછી મને એની ઇચ્છા કરતી શોક સાગરમાં નાંખી દઇ તે ચાલ્યો ગયો છે. હે સખી! એ મનમોહન અને છબીલા પુરૂષને હું અતિ આતુર થઇને શોધું છું. ૧૭

ચિત્રલેખા કહેછે—પ્રિય સખી! તારા ઉચાટ હું મટાડી દઉં તો કેમ? જેણે તારા મનનું હરણ કર્યું છે, તે ત્રૈલોક્યમાં હશે, તોપણ હું તને તેનો મેળાપ કરાવી આપીશ; પરંતુ બોલ વારૂ, તું મને તે પુરૂષ ઓળખાવીશ? ૧૮

શ્રી શુકદેવજી કહેછે--હે રાજન્! પછી ચતુર ચિત્રલેખાએ એક પટ ઉપર દેવ, ગાંધર્વ, યક્ષ, કિન્નર, સિદ્ધ, ચારણ, નાગ, દૈત્ય, વિદ્યાધર અને મનુષ્ય લોકમાં શૂર. વસુદેવ, બળભદ્ર, શ્રીકૃષ્ણ અને પ્રદ્યુમ્ન વગેરેને ચિતરી કાઢયા. તેમને જોઇને ઉષા લજવાઈ ગઇ. પછી અનિરૂદ્ધને આળેખ્યો, તેને જોઇને ઉષા શરમાઈ ગઇ. ૨૯-૩૦ અનિરૂદ્ધને જોઇ હાસ્ય કરતી ઉષાએ ચિત્રલેખાને કહ્યું કે-પ્રિય સખી! તેજ આ, તેજ આ. ૨૧ પછી યોગવિદ્યામાં કુશળ ચિત્રલેખા તેમને શ્રીકૃષ્ણના પૌત્ર જાણીને આકાશ માર્ગે યાદવોની દ્વારકા નગરીમાં ગઇ. ૨૨ ત્યાં સુંદર શયનમાં સુતેલા અનિરૂદ્ધને યોગબળથી ચિત્રલેખાએ ઉપાડી લીધો અને શોણિતપુરમાં લાવી પોતાની પ્રિય સખિ ઉષાને દેખાડયો. ૨૩ સુંદર વર મેળવ્યા પછી પ્રસન્ન થયેલી ઉષા પુરૂષોની જેમાં નજર પહોંચી શકે નહિ, એવા અંતઃપુરમાં તેની સાથે નાના પ્રકારના ભોગવિલાસ ભોગવવા લાગી. ૨૪ વસ્ત્ર, માળા, ચંદન, ધૂપ, સુગંધ, તૈલ, આસન, પાન, ભોજન અને મન ગમતી વસ્તુઓથી પ્રસન્ન કરી રાખેલા અનિરૂદ્ધને ભોગવિલાસ અને રમત ગમ્મતમાં ઘણાક દિવસો ચાલ્યા ગયા, તે અલ્પકાળની પેઠે જણાયા પણ નહિ. ૨૫-૨૬ અંતઃપુરના રક્ષકોના જાણવામાં આવ્યું કે ઓખાના અંતઃપુરમાં કોઈ પુરૂષ છે. તેઓએ પછી બાણાસુર પાસે જઇ અત્યંત વિનયથી જણાવ્યું કે-હે રાજન્ !' કુળને લાંચ્છન લગાડે એવી તમારી કુંવારી કન્યાની રીતભાત અમારા જાણવામાં આવી છે. ૨૭-૨૮ કન્યાના મહેલનું અમે ઘણાજ સાવધપણાથી રક્ષણ કરીએ છીએ, એટલુંજ નહિ, પરંતુ તેમાં કોઈ પુરૂષ જાતની દૃષ્ટિ પણ પડી શકે તેમ નથી. છતાં તેમાં પુરૂષનો સંચાર કેવી રીતે થયો તે જાણવામાં નથી. ૨૯ એ સાંભળી ખિન્ન થયેલો બાણાસુર ઉષાના મંદિરમાં ગયો તો અનિરૂદ્ધ જોવામાં આવ્યો. ૩૦ ત્રણ લોકમાં સુંદર, શ્યામ, પીળાં વસ્ત્રવાળો અનેકમળ સરખાં નેત્રવાળો તથા પાસા રમતો અનિરૂદ્ધ ઉષાના અંગને ભેટીને બેઠો હતો, અને ઓખાના ઉપડતા સ્તનનાં ચંદન તેની છાતીને લાગ્યાં હતાં. નાના પ્રકારની માળાઓ અને વસંત ઋતુની મલ્લિકાનાં પુષ્પના ગુચ્છ ધારણ કરી કાનછેરીઆંથી સુંદર લાગતો અને હસતો કામદેવનો પુત્ર અનિરૂદ્ધ પોતાની પ્રાણપ્યારીની સોડમાં બેઠો હતો. તેને જોઇ બળી રાજાનો પુત્ર બાણાસુર ઘણું આશ્ચર્ય પામ્યો. ૩૧-૩૨ અસ્ત્ર શસ્ત્ર બાંધી સાથે આવેલા અનેક યોદ્ધાઓવાળા બાણાસુરને મંદિરમાં આવી પોતાની સામે ઉભેલો જોઇ શ્રીકૃષ્ણનો પૌત્ર અનિરૂદ્ધ કાળની પેઠે કાળદંડ જેવી લોખંડની ભોગળ લઇ તેની સામે જઈ ઉભો રહ્યો. ૩૩ તેણે ઝપાટાબંધ યોદ્ધાઓની સામે પોતાનો હાથ ઉગામ્યો અને

એવા માર મારવા માંડ્યો કે હાથ, પગ અને મસ્તકમાં ભાગળ વાગવાથી ઘાયલ થયેલા તેઓ ચીસો પાડી ઉષાના મંદિરમાંથી નાસવા લાગ્યા. અનિરૂદ્ધને આ પ્રમાણે પોતાના સૈન્યનો સંહાર કરતો જોઈ રાક્ષસોના રાજા બાણાસુરે નાગપાશથી તેને બાંધી લીધો. પોતાના સ્વામીને બંધાયેલો જોઈ શોકથી ખિન્ન થયેલી અને આંખમાંથી આંસુ પાડતી ઓખા કરગરતી કરગરતી મોટેથી રૂદન કરવા લાગી. ૩૫

तं नागपाशैर्बलिनंदनो बलि ।
घ्नंतंस्वसैन्य कुपितो बबंधह ॥
उषाभृ शं शोकविषाद विह्वला ।
बद्धं निशम्याश्रु कलाक्ष्य रौदिपीत ॥

ઇતિશ્રી ભાગવત દશમસ્કંધ ઉત્તરાર્ધમાં અનિરૂદ્ધ બંધન નામે ૬૨ મો અધ્યાય સંપુર્ણ

અધ્યાય ૬૩ મો.

યુદ્ધમાં શ્રીકૃષ્ણે બાણાસુરના હાથ કાપી નાંખ્યા અને જ્વરે તથા સદાશિવે શ્રીહરિની સ્તુતિ કરી.

શુક ઉવાચ.

अपश्यतां चानिरुद्धं तद्बंधूनां च भारत ॥
चत्वारो वार्षिकामासा व्यतीयुरनुशोचताम्
॥ १ ॥

શ્રી શુકદેવજી કહેછે—હે રાજન્ ભારત ! અનિરૂદ્ધને ન દેખતાં તેનાં બંધુજનોએ ચોમાસાના ચાર મહિના શોકમાં ગાળ્યા. ૧ પછી નારદજીએ દ્વારકામાં આવી અનિરૂદ્ધ બંધનમાં પડયાની વાત કહી, એટલે તેમણે કરેલું કાર્ય અને પરાક્રમ જાણમાં આવતાં શ્રીકૃષ્ણ ભગવાન અને તેમને અનુસરનારા યાદવો શોણિતપુરમાં ગયા. ૨ પ્રદ્યુમ્ન, સાત્યકી, ભદ્ર, ગદ, સાંબ, સારણ, નંદ અને ઉપનંદ વગેરે યાદવો બાર હજાર અક્ષૌહિણી સૈન્ય લઈ શ્રીકૃષ્ણ અને બળભદ્રની સાથે બાણાસુરના રાજ્યમાં આવ્યા અને શોણિતપુરને ચારે તરફથી ઘેરી લીધું ૩ ઉદ્યાન, વન, વાટિકા, ગઢ, કોઠા વગેરેનો ભંગ થવા લાગ્યો અને યાદવ સૈન્યે મોટી લડાઈ મચાવી, ત્યારે બાણાસુર પણ બાર અક્ષૌહિણી સૈન્ય લઇ તેમની સામે લડવા માટે નગર બહાર નીકળ્યો. ૪ પુત્રો અને પાર્ષદોની સાથે ભગવાન મહાદેવ પણ નંદિકેશ્વર ઉપર બેશીને બાણાસુરની તરફથી શ્રીકૃષ્ણની સામે લડવા માટે આવ્યા. ૬ હે રાજા ! શ્રીકૃષ્ણ ભગવાન અને મહાશિવ તથા પ્રદ્યુમ્ન અને કાર્તિકસ્વામીને સામે સામે મહા ભયંકર અને રોમાંચ ખડાં થાય એવું તુમુલ યુદ્ધ થવા માંડ્યું. કોભાંડ અને કુંપકર્ણ નામના બાણાસુરના પ્રધાનો બળરામની સાથે યુદ્ધ કરવા લાગ્યા. સાંબની સાથે બાણનો પુત્ર અને સાત્યકીની સાથે બાણાસુર પોતે યુદ્ધ કરવા લાગ્યો. ૮ જ્યારે યુદ્ધ બરોબર જોમમાં આવ્યું ત્યારે સિદ્ધ, ચારણો, યક્ષ, ગંધર્વ અને અપ્સરા વિમાનોમાં બેશીને આકાશ માર્ગેથી તેમનું ભયંકર યુદ્ધ જોવા આવ્યાં. ભૂત પ્રથમ, પ્રેત, ડાકણો, રાક્ષસો, વિનાયક, માતૃગણ, પિશાચ, કુષ્માંડ અને બ્રહ્મરાક્ષસ વગેરે ભુતાવળ જે શંકરની સાથે યુદ્ધ કરવાને આવી હતી, તેને શ્રી ભગવાને પોતાના મોટા શારંગ ધનુષથી નસાડી મુકી ૧૦-૧૧ મહાદેવજીએ મૂકેલાં અનેક અસ્ત્ર શસ્ત્રને શ્રી ભગવાને લીલા માત્રમાં વિસ્મય ન પામતાં પાછાં વાળી દીધાં અને સમાવી દીધાં. ૧૨ બ્રહ્માસ્ત્રની સામે બ્રહ્માસ્ત્ર, વાયવ્યાસ્ત્રની સામે પર્વતાસ્ત્ર, અગ્ન્યાસ્ત્રની સામે પર્જન્યાસ્ત્ર અને પાશુપતાસ્ત્રની સામે નારાયણાસ્ત્ર આકાશમાં ઉછળી રહ્યાં. ૧૩ પછી જ્યારે મહા પ્રચંડ અને તુમુલ યુદ્ધ થયુ, ત્યારે શ્રી કૃષ્ણ ભગવાને જૃંભકાસ્ત્ર મુકી શંકરને આલસ્યમાં નાંખી દીધા, અને બાણાસુરના સૈન્યનો સંહાર વાળવા માંડ્યો. ગદા, તરવાર અને બીજાં ભયંકર શસ્ત્ર તથા અસ્ત્ર ચાલવા લાગ્યા અને રાક્ષસોની સેના જોતજોતામાં કપાઈ પડવા લાગી. ૧૪ પ્રદ્યુમ્નનાં બાણથી પીડા પામતા અને શરીરે રૂધિરના રેલા ચાલતા હતા એવા કાર્તિકસ્વામી ચારે તરફથી સંકટમાં આવતાં

પોતાના મયુરાસન ઉપર બેશી રણસંગ્રામમાંથી નાશી ગયા. ૧૫ બળભદ્રના મોટા પ્રબળ મુશળના મારથી કુભાંડ અને કુપકર્ણ રણમાં પડી ગયા અને અત્યંત મારને લીધે ત્રાસ પામેલું બાણાસુરનું સૈન્ય ચારે દિશાઓમાં નાસભાગ કરવા લાગ્યું. ૧૬ પોતાના સૈન્યને વિખરાઇ જતું જોઇ ક્રોધ પામેલો મહા બળવાન બાણાસુર સાત્યકીને મુકી મોટા રથમાં બેશી અત્યંત ત્વરાથી શ્રીકૃષ્ણ ભગવાનની સામે દોડી ગયો. યુદ્ધમાં મસ્ત બનેલો બાણાસુર તેના હજાર હાથને લીધે એક ફેરે પાંચસેં ધનુષ ખેંચી દરેક ઉપર બબ્બે બાણ સાંધતો હતો. છતાં શ્રીભગવાનના બળને કોણ પહોંચી વળે? ૧૮ તેમણે તેનાં પાંચસેં ધનુષ એકદમ કાપી નાંખ્યાં અને તેના સારથિ તથા ઘોડાઓને મારી નાંખીને શંખનાદ કર્યો. ૧૯ પુત્રના પ્રાણ બચાવવા માટે માથાના કેશ છુટા મુકી લજ્જા મુકી નગ્ન થયેલી બાણાસુરની મા શ્રીભગવાનની સામે આવીને ઉભી રહી. ૨૦ તેથી ભગવાને લાજને લીધે પોતાનું મુખ ફેરવી દીધું, એટલામાં યુદ્ધથી ત્રાસ પામેલો બાણાસુર પોતાના નગરમાં નાશી ગયો. ૨૧ ભૂત પ્રેત વગેરે ત્રાસ પામી રણમાંથી તેની પુઠળ નાશી ગયાં, પછી ત્રણ માથાંવાળો અને દશ દિશાઓને ઘેરતો હોય તેવો મહા ભયંકર તાવ ભગવાનની સામે યુદ્ધ કરવાને આવ્યો. ૨૨ ભગવાને તેની સામે શીતજ્વરનો પ્રયોગ કર્યો. શંકરનો ઉનો અને નારાયણનો ટાઢીઓ તાવ સામ સામે યુદ્ધ કરવા લાગ્યા. ૨૩ શ્રીવિષ્ણુ ભગવાનના તાવથી પીડાયેલો, બુમો પાડતો અને કાયર થયેલો શંકરનો તાવ જ્યારે તેને કોઈ ઠેકાણે શરણ મળ્યું નહિ, ત્યારે શ્રીભગવાનને શરણે ગયો અને હાથ જોડી સ્તુતિ કરવા લાગ્યો. ૨૪

શિવનો તાવ સ્તુતિ કરે છે-અનંતશક્તિવાળા, સર્વેશ્વર, સર્વના આત્મારૂપ, જ્ઞાન,-સ્વરૂપ, શાંત અને વેદથી જાણવામાં આવતા પરમેશ્વર આપ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લયના કારણ રૂપ છો. માટે હે સર્વજ્ઞ હું આપને પ્રણામ કરૂં છું. ૨૫ કાળ, કર્મ અને ફળ આપનારૂં કર્મ, સંસ્કાર, જીવ, પાંચવિષયો, શરીર, પ્રાણ, અહંકાર, ઇંદ્રિયો, દેહ અને તેમાં ચાલતો પ્રાગુમચાર વગેર તમારી માયાનાં કર્મ છે, અને જ્યારે માયાનો પણ નાશ થાય છે ત્યારે આપજ એક જ્યોતિરૂપે રહો છો, એમ જાણી હું આપને શરણે આવેલો છું. ૨૬ અનેક જાતની ઉપાધિઓથી ભરેલા અવતારોમાં આવી આપ, સાધુ, સંત, અને વર્ણાશ્રમના ધર્મનું રક્ષણ કરો છો, અને જગતને દુઃખ દેનારા દૈત્યોનો નાશ કરો છો, માટે આપ જે લીલા અવતાર ધારણ કરો છો તે માત્ર પૃથ્વી ઉપરનો ભાર ઉતારવાને માટે જ હોય છે. ૨૭ આપે ઉત્પન્ન કરેલો અસહ્ય એવો આ શીતજ્વર મને ઘણીજ પીડા કરે છે. માટે મને તેનાથી છોડાવો. આ જગતમાં રહેતા લોક જ્યાં સુધી આશાનો ત્યાગ કરી આપના ચરણકમળને શરણે આવતા નથી, ત્યાં સુધી તેમનો તાપ શમતો નથી, ૨૮

શ્રીભગવાન કહેછે--હે ત્રણ માથાંવાળા તાવ! તને હવે મારા તાવની પીડા મટશે અને હું તારા ઉપર પ્રસન્ન થયો છું. આપણા આ સંવાદ જે માણસ સ્મરણ કરશે તેને પણ તાવ પીડશે નહિ. ૨૯

શ્રીશુકદેવજી કહેછે-શ્રીભગવાનનાં વચનો સાંભળી તેમની આજ્ઞા માથે ચઢાવી શંકરનો તાવ ત્યાંથી ચાલ્યો ગયો. એટલામાં બાણાસુર ફરીને સૈન્ય લઇ સજ્જ થઇ ભગવાનની સામે લડવા માટે રણભૂમિમાં આવ્યો. ૩૦ હે રાજા! પછી ક્રોધથી અત્યંત ભયંકર બનેલો બાણાસુર પોતાના હજાર હાથથી ભગવાન ઉપર બાણ મુકવા લાગ્યો. ૩૧ પોતાના ઉપર બાણનો વરસાદ વરસાવતા બાણાસુરના હજાર હાથ શ્રીભગવાને ઉતારેલી ધારવાળા ચક્રથી વૃક્ષની ડાળીઓ કાપી નાંખે તેમ કાપી નાંખ્યા. ૪૨ જ્યારે ચક્રથી બાણાસુરના હાથ કપાવા લાગ્યા ત્યારે ભક્તવત્સળ ભગવાન શંકર શ્રીકૃષ્ણ ભગવાનની પાસે આવી તેમને કહેવા લાગ્યા કે-૩૩

સદાશિવ કહેછે—હે પરમેશ્વર! આપ

વેદમાં ગુપ્ત રહેલા અને પરબ્રહ્મ રૂપ છો, શુદ્ધ બુદ્ધિવાળા માણસો આપને નિરંતર જ્યોતિરૂપે પ્રકાશતા જુએછે. અજ્ઞાનથી ઘેરાયલો આ બાણાસુર આપના સ્વરૂપને જાણતો નથી. ૩૪ આ જગતના લોક આપના સુક્ષ્મ સ્વરૂપને જાણતા નથી, એટલુંજ નહી પણ તેઓ તમારા વિરાટ સ્વરૂપને પણ જાણતા નથી. જો કે તે મોટા સ્વરૂપમાં આકાશ નાભિને ઠેકાણે છે, અગ્નિ મુખને ઠેકાણે છે, જળ વીર્ય છે, સ્વર્ગ મસ્તક છે, દિશાઓ કાન છે, પૃથ્વી ચરણ છે, ચંદ્ર મન છે. સૂર્ય દૃષ્ટિ રૂપે છે, હું અહંકાર રૂપે છું, સમુદ્ર ઉદર રૂપે છે, ઇન્દ્ર બાહુ રૂપે છે, ઔષધિઓ રૂંવાટાં રૂપે છે, મેઘ મસ્તકના કેશ રૂપે, બ્રહ્મા બુદ્ધિરૂપે, ધર્મ અને પ્રજાપતિ શિશ્નરૂપે છે અને હૃદય રૂપ થઇ રહેલા છે. જગતમાં વિરાટરૂપ કલ્પાયલા આપ આ પ્રમાણે આખા જગતમાં વ્યાપ્ત છો. ૩૫-૩૬ હે અખંડ સ્વરૂપ! ધર્મના રક્ષણ માટે અને લોકના ઉદ્ધાર માટે આપે આ જગતમાં લીલા અવતાર ધારણ કરેલો છે. આપનાથી રક્ષણ પામેલા અમે લોકપાળો આ સાતે લોકનું આપની આજ્ઞાથી રક્ષણ કરીએ છીએ. ૩૭ આપ પરબ્રહ્મ જગત્જ્યોતિ, આદિપુરૂષ, શુદ્ધ, સ્વયંપ્રકાશ, ભેદ રહિત, વિજાતીય, સર્વના કારણ રૂપ અને સ્વકારણ રહિત, પોતાની માયાને લીધે સર્વે જીવમાં અને દેહમાં ભિન્ન ભિન્ન સ્વરૂપે પ્રયાસ કરી રહેલા અને ભિન્ન ભિન્ન રીતે પ્રાણીને જણાતા આપ પરમેશ્વર છો.૩૮ હે પરબ્રહ્મ! જેમ સૂર્ય મેઘથી છવાયેલો છતાં આ જગતના બીજા પદાર્થોને પ્રકાશ આપે છે, તેમજ સ્વયંપ્રકાશ એવા તમે પોતાનાં કાર્યરૂપ અંહાકારથી ઢંકાયેલા દેખાઓછો, છતાં સત્વાદિક ગુણોને અને તેનાથી ઢંકાયલા જીવોને પ્રકાશિત કરોછો. ૩૯ માયાથી મોહ પામી સ્ત્રી, પુત્ર વગેરે દુઃખનાં કારણોને સુખરૂપ માની અપાર દુઃખથી ભરેલા સંસાર રૂપી સાગરમાં તરતા લોક તેમના કર્માનુસાર ઉચ્ચ નીચ જાતિમાં જન્મે છે અને મરે છે. ૪૦ અતિ ઉત્તમ મનુષ્ય દેહ પામીને જે માણસ ઇંદ્રિયોને વશ થઈ નાના પ્રકારનાં કષ્ટકારક દુઃખોમાં ડુબ્યો રહી આપની ભક્તિ કરતો નથી, તેના જીવતરને ધિક્કાર છે. ૪૧ જે માણસ અમૃત રૂપ આપની ભક્તિને છોડીને માત્ર દુઃખના કારણ રૂપ સ્ત્રી પુત્રાદિકને ભજે છે તેને જડ અજ્ઞાન જાણવો. ૪૨ બ્રહ્મા, દેવતાઓ, સંત સાધુ અને ઋષિઓ નિરંતર આપને ભજે છે તે યોગ્ય છે, કારણ કે આ મિથ્યા જગતમાં માત્ર આપજ સત્ય છો. ૪૩ સંસારમાંથી છૂટવા માટે નિર્મળ ચિત્તવાળા માણસો, આપ કે જે ઉત્પત્તિ, સ્થિતિ અને સંહારના કારણરૂપ સતત સ્વયંપ્રકાશ છો તેને ભજે છે. હે દેવના દેવ! આ બાણાસુર મારો પ્રિયભક્ત છે, મેં તેને અભયદાન આપેલું છે, માટે આપ પ્રહ્લાદની પેઠે તેને અભય આપવાની કૃપા કરો. ૪૪ આપની કૃપા વગર કંઇ નથી. એ જ્ઞાન રહિત છે, માયાથી મોહ પામેલો છે અને આપના સત્ય સ્વરૂપને જાણતો નથી,આટેજ આ રણભૂમિમાં તમારી સામે ઉભો રહી મિથ્યા અસ્ત્ર શસ્ત્રનો પ્રયોગ કરે છે. એના ઉપર આપ કૃપાળુ થાઓ. ૪૫

શ્રી ભગવાન કહે છે—હે શંકર! તમારી પ્રસન્નતા પ્રમાણે હું કરીશ. અને આપના કહેવા પ્રમાણે હું મારી સંમત્તિ આપીશ. ૪૬ પ્રહ્લાદને મેં વચન આપેલું છે કે તમારા વંશને હું હણીશ નહિ, માટે મારે પણ એને મારવો નથી. ૪૭ પૃથ્વીનો ભાર ઉતારવા માટે મેં એના સૈન્યને મારી તેના હાથ કાપી નાંખ્યા છે. એના ચાર હાથ અજર અમર રહેશે, તમારો સેવક બાણાસુર હવે સર્વે રીતે નિર્ભય રહેશે. ૪૮-૪૯

શુકદેવજી કહેછે—આ પ્રમાણે અભય મળ્યા પછી શોણિતપુરનો રાજા બાણાસુર શંકર તથા શ્રી કૃષ્ણ ભગવાનને પ્રણામ કરી અનિરૂદ્ધ તથા ઉષાને રથમાં બેસાડીને નગરમાં લઇ ગયો. ૫૦ બાણાસુરે અનિરૂદ્ધને એક અક્ષૌહિણી સેના અને વસ્ત્ર તથા અલંકારથી શણગારેલાં બીજાં દાસદાસી જન આપ્યાં, તે સર્વે લઇ શ્રી કૃષ્ણ શંકરની રજા લઇ દ્વારિકા

પધાર્યા. ૫૨ યાદવો તથા બ્રાહ્મણોએ અને નગરના લોકે તેમને સામૈયું કરી ગામમાં પધરાવ્યા. નવવધુની સાથે આવેલા અનિરૂદ્ધને દ્વારિકાના લોકોએ શંખ, નગારાં અને દુંદુભિના નાદથી અને માર્ગો તથા બજારોમાં પાણી છાંટી તથા શુભદર્શી તોરણો બાંધીને માન આપ્યું. શ્રી ભગવાન પોતાના પૌત્રને લઇ નગરમાં પધાર્યા ત્યારે સર્વત્ર આનંદ મંગળ વરતાયાં. શંકર અને વિષ્ણુના યુદ્ધની તથા અનિરૂદ્ધના વિવાહની આ કથા જે માણસ સવારના પોહોરમાં ઉઠીને સંભારે છે તેનો કદી પણ પરાજય થતો નથી. ૫૩

य एवं कृष्ण विजयं शङ्करेण च संयुगम् ॥
संस्मरेत् प्रातरुत्थाय न तस्य स्यात् पराजयः ॥

ઈતિશ્રી ભાગવાત મહાપુરાણના દશમસ્કંધ ઉત્તરાર્ધમાં શ્રીકૃષ્ણ તથા શંકરનું યુદ્ધ વર્ણન નામનો ૬૩ મો અધ્યાય સંપુર્ણ.

અધ્યાય ૬૪ મો.

શ્રીકૃષ્ણે નૃગરાજાનો કરેલો મોક્ષ, તથા ધન હરનારના દોષ બતાવીને ગર્વિષ્ટ રાજાઓને આપેલો ઉપદેશ.

શુકઉવાચ.

एकदोपवनंराजन् जग्मुर्यदुकुमारकाः ॥
विहर्तुं सांबप्रद्युम्नचारुभानुगदादयः ॥ १ ॥

શ્રી શુકદેવજી કહે છે-હે રાજા! એક વાર યાદવ કુમારો સાંબ, પ્રદ્યુમ્ન, ચારૂ, ભાનુ, ગદ વગેરે એક ઉપવનમાં રમવાને ગયા હતા. કેટલીક વાર સુધી આમ તેમ રમત ગમત કરી, જ્યારે તરસ લાગી ત્યારે તેઓ પાણી પીવા માટે એક કુવાપર ગયા, ત્યાં તેમાં એક અદ્દભુત પ્રાણી તેમના જોવામાં આવ્યું. ૨ પહાડ જેવા મોટા કાચંડાને તેમણે આમડાં અને સુતરના દોરવડે બહાર કાઢવાનો યત્ન કર્યો, પરંતુ તેમનાથી કાઢી શકાયો નહિ. તેથી તેમણે તે વાત શ્રીકૃષ્ણને કહી. ૩-૪ કમળ જેવાં નેત્રોવાળા ભગવાને પૌત્રોની વાત સાંભળી કુવાપર આવી લીલા માત્રમાં ડાબા હાથથી એ કાંચંડાને પકડી બહાર કાઢ્યો. ૫ બહાર કાઢતાંવાંત તેનું સ્વરૂપ બદલાઇ ગયું. ભગવાનના હાથનો સ્પર્શ થયાથી તે કાચંડાનું રૂપ બદલી તપાવેલા સોનાના જેવા અંગનો અને વસ્ત્ર તથા અલંકાર ધારણ કરેલો દેવરૂપ દેહ ધારણ કરી તેમની સામે ઉભો. ૬ ભગવાન તેને જાણતા હતા, તોપણ તેનો ઇતિહાસ લોકમાં પ્રસિદ્ધ કરવા માટે પુછવા લાગ્યા કે-“ હે સુભગ! તમે કોણ છો? હું ધારૂં છું કે તમે કોઇ દેવરૂપ છો ૭ હે સત્પુરૂષ? તમે આવી અધમ યોનિને યોગ્ય નથી, તેમ છતાં શા કારણથી તે તમને પ્રાપ્ત થઇ હતી તે મને જણાવો. તમારી હકીકત જો કહેવા જેવી હોય તો તે અમને કહો, અમે તે સાંભળવાને આતુર છીએ.” ૮ અનંત, મુર્તિ શ્રી કૃષ્ણ તેને આ પ્રમાણે પૂછયું એટલે તે સૂર્યના જેવા તેજસ્વી મુકુટથી પ્રણામ કરીને પોતાનું વૃતાંત કહેવા લાગ્યો.-૯

નૃગરાજા કહે છે—હે પ્રભુ! ઇક્ષ્વાકુ રાજાનો પુત્ર હું નૃગ નામનો રાજાહું, જે નામ દાન લેનારાઓ તરફથી જગતમાં ગવાતું ગવાતું આપના સાંભળવામાં આવ્યું હશે. ૧૦ સર્વની બુદ્ધિના સાક્ષી, અને કાળથી પણ જેના જ્ઞાનનો લય થતો નથી,એવા આપને કઇ વાત અજાણીછે? તેમ છતાં આપ કૃપાળુની આજ્ઞાછે તેથી મારો વૃત્તાંત હું કહુ છું તે સાંભળો. ૧૧ હે પ્રભુ! પર્વે જન્મમા જળની ધારાઓ, આકાશમાંના તારા અને પૃથ્વી ઉપરનાં રજકણ જેટલી અસંખ્ય ગાયો મે બ્રાહ્મણોને દાનમાં આપી હતી. ૧૨ એ ગાયો જુવાન, દુધવાળી. વાછડાં વાળી, ગુણવાન, સોનાની શિંગડીયો તથા ખરીઓવાળી, તથા વસ્ત્ર અને માળાઓથીશણગારેલીદાનમાં આપીહતી. ૧૩ નવીનઅવસ્થાવાળા શીળવાન વેદ જાણનારા, તપવાળા, અને ગરીબ બ્રાહ્મણોને સત્પાત્ર ગણીતમને આપી હતી. ૧૪ મેં માત્ર ગૌદાનજ કર્યાં નહોતાં, પણ

બ્રાહ્મણોને પૃથ્વી, સુવર્ણ, રથ, ઘોડા, હાથી, કન્યાઓ, તલ, શય્યા, રૂપું, વસ્ત્ર, અન્ન, ઘર, રત્ન અને શણગાર વગેરેનાં પણ દાન દીધાં હતાં. મોટી સમૃદ્ધિવાળા યજ્ઞો કર્યા હતા, જળાશયો બંધાવ્યાં હતાં, અને દીનજનોનાં દુઃખ ફેડયાં હતાં. ૧૫ એકવાર એવું બન્યું કે કોઇ બ્રાહ્મણની ભૂલી પડેલી ગાય મારી અસંખ્ય ગાયોના ટોળામાં ભળી ગઇ, અને દાન દેતી વખતે તેને મેં મારી ગાય ધારી એક બ્રાહ્મણને તેનું દાન કર્યું. ૧૬ પેલો બ્રાહ્મણ તે લઇ જતો હતો, એટલામાં ગાયનો ધણી મળ્યો, તેણે કહ્યું કે-'આ તો મારી ગાય છે.' એ બેઉ બ્રાહ્મણો વચ્ચે તકરાર થઈ, ૧૭ તેથી તેઓ મારી પાસે આવ્યા. તેઓ એક બીજાની સાથે વિવાદ કરવા લાગ્યા, અને એક 'આ ગાય મારી ખરી કે નહી?' તથા બીજો 'તે તમે મને દાનમાં આપેલી કે નહિ?' એમ મને પૂછવા લાગ્યા. ૧૮ તેમના વિવાદથી હું અકળાયો, એટલુંજ નહિ પણ તે ધર્મ સંકટ આવી પડેલું જોઈ મેં તેમને સમજાવવા માંડયા કે-'હે વિપ્રો! તમે આ ગાયને છોડી દો. જે એને છોડી દેશે તેને હું એક લાખ ગાયો આપીશ. ૧૯ મેં અજાણતાં પારકી ગાયનું દાન દીધુંછે તે અજ્ઞાનને લીધે હું ઘણો શોક પામુંછું, અને મને આપનારા ઘોર નરક કષ્ટમાંથી આપ કૃપાળુ થઈ મુક્ત કરો.' ૨૦ એવું સાંભળી 'હું દાન લેતો નથી' એમ કહી તે ગાયનો મુળ ધણી ચાલ્યો ગયો અને પેલાએ કહ્યું કે 'હું આ ગાય સિવાય બીજી કોટી ગાયો આપો તોપણ તે લેવાને ઇચ્છતો નથી' આ પ્રમાણે કોપ કરી તે બેઉ બ્રાહ્મણો મને છોડીને ચાલ્યા ગયા. ૨૧ હે દેવના દેવ! પછી કેટલેક કાળે મારૂં મરણ થતાં યમદૂતો મને યમની સમક્ષ લઇ ગયા. ત્યાં યમ રાજાએ મને કહ્યું કે-'હે રાજા! તમારે પુણ્યનું સુખ પહેલું ભોગવવું છે કે પાપનું કષ્ટ પહેલું ભોગવવું છે? તમારા દાન ધર્મનો પાર નથી. ૨૨-૩ મેં ઉત્તર આપ્યો કે-મહારાજ! પાપ પહેલું ભોગવવું સારૂં છે, માટે આપ મને ફરમાવો. હે પ્રભુ! જ્યારે મને ભાન આવ્યું ત્યારે મેં મારા દેહને આ કાચંડારૂપે જોયો. ૨૪ હે પ્રભુ! હું બ્રાહ્મણને માનનાર, તેમને પૂજનાર, તમારો દાસ અને આપનાં દર્શન કરવાને ઉત્સુક હતો, તેને આજ આપે એ અધમ અવતારમાંથી મુક્ત કર્યો છે, અને મને પૂર્વ જન્મની વાત યાદ રહી છે, ૨૫ ઉપનિષદ્ રૂપ નિર્મળ ચક્ષુથી હૃદયમાં ધરવા યોગ્ય આપ કે જે યોગેશ્વરોને પણ દુર્લભ છો તે મારાં નેત્રોને કેવી રીતે સાક્ષાત્કાર થયા? જેનાં જન્મ મરણ ટળવાનાં હોય છે તેને આપનાં દર્શન થાય છે, છતાં કાચંડા જેવા અધમ અવતારમાં રહેલા અને અજ્ઞાનથી અંધચક્ષુ વાળા મને આપનાં દર્શન થયાં તે ખરેખર આશ્ચર્ય પામવા જેવુંજ છે. ૨૬ હે દેવ! હે જગન્નાથ! હે ગોવિંદ! હે પુરૂષોત્તમ! હે ઇંદ્રયોના સ્વામી! હવે આપ મને દેવલોકમાં જવાની આજ્ઞા આપો, અને હું આપને વિનંતિ કરીને માગી લઉંછું કે હું ગમે તે જગ્યામાં હોઉં ત્યાં મને આપનાં ચરણ કમળ વિસરાશો નહિ. જગતને ઉત્પન્ન કરનાર, અનંત શક્તિવાળા, પ્રાણીઓના આશ્રયરૂપ અને કર્મનાં ફળ આપનાર આપ પરબ્રહ્મને હું વારંવાર પ્રણામ કરૂં છું. ૨૭-૨૯

શ્રી શુકદેવજી કહેછે—આ પ્રમાણે શ્રીકૃષ્ણ ભગવાનની સ્તુતિ કર્યા પછી તે રાજા તેમને પ્રદક્ષિણા અને પ્રણામ કરીને સર્વ લોકના દેખતાં ઉત્તમ વિમાનમાં બેઠો, ૩૦ અને બ્રાહ્મણોને માન આપનાર ધર્માત્મા દેવકીજીના પુત્ર ભગવાન શ્રીકૃષ્ણ પરમાત્માએ રાજાઓને બોધ લેવા યોગ્ય પોતાના પુત્રોને નીચેનાં વચનો કહ્યાં. ૩૧

શ્રીભગવાન કહેછે—બ્રાહ્મણનું અલ્પ ધન પણ અગ્નિ જેવા તેજસ્વીને પણ પચતું નથી, તો પછી પોતાને મોટા માનનારા તથા મિથ્યા અભિમાનવાળાને તો તે પચેજ કેમ? ૩૨ આ જગતમાં હળાહળ ઝેરને પચાવનાર છે; પરંતુ બ્રાહ્મણના ધનને પચાવનારા કોઇ છેજ નહિ. ઝેરનો ઉપાય છે, પણ બ્રહ્મવિત્તનો ઉપાય નથી. ૩૩ ઝેર ખાનારનો પ્રાણ જાય છે,

અને અગ્નિ જેને અડકયો હોય તે દાઝે છે, પરંતુ બ્રાહ્મણરૂપ અરણિમાંથી ઉત્પન્ન થયેલો પાપ રૂપ અગ્નિ તો માણસને તેના કુળ સહિત બાળીને ભસ્મ કરી નાંખે છે. ૩૪ બ્રાહ્મણનું ધન તેની સંમતિથી ખવાયું હોય તો ત્રણ પેઢીને નરકમાં નાંખે છે, અને જો ગંજયાદિકના બળથી ખવાયું હોય તો દશ પહેલી અને દશ પાછલી પેઢીઓને મહા કષ્ટદાયક નરકમાં નાંખે છે. ૩૫ રાજ્યલક્ષ્મીથી અંધ થયેલા જે રાજાઓ બ્રાહ્મણના ધનની ઇચ્છા કરે છે તેઓ નરકની ઇચ્છા કરે છે, અને અહંપદથી તેઓ પોતાની હાનિ કરનારા જ મનાય છે. ૩૬ ઉદાર અને કુટુંબવાળા જે બ્રાહ્મણોનું, ઉન્મત્ત થઇ ધન હરણ કર્યું હોય તે રાજાઓ એ બ્રાહ્મણનાં આંસુથી જેટલાં રજકણ ભીંજાય તેટલાં વર્ષ સુધી કુંભીપાક નામના નરકમાં રહે છે. ૩૭-૩૮ પોતે આપેલું અથવા બીજાએ આપેલું બ્રાહ્મણનું શાસન જે માણસ પડાવી લે છે તે માણસ સાઠહજાર વર્ષ સુધી નરકનો કીડો થઈ દુઃખ ભોગવે છે. ૩૯ જે ધનની ઇચ્છા રાખવાથી આયુષ્યનો નાશ થાય છે, અને રાજ્ય જતું રહે છે, એવું બ્રાહ્મણનું ધન અમારા ઘરમાં આવશો નહિ, એમજ નિરંતર ઇચ્છવું. ૪૦ હે બંધુઓ ! બ્રાહ્મણે અપરાધ કર્યો હોય તો પણ તમારે તેનો દ્રોહ કરવો નહિ. બ્રાહ્મણ મારે અથવા ગાળો દે, તોપણ તમારે તેનાપર ક્રોધ કરવો નહિ. ૪૧ હું સાવધાન રહી દરેક વખતે બ્રાહ્મણને પ્રણામ કરૂંછું, તેમ તમારે પણ તેમને પ્રણામ કરવા. આથી વિરૂદ્ધ ચાલનારને શિક્ષા થાય છે. ૪૨ જુઓ, આ નૃગરાજાએ અજાણતાં પણ બ્રાહ્મણની ગાય બીજાને દાનમાં આપી તો તે કેવા નીચ અવતારમાં પડયો. બ્રાહ્મણનું બીજાથી હરાયલું ધન પણ માણસને નરકમાં નાંખે છે. ૪૩

શ્રી શુકદેવજી કહેછે—સર્વલોકનું કલ્યાણ કરનારા મુકુંદ ભગવાન આ પ્રમાણે પોતાના સંબંધીઓ તથા દ્વારિકાના લોકને બોધ આપી પોતાના મહેલમાં ગયા. ૪૪

एवं विश्राव्य भगवान मुकुंदो द्वारकौकमः ॥
पावनः सर्व्व लोकानां विवेश निज मंदिरम् ॥

ઇતિશ્રી ભાગવત મહાપુરાણના દશમસ્કંધ ઉત્તરાર્ધમાં "નૃગ ઉપાખ્યાન વર્ણન" નામનો ૬૪ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૬૫ મો.

ગોકુળમાં પધારેલા બળભદ્રજીએ ગોપીઓની સાથે વિલાસ કરતાં મદથી યમુનાજીને ખેંચ્યાં.

श्री शुकउवाच

बलभद्रः कुरुश्रेष्ठ ! भगवान् रथमाश्थितः ॥
सुहृद्दिदृक्षुरुत्कंठः प्रययौ नंदगोकुलम् ॥ १ ॥

શુકદેવજી કહેછે—હે કુરૂશ્રેષ્ઠ ! બાંધવ જનને મળવાની ઇચ્છાથી રથમાં બેશીને બળભદ્રજી એક વાર નંદરાયના ગોકુળમાં ગયા. ૧ ઘણા કાળથી જેમને જોવાને માટે લોક તલસી રહ્યા હતા એવા બળભદ્રજીને ગોપીઓ અને ગોપ લોકે આલિંગન આપ્યાં, અને તેઓ પોતાના માત પિતાને પગે પડયા. નંદ યશોદાએ આશીર્વાદ દઈ તેમનો સત્કાર કર્યો. 'હે યાદવ ! તમે અને તમારા નાનાભાઈ જગતના ઇશ્વર શ્રીકૃષ્ણ અમારૂં પાલન કરજો.' એમ મધુર વાણીથી કહેતાં નંદ યશોદાએ બળભદ્રને પોતાના ખોળામાં બેસાડી આનંદનાં આંસુથી તેમના મસ્તકને ભીંજવી નાંખ્યું. ૨-૩ વૃદ્ધ ગોપલોકને બળભદ્ર પગે લાગ્યા અને તેમનાથી નાના તથા સરખી વયના ગોપ તેમને પગે લાગ્યા. તેમને મળવા આવેલાઓએ હાસ્ય કરી તેમનો હાથ ઝાલી માન આપ્યું અને આસન ઉપર બેસાડયા. ગોપ લોકે તેમના સંબંધીઓની કુશળતા પૂછી અને શ્રીકૃષ્ણ ભગવાનને મળવા માટે જેમણે સઘળા વિષયોનો ત્યાગ કર્યો હતો, એવા ગોપલોકને બળભદ્રજીએ કુશળતા પુછી. ૪-૬ ગોપ લોકે પછી મોટા આનંદથી

બળભદ્રજીને પુછ્યું કે-'હે બળભદ્ર! આપણા સઘળા બાંધવો આનંદમાં છે? સ્ત્રીઓ અને પુત્રોવાળા તમે, અમને કોઈ વાર સંભારો છો? ૭ પાપી અને દુષ્ટ બુદ્ધિવાળો કંસ મરાયો, આપનાં સંબંધી જન બંદિખાનામાંથી મુક્ત થયાં, અને તમે શત્રુઓના ઉપર વિજય મેળવી દ્વારિકામાં જઇ રહ્યા, તે સઘળું જાણી અમે પ્રસન્ન થયા છીએ.' ૮ બળભદ્રનાં દર્શન કરવાથી પ્રસન્ન થયેલી ગોપિકાઓએ પછી હાસ્ય કરી તેમને પૃછ્યું કે—"નગરની સ્ત્રિઓને પ્રિય શ્રીકૃષ્ણ પરમાત્મા સુખી છે? બંધુજન અને માત પિતાને કદી સંભારે છે? લાંબી ભુજાવાળા શ્રીકૃષ્ણ ભગવાન પોતાની માતા યશોદાજીને મળવા માટે કદી અહીં આવશે કે નહિ? અમારી સેવાઓ એમને સાંભરે છે? અથવા અમને સંભારે છે? હે યાદવ! જેમને માટે અમે બંધુઓ, માતપિતા, પુત્ર અને સંબંધીઓનો ત્યાગ કર્યો હતો તેમને છોડીને ભગવાન મથુરાં ગયા તો ગયા, પણ અમારો સ્નેહ એકદમ ભુલી ગયા! એમનાં વચન એવાં મનોહર છે કે સ્ત્રીઓને તેમના ઉપર વિશ્વાસ આવ્યા વગર રહેતો નથી. ૧૧-૧૨ અમને તો એજ આશ્ચર્યકારક લાગે છે કે, જે મને બોલે બંધનથી એવા શ્રી ભગવાનનાં વચન ઉપર દ્વારિકાંની ચતુર સ્ત્રીઓને કેમ વિશ્વાસ આવે છે? શ્રીકૃષ્ણની વિચિત્ર અને કામદેવને ઉત્પન્ન કરનારી વાર્ત્તાઓ તથા કામણગારાં કટાક્ષથી તેઓ પરાધીન બની જઈ એમનાં વચન ઉપર વિશ્વાસ આણતી હશે." ૧૩ બીજી ગોપી બોલી કે-ગોપિઓ! કૃષ્ણની વાર્ત્તાઓ કરવાથી તમારૂં શું વળવાનું છે? બીજી વાતો કરો. એમનો સમય તમારા વગર જાય છે, તેમ આપણો વખત પણ હવે એમના વગર જાય છે. ૧૪ આ પ્રમાણે બોલતાં શ્રીભગવાનનાં હાસ્ય, ભાવ, કટાક્ષ, આલિંગન વગેરે સાંભરી આવતાં તે ગોપિઓ રડવા લાગી. ૧૫ તેઓ વધારે બોલી શકી નહિ, એમનો શોક સમી જાય તેવી રીતે બળરામે તેઓને શ્રીકૃષ્ણનો સંદેશો કહીને સમજાવી અને તેઓને મીઠાં લાગે એવાં વચનથી શાંત પાડી. ૧૬ પછી બળરામજીએ ચૈત્ર અને વેશાખ બે માસ ગોકુળમાં વાસ કર્યો. શ્રી ભગવાને રાસક્રીડા કરી ત્યારે જેઓ બાળક હતી અને જન્મી નહોતી, એવી ગોપીઓ આ વખતે બળરામના ઉપર મોહ પામી અને બળરામ તેમની સાથે વનમાં વિહાર કરવા લાગ્યા. ૧૭ પૂર્ણ ચંદ્રનાં કિરણોથી ઉજ્વળ અને પ્રફુલ્લ થયેલાં કુમુદોની વાસથી સુગંધવાળા યમુનાજીના સુંદર તટોનાં ઉપવનોમાં ગોપિકાઓના ટોળાંથી વીંટાયલા બળરામ નાના પ્રકારના વિહાર કરતા હતા. ૧૮ વરૂણદેવે તેમને મસ્ત બનાવવા માટે વારૂણી નામની મદિરા તે ઉપવનોનાં વૃક્ષોમાંથી ફેલાવી, તેની ગંધથી વન મઘમઘી રહ્યું. ૧૯ ત્યારે ગોપિકાઓની સાથે બળરામે વૃક્ષો તળે જઇ તે મદિરાનું પોતે પાન કર્યું, અને સ્ત્રીઓને પાઇ. ૨૦ વારૂણીથી મત્ત થયેલા અને સ્ત્રીઓ જેમનાં ચરિત્ર ગાતી હતી, એવા બળરામ પછી મસ્ત થઇ તે વનોમાં ફરવા લાગ્યા. ૨૧ વૈજયંતી માળાવાળા, એક કુંડળથી શોભતા, અને જેમના મુખારવિંદ ઉપર પરસેવાના કણ મોતીની પેઠે શોભી રહેલા હતા એવા બળરામે પછી જળક્રીડા કરવા માટે યમુનાજીને બોલાવ્યાં. વારૂણીથી મત્ત થયેલા હોવાથી યમુનાજીએ તેમનાં વચનોનો અનાદર કર્યો, એટલે ક્રોધે ભરાયલા બળરામે હળની અણી વડે યમુનાજીને પોતાની તરફ ખેંચ્યાં. અને કહ્યું કે હે દુષ્ટા! મારા બોલાવ્યા છતાં તું આવી નહિ, માટે તું સ્વચ્છંદીના હું સેંકડો વિભાગ કરી નાંખીશ. ૨૨-૨૪ બળભદ્રનાં આવાં કોપ ભરેલાં વચનો સાંભળી યમુનાજી ધ્રુજી ગયાં અને તેમના ચરણમાં પડી વિનંતિ કરતાં બોલ્યાં કે-હે. રામ! હે બળભદ્ર! એક અંશે કરીને પૃથ્વીને ધારણ કરનાર આપના પરાક્રમને હું જાણતી નથી. ૨૫-૨૬ હે ભક્તવત્સળ! હું કે જે તમારા સ્વરૂપને જાણતી નથી, તેને શરણે આવ્યા પછી દોષમુક્ત કરવી જોઇએ છીએ." રસુ ૨૭.

યમુનાજીની આવી પ્રાર્થનાથી પ્રસન્ન થયેલા

બળભદ્રે પછી તેમને છોડી મુક્યાં, અને હાથી જેમ હાથિણીઓની સાથે વિહાર કરવા જાય-તેમ સ્ત્રીઓની સાથે પોતે જળવિહાર કરવા માટે યમુનાના જળમાં ઉતર્યા. ૨૮ પોતાની ઇચ્છા પ્રમાણે જળવિહાર કરી પ્રસન્ન થઈ જ્યારે તેઓ બહાર નીકળ્યા, ત્યારે પ્રસન્ન થયેલાં લક્ષ્મીજીએ તેમને શ્યામ વસ્ત્ર, સુંદર મુલ્યવાન અલંકાર અને માળાઓ આપી. એ વસ્ત્ર પહેરી સોનાની માળાઓ કંઠમાં ધારણ કરી ચંદનના લેપ કરવાથી સુંદર દેખાતા બળરામ ઇન્દ્રના હાથી જેવા શોભવા લાગ્યા. ૨૯-૩૦ હે રાજન્ ! જે ઠેકાણે બળરામે યમુનાજીને ખેંચ્યાં હતાં તે ઠેકાણે હાલ પણ તેમના પરાક્રમને બતાવતાં હોય તેમ તે વાંકા પ્રવાહથી મનુષ્યને સાક્ષી આપે છે. ૩૧ આ રીતે નવી ગોપીઓની સાથે વિહાર કરતા અને સ્ત્રીઓના હાવભાવમાં જેમનું ચિત્ત પરોવાઈ ગયું હતું એવા બળભદ્રજીને વ્રજમાં રહેતાં ઘણી રાત્રિઓ એક રાત્રિની પેઠે ટુંકી થઈ ચાલી ગઈ. ૩૨

एवं सर्वा निशा याता एकेव रमतो व्रजे ॥
रामस्याक्षिप्त चित्तस्य माधुर्यैर्व्रजयोषिताम् ॥

ઇતિ શ્રી ભાગવત પુરાણના દશમસ્કંધ ઉત્તરાર્ધમાં "બળભદ્ર વિજય વિષે યમુનાકર્ષણ" નામનો ૬૫ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૬૬ મો.

ભગવાને પૌંડ્રક વાસુદેવનો તથા તેના મિત્રનો કરેલો નાશ.

शुक उवाच.

नंदव्रजं गते रामे करूषाधिपतिर्नृप ॥
वासुदेवोऽहमित्यज्ञो दूतं कृष्णाय प्राहिणोत् ॥१॥

શ્રી શુકદેવજી કહે છે-હે રાજા ! બળરામ નંદરાયના વ્રજમાં ગયા પછી કરૂષ દેશના રાજાએ પોતાને વાસુદેવ મનાવવા માટે શ્રીકૃષ્ણચંદ્રના ઉપર દૂત મોકલ્યો. ૧ આસપાસના મુર્ખ લોકોએ ચઢાવેલો અને 'તમેજ વાસુદેવ છો' એમ વારંવાર સ્તુતિ કરાવેલો તે પૌંડ્રક પોતાને વિષ્ણુના અવતાર રૂપ માનતો હતો. ૨ નાનાં છોકરાં રમતમાં જેમ પોતાને રાજા માને છે, તેમ એ મુર્ખ પોતાને વાસુદેવ માનતો હતો. જેનાં પરાક્રમ જાણવામાં આવતાં નથી એવા શ્રીકૃષ્ણ ભગવાન ઉપર મુર્ખતાથી તેણે દૂત મોકલ્યો. ૩ દૂતે દ્વારકા આવી સભા ભરીને બેઠેલા, કમળ જેવાં નેત્રવાળા ભગવાનને સર્વ સભાસદોના સાંભળતાં સંદેશો કહી સંભળાવ્યો. ૪

દૂત કહે છે—અમારા મહારાજ કહાવે છે કે-'પ્રાણી ઉપર દયા કરવા માટે હું અવતરેલો છું અને ખરો વાસુદેવ પણ હું છું, માટે તમે ખોટા નામનો ત્યાગ કરો. અને હે યાદવ ! તમે મુઢત્વથી જે અમારાં ચિન્હો ધારણ કરોછો તે છોડી દો, ને અમારે શરણે આવો અને જો તેમ કરવું ન હોય તો યુદ્ધને માટે તૈયાર થાઓ. ૫-૬

શ્રી શુકદેવજી કહે છે—હે રાજા ! કરૂષ દેશાધિપતિનો આ સંદેશો સાંભળીને યાદવોની સભા ખડખડાટ હસી પડી અને એની અલ્પબુદ્ધિ તથા ગર્વને માટે તિરસ્કાર કરવા લાગી. ૭ પછી શ્રી ભગવાને કહાવ્યું કે-"હે મુઢ ! જે ચિન્હો ધારણ કરીને તું આ પ્રમાણે બકેછે, તે ચિન્હોનો હું ત્યાગ કરાવીશ. ૮ જ્યારે યુદ્ધ થશે, ત્યારે મરણ પામી રણમાં પડેલો તું કાગડા કે ગીધ અને વટ પક્ષીઓથી વીંટાઈ કુતરાંનાં ટોળાંને આશ્રયે પડીશ, માટે મિથ્યા અસત્ય ભાષણ શા માટે કરે છે ?' ૯

શ્રી શુકદેવજી કહે છે— આ પ્રમાણે રાજાને તેના દુતે દ્વારકાંથી આવી શ્રી ભગવાનનાં વચન કહ્યાં. કરૂષ રાજા આ વખતે કાશીરાજ જે તેનો મિત્ર હતો તેને મળવા કાશીપુરીમાં આવેલો હતો. પછી શ્રીભગવાન તેનો મદ ઉતારવા માટે રથમાં બેસી કાશીમાં આવ્યા.શ્રી ભગવાન આવ્યા એટલે પોતાના મિથ્યા અભિમાનથી મત્ત થયેલો પૌંડ્રક રાજા એક અક્ષૌહિણી સૈન્ય લઇ

તેમની સામે થવા માટે વારાણસીમાંથી બહાર નીકળ્યો, અને તેનો મિત્ર કાશીરાજ પણ અક્ષૌહિણી સૈન્ય સાથે તેને મદદ કરવા તેની પાછળ નિકળ્યો. ૧૨ શંખ, ચક્ર, ગદા ખડ્ગ, શારંગ વગેરે ચિન્હો ધારણ કરેલા અને કંઠમાં કૌસ્તુભમણિ લટકાવી યુદ્ધ કરવા આવેલા તે મિથ્યાભિમાની રાજાને જોઈ શ્રીકૃષ્ણ ભગવાનને અત્યંત હસવું આવ્યું. તેણે પીળાં વસ્ત્ર ધારણ કરેલાં હતાં, રથની ધ્વજામાં ગરૂડનું ચિન્હ રાખ્યું હતું, કાનમાં મકરાકૃતિ કુંડળ પહેરેલાં હતાં, અને માથે મુગટ ધારણ કરી અમુલ્ય શણગાર ધારણ કરેલા હતા. નાટકશાળામાં શ્રી વાસુદેવનો વેશ લઈ આવેલો નટ હોય તેમ તે શોભતો હતો. એવો તેને કૃત્રિમ વેશ વાળો જોઇને ભગવાન ફરીને હસી પડ્યા. ૧૩-૧૫ પછી તેના સૈનિકો ત્રિશૂળ, ગદા, પરિઘ, સાંગ, પ્રાસ, તોમર, તરવાર, અને બાણથી શ્રીકૃષ્ણને મારવા લાગ્યા. ૧૬ પ્રલય કાળનો અગ્નિ જેમ જુદી જુદી પ્રજાનો નાશ કરે, તેમ શ્રી કૃષ્ણ ભગવાને પૌંડ્રક તથા કાશી રાજના સૈનિકો, ઘોડા, રથ, અને હાથીનો નાશ કરવા માંડ્યો. શ્રી ભગવાને મુકેલા ચક્ર, બાણ, તરવાર અને ગદાથી કપાઈ ગયેલું, કચરાઇ ગયેલું તથા અધમુવું થઇ ગયેલું માણસ, ઘોડા, હાથી, ખચ્ચર અને ઉંટવાળું તે રાજાનું લશ્કર રણભૂમિમાં પડવાથી રૂદ્રને ક્રિડા કરવાની ભૂમિ હોય તેવું ભયંકર લાગવા માંડ્યુ. ૧૭-૧૮ પછી શ્રીકૃષ્ણ પૌંડ્રકને કહેવા લાગ્યા કે-'હે રાજા! દૂતની સાથે તેં મને જેમ કહાવ્યું હતું, તેમ હું હવે તારા ઉપર શસ્ત્રોનો ઉપયોગ કરૂંછું ૧૯ હે મૂઢ મતિવાળા! તેં જે મારૂં નામ ધારણ કર્યું છે તે હું આજ મુકાવી દઇશ, અને જો મારાથી તેમ નહિ થાય તો હું તારે શરણે આવીશ.' ૨૦ આ રીતે તે મિથ્યા નામધારીનો તિરસ્કાર કરી શ્રીભગવાને ઉતારેલી ધારવાળાં બાણ મારીને તેને રથ વગરનો કર્યો, તેથી પગપાળો થઇ શ્રી ભગવાનની સામે તે યુદ્ધ કરવા લાગ્યો. પછી થોડીવાર તેને રમાડી ભગવાને, ઇંદ્ર જેમ વજ્ર વડે પર્વતના અંગને ઉખડી નાંખે તેમ ચક્ર વડે તે રાજાના મસ્તકને ધડ ઉપરથી ઉડાડી દીધું. ૨૧ પછી કાશીના રાજાની સામું જોઇ વાયુ જેમ કમળના કોશને ઉડાડે તેમ ભગવાને બાણ મુકી તેના મસ્તકને ધડથી જાુદું કરી કાશીમાં ઉડાડી દીધું. ૨૨ આ પ્રમાણે કરૂષદેશના મિથ્યાભિમાની રાજા પૌંડ્રક તથા તેના મિત્રનો નાશ કરી શ્રી ભગવાન સિદ્ધ લોકથી સ્તુતિ કરાતા દ્વારિકામાં પધાર્યા. ૨૩

શ્રી ભગવાનનું રૂપ ધારણ કરવાથી, તેમનાં ચિન્હો રાખવાથી, અને નિરંતર તેમના સ્મરણથી જેનાં કર્મબંધન છુટી ગયાં હતા, એવો કરૂષ દેશનો રાજા શ્રી ભગવાનની સામ રણમાં ઉતરી પરમ લોકને પામી ગયો. ૨૪ પછી ભગવાને કાપીને ઉડાડેલું કાશીરાજનું મસ્તક જ્યારે ગામમાં આવી પડ્યું ત્યારે ત્યાંના લોક, રાણીઓ તથા પુત્રો તેના મરણનો શોક કરવા લાગ્યા. અને 'હે નાથ! હે નાથ! હે રાજા! તમારા મરણથી અમો મરણ પામ્યા છીએ' એમ પોકાર કરવા લાગ્યા. ૨૫-૨૬ પછી એ રાજાના પુત્ર સુદક્ષિણે પિતાની ઉત્તરક્રિયા કરી નિશ્ચય કર્યો કે-'મારા પિતાને મારનારને મારીને પિતાનું વેર વાળીશ' ૨૭ આવો અયોગ્ય નિશ્ચય કર્યા પછી તેણે પોતાના પુરોહિત અને ઉપાધ્યાય સાથે મળી શ્રી સદાશિવનો પ્રયોગ અને આરાધના કરવા માંડી. ૨૮ તેના પૂજન તથા આરાધનાથી સદાશિવ પ્રસન્ન થયા અને દર્શન દઈ વર માગવાનું કહ્યું, ત્યારે તે પોતાના પિતાના શત્રુને મારવાનું માગવા લાગ્યો. ૨૯ ભગવાન સદાશિવે તેને કહ્યું કે-'જો તારે તારા પિતાને મારવો હોય તો તું ઋત્વિજની પેઠે ધારેલું કામ કરનારા દક્ષિણાગ્નિનું અભિચાર સહિત બ્રાહ્મણોને સાથે રાખીને પૂજન કર. એમ કરવાથી તે દેવ, ભુત તથા પ્રેતની સાથે તને સહાય કરશે અને તારૂં કાર્ય થશે. જેના ઉપર તું અગ્નિનો પ્રયોગ કરીશ, તે માણસ જો બ્રાહ્મણોને માનનારો નહિ હોય તો બળીને ભસ્મ થઇ જશે.' પછી સુદક્ષિણે બ્રાહ્મણોની સાથે તેનું પૂજન કરવા માંડ્યું, ૩૦-૩૧ જ્યારે આ-

હુતિઓ આપવા માંડી, ત્યારે તે કુંડમાંથી તપાવેલા ત્રાંબાના જેવી શિખા તથા દાઢી મૂછવાળો અને નેત્રોમાંથી અગ્નિની જ્વાળા કાઢતો મહા ભયંકર અગ્નિ બહાર નીકળ્યો ૩૨ એનું મુખ મોટી ભ્રકુટીઓથી અને ઉગ્ર દાઢોથી ઘણુંજ ભયંકર લાગતું હતું, અને મોટી જીભથી તે હોઠ ચાટતો હતો. તેના હાથમાં બળતી જ્વાળાઓવાળું ત્રિશૂળ ધારણ કરેલું હતું, તાડ જેવા મોટા પગથી પૃથ્વીને કંપાવતો તે નગ્નાવસ્થામાં કુંડમાંથી નિકળી સુદક્ષિણની સામે ઉભો. પછી ભૂતગણથી વીંટાયલો અને દિશાઓને ઘેરતો તે આજ્ઞા થતાંજ દ્વારિકા તરફ દોડ્યો. ૩૩-૩૪ વનમાં દવ લાગતાં જેમ હરણ ત્રાસ પામીને નાશભાગ કરે છે, તેમ દ્વારકાવાસી તેને જોઈ ત્રાસથી નાસવા લાગ્યા. ૩૫ લોક નાસીને શ્રીકૃષ્ણ ભગવાનની પાસે ગયા, ત્યારે તેઓ પોતાના સંબંધીઓ સાથે બાજી ખેલતા હતા. લોકે તેમને કહ્યું કે 'હે ત્રૈલોક્યનાથ! આપ જગતને બાળી નાંખે એવા આ મહા ભયંકર અગ્નિથી અમારૂં રક્ષણ કરો. ૩૬ લોકને ત્રાસ પામેલા જોઇ ભગવાને તેમને ધીરજ આપી, અને કહ્યું કે-' તમે ભય પામશો નહિ, નગરનું અને લોકનું હું રક્ષણ કરીશ.' ૩૭ જગતના સાક્ષીરૂપ શ્રી ભગવાન કૃષ્ણદેવે તેને શિવની કૃત્યાછે એમ જાણી તેનો નાશ કરવા માટે સુદર્શન ચક્રને આજ્ઞા કરી. ૩૮ એટલે કરોડો સૂર્યના જેવા તેજસ્વી, આકાશ, પૃથ્વી, દિશાઓ અને સ્વર્ગને પોતાની જ્વાળાઓથી પ્રકાશ આપતા સુદર્શન ચક્રે પેલા અગ્નિને પીડવા માંડ્યો. ૩૯ હે રાજા! ભગવાનના ચક્રથી હણાયલા અને મસ્તકમાંથી રૂધિર ઓકતા અભિચારના અગ્નિએ ત્યાંથી નાશી કાશીમાં આવી પોતાને પ્રેરનારા સુદક્ષિણ અને બ્રાહ્મણોને બાળી નાંખ્યા. ૪૦ તેની પાછળ આવેલા ભગવાનના સુદર્શન ચક્રે વળી દરવાજા, દુકાનો, મહેલ, સરસામાન, રથ, કોઠારો અને અન્નશાળાઓ સાથે કાશીને બાળીને ભસ્મ કરી નાંખ્યું. ૪૧ કાશીનો નાશ કર્યા પછી સુદર્શન ચક્ર પાછું શ્રીકૃષ્ણ ભગવાનની પાસે ગયું. ૪૨

હે રાજન્! શ્રીભગવાનનું આ પરાક્રમ જે માણસ સાંભળે તથા સંભળાવે છે, તેનાં સઘળાં પાપો ટળી જાય છે. ૪૩

य एनं श्रावयेन्मर्त्य उत्तमश्लोकविक्रमम् ॥
समाहितो वा शृणुयात्सर्वपापैःप्रमुच्यते ॥

ઇતિશ્રી ભાગવતપુરાણના દશમસ્કંધ ઉત્તરાર્ધમાં "પૌંડ્રકવધ" નામનો ૬૬ મો અધ્યાય સંપુર્ણ.

અધ્યાય ૬૭ મો.

રૈવતાચળ ઉપર વિહાર કરતાં બળભદ્રે કરેલો દ્વિવિદ વાનરનો નાશ.

રાજોવાચ.

भूयोऽहंश्रोतुमिच्छामि रामस्याद्भुतकर्मणः ॥
अनंतस्याप्रमेयस्य यदन्यत्कृतवान्प्रभुः ॥ १ ॥

પરીક્ષિતરાજા પૂછે છે-હે મહારાજ! અનંત અને પ્રમાણમાં ન આવી શકે એવા શ્રીબળભદ્રજીનાં બીજાં પણ અદ્ભુત પરાક્રમ સાંભળવાની મને ઇચ્છા છે. તે આપ મને સંભળાવો. ૧

શ્રી શુકદેવજી કહેછે—હે રાજન્! રામાવતાર વાળા સુગ્રીવનો પ્રધાન અને મૈંદ વાનરનો ભાઇ મહા પરાક્રમી દ્વિવિદ નામનો વાનર નરકાસુરનો મિત્ર હતો. ૨ નરકાસુરના નાશ પછી મિત્રનું વેર વાળવાની ઇચ્છાથી એ વાનર દેશનો નાશ થાય એ રીતે ગામ, વાડા, વન અને નગરમાં ઠેકાણે ઠેકાણે આગ મુકતો ફરતો હતો. ૩ કોઇવાર પર્વતોનાં શિખરોપરથી દેશના લોકો ઉપર પથ્થરનો વરસાદ વરસાવતો હતો, તેમાં પણ પોતાના મિત્રના શત્રુના દેશ આખામંડળને ઘણું દુઃખ દેતો હતો. ૪ દશહજાર હાથીના જેવો બળવાન દ્વિવિદ વાનર કોઈ કોઇ વાર સમુદ્રમાં ઉભો રહી સમુદ્રનું પાણી ઉછાળીને કાંઠાપરના દેશો બોળી દેતો હતો. ૫ ઋષિઓના આશ્ર-

મનાં વૃક્ષને તે વારંવાર ઉખાડી નાંખતો અને યજ્ઞના પવિત્ર અગ્નિ ઉપર વિષ્ટા અને મળમુત્ર નાંખી જતો હતો. ૬ ભમરી જેમ કીડાને પોતાના દરમાં ગાંધી રાખે છે. તેમ ઘણીવાર મનુષ્યોને પર્વતની ગુફાઓમાં સંતાડીને તે દ્વારપર શિલાઓ ઢાંકી દેતો હતો. ૭ આ પ્રમાણે લોકને ઉપદ્રવ કરતો અને ઉંચા કુળની સ્ત્રીઓની લાજ લેતો તે વાનર એક વાર રૈવત પર્વતમાં સુંદર ગાયન થતું હતું ત્યાં ગયો. ૮ ભગવાન બળરામ સુંદર પુષ્પની માળાઓ ધારણ કરી, વારૂણી નામની મદિરાનું પાન કરી પ્રસન્ન ચિત્તે અત્યંત રૂપાળી પોતાની સ્ત્રીઓ મધ્યે બેસીને ગાયન કરતા ગાતા હતા, મધુર સુરથી દ્વિવિદનું મન તેની તરફ ખેંચાયું. એટલે મદ્યથી વિહ્વળ થયેલા અને મદ ઝરતા હાથીની પેઠે સ્ત્રીઓમાં વિહાર કરતા ભગવાન બળભદ્ર તેના જોવામાં આવ્યા. ૯–૧૦ ત્યાં વૃક્ષો ઉપર ચઢી ડાળીઓને કંપાવતો તે વાનર મોટા આનંદથી ચીસો પાડી પોતાનું શરીર દેખાડવા લાગ્યો. ૧૧ જુવાન, ચપળ અને હાસ્ય પ્રિય બળભદ્રની સ્ત્રીઓ તે વાનરના ચાળા જોઇ ઘણુંજ હસવા લાગી. ૧૨ પોતાની ગુદાને બતાવતો અને સામે ધસી આવતો તે વાનર બળભદ્રના દેખતાં સ્ત્રીઓનું અપમાન કરવા લાગ્યો. ૧૩ ત્યારે ક્રોધે ભરાઇ પ્રહાર કરનારાઓમાં શ્રેષ્ઠ બળરામે એક પથ્થર લઇ તેને માર્યો, પોતાની ઉપર નાંખેલો પથ્થર ચોટ ચુકાવી ખાલી જવા દીધા પછી તેમને વધારે વધારે ચીડાવતો અને હુસાવતો દ્વિવિદ નીચે ઉતરી આવી સર્વના દેખતાં મદિરાનો કળશ લઇ દુર જતો રહ્યો. અને મદિરાનો પ્યાલો તેણે બળથી ફોડી નાંખ્યો અને અત્યંત ધૃષ્ટ થઈ ફરીથી સ્ત્રીઓના ટોળામાં ધસી આવી નિર્લજની પેઠે તેમનાં વસ્ત્ર ખેંચી ફાડી નાંખવા લાગ્યો. પોતાની અવગણના અને અપમાન થવાથી ક્રોધે ભરાયેલા બળરામે પછી દેશને અને લોકને અત્યંત ઉપદ્રવ કરનારા તે દુષ્ટ વાનરને મારી નાંખવા માટે પોતાનાં હળ અને મુશળ હાથમાં લીધાં. મોટી ભુજાઓવાળા દ્વિવિદ વાનરે પણ તેમની સામે થવા માટે એક સાગનું ઝાડ ખેંચીલીધું. ૧૪–૧૭ બળભદ્ર અને તે એક બીજાની સામે ધસ્યા, વાનરે મોટા ધસારા સાથે તે વૃક્ષ બળરામના માથામાં માર્યું. પર્વતના જેવા પ્રૌઢ બળરામે તે વૃક્ષના સપાટાને પોતાના મસ્તક ઉપર ઝીલી લઇ સુનંદ નામના મુશળથી દ્વિવિદને ખુબ માર માર્યો. મસ્તકમાંથી વહેતા રૂધિરને લીધે તે ગેરૂથી જેમ પર્વત શોભે તેમ શોભવા લાગ્યો, અને પોતાના ઉપર પડેલા મારને ન ગણકારતાં ફરીથી તેણે એક મોટું ઝાડ ઉખેડી તેનાં પાંદડાં કાઢી નાંખી બળભદ્રને મારવા માટે ઉગામ્યું. બળભદ્રના ઉપર તેનો પ્રહાર થતાં તેના સેંકડો કડકા થઇ ભાગી ગયું. વળી વાનરે ત્રીજું વૃક્ષ ઉપાડી માર્યું, તેના પણ સો કડકા થઇ ગયા. ૧૮–૨૧ આ રીતે બળરામને વૃક્ષથી મારતા તે મહા બળવાન વાનરે આખું વન ઉજડ કરી નાંખ્યું. ૨૨ બળરામના હળમુશળનો માર ચાલુ રહેવાથી કાયર ન થયેલા દ્વિવિદે પછી પર્વતો ઉપાડી ઉપાડી તેમના ઉપર નાંખવા માંડ્યા, તેને પણ બળરામ ચુર્ણ કરી નાંખતા ગયા; દ્વિવિદ શિલાઓનો વરસાદ વરસાવતો હતો. અને બળરામ લીલા માત્રમાં તેનો ભુકો કરી નાંખતા હતા. ૨૩ છેવટે તે તાડના જેવા બે હાથની મુઠીઓ વાળી સામો આવ્યો અને બળરામની છાતીમાં જોરથી મારી. ૨૪ ધર્મ યુદ્ધ કરનારા રામે પણ હળમુશળ મુકી દઇ હાથથીજ તેને મારવા માંડ્યો, બળરામની મુઠીનો પ્રહાર થતાં દ્વિવિદ લોહી ઓકતો પૃથ્વી ઉપર પડ્યો, તેથી જેમ પાણીમાં નાવ ડોલે તેમ પર્વતો અને વૃક્ષોવાળો રૈવતાચળ કંપવા લાગ્યો. ૨૫–૨૬ તે સમયે આકાશમાંથી પુષ્પની વૃષ્ટિ કરતા, દેવ, સિદ્ધ અને મુનિઓ 'જયજય નમો રામાય, સારૂં કર્યું સારૂં કર્યું.' એમ હર્ષે નાદ કરવા લાગ્યા. દુઃખ દેનાર દ્વિવિદ વાનરને મારવાથી સ્તુતિ કરતા બળભદ્રજી પછી દ્વારકામાં પધાર્યા. ૨૮

एवं निहत्य द्विविदं जगद्व्यातिकरावहम् ॥
संस्तूयमानो भगवाञ्जनैः स्वपुरमाविशत् ॥

ઇતિ શ્રી ભાગવત મહાપુરાણના દશમસ્કંધ ઉત્તરાર્ધમાં "દ્વિવિદવધ" નામનો ૬૭ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૬૮ મો.

કૌરવોએ કેદ કરેલા સાંબને છોડાવીને બળભદ્રે હસ્તિનાપુરને ખાંચું કર્યું.

शुकउवाच.

दुर्योधन सुतां राजन् लक्ष्मणां समितिंजयः ॥
स्वयंवरस्थामहरत्सांबो जांबवती सुतः ॥ १ ॥

શ્રી શુકદેવજી કહે છે—હે રાજા! યુદ્ધમાં જય કરનાર જાંબવતીના પુત્ર સાંબે, સ્વયંવરમાં ઉભેલી દુર્યોધનની કુંવરી લક્ષ્મણાનું હરણ કર્યું. ૧ ત્યારે, ક્રોધે ભરાયેલા કૌરવો બોલ્યા કે-'અવિનયી યાદવના પુત્રે આ કન્યા કે જે તેને ચહાતી નથી તેનું બળાત્કારે હરણ કર્યું છે. ૨ માટે એને પકડી લાવો. મહેરબાની રાખે આપણે આપેલી પૃથ્વી ભોગવતા યાદવો, આ ઉદ્ધત છોકરાને બાંધી લાવવાથી કદાપિ ક્રોધે ભરાશે, તોપણ શું કરનાર છે? ૩ અને જો તેઓ અહીં ચઢી આવશે તો દમન કરવાથી શાંત થયેલી ઇંદ્રિયોની પેઠે તેઓ આપણા દમનથી શાંત થઈ જશે. ૪ પછી ભીષ્મપિતામહની આજ્ઞા મેળવી કર્ણ, શલ, ભૂરિ, યજ્ઞકેતુ અને દુર્યોધન સાંબને પકડવા માટે તેની પાછળ પડ્યા. ૫ કૌરવોને પોતાની પાછળ આવતા જોઇ મહારથી સાંબ સુંદર ધનુષ ખેંચીને સિંહની પેઠે તેઓની સામે ઉભો રહ્યો. ૬ પોતાને બોલાવતા, બાંધી લેવાની ઇચ્છાવાળા અને ક્રોધે ભરાયલા કર્ણ વગેરે ઉપર તેણે બાણો મારવા માંડ્યાં, કૌરવોએ પણ તેના ઉપર બાણની વૃષ્ટિ કરી. ૭ તે કૃષ્ણનો પુત્ર સાંબ સહન કરી શક્યો નહિ. ક્રોધથી પોતાનું ધનુષ ચઢાવી આકાશને પુરી નાંખે એવો ટંકારવ કરી તેણે કૌરવોના છ વીર પુરૂષો ઉપર છ છ બાણ માર્યાં. ૮-૯ ચાર ચાર બાણથી તેમના રથના ચાર ચાર ઘોડાને, એકેક બાણથી તેમના સારથીઓને અને એક એક બાણથી તેમને વિંધી નાંખ્યા. ૧૦ તેઓએ સાંબને પણ રથ વગરનો કર્યો. ચાર જણે તેના ઘોડાઓને, એક જણે સારથીને, એક જણે રથને, અને એક જણે તેનું ધનુષ કાપી નાંખ્યું ૧૧ મોટા પરિશ્રમથી કૌરવો તેને હરાવી પોતાની કન્યા સહિત બંદીવાન કરી હસ્તિનાપુરમાં લઈ આવ્યા. ૧૨ હે રાજા! નારદજીએ સાંબને બંદીવાન કર્યાની વાર્તા દ્વારિકામાં જઇ યાદવોને જણાવી, એટલે ઉગ્રસેનની આજ્ઞાથી તેઓ સાંબને છોડાવવા માટે ઉદ્યોગ કરવા લાગ્યા. ૧૩ પરંતુ બળભદ્રજી કે જે કળિનો મળ હરનાર અને મહાતેજસ્વી હતા, તે કૌરવો અને યાદવો વચ્ચે સંગ્રામથી કલહ ન વધવા દેવા માટે યાદવોને સમજાવી પોતે એકલાજ મોટા રથમાં બેસી હસ્તિનાપુરમાં ગયા. ગ્રહોથી વીંટાએલા ચંદ્રમાની પેઠે શ્રી બળભદ્રજી કુળના વૃદ્ધોથી અને બ્રાહ્મણોથી વીંટાએલા હતા. ૧૪-૧૫ તેમણે એક વાડીમાં ઉતારો કર્યો. પછી કૌરવોનો અભિપ્રાય જાણવા માટે ઉદ્ધવજીને ધૃતરાષ્ટ્રની પાસે મોકલ્યા. ૧૬ ભીષ્મ પિતામહ, ધૃતરાષ્ટ્ર, દ્રોણાચાર્ય અને દુર્યોધનને સવિનય પ્રણામ કરી ઉદ્ધવજીએ તેમને બળભદ્ર આવ્યાના સમાચાર આપ્યા. ૧૭ આ સમાચારથી અત્યંત પ્રસન્ન થયેલા કૌરવો તેમને ભેટ આપવાની વસ્તુઓ લઈ મોટા આનંદથી સત્કાર કરવા માટે સામા ગયા. ૧૮ બળદેવ તથા અર્ઘ્ય આપી તેમનો સત્કાર કર્યો. જેઓ બળભદ્રજીનાં અતુલ બળતથા પરાક્રમને જાણતા હતા, તેમણે મસ્તક નમાવી પ્રણામ કર્યાં. ૧૯ એક બીજાના કુશળ સમાચાર પુછયા પછી સંબંધીઓનું કુશળ સાંભળીને પ્રસન્ન થયેલા શ્રીબળભદ્રજી તેમને કહેવા લાગ્યા. ૨૦

બળભદ્રજી કહે છે—હે કૌરવો! દ્વારિકાંના મહારાજા ઉગ્રસેને તમને જે આજ્ઞા કરી છે તે તમે લક્ષપૂર્વક સાંભળો અને તે

પ્રમાણે કરવામાં આળસ કરશો નહિ. ૨૧ તમે ઘણા જણ એકઠા થઈ અમારા બાળકને અધર્મથી જીતી લઇ તેને બંદીવાન કર્યો છે; તોપણ સગાંઓનો સંબંધ હોવાથી અમે કંઈ બોલ્યા નથી, અને તમારો અધર્મ સહન કરી રહ્યા છીએ, માટે હવે તે બાળકને મુક્ત કરો. ૨૨

શ્રી શુકદેવજી કહે છે—હે રાજા! બળભદ્રજીએ પોતાના બળ તથા પ્રભાવને યોગ્ય વચનો કૌરવોને કહ્યાં, એટલે તેમનાં વચન સાંભળી ક્રોધ પામેલા કૌરવો બોલી ઉઠયા કે ૨૩ "અહો! કાળની ગતિ કેવી છે! સામંતોના મુગટમણિથી જેનાં પાદપીઠ સેવાય છે એવા કૌરવોના પ્રતિ યાદવો કેવું ભાષણ કરે છે? બિચારૂં ખાસડું મુગટથી સેવાના માથાપર ચઢી બેસવાને ઇચ્છે છે! ૨૪ યાદવોની સાથે સંબંધ બાંધી, તેમને રાજ્યાસન, ભોજન વ્યવહાર અને છત્ર આપીને આપણે તેમને બરોબરીયા ગણ્યા તેનાંજ આ ફળ થાય છે? ૨૫ એમના તરફ આપણે દ્વેષ રાખતા નથી, તેથીજ તેઓ રાજ્ય, આસન, છત્ર, ચામર વગેરેનો ભોગ ભોગવે છે. ૨૬ અને એજ મહા શોકની વાત છે કે આપણાથી ચઢેલા યાદવો આજ આપણી અવગણના કરી આપણને ભય બતાવીને પોતાની આજ્ઞા પળાવવાનો હુકમ કરે છે. સાપને પાયેલું દુધ જેમ તેના પાનારને હાનિકારક થાય છે, તેમ આપણે આપેલા રાજ્ય ચિન્હોથી આપણા શત્રુ થઇ પડેલા યાદવો આપણને આજ્ઞા કરવા તૈયાર થયાછે, માટે હવે તે ચિન્હો બંધ કરવાં જોઇએ. ૨૭ ભીષ્મ અને દ્રોણાદિએ ન આપી હોય તેવી વસ્તુને ઇન્દ્ર પણ ભોગવી શકતો નથી. તો પછી યાદવોના શા ભાર છે? સિંહની સત્તાને બકરૂં કેવી રીતે ભોગવી શકે?" ૨૮ હે રાજા! ઉંચા કુળમાં થયેલા જન્મથી, બળવાન બંધુઓથી અને અત્યંત લક્ષ્મીથી મત્ત થયેલા કૌરવો બળભદ્રજીને આવાં કઠોર વચન સંભળાવીને હસ્તિનાપુરમાં ગયા. ૨૯ કૌરવોના દુષ્ટ સ્વભાવ અને તેમનાં દુર્વચન સાંભળી ક્રોધ પામેલા, તથા જેમના સામું પણ જોવાય નહિ, એવા બળભદ્રજી પછી હસતાં હસતાં આ પ્રમાણે બોલ્યા. ૩૦

બળભદ્ર કહે છે—"અનેક રીતે મદમત્ત થઈ ગયેલા નીચ પુરૂષો જેમ શાંતિને ઇચ્છતા નથી, તેમ આ લોકો પણ શાંતિ માગતા નથી, પશુઓ મારથી વશ થાય છે, તેમ ખળ પુરૂષો પણ દંડનીતિથીજ વશ થાય છે. ૩૧ કોપમાં આવેલા યાદવો તથા ક્રોધથી અધીર થયેલા શ્રીકૃષ્ણને સંબંધીઓમાં કલહ ન થવાદેવા માટે મેં વારી રાખ્યા, કલહ ન થવા દેવા માટે હું અહીં આવ્યો,૩૨ ત્યારે આ મદમત્ત લોકોએ મને અપમાન લાગે તેવાં વચન કહ્યાં. કલહની ઇચ્છાવાળા, ખળ અને સંબંધીઓમાં લડાઇ ઇચ્છનારા કૌરવોએ ન બોલવાનાં વચન બોલી બતાવ્યાં. ૩૩ ભોજ, અંધક અને વૃષ્ણિવંશના અધિપતિ તથા જેની આજ્ઞાને લોકપાળો પણ માન આપે છે, એવા મહારાજ ઉગ્રસેનને તો આ મત્ત લોકો રાજાની ગણત્રીમાંજ ગણતા નથી! ૩૪ દેવલોકની સુધર્મા સભાને દબાવી લેનાર અને પારિજાતકના વૃક્ષને સ્વર્ગમાંથી પૃથ્વી ઉપર લાવનાર શ્રીકૃષ્ણને આ લોકો સિંહાસનને યોગ્ય પણ ગણતા નથી. ૩૫ એટલુંજ નહિ પણ આખા જગતની ઈશ્વરી લક્ષ્મીજી જેના પગ તળાંસે છે એવા લક્ષ્મીના પતિ શ્રીકૃષ્ણ રાજચિન્હો ભોગવવાને યોગ્ય નથી, એમ કૌરવો કહે છે. ૩૬ ગંગાને તીર્થત્વ આપનાર, શંકર અને બ્રહ્મા જેની સ્તુતિ કરે છે તથા જેના ચરણની રજ ઇંદ્રાદિ લોકપાળો પોતાના મસ્તક ઉપર ચઢાવે છે એવા જે અંશાવતાર રૂપ છે, એવા શ્રીકૃષ્ણ ભગવાનને રાજ્યગાદી ક્યાં ઘટે? ૩૭ અહો! મત્ત પુરૂષો કેવાં વચન બોલે છે! કૌરવોએ આપેલી પૃથ્વીનો એક ભાગ યાદવો ભોગવે છે! યાદવો ખાસડા રૂપ અને કૌરવો મુગટ ધારણ કરનારા મસ્તક રૂપ થાય છે. ૩૮ ઐશ્વર્ય રૂપી મદિરાનું પાન કરવાથી મત્ત થયેલા આ કૌરવોનાં કઠોર વચનને કયો પુરૂષ સહન કરે?

જેનામાં શત્રુને શિક્ષા કરવાની સત્તા છે તેવો પુરૂષ તે વચનને સહન કરેજ નહિ. ૩૯ આજેજ હું આ પૃથ્વીને કૌરવ વગરની કરી નાંખીશ." હે રાજા! આ પ્રમાણે બોલી ક્રોધથી રાતા થયેલા બળભદ્રજી હાથમાં હળ લઇને ઉભા થયા. ૪૦ ક્રોધ પામેલા બળભદ્ર હળના અગ્રથી હસ્તિનાપુરને ખેંચીને ગંગાજીમાં નાંખવા લાગ્યા. ૪૧ આ પ્રમાણે ખેંચાતું હસ્તિનાપુર નાવની પેઠે હાલવા માંડયું, ત્યારે કૌરવો ગભરાટમાં પડયા. ૪૨ બળભદ્રજીના પ્રતાપથી ભય પામેલા કૌરવો પછી લક્ષ્મણાને આગળ કરી. સાંબ સહિત તેમને શરણે ગયા, અને કહેવા લાગ્યા. ૪૩

કૌરવો કહે છે-હે બળરામ! હે બળભદ્રજી! તમારા પ્રભાવને અમે જાણતા નથી, તમારે અમારા જેવા કુબુદ્ધિવાન અને મૂઢ લોકને ક્ષમા કરવી જોઇએ. ૪૪ તમેજ એક આશ્ચર્ય રહિત હોઇ આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયના કારણ રૂપ છો, હે ઇશ્વર! સર્વ લોકને આપ રમકડાની પેઠે ક્રિડા કરાવનાર છો. ૪૫ હે હજાર મસ્તકવાળા! હે અનંત ભગવાન! તમે આ પૃથ્વીને મસ્તક ઉપર ધરી રહ્યા છો, તમેજ પ્રલયને વખતે પોતાના સ્વરૂપમાં જગતનો લય કરી અવશેષ રહો છો, અને શેષ નાગ ઉપર પોઢો છો. ૪૬ સત્વગુણના ભંડાર રૂપ આપનો કોપ કોઇના દ્વેષ માટે નથી; પરંતુ સર્વને શીખામણ દેવા માટે છે. ૪૭ આપનાં સર્વ કાર્યો જગતના શ્રેય માટે છે. હે અવિનાશી! અમે તમારે શરણે આવેલા દીન તમારા ચરણ કમળમાં પ્રણામ કરીએ છીએ.૪૮

શ્રી શુકદેવજી કહેછે--આ પ્રમાણે શરણે જઇ પ્રાર્થના કરતા, ઉદ્વેગ પામેલા અને જેમનું પાટનગર ઝુલતું હતું એવા કૌરવોથી પ્રસન્ન કરાતા બળભદ્રજીએ તેમની સ્તુતિથી પ્રસન્ન થઇને કહ્યું કે—'હે કૌરવો! ભય પામશો નહિ' આમ કહી શ્રીબળરામજીએ તેમને અભય વચન આપ્યું. ૪૯ પછી પ્રેમથી પ્રસન્ન થયેલા દુર્યોધને સાઠ સાઠ વરસની ઉમ્મરના બારસેં હાથી, દશ હજાર ઘોડા અને છ હજાર સુવર્ણના રથ, કંઠા ધારણ કરાવેલી એક હજાર દાસીઓ યાદવના કુમાર સાંબને લક્ષ્મણાની સાથે પહેરામણીમાં આપી. ૫૦-૫૧ યાદવોમાં ઉત્તમ અને સંબંધીમાં માન પામેલા બળરામજી પછી પોતાના પુત્ર સાંબ અને વધુ લક્ષ્મણાને સાથે લઇ હસ્તિનાપુરથી ચાલી નીકળ્યા. ૫૨ દ્વારિકામાં આવી એક મોટી સભા ભરી બળરામે પોતાની સાથે કૌરવોએ ચલાવેલી ચાલ માટેની સઘળી હકીકત કહી સંભળાવી. ૫૩ હજી સુધી પણ ગંગાના પ્રવાહ તરફ નીચું અને સામી બાજુએ ઉંચું રહેલું હસ્તિનાપુર બળભદ્રનું અજબ પરાક્રમ દેખાડે છે. ૫૪

अद्यापि च पुरं ह्येतत्सूचयद्राम विक्रमम् ॥
समुन्नतं दक्षिणतो गंगायमनुदृश्यते ॥

ઇતિશ્રી ભાગવત મહાપુરાણના દશમસ્કંધ ઉત્તરાર્ધમાં "શ્રી બળદેવજીએ હસ્તિનાપુર ખાંચું કર્યું" એ નામનો ૬૮ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૬૯ મો.

શ્રીકૃષ્ણને પ્રત્યેક રાણીના ઘરમાં જોઇને નારદજી આશ્ચર્ય પામ્યા.

શ્રી શુકउवाच-

नरकं निहतं श्रुत्वा तथोद्वाहं च योषितां ॥
कृष्णेनैकेन बह्वीनां तद्दिदृक्षुः स्म नारदः ॥

શ્રી શુકદેવજી કહે છે—નરકાસુરને મારીને શ્રીકૃષ્ણ પરમાત્મા ઘણી સ્ત્રીઓ સાથે પરણ્યા, એ વાત સાંભળી નારદમુનિને ત જોવાની ઇચ્છા થઇ. ૧ તેમને મોટું એ આશ્ચર્ય લાગ્યું કે જુદાં જુદાં મંદિરમાં શ્રીકૃષ્ણ ભગવાન જુદાં જુદાં રૂપ ધારણ કરીને તે સ્ત્રીઓને કેવી રીતે પરણ્યા! ૨ આ ચમત્કાર જોવા માટે જ્યારે તે દ્વારકામાં આવ્યા ત્યારે પુષ્પની વાડીઓમાં હજારો પંખીઓ અને ભમરાઓ

ગુંજારવ કરી રહ્યા હતા, ને પ્રફુલ્લિત થયેલાં કમળ, કલ્હાર, ઉત્પલ અને કંદિવરથી સુશોભિત લાગતાં સરોવરોમાં હંસ, સારસ અને કારંડવ વગેરે જળચર પક્ષીઓ કલ્લોલ કરી રહ્યાં હતાં. ૪ સ્ફટિકના, રુપેરી ને રૂપાના નાના પ્રકારની કારિગરીવાળા નવ લાખ મહેલ તેમાં શોભી રહ્યા હતા. ૫ વિભાગ પાડેલા રાજમાર્ગ, બજારો, ચોટાં, શાળા, પાઠશાળા, સભાઓ અને દેવમંદિરોને લીધે તે નગરી અલૌકિક શોભતી હતી. રાજમાર્ગ ઉપર, આંગણામાં, ગલીઓમાં અને મહેલ્લાઓમાં પાણીના છંટકાવ કરેલા હતા, ધ્વજાઓ અને પતાકાઓથી સૂર્યનો તાપ ઓછો થતો હતો, અને સર્વત્ર મંગલમય થઇ રહ્યું હતું. ૬ આવી સુંદર દ્વારિકા નગરીમાં આવી નારદે લોકપાળથી પૂજાતા અને વિશ્વકર્માના બુદ્ધિબળનો જેમાં ખરેખરો ઉપયોગ થયેલો હતો એવા શ્રી ભગવાનના અંતઃપુરમાં પ્રવેશ કર્યો. ૭-૮ તેમાં વૈદૂર્ય મણિની કુંભીઓવાળા પરવાળાંના થાંભલા મુકેલા હતા, ઇંદ્રનીલમણિની ભૂમિ અને અખંડિત ભીંતો હતી. ૯ મોતીની ઝાલરવાળાં દાંતનાં આસન, પલંગ અને આભરણોથી શોભતી દાસીઓ ચારે તરફ જોવામાં આવતી હતી. પાઘડીઓ, ઘરેણાં અને વસ્ત્રવાળા, કુંડળથી શોભતા કર્ણવાળા પરિજનમાંના પુરૂષસેવકો પણ ત્યાં કામકાજમાં પડેલા દેખાતા હતા. ૧૦-૧૧ રત્નના દીવાને લીધે ત્યાં સર્વત્ર પ્રકાશ પડેલો હતો. અંબાડાને દેવાતા અગરના ધુપના જાળીઆંમાંથી નીકળતા, ધુમાડાથી ભ્રાંતિમાં પડેલા મયૂરો તેની રાવટીઓ ઉપર શબ્દથી સોર મચાવી રહ્યા હતા. ૧૨ એ અંતઃપુરમાં આગળ ચાલતાં હજારો દાસીઓથી સેવાતાં રૂક્મિણી રાણી હાથમાં સોનાની દાંડીવાળો વિંજણો લઇ જેમને પવન ઢાળતાં હતાં, એવા શ્રી કૃષ્ણ ભગવાન એક પલંગમાં સૂતેલા હતા. ૧૩ નારદજીને ત્યાં આવેલા જોઈ ધર્મ જાણનારાઓમાં ઉત્તમ શ્રીકૃષ્ણ ભગવાન પલંગમાંથી ઉઠી એકદમ તેમનો સત્કાર કરવા આગળ ગયા, અને રાજાઓના રાજા શ્રી કૃષ્ણ ભગવાને પોતાના મુગટ સાથે તેમને પ્રણામ કર્યા. પછી હાથ ઝાલી તેમને મોટા આદર સાથે પોતાના આસન ઉપર બેસાડયા. ૧૪ સત્પુરૂષોના નાથ અને જેના ચરણનું જળ જગતને પવિત્ર કરવાને સમર્થ છે, એવા શ્રીકૃષ્ણ ભગવાને પછી નારદજીના ચરણપખાળી તેનું જળ પોતાના મસ્તક ઉપર ચઢાવ્યું. બ્રાહ્મણ્ય દેવ નામના ગુણાનુસાર નામાભિધાનને સાર્થ કરતાં ભગવાને નારદજીના પગ પખાળ્યા તે યોગ્યજ કર્યું. ૧૫ નરના મિત્ર અને પુરાણ મુનિ નારાયણ નારદજીનું પૂજન કર્યા પછી અતિ વિનયથી બે હાથ જોડી તેમની સામે ઉભા રહી બોલ્યા કે-હે મુનિરાજ! આપનું કયું કામ અમે કરીએ? ૧૬

નારદજી બોલ્યા—હે લોકનાથ! હે ઇશ્વર! વેદ જેની સ્તુતિ ગાય છે એવા હે પરમાત્મા! આપ સાધુ પુરૂષ ઉપર સ્નેહ રાખો છો અને ખળને શિક્ષા કરો છો એમા આશ્ચર્ય નથી, આપે ઇચ્છાવતાર ધારણ કરેલો છે. ૧૭ લોકને મોક્ષ આપનાર, બ્રહ્માદિકને ધ્યાન ધરવા યોગ્ય અને સંસારરૂપી કુવામાં પડેલા માણસોને દોરડારૂપ એવા આપના ચરણનાં મને દર્શન થયાં, એજ હું મારું અહો ભાગ્ય માનું છું. આપ મારા ઉપર અનુગ્રહ કરો કે જેથી આપનાં ચરણનું અને નિરંતર ધ્યાન સ્મરણ રહે. ૧૮

શ્રી શુકદેવજી કહે છે—હે રાજા! પછી શ્રી ભગવાનની યોગમાયા જોવા માટે નારદજી બીજી સ્ત્રીના મેહેલમાં ગયા, ૧૯ તો ત્યાં આગળ પોતાની પ્રિયા અને ઉદ્ધવજી સાથે પાસાથી બાજી રમતા ભગવાન તેમના જોવામાં આવ્યા. ભગવાન અજાણ્યા થઇને ઉભા થયા, અને અર્ધ્યપાદ આદિવડે પુજન કરી કુશળ પૂછીને કહ્યું કે-હે મહારાજ! આપની શી આજ્ઞા છે? ૨૦-૨૧ તમારૂં કયું પ્રિય કરીએ? આપ અમારા જન્મને પવિત્ર કરવાને સમર્થ છો. આશ્ચર્યમાં પડેલા નારદજી ત્યાંથી ઉઠીને ત્રીજા મંદિરમાં ગયા, ૨૨ તો ત્યાં પોતાનાં બાળકને રમાડતા ભગવાન

જોવામાં આવ્યા. ત્યાંથી ચોથા મંદિરમાં ગયા તો ત્યાં શ્રી ભગવાન સ્નાનની તૈયારી કરતા જોવામાં આવ્યા. ૨૩ નારદજીએ તેમની માયા જોવા માટે એક પછી એક જુદાં જુદાં ઘરોની મુલાકાત લેવા માંડી, તેમ તેમ ભગવાન તેમને ત્યાં ત્યાં દેખાવા લાગ્યા. કોઈ ઠેકાણે અગ્નિહોત્ર, વૈશ્વદેવ અને મહાયજ્ઞ કરતા જણાયા, કોઇ મંદિરમાં બ્રાહ્મભોજન કરાવતા અને શેષ રહેલો પ્રસાદ આરોગતા જણાયા, કોઈ મંદિરમાં સંધ્યા વંદન તથા મૌન થઇ ગાયત્રીનો જપ કરતા જણાયા, કોઇ ઠેકાણે અસ્ત્ર શસ્ત્રથી અને ઢાલ તરવારથી પટ્ટા ખેલતા જણાયા, કોઈ ઠેકાણે હાથી, ઘોડા અને રથ ઉપર સ્વારી કરીને ફરતા જણાયા, કોઇ મંદિરમાં પલંગમાં પોઢેલા અને બંદિજનથી સ્તુતિ કરાતા જણાયા. ૨૪-૨૬ કોઇ ઠેકાણે સભાગૃહમાં બેશી ઉદ્ધવાદિ મંત્રીઓ સાથે ગુપ્ત સલાહ કરતા જણાયા, કોઇ ઠેકાણે વારાંગનાની સાથે જળક્રિડા કરતા જણાયા. ૨૭ કોઈ ઠેકાણે ઉત્તમ બ્રાહ્મણોને શણગારેલી ગાયોનાં દાન દેતા જણાયા, કોઈ ઘરમાં વેદપુરાણ અને ઇતિહાસની કથાઓ સાંભળતા જોયા. ૨૮ કોઈ ઠેકાણે પ્યારીની સાથે હાસ્યવિનોદ કરતા જણાયા, કોઇ મંદિરમાં ધર્મ, કોઇમાં અર્થ અને કોઇમાં કામનું સેવન કરતા જણાયા, ૨૯ કોઇ મંદિરમાં એકાંતે બેશી પ્રકૃતિથી પર એવા પરમાત્માનું ચિંતવન કરતા જણાયા, કોઇ મંદિરમાં પૂજાની સામગ્રીથી ગુરૂજનની પૂજા કરતા જણાયા. ૩૦ કોઈ ઠેકાણે શરણ આવેલા શત્રુની સાથે મંત્રિઓ મેળવીને સંધિ કરતા અને કોઈ ઠેકાણે વિગ્રહની ગોઠવણો કરતા જણાયા, કોઈ ઠેકાણે બળભદ્રની સાથે બેશીને સત્પુરૂષોના કલ્યાણની વાતો કરતા જણાયા, ૩૧ કોઈ ઠેકાણે પોતાનાં સંતાનોના વિવાહના વિચાર કરતા અને કોઇ ઠેકાણે પુત્રીઓને તેમને સાસરે વળાવતા તથા વહુવારૂઓને તેડી લાવતા જણાયા, કોઇ મંદિરમાં મોટા મોટા યજ્ઞથી દેવતાઓનું પુજન [illegible] ઠેકાણે કુવા, વાવ, વગેરે નવાણ બંધાવી ધર્મદાન કરતા અને કોઈ ઘરમાં સિંધુ દેશના ઘોડા ઉપર ચઢી મૃગયામાં પવિત્ર પશુઓને મારતા, કોઇ ઠેકાણે બંધુજન સાથે, અને કોઈ ઠેકાણે અંતઃપુરના સેવકોના મનોભાવ જોવા વેશ બદલીને ફરતા જણાયા. ૩૨-૩૬ મનુષ્યાવતારની લીલા કરતા ભગવાનની યોગમાયા જોઇ આશ્ચર્ય પામેલા નારદજી હસતાં હસતાં એક મંદિરમાં તેમની પાસે જઇને કહેવા લાગ્યા કે-૩૭

નારદજી કહેછે—હે યોગેશ્વર! માયાવી પુરૂષોથી પણ જાણી શકાય નહિ એવી તમારી યોગમાયા છે. તમારી સેવાથી અને તમારા ચરણમાં ધ્યાન રાખવાથી તે માયાઓનું અમને કિંચિત્ ભાન થાય છે, પરંતુ તમારૂં અચિંત્ય સ્વરૂપ તો અમારા જાણવામાં આવતુંજ નથી. ૩૮ હે દેવના દેવ! હવે મને આજ્ઞા આપો એટલે તમારૂં યશોગાન કરતો હું તમારી માયામાં ગોથાં ખાતો ત્રણે લોકમાં વિચરૂં. ૩૯

શ્રી ભગવાન કહે છે—હે નારદ! હે વત્સ! ધર્મનો બોધ કરવા માટે ધર્મનું આચરણ કરવા માટે, અને કેવી રીતે તેનું પરિપાલન કરવું તે લોકને યથાર્થ શીખવવા માટે હું આ પ્રમાણે ગૃહસ્થ ધર્મ પાળું છું, તે જોઇને તમે આશ્ચર્ય પામશો નહિ. ૪૦

શ્રી શુકદેવજી કહેછે-હે રાજા! આ પ્રમાણે ગૃહસ્થાશ્રમીનો ધર્મ પાળતા એકજ ભગવાનને શ્રી નારદજીએ ઘણાં મંદિરોમાં જુદે જુદે રૂપે અને જુદાં જુદાં કાર્ય કરતા જોયા. ૪૧ અનંત શક્તિવાળા ભગવાનની યોગમાયાની ખૂબી જોઈ નારદજીને આશ્ચર્ય ઉત્પન્ન થયું તેમાં નવાઈ નથી. ૪૨ ધર્મ, અર્થ અને કામનું સેવન કરી લોકને તેનો બોધ આપતા શ્રી કૃષ્ણ ભગવાનને મળી તેમનો સત્કાર પામી તેમનુંજ યશોગાન કરતા કરતા નારદજી પછી ત્યાંથી બીજે સ્થળે ફરવા ગયા. મનુષ્યની લીલા કરવા, લોકના ઉદયને માટે અને દુષ્ટના સંહાર માટે અવતારો ધારણ કરનાર શ્રી કૃષ્ણ ભગવાન સોળ હજાર એકસોને આઠ મનોહર સ્ત્રીઓના હાસ્યવિનોદમાં આ-

ત્યંત પ્રીતિપૂર્વક રમણ કરતા હતા. ૪૨ ૪૪ હે ભૂપાળ! જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરનાર શ્રી ભગવાનનાં આવાં અસાધારણ કર્મોની કથા જે માણસો સાંભળે છે, ગાય છે અને બીજાઓને સંભળાવે છે, તેને મોક્ષ આપનારા શ્રીકૃષ્ણ ભગવાનની પ્રાપ્તિ થાય છે. ૪૫

यानिह विश्वविलयोद्भव वृत्तिहेतुः ।
कर्माण्यनन्य विषयाणि हरिश्चकार ॥
यस्त्वंग गायति शृणोत्यनुमोदतेवा ॥
भक्तिर्भवेद्भगवति ह्यपवर्ग मार्गे ॥

ઇતિશ્રી ભાગવત મહાપુરાણના દશમસ્કંધ ઉત્તરાર્દ્ધમાં "શ્રીકૃષ્ણના ગૃહસ્થાશ્રમનો આશ્ચર્યકારક દેખાવ વર્ણન" નામનો ૬૯ મો અધ્યાય સંપુર્ણ.

અધ્યાય ૭૦ મો.

શ્રી કૃષ્ણ ભગવાનનું નિત્યકર્મ તથા જરાસંધે કેદ કરેલા રાજાઓનો સંદેશો.

शुक उवाच.

अथोषस्युपवृत्तायां कुक्कुटान्कुजतेऽशपन् ॥
गृहीतकंठ्यःपतिभिर्माधव्यो विरहातुराः ॥१॥

શ્રી શુકદેવજી કહે છે—હે રાજા! પતિના કંઠને આલિંગન દઇ સુતેલી સ્ત્રીઓ જ્યારે પ્રભાતે ઉઠેલા કુકડાઓ બોલતા હતા, ત્યારે વિરહાતુરતાને લીધે તે કુકડાઓને શાપ દેતી હતી. ૧ ભમરાઓનો ગુંજારવ શ્રીકૃષ્ણ ભગવાનને બંદિજનની પેઠે જાગૃત કરતો હતો. શ્રીકૃષ્ણ ભગવાનની ભુજાઓમાં આલિંગી રહેલી સ્ત્રીઓને પતિનો વિયોગ કરાવનારો આ પ્રાતઃકાળ જરા પણ પ્રિય લાગતો નહિ. ૨-૩ શ્રીકૃષ્ણ ભગવાન બ્રાહ્મ મુહુર્તમાં ઉઠી જળવડે ઇંદ્રિયોને પવિત્ર કરી માયાથી પર, એક સ્વરૂપ, અવિદ્યાથી રહિત અને અવિનાશી એવા પોતાના પરમ સ્વરૂપનું ધ્યાન ધરતા હતા. ૪-૫ નાહ્યા પહેલાં પરબ્રહ્મનું ધ્યાન કરી પછી નિર્મળ જળમાં સ્નાન કરી બે પવિત્ર વસ્ત્ર પહેરી સંધ્યોપાસન કરી યજુર્વેદની કણ્વ શાખાના હોવાથી સૂર્યનારાયણનો ઉદય થતા પહેલાં અગ્નિમાં હોમ વગેરે કરી ગાયત્રી મંત્રનો જપ કરવા બેસતા હતા. ૬ ઉગતા સુર્યનું ઉપસ્થાન કર્યા પછી પોતાની કળારૂપ દેવતા, ઋષિ અને પિતૃઓનાં તર્પણ કરી બ્રાહ્મણો તથા વૃદ્ધજનોની પૂજા કરતા. ૭ અને ત્યાર પછી સોનાની શિંગડીઓ અને રૂપાની ખરીઓવાળી પહેલ વેતરી, વાછડાં વાળી, દૂધ દેનારી, સુશીલ અને જેના ઉપર ઉત્તમ વસ્ત્ર ઓઢાડેલાં હોય એવી તેર હજાર અને ચોરાશી ગાયોનું બ્રાહ્મણોને દાન આપતા. તે પછી તલ, મૃગચર્મ અને કૌશેય વસ્ત્ર વગેરેનાં દાન કરતા હતા. ૮-૯ પછી ગાય, બ્રાહ્મણ, દેવતા, પિતૃઓ, વડીલો અને ગુરૂઓને નમસ્કાર કરીને મંગળ પદાર્થોનો સ્પર્શ કરતા હતા. ૧૦ પછી મનુષ્ય લોકના આભુષણ રૂપ પોતાના શરીરને પુષ્પમાળાઓ, ચંદન, વસ્ત્ર અને આભુષણથી શણગારી મનુષ્ય લોકના અમૃત રૂપ ઘીમાં મુખ જોઇ, દર્પણ નિહાળી, ગાય, બ્રાહ્મણ અને દેવતાનાં દર્શન કરી નગરના અને અંતઃપુરના માણસોને પારિતોષિક અપાવતા, તથા મંત્રી વગેરે દરબારી મંડળને ઘટિત બક્ષિસો આપી અંતઃપુરની રાણીઓને પુષ્પમાળાઓ અને શણગાર આપતા હતા. તાંબુલ, ચંદન વગેરે સર્વને વહેંચી આપ્યા પછી પોતે તેનો ઉપયોગ કરતા હતા. ૧૧-૧૩ પછી સુગ્રીવ વગેરે ઉત્તમ ઘોડાઓ જોડેલો સુંદર રથ લઇ આવી દારૂક સારથિ તેમની પાસે આવી પ્રણામ કરીને ઉભો રહેતો. ૧૪ સૂર્યનારાયણ જેમ ઉદયાચળ ઉપર ચઢે તેમ દારૂક સારથિનો હાથ ઝાલી સાત્યકિ અને ઉદ્ધવજી સાથે તેઓ રથમાં આરૂઢ થઇ ફરવા જતા. ૧૫ જ્યારે શ્રીકૃષ્ણ ભગવાનનો રથ અંતઃપુરના મહેલની બહાર નીકળતો, ત્યારે અંતઃપુરની રાણીઓ દાંતમાં પાલવ ઘાલી લજ્જાથી તેમને કૃષ્ણ

જતા જોતી હતી. ફરીને પાછા આવ્યા પછી ભિન્ન ભિન્ન રૂપે તે પોતપોતાના અંતઃપુરમાં જતા ૧૬ પછી ત્યાંથી નીકળી એક રૂપથી યાદવો અને મંત્રીઓની સાથે સુધર્મા નામની સભામાં બિરાજતા હતા, કે જે સભામાં ભુખ, તરસ અને દુઃખ કોઈ માણસને લાગતાંજ નહોતાં. પોતાની કાંતિથી દિશાઓને પ્રકાશિત કરતા, અને ઉત્તમ સિંહાસન ઉપર બેઠેલા શ્રીકૃષ્ણ ભગવાન સિંહ જેવા બળવાન યાદવોથી વીંટાઈને જેમ આકાશમાં તારાગણના સમૂહમાં ચંદ્ર શોભે તેમ શોભતા હતા. ૧૭-૧૮ હે રાજા! એ સભામાં બિરાજ્યા પછી ઉપમંત્રીઓ, નટ લોકો, ગાંધર્વો, ગાયકો, નાચ કરનારી રામજણીઓ, અને બીજા ખેલાડીઓ નાના પ્રકારની ગમ્મતથી શ્રીકૃષ્ણ ભગવાનને વિનોદ અને આનંદ કરાવતા હતા. ૧૯ વીણા, મૃદંગ, મુરજ, શંખ અને પખાજના સારોદ સાથે સૂત, માગધ અને બંદીજન તેમની સન્મુખ નાચ ગાન કરતા હતા અને બીજાઓ તેમની સ્તુતિ ગાતા હતા. ૨૦ સભામાં બેઠેલા વિદ્વાન બ્રાહ્મણો વેદનું ગાન, કરતા વિવાદ ચલાવતા અને પ્રાચીન મહાન રાજાઓના ઇતિહાસનાં આખ્યાન કહેતા હતા. ૨૧ આ પ્રમાણે શ્રીકૃષ્ણ ભગવાન પ્રત્યેક દિવસે પોતાનું નિત્ય આન્હિક કર્મ અને સભા કરી આનંદ પામતા હતા, તેવામાં એક દિવસ દ્વારપાળોએ શ્રી ભગવાનની રજાથી એક બ્રાહ્મણને સભામાં દાખલ કર્યો. ૨૨ તે બ્રાહ્મણે બે હાથ જોડી પ્રણામ કરી જરાસંધે બંદીવાન કરેલા રાજાઓની વતી તેમનુ દુઃખ નિવેદન કર્યું. ૨૩ હે કૃષ્ણ! જરાસંધ દિગ્વિજય કરવા નીકળ્યો, ત્યારે જે જે રાજાઓ તેને નમ્યા નહોતા એવા વીશ હજાર રાજપુત્રોને તેણે ગિરિવ્રજ નામના કિલ્લામાં બંદીવાન કર્યા છે, તે રાજાઓએ આપને નીચે પ્રમાણે સંદેશો કહાવ્યો છે. ૨૪

રાજાઓ કહે છે—હે કૃષ્ણ! હે પરમ કૃપાળુ કૃષ્ણદેવ! શરણાગતના ભયનો નાશ કરનાર હે ભગવાન! અમે ભેદ દૃષ્ટિવાળા આ સંસારથી ભય પામીએ છીએ, અને તેથીજ આપને શરણે આવીએ છીએ. ૨૫ સકામનાવાળો આ લોક નિષિદ્ધ કાર્ય કરવા છતાં આદેશિત કરેલા આપના પૂજનમાં પ્રમાદ રાખે છે, તેટલા માટે કાળરૂપ આપનું બળવાન સ્વરૂપ તેમના જીવનની આશાને તોડી નાંખે છે. તે મહાકાળ રૂપ આપને અમે પ્રણામ કરીએ છીએ. ૨૬ સજ્જનોના રક્ષણ માટે અને ખળને દંડ દેવા માટે જગતના સ્વામી આપ અંશાવતાર ધારણ કરી આ લોકમાં ઉત્પન્ન થયા છો; છતાં કેટલાક લોક આપની આજ્ઞા માનતા નથી, અને આપના રક્ષણમાં રહેલા બીજા લોક પોતાનાં કર્મનાં ફળ ભોગવે છે. આ સઘળું કેમ થાય છે? તે હે ઈશ્વર! અમે સમજી શકતા નથી. ૨૭ વિષયથી મળતું રાજ્યસુખ સ્વપ્ના જેવું છે, અને આ શબતુલ્ય શરીર ક્ષણભંગુર તથા ભય ભરેલું છે, તે વડે અમે બીજી કંઇ ચિંતા ન કરતાં વિષયો અને સ્ત્રી પુત્રાદિકનીજ ચિંતા કર્યા કરીએ છીએ. નિષ્કામ રહી જે અન્ય સુખ મેળવવાનું છે તેની ઉપેક્ષા કરી અમે આપની માયામાં ભ્રમિત થઇ માત્ર ક્લેશ અને દુઃખનોજ અનુભવ કરી તેને સુખરૂપ માની લઈએ છીએ. આ જગતમાં સુખ માત્ર દુઃખરૂપ છે, પણ વિષયોના સંગથી અવિદ્યાને લીધે અમને તે સુખરૂપ લાગે છે, બાકી અસત જગતથી સત એવું સુખ કેવી રીતે ઉત્પન્ન થાય? ૨૮ હે વિભો! પ્રણામ કરનારાઓનાં કષ્ટનો નાશ કરનારાં આપનાં ચરણારવિંદનું શરણ લઇ અમે જરાસંધ રૂપી કર્મબંધનમાંથી મુક્ત થવા આપનોજ આશ્રય લઈએ છીએ. દશ હજાર હાથીના જેવા બળવાન જરાસંધે સિંહ જેમ ઘેટાંનાં ટોળાંને રોકી રાખે તેમ અમને બંધનમાં નાંખી રાખ્યા છે. ૨૯ હે ચક્રધારી! અઢારવાર તેણે આપની સાથે યુદ્ધ કર્યું તેમાં સત્તરવાર તે હાર્યો છતાં એક વાર મનુષ્ય લીલા કરતા આપને તે જીતી ગયો છે, તેથી તેણે અત્યંત ગર્વ કરવા માંડયો છે, અને આપના બળ ,પરાક્રમની ઉપેક્ષા કરતો તે

અમને અત્યંત ક્લેશ આપે છે. માટે હે અચ્યુત ! અમે જે આપની પ્રજારૂપ છીએ તેને જરાસંધના બંધનમાંથી મુક્ત કરવા માટે આપને જે યોગ્ય લાગે તે પ્રમાણે કરો. ૩૦

દૂત કહે છે—હે ચક્રધારી ભગવાન ! આપના ચરણને શરણે આવેલા દીન, આપનાં દર્શનની ઇચ્છાવાળા, આપનું શરણ ઇચ્છતા અને જરાસંધે જેમને કેદ કર્યા છે એવા રાજાઓ આ રીતે આપનું શરણ ઇચ્છેછે, માટે હે દીનાનાથ ! આપ તેમનું કલ્યાણ કરો. ૩૧

શ્રી શુકદેવજી કહે છે—રાજાઓનો દૂત આ પ્રમાણે કહેતો હતો, એટલામાં મોટી પીળી જટાવાળા અને તેજસ્વી શરીરવાળા નારદમુનિ સૂર્યની પેઠે પ્રગટ થયા. ૩૨ ઇશ્વરના ઇશ્વર શ્રીકૃષ્ણ ભગવાન નારદજીને જોઈ રાજાઓ અને પરિજનો સહિત આસન ઉપરથી ઉભા થઈ તેમને પગે પડયા. ૩૩ અને તેમને એક ઉત્તમ આસન ઉપર બેસાડી શ્રદ્ધાથી પ્રસન્ન થયેલા ભગવાન મધુર વચનથી તેમને હાથ જોડીને પૂછવા લાગ્યા. ૩૪ આપ ત્રણે લોકમાં ફરો છો તેથી લોકોનું વૃત્તાંત જાણવાનો અમને મોટો લાભ મળે છે. હમણાં ત્રણે લોકમાં નિર્ભયતા વર્તે છે કે કેમ ? ૩૫ પરમેશ્વરના બનાવેલા આ લોકમાં કોઈ પણ વાત તમારાથી અજાણી નથી, માટે હું આપને પુછું છું કે હાલમાં પાંડવો શું કરવા માગે છે ?. ૩૬

નારદજી કહે છે—હે વ્યાપક ! હે ઇશ્વર ! બ્રહ્માદિકને પણ મોહ ઉપજાવનાર “ આપ, આપની શક્તિઓ વડે પ્રાણી માત્રમાં રહેલા છો, અને આપની માયાના ચમત્કાર મે અનેકવાર જોયેલા છે, એટલે આપ સર્વ વસ્તુના જાણ છતાં મને આ પ્રમાણે પ્રશ્ન પૂછોછો તેમાં મને કંઇ વિસ્મય લાગતું નથી ૩૭ આ જગત મિથ્યા છતાં આપની માયાને લીધે સત્ય લાગે છે, આપ આ જગતને ઉત્પન્ન કરનાર છો, તો પછી આપ તેમાં શું થાય છે તે કેમ ન જાણો ? આપનું ધારેલું કયો પુરૂષ જાણી શકે છે ? આપ અચિંત્ય છો તેમને હું પ્રણામ કરૂં છું. ૩૮ જન્મ મરણના ધર્મવાળા આ શરીરથી મુક્ત થવા માટે માણસોને આપે આપના અવતારથી એક જાતનો પ્રકાશ આપ્યો છે, માટે હું આપને શરણે આવ્યો છું. ૩૯ આપની માયા અને શક્તિ અગાધ છે, છતાં મનુષ્યની લીલાને અનુસરતા આપની ફોઇના પુત્ર અને ભક્ત યુધિષ્ઠિર રાજાએ જે કરવા ધાર્યું છે તે હું આપને કહું છું. હે દેવ ! યુધિષ્ઠિર રાજા ચક્રવર્તિ પદ પ્રાપ્ત કરવા માટે રાજસુય યજ્ઞ કરી આપનું પૂજન કરવા ધારે છે. આપે તેમને એ કાર્ય કરવાની રજા આપવી, અને ત્યાં પધારી તેમને સહાય કરવી. યુધિષ્ઠિર રાજાના રાજસુય યજ્ઞમાં મોટા મોટા રાજાઓ અને દેવતાઓ આપનાં દર્શન કરવાની ઇચ્છાથી ભેગા થશે. ૪૧-૪૨ આપના શ્રવણથી, કિર્તનથી, અને ધ્યાનથી ચંડાળ માણસ હોય તે પણ પવિત્ર થાય છે, તો પછી આપનાં દર્શન અને આલિંગન કરનાર માણસો પવિત્ર થાય તેમાં શી નવાઈ ? ૪૩ દિશાઓના ભૂષણ રૂપ, લોકને મંગળ રૂપ, સ્વર્ગ, પાતાળ, અને પૃથ્વીમાં પ્રખ્યાત, જેનો મહિમા જગતને પવિત્ર કરે છે એવા, અને જેના ચરણ કમળનું જળ સ્વર્ગમાં મંદાકિની, પાતાળમાં ભોગવતી, અને પૃથ્વીમાં ગંગારૂપે લોકને પવિત્ર કરે છે, એવા આપના પધારવાથી યુધિષ્ઠિર રાજાનું સર્વ મંગળકાર્ય સિદ્ધ થશે. ૪૪

શ્રી શુકદેવજી કહે છે—નારદજીએ આ પ્રમાણે કહ્યું, તે સાંભળી જરાસંધને જીતવા જવાની પોતાના પક્ષના યાદવોને પરવાનગી નહિ આપતાં શ્રીકૃષ્ણ ભગવાને હસતાં હસતાં પોતાની પાસે બેઠેલા ઉદ્ધવજીને મધુર વાણીથી કહ્યું કે, ૪૫ “ તમે અમારા સંબંધી અને વિચારથી સિદ્ધ કરવાની વસ્તુઓના પરિણામ જાણનાર અમારી દ્રષ્ટિ રૂપ છો, માટે હું તમને પુછુંછું કે આમાં અમોને જે કરવું યોગ્ય હોય તે જણાવો, એટલે અમો તે પ્રમાણે કરીએ. ” ૪૬ શ્રી શુકદેવજી કહે છે—ભગવાનનો આવો પ્રશ્ન સાંભળી તેને ઉદ્ધવજી

માથે ચઢાવીને કહેવા લાગ્યા. ૪૭

इत्युपामंत्रितो मंत्री सर्वज्ञेनापि मुग्धवत् ॥
निदेशं शिरसाधाय उद्धवः प्रत्यभाषत ॥

ઇતિશ્રી ભાગવત પુરાણના દશમસ્કંધ ઉત્તરાર્દ્ધમાં ૭૦ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૭૧ મો.

ઉદ્ધવનો અભિપ્રાય લઇ શ્રી કૃષ્ણ ઇંદ્રપ્રસ્થ પધાર્યા.

शुकउवाच.

इत्युदीरितमाकर्ण्यदेवर्षेरुद्धवोऽब्रवीत ॥
सभ्यनांमतमाज्ञाय कृष्णस्यच महामतिः ।१।

શ્રી શુકદેવજી કહે છે—હે રાજા! દેવર્ષિ નારદનાં વચન સાંભળી તથા સભ્ય અને મહામતિવાળા સભાસદો તથા શ્રીકૃષ્ણ ભગવાનનો મત લઇ મોટી બુદ્ધિવાળા ઉદ્ધવજી બોલ્યા. ૧

ઉદ્ધવજી કહે છે—હે દેવ! હે કૃષ્ણ! રાજસૂયયજ્ઞ કરવાની ઇચ્છાવાળા આપની ફોઈના પુત્ર યુધિષ્ઠિર રાજાને મદદ, અને શરણાગત રાજાઓનું આપે રક્ષણ કરવું જોઈએ. ૨ રાજસૂયયજ્ઞમાં તો વળી દિગ્વિજય કરવો પડશે, અને તે પ્રસંગે જરાસંધ રાજાને પણ જીતવો પડશે, મારા મત પ્રમાણે આથી બેઉ કાર્ય સિદ્ધ થશે. ૩ આ રીતે કરવાથી આપણું ઇચ્છિત કાર્ય થશે, એટલુંજ નહિ પણ જરાસંધને ત્યાં કેદ કરેલા રાજાઓ છૂટા કરાશે અને આપને યશ મળશે. ૪ દશ હજાર હાથીના જેવો બળવાન જરાસંધ રાજા બીજા વધારે બળવાળાથી પણ પરાજય પામે તેવો નથી, માત્ર ભીમથીજ તેને મારી શકાશે. ૫ એની સાથે દ્વંદ્વ યુદ્ધ માગી લેવું" અને સો અક્ષોહિણી સેના એકઠી કરવાનો તેને પ્રસંગ આપવો નહિ. આમ કરવા માટેની સારામાં સારી યુક્તિ તો એજ છે કે બ્રાહ્મણનો વેશ લઈ ભીમે તેની પાસે જવું અને દ્વંદ્વ યુદ્ધની માગણી કરવી. તે બ્રાહ્મણોને માનનાર છે એટલે બ્રાહ્મણરૂપ ભીમની માગણી પાછી વાળશે નહિ. જો આ બનાવ બનશે અને આપ ભીમની સાથે હશો તો જરાસંધ મરાશે. ૬-૭ કાળરૂપી આપજ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશના હેતુ છો, અને બ્રહ્મા તથા રૂદ્ર તો નિમિત્ત માત્ર છે. ૮ શંખચુડને મારવાથી ગોપીઓ જેમ આપના ગુણ ગાય છે, અને શરણાગતો જેમ ગ્રુડને મારી હસ્તિને છોડાવવા રૂપ આપના પવિત્ર કર્મને યાદ કરે છે, જેમ રાવણને મારી સીતાને મુક્ત કરાવવા રૂપ આપના કર્મને મુનિઓ ગાય છે, અને કંસને મારી પોતાનાં માત પિતાને બંધનમુક્ત કરાવવા રૂપ આપનાં કર્મનું અમે ગાન કરીએ છીએ, તેમ જરાસંધની કેદમાં પડેલા રાજાઓની સ્ત્રીઓ પણ પારણામાં પોઢેલાં પોતાનાં બાળકને છાનાં રાખતાં અને હાલરડાં ગાતાં 'શ્રી કૃષ્ણ ભગવાન તમારા પિતાને છોડાવશે' એમ આપના યશ ગાય છે. ૯ જરાસંધના નાશથી બીજાં પણ ઘણાં કાર્ય સિદ્ધ થશે, કેદમાં પડેલા રાજાઓનો પુણ્યકાળ પાસે આવવાથી અને જરાસંધનો પાપનો ઘડો ભરાવાથીજ આપને યુધિષ્ઠિર પાસે રાજસૂય યજ્ઞ કરાવવાની રૂચિ થઇ છે. ૧૦

શ્રી શુકદેવજી કહે છે—હે રાજા! નારદ, વૃદ્ધ યાદવો, અને શ્રી કૃષ્ણ ભગવાને ઉદ્ધવજીનાં આ યુક્તિ ભરેલાં વચનોનો સ્વીકાર કર્યો. ૧૧ પછી વસુદેવ તથા બીજા ગુરૂજનની આજ્ઞા લઈ શ્રી કૃષ્ણ ભગવાને દારૂક તથા જૈભ વગેરે સેવકજનને પ્રયાણની તૈયારીઓ કરવાની આજ્ઞા આપી. ૧૨ પુત્રો, સેવકો અને દાસીઓ સાથે પોતાની સ્ત્રીઓને તૈયાર કરી, જેની ધ્વજામાં ગરૂડનું ચિન્હ હતું એવા સુંદર રથમાં ભગવાન ઉગ્રસેન અને બળભદ્રની આજ્ઞા લઇને બેઠા. ૧૩ પછી ભેરી, મૃદંગ, આનક અને દુંદુભિથી ગાજતી દિશાઓમાં થઇને શ્રી કૃષ્ણ ભગવાન પાળા, હાથી, રથ અને રથીઓથી ભયંકર લાગતી પોતાની સેના સાથે દારિકામાંથી બહાર નીકળ્યા. ૧૪ આભૂષણ,

વસ્ત્ર અને માળાઓથી પોતાના દેહને શણગારી ભગવાનની સ્ત્રીઓ મનુષ્યોથી ઉંચકાતા મેના, પાલખી અને ડોળી વગેરે વાહનોમાં બેશી પોતાના સ્વામીની પાછળ જવા લાગી. સરસામાનની સંભાળ રાખતી દાસીઓ હાથી, ઘોડા, ગાડાં અને ઉંટ વગેરે વાહનો ઉપર બેશી શ્રીકૃષ્ણની પાછળ જવા લાગી. ૧૫ ધ્વજા, ચામર, છત્ર, આયુદ્ધ, આભૂષણ અને મુકુટ વગેરેથી શોભતું ભગવાનનું સૈન્ય મોજાં ચહેલા સાગરની પેઠે શોભવા લાગ્યું. ૧૭ આ પ્રમાણે ભગવાન માર્ગે પડયા, એટલે તેમનાથી પૂજાયલા અને સત્કારાયલા ભગવાન નારદજી તેમનો અભીપ્રાય જાણી તેમનુંજ ધ્યાન ધરતા આકાશ માર્ગે ભ્રમણ કરવા માટે ચાલી નીકળ્યા. ૧૮ પછી પેલા રાજાઓના દૂતને બોલાવીને ભગવાને કહ્યું કે-'હે દૂત! તું રાજાઓ પાસે જા, અને તેમને કહેજે કે-જરાસંધને મરાવી હું તમને છૂટા કરાવીશ. ૧૯ પેલો દૂત પછી ત્યાંથા નીકળી રાજાઓની પાસે ગયો અને ભગવાનનાં વચન કહી સંભળાવી તેમને પ્રસન્ન કર્યા. બંધનમાંથી મુક્ત થવાની આશાએ બંધાયલા અને તેમનાં દર્શન કરવાને ઇચ્છતા રાજાઓ સુખથી આશાભર્યા દિવસો કાઢવા લાગ્યા. ૨૦ શ્રીકૃષ્ણ પણ આનર્ત, સૌવીર અને મરૂદેશ મૂકી પર્વતો વનો અને વ્રજોમાં થઇ પોતાનો માર્ગ આગળ કાપવા લાગ્યા. ૨૧ દૃષદ્વતી તથા સરસ્વતી ઉતરી પાંચાળ તથા મત્સ્ય દેશમાં થઇ તેઓ પછી ઇન્દ્રપ્રસ્થમાં આવી પહોંચ્યા. ૨૨ જેનાં દર્શન મનુષ્યને દુર્લભ છે એવા ભગવાનને આવ્યા જાણી યુધિષ્ઠિર રાજા પોતાના ઉપાધ્યાય તથા મંત્રીઓ સાથે તેમને લેવા માટે સામે ગયા. ૨૩ ઇન્દ્રિયો પ્રાણને મળે તે પ્રમાણે યુધિષ્ઠિર રાજા ભગવાનને મળ્યા. તે વખતે વાદિત્રોનો અને વેદનો મોટો ઘોષ થઇ રહ્યો. ૨૪ ઘણે દિવસે થયેલા સમાગમને લીધે બેઉ જણે એક બીજાને અત્યંત પ્રેમથી આલિંગન આપ્યાં. લક્ષ્મીના સ્થાનરૂપ શ્રી કૃષ્ણ પરમાત્માના દેહને આલિંગન આપવાથી જેમનાં પાપ ક્ષય પામ્યાં હતાં એવા ધર્મરાજ તેમને મળવાથી આનંદનાં આંસુથી પ્રસન્ન જણાયા. તેઓ હર્ષથી એટલા બધા ઘેલા થઇ ગયા કે ભગવાનને બીજો આદર આપવાનું તમામ ભૂલી ગયા. ૨૫-૨૬ હસતા અને મામાના પુત્રને મળવાથી અત્યંત આનંદમાં મગ્ન થઇ ગયેલા ભીમસેન ભગવાનને આલિંગન આપી પરમ સુખ પામ્યા. આનંદનાં આંસુથી આકુળ થયેલા અર્જુન, સહદેવ અને નકુળ પણ એક પછી એક આલિંગન આપી આનંદ પામ્યા. અર્જુન સરખી ઉમરના હોવાથી તેમને મળ્યા અને નકુળ તથા સહદેવ આલિંગન આપી ભગવાનને પગે પડયા. બ્રાહ્મણો અને વૃદ્ધ માણસોએ માન આપેલ ભગવાન પછી કુરૂ, સૃંજય, કૈકય, સૂત અને માગધ વગેરેને મળ્યા. ૨૮-૨૯ તેમના આગમન ઉત્સવમા નાના પ્રકારનાં વાદિત્રો વાગવા લાગ્યાં. બ્રાહ્મણો ભગવાનને આશીર્વાદ આપવા અને બંદિજન સ્તુતિ કરવા લાગ્યા. કેટલાક લોક અત્યંત આનંદને લીધે નાચવા લાગ્યા. ૩૦ આ પ્રમાણે અત્યંત માન પામેલા ભગવાન શ્રીકૃષ્ણ પરમાત્મા પછી શણગારેલા ઇન્દ્રપ્રસ્થ નગરમાં આવ્યા. તે આવ્યા ત્યારે માર્ગોમાં હસ્તિઓના મદ અને સુવાસિત જળના છંટકાવ થયા, ધ્વજા, સુવર્ણનાં તોરણ અને માનથી સર્વત્ર આનંદ જણાયો. જ્યાં ને ત્યાં નવીન અલંકાર અને વસ્ત્ર ધારણ કરેલાં સ્ત્રી પુરૂષો જણાવા માંડયાં. ઘેરે ઘેર દીપમાળ થઇ અને ઠેકઠેકાણે પુષ્પના સમૂહ ઉછળી રહ્યા. શ્રી કૃષ્ણ જાળીઆંમાંથી નીકળતા ધુપના ધુમાડાવાળું, સોના રૂપાના કળશ અને શિખરોવાળું તથા અનેક પતાકાઓથી શોભી રહેલું પાંડવોનું રાજ્યનગર જોઇ આનંદ પામ્યા. ૩૧-૩૩ મોહનજીને જોવા માટે પુરની સ્ત્રીઓ અસ્તાવ્યસ્ત વસ્ત્ર અને પતિઓને શય્યામાં સુતા મૂકી ઝરૂખામાં તેમને જોવાને ધસી આવી. ૩૪ પોતાની સ્ત્રીઓ સાથે આવેલા ભગવાનને જોવાને આતુર થયેલી કેટલીક સ્ત્રીઓ

ઘરનાં છાપરાંપર ચઢી ત્યાંથી તેમના ઉપર પુષ્પનો વરસાદ વરસાવતી કટાક્ષોથી જોવા લાગી. સ્ત્રીઓની સાથે ઉગેલા ચંદ્રમા જેવા ભગવાનને જોઇ પ્રસન્ન થયેલી ઇન્દ્રપ્રસ્થની વિલાસવતી સ્ત્રીઓ અન્યો અન્ય વાતો કરવા લાગી કે-સ્મિતથી અને ભાવ ભરેલી દૃષ્ટિથી. જોવાથી જેમનાં નેત્રને ભગવાન જુવે છે એવી આ તેમની સ્ત્રીઓએ કેવાં સત્કર્મ કર્યાં હશે? ૩૫-૩૬ નગરના લોકો અને કારીગરો માર્ગમાં સ્થળે સ્થળે ઉત્તમ પદાર્થોથી ભગવાનનું પૂજન કરવા લાગ્યા. ૩૭ જ્યારે ભગવાન રાજમહેલમાં પધાર્યા ત્યારે પ્રીતિથી પ્રસન્ન થયેલાં લોચનવાળી પાંડવના અંતઃપુરની સ્ત્રીઓએ સામી આવીને તેમનો સત્કાર કર્યો. ૩૮ ત્રૈલોક્યના ઈશ્વર અને પોતાના ભાઈના પુત્રને આવેલા જોઈ પાંડવોની માતા કુંતાજીએ તથા મહારાણી દ્રૌપદીએ આસન ઉપરથી ઉભાં થઈ તેમને માન આપ્યું. ૩૯ દેવના પણ સ્વામી એવા ભગવાન પોતાને ઘેર આવ્યા ત્યારે અત્યંત પ્રીતિએ આકુળ થયેલા યુધિષ્ઠિર રાજા તેમના સત્કારમાં કેટલીક પૂજાની વિધિઓ પણ ભુલી ગયા. ૪૦ શ્રી ભગવાને ઘરમાં આવી પોતાનાં ફોઇબા કુંતાજી તથા બીજા ગુરૂજનોને નમન કર્યું અને દ્રૌપદી તથા સુભદ્રા તેમને પગે પડયાં. ૪૧ કુંતાજીના કહેવાથી દ્રૌપદીએ ભગવાનની અષ્ટ મુખ્ય પટરાણીઓ અને બીજી સ્ત્રીઓની માળા, પુષ્પ અને આભુષણોથી યથાયોગ્ય પૂજા કરી. ૪૨-૪૩ પછી યુધિષ્ઠિર રાજાએ ભગવાનને, તેમના સાથને, સૈન્યને અને તેમની સ્ત્રીઓને નિત્ય નવાં નવાં લાગે એવાં સુખવાળાં સ્થાનમાં ઉતારા આપી રાખ્યાં. ૪૪ ત્યાં રહેતાં ભગવાને અત્યંત પ્રેમને લીધે સાથે વસતા અર્જુનની પાસે ખાંડવ વન બળાવી તેના અગ્નિમાં બળતા મયદાનવને બચાવ્યો, કે જેણે પછી યુધિષ્ઠિરને માટે અલૌકિક રાજસભા બાંધી આપી. ૪૫ રાજાઓનું પ્રિય કરવાની ઇચ્છાવાળા ભગવાન પછી રથમાં બેશી મહા બળવાન અર્જુનની સાથે આનંદ ભોગવતા કેટલાક મહિના સુધી ઇન્દ્રપ્રસ્થમાં વાસ કરી રહ્યા. ૪૬

उवास कतिचिन्मासान् राज्ञःप्रियचिकीर्षया।
विहरन् रथमारुह्य फाल्गुनेनं भटैर्वृतः ॥

ઇતિશ્રી ભાગવત પુરાણના દશમસ્કંધ ઉત્તરાર્ધમાં “શ્રી કૃષ્ણનું ઇંદ્રપ્રસ્થ ગમન” નામનો ૭૧ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૭૨ મો.

શ્રી કૃષ્ણે ભીમસેનદ્વારા જરાસંધનો નાશ કરાવ્યો.

શ્રી शुकउवाच-

एकदा तु सभामध्य आस्थितो मुनिभिर्वृतः ।
ब्राह्मणैःक्षत्रियै वैश्यै भ्रातृभिश्च युधिष्ठिरः ॥

શ્રી શુકદેવજી કહે છે—મુનિઓ, બ્રાહ્મણો, ક્ષત્રિઓ, વૈશ્યો અને ભાઇઓ વગેરેની સાથે સભામાં બેઠેલા યુધિષ્ઠિર રાજાએ શ્રી કૃષ્ણ પરમાત્માને કહ્યું કે-૧-૨ હે ગોવિંદ! આપના અંશરૂપ સર્વ યજ્ઞમાં શ્રેષ્ઠ ‘રાજસૂય’ યજ્ઞથી હું આપનું પૂજન કરવાની ઇચ્છાવાળો છું, માટે આપે તે ઇચ્છા પરિપૂર્ણ કરવામાં મને સહાય આપવી. ૩ હે ભગવાન! પાપનો નાશ કરનારી આપની પવિત્ર પાદુકાઓનું લોક હમેશાં પૂજન કરેછે, ધ્યાન ધરે છે, અને ગાન કરે છે; તો પણ તેમને આપ મોક્ષ આપો છો. ભક્તિ કરનારાઓની ઇચ્છા હોય તો તેઓને આપ જોઈએ તેવું સંસાર સુખ પણ આપો છો. હલકો માણસ પણ આપનો ભક્ત હોય તો તે ઉત્તમ છે અને ચક્રવર્તિ રાજા અભક્ત હોય તો તેના અવતારને ધિક્કાર છે. ૪ હે દેવ! આ લોક આપની સેવાના પ્રભાવને જાણે એમ થવાની અગત્ય છે, માટે આપ મને સહાય આપો, જેથી હું યજ્ઞ કરૂં. કુરૂ અને સૃંજય વંશના કેટલાક માણસો કર્મને મુખ્ય ગણી આપની ભક્તિને માન આપતા નથી, તેમને આપ ઘડછો દેખાડો, એટલે ભક્તિ કરનારા, અને ભક્તિ વગરનાની વચ્ચેનું અંતર દેખાડો તો સારૂં. ૫

ઉપાધિ રહિત, સમદૃષ્ટિ, આત્મારામ એવા આપને આ જગતમાં કોઈ સમવિષમ તો છેજ નહિ, પરંતુ કલ્પવૃક્ષની પેઠે આપ આપને સેવનારનેજ ફળ આપો છો, અને તે પણ સેવાના પ્રમાણમાં આપો છો. ૬

શ્રીભગવાન કહેછે—હે શત્રુનો નાશ કરનાર ! જેથી તમારી કીર્તિ લોકમાં સર્વત્ર પ્રસરે એવો આ તમે ઘણો સારો નિશ્ચય કર્યો છે. ૭ ઋષિઓ, પિતૃઓ, દેવો અને બ્રાહ્મણો વગેરે સઘળાં પ્રાણીને એ યજ્ઞ ઘણો પ્રિય છે. ૮ પૃથ્વીને જીતી, સરસામાન ભેળો કરી તમે પ્રસન્ન થઇ ભલે એ યજ્ઞ કરો. ૯ તમારા બંધુઓ લોકપાળના અંશાવતારો છે, અને અજીતેંદ્રિયને વશ ન થાય એવા મને તમે તમારા જીતેંદ્રિયપણાથી વશ કરેલો છે. ૧૦ જે મારો ભક્ત છે તેને દેવતાઓ પોતાના તેજથી, યશથી, લક્ષ્મીથી અને છેવટ સૈન્યથી જીતી શકતા નથી, તો પછી પામર એવા રાજાઓ તો તેને કેમજ જીતી શકે ? ૧૧

શ્રીશુકદેવજી કહે છે—શ્રીકૃષ્ણ ભગવાનનાં વચન સાંભળી પ્રસન્ન થયેલા યુધિષ્ઠિર રાજાએ પછી આનંદથી પ્રફુલ્લ થયેલાં મુખવાળા પોતાના બંધુઓ સામું જોયું અને તેમને દિગ્વિજય કરવાની આજ્ઞા આપી. ૧૨ સૃંજય ક્ષત્રિયોની સાથે સહદેવને દક્ષિણદિશામાં, કેકય ક્ષત્રિયો સાથે નકુળને પશ્ચિમ દિશામાં, મદ્ર ક્ષત્રિયો સાથે અર્જુનને ઉત્તર દિશામાં, અને મત્સ્ય ક્ષત્રિયો સાથે ભીમસેનને પૂર્વ દિશામાં દિગ્વિજયને માટે વિદાય કર્યા. ૧૩ આ ચારે ભાઇએ ચાર દિશાઓમાં પ્રયાણ કરી ઘણાક રાજાઓને હરાવીને યજ્ઞ કરવાને ઇચ્છતા પોતાના મોટા ભાઇને અત્યંત ધન આણી આપ્યું. ૧૪ સઘળા રાજાઓ જીતાયા, પરંતુ જરાસંધ જીતાયો નથી એમ જાણી યુધિષ્ઠિર રાજા ચિંતામાં પડયા. પછી ઉદ્ધવજીએ કહ્યો હતો તેજ ઉપાય ભગવાને યુધિષ્ઠિરને કહ્યો. ૧૫ પછી શ્રીભગવાન, અર્જુન અને ભીમસેન બ્રાહ્મણનો વેશ ધારણ કરી જ્યાં જરાસંધ રહેતો હતો તે ગિરિવ્રજમાં ગયા. ૧૬ બ્રાહ્મણને માન આપનારા અને ગૃહસ્થનો ધર્મ પાળનારા જરાસંધને ત્યાં અતિથિના પૂજનને વખતે (મધ્યાન્હે) તે ત્રણ જણ ગયા, અને તેની પાસે માગ્યું કે-૧૭ હે રાજા ! ઘણે દૂર દેશાવરથી અમે આપના અતિથિ થઇ આવ્યા છીએ, માટે અમે માગીએ તે આપો. તમારૂં કલ્યાણ થાઓ. ૧૮ નીચને કંઇ અકર્તવ્ય નથી અને સહનશીલને કશું અસહ્ય નથી, ઉદાર માણસના મનથી નહી આપવા જેવું કંઇ છેજ નહિ, અને સમદૃષ્ટિવાળાને આ જગતમાં કશું પારકું પોતાનું નથી. ૧૯ જે સમર્થ માણસ અનિત્ય એવા શરીરથી નિત્ય ગાવા યોગ્ય યશ મેળવતો નથી તેને ધિક્કાર છે. ૨૦ હરિશ્ચંદ્ર,[1] રંતિદેવ,[2] ઉંચ્છવૃત્તિ,[3] શિબિ,[4] બલિ,[5] પારધિ[6] અને કપોત[7] વગેરે પોતાનાં દેહાર્પણથી અવિચળ પદ પામી ગયેલા આપણે જોયા છે. ૨૧

---

[1] હરિશ્ચંદ્રને માથે દુઃખનાં ઝાડ ઉગ્યાં હતાં અને પોતે ચંડાળને ઘેર વેચાઇને પણ સત્ય રાખ્યું હતું. [2] રંતીદેવરાજા અડતાળીસ દિવસ સુધી ભૂખ્યો તરસ્યો રહ્યો હતો, ઓગણપચાસમે દિવસે થોડું અન્ન જળ મળ્યું, તે વખતે અતિથિ આવી ચઢવાથી તે પણ તેઓને આપી દીધું હતું અને પોતે મોક્ષ પામ્યો હતો. [3] મુદ્‌ગલ બ્રાહ્મણ ઉંછવૃત્તિવાળો એટલે વેરાયેલા દાણા વીણી લાવીને નિર્વાહ ચલાવતો હતો, તે ૭ મહિના સુધી દુઃખી છતાં છેવટ અતિથિને અન્ન આપીને બ્રહ્મલોકમાં ગયો હતો. ૪ શિબિરાજાએ શરણે આવેલા હોલાની રક્ષા માટે પારધીને પોતાના શરીરનું માંસ આપ્યું હતું. ૫ બળિરાજાએ વેશધારી વામનજીને સર્વસ્વ આપી દીધું હતું. ૬ પારધીની જાળમાં ફસાયેલાં હોલો હોલી પોતાનાં બચ્ચાંને મળીને પાછાં આવવાની સત્ય પ્રતિજ્ઞાથી છુટયાં, તે પ્રમાણે વચન પાળીને તેઓ પાછાં પારધી પાસે આવ્યાં. તેમનો આવો સાત્વિક ભાવ જોઇ પારધીને વૈરાગ્ય ઉત્પન્ન થયો અને દાવાનળમાં પોતાનું શરીર ઝંપલાવ્યું હતું. ૭ પોતાને ત્યાં અતિથિ થઇને આવેલા પારધીને હોલાએ પોતાનું માંસ આપ્યું હતું.

શુકદેવજી કહે છે—સ્વર, આકૃતિ અને ધનુષનાં આંટણથી ક્ષત્રિય છે એમ જણાઈ આવતા અને કોઈ સમયે જોયેલા હોય એમ લાગવાથી જરાસંધે વિચાર કર્યો કે-૨૨ આ અતિથિઓ જાતના ક્ષત્રિય છતાં બ્રાહ્મણનો વેશ લઇ આવેલા લાગે છે, છતાં તેઓ મારૂં શરીર માંગે તોપણ મારે તે આપવું ઘટે છે. ૨૩ બ્રાહ્મણનો વેશ લઇ આવેલા વિષ્ણુ ભગવાને બલિરાજાને તેના સ્થાનમાંથી પાતાળમાં ચાંપ્યો હતો; પરંતુ તેની કીર્તિ આજ સુધી જગતમાં ગવાય છે. બળિરાજા વિષ્ણુને જાણતો હતો અને શુક્રાચાર્યે તેને વાર્યો હતો, તો પણ તેણે દાન આપ્યું હતું. ૨૪-૨૫ ક્ષત્રિયના નાશવંત દેહથી જો બ્રાહ્મણનું શ્રેય ન થાય, તો પછી તે દેહનું શું પ્રયોજન છે? ૨૬ આ પ્રમાણે વિચાર કરી જરાસંધ રાજાએ પોતાના અતિથિઓને કહ્યું કે-હે બ્રાહ્મણો! આપને જે વસ્તુની ઇચ્છા હોય તે સુખેથી માગો, તમે મારૂં મસ્તક માગશો તો તે પણ આપીશ. ૨૭

શ્રીભગવાન બોલ્યા—હે રાજા! અમે ક્ષત્રિયો છીએ, અમે અન્નની ઇચ્છાએ આવ્યા નથી, પરંતુ દ્વંદ્વ યુદ્ધ માગવાને આવ્યા છીએ. ૨૮ આ ભીમસેન, આ અર્જુન અને હું તમારો શત્રુ કૃષ્ણ છું. અમને તમે દ્વંદ્વ યુદ્ધ આપો. ૨૯

શ્રી શુકદેવજી કહેછે—હે રાજન્! ભગવાનનાં વચન સાંભળી ઉંચા સ્વરથી હસી જરાસંધ રાજા થોડો ક્રોધ કરી બોલ્યો કે-હે ક્ષત્રિયો! હું તમને યુદ્ધ આપવાને તૈયાર છું, ૩૦ પણ યુદ્ધથી કાયર અને મથુરાં છોડી સમુદ્રને શરણે જઈ રહેલા આ કૃષ્ણની સાથે હું યુદ્ધ કરીશ નહિ. ૩૧ આ કુંતાનો પુત્ર અર્જુન મારી બરોબરીઓ નથી અને શરીરે પાતળો છે. માટે અસમાનની સાથે હું યુદ્ધ કરીશ નહિ; પરંતુ આ ભીમસેન જે શરીર તથા બળથી મારો સમોવડીઓ છે તેની સાથેજ હું રણમાં ઉતરીશ. ૩૨ આ પ્રમાણે કહ્યા પછી તેણે એક ગદા ભીમસેનને આપી અને બીજી પોતે લીધી. તેઓ બે જણ દ્વંદ્વ યુદ્ધને માટે ગામ બહાર એક અખાડામાં ગયા. ૩૩ પછી વજ્ર જેવી ગદાઓથી તેમણે પોતાનું યુદ્ધ શરૂ કર્યું. ડાબા જમણી દાવ પેચ લેતા અને એક બીજાના ઉપર રીસથી ગદાનો પ્રહાર કરતા તેઓ અખાડામાં શોભવા લાગ્યા. તેમની ગદાઓનાં અવાજ બે મદોન્મત્ત હાથીના દંતૂશળ અથડાતા હોય તેમ દિગંતને ગર્જાવા લાગ્યા. ૩૪-૩૬ બે હાથીઓના યુદ્ધ વચ્ચે આવતાં જેમ આકડાનાં તુલ ભાગી જાય તેમ તેમની ગદાઓ પણ એક બીજાના ખભા, વાંસા, હાથ અને સાથળોમાં વાગી વાગીને ચુર્ણ થઇ ગઇ. ૩૭ ગદાઓ ભાગી ગયા પછી ક્રોધમાં આવેલા તેઓ લોખંડના જેવી મુઠીઓથી એક બીજાના ઉપર પ્રહાર કરવા લાગ્યા. તેમની થાપ ઠોકવાની રીતથી અને તેના અવાજથી તેમનું યુદ્ધ શોભવા લાગ્યું, અને વજ્રના જેવા કડાકા થવા લાગ્યા. ક્રોધ પામેલા, મસ્તી ઉપર ચઢેલા અને જેમનો વેગ અભ્યાસ તથા ધૈર્યને લીધે સરખો રહ્યા કરતો હતો એવા ભીમ અને જરાસંધ એક બીજાથી જરા પણ ઓછા ઉતરતા નહોતા. ૩૮-૩૯ આ પ્રમાણે ચાલતું તેમનું દ્વંદ્વ યુદ્ધ એક સરખી રીતે બરોબર સત્તાવીશ દિવસ સુધી ચાલ્યું. ૪૦ પછી હે રાજા! એક વાર એકાંત જોઈ ભીમસેને પોતાના મામાના પુત્ર શ્રી ભગવાનને કહ્યું કે-હે ભગવાન! મને જરાસંધ જીતાય એમ લાગતું નથી. ૪૧ જરાસંધ રાજા બે કકડે જન્મ્યો હતો અને જરા નામની રાક્ષસીએ તેના બે ભાગ સાંધ્યા હતા, તેથી ચીરી નાંખ્યા વગર તે મરશે નહિ એમ ભગવાન પોતે જાણતા હતા. તેથી તેમણે થોડી વાર વિચાર કરી ભીમસેનને કહ્યું કે-જ્યારે તમે થાકી જાઓ, ત્યારે મારા સામું જોજો. ૪૨ પછી યુદ્ધ શરૂ થયું, અને ઘણીવાર સુધી બન્ને યોદ્ધાઓએ પોતાનું બળ અજમાવ્યું, પછી ભીમસેને ભગવાનની સામું જોયું- શ્રી કૃષ્ણ પરમાત્માએ આવખતે એક વૃક્ષની ડાળી પોતાના હાથમાં લઈ તેને ચીરી નાંખી. ભીમસેન તેમની સંજ્ઞા સમજી ગયો, એટલે

હાથમાં લઇ જરાસંધને પૃથ્વી ઉપર પાડી તેણે તેનો એક પગ પોતાના પગ તળે દબાવી બીજો પગ હાથમાં લઇ મોટા જોરથી જેમ હાથી ઝાડની ડાળીને ચીરી નાંખે, તેમ તેને ગુદાના ભાગથી ચીરી નાંખ્યો. ૪૩-૪૫ પગ હાથ વગેરે એક એક અંગવાળાં તેનાં ફાડિયાં લોકના જોવામાં આવ્યાં, અને જરાસંધ રાજા મોટા પરાક્રમ પછી રણમાં પડયો. મગધમાં હાહાકાર થયો, ત્યારે શ્રીકૃષ્ણ તથા અર્જુને ભીમસેનને આલિંગન આપી ધન્યવાદ દીધો. ૪૬-૪૭ પછી પ્રાણીઓનું કલ્યાણ કરનારા, સમર્થ અને પ્રમાણમાં ન આવી શકે એવા ભગવાને જરાસંધના પુત્ર સહદેવને મગધની ગાદી ઉપર બેસાડયો, અને બંદિખાનામાં પડેલા ઘણાક રાજાઓને કેદમાંથી છુટા કર્યા. ૪૮.

अभ्यषिंचदमेयात्मा मगधानां पतिं प्रभुः ॥
मोचयामास राजन्यान् संरुद्धा मागधेनये ॥

ઇતિશ્રી મહાપુરાણ ભાગવત વિષે દશમસ્કંધ ઉત્તરાર્ધમાં "જરાસંધ વધ" નામનો ૭૨ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૭૩ મો.

શ્રી કૃષ્ણે રાજાઓને કેદમાંથી છોડાવીને તેમનાં રાજ્ય સોંપ્યાં.

शुक उवाच.

अयुते द्वे शतान्यष्टौ लीलयायुधिनिर्जिताः ॥
ते निर्गता गिरिद्रोण्यां मलिना मलवाससः ॥

શ્રી શુકદેવજી કહે છે—હે, રાજા! જરાસંધે રમત માત્રમાં જીતેલા વીશ હજાર અને આઠસેં રાજાઓ જેઓ ગિરિદ્રોણના કેદખાનામાં મેલાં વસ્ત્રવાળા, ગંદા, અને સુકાઇ ગએલાં મોઢાંવાળા બની ગયા હતા,તે શ્રી ભગવાનની કૃપાથી છુટા થઈ પોતપોતાના સ્થાનમાં ગયા. જયારે તેમને છોડવામાં આવ્યા ત્યારે તેમણે, પીળાં વસ્ત્ર પહેરેલા, શ્રીવત્સના ચિહ્નવાળા, ચાર હાથવાળા, કમળના જેવાં રાતાં લોચનવાળા, સુંદર, પ્રસન્ન મુખવાળા, મકરાકૃતિ કુંડળવાળા, શંખ, ચક્ર, ગદા અને કમળ ધારણ કરેલા મુકુટ, હાર, કંદોરો, બાજુબંધ અને કૌસ્તુભમણિથી શોભતા શ્રી કૃષ્ણ ભગવાનને જોયા. તેમને જોઈ રાજાઓ જાણે તેમને નેત્ર વડે પાન કરતા હોય, હાથથી આલિંગન દેતા હોય, જીભથી ચાટતા હોય, અને નાકથી સુંઘતા હોય, તેમ તેમના સામું જોઈ રહ્યા. અને તેમના ચરણમાં મસ્તક મુકી તેમને પગે લાગ્યા. ભગવાનનાં દર્શન થવાથી જેમની કારાગ્રહમાં સહન કરેલી પીડા નાશ પામી હતી એવા તે રાજાઓ આનંદમાં તરવા લાગ્યા, અને હાથ જોડી તેમની સ્તુતિ કરવા લાગ્યા. ૧-૮

રાજાઓ સ્તુતિ કરે છે—હે ભગવાન! હે દેવના દેવ! હે શરણાગતની પીડાને હરનાર! અમે આપને પ્રણામ કરીએ છીએ. હે દેવ! અમો સંસારથી ભય પામેલાનું આપ રક્ષણ કરો. ૮ હે પરમાત્મા! આ જરાસંધને અમે દોષ દેતા નથી, કારણ કે જો તેણે અમને કેદમાં નાંખ્યા નહોત તો અમને આપનાં દર્શનનો લાભ મળત નહિ. ૯ રાજ્યમદથી ઉન્મત્ત થયેલો રાજા ક્ષણભંગુર સંપત્તિઓને અવિચળ માની સંસારમાં મસ્ત રહેતાં કલ્યાણ પામતો નથી. ૧૦ અજ્ઞાન અને બાળક જેમ મૃગજળને સરોવર માને છે, તેમ અવિવેકી માણસો આપની ખોટી માયાને સત્ય માની તેમાં તણાય છે, ૧૧ લક્ષ્મીથી મસ્ત થયેલા, પૃથ્વી જીતી લેવાની ઈર્ષ્યામાં પડેલા અને મૃત્યુના ભયને નહિ લેખવતા અમે ઇચ્છાનુસાર વરતીને પ્રજાઓને પીડતા હતા. ૧૨ તે સર્વ અમારો ગર્વ ગળી ગયો અને આખરે આપનાં ચરણ કમળનાં દર્શન કરવાનો લાભ થયો, એ આપનો અમારા ઉપર મોટો અનુગ્રહ થયો એમ માનીએ છીએ. ૧૩ અમે હવે આ સંસારના નાશવંત સુખને ઇચ્છતા નથી. ૧૪ અમને દરેક અવતારમાં આપના પરમ સ્વરૂપનું લક્ષ રહે એવો બોધ કરો. ૧૫ સર્વ લોકના કલેશને હરનાર આપ-

ના ચરણમાં મસ્તક મુકી અમે એજ માગી લઈએ છીએ. ૧૬

શ્રી શુકદેવજી કહે છે—બંધનમાંથી છુટેલા રાજાઓએ આ રીતે સ્તુતિ કર્યા પછી ભક્તજન ઉપર દયાળુ, શરણાગતને આશ્રય આપનાર અને પરમ સ્વરૂપ એવા શ્રીકૃષ્ણ પરમાત્માએ કહ્યું કે-૧૭

શ્રી ભગવાન કહેછે—હે રાજાઓ ! સર્વેનો ઇશ્વર એવો જે હું, તે આજથી માંડીને સર્વદા તમને મારી દૃઢ ભક્તિ આપીશ. ૧૮ તમે જે કહોછો તે સત્ય છે, કારણ કે લક્ષ્મીના મદથી થતો અનાચાર માણસને ઉન્મત્ત કરનાર છે. ૧૯ સહસ્રાર્જુન, નહુષ, વેન, રાવણ, નરકાસુર, અને બીજા દેવ તથા દૈત્યના રાજાઓ લક્ષ્મીના મદથી રાજ્યભ્રષ્ટ થયાં છે. ૨૦ આ મનુષ્ય દેહ વગેરે પદાર્થોને નાશવંત જાણીને તમે મારી પ્રજાનું ધર્મથી પાલન કરજો, અને ભક્તિવડે મારૂં પૂજન કરજો. ૨૧ હવે તમે મારામાં ચિત્ત રાખી પુત્ર પુત્રાદિક વંશનો વિસ્તાર કરતાં રાજ્યનું સુખ ભોગવતાં અને પ્રસંગોપાત આવતાં સુખ દુઃખને સહન કરતાં નિરંતર મારૂં ભજન કરજો. ૨૨ તમે આ સંસારથી ઉદાસીન રહી મારામાં ચિત્ત રાખી ધર્મને અનુસરતા રહેશો તો અંતે મારા પરબ્રહ્મસ્વરૂપને પામશો. ૨૩

શ્રી શુકદેવજી કહેછે—રાજાઓને આ પ્રમાણે આજ્ઞા કરી શ્રી કૃષ્ણ ભગવાને તેમને સ્નાન કરાવવા માટે પુરૂષો તથા સ્ત્રીઓને આજ્ઞા કરી. ૨૪ પછી જરાસંધના પુત્ર સહદેવ પાસે અલંકાર, વસ્ત્ર, માળાઓ, ચંદન અને બીજા ઉપચારોથી તેઓની પૂજા કરાવી. ૨૫ સ્નાન કરાવેલા, શણગારેલા, ભોજન જમાડેલા અને પૂજા કરેલા તે રાજાઓ શરદ ઋતુના સ્વચ્છ આકાશમાં તારાઓ શોભે તેમ શોભવા લાગ્યા. ૨૬-૨૭ પછી ઉત્તમ ઘોડાઓ જોડેલા રથમાં બેસાડી મધુર વચનોથી પ્રસન્ન કરી શ્રી ભગવાને તે રાજાઓને પ્રીત પોતાના દેશ તરફ મોકલી દીધા. ૨૮ શ્રી ભગવાને કષ્ટમાંથી છોડેલા રાજાઓ ભગવાનનું ધ્યાન કરતા કરતા પોતાના દેશમાં આવી તેમણે સઘળી વ્યવસ્થા કરવા માંડી. ૨૯-૩૦ જરાસંધના મરણ પછી સહદેવને હાથે યથાર્થ પૂજા પામેલા ભગવાન પણ ભીમ તથા અર્જુનની સાથે ઉત્તમ રથમાં બેશી ઇન્દ્રપ્રસ્થમાં આવ્યા. ૩૧ સ્નેહીને પ્રસન્ન કરતા, શત્રુને જીતીને આવેલા અને શત્રુને ત્રાસ ઉત્પન્ન કરતા તેઓએ નગરમાં આવી શંખનાદ કર્યો. ૩૨ તેમના શંખનો નાદ સાંભળી નગરના લોકે અનુમાન કર્યું કે જરાસંધ મરાયો. યુધિષ્ઠિર રાજા આ વાત સાંભળી પરમ સંતોષ પામ્યા અને તેમના મનોરથ સફળ થયા. ૩૩ યુધિષ્ઠિર રાજાની પાસે આવી તેમને પ્રણામ કરી ભીમ અર્જુને બનેલી હકીકત તેમને યથાર્થ કહી સંભળાવી. ૩૪ આ પ્રમાણે શ્રીકૃષ્ણનો પોતાના ઉપર અનુગ્રહ જોઇ યુધિષ્ઠિર રાજા આનંદાશ્રુથી ગદ્‌ગદ થઇ ગયા અને તેમનાથી કંઇ બોલાયું નહિ. ૩૫

निशम्य धर्मराजस्तत् केशवेनानुकंपितम् ॥
आनंदाश्रुकलां मुञ्चन् प्रेम्णा नोवाच किंचन ॥

ઇતિશ્રી ભાગવત મહાપુરાણના દશમસ્કંધ ઉત્તરાર્ધમાં "રાજાઓને બંધનમુક્ત કર્યા" એ નામનો ૭૩ મો અધ્યાય સંપુર્ણ.

અધ્યાય ૭૪ મો.

યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં શ્રીકૃષ્ણે શિશુપાળનો નાશ કર્યો.

शुकउवाच.

एवं युधिष्ठिरो राजा जरासंघ वधंविभोः ॥
कृष्णस्य चानुभावंतं श्रुत्वा प्रीतस्तमब्रवीत् ॥ १ ॥

શ્રી શુકદેવજી કહેછે—હે રાજા ! જરાસંધ રાજાનો વધ તથા શ્રીકૃષ્ણનો પ્રભાવ સાંભળી પ્રસન્ન થયેલા યુધિષ્ઠિર રાજા બોલ્યા. ૧

યુધિષ્ઠિર કહેછે—હે ભગવાન ! ત્રણ લોકના ગુરૂ સર્વે લોક અને લોકપાળ વગેરે આ-

પની આજ્ઞા માથે ચઢાવે છે. ૨ એવા આપ, અમો દીન અને મિથ્યાભિમાનીની આજ્ઞા ઉઠાવોછો, એ અત્યંત અદ્ભૂત છે. ૩ આપ એક, વિભાગ રહિત, પૂર્ણ અને પરમાત્મા છો તે બીજાની આજ્ઞા ઉઠાવોછો તે ભક્તોની ભાવનાને વધારવા માટે આપ તેમ કરો છો, તેથી આપની મોટાઇમાં ઘટાડો થતો નથી, કારણ કે ઉગવા આથમવાથી સૂર્યના તેજમાં ન્યૂનાધિકપણું થતું નથી. ૪ અજ્ઞાન લોકને 'મારૂં તારૂં' એવી ભેદબુદ્ધિ હોય છે તે પ્રમાણે તમારા ભક્તોમાં ભેદ બુદ્ધિ જણાતી જ નથી, તો પછી આપનામાં તે હોય જ કેમ? ૫

શ્રી શુકદેવજી કહે છે—આ પ્રમાણે કહ્યા પછી યજ્ઞ કરવાની ઇચ્છાવાળા ધર્મ રાજાએ હોતા અને ઋત્વિજ રૂપે બ્રહ્મવાદી બ્રાહ્મણોને વરાવ્યા. ૬ વ્યાસ, ભરદ્વાજ સુમંતુ, ગૌતમ, અસિત, વસિષ્ઠ, ચ્યવન, કણ્વ, મૈત્રેય, કવશ, ત્રિત, વિશ્વામિત્ર, વામદેવ, સુમતિ, જૈમિની, ક્રતુ, પૈલ, પરાશર, ગર્ગ, વૈશંપાયન, અથર્વ, કશ્યપ, ધૌમ્ય, પરશુરામ, આસુરી, વીતિપુત્ર, વીરસેન, અકૃતવ્રણ અને મધુચ્છંદ વગેરે મુનિઓને વરૂણીમાં નીમ્યા. વળી ભીષ્મ, દ્રોણ, કૃપાચાર્ય, ધૃતરાષ્ટ્ર, વિદુર અને બીજા બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્રો, દેશ દેશના રાજાઓ અને સંબંધીઓ પણ આવ્યા. ૧૦-૧૧ યજ્ઞભુમિને બ્રાહ્મણોએ સુવર્ણના હળથી ખેડાવી અને ધર્મરાજા યુધિષ્ઠિરને યજ્ઞની દીક્ષા આપી. ૧૨ વરૂણના યજ્ઞમાં સઘળી જાતનો સરસામાન લાવવામાં આવ્યો હતો. ઇન્દ્ર વગેરે દેવતાઓ, ગંધર્વો, કિન્નરો, યક્ષો, સિદ્ધ, ચારણ, રાક્ષસો, નાગ, મુનિઓ, પક્ષિઓ અને રાજાઓ તથા તેમની સ્ત્રીઓ વગેરે યુધિષ્ઠિરના આગ્રહથી આ યજ્ઞનો ઉત્સવ જોવા માટે આવ્યાં હતાં, આ લોકો યજ્ઞની તૈયારી જોઈ આશ્ચર્ય પામ્યા વગર બોલવા લાગ્યા કે, ભગવાનના ભક્તને આ સઘળું ઘટે છે, વરૂણને જેમ દેવલોકે યજન કરાવ્યું હતું, તેમ દેવલોકના જેવા તેજસ્વી બ્રાહ્મણો રાજા પાસે યજ્ઞનું યજન કરાવા લાગ્યા. ૧૩-૧૬ સોમવલ્લી ખાંડવાને દિવસે ઋત્વિજો વગેરેની પુજા થયા પછી પ્રથમ પૂજા કોની કરવી તે સંબંધી પ્રશ્ન નીકળ્યો. યજ્ઞમાં ઘણા પુરૂષો પુજાને યોગ્ય હતા, તેથી સભાસદો જ્યારે આના સંબંધમાં કંઈ નિશ્ચય કરી શક્યા નહિ, ત્યારે સહદેવ બોલ્યા કે-૧૭-૧૮ "યાદવોના પતિ શ્રી કૃષ્ણ ભગવાન શ્રેષ્ઠત્વનેલીધે અગ્રપૂજનને યોગ્ય છે, કારણ કે તે સર્વ દેવમય, દેશ,કાળ અને ધનમય છે,૧૯ યજ્ઞના મુખ્ય દેવતા એ પોતેજ છે, એટલુંજ નહિ, પણ આ જગત બધું એમના રૂપ છે. યજ્ઞ, અગ્નિ, આહુતિઓ, મંત્ર અને ઉપાસના વગેરે સઘળું તેમને માટે છે. ૨૦ શ્રીકૃષ્ણ પરમાત્મા આ જગતનું આદિ કારણ અને એક અદ્વિતીય છે. એ પોતેજ આ જગતને ઉત્પન્ન કરે છે, પાળે છે અને નાશ કરે છે. ૨૧ એમના અનુગ્રહથીજ સઘળા લોકો પોતાની ઇચ્છા પ્રમાણે કર્મ કરી પુરૂષાર્થ સિદ્ધ કરવાને સમર્થ થાય છે. ૨૨ એમની અગ્ર પૂજામાં સર્વ પ્રાણીઓની પૂજાનો સમાવેશ થશે, માટે હે સભાસદો! તમારે એકે અવાજે તેમના પૂજન માટે સંમત્તિ આપવી ઘટે છે. દાનના ફળની ઇચ્છાવાળા પુરૂષે તો ભેદનો વિનાશ કરનારા, શાંત અને પૂર્ણ બ્રહ્મ સ્વરૂપ શ્રી કૃષ્ણ પરમાત્માનુંજ પૂજન કરવું જોઇએ. ૨૩-૨૪

શ્રી શુકદેવજી કહે છે-ભગવાનના પ્રભાવને જાણનારા સહદેવનાં વચન સાંભળી સભામાંથી સર્વ કોઇ મોટે સાદે બોલી ઉઠયા કે-યથાર્થ કહ્યું છે. ૨૫ બ્રાહ્મણોનું કહેવું અને સભાસદોનો અભિપ્રાય જાણી લઇ પ્રસન્ન થયેલા યુધિષ્ઠિર રાજાએ પછી વિધિ સહિત શ્રીકૃષ્ણ ભગવાનની અગ્રપૂજા કરી. ૨૬ યુધિષ્ઠિર, તેમના બંધુ, સ્ત્રીઓ અને કુટુંબીઓએ ભગવાનનાચરણનું જળ પોતાના મસ્તક ઉપર ચઢાવ્યું. ૨૭ પીળાં વસ્ત્ર અને મુલ્યવાન અલંકારથી પૂજન કરી પ્રજા જનો પ્રસન્નતાથી તેમના સામું જોવા જતાં જોઈ શક્યા નહિ. ૨૮ ભગવાનનું પૂજન થતાં સર્વ સભાસદોએ જય જય બોલી પ્રણામ કર્યા, અને આક

શમાંથી પુષ્પની વૃષ્ટિ થઈ. ૨૯ સભાનો આટલો બધો આનંદ અને ભગવાનનું શ્રેષ્ઠત્વ જોવાથી બળી ઉઠેલો શિશુપાળ રાજા પોતાના આસન ઉપરથી ઉઠયો, અને એક હાથ ઉંચો કરી અસહનતાથી ભગવાનને ન કહેવાય તેવાં કઠણ વચન કહેવા લાગ્યો. ૩૦

શિશુપાળ બોલ્યો—લોકો કહે છે કે કાળ અનુલ્લંઘનીય અને સમર્થ છે તે ખોટું નથી, કારણ કે વખતે બાળકનાં વચનથી પણ વૃદ્ધ માણસોની બુદ્ધિ ફરી જાય છે. ૩૧ સારાની તુલના કરનાર હે સભાસદો આ બાળકના વચનથી તમે ભૂલ કરો છો તે યોગ્ય નથી; કારણ કે તપ, વિદ્યા, બ્રહ્મજ્ઞાન અને દેવલોકને પૂંજવા યોગ્ય એવા મોટા ઋષિઓને મુકીને, એક ગોવાળ અને પોતાના કુળને ખરાબ કરનારો કૃષ્ણ પૂજાને યોગ્ય ગણાય છે તે ઠીક થતું નથી. આ તો કાગડો પુરોડાશ લઈ જાય એવું ખોટું થાય છે. ૩૨-૩૪ વર્ણ, કુળ અને આશ્રમથી જુદો, ધર્મથી બહાર ગયેલા, ઇચ્છા પ્રમાણે વર્તનારા, અને ગુણ રહિત કૃષ્ણ શી રીતે પૂજાને યોગ્ય ગણાય? ૩૫ યયાતિના શાપથી જાત બહાર ગયેલું અને મદિરા વગેરેનું પાન કરનારૂં એનું કુળ સર્વથી અધમ છે. ૩૬ આ યાદવ લોકે બ્રહ્મર્ષિઓએ સેવેલા દેશને તજી દઇ સમુદ્ર કિલ્લાનો આશ્રય કરેલો છે, અને એ ચોર લોક પ્રજાને દુઃખ દેનારા છે, માટે તેનું પૂજન કરવું અયોગ્ય છે. ૩૭

આ પ્રમાણે શિશુપાળ ઘણાં કઠણ વચન બોલ્યો, પરંતુ શ્રીભગવાને તેનો કંઇ ઉત્તર આપ્યો નહિ, કેમકે શિયાળના શબ્દનો સિંહ કદી પણ ઉત્તર આપતો નથી. ૩૮ ભગવાનની આ પ્રમાણે નિંદા થતી સાંભળીને કેટલાક ભક્તો શિશુપાળનો તિરસ્કાર કરી સભામાંથી ઉઠી ગયા; ૩૯ કારણ કે જે ઠેકાણે ભગવાન કે ભગવાનના ભક્તની નિંદા થતી હોય, ત્યાં જો ભક્ત બેસે તો તેનાં પુણ્ય નાશ પામે છે. ૪૦ પાંડવો, કેકય, અને મત્સ્ય વંશના ક્ષત્રિયો તો ભગવાનની નિંદા કરનારને મારી નાંખવા માટે હથિયાર લઇને ઉભા થયા. ૪૧ શ્રીકૃષ્ણનો પક્ષ લઈ ઉઠેલા રાજાઓનો તિરસ્કાર કરી શિશુપાળે પણ પોતાનાં હથીઆર હાથમાં લીધાં. ૪૨ આ વખતે શ્રીકૃષ્ણ ઉભા થયા અને પોતાના પક્ષના ક્ષત્રિયોને વાર્યા, છતાં શિશુપાળ તેમની સામે થયો, એટલે અસ્ત્રાના જેવી ધારવાળા સુદર્શન ચક્રથી ભગવાને તેનું માથું કાપી નાંખ્યું. ૪૩ તે પૃથ્વી ઉપર પડતાં સભામાં મોટો કોળાહળ થયો; અને તેના પક્ષના બીજા રાજાઓ ભયથી નાશી ગયા. ૪૪ આકાશમાંથી પડતી વિજળી જેમ પૃથ્વીમાં પેશી જાય, તેમ શિશુપાળમાંથી નીકળેલું તેજ સર્વના દેખતાં શ્રીભગવાનમાં પેઠું. ૪૫ ત્રણ જન્મથી ભગવાન ઉપર વૈર રાખતા શિશુપાળની ઇંદ્રિયો તેમના સ્મરણથી ભગવાનમય રહેતી હતી, તે હવે વૈરભાવ પૂરો થવાથી સ્વરૂપાનુસંધાનને પ્રાપ્ત થયો. ૪૬-આટલું થયા પછી ધર્મ રાજાએ યજ્ઞમાં વરેલા બ્રાહ્મણોને દક્ષિણા આપી; બીજાને ઘટિત દાન આપ્યું અને દીક્ષિતોએ પછી તેમને અવભૃથ સ્નાન કરાવ્યું. ૪૭ આ પ્રમાણે યુધિષ્ઠિર રાજાનો યજ્ઞ શ્રીકૃષ્ણ ભગવાને તેમની પાસે રહીને પૂરો કરાવ્યો. પછી સંબંધીજનના આગ્રહને લીધે પોતે સહપરિવાર કેટલાક મહિના સુધી ઇંદ્રપ્રસ્થમાં રહ્યા. ૪૮ પછી યુધિષ્ઠિર રાજાની ઇચ્છા નહોતી, તેમ છતાં શ્રીકૃષ્ણ ભગવાન પોતાની સ્ત્રીઓ તથા મંત્રિઓને લઇ દ્વારિકામાં પધાર્યા. ભગવાનના પાર્ષદ જય અને વિજયના આલોકમાં જન્મ થયા, તેનું કારણ બ્રાહ્મણોનો શાપ હતો. આ આખ્યાન મેં તમને કહી સંભળાવ્યું. ૪૯-૫૦ રાજસૂય યજ્ઞ કરી અવભૃથ સ્નાન કર્યાથી ધર્મરાજા તે સભામાં ઇંદ્રની પેઠે શોભવા લાગ્યા. ૫૧ પછી ધર્મ રાજાએ પૂજેલા અને શ્રીકૃષ્ણચંદ્રનાં વખાણ કરતા રાજાઓ, દેવતાઓ અને માણસો સ્તુતિ કરતા હર્ષભેર પોતાનાં ઘર તરફ ગયા. ૫૨ કલિયુગના અંશરૂપ, મહા પાપી અને કુરૂકુલાંગાર રૂપ દુર્યોધન ધર્મ રાજાની આવી મોટી ખ્યાતિ અને લક્ષ્મીને સહન કરી શક્યો

નહિ. તે પોતાના મનમાં બળવા લાગ્યો. ૫૩ જરાસંધના બંદિખાનામાં પડેલા રાજાઓને છુટા કર્યા, ધર્મરાજા પાસે રાજસૂય યજ્ઞ કરાવ્યો, અને દુષ્ટ શિશુપાળ રાજાને માર્યો, વગેરે શ્રી કૃષ્ણની પરમ અદ્‌ભુત લીલાઓનું જે માણસ ગાન કરે છે, તેનાં સઘળાં પાપ નાશ પામે છે. ૫૪

यऽइदं कीर्त्तयेद्विष्णोः कर्मचैद्यवधादिकम् ॥
राजमोक्षं वितानं च सर्वपापैः प्रमुच्यते ॥

ઇતિશ્રી ભાગવત મહાપુરાણના દશમસ્કંધ ઉત્તરાર્ધમાં "શિશુપાલ વધ" નામનો ૭૪ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૭૫ મો.

દુર્યોધનનું માન ભંગ.

રાજોવાચ.

अजातशत्रोस्तं दृष्ट्वा राजसूय महोदयं ॥
सर्वे मुमुदिरे ब्रह्मन्नृदेवा ये समागताः ॥१॥

પરીક્ષિત રાજા પુછે છે—હે મહારાજ! યુધિષ્ઠિર રાજાના રાજસૂય યજ્ઞનો મહોત્સવ જોઇ ત્યાં આવેલા સઘળા મનુષ્યો અને દેવતાઓ પ્રસન્ન થયા; પરંતુ દુર્યોધન રાજા પ્રસન્ન થયો નહિ, એમ આપે જણાવ્યું, તેનું શું કારણ? ૧-૨

શ્રી શુકદેવજી કહે છે—હે રાજન! તમારા પિતામહના રાજસૂય યજ્ઞમાં સ્નેહથી બંધાયલા તેમના બંધુઓ યજ્ઞનાં કામકાજમાં લાગી ગયા હતા, ૩ ભીમસેન પાકશાળાના ઉપરી થયા હતા, દુર્યોધન ધનાધિકારી થયો હતો, સહદેવ પૂજાનું કામ કરતો હતો અને નકુળ સામગ્રી મેળવવાનું કામ કરતો હતો. અર્જુન ગુરૂજનની સેવા ચાકરીના કામમાં લાગ્યા હતા. અને શ્રીકૃષ્ણ પરમાત્મા ઋષિ તથા મુનિજનના ચરણ ધોવાના કામમાં અધ્યક્ષનીમાયા હતા. દ્રૌપદી પરોણાઓને પીરસતાં હતાં, અને ઉદાર મનવાળો કર્ણ દાનાધિકારી બન્યો હતો. ૪-૫ હે રાજેંદ્ર! કૃતવર્મા, સાત્યકી, વિકર્ણ ભૂરિશ્રવા, બાહ્લીક, અને વિદુર વગેરે જુદાં જુદાં કામમાં પડ્યા હતા. આ પ્રમાણે સર્વને યજ્ઞનાં કાર્યો વેહેંચી આપવામાં આવ્યા હતા, અને તેઓ મોટા આનંદથી તે કાર્ય બજાવતા હતા. ૬-૭ પછી ઋત્વિજ, સભાસદ અને વિદ્વાનોનું પૂજન થયા બાદ મહારાજા યુધિષ્ઠિર રાજાએ સઘળાઓની સાથે ગંગાજીમાં ઉતરીને અવભૃથ સ્નાન કર્યું. ૮ આ ઉત્સવમાં મૃદંગ, શંખ, પ્રણવ, આનક અને ગોમુખ વગેરે વાજાં વાગ્યાં. ૯ અને પ્રસન્ન થયેલી ગણિકાઓએ નાચ કર્યો. ટોળે મળીને ગવૈયા ગાવા લાગ્યા, તેઓ સઘળાંના આનંદનો સુર આકાશમાં ગાજી રહ્યો. ૧૦ રાજાઓ વિચિત્ર જાતની ધ્વજા અને પતાકાવાળા રથ, ઘોડા અને હાથીઓ ઉપર બેશી સુવર્ણની માળાઓ પેહેરી પોતાના સૈનિકો સાથે નગરની બહાર નીકળ્યા. ૧૧ યદુ, સૃંજય, કાંબોજ, કુરૂ. કેકય, અને કોશલ દેશના રાજાઓ જ્યારે અવભૃથ સ્નાન કરવા માટે સેનાની સાથે બહાર નીકળ્યા. ત્યારે ધરતી ધ્રુજી ગઇ. ૧૨ ઋત્વિજો અને બ્રાહ્મણો વેદનાં પવિત્ર ગાન કરતા બહાર નીકળ્યા, દેવ, ગંધર્વ, પિતૃ અને ઋષિઓ પુષ્પની વૃષ્ટિ કરવા લાગ્યા. ૧૩ સુગંધ, માળા અને પુષ્પથી શણગારાયલી સ્ત્રીઓની સાથે પુરૂષો દુધ, દહીં, મધ વગેરે રસના પદાર્થોથી એક બીજાને લેપન કરવા લાગ્યા. ૧૪ તેલ, હળદર, ચંદન અને કેસરથી પુરૂષોને મર્દન કરતી ગણિકાઓ, અને તેમને મર્દન કરતા પુરૂષો ગંગાના તટ ઉપર વિહાર કરવા લાગ્યા. ૧૫ આ ઉત્સવ જોવા માટે જેમ દેવાંગનાઓ આવી હોય તેમ અંતઃપુરના રક્ષકોએ રક્ષણ કરેલી રાજાઓની રાણીઓ પણ સ્નાન કરવા તથા ગમ્મત જોવા માટે ગંગાજી ઉપર આવી હતી. મામાના દીકરા અને મિત્રોથી જેમના ઉપર ચંદન અને કેસરના રસ છંટાતા હતા, એવી લજ્જાથી પ્રફુલ્લ થયેલાં મુખવાળી તે રાણીઓ અતિ મનોહર દેખાતી હતી. ૧૬ ગભરાહને

લીધે જેમના અંબોડા છૂટી જવાથી પુષ્પ ખરતાં હતાં એવી તથા ભીંજાઈ ગયેલાં વસ્ત્રને લીધે કંકુની ગાર જેવાં જેમનાં માંસલ મનોહર અંગ, સ્તન, ભારે નિતંબ વગેરે દેખાતાં હતાં, એવી રાણીઓ લજ્જા પામતા છતાં પણ ઉત્સવના હર્ષમાં આવી પીચકારીથી પોતાના દિયર અને મિત્રોના ઉપર કેસરનાં જળ છાંટતી હતી. ભીંજાવાથી મનોહર લાગતી અને દિયરના હાથથી મર્દન પામતી તે સ્ત્રીઓ કામીજનનાં કાળજાંમાં કંઇ કંઇ વિકાર કરતી અને કામજ્વર ઉત્પન્ન કરતી હતી. ૧૭ ઉત્તમ અશ્વવાળા રથમાં બેઠેલા યુધિષ્ઠિર રાજા તે વખતે સ્ત્રીઓના મધ્ય ભાગમાં મૂર્તિમાન રાજસૂય યજ્ઞ જેવા શોભતા હતા. ૧૮ પત્નીસંયાજ નામની ક્રિયા કરાવી આચમન આપ્યા પછી ઋત્વિજોએ અવભૃથ સ્નાનની વિધિ કરાવી મહારાજા યુધિષ્ઠિર તથા મહારાણી દ્રૌપદીને સ્નાન કરાવવા માટે ગંગાજીમાં ઉતાર્યાં. ૧૯ તે વખતે મનુષ્યોનાં તેમજ દેવલોકનાં દુંદુભિ વાગવા લાગ્યાં. દેવ, પિતૃ અને મનુષ્યો પુષ્પ ઉછાળવા લાગ્યા. ૨૦ વર્ણાશ્રમના ધર્મ પાળનારા સઘળા મનુષ્યો રાજાની સાથે અવભૃથ સ્નાન કરવા માટે નહાયા, કારણ કે તે સ્નાન કરવાથી મહા પાપી માણસ પણ પાપથી મુક્ત થાય છે. ૨૧ પછી યુધિષ્ઠિર રાજાએ નવાં વસ્ત્ર અને અલંકાર ધારણ કરી ઋત્વિજો, બ્રાહ્મણો તથા સભાસદોને વસ્ત્ર અને આભૂષણોનું દાન આપ્યું. ૨૨ બંધુજન, જ્ઞાતિ, રાજાઓ અને મિત્રોનું સન્માન કરી તેમની યથાયોચિત સેવા કરવામાં આવી. રાજાએ સત્કાર કરેલા સભાસદો દેવતાઓના જેવી સુંદર કાન્તિથી, અલંકારોથી, વસ્ત્રોથી અને મણિનાં કુંડળ તથા પાઘડીઓથી અત્યંત શોભવા લાગ્યા. કુંડળ અને કુંતલથી જેમના કપોળપ્રદેશ શોભતા હતા એવી રાજસ્ત્રીઓ સુંદર મુખ અને સુવર્ણની કટીમેખળાઓથી અત્યંત શોભતી હતી. ૨૩-૨૪ હે રાજન્! મહારાજા યુધિષ્ઠિરના યજ્ઞમાં આવેલા દેવર્ષિઓ, ઋત્વિજો, બ્રાહ્મણો, રાજાઓ, સભાસદો, ક્ષત્રિયો, વૈશ્યો અને શૂદ્રો તથા પિતૃ અને ભૂત સહિત અનુચરો વગેરે સર્વ લોક તેમનાથી સત્કાર પામી તેમની આજ્ઞા મેળવી પોતપોતાને ઘેર ગયા. ૨૫-૨૬ મનુષ્ય જેમ અમૃતપાનથી ધરાય નહિ, તેમ યુધિષ્ઠિર રાજાના રાજસૂય યજ્ઞની સ્તુતિ કરતાં માણસોને સંતોષ થતો નહતો. ૨૭ ધર્મરાજા ઘણા કરૂણાળુ હતા. અને પ્રિયજનનો વિયોગ સહન કરી શકતા નહતા. તેથી પોતાના બાંધવો, મિત્રો અને સંબંધીઓ વગેરેને તેમણે ઘણા આગ્રહથી ઇંદ્રપ્રસ્થમાં રાખ્યા. ૨૮ શ્રીકૃષ્ણ ભગવાન પોતે ઇંદ્રપ્રસ્થમાં રહ્યા અને સાંબ આદિ વીર પુરૂષોને તેમણે દ્વારકાં મોકલ્યા. ૨૯ શ્રીકૃષ્ણની સહાયતાથી ધર્મના પુત્ર યુધિષ્ઠિર રાજા રાજસૂય યજ્ઞ રૂપી મહા સમુદ્રને તરી પોતાને કૃતકૃત્ય માનવા લાગ્યા. ૩૦

યુધિષ્ઠિરની રાજસૂયકીર્તિ અને તેમના અંતઃપુરમાં રહેલી મહાલક્ષ્મીને જોવાથી સર્વને આનંદ થતો હતો, ત્યારે દુર્યોધમ તે જોઇને બળતો હતો. ૩૧ મયદાનવે અનેક જાતની શોભા તેમના અંતઃપુરમાં બનાવી હતી, આવા મનોરમ્ય સ્થાનમાં રૂપ રૂપનાં અંબાર મહારાણી દ્રૌપદી પોતાના સ્વામીઓની સેવા કરતાં હતાં, તેમનો આવો સુંદર વૈભવ જોવાથી દુર્યોધન ઘણોજ બળવા લાગ્યો; ૩૨ નિતંબના ભારને લીધે મંદ મંદ ગતિએ ચાલતી અને મંદ ગતિને લીધે ઝીણા ઝીણા અને મનોહર ઝમકારે વાગતાં ઝાંઝરની ઘુઘરીએ કામદેવને પ્રેરતી, નાજુક કટિવાળી અને પુષ્ટ સ્તન ઉપરના કેસરને લીધે જેમના કંઠમાંના હારને રંગ ચઢતો હતો. એવી શ્રીકૃષ્ણ ભગવાનની હજારો સ્ત્રીઓ તે અંતઃપુરમાં નાના પ્રકારના વિહાર કરતી હતી, તે દુર્યોધનથી દેખી ખમાયું નહિ. ૩૩ બંધુઓ, સ્નેહીઓ, મિત્રો અને આંખની કીકી જેવા પ્રિય શ્રીકૃષ્ણ ભગવાનની સાથે એકવાર ધર્મરાજા, મયદાનવે બનાવેલી સભામાં સોનાના સિંહાસન ઉપર બેઠા હતા. રાજ્યલક્ષ્મીથી સર્વત્ર અત્યંત શોભા થઇ રહી હતી, અને બંદીજનો મોટા રાગથી તેમની કિર્તિ ગાતા હતા. ૩૪-૩૫ એટલામાં દુર્યોધન રાજા પો-

તાના ભાઈઓ અને સેવકોની સાથે હાથમાં તરવાર લઇ સભામાં આવ્યો. તે ઘણા તોરથી સભામાં દાખલ થયો, ૩૬ પરંતુ જે ઠેકાણે સ્થળ હતું, ત્યાં કાચ જડેલા હોવાથી ભ્રાંતિમાં પડી તેણે વસ્ત્ર ઉંચાં લીધાં, અને જ્યાં જળ હતું ત્યાં સ્થળની ભ્રાંતિથી કંઈ કર્યું નહિ, એટલે વસ્ત્ર પલળ્યાં. ૩૭ દુર્યોધનની ભ્રાંતિને માટે ત્યાં બેઠેલા રાજાઓ, સ્ત્રીઓ અને ભીમ વગેરે યુધિષ્ઠિરે ના કહેવા છતાં શ્રીકૃષ્ણની પ્રેરણાથી તેની હાંસી કરવા લાગ્યા. ૩૮ દુર્યોધન તેમના હાસ્યથી ઝાંખો પડી ગયો અને કેટલીક વારે સભામાંથી ઉઠીને તુરત હસ્તિનાપુર તરફ રવાના થયો. આ બનાવથી સત્પુરૂષો હાહાકાર કરવા લાગ્યા, અને ધર્મરાજના મનમાં પણ વણું ખોટું લાગ્યું. પૃથ્વીનો ભાર ઉતારવા માટે જ જન્મેલા શ્રીકૃષ્ણ ભગવાન કે જેમની દૃષ્ટિને લીધે દુર્યોધનને ભ્રાંત થઇ હતી તે કંઈ ન બોલતાં ચુપજ રહ્યા. ૩૯ હે રાજા! તમે રાજસૂય યજ્ઞમાં દુર્યોધનની દુષ્ટતા વિષે પૂછ્યું હતું, તે મેં તમને કહી સંભળાવ્યું. ૪૦

एतत्तेऽभिहितं राजन् यत्पृष्टोहमिहत्वया ॥
सुयोधनस्य दौरात्म्यं राजसूये महाक्रतौ ॥

ઇતિશ્રી ભાગવત મહાપુરાણના દશમસ્કંધ ઉત્તરાર્ધમાં "દુર્યોધન માનભંગ" નામનો ૭૫ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૭૬ મો.

શાલ્વ અને યાદવો વચ્ચે થયેલું યુદ્ધ.

श्रीशुकउवाच.

अथान्यदपि कृष्णस्य श्रृणु कर्माद्भुतं नृप ॥
क्रीडानरशरीरस्य यथा सौभपतिर्हतः ॥१॥

શ્રી શુકદેવજી કહેછે—હે રાજા! ક્રીડા કરવા માટે નરદેહ ધારણ કરનારા શ્રીકૃષ્ણ ભગવાનનું બીજું પણ અદ્ભુત કર્મ સાંભળો, કે તેમણે સૌભપતિ (શાલ્વ)ને કેવી રીતે માર્યો. ૧ રૂક્મિણીના વિવાહમાં શિશુપાળનો મિત્ર શાલ્વ રાજા આવ્યો હતો, અને યાદવોએ જરાસંધ વગેરે બીજા રાજાઓની સાથે તેને પણ હરાવ્યો હતો. ૨ તે વખતે તેણે સઘળા ક્ષત્રિય રાજાઓની વચ્ચે પ્રતિજ્ઞા કરી હતી કે-'પૃથ્વીને હું યાદવ રહિત કરીશ, તમે મારૂં પરાક્રમ જોજો.' ૩ આ પ્રતિજ્ઞા લીધા પછી તે શંકરની આરાધના કરવા લાગ્યો, અને માત્ર એક મુઠી ધૂળ ફાકીને તપશ્ચર્યા કરવા લાગ્યો. ૪ શ્રીભગવાનનો દ્વેષ કરનારને વરદાન આપવું એ વ્યર્થ છે, એમ ધારી તુરત પ્રસન્ન થાય એવા છતાં શંકરે શાલ્વને એક વર્ષ દિવસ સુધી તપાવ્યો. પછી તેની આગળ આવી વરદાન માગવાનું કહ્યું. ૫ એટલે તેણે દેવ, અસુર, મનુષ્ય, ગંધર્વ અને નાગ વગેરે કોઈથી પણ ભેદી શકાય નહિ, એવું એક વિમાન માગ્યું. ૬ શંકર ભગવાન 'તથાસ્તુ' કહીને અંતર્ધાન થયા કે તુરત શત્રુઓનાં હરાવનારા મયદાનવે લોખંડનું બનાવેલું સૌભ નામનું એક પ્રબળ વિમાન શાલ્વને આપ્યું. ૭ ઇચ્છા પ્રમાણે ગતિ કરનારૂં, બીજાને અલક્ષ્ય, અને અંધકારનો સાગર હોય એવું ભયંકર વિમાન લઈ શાલ્વરાજા યાદવોના વેરને સંભારતો દ્વારકાં ઉપર ચઢી આવ્યો. ૮ મોટી સેનાને લઇ આવેલા તે રાજાએ નગરને ઘેરો ઘાલી તેની આસપાસનાં વન અને ઉપવન વણસાડયાં. ૯ ગોપુર, બારણાં, સાઠીઆ, ચંદ્રશાળાઓ અને વિહારનાં સ્થાન તેણે ભાગીને ભૂકો કરી નાંખ્યાં, સૌભ વિમાનમાંથી તેણે દ્વારિકા ઉપર પર્વત, શિલા, ઝાડ, વજ્ર, સર્પ અને કરાની વૃષ્ટિ કરવા માંડી, વળી તેણે ભયંકર વંટોળિયા મેલ્યા, તેથી ધૂળ ઉડીને દિશાઓમાં અંધકાર થઈ ગયો. ૧૦-૧૧ ત્રિપુરાસુરના ઉત્પાતને લીધે પૃથ્વી જેમ કાયર થઈ હતી, તેમ શાલ્વના આ ઉત્પાતથી દ્વારકાપુરી દુઃખ પામવા લાગી. ૧૨ મોટી કીર્તિવાળા પ્રદ્યુમ્ને શસ્ત્ર બાંધી મોટા રથમાં બેશી પોતાની પ્રજાને નિર્ભય રહેવાને માટે આશ્વાસન આપ્યું. ૧૩ એટલામાં સાત્યકી, ચારૂદેષ્ણ, સાંબ, અક્રૂર

ઓ, ભાનુવિંદ, ગદ, શુક અને બીજા વીર યાદવો પણ કવચ અને શસ્ત્ર ધારણ કરી નગરીના રક્ષણ માટે બહાર નીકળી પડયા. ૧૪-૧૫ પછી દેવ અને દાનવોના જેવું મહા દારૂણ યુદ્ધ યાદવ અને શાલ્વના સૈન્ય વચ્ચે થવા લાગ્યું. ૧૬ સૂર્ય જેમ અંધકારનો નાશ કરે છે, તેમ પ્રદ્યુમ્ને શાલ્વની માયાનો પોતાનાં દિવ્ય અસ્ત્રોથી નાશ કર્યો. ૧૭ સુવર્ણનાં પુછડાંવાળાં, નમેલી અણીઓવાળાં, અને તીવ્ર લોખંડનાં પચીશ બાણ મારીને પ્રદ્યુમ્ને શાલ્વના સેનાપતિને વિંધિ નાંખ્યો. ૧૮ પ્રદ્યુમ્ને એકસો બાણ શાલ્વને, એક એક બાણ તેના સૈનિકોને, દશ દશ બાણ સારથિઓને, અને ત્રણ ત્રણ બાણ તેનાં વાહનોને માર્યાં. ૧૯ તેમના આ પરાક્રમનાં સર્વે જણ વખાણ કરવા લાગ્યા, પરંતુ શાલ્વને તેની અસર થઈ નહિ; ૨૦ કારણ કે તેનું વિમાન ક્ષણ ક્ષણમાં રૂપ બદલતું હતું, મયદાનવની માયાથી બનાવવામાં આવેલું વિમાન કોઇ વાર તેમના જોવામાં આવતું, કોઈવાર નજર બહાર જતું રહેતું, અને કોઈ વાર દૂર દેખાતું હતું, તેથી યાદવો તેની ગતિને કળી શકતા નહતા. ૨૧ ક્ષણમાં પૃથ્વી ઉપર, ક્ષણમાં પર્વત ઉપર, અને ક્ષણમાં જળમાં દેખાતું હતું, એમ તે વિમાન ઉંબાડીયાની પેઠે આમ તેમ ફર્યા કરતું હતું, કોઈ ઠેકાણે સ્થિર રહેતું નહોતું. ૨૨ યાદવ યોદ્ધાઓ જે જે ઠેકાણે તે દેખાતું હતું ત્યાં ત્યાં બાણો મારતા હતા. ૨૩ યાદવોનાં અગ્નિ અને સૂર્ય જેવાં ધગધગતાં અને સર્પની પેઠે ત્રાસ આપનારાં બાણોથી પોતાનું વિમાન તથા સેના પીડાવા લાગી, તેથી શાલ્વ ગભરાઈ ગયો. ૨૪ બન્ને લોકમાં સુખની આશાવાળા યાદવો શાલ્વને આમ તેમ ફેરવતા હતા, પરંતુ પોતે પોતાનું સ્થાન છોડતા નહતા. ૨૫ શત્રુથી પીડાયલા શાલ્વના મંત્રી દ્યુમાને પ્રદ્યુમ્નની સામા આવી તેમની છાતીમાં એક ગદાનો પ્રહાર કર્યો. ૨૬ છાતીમાં ગદા વાગવાથી તેઓ મૂર્છા પામી ગયા, પરંતુ દારૂકપુત્ર સારથિએ તેમને શત્રુની દૃષ્ટિઆગળથી દૂર ખસેડી દીધા. ૨૭ પ્રદ્યુમ્નને મુર્છા વળી ત્યારે તેમણે સારથિના સામું જોઇને કહ્યું કે-'હે સારથિ! રણસંગ્રામમાંથી તું મને દૂર લાવ્યો, તે ઠીક કર્યું નહિ. ૨૮ યાદવ કુળમાં એવો કોઇ નથી કે જે રણમાંથી પાછો પડયો હોય, પરંતુ તેં મને નીચું જોવરાવ્યું. ૨૯ યુદ્ધથી દૂર કરાયલા મને જ્યારે મારા પિતા યુદ્ધના સમાચાર પૂછશે, ત્યારે શો ઉત્તર આપીશ? ૩૦ મારા બંધુની સ્ત્રીઓ મારૂં હાસ્ય કરશે કે-હે વીર! શત્રુ રાજાઓની સાથે લડતાં તમે કેમ દૂર જતા રહ્યા હતા? એ સ્ત્રીઓ મને હીણો અને બાયલો ગણશે.' ૩૧

સારથિ કહે છે—હે વીર! હે આયુષ્યમાન! મેં મારો ધર્મ સમજીને આ કાર્ય કર્યું છે. રથમાં બેસનાર અસ્વસ્થ હોય ત્યારે સારથિએ તેની રક્ષા કરવી જોઈએ, અને સારથિને રથીએ સહાય કરવાની છે, આમ અન્યોઅન્ય ધર્મ છે. ૩૨ અને એ ધર્મને લીધેજ શત્રુની ગદાથી તમે મુર્છિત થયા, ત્યારે હું આપના રથને રણભૂમિની બહાર લઇ આવ્યો છું. ૩૩

एतद्विदित्वा तु भवान् मयाऽपोवाहितो रणात् ।
उपसृष्टः परेणेति मूर्च्छितो गदया हतः ॥

ઇતિશ્રી મહાપુરાણ ભાગવતના દશમસ્કંધ ઉત્તરાર્ધમાં "શાલ્વ-યાદવ યુદ્ધ વર્ણન" નામનો ૭૬ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૭૭ મો.

શ્રીકૃષ્ણે માયાવી શાલ્વને મારીને તેના સૌભવિમાનના ભુકા કરી નાંખ્યા.

શુકઉવાચ.

स उपस्पृश्य सलिलं दंशितो धृत कार्मुकः ॥
नय मां द्युमतः पार्श्वं वीरस्येत्याह सारथिम् ॥

શ્રી શુકદેવજી કહે છે—પછી જળનું આચમન લઇ ધનુષને ઠીક કરી પ્રદ્યુમ્ને પો-

તાના સારથિને કહ્યું કે-હવે તું મને વીર પુરૂષ દ્યુમાનની સામે લઇ ચાલ. ૧ પોતાના સૈન્યનો સંહાર કરતા દ્યુમાનની સામું જોઈ પ્રદ્યુમ્ને તેને આઠ બાણો માર્યાં. ૨ ચાર બાણથી ચાર ઘોડા મરી ગયા, એક બાણથી સારથિ મરી ગયો, બે બાણથી ધનુષ અને ધ્વજા કાપી નાંખી. અને એક બાણથી તેનું માથું કાપી નાંખ્યું ૩ પછી ગદ, સાત્યકી, અને સાંબ વગેરે યાદવો શાલ્વના સૈન્ય ઉપર તુટી પડયા. જેમનાં મસ્તક કપાઈ ગયાં હતાં એવા સૌભની ઉપર બેઠેલા સૈનિકો સમુદ્રમાં પડવા લાગ્યા. ૪ યાદવો અને શાલ્વ વચ્ચેનું આવું ભયંકર અને રૂંવાં ઉભાં કરે એવું મહા ભયંકર યુદ્ધ સત્યાવિશ રાત્રિ દિવસ સુધી ચાલ્યું. ૫ ભગવાન કૃષ્ણ-પરમાત્મા તો હજી ઇંદ્રપ્રસ્થમાં હતા; પરંતુ આ યુદ્ધ ચાલતું હતું તેવામાં કૌરવોની આજ્ઞા અને કુંતાજીનો આશીર્વાદ લઇ ભયંકર માનશુકન જોતા જોતા તે દ્વારકાં તરફ આવવા માટે નીકળ્યા. ૬-૭ માનશુકનથી વહેમમાં પડી તેમણે પોતાના મનમાં વિચાર કર્યો કે-હું અને બળભદ્રજી બહાર હોવાથી શિશુપાળના પક્ષના રાજાઓ જરૂર દ્વારકાં ઉપર ઘેરો ઘાલી બેઠા હશે. ૮ જ્યારે તે સોરઠમાં આવ્યા ત્યારે તેમને ખબર પડી કે શાલ્વ સૌભ નામના વિમાનમાં રહી દ્વારકાને દુઃખી કરે છે. તુરત તેમણે બળભદ્રને નગરની રક્ષા કરવા માટે મોકલ્યા, અને પોતે પોતાના સારથિને કહ્યું કે-'હે દારૂક! મારા રથને શાલ્વની પાસે લઈ ચાલ. શાલ્વ રાજા માયાવી છે માટે તારે વિલંબ કરવો નહિ.' ૯-૧૦ દારૂકે હિમ્મતથી રથ ઉપર બેશી તેને શાલ્વની તરફ ચલાવ્યો. શત્રુના તેમજ પોતાના માણસોએ ગરૂડની ધ્વજાવાળા ભગવાનના રથને ઓળખ્યો. ૧૧ શાલ્વે તેમને આવતા જોઈ તેમના દારૂક સારથિ ઉપર મહા ભયંકર સાંગ ફેંકી. આકાશમાં શબ્દ કરતી અને વિજળીની પેઠે પ્રકાશ કરતી શાલ્વની સાંગને ભગવાને બાણ મારીને ભાગી નાંખી. ૧૩ સોળ બાણોથી તેમણે શાલ્વની વિંધી નાંખ્યો, અને સૂર્યનાં કિરણો જેમ અંધકારની પાછળ ફરી વળે છે, તેમ તેમનાં અનંત બાણો સૌભ વિમાનની પાછળ ફરી વળ્યાં. ૧૪ શાલ્વ રાજાએ ભગવાનનો ડાબો હાથ બાણ મારીને ભાગી નાંખ્યો, એટલે તેમાંનું શારંગ ધનુષ નીચે પડી ગયું. શાલ્વનું આ પરાક્રમ મોટું અને અદ્ભુત કહેવાયું. ૧૫ યુદ્ધ જોનાર માણસોએ મોટા તુમુલ શબ્દ કરી આકાશને ગજાવી મુક્યું, એટલે શાલ્વે પણ સિંહના જેવી ગર્જના કરી ભગવાને કહ્યું કે-૧૬ હે મૂઢ! હે ગોવાળિયા! અમારા દેખતાં તું અમારા મિત્રની વહુને હરી ગયો તો ખેર! પણ યુધિષ્ઠિર રાજાના રાજસૂય યજ્ઞમાં મારા મિત્રની ગફલતનો લાભ લઇ તેં તેના પ્રાણ લીધા છે, અને તારા પોતાના મનમાં એવું અભિમાન આવ્યું છે કે-હું અપરાજીત છું, પરંતુ હે મૂઢમતિ! એમ ન ધારતો; મારા સામે આવીને ઉભો રહે, એટલે તીવ્ર ધારવાળાં બાણથી હું તને જે સ્થાનમાંથી પાછા અવાતું નથી ત્યાં મોકલી દઉં.' ૧૮

શ્રીકૃષ્ણ કહેછે—હે મંદ બુદ્ધિવાળા! તું મિથ્યા બકવાદ કરે છે, અને તારી પાસે આવીને ઉભેલા કાળને તું દેખતો નથી. વીરપુરૂષો પોતાનાં પરાક્રમ કહી બતાવતા નથી, પણ કરી બતાવે છે." આ પ્રમાણે બોલી ક્રોધ પામેલા ભગવાને શાલ્વના ગળાની હાંસડી ઉપર ગદા મારી. તેથી તે લોહી ઓકતો કંપવા લાગ્યો. ૨૦ ગદા પાછી વળી તેની સાથે શાલ્વ અદ્દશ્ય થયો, અને થોડીજ વારમાં એક નવિન-અજાણ્યો પુરૂષ ભગવાનની પાસે આવીને બોલ્યો કે-'મને દેવકી માતાએ મોકલ્યો છે, અને હે કૃષ્ણ! હે દયા લાવનારા તમે મારી વાત સાંભળો.' એમ રૂદન કરતાં કરતાં કહેવા લાગ્યો કે-'હે પિતા ઉપર પ્રેમ રાખનાર! કસાઇ જેમ ગરીબ ઘેટાને બાંધી જાય તેમ શાલ્વ રાજા તમારા પિતાને બાંધી ગયો છે.' આ ખબર સાંભળતાં મનુષ્યની લીલા કરતા ભગવાન ગળગળા થઇ ગયા, અને દીન વાણીથી બોલ્યા કે-' માયામાં લેવાય નહિ એવા, દેવ અને

દાનવો પણ જેને પહોંચી શકે નહિ એવા બળભદ્રને જીતી શાલ્વ રાજા કેવી રીતે મારા પિતાજીને હરી ગયો હશે! ખેર! દૈવ બળવાન છે.' ૨૩-૨૪ તેમણે આ રીતે શોક કર્યો એટલામાં બનાવટી વસુદેવ સાથે શાલ્વ તેમની સન્મુખ આવી ઉભો રહ્યો. અને બોલ્યો કે-' હે મૂર્ખ! તને જન્મ આપનાર આ તારો બાપ છે, અને તેને માટે તું જીવે છે, તારી સન્મુખ હું એનો વધ કરૂં છું તે જો, અને જો તારામાં કંઈ પણ પુરૂષાર્થ હોય તો તેને છોડાવ.' ૨૫-૨૬ આટલું બોલતાની સાથે તીવ્ર ધારવાળું ખડ્ગ કાઢી તેણે માયાવી વસુદેવનું મસ્તક ધડથી જુદું કરી નાંખ્યું. અને પછી તે હાથમાં લઈ સોભ વિમાનમાં ચઢી ગયો. ૨૭ જ્ઞાનવાળા હોવા છતાં ભગવાન સ્વજનના સ્નેહને લીધે ક્ષણવાર શોકમાં મગ્ન થઇ ગયા, પરંતુ પછી તુરતજ તેમના સમજવામાં આવ્યું કે-' આ બીજું કંઇજ નહિ, પરંતુ મયદાનવે શીખવેલી આસુરી માયા છે.' ૨૮ જ્ઞાન થતાંજ ભગવાનની નજર આગળથી પેલો દૂત વગેરે દૂર થયું. જેમ સ્વપ્નમાંથી જાગેલો માણસ સ્વપ્નની વસ્તુને જાગ્યા પછી દેખતો નથી, તેમ શ્રીકૃષ્ણે પોતાના પિતાના કલેવરને દીઠું નહી. પછી સોભમાં બેઠેલા આકાશમાં ભ્રમણ કરતા શત્રુને મારવા માટે તેમણે તૈયારી કરી ૨૯ હે રાજા! પૂર્વાપરનું અનુસંધાન નહિ જાણનારા ઋષિઓ આ પ્રમાણે કહે છે, પરંતુ તે બાબત બેસતી આવતી નથી. ૩૦ શોક અને મોહ જ્ઞાની માણસને સંભવેજ નહિ. આવું અજ્ઞાન ક્યાં? અને જગતના ઈશ્વર અલૌકિક ઐશ્વર્યવાળા કૃષ્ણ પરમાત્મા ક્યાં? ૩૧ જેમના ચરણની સેવા કરવાથી વૃદ્ધિ પામેલી આત્મવિદ્યાવાળા ઋષિઓના ભ્રમ અને ભાવના માત્ર છેદાઇ જાય છે, તેવા શ્રીકૃષ્ણ પરમાત્માને ભ્રમ થાય, એ છેક અસંભવિત વાત છે. ૩૨ અમોઘ પરાક્રમવાળા શ્રી કૃષ્ણ ભગવાને શસ્ત્રોથી પ્રહાર કરતાં અનંત બાણોથી શાલ્વને વીંધી નાંખીને બખતર, ધનુષ તથા મુગટ મણિને કાપી નાંખ્યાં, તથા તેના માયાવી વિમાનને ભાંગીને ભૂકો કરી નાંખ્યું. ૩૩ વિમાન હજારો કડકા થઈ દરિયામાં પડયું. પછી પગપાળો થયેલો શાલ્વ એક ગદા લઇ ભગવાનના સામો આવી ઉભો. ૩૪ ભગવાનના સામું જોઇ મોટા ક્રોધાવશથી તે ગદા સહિત તેમની સામે દોડયો, પરંતુ ભગવાને એક ભાલાથી તેના ગદાવાળા હાથને કાપી નાંખ્યો, અને પછી સુદર્શન ચક્ર લીધું. ચક્રના તેજથી ભગવાન ઉદયાચળ ઉપરથી ઉદય પામતા સૂર્યની પેઠે શોભવા લાગ્યા. ૩૫ ઇંદ્રે જેમ વૃત્રાસુરનું મસ્તક કાપી નાંખ્યું હતું, તેમ કિરીટ અને કુંડળથી શોભતું શાલ્વનું મસ્તક ભગવાને કાપી નાંખ્યું લોકો હાહાકાર કરવા લાગ્યા. ૩૬ પાપી શાલ્વ મરણ પામતાં તથા સૌભ નામનું માયાવી વિમાન ભાંગીને સાગરમાં પડતાં આકાશમાં રહેલા દેવતાઓએ દુંદુભિ વગાડયાં, અને સર્વત્ર જયજયકાર થઇ રહ્યો. તે સાંભળી પોતાના મિત્રોનું વેર વાળવા માટે દંતવક્ત્ર મહા ક્રોધથી ત્યાં આગળ દોડી આવ્યો. ૩૭

नेदुर्दुंदुभयो राजन् दिवि देव गणेरिताः ॥
सखीनामपचितिं कुर्वन्दंतवक्त्रोरुषाऽभ्ययात् ॥

ઇતિશ્રી ભાગવત મહાપુરાણના દશમસ્કંધ ઉતરાર્ધમાં "શાલ્વ વધ" નામનો ૭૭ મો અધ્યાય સંપૂર્ણ

અધ્યાય ૭૮ મો.

શ્રીકૃષ્ણે દંતવક્ત્ર તથા વિદૂરથનો નાશ કર્યો અને બળભદ્રે રોમહર્ષણનો નાશ કર્યો.

શ્રીશુક उवाच.

शिशुपालस्य शाल्वस्य पौंड्रकस्यापि दुर्मतिः ॥
परलोक गतानां च कुर्वन्पारोक्ष्य सौहृदम् ॥

શ્રી શુકદેવજી કહેછે હે રાજા! પછી શિશુપાળ, શાલ્વ, અને પોંડ્રકના ઉપર

પ્રીતિ બતાવતો અને તેમના મરણથી શોક પામેલો, પગપાળો, ગદાધર, મહાબળવાન અને એકલો છતાં પગના ધબકારાથી ધરતીને ધ્રુજાવતો એવો દુષ્ટમતિવાળો દંતવક્ત્ર સામે જણાવા લાગ્યો. ૧-૨ તેને પોતાની સામે આવતો જોઈ શ્રી કૃષ્ણભગવાન પોતાના હાથમાં ગદા લઇ રથમાંથી ઉતરી પડયા, અને કિનારો જેમ સમુદ્રને રોકે છે, તેમ તેને રોકી રાખ્યો. ૩ ગદા ઉંચી કરી મદોન્મત્ત દંતવક્ત્રે ભગવાનને કહ્યું કે-“ તું આજ મારી સામે આવ્યો તે ઘણું સારૂં થયું. ૪ મારા મામાના પુત્રો અને મિત્રોને મારનાર તું મને મારવાને ઇચ્છતો હોઈશ, પરંતુ આ વજ્ર જેવી ગદાથી હું તને મારી નાંખીશ. ૫ મિત્ર રૂપ થઇ પોતાના દેહમાં ઉત્પન્ન થયેલા રોગોનો જેમ નાશ કરવામાં આવે છે, તેમ મિત્ર થઇ ચાલતા એવા પણ બંધુજનને મારનાર તને જયારે હું યમપુરીમાં મોકલીશ, ત્યારેજ મિત્ર અને બંધુઓના ઋણમાંથી મુક્ત થઇશ.” ૬ એ પ્રમાણે શ્રી કૃષ્ણભગવાનને ક્રૂર અને દુઃખદ વચનો કહીને તેણે પોતાની ગદા જોરથી તેમના મસ્તકમાં મારી, અને ભયંકર ગર્જના કરી. ભગવાન ગદા વાગવા છતાં કંપ્યા નહિ. અહંકારમાં મત્ત થયેલા દંતવક્ત્રને તેમણે પોતાની કૌમોદકી નામની મોટી ગદા મારી. ૮ તેના પ્રહારની સાથે લોહી ઓકતો તે દુષ્ટ હાથ, પગ અને કેશ વગેરે ફેલાવી પ્રાણ રહિત થઇને ધરણી ઉપર ઢળી પડયો. હે રાજા! શિશુપાળનું તેજ જેમ ભગવાનમાં પેશી ગયું હતું, તેમ દંતવક્ત્રનું તેજ પણ સઘળા માણસોના દેખતાં ભગવાનમાં પેશી ગયું. ૧૦ પછી બંધુજનના પ્રેમથી પ્રેરાયલો દંતવક્ત્રનો ભાઇ વિદૂરથ હાથમાં ઢાલ તરવાર લઈ નિઃશ્વાસ નાંખતો રણભુમિમાં આવ્યો. ૧૧ ચઢી આવતાંજ અસ્ત્રાના જેવી ધારવાળા ચક્રથી ભગવાને કિરીટ, કુંડળ અને ઝુલફાંથી શોભતું તેનું મસ્તક કાપી નાંખ્યું. ૧૨ શિશુપાળ, સૌભ, શાલ્વ, દંતવક્ત્ર અને વિદુરથ જે બીજાથી મરે એવા નહોતા તેમને ભગવાને મારી નાંખ્યા, તેથી પ્રસન્ન થયેલા દેવ તથા મનુષ્યો તેમની સ્તુતિ કરવા લાગ્યા. ૧૩ ઋષિઓ, સિદ્ધો, ગંધર્વો, અપ્સરાઓ, પિતરો, યક્ષો, કિન્નરો, ચારણો અને નાગ વગેરે પુષ્પવૃષ્ટિ કરી સ્તુતિ કરવા લાગ્યા. આ રીતે મોટો વિજય કરી સર્વથી સ્તુતિ કરાતા ભગવાન યાદવોની સાથે શણગારેલી દ્વારિકાપુરીમાં પધાર્યા. ૧૪-૧૫ આ પ્રમાણે જગદીશ્વર શ્રી કૃષ્ણ ભગવાન નિત્ય વિજય કરે છે, તથાપિ અજ્ઞાની જનો તેમને હાર્યા જાણે છે. ૧૬

ત્યાર પછી પાંડવો અને કૌરવો વચ્ચે મોટો વિગ્રહ શરૂ થયો. તથી મધ્યસ્થ રહેનારા બળભદ્રજી તીર્થયાત્રા કરવાનું બહાનું કરીને દ્વારકામાંથી નિકળી પડયા. ૧૭ બ્રાહ્મણો અને બીજા માણસોની સાથે પ્રથમ તેઓ પ્રભાસ પાટણ ગયા, ત્યાં પિતૃકર્મ, શ્રાદ્ધ, દાન, ધર્મ વગેરે કર્યાં, પછી સરસ્વતી સ્નાન કરવા ગયા. ૧૮ સરસ્વતીમાં સ્નાન કર્યા પછી પૃથુદક, બિંદુસર, ત્રિતકુપ, સુદર્શન, વિશાલ, બ્રહ્મતીર્થ, ચક્રતીર્થ, પ્રાચી અને ગંગા, યમુના વગેરે ઠેકાણે થઈ તેઓ નૈમિષારણ્યમાં ગયા, ત્યાં ઋષિઓ અને મુનિઓ સત્રયાગ કરતા હતા. ૧૯-૨૦ લાંબા કાળનો સત્ર માંડી બેઠેલા મુનિઓએ બળભદ્રજીને આવેલા જોઈ તેમને ઘટતી રીતે માન આપ્યું. ૨૧ પોતાની સાથેનાં માણસ સહિત સત્કાર પામેલા બળભદ્રજી આસન ઉપર બેઠા, એટલે ઋષિઓના મધ્ય ભાગમાં વ્યાસના શિષ્ય રોમહર્ષણને તેમણે ઉંચા આસન ઉપર બેઠેલો દીઠો. ૨૨ જાતે સુત છતાં તેને બ્રાહ્મણોના કરતાં પણ ઉંચા આસન ઉપર બેઠેલો અને કંઇ પણ વિવેક ન કરતાં બેશી રહેલો જોઇ બળભદ્રજીને ઘણોજ ક્રોધ ચઢયો. ૨૩ અને બોલ્યા કે-‘ પ્રતિલોમ જાતિનો આ સૂત × બ્રાહ્મણો કરતાં અને ધર્મની રક્ષા કરનાર એવા અમો કરતાં ઉંચા આસન ઉપર કેમ બેઠો છે? આ દુર્બુદ્ધિ માણસ

× બાપ ક્ષત્રિય અને મા બ્રાહ્મણી એઓથી ઉત્પન્ન થયેલાને સૂત કહે છે.

મરણ માગતો હોય એમ જણાય છે. ૨૪ મહાત્મા વેદવ્યાસનો શિષ્ય છતાં અને ઇતિહાસ પુરાણ વગેરે ભણેલો છતાં તેને સદાચરણનું જ્ઞાન નથી. ૨૫ નટની પેઠે વેશધારી, મન તથા ઇંદ્રિયોને વશ રહી અવિવેકથી અભિમાન રાખે છે, પરંતુ એકલા અભ્યાસંથી કંઈ ગુણ આવતા નથી. ૨૬ અધર્મનો નાશ કરવા માટે અમે આ લોકમાં જન્મ લીધેલો છે, અને અધર્મે ચાલી મિથ્યા ઢોંગ કરનારાઓને તો મારી નાંખવા જોઇએ છીએ. ૨૭ દુષ્ટ લોકને મારવામાંથી પણ બળભદ્રે પોતાની બુદ્ધિ ખેંચી લીધી હતી, છતાં અત્યારે પ્રસંગને લીધે તેમને ઘણો ક્રોધ ચઢયો, તેથી તેમણે દર્ભની સળી નાંખતાં પેલો સૂત મરી ગયો. ૨૮ ઋષિઓ બળભદ્રનું દુષ્ટ કર્મ જોઇ હાહાકાર કરવા લાગ્યા, અને બોલ્યા કે-'તમે આ મોટો અધર્મ કર્યો. ૨૯ યજ્ઞ પુરો થાય ત્યાં સુધી કથા કરવા માટે અમે એને બ્રહ્માસન આપી લાંબું આયુષ્ય આપ્યું હતું. ૩૦ તમે આ બ્રહ્મહત્યા જેવું કર્મ કર્યું. જગતને પવિત્ર કરનારા એવા તમને વેદમાં કહેવા પ્રમાણે બ્રહ્મહત્યાનું પાપ લાગતું નથી; પરંતુ જગતની આમન્યા રાખવા માટે તમે જો બ્રહ્મહત્યાનું પ્રાયશ્ચિત કરશો તોજ લોકો એ પ્રમાણે વર્તશે.' ૩૧-૩૨

બળભદ્ર કહે છે—હે મહાત્માઓ! જગતની મર્યાદા સાચવવા માટે તમે કહો તેવું પ્રાયશ્ચિત કરવા માટે હું તૈયાર છું. પ્રથમ જે નિયમ કરવાનો હોય તેનો આપ મને ઉપદેશ કરો. ૩૩ આ લોમહર્ષણનું લાંબુ આયુષ્ય, બળ, અને ઇંદ્રિયોનું સામર્થ વગેરે કરવા માટે તમારી જે ઇચ્છા હોય તે કહો, હું મારી યોગમાયાના બળથી તે સઘળું કરી આપું. ૩૪

ઋષિઓ બોલ્યા—હે બળરામ! જે પ્રમાણે તમારાં બળ, પરાક્રમ અને અસ્ત્રની સત્યતા રહે તથા અમે આપેલું વચન સત્ય થાય તે પ્રમાણે તમારે કરવું ઘટિત છે. ૩૫

બળરામ કહેછે—'પિતાજ પુત્ર રૂપે ઉત્પન્ન થાય છે' એમ વેદમાં કહેલું છે, તેથી આ લોમહર્ષણનો પુત્ર ઉગ્રશ્રવા તમને પુરાણ વગેરે સંભળાવશે. એ ઇંદ્રિયથી, બળથી અને આયુષ્યથી તમારી ઇચ્છા પૂરી કરે તેવો થશે. ૩૬ હે મુનિઓ! તમને બીજી પણ જે ઇચ્છા હોય તે જણાવો, એટલે હું તે પ્રમાણે કરૂં, હું પ્રાયશ્ચિત જાણતો નથી, તેને આપ વિચાર કરી નિશ્ચય કરીપ્રાયશ્ચિત જણાવો. ૩૭

ઋષિઓ કહેછે—હે બળરામજી! ઇલ્વલનો પુત્ર બલ્વલ નામનો એક મહા ભયંકર દૈત્ય છે, તે પ્રત્યેક પર્વણીને દિવસે અહીં આવીને અમારા સત્રમાં ભંગાણ પાડે છે. ૩૮ એ પાપી રાક્ષસ પરૂ, લોહી, વિષ્ઠા, મૂત્ર અને મદિરા વગેરે અશૌચ પદાર્થોની યજ્ઞ ઉપર વૃષ્ટિ કરી સર્વ વસ્તુને અભડાવે છે. એ રાક્ષસના ઉપદ્રવથી અમને મુક્ત કરો, એટલે તમે અમારી મોટી સેવા કરી. ગણાશો ૩૯ બ્રહ્મહત્યાને માટે તમે બાર માસ સુધી સાવધાનપણે ભરતખંડનાં તીર્થોમાં સ્નાન કરતાં પ્રદક્ષિણા કરો, એટલે આપ સારી રીતે પવિત્ર થશો. ૪૦

ततश्च भारतं वर्षं परीत्य सुसमाहितः ॥
चरित्वा द्वादश मासांस्तीर्थे स्नायी विशुद्ध्यसे

ઇતિશ્રી ભાગવત મહાપુરાણના દશમસ્કંધ ઉત્તરાર્ધમાં 'બળરામ યાત્રા વર્ણન' નામનો ૭૮ મો અધ્યાય સંપુર્ણ.

અધ્યાય ૭૯ મો.

શ્રી બળરામે બલ્વલનો નાશ કરીને તીર્થ યાત્રા કરી.

શ્રી શુકउवाच

ततः पर्वण्युपावृत्ते पचंडः पांसुवर्षणः ॥
भीमो वायुरभूद्राजन पूयगंधस्तु सर्वशः ॥

શ્રી શુકદેવજી કહે છે—હે રાજા! જ્યારે પર્વણીનો દિવસ આવ્યો, ત્યારે ભયંકર અને વેગવાળો વાયુ વાવા લાગ્યો, ધૂળ તથા પથ્થરની વૃષ્ટિ થવા લાગી અને સર્વત્ર પરૂની

ગંધ આવવા માંડી. ૧ યજ્ઞશાળામાં અપવિત્ર પદાર્થો પડવા લાગ્યા, તે બળદેવજીની દૃષ્ટિએ પડયા. ૨ પછી હાથમાં ત્રિશળવાળો તે ભયંકર દૈત્ય પણ જોવામાં આવ્યો. તેનો દેહ ઘણો ભારે, અને કાજળ જેવો શ્યામ હતો. તેની મૂછો અને દાઢી વગેરેના વાળ તપાવેલા તાંબા જેવા લાલ હતા, એની દાઢો તથા મુખ ક્રૂર દેખાતાં હતાં. યજ્ઞભૂમિમાં તેને આવેલો જોઇ બળભદ્રજીએ શત્રુનો નાશ કરનારાં પોતાના હળ અને મુશળનું સ્મરણ કર્યું, કે તુરત તે તેમની સેવામાં હાજર થયાં ૩-૪ આકાશમાં ભ્રમણ કરનારા તે દુષ્ટ બલ્વલ રાક્ષસને હળની અણીથી પોતાની તરફ ખેંચી લઇ બળભદ્રજીએ મોટું મુશળ તેના મસ્તકમાં માર્યું. ૫ મુશળના પ્રહારથી તેનું કપાળ ફાટી ગયું, તથા લોહી ઓકતો અને લોહીથી નવાઇ ગયેલો તે દૈત્ય ઇંદ્રના વજ્રથી કપાયલા અને ધાતુથી રંગાયલા મોટા પર્વતની પેઠે ધરતી ઉપર ઢળી પડયો. ૬ તેથી પ્રસન્ન થયેલા મુનિલોકોએ પરાક્રમી બળભદ્રજીની સ્તુતિ કરી, તથા જેમ દેવતાઓ ઇંદ્રને અભિષેક કરે તેમ તેમને અભિષેક કર્યો. ૭ વળી મુનિઓએ બે વસ્ત્ર અને કરમાય નહિ તેવી કમળની વૈજયંતી માળા, તથા કેટલાંક દિવ્ય આભષણો તેમને આપ્યાં. ૮ પછી બળભદ્રજી તેમની આજ્ઞા લઇ બ્રાહ્મણોની સાથે કૌશિકી નામની નદીમાં સ્નાન કરી જેમાંથી સરયુ નીકળે છે એવા પવિત્ર સરોવર પાસે આવ્યા. ૯ ત્યાંથી પ્રયાગ જઇ તેમણે દેવતા, પિતૃ તથા મનુષ્યોને તર્પણથી તૃપ્ત કર્યા. પછી પુલહાશ્રમમાં ગયા. ૧૦ પછી ગંડકી, વિપાશા અને ગોમતી વગેરે નદીઓમાં સ્નાન કરી શોણનામના નદમાં નાહ્યા. ત્યાંથી ગયાશ્રાદ્ધ કરી ગંગાસાગર નામના તીર્થમાં જઇ સ્નાન દાન કર્યાં. ૧૧ મહેંદ્રાચળમાં પરશુરામનાં દર્શન કર્યાં પછી સપ્ત ગોદાવરી, વેણા, પંપા અને ભીમરથીપર ગયા. ૧૨ ત્યાંથી કાર્તિકસ્વામીનાં દર્શન કરી શૈલ પર્વત ઉપર ગયા અને ત્યાંથી દ્રવિડને માર્ગે વેંકટાચળ. કામકોષ્ણી અને કાંચીપુર વગેરે પવિત્ર સ્થળોમાં યાત્રાર્થે ગયા. કાવેરીમાં સ્નાન કરી જ્યાં ભગવાન પાસે આવીને રહેલા છે એવા શ્રીરંગ ક્ષેત્રમાં ગયા ૧૩-૧૪ ત્યાંથી દક્ષિણ મથુરા અને ઋષભાદ્રિ તીર્થોમાં જઇ મહા પવિત્ર એવા સેતુબંધ ગયા. ૧૫ આ ઠેકાણે તેમણે બ્રાહ્મણોને દશ હજાર ગાયો દાન કરી. પછી કૃતમાળા તથા તામ્રપર્ણીમાં સ્નાન કરી તેઓ મલયાચળમાં યાત્રા કરવા ગયા. મલયમાં તેમને અગસ્ત્ય મુનિનાં દર્શન થયાં, મુનિએ તેમને આશીર્વાદ દીધો. તે પછી તેઓ સમુદ્રયાત્રાએ ગયા અને કન્યા નામની દુર્ગાદેવીનાં દર્શન કર્યાં. ૧૬-૧૭ પંચાસર નામનું તીર્થ કે જેમાં વિષ્ણુભગવાન રહેલા છે એવા અનંતપુરમાં આવી સ્નાન કર્યું, અને બ્રાહ્મણોને દશહજાર ગાયોનું દાન આપ્યું. ૧૮ કેરલ વગેરે દેશમાં થઇ જેમાં શંકર નિરંતર વાસ કરે છે એવા ગોકર્ણ નામના તીર્થમાં ગયા. ૧૯ આર્યાદ્વૈપાયન, શૂર્પારક, તાપી, પયોષ્ણી નિર્વિંધ્યા, દંડકારણ્ય અને ત્યાંથી રેવામાં થઇ માહિષ્મતી નગરીમાં ગયા અને સ્નાન વગેરે કર્યું. ત્યાંથી લાટ દેશમાં ઉતર્યા અને ત્યાંથી સોરઠમાં જઇ પ્રભાસનાં દર્શન કર્યાં. ૨૦-૨૧ પ્રભાસમાં બ્રાહ્મણોના કહેવાથી તેમણે જાણ્યું કે મહાભારતનું મોટું યુદ્ધ પૂરું થયું અને ક્ષત્રિય કુળોનો નાશ થવાથી પૃથ્વીનો ભાર ઉતરી રહ્યો. ૨૨ ભીમ અને દુર્યોધન હજી ગદાયુદ્ધ ચલાવે છે એવા સમાચાર મળ્યા, તે ઉપરથી બળભદ્રજી તેમને વારવા માટે કુરૂક્ષેત્રમાં ગયા, ૨૩ તેમના જવાથી યુધિષ્ઠિર, ભીમ, અર્જુન, નકુળ, સહદેવ અને શ્રી કૃષ્ણભગવાન ભય પામી ગયા કે-અરે! બળરામ આપણને શું કહેશે? ૨૪ ગદાયુદ્ધ ચલાવતાં જુદી જુદી રીતે મંડળાકારમાં ફરતા અને દાવપેચ લેતા ભીમ તથા દુર્યોધનની પાસે જઇને તેમણે કહ્યું કે-૨૫

બળભદ્રજી કહે છે—હે દુર્યોધન! હે ભીમસેન! તમે બેઉ સમાન બળવાળા છો, તમે વીર પુરૂષ છો, તમારામાંના એક-

નામાં બળ વધારે અને બીજામાં શિક્ષાનો ગુણ વધારે છે. ૨૬ સમાન બળવાળા બે પુરૂષોમાંથી એકનો જય અને બીજાનો પરાજય થવો અસંભવિત છે, અને તેથી તમે જે યુદ્ધ કરો છો તે મિથ્યા છે. ૨૭

શ્રી શુકદેવજી કહેછે—હે રાજા! એક બીજાને દુર્વચન કહેતા અને એક બીજાના ઉપર વૈરભાવ વાળા તેઓએ ભગવાન બળરામની શીખામણ માની નહિ. ૨૮ તેથી બળરામજીએ એમ માન્યું કે-આ કર્તવ્ય ઈશ્વરનુંજ છે તેમાં વચ્ચે આવવું ઠીક નથી, તેથી ત્યાંથી પાછા ફરી દ્વારિકામાં ગયા ઉગ્રસેનાદિ બંધુજન તેમને અત્રે પ્રસન્ન ચિત્તથી મળ્યા. ૨૯ યજ્ઞમુર્તિ અને ક્લેશ માત્રથી મુક્ત થયેલા એવા બળભદ્રજી પછી નૈમિષારણ્યમાં ગયા, એટલે બ્રાહ્મણોએ તેમને યથાવિધિ યજ્ઞ કરાવ્યો. ૩૦ સમર્થ બળરામે મુનિઓને શુદ્ધ આત્મજ્ઞાન આપ્યું, તેમાં એવો અર્થ હતો કે-જગત ઇશ્વરમાં અને ઇશ્વર જગતમાં વ્યાપી રહેલ છે ૩૧ યજ્ઞ કર્યા પછી અવભૃથ સ્નાન કરવાથી પવિત્ર થયેલા બળરામ પોતાની સ્ત્રી સાથે ચંદ્ર જેમ ચંદ્રિકાથી શોભે તેમ શોભવા લાગ્યા. ૩૨ બળવાન, અપ્રમેય અને અજ્ઞાનથી રહિત એવા બળરામનાં પરાક્રમ અપરંપાર છે. ૩૩ જે પુરૂષ તેમનાં અનંત અને અપાર કર્મોને સાંજે અને સવારે સંભારે છે તેના ઉપર વિષ્ણુ ભગવાન પ્રસન્ન થાય છે. ૩૪

योनुस्मरेत्तुरामस्य कर्माण्यद्भुत कर्मणः ॥
सायंप्रातरनंतस्य विष्णोःस दयितो भवेत् ॥

ઇતિશ્રી ભાગવત મહાપુરાણના દશમસ્કંધ ઉત્તરાર્ધમાં 'બળદેવયાત્રા વર્ણન' નામનો ૭૯ મો અધ્યાય સંપુર્ણ.

અધ્યાય ૮૦ મો.

શ્રીકૃષ્ણે પોતાના મિત્ર સુદામાનો સત્કાર કરી, ગુરૂને ઘેર રહેલા તે વખતની વાતચિત કરી.

राजोवाच.

भगवन्यानिचान्यानि मुकुंदस्य महात्मनः ॥
वीर्याण्यनंत वीर्यस्य श्रोतुमिच्छामहे प्रभो ॥

પરીક્ષિત રાજા પૂછે છે—હે મહારાજ! અનંત વીર્યવાળા ભગવાન મહાત્મા મુકુંદનાં બીજાં પણ અદ્ભુત પરાક્રમો સાંભળવાની અમો ઇચ્છા રાખીએ છીએ. કામદેવના બાણથી ત્રાસ પામેલો અને ભગવાનની કથાઓના મનોહર સારને જાણનારો કયો માણસ તે સાંભળવાને ઇચ્છતો નથી? ૧-૨ જેવડે ભગવાનના ગુણ ગવાય તેજ વાણીને ધન્ય છે, અને જેના વડે ભગવાનની સેવા થાય તેજ હાથને ધન્ય છે. જે મન વડે સ્થાવર જંગમમાં વસી રહેલા ભગવાનનું સ્મરણ થાય તે મનને ધન્ય છે, કથાને શ્રવણ કરનારા કાનને, ભગવાનની મુર્તિને નમન કરનારા મસ્તકને. ભગવાનનાં દર્શન કરનારાં નેત્રને, અને ભગવાનના ચરણોદકનું નિરંતર સેવન કરનારાં અંગને ધન્ય છે, અને એજ અંગ સાફલ્ય છે. માટે ભગવાનનાં અદ્ભુત રસથી ભરેલાં ચરિત્રો આપ અમને સંભળાવો. ૩-૬

સૂત કહે છે—હે શૌનક! જ્યારે પરીક્ષિત રાજાએ શુકદેવજીને આ પ્રમાણે પુછ્યું, ત્યારે ભગવાનમાં લાગી રહેલા ચિત્તવાળા શુકદેવજી અત્યંત પ્રસન્ન થઇ નીચે પ્રમાણે બોલ્યા.—૫

શ્રી શુકદેવજી કહે છે—એક બ્રાહ્મણની સાથે શ્રીકૃષ્ણને મિત્રતા હતી, એ બ્રાહ્મણ બ્રહ્મવેત્તા, વિષયોમાં વૈરાગ્યવાળો, શાંત ચિત્તવાળો, જીતેંદ્રિય, જે આવી મળે તે ઉપર પોતાનું ગુજરાન ચલાવનાર, અને ગૃહસ્થાશ્રમી હતો. જીર્ણ વસ્ત્ર પેહેરનારા તે બ્રાહ્મ-

ગુની સ્ત્રી પણ જીર્ણ વસ્ત્ર પહેરનારી અને સતી હતી, તેનાં અંગ ઘણાંજ દુર્બળ હતાં. ૬-૭ દરિદ્ર અને પીડા પામતી તે સ્ત્રી એકવાર કરમાતે મુખે પોતાના પતિ પાસે આવીને બોલી કે-'હે સ્વામી! બ્રાહ્મણોને માન આપનાર, શરણાગતનું રક્ષણ કરનાર, યાદવોમાં સૌથી શ્રેષ્ઠ અને સાક્ષાત લક્ષ્મીના પતિ શ્રીકૃષ્ણ ભગવાન તમારા મિત્ર છે. ૮-૯ માટે આપ સાધુ પુરૂષોના શરણ રૂપ તેમની પાસે જાઓ, જો આપ ત્યાં જશો તો ગૃહસ્થધર્મમાં ધનની અત્યંત પીડાથી પીડાતા તમને તે ધન આપીને સુખી કર્યા વગર રહેશે નહિ. ૧૦ તમારા મિત્ર હાલ દ્વારિકામાંછે, જે માણસ તેમનું સ્મરણ કરી ત્યાં એમને શરણે જાય છે તેમને તે સુખી કરી નાંખે છે. ભગવાનના સંબંધીઓ મોટા બળવાન અને સુખી છે. તે પણ તેમના સત્કારથી તમને ધન આપીને નિરંતરને માટે સુખી કરી નાખશે. પોતાને પ્રિય ન હોવા છતાં પણ ભગવાન અર્થ અને વિષયભોગનું સેવન કરે છે એટલે તે જાતનું સુખ તમને પણ આપશે.' ૧૧ અતિ કોમળ અને મનોહર વાણીથી ધીરે ધીરે તેણે પોતાના સ્વામીને મિત્ર પાસે જવાની સલાહ આપી, અને બીજું કંઈ નહિ, તોપણ મને 'તેમનાં દર્શનનો લાભ તો મળશેજ' ૧૨ એમ વિચાર કરી તેણે ત્યાં જવાની ઇચ્છા કરી, અને પછી પોતાની પ્રતિવ્રતા સાધ્વી સ્ત્રીને કહ્યું કે-હે સુભગે! મોટા માણસને ખાલી હાથે મળવાનો સંપ્રદાય નથી, માટે મારા મિત્રને ભેટ આપવા જેવું જો ઘરમાં કંઇ હોય તો તે તું મને આપ. ૧૩ પેલી સ્ત્રી પછી પાડોશીને ત્યાંથી ચાર મુઠી પહુંઆ માગી લાવી અને મેલા જેવા કપડામાં તેની પોટલી બાંધી સુદામાને આપી. ૧૪ આ ભેટ લઇ ભગવાનને કેવી રીતે મળાય એમ વિચાર કરતો કરતો તે દ્વારિકામાં ગયો. ૧૫ મોટા મોટા મહેલ અને ચોકીઓ ઓળંગીને તે બ્રાહ્મણ ભગવાનના મોટા સુંદર ધામમાં દાખલ થઇ એક અત્યંત મનોહર મહેલમાં પેઠો. ત્યાં તેને બ્રહ્માનંદ જેવું સુખ મળ્યું. ૧૬-૧૭ તે અંદર ગયો ત્યારે ભગવાન પથારીની સેજ ઉપર બેઠેલા હતા અને લક્ષ્મીજી તેમના પગ ચાંપતાં હતાં. દીન ગરીબ બ્રાહ્મણને આવતો જોઈ ભગવાન એકદમ પલંગમાંથી ઉભા થયા અને તેમણે સામા જઈ અત્યંત સ્નેહથી તેને આલિંગન આપ્યું. ૧૮ ઘણે કાળે મળેલા મિત્રને જોવાથી ભગવાનની આંખોમાંથી આંસુ પડયાં, સુદામાને તેમણે ઘણાજ માનથી પલંગપર બેસાડયો, પછી ભગવાન પોતાને હાથે પૂજાનો સામાન લાવ્યા. અર્ધ્યપાદ્ય વગેરેથી તેનું પૂજન કર્યું. તેના પગ ધોઈ ચરણોદક પોતાના મસ્તક ઉપર ચઢાવ્યું અને ઉત્તમ સુગંધીદાર વસ્તુઓનું તેના શરીર ઉપર લેપન કર્યું. ૧૯-૨૧ ધુપ દીપ વગેરેથી સત્કાર કરી તાંબુલ તથા ગાયનું દાન આપી આપ ભલે પધાર્યા એમ કહ્યું. ૨૨ મલીન વસ્ત્રવાળા, દુર્બળ અને રગોથી ભરાઇ ગયેલા શરીરવાળા છતાં તેમને ભગવાનની પત્નિ લક્ષ્મી ચમ્મર કરવા લાગ્યાં. ૨૩ ભગવાને આ પ્રમાણે મેલા ઘેલા જેવા બ્રાહ્મણનો સત્કાર કર્યો તે જોઇને અંતઃપુરવાસીઓ વિસ્મય પામી ગયાં. ૨૪ તેમને આશ્ચર્ય તો એમ લાગ્યું કે-'નિર્ધન, દીન, ગરીબ, અને ભીખારી એવા આ બ્રાહ્મણે એવાં શાં પુણ્ય કર્યાં હશે કે જેથી ત્રિલોકને પાવન કરનારા ભગવાન તેને આટલું બધું માન આપે છે! ભગવાને પોતાને હાથે તેનું પૂજન કરી પોતાની સ્ત્રી લક્ષ્મીને મુકી તેને આલિંગન આપ્યું એ અત્યંત આશ્ચર્ય પામવા જેવું છે. ૨૫-૨૬ હે રાજા! ભગવાન તે બ્રાહ્મણનો હાથ પોતાના હાથમાં લઇ અત્યંત પ્રીતિથી તેની પાસે બેઠા અને ગુરૂને ઘેર સાથે રહ્યા હતા તે વખતની રસિક વાતો કરવા લાગ્યા. ૨૭

ભગવાન પૂછે છે--હે મિત્ર! હે ધર્મજ્ઞ! ગુરૂદક્ષિણા આપીને ઘેર ગયા પછી તમે જોઇએ તેવી સ્ત્રી પરણ્યા છો કે નહિ? ૨૮ હે વિદ્વાન! ઘર માંડવા છતાં તમારૂં ચિત્ત તેમાં લંપટ તો બનેલું નહિ હોય, તેમ વસ્ત્ર અને ધનને માટે તમને અતિ લલુતા નહિ રહેતી હોય, ૨૯ જ્ઞાનીને એજ ઘટે છે. ઇશ્વરની રચેલી માયામાં નહિ લપટાતાં મારા જેવા

પુરૂષો વ્યવહારમાં અનુસરવા માટેજ વિષય ભોગ ભોગવે છે. ૩૦ ગુરૂને ઘેર આપણે સાથે રહેતા હતા તે તો તમે ભુલી ગયા નહિ હો. ગુરૂને ઘેર રહી દ્વિજ લોક આત્માના તત્વને જાણી આ દેહથી છૂટે છે. ૩૧ આ લોકમાં આવનાર માણસને ત્રણ ગુરૂ છે, એક જન્મ આપનાર બાપ ગુરૂ છે, બીજો ઉપનયન સંસ્કાર આપનાર ગુરૂ છે, અને ત્રીજો આત્મજ્ઞાન આપનાર ગુરૂ છે, પહેલો પૂજનીય અને બીજો તથા ત્રીજો તો મારા જેવોજ પૂજનીય છે. ૩૨ વર્ણાશ્રમમાં રહેવા છતાં પણ જેઓ આ સંસારને તરવા માટે યત્ન કરે છે તેનેજ હું ધન્યવાદ આપું છું. ૩૩ યજ્ઞ, બ્રહ્મચર્ય, વાનપ્રસ્થ અને સંન્યાસ કરતાં પણ ગુરૂની સેવાથી હું વધારે પ્રસન્ન થાઉંછું. ૩૪ આપણે ગુરૂને ઘેર હતા, ત્યારે ગુરૂપત્નિએ આપણને લાકડાં લેવા મોકલ્યા હતા, ત્યારે જે બનાવ બન્યો હતો તે તમને સાંભરે છે? ૩૫ જે વનમાં આપણે ગયા ત્યાં અકાળે પવન અને વરસાદ થયો હતો, સૂર્ય આથમી ગયો, સર્વત્ર અંધકાર થયો, મોટી ગર્જનાઓ થવા લાગી અને એવો વરસાદ પડયો કે નીચી ઉંચી જગાઓની પણ ખબર પડે નહિ. ૩૬-૩૭ દિશાઓની પણ ખબર ન પડે તેવા માર્ગમાં પાણી ડોહોળતા આપણે માથે લાકડાંની ભારીઓ લઇ એક બીજાના હાથ ઝાલી આકુળ થઇ ચાલતા હતા. ૩૮ સૂર્યોદય થયા પછી આપણે માટે ચિંતાવાળા આપણા ગુરૂ સાંદીપની આપણને શોધતા વનમાં આવ્યા હતા. ૩૯ દુરથી આપણને જોઈ તે બોલ્યા કે-"વત્સો! મનુષ્યમાત્રને અત્યંત પ્રિય એવો આ દેહ છે, છતાં મારી સેવા માટે તમે તેની દરકાર કર્યા વગર વનમાં આવ્યા અને બહુજ દુઃખી થયા. ૪૦ સર્વ પુરૂષાર્થ સાધવામાં સાધનરૂપ દેહ પોતાના ગુરૂને અર્પણ કરવા માટે તમને ધન્ય છે. ૪૧ હે દ્વિજો! તમારી સેવાથી હું અત્યંત પ્રસન્ન થયો છું. આ લોક તથા પરલોકમાં તમારા મનોરથ સફળ થઇ અર્થ સાથે તમને સમસ્ત વેદનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત થાઓ. ૪૨ ગુરૂને ત્યાં રહેતાં આવાં અનેક વૃત્તાંત બન્યાં હતાં, અને મને તે સઘળાં આજ પણ સાંભરે છે. એ સાંદિપનિ ગુરૂના આશીર્વાદથીજ આજ આપણે સુખી છીએ. ૪૩

સુદામા કહે છે—હે દેવના દેવ! હે જગતના ગુરૂ! સત્ય સંકલ્પવાળા આપની સાથે અમારૂં ગુરૂને ઘેર રહેવું થયું હતું તો અમને શી ખોટ હોય? ૪૪ હે પ્રભુ! કલ્યાણનું ઉત્પત્તિ સ્થાન વેદ જેની મુર્તિ છે, એવા આપ ગુરૂને ઘેર રહ્યા, એ તો માત્ર મનુષ્યની લીલાજ કરી હતી, તમે તો સાક્ષાત્ પરમાત્મા છો. ૪૫

यस्य च्छंदोमयं ब्रह्म देह आवपनं विभो॥
श्रेयमां तस्य गुरुषु वासोऽत्यंत विडंबनम् ॥

ઇતિશ્રી ભાગવત મહાપુરાણના દશમસ્કંધ ઉત્તરાર્ધમાં "સુદામા ચરિત્ર" નામનો ૮૦ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૮૧ મો.

સુદામાના પહુઆથી પ્રસન્ન થયેલા શ્રીકૃષ્ણે તેને ઇંદ્રના જેવો વૈભવ આપ્યો.

શ્રીશુક ઉવાચ.

सइत्थं द्विजमुख्येन सहसंकथयनहरिः ॥
सर्व भूतमनोऽभिज्ञःस्मयमानउवाचतम् ॥१॥

શ્રી શુકદેવજી કહે છે—હે રાજા! આ પ્રમાણે સુદામાની સાથે પ્રેમ ભરેલી વાર્તાઓ કરતા ભગવાન સર્વ પ્રાણીઓના મનને જાણનારા હોવા છતાં પ્રેમ ભરેલી દૃષ્ટિથી તેમના સામું જોઈ હસતા હસતા બોલ્યા કે-૧-૨ "હે બ્રાહ્મણ! તમે તમારે ઘેરથી મારે માટે શી વસ્તુની ભેટ લાવ્યા છો? ભક્તો પ્રેમથી થોડું અર્પણ કરેછે તો પણ પ્રેમનેલીધે હું તેઓને ઘણું કરીને માનું છું, અને અભક્ત માણસ ઘણું લાવે તો પણ હું તેના ઉ-

પર પ્રસન્ન થતો નથી. ૩ શાંત બુદ્ધિવાળો ભક્ત ભક્તિપૂર્વક મને પાંદડાં, ફળ ફુલ કે પાણી આપે છે, તેપણ હું તેને સ્વીકારીને ઘણું માની લઉં છું. ૪

શ્રી શુકદેવજી કહે છે—હે રાજા! આ પ્રમાણે ભગવાને ઘણું કહ્યું, તો પણ લજવાઇ ગયેલા તે બ્રાહ્મણે ભગવાનને પહુંઆ આપ્યા નહિ. ૫ પ્રાણી માત્રનાં મનની વાત જાણનારા ભગવાને તેમના આવવાનું કારણ જાણી લઇ પોતાના મન સાથે વિચાર કર્યો કે-આ મારો મિત્ર લક્ષ્મીની લાલસાથી મને ભજતો નથી, પણ પોતાની પતિવ્રતા સ્ત્રીને રાજી કરવા માટે આવ્યો છે, તો હું તેને દેવતાઓને પણ પ્રાપ્ત થઇ શકે નહિ એવી લક્ષ્મી અને સંપત્તિઓ આપીશ. ૬-૭ આવો વિચાર કરી તેમણે સુદામાએ પગ તળે દાબેલા પહુંઆની પોટલી ખેંચીને કહ્યું કે-આ શું લાવ્યા છો? પછી તે પોટલી છોડીને તેઓ બોલ્યા કે-હે મિત્ર! આતો હું બહુજ પ્રસન્ન થાઉં તેવી વસ્તુ તમે લાવ્યા છો. ૮-૯ એમ કહીને તેમણે એક મુઠી ભરીને તે પહુંઆ ખાધા, એટલામાં લક્ષ્મીજી પાસે હતાં તે બોલી ઉઠયાં કે "હે પરમાત્મા! તમે પ્રસન્ન થાઓ એટલે પુરૂષને આ લોક અને પરલોકની સમૃદ્ધિઓ આપવા માટે આટલું બસ છે. હવે બીજી મુઠી ખાઇને મને પણ એમને સ્વાધીન કરવી ધારી છે કે શું?" ૧૦-૧૧ એ બ્રાહ્મણ તે રાત્રિ ભગવાનના ઘરમાં રહ્યો, અને ખાનપાન કરીને જાણે પોતે સ્વર્ગમાં આવ્યો હોય એવું સુખ માનવા લાગ્યો. ૧૨ બીજે દિવસે સવારે ભગવાને પોતે સાથે જઈ તેને કેટલેક સુધી માર્ગ દેખાડીને વિદાય કર્યો. ૧૩ શ્રીકૃષ્ણ પાસેથી પોતાને કાંઇ મળ્યું નહિ, તેમ પોતે માગ્યું નહિ તેને માટે તે માર્ગમાં વિચાર કરવા લાગ્યો કે-ભગવાનનું બ્રાહ્મણ ઉપરનું હેત હવે મારા જાણવામાં આવ્યું. લક્ષ્મીને ધારણ કરનાર ભગવાને મારૂં આલિંગન કર્યું તે મને ધન્ય છે, કારણ કે હું દરિદ્ર ક્યાં અને ભગવાન ક્યાં? બ્રાહ્મણ જાણી તેમણે મને આલિંગન આપ્યું, સ્ત્રીને બેસવાના પલંગ ઉપર જેમ બંધુને બેસાડે તેમ મને બેસાડયો, ભગવાનની સ્ત્રીએ હાથમાં ચમ્મર લઈ મને પવન ઢોળ્યો, અને ભગવાને મોટી ધામધુમથી મારી પૂજા કરી. ૧૪-૧૮ ભગવાનના ચરણનું પૂજન માણસને મોક્ષ, પૃથ્વી અને સંપત્તિઓને આપનારૂં છે, તથાપિ આ નિર્ધનને ધન મળશે તો બહુજ મદોન્મત્ત થઇ જશે, એમ ધારીને તેમણે મને ધન આપ્યું નહિ. ૧૯-૨૦ આમ વિચાર કરતો કરતો તે પોતાના ઘર આગળ આવ્યો. તેનું ઘર સૂર્યચંદ્ર અને અગ્નિના જેવાં પ્રકાશમય રત્નોથી દેદિપ્યમાન થઇ ગયેલું જણાયું, આગળ પાછળ બાગબગીચા બની રહ્યા હતા, અને તેમાં પક્ષીનાં ટોળાં શબ્દ કરી રહ્યાં હતાં, જળાશયોમાં કુમુદ કમળ વગેરે પુષ્પ ખીલી રહ્યાં હતાં. ૨૨ શણગારેલા પુરૂષો અને મૃગના જેવાં ચંચળ નેત્રવાળી સ્ત્રીઓ આમ તેમ ફરતી જણાતી હતી. આ શું! આ સ્થાનક કોનું હશે? એમ તે પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો. એટલામાં દેવ જેવા સ્વરૂપવાન પુરૂષો અને સુંદર સ્ત્રીઓ વાજીંત્ર સાથે ગાન કરતી તેને માન આપવા લાગી. ૨૩-૨૪ પતિને આવેલા જોઇ તેની પતિવ્રતા સ્ત્રી મોટા આનંદથી પોતાના ઘરમાંથી બહાર નીકળી સામી આવી. ૨૫ તેની આંખોમાં હર્ષનાં આંસુ આવ્યાં, અને દૃઢભાવથી તે તેને પગે લાગી. ૨૬ વિમાનમાં બેસનારી દેવાંગનાઓના જેવી રૂપાળી અને અલંકારવાળી દાસીઓના મધ્યે તેને ઉભેલી જોઇ તે બ્રાહ્મણ ઘણુંજ વિસ્મય પામ્યો. ૨૭ પ્રસન્ન થઇને તેની સાથે તે ઘરમાં ગયો. ઇંદ્રના ભુવન જેવું તે શોભાયમાન હતું, મણિના સ્થંભો, અને દુધના ફીણ જેવી શય્યાઓ તેમાં બિછાવેલી હતી. હાથી દાંતના પલંગ અને ચામર તથા વીંઝણા સોનાની દાંડીના હતા. ૨૮-૨૯ સુકોમળ આસનો પણ સોનાનાં હતાં, ઉલેચો, અને લટકણીઓમાં મોતીની ઝાલરોવાળાં હતાં. ૩૦ સ્ફટિકમણિની ભીંતોમાં રત્નના દીવા પ્રકાશી રહ્યા હતા. ઠેકઠેકાણે સ્ત્રી-

ત્નનાં ચિત્ર પાડેલાં હતાં. ૩૧ પોતાના ઘરમાં આ પ્રમાણે કારણ વગર સઘળી સંપત્તિઓ આવીને એકઠી થયેલી જોઇ તે બ્રાહ્મણ બહુજ વિસ્મય પામ્યો અને બોલ્યો કે-'અહો આ સઘળું ક્યાંથી આવ્યું? ૩૨ હું દુર્ભાગી જે છેક ગરીબ હતો તેને આવી સમૃદ્ધિ મળવાનું કારણ ભગવાનની કૃપા વગર બીજું સંભવતું નથી. ૩૪ મારા મિત્ર ભગવાને સમુદ્રને પણ થોડો માનનાર મેઘ જેમ ઘેર બેઠે પાણીની ચિંતા કરનાર ખેડુતના ખેતરને ભરી નાંખે છે, તેમ મને સમક્ષમાં કંઈ ન આપતાં આ ઘરને ઇંદ્રાદિકને પણ દુર્લભ એવી સમૃદ્ધિઓથી ભરી નાંખ્યું છે. ૩૪ મારા ક્ષુદ્ર પહુંઆની એક મુઠી ભગવાને ભાવથી આરોગાને, મને ભવોભવ તેમના ઉપર પ્રીતિ અને ભક્તિ રહે એવું કામ કર્યું છે. ધનવાનોને ધનના મદથી નીચા અવતાર જોવા પડે છે, પરંતુ ભગવાન મને એવો નીચો અવતાર દેખાડશે નહિ. ભગવાનની એ ખુબી છે કે તે પોતાના ભક્તોને ભક્તિમાર્ગ બતાવી પરોક્ષ અત્યંત સમૃદ્ધિ આપે છે, મને સમૃદ્ધિ મળવાથી હું હવે માત્ર નિરંતરની તેમની ભક્તિજ માગું છું. ૩૫-૩૭ આ પ્રમાણે વિચાર કરી તે બ્રાહ્મણ ધીરે ધીરે અભ્યાસથી પોતાની ઇંદ્રિયોને સ્વાધીન કરી સ્ત્રી સાથે યથાયોગ્ય વિષયસુખ ભોગવતાં ભગવાનમાં પૂર્ણ ભક્તિ રાખવા લાગ્યો. ૩૮ દેવના દેવ અને યજ્ઞના પતિ ભગવાન બ્રાહ્મણોને પ્રિય છે અને બ્રાહ્મણો તેમને પ્રિય છે, નાના પ્રકારનાં સુખ ભોગવ્યા પછી તે બ્રાહ્મણ ભગવાનની પૂર્ણ ભક્તિથી થોડા કાળમાં દેહાભિમાનથી મુક્ત થઇ ભગવાનના ધામને પામ્યો. જેમાણુસબ્રાહ્મણો તથા વેદનું રક્ષણ કરનારા ભગવાનની આ કથા સાંભળે છે, તેને ભગવાનની ભક્તિ પ્રાપ્ત થઇ તેનાં સઘળાં કર્મબંધન છુટી જાય છે. ૪૧

एतद्ब्रह्मण्य देवस्य श्रुत्वा ब्रह्मण्यतां नरः ।
लब्धभावो भगवति कर्मबंधाद्विमुच्यते ॥

ઈતિશ્રી ભાગવત પુરાણના દશમસ્કંધ ઉત્તરાર્ધમાં "સુદામા ચરિત્ર" નામનો ૮૧ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૮૨ મો.

સૂર્યગ્રહણ ઉપર કુરૂક્ષેત્રમાં આવેલા રાજાઓએ યાદવો સાથે કરેલી વાતચિત.

શુકઉવાચ.

अथैकदाद्वारवत्यां वसतोरामकृष्णयोः ॥
सूर्योपरागःसुमहानासीत्कल्पक्षयेयथा ॥१॥

શ્રી શુકદેવજી કહે છે—હે રાજા! એકવાર પ્રલયકાળના જેવું મોટું સૂર્ય ગ્રહણ રામકૃષ્ણ જ્યારે દ્વારકામાં રહેતા હતા ત્યારે થયું હતું. ૧ જોશીઓના તરફથી સૂર્યગ્રહણનો યોગ જાણવામાં આવતાં હજારો લોક પોતાનાં પાપનો ક્ષય કરવા માટે કુરૂક્ષેત્રમાં ગયાં હતાં. આ ક્ષેત્રમાં એકવીશ વાર નક્ષત્રિય પૃથ્વી કરી ભગવાન પરશુરામે લોહીના કુંડ ભર્યા હતા, અને પોતે નિષ્પાપ છતાં પ્રાકૃત લોકની પેઠે પોતાનાં પાપ મટાડવા માટે ત્યાં આગળ ઘણાકં યજ્ઞો કર્યા હતા. ૨૪ અક્રૂર, વસુદેવ, સાંબ, ઉગ્રસેન, ગદ તથા પ્રદ્યુમ્ન વિગેરે યાદવો પણ પોતાનાં પાપનો ક્ષય થવા માટે આ મોટી તીર્થયાત્રા વિષે કુરૂક્ષેત્રમાં પધાર્યા હતા. અનિરૂદ્ધ અને કૃતવર્મા સૈન્ય અને સુચંદ્ર તથા શુક તથા સારણની સાથે દ્વારકાની રક્ષા કરવા માટે રહ્યા હતા. વિમાન જેવા રથ, મોજાં જેવા ચપળ ઘોડા, ગર્જતા મેઘ જેવા હાથી અને વિદ્યાધરના જેવા રૂપાળા મનુષ્યો સાથે યાદવો કુરૂક્ષેત્રમાં ગયા હતા. તેજવાળા, સુવર્ણનાં આભૂષણવાળા, ઉત્તમ જાતનાં વસ્ત્ર અને માળાઓ તથા કવચ ધારણ કરેલા તેઓ માર્ગમાં સ્ત્રી સાથે દેવતાઓ શોભે તેમ શોભતા હતા. કુરૂક્ષેત્રમાં આવી પ્રથમ તીર્થમાં સ્નાન કરીને અપવાસ કર્યો. બીજે દિવસે સ્નાન કરી તેમણે સાવધાન

અંતઃકરણથી બ્રાહ્મણોને વસ્ત્ર, પુષ્પની માળાઓ, સુવર્ણ અને અન્ન ગાયોનાં દાન આપ્યાં. પરશુરામના કુંડમાં વિધિ સહિત સ્નાન કરી યાદવોએ 'અમને ભગવાનની ભક્તિ પ્રાપ્ત થજો, એવા સંકલ્પ કરી બ્રાહ્મણોને વળી અન્નનાં દાન આપ્યાં. શ્રીકૃષ્ણને પોતાના ઇષ્ટદેવ માનનારા યાદવો પછી પોતે ભોજન કરી બ્રાહ્મણોની આજ્ઞાલઈ વૃક્ષના થડ આગળ શાંત થઇને બેઠા. ૧૧ આ યાત્રામાં યાદવોના મિત્ર રાજાઓ જેવા કે મત્સ્ય, વિદર્ભ, કૌશલ, અને ઉશીનર વગેરે પણ આવ્યા હતા. ૧૨ આ મહાયાત્રાના પ્રસંગે આવેલા કાંબોજ, કેકય, કુંતિ, આનર્ત, કેરલ અને મદ્ર દેશના રાજાઓ સ્વપક્ષના અને પરપક્ષના સેંકડો લોકો, સ્નેહી નંદરાયજી, ગોવાળીઆ અને ઘણા દિવસની ઉત્સુક ગોપિકાઓ વગેરે પણ ત્યાં આવેલાં હતાં, તે એમના જોવામાં આવ્યાં. ૧૩-૧૪ એક બીજાનાં દર્શનથી પ્રસન્ન થયેલા તેઓ રોમાંચ થઇ ગદ્ગદ્ વાણીથી અને હર્ષનાં આંસુ સાથે એક બીજાને ભેટવા લાગ્યા. ૧૫ ગોપીઓ આનંદમાં આવી કેસર વાળાં પયોધરો પરસ્પર અડકાડી આલિંગન આપીને આનંદ પામવા લાગી. ૧૬ નાના મોટાની યોગ્યતા પ્રમાણે એક બીજાને મળ્યા ભેટ્યા પછી તેઓ સઘળા એકઠા થઈ શ્રીકૃષ્ણ પરમાત્માની પ્રેમથી ભરેલી વાતો કરવા લાગ્યા. ૧૭ આ પ્રસંગે કુંતાજી પણ આવેલાં હતાં, તેમણે પોતાના બંધુઓ, માબાપ, તેમની વહુઓ અને ભાભીઓ વગેરેને મળી પોતાના મનનો સર્વ શોક ઓછો કર્યો. ૧૮

કુંતાજી કહે છે--હે વસુદેવ! હે આર્ય! હું મારા જીવને બહુજ દુઃખી માનું છું, કારણ કે તમે સમર્થ છતાં મને પડતાં દુઃખોમાં મદદ કરતા નથી. ૧૯ ખરેખર હે ભાઇ! જેને દેવ અનુકૂળ ન હોય તેને સંબંધીઓ પણ ક્યાંથી અનુકૂળ હોય? દુઃખી માણસને તેના સંબંધી, જ્ઞાતિ, પુત્રો અને ભાઈઓ કોઈ સંભારતા નથી. ૨૦

વસુદેવ કહે છે--હે બેન! દેવનાં પુતળાં જેવા આ માણસો ઉપર તમે એવો દોષ મુકશો મા, કારણ કે માણસ શું કરી શકે છે? ઈશ્વરની ઈચ્છા વગર તેનાથી કંઇ બની શકતુ નથી. ૨૧ કંસના ભયથી અમને કેટલું દુઃખ પડતું હતું અમે અને! અમારા પુત્રો એક બીજાથી છૂટા પડી ગયા હતા તે હમણાંજ ઠેકાણે પડયા છીએ. ૨૨

શ્રી શુકદેવજી કહેછે--હે રાજા! પછી વસુદેવ અને ઉગ્રસેન વગેરે યાદવોએ જેમને માન આપ્યું હતું એવા એ તીર્થમાં આવેલા રાજાઓ શ્રીકૃષ્ણના દર્શનથી પ્રસન્ન થયા, ૨૩ અને ભીષ્મ, દ્રોણ, ધૃતરાષ્ટ્ર દુર્યોધનાદિ, સ્ત્રી સહિત પાંડવો, કુંતિ, સૃંજય, વિદુર, કૃપાચાર્ય, કુંતિભોજ, વિરાટ, પુરૂજીત, દ્રુપદ, શૈલ્ય, નગ્નજીત, ભીષ્મક, ધૃષ્ટકેતુ, દમઘોશ, વિશાલાક્ષ, મિથિલાધિપતિ, મદ્રાધિપતિ, કેકય, યુધામન્યુ, સુશર્મા, બાલહીક અને યુધિષ્ઠિરના અનુયાયી રાજાઓ લક્ષ્મીના સ્થાન ૨૫ શ્રીકૃષ્ણભગવાનના શરીરને ભેટી તથા તેમનાં દર્શન કરીને અત્યંત આનંદ પામ્યા. ૨૪-૨૭ બળભદ્ર અને કૃષ્ણે તેમનું પૂજન કર્યું, તેથી પ્રસન્ન થયેલા તેઓ યાદવ કુળને ભગવાને તારેલું હતું તેથી અન્યોઅન્યમાં તેમને ઉદ્દેશીને કહેવા લાગ્યા કે-અહો! જેમનાં દર્શન યોગી લોકને પણ દુર્લભ છે, એવા શ્રીકૃષ્ણ પરમાત્માનાં તમને નિરંતર દર્શન થાય છે, માટે હે ઉગ્રસેન તમારા જીવિતને ધન્ય છે! ૨૮-૨૯ વેદમાં જેની કીર્તિનું ગાન કરેલું છે, ગંગાજી જેના ચરણોદકથી ઉત્પન્ન થયેલાં છે, તથા વેદ એજ જેનું વચન છે. વળી આ પૃથ્વી જે કાળની ગતિથી નીરસ બની ગયેલી હોવા છતાં પણ જેમના ચરણના સ્પર્શને લીધે નવનિધિ અને આઠ સિદ્ધિ આપે છે, તે પૃથ્વીને ધારણ કરનારા ભગવાનની સાથે તમને નિત્ય સંબંધ છે. તેમની સાથે તમને આસન, ભોજન, શય્યા, ગોષ્ટિ, સ્પર્શ અને દર્શન મળે છે, માટે તમારા જન્મને ધન્ય છે. ૩૦-૩૧

પછી ગોકુળથી સરસામાન લઇ યાત્રાએ આવેલા ગોપલોક ભગવાનને મળવા માટે આવ્યા. પ્રાણ આવવાથી શરીર જેમ સતેજ થાયછે, તેમ ઘણે કાળે આવેલા અને પ્રસન્ન દેખાતા નંદરાયને આવેલા જોઇ યાદવો આનંદથી સામા ગયા અને તેમને ભેટી પડયા. ૩૨-૩૩ કંસે દીધેલાં દુઃખને સંભારતા અને પોતાના પુત્રોને ઉછેરવાનો નંદ શ્રમ લીધો હતો, તે વાતને યાદ કરતા વસુદેવજી તો નંદજીને ભેટી હર્ષનાં આંસુથી તેમનું પાદપ્રક્ષાલન કરવા લાગ્યા. ૩૪ હે રાજા! પોતાનાં માત પિતા યશોદાજી તથા નંદજીને મળતાં શ્રીકૃષ્ણ અને બળભદ્રજી તો એવા આનંદઘેલા બની ગયા કે તેમનાથી બીજું કાંઈ બોલાયું પણ નહિ. ૩૫ નંદ યશોદાએ પણ તેમને છાતી સાથે ચાંપી આસન ઉપર બેસાડી હર્ષનાં આંસુથી નવરાવી નાંખ્યા. ૩૬ દેવકી અને રોહિણીજીએ યશોદાને આલિંગન આપી મોટા આનંદથી કહ્યું કે "હે વ્રજ સુંદરી! તમારી મૈત્રીનો બદલો તો ઈંદ્રના ઐશ્વર્યવડે પણ વાળી શકાય તેવો નથી. ૩૭-૩૮ જેમણે પોતાનાં માબાપને જોયાં પણ નહોતાં, એવા અમારા આ બે પુત્રો પાંપણના રક્ષણ તળે આંખોનું રક્ષણ થાય છે, તેમ તમારા રક્ષણ તળે ઉછર્યા અને માબાપથી પણ વિશેષ લાડ અને પાલનપોષણ પામ્યા. તમારા મનની મોટાઇને ધન્ય છે; કારણ કે તમને પોતાનું કે પારકું જણાયું નથી. મહાપુરૂષોનાં મન સમ વિષમ ભાવવાળાં હોતાં નથી. ૩૯

શ્રી શુકદેવજી કહેછે—જેમનાં દર્શન કરતાં આડે આવનારી પાંપણો અને તેના કર્ત્તા એવા વિધાતાને ગાળો દેનારી ગોપીકાઓ તો શ્રીકૃષ્ણ ભગવાનનાં દર્શન થતાં યોગીયોના કરતાં પણ વધારે તરુપતાને પામી ગઇ. ૪૦ પછી એ ગોપીકાઓને ભગવાન એકાંતમાં મળ્યા અને તેમને આલિંગન આપી કહેવા લાગ્યા. ૪૧

શ્રીભગવાન કહેછે--હે સખિઓ! સંબંધીઓનું પ્રિય કરવાની ઇચ્છાથી અમો ગોકુળમાંથી ગયા અને પછી તેમના હિતના કામમાં પડતાં ઘણે કાળે આજ તમને મળ્યા, અમને તમે કદી સંભારો છો? ૪૨ ઉપકારને નહિ જાણનાર અમે નગણા છીએ એમ જાણી તમે અમારા ઉપર કોપે ભરાયાં છો? પણ એમ મનમાં લાવશો મા, કાળજ માણસોને એકઠાં કરેછે અને જૂદાં પાડે છે. ૪૩ વાયુ જેમ, ઘાસ, રૂ અને રજને એકઠાં કરે છે, વળી જૂદાં પાડે છે અને ફરીને પાછાં એકઠાં કરે છે, તેમ કાળ પણ માણસોને કરે છે. ૪૪ મારી ભક્તિ મનુષ્યને મોક્ષ આપનાર છે, અને તમને મારામાં પૂર્ણ ભક્તિ છે, તેથી તમારો પણ અવશ્ય મોક્ષજ છે. ૪૫ આકાશ, વાયુ, અગ્નિ, જળ, પૃથ્વી એ ઘટાદિની બહાર તથા અંદર સર્વત્ર રહેલાં છે, તેમ હું પણ સર્વત્ર રહેલોછું. ૪૬ જરાયુજ, અંડજ, સ્વેદજ અને ઉદ્‌ભિજ એ ચાર જાતનાં પ્રાણીઓ જેમ પોતાના કારણરૂપ પંચભૂતમાં વર્તે છે, તેમ હું-આત્મા વર્તતો નથી. આત્મા પ્રાણીઓમાં ભોક્તાપણાથી વ્યાપ્ત છે, કારણત્વથી વ્યાપ્ત નથી, અને જે જે ભોગ્ય છે તે પણ ભ્રાંતિમૂલક છે, ખરૂં જોતાં આત્માને કંઇ લાગતું વળગતું નથી. ૪૭

શ્રી શુકદેવજી કહેછે--હે રાજન! સ્વરૂપના ઉદ્દેશથી સમજાવેલી ગોપિકાઓ તેમના સ્મરણથી પોતાનાં લિંગશરીરને ત્યજી ભગવાનને પામતાં બોલી કે-હે પ્રભુ! અમાપ બોધવાળા યોગેશ્વરોએ હૃદયમાં ચિંતવવા યોગ્ય અને સંસારરૂપી કુવામાં પડેલાઓને તારણરૂપ આપનાં ચરણારવિંદ અમે ગૃહસ્થાશ્રમમાં રહીએ તો પણ નિરંતર અમારા અંતઃકરણમાં રમી રહેજો. ૪૮-૪૯

आहुश्च ते नलिननाभ पदारविंदं ।
योगेश्वरैर्हृदि विचिंत्यमगाधबोधैः॥
संसारकूपपतितोऽत्तरणावलंबं ।
गेहं जुषामपि मनस्युदियात्सदा नः॥

ઇતિશ્રી ભાગવત પુરાણના દશમસ્કંધ ઉત્તરાર્ધમાં " કુરૂક્ષેત્ર વૃષ્ણિ ગોપ સમાગમ "

નામનો ૮૨ મો અધ્યાય સંપુર્ણ.

અધ્યાય ૮૩ મો.

શ્રીકૃષ્ણની સ્ત્રીઓએ પોતાના વિવાહ સંબંધી દ્રૌપદીને કહેલી વાતો.

श्रीशुक उवाच.

तथानुगृह्यभगवानगोपीनांसगुरुर्गतिः ॥
युधिष्ठिरमथापृच्छत्सर्वांश्चसुहृदोऽव्ययम् ॥

શ્રી શુકદેવજી કહે છે--હે રાજન્! ગોપીઓના ઉપર અનુગ્રહ કર્યા પછી ભગવાને યુધિષ્ઠિર તથા મિત્ર વગેરેને કુશળ સમાચાર પૂછયા. ૧ ભગવાનથી જેમનું કુશળ પુછાયું હતું એવા અને તેમનાં દર્શનથી જેઓ પાપમુક્ત થયા હતા એવા તે લોકોએ પ્રસન્ન થઇ ભગવાનને આ પ્રમાણે કહ્યું. ૨ " હે ભગવાન! મહાત્માઓના મુખથી નીકળતી અને જન્મ મરણનાં બંધનને તોડનારી તમારી કથારૂપી અમૃતનું જે માણસો કાનરૂપી પડીઆઓથી પાન કરે છે, તેમનું કદી પણ અપ્રિય થતું નથી. ૩ દેહ અને તેનાં સંબંધીઓનો ત્યાગ કરીને અમે બુદ્ધિથી કલ્પાયલી ત્રણ અવસ્થાઓને જાણતા નથી. આપ પરમાનંદના સમુહ રૂપ છો, અખંડિત અને જ્ઞાન સ્વરૂપ છો, અપરિછિન્ન મૂર્તિ છો, કાળની ગતિથી નાશ પામી જતા વેદનું રક્ષણ કરવા માટે યોગમાયાથી મનુષ્ય દેહ ધારણ કરનારા છો, અને પરમહંસોના શરણરૂપ છો, એવા હે ભગવાન! આપને અમે નમસ્કાર કરીએ છીએ." ૪ આ પ્રમાણે લોકો ભગવાનની સ્તુતિ કરતા હતા. ત્યારે યાદવો અને કૈરવોની સ્ત્રીઓ એકાંતમાં બેશી ત્રણે લોકે ગાયેલી ભગવાનની કથાનું ગાન કરવા લાગી. હે રાજન્! એ સ્ત્રીમંડળમાં ચાલેલી ભગવાનની વાતોનું હું તમારા આગળ વર્ણન કરૂં છું તે સાંભળો. ૫

દ્રૌપદી રૂક્મિણી વગેરેને પૂછે છે—હે ભગવાનને પ્રિય તેમની આઠ પટરાણીઓ! મનુષ્યનું અનુકરણ કરતા ભગવાન તમને કેવી રીતે પરણ્યા? તે તમે અમને કહો.—૬-૭

રૂક્મિણી બોલ્યાં--હે પાંચાળી! મને પરણવાને માટે શિશુપાળ વગેરે રાજાઓ પોતાના અજીત યોદ્ધાઓની સાથે આવ્યા હતા, તેમ છતાં તેમની વચ્ચેથી ભગવાન સિંહ જેમ બકરાના ટોળામાંથી પોતાનો ભાગ લઈ જાય, તેમ મારૂં હરણ કરી ગયા હતા. એ પરમ કૃપાળુ ભગવાનના ચરણનું પૂજન મને નિરંતર મળો એજ. ૮

સત્યભામા બોલ્યાં—બંધુના વધથી પરિતાપ પામેલા મારા પિતાએ મૂકેલો આરોપ ઉતારવા માટે ભગવાન રીંછના રાજા જાંબવંતની સાથે લડી મણિ લઈ આવ્યા, અને તે મારા પિતાને પાછો આપ્યો, એટલે ઉપકારમાં આવેલા તેમણે બીજાઓને મારૂં વાગ્દાન કરેલું હતું, તેમ છતાં પણ મને શ્રી કૃષ્ણની સાથે પરણાવી. ૯

જાંબવતી બોલી—આજ પોતે મારા સ્વામી રામચંદ્ર છે એમ નહિ જાણતાં મારા પિતાએ સત્તાવિશ દિવસ સૂધી શ્રીકૃષ્ણની સાથે યુદ્ધ કર્યું, અને જ્યારે તેમને માલુમ પડયું કે આ તો રામનો અવતાર છે, ત્યારે તેમને પગે પડી મણિની સાથે મારૂં કન્યા દાન દીધું હતું તે ભગવાનની હું દાસી છું.૧૦

કાલિંદી બોલી—જેમના ચરણકમળને પામવા માટે હું તપ કરતી હતી, તે ભગવાને પ્રથમ અર્જુનની મારફત મારો મેળાપ કરી પછી મારૂં પાણીગ્રહણ કર્યું, તે ભગવાનના ઘરમાં કામકાજ કરનારી હું દાસી છું. ૧૧

મિત્રવિંદા કહે છે—લક્ષ્મીના નિવાસ રૂપ ભગવાને સ્વયંવરમાં આવી હજારો રાજાઓની વચમાંથી પોતાના પરાક્રમ વડે મારૂં હરણ કર્યું હતું, તે દિવસથી હું દ્વારકામાં રહી નિરંતર તેમના પાદ પ્રક્ષાલન કરવાની ઇચ્છાવાળી રહું છું. ૧૨

નાગ્નજીતી કહે છે—મારા પિતાએ રા-

જાઓના બળની પરીક્ષા લેવા માટે તીક્ષ્ણ શીંગડાંવાળા, સાંઢેલા અને મોટા બળવાળા સાત બળદ રાખ્યા હતા, જેને ભગવાને બાળકો જેમ બકરીનાં બચ્ચાંને બાંધી લે તેમ ક્ષણમાત્રમાં બાંધી લીધા હતા. ૧૩ મારી કિમ્મત પરીક્ષા પરાક્રમમાંજ હતી, એટલે પોતાના પરાક્રમથી મને જીતી લઈ ચાર અંગવાળી સેનાની સાથે ભગવાન મને દ્વારકામાં લઇ આવ્યા હતા. ત્યાર પછી મને એવું સુખ મળ્યું છે કે હું નિરંતર એમની દાસી થવાને આતુર રહું છું. ૧૪

ભદ્રા કહે છે--હે દ્રૌપદી ! જેમનું ચિત્ત શ્રી ભગવાનમાં રમી રહેલું છે એવા મારા પિતાએ પોતાના મામાના દીકરા શ્રીકૃષ્ણને બોલાવી એક અક્ષૌહિણી સેના અને સખિઓ સાથે તેમને મારૂં દાન કર્યું હતું. ૧૫ જેનાં કર્મો ભગવાનમાં રમી રહેલાં છે એવી હું જન્મોજન્મ એમનાજ ચરણસ્પર્શની ઇચ્છા રાખું છું; કારણ કે એમનાં ચરણ છે, એજ જીવને પુરૂષાર્થદાયક છે. ૧૬

લક્ષ્મણા કહે છે—હે પાંચાળી ! વારંવાર નારદજી જેના યશનું ગાન કરે છે, એવા ભગવાનને લક્ષ્મીજી લોકપાળોને તજીને પરણ્યાં છે એમ જાણીને મારૂં મન પણ તેમનામાં લાગી રહ્યું હતું. ૧૭ મારા ઉપર અત્યંત પ્રીતિવાળા મારા પિતાએ મારી ઇચ્છા જાણીને શ્રીકૃષ્ણને લાવવા માટે ઉપાય કર્યો. ૧૮ અને જેમ તમારા સ્વયંવરમાં અર્જુનની પરીક્ષા કરવા માટે મત્સ્ય વેધ કરવામાં આવ્યો હતો, તેમ મારા સ્વયંવરમાં પણ કર્યું હતું. તમારો મત્સ્ય સ્તંભની પાસે હોવાથી જણાતો હતો, પરંતુ મારો મત્સ્ય કળશમાં રાખેલો હોવાથી દેખાતો નહતો, અને શ્રીકૃષ્ણચંદ્ર વગર બીજાથી તેનો વેધ થાય તેમ નહતું. ૧૯ સ્વયંવરનાં નિમંત્રણ જતાં સર્વ જાતનાં અસ્ત્ર તથા શસ્ત્રના તત્વને જાણનારા હજારો રાજાઓ પોતાના ઉપાધ્યાયોની સાથે મારા પિતાના નગરમાં આવ્યા હતા. ૨૦ રાજાઓનો મારા પિતાએ યથાઘટિત સત્કાર કર્યા પછી તેઓ મત્સ્યવેધ કરવા ઉઠયા; પરંતુ મારામાં તેઓનાં ચિત્ત લાગેલાં હોવાથી તેઓ કંઇ કરી શક્યા નહિ. ૨૧ કેટલાકે ધનુષ બાણ લીધા પછી તે મુકી દીધાં, કેટલાક પણછ ચડાવી શક્યા નહિ, અને કેટલાક પણછ ખેંચતાં અને તેનો આંચકો લાગતાં જમીન ઉપર પડી ગયા. ૨૨ જરાસંધ, અંબષ્ટ, શિશુપાળ, ભીમ, દુર્યોધન અને કર્ણ જેવા પરાક્રમી પુરૂષોએ પણછ ચઢાવી, પરંતુ તેઓ મત્સ્યની ગતિને જાણી શક્યા નહિ. ૨૩ અર્જુને બાણ માર્યું અને તે મત્સ્યને અડક્યું પણ વેધ થયો નહિ. ૨૪ અભિમાનવાળા ક્ષત્રિયોનું માનભંગ થયા પછી ભગવાન ઉઠયા અને તેમણે રમત માત્રમાં ધનુષ ચઢાવી મધ્યાન્હ વખતે જ્યારે અભિજીત નક્ષત્ર હતું ત્યારે મત્સ્યને વીંધીને નીચે પાડયો અને આકાશમાં તથા પૃથ્વી ઉપર દુંદુભિનો મોટો જયઘોષ થઈ રહ્યો. અને દેવતાએ પુષ્પની વૃષ્ટિ કરવા લાગ્યા. ૨૫-૨૭ પછી હું નવીન સુશોભિત રેશમી વસ્ત્ર પેહેરી લજ્જાથી હસતા મુખ સાથે વેણીમાં પુષ્પ ગુંથીને સુવર્ણની વરમાળા લઇ શ્રીકૃષ્ણચંદ્રની સામે ગઇ. મારા નૂપુરના ઝમકારથી સભા ચકિત થઇ ગઇ, એટલામાં જેના મનમાં પ્રેમનો ઝરો વહી રહ્યો હતો એવી મેં કપોળ ઉપર પડેલા કુંતલને ઉંચા કરી મંદહાસ્ય કરતા શ્રીકૃષ્ણના ગળામાં શરમાતાં શરમાતાં વરમાળા પહેરાવી. ૨૮-૨૯ તે વખતે મૃદંગ, વીણા, શંખ અને ભેરી વગેરે વાજીંત્રનો ઘોષ થયો અને બંદિજન સ્તુતિ કરવા લાગ્યા. ૩૦ મને જોવાથી કામવિવશ થયેલા રાજાઓ શ્રીકૃષ્ણનો આ અપૂર્વ અભ્યુદય જોઈ શક્યા નહિ. ૩૧ એટલામાં શ્રીકૃષ્ણે મને આલિંગન આપી ચાર ઘોડા જોડેલા રથમાં પોતાની પાસે લઈ લીધી, અને પોતે ધનુષ બાણ લઇ શત્રુઓની સામે થયા. ૩૨ દારૂક સારથિએ રથ હાંકયો અને સિંહને જતો જેમ હરણો જોઇ રહે તેમ રાજાઓ જોતાજ રહ્યા, અને અમારો રથ પવનને વેગે ચાલી નીકળ્યો. ૩૩ શ્વાન સિંહની પાછળ દોડે તેમ કેટલાક રાજાઓ ધનુષ બાણ લઇ ભ-

ગવાનની પુંઠે ધાયા. ભગવાનના ધનુષમાંથી છુટેલાં બાણને લીધે જેમના હાથ, પગ, અને કંઠ કપાઈ ગયા હતા, એવા ઘણાક રાજાઓ પડી ગયા, અને ઘણાક ભયથી પલાયન કરી ગયા. ૩૪ ૩૫ પછી સૂર્ય જેમ અસ્તાચળ ઉપર વિરામ લેછે તેમ શ્રી ભગવાન પણ અત્યંત વખણાયલી એવી પોતાની દ્વારકા નગરીમાં પધાર્યા. ૩૬ મારા પિતાએ પોતાના સંબંધીઓની મોંઘા મુલનાં વસ્ત્ર, અલંકાર, શય્યા અને આસન વગેરેથી યથાયોગ્ય પૂજા કરી હતી. ૩૭ ભગવાન સર્વ વાતે પરિપૂર્ણ છે એમના દરબારમાં કશી વાતની ખોટ નથી, તથાપિ મારા પિતાએ લૌકિક રીતને અનુસરીને હાથી, ઘોડા, રથ, લશ્કર અને આયુધો વગેરે તેમને આપ્યું હતું. ૩૮ એમ આ આઠે પટરાણીઓ સર્વસંગની નિવૃત્તિને લીધેજ નહિ, પરંતુ તેમના અનન્ય પ્રતાપને લીધે આત્મારામ એવા શ્રીકૃષ્ણની દાસીઓ થઈ રહેલી છીએ. ૩૯

બીજી સઘળી સ્ત્રીઓ બોલી—અમે નરકાસુરથી દિગ્વિજયમાં જીતાયલા રાજાઓની કુંવરીઓ છીએ. નરકાસુરનો પરાજય કરી ભગવાન અમોને પરણ્યા છે. ૪૦ હે પાંચાળી! અમને ઇંદ્રની પદવીનો, ત્રૈલોક્યના ચક્રવર્તિપણાનો કે સિદ્ધિઓ વગેરે કશાનો ભાવ નથી. અમને તો એક શ્રીકૃષ્ણ ચંદ્રજ પ્રિય છે. ૪૧-૪૨ ગાયો ચારનારા ભગવાનના ચરણની રજને ગોપિકાઓ મસ્તક ઉપર ચઢાવતી હતી, તથા ગ્રામ્ય લોક જેમ એમના ચરણસ્પર્શને ઇચ્છેછે તેમ અમે પણ તેમના ચરણની રજને નિરંતર ઇચ્છીએ છીએ. ૪૩

व्रजस्त्रियो यद्वांछंति पुलिंद्यस्तृणवीरुधः ॥

गावश्चारयतो गोपाः पादस्पर्शं महात्मनः ॥

ઇતિશ્રી ભાગવત મહાપુરાણના દશમસ્કંધ ઉત્તરાર્ધમાં ૮૩ મો અધ્યાય સંપુર્ણ.

અધ્યાય ૮૪ મો.

મુનિઓનો સમાગમ, વસુદેવે કુરૂક્ષેત્રમાં કરેલો યજ્ઞ અને શ્રીકૃષ્ણનું ત્યાંથી દ્વારકામાં પધારવું.

श्री शुक उवाच

श्रुत्वापृथासुबल पुत्र्यथ याज्ञसेनी ।
माधव्यथ क्षितिपपत्न्य उत सगोप्यः ॥
कृष्णेऽखिलात्मनि हरौ प्रणयानुबन्धं ।
सर्वा विसिस्म्युरलमश्रुकलाकुलाक्ष्यः ॥१॥

શ્રી શુકદેવજી કહે છે--હે રાજન્! કુંતા, ગાંધારી, દ્રૌપદી, સુભદ્રા, અને બીજા રાજાઓની રાણીઓ તથા ગોપીઓની આ પ્રમાણેની સર્વેશ્વર ભગવાનમાં બંધાયલી અનન્ય પ્રીતિ જોઇ સઘળાં આનંદ પામ્યાં, અને વિસ્મયાનંદથી તેમની આંખોમાં હર્ષનાં આંસુ આવી ગયાં. ૧ આ રીતે પુરૂષો પુરૂષો સાથે અને સ્ત્રીઓ સ્ત્રીઓની સાથે ભગવાનના ગુણની વાત કરતાં હતાં, એટલામાં શ્રીકૃષ્ણ બળદેવનાં દર્શન કરવાની ઇચ્છાથી વેદવ્યાસ, અસિત, દેવલ, ચ્યવન, નારદ, ભારદ્વાજ, શતાનંદ, વિશ્વામિત્ર, અને ગૌતમ તથા પોતાના શિષ્યોની સાથે મહાત્મા પરશુરામ, વશિષ્ટ, ગાલવ, ભૃગુ, પુલસ્ત્ય, કશ્યપ, અત્રિ, માર્કંડેય, બૃહસ્પતિ, દ્વિત, ત્રિત, અંગિરા, અગસ્ત્ય, યાજ્ઞવલ્ક્ય અને વામદેવાદિક ઋષિયો કુરૂક્ષેત્રમાં પધાર્યા. ૨-૫ શ્રીકૃષ્ણ બળદેવ, પાંડવો અને બીજા રાજાઓ આ ઋષિયોના સઘને આવતો જોઇ પોતાના આસન ઉપરથી ઉભા થયા અને જગત જેમને નમે છે એવા એ ઋષિઓને ચરણે નમ્યા. ૬ આસન, અર્ઘ્ય, પૂજન વગેરેથી તેમનો યોગ્ય સત્કાર કર્યા પછી મૌન થઇ બેઠેલી તે સભામાં ભગવાન શ્રીકૃષ્ણે તેમના પ્રત્યે નીચે પ્રમાણે કહેવા માંડ્યું. ૭-૮

શ્રી ભગવાન કહે છે--હે મુનિઓ! યોગેશ્વરોને પણ ન મળે એવું આપ મહાત્માઓ

ઓનું અમને આજ દર્શન થયું તેથી અમે અમારો જન્મ અને તે ધારણ કરવાનું કારણ સફળ થયું એમ માનીએ છીએ. ૯ તીર્થોમાં સ્નાન કરવાને જે તપ માનનારાં અને મુર્તિઓનાં દર્શન કરવાં એનેજ પુણ્ય માનનારાં માણસને આપનાં દર્શન, સ્પર્શ, પ્રશ્ન અને નમસ્કારની પ્રાપ્તિ થવી દુર્લભ છે. તીર્થો કેવળ જળરૂપ અને દેવતાઓ મૃતિકામય છે એમ નથી, તેઓના સેવનથી જે ફળ ઘણે કાળે મળેછે તે સાધુઓનાં દર્શનથી તુરત મળે છે. ૧૧ અગ્નિ, સૂર્ય, તારા, ચંદ્ર, પૃથ્વી, જળ, આકાશ, વાયુ અને વાણી વગેરે ભેદબુદ્ધિ કરાવનારાં હોવાથી તેઓની ઉપાસના અજ્ઞાનને ટાળતી નથી; પરંતુ જ્ઞાની લોક ભેદ બુદ્ધિને મટાડનારાછે, માટે તેઓનો એક ક્ષણવારનો સમાગમ પણ અજ્ઞાનને હરનારો છે. ૧૨ પંચમહાભૂતના બનેલા આ શરીરને જે માણસ આત્મરૂપ માને છે, સ્ત્રી પુત્ર વિગેરેને પોતાનાં માને છે, મુર્તિને પુજ્ય અને જળને તીર્થ સમજે છે, તેઓનો મોક્ષ નથી. જે તત્વવેત્તા આત્માને પુજ્ય અને અભેદ વાળો માનેછે તેનોજ મોક્ષ થાય છે, અને જે એમ સમજતો નથી તે બળદ જેવો છે એમ જાણવું. ૧૩

શ્રીશુકદેવજી કહેછે--અગાધ બુદ્ધિવાળા ભગવાનનાં આવાં વચન સાંભળવાથી ભ્રમિતબુદ્ધિવાળા થયેલા ઋષિઓ ચુપ બેશી રહ્યા. ૧૪ ભગવાની પ્રભુતા વિષે કેટલીકવાર સૂધી વિચાર કરી તેઓએ તેમને કહ્યું કે-હે ભગવાન! આપ આ પ્રમાણે બોલી આપની હીનતા દર્શાવો છો તે માત્ર લોકોની મર્યાદા સાચવવાને માટેજ છે. ૧૫ આપ જે માયામાં રહીને મનુષ્યલીલા કરોછો, તે માયાથી અમે અને આ સર્વ જીવલોક મોહ પામેલા છીએ. આપ તેના અધિપતિ છતાં તેમાં વર્તો છો તે આપની લીલા તર્કમાં આવી શકે તેવી નથી. ૧૬ આપ જાતે ક્રિયા રહિત અને એક હોવા છતાં પૃથ્વી જેમ ઘટાદિક વડે અનેક રૂપવાળી થાયછે, તેમ આપ પણ આ જગતને ઉત્પન્ન કરો છો, પાળો છો અને સંહારો છો, આપજ માત્ર પૂર્ણ છો, અને પૂર્ણ હોવાથી આપનું જન્મ ધરવું વગેરે અનુકરણીય છે. ૧૭. આપ નિરંજન રૂપ હોવા છતાં ગુણનું પ્રતિપાલન અને અવગુણનો સંહાર કરવા માટે સત્વરૂપથી અવતાર ધારણ કરોછો, અને તેમ કરી આપ સનાતન એવા વેદમાર્ગનું પ્રતિપાલન કરોછો, વર્ણ અને આશ્રમોના ગુરૂરૂપ આપ છો, ૧૮ વેદમાં જે પરમતત્વ બતાવેલું છે તે તત્વથી પણ તમે ભિન્ન છો. વેદ જાણનારા બ્રાહ્મણો વેદરૂપ આપના સ્વરૂપને વિસ્તારનાર હોવાથી આપ સર્વ વર્ણોના કરતાં બ્રાહ્મણોને વધારે પૂજો છો, અને તેમનાં કર્મ કરતાં આપ તેમની સ્તુતિ કરોછો. ૧૯-૨૦ સત્પુરૂષોની ગતિરૂપ આપનો સમાગમ થવાથી આજ અમારાં જન્મ, વિદ્યા, તપ અને જ્ઞાન સફળ થયાં માનીએ છીએ. આપનાથીજ જગતનું કલ્યાણ થાય છે. ૨૧ આપ જે શ્રીકૃષ્ણભગવાન છો, તે યોગમાયાથી ગુઢ મહિમાવાળા પરમાત્મા છો, માટે આપનેજ અમો પ્રણામ કરીએ છીએ. ૨૨ આપની સાથે રહેનારા રાજાઓ અને યાદવો માયાના આવરણને લીધે કાળમુર્તિ એવા આપને ઓળખતા નથી. ૨૩ સ્વપ્નમાં પડેલો માણસ જેમ પોતાના દેહને સિંહરૂપ માનેછે, પણ પોતાના ખરા સ્વરૂપને જાણતો નથી. તેમ માયામાં પડેલો માણસ ભ્રમ થવાથી આપના ખરા સ્વરૂપને જાણતો નથી ૨૪-૨૫ ગંગાના આશ્રયરૂપ અને પાપના ઓઘને મટાડનાર મહાત્માઓના હૃદયમાં રહેલા આપના ચરણારવિંદને અમોએ આજ જોયું છે, માટે અમોને તમારા ભક્ત જાણીને અનુગ્રહ કરો, ભક્તિને લીધે જેનું લિંગશરીર નાશ પામે છે તેઓજ માત્ર આપને પામેછે, બીજા કોઇ પામતા નથી. ૨૬

શ્રી શુકદેવજી કહે છે--હે રાજર્ષિ ! આ પ્રમાણે ભગવાનની પાર્થના કર્યા પછી શ્રીકૃષ્ણ, ધૃતરાષ્ટ્ર અને યુધિષ્ઠિર વગેરેની આજ્ઞા લઈ ઋષિઓએ પોતાનાં સ્થાન પ્રતિ જવાની ઇચ્છા કરી. ૨૭ તેમને જતા જોઈ મહાત્મા વસુદેવે તેમની, પાસે જઇ પગે પડીને તેમણે

આ પ્રમાણે કહ્યું:--૨૮

વસુદેવ કહેછે--સર્વ દેવતાઓના નિવાસ રૂપ આપના ચરણમાં હું પ્રણામ કરૂં છું. આપ મારી વિનતી સાંભળો, અને જે કર્મ કરવાથી કર્મનો નાશ થાય એવો માર્ગ કયો છે તે આપ અમને બતાવો. ૨૯

નારદજી કહેછે:--હે મુનિયો ! શ્રીકૃષ્ણને પોતાના પુત્ર માનનારા આ વસુદેવજી તેમને ન પૂછતાં આપણને જે સવાલ પૂછે છે તે આશ્ચર્યની વાત છે. ૩૦ ઘણો સહવાસ એ આ જગતમાં અનાદરનું કારણ છે, જેમકે ગંગાના કિનારા ઉપર રહેનારો માણસ ગંગાને મૂકીને બીજા સ્થળમાં પોતાની શુદ્ધિ માટે રખડે છે. ૩૧ જેનું જ્ઞાન રૂપાંતર પામતું નથી, લય પામતું નથી અથવા જેમાં કાળે કરીને પણ ફેર પડતો નથી, તે શ્રીકૃષ્ણભગવાન એક ઇશ્વર, અખંડિત, જ્ઞાનસ્વરૂપ છે, તેને લોકો જેમ સૂર્યને વાદળાં, હિમ, ઝાકળ, અને રાહુથી ઢંકાયલો માને છે, તેમ ઇશ્વરને પણ અજ્ઞાન કલેશ, કર્મ અને સુખ દુઃખથી ઘેરાયલા માને છે. વસુદેવ પોતાના પુત્રને એવા માને છે, અને તેઓ આપણને કર્મનાશના માર્ગ પૂછે છે, માટે તેમને યથાર્થ વાત કહેવી જોઈએ. ૩૨-૩૩

શુકદેવજી કહેછે—હે રાજા ! પછી તે મુનિઓએ રાજાઓ અને શ્રીકૃષ્ણવાળી તે સભામાં વસુદેવને સંબોધન કરીને નીચે પ્રમાણે કહેવા માંડયુ. ૩૪

મુનિઓ કહે છે—હે વસુદેવ ! સર્વ યજ્ઞોના ઈશ્વર વિષ્ણુનું યજ્ઞવડે યજન કરવું એજ કર્મવડે કર્મનો નાશ કરવાનો ઉત્તમ માર્ગ છે. ૩૫ મનના ઉપશમ માટે, મોક્ષ માટે અને ચિત્તની શુદ્ધિને માટે વિદ્વાનોએ કર્મમાર્ગનેજ ઉત્તમ ગણેલો છે.* ૩૬ ન્યાયથી મેળવેલા ધનવડે ઈશ્વરનું યજન કરવું, એ ગૃહસ્થાશ્રમીઓને પરમ કલ્યાણ આપનારો માર્ગ છે. ૩૭ યજ્ઞ ધનના ફળરૂપ છે, અને તે કર્યા પછી પુરૂષો ધનની ઈચ્છાનો ત્યાગ કરવો. સંસારસુખ લીધા પછી સ્ત્રી પુત્રાદિકની પ્રીતિનો અને જગત નાશવંત છે એમ જાણીને યશ તથા સ્વર્ગની ઈચ્છાનો પણ ત્યાગ કરવો જોઈએ. ૩૮ વિદ્વાન અને ધીર પુરૂષો આ પ્રમાણે આશ્રમક્રમને અનુસરી સઘળી તૃષ્ણાઓનો ત્યાગ કરી છેવટ તપોવનમાં ગયેલા છે. હે વસુદેવ ! આ જગતમાં જન્મ લેનાર દ્વિજ ત્રણ ઋણને સાથે લઇ જન્મ ધરે છે, એટલે કે દેવ, ઋષિ અને પિતૃનો તે ઋણી થઇ જન્મ પામે છે; માટે યજ્ઞથી દેવઋણ, વેદના અધ્યયનથી ઋષિઋણ અને પુત્રોત્પત્તિથી પિતૃઋણ પતાવ્યા પછીજ પુરૂષે સંસારનો ત્યાગ કરવો જોઇએ. ૩૯ તમે પિતૃ, અને ઋષિનાં ઋણથી મુક્ત થયેલા છો, હવે યજ્ઞ કરી દેવઋણથી મુક્ત થઈ તપોવનનો આશ્રય લ્યો. ૪૦ જગતના ઈશ્વર એવા ભગવાન વિષ્ણુને તમે પૂજ્યા છો, કારણ કે તે તમારે ઘેર પુત્ર થઇને જન્મ્યા છે. ૪૧

શ્રી શુકદેવજી કહે છે—મુનિઓનાં આવાં વચન સાંભળી વસુદેવ તેમને પગે લાગ્યા, અને પોતાને યજ્ઞ કરાવવા માટે તેમને ઋત્વિજ તરીકે નીમ્યા. ૪૨ ધર્માનુસાર વરૂણીમાં વરાયલા તે ઋષિઓ પછી કુરૂક્ષેત્રમાં તેમને યજ્ઞ કરાવવા લાગ્યા. ૪૩ વસુદેવે યજ્ઞની દિક્ષા લીધી, ત્યારે યાદવો અને રાજાઓએ સ્નાન કરી સારાં વસ્ત્ર, માળાઓ અને ઉત્તમ શણગાર ધારણ કરી લીધા. ૪૪ ચંદન વગેરેનાં લેપન અને વસ્ત્ર તથા અલંકાર ધારણ કરી વસુદેવની સ્ત્રીઓ હાથ-

* વેદમાં કર્મનું પ્રાધાન્ય છે. જ્યારે કર્મ વધારે પ્રબળ થયાં ત્યારે તત્વજ્ઞાનના માર્ગ શોધાયો. કપિલદેવે સાંખ્યશાસ્ત્ર લખીને કર્મને ઉડાડી મુકયાં અને ઇશ્વરના અસ્તિત્વનો સ્વીકાર કર્યો નહિ. નિરીશ્વર સાંખ્ય ઉપર યોગથી સુધારો થયો અને પછી ન્યાય વગેરે થયાં. છેવટ વેદાંતનો સિદ્ધાંત આવ્યો, તેણે કર્મ, ઉપાસના, ભક્તિ વગેરેને સ્વીકારી ગૌણ ગણાવ્યાં, અને જ્ઞાનને સર્વોત્તમ સિદ્ધ કરી તેની પ્રાપ્તી પછી કર્મની આવશ્યકતા નથી એમ પ્રતિપાદન કર્યું. કર્મ ચિત્તશુદ્ધિને માટેજ છે, મોક્ષ માટે નથી.

માં. પૂજાની સામગ્રીઓવાળાં પાત્ર લઇ યજ્ઞશાળાઓમાં દાખલ થઇ. ૪૫ ત્યારે સર્વત્ર મોટો જયનાદ થયો અને પટહ, ભેરી, મૃદંગ વગેરે વાજીંત્ર વાગવા લાગ્યાં, નટ નટી નાચવા લાગ્યાં, સૂત અને માગધો સ્તુતિ કરવા લાગ્યા, અને ઉત્તમ તથા મધુર સૂરવાળી ગંધર્વની સ્ત્રીઓ પોતાના સ્વામી સાથે ગાન કરવા લાગી. ૪૬ નક્ષત્ર વચ્ચે જેમ નવીન ચંદ્ર શોભે તેમ ઋત્વિજોએ અભિષક કરેલા વસુદેવજી પોતાની અઢાર સ્ત્રીઓ સાથે શોભવા લાગ્યા. ૪૭ દીક્ષા અપાયલા મૃગચર્મવાળા વસુદેવ વસ્ત્ર. કંકણ, હાર, ઝાંઝર અને કુંડળથી શોભતી સ્ત્રીઓ વચ્ચે અધિક શોભવા લાગ્યા. ૪૮ ઇંદ્રના યજ્ઞમાં જેમ ઋત્વિજો અને સભાસદો શોભ્યા હતા, તેમ વસુદેવના યજ્ઞમાં તેઓ શોભવા લાગ્યા. ૪૯ બંધુઓ, તેમની સ્ત્રીઓ, પોતાની સ્ત્રીઓ અને વસ્તારથી પરિવૃત્ત થયેલા શ્રીકૃષ્ણ અને બળભદ્ર પણ ત્યાં શોભાનું કારણ થઇ રહ્યા. ૫૦ વસુદેવજીએ પ્રત્યેક યજ્ઞમાં પ્રકૃતિ અને વિકૃતિ રૂપ યજ્ઞોથી દ્રવ્ય, મંત્ર અને કર્મના વિધિવડે વિષ્ણુ ભગવાનને પૂજ્યા. ૫૧ અને ઋત્વિજો તથા બ્રાહ્મણોને ગાયો, પૃથ્વી અને કન્યાઓનાં દાન દીધાં ૫૨ પત્નીસંયાજ તથા અવભૃથ નામની ક્રિયાઓ થયા પછી તે ઋત્વિજો,અને મુનિજન સંઘ સાથે ભગવાન પરશુરામવાળા ધરામાં નહાયા. ૫૩ વળી સ્નાન કર્યા પછી બ્રાહ્મણોને દાન આપ્યાં, અને હલકાં પશુ શુદ્રાંને તેમણે અન્નદાન દીધું. ૫૪ વળી વસુદેવજીએ ભગવાનની કૃપાથી બંધુઓ, તેમની સ્ત્રીઓ, પુત્રો, સભાસદો, ઋત્વિજો, દેવગણ, મનુષ્ય, પિતૃ, ભુત, ચારણ, વિદર્ભ, કોશલ, કુરૂ, કાશી, કેકય અને સૃંજય વગેરે દેશના રાજાઓ વગેરેનું ઘણા માનથી પુજન કર્યું. યજ્ઞની સમાપ્તિ થયા પછી તે સઘળાઓ ભગવાનના યશનું ગાન કરતા ત્યાંથી પોતાના સ્થાન પ્રત્યે ગયા. ૫૫-૫૬ સ્નેહથી આર્દ્ર થઇ ગયેલા ચિત્તવાળા ધૃતરાષ્ટ્ર, વિદુર, ભીષ્મ, દ્રોણ કુંતિ, યુધિષ્ઠિર, ભીમ, અર્જુન, નકુળ, સહદેવ, નારદ, વ્યાસ. યાદવો અને સંબંધીઓ માંડમાંડ એક બીજાથી જુદા પડી સ્વદેશ તરફ ગયા. ૫૭-૫૮ શ્રીકૃષ્ણ, બળરામ, અને ઉગ્રસેને પૂજેલા નંદરાય તો બંધુજનની પ્રીતિને લીધે કેટલાક દિવસ સુધી કુરૂક્ષેત્રમાંજ રહ્યા. ૫૯ જેમના મનોરથ સફળ થયા હતા એવા વસુદેવજીએ એક વાર પ્રસન્ન મનથી નંદરાયના હાથ ઝાલીને કહ્યું કે-૬૦

વસુદેવજી કહે છે--હે બંધુ ! હે નંદરાય ! ઇશ્વરે નાંખેલો સ્નેહપાશ મનુષ્યોને એક મોટું બંધન છે. યોગીઓ અને શૂરવીરો પણ એ બંધનને શિથિલ કરી શકતા નથી. ૬૧ ઉપકારને નહિ જાણનાર એવા અમારા ઉપર તમે જે સ્નેહ રાખો છો, તે પ્રત્યુપકાર રહિત છે, છતાં તમારી મિત્રતા ઓછી થતી નથી. ૬૨ અમે જ્યારે પ્રથમ નિર્બળ હતા, ત્યારે તમારા ઉપકારનો બદલો વાળી શક્યા નથી, અને હાલ અમો સબળ થવાથી પણ તમારા જેવા મહાત્માઓને લક્ષ્મીના મદને લીધે દેખતા નથી. ૬૩ પોતાનું શ્રેય ઇચ્છનારને લક્ષ્મી મળશોજ નહિ, કેમકે રાજ્યલક્ષ્મીના મદથી મત્ત થયેલો માણસ પોતાના આશ્રિતોને અને બંધુઓને પણ દેખતો નથી. ૬૪

શ્રી શુકદેવજી કહે છે—હે રાજન ! વસુદેવે સ્નેહથી ભરાઇ ગયેલા અંતઃકરણે આ પ્રમાણે નંદરાયને કહ્યું, અને નંદરાયનો ઉપકાર સંભારી તેઓ આંખમાં આંસુ લાવી ગદ્‌ગદિત થઇ ગયા. ૬૫ વસુદેવે માન આપવાથી અને સ્નેહીઓએ આગ્રહ કરવાથી શ્રીકૃષ્ણ અને બળરામમાં પ્રીતિવાળા નંદરાય ત્યાં ત્રણ માસ સુધી રહ્યા. ૬૬ પછી આભુષણો, રેશમી વસ્ત્ર, અને અમુલ્ય પદાર્થોથી જેમનો સત્કાર કરવામાં આવ્યો હતો, એવા નંદજી પોતાના બંધુજનોનીસાથે વ્રજમાં ગયા. યાદવોએ તેમને મુકવા માટે મોટું સૈન્ય મોકલ્યું.૬૭-૬૮ છતાં શ્રીકૃષ્ણના ચરણમાં લાગેલા ચિત્તને પાછું નહિ ખેંચી શકતા નંદરાય મહા શ્રમથી ગોપ અને ગોપીઓ સાથે ગોકુળ ગયા. ૬૯ બંધુઓના ગયા પછી શ્રી

કૃષ્ણ જેમના ઇષ્ટદેવ છે એવા યાદવો પણ વસુદેવજીની પાસે આવવાથી પાછા દ્વારકામાં ગયા. ૭૦ ત્યાં તેમણે પોતાની યાત્રાનો વૃત્તાંત, વસુદેવના યજ્ઞનો મહોત્સવ, અને સ્નેહીજનના સમાગમ સંબંધી સઘળી હકીકત નગરજનોને કહી સંભળાવી ૭૧

जनेभ्यः कथयां चक्रुर्यदुदेव महोत्सवम् ॥
यदासीत्तीर्थयात्रायां सुहृत्सन्दर्शनादिकम् ॥

ઇતિશ્રી ભાગવત મહાપુરાણના દશમસ્કંધ ઉત્તરાર્ધમાં "તીર્થ યાત્રા વર્ણન" નામનો ૮૪ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૮૫ મો.

શ્રીકૃષ્ણે બળદેવે પોતાની માતાના મરી ગયેલા પુત્રો પાછા આણી આપ્યા.

શ્રીશુક उवाच.

अथैकदात्मजौ प्राप्तौ कृतपादाभिवंदनौ ॥
वसुदेवोऽभिनंद्याह प्रीत्या संकर्षणाच्युतौ ॥

શ્રી શુકદેવજી કહે છે--હે રાજન્! મુનિઓનાં વચન સાંભળવાથી પુત્રોનાં પરાક્રમ જેમના જાણવામાં અને અનુભવવામાં આવ્યાં હતાં, એવા વસુદેવજીએ એકવાર જ્યારે તેમના પુત્રો શ્રીકૃષ્ણ બળદેવ આવીને પ્રણામ કરતા હતા ત્યારે તેમને નીચે પ્રમાણે કહ્યું. ૧-૨

વસુદેવજી કહેછે—હે પુત્રો ! હે કૃષ્ણ ! હે બળરામ ! તમે આ જગતના કારણરૂપ પ્રધાન પુરૂષના પણ ઇશ્વર છો, એમ હું જાણું છું. ૩ કારણકે જગતની સ્થિતિ, તેનું કારણ, ભોક્તા અને ભોગ્યપણું એ સર્વ તમારામાં છે. તમે નિત્ય અને સાક્ષાત છો. ૪ તમે અજન્મા છતાં પોતાની માયાથી આ જગતની ઉત્પત્તિ કરી તેમાં તમે ભોક્તા અને ભોગ્ય થઈ વસો છો. ક્રિયાશક્તિ અને જ્ઞાનશક્તિથી તમે તેનું ધારણ કરો છો. ૫ જીવની ધારણા શક્તિ જે પ્રાણ તે પણ તમે છો, કારણ કે તમારા વગર બીજામાં ચલનની શક્તિ નથી, તમારા વગર સઘળું જડ છે, તૃણ હાલવામાં વાયુ કારણ છે, અને બાણની ગતિમાં ધનુષ ધારી કારણ છે, તેમ જગતની ગતિનું મુખ્ય કારણ એક આપજ છો. ૬ સૂર્યની પ્રભા, અગ્નિનું તેજ, ચંદ્રની કાંતિ, નક્ષત્ર, વિજળીનું સ્ફુરણ, પર્વતોની સ્થિરતા, પૃથ્વીની આધારતા અને ગંધ એ સઘળું તમારાવડે જણાયછે. ૭ જળના તૃપ્ત કરવાની શક્તિરૂપ તથા જીવનની શક્તિરૂપ પણ તમેજ છો, વાયુમાં રહેલાં બળ, સહ, ઓજ અને ચેષ્ટા તથા ગતિ તમારાં છે, ૮ દિશાઓનો અવકાશ, દિશાઓ, આકાશ, પરા, પશ્યંતિ, મધ્યમા અને વૈખરી નામની વાણી, પણ તમેજ છો. ૯ ઇંદ્રિયોમાં વિષયનો ભાવ, તેમના દેવતાઓ, તેમની શક્તિઓ, બુદ્ધિનો નિશ્ચય અને અંતઃકરણની અનુસંધાનશક્તિ પણ તમે છો. ૧૦ પંચભૂતનું કારણ તામસાહંકાર, ઇંદ્રિયોનું કારણ રાજસાહંકાર, ઇંદ્રિયોના દેવતાનું કારણ સાત્વિકાહંકાર અને જીવોના જીવનનું કારણ આપ છો. ૧૧ ઘટાદિ પદાર્થો નાશવંત છતાં પૃથ્વી નાશવંત નથી, તેમ નાશ પામનાર પ્રાણીઓમાં રહેલો આત્મા જે તમેજ છો તે નાશવંત નથી. ૧૨ રજ, સત્વ અને તમોગુણના પરિણામ રૂપ મહતત્વ આપનામાં માત્ર માયાને લીધે કલ્પાયલાં છે, ૧૩ કારણતત્વથીજ તમે તેઓમાં અનુગત થયેલા છો. મનુષ્યની કલ્પનાઓ અનિત્ય પદાર્થો સૂધી પહોંચે છે, તમારી કલ્પના થતીજ નથી. પ્રલયના વખતમાં નિર્વિકલ્પ એવા એક આપજ બાકી રહો છો. ૧૪ સર્વમાં રહેલા આત્માની ગતિને નહિ જાણનારા લોકોજ આ જગતમાં જન્મ મરણના ફેરામાં ફર્યા કરે છે. ૧૫ હું આ લોકમાં દેવને પણ દુર્લભ તથા કર્મ કરવાને સમર્થ એવો મનુષ્ય દેહ પામ્યા છતાં માયાથી સ્વાર્થ સાધવામાં પ્રમાદ રાખું છું, તે પ્રમાદમાં મારૂં જીવતર ચાલ્યું ગયું. ૧૬ 'આ હું છું' અને 'આ મારા પુત્રાદિક છે, એવા દેહાભિમાનથી આપ આ જીવલોકને સ્નેહના પાશથી બાંધી લ્યો છો. ૧૭ હે કૃષ્ણ ! તમે

માત્ર પુત્ર નહિ, પરંતુ પ્રકૃતિ અને પુરૂષના પણ ઇશ્વર છો પૃથ્વીના ભારરૂપ ક્ષત્રિયોનો નાશ કરવા માટે તમે અવતર્યા છો. ૧૮ શરણાગતોના સંસારના ભયને મટાડનારા તમે સર્વ ભયના ટાળનારા હોવાથી હું તમારા ચરણને શરણે આવેલો છું. વિષયોની તૃષ્ણાનો પાર આવતો નથી. આટલી તૃષ્ણાથી મારામાં આત્મબુદ્ધિ અને તમારામાં પુત્રબુદ્ધિ થઈ છે. ૧૯ જ્યારે તમારો જન્મ થયો ત્યારે સુતિકાગ્રહમાંજ આપે અમને કહ્યું હતું કે-"તમે જ્યારે સુતપા અને પૃશ્નિ હતાં, તે પછી કશ્યપ અને અદિતિ હતાં, અને હાલ વસુદેવ અને દેવકીરૂપ દંપતી છો, તેતે સમયે હું અજન્મા છતાં તમારામાં જન્મ્યો છું. ધર્મની રક્ષા માટે મારો જન્મ થયેલો છે." હે ભગવાન! તમે આકાશની પેઠે સર્વથી અસંગ રહો છો, તમારી માયાનો કોઈથી નિશ્ચય થતો નથી. ૨૦

શ્રીશુકદેવજી કહે છે--હે રાજા ! યાદવોત્તમ અને શુભભાવથી નમ્ર થયેલા ભગવાને પિતાનાં આવાં વચન સાંભળી હાસ્ય કરી ધીર ગંભીર વાણીથી ધીરે રહીને તેમને નીચે પ્રમાણે કહ્યું.--૨૧

શ્રી ભગવાન કહે છે—હે તાત! અમે જે તમારાં બાળક છીએ, તેમના પ્રત્યે આપે જે તત્વના સમુદાયનું નિરૂપણ કર્યું તે ખરૂં છે, અને તમારાં વચનો પણ અમને યથાર્થ લાગે છે. ૨૨ પ્રાણીમાત્રમાં એટલે કે મારામાં, ભાઈઓમાં, સંબંધીઓમાં અને દ્વારકાના રહેવાસીઓમાં પણ તમારે એવીજ બુદ્ધિ રાખવી યોગ્ય છે. ૨૩ આકાશ, વાયુ, તેજ, જળ, અને પૃથ્વી એ પાંચ મહાભૂત જેમ તેમનાથી ઉત્પન્ન થયેલા પદાર્થોમાં અનેકરૂપે જણાય છે, તેમ આત્મા પણ પોતામાંથી ઉત્પન્ન થયેલા દેહોમાં અનેકરૂપે જણાય છે, વસ્તુતઃ કંઈ નથી, પણ પંચમહાભૂત છે, તેમ દેહ નથી પણ આત્મા છે. પ્રકાશ છતાં અપ્રકાશ્ય, નિત્ય છતાં અનિત્ય, અને અભિન્ન છતાં ભિન્નરૂપે તે જણાય છે, એટલુંજ નહિ, પરંતુ નિર્ગુણ છતાં સગુણ અને વ્યાપક છતાં પરિછિન્ન લાગે છે. આત્મા સર્વત્ર એક છે, છતાં તે ભિન્ન લાગે છે તેનું કારણ માત્ર માયાજ છે. ૨૪-૨૫

શ્રીશુકદેવજી કહે છે--હે રાજા! પુત્રનાં આવાં વચન સાંભળ્યાથી જેમની ભેદબુદ્ધિ મટી ગઈ હતી એવા વસુદેવજી મૌન થઇ રહ્યા, ૨૬ ત્યારે પ્રેમથી ગદ્દગદ થઇ ગયેલાં દેવકીજીએ—ગુરૂના મુવેલા પુત્રને લાવી આપનાર પોતાના પુત્ર કૃષ્ણ બળદેવને પોતાની પાસે બોલાવી કંસે મારી નાખેલા પોતાના પુત્રોને સંભારી રોતાં રોતાં કહ્યું કે-૨૭-૨૮

દેવકીજી કહે છે—હે પ્રમાણમાં ન આવી શકો એવા રૂપવાળા બળદેવ! હે યોગેશ્વરના ઇશ્વર શ્રીકૃષ્ણ! તમે બે જણ મોટા પરાક્રમી અને આદિ પુરૂષ છો. ૨૯ સત્વગુણનો લય થતાં શાસ્ત્રની મર્યાદાનું ઉલ્લંઘન કરી અવળે માર્ગે ચાલનારા રાજાઓને હણી તમે પૃથ્વીનો ભાર ઉતારવા માટે મારે પેટ જન્મ લીધો છે તે હું જાણું છું. ૩૦ જેની માયાને લીધે જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય થાયછે,એવા હે આદ્ય પુરૂષ! હું તમારે શરણે આવેલી છું. ૩૧ ઘણા કાળથી મરણ પામેલા ગુરૂના પુત્રોને તમે યમની પાસેથી આણી આપી ગુરૂદક્ષિણા અર્પણ કરી હતી,તો હે વિશ્વાત્મા! કંસે મારી નાંખેલા મારા પુત્રોને આણી આપીને મને પણ રાજી કરો. મારી એ ઇચ્છા પૂર્ણ કરો. ૩૨-૩૩

શ્રી શુકદેવજી કહે છે--હે રાજન! માતાની આવી ઇચ્છા જાણીને શ્રીકૃષ્ણ બળદેવ પોતાની યોગવિદ્યાના બળથી સુતળ નામના પાતાળમાં ગયા. ૩૪ પોતાના ઇષ્ટદેવ શ્રીકૃષ્ણ પરમાત્માને પોતાને ઘેર આવેલા જોઇ ઘણા કાળથી જેમનાં દર્શનની ઇચ્છા હતી, તેમને પગે પડતાં સુતળના અધિપતિ બળિરાજાએ ભગવાનના પગ ધોઇ જગતને પાવન કરનારૂં તે જળ પરિવાર સાથે પોતાના મસ્તક ઉપર ચઢાવ્યું. ૩૫-૩૬ ધૂપ, દીપ અને પૂજાની સર્વ સામગ્રીથી તેમણે ભગવાનની વિધિ સહિત પૂજા કરી. ૩૭ પછી પ્રેમથી ગદ્દગદ થઇ ગયેલા બળિરાજાએ પગ તળાંસતાં

તળાંસતાં ભગવાનને નીચે પ્રમાણે કહેવા માંડ્યું:—૩૮

બળિરાજા કહે છે—હે બળભદ્રજી! મોટા શેષનાગ રૂપ આપને તથા યોગમાયાને વિસ્તારનાર, સાંખ્યને પ્રકટ કરનાર પરમાત્મા એવા શ્રીકૃષ્ણ ભગવાનને હું પ્રણામ કરૂં છું. ૩૯ આપનાં દર્શન દુર્લભ છે, તેમ છતાં કેટલાકને સુલભ પણ છે; કેમકે રજોગુણ તથા તમોગુણવાળા અમને તમે સહજ દર્શન આપ્યું છે. ૪૦ દૈત્ય, દાનવ, પિશાચ, સિદ્ધ, વિદ્યાધર, ભૂત, પ્રેત વગેરે ઉચ્ચ નીચ સર્વને તમે દર્શન આપોછો. જો કે તેઓ શુદ્ધ, સત્વગુણી, વેદમુર્તિ એવા આપની સાથે વેર રાખનારા અને અનીતિને માર્ગે ચાલનારા છે, તોપણ વેર રાખનારાઓને પણ તમે દર્શન આપો છો, માટે આપનાં દર્શન કેવળ દુર્લભ છે એમ કહી શકાય નહી. સત્વગુણવાળા દેવતાઓ પણ આપના સ્વરૂપને પામતા નથી. તમારી માયાને કોઇ જાણી શકતું નથી; યોગેશ્વરો પણ તેનો પાર પામતા નથી, તો પછી અમે તેને કેમ જાણી શકીએ? ૪૩-૪૪ આપ મારા ઉપર એવી કૃપા કરો કે જેથી હું આ ઘરરૂપી ઊંડા કુવામાંથી નીકળી જેની તળે એની મેળે ફળ પડેલાં હોય એવા વૃક્ષના મૂળનો આશ્રય લઇ શકું; અને ત્યાં મહાત્મા પુરૂષોની સાથે રહું. ૪૫ આપ અમને આજ્ઞા કરી નિષ્પાપ કરો. હે સર્વાત્મા! આપની આજ્ઞા પાળનારો પુરૂષ વિધિ નિષેધના બંધનથી મુક્ત થાય છે. ૪૬

શ્રી ભગવાન બોલ્યા—સ્વાયંભુવ મન્વન્તરમાં મરિચી ઋષિને ઉર્ણા નામની સ્ત્રીથી છ દેવપુત્રો થયા હતા, તેઓએ બ્રહ્માને પોતાની પુત્રી ઉપર મોહ પામેલા જોઈ હાસ્ય કર્યું હતું. ૪૭ આ પાપથી તેઓ રાક્ષસયોનિ પામીને હિરણ્યકશિપુના પુત્રો થયા હતા. એ પાછળથી યોગમાયાના બળેથી દેવકીજીને પેટે જન્મ્યા હતા અને કંસે તેમને મારી નાંખ્યા હતા. એ છ જણ તમારી પાસે છે, અને દેવકીજી તેનો શોક કરે છે, માટે અમો તેમને લઈ જઇએ છીએ. સ્મર, ઉદ્‌ગીથ, પરિષ્વંગ, પતંગ, ક્ષુદ્રભૃત, અને ઘૃણી એ છ જણ ત્યાં રહી દેવત્વને પામશે અને છેવટે મારી કૃપાથી મોક્ષ મેળવશે. ૪૮-૫૧

શ્રી શુકદેવજી કહેછે—આ પ્રમાણે બળિરાજાને કહીને શ્રીકૃષ્ણ બળદેવ પેલા છ જણને લઇ દેવકીજી પાસે આવ્યા. ૫૨ પોતાના પુત્રોને આવેલા જોઇ પ્રસન્ન થયેલાં માતા તેમને પોતાના ખોળામાં બેસાડી સ્નેહને લીધે વારંવાર તેમનાં મસ્તક સુંઘવા લાગ્યાં. ૫૩ સૃષ્ટિને ચલાવનાર ભગવાનની માયાથી મોહ પામેલાં દેવકીજીના સ્તનમાં પાનો ચડી આવ્યો અને વાત્સલ્ય વરસ્યું. શ્રીકૃષ્ણે ધાવતાં બાકી રહેલું દેવકીજીનું અમૃત જેવું દૂધ પીવાથી તે છ જણ આત્મજ્ઞાન પ્રાપ્ત કરી સર્વને પ્રણામ કરીને બ્રહ્મલોકમાં ગયા. ૫૪-૫૬ મુવેલા પુત્રો આવ્યા અને પાછા ગયા તેથી દેવકીજીને માયાનું જ્ઞાન થયું. ૫૭ હે રાજન્! ભગવાનનાં આવાં અદ્‌ભુત પરાક્રમ અસંખ્ય છે. ૫૮ સૂતજી શૌનકને કહેછે—શુકદેવજીએ વર્ણવેલાં, પાપનો નાશ કરનારાં અને ભક્તોના કાનનાં આભૂષણો રૂપ શ્રીકૃષ્ણ પરમાત્માનાં અદ્‌ભુત પરાક્રમને જે શ્રદ્ધા માણસ પૂર્વક સાંભળે છે તે માણસ સર્વદા નિર્ભય સ્થાનને પામે છે. ૫૯

यइदमनुशृणोति श्रावयेद्वा मुरारे।
श्चरित ममृतकीर्तेर्वर्णितं व्यासपुत्रैः॥
जगदघभिदलं तद्भक्तसत्कर्णपुरं।
भगवति कृतचित्तो याति तत्क्षेम धाम॥

ઇતિશ્રી ભાગવત મહાપુરાણના દશમસ્કંધ ઉત્તરાર્ધમાં “શ્રીકૃષ્ણ બળદેવે પોતાની માતાને જયેષ્ઠ બંધુઓ લાવી આપ્યા” એ નામનો ૮૫ મો અધ્યાય સંપુર્ણ.

અધ્યાય ૮૬ મો.

અર્જુને કરેલું સુભદ્રાનું હરણ.

राजोवाच.

ब्रह्मन्वेदितु मिच्छामः स्वसारं रामकृष्णयोः॥

यथोपयेमे विजयो या ममासीत् पितामही ॥१॥

પરીક્ષિત રાજા પૂછે છે--હે મુનિ! શ્રી કૃષ્ણ બળદેવનાં બેહેન અને મારાં દાદી સુભદ્રાજીને અર્જુન કેવી રીતે પરણ્યા હતા? તે કથા આપ મને સંભળાવો. ૧

શુકદેવજી બોલ્યા-હે રાજન્! તીર્થયાત્રા કરતા કરતા અર્જુન પ્રભાસપાટણ ગયા. ત્યારે તેમના સાંભળવામાં આવ્યું કે વસુદેવની પુત્રી સુભદ્રાનું લગ્ન બળદેવજીદુર્યોધનનીસાથેકરનાર છે; પરંતુ બીજા સંબંધીઓને તે વાત ગમતી નથી. તે ઉપરથી કન્યા મેળવવાની ઈચ્છાથી અર્જુન ત્રિદંડી સંન્યાસીનો વેશ ધારણ કરીને દ્વારિકાં ગયા ૨-૩ ચોમાસાના ચાર મહિના ત્યાં રહ્યા. યાદવો અને બળભદ્ર તેમને ન ઓળખતાં સન્માન કરવા લાગ્યા. ૪ એકવાર બળરામ ભિક્ષા કરાવવા માટે તેમને પોતાને ઘેર તેડી ગયા, ત્યારે અર્જુને વરયોગ્ય થયેલી અને પ્રફુલ્લ નેત્રવાળી તે કન્યાને ઘરમાં જોઇ કન્યાનું સ્વરૂપ જોઇ અર્જુનને તેના ઉપર રતિની કામની ઉત્પન્ન થઇ. ૫-૬ એટલુંજ નહિ પણ સ્ત્રીઓના હૃદયમાં પેશી જાય એવા અર્જુનની સામું જોઇ તે કન્યા પણ મંદ મંદ હસવા લાગી. મનથી, નેત્રથી અને હૃદયથી સુભદ્રાજી અર્જુનમાં રમણ કરવા લાગ્યાં. ૭ ભિક્ષા કરી આશ્રમમાં ગયા પછી અર્જુનને પણ સુભદ્રા ઉપરના પ્રેમને લીધે શાંતિ વળી નહિ, તેમનું મન નવજોબનવતી કન્યામાં લાગી રહ્યું. ૮ પછી એકવાર દેવયાત્રાના પ્રસંગમાં તે કન્યા રથમાં બેશીને બહાર ગઈ, ત્યારે શ્રીકૃષ્ણ અને બીજાઓના અભિપ્રાયથી અર્જુને તેનું હરણ કર્યું. ૯ રક્ષક યોદ્ધાઓ અર્જુનની સામે થયા તેમને બાણોના મારથી પાછા હઠાવ્યા, અને સિંહ જેમ પોતાનો ભાગ લઇ ચાલ્યો જાય તેમ સુભદ્રાનું હરણ કરીને તે ચાલ્યા ગયા. ૧૦ જેમ પૂનેમને દિવસે સમુદ્ર ક્ષોભ પામે છે, તેમ આ વાત સાંભળી બળરામનું મન ક્ષોભ પામ્યું, પણ શ્રીકૃષ્ણ ભગવાન વગેરેએ તેમને શાંત પાડયા. ૧૧ પ્રસન્ન થયેલા બળરામે પછી સત્કારથી તે યદુવરને રથ, હાથી, ઘોડા, દાસ, દાસીઓ વગેરેની પેહેરામણી આપી. આ પ્રમાણે સુભદ્રાને પરણીને અર્જુન દ્વારકાંથી ગયા ૧૨

હે રાજન્! વિદેહ દેશમાં શ્રુતદેવ નામનો એક બ્રાહ્મણ રહેતો હતો. તે સંતોષી, શાંત સ્વભાવનો, વિદ્વાન, વૈરાગ્યવાન અને ભગવાનનો પરમભક્ત હતો. તે ઉદ્યમ વિના પોતાને જે કંઇ આવી મળે તે ઉપર પોતાની આજીવિકા ચલાવતો હતો. ૧૩-૧૫ મિથિલા નગરીનો રાજા બહુલાશ્વ પણ જનકના વંશમાં ઉત્પન્ન થયેલો અને તેના જેવોજ બ્રહ્મજ્ઞાની હતો. શ્રુતદેવ અને રાજા બેઉના ઉપર ભગવાનને ઘણો ભાવ હતો, ૧૬ તેથી એકવાર દારૂકની પાસે રથ જોડી મંગાવી નારદ, વામદેવ, અત્રિ, પરશુરામ, વેદવ્યાસ, મૈત્રેય, કણ્વ અને અરૂણિ વગેરે ઋષિઓની સાથે શ્રીકૃષ્ણ મિથિલા નગરીમાં ગયા. માર્ગમાં સઘળા લોકોએ પોતાના હાથમાં અર્ધ્ય લઈ તેમની પૂજા કરી સત્કાર આપ્યો. ગ્રહોની સાથે ઉગેલા સૂર્યને જેમ લોક માન આપે છે, તેમ ભગવાનને માન આપ્યું. ૧૭-૧૯ અને આનર્ત, કુરૂ, મધુ, કેકય, કોશલ, ધન્વ, જાંગલ, કંક, મત્સ્ય, પાંચાલ, કુન્તિ અને ઋષણ દેશના રાજપુરૂષો અને સ્ત્રીઓ તેમના મનોહર રૂપનું પાન કરવા લાગ્યાં. ૨૦ લોકને પોતાનાં દર્શનથી આનંદ અને આત્મજ્ઞાન આપતા ભગવાન ધીરે ધીરે પોતાની કીર્તિનો લોકમાં પ્રકાશ પાડતા મિથિલામાં પધાર્યા. ૨૧ નગરના તમામ લોકો મોટી કીર્તિવાળા ભગવાન તથા જેમની કીર્તિ દિગંતમાં ગાજી રહેતી હતી એવા મુનિઓની સામા આવી ઘણાજ પ્રેમથી પ્રફુલ્લિત થઇ તેમને સત્કાર આપી પગે લાગ્યા. ત્યાર પછી બહુલાશ્વ રાજા અને શ્રુતદેવ બ્રાહ્મણ પણ આવી

તેમના ચરણમાં પડયા, ૨૨-૨૪ તે બંને જણે એક સાથે હાથ જોડી બ્રાહ્મણો સહિત ભગવાનને આતિથ્યસત્કાર માટે નિમંત્રણ કર્યાં. ૨૫ બેઉ જણના આમંત્રણને માન્ય રાખવા માટે તેમને ખબર પડે નહિ તેવી રીતે ભગવાન બે જુદાં જુદાં સ્વરૂપથી તેઓને ઘેર ગયા. ૨૬ બહુલાશ્વ રાજાએ પ્રસન્ન અંતઃકરણથી ભગવાનને ઉત્તમ આસન ઉપર બેસાડી તેમની સેવા કરી તથા પૂજાના પદાર્થોથી પૂજા કરી પગ પખાળીને તે જળ પોતાના તથા કુટુંબનાં માણસોના મસ્તક ઉપર ચઢાવ્યું. અન્નપાનાથી ભગવાન તથા તેમની સાથે આવેલા મુનિઓ વગેરેનું સન્માન કર્યા પછી બહુલાશ્વ રાજા ભગવાનના ચરણ તળાંસતાં તળાંસતાં તેમને નીચે પ્રમાણે કહેવા લાગ્યોઃ—૨૭-૩૦

બહુલાશ્વ કહેછે—હે પ્રભુ! આપ પ્રાણીમાત્રને ચેતના આપનાર સર્વના સાક્ષી અને સ્વયંપ્રકાશ છો, અને અમો તમારાં ચરણકમળની ભક્તિ કરનાર દીનજન છીએ, તેને આપે દર્શન આપી મોટો અનુગ્રહ કર્યો છે. ૩૧ આપના ભક્તના જેટલાં લક્ષ્મીજી તથા શેષનાગ પણ આપને પ્રિય નથીએ વાત ખરીછે. ૩૨ આપ, મુનિઓ કે જેમની પાસે કંઈ હોતું નથી તેને અનુસરો છો, અને મોટા ધનવાન લોકને દર્શન પણ આપતા નથી. ૩૩ યદુવંશમાં ઉત્પન્ન થઈ લોકના જન્મ મરણનાં દુઃખ ટાળવા માટે આપે અનેક સત્કર્મ કરી આપની કીર્તિ સઘળા લોકમાં વિસ્તારી છે. આપ ભગવાનને હું પ્રણામ કરૂંછું. આપ આ મુનિજન સાથે મારા ઘરમાં વાસ કરો અને અમારા કુળને પવિત્ર કરો. ૩૪-૩૬

શ્રી શુકદેવજી કહે છે—આ પ્રમાણે રાજાની પ્રાર્થનાથી ભગવાન મિથિલા નગરીમાં લોકોનું કલ્યાણ કરવાને રહ્યા. ૩૭ રાજાએ જેમ ભગવાનનું આતિથ્ય કર્યું, તેમ પેલા બ્રાહ્મણે પણ તેમને પોતાને ઘેર લાવી નાચી કુદીને પોતાનો આનંદ બતાવ્યો. ૩૮ અને ઘાસની સાદડીઓ ઉપર તેમને આસન આપી સત્કાર નાંમધુર વચનવડે તેમની સેવા કરી. ઉત્તમ જળથી તેણે ભગવાનના ચરણામૃતના જળથી સમસ્ત ઘરનાં માણસોને સ્નાન કરાવ્યું. ૩૯-૪૦ પછી ફળ, પૂજાની સામગ્રી, શીતળ તથા મીઠાં જળ, સુગંધવાન મૃત્તિકા, તુળસી, દર્ભ, કમળ, સદ્‌ગુણ વધારનારૂં અન્ન વગેરે પૂજાના ઉપચારથી તેણે ભગવાનની આરાધના કરી. ૪૧ પછી તે મન સાથે વિચારવા લાગ્યો કે-હું તો ઘર રૂપી ઉંડા કુવામાં પડેલોછું, તેમ છતાં સર્વ તીર્થમય ચરણરજવાળા શ્રીકૃષ્ણનો તથા તેમનો જેઓનામાં નિવાસ છે એવા બ્રાહ્મણોનો મને કયા પુણ્યથી મેળાપ થયો હશે! ૪૨ એ પ્રમાણે વિચારી, આતિથ્યસત્કાર કરેલા તથા સુખે બેઠેલા મહાત્માઓની પાસે પોતાની સ્ત્રી, પુત્રો તથા સ્વજનો સાથે બેસીને શ્રીકૃષ્ણ ભગવાનનાં ચરણકમળ તળાંસતો તે શ્રુતદેવ બોલ્યો કે-૪૩

શ્રુતદેવ કહે છે—હે ભગવાન! આપ પરમ પુરૂષ આજે જ અમને મળ્યા એમ નથી; પરંતુ જ્યારથી આપે આ સૃષ્ટિને ઉત્પન્ન કરીને તેમાં પ્રવેશ કર્યો છે, ત્યારથીજ આપ અમને મળેલા છો. ૪૪ સ્વપ્નામાં પડેલો પુરૂપ જેમ બીજો દેહ કલ્પી તેમાં પોતે પેઠેલો માને છે, તેમ આપ યોગમાયાના બળથી આ જગતની રચના કરી તેમાં પેઠા હો એમ દેખાઓછો. ૪૫ આપની નિરંતર ભક્તિ કરનારને, આપનું શ્રવણ કીર્તન અને નિદિધ્યાસન કરનારને આપ હૃદયમાં દર્શન આપો છો, પણ મને તો તમે પ્રત્યક્ષ દર્શન આપ્યુંછે, તેથી હું મારાં અહોભાગ્ય માનુંછું. ૪૬ આપ સર્વના હૃદયમાં રહેલા છો, છતાં અહંકારીઓથી તમેદૂર રહેલાછો, દેહાદિકના અભિમાન રહિત થયેલા પુરૂષોને તમે મોક્ષ આપનાર છો, અને માયાની ઉત્પત્તિના કારણરૂપ પણ આપછો. તેમને હું પ્રણામ કરૂંછું. આપનાં દર્શનથી અમારા તમામ ક્લેશ જતા રહ્યા છે. ૪૭-૪૯ શ્રુતદેવનાં આવાં વચન સાંભળવાથી પ્રસન્ન થયેલા ભગવાન તેનો હાથ પોતાના હાથમાં લઇ લોકોને અનુગ્રહ કરવા માટેનીચે પ્રમાણે કહેવા લાગ્યાઃ—૫૦

શ્રી ભગવાન કહે છે—હે બ્રાહ્મણ! હે ભક્ત! આ મુનિઓ તમારા ઉપર કૃપા કરી અત્રે પધારેલા છે, તેમને તમે માન આપો. જેમના ચરણની રજથી આ લોક પવિત્ર થાય છે એવા આ મુનિઓ મારી સાથે ફરે છે. ૫૨ દેવતાઓ, તીર્થો અને ક્ષેત્રો કાળે કરીને પવિત્ર કરે છે, પણ આ મુનિઓ તો માણસને પોતાનાં દર્શન માત્રથી પવિત્ર કરે છે. ૫૨ આ જગતમાં સર્વ પ્રાણીમાં બ્રાહ્મણ સર્વોત્તમ છે; તેમાં પણ તપ, વિદ્યા અને સંતોષ વાળો હોય તે તો ઘણોજ ઉત્તમ છે. ૫૩ મારૂં સ્વરૂપ પણ મને બ્રાહ્મણના જેટલું પ્રિય નથી, બ્રાહ્મણ દેવમય, વેદમય, અને મારા સ્વરૂપમયછે, માટે મને તે અધિક પ્રિયછે. ૫૪ દુર્બુદ્ધિવાળા લોકો આવી સમજ ન હોવાને લીધે મને માન આપી બ્રાહ્મણોની અવગણના કરે છે. ૫૫ બ્રાહ્મણ તો સ્થાવર જંગમ સઘળું જગત ઈશ્વરમય છે એમ બ્રહ્મદૃષ્ટિ કરીને પોતાના ચિત્તમાં જાણે છે. ૫૬ માટે તમે મારા ઉપર વિશ્વાસ રાખી આ બ્રાહ્મણોનું પૂજન કરો. ઘણા વૈભવોથી મારૂં પૂજન કરવા છતાં પણ જો તેમનુ પૂજન ન થાય તો હું મારૂં પૂજન થયું એમ માનતો નથી. ૫૭

શ્રી શુકદેવજી કહે છે—હે રાજન્! શ્રીકૃષ્ણ ભગવાનના કહેવાથી બ્રાહ્મણોની આરાધના કરી તે શ્રુતદેવ બ્રાહ્મણ શુભગતિ પામ્યો. અને મિથિલાધિપતિ પણ ભક્તિથી જીવન્મુક્ત થયો. ૫૮ ભગવાને ત્યાં રહી એ બેઉ ભક્તોને કર્મકાંડ, ઉપાસનાકાંડ, અને જ્ઞાનકાંડની વાત સમજાવી. અને પછી તે સર્વનો સત્કાર પામતા પાછા દ્વારકામાં પધાર્યા. ૫૯

एवं स्वभक्तयोराजन् भगवान् भक्तभक्तिमान् ।
उषित्वादिश्य सन्मार्गं पुनर्द्वारवतीमगात् ॥

ઇતિશ્રી ભાગવત મહાપુરાણના દશમસ્કંધ ઉત્તરાર્ધમાં ભગવાને " બહુલાશ્વ તથા શ્રુતદેવ ઉપર અનુગ્રહ કર્યો " એ નામનો ૮૬ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૮૭ મો.

વેદોએ કરેલી નિર્ગુણ બ્રહ્મની સ્તુતિ.

परीक्षिदुवाच.

ब्रह्मन् ब्रह्मण्य निर्देश्ये निर्गुणे गुणवृत्तयः ॥
कथं चरंति श्रुतयः साक्षात् सदसतः परे ॥

પરીક્ષિત રાજા પૂછેછે—હે મહારાજ! તમે કહ્યું કે—" વેદ જે પ્રકારે બ્રહ્મનું પ્રતિપાદન કરેછે, તે પ્રકારનો ઉપદેશ કરીને ભગવાન પાછા દ્વારકાં પધાર્યા, પણ શબ્દરૂપ વેદની પ્રવૃત્તિ પરબ્રહ્મમાં થવી ઘટતી નથી. કેમકે મુખ્યા, લક્ષણા અને ગૌણી એ ત્રણ પ્રકારની વૃત્તિઓથી શબ્દની પ્રવૃત્તિ થાયછે. મુખ્યા વૃત્તિ પણ બે પ્રકારની છે, રૂઢિ અને યોગ. જે વસ્તુ સ્વરૂપ, જાતિ અથવા ક્રિયાગુણથી નિર્દેશ કરવા યોગ્ય હોય તેમાં રૂઢિની પ્રવૃત્તિ થાય છે, જેનું સ્વરૂપ, જાતિ, ક્રિયાગુણથી નિર્દેશ કરવા યોગ્ય ન હોય તેમાં એનો સંભવ હોઇ શકતો નથી. તે બ્રહ્મતો જાતિ, ગુણ, ક્રિયા અથવા સ્વરૂપથી નિર્દેશ નથી હોતો, તેથી બ્રહ્મમાં રૂઢિની પ્રવૃત્તિ હોઇ શક્તી નથી. અને તે કાર્ય તથા કારણથી પર અને અસંગ હોવાથી યોગવૃત્તિનો પણ સંભવ હોઈ શકતો નથી. અને લક્ષણામાં સંબંધની આવશ્યકતા છે, બ્રહ્મ સર્વ સંબંધથી રહિત છે. માટે લક્ષણાવૃત્તિનો પણ સંભવ હોઇ શકતો નથી. તેમજ ગૌણી વૃત્તિથી પણ પ્રવૃત્તિનો સંભવ ઘટતો નથી- કેમકે શ્રુતિઓ કદાચિત ગુણનું નિરૂપણ કરે, પણ પરબ્રહ્મ સ્વયં નિર્ગુણ છે, માટે તેથી બ્રહ્મનું નિરૂપણ થઇ શકતું નથી. તો પછી પરબ્રહ્મને શ્રુતિઓ શી રીતે પ્રતિપાદન કરે છે? તે મને કહો. ૧

શ્રી શુકદેવજી કહે છે—હે પરીક્ષિત રાજા! નિત્યમુક્ત, સર્વજ્ઞ અને સર્વ શક્તિમાન્ ભગવાને પ્રલય કાળે પોતાને વિષે લીન થયેલા જીવોને વિષયભોગરૂપ અર્થ, જન્મથી માંડીને કર્મ કરવારૂપ ધર્મ, પરલોકમાં મોકલીને તે તે લોકના સુખ ભોગરૂપ કામ અને ક-

કલ્પનાની નિવૃત્તિરૂપ મોક્ષ પુરૂપાર્થ આપવાને માટે બુદ્ધિ, ઇંદ્રિય, મન તથા પ્રાણની રચના કરી છે. જો તેમ ન હોય તો અર્થ, ધર્મ તથા કામની પ્રાપ્તિ થઇ શકતી નથી. અને સ્વરૂપનો વિચાર નહી થઇ શકવાને લીધે મોક્ષ થવાનો પણ સંભવ નથી. 'सर्वज्ञः सर्वशक्तिमान्' એ લક્ષણનું નિરૂપણ કરનારી શ્રુતિ સગુણ બ્રહ્મનું નિરૂપણ કરેછે અને જીવોના સંસારની નિવૃત્તિને માટે 'तत्त्वमसि' તે તું છે, એ વાક્ય ઇશ્વરની ઇશ્વરતા પ્રતિપાદન કરે છે. એમાં નિત્યમુક્ત ઇશ્વરનો વાચક તત પદ અને સંસારી જીવનો વાચક त्वं પદનું સામાનાધિકરણ્ય પ્રતિત થાય છે, તત્ પદ તો સર્વજ્ઞાદિ ગુણવાળા ઇશ્વરનો વાચક છે, અને त्वं પદ અલ્પજ્ઞાદિ ગુણવાળા પદાર્થનો વાચક છે. એ પરસ્પર વિરૂદ્ધ ગુણવાળા શબ્દોમાંથી પરસ્પર વિરૂદ્ધરૂપ અંશનો ત્યાગ કરવાથી પ્રાપ્ત ચૈતન્યરૂપ સમાન અંશ ગ્રહણ કરીને તત્ त्वं એ બન્ને પદ બ્રહ્મરૂપ એક અર્થનું પ્રતિપાદન થઇને એકતાનું નિરૂપણ કરી શુદ્ધ બ્રહ્મનું કથન કરે છે. અને अस्थूलमनण्वह्रस्वं ઇત્યાદિ નિષેધનું નિરૂપણ કરનારી શ્રુતિ તત્પદાર્થનું શોધન કરવામાં ચરિતાર્થ થઇ ઉપાધિના નિષેધથી સાક્ષાત્ નિર્ગુણ બ્રહ્મમાં પર્યવસાન થાય છે. ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયનું પ્રતિપાદન કરનારી શ્રુતિ પણ આવાગમનરૂપ સૃષ્ટિનું નિરૂપણ કરી તેનાથી વૈરાગ્ય રૂપ જ્ઞાનનાં સાધનોનો ઉપદેશ કરે છે, અને જ્ઞાનના પરંપરા સંબંધથી બ્રહ્મનુંજ પ્રતિપાદન કરે છે. ઉપાસનાનું નિરૂપણ કરનારી શ્રુતિ ઉપાસનાદ્વારા અંતઃકરણ શુદ્ધ કરીને જ્ઞાનનાં સાધનોનો ઉપદેશ આપે છે, અને જ્ઞાનદ્વારા બ્રહ્મનુંજ પ્રતિપાદન કરે છે. એ માટે સર્વ પ્રકારે શ્રુતિઓ બ્રહ્મનુંજ પ્રતિપાદન કરે છે. ૨ આ પ્રમાણે વેદની શ્રુતિઓનો પરબ્રહ્મમાં પ્રવૃત્તિના રહસ્યનો નિર્ણય પૂર્વે સનકાદિક પૂર્વજોએ કરેલો છે. માટે જે પુરૂષ નિષ્કંચન થઇને શ્રદ્ધાપૂર્વક તેનું શ્રવણ મનનાદિક કરશે, તે મનુષ્ય દેહાદિક ઉપાધિનો ત્યાગ કરીને મોક્ષને પામશે. ૩ હે રાજા! આ બાબતમાં હું તમને નારાયણના સંબંધવાળો ઇતિહાસ કહું છું, કે જેમાં નારાયણ ઋષિ અને નારદજીનો સંવાદ છે. ૪

એક દિવસ ભગવાનના પ્યારા નારદજી લોકોમાં ફરતા ફરતા નારાયણ ઋષિનાં દર્શન કરવા માટે નારાયણના આશ્રમમાં ગયા. ૫

હે પરીક્ષિત રાજા! એ નારાયણ ભગવાન્ આ ભરતખંડના લોકોનું કલ્યાણ કરવા માટે તથા તેઓને મુક્તિ આપવા માટે કલ્પના આરંભથી ધર્મ, જ્ઞાન તથા સમ યુક્ત તપ કરી રહ્યા હતા. ૬

કલાપ ગામના નિવાસી મુનિ લોકોથી વીંટાઇને ત્યાં બેઠેલા નારાયણ ઋષિને પ્રણામ કરી નારદજીએ આજ વાર્ત્તા પુછી હતી. ૭

એ આશ્રમમાં સર્વ ઋષિ લોકોના સાંભળતાં નારાયણ ભગવાને નારદજીને તેજ બ્રહ્મવાદનો વિષય કહ્યો, કે જે પ્રથમ જન લોકોના નિવાસી સનકાદિક વચ્ચે થયો હતો. ૮

શ્રી ભગવાન્ કહે છે—હે બ્રહ્માના પુત્ર નારદજી! પૂર્વે જનલોક નિવાસી, બ્રહ્માના મનથી ઉત્પન્ન થયેલા અને બાળ બ્રહ્મચારી ચાર સનકાદિક વચ્ચે બ્રહ્મસત્ર થયો હતો. ૯

તે વખતે તમે તો શ્વેતદ્વીપાધિપતિ અનિરૂદ્ધનાં દર્શન કરવા માટે શ્વેતદ્વીપમાં ગયા હતા, ત્યારે જેમાં સર્વ શ્રુતિઓનું તાત્પર્ય આવી જાય છે, એવો તમે મને જે પ્રશ્ન કરો છો, તેજ પ્રશ્ન ત્યાં પણ થયો હતો. ૧૦

જો કે સનકાદિક ચારે મુનિઓ શાસ્ત્રાભ્યાસ, તપ તથા સ્વભાવથી સમાન છે, અને જેઓને પોતાના મિત્ર, શત્રુઓ તથા સર્વ સમાન છે, તો પણ તેઓએ શ્રવણ કરવાના કૌતુકથી પોતાનામાંથી એકને વક્તા ઠરાવ્યા અને બીજા શ્રોતા થયા. ૧૧

વક્તા થયેલા સનંદન કહે છે-પોતે રચેલા આ જગતને પોતાની શક્તિયોથી પોતાને વિષે લીન કરી, યોગ કરવાને લીધે જાણે શક્તિઓની સાથે સૂતા હોય એમ જણાતા સગુણ બ્રહ્મને, સૃષ્ટિના પ્રારંભમાં, તેમના

પ્રથમ નિઃશ્વાસથી પ્રકટ થયેલી શ્રુતિઓ તેમનું પ્રતિપાદન કરનારાં વાક્યોથી જાગૃત કરવા લાગી. ૧૨

જેમ સૂતેલા ચક્રવર્તિ રાજાને પ્રભાત વેળાએ તેના અનુજીવી બંદીજનો આવીને, તેની યોગ્ય કીર્તિ યુક્ત પરાક્રમો જણાવનારાં વચનોથી જગાડે છે તેમ શ્રુતિઓઈશ્વરનું પ્રતિપાદન કરનારાં વચનોથી આ પ્રમાણે જગાડવા લાગી હતી. ૧૩

શ્રુતિઓ સ્તુતિ કરે છે—હે અજીત! આપનો જય થાઓ. જેમ વ્યભિચારિણી સ્રી પુરૂષોને ઠગવાને માટે હાવ ભાવ વગેરે ગુણો ધારણ કરે છે, તેમ આનંદાદિકનાં આવરણ કરવાને માટે ગુણ ગ્રહણ કરનારી ચરાચર જીવોની અવિદ્યાનો નાશ કરો. માયા આપના વશ્ય હોવાથી સર્વ ઐશ્વર્ય આપને સ્વરૂપથી જ પ્રાપ્ત છે. માટે કોઇ પ્રકારે આપનામાં અવિદ્યા દોષારોપણ કરી શકતી નથી. સર્વ જીવોના અન્તર્યામી અને સર્વ શક્તિયોના પ્રકાશક તો આપજ છો. માટે જીવ જ્ઞાનાદિકની પ્રાપ્તિમાં સ્વતંત્ર નથી; પરંતુ પરતંત્ર છે. અખંડિત જ્ઞાન અને ઐશ્વર્ય–આદિ ગુણવાળા અને જ્ઞાનાદિક શક્તિયોને પ્રકટ કરી જીવોની અવિદ્યા હરનારા આપજ છો. એ વિષયમાં હું (વેદ)જ પ્રમાણ છું. આપ જ્યારે સૃષ્ટિ રચતી વેળા માયાથી ક્રીડા કરો છો ત્યારે તે, સ્વરૂપનું અને સદા સત્ય, જ્ઞાન, અનંત, અને એક સ્વરૂપથી વિરાજો છો, તેથી સદા તે સ્વરૂપનું પણ વેદ જ પ્રતિપાદન કરે છે. ૧૪

મંત્રોમાં ઇંદ્ર અને અગ્નિ આદિ દેવતાઓનું પ્રતિપાદન પણ જોવામાં આવે છે; પરંતુ તે સર્વ આપનાં જ સ્વરૂપ છે. એ પ્રમાણે વિદ્વાન લોકો જાણે છે; કેમકે સર્વનો અપવાદ થતાં આપ જ અવશેષ રહો છો, જેમ ઘટાદિક વિકારની ઉત્પત્તિ અને લય મૃત્તિકામાં જ છે, તેથી ઘટાદિક વિકારનાં અધિષ્ઠાનરૂપ મૃત્તિકા નિરંતર નિર્વિકાર છે. અને ઘટાદિક પદાર્થ તેનાથી જૂદા નથી, તેમ સર્વની ઉત્પત્તિ તથા લય આપનામાંજ થાય છે. તે વિવર્તક અધિષ્ઠાન હોવાથી નિરંતર નિર્વિકાર અને સર્વના ઉપાદાન કારણ આપજ છો, માટે ઇંદ્રાદિકનું પ્રતિપાદન કરનારી શ્રુતિયો પણ વસ્તુતઃ આપનુંજ પ્રતિપાદન કરે છે; કેમકે ઇંદ્રાદિક્ દેવતા આપનાથી ભિન્ન નથી, માટેજ મંત્ર અને મંત્રોના દ્રષ્ટા ઋષિ લોકોનાં મન, વચનનું તાત્પર્ય આપમાંજ છે, પૃથક પૃથક વિકારોમાં નથી, જેમ પૃથ્વી ઉપર ફરનારા પ્રાણી પોતાના પગ પત્થર વા ઇંટ–આદિ વસ્તુ કે જેના ઉપર જીવ ચહાય તેના ઉપર રાખે, પણ તે પગ પૃથ્વી ઉપર નથી એમ કદિ ગણાશે નહિ, તેમ મંત્રો ઇંદ્રાદિકનું પ્રતિપાદન ભલે કરે; પણ વસ્તુતઃ આપનુંજ, પ્રતિપાદન કરે છે. ૧૫

હે ત્રણ ગુણવાળી માયારૂપી મૃગીને નચાવનાર! હે પરમ!! હે સર્વના કારણ!!! આપજ પરમાર્થરૂપ છો, એમ જાણીને વિવેકી પુરૂષ સર્વ લોકોનાં પાપો દૂર કરનારી આપની કથારૂપ અમૃતના સમુદ્રમાં ન્હાઇને પાપ અને દુઃખથી નિવૃત થયેલા છે, જ્યારે આપની કથાથીજ પાપ અને દુઃખની નિવૃત્તિ થાય છે, ત્યારે સ્વરૂપ સ્ફુરણથી અંતઃકરણના રાગાદિક્ ગુણ અને કાળના જરાદિક ગુણ જેના નિવૃત્ત થઇ ગયેલા છે, અને જે- અખંડ આનંદના અનુભવરૂપ આપના સ્વરૂપનું સેવન કરે છે, તેનાં પાપ અને દુઃખ નિવૃત્ત થાય તેમાં તો કહેવુંજ શું? ૧૬

મનુષ્ય આપનું ભજન કરે, તોજ તેનું જીવન સફળ છે, અને જો આપનું ભજન ન કરે તો લુહારની ધમણની પેઠે તેનો શ્વાસ લેવો વ્યર્થ છે. મહત્તત્વ અને અહંકાર–આદિ તત્વ પણ જેના પ્રવેશથી સામર્થ્ય પામીને સમષ્ટિ વ્યષ્ટિરૂપ બ્રહ્માંડને રચે છે, તે પરમાત્માને જે ભજતા નથી, તે કૃતઘ્ન પુરૂષોને કામાદિક ફળ પણ મળતાં નથી, અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય એ પાંચ કોશ કે જે દેહ, પ્રાણ, મન, બુદ્ધિ અને જ્ઞાનરૂપ કહેવાય છે, તેમાં પ્રવેશ કરનારા અનુ- સ્થૂલ હોય તે સમાન આકારવાળા અને ચૈતન્ય આપનારા, જે વેદમાં તે કોશોને ઉપદેશ ક-

રીતે સર્વથી પર, પરબ્રહ્મરૂપ કહેલા છે, તે આપ છો, જો કે આપ તે કોશોમાં અનુસ્યૂત છો, તોપણ આપનું અસંગત્વ મટતું નથી; કારણ કે આપ સ્થૂલ,સૂક્ષ્મ,અન્નમયાદિક કોશોસાક્ષી અને તેનો અપવાદ છતાં પણ અવશેષ રહેનારા અને સત્યરૂપ છો, જેમ બીજનો ચંદ્ર, જે વૃક્ષની ડાળી ઉપર કહેવામાં આવે છે, તે કેવળ શુદ્ધ ચંદ્રને બતાવવાને માટે છે, તેમજ તે પંચકોશોનો વેદમાં જે ઉપદેશ છે, તે કેવળ શુદ્ધસ્વરૂપના નિરૂપણને માટે છે. ૧૭

હે અનન્ત ! ઋષિયોના સંપ્રદાયમાં સ્થૂળ દૃષ્ટિવાળા પુરૂષો ઉદારાશ્રિત મણિપૂર ચક્રમાં રહેલા બ્રહ્મની ઉપાસના કરે છે, અને તેથી જરા સૂક્ષ્મ દૃષ્ટિવાળા અરૂણ વંશના ઋષિ નાડિયોનાં ફેલાવાનાં સ્થાન હૃદયમાં રહેલા આપના કાંઇક સુક્ષ્મ રૂપની ઉપાસના કરે છે, કે જ્યાંથી આપની ઉપલબ્ધિના સ્થાનરૂપ સુષુમ્ણા નાડી મુળાધારથી લઇ, હૃદયના મધ્યમાં થઈ, જ્યોતિર્મય બ્રહ્મરંધ્ર પર્યંત ઉંચે પોહોચેલી છે, કે-જે સુષુમ્ણાને પામીને પ્રાણી પછી કાળના મુખમાં એટલે સંસારમાં પડતો નથી. ૧૮

આપ સર્વનું ઉપાદાન કારણ છો, માટે સર્વથી પ્રથમ સર્વમાં વર્ત્તમાન છો, તેથી આપના બનાવેલા ઊંચ, નીચ અને મધ્યમ-દેહાદિકમાં આપનો પ્રવેશ થવો સંભવે નહિ; તોપણ જાણે તેમાં પ્રવેશ કર્યો હોય, એ પ્રમાણે તે તે દેહાદિકનું અનુકરણ કરતા ન્યૂનાધિક ભાવથી પ્રતીત થાઓછો, જેમ અગ્નિ પોતે તારતમ્ય રહિત છે; તોપણ કાષ્ઠના અનુસાર તે તે કાષ્ઠના જેવો લાંબો, ઓછો, પાતળો તથા સરખો પ્રતીત થાય છે, તેમ આપ પણ ન્યૂનાધિક ભાવ સહિત છો, તો પણ તેને દેહાદિકના અનુસાર ઊંચ, નીચ અને મધ્યમ પ્રકારથી પ્રતીત થાઓ છો, માટે જ આ લોક તથા પરલોકમાં ભોગવવા યોગ્ય કર્મ ફળ રહિત, નિર્મળ બુદ્ધિવાળા લોક મિથ્યાભૂત આ દેહાદિકમાં આપના સ્વરૂપને સત્ય, સમ અને એકરસ જાણીને, ઉપાધિજન્ય ન્યૂનાધિક ભાવનો ત્યાગ કરી, અખંડઐશ્વર્ય સ્વરૂપનીજ ઉપાસના કરેછે. ૧૯

જીવ કે-જે સ્વકર્મોપાર્જીત, અને મનુષ્યાદિક દેહોમાં ભોક્તાપણાથી રહેલો છે, તે સર્વ શક્તિયોના આશ્રય અને પરિપૂર્ણ રૂપ આપના સ્વરૂપભૂતજ છે, એમ કહે છે; કેમકે યથાર્થમાં કાર્ય અને કારણ એ બન્ને સત્તાવાળાં નથી, માટે તેનું આવરણ જીવને સંભવે નહિ. આ પ્રમાણે જીવના તત્ત્વનો નિર્ણય કર્યા વગર પરબ્રહ્મની પ્રાપ્તિ થાય નહિ. માટે આ પ્રકારે જીવના તત્વનો નિર્ણય કરી, જ્ઞાની લોક સંસાર મટાડનારા અને અર્પણ કરેલા કર્મોનાં મુક્તિરૂપ ફળ આપનારા આપનાં ચરણારવિંદનું પરમ વિશ્વાસ પૂર્વક અર્ચન અને વંદનાદિકથી સેવન કરે છે, મૃત્યુ લોકમાં એમ કરવું એ જ ઉચિત છે. ૨૦

હે ઇશ્વર ! કદાચિત્ કોઇ કહેશે કે, ભક્તિ એ તો એક અલ્પ સાધન છે, તો તે કહેવું છેક અયોગ્ય છે; કારણ કે-આપે ન જાણી શકાય એવા આત્મતત્વનું જ્ઞાન જણાવવા માટે અવતાર ધારણ કર્યો છે, તે આપના ચરિત્ર રૂપી મહા અમૃત સાગરમાં સ્નાન કરવાથી શ્રમ રહિત થઇને, કેટલાક વિરલા પુરૂષ જ્યારે મોક્ષ પણ ચહાતા નથી, ત્યારે ઇંદ્ર પદ-આદિના સુખની તો અપેક્ષા જ કેમ કરે ? એ માટે આપના ચરણ કમળમાં હંસની પેઠે ક્રીડા કરતા ભક્ત લોકોની સંગતિથી શ્રવણ કીર્ત્તનાદિકના સુખમાં મગ્ન થઇ, જ્યારે પોતાનાં ઘર-આદિ સુખનો પણ ત્યાગ કરી દે છે, ત્યારે જન્માંતરમાં પ્રાપ્ત થનારા પરલોકના સુખની તો વાતજ શી ? ૨૧

આપની સેવામાં ઉપયોગી થઇ પડે એવું આ શરીર જ્યારે આત્મા,સુહૃદ અને પ્રિયજનની પેઠે સ્વાધીન છે,અને આપ સન્મુખ,હિત, પ્રિય અને આત્મારૂપ હોવાથી સેવવા યોગ્યછો; તો પણ દેહાદિકનું લાલન પાલન કરવાથી પ્રમાદમાં પડેલા લોક આપની સાથે પ્રીતિ કરતા નથી. એ મહા ખેદની વાત છે. દેહાદિકોને લડાવવાની વાસના રાખનારા નીચ લોકો નીચ જન્મ પામીને, મહા ભય

રૂપ સંસારમાં ભટકયા કરે છે, માટે જ તેઓને આત્મઘાતી સમજવા જોઇએ. ૨૨

પ્રાણ, મન તથા ઇંદ્રિયોને નિયમમાં રાખીને, દૃઢ યોગ કરનારા મુનિલોકો જે આપના તત્વની હૃદયમાં ઉપાસના કરે છે, તેજ તત્વનું સ્મરણ કરવાથી આપના શત્રુઓ પણ તે તત્વને પામી ગયા છે. તેમજ શેષ નાગના જેવા લાંબા તમારા ભુજદંડ ઉપર આસક્ત થયેલી સ્ત્રીઓ પણ તેજ તત્વને પામી ગઇ છે, તથા તમારાં ચરણ કમળને ધારણ કરનારી એવી અમે પણ દેશ, કાળ તથા વસ્તુથી અપરિછિન્ન એવા આપના સ્વરૂપને જોઇએ છીએ, માટે આપની કૃપા દૃષ્ટિ સર્વ ઉપર સમાન છે, આપના સ્મરણનો એવો પ્રતાપ છે કે,–જે યોગીજન હૃદયમાં આપની ઉપાસના કરે છે, અને જે અમે આપને અપરિચ્છિન્ન રૂપથી જોઇએ છીએ, જે કામદેવથી આપના અપરિછિન્ન રૂપનું ધ્યાન કરીએ છીએ, અને જે દ્વેષથી આપના પરિછિન્ન રૂપનું ચિન્તવન કરીએ છીએ, તે સર્વ, આપના સ્વરૂપની પ્રાપ્તિ કરાવે છે. ૨૩

હે ભગવાન! આ જગતમાં જેના પછી સર્વ દેવગણ ઉત્પન્ન થાય છે, બ્રહ્મા પણ જે થકી પ્રકટ થયા છે, તે અનાદિ સિદ્ધ આપને, પાછળથી ઉત્પત્તિ અને નાશવાળો કયો પુરૂષ જાણી શકે છે? જે પ્રથમ ઉત્પન્ન થાય છે, તે પછી પ્રકટ થનારનું સર્વ વૃત્તાન્ત જાણે છે, પણ જે પછી પ્રકટ થયો હોય તે પ્રથમ પ્રકટ થયેલા પુરૂષના વૃત્તાન્તને જાણી શકતો નથી, જેમ પિતા, પુત્રના જન્મ વગેરે વૃતાંતને જાણે છે, પણ પુત્ર, પિતાના જન્મ--આદિકનું વૃત્તાન્ત જાણી શકતો નથી. તેમ અહિં પણ પ્રથમ તો આપનાથી બ્રહ્મા ઉત્પન્ન થયા છે. અને તે થકી અધ્યાત્મિક્ તથા આધિદૈવિક્રૂપ દેવતા પ્રકટ થયા છે. તે પછી સર્વ જીવ જંતુ પ્રકટ થયેલા છે. માટે તે સર્વનું વૃત્તાન્ત, આપ પૂર્વે હોવાથી જાણો છો, પણ એ સર્વ આપનાથી અર્વાચીન છે, તેથી આપના વૃત્તાન્તને જાણી શકતા નથી. અને જયારે. આપ સંહાર કરીને પોઢો છો, ત્યારે આકાશાદિક સ્થુળ પદાર્થ, મહત્તત્વાદિક સૂક્ષ્મ પદાર્થ અને તે બન્નેથી ઉત્પન્ન થયેલું શરીર, તેના નિમિત્ત ભૂતકાળનું વૈષમ્ય, ઇંદ્રિયો, પ્રાણાદિક, અને તેનો બોધ કરાવનારાં શાસ્ત્ર, એમાંનું કાંઈ પણ રહેતું નથી; તો પછી જીવ આપના સ્વરૂપને શી રીતે જાણી શકે? તાત્પર્ય એ છે કે–પાછળથી ઉત્પન્ન થયેલ અને દેહાદિક ઉપાધિયોથી જેને ઘણું અંતર પડી ગયું છે, એવા કાળવશથી મલીન સત્વ, જીવોના પ્રલયકાળમાં અંતર પડવાને લીધે કોઈ સાધન ન રહેવાથી આપના સ્વરૂપ જ્ઞાનનું સામર્થ્ય સંભવે નહિ, માટે કેવળ આપનું શરણ લઈ, શ્રવણ–કીર્તનાદિક રૂપ ભક્તિ કરવી, એજ ઉત્તમ ઉપાય છે. ૨૪

વૈશેષિકો કહે છે કે—આ જગત્ મિથ્યા છે, તે પ્રથમ બિલકુલ હતું જ નહિ. યોગ શાસ્ત્રવાળા કહે છે કે-જીવમાં જરાપણ બ્રહ્મત્વ નથી, પણ યોગસાધનથી પાછળથી ઉત્પન્ન થાય છે. નૈયાયિકો કહે છે કે, છ ઇંદ્રિયો, છ પ્રકારનું ઇંદ્રિય જ્ઞાન, છ વિષય, સુખ, દુઃખ અને શરીર એ એકવિશ પ્રકારનાં દુઃખનો નાશ છે, તેજ મોક્ષ છે, સાંખ્યવાળા કહે છે કે-જીવ અને ઇશ્વરમાં ભેદ છે. મિમાંસકો કર્મ ફળને સત્ય કહે છે. એ સર્વનો જુદો જુદો જે ઉપદેશ છે, તે ભ્રમ મુળક છે, પણ તત્વદૃષ્ટિથી નહિ; કેમકે એ સર્વ મત અમારા મતથી વિરૂદ્ધ છે. વસ્તુતઃ આત્મા જો ત્રિગુણમય હોય તો એઓનું કહેવું ઘટી શકે,પણ તેમ તો નથી; કેમકે આત્મા ત્રિગુણમય નથી;માટે જ જે ભેદાદિક કલ્પના કરેલછે, તે કલ્પના આપના સ્વરૂપના અજ્ઞાનથી કલ્પિત છે, અને આપના સ્વરૂપમાં અજ્ઞાનનો લેશ પણ નથી; કેમકે આપ તો અજ્ઞાનથી પર, સંગ રહિત અને જ્ઞાનઘન છો,માટે આપનામાં અજ્ઞાનનું હોવું સંભવતુ નથી. ૨૫

જો અસત્ ઉત્પન્ન ન થાત અને આત્મા ત્રિગુણમય નથી, તો એ સિદ્ધ થયું કે-આ સર્વ પ્રપંચ અને પુરૂષ આપનાથી જરા પણ જુદા નથી, પછી એના સ્વરૂપથી સત્યની

પ્રતિતી થવી શી રીતે સંભવે? મન માત્રથી પ્રતીત થતા આ સર્વ પ્રપંચ અસત્ છતાં પણ એના અધિષ્ઠાનરૂપ આપની સત્તાથી સત્ય પ્રતીત થાય છે,એ વાત કેવળ પાંચ ભૌતિક પદાર્થોમાં જ નથી; પરંતુ જીવની પણ ભિન્ન સત્તા પ્રતીત હોય છે, તે કેવળ મનોમાત્ર વિલસીત છે. આત્મજ્ઞાની લોક આ ભોક્તા અને ભોગ્યરૂપ સર્વ જગતને અધિષ્ઠાન રૂપ આત્માની સત્તાથી જ સત્તાવાળું માનેછે, પણ આત્માથી જુદું સત્તાવાળું માનતા નથી; કેમકે સુવર્ણના વિકારરૂપ કુંડળ વગેરે પદાર્થ સુવર્ણરૂપ જ છે, માટે જ સુવર્ણની ઇચ્છાવાળા લોક તે પદાર્થોનો ત્યાગ કરતા નથી; કેમક તેને તેઓ સુવર્ણ રૂપે જાણે છે, એથી એ નિશ્ચય કરવામાં આવ્યો કે–આપનું બનાવેલું આ જગત્ અને તેમાં પ્રવેશ કરેલ પુરૂષ એટલે કે વ્યષ્ટિરૂપ જીવ પણ આપનું જ સ્વરૂપ છે, આપનાથી ભિન્ન સત્તાવાળો નથી. ૨૬

પરમાત્મા સર્વત્ર વ્યાપક છે, એમ જાણી લેવું અને ભક્તિ ન કરવી એ વાત પણ બની શકતી નથી, પરંતુ તેની સદા ભક્તિ તો કરવી જ જોઇએ; કેમકે આપને સર્વ પદાર્થોમાં રહેલા જાણીને, જે પુરૂષ આપનું સેવન કરે છે, તેજ મૃત્યુનો તિરસ્કાર કરી મૃત્યુના મસ્તક ઉપર પગ મુકીને મુક્તિ પામે છે. આપની ભક્તિથી વિમુખ લોક વિદ્વાન્ હોય, તોપણ તેને આપની વેદરૂપ વાણીથી પશુની પેઠે બાંધી લ્યોછો, અને જે આપના વિષે પ્રેમ રાખે છે, તે પુરૂષ અવશ્ય પોતાને અને બીજાને પણ પવિત્ર કરેછે, પણ વિમુખ લોક તો પોતાને પણ પવિત્ર કરી શકતા નથી, તો પછી બીજાઓની તો વાતજ શી? ૨૭

હે પ્રભુ! આપ ઇંદ્રિયોના સંબંધથી રહિત છતાં પણ સર્વ પ્રાણીઓની ઇંદ્રિયોની શક્તિયોના પ્રવર્ત્તક છો, આપની જ્ઞાનશક્તિ સ્વત:સિદ્ધ હોવાથી આપને ઇંદ્રિયોની અપેક્ષા નથી. તે કારણથી ઇન્દ્રાદિક દેવતા અને તેનાપૂજ્ય બ્રહ્માદિક પણ સંપૂર્ણ માયા સહિત આપની સેવા કરે છે. અને જેમ ખંડપતિ રાજા લોક પોતાની પ્રજાએ આપેલા કર લે છે, અને પોતે ચક્રવર્તિ રાજાને કર આપે છે, તેમ દેવતાઓ મનુષ્યનાં આપેલાં બળિદાન ભોગવી, આપે જે જે કામ તેઓને સોંપેલાં છે, તે તે કામ કરવારૂપ આપના ડરથી આપને અર્પણ કરે છે. ૨૮

હે નિત્યમુક્ત! માયાથી અત્યંત દૂર એવા આપ જ્યારે માયાની સાથે જરા સન્મુખ જોવારૂપ વિહાર કરો છો, ત્યારે આપની દૃષ્ટિથીજ પ્રકટ થયેલ કર્મ અથવા કર્મવાળાં લિંગશરીરોથી સ્થાવર-જંગમ જાતિના જીવ ઉત્પન્ન થાયછે. જો ઉંચ નીચ પ્રકાર-વિષમ સૃષ્ટિ થવામાં તે તે જીવોનાં પ્રાચીન કર્મોને નિમિત્ત માને નહિ, તો મન વાણીથી અગોચર શુન્ય ભાવથી બરાબરી કરનારા આકાશની પેઠે સર્વમાં સમભાવ અને પરમ-દયાળુ આપનામાંથી વિષમ સૃષ્ટિનું થવું સંભવે નહિ; કેમકે આપને કોઈ પોતાનો કે પારકો નથી, માટે આપનું ભજન જ મુખ્ય છે. ૨૯

હે ધ્રુવ! જીવ અનંત, સર્વ વ્યાપક અને નિત્ય છે, એ જે પક્ષ છે, તે અમારાથી વિરૂદ્ધ છે; કેમકે જો વાસ્તવમાં જીવ અનંત, નિત્ય, તથા તે રૂપથી વ્યાપક હોય, તો નિત્ય અને વ્યાપકતાથી તે આપના જેવો થાય, અને જ્યારે બરાબર થઇ જાય, તો પછી આપ તેના નિયંતા હોઇ શકતા નથી, અને જો આ પ્રમાણે નહિ માનીશું તો અવશ્ય આપનાથી તેનું નિયમન સંભવે છે. કેમકે વસ્તુ ઉપાધિથી જે પદાર્થના વિકારરૂપ હોય, તે પદાર્થ તે વસ્તુનો અવશ્ય નિયંતા હોય છે, કેમકે અનુસ્યૂત રહેલો તે પદાર્થ કારણતાથી તે વસ્તુનો ત્યાગ કરતો નથી. અને આપના સ્વરૂપ વિષયમાં 'યત્ તત્' એ શબ્દના વગર કાંઇ પણ કહી શકાય એમ નથી; કેમકે અમે બ્રહ્મને જાણીએ છીએ, એમ જે કહે છે તેઓ બ્રહ્મસ્વરૂપને જરાપણ જાણતા નથી; કેમકે બ્રહ્મ કોઇનો વિષય નથી, અને જે જાણવામાં આવે તે છે, તે અનાત્મ પ-

હાથે છે. ૩૦

પ્રકૃતિ અને પુરૂષનો જન્મ સંભવતો નથી, કારણકે પુરૂષ પ્રકૃતિ અજન્મા છે, તેથી કરીને પ્રકૃતિ પુરૂષના સંબંધથી જીવ જન્મ લેછે. જેમ પાણીમાં પરપોટા થાય છે, તે કેવળ પાણીથી કે પવનથી પણ ઉત્પન્ન થતા નથી, પણ એ બન્નેના સંયોગથી થાય છે, તેમ પુરૂષ પ્રકૃતિના સંયોગથી પ્રાણી ઉત્પન્ન થાય છે. તમે કારણરૂપ ઇશ્વર છો, તમારા વિષે અનેક નામ, રૂપ ગુણયુક્ત જીવ લીન થાય છે. જેમ મધમાં સર્વ પ્રકારનાં ફુલના રસ લીન છતાં વિશેષતાથી દેખાતા નથી. પરંતુ સામાન્યરૂપથી દેખી શકાય છે, તેમજ નિદ્રામાં અને પ્રલયકાળમાં આપના વિષે લય પામેલા જીવ વિશેષ રૂપથી જણાતા નથી. અને મોક્ષ તો આપના નિરૂપાધિક રૂપમાં લીન થનારનો થાય છે, જેમ સમુદ્રમાં સર્વ નદીઓ લીન થાય છે. તેમ તે મુક્તિ દશામાં આપનામાં લીન થઇ જાય છે. ૩૧

જીવોમાં આપની માયાથી વારંવાર જન્મ મરણ રૂપ ભ્રમણ થઇ રહેલા છે, એમ જાણીને, સુબુદ્ધિવાન લોક સંસારથી પાર કરનારા આપનું નિરંતર ધ્યાન કરે છે. માટે જ આપના ભક્ત લોકોને ભય શી રીતે થઇ શકે? કદી થતો નથી; કેમકે જે આપનું શરણ લેતો નથી, તેને આપની ભ્રકુટિ રૂપ કાળનો વારંવાર જન્મ-મરણાદિકરૂપ ભય રહે છે. ૩૨

હે અજીત ! મનનો નિગ્રહ કરવાથી આપનું ધ્યાન થાય છે, અને મનોનિગ્રહ ગુરૂનું શરણ લેવાથી થાય છે. અત્યંત ચંચળ દુષ્ટ મનરૂપી ઘોડો કે-જે ઇંદ્રિયો અને પ્રાણને વશ કરનારાઓથી પણ જીતી શકાતો નથી, તેને જીતવાને જે પુરૂષ ગુરૂનાં ચરણોનો આશ્રય લીધા વગર પ્રયત્ન કરે છે, તે નાના પ્રકારનાં વિઘ્નોથી વ્યાકુળ થઇ, ઉપાયોમાં ખેદ પામી આ સંસાર રૂપ સમુદ્રમાંજ ભુલ્યા ભમે છે. કહ્યું છે કે-જે વ્યાપારી ખલાસીને ન રાખે, તેને અવશ્ય સમુદ્રમાં પડી રહી દુઃખ ભોગવવું પડે છે. ૩૩

જે પ્રાણી આપનો આશ્રય કરે છે, તેના સર્વ સુખના ધામ આત્મારૂપ આપછો, છતાં સ્વજન, પુત્ર, દેહ, સ્ત્રી, ધન, ઘર, પૃથ્વી, પ્રાણ, રથ, ઇત્યાદિક વસ્તુઓનું શું પ્રયોજન છે? સત્ય પરમાર્થરૂપ સુખને નહી જાણતાં સ્ત્રી પુરૂષ રતિસુખને માટે વિચરે છે, તેઓને આ અસાર સંસારમાં આપના વગર બીજો કયો પદાર્થ છે? કે જે આનંદ આપે, કોઇ પણ નથી; માટે આપનુંજ ભજન કરવું ઉચિત છે. ૩૪

અહંકાર તજી દેઇ હૃદયમાં આપનાં ચરણારવિંદનુંજ ધ્યાન કરનારા મુનિ લોકો, કે-જેનાં ચરણોનું જળ પાપનો નાશ કરે એવું છે; તો પણ પૃથ્વીમાં આપના ભજન રૂપ મહાપુણ્ય કરનારા મહાત્મા લોકોના આશ્રમોનું અને અતિ પવિત્ર તીર્થક્ષેત્રનું સેવન કરે છે. પુરૂષના જ્ઞાન વૈરાગ્યનો નાશ કરનારાં ઘરોનું સેવન કરતા નથી. જે ગુરૂના ઉપદેશથી તત્વને જાણી ગયાં છે, અને જેને સારાસારનો વિવેક થઇ ગયો છે, તે સર્વથી વૈરાગ્ય પામી મહાત્મા લોકોની સંગતિથી તે તત્વને સારી રીતે ધારણ કરવાને મહાત્મા લોકોના આશ્રમોનું, તીર્થોનું અને ક્ષેત્રનું સેવન કરે છે; કેમકે આપ જે નિત્યસુખરૂપ આત્મા છો, તેમાં એકવાર પણ જે પુરૂષનું મન લાગી ગયેલું છે, તે કદી પણ ઘર આદિમાં આસક્ત થતો નથી, ત્યારે એવા ઉત્તમ પુરૂષો તો શી રીતે આસક્ત થાય? ૩૫

જેમ સુવર્ણથી ઉત્પન્ન થયેલાં કુંડલાદિક સુવર્ણ જ છે, તેમ આ જગત સત્યથી ઉત્પન્ન થયું છે, તેથી તે સત્ય છે. એમ માનવાથી વ્યભિચાર પ્રાપ્ત થાય છે. જેમ પિતાથી પુત્ર ઉત્પન્ન થાય છે, તે પ્રથમ કેમ મરી જાય છે? તથા પૃથ્વીથી ઉત્પન્ન થયેલા ઘટાદિક કેમ ફુટી જાય છે? એટલા માટે આ જગત મિથ્યા છે. ઉત્પન્ન એટલે ઉપાદાન કારણ નથી, નિમિત્ત કારણ છે. એટલા માટે જેમાં કાંઇ પણ દોષ નથી, તેમાં દોષનું આરોપણ કરીને સમાધાન કરે છે કે-જે વસ્તુ

જે ઉપાદાનથી થઈ હોય, તે વસ્તુ તે ઉપાદાનથી ભિન્ન નથી હોતી, એ પણ નક્કી નથી, કેમકે રજ્જુ રૂપ ઉપાદાનથી થયેલો સર્પ રજ્જુથી જુદોજ હોય છે. રજ્જુ સત્ય અને સર્પ મિથ્યા હોય છે. જો સર્પ સત્ય હોય તો જે પ્રકારે કુંડળનો બોધ નથી થતો તેમ સર્પનો બાધ પણ નથી થતો.

શંકાઃ—રજ્જુથી થયેલા સર્પમાં કેવળ રજ્જુજ ઉપાદાન કારણ નહિ, પણ અજ્ઞાન પણ ઉપાદાન કારણ છે, તેમ ઉપાદાન કારણથી થયેલી વસ્તુનું મિથ્યાપણું થઇ શકે, અને જો કેવળ સત્ય ઉપાદાન કારણથી ઉત્પન્ન થયું હોય, તેનું મિથ્યાપણું સિદ્ધ થતું નથી, એટલા માટે દ્વૈત અસત્ય નથી.

ઉત્તર—એ દ્વૈત પણ સત્યરૂપ બ્રહ્મ અને તેની સાથે અજ્ઞાન રૂપ ઉપાદાન કારણથી થયું છે.

શંકાઃ—એ પ્રમાણે જગત નિત્ય કહ્યું, ત્યારે તે કયા પ્રકારે મિથ્યા છે?

સમાધાનઃ—કર્મફળને નિત્ય કહેવું એ વેદનું તાત્પર્ય નથી. પણ તેનાં વાક્યોથી કર્મની સ્તુતિ કરી છે. જો વેદ કર્મ ફળને નિત્ય માનતા હોય તો જેમ અહીં પરિશ્રમથી ઉત્પન્ન કરેલા પદાર્થ કાળાંતરે ક્ષીણ થઈ જાય છે, તેમ પરલોકમાં પુણ્યનું સુખ કાળાંતરે નાશ પામે છે, એટલા માટે કર્મની શ્રદ્ધાના ભારથી જેની બુદ્ધિ મંદ થઈ ગઈ છે, તેઓને વેદવાણી ગૌણી અને લક્ષણા વૃત્તિમાં નાંખીને ભ્રમિત કરી દે છે, માટે તે આ વેદના તાત્પર્યને યથાર્થ નહી જાણનારી કર્મફળને નિત્ય માને છે. કર્મથી અંતઃકરણ શુદ્ધ થાય છે, એ વાત તેઓ જાણતા નથી. તાત્પર્ય કે-જેમ કરોળિયો પોતાના શરીરમાંથી તાંતણો કાઢીને પાછો પોતે પોતાને વિષે લીન કરી દે છે (ગળી જાય છે), તેમ ઈશ્વર જગતને ઉત્પન્ન કરીને પાછું પોતાને વિષે લીન કરી દે છે, વાસ્તવિક જોતાં શુદ્ધ છે, માટે અદ્વૈત સિદ્ધ છે, દ્વૈત મિથ્યા ભાસે છે. ૩૬ અને બીજા કારણથી સત્ય માનીશું, જગત સત્યછે, કારણ કે-અર્થ ક્રિયાને કરનારોછે, જો ન તેમ હોય તો છીપમાં રૂપાની પ્રતીતી કેમ થાયછે? આના ઉત્તરમાં કહે છે કે-વ્યવહારને માટે અર્થ અને ક્રિયાને માટે ભ્રમ પણ છે. જેમ ખોટા રૂપીઆથી વ્યવહાર ખોઇ બેસે છે, તેમ જગત સત્ય નથી તો પણ અંધપરંપરાથી ભ્રમ ચાલ્યો આવે છે. આ જગત સૃષ્ટિના પુર્વે હતું નહી, પ્રલય પછી પણ રહેશે નહિ; માટે વચમાં પણ આપ જે શુદ્ધ અદ્વૈત રૂપ છો, તેમાં અસત્ય રૂપ જ પ્રતીત થાય છે, એ નક્કી છે. એથી માટી, સુવર્ણ અને લોઢું આદિ પદાર્થોના ઘડો, કુંડળ અને કોદાળિ-આદિ ભેદોના પ્રકારની પેઠે આ દ્વૈત કહેવાય છે. જેમ, ઘડો, કુંડળ અને કોદાળી વગેરે બનેલા આકાર નામ માત્રજ છે, અને તેના કારણરૂપ માટી સુવર્ણ અને લોહ આદિજ સત્ય છે, તેમ આકાશ આદિ કાર્ય નામ માત્ર જ છે, અને તેનું કારણ પરબ્રહ્મ જ સત્ય છે, એમ અમે સ્પષ્ટ કહીએ છીએ. આ પ્રકારે આ દ્વૈતની સત્યતામાં કાંઈ પણ પ્રમાણ નથી. અને મિથ્યાત્વ વિષે પ્રમાણ છે. માટે વ્યર્થ અને કેવળ મનોમાત્ર વિલસિત આ દ્વૈતને જે સત્ય જાણે છે, તે મુર્ખ છે. આ વિષયમાં એવું અનુમાન કરવું જોઇએ કે-દ્વૈત સત્ય નથી;કારણ કે તે આદિ અને અંતમાં રહેતું નથી, વિકારી છે, છે, અને દૃશ્ય છે. જે આદિ અંતમાં ન હોય, વિકારી અથવા દૃશ્ય હોય તે સત્ય હોતું નથી, જેમ છીપમાં માનેલું રૂપું આદિમાં નથી, અને અંતમાં પણ નથી અને વિકારી અથવા દૃશ્ય છે, માટે તે સત્ય નથી. અને જે વસ્તુ-આદિ વા અંતમાં હોય અથવા નિર્વિકાર અને અદૃશ્ય હોય તે અસત્ય હોતી નથી; જેમકે આત્મા દ્વૈતના આદિ અથવા અંતમાં રહે છે, નિર્વિકાર અથવા અદૃશ્ય છે; માટે તે અસત્ય નથી. ૩૭

જ્યારે દ્વૈત એ કાંઈ ચીજજ નથી, ત્યારે તે મિથ્યાદ્વૈતથી ચૈતન્યના સંબંધનો લેશ પણ નથી, એ સિદ્ધ થયું.અનેજયઓ રેશ્ચ

છે, તો પછી જીવ કયા અપરાધથી જન્મ-મરણ પામ્યા કરે છે. અને ઈશ્વર કયા કારણથી નિત્યમુક્ત છે, તથા કર્મકાંડ કયા કારણથી છે? તેના ઉત્તરમાં કહે છે કે-જીવ માયાને વશ્ય થઇ, અવિદ્યાથી આલિંગન કરે છે, તેથી દેહ તથા ઇંદ્રિયો આદિને પોતાનું સ્વરૂપ માને છે. તેથી દેહ અને ઇંદ્રિયાદિકના ધર્મોથી યુક્ત થાય છે તેથી આનંદાદિક ગુણોનું આવરણ થવાથી જન્મ મરણ પામ્યા કરે છે, આપ કે જે નિત્ય પ્રાપ્તૈશ્વર્ય અને અપાર ઐશ્વર્યવાન તથા અષ્ટૈશ્વર્યયુક્ત પરમ ઐશ્વર્યમાં વિરાજમાન છો, માટે આપ તો સર્પ જેમ પોતાનામાં રહેલી કાંચળીને પણ યોગ્ય સમજતો નથી, તેમ આપનામાં રહેલી માયાને પણ આપ ઠીક માનતા નથી, માટે આપ નિત્યમુક્ત છો, માટે જ સઘળાં કર્મકાંડ અવિદ્યા યુક્ત જીવના વિષયમાં છે. ૩૮

હે ભગવાન! જે સંન્યાસી લોક હૃદયગત કામની વાસનાને ઉન્મુલન કરતા નથી, તે દુષ્ટ સંન્યાસીઓને આપ હૃદયમાં વિરાજમાન છતાં પણ મળતા નથી, જેમ ગળાના કંઠાની સ્મૃતિ જતી રહે, ત્યારે ગમે તો તે કંઠમાં પડયો રહે; પરંતુ મળતો નથી, એ પ્રમાણેજ દુષ્ટ સંન્યાસીઓને આપની પ્રાપ્તિ થતી નથીઃ એટલુંજ નહિ; પરંતુ તે પેટભરાઓને આ લોકમાં તથા પરલોકમાં સદા દુઃખજ રહે છે, તેઓને લોકોને પ્રસન્ન રાખવા અને ધન એકઠું કરવું ઇત્યાદિક કલેશ મટતા નથી, અને ભોગના વૈભવ લોકમાં પ્રકટ થઇ જવાનો ભય પણ રહે છે, માટે આ લોકમાં દુઃખ છે, આપના સ્વરૂપની પ્રાપ્તિ ન થવાથી આશ્રમના ધર્મ કે જેનાં આચરણ કરવાં અશક્ય છે, તેનું ઉલ્લંઘન થવાથી નરકમાં પડવાનું થાય છે, એ પરલોકમાં પણ દુઃખ છે. ૩૯

હે ભગવાન! જેને આપનું જ્ઞાન થયું હોય, તે પુરૂષ આપનાથી પ્રગટ થયેલાં પોતાનાં પ્રાચીન પુણ્ય પાપોના ફળ રૂપ સુખ દુખના સંબંધને કાંઇ સમજતા નથી, અને તે સમય દેહાભિમાનીઓના વિષયના વિધિ નિષેધનાં વચનોને પણ મનમાં લાવતા નથી. દેહાભિમાન મટી જવાથી કાર્ય અકાર્યનો સબંધ રહેતો નથી, માટે પુરૂષ વિધિનિષેધના અધિકારી રહેતા નથી. હે સર્વ ઐશ્વર્યવાળા! પ્રતિયુગમાં પ્રગટ થતા સત્-સપ્રદાયોના અનુયાયી જે મનુષ્ય પ્રતિદિવસ શ્રવણ કરીને, ચિત્તમાં આપને ધારણ કરે છે, તેને પણ આપ મોક્ષ ગતિ આપો છો, એટલે કે જ્યારે તેને પણ વિધિ નિષેધની બાધા પણ રહેતી નથી, ત્યારે તત્વજ્ઞાનિયોને તો કર્મના અધિકારની શંકાજ ક્યાંથી? પરંતુ જે યોગનો ઢોંગ બનાવીને, વિષય લંપટ બને છે, તેને આ લોકમાં અને પરલોકમાં સદા દુઃખજ છે. ૪૦

હે ભગવાન! આપના સ્વરૂપમાં, આકાશમાં રજકણ સમાન કાળચક્રથી ઉત્તરોત્તર દશ દશ ગુણથી આવરણ યુક્ત બ્રહ્માંડોના સકળ સમુહ ફર્યા કરે છે, તેના અંતને બ્રહ્માદિક પણ પામતા નથી; કેમકે જે કોઈ વસ્તુ અંતવાળી છે, તે આપ નથી, બ્રહ્માદિક પાર પામ્યા નથી; એટલુંજ નહિ પરંતુ અનંતતાને લીધે આપ પણ આપના અંતને જાણતા નથી, એથી આપનું સર્વજ્ઞત્વપણું તથા સર્વશક્તિમાનપણું તેને કાંઈ હાનિ પહોચતી નથી, જેમ સસલાનાં શીંગડાં ન જાણવાથી સર્વજ્ઞત્વપણું જતું નથી, અને સસલાનાં શીંગડાં ન મળવાથી સર્વ શક્તિમાનપણું જતું નથી, કારણ એ છે કે સસલાને શીંગડાં હોતાં નથી; તેમ આપના અંતને ન જાણવાથી અથવા ન પામવાથી આપના સર્વજ્ઞપણામાં તથા સર્વશક્તિમાનપણામાં કોઈ પ્રકારનો બાધ આવતો નથી. આ પ્રકારે હોવાથી શ્રુતિઓ તાત્પર્ય વૃત્તિથી આપનુંજ પ્રતિપાદન કરે છે, પણ સાક્ષાત કહી શકતી નથી, સગુણ સ્વરૂપના ગુણ અનંત છે, અને નિર્ગુણ સ્વરૂપને વાણી પોહોચી શકતી નથી, તેથી આપનું સંપુર્ણ અને સાક્ષાત નિરૂપણ થઈ શકતું નથી. સ્થૂળ નહિ, અણુ નહિ, ઇત્યાદિક પ્રકારથી અનાત્મ પદાર્થનો નિષેધ કરી તે દ્વારા અંતમાં શ્રુતિયો આપનું

જ પ્રતિપાદન કરે છે; કેમકે અવધિ વગર નિષેધ સંભવે નહિ, માટે નિષેધના અવધિરૂપ જે આપ છો, તેમાં શ્રુતિયોનો ફલિતાર્થ નીકળે છે. ૪૧

શ્રી ભગવાન કહે છે—હે નારદ! આ પ્રમાણે આત્મસ્વરૂપ જાણીને જીવનમુક્ત સનકાદિકો, સનંદને વર્ણન કરેલા વેદસ્તુતિરૂપ બ્રહ્મનિરૂપણને સાંભળી આત્માની ગતિ જાણીને કૃતાર્થ થયા. પછી તેઓએ સનંદનની પૂજા કરી. ૪૨

સૃષ્ટિમાં પ્રથમ ઉત્પન્ન થયેલા, તથા આકાશમાં ફરનારા અને મહાત્મા સનકાદિકોએ આ પ્રમાણે સર્વ શ્રુતિયો, પુરાણ અને ઉપનિષદોમાંથી સાર કાઢી પ્રકટ કરેલ છે. ૪૩

હે બ્રહ્માના પુત્ર નારદ! તમે પણ મનુષ્યોની વાસનાને ભસ્મ કરનારા આ બ્રહ્મનિરૂપણને શ્રદ્ધાથી મનમાં ધારણ કરીને જ્યાં ઈચ્છા હોય ત્યાં વિચરો. ૪૪

શ્રી શુકદેવજી કહે છે—હે પરીક્ષિત રાજા! આ પ્રમાણે નારાયણ ઋષિએ કહેલા બ્રહ્મનિરૂપણને શ્રદ્ધાથી ગ્રહણ કરી નૈષ્ઠિક બ્રહ્મચારી નારદજીએ તે ઉપદેશને હૃદયમાં ધારણ કરીને આ પ્રમાણે વચન કહ્યાં. ૪૫

નારદજી કહે છે—નિર્મળ કીર્તિવાળા જે શ્રી કૃષ્ણ ભગવાન્, સર્વ જીવોને મુક્તિ આપવાને માટે મનોહર અવતાર ધારણ કરે છે, તેમના સ્વરૂપભૂત આપને હું પ્રણામ કરૂં છું. ૪૬

શ્રી શુકદેવજી કહે છે—આ પ્રમાણે આદિમુનિ નારાયણ અને તેમના મહાત્મા શિષ્યોને પ્રણામ કરી, નારદજી ત્યાંથી મારા પિતા વેદવ્યાસજીના આશ્રમમાં આવ્યા. ૪૭

વેદ વ્યાસજીએ તેમનો સત્કાર કરીને આસન આપ્યું, તે ઉપર બેસીને નારદજીએ પોતે જે નારાયણના મુખથી સાંભળ્યું હતું તે સર્વ વેદવ્યાસજીને કહી સંભળાવ્યું. ૪૮

હે મહારાજા! તમે જે પ્રશ્ન કરેલ તે સર્વ મેં તમારી પાસે વર્ણન કર્યું, કે-જે પ્રકારે અનિર્દેશ્ય અને નિર્ગુણબ્રહ્મમાં શ્રુતિઓની પ્રવૃત્તિ થાય છે. ૪૯

જે ભગવાન પોતાના સ્વરૂપમાં સૂતેલા જીવોના સર્વ પુરૂષાર્થ સિદ્ધ કરવાને માટે ઉત્પત્તિ, સ્થિતિ અને સંહાર કરવાનો વિચાર કરે છે; જે આ જગતના આદિ, મધ્ય અને અંતમાં વર્તે છે, જે પ્રકૃતિ તથા પુરૂષના પણ ઉપાદાન કારણ છે, અને જે આ જગતનો આવિર્ભાવ કરીને જીવની સાથે પ્રવેશ કરીને, જીવને ભોગો પ્રાપ્ત કરવાને માટે જુદાં જુદાં શરીર ઉત્પન્ન કરે છે, જે જીવને ભોગ આપીને શરીરોનું પાલન કરે છે, અને પ્રણામાદિક ઉપાસના કરનારા જીવ જેને પ્રાપ્ત થઈને, જેમ સુષુપ્તિમાં ‡સૂતેલા શરીરને ત્યજી દે છે, તેવા દેહાદિક રૂપ અવિદ્યાને ત્યજી દે છે. આવા ભવભયહારી, અખંડ સ્વરૂપવાળા અને માયારૂપી મુળ કારણનો વિનાશ કરનારા શ્રી હરિનું નિત્ય ધ્યાન કરવું. ૫૦

योऽस्योत्प्रेक्षक आदि मध्य निधने-योऽव्यक्त जीवेश्वरो । यःसृष्ट्वेदमनुप्रविश्यऋषिणा चक्रे पुरः शास्तिताः ॥ यं संपद्य जंहात्यजा मनुशयी सुप्तः कुलायं यथा । तंकैवल्य निरस्त योनिमभयं ध्यायेदजस्रं हरिम् ॥ ५० ॥

ઇતિશ્રી મહાપુરાણ ભાગવત વિષે દશમસ્કંધ ઉત્તરાર્ધમાં 'નારદ નારાયણ સંવાદ વિષે વેદસ્તુતિ વર્ણન' નામનો ૮૭ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૮૮ મો.

વિષ્ણુના ભકતોને મોક્ષ મળે છે અને બીજા દેવતાઓના ભકતોને ઐશ્વર્ય મળે છે.

‡ જેમ સુષુપ્તિવાળા મનુષ્યને અન્ય લોક શરીરવાન્ દેખે છે, પણ તે પોતે પોતાને શરીરવાન્ જોતો નથી, તેમ જીવન્મુક્તને પણ બીજા લોક તો શરીરવાન્ દેખે છે; પરંતુ જીવનમુક્ત પોતે પોતાને શરીરવાન્ દેખતો નથી.

राजोवाच.

देवासुर मनुष्येषु ये भजन्त्यशिवं शिवं ॥
प्रायस्ते धनिनो भोजा न तु लक्ष्म्याःपतिंहरिम्

પરીક્ષિત રાજા પૂછે છે—હે મહારાજ! દેવ, અસુર અને મનુષ્યમાં જેઓ ભોગ સુખનો તિરસ્કાર કરનારા શિવને ભજે છે, તેઓ લક્ષ્મીવાન થાય છે, અને લક્ષ્મીના પતિ એવા ભગવાનને ભજનારાઓ નિર્ધન રહે છે, તેનું કારણ શું? તે જાણવાની મારી ઈચ્છા છે. લક્ષ્મીવાનને ભજનારો નિર્ધન થાય અને નિર્ધનને ભજનારો લક્ષ્મીવાન થાય એ વિરૂદ્ધતા કેમ છે, તે અમારાથી સમજાતું નથી. ૧-૨

શ્રી શુકદેવજી કહે છે—ગુણ અને માયાની ઉપાધિથી વિંટાયલા ભગવાનનાંજ એ ત્રણ સ્વરૂપ છે, એટલે બ્રહ્મા, વિષ્ણુ અને શિવ એ ત્રણ સ્વરૂપ એકજ છે. તેમજ વૈકારિક, તૈજસ અને તામસ એ ત્રણ પ્રકારનો અહંકાર છે. ૩ તેમાંથી અગીયાર ઇંદ્રિયો તથા પાંચભૂતો મળીને સોળ વિકાર ઉત્પન્ન થયા છે. એ ત્રણ પ્રકારનો અહંકાર બ્રહ્મા, વિષ્ણુ તથા શિવમાં રહેલો છે. તથાપિ બ્રહ્મામાં રજોગુણનો અંશ વધારે છે, વિષ્ણુમાં સત્વગુણનો અંશ વધારે છે અને શંકરમાં તમોગુણનું પ્રાધાન્ય છે. જે માણસ જે ગુણના વધારાવાળા દેવને ભજે છે તે તે ગુણની સમૃદ્ધિ અથવા વિભુતિઓને પામે છે. ૩-૪ વિષ્ણુને ભજવાથી તેમના સત્વગુણની વિભુતિઓ મળે છે, તો પણ તે વિષ્ણુ નિર્ગુણ, પ્રકૃતિથીપર સર્વના સાક્ષી તથા દૃષ્ટા છે, તેથી તેમને ભજનારા નિર્ગુણ થાય છે. ૫ અશ્વમેધ નામનો યજ્ઞ સમાપ્ત કર્યા પછી યુધિષ્ઠિર રાજાએ શ્રીકૃષ્ણ ભગવાનને આ વાતનો નિશ્ચય પૂછયો હતો. ૬ અને લોકનું કલ્યાણ કરવા માટે યદુવંશમાં અવતરેલા ભગવાને તેમને નીચે પ્રમાણે ઉત્તર આપ્યો હતો. ૭

શ્રી ભગવાન કહે છે—હે યુધિષ્ઠિર રાજા! મારો ભક્ત થઇ જે માણસ વિષયોનો ત્યાગ કરવા ચહાતો હોય, પણ વિષયોની પ્રબળતાને લીધે તેનો ત્યાગ કરી શકતો ન હોય, તો તે વિષયોનાં સાધનરૂપ જે ધન તેનો હું ધીરે ધીરે નાશ કરૂં છું. જેમ નિર્ધન થયેલા માણસને માયામાં ઘેલું થયેલું જગત છોડી દે છે, તેમ પેલા માણસને પણ તેનાં બંધુજન ત્યજી દે છે. ૮ તેથી તે ફરીથી પાછો ધનને માટે ઇચ્છા કરી શ્રમ કરે છે, પરંતુ જયારે હું તેને ફાવવા દેતો નથી, ત્યારે તેને પરમ વૈરાગ્ય આવે છે, અને તે મારા ભક્તોના સંગમાં ભળે છે. પછી હું તેના ઉપર અનુગ્રહ કરી તેને જ્ઞાનનો બોધ કરૂં છું. ૯ મારા અનુગ્રહથી તેને ચૈતન્ય, સત્ય અને અનંત એવા બ્રહ્મની પ્રાપ્તિ થાય છે. હું આ પ્રમાણે કરૂં છું, અને બીજા દેવતાઓ તુરત પ્રસન્ન થઈ ભક્તોને મોટી સમૃદ્ધિ આપે છે. ધનથી મત્ત થયેલા તેઓ પછી પોતાને સુખ આપનારા દેવને ભુલી જઇ તેનું પણ અપમાન કરે છે. મારા ભક્તોને તેમ થતું નથી, કારણ કે તેમને સંપુર્ણ વૈરાગ્ય આવ્યા પછી હું તેમને મોક્ષ માર્ગ બતાવું છું. હે રાજન્! મારી ભકિત કરવી એ બહુ વિકટ છે અને બીજાઓની માફક હું તુરત પ્રસન્ન થતો નથી. ૧૦-૧૧

શ્રી શુકદેવજી કહે છે—હે રાજા! ત્રણે દેવ વરદાન અને શાપ આપી શકે છે; પરંતુ શંકર અને બ્રહ્મા થોડાં સાધનથી જેમ પ્રસન્ન થાય છે, તેમ થોડા દોષથી શાપ દે છે, અને વિષ્ણુ ભગવાન તેમ કરતા નથી, તે તુરત પ્રસન્ન પણ થતા નથી, તેમ તુરત શાપ પણ દેતા નથી. ૧૨ શંકર વૃકાસુરને વરદાન આપવાથી કેવા સંકટમાં આવ્યા હતા, તેનો એક પ્રાચીન ઇતિહાસ છે. ૧૩ શકુનિનો પુત્ર વૃકાસુર વરદાન મેળવવા માટે કોઇ દેવની આરાધના કરવા માટે વિચાર કરતો હતો, એટલામાં તેને નારદજી મળ્યા. તેમને પુછતાં તેમણે કહ્યું કે "શંકર તુરત પ્રસન્ન થાય છે, માટે તું તેમની આરાધના કર. ૧૪ ૧૫ રાવણ અને બાણાસુર વગેરે તેમની સ્વલ્પ આરાધનાઓથી મોટાં વરદાન પામી ગયા હતા." ૧૬ નારદજીની સલાહથી પ્ર-

સન્ન થયેલો તે દુષ્ટ પછી કેદારક્ષેત્રમાં જઇ તપ કરવા લાગ્યો, અને શંકરને પ્રસન્ન કરવા માટે તેમના મુખરૂપ અગ્નિમાં પોતાના શરીરનું માંસ કાપી કાપીને હોમવા લાગ્યો. ૧૭ આ પ્રમાણે કરતાં કરતાં સાત દિવસ વીતી ગયા તો પણ શંકર પ્રસન્ન થયા નહિ, ત્યારે તેણે સ્નાન કરવાથી ભીંજાયલા કેશવાળું પોતાનું મસ્તક હોમી દેવા માટે શસ્ત્ર વડે કાપવા માંડયું, ૧૮ એટલે પરમ કૃપાળુ શંકર અગ્નિકુંડમાંથી પુર્ણ તેજસ્વી સ્વરૂપે પ્રત્યક્ષ થયા, અને બે હાથવડે તેના હાથ પકડીને આત્મહત્યા કરતો અટકાવ્યો. શંકરના હાથનો સ્પર્શ થતાં વૃકાસુરનો દેહ પાછો સાજો થઇ ગયો. ૧૯ શંકરે તેને કહ્યું કે હે ભક્ત! તું મર નહી. વર માગ; તું જે માગીશ તે આપીશ, હું પાણીના અભિષેકથી પણ શરણાગતની ઉપર પ્રસન્ન થાઉં છું. તું તારા દેહને નાહક પીડે છે. ૨૦ પછી વૃકાસુરે લોકોને ત્રાસ આપનારૂં વરદાન માગ્યું કે-“ જેના માથા ઉપર હુ હાથ મુકું તે મરી જાય ” એવું મને વરદાન આપો. ૨૧ તેનું વચન સાંભળી શંકર ખિન્ન તો થયા, છતાં પોતાના ભક્તને પ્રસન્ન કરવા માટે જેમ સાપને દુધ પાય તેમ તેમણે તથાસ્તુ કહીને વરદાન આપ્યુ. ૨૨ પછી તુરત તે દુષ્ટ ડસવાને તૈયાર થયો. પાર્વતી દેવીના ઉપર તેને મોહ થયો, અને તેમનું હરણ કરવા માટે તે શંકરના મસ્તક ઉપર હાથ મુકવાને તૈયાર થયો. શંકર પોતાના વરદાનની ભયંકર અસર જોઇને ભય પામ્યા. વૃકાસુર તેમની પાછળ દોડયો, અને શંકર ભય પામી દિશાઓમાં, સ્વર્ગમાં અને પૃથ્વીમાં આમ તેમ દોડવા લાગ્યા. ૨૩-૨૪ શંકરને નાસતા જોઈ દેવલોકો તેનો ઉપાય નહિ સુઝવાથી મૌન થઈ રહ્યા. શંકર સઘળે ફરી વળ્યા પણ કોઇ ઠેકાણે આશ્રય મળ્યો નહી, તેથી છેવટે અંધારાથી પર એવા મહા પ્રકાશવાળા શ્વેત દ્વીપમાં ગયા,કે જ્યાં આગળ સંન્યાસીઓના હૃદયમાં રમનાર ભગવાન વિરાજતા હતા. ૨૫-૨૬ શંકરનું મહા સંકટ જોઇ ભગવાન બટુકનું રૂપ લઇ વૃકાસુરની સામે ગયા. ૨૭ કટિ મેખળા, મૃગચર્મ, દંડ, કમંડળ અને માળાને ધરનાર તથા તેજથી પ્રતાપી સૂર્યની પેઠે પ્રકાશતા તે બટુકે વૃકાસુરની સામે આવી મોટા માનથી તેને અભિવંદન કરી નીચે પ્રમાણે કહ્યું:—૨૮

બટુક કહેછે--હે વૃકાસુર! તમે બહુ દોડવાથી થાકી ગયેલા જણાઓ છો, ક્યાંથી આ પ્રમાણે દોડતા આવોછો? આ દેહ સર્વ મનોરથને સિદ્ધ કરવામાં ઉપયોગી છે, માટે તેને થોડો વિશ્રામ આપો. તમે શા માટે આટલા બધા ઉતાવળા થઇ દોડો છો, તે જો ગુપ્ત ન હોય તો મને જણાવો. અમે તેનો ઉપાય બતાવીએ. બીજાની સહાય વગર ધારેલો અર્થ ઘણી વાર સિદ્ધ થતો નથી. ૨૯-૩૦

શ્રી શુકદેવજી કહેછે—આ પ્રમાણે અમૃતના વરસાદ જેવાં મધુર વચનથી ભગવાને તેને શાંત પાડયો,અને તેણે પણ પોતાની સઘળી હકીકત બટુક ભગવાનને કહી સંભળાવી. ૩૧

બટુક કહે છે—હે શકુનિના પુત્ર! મહાદેવના વરદાન ઉપર અમને વિશ્વાસ આવતો નથી, કારણ કે દક્ષપ્રજાપતિનો શાપ થયા પછી તે પિશાચગતિને પામેલાછે, અને પ્રેત તથા પિશાચોના રાજા છે. ૩૨ જગતના ગુરૂ કહેવાતા શંકર ઉપર જો તમને વિશ્વાસ હોય તો તમે તમારા માથા ઉપર હાથ મુકી તે વરદાન સત્ય છે કે કેમ? તેની ખાત્રી કરો. ૩૩ અને જો તમને અસત્ય જણાય તો પછી મહાદેવનો તમે નાશ કરજો કે ફરીને અસત્ય બોલે નહિ. ૩૪

શ્રી શુકદેવજી કહે છે--હે રાજન! બટુક ભગવાનનાં કોમળ તથા વિચિત્ર વચનોથી ફરી ગયેલી બુદ્ધિવાળા વૃકાસુરે ભ્રમમાં પડી શંકરના વરદાનની પરીક્ષા કરવા માટે પોતાના મસ્તક ઉપર હાથ મુકયો. ૩૫ માથે હાથ મુકતાંજ જેમ ઇંદ્રનું વજ્ર વાગ્યું હોય તેમ થઇ તે દુષ્ટ દૈત્યનું માથું ફાટી ગયું, તે મરણ પામ્યો એટલે દેવતાઓએ આકાશમાંથી સાધુવાદ કર્યો અને પૃથ્વી ઉપર દેવતાઈ પુષ્પની વૃષ્ટિ કરી. હે રાજન! આ

પ્રમાણે ભગવાન વિષ્ણુએ સદાશિવને મહા સંકટમાંથી ઉગારી લીધા. ૩૬-૩૭ ભગવાને પછી તેમને કહ્યું કે-હે શંકર! તમે નચિંત થાઓ, એ પાપી તેના પાપથીજ મરણ પામ્યો છે. બીજાનું અકલ્યાણ ઇચ્છનારનું શુભ થતું નથી, તો પછી તમારૂં અકલ્યાણ ઇચ્છનારનું તો કેમજ ભલું થાય? ૩૮-૩૯ વાણી અને મનથી જેની કલ્પના થાય નહિ, તેવી શક્તિઓના સાગર અને માયાથીપર એવા ભગવાન વિષ્ણુએ શંકરને કષ્ટમાંથી મુક્ત કર્યા, તે કથાને જે માણસ શ્રદ્ધાથી સાંભળે છે તથા સંભળાવે છે, તે માણસ જન્મ મરણથી તથા શત્રુઓના ભયથી છૂટે છે. ૪૦

य एवमव्याकृतशक्त्युदन्वतः ।
परस्यसाक्षात्परमात्मनो हरेः ॥
गिरित्र मोक्षं कथयेच्छृणोतिवा ।
विमुच्यते संसृतिभिस्तथारिभिः ॥

ઇતિશ્રી ભાગવત મહાપુરાણના દશમસ્કંધ ઉતરાર્ધમાં 'ભગવાને શંકરને ભયમુક્ત કર્યા' એ નામનો ૮૮ મો અધ્યાય સંપુર્ણ.

અધ્યાય ૮૯ મો.

ત્રણ દેવતાઓમાં વિષ્ણુ મોટા.

શ્રીશુક ઉવાચ.

सरस्वत्यास्तटे राजन्नृषयः सत्रमासत ॥
वितर्कः समभूत्तेषां त्रिष्वधीशेषु को महान्

શ્રી શુકદેવજી કહે છે--હે રાજન્! સરસ્વતીના તીર ઉપર યજ્ઞ કરવા બેઠેલા ઋષિઓમાં એવો વિચાર ઉત્પન્ન થયો કે-ત્રણ દેવોમાં મોટા દેવ કોણ હશે? આ બાબતનો નિશ્ચય કરવા માટે તેમણે ભૃગુ ઋષિને પરીક્ષા કરવા સારૂ મોકલ્યા. બ્રહ્માના પુત્ર ભૃગુ પ્રથમ બ્રહ્માની સભામાં ગયા ૧-૨ અને તેમની પરીક્ષા કરવા માટે નમન કર્યું નહિ, તેમ સ્તુતિ પણ કરી નહિ. ભૃગુનો અવિનય જોઇ બ્રહ્માને ક્રોધ તો ચડયો. ૩ પરંતુ અગ્નિથી ઉત્પન્ન થયેલું જળ જેમ અગ્નિને શાંત પાડે છે, તેમ એ 'મારો પુત્ર છે' એમ માનતા બ્રહ્માને પુત્રપણાના ભાવે શાંત પાડયા. ૪ પછી તે કૈલાસ ઉપર ગયા. શંકરે તેમને પોતાના બંધુ સમાન ગણી પોતાના આસન ઉપરથી ઉઠી આદર સત્કાર આપ્યો. ૫ પરંતુ ભૃગુએ તેમને નમન ન કર્યું, એટલુંજ નહિ પણ ઉલટું એમ કહ્યું કે-'તમે અવળે માર્ગે ચાલનારા છો' શંકરને આ ઉપરથી અત્યંત ક્રોધ ચડયો, અને ત્રિશુળ લઇ તેઓ તેમને મારવાને તત્પર થયા. ૬ દેવી પાર્વતી તેમનો ક્રોધ જોઇ વચમાં પડયાં અને ઘણી સ્તુતિ કરી શાંત પાડયા, પછી ભૃગુ ઋષિ વૈકુંઠ લોકમાં ગયા. ૭ લક્ષ્મીજીના ખોળામાં માથું મૂકી વિષ્ણુ પોઢયા હતા, ત્યાં જઇ તેમણે તેમની છાતીમાં લાત મારીને જગાડયા. શ્રી ભગવાને જાગ્રત થઇ ભૃગુને મસ્તક નમાવી પ્રણામ કર્યા અને કહ્યું કે--'હે મહારાજ! આપ ભલે પધાર્યા, આ આસન ઉપર બિરાજો.આપના આગમન વિષે હું કંઇ જાણતો નહોતો તેથી મને ક્ષમા કરવી જોઇએ. ૮-૯ આપના ચરણ બહુ સુકોમળ છે તે મારી છાતી વાગવાથી દુખતા હશે, માટે લાવો હું તેને ચંપી કરૂં.' આમ કહી ભગવાને ભૃગુના પગ ચાંપવા માંડયા. ૧૦ વળી તેઓ બોલ્યા કે--'આપના ચરણ તીર્થોને પણ તીર્થત્વ આપનાર છે, માટે આપના ચરણામૃતથી મને અને મારામાં રહેલા લોકને પવિત્ર કરો. ૧૧ હે મહારાજ! આપના ચરણસ્પર્શથી મારાં પાપનો નાશ થયો, એટલુંજ નહિ પણ આજ હું લક્ષ્મીના અવિચળ સ્થાનને પામ્યો.' ૧૨ ભગવાનનાં આવાં મધુર વચન સાંભળવાથી ભૃગુ ઋષિને પુર્ણ સંતોષ થયો, પછી તે મૌન થઇને બેઠા, ભક્તિથી ઉત્કંઠિત થયા અને નેત્રોમાં આંસુ આવી ગયાં. હે રાજા! પછી ભૃગુ ઋષિ બ્રહ્મવાદી ઋષિઓના યજ્ઞમાં આવ્યા અને પોતાનો અનુભવ તેમને કહી સંભળાવ્યો. ૧૩-૧૪ ત્રણ દેવની વાર્તા સાંભળી વિનયથી જેને મહત્તા અપાયલી છે એવા વિષ્ણુના ચરિત્રથી સઘળા મુનિઓ પ્રસન્ન થયા, એટલુંજ નહિ પણ તેમના ઋ-

નનો સંશય પણ દૂર થયો. ૧૫ વૈરાગ્ય, આઠ પ્રકારની સિદ્ધિઓ, ધર્મ અને જ્ઞાન જેનામાં રહેલાં છે, એવા વિષ્ણુને તેમણે સર્વથી મોટા માન્યા. ૧૬ સર્વને અભય આપનારા, શાંત ચિત્તવાળા, અભિમાન વગરના, અને મુનિઓ તથા સત્પુરૂષોના આત્મારૂપ વિષ્ણુને શ્રેષ્ઠ માન્યા. ૧૭ સત્વગુણ જેને પ્રિય છે, બ્રાહ્મણો જેને ઈષ્ટદેવ સમાન છે, અને શાંત તથા નિષ્કામ લોક જેમને ભજેછે, તેમને જ મોટા માનવામાં આવ્યા. ૧૮ રાક્ષસો,અસુરો અને દેવતાઓ વિષ્ણુની માયાના સ્વરૂપ સમાન છે, તો પણ તેમનામાં રહેલો પ્રાધાન્ય ગુણ જે સત્વ તેને લીધે તેઓને વિષ્ણુની પ્રાપ્તિ થઇ મોક્ષ મળે છે. ૧૯

શ્રી શુકદેવજી કહે છે—આ પ્રમાણે ત્રણ દેવમાં મોટા કોણ? એવી જો કોઇને શંકા થાય તો તે ટાળવા માટે ભૃગુ ઋષિની પાસે બ્રાહ્મણોએ નિશ્ચય કરાવ્યો, અને પછી પોતે ભગવાનની સ્તુતિ અને ભક્તિ કરતાં વિષ્ણુ ભગવાનની ગતિને પામ્યા. ૨૦

સુતજી કહે છે—હે શૌનક! ભગવાન શુકદેવજીના મુખમાંથી નીકળેલું આ અમૃત જે શ્રી કૃષ્ણ પરમાત્માની કથારૂપ છે તેને જે માણસ કાનરૂપી પડીઆઓથી પીએ છે તેનાં સર્વ પાપ નાશ પામે છે, અને જન્મ મરણના ફેરાનો પરિશ્રમ ટળી જાય છે. ૨૧

શ્રી શુકદેવજી કહે છે—હે રાજન્! એક વાર દ્વારકામાં એવો બનાવ બન્યો કે એક બ્રાહ્મણની સ્રીનો છોકરો જન્મ્યા પછી ભુમિ ઉપર આવતાંજ મરણ પામ્યો. ૨૨ તેથી છોકરાને રાજમહેલ આગળ લઈ આવી તે બ્રાહ્મણ આતુર મનથી નીચે પ્રમાણે શોક કરવા લાગ્યો:—૨૩

બ્રાહ્મણ કહે છે—બ્રાહ્મણનો દ્વેષ કરનારા, અધર્મિ, લોભી અને વ્યભિચારી ક્ષત્રિયોનાં દુષ્ટ કર્મને લીધે આ બાળક મરણ પામ્યો છે; ૨૪ કારણ કે હિંસાને વિહાર માનનારા, અજીતેંદ્રિય, તથા દુષ્ટ રાજાની પ્રજા કદી પણ સુખી થતી નથી, તે દરિદ્રી તથા નિરંતર દુઃખી રહે છે. ૨૫

શ્રી શુકદેવજી કહે છે—હે રાજન્! એ બ્રાહ્મણના દરેક પુત્રો પહેલા પુત્રની પેઠેજ જન્મતાં વાંતજ મરવા લાગ્યા, અને બ્રાહ્મણ દરેક વખત તેમનાં શબ રાજમહેલમાં લાવીને ઉપર પ્રમાણે બોલવા લાગ્યો.૨૬ એકવાર અર્જુન દ્વારકાં આવેલા હતા, ત્યારે તે બ્રાહ્મણનો પુત્ર મરી ગયો, એટલે તેણે નિયમ પ્રમાણે કર્યું, અર્જુન તેનો વિલાપ અને વચન સાંભળી શોકમાં પડયા, અને તેને બોલાવીને કહ્યું. ૨૭

અર્જુન કહે છે—હે બ્રાહ્મણ! આ નગરમાં કોઇ ધનુર્ધારી નથી? ધન, પુત્રો અને સ્રીઓમાં કામઘેલા થયેલા આ યાદવો યજ્ઞમાં જમવા માટે એકઠા મળેલા બ્રાહ્મણો જેવા છે. જે ક્ષત્રિયોની આગળ બ્રાહ્મણ આ પ્રમાણે વિલાપ કરે તે ક્ષત્રિયોને નટના જેવા. વેશધારી જાણવા. ૨૮-૨૯ તમે સ્રી પુરૂષ રંક છો, માટે હું તમારાં છોકરાંનું રક્ષણ કરીશ, અને જો મારાથી તમારા પુત્રોનું રક્ષણ નહિ થાય તો હું અગ્નિમાં પ્રવેશ કરીશ. ૩૦

બ્રાહ્મણ કહે છે—હે અર્જુન! શ્રીકૃષ્ણ, બળરામ,પ્રદ્યુમ્ન અને જેની સામે બીજાથી ધનુષ ધારણ કરી શકાય નહિ એવા અનુરૂદ્ધથી પણ મારાં બાળકોનું રક્ષણ થયું નથી, તે તમારાથી કેમ થશે? જે કાર્ય ઈશ્વરરૂપ ગણતાઓથી નથી થયું, તે કાર્ય કરવાને તમે તત્પર થયા છો, તે તમારી મુર્ખાઈ છે, તમે જે કહો છો તેના ઉપર હું વિશ્વાસ રાખી શકતો નથી. ૩૧-૩૨

અર્જુન કહે છે—હે બ્રાહ્મણ! હું બળરામ, કૃષ્ણ, પ્રદ્યુમ્ન કે અનિરૂદ્ધ નથી, પણ ગાંડીવ નામનું ધનુષ કે જેની કીર્તિ લોકમાં પ્રસિદ્ધ છે તેને ધરનારો છું. ૩૩ મારા પરાક્રમથી ભગવાન શંકર પણ પ્રસન્ન થયા હતા. તારે મારી અવગણના કરવી નહિ. યુદ્ધમાં યમને હરાવીને પણ હું તારા બાળકોની રક્ષા કરવાને સમર્થ છું, માટે ચિંતા છોડી દે. ૩૪

શ્રી શુકદેવજી કહે છે—હે રાજન્! આ-

ર્જુને અભય આપવાથી પ્રસન્ન થયેલો તે બ્રાહ્મણ પછી તેનાં વખાણ કરતો પોતાને ઘેર ગયો. ૩૫ જ્યારે તેની સ્ત્રીને પ્રસવ થવાનો વખત આવ્યો, ત્યારે તેણે અર્જુનને ખબર આપી, અને કહ્યું કે 'હે અર્જુન! હવે તમે મારી પ્રજાનું રક્ષણ કરો. ૩૬ અર્જુને પવીત્ર જળનું આચમન કરી શ્રીકૃષ્ણ બ્રાહ્મણોની અપેક્ષા કરનાર છે એમ જાણીને તેમને નમસ્કાર ન કરતાં શંકરને નમન કરી હાથમાં ધનુષ લીધું. ૩૭ અને પેલા બ્રાહ્મણને ઘેર આવી તેની સ્ત્રીના પ્રસુતિગૃહની આસપાસ આડાઅવળા તીર નાંખી શરપિંજર બનાવી દીધું. ૩૮ સમય થતાં બ્રાહ્મણીએ દીકરો જણ્યો, અને તે પ્રસુતિગૃહમાં રોવા લાગ્યો, પણ તેને પૃથ્વી ઉપર મુકતાંજ શરીર સાથે તે ન ધારી શકાય તેવી રીતે અલોપ થઈ ગયો. ૩૯ જેથી એ રોશે ભરાયેલો બ્રાહ્મણ શ્રીકૃષ્ણની પાસે જઇને કહેવા લાગ્યો કે-અહો! હું કેવો મુર્ખ કે મે અર્જુનના ઉપર વિશ્વાસ રાખ્યો! ૪૦ શ્રીકૃષ્ણ, બળરામ, પદ્યુમ્ન અને અનિરૂદ્ધ જેનું રક્ષણ કરી શક્યા નહોતા, તેનું આ નપુંસકથી કેવી રીતે રક્ષણ થાય? અસત્ય ભાષણ કરનારા આ અર્જુનના જીવિતને ધિક્કાર છે, તેમજ ગાંડીવધનુષ કે જેનાં તે અત્યંત વખાણ કરતો હતો તેને પણ ધિક્કાર છે. દૈવે નહિ રાખવા ધારેલા પદાર્થને રાખવાની મિથ્યા આશા આપનારા આવા મુર્ખ પણ જગતમાં પડ્યા છે! ૪૧-૪૨

બ્રાહ્મણનાં આવાં વચનથી તપી ગયેલા અર્જુન પોતાની ગુપ્ત વિદ્યાના બળે કરીને જે ઠેકાણે યમરાજા રહે છે, એવી સંયમની પુરીમાં ગયા; ૪૩ પરંતુ ત્યાં તે બ્રાહ્મણના પુત્રો જોવામાં આવ્યા નહિ. અર્જુન પછી શસ્ત્ર ધારણ કરી ત્યાંથી ઇંદ્ર, વરૂણ, અગ્નિ અને નિર્ઋતિ લોકમાં ગયા, અને તપાસ કરી; તથાપિ કોઇ ઠેકાણેથી તેમને બ્રાહ્મણના છોકરાઓની ભાળ લાગી નહિ, જ્યારે કોઈ ઠેકાણેથી તે પુત્રોની પ્રાપ્તિ થઈ નહિ, ત્યારે પોતાની પ્રતિજ્ઞા ભંગ થવાથી અર્જુને અગ્નિમાં પ્રવેશ કરવાનો આરંભ કર્યો. જ્યારે તે ચિતામાં પડવા તૈયાર થયા, ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને તેમને વારી રાખીને આ પ્રમાણે કહ્યું:-૪૪-૪૫

શ્રી ભગવાન કહે છે--"હે અર્જુન! તમે નિરાશ થઇ પોતાનું અપમાન કરતા નહિ. હું તમને બ્રાહ્મણના પુત્રો બતાવું છું. તમે તેને લઇ આવજો, એટલે લોકો તમારી સ્તુતિ કરશે. ૪૬ આ પ્રમાણે કહી ભગવાન અર્જુનને લઇ રથમાં બેશીને પશ્ચિમ દિશા તરફ ચાલ્યા. ૪૭ સાત દ્વીપ, સાત સમુદ્ર અને સાત પર્વત ઓળંગીને તેઓ આગળ ચાલ્યા, ત્યારે લોકાલોક નામનો પર્વત આવ્યો અને તેની પેલી તરફ ઘાડું અંધારૂં જોવામાં આવ્યું. ૪૮ ભગવાનના ચાર ઘોડાઓ કે જેઓનાં નામ શૈબ્ય, સુગ્રીવ, મેઘપુષ્પ અને બલાહક હતાં, તેઓ પણ એ અંધકારમાં ચાલી શક્યા નહિ. ૪૯ એ જોઇને યોગેશ્વરના હૃદયમાં રમનાર ભગવાને હજાર સુર્યના જેવું તેજસ્વી સુદર્શનચક્ર મુક્યું. ૫૦ અને જેમ રામનાં બાણો સેનામાં ચાલ્યાં જતાં હતાં તેમ અંધારામાં ઘોડાઓને માર્ગ બતાવતું મન સરખા વેગથી આગળ ચાલવા લાગ્યું. ૫૧ તેનું તેજ એટલું તો પ્રબળ પ્રકાશ આપતું હતું કે અર્જુનથી તેની સામે પણ જોવાતું નહોતું. ઘણો લાંબો માર્ગ કાપ્યા પછી મોટા પર્વતથી ઉછળતા મોજાંઓવાળા સમુદ્રમાં તેઓએ પ્રવેશ કર્યો, અને ત્યાં મણિમય એક સુંદર મંદીર જોયું. ૫૩ એ મંદીરમાં ભગવાન શેષનાગ પોઢેલા હતા, કે જેઓ મહા ભયંકર, મસ્તક ઉપરના મણિઓની પ્રભાથી દેદીપ્યમાન, બે હજાર નેત્રો તથા બે હજાર જીભોથી શોભતા અને ધોળો પર્વત હોય તેમ પડેલા જોવામાં આવતા હતા. તેમના કંઠ તથા જીભ શ્યામ હતાં. ૫૪ એ શેષ નાગ ઉપર પોઢેલા શ્રીનારાયણ ભગવાન તેઓના જોવામાં આવ્યા. એ ભુમા ભગવાનની કાંતિ કાળા મેઘ જેવી શ્યામ હતી, તેમણે પીળાં વસ્ત્ર પહેર્યાં હતાં, મુખ સુંદર અને પ્રસન્ન હતું અને નેત્ર દીર્ઘ તથા મનોહર હતાં. ૫૫ મુકુટ અને કુંડળની કાંતિથી તેમનો કેશકલાપ શોભતો

હતો, તથા ઘુંટણને પહોંચે એવી તેમની લાંબી આઠ ભુજાઓ હતી. તેમના વક્ષઃસ્થળમાં શ્રીવત્સનું ચિન્હ હતું, અને મોટી વનમાળાથી શોભતા હતા. ૫૬ નંદ આદિ પાર્ષદો, ચક્ર આદિ દેહધારી આયુધો, પુષ્ટિ, લક્ષ્મી, કીર્તિ, માયા તથા આઠ સિદ્ધિઓ તેમની સેવા કરતાં હતાં. આવા શેષશાયી ભગવાનનાં દર્શન કરવાથી ભયભિત થયેલા અર્જુન તથા શ્રી કૃષ્ણ બન્ને જણ ભૂમા ભગવાનને નમન કરીને ઉભા રહ્યા, એટલે તેમણે મંદ હાસ્ય કરી તેઓને સંબોધીને નીચે પ્રમાણે ધીર ગંભીર વાણીથી કહ્યું. ૫૭-૫૮.

ભૂમા ભગવાન કહે છે—હે કૃષ્ણ! હે અર્જુન! તમને મળવાની ઇચ્છાથી પેલા બ્રાહ્મણના છોકરાઓને મેં અત્રે રાખેલા છે. ધર્મનું રક્ષણ કરવા સારૂ તમે બે જણ મારા અંશથી પૃથ્વી ઉપર જન્મેલા છો, માટે હવે દૈત્યોને હણી સત્વર તમે મારી પાસે આવો. ૫૯ તમે નારાયણ નામના ઋષિઓના અવતાર રૂપછો, માટે તમે લોકનું પાલન કરવા માટે યથાયોગ્ય ધર્મનું આચરણ કરી પ્રજાને શુભ માર્ગ બતાવજો. ૬૦

શ્રી શુકદેવજી કહેછે—હે રાજા! તેમનાં વચન સાંભળી પ્રસન્ન થયેલા શ્રી કૃષ્ણ તથા અર્જુન પેલા બ્રાહ્મણના પુત્રોને પોતાની સાથે લઈ જે માર્ગે આવ્યા હતા તે માર્ગે ભૂમા ભગવાનને પ્રણામ કરી તથા તેમની આજ્ઞા માથે ચઢાવી પાછા દ્વારાવતીમાં આવ્યા. પેલા બ્રાહ્મણને તેના પુત્રો પાછા આપ્યા, તેઓ પેહેલાંના જેવી અવસ્થામાં હતા. ૬૧-૬૨ નારાયણ વિષ્ણુ ભગવાનનું મંદિર જોવાથી પ્રસન્ન થયેલા અર્જુને માન્યું કે-આ જગતમાં જો કંઇ પુરૂષાર્થ હોય તો તે ભગવાનની કૃપામાંજ રહેલો છે. ૬૩ આ લોકમાં રહેતા અનેક પરાક્રમો કરતાં શ્રી કૃષ્ણભગવાન સાંસારિક વિષયોનું સેવન કરતાં મોટા મોટા યજ્ઞોથી યજ્ઞ નારાયણનું યજન કરતા હતા. ઇંદ્રની પેઠે તેઓ બ્રાહ્મણોના મનોરથો પુરતા હતા, અને અધર્મે આચરણ કરનારા દુષ્ટ રાજાઓનો અર્જુનાદિક પાસે નાશ કરાવીને યુધિષ્ઠિર જેવા ધર્મપરાયણ રાજાઓનું પાલન કરતા હતા. આવાં શ્રી કૃષ્ણ ભગવાનનાં પરાક્રમો અનંત છે. ૬૪-૬૬

हत्वानृपानधर्मिष्ठान् घातयित्वार्जुनादिभिः ॥
अंजसा वर्त्तयामास धर्मं धर्मसुतादिभिः ॥

ઇતિશ્રી ભાગવત મહાપુરાણના દશમસ્કંધ ઉત્તરાર્ધમાં "બ્રાહ્મણોના પુત્ર પાછા લાવી આપ્યા" એ નામનો ૮૯ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૯૦ મો.

શ્રી કૃષ્ણ ભગવાને કરેલી લીલાઓ.

श्री शुक उवाच.

सुखं स्वपुर्यां निवसन् द्वारकायांश्रियःपतिः ॥
सर्वसंपत्समृद्धायां जुष्टायां वृष्णिपुंगवैः ॥

શ્રી શુકદેવજી કહેછે—લક્ષ્મીના પતિ શ્રી કૃષ્ણ ભગવાન વૃષ્ણિઓની સાથે પોતાની દ્વારકાં પુરીમાં વસતા નાના પ્રકારના વિહાર કરતા હતા. ૧નાના પ્રકારના પુષ્પની વાટીકાઓવાળી, પુષ્પ ઉપર વિહાર કરતા ભ્રમરોના ગુંજારવવાળી, જેના માર્ગોમાં મદ ઝરતા હાથીઓ ઝુલતા હતા એવી, યોદ્ધાઓ, ઘોડાઓ અને સુવર્ણના રથથી જેના માર્ગ ખીચોખીચ ભરાઈ જતા હતા એવી, નાના વેશવાળી નવા યૌવનથી શોભતી અને દડાઓની રમતથી રમતી સુંદરીઓ જેમાં ક્રિડા કરતી હતી, એવી હવેલીઓવાળી, અને સોળહજાર એકસોને આઠ સ્ત્રીઓને લીધે શોભતી દ્વારકામાં ભગવાનની લીલાઓ પ્રતિ દિવસ વૃદ્ધિ પામતી હતી. ૨-૫ ભગવાનની સ્ત્રીઓનાં મંદિર, નિર્મળ જળાશયોમાં પ્રફુલ્લ થયેલાં પદ્મ, કુંદ અને કલ્હારનાં પુષ્પથી સુગંધવાન થઇ રહેલાં હતાં. તેમાં પક્ષીઓનાં ટોળાં રમતાં હતાં, અને ભગવાન તે જળાશયોમાં પ્રવેશ કરી

જળલીલાઓ કરતા હતા. સ્ત્રીઓના આલિંગનથી ભગવાનની છાતી ઉપર કેસર લેપાતાં હતાં, ૭ મૃદંગ, વિણા અને પણવ વગેરે વાજીંત્રોની સાથે સૂત, માગધ અને ગંધર્વલોક ભગવાનનું યશોગાન કરતા હતા. સ્ત્રીઓ ભગવાનને અને ભગવાન તેમને પિચકારીઓથી રંગવાળાં જળ છાંટતી હતી, યક્ષણીઓની સાથે જેમ કુબેર વિહાર કરે તેમ ભગવાન સ્ત્રીઓની સાથે રમતા હતા. પિચકારીથી પલળી ગયેલાં વસ્ત્રને લીધે જેમની સાથળો અને સ્તન દેખાતા હતા એવી સ્ત્રીઓ ભગવાનને વળગી પડતાં તેમનાં મુખ મનોહર લાગતાં હતાં. ક્રિડાની ગમ્મતમાં તેમના લાંબા ચોટલાઓમાંથી પુષ્પ ખરી પડતાં હતાં. ૧૦ ભગવાને પહેરેલી માળાઓ સ્ત્રીઓના સ્તન ઉપરના લેપને લીધે રંગાઈ ગઇ હતી, ઉંચું મુખ કરી ચુંબન કરવા જતા ભગવાનના હાથમાંથી છટકી જતી સ્ત્રીઓના કેશપાશ શિથિલ થઇ જતા હતા. હાથિણીઓની વચ્ચે વિહાર કરતા હાથીની પેઠે તેઓ ક્રિડામાં શોભતા હતા. ૧૧ નાચ કરનારી સ્ત્રીઓને, નટ લોકોને તથા વાજીંત્ર વગાડનારાઓને શ્રીકૃષ્ણ ભગવાન અને તેમની સ્ત્રીઓ આભુષણો આપતી હતી. ૧૨ ભગવાનનાં હાસ્ય, કટાક્ષ, પરિહાસ, વિહાર, અલંકાર અને લટકાંથી સ્ત્રીઓનાં મન ચોરાઇ ગયાં હતાં ૧૩ તેમનામાં લાગી રહેલાં મનવાળી અને વિહાર તથા ક્રીડાઓમાં તન્મય થઈ રહેલી તે સ્ત્રીઓ જડ જેવી થઇ ગઇ હતી અને ઘણા પ્રકારનાં વચનો બોલતી હતી. તેહું કહુંછું સાંભળો. ૧૪

સ્ત્રીઓ કહે છે—હે ટીંટોડી! જગતમાં ગુપ્ત બોધવાળા ભગવાન સુતા છે, અને તું વિલાપ કરી તેમની નિદ્રાનો ભંગ કરે છે તે સારૂં કરતી નથી, હે સખિ! અમારી પેઠે તારૂં મન પણ કમળ સરખાં નેત્રોવાળા ભગવાનમાં લાગી ગયું છે કે કેમ? ૧૫ હે ચકવિ! રાત્રિમાં પતિને ન દેખવાથી તું તારાં નેત્ર મીંચીને બેઠી છે કે શું? ભગવાનમાં આસક્ત થયેલી અમો ભગવાનનાં ચરણમાં પડેલી માળાને ચોટલામાં ગુંથવા ધારીએ છીએ તેમ તારે પણ કંઇ ઇચ્છા છે, કે શું? હે સમુદ્ર! તું પણ અમારા જેવી અસાધ્ય દશાને પામ્યો છે કે શું? રાત્રિ દિવસ કેમ ચીસો પાડે છે? અમારાં કુચનાં કેશર કુંમકુંમ ભગવાને હર્યાં છે. તેમ તારાં લક્ષ્મી અને કૌસ્તુભાદિકલાંછનો પણ તેમણે હરી લીધાં છે. ૧૭ હે ચંદ્ર! ક્ષય રોગની ક્ષીણતાને લીધે કે ભગવાનની ગુપ્ત વાતો ઉઘાડી પડી જાય તે માટે તું પ્રકાશ કરતો નથી? અમે કાંઇ બોલી શકતી નથી, તેમ તું પણ કેમ મૌન છે? ૧૮ હે મલયગિરિના પવન! તું પણ કેમ અમારો વેરી થયો છે? ભગવાનના કટાક્ષથી કોરાઇ ગયેલા અમારા હૃદયમાં તું શું કરવા કામદેવને પ્રેરે છે? ૧૯ હે મેઘ! તાપને હરણ કરવાના ગુણને લીધે તું પણ ભગવાનનો મિત્ર હોય એમ લાગે છે. ભગવાનને સંભારી હૃદયની પીડાને લીધે તું પણ અમારી પેઠે જળધારાઓ ચલાવે છે. તેં ભગવાનની મિત્રતાજ શા માટે કરી? કારણ કે તેમનો પ્રસંગ હમેશાં દુઃખદાયીજ નીવડે છે. ૨૦ હે મધુર કંઠવાળી કોયલ! મરેલાને સજીવન કરે એવી મનોહર વાણીથી તું ભગવાનના ગુણ ગાય છે, માટે હું તારા ઉપર એટલી બધી પ્રસન્ન થઇ છું કે હું તારૂં શું પ્રિય કરૂં? તે કહે. ૨૧ હે પર્વત! તું બોલતો નથી અને હાલતો પણ નથી, માટે તું કોઈ મોટા વિચારમાં પડેલો હોય એમ લાગે છે. અમારી પેઠે તને શું ભગવાનનાં ચરણ કમળ સ્તન ઉપર મુકવાની ઇચ્છા છે? ૨૨ હે નદીઓ! ભગવાનની કૃપા કટાક્ષ વગર અમે જેમ સોસાઈ ગયાં છીએ, તેમ તમે પણ સોસાઇ ગઇ છો કે શું? તમને સમુદ્રની મારફતે મેઘદ્વારા જે પાણી મળે છે તે નથી મળ્યું કે શું? તમારા ધરા સૂકાઇ ગયા છે અને તમારી શોભારૂપ કમળો સુકાઈ ગયાં છે. ૨૩ હે હંસ! તમે ભલે આવ્યા, અત્રે બિરાજો, અને આ દુધ પીને ભગવાનની વાત કહો. તમે દુત થઇને આવ્યા છો, તે અમે જાણીએ છીએ. ભગવાન સુખી છે? અને અમને કદી સંભારે છે? જો સંભોગને માટે

તે અમને બોલાવતા હોય તો તું એમને અત્રે બોલાવી લાવ. લક્ષ્મી અમારી શોક્ય છે અને તે એકલી ભગવાનને ભોગવે છે, માટે લક્ષ્મી વિના તેમને એકલાને તેડી લાવજે. લક્ષ્મી ભગવાનમાં તન્મય છે તેવી અમે પણ ભગવાનમાં તન્મય થઇ રહેલી છીએ, માટે અમને તું લક્ષ્મીથી ઓછી માયાવાળી ધારીશ નહી. ૨૪

શ્રી શુકદેવજી કહે છે -હે રાજન્! યોગેશ્વરોના ઇશ્વર શ્રીકૃષ્ણ ભગવાન ઉપર આવો અનન્ય પ્રેમ રાખવાથી ભગવાનની સ્ત્રીઓ સદ્દગતિને પામી. ૨૫ ઘણાં ગીત અને શ્રવણથી ભગવાન તેમનાં મનને હરી લેતા હતા, જગતના ગુરૂ ભગવાનને નિરંતર સેવનારી સ્ત્રીઓના તપનું કેટલું વર્ણન થાય! કારણ કે તેઓ તેમના પગ ચાંપતી તથા તેમને આનંદ આપતી હતી. ૨૬-૨૭ વેદમાં કહેલા ધર્મને પાળતા તથા સત્પુરૂષોના શરણ રૂપ શ્રીકૃષ્ણે તેમને એમ સમજાવ્યુ હતું કે આ ઘર છે તેજ બધો સંસાર અને સાર છે, તેમાંજ પુરૂષાર્થ રહેલા છે. ૨૮ ગૃહસ્થધર્મને અનુસરતા એવા ભગવાનને સોળ હજાર એકસો ને આઠ સ્ત્રીઓ હતી, એમાં આઠ પટરાણી હતી, તેમનાં તથા તેઓના પુત્રનાં નામો આગળ કહેલાં છે. ૩૧ સત્ય સંકલ્પવાળા શ્રીકૃષ્ણ ભગવાને પોતાની જેટલી સ્ત્રીઓ હતી તે દરેકમાં દશ દશ પુત્ર ઉત્પન્ન કર્યા હતા. ૩૨ એ પુત્રમાં અઢાર મહા પરાક્રમી અને મહારથી હતા, તેમનાં નામ હું તમને કહું છું તે સાંભળો:—૩૨ પ્રદ્યુમ્ન, દિપ્તિમાન, ભાનુ, બ્રહદ્ભાનુ, મધુ, ચિત્રભાનુ, વૃક, અરૂણ, પુષ્કર, વેદબાહુ, શ્રુતદેવ, સુનંદન, ચિત્રબાહુ, વિરૂપ, કવિ, ન્યગ્રોધ, અને અનિરૂદ્ધ. ૩૪-૩૪ આ સઘળાઓમાં વળી રૂક્મિણીના વડા પુત્ર પ્રદ્યુમ્ન તો સર્વથી શ્રેષ્ઠ હતા. ૩૫ મહારથી પ્રદ્યુમ્ન રૂક્મિની પુત્રી સાથે પરણ્યા હતા, અને એ જોડાએ દશ હજાર હાથીના જેવા બળવાળા અનિરૂદ્ધને જન્મ આપ્યો હતો. એ અનિરૂદ્ધ રૂક્મિની પૌત્રી સાથે પરણ્યા હતા. તેમનો પુત્ર વજ્રનાભ થયો હતો, તે મુશળયુદ્ધ (જાદવાસ્થળી) માંથી બચી ગયો હતો. ૩૭ વજ્રનાભનો પ્રતિબાહુ, તેમનો શાંતસેન અને તેમનો શતસેન પુત્ર હતો, ભગવાનના કુળમાં જેઓ જન્મ્યા હતા તેમાંનો કોઈ અલ્પાયુષી, ધનહીન, અલ્પ બળવાળો, અલ્પ પ્રજાવાળો કે અધર્મી નહોતો. સર્વે બ્રાહ્મણોને માન આપનારા હતા. ૩૯ હે રાજન! યદુવંશની ગણતરી તો લાખો વર્ષે પણ કરી શકાય તેમ નથી, ૪૦ એટલીજ ગણતરી બસ છે કે ભગવાનના પુત્રોને ભણાવવા માટે ત્રણ કરોડ આઠ હજાર અને આઠસો ગુરૂ રાખવામાં આવેલા હતા. ૪૧ અસંખ્યાત યાદવો સાથે ઉગ્રસેન રહેતા હતા, તે મહાત્મા યાદવોની ગણત્રી કેવી રીતે થાય? ૪૨ દેવ અને અસુરોના ભયંકર યુદ્ધમાં મરણ પામેલા અસુરો મનુષ્યોમાં જન્મી ગર્વિષ્ઠ થઇને પ્રજાઓને પીડતા હતા; ૪૩ તેમનો નાશ કરવાને માટેજ દેવતાઓ ભગવાનની આજ્ઞાથી યદુવંશમાં અવતર્યા હતા. યાદવોમાં એકસો ને એક કુળ હતાં. ૪૪ તેઓ સર્વે ભગવાનને માનતા હતા, તેમને માનવાવાળા સૌ વૃદ્ધિ પામ્યા હતા. ૪૫ તેઓને ભગવાનમાંજ વૃત્તિ હતી, તેમના શરીરનું ભાન નહોતું; સુતાં બેસતાં, ઉઠતાં અને સર્વે કાર્ય કરતાં તે ભગવાનને યાદ કરતા હતા. ૪૬ ભગવાનનાં ચરણ ધોવાના જળથીજ ગંગાજી ઉત્પન્ન થયેલાં છે, અને ભગવાનની એવી શક્તિ છે કે તેમનાપર વેર રાખનારા પણ તેમની ગતિને પામી ગયા હતા, કારણ કે તે મહા દયાળુ હતા. બ્રહ્માને પણ ન મળે એવી અખંડલક્ષ્મી ભગવાનને પ્રાપ્ત થયેલી હતી. ભગવાનનું નામ સાંભળેલું હોય, તોપણ અમંગળનો નાશ કરનારૂં છે. કાળ સમાન ભગવાને પોતાના ચક્રથી અધર્મનો નાશ કરી પૃથ્વીનો ભાર ઉતાર્યો એમાં કાંઇ આશ્ચર્ય પામવા જેવું નથી. [illegible] જીવોના નિવાસરૂપ અને અજન્મા છતાં માત્ર કહેવા રૂપેજ દેવકીની કુખે અવતરેલા, પોતાની ઇચ્છાથી અધર્મનો નાશ કરનારા અધિકાર [illegible] [illegible] [illegible] [illegible] આ-

સ્ત્રીઓનાં દુઃખને દુર કરનારા, સુંદર હાસ્ય અને મનોહર મુખવાળા, વ્રજની તથા નગરની સ્ત્રીઓને ભોગવી તેમને મોક્ષ આપનારા અને યાદવો જેમની આજ્ઞાને પોતાના મસ્તક ઉપર ચઢાવતા હતા, એવા શ્રી કૃષ્ણ ભગવાન સર્વોત્તમ છે. વેદની રક્ષા કરનાર અને લીલાથી અનેક સ્વરૂપ ધારણ કરી નાના પ્રકારનાં ચરિત્રો કરનાર ભગવાનજ કર્મબંધનને હરનારા છે. મોક્ષની ઈચ્છાવાળા પુરૂષે ભગવાનનાં ચરિત્રની સુંદર કથાઓ સાંભળવી જોઇએ. ૪૯ શ્રી કૃષ્ણ પરમાત્માની ભક્તિ અને ચિંતવનથી માણસ પરમધામને પામે છે, એટલુંજ નહી પણ તેમનાં ગુણ કીર્તન કરનાર કાળના વેગને પણ પરાજય પમાડી વૃદ્ધિ પામે છે. મોટા મોટા રાજાઓ પણ શ્રી કૃષ્ણચંદ્રની મોક્ષ આપનારી ભક્તિ કરવા માટે નાના પ્રકારના ભોગવાળાં પોતાનાં નગરો ત્યજી વનમાં ગયેલા છે. શ્રીકૃષ્ણ પરમાત્મા ભક્તિને પરાયણ હોઇ ભક્તને વશ છે. શ્રીકૃષ્ણનો ભક્ત ભક્તિવડે પોતાને તથા જગતને પવિત્ર કરે છે. ૫૦


मर्त्यस्तयाऽनुसवमेधितया मुकुंद ।
श्रीमत्कथाश्रवणकीर्त्तनचिंतयति ॥
तद्धामदुस्तरकृतांतजवापवर्गं ।
ग्रामाद्वनं क्षितिभुजोपि ययुर्यदर्थाः ॥

ઇતિશ્રી ભાગવત પુરાણના દશમસ્કંધ ઉત્તરાર્ધ વિષે "શ્રીકૃષ્ણ ચરિત્ર સંક્ષિપ્ત વર્ણન" નામનો ૯૦ મો અધ્યાય સંપૂર્ણ

इतिश्री दशमस्कंध उत्तरार्ध

समाप्त.

इतिश्री दशमस्कंध समाप्त.


जनक
नवयोगी
यदु
दत्त
पुरूरवा
उर्वशी
दारुक
कृष्ण
व्याध
अर्जुन

श्रीमद्
भागवत भाषांतर.

एकादश स्कंध.

અધ્યાય ૧ લો.

યાદવોને થયેલો શાપ.

श्री बादरायणिरुवाच.

कृत्वा दैत्यवधं कृष्णः सरामो यदुभिर्वृतः॥
भुवोऽवतारयद्भारं जविष्ठं जनयन्कलिम् ॥

શ્રી શુકદેવજી કહે છે—હે પરીક્ષિતરાજા! બળદેવજી અને યાદવોથી વીંટાઇને શ્રી કૃષ્ણ ભગવાને દૈત્યોનો નાશ કર્યા પછી કૌરવ-પાંડવો વચ્ચે મહાકલેશ ઉત્પન્ન કરાવીને ભૂમિનો ભાર ઉતાર્યો. ૧ દુર્યોધનાદિક શત્રુઓએ જુગાર, અપમાન, દ્રૌપદીના કેશ ખેંચવા અને લાક્ષાભવનમાં બાળવા આદિ દુષ્ટ કૃત્યો કરીને પાંડવોને અનેક વાર કોપાવ્યા હતા, ત્યારે પાંડવો અને કૌરવોને પરસ્પર યુદ્ધ થવાથી બન્ને પક્ષની સહાયતા માટે એકઠા થયેલા રાજાઓને એક બીજાને હાથે મરાવી નાંખીને ભગવાને પૃથ્વીનો ભાર ઉતાર્યો હતો. ૨ જેમનું કર્તવ્ય કોઇના ચિંતવવામાં આવી શકતું નથી,એવા શ્રીકૃષ્ણ ભગવાને પોતાની ભુજાથી રક્ષાતા યાદવોના હાથથી પૃથ્વીના ભાર રૂપ બીજા રાજાઓની સેનાઓનો સંહાર કરાવીને વિચાર કર્યો કે—લોકો પૃથ્વીનો ભાર ઉતરી ગયો માનેછે,પરંતુ પૃથ્વીનો ભાર ઉતર્યો હોય એમ હું માનતો નથી,કારણકે કોઇથી સહન ન થાય એવું યાદવકુળ હજી ઉભું છે, તેનો નાશ બીજા કોઇથી થાયતેમ નથી, તેમ મારા હાથે તેનો નાશ કરવો પણ યોગ્ય નથી. ૩ આ યદુકુળને મારો આશ્રય હોવાથી તેનો કોઇથી પરાભવ થઇ શકે તેમ નથી. તેમજ હાથી, ઘોડા, રથ વગેરે વૈભવથી નિત્ય ઉન્મત્ત થઇને ફરે છે, તેથી તેનો સંહાર કર્યા વગર છુટકો પણ નથી. માટે જેમ વાંસ પરસ્પર ઘસાવાથી અગ્નિ ઉત્પન્ન થઇ બળી જાય છે, તેમ યાદવોમાં પરસ્પર કલહ ઉત્પન્ન કરાવીને તેઓનો નાશ કરાવું, એટલે મને શાંતિ થશે. એટલે પછી હું મારા ધામમાં જઇશ. ૪ હે રાજા! સત્ય સંકલ્પવાળા વ્યાપક શ્રી કૃષ્ણ પરમાત્માએ એવો નિશ્ચય કરીને બ્રાહ્મણોના શાપના નિમિત્તથી પોતાના કુળનો સંહાર કર્યો.૫ જેના કરતાં વધારે શોભા લોકોમાં ક્યાંય પણ નથી, અને જેના સંબંધથીજ લોકોને શોભા મળે છે, એવા પોતાના શરીરથી મનુષ્યોનાં નેત્રોને પોતાને વિષે અત્યંત આસક્ત કરી, તથા પોતાની વાણીથી તે વાણીનું સ્મરણ કરનારા લોકોનાં ચિત્ત ખેંચીને, પૃથ્વીની રજમાં પડેલાં પગલાં ઉપરથી શ્રીકૃષ્ણનાં ચરણોને જોનારાની બીજા સ્થાનમાં જવા આવવા વગેરેની શરીરની ચેષ્ટાને રોકી દઇને અનેક ચરિત્રો કર્યાં, તથા ભવિષ્ય કાળમાં ઉત્પન્ન થનારાં મનુષ્યો એથી વગર પરિશ્રમે સંસારથી પાર ઉતરી જશે, એમ માનીને પોતાની ઉત્તમ શ્લોકથી ગવાતી કીર્તિને પૃથ્વી ઉપર ફેલાવીને શ્રી કૃષ્ણચંદ્ર સ્વધામમાં પધાર્યા. ૬-૭

પરીક્ષિત રાજા પૂછે છે—યાદવો તો બ્રાહ્મણોને માનનારા, ઉદાર, નિત્ય વૃદ્ધ પુરૂષોની સેવા કરનારા અને શ્રી કૃષ્ણપર પ્રેમ રાખનારા હતા, તેમ છતાં તેઓને બ્રાહ્મણોએ

શાથી શાપ આપ્યો હતો? ૮ હે બ્રાહ્મણોમાં ઉત્તમ! એ શાપ જે કારણથી થયો હોય અને જે પ્રકારનો હોય તે કહો. તે એક મંતવાળા યાદવોમાં પરસ્પર કલહ શા કારણુથી થયો હતો? ૯

શ્રી શુકદેવજી કહે છે--શ્રીકૃષ્ણ સર્વોત્તમ દેહવાળા હતા, છતાં વિષયોમાં તત્પર ન થતાં શુભ કર્મો કરતા હતા, તે પણ કોઇ પણ પ્રકારની કામનાથી નહી, પણ પૂર્ણ કામ થઇને કરતા હતા, વળી ઘરમાં રહેનારાઓએ કર્મ કેમ કરવાં? તે શીખવવા માટે ઘરમાં રહેતા હતા. કર્મો કરવાનું પોતાને કાંઇ પ્રયોજન ન છતાં પ્રાણીઓને ઉત્તમ તથા અત્યંત ફળ આપનારી પોતાની કીર્તિ ફેલાવવાને માટે કરતા હતા અને ઘરમાં રહેતા હતા. વળી પૃથ્વીનો ભાર ઉતારવાના કામમાં યદુકુળનો સંહાર કરવાનું કામ બાકી રહી ગયું હતું, તેથી શ્રીકૃષ્ણે તેનો સંહાર કરવાની ઇચ્છા કરી. ૧૦ અશ્વમેધાદિક કેટલાંક કર્મ કેવળ પુણ્ય આપે છે. કેટલાંક પુત્રાદિકનાં લાલન પાલનાદિક કર્મ માત્ર સુખ આપે છે; અને કેટલાંક પ્રાયશ્ચિત વગેરે કર્મ માત્ર પાપનેજ હરે છે; પરંતુ શ્રીકૃષ્ણ ભગવાન જે કર્મ કરતા હતા, તે કીર્તન કરનારાઓને પુણ્ય આપનારાં, અત્યંત મંગળમય અને કળિયુગના મળને દુર કરનારાં હતાં. આવાં કર્મ કરવાને માટે ભગવાને જે બ્રાહ્મણોને બોલાવ્યા હતા,તેઓ સર્વનાથી કર્મો કર્યા પછી તેઓને પિંડારક નામના સ્થાનમાં જવાનું કહ્યું. ૧૧ તે ઉપરથી વિશ્વામિત્ર, અસિત, કણ્વ. દુર્વાસા, ભૃગુ, અંગિરા, કશ્યપ, વામદેવ, અત્રિ, વસિષ્ઠ અને નારદ વગેરે ઋષિઓ શ્રીકૃષ્ણની આજ્ઞાથી પિંડારક નામના તીર્થમાં જઇને રહેતા હતા. ૧૨ એકવાર યાદવોના કુમારો રમતા રમતા ત્યાં ચાલ્યા ગયા. તેઓ જાંબવતીના પુત્ર સાંબને સ્રીનો વેશ પહેરાવીને પોતાની સાથે લઈ ગયા. તેઓ અવિવેકી છતાં વિવેકીનો ડોળ બતાવી તે બ્રાહ્મણોનાં ચરણોનો સ્પર્શ કરીને પૂછવા લાગ્યા કે-હે અમોઘ જ્ઞાનવાળા બ્રાહ્મણો! આ શ્યામ નેત્રવાળી ગર્ભવતી સ્રીને પ્રસવ થવાની તૈયારી છે, તેને પુત્રની ઇચ્છા છે, પણ તમને સ્વમુખે પૂછતાં શરમાય છે, માટે અમારી મારફત પૂછાવે છે, તો તેને પુત્ર અવતરશે કે પુત્રી? તે કહો. ૧૩-૧૫ હે રાજા! એ પ્રમાણે છેતર્યાથી મુનિલોકોએ કોપ કરીને કહ્યું કે-"હે મુર્ખાઓ! આ સ્રી તમારા કુળનો નાશ કરે એવું મુશળ જણશે." ૧૬ આવું સાંભળીને યાદવ કુમારોએ ભયભીત થઈ તુરત સાંબનું પેટ છોડીને જોયું તો તેમાં લોઢાનું મુશળ જોવામાં આવ્યું. ૧૭ પછી તેઓ પરસ્પર કહેવા લાગ્યા કે-અરે આપણે મંદ ભાગ્યવાળાઓએ આ શું કર્યું? લોકો આપણને શું કહેશે? આવી રીતે વિહ્વળ થયેલા તે કુમારો મુશળ લઇને ઘેર ગયા. ૧૮ મલીન થઇ ગયેલાં મુખવાળા એ કુમારો મુશળ લઇને યાદવોની સભામાં ગયા, અને સર્વની સમક્ષ ઉગ્રસેન રાજાને સઘળી વાત કહી સંભળાવી, પણ ભગવાનને કહી નહી. ૧૯ હે રાજા! બ્રાહ્મણોનો અમોઘ શાપ સાંભળીને તથા પ્રત્યક્ષ મુશળને જોઈને દ્વારકાના લોકો મોટા આશ્ચર્યથી ભય પામ્યા. ૨૦ પછી યાદવોના રાજા ઉગ્રસેને શ્રી કૃષ્ણને પૂછયા વિના તે મુશળને ઘસાવી નાંખ્યું, અને બાકી નાની લોઢાની ખીલી રહી તે તથા ભુકો સમુદ્રમાં ફેંકાવી દીધો. ૨૧ તે ખીલીને માછલું ગળી ગયું, અને મુશળ ઘસવાથી જે ભુકો થયેલો તે પાણીનાં મોજાંથી સમુદ્રને કિનારે આવ્યો, તેમાંથી પાનૃ ઉગી નીકળી. ૨૨ પછી મચ્છીમારોએ સમુદ્રમાં જાળ નાંખીને બીજાં માછલાંની સાથે તે માછલાને પકડી લીધું, તેને ચીરતાં પેટમાંથી જે લોઢાની કટકી નીકળી તેનું પોતાના તીરનું ફળું બનાવ્યું. ૨૩ ભગવાન સર્વ વાત જાણતા હતા, તેમ તે શાપને ટાળવાને પણ સમર્થ હતા, છતાં તેમણે બ્રાહ્મણોનો શાપ ફેરવવાની ઇચ્છા કરી નહી; પરંતુ કાળસ્વરૂપ ભગવાને એ વાતને ટેકો આપ્યો. ૨૪

भगवान् ज्ञातसर्वार्थ ईश्वरोऽपि तदन्यथा ॥
कर्तुं नैच्छद्विप्रशापं कालरूप्यन्वमोदत ॥

ઇતિશ્રી ભાગવત મહાપુરાણના એકાદશ-સ્કંધમાં "વિપ્રશાપ વર્ણન" નામનો ૧ લો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૨ જો.

નારદજીએ વસુદેવજીને આપેલો ઉપદેશ.

श्रीशुक उवाच.

गोविंद भुज गुप्तायां द्वारवत्यां कुरुद्वह ।
अवात्सीन्नारदोऽभीक्ष्णं कृष्णोपासन लालसः॥

શ્રી શુકદેવજી કહે છે—હે કુરુવંશી પરીક્ષિત્ રાજા! દક્ષના શાપને લીધે નારદજીથી એક ઠેકાણે રહી શકાતું નહીં, તો પણ ભગવાનની ઉપાસનાની લાલસાથી અને દ્વારકાપુરી ભગવાનની ભુજાથી રક્ષાયલી હતી, તેથી ત્યાં શાપનું બળ ચાલે તેમ નહોતું, તેથી નારદજી દ્વારકાપુરીમાંજ રહેતા હતા. ૧ હે રાજા! ચારે તરફથી મૃત્યુવડે ઘેરાયેલો ઇંદ્રિયવાળો કયો પુરૂષ મોટમોટા દેવતાઓએ સેવવા યોગ્ય શ્રીકૃષ્ણ ભગવાનનાં ચરણકમળને સેવે નહીં? ૨ એકવાર નારદજી વસુદેવને ઘેર આવ્યા, ત્યારે વસુદેવજીએ તેમનું યથાયોગ્ય પૂજન સત્કાર કરીને સુખે બેઠેલા નારદજીને પ્રણામ કરીને પૂછ્યું કે-૩

વસુદેવજી પૂછે છે—હે ભગવાન! જેમ માતાપિતાનું આગમન પુત્રોને કલ્યાણકારી છે, અને જેમ ભગવાનનો માર્ગ બતાવનારા મહાત્મા લોકોનું આગમન દીન લોકોને કલ્યાણકારી છે, તેમ ભગવત્સ્વરૂપ એવા આપનું પધારવું સર્વ પ્રાણીઓનું કલ્યાણ કરનારૂં છે. ૪ દેવતાઓનાં ચરિત્ર વૃષ્ટિ વગેરે કરીને પ્રાણીઓને સુખ આપે છે, અને કોઇવાર અતિવૃષ્ટિ વગેરે કરીને દુઃખ પણ આપે છે; પરંતુ ભગવાનમાંજ ચિત્તવાળા આપના જેવા મહાત્માઓનાં ચરિત્ર તો સુખજ આપે છે. ૫ દેવતાઓ ભજન કરનારને તેના ભજનના પ્રમાણમાં સુખ આપે છે. જેમ પુરૂષ જે પ્રમાણે કર્મ કરે છે તે પ્રમાણે તેની છાયા પણ કર્મ કરે છે, તેમ જે પુરૂષ દેવતાઓને જે પ્રમાણે ભજે છે, તે પ્રમાણે દેવતા પણ તેને ભજે છે. આવી રીતે દેવતાઓ માત્ર કર્માનુસાર ફળ આપે છે; પરંતુ મહાત્માઓ તો દયાળુ હોવાથી સેવા કર્યા વગર પણ ફળ આપે છે. ૬ હે મહારાજ! હું આપના પધારવાથીજ કૃતાર્થ થયો છું, તો પણ આપને ભગવાનના ધર્મો સંબંધી પ્રશ્ન પૂછું છું-જે ધર્મો સાંભળીને મનુષ્ય સર્વ ભયથી મુક્ત થાય છે. ૭ મેં પૂર્વે ભગવાનની માયાથી મોહ પામીને મોક્ષ આપનારા ભગવાનની પૂજા પ્રજાને માટે કરી હતી, પરંતુ મોક્ષને માટે કરી નહોતી. ૮ હે મુનિ! હું અનેક દુઃખોથી ભરપૂર અને ભય ભરેલા સંસારમાંથી અનાયાસ છુટી જાઉં, એવો મને ઉપદેશ કરો. ૯

શ્રી શુકદેવજી કહે છે—હે રાજા! આ રીતે બુદ્ધિમાન વસુદેવજીએ પ્રશ્ન કર્યો, ત્યારે ભગવાનના ગુણોનો પ્રસંગ નિકળવાથી જેને ભગવાનના ગુણોનું સ્મરણ આવી ગયું હતું, એવા નારદજીએ પ્રસન્ન થઇને વસુદેવજીને આ પ્રમાણે કહ્યું. ૧૦

નારદજી કહે છે—હે યાદવોમાં ઉત્તમ! તમે સર્વને પવિત્ર કરનારા ભગવાનના ધર્મ પુછોછો, એ તમારો વિચાર ઘણોજ ઉત્તમ છે. ૧૧ હે વસુદેવ! એ ધર્મો સાંભળવાથી, પાઠ કરવાથી, ધ્યાન કરવાથી, આદર કરવાથી અને તેનું અનુમોદન કરવાથી તે સઘળા જગતનો દ્રોહ કરનારાને પણ તરત પવિત્ર કરે છે. ૧૨ તમે આ પરમ કલ્યાણકારી અને જેમનું શ્રવણ કીર્તન પુણ્ય આપનારૂં છે, એવા ભગવાન નારાયણનું સ્મરણ કરાવ્યું, એ મારા ઉપર મોટો ઉપકાર કર્યો છે. ૧૩ આ ભગવાનના ધર્મોના નિર્ણય સંબંધમાં ઋષભદેવજીના પુત્ર તથા મહાત્મા વિદેહ રાજાના સંવાદરૂપ એક પુરાતન ઇતિહાસ કહું છું. ૧૫ સ્વાયંભુવ મનુને પ્રિયવ્રત નામે પુત્ર હતો, તેને આગ્નિધ્ર, તેને નાભિરાજ

અને તેને ઋષભદેવ નામે પુત્ર થયા હતા. ૧૫ એ ભગવાનના અંશરૂપ ઋષભદેવજી મોક્ષધર્મ કહેવા માટે જન્મ્યા હતા, તેમને સો પુત્ર થયા હતા, તે સર્વ વેદ પારંગત હતા. ૧૬ તેઓમાં નારાયણના પરમભક્ત ભરતજી સર્વથી મોટા હતા, જેના નામપરથી આ અજનાભખંડનું નામ 'ભરતખંડ' પડયું છે. ૧૭ એ ભરતજી પૃથ્વીપરના વૈભવો ભોગવી, તેનો ત્યાગ કરી, ઘરમાંથી નીકળીને તપ કરવાને વનમાં ચાલ્યા ગયા. ત્યાં તપશ્ચર્યાથી ભગવાનની ઉપાસના કરતાં ત્રણ જન્મે મુક્ત થયા હતા. ૧૮ બાકીના નવ્વાણું પુત્રોમાં નવ પુત્ર આ ભરતખંડના નવ પેટાદ્વીપોના રાજા થયા, અને એકાશી પુત્ર કર્મ માર્ગ ચલાવનારા બ્રાહ્મણો થયા હતા. ૧૯ કવિ, હરિ અંતરિક્ષ, પ્રબુદ્ધ, પિપ્પલાયન, આવિર્હોત્ર, દ્રુમિલ, ચમસ અને કરભાજન એ નવ મહા ભાગ્યશાળી યોગેશ્વરો થયા હતા. તેઓ પરમાર્થનું નિરૂપણ કરનારા, આત્મજ્ઞાનના અભ્યાસમાં શ્રમ કરનારા, દિગંબર અને બ્રહ્મવિદ્યામાં નિપુણ હતા. ૨૦-૨૧ તેઓ કાર્ય-કારણરૂપ આ જગતને ભગવદ્ રૂપ જોતા, ભગવાનના રૂપને પોતારૂપ જોતા અને પૃથ્વી ઉપર વિચરતા હતા. ૨૨ તેઓની ઇચ્છાનુસાર ગતિ ક્યાંય અટકતી નહી, અને કોઇ પણ પદાર્થપર આસક્તિ રાખતા નહતા, એવા એ મુક્ત દેવ, સિદ્ધ, સાધ્ય, ગંધર્વ, યક્ષ, મનુષ્ય, કિન્નર, નાગ, મુનિ, ચારણ, ભૂતનાથ, વિદ્યાધર, દ્વિજ અને ગાયોના લોકમાં પોતાની ઇચ્છા પ્રમાણે ફરતા હતા. ૨૩ એ યોગેશ્વરો એક દિવસ ભરતખંડમાં મહાત્મા નિમિરાજાનો યજ્ઞ કે-જે ઋષિ લોકો વિધિપૂર્વક કરાવતા હતા. ત્યાં દૈવેચ્છાથી જઇચઢયા. ૨૪ હે રાજન્! સૂર્ય સરખા તેજવાળા એ મહા વૈષ્ણવોને જોઇને, યજમાન, અગ્નિ અને બ્રાહ્મણો સર્વ ઉઠીને ઉભા થયા. ૨૫ એ લોકોને નારાયણના પરમ ભક્ત જાણી, પ્રસન્ન થઇ, નિમિ રાજાએ આસનો ઉપર બેસાડયા અને વિધિ પૂર્વક પૂજા કરી. ૨૬ અતિ પ્રસન્ન થઇ નિમિ રાજાએ સ્વાભાવિક કાન્તિથી પ્રકાશતા અને સનત્કુમારોના સમાન એ નવ યોગેશ્વરોને ભક્તિ ભાવથી નમ્ર થઇને આ પ્રમાણે પૂછયું. ૨૭

વિદેહરાજા પુછેછે—હું આપને વિષ્ણુ ભગવાનના સાક્ષાત્ પાર્ષદ માનું છું; કેમકે ભગવાનના પાર્ષદ, લોકોને પવિત્ર કરવા માટે સર્વત્ર વિચરે છે. ૨૮ અનેક યોનિમાં ભટકતા જીવોને આ મોક્ષના સાધનરૂપ મનુષ્ય દેહ ક્ષણભંગુર છતાં પણ મળવો મહા દુર્લભ છે, અને તેમાં પણ ભગવદ્ ભક્તનાં દર્શન થવાં તો અતિ દુર્લભ છે, એમ હું માનું છું. ૨૯ હે પાપ રહિત યોગીઓ! જગતમાં સર્વોત્તમ કલ્યાણનું સાધન શું છે? તે હું આપને પૂછું છું. કેમકે આ સંસારમાં અર્દ્ધક્ષણવારનો સત્સંગ પણ ભંડાર મળવાની પેઠે પરમાનંદ આપનારો છે. ૩૦ અને સાંભળવા યોગ્ય હોય તો તે સર્વોત્તમ કલ્યાણને માટે ભગવત્ સંબંધી ધર્મ પણ કહો, કે-જે ધર્મોથી પ્રસન્ન થઇને, ભગવાન્ પોતાના ભક્તને પોતાનું સ્વરૂપ પણ અર્પણ કરે છે. ૩૧

નારદજી કહે છે—હે વસુદેવ! આ પ્રમાણે નિમિ રાજાએ પ્રશ્ન કર્યો, ત્યારે તે મહાત્મા યોગેશ્વરોએ પ્રીતિથી સભાસદો અને ઋત્વિજોની સાથે રાજાનો સત્કાર કરીને કહ્યું. ૩૨

કવિ યોગેશ્વર કહે છે—મારૂં તો એવું માનવું છે કે—આ સંસારમાં ભગવાનના ચરણારવિંદની ઉપાસના કરવી, એજ સર્વ પ્રકારનો ભય મટાડનારૂં સર્વોત્તમ કલ્યાણકારી સાધન છે. જે ઉપાસના કરવામાં દેહાદિક મિથ્યા પદાર્થોના અભિમાનથી સર્વદા ઉદ્વેગ પામેલા પ્રાણી સંસારના સર્વ ભયથી મુક્ત થઇ જાય છે. ૩૩ ભગવાને મનુ અને યાજ્ઞવલ્કય-આદિના મુખદ્વારા વર્ણાશ્રમાદિકના ધર્મ કહીને, અજ્ઞાની પુરૂષોને અનાયાસે આત્મજ્ઞાન થવા માટે જે ઉપાય કહેલ છે, તે ભગવત્ સંબંધી ધર્મ છે, એમ તમે જાણો. ૩૪ હે રાજા! યોગાદિકમાં જેમ મનુષ્યને વિઘ્નો નડે છે, તેમ આ ભગવત સંબંધી ધર્મોમાં કદીપણ વિઘ્નો નડતાં નથી. આ સ્થળે શ્રુતિ તથા સ્મૃતિને

આંખો જાણવી; તેમાંથી એકને જાણતો ન હોય તો કાણો કહેવાયછે, અને બન્ને જાણતો ન હોય તો આંધળો કહેવાય છે. એ બન્ને આંખ્યોને મીંચીને એટલે શ્રુતિ અને સ્મૃતિ એ બન્નેને નહિ જાણીને પણ દોડતો ચાલ્યો જાય; અર્થાત્ દોડતો મનુષ્ય જેમ પગ રાખવાની જગ્યાએ પગ ન રાખતાં તુરત જરા જરા દૂર પગ રાખે છે, તેમ જરા જરા તેમાંનું મુકી દઇને જરા જરા પાળતો જાય; તો પણ તેને તેથી કાંઈ પણ અડચણ આવતી નથી. ૩૫ શાસ્ત્રવિધિથી કરેલાં કર્મ જ નારાયણને અર્પણ કરવાં એવો નિયમ નથી; પરંતુ કાયાથી, વાણીથી, મનથી, ઇંદ્રિયોથી, બુદ્ધિથી, અહંકારથી અને અધ્યાસથી માનેલા બ્રાહ્મણપણાના સ્વભાવથી પણ જે કાંઈ કરવામાં આવે, તે સર્વ પરમાત્મા નારાયણને અર્પણ કરી દેવાં. એમ કરવાથી સર્વ પ્રકારની શરીરાદિક ક્રિયા ભગવદ્ધર્મરૂપ થઈ જાય છે. ૩૬ અજ્ઞાનથી ઉપજેલો ભય જ્ઞાનથી ટળી જાયછે? માટે જ્ઞાન મેળવવું. ઈશ્વરથી વિમુખ પુરૂષને ઇશ્વરની માયાથી અજ્ઞાન થયા કરે છે, અને અજ્ઞાનથી 'હું દેહ છું' એવી બુદ્ધિ થયેલી છે. અને એવી બુદ્ધિથી ભય ઉત્પન્ન થયેલો છે. માટે ગુરૂમાં ઇશ્વર અને આત્માની ભાવના રાખીને, ભયના મુળ કારણરૂપ માયાના નિયંતા પરમાત્માનું અનન્ય ભક્તિથી જ્ઞાની પુરૂષે ભજન કરવું જોઇએ. ૩૭ વિષયોથી ચિત્તમાં વિક્ષેપ થાય છે, તો તેથી અનન્ય ભક્તિ થવાનો સંભવ નથી, તો પછી અભયની તો વાતજ શી? એમ ન સમજવું; કેમકે વિષય વાસ્તવિક રીતે પરમાર્થ રૂપ નથી; પરંતુ મનના વિલાસ માત્ર છે, માટે મનનો નિગ્રહ કરીને, ભજન કરવાથી અભય પ્રાપ્ત થાયછે. આ દેખાતો દ્વૈતપ્રપંચ જો કે મિથ્યા છે, તો પણ સ્વપ્ન અને મનોરથની પેઠે તેનું ચિન્તવન કરનારા મનથી પ્રતીત થાય છે, માટે જ્ઞાની પુરૂષે કર્મોના સંકલ્પ વિકલ્પ કરનારા મનને રોકવું. એમ કરવાથી અનન્ય ભક્તિ પ્રાપ્ત થઈને, તેના પ્રભાવથી ભજન થવાથી અભય પ્રાપ્ત થાય છે. ૩૮ ભગવાનના મહા કલ્યાણકારી અવતારો, કર્મો અને જન્મ કર્મના અર્થવાળાં જે નામો જગતમાં પ્રસિદ્ધ છે, તેનું લાજ તથા સ્પૃહા છોડીને શ્રવણ તથા ગાયન કરતાં જગતમાં વિચરવું. ૩૯ આ પ્રમાણે નિયમ રાખનાર અને ભગવાનનાં નામ કીર્ત્તનથી દ્રવીભુત હૃદયવાળા ભક્ત લોકોને દેખાડવાને માટે દાંભિકની પેઠે નહિ; પરંતુ ઓડ વળગેલાની પેઠે પરવશ થઈને, કોઈ સમય તો ભગવાન ભક્તની આગળ હારેલા છે, એમ જાણીને ખડખડ હસે છે. કોઇ સમય લાંબા વખત સુધી ભગવાનની કરેલી ઉપેક્ષાને વિચારી રડે છે. કોઈ વાર અતિ ઉત્સુકતાથી પોકારે છે, કોઇ વાર અત્યંત હર્ષમાં આવી જઈ ગાયન કરે છે, અને કોઇ વાર 'જય જય' એમ કહીને નાચે છે. ૪૦ આકાશ, વાયુ, અગ્નિ, જળ, પૃથ્વી, નક્ષત્રાદિક, તેજ, જીવ, જંતુ, દિશાઓ, વૃક્ષાદિક, નદીઓ, સમુદ્ર અને બીજા પણ જે કાંઇ પદાર્થ છે, તે સર્વ ભગવત્રૂપ છે, એમ જાણીને, અનન્ય ભાવથી તે સર્વને પ્રણામ કરવા. ૪૧ આ ગતિ તો યોગીજનોને પણ અનેક જન્મોએ મળવી અતિ દુર્લભ છે. તે કેવળ નામ કીર્ત્તન માત્રથી એક જન્મમાં શી રીતે મળે? એવી શંકા કરવી નહિ; કેમકે જેમ ભોજન કરતાં મનુષ્યને દરેક કોળીએ નહિ, પરંતુ કણકણથી પણ સુખ, ઉદરપોષણ અને ક્ષુધાની નિવૃત્તિ થાય છે, તેમ ભગવાનનું ભજન કરનારા પુરૂષને પ્રેમ લક્ષણાભક્તિ, પ્રેમના આશ્રયરૂપ ભગવાનના સ્વરૂપની સ્ફૂર્ત્તિ અને ઘર-આદિમાં વૈરાગ્ય, એ ત્રણે વાતો ભજનના સમયમાં એકે વખતે પ્રકટ થાય છે. જેમ ઘણા કોળીયા ખાવાથી સુખાદિક વધતાં વધતાં પરમ સુખ થાય છે, તેમ ઘણું ભજન કરવાથી ભક્તિ-આદિ વધતાં વધતાં પરમ ભક્તિનો લાભ થાય છે. ૪૨ હે રાજા! એ રીતે અવિચ્છિન્નતાથી ભગવાનના ચરણનું ભજન કરનારો વૈષ્ણવ ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય પ્રાપ્ત થવાથી સાક્ષાત્ પરમ શાન્તિને પામે છે. ૪૩

નિમિરાજા પુછે છે—હવે અને વૈષ્ણવનું સ્વરૂપ કહો. વૈષ્ણવ કયા ધર્મમાં નિષ્ઠા રાખે? તેનો સ્વભાવ કેવો હોય? મનુષ્યોમાં વૈષ્ણવ કેવાં આચરણ કરે? કેવું બોલે? અને કયાં ચિહ્ન રાખવાથી ભગવાનને પ્રિય થાય?૪૪

હરિ યોગેશ્વર કહે છે—'હું ચૈતન્ય રૂપ પરબ્રહ્મપણાથી સર્વ પદાર્થોમાં વ્યાપક છું, અને સર્વ પદાર્થ મારા પરબ્રહ્મસ્વરૂપમાં અધ્યાસ રૂપે રહેલા છે, એમ જે જાણે છે, તે ઉત્તમ વૈષ્ણવ કહેવાય છે. ૪૫ જે મનુષ્ય ઇશ્વર ઉપર પ્રેમ, ઇશ્વરના ભક્તો સાથે મિત્રતા, મુર્ખો ઉપર કૃપા, અને શત્રુઓ ઉપર ઉપેક્ષા રાખે, તે મધ્યમ વૈષ્ણવ કહેવાય છે, કારણ કે- તેને એટલી પણ ભેદબુદ્ધિ રહેલી છે. ૪૬ જે પુરૂષ શ્રદ્ધા રાખીને, મુર્તિમાંજ ભગવાનની પુજા કરે; પરંતુ ભગવાનના ભક્તોની પુજા ન કરે, અને બીજાઓની ટો જરાપણ પૂજા ન કરે,તેને પ્રાકૃત એટલે ભક્તિ કરવાનો પ્રારંભ કરનારો વૈષ્ણવ જાણવો. ૪૭ કેવળ ભગવાનમાંજ ચિત્ત લાગેલું હોવાથી, ઉત્તમ વૈષ્ણવ વિષયોને ગ્રહણ કરતા નથી, કદાચિત ઇંદ્રિયોથી વિષયનું ગ્રહણ થાય; તો પણ આ જગતને ભગવાનની માયારૂપ જાણીને, જે મનુષ્ય પ્રતિકુળ વિષયોથી દ્વેષ ન રાખે, અને અનુકુળ વિષયોમાં પ્રીતિ ન રાખે, તેને ઉત્તમ વૈષ્ણવ જાણવો. ૪૮ ભગવાનનું અવિચ્છિન્ન સ્મરણ રહેવાથી જે મનુષ્ય દેહના ધર્મરૂપ જન્મ-મરણ, પ્રાણના ધર્મરૂપ ક્ષુધા તૃષા, મનના ધર્મરૂપ ભય, બુદ્ધિના ધર્મરૂપ તૃષ્ણા, અને ઇંદ્રિયોના ધર્મ રૂપ શ્રમ, એ સંસાર સંબંધી ધર્મોથી મોહિત ન થાય તે ઉત્તમ વૈષ્ણવ કહેવાય છે. ૪૯ જેના ચિત્તમાં કામ, કર્મ અથવા વાસનાનું બીજ ન હોય, અને જેને એક ભગવાનનોજ આશ્રય હોય, તે ઉત્તમ વૈષ્ણવ કહેવાય છે. ૫૦ જે પુરૂષનો ઉત્તમ કુળમાં જન્મ, તપ-આદિ કર્મ, વર્ણ, આશ્રમ અથવા જાતિથી આ દેહમાં અહંકાર જરાપણ ન હોય, તે પુરૂષ ભગવાનને પ્રિય હોય છે. ૫૧ જે પુરૂષને ધનમાં 'પોતાનું પારકું' અને દેહમાં 'હું અને બીજો' એવો ભેદ ન હોય, અને જે સર્વ પ્રાણી માત્રમાં સમ દૃષ્ટિ રાખતો હોય તે ઉત્તમ વૈષ્ણવ કહેવાય છે. ૫૨ જે પુરૂષ ત્રૈલોક્યનું રાજ્ય આપવાનું કહે, તો પણ ભગવાનનાં ચરણારવિંદ કે જેને કેવળ હરિભગવાનમાંજ જેનું ચિત્ત છે. એવા દેવાદિક પણ દુર્લભ-હોવાથી કેવળ નિહાળ્યા કરે છે, તેમાંથી અર્દ્ધ નિમેષ પણ ચુકતો નથી, તે ઉત્તમ વૈષ્ણવ કહેવાય છે. ૫૩ તૃષ્ણાથી તાપ થતો હોય, તો ભગવાનના ચરણારવિંદમાંથી ચળાયમાન થઇ જવાય છે; પરંતુ ભગવાનની સેવાનું પરમસુખ મળવાથી તૃષ્ણાનો તાપ થતોજ નથી, ભગવાનના મહા પરાક્રમી ચરણની આંગળીયોમાં રહેલા નખરૂપ મણિયોની શીતળ ચંદ્રિકાથી જેના તૃષ્ણાદિક તાપ દુર થઇ ગયા છે, તેવા ભક્ત લોકોના હૃદયમાં તે તાપ પાછા શી રીતે પ્રગટ થઇ શકે? ચંદ્રનો ઉદય થયા પછી સુર્યનો તાપ રહેતો નથી. ૫૪ પરાધીન દશામાં પણ જેનું નામ લેવાથી જે પાપના ઢગલાને નાશ કરે છે તથા પ્રેમરૂપ દોરીથી જેનાં ચરણકમળ બંધાઇ ગયાં છે, એવા ભગવાન જેના હૃદયમાંથી દુર ખસતા નથી,તે પુરૂષને ઉત્તમ વૈષ્ણવ જાણવો. ૫૫

विसृजति हृदयं न यस्य साक्षा-
द्धरिरवशाभिहितोऽप्यघौघनाशः।
प्रणयरशनया धृताङ्घ्रिपद्मः
स भवति भागवत प्रधान उक्तः ॥५५॥

ઇતિ શ્રી ભાગવત મહાપુરાણના એકાદશ સ્કંધમાં 'નારદ વસુદેવ સંવાદ' નામનો ૨ જો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૩ જો.

માયા, માયાને તરવાનો ઉપ. બ્રહ્મ અને કર્મ એ ચાર પ્રશ્નના ઉત્તર.

રાજોવાચ.

परस्य विष्णोरीशस्य मायिनामपि मोहिनीम् ॥
मायांवेदितु मिच्छामो भगवंतो ब्रुवंतुनः॥१॥

નિમિ રાજા પૂછે છે-પરમાત્મા વિષ્ણુની માયા કે-જે માયાઓને પણ મોહિત કરે છે, તેને હું જાણવાને ઈચ્છું છું, માટે આપ કહો કે-માયા એ શું છે? ૧ હું સંસારના તાપોથી અત્યંત તપેલો મનુષ્ય છું, તે સંસારના તાપના ઔષધરૂપ અને ભગવાનની કથારૂપ અમૃતથી ભરેલાં આપનાં વચન સાંભળતાં તૃપ્ત થતો નથી. ૨

અંતરિક્ષ યોગેશ્વર કહે છે—હે મોટી ભુજાઓવાળા રાજા! પોતાના અંશરૂપ જીવોને ભોગ અને મોક્ષ આપવાને માટે સર્વના કારણ રૂપ તથા સર્વના આત્મા રૂપ પરમેશ્વરે પોતાનાં રચેલાં આ પાંચ મહાભુતોમાંથી ઉત્તમ તથા નીચ પ્રકારનાં શરીર ઉત્પન્ન કરેલાં છે. ૩ આ પ્રકારે જીવોના ઉપકારને માટે પંચમહાભૂતોથી રચેલાં શરીરોમાં અંતર્યામી રૂપથી પ્રવેશ કરેલા ભગવાન મનથી અને દશ ઇંદ્રિયોથી વિષયોના વિભાગ કરીને જીવોને તે વિષય ભોગવાવે છે. ૪ અન્તર્યામીએ પ્રકાશિત કરેલા ઇંદ્રિયોથી વિષયોને ભોગવતો અને ઉત્પન્ન થયેલા આ શરીરને પોતાના રૂપ માનતો આ જીવ શરીરાદિકમાં આસક્ત થઇ જાય છે. ૫ કર્મેન્દ્રિયોથી વાસના સહિત કર્મ કરતો અને તે તે કર્મોનાં સુખ દુઃખ રૂપ ફળો ભોગવતો જીવ આ સંસારમાં ભટકયા કરે છે, પણ મુક્ત થતો નથી. ૬ આ પ્રકારે અનેક દુઃખ આપનારી કર્મોની ગતિઓને પામતો અને પરતંત્ર થયેલો જીવ પ્રલય થતા સુધી જન્મ મરણ પામ્યા કરે છે. ૭ પ્રલયનો આરંભ થાયછે, ત્યારે આદિ અને અંતથી રહિત કાળ આ સ્થુળ, સૂક્ષ્મ રૂપ જગતને ઈશ્વરમાં લઇ જવા માટે ખેંચે છે. ૮ જ્યારે પ્રલય થશે ત્યારે પૃથ્વી ઉપર સો વર્ષ સુધી મહા ભયંકર અનાવૃષ્ટિ થશે, અને તે સમયમાં વિશેષ તપેલો સૂર્ય ત્રણે લોકોને તપાવશે. ૯ પછી પાતાળમાંથી દગ્ધ કરવાને તૈયાર થયેલો ઊંચી શિખાવાળો, વાયુથી પ્રેરતિ શેષ ભગવાનનાં મુખનો અગ્નિ ચારે તરફ વૃદ્ધિ પામશે. ૧૦ તે પછી પ્રલય કરનારા મેઘનો સમુહ હાથીની શુંડ જેવી ધારાઓથી સો. વર્ષ સુધી વૃષ્ટિ કરશે, અને બ્રહ્માંડ જળમાં ડુબી જશે. ૧૧ પછી બ્રહ્માંડરૂપ શરીરવાળા વિરાટ પુરૂષ બ્રહ્માંડરૂપ પોતાના શરીરને છોડીને જેમ, કાષ્ટ રહિત અગ્નિ પોતાના સૂક્ષ્મ રૂપમાં પ્રવેશ કરે છે, તેમ સુક્ષ્મ પરબ્રહ્મમાં પ્રવેશ કરશે. ૧૨ પછી પૃથ્વીનો ભાગ વાયુથી હરણ કરવામાં આવશે, ત્યારે પૃથ્વી જળ રૂપ થઈ જશે. જળનો રસ વાયુથી હરણ થઈ જશે, ત્યારે જળ તેજ રૂપ થઈ જશે. ૧૩ પછી પ્રલયકાળના તેજથી તેજનું હરણ થઇ જશે, ત્યારે તેજ વાયુમાં લીન થઇ જશે, અને વાયુનો સ્પર્શ ગુણ આકાશથી હરણ થઇ જશે, તેથી વાયુ આકાશમાં લીન થઇ જશે. ૧૪ પછી આકાશનો શબ્દ ગુણ કાળથી હરણ થઇ જશે, ત્યારે આકાશ તામસાહંકારમાં લીન થઇ જશે. ઇંદ્રિયો તથા બુદ્ધિ રાજસ અહંકારમાં લીન થઈ જશે. મન તથા ઇંદ્રિયોના દેવતા સાત્વિક અહંકારમાં લીન થશે. અહંકાર પોતાનાં ત્રણ પ્રકારનાં કાર્યોની સાથે મહત્તત્વમાં અને મહત્તત્વ પ્રકૃતિમાં લીન થશે. આ સર્વ ભગવાનની માયા જાણવી. ૧૫ ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કરનારી ત્રણ ગુણોવાળી ભગવાનની માયાનુ સ્વરૂપ મેં તમારી પાસે વર્ણવ્યું. હવે બીજું શું સાંભળવાને ઇચ્છો છો? ૧૬

નિમિ રાજા પુછે છે-હે મહર્ષિ! શરીરમાં અહંતા રાખનારા પુરૂષો મનને વશ નહી રાખનારા પુરૂષોથી ન તરી શકાય એવી આ ઇશ્વરની માયાને જે ઉપાયથી સહજ જ તરી જાય એ પ્રકાર કહો. ૧૭

પ્રબુદ્ધ યોગેશ્વર કહે છે—માયાને તરવાનું ભક્તિ વિના બીજું કોઇ પણ સાધન નથી; માટે ભક્તિ અને તેનાં સાધન કહું છું. જોડું થઇ રહેતાં મનુષ્યો દુઃખ મટાડવાને માટે અને સુખ થવાને માટે કર્મ કરતાં

છતાં પણ તે કર્મોનાં ધાર્યા કરતાં વિપરીત ફળ ભોગવે છે. તેના તરફ ધ્યાન આપો. ૧૮ કર્મ કરીને જો ધનાદિક મેળવવામાં આવે તો તે પણ સુખદાયી થતાં નથી, નિરંતર દુઃખ દેનારાં, દુર્લભ અને પોતાના મૃત્યુરૂપ ધન તથા ઘર સંતાન, સંબંધી અને પશુ કે-જે ચંચળ છે, તેને મેળવવાથી પણ શું સુખ થાય છે? ૧૯ આ લોકનું સુખ તથા લોક જેમ નાશવંત છે, તેમ કર્મથી મેળવેલું પરલોકનું સુખ અને તે લોક પણ નાશવંત છે એમ સમજવું. જેમ ખંડના રાજાઓની પોતાના બરાબરીઓ હોય તેની સ્પર્દ્ધા અધિક થાય છે, તેથી ઈર્ષ્યા અને સુખ જતું રહેવાનો ભય થાય છે, તેમ જ સ્વર્ગાદિક લોકોમાં પણ સ્પર્દ્ધા, ઇર્ષ્યા અને ભય રહે છે. તેથી વર્તમાનકાળમાં પણ પરલોક દુઃખ યુકત છે એમ જાણવું. ૨૦ માટે જે મનુષ્ય પોતાનું સર્વોત્તમ કલ્યાણ જાણવાની ઈચ્છા રાખે, તેણે વેદવેત્તા હોવાથી સંશય મટાડનારા અને પરબ્રહ્મમાં અપરોક્ષ અનુભવી હોવાથી શિષ્યોના મનમાં પોતાનો ઉપદેશ ઠસાવનારા અને પરમ શાંતિવાળા ગુરૂને શરણે જવું. ૨૧ ગુરૂની પાસે રહીને તથા ગુરૂને જ આત્મા અને ઇષ્ટદેવ જાણીને નિષ્કપટ સેવાથી ભગવત સંબંધી ધર્મ શીખવા, જે ધર્મોથી આત્મારૂપ અને ભકત લોકોને પોતાનું સ્વરૂપ આપનારા ભગવાન પ્રસન્ન થાય છે. ૨૨ પ્રથમ મનમાં સર્વ વિષયોથી વૈરાગ્ય લાવવો, સાધુ પુરૂષોનો સમાગમ કરવો, પોતાનાથી હીન પ્રાણીના ઉપર દયા રાખવી, સમાનની સાથે મૈત્રી–અને ઉત્તમની સાથે નમ્રતા રાખવી. ૨૩ માટી અને જળ આદિથી શરીરની પવિત્રતા રાખવી, સરળતા આદિથી મનની પવિત્રતા રાખવી, સ્વધર્મનાં આચરણ કરવાં, ક્ષમા રાખવી, મિથ્યા ભાષણનો ત્યાગ કરવો, વેદ આદિનો પાઠ કરવો, સરળતા રાખવી, ઋતુ કાળેજ પોતાની સ્ત્રી સાથે મૈથુન કરવું, બ્રહ્મચર્ય પાળવું, અહિંસા, સુખ દુખ તથા ટાઢ તડકાથી હર્ષ શોક રહિત થતાં શીખવું. ૨૪ સર્વ પદાર્થોમાં ક્ષેત્ર અને ચિત રૂપથી આત્મા રહે છે, એમ વિચારી નિયંતાપણાથી ઇશ્વર રહે છે એવો વિચાર કરવો, એકાંતમાં રહેવું, ઘર આદિમાં અભિમાનનો અભાવ રાખવો, નિર્જન સ્થાનમાં પડેલાં ફાટેલાં વસ્ત્ર અથવા વલ્કલ પેહેરવાં, અને જે કાંઈ મળે તેમાંજ સંતોષ રાખવો. ૨૫ ભગવાનનું પ્રતિપાદન કરનારાં શાસ્ત્રોમાં શ્રદ્ધા, બીજા શાસ્ત્રોની અનિંદા, પ્રાણાયામથી મનને દંડ, મૌનથી વાણીને દંડ, અને અનુદ્યમથી ક્રિયાને દંડ આપવો, યથાર્થ ભાષણ કરવું, શમ દમ રાખવાં. ૨૬ અદ્દભુત કર્મ કરનારા હરિ ભગવાનના જન્મ, કર્મ અને ગુણોનું શ્રવણ, કીર્તન તથા ધ્યાન એ ભગવાન નિમિત્તેજ સર્વ કર્મ કરવાં. ૨૭ યજ્ઞ, દાન, તપ, જપ, સદાચાર, ગંધ, પુષ્પાદિકનું અર્પણ, પ્રિય પદાર્થ, સ્ત્રી, પુત્ર, ઘર, તથા પ્રાણ એ સર્વ દાસપણાથી ઇશ્વરને અર્પણ કરવાં. ૨૮ આ રીતે જેના ભગવાન જ આત્મા અને સ્વામી છે, એવા મનુષ્યોમાં સ્નેહ, સ્થાવર જંગમની સેવા, તેમાં પણ મનુષ્યોની વિશેષ સેવા, મનુષ્યોમાં પણ સ્વધર્મ પાળનારની સેવા, અને સ્વધર્મ પાળનારાઓમાં પણ વૈષ્ણવોની વિશેષ સેવા કરવી. ૨૯ પરસ્પર ભગવાનના પવિત્ર યશનું વર્ણન અને યશના વર્ણનથી જ મનનું રમણ, સુખ તથા સર્વ દુઃખોની નિવૃત્તિ, એ સર્વ ધર્મગુરૂ પાસેથી શીખવા. ૩૦ આ પ્રમાણે વર્તનારા અને પાપના સમુહનો નાશ કરનારા ભગવાનનું સ્મરણ કરતાં તથા પરસ્પર સ્મરણ કરાવતા ભકત લોકોના શરીરમાં સાધનભકિતથી પ્રેમલક્ષણા ભક્તિ ઉત્પન્ન થઇ તેનાથી રોમાંચ ઉભા થઇ જાય છે. ૩૧ એવા અલૌકિક ભકત કોઇવાર ભગવાનનું સ્મરણ કરતાં રડે છે, કોઈ વાર હસે છે, કોઇ વાર પ્રસન્ન થાય છે, કોઇવાર વાતો કરે છે, કોઇવાર નાચે છે, કોઇવાર ગાયન કરે છે, કોઇવાર ભગવાનની લીલાનું અનુકરણ કરે છે, અને કોઈવાર તદાકાર થઇ જવાથી શાંતપણે મૌન થઇ જાય છે. ૩૨ આ રીતે ભગવત સંબંધી ધર્મોને શીખતો અને નારાયણ પરાયણ રહેતો પુરૂષ આ ધર્મોથી ઉત્પન્ન

થયેલી ભક્તિના પ્રભાવથી દુસ્તર માયાને પણ સહજ તરી જાય છે. ૩૩

નિમિ રાજા પુછે છે—આપે કહ્યું કે-નારાયણપરાયણ પુરૂષ માયાને તરી જાય છે, તો તે નારાયણ નામના પરમાત્માનું સ્વરૂપ મને કહો; કેમકે આપ મોટા બ્રહ્મવેત્તા છો.૩૪

પિપ્પલાયન યોગેશ્વર કહે છે—હે રાજા! આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને સંહાર જેનાથી થાય છે, તથા જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ ત્રણે અવસ્થાઓમાં સાક્ષીપણાથી જે વ્યાપક છે, તથા એ ત્રણે અવસ્થાઓથી જુદી સમાધિ વિગેરે અવસ્થામાં પણ જે વ્યાપક છે, અને દેહ, ઇંદ્રિયો, પ્રાણ તથા મન જેમના ચૈતન્યથી પ્રવૃત્ત થાય છે, તે પરબ્રહ્મ નારાયણનું સ્વરૂપ છે, એમ જાણો. ૩૫ આ તત્વને મન, વાણી, ચક્ષુ, બુદ્ધિ, પ્રાણ અને બીજી ઇંદ્રિયો પણ જાણી શકતી નથી. જેમ અગ્નિને અગ્નિના અંશરૂપ તણખા વિગેરે પ્રકાશિત કરી શકતા નથી તથા બાળી પણ શકતા નથી; તેમ જડ પદાર્થરૂપ મન વિગેરે વૃત્તિયોમાં જોવામાં આવતો આત્માનો પ્રકાશ કે જે વૃત્તિયોનો પ્રકાશક છે, તેનો પ્રકાશ તે વૃત્તિયોથી થતો નથી. વેદ સ્વયં પ્રમાણ છે, તે પણ વાણીરૂપ હોવાથી આત્મતત્વને સાક્ષાત્ કહી શકતા નથી; વેદ પોતે જ કહે છે કે-'વાણી તથા મન વિગેરે જેટલા જ્ઞાન કરાવનારા પદાર્થ છે, તે આત્મતત્વને પોહોચી શકતા નથી.' એથી એમ સમજવાનું નથી કે-'વેદો પરબ્રહ્મનું નિરૂપણ કરતા નથી.' કેમકે વેદ કહે છે કે-'જે સ્થૂળ છે, તે બ્રહ્મ નથી,' 'સૂક્ષ્મ છે તે પણ બ્રહ્મ નથી, વાણીથી જે કહેવાય છે, તે બ્રહ્મ નથી.' ઈત્યાદિ જે વેદે નિષેધ કરેલ છે, તે નિષેધની જે અવધિ છે, તે બ્રહ્મ છે, જો અવધિ ન હોય તો નિષેધ જ સિદ્ધ થઇ શકતો નથી. ૩૬ પ્રથમ પરબ્રહ્મ પોતે એકજ હતા, તે પાછળથી સત્વ, રજ અને તમ રૂપે થયા,તેને ત્રણ પ્રકારના પ્રધાન કહેછે, તથા તેને ક્રિયાશક્તિને લીધે સૂત્ર અને જ્ઞાનશક્તિને લીધે મહત્તત્વ કહે છે, વળી જીવના ઉપાધિરૂપ અહંકાર પણ તેનેજ કહે છે. એ પ્રમાણે ઇંદ્રિયોના દેવતા, ઇંદ્રિયો, વિષયો અને વિષયોનો પ્રકાશ તથા સુખ વગેરે સર્વ રૂપોથી એક બ્રહ્મજ સર્વત્ર પ્રકાશે છે. સર્વરૂપથી પોતાના સ્વરૂપથીજ પ્રતીત થતા પરબ્રહ્મને પોતાની સિદ્ધિને માટે બીજા કોઇ પ્રમાણની જરૂર નથી, માટે કોઇ પ્રમાણ ન પોહોચવાને લીધે બ્રહ્મજ નથી, એવી શંકા કરવી ન જોઇએ. ૩૭ આત્મા જન્મતો નથી, મરતો નથી, વધતો નથી,ફેરફાર થતો નથી,ઘટતોનથી અને છે એવો વિકાર હોતો નથી; કેમકે એ છ વિકારો દેહાદિકના છે, આત્માના નથી. તે વિકારોના સમયનો દ્રષ્ટા છે, વિકારવાળાઓના દ્રષ્ટાને વિકાર હોતો નથી. સર્વ દેશમાં અને સર્વ કાળમાં અખંડ રીતે જે જ્ઞાન ચાલ્યું આવે છે, તેનો આશ્રય આત્મા છે, કાળી વસ્તુનું જ્ઞાન થયું અને અને પીળી વસ્તુનું જ્ઞાન નાશ પામ્યું. આમાં જ્ઞાનનો નાશ થતો નથી, કેમકે એક અખંડિત જ્ઞાનજ ઇંદ્રિયોના બળથી અનેક પ્રકારે કલ્પાયેલું છે; તેથી અનેક આકારવાળી વૃત્તિઓ ક્ષણે ક્ષણે ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે; પરંતુ જ્ઞાનતો અખંડ રહે છે. ૩૮ જરાયુજ, અંડજ, સ્વેદજ અને ઉદ્ભિજ્જ શરીરો બદલાયા કરે છે, તેમાં જેમ પ્રાણ જીવની પછી સર્વ શરીરોમાં એકના એકજ રહ્યા કરે છે, એ પ્રમાણે દેહાદિક કે-જે અવસ્થા ભેદથી બદલાઇ જાય છે. તેમાં આત્મા એકનો એકજ રહે છે, બદલાતો નથી. માટે બ્રહ્મ જો કે સર્વાત્મક છે; તોપણ તેને વિકારો લેશ માત્ર પણ સ્પર્શ કરતા નથી, જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણે અવસ્થાઓમાં આત્મા નિર્વિકાર રહે છે. જાગ્રતમાં ઇંદ્રિયો કામ કરે છે, અને સ્વપ્નમાં જાગ્રતના સંસ્કારવાળો અહંકાર કામ કરે છે, તેથી જો કે આત્મા નિર્વિકાર છે; તો પણ સવિકાર હોય એવો જણાય છે; તો પણ સુષુપ્તિમાં ઇંદ્રિયોનો અને અહંકારનો લય હોવાથી લિંગ શરીર રૂપ ઉપાધિ ન હોવાથી નિર્વિકાર આત્માનો સાક્ષાત્ અનુભવ થાય છે. સુષુપ્તિમાંથી ઉઠયા પછી આપણને સ્મૃતિ થાય છે કે-'આટલી વાર સુધી હું સુખ

પૂર્વક સુતો હતો: કાંઇ પણ જાણતો નહોતો,' એ સ્મૃતિ ઉપરથી સિદ્ધ થાય છે કે-'સુષુપ્તિમાં પણ સુખ તથા અજ્ઞાનને જાણનારો આત્મા જ છે. 'જે વસ્તુ અનુભવમાં આવી ન હોય, તેનું સ્મરણ થાયજ નહિ. ૩૯ સુષુપ્તિમાં આત્માનો અનુભવ થયા છતાં પણ પાછો જન્મ મરણ રૂપી સંસાર આવે છે, તેનું એ કારણ કે-તે સમયે પણ અવિદ્યા અને તેના સંસ્કાર રહે છે. માટે ધન, પુત્ર, અને પ્રતિષ્ઠા વગેરેની ઇચ્છા છોડી દઇને કેવળ ભગવાનના ચરણનીજ ઇચ્છા કરવાથી જે ભક્તિ ઉત્પન્ન થાય છે અને તેને લીધે જ્યારે અવિદ્યા અને ગુણકર્માદિકથી થયેલ ચિત્તનો સંસ્કારરૂપી મેલ ધોવાઇ જાય છે, ત્યારે ચિત્ત શુદ્ધ થાય છે, અને તેથી આત્મતત્વનું અપરોક્ષ જ્ઞાન થાય છે, જેમ સુર્યનો પ્રકાશ સ્વત: સિદ્ધ છતાં પણ નિર્મળ દૃષ્ટિવાળાને દેખાય છે, તેમ આત્મા સ્વત:સિદ્ધ છતાં પણ ચિત્ત નિર્મળ થઇ જાય ત્યારેજ દેખાય છે. આ પ્રમાણે અપરોક્ષ જ્ઞાન થાય છે, ત્યારેજ સંસારની અત્યંત નિવૃત્તિ થાય છે. ૪૦

નિમિરાજા પુછે છે--આપે જે ભક્તિ કહી તે કર્મયોગને આધીન છે, માટે મને કર્મયોગ કહો, જેથી સંસ્કાર પામેલો પુરૂષ આ જન્મમાં તુરત કર્મોનો ત્યાગ કરીને કર્મોની નિવૃત્તિથી મળે એવા આત્મજ્ઞાનને પામે છે. ૪૧ પૂર્વે મારા પિતા ઇક્ષ્વાકુ રાજાની પાસે સનકાદિક આવ્યા હતા, તે સમયે મારા પિતાના સમક્ષમાં તેઓને મેં આજ પ્રશ્ન પૂછયો હતો; પરંતુ તેઓએ મને કાંઇ પણ ઉત્તર આપ્યો નહતો, તેનું કારણ શું હશે? તે આપ કહો. ૪૨

આવિર્હોત્ર નામના યોગેશ્વર કહે છે-'વેદમાં જે કરવાનું કહેલું છે, તે કર્મ કહેવાય છે, જેને માટે નિષેધ કરેલો છે, તે અકર્મ કહેવાય છે, અને જે કરવાનું કહેલું છે, છતાં ન કરવું તે વિકર્મ કહેવાય છે. કર્મ, અકર્મ અને વિકર્મ એ ત્રણે વેદમાંથી સમજી શકાય એવા છે, લૌકિક વસ્તુથી સૂમજમાં આવી શકતા નથી, વેદ કોઇ પુરૂષે ઉત્પન્ન કરેલ નથી; પરંતુ ઇશ્વરે પ્રકટ કરેલ છે. પુરૂષના વાક્યનો અર્થ સમજવો હોય, તો વક્તાના અભિપ્રાય ઉપરથી સમજાય છે, પરંતુ ઇશ્વરના વાક્યમાં તો પુર્વાપરનો વિચાર કરવા આદિકથીજ તાત્પર્ય જણાય છે, અને તે જાણવું મહા કઠણ છે; માટે કર્માદિકના વિષયમાં વિદ્વાન પણ મુંઝાય છે, ત્યારે બીજાઓની તો વાતજ શી? તે વખતે તમને બાળક ધારીને સનકાદિકોએ ઉત્તર આપ્યો નહોતો. ૪૩ વેદમાં પરોક્ષવાદ કહેલ છે, જેમાં એક પ્રકારથી રહેલો વિષય ગુપ્ત રાખવાને માટે બીજા પ્રકારથી કહેવામાં આવે તે પરોક્ષવાદ કહેવાય છે. વેદમાં જે કર્મ કરવાને માટે આજ્ઞા છે. તે કર્મોને છોડાવવા માટે છે, તેથી વેદ પરોક્ષ રૂપજ છે. જેમ પિતા પોતાના બાળક પુત્રને ઓષધ ખવરાવવા માટે તે સમયે લાડુ આપવાની લાલચ દઇને ઓષધ પાય છે, અને પછી લાડુ પણ આપે છે; પરંતુ તેમાં લાડુ આપવાનું તાત્પર્ય નથી, પણ રોગની શાંતિજ છે, તેમ વેદ પણ મનુષ્યોને કર્મ કરાવવાને સ્વર્ગાદિકની લાલચ આપે છે, અને કર્મ કર્યા પછી તે તે ફળ પણ આપે છે; પરંતુ યથાર્થ ફળ તો કર્મ કરવાનું અંત:કરણની શુદ્ધિદ્વારા નિવૃત્તિજ છે; પણ સ્વર્ગાદિક નથી. ૪૪ આટલા ઉપરથી એમ ન સમજવું કે-વૈદિક કર્મો છોડી દેવાં. જે અજ્ઞાની પુરૂષ ઇંદ્રિયાધીન થઈને વૈદિક કર્મ કરતો નથી, તે અધર્મથી વારંવાર જન્મ મરણ પામ્યા કરે છે. ૪૫ જે માણસ કર્મના ફળની આસક્તિ રાખ્યા વગર વેદોક્ત કર્મ કરે છે, અને તે કર્મો ઇશ્વરને અર્પણ કરે છે, તે માણસ નિષ્કામ સિદ્ધિને પામે છે. માટે નિષ્કામ કર્મ કરવાં, અને સ્વર્ગાદિકની ઇચ્છા રાખવી નહી. ૪૬ જીવ વાસ્તવિક રીતે પરબ્રહ્મરૂપ છે, પણ તે માયાના બંધનથી બંધાયેલો છે. માટે અહંકારરૂપી બંધનને તોડવાની ઇચ્છાવાળાએ વેદોક્ત અને તંત્રોક્ત એ બન્ને રીતે ભગવાનનું પુજન કરવું. ૪૭ ગુરૂની કૃપા મેળવી તેમની પાસેથી પૂજાવિધિ શીખીને પોતાને પ્રિય લાગે એવી ભગ-

વાનની મુર્તિની પૂજા કરવી. ૪૮ સ્નાન કરી પવિત્ર થઇ, મુર્તિની સન્મુખ બેશી, પ્રણામ કરી, ભૂત શુદ્ધિથી દેહની શુદ્ધિ કરી, ઉત્તમ પ્રકારના ન્યાસોથી દેહની રક્ષા કરીને પછી જે જે પૂજાની સામગ્રી મળે તે વડે ભગવાનની મૂર્તિની પૂજા કરવી. ૪૯ એજ રીતે હૃદયમાં પણ ભગવાનની પૂજા કકરવી. પૂજા કરતા પહેલાં પુષ્પાદિકમાંથી જીવ જંતુ કાઢી નાંખી, પૃથ્વીને લીંપીને મનને સ્થિર કરવું. પછી વાસી ચંદનપુષ્પાદિક ઉતારી પાણીથી પખાળીને અર્ઘ્ય, પાદ્ય, અને આચમનીય એ ત્રણ પાત્ર તૈયાર કરવાં. પછી હૃદયમાં પૂજેલા ભગવાનનું તે મુર્તિથી ધ્યાન કરવું, પછી હૃદય, શિર, શિખા, કવચ, નેત્ર તથા અસ્ત્રના મંત્રોથી તથા મૂળ મંત્રોથી દેવતાના શરીરમાં ન્યાસ કરવા, પછી તેની મુળ મંત્રોથી પૂજા કરવી. ૫૦-૫૧ હૃદયાદિક અંગ, ચક્રાદિક ઉપઅંગ અને પાર્ષદો સાથે તે મુર્તિની પૂજા કરવી. પાદ્ય, અર્ધ્ય, આચમનીય, મધુપર્ક, આચમન, સ્નાન, વસ્ત્ર, આભૂષણ, ચંદન, પુષ્પ, અક્ષત,* માળા, ધુપ, દીપ, અને નૈવેદ્યથી વિધિપૂર્વક સાંગોપાંગ પૂજા કરવી. પછી સ્તોત્ર વડે ભગવાનની સ્તુતિ કરીને પ્રણામ કરવા. ૫૨-૫૩ પોતાનો આત્મા ભગવાન રૂપ છે, એમ ધ્યાન કરતાં કરતાં ભગવાનની મૂર્તિની પૂજા કરવી પછી નિર્માલ્ય પુષ્પાદિક મસ્તકપર ચઢાવીને મુર્તિને તેના સ્થાનમાં પધરાવવી, અને પૂજા પૂરી કરવી. ૫૪ આ રીતે જે મનુષ્ય અગ્નિ, સુર્ય, પાણી વગેરેમાં તથા અતિથિમાં અને હૃદયમાં ઈશ્વરનું પૂજન કરે છે, તે તુરત સંસારથી મુક્ત થઇ જાય છે. ૫૫

एवमग्न्यर्कतो यादावतिथौ हृदये च यः॥
यजतीश्वर मात्मानमचिरान्मुच्यते हि सः॥

* શાસ્ત્રમાં અક્ષતથી વિષ્ણુની પૂજા કરવાનો નિષેધ છે, અને કેવડાથી શિવની પૂજા કરવાનો નિષેધ છે. માટે અક્ષત માત્ર તિલકના ઉપયોગમાં લેવા.

ઇતિશ્રી ભાગવત મહાપુરાણના એકાદશસ્કંધમાં "પૂજનવિધિ વર્ણન" નામનો ૩ જો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૪ થો.

શ્રી હરિએ અવતારો ધારણ કરીને કરેલી લીલા.

राजोवाच.

यानि यानिहकर्माणि यैर्यैःस्वच्छंदजन्मभिः॥
चक्रेकरोति कर्तावाहरिस्तानि ब्रुवंतुनः ॥

નિમિરાજા પૂછે છે—ભગવાનની મૂર્તિની પૂજા કરવા માટે ભગવાનના અવતાર જાણવા જોઇએ, તેમજ તેમની સ્તુતિ કરવા માટે તેમના ગુણ અને કર્મ પણ જાણવાં જોઇએ. માટે ભગવાને પોતાની ઇચ્છાથી જે જે અવતારો ધારણ કરીને જે જે ચરિત્રો કર્યાં છે, તે મને કહો. ૧

દ્રુમિલ યોગેશ્વર કહે છે—ભગવાનના ગુણો અનંત છે, તેને ગણવાની જે મનુષ્ય ઇચ્છા કરે તેને મંદ બુદ્ધિવાળો જાણવો. કદાચિત કોઇ મહા બુદ્ધિવાન પુરૂષ પૃથ્વીનાં રજકણોને ગણે, પરંતુ તે સર્વ શક્તિઓના આશ્રયરૂપ શ્રી હરિના ગુણોને ગણી શકેજ નહિ. માટે તમારા પ્રશ્ન પ્રમાણે બધા અવતારોનાં ચરિત્ર કહી શકાય તેમ નથી, પણ કેટલાએક અવતારોની કથા ટુંકામાં કહીશ. ૨ આદિનારાયણે પોતે રચેલાં પંચમહાભુતોમાંથી બ્રહ્માંડ રૂપી દેહ રચીને તેમાં પોતાના અંશથી લીલા કરવા માટે પ્રવેશ કર્યો. ત્યારે તે 'પુરૂષ' કહેવાયા. એ ભગવાનનો પ્રથમ અવતાર છે. ૩ આ લોકની રચના થઇ છે તે પુરૂષનો દેહ છે. જીવોની જ્ઞાનેંદ્રિયો તથા કર્મેંદ્રિયો એ પુરૂષની ઇંદ્રિયોથી પ્રવર્તે છે, એ આદિપુરૂષનું જ્ઞાન સ્વતઃસિદ્ધ છે, વળી એ પુરૂષના પ્રાણથી જીવોના દેહની શક્તિઓ,ઇંદ્રિયોની શક્તિઓ અને ક્રિયા શક્તિઓ ઉત્પન્ન થયેલી છે, તેમજ સત્વ,

રજ અને તમોગુણથી જગતની ઉત્પત્તિ, સ્થિતિ તથા પ્રલયના આદિ કર્તા એજ છે. ૪ સૃષ્ટિ રચવા માટે એ પુરૂષના રજોગુણથી બ્રહ્મા ઉત્પન્ન થયા છે, જગતના રક્ષણ માટે એ પુરૂષના સત્વગુણથી વિષ્ણુ થયા છે, જે વિષ્ણુ યજ્ઞોના ફળને આપનારા અને દ્વીજ લોકોના ધર્મના પાળક છે. જગતનો પ્રલય કરવા માટે એ પુરૂષના તમોગુણથી રૂદ્ર થયા છે. આ પ્રમાણે જેનાથી ઉત્પન્ન થયેલા બ્રહ્મા વિષ્ણુ અને રૂદ્ર નિરંતર જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને સંહાર કરે છે, તે આદિ પુરૂષ એજ છે. ૫ ધર્મની સ્ત્રી દક્ષની પુત્રી મુર્તિથી 'નરનારાયણ' નામનો અવતાર થયો. મોટા મોટા ઋષિઓ જેમના ચરણનું સેવન કરે છે, અને જે શાંત છે, એવા નરનારાયણ ભગવાને આત્મસ્વરૂપનું જ્ઞાન કરાવવા માટે નારદાદિકને કર્મોનો ઉપદેશ આપ્યો હતો, અને પોતે પણ એવાંજ આચરણ કર્યાં હતાં, અને આજ સુધી એવાંજ કર્મ કરે છે. ૬ એ નરનારાયણનું તપ જોઈને ઇંદ્રના મનમાં શંકા આવી કે "આ મારૂં ઈંદ્રાસન લઈ લેવાને ઇચ્છે છે," એવા ભયથી તેમના તપનો ભંગ કરવાને માટે કામદેવને વસંતાદિક પરિવાર સાથે મોકલ્યો. ભગવાનના મહિમાથી અજાણ્યો કામદેવ, અપ્સરાના સમુહ, વસંત તથા મંદવાયુને સાથે લઇને તેમના આશ્રમમાં ગયો, અને સ્ત્રીઓનાં કટાક્ષ રૂપી બાણોથી તેમને વિંધવા લાગ્યો. ૭ ઇંદ્રે આ અપરાધ કર્યો છે એમ જાણનારા અભિમાન રહિત નારાયણ ભગવાને શાપના ભયથી ધ્રુજતા એ લોકોને હસીને કહ્યું કે-"હે કામદેવ! હે વાયુ! હે દેવાંગનાઓ! તમે ડરો નહી, મારાથી સત્કાર પામી મારા આશ્રમને સફળ કરો." ૮ હે રાજા! અભય આપનારા નારાયણ ભગવાને એ પ્રમાણે કહેવાથી લાજને લીધે જેનાં મસ્તક નીચાં નમી ગયાં છે, એવા દેવતાઓએ દયા ઉપજે તેમ ભગવાનને કહ્યું કે-"હે પ્રભુ! આપ માયાથી પર છો, નિર્વિકાર છો, અને આત્મારામ છો, અને ધીર પુરૂષો આપનાં ચરણકમળમાં નમસ્કાર કરે છે, એવા આપનામાં આવું દયાળુપણું તથા જીતેંદ્રિયપણું હોય એમાં કાંઈ આશ્ચર્ય નથી. ૯ તેમજ અમે આપનો અપરાધ કર્યો એમાં પણ આશ્ચર્ય નથી; કારણ કે અમારો સ્વભાવજ એવો છે. આપની સેવા કરનારા લોકો દેવતાઓના સ્થાનને ઉલ્લંઘીને આપના પરમધામમાં જાય છે, તેથી દેવતાઓ તેઓને પણ વિઘ્ન કરે છે. આપની સેવા નહી કરનારા લોકો કે જે યજ્ઞમાં દેવતાઓને તેઓના ભાગરૂપી કર આપે છે, તેને દેવતાઓ વિઘ્ન કરતા નથી; પરંતુ આપની સેવા કરનારનું આપ રક્ષણ કરો છો, તેથી તે ભક્ત લોકો વિઘ્નને માથે પગ મુકીને આપને પામે છે. ૧૦ અમે ભુખ, તરશ, ટાઢ, તડકો, વા, વરસાદ, જીભના રસ તથા શિશ્નના રસરૂપ છીએ, તેને ઉલ્લંઘીને જે મનુષ્ય વૃથા ક્રોધને વશ થઇ જાય છે, તે અપાર સમુદ્રોને તરીને ગાયની ખરીના ખાબોચીયામાં ડુબી મરે છે, અને તેઓ ક્રોધથી શાપ દઇને પોતાના ઉત્તમ તપનો નાશ કરે છે. ૧૧ આ પ્રમાણે દેવતાઓ સ્તુતિ કરતા હતા, એટલામાં ભગવાને તેઓના ગર્વ ઉતારવાને માટે સેવા કરતી, શૃંગાર સજેલી, અને અત્યંત રૂપાળી બીજી સ્ત્રીઓ પોતાના યોગ બળથી ઉત્પન્ન કરીને દેવતાઓને દેખાડી. ૧૨ સાક્ષાત લક્ષ્મી જેવી એ સ્ત્રીઓને જોઇને તેઓના અપાર રૂપથી એ ઇંદ્રના સેવકો ઝાંખા પડી ગયા, અને તે સ્ત્રીઓનાં શરીરની સુગંધથીજ મોહ પામી ગયા. ૧૩ ત્યારે દેવાધિપતિ ભગવાન નારાયણે પોતાને નમન કરતા દેવતાઓને હસતાં હસતાં કહ્યું કે-"આ સ્ત્રીઓમાંથી કોઇ પણ એક સ્ત્રી તમે માગી લ્યો, કદાપિ તમને એમ લાગે કે-અતિ તુચ્છ એવા અમે ક્યાં? અને આ સ્ત્રીઓ ક્યાં? તો આમાંથી જે તમારા જેવી રૂપવાળી હોય અને સ્વર્ગના આભુષણ તુલ્ય હોય, એવી એક સ્ત્રી માગી લ્યો." ૧૪ એ સાંભળીને દેવતાઓના બંદીજનો 'આપની જેવી આજ્ઞા' એમ કહી ભગવાન નારાયણ-

ની આજ્ઞા માથે ચડાવીને શ્રેષ્ઠ અપ્સરા ઉર્વશીને માગી લઇ નમસ્કાર કરીને સ્વર્ગમાં ગયા. ૧૫ ત્યાં ઇંદ્રની સભામાં જઇ પ્રણામ કરીને તેમણે સર્વ દેવતાઓના સાંભળતાં નારાયણના બળની વાત કહી સંભળાવી. એ સાંભળીને ઇંદ્રને આશ્ચર્ય લાગ્યું, અને મનમાં ત્રાસ ઉત્પન્ન થયો. ૧૬ ભગવાને હંસાવતાર ધરીને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કર્યો હતો. વળી દત્તાત્રેય, સનકાદિક અને મારા પિતા ઋષભદેવરૂપે પણ વિષ્ણુ ભગવાને પોતાના અંશથી જગતના કલ્યાણ માટે અવતાર લઇને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કર્યો હતો. વળી તે હયગ્રીવનો અવતાર ધરી મધુદૈત્યને મારીને વેદની શ્રુતિઓ લાવ્યા હતા. ૧૭ વળી ભગવાને મત્સ્યાવતાર ધારણ કરીને પ્રલયકાળે મનુની, પૃથ્વીની, અને ઔષધીઓની રક્ષા કરી હતી, વળી વરાહ અવતાર ધરી જળમાંથી પૃથ્વીનો ઉદ્ધાર કરતાં હિરણ્યાક્ષ દૈત્યને માર્યો હતો. અમૃત મથન કરતી વખતે કચ્છપરૂપ ધરીને પોતાની પીઠ ઉપર પર્વત ધારણ કર્યો હતો. વળી દુઃખથી શરણે આવેલા ગજેંદ્રને શ્રી હરિ નામનો અવતાર ધરીને ગ્રાહથી છોડાવ્યો હતો. ૧૮ વાલખિલ્ય નામના તપસ્વી ઋષિઓ કશ્યપજીને માટે સમિધ લેવાને વનમાં ગયા હતા, ત્યાં તેઓ ગાયના પગલાના ખાબોચીયામાં ડુબી જવાથી ઇંદ્ર હસ્યો હતો, તે વેળા તેમણે ભગવાનની સ્તુતિ કરવાથી ભગવાને તેઓને દુઃખમાંથી છોડાવ્યા હતા. વળી વૃત્રાસુરને મારી નાંખવાથી ઇંદ્રને બ્રહ્મહત્યા લાગી હતી, તેને પણ તે પાપમાંથી મુક્ત કર્યો હતો. દૈત્યોના ઘરમાં રૂંધાયેલી દેવતાઓની અનાથ સ્ત્રીઓને છોડાવી હતી. વળી નૃસિંહરૂપ ધરીને જગતને અભય આપવા માટે હિરણ્યકશિપુને માર્યો હતો. ૧૯ વળી સઘળા મન્વંતરોમાં દેવ દૈત્યોના સંગ્રામમાં ભગવાને દેવતાઓને માટે અવતાર ધારણ કરી મોટા મોટા દૈત્યોને મારીને લોકોનું પાલન કર્યું હતું. વળી ભગવાને વામન અવતાર ધારણ કરી માગવાના મિષથી બળિરાજા પાસેથી ત્રણ પગલાંમાં આ પૃથ્વીને હરી લીધી હતી, અને પછી દેવતાઓને આપી હતી. ૨૦ વળી હૈહય નામના ક્ષત્રિય કુળનો સંહાર કરવાને ભૃગુકુળમાંથી અગ્નિ પ્રગટ થયો હોય તેમ પરશુરામનો અવતાર ધારણ કરીને એકવીશવાર નિઃક્ષત્રિય પૃથ્વી કરી હતી. હવે પછી ભગવાન રામાવતાર ધારણ કરી સમુદ્રમાં સેતુ બાંધશે અને લંકા સહિત રાવણનો નાશ કરશે. લોકોનાં પાપને હરનારા, કીર્તિવાળા, સીતાપતિ રામચંદ્રજીનો અવતાર સર્વ અવતારોમાં ઉત્તમ છે. ૨૧ ભગવાન પોતે અજન્મા છે, તેમ છતાં પૃથ્વીનો ભાર ઉતારવા માટે યાદવકુળમાં શ્રીકૃષ્ણ તથા બળદેવ નામના અવતાર ધરીને દેવતાઓથી પણ ન બની શકે એવાં ભારે કામો કરશે. યજ્ઞ કરવાને અયોગ્ય છતાં યજ્ઞ કરનારા દૈત્યોને બુદ્ધાવતાર ધરીને નાસ્તિકના વાદથી મોહિત કરશે. વળી કળિયુગના અંતમાં કલ્કિ અવતાર ધારણ કરીને શુદ્ર રાજાઓનો નાશ કરશે. ૨૨ હે નિમિરાજા! જગત્પતિ મહાકીર્તિવાન ભગવાનનાં આવાં ઘણાં ચરિત્રો અને અવતારો મહાત્માઓએ વર્ણવ્યાં છે. ૨૩

एवं विधानि कर्माणि जन्मानिच जगत्पतेः॥
भूरीणि भूरियससो वर्णतानि महाभुज ।२३।

ઇતિશ્રી ભાગવત પુરાણના એકાદશસ્કંધમાં 'અવતાર કથન' નામે ચોથો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૫ મો.

ભક્તિ નહિ કરનારાઓની ગતિ તથા પુજાનો પ્રકાર.

राजोवाच.

भगवंतंहरिंमायो नभजंत्यात्म वित्तमाः॥
तेष मशांत कामानां का निष्ठाऽविजितात्मनाम् ॥

નિમિરાજા પૂછેછે—હે બ્રહ્મવેત્તાઓ ! તમે કહ્યું કે-'ભગવાનના ભક્તો વિઘ્નોનાં મા-

આં ઉપર પણ દમને પરમ ગતિને પામે છે અને ભજન નહિ કરનારાઓને વિઘ્નો નડે છે.' ત્યારે તમને હું પૂછુંછું કે—ભગવાનનું ભજન નહિ કરનારા, મનને નહી જીતનારા અને જેઓની તૃષ્ણા શાંત થઈ નથી, એવા અભક્ત લોકોની કેવી ગતિ થાય છે? ૧

ચમસ યોગેશ્વર કહેછે-નારાયણનાં મુખ, હાથ, સાથળ અને ચરણમાંથી અનુક્રમે બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય તથા શૂદ્ર એ ચાર વર્ણ ગુણઃ પ્રમાણે ઉત્પન્ન થયા છે, તેમજ મુખાદિકમાંથી અનુક્રમે બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ તથા સન્યાસ એ ચાર આશ્રમો પણ થયા છે. ૨ તેઓમાં જે લોક પોતાને ઉત્પન્ન કરનારા સાક્ષાત્ ગુરૂરૂપ પરમાત્મા નારાયણને નહિ જાણીને ભજતા નથી. અને જાણતા છતાં પણ અપમાન કરે છે, તે કૃતઘ્ની પુરૂષો વર્ણાશ્રમથી ભ્રષ્ટ થઇને નરકમાં પડે છે. ૩ જે ભગવાનની કથાનું શ્રવણ કીર્તન કરતા નથી, એવા કેટલાક દ્વીજલોકો, સ્ત્રીઓ અને શૂદ્ર વગેરે છે, તેઓના ઉપર તમારા જેવા મહાપુરૂષોએ કૃપા કરવી જોઇએ. ૪ બ્રાહ્મણ,ક્ષત્રિય અને વૈશ્યો જોકે ઉપનયન સંસ્કારથી અને વેદના અધ્યયનથી ભગવાનનું ભજન કરવાને અધિકારી થયા છે, તોપણ વેદમાં કહેલી ફળસ્તુતિનાં વચનોથી મોહિત થઇને જાણતાં છતાં પણ ભગવાનને ભજતા નથી, અને કર્મોમાં આસક્ત થઇ રહે છે. એવા અર્ધદગ્ધ લોકની ઉપેક્ષા કરવી જોઇએ. ૫ જે પ્રકારથી કરેલું કર્મ બંધનકારક ન થાય તે પ્રકારને નહી જાણનારા. ઉદ્ધતપણાથી વિદ્વાનોને પણ નહિ પૂછનારા, અને મૂર્ખ છતાં વિદ્વાનપણાનું અભિમાન રાખનારા અર્ધદગ્ધ લોક વેદમાં ફળ દેખાડનારાં ફળોથી ઉત્કંઠિત થઈને 'આપણે અપ્સરાઓની સાથે વિહાર કરીશું' એવી મીઠી મીઠી વાતો કેવળ મૂર્ખપણાથી કરે છે. ૬ રજોગુણની વૃદ્ધિવાળા, અભિચાર વગેરે ઘોર સંકલ્પ કરનારા, અત્યંત તૃષ્ણાવાળા, સર્પ જેવા ક્રોધી, ઢોંગી, અભિમાની અને દુષ્ટ સ્વભાવવાળા એ અર્ધદગ્ધ લોક ભગવાનના ભક્તોની નિંદા કરે છે. ૭ વૃદ્ધોની નહિ, પરંતુ સ્ત્રીઓની સેવા કરનારા એ લોકો કે જેઓએ મૈથુનના સુખનેજ ઉત્તમ માનેલું છે, એવાં ઘરોમાં રહીને આજ હું આટલું કમાયો, આ મારો મનોરથ પરિપૂર્ણ થશે, મારી પાસે આટલું ધનતો છે અને આટલું થશે' ઇત્યાદિ સુખની વાતો કરે છે. પૂરી દક્ષિણા તથા અન્નદાન ન દેતાં યશને માટેજ યજ્ઞ કરે છે, અને હિંસાનું પાપ નહી ગણતાં માત્ર જીવિકાને અર્થેજ પશુઓના પ્રાણ હરે છે. ૮ સંપત્તિ,ઐશ્વર્ય, ઉંચકુળમાં જન્મ, વિદ્યા, દાન, રૂપ, બળ, અને કર્મના અભિમાનથી આંધળા બનેલા એ ખળ લોક ભગવાનનું તથા ભગવાનના ભક્તોનું અપમાન કરે છે.૯એ રીતે વર્તનારા એ મુર્ખ લોકો વેદનું રહસ્ય ખુલ્લું છે, તોપણ તેને જાણતા નથી. આત્મભાવથી તથા ઈશ્વરભાવથી સર્વ દેહધારીઓમાં સર્વદા વિરાજમાન છે, તેમ છતાં આકાશની પેઠે નિર્લેપ છે, સર્વના આત્મા હોવાથી પરમ પ્રિય પુરૂષાર્થરૂપ અને વેદમાં સ્ફુટ રીતથી ગાયેલા ભગવાનનું કર્મનિષ્ઠ લોકો શ્રવણ કરતા નથી. અને વેદ નિવૃત્તિનુંજ નિરૂપણ કરે છે, છતાં પણ તેઓ મૈથુન કરવાની, માંસખાવાની અને મદ્ય પીવાની ઇચ્છાથી 'વેદ તો પ્રવૃત્તિનું નિરૂપણ કરે છે' એમ કહે છે. ૧૦ ત્યાં પૂર્વ પક્ષ કહે છે કે—સ્ત્રીસંભોગ કરવાનો કહ્યો છે, પણ તે ઋતુ કાળેજ કરે, અને દેવતાઓને ધરાવેલા નૈવેદ્યનું ભોજન કરે, તો પછી તમે નિંદા કેમ કરો છો? તેના ઉત્તરમાં કહે છે કે—લોકમાં સ્ત્રી સંભોગ, માંસભક્ષણ અને મદિરાપાન નિત્ય છે. અને વિષયાસક્તને તો તેમાં સહજજ અનુરાગ થાય છે, પછી તેનો કાંઇ વિધિ (નિયમ) રાખતા નથી, અર્થાત્‌ દરરોજ એજ જોઇએ. અને જ્યાં વિધિ કહ્યો છે, ત્યાં ઋતુકાળમાંજ સ્ત્રીસંગ કરવો, યજ્ઞમાંજ માંસ, મદ્ય ગ્રહણ કરે, બીજા દિવસોમાં ગ્રહણ ન કરે. આ રીતે દિવસોનો નિષેધ કહ્યો છે, તેથી મુર્ખ વિષયી લોક સમજતા નથી, જે કામી અરૂચિથી અથવા દ્વેષથી સ્ત્રી પ્રસંગાદિક કરે તેને માટે એ નિયમ

મ છે. અને જેને એવી કામના નથી, તેને માટે ઉપર કહેલા દિવસોનો પણ નિયમ ન સમજવો. વેદનો અભિપ્રાય તો સર્વ દિવસોમાં એ છોડાવવાનો છે, તે વેદનો આશય મુર્ખાઓ સમજતા નથી, અનેક શ્રુતિઓનાં વચન તો એવાંજ છે કે—મનમાં કામના થતાં પણ સ્ત્રી વગેરે ઉપર અરૂચિ અથવા દ્વેષાદિક થયા છતાં તેની સાથે પ્રસંગ ન કરવો. ૧૧ ધર્મ કરવો એજ ધનનું ફળ છે, કારણ કે ધર્મ કરવાથી પરોક્ષ જ્ઞાન તથા તુરત શાંતિ આપનારૂં અપરોક્ષ જ્ઞાન થાય છે. આવા કલ્યાણકારી ધનને લોકો દેહાદિકના સુખને માટે ખરચી નાંખે છે; પરંતુ માથા ઉપર ભમતા ભયંકર મૃત્યુના ભયને દેખતા નથી. ૧૨ યજ્ઞમાં મદિરાપાન વગેરે કરવાની આજ્ઞા છે, તેનું તાત્પર્ય જુદુંજ છે. મદિરાપાન કરવું, એટલે નાકવડે મદિરા સુંઘવી, એટલીજ વેદની આજ્ઞા છે, પણ પીવાની આજ્ઞા નથી. યજ્ઞમાં દેવતાઓના ઉદ્દેશથી પશુઓની જે હિંસા થાય છે, તે હિંસા ગણાતી નથી; પરંતુ પોતાને ખાવા માટે કરેલાં હિંસાને હિંસા ગણવામાં આવે છે. મૈથુન કરવાની રજા આપેલી છે, તે ફક્ત પ્રજા ઉત્પન્ન કરવા માટે છે; પરંતુ ઇંદ્રિયોની તૃપ્તિ માટે નથી. આ પ્રમાણે વેદમાં કહેલા શુદ્ધ ધર્મને કર્મકાંડી લોકો યથાર્થ રીતે સમજતા નથી. ૧૩ આ પ્રમાણે ધર્મના ખરા સ્વરૂપને નહિ જાણનારા, અક્કડ રહેનારા, અને પોતે સત્પુરૂષપણાનું અભિમાન ધરાવનારા જેલોક નિઃશંકપણે તથા એમ કરવાથી આપણો મનોરથ સિદ્ધ થશે એવો વિશ્વાસ રાખીને પશુઓની હિંસા કરે છે, તે લોકો મરણ પામ્યા પછી તેઓને પશુઓ ખાય છે. ૧૪ પરકાયામાં રહેલા ભગવાન આપણા આત્મારૂપ છે, તેમનો દ્વેષ કરનારા અને આ શબના જેવા શરીરમાં, તથા પુત્રપરિવારમાં સ્નેહ બાંધનારા એ લોકો નરકમાં પડે છે. ૧૫ અજ્ઞાની મનુષ્યો તત્વજ્ઞાનીઓના અનુગ્રહથી તરે છે, અને તત્વજ્ઞાનીઓ પોતાની મેળે તરી જાય છે; પરંતુ અધવચીયા મનુષ્યો તો ધર્મ, અર્થ અને કામને જ મુખ્ય માનવાથી, એક ક્ષણવાર પણ શાંતિ નહી મળવાથી, અને આત્મસ્વરૂપને નહિ જાણવાથી જન્મ મરણ પામ્યા કરે છે. ૧૬ આ પ્રમાણે આત્મહત્યારા, શાંતિવગરના, અને કર્મનેજ જ્ઞાન રૂપ માનનારા, તથા જેઓના મનોરથ કાળે કરીને નાશ પામનારા છે, એવા લોક પોતાનું ખરૂં કર્તવ્ય કર્યા વિનાજ મરી જાય છે. ૧૭ ભગવાનથી વિમુખ રહેનારા મનુષ્યો પરિશ્રમથી પેદા કરેલાં ઘર, ધન, સંતાન તથા સંબંધીઓને પોતાની ઈચ્છા ન છતાં પણ છોડી દઇને નીચ યોનિમાં પડે છે. ૧૮

નિમિરાજા પુછેછે—આપે સર્વનો ત્યાગ કરીને કેવળ ભગવાનની ભક્તિજ કરવાનું કહ્યું, એ ભગવાન કયા કાળે, કેવા વર્ણવાળા કેવા આકાર વાળા, કયા નામથી અને કયા વિધિથી લોકોમાં પુજાયછે? તે મને કહો. ૧૯

કરભાજન યોગેશ્વર કહે છે—સત્ય, ત્રેતા, દ્વાપર અને કળિ એ ચાર યુગ છે, તેમાં જુદા જુદા વર્ણના, જુદાં જુદાં નામવાળા તથા જુદી જુદી આકૃતિવાળા ભગવાન જુદા જુદા વિધિથી પુજાય છે. ૨૦ સત્યયુગમાં ભગવાન શ્વેતવર્ણ, ચારભુજા, જટા, વલ્કલવસ્ત્ર, કૃષ્ણમૃગચર્મ, યજ્ઞોપવિત, માળા દંડ તથા કમંડળ ધારણ કરીને બ્રહ્મચારીના વેશથી બિરાજે છે. ૨૧ એ યુગના મનુષ્યો શાંત સ્વભાવના, વૈરભાવ વગરના, સર્વના મિત્ર અને સમદૃષ્ટિવાળા હોય છે. તે ધ્યાન, શમ અને દમથી ભગવાનની પૂજા કરે છે. ૨૨ એ યુગમાં હંસ, સુપર્ણ, વૈકુંઠ, ધર્મ, યોગેશ્વર, મનુ, ઈશ્વર, પુરૂષ, અવ્યક્ત અને પરમાત્મા, એવાં ભગવાનનાં નામો કહેવાય છે. ૨૩ ત્રેતાયુગમાં યજ્ઞમુર્તિ ભગવાન રાતા રંગના, ત્રેવડી મેખળા, સુવર્ણ જેવા કેશ; સરવો અને સુચી વગેરે યજ્ઞનાં ચિહ્નો ધારણ કરે છે. ૨૪ એ યુગના માણસો ધર્મિષ્ઠ અને બ્રહ્મવાદી હોય છે, અને તેઓ વૈદિક કર્મોવડે સર્વ દેવમય વિષ્ણુ ભગવાનનું પૂજન કરે છે. ૨૫ વિષ્ણુ, યજ્ઞ, પૃશ્નિગર્ભ, સર્વ દેવ, ઉરૂક્રમ, વૃષાકપિ, જયંત, અને ઉરૂગાય, એ-

વાં ભગવાનનાં નામો એ યુગમાં કહેવાય છે. ૨૬ દ્વાપર યુગમાં ભગવાન શ્યામ વર્ણવાળા, પીતાંબર ધારણ કરેલા, પોતાનાં ચક્રાદિક આયુધવાળા અને શ્રીવત્સ તથા કૌસ્તુભાદિક ચિહ્નોથી સુશોભિત હોય છે. ૨૭ એ યુગના મનુષ્યો ઇશ્વરને જાણવાની ઇચ્છા રાખનારા હોય છે. અને તેઓ ચક્રવર્તિનાં છત્ર ચામર વગેરે ચિહ્નોવાળા ભગવાનની વેદમાર્ગથી તથા તંત્રમાર્ગથી પુજા કરે છે. ૨૮ હે પૃથ્વીપતિ! એ યુગના લોકો વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન, અનિરૂદ્ધ, નારાયણ, ઋષિ, પુરૂષ, મહાત્મા, વિશ્વેશ્વર, વિશ્વરૂપ, તથા સર્વ ભૂતાત્મા, એવાં નામોથી ભગવાનની સ્તુતિ તથા પ્રણામ કરે છે. ૨૯-૩૦ હવે કળિયુગમાં પણ અનેક તંત્રમાર્ગના વિધિવડે જે પ્રકારે ભગવાનનું પૂજન કરવામાં આવે છે, તે કહું છું, સાંભળો. ૩૧ શ્યામ વર્ણવાળા છતાં પણ ચળકતી કાંતિવાળાં અંગો, કૌસ્તુભાદિક ઉપાંગો, અસ્ત્રો અને પાર્ષદો સાથે રહેલા ભગવાનનું વિવેકી પુરૂષો, જેમાં કીર્તન મુખ્ય છે એવા યજ્ઞોથી યજન કરે છે. ૩૨ એ સ્તુતિનો પ્રકાર આ પ્રમાણે છે:—હે ભક્તોનું પાલન કરનારા! હે મહાપુરૂષ! આપનાં ચરણારવિંદ ધ્યાન કરવા યોગ્ય, ઇંદ્રિયો તથા કુટુંબાદિકથી થતા તિરસ્કારને હઠાવનારાં, મનોરથો પૂર્ણ કરનારાં, ગંગાદિક તીર્થોના આશ્રયરૂપ, બ્રહ્મા તથા શંકરથી સ્તુતિ કરાતાં, સુખસ્વરૂપ, ભક્તજનોની પીડાને હરનારાં, તથા આ ભવસાગરમાં નૌકારૂપ છે, તે ચરણારવિંદને હું પ્રણામ કરૂં છું. ૩૩ હે મહા પુરૂષ રામચંદ્રજી! આપ ન તજી શકાય એવી રાજ્યલક્ષ્મી કે જેને દેવતાઓ પણ ઇચ્છે છે તેનો ત્યાગ કરીને પિતાના વચનથી ધર્મના રક્ષણ માટે વનમાં પધાર્યા હતા. અને પ્યારાં સીતાજીની જેનામાં અભિલાષા થઇ એવા માયારૂપ મૃગની પાછળ સીતાજીના પ્રેમને લીધે દોડયા હતા, તે આપના ચરણોને હું પ્રણામ કરૂં છું. ૩૪ હે રાજા! આ પ્રમાણે જુદા જુદા યુગના મનુષ્યો તે તે યુગને ઘટતાં નામો તથા રૂપોથી સર્વ પુરૂષાર્થોના પતિ શ્રી હરિનું પૂજન કરે છે. ૩૫ સારગ્રાહી ગુણજ્ઞ મહાત્માઓ ચાર યુગોમાંના કળિયુગને ઘણો વખાણે છે; કારણ કે સત્યયુગમાં ધ્યાનથી, ત્રેતામાં યજ્ઞથી અને દ્વાપરમાં પૂજન કરવાથી જે ફળ મળે છે, તે સર્વ ફળ કળિયુગમાં માત્ર ભગવાનનું કીર્તન કરવાથી મળે છે. ૩૬ આ સંસારમાં ભટકનારા પ્રાણીઓને કીર્તન સમાન બીજો કોઈ મોટો લાભ નથી, કારણ કે કીર્તનથી પરમ શાંતિ મળે છે, અને જન્મ મરણના ફેરા ટળે છે. ૩૭ હે રાજા! સત્ય, ત્રેતા, દ્વાપર અને કળિયુગના લોકો કળિયુગમાં જન્મ માગે છે. કળિયુગમાં પણ કોઈ કોઇ ઠેકાણે નારાયણના પરમ ભક્તો થશે. ૩૮ તેમાં પણ જ્યાં તામ્રપર્ણી, કૃતમાળા, પયસ્વિની, મહા પવિત્ર, કાવેરી તથા મહા નદી પ્રતીચી વગેરે નદીઓ છે, એવા દ્રવિડ દેશમાં તો નારાયણના ભક્તો ઘણા થશે. હે રાજા! જે મનુષ્યો એ નદીઓનાં નિર્મળ જળનું પાન કરશે, તેઓનાં અંતઃકરણ નિર્મળ થઇ ભગવાનના પરમભક્ત થશે ૩૯-૪૦ જે પુરૂષ ભેદબુદ્ધિનો ત્યાગ કરી સર્વ જગત ઇશ્વરરૂપ છે એવા ભાવથી શરણાગત રક્ષક શ્રી હરિને શરણે જાય છે, તેને દેવતાઓ, ઋષિઓ, અને પિતૃઓનું ઋણ રહેતું નથી, અને તેને વૈશ્વદેવાદિક પંચમહાયજ્ઞ કરવાની જરૂર રહેતી નથી. પોતાનાથી ઉતરતી વર્ણનો જે મનુષ્ય નિર્ધન હોવાથી દેવું આપવાને અસમર્થ હોય, તો લેણદારે તેની પાસે કામ કરાવવું, આવી શાસ્ત્રની મર્યાદા છે, તે પ્રમાણે ભેદબુદ્ધિ રાખનારો અભક્ત મનુષ્ય દેવ, ઋષિ અને પિતૃઓના ઋણી હોવાથી તેનો કિંકર થઇને રહેછે, અને તેને પંચયજ્ઞ કરવા પડે છે; પરંતુ જ્ઞાનીને તેમ કરવું પડતું નથી. ૪૧ જેમ જ્ઞાનીને વેદોક્ત કરવાની જરૂર નથી, તેમ પાપની નિવૃત્તિ માટે પ્રાયશ્ચિત કરવાની પણ જરૂર નથી. જે મનુષ્ય દેહાદિકનું અભિમાન છોડીને ભગવાનના ચરણારવિંદનું ભજન કરેછે, તેની પાપમાં પ્રવૃત્તિ થતી નથી, કદાપિ કોઇ વેળા પ્રમાદથી પાપ થઇ જાય, તો તે ભક્ત-

ના હૃદયમાં રહેલા ભગવાન તેનાં સર્વ પાપોનો નાશ કરે છે. ૪૨

નારદજી કહે છે—હે વસુદેવજી! મિથિલાના નિમિરાજાએ તથા તેના ઉપાધ્યાયોએ એ પ્રમાણે ભગવદ્ધર્મો સાંભળી પ્રસન્ન થઇને જયંતીના પુત્ર નવયોગેશ્વરોની પૂજા કરી. ૪૩ પછી સર્વના દેખતાં એ યોગેશ્વરો અંતર્ધાન થઇ ગયા. અને નિમિરાજા એ ધર્મો પ્રમાણે વર્તીને પરમ ગતિને પામ્યા. ૪૪ હે ભાગ્યવંત! તમે પણ આ મારી પાસેથી સાંભળેલા ભગવદ્ધર્મ શ્રદ્ધા અને વૈરાગ્યથી સાવધાનપણે પાળશો તો મુક્તિ પામશો. ૪૫ આતો મેં તમને એક શાસ્ત્રની મર્યાદા કહી; પરંતુ તમો બન્ને દંપતિના યશથી તો સઘળું વિશ્વ વ્યાપ્ત છે, કારણ કે શ્રી હરી તમારા પુત્ર થઇને અવતરેલા છે. ૪૬ દર્શન, આલિંગન, ભાષણ, શયન, આસન અને ભોજનથી શ્રી કૃષ્ણ ભગવાન ઉપર પુત્ર સ્નેહ કરીને તમે તમારૂં અંતઃકરણ પવિત્ર કરેલું છે. ૪૭ પુત્રને રમાડવાથીજ તમે તો ભગવદ્ધર્મો સિદ્ધ કરેલા છે; પરંતુ શિશુપાળ, પૌંડ્રક, અને શાલ્વ વગેરે રાજાઓ વેરભાવે ભગવાનનું ધ્યાન કરતા હતા,તો પણ ભગવાનની ગતિમાં, વિલાસમાં તથા કટાક્ષ વગેરેમાં તેઓની બુદ્ધિ તદ્દરૂપ થઇ જવાથી તેઓ પણ સારૂપ્ય મુક્તિને પામ્યા છે, ત્યારે જેની બુદ્ધિ સ્નેહથી ભગવાનમાં તદ્દરૂપ થઈ હોય તેઓની તો વાતજ શી કરવી? ૪૮ તમે સર્વાત્મા, સર્વેશ્વર, સર્વથીપર, ગુપ્ત ઐશ્વર્યવાળા, અવિનાશી અને માયાથીપર એવા શ્રી કૃષ્ણમાં પુત્રભાવ ન રાખો. ૪૯ પૃથ્વીના ભારરૂપ દૈત્યા ધિપતિઓના નાશને માટે અને સત્પુરૂષોના રક્ષણ માટે અવતાર ધારણ કરનારા ભગવાનના યશ મનુષ્યોની મુક્તિને માટે જગતમાં ફેલાવવામાં આવે છે. ૫૦

શ્રી શુકદેવજી કહે છે.-હે પરીક્ષિત રાજા! આ કથા સાંભળીને ઘણું આશ્ચર્ય પામેલા મહા ભાગ્યવાન વસુદેવજી તથા દેવકીજીએ પોતાનો મોહ છોડી દીધો. ૫૧ જે મનુષ્ય સાવધાનીથી આ પવિત્ર ઇતિહાસનો પાઠ કરે છે, તે પુરૂષ મોહનો ત્યાગ કરીને જીવન્મુક્ત થાય છે. ૫૨

इतिहासमिमंपुण्यं धारयेद्यःसमाहितः॥
स विधूयेह शमलं ब्रह्मभूयाय कल्पते॥

ઇતિશ્રી ભાગવત મહાપુરાણના એકાદશ સ્કંધમાં ૫ મો અધ્યાય સંપુર્ણ.

અધ્યાય ૬ ઠો.

બ્રહ્માદિક સ્વધામમાં પધારવા માટે કરેલી ભગવાનની સ્તુતિ.

શ્રીશુક ઉવાચ.

अथ ब्रह्मात्मजैर्देवैःप्रजेशैरावृतोऽभ्यगात्॥
भवश्चभूत भव्येशो ययौ भूत गणैर्वृतः॥

શ્રી શુકદેવજી કહેછે—હે રાજા! પછી સનકાદિક, દેવતા અને પ્રજાપતિઓથી વિંટાયેલા બ્રહ્મા, ભુતગણોથી વિંટાયેલા ભુત ભવિષ્યના સ્વામી શંકર, મરૂતગણોથી વીંટાયેલા ઇંદ્ર, આદિત્યો,વસુઓ અશ્વિની કુમારો, ઋભુ, અંગિરા, રૂદ્ર, વિશ્વેદેવતા, સાધ્ય દેવતા, ૧—૨ ગંધર્વો, અપ્સરાઓ, નાગ, સિદ્ધો, ચારણો, ગુહ્યકો, ઋષિઓ, પિતૃઓ, વિદ્યાધરો, અને કિન્નરો, ૩ આ સર્વ લોક શ્રી કૃષ્ણ ભગવાનનાં શ્રી અંગનાં દર્શન કરવાની ઇચ્છાથી દ્વારકાં ગયા. જે શ્રીઅંગથી મનુષ્યો મન રંજન કરનારા ભગવાને સર્વ લોકના પાપનો નાશ કરનારો યશ લોકમાં વિસ્તાર્યો હતો. ૪ ભારે સમૃદ્ધિઓથી ભરપૂર તથા ઝળાહળતી દ્વારકાપુરીમાં અદ્ભુત સ્વરૂપવાળા શ્રી કૃષ્ણ ભગવાનનાં દર્શન કર્યાં, પણ તેઓનાં નેત્ર તૃપ્ત થયાં નહીં. ૫ સ્વર્ગના બગીચાનાં પુષ્પોથી શ્રી કૃષ્ણને ઢાંકી દેતા દેવતાઓએ વિચિત્ર પદ તથા અર્થવાળી વાણીથી તેમની નીચે પ્રમાણે સ્તુતિ કરી. ૬

દેવતાઓ સ્તુતિ કરે છે—હે નાથ! કર્મરૂપી દ્રઢપાશથી છુટવાને ઇચ્છતા પુરૂષો પોતાના અંતઃકરણમાં ભક્તિભાવથી આપનાં

ચરણારવિંદનું ચિંતવન કરે છે, એવા આપને અમે બુદ્ધિ, ઇંદ્રિયો, પ્રાણ, મન અને વચનથી સાષ્ટાંગ પ્રણામ કરીએ છીએ. ૭ હે અજીત! માયાના ગુણોમાં નિયંતાપણે રહેલા આપ મનથી પણ તર્કમાં આવી શકે નહી એવા આ જગતને ત્રણ ગુણવાળી માયાથી પોતાને વિષે રચો છો, પાળો છો અને સંહારો છો, તોપણ એ કર્મોથી લેપાતા નથી; કારણ કે આપ આવરણ વગરના આત્મસુખમાં વિહાર કરનારા હોવાથી રાગાદિક દોષથી રહિત છો.૮ આ પ્રમાણે કર્મો કરવા છતાં આત્મારામ પણાથી રહો છો તેથી મુમુક્ષુ લોકો આપના ચરણારવિંદનું ધ્યાન કરે છે.હે સ્તુતિ કરવા યોગ્ય! હે ઉત્તમ! સત્વગુણની વૃદ્ધિવાળા પુરૂષોને આપના યશ સાંભળવાથી વૃદ્ધિ પામેલી શ્રદ્ધાથી જેવી અંતઃકરણની શુદ્ધિ થાય છે, તેની શુદ્ધિ રાગી પુરૂષોને ઉપાસના, શાસ્ત્રશ્રવણ, વેદાધ્યયન, દાન, તપ, તથા કર્મોથી થતી નથી. તેથી આત્મારામ હોવા છતાં પણ પરમ પવિત્ર યશ વિસ્તારવાને માટે કર્મો કરો છો ૯ જે ચરણારવિંદનું મુમુક્ષુ લોક પ્રેમથી દ્રવીભુત થયેલા હૃદયમાં ધ્યાન કરે છે, ભકત લોક આપના જેવાં ઐશ્વર્ય પામવાને માટે વાસુદેવાદિક ચાર વ્યુહમાં જે મુર્તિની પુજા કરે છે, ભકતોમાં કેટલાક ધીર પુરૂષો વૈકુંઠની પ્રાપ્તીને માટે ત્રણે કાળમાં આપને પુજે છે. ૧૦ યજ્ઞ કરનારા લોક બન્ને હાથમાં હવિ લઇને વેદમાં કહેલા ઇંદ્રાદિક દેવતા રૂપે યજ્ઞના અગ્નિમાં જે આપનું ચિંતવન કરે છે, યોગીજનો મનના નિગ્રહરૂપ યોગદ્વારા સિદ્ધિઓની ઇચ્છાથી આપનું જે ધ્યાન કરેછે, અને મહા વૈષ્ણવો સર્વ પ્રકારે જે આપની પુજા કરે છે, તે અમારી અશુભ વાસનાનો નાશ કરનારાં આપનાં ચરણારવિંદ અમારૂં કલ્યાણ કરો. ૧૧ મુનિ, ભકત, ધીરભકત, યજ્ઞ કરનાર, યોગી અને મહા વૈષ્ણવ મુકત લોક, એ છમાં મહા વૈષ્ણવો ઉપર આપની પ્રીતિ લક્ષ્મી કરતાં પણ વધારે છે. હે પ્રભુ! 'હું જે વક્ષઃસ્થળમાં રહું છું, તે વક્ષઃસ્થળમાં આ વનમાળા વાસી છતાં પણ રહે છે,' એવી અસહનતાથી લક્ષ્મીજી જો કે શોક્યની પેઠે વનમાળા સાથે ઇર્ષ્યા કરે છે, તો પણ એ વનમાળા મારા ભકતોએ અર્પણ કરેલી છે, એવી પ્રીતિથી આપ ભકત લોકોની વનમાળાથી કરેલી પુજાને ઉત્તમ પ્રકારે સ્વીકારો છો, તે આપનાં ચરણકમળ નિરંતર અમારી અશુભ વાસનાઓને બાળી નાંખો. ૧૨ હે સર્વ વ્યાપક! આપનો ચરણ બળિરાજાને બાંધતી વખતે બીજું પગલું ભરતાં સત્ય લોક સુધી પોહોચતાં તે ધ્વજ જેવો શોભતો હતો, અને ત્રણ ધારાથી પડતી ગંગા નદી તેની પતાકાના જેવી શોભતી હતી, તથા જે ચરણે દેવતાની સેનાને અભય આપીને સ્વર્ગમાં રાખી છે અને દૈત્યોની સેનાને ભય આપીને પાતાળમાં રાખી છે, તે આપનાં ચરણો અમો ભકતજનોનાં પાપનો નાશ કરો. ૧૩ વળી સર્વના પ્રવર્તક, પ્રકૃતિ પુરૂપ તથા કાળના પણ નિયંતા, પૂર્ણ પુરૂષોત્તમ, પરસ્પર દ્વેષાદિકથી પીડાતા બ્રહ્માદિક પણ નાકમાં નાથેલા સાંઢની પેઠે જેમને વશ છે. એવા આપના ચરણ અમારૂં કલ્યાણ કરો. ૧૪ આપ આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયના કારણ રૂપ છો, કારણ કે આપ પ્રકૃતિ પુરૂપ અને મહત્તત્વના પણ નિયંતા છો. સર્વનો નાશ કરવામાં મચી રહેલા ગંભીર વેગવાળો તથા શિયાળો, ઉનાળો અને ચોમાસું એ ત્રણ ભાગવાળો જે વર્ષરૂપી કાળ છે, તે પણ આપનુંજ સ્વરૂપ છે, માટે આપ ઉત્તમ પુરૂપ છો. ૧૫ અમોઘ શકિતવાળા પુરૂષે આપનાથીજ શક્તિ પામીને, માયાની સાથે રહીને, જગતના ગર્ભ સમાન મહત્તત્વને ઉત્પન્ન કર્યું છે, અને મહત્તત્વે પણ આપનાથીજ શકિત પામીને માયાની સાથે રહીને અત્યંત પ્રકાશવાળું અને આઠ આવરણવાળું આ બ્રહ્માંડ સરજ્યું છે. ૧૬ હે ઇંદ્રિયોના અધિપતિ ! આપ આ સ્થાવર જંગમ જગતના અધિપતિ છો, આપ આપની માયાએ ક્ષુબ્ધ કરેલી ઇંદ્રિયોની વૃત્તિઓએ અર્પણ કરેલા વિષયોને સેવો છો. તો પણ તેનાથી લેપાતા નથી. બીજા પુરૂષો

તો વિષયોનું સેવન છોડી દે છે, તો પણ તે ઓનાં મનમાં વિષયોની વાસના રહી જાય છે. ૧૭ સોળ હજાર એકસો ને આઠ સ્ત્રીઓ મંદમંદહાસ્યથી કિંચિત ભાવ દેખાડવાથી મનોહર લાગતાં ભ્રકુટિમંડળે મોકલેલા ચતુર કામદેવને પણ હરાવી દેનારાં એવાં કામકળાનાં સાધનોથી આપનાં મનને મથન કરી શકી નહુતી ૧૮ આપની અમૃત તુલ્ય કથારૂપી નદીઓ અને આપનાં પવિત્ર ચરણામૃત રૂપી ગંગાદિક નદીઓ ત્રૈલોક્યનાં પાપનો નાશ કરવાને સમર્થ છે, તેમ વેદોમાં ગાયેલી આપની કથા કાનવડે મનુષ્યને પવિત્ર કરે છે, અને આપનાં ચરણમાંથી ઉત્પન્ન થયેલાં ગંગાદિક તીર્થ ન્હાવાથી પવિત્ર કરે છે. એ પ્રમાણે પોતાના આશ્રમધર્મમાં રહેલા લોક એ બન્ને તીર્થોનું ભક્તિપૂર્વક સેવન કરે છે. ૧૯

શ્રી શુકદેવજી કહે છે--હે રાજા! આકાશમાં રહેલા બ્રહ્માએ દેવતાઓ તથા શંકરની સાથે શ્રી કૃષ્ણની સ્તુતિ કરીને નીચે પ્રમાણે કહ્યું. ૨૦

બ્રહ્મા કહે છે—હે પ્રભુ! હે સર્વાત્મા! અમે પૃથ્વીનો ભાર ઉતારવાને માટે પૂર્વે આપને વિનંતિ કરી હતી, તે પ્રમાણે આપે સઘળું કર્યું છે. ૨૧ આપે સત્ય પ્રતિજ્ઞાવાળા પુરૂષોમાં ધર્મનું સ્થાપન કર્યું છે, અને લોકોનાં પાપનો નાશ કરનારી કીર્તિનો દિશાઓમાં વિસ્તાર કર્યો છે. ૨૨ આપે યદુકુળમાં અવતાર લઇ સર્વોત્તમ રૂપ ધારણ કરી જગતના કલ્યાણને માટે ઉત્તમ પરાક્રમવાળાં ચરિત્રો કર્યાં છે. ૨૩ એ ચરિત્રોનું નિરંતર શ્રવણ કીર્તન કરવાથી આ કળીયુગમાં સત્પુરૂષો વિનાશ્રમે ભવસાગરને તરી જશે.૨૪ હે પુરૂષોત્તમ! હે પ્રભુ! આપને યદુવંશમાં અવતાર લીધાને સવાસો વર્ષ થઈ ચુક્યાં છે. ૨૫ હે જગદાધાર! હવે દેવતાઓનાં કાર્ય કરવામાં કાંઇ બાકી રહ્યું નથી, વળી યદુવંશ પણ બ્રાહ્મણોના શાપથી નાશ પામ્યા જેવો થઇ ગયો છે. ૨૬ માટે હે વૈકુંઠનાથ! હવે જો આપની ઇચ્છા હોય તો આપના ઉત્તમ ધામમાં પધારો, અને આપના સેવક અમો લોકપાળોનું રક્ષણ કરો. ૨૭

શ્રી ભગવાન કહે છે--હે દેવેશ્વર! તમે જે કહોછો, તેમજ કરવાનો મેં વિચાર કર્યો છે તમારૂં સર્વ કાર્ય મેં કરીને પૃથ્વીનો ભાર ઉતાર્યો છે. ૨૮ હવે યાદવકુળ બાકી રહ્યું છે, તે બળ, પરાક્રમ અને લક્ષ્મીથી મદોન્મત્ત થઇ ગયેલું છે, અને લોકોનો નાશ કરી નાંખે એવું છે, તેને મહા સમુદ્રને જેમ કિનારો રોકી રાખે છે, તેમ મેં અટકાવી રાખ્યું છે. ૨૯ એ ગર્વિષ્ટ થયેલા યાદવોના કુળનો સંહાર કર્યા વગર જો હું સ્વધામમાં જઇશ, તો છકી ગયેલા યાદવો લોકોનો નાશ કરી નાંખશે. ૩૦ માટે મેં બ્રાહ્મણોના શાપદ્વારા યદુકુળનો સંહાર કરવાનો આરંભ કર્યો છે, તે કાર્યથી પરવારીને સ્વધામ જતી વખતે હું તમારા બ્રહ્મલોકમાં આવીશ. ૩૧

શ્રી શુકદેવજી કહે છે—એ પ્રમાણે શ્રી કૃષ્ણ ભગવાને બ્રહ્માને કહ્યું, પછી બ્રહ્મા પ્રણામ કરીને સર્વ દેવતાઓની સાથે બ્રહ્મલોકમાં ગયા. ૩૨ ત્યાર પછી દ્વારકામાં મોટા મોટા ઉત્પાતો થવા લાગ્યા. એ જોઇને એકઠા મળેલા વૃદ્ધ યાદવોને શ્રી કૃષ્ણ ભગવાને આ પ્રમાણે કહ્યું. ૩૩

શ્રી ભગવાન કહે છે—જુઓને, આ દ્વારકાંમાં મોટા મોટા ઉત્પાતો થાય છે, અને આપણા કુળને બ્રાહ્મણોનો ન ટળે એવો શાપ પણ થયો છે. ૩૪ માટે હે આર્યો! આપણને જીવવાની ઈચ્છા હોવાથી આપણે અહીં રહેવું યોગ્ય નથી, આપણે મહાપવીત્ર પ્રભાસ ક્ષેત્રમાં આજને આજ ચાલો, વાર ન કરો. ૩૫ પૂર્વે દક્ષના શાપને લીધે ક્ષય રોગથી પીડાતો ચંદ્રમાનું દુઃખ પ્રભાસક્ષેત્રમાં સ્નાન કરવાથી ટળી ગયું હતું, અને તેની કળાની વૃદ્ધિ થઇ હતી. ૩૬ માટે આપણે પણ તે ક્ષેત્રમાં સ્નાન કરી, પિતૃ તથા દેવતાઓનું તર્પણ કરી, બ્રાહ્મણોને અનેક ગુણવાળાં અન્નોથી જમાડી, તે સુપાત્ર ક્ષેત્રમાં શ્રદ્ધાથી મોટાં દાન કરીને, જેમ મનુષ્ય વહાણવડે સમુદ્રને તરે છે તેમ દાનથી સર્વે દુઃખોને તરી જઈશું.૩૭-૩૮

શ્રી શુકદેવજી કહે છે—હે કુળને આનંદ આપનારા પરીક્ષિત રાજા ! આ પ્રમાણે શ્રી કૃષ્ણે આજ્ઞા કરવાથી યાદવોએ તીર્થમાં જવા માટે રથો જોડવાં માંડ્યા. ૩૯ એ જોઈ, ભગવાનનાં વચનો સાંભળીને તથા ભયંકર ઉત્પાતો જોઇને નિરંતર ભગવાનને અનુસરનારા ઉદ્ધવજીએ જગતના ઇશ્વરના પણ ઇશ્વર એવા શ્રી કૃષ્ણને એકાંતમાં મળી, તેમનાં ચરણોમાં મસ્તકવડે પ્રણામ કરી, બે હાથ જોડીને વિનંતિ કરી. ૪૦-૪૧

ઉદ્ધવજી વિનંતિ કરેછે—હે દેવાધિદેવ ! હે ઇશ્વર! હે યોગેશ્વર! હે શ્રવણ કીર્તનથી પવિત્ર કરનારા ! આપ અવશ્ય યદુકુળનો સંહાર કરીને આ મનુષ્ય લોકનો ત્યાગ કરશો એમ જણાય છે; કારણ કે-આપ ઇશ્વર બ્રાહ્મણોનો શાપ ટાળવાને સમર્થ છતાં આપે તેનો કાંઈ ઉપાય કર્યો નહી. ૪૨ હે કેશવ! હે નાથ ! હું આપના ચરણારવિંદનો અર્ધક્ષણ પણ ત્યાગ કરી શકીશ નહી, માટે મને પણ સ્વધામમાં લઈ જાઓ. ૪૩ હે કૃષ્ણ ! મનુષ્યોને પરમ મંગળકારી તથા કાનને અમૃત તુલ્ય લાગે એવાં આપનાં ચરિત્રોનો સ્વાદ લેવાથી મનુષ્યોની સર્વ પ્રકારની તૃષ્ણા ટળી જાય છે. ૪૪ સુવું, બેસવું, ઉઠવું, હરવું, ફરવું, નહાવું, રમવું, જમવું, એ સર્વ ક્રિયામાં અમે આપની સેવા કરી છે, તે અમે ભક્તજન, પરમપ્રિય આત્મારામ આપનો કેવી રીતે ત્યાગ કરીએ ? ૪૫ હું કાંઇ માયાના ભયથી આપની પ્રાર્થના કરતો નથી, પણ આપનો વિયોગ મારાથી સહન થઇ શકતો નથી, તેથી પ્રાર્થના કરૂં છું. આપે ભોગવેલાં ચંદન, માળા, વસ્ત્ર તથા અલંકારો ધારણ કરનારા તથા આપનું ઉચ્છિષ્ટ ખાનારા અમે દાસજન આપની માયાને તો અવશ્ય તરી જઇશું. ૪૬ હે મહાયોગી ! વાયુનું ભક્ષણ કરીને રહેનારા, તપનો પરિશ્રમ કરનારા, બ્રહ્મચર્ય પાળનારા, શાંત, નિર્મળ મનવાળા અને બ્રહ્મચર્ય પાળનારા સંન્યાસી લોક મહા ક્લેશ ભોગવીને માંડમાંડ આપના બ્રહ્મરૂપી ધામને પામે છે. ૪૭ અને અમે કર્મ માર્ગમાં ભટકનારા તો આપના ભક્તોની સાથે આપનાં ચરિત્રો સંબંધી વાતો કરીને આ દુસ્તર સંસારને તરી જઇશું. ૪૮ આપનાં ચરિત્ર, ભાષણ, ગતિ, ઉત્તમ મંદહાસ્ય, અવલોકન તથા ઉપહાસ, એ સર્વ મનુષ્યલોકને અનુકરણ રૂપ છે, તેનું સ્મરણ તથા કીર્તન કરવાથી અમે તરી જઇશું. ૪૯

શ્રી શુકદેવજી કહે છે—હે રાજા ! આ પ્રમાણે ઉદ્ધવજીએ વિનંતિ કરી, ત્યારે દેવકી પુત્ર શ્રી કૃષ્ણ ભગવાને પોતાના પ્રિય સાચા ભક્ત ઉદ્ધવજીને આ પ્રમાણે કહ્યું. ૫૦

एवं विज्ञापितो राजन् भगवान् देवकीसुतः ॥

एकांतिनं प्रियं भृत्यमुद्धवं समभाषत ॥

ઇતિશ્રી મહાપુરાણ ભાગવતના એકાદશ સ્કંધમાં "ઉદ્ધવે ભગવાનને કરેલી વિનંતિ" વર્ણન નામનો ૬ ઠો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૭ મો.

દત્તાત્રેયે કરેલા ચોવીશ ગુરૂઓમાંના આઠ ગુરૂનું વર્ણન.

यदात्थ मां महाभाग तच्चिकीर्षितमेव च ॥

ब्रह्माभवो लोकपालाःस्वर्वासं मेऽभिकांक्षिणः॥

શ્રી ભગવાન કહે છે—હે ઉદ્ધવ ! તમે કહો છો તેમજ કરવાની મારી ઇચ્છા છે. બ્રહ્મા, સદાશિવ અને લોકપાળ દેવતાઓ મારો વૈકુંઠમાં વાસ થવાને ઇચ્છે છે. ૧ બ્રહ્માની પ્રાર્થનાથી જે કાર્ય કરવાને હું બળરામની સાથે પ્રગટ થયેલો છું, તે સર્વ કાર્ય મેં પૂર્ણ કર્યું છે. ૨ શાપથી ભસ્મ થયેલું આ યાદવકુળ પરસ્પર લડી મરીને નાશ પામશે, અને આ પુરીને સાતમે દિવસે સમુદ્ર બોળી દેશે. ૩ હે સજ્જન ! હું આ મનુષ્ય લોકનો ત્યાગ કરીશ, તે સમયે તુરતજ આ લોકને કળિયુગ અત્યંત દુઃખી કરશે, અને સર્વ મંગળ નાશ પામશે. ૪ હે ઉદ્ધવ ! મારા ગયા પછી તમારે પણ અહીં રહેવું નહી, કારણ કે કળિયુગમાં લોકોની અધર્મમાં પ્રીતિ થશે. ૫ માટે તમે તો સ્વજન તથા બં-

હુએ. ઉપરના સ્નેહનો ત્યાગ કરી, મારામાં ઉત્તમ રીતે મન રાખીને સમદૃષ્ટિવાળા થઇ પૃથ્વી ઉપર ફરજો. ૬ મન, વાણી, નેત્ર તથા શ્રવણાદિક ઇંદ્રિયોથી જાણવામાં આવતું જે આ જગત છે, તે સર્વ મનોમય, માયારૂપ અને ક્ષણભંગુર છે, એમ જાણો. ૭ જે મનુષ્યનું મન વિક્ષિપ્ત છે તેને ભ્રાંતિથી ભેદ જણાય છે, અને તેમાં ગુણદોષબુદ્ધિ રહેલી છે. માટે ગુણ અને દોષરૂપ ભેદ મિથ્યા છે, વાસ્તવિક નથી. માટે સર્વમાં સમદૃષ્ટિ રાખવી. જો કે વિધિનિષેધનું પ્રતિપાદન કરવાને માટે વેદજ ભેદની સત્યતા કહે છે; પરંતુ વાસ્તવિક રીતે જોતાં તો જેની બુદ્ધિમાં ગુણદોષ હોય, તેનેજ કર્મ, અકર્મ, તથા વિકર્મ રૂપ વિધિ-નિષેધનો ભેદ લાગુ પડે છે. ૮ માટે ઇંદ્રિયોને તથા મનને વશ કરીને આ જગતને પોતાના આત્મામાં જુઓ, અને આત્માને પરબ્રહ્મમાં જુઓ. ૯ તમે આવી દૃષ્ટિ કરીને 'કર્મ નહી કરવાથી કદાચિત દેવતાઓ વિઘ્ન કરશે' એવી શંકા કરશો નહી, કેમકે તમને વેદના તાત્પર્યનો નિશ્ચય અને તેના અર્થનો અનુભવ હોવાથી આત્માના અનુભવથીજ સંતુષ્ટ રહેશો, અને સર્વ દેવતાઓ પણ આત્મારૂપજ છે, એમ જાણશો, ત્યારે તમને કોઇ પણ વિઘ્ન નડશે નહી. ૧૦ એથી એમ ન સમજવું કે જ્ઞાની પુરૂષે મરજી પ્રમાણે આચરણ કરવાં; કારણ કે જેમ બાળક સંકલ્પ વિકલ્પથી રહિત હોવા છતાં પણ કોઇ કર્મ કરે છે અને કોઇ કર્મ કરતાં નથી; તેમ ગુણદોષના વિચાર રહિત જ્ઞાની પણ પૂર્વના સંસ્કારથી નિષિદ્ધ કર્મો, તેમાં દોષ જાણીને કરતા નથી, એમ નથી; પણ પોતે કરતો નથી. તેમજ વેદોક્ત કર્મ કરે છે, તેમાં પણ કાંઇ ગુણ જાણીને કરે છે તેમ નથી, પરંતુ પોતાની ઇચ્છાથી કરે છે. ૧૧ આ પ્રમાણે જ્ઞાન વિજ્ઞાનમાં નિશ્ચય કરનારો, ભુતપ્રાણી માત્ર સાથે સ્નેહ રાખનારો, શાંત સ્વભાવનો, અને જગતને મારા રૂપ જોનારો પુરૂષ ફરીથી જન્મ મરણ પામતો જ નથી. ૧૨

શ્રી શુકદેવજી કહે છે—એ પ્રમાણે શ્રી કૃષ્ણે આજ્ઞા કરવાથી મહા વૈષ્ણવ ઉદ્ધવજીએ ભગવાનને પ્રણામ કરીને તત્વ જાણવા માટે આ પ્રમાણે કહ્યું. ૧૩

ઉદ્ધવજી કહે છે—હે યોગેશ્વર! હે યોગીઓના ગુપ્તનિધિરૂપ! હે યોગરૂપ! હે યોગને ઉત્પન્ન કરનારા! આપે મારા કલ્યાણને માટે મને જે ત્યાગ કરવા માટે સંન્યાસીનાં લક્ષણ કહ્યાં, તે આપના મહિમાની ગૌરવતાથી કહ્યું છે, પરંતુ મારા અધિકારનો વિચાર કરીને કહ્યું નથી, કારણ કે-આરોગ્યતાને માટે સર્વસ્વનું દાન કરવામાં આવે છે, તે દાન કર્યા પછી જે ધન મળે છે, તે લેવાને માટે છુટ છે; પરંતુ આમાં તો ત્યાગ કર્યા પછી કાંઈ પાછું લઇ શકાય તેમ નથી, માટે મારા જેવા પુરૂષથી આવો ત્યાગ થઈ શકે નહી ૧૪ હે સર્વવ્યાપક! જેનું ચિત્ત વિષયોમાં લાગ્યું છે, તેઓનાથી. આવો ત્યાગ થઈ શકતો નથી, તેમાં પણ હે સર્વાત્મા! જે આપના અભક્ત છે, તેઓનાથી તો આ ત્યાગ થવો ઘણો કઠણ છે, એમ મારૂં માનવું છે. ૧૫ આપે તો મને સર્વનો ત્યાગ કરવાનો ઉપદેશ આપ્યો, પણ હું મુઢ બુદ્ધિવાળો તમારી માયાએ રચેલા દેહ તથા પુત્રાદિકમાં અહંતા મમતાથી ડુબી ગયેલો છું, માટે હે ભગવાન! આપે કહેલા વિષયને હું અનાયાસે સમજી શકું, તે રીતે ધીમે ધીમે ઉપદેશ કરો. ૧૬ હે ઇશ્વર! મને સત્ય અને સ્વયંપ્રકાશ આત્માનો ઉપદેશ કરનારો આપના સિવાય બીજો કોઇ દેવતાઓમાં પણ નથી, કારણ કે બ્રહ્માદિક પ્રાણીમાત્ર આપની માયાથી મોહ પામેલા હોવાથી તેઓ વિષયોને સાચા માને છે. ૧૭ કેટલાક દુષ્ટ સ્વભાવવાળા છે, કેટલાક સેવા કર્યા છતાં પણ ફળ આપતી વેળા ઉંચા હાથ કરે છે, કેટલાક તો કેવળ અજ્ઞાની છે, કેટલાક રક્ષણ કરવામાં અસમર્થ છે, અને કેટલાક સ્થાનભ્રષ્ટ છે; પરંતુ આપ તો નિર્દોષ, અવિનાશી, સર્વજ્ઞ, રક્ષણ કરવાને સમર્થ, તથા દેશકાળાદિકથી અબાધ્ય અને વૈકુંઠવાસી છો, માટે

હું વિષયોથી ખિન્ન થયેલો અને દુઃખોથી તપી ગયેલો આપ નરના સખા નારાયણને શરણે આવું છું. ૧૮

શ્રી ભગવાન કહે છે—હે ઉદ્ધવ ! આ જગતમાં લોકતત્વની પરીક્ષા કરનારા મનુષ્ય પોતેજ પોતાના આત્માને વિષયોની વાસનામાંથી બહાર કાઢી લે છે, ગુરૂના ઉપદેશની અપેક્ષા રાખતા નથી. ૧૯ પશુ વગેરેના શરીરમાં પણ હિત-અહિત જાણવા માટે જીવ પોતેજ પોતાનો ગુરૂ થાય છે, અને મનુષ્યના શરીરમાં તો વિશેષે કરીને થાય છેજ; કારણ કે પશુ કરતાં મનુષ્યદેહમાં પ્રત્યક્ષ તથા અનુમાનથી પોતાનું હિત તુરત જાણી શકે છે. ૨૦ પશુઓ કરતાં મનુષ્યોમાં જ્ઞાનાદિક શક્તિઓ વિશેષ હોય છે, માટે મનુષ્ય શરીરમાં સર્વ શક્તિસંપન્ન 'આત્મા વિશેષ પ્રત્યક્ષ છે; એમ સાંખ્ય અને યોગ વિદ્યામાં નિપુણ પુરૂષોએ નિશ્ચય કરેલો છે. ૨૧ એક, બે, ત્રણ અને ચાર પગવાળાં, તથા ઘણા પગ વાળાં તથા પગ વગરનાં અનેક શરીર રચેલાં છે, તેમાં મનુષ્યનું શરીર મને પ્રિય છે. ૨૨ આ મનુષ્ય દેહમાં હું કે જે બુદ્ધિઆદિક દૃશ્ય પદાર્થોથી જુદો છું, તેને વિવેકી પુરૂષો હેતુઓથી તથા અનુમાનોથી સાક્ષાત્કાર કરે છે, તે આ પ્રમાણેઃ—બુદ્ધિઆદિક જડ પદાર્થોનો પ્રકાશ એક સ્વયંપ્રકાશ વિના સંભવતો નથી. જે જે બુદ્ધિઆદિક પદાર્થ છે, તે એક સ્વતંત્ર કર્ત્તાથી પ્રેરિત છે, કેમકે તે સાધનરૂપ છે જેમ વાંસલો અને કુહાડો વગેરે સાધનરૂપ છે અને તે સુતારથી પ્રેરાય છે. એ પ્રમાણે બુદ્ધિ વગેરે દૃશ્ય પદાર્થોનો પ્રેરક જે સ્વતંત્ર કર્તા છે, તે આત્મા છે, આવું અનુમાન કરીને સાવધાન રહેનારા પુરૂષો મનુષ્યદેહમાં મને શોધે છે. ૨૩ પોતાની મેળે વિચાર કરવાથી પણ જ્ઞાન થાય છે આ વિષયમાં ગુરૂ દત્તાત્રેય તથા મહા તેજસ્વી યદુરાજાના સંવાદ રૂપી એક પુરાતન ઈતિહાસ કહેવામાં આવે છે. ૨૪ અવધૂતવેશવાળા, મહા વિદ્વાન અને સર્વદા તરૂણ અવસ્થાવાળા ગુરૂદત્તાત્રેય નિર્ભયપણે જગતમાં વિચરતા હતા, તેમને જોઈને ધર્મવેત્તા યદુરાજાએ આ પ્રમાણે પૂછયું. ૨૫

યદુરાજા પૂછે છે—હે મહારાજ ! તમે કાંઇ પણ કામ કરતા નથી, છતાં તમારી સર્વ લોકોનાથી વિલક્ષણ અને નિપુણ બુદ્ધિ શાથી થઇ છે ? જે બુદ્ધિ પામીને તમે વિદ્વાન છતાં પણ બાળકની પેઠે જગતમાં વિચરો છો. ૨૬ મનુષ્યો ઘણું કરીને ધર્મ, અર્થ, કામ અને આત્માના વિચારમાં પ્રવૃત્તિ કરે છે, અને તેમાં પણ આયુષ્ય, યશ કે લક્ષ્મીની કામનાથીજ પ્રવૃત્તિ કરે છે ૨૭ તમે તો સમર્થ છો, જ્ઞાનવાન છો, નિપુણ છો, સ્વરૂપવાન છો અને મધુરી વાણી બોલનારા છો, તેમ છતાં જડ, ઉન્મત્ત અને પિશાચની પેઠે કાંઈ પણ કાર્ય કરતા નથી. તેમ કાંઇ પણ ઇચ્છા કરતા નથી. ૨૮ સર્વ લોક કામ અને લોભરૂપ દાવાનળથી બળ્યાં કરે છે, અને તમે તો તે અગ્નિથી મુક્ત થઇને ગંગાજળમાં ઉભેલા હાથીની પેઠે કાંઇ પણ સંતાપ પામતા નથી. આવો પરમાનંદ તમને ક્યાંથી મળ્યો? ૨૯ હે મહારાજ ! વિષયભોગથી અને સ્ત્રી પુત્રાદિકથી રહિત એવા આપના ચિત્તમાં આવો આનંદ શા કારણથી રહે છે? તે હું પુછું છું, માટે આપ કહો. ૩૦

શ્રી ભગવાન કહે છે--બ્રાહ્મણોને માન આપનારા અને સુબુદ્ધિવાળા યદુરાજાએ એ પ્રમાણે સત્કારપૂર્વક પૂછયું, ત્યારે ગુરૂદત્તાત્રેયે પ્રેમથી નમેલા યદુરાજાને આ પ્રમાણે કહ્યું. ૩૧

દત્તાત્રય કહે છે—હે રાજા ! મારા બુદ્ધિથી સ્વીકારેલા ગુરૂ ઘણા છે, જે ગુરૂથી બુદ્ધિ મેળવી મુક્ત થઈને હું જગતમાં વિચરૂં છું. તે ગુરૂનાં નામ કહું છું, તે સાંભળો. ૩૨ પૃથ્વી, વાયુ, આકાશ, જળ, અગ્નિ, ચંદ્ર, સૂર્ય, કપોત (હોલો), અજગર, સમુદ્ર, પતંગ, મધમાખી, હાથી. મધ ઉતારનારો પારધી, હરણ, માછલું, પિંગળાવેશ્યા, ટિટોડી, બાળક, કુમારી, બાણ ઘડનાર, સર્પ, કરોળીયો, અને ભમરી, આ ચોવીશને મેં ગુરૂ કરેલા છે. તેઓનાં આચરણ ઉપરથી મેં ઉપદેશ લીધો છે. ૩૩-૩૫ હે પુરૂષ ! મેં જેની પા-

સેધો,·જે રીતે, જે શિખામણ લીધી છે, તે હું કહું છું, તે સાંભળો. ૩૬ પ્રાણીમાત્ર પૃથ્વીને પગવડે દબાવે છે, તો પણ તે પોતાનો નિયમ છોડતી નથી, તેમજ દૈવાધીન પ્રાણીઓ દુઃખ દેતાં છતાં પણ ધીરપુરૂષે તે પ્રાણીઓ દૈવને આધીન છે એમ જાણીને પોતાનો નિયમ છોડવો નહી. એ આચરણ હું પૃથ્વીના પાસેથી શીખ્યો છું. ૩૭ પર્વતના ઝાડ, ખડ, અને ઝરણાં વગેરે ઉત્પન્ન કરનારી સઘળી ક્રિયાઓ નિરંતર પરોપકારને માટે જ છે, અને તેનો જન્મ પણ પરોપકારને માટે જ છે, તેમ સાધુપુરૂષોએ પણ પોતાની સઘળી ક્રિયાઓ અને જન્મ પરોપકારને માટે જ રાખવાં જોઈએ. વળી ઝાડની પાસેથી હું જે શીખ્યો છું, તે કહું છું, જેમ ઝાડ નિરંતરપરાધીન રહેછે: અટલે લોક તેને કાપી નાંખે અથવા ઉખાડીને લઈ જાય, તોપણ તે સ્વીકારે છે, તેમ સાધુઓએ પણ પરાધીન રહેવું જોઇએ-અર્થાત્ બીજા મારી નાંખે અથવા ઘસડી લઇ જાય, તોપણ તે સહન કરવું. ૩૮ વાયુ બે પ્રકારનો છે, પ્રાણવાયુ અને બહારનો વાયુ. તે વાયુ પાસેથી હું જે શીખ્યો છું તે કહું છું. પ્રાણ જેમ કેવળ આહાર મળવાથી જ સંતોષ પામે છે, પરંતુ રૂપ રસાદિક ઇંદ્રિયોના વિષયોની અપેક્ષા રાખતો નથી, તેમ યોગીએ પણ માત્ર આહાર મળવાથીજ સંતોષ રાખવો, પણ તેમાં સારા નરસા આહારની અથવા બીજા વિષયોની અપેક્ષા રાખવી નહી. આહાર ન કરે તો મન વિહ્વળ થઈ જાય, અને તેથી જ્ઞાનનો નાશ થઇ જાય, માટે દેહના નિર્વાહ માટે જેવો આહાર મળે તેવો કરી લેવો, પણ તે સારા આહારની અથવા વિષયોની અપેક્ષા રાખે તો વાણી અને મન વિક્ષેપ પામે છે. ૩૯ વાયુ જેમ વનમાં હોય ત્યારે પ્રસન્ન થતો નથી, અને અગ્નિમાં હોય ત્યારે ખિન્ન થતો નથી. તેમ ગુણ દોષથી રહિત બુદ્ધિવાળા યોગીએ પણ ટાઢ તાપ વગેરે અનેક ધર્મવાળા વિષયોમાંથી અનુકુળ વિષય મળે ત્યારે પ્રસન્ન થવું નહી, અને પ્રતિકુળ મળે તો ખિન્ન પણ થવું નહી. ૪૦ વાયુ જેથી સુગંધી અને દુર્ગંધીવાળો જણાય છે, પરંતુ વસ્તુતાએ તેમાં સુગંધ કે દુર્ગંધ નથી, તેમ આત્મા પણ પૃથ્વીના વિકારરૂપ દેહમાં રહેવાથી જન્મ મરણ વાળો લાગે છે; પરંતુ ખરૂં જોતાં તે એવો નથી. ૪૧ હવે હું આકાશ પાસે જે શીખ્યો છું તે કહું છું. આકાશ જેમ સર્વ વ્યાપક છે, તોપણ તેને કોઇનો સંગ નથી, અને કોઇ તેનું માપ લઇ શકતો નથી, તેમ યોગીએ પણ દેહમાં રહ્યા છતાં બ્રહ્મસ્વરૂપની ભાવનાથી પોતાનો આત્મા સ્થાવર જંગમમાં વ્યાપ્ત છે, અને તે પણ મણિઓમાં સુત્રની પેઠે નહી, પરંતુ સર્વ અંશમાં વ્યાપ્ત સમજીને, તે આત્માને દેહાદિકનો સંગ નથી, અને તેનો કોઇ પદાર્થથી પરિચ્છેદ થતો નથી, એમ વિચાર કરવો. ૪૨ આકાશને જેમ વાયુએ પ્રેરેલા અને ક્ષણમાં આવનાર અને ક્ષણમાં જતા રહેનાર મેઘ અથવા રજ આદિ પદાર્થોના સ્પર્શ થતો નથી, તેમ કાળે સરજેલાં પૃથ્વી, જળ અને તેજમય પદાર્થ કે જે જાય છે અને આવે છે, તેઓ આત્માનો સ્પર્શ કરી શકતાં નથી, એમ યોગીએ જાણવું જોઇએ. ૪૩ હવે જળની પાસેથી જે શીખ્યો છું તે કહું છું:— જળ જેમ સ્વચ્છ, સ્વભાવથી સ્નિગ્ધ, મધુર, મનુષ્યોને પવિત્ર થવાના તીર્થરૂપ અને દર્શન, સ્પર્શ તથા કીર્તન કરવાથી પવિત્ર કરનારૂં છે, તેમ યોગીએ પણ સ્વચ્છ, સ્વભાવથી સ્નિગ્ધ, મધુરભાષી, મનુષ્યોને પવિત્ર થવાના તીર્થરૂપ અને દર્શન, સ્પર્શ તથા કીર્તનથી બીજાઓને પવિત્ર કરવા જોઇએ. ૪૪ હવે હું અગ્નિગુરૂ પાસથી જે શીખ્યો છું, તે કહું છું- અગ્નિ જેમ તેજસ્વી, પ્રતાપથી પ્રકાશમાન, તિરસ્કાર ન કરી શકાય એવો, ઉદરરૂપી એકજ પાત્ર રાખનારો અને સર્વનું ભક્ષણ કરનારો છતાં પણ નિર્દોષ રહે છે, તેમ યોગીએ પણ જ્ઞાનથી ઘણા તેજસ્વી, તપથી પ્રકાશમાન, તિરસ્કાર કરવાને અશક્ય, માત્ર એક પેટરૂપીજ પાત્રવાળા થવું જોઇએ. તેથી સર્વ વસ્તુનું ભક્ષણ કરવા છતાં પણ તે નિર્દોષી રહે છે. ૪૫ જેમ અગ્નિ કોઇ ઠેકાણે સ્પષ્ટ તથા કલ્યાણ-

ની ઇચ્છાવાળાઓને ઉપાસના કરવા યોગ્ય છે, યજ્ઞ કરનારાઓનાં ભુત ભવિષ્યકાળનાં પાપો બાળી નાંખે છે, અને બીજા કોઇની ઇચ્છાથી સર્વ સ્થળે ભાક્ષણ કરે છે, તેમ યોગીએ પણ વર્તવું જોઇએ. ૪૬ અગ્નિ જેમ કાષ્ઠોમાં રહેવાથી તે તે કાષ્ઠના જેવા લાંબો, વાંકો, ટુંકો જણાય છે; પરંતુ વસ્તુતાએ તેવો નથી, તેમ આત્મા પણ અવિદ્યાથી સરજાયેલા ઊંચ, નીચ દેહમાં રહેવાથી ઉંચ-નીચતાવાળો જણાય છે; પરંતુ ખરી રીતે તે ઊંચ નીચ નથી, એમ યોગીએ જાણવું જોઇએ. ૪૭ હું ચંદ્રમા પાસેથી જે શીખ્યો છું તે કહું છું:- જેમ વધવું ઘટવું વગેરે સર્વ ચંદ્રમાની પ્રકાશ રૂપ કળાઓનેજ* થાય છે, પણ ચંદ્રમાને થતું નથી, તેમ જન્મથી મરણ સુધીના છ વિકાર દેહનેજ થાય છે, પણ આત્માને થતા નથી. ૪૮ અગ્નિની જવાળાઓ જેમ ક્ષણે ક્ષણે ઉત્પન્ન થાય છે, પણ તે આપણા જાણવામાં આવતી નથી, તેમ પ્રવાહ જેવા અવિચ્છિન્ન વેગવાળા કાળથી આત્માની પાછળ લાગેલાં શરીરો ક્ષણે ક્ષણે નાશ પામે છે અને ક્ષણે ક્ષણે નવાં ઉત્પન્ન થાય છે; પરંતુ તે આપણા જાણવામાં આવતું નથી. માટે દેહને ક્ષણભંગુર જાણીને યોગીએ વૈરાગ્ય રાખવો જોઇએ. ૪૯ હવે સુર્ય ગુરૂ પાસેથી જે શીખ્યો છું તે કહું છું:-સુર્ય જેમ આઠ મહિના સુધી પોતાનાં કિરણોથી જળને ખેંચે છે, અને વર્ષા ઋતુમાં કિરણોવડે તે જળ પાછું આપે છે, પરંતુ તે તેમાં લેવાનું કે દેવાનું અભિમાન રાખતો નથી, તેમ યોગીએ પણ ઇંદ્રિયોને ઉપયોગી પદાર્થો ગ્રહણ કરવા અને કોઇ માગવા આવે ત્યારે તેને આપી દેવા; પરંતુ તેમાં આ પદાર્થ લીધો અને આ આપી દીધો, એવું અભિમાન રાખવું નહી. ૫૦ સુર્ય જેમ આકાશનાં પોતાના સ્વરૂપમાં રહે છે, ત્યાં એક રૂપ છે; પણ પાણીનાં કુંડાં વગેરેમાં પ્રતિબિંબ પડવાથી ભિન્ન ભિન્ન રૂપે દેખાય છે, તેમ આત્મા પોતાના સ્વરૂપમાં ભિન્ન નથી, પણ તે દેહાદિકની ઉપાધિમાં રહે છે ત્યારે સ્થૂળ બુદ્ધિવાળાઓને જુદો જુદો દેખાય છે; પરંતુ વસ્તુતાએ એકરૂપ છે, એમ યોગીએ જાણવું. ૫૧ હું હોલાની પાસેથી નીચે પ્રમાણે શીખ્યો છું.--કોઇપણ પુરૂષે કોઇ પણ ઠેકાણે અતિ પ્રીતિ કે લાલન પાલન વગેરેમાં અત્યંત આસક્તિ રાખવી નહી, અને જો રાખે તો તે દીન બનીને હોલાના પેઠે દુખી થાય છે. ૫૨ કોઇ એક હોલો વનમાં ઝાડપર માળો બાંધીને પોતાની સ્ત્રી હોલીની સાથે કેટલાંએક વર્ષ સુધી રહ્યો. ૫૩ એ સ્નેહથી બંધાએલા જોડાએ પરસ્પર દ્રષ્ટિની સાથે દ્રષ્ટિ, અંગની સાથે અંગ, અને બુદ્ધિની સાથે બુદ્ધિ જોડી દીધી હતી. ૫૪ એ બન્ને સુવું, બેસવું, ફરવું, ઉભાં રહેવું, વાતો કરવી. રમવું, અને ખાવું, ઇત્યાદિમાં નિઃશંક થઇને સાથેજ વનની વૃક્ષોઓમાં વિચરતાં હતાં. ૫૫ હે યદુરાજા! હોલાને પ્રસન્ન કરતી અને તેની અત્યંત પ્રેમપાત્ર બનેલી હોલી જે જે વસ્તુ માગતી, તે તે વસ્તુ પેલો ઇંદ્રિયાધીન હોલો દુઃખ વેઠીને પણ લાવી આપતો હતો. ૫૬ એ પતિવ્રતા હોલીને પ્રથમ ગર્ભ રહ્યો, અને સમય થતાં

---

* ચંદ્રમા જળમય મંડળ છે, અને સુર્ય તેજોમય મંડળ છે. એ બન્ને એક નક્ષત્ર ઉપર આવી જાય છે, ત્યારે ચક્ષુને એક દેશમાં રહેલ સુર્ય મંડળની અડચણ પડવાથી ચંદ્રમા દેખાતો નથી, અને તે અમાવાસ્યા કહેવાય છે. ચંદ્રમા સાઠ ઘડીએ બીજા નક્ષત્ર ઉપર જાય છે અને સુર્ય તો તેર દિવસે બીજા નક્ષત્ર ઉપર જાય છે, તેથી પ્રતિપદાથી માંડીને વિષમ રીતિથી રહેલ સુર્યના પ્રતિબિંબનો પંદરમો ભાગ પ્રતિદિન જળમય મંડળમાં દેખાય છે, તે કળા કહેવાય છે. એમ થતાં થતાં પંદરમે દિવસે તેર નક્ષત્રનો અંતર પડવાથી સત્તાવિશ નક્ષત્રરૂપ રાશિચક્રના મધ્યમાં તથા ચંદ્રમા સુર્ય બન્નો એક બીજાના સન્મુખ આવી જાય છે, ત્યારે પૃથ્વીની છાયાથી પ્રતિબિંબિત થયેલું સંપૂર્ણ પ્રતિબિંબ દેખાય છે, તે પૂર્ણિમા કહેવાય છે, પુર્ણિમાને દિવસે અમાવાસ્યાના પ્રતિબિંબની સાથે સોળ કળાવાળો ચંદ્ર કહેવાય છે. પછી પ્રતિપદાથી માંડીને એ બન્નો મંડળ વિષમ હોવાથી પ્રતિદિન એક એક કળા ઘટતી જાય છે-આવી જ્યોતિષશાસ્ત્રમાં પ્રક્રિયા છે.

તેણે આળામાં પોતાના પતિની પાસે ઇંડાં મુક્યાં. ૫૭ જળથી ભરાયેલાં એ ઇંડાંમાં સમય જતાં ભગવાનની માયાની અચિંત્ય શક્તિથી કોમળ શરીર તથા રૂંવાંટીવાળાં બચ્ચાં ઉત્પન્ન થયાં. ૫૮ બચ્ચાંપર પ્રેમ રાખતું એ જોડું તેઓનું ભરણપોષણ કરતું. અને તે બચ્ચાંનું કાલું કાલું મધુર બોલવું સાંભળીને આનંદ પામતું હતું. ૫૯ સદા આનંદમાં મગ્ન રહેતાં એ બચ્ચાંની કોમળ પાંખો, કલરવ, અને નિર્દોષ રમતગમતથી તથા પોતાની સામે આવવા જવાની ચેષ્ટાથી તે હોલો હોલી પ્રસન્ન થતાં હતાં. ૬૦ હૃદયમાં પરસ્પર સ્નેહથી બંધાયેલાં તથા ભગવાનની માયાથી મોહિત થયેલાં અને દીનબુદ્ધિવાળાં એ પક્ષી પોતાનાં નાનાં નાનાં બચ્ચાંનું પોષણ કરતાં હતાં. ૬૧ એક દિવસ એ બન્ને કુટુંબી પક્ષી બચ્ચાંને માટે ચારો લેવાને વનમાં ગયાં, અને ચારાની લાલચથી ઘણી વાર સુધી તે વનમાં ફર્યાં. ૬૨ એટલામાં એ વનમાં ફરનારો કોઈ એક પારધી ત્યાં આવી ચઢ્યો, તેણે માળાની પાસે તે બચ્ચાંને ઉડતાં જોઇ જાળ નાંખીને તેઓને પકડી લીધાં. ૬૩ એટલામાં બચ્ચાંના ભરણ પોષણમાં નિત્ય ઉત્સાહવાળાં હોલો હોલી વનમાંથી ચારો લઇને પાછાં પોતાના માળાની પાસે આવ્યાં. ૬૪ ને જોયું તો પોતાનાં બચ્ચાંને જાળમાં સપડાયેલાં અને ચીસો પાડતાં દીઠાં, તેથી અત્યંત ખેદ પામેલી હોલી રડતી રડતી તે બચ્ચાંઓ તરફ દોડી. ૬૫ સ્નેહપાશથી બંધાયેલી અને ભગવાનની માયાથી દીન ચિત્તવાળી થઈ ગયેલી બિચારી એ હોલી બચ્ચાંને જાળમાં ફસાયેલાં જોયા છતાં પણ ભાન ભુલી જઇને પોતે પણ જાળમાં ફસાઇ ગઇ. ૬૬ પ્રાણ કરતાં પણ વધારે વહાલાં બચ્ચાંને તથા પોતાની યોગ્ય સ્ત્રીને જાળમાં ફસાયેલી જોઇને અત્યંત દુખી થયેલો રાંક હોલો વિલાપ કરવા લાગ્યો કે-૬૭ "અરેરે! હું મંદ પુણ્યવાળો તથા દુષ્ટ બુદ્ધિવાળો છું તેનું આ સત્યાનાશ થઇ ગયું તે તો જુઓ! હજી મારી તૃષ્ણાઓ તૃપ્ત થઇ નથી અને મારા મનોરથ પુર્ણ થયા નથી, તે પહેલાંજ ધર્મ, અર્થ, અને કામ આપનારૂં મારૂં ઘર ભાંગી ગયું! ૬૮ મનગમતી, અનુકુળ રહેનારી તથા પતિવ્રતા એવી આ મારી સ્ત્રી મને સુના ઘરમાં એકલો મુકીને પોતે પોતાના બચ્ચાંની સાથે સ્વર્ગમાં જાય છે. ૬૯ દીન થઇ ગયેલો, રંડાયેલો, દુઃખમાં જીવનારો અને નાશ પામેલાં સંતાનવાળો એવો હું એકલો હવે આ ઉજ્જડ ઘરમાં શા માટે જીવવાની ઇચ્છા કરૂં!!" ૭૦ આ પ્રમાણે વિલાપ કરતો કરતો તે મુર્ખ તથા રાંક હોલો પોતાની સ્ત્રી તથા બચ્ચાંને જાળમાં ફસાયેલાં અને કાળના કોળીયારૂપ થઇ પડેલાં તરફડતાં જોયા છતાં પોતે પણ જાળમાં જઇને પડ્યો. ૭૧ પછી એ ગૃહસ્થી હોલા હોલીને તથા બચ્ચાંને લઇને પોતાનું કામ સિદ્ધ થવાથી તે ક્રૂર પારધી પોતાને ઘેર ગયો. ૭૨ જે કુટુંબી મનુષ્ય ચંચળ ચિત્તવાળો, સુખ દુઃખાદિક દ્વંદ્વ પદાર્થોમાં આસક્ત થયેલો અને રાંકબુદ્ધિથી કુટુંબનું ભરણપોષણ કરનારો હોય છે, તે આ હોલાની પેઠે પોતાના પરિવાર સહિત દુઃખી થાય છે. ૭૩ ઘરમાં થયેલી આસક્તિ પશુ પક્ષીઓને પણ અનર્થકારક થઇ પડે છે, ત્યારે મનુષ્યને અનર્થકારક થઇ પડે તેમાં તો કહેવુંજ શું? માટે મુક્તિનાં ઉઘાડાં બારણાં જેવા મનુષ્યજન્મને પામીને જે માણસ હોલાની પેઠે ઘરમાં આસક્ત થઇને રહે છે. તે માણસ ઉંચે ચઢીને નીચે પડ્યો, એમ વિવેકી પુરૂષો જાણે છે. ૭૪

यः प्राप्य मानुषं लोकं मुक्तिद्वारमपावृतम् ॥
गृहेषु खगवत्सक्तस्तमारूढच्युतं विदुः ॥

ઇતિશ્રી ભાગવત મહાપુરાણના એકાદશ સ્કંધમાં 'દત્તાત્રયગુરૂ વર્ણન નામનો ૭ મો અધ્યાય સંપુર્ણ.

અધ્યાય ૮ મો.

દત્તાત્રેયના અજગરાદિક નવ ગુરૂઓ.

ब्राह्मण उवाच.

सुखमैंद्रियकं राजन् स्वर्गे नरक एवच ॥
देहिनां यद्यथा दुःखं तस्मान्नेच्छेत तद् बुधः ॥

ગુરૂદત્તાત્રેય કહેછે—હે રાજન! ઉદ્યમ કર્યા વિના પણ પ્રારબ્ધાનુસાર જેમ દુઃખ પોતાની મેળેજ આવી મળે છે, તેમ સ્વર્ગમાં તથા નરકમાં સર્વે ઠેકાણે સુખ પણ પોતાની મેળેજ આવી મળે છે. માટે જ્ઞાની પુરૂષે સુખની ઇચ્છા કરવી નહી. ૧ હું અજગર પાસેથી જે શીખ્યો છું તે કહુછું—જેમ અજગર ઉદ્યમ વગર સારૂં નરસું, થોડું વધારે જે કાંઇ પ્રારબ્ધાનુસાર મળે તે ખાઇને જીવે છે, તેમ યોગીએ પણ ઉદ્યમ રહિત થઇને સારૂં કે નરસું, થોડૂં કે ઘણું જે કાંઇ મળે તે ખાઇને આજીવિકા કરવી. ૨ જો ખાવાનું ન મળે, તોપણ ઉદ્યમ ન કરતાં પ્રારબ્ધ ઉપર આસ્થા રાખી, અજગરની પેઠે નિરાહાર રહીને ઘણા દિવસ સુધી સૂઈ રહેવું. ૩ ઇંદ્રિયોનું, મનનું, અને શરીરનું બળ હોય, તોપણ દેહને ઉદ્યમ રહિત રાખીને સુઇ રહેવું, અને આત્મપ્રાપ્તિ રૂપી સ્વાર્થમાં લક્ષ રાખવું. ઇંદ્રિયો સર્વે સંપુર્ણ હોય તો પણ કાંઇ વ્યાપાર ન કરવો. ૪ હવે સમુદ્રની પાસેથી હું જે શીખ્યો છું. તે કહું છું.—સ્થિર જળથી ભરેલો સમુદ્ર જેમ બહારથી પ્રસન્ન અને અંદરથી ગંભીર છે, તથા જેના તળીયાને કોઇ અડી શકતુ નથી, અને જેના પારને કોઇ પોહોચી શકતું નથી, એવો અનંત, અપાર તથા ક્ષોભ રહિત છે, તેમ યોગીએ પણ બહારથી પ્રસન્ન, અંદરથી ગંભીર, તળસ્પર્શ તથા ઉલ્લંઘન કરવાને અશક્ય, સ્વસ્વરૂપના આવિર્ભાવને લીધે કાળથી, દેશથી તથા અવધિથી થતા માપ રહિત, અને રાગદ્વેષાદિકથી રહિત થઇ નિર્વિકાર થવું જોઇએ. ૫ જેમ વર્ષાઋતુમાં અનેક નદીઓ આવી મળવા છતાં વધતો નથી, અને ગ્રીષ્મ ઋતુનાં ન મળવાથી સુકાઇ જતો નથી, તેમ યોગીએ પણ નારાયણ પરાયણ રહીને વૈભવાદિક મળવાથી પ્રસન્ન ન થવું, અને નહિ મળવાથી ખિન્ન ન થવું. ૬ હવે પતંગીયા પાસેથી જે શીખ્યો છું, તે કહું છું.—પતંગીઉં જેમ અગ્નિનું રૂપ જોઇને લાલચને લીધે તેમાં પડે છે, તેમ અજીતેંદ્રિય પુરૂષ પણ ઇશ્વરની માયા રૂપ સ્ત્રીનું રૂપ જોઇને તેના વિલાસોથી લોભાઇને મહા મોહમાં પડે છે. ૭ ઇશ્વરની માયાએ રચેલા સ્ત્રી, સુવર્ણ, આભુષણ, અને વસ્ત્રાદિક પદાર્થો ઉપર ઉપભોગ બુદ્ધિથી મૂઢ મનુષ્ય લલચાઇને પતંગીયાની પેઠે નાશ પામે છે. માટે યોગીએ માયારચિત વસ્તુઓને ઇચ્છવી નહી. ૮ હવે મધુકર એટલે મધમાખી અને ભમરા પાસેથી હું જે શીખ્યો છું, તે કહું છું.—ભ્રમર જેમ પુષ્કળ સુગંધના લોભથી એકજ કમળમાં રહે છે, અને સુર્યાસ્ત સમયે કમળ બીડાઇ જવાથી તેમાં બંધાઇ જાય છે, તેમ યોગી પણ ઉત્તમોત્તમ પદાર્થોના લોભથી એકજ ગૃહસ્થના ઘરનો આશ્રય કરવાથી તેમાં બંધાઇ જાય છે. માટે ગૃહસ્થીઓને દુઃખ ન દેતાં જેટલાથી દેહનો નિર્વાહ થાય તેટલોજ અલ્પ આહાર કરવો, ભ્રમરની પેઠે ઘણો લોભ કરવો નહિ. ૯ વળી ભ્રમર જેમ નાનાં મોટાં પુષ્પોમાંથી સાર સાર ગ્રહણ કરી લે છે, તેમ વિદ્વાન યોગીએ પણ નાનાં મોટાં સર્વ શાસ્ત્રોમાંથી સાર સાર ગ્રહણ કરી લેવો. ૧૦ હવે મધમાખી પાસેથી હું જે શીખ્યો છું તે કહું છું-મધમાખી મધનો સંગ્રહ કરે છે, તેથી તેને જેમ મરવું પડે છે, તેમ યોગી પણ જો આજને માટે અથવા આવતા દિવસને માટે અન્નાદિકનો સંગ્રહ કરે છે, તો તેને પણ મરવું પડે છે. માટે યોગીએ જેટલું અન્ન હાથમાં માય તેટલુંજ લેવું, વધારે ન લેવું. અને અન્ન ભરવાનું પાત્ર એક પોતાનું પેટજ રાખવું; પરંતુ મધમાખીની પેઠે સંગ્રહ કરવો નહી. જો આવતા સમયને માટે સંગ્રહ કરે તો તે મધમાખીની પેઠે નાશ પામે છે. ૧૧-૧૨ હવે હું હાથીની પાસેથી જે શીખ્યો છું તે કહું.

છું:--પોતાને પકડનારાઓએ સામી ઉભી રાખેલી હાથણીની લાલચથી જેમ હાથી ઘાસ વગેરેથી ઢાંકેલા ખાડામાં પડીને બંધાઇ જાય છે, તેમ યોગી પણ સ્ત્રીની લાલચથી બંધાઇ જાય છે. માટે યોગીએ સાચી સ્ત્રી તો શું ? પરંતુ લાકડાની પુતળીનો પણ સ્પર્શ હાથે તો શું ? પગ પગવડે પણ ન કરવો. ૧૩ અને જો તે સ્ત્રીનો સંગ કરે છે, તો જેમ હાથણીનો સંગ કરનારો હાથી બીજા બળવાન હાથીઓથી નાશ પામે છે, તેમ તે યોગી પણ બળવાનોના હાથથી નાશ પામે છે. ૧૪ હવે હું પારધીથી જે શીખ્યો છું તે કહું છું:—મધમાખીઓએ ઘણા દુઃખથી એકઠું કરી રાખેલું મધ જેમ પારધી લઇ જઈને ભોગવે છે, તેમ લોભી લોકોનું મહા કષ્ટે મેળવેલું ધન દાનમાં અથવા પોતાના ઉપભોગમાં આવતું નથી, તેને બીજો બળવાન પુરૂષ ભોગવે છે, તેની પાસેથી ત્રીજો લઇ જાય છે,અને ત્રીજા પાસેથી વળી ચોથો બળવાન પુરૂષ લુટી જઇને ભોગવે છે.૧૫ ઝાડનાં કોતર વગેરે ગુપ્ત સ્થળમાં રહેલા મધને જેમ પારધી શોધી કાઢીને લઇ લેછે,તેમ લોભી મનુષ્યનું ગુપ્ત સ્થળમાં સંતાડેલું ધન પણ બીજા લોકો જાણી જઇને હરી લે છે. માટે યોગીએ કોઇપણ પ્રકારે વસ્તુનો સંગ્રહ કરવો નહી. મધમાખીઓએ મહાકષ્ટથી સંઘરેલું મધ પોતે ખાતા પહેલાંજ જેમ પારધી લઇ જાય છે, અને ભોગવે છે, તેમ મહા કષ્ટે મળેલા ધનથી ગૃહસ્થી લોક ઘરનાં સુખોની ઇચ્છા રાખે છે, અને ઘરમાં રાંધીને તૈયાર કરેલા ભોજનને ખાતા પહેલાંજ સંન્યાસીઓ ખાઇ જાય છે. માટે યોગીઓને ઉદ્યમ કર્યા વગર પણ સર્વે મળે છે. ૧૬ હવે હું હરણ પાસેથી જે શીખ્યો છું તે કહું છું--વનમાં ફરનારૂં હરણ જેમ પારધીના ગાયનથી મોહિત થઇ બંધાઇ જાય છે, તેમ વનમાં ફરનારો સંન્યાસી પણ ગાયન સાંભળે તો તેમાં મોહિત થઇને બંધાઇ જાય છે. માટે સંન્યાસીએ વિષય સંબંધી ગાયન કદીપણ સાંભળવું નહિ. ૧૭ હરિણીના પુત્ર ઋષ્યશૃંગ વેશ્યાઓના સંગમાં વિષયોથી ભરેલાં નૃત્ય, વાજીંત્ર અને ગાયનના સેવનથી રમકડાં જેવા બનીને વેશ્યાઓને વશ થઈ ગયા હતા. ૧૮ હવે હું માછલા પાસેથી જે શીખ્યો છું તે કહું છું:-માછલું જેમ જીભના રસના લોભથી કાંટાથી વીંધાઇને મરી જાય છે, તેમ રસથી મોહિત થયેલો દેહાભિમાની પણ અત્યંત દુઃખ દેનારી જીભના સ્વાદની લાલચથી મરણ પામે છે. ૧૯ વિદ્વાન મનુષ્ય આહારનો ત્યાગ કરીને તુરત ઇંદ્રિયોને વશ કરી શકે છે; પરંતુ જીભને વશ કરી શકતો નથી; કેમકે અન્નનો ત્યાગ કરવાથી જીભની લાલચ વધે છે. ૨૦ બીજી ઇંદ્રિયોને જીત્યા છતાં જયાં સુધી જીહ્વા ઇંદ્રિય જીતાય નહી, ત્યાં સુધી મનુષ્ય જીતેંદ્રિય કહેવાતો નથી. જો જીભ જીતાઇ તો સર્વે ઇંદ્રિયો જીતાઇ ગઈ સમજવી. માટે રસની ઇચ્છાનો ત્યાગ કરીને યોગીએ ઔષધની પેઠે અન્ન ખાવું જોઈએ. ૨૧

હવે પિંગળા નામની વેશ્યા પાસેથી જે શીખ્યો છું તે કહું છું.--પૂર્વે વિદેહ રાજાના નગરમાં એક પિંગળા નામની વેશ્યા રહેતી હતી, તેની પાસેથી હું નિરાશાનો ગુણ શીખ્યો છું. ૨૨ એક દિવસ એ વેશ્યા પુરૂષને પોતાના વિલાસભુવનમાં લઇ જવા માટે ઉત્તમ સોળે શણગાર સજી, સાયંકાળે ઘરની બહાર બેઠી. ૨૩ માર્ગમાં ધનવાન પુરૂષોને આવતા જોઈને ધનની લાલચુ વેશ્યા તે પુરૂષોને પોતાને ધન આપી મૈથુન કરવાને યોગ્ય માનતી હતી. ૨૪ આવેલા પુરૂષો પાછા ચાલ્યા ગયા, ત્યારે સંકેત વૃત્તિથી આજીવિકા કરનારીએ વેશ્યા વિચારવા લાગી કે-હજી પણ કોઇ પુષ્કળ ધન આપનારો ધનવાન પુરૂષ મારી પાસે આવશે. ૨૫ આવી દુષ્ટ આશાથી બારણે બેઠેલી અને ઉંઘ પણ જતી રહેલા વેશ્યા થાકીને ત્યાંથી ઉઠીને ઘરમાં ગઇ, વળી પાછી બહાર આવી. એ રીતે ઘડીકમાં ઘરમાં જાય અને ઘડીકમાં બહાર આવે, એમ કરતાં કરતાં અરધી રાત વીતી ગઇ. ૨૬ ધનની આશાથી જેનું મુખ કરમાઇને સુકાઈ ગયું હતું, એવી એ દીન મનવાળી

ળી થઇ ગયેલી વેશ્યા ચિંતા કરતી કરતી મહા ખેદ કરવા લાગી. હવે આ સંબંધ છોડી દેવો, એજ સારૂં છે, એવો તેને સુખકારક ખેદ થયો.૨૭ મનમાં ખેદ પામેલી રાંક વેશ્યાએ એ વખતે જે કહ્યું હતું, તે હું તમને કહું છું. સાંભળો. હે રાજા! નિર્વેદ (હવે બસ થયું એવી) બુદ્ધિ તરવારની પેઠે મનુષ્યની આશારૂપ પાશને કાપી નાંખનારી છે જ્યાં સુધી નિર્વેદ ઉત્પન્ન ન થાય ત્યાં સુધી દેહનાં બંધનને છોડી દેવાની ઇચ્છા થતી નથી. ૨૮-૨૯ પીંગળા કહે છે-હું અવિવેકી તથા મનને વશ થએલી છું. તે મારા મોહનો વિસ્તાર તો જુઓ! [illegible] મ-રૂપના પાસેથી કામનાની ઇચ્છા રાખું છું. ૩૦ અપરોક્ષ, અંતર્યામી, સદા પાસે રહેનારા, ધન તથા આનંદ આપનારા ઈશ્વરને છોડીને હું દુઃખ, શોક, મોહ કરનારા, અને કામના પુરી નહી કરનારા હલકા પુરૂષને સેવું છું. ૩૧ અરેરે! હું સ્ત્રીલંપટ, લોભી અને શોક કરવા યોગ્ય પુરૂષને મારૂં શરીર વેચીને ધન તથા રતિની ઇચ્છા કરૂં છું, અને સંકેતવૃત્તિરૂપ અત્યંત નીચ ધંધાથી મારા અંતઃકરણને વૃથા સંતાપું છું. ૩૨ પુરૂષનું શરીર એ એક ઘર જેવું છે. તેમાં વાંસ, વળીઓ અને થાંભ હાડકાંના છે, અંદર મળમુત્ર ભરેલું છે, અને ઉપર ચામડાં, રૂંવાંટાં તથા નખથી મઢેલું છે, તેમાં નવ ખાળો વહ્યા કરે છે, આવા પુરૂષને મારા વિના બીજી કઈ સ્ત્રી પતિભાવે સેવે? ૩૩ આ મહા જ્ઞાની વિદેહ રાજાના નગરમાં હું એકલીજ મુઢ બુદ્ધિવાળી તથા દુષ્ટ છું; કારણ કે સ્વસ્વરૂપને આપનારા અવિનાશી અંતર્યામીનો ત્યાગ કરીને બીજાઓથી ભોગની ઇચ્છા કરૂં છું.૩૪ એ ઇશ્વરજ પ્રાણી માત્રના મિત્ર અને પરમપ્રિય આત્મારૂપ છે માટે મારા મનથી તેમને વેચાતા લઈને હું લક્ષ્મીની પેઠે તેમની સાથે રમણ કરીશ. ૩૫ વિષયો,વિષયોને આપનારા પુરૂષો, અને દેવતાઓ પણ આદિ તથા અંતવાળા અને કાળના કોળીયારૂપ છે, તેઓએ મારૂં શાનું શું કલ્યાણ કર્યું છે? માટે આ લોકમાં તથા પરલોકમાં ઈશ્વર વિના ;બીજો કોઈ સેવવા યોગ્ય નથી. કંઇ પૂર્વના કોઈ શુભ પુણ્યના યોગથી ભગવાન મારા ઉપર પ્રસન્ન થયાછે, કે જેથી*મને આ નીચ આશામાંથી સુખકારી વૈરાગ્ય ઉત્પન્ન થયો. ૩૭ જો મારૂં મંદભાગ્ય હોત તો મને આ પ્રમાણે નિર્વેદ આપનારો ક્લેશ થાત નહી.જે વૈરાગ્યને લીધે મનુષ્ય ઘર વગેરે બંધનોનો ત્યાગ કરીને શાંતિ પામે છે.૩૮ તેથી ભગવાને વૈરાગ્ય આપવા રૂપી જે ઉપકાર કર્યો છે, તે મારે માથે ચઢાવીને પામર લોકની સાથે રહેલી દુષ્ટ વાસનાઓને છોડીને હું તેમને શરણે જાઉં છું. ૩૯ હવે હું સંતોષ તથા આ વિષય ઉપર શ્રદ્ધા રાખીને જે કાંઈ મારી પાસે છે તેથી નિર્વાહ ચલાવીને હવેથી હું આત્મારૂપી પતિની સાથેજ વિહાર કરીશ ૪૦ કારણ કે સંસારરૂપી કુવામાં પડેલા, વિષયોથી અંધ બનેલા.તથા કાળરૂપી સર્પે ગળેલા જીવને ભગવાન વગર બીજો રક્ષણ કરનારો કોણ છે? ૪૧ હું રક્ષણની આશાથી ભગવાનને ભજીશ નહી.કેમકે જીવ જ્યારે કાળરૂપી સર્પથી ગળાએલા આ જગતને જોઇ તેનાથી સાવધાન થઇને આ લોકના અને પરલોકના સુખોપભોગથી વૈરાગ્ય પામે છે, ત્યારે પોતેજ પોતાનું રક્ષણ કરવાને સમર્થ થાય છે, માટે હું કેવળ પ્રેમથીજ ભગવાનને ભજીશ. ૪૨

દત્તાત્રેય કહે છે.—આ પ્રમાણે એ પિંગળા વેશ્યા નિશ્ચય કરી જારની આશાથી ઉત્પન્ન થયેલી દુષ્ટ આશાને કાપી, શાંત થઈને પલંગપર સુઇ ગઇ. ૪૩ આ વાતમાંથી મેં એ સાર લીધો છે કે-આશા એજ મોટું દુઃખ છે, અને નિરાશા એજ પરમ સુખ છે; કારણ કે પિંગળાએ જારની આશા છોડી દીધી ત્યારે તેને સુખે નિદ્રા આવી. ૪૩

आशाहि परमंदुःखं नैराश्यं परमं सुखम् ॥
यथा संछिद्य कांताशां सुखं सुष्वाप पिंगला॥

ઇતિશ્રી ભાગવત મહાપુરાણનાં એકાદશ સ્કંધમાં "પિંગલા ઉપાખ્યાન નામનો ૮ મો અધ્યાય સંપુર્ણ.

અધ્યાય ૯ મો.

ટીટોડા વગેરે ગુરુઓનુ વર્ણન.

ब्राह्मण उवाच.

परिग्रहो हि दुःखाय यद्यत्प्रियतमं नृणाम ॥
अनंतं सुखमाप्नोति तद्विद्वान्यस्त्वकिंचनः ॥

ગુરુદત્તાત્રેય કહે છે—એક ટીટોડો પોતાની ચાંચમાં માંસ લઇને ઉડતો હતો, તેને બીજા બળવાન ટીટોડા કે જેઓની પાસે માંસ ન હતું, તેઓ મારવા લાગ્યા, ત્યારે તે માંસનો ત્યાગ કરીને સુખી થયો હતો. આ ઉપરથી મેં એ શીખામણ લીધી કે-જે જે ઘણીજ પ્રિય વસ્તુઓ હોય,તેનો સ્વીકાર કરવો એજ મહા દુઃખદાયી છે, એમ જાણીને જે મનુષ્ય તેનો ત્યાગ કરે,તે મનુષ્ય ઘણું સુખ પામે છે. ૧-૨ હવે હું બાળકની પાસેથી જે શીખ્યો છું તે કહું છું-જેમ બાળકને માન અપમાન નથી, તથા ઘરવાળા અને બાળકવાળાઓને જે ચિંતા થાય છે,તે ચિંતા પણ બાળકને નથી,તેમ મને પણ માન,અપમાન કે ચિંતા પણ નથી. હું મારી સાથેજ રમું છું, અને મારામાંજ પ્રીતિ રાખીને બાળકની પેઠે જગતમાં ફરૂં છું. ૩ એક અજ્ઞાની અને ઉદ્યમ રહિત બાળક અને બીજો ગુણથીપર એવા ઈશ્વરને પામેલો પુરૂષ એ બેજ ચિંતાથી મુક્ત અને પરમાનંદમાં મગ્ન છે. ૪ હવે મેં કુંવારી કન્યા પાસેથી જે ગુણ લીધો છે તે કહું છું—એક ગામમાંએક ગૃહસ્થનીકુંવારી કન્યાના ઘરના માણસો કોઈ કામ પ્રસંગે તેને ઘેર મુકીને બહાર ગયાં હતાં. તે સમયે તેનો વિવાહ કરવા માટે વરના પક્ષના લોકો પરોણા તરીકે આવ્યા, ત્યારે તે કન્યા પોતેજ તેઓની પરોણાગત કરવા લાગી. ૫ હે રાજા! પરોણાઓને જમાડવા માટે તે કન્યા એકાંતમાં ધાન્ય ખાંડવા લાગી, ત્યારે તેના હાથમાંની ચુડીઓ ખડખડવા લાગી. ૬ ત્યારે તે કન્યાએ જાણ્યું કે—"હું પોતે ધાન્ય ખાંડવાને બેઠી છું એ ઠીક નથી, આ વાત આ પરોણાઓ જાણશે તો તેઓ મારાં માબાપને દરિદ્રી જાણશે." એમ વિચારીને તે બુદ્ધિવાન કન્યાએ લજ્જાથી બન્ને હાથમાંથી ચુડીઓ કાઢી નાંખી, માત્ર દરેક હાથે બબ્બે ચુડીઓ રાખી. ૭ એમ કરીને ખાંડવા લાગી, ત્યારે તે બબ્બે ચુડીઓ પણ ખડખડવા લાગી, તેથી તે એકેક ચુડી કાઢી નાંખી એકેક ચુડી રાખીને ખાંડવા લાગી, તેથી ચુડીનો શબ્દ થયો નહી. ૮ હે રાજા! લોકોનુ તત્વ જાણવા માટે હું આ જગતમાં ફરૂં છું તેથી તે એ કન્યા પાસેથી એ ઉપદેશ ગ્રહણ કર્યો કે-૯ "ઘણા જણ સાથે રહેવાથી કલેશ તથા વાતચિત થયા વિના રહે નહી, માટે યોગીએ કુંવારી કન્યાનાં કંકણની પેઠે એકલાજ રહેવું જોઇએ. ૧૦ હવે બાણ ઘડનારા પાસેથી હું જે શીખ્યો છું તે કહું છું.—એક બાણ બનાવનારો માણસ બાણો બનાવ્યા કરતો હતો, તે વખતે તેનું ચિત્ત તેમાં એવું લાગી ગયું હતું કે-તે વખતે તેની પાસે થઇને રાજાની સ્વારી વાજતે ગાજતે નીકળી તેની પણ તેને ખબર પડી નહી. આ પ્રમાણે જેનું ચિત્ત બ્રહ્માકાર થઇ જાય તે યોગી પદાર્થને અથવા મનમાંનાં સુખદુઃખાદિકને જાણતો નથી. આસન જીતવાથી શ્વાસ જીતાય છે, અને શ્વાસ જીતવાથી મન જીતાય છે. ક્ષણ વાર મન સ્થિર થયા પછી પણ વિષયોની વાસનાથી મનમાં વિક્ષેપ ઉડવાનો ભય રહે છે, અથવા સુષુપ્તિમાં જેમ સર્વથા મન લીન થઇ જાય છે, તેમ લીન થઇ જવાનો ભય રહે છે. માટે દૃઢ વૈરાગ્યથી મનમાં વિક્ષેપ થવા દેવો નહિ; પરંતુ આળસ છોડી દઇને અભ્યાસથી મનને પરમાત્માના પરમાનંદ સ્વરૂપમાં સ્થિર કરવું. આ પ્રમાણે મન સ્થિર થાય એટલે તે પોતાની મેળેજ ધીરે ધીરે વિષયોની વાસના છોડી દે છે. અને વિક્ષેપ કરનારા રજોગુણ તથા તમો ગુણનો પણ સત્વગુણની વૃદ્ધિથી નાશ કરીને તથા ગુણ રહિત થઇને કેવળ નિર્વાણ સ્થિતિને પામે છે. આ પ્રમાણે વૃત્તિઓથી રહિત થયેલું મન બ્રહ્મસ્વરૂપે રહે છે, તેને 'અસંપ્રજ્ઞાત' સમાધિ કહે છે. ૧૧-૧૩ હવે હું સર્પની પાસેથી જે શીખ્યો છું તે

કહું છું---સર્પ જેમ એકલો ફરે છે. એકને એક ઠેકાણે રહેતો નથી, સાવત્ર રહે છે, એકાંતમાં વાસ કરે છે, પોતાની ગતિ જણાવા દેતો નથી અર્થાત્ તે ગતિ ઉપરથી ઝેરવાળો કે ઝેર વિનાનો જાણવામાં આવતો નથી, કોઇને પોતાની સાથે રાખતો નથી, અને થોડું જ બોલે છે, તેમ યોગીએ પણ વર્તવું. ૧૪ વળી સર્પ જેમ પોતાની મેળે દર બનાવતો નથી; પરંતુ કોઇ બીજાના દરમાં પેસીને સુખે વૃદ્ધિ પામે છે, તેમ યોગીએ પણ પોતાને માટે ઘર ન કરતાં બીજાએ બનાવેલા સ્થાનમાં રહીને જીવન ગાળવું; કારણ કે ઘર બાંધીને રહેવું એ મહા દુઃખદાયી છે, અને દેહ નાશવંત હોવાથી નિષ્ફળ છે. ૧૫ હું કરોળીઆ પાસેથી જે શીખ્યો છું તે કહું છું.—કરોળીઆ જેમ મુખદ્વારા હૃદયમાંથી લાળ કાઢી ફેલાવી તેમાં રમીને પાછો તે તારને ગળી જાય છે, તેમાં તેને બીજા કોઇ સાધનની જરૂર રહેતી નથી, તેમજ ઇશ્વર પોતામાંથી જગતને ઉત્પન્ન કરે છે, અને તેમાં વિહાર કરીને પાછા તેનો પોતાને વિષે લય કરે છે, એમાં તેમને બીજાના આશ્રયની જરૂર પડતી નથી. પુર્વે પોતાની માયાથી સરજેલા આ જગતને બીજા કોઇ સાધનની અપેક્ષા વગર પ્રલયકાળે કાળની શક્તિથી સંહાર કરીને સજાતીય તથા સ્વગત ભેદથી રહિત સર્વના અધિષ્ઠાન રૂપ ભગવાન આદિ પુરૂષ પોતાના સ્વરૂપમાંજ રહે છે. આ વખતે પોતાના પ્રભાવ રૂપ કાળ, જગતના કારણરૂપ સત્વાદિક શક્તિઓને પ્રધાનમાં લીન કરી દે છે, ત્યારે ઉપાધિ રહિત, સ્વયંપ્રકાશ, અનુભવ સ્વરૂપ, આનંદના સમુહ રૂપ, મોક્ષ નામથી બોલાતા, આદિપુરૂષ, પ્રધાન તથા પુરૂષના ઇશ્વર અને બ્રહ્માદિક તથા બીજા પણ મુક્તજીવ જેને પામે છે, એવા એક પરમાત્માજ રહે છે. એ પરમાત્મા પોતાના પ્રભાવરૂપ કેવળ કાળથીજ પોતાની ત્રીગુણાત્મક માયાને વિકારવાળી કરીને તેમાંથી પ્રથમ મહત્તત્વને ઉત્પન્ન કરે છે. હે રાગદ્વેષાદિક શત્રુઓને દમનારા રાજા! એ મહત્તત્વજ ત્રણ ગુણોના કાર્યરૂપ અને પોતાનાથી ઉત્પન્ન થયેલા અહંકાર વડે અનેક પ્રકારના જગતને ઉત્પન્ન કરે છે, જેમાંથી જીવોની ઉત્પતિ થયા કરે છે. એવા એ સમષ્ટિરૂપ મહત્તત્વમાંજ આ જગત ગુંથાઇ રહેલું છે. તે ઉપરથી મહત્તત્વને શાસ્ત્રમાં 'સુત્ર' નામ આપેલું છે ૧૬-૨૧ હવે હું કીડાની પાસેથી જે શીખ્યો છું તે કહુ છું.—હે રાજા! ભમરી કીડાને પકડીને દરમાં પુરી રાખે છે, તે કીડા ભયને લીધે ભમરીનુંજ ધ્યાન કરતો કરતો ભમરી રૂપ થઇ જાય છે, તેમ પ્રાણી પણ સ્નેહથી, દ્વેષથી અથવા ભયથી જે જે વસ્તુમાં પોતાના મનને એકાગ્ર કરે છે, તે તે વસ્તુ રૂપ પોતે થઇ જાયછે. જ્યારે કીડા ભમરીના ધ્યાનથી પોતાના શરીરનો ત્યાગ કરીને ભમરી બની જાય છે, ત્યારે પ્રાણી ભગવાનનું ધ્યાન કરવાથી ભગવાનના સ્વરૂપને પામે એમાં આશ્ચર્ય શું? ૨૨-૨૩ આ પ્રમાણે એ ચોવીશ ગુરૂઓ પાસેથી મેં શીખામણો લીધી છે હવે મેં મારા દેહથી જે શીક્ષા લીધી છે તે કહું છું, સાંભળો. ૨૪ આ દેહ પણ મારો પચીશમો ગુરૂ છે; કારણ કે તેણે મને વૈરાગ્ય તથા વિવેક શીખવ્યાં છે. જન્મ મરણવાળો આ દેહ અંતે પીડાકારક થઇ પડે છે, તેથી મને તેના ઉપર વૈરાગ્ય થયો છે, અને તત્વનો યથાર્થ વિચાર કરવા રૂપી વિવેક પણ આ દેહથીજ મળ્યો છે. એ રીતે આ દેહ અત્યંત ઉપકારી છે; તો પણ તેની ઉપર પ્રીતિ ન રાખતાં 'તે કાગડા, કુતરાં તથા અગ્નિને આધીન થનારો છે, એમ નિશ્ચય કરીને હું સર્વના સંગનો ત્યાગ કરીને જગતમાં વિચરૂં છું. ૨૫ જેમાં માત્ર પ્રથમજ સુખ જણવામાં આવે છે એવું ધન મોટા પરિશ્રમથી એકઠું કરીને જે દેહને ખુશી કરવાની ઇચ્છાથી સ્ત્રી, પુત્ર, ધન, પશુ, ચાકર, ઘર અને સબંધીઓના સમુહને વધારે છે, તથા તેઓનું પોષણ કરે છે તે દેહ તો આયુષ્ય પુરૂં થતાં નાશ પામે છે, માટે દેહમાં દુખ ભોગવવા રૂપીજ ફળ છે. દેહ નાશ પામ્યા પછી પણ દુખનો અંત આવતો નથી; કેમકે વૃક્ષ જેમ બીજને ઉત્પન્ન કરીને નાશ પામે છે, તેમ દેહ પણ બીજા દેહના બીજ,

રૂપ કર્મને ઉત્પન્ન કરીને નાશ પામે છે. ૨૬ ઘણી શોક્યો જેમ પોતાના એક પતિને ચારે તરફથી ખેંચે છે, તેમ દેહાભિમાની મનુષ્યને એક તરફથી જીભ રસને માટે ખેંચે છે, બીજી તરફથી તૃષા પાણીને માટે ખેંચે છે. ત્રીજી તરફથી શિશ્ન ઇંદ્રિય મૈથુન માટે ખેંચી જાય છે, ચોથી તરફથી ચામડી સ્પર્શને માટે ખેંચે છે, પાંચમી તરફથી ઉદર આહારને માટે ખેંચે છે. છઠી તરફથી નાસિકા સુગંધને માટે ખેંચે છે. સાતમી તરફથી ચંચળ આંખો રૂપને માટે ખેંચે છે, અને તે શિવાય બીજી કર્મેંદ્રિયો પણ પોતપોતાના વિષય તરફ ખેંચે છે. માટે દેહને દુખરૂપ જાણીને હું વૈરાગ્ય પામ્યો છું. ૨૭ ભગવાને પોતાની શક્તિરૂપ માયાથી વૃક્ષો, પેટે ચાલનારાં સર્પાદિક, પશુઓ, પક્ષીઓ, ડાંસ અને માછલાં વગેરે અનેક પ્રકારનાં શરીરો ઉત્પન્ન કર્યાં છે; પરંતુ તેમાં કોઇની પણ બુદ્ધિ પરમાત્માનો સાક્ષાત્કાર કરવાને સમર્થ નથી, એમ ધારીને પરમાત્મા મનમાં સંતોષ પામ્યા નહી, નથી અંતે જેની બુદ્ધિ પરમાત્માનો સાક્ષાત્કાર કરવામાં સમર્થ છે એવા મનુષ્યદેહને ઉત્પન્ન કરીને પ્રસન્ન થયા. માટે અતિ દુર્લભ મનુષ્યદેહ પામીને ઇશ્વરમાં નિષ્ઠા રાખવી જોઇએ. ૨૮ અનેક જન્મોની અંતે આ મનુષ્ય દેહ મળે છે. કે જે નાશવંત છતાં પણ પુરૂષાર્થ આપનારો છે, તેને દૈવેચ્છાથી પામીને ધીરપુરૂષે દેહ પડતા પહેલાં તુરત કલ્યાણને માટે પ્રયત્ન કરવો જોઇએ. વિષયસુખ તો પશુ પક્ષીના અવતારમાં પણ મળે છે, માટે તેને માટે પ્રયત્ન કરવો નહી. ૨૯ આ રીતે અનેક ગુરૂઓથી મળેલી શિક્ષાથી મારા મનમાં વૈરાગ્ય અને જ્ઞાન રૂપી દીવો પ્રગટ થયો છે. તેથી હું સર્વ પ્રકારે કામ કરવાને સમર્થ છું, તો પણ હું સર્વનો સંગ છોડી અહંકાર રહિત થઇને જગતમાં ફરૂં છું. ૩૦ જો કે જ્ઞાન આપનારો એકજ ગુરૂ કરવો જોઇએ; તો પણ તે ગુરૂથી જ્ઞાન પામ્યા પછી પોતાની બુદ્ધિથી ઉપદેશને અનુકૂળ બીજાં દૃષ્ટાંત ન લઇએ તો એક ગુરૂ પાસથી મેળવેલું જ્ઞાન સ્થિર રહે નહી, અને તેમાં થવાનો પણ ન થાય, માટે દૃષ્ટાંતરૂપથી મેં ઘણા ગુરૂ કરેલા છે. એ અદ્વિતિય બ્રહ્મને કેટલાક ઋષિઓ પ્રપંચ રહિત, કેટલાક પ્રપંચવાળા, અને કેટલાક જુદાજ પ્રકારથી વર્ણવે છે, માટે તેનાથી થતી અસંભાવના અને વિપરિત ભાવના મટાડવાને માટે પોતાની બુદ્ધિથી અનેક દૃષ્ટાંતો લેવાં જોઇએ. ૩૧

શ્રી ભગવાન કહે છે—યદુરાજાના પ્રણામ અને પ્રાર્થના ઉપરથી ગંભીર બુદ્ધિવાળા બ્રાહ્મણ દત્તાત્રેય આ પ્રમાણે કહી, રાજાની આજ્ઞા લઇ પ્રસન્નતાથી જેમ આવ્યા હતા તેમ પાછા ચાલ્યા ગયા. ૩૨ આપણા પુર્વજ યદુરાજાએ ગુરૂદત્તાત્રેયનાં વચન સાંભળી સર્વેનો સંગ છોડી દઇને કેવળ પરબ્રહ્મમાં ચિત્ત લગાવ્યું હતું. આપણા કુળમાં આવા આવા મહાત્મા થઇ ગયા છે, તેથી આપણું કુળ ઘણું માનવંતુ છે. ૩૩

अवधूतः वचः श्रुत्वा पूर्वेषांनः सपूर्वजः ॥
सर्व संग विनिर्मुक्तः समचित्तो बभूवह ॥

ઇતિશ્રી મહાપુરાણ ભાગવતના એકાદશ સ્કંધમાં "ગુરૂદત્તાત્રેયના ગુરૂનું વર્ણન" નામનો ૯ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૦ મો.

શ્રી ભગવાને ઉદ્ધવજીને દર્શાવેલું સંસારનું મિથ્યાપણું.

श्रीभगवानुवाच.

मयोदितेश्ववहितः स्वधर्मेषु मदाश्रयः ॥
वर्णाश्रम कुलाचारमकामात्मा समाचरेत् ॥

શ્રી ભગવાન કહે છે—હે ઉદ્ધવ! પંચરાત્રાદિક શાસ્ત્રોમાં કહેલા વૈષ્ણવધર્મોમાં સાવધાન રહી મારો આશ્રય કરીને તેમાં વિરોધ ન આવે, એવી રીતે વર્ણાશ્રમના આચાર પાળવા. ૧ શુદ્ધ અંતઃકરણવાળા મનુષ્યે, વિષયોમાં લાગેલા લોક વિષયોને સત્ય માનીને

જે જે ઉત્તમ કર્મો, તેનાં વિપરીત ફળ થાય છે, તે જોયા કરતાં, હેની નિષ્કામપણું પ્રાપ્ત થાય છે. ૨ જે જે વિષયો ઈંદ્રિયોથી ગ્રહણ કરવામાં આવે છે, તે સર્વ મિથ્યા છે; કેમ કે તેઓ અનેક પ્રકારના હોય છે. જે પદાર્થો અનેક હોય છે, તે નાશવંત હોય છે, જેમકે આ દૃષ્ટિ ઉત્પન્ન થતાં સ્વપ્ન અને મનોરથ અનેક પ્રકારના હોવાથી મિથ્યા છે. આમ અનુમાન કરવાથી પણ નિષ્કામપણું થાય છે. ૩ મારી ભક્તિ પરાયણ થયેલા પુરૂષે સકામ કર્મો છોડી દઈને નિત્ય નૈમિત્તિક કર્મ કરવાં, અને આત્મતત્ત્વમાં બરાબર પ્રવૃત્તિ થયા પછી તે નિત્ય નૈમિત્તિક કર્મનો પણ આદર ન કરવો. ૪ મારામાં પરાયણ રહેનારા પુરૂષે અહિંસાદિક યમોનું મારી પેઠે સેવન કરવું. અને આત્મજ્ઞાનમાં વિરોધ ન આવે એવી રીતે સ્નાનાદિક નિયમો પણ પાળવા. અને મને જાણનારા, મદ્રૂપ તથા શાંત ગુરૂની સેવા કરવી. ૫ ગુરૂની સેવા કરનારાએ માન, મત્સર, આળસ અને સ્ત્રી પુત્રાદિક ઉપરની મમતા, એ સર્વનો ત્યાગ કરવો, ગુરૂ ઉપર દૃઢ પ્રેમ રાખવો, વ્યગ્રતા ન રાખવી, સત્યવસ્તુ જાણવાની ઇચ્છા રાખવી, ઇર્ષ્યા ન રાખવી, મિથ્યા વચન બોલવાં નહીં. ૬ સ્ત્રી, સંતાન, ઘર, ક્ષેત્ર, કુટુંબ અને ધન, એનાથી ઉદાસીન રહેવું. અને સર્વ શરીરમાં આત્મા એક હોવાથી સર્વને પોતાના સ્ત્રી પુત્રાદિકથી જે સુખ મળે છે, તે મને જ મળે છે, એમ વિચારી સ્ત્રી, પુત્રાદિક ઉપર ઉદાસીન રહીને ગુરૂની સેવા કરવી. ૭ જેમ બાળવાનાં કાષ્ઠોથી તેને બાળનારો અગ્નિ જુદો છે, તેમ સ્થૂળ તથા સૂક્ષ્મ દૃશ્યદેહથી દૃષ્ટા આત્મા જુદો છે. વળી જેમ પ્રકાશ્ય કાષ્ઠોથી તેનો પ્રકાશક અગ્નિ જુદો છે, તેમ જડ, સ્થૂળ, તથા સૂક્ષ્મ દેહથી તેને જણાવનારો સ્વયંપ્રકાશ આત્મા પણ જુદો છે. આવી રીતે દેહાદિકથી આત્માને જુદો જાણીને તે જ્ઞાનવડે સ્ત્રી પુત્રાદિક ઉપરની મમતા છોડી દઈને તેઓનાથી ઉદાસીન રહેવું. ૮ જેમ કાષ્ઠમાં પેઠેલો અગ્નિ કાષ્ઠને લીધે નાશ પામે છે, ઉત્પન્ન થાય છે, નાનો મોટો દેખાય છે, તથા અનેક પ્રકારનો લાગે છે, પરંતુ તે સર્વ ગુણો અગ્નિથી થયા નથી. એજ પ્રમાણે દેહમાં રહેલો આત્મા પણ દેહને લીધેજ અનિત્યતા આદિક દેહના ગુણોને અનુભવે છે, પરંતુ તે ગુણો આત્માના નથી, તેતો નિત્ય, અનાદિ, મુક્ત, તથા એક છે, અને દેહ નાશવંત, ઉત્પન્ન થયેલો, બંધનયુક્ત, તથા અનેક છે, માટે આત્મા દેહથી જુદોજ છે. ૯ "અગ્નિને તો કાષ્ઠની સાથે સંબંધ હોવાથી તેમાં કાષ્ઠના ધર્મો રહેલા છે; પરંતુ આત્માને કાષ્ઠની સાથે સંબંધ થયો હોય તો તેની નિવૃત્તિ કેમ થાય?" આવી કોઈને શંકા થાય તો તે નિર્મૂળ છે. કારણ કે આ સ્થૂળ–સૂક્ષ્મ દેહ ઇશ્વરને આધીન રહેનારી માયાના ગુણોથી બનેલો છે, તે દેહમાં અહંમમતાને લીધેજ જીવને સંસાર થયેલો છે, તે આત્મસ્વરૂપના જ્ઞાનથી નિવૃત્ત થાય છે. ૧૦ માટે દેહમાં રહેલા, નિર્વિશેષ તથા પર આત્માને વિચારથી સારી રીતે જાણીને આ દેહાદિકમાં થયેલી સત્ય વસ્તુરૂપ બુદ્ધિનો ત્યાગ કરવો. ૧૧ ગુરૂરૂપ નીચેની અરણી, શિષ્યરૂપ ઉપરની અરણી, અને ઉપદેશરૂપી વચલું મંથન કરવાનું કાષ્ઠ, એ ત્રણેમાંથી બ્રહ્મજ્ઞાનરૂપી અગ્નિ ઉત્પન્ન થાય છે, તે પરમ સુખ આપે છે. ૧૨ નિપુણ ગુરૂએ શિષ્યને આપેલી અને નિપુણ શિષ્યે ગ્રહણ કરેલી એ બ્રહ્મવિદ્યા અત્યંત પવિત્ર છે. તેના ગુણોના કાર્યરૂપ સંસારને અને જેમાંથી ઉત્પન્ન થયેલું આ જગત જીવને સંસારમાં જન્મ મરણ આપે છે, તે ગુણોને પણ બાળી નાંખીને પછી કાષ્ઠ વિનાના અગ્નિની પેઠે પોતે પણ શાંત થઇ જાય છે. આ કાર્યનો, કારણનો અને વિદ્યાનો અંતરાય નહીં રહેવાથી જીવ સાક્ષાત્ પરમાનંદ રૂપ થઇ જાય છે. ૧૩ આત્મા સ્વયંપ્રકાશ, જ્ઞાનમય, નિત્ય અને એકજ છે. તેને કર્તા ભોક્તા આદિક ધર્મો દેહરૂપી ઉપાધિને લીધેજ થાય છે. આત્મા વિના બીજું સર્વ અનિત્ય અને અસત્ય છે, માટે પુરૂષ સર્વથી વિરક્ત થઇને આત્મજ્ઞાનથી મુક્તિ પામે છે. પરંતુ મીમાંસકો કહે છે કે—હું છું એવી પ્રતીતિથી આત્માના

આવતો આત્મા પ્રત્યેક શરીરમાં ભિન્ન ભિન્ન છે, અને કર્મોનો કર્તા તથા સુખ દુઃખનો ભોક્તા પણ એજ છે. એ આત્માના સ્વરૂપભુત બીજો કોઈ નિર્વિકાર પરમાત્મા નથી. ભોગના સ્થાનરૂપ લોક, ભોગનો કાળ, ભોગના ઉપાયો તથા તે ભોગનાં સાધનરૂપ કર્મો દેખાડનારો વેદ અથવા ભોગ ભોક્તા આત્મા જો અનિત્ય હોય તો વૈરાગ્ય થવો થવો સંભવે,પણ તે સઘળાં નિત્યછે,માટે વેરાગ્ય થવો સંભવતો નથી. ભોગ્યપદાર્થ વચમાં તુટી જાય અથવા માયામય હોય, તોપણ વૈરાગ્ય સંભવે, પણ જગતમાં ચંદન, માળા વગેરે પદાર્થોની સ્થિતિ પ્રવાહરૂપથી નિત્ય છે અને યથાર્થરૂપ છે, માટે વૈરાગ્ય થવો સંભવતો નથી. હાલ જે સ્થિતિમાં જગત દેખાય છે, તે સ્થિતિમાં કોઇ સમય નહતું એમ નથી. માટે જગતનો કર્તા કોઇ ઇશ્વર પણ છેજ નહિ. વળી આત્મા નિત્ય જ્ઞાન રૂપ નથી,પણ આત્મામાં અનેક પ્રકારના અનિત્ય જ્ઞાનોનાં પરિણામ થયા કરે છે, આવીરીતે જ્ઞાનનો ફેરફાર થવાથી આત્મા અનિત્ય થઇ જતો નથી, કારણ કે જ્ઞાનરૂપી વિકાર તેના નિત્યપણાને બાધ કરનાર નથી, મુક્તિમાં તો આત્મા ઇંદ્રિયાદિકથી રહિત થવાને લીધે તેમાં જ્ઞાનનાં પરિણામો રહેતાં નથી, માટે તે જડ થઇ જાય છે, માટે મુક્તિ પુરૂપાર્થરૂપ છે જ નહી. તેથી પ્રવૃત્તિ જ ઉત્તમ છે, નિવૃત્તિ સારી નથી. ૧૪-૧૫ હે ઉદ્ધવ! એ રીતે મિમાંસકોના મત પ્રમાણે તમે માનતા હો તો તેમાં તમારી ભુલ છે, કારણ કે, પ્રવૃત્તિનો માર્ગ અનર્થના કારણરૂપજ છે, કેમકે સઘળાં પ્રાણીઓને દેહના યોગથી વર્ષ અને માસ આદિ કાળના અવયવોથી થતાં જન્મ મરણાદિક કે જે વારંવાર થયા કરે છે, તે મિમાંસકોના મત પ્રમાણે મટતાં નથી. ૧૬ મિમાંસકોના મત પ્રમાણે કર્મોના કર્તા અને સુખ દુઃખના ભોક્તા જીવને પરતંત્રપણું મટતું નથી,અને પરતંત્ર પુરૂષને કોઇ પુરૂષાર્થની પ્રાપ્તિ થતીજ નથી.૧૭ જેઓ ઉત્તમ રીતે કર્મ કરનારા છે, તેઓને સુખ મળે છે. અને મુર્ખને દુઃખજ થાય છે. એવોપણ નિયમ નથી, કારણકે કોઇ કોઇ ઠેકાણે વિદ્વાનો બિલકુલ સુખી જોવામાં આવતા નથી, તેમ કોઇ કોઇ ઠેકાણે મુર્ખોને જરાપણ દુઃખ જોવામાં આવતું નથી. માટે "અમે કર્મ કરવામાં કુશળ હોવાથી સુખી છીએ" આવો એ મિમાંસકોનો અહંકાર મિથ્યા છે. ૧૮ કદાચ એમ માનીએ કે-એ લોકો સુખની પ્રાપ્તિના અને દુઃખની નિવૃત્તિના ઉપાયને જાણે છે, પરંતુ તેઓ એ જાણતા નથી કે જેથી સાક્ષાત્ મૃત્યુજ ન આવે! ૧૯ જેને માથે કાળ ભમે છે, તેને કયું સુખ અથવા કયો વૈભવ સુખ આપે? જેમ ફાંસી દેવાને ઠેકાણે લઇ જતી વખતે મનુષ્યને મન ગમતાં ભોજનો આપવામાં આવે છે, તો પણ માથાપર ભમતો કાળ તેને સુખ આવવા દેતો નથી, તેમ મનુષ્યને માથે ભમતું મૃત્યુ કોઇ પણ પ્રકારનું સુખ આવવા દેતું નથી ૨૦ આ લોકમાં જેમ સુખ નથી તેમ પરલોકમાં પણ નથી, કેમકે સ્વર્ગાદિક લોકમાં પણ બીજાનું સુખ જોઇને અસહનતા તથા પરાયા ગુણોમાં દોષનો આરોપ, સુખનો નાશ થવાની ધાસ્તી, અને બીજાને મળતું સુખ પોતાને નહી મળવાનું દુઃખ આ લોકની પેઠેજ રહે છે. આ પ્રમાણે પરલોકમાં પણ આ લોકની પેઠે દુઃખો રહેલાં છે. વળી જેમ ખેતી સફળ થવામાં પણ આડાં અવળાં ઘણાં વિઘ્નો છે, તેમ યજ્ઞાદિકથી મળવાના સ્વર્ગાદિકમાં પણ કર્મમાં ભુલ થવા વગેરેનાં ઘણાં વિઘ્નો છે. ૨૧ કદાપિ મનુષ્ય વિઘ્નો નડે નહી એવી રીતે સંભાળથી યજ્ઞો કરીને સ્વર્ગાદિક મેળવે, તો ત્યાં કેવી રીતે જાય છે તે હું તમને કહું છું. ૨૨ યજ્ઞ કરનારો અહીં યજ્ઞોથી ઇંદ્રાદિક દેવતાઓને પુજીને સ્વર્ગ લોકમાં જાય છે, અને ત્યાં દેવતાઓની પેઠે દિવ્ય વૈભવો ભોગવે છે. ૨૩ પોતાનાં પુણ્યને લીધે સર્વ ભોગ યુક્ત સુંદર વિમાનોમાં મનોહર વેશ ધરીને અપ્સરાઓની સાથે વિહાર કરે છે, તે સમયે તેની પાસે ગંધર્વ લોકો તેના યશ ગાય છે. ૨૪ સુંદરીઓથી શોભતા અને ઇચ્છા પ્રમાણે

જનારા વિમાનમાં બેશીને દેવતાઓનાં ઉપવનમાં સ્ત્રીઓની સાથે વિહાર કરે છે, અને એવો આનંદમગ્ન થઇ જાય કે-પોતાને ત્યાંથી પડવાની વાતની પણ તેને ખબર રહેતી નથી. ૨૫ એ રીતે પોતાનાં પુણ્યકર્મ પુરાં થતા સુધી સ્વર્ગ લોકમાં આનંદ કરે છે, પરંતુ પુણ્ય ક્ષીણ થતાં કાળથી ચળાયમાન થઇને પોતાની મરજી નહી છતાં પણ નીચે પડે છે. ૨૬ નીચ પુરૂષોના સંગથી અથવા ઇંદ્રિયોને આધીન થઇને વિષયોમાં લાગેલો, કૃપણ લાલચુ, લોલંપટ, અને પ્રાણીઓની હિંસા કરનારો પુરૂષ ધનાદિકની લાલચને લીધે શાસ્ત્રોક્ત વિધિ છોડી દઇને પશુઓની હિંસા કરી પ્રેત અને ભુતોના ગણોનું યજન કરે તો તે પરતંત્રપણે નરકમાં પડીને વૃક્ષાદિક સ્થાવર યોનિમાં અવતરે છે. ૨૭-૨૮ મનુષ્ય આ દેહવડે પરિણામે દુખ આપનારાં કર્મ કરે છે, અને તે કર્મોને લીધેજ પાછો બીજો દેહ ધરે છે. આ પ્રમાણે જન્મ મરણ પામનારા પ્રાણીને કયું સુખ મળે છે? કશું પણ સુખ મળતું નથી. ૨૯ લોકો નિત્ય છે અને લોકપાળો અમર છે, તેથી લોકપાળો સુખી છે એમ જણાય છે; પરંતુ લોકોને પણ મારા કાળ સ્વરૂપનો ભય છે, અને કલ્પ પર્યંત જીવનારા લોકપાળોને પણ કાળનો ભય છે, વળી જે બે પરાર્ધના આયુષ્યવાળા બ્રહ્મા છે તેને પણ મારી બીક છે. ૩૦ આ પ્રમાણે પ્રવૃત્તિ માર્ગ અનર્થકારક છે, અને વૈરાગ્ય ધરીને નિવૃત્તિ કરવી એજ સુખદાયક છે. વળી 'આત્મા કર્તા છે' એવો મિમાંસકોનો મત પણ ખોટો છે, કારણ કે ઇંદ્રિયો કર્મ કરે છે, પણ આત્મા કરતો નથી, સત્વાદિક ગુણો ઇંદ્રિયોને કર્મ કરવામાં પ્રેરે છે, પણ આત્મા પ્રેરતો નથી, વળી આત્મા ભોક્તા પણ નથી, કારણ કે ઇંદ્રિયાદિકની ઉપાધિમાં અહંકારને લીધેજ આત્મામાં કર્મ ફળોનું ભોક્તાપણું જોવામાં આવે છે, પરંતુ વાસ્તવિક રીતે તેમ નથી. ૩૧ વળી 'આત્મા અનેક છે' એવો મિમાંસકોનો મત પણ ખોટો છે કારણ કે અહંકાર વગેરે કાર્યોરૂપ ઉપાધિને લીધેજ આત્મામાં અનેકપણું જોવામાં આવે છે, અને જ્યાં સુધી તે ઉપાધિ હોય છે ત્યાં સુધી રહે છે. એવું અનેકપણું જ્યાં સુધી દેખાય છે ત્યાં સુધીજ આત્માને પરતંત્રપણું રહે છે અને ત્યાં સુધીજ તેને કાળનો ભય રહે છે. જેઓ દેહાભિમાનથી થતા ભોગને અને કર્મને પોતાને વિષે માને છે, તેઓ તે લોકના અનિત્યપણાને લીધે શોકથી વ્યાપ્ત થઇને દુખી થાય છે. ૩૨-૩૩ સ્વર્ગાદિક લોકોજ અનિત્ય છે એમ નથી; પરંતુ તે માયા કલ્પિત હોવાથી મિથ્યા પણ છે. માયાને ક્ષોભ થતાં મારા સ્વરૂપમાંજ કાળ, જીવ, વેદ, લોક, સ્વભાવ અને ધર્માદિક ઘણા પદાર્થોની કલ્પના થએલીછે; પરંતુ ખરી રીતે જોતાં કોઇ પણ પદાર્થ મારાથી જુદો નથી. આ પ્રમાણે હોવાથી મિમાંસકોના મત પ્રમાણે પ્રવૃત્તિ સારી નથી, પણ નિવૃત્તજ મુક્તિનું કારણ હોવાથી કલ્યાણકારી છે. ૩૪

ઉદ્ધવજી પુછે છે—હે વિભુ! આપે કહ્યું કે "આત્મા એકજ છે, તેને ગુણોના કાર્યરૂપ દેહના સંબંધને લીધેજ સંસારમાં જન્મ મરણ થયા કરે છે. અને પોતાનું સ્વરૂપ જાણવાથી મુક્તિ થાય છે." આ વિષયમાં હું પુછું છું કે-દેહાદિકનો અત્યંત નાશ થયા પછી મુક્તિ થાય છે કે દેહાદિકમાં રહ્યા છતાં મુક્તિ થાય છે? જો દેહાદિક અત્યંત ટળી ગયા પછી મુક્તિ થતી હોય તો દેહનો નાશ થયા પછી જ્ઞાનનું સાધનજ ન રહે, માટે મુક્તિ શી રીતે થાય? જો દેહાદિકમાં રહ્યા છતાં મુક્તિ થતી હોય તો દેહાદિકથી થતાં કર્મો તથા સુખોમાં બંધાયા વગર કેમ રહે? કદાચ આપ કહેશો કે-આકાશની પેઠે આત્મા આવરણ રહિત છે, તેથી બંધાતો નથી; તો હું પુછું છું કે આત્મા તેવો છતાં પ્રથમથીજ શા માટે બંધાયો છે? કે જેથી તેને મુક્તિની અપેક્ષા રહે છે? ૩૫ આપનો મત એમ હોય કે 'દેહાદિક રહ્યા છતાં પણ તેમાં અહંકાર કરવાથી આત્મા બંધાય છે અને અહંકાર છોડી દેવાથી મુક્તિ પામે છે' તો એવા પુરૂષ શી રીતે ઓળખાય? તે વિષે

કહો કે-દેહાદિકમાં બંધાયેલો પુરૂષ કેવી રીતે વર્ત્તે? કેવી રીતે વિહાર કરે? કેવી રીતે ભોગ ભોગવે? કઇ વસ્તુ છોડી દે? કેમ સૂવે? કેમ બેસે? અને શી રીતે ચાલે? તથા કેવાં લક્ષણો ઉપરથી બીજાઓના જાણવામાં આવે? ૩૬ હે પ્રશ્નોના રહસ્યને જાણનારાઓમાં શ્રેષ્ઠ! હે અચ્યુત! વળી મારા મનમાં એક બીજો સંદેહ છે કે-એજ આત્મા દેહાદિકના અનાદિ સંબંધને લીધે અનાદિ કાળથી બંધાયો છે, એમ માનવું પડે છે, અને એમ માનીને પછી તેને મુક્તિ થાય છે એમ માનીએ તો મુક્તિ ઉત્પન્ન થયેલી હોવાને લીધે મુક્તિ અનિત્ય થઇ જાય છે, માટે તેજ આત્મા નિરંતર મુક્ત છે એમ પણ માનવું પડે છે; પરંતુ આત્મા તો એક છે, તે એકને એક સમયમાં નિત્યમુક્ત કેમ થઇ શકે? તથા નિત્યબદ્ધ કેમ થઇ શકે? માટે મારો એ સંદેહ કાપો. ૩૭

एतदच्युत मे ब्रूहि प्रश्नंप्रश्नविदां वर ॥
नित्यमुक्तोनित्यबद्ध एकएवेतिमेभ्रमः॥

ઇતિશ્રી ભાગવત મહા પુરાણના એકાદશ સ્કંધમાં "શ્રીકૃષ્ણ ઉદ્ધવ સંવાદ" નામનો ૧૦ મો અધ્યાય સંપુર્ણ.

અધ્યાય ૧૧ મો.

શ્રી ભગવાને કહેલાં બદ્ધ, મુક્ત, સાધુ અને ભક્તિનાં લક્ષણ.

શ્રી भगवानुवाच.

बद्धो मुक्त इति व्याख्या गुणतो मे न वस्तुतः॥
गुणस्य माया मुकत्वान्न मे मोक्षो न बंधनम् ॥

શ્રી ભગવાન કહે છે—હે ઉદ્ધવજી! તમે પુછ્યું કે 'આત્મા એકજ છતાં તેને એકજ સમયે બદ્ધપણું અને મુક્તપણું કેવી રીતે થઇ શકે?' આ રીતે તમને જે વિરોધ ભાસે છે, તે પ્રતીતિ માત્ર છે, પણ વાસ્તવિક રીતે છે જ નહી; કારણકે બંધ અને મોક્ષ એ બન્ને મને આધીન રહેલા સત્વાદિક ગુણરૂપી ઉપાધિને લીધે છે, પણ વાસ્તવિક રીતે નથી, કારણ કે ઉપાધિરૂપ સત્વાદિક ગુણો માયાથી ઉત્પન્ન થયેલા છે, તેઓનું મુળ માયા એટલે અજ્ઞાનજ છે. જે પદાર્થો અજ્ઞાનથી કલ્પાયલા હોય, તે રજ્જુ સર્પની પેઠે મિથ્યા છે, માટે મારા સ્વરૂપમાં બંધ કે મોક્ષ છેજ નહિ. ૧ એજ પ્રમાણે જીવને પણ બંધ કે મોક્ષ નથી, પણ જીવ પોતે અજ્ઞાનને લીધે ઉપાધિને આધીન થયેલો હોવાથી તેને બંધ અને મોક્ષની પ્રતીતિ થાય છે. જેમ સ્વપ્ન બુદ્ધિથીજ કલ્પાયેલું છે, તેમ શોક, મોહ, સુખ, દુઃખ અને જન્મ મરણાદિક સંસાર પણ અજ્ઞાનવડે બુદ્ધિથીજ કલ્પાયેલાંછે પણ વાંસ્તવીક રીતે નથી. ૨ હે ઉદ્ધવજી! પ્રાણીઓને મોક્ષ આપનારૂં જ્ઞાન છે, અને બંધ આપનારૂં અજ્ઞાન છે. એ બન્ને મારી અનાદિકાળની શક્તિ છે, અને તે મારી માયાથી રચાયેલીછે એમ જાણો. જ્યાં સુધી હું અજ્ઞાન પ્રવર્તાવું છું ત્યાં સુધી બંધન રહે છે, અને જયારે જ્ઞાન આપું છું ત્યારે મોક્ષ થાય છે. એટલે બંધ અનાદિ છે અને મોક્ષ નિત્ય છે. ૩ હે મહા બુદ્ધિવાન ઉદ્ધવજી! જીવ એક સ્વરૂપ (અને મારાથી જુદો નથી, તેમ છતાં મારા અંશરૂપ જીવને અજ્ઞાનથી બંધન અને જ્ઞાનથી મોક્ષ થાયછે તેમ મને થતું નથી. આ ઉપરથી એમ ન સમજવું કે–'જયારે જીવ એકજ છે, ત્યારે એકના બંધનથી સર્વને બંધન અને એકના મોક્ષથી સર્વને મોક્ષ થાય, અને જીવને બંધન મોક્ષ થાય છે તેમ ઇશ્વરને પણ થવાં જોઇએ.' આવી શંકા થાય તો તે નિર્મૂળ છે; કારણ કે જેમ ચંદ્રમા એક છતાં જળાદિક ઉપાધિને લીધે તેનો બિંબ અને પ્રતિબિંબરૂપે ભેદ થાય છે. તેમાં પાણીનેલીધે થયેલા કંપાદિક પ્રતિબિંબનેજ થાય છે, પણ ચંદ્રને થતા નથી. વળી પ્રતિબિંબો પણ ઉપાધિના ભેદને લીધે પરસ્પરથી ભિન્ન હોવાથી, પાણીથી ભરેલો એક ઘડો ફુટી જતાં તેમાંજ રહેલું પ્રતિબિંબ બિંબની સાથે મળી જ-

ઇ એક થઇ જાય છે, પણ બીજા ઘડામાં રહેલાં પ્રતિબિંબને તેમ થતું નથી. એજ રીતે હું પણ એક છતાં અવિદ્યારૂપ ઉપાધિને લીધે જીવ અને ઇશ્વરરૂપે ભેદ થયો છે. તેમાં અવિદ્યાને લીધે થતાં બંધન તથા મોક્ષ અને સુખ તથા દુઃખ વગેરે મારા અંશરૂપ જીવનેજ છે, અને તે જીવો પણ અવિદ્યાના ભેદને લીધે પરસ્પર ભિન્ન ભિન્ન છતાં જે જીવની અવિદ્યા નાશ પામે છે તે જીવની મારી સાથે એકતા થાય છે, પણ બીજાની થતી નથી. ૪ હવે બદ્ધ અને મુક્ત વચ્ચે શો ભેદ છે તે કહું છું. એક તો જીવ તથા ઇશ્વર વચ્ચેનો ભેદ અને બીજો જીવ જીવ વચ્ચેનો ભેદ, એમ બે પ્રકારના ભેદ છે, તેમાં જીવ અને ઇશ્વર વચ્ચેનો ભેદ આ પ્રમાણે છેઃ–જીવ તથા ઇશ્વર એકજ ધર્મવાળા શરીરમાં રહેછે, પરંતુ જીવનો ધર્મ શોક છે અને ઇશ્વરનો ધર્મ આનંદ છે, જીવનિયમ્ય રૂપે રહેલો છે અને ઇશ્વર નિયંતારૂપે રહેલા છે. ૫ જેમ પક્ષીઓ ઝાડમાં માળો કરીને રહે છે, છતાં તે ઝાડથી પક્ષીઓ જુદાંજ છે, તેમજ જીવ અને ઇશ્વર દેહરૂપી ઝાડમાં હૃદયરૂપી માળો કરીને રહે છે, છતાં તેનાથી જુદાજછે. એ બન્ને ચૈતન્ય રૂપે સરખા છે, અને સાથેજ રહેવાંથી તથા એકમતના હોવાથી તેઓ પરસ્પર મિત્ર છે. તેઓ અનિર્વચનીય એટલે જેનું સ્વરૂપ કેવું છે તે જાણવામાં આવતું નથી એવી માયાના કારણથી દેહરૂપી ઝાડમાં રહે છે. તેમાં જીવરૂપ પક્ષી દેહરૂપી ઝાડનાં ફળો (કર્મનાં ફળો)ને ખાય છે (એટલે ભોગવે છે), અને ઇશ્વરરૂપ પક્ષી દેહરૂપી ઝાડનાં ફળો ખાતો નથી, તો પણ પોતાના આનંદથી તૃપ્ત રહે છે, અને જ્ઞાનાદિક શક્તિવડે જીવ કરતાં વધારે બળવાન છે. ૬ ઇશ્વર કર્મનાં ફળોને ભોગવતો નથી, તે સર્વજ્ઞ હોવાથી પોતાને જાણે છે અને જીવને પણ જાણે છે, જીવ કર્મનાં ફળોનો ભોક્તા તથા અલ્પજ્ઞ છે, તે પોતાને યથાર્થ રૂપે જાણતો નથી અને ઇશ્વરને પણ જાણતો નથી. માટે અવિદ્યાથી જોડાયેલો જીવ અનાદિ કાળથી બદ્ધ છે, અને માયાથી જોડાયેલો ઇશ્વર અનાદિ કાળથી મુક્ત છે, કારણ કે માયામાં આવરણ કરવાપણું તથા આશ્રયને મોહ કરનારપણું નથી. ૭ હવે જીવો વચ્ચેના ભેદ વિષે કહું છું. જેમ સ્વપ્નામાંથી જાગેલો જીવ સ્મરણમાં રહેલા સ્વપ્ન સંબંધી દેહમાં રહેલો છતાં પણ સ્વપ્નાવસ્થાનાં સુખ દુઃખનો અભાવ હોવાથી તે સ્વપ્નાના દેહમાં રહેલો નથી, તેમ જ્ઞાન પ્રાપ્ત થવાથી મુક્તિ પામેલો જીવ સંસ્કાર માત્રથી દેહમાં રહેલો હોય છે, તોપણ તે દેહનાં સુખ દુઃખને પોતાને વિષે માનતોજ નથી, તેથી તે દેહમાં રહેલો જ નથી; પરંતુ અજ્ઞાની જીવને એથી વિપરીત પ્રતીતિ થાય છે, એટલે વાસ્તવિક રીતે તે દેહમાં નહિ રહેલો છતાં પણ દેહનાં સુખ દુઃખાદિકને પોતાને વિષે માની લેવાને લીધે દેહમાં રહેલો છે, એમ જણાય છે. ૮ ઇંદ્રિયોથી વિષયોનું ગ્રહણ થતું છતાં પણ રાગદ્વેષાદિકથી રહિત થયેલો જીવ 'હું ઇંદ્રિયોથી વિષયોનું ગ્રહણ કરૂં છું.' એમ અહંકાર કરતો નથી, પરંતુ ઇંદ્રિયોજ ગ્રહણ કરે છે, આમ તે માને છે. ૯ અજ્ઞાની પુરૂષ તો પુર્વના કર્મને આધીન રહેનારા આ શરીરમાં રહીને ઇંદ્રિયો કર્મો કરેછે તે 'હું કરૂં છું' એવો અહંકાર કરે છે, તેથી તે કર્મથી બંધાઈ જાય છે. જ્ઞાની પુરૂષ તો સુખ દુઃખથી રહિત તથા અભિમાન રહિત થઇને દેહમાં રહે છે, અને અજ્ઞાની બદ્ધ પુરૂષ સુખ દુઃખ સહિત અને અભિમાની થઇને દેહમાં રહે છે. ૧૦ ઇંદ્રિયોનાં કર્મ મને વૃથા બાંધે છે એમ જાણીને વિરક્ત થયેલો જ્ઞાની પુરૂષ સુવું, બેસવું, હરવું, ફરવું, નાહાવું, જોવું, અડવું, સુંઘવું, જમવું, અને સાંભળવું વગેરે ક્રિયાઓમાં ઇંદ્રિયોને ભોગ આપે છે, પણ તે ક્રિયાઓને પોતાને વિષે નહિ માનવાથી સાક્ષીપણાથી રહે છે, એટલે અજ્ઞાનીની પેઠે તે ક્રિયાઓમાં બંધાતો નથી. ૧૧ જેમ આકાશ સર્વમાં રહેલું છે, છતાં કોઇમાં બંધાતું નથી, જેમ સૂર્ય જળમાં પ્રતિબિંબિત છતાં જળમાં બંધાતો નથી, અને જેમ વાયુ સર્વમાં વિચરે છે છતાં કશામાં બંધાતો નથી, તેમ જ્ઞાની પુરૂષ દેહમાં રહ્યા છ

તાં પણ દેહમાં બંધાતો નથી. (એ રીતે બદ્ધ અને મુક્ત પુરૂષો શી રીતે ભોગ ભોગવે છે? એ પ્રશ્નનો ઉત્તર કહ્યો. ૧૨ વૈરાગ્યથી તીક્ષ્ણ થયેલી બ્રહ્મવિદ્યાથી જેના અસંભાવનાદિક દોષ કપાઇ ગયા છે એવો જ્ઞાની પુરૂષ, જાગેલો મનુષ્ય જેમ સ્વપ્નથી નિવૃત્તિ પામે છે, તેમ દેહાદિક પ્રપંચથી નિવૃત્તિ પાંમે છે. એટલે મુક્ત પુરૂષ દેહાદિકના અભિમાનને છોડી દે છે, અને બદ્ધ પુરૂષ દેહાદિકનું અભિમાન રાખે છે. ૧૩ જે પુરૂષની પ્રાણ, ઇંદ્રિય, મન અને બુદ્ધિની વૃત્તિયો સંકલ્પથી રહિત થઈ ગઇ હોય, તે પુરૂષ દેહમાં રહેલો છતાં પણ દેહના ગુણોથી મુક્ત છે; અર્થાત્ મુક્ત પુરૂષ સંકલ્પથી રહિત થયેલી પ્રાણાદિકોની વૃત્તિયોથી વિહાર કરે, અને બદ્ધ પુરૂષ સંકલ્પોથી ભરેલી પ્રાણાદિકોની વૃત્તિયોથી વિહાર કરે, એમ જાણવું. આ પ્રકારે બદ્ધ અને મુક્ત પુરૂષના ભેદ કહ્યા. ૧૪ હવે જે લક્ષણોથી તે પુરૂષ બીજાઓના જાણવામાં આવે છે, તે લક્ષણ કહું છું તે સાંભળો. પીડા કરનારા દુર્જન અથવા બીજા પ્રાણી દેહને પીડા આપે, અથવા કોઇ મનુષ્ય દૈવેચ્છાથી કોઇ સ્થળમાં કોઇ દેહનું પૂજન કરે, તેથી તે પુરૂષનું મન વિકાર ન પોમે, તેને મુક્ત જાણવો. અને જે પુરૂષ વિકાર પામે તેને બદ્ધ સમજવો ૧૫ ગુણ-દોષથી રહિત થયેલ અને સમદૃષ્ટિવાળા જે મુનિ સારૂં કરનારા અને સારૂં બોલનારાઓની સ્તુતિ ન કરે, અને ભુડું કરનારા અને ભુડું બોલનારાઓની નિંદા પણ ન કરે, તેને મુક્ત સમજવો. અને એથી વિપરીત પુરૂષને બદ્ધ સમજવો. ૧૬ પોતે કોઇનું સારૂં અથવા ખોટું ન કરે, બોલે નહી, અને એવો વિચાર પણ ન કરે, અને એવી વૃત્તિ રાખીને આત્મારામપણાથી જડની પેઠે વિચરે, તેને મુક્ત સમજવો. અને એથી ઉલટી રીતે વર્ત્તે તેને બદ્ધ સમજવો. ૧૭ આ મુક્ત પુરૂષનાં જે લક્ષણ કહ્યાં એજ મુમુક્ષુ પુરૂષનાં સાધન છે. જે પુરૂષ વેદમાં યથાર્થ રીતે નિપુણ થઇને, પંડિત બની ગયેલ હોય; પરંતુ પુર્વોક્ત સાધનોથી વેદના અર્થમાં નિષ્ઠા રાખીને, પરબ્રહ્મનું ધ્યાનાદિક ન કરે, તેનો શાસ્ત્રાભ્યાસનો શ્રમ વ્યર્થ ગયો સમજવો. જે ઘણા દિવસની વીયાએલી ગાયમાંથી દુધ મળવાનો સંભવ ન હોય તેને દુધ મળવાની આશાથી રાખનારા પુરૂષના શ્રમનું ફળ જેમ પરિશ્રમજ છે, તેમ પૂર્વોક્ત પુરૂષના શાસ્ત્રાભ્યાસના શ્રમનું ફળ પણ પરિશ્રમજ છે. ૧૮ હે ઉદ્ધવજી! જે મનુષ્ય દુધ નહિ દેનારી ગાયને, વેશ્યા સ્ત્રીને, ક્ષણે ક્ષણે દુઃખ દેનારા દેહને, આ લોક અને પરલોકના સાધનથી રહિત પુત્રને, સુપાત્રને ન આપવાથી અપકીર્તિ તથા પાપને આપનારા ધનને. અને મારાં વર્ણન વગરની વાણીને રાખે, એ મનુષ્યને દુઃખીયા કરતાં પણ મહા દુઃખીયો સમજવો. ૧૯ જે વાણીમાં આ જગત્‌ની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કરવારૂપ મારા પવિત્ર ચરિત્રનું અથવા લીલાથી ધારણ કરેલા અવતારોમાં લોકપ્રિય અવતારનું વર્ણન ન આવે, તે વાંઝણી વાણીને બુદ્ધિમાન પુરૂષે રાખવી ઉચિત્ નથી. ૨૦ આ પ્રમાણે નિશ્ચય કરી, વિચારના બળથી દેહાદિકના અધ્યાસને દુર કરી અને સર્વવ્યાપક એવા મારા સ્વરૂપમાં શુદ્ધ મન લગાડીને તૃપ્ત થવું, પરંતુ કેવળ પંડિતાઇ રાખીને તૃપ્ત ન થવું. ૨૧ આ પ્રમાણે પરબ્રહ્મમાં મનને નિશ્ચળ રાખવાની તમારી શક્તિ ન હોય તો એમ કરવું છોડીને, નિષ્કામ થઇ, જે કર્મ કરો, તે સર્વ મને અર્પણ કરો. ૨૨ હે ઉદ્ધવ! જે મનુષ્ય શ્રદ્ધાથી પરમ મંગળરૂપ અને લોકોને પવિત્ર કરનારી મારી કથા સાંભળ્યા કરે, મારાં જન્મ અને કર્મોનું વારંવાર ગાયન, સ્મરણ, અને અનુકરણ કર્યા કરે, મારી પ્રીતિને માટે ધર્મ, અર્થ અને કામનું સેવન કરે, અને મારાજ આશ્રયે રહે, તે પુરૂષને હું કે જે સનાતન છું તેમાં નિશ્ચળ ભક્તિ થાય છે. ૨૩-૨૪ આ પ્રકારે સાધુના સંગથી પ્રાપ્ત થયેલી મારી ભક્તિથી તે ભક્ત મારૂં ધ્યાન કર્યા કરે છે, અને સાધુ પુરૂષોએ બતાવેલા મારા સ્વરૂપને અવશ્ય અનાયાસથી પામે છે. ૨૫

ઉદ્ધવજી પુછે છે—હે ઉત્તમ કીર્તિવાળા

પ્રભુ ! પોતપોતાની બુદ્ધિથી બનેલા સાધુ અનેક છે; પરંતુ આપ કેવાં લક્ષણવાળા-ઓને સાધુ માનો છો ? ભક્તિ પણ લોકમાં અનેક પ્રકારની છે; પરંતુ કયા પ્રકારની ભક્તિ આપનામાં ઉપયોગી થાય છે ? અને સત્પુરૂષ કયા પ્રકારની ભક્તિનો આદર કરે છે? ૨૬ હે જીવોના, લોકોના તથા જગતના પ્રભુ ! આ વાર્તા અત્યંત રહસ્યયુક્ત છે; માટે હું આપને નમનારો ભક્ત, સ્નેહી અને શરણાગત છું, તેને આપે અવશ્ય કહેવી જોઇએ. ૨૭ હે ભગવાન ! આકાશની પેઠે અસંગ, પ્રકૃતિથી પર, પરમપુરૂષ અને પરબ્રહ્મ એવા આપ ભક્તોની ઇચ્છાથી પરિચ્છિન્ન શરીર ધારણ કરીને પ્રગટ થયા છો; માટે આપની પાસે એ લાભ લેવાને ઇચ્છું છું. ૨૮

શ્રી ભગવાન્ કહે છે—હે ઉદ્ધવ ! સાધુનાં નિચે પ્રમાણે ત્રીશ લક્ષણ છે. પારકાં દુઃખને સહન ન કરવું, કોઇ પ્રાણીનો દ્રોહ ન કરવો, ક્ષમાવાળો, સત્યસંધ, ઇર્ષ્યાદિકથી રહિત, સુખ દુખમાં સમાન, યથાશક્તિ સર્વને ઉપકાર કરનાર, ૨૯ વિષયોથી જેનું મન ક્ષોભ ન પામે તે, જીતેંદ્રિય, કોમળ ચિત્તવાળો, સદાચાર પાળનાર, પરિગ્રહનો ત્યાગ કરનાર, આ લોકના સુખાર્થે કોઇ પ્રકારની ક્રિયા ન કરનાર, મિતાહારી, શાન્ત, સ્વધર્મમાં સ્થિર, મારાજ આશ્રયે રહેનાર, મનન કરનાર, ૩૦ સાવધાન, નિર્વિકાર, કષ્ટના સમયમાં પણ ધૈર્ય રાખનાર, ભુખ, તરસ, શોક મોહ, જરા તથા મૃત્યુને પોતાના સ્વરૂપમાં ન માનનાર, માનની ઇચ્છા ન રાખનાર, બીજાઓને માન આપનાર, બીજાને જ્ઞાન આપવામાં ચતુર, કોઇને નહી ઠગનાર, કરૂણાથીજ સર્વ પ્રવૃત્તિ કરનાર અને સારી રીતના જ્ઞાનવાળો, આ લક્ષણવાળો જે પુરૂષ હોય તે સાધુ કહેવાય છે. ૩૧ વેદ કે—જે મારૂં સ્વરૂપ છે, તેમાં કહેલા સ્વધર્મ પાળવામાં અંતઃકરણની શુદ્ધિ હોવા–આદિ ગુણ છે અને ન પાળવામાં દોષ છે, એમ સારી રીતે જાણવા છતાં પણ 'એ ધર્મ ભગવાનના ધ્યાનમાં વિક્ષેપ કરનારા છે, અને હું પાળીશ નહિ; તોપણ એ સર્વ ધર્મ ભક્તિથી જ સિદ્ધ થઇ જશે' આવા દૃઢ નિશ્ચયથી અથવા ભક્તિની દૃઢતાને લીધે પોતાના ધર્મના અધિકાર રોકાઇ જવાથી તે સર્વ ધર્મોનો ત્યાગ કરીને, જે પુરૂષ મારૂં ભજન કરે તેને પણ ઉત્તમ સાધુ સમજવો. ૩૨ હું કે જે દેશ કાળાદિકના પરિચ્છેદથી રહિત, સર્વનો આત્મા અને સચ્ચિદાનંદ રૂપ છું, તેને જાણીને અને વળી માનાદિકથી વિશેષ જાણીને, જે પુરૂષ દૃઢ અને એક ભાવથી ભજે છે, તેને પણ હું ઉત્તમ સાધુ માનું છું. ૩૩ હવે મારી ભક્તિનાં લક્ષણ કહું છું. મારી મુર્તિઓનાં અને મારા ભક્તજનોનાં દર્શન, સ્પર્શ. અને પુજન, તેની સેવા સ્તુતિ અને ગુણ તથા કર્માનું કીર્તન કરવું નમ્રતા રાખવી, ૩૪ મારી કથા સાંભળવામાં શ્રદ્ધા રાખવી, મારૂં ધ્યાન કરવું, જે કાંઇ મળે તે સર્વ મને અર્પણ કરવું, દાસભાવથી શરીરનું નિવેદન કરવું. ૩૫ મારાં જન્મ કર્મનું વર્ણન કરવું. મારા જન્માષ્ટમી–આદિ ઉત્સવોનું અનુમોદન કરવું, ગાયન, નૃત્ય, અને સભાઓથી મારાં મંદિરોમાં ઉત્સવ કરવો. ૩૬ વર્ષમાં જે જે ઉત્સવના દિવસ આવે, તેમાં યાત્રા અને મહા નૈવેદ્ય કરવાં, વેદ સંબંધી તથા તંત્ર સંબંધી દીક્ષા લેવી, મારૂં વ્રત ધારણ કરવું. ૩૭ મારી મુર્તિ સ્થાપન કરવામાં શ્રદ્ધા રાખવી. મારે માટે ઉપવન, વિહારસ્થાન, નગર અને મંદિર બનાવવાના કામમાં સામર્થ્ય હોય તો પોતે બનાવવાં, અને જો સામર્થ્ય ન હોય તો બીજાની સાથે મળીને ઉદ્યમ કરવો. ૩૮ નિષ્કપટ ભાવથી વાસીદું વાળવું, લિંપવું, પાણી વગેરેનો છંટકાવ કરવો, અને મંડળ ભરવાં, વિગેરેથી દાસની પેઠે મારા મંદિરની સેવા કરવી. ૩૯ અભિમાન અને દંભ રાખવો નહિ, પોતાનો કરેલો ઉપકાર કોઇને કહી દેખાડવો નહિ, મને અર્પણ કરેલા પદાર્થોનો પોતાને માટે ઉપભોગ કરવો નહિ, બીજું તો શું પણ દીપકનો પ્રકાશ પણ પોતાના કામમાં લેવો નહિ, બીજા દેવતાઓને નિવેદન કરેલા પદાર્થ મારા ઉપયોગમાં લાવવા નહિ. ૪૦ લોકમાં જે જે વસ્તુ પોતાને બહુજ પ્રિય લાગતી હોય. અને અત્યંત ઉત્કૃષ્ટ અને પાવન

હોય, તેવી વસ્તુ મને અર્પણ કરવી. આ પ્રમાણે નિવેદન કરેલા પદાર્થ અક્ષય ફળને આપે છે. ૪૧ હે ઉદ્ધવ! સૂર્ય, અગ્નિ, બ્રાહ્મણ, ગાય, વૈષ્ણવ, હૃદયાકાશ, પવન, જળ, પૃથ્વી અને પોતાનો આત્મા તથા સર્વ પ્રાણી એ અગીયાર મારી પુજાનાં સ્થાન છે. ૪૨ હે ઉદ્ધવ! વેદમાં કહેલાં સુક્તોથી ઉપસ્થાનાદિક કરીને સુર્યમાં મારી પુજા કરવી, અગ્નિમાં હવિષ્ય હોમીને મારી પુજા કરવી, ઉત્તમ બ્રાહ્મણમાં આતિથ્ય કરીને મારી પુજા કરવી, ગાયોને ઘાસ વગેરે નાંખીને મારી પુજા કરવી. ૪૩ વૈષ્ણવમાં બંધુની પેઠે સત્કાર કરીને મારી પુજા કરવી, હૃદયાકાશમાં ધ્યાનની નિષ્ઠા રાખીને મારી પુજા કરવી, વાયુમાં પ્રાણ દ્રષ્ટિથી મારી પુજા કરવી જળમાં જળ-આદિ પદાર્થોથી તર્પણાદિક કરીને મારી પુજા કરવી ૪૪ પૃથ્વીમાં રહસ્ય મંત્રના ન્યાસથી મારી પૂજા કરવી, પોતાના આત્મામાં તેને ભોગ દઇને મારી પુજા કરવી. સર્વ પ્રાણીઓમાં સમતા રાખીને, હું તેમાં વિદ્યમાન ક્ષેત્રજ્ઞરૂપ છું તેની પુજા કરવી. ૪૫ એ સ્થાનોમાં શંખ, ચક્ર, ગદા અને કમળથી યુક્ત ચાર ભુજાવાળા મારા શાંત સ્વરૂપનું ધ્યાન કરીને, જીતેંદ્રિયપણું રાખીને, મંત્રવડે મારૂં પુજન કરવું. ૪૬ જીતેંદ્રિય રહેનારો જે પુરૂષ યજન અને વાવ, કુવા-આદિ કરાવીને પુર્વોક્ત પ્રકારથી મારૂં પુજન કરે, તેને મારી દૃઢ ભક્તિ પ્રાપ્ત થઇ જાય છે, અને દૃઢ ભક્તિવાળાઓને સાધુજનોની સેવાના પ્રભાવથી મારૂં જ્ઞાન પ્રાપ્ત થાય છે. ૪૭ હે ઉદ્ધવ! ઘણું કરીને સત્સંગથી થનારા ભક્તિયોગ વગર સંસારથી પાર ઉતરવાને માટે કોઇ પણ સરળ ઉપાય નથી. સત્પુરૂષોનો ઉત્તમ આશ્રય હું છું; માટે સત્સંગથી તુરત મારી પ્રાપ્તિ થાય છે. ૪૮ હે ઉદ્ધવ! તમે શ્રદ્ધાથી સાંભળો છો, માટે એક વિષય કે જે અતિ રહસ્યરૂપ અને સર્વથી ગુપ્ત છે, તે તમને કહીશ, કારણ કે તમે મારા દાસ, બંધુ અને સખા છો. ૪૯

अथै तत्परमं गुह्यं श्रृण्वतो यदुनंदन ॥
सुगोप्यमपि वक्ष्यामि त्वंमे भृत्यः सुहृत्सखा ॥

ઇતિશ્રી ભાગવત મહાપુરાણના એકાદશ સ્કંધમાં "બદ્ધ, મુક્ત, સાધુ તથા ભક્તિનાં લક્ષણ કથન" નામનો ૧૧ મો અધ્યાય સંપુર્ણ.

અધ્યાય ૧૨ મો.

સત્સંગનો મહિમા, અને કર્મ કરવાની તથા કર્મનો ત્યાગ કરવાની વ્યવસ્થા.

श्री भगवानुवाच.

नरोधयति मां योगो न सांख्यं धर्म एव च ॥
नस्वाध्यायं स्तपस्त्याग़ो नेष्टापूर्तं न दक्षिणा ॥

શ્રી ભગવાન્ કહે છે—સઘળા સંગને ટાળનારો સત્સંગ જે પ્રમાણે મને વશ કરે છે, એવી રીતે યોગ, તત્ત્વવિવેક, ધર્મ, વેદાધ્યયન, તપ, સંન્યાસ, યજ્ઞ, વાવ કુવા-આદિ કરાવવા રૂપ પુર્ત, દક્ષિણા, વ્રત, દેવપુજા, મંત્ર, તીર્થ, નિયમ અથવા યમ એ સર્વ મને વશ કરતાં નથી. ૧-૨ હે ઉદ્ધવ! દૈત્યો રાક્ષસો, મૃગ, પક્ષીઓ, ગાંધર્વો, અપ્સરાઓ, નાગ, સિદ્ધો, ચારણો, યક્ષો, વિદ્યાધરો અને મનુષ્યોમાં પણ વૈશ્ય, શુદ્ર સ્ત્રીઓ અને અંત્યંજ જેઓ રજોગુણી અને તમોગુણી પ્રકૃતિવાળા છે, તે પણ તે તે યુગમાં કેવળ સત્સંગથી મને પામેલા છે. ૩-૪ વૃત્રાસુર, પ્રહ્લાદ-આદિ, વૃષપર્વા, બલિરાજા, બાણાસુર, મયદાનવ, વિભીષણ, સુગ્રીવ, હનુમાન, જાંબવાન, ગજેન્દ્ર, જટાયુપક્ષી, તુલાધાર વાણીઓ, ધર્મવ્યાધ, કુબ્જા, વ્રજની ગોપીઓ, યજ્ઞ કરનારા બ્રાહ્મણોની સ્ત્રીઓ, અને બીજા પણ ઘણા લોક સત્સંગથીજ મારા પદને પામ્યા છે. ૫-૬ તેઓએ વેદાધ્યયન કરેલ ન હતું, અધ્યયનો માટે મહાત્મા પુરૂષોની ઉપાસના પણ કરી ન હતી. વ્રત કર્યાં નુ

હતાં, અને તપ પણ કર્યાં નહતાં; તો પણ સત્સંગથી મારા અને મારા ભક્તોના સંગથી મને પામ્યા છે. ૭ ગોવાળો, ગાયો, વૃક્ષો, મૃગો, નાગ લોકો અને બીજા પણ મૂઢ બુદ્ધિવાળા જીવ સત્સંગથી પ્રાપ્ત થયેલ કેવળ ભક્તિ ભાવથી કૃતાર્થ થઈને, મને અનાયાસે પામ્યા છે. વૃત્રાસુરાદિકોને કદાચિત્ બીજાં સાધન પણ હોય; પરંતુ ગોપીઓ અને ગાયો આદિને તો બીજાં કોઈ પણ સાધન ન હતાં. ૮ યોગ, સાંખ્ય, દાન, વ્રત, તપ, યજ્ઞ, વ્યાખ્યાન, વેદાધ્યયન, અને સંન્યાસને માટે યત્ન કરનારા પણ જે મારા સ્વરૂપને પામી શકતા નથી. તે સ્વરૂપને ઉપર કહેલા પ્રાણી કેવળ સત્સંગથીજ પામ્યા છે. ૯ અક્રૂરજી, મને બળદેવજીની સાથે મથુરાં લઈ આવ્યા, ત્યારે દઢ ભાવથી જેનું મન મારામાં લાગેલું હતું એવી અને મારા વિરહને લીધે તીવ્ર દુઃખથી દુખિત થયેલી ગોપિયોને મારા વગર બીજો કોઈ પણ પદાર્થ સુખદાયી દેખાયો નહિ. ૧૦ અત્યંત પ્રિય હું વૃંદાવનમાં વિચરતો હતો તેની સાથે રહેવાથી ગોપિયોની જે રાત્રિયો અર્દ્ધ ક્ષણની પેઠે વ્યતીત થઇ, તેજ રાત્રિયો પાછી મારો વિયોગ થવાથી કલ્પ જેવડી મોટી થઇ પડી. ૧૧ જેમ સમાધિમાં મુનિઓને પોતાના નામરૂપનું ભાન રહેતું નથી, તેમ ગોપીઓની બુદ્ધિ પણ આસક્તિથી મારામાં લાગી ગઇ, ત્યારે તેઓને પુત્ર, પતિ–આદિકનું તથા પોતાના દેહનું અને આ લોક તથા પરલોકનું ભાન રહ્યું નહિ; પરંતુ સમુદ્રમાં જેમ નદીઓ મળી જાય છે, તેમ મારા સ્વરૂપમાં લીન થઇ ગઇ. ૧૨ આ પ્રમાણે કેવળ મારી કામના રાખનારી સેંકડો અને હજારો અબળાઓ જો કે મારા સ્વરૂપને જાણતી ન હતી; તો પણ હું કે–જે તેઓને જારબુદ્ધિથી જણાયલો પરબ્રહ્મ છું, તેને સત્સંગના પ્રભાવથી પામી હતી. ૧૩ હે ઉદ્ધવ! મારા ભજનનો પ્રભાવ એવો છે; માટે તમે સ્મૃતિ, વિધિ, નિષેધ, પ્રવૃત્તકર્મ, નિવૃત્તકર્મ સાંભળવાનો અને સાંભળેલું છોડીને, હું કે-જે સર્વ પ્રાણી માત્રનો એકજ આત્મા છું તેનું, 'સર્વ જગત્ ભગવદ્રૂપ છે' એવા ભાવથી શરણ લ્યો, અને મને પામીને સંસારના સર્વ ભયથી મુક્ત થાઓ'. ૧૪

ઉદ્ધવજી પુછે છે—હે યોગેશ્વરોના ઇશ્વર! આપે પ્રથમ સ્વધર્મમાં સાવધાન રહીને, કર્મ કરવાનું કહ્યું, અને હવે કહો છો કે–'સર્વનો ત્યાગ કરીને મારૂં શરણ લ્યો.' તો આપની એ વાણી સાંભળવાથી મારા મનમાં સંદેહ થાય છે કે–'આત્મામાં કર્તાપણું અને ભોક્તાપણું આદિ ધર્મ છે કે નહિ? અને કર્મ કરવાં કે છોડી દેવાં?' એ સંશય મટતો નથી, તેથી મારૂં મન ભમતું રહે છે. ૧૬

શ્રી ભગવાન કહે છે—હે ઉદ્ધવ! પ્રભુજ પોતાની માયાને લીધે પ્રપંચ રૂપથી પ્રકાશે છે, અને તે પ્રપંચના અધ્યાસને લીધે જીવ લોકોને અનાદિ અવિદ્યાથી કર્તાપણું અને ભોક્તાપણું વગેરે થયેલ છે. અને તેથી વિધિ નિષેધનો અધિકાર થયો છે, એ સર્વ હોય ત્યાં સુધી અંતઃકરણની શુદ્ધિને માટે કર્મ કરવાને માટે મેં કહેલું છે. અંતઃકરણ શુદ્ધ થયા પછી જે કર્મ ભક્તિમાં વિક્ષેપ કરનારાં હોય,તેનો આદર છોડી દઇને, દઢ વિશ્વાસથી ભગવાનનું ભજન કરવું, એમ મેં કહેલું છે. અને જ્ઞાન ઉત્પન્ન થયા પછી તો કાંઇ પણ કરવાનું રહેતું નથી, એવો સિદ્ધાંત છે. એ યથાર્થ રીતિથી સમજમાં આવી જાય, એ માટે તેમાંથી જીવને જન્મ મરણ દેનારો પ્રપંચ કયા પ્રકારે થયો છે, એ પ્રથમ વિષય વિષે કહું છું. અપરોક્ષ પરમાત્મા કે જે શરીરમાંના આધારાદિક ચક્રોમાં નાદાદિરૂપથી જાણે પ્રકટ થયા હોય, એમ જણાય છે. એ પ્રથમ નાદવાળાં પ્રાણ રૂપથી આધાર ચક્રમાં પ્રવેશ કરે છે. ત્યારે 'પરાવાણી' એવા નામથી કહેવાય છે. આધાર ચક્રમાં સદા અખંડ અને અસ્ફુટ અક્ષરવાળો જે નાદ ચાલતો રહે છે, તે 'પરાવાણી' છે, એમ જાણો. પછી તે પરાવાણી રૂપ નાદાત્મક પરમેશ્વર મણિપુર ચક્રમાં આવીને 'પશ્યંતિવાણી' એવા નામથી જાણવામાં આવે છે. ઉચ્ચાર-

ણ કરેલ પ્રથમ મનથી અક્ષર જોઇ લેવામાં આવે છે, માટે તેને 'પશ્યંતિ' એ નામથી કહે છે. ત્યારપછી તે જ પરમાત્મા શુદ્ધિ ચક્રમાં આવે છે, ત્યારે 'મધ્યમાવાણી' એવા નામથી કહેવામાં આવે છે. પશ્યંતિથી ઉપર અને સ્પષ્ટ વૈખરીના સ્થાનથી નીચે રહેવાને લીધે 'મધ્યમા' એવું નામ આપ્યું છે. ત્યાર પછી એજ પરમાત્મા મુખમાં આવે છે, ત્યારે અતિ સ્થુળ થઇને 'વૈખરી' એવા નામથી કહેવાય છે. વિખર એટલે અત્યંત સ્પષ્ટ, તેથી તેનું 'વૈખરી' નામ સ્થાપવામાં આવ્યું છે. હ્રસ્વાદિક માત્રા, ઉદાત્તાદિક સ્વર, અને અકારાદિક-ત્રેસઠ અક્ષર એ વૈખરી વાણીનું સ્વરૂપ છે. ૧૭ જેમ અગ્નિ આકાશમાં અસ્ફુટ ગરમીરૂપથી સૂક્ષ્મ રહે છે; પરંતુ તેજ અગ્નિ બળથી કાષ્ઠમાં મંથન કરવાથી પવનની સહાયતાવડે નાની ચિણગારી રૂપ પ્રકટ થાય છે, અને પછી તેજ બીજા થોડા પદાર્થો મળવાથી જરા વિશેષ રૂપથી પ્રતીત થાય છે, અને ત્યાર પછી તેજ અગ્નિ ઘીની આહુતી પડવાથી ભડકો થઇ વૃદ્ધિ પામે છે, એટલે અગ્નિ જેમ ચાર રૂપથી પ્રકટ થાય છે, તેમ હું પરબ્રહ્મ પણ પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી એવાં ચાર રૂપથી પ્રકટ થાઉં છું. ૧૮ વાણી જેમ અતિસૂક્ષ્મ, સૂક્ષ્મ, સ્થુળ અને અતિસ્થુળ એ ચાર રૂપથી પ્રકટ થઇ, અને તે મારૂંજ સ્વરૂપજ છે, તેમ હાથની વૃત્તિરૂપ કર્મ, પગની વૃત્તિરૂપ ગતિ, પાયુ અને ઉપસ્થની વૃત્તિરૂપ વિસર્ગ, સુંઘવું, રસન, દર્શન, સ્પર્શ, મનની વૃત્તિરૂપ સંકલ્પ, બુદ્ધિ તથા ચિત્તની વૃત્તિરૂપ વિજ્ઞાન, અહંકારની વૃત્તિરૂપ અભિમાન, પ્રધાનની વૃત્તિરૂપ સમષ્ટિ પ્રાણ અને સત્વ, રજ, અને તમના વિકારરૂપ સઘળો પ્રપંચ પણ અતિસૂક્ષ્મ, સૂક્ષ્મ, સ્થુળ, અને અતિસ્થુળ એ ચાર રૂપથી પ્રકટ થયેલ છે, અને તે મારૂંજ સ્વરૂપ છે, એ પ્રમાણે થવાથી પ્રપંચ પરમેશ્વરથી ભિન્ન નથી. ૧૯ ઇશ્વર કે જે પ્રથમ ભિન્ન ભિન્ન રૂપથી પ્રકટ ન થયેલ અને એકજ હતા, તે ઇશ્વર કાળને લીધે માયાશક્તિનું આલિંગન કરવાથી જાણે ઇંદ્રિયાદિરૂપથી અનેક પ્રકારના થયા હોય, એમ જણાય છે. એ ઇશ્વર ત્રણે ગુણોના આશ્રયરૂપ લોકાત્મક કમળના બીજ રૂપ છે, જેમ એક બીજ ક્ષેત્રને પામીને અનેક પ્રકારનું થઈ જાય છે, તેમ આદિ કારણ ઇશ્વર પણ કાળનીગતિથી માયાનો અંગિકાર કરીને સઘળા પ્રપંચરૂપ થઇ જાય છે, એ માટે જગત ઇશ્વરની માયાથીજ વિલસિત છે, માટે ઇશ્વરમાંજ રહેલું છે, ઇશ્વરથી ભિન્ન નથી. ૨૦ જેમ વસ્ત્ર તંતુઓમાં ઓતપ્રોત થઇને રહે છે, અને તંતુઓથી ભિન્ન નથી, તેમ આ સર્વ જગત સઘળી રીતે ઇશ્વરમાં રહેલ છે, અને ઇશ્વરથી ભિન્ન નથી. એ પ્રકારે સમષ્ટિ-વ્યષ્ટિરૂપ અને અવિદ્યાથી આત્મામાં અધ્યાસ કરી લીધેલા પ્રપંચરૂપ વૃક્ષજ જીવને કર્ત્તા પણાદિક અને ભોક્તાપણાદિક સંસારના કારણ રૂપ છે, માટે યથાર્થ રીતથી આત્માનું સત્યત્વ અને પ્રપંચનું અનિત્યત્વ જાણવામાં આવે, ત્યારે કર્માદિક સર્વનો ત્યાગ કરવો, એમ મેં કહ્યું છે, આ અનાદિ અને પ્રવૃત્તિરૂપ સ્વભાવવાળું પ્રપંચરૂપી વૃક્ષ, પુષ્પ તથા ફળ, ભોગ તથા મોક્ષ અથવા કર્મ તથા તેનાં ફળને ઉત્પન્ન કરે છે. ૨૧ એ વૃક્ષને બે બીજ (પુણ્ય અને પાપ) છે, સેંકડો મૂળ (વાસના) છે, ત્રણ્ય નાળ (ગુણ) છે, પાંચ સ્કંધ(ભુત) છે, અગીયાર શાખા (ઈંદ્રિયો) છે, ત્રણ્ય ત્વચા (વાત, પિત્ત અને કફ) છે, બે ફળ (સુખ અને દુ:ખ) છે, આ વૃક્ષમાંથી પાંચ રસ (શબ્દાદિ વિષય) ઉત્પન્ન થાય છે. આ વૃક્ષમાં બે પક્ષીઓ (જીવ અને ઇશ્વર) નો માળો છે, આ વૃક્ષ સુર્ય મંડળ પર્યંત વ્યાપ્ત છે, સુર્યના મંડળને ભેદીને જાય, તેને સંસાર રહેતો નથી. ૨૨ આ વૃક્ષના એક ફળ(દુ:ખ) ને ગામમાં રહેનારાં ગીદ્ધ પક્ષી (કામી ગૃહસ્થી) ખાય છે, અને બીજું ફળ (સુખ) વનમાં રહેનારાં હંસ (વિવેકી સંન્યાસી)ખાય છે, આ પ્રમાણે પરમાત્મા કે-જે પોતેજ પોતાની માયાથી અનેક રૂપથી જાણવામાં આવે છે, તેને ગુરૂના ઉપદેશથી જે જાણે તેજ વેદના વાસ્તવિક અર્થને જાણે છે, એમ સમ

મજબુ. ૨૩ આ પ્રમાણે ગુરૂની ઉપાસના કરવાથી ઉત્પન્ન થયેલી ભક્તિથી, તીક્ષ્ણ કરેલા બ્રહ્મવિદ્યારૂપ કુહાડાથી, સાવધાનતાથી અને ધીરતાથી લિંગ શરીરને કાપીને અને પરમાત્માને પામીને પછી સર્વ સાધનોનો ત્યાગ કરવો. ૨૪

एवं गुरुपासन यैव भक्तया ।
विद्याकुठारेण शितेन धीरः॥
विवृश्च्य जीवाशयमप्रमत्तः ।
संपद्य चात्मानमथ त्यजास्त्रम् ॥

ઇતિશ્રી ભાગવત મહાપુરાણના એકાદશ સ્કંધમાં 'ભગવદુદ્ધવ સંવાદ' નામનો ૧૨ મો અધ્યાય સંપુર્ણ.

અધ્યાય ૧૩ મો.

સત્વગુણથી વિદ્યાનો ઉદય, તથા હંસના ઇતિહાસથી ચિત્ત અને ગુણને જુદા પાડવાની યુક્તિ.

શ્રીભગવાનુવાચ.

सत्त्वं रजस्तम इतिगुणा बुद्धेर्नचात्मनः॥
सत्वे नान्यतमौहन्यात्सत्वं सत्वेन चैवहि॥

શ્રી ભગવાન કહે છે--હે ઉદ્ધવ! જ્યાં સુધી ત્રણ ગુણોની વૃત્તિયો ઉપદ્રવ કરતી હોય, ત્યાં સુધી ઉપર કહેલી બ્રહ્મવિદ્યા ઉત્પન્ન થતી નથી, માટે એ વૃત્તિયોની નિવૃત્તિ કરીને બ્રહ્મવિદ્યા ઉત્પન્ન કરવાનો પ્રકાર કહું છું. જે આનંદાદિકના સમાન સત્વાદિક ગુણ આત્માના ધર્મ હોય, તો તે આત્માના સ્વરૂપભુત હોવાથી નિવૃત્ત ન હોવાથી વિદ્યાની ઉત્પત્તિ ન થાય; પરંતુ સત્વ, રજ અને તમ એ ત્રણે ગુણ પ્રકૃતિના છે, આત્માના નથી, માટે સત્વગુણને વધારીને, રજોગુણ તથા તમોગુણની વૃત્તિયોનો નાશ કરવો; અને સત્ય તથા દયાદિરૂપ જે સત્વગુણ છે, તેનો ઉપશમરૂપ સત્વગુણથીજ નાશ કરવો. ૧ વૃદ્ધિ પામેલા સત્વગુણથી પુરૂષને મારી ભક્તિરૂપ ધર્મ પ્રાપ્ત થાય છે, એ સત્વગુણ સાત્વિક પદાર્થોના સેવનથી વધે છે, અને તેની વૃદ્ધિથી ભક્તિરૂપ ધર્મ પ્રાપ્ત થાય છે. ૨ સત્વગુણની વૃદ્ધિથી ઉત્પન્ન થયેલો ભક્તિરૂપ સર્વોત્તમ ધર્મ રજોગુણ તથા તમોગુણનો નાશ કરે છે; અને એ બે ગુણોનો નાશ થવાથી રાગદ્વેષાદિક રજોગુણ અને પ્રમાદ તથા આલસ્યાદિરૂપ તમોગુણથી ઉત્પન્ન થતો અધર્મ પણ નાશ પામે છે. ૩ શાસ્ત્ર, જળ, લોક, દેશ, કાળ, કર્મ, જન્મ, ધ્યાન, મંત્ર, અને સંસ્કાર એ દશ પદાર્થ ત્રણ ગુણોને વધારે છે. એ પદાર્થોમાં વિદ્વાન લોક જે પદાર્થોની પ્રશંસા કરે છે, તેને સાત્વિક પદાર્થ જાણવા. વિદ્વાન લોક જે પદાર્થોને નિંદે છે, તેને તામસ પદાર્થ જાણવા, અને વિદ્વાન લોક જે પદાર્થોની સ્તુતિ કે નિંદા કાંઇ પણ કરતા નથી તેને રાજસ પદાર્થ જાણવા. ૫ પુરૂષે-સત્વગુણની વૃદ્ધિને અર્થે કેવળ સત્વિક પદાર્થોનુંજ સેવન કરવું જોઇએ, જેમકે નિવૃત્તિ શાસ્ત્ર કે-જે સાત્વિક છે, તેનું સેવન કરવું; પરંતુ જે રજોગુણી પ્રવૃત્તિ શાસ્ત્ર અને તમો ગુણી પાખંડ શાસ્ત્ર છે તેનું સેવન ન કરવું. તીર્થનું જળ કે જે સાત્વિક છે, તેનું સેવન કરવું; પરંતુ રજો ગુણી સુગંધી જળ અને તમોગુણી મદિરા-આદિના જળનું સેવન ન કરવું. નિવૃત્તિવાળા લોક કે-જે સાત્વિક છે, તેનું સેવન કરવું; પરંતુ રજોગુણી રાજમાર્ગ અથવા તમોગુણી દ્યુતના પ્રદેશનું સેવન ન કરવું, પ્રભાતાદિકકાળ કે-જે સાત્વિક છે, તેનું ધ્યાનાદિકમાં સેવન કરવું; પરંતુ રજોગુણી પ્રદોષકાળ અથવા તમોગુણી મધ્યરાતનો કાળ તેનું સેવન કરવું નહિ, નિત્યકર્મ કે-જે સાત્વિક છે તેનું સેવન કરવું; પરંતુ રજોગુણી કામ્યકર્મ અથવા તમોગુણી અભિચારાદિ કર્મનું સેવન ન કરવું, વૈષ્ણવ અથવા શૈવ દીક્ષારૂપ જન્મ કે જે સાત્વિક છે તેનું સેવન કરવું; પરંતુ રજોગુણી શાક્તદીક્ષા અથવા

તમોગુણી ક્ષુદ્ર દીક્ષારૂપ જન્મ તેનું સેવન ન કરવું. વિષ્ણુનું ધ્યાન કે જે સાત્વિક છે, તેનું સેવન કરવું; પરંતુ રજોગુણી સ્ત્રીનું ધ્યાન અથવા તમોગુણી શત્રુનુ ધ્યાન છે, તેનું સેવન ન કરવુ. પ્રણવાદિક સાત્વિક મંત્રોનું સેવન કરવું, પરંતુ રજોગુણી કામ્યમંત્ર અથતમોગુણી ક્ષુદ્ર મંત્રોનું સેવન ન કરવું. મનને શુદ્ધ કરનારા સાત્વિક સંસ્કારનું સેવન કરવું; પરંતુ રજોગુણી દેહના સંસ્કારનું કે તમોગુણી માંસાદિકના સંસ્કારનું સેવન ન કરવું. આ પ્રમાણે કરવાથી સત્વગુણની વૃદ્ધિ થાય છે, અને તેથી ભક્તિરૂપ ધર્મ સિદ્ધ થાય છે, અને ભક્તિરૂપ ધર્મથી જ્ઞાન ઉત્પન્ન થાય છે. જો કે મહાવાક્યના શ્રવણથીજ જ્ઞાન ઉત્પન્ન થાય છે; તોપણ આત્માની અપરોક્ષતા અને સ્થુળદેહ તથા સુક્ષ્મદેહના કારણરૂપ ગુણોનો ત્યાગ થવા પર્યંત જ્ઞાન ભક્તિરૂપ ધર્મથી પ્રાપ્ત થાય છે.૬ ગુણોના ક્ષોભથી ઉત્પન્ન થયેલ દેહ પોતાના આશ્રયરૂપ ગુણોને પોતાનાથીજ ઉત્પન્ન થયેલી વિદ્યાથી નિવૃત્ત કરીને પોતે પણ શી રીતે નિવૃત્ત થઇ જાય છે? એવી શંકા કરવી નહિ; કેમકે વાંસ પરસ્પર ઘસાવાથી ઉત્પન્ન થયેલો અગ્નિ જેમ પોતાથી પ્રકટ થયેલી જ્વાળાઓથી વાંસના વનને બાળીને પછી પોતે પણ શાંત થઇ જાય છે, તેમ ગુણોના ક્ષોભથી ઉત્પન્ન થયેલો દેહ પોતાનાથી ઉત્પન્ન થયેલી વિદ્યાથી ગુણોને બાળીને પોતે પણ શાંત થઇ જાય છે. ૭

ઉદ્ધવજી પુછેછે —હે કૃષ્ણ ! જીતેંદ્રિયપણાથી સાત્વિક પદાર્થોનું સેવન કરવામાં આટલો બધો પુરૂષાર્થ છે, અને રજોગુણી તથા તમોગુણી વિષય દુઃખરૂપ છે, એમ જાણવા છતાં પણ ઘણા લોક, કુતરા, ગધેડા, અને બકરાની પેઠે તે વિષયોનું સેવન કરે છે, તેનું શું કારણ છે?* ૮

શ્રી ભગવાન કહે છે—અવિવેકી મનુષ્યના દેહાદિકમાં 'હું છુ' એવી ખોટી બુદ્ધિ પરિપુર્ણ રીતે વ્યાપી જાય છે, અને તે ખોટી બુદ્ધિને લીધે સત્વગુણનાકાર્યરૂપ મનમાં દુઃખરૂપ રજોગુણ વ્યાપી જાય છે. ૯ રજોગુણ વ્યાપી જવાથી મનમાં સંકલ્પ વિકલ્પ ઉત્પન્ન થાય છે. સંકલ્પ વિકલ્પ ઉઠવાથી દુષ્ટબુદ્ધિવાળામનુષ્યને દુષ્ટ વિષયો પ્યારા લાગેછે અને તેથી અત્યંત દુઃસહ તૃષ્ણા ઉત્પન્ન થાય છે. ૧૦ તૃષ્ણા ઉત્પન્ન થવાથી રજોગુણના વેગથી મોહિત થયેલો અજીતેંદ્રિય પુરૂષ કર્મોને પરિણામે દુઃખરૂપ જાણ્યા છતાં તૃષ્ણાને વશ થઇને, વિષય ભોગવવાને માટે તે કર્મો કરે છે, માટે દેહાદિકમાં મિથ્યા અહંકાર રાખીનેજ વિષયોને ભોગવે છે એમ જાણો. ૧૧ જો કે કોઇ સમય રજો ગુણ વિક્ષેપ કરે, અને તમોગુણ મોહ કરે; તો પણ વિવેકી પુરૂષે, પ્રમાદનો ત્યાગ કરી, મનને રોકી અને વિષયોમાં દોષદ્રષ્ટિથી જોવું, જેથી વિષયોમાં આસક્તિ ન થાય. ૧૨ વિષયોમાં દોષદ્રષ્ટિ રાખ્યા છતાં પણ મનનો નિરોધ ન થઇ શકે તો તેનો આ પ્રમાણે કહેલો ઉપાય છેઃ—આળસનો ત્યાગ કરી નિત્ય આસન જીતીને નિત્ય ત્રણવાર પ્રાણાયામ કરવાનો નિયમ રાખવો, અને સાવધાન થઇને ધીરે ધીરે મારામાં મન લગાડવું. તેમ કરવાથી મન વિષયોમાં જતાં અટકે છે. ૧૩ સર્વ વિષયોમાંથી મનને ખેંચીને સાક્ષાત મારા સ્વરૂપમાંજ પરિપુર્ણ રીતે જોડી દેવું, એજ મુખ્ય યોગ છે. એ અમારા શિષ્ય સનકાદિકોએ નિર્ણય કરેલો છે. માટે વિષયોથી ગુંથાયેલું મન વિષયોથી જુદું પડીને ઇશ્વરનિષ્ઠ થઇ જાય તેમ કરવું. ૧૪

ઉદ્ધવજી પુછે છે—હે કેશવ ! અતિવૃદ્ધ સનકાદિકને આપે આ અવતારમાં શિષ્ય કરેલા હોય એમ તો સંભવેજ નહિ; આપે સનકાદિકોને ક્યારે અને કયા રૂપથી યોગનો ઉપદેશ કર્યો હતો તે સમયને તથા રૂપને જાણવાને ઇચ્છું છું, માટે આપ કહો. ૧૫

શ્રી ભગવાન કહે છે—હે ઉદ્ધવ ! આ

* કુતરા કુતરીથી તિરસ્કાર પામતાં છતાં વિષય ભોગવે છે, ગધેડાઓ ગધેડીની લાતો ખાતાં પણ વિષયનું સેવન કરે છે, બકરાઓને મારવાને માટે લાવવામાં આવેલ હોય, તોપણ તેઓ તે સમય નિર્લજ્જપણું દર્શાવે છે.

બ્રહ્માના મનથી ઉત્પન્ન થયેલા પુત્ર સનકાદિકોએ પોતાના પિતા બ્રહ્મા પાસેથી યોગની સુક્ષ્મ પરાકાષ્ઠાના વિષયમાં આ પ્રમાણે પ્રશ્ન કર્યો હતા.

સનકાદિક પુછે છે—હે પ્રભુ ! ચિત્ત પોતાના સ્વભાવથીજ રાગાદિકથી વિષયોમાં પ્રવેશ કરે છે, અને અનુભવેલા વિષયો વાસના રૂપથી ચિત્તમાં પ્રવેશ કરે છે, તો વિષયોનો ત્યાગ કરવાની ઇચ્છાવાળો મુમુક્ષુ પુરૂષ એ બન્નેને પરસ્પર શી રીતે જુદાં કરે? ૧૭

શ્રી ભગવાન્ કહે છે—હે ઉદ્ધવ! આ પ્રમાણે સનકાદિકોએ પુછ્યું, ત્યારે જગતને રચનારા મોટા દેવ બ્રહ્મા વિચાર કરવા લાગ્યા; પરંતુ તેમની બુદ્ધિ બીજાં કામોમાં લાગેલી હોવાથી તેઓના પ્રશ્નનું બીજ ધ્યાનમાં આવ્યું નહિ. ૧૮ એ પ્રશ્નનો અભિપ્રાય અને ઉત્તર જાણવાની ઇચ્છાથી બ્રહ્માએ મારૂં ધ્યાન કર્યું, ત્યારે તે વખતે હું હંસ રૂપ ધારણ કરીને તેમની પાસે ગયો.* ૧૯ મને જોઈને એ સનકાદિકોએ બ્રહ્માને આગળ કરી, મારી પાસે આવી, મારા ચરણોમાં પ્રણામ કરીને મને પુછ્યું કે–'તમે કોણ છો ?' ૨૦ હે ઉદ્ધવ ! તત્વ જાણવાને ઈચ્છનારા મુનિઓએ એ પ્રમાણે પ્રશ્ન કર્યો, ત્યારે તેઓને મેં જે કહ્યું, તે હું તમને કહું છું, સાંભળો– ૨૧ મેં તેઓને કહ્યું–તમે આત્માને લઇને પુછો છો કે આત્માની ઉપાધિરૂપ ભૂતસમૂહને લઇને પુછો છો ? આત્માને લઇને પુછતા હો તો પરમાર્થરૂપ આત્મામાં ભેદ ન હોવાથી 'તમે કોણ છો ?' એમ પુછવું, કે–જે અનેકોમાંથી એકનો નિશ્ચય કરવા રૂપ છે. તે સંભવતું નથી- અને હું કે-જે ઉત્તર દેનારો છું તે હું કયો વિશેષ લઇને તમને ઉત્તર આપું ? જાતિ અથવા ગુણાદિક રૂપ કોઇ વિશેષ આત્મામાં હોય તો તેને લઇને ઉત્તર દેવામાં આવે છે કે–'હું અમુક જાતિનો અથવા અમુક ગુણવાળો છું.' પરંતુ આત્મામાં એવો કોઇ પણ વિશેષ નથી, માટે ઉત્તર દઈ શકાય એમ નથી; કેમકે પ્રથમ તમારો પ્રશ્નજ સંભવે નહિ. ૨૨ આત્માના ઉપાધિરૂપ ભુતસમુહને લઇને પુછતા હો; તો પણ દેવ અને મનુષ્ય આદિનાં સવ શરીર પંચભુતાત્મકતાને લીધે પરસ્પરથી ભિન્ન નથી, અને પરમ કારણ (પરબ્રહ્મ) રૂપથી પણ પરસ્પરથી ભિન્ન નથી; પરંતુ સમ છે, માટે 'તમે કોણ છો ?' એવો તમારો પ્રશ્ન વ્યર્થ અને કેવળ કથન માત્ર છે. મન, વચન, દ્રષ્ટિ અને બીજી ઇંદ્રિયોથી પણ કાંઈ ગ્રહણ કરવામાં આવે છે, તે હુંજ છું. મારાથી ભિન્ન કાંઇ પણ નથી એમ તમે તત્વ વિચારથી જાણો આ વાક્યમાં 'હું સર્વાત્મક છું' એ પ્રકારે પ્રશ્નનો ઉત્તર પણ સાથે ને સાથે આપવામાં આવ્યો. ૨૩–૨૪ હે પુત્રો ! વિષયોમાં પ્રવેશ કરનારૂં ચિત્ત અને ચિત્તમાં પ્રવેશ કરનારા વિષયો એ બન્ને જીવ કે–જે મારારૂપે છે. તેની અધ્યાસ કરેલી ઉપાધિરૂપ છે. જીવના સ્વરૂપભુત નથી. ૨૫ માટે ચિત્ત અને વિષય કે–જે ગુથાયેલા છે, તે બન્નેને અનિત્ય સમજીને નીજ સ્વરૂપમાં બ્રહ્મત્વની ભાવના કરવામાં આવે તો, રાગાદિક ન હોવાથી ચિત્ત અને વિષય પોતાની મેળેજ જુદાં પડી જશે. વિષયોને લીધે થતા સંસારને લીધે વારંવાર વિષયોમાં પ્રવેશ કરતું જે ચિત્ત અને વાસના રૂપથી ચિત્તમાં પ્રકટ થતા વિષયો, એ બન્નેનો આપ બ્રહ્મરૂપ થઇને ત્યાગ કરો. ૨૬ 'જીવ કે જે જાગ્રતાદિક અવસ્થાવાળો છે, તેને પરબ્રહ્મપણું શી રીતે ઘટે ?' એવી શંકા ન કરવી; કેમકે જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણે અવસ્થા બુદ્ધિની વૃત્તિઓ છે, અને તે સ્વાભાવિક નથી; પરંતુ અનુક્રમથી સત્વ, રજ અને તમોગુણથી થાય છે, જીવ તો તે અવસ્થાઓનો સાક્ષી છે, માટે તે અવસ્થાઓથી રહિત છે. ૨૭ આપણામાં બુદ્ધિનો જે અધ્યાસ થયેલો છે. 'તેથી હું જાગું છું અને હું સુતો છું' એવો ભાસ થાય છે. વસ્તુતઃ આત્માને અવસ્થાની

* હંસરૂપ ધારણ કરવાનો એ અભિપ્રાય હતો કે–'હંસ જેમ દૂધ અને પાણીને જુદાં કરી નાંખે છે, તેમ હું ગુણ અને ચિત્તને જુદાં કરવાને માટે સમર્થ છું, એ જણાવવાને હંસરૂપ ધારણ કર્યું હતું.

સાથે કાંઈ પણ સંબંધ નથી, માટે સાક્ષી સ્વરૂપમાં રહીને જ્યારે મિથ્યાભુત બુદ્ધિના અધ્યાસનો ત્યાગ કરે, ત્યારે ચિત્તથી વિષય અને વિષયોથી ચિત્ત પોતે પોતાની મેળે ભિન્ન થઇ જાય છે. ૨૮ એ રીતે મિથ્યા અધ્યાસનું તથા બંધનું કારણ અહંકાર છે, તે આનંદાદિકનું આવરણ કરીને અનર્થનું કારણ થયેલો છે, અને આ સર્વ સંસાર દુઃખ રૂપ છે, એમ જાણીને ત્રણે અવસ્થાઓથી જુદા ચોથા સ્વરૂપમાં રહીને બુદ્ધિના અધ્યાસનો અને તેની કરેલી ભોગની ચિંતાનો ત્યાગ કરવો. ૨૯ જ્યાં સુધી પુરૂષની ભેદદ્રષ્ટિ યુક્તિથી નિવૃત્ત ન થાય. ત્યાં સુધી તે પુરૂષ કર્માદિકમાં જાગતો છતાં પણ સ્વપ્નમાં પોતાને જાગતા મનુષ્યની પેઠે સ્વપ્નોનેજ દેખે છે, કેમકે તેને યથાર્થ જ્ઞાન થયેલું નથી. ૩૦ ‘વર્ણ, આશ્રમ અને તે સંબંધી કર્માદિકની ભેદદ્રષ્ટિ જે વેદમાં નિરૂપણ કરેલી છે, તે શી રીતે નિવૃત્ત થાય?’ એવી શંકા થાય તો તે પણ નિર્મૂળ છે; કારણ કે દેહાદિક પદાર્થ અનિત્ય છે, માટે એ પદાર્થોના કરેલા વર્ણાશ્રમાદિક ભેદ તથા સ્વર્ગાદિક ફળ અને તે ફળોને આપનારાં કર્મો પણ આત્માની આગળ મિથ્યાજ છે. સ્વપ્નાવસ્થાને જોતા જીવને સ્વપ્નામાં દેહાદિક મિથ્યા હોવાથી, જેમ તે સ્વપ્ન સંબંધી દેહાદિકના કરેલા ભેદ, ફળો અને કર્મો મિથ્યા છે, તેમ આત્માને ઉપર કહેલાં સર્વ મિથ્યા છે. અજ્ઞાની પુરૂષને માટેજ વેદ છે, પણ જ્ઞાનીને માટે નથી એમ જાણો. ૩૧ હવે જે યુક્તિઓથી ભેદદ્રષ્ટિ ટળી જાય છે, તે યુક્તિઓ કહું છું. જાગ્રત અવસ્થામાં જેની ક્ષણ ક્ષણમાં સ્થિતિ બદલાય છે, તેમ બહાર દેહાદિક પદાર્થોને સર્વ ઇંદ્રિયોથી જે ભોગવે છે, સ્વપ્નાવસ્થામાં જેની સ્થિતિ ક્ષણ ક્ષણમાં બદલાય છે. એવા, તથા મનમાંજ ઉત્પન્ન થયેલ જાગ્રત અવસ્થામાં જોયેલા પદાર્થોના જેવા વાસનામય દેહાદિક પદાર્થોને જે ભોગવે છે, અને સુષુપ્તિ અવસ્થામાં એ સર્વને સમેટી લે છે, તે એકજ છે; કારણ કે એ અવસ્થાઓના દ્રષ્ટા છે, જો કે જાગ્રત અવસ્થાને સર્વ ઇંદ્રિયો દેખે છે, સ્વપ્નાવસ્થાને મન દેખે છે, અને સુષુપ્તિ અવસ્થાને જાગ્રત તથા સ્વપ્નના અવશેષ સંસ્કારવાળી બુદ્ધિ દેખે છે, એમ જણાય છે; તો પણ એ સર્વ ઇંદ્રિયોનો, મનનો તથા બુદ્ધિનો નિયંતા આત્મા જ છે; માટે આત્મા જ એ સર્વ અવસ્થાઓનો દ્રષ્ટા છે, એમ જાણવું શાસ્ત્રમાં જાગ્રતમાં દ્રષ્ટા વિશ્વ, સ્વપ્નનો દ્રષ્ટા તૈજસ, અને સુષુપ્તિનો દ્રષ્ટા પ્રાજ્ઞ છે. એમ જુદાં જુદાં નામ આપવામાં આવ્યાં છે; પરંતુ એ નામોવાળો દ્રષ્ટા એકજ છે; કારણ કે જે હું સ્વપ્નોને જોતો રહ્યો અને તે પછી કાંઇ પણ જાણતો નહુતો, તે જ હું હમણાં જાગું છું, એવી સ્મૃતિ થાય છે, માટે સર્વ અવસ્થાઓમાં એકનોજ અન્વય છે, વિશ્વાદિક નામનો વ્યવહાર તો અવસ્થા રૂપ ઉપાધિના ભેદને લીધે થયો છે. ૩૨ એ ત્રણ અવસ્થાઓ કે જે ગુણોને લીધે મનનેજ થાય છે, તે મારા અજ્ઞાનથી મારામાં મેં માની લીધી છે, એવો વિચાર કરીને આત્મસ્વરૂપનો નિશ્ચય કરતાં તમે અનુમાનોથી અને સદ્‌ગુરૂના ઉપદેશોથી તીક્ષ્ણ થયેલ જ્ઞાનરૂપ ખડ્‌ગથી સર્વ સંશયોના સ્થાનરૂપ અહંકારને કાપીને હું કે જે હૃદયમાંજ રહેલો છું, તેનું ભજન કરો. ૩૩ આ જગત ભ્રાંતિ માત્ર છે; કારણ કે તે મનના વિલાસરૂપ છે, દેખાય છે અને નાશ પામે છે. જેજે મનના વિલાસ રૂપ, દેખાતું, તથા નાશ પામતુ હોય તે ભ્રાંતિ રૂપજ હોય છે. અને યુક્તિ એ દ્વૈત ભ્રાંતિરૂપ સિદ્ધ થાય છે. કારણ કે તે અતિ ચંચળ છે, જે જે અતિ ચંચળ હોય, તે ભ્રાંતિ રૂપજ હોય; જેમ કે–ઊંબાડીઆંનું ચક્કર અત્યંત ચપળ છે; માટે ભ્રાંતિ રૂપ છે, બ્રહ્મમાં આ અનેક પ્રકારવાળા જગતની ભ્રાંતિ થઇ છે, માટે ભ્રાંતિના અધિષ્ઠાન રૂપ એક બ્રહ્મજ જાણે અનેક પ્રકારવાળું થયેલ હોય એમ જણાય છે. વાસ્તવિક રીતે જોતાં તો ગુણોના પરિણામથી થયેલ એ અધ્યાત્મ અધિભુત, અને અધિદૈવ સઘળો પ્રપંચ કેવળ માયામાત્ર

છે. ૩૪ એ માટે દ્રશ્યમાંથી દ્રષ્ટિ ખેંચીને પોતાના સ્વરૂપ સુખનો અનુભવ કરવો. અને તે અનુભવને નિશ્ચળ કરવાને માટે તૃષ્ણા રહિત ચુપચાપ થતા મન, વાણી તથા કાયાના વ્યાપારથી રહિત થવું. દેહધારિયોની દ્વૈત દ્રષ્ટિ સર્વથા નિવૃત્ત થઈ જાય, એવો સંભવ નથી. માટે ફરીથી પાછા સંસારમાં જન્મ મરણ થશે, એવી શંકા રાખવી નહિ. કારણ કે આહાર આદિક આવશ્યક કર્મોમાં જો કે દ્વૈત જોવામાં આવે છે; તો પણ તેનો અવસ્તુ બુદ્ધિથી જ્યારે ત્યાગ કરી દીધો છે, ત્યારે તે પાછો મોહ ઉત્પન્ન કરી શકતો નથી. ૩૫ મદિરાના મદથી ભાન રહિત થયેલો પુરૂષ જેમ પહેરેલાં વસ્ત્રને ગયેલાં કે રહેલાં જાણતો નથી, તેમ જીવન્મુક્ત જ્ઞાની પુરૂષ પણ આ નાશવંત દેહ આસન ઉપર બેસે, બેસીને ઉભો થાય, ઉઠીને બહાર જાય, અને બહારથી પાછો આવે, તેનું તેને ભાન રહેતું નથી; કેમકે તે સ્વરૂપને જાણી ચુકેલો છે. ૩૬ દેહ કે–જે પાલન કરવા છતાં પણ મરવાને તૈયાર થઇ જાય છે, તેને જીવન્મુક્ત પુરૂષ સંભાળતો નથી, માટે દેહ પડી જશે, એવી શંકા કરવી નહિ; કારણ કે પ્રારબ્ધકર્મને લીધે ચાલતો આ દેહ જ્યાં સુધી પોતાને ઉત્પન્ન કરનારાં પ્રારબ્ધકર્મ રહેશે, ત્યાં સુધી પ્રાણ અને ઇંદ્રિયોની સાથે રહીને જીવતો રહેશે. ત્યારે જીવતા રહેલા દેહમાં કોઇ સમય જ્ઞાની આસક્ત થઇ જાય, એવી શંકા કરવી નહિ, કારણ કે સમાધિ પર્યંત યોગને પામેલો અને તેથી જેણે પરમાર્થ વસ્તુ જાણી લીધી છે એવો પુરૂષ, સ્વપ્ના જેવા આ દેહમાં પાછો આસક્ત થતો નથી. ૩૭ હે વિપ્રો! સાંખ્ય અને યોગમાર્ગનું જે રહસ્ય છે. તે મેં તમને કહ્યું. આપને જ્ઞાનનો અને ધર્મનો ઉપદેશ કરવાને માટેજ હું વિષ્ણુ આવ્યો છું એમ જાણો. ૩૮ હે શ્રેષ્ઠ બ્રાહ્મણો! યોગ, સાંખ્ય, જાણવામાં તથા પાળવામાં આવતો ધર્મ, પ્રભાવ, લક્ષ્મી, કીર્તિ અને જીતેંદ્રિયપણું એ સાધનોથી મેળવવાના જે પદાર્થ છે. તે હું છું. ૩૯ હું નિર્ગુણ, અપેક્ષા રહિત, સર્વનો બંધુ, પ્રિય અને આત્મારૂપ ઈશ્વર છું, તેનામાં સમતા અને અસંગપણું આદિ સર્વ ગુણો સદા રહે છે, તેથી મારાં વચનો ઉપર દ્રઢ વિશ્વાસ રાખો. ૪૦ હે ઉદ્ધવ! એ રીતે મેં સંદેહ દુર કરી દીધો, ત્યારે સનકાદિક મુનિઓએ પરમ ભક્તિથી મારો સત્કાર કર્યો. અને સ્તોત્રોથી સ્તુતિ કરી. ૪૧ એ મહાત્માઓએ મારી ઉત્તમ પ્રકારે પુજા તથા સ્તુતિ કર્યા પછી હું પણ બ્રહ્માના દેખતાં ત્યાંથી પાછો મારા ધામમાં ગયો. ૪૨

तैरहं पूजितः सम्यक् संस्तुत परमर्षिभिः॥
प्रत्येयाय स्वकं धाम पश्यतः परमेष्ठिनः

ઇતિશ્રી ભાગવત મહાપુરાણના એકાદશ સ્કંધમાં "ભગવાને ઉદ્ધવજીને આપેલો જ્ઞાનોપદેશકથન" નામે ૧૩ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૪ મો.

ભક્તિની ઉત્તમતા, તથા સાધનો સહિત ધ્યાનયોગનું વર્ણન.

उद्धव उवाच.

वदंति कृष्ण श्रेयांसि बहूनि ब्रह्मवादिनः॥
तेषां विकल्प प्राधान्यमुताहो एकमुख्यता॥

ઉદ્ધવ પુછે છે—હે કૃષ્ણ! વેદવેત્તા પુરૂષો અનેક સાધનો કહે છે, તો તે પ્રત્યેક સાધન મુખ્ય છે, કે તેમાંનું એક મુખ્ય છે? ૧ હે સ્વામી! જેથી મન સર્વમાંથી સંગ છોડીને તમારામાં લાગી જાય, એવો નિષ્કામ ભક્તિયોગ સાધન છે, એમ આપે કહ્યું, અને બીજા લોક વળી બીજાં સાધન દર્શાવે છે, માટે હું પુછું છું કે–એ પ્રત્યેક સાધન ફળ આપવામાં મુખ્ય છે કે તેમાંનાં કેટલાંક મુખ્ય અને કેટલાંક ગૌણ છે, પ્રત્યેક સાધન ફળ આપનારાં હોય; તોપણ સર્વનાં ફળ સરખાં છે? કે કાંઇ તફાવત છે? તે કહો. ૨

શ્રી ભગવાન કહે છે—હે ઉદ્ધવ! સર્વોત્તમ ફળ આપનારી ભક્તિજ મુખ્ય છે, અને

બીજાં સાધનો તો પોતપોતાના સ્વભાવાનુસાર લોકોએ અજ્ઞાનથી મુખ્ય માનેલાં છે, વસ્તુત: સર્વ ક્ષુદ્ર ફળ આપનારાં છે, પ્રલયમાં કાળથી નાશ પામેલી આ વેદરૂપી વાણી, કે—જેમાં મારામાં મન લાગી જાય એવા ધર્મનું નિરૂપણ કરેલું છે, તે વાણી મેં પ્રથમ બ્રહ્માને કહી, બ્રહ્માએ પોતાના મોટા પુત્ર મનુને કહી, અને મનુ પાસેથી મહા ઋષિ ભૃગુઆદિ સાત પ્રજાપતિએ ગ્રહણ કરી. ૩-૪ તે પ્રજાપતિઓ પાસેથી તેના પુત્ર, દેવ, દાનવ, યક્ષ, મનુષ્ય, સિદ્ધ, વિદ્યાધર, ચારણ, કિંદેવ, કિન્નર, નાગ, રાક્ષસ અને કિંપુરૂષ વગેરે શીખ્યા. ૫ તેઓની રજોગુણ, સત્વગુણ, અને તમોગુણથી થયેલી વાસનાઓ અનેક પ્રકારની છે. કે જે વાસનાઓથી પ્રાણીઓનાં જુદાં જુદાં શરીર અને જુદી જુદી બુદ્ધિઓ થઇ છે, એ સર્વેએ જેવી જેવી પોતાની વાસના કહી તે અનુસાર વેદવાક્યોનું વ્યાખ્યાન જુદું જુદું કર્યું છે. ૬-૭ આ પ્રમાણે કેટલાક મનુષ્યોની બુદ્ધિ સ્વભાવની વિચિત્રતાને લીધે જુદી પડે છે, કેટલાક લખતાં વાંચતાં ન શીખ્યા હોય; તોપણ તેઓની બુદ્ધિઓ પુરાતન રૂઢીને લીધે જુદી પડે છે, અને કેટલાકાની બુદ્ધિઓ તો વેદથી વિરૂદ્ધ પાખંડ વિષયમાંજ લાગી રહે છે. ૮ હે પુરૂષ શ્રેષ્ઠ ! મારી માયાથી મોહિત બુદ્ધિવાળા પુરૂષ પોતપોતાનાં કર્મ અને રૂચિ પ્રમાણે જુદા જુદા પ્રકારનાં કલ્યાણનાં સાધન કહે છે. ૯ મિમાંસક લોકો ધર્મને, સાહિત્યશાસ્ત્રીઓ યશને, વાત્સ્યાયન—આદિ કામશાસ્ત્રીઓ કામને, યોગાભ્યાસીઓ સત્ય, દમ, અને શમને; રાજનીતિવાળા ઐશ્વર્યને, ચાર્વાક નાસ્તિક, લોક દાન તથા ભોગને; અને બીજા લોક યજ્ઞ, તપ, દાન, વ્રત, નિયમ તથા યમોને પુરૂષાર્થ કહે છે. ૧૦ એ સર્વ લોકોને પોતપોતાનાં કર્મથી જે લોક ફળ રૂપે મળે છે, તે સર્વ આદિ અંતવાળા પરિણામે દુ:ખથી ભરેલા, તુચ્છ આનંદવાળા, અને શોકથી વ્યાપ્ત છે. ૧૧ હે ઉદ્ધવ ! જેવા તમે મને વહાલા છો એવા, મારા પુત્ર બ્રહ્મા પણ પ્યારા લાગતા નથી. શ્રીસદાશિવજી મારા સ્વરૂપભુત છે; પરંતુ તે પણ તમારા જેવા પ્રિય નથી, બળદેવજી ભાઈ છે; તો પણ તમારા જેવા પ્રિય નથી. લક્ષ્મીજી સ્ત્રી છે; તોપણ તમારા જેવી પ્રિય નથી, અને મારી મૂર્તિ પણ મને તમારા જેવી પ્રિય નથી. ૧૫ તૃષ્ણા રહિત, શાંત, વૈરભાવ વગરના સમ બુદ્ધિવાળા ભક્તની પાછળ હું પણ 'ભક્તના ચરણની રજથી મારામાં રહેલા બ્રહ્માંડોને પવિત્ર કરૂં' આવા ભાવથી ચાલ્યો જાઊંછું. ૧૬ કોઇપણ વસ્તુનો સંગ્રહ ન કરનારા, જેનું મન કેવળ મારામાં લાગી રહેલું છે એવા, શાંત, નિરભિમાની, સર્વ જીવો ઉપર પ્રેમ રાખનારા, અને વિષયો જેના મનનો સ્પર્શ કરતા નથી એવા, અને જે મારા ભક્ત મને પ્રસન્ન રાખે છે, તેજ નિષ્કામસુખને જાણે છે, બીજા કોઇપણ જાણતા નથી. ૧૭ આતો ઉત્તમ ભક્તની વાત કહી; પરંતુ મારા પ્રાકૃત ભક્ત પણ કૃતાર્થ છે, જેની ઇંદ્રિયો જીતાયલી નથી, એવા મારા પ્રાકૃત ભક્તને વિષયો પોતાના તરફ ખેંચે છે; તોપણ તે ઘણું કરીને ભક્તિના સામર્થ્યને લીધે વિષયોથી પરાભવ પામતા નથી. ૧૮ હે ઉદ્ધવ ! મોટી જ્વાળાવાળો અગ્નિ જેમ કાષ્ઠને બાળીને ભસ્મ કરી દે છે, તેમ મારી ભક્તિ સર્વ પાપોને ભસ્મ કરી દે છે ૧૯ જે પ્રમાણે વૃદ્ધિ પામેલી મારી ભક્તિ મને વશ કરે છે, તે પ્રમાણે યોગ, સાંખ્ય, ધર્મ, વેદાધ્યયન, તપ તથા દાન પણ મને વશ કરતાં નથી. ૨૦ પ્રિય આત્મારૂપ હું શ્રદ્ધાથી ઉત્પન્ન થયેલી ભક્તિથીજ સત્પુરૂષોને વશ થઇ જાઊંછું. મારી ભક્તિ ચંડાળ લોકોને પણ જાતિદોષથી પવિત્ર કરી દેછે. ૨૧ સત્ય અને દયાવાળો ધર્મ અને તપયુક્ત વિદ્યા પણ મારી ભક્તિ વગરના ચિત્તને સઘળી રીતે પવિત્ર કરી શકતી નથી. ૨૨ શરીરમાં રોમાંચ ઉભાં થયા વગર, ચિત્ત પીગળી ગયા વગર, આનંદાશ્રુનાં બિંદુઓ પડયા વગર, ભક્તિ શી રીતે જણાય ? અને ભક્તિ વગર અંત:કરણ શી રીતે શુદ્ધ થાય ? ૨૩ જે પુરૂષની વાણી ગળગળી થઇ જાય, તથા ચિત્ત વારંવાર પીગળી જાય, અને જે પુરૂષ લાજ છોડીને કોઇ સમયે રૂ,

કોઈ સમયે હસે, કોઇ સમયે ઊંચા સ્વરથી ગાય, અને કોઇ સમય નાચે, એવા મારી ભક્તિવાળા પુરૂષો સર્વ લોકોને પવિત્ર કરેછે, ત્યારે પોતાના આત્માને પવિત્ર કરે તેમાં તો કહેવુંજ શું ? ૨૪ જેમ સુવર્ણ અગ્નિમાં તપાવવાથીજ પોતાના મેલનો ત્યાગ કરે છે, અને પાછું પોતાના સ્વરૂપને પામે છે, તેમ ચિત્ત પણ મારી ભક્તિના યોગથીજ પોતાની કર્મવાસનાઓનો ત્યાગ કરે છે, અને પાછો મારારૂપ થઈ જાય છે. ૨૫ મારી પવિત્ર કથાના શ્રવણથી તથા વર્ણનથી જેમ જેમ મન નિર્મળ થઇ જાય, તેમ તેમ સૂક્ષ્મ વસ્તુરૂપ પરબ્રહ્મ તેના જોવામાં આવે છે,જેમ આંજણથી નેત્ર સ્વચ્છ થતાં જાય છે, તેમ તેમ સૂક્ષ્મ પદાર્થ જોવામાં આવે છે. ૧૬ જે આત્મજ્ઞાનથી મુક્તિ થાય તે આત્મજ્ઞાન મારી ભક્તિ વગર થતું નથી, ચિત્ત મારારૂપ થઇ જાય એજ જ્ઞાન કહેવાય છે, અને એવું જ્ઞાન મારૂં ભજન કરનારા પુરૂષને સ્વયમેવ પ્રાપ્ત થઇ જાય છે. બીજા કોઇ યત્નની જરૂર રહેલી નથી, જેમ વિષયોનું ધ્યાન કરનારનું ચિત્ત વિષયોમાંજ લાગી રહે છે, તેમ મારૂં સ્મરણ કરનારનું ચિત્ત મારામાંજ લાગી રહે છે. ૨૭ એ માટે બીજું સાધન અને ફળ કે જે સ્વપ્ન અને મનોરથની પેઠે અસત્ કલ્પનારૂપ છે, તેનો ત્યાગ કરીને, મારા ભજનથી શુદ્ધ થયેલા ચિત્તને મારામાંજ સ્થિર કરો. ૨૮ સ્ત્રીઓનો તથા તેના સંગીઓનો સંગ દુરથીજ છોડી, ધીર થઇ, નિર્ભય અને એકાંત સ્થળમાં બેસી, આળસ છોડી દઇને મારૂં ચિંતવન કરો. ૨૯ સ્ત્રીઓના સંગથી અને તેના સંગીઓના સંગથી પુરૂષને જેવો કલેશ અને બંધન થાય છે, એવાં બંધન અને કલેશ બીજા કશાના પ્રસંગથી થતાં નથી, માટે કામ શાસ્ત્રમાં કહેલા માર્ગોનો ત્યાગ કરવો જોઇએ. ૩૦

ઉદ્ધવજી પુછે છે—હે કમળનયન પ્રભુ ! અને તો આપના દાસભાવરૂપ પુરૂષાર્થ મળી ચુક્યો છે તેથી મને મોક્ષની પણ ઇચ્છા નથી; તોપણ જેને મોક્ષની ઇચ્છા હોય, તેણે કેવી રીતે, જેવું; અને જેવા આપના સ્વરૂપનું ધ્યાન કરવું જોઇએ, તે મને કહો.૩૧

શ્રી ભગવાન્ કહે છે—હે ઉદ્ધવ! અતિ ઊંચું પણ નહિ અને અતિ નીચું પણ નહિ, એવું કામળા-આદિનું આસન બનાવીને, તેના ઉપર જેમ પોતાને અનુકુળ હોય, તેમ બેસીને શરીરને બરાબર રાખીને, ચિત્તની સ્થિરતા માટે પોતાના નાકની *અણી ઉપર દૃષ્ટિ રાખીને બન્ને હાથને ખોળામાં રાખીને, પુરક, કુંભક અને રેચકના ક્રમથી અથવા ઉલટા ક્રમ (રેચક, કુંભક અને પુરક) થી પ્રાણના માર્ગને શુદ્ધ કરવા. વિષયોમાંથી ઇંદ્રિઓને ખેંચીને, ધીરે ધીરે એ રીતે અભ્યાસ કરવો. ૩૨-૩૩ એક સગર્ભ અને બીજો અગર્ભ એવી રીતે પ્રાણાયામ બે પ્રકારનો છે. તેમાં સગર્ભ એટલે ૐકાર સહિત પ્રાણાયામનો વિષય હું કહું છું. ૐકાર કે-જે.મુળાધારથી લઇ, બ્રહ્મરંધ્રના છેડા સુધી કમળના નાળના તંતુની પેઠે સુક્ષ્મ અને અવિચ્છિન્ન છે, તેને મનમાં પ્રાણથી પ્રકટ કરીને પછી તે ૐકારમાં ઘંટાના નાદ સરખો ઉદાત્ત નાદ સ્થિર કરવો, ૪૩ આ પ્રમાણે પ્રતિદિન ત્રણે કાળે દશ દશવાર ઓંકાર સહિત પ્રાણાયામનો અભ્યાસ કરે, તો તે પુરૂષ એક માસમાં પ્રાણવાયુને વશ કરે છે. ૩૫ હવે કેવા સ્વરૂપનું ધ્યાન કરવું તે કહું છું. દેહમાં હૃદયકમળ છે, જે ઊંચા નાળવાળું, નીચે મુખવાળું, કેળના પોટા જેવું ખીલ્યા વગરનું છે, તેને નીચા નાળવાળું ઊંચા મુખવાળું, અને પ્રફુલ્લિત તથા આઠ પાંખડીવાળું, તથા કળીવાળું મનમાં ચિંતવીને તે કળીમાં સુર્ય, ચંદ્ર, અને અગ્નિનું ઉત્તરોત્તર ચિંતવન કરવું, તે અગ્નિના મધ્યમાં ધ્યાનના શુભ વિષય રૂપ મારા સ્વરૂપનું ધ્યાન કરવું. ૩૬-૩૭ સરખા અવયવવાળું, શાન્ત, સુંદર મુખવાળું, સુંદર લાંબી ચાર ભુજાઓથી શોભાયમાન, અતિરમણીય, સુંદર કંઠ તથા સુંદર કપોળવાળું, સ્વચ્છ, મંદહાસ્યવાળું, ૩૮ કાનોમાં મક-

* નેત્ર મીંચવાથી નિદ્રા આવે, અને ઉઘાડાં રાખવાથી વિષયોનાં દર્શનરૂપ વિક્ષેપ ઉઠે, એ કારણથી નાકની અણી ઉપર નેત્ર રાખવાનું કહેલું છે

રવા સરખાં દેદીપ્યમાન મકરાકૃત કુંડળોથી શોભાયમાન, સુવર્ણ સમાન પીળાં વસ્ત્ર ઓઢેલું, મેઘ સમાન શ્યામ વર્ણ, વક્ષઃસ્થળના જમણા પડખામાં શ્રીવત્સ, અને ડાબા પડખામાં લક્ષ્મીને ધારણ કરનાર, શંખ. ચક્ર, ગદા, અને પદ્મ ધારણ કરેલું, વનમાળાથી શણગારેલું, પગોમાં ઝાંઝર પેહેરેલું, કૌસ્તુભ મણિની કાંતિવાળું, તેજસ્વી મુગટવાળું, કડાં, કટિમેખળા તથા ભુજબંધ ધારણ કરેલું. સર્વ અંગોમાં સુંદર, મનોહર, પ્રસન્નતાને લીધે પ્રફુલ્લિત મુખ તથા નેત્રોવડે શોભતું અને અત્યંત સુકુમાર એવા મારા સ્વરૂપનાં સર્વ અંગોમાં મન રાખીને ચીંતવવું. ધીર પુરૂષે મન દ્વારા ઇંદ્રિઓને વિષયોમાંથી ખેંચીને, તે મનને બુદ્ધિની સહાયતાથી મારા સર્વ અંગયુક્ત સ્વરૂપમાં સારી રીતે લગાડવું જોઇએ. ૩૯-૪૨ હવે મારા કેવા સ્વરૂપનું ધ્યાન કરવું તે કહું છું, સર્વ અંગોમાં વ્યાપ્ત થયેલા તે ચિત્તને ખેંચીને પછી એક અંગમાં લગાવવું, અને બીજાં અંગોનું ધ્યાન છોડતા જવું, તેમાં પણ સર્વેની પછી સુંદર મંદહાસ્ય યુક્ત મુખમાં ઘણા સમય સુધી ચિત્તને લગાડી રાખવું. ૪૩ ચિત્ત મારા મુખમાં સારી રીતે સ્થિર થઇ જાય, ત્યારે તેને મુખમાંથી ખેંચીને, મારૂં સર્વેના કારણરૂપ સ્વરૂપ કે-જેનું. પ્રથમ વર્ણન કરવામાં આવ્યું છે, તેમાં લગાડી દેવું. પછી એ કારણરૂપ સ્વરૂપના ધ્યાનને પણ ત્યાગીને, શુદ્ધ બ્રહ્મમાં આરૂઢ થઇને, કોઇનું પણ ચિંતવન ન કરવું. ધ્યાતા અને ધ્યેયના વિભાગનો ત્યાગ કરવો. ૪૪ આ પ્રમાણે સમાધિ પર્યંત ધ્યાન કરનારો પુરૂષ મને પોતાના સ્વરૂપમાં જુએ છે, અને પોતાને તેજમાં જેમ તેજ લીન થઇ જાય છે, તેમ સર્વાત્મક મારા સ્વરૂપમાં સંયુક્ત થયેલ જુએ છે. ૪૫ આ પ્રમાણે અત્યંત તિવ્ર ધ્યાનથી મનનું સમાધાન કરનાર યોગીનાં અધ્યાત્મ, અધિભુત અને અધિદૈવ રૂપ અથવા દશ્ય, દ્રષ્ટા તથા દર્શનરૂપ ભ્રમ તુરત શાંત થઇ જશે. ૪૬

ध्यानेनेत्थं सुतीव्रेण युंजतो योगिनो मनः ।
संयास्यत्याशु निर्वाण द्रव्यज्ञान क्रियाभ्रमः॥

ઇતિશ્રી મહાપુરાણ ભાગવતના એકાદશ સ્કંધમાં 'ભગવાન ઉદ્ધવ સંવાદ' નામનો ૧૪ મો અધ્યાય સંપુર્ણ.

અધ્યાય ૧૫ મો.

શ્રી વિષ્ણુપદની પ્રાપ્તિમાં વિઘ્નરૂપ સિદ્ધિઓ.

શ્રીભગવાનુવાચ.

जितेंद्रियस्य युक्तस्य जित श्वासस्य योगिनः॥
मयि धारयतश्चत उपतिष्ठंति सिद्धयः॥१॥

શ્રી ભગવાન કહે છે--ઇંદ્રિયોને અને શ્વાસને જીતનારા સ્થિર ચિત્તવાળા તથા મારામાં ચિત્તની ધારણા કરનારા યોગીની પાસે સિદ્ધિઓ આવે છે. ૧

ઉદ્ધવજી પુછે છે—હે કૃષ્ણ! કેવી કેવી ધારણા કરવાથી કેવી કેવી સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે: અને સિદ્ધિઓ કેટલી છે? તે કહો. યોગિઓને સિદ્ધિઓ આપનારા આપજ છો. ૨

શ્રી ભગવાન કહે છે—હે ઉદ્ધવ! યોગના પારગામી પુરૂષોએ સિદ્ધિઓ તથા ધારણાઓ અઢાર કહેલી છે. તેમાં આઠ સિદ્ધિઓ તો મુખ્યત્વે કરીને મારામાંજ રહેલી છે, અને બાકીની દશ સિદ્ધિઓ તો સત્વગુણની વૃદ્ધિથી મળે છે, માટે તે બીજા યોગીઓમાં પણ રહે છે. ૩ અણિમા (મોટા શરીરમાંથી અણુ જેવું અત્યંત નાનું શરીર કરી દેવું), મહિમા (અતિ નાના શરીરમાંથી મોટું શરીર કરવું), લઘિમા (ભારે શરીરને હલકું કરી દેવું), પ્રાપ્તિ (પ્રાણી માત્રની ઇંદ્રિયોની સાથે તે તે ઇંદ્રિયોના દેવરૂપથી સંબંધ, પ્રાકાશ્ય (પરલોકના તથા આ લોકના સર્વ વિષયોમાં ભોગ જોવાનું સામર્થ્ય), ઇશિતા (ઇશ્વરમાં માયાની અને બીજાઓમાં માયાના અંશોની પ્રેરણા કરવાનું સામર્થ્ય), ૪ વશિતા (વિષયોના ભોગમાં અસંગ), અને

પ્રાકામ્ય (જે જે સુખની ઇચ્છા થાય તે તે સુખની સીમાને પોહોચવું). હે ઉદ્ધવ! એ આઠ સિદ્ધિઓ મારામાં સ્વાભાવિક રીતે રહેલી છે. ૫ હવે સત્વગુણની વૃદ્ધિથી મળનારી દશ સિદ્ધિઓનાં નામ કહું છું. અનૂર્મિત્વ (આ શરીરમાં ક્ષુધા અને તૃષાનું ન થવું), દુરશ્રવણ (દુરથી સાંભળવું), દુરદર્શન (દુરથી જોવું), મનોજવ (જ્યાં મન જાય ત્યાં શરીરનું પોહોચવું), કામરૂપ (મન ગમતું રૂપ ધરવું, પરકાય પ્રવેશન (બીજાના શરીરમાં પેસવું). સ્વચ્છંદ મૃત્યુ (પોતાની ઇચ્છા પ્રમાણે મરણ), દેવાસહ ક્રીડાનુદર્શન (દેવતા અપ્સરાની સાથે જે ક્રીડા કરે છે તે ક્રીડાઓની પ્રાપ્તિ), યથાસંકલ્પ સિદ્ધિ (સંકલ્પાનુસાર પ્રાપ્તિ), અને અપ્રતિહતાજ્ઞા (કોઇ સ્થળમાં આજ્ઞાનો ભંગ ન થવો). આ દશ સત્વગુણની વૃદ્ધિથી મળનારી સિદ્ધિઓ છે. ૭ ત્રિકાલજ્ઞત્વ (ત્રણે કાળનું જ્ઞાન થવું), અદ્વંદ્વ (શીત અને ઉષ્ણાદિકથી પરાભવ ન પામવો), પરચિત્તાદ્યભિજ્ઞતા (પારકાના ચિત્તને જાણવું), પ્રતિષ્ટંભ (અગ્નિ, સૂર્ય, જળ, કે વિષ આદિથી શરીરને કોઇ પ્રકારની હાનિ ન પોહોચવા દેવી), અને અપરાજય (કોઈ સ્થળમાં પરાજય ન થવો. એ પાંચ ક્ષુદ્ર સિદ્ધિઓ છે. ૮ યોગધારણાથી સિદ્ધ થનારી સિદ્ધિઓમાંથી આ મુખ્ય મુખ્ય સિદ્ધિઓ મેં તમને નામ માત્રથી કહી હવે જે જે ધારણાથી જે જે પ્રકારે મળે છે, તે હું કહું છું. ૯ મનને ભુત સૂક્ષ્મ એટલે પંચમહાભુતોના શબ્દ સ્પર્શ, રૂપ, રસ અને ગંધરૂપ તન્માત્રાના આકાર માનીને, તે મનને આ ભુત સૂક્ષ્મરૂપ ઉપાધિવાળા મારા સ્વરૂપમાં જે પુરૂષ ધારણ કરે, તે સૂક્ષ્મ ભુતનો ઉપાસક મારી અણિમા સિદ્ધિને પામે છે. ૧૦ મનને જ્ઞાનશક્તિરૂપ મહત્તત્વનો આકાર માનીને તે મહત્તત્વરૂપી ઉપાધિવાળા મારાપર સ્વરૂપમાં મનને જે પુરૂષ ધારણ કરે, તે પુરૂષ મહિમા સિદ્ધિને પામે છે; આકાશાદિક પંચ ભુતરૂપ ઉપાધિવાળા મારા સ્વરૂપમાં મનની ધારણા કરનારો પુરૂષ પણ તે તે ભુતની મહત્તારૂપ મહિમા સિદ્ધિને પામે છે. ૧૧ પૃથ્વી, જળ, તેજ તથા વાયુ એ ચાર ભુતોના પરમાણુરૂપ ઉપાધિવાળા મારા સ્વરૂપમાં મનની ધારણા કરનારો યોગી પરમાણુ જેવા થવારૂપ લઘીમા સિદ્ધિને પામે છે. ૧૨ સાત્વિક અહંકારરૂપી ઉપાધિવાળા મારા સ્વરૂપમાં સર્વ પ્રકારથી મનની ધારણા કરનારો પુરૂષ સર્વ ઇંદ્રિયોના દેવતા થવારૂપ પ્રાપ્તિ સિદ્ધિને પામે છે. મારામાં મન રાખવાના પ્રભાવથીજ આ સિદ્ધિ મળે છે. ૧૩ મનને ક્રિયાશક્તિવાળા મહત્તત્વનો આકાર માનીને તે ઉપાધિવાળા મારા સ્વરૂપમાં ધારણ કરે, તે પુરૂષ હું કે–જે તે મહત્તત્વરૂપ ઉપાધિવાળો છું, તેની સર્વોત્તમ પ્રાકાશ્ય સિદ્ધિને પામે છે. ૧૪ જે પુરૂપ ત્રણ ગુણવાળી માયાના નિયંતા અંતર્યામી વિષ્ણુમાં મનની ધારણા કરે, તે પુરૂષ જીવોમાં માયાના અંશોની પ્રેરણા કરવારૂપ ઇશિતા નામની સિદ્ધિને પામે છે. જીવોમાં માયાની પ્રેરણા કરવારૂપ ઇશિતા સિદ્ધિ કે–જેથી જગતની સૃષ્ટિ આદિક ક્રિયા થઇ શકે છે, તે તો મારામાંજ રહે છે. ૧૫ વિરાટ, હિરણ્યગર્ભ અને કારણરૂપ ઉપાધિથી રહિત ઇશ્વરનું ચોથું નારાયણ રૂપ કે–જેમાં સર્વ પ્રકારનું ઐશ્વર્ય, ધર્મ, યશ, લક્ષ્મી, જ્ઞાન અને વૈરાગ્ય નામનાં છ ભગ રહેલાં છે, તેમાં મનની ધારણા કરનારા અને મારા ધર્મને પાળનારા યોગીને વશિતા સિદ્ધિ મળે છે. ૧૬ હું નિર્ગુણ બ્રહ્મ છું, તેમાં પોતાના સ્વચ્છ મનની ધારણા કરનારો યોગી પરમાનંદરૂપ પ્રાકામ્ય સિદ્ધિ કે–જે સુખની સીમારૂપ છે તેને પામે છે ૧૭ હું શ્વેત દ્વીપનો પતિ સત્વગુણમય અને ધર્મમય છું, તેનામાં મનની ધારણા કરનારો યોગી શુદ્ધરૂપ થઇને, અનુર્મિત્વ સિદ્ધિને પામે છે. ૧૮ સમષ્ટિ પ્રાણરૂપ મારા સ્વરૂપમાં મનથી નાદનું ચિંતવન કરનારો જીવ આકાશમાં જ્ઞાતા થઇને, પ્રાણીઓની વિચિત્ર વાણીઓને શ્રવણ કરવારૂપ દુરશ્રવણ નામની સિદ્ધિને પામે છે. ૧૯ સુર્યમાં ચક્ષુને અને ચક્ષુમાં સુર્યને જોડીને તે બન્નેના સંયોગમાં

મનવડે મારૂં ધ્યાન કરનારા સુક્ષ્મ દ્રષ્ટિવાળા યોગી જગતને જોવારૂપ દુરદર્શન નામની સિદ્ધિને પામે છે. ૨૦ મનને, દેહને, અને એ બન્નેને અનુસરનારા વાયુને, મારા સ્વરૂપમાં સારી રીતે જોડીને, મારી ધારણા કરવામાં આવે, તો તે ધારણાના પ્રભાવથી મનોજવ સિદ્ધિ મળે છે. ૨૧ હું કે જે અચિંત્યશક્તિ અને અનેક પ્રકારના આકારવાળો છું તેમાં મનની ધારણા કરવામાં આવે તો, તે ધારણાના પ્રભાવના આશ્રયથી તે યોગી જ્યારે જ્યારે મનને ઉપાદાન કારણરૂપ બનાવીને, જે જે દેવાદિરૂપને પામવાને ઇચ્છે, ત્યારે ત્યારે તે મનવાંછિત આકાર પામવારૂપ કામરૂપ સિદ્ધિને પામેછે ૨૨પારકા શરીરમાં પ્રવેશ કરવો હોય ત્યારે યોગી તે કાળમાં પોતાના આત્માનું ચિંતવન કરીને પોતાનાસ્થુળ દેહનો ત્યાગ કરીને, લિંગ શરીર રૂપ ઉપાધિને સાથે લઇને, ભ્રમર જેમ એક પુષ્પમાંથી બીજા પુષ્પમાં વિનાશ્રમે પેસી જાયછે,તેમ વાયુરૂપી માર્ગથી તે પરાયા શરીરમાં અનાયાસ પ્રવેશ કરી શકવારૂપ પરકાયપ્રવેશન નામની સિદ્ધિને પામે છે. ૨૩ પગની પાનીવડે ગુદાને દબાવીને પ્રાણરૂપી ઉપાધિવાળા આત્માને અનુક્રમે હૃદય,વક્ષઃસ્થળ, કંઠ અને મસ્તકમાં ચડાવીને બ્રહ્મરંધ્ર રૂપીદ્વારાવડે પારકા શરીરમાં લઇ જઇને,પોતાના સ્થુળ દેહનો ત્યાગ કરે, ત્યારે પરકાય પ્રવેશન થાય છે. સ્વચ્છંદ મૃત્યુ નામની સિદ્ધિ પણ ઉપર કહેલી ધારણાના પ્રભાવથીજ પ્રાપ્ત થાય છે. તેમાં પ્રાણરૂપી ઉપાધિવાળા આત્માને અનુક્રમે હૃદય, છાતી કંઠ અને મસ્તકમાં ચડાવીને, બ્રહ્મરંધ્રદ્વારથી મનદ્વારા બ્રહ્મમાં લઇ જઇને, પોતાના સ્થુળ દેહનો ત્યાગ કરવો. ૨૪ મારી મુર્તિરૂપ શુદ્ધ સત્વગુણનું ધ્યાન કરે તો, દેવસહક્રીડાનુદર્શન નામની સિદ્ધિને પામે છે. તેમાં સત્વગુણના અંશરૂપ દેવાંગનાઓ વિમાન લઇને પાસે આવેછે. ૨૫ સત્ય સંકલ્પવાળો એવો જે હું તેનામાં મનની ધારણા કરવાથી મારો ભક્ત યોગી જ્યારે જે પ્રકારનો બુદ્ધિથી સંકલ્પ કરેછે. ત્યારે તે પ્રકારનું ફળ પામવારૂપી યથાસંકલ્પ નામની સિદ્ધિને પામે છે. ૨૬ સર્વનો નિયંતા અને સ્વતંત્ર એવા મારા વીષે મનની ધારણાથી મારા સ્વભાવને પામે તે પુરૂષ અપ્રતિહતાજ્ઞા સિદ્ધિને પામે છે, એટલે જેમ મારી આજ્ઞાનો ભંગ થતો નથી તેમ તેની આજ્ઞાનો ભંગ પણ કોઇ સ્થળમાં થતો નથી. ૨૭ ત્રિકાલજ્ઞ ઇશ્વરમાં મનને ધારણ કરેતો મારી ભક્તિથી શુદ્ધ અંતઃકરણવાળા યોગીને ત્રણે કાળની વસ્તુઓનું તથા પોતાના જન્મ–મરણને જાણવારૂપી ત્રિકાળજ્ઞત્વ સિદ્ધિ પ્રાપ્ત થાય છે. પરચિત્તાદ્યભિજ્ઞતા સિદ્ધિ પણ ધારણાથી પ્રાપ્ત થાય છે. ૨૮ હું કે–જે અગ્નિ અને સૂર્ય–આદિના ઉપઘાતથી રહિત છું, તેને વિષે મનની ધારણા કરે તો મુનિના યોગમય થયેલા શરીરને અગ્નિ, સૂર્ય, જળ અથવા વિષથી કોઇ પ્રકારની હાનિ થતી નથી; એ પ્રતિષ્ટંભ નામની સિદ્ધિ કહેવાયછે. અપદ્ધંદ્ધ નામની સિદ્ધિ પણ ઉપર કહેલી ધારણાથી જ મળે છે ૨૯ શ્રીવત્સ અને અસ્ત્રોથી શણગારેલા મારા અવતારોનું ધ્વજા, છત્ર અને ચામર સહિત ધ્યાન કરે, તો તે યોગી અપરાજય નામની સિદ્ધિને પામે છે. ૩૦ આ પ્રમાણે જુદી જુદી યોગ સંબંધી ધારણાઓથી મારા ઉપાસક યોગીને ઉપર કહેલી સર્વ સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. ૩૧ ઇંદ્રિયો, પ્રાણ, અને મનનું દમન કરીને તેને જીતી લેનારા મુનિને વશિતા સિદ્ધિના પ્રકરણમાં કહેલી મારી એક ધારણા કરવાથી કોઇ સિદ્ધિ દુર્લભ નથી, ૩૨ તેમ છતાંએ સિદ્ધિઓની અભિલાષા ન રાખવી; કેમકે ઉત્તમ યોગ સાધનારા જીતેંદ્રિય, શાંત અને શ્વાસ તથા અંતઃકરણને જીતનારા યોગી કે–જે તુરત મને પ્રાપ્ત થવાના અધિકારી છે, તેઓને આ સિદ્ધિયોમાં લાગી જવાથી કાળક્ષેપ થાય છે, તેથી એ સિદ્ધિઓ વિઘ્નરૂપ કહેવાય છે. ૩૩ માટે નિષ્કામ રહીને ઇશ્વરના ઉપાધિ રહિત ચોથા સ્વરૂપની જ ધારણા કરવી, અને બીજી સકામ ધારણાઓનો ત્યાગ કરવો. આ જગતમાં જન્મ, ઓષધી, તપ તથા મંત્રોથી,જેટલી સિદ્ધિ મળે છે, તે સર્વ સિદ્ધિઓ ઉપર કહેલા ચતુ-

ર્થ સ્વરૂપની ધારણારૂપ યોગથી પ્રાપ્ત થાય છે; પરંતુ તે યોગથી જે સાલોક્યાદિ મળે છે, તે બીજાં ઉપાયોથી મળી શકતાં નથી. ૩૪ સર્વ સિદ્ધિઓનો સ્વામી હું છું, કારણ કે તેની ઉત્પત્તિ અને પાલન હું જ કરૂં છું. હું સિદ્ધિઓનો પ્રભુ છું, એટલું જ નહિ; પરંતુ મોક્ષ, મોક્ષનું સાધન, જ્ઞાનના સાધનરૂપ ધર્મ, અને ધર્મોપદેશ કરનારા વેદવેત્તાનો પણ પ્રભુ છું, માટે સિદ્ધિઓની અપેક્ષા ન રાખીને મને પામવું, એ જ યોગનું મુખ્ય ફળ છે, એમ જાણો. ૩૫ સર્વ જીવોનો આત્મા હું છું. કારણ કે હું સર્વનો અંતર્યામી છું. અને હું અંદર રહું છું; તો પણ પરિચ્છિન્ન નથી. કારણ કે-બાહાર અને અંદર બન્ને સ્થળે હું જ છું. માટે મને કોઇનું આવરણ થતું નથી. જરાયુજ, અંડજ, સ્વેદજ અને ઉદ્ભિજ્જ શરીરોમાં જેમ પંચમહાભુત બાહાર અને અંદર વ્યાપક છે, તેમ હું પણ સર્વ શરીરમાં અને પંચભુતોમાં અંદર અને બહાર વ્યાપક છું, માટેજ હું સર્વનો પ્રભુ છું ૩૬

अहमात्मांतरो बह्योऽनावृतःसर्वे देहिनाम् ॥
यथा भूतानि भूतेषु बहिरंतःस्वयंतथा ॥३६॥

ઇતિશ્રી મહાપુરાણ ભાગવતના એકાદશ સ્કંધમાં "શ્રીકૃષ્ણ ઉદ્ધવ સંવાદ" નામનો ૧૫ મો અધ્યાય સંપુર્ણ.

અધ્યાય ૧૬ મો.

વિભુતિઓનું વર્ણન.

उद्धव उवाच.

त्वं ब्रह्म परमं साक्षादनाद्यंतमपावृतम् ।
सर्वेषामपि भावानां त्राणस्थित्यप्ययोद्भवः॥

ઉદ્ધવજી કહે છે—હે ભગવાન! આપ આદિ અને અંતથી રહિત, સ્વતંત્ર, સર્વ પદાર્થોની ઉત્પત્તિ, સ્થિતિ તથા પ્રલય કરનારા પરબ્રહ્મ રૂપ છો. ૧ હે ભગવાન! જેઓએ મન જીત્યું નથી, તેઓ નીચા ઉંચા સર્વ પદાર્થોમાં આપને જાણતા નથી; પરંતુ વેદના અભિપ્રાયને જાણનારા બ્રાહ્મણો ઉંચા નીચા સર્વ પદાર્થોમાં યથાર્થ ભાવથી જાણીને આપની ઉપાસના કરે છે. ૨ આપ સર્વના કારણરૂપ હોવાથી સર્વાત્મક છો; પરંતુ આગે ઉપર કહેલા પંચભુતોના દૃષ્ટાંત ઉપરથી પુછવું પડે છે કે-પંચભુત જેમ કેટલાંક શરીરામાં કોઈ કોઇ ગુણને લીધે વિશેષ રહે છે, અને કેટલાંક શરીરોમાં થોડાં રહે છે, તેમ આપ કયા કયા પદાર્થોમાં અધિક અને કયા કયા પદાર્થોમાં સામાન્ય રૂપે રહેલા છો? મહર્ષિઓ જે જે પદાર્થોમાં ભક્તિપૂર્વક આપની ઉપાસના કરવાથી મોક્ષ પામ્યા છે, તે તે પદાર્થોનાં નામ મને કહો. ૩ હે ભુતભાવન! આપ પ્રાણીઓમાં અંતર્યામી રૂપે ગુઢ રહેલા છો. તથા આપની માયાથી મોહિત થયેલા પ્રાણી આપ સર્વના દ્રષ્ટા છો, તેને દેખતા નથી. માટે જ હું આપની વિભુતિઓ વિષે પુછું છું. ૪ હે મહા વિભુતિવાળા! પૃથ્વીમાં, સ્વર્ગમાં, પાતાળમાં અને દિશાઓમાં આપની વિશેષ ભક્તિથી જોડાયેલી જે વિભુતિઓ હોય, તે સર્વ મને કહો, તીર્થોના સ્થાન રૂપ આપના ચરણ કમળને હું પ્રણામ કરૂં છું. ૫

શ્રી ભગવાન કહે છે—હે પ્રશ્ન જાણનારાઓમાં શ્રેષ્ઠ! કુરૂક્ષેત્રમાં શત્રુઓ સાથે યુદ્ધની અભિલાષાવાળા અર્જુને આ પ્રમાણે મને પૂછયું હતું. આ તમારો પ્રશ્ન નરના અવતાર રૂપ અર્જુનના પ્રશ્ન જેવો ઉત્તમ છે. ૬ રાજ્યને માટે પોતાના જ્ઞાતિલાઓનો વધ કરવો, એ અતિ નિંદનીય અને અધર્મ રૂપ છે, એમ જાણવાથી એની બુદ્ધિ 'હું મારીશ અને આ લોક મરશે.' એવી પ્રાકૃત બુદ્ધિ થઇ જવાથી તે ઉત્તમ પુરૂષ અર્જુન યુદ્ધ કરવાથી અટકી ગયો. ૭ તે સમયે પુરૂષોમાં વાઘ જેવા અર્જુનને રણભુમિમાં મેં યુક્તિથી સમજાવ્યો હતો. અને એ પ્રસંગે તમારી પેઠેજ તેમણે પણ મને પૂછયું હતું. માટે તેમની પાસે મેં જે કહ્યું

હતું, તેજ તમારી પાસે કહું છું. ૮ હે ઉદ્ધવ! એ સર્વ પદાર્થોનો આત્મા, મિત્ર અને ઇશ્વર હું જ છું. સર્વ પદાર્થરૂપ અને સર્વની ઉત્પત્તિ સ્થિતિ, તથા સંહારના કારણ રૂપ હું જ છું. ૯ ગતિવાળાઓની જે ગતિ છે તે હું જ છું. વશ કરનારાઓમાં કાળ મારૂં સ્વરૂપ છે. ત્રણ ગુણોની સમતારૂપ જે પ્રકૃતિ છે તે હું છું. દ્રવ્યમાં જે સ્વાભાવિક ગુણો છે તે હું છું. ૧૦ ગુણવાળા પદાર્થોમાં ક્રિયાશક્તિ પ્રધાન જે મહત્તત્વ છે તે હું છું, મોટામાં મહત્તત્વ મારૂં સ્વરૂપ છે. સૂક્ષ્મ પદાર્થોમાં જીવ મારૂં સ્વરૂપ છે. દુર્જય પદાર્થોમાં મન મારૂં સ્વરૂપ છે. ૧૧ વેદો ભણાવનારા બ્રહ્મા મારૂં સ્વરૂપ છે મંત્રોમાં 'અઉમ્' એ ત્રણ અક્ષરવાળો ૐકાર મારૂં સ્વરૂપ છે. અક્ષરોમાં અકાર મારૂં સ્વરૂપ છે. છંદોમાં ગાયત્રી છંદ મારૂં સ્વરૂપ છે. ૧૨ સર્વ દેવોમાં ઇંદ્ર હું છું. વસુઓમાં હવ્યવાટ્ નામનો વસુ હું છું. બાર આદિત્યોમાં વિષ્ણુ નામનો આદિત્ય હું છું. રૂદ્રોમાં નીલ લોહિત નામનો રૂદ્ર હું છું. ૧૩ બ્રહ્મર્ષિઓમાં ભૃગુ હું છું. રાજર્ષિઓમા મનુ હું છું. દેવર્ષિઓમાં નારદ હું છું. ગાયોમાં કામધેનુ હું છું. ૧૪ સિદ્ધેશ્વરોમાં કપિલદેવ હું છું. પક્ષીઓમાં ગરૂડ હું છું, પ્રજાપતિઓમાં દક્ષ હું છું પિતૃઓમાં અર્યમા હું છું. ૧૫ હે ઉદ્ધવ! દૈત્યોમાં દૈત્યપતિ પ્રહ્લાદ હું છું. નક્ષત્રો અને ઔષધિઓનો સ્વામી ચંદ્રમા હું છું. યક્ષ અને રાક્ષસોનો પતિ કુબેર હું છું. ૧૬ ગજરાજોમાં ઐરાવત, જળજંતુઓમાં પ્રકાશ કરનારા અને તપાવનારાઓમાં સુર્ય અને મનુષ્યોમાં રાજા રૂપે હું છે. ૧૭ ઘોડાઓમાં ઉચ્ચૈઃશ્રવા (ઇંદ્રનો ઘોડો), ધાતુઓમાં સુવર્ણ, દંડ આપનારાઓમાં યમરાજ અને સર્પોમાં વાસુકી સ્વરૂપે હું છે. ૧૮ નાગરાજાઓમાં શેષનાગ,શીંગડાં તથા દાઢોવાળાંઓમાં સિંહ, આશ્રમોમાં સંન્યાસાશ્રમ,અને વર્ણોમાં બ્રાહ્મણ હું છું. ૧૯ તીર્થો અને પ્રવાહોમાં ગંગા, સ્થિર જળાશયોમાં સમુદ્ર, આયુધોમાં ધનુષ, અને ધનુષધારીઓમાં ત્રિપુરનો નાશ કરનાર શંકર હું છું. ૨૦નિવાસસ્થાનોમાં મેરૂ હું છું દુર્ગમ સ્થળોમાં હિમાલય, વનસ્પતિઓમાં પીંપળો, અને ઔષધિઓમાં જવ હું છું.૨૧ પુરોહિતોમાં વસિષ્ઠ, વેદાર્થનિષ્ઠોમાં બૃહસ્પતિ, સર્વ સેનાપતિઓમાં કાર્તિકસ્વામી અને સન્માર્ગ પ્રવર્ત્તાવનારાઓમાં બ્રહ્મા હું છું. ૨૨યજ્ઞોમાં બ્રહ્મયજ્ઞ હું છું,વ્રતોમાં અહિંસા હું છું,માર્જન. છોલવુ, અને ઘસવું આદિ શુદ્ધ કરનારમાં વાયુ,અગ્નિ, સૂર્ય, જળ અને બ્રાહ્મણોનાં વચનરૂપ હું છું. ૨૩ અષ્ટાંગયોગમાં સમાધિ મારૂં સ્વરૂપ છે. વિજયને ઇચ્છનારાઓનો વિચાર હું છું. વિવેક-આદિ નિપુણતામાં બ્રહ્મવિદ્યા હું છું. અખ્યાતિ, અન્યથાખ્યાતિ, શુન્યખ્યાતિ, અસત્ખ્યાતિ, અને અનિર્વચનીયખ્યાતિઓનો વિવાદ કરનારાઓનો 'આ આમ છે, કે આમ છે?' એ પ્રકારના જે અપાર વિકલ્પ છે, તે હું છું. ૨૪ સ્ત્રીઓમાં શતરૂપા મારૂં સ્વરૂપ છે. પુરૂષોમાં સ્વાયંભુવમનુ મારૂં સ્વરૂપ છે. મુનિઓમાં નારાયણ મારૂં સ્વરૂપ છે. બ્રહ્મચારીઓમાં સનત્કુમાર મારૂં સ્વરૂપ છે. ૨૫ ધર્મોમાં અભયદાન હું છું. અભયસ્થાનમાં આત્મનિષ્ઠા હું છું. અભિપ્રાયને ગુપ્ત રાખવાનાં સાધનોમાં પ્રિયવચન અને મૌન મારૂં સ્વરૂપ છે. સ્ત્રીપુરૂષોનાં જોડાંમાં પ્રજાપતિ કે જેના દેહના બે અર્ધ ભાગોથી જોડું ઉત્પન્ન થયું તે હું છું. ૨૬ સાવધ રહેનારાઓમાં વર્ષરૂપ કાળ હું છું, ઋતુઓમાં વસંત ઋતુ હું છું. મહિનાઓમાં માગશર હું છું. નક્ષત્રોમાં અભિજીત્ હું છું. ૨૭ યુગોમાં સત્યયુગ હું છુ, ધીર પુરૂષોમાં દેવલ અને અસિત મુનિ હું છું. વેદના વિભાગ કરનારાઓમાં વેદ વ્યાસ હું છું. વિદ્વાનોમાં જ્ઞાની શુક્રાચાર્ય હું છું. ૨૮ ઉત્પત્તિ, પ્રલય,પ્રાણિયોની ગતિ, અગતિ, વિદ્યા, તથા અવિદ્યા એ છ પદાર્થોને જાણનારાઓમાં વાસુદેવ હું છું. અને હે ઉદ્ધવ! ભગવત્ ભક્તોમાં તું મારૂં સ્વરૂપ છે. કિંપુરૂષોમાં હનુમાન મારૂં સ્વરૂપ છે. વિદ્યાધરોમાં સુદર્શન હું છું. ૨૯ રત્નોમાં પદ્મરાગ હું છું. સુંદર પદાર્થોમાં કમળકોશ હું છું. દર્ભજાતિઓમાં કુશ હું છું. હવિના પદાર્થોમાં

ગાયનું ઘી હું છું. ૩૦ ઉદ્યોગી પુરૂષોની દ્રવ્ય સંપત્તિ હું છું. દ્યૂત રમનારાઓનું કપટ દ્યૂત હું છું. સહનશીલ પુરૂષોની સહનશીલતા હું છું. ધૈર્યવાળાઓનું ધૈર્ય હું છું. ૩૧ બળવાનોની દેહશક્તિ તથા ઇંદ્રિયશક્તિ હું છું. વૈષ્ણવોનાં ભક્તિથી કરેલાં કર્મ હું છું. ભક્તોને પૂજવાયોગ્ય વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન, અનિરૂદ્ધ, નારાયણ, હયગ્રીવ, વરાહ, નૃસિંહ, અને બ્રહ્મા એ નવ મૂર્તિઓમાં વાસુદેવ નામની ઉત્તમ મૂર્તિ હું છું. ૩૨ ગંધર્વોમાં વિશ્વાવસુ હું છું. અપ્સરાઓમાં પૂર્વચિત્તિ હું છું. પર્વતોની સ્થિરતા હું છું. પૃથ્વીનો ગંધરૂપ અવિકૃત ગુણ હું છું. ૩૩ જળનો મધુર રસ હું છું. તેજસ્વીઓમાં અગ્નિ હું છું. સૂર્ય, ચંદ્ર અને તારાગણની કાંતિ હું છું. આકાશનો પરા નામનો સુક્ષ્મ શબ્દ હું છું. ૩૪ બ્રાહ્મણોને માનનારાઓમાં બળિરાજા હું છું. વીર પુરૂષોમાં અર્જુન હું છું. પદાર્થોની સ્થિતિ, ઉત્પત્તિ અને પ્રલયરૂપ હું છું. ૩૫ ગતિ, ભાષણ, મલોત્સર્ગ, ગ્રહણ, આનંદ, સ્પર્શ, સ્વાદ, શ્રવણ, સૂંઘવું અને જોવું એ દશ ઇંદ્રિયોના ધર્મોમાં જે જોવું છે તે હું છું. સર્વ ઇંદ્રિયોની તે તે વિષયને ગ્રહણ કરવાની જે શક્તિ છે તે હું છું. ૩૬ પૃથ્વી, વાયુ, આકાશ, જળ અને તેજની તન્માત્રાઓ, અહંકાર, મહત્તત્વ, પંચમહાભૂત, પુરૂષ, પ્રકૃતિ, રજોગુણ, તમોગુણ અને તેઓથી જુદા પરબ્રહ્મ એ સર્વ હું જ છું. ૩૭ એ તત્વોની ગણના, તેઓનાં લક્ષણોનું જ્ઞાન અને તેનો નિશ્ચય હું જ છું. હું કે જે જીવ ઇશ્વરરૂપ, ગુણ અને ગુણી, રૂપ, ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞરૂપ અને સર્વનો નિયંતા છતાં પણ સર્વરૂપ છું, તે વિના કોઇ સ્થળમાં કોઇ પણ પદાર્થ નથી. સર્વ મારૂં જ સ્વરૂપ છે. ૩૮ હું કાળે કરીને મારાં પરમાણુઓની ગણતરી કરી શકું અને કહી શકું; પરંતુ મેં રચેલાં કરોડો બ્રહ્માંડોની ગણતરી મારાથી પણ કરી શકાય તેમ નથી. ૩૯ તોપણ હું સંક્ષેપથી કહું છું કે-જેમાં જેમાં તેજ, સંપત્તિ, કીર્તિ, ઐશ્વર્ય, લજ્જા, દાન, સૌંદર્ય, ભાગ્ય, બળ, સહનશક્તિ અને વિજ્ઞાન હોય તે તે પદાર્થ મારી વિભૂતિરૂપ છે, એમ જાણવું. ૪૦ આ સર્વ વિભૂતિઓ સંક્ષેપથી મેં તમને કહી, પરંતુ તે મારામાં ચિત્ત લાગી જવાને માટે જ કલ્પના કરીને કહી છે. માટે એમાં અતિ અભિનિવેશ ન કરવો. આ સર્વ વિભૂતિઓ મનના વિકારરૂપ જ છે. આકાશનાં પુષ્પ અથવા સસલાનાં શીંગડાં આદિ પદાર્થ જેમ કેવળ કહેવા માત્ર જ છે. સત્ય નથી, તેમ એ વિભૂતિઓ પણ કેવળ કહેવા માત્ર જ છે, સત્ય નથી; કેમકે સત્ય તો એક ઇશ્વર જ છે. ૪૧ માટે વાણી, મન, પ્રાણ અને ઇંદ્રિયોને નિયમમાં રાખો, અને બુદ્ધિનો સત્વ ગુણ સંપન્ન બુદ્ધિથી નિગ્રહ કરો. એમ કરશો તો પછી જન્મ મરણ પામશો નહિ. ૪૨ જે સંન્યાસી બુદ્ધિથી સારી રીતે વાણી તથા મનનો નિગ્રહ ન કરે, તેનું વ્રત, તપ અને જ્ઞાન કાચા ઘડામાંના જળની પેઠે ઝમી જાય છે. ૪૩ માટે મારામાં તત્પર રહીને, મારી ભક્તિવાળી બુદ્ધિથી મન, વચન અને ઇંદ્રિયોનો નિગ્રહ કરો; કેમકે એમ કરવાથી મનુષ્ય કૃતાર્થ થઈ જાય છે. ૪૪

तस्मान्मनोवचः प्राणान्नियच्छेन्मत्परायणः ॥

मद्भक्ति युक्तया बुद्ध्या ततः परि समाप्यते॥

ઇતિશ્રી મહાપુરાણ ભાગવત વિષે એકાદશ સ્કંધમાં "વિભૂત વર્ણન" નામનો ૧૬ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૭ મો.

હંસ ભગવાને કહેલા બ્રહ્મચારીના અને વાનપ્રસ્થના ધર્મો.

उद्धव उवाच.

यस्त्वयाभिहितः पूर्वं धर्मस्त्वद् भक्ति लक्षणः॥

वर्णाश्रमाचारवतां सर्वेषां द्विपदामपि ॥ १ ॥

ઉદ્ધવજી પુછે છે-હે શ્રીકૃષ્ણ ! આપે પ્ર-

થમ કહ્યું છે કે-"ધર્મરૂપી કર્મ ભક્તિનું તથા મોક્ષનું સાધન છે." પરંતુ એવાં કર્મ કરનારાઓને અવશ્ય ભક્તિ પ્રાપ્ત થઇ જાય છે, એવો નિયમ જોવામાં આવતો નથી. માટે વર્ણોના અને આશ્રમના આચારવાળાઓના તથા તે આચારના અધિકારથી રહિત સર્વ મનુષ્યોના સ્વધર્મ કહો કે--તે ધર્મ પાછળથી મનુષ્યોની આપના વિષે ભક્તિ ઉત્પન્ન થઇ જાય. માટે તે આપે મને કહેવું જોઇએ. ૧-૨ હે શત્રુદમન ! હે મહાબાહુ !! હે પ્રભુ !! હે માધવ !!! એ ધર્મ સંપ્રદાયથી જાણવામાં આવે એમ નથી; કારણ કે-આપે હંસના સ્વરૂપથી પ્રથમ બ્રહ્માને જે ઉત્તમ અને સુખ રૂપ ધર્મ કહેલા, તે ધર્મનો સંપ્રદાય જો કે પ્રથમ ઉપદેશથી કરેલો છે, તો પણ હમણાં લાંબો કાળ વીતી જવાને લીધે ઘણું કરીને મનુષ્ય લોકમાં નાશ પામ્યા જેવો થઇ ગયેલો છે, માટે પૃથ્વી ઉપર હશે નહિ. ૩-૪ હે અચ્યુત! પૃથ્વીમાં ધર્મનો વક્તા, કર્ત્તા અને રક્ષા કરનારો આપ વગર બીજો કોઇ પણ નથી, એટલું જ નહિ; પણ જ્યાં મૂર્તિમાન વેદો રહેલા છે એવી બ્રહ્માની સભામાં પણ કોઈ કહેનાર,પાળનાર અને રક્ષણ કરનાર નથી.૫ હેમધુસુદન! આપ કે જે-ધર્મનાકર્ત્તા,વક્તા અને રક્ષક છો. તે આપ મૃત્યુ લોકનો ત્યાગ કરીને સ્વધામ પધારશો, ત્યારે આ નાશ પામેલા ધર્મને બીજો કોણ કહેશે?૬ એ માટે હે સર્વ ધર્મના જાણનારા પ્રભુ ! આપની ભક્તિના સાધનરૂપ ધર્મ, મનુષ્યોએ કેવી રીતે પાળવા, તે મને કહો. ૭

શ્રીભગવાન કહે છે—હે ઉદ્ધવ! આ તમારો પ્રશ્ન ધર્મવાળો અને વર્ણ તથા આશ્રમના ધર્મ પાળનારા તથા નહી પાળનારા મનુષ્યોને ભક્તિ ઉત્પન્ન કરનારો છે, માટે તેનો ઉત્તર હું આપું છું તે સાંભળો. ૮ પ્રથમ સત્યયુગમાં મનુષ્યોનો હંસ નામનો એકજ વર્ણ હતો, અને પ્રજા જન્મથી જ કૃત કૃત્ય હતી. તેથી એ યુગનું નામ 'કૃતયુગ' કહે છે. ૯ પ્રથમ એક ૐકારજ વેદરૂપ હતો. મારૂં મનમાં ધ્યાન કરવું એજ ચાર પાયાવાળો એક ધર્મ હતો, માટે જ તપની નિષ્ઠાવાળા નિષ્પાપ લોક મારા શુદ્ધ સ્વરૂપની ઉપાસના કરતા હતા. ૧૦ હે મહાભાગ્યશાળી! પછી ત્રેતાયુગના પ્રારંભમાં ઇશ્વર સ્વરૂપ મારા હૃદયમાંથી નિશ્વાસ રૂપે ત્રણ વેદ રૂપે વિદ્યા પ્રગટ થઈ, અને તે વિદ્યામાંથી જેમાં હોતા, ઉદ્ગાતા અને અધ્વર્યુનું કામ પડે છે, એવો મારા સ્વરૂપભુત યજ્ઞ ઉત્પન્ન થયો ૧૧ મારા વિરાટ સ્વરૂપનાં મુખ, બાહુ, જંઘા અને પગથી અનુક્રમે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર એ ચાર વર્ણ ઉત્પન્ન થયા, તેઓ પોતપોતાના આચાર ઉપરથી જુદા જુદા ઓળખાય છે. ૧૨ મારા પેઢુમાંથી ગૃહસ્થાશ્રમ, હૃદયથી બ્રહ્મચર્ય, વક્ષઃસ્થળથી વાનપ્રસ્થ અને મસ્તકમાંથી સંન્યાસાશ્રમ પ્રગટ થયો. ૧૩ મનુષ્યોના એ વર્ણ અને આશ્રમના સ્વભાવ પોતપોતાની જન્મ ભુમિ પ્રમાણે થાય છે; અર્થાત્ મારાં ઉત્તમ અંગમાંથી ઉત્પન્ન થયેલાનો ઉત્તમ અને મારા નીચ અંગમાંથી ઉત્પન્ન થયેલાનો નીચ સ્વભાવ થયો. ૧૪ શમ, દમ, તપ, શૌચ, સંતોષ, ક્ષમા, સરળતા, મારી ભક્તિ, દયા અને સત્ય એ બ્રાહ્મણના સ્વભાવછે.૧૫ પ્રતાપ, બળ ધીરજ,શુરવીરતા,સહનશીલતા,ઉદારતા, ઉદ્યમ, સ્થિરતા, બ્રાહ્મણને માનવાપણું અને ઐશ્વર્ય એ ક્ષત્રિયના સ્વભાવ છે. ૧૬ આસ્તિકપણું એટલે વેદ-દેવતા આદિમાં શ્રદ્ધા, દાનમાં નિષ્ઠા, નિષ્કપટતા, બ્રાહ્મણોની સેવા અને ધનની વૃદ્ધિ થયા છતાં પણ સંતોષ ન રાખવો, એ વૈશ્યોના સ્વભાવછે. ૧૭ ગાય, બ્રાહ્મણ. અને દેવતાઓની નિષ્કપટ સેવા. અને તેમાંથી જે મળે તેથી સંતોષ એ શુદ્રના સ્વભાવ છે. ૧૮ અપવિત્રતા, જુઠાણું, ચોરી, નાસ્તિકતા, વિના કારણ વેર, કામ, ક્રોધ અને તૃષ્ણા એ ચંડાળાદિક નીચ જાતિનો સ્વભાવ છે. ૧૯ અહિંસા સત્ય, ચોરીનો અભાવ, કામ, ક્રોધ તથા લોભનો ત્યાગ, પ્રાણી માત્રનું હિત તથા પ્રિય કરવાનો પ્રયત્ન એ સર્વે વર્ણના સાધારણ ધર્મ છે. ૨૦ હવે ચાર આશ્રમોમાં પ્રથમ બ્રહ્મચારીના ધર્મ કહું છું. બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એ

વર્ણોમાં જન્મેલા પુરૂષે ગર્ભાધાનાદિક સંસ્કારોના ક્રમથી ઉપનયન (યજ્ઞોપવીત) સંસ્કાર કે જે મનુષ્યના બીજા જન્મરૂપ છે, તે થયા પછી જીતેંદ્રિયપણાથી ગુરૂને ઘેર રહેવું, અને ગુરૂ જ્યારે બોલાવે ત્યારે વેદભણવા અને તેના અર્થનો વિચાર કરવો. ૨૧ મેખળા, મૃગચર્મ, દંડ, જપ કરવાની માળા, જનોઇ, અને કમંડલુ એ રાખવાં, તેલાદિક નહિ નાંખતા કેશની જટા બનાવી દેવી, દાંત અને વસ્ત્રોને સ્વચ્છ ન રાખવાં, આસન રંગવું નહી. દર્ભ ધારણ કરવો. ૨૨ સ્નાન, ભોજન, હોમ, જપ અને મળ મુત્રનો ત્યાગ કરતી વખતે મૌન રહેવું, નખ ઉતરાવવા નહિ, તથા કાખ અને ઉપસ્થના વાળ પણ કાઢવા નહિ. ૨૩ ગૃહસ્થ વગર બીજા આશ્રમવાળાએ કદી પણ વીર્ય સ્ખલિત કરવું નહિ. કદાચિત પોતાની મેળે જો સ્ખલિત થઈ જાય તો જળમાં સ્નાન કરી, પ્રાણાયામ કરી, ગાયત્રી મંત્રનો જપ કરવો. ૨૪ સાવધાન અને પવિત્ર રહીને અગ્નિ, આચાર્ય, સુર્ય, ગાય, બ્રાહ્મણ, ગુરૂ, વૃદ્ધ, અને દેવતાઓની ઉપાસના કરવી, મૌન રાખીને જપ અને સંધ્યા કરવી, પ્રાતઃસંધ્યા અને સાયંસંધ્યાને માટે મૌનની આવશ્યકતા છે, મધ્યાન્હ સંધ્યાને માટે નહિ. ૨૫ આચાર્યને મારા રૂપ જાણવા, કદી પણ તેની અવજ્ઞા કરવી નહિ; અને ગુણોમાં દોષારોપણ કરવો નહિ; કેમકે ગુરૂ સર્વ દેવમય છે. ૨૬ સાયંકાળે અને પ્રાતઃકાળે ભિક્ષા તથા બીજું જે કાંઇ મળ્યું હોય તે લાવીને ગુરૂને નિવેદન કરવું, ગુરૂ આજ્ઞા આપે તો જીતેંદ્રિયપણાથી તે વસ્તુનો ઉપયોગ કરવો. ૨૭ આચાર્યની સેવા કરતી વખતે સર્વદા નીચ મનુષ્યની પેઠે તેમની સમીપમાં બેસવું, ગુરૂ જાય ત્યારે પાછળ પાછળ જવું. શયન કરે ત્યારે સાવધાનતાથી તેમની પાસે સુવું, ગુરૂ થાકી જાય ત્યારે તેમના પગ ચાંપવા-આદિ સેવા કરવી, અને બેઠા હોય ત્યારે હાથ જોડીને તેમની આજ્ઞાની રાહ જોતાં પાસે બેસી રહેવું. ૨૮ આ પ્રમાણે વિદ્યા ભણી રહેતા સુધી ભોગનો ત્યાગ કરી અને અખંડિત નિયમ રાખીને ગુરૂને ઘેર રહેવું. ૨૯ જે બ્રહ્મચારીને ગૃહસ્થાશ્રમ કરવો હોય તેના નિયમ ધર્મ કહ્યા, હવે નૈષ્ઠિક બ્રહ્મચારીનાં લક્ષણ કહે છે, બ્રહ્મચારીને મહર્લોકમાં જવાની ઇચ્છા હોય તો જીવતા સુધી બ્રહ્મચર્ય વ્રત ધારણ કરીને, અધિક વિદ્યાભ્યાસને માટે અથવા સંપાદન કરેલી વિદ્યાનો બદલો વાળવા માટે પોતાનો દેહ ગુરૂને અર્પણ કરી દેવો. ૩૦ વેદાભ્યાસથી તેજસ્વી થયેલા પાપ રહિત નૈષ્ઠિક બ્રહ્મચારીએ ભેદબુદ્ધિનો ત્યાગ કરીને, અગ્નિ, ગુરૂ, પોતાનું શરીર અને સર્વ પ્રાણીઓમાં મારા બ્રહ્મસ્વરૂપની ઉપાસના કરવી. ૩૧ જે ગૃહસ્થી ન હોય. તેને સ્ત્રીઓનાં દર્શન, સ્પર્શ, ભાષણ અને હાંસી વગેરેનો ત્યાગ કરવો, અને દંપતીનો દુરથીજ ત્યાગ કરવો; અર્થાત તેને જોવાં પણ નહિ. ૩૨ શૌચ, આચમન, સ્નાન, સંધ્યોપાસન, સરળતા, તીર્થસેવન, જપ, ન અડવા જેવી વસ્તુનો ત્યાગ, અભક્ષ્યનો ત્યાગ, અયોગ્ય ભાષણનો ત્યાગ ૩૩ સર્વ પદાર્થોમાં મારી ભાવના, અને મનોનિગ્રહ, વાણી નિગ્રહ, અને કાયાનો નિગ્રહ એ સર્વ આશ્રમોના સાધારણ ધર્મ છે. ૩૪ આ પ્રમાણે નૈષ્ઠિક બ્રહ્મચર્ય ધારણ કરવાથી અગ્નિની પેઠે પ્રકાશતો બ્રાહ્મણ જો નિષ્કામ હોય, તો અંતઃકરણ રૂપ લિંગ શરીર તિવ્ર તપના પ્રભાવથી દગ્ધ થઇ જવાને લીધે તે મારો ભક્ત થઇ જાય છે. ૩૫ નૈષ્ઠિક બ્રહ્મચર્યને માટે જેનો સંકલ્પ નથી. તે બ્રહ્મચારી કે-જેને બીજા આશ્રમોમાં જવાનો નિષેધ નથી, તેણે વેદનો યથાર્થ અર્થ ધ્યાનમાં આવી જાય, ત્યારે ગુરૂની સંમતિથી ગુરૂ પાસેથી આજ્ઞા માગી. ગુરૂને દક્ષિણા આપી પોતે પણ અભ્યંગ-આદિ-કરીને સમાવર્તન નામનું સ્નાન કરવું. ૩૬ પછી વિષયભોગની ઇચ્છા હોય તો ગૃહસ્થાશ્રમ કરવો, અંતઃકરણ શુદ્ધ થવાની ઇચ્છા હોય તો વનમાં જવુ, એટલે વાનપ્રસ્થાશ્રમ ધારણ કરવો, અને જો પોતે બ્રાહ્મણ હોય તથા અંતઃકરણ શુદ્ધ થઇ ગયું હોય તો સંન્યાસ લેવો. જે મારો ભક્ત હોય તેને તો કોઇ પ્રકારે આશ્રમની આવશ્યકતા નથી; પ૦

રંતુ જે અભક્ત હોય તેણે તો એક આશ્રમમાંથી બીજા આશ્રમમાં જવું જોઇએ, પરંતુ પાછલા આશ્રમમાંથી પુર્વના આશ્રમમાં જવું નહીં. ૩૭ જો ગૃહસ્થાશ્રમની ઇચ્છા હોય તો પોતાની જાતની, કુળ તથા લક્ષણુથી અનિંદિત અને વયમાં પોતાના કરતાં નાની સ્ત્રીની સાથે પરણવું. જો કામનાને માટે બીજી જાતના કન્યા પરણવાની ઇચ્છા હોય, તો પોતાની જાતની કન્યાનાં સાથે પરણ્યા પછી બીજી પરણવી, તેમાં પણ વર્ણનો અનુક્રમ રાખવો, એટલે કે બ્રાહ્મણે બ્રાહ્મણની કન્યા સાથે પરણ્યા પછી અનુક્રમે ક્ષત્રિયની, વૈશ્યની અને શુદ્રની કન્યા સાથે પરણવું, અને ક્ષત્રિએ ક્ષત્રિયની કન્યા પરણ્યા પછી વૈશ્યની અને શુદ્રની કન્યા સાથે પરણવું, વૈશ્યે વૈશ્યની કન્યા સાથે પરણ્યા પછી શુદ્રની કન્યા સાથે પરણવું. નીચ વર્ણના પુરૂષને માટે ઊંચ વર્ણની કન્યા સાથે પરણવાનો નિષેધ છે, માટે બ્રાહ્મણથી . ચારે વર્ણની કન્યા, ક્ષત્રિયથી ક્ષત્રિયાદિક ત્રણ વર્ણની કન્યા, વૈશ્યથી વૈશ્યાદિક બે વર્ણની કન્યા, અને શુદ્રથી કેવળ શુદ્રનીજ કન્યા પરણી શકાય છે. ૩૮ યજન, વેદાધ્યયન અને દાન એ દ્વિજ લોકોના (બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યોના) આવશ્યક ધર્મ છે, વેદ ભણવો, દાન લેવું, અને યજ્ઞ કરાવવો એ ત્રણ બ્રાહ્મણની આજીવિકા છે. ૩૯ દાન લેવાથી તપ, તેજ અને યશનો નાશ થાય છે, માટે દાન લેવું અનુકુળ ન લાગે તો બ્રાહ્મણોએ યજ્ઞ કરાવવા તથા વેદ ભણાવવાથીજ પોતાનો નિર્વાહ કરવો, અને યજ્ઞ કરાવવા તથા વેદ ભણવામાં પણ દીનતા આદિક દોષ જોવામાં આવે તો ખેતરના ધણીએ ખેતરમાં મુકી દીધેલા દાણા વીણી લાવીને પોતાની આજીવિકા કરવી. યજ્ઞ કરાવવા અને વેદ ભણાવવા એ ઉત્તમ વૃત્તિ છે; પરંતુ એથી પણ શિલવૃત્તિ એટલે કે દાણા વીણી લાવવા, એ ઉત્તમ વૃત્તિ છે. ૪૦ બ્રાહ્મણે આજીવિકા માટે ઝાઝો પ્રયત્ન ન કરવો, કેમકે બ્રાહ્મણનો આ દેહ સંસારનાં તુચ્છ સુખ ભોગવવાને માટે નથી; પરંતુ જીવતા સુધી કષ્ટ વેઠી તપ કરીને, મરણ પછી પરભવમાં અનંત સુખ ભોગવવા માટે છે ૪૧ ઉપર પ્રમાણે શીલ તથા ઉંછવૃત્તિથી દાણા વીણી લાવી સંતોષ માનનારો, અતિથિની પુજા કરવા-આદિ મોટા અને સ્વચ્છ ધર્મને પાળનારો, અને ઘર-આદિની આસક્તિ છોડીને મારામાં મન લગાડનારો બ્રાહ્મણ અથવા બીજો કોઇ મારો ભક્ત છે, તે શાંતિ અર્થાત્ મોક્ષ પામે છે. ૪૨ ધન વગર દુઃખ પામતા બ્રાહ્મણને અથવા મારા ભક્તને જે લોક દરિદ્રતામાંથી તારે છે, તેને જેમ વાહાણ મનુષ્યને સમુદ્રથી પાર ઉતારે છે, તેમ હું સર્વ દુઃખથી પાર ઉતારી દઉં છું. ૪૩ રાજાના તો એ આવશ્યક ધર્મ છે કે પિતા જેમ બાળકોને કષ્ટમાંથી છોડાવે છે, તેમ તેણે સર્વ પ્રજાને દુઃખમાંથી છોડાવવી જોઇએ, અને જેમ મોટા હાથી બીજા હાથીઓને કાદવમાંથી કાઢીને પોતે પોતાની મેળે કાદવમાંથી નિકળે છે, તેમ રાજાએ પ્રજાને વિપત્તિઓમાંથી કાઢી પોતે ધીરજ રાખીને, પોતે પોતાની મેળે વિપત્તિઓમાંથી બાહાર નિકળવું જોઇએ. ૪૪ આ પ્રમાણે વર્તનારો રાજા અહિં સઘળાં પાપમાત્રથી મુક્ત થઇને સૂર્ય જેવા તેજસ્વી વિમાનમાં બેસીને ઇંદ્રની સાથે આનંદ કરે છે. ૪૫ બ્રાહ્મણ આજીવિકા વગર દુઃખ પામતો હોય તો તેણે વૈશ્યની વૃત્તિથી (વ્યાપારથી) દુઃખમાંથી છુટવું. અને જો ઘણી આપદા આવી પડે તો શસ્ત્ર બાંધવારૂપ ક્ષત્રિયની વૃત્તિથી દુઃખમાંથી છુટવું, પરંતુ દાસપણું કરવાની વૃત્તિ જે કુતરાની વૃત્તિ કહેવાય છે, તે કદી પણ કરવી નહિ. ૪૬ ક્ષત્રિય વૃત્તિ વગર દુઃખ થતો હોય, તો તેણે વૈશ્યનો ધંધો કરીને વિપત્તિથી પાર ઉતરવું, બહુજ આપદા આવી પડે તો મૃગયા કરીને પોતાનો નિર્વાહ કરવો, અથવા વિપતમાં રહે ત્યાં સુધી બ્રાહ્મણની વૃત્તિ કે-જે વેદ ભણાવવા વગેરેની છે તે કરવી; પરંતુ દાસપણું કે જે કુતરાની વૃત્તિ છે, તે કદી પણ ગ્રહણ કરવી નહિ. ૪૭ વૈશ્ય આજીવિકા વગર
૧૦ દુઃખ પામે તો તેણે દાસપણું એટલે નોકરી

૩૫ શુદ્રની વૃત્તિથી પોતાની વિપત્તિ કાપવી, અને જો શુદ્ર આજીવિકા વગર દુઃખ પામે તો તેણે સાદડીઓ વગેરે બનાવવારૂપ જે પ્રતિલોમ જાતિવાળાની વૃત્તિ છે,તે કરીને વિપત્તિથી પાર ઉતરવું. વિપત્તિ ટળી ગયા પછી કોઇ વર્ણને પણ આપતકાળ સંબંધી ઉપર કહેલાં નીચ કર્મથી પોતાની આજીવિકાની ઇચ્છા રાખવી નહિ. ૪૮ ગૃહસ્થે વેદાધ્યયન રૂપ બ્રહ્મયજ્ઞથી ઋષિઓનું, સ્વધાકારે પિતૃશ્વરોનું. સ્વાહાકારે દેવતાઓનું, બલિ આપવાથી ભૂતોનું, અને અન્ન જળાદિ આપવાથી મનુષ્યોનું પોતાના વૈભવ પ્રમાણે પ્રતિદિવસ પુજન કરવું, અને તેમાં ઇશ્વર દૃષ્ટિ રાખવી. ૪૯ જો શક્તિ હોય તો દૈવેચ્છાથી મળેલા અથવા પોતાની વૃત્તિથી ન્યાય માર્ગથી મેળવેલા પવિત્ર ધનથી પોતાના કુટુંબ વર્ગને કોઈ પ્રકારે પીડા ન થાય એવી રીતે યજ્ઞ કરવો. ૫૦ ગૃહસ્થે પોતે કુટુંબી હોય; તો પણ કુટુંબમાં આસક્ત ન થવું, ઇશ્વર ભજનમાં પ્રમાદ રાખવો નહિ. ચતુર મનુષ્યે સ્વર્ગાદિક સુખને પણ આ લોકના સુખની પેઠે નાશવંત જાણવાં. ૫૧ પુત્ર, સ્ત્રી, મિત્ર અને બંધુઓનો સમાગમ વટેમાર્ગુના સમાગમ જેવો છે, કારણ કે જેમ નિદ્રા જતાં તેની પાછળ સ્વપ્ન પણ ચાલ્યું જાય છે, તેમ એ લોક દેહ ગયા પછી સર્વ જતાં રહે છે. ૫૨ આ પ્રકારે વિચારનો તેથી છુટેલો પુરૂષ અહંતા-મમતાને છોડીને ઘરમાં પરોણાની પેઠે રહે છે. ઘરથી બંધાતો નથી. ૫૩ આ પ્રમાણે ગૃહસ્થાશ્રમ સંબંધી કર્મોથી મારૂં પુજન કરતાં ભક્તિવાન પુરૂષે ગમે તો ઘરમાંજ રહેવું, ગમે તો વનમાં જવું (વાનપ્રસ્થ થવું). અને પ્રજા હોય તો ગૃહસ્થાશ્રમમાંથી સંન્યાસાશ્રમ ધારણ કરવો.૫૪ જેમ મુઢ ગૃહસ્થ ઘરમાં આસક્તિવાળો,પુત્ર તથા ધનની તૃષ્ણાથી આતુર, સ્ત્રી લંપટ, અને દીન બુદ્ધિવાળો હોય, તે 'હું અને મારૂં' કરીને બંધાઇ જાય છે. ૫૫ અરેરે !! મારાં માતા [illegible] છે 'સ્ત્રીને બાળક નાનાં છે, બિ- [illegible] અનાથ છે, એ દીન અને દુખીયાં મારા વગર શી રીતે જીવશે? ૫૬ આ રીતે ઘરની ચિંતાઓથી ચારે કોરથી બંધાયેલા હૃદયવાળો અને વિષયોથી તૃપ્તિ નહિ પામેલો એ મુઢ બુદ્ધિવાળો ગૃહસ્થ નિરંતર તેનું ધ્યાન કરવાથી મરણ પછી તામસી યોનિમાં જન્મે છે. ૫.

एवं गृहाशयाक्षिप्त हृदयो मूढ धीरयम् ॥
अतृप्त स्तानुध्यायन्मृतोऽधं विशते तमः॥

ઇતિશ્રી મહાપુરાણ ભાગવત વિષે એકાદશ સ્કંધમાં "બ્રહ્મચારી તથા વાનપ્રસ્થ ધર્મ વર્ણન" નામનો ૧૭ મો અધ્યાય સંપુર્ણ.

અધ્યાય ૧૮ મો.

વાનપ્રસ્થ તથા સંન્યાસીના ધર્મો.

શ્રીભગવાનુવાચ.

वनं विविक्षुः पुत्रेषु भार्यान्यस्य सहैव वा ॥
वन एव वसेच्छांत स्तृतीयं भागमायुषः॥१।

શ્રી ભગવાન કહે છે—હે ઉદ્ધવ ! વાનપ્રસ્થ આશ્રમમાં રહેવાની ઇચ્છા હોય, તો પોતાની સ્ત્રી તથા પુત્રોને ભલામણ આપી, અથવા સ્ત્રીને સાથેજ લઇ વનમાં જવું, અને પોતાના આયુષ્યના ત્રણ ભાગ એટલે કે પંચોતેર વર્ષ પુરાં થવા સુધી શાંતપણાથી વનમાં રહેવું. પંચોતેર વર્ષ પછી ઇંદ્રિયો ક્ષીણ થઇ જાય છે, તેથી થોડો વૈરાગ્ય હોય તો પણ સંન્યાસ લેવાનો અધિકાર છે. ૧ વાનપ્રસ્થે વનમાં ઉત્પન્ન થયેલાં પવિત્ર કંદ, મુળ અને ફળોથી પોતાનો નિર્વાહ કરવો, વલ્કલ વસ્ત્ર, તૃણ, પાંદડાં અને મૃગચર્મ પહેરવાં. ૨ કેશ, રૂંવાડાં, નખ અને દાઢી મુછ ઉતરાવવાં નહિ, શરીર તથા દાંત સ્વચ્છ ન કરવાં, ત્રણે કાળ જળમાં પેસી ડુબકી મારીને સ્નાન કરી લેવું; પરંતુ મેલ ઉતારવો નહિ, પૃથ્વી ઉપર સુવું ૩ ઉન્હાળામાં પંચાગ્નિ તાપવો, વરસાદમાં ખુલ્લી જગ્યામાં બેસી સર્વ વૃષ્ટિ માથાપર ઝીલીને 'અભ્રાવકાશ' નામનું વ્રત કરવું; શિયાળામાં ગળા સુધી પાણીમાં

ડુબી રહેવા રૂપ 'ઉદકવાસ' નામનું વ્રત કરવું. ૪ અગ્નિથી પાકેલા પદાર્થ ખાવા, અથવા કાળથી પાકેલાં ફળાદિક ખાવાં, ખાંડણીઆમાં ખાંડીને અથવા પથ્થરથી ખાંડીને ખાવું, અથવા દાંતરૂપી ખાંડણીઆવડે એટલે દાંતથીજ ચાવીને ખાવું. ૫ પોતાની આજીવિકાનાં સાધન સર્વ પોતે જાતે વનમાં જઇને મેળવવાં, દેશ, કાળ અને પોતાના બળની યોગ્યતા જોઇને નવીન અન્નાદિક મળી જાય, ત્યારે જુનાંનો ત્યાગ કરવો. ૬ વાનપ્રસ્થ પુરૂષે વનમાં ઉત્પન્ન થયેલાં ધાન્યાદિકથી સમયે સમયે કરવાને કહેલા યજ્ઞમાં ચરૂ અને પુરોડાશનો હોમ કરવો; પરંતુ વેદમાં કહેલાં પશુને મારીને મારૂં યજન ન કરવું. ૭ વાનપ્રસ્થે પણ અગ્નિહોત્ર, દર્શ પૂર્ણમાસ અને ચાતુર્માસ યજ્ઞ ગૃહસ્થાશ્રમની પેઠે કરવા, એમ વેદવેત્તાઓએ કહેલું છે. ૮ આ પ્રકારે જીવતા સુધી તપ કરવાથી જેનું માંસ સુકાઇ જવાથી આખા શરીરમાં નસો દેખાવા લાગે એવો વાનપ્રસ્થ પુરૂષ, હું કે-જે તપોમય છું તેનું આરાધન કરવાથી મહર્લોક આદિને પામીને અનુક્રમે મને પામે છે. ૯ કષ્ટ ભોગવીને કરેલા પરમ કલ્યાણકારક તપનો સંસારનાં તુચ્છ સુખને માટે જે ઉપયોગ કરે, તેના જેવો બીજો મુર્ખ કોણ? ૧૦ આ પ્રમાણે જીવતાં સુધી કરવાથી મોક્ષ થાય છે. પરંતુ પંચોતેર વર્ષ પૂરાં થઇ ગયા પછી વૈરાગ્ય મંદ હોવા છતાં પણ સંન્યાસ લેવાનો અધિકાર છે. પરંતુ પંચોતેર વર્ષ પુરાં થતા પેહેલાં જ વૃદ્ધાવસ્થાથી દેહમાં ધ્રુજારો થઇ આવે અને વાનપ્રસ્થ ધર્મ પાળવામાં અશક્ત થઇ જાય, અને સારી રીતે વૈરાગ્ય ઉત્પન્ન થયેલ ન હોય, તો તેણે અગ્નિઓનો પોતાના આત્મામાં આરોપ કરીને અર્થાત્ અગ્નિહોત્રનો ત્યાગ કરીને, મારામાં ચિત્ત રાખીને અગ્નિમાં પ્રવેશ કરવો. ૧૧ અને કર્મનાં ફળરૂપ તથા પરિણામમાં નરકના જેવા દુઃખરૂપ સર્વ લોકોમાં પુર્ણ વૈરાગ્ય ઉત્પન્ન થઇ જાય, તો અગ્નિહોત્રનો ત્યાગ કરી, વાનપ્રસ્થાશ્રમમાંથી સંન્યાસ લેવો. ૧૨ સંન્યાસ લેવો હોય ત્યારે શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે આઠ શ્રાદ્ધ કરી, તથા પ્રાજાપત્ય નામની ઇષ્ટિથી મારૂં યજન કરી, અગ્નિઓને પોતાના આત્મામાં આરોપી, સર્વ તૃષ્ણાનો ત્યાગ કરવો. ૧૩ બ્રાહ્મણ સંન્યાસ લે છે, ત્યારે દેવતાઓ "આ અમારાં સ્થાનોને ઉલ્લંઘીને પરબ્રહ્મને પામશે," એવી અસહનતાથી સ્ત્રી વગેરેમાં પ્રવેશ કરીને તે દ્વારા વિઘ્ન કરે છે, તેથી તે સમયમાં સ્ત્રી આદિનાં પ્રિય વચનોનો આદર ન કરતાં સંન્યાસ ધારણ કરવો. ૧૪ સંન્યાસીને કોપીન વગર બીજું વસ્ત્ર રાખવાની ઇચ્છા થાય તો જેથી કૌપીન ઢંકાઇ જાય, એટલુંજ વસ્ત્ર રાખવુ, દંડ અને પાત્ર વગર બીજી કોઇપણ વસ્તુ કે જેનો પ્રેમાચ્ચારથી ત્યાગ કરેલો છે, તે આપત્કાળ વગર રાખવી નહિ. ૧૫ પૃથ્વી ઉપર જોઇને પગ મુકવો. વસ્ત્ર વડે ગાળીને પાણી પીવું, સત્યથી પવિત્ર વચન બોલવું, વિચાર કરવાથી મનમાં જે શુદ્ધ દેખાય તે કરવુ ૧૬ હે ઉદ્ધવ! મૌન રાખવું એ વાણીનો દંડ છે. સકામ કર્મ કરવું નહિ એ દેહનો દંડ છે, પ્રાણાયામ કરવો એ મનનો દંડ છે. એ ત્રણ દંડ જેને હોય તેજ દંડી સંન્યાસી કહેવાય છે; પરંતુ એ ત્રણે દંડોને નહી રાખતાં કેવળ વાંસની લાકડી રાખવાથી દંડી સંન્યાસી કહેવાતો નથી ૧૭ બ્રાહ્મણાદિક ચાર વર્ણોમાંથી નિંદિત અને પતિત લોકોનો ત્યાગ કરીને બીજા લોકોને ઘેરથી ભિક્ષા માગી લાવવી, અને તેમાં પણ ઉત્તમને ઘેરથી લેવી, ઉત્તમની ન મળે તો પછી અભિશાપ પામેલા અને પતિતાદિકોનો ત્યાગ કરીને, બીજાઓની લેવી, વળી પ્રથમથી ન વિચારેલાં સાત ઘરોમાંથીજ ભિક્ષા લેવી. અને ત્યાંથી જેટલું મળે, તેટલાથીજ સંતોષ રાખવો. ૧૮ ભિક્ષા લાવી, ગામ બહાર જળાશય ઉપર જઇ, આચમન લઇ, તથા અન્નને પ્રોક્ષણાદિકથી શુદ્ધ કરી જેટલું લાવેલું હોય, તેટલું સર્વ મૌન રાખીને ખાઇ લેવું; એટલામાં જો કોઇ આવીને માગે, તો તેને થોડું પણ આપવું, અને બાકી રહે તે ખાવું. ૧૯ પૃથ્વી ઉપર એકલા ફરવું કોઇનો સંગ ન કરવો. ઇંદ્રિયોને નિયમમાં રાખવી, આત્મારામ રહેવું; આત્મામાંજ

સંતોષ રાખવો, ધૈર્ય અને સમદૃષ્ટિ રાખવી. ૨૦ સંન્યાસીએ નિર્જન અને નિર્ભય સ્થાનમાં રહેવું, મારી ભક્તિથી અંતઃકરણ શુદ્ધ રાખવું અને મારી સાથે અભેદ બુદ્ધિથી એક આત્માનુંજ ચિંતવન કરવું. ૨૧ જ્ઞાનમાં નિષ્ઠા રાખીને, પોતાના બંધ અને મોક્ષનો વિચાર કરવો કે-" ઇંદ્રિયોનો વિક્ષેપ એજ બંધ અને ઇંદ્રિયોનો નિગ્રહ એજ મોક્ષ છે. ૨૨ એ માટે છ ઇંદ્રિયોને નિયમમાં રાખીને, સંન્યાસીએ સારી ભાવના કરતા વિચરવું. ક્ષુદ્ર વિષયોમાં વૈરાગ્ય રાખવાથી મનમાં મહા સુખની પ્રાપ્તિ થાય છે. ૨૩ ભિક્ષાને માટેજ નગર, ગામ, વ્રજ અને સંઘોમાં જવું. સર્વદા પવિત્ર દેશ, નદીઓ, પર્વતો, વનો તથા આશ્રમોવાળી પૃથ્વીમાં એકલા વિચરવું. ૨૪ પ્રતિદિવસ વાનપ્રસ્થોના આશ્રમોમાંથી ભિક્ષા લાવવામાં આવે તો તે અતિ ઉત્તમ છે, કારણ કે-વાનપ્રસ્થોનું અન્ન કે જે શિલવૃત્તિથીઆણેલું હોય છે, તે ખાવાથી અંતઃકરણ શુદ્ધ થઈ જાય છે, અને મોહની નિવૃત્તિ થવાથી મુક્તિ મળે છે. ૨૫ આ લોકમાં દેખાતા સર્વ પદાર્થોને સાચા નહી માનતાં નાશવંત જાણીને આ લોક તથા પરલોકની આસક્તિ છોડી દેવી, અને તે લોકનાં સુખ માટે કર્તવ્ય કર્મોથી વિરામ પામવું. ૨૬ મમતાના, સ્થાનરૂપ આ જગત, અહંકારના સ્થાન રૂપ આ શરીર અને તેથી થનારાં સુખ એ સર્વ ભગવાનની માયા માત્ર છે, તથા સ્વપ્નસમાન મિથ્યા છે. એવા વિચારથી તેનો ત્યાગ કરીને, કેવળ આત્મામાંજ નિષ્ઠા રાખીને, તે સાંસારિક સુખોનું સ્મરણ પણ કરવું નહી, સ્મરણ કરવાથી વૈરાગ્યમાં પ્રતિબંધ થાય છે. ૨૭ હવે પરમહંસના ધર્મો કહું છું. વૈરાગ્ય થવાથી મોક્ષની ઇચ્છા રાખનારા, પરિપૂર્ણ જ્ઞાનવાળા, અથવા મોક્ષની પણ ઇચ્છા ન રાખતાં મારી ભક્તિમાં દૃઢ રીતે લાગેલા મારા ભક્તે દંડાદિકનાં ચિન્હોવાળા આશ્રમોના ધર્મોનો ત્યાગ કરીને, બની શકે તેટલા આશ્રમના ધર્મો પાળવા; પરંતુ શાસ્ત્રનાં વચનોનું અત્યંત દાસપણું નહી રાખવું. ૨૮ વિવેકી હોવા છતાં પણ બાળકની પેઠે માન કે અપમાનનો વિવેક ન રાખતાં ક્રિડા કરવી, વિચક્ષણ હોવા છતાં પણ જડની પેઠે ફળનું અનુસંધાન ન રાખતાં વિચરવું. પંડિત છતાં પણ ઉન્મત્તની પેઠે લોકોને પ્રસન્ન રાખવાની અપેક્ષા ન રાખતાં બોલવું, અને વેદના અર્થમાં નિષ્ઠા રાખનાર છતાં પણ લોકોનો સંગ ન થવા દેવા માટે બળદની પેઠે નિયમ રહિત સ્થિતિમાં રહેવું. ૨૯ વેદ સંબંધી અનેક વાદવિવાદમાં નિષ્ઠા ન રાખવી, પાખંડી થવું નહી, વેદવિરૂદ્ધ કેવળ તર્કમાં નિષ્ઠા ન રાખવી, અને પ્રયોજન વગરની વાતના વિવાદમાં કોઇ પણ પક્ષ ન પકડવો. ૩૦ કોઈ મનુષ્યથી ઉદ્વેગ ન રાખવો, ધૈર્ય રાખીને કોઇને ઉદ્વેગ ન આપવો. દુર્વચન સહન કરવાં. કોઇની અવજ્ઞા ન કરવી, અને પશુની પેઠે આ દેહના ઉદ્દેશથી કોઇની સાથે વૈર ન કરવું. ૩૧ જળનાં જુદાં જુદાં પાત્રોમાં જેમ ચંદ્રમા એક રહે છે, તેમ પોતાનામાં અને સર્વ પ્રાણી માત્રમાં એકજ પરમાત્મા રહે છે, માટે આત્મદૃષ્ટિથી જેમ વૈર રાખવાનું કારણ બિલકુલ નથી; તેમ દેહદૃષ્ટિથી પણ વૈર રાખવાનું કારણ નથી; કેમકે સર્વ દેહ માત્ર પણ કારણ સ્વરૂપથી એકજ છે. ૩૨ કોઇ ઠેકાણે સમય પરત્વે ખાવાનું ન મળે, તો ધૈર્ય રાખવું; પરંતુ ગભરાવું નહિ, અને મળી જાય તો પ્રસન્ન થવું નહિ, કારણ કે-મળવું અથવા ન મળવું એ દૈવાધીન છે. ૩૩ ભિક્ષાને માટે પ્રયત્ન તો કરવો; કેમકે પરમહંસે પણ પ્રાણ ધારણ કરવા જોઇએ; પ્રાણ હોય તો તત્વનો વિચાર થાય, અને તત્વજ્ઞાન થાય તો મુક્તિ મળે છે. ૩૪ દૈવેચ્છાથી સારૂં અથવા નરસું જે અન્ન મળે તે ખાઇ લેવું, સારૂં નજ લેવું, એમ આગ્રહ પણ ન રાખવો, તેમજ વસ્ત્ર અને શય્યા-આદિ જે કાંઇ મળી આવે તે પરમહંસે ગ્રહણ કરવું. ૩૫ હું કે-જે ઇશ્વર છું તે જેમ શૌચ, આચમન, સ્નાન અને બીજા નિયમો લીલાથી ધારણ કરૂં છું; પરંતુ વેદનો દાસ બનીને કરતો નથી, તેમ જ્ઞાનીએ પણ શૌચ, આચમન, સ્નાન અને બીજા નિયમો પણ પોતાનાથી બની શકે, ત્યાં સુધી પાળવા.

પરંતુ વેદના દાસ બનીને પાળવા નહિ. ૩૬ સર્વ નિયમ પાળવાની વેદની આજ્ઞા ઉઠાવવા ઇચ્છે તો જ્ઞાન નિષ્ઠામાં હાનિ આવી પડે છે. જ્ઞાનીને ભેદની પ્રતીતિ થતી નથી, અને જે પ્રથમ થાય છે, તે પણ જ્ઞાનથી નાશ પામી જાય છે, જો કે દેહ પડના સુધી કોઇ કોઈ સમય આહારાદિકમાં ભેદ પ્રતીતિ જોવામાં આવે છે; તો પણ તે મિથ્યા જાણેલી હોય છે, તેથી દેહ પડયા પછી તેને વિદેહમુક્તિ મળે છે. ૩૭ આ પ્રમાણે વિરકત અને પરોક્ષ જ્ઞાનવાળા પુરૂષોને માટે મેં સંન્યાસ અને સંન્યાસના ધર્મ કહ્યા, હવે એકલા વૈરાગ્યવાળા અને જ્ઞાન પ્રાપ્તિની ઇચ્છાવાળા પુરૂષોને માટે ધર્મ કહું છું. જે પુરૂષને પરિણામે દુઃખ દેનારા વિષયોમાં વૈરાગ્ય ઉત્પન્ન થઇ જાય, અને મારી પ્રાપ્તિનાં સાધન જાણવામાં ન આવ્યાં હોય, તેણે ધૈર્ય રાખીને કોઇ બ્રહ્મવેત્તા ગુરૂનું શરણ લેવું. ૩૮ જયાં સુધી બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થાય ત્યાં સુધી શ્રદ્ધા તથા આદર રાખીને, ઇર્ષાનો ત્યાગ કરીને, ગુરૂને મારારૂપ જાણીને, ભક્તિથી તેની સેવા કરવી. ૩૯ જેણે છ ઇંદ્રિયોને જીતી ન હોય, જેની બુદ્ધિ વિષયોમાં અતિ આસકત હોય, અને જે જ્ઞાન તથા વૈરાગ્ય વગરનો હોય તે સંન્યાસી ઉદર પોષણ માટે ત્રણ દંડ ઉપાડીને ફરે છે. ૪૦ મનના રાગ દ્વેષાદિક મળ બળી ગયા વગર જે મનુષ્ય સંન્યાસ લઇને, ધર્મનો ત્યાગ કરે છે, તે પુજવા યોગ્ય દેવતાઓને, પોતાને, અને પોતાનામાં રહેલા મને પણ ઠગે છે, અને એમ કરવાથી આ લોકથી અને પરલોકથી ભ્રષ્ટ થાય છે. ૪૧ શાંતિ અને અહિંસા એ સંન્યાસીના મુખ્ય ધર્મ છે, તપ અને યજન એ વાનપ્રસ્થોના મુખ્ય ધર્મ છે. પ્રાણીઓનું રક્ષણ અને યજન એ ગૃહસ્થોના મુખ્ય ધર્મ છે. આચાર્યની સેવા એ બ્રહ્મચારીનો મુખ્ય ધર્મ છે. ૪૨ બ્રહ્મચર્ય, તપ, શૌચ, સંતોષ અને પ્રાણીમાત્ર સાથે મિત્રભાવથી વર્તવું એ સર્વ આશ્રમવાળાઓ તથા ગૃહસ્થીના પણ ધર્મ છે. તેમાં ઋતુકાળે પોતાની સ્ત્રી સાથે મૈથુન કરવું એ ગૃહસ્થીનું બ્રહ્મચર્ય કહેવાય છે. મારી ઉપાસના કરવી એ સર્વ આશ્રમવાળાનો ધર્મ છે. ૪૩ આ રીતે જે મનુષ્ય વર્ણાશ્રમના ધર્મ પાળીને નિરંતર મારૂં ભજન કરે, સ્ત્રી પુત્રાદિકોમાં પ્રીતિ ન રાખે અને પ્રાણી માત્રમાં મારી ભાવના રાખે, તે પુરૂષ તુરત મારી ભક્તિ પામે છે.૪૪ હે ઉદ્ધવ! તે પુરૂષ, હું કે–જે સર્વ લોકોનો મોટો ઇશ્વર, સર્વની ઉત્પત્તિ તથા પ્રલયના કારણરૂપ અને શ્વાસમાંથી વેદ ઉત્પન્ન કરનારો વૈકુંઠવાસી છું, તેની દૃઢ ભક્તિને પામે છે. ૪૫ એ પ્રમાણે વર્ણાશ્રમના ધર્મ પાળવાથી ચિત્ત શુદ્ધ થતાં મારૂં સ્વરૂપ જાણવામાં આવે છે, અને જ્ઞાન તથા વિજ્ઞાનની પ્રાપ્તિથી તેનો તુરત મોક્ષ થઇ જાય છે. ૪૬ વર્ણ તથા આશ્રમવાળાઓના આ આચાર સંપન્ન ધર્મ છે, તે મારી ભક્તિ સહિત પાળવામાં આવે તો મહા કલ્યાણ કરનારા થઈ પડે છે. ૪૭ હે ઉદ્ધવ! સ્વધર્મ પાળનારો મારો ભક્ત મારા પરબ્રહ્મ સ્વરૂપને શી રીતે પામે છે; તે વિષે તમે મને જે પુછયું હતું, તે સર્વ મેં તમને કહ્યું. ૪૮

एतत्तेऽभिहितं साधो भवान्पृच्छति यच्च माम् ॥
यथा स्वधर्म संयुक्तो भक्तो मां समियात्परम् ॥

ઇતિશ્રી મહાપુરાણ ભાગવતના એકાદશ સ્કંધ વિષે "વાનપ્રસ્થ તથા સંન્યાસી ધર્મ કથન" નામનો ૧૮ મો અધ્યાય સંપુર્ણ.

અધ્યાય ૧૯ મો.

જ્ઞાનાદિકનો ત્યાગ કરવાની રીત.

શ્રી ભગવાનુવાચ.

योविद्या श्रुत संपन्न आत्मवान्नानुमानिकः॥
मायामात्र मिदंज्ञात्वा ज्ञानंच मयि संन्यसेत्॥

શ્રી ભગવાન કહે છે—હે ઉદ્ધવ! જેમ આપણને અંધકાર વગેરેથી દિશાનો ભ્રમ થઇ જાય છે, તે મિથ્યા છે. જો જાણવા છતાં

પણ જ્યાં સુધી ધારેલી દિશાનો પ્રત્યક્ષ અનુભવ થતો નથી, ત્યાં સુધી તે ભ્રમ દુર થતો નથી. તેમ જ્યાં સુધી આ દેહાદિક પ્રપંચ તર્કથી મિથ્યા જણાયા છતાં પણ અપરોક્ષ અનુભવથી લીન ન થાય, ત્યાં સુધી જ્ઞાનનો અભ્યાસ કરવો; પરંતુ પરોક્ષ જ્ઞાન મટીને અનુભવ અને અનુભવ પર્યંત શાસ્ત્રશ્રવણથી પ્રાપ્ત થયેલ આત્મતત્વની પ્રાપ્તિથી જે પુરૂષનો દ્વૈતભાવ લીન થઇ ગયો હોય, તે પુરૂષ દ્વૈતને અને દ્વૈતની નિવૃત્તિનાં સાધન મારા સ્વરૂપમાં કેવળ માયા માત્ર છે, એમ જાણીને જ્ઞાનના સાધનનો ત્યાગ કરવો. ૧ જ્ઞાનીને તો અપેક્ષિત ફળ રૂપ, તેના સાધન રૂપ, સ્વર્ગ રૂપ અને સંસારની નિવૃત્તિ રૂપ હુંજ છું. મારા વગર તેને બીજો કોઇ પણ પ્રિય લાગતો નથી. ૨ જ્ઞાન અને વિજ્ઞાનથી સિદ્ધ થયેલો પુરૂષ મારા ઉત્તમ પદને જાણે છે, અને જ્ઞાની પુરૂષ જ્ઞાનથી મારી ધારણા કરે છે; માટેજ જ્ઞાની પુરૂષ મને અતિ પ્રિય લાગે છે. ૩ જે સિદ્ધિ જ્ઞાનના લેશ માત્રથી થાય છે, તે સિદ્ધિ તપ, તીર્થ, જપ, દાન, અને બીજા પવિત્ર પદાર્થોથી કદી પણ થઈ શકતી નથી. ૪ હે ઉદ્ધવ! એ માટે હું કે-જે પોતાનો આત્મારૂપ છું, તેને જ્ઞાનની પરાકાષ્ટા પર્યંત જાણીને તે જ્ઞાન અને વિજ્ઞાનથી સંપન્ન થઇને, ભક્તિભાવથી કેવળ મારૂં ભજન કરો, બીજાં સર્વનો ત્યાગ કરો. ૫ હું કે-જે સર્વ યજ્ઞોનો પતિ અને આત્મા છું, તેનું પોતાનામાંજ જ્ઞાન તથા વિજ્ઞાનરૂપ યજ્ઞથી યજન કરીને મુનિ લોક મારા રૂપ સિદ્ધિને પામેલા છે. ૬ હે ઉદ્ધવ! તમારામાં જે અધ્યાત્મ, અધિભુત અને અધિદૈવ રૂપ ત્રણ પ્રકારના દેહાદિક દ્વૈતભાવ જોવામાં આવે છે, તે માયા રૂપ છે. પરમાર્થ નથી; કેમકે તે કેવળ મધ્ય દશામાંજ જોવામાં આવે છે, આદિ અને અંતમાં જોવામાં આવતા નથી. માટેજ આ વિકાર રૂપ દેહાદિકના જન્મ-આદિ વિકાર થાય છે; પરંતુ તમે કે-જે તેના અધિષ્ઠાન રૂપ છો, તેને શું છે? કાંઇ પણ નહિ. ઘટ-આદિ દ્વૈત પદાર્થના આદિ અને અંતમાં જે મૃત્તિકા-આદિ હોય છે, તેજ મધ્યમાં હોય છે; પરંતુ વસ્તુત: ઘટ-આદિ પદાર્થ વાસ્તવિક નથી, એમ આ દેહાદિક દ્વૈત પદાર્થના આદિ તથા અંતમાં જે બ્રહ્મ છે તે જ મધ્યમાં છે; પરંતુ દેહાદિક દ્વૈત વસ્તુ નથી; માટે વાસ્તવિક રીતે વિચાર કરવામાં આવે તો દેહાદિકને પણ જન્માદિક નથી, ત્યારે તમારે તો ક્યાંથી હોય? માટે તમે નિર્વિકાર પરબ્રહ્મ રૂપજ છો. ૭

ઉદ્ધવજી પુછે છે—હે વિશ્વેશ્વર! હે વિશ્વમુર્તિ!! વૈરાગ્ય અને વિજ્ઞાન સહિત આ પુરાતન શુદ્ધ જ્ઞાન જે પ્રમાણે વિસ્તાર પામે એવી રીતે કહો. અને આપનો ભક્તિ યોગ કે-જે થકી બ્રહ્માદિક મહાત્મા પણ જેની શોધ કરે છે, તે વિષયને હું જાણવા ઇચ્છું છું, માટે તે મને કહો. ૮ હે પ્રભુ! આ અધ્યાત્મ-આદિ ત્રિવિધ તાપોથી હું તપાયમાન થઇ રહેલો છું, અને ઘોર ભવાટવીમાં પડેલો છું, હવે અહિં અમૃતની વૃષ્ટિ કરનારા આપના ચરણ કમળ રૂપ છત્ર વગર બીજું કાંઇ પણ શરણ મને જોવામાં આવતું નથી. ૯ હે મહા પ્રભાવવાળા! મનુષ્ય સંસાર રૂપી કુવામાં પડેલો છે, તેમાં વળી કાળરૂપી સર્પે ડસેલો છે; તો પણ તે તુચ્છ સુખોમાં ઘણી તૃષ્ણા બાંધીને બેઠેલો છે. માટે હવે આપ એ મનુષ્યો ઉપર કૃપા કરીને, મોક્ષ જણાવનારાં આપના વચનોથી સિંચન કરીને, તેના તાપને શાંત કરો. ૧૦

શ્રી ભગવાન કહે છે—હે ઉદ્ધવ! પૂર્વે અજાતશત્રુ યુધિષ્ઠિરે પ્રથમ ધર્મધારાયોમાં શ્રેષ્ઠ ભીષ્મ પિતામહને અમારા સર્વ લોકોના સાંભળતાં આ પ્રશ્ન પૂછયો હતો. ૧૧ જ્યારે ભારતનું યુદ્ધ થઇ ચુક્યું ત્યારે સંબંધીઓના મરણથી વિહ્વલ થયેલા રાજા યુધિષ્ઠિરે ઘણા ધર્મ સાંભળીને પછી આ મોક્ષ ધર્મ સંબંધી પ્રશ્ન પૂછ્યા હતા. ૧૨ હવે જ્ઞાન, વૈરાગ્ય, વિજ્ઞાન, શ્રદ્ધા અને ભક્તિથી વૃદ્ધિ પામેલા ભીષ્મ પિતામહના મુખથી સાંભળેલા તે ધર્મો હું કહું છું, તે સાંભળો. ૧૩ પ્રકૃતિ, પુરૂષ, મહત્તત્વ, અહંકાર, પાંચ ત-

ન્માત્રા, અગીયાર ઇંદ્રિયો, પંચમહાભૂત,અને ત્રણ ગુણ એ અઠ્ઠાવીશ તત્વ બ્રહ્માથી લઇ સ્થાવર પર્યંત સર્વ કાર્યોમાં ગુંથાયેલાં છે. અને એ અઠ્ઠાવીશ તત્વોમાં એક પરબ્રહ્મ ગુંથાયલા છે; અર્થાત્ કાર્ય–કારણ રૂપ બધું જગત પોતાના પરમ કારણ (બ્રહ્મ) રૂપ છે, એમ જે વિચારથી જોવામાં આવે તે વિચાર 'જ્ઞાન' કહેવાય છે, એવો મારો નિશ્ચય છે. ૧૪ જેમ જ્ઞાનના સમયમાં એકથી વ્યાપ્ત સર્વ પદાર્થ જોવામાં આવ્યા હોય, તે જોવામાં ન આવે; પરંતુ જે એક તત્વથી તે વ્યાપ્ત છે, તેજ તત્વ–પરમ કારણ રૂપ પરબ્રહ્મ એકલા જોવામાં આવે ત્યારે તે 'વિજ્ઞાન' કહેવાય છે. દિશા સંબંધી અપરોક્ષ થયેલી ભ્રાંતિ જેમ નિશ્ચિત દિશાના પરોક્ષ જ્ઞાનથી ટળતી નથી. તેમ આ સંસારની ભ્રાંતિ કે–જે અપરોક્ષ છે, તે પરબ્રહ્મના પરોક્ષ જ્ઞાનથી ટળતી નથી; પરોક્ષ જ્ઞાનવાળો પુરૂષ જગતને બ્રહ્મરૂપ જાણતો હોય, તો પણ જગતની સત્તાને બ્રહ્મથી જરા જુદી માને છે. અને વિજ્ઞાન એટલે અપરોક્ષ જ્ઞાનવાળો જીવન્મુક્ત પુરૂષ તો સંસ્કાર માત્રથી અવશેષ રહેલા જગતને બાધિત દેખે છે. માટે પરોક્ષ જ્ઞાનનું નામ 'જ્ઞાન' આપ્યું છે, અને અપરોક્ષ જ્ઞાનનું નામ 'વિજ્ઞાન' આપ્યું છે, જગતના પદાર્થો ઉત્પત્તિ, સ્થિતિ અને લયવાળા છે, કારણ કે–તે અવયવવાળા છે. જે જે સાવયવ હોય, તે ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયવાળા હોય છે, જેમ ઘડો સાવયવ છે, માટે જ તે ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયવાળો છે, એ અનુમાનથી પદાર્થો ઉત્પત્તિ,સ્થિતિ તથા પ્રલયવાળા છે એવો નિશ્ચય થાય છે. ૧૫ ઉત્પત્તિમાં તથા રૂપાંતરની પ્રાપ્તિમાં જે વસ્તુ કાર્યમાં કારણ રૂપે જોડાયેલી રહે છે, અને મધ્ય ભાગમાં જે વસ્તુ કાર્યમાં આશ્રય રૂપે રહેલી છે, અને ઘટાદિક કાર્યોનો નાશ થતાં જે વસ્તુ બાકી રહે છે, તેજ વસ્તુને સત્ય જાણવી. ૧૬ હવે વૈરાગ્યનું સ્વરૂપ કહું છું.શાસ્ત્રોમાં મુખ્ય ચાર પ્રમાણ મનાય છે. વેદ, પ્રત્યક્ષ, લોકપ્રસિદ્ધિ, અને અનુમાન. આ દ્વૈત ચારે પ્રમાણોથી સિદ્ધ થતું નથી, જુઓ, વેદમાં કહ્યુંછે કે–'અહિં કોઇ પણ વસ્તુ જુદી જુદી નથી.' પ્રત્યક્ષ પ્રમાણથી જોઇએ છીએ; તો પણ આત્માથી જુદું બીજું કાંઇ પણ દેખાતું નથી. જેમ વસ્ત્રાદિક કાર્યો તંતુ આદિ કારણોથી ભિન્ન જોવામાં આવતાં નથી, એ પ્રત્યક્ષ પ્રમાણ છે, 'જગત મિથ્યાછે' એવી લોકપ્રસિદ્ધિ છે. જગત મિથ્યા છે, કારણ કે તે દૃશ્ય છે. જે દૃશ્ય હોય તે મિથ્યા હોયજ (જેમ છીપમાં જણાયેલું રૂપું દૃશ્ય હોવાથી મિથ્યા છે એ અનુમાન છે. આ ચારે પ્રમાણોથી જગત મિથ્યા ઠરે છે. માટે સર્વમાં ગુંથાયેલા સત્ય આત્માને જોનાર પુરૂષ મિથ્યા વસ્તુ (જગત)થી વૈરાગ્ય પામે છે. ૧૭ જેમ આ લોક નાશવંત દેખાય છે, તેમ આ લોકના કર્મોના ફળ રૂપ બ્રહ્મલોક સુધીનું સુખ પણ દુઃખ રૂપ એટલે નાશવંત છે, એમ વિદ્વાને વિચારવું. ૧૮ હે ઉદ્ધવ! તમે મારા પરમ પ્રિય છો, તેથી ભક્તિયોગ તો હું તમને પ્રથમ જ કહી ચુકયો છું. હવે ફરીથી મારી ભક્તિનાં ઉત્તમ સાધનો તમને કહું છું. ૧૯ મારી અમૃત જેવી કથામાં શ્રદ્ધા રાખવી. નિરંતર મારૂં કીર્તન કરવું, મારી પૂજામાં નિષ્ઠા રાખવી, સ્તુતિના પાઠોથી મારી સ્તુતિ કરવી. ૨૦ મારી સેવા કરવામાં આદર રાખવો, સર્વાંગોથી મને દંડવત પ્રમાણ કરવા, મારા ભક્તોની અધિક પૂજા કરવી, પ્રાણીમાત્રમાં મારી ભાવના કરવી. ૨૧ મારી સેવા માટેજ લૌકિક ક્રિયા કરવી, વાણીથી મારા ગુણોનું કીર્તન કરવું, મન મને અર્પણ કરવું. સર્વ કામના માત્રનો ત્યાગ કરવો. ૨૩ મારા ભજનમાં આડે આવનારા ધનનો તથા ભોગસુખનો ત્યાગ કરવો, જે કાંઇ યજ્ઞ, દાન, હોમ. જપ, તપ અને વ્રત કરવાં એ સર્વ મારે માટેજ કરવાં. ૨૩ હે ઉદ્ધવ! જે મનુષ્ય આ રીતે ભક્તિના સાધનરૂપ આ ધર્મોનુ આચરણ કરતો પોતાનો આત્મા પણ મને અર્પણ કરી દેછે, તેને મારી પ્રેમલક્ષણા ભક્તિ પ્રાપ્ત થાય છે, જે મારો ભક્ત છે, તેને કોઇ પણ સાધ્ય કે સાધનરૂપ અર્થ બાકી રહેતાં નથી, સર્વ પોતાની મેળે

જ સિદ્ધ થઇ જાય છે. ૨૪ વિશેષ શું કહું? આ મન જ બંધ તથા અનર્થનું કારણ છે. મનુષ્યનું શાંત અને સત્વ ગુણની વૃદ્ધિવાળું મન મારામાં લાગી જાય છે, ત્યારે તેને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ઐશ્વર્ય એ સર્વ પ્રાપ્ત થઈ જાય છે. ૨૫ અને એ રજોગુણવાળું અને મિથ્યા પદાર્થોમાં નિષ્ઠા રાખનારું મન, દેહ ઘર-આદિમાં લગાવવામાં આવે તો તે ઇંદ્રિયોદ્વારા અહિં તહિં વિષયોની તરફ દોડે છે, અને તેથી અધર્મ, અજ્ઞાન, અવૈરાગ્ય અને અનૈશ્વર્ય પ્રાપ્ત થાય છે. ૨૬ જેથી મારી ભક્તિથા થાય તે ધર્મ, સર્વ એક આત્મારૂપ છે, એમ જોવું તે જ્ઞાન, વિષયોમાંથી આસક્તિ મટી જાય એ વૈરાગ્ય, અને અણિમાદિક સિદ્ધિઓ તે ઐશ્વર્ય છે, એમ શાસ્ત્રમાં કહેલું છે. ૨૭

ઉદ્ધવજી પુછે છે—એ ધર્માદિકોનાં લક્ષણ હું જાણતો હતો, તેનાથી જુદાંજ નિકળ્યાં, તેથી મને લાગે છે કે બીજા પણ જે જે શબ્દોના અર્થ હું જાણું છું તેના અર્થ પણ જુદા હશે. માટે હે શત્રુદમન! હે પ્રભુ!! હું આપને પુછું છુ કે-યમ કેટલા પ્રકારના છે? અને નિયમના કેટલા પ્રકાર છે? શમ એટલે શું? દમ શું છે? તિતિક્ષા તથા ધીરજ કોને કહે છે? ૨૮ દાન, તપ, શૌર્ય તથા સત્ય કોને કહે છે? ઋત શું છે? ત્યાગ શું છે? અને ઉત્તમ ધન એટલે શું? યજ્ઞ શું છે? અને દક્ષિણા કોને કહે છે? ૨૯ હે શ્રીમન્! મનુષ્યનું બળ શું છે? તથા હે કેશવ! ભગ શું છે? લાભ શું છે? તથા પરાવિદ્યા શું છે? લજ્જા શુ છે? ઉત્તમ ભૂષણ શું છે? સુખ શું છે? અને દુઃખ કોને કહે છે? પંડિત કોને કહે છે? અને મુર્ખ કોણ છે? સન્માર્ગ શું છે? અને કુમાર્ગ શું છે? સ્વર્ગ શું? અને નરક શું છે? બંધુ કોણ છે? અને ઘર કોને કહે છે? ૩૧ ધનવાન કોણ છે? અને દરિદ્રી કોને કહે છે? કૃપણ કોણ છે? અને સ્વતંત્ર કોણ છે? હે સત્પુરૂષોના પતિ! મેં જે પ્રશ્ન પૂછ્યા છે, તેના ઉત્તર આપો, અને તેનાથી ઉલટાં જે અશમ તથા અદમાદિક છે, તેનાં પણ સ્વરૂપ કહો. ૩૨

શ્રીભગવાન કહે છે—હે ઉદ્ધવ! અહિંસા, સત્ય, મનથી પણ પારકું ધન હરણ ન કરવું, આસક્તિ રાખવી નહિ, નિંદ્ય કર્મોથી લજાવું, સંગ્રહ ન કરવો, ધર્મ ઉપર વિશ્વાસ રાખવો, બ્રહ્મચર્ય પાળવું, મૌન રાખવું, સ્થિરતા રાખવી, ક્ષમા રાખવી, અને કોઈથી ડરવું નહિ, એ બાર યમ છે. ૩૩ અંદરની પવિત્રતા, બહારની પવિત્રતા, જપ, તપ, હોમ, ધર્મપર શ્રદ્ધા, અતિથિનો સત્કાર, મારી પુજા, તીર્થયાત્રા, પરોપકાર, સંતોષ, અને ગુરૂ સેવા, એ બાર નિયમ છે. ૩૪ મુમુક્ષુને યમ મુખ્ય છે, અને સકામ પુરૂષને નિયમ મુખ્ય છે. જે મનુષ્ય એઓને ધારણ કરે છે, તેઓની મનવાંછિત કામના પુર્ણ થઇ જાય છે. ૩૫ બુદ્ધિની મારામાં નિષ્ઠા રાખવી તેને શમ કહે છે. ઇંદ્રિયદમનને દમ, દુઃખ સહન કરવું તેને તિતિક્ષા, અને જીભ તથા ઉપસ્થના વેગને રોકવા એ ધૈર્ય છે. ૩૬ પ્રાણીઓના દ્રોહના ત્યાગને દાન કહે છે, ભોગની ઉપેક્ષાને તપ કહે છે, સ્વભાવના વિજયને શુરવીરતા કહે છે, બ્રહ્મનો વિચાર કરવો તેને સત્ય કહે છે. ૩૭ સાચી પ્રિય વાણીને ઋત, કર્મોની આસક્તિને શૌચ અને તેના ત્યાગને સંન્યાસ કહેછે ૩૮ ધર્મનેજ ઉત્તમ ધન કહે છે, મને ઉદ્દેશીને જે ક્રિયા કરવામાં આવે તેને યજ્ઞ કહે છે, જ્ઞાનના ઉપદેશને દક્ષિણા કહે છે, મન રૂપી શત્રુને તાબે કરવા માટે કરેલા પ્રાણાયામને પરમબળ સમજવું. ૩૯ મારા ઇશ્વરપણાના ભાવને ભગ સમજવું, મારી ભક્તિને ઉત્તમ લાભ જાણવો, આત્મામાં પ્રતીત થતા ભેદના બાધને વિદ્યા જાણવી. દુષ્ટ કર્મોનો ત્યાગ કરવાના વિચારને લજ્જા સમજવી. ૪૦ તૃષ્ણાથી રહિતપણું વગેરે ગુણોને ભુષણરૂપ સમજવા, સુખ દુખનું અનુસંધાન ન કરવું તે સુખ જાણવું, વિષયસુખની લાલસાને દુઃખ સમજવું બંધ તથા મોક્ષને જાણે તેને પંડિત સમજવો. ૪૧ દેહ-આદિમાં અહંબુદ્ધિવાળા

ળાને મુર્ખ જાણવો. મને પ્રાપ્ત કરનારા નિવૃત્ત માર્ગને સુમાર્ગ અને ચિત્તને વિક્ષિપ્ત કરનારા પ્રવૃત્તિ માર્ગને કુમાર્ગ જાણવો, સત્વગુણના ઉદયને સ્વર્ગ સમજવું. ૪૨ તમોગુણની વૃદ્ધિને નરક જાણવું, હે સખા ઉદ્ધવ! ગુરૂ કે જે મારૂં સ્વરૂપ છે, તેને બંધુ સમજવો. મનુષ્યના શરીરને ઘર સમજવું, ગુણવાળો હોય તેનેજ ધનવાન જાણવો. ૪૩ અસંતોષીનેજ દરિદ્રી સમજવો, અજીતેંદ્રિયને કૃપણ જાણવો. વિષયોમાં આસક્ત ન હોય તેને સ્વતંત્ર જાણવો, અને વિષયોમાં આસક્ત હોય તેને પરતંત્ર જાણવો. ૪૪ હે ઉદ્ધવ! જે તમે પ્રશ્ન પુછયા હતા, તે સર્વના ઉત્તર મે તમને કહ્યા, હવે વિશેષ વર્ણન કરવાનું શું પ્રયોજન છે? કેમકે ગુણ દોષનાં લક્ષણ તો એજ છે કે ગુણ તથા દોષોને જોવા એ દોષ છે, અને ગુણ તથા દોષોને ન જોવા એજ ગુણ છે. ૪૫

एत उद्धव ते प्रश्नः सर्वे साधु निरूपिताः ॥
किंवर्णितेन बहुना लक्षणं गुंण दोषयोः ॥
गुण दोषद शिर्दोषो गुणस्तुभयवर्जितः ॥

ઇતિશ્રી મહાપુરાણ ભાગવતના એકાદશ સ્કંધમાં "ભગવદુદ્ધવ સંવાદ" નામનો ૧૯ મો અધ્યાય સંપુર્ણ.

અધ્યાય ૨૦ મો.

ભક્તિ, જ્ઞાન અને કર્મરૂપી ત્રણ ઉપાયો.

उद्धव उवाच.

विधिश्च प्रतिषेधश्च निगमोहीश्वरस्य ते ॥
अवेक्षतेऽरविंदाक्ष गुणं दोषं च कर्मणाम् ॥

ઉદ્ધવજી પુછે છે કે—હે ભગવાન! વિધિનિષેધરૂપ જે વેદવાક્યો છે તે આપનીજ આજ્ઞા છે, જ કરવાનાં કહેલાં છે, તેઓ થાય, અને જે કર્મોનો નિષેધ કર્યો છે, તે કર્મો કરવાથી પાપરૂપ દોષ થાયછે એમ સ્વીકારેલું છે. એજ પ્રમાણે અમુક વર્ણ ઉત્તમ અને અમુક વર્ણ અધમ છે, તથા અમુક આશ્રમ ઉત્તમ અને અમુક આશ્રમ અધમ છે, એવી રીતે ગુણ દોષ સ્વીકાર્યા છે. જાતિઓમાં પણ ઉત્તમ જાતની સ્ત્રીમાં હલકી જાતિના પુરૂષોથી ઉત્પન્ન થયેલા પુત્ર અધમ અને હલકી વર્ણની સ્ત્રીઓમાં ઉત્તમ વર્ણના પુરૂષોએ ઉત્પન્ન કરેલા પુત્રો તેઓનાથી ઉત્તમ છે, એવી રીતે ગુણ દોષ સ્વીકાર્યા છે. અને સ્વર્ગમાં તથા નરકમાં પણ પુણ્યનું ફળ સ્વર્ગ અને પાપનું ફળ નરક, એમ ગુણ દોષ સ્વીકાર્યાં છે. ૨ ગુણ દોષમાં ભેદદૃષ્ટિ ન રાખવી, એમ આપનું કહેલું છે, અને વિધિનિષેધને પ્રતિપાદન કરનારા વેદ પણ આપનાંજ વચન છે. હવે મનુષ્યોનું કલ્યાણ કયા પ્રકારે થાય? કેમકે આ આપનાંજ વચનોમાં પરસ્પર વિરોધ આવે છે. ૩ હે ઈશ્વર! મોક્ષ અથવા સ્વર્ગાદિક તથા સાધ્ય અથવા સાધનોને જાણવા નિમિત્ત પિતૃ, દેવતા અને મનુષ્યોનાં ઉત્તમ ચક્ષુ આપનાં વચન રૂપ વેદજ છે. ૪ મનુષ્યને ગુણદોષમાં જે ભેદદૃષ્ટિ છે, તે આપનાં વચનરૂપ વેદથીજ થઇ છે, પોતાની મેળે થઇ નથી, એમ આપેજ આપના શ્રીમુખથી 'ભેદદૃષ્ટિ ન કરવી' એમ સિદ્ધ કરેલું છે, માટે આપ આ મારો ભ્રમ દૂર કરો. ૫

શ્રી ભગવાન કહે છે—હે ઉદ્ધવ! પદાર્થો એના એ છે, પરંતુ અધિકારીની યોગ્યતાનુસાર ભેદદૃષ્ટિ રાખવાની વ્યવસ્થા છે, તેથી વેદનાં વાક્યોમાં કશો વિરોધ આવતો નથી. મનુષ્યોના કલ્યાણ માટે વેદના બ્રહ્મકાંડ, કર્મકાંડ તથા દેવકાંડમાં જ્ઞાન, નિષ્કામ કર્મ તથા ભક્તિ, એ ત્રણ ઉપાયો કહેલા છે. એ ત્રણ ઉપાય સિવાય બીજો એકે ઉપાય નથી. ૬ તેમાં કર્મોનાં ફળોને દુઃખરૂપ સમજીને તેના

જતાં તે ફળોને વિષે અરૂચિ નહિ રાખનારા પુરૂષોને નિષ્કામ યોગ સિદ્ધિ આપનારો છે. ૭ જે પુરૂષને મારી કથા-આદિમાં કોઇ ભાગ્યોદયથી શ્રદ્ધા ઉત્પન્ન થઇ હોય તથા જેને પુર્ણ વૈરાગ્ય થયો ન હોય, અને દેહ-આદિમાં પુર્ણ આસક્તિ પણ ન હોય તેને માટે ભક્તિ યોગ સિદ્ધિ આપનારો છે. ૮ જ્યાં સુધી વૈરાગ્ય થયો ન હોય, અથવા મારી કથા સાંભળવા આદિમાં પણ શ્રદ્ધા ઉત્પન્ન થઇ ન હોય, ત્યાં સુધી મનુષ્યે નિત્ય નૈમિત્તિક કર્મો કર્યા કરવાં. ૯ હે ઉદ્ધવ! જે મનુષ્ય સ્વધર્મમાં રહીને ફળની કામનાનો ત્યાગ કરીને યજ્ઞોથી મારૂં યજન કરતો રહે, અને નિષિદ્ધકર્મનું આચરણ ન કરે, તો તે સ્વર્ગમાં કે નરકમાં જાય નહિ; ૧૦ પરંતુ આ લોકમાં રહે છે, સ્વધર્મમાં રહી પાપ રહિત પવિત્ર થઇને, શુદ્ધ જ્ઞાનને પામે છે, અથવા ભગવદિચ્છાથી કેવળ જ્ઞાનથી પણ અતિ દુર્લભ એવી મારી ભક્તિને પામે છે. ૧૧ સ્વર્ગવાસી તથા નરકવાસી બન્ને લોકો મનુષ્ય દેહની ઇચ્છા કરે છે; કેમકે મનુષ્ય લોક જ્ઞાન અને ભક્તિ બન્નેના સાધનરૂપ છે, દેવનાં તથા નારકીનાં શરીરોથી કાંઇપણ સિદ્ધ થઇ શકતું નથી. ૧૨ વિવેકી પુરૂષે સ્વર્ગની ગતિની ઇચ્છા ન કરવી જોઇયે, તેમ નરકની પણ ઇચ્છા કરવી નહિ. તેમજ આ લોકની પણ ઇચ્છા ન રાખવી, કેમકે દેહની આસક્તિથી ખરો સ્વાર્થ ચુકી જવાય છે. ૧૩ આ પ્રમાણે જ્ઞાન અને ભક્તિના સાધનરૂપ તથા ઉત્તમ સિદ્ધિને આપનારા આ શરીરને પણ મરણ પામનારૂં જાણી આળસનો ત્યાગ કરી મૃત્યુથી પહેલાંજ મોક્ષને માટે યત્ન કરવો. ૧૪ સાવધાન અને નિઃસંગ પુરૂષ સુખ પામે છે, તે વિષે દૃષ્ટાંત કહું છું. યમરાજ જેવા નિર્દયી પુરૂષોએ કાપવા માંડેલા એવા પોતાના માળાવાળા પોતાના નિવાસસ્થાન વૃક્ષમાં જે પક્ષીઓ આસક્ત થતાં નથી, તેઓ તે વૃક્ષને છોડીને આનંદથી ચાલ્યાં જાય છે. ૧૫ એ પ્રમાણેજ રાત દિવસરૂપી કરવત જેને કાપી રહેલું છે, એવા પોતાના આયુષ્યને જાણીને, ભયથી ધ્રુજતો જે પુરૂષ તેમાંથી આસક્તિ છોડી દઇ પરબ્રહ્મને જાણી જીવન વગેરેની આશાનો ત્યાગ કરે છે, તેજ શાંતિ પામે છે. ૧૬ અને સર્વ ફળોની મુળભૂત, અતિ દુર્લભ, આ મનુષ્ય દેહ રૂપી દૃઢ નાકાને તથા ગુરૂરૂપ ખલાસીને તથા મારારૂપ અનુકુળ પવનની પ્રેરણાને પામીને, જે મનુષ્ય આ ભવસાગરથી પાર ન ઉતરે તેને આત્મઘાતી સમજવા જોઇએ. ૧૭ આ પ્રમાણે વૈરાગ્ય વિનાના પુરૂષને વૈરાગ્યદ્વારા જ્ઞાન તથા ભક્તિ આપનારો કર્મયોગ કહ્યો. હવે વિરક્ત પુરૂષને માટે જ્ઞાનયોગ અને જ્ઞાન મળ્યા પહેલાં જે જે કરવાનું તથા છોડી દેવાનું છે તે કહું છું. જ્યારે કર્મોમાં તથા તેનાં ફળો ઉપર દુઃખ જોવાથી તે કર્મો પર તથા તેનાં ફળો ઉપર વૈરાગ્ય ઉત્પન્ન થાય, અને ઇંદ્રિયો વશ થઇ જાય, ત્યારે યોગી પુરૂષે અભ્યાસવડે પોતાના મનને સ્થિર કરવું. ૧૮ મનની ધારણા કરવામાં આવે તે સમય જો મન ભ્રમણ કરવાને લીધે તુરત સ્થિર ન થાય, તો સાવધાન થઇ તેને અનુકુળ કરીને પોતાને વશ કરવું. ૧૯ પ્રાણ તથા ઇંદ્રિયોના જય હોવા છતાં પણ મનને છુટું મુકવું નહી; પરંતુ જેમ બને તેમ સત્વ ગુણવાળી બુદ્ધિથી મનને પોતાને વશ્ય રાખવું. ૨૦ જેમ સ્વાર દમન કરવા યોગ્ય ઘોડાની ગતિને પોતાની ઇચ્છાનુસાર ચાહતો પ્રથમ કાંઇક તેની ચાલને અનુસરીને તેને જવા દે છે, અને પછી લગામને તાણતોજ જાય છે; પરંતુ તેને છુટો મુકતો નથી, તેમ મનને ધીરે ધીરે ઘોડાની પેઠે વશ કરવું જોઇએ. ૨૧ પછી મહતત્વથી દેહ પર્યંતના સઘળા પદાર્થોના યથાર્થ વિચાર કરીને પ્રકૃતિ વગેરેના ક્રમથી દેહની ઉત્પત્તિ થાય છે, તથા પૃથ્વી આદિના ક્રમથી તેનો નાશ થાય છે, એમ વારંવાર વિચાર કરવો, તેથી મન નિશ્ચળ થાય છે. ૨૨ આવા વિચારથી, ઉત્પન્ન થનારા અને નાશ પામનારા એ પદાર્થોમાં અનુસ્યુત એક સત્ય આત્મા જોવામાં આવવાથી આત્માના અવિવેકથી સંસારમાં અવતરવું પડ્યું છે, આવો વિચાર આવવાથી પુરૂષને સંસાર ઉપર અભાવ થઇ તે-

નું. મન ઉદાસીન થઇ જાય છે, અને ગુરૂએ ઉપદેશ કરેલા પદાર્થનો વારંવાર વિચાર કરવાથી તેનું મન દેહાદિકના અભિમાનનો ત્યાગ કરે છે, યમાદિક યોગના માર્ગોથી, જીવ અને ઇશ્વરના શોધનથી અને મારી પુજા તથા ઉપાસના વગેરેથી મન પરમાત્માનું સ્મરણ કરે છે, બીજા કોઇ ઉપાયોથી કરતું નથી. ૨૪ જો યોગીથી પ્રમાદવડે કાંઈ પાપ થઇ જાય તો જ્ઞાનના અભ્યાસથી અને ભગવાનનાં નામ કીર્તનાદિકથી તે પાપને બાળી નાંખવું, પરંતુ તેને માટે વ્રતાદિક પ્રાયશ્ચિત કરવું નહી ૨૫ નિત્ય નૈમિત્તિક કર્મ અંતઃકરણનું શોધન કરનાર હોવાથી ગુણ રૂપ છે, હિંસાદિક કર્મ અંતઃકરણને મલીન કરનાર હોવાથી દોષ રૂપ છે, અને તેનું નિવારણ કરનારૂં પ્રાયશ્ચિત પણ ગુણ રૂપ છે. તે પ્રાયશ્ચિત કર્યા વગર યોગથી જ પાપ શી રીતે બળી જાય? ત્યાં કહે છે કે પોત પોતાના અધિકારમાં જે નિષ્ઠા રાખવી, તે ગુણ કહેવાય છે; અર્થાત્ મનુષ્યને પ્રવૃત્તિ વગર બીજી કોઇ પણ અશુદ્ધિ નથી, કેમકે તે સ્વાભાવિક પ્રવૃત્તિથી જ મલીન થઇ રહેલ છે. અને તે પ્રવૃત્તિની એકાએક નિવૃત્તિ કરવી અશક્ય છે. માટે જ 'આ કરવું અને આ ન કરવું' એવી સ્વાભાવિક પ્રવૃત્તિના સંકોચદ્વારા પોતપોતાના અધિકારમાં નિષ્ઠા રાખવાનું વિધાન નિવૃત્તિને માટે કર છે; એટલે કે ગુણ દોષના વિધિ કેવળ સંગ છોડાવવાના અભિપ્રાયથી છે, બીજા અભિપ્રાયથી નથી, ગુણ દોષ વિધિ કરવાથી એટલો લાભ થયો કે-જેણે નિષેધનો વિષય જાણી લીધો. તે પદાર્થોમાંથી પોતાની મેળે આસક્તિ છુટી ગઈ. કેવળ વિધિ વિષય ગુણરૂપ પદાર્થોમાં જ રહ્યો, તો તે પણ ધીરે ધીરે વિચારદ્વારા નિવૃત્ત થઇ જાય છે; માટે એમ કહ્યું કે-યોગીને સ્વાભાવિક પ્રવૃત્તિ ન હોવાથી પ્રાયશ્ચિતાદિકની કાંઇ આવશ્યકતા નથી. ૨૬ હવે ભક્તિના અધિકારીઓને માટે ભક્તિયોગ કહું છું; જ્યારે મારી કથાઓમાં શ્રદ્ધા ઉત્પન્ન થાય, અને સર્વ કર્મોમાં વૈરાગ્ય ઉત્પન્ન થાય, તથા વિષયોને દુઃખરૂપ જાણતાં છતાં તેનો ત્યાગ કરી શકાય નહિ, ત્યારે ભક્તિથીજ મારા સર્વ મનોરથ સિદ્ધ થઇ જશે, એમ દૃઢ નિશ્ચય રાખી, શ્રદ્ધાયુક્ત થઇ પ્રીતિથી મારૂં ભજન કરવું. તથા દુઃખના પરિણામ રૂપ વિષયોનું સેવન કરવા છતાં પણ તેની ઉપર પ્રીતિ ન રાખવી. ૨૮ આ પ્રમાણે જે મનુષ્ય ભક્તિયોગથી મારૂં નિરંતર ભજન કરે છે, તેના હૃદયમાં હું નિવાસ કરૂં છું. તેથી તે હૃદયમાં રહેલી સર્વે કામનાઓ નાશ પામે છે. ૨૯ હું સર્વનો અંતર્યામી છું, તેનું દર્શન થવાથી અહંતા મમતા રૂપ હૃદયની ગાંઠ છુટી જાય છે. સર્વ સંદેહ નિવૃત્ત થઇ જાય છે, અને તેનાં સર્વ કર્મ ક્ષીણ થઇ જાય છે, માત્ર પ્રારબ્ધકર્મ શેષ રહે છે. માટે જે યોગી મારામાં મન લગાડી મારી ભક્તિને ધારણ કરે છે, તેને માટે બહુધા જ્ઞાન કે વૈરાગ્ય કલ્યાણનું સાધન નથી; પરંતુ ભક્તિયોગજ કલ્યાણનું સાધન છે. ૩૧ કર્મ, તપ, જ્ઞાન, વૈરાગ્ય, યોગ, દાન, ધર્મ અને બીજાં પણ અનેક સાધનોથી જે ફળ મળે છે, ૩૨ તે સર્વ ફળ મારા ભક્તને મારી ભક્તિયોગના પ્રભાવથી વિના પ્રયાસે પ્રાપ્ત થાય છે. તથા જો તે જરા પણ ઇચ્છે છે, તો તેને સ્વર્ગ, મોક્ષ અને મારૂં વૈકુંઠ ધામ પણ મળે છે. ૩૩ જે ધીર સાધુ લોક મારા એકાંતિક ભક્ત છે, તે કોઇ ફળની ઇચ્છા રાખતા નથી; જો કે હું તેઓને કૈવલ્યમોક્ષ આપવા માંડું છું; પરંતુ તેની પણ ઇચ્છા કરતા નથી. ૩૪ કશાની અપેક્ષા ન રાખવી, એજ સર્વોત્તમ મહા કલ્યાણકારી ફળ અને સાધન કહેવાય છે; માટે જે મનુષ્ય નિરપેક્ષ રહીને મારી પ્રાર્થના કરે છે, તેને મારી ભક્તિ પ્રાપ્ત થાય છે. ૩૫ મારી સંપૂર્ણ ભક્તિને પામેલા સમદૃષ્ટિવાળા અને ઇશ્વરને પામેલા મહાત્મા પુરૂષોને વેદોક્ત કર્મ કરવાથી પુણ્ય થતું નથી, અને વેદ વિરૂદ્ધ કર્મ કરવાથી પાપ થતું નથી. ૩૬ ઉપર પ્રમાણે મેં કહેલા ઉપાયો પ્રમાણે જે મનુષ્ય કરે છે, તેઓ કાળ તથા માયાથી રહિત એવા મારા લોકને પામે છે, અને પરબ્રહ્મને જાણે છે. ૩૭

एवमेतान्मयादिष्टाननुतिष्ठंति मे पथः ॥
क्षेमं विंदंति मत्स्थानं यद् ब्रह्म परमं विदुः ॥

ઇતિ શ્રી મહા પુરાણ ભાગવત વિષે એકાદશ સ્કંધમાં "જ્ઞાન, ભક્તિ અને કર્મરૂપી ત્રણ ઉપાયો કથન" નામનો ૨૦ મો અધ્યાય સંપુર્ણ.

અધ્યાય ૨૧ મો.

સકામ કર્મ કરનારાઓને માટે દ્રવ્ય દેશાદિકના ગુણ-દોષનું વર્ણન.

श्री भगवानुवाच.

य एतान्मत्पथो हित्वा भक्तिज्ञान क्रियात्मकान्॥
क्षुद्रान्कामांश्चलैः प्राणैर्जुषंतः संसरंति ते ॥१॥

શ્રીભગવાન્ કહે છે—હે ઉદ્ધવ! 'આ પ્રમાણે ગુણ દોષની વ્યવસ્થા માટે જ્ઞાન, ભક્તિ અને કર્મ એમ ત્રણ માર્ગ કહ્યા, તેમાં જે જ્ઞાન અને ભક્તિથી સિદ્ધ થઇ ગયેલ છે; તેને ગુણદોષ જરાપણ બાધ કરતા નથી; પરંતુ જ્ઞાન તથા ભક્તિના સાધક લોકોએ પ્રથમ નિષ્કામ કર્મમાં નિષ્ઠા રાખવી, અને નિત્ય નૈમિત્તિક કર્મ કરવાં, એ અન્તઃકરણનાં શોધક હોવાથી ગુણરૂપ છે. અને તેને ન કરવાં અથવા નિષિદ્ધ કર્મ કરવાં એ દોષરૂપ છે, અને તે દોષને નિવૃત્ત કરનારૂં પ્રાયશ્ચિત ગુણરૂપ છે, અને જેનું અંતઃકરણ શુદ્ધ છે, તે જ્ઞાનનિષ્ઠ પુરૂષોને માટે તો જ્ઞાનાભ્યાસ જ સિદ્ધિનો હેતુ હોવાથી ગુણરૂપ છે. અને જે ભક્તિનિષ્ઠ છે તેને માટે શ્રવણ કીર્તન-આદિ કરવારૂપ ભક્તિ જ ગુણ છે. તેથી જે વિરૂદ્ધ છે, તે સર્વ એ બન્નેને માટે દોષરૂપ છે. એ વાત કહી. હવે એ વાત કહે છે કે-જે સિદ્ધ નથી, અને સાધક નથી; પરંતુ જે કામ્ય કર્મનું જ અનુષ્ઠાન કરે છે, તેના સર્વ દોષોનું નિરૂપણ કરવાને માટે પ્રથમ બહિર્મુખ લોકોની નિંદા કરે છે. જે લોક ભક્તિ, જ્ઞાન, અને નિષ્કામ કર્મરૂપ મારા ત્રણ માર્ગોને છોડીને, ચંચળ પ્રાણોથી તુચ્છ વિષયોનું સેવન કરે છે, તે વારંવાર સંસારને પામે છે. ૧ 'એનાં એ કર્મોથી કેટલાકને ગુણ દોષ લાગે, અને કેટલાકને ન લાગે, એવી વિષમતા શી રીતે સંભવે? કેમકે અગ્નિથી કેટલાક તપે અને કેટલાક ન તપે એ સંભવે જ નહિ' આવી શંકા કરવી જ નહિ; કેમકે પોતપોતાના અધિકારમાં જે નિષ્ઠા રાખવી, તેને દોષ કહે છે. ગુણ-દોષના વિષયમાં આ પક્કો નિશ્ચય કરેલો છે. ૨ હે નિર્દોષ ઉદ્ધવ! જગતમાં સર્વ પદાર્થો સરખા છે, તેમ છતાં તેમાં યોગ્યાયોગ્યની કલ્પના કરીને શુદ્ધ કર્મથી ધર્મ થાય છે અને અશુદ્ધ કર્મથી અધર્મ થાય છે, એવી વ્યવસ્થા મનુ વગેરે શાસ્ત્રકારોએ કરેલી છે, અને વ્યવહાર ચલાવવાને ગુણ-દોષની કલ્પના કરી છે; એટલે સૂતક હોય તોપણ રાજા રાજસભામાં ન્યાય કરવાનું કામ કરી શકે, પણ બીજું ન કરી શકે, એવી વ્યવસ્થા માટે કલ્પના કરી છે. તેમજ સરળ રીતે નિર્વાહ ચલાવવાને માટે શુભ અને અશુભ (અર્થાત્ ગ્રાહ્ય અને અગ્રાહ્યપણાની વ્યવસ્થા કલ્પેલી છે. એટલે આપત્કાળમાં એટલે પ્રાણ સંકટ સમયે અભક્ષ્ય ખાવાથી પણ પાપ લાગતું નથી, પરંતુ એવા પ્રસંગ સિવાય બીજી વખતે તેમ કરવાથી પાપ લાગે છે. આ સર્વ કલ્પનાઓ કર્મરૂપી ભાર ઉપાડનારા અજ્ઞાની માણસોને માટે છે. ૩-૪ શુદ્ધિ અને અશુદ્ધિ વેદોક્ત છે, એમ માનીને તેના ઉપર અભિમાન રાખવું નહિ, કેમકે બ્રહ્માથી માંડીને સ્થાવર સુધી સર્વ પ્રાણી માત્રના શરીરમાં ઉપાદાન કારણ પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ એ પાંચ મહાભુત જ છે, તેથી દેહ સર્વના એક સરખા છે, અને આત્મા પણ ઇશ્વરના અંશરૂપ હોવાથી સર્વ એક સરખા છે. માટે ખરૂં જોતાં કોઇમાં શુદ્ધતા કે અશુદ્ધતા નથી. ૫ તોપણ હે ઉદ્ધવ! એ સર્વ સમાન વસ્તુઓમાં વેદે જે વિષમ નામરૂપ ક-

લ્પના કરેલ છે, તે જીવોના સ્વાર્થની સિદ્ધિને માટે, એટલે પ્રવૃત્તિને રોકવાદ્વારા ધર્માદિ ચારે પુરૂષાર્થ સિદ્ધ કરવાને માટે કલ્પેલાં છે. ૬ આ પ્રમાણે કાળાદિક સર્વ વસ્તુઓમાં ગુણ દોષનું વિધાન કેવળ કર્મોના સંકોચને માટે મેં વેદ અને ધર્મશાસ્ત્રદ્વારા કરેલું છે. ૭ હે ઉદ્ધવ ! આ પ્રમાણે મેં ગુણ દોષનું નિરૂપણ કર્યું. હવે શુદ્ધિ તથા અશુદ્ધિનો વિષય કહું છું તે સાંભળો. જે દેશમાં બ્રાહ્મણો ઉપર શ્રદ્ધા ન હોય, અને જ્યાં કાળીયાર મૃગ ન હોય, તે દેશ અપવિત્ર ગણાય છે.અને કૃષ્ણમૃગ પણ હોય; પરંતુ સત્પુરૂષ ન હોય; તે અંગ, વંગ કલિંગ, સૌરાષ્ટ્ર અને મગધ-આદિ દેશ અપવિત્ર ગણાય છે; પરંતુ તેમાં સત્પુરૂષ હોય, તો તે પવિત્ર મનાય છે, તથા માર્ગોની સ્વચ્છતા વગરના દેશ, મ્લેચ્છની ઘણી વસ્તીવાળા દેશ, ખારી જમીનવાળા દેશ પણ અપવિત્ર છે. ૮ કાળમાં દ્રવ્યની સંપત્તિ મળે, તે દ્રવ્યોથી કરેલાં કામ કરવામાં પવિત્ર ગણાય છે. પુર્વાહ્ણાદિ કાળ સત્કર્મ કરવાને યોગ્ય છે, તેથી તે પોતાની મેળેજ પવિત્ર છે. જે કાળમાં દ્રવ્ય ન મળે અથવા દેશભંગ થાય અને સત્કર્મ ન થાય તે અપવિત્ર છે. સુતકના દશ દિવસનો કાળ કર્મ કરવામાં અયોગ્ય (અપવિત્ર) છે. ૯ દ્રવ્યની શુદ્ધિ-અશુદ્ધિ દ્રવ્યથી, વચનથી, સંસ્કારથી, કાળથી, મોટાઇથી અને અલ્પપણાથી મનાય છે. જેમકે વસ્ત્રાદિક પદાર્થ જળથી શુદ્ધ થાય છે, અને મુત્રાદિકથી અશુદ્ધ થાય છે. વચનથી આ વસ્તુ શુદ્ધ છે કે અશુદ્ધ એવો સંદેહ થાય તો બ્રાહ્મણનાં વચનથી શુદ્ધિ અને તે અશુદ્ધ કહે તો અશુદ્ધિ ગણાય છે. સંસ્કારથી પ્રોક્ષણ આદિથી પુષ્પ આદિની શુદ્ધિ અને સુંઘવા આદિથી અશુદ્ધિ ગણાય છે. કાળથી-દશ દિવસ થઇ જવાથી નવીન જળની શુદ્ધિ અને ચોમાસામાં ત્રણ દિવસે નવા જળની શુદ્ધિ થાય છે. તે પહેલાં અશુદ્ધ છે તેથી મોટાઇથી-ચાંડાળ આદિનો સ્પર્શ થતા છતાં પણ તળાવ-આદિના જળની શુદ્ધિ છે, અને નાનાપણાથી ઘડા-આદિમાં રહેલા જળની તેના સ્પર્શથી અશુદ્ધિ ગણાય છે. ૧૦ તથા શક્તિ વા અશક્તિથી શુદ્ધિ અશુદ્ધિ મનાય છે, જેમ સુર્યગ્રહણ આદિના સુતકમાં અન્ન આદિ ખાવાને સમર્થ પુરૂષોને માટે અશુદ્ધિ અને અશક્ત પુરૂષોને માટે શુદ્ધિ છે. બુદ્ધિથી-પુત્રજન્મ-આદિ આશૌચના દશ દિવસની અંદર જાણવાથી અશુદ્ધિ અને દશ દિવસ પછી જાણવાથી શુદ્ધિ છે, સમૃદ્ધિથી જુનાં અને મેલાં વસ્ત્ર પહેરવાને માટે ધનવાન પુરૂષને માટે અશુદ્ધિ અને દરિદ્રીને માટે શુદ્ધિ છે, અને એ દ્રવ્ય વચન આદિ અશુદ્ધિ દ્વારા જે આત્માને પાપ લગાડે છે, તે પણ દેશ અને અવસ્થા પ્રમાણે છે, જેમ નિર્ભય દેશમાં જ એ પાપ લાગે દાતા થાય છે; પરંતુ ચોર-આદિના ઉપદ્રવવાળા દેશમાં નહિ. તેમ યુવા-આદિ અવસ્થામાંજ એ પાપદાયક થાય છે; પરંતુ બાલ્ય અને વૃદ્ધત્વ આદિ અવસ્થામાં નહિ.૧૧ દ્રવ્યશુદ્ધિ અનેક પ્રકારની છે. જેમ-ધાન્યની શુદ્ધિ વાયુથી; યજ્ઞનાં પાત્ર ગ્રહ; ચમસ-આદિની શુદ્ધિ જળ અથવા ઉષ્ણોદકથી થાય છે, હાથીદાંત આદિની શુદ્ધિ કાળથી, થાય છે, રસ એટલે તેલ, ઘી વગેરેની તથા સુવર્ણ વગેરેની શુદ્ધિ અગ્નિથી થાય છે, તંતુઓની શુદ્ધિ જળથી થાય છે. ચામડાની શુદ્ધિ કાળથી અથવા રંગવાથી થાય છે, પાર્થીવ એટલે પૃથ્વીના વિકાર, કાદવ, ઘટ, ઇંટ વગેરેની શુદ્ધિ કાળથી થાય છે.એ પ્રમાણે બીજા પદાર્થોની શુદ્ધિ એ જુદા જુદા શુદ્ધિકારક પદાર્થોથી અથવા મિશ્રિત પદાર્થોથી થાય છે. કાગડા, ચંડાળ આદિના સ્પર્શમાં તારતમ્યથી દેશ, કાળ અને અવસ્થા—આદિને અનુસરીને જ શુદ્ધિ થાયછે. ૧૨ આસન, પાત્ર કે વસ્ત્ર વગેરે વસ્તુને અપવિત્ર પદાર્થનો લેપ લાગ્યો હોય તો તેને છોલવાથી શુદ્ધ થાય છે અથવા ખારા પાણીનો કે ખાટા પાણીનો જરૂર જેટલો એટલે તેનો લેપ અથવા ગંધ દુર થઇને અસલ સ્થિતિમાં પાછો આવે તેટલો ઉપયોગ કરવાથી તે શુદ્ધ થાય છે, એમ શાસ્ત્રમાં કહેલું છે. ૧૩ હવે કર્તાની શુદ્ધિ કહું છું. સ્નાન, દાન, તપ,

બાલ્યાદિ અવસ્થા, શક્તિ, ઉપનયનાદિક સંસ્કાર, સંધ્યાવંદનાદિક કર્મ, અને મારૂં સ્મરણ વગેરે કરવાથી તે તે કાર્યને અનુસરતી કર્તાની શુદ્ધિ થાય છે. આ શુદ્ધિ વ્યવહાર માટે નથી, પણ શાસ્ત્રોક્ત કર્મો કરવાને માટે છે. માટે મનુષ્યે શુદ્ધ થઇને કર્મ કરવાં. ૧૪ હવે મંત્રની શુદ્ધિ સાંભળો. મંત્રને ગુરૂના મુખથી યથાર્થ રીતે જાણવો એ મંત્રની શુદ્ધિ છે, કર્મો ઈશ્વરને અર્પણ કરવાથી કર્મની શુદ્ધિ થાય છે. એ પ્રમાણે દેશ, કાળ, દ્રવ્ય, કર્તા, મંત્ર, અને કર્મ એ પદાર્થો શુદ્ધ હોય તો ધર્મ થાય અને અશુદ્ધ હોય તો અધર્મ થાય છે. ૧૫ આ ગુણદોષના વિભાગ વાસ્તવિક નથી, કારણ કે કોઇ સમય આપત્કાળમાં દાન લેવું એ ગુણ રૂપ થઇ પડે છે, પરંતુ તે આપત્કાળ વગરના સમયમાં દોષ રૂપ છે. તેમજ કુટુંબનો ત્યાગ કરવો એ દોષરૂપ છે, પરંતુ વિરક્ત પુરૂષને ગુણરૂપ છે. માટે ગુણ–દોષ કલ્પિતજ છે. ૧૬ કેટલેક ઠેકાણે દોષ પણ દોષરૂપ ગણાતા નથી, પણ ગુણ રૂપ ગણાય છે- જેમકે–સુરાપાન વગેરે કર્મ પવિત્ર માણસને પતિતપણું આપે છે; પરંતુ જે જાતિથી કે કર્મથી પતિત છે, તે લોકોને બીજીવાર પતિતપણું આપતું નથી. તેમજ સંગ એ સન્યાસીને દોષ રૂપ છે; પરંતુ ગૃહસ્થ લોકોએ પ્રથમથીજ સંગ સ્વીકારેલો છે, તેને તે દોષ રૂપ ગણાતો નથી. (ઋતુ સમયે ગૃહસ્થે સ્ત્રીનો સંગ કરવો એમ શાસ્ત્રમાં કહેલું છે.) જે માણસ પ્રથમથીજ ધરતીપર સૂનેલો હોય છે તે પડતો નથી, તેમ જે માણસ પ્રથમથીજ દોષગ્રસ્ત હોય તે ઉપર પ્રમાણે દોષનો ભાગી થતો નથી. ૧૭ આ ઉપરથી ગુણ દોષને પ્રતિપાદન કરનારાં શાસ્ત્રનું તાત્પર્ય એ છે કે-મનુષ્ય જેમ જેમ નિવૃત્તિને પામતો જાય છે, તેમ તેમ તે બંધનમુક્ત થાય છે. આ નિવૃત્તિ ધર્મજ મનુષ્યોનું કલ્યાણ કરનારો તથા શોક, મોહ તથા ભયને મટાડનારો છે. ૧૮ વિષયોમાં સારાપણાનો અધ્યાસ થવાથી મનુષ્યોને તેની સાથે સંગ થાય છે, સંગથી કામના થાય છે, કામનાથી તેમાં અડચણ કરનારા સાથે કજીઓ થાય છે. ૧૯ કજીઆથી તીવ્ર ક્રોધ થાય છે, ક્રોધથી સંમોહ થાય છે અને સંમોહ બુદ્ધિમાં વ્યાપેલી કાર્ય-અકાર્યની સ્મૃતિને તુરતજ ગળી જાય છે. ૨૦ એ સ્મૃતિ વગરનો પુરૂષ શુન્ય જેવો થઇ મુર્છિત જેવો કે મુએલા જેવો થઇ જાય છે, તેથી તેનો પુરૂષાર્થ નાશ પામે છે. ૨૧ વિષયોના અભિનિવેશથી મનુષ્યને પારકું પોતાનું જ્ઞાન રહેતું નથી, તેથી તે વૃક્ષની પેઠે મુર્છિત જેવો અને ધમણની પેઠે મિથ્યા શ્વાસ લેતો જીવતર ગાળે છે. ૨૨ પ્રવૃત્તિ કર્મ કરનારાને સ્વર્ગાદિક ફળ થાય છે એમ વેદમાં કહેલુ છે, માટે તેને પુરૂષાર્થની હાનિ કેમ ન થાય? એવી શંકા રાખવી નહી, કારણ કે સ્વર્ગાદિક મેળવવાં એજ પરમ પુરૂષાર્થ છે, એમ વેદનો અભિપ્રાય નથી, પણ બહિર્મુખ માણસોને મોક્ષને માર્ગે ચઢાવવા સારૂ વેદ ફળો બતાવીને કર્મોમાં રૂચિ ઉત્પન્ન કરાવી છે. જેમ બાળકને રોગ મટાડવા માટે ઓસડ પાતી વખતે ખાંડનો લાડવો આપવાની લાલચ દેખાડે છે, તેમ વેદની ફળ શ્રુતિ પણ સમજવી. ૨૩ તમે કહેશો કે કર્મકાંડમાં મોક્ષનું નામ પણ સાંભળવામાં આવતું નથી, તેમ છતાં આવું વ્યાખ્યાન કેમ કરો છો? તેના ઉત્તરમાં કહેવાનું કે–વિષયો, પ્રાણ અને પુત્રાદિક સ્વજનો કે જે પરિણામે દુઃખદાયીજ છે, તેમાં મનુષ્યો જન્મથીજ આસક્તિ રાખે છે, અને પોતાના સ્વાર્થને જાણતા નથી. અને દેવતા વગેરેના અવતારમાં ભટકી ભટકીને પાછા વૃક્ષાદિકના અવતાર ધારણ કરે છે, આવા અજ્ઞાની જીવોને વેદ પોતે મહા પંડિત થઇને પાછા તેજ વિષયો, પ્રાણો અને પુત્રાદિકમાં ફસાવે, એ કેમ મનાય? માટે વેદનો અભિપ્રાય નિવૃત્તિ માર્ગનોજ ઉપદેશ કરવાનો છે. ૨૪-૨૫ મિમાંસકો વગેરે દુષ્ટ બુદ્ધિવાળા લોકો આવા વેદના અભિપ્રાયને નહિ સમજતાં માત્ર ઉપર ઉપરથી સારાં લાગતાં, પરંતુ અંદરથી સાર વગરનાં વેદોક્ત ફળોને પરમપુરૂષાર્થરૂપ કહે છે; પરંતુ વેદવ્યાસ કે જે વેદનું

રહસ્ય જાણનારા છે તે એમ કહેતા નથી. ૨૬ કામી, કૃપણ, લોભી, ફુલની પેઠે ઉપરથીજ સારાં લાગે એવાં નિઃસાર ફળોને પરમફળ રૂપ સમજનારા, અગ્નિથી થતાં યજ્ઞાદિક કર્મોના અભિનિવેશથી વિવેક વગરના, અને પરિણામે જેઓને ધુમસ્માર્ગજ મળે છે, એવા કર્મકાંડી લોકો આત્મતત્વને જાણતા નથી. હે ઉદ્ધવ! કર્મોનેજ પશુહુંસાનાં સાધન માનનારા પેટભરા લોકો ઝાકળથી વ્યામ થયેલા આંખોવાળા લોકો જેમ પાસેની વસ્તુને પણ દેખતા નથી, તેમ હૃદયમાં રહેલા આત્માના સ્વરૂપભુત જે હું કે જેમાંથી આ જગત ઉત્પન્ન થયું છે, અને જેનાથી જુદું કાંઇ પણ નથી, તેને જાણતા નથી. ૨૮ જો માંસ ખાવામાં અને તેના ફળમાં પ્રીતિ હોય તો યજ્ઞમાંજ ખાવું, એવી વેદમાં આજ્ઞા આપીને પરિસંખ્યા કરેલી છે, પણ અવશ્ય હિંસાજ કરવી તથા માંસ ભક્ષણ કરવુંજ એવો વિધિ કહેલો નથી. આવા વેદના તાત્પર્યરૂપ મારા ગંભીર વિચારને નહિ જાણતાં વિષયોમાં મચી રહેલા અને હિંસાને વિહાર રૂપ માનનારા ખળ લોકો પોતાનાં સુખની ઇચ્છાથી પશુઓની હિંસા કરીને દેવતા, પિતૃ તથા ભુતપતિઓનું યજ્ઞોવડે યજન કરે છે. ૨૯–૩૦ જેમ કોઇ વણિક ઘણું ધન મેળવવાની ઇચ્છાથી દુસ્તર સમુદ્રને ઓળંગીને પોતાની મુડી ગુમાવે છે, તેમ કર્મકાંડી લોકો કાનનેજ પ્રિય લાગે અને સ્વપ્ન જેવાં આ લોક તથા પરલોકનાં સુખોની અનિશ્ચિત આશા રાખીને ધનનો નાશ કરે છે. ૩૧ રજોગુણ, સત્વગુણ અને તમો ગુણની નિષ્ઠાવાળા એ લોકો પોતાના સરખી નિષ્ઠાવાળા ઇંદ્રાદિક દેવતાઓની તથા બીજાઓની ઉપાસના કરે છે, પણ મારી ઉપાસના કરતા નથી. ૩૨ "આ લોકમાં યજ્ઞવડે દેવતાઓનું યજન કરી સ્વર્ગમાં જઇને મોજમઝા કરીશું, અને સ્વર્ગનાં સુખ ભોગવી રહ્યા પછી પાછા આ લોકમાં મોટા કુળવાન ગૃહસ્થ થઇશું" ૩૩ આ પ્રમાણેની વેદની મીઠી વાણીથી જેઓનાં મન વિક્ષિપ્ત પામેલાં હોય છે, તે અક્કડ તથા અભિમાની લોકોને મારી વાર્તા ગમતી નથી. ૩૪ વેદમાં કર્મકાંડ, બ્રહ્મકાંડ તથા ઉપાસના કાંડ, એમ ત્રણ કાંડ કહેલા છે, તેમાં "જીવ બ્રહ્મ જ છે. સંસારી નથી" એવો અભિપ્રાય છે, પણ તે લોકોના સમજવામાં આવતો નથી; કારણ કે અમે પરોક્ષવાદ ગમે છે, અને વેદના મંત્રો પરોક્ષવાદવાળા છે. વેદમાં પરોક્ષવાદ કરવાનું કારણ એ છે કે–આત્મવિદ્યા શુદ્ધ અંતઃકરણવાળાઓએ જ સમજવાની છે, બીજા અધિકાર વગરનાઓએ સમજવાની નથી, કારણ કે આત્મવિદ્યામાં પ્રવૃત્તિ કરવાથી લોકો કર્મોનો ત્યાગ કરીને ઉલટા ભ્રષ્ટ થઇ જાય, એ કારણથી વેદમાં પરોક્ષ વાદ કરેલો છે. ૩૫ જો કે જૈમિની વગેરે ઋષિઓ વેદ જાણવાનું અભિમાન રાખે છે; પરંતુ વેદને તથા તેના યથાર્થ અર્થને મારા સિવાય બીજો કોઇ જાણતો નથી. વેદનું સ્વરૂપ સમજવું અને તેનો અર્થ સમજવો ઘણો કઠણ છે. પરા, પશ્યંતિ અને મધ્યમા, એ શબ્દબ્રહ્મ [વેદ]નું સુક્ષ્મ સ્વરૂપ છે, તે દેશ તથા કાળથી અપરિચ્છિન્ન હોવાથી સમજાય તેમ નથી, તેમ તેનો અર્થ પણ સમજાતો નથી, કારણ કે તે અત્યંત ગંભીર અને સમુદ્રની પેઠે અંદર પેશી શકાય તેમ નથી. ૩૬ હું અંતર્યામી છું, અંતર્યામી છતાં પણ વ્યાપક છું, વ્યાપક છતાં પણ નિર્વિકાર છું, અને નિર્વિકાર છતાં પણ અનંત શક્તિવાળો નિયંતા છું, આવા મારા સ્વરૂપની સત્તાથી રહેલું એ શબ્દબ્રહ્મનું સુક્ષ્મરૂપ, જેમ સુક્ષ્મદૃષ્ટિથી કમળના નાળની અંદર જોતાં તંતુ જોવામાં આવે છે. તેમ સર્વે પ્રાણીઓની અંદર નાદરૂપે જોવામાં આવેછે. ૩૭ એ સુક્ષ્મરૂપમાંથી વૈખરી નામનું સ્થુળ રૂપ આ પ્રમાણે ઉત્પન્ન થયું છે—જેમ કરોળીઓ પોતાના હૃદયમાંથી લાળના તાંતણા મુખવાટે બહાર કાઢે છે, તેમ પ્રાણરૂપ ઉપાધિવાળા હિરણ્યગર્ભ કે જે વેદમૂર્તિ અને સ્વસ્વરૂપે અમૃતમય છે, તે સુક્ષ્મનાદરૂપ ઉપાદાન કારણને લીધે અક્ષરોનો સંકલ્પ કરનારા મનરૂપ નિમિત્ત કારણથી પોતાના

હૃદયમાંથી મુખવાટે વૈખરી વાણીને બહાર કાઢે છે. હૃદયમાં રહેલા સુક્ષ્મ ૐકારમાંથી છાતી અને કંઠના સંગથી સ્પષ્ટ જણાયેલા સ્પર્શ,[1] સ્વર,[2] ઉષ્મા,[3] અને અંતસ્થથી[4] શણગારેલી, વિચિત્ર પ્રકારની લૌકિક તથા વૈદિક ભાષાથી વિસ્તારવાળી, ઉત્તરોત્તર ચાર ચાર અક્ષરોથી વધતા જતા છંદોવડે ભરપુર, અને અનંત તથા પાર વગરની વૈખરી વાણીને હિરણ્યગર્ભ સરજી છે, અને તેજ પાછા કરોળીઓ લાળને સંકેલી લે છે તેમ સંકેલી લે છે. ૩૮-૪૦ (વેદના છંદનાં નામ) ગાયત્રી, ઉષ્ણિક, અનુષ્ટુપ, બૃહતિ, પંક્તિ, ત્રિષ્ટુપ, જગતી અતિ જગતી, શક્વરી, અતિશક્વરી, અષ્ટિ, અતિઅષ્ટિ, વિરાટ, અતિવિરાટ, એવી રીતે પ્રત્યેક છંદો ઉત્તરોત્તર ચાર ચાર અક્ષરે વધે છે. જેમ કે-ગાયત્રી છંદ ચોવીશ અક્ષરનો છે, તો ઉષ્ણિક અઠ્ઠાવીશ અક્ષરનો, અનુષ્ટુપ બત્રીશ અક્ષરનો, ઇત્યાદિ. આ સર્વેનું સ્વરૂપ વૈખરી વાણીથી સ્પષ્ટ થાય છે. ૪૧ જેમ શબ્દબ્રહ્મનું સ્વરૂપ જાણી શકાતું નથી, તેમ તેનો અર્થ પણ જાણી શકાતો નથી. માટે વૈખરી વાણીરૂપ વેદ કર્મકાંડમાં વિધિ વાક્યોથી કોનું વિધાન કરે છે? ઉપાસના કાંડમાં મંત્રોથી કોને જણાવે છે? અને બ્રહ્મકાંડમાં અનુવાદ કરીને કોનો નિષેધ કરે છે? એ વેદનું તાત્પર્ય મારા વિના બીજો કોઇ જાણતો નથી. ૪૨ માટે હુ હવે વેદનું તાત્પર્ય કહું છું:—વેદો યજ્ઞનુંરૂપ દર્શાવીને મારૂંજ વિધાન કરે છે, તેઓ દેવતાઓનુંરૂપ દર્શાવીને મનેજ જણાવે છે, અને અનુવાદ કરીને મારા જ વિવર્તરૂપ આકાશાદિક પ્રપંચનો નિષેધ કરે છે. સર્વ વેદોનો અર્થ એજ છે કે-વેદ મને અવધિરૂપ રાખતાં પ્રથમ માયા માત્ર ભેદનો અનુવાદ કરીને અંતે તે ભેદનો પણ નિષેધ કરે છે; અને પોતાનો વ્યાપાર બંધ કરે છે. જેમ અંકુરમાં જે રસ હોય છે, તેજ તેની શાખાઓ, ઉપશાખાઓ વગેરેમાં પણ હોય છે. તેમ હૃદયમાં રહેલા ૐકાર જે અર્થ (પરમેશ્વર) છે, તેજ સઘળા વેદનો અર્થ છે. ૪૩

एतावान् सर्व वेदार्थःशब्द आस्थाय मां भिदाम् ॥
मायामात्र मनूद्यांते प्रतिषिद्ध्य प्रसीदति ॥

ઇતિશ્રી ભાગવત મહાપુરાણના એકાદશ સ્કંધમાં "દ્રવ્ય દેશાદિકના ગુણદોષનું વર્ણન" નામનો ૨૧ મો અધ્યાય સંપુર્ણ.

અધ્યાય ૨૨ મો.

તત્વોની સંખ્યા, તથા જન્મ-મરણનો પ્રકાર.

उद्धव उवाच.

कति तत्वानि विश्वेश संख्या तान्यृषिभिःप्रभो।
नवैकादश पंचत्रीण्यात्थ त्वामिह शुश्रुम ॥१॥

ઉદ્ધવજી પુછે છે—હે શ્રી કૃષ્ણ! વેદ પ્રવૃત્તિપર નથી, પણ નિવૃત્તિપર છે, એમ આપે કહ્યું. જો એ પ્રમાણે સ્વીકાર કરવામાં આવે તો તેમાં પણ અનેક અડચણો આવે છે. જુઓ કેટલાક વિદ્વાનો તત્વોની સંખ્યામાં વિવાદ કરે છે. કેટલાક બહારના પદાર્થોના સત્યત્વ અને મિથ્યત્વને વિષે વિવાદ કરે છે, અને કેટલાક વિદ્વાનો આત્માના એકત્વ અને અનેકત્વ વિષે વિવાદ કરે છે. એમાં સત્ય શું છે? તે હું જાણવાને ઇચ્છું છું. માટે આપને પુછું છું. કે હે જગદીશ! હે પ્રભુ!! ઋષિઓએ શાસ્ત્રમાં તત્વોની કેટલી સંખ્યા કહેલી છે? આપે તો પ્રથમ કહ્યું છે કે નવ, અગિયાર, પાંચ અને ત્રણ, અર્થાત સર્વ મળીને અઠ્ઠાવીશં તત્વ છે. એ મેં આપના મુખથી સાંભળ્યું છે. ૧ કેટલાક છવીશ તત્વ કહે છે, કેટલાક પચીશ, કેટલાક સાત, કેટલાક નવ, કેટલાક છ, કેટલાક ચાર અને કેટલાક અગિયાર તત્વ કહે છે. ૨ કેટલાક

---

૧ क થી म સુધીના ૨૫ અક્ષરો સ્પર્શ કહેવાય છે, ૨ અકારાદિ બાર અક્ષરો સ્વર છે. ૩ श ष स ह એ ચાર ઉષ્મા છે, य र ल व એ ચાર અંતસ્થ છે.

સત્તર, કેટલાક સોળ, અને કેટલાક તેર તત્વ બતાવે છે. હે આયુષ્મન્! ઋષિઓએ આ પ્રમાણે તત્વોની સંખ્યાના જુદા જુદા અનેક ભેદ, જે પ્રયોજનને કહેવાની ઇચ્છાથી વર્ણવ્યા હોય તે પ્રયોજન મને કહો. ૩

શ્રી ભગવાન કહે છે--બ્રાહ્મણોએ તત્વોના સંબંધમાં જે જે કહ્યું છે તે સર્વમાં યુક્તિઓ છે. મારી માયાનો સ્વીકાર કરીને, જે વાતો બનાવે, તેની વાતોમાં કોઇ વાત દુર્ઘટ ન સમજવી. જેમકે ઝાંઝવાંનાં જળનો સ્વીકાર કર્યા પછી તેના પરિણામના વિવાદમાં પણ ઘુંટણ જેટલું જળ કહે તો પણ ચાલે અને વીશ વાંસ જેટલું જળ કહે તો ચાલે, એ પ્રમાણે માયાનો સ્વીકાર કર્યા પછી માયિક તત્વોની જેટલી સંખ્યા કહેવામાં આવે તેટલીજ યુક્તિથી સિદ્ધ થઇ શકે છે. ૪ 'તું જે પ્રમાણે કહે છે તે પ્રમાણે નથી; પરંતુ જે પ્રકારે હું કહું છું, તે પ્રમાણે તે છે.' એ પ્રકારે જો તે તત્વોના મુળ કારણમાં પણ બ્રાહ્મણ લોક વિવાદ કરે છે; તો પણ વાસ્તવિક રીતિથી જોવામાં આવે તો, પોતપોતાના સ્વભાવાનુસાર પરિણામ પામેલા માયાના સત્વાદિ ગુણજ તે વિવાદનું કારણ છે. ૫ કે જે ગુણોના ક્ષોભથી વાદ કરનારાઓના વિષયરૂપ આ પ્રપંચ ઉભો થયો છે. જ્યારે શમ અને દમ પ્રાપ્ત થાય છે, ત્યારે આ પ્રપંચ ટળી જાય છે, અને પ્રપંચ ટળી ગયા પછી વિવાદ પણ શાંત થઇ જાય છે. હે પુરૂષ શ્રેષ્ઠ! તત્વોનો એક બીજામાં અંતર્ભાવ થઇ જાય છે. તેથી કહેનારાઓની જેવી ઇચ્છા હોય તે પ્રમાણે ન્યુન અને અધિક સંખ્યા થઇ શકે છે. ૭ મૃત્તિકામાં જેમ ઘટઆદિના અંતર્ભાવ થાય છે, એ પ્રમાણે એક કારણ રૂપ તત્વમાં તેના કાર્યરૂપ બીજાં તત્વોનો અંતર્ભાવ થઇ જાય છે. અને જેમ ઘટમાં મૃતિકાનો સમાવેશ થઇ જાય છે, તેમ આ કાર્યરૂપ તત્વમાં તેના કારણરૂપ તત્વોનો સમાવેશ થઇ જાય છે. ૮ આ પ્રમાણે યુક્તિ સૌ બંધ બેસે છે, માટે તત્વોના કાર્ય-કારણ ભેદના વિષયમાં અને ન્યુનાધિક સંખ્યાના વિષયમાં વાદ કરનારાઓમાં જેની વાણી જે ઇચ્છાથી પ્રવૃત્તે છે, તે તેવી પોતાની ઇચ્છાને સિદ્ધ કરી શકે છે; માટે અમે સર્વ સંભવિત માનીએ છીએ. ૮ જડતત્વોની સંખ્યાના ભેદનું કારણ કહ્યું. હવે જીવ અને ઇશ્વર કે-જે ચૈતન્ય રૂપ છે, તેના ભેદ અને અભેદ માનવાના વિષયમાં જે કારણ છે, તે હું કહું છું. જીવ અનાદિકાળથી અવિદ્યાવાળો છે, તેને પોતાના સ્વરૂપનું જ્ઞાન પોતાની મેળે થતું નથી. માટે તેને જ્ઞાન આપનારા સર્વજ્ઞ ઇશ્વર તેનાથી જુદા હોવા જોઇએ, એમ માનીને જે જીવ તથા ઇશ્વરને ભિન્ન માને છે, તેના મતમાં ચોવીશ તત્વો જડ છે, પચીશમો જીવ છે, અને છવીશમો ઇશ્વર છે. ૧૦ જીવ અને ઇશ્વર બન્ને ચૈતન્યરૂપ હોવાથી તેમાં જરા પણ વિલક્ષણતા નથી, માટે તેના ભેદ ભાવની કલ્પના કરવી વ્યર્થ છે, એમ માનનારાઓના મતમાં પચીશ તત્વ થાય છે. ઇશ્વરની કૃપા પ્રાપ્ત થનારૂં જ્ઞાન સત્વગુણની વૃત્તિરૂપ હોવાથી તેનો જડ તત્વોમાં જ અંતર્ભાવ માનેલો છે, તેથી જ્ઞાન એ જુદું તત્વ મનાતું નથી. ૧૧ ગુણોની સમતા એ પ્રકૃતિનું સ્વરૂપ છે, માટે સ્થિતિ, ઉત્પત્તિ અને પ્રલયના કારણરૂપ સત્વ, રજ અને તમ એ ત્રણે ગુણ પ્રકૃતિના જ છે, આત્માના નથી. કારણ કે-જીવ અકર્તા છે, તેથી સૃષ્ટિ-આદિના કારણ રૂપ ગુણોનો આશ્રય થઇ શકતો નથી. ૧૨ માટે જ્ઞાન કે જે સત્વ ગુણમય છે, તે જીવનો ધર્મ નથી; પરંતુ પ્રકૃતિના જ ધર્મ છે; કર્મ એ રજોગુણની વૃત્તિ છે, અને અજ્ઞાન એ તમોગુણની વૃત્તિ છે, તેથી તેનો પણ પ્રકૃતિમાં જ અંતર્ભાવ થઇ જવાથી તેને જુદુ તત્વ રૂપ ગણેલું નથી. સ્વભાવ એ મહતત્વનું સ્વરૂપ છે, તેથી તેનો પ્રકૃતિમાં જ અંતર્ભાવ થાય છે. અને કાળ એ ઇશ્વરનું સ્વરૂપ છે, માટે કાળ કે સ્વભાવ પણ જુદાં તત્વ રૂપ મનાતાં નથી. મેં પ્રથમ ઓગણીશમા અધ્યાયમાં જે અઠ્ઠાવીશ તત્વ કહેલાં છે, તેમાં ઉપર કહેલાં પચીશ તત્વો અને ત્રણ ગુણ મળીને અઠ્ઠાવીશ થાય છે. ૧૩ હે ઉદ્ધવ! પુરૂષ, પ્રકૃતિ, મહત્તત્વ, અહંકાર, આકાશ, વાયુ, તેજ, જ-

ળ, અને પૃથ્વી એ નવ; ૧૪ શ્રોત્ર, ત્વચા, ચક્ષુ, ઘ્રાણ અને જીહ્વા એ પાંચ જ્ઞાનેંદ્રિયો; વાણી, હાથ, ઉપસ્થ, પાયુ અને ચરણ એ પાંચ કર્મેંદ્રિયો, જ્ઞાનમય તથા ક્રિયામય મન એ અગીયાર તત્વ થયાં. ૧૫ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચ વિષય અને ત્રણ ગુણ, એ પ્રમાણે મેં અઠ્ઠાવીશ તત્વ કહ્યાં. ગતિ, ભાષણ, વીર્યોત્સર્ગ. મલોત્સર્ગ અને શિલ્પ એ પાંચ કર્મેંદ્રિયોનાં ફળરૂપ છે. તેથી તેને અઠ્ઠાવીશમાં ગણેલાં નથી. ૧૬ હવે તત્વોની સંખ્યા કહેવાના પ્રયોજન વિષે તમે પુછ્યું છે તેનો ઉત્તર આપું છું. મહત્તત્વથી માંડીને પૃથ્વી સુધી સાત કારણ રૂપ તત્વો અને શ્રોત્રથી માંડીને ગંધ સુધીના સોળ વિકારરૂપ તત્વોનું રૂપ ધારણ કરનારી પ્રકૃતિ જ સર્વ જડ પદાર્થોનું ઉપાદાન કારણ હોવાથી જગતની ઉત્પત્તિ-આદિના સમયમાં સર્વ દેહાદિક આકારને ધારણ કરે છે. અને પરિણામ રહિત તથા નિમિત્ત કારણ રૂપ પુરૂષ તો કેવળ સાક્ષીપણાથી જોયા કરે છે, માટે પરિણામ પામનારી પ્રકૃતિથી પુરૂષ જુદો છે, એ વાત સિદ્ધ કરવા માટે જ સર્વ મતોમાં તત્વોની સંખ્યા આપવામાં આવી છે. ૧૭ પ્રકૃતિથી ઉત્પન્ન થયેલ અને વિકાર પામનારા મહત્તત્વાદિક પદાર્થ જ પુરૂષની દૃષ્ટિથી શક્તિ પામી એકઠા થઇ પ્રકૃતિના આશ્રયથી બ્રહ્માંડને ઉત્પન્ન કરે છે. તેથી તેઓ ભેળા થઇને ઉત્પન્ન કરેલ દેહાદિક પદાર્થ તેમાં અંતર્ભુત થઇ જાય છે. માટે જ દેહાદિક પદાર્થ જુદાં તત્વરૂપ કહેવાતા નથી. ૧૮ કેટલાકના મતમાં સાત જ તત્વ છે. તેમાં આકાશાદિક પચમહાભૂત, દ્રષ્ટા જીવ અને દૃશ્યના આધારરૂપ ઇશ્વર એ સાત તત્વ ગણાય છે. આ મતમાં પ્રકૃતિ, મહત્તત્વ અને અહંકાર એ કારણ તત્વોનો આકાશાદિકમાં અંતર્ભાવ કરેલો છે. અને તે સાતથી જ દેહ, ઇંદ્રિય, અને પ્રાણાદિક સર્વ કાર્યોની ઉત્પત્તિ માનેલી છે. ૧૯ કેટલાકના મતમાં છ જ તત્વ છે, તેમાં પંચમહાભૂત અને છઠ્ઠા પરમાત્મા એ છ તત્વ માનેલાં છે. આ મતમાં પરમાત્માએ પોતાના આત્મામાંથી ઉત્પન્ન થયેલ એ ભૂતોથી આ જગતને રચીને તેની સાથે જગતમાં પ્રવેશ કર્યો છે, તેથી સર્વ ભૌતિક પદાર્થોનો ભૂતોમાં અને જીવનો પરમાત્મામાં અંતર્ભાવ માનેલો છે. ૨૦ કેટલાકના મતમાં ચાર જ તત્વ છે. તેમાં આત્મા અને આત્માથી ઉત્પન્ન થયેલાં તેજ, જળ અને પૃથ્વી એ ચાર તત્વ માનેલાં છે. અને તે વડે આ સર્વ કાર્યની ઉત્પત્તિ થયેલી છે, તેથી સર્વ કાર્ય માત્રનો તેમાં અંતર્ભાવ કરેલો છે. ૨૧ કેટલાકના મતમાં સત્તર તત્વ છે. તેમાં પાંચ મહાભૂત, પાંચ શબ્દાદિ વિષય, પાંચ ઇંદ્રિયો, મન અને સત્તરમો આત્મા માનેલો છે. ૨૨ કેટલાકના મતમાં સોળ તત્વ છે. તેમાં આત્માને મનરૂપ કહેલ છે; એટલે સત્તરમાંથી એક કમી થતાં સોળ રહેછે, કેટલાકના મતમાં તેર તત્વ છે. તેમાં પાંચ મહાભૂત, પાંચ ઇંદ્રિયો, મન, જીવ અને પરમાત્મા એ તેર ગણાય છે. ૨૩ કેટલાકના મતમાં અગીયાર તત્વ છે. તેમાં પાંચમહાભૂત, પાંચ ઇંદ્રિયો અને આત્મા છે. કેટલાકના મતમાં નવ તત્વ છે. તેમાં પ્રકૃતિ, મહત્તત્વ, અહંકાર, પાંચ મહાભૂત અને આત્મા એ નવ ગણાય છે. ૨૪ આ રીતે ઋષિઓએ તત્વોની જે જુદી જુદી સંખ્યા કહેલી છે, તે પ્રકૃતિથી પુરૂષને જુદો જાણવાને માટે છે, એ સર્વે મતો ન્યાય સહિત છે; કારણ કે-સર્વમાં યુક્તિઓ છે. વિદ્વાન્ લોક ગમે તેમ કરીને પણ બંધ બેસતું કરે છે, તેથી તે અઘટિત કહી શકાતું નથી. ૨૫

ઉદ્ધવજી પુછે છે—હે કૃષ્ણ ! જડરૂપ પ્રકૃતિ (દેહ) અને ચૈતન્ય રૂપ પુરૂષ (આત્મા) જો કે સ્વભાવથી જ ભિન્ન છે; તો પણ પરસ્પરનો ત્યાગ કરતી વેળાએ પરસ્પરની પ્રતીતિ હોતી નથી, તેથી તેનો ભેદ જોવામાં આવતો નથી. ૨૬ હે કમળ સરખાં નેત્રવાળા ! હે સર્વજ્ઞ ! આત્મા દેહમાં જણાય છે; અને દેહ આત્માવડે જ જણાય છે, અર્થાત્ 'હું છું' એમ બન્નેનો અભેદ પ્રતીત હોવાથી દેહ અને આત્માનો ભેદ જોવામાં આવતો નથી; મારા મનમાં એ મોટો સંશય છે, આપે યુક્તિ ભરેલાં વચનોથી એ મારો સંશય દૂર

કરો. ૨૭ કારણ કે-આ સંસારમાં આપની કૃપાથી જીવોને જ્ઞાન થાય છે, અને અજ્ઞાન પણ આપની માયાથી જ થયેલ છે. આપની માયાની ગતિને આપ જ જાણો છો, બીજો કોઇ પણ જાણતો નથી. ૨૮

શ્રીભગવાન્ કહે છે—હે પુરૂષશ્રેષ્ઠ! દેહ અને આત્મા વચ્ચે ઘણો ભેદ છે; કારણ કે-ગુણોના-ક્ષોભથી થયેલો આ દેહાદિક સંઘાત વિકારવાળો છે, અને આત્મા નિર્વિકાર છે. ૨૯ હે ઉદ્ધવ ! મારી ગુણમય માયાએ ગુણોથી અનેક પ્રકારના ભેદ અને ભેદનાં જ્ઞાનોને રચેલાં છે. જો કે આ દેહાદિક સંઘાત અનેક ભેદવાળો છે; તો પણ સ્થુળ માર્ગથી તેના અધ્યાત્મ, અધિદૈવ અને અધિભૂત એવા ત્રણ ભેદ ગણાય છે. ૩૦ જેમ ચક્ષુ અધ્યાત્મ, રૂપ અધિભૂત અને ચક્ષુના ગોલકમાં પેઠેલો સૂર્યનો અંશ અધિદૈવ કહેવાય છે, તેમજ ત્વચા, સ્પર્શ અને વાયુ; શ્રવણ, શબ્દ અને દિશા; જીહ્વા, રસ અને વરૂણ; નાસિકા, ગંધ અને અશ્વિનીકુમાર; ચિત્ત, ચેતયિતવ્ય અને વાસુદેવ; મન, મંતવ્ય અને ચંદ્ર; બુદ્ધિ, બોદ્ધવ્ય અને બ્રહ્મા; અહંકાર, અહંકર્તવ્ય અને રૂદ્ર; એ ત્રણ ત્રણ ભેદ જાણવા. આ પ્રકારે દેહાદિ સંઘાત અનેક ભેદવાળો છે. અને આત્મા એક જ છે; તો પણ દેહ અને આત્માની વચમાં અત્યન્ત ભેદ સિદ્ધ થાય છે. ચક્ષુ ન હોય તો રૂપ સિદ્ધ થતું નથી. રૂપ ન હોય તો ચક્ષુ સિદ્ધ થાય નહિ. ચક્ષુની પ્રવૃત્તિ હોય તો તેના અધિષ્ઠાતા દેવતા સિદ્ધ થતા નથી. અધિષ્ઠાતા દેવતા ન હોય તો ચક્ષુની પ્રવૃત્તિ સિદ્ધ થતી નથી, અને ચક્ષુની પ્રવૃત્તિ ન હોય તો રૂપનું જ્ઞાન સિદ્ધ થતું નથી. એજ રીતે ત્વચા આદિ ત્રણ ત્રણ પદાર્થોમાં પણ જાણવું. આ રીતે અધ્યાત્મ, અધિભૂત અને અધિદૈવની સિદ્ધિ પરસ્પરના આશ્રયથી થાય છે. અને આત્મા આકાશમાં રહેલા સૂર્યની પેઠે કોઇના આશ્રયની અપેક્ષા રાખતો નથી. માટે જ તે સ્વયંસિદ્ધ છે, માટે એ અધ્યાત્મ આદિના સંઘાત રૂપ દેહમાં અને આત્મામાં અત્યંત ભેદ છે. આત્મામાંથી એ અધ્યાત્મ વગેરે ઉત્પન્ન થયેલાં છે, તથા તે જુદાં જુદાં છે, અને આત્મા તો કોઈનામાંથી ઉત્પન્ન થયેલો નથી, તથા એક રૂપ છે; તો પણ દેહ અને આત્માના વચમાં ઘણો ભેદ છે. વળી આત્મા પોતાના સ્વતઃસિદ્ધ જ્ઞાનથી આ અધ્યાત્મ આદિ સર્વને જાણે છે; અને અધ્યાત્મ આદિ સર્વ આત્માને જાણતાં નથી; તેથી પણ દેહ અને આત્માના વચમાં અત્યંત ભેદ સિદ્ધ થાય છે. ૩૧

ઉદ્ધવજી પુછે છે—હે કૃષ્ણ ! આ તો આપે વળી પણ દેહ અને આત્માના વચમાં વિલક્ષણતા કહી. તે તો હું પ્રથમથી જ જાણી ચુક્યો છું. માટે હું તો આપને એ પુછું છું કે-દેહાદિકથી ભિન્ન આત્માની પ્રાપ્તિ શી રીતે થાય ?

શ્રી ભગવાન કહે છે—હે ઉદ્ધવ ! દેહાદિકનો અહંકાર દુર થાય, ત્યારે આત્મપ્રાપ્તિ થાય છે. કારણ કે-સાત્વિક, રાજસ, અને તામસ એ ત્રણ પ્રકારનો અહંકાર કે-જે ગુણોનો ક્ષોભ કરનારા કાળ (ઇશ્વર)ના પ્રભાવરૂપ નિમિત્ત કારણને લીધે પ્રધાનમાંથી ઉત્પન્ન થયેલા મહત્તત્વમાંથી ઉત્પન્ન થયેલો વિકાર છે. તે જ આ અધિદૈવ, અધ્યાત્મ અને અધિભુતરૂપ મોહમય દેહાદિક વિકલ્પનું કારણ છે. ૩૨ એ અહંકાર અને તેથી ઉત્પન્ન થયેલો દેહાદિકનો વિકલ્પ આત્માના અજ્ઞાનને લીધે જ થયો છે; માટે આત્માનું જ્ઞાન થાય ત્યારે તે અહંકાર અને દેહાદિકની વિકલ્પ બુદ્ધિ નિવૃત્ત થાય છે. કેટલાક વાદી એ અહંકાર તથા વિકલ્પને સત્ય માને છે; પણ એ વાદીઓના સર્વ વિવાદ ભેદનિષ્ઠ છે, કારણ કે-એ વિવાદ આત્માને ન જાણવાથી જ ઉત્પન્ન થયા છે; પરંતુ વસ્તુતાએ કાંઇ નથી, માટે એક બીજાની યુક્તિથીજ એક બીજાના મતનું ખંડન થઇ જાય છે, તેથી દેહાદિકનું મોહમયપણું સિદ્ધ થાય છે. આથી તમને શંકા થશે કે-જ્યારે અહંકાર અને દેહાદિક વિકલ્પો મિથ્યા છે; ત્યારે તેને ટાળવાનો ઉપાય કરવાની શી જરૂર છે ? તેના ઉત્તરમાં કહેવાનું કે-અહંકાર તથા દેહાદિકના વિકલ્પ મિથ્યા છે, તો પણ

જે લોકો આત્મારૂપ મારા સ્વરૂપથી વિમુખ છે, તેઓને એ ભેદ મટતો નથી, એટલુંજ નહી પણ તેથી થયેલાં કર્મોને લીધે તેઓ ઉંચ નીચ યોનિઓમાં જન્મ મરણ પામ્યા કરે છે, માટે મારૂં સ્વરૂપ જાણવાનો યત્ન કરવો. ૩૩.

ઉદ્ધવજી પુછે છે-હે ગોવિંદ! હે પ્રભુ!! આપનાથી વિમુખ લોક પોતાનાં કરેલાં કર્મોથી જે પ્રકારે ઉંચા નીચા દેહને ધારણ કરે છે, અને ત્યાગ કરે છે, તે પ્રકારે અજ્ઞાનીઓની સમજમાં આવે તેમ નથી. માટે મને કહો. ઘણું કરીને જગતમાં આ વિષયને સમજનારા પુરૂષો નથી, માટે જ સર્વ લોક માયાથી ઠગાએલા છે, એમાં મારો પુછવાનો અંશ એટલો જ છે કે-આત્મા વ્યાપક હોવાથી તેને એક દેહમાંથી બીજા દેહમાં જવું શી રીતે સંભવે? વળી આત્મા અકર્ત્તા હોવાથી તેને કર્મોનું હોવું શી રીતે સંભવે? અને આત્મા નિત્ય હોવાથી તેને જન્મ મરણ થવાં કેમ સંભવે? ૩૪-૩૫

શ્રી ભગવાન્ કહે છે—હે ઉદ્ધવ! લિંગ શરીરના અધ્યાસથી સર્વ થઈ શકે છે. પાંચ ઇંદ્રિયોથી જોડાયેલું લોકોનું કર્મમય મનજ એક દેહમાંથી બીજા દેહમાં જાય છે, એ મનનું અનુસરણ કરે છે; એટલે અધ્યાસને લીધે મનના જવાને પોતાનું જવું માને છે.૩૬ મનને પુર્વદેહનો વિયોગ અને બીજા દેહનો સંયોગ એક દેહના સ્મરણના વિયોગથી અને બીજા દેહના સ્મરણના વિયોગથી થાય છે. કર્મોના તંત્રમાં રહેનારૂં મન કર્મોએ મેળવેલા આ લોકના અને વિષયોનું ધ્યાન કરવાથી ધ્યાન કરેલા વિષયોમાંથી દુર થઇ જાય છે,અને તેમ થયા પછી તે મનની સ્મૃતિ નાશ પામે છે. ૩૭ કર્મોએ પ્રાપ્ત કરેલા બીજા દેહમાં અત્યંત અભિનિવેશ થવાથી તે દેહ ઉત્તમ હોય તો હર્ષ-આદિ થાય છે, અને અધમ હોય તો ભય અથવા શોક થાય છે. કોઇ કારણથી જીવને પ્રથમના દેહનું અત્યંત વિસ્મરણ થઇ જાય છે, અર્થાત પ્રથમ દેહનો સર્વ અહંકાર નિવૃત્ત થઇ જાય છે,તેજ આત્માનું મરણ થયું કહેવાય છે, આત્મા દેહની પેઠે નાશ પામતો નથી. ૩૭ અને મનનો બીજા દેહમાં અભિનિવેશ થવાથી તેમાં અત્યંત અહંકાર ઉત્પન્ન થાય છે, ત્યાર પછી મનના અધ્યાસને લીધે આત્માને પણ સંપુર્ણ રીતે 'આ દેહ હું છું' એવું અભિમાન થાય છે, તે આત્માનો જન્મ કહેવાય છે, આત્મા દેહની પેઠે જન્મતો નથી, જેમ એક સ્વપ્નની પછી બીજું સ્વપ્ન થાય છે, અને એક મનોરથ પછી બીજો મનોરથ થાય છે, ત્યારે ચાલતા સ્વપ્ન અને મનોરથમાં લાગી જવાથી પ્રથમના સ્વપ્નને અને મનોરથને ભુલી જવાથી મનના અધ્યાસને લીધે આત્મા પોતાને પુર્વ સિદ્ધ હોવા છતાં પણ નવીન થયેલો હોય તેમ જુએ છે, એ પ્રમાણે મનને પુર્વ દેહનું વિસ્મરણ અને બીજા દેહનું સ્મરણ થવાથી અર્થાત્ એક દેહનું અભિમાન નિવૃત્ત થઇને, બીજા દેહનું અભિમાન થવાથી તે મનના અધ્યાસને લીધે આત્મા પોતાને પુર્વ સિદ્ધ હોવા છતાં પણ નવો જન્મેલો હોય તેમ માને છે. ૩૯-૪૦ મનની બીજા દેહમાં અભિનિવેશ થવારૂપ ઉત્પત્તિ થવાથી તે મનના અધ્યાસને લીધે આત્માને પોતાનામાં ઉત્તમ, મધ્યમ, અને નીચપણું ન હોવા છતાં પણ ભ્રમથી ભાસે છે, અને એમ થવાથી તે દેહનાં સંબંધમાં બહારના વિષયોને અંદરના સુખ આદિ વિષયોને દેખે છે. સ્વપ્નમાં જેમ મિથ્યા મનના અભિમાનથી દેહો ઉત્પન્ન થાય છે, અને આત્મા તે અનેક દેહોને જુએ છે, અને તે દેહના સંબંધમાં બહારના વિષયોને અને અંદરના સુખાદિ-વિષયોને ભોગવે છે, એમ આ પ્રસંગમાં જાણવું. જેમ કપુત પુત્રનો પિતા પુત્રના અભિમાનને લીધે પુત્રના શત્રુ મિત્ર વગેરેને પોતાના શત્રુ તથા મિત્ર વગેરે માની લે છે, તેમ આત્મા મનના અભિનિવેશને લીધે મનની સાથે સંબંધ રાખનારા દેહ વગેરે પદાર્થોને પોતાના માની લે છે.૪૧ હે ઉદ્ધવ! આ તો મેં લોક પ્રસિદ્ધ જન્મ મરણનું નિરૂપણ કર્યું. હવે સુક્ષ્મ જન્મ-મરણનું

નિરૂપણ કરૂં છું. જેનો વેગ જોવામાં આવતો નથી, એવા કાળને લીધે શરીરો ક્ષણે ક્ષણે ઉત્પન્ન થાય છે, અને ક્ષણે ક્ષણે મરે છે; પરંતુ કાળની સુક્ષ્મતાને લીધે આ જન્મ મરણને અવિવેકી પુરૂષ જાણતા નથી. ૪૨ કાળ, જેમ પરિણામે વગેરેથી દીપકની જ્વાળાઓની, ગતિ વગેરેથી જળના પ્રવાહોની. અને રૂપ વગેરેથી વૃક્ષનાં ફળોની અવસ્થાઓને ક્ષણે ક્ષણે બદલી નાંખે છે, તેમ સર્વ શરીરોની અવસ્થા, તેજ, બળ, કામ અને ચતુરાઈ વગેરેને ક્ષણે ક્ષણે બદલતો જાય છે. જગત ક્ષણે ક્ષણે ઉત્પત્તિ અને નાશ પામ્યા કરે છે; કારણ કે-આ જગત્ અવસ્થાઓના ભેદવાળું છે, જે જે અવસ્થાઓના ભેદવાળાં છે, તે ક્ષણે ક્ષણે ઉત્પત્તિ અને નાશ પામ્યા કરે છે, એવો નિયમ છે. જેમ જ્વાળા વગેરે પદાર્થ અવસ્થાઓના ભેદવાળા છે, તેથી ક્ષણે ક્ષણે ઉત્પત્તિ અને નાશ પામ્યા કરે છે, એ અનુમાનથી જગતની ક્ષણે ક્ષણે ઉત્પત્તિ અને ક્ષણે ક્ષણે વિનાશ સિદ્ધ થાય છે. ૪૩ જેમ જ્વાળા ક્ષણે ક્ષણે બદલાતી જાય છે; પરંતુ તેના જેવીજ બીજી જ્વાળા પ્રકટ હોવાથી 'આ તેનો તેજ દીપક છે' એવી ભ્રાંતિ થાય છે, અને જેમ જળ ક્ષણે ક્ષણે બદલાતું જાય છે; પરંતુ તેના જેવુંજ બીજું જળ આવવાથી 'તેનોતેજ પ્રવાહ છે' એવી ભ્રાંતિ થાય છે, તેમ શરીર પણ ક્ષણે ક્ષણે બદલાય છે; પરંતુ તેના જેવાંજ બીજાં શરીર હોવાથી 'તે તેનો તેજ પુરૂષ છે' આ પ્રમાણે અવિવેકી મનુષ્યોને ભ્રાંતિ થાય છે, અને તેને માટે 'તે તેનો તેજ પુરૂષ છે' એમ કહેવાય છે. ૪૪ દેહમાં અધ્યાસવાળા પુરૂષનાં કર્મ, જન્મ અને મરણ છે, અને બીજાઓને થતાં નથી એ વાત અસંભવિત લાગે છે. કારણ કે એકના એકજ ઘડાને એક પુરૂષ 'છે' એમ માને, અને બીજો 'નથી' એમ માને એ વાત સંભવે નહિ, આવી શંકા થશે, તો તેનો એ ઉત્તર છે કે દેહના અધ્યાસવાળાઓને કર્મ-આદિ નથી, કારણ એ છે કે-વાસ્તવિક રીતિથી જોવામાં આવે તો, જન્મ મરણ-આદિ પોતેજ મિથ્યા છે. દેહના અધ્યાસવાળો પુરૂષ પણ બીજભૂત કર્મથી જન્મ લેતો નથી, અને મરતો નથી; પરંતુ અજન્મા હોવા છતાં પણ ભ્રાંતિને લીધે જાણે જન્મ પામતો હોય અને અમર છતાં પણ ભ્રાંતિને લીધે જાણે મરતો હોય એમ પ્રતીત થાય છે, જેમ મહાભતરૂપ અગ્નિ કલ્પ પર્યંત તેનો તેજ રહેવા છતાં પણ કાષ્ટનો યોગ હોવાથી જાણે પ્રકટ થતો હોય, અને કાષ્ટનો વિયોગ હોવાથી જાણે નાશ પામતો હોય, એમ જણાય છે. ૪૫ ઉદરમાં પ્રવેશ, ઉદરમાં વૃદ્ધિ, જન્મ, બાળપણું, કુમારપણું, યૌવન, મધ્યમાવસ્થા, વૃદ્ધાવસ્થા અને મરણ એ નવ અવસ્થા દેહની છે, ૪૬ દેહની આ મન કલ્પિત ઊંચી નીચી અવસ્થાઓને દેહ સંબંધી અવિવેકને લીધે જીવ પોતાને વિષે માની લે છે, અને ઇશ્વરનો અનુગ્રહ હોવાથી કોઇ જીવ 'અવસ્થાવાળા દેહનો દ્રષ્ટા અવસ્થાવાળો ન હોય,' એવા વિવેકથી તે અવસ્થાઓનો ત્યાગ કરે છે. ૪૭ જો કે જન્મ-મરણની અવસ્થામાં મુર્છા આવવાને લીધે પોતાના દેહનાં જન્મ મરણ પોતાના જોવામાં આવતાં નથી; પરંતુ પિતાનો દેહ જેમ મરી ગયો એમ મારો પણ દેહ મરી જશે, અને પુત્રનો દેહ જેમ જન્મ્યો છે, તેમ મારો દેહ પણ જન્મ્યો છે એમ વિચાર કરવો. જન્મ મરણવાળા દેહનો જે દ્રષ્ટા છે, તેને જન્મ મરણ બિલકુલ થતું નથી. ૪૮ વૃક્ષના બીજથી જન્મને અને પાકી જવાથી મરણને જાણનારો જે દ્રષ્ટા છે, તે વૃક્ષથી જુદો છે, તેમ દેહના જન્મ-મરણને જાણનારો દ્રષ્ટા દેહથી જુદો છે. ૪૯ આ પ્રમાણે દેહાદિકથી આત્મા જુદો છે, તેનો વિવેક કરવો જોઇએ, પણ તેનું વિવેચન નહિ કરવાથી વિષયોની મોહજાળમાં પડેલો મુર્ખ પુરૂષ સંસારમાં જન્મ મરણ પામે છે. ૫૦ કર્મોથી અથડાતો જીવ સત્વગુણના સંગથી ઋષિઓ અને દેવતાઓના જન્મને પામે છે, રજોગુણના સંગથી અસુર અને મનુષ્યના જન્મને પામે છે, તમોગુણના સંગથી ભૂત અને પશુ, પક્ષીના જન્મને પામે છે. ૫૧ જેમ નાચતા અને ગાતા મનુષ્યને જોનારો પુરૂષ તેમાં રહેલા

સ્વર અને તાલ વગેરેનું તથા સંગીતનું પણ અનુસરણ કરે છે, તેમ બુદ્ધિના ગુણોને જોનારો પુરૂષ અકર્તા છતાં પણ તે ગુણોના બળથી તેને પોતાનામાં માની લે છે, અર્થાત્ અકર્તા છતાં પણ કર્મોથી ભમી જાય છે. ૫૨ આ પ્રકારે દૃશ્યનો ધર્મ જેમ દ્રષ્ટામાં ન્ફુરે છે, તેમ ઉપાધિનો ધર્મ ઉપહિતમાં ભાસે છે, એ દૃષ્ટાંત આથી કહે છે. જેમ જળમાં પ્રતિબિંબિત થયેલું જળ હાલવાથી જાણે હાલતું હોય એમ દેખાય છે, તેમ અંતઃકરણને જન્મ—મરણાદિક હોવાથી તેમાં પ્રતિબિંબ રૂપે પડેલો આત્મા જાણે જન્મ-મરણ પામ્યા કરતો હોય, એમ ભાસે છે, પરંતુ તે ખરૂં નથી. હવે ગ્રાહકના ગુણ ગ્રાહ્યમાં ભાસે છે, એ દૃષ્ટાંત સહિત કહું છું. જેમ ફુદડી ખાનારા મનુષ્યનાં નેત્રજ ફરે છે; પરંતુ જાણે પૃથ્વી ફરતી હોય એમ જણાય છે, તેમ આનંદાદિક આત્માના ગુણો હોવા છતાં પણ જાણે તે વિષયોના ગુણો હોય એમ લાગે છે. ૫૩ હે ઉદ્ધવ! જેમ સ્વપ્નામાં અને મનોરથમાં થતો વિષયોનો અનુભવ મિથ્યા છે, તેમ આત્માને થતો વિષયોનો અનુભવરૂપી સંસાર પણ મિથ્યા છે. ૫૪ જેમ સ્વપ્ન મિથ્યા છતાં તે વિષયોનું ચિંતવન કરનારા પુરૂષને તે અવસ્થામાં સ્વપ્ન સંબધી દુઃખ મટતાં નથી, તેમ અહંતા મમતારૂપ સંસાર મિથ્યા છતાં પણ વિષયોનું ચિંતવન કરતા પુરૂષને અજ્ઞાનાવસ્થામાં જન્મ-મરણાદિક મટતાં નથી, માટે તે અજ્ઞાનને મટાડવાનો ઉપાય અવશ્ય કરવો જોઇએ. ૫૫ માટે હે ઉદ્ધવ! તમે દુષ્ટ ઇંદ્રિયોથી વિષયોનો ભોગ ન કરો અને આ સંસારરૂપ ભ્રાન્તિ આત્માના અજ્ઞાનથીજ ઉત્પન્ન થયેલી છે એમ જાણો. ૫૬ દુષ્ટ પુરૂષો તિરસ્કાર કરે, અપમાન કરે, હસે, ઇર્ષ્યા કરે, મારે, બાંધે, જીવિકાનો નાશ કરે, ૫૭ માથા ઉપર થુંકે, કે મુતરે, અને બીજા પણ એવાજ ઉપાયોથી બ્રહ્મનિષ્ઠામાંથી ભ્રષ્ટ કરવા ઇચ્છે, અને તેથી પોતાને બહુજ કષ્ટ થાય; તોપણ મુમુક્ષુ પુરૂષે યત્નથી પોતાનો ઉદ્ધાર કરવો જોઇએ.

ઉદ્ધવજી પુછે છે—હે શ્રેષ્ઠ વક્તા! આ આપનું કહેવું મારા મનમાં સારી રીતે ઉતરી જાય, એમ આપ મને કહો. નીચ લોક આવાં દુઃખ આપે, તે સહન થવાં મને બહુજ કઠણ લાગે છે. ૫૯ હે જગદાત્મા! આપના ધર્મમાં નિરત, શાંત અને કેવળ આપના ચરણનું શરણ લેનારા પુરૂષો વિના વિદ્વાનો પણ આવા અપરાધો સહન કરી શકે નહી; કારણ કે-સ્વભાવ ઘણો બળવાન હોય છે. ૬૦

विदुषामपि विश्वात्मन् प्रकृतिर्हि बलीयसी ।
ऋतेत्वद्धर्मनिरतान् शांतांस्ते चरणालयान् ॥

ઇતિશ્રી મહાપુરાણ ભાગવત વિષે એકાદશસ્કંધમાં ‘ ભગવદુદ્ધવ સંવાદ ’ નામનો ૨૨ મો અધ્યાય સંપુર્ણ.

અધ્યાય ૨૩ મો.

લોકોના તિરસ્કારો સહન કરવાનો ઉપાય.

बादरायणिरुवाच.

सएव माशांसित उद्धवेन
भागवत मुख्येन दाशार्ह मुख्यः ॥
सभाजयन्भृत्य वचो मुकुंद
स्तमावभाषे श्रवणीयवीर्यः ॥ १ ॥

શ્રી શુકદેવજી કહે છે—હે પરીક્ષિતરાજા! એ રીતે ભગવદ્ ભક્તોમાં મુખ્ય ઉદ્ધવજીએ પ્રાર્થના કરી, ત્યારે યદુવંશમાં મુખ્ય અને જેનાં પરાક્રમ સાંભળવા યોગ છે, એવા શ્રી કૃષ્ણ ભગવાને પોતાના દાસ ઉદ્ધવજીનાં વચનોનો સત્કાર કરીને આ પ્રમાણે કહ્યું. ૧

શ્રી ભગવાન્ કહે છે--હે બૃહસ્પતિના શિષ્ય! આ લોકમાં એવો સાધુ કોઇ પણ નથી, કે-જે દુર્જનોનાં કહેલાં દુર્વચનોથી બળી ગયેલા પોતાના અંતઃકરણને શાંત રાખવાને માટે સમર્થ હોય. ૨ કારણ કે-મર્મસ્થળમાં લાગેલાં નીચ પુરૂષોનાં કઠોર વચનરૂપ

બાણોથી પુરૂષને જેવી પીડા થાય છે, તેવી પીડા મર્મસ્થળમાં લાગેલાં લોહમય બાણોથી થતી નથી, માટે તે બાણોથી પુરૂષને કઠોર વચનના જેવો પરિતાપ થતો નથી. ૩ હે ઉદ્ધવ! એમ છે, તો પણ તેને માટે હું એવો ઉપાય કહી શકે જે ઉપાયથી સર્વ દુઃખો સહન થઈ શકે. આ વિષય ઉપર એક મહા પવિત્ર ઇતિહાસ છે, તે હું તમને કહું છું, તે તમે સાવધાન થઇને સાંભળો. ૪ દુર્જન લોકોએ અત્યંત દુઃખ દેતાં ધીરજ રાખીને, પોતાનાં કર્માનાં ફળોને સંભારતા એક ભિક્ષુકે આ વિષયમાં બહુજ ઉત્તમ વિચાર કર્યો છે. ૫ માળવામાં ઉજ્જેન નગરીમાં કોઇ એક ધનવાંન બ્રાહ્મણ રહેતો હતો. તે બ્રાહ્મણ ખેતી અને વ્યાપાર વગેરે ધંધો કરતો હતો, અને તે કામી, લોભી, મહાક્રોધી અને *કદર્ય હતો. ૬ તે બ્રાહ્મણ પોતાનાં ધર્મ રહિત ઘરમાં નાતિલાઓનો તથા અતિથિઓનો માત્ર વચનથી પણ સત્કાર કરતો નહતો. યોગ્ય સમયમાં પોતાના આત્માને પણ ભોગથી પ્રસન્ન કરતો નહતો. ૭ ત્યારે વિષમ થયેલા તેના પુત્ર, બાંધવ, સ્રીઓ, દીકરીઓ અને ચાકર લોક તે દુષ્ટ સ્વભાવવાળા કદર્યનું ભલું નહી ઇચ્છતાં ઉલટું ભુડું કરવા લાગ્યાં. ૮ આ પ્રમાણે યક્ષની પેઠે ધનનો સંચય કરનારા અને બન્ને લોકમાંથી ભ્રષ્ટ થયેલા તથા ધર્મ અને સુખથી રહિત એ કદર્ય બ્રાહ્મણ ઉપર ગૃહસ્થના નિત્ય કર્તવ્ય પાંચ મહાયજ્ઞોના દેવતાઓએ કોપ કર્યો. ૯ હે બહુ આપનારા ઉદ્ધવ! દેવતાઓના અનાદરથી તેનું પૂર્વજન્મનું પુણ્ય નાશ પામ્યું, તેથી તેણે મહા પરિશ્રમે મેળવેલું ધન પણ નાશ પામ્યું ૧૦ હે ઉદ્ધવ! એ બ્રાહ્મણનું ધન કેટલુંક નાતિલાઓ લઇ ગયા, કેટલુંક ચોરો ચોરી ગયા, કેટલુંક ઘરમાં આગ લાગવાથી બળી ગયું, કેટલુંક કાળે કરીને નાશ પામ્યું, કેટલુંક લોકો લેઇ ગયા, કેટલુંક રાજાએ લઇ લીધું. ૧૧ આ પ્રમાણે ધન નાશ પામતાં તે ધર્મ તથા સુખથી રહિત થઈ પડેલા કદર્યનો તેનાં કુટુંબીઓએ ત્યાગ કર્યો, તેથી તે બહુ જ ચિંતામાં પડયો. ૧૨ ધનના નાશથી પરિતાપ તથા ખેદ પામતો તથા જેનાં આંસુ મુખમાં પેસીને ગળાં સુધી પોહોચી જતાં હતાં, એવો એ બ્રાહ્મણ ધનના સંબંધથી મહા શોકમાં આવી પડયો, તથી તેને ભારે વૈરાગ્ય ઉત્પન્ન થયો. ૧૩ પછી તે બ્રાહ્મણ કહેવાં લાગ્યો કે-'અહો! બહુજ ભુડું કર્યું. મેં મારા દેહને વૃથા દુઃખ દીધું, આટલો બધો મારો ધનનો પરિશ્રમ ધર્મ કરવામાં તથા સુખ ભોગવવામાં પણ કામ ન આવ્યો. ૧૪ ઘણું કરીને કદર્યને ધન કદી પણ સુખદાયક થતું નથી, એટલુંજ નહિ પણ જીવના દેહને તથા મનને પરિતાપ આપે છે, અને મુઆ પછી નરક આપે છે. ૧૫ જેમ ઘણા સુંદર રૂપને ધોળો કોઢ જરા પણ હોય તો ખરાબ કરે છે, તેમ યશસ્વી પુરૂષોના પવિત્ર યશને અને ગુણવાન પુરૂષોના વખાણવા યોગ્ય ગુણોને થોડો લોભ પણ ખરાબ કરે છે. ૧૬ ધન પેદા કરતાં, પેદા કર્યા પછી વધારતાં, સાચવી રાખતાં, ખરચતાં, નાશ પામતાં અને ભોગવતાં પણ મનુષ્યોને પરિશ્રમ, ત્રાસ, ચિંતા અને ભ્રમ જ રહે છે.૧૭ ચોરી, હિંસા, જુઠાણું, દંભ, કામ, ક્રોધ, અભિમાન, મદ, ભેદ, વૈર, અવિશ્વાસ, સ્પર્દ્ધા સ્રીઓનું વ્યસન, જુગાર, અને મદ્યપાન,એ પંદર અનર્થો મનુષ્યોને દ્રવ્યથી થાય છે. માટે કલ્યાણની ઇચ્છાવાળા પુરૂષે ધન નામના અનર્થનો દુરથી જ ત્યાગ કરવો જોઇએ. ૧૮-૧૯ ભાઇ, સ્રી, માતા પિતા, અને સંબંધીઓ સ્નેહને લીધે એક મનવાળા થઇને રહ્યાં હોય છે, તે પણ ધનને માટે જુદાં થઇ જાય છે; એટલુંજ નહિ, પરંતુ એક કોડીને માટે તુરત એક બીજાના શત્રુ થઈ જાય છે. ૨૦ થોડા ધનને માટે જોશમાં આવેલા સ્પર્દ્ધા કરતા અને ભારે ક્રોધ કરતા લોક તુરત એક બીજાનો સ્નેહ છોડીને તુરત એક બીજાને મારવા લાગે છે. ૨૧ ધનમાં નિષ્ઠા રાખનારાઓને કેવળ આ લોકમાં જ અનર્થ થાય

---

* પોતાને, ધર્મના કામને; સ્રી-પુત્રાદિકને; દેવતાને, અતિથિને, અને ચાકરને જે મનુષ્ય લોભથી અત્યંત દુઃખ આપે છે, તેને કદર્ય કહેછે.

છે, એમ નથી, પણ પરલોકમાં પણ અનર્થ થાયછે. મનુષ્ય દેહ કે-જેને માટે દેવતાઓ પણ માગણી કરે છે, તેને પામીને અને તેમાં પણ બ્રાહ્મણપણું પામીને જે લોક પોતાની મનુષ્યતાનો અને બ્રાહ્મણત્વનો અનાદર કરીને આત્માનું કલ્યાણ કરતા નથી, તે અશુભ ગતિને પામે છે. ૨૨ આ મનુષ્ય દેહ કે-જે સ્વર્ગ અને મોક્ષનું દ્વાર છે, તેને પામીને જેના માથા ઉપર કાળ ભમે છે, એવો કયો મનુષ્ય અનર્થના ધામરૂપ ધનમાં આસક્તિ રાખે? ૨૩ દેવતા, ઋષિ, પિતૃ, ભુત, જ્ઞાતિ અને બંધુઓ કે-જેઓ ભાગ લેનારા છે, તેઓને અને પોતાના આત્માને પણ અન્નાદિકથી જે તૃપ્ત કરતા નથી, તે યક્ષની પેઠે ધનની ચોકી કરનારો પુરૂષ નીચ યોનિમાં પડે છે. ૨૪ હું ધનની વ્યર્થ તૃષ્ણાથી પ્રમાદમાં પડયો હતો, તે ધન, અવસ્થા અને બળ કે-જેથી વિવેકી પુરૂષો સંસારને તરી જાય છે, તે તો જતાં રહ્યાં, હવે વૃદ્ધ થયો, હું શું કરૂં? ૨૫ આ પ્રમાણે લોક અનર્થોને જાણતા છતાં પણ ધનની વ્યર્થ તૃષ્ણાથી કેમ કલેશ પામી રહેલા છે? પરંતુ મને લાગે છે કે કોઇની પણ માયાથી આ લોક અત્યંત મોહિત થઇ રહેલા છે. ૨૬ જો કે ધનથી ભોગ સુખ મળે છે; પરંતુ જેને પ્રતિદિન મોત પાસે આવતું જાય છે; તેનું ધનથી, ધન આપનારાઓથી, સુખથી, સુખ દેનારાઓથી, અને ફરી ફરીને વારંવાર જન્મ આપનારાં કર્મોથી પણ શું વળવાનું છે? ૨૭ હું એમ ધારૂં છું કે-મારા ઉપર સર્વ દેવમય ભગવાન પ્રસન્ન થયાછે, કે-જેણે મને આ દશાએ પોહોચાડયો, અને આત્માને સંસારથી તારનારો નૌકારૂપ વૈરાગ્ય આપ્યો, ૨૮ હવે જો બની શકશે તો આયુષ્યના બાકી રહેલા સમયમાં પોતાના સ્વરૂપમાંજ સંતોષ રાખીને, અને ધર્માદિક સાધનોમાં અપ્રમત્ત રહીને મારા દેહને બ્રહ્મવિદ્યામાં લીન કરી દઇશ. ૨૯ આ વિષયમાં ત્રૈલોક્યના સ્વામી દેવતાઓ મારા ઉપર કૃપા કરે. જો ખટવાંગ રાજા મહુર્ત્ત માત્રમાં ચેતીને બ્રહ્મલોકને પામ્યા હતા, તો મને પણ થોડા સમયમાં ચેતવાથી સદ્‌ગતિ મળશે, એવી આશા રાખું છું. ૩૦

શ્રી ભગવાન્ કહે છે—હે ઉદ્ધવ! એ માળવામાં રહેનારો બ્રાહ્મણ મનથી આ પ્રમાણે નિશ્ચય કરી, અહંતા મમતાનો ત્યાગ કરીને શાંત અને મૌન રાખનારો સંન્યાસી થયો. ૩૧ જેણે મન, ઇંદ્રિયો, અને પ્રાણને વશ કરી દીધેલાં છે, એવો એ ભિક્ષુક આ પૃથ્વી ઉપર વિચરવા લાગ્યો. આસક્તિ રહિત અને પોતાની શ્રેષ્ઠતાને ન દેખાડતો એ ભિક્ષુક કેવળ ભિક્ષાને માટેજ નગર અને ગામમાં જતો હતો. ૩૨ હે ઉદ્ધવ! એ વૃદ્ધ અવધુત ભિક્ષુકને જોઇને, નીચ લોક અનેક તિરસ્કારોથી તેને દુઃખ દેવા લાગ્યા. ૩૩ તેની પાસેથી કેટલાક તો ત્રિદંડ લઇ લેતા હતા, કેટલાક પાત્ર લઇ જતા, કેટલાક કમંડલ, કેટલાક બેસવાનો પાટલો, કેટલાક જપ કરવાની માળા, કેટલાક ગોદડી અને કેટલાક લોક ચિથરાં લઈ લેતા હતા. ૩૪ હે મહારાજ! 'લે' એમ કહીને પાછા લઈ લે । હતા. એ ભિક્ષુક ભીખ માગીને જે અન્ન લાવતો તે નદીના કિનારા ઉપર જઇને ખાતો હતો. ત્યાં તે વખતે પણ પાપી લોક તેના ઉપર મુતરતા અને થુંકતા હતા. ૩૫ તેણે મૌન વ્રત ધારણ કર્યું હતું, તોપણ તેને પરાણે બોલાવવાની તેઓ ચેષ્ટા કરતા અને જો ન બોલે તો તેને મારતા હતા. ૩૬ કેટલાક લોકો વળી 'આ ચોર છે' એમ કહીને વચનોથી તેનો તિરસ્કાર કરતા હતા. કેટલાક લોક 'બાંધો, બાંધો, એમ કહીને તેને દોરીથી બાંધતા હતા. ૩૭ કેટલાકલોક આ ધર્મનો ઢોંગ કરનારો ઠગ છે. એમ કહીને તેનું અપમાન કરતા હતા. કેટલાક કહેતા કે-એનું ધન નાશ પામ્યું અને સંબંધીઓએ તજી દીધો છે, તેથી હવે આ આજીવિકા લઇને બેઠો છે. ૩૮ ઓહોહો! આ તો પર્વત જેવો દઢ અને મહા બળવાન છે, છતાં દઢ નિશ્ચય કરી મૌન રહીને બગલાની પેઠે પોતાનું કામ સાધી લે છે. ૩૯ આ પ્રમાણે કેટલાક તેની હાંસી કરતા હતા, અને કેટલાક તેના ઉપર અધોવાયુ છોડતા હતા. એ ભિક્ષુકને રમતના પક્ષીની પેઠે લોક બાંધતા અને પુરી મુકતા

હતો. ૪૦ આ પ્રમાણે ભૌતિક, દૈવિક તથા દૈહિક દુઃખ જેમ જેમ પોતાની ઉપર પડતું, તેમ તેમ તે દુઃખને અવશ્ય ભોગવવાનું પ્રારબ્ધ માનતો હતો. ૪૧ ધર્મભ્રષ્ટ કરવાને ચાહાતા નીચ લોક આ પ્રમાણે પરાભવ કરતા રહ્યા; પરંતુ સત્વ ગુણી ધીરજ રાખીને એ ભિક્ષુક સ્વધર્મમાં રહીને આ પ્રમાણે ગાથાં ગાતો હતો. ૪૨ ભિક્ષુક ગાય છે કે-આ લોકો, દેવતાઓ, આત્મા, ગ્રહ, કર્મ અથવા કાળ એ મારા સુખ દુઃખનાં કારણ નથી; કેમકે સુખ દુઃખનું કારણ તો કેવળ એક મનજ છે, કે જે મન સંસારરૂપી ચક્રને ફેરવ્યા કરે છે. ૪૩ અત્યંત બળવાન મન ગુણોની વૃત્તિઓને ઉત્પન્ન કરે છે. ગુણોથી સાત્વિક, રાજસ અને તામસ એવાં જુદાં જુદાં કર્મ થાય છે, અને કર્મોથી સત્વગુણી, રજોગુણી અને તમોગુણી જન્મ થાય છે. ૪૪ ઇશ્વર ક્રિયા કરતા મનની સાથે નિયંતાપણાથી રહે છે. છતાં તે ક્રિયાઓના સંગથી રહિત, જ્ઞાનમય અને મારો નિયંતા છે, તે તો કેવળ અખંડ જ્ઞાનથી જોયા કરે છે. અને હું (જીવ)તો પોતાનામાં સંસારને દર્શાવનારા મનને આત્મરૂપ માનીને, કર્મોના અને ગુણોના સંગથી વિષયોનું સેવન કરવાને લીધે બંધાઇ ગયોછું. તેથી સિદ્ધ થયું કે-અવિદ્યાને લીધે મનના અધ્યાસથીજ જીવને આ સંસાર થયેલ છે; પરંતુ પોતાનાથી નહિ, કારણ કે-અવિદ્યા રહિત ઇશ્વરને સંસાર જોવામાં આવતો નથી; પરંતુ અવિદ્યાવાળા જીવનેજ દેખાય છે. ૪૫ દાન, નૈમિત્તિક કર્મ, સ્વધર્મ, નિયમ, યમ, ઉત્તમ વ્રત, અને બીજાં સર્વ સત્કર્મનું ફળ મનનો નિગ્રહ થવો એજ છે, અને મનનો નિગ્રહ થવો એજ મહાયોગ છે. ૪૬ જે પુરૂષનું મન શાંત અને વશીભુત છે, તેને દાન વગેરે કરવાનું શું પ્રયોજન છે? અને જેનું મન વશ નહિ છતાં ભટકી રહેલું છે, તેનું પણ દાન વગેરે કરવાથી શું પ્રયોજન સિદ્ધ થવાનું છે? તે કહો. ૪૭ બીજી ઇંદ્રિયોના વિજય થાય તેમાં વધારે ફળ રહેલું નથી, કેમકે સર્વ દેવતા અર્થાત્ ઇંદ્રિયો મનને વશ છે; પરંતુ મન બીજા કોઇને વશ નથી. મનજ બળવાનો કરતાં પણ મહા બળવાન અને ભયંકર દેવ છે, માટે જે પુરૂષ મનને વશ કરે છે, તે દેવનો પણ દેવ કહેવાય છે. ૪૮ ન જીતાય એવા અસહ્ય વેગવાળા અને મર્મસ્થાનમાં પીડા કરનારા મનરૂપી દુર્જય શત્રુને જીત્યા વગર કેટલાક મુર્ખ લોક આ સંસારમાં કેટલાક મનુષ્યોની સાથે વૃથા વૈર બાંધી બેસે છે, અને મનુષ્યોને મિત્ર, ઉદાસીન, અને શત્રુ માની લે છે. ૪૯ કેવળ મન માત્રથી કલ્પેલા આ દેહને અહંતાથી અને પુત્રાદિકના દેહને મમતાથી પોતાનો માનીને અંધબુદ્ધિવાળા મનુષ્યો 'આ હું અને આ બીજો' એવી ભ્રાંતિથી આ અનંત અને અપાર સંસાર રૂપી અંધકારમાં ભટક્યા કરે છે. ૫૦ આ પ્રકારે મનજ સુખ દુઃખનું કારણ છે. લોક, દેવતા, આત્મા, ગ્રહ, કર્મ અથવા કાળ એમાંનું કોઇ પણ સુખ દુઃખનું કારણ નથી, જો લોક સુખ દુઃખનાં કારણ હોય, તો તેમાં આત્માને શું? કાંઇ પણ નહિ, સુખ દુઃખનું ભોક્તાપણું અને સુખ દુઃખનું કર્તાપણું આત્માને નથી, એક શરીર બીજા શરીરને દુઃખ દઇને પોતે સુખ પામે તો તે સુખ દુઃખ શરીરનેજ થયાં, પરંતુ આત્માને નહિ, કારણ કે-નિરાકાર અને અક્રિય આત્મા કોઇ પદાર્થનો ભોક્તા કે કર્તા નથી. કદાચિત શરીરનાં સુખ દુઃખનો આત્મા અનુભવ કરતો હોય, તો પણ આત્મા સર્વમાં ઇશ્વર હોવાથી એકજ છે, માટે કોના ઉપર કોપ કરવો? કોઇ સમય પોતાના દાંતથીજ પોતાની જીભ કપાઇ જાય, ત્યારે તે વેદના માટે કોના ઉપર કોપ કરવો? ૫૧ જો દેવતા દુઃખનું કારણ હોય તો તેમાં આત્માને શું? એકના હાથે બીજાના મુખને તમાચો માર્યો અથવા એકનું મુખ બીજાના હાથને બચકું ભરે તો તે વિકાર પામતા હાથના દેવ ઇંદ્રને અને મુખના દેવતા અગ્નિને ક્લેશ થયો તેમાં આત્માને શું? નિર્વિકાર અને અહંકાર રહિત આત્માને કાંઇપણ સંભવે નહિ.

દેવતા પણ સર્વનાં શરીરોમાં એકના એકજ છે, માટે કોઇની ઉપર ક્રોધ કરવો તે પણ ઉચિત નથી. પોતાના દેહમાંજ દેવતાના આશ્રય એક અંગને બીજા અંગનો પ્રહાર થાય તો તેમાં પુરૂષ શી રીતે કોપ કરે? ૫૨ સુખ દુઃખ આદિક પરિણામ આત્માને થાય છે, એમ માનીને આત્મા સુખ દુઃખના કારણરૂપ સ્વીકારવામાં આવે તો એ સુખ દુખ આત્માનેજ સ્વભાવ રૂપ થયા એમાં બીજાથી કાંઇપણ થયું નહિ, કે-જેના ઉપર કોપ કરવામાં આવે, આત્માથી ભિન્ન કાંઇ નથી, અને જે દેખાય છે તે મિથ્યા છે, તો પછી શા માટે કોપ કરવો? કારણ કે સુખ દુઃખ તથા તેના નિમિત્તો સર્વ મિથ્યા છે. ૫૩ ગ્રહ સુખ દુઃખનાં કારણ હોય તો તેમાં પણ આત્માને શું? ગ્રહ તો જન્મ લેનારા દેહનાજ સંબંધી છે, માટે જન્મ લગ્નથી બારમી તથા આઠમી ઇત્યાદિ રાશિમાં આવેલ હોય તો તે દેહને સુખ દુઃખ આપે, પરંતુ આત્મા કે-જે જન્મેલો નથી, તેને સુખ દુઃખ દેતા નથી, છતાં પણ જ્યોતિષી લોક ગ્રહોની પરસ્પર દૃષ્ટિ પડવાથી પીડા થાય છે એમ કહે છે. અંતરિક્ષમાં રહેલા ગ્રહોની ક્રૂરદૃષ્ટિ અંતરિક્ષમાં રહેલા બીજા ગ્રહો ઉપર પડે છે; પરંતુ ઘરના ખુણામાં રહેલાની ઉપર પડવી સંભવે નહિ, માટે ગ્રહોની પીડા ગ્રહોનેજ થાય છે, તો ગ્રહોથી અને એવા લગ્નમાં ઉત્પન્ન થયેલ દેહથી જુદો પુરૂષ કોના ઉપર ક્રોધ કરે? ૫૪ કર્મ જો સુખ દુઃખનાં કારણ હોય, તો તેમાં પણ આત્માને શું? કારણ કે આત્માને કર્મનો સંબંધજ નથી, જે વસ્તુમાં જડપણું અને ચેતનપણું હોય તે વસ્તુથી તે કર્મની ઉત્પત્તિ સંભવે છે, કેમકે કર્મ કરવામાં વિકારીપણું અને પોતાનું હિત જાણનારપણું આ બન્ને ધર્મ હોવા જોઇએ. જડ પદાર્થ વિકારી હોય છે, અને ચૈતન્ય પદાર્થ હિતાહિત જાણનારો હોય છે. દેહવિકારી છે તેથી તે કર્મનો કર્તા ગણાય, પણ તે જડ છે, તે પોતાનું હિતાહિત જાણતા નથી, તેથી તે કર્મનો કર્તા ગણાતો નથી. આત્મા હિત જાણનારો છે, પણ તે વિકારી નથી, તેથી તે પણ કર્મનો કર્તા ગણાય નહી, આ પ્રમાણે સુખ દુખનાં કારણ રૂપ ગણાતાં કર્મોજ સિદ્ધ થતાં નથી, માટે પુરૂષે કોના ઉપર ક્રોધ કરવો? ૫૫ કાળ કે જે સુખ દુઃખનું કારણ છે, તો તેમાં પણ આત્માને શું? કારણ કે કાળ પોતેજ આત્માનો અંશ છે, તો જેમ જ્વાળાની ગરમી અગ્નિને લાગતી નથી, અને હિમની શીતળતા હિમને લાગતી નથી, તેમ કાળથી થતાં સુખ દુઃખથી આત્માને કોઇ પ્રકારનો ક્લેશ થતો નથી. કારણ કે આત્મા અસંગ છે, તેથી કોઇ પ્રકારે તેને સુખ દુઃખનો સંબંધ નથી. ૫૬ લોક અને દેવતા વગેરે છ દુખ સુખનાં કારણો વગર બીજાં પણ સુખ દુખનાં કારણ છે, એમ કોઇ કલ્પના કરે, તો પણ આત્માને કોઇપણ કાળે કોઇ દેશમાં અને કોઇ પ્રકારે સુખ દુઃખનો સંબંધ નથી. કારણ કે તે પ્રકૃતિથી પર છે. સુખ દુખ વગેરે સર્વ મિથ્યા પ્રપંચથી થાય છે, એમ જે જાણે છે, તે માણસ અનેક પ્રકારના ભૌતિક પદાર્થોથી ડરતો નથી. ૫૭ આ પ્રમાણે પ્રાચીન મહર્ષિઓએ ધારણ કરેલી આ બ્રહ્મનિષ્ઠાનો આશ્રય લઇ, જેનો અંત તથા પાર આવવો કઠણ છે, એવા સંસારરૂપી અંધકારને તરી જઇશ, અને એવી બ્રહ્મનિષ્ઠા મને પ્રભુના ચરણની સેવાથી પ્રાપ્ત થશે. ૫૮

શ્રી ભગવાન કહે છે—આ પ્રમાણે ધન નાશ પામવાથી તે બ્રાહ્મણને વૈરાગ્ય ઉત્પન્ન થયો, તેથી તેનો શ્રમ દુર થઇ ગયો. પછી એ સંન્યાસ લઇને, પૃથ્વીમાં વિચરતો નીચ પુરૂષોએ દુખ દીધા છતાં સ્વધર્મથી ચળાયમાન ન થતાં આ ગાથાને ગાતો હતો. ૫૯ મનના ભ્રમ સિવાય પુરૂષને સુખ દુખ દેનારૂં બીજું કોઇ પણ નથી. આ મિત્ર, ઉદાસીન અને દુશ્મન રૂપી સર્વ સંસાર અજ્ઞાનને લીધે પોતાના મનની ભ્રાંતિથી ઉત્પન્ન થયો છે. ૬૦ માટે હે ઉદ્ધવ! તમે મારામાં લાગેલી બુદ્ધિથી યુક્ત થઇને સર્વ પ્રકારે મનનો નિગ્રહ કરો. મનનો નિગ્રહ કરવો એ

જ. યોગનું મુળ સ્વરૂપ છે. જેથી સુખ દુખાદિક સર્વ દ્વંદ્વાનું નિરાકરણ થઇ જાય છે. ૬૧ જે પુરૂષ બ્રહ્મનિષ્ઠાને પ્રાપ્ત કરનારી ભિક્ષુ ગીતાને સાવધાન થઇને ધારણ કરે છે, સાંભળે છે, બીજાને સંભળાવે છે, તે સુખ દુખ વગેરેથી પરાભવ પામતો નથી. ૬૨

य एतां भिक्षुणा गीतां ब्रह्मनिष्ठां समाहितः ॥
धारयन् श्रावयन् श्रृण्वन् द्वंद्वै नैवाभिभूयते ॥

ઇતિશ્રી ભાગવત મહા પુરાણના એકાદશસ્કંધમાં "ભિક્ષુગીતા" નામનો ૨૩ મો અધ્યાય સંપુર્ણ.

અધ્યાય ૨૪ મો.

આત્માથી સર્વ પદાર્થો ઉત્પન્ન થાય છે અને પાછા આત્મામાંજ લય પામેછે.

શ્રી ભગવાનુવાચ.

अथ ते संप्रवक्ष्यामि सांख्यं पूर्वैर्विनिश्चितम् ॥
यद्विज्ञाय पुमान्सद्यो जह्याद्वै कल्पिकं भ्रमम् ॥

• શ્રીભગવાન કહે છે—હે ઉદ્ધવ ! હવે હું તમને પુર્વેના કપિલાદિક આચાર્યોએ કહેલું સાંખ્યશાસ્ત્ર કહીશ-તેને જાણવાથી પુરૂષ તુરત ભેદ બુદ્ધિથી થયેલી સુખ દુઃખાદિકની ભ્રાન્તિને છોડી દેછે. ૧ પ્રલયમાં અને સર્વની પહેલો સત્યયુગ કે-જેમાં સર્વ લોક બ્રહ્મવિદ્યામાં નિપુણ હતા, તેમાં દ્રષ્ટા અને દ્રશ્ય સર્વ બ્રહ્મમાંજ લીન હતું. કોઈ જાતનો ભેદભાવ નહતો. તેમ બીજા યુગમાં પણ લોકો જ્યારે બ્રહ્મવિદ્યામાં કુશળ થાયછે ત્યારે ભેદની સ્ફુર્ત્તિ નહિ હોવાથી સર્વ એકજ રૂપ હોય છે. ૨ કેવળ ભેદ રહિત અને સત્ય એ વ્યાપક બ્રહ્મ જ પોતાની માયાને લીધે વાણીની અને મનની પ્રવૃત્તિ થાય એમ દ્રશ્ય અને દ્રષ્ટારૂપથી બે પ્રકારનું થયું. ૩ એ દ્રશ્ય અને દ્રષ્ટામાં જે દ્રશ્ય પદાર્થ છે તે કાર્ય-કારણ રૂપ પ્રકૃતિ છે. અને જે દ્રષ્ટા છે તે પુરૂષ કહેવાયછે. ૪ મેં જીવોના અદ્રશ્યને લીધે દ્રષ્ટિ કરીને પ્રકૃતિનો ક્ષોભ કર્યો, ત્યારે તેમાંથી સત્વ, રજ અને તમ એ ત્રણ ગુણ પ્રકટ થયા. ૫ તેથી મહત્તત્વ ઉત્પન્ન થયું, તેના જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિ એવા બે પ્રકાર છે. એ મહત્તત્વ વિકાર પામીને તેમાંથી જીવોને ભ્રાન્તિ કરનારો અહંકાર ઉત્પન્ન થયો. ૬ અહંકારના વૈકારિક, તૈજસ અને તામસ એવા ત્રણ ભેદ છે. તેમાં વૈકારિક અહંકારથી ઇંદ્રિયોના અગીયાર દેવતા તથા મન ઉત્પન્ન થયું. તૈજસથી અગીયાર ઇંદ્રિયો પ્રકટ થઇ. તામસથી શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચ તન્માત્રા પ્રકટ થઇ. એ અહંકાર ચિદાભાસથી વ્યાપ્ત છે, માટે જડ અને ચૈતન્ય એમ બન્ને રૂપ કહેવાય છે. દેવતા અને મનનો સ્વભાવ પ્રકાશ કરવાનો છે, તેથી તેને સાત્વિક અહંકારનું કાર્ય માનેલ છે. ઇંદ્રિયોનો સ્વભાવ પ્રવૃત્તિ કરવાનો છે, તેથી તેને રાજસ અહંકારનું કાર્ય માનેલ છે. પંચમહાભુતોનો સ્વભાવ આવરણ કરવાનો છે, તેથી તેને તામસ અહંકારનાં કાર્ય માનેલ છે. ૭-૮ મારી પ્રેરણાથી એ સર્વ પદાર્થોએ મળીને પોતાનામાં શક્તિ હોવાને લીધે હું કે જે અંતર્યામી છું તેના આશ્રય રૂપ ઇંડું ઉત્પન્ન કર્યું. ૯ જળમાં રહેલા એ ઇંડામાં લીલાથી હું નારાયણરૂપ દેહ ધારણ કરીને રહ્યો. મારી નાભિમાંથી સર્વ લોકોના કારણ રૂપ કમળ ઉત્પન્ન થયું. અને કમળમાંથી બ્રહ્મા ઉત્પન્ન થયા. ૧૦ રજોગુણવાળા અને જગતના કારણ રૂપ તે બ્રહ્માએ મારા અનુગ્રહથી તપ કરીને લોકપાળ સહિત ભુર્લોક (પાતાલ સહિત પૃથ્વી), ભુવર્લોક (અંતરિક્ષ) અને સ્વર્લોક (સ્વર્ગથી લઇ બ્રહ્મ લોક પર્યંત) એ ત્રણ લોકોને રચ્યા. ૧૧ સ્વર્ગ લોક દેવતાઓને રહેવાનું સ્થાન થયું. ભુવર્લોક ભુતાદિકનું સ્થાન થયું. ભુર્લોક મનુષ્યાદિકનું સ્થાન થયું અને જ્ઞાની લોકોનું સ્થાન તો એ ત્રણ લોકથી પર પરબ્રહ્મ છે. ૧૨ બ્રહ્માએ નાગ અને અસુરોને રહેવાનું સ્થાન પૃથ્વી-

ની નીચે પાતાળ રચ્યું છે. ત્રિગુણાત્મક કર્મ કરવાથી જે ગતિઓ થાય છે, તે સર્વ ત્રૈલોક્યમાંજ છે, તેનાથી ઉપર નથી. યોગ,તપ, અને સંન્યાસ કરવાથી મહર્લોક, જનલોક, તપલોક, અને સત્યલોકમાં યોગ્યતાનુસાર નિર્મળ ગતિઓ પામે છે. અને ભક્તિયોગ કરનારાઓને વૈકુંઠ લોકની ગતિ મળે છે. ૧૪ હું કે જે કાળશક્તિવાળો અને કર્મોનાં ફળ દેનારો છું, તેની શક્તિથી આ સર્વ જગત કર્મોમાં ગુંથાયેલું છે તે સંસાર રૂપ ગુણોના પ્રવાહમાં સત્ય લોક સુધીની ઉત્તમ ગતિઓને પામે છે, અને પાછું સ્થાવર સુધીની નીચ ગતિઓને પામે છે, વૈકુંઠ વગર બાજી સર્વ ગતિઓ ચંચળ છે. ૧૫ નાના, મોટા, જાડા, પાતળા જે જે પદાર્થ છે, તે સર્વ પદાર્થ પ્રકૃતિ અને પુરૂષથી વ્યાપ્ત હોય છે. ૧૬ જે પદાર્થ જેના આદિ અને અંતમાં થાય છે, તે પદાર્થજ તેના મધ્યમાં પણ હોય છે. જેમ ઘડાના આદિ અને અંતમાં માટી છે, તો તેના મધ્યમાં પણ માટીજ છે. અને કુંડળ તથા કડાંના આદિ તથા અંતમાં સુવર્ણ છે, તો તેના મધ્યમાં પણ સુવર્ણજ છે, ઘડામાં અને કુંડળમાં માટી અને સુવર્ણ બદલાતાં નથી. આ પ્રમાણે વિકાર એટલે ઘડા કુંડળ વગેરે જે જે પદાર્થ જોવામાં આવે છે, તે વ્યવહાર માટેજ છે, પરંતુ ખરી વસ્તુ તો માટી તથા સોનું વગેરે છે. તેમ આ જગત પણ એક વિકારરૂપ છે, અને તે વ્યવહાર માટેજ છે, પરંતુ વાસ્તવિક તો એક બ્રહ્મજ સત્ય છે. ૧૭ મહત્તત્વાદિકપણ પોતપોતાના કાર્યના–આદિ અને અંતમાં રહે છે, તેથી તે પણ સત્ય હોવાં જોઇએ, એવી શંકા કરવી નહિ; કેમકે મહત્તત્વાદિક કારણ પદાર્થ અહંકાર–આદિ કાર્ય પદાર્થને ઉત્પન્ન કરે છે, તે આત્માને લઇનેજ ઉત્પન્ન કરે છે. જેમ માટીનો પીંડો ઘડાને ઉત્પન્ન કરે છે, તો તે માટીને લીધેજ કરે છે, માટી વગર ઉત્પન્ન કરી શકતો નથી. માટે આત્મા સત્ય છે. ૧૮ કાર્યોના ઉપાદાન કારણ રૂપ પ્રકૃતિ, પ્રકૃતિનો અધિષ્ઠાતા પુરૂષ અને ગુણોને ક્ષોભ કરીને કાર્યોને પ્રકટ કરનારો કાળ એ ત્રણે મારાં જ (બ્રહ્મનાં) સ્વરૂપ છે. મારાંથી જુદાં નથી. કારણ કે–પ્રકૃતિ મારી શક્તિ છે. અને કાળ તથા પુરૂષ મારી અવસ્થા રૂપ છે. પ્રકૃતિ, પુરૂષ અને કાળ જો કે કોઇનાં કાર્ય નથી; પરંતુ જગતના કારણ રૂપ છે, તો પણ તે મારાથી જુદાં નથી, માટે હું જ અદ્વિતીય સ્વરૂપ છું. ૧૯ જીવને ભોગ આપવાને થયેલી આ મહા સૃષ્ટિ જ્યાં સુધી સ્થિતિનો અંત આવે, ત્યાં સુધી પિતા અને પુત્રાદિક રૂપથી અવિચ્છિન્ન ચાલ્યા કરે છે, અને એ સ્થિતિ જ્યાં સુધી પરમેશ્વરની દૃષ્ટિ હોય, ત્યાં સુધી રહે છે. ૨૦ આ પ્રમાણે સૃષ્ટિ વિષે કહ્યું. હવે પ્રલયના વિષય કહું છું. જેમાં લોકોની અનેક સૃષ્ટિઓ અને અનેક પ્રલય કલ્પેલા છે, એવા બ્રહ્માંડની સમીપ મારા સ્વરૂપભૂત કાળ પોહોચવા લાગે છે, ત્યારે ભુવનોની સાથે આ બ્રહ્માંડ વિખરાવાનો પ્રારંભ થાય છે; અર્થાત્ બ્રહ્માંડરૂપે એકઠાં થયેલાં પંચમહાભૂત જુદાં જુદાં થવા લાગે છે. ૨૧ શરીર અન્નથી વધે છે, તે અન્ન સો વર્ષની અનાવૃષ્ટિથી ક્ષીણ થઇ જાય છે, ત્યારે તે વગર શરીર રહે નહી, માટે શરીરનો અન્નમાં લય થાય છે, અન્ન બીજમાં લય પામે છે, બીજ પૃથ્વીમાં લય પામે છે, અને પૃથ્વી ગંધમાં લય પામે છે. ૨૨ ગંધ જળમાં લીન થાય છે, જળ પોતાના ગુણરૂપ રસમાં લીન થાય છે. ૭ રસ તેજમાં, અને તેજ રૂપમાં લીન થઇ જાય છે. ૨૩ રૂપ વાયુમાં અને વાયુ સ્પર્શમાં તથા સ્પર્શ આકાશમાં અને આકાશ શબ્દ તન્માત્રામાં અને ઇંદ્રિયો પોતાના પ્રવર્ત્તક દેવતામાં લય પામે છે. ૨૪ દેવતા પોતાના નિયંતા રૂપ મનમાં લીન થાય છે. જો કે ઇંદ્રિયોનો લય રાજસાહંકારમાં અને દેવતાઓનો લય સાત્વિકાહંકારમાં કહેવો જોઇએ, પરંતુ ઇંદ્રિયોની પ્રવૃત્તિ દેવતાઓને આધીન રહેવાથી ઇંદ્રિયોનો લય દેવતાઓમાં કહેવામાં આવ્યો. અને દેવતાઓનો લય જે મનમાં કહ્યો, તે દેવતાઓની પ્રવૃત્તિ મનના આધિન રહેવાથી

કહ્યા. શબ્દતન્માત્રાનો લય તામસાહંકારમાં અને મનનો લય સાત્તિકાહંકારમાં થાય છે. સર્વ જગતને મોહિત કરવામાં સમર્થ અહંકાર મહત્તત્વમાં લીન થાય છે. જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિવાળું મહત્તત્વ પોતાના કારણરૂપ ગુણોમાં લીન થાય છે. ગુણો માયામાં લીન થાય છે. માયા કાળને આધીન છે, માટે તે જેની વૃત્તિ બંધ પડેલી એવા કાળમાં લીન થાય છે. ૨૬ કાળ માયાના પ્રવર્ત્તક પુરૂષમાં લીન થાય છે. પુરૂષ પોતાની પ્રકૃતિમાં લીન થઇ પુર્ણ સ્વરૂપથી આત્મામાં રહે છે. આત્મા પોતે ઉપાધિ રહિત છે, માટે પોતાના સ્વરૂપમાં જ રહે છે, બીજા કોઇમાં લીન થતો નથી. કારણ કે-જગતની સૃષ્ટિ એમાંથી થયેલી છે, અને પ્રલય પણ એમાં જ થાય છે. જગતની સૃષ્ટિ અને પ્રલય ઉપરથી સર્વના અધિષ્ઠાન રૂપથી અને અધિક રૂપથી સર્વ પ્રકારે આત્મા જ જાણવામાં આવે છે. ૨૬ જે મનુષ્ય આ પ્રકારે હૃદયમાં વિચાર કરતો રહે, તેના મનમાં જેમ આકાશમાં સૂર્યોદય થયા પછી અંધકાર કોઇ પ્રકારે રહી શકતો નથી, તેમ ભેદ સંબંધી ભ્રમ કોઇ પ્રકારે રહેતો નથી. ૨૭ હું કે-જે ભૂત ભવિષ્યનો જાણનારો છું. તેણે આ સંશય રૂપ ગાંઠને કાપનારા સાંખ્ય વિધિનું નિરૂપણ કર્યું કે-જે સાંખ્યમાં પ્રતિલોમથી પ્રલયનું અને અનુલોમથી સૃષ્ટિનું નિરૂપણ કરવામાં આવે છે. ૨૯

एष सांख्यविधिःप्रोक्तः संशयग्रंथिभेदनः ।
प्रतिलोमानुलोमाभ्यां परावरदृशामया॥२९॥

ઇતિ શ્રી મહાપુરાણ ભાગવત વિષે એકાદશ સ્કંધમાં ૨૪ મો અધ્યાય સંપુર્ણ.

અધ્યાય ૨૫ મો.

ચિત્તમાંથી ઉત્પન્ન થતી સત્વાદિક્ ગુણોની વૃત્તિઓનું વિવેચન.

श्री भगवानुवाच.

गुणानामसमिश्राणां पुमान्येन यथा भवेत् ॥
तन्मे पुरुष वर्येदमुपधारय शंसतः ॥ १ ॥

શ્રીભગવાન્ કહે છે—હે ઉદ્ધવ! પ્રકૃતિથી પુરૂષ જુદો છે, એવું જેને જ્ઞાન થયું હોય, તેને પણ જ્યાં સુધી મહા પ્રયત્નથી ત્રણ ગુણોની વૃત્તિઓ જીતવામાં ન આવે, ત્યાં સુધી સુખ દુખ મટતાં નથી; માટે એ વૃત્તિઓનું નિરૂપણ કરવું જોઇએ. જે નિરૂપણ એ વૃત્તિઓને જીતવાને માટે સાધનરૂપ છે. હે પુરૂષોમાં શ્રેષ્ઠ ઉદ્ધવ!! હવે જુદા જુદા ગુણોમાંના જે ગુણથી આ મનુષ્ય જેવો થઇ જાય છે, તે વિષે કહું છું, તે તમે સાંભળો. ૧ શમ, દમ, તિતિક્ષા, વિવેક, સ્વધર્મનિષ્ઠા સત્ય, દયા, પુર્વાપરનું અનુસંધાન, સંતોષ, ખરચવાનો સ્વભાવ, વિષયોમાં વૈરાગ્ય, આસ્તિકતા, અયોગ્ય કર્મોનું અદર્શન, દાન, સરળતા, વિનય અને આત્મામાં પ્રીતિ, એ સત્વગુણની વૃત્તિઓ છે. ૨ સ્વર્ગાદિકની ઇચ્છા' યજ્ઞાદિક વ્યાપાર મદ, લાભ થયા છતાં પણ અસંતોષ, ગર્વ, ધનાદિકની ઇચ્છાથી દેવાદિકની પ્રાર્થના, ભેદબુદ્ધિ, વિષયભોગ, મદથી યુદ્ધાદિકની અભિનિવેશ, પોતાની પ્રશંસામાં પ્રીતિ, ઉપહાસ, પરાક્રમ પ્રસિદ્ધ કરવું અને બળથી ઉદ્યમ એ રજોગુણની વૃત્તિઓ છે. ૩ ક્રોધ, લોભ, જુઠાણું, હિંસા, માગવું, દંભ, ભ્રમ, કલહ, શોક, મોહ, દુઃખ, દીનતા, તંદ્રા, આળસ, મોટી મોટી આશા, ભય અને જડતા એ તમોગુણની વૃત્તિઓ છે. ૪ એ સત્વગુણ, રજોગુણ અને તમોગુણની વૃત્તિઓ ઘણી કહેલી છે, અને એવી જ બીજી પણ એ પ્રમાણે જાણી લેવી. હવે એકઠા થયેલા ગુણોની વૃત્તિઓ વિષે કહું છું તે સાંભળો. ૫ હે ઉદ્ધવ! 'હું અને મારૂં' એવી જે બુદ્ધિ થાય છે, તે ત્રણ ગુણોનો સન્નિપાત (એકઠાપણું) છે. મન, શબ્દાદિક વિષયો, ઇંદ્રિયો અને પ્રાણથી જે વ્યવહાર થાય છે, તે સર્વ ત્રણ ગુણોનો સન્નિપાત સમજવો. ૬ પુરૂષ જ્યારે ધર્મ અર્થ અને કામમાં આસક્ત થઇ રહેલ

હોય. ત્યારે એ ત્રણે ગુણોના સન્નિપાતથી થયું છે એમ જાણવું, કે જે સન્નિપાતથી શ્રદ્ધા, રતિ, અને ધન પ્રાપ્ત થાય છે. ૭ સકામ ધર્મમાં નિષ્ઠા રાખે, ગૃહસ્થાશ્રમમાં આસક્ત રહે અને નિત્ય નૈમિત્તિક ધર્મમાં પણ નિષ્ઠા રાખે ત્યારે તે પણ ગુણોનો સન્નિપાત થયેલો જાણવો. ૮ પુરૂષને શમાદિક વૃત્તિઓ ઉપરથી સત્વગુણવાળો જાણવો, કામાદિક વૃત્તિઓ ઉપરથી રજોગુણવાળો અને ક્રોધાદિક વૃત્તિઓ ઉપરથી તમોગુણવાળો જાણવો. ૯ જે પુરૂષ અથવા સ્ત્રી નિષ્કામ કર્મ કરીને પ્રેમ અને ભક્તિથી મારૂં ભજન કરે, ત્યારે તેને સત્વગુણી સ્વભાવવાળો જાણવો. ૧૦ જે સુખની આશાથી કર્મ કરીને મારૂં ભજન કરે, તેને રજોગુણી સ્વભાવવાળો જાણવો. જે હિંસાની ધારણા કરીને મારૂં ભજન કરે, તેને તમોગુણી પ્રકૃતિવાળો જાણવો. ૧૧ સત્વ, રજ, અને તમ એ ત્રણે ગુણ જીવનાજ છે. મારા નથી; કારણ કે એ ગુણ પાંચ મહાભૂતના કાર્યરૂપ ચિત્તમાંજ ઉત્પન્ન થાય છે; માટે પંચમહાભૂતની ઉપાધિવાળા જીવનેજ થવા જોઈએ, કે-જે ગુણોથી જીવ પદાર્થોમાં આસક્ત થઇને બંધાઇ જાય છે, હું તો ગુણોનો નિયંતા અને સૃષ્ટિનો કર્તા છું. તો પણ તેમાં બંધાતો નથી, હું નિત્યમુક્ત છું, સર્વથી ઉત્તમ છું, અને સર્વને સેવવા યોગ્ય છું. ૧૨ જ્યારે પ્રકાશમાન, સ્વચ્છ અને શાંત સત્વગુણ બીજા બે ગુણોને દબાવીને વધી જાય છે, ત્યારે પુરૂષ સુખ, ધર્મ, જ્ઞાન અને શમ, દમાદિક સાથે જોડાય છે. ૧૩ સંગ તથા ભેદના કારણરૂપ તથા પ્રવૃત્તિ સ્વભાવવાળો રજોગુણ જ્યારે બીજા બે ગુણોને દબાવીને વધી જાય છે, ત્યારે પુરૂષ દુઃખ, કર્મ, યશ અને લક્ષ્મીથી જોડાય છે. ૧૪ વિવેકથી ભ્રષ્ટ કરનાર આવરણરૂપ અને ઉદ્યમમાં વિઘ્ન કરનારો તમોગુણ જ્યારે બીજા બે ગુણોને દબાવીને વધી જાય છે, ત્યારે પુરૂષ, શોક, મોહ, નિદ્રા, હિંસા અને આશાથી જોડાય છે. ૧૫ જ્યારે ચિત્ત પ્રસન્ન થાય, ઇંદ્રિયો નિવૃત્તિ પામે, દેહમાં અભય થાય અને મન સંગ રહિત થાય, ત્યારે મારી પ્રાપ્તિના સ્થાનરૂપ સત્વગુણ વધ્યો એમ જાણવું. ૧૬ જ્યારે પુરૂષ ક્રિયાથી વિકાર પામીને વિક્ષેપમાં પડે, જ્ઞાનેંદ્રિયોને ઉપરામ ન મળે, કર્મેંદ્રિયોમાં વિકાર વધે, અને મન ભમ્યા કરે, ત્યારે રજોગુણ વધ્યો છે, એમ જાણવું. ૧૭ જ્યારે લય પામતું ચિત્ત ચિદાભાસને ગ્રહણ કરવામાં અસમર્થ થઇને લીન થઇ જાય, સંકલ્પરૂપી મન પણ લીન થઇ જાય, અજ્ઞાન ઉત્પન્ન થઇ જાય, તથા ખેદ થાય, ત્યારે તમોગુણની વૃદ્ધિ જાણવી. ૧૮ હે ઉદ્ધવ ! જ્યારે સત્વગુણની વૃદ્ધિ હોય ત્યારે દેવતાઓનું બળ વધે છે. રજોગુણની વૃદ્ધિ હોય ત્યારે અસુરોનું બળ વધે છે, અને તમોગુણની વૃદ્ધિ હોય, ત્યારે રાક્ષસોનું બળ વધે છે. ૧૯ જાગ્રત અવસ્થા સત્વગુણથી, સ્વપ્નાવસ્થા રજોગુણથી અને સુષુપ્તિ અવસ્થા તમોગુણથી થાય છે. ત્રણ અવસ્થાઓમાં અનુસ્યુત જે ચોથું સ્વરૂપ છે, તે તો આત્માજ છે. ૨૦ મનુષ્ય સત્વગુણથી બ્રહ્મલોક પર્યંત ઊંચા ઊંચા લોકોમાં જાય છે, અને તમોગુણથી સ્થાવર પર્યંત નીચી નીચી યોનિયોમાં જન્મ લે છે. અને રજોગુણથી પાછો મનુષ્ય દેહ પામે છે. ૨૧ સત્વગુણની વૃદ્ધિના સમયે મરેલા મનુષ્ય સ્વર્ગમાં જાય છે. રજોગુણ વધેલો હોય તે સમયે મરણ પામેલો મનુષ્ય મનુષ્યલોકમાં જાય છે, તમોગુણની વૃદ્ધિના સમયે મરણ પામેલો મનુષ્ય નરકમાં જાય છે, અને નિર્ગુણ મનુષ્ય તો જીવતાંજ મને પામે છે. ૨૨ મારી પ્રાપ્તિ થવાના ઉદ્દેશથી અથવા કેવળ દાસભાવથીજ જે પોતાનું કર્મ કરવામાં આવે, તે સાત્વિક કર્મ કહેવાય છે. ફળનું અનુસંધાન રાખીને જે કર્મ કરવામાં આવે, તે રજોગુણી કહેવાય છે. હિંસાવાળું જે કર્મ દંભ અને મત્સરથી કરવામાં આવે તે તમોગુણી કર્મ કહેવાય છે. ૨૩ આત્મા દેહાદિકથી જુદો છે, એવું જે જ્ઞાન તે સાત્વિક, આત્મા દેહાદિકથી જુદો નથી એવું જે જ્ઞાન તે રજોગુણી, બાળક તથા મુંગાના જેવું પ્રાકૃત જ્ઞાન તે તમોગુણી, અને મારા સ્વરૂપનું જે જ્ઞાન તે નિર્ગુણ જ્ઞાન કહેવાય.

છે. ૨૪ વનમાં રહેવું એ સાત્વિક વાસ, ઘરમાં રહેવું એ રજોગુણી વાસ, જુગારખાના વગેરે સ્થળમાં રહેવું એ તમોગુણી વાસ કહેવાય છે, અને મારા મંદિરમાં રહેવું એ નિર્ગુણ નિવાસ જાણવો. ૨૫ આસક્તિ રહિત થઇને જે કર્મ કરે તે સાત્વિક કર્ત્તા, અત્યંત આસક્તિથી આંધળો થઇને જે કર્મ કરે, તે રજોગુણી કર્ત્તા, પુર્વાપરની સ્મૃતિશુન્ય થઇને જે કર્મ કરે તે તમોગુણી કર્ત્તા, અને કેવળ મારો આશ્રય લઇ અહંકાર રહિત થઇને જે કર્મ કરે, તેને નિર્ગુણ કર્ત્તા જાણવો. ૨૬ વેદાંતશાસ્ત્રમાં જે શ્રદ્ધા થાય તે સાત્વિક, કર્મમાં શ્રદ્ધા થાય ત રાજસી, અધર્મને ધર્મ માનીને જે શ્રદ્ધા થાય તે તામસી, અને મારી સેવામાં જે શ્રદ્ધા થાય, તે નિર્ગુણ શ્રદ્ધા કહેવાય છે. ૨૭ હિતકારી, પવિત્ર અને અનાયાસથી જે આહાર મળે તે સાત્વિક, ઇંદ્રિયોને પ્રિય લાગે એવો, કડવો, ખાટો, તથા ખારો વગેરે જે આહાર તે રાજસી, દીનતા દેનાર તથા અશુદ્ધ જે આહાર તે તામસી, અને મારો ભોગ લગાવેલો જે આહાર તે નિર્ગુણી આહાર કહેવાય છે. ૨૮ આત્માને દેહાદિકથી જુદો જાણવાથી જે સુખ થાય તે સાત્વિક, વિષયોથી જે સુખ થાય તે રાજસી, મોહ તથા દીનતાથી જે સુખ થાય તે તામસી, અને શુદ્ધબ્રહ્મની જ્ઞાતથી જે સુખ થાય, તે નિર્ગુણ સમજવું. ૨૯ એ પ્રમાણે આહારાદિક પદાર્થ, વનાદિક સ્થળ, સુખરૂપી ફળ, બીજા એ ગુણોને દબાવવાનો સમય, ઇત્યાદિ કાળ, જ્ઞાન, કર્મ, કર્ત્તા, શ્રદ્ધા, જાગ્રતાદિક અવસ્થા, દેવતા-આદિ આકૃતિ અને સ્વર્ગાદિકની પ્રાપ્તિરૂપ નિષ્ઠા એ સર્વ વસ્તુ ત્રણ ગુણમય છે. ૩૦ હે પુરૂષશ્રેષ્ઠ ! એ કહેલા પદાર્થ જ ત્રણ ગુણમય નથી; પરંતુ પ્રકૃતિ અને પુરૂષમય જોવા, સાંભળવા અને બુદ્ધિથી વિચારવામાં આવતા જેટલા પદાર્થો છે, તે સર્વે ત્રિગુણમય છે. ૩૧ હે ઉદ્ધવ ! જીવના સર્વે જન્મ, ગુણ અને કર્મ અભિમાનરૂપ કારણથી જ થાય છે. જે જીવે ચિત્તથી થતા એ ગુણોને જીતી લીધા હોય તે જીવ અવિચ્છિન્ન ભક્તિ યોગથી મારામાં નિષ્ઠા પામીને મોક્ષને યોગ્ય થાય છે. ૩૨ માટે આ મનુષ્યદેહ કે-જેમાં જ્ઞાન અને વિજ્ઞાન થવાનો સંભવ છે તે મળ્યો છે, માટે ગુણોમાં જે આસક્તિ છે, તેનો ત્યાગ કરીને વિચક્ષણ પુરૂષે મારૂં ભજન કરવું. ૩૩ વિદ્વાન પુરૂષે જીતેંદ્રિય થઇ આસક્તિનો ત્યાગ કરી સાવધાન થઇને મારી ભક્તિ કરવી જોઇએ. શાંતબુદ્ધિવાળા મુનિને ઉચિત છે કે સત્વગુણની સેવાથી રજોગુણ તથા તમોગુણને જીતવા. ૩૪ અને ઉપશમરૂપ સત્વગુણને ધારણ કરીને, તેથી દયા-આદિ વિક્ષેપ ઉત્પન્ન કરનારા સત્વગુણને પણ જીતવા. એ પ્રમાણે થાય તો ગુણોથી મુક્ત થયેલો જીવ, જીવપણું દેનારા લિંગ શરીરનો ત્યાગ કરીને મને પામે છે. ૩૫ લિંગ શરીરથી અને ચિત્તથી થતા ગુણોથી મુક્ત થયેલો તથા હું કે જે પરબ્રહ્મછું તેથી પુર્ણ થયેલો જીવ વિષયોનો ભોગ કરતો નથી, અને તેનું સ્મરણ પણ કરતો નથી, અને તેથી તેને બીજીવાર જન્મ મરણરૂપ સંસાર પણ થતો નથી. ૩૬

जीवो जीव विनिर्मुक्तो गुणैश्चाशय संभवैः ॥
मयैव ब्रह्मणा पूर्णो न बहिर्नांतरश्चरेत् ॥

ઇતિશ્રી મહાપુરાણ ભાગવત વિષે એકાદશસ્કંધમાં ૨૫ મો અધ્યાય સંપુર્ણ.

અધ્યાય ૨૬ મો.

મનની શાંતિ માટે કુસંગ છોડીને સત્સંગ કરવો.

શ્રી ભગવાનુવાચ.

मल्लक्षणमिमं कायं लब्ध्वा मद्धर्म आस्थितः ॥
आनंदं परमात्मान मात्मस्थं समुपैति माम् ॥

શ્રીભગવાન કહે છે—હે ઉદ્ધવ ! જેથી મારૂં સ્વરૂપ જાણવામાં આવે છે, એવો આ મનુષ્યદેહ પામીને, મારી ભક્તિરૂપ ધર્મમાં રહે તે આત્મામાં નિર્મળ રૂપે રહેલા

અને પરમાનંદરૂપ પરમાત્માને પામે છે. ૧ જ્ઞાનની નિષ્ઠાના પ્રભાવને લીધે ગુણમય લિંગ શરીરથી મુક્ત થયેલ પુરૂષ ગુણ કે-જે માયામાત્ર અને વાસ્તવિક રીતિથી પ્રતીત થઇ રહેલ છે, તેમાં રહેવા છતાં પણ એ અવાસ્તવિક ગુણોના સંગને પામતો નથી. ૨ તોપણ જ્ઞાનીપુરૂષે ઉપસ્થ તથા ઉદરને તૃપ્ત કરનારા પુરૂષોના સંગ કદી પણ ન કરવો જોઇએ, એવા અનેક પુરૂષોનો સંગ તો શું? પણ એકને પણ અનુસરનારો પુરૂષ આંધળાની પાછળ ચાલ્યા જતા આંધળાની પેઠે ગાઢ અંધકારવાળા નરકમાં પડે છે. ૩ ઇલાનો પુત્ર, ચક્રવર્તિ અને મહાવિખ્યાત કીર્તિવાળો પુરૂરવા રાજા પ્રથમ ઉર્વશીના વિરહથી મોહિત થઈ ગયો હતો, પછી તે એ દશામાં ભમતો ભમતો કુરૂક્ષેત્રમાં જઇ ચઢયો, ત્યાં તેને તે અપ્સરા મળી, ગંધર્વોએ આપેલા અગ્નિથી દેવતાઓનું પૂજન કરી ઉર્વશીના લોકમાં ગયો હતો. ૪ એ રાજાને છોડીને જ્યારે ઉર્વશી જવા લાગી, ત્યારે મોહથી વિહ્વળ થઇને, તે ઉન્મત્તની પેઠે નાગો અને 'હે સ્ત્રી! હે ભયંકર સ્ત્રી! ઉભી રહે, ઉભી રહે,' એમ વિલાપ કરતો કરતો તેની પાછળ પાછળ દોડયો. ૫ પ્રથમ જ્યારે મનુષ્ય લોકમાં ઉર્વશી પોતાની પાસે હતી, તે વખતે વિષયોના ભોગ કરતો તે રાજા તૃપ્ત થતો નહતો; અને ઉર્વશીએ ચિત્ત વશ કરેલું હોવાને લીધે વર્ષની કેટલી રાત્રિઓ ગઇ, અને કેટલી બાકી રહી, તેનું પણ તેને ભાન રહ્યું નહતું. ૬ પછી ઉર્વશીના લોકમાં જઇ ભોગ ભોગવ્યા પછી વૈરાગ્ય પામીને પુરૂરવા રાજાએ કહ્યું કે-અહો! મારા મોહનો વિસ્તાર તો જુઓ! ઉર્વશીએ મારા કંઠનું આલિંગન કર્યું, તેથી મારૂં ચિત્ત કામદેવને વશ હોવાથી એવું મલીન થઇ ગયું કે-મને ગતદિવસ વીતી જવાનું ભાન પણ રહ્યું નહી. ૭ ઉર્વશીથી ઠગાયેલો હું સૂર્યના ઉદયઅસ્તને અને અનેક વર્ષોના ગયેલા રાત્રિ દિવસને પણ જાણતો નહતો. ૮ અહો!! મારા મનનો મોહ મહા પ્રબળ છે કે-જેણે ચક્રવર્તિ અને રાજાઓના મુગટમણિરૂપ મારા દેહને સ્ત્રીઓ પાસે વાંદરા જેવો બનાવી દીધો. ૯ રાજ્ય સહિત મારા ચક્રવર્ત્તિ દેહને તૃણની પેઠે ત્યાગીને, જતી રહેતી સ્ત્રીની પાછળ હું ઉન્મત્તની પેઠે નાગો નાગો અને રોતો રોતો દોડયો હતો. ૧૦ હું ગધેડાની પેઠે મોઢાપર લાતો ખાતો, છોડીને જતી સ્ત્રીની પાછળ ગયો, તેનો પ્રભાવ, બળ અને સામર્થ્ય ક્યાંથી રહે? ૧૧ જેનું મન સ્ત્રીએ હરી લીધું હોય તેને વિદ્યાથી, તપથી, સંન્યાસથી, એકાંતમાં નિવાસ કરવાથી અને મૌન રાખવાથી શું થવાનું છે? ૧૨ સ્વાર્થને નહિ જાણનારો અને મુર્ખ છતાં પણ પંડિતપણાનું મિથ્યાભિમાન રાખનારો હું ચક્રવર્ત્તિપણાને છોડીને બળદ અને ગધેડાની પેઠે સ્ત્રીઓને વશ થઇ ગયો છું તેને ધિક્કાર છે. ૧૩ અનેક વર્ષોથી હું ઉર્વશીના અધરામૃતનું સેવન કરતો રહયો; તોપણ અગ્નિ જેમ આહુતિઓથી તૃપ્ત ન થાય તેમ મારા મનમાં પ્રકટ થયેલો કામદેવ તૃપ્ત થયો નહિ. ૧૪ છિનાળ સ્ત્રીથી હરાયલા ચિત્તને આત્મારામ અને ઇંદ્રિયોથી અગમ્ય એવા ભગવાન વગર બીજો કોણ છોડાવવાને સમર્થ છે? ૧૫ હું કે જે કુમતિવાળો અને અજીતેદ્રિયહું તેને ઉર્વશીએ યથાર્થ વચનોથી ઉપદેશ આપ્યો; તોપણ મારા મનમાં રહેલો મહામોહ કોઇ પ્રકારે પણ નિવૃત્ત ન થયો. ૧૬ હું ઉર્વશી ઉપર દોષ મુકું છું; પરંતુ તે વ્યર્થ છે; કેમકે હું મારા અજીતેંદ્રિયપણાથીજ દુઃખી થયો છું, તેનું ઉર્વશીએ શું ભુંડું કર્યું છે! રજ્જુના સ્વરૂપને નહી જાણનારા મનુષ્યને રજ્જુમાં સર્પબુદ્ધિ થાય, તેમાં બિચારી રજ્જુનો શો અપરાધ? ૧૭ મલીન, દુર્ગન્ધાદિરૂપ અને અપવિત્ર સ્ત્રીનો દેહ ક્યાં? અને એ દેહમાં સુગંધ તથા કોમળતા-આદિ ગુણ ક્યાં? આ બીભત્સ શરીરમાં સુંદરતાનો જે અધ્યાસ છે, તે કેવળ અજ્ઞાનકલ્પિત છે. ૧૮ આ દેહમાં મમતા પણ માયાથી કલ્પાયેલી છે; કારણ કે-આ દેહ કોની પુંજી છે? દેહને માતા પિતાનો કહીએ તો પણ ચાલી શકે છે; કેમકે તેઓ તેને ઉત્પન્ન કરનાર છે. દેહને સ્ત્રીનો કહીએ, તો પણ કહી શકાય છે; કે-

મકે સ્ત્રી તેને ભોગ આપે છે. દેહને સ્વામીનો કહીએ તોપણ ચાલે; કેમકે સ્વામી તેનું પોષણ કરે છે અને દેહ તેને આધીન છે. દેહને અગ્નિનો કહીએ તોપણ ચાલે; કેમકે દેહની આહુતી અગ્નિમાં થાય છે. દેહને કુતરા અને કાગડાનો કહીએ તોપણ ચાલે; કેમકે એ એનો પણ ભક્ષ્ય છે. દેહને આત્માનો કહીએ તોપણ ચાલે; કમકે દેહનાં કરેલાં શુભાશુભ કર્મને આત્મા ભોગવે છે. દેહને મિત્રોનો કહીએ તોપણ ચાલે; કેમકે તે ઉપકારી છે. એ પ્રમાણે વાસ્તવિક રીતે દેહ કોનો છે? એમ નિશ્ચય થઇ શકતો નથી. ૧૯ અરેરે! એ અપવિત્ર અને અંતે કીડા, વિષ્ટા અથવા ભસ્મરૂપ થનારા દેહમાં 'આહે હો!! સ્ત્રીનું મુખ અતિ સુંદર નાસિકાવાળું અને અતિ મનોહર મંદહાસ્યવાળું છે, એવા પ્રકારથી આસક્ત થઇ જાય છે. ૨૦ વાસ્તવિક રીતે વિચાર કરવામાં આવે તો ત્વચા, માંસ, રૂધિર, નસો, મેદ, અન્ન અને હાડકાંના સમુહરૂપ દેહમાં રમણ કરનારા અને વિષ્ઠા મુત્ર તથા કફમાં રમણ કરનારા કીડામાં કેટલુ અંતર છે. ૨૧ વિવેકી પુરૂષે સ્ત્રીનો અંગસંગ ન કરવો, એટલુંજ નહિ; પરંતુ સ્ત્રીલંપટ પુરૂષોનો સંગ પણ ન કરવો જાણવું, કારણ કે વનિતાઓના અને ઇંદ્રિયોના સંગ થવાથી જ મન ક્ષોભ પામે છે. સંયોગ થયા વગર ક્ષોભ પામતુ નથી, ૨૨ ચક્ષુઆદિકને બંધ કરવા છતાં પણ જે મનનો ક્ષોભ થાય છે, તે પણ વિષયોનો પ્રથમ અનુભવ ન કર્યો હોય તો થાય નહિ, કારણ કે નહિ જોયેલા તથા નહિ સાંભળેલા પદાર્થમાં મનની ઇચ્છા જરા પણ થતી નથી, માટે જે ઇંદ્રિયોને વિષયોમાંથી રોકે છે, તે પુરૂષનું મન નિશ્ચળ થઇને શાંત થઇ જાય છે. ૨૩ માટે ઇંદ્રિયોદ્વારા સ્ત્રીઓનો અને સ્ત્રીલંપટ પુરૂષોનો સંગ કદીપણ ન કરવો. જ્યારે વિદ્વાન પુરૂષ પણ ઇંદ્રિઓનો વિશ્વાસ કરતા નથી, ત્યારે મારા જેવા અવિવેકી પુરૂષોની તો વાતજ શી? ૨૪

શ્રીભગવાન કહેછે—હે ઉદ્ધવ! આ પ્રમાણે ગાયન કરતો તે મોટો રાજા પુરૂરવા ઉર્વશીના લોકનો ત્યાગ કરી અને પરમાત્માને પોતાનામાંજ જાણી જ્ઞાનથી મોહ રહિત થઇને ઉપરામ પામ્યો. ૨૫ માટે બુદ્ધિમાન્ પુરૂષે નીચ લોકોના સંગનો ત્યાગ કરીને સત્પુરૂષોની સંગતિ કરવી, કેમકે સત્પુરૂષ વચનોથી તેના મનની આસક્તિને કાપી નાંખે છે. ૨૬ તીર્થ અને દેવતાના સંગ કરતાં પણ સત્પુરૂષોનો સંગ ઉત્તમ છે. જેઓ અપેક્ષા રહિત, મારામાં ચિત્ત રાખનારા, પ્રણામ કરનારા, સમદૃષ્ટિવાળા, અહંતા મમતાથી રહિત, સુખ દુઃખાદિકથી રહિત અને કોઈ વસ્તુનો પરિગ્રહ નહિ કરનારા હોય તેઓને સત્પુરૂષો જાણવા. ૨૭ હે મહાભાગ્યશાળી ઉદ્ધવ!! એ ભાગ્યશાળી પુરૂષોમાં નિરંતર મારી કથા પ્રવૃત્ત રહ્યા કરે છે, કે-જે કથાઓ પોતાનું સેવન કરનારા મનુષ્યોનાં પાપોને દૂર કરે છે. ૨૮ મારા પરાયણ રહેનારા જે પુરૂષ શ્રદ્ધાથી અને આદરથી આ કથાઓનું શ્રવણ કરે, પ્રશંસા કરે, અને ગાય તેને મારી ભક્તિ પ્રાપ્ત થાય છે ૨૯ હું અનંત ગુણવાળો અને આનંદ તથા અનુભવરૂપ પરબ્રહ્મ છું, તેની જે પુરૂષને ભક્તિ પ્રાપ્ત થઈ જાય, તે સાધુ પુરૂષને બીજું શું દુર્લભ છે? કશું દુર્લભ નથી. ૩૦ જેમ અગ્નિદેવની સેવા કરનારા પુરૂષને ટાઢ, ભય અને અંધારૂં એ ત્રણે નિવૃત્ત થઇ જાય છે, તેમ સાધુ પુરૂષોની સેવા કરનારા પુરૂષના કર્મમાં જડતા, જન્મ-મરણનો ભય, અને તેના મુળરૂપ અજ્ઞાન એ ત્રણે નિવૃત્ત થઇ જાય છે. ૩૧ જેમ જળમાં બુડીને ડુબકાં ખાતા પુરૂષને, દૃઢ નાવ પરમગતિ રૂપ છે, તેમ આ ભયંકર ભવસાગરમાં ઊંચી નીચી યોનિઓને પામતા જીવોને બ્રહ્મવેત્તા અને શાંત સત્પુરૂષો પરમગતિરૂપ છે. ૩૨ જેમ પ્રાણીઓને માટે જીવનરૂપ અન્ન શરણ છે. જેમ પીડિત પુરૂષનું શરણ હું છું, અને જેમ મનુષ્યોને મરણ પછી ધર્મરૂપ ધન શરણ છે, તેમ સંસારમાં પડવાથી ડરનારા પુરૂષોને સત્પુરૂષો શરણરૂપ છે. ૩૩ સૂર્ય તો સારી રીતે ઉદય પામીને બાહાર એક ચક્ષુ ઇંદ્રિયને જ તેજ

આપે છે, પરંતુ સત્પુરૂષો તો મનુષ્યને સગુણ અને નિર્ગુણ જ્ઞાનરૂપી ઘણી આંખો આપે છે. માટે દેવતા અને બાંધવરૂપ પણ સત્પુરૂષોજ છે, અને આત્મા તથા મારા રૂપ પણ સત્પુરૂષોજ છે. ૩૪ જ્યારે આવા જ્ઞાનથી પુરૂરવા રાજાની ઉર્વશીના દર્શનની પણ ઇચ્છા ટળી ગઇ, ત્યારે તે પોતે સંગ માત્રનો ત્યાગ કરી આત્મારામ થઇને આ પૃથ્વીમાં વિચરવા લાગ્યો. ૩૫

वैतसेनस्ततोऽप्येवमुर्वश्या लोक निस्पृहः ॥
मुक्तसंगो महीमेता मात्मारामश्चचारह ॥

ઇતિશ્રી મહાપુરાણ ભાગવત વિષે એકાદશ સ્કંધમાં 'ઐલગીત' નામનો ૨૬ મો અધ્યાય સંપુર્ણ.

અધ્યાય ૨૭ મો.

ચિત્તને શુદ્ધ કરનાર તથા સર્વ ફળોની પ્રાપ્તિ કરનાર પુજાનો વિધિ.

उद्धव उवाच.

क्रिया योगं समाचक्ष्व भवदाराधनं प्रभो ॥
यस्मात्त्वां ये यथाऽर्चंति सात्वताःसात्वतर्षभ॥

ઉદ્ધવજી પુછે છે—હે પ્રભુ! હે યાદવોત્તમ!! જે અધિકારી ભકત લોક જે કારણથી અને જે પ્રકારથી આપનું પુજન કરે છે, તે ભકત લોક, તે કારણ, અને તે રીતિ સહિત આપની પુજાનો પ્રકાર કે-જેથી આપ પ્રસન્ન થાઓ છો, તે મને કહો. ૧ નારદજી, ભગવાન વેદ વ્યાસજી, અને અંગિરાના પુત્ર બૃહસ્પતિ આચાર્ય એ સર્વ મુનિઓ વારંવાર કહે છે કે-'આપનું પુજનજ મનુષ્યોના નિશ્ચિત કલ્યાણરૂપ છે.' ૨ મહાત્મા બ્રહ્માએ પોતાના મુખ કમળમાંથી કાઢેલો પુજાનો પ્રકાર પોતાના ભૃગુઆદિ પુત્રોને કહ્યો હતો. અને સર્વોત્તમ શ્રી સદાશિવે પાર્વતીને કહ્યો હતો, તે પ્રકાર હું સાંભળવાને ઇચ્છું છું. ૩ હે માન દેનારા! સર્વ વર્ણ, સર્વ આશ્રમ તથા સ્ત્રીઓ અને શુદ્રોને માટે પણ આ ઉત્તમ સાધન સ્વીકારેલું છે. એમ હું માનું છું. ૪ માટે હે કમળનયન! હે જગતના ઇશ્વરોના પણ ઇશ્વર! હું કે-જે આપનો ભક્ત અને આપને વિષેજ પરમ પ્રેમ રાખનારો છું તેની પાસે કર્મ બંધનને છોડાવનારો એ વિષય કહો. ૫

શ્રી ભગવાન કહે છે—હે ઉદ્ધવ! પુજાનો વિધિ કે-જેના વિષયમાં અનેક ગ્રંથ છે, અને કરવાથી પણ જેનો પાર આવી શકતો નથી તે સર્વ પ્રકાર કહું, તો તેનો પાર પણ ન આવે, માટે સંક્ષેપથી કહીશ. ૬ વૈદિક, તાંત્રિક, અને મિશ્રિત એવા ત્રણ પ્રકારથી મારી પુજા થાય છે, તો તે ત્રણેમાંથી આપણને સારો લાગે. તે વિધિથી પુજા કરવી. ૭ જેને પોતાના વેદની શાખામાં કહેલી રીતથી ઉપનયન સંસ્કાર થયો હોય, તેને શ્રદ્ધા પુર્વક ભક્તિથી જે પ્રકારે મારી પુજા કરવી જોઇએ તે કહું છું. ૮ ભક્તિમાન પુરૂષે નિષ્કપટભાવથી મુર્ત્તિમાં, પૃથ્વીમાં, અગ્નિમાં, સૂર્યમાં, જળમાં, હૃદયમાં અને બ્રાહ્મણમાં હું કે જે ગુરૂરૂપ છું, તેની પુજાના પદાર્થોની પુજા કરવી. ૯ પ્રથમ દાતણ કરી દાંત શુદ્ધ કર્યા પછી અંગની શુદ્ધિને માટે સ્નાન કરવું. એ એ સ્નાન વેદોકત અને તંત્રોકત મંત્રોથી માટી વગેરે પદાર્થો લઇને કરવું. ૧૦ ઇશ્વરમાંજ સંકલ્પ રાખનારા પુરૂષે સંધ્યોપાસન આદિ કર્મ કે જે વેદ વિહિત છે, તેનો ત્યાગ ન કરતાં, કર્મબંધનને કાપનારી મારી પુજા કરવી. ૧૧ શિલાની, કાષ્ઠની, ધાતુની, માટી અથવા ચંદન આદિની કરેલી, ચિત્રેલી, વેળુની, મણિની અને મનોમય, એ પ્રમાણે આઠ પ્રકારની મુર્તિઓ પુજાને માટે કહેલી છે. ૧૨ હૃદયમાં પુજા કરવી હોય તો, માનસિક મુર્તિની પુજા કરવી. સ્થિર અને ચળ એમ બે પ્રકારની પુજા છે, તેમાં પ્રાણપ્રતિષ્ઠા કરવાથી મારો નિવાસ થાય છે. હે ઉદ્ધવ! સ્થિર મુર્તિની સેવા કરવી હોય તો

દરરોજ આવાહન અને ઉદ્વાસન (વિસર્જન) કરવાં નહિ. ૧૩ ચળમુર્તિમાં આવાહન અને વિસર્જનને માટે વિકલ્પ છે, પણ તે શાલીગ્રામમાં ન કરવાં. પણ વેળુની મુર્તિમાં આવાહન અને વિસર્જન અવશ્ય કરવું. બીજી મુર્તિઓમાં આવાહન કરે, તો પણ ઠીક અને ન કરે તો પણ કાંઇ ચિંતા નહિ; પરંતુ પૃથ્વીમાં પુજા કરે, ત્યારે આવાહન અને વિસર્જન કરવુંજ જોઇએ. માટીથી લીંપીને બનાવેલી અને ચિત્રના મુર્તિ વગર બીજી મુર્તિઓને સ્નાન કરાવવું. માટીની મુર્તિને સ્નાન કરાવવાને બદલે માર્જનજ કરવું. ૧૪ સકામ ભક્તોએ અતિ સુશોભિત પદાર્થોથી મુર્તિ આદિમાં પુજા કરવી, અને નિષ્કામ ભક્તે તો જેવા મળે તેવા ચંદનાદિક પદાર્થોથી મારી પુજા કરવી. હૃદયમાં મારી પુજા કરે, ત્યારે મનોમય પદાર્થોથીજ કરવી. ૧૫ હે ઉદ્ધવ! સ્નાન અને પ્રિય અલંકારનો તો ધાતુ આદિની મુર્તિમાંજ ઉપયોગ કરવો. પૃથ્વીમાં પુજા કરતી વખતે અંગ અને પ્રધાનભુત દેવતાની તે તે સ્થાનોમાં જુદા જુદા મંત્રોથી સ્થાપના કરવી. અગ્નિમાં પુજા કરે ત્યારે ઘીથી ભીંજવેલા હવિનો હોમ કરવો. ૧૬ સુર્યમાં પુજા કરે ત્યારે ઉપસ્થાન અને અર્ઘાદિકથી કરવી. જળમા પુજા કરે ત્યારે તર્પણ આદિથી કરવી. જે ભક્ત શ્રદ્ધા અને પ્રેમ સહિત માત્ર જળ પણ મને અર્પણ કરેછે, તો તે જળ પણ મને બહુ જ પ્રિય લાગે છે. ૧૭ અને જે અભક્ત મનુષ્ય મને ઘણું જ અર્પણ કરે; તો પણ હું તેના ઉપર પ્રસન્ન થતો નથી ત્યારે વળી ગંધ, ધુપ, દીપ, પુષ્પ, અને અન્નાદિક સામગ્રીઓ અર્પણ કરીને, મારી પૂજા કરવાથી તો હું શી રીતે પ્રસન્ન થઇ શકું ? ૧૮ હવે પુજાનો પ્રકાર કહું છું. પવિત્ર થઇ, પુજાની સામગ્રી તૈયાર કરી, પૂર્વ દિશા તરફ અણીવાળા દર્ભોનું આસન બતાવી, તે ઉપર પુર્વ અથવા ઉત્તર તરફ મુખ રાખીને પુજા કરવાને બેસવું. અને જો મુર્તિ સ્થિર હોય તો તેની સન્મુખ બેસવું ૧૯. પછી ગુરૂ વગેરેને નમસ્કાર કરી, પોતાના શરીરમાં ન્યાસ કર્યા પછી મુર્તિમાં ન્યાસ કરીને, મુર્તિ ઉપર ચડેલા નિર્માલ્ય પદાર્થ દૂર કરીને મુર્તિને સ્વચ્છ કરવી. જળથી ભરેલ પૂર્ણ કુંભનો અને પ્રોક્ષણ કરવાના જળના પાત્રનો ચંદન-પુષ્પાદિકથી યથાર્થ રીતે સંસ્કાર કરવો. ૨૦ પ્રોક્ષણ પાત્રના જળથી પુજાના સ્થળનું, પદાર્થોનું અને પોતાના શરીરનું પ્રોક્ષણ કરવું. ગુરૂના ઉપદેશ પ્રમાણે પાદ્ય, અર્ઘ અને આચમનને માટે કલ્પના કરેલાં ત્રણ પાત્રોને જળથી અને તે પદાર્થોથી તેને સિદ્ધ કરવાં, અને અર્ઘના પાત્રમાં ગંધ, પુષ્પ, અક્ષત, જવ, દર્ભના અગ્ર, તલ, સર્ષપ અને દ્રો, એ આઠ પદાર્થ નાંખવા. પાદ્યના પાત્રમાં શ્યામો, દ્રો, કમળ અને વિષ્ણુકાંતાદિક પદાર્થ નાંખવા, આચમનના પાત્રમાં જાવંત્રી, લવીંગ અને કંકોળ નાંખવી. ૨૧ તે પછી આચાર્યે પાદ્યના પાત્રને હૃદયના મંત્રથી, અર્ધ્યના પાત્રને મસ્તકના મંત્રથી અને આચમનના પાત્રને શિખાના મંત્રથી મંત્રીને પછી સર્વ પાત્રોનું ગાયત્રી મંત્રથી અભિમંત્રણ કરવું. ૨૨ પછી દેહને કોઠામાંના વાયુથી શોષિત કરી, આધારચક્રમાં રહેલા અગ્નિથી બાળી નાંખી, પાછો લલાટ માં રહેલા ચંદ્રમંડળના અમૃતથી ભીંજવી અમૃતમય કરીને, તે દેહમાં હૃદય કમળમાં રહેલી ઉત્તમ અને સૂક્ષ્મ નારાયણની મુર્તિ કે-જેનો પ્રણવના અકાર, ઉકાર, મકાર, બિંદુ અને નાદના અંતમાં સિદ્ધ લોક ધ્યાન કરે છે, તેનું ધ્યાન કરવું. ૨૩ દીવાના પ્રકાશથી ઘરની પેઠે પોતાના સ્વરૂપની ભાવનાથી ચિંતવેલી તે મુર્તિથી દેહ વ્યાપ્ત થઇ જાય, ત્યારે દેહમાં જ પ્રથમ માનસિક ઉપચારથી પુજા કરી, તન્મય થઇને તેનું મુર્તિ-આદિમાં આવાહન કરીને પછી સ્થાપન મુદ્રાથી સ્થાપન કરીને, મારો અંગન્યાસ કર્યા પછી પુજા કરવી. ૨૪ ધર્માદિક આઠથી અને નવ શક્તિઓથી મારે માટે આસન બનાવવું. તેમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ઐશ્વર્યથી પલંગના અગ્નિ ખુણા-આદિ ચાર ખુણામાં પાયા કલ્પવા. અધર્મ, અજ્ઞાન, અવૈરાગ્ય અને અનૈશ્વર્યથી પુર્વાદિ દિશાઓમાં ઇશ અને ઉપળાંની કલ્પના કરવી, ત્રણ ગુણરૂપ માટી

કલ્પવી.તેમાં વિમળા, ઉત્કર્ષિણી, જ્ઞાના, ક્રિયા, યોગા, પ્રહ્વી, સત્યા, ઇશાના અને અનુગ્રહા એ નવ શક્તિઓની પુર્વાદિ આઠ દિશાઓમાં અને મધ્યમાં કલ્પના કરવી. ૨૫ આ પ્રમાણે પલંગની કલ્પના કરીને તે ઉપર કર્ણિકા, કેસર અને તેમાં રહેલા સૂર્યાદિક મંડળોથી અત્યંત શોભાયમાન આઠ દળવાળા કમળની કલ્પના કરવી. પછી ભુક્તિ, અને મુક્તિની સિદ્ધિને માટે વેદ અને તંત્રમાં કહેલા વિધિથી અર્ઘ અને પાદ્ય વગેરે ઉપચાર મને અર્પણ કરવા. ૨૬ પછી સુદર્શન, પાંચજન્ય, ગદા, ખડ્ગ, બાણ, ધનુષ, હળ, મુસળ, કૌસ્તુભ, માળા અને શ્રીવત્સની પુજા કરવી. તેમાં સુદર્શનાદિક આઠ આયુધોની આઠ દિશાઓમાં અને કૌસ્તુભાદિકની વક્ષઃસ્થળમાં પુજા કરવી. ૨૭ નંદ, સુનંદ, પ્રચંડ, ચંડ, મહાબલ, બલ, કુમુદ, અને કુમુદેક્ષણ એ આઠ પાર્ષદાની આઠ દિશાઓમાં પુજા કરવી. અને ગરૂડની ભગવાનના સન્મુખ ભાગમાં પુજા કરવી. ૨૮ ચાર ખુણાઓમાં દુર્ગા, વિનાયક, વ્યાસ અને વિષ્વકસેનની પુજા કરવી. ગુરૂની વામભાગમાં પુજા કરવી અને ઇંદ્રાદિક ચાર લોકપાળોની પુર્વાદિક ચારે દિશાઓમાં પુજા કરવી. એ પ્રમાણે એ સર્વની પોતપોતાના સ્થાન ઉપર ભગવાનનાં સન્મુખ પ્રોક્ષણ અને અર્ઘ વગેરેથી પુજા કરવી. ૨૯ જો પોતાની પાસે વૈભવ હોય તો ચંદન, અગરૂ, ખસ, કપુર, અને કેસર કસ્તુરી વગેરેથી, સુગંધિત જળથી મંત્ર ભણી ભણીને પ્રતિ દિવસ સ્નાન કરાવવું. ૩૦ સ્વર્ણધર્મ એટલે અનુવાક અને પુરૂષસુક્ત તથા મહાપુરૂષ વિદ્યા નામનો શ્લોક તથા નીરાજન અને રૌહિણ-આદિ સામવેદના મંત્રો ભણવા. ૩૧ મારા ભક્તે યથોચિત્ત રીતે વસ્ત્ર, ઉપવીત, આભુષણ, પત્રભંગી, માળા અને સુગંધી લેપનથી પ્રેમ સહિત મને શણગાર ધરાવવા. ૩૨ પુજન કરનારા પુરૂષે શ્રદ્ધાથી પાદ્ય, આચમન, ગંધ, પુષ્પ, અક્ષત, ધુપ, દીપ અને નૈવેદ્ય અર્પણ કરે. ૩૩ જો વૈભવ હોય તો ગાળ, ઘી, કચોરી, પહુંઆ, લાડુ, હલવો, દહી, અને અનેક પ્રકારનાં ભોજનનો મને ભોગ ધરવો. ૩૪ અભ્યંગ, મર્દન, અરીસો, દાતણ, પંચામૃત-આદિથી સ્નાન; ભક્ષ્ય-ભોજ્ય, ગાવું, નાચવું-આદિ, ભગવાનની સેવાનાં સર્વ સાધન કરવાં, જો વૈભવ હોય તો આ સર્વ પ્રકાર નિત્ય કરવા, અને જો નિત્ય બની ન આવે, તો ઉત્સવને દિવસે તો અવશ્ય કરવા. ૩૫ હવે અગ્નિમાં પુજા કરવાનો વિધિ કહું છું તે સાંભળો. ગૃહ્યસૂત્રમાં કહેલી વિધિ પ્રમાણે મેખલા, ગર્ત અને વેદી-આદિથી ઉપલક્ષિત બનાવેલા કુંડમાં અગ્નિનું આરાધન કરી, તેને પ્રજવલિત કર્યા પછી હાથવડે તેને એકઠો કરવો. ૩૬ દર્ભની [illegible] ની. ચારે કોર પ્રોક્ષણ કરવું, પછી વિધિપુર્વક આહુતિઓથી સમિધ હોમવા-આદિ અન્વાધાન નામના કર્મથી પરવારી અગ્નિના ઉત્તર ભાગમાં હોમના ઉપયોગી પદાર્થ રાખીને, તેનું પ્રોક્ષણી પાત્રના જળથી પ્રોક્ષણ કરી, અગ્નિમાં આ પ્રકારે મારૂં ધ્યાન કરવું. ૩૭ તપેલા સુવર્ણ જેવી કાન્તિવાળા, શંખ, ચક્ર, ગદા અને પદ્મથી શોભાયમાન ચાર ભુજાવાળા, શાંત સ્વરૂપ, કમળના કેસર સરખાં પીળાં વસ્ત્ર ધારણ કરનારા, ૩૮ કિરીટ, કડાં, કટિમેખળા તથા ઉત્તમ બાજુબંધવડે દેદીપ્યમાન, શ્રીવત્સનું ચિહ્ન વક્ષઃસ્થળમાં શોભિત, કૌસ્તુભમણિથી પ્રકાશમાન, વનમાળા પેહેરેલ. ૩૯ આવા મારા સ્વરૂપનું ધ્યાન કરીને, પુજન કર્યા પછી ઘીથી ભીંજવેલાં સમિધ અગ્નિમાં નાખીને ચારેકોર ઘી નાખવા રૂપ બે આધાર અને બે આજ્ય ભાગ આપીને, ૪૦ મંત્રથી અથવા પુરૂષસુક્તથી પ્રતિ ઋચાએ એકેક આહુતિ લઇને, પુજાના ક્રમથી ધર્માદિકને માટે અગ્નિમાં ઘીથી ભીંજવેલા હવિથી હોમ કરવો. પછી સ્વિષ્ટ કૃત નામનો હોમ કરવો. ૪૧ અગ્નિમાં રહેલા અંતર્યામીની પુજા અને તેને નમસ્કાર કરીને, પાર્ષદાને બલિદાન દેવું, પછી પુજાના સ્થાનમાં ભગવાનની પાસે બેસીને નારાયણરૂપ પરબ્રહ્મનું સ્મરણ કરતાં સુબુદ્ધિવાન પુરૂષે યથાશક્તિ મુળ મંત્રનો જપ કરવો.

૪૨. પછી ભગવાનના ભોજનની સમાપ્તિનું ધ્યાન કરીને આચમન કરાવવું. પછી જે ઉચ્છિષ્ટ રહેલ હોય તે વિષ્વક્સેન પાર્ષદને આપવાની મનમાં કલ્પના કરીને, ત્યાર પછી તેની આજ્ઞાથી પોતે ભોજન કરવું; પરંતુ તે પહેલાં સુગંધિવાળાં તાંબુલ-આદિ મુખવાસના પદાર્થ અર્પણ કરીને, પછી પુષ્પાંજળિ અર્પણ કરવી. ૪૩ ભગવાનની પાસે ગાવું, સ્તુતિ કરવી, નૃત્ય કરવું અને મારાં કાર્યોનો પોતાનામાં આવિર્ભાવ કરીને, મારી કથા સાંભળવી અને શ્રોતા મળે તો સંભળાવવી વ્યગ્રતા છોડીને થોડીવાર ભગવાનના નિમિત્ત અવશ્ય અવકાશ મેળવવો. ૪૪ પુરાણનાં નાનાં મોટાં સ્તોત્રોથી અને પ્રાકૃત ભાષાની નાની મોટી સ્તુતિઓથી સ્તુતિ કરીને, 'હે ભગવાન ! આપ મારા ઉપર પ્રસન્ન થાઓ' એમ પ્રાર્થના કરીને દંડવત્ પ્રણામ કરવા. ૪૫ મારા ચરણમાં મસ્તક રાખીને અપરાધીની પેઠે પોતાની પીઠના તરફ હાથ બાંધીને અથવા બન્તે હાથથી મારા ચરણ પકડીને, 'હે ઇશ્વર ! હું કે-જે મૃત્યુરૂપ ગ્રાહવાળા સંસાર સમુદ્રથી ભયભીત થઇને,આપને શરણે આવ્યો છું તેની રક્ષા કરો.' એમ પ્રભુની પ્રાર્થના કરવી. ૩૬ પછી મારા નિર્માલ્યને આવી પ્રાર્થનાથી મેં આપેલું ધારીને તુરત મસ્તક ઉપર ચડાવવું. મારૂં વિસર્જન કરવું હોય તો, પ્રતિમામાં જે જ્યોતિનું આવાહન કરેલું હોય તે જ્યોતિનું પાછું હૃદયકમળમાં રહેલા જ્યોતિમાં જ વિસર્જન કરવું. ૪૭ મુર્તિ-આદિમાં જ્યારે જેમાં શ્રદ્ધા હોય ત્યારે તેમાં મારી પુજા કરવી; કેમકે સર્વના આત્મારૂપ હું સર્વ પદાર્થોમાં અને જીવોમાં પણ રહેલો છું, તેથી અમુક સ્થળમાં અધિક અને અમુક સ્થળમાં ન્યુન રહું છું એમ નથી. ૪૮ આ પ્રકારે વૈદિક અને તાંત્રિક પુજનના પ્રકારોથી મારી સેવા કરનારો પુરૂષ આ લોકમાં અને પરલોકમાં મનવાંછિત સિદ્ધિને પામે છે. ૪૯ જે પુરૂષ સમર્થ હોય તેણે મારી મુર્તિનું સ્થાપન કરીને દૃઢ મંદિર કરાવવું, અને તેમાં નિત્ય પુજા તથા ઉત્સવ અને અનેક લોકોના સમાગમ તથા વસંતાદિક ઉત્સવના નિમિત્ત ઉપયોગી થવાને માટે સુંદર ફુલવાડી અને ખેતર વગેરે અર્પણ કરવાં. ૫૦ મોટા મોટા ઉત્સવ અને પ્રતિદિવસની પુજા નિરંતર ચાલુ રહેવા માટે ખેતર, દુકાન, ગામ અને નગર-આદિક આપવાં; કેમકે એમ કરવાથી મનુષ્યને મારા જેવું ઐશ્વર્ય મળે છે. ૫૧ પ્રતિષ્ઠા કરવાથી ચક્રવર્તિ રાજ્ય મળે છે. દાનથી ત્રૈલોક્યનું રાજ્ય મળે છે. અને પુજન વગેરે કરવાથી બ્રહ્મલોક મળે છે. અને એ ત્રણે કરવાથી મારા સમાન થઇ જાય છે. ૫૨ આ સર્વ સકામ ભક્તને માટે કહેલું છે; પરંતુ જે પુરૂષ નિષ્કામ થઇને; ભક્તિ કરે છે તે સાક્ષાત્ મને પામે છે. એ રીતથી જે મનુષ્ય મારી સેવા કરે, તેને ભક્તિયોગ મળે છે. ૫૩ જે મનુષ્ય પોતે આપેલી અથવા બીજાઓની આપેલી દેવતા અને બ્રાહ્મણની આજીવિકા લઇ લે છે, તે પુરૂષ કરોડ વર્ષ સુધી વિષ્ઠા ખાનારો કીડો થાય છે. ૫૪ આવાં આવાં સત્કર્મ કરવાથી જે ફળ થાય છે. તે ફળ કર્તાને, સહાયતા આપનારને, પ્રેરણા કરનારને, અને સંમત્તિ આપનારને બરાબર મળે છે. કારણ કે-એ સર્વ કર્મના ભાગીદાર છે. એમાં જેણે અધિક કર્યું હોય તેને અધિક ફળ મળે છે. ૫૫

कर्तुश्च सारथेर्हेतो रनुमोदितु रेव च ॥
कर्मणां भागिनः प्रेत्य भूयो भूयसि तत्फलम् ॥

ઇતિ શ્રી મહાપુરાણ ભાગવત વિષે એકાદશ સ્કંધમાં ૨૭ મો અધ્યાય સંપુર્ણ.

અધ્યાય ૨૮ મો.

જ્ઞાનયોગનું સંક્ષેપ વર્ણન.

श्री भगवानुवाच.

परस्वभाव कर्माणि न प्रशंसेन्न गर्हयेत् ॥
विश्वमेकात्मकं पश्यन् प्रकृत्या पुरुषेण च ॥

શ્રીભગવાન્ કહે છે—હે ઉદ્ધવ ! પ્રકૃતિ અને પુરૂષરૂપે સર્વ જગત્ એકરૂપજ છે. એમ જાણીને, બીજાના સ્વભાવની અથવા બીજાના કામની પ્રશંસા ન કરવી, તેમ નિંદા પણ ન કરવી. ૧ જે મનુષ્ય બીજાના સ્વભાવ અને કર્મોનાં વખાણ કરે છે અથવા નિંદા કરે છે. તે પુરૂષ દ્વૈતના અભિનિવેશને લીધે જ્ઞાનનિષ્ઠા રૂપ પોતાના સ્વાર્થથી ભ્રષ્ટ થઇ જાય છે. ૨ જેમ ઇન્દ્રિયો નિદ્રાથી પરાભવ પામી જાય છે, ત્યારે દેહમાં રહેલો જીવ કેવળ મનદ્વારા સ્વપ્ન રૂપ માયાને પામે છે, અને મન લીન થઇ જાય છે ત્યારે ભાન રહિત થઇને મૃત્યુને અથવા મૃત્યુના જેવી સુષુપ્તિને પામે છે. એવી ભેદબુદ્ધિ રાખનારો દ્વૈતાભિનિવેશી પુરૂષ વિક્ષેપ અને લયને પામે છે, જેમ જાગ્રત અવસ્થાના અભિમાની વિશ્વને સુષુપ્તિ અવસ્થાના અભિમાની પ્રાજ્ઞના સંબંધથી ભોગમાં ભ્રષ્ટ થવું પડે છે, તેમ આત્માને પણ અનાત્મ પદાર્થના સંબંધી સ્વરૂપમાંથી ભ્રષ્ટ થવું પડે છે. દ્વૈત મિથ્યા હોવાને લીધે વખાણ અને નિંદાનો કોઇ વિષય જ નથી, ૩ દ્વૈત કે જે મિથ્યા પદાર્થ છે, તેની અંદર કઇ વસ્તુ સારી છે, અને કઇ ખોટી છે? તેમજ સુખ કેટલું અને દુઃખ પણ કેટલું છે? કાંઇ પણ નથી. કારણ કે-જે કાંઇ વાણીથી કહેવામાં આવે છે, ઇંદ્રિયોથી જાણવામાં આવે છે, અને મનથી ચિંતવન કરવામાં આવે છે, તે સર્વ મિથ્યા છે. ૪ જેમ છાયો (પ્રતિબિંબ) પ્રતિધ્વનિ, અને આભાસ મિથ્યા છતાં પણ ભયાદિક આપે છે, તેમ દેહાદિક પદાર્થ વાસ્તવિક નહિ છતાં પણ તે જ્યાં સુધી લીન થઇ જતાં નથી, ત્યાં સુધી ભય આપે છે; ૫ જે સરજાય છે, જે સરજે છે, જેનું પાલન થાય છે, જે પાળે છે, જેનો સંહાર થાય છે, જે સંહાર કરે છે, તે આત્માજ છે, અને તે આ જગતના આત્મા ઇશ્વર અને પ્રભુ છે. ૬ જે આત્મા છે, તે જ આ જગત છે. આત્મા કે-જે સર્વથી જુદો છે, તેનાથી કોઇ પણ પદાર્થ જુદો નથી. આ અધ્યાત્મ, અધિદૈવ અને અધિભુતરૂપ જે પ્રતીતિ થાય છે, તે સર્વ નિર્મુળ જ છે. આ અધ્યાત્માદિક ત્રણ પ્રકારનું ગુણમય જગત આત્મામાં માયાનું જ કરેલું છે એમ જાણો. ૭ આ મારી કહેલી જ્ઞાન તથા વિજ્ઞાન સંબંધી નિષ્ઠાને જે પુરૂષ જાણે તે કોઇની નિંદા કરતો નથી અને કોઇનાં વખાણ પણ કરતો નથી; પરંતુ જગતમાં સુર્યની પેઠે અસંગ રહીને વિચરે છે. ૮ ઘટાદિક પદાર્થ પ્રત્યક્ષપ્રમાણથી જ આદિ અને અંતવાળા સિદ્ધ થાય છે. જુઓ ! જે પદાર્થ સાંવયવ હોય તે નક્કી આદિ અંતવાળો હોય, એવા નિયમવાળાં અનુમાનથી પૃથ્વી વગેરે પદાર્થ આદિ અને અંતવાળા સિદ્ધ થાય છે. આ આકાશાદિક અરૂપી પદાર્થ છે. તે વેદ રૂપ પ્રમાણથી આદિ તથા અંતવાળા સિદ્ધ થાય છે. અને પોતાના અનુભવરૂપ પ્રમાણથી પણ સર્વ પદાર્થ-આદિ અને અંતવાળા સિદ્ધ થાય છે. તેથી જે જે પદાર્થ આદિ અને અંતવાળા છે, તે સર્વ મિથ્યા છે, એમ જાણી જગતમાંથી આસક્તિ છોડીને જ્ઞાનીએ વિચરવું. ૯

ઉદ્ધવજી પુછે છે—હે શ્રીકૃષ્ણ ! આપના કહેવા પ્રમાણે આત્મા સ્વયંપ્રકાશ છે, અને દેહાદિક દ્વૈત જડ છે, એમ નિશ્ચય થયો, તો હવે સંસારનો પ્રતિભાસ થવો સંભવે નહિ; કેમકે સ્વયંપ્રકાશ આત્મા કે-જે ચૈતન્યરૂપ છે. તેમાં સંસારનું દેખાવું સંભવે નહિ, અને દેહાદિક કે જે જડ છે, તેને સંસારનું દેખાવું સંભવે નહિ. જ્યારે અને દેહાદિક જડ છે, તેને સંસારનું દેખાવું સંભવે નહિ, તો પછી આ સંસાર કોને થાય છે? હે પ્રભુ! સંસાર કોઇને પણ નથી, એમ પણ કહેવું સંભવતું નથી; કારણ કે-સંસાર પ્રત્યક્ષ જોવામાં આવે છે. ૧૦ આત્મા અવિનાશી, રાગાદિક ગુણથી રહિત, પાપ પુણ્યથી રહિત, અજ્ઞાનથી રહિત, અને મળથી રહિત છે, તથા દેહ જડ છે, ત્યારે આત્મા અને દેહ કે-જે અગ્નિ અને કાષ્ઠના સમાન છે, તેમાંથી સંસાર કોને થયો? બન્નેના સ્વભાવનો વિચાર કરવામાં આવે તો કોઇને પ-

ણુ સંસાર થવો સંભવે નહિ. ૧૧

શ્રીભગવાન કહે છે—હે ઉદ્ધવ! આ તમારૂં કહેવું સત્ય છે; તો પણ સિદ્ધાંત એ છે કે-એ પ્રકારે આત્મા અને દેહનો અવિવેકજ સંસારના આશ્રયરૂપ છે, આત્મા નામ જ્ઞાનને લીધે જ્યાં સુધી દેહ, ઇંદ્રિય અને પ્રાણનો સંબંધ રહે, ત્યાં સુધી સંસાર મિથ્યા છતાં પણ અજ્ઞાનથી પુરૂષોને દેખાયા કરે છે. ૧૨ જેમ વિષયોનું ધ્યાન કરતા પુરૂષને સ્વપ્નાવસ્થા સંબંધી અનર્થો મિથ્યા છતાં પણ મટતા નથી, તેમ વિષયોનું ધ્યાન કરતા પુરૂષને આ સંસાર મિથ્યા છતાં પણ મટતો નથી. ૧૩ જેમ ઉંઘતા મનુષ્યને સ્વપ્નાવસ્થા અનેક અનર્થ આપે છે, અને તે જ અવસ્થા જાગ્યા પછી કોઇ પ્રકારનો મોહ કરી શકતી નથી, તેમ અજ્ઞાની પુરૂષને પણ દેહાદિક અનેક અનર્થ આપે છે; પરંતુ તે જ દેહાદિક જ્ઞાન થયા પછી કોઇ પ્રકારનો મોહ કરી શકતા નથી. તેથી જીવન્મુક્તને સંસ્કારને લીધે વિષયોની સ્ફુર્તિ થાય; તોપણ કોઇ પ્રકારનો મોહ થતો નથી. ૧૪ શોક, હર્ષ, ભય, ક્રોધ, લોભ, મોહ, સ્પૃહા અને જન્મ મરણ એ સર્વ અહંકારને લીધે જ પ્રતીત થાય છે; આત્માને નથી. જો આત્માને હોય, તો સુષુપ્તિ અને સમાધિ વગેરેમાં પણ દેખાવું જોઇએ, જેમકે 'હું સુખી છું' એવી પ્રતીતિ થાય છે, તેમ 'ચૈતન્ય સુખી છે' એવી પ્રતીતિ થતી નથી. અને સુખ-આદિ પદાર્થ દ્રશ્ય છે, તેથી તે દ્રષ્ટા આત્માના ધર્મ હોવા સંભવે નહિ. ૧૫ એથી એમ ન જાણવું કે અહંકારનો સંસાર હોય તો મુક્તિ પણ અહંકારને જ હોવી જોઇએ; કેમકે એમ હોય તો મુક્તિમાં પણ અહંકારની સ્થિતિ માનવી પડે છે; કારણ કે-અહંકાર કાંઇ આત્માથી જુદો નથી; પરંતુ આત્મામાં જ કલ્પિત છે, તેથી કલ્પિતરૂપ નિવૃત્ત હોવાથી મુક્તિમાં કેવળ આત્માની જ સ્થિતિ છે, એ આત્મા જ દેહ, ઇંદ્રિય, પ્રાણ અને મનનું અભિમાન રાખનારો આ દેહાદિકની અંદર જીવ છે. અને ગુણ, કર્મ, સુત્ર, મહત્તત્ત્વ, અને અહંકાર-આદિ શબ્દોથી પણ. આત્મા જ કહેવાય છે. જીવ કે જે ઇશ્વરને આધીન રહીને, સંસારમાં ચારેકોર દોડયા કરે છે, તે આત્માથી ભિન્ન નથી; પરંતુ ઇશ્વર જ છે, માટે કલ્પિતરૂપ નિવૃત્ત થતાં સ્વસ્વરૂપમાં રહેવું એ મુક્તિ છે. તેથી મુક્તિમાં અહંકાર અવશેષ રહેતો નથી; પરંતુ આત્મા જ અવશેષ રહે છે. આત્માના મિથ્યાભૂત અહંકારે મિથ્યા બંધન કરી રાખ્યું છે; માટે અહંકારને જ સંસાર છે' એમ કહેવું અઘટિત નથી, ૧૬ મન, વચન, પ્રાણ, શરીર અને કર્મના વચમાં આ અહંતા-મમતા રૂપ સંસાર જે ઇંદ્રજાળના જેવો નિર્મુળ પ્રતીત થાય છે,તેને ગુરૂની ઉપાસનાથી તીક્ષ્ણ કરેલા જ્ઞાનરૂપી ખડ્ગથી કાપીને, જ્ઞાની પુરૂષ તૃષ્ણા રહિત થઇને પૃથ્વી ઉપર વિચરે છે. ૧૭ જ્ઞાનનું સ્વરૂપ વિવેક જ છે, અને તે વિવેક વેદ, સ્વધર્મ, પોતાનો અનુભવ, ગુરૂનો ઉપદેશ, અને તર્ક એ સાધનોથી થાય છે. "આ જગતના આદિ અને અંતમાં જે છે તેજ મધ્યમાં છે. એથી જુદું જગત નથી, જે જગતના પ્રકાશક અને જગતના કારણરૂપ છે તે પદાર્થથી જગત જુદી સત્તા રાખતું નથી." એવું જ્ઞાન થાય એજ વિવેકનું ફળ છે. ૧૮ જેમ કુંડળાદિક રૂપથી નહી ઘડાયેલું જે સુવર્ણ કુંડળાદિક સુવર્ણના ઘાટોના આદિ અને અંતમાં છે, તેજ સુવર્ણ મધ્ય કાળમાં કુંડળાદિક અનેક નામ રૂપોથી વ્યવહારને પામે છે, એમજ જે હું આ જગતના આદિ અને અંતમાં છું,તેજ હું મધ્યકાળમાં અનેક નામ રૂપોથી વ્યવહારને પામું છું. ૧૯ હે ઉદ્ધવ! જાગ્રત-આદિ ત્રણ અવસ્થાવાળું મન ત્રણે અવસ્થાઓના કારણરૂપ ત્રણ ગુણ અને ત્રણ ગુણોના કાર્યરૂપ ઇંદ્રિયો, દેવતા તથા પંચમહાભૂતમય સર્વ જગત જે જ્ઞાનના જ અન્વયથી પ્રકાશે છે, અને જે જ્ઞાન, એ સર્વ ન હોય, તોપણ સમાધિ આદિમાં રહે છે, તેજ જ્ઞાન અર્થાત્ ત્રિગુણ પદાર્થોથી જુદું પ્રકાશસ્વરૂપ અને સત્યસ્વરૂપ છે. ૨૦ જે-કાર્ય ઉત્પત્તિની પુર્વે હોતું નથી અને નાશ થયા પછી પણ હોતું નથી, તે કાર્ય મધ્યમાં પણ

પોતાના કારણથી જુદું હોતું નથી; પરંતુ કેવળ કલ્પિત નામરૂપ માત્રથી વ્યવહારગોચર થાય છે, કારણ કે–જે કાર્યને જે કારણે પ્રકાશ આપ્યો તે કાર્ય તે કારણ રૂપ જ થાય છે, જેમ ઘટાદિક કાર્ય અને પ્રકાશ્ય પદાર્થ પોતાના કારણ અને પ્રકાશરૂપ માટીથી જુદા જોવામાં આવતું નથી, તેમ આ સર્વ જગત કે જે કાર્ય અને પ્રકાશ્ય છે તે પોતાના કારણ અને પ્રકાશ રૂપ બ્રહ્મથી જુદું જોવામાં આવતા નથી, એવો મારો નિશ્ચય છે. ૨૧ એ વિકારોના સમુહરૂપ પ્રપંચ કે જે પ્રથમ ન હતા તે પ્રપંચ પછી રજોગુણદ્વારા બ્રહ્મનાં કાર્યરૂપે થયેલ છે, તથા બ્રહ્મથીજ પ્રકાશિત થયેલ છે, અને બ્રહ્મ તો સ્વતઃસિદ્ધ તથા પ્રકાશક છે, માટે એક બ્રહ્મજ ઇંદ્રિયો, તન્માત્રા, મન, દેવતા તથા પંચમહાભૂતાદિક વિચિત્રરૂપે ભાસે છે. ૨૨ આ પ્રકારે પરબ્રહ્મના વિવેકના સાધનરૂપ વેદાદિકથી દેહાદિક અનાત્મ પદાર્થોના નિરાસથી અને સદ્‌ગુરૂની સહાયતાથી પોતાના સ્વરૂપના સંદેહને કાપીને, સ્વરૂપના આનંદથીજ સંતુષ્ટ થઇને સર્વ ઇંદ્રિયાદિકના સંગનો ત્યાગ કરી દેવો. ૨૩ દેહાદિક અનાત્મ પદાર્થોનો ત્યાગ કરવો તે આ પ્રકારે:—શરીર આત્મા નથી, કારણ કે–તે પૃથ્વીના વિકારરૂપ છે. જે જે પૃથ્વીના વિકાર રૂપ હોય તે આત્મા હોતો નથી, જેમકે ઘડો પૃથ્વીના વિકારરૂપ છે, માટે તે આત્મા નથી, તેમ જ ઇંદ્રિયો, ઇંદ્રિયોના દેવતા, પ્રાણ, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એ પણ આત્મા નથી; કારણ કે–એ સર્વે અન્નના આધારથી રહે છે, જે જે અન્નના આધારથી રહે તે આત્મા ન હોય, એ પ્રકારે પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, શબ્દાદિક વિષય અને પ્રકૃતિ પણ આત્મા નથી. કારણ કે તે જડ છે. જે જડ છે તે આત્મા નથી, જેમકે ઘડો જડ છે, તેથી તે આત્મા નથી, એ પ્રમાણે બીજા કેટલાંક અનુમાનોથી દેહાદિક અનાત્મ પદાર્થોનો નિરાસ કરવો. ૨૪ આ પ્રમાણે વિવેકજ્ઞાનવાળા મુકત પુરૂષને ઇંદ્રિયાદિકોના કહેલા ગુણ–દોષોનો સંબંધ રહેતો નથી, મારા સ્વરૂપને યથાર્થ રીતે જાણનારા પુરૂષના વિષયોમાં આસક્તિ રાખનારી ઇંદ્રિયો વશ રહેવાથી તો કાંઈ ગુણ નથી. અને ઇંદ્રિયો વિક્ષેપ પામવાથી કોઇ દોષ નથી, જેમ વાદળાંના આવવા તથા જવાથી સુર્યને કોઈ પ્રકારનો ગુણ દોષ થતો નથી. ૨૫ જેમ આકાશ વાયુના શોષણ ગુણથી, અગ્નિના દાહક ગુણથી, જળના ભીના ગુણથી, પૃથ્વીના રજવાળા ધુસરાપણાના ગુણથી, તથા ઋતુઓના જતા તથા આવતા શીતોષ્ણાદિક ગુણોથી સંબંધ પામતું નથી, તેમજ અહંકારથી પર આત્માનું સ્વરૂપ સંસાર આપનારા સત્વ, રજ અને તમોગુણના બળથી સંબંધને પામતું નથી. ૨૬ જો કે આ વાત આ પ્રમાણે છે; તોપણ મુકત પુરૂષ જેમ યથેષ્ઠ આચરણ કરે છે, તેમ અધુરા જ્ઞાનીએ ઇચ્છાનુસાર વર્તવું નહી; જ્યાં સુધી મનને મલીન કરનારા મળરૂપ વિષયોનો રાગ મારા દૃઢ ભક્તિયોગથી ટળી ન જાય, ત્યાં સુધી માયાથી રચાયલા વિષયોનો સંગ છોડી દેવો જોઇએ. ૨૭ જે રોગની યથાર્થ ચિકિત્સા ન થઇ હોય, તે રોગ વારંવાર ઉથલો ખાઇને મનુષ્યોને દુઃખ આપે છે, એમ પ્રમાણે જે મનના રાગાદિક દોષ અને તેના મુળરૂપ કર્મ ભસ્મ ન થઈ ગયા હોય તે મન વારંવાર પુત્રાદિકમાં આસક્ત થઇને, કાચા જ્ઞાનીને ભ્રષ્ટ કરે છે. ૨૮ અપુર્ણ યોગી દેવતાની અસહનતાને લીધે પ્રેરેલા બંધુ અને શિષ્યાદિકનાં વિઘ્નોથી યોગમાંથી ભ્રષ્ટ થાય, તોપણ તે પુર્વના અભ્યાસના બળથી જન્મજન્માન્તરમાં પણ પાછો યોગના માર્ગનેજ પકડે છે; પરંતુ કર્મના વિસ્તારના માર્ગને પકડતો નથી. ૨૯ કોઇથી પણ સર્વથા કર્મનો ત્યાગ થઇ શકતો નથી. માટે વિદ્વાનોએ પાછો સંસાર પ્રાપ્ત થશે એવી શંકા કરવી નહિ; કેમકે એ દેહજ કોઇ પ્રારબ્ધના સંસ્કારની પ્રેરણાથી મરણ પર્યંત ભોજનાદિક કર્મ કરે છે, અને તે કર્મોથી પુષ્ટિઆદિ વિકારને પણ પામે છે; પરંતુ પોતાના સ્વરૂપસુખના અનુભવથીજ તૃષ્ણા રહિ-

ત થયેલ વિદ્વાન પુરૂષ તો તે દેહમાં રહેવા છતાં પણ નિરહંકારપણાને લીધે હર્ષ અને શોકાદિકથી સંસારને પામતો નથી. ૩૦ જ્ઞાની પુરૂષ જ્યારે દેહને પણ નથી જોતો, ત્યારે તેના દેહ સંબંધી કર્મોથી વિકાર હોવાની તો શંકા પણ ક્યા પ્રકારે કરવામાં આવે? જેની બુદ્ધિ આત્મામાં સ્થિત હોય, એવા જ્ઞાની પુરૂષ બેસતાં, ઉઠતાં, ચાલતાં સુતાં, પેશાબ કરતાં, અન્ન ખાતાં અથવા બીજી કોઇપણ ક્રિયા કરતાં પોતાના દેહને જરાપણ જાણતો નથી. ૩૧ ઇંદ્રયાદિકેવાળા પુરૂષને દેહાદિકનું સર્વથા અદર્શન થવું સંભવે નહિ, માટે જ્ઞાની પુરૂષ કદાચિત બહિર્મુખ ઇંદ્રિયોના વિષયને જુએ; તો પણ તે બીજા પદાર્થને મિથ્યા માનતો નથી, કારણ કે-વિષય વસ્તુરૂપ નથી; કેમકે તે અનેક છે, જે જે અનેક હોય તે વસ્તુરૂપ હોતા નથી, જેમ સ્વપ્ન અનેક રૂપ છે, તેથી તે તે વસ્તુભુત નથી. એવાં અનુમાનથી બીજા આત્માથી ભિન્ન પદાર્થનો બાધ કરેલો થાય છે. જેમ જાગ્યા પછી સંસ્કારને લીધે સાંભરી આવતા અને તેથી પોતાની મેળે મિથ્યા જાણવામાં આવતા સ્વપ્નના વિષયને જાગતો પુરૂષ સત્ય માનતો નથી, તેમ જ્ઞાની પુરૂષ સંસ્કારને લીધે સ્ફુરી આવતા અને મિથ્યા જાણેલા વિષયને સત્ય માનતા નથી. ૩૨ હે ઉદ્ધવ! આત્માને બદ્ધાવસ્થા છોડી આપે છે અને મુક્તાવસ્થા ગ્રહણ કરે છે, માટે આત્મામાં વિકાર થતો હશે, એવી શંકા કરવી નહી. કેમકે બદ્ધાવસ્થામાં ગુણોથી અને કર્મોથી વિચિત્ર અજ્ઞાનના કાર્યરૂપ જે દેહેન્દ્રિયાદિક, અધ્યાસથી પોતાના સ્વરૂપમાં અવિવેકને લીધે મળેલાં માની લીધેલાં હોય છે, તેજ દેહ તથા ઇંદ્રિયાદિક મુક્તાવસ્થામાં જ્ઞાનથી નિવૃત્ત થઇ જાય છે, આત્મા તો કોઈ રૂપથી ગ્રહણ કરાતો નથી, અને છોડાતો નથી, મુક્તિ જો ક્રિયાનું ફળ હોય, તો આત્મામાં વિકાર હોય; પરંતુ કલ્પિત પદાર્થોની જે નિવૃત્તિ છે, એજ મુક્તિ છે. માટે બંધ અથવા મોક્ષ આત્માનો સ્પર્શ જરા પણ કરતા નથી, માટે આત્મા નિર્વિકારજ રહે છે. ૩૩ જેમ સુર્યનો ઉદય મનુષ્યોની આંખોના અંધકારનેજ દૂર કરે છે; પરંતુ ઘટાદિક પદાર્થ કે-જે પ્રથમથીજ વિદ્યમાન છે તેને કાંઇ પણ વિકાર કરતો નથી, તેમ ઉત્તમ અને નિપુણતાથી ભરેલી મારા સંબંધી આત્મવિદ્યા મનુષ્યની બુદ્ધિના મોહને દુર કરે છે; પરંતુ આત્મામાં કોઈ પ્રકારે અદલબદલ કરી શકતી નથી, આત્મા તો ઘટાદિક પદાર્થની પેઠે પ્રથમથી જે સ્થિતિમાં છે તેજ સ્થિતિમાં રહે છે. ૩૪ એ સર્વને જાણનારો આત્મા અપરોક્ષતાને લીધે નિરંતર પ્રાપ્તજ છે, તેથી નવીન પ્રાપ્ત થાય છે એમ નથી, સ્વયંપ્રકાશ રૂપજ છે, માટે એમાં અજ્ઞાનરૂપ મળ જરા પણ નથી, કે જેને કાઢતી વેળાએ આત્મામાં વિકાર ઉત્પન્ન થયેલ કહેવામાં આવે. આત્મા અજન્મા છે માટે તેને ઉત્પત્તિ રૂપ વિકાર નથી; તે પોતે જ્ઞાનસ્વરૂપજ છે, માટે તેને નવીન જ્ઞાન ઉત્પન્ન કરાવીને સંસ્કાર દેવામાં આવે એમ નથી; દેશ કાળાદિકથી તે માપમાં આવતો નથી, તેમ અસ્તિત્વ, ફેરફાર, ઘટાડો, વધારો અથવા નાશરૂપ કોઇ વિકાર નથી, એકસ્વરૂપ છે; અને તેથી વ્યતિરિક્ત, કાંઇપણ નથી, તેથી બીજું પણ કોઇ વિકારનું કારણ તેને જરા પણ નથી, આત્મા વાણી કે બીજી ઇંદ્રિયોનો વિષય નથી; તો પણ તેની પ્રેરણાથી વાણી અને બીજી ઇંદ્રિયો પણ પોત પોતાનું કામ કરે છે, માટે આત્મા સ્વયંપ્રકાશ, અજન્મા, જ્ઞાનસ્વરૂપ અને દેશકાળના પરિચ્છેદથી રહિત છે. ૩૫ કેવળ અભિન્ન આત્મામાં જે ભેદ દેખાય છે, તે સર્વ મનનીજ ભ્રાંતિ છે; કેમકે જેમ સર્પની ભ્રાંતિનો આશ્રય રજ્જુ છે, તે વિના બીજો કોઈ આશ્રય નથી, તેમ ભેદના ભ્રમનો આશ્રય પણ પોતાના આત્મા વિના બીજો કોઈ પણ નથી. ૩૬ નામ અથવા રૂપોથી ગ્રહણ કરવામાં આવતો અને પંચભુતાત્મક આ દ્વૈત અસત્ય છે, અને બ્રહ્મનું નિરૂપણ કરનારાં વેદાન્ત વાક્ય યજમાનનુંજ ઇશ્વરરૂપે વર્ણન કરીને તેની સ્તુતિ કરે છે. આવી વાત પંડિતપ્

જ્ઞાનું મિથ્યા અભિમાન રાખનારા મીમાંસક લોકોજ કરે છે; પરંતુ તત્વવેત્તા પુરૂષ કરતા નથી, કારણ કે-એમ જાણવું એ વાત અત્યંત નિ:સાર છે, વસ્તુત: દ્વૈતનાશરૂપાત્મક હોવાથી, દૃશ્ય હોવાથી અને પંચભુતાત્મક હોવાથી સ્વપ્નની પેઠે મિથ્યા છે. ઇત્યાદિ અનુમાનોથી તથા વેદની શ્રુતિઓથી દ્વૈતનો બાધ થઈ જાય છે, તેમજ વેદાંતવાક્ય યજ્ઞાદિકના વિધિ વાક્યોની સાથે કાંઈપણ સંબંધ રાખતાં નથી, અને યજમાન અકર્તા, અભોક્તા, અને ઇંદ્રિયાદિકથી રહિત નથી, માટે એવા આત્માનું પ્રતિપાદન કરનારાં વેદાન્તવાક્ય યજમાનમાં કોઇ રીતે ઘટતાં નથી. ૩૭ આપ્રકારે મેં જ્ઞાન યોગનું તથા તેનાં અંગોનું નિરૂપણ કર્યું. હવે જ્ઞાન યોગમાં નિષ્ઠા રાખનારા પુરૂષે વિઘ્ન ટાળવા માટે કયા કયા ઉપાય કરવા જોઇએ તે કહું છું. યોગાભ્યાસ કરતાં છતાં પણ જેનો યોગપરિપુર્ણ થયો ન હોય એવા યોગીનું શરીર જો વચમાં ઉત્પન્ન થયેલા રોગાદિક વિઘ્નોથી પરાભવ પામે તો આ પ્રમાણે ઉપાય કરવો. ૩૮ શરદી અને ગરમી આદિ વિઘ્નોને ચંદ્ર સુર્યાદિકની ધારણાથી નિવૃત્ત કરવાં, વાયુ આદિ રોગ ઉત્પન્ન થાય ત્યારે તેને વાયુની ધારણા સહિત આસનોથી મટાડવા. દુષ્ટ ગ્રહ અને સર્પાદિકથી થયેલાં વિઘ્નોને તપ, મંત્ર અને ઔષધોથી દુર કરવાં. ૩૯ કામક્રોધાદિક કેટલાંક વિઘ્નોને મારા ધ્યાનથી અને નામ કીર્તનાદિકથી દુર કરવાં. દંભ અને માન-આદિક વિઘ્નોને યોગેશ્વરોના સેવનથી ધીરે ધીરે દુર કરવાં. ૪૦ કેટલાક યોગી આ દેહને અનેક ઉપાય કરીને રોગાદિકથી રહિત અને સ્થિર જુવાન અવસ્થાવાળું બનાવી જ્ઞાનમાં નિષ્ઠા નહી રાખતાં સિદ્ધિઓમાં લાગી જાય છે. ૪૧ એમ કરવું એ નિપુણ પુરૂષોએ આદર આપવા યોગ્ય નથી. કારણ કે શરીર કોઇક દિવસે પણ અવશ્ય નાશ પામનાર હોવાથી તેને માટે પરિશ્રમ કરવો એ સર્વથા વ્યર્થ છે. ઝાડની પેઠે આત્મા સ્થિર છે અને ફળની પેઠે શરીર નાશવંત છે. ૪૨ યોગનું નિરંતર સેવન કરતાં કરતાં આયુઆદિકના પ્રભાવથી શરીર સમર્થ થઇ જાય, તો પણ મારા પરાયણ રહેનારા બુદ્ધિમાન પુરૂષે સમાધિ તજી દઇને દેહની સિદ્ધિ ઉપર વિશ્વાસ ન રાખવો. ૪૩ આ પ્રમાણે વિઘ્નોના ઉપાય કહીને, મ યોગ કરવાનું કહ્યું, પરંતુ જે યોગી મારૂં શરણ લે છે, તેને તો વિઘ્ન આવવાની શંકા પણ રહેતી નથી. મારો આશ્રય લઇને આ પ્રકારે યોગ સાધતો નિ:સ્પૃહ તથા સ્વરૂપસુખનો અનુભવ કરનારો યોગી પણ વિઘ્નોથી દુખી થતો નથી. સર્વે વિઘ્નોનું મુળ સ્પૃહા છે, અને તે સ્પૃહા મારો આશ્રય કરનારાથી દુર થઈ જાય છે, માટે વિઘ્નોથી પરાભવ ન પામતાં તે પુરૂષ સ્વરૂપના આનંદથી પુર્ણ થઇ જાય છે. ૪૪

योगचर्यामिमां योगी विचरन्मदपाश्रयः ॥
नांतरायैर्विहन्येत निःस्पृहः स्वसुखानुभूः ॥

ઇતિ શ્રી મહાપુરાણ ભાગવતના એકાદશ સ્કંધનો ૨૮ મો અધ્યાય સંપુર્ણ.

અધ્યાય ૨૯ મો.

શ્રી કૃષ્ણે ઉદ્ધવજીને કરેલો ભક્તિનો ઉપદેશ.

उद्धव उवाच.

सुदुस्तरामिमां मन्ये योगचर्यां मनात्मनः ॥
यथांऽजसा पुमान् सिद्धयेत्तन्मे ब्रूह्यंजसाऽच्युत ॥

ઉદ્ધવજી પુછે છે-હે શ્રી કૃષ્ણ! જેણે પોતાનું મન વશ્ય કરી લીધું ન હોય તેનાથી આપે કહ્યા પ્રમાણે યોગ સધાવો બહુ કઠણ છે, માટે પ્રયાસ કર્યા વગર મનુષ્યને મોક્ષ મળે એવો ઉપાય મને સરળ રીતે સમજાવીને કહો. ૧ હે કમળનયન! ઘણું કરીને મનને વશ કરવાને માટે યોગી લોકો મનોનિગ્રહ કરવામાં ઘણો પ્રયત્ન કરે છે; તો પણ તે વશ થતું નથી. ત્યારે થાકીને ખેદ પામે છે. ૨ માટે સાર-અસારનો વિવેક કરવામાં ચતુર લોકો સઘળા આનંદને પરિપુર્ણ

કરનારાં આપનાં ચરણારવિંદનું જ સુખપૂર્વક સેવન કરે છે. જે લોક યોગ અને કર્મથી અભિમાની થઇને, આપના ચરણારવિંદની સેવા કરતા નથી, તે લોક આપની માયાથી પરાભવ પામે છે. આપના ભક્તોને આપની માયા ઉપદ્રવ કરતી નથી; માટે તે યોગ અને કર્મોથી અભિમાની થતા નથી અને બીજા લોક આપની માયાથી મોહિત થઇને, કેવળ યોગ અને કર્મોનું અભિમાન રાખે છે; પરંતુ મુક્ત થતા નથી, અને આપના ભક્ત તો આપની કૃપાથી કૃતાર્થ થઇ જાય છે. ૩ હે શ્રીકૃષ્ણ ! હે સર્વના બંધુ ! ! જેને આપના વગર બીજું શરણ નથી એવા આપના દાસ લોકોને આપ આધીન થઇને રહો, એ કાંઇ આશ્ચર્યની વાત નથી; કેમકે—આપે રામાવતારમાં પોતે બ્રહ્માદિક દેવતા જેના ચરણ પીઠમાં ઉત્તમ મુગટોની અણીઓ ઘસ્યા કરે છે એવા છતાં પણ વાનરોની સાથે પ્રેમથી મિત્રતા કરી હતી. ૪ માટેજ આપ કે—જે આશ્રિત લોકોને સર્વ પુરૂષાર્થ આપનારા અને પ્રાણી માત્રના આત્મા હોવાથી પરમ પ્રિય, અને ઇશ્વર હોવાથી અવશ્ય ભજવા યોગ્ય છો, તેમને છોડીને કયો પુરૂષ ઐશ્વર્ય માટે અથવા મોક્ષ માટે બીજા દેવતા અથવા ધર્મ જ્ઞાનાદિક સાધનોનું સેવન કરે ? બલિ અને પ્રહ્લાદાદિક ભક્તો ઉપર જે આપે ઉપકાર કરેલો છે, અથવા અંતર્યામીપણાથી પોતાના જ આત્માનો જે આપે ઉપકાર કરેલો છે, તેને જે પુરૂષ જાણતા હોય તે તો કદી પણ આપને છોડીને બીજાનો આશ્રય કરતા નથી. આપની સેવા કરવાથી આપ સ્વર્ગાદિક સુખ આપો છો; તો પણ તે સુખનું કોણ સેવન કરે ? કારણ કે—સ્વર્ગાદિક સુખ, કેવળ વિષયભોગને માટે અને ત્યાર પછી આપનું વિસ્મરણ કરાવવાને માટે જ છે. આપના ચરણની રજને સેવનારા મારા સરખા સેવક લોકોને તો ધર્માદિક કોઇ પણ સાધન કર્યા વગર પણ જે જોઇએ તે મળે છે, માટે હું બીજાં સાધનોનું સેવન શા માટે કરૂં ? ૫ હે પ્રભુ ! જો આપ બહાર આચાર્યરૂપથી અને અંદર અન્તર્યામી રૂપથી પ્રાણીઓની વિષયવાસનાનો નાશ કરીને તેને પોતાના સ્વરૂપનું દર્શન આપો છો, તે આપે કરેલા ઉપકારનું સ્મરણ કરતાં અને જેને પરમાનંદ પુર્ણ થયો છે, એવા જ્ઞાની લોક બ્રહ્માના જેટલા લાંબા આયુષ્યથી પણ આપે કરેલા ઉપકારનો બદલો વાળી શકતા નથી. આપનો બદલો તો આપની આત્યંતિક સેવાથી અને આત્મનિવેદનથીજ વાળી શકાય છે. ૬

શ્રીશુકદેવજી કહે છે—હે પરીક્ષિત રાજા! અત્યંત પ્રીતિવાળા ઉદ્ધવજીએ આ રીતે ભગવાનની પ્રાર્થના કરી, ત્યારે જગત્ જેનું એક રમકડું છે, એવા અને પોતાની સત્વ, રજ અને તમરૂપ શક્તિઓથી જેમણે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ રૂપ ત્રણ મુર્ત્તિ ધારણ કરી છે; એવા સર્વ લોકોના પ્રભુ શ્રીકૃષ્ણ ભગવાને મંદ મંદ મનોહર હાસ્ય કરીને પ્રીતિથી આ પ્રમાણે કહ્યું. ૭

શ્રીભગવાન કહે છે—હે પ્રિય ઉદ્ધવ ! હવે હું તમને મારા અતિ મંગળકારી સ્વાભાવિક ધર્મ કહું છું, તે સાંભળો, જે ધર્મોને શ્રદ્ધાથી પાળનારો પુરૂષ દુર્જય મૃત્યુને સહજમાં જીતી જાય છે. ૮ મારૂં સ્મરણ કરતા રહેવું, અને જે કર્મ કરવાં, તે સર્વ મારા નિમિત્ત કરવાં, ધીરે ધીરે મન અને ચિત્ત મારામાંજ લગાડી દેવાં, મારા ધર્મોમાંજ મન તથા ચિત્તની રૂચિ રાખવી. ૯ જેમાં મારા ભક્તજનો નિવાસ કરતા હોય, એવા પવિત્ર દેશોમાં રહેવું; દેવ, અસુર અને મનુષ્યોમાં મારા જે ભક્તો ઉત્પન્ન થયા છે, તેઓએ જે કર્મ કરેલાં છે, તે કર્મ કરવાં. ૧૦ પોતે એકલાએ અથવા બીજાને પોતાની સાથે લઇને મારી પાસે ગાયન, નૃત્ય વગેરે કરવું, અને ચક્રવર્ત્તિની વિભૂતિઓ છત્ર ચામરાદિક મને અર્પણ કરીને પર્વણી સંબંધી યાત્રા અને મહોત્સવ કરવા. ૧૧ નિર્મળ અંતઃકરણવાળા ભક્તે સર્વ પ્રાણીઓના અંતરમાં અને બહાર પણ મને સદા રહેલો જોવો, હું આકાશની પેઠે અસંગ છતાં સર્વમાં રહેલો છું, તો પણ આવરણ રહિત અને બાહાર તથા અંદર સદા પરિપુર્ણ છું. ૧૨ હે મહા ચતુર ! આ પ્રકારે કેવળ જ્ઞાનરૂપ દૃષ્ટિ

રાખીને સર્વ પ્રાણી માત્રને મારા રૂપ માનીને પ્રાણી માત્રનો જે સત્કાર કરે છે તેને હું પંડિત માનું છું. ૧૩ બ્રાહ્મણમાં અને ચંડાળમાં, ચોરમાં અને દાતામાં, સૂર્યમાં અને ચિણગારીમાં, શાંતમાં અને ક્રૂરમાં જે પુરૂષ સમદૃષ્ટિવાળો થઇને મને જુએ છે, તે પંડિત કહેવાય છે. ૧૪ જે પુરૂષ સર્વે મનુષ્યોમાં વારંવાર મારી ભાવના કરે, તેની સરખાની ઉપરની સ્પર્દ્ધા, ઉત્તમના ઉપરની ઇર્ષ્યા અને હીનતા ઉપરનો તિરસ્કાર તથા પોતાના આત્મા સંબંધી અહંકાર એ સર્વે તુરત નાશ પામી જાય છે. ૧૫ પોતાના હાસ્ય કરતા મિત્રોને, દેહાભિમાનથી થતા ઊંચ નીચપણાના વિચારને, અને તેથી થતી લજ્જાને છોડીને કુતરા, ચંડાળ, બળદ, અને ગધેડા પર્યંત સર્વે પ્રાણી માત્રને પૃથ્વી ઉપર પડીને દંડવત પ્રણામ કરવા. ૧૬ જ્યાં સુધી પ્રાણીમાં મારી ભાવના ઉત્પન્ન ન થાય; ત્યાં સુધી ઉપર કહ્યા પ્રમાણે મન વચન અને કાયાની વૃત્તિઓથી ઉપાસના કરવી. ૧૭ આ પ્રમાણે કરવાથી સર્વમાં ઇશ્વરબુદ્ધિ થાય છે, અને ઇશ્વરબુદ્ધિ થવાથી બ્રહ્મવિદ્યા પ્રાપ્ત થાય છે, અને બ્રહ્મવિદ્યા પ્રાપ્ત થવાથી સર્વ સંશય ટળી જાય છે, અને સંશય ટળી ગયા પછી સર્વ બ્રહ્મરૂપજ જોવામાં આવે છે, ત્યાર પછી કોઇ ક્રિયાની જરૂર રહેતી નથી. ૧૮ મન, વચન અને કાયાની વૃત્તિઓથી સર્વે પ્રાણી માત્રમાં મારો ભાવ રાખવો, એજ સર્વે ઉપાયોમાં શ્રેષ્ઠ ઉપાય છે. ૧૯ હે ઉદ્ધવ! મારા સંબંધી નિષ્કામ ધર્મના આરંભમાં સમય પરત્વે ભુલચુક થઇ જાંય; તોપણ તેમાં કોઇ પ્રકારની હાનિ થતી નથી; કારણ કે નિર્ગુણપણાને લીધેજ એ ધર્મ ઉત્તમ છે, એમ મેં પોતે નિશ્ચય કરેલો છે. ૨૦ હે ઉદ્ધવ! ભય અને શોકાદિકથી થતા ભાગવા નાસવા જેવા કલેશો જેવા બીજા પણ જે જે લૌકિક પરિશ્રમ વ્યર્થ થાયછે, તેપણ હું કે જે સર્વથી પર છું, તેમાં નિષ્કામપણાથી અર્પણ કરી દેવામાં આવે તો ધર્મરૂપજ થઇ જાય છે. ૨૧ મિથ્યા અને અંતે નાશવાન મનુષ્યદેહથી આ જન્મમાં સત્ય અને અવિનાશી મારા સ્વરૂપને પામવું એજ બુદ્ધિમાન પુરૂષોની બુદ્ધિની ચતુરાઈ છે; અને વિવેકી પુરૂષોનો વિવેક છે. ૨૨ આ સર્વ બ્રહ્મવાદનો સંગ્રહ કે–જે દેવતાઓને પણ મળવો અતિ દુર્લભ છે, તે મેં ટુંકામાં અને વિસ્તારપૂર્વક તમને કહ્યો. ૨૩ મેં અત્યંત સ્પષ્ટ યુક્તિઓવાળો જે વિષય તમને વારંવાર કહ્યો છે, તે વિષયના જાણવાથી સંશય દૂર થવાને લીધે પુરૂષ મુક્ત થઇ જાય છે. ૨૩ એમ સમજવું તો એક તરફ રહ્યું, પરંતુ મેં તમારા પ્રશ્નનો જેમાં ઉત્તર આપ્યો છે, તે આખ્યાનને પણ જે મનુષ્ય મનમાં ધારણ કરે, કહે, અને સાંભળે; તે પણ વેદના રહસ્યરૂપ સનાતન બ્રહ્મને પામે છે. ૨૫ જે પુરૂષ મારા ભક્તોને સંપુર્ણ રીતે આ જ્ઞાન આપે તે ઉપદેશ કરનારા પુરૂષને હું પોતે મારૂં સ્વરૂપ આપું છું. ૨૬ જે મનુષ્ય અત્યંત પવિત્ર અને બીજાને પણ પવિત્ર કરનારાં આ આખ્યાનનો પ્રતિ દિવસ પાઠ કરે તે પુરૂષ જ્ઞાનરૂપ દીપકથી મારૂં સ્વરૂપ દર્શાવવાને પવિત્ર થઇ જાય છે. ૨૭ જે મનુષ્ય સાવધાન રહીને શ્રદ્ધાથી આ આખ્યાનને નિત્ય સાંભળે, તે મનુષ્ય મારી ઉત્તમ ભક્તિ ઉત્પન્ન થવાને લીધે કર્મોથી બંધાતો નથી. ૨૮ હે સખા ઉદ્ધવ! તમે પરબ્રહ્મને સારીરીતે સમજ્યા? તમારા મનમાં જે સંદેહ અને મોહ હતો તે ટળી ગયો? ૨૯ આ જ્ઞાન તમે, દાંભિક, નાસ્તિક, વંચક, અસેવક, અભક્ત અને નમ્રતા વગરનાને આપશો નહિ. ૩૦ જેમાં આ દોષ ન હોય, જે બ્રાહ્મણોને માનનારા હોય, તથા પ્રિય, સાધુ અને પવિત્ર હોય તેને આ જ્ઞાન આપવું. જો સ્ત્રી અને શૂદ્રોમાં પણ ભક્તિ દેખો, તો તેઓને પણ આ જ્ઞાન આપવું. ૩૧ જેમ અતિ મધુર અમૃત પીધા પછી બીજું કાંઇ પીવાની ઇચ્છા રહેતી નથી, તેમ જ જાણવાની ઇચ્છાવાળા પુરૂષને આ જ્ઞાન જાણ્યા પછી બીજું કાંઇ. પણ જાણવાનું બાકી રહેતું નથી. ૩૨ હે ઉદ્ધવ! બીજાં જુદાં [illegible] જોનાં સાધન જાણવાનાં ઘણાં છે; પરંતુ તે સર્વે અભક્તોને માટે છે, તમો [illegible] [illegible] તો જ્ઞાન, કર્મ, યોગ, ખેતી–આદિ [illegible] [illegible]

અને રાજનીતિથી મનુષ્યોને જે કાંઇ, ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપ ચાર પુરૂષાર્થરૂપ ફળ મળે છે તેજ હું છું, માટે તમે કેવળ એક મારૂં શરણ લઇને રહો. ૩૩ જ્યારે મનુષ્ય સર્વ કર્મ છોડીને પોતાનો આત્મા મને અર્પણ કરી દે છે, ત્યારે તેનું પરમકલ્યાણ કરવાની મારી ઇચ્છા થાય છે; અને જ્યારે મારી એવી ઇચ્છા થાય ત્યારે તે મનુષ્ય બ્રહ્મવેત્તા થઇને મારી સાથે એકતા અથવા મારા જેવા ઐશ્વર્યને પામે છે. ૩૪

શ્રીશુકદેવજી કહે છે—હે પરીક્ષિત રાજા! ભગવાને આ પ્રમાણે યોગમાર્ગ દર્શાવ્યો, ત્યારે ઉદ્ધવજી ઉત્તમશ્લોક ભગવાનનાં વચન સાંભળી હાથ જોડીને સામા ઉભા રહ્યા; પણ આંસુથી નેત્રો વ્યાપ્ત થઇ જવાને લીધે ગળું રૂંધાઇ જવાથી કાંઇ પણ બોલી શક્યા નહિ. ૩૫ હે રાજા! પછી ક્ષોભ પામેલા પોતાના ચિત્તને ધીરજથી સ્થિર કરીને, પોતાના આત્માને કૃતાર્થ માનતા અને હાથ જોડી ઉભેલા ઉદ્ધવજીએ પોતાના મસ્તકથી ભગવાનના ચરણારવિંદનો સ્પર્શ કરીને, તેમની આ પ્રમાણે પ્રાર્થના કરી. ૩૬

ઉદ્ધવજી સ્તુતિ કરે છે—હે બ્રહ્માને પણ ઉત્પન્ન કરનાર! મેં જે મોહરૂપી અંધકારને પકડયો હતો, તે આપના સમાગમથી ટળી ગયો છે. જે મનુષ્ય અગ્નિની પાસે જાય છે, તેને ટાઢ અને અંધારૂં રહી શકે છે? નહિ જ. ૩૭ જો કે મારૂં મોહરૂપી અંધારૂં આપના સમાગમથી દુર થઇ ગયું હતું; તો પણ વળી અતિ દયાળુ આપે આપના દાસને જ્ઞાનરૂપી દીવો આપ્યો કે જેને આપની માયાએ હરી લીધો હતો; માટે આપે કરેલા અનુગ્રહને જાણનારો કયો પુરૂષ આપના ચરણકમળને છોડીને બીજાને શરણે જાય? ૩૮ સૃષ્ટિને વધારવાને માટે આપે આપની માયાથી દાશાર્હ, વૃષ્ણિ, અંધક અને સાત્વત વગેરે કુળોના યાદવો ઉપરનો મજબુત સ્નેહપાશ મારા અંતઃકરણમાં નાંખ્યો હતો, તે આપે આત્મતત્વના જ્ઞાનરૂપ શસ્ત્રથી આજ કાપી નાખ્યો. ૩૯ આ પ્રમાણે આપે ઘણું જ સાફ કર્યું છે; તો પણ હે મહાયોગી! આપનો શરણાગત હું આપને પ્રણામ કરીને એટલી પ્રાર્થના કરૂં છું. કે-મને જીવન્મુક્ત દશામાં પણ નિવૃત્ત ન થાય એવી આપના ચરણારવિંદમાં પ્રીતિ જે રીતે થાય તે રીતે મને ઉપદેશ કરશોજી. ૪૦

શ્રીભગવાન કહે છે—હે ઉદ્ધવ! તમે મારી આજ્ઞાથી બદરીકાશ્રમમાં જાઓ. ત્યાં મારા ચરણમાંથી નિકળેલી અલકનંદા (ગંગા) નામના તીર્થમાં સ્નાન તથા આચમન કરીને પવિત્ર થાઓ. ૪૧ હે ઉદ્ધવ! તમારાં સર્વ પાપ અલકનંદાનાં દર્શનથી જ ધોવાઇ જશે. ત્યાં તમારે વલ્કલ વસ્ત્ર પહેરવાં. વનનાં ફળ ફુલ ખાઇને નિર્વાહ કરવો. કોઇ પણ પ્રકારમાં સાંસારિક સુખની આકાંક્ષા રાખવી નહિ. ૪૨ ટાઢ અને તાપ વગેરે સર્વ દ્વંદ્વોને સહન કરવા, સ્વભાવમાં સરલતા-આદિ ગુણ રાખવા, ઇંદ્રિઓને વશ રાખવી, શાંત રહેવું, અને એકાગ્રચિત્તવાળી બુદ્ધિથી જ્ઞાન અને વિજ્ઞાનને ધારણ કરવાં. ૪૩ મારી પાસેથી જે આ બ્રહ્મવિદ્યા ભણ્યા છો, તેનું મનન અને નિદિધ્યાસ કરજો. વાણી અને મન મારામાંજ રાખીને, મારા ધર્મોમાં નિરંતર પ્રીતિ રાખવી. એ રીતે કરશો તો ત્રિગુણાત્મક ગતિઓને ઉલ્લંઘીને ગતિથી પર એવા મને પામશો. ૪૪

શ્રીશુકદેવજી કહે છે—જેમની બુદ્ધિ સંસારને હરનારી છે, એવા શ્રીભગવાને આ પ્રમાણે આજ્ઞા કરી, ત્યારે ઉદ્ધવજી જો કે પોતે સુખ દુઃખથી મુક્ત થયા હતા; તો પણ ત્યાંથી નિકળતી વેળાએ હૃદય ભરાઇ જવાને લીધે, શ્રીભગવાનને પ્રદક્ષિણા કરી તથા ચરણમાં મસ્તક રાખીને, આંસુઓથી ભીંજવવા લાગ્યા. ૪૫ જેમાં સ્નેહનો ત્યાગ કરવો ઘણો કઠણ છે, એવા વિયોગથી ડરતા અને તેથી ભગવાનનો ત્યાગ ન કરી શકતાં વિહ્વળ થયેલા ઉદ્ધવજી ઘણા વ્યાકુળ થઇ ગયા. પછી શ્રીભગવાને કૃપા કરીને આપેલી પાદુકા માથે ચડાવી અતિ આગ્રહવાળી ભગવાનની આજ્ઞાથી તેમને વારંવાર પ્રણામ

કરીને ચાલતા થયા. ૪૬ પછી ભગવાનના સ્વરૂપને પોતાના હૃદયમાં સારી રીતે ધારણ કરીને ઉદ્ધવજી બદ્રિકાશ્રમમાં ગયા, ત્યાં તે પરમ વૈષ્ણવ ઉદ્ધવજી જગતના મુખ્ય મિત્ર ભગવાને જેવો ઉપદેશ કરેલો હતો, તે પ્રમાણે મનમાં ધારણા રાખીને શ્રીભગવાનની ગતિને પામ્યા. ૪૭ જેમનાં ચરણને યોગેશ્વરો સેવ્યા કરે છે એવા શ્રીકૃષ્ણ ભગવાને આનંદના સમુદ્રરૂપ ભક્તિ યોગના સાથે એકતા કરીને ઉદ્ધવજીને જે આ જ્ઞાનામૃત પાયું છે, તેનું ઉત્તમ શ્રદ્ધાથી જે પુરૂષ જરા પણ સેવન કરે, તે પોતે મુક્ત થાય છે, તથા તેની સંગતિના પ્રભાવથી આખું જગત પણ મુક્ત થઇ જાય છે. ૪૮ વેદના કર્ત્તા જે ભગવાને નિવૃત્તિ વાળા પુરૂષોના સંસારિકભયને મટાડવા માટે ભ્રમર જેમ ફુલમાંથી સાર કાઢી લે છે. તેમ વેદના સાર રૂપ 'જ્ઞાન-વિજ્ઞાન' નામનું એક ઉત્તમ અમૃત ખેંચી કાઢયું છે, અને પ્રવૃત્તિવાળા પુરૂષોના જરા તથા રોગ–આદિ ભય દુર કરવાને માટે ભ્રમર જેમ પુષ્પમાંથી સાર કાઢી લે છે, તેમ સમુદ્રના સાર રૂપ 'સુધા' નામનું બીજું અમૃત કાઢયું, અને કાઢીને એ બન્ને અમૃત પોતાના દાસ લોકોને યોગ્યતાનુસાર પાયું છે, તે આદિ પુરૂષ શ્રીકૃષ્ણ ભગવાનને પ્રણામ કરૂં છું.

भवभयमपहंतुं ज्ञान विज्ञानसारं ।
निगम कृदुपजह्रे भृंगवद्वेदसारम् ॥
अमृतमुदधिश्चाऽपाय यद्भृत्य वर्गान्
पुरुषमृषभमाद्यं कृष्णसंज्ञं नतोऽस्मि ॥

ઇતિ શ્રી મહાપુરાણ ભાગવતના એકાદશ સ્કંધમાં ૨૯ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૩૦ મો.

યાદવ કુળનો સંહાર.

राजोवाच.

ततोमहा भागवते उद्धवे निर्गते वनम् ॥
द्वारवत्यां किमकरोद् भगवान् भूत भावनः

પરીક્ષિત રાજા પુછે છે, હે મહારાજ! મહાવૈષ્ણવ ઉદ્ધવજી વનમાં ગયા પછી પ્રાણીઓના નિયંતા શ્રી કૃષ્ણ ભગવાને દ્વારકામાં શું કર્યું? ૧ પોતાનું કુળ બ્રાહ્મણોના શાપથી નાશ પામ્યું, તે સમય પ્રભુએ સર્વેનાં નેત્રને પ્રિય લાગતા પોતાના શરીરનો શી રીતે ત્યાગ કર્યો? ૨ સ્ત્રીઓ જે રૂપમાં લાગેલાં પોતાના નેત્રોને પાછાં ખેંચી શકતી નહોતી, જે રૂપ કાનમાંથી અંદર પેશીને સત્પુરૂષોના હૃદયમાં એવું લાગી જાય છે કે પાછું તેમાંથી જરા પણ નિકળતું નથી, જે રૂપ વર્ણન કરવામાં આવતી કવિઓની વાણીને પણ ઉલ્લાસ આપે છે, ત્યારે તેને માન પાત્ર બનાવે તેમાં તો કહેવું જ શું? તથા મહાભારતના સંગ્રામમાં અર્જુનના રથ ઉપર બિરાજતા જે રૂપનાં દર્શન કરીને યોદ્ધાઓ સારૂપ્ય મુક્તિને પામ્યા તે રૂપના ભગવાને શી રીતે ત્યાગ કર્યો? ૩

શ્રીશુકદેવજી કહે છે–હે રાજા! સ્વર્ગમાં સુવર્ણનાં કુંડળો આદિ, પૃથ્વીમાં ભુકંપ–આદિ અને અંતરિક્ષમાં દિશાઓનો દાહ વગેરે મોટા મોટા ઉત્પાત થવા લાગ્યા. એ જોઇને સુધર્મા સભામાં બેઠેલા યાદવોને શ્રીકૃષ્ણે આ પ્રમાણે કહ્યું. ૪

શ્રી ભગવાન કહે છે–હે શ્રેષ્ઠ યાદવો! મૃત્યુ સુચક આ અનેક મહા ભયંકર મોટા મોટા ઉત્પાત દ્વારકામાં થઇ રહેલા છે; માટે આપણે હવે અહિં બે ઘડી પણ રહેવું ન જોઇએ. ૫ સ્ત્રીઓ, બાળકો, અને વૃદ્ધોને અહિંથી શંખોદ્ધાર–તીર્થમાં મોકલી દેવા, અને આપણે પશ્ચિમ તરફ વેહેનારી સરસ્વતીવાળા પ્રભાસ ક્ષેત્રમાં જઇશું. ૬ ત્યાં સ્નાન કરી, ઉપવાસ કરી, પવિત્ર થઇ, સાવધાનતા સહિત, સ્નાન, લેપન અને અર્ઘ્યાદિકથી દેવતાઓની પુજા કરીશું. ૭ આપણે બ્રાહ્મણો પાસે સ્વસ્તિવાચન કરાવીને ભાગ્યશાળી બ્રાહ્મણોને ગાય, પૃથ્વી, સુવર્ણ, વસ્ત્ર, ઘોડા

હાથી, રથ અને ઘરનાં દાન આપીને પૂજન કરીશું. ૮ આવિધિ અશુભને મટાડનારો અને ઉત્તમ કલ્યાણ આપનારો છે, દેવ, બ્રાહ્મણો અને ગાયોની પૂજા પ્રાણીઓનો પરમ ઉદય કરે છે.” ૯ એ પ્રમાણેનાં ભગવાનનાં વચન સાંભળીને યાદવોએ તેમ કરવાની હા પાડી. પછી વાહાણમાં બેશીને સમુદ્ર પાર ઉતર્યા અને રથમાં બેસીને પ્રભાસ ક્ષેત્રમાં ગયા. ૧૦ યદુ દેવ શ્રીકૃષ્ણ ભગવાને જેવું કહ્યું હતુ, તે પ્રમાણે યાદવોએ પરમભક્તિથી પ્રભાસમાં સર્વ કર્યું, અને તે વગર બીજાં પણ અનેક કલ્યાણનાં સાધન કર્યાં. ૧૧ પછી જેની બુદ્ધિ ભાવિએ ભ્રષ્ટ કરી દીધી હતી એવા યાદવોએ એ પ્રભાસ જેવા પવિત્ર ક્ષેત્રમાં મૈરેયક નામની મધુર રસવાળી મદિરા કે જેનાથી બુદ્ધિ ભ્રષ્ટ થઇ જાય છે તે પુષ્કળ પીધી. ૧૨ ભગવાનની માયાથી મોહિત થએલા અને મદિરા પીવાથી મત્ત થએલા તથા મહા અભિમાન રાખનારા શુરવીર યાદવો વચ્ચે પરસ્પર મહાકલહ ઉત્પન્ન થયો. ૧૩ ક્રોધના વેગથી ઘેરાયેલા અને હાથમાં શસ્ત્ર લીધેલા યાદવો સમુદ્ર તટ ઉપર ધનુષ, ખડ્ગ, ભાલા, ગદા, તોમર અને ઋષ્ટિઓથી યુદ્ધ કરવા લાગ્યા. ૧૪ જેની પતાકાઓ ફરકી રહી છે, એવા રથ, હાથી-આદિથી તથા ગધેડાં, ઉંટ, બળદ, મનુષ્યો તથા ખચ્ચરોથી પરસ્પર ભેટીને એ દુષ્ટ મદમત્ત યાદવો જેમ હાથી વનમાં દાંતોથી પરસ્પર પ્રહાર કરે, તેમ બાણોથી પ્રહાર કરવા લાગ્યા. ૧૫ પ્રદ્યુમ્ન અને સાંબ, અક્રૂર અને કૃતવર્મા, અનિરૂદ્ધ અને સાત્યકિ, સુભદ્ર અને સંગ્રામજીત, શ્રી કૃષ્ણનો ભાઇ ગદ અને તે નામના ભગવાનનો પુત્ર, સુમિત્ર અને સુરથ. એ અતિ દારૂણ સ્વભાવવાળા યાદવો પરસ્પર દ્વંદ્વ યુદ્ધ કરવા લાગ્યા ૧૬ બીજા પણ નિશઠ, ઉલ્મુક, સહસ્રજીત શતજીત અને ભાનુ વગેરે યાદવો કે-જેને ભગવાને મોહિત કરી દીધા હતા. તે મદિરાના મદથી મત્ત અને આંધળા થઇ, પરસ્પર ભેટીને એક બીજાને મારવા લાગ્યા. ૧૭ દાશાર્હ, વૃષ્ણિ, અંધક, ભોજ, સાત્વત, મધુ, અર્બુદ, કુકુર, અને કુન્તિ કુળના તથા અર્બુદ, માથુર અને શુરસેન દેશના યાદવો સંબંધ છોડીને પરસ્પર પ્રાણ લેવા લાગ્યા. ૧૮ પુત્ર પિતાની સાથે, ભાઇઓ ભાઇઓની સાથે, મામા ભાણેજોની સાથે, દૌહિત્ર નાનાની સાથે, ભત્રીજા કાકાની સાથે અને મિત્ર મિત્રોની સાથે યુદ્ધ કરવા લાગ્યા. એ રીતે મુઢ બનેલા એ પોતાના જાતિ ભાઇઓનો જ નાશ કરવા લાગ્યા. ૧૯ જ્યારે બાણો ખુટી પડયાં, ધનુષો તુટી ગયાં અને શસ્ત્રનો ક્ષય થઇ ગયો, ત્યારે તે સમુદ્રના તટ ઉપર ઉગેલી પાનને મુઠીઓથી ઉખેડવા લાગ્યા. ૨૦ મુઠીઓથી ધારણ કરેલી પાન વજ્રની ભોગળો જેવી થઇ ગઇ, તે પાનોથી તે શત્રુઓને મારવા લાગ્યા અને શ્રીકૃષ્ણ ભગવાન વચમાં પડીને વારવા લાગ્યા, તો તેઓ શ્રીકૃષ્ણ ભગવાનને પણ મારવા લાગ્યા. ૨૧ હે રાજા! મોહિત થયેલા એ યાદવો શ્રી કૃષ્ણ અને બળરામને પણ શત્રુ માનીને મારવાને માટે શસ્ત્ર ઉપાડીને ધસી આવ્યા. ત્યારે ક્રોધભરાયેલા એ બન્ને ભાઇઓ પણ મુઠિઓમાં ભોગળ રૂપ થયેલી પાનો લઇને, યુદ્ધમાં યાદવોને મારવા લાગ્યા. ૨૩ બ્રાહ્મણોના શાપથી મોહિત થયેલા અને ભગવાનની માયાથી ઘેરાયલા એ યાદવોને પરસ્પરની સ્પર્ધાથી વધેલા ક્રોધથી વાંસોથી ઉત્પન્ન થયેલો અગ્નિ જેમ વાંસના વનનો નાશ કરે, તેમ સર્વનો સંહાર થઇ ગયો. ૨૪ આ રીતે સર્વ યાદવો નાશ પામતાં બાકી રહેલા શ્રીકૃષ્ણ ભગવાને જાણ્યું કે—'હવે પૃથ્વીનો ભાર ઉતર્યો' ૨૫ પછી બળદેવજીએ સમુદ્રના તટ ઉપર પરમાત્માના ધ્યાનરૂપ યોગ ધારણ કરી પોતાના સ્વરૂપને પરબ્રહ્મમાં લગાડીને મનુષ્ય દેહનો પરિત્યાગ કર્યો ૨૬ દેવકીના પુત્ર ભગવાન શ્રી કૃષ્ણ બળભદ્ર પધારી ગયેલા જોઇ પીપળાના ઝાડ પાસે આવીને ચુપચુપ પૃથ્વી ઉપર બિરાજ્યા. ૨૭ એ સમયે પોતે પોતાનું અત્યંત સુશોભિત ચતુર્ભુજ સ્વરૂપ ધારણ કર્યું હતું.

ધુમાડા વિનાના અગ્નિ જેવી કાન્તિથી દિશાંઓ અંધકાર રહિત થઇ ગઇ હતી, શ્રીવત્સનું ચિન્હ શોભી રહેલું હતું. મેઘ સમાન શ્યામ વર્ણ, તપેલાં સુવર્ણ જેવી કાન્તિ, અને બે પીળાં વસ્ત્ર પેહેર્યાં હતાં, એ સ્વરૂપ અતિ મંગળકારી હતું. ૨૮ મન્દહાસ્યવાળું મુખારવિંદ શ્યામ કેશોથી શોભી રહેલું હતું. કમળ સરખાં સુંદર નેત્ર પ્રકાશી રહેલાં હતાં. કાનોમાં મકરાકૃત કુંડળ ઝળકી રહેલાં હતાં, ૩૦ કટિમેખળા, યજ્ઞોપવીત, મુગટ, કડાં, બાજુબંધ, હાર, નૂપુર વીંટીઓ, અને કૌસ્તુભમણિથી દીપી રહેલા હતા. ૩૧ વનમાળાથી શરીર વીંટાએલું હતું, પોતાનાં ચક્રાદિક આયુધો દેહ ધરીને આસ પાસ ઉભાં હતાં. અને પોતે પોતાના જમણા સાથળ ઉપર કમળ સમાન રાતો ડાબો પગ રાખીને વિરાજી રહેલા હતા. ૩૨ તે સમય જરા નામનો પારધી કે જેણે મુસળમાંથી બાકી રહેલા લોઢાના કકડાનું બાણ બનાવ્યું હતું, તેણે મૃગના મુખના જેવા આકારવાળા ભગવાનના ચરણને ભુલથી મૃગ સમજીને બાણવડે વીંધી નાંખ્યો. ૩૩. પછી પાસે આવી ચતુર્ભુજ પુરૂષને જોઇને ભયભીત થયેલો તે અપરાધી પારધી તુરત પોતાનું મસ્તક નમાવી ભગવાનનાં ચરણોમાં પડયો, અને બોલ્યો કે-૩૪ હે મધુસુદન! હેં ઉત્તમ શ્લોક!! હે અનઘ!!! મેં પાપીએ અજાણતાં આપનો અપરાધ કર્યો છે, માટે મારા ઉપર આપે ક્ષમા કરવી જોઇએ. ૩૫ હે પ્રભુ! જેનું સ્મરણ મનુષ્યોના અજ્ઞાનરૂપ અંધકારનો નાશ કરનારૂં કહેવાય છે, એવા આપનો મેં અપરાધ કર્યો છે. ૩૬ માટે હે પ્રભુ! હું કે-જે મૃગને મારનારો પાપી છું તેને તુરત મારો, જેથી હું પાછો આવો સત્પુરૂષોનો અપરાધ ન કરૂં. ૩૭ આપ જો કે આ કામને બ્રાહ્મણોના શાપથી થયેલું માનતા હશો; તો પણ જેની માયાની રચનાને બ્રહ્મા, રૂદ્રાદિક, બ્રહ્માના પુત્રો તથા વાણીના અધિપતિઓ પણ જાણતા નથી, તેને બ્રાહ્મણોના શાપ લાગવો ક્યે અમારા જેવા માયાથી આંધળા થયેલા પાપી પુરૂષોથી શી રીતે કહી શકાય? માટે તે વાત ગમે તેમ હોય, પણ મને તો તુરત મારી નાંખો. ૩૮

શ્રી ભગવાન કહે છે-હે જરા! તું ડરીશ નહિ, ઉઠ, ઉભો થા, આ કામ મારી ઇચ્છાથીજ તારા હાથે થયેલું છે, હવે તું મારી આજ્ઞાથી પુણ્યવાન પુરૂષોના સ્થાન (સ્વર્ગ)માં જા. ૩૯

શ્રી શુકદેવજી કહે છે-પોતાના સત્વગુણી શરીરને અંતર્ધાન કરી ઇચ્છાથી મનુષ્યદેહ ધારણ કરનારા ભગવાને આ પ્રમાણેઆજ્ઞા કરી, ત્યારે તે ભગવાનને ત્રણ પ્રદક્ષિણા કરી પ્રણામ કરી વિમાનમાં બેસીને સ્વર્ગમાં ગયો. ૪૦ પછી ભગવાન ક્યાં હશે? એમ ભગવાનનામાર્ગને શોધતો દારૂક સારથિ, તુલસીની સુગંધવાળો વાયુ આવવાથી પત્તો મેળવીને તે સુગંધની સામે ગયો. ૪૧ ત્યાં પ્રદીપ્ત કાન્તિવાળાં શસ્ત્ર ભગવાનની ચારે કોર વીંટાઇ રહેલાં હતાં, અને ભગવાન પીપળાના મુળને અઢેલીને બેઠા હતા. તેમનાં દર્શન થતાંજ દારૂકનું અંતઃકરણ સ્નેહથી વ્યાપ્ત થઇ-ગયું, અને નેત્રોમાં આંસુ ભરાઇ આવ્યાં. પછી દારૂક તુરત રથમાંથી ઉતરીને, ભગવાનના ચરણોમાં પડયો. ૪૨ અને બોલ્યો કે-હે પ્રભુ! આપના ચરણારવિંદના દર્શન વગર મારી દ્રષ્ટિ જેમ રાત્રિમાં ચંદ્ર અસ્ત થવાથી અંધકાર વ્યાપી જવાથી નષ્ટ થઇ જાય તેમ નષ્ટ થઇ ગઇછે અને હવે કોઇ દિશાની શુદ્ધિનથી, અને કોઇ પ્રકારે શાન્તિ મળતી નથી. ૪૩ આ પ્રમાણે દારૂક સારથિ કહેતો હતો, એટલામાં તો સારથિના દેખતાં ગરૂડના ચિન્હવાળો ભગવાનનો રથ, ઘોડા તથા ધ્વજાની સાથે જેમનો તેમ આકાશમાં ચાલ્યો ગયો. ૪૪ તેની પાછળ ભગવાનનાં દિવ્ય આયુધો પણ ચાલ્યાં ગયાં, એ જોઇને દારૂકને ઘણું આશ્ચર્ય લાગ્યું. પછી ભગવાને તેને કહ્યું કે-૪૫ હે સારથિ! તું દ્વારકાપુરીમાં જા, અને સંબંધીઓના મરણની, બળદેવજીના નિર્વાણની અને મારી જે દશા તું જુએ છે તે કહેજે. ૪૬ અને તેઓને એમ પણ કહી દેજે કે તમારે હવે તમારા બંધુઓની સાથે દ્વારકામાં રહેવું નહિ; કેમકે મેં એને ત્યાગી

ઘેલી છે, તેથી તેને સમુદ્ર બોળી દેશે. ૪૭ માટે તમે સર્વ પોતપોતાના પરિવારને તથા અમારાં માત પિતાને સાથે લઇને, અર્જુનના રક્ષણ તળે ઇંદ્રપ્રસ્થ (દિલ્હી) ચાલ્યા જાઓ. ૪૮ હે સારથિ! તું જ્ઞાનમાં નિષ્ઠા રાખીને સર્વેની ઉપેક્ષા કરી મારા ધર્મને ધારણ કરી આ સર્વને મારી માયાની રચના જાણીને શાંતિ પામ, વૃથા શોક કરીશ નહી. ૪૯ આ પ્રમાણે ભગવાને આજ્ઞા કરી, ત્યાર તે સારથિ ભગવાનને પ્રદક્ષિણા તથા વારંવાર નમસ્કાર કરી, શ્રી ભગવાનનાં ચરણોને મસ્તક ઉપર મુકી મનમાં કચવાતો દ્વારકાપુરીમાં ગયો. ૫૦

इत्युक्तस्तं परिक्रम्य नमस्कृत्य पुनः पुनः ।।

तत्पादौ शीर्ष्ण्युपाधाय दुर्मनाः प्रययौ पुरीम् ।।

ઇતિશ્રી મહાપુરાણ ભાગવત વિષે એકાદશસ્કંધમાં ' યદુકુળક્ષય ' નામનો ૩૦ મો અધ્યાય સંપુર્ણ.

અધ્યાય ૩૧ મો.

શ્રીકૃષ્ણનું સ્વધામમાં પધારવું.

શ્રી શુકउवाच.

अथ तत्रागमद् ब्रह्मा भवान्या च समं भवः ।।

महेन्द्र प्रमुखा देवा मुनयः सप्रजेश्वराः ।।१।।

શ્રીશુકદેવજી કહે છે -હે પરીક્ષિતરાજા ! પછી ત્યાં બ્રહ્મા, પાર્વતી સહિત સદાશિવ, ઇંદ્રાદિક દેવતા, મુનિઓ, પ્રજાપતિઓ, ૧ પિત્રીશ્વરો, સિદ્ધો, ગંધર્વો, વિદ્યાધરો, નાગો, ચારણો, યક્ષો, રાક્ષસો, કિન્નરો, અપ્સરાઓ અને મૈત્રેયાદિક બ્રાહ્મણો, એ સર્વે ભગવાનનું સ્વધામ પધારવું જોવાની ઇચ્છાથી મહા ઉત્સુક્તા -પુર્વક ભગવાનનાં જન્મ અને કર્મોનું કીર્તન તથા ગાયન કરતા ત્યાં આવ્યા. ૨-૩ હે મહારાજ! એ સર્વે લોક વિમાનોની પંક્તિઓથી આકાશમાં ભારે ભીડ કરતા પરમ ભક્તિવાળા થઇને, પુષ્પોની વૃષ્ટિ કરવા લાગ્યા. ૪ શ્રીકૃષ્ણ ભગવાને પણ બ્રહ્માનું અને પોતાની વિભુતિરૂપ દેવતાઓને પોતપોતાના લોકોમાં લઇ જવાને માટે આવેલા જોઇ ચતુરાઇથી તે દેવતાઓને જાણું કાવવાને માટેજ સમાધિ લગાવતા હોય, તેમ પોતાનાં કમળ સરખાં નેત્ર મીંચી દીધાં. ૫ સ્વચ્છંદ મૃત્યુવાળા યોગીજનો જેમ અગ્નિની ધારણાથી પોતાના દેહને ભસ્મ કરીને પરલોકમાં ચાલ્યા જાય છે તેમ ન કર્યું; પરંતુ તે જ શરીરથી પોતાના ધામરૂપ વૈકુંઠ લોકમાં પધાર્યા. કારણ કે-જેન શરીરને યોગ ધારણાથી ભસ્મ કરી દેત તો તેમાં જગત પણ ભસ્મ થઇ જાત, અને તો શરીરનું ધ્યાન તથા ધારણા કરનારા ઉપાસક લોકોને પાછો તે શરીરનો સાક્ષાત્કાર અને ફળની પ્રાપ્તિ થાત નહિ. ૬ ભગવાન વૈકુંઠમાં પધાર્યા તે વખતે આકાશમાં દુંદુભિ વાગવા લાગ્યાં અને પુષ્પવૃષ્ટિ થવા લાગી, પૃથ્વીપરથી સત્ય, ધર્મ, ધીરજ, કીર્તિ તથા લક્ષ્મી એ સર્વે ભગવાનની પાછળ ચાલ્યાં ગયાં. ૭ બ્રહ્માદિક મુખ્ય દેવલોક શ્રીકૃષ્ણ ભગવાન અંતર્હિત થઇને ત્યાં પધાર્યા ? એ પ્રમાણે તર્ક કરતાજ રહ્યા; પરંતુ ભગવાનની ગતિ તેઓના જાણવામાં આવી નહીં, અને ત્યાં આવવાથી ભગવાનને સ્વધામમાં પધારતાં પણ જોયા નહિ, અને કોઇ કોઇ સ્થળમાં તો ભગવાનને દીઠા પણ નહિ તેથી તે સર્વને પરમ આશ્ચર્ય લાગ્યું. ૮ જેમ વાદળાંનાં મંડળને છોડીને જતી વિજળીની ગતિ મનુષ્યોના જાણવામાં આવતી નથી; પરંતુ દેવતાઓથી જ જાણી શકાય છે, તેમ ભુમંડળને છોડીને સ્વધામ પધારતા શ્રીકૃષ્ણની ગતિ દેવતાઓના જાણવામાં આવી નહીં; પરંતુ ભગવાનના પાર્ષદોનાજ જાણવામાં આવી. ૯ ભગવાનની આ યોગગતિ જોઇને વિસ્મય પામેલા અને તે ગતિની પ્રશંસા કરતા બ્રહ્મા અને રૂદ્ર આદિ લોક પોતપોતાના લોકોમાં સિધાવ્યા. ૧૦ હે મહારાજા! જેમ નટ પોતે નિર્વિકાર રહીને અનેક જન્માદિકનું અનુકરણ કરે છે, તેમ ભગવાન પણ યાદવ-આદિક

માં જે આવિર્ભાવ, તિરોભાવ કરે છે, તે કેવળ માયાથી અનુકરણ માત્રજ છે, એમ જાણો. તેથી ભગવાનને કોઇ પ્રકારનો વિકાર થતો નથી. પ્રાણીઓમાં જન્મ લેવાની શંકા તો એક તરફ રહી; પરંતુ ભગવાન જગતની સૃષ્ટિ અને પ્રલય-આદિમાં પણ નિર્વિકારજ રહે છે. ભગવાન પોતેજ આ જગતને રચીને, તેમાં અંતર્યામીપણાથી પ્રવેશ કરીને અને અંતમાં જગતનો સંહાર કરીને પોતાના મહીમાને લીધે જગતથી ઉપરામ પામેછે. ૧૧ આ વિષયમાં ઉલટી કલ્પના કરવીનહિ; કારણકે આ અવતારમાં તેમનો સર્વોત્તમ પ્રભાવ દૃષ્ટિગોચર થયેલો છે. યમરાજ ગુરૂપુત્રને પોતાના લોકમાં લઇ ગયા હતા; પરંતુ ગુરૂએ ભગવાનને કહ્યું કે-મારો પુત્ર ગુરૂદક્ષિણામાં મને આળવો જોઇએ, ત્યારે ભગવાન તેજ શરીરથી યમલોકમાં પધારીને ગુરૂપુત્રને લઇ આવ્યા, બ્રહ્માસ્ત્રથી ભસ્મ થયેલા તમને પણ જીવાડયા. બાણાસુરના સંગ્રામમાં કાળના પણ કાળરૂપ શ્રી સદાશિવજીને જીતી લીધા, અને પારધીને એજ શરીરથી સ્વર્ગમાં મોકલ્યો, તે શરણાગતોના રક્ષક ભગવાન પોતાના શરીરની રક્ષા કરવામાં શું અસમર્થ હતા? નહિ. ૧૨ "જો સમર્થ હતા, તો કેટલાક વખત સુધી પોતાના આ શરીરથી ભુર્લોકમાં કેમ ન રહ્યા?" એવી શંકા કરવી નહિ. કારણ કે-જો કે ઉપર કહ્યા પ્રમાણે ભગવાન સર્વ શક્તિઓને ધારણ કરનારા અને સઘળા જગતની ઉત્પત્તિ સ્થિતિ તથા પ્રલય કરવામાં સ્વતંત્ર કારણરૂપ છે; તો પણ યાદવપણાનું અનુકરણ કરવાને માટે પોતે પોતાના શરીરને અહિં રાખવાની ઈચ્છા ન કરી. તત્ત્વજ્ઞ મનુષ્યદેહ લાંબા કાળ સુધી અવિચળ રાખીને શું કરવાનું છે? કાંઇપણ પ્રયોજન નથી, એમ સમજાવીને, આત્મનિષ્ઠ પુરૂષોની દિવ્યગતિ દર્શાવવાને માટે પણ ભગવાને પોતાના શરીરને અહિં રાખવાની ઇચ્છા કરી નાહિ. જો હું મારૂં શરીર અહિં અવિચળ રાખીશ, તો આત્મનિષ્ઠ પુરૂષો પણ દિવ્યગતિનો અનાદર કરી દેહને અવિચળ રાખી અહિં રમણ કરવા યત્ન કરશે, તો તે ઘણું અયોગ્ય થશે, એવા વિચારથી ભગવાને પોતાનું શરીર અહિં રાખ્યું નહિ. ૧૩ જે મનુષ્ય પ્રાતઃકાળમાં ઉઠી સાવધાન થઇ ભક્તિથી આનું કીર્તન કરે છે, તે શ્રીકૃષ્ણ ભગવાનની સર્વોત્તમ પરમ પદવીને પામે છે. ૧૪ દારૂક સારથિ દ્વારકાપુરીમાં જઇને, વસુદેવ અને ઉગ્રસેનનાં ચરણોમાં પડયો, અને ભગવાનના વિરહથી વ્યાકુળ થઇને અશ્રુધારાથી તેઓના ચરણોને સીંચવા લાગ્યો. ૧૫ હે રાજા! તેણે તેઓને યાદવાસ્થળીના સર્વ સમાચાર કહ્યા, તે સાંભળીને લોક ઉદ્વેગ પામ્યા, અને શોકથી મુર્છિત થઇ ગયા. ૧૬ પછી તેઓ ભગવાન શ્રીકૃષ્ણના વિયોગથી વિહ્વળ થઇ કપાળ કુટતા તુરંત જ્યાં યાદવો પડેલા હતા ત્યાં ગયા. ૧૭ દેવકી, રોહિણી અને વસુદેવજી પોતાના પુત્ર શ્રીકૃષ્ણબળદેવને નહી જોવાથી શોકથી વ્યાપ્ત થઇને ભાન ભુલી ગયાં. ૧૮ અને ભગવાનના વિરહથી આતુર થઇને, તેઓએ પોતાના પ્રાણોનો ત્યાગ કરી દીધો. હે રાજા! સ્ત્રીઓ પોતપોતાના પતિઓની લાશોનું આલિંગન કરી, ચિતાઓમાં બેશીને બળી ગઇ. ૧૯ બળદેવજીની રાણીએ પોતાના પતિના દેહનું આલિંગન કરીને અગ્નિમાં પ્રવેશ કર્યો. વસુદેવજીની સ્ત્રીઓ વસુદેવજીના શબને, અને ભગવાનના પુત્રોની સ્ત્રીઓએ પોતપોતાના પતિ પ્રદ્યુમ્ન-આદિની લાશોનું આલિંગન કરીને અગ્નિમાં પ્રવેશ કર્યો. રૂક્મિણી-આદિ ભગવાનની સ્ત્રીઓ કે જેઓનાં મન કેવળ ભગવાનમાંજ લાગી રહેલાં હતાં, તેઓએ પણ અગ્નિમાં પ્રવેશ કર્યો. ૨૦ પોતાના પરમ પ્યારા સખા શ્રીકૃષ્ણના વિયોગથી વ્યાકુળ થયેલા અર્જુને મહાભારતના યુદ્ધ સમયે ભગવાને કહેલાં ગીતાનાં વચનો સંભારીને પોતાના ચિત્તને શાંત કર્યું. ૨૧ પછી નિર્વંશ થઇ મરણ પામેલા પોતાના બંધુઓની પિંડોદકાદિક ઉત્તરક્રિયા અર્જુને શાસ્ત્રોક્ત વિધિથી અનુક્રમે કરાવી. ૨૨ હે મહારાજા! પછી ભગવાને છોડી દીધેલી દ્વારકાને શ્રીમાન ભગવાનનાં એક મંદિરને બચાવીને સમુદ્રે બોળી દીધી. ૨૩ એ ભગ-


છું. ભગવાનનું મંદિર સ્મરણ માત્રથી પાપનો નાશ કરે છે, અને પરમ મંગળકારી છે, જેમાં શ્રીકૃષ્ણ ભગવાન નિરંતર વાસ કરીને રહ્યા છે. ૨૪ જે મરણથી બચી ગયેલા હતા, તેઓને તથા સ્ત્રીઓ, બાળકો તથા વૃદ્ધને અર્જુને ઇંદ્રપ્રસ્થ લઇ જઇને ત્યાં વજ્રનાભને રાજ્યાભિષેક કર્યો. હે રાજા! તમારાં દાદા અર્જુનના મુખથી સંબંધીઓના નાશના સમાચાર સાંભળી તમને રાજા બનાવીને, સર્વ પાંડવોએ પણ મહા. માર્ગે પ્રયાણ કર્યું. ૨૬ જે મનુષ્ય દેવના દેવ શ્રી વિષ્ણુ ભગવાનનાં આ ચરિત્રનું તથા જન્મ અને કર્મોનું શ્રદ્ધા પૂર્વક કીર્તન કરે છે, તે સર્વ પાપોથી મુક્ત થઇ જાય છે. ૨૭ આ પ્રમાણે આ ગ્રંથમાં અને બીજા ગ્રંથોમાં પણ વર્ણવેલા વિષ્ણુ ભગવાનનાં મહા મંગળરૂપ મનોહર અવતાર સંબંધી પરાક્રમ અને બાળચરિત્રોનું જે મનુષ્ય કીર્તન કરે, તે પુરૂષ પરમહંસોને ગતિરૂપ ભગવાનને વિષે ઉત્તમ ભક્તિને પામે છે. ૨૮

इत्थं हरेर्भगवतो रुचिरावतार ।
वीर्याणि बालचरितानि च शंतमानि ॥
अन्यत्र चेह च श्रुतानि गृणन्मनुष्यो ।
भक्ति परां परमहंस गतौ लभेत ॥

ઇતિશ્રી મહાપુરાણ ભાગવતના એકાદશ સ્કંધમાં 'શ્રીકૃષ્ણનું વૈકુંઠગમન' નામનો ૩૦ મો અધ્યાય સંપૂર્ણ.

एकादश स्कंध समाप्त.

दशमस्कंध



श्रीमद्

भागवत भाषांतर.

द्वादश स्कंध.

અધ્યાય ૧ લો.

જરાસંધ રાજાનો વગેરેનો વંશ.

राजोवाच.

स्वधामानुगते कृष्णे यदुवंश विभूषणे ।

कस्य वंशोऽभवत्पृथ्व्यामेतदाचक्ष्व मे मुने ॥

પરીક્ષિત રાજા પુછે છે—હે મુનિ! યદુવંશના આભુષણરૂપ શ્રીકૃષ્ણ સ્વધામમાં પધારી ગયા પછી પૃથ્વી ઉપર કોનો વંશ ચાલ્યો, તે મને કહો. ૧

શ્રીશુકદેવજી કહે છે—મેં તમને આગળ (નવમસ્કંધમાં) ચંદ્રવંશની ગણનામાં જરાસંધનો વંશ કહી સંભળાવ્યો. તેમાં જરાસંધના પુત્ર સહદેવને માર્જાર નામનો પુત્ર થયો હતો, તે માર્જારથી માંડીને રિપુંજય સુધીના ભવિષ્યમાં થનારા વીશ રાજાઓનાં નામ કહ્યાં છે. એમાંના છેલ્લા રિપુંજય અથવા પુરંજય રાજાનો મંત્રી શુનક રિપુંજયને મારી નાંખીને પોતાના પુત્ર પ્રદ્યોતને રાજ્યગાદી આપશે, તેનો પુત્ર પાલક, તેનો વિશાખયૂપ, તેનો રાજક, ૨-૩ અને તેનો નંદીવર્ધન નામનો પુત્ર થશે, એ પાંચે પ્રદ્યોત નામથી પ્રસિદ્ધ થશે, અને તેઓ એકસોને આડત્રીસ વર્ષ સુધી રાજ્ય કરશે. ૪ પછી શિશુનાગ રાજા થશે. તેને કાકવર્ણ, તેને ક્ષેમધર્મા, તેને ક્ષેત્રજ્ઞ, તેને વિધિસાર. તેને અજાતશત્રુ, તેને દર્ભક, તેને અજય, તેને નંદીવર્ધન અને તેને મહાનંદી નામનો પુત્ર થશે. આ દશ રાજાઓ 'શિશુનાગ' કહેવાશે, અને તેઓ કળિયુગમાં ત્રણસેંને સાઠ વર્ષ સુધી પૃથ્વીનું રાજ્ય કરશે. મહાનંદીનો પુત્ર નંદ થશે, ૫-૭ તે મહાપદ્મ ધનનો અધિપતિ થશે, અને તે ક્ષત્રિયોનો નાશ કરશે. એના પછીના રાજાઓ ઘણું કરીને શુદ્ર સરખા તથા અધર્મી થશે. ૮ એ નંદરાજા બીજા પરશુરામ જેવો થશે, એનું કોઇનાથી ઉલ્લંઘન થઇ શકશે નહી, તે મહાપદ્મ નામથી ઓળખાશે અને પૃથ્વી ઉપર ચક્રવર્તી રાજા કહેવાશે. ૯ એને સુમાલ્ય વગેરે આઠ પુત્ર થશે, અને એ રાજાઓ એકસો વર્ષ સુધી પૃથ્વીપર રાજ્ય કરશે. ૧૦ પછી એ નવે પ્રખ્યાત રાજાઓને કોઇ ચાણક્ય નામનો બ્રાહ્મણ જડમુળથી ઉખેડી નાંખશે. તે પછી કળિયુગમાં મૌર્યવંશી રાજાઓ રાજ્ય કરશે. ૧૧ એ ચાણક્ય પહેલા મૌર્યવંશી રાજા ચંદ્રગુપ્તને રાજ્યાભિષેક કરશે. ચંદ્રગુપ્તનો પુત્ર વારિસાર અને તેનો પુત્ર અશોકવર્ધન થશે. ૧૨ તેનો સુયશા, તેનો સંગત, તેનો શાલીશુક, તેનો સોમશર્મા, તેનો શતધન્વા અને તેનો બૃહદ્રથ નામનો પુત્ર થશે હે રાજા! એ દશ મૌર્યવંશી રાજાઓ કળિયુગમાં એકસોને સાડત્રીશ વર્ષ સુધી પૃથ્વીપર રાજ્ય કરશે. ૧૩-૧૪ છેલ્લા મૌર્યવંશી રાજા બૃહદ્રથનો સેનાપતિ પુષ્પમિત્ર પોતાના સ્વામીનો નાશ કરીને પોતે રાજ્ય ભોગવશે. તેનો પુત્ર અગ્નિમિત્ર અને તેનો પુત્ર સુજ્યેષ્ઠ થશે ૧૫ તેનો વસુમિત્ર, તેનો ભદ્રક, તેનો પુલિંદ, તેનો ઘોષ, તેનો વજ્રમિત્ર, તેનો ભાગવત અને તેનો પુત્ર દેવભૂતિ થશે. એ દશ રાજાઓ

'શુંગ' નામથી ઓળખાશે, અને તેઓ એકસોને બાર વર્ષ સુધી પૃથ્વીપર રાજ્ય કરશે. તે પછી થોડા ગુણવાળા 'કાણ્વ' નામના રાજાઓના હાથમાં પૃથ્વી જશે. ૧૬-૧૭ એ શુંગ વંશનો છેલ્લો દેવભુતિ રાજા સ્ત્રીલંપટ હોવાથી તેને મારી નાખીને કાણ્વજાતનો તેનો બુદ્ધિશાળી વસુદેવ નામનો મંત્રી રાજ્ય કરશે. ૧૮ તેનો પુત્ર ભુમિત્ર થશે. તેનો નારાયણ અને તેનો પુત્ર સુશર્મા થશે. એ ચાર કાણ્વવંશના રાજાઓ કળિયુગમાં ત્રણસોને પીસ્તાળીશ વર્ષ સુધી પૃથ્વીનુ રાજ્ય કરશે. ૧૯ છેલ્લા રાજા સુશર્માને મારી નાંખીને તેનો આંધ્ર જાતનો એક ચાકર બલિ નામનો દુષ્ટ શુદ્ર કેટલાક કાળસુધી પૃથ્વીપર રાજ્ય કરશે ૨૦ પછી એ બળિનો ભાઇ કૃષ્ણ નામનો રાજા થશે તેને શ્રીશાંતકર્ણ, તેને પૌર્ણમાસ. ૨૧ તેને લંબોદર તેને વિકલ, તેને મેઘસ્વાતિ, તેને અટમાન, ૨૨ તેને અનિષ્ટકર્મા (હાલેય), તેને તલક, તેને પુરીષભીરૂ, તેને સુનંદન, ૨૩ તેને ચકોર, તેના વંશમાં નવમો શિવસ્વાતિ, તેને ગોમતી, તેને પુરીમાન, ૨૪ તેને મેદશિરા, તેને શિવસ્કંદ, તેને યજ્ઞશ્રી, તેને વિજય, તેને ચંદ્રવિજ્ઞ, અને તેને સલોમધિ નામનો પુત્ર થશે. ૨૫ બળિથી સલોમધિ સુધીના ઉપર લખેલા ત્રીશ રાજાઓ, ચારસેં છપ્પન વર્ષ સુધી પૃથ્વીનું રાજ્ય કરશે. ૨૬ પછી આભીર જાતના સાત રાજાઓ અવભૂતિ નામની નગરીમાં થશે, પછીદશ રાજાઓ 'ગર્દભિ' નામથી ઓળખાતા થશે. પછી સોળ લાલચુ રાજાઓ કંક જાતના થશે. ૨૭ પછી આઠ યવનરાજાઓ થશે. પછી ચૌદ તુર્ક જાતના રાજાઓ થશે. પછી દશ ગુરૂંડ જાતના રાજાઓ થશે. ઉપર બતાવેલા પાંસઠ રાજાઓ વિષયલંપટ થશે, અને તેઓ એક હજારને નવ્વાણું વર્ષ સુધી પૃથ્વીપર રાજ્ય કરશે. તે પછી અગીયાર મૌન જાતના રાજાઓ થશે. ૨૮-૨૯ એ મૌન રાજાઓ ત્રણસેં પાંસઠ વર્ષ સુધી પૃથ્વી ભોગવશે. તેઓની પછી કિલકિલા નામના નગરમાં ભૂતનંદ નામનો રાજા થશે, પછી વંગિગિ, પછી તેનો ભાઇ શિશુનંદિ, પછી યશોનંદી, અને પછી પ્રવીરક નામનો રાજા થશે. તેઓ એકસોને છ વર્ષ સુધી રાજ્ય કરશે. ૩૦-૩૧ તે પછી ભૂતનંદન વગેરેના તેર પુત્રો કે જેઓ બાહ્લિક નામથી ઓળખાશે તેઓ રાજ્ય કરશે. પછી બીજો પુષ્પમિત્ર નામનો રાજા થશે; પછી તેનો મિત્ર દુર્મિત્ર રાજા થશે. ૩૨ પછી ઉપર લખેલા બાહ્લિકોમાંથી સાત આંધ્ર દેશના, સાત કોશલ દેશના, વૈદૂર દેશના અને નિષધ દેશના રાજાઓ થશે. તેઓ દેશના નામથી પ્રખ્યાત થશે, અને એક સમયમાં જુદા જુદા ખંડના રાજાઓ થઇને રાજ્ય કરશે. ૩૩ માગધવંશમાં વિશ્વસ્ફુર્જિ નામનો રાજા થશે, તે પુરંજય નામથી ઓળખાશે. તેના પછી બીજો એક પુરંજય નામનો દુષ્ટ રાજા થશે. તે બ્રાહ્મણાદિકને વટલાવીને પુલિંદ, યદુ, અને મદ્રક નામના મ્લેચ્છ કરશે. અને ઘણું કરીને બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય વગરની પ્રજાનું સ્થાપન કરશે. એ મહાપરાક્રમી દુષ્ટ પુરંજય રાજા ક્ષત્રિયોનો નાશ કરીને પદ્માવતી નગરીમાં રહી હરિદ્વારથી પ્રયાગ સુધી રક્ષાતી પૃથ્વીનું રાજ્ય કરશે. ૩૪-૩૫ પછીસોરઠ, અવંતી, (માળવા)આભીર, શુદ્ર, અર્બુદ માળવ નામના દેશોમાં રહેનારા દ્વીજો ઉપનયન સંસ્કારનો ત્યાગ કરીને ઘણુંકરીને શુદ્રો જેવા થઇ જશે. ૩૬ સિંધુ નદીના કાંઠાપર, ચંદ્રભાગાના કિનારાપર, કૌન્તી નદીના કિનારાપર અને કાશ્મીર દેશમાં શુદ્રો સંસ્કારથી ભ્રષ્ટ થયેલા ચંડાળો, મ્લેચ્છો અને વેદને નહિ માનનારા દ્વીજો રાજ્ય કરશે. ૩૭ હે રાજા! એ રાજાઓ એકજ સમયમાં થશે, વળી તેઓ મ્લેચ્છના જેવા હોઇ અધર્મી, મિથ્યા ભાષણ કરનારા, થોડું આપનારા, અત્યંત ક્રોધી, સ્ત્રી, બાળક, ગાયો તથા દ્વીજોને મારનારા, પરસ્ત્રીલંપટ, પરધનના લાલચુ, વારંવાર ઉદય અસ્ત પામનારા, થોડી ધીરજવાળા, અને અલ્પાયુષી થશે. ૩૮-૩૯ વળી તેઓ ગર્ભાધાનાદિક સંસ્કારોથી રહિત, કોઇ પણ જાતની ધર્મક્રિયા નહી કરનારા, રજોગુણ તથા તમોગુણથી વ-

રાયલા, માત્ર રાજાઓનું રૂપજ ધારણ કરનારાં અને મ્લેચ્છો હોઇ પ્રજાઓનું ધન હરણ કરીને તેઓને પીડનારા થશે. ૪૦ એ રાજાઓના દેશમાં રહેનારા લોકો પણ તેઓના જેવાંજ શીળ, આચાર અને વાદ ધરાવનારાં થશે. એ લોકો પરસ્પર લડી મરવાથી, તથા રાજાઓએ આપેલી પીડાથી નાશ પામશે. ૪૧

तन्नाथास्ते जनपदास्त च्छीलाचारवादिनः॥

अन्यो यतो राजभिश्च क्षयं यास्यंतिपीडिताः॥

ઇતિશ્રી ભાગવત મહાપુરાણના દ્વાદશ સ્કંધનો ૧ લો અધ્યાય સંપુર્ણ.

અધ્યાય ૨ જો.

કળિયુગમાં ભગવાન કલ્કિ અવતાર ધરીને અધર્મીઓનો નાશ કરશે.

શ્રીશુકઉવાચ.

ततश्चानुदिनं धर्मःसत्यं शौचं क्षमादया ॥

कालेन बलिना राजन्नंक्ष्यंत्यायुर्बलंस्मृतिः॥

શ્રી શુકદેવજી કહે છે—હે પરીક્ષિત રાજા! તે પછી મહા બળવાન કાળને લીધે દિવસે દિવસે ધર્મ, સત્ય, પવિત્રતા, ક્ષમા, દયા, આયુષ્ય, બળ અને સ્મૃતિ નાશ પામતાં જશે. ૧ કળિયુગમાં જે મનુષ્યની પાસે ધન હશે તેજ કુળવાન, સદાચારી અને ગુણવાન ગણાશે, જે વધારે બળવાળો હશે તેજ ધર્મિષ્ઠ અને ન્યાયી ગણાશે. ૨ સ્ત્રી તથા પુરૂષોના સંબંધમાં કુળ કે ગોત્ર કામ લાગશે નહી, પણ માત્ર પ્રીતિજ કારણરૂપ થશે. લેવડ દેવડમાં અત્યંત કપટ કરશે, સ્ત્રી પુરૂષોનું ઉત્તમપણું કુળ કે આચાર ઉપરથી નહી પણ કેવળ રતિ કરવામાં કુશળતા ઉપરથી ગણાશે, બ્રાહ્મણપણું માત્ર જનોઇથી જ ગણાશે. ૩ પરસ્પર માન આપવામાં તથા આશ્રમોને ઓળખવામાં માત્ર દંડ અને મૃગચર્માદિક નિશાનીજ કારણરૂપ થશે, પણ તેઓનો સદાચાર કારણરૂપ ગણાશે નહી. ન્યાયાધીશો લાંચીયા થશે, જેઓ લાંચ નહી આપે તેઓ હારશે, ઘણું બોલનારોજ પંડિત ગણાશે. ૪ નિર્ધન મનુષ્ય દુષ્ટ ગણાશે, જે ઢોંગી હશે તે સાધુ ગણાશે, પરણવામાં ક્રિયા કારણરૂપ નહી ગણાય પણ સ્વીકારજ કારણરૂપ ગણાશે, નહાવું એજ શણગાર ગણાશે. ૫ ગુરૂ કે મા બાપ તીર્થરૂપ ગણાશે નહી, પણ જે જળાશય દુર હશે તેજ તીર્થ ગણાશે, કેશ સારા રાખવા એજ શોભા ગણાશે; પેટ ભરવું એજ પુરૂષાર્થ ગણાશે; જેનામાં લુચ્ચાઇ વધારે હશે તેજ સાચો ગણાશે ૬ કુટુંબનું પોષણ કરવું એજ ચતુરાઇ ગણાશે; યશને માટેજ ધર્મ કરવામાં આવશે. આ પ્રમાણે દુષ્ટ પ્રજાઓથી ભુમંડળ વ્યાપ્ત થતાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્રમાં જે મનુષ્ય બળવાન હશે તે રાજા થશે. એ લોભી, નિર્દયી અને ચોર જેવા રાજાઓ પ્રજાઓની સ્ત્રીઓ તથા ધનનું હરણ કરવા લાગશે, તેથી પ્રજા વનમાં નાશી જશે, અને ત્યાં શાક, મુળ, માંસ, મધ, ફળ, ફુલ તથા બીયાં ખાઇને નિર્વાહ કરશે. ૭-૮ દુકાળથી અને રાજાઓના કરોથી દુખી થતી પ્રજા અનાવૃષ્ટિ, ટાઢ, તડકો, વરસાદ, વાયુ, ઝાકળ અને હિમથી તથા પરસ્પરના કજીઆથી નાશ પામશે. ૧૦ વળી તે ભુખ, તરસ, રોગ, સંતાપ તથા ચિંતાથી પણ દુખી થશે. કળિયુગમાં વધારેમાં વધારે આયુષ્ય વીશ કે ત્રીશ વર્ષનું થશે. ૧૧ કળિના દોષથી પ્રાણીઓનાં શરીર નાનાં થઇ જશે, વર્ણ તથા આશ્રમના મનુષ્યોનો વેદોક્ત ધર્મ નાશ પામશે. ૧૨ પાખંડી ધર્મો ઘણા વધી જશે, ઘણું કરીને રાજાઓ ચોરના જેવાંજ કામ કરવા લાગશે, મનુષ્યો ચોરી, જુઠું બોલવું તથા મિથ્યા હિંસા કરવાની આજીવિકા લઇ બેસશે. સઘળી વર્ણ શુદ્ર જેવી થઇ જશે; ગાયો બકરીઓ જેવી થઇ જશે; આશ્રમોમાં એક ગૃહસ્થાશ્રમજ રહેશે; સં

બંધીઓમાં વેહેવાઇનો સંબંધજ મુખ્ય ગણાશે; ઔષધીઓ ઘણીખરી સુક્ષ્મ થઇ જશે; વૃક્ષોમાં ખીજડાજ ઘણા રહેશે; વરસાદમાં ઘણુ ભાગે વીજળીઓજ થયા કરશે; સર્વે લોકોનાં ઘરો ધર્માદિકથી રહિત થઇ જશે. ૧૫ આ પ્રમાણે તીક્ષ્ણ ક્રૂરવાળો કળિયુગ પુરો થવા લાગશે, ત્યારે ધર્મનું રક્ષણ કરવાને માટે ભગવાન સત્વગુણથી અવતાર ધારણ કરશે. ૧૬ સ્થાવર જંગમના ગુરૂ, ઈશ્વર અને સર્વાત્મા શ્રી વિષ્ણુનો અવતાર સત્પુરૂષોના ધર્મનું રક્ષણ કરવાને અને કર્મબંધનો તોડીને મોક્ષ આપવાને માટે થાય છે. ૧૭ ભગવાનનો એ કલ્કિ અવતાર સંભલ નામના ગામમાં વિષ્ણુયશા નામના મહાત્મા બ્રાહ્મણને ઘેર થશે. ૧૮ જગત્પતિ, આઠ સિદ્ધિઓવાળા અને ઉત્તમ કાન્તિવાળા કલ્કિ ભગવાન દેવતાઓએ આપેલા, ઉતાવળા વેગવાળા, અને દુષ્ટ લોકોને દમનારા ઘોડા ઉપર બેશીને તે ઘોડાની શીઘ્રગતિથી પૃથ્વીમાં ફરીને રાજાઓના વેશથી ઢંકાયેલા કરોડો ચોરોનો નાશ કરશે. ૧૯-૨૦ સઘળા ચોર લોકોનો નાશ થઇ ગયા પછી નગર તથા દેશના લોકોને ભગવાનના અંગમાં લગાવેલાં પવિત્ર ચંદનાદિકના સુગંધિમય વાયુનો સ્પર્શ થશે, તેથી લોકોનાં મન નિર્મળ થશે. ૨૧ અને તેઓનાં હૃદયમાં સત્વગુણી ભગવાન રહેવાથી તેઓની પ્રજાનાં શરીર મોટાં થવા લાગશે. ૨૨ આ પ્રમાણે કલ્કિ ભગવાન અવતાર ધરશે ત્યારે સત્યયુગનો પ્રવેશ થશે. અને પ્રજા પણ સત્વગુણી ઉત્પન્ન થશે. ૨૩ જ્યારે ચંદ્ર, સૂર્ય અને બૃહસ્પતિ એ ત્રણ ગ્રહો સાથેજ પુષ્ય નક્ષત્રમાં પ્રવેશ કરશે, ત્યારે સત્યયુગ બેસશે. ૨૪ હે રાજા! ચંદ્રવંશી તથા સુર્યવંશી જે રાજાઓ થઇ ગયા, હમણાં છે અને હવે પછી થશે, તેઓનાં નામ ટુંકાણમાં મેં તમને કહી સંભળાવ્યાં. ૨૫ તમારા જન્મથી માંડીને નંદરાજાને રાજ્યાભિષેક થતા સુધીમાં પંદરસેં દશ વર્ષ વીતી જશે. ૨૬ આકાશમાં સપ્તર્ષિઓ ઉગે છે, ત્યારે તેમાં પ્રથમ ઉગેલા બે તારાઓના મધ્યમાં દક્ષિણ દિશામાં સમ પ્રદેશમાં રહેલું જે નક્ષત્ર જોવામાં આવે છે, ૨૭ તે નક્ષત્ર સાથેજ સપ્તર્ષિઓ જોડાઇને રહેલા છે, તેઓ સો વર્ષ સુધી જોડાઇને રહે છે. એ સપ્તર્ષિઓ તમારા જન્મ સમયે મઘા નક્ષત્રમાં હતા અને હાલ પણ એજ નક્ષત્રમાં રહેલા છે. ૨૮ શ્રીકૃષ્ણ ભગવાનની શુદ્ધ સત્વગુણી દેહ જ્યારે વૈકુંઠમાં ગયો, ત્યારથી પૃથ્વી ઉપર કળિયુગે પ્રવેશ કર્યો છે, આ યુગમાં લોકોનાં મનનું વલણ પાપ તરફજ રહે છે. ૨૯ જ્યાં સુધી લક્ષ્મીપતિ શ્રી કૃષ્ણ ભગવાન પોતાનાં ચરણ કમળથી પૃથ્વીને સ્પર્શ કરતા હતા, ત્યાં સુધી કળિયુગ પૃથ્વી ઉપર આવી પુગ્યો હતો, તોપણ પૃથ્વીનો પરાભવ કરી શક્યો ન હતો. ૩૦ જ્યારથી સપ્તર્ષિઓ મઘા નક્ષત્રને ભોગવવા લાગ્યા છે, ત્યારથી દેવતાઓનાં બારસેં વર્ષ જેટલા કાળનો કળિયુગ બેઠો છે. ૩૧ એ સપ્તર્ષિઓ જ્યારે મઘા નક્ષત્રમાંથી પુર્વાષાઢામાં પ્રવેશ કરશે, ત્યારથી કળિયુગ વધવા લાગશે, તે નંદરાજાના રાજ્યના સમયમાં બહુજ વધી જશે. ૩૨ ભુત ભવિષ્યને જાણનારા વિદ્વાનો કહે છે કે-શ્રીકૃષ્ણ ભગવાન જે દિવસે અને જે ઘડીએ સ્વધામમાં પધારી ગયા, તેજ દિવસે અને તેજ ઘડીએ કળિયુગે પ્રવેશ કર્યો છે. ૩૩ કળિયુગનું પ્રમાણ દેવતાઓનાં બારસેં વર્ષનું છે, તે પૂરાં થયા પછી પાછો સત્યયુગ બેસશે. લોકોનાં મન આત્માને જાણવામાં સમર્થ થશે એજ સત્યયુગનું ચિહ્ન જાણવામાં આવશે. ૩૪ પૃથ્વી ઉપર મનુના વંશની સ્થિતિના જેવા ફેરફાર કહ્યા તેવાજ ફેરફાર પ્રત્યેક યુગમાં બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો અને શુદ્રોની સ્થિતિઓના થાય છે. ૩૫ હાલમાં નામ માત્રથી ઓળખાતા અને જેઓની માત્ર વાતોજ રહી ગઇ છે એવા મહાત્મા પુરૂષોની કીર્તિજ પૃથ્વી ઉપર રહી છે કોઇનું રાજ્ય કે વંશ રહ્યા નથી. ૩૬ પરંતુ ચંદ્રવંશના શંતનુ રાજાનો ભાઈ દેવાપિ અને ઇક્ષ્વાકુ વંશનો સૂર્યવંશી મરૂ રાજા એ બે મોટા યોગબળથી કલાપ ગામમાં રહે છે. ૩૭ કળિયુગને અંતે એ બન્ને રાજાઓ ભગવાનની આજ્ઞાથી પા-

છા અહીં આવીને લોકમાં પ્રથમની પેઠે જ વર્ણ તથા આશ્રમના ધર્મો પ્રવર્તાવશે. ૩૮ સત્ય, ત્રેતા, દ્વાપર અને કળિ, એ અનુક્રમથી એ ચાર યુગ પૃથ્વી ઉપર સર્વ પ્રાણીઓમાં રહેલા છે. ૩૯ હે પરીક્ષિત રાજા ! મેં કહેલા એ રાજાઓ અને બીજાઓ પણ આ પૃથ્વી માટે મમતા કરીને અંતે પૃથ્વીનો ત્યાગ કરીને મરણ પામ્યા છે. ૪૦ રાજા કહેવાતા દેહનું પણ મૃત્યુ પછી કીડા, વિષ્ટા અથવા રાખોડી નામ પડેછે, એવા નાશવંત દેહને માટે બીજાં પ્રાણીઓનો દ્રોહ કરનારનો કયો સ્વાર્થ સિદ્ધ થાય છે? કોઇ પણ થતો નથી. એ દ્રોહ કરવાથી તો નરકજ મળેછે. ૪૧ "આ અખંડ પૃથ્વીને મારા પૂર્વજોએ કેવી રીતે પાળી હતી ? તે પૃથ્વી મારી પાસે, મારા પુત્રની પાસે, મારા પૌત્રની પાસે, અને મારા વંશજોની પાસે કેવી રીતે અવિચળ રહે ?" આવી મમતાથી પૃથ્વીને તથા અગ્નિ, તેજ તથા જળમય કાયાને અહંતાથી ગ્રહણ કરી બેઠેલા મૂર્ખ રાજાઓ છેવટે એ પૃથ્વીને અને પોતાની કાયાને છોડીને ચાલ્યા ગયા છે. ૪૨-૪૩ હે રાજા ! જે જે રાજાઓ પોતાની શક્તિથી પૃથ્વીને ભોગવતા હતાં, તે સર્વને કાળે કથાઓમાં કેવળ કહેવા માત્ર કરી મૂક્યા છે. ૪૪

ये ये भूपतयो राजन् भुंजन्ति वसुमोजसा।
कालेन ते कृताः सर्वे कथामात्राः कथासु च ॥

ઇતિ શ્રી ભાગવત મહાપુરાણના દ્વાદશ સ્કંધમાં "કળિમહિમા કથન" નામનો ૨ જો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૩ જો..

પૃથ્વીનાં વચનોથી રાજાના દોષાદિકનું વર્ણન તથા કળિમાં ભગવાનને નમસ્કાર કરવાનું મહાત્મ્ય.

શ્રી શુકઉવાચ.

दृष्ट्वात्मविजये व्यग्रान् नृपान् हसति भूरियम्
अहामा विजिगीषंति मृत्योः क्रीडनका नृपाः

શ્રી શુકદેવજી કહે છે—પોતાને જીતવા માટે વ્યગ્ર મનના થયેલા રાજાઓને જોઇને આ પૃથ્વી હસે છે કે–અહો ! આ કાળનાં રમકડાંરૂપ રાજાઓ મને જીતી લેવાને ઇચ્છે છે ! ૧ વિદ્વાન રાજાઓનો પણ એવો મનોરથ નિષ્ફળ થશે, કે જે મનોરથવડે રાજાઓ ફીણ જેવા દેહની ઉપર ઘણો વિશ્વાસ રાખી બેઠા છે. ૨ રાજાઓ મનમાં ધારે છે કે ' અમે પ્રથમ છ ઇંદ્રિયોને જીતીને રાજ્યના મંત્રીઓને વશ કરીશું, પછી કંટકરૂપ શત્રુઓનો પરાભવ કરીને એ રાજાના મંત્રીઓ, નગરના રહેવાસીઓ, વિશ્વાસુજનો તથા મોટા મોટા હાથીઓને તાબે કરી લેઇશું. ૩ એ પ્રમાણે ફરતા સમુદ્રવાળી પૃથ્વી જીતી લઇશું " આ પ્રમાણે આશાથી બંધાયેલા હૃદયવાળા રાજાઓ માથે ભમતા કાળને દેખતા નથી. ૪ કેટલાક રાજાઓ સમુદ્ર પર્યંત રહેલી એવી મને જીતીને મોટી તૃષ્ણાથી સમુદ્રની સામે પારના દેશોમાં પ્રવેશ કરે છે. ઇંદ્રિયોનો જય કરવાથી આ ફળ મળે છે, પણ તે તુચ્છ છે, ખરૂં ફળ તો મુક્તિજ છે. ૫ મારો ત્યાગ કરીને મનુઓ તથા મનુના પુત્રો જેમ આવ્યા હતા તેમજ ચાલ્યા ગયા છે, તે મને આ મૂર્ખ રાજાઓ યુદ્ધમાં જીતી લેશે! ૬ મારે માટે પિતા પુત્ર વચ્ચે અને ભાઇઓ ભાઇઓ વચ્ચે કંકાશ થાય છે, કે જે દુષ્ટ મનુષ્યોનું મન રાજ્યમાં મમતાથી બંધાઇ ગયું હોય છે. ૭ " હે મુર્ખા ! આ બધી પૃથ્વી મારીજ છે, તારી નથી " આ પ્રમાણે બકનારા રાજાઓ પરસ્પર જીતી લેવાને માટે

એક બીજાને મારે છે અને મરે છે. ૮ પૃથુરાજા, પુરૂરવા, ગાધિ, નહુષ, ભરત, અર્જુન, માંધાતા, સગર, રામ, ખટ્વાંગ, ધુંધુહા, રઘુ, ૯ તૃણબિંદુ, યયાતિ, શર્યાતિ, શંતનુ, ગય, ભગીરથ, કુવલયાશ્વ, કકુત્સ્થ, નૈષધ, નૃગ, ૧૦ હિરણ્યકશિપુ, વૃત્રાસુર, લોકોને રડાવનારો રાવણ, નમુચિ, શંબર, નરકાસુર, હિરણ્યાક્ષ, તારકાસુર, ૧૧ અને બીજા પણ મહા બળવાન દૈત્યો અને રાજાઓ કે જેઓ સર્વ વસ્તુને જાણનારા, શુરા, સર્વને જીતનારા તથા અજીત હતા, ૧૨ તેઓ સર્વ મરણ ધર્મવાળા મારામાં મોટી મમતા કરીને મરી ગયા છે. તેઓના મનોરથ પુરા નહીં થતાં તેઓને કાળે માત્ર કથારૂપે બાકી રાખ્યા છે. ૧૩ હે પરીક્ષિત રાજા! લોકોમાં યશ વિસ્તારીને મરી ગયેલા મહા બળવાન રાજાઓની આ કથાઓ મેં તમારી પાસે કહી, તે વિષયોનું નિઃસારપણું તથા વૈરાગ્યનું નિરૂપણ કરવામે માટે કહી છે. એ કથાઓ માત્ર વાણીના વિલાસરૂપ છે, પણ પરમાર્થરૂપ નથી. ૧૪ એ કથાઓમાં અમંગળનો નાશ કરનારા ભગવાનના ગુણાનુવાદો વારંવાર કહેવામાં આવે છે, તેટલોજ તેમાં પુરૂષાર્થરૂપ ભાગ છે. શ્રી કૃષ્ણ ભગવાનને વિષે નિર્મળ ભક્તિની ઇચ્છા રાખનારા પુરૂષે તેનું વારંવાર શ્રવણ કરવું. ૧૫

પરીક્ષિત રાજા પૂછે છે—હે શુકમુનિ! વૃદ્ધિ પામેલા કળિયુગના દોષોને કળિયુગના લોકોએ કયા ઉપાયથી ટાળવા? એ ઉપાય મને કહો. ૧૬ યુગો, યુગોના ધર્મો અને પ્રલય તથા કલ્પનાં પ્રમાણ કે જેઓ મહાત્મા અને ઇશ્વર એવા વિષ્ણુના સ્વરૂપભૂત કાળની ગતિરૂપ છે, તે વિષે પણ મને કહો. ૧૭

શ્રી શુકદેવજી કહે છે—હે રાજા! સત્યયુગમાં ધર્મ ચાર પાયાથી પ્રવર્તે છે, અને તે સમયના લોકો તેને ધારણ કરેછે, સત્ય, દયા, તપ અને અભયદાન, એ ચાર પાયા ધર્મના છે. ૧૮ સત્યુગમાં ઘણું કરીને લોકો સંતોષી, દયાળુ, સર્વ પ્રાણીઓના મિત્ર, શાંત, જીતેંદ્રિય, દુઃખ સહન કરનારા, આત્મારામ, સમદૃષ્ટિવાળા અને આત્મજ્ઞાનના અભ્યાસી હોય છે. ૧૯ ત્રેતાયુગમાં મિથ્યા ભાષણ, હિંસા, અસંતોષ તથા કલેશ, એ ચાર અધર્મના પાયાઓથી ધીરે ધીરે ધર્મના દરેક પાયાનો ચોથો ચોથો ભાગ ક્ષીણ થાયછે. ૨૦ એ યુગમાં લોકો ઘણું કરીને તપમાં નિષ્ઠાવાળા, બહુ હિંસા નહી કરનારા, વિષયોમાં આસક્ત નહી રહેનારા, ધર્મ અર્થ અને કામને સેવનારા, વેદાધ્યયનમાં કુશળ અને બ્રાહ્મણને સર્વોત્તમ ગણનારા હોય છે. ૨૧ દ્વાપર યુગમાં હિંસા, અસંતોષ, મિથ્યાભાષણ અને દ્વેષ, એ ચાર અધર્મના પાયાઓથી તપ, દયા, સત્ય અને દાન એ ચાર ધર્મના પાયાઓમાંથી અરધો અરધો ભાગ ક્ષીણ થાયછે. એ યુગમાં લોકો ઘણું કરીને યશસ્વી, મોટા ગૃહસ્થ, વેદાધ્યયનમાં પ્રીતિવાળા, ધનવાન, કુટુંબી, આનંદી અને ક્ષત્રિયો તથા બ્રાહ્મણોને ઉત્તમ ગણનારા હોયછે. ૨૩ કળિયુગમાં તો અધર્મોના પાયાની વૃદ્ધિ પામવાથી ધર્મના પાયાનો માત્ર ચોથો ભાગ બાકી રહે છે, અને તે પણ અંતે ક્ષીણ થઇ જાય છે. ૨૪ કળિયુગમાં ઘણા ખરા લોકો લોભી, દુરાચારી, દયા વગરના, નકામું વૈર બાંધી બેસનારા, અભાગીયા, અત્યંત તૃષ્ણાઓવાળા, અને શુદ્ર લોકો તથા દાસજનો ઉત્તમ ગણાય છે. ૨૫ પુરૂષમાં સત્વ, રજ અને તમ એ ત્રણ ગુણ દેખાય છે, અને કાળની પ્રેરણાથી ચિત્તમાં ફર્યા કરે છે. ૨૬ જ્યારે મનુષ્યનાં મન, બુદ્ધિ અને ઇંદ્રિયો સત્વ ગુણમાં પ્રવર્તે ત્યારે સત્યયુગ જાણવો, કારણ કે તેથી જ્ઞાનમાં તથા તપમાં રૂચિ થાય છે. ૨૭ હે બુદ્ધિશાળી! જ્યારે પ્રાણીઓને સકામ કર્મો કરવામાં પ્રીતિ થાય ત્યારે રજો ગુણની વૃત્તિયુક્ત ત્રેતાયુગ જાણવો. ૨૮ જ્યારે પ્રાણીઓને લોભ, અસંતોષ, માન, દંભ, મત્સર અને સકામ કર્મોમાં પ્રેમ થાય, ત્યારે રજોગુણ તથા તમોગુણની અધિકતાવાળો દ્વાપરયુગ જાણવો. ૨૯ લોકોમાં જ્યારે કપટ, જુઠાણું, આળસ, નિદ્રા, હિંસા, દુઃખ, શોક, મોહ, ભય અને દીનતા થાય, ત્યારે

તમો ગુણની અધિકતાવાળો કળિયુગ જાણવો. ૩૦ કળિયુગના મનુષ્યો નીચ બુદ્ધિવાળા, થોડા ભાગ્યવાળા, ઘણું ખાનારા, નિર્ધન અને વિષયી થશે. સ્ત્રીઓ સ્વચ્છંદી અને વ્યભિચારીણી થશે. ૩૧ દેશમાં ચોર લોકોનું જોર વધી પડશે, વેદો પાખંડીઓથી દૂષિત થઇ જશે, રાજાઓ પ્રજાનું ભક્ષણ કરનારા થશે, અને બ્રાહ્મણો ઉદરનું પોષણ તથા ઉપસ્થ ઇંદ્રિયને તૃપ્ત કરવામાં મચ્યા રહેનારા થશે. ૩૨ બ્રહ્મચારીઓ સદાચાર રહિત તથા અપવિત્ર થશે, ગૃહસ્થો કોઇને ભિક્ષા નહી આપતાં પોતે ભિક્ષા માગશે, તપસ્વીઓ વનને છોડી દઇને ગામમાં રહેશે, સંન્યાસીઓ ધનની લોલુપતા રાખશે. ૩૩ સ્ત્રીઓ ટુંકી કાયાવાળી, ઘણું ખાનારી, ઘણાં છોકરાં જણનારી, નિર્લજ, નિત્ય કઠોર વચનો બોલનારી અને બહુ ચોરી કરનારી, કપટી તથા સાહસ કરનારી થશે. ૩૪ કપટી વેપારીઓ વેપાર કરશે, અને સર્વ લોકો આપત્કાળ આવ્યા વિના સત્પુરૂષોએ ધિક્કારી કાઢેલી આજીવિકાને સારી ગણશે. ૩૫ ચાકર લોકો પોતાના સર્વોત્તમ સ્વામીને નિર્ધન થવાથી છોડી દેશે, અને સ્વામી પોતાના કુળના જુના ચાકરને તે અશક્ત થતાં તેને છોડી દેશે, લોકો વાંઝણી ગાયોનો ત્યાગ કરશે. ૩૬ કળિયુગમાં લોકો પિતા, ભાઇ, મિત્ર, સંબંધીઓ અને જ્ઞાતિ ભાઇઓનો ત્યાગ કરીને સુરત સંબંધી સ્નેહજ રાખનારા થશે. અને લોકો સ્ત્રીઓને વશ થઇ સાળા તથા સાળીઓની સાથે એકમત થશે. ૩૭ શુદ્ર લોકો તપસ્વીઓના જેવા વેશથી આજીવિકા ચલાવી દાન લેશે, અને ધર્મને નહી જાણનારા લોકો ઊંચાં આસનો પર બેસીને ધર્મોપદેશ કરશે. ૩૮ હે રાજા! પૃથ્વી અન્નવગરની થઇ જશે, તેથી લોકો નિરંતર ખેદ કર્યા કરશે, દુકાળથી અને રાજાના કરોથી પીડાતા લોકો અનાવૃષ્ટિના ભયથી આતુર થશે. ૩૯ વળી લોકો વસ્ત્ર, અન્ન, પાન, શયન, મૈથુન, સ્નાન તથા આભૂષણ વગરના અને પિશાચ જેવા થઇ જશે. ૪૦ વળી કળિયુગમાં લોકો એક કોડી જેટલા ધનને માટે પણ પરસ્પર લડી મરીને સ્નેહ છોડી દેશે, અને પોતાના પ્રિય સંબંધીઓનો નાશ કરશે, અને વહાલા પોતાના પ્રાણનો પણ ત્યાગ કરશે. ૪૧ વળી માણસો પોતાનાં ઘરડાં માતપિતાનું પણ રક્ષણ નહી કરે, અને શિશ્ન તથા ઉદરને તૃપ્ત કરનારાં માબાપ સઘળા વિષયોમાં કુશળ એવા પોતાના પુત્રોની પણ રક્ષા નહી કરે. ૪૨ હે પરીક્ષિત રાજા! જગતના પરમગુરૂ તથા ત્રૈલોક્યાધિપતિઓ પણ જેમનાં ચરણારવિંદમાં પ્રણામ કરે છે, એવા અચ્યુત ભગવાનની પાખંડથી ભેદાયેલા ચિત્તવાળા લોકો પૂજા કરશે નહી. ૪૩ મનુષ્ય મૃત્યુ સમયે આતુર થતાં, પડતાં, ઠેસ વાગતાં અને પરાધીનપણામાં જેમનું નામ લે તો કર્મરૂપી પાશમાંથી છુટીને ઉત્તમ ગતિને પામે છે, એવા ભગવાનને કળિયુગનાં લોકો પૂજશે નહી. ૪૪ હવે કળિયુગના દોષો દૂર કરવાના ઉપાય કહું છું. શ્રી પુરૂષોત્તમ ભગવાન ચિત્તમાં રહેલા હોવાથી કળિયુગથી થયેલા અને દ્રવ્ય, દેશ તથા ચિત્તથી ઉત્પન્ન થયેલા મનુષ્યોના સર્વ દોષોને હરે છે. ૪૫ મનુષ્યના હૃદયમાં રહેલા ભગવાનનુ શ્રવણ કરવાથી, કીર્તન કરવાથી, પૂજન કરવાથી કે આદર કરવાથી તે મનુષ્યોના દશહજાર જન્મનાં પાપનો નાશ કરે છે. ૪૬ જેમ સુવર્ણમાં રહેલો અગ્નિ ધાતુના સંબંધથી થયેલા મેલને દૂર કરે છે, તેમ હૃદયમાં રહેલા ભગવાન પણ યોગીઓની અશુભ વાસનાને દૂર કરે છે. ૪૭ શ્રી હરિ અનંત ભગવાન હૃદયમાં રહેવાથી જેવું અંતઃકરણ અત્યંત શુદ્ધ થાય છે, તેવું ઉપાસના, તપ, પ્રાણાયામ, મૈત્રી, તીર્થસ્નાન, વ્રત, દાન કે જપથી શુદ્ધ થતું નથી. ૪૮ માટે હે રાજા! તમારો અંતકાળ પાસે આવેલો છે, તેથી સાવધાન થઇને સર્વ પ્રકારે ભગવાનને હૃદયમાં રાખો, જેથી તમે ઉત્તમ ગતિ પામશો. હે રાજા! મનુષ્યે અંતકાળે સર્વાત્મા તથા સર્વાશ્રયરૂપ ભગવાનનું ધ્યાન કરવું, જેથી ભગવાન તેને પોતાનું સ્વરૂપ

આપે છે. ૫૦ હે રાજા ! કળિયુગ જો કે દોષોના ભંડારરૂપ છે, પરંતુ તેમાં એક મોટો ગુણ એ છે કે-તેમાં ભગવાનનું કીર્તન કરવાથીજ મનુષ્ય સર્વ બંધનોથી છુટીને પરમ પદ પામે છે. ૫૧ સત્યયુગમાં શ્રી વિષ્ણુ ભગવાનનું ધ્યાન કરવાથી, ત્રેતાયુગમાં યજ્ઞોવડે યજન કરવાથી, અને દ્વાપરયુગમાં સેવા પરિચર્યા કરવાથી જે ફળ થાય છે, તે જ ફળ કળિયુગમાં શ્રી હરિનું કીર્તન કરવાથી થાય છે. ૫૨

कृते यद् ध्यायतो विष्णुं त्रेतायां यजतो मखैः
द्वापरे परिचर्यायां कलौ तद्धरि कीर्तनात् ॥

ઇતિ શ્રી ભાગવત મહાપુરાણના દ્વાદશ સ્કંધમાં "કલિ મહાત્મ્ય" નામનો ૩ જો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૪ થો.

ચાર પ્રકારના પ્રલય, અને હરિકીર્તનથી થતો સંસારનો ઉદ્ધાર.

શ્રી શુકઉવાચ.

कालस्ते परमाण्वादि द्विपरार्धावधिर्नृप ॥
कथितो युगमानं च श्रृणु कल्पलयावपि ॥

શ્રી શુકદેવજી કહે છે—હે રાજા ! મેં તમને પરમાણુથી માંડીને બે પરાર્ધ સુધીના કાળવિષે અને યુગોનાં પ્રમાણવિષે (તૃતીય સ્કંધમાં) કહ્યું છે. હવે હું કલ્પ તથા લયના પ્રમાણ વિષે કહું છું તે સાંભળો. ૧ ચારહજાર યુગનો બ્રહ્માનો એક દિવસ થાયછે, તેમાં ચાદ મનુઓ થાયછે. બ્રહ્માનો એક દિવસ તે કલ્પ કહેવાયછે. ૨ એ કલ્પ પૂરો થયા પછી એવડીજ બ્રહ્માની રાત્રિ થાયછે, તેને પ્રલય કહેછે. એ પ્રલયમાં ત્રૈલોક્યનો લય થઇ જાયછે, ૩ એને 'નૈમિત્તિક પ્રલય' કહેછે, કારણ કે એ પ્રલયમાં નારાયણ ભગવાન ત્રૈલોક્યને પોતાને વિષે લીન કરીને શેષનાગ ઉપર પોઢેછે, અને બ્રહ્મા નારાયણને વિષે સુવેછે. બ્રહ્માની નિદ્રારૂપ નિમિત્તથી આ પ્રલય થાય છે, તેથી તે નૈમિત્તિક પ્રલય કહેવાયછે. ૪ જ્યારે બ્રહ્માના આયુષ્યનાં બે પરાર્ધ વર્ષ પૂરાં થઇ જાયછે, ત્યારે મહત્તત્વ, અહંકાર અને પાંચ તન્માત્રાઓ, એ સાતે પ્રકૃતિઓ લય પામેછે, ૫ માટે એ પ્રલયને 'પ્રાકૃતિક પ્રલય' કહેછે. જે પ્રલયમાં નાશનું કારણ પ્રાપ્ત થવાથી ઉપર કહેલી સાત પ્રકૃતિઓ તથા તેનાં કાર્યરૂપ સઘળું બ્રહ્માંડ પણ લય પામેછે. ૬ એ પ્રલય થવા લાગશે ત્યારે સો વર્ષસુધી પૃથ્વીપર વરસાદ વરસશે નહી, તેથી અન્ન નાશ પામશે. તેથી ભૂખથી પીડાતી, કાળથી ઉપદ્રવ પામતી અને એક બીજાને ખાવા ધાતી પ્રજા ધીરે ધીરે નાશ પામશે. ૭ પછી પ્રલયકાળનો સૂર્ય પોતાનાં ભયંકર કિરણોવડે સમુદ્રના, દેહના અને પૃથ્વીના સઘળા રસ ચુસી લેશે, અને તે રસ પાછા મૂકશે નહી. ૮ તે પછી શેષનાગના મુખમાંથી નીકળેલો પ્રલયકાળનો અગ્નિ ઉજડ થઇ ગયેલી પૃથ્વીને બાળી દેશે. ૯ એ વખતે અગ્નિ તથા સૂર્યની જવાળાઓથી ઉપર, નીચે અને ચોતરફથી બળી ગયેલું બ્રહ્માંડ બળી ગયેલા છાણા જેવું દેખાશે, ૧૦ પછી પ્રલયકાળનો ભયંકર પવન એક સો કરતાં વધારે વરસસુધી ફુંકાશે, અને ધુળથી ઘેરાયેલું આકાશ ધુમ્ર રંગનું થઇ જશે. ૧૧ તે પછી અનેક રંગવાળાં અનેક મેઘમંડળો સો વરસ સુધી વરસશે, અને ભારે ગર્જનાઓ કરશે, તેથી બ્રહ્માંડરૂપી ગુફામાં રહેલું જગત જળમય થઇ રહેશે. ૧૨ જ્યારે સઘળું જગત પાણીમાં ડુબી જશે ત્યારે પાણી પૃથ્વીના ગુણ ગંધને ગળી જશે, ગંધનો નાશ થતાં પૃથ્વીનો નાશ થશે. ૧૩ પછી પાણીના ગુણ જે રસ છે તેને તેજ ગળી જશે; તેથી જળ તેજમાં લય પામશે. પછી તેજનો ગુણ જે રૂપ છે તેને વાયુ ગળી જશે, એટલે રૂપ વગરનું તેજ વાયુમાં લય પામશે. પછી વાયુના ગુણ સ્પર્શને આકાશ ગળી જશે, તેથી ગુણરહિત થયેલા વાયુનો આકાશમાં લય થશે. પછી આકાશ-

ના ગુણ શબ્દને તામસાહંકાર ગળી જશે, તેથી આકાશ તામસાહંકારમાં લય પામશે. પછી ઇંદ્રિયોને તેઓની વૃત્તિઓ સહિત રાજસાહંકાર ગળી જશે, અને ઇંદ્રિયોના દેવતાઓને તેઓની વૃત્તિ સાથે સાત્વિક અહંકાર ગળી જશે. ૧૪-૧૬ પછી એ ત્રણ પ્રકારના અહંકારને મહત્તત્વ ગળી જશે, મહત્તત્વને સત્વાદિક ગુણો ગળી જશે, અને સત્વાદિક ગુણોને કાળે પ્રેરેલી પ્રકૃતિ (માયા) ગળી જશે, અર્થાત એ ત્રણે ગુણો માયામાં લીન થશે. ૧૭ એ માયાનો લય થતો નથી, કાળના રાત્રિદિવસરૂપ અવયવોથી તેમાં ફેરફાર આદિ વિકાર થતો નથી, એને આદિ, મધ્ય કે અંત નથી, તે સ્પષ્ટ દેખાતી નથી, તેની ક્ષય વૃદ્ધિ થતીનથી, નિરંતર એકરૂપે જ રહેછે, અને તે સર્વનું કારણ છે. ૧૮ એ માયાને વિષે વાણી, મન, સત્વગુણ, રજોગુણ, તમોગુણ, મહત્તત્વાદિક વિકાર, પ્રાણ, બુદ્ધિ, ઇંદ્રિયો, ઇંદ્રિયોના દેવતા, અને આ જગતરૂપી રચના એમાંનું કશું વિભક્ત રહેતું નથી. ૧૯ વળી એમાં જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થાઓ તથા આકાશ, જળ, પૃથ્વી, વાયુ, અગ્નિ, કે સૂર્ય એ રહેતાં નથી. વળી એ માયાને ઇંદ્રિયો નહી હોવાથી સુષુપ્તિના જેવી અને તર્કમાં આવે નહી એવી હોવાથી શુન્ય જેવી લાગેછે, પણ તે શુન્ય નથી; કારણ કે એ માયારૂપી તત્વને મૂળતત્વ કહેલું છે. ૨૦ આ માયા અથવા મૂળતત્વની એટલે પુરૂષ તથા પ્રકૃતિની સત્વાદિક શક્તિઓ કાળથી પરાભવ પામી પરવશ થઇને લય પામેછે, ત્યારે પ્રાકૃતિક પ્રલય થાયછે. ૨૧ હવે આત્યંતિક પ્રલય કહુંછું. મોક્ષ એજ આત્યંતિક પ્રલય સમજવો; કારણ કે એ મોક્ષ બ્રહ્મજ્ઞાનથી સર્વ પ્રપંચના પ્રલયરૂપ છે. આ પ્રલય જો આત્માની પેઠે સત્ય હોય તો તેનો લય થાય નહી; પરંતુ જ્ઞાનરૂપ પરબ્રહ્મથી પ્રપંચ જૂદો છે જ નહી, એ વિષે તમને કહુંછું. બુદ્ધિ, ઇંદ્રિયો અને તેના વિષયો એ અનુક્રમે ગ્રાહક, તેનાં સાધન અને ગ્રાહ્યરૂપે ગણાય છે, તે આકારથી તેઓના અધિષ્ઠાનરૂપ એક જ્ઞાનજ પ્રકાશેછે, તેઓ જ્ઞાનથી જૂદી સત્તા ધરાવતાં નથી. રજ્જુમાં પ્રતીત થતો સર્પ જેમ દૃશ્યપણાને લીધે કારણથી જૂદો નથી, અને આદિ અંતવાળો હોવાથી મિથ્યા છે, તેમ જ્ઞાન (બ્રહ્મ) માં પ્રતીત થયેલો બુદ્ધિ આદિક પ્રપંચ પણ દૃશ્યપણાને લીધે કારણથી જૂદો નહી હોવાથી અને આદિ અંતવાળો હોવાથી મિથ્યા છે. ૨૨ જેમ દીવો, નેત્ર અને રૂપ એ ત્રણે પોતાનાં કારણરૂપ તેજથી જૂદાં નથી, તેમજ બુદ્ધિ, ઇંદ્રિયો અને વિષયો પણ પોતાના કારણરૂપ બ્રહ્મથી જૂદાં નથી. જેમ રજ્જુથી સર્પ જુદો નથી અને મિથ્યા છે, પણ રજ્જુ સર્પથી જુદી અને સત્ય છે, તેમ આ પ્રપંચ બ્રહ્મથી જુદો નથી અને મિથ્યા છે, પણ બ્રહ્મ પ્રપંચથી જુદું અને સત્ય છે. ૨૩ હે રાજા! એ પ્રમાણે જ્યારે બુદ્ધિ મિથ્યા છે, ત્યારે બુદ્ધિની અવસ્થારૂપ જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ પણ મિથ્યાજ ઠરી ચુકી; કારણ કે એ ત્રણે અવસ્થાઓ બુદ્ધિનીજ છે. આ ત્રણ અવસ્થાઓના અભિમાનથી આત્માને વિષે વિશ્વ, તૈજસ અને પ્રાજ્ઞપણું માનવામાં આવેછે તે કલ્પિતજ છે. ૨૪ જેમ આકાશમાં કોઇવાર વાદળાં દેખાયછે અને કોઇવાર નથી દેખાતાં, તેમ અજ્ઞાન સમયે બ્રહ્મમાં જગત દેખાયછે અને જ્ઞાન સમયે નથી દેખાતું, જેમ ઘડો અવયવવાળો અને આદિ અંતવાળો હોવાથી નાશવંત છે, તેમ જગત પણ અવયવવાળું તથા આદિ અંતવાળું હોવાથી નાશવંત છે. ૨૫ સઘળા અવયવી પદાર્થોના કારણરૂપ જે અવયવ હોયછે તેજ સત્ય હોય છે. જેમ અવયવવાળા ઘટાદિક પદાર્થના કારણરૂપ માટી વગેરે છે તે સત્ય છે, તથા જેમ અવયવવાળા વસ્ત્રના કારણરૂપ તંતુઓ સત્ય છે, અને વસ્ત્રવિના પણ તંતુઓની પ્રતીતિ થાયછે, તેમજ જગતવિના પણ બ્રહ્મની પ્રતીતિ થાય છે. માટે જગતના કારણરૂપ બ્રહ્મ સત્ય

અને જગત મિથ્યા છે. ૨૬ જે કાર્ય કારણરૂપે, ગુણ ગુણીરૂપે, વિશેષણ વિશેષ્યરૂપે અને વ્યાપ્ય વ્યાપકાદિરૂપે જણાય છે, તે સર્વ ભ્રમરૂપ જ છે, કારણ કે તે સર્વમાં એક બીજાનાં આશ્રયરૂપા દોષ આવેછે, કેમકે તેઓ અરસપરસ એક બીજાને સિદ્ધ કરેછે. તેઓમાંના એકના વિના બીજાની સિદ્ધિ થતી નથી. માટે બ્રહ્મમાં કારણપણા વગેરે ધર્મો આરોપેલા છે, પરંતુ વાસ્તવિક રીતે નથી, જે જે વસ્તુ એક બીજાની અપેક્ષાવાળી હોય તે તે આદિ અંતવાળી હોયછે, અને જે આદિ અંતવાળી હોયછે તે મિથ્યાજ હોયછે, માટે કારણપણાદિક ધર્મો પણ મિથ્યા છે. જે જે પદાર્થ દશ્ય હોયછે, તે બ્રહ્મરૂપ હોયછે, કારણ કે દૃશ્ય પદાર્થો સ્વપ્નાની પેઠે સામાન્ય તથા વિશેષરૂપ હોયછે, અને વળી એકબીજાના આશ્રયથી સિદ્ધ થાયછે. ૨૭ એવાં અનેક કારણોથી પ્રપંચનું મિથ્યાપણું સિદ્ધ થાયછે. આ ઠેકાણે તમને શંકા થશે કે—આ પ્રપંચ તો સ્પષ્ટ પ્રકાશે છે, માટે તેનું આત્માની પેઠે સત્યપણું કેમ ન ઘટે ? તેનું એ સમાધાન છે કે—જો કે વિકારરૂપ પ્રપંચ પ્રકાશેછે, તોપણ આત્માના પ્રકાશ વગર તેનું અણુ માત્ર પણ નિરૂપણ થઇ શકતુ નથી, અને જો નિરૂપણ કરવામાં આવે તો તે પ્રપંચ સ્વયંપ્રકાશરૂપ થઇને આત્માથી પોતાની ભિન્ન સત્તાને ધરાવી શકતોજ નથી. સત્ય પદાર્થમાં અનેકપણું હોય નહી, અને પ્રપંચમાં અનેકપણું છે, તેથી તે મિથ્યા છે. ૨૮ આત્મામાં પણ જીવ અને બ્રહ્મરૂપે ભેદ જોવામાં આવેછે; તોપણ તે ભેદ ઘટાકાશ અને મહાકાશના ભેદ જેવો છે. આકાશમાં રહેલા સૂર્ય અને પાણીમાં રહેલા તેના પ્રતિબિંબના ભેદ જેવો છે, તથા બહાર અને અંદર રહેલા પ્રાણવાયુના ભેદ જેવો છે, ઘટાકાશ પરિછિન્ન અને મહાકાશ અપરિછિન્ન છે, તોપણ એ બેની વચ્ચે ઉપાધિ સિવાય કશો ભેદ નથી, તેમ જીવ પરિછિન્ન અને બ્રહ્મ અપરિછિન્ન છે, એ બેની વચ્ચે પણ ભેદ નથી, પાણીમાં રહેલો સૂર્ય કંપાદિક વિકારવાળો છે અને આકાશમાં રહેલો સૂર્ય તે વિકારથી રહિત છતાં જેમ તે બેની વચ્ચે ભેદ નથી, તેમ જીવ વિકાર સહિત અને બ્રહ્મ નિર્વિકાર છતાં પણ એ બેની વચ્ચે ભેદ નથી. પ્રાણવાયુની અને બહારના વાયુની ક્રિયાઓ જુદી જુદી છતાં જેમ તે વાયુ વચ્ચે ભેદ નથી, તેમ બ્રહ્મની સૃષ્ટિ આદિક અને જીવની સરજાવા આદિક ક્રિયાઓ જુદી જુદી છતાં પણ એ બેની વચ્ચે ભેદ નથી. ઉપાધિથી થયેલો ભેદ સ્વરૂપની એકતાનો બાધ કરી શકતો નથી, માટે ઉપાધિને લીધે મૂળ સ્વરૂપમાં ભેદ માને તેને અજ્ઞાની જાણવો. ૨૯ આ સર્વ પ્રપંચને બ્રહ્મનો આધાર છે તે વિષે કહુંછું. જેમ લોકો વ્યવહારના માર્ગોમાં તે તે રચનાઓના ભેદને લીધે એક જ સોનાને કડાં અને કુંડળાદિકરૂપે અનેક પ્રકારનું કહેછે, તેમ અહંકારરૂપ ઉપાધિવાળા લોકો વ્યવહારમાં રૂપના ભેદને લીધે એકજ ભગવાનને લોક અને વેદની ભાષાઓથી આકાશાદિકથી જુદાં જુદાં નામ આપેછે. ૩૦ જેમ સૂર્યથી ઉત્પન્ન થયેલા અને સૂર્યથી પ્રકાશ પામનારા મેઘ સૂર્યના અંશરૂપ ચક્ષુ ઇંદ્રિયને પોતાના સ્વરૂપરૂપ સૂર્યનાં દર્શન કરવામાં અડચણ કરનારા થઇ પડેછે, તેમજ બ્રહ્મનાં કાર્યરૂપ અને બ્રહ્મવડે પ્રકાશ પામેલો અહંકાર બ્રહ્મના અંશરૂપ જીવને બ્રહ્મનું જ્ઞાન થવામાં પ્રતિબંધ કરેછે. ૩૧ જેમ સૂર્યથી ઉત્પન્ન થયેલો મેઘ વીખરાઇ જાયછે ત્યારે ચક્ષુ ઇંદ્રિય જેમ પોતાના સ્વરૂપભૂત સૂર્યનું અવલોકન કરેછે, તેમ બ્રહ્મથી ઉત્પન્ન થયેલ અને પોતાના ઉપાધિરૂપ અહંકાર જ્યારે વિચારથી નાશ પામે ત્યારે જીવ પોતાના સ્વરૂપભૂત બ્રહ્મને જાણેછે. ૩૨ હે રાજા ! આ પ્રમાણે જીવ જ્યારે વિવેકરૂપી શસ્ત્રવડે માયાના અહંકારરૂપી પોતાના બંધનને કાપીને જ્યારે જીવ પરિપૂર્ણ આત્માનો અનુભવ કરે, ત્યારે આત્યંતિક પ્રલય એટલે મોક્ષ થયો કહેવાયછે. ૩૩ હે રાજા ! હવે હું તમને નિત્યપ્રલય કહુંછું:—કેટલાક સૂક્ષ્મબુદ્ધિવાળા વિદ્વાનો કહે છે કે—બ્રહ્માદિક સર્વ પ્રાણીઓ

ની ઉત્પત્તિ અને પ્રલય ક્ષણે ક્ષણે થયા કરેછે. ૩૪ જેમ પરિણામ પામનારા નદીના પ્રવાહો અને દીવાઓની શિખાઓ વગેરે પરિણામી પદાર્થોની ક્ષણે ક્ષણે અવસ્થાઓમાં ફેરફાર થાયછે, તેજ પ્રમાણે કાળરૂપ પ્રવાહના વેગથી ફેરફાર પામનારા દેહની પણ અવસ્થાઓ જોવામાં આવેછે, તે દેહાદિકની ક્ષણે ક્ષણે થતી ઉત્પત્તિ અને નાશ દર્શાવેછે. ૩૫ જેને આદિ કે અંત નથી એવા ઈશ્વરરૂપ કાળના યોગથી આકાશમાં ફરતા ચંદ્રાદિકના ગતિ જાણવામાં આવતી નથી, તેમજ કાળના યોગથી દેહાદિકની ક્ષણે ક્ષણે થનારી અવસ્થાઓ પણ જોવામાં આવતી નથીઃ જેમ ચંદ્રાદિકના એક દેશમાંથી બીજા દેશમાં જવા ઉપરથી તેની ક્ષણે ક્ષણે થતી ગતિની સ્થિતિઓ કલ્પવામાં આવેછે, તેમ દેહાદિકની પણ બાલ્ય, વૃદ્ધ વગેરે અવસ્થાઓ ઉપરથી તેની ક્ષણે ક્ષણે બદલાતી અવસ્થાઓ કલ્પવામાં આવેછે. ૩૬ આ પ્રમાણે નિત્ય, નૈમિત્તિક, પ્રાકૃતિક અને આત્યંતિક, એ ચાર પ્રકારના પ્રલયો તમારી પાસે કહ્યા. કાળની ગતિ એવી છે. ૩૭ હે રાજા! સર્વવ્યાપક જગતકર્તાની લીલા સંબંધી કથા મેં તમને ટુંકામાં કહી સંભળાવી, કારણ કે વિસ્તારથી કહેવાને તો બ્રહ્મા પણ સમર્થ નથી. ૩૮ અનેક જાતનાં દુઃખરૂપી દાવાનળથી પીડાતા અને દુસ્તર ભવસાગરને તરવાની ઈચ્છાવાળા પુરૂષને પુરૂષોત્તમ ભગવાનની લીલાઓની કથારૂપી રસના સેવન વિના બીજું કાંઇ તરવાનુ સાધન નથી. ૩૯ પૂર્વે અવિનાશી નરનારાયણ ઋષિએ આ ભાગવતરૂપી પુરાણની સંહિતા નારદજીને કહી હતી, અને નારદે વ્યાસજીને કહી હતી. ૪૦ હે સમર્થ રાજા! એ મહાત્મા વેદવ્યાસે પ્રસન્ન થઇને આ શ્રીમદ્ ભાગવત નામની વેદતુલ્ય સંહિતા મને કહી હતી. ૪૧ હે કુરૂકુળમાં શ્રેષ્ઠ રાજા! આ સંહિતા નૈમિષારણ્યમાં લાંબા કાળના યજ્ઞમાં શૌનકાદિક ઋષિઓએ પૂછવાથી સૂત પૌરાણિક તેમને કહી સંભળાવશે. ૪૨

एतां वक्ष्यत्यसौ सूत ऋषिभ्यो नैमिषालये ॥
दीर्घसत्रे कुरुश्रेष्ठ संपृष्टः शौनकादिभिः ॥

ઇતિ શ્રી ભાગવત મહાપુરાણના દ્વાદશ સ્કંધમાં "ચાર પ્રકારના પ્રલય વર્ણન" નામનો ૪ થો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૫ મો.

પરીક્ષિતને તક્ષકનાગના ડંશથી થનારા મૃત્યુના ભયનું નિવારણ.

श्री शुक उवाच.

अत्रानुवर्ण्यतेऽभीक्ष्णं विश्वात्मा भगवान्हरिः
यस्यप्रसादजो ब्रह्मा रुद्रः क्रोधसमुद्भवः ॥

શ્રી શુકદેવજી કહે છે—આ શ્રીમદ્ ભાગવતમાં વિશ્વાત્મા શ્રી હરિનાં ચરિત્રોનું વારવાર વર્ણન કરવામાં આવે છે, જે ભગવાનના હર્ષમાંથી બ્રહ્મા અને ક્રોધમાંથી રૂદ્ર ઉત્પન્ન થયા છે. ૧ હે રાજા! 'હું મરી જઇશ' એવી પશુબુદ્ધિનો ત્યાગ કરો, કારણ કે જેમ પૂર્વે દેહ ન હતો અને પછી ઉત્પન્ન થયો છે માટે નાશ પામશે, તેમ તમે (આત્મા) પૂર્વે ન હતા અને પછીથી ઉત્પન્ન થયાછો એમ નથી, માટે તમારો નાશ થશે નહી. ૨ જેમ બીજ અંકુરરૂપે ઉત્પન્ન થાય છે, અને અંકુરમાંથી બીજ ઉત્પન્ન થાય છે, તેમ દેહ પુત્ર પૌત્રાદિકરૂપે ઉત્પન્ન થઇને જન્મ ધર્યા કરે છે, માટે તમે કાષ્ટ તથા અગ્નિનીપેઠે દેહાદિકથી જુદા છો. તે પુત્ર પૌત્રાદિકરૂપે જન્મ ધરવાના નથી, કારણ કે આત્માની ઉત્પત્તિ થતી નથી. ૩ જેમ સ્વપ્નમાં દેહના મસ્તકના છેદનને પોતે જુએ છે તે કેવળ ભ્રમજ છે, તેમ જાગ્રતમાં પણ પોતાના દેહના જન્માદિક વિકાર પોતે જુએ છે, તેમાં પુત્રાદિકનો જન્મ અને પિતા વગેરેનું મરણ જોવાથી પોતાના જન્મ મરણનું અનુમાન કરે છે. માટે 'હું મરીશ' એવી ભ્રાંત કેવળ મિથ્યાજ છે. આત્મા તો અજર

અને અમર છે. ૪ આત્માને જન્મમરણાદિક ઉપાધિ દેહને લીધેજ ભ્રાંતિમય છે, તે ઉપાધિ ટળી જતાં આત્મા મુક્ત થાય છે. જેમ ઘડો ફુટી જતાં તેની અંદર રહેલું ઘટાકાશ પ્રથમના મહાકાશરૂપ થઇ જાય છે, તેમ તત્વજ્ઞાનથી દેહનો લય થતાં જીવ પ્રથમ જેવો બ્રહ્મરૂપ હતો તેવોજ પાછો થઇ જાય છે. ૫ મનજ આત્માના દેહને, ગુણોને અને કર્મોને ઉત્પન્ન કરે છે, અને એ મનને માયા ઉત્પન્ન કરે છે. એ માયા વગેરે ઉપાધિના સમુદાયથી જીવને જન્મ મરણાદિક થાય છે ૬ જ્યાં સુધી તેલ, કોડીયું, વાટ અને અગ્નિનો સંયોગ હોય, ત્યાં સુધી દીવો રહે છે, તેમ જ્યાં સુધી ત્રણ ગુણોની વૃત્તિરૂપ ઉપાધિઓનો સમુદાય હોય, ત્યાં સુધી દેહાદિકને લીધે સંસાર થાય છે, જ્યારે એ ઉપાધિ ટળી જાય છે ત્યારે સંસાર નિવૃત્ત થાય છે.* ૭ જેમ દીવો ઠરી ગયા પછી મહાભૂતરૂપ તેજ નાશ પામતું નથી, તેમ સંસાર ટળી ગયા પછી સ્વયંપ્રકાશ, સ્થુળ સૂક્ષ્મ દેહથી જુદો, આકાશની પેઠે સર્વેનો આધાર, નિર્વિકાર અને અંત તથા ઉપમાથી રહિત એવો આત્મા નાશ પામતો નથી. ૮ હે સમર્થ રાજા! શ્રી વાસુદેવ ભગવાનનાં ચિંતનથી યોગ્ય તર્કવાળી બુદ્ધિવડે આ રીતે દેહાદિકની ઉપાધિમાં રહેલા આત્માનો વિચાર કરવો. ૯ હે રાજા! તમે આવો વિચાર કરશો તો બ્રાહ્મણના વચનથી પ્રેરાયેલો તક્ષક નાગ તમને બાળશે નહી; કારણ કે કાળના પણ કાળરૂપ પરબ્રહ્મને વિષે મૃત્યુનાં કારણો ફાવી શકતાં નથી. ૧૦ 'જે હું છું તેજ બ્રહ્મ છે અને જે પરબ્રહ્મ છે તેજ હું છું' આ પ્રમાણે વિચાર કરીને નિરૂપાધિક પરબ્રહ્મમાં આત્માને સ્થાપન કરી દેશો, તો ઝેરી મુખથી તમારા પગમાં કરડતા તક્ષક નાગને, તમારા શરીરને અને જગતને પણ આત્માથી જૂદું દેખશો નહી. ૧૧-૧૨ હે તાત! તમે મને વિશ્વાત્મા ભગવાનની લીલા વિષે જે પૂછ્યું હતું તે સઘળું મેં તમને કહ્યું. હવે તમે બીજું શું સાંભળવાને ઇચ્છાછો? ૧૩

एतत्ते कथितं तात यथात्मा पृष्टवान्नृप ॥
हरे र्विश्वात्मनश्चेष्टां किं भूयः श्रोतुमिच्छसि ॥

ઇતિ શ્રી ભાગવત મહાપુરાણના દ્વાદશ સ્કંધમાં "બ્રહ્મોપદેશ" નામનો ૫ મો અધ્યાય સંપૂર્ણ

અધ્યાય ૬ ઠો.

પરીક્ષિત રાજાનો મોક્ષ.

सूत उवाच

एतन्निशम्य मुनिनाऽभिहितं परीक्षि-
द्व्यासात्मजेन निखिलात्मदृशा समेन ॥
तत्पादपद्म मुपसृत्य न तेनमूर्ध्ना
बद्धांजलिस्तमिदमाह स विष्णुरातः ॥

સૂત પૌરાણીક કહેછે—હે શૌનકાદિક ઋષિઓ! સર્વમાં આત્મદૃષ્ટિ રાખનાર અને સમબુદ્ધિવાળા શ્રી શુકદેવજીનો આ ઉપદેશ સાંભળીને પરીક્ષિત રાજાએ હાથ જોડી તેમના ચરણ કમળમાં મસ્તક નમાવીને આ પ્રમાણે પૂછ્યું. ૧

પરીક્ષિત રાજા પૂછે છે—હું કૃતાર્થ થયો છું. કારણ કે આપ દયાળુએ આદિ-અંતથી રહિત સાક્ષાત્ શ્રી હરિનો મહિમા કહી સંભળાવવારૂપ મારા ઉપર મોટો અનુગ્રહ કરેલો છે. ૨ આપના જેવા ભગવદ્રૂપ મહાત્મા પુરૂષો સંસારના તાપોથી તપેલા મૂર્ખ લોકો ઉપર અનુગ્રહ કરે, એમાં હું ઘણું આશ્ચર્ય માનતો નથી. ૩ આપની પાસેથી મેં આ શ્રીમદ્ ભાગવત નામની પુરાણ સંહિતા સાંભળી કે-જેમાં ઉત્તમ કીર્તિવાળા ભગવાનનું વર્ણન વારંવાર કરવામાં આવ્યું છે. ૪

---

* આ જગ્યાએ તેલને ઠેકાણે કર્મ, કોડીયાને ઠેકાણે મન, વાટને ઠેકાણે દેહ, અગ્નિના સંયોગને ઠેકાણે ચૈતન્યનો અધ્યાસ અને દીવાને ઠેકાણે સંસાર સમજવો.

હે મહારાજ ! હવે હું તક્ષક-આદિથી થનારા મૃત્યુઓથી ડરતો નથી; કેમકે આપે દેખાડેલા કૈવલ્યરૂપ અને નિર્ભય પરબ્રહ્મમાં હું દાખલ થયો છું. ૫ મને આજ્ઞા આપો. હું મારી વાણીને બંધ કરૂં છું, અને જેણે વાસનાઓનો ત્યાગ કરી દીધેલો છે એવા ચિત્તને ભગવાનમાં લગાડીને પ્રાણનો ત્યાગ કરૂં છું. ૬ જ્ઞાન અને વિજ્ઞાનની નિષ્ઠાથી મારૂં અજ્ઞાન અને તેના સંસ્કાર પણ ટળી ગયા છે, આપે પરમ કલ્યાણરૂપ ભગવાનનું સ્વરૂપ મને દેખાડ્યું છે. ૭

સુતજી કહે છે—હે શૌનકાદિક ઋષિઓ ! આ પ્રમાણે કહીને, રાજા પરીક્ષિતે શ્રી શુકદેવજીનું પુજન કર્યું, તેને સ્વીકારીને, મહાત્મા શુકદેવજી તેમની રજા લઈને, સંન્યાસી લોકોની સાથે ત્યાંથી ગયા. ૮ ગંગાજીના કિનારાપર પુર્વ દિશા તરફ અણીવાળા દર્ભો ઉપર ઉત્તર દિશા તરફ મુખ રાખીને બેઠેલા આસક્તિ રહિત બ્રહ્મભુત, મહાયોગી, અને જેના સંદેહ કપાઇ ગયા છે, એવા રાજર્ષિ પરીક્ષિત રાજા પણ બુદ્ધિથી મનને પરમાત્મામાં લગાડીને તેમનું ધ્યાન કરવા લાગ્યા. અને વૃક્ષની પેઠે લીનપ્રાણ થઇ ગયા. ૯ હે બ્રાહ્મણો! પછી કોપેલા બ્રાહ્મણના પુત્રનો મોકલેલો તક્ષક નાગ પરીક્ષિત રાજાનો નાશ કરવાની ઇચ્છાથી જતો હતો, ત્યાં માર્ગમાં તેણે કશ્યપ નામના બ્રાહ્મણને જોયો. ૧૦ એ બ્રાહ્મણ વિષની ચિકિત્સાથી પરીક્ષિતની રક્ષા કરીને દ્રવ્ય મેળવવાની ઇચ્છાથી આવેલો હતો, તેની પરીક્ષા કરવા માટે તક્ષક નાગે એક વડના ઝાડને પોતાની જીભથી ચાટીને બાળી દીધું, એ ઝાડને પાછું અંકુર વગેરે ક્રમથી તે બ્રાહ્મણે સજીવન કરી દીધું; ત્યારે તક્ષકે જાણ્યું કે-આ તો મારા અભિપ્રાયનો નાશ કરે એવો છે. ૧૧ પછી તેણે તે બ્રાહ્મણને જેટલું દ્રવ્ય જોઇતું હતું તેટલું આપી પ્રસન્ન કરીને પાછો વાળ્યો, અને પોતે પોતાની ઇચ્છામાં આવે એવું રૂપ બનાવવાને સમર્થ હોવાથી બ્રાહ્મણના વેષથી ગુપ્ત રહી રાજાની પાસે જઇને તેને ડસ્યો. ૧૨ પ્રથમથીજ બ્રહ્મભૂત થયેલા રાજાની પાસે તક્ષકનું આવવું પિષ્ટપેષણની પેઠે વ્યર્થજ થયું, સર્વ પ્રાણી માત્રના દેખતાં એ રાજર્ષિ પરીક્ષિતનું શરીર ઝેરના અગ્નિથી તુરત ભસ્મ થઇ ગયું. ૧૩ પૃથ્વીમાં, આકાશમાં અને સર્વ દિશાઓમાં ભારે હાહાકાર થયો. દેવ,અસુર અને મનુષ્ય-આદિ સર્વ લોકો આશ્ચર્ય પામ્યા. ૧૪ દેવતાઓનાં દુંદુભિ વાગવા લાગ્યાં. ગંધર્વ તથા અપ્સરાઓ ગાવા લાગી, પુષ્પોની વૃષ્ટિ થવા લાગી, અને વિદ્વાન લોક 'સારૂં થયું, સારૂં થયું, એમ કહેવા લાગ્યા. ૧૫ જનમેજય રાજા પોતાના પિતાને તક્ષક નાગે ડસેલા સાંભળી ક્રોધથી બ્રાહ્મણોને એકઠા કરીને, યજ્ઞમાં સર્વ નાગ લોકોને હોમવા લાગ્યો. ૧૬ એ સર્પ યજ્ઞના પ્રદીપ્ત થયેલા અગ્નિમાં મોટા મોટા નાગોને બળતા જોઇને ભયથી ઉદ્વેગ પામેલો તક્ષક ઇંદ્રને શરણે ગયો. ૧૭ પરીક્ષિતના પુત્ર જનમેજય રાજાએ પોતાના યજ્ઞમાં તક્ષકને નહી જોવાથી બ્રાહ્મણોને કહ્યું કે-'સર્પ લોકોમાં અધમ તક્ષક કેમ બળતો નથી ?' ૧૮ ત્યારે બ્રાહ્મણોએ કહ્યું કે-"હે રાજેન્દ્ર ! પોતાને શરણે આવેલા એ તક્ષક નાગની ઇંદ્ર રક્ષા કરે છે અને તેણે એ સર્પને રોકી રાખ્યો છે, તેથી અગ્નિમાં પડતો નથી." ૧૯ આવાં બ્રાહ્મણોનાં વચન સાંભળીને ઉદાર બુદ્ધિવાળા જનમેજય રાજાએ ઋત્વિજોને કહ્યું કે-"હે બ્રાહ્મણો ! જો એમ છે તો ઇંદ્ર સહિત તક્ષકને અગ્નિમાં કેમ હોમી દેતા નથી?" ૨૦ એવાં જનમેજય રાજાનાં વચન સાંભળીને બ્રાહ્મણોએ યજ્ઞમાં 'હે તક્ષક ! મરૂદ્ગણના સ્વામી ઇંદ્રની સાથે તું અહિં તુરત પડ' એ પ્રકારે મંત્રોથી બોલાવ્યો. ૨૧ બ્રાહ્મણોનાં કહેલાં આવા પ્રકારનાં કઠોર વાક્યોથી તક્ષક સહિત ઇંદ્ર પોતાના સ્થાનથી વિમાન સહિત ચળ્યો, અને મનમાં વ્યાકુળ થયો. ૨૨ ઇંદ્રને વિમાન સાથે તક્ષક સહિત આકાશમાંથી પડતો જોઇને, અંગિરાના પુત્ર બૃહસ્પતિએ તે જનમેજય રાજાને કહ્યું કે-૨૩ 'હે રાજા ! આપના હાથથી આ સર્પ રાજનો વધ ન થવો જોઇએ; કેમકે એણે

અમૃતપાન કરેલું છે, અને તેથી એ અજર અને અમર થઇ ગયેલો છે. ૨૪ આપના પિતાના મરણ માટે તક્ષકના ઉપર આપે ક્રોધ ન કરવો જોઇએ, કારણ કે પ્રાણીનું જીવન, મરણ અને પરલોક એ સર્વ પોતાનાં કર્મોથીજ થાય છે. હે રાજા! માટે સુખ અથવા દુઃખ આપનારો બીજો કોઇ પણ નથી. ૨૫ હે રાજા! સર્પ, ચોર, અગ્નિ, વિજળી કે રોગાદિકથી જીવનું જે મરણ થાય છે, તે તેને પોતાના પ્રારબ્ધકર્મોનોજ ભોગ મળે છે, એમ જાણવું. સર્પાદિક કોઇ રીતે સ્વતંત્ર નથી; પરંતુ તેઓને તો પ્રારબ્ધકર્મજ પ્રેરે છે. ૨૬ હે રાજા! એ માટે હિંસાયુક્ત યજ્ઞને આટલેથીજ બંધ કરો. અને બિચારા બીજા નિરપરાધી સર્પ બળી ગયા, તેમાં તમારો પણ દોષ નથી; કેમકે જીવ પોતાના પ્રારબ્ધકર્મનેજ ભોગવે છે. ૨૭

સૂત પૌરાણિક કહે છે—હે શૌનકાદિક ઋષિઓ! આ પ્રમાણે બૃહસ્પતિજીએ કહ્યું, ત્યારે તેમનાં વચનને માન આપવા માટે જનમેજયે બૃહસ્પતિનું કહેવું માન્ય કર્યું, અને સર્પયાગ સમાપ્ત કરીને બૃહસ્પતિજીની પુજા કરી. ૨૮ બ્રાહ્મણે કોપ કરીને પરીક્ષિતનો વધ કર્યો અને જનમેજયે ક્રોધ કરીને સર્પોનો વધ કર્યો. તે કોપ કરવારૂપ મોહ વિદ્વાનોને પણ થયો, એમાં કાંઇ આશ્ચર્ય માનવા જેવી વાત નથી; કેમકે વિષ્ણુ ભગવાનની માયા મહાઅતર્ક્ય અને ટાળી ન ટળે એવી છે,જેથી વિષ્ણુનાજ અંશરૂપ પ્રાણીઓ બીજા પ્રાણીઓ ઉપર ક્રોધાદિક વૃત્તિઓને લીધે મોહિત થઇ જાય છે. ૨૯ એ માયા આત્મવિચાર વગર બીજાં સર્વ સ્થળોમાં નિર્ભય રહે છે, આત્મવાદી પુરૂષ જ્યારે વારંવાર આત્મવિચાર કરે છે, ત્યારે 'તે મહા કપટકારિણીછે' એ પ્રકારે જાણેલી માયા નિર્ભય રીતે પ્રકાશિત થઇ શકતી નથી; પરંતુ જાણે ડરતી હોય, એવા પોતાના મોહાદિક કાર્યને ન કરતાં કોઇ પ્રકારે પોતાનો નિર્વાહ કરે છે, અને આત્મવિચારમાં માયાના આશ્રયવાળા અનેક પ્રકારના વાદ અને સંકલ્પ વિકલ્પરૂપ વૃત્તિવાળું મન પણ રહેતું નથી. ૩૦ તેમજ જેમાં ઇંદ્રિયો, કર્મ અને એ બન્નેથી થનારાં ફળ તથા એ ત્રણેથી સંબંધ રાખનારો અહંકારાત્મક જીવ પણ રહેતો નથી, માટે જેમાં સર્વ બાધ્ય અને બાધકોનો નિષેધ કર્યો છે એવા પરબ્રહ્મમાં વિવેકી પુરૂષે પોતાની ઇચ્છાથી રમણ કરવું. ૩૧ અનાત્મ પદાર્થોનો ત્યાગ કરવાને ઇચ્છનારા અને તેથી દેહાદિકના અહંભાવને તજીને, આત્મા વગર બીજી કોઈ વસ્તુમાં પ્રેમ ન રાખનારા વિદ્વાન લોક 'નેતિ નેતિ' એવા નિગમ વાક્યવડે જણાતા આત્મસ્વરૂપનેજ વિષ્ણુનું પરમપદ કહે છે, કે જેનું સમાધિનિષ્ઠ પુરૂષોએ ધ્યાન—આદિથી હૃદયમા આલિંગન કરીને, પરિપૂર્ણ રૂપથી નિશ્ચય કર્યો છે. ૩૨ જેને દેહ અને ઘરમાં 'હું અને મારૂં' એવુ મિથ્યાભિમાન ન હોય, તેજ વિષ્ણુના પરમપદને પામે છે. ૩૩ પારકાં દુર્વચનોને સહન કરે. કોઇનું અપમાન ન કરે. અને આ દેહમાં અભિમાન રાખીને કોઇની સાથે વેર ન કરે, આવાં આચરણથી પરબ્રહ્મને પામે છે. ૩૪ મહાત્મા અને અકુંઠિત જ્ઞાનવાળા વેદવ્યાસજીને હું પ્રણામ કરૂં છું કે-જેમના ચરણારવિંદના ધ્યાનથી હું આ ભાગવત સંહિતા ભણ્યો છું. ૩૫

શૌનક પુછે છે—હે શાંત ગુણવાળા સુતજી! વ્યાસજીના શિષ્ય વેદોના પ્રવર્તક પૈલ-આદિ મહાત્મા ઋષિઓએ વેદોના કેટલા વિભાગ કર્યા છે? એ મને કહો. ૩૬

સુતજી કહે છે—હે શૌનક! સમાધિ લગાવીને બેઠેલા પરમેષ્ઠી બ્રહ્માના હૃદયાકાશમાંથી પ્રથમ નાદ ઉત્પન્ન થયો, જે નાદ કાનમાં આંગળી ઘાલીને સાંભળવાથી આપણા અનુભવમાં આવે છે. ૩૭ અને જે નાદની ઉપાસનાથી યોગીજન અધિભૂત, અધ્યાત્મ અને અધિદૈવ રૂપ મળને ધોઇને મોક્ષ પામે છે. ૩૮ એ નાદમાંથી સ્વયંપ્રકાશ અને જેની ઉત્પત્તિ સ્પષ્ટ જાણવામાં આવતી નથી, એવા અકાર-આદિ ત્રણ અક્ષરમય 'ૐકાર' પ્રકટ થયેલ છે. એ 'ૐકાર' સર્વવ્યાપક પરમાત્મા ભગવાનને જણાવે

છે. ૩૯ કે-જે પરમાત્મા સર્વ શુન્ય થઇ જવા છતાં પણ, પોતે જાણનાર હોવાથી કાન બંધ કરવા છતાં પણ એ ૐકારને સાંભળે છે, પરંતુ જીવ તો ઇંદ્રિયોને આધીન હોવાથી કાન બંધ થવાના સમયમાં કાંઇ પણ સાંભળી શકતો નથી. સુતેલો મનુષ્ય કોઇનો શબ્દ સાંભળીને જાગે છે, ત્યારે એ શબ્દ કોણે સાંભળ્યો ? એમ જો વિચાર કરવામાં આવે તો, ઇંદ્રિયો લીન હોવાથી જીવ તો સાંભળી શકતો નથી; પરંતુ પરમાત્માજ સાંભળે છે, અને જીવને જગાડે છે, એ સમયે જીવને જે કાંઇ નાદનો અનુભવ થાય છે, તે પરમાત્માને લઇને થાય છે, એમ જાણવું. હૃદયાકાશમાં આત્માથી પ્રકટ થયેલ એ 'ૐકાર' થી વૈખરીવાણી પ્રકટ થઇ છે. ૪૦ પોતાના આશ્રયરૂપ અને સર્વવ્યાપક સાક્ષાત પરમાત્માના નામરૂપ એ 'ૐકાર' જ સર્વ મંત્રોનું સુક્ષ્મ રૂપ છે, કારણ કે-એજ નિરાકાર વેદોનું બીજ છે. ૪૧ હે શૌનક! એ 'ૐકાર' ના અકાર, ઉકાર અને મકારરૂપ ત્રણ અક્ષરો છે, કે-જેમાં સત્વ, રજ અને તમ એ ત્રણ ગુણો ઋગ્વેદ, યજુર્વેદ, અને સામવેદ; ભુર્લોક, ભુવર્લોક અને સ્વર્લોક તથા જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ ઇત્યાદિ ત્રણ સંખ્યાવાળા પદાર્થોનો અનુક્રમથી સમાવેશ કલ્પવામાં આવેલો છે. ૪૨ બ્રહ્માએ એ ત્રણ અક્ષરોમાંથી અક્ષરોનો સમુદાય રચેલો છે કે-જે સમુદાયમાં અંતસ્થ (य र ल व), ઉષ્મ (श ष स ह) સ્વર (अ થી औ સુધીના અક્ષર), સ્પર્શ (क થી म) સુધી હ્રસ્વ અને દીર્ઘ અક્ષરો આવી જાય છે. ૪૩ બ્રહ્માએ યજ્ઞ સંબંધી કર્મોનો ઉપદેશ કરવાને માટે એ અક્ષરોના સમુદાયમાંથી ચાર મુખોદ્વારા વ્યાહૃતિઓ (ભૂઃ, ભુવઃ, સ્વઃ)અને ૐકાર સહિત ચાર વેદો રચ્યા છે. ૪૪ બ્રહ્માએ વેદાધ્યયનમાં નિપુણ પોતાના પુત્ર મરીચિ-આદિ બ્રહ્મર્ષિઓને તે વેદ ભણાવ્યા. અને ધર્મનો ઉપદેશ કરનારા એ બ્રહ્મર્ષિઓએ પોતાના પુત્રોને ભણાવ્યા. ૪૫ એ વેદ નિયમ ધારણ ક[illegible] શિષ્ય અને પ્રશિષ્યોની પરંપરાથી ચારે યુગોમાં ચાલ્યા આવે છે. તે દ્વાપર યુગના અંતમાં મહર્ષિઓએ તેના વિભાગ કરેલા છે. ૪૬ કારણ કે-કળિયુગમાં લોક કાળના બળથી અલ્પાયુષી હીનપરાક્રમી, અને મંદબુદ્ધિના થવા લાગ્યા, એ જોઇને હૃદયમાં વિરાજેલા ભગવાનના પ્રેરેલા એ ઋષિઓએ વેદના વિભાગ કર્યા. ૪૭ હે શૌનક ! આ વૈવસ્વત મન્વંતરમાં તો ધર્મના રક્ષણ માટે બ્રહ્મા અને શ્રી સદાશિવ આદિ લોકપાળોની પ્રાર્થનાથી લોકોના પાળક ભગવાન પોતાની માયાના સત્વગુણના અંશથી વેદવ્યાસરૂપે પારાશર ઋષિના વીર્યથી સત્યવતીના ગર્ભમાંથી પ્રકટ થયેલા છે. અને તેમણે વેદના ચાર વિભાગ કરેલા છે. ૪૮-૪૯ જેમ અનેક મણિઓના ઢગલામાંથી માણિક્ય—આદિ મણિ વીણીને જુદા કરવામાં આવે છે, તેમ મંત્રોના સમુહરૂપ એક વેદમાંથી ઋગ્, યજુષ્, સામ અને અથર્વણ નામના મંત્રોને તે તે વર્ગોના અનુસાર જુદા જુદા કાઢીને ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ નામની ચાર સંહિતા વેદ વ્યાસજીએ બનાવી છે. ૫૦ હે શૌનક ! પછી મહામતિ વેદ વ્યાસજીએ ચાર શિષ્યોને બોલાવીને પ્રત્યેકને એ સંહિતાઓમાંથી એકેક સંહિતા આપી. ૫૧ પૈલને બહ્વૃચા નામની પહેલી ઋગ્વેદની સંહિતા ભણાવી, વૈશંપાયનને નિગદ નામની યજુર્વેદની સંહિતા ભણાવી. ૫૨ જૈમિનીને છંદોગ નામની સામવેદની સંહિતા ભણાવી, અને સુમંતુ નામના પોતાના શિષ્યને અથર્વાંગિરસી નામના અથર્વવેદની સંહિતા ભણાવી. ૫૩ પૈલ મુનિએ ઇંદ્ર પ્રમિતિ અને બાષ્કલ નામના બે શિષ્યોને પોતાની સંહિતા ભણાવી. હે શૌનક ! બાષ્કલે પોતાની સંહિતાના ચાર ભાગ કરીને બોધ્ય, યાજ્ઞવલ્કય, પરાશર અને અગ્નિમિત્ર એ ચાર શિષ્યોને ભણાવી. આત્મજ્ઞાની ઇંદ્રપ્રમિતિએ માંડુક્ય નામના પોતાના વિદ્વાન શિષ્યને પોતાની સંહિતા ભણાવી. માંડુક્ય પાસેથી દેવમિત્ર ભણ્યા. દેવમિત્રે પોતાના શિષ્ય સૌ-

ભારી વગેરે શિષ્યોને ભણાવી. ૫૬ માંડૂકેયના પુત્ર શાકલ્યે પોતાની સંહિતાના પાંચ ભાગ કરીને વાત્સ્ય, મુદ્ગલ, શાલીય, ગોખલ્ય, અને શિશિર નામના શિષ્યોને ભણાવી. ૫૭ શાકલ્યના છઠ્ઠા શિષ્ય જાતૂકર્ણે પોતાની સંહિતાના ત્રણ વિભાગ કરીને અને વૈદિક પદાર્થોના વ્યાખ્યાનરૂપ નિરૂક્ત નામનો ચોથો ભાગ બનાવીને, બલાક, પૈજ, વૈતાલ અને વિરજ નામના પોતાના ચાર શિષ્યોને ભણાવ્યા. ૫૮ બાષ્કલના પુત્ર બાષ્કલિએ ઉપર કહેલી સર્વ શાખાઓમાંથી વાલખિલ્ય નામની સંહિતા બનાવીને, તે સંહિતા બાલાયનિ, ભજ્ય અને કાસારને ભણાવી. ૫૯ એ ઋગ્વેદની સંહિતાઓ એ બ્રહ્મર્ષિઓ ભણ્યા હતા. જે મનુષ્ય આ વેદના વિસ્તારને સાંભળે છે તે સર્વ પાપોથી છુટે છે. ૬૦ વૈશંપાયનના શિષ્યો યજુર્વેદ ભણ્યા હતા. તેથી તેઓ યજ્ઞમાં અધ્વર્યુની પદ્વીને પામ્યા હતા. તેઓએ પોતાના ગુરૂ વૈશંપાયનને બ્રહ્મહત્યાનું પાપ લાગ્યું ત્યારે તે ટાળવા માટે વ્રત કર્યું હતું, તેથી તેઓ ચરક કહેવાયા. ૬૧ બ્રહ્મહત્યાનું પ્રાયશ્ચિત કરાવવાના સમયમાં વૈશંપાયનના શિષ્ય યાજ્ઞવલ્ક્યે પોતાના ગુરૂને કહ્યું કે-'હે મહારાજ! આ થોડા બળવાળા શિષ્યો પ્રાયશ્ચિત કરશે, તેથી શું થવાનું છે? આ અત્યંત કઠણ પ્રાયશ્ચિત હું એકલો જ કરીશ. ૬૨ આવાં યાજ્ઞવલ્ક્યનાં વચન સાંભળી વૈશંપાયને કોપ કરીને કહ્યું કે-"તું બ્રાહ્મણોનું અપમાન કરનારો શિષ્ય છે, તેથી મારે તેનું કાંઇ પણ કામ નથી. તું મારી પાસેથી જે વિદ્યા ભણ્યોછે તે મને પાછી આપી દઇને અહીંથી ચાલ્યો જા. ૬૩ ગુરૂએ આ પ્રમાણે કહ્યું ત્યારે દેવરાતના પુત્ર યાજ્ઞવલ્ક્ય યજુર્વેદના મંત્રોને ઓકી કાઢીને ત્યાંથી ચાલી નીકળ્યા. પછી બીજા મુનિએ એ યજુર્વેદના મંત્રો દીઠા. ૬૪ તે મંત્રો લેવાની ઇચ્છાથી એ મુનિ લોકોએ તેતરપક્ષી બનીને તે મંત્રો લઈ લીધા, અને તેમાંથી તૈત્તિરીય એવા નામની અતિ રમણીય યજુર્વેદની શાખા [illegible] ! પછી ગુરૂની પાસે પણ ન હોય એવા વેદોની પ્રાપ્તિ માટે યાજ્ઞવલ્ક્ય મુનિએ સર્વ વેદોના સ્વામી સુર્યનારાયણની સ્તુતિ કરી. ૬૬

યાજ્ઞવલ્ક્ય સ્તુતિ કરેછે—હે સુર્યનારાયણ! ભગવાન આદિત્ય સ્વરૂપ આપ કે-જે જરાયુજ, અંડજ વગેરે ચારે પ્રકારનાં પ્રાણીઓના સમુહરૂપ બ્રહ્માથી માંડીને સ્તંભ પર્યંત સઘળા જગતના હૃદયમાં આત્મસ્વરૂપથી અને બહારના ભાગમાં ક્ષણ, લવ તથા નિમેષરૂપ અનેક અવયવવાળા વર્ષોના સમુહવાળા કાળ રૂપથી રહેલા છતાં પણ આકાશની પેઠે ઉપાધિથી આચ્છાદિત થતા નથી, અને પ્રતિવર્ષ જળના શોષણથી તથા વૃષ્ટિથી એકલાજ આ જગતની આજીવિકા ચલાવોછો. એવા આપને હું વારંવાર પ્રણામ કરૂં છું. ૬૭ હે દેવોમાં ઉત્તમ! હે વેદવિધિથી ત્રણે સમયમાં સ્તુતિ કરતા ભક્ત લોકોના સર્વ પાપ, દુઃખ અને અજ્ઞાનને ભસ્મ કરનારા!! હે સુર્ય!!! આપનું જે આ મંડળ પ્રતિદિવસ તપ્યા કરે છે, તેનું હું સન્મુખ ઉભો રહીને સારી રીતે ધ્યાન કરૂં-છું-૬૮ હે સુર્ય! આપ આ જગતમાં પોતાના સ્થાને રૂપ સ્થાવર-જંગમ અનેક જીવોના અચેતનરૂપ, મન, ઇંદ્રિય અને પ્રાણના સમુહોને અન્તર્યામી આત્મરૂપથી પ્રેરોછો, માટે આપને હું વારંવાર પ્રણામ કરૂંછું. ૬૯ હે સુર્ય! મહા દયાળુ આપ કે-જે અત્યંતવિકરાળ મુખવાળા અંધકાર નામના અજગરે ગળેલા અને તેથી શબની પેઠે ભાન રહિત થયેલા આ લોકને જોઇને દયાને લીધે દર્શનદ્વારાજ ઉઠાડીને પ્રતિદિવસ, સમો સમયે કલ્યાણરૂપ સ્વધર્મ નામની આત્મનિષ્ઠામાં પ્રવૃત્ત કરોછો, અને રાજાની પેઠે દુષ્ટ લોકોને ભય આપતા ભ્રમણ કરો છો, તેને હું વારંવાર પ્રણામ કરૂંછું. ૭૦ વળી ઇંદ્રાદિક દિગ્પાળો પોતપોતાનાં સ્થાનમાં રહીને કમળના કેશ સરખી અંજળિયોથી અર્ઘ આપે છે, તે આપ ભગવાનને હું વારંવાર પ્રણામ કરૂં છું. ૭૧ હે ભગવાન! આપ આવા જગત રક્ષક છો, માટે બીજાઓ

એ યથાર્થ રીતે નહી જાણેલા સારવાળા યજુર્વેદના મંત્રો જાણવાની ઇચ્છાથી હું ત્રૈલોક્યના અધિપતિઓથી વંદાતાં આપનાં ચરણારવિંદની સેવા કરૂં છું. ૭૨

સુતજી કહે છે—હે શૌનક! આ પ્રમાણે યાજ્ઞવલ્કયે સ્તુતિ કરી, ત્યારે તે સ્તુતિથી પ્રસન્ન થયેલા સુર્યનારાયણે ઘોડાનું રૂપ ધારણ કરીને યાજ્ઞવલ્કયને કદી ન ભુલાય એવા યજુર્વેદના મંત્ર આપ્યા. ૭૩ પછી યાજ્ઞવલ્કયે એ સેંકડો મંત્રોમાંથી પંદર શાખાઓ પ્રકટ કરી, સુર્યે પોતાની કેશવાળીથી અથવા વેગથી આપી, તેથી એ શાખાઓ વાજસનેયી નામથી પ્રખ્યાત થઇ. એ શાખાઓ કણ્વ અને માધ્યંદિન ઋષિઓએ ગ્રહણ કરી. ૭૪ સામવેદનું ગાન કરનારા જૈમિનીમુનિએ પોતાના સુમંતુ નામના પુત્રને તથા તેના પુત્ર સુન્વાનને એક સંહિતા ભણાવી. ૭૫ બીજો સુકર્મા નામનો જૈમિનીનો એક મહા બુદ્ધિવાન શિષ્ય હતો, તેણે સામવેદરૂપ વૃક્ષના અનેક મંત્રોમાંથી જુદી જુદી સંહિતાઓ બનાવીને એક હજાર શાખા કરી. ૭૬ સુકર્માથી કોશલ્ય હિરણ્યનાભ, પૌષ્યંજી, અને બ્રહ્મવેત્તા આવંત્ય એ શિષ્યોએ એ સંહિતાઓનો અભ્યાસ કર્યો. ૭૭ એ હિરણ્યનાભ, પૌષ્યંજી અને આવંત્યની પાસેથી પાંચસો શિષ્ય સામવેદ ભણ્યા હતા. એ સર્વ જો કે ઉત્તર દિશાના નિવાસી હતા; તોપણ કાળને લીધે પુર્વ દિશાના રહેનારા કહેવાયા. ૭૮ પૌષ્યંજીને લોગાક્ષિ, માંગલિ, કુલ્ય, કુશીદ અને કુક્ષિ નામના શિષ્ય હતા, તેઓએ સો સો સંહિતાઓને ગ્રહણ કરી. ૭૯ હિરણ્યનાભને કૃત નામનો શિષ્ય હતો, તેણે પોતાના શિષ્યોને ચોવીશ સંહિતાઓ ભણાવી હતી, અને બાકી રહેલી સંહિતાઓ જ્ઞાની આવંત્યે પોતાના શિષ્યોને ભણાવી હતી. ૮૦

कृतो हिरण्यनाभस्य चतुर्विंशति संहिताः ॥
शिष्यऊचेस्वशिष्येभ्यः शेषाआवंत्यआत्मवान् ॥

શ્રીમદ્ મહાપુરાણ ભાગવત વિષે દ્વાદશસ્કંધમાં "વેદશાખાની રચના" નામનો છઠ્ઠો અધ્યાય સંપુર્ણ.

અધ્યાય ૭ મો.

અથર્વ વેદનો વિસ્તાર અને પુરાણોના વિભાગ તથા લક્ષણ.

सूत उवाच.

अथर्ववित्सुमन्तुश्च शिष्यमध्यापयत्स्वकाम् ॥
संहितां सोऽपि पथ्याय वेददर्शाय चोक्तवान् ॥

સુતજી કહે છે—અથર્વ વેદને જાણનારા સુમંતુએ પોતાના શિષ્ય કબંધને અથર્વ સંહિતા ભણાવી, અને કબંધે તેના બે વિભાગ કરીને પથ્ય અને વેદદર્શ નામના બે શિષ્યોને ભણાવી. ૧ વેદદર્શે પોતાની સંહિતાની ચાર શાખાઓ કરીને શૌકલાયનિ, બ્રહ્મબલિ, મોદોષ અને પિપ્પલાયનિ નામના ચાર શિષ્યોને ભણાવી, અને પથ્યે પોતાની સંહિતાની ત્રણ શાખાઓ કરીને કુમુદ, શુનક અને જાજલિ નામના ત્રણ શિષ્યોને ભણાવી. ૨ શુનકને બભ્રુ અને સૈંધવાયન નામના બે શિષ્ય હતા, તેઓ બે સંહિતા ભણ્યા. અને સૈંધવાયન વગેરેને સાવર્ણિ વગેરે તથા નક્ષત્રકલ્પ, શાંતિકલ્પ, કશ્યપ અને આંગિરસ વગેરે શિષ્યો હતા, તે સર્વ અથર્વવેદના આચાર્ય કહેવાતા હતા. હવે હું તમને પુરાણના આચાર્યો કહું છું તે સાંભળો. ૩-૪ પુરાણોના આચાર્યો છ હતા, તેઓનાં નામ ત્રય્યારૂણિ, કશ્યપ, સાવર્ણિ, અકૃતવ્રણ, વૈશંપાયન અને હારીત છે. ૫ વેદવ્યાસે પ્રથમ પુરાણોની છ સંહિતાઓ કરીને મારા પિતા રોમહર્ષણને ભણાવી હતી, અને તેમની પાસેથી ઉપર કહેલા છ શિષ્યો એક એક સંહિતા ભણ્યા હતા. એ છએનો શિષ્ય હું છું, તે છ જણા પાસેથી છ સંહિતા ભણ્યો છું. ૬ પુરાણોની મુળ સંહિતાઓ ચાર છે, તે વ્યાસના શિષ્યની પાસેથી હું, ક-

શ્યપ, સાવર્ણિ અને અકૃતવ્રણ એ ચાર જણું ભણ્યા છીએ. ૭ હે શૌનક! વેદ અને શાસ્ત્રોને અનુસરીને બ્રહ્મર્ષિઓએ પુરાણનાં જે લક્ષણો ઠરાવ્યાં છે તે હું તમને કહું છું, મન લગાડીને સાંભળો. ૮ સર્ગ, વિસર્ગ, વૃત્તિ (સ્થાન), રક્ષા (પોષણ), મન્વંતર, વંશ તથા વંશજોનું ચરિત્ર, સંસ્થા, મુક્તિ, હેતુ અને અપાશ્રય, એ દશ વિષયો જેમાં હોય તેને પુરાણનાં લક્ષણ જાણનારા વિદ્વાનો 'પુરાણ' કહે છે. વળી કેટલાક એમ કહે છે કે—સર્ગ, વિસર્ગ, વંશ, વંશજોનું ચરિત્ર અને મન્વંતર એ પાંચ વિષયો જેમાં હોય તે પુરાણ કહેવાય છે. વળી તેમાં મહાપુરાણ અને ઉપપુરાણ-એવા બે ભેદની વ્યવસ્થા કરી છે. જેમાં દશે લક્ષણો જુદાં જુદાં વર્ણવેલાં હોય તે મહાપુરાણ અને જેમાં બીજાઓનો અંતર્ભાવ કરીને પાંચ વિષયોનું જ નિરૂપણ કર્યું હોય તે ઉપપુરાણ કહેવાય છે. ૯-૧૦ હે શૌનક! પ્રકૃતિના ગુણોનો ક્ષોભ થવાથી તેમાંથી મહત્તત્વની, મહત્તત્વથી ત્રણ પ્રકારના અહંકારની, અને અહંકારમાંથી દેવતા, ઇંદ્રિયો તથા પાંચ તત્વોની જે સૃષ્ટિ થાય છે, તે 'સર્ગ' કહેવાય છે. ૧૧ ઇશ્વરે શક્તિ આપેલા મહત્તત્વાદિકમાંથી ઉત્પન્ન થએલો, પુર્વ જન્મની વાસનાવાળો. અને એક બીજમાંથી થતા બીજા બીજની પેઠે પ્રવાહરૂપે ચાલતો કાર્યરૂપ સ્થાવર જંગમ પ્રાણીઓનો જે સમુદાય તે વિસર્ગ કહેવાય છે. ૧૨ સામાન્ય રીતે જંગમ પ્રાણીઓની આજીવિકા સ્થાવર પ્રાણીઓ છે, અને જંગમ પ્રાણીઓ પણ માંસ ખાવાની પ્રીતિને લીધે આજીવિકા છે, તો તેમાં મનુષ્યોને માટે રાગથી અથવા શાસ્ત્રનાં વચનો ઉપરથી જે આજીવિકા ઠરે છે તેને 'વૃત્તિ' કહે છે. ૧૩ ભગવાન યુગે યુગે પશુ, પક્ષી, મનુષ્ય, ઋષિ અને દેવતાઓમાં અવતાર લઇ અધર્મીઓનો નાશ કરીને જે જે લીલા કરે છે તે જગતની 'રક્ષા' કહેવાય છે. ૧૪ મનુ, દેવતા, મનુના પુત્રો, ઇંદ્ર, સપ્તર્ષિઓ અને ભગવાનના અંશાવતારો, એ ૭ મળીને 'મન્વંતર' કહેવાય છે. ૧૫ બ્રહ્માથી ઉત્પન્ન થયેલા રાજાઓની ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળની પ્રજાને 'વંશ' કહે છે અને તેઓના વંશજોનાં ચરિત્રને 'વંશાનુચરિત' કહે છે. ૧૬ આ જગતના નૈમિત્તિક, પ્રાકૃતિક અને નિત્ય પ્રલયને 'સંસ્થા' અને આત્યંતિક પ્રલયને મુક્તિ કહે છે. એ ચાર પ્રકારના પ્રલય માયાથી થાય છે. ૧૭ ચૈતન્યને મુખ્ય ગણનારા કેટલાક લોક અવિદ્યાને લીધે કર્મ કરનારા જીવને અનુશાયી કહે છે, અને ઉપાધિને મુખ્ય ગણનારા લોકો અવ્યાકૃત કહે છે. તેની વાસનાઓ આ જગતની ઉત્પત્તિ વગેરે થવામાં કારણરૂપ છે, માટે તે 'હેતુ' કહેવાય છે. ૧૮ જે જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિમાં સ્વરૂપે રહેનારા છે, અને માયામય એવા વિશ્વ, તૈજસ અને પ્રાજ્ઞમાં અનુસ્યૂત છે, અને સમાધિ વગેરેમાં જેનો અભાવ છે, તે 'અપાશ્રય' કહેવાય છે. ૧૯ ઘટાદિક પદાર્થોમાં જેમ માટી વગેરે પદાર્થો વ્યાપક છે, અને તેઓનાથી ભિન્ન પણ છે, તેમજ ગર્ભાધાનથી માંડીને મરણ સુધી રહેનારા શરીરની અવસ્થાઓમાં અધિષ્ઠાનરૂપે બ્રહ્મ અનુસ્યૂત છે, અને તેઓનાથી ભિન્ન પણ છે સઘળાં રૂપ અને નામોમાં સત્તારૂપે પરબ્રહ્મજ રહેલ છે. ૨૦ હવે પુરાણોનાં લક્ષણનું કારણ કહું છું. પુરૂષનું મન જ્યારે ત્રણ ગુણની વૃત્તિઓરૂપ પ્રપંચને મિથ્યા સમજી તેનો ત્યાગ કરીને વિરામ પામે છે, ત્યારે એ પરબ્રહ્મ જાણવામાં આવે છે, અને સંસારરૂપી અવિદ્યા એની મેળેજ ટળી જાય છે. ૨૧ ઉપર કહેલાં લક્ષણો ઉપરથી જાણવામાં આવતાં મહાપુરાણ તથા ઉપ પુરાણ અઢાર છે, એમ પ્રાચીન વિદ્વાનો કહે છે. ૨૨ બ્રહ્મપુરાણ, પદ્મપુરાણ, વિષ્ણુપુરાણ, શિવપુરાણ, લિંગપુરાણ, ગરૂડપુરાણ, નારદીયપુરાણ, ભાગવતપુરાણ, અગ્નિપુરાણ, સ્કંદપુરાણ, ભવિષ્યપુરાણ, બ્રહ્મવૈવર્તપુરાણ, માર્કંડેયપુરાણ, વામનપુરાણ, વરાહપુરાણ, મત્સ્યપુરાણ, કૂર્મપુરાણ અને

બ્રહ્માંડપુરાણ એ રીતે અઢાર પુરાણોનાં નામો છે ૨૩-૨૪ હે શૌનકમુનિ ! વેદ વ્યાસે, તેમના શિષ્યોએ, પ્રશિષ્યોએ અને તેમના શિષ્યોએ શાખાઓનો જે વિસ્તાર કરેલો છે, તે સબંધી વિષય મેં તમને કહી સંભળાવ્યો. આ વિષયને કહેનારા તથા સાંભળનારાઓનું બ્રહ્મતેજ વધે છે. ૨૫

ब्रह्मन्निदं समाख्यातं शाखाप्रणयनं मुनेः ॥
शिष्य शिष्य प्रशिष्याणां ब्रह्मतेजोविवर्धनम् ॥

ઇતિશ્રી ભાગવત મહાપુરાણનાં દ્વાદશસ્કંધમાં "પુરાણની શાખા તથા લક્ષણો કથન" નામનો ૭ મો અધ્યાય સંપુર્ણ.

અધ્યાય ૮ મો.

માર્કંડેય ઋષિનું ચરિત્ર.

श्रीशौनक उवाच.

सूत जीव चिरं साधो वद नो वदतांवर ॥
तमस्यपारे भ्रमतां नृणांत्वं पारदर्शकः ॥

શૌનકઋષિ પુછે છે—હે સુતજી ! તમે ચિરંજીવી રહો, હે વક્તાઓમાં શ્રેષ્ઠ ! તમે અપાર સંસારમાં ભટકનાના મનુષ્યોને પાર ઉતારનારા છો. માટે અમારા પ્રશ્નનો ઉત્તર આપો. ૧ મૃકંડ ઋષિના પુત્ર માર્કંડેયને લોકો ચિરંજીવી કહે છે, તે સઘળા જગતનો નાશ કરનારા કલ્પાંત કાળે કેવી રીતે જીવતા રહ્યા? ૨ વળી એ માર્કંડેય ઋષિ તો આ કલ્પમાંજ અમારા કુળમાં ઉત્પન્ન થયેલા છે, કારણ કે તે ભૃગુકુળમાં શ્રેષ્ઠ ગણાય છે, અને ભૃગુકુળ થયા પછી આજ સુધીમાં કોઇ પણ જાતનો પ્રલય થયો નથી, માટે એમને પ્રલયકાળમાં પણ અવશેષ રહેલા શી રીતે માનવા ? ૩ વળી એમ પણ સાંભળ્યું છે કે—એ માર્કંડેય ઋષિ પ્રલયકાળના સમુદ્રમાં એકલાજ ફરતા હતા, તે સમયે તેમણે વડના પાંદડાના પડીઆમાં એક અદ્‌ભુત બાળકને પોઢેલો જોયો હતો, તો તે પ્રલયકાળમાં વડનું ઝાડ કેવી રીતે રહે? ૪ હે સુતજી ! આ બાબતમાં અમને મોટો સંદેહ છે, તેનો ઉત્તર સાંભળવાની અમને ઘણી ઉત્કંઠા છે. તમે કેવળ મોટા યોગી છો, એટલુંજ નહિ, પણ પુરાણોમાં પણ પ્રવીણ છો, માટે અમારો સંશય દુર કરો. ૫

સુતજી કહે છે—હે મહર્ષિ ! તમારો આ પ્રશ્ન લોકોની ભ્રાંતિ મટાડનારો છે, એમાં કળિયુગના મળનો નાશ કરનારી નારાયણની કથા આવે છે. ૬ માર્કંડેય ઋષિ પિતાની પાસેથી ગર્ભાધાનાદિકથી ઉપનયન સુધીના સંસ્કાર અનુક્રમે પામ્યા પછી વેદ ભણ્યા, પછી ધર્મની રીત પ્રમાણે તપ અને સ્વાધ્યાયમાં લાગ્યા હતા ૭ તે નૈષ્ઠિકબ્રહ્મચર્ય પાળતા હતા. જટા, વલ્કલ, કમંડલ, દંડ, ઉપવીત, કટિમેખળા, કાળિયાર મૃગનું ચર્મ, માળા અને દર્ભ ધારણ કરતા હતા. ધર્મની વૃદ્ધિ માટે શાંતપણાથી સવારે તથા સાયંકાળે અગ્નિની, સુર્ય, ગુરૂ, બ્રાહ્મણ અને પોતાના શરીરમાં ભગવાનનુ પુજન કરતા હતા. ૮-૯ સાંજે તથા સવારે ભિક્ષા માગી લાવીને ગુરૂને અર્પણ કરતા હતા, અને ગુરૂની આજ્ઞાથી મૌન રહીને એકવાર જમતા હતા. જો ગુરૂ આજ્ઞા ન આપે તો ભુખ્યા પણ રહેતા હતા. ૧૦ આ પ્રમાણે માર્કંડેય ઋષિ એક લાખ વર્ષ સુધી સ્વાધ્યાયમાં તત્પર રહી ભગવાનનું આરાધન કરવાથી મહાદુર્જય મૃત્યુને પણ જીતી ગયા હતા. ૧૧ માર્કંડેય ઋષિએ મૃત્યુને જીતી લીધાથી બ્રહ્મા, ભૃગુ, શંકર, દક્ષ, બ્રહ્માના બીજા પુત્રો, મનુષ્યો, દેવતાઓ, પિતૃઓ અને સર્વ પ્રાણીઓ ઘણા આશ્ચર્ય પામ્યા. ૧૨ એ પ્રમાણે મોટા યોગથી ચિત્તને વશ કરીને ભગવાનનું ધ્યાન કરતા માર્કંડેય ઋષિને ૭ મન્વતર જેટલો મોટો કાળ વીતી ગયો. ૧૪ હે શૌનક ! તેમના તપની વાત જાણીને ભય પામેલા ઇંદ્રે આ સાતમા મન્વંતરમાં તેમના તપનો ભંગ કરવાનો આ-

રંભ કર્યો. ૧૫ તેમને તપમાંથી ભ્રષ્ટ કરવાને માટે ઇંદ્રે ગંધર્વો, અપ્સરાઓ, કામદેવ, વસંત ઋતુ, મલયાચળનો સુગંધી પવન, લોભ અને મદને એ ઋષિના આશ્રમમાં મોકલ્યા. ૧૬ તેઓ હિમાલયના ઉત્તર પ્રદેશમાં કે જ્યાં પુષ્પભદ્રા નામની નદી અને ચિત્રા નામની શિલા છે ત્યાં માર્કંડેય મુનિના આશ્રમમાં ગયા. ૧૭ એ પવિત્ર આશ્રમમાં પવિત્ર ઝાડ તથા લતાઓ શોભી રહ્યાં હતાં, પવિત્ર બ્રાહ્મણોના સમુહ રહેતા હતા અને પવિત્ર તથા નિર્મળ જળાશયો શોભી રહ્યાં હતાં ૧૮ મદમત્ત ભ્રમરો ગુંજાર કરતા હતા, મદમત્ત કોયલો ટૌકા કરતી હતી, મદોન્મત્ત મયૂરો નટની પેઠે નાચતા હતા, અને બીજાં અનેક જાતનાં પક્ષીઓ કલરવ કરી રહ્યા હતાં.૧૯તેમાં હિમનાં ઝરણના બિંદુઓ લઇને પેઠેલો, પુષ્પોથી સુગંધવાન બનેલો,અને કામદેવને વધારનારો શીતળ વાયુ વાતોહતો.૨૦સાયંકાળે ચંદ્રના ઉદયવાળી અને કોમળ પાંદડાં તથા ગુચ્છાવાળાં પરસ્પર મળી ગયેલાં ઝાડ તથા લતાઓના સમુહવાળી વસંત ઋતુ પ્રગટ થઇ. ૨૧ તે સમયે ધનુષ બાણ ધારણ કરેલો કામદેવ ગાતા અને નાચતા ગંધર્વો તથા અપ્સરાઓની સાથે પ્રગટ થયો. ૨૨ એ ઇંદ્રના અનુચરોએ, અગ્નિમાં હોમ કરી ધ્યાનથી નેત્રો મીંચીને બેઠેલા અને મુર્તિમાન્ અગ્નિના જેવા અસહ્ય તેજવાળા માર્કંડેયને દીઠા. ૨૩ પછી તેમની સામે અપ્સરાઓ નાચવા લાગી, અને ગાંધર્વો મૃદંગ, વીણા તથા પણવો સાથે મનોહર ગાયન કરવા લાગ્યા. ૨૪ એ વખતે કામદેવે પોતાના ધનુષ્યમાં શોષણ, દીપન, સંમોહન, તાપન તથા ઉન્માદન એ નામનાં પાંચ મુખવાળું અસ્ત્ર સાંધ્યું. વળી વસંત લોભ વગેરે ઇંદ્રના બીજા અનુચરો પણ મુનિના મનને કંપાવવા લાગ્યા. ૨૫ જેની કેડ,સ્તનના ભારથી લચી ગઇ હતી એવી પુંજીકસ્થલી નામની અપ્સરા દડાથી રમવા લાગી. દડાને પકડવા માટે તેની પાછળ દોડતાં તે અપ્સરાના કેશપાશમાંથી પુષ્પો ખરી પડતાં હતાં, તેની નજર ચાર તરફ ફરતી હતી, દોડતાં તેની કટિમેખળા તુટી ગઇ અને તેના અંગપરનું ઝીણું વસ્ત્ર વાયુએ ઉડાડી દીધું. ૨૬-૨૭ એ વખતે ઋષિને પોતાને વશ થઈ ગયેલા જાણીને કામદેવે પોતાનું બાણ માર્યું; પરતુ જેમ નિર્ભાગીનો પ્રયત્ન નિષ્ફળ જાય તેમ તે કામદેવનો પરિશ્રમ પણ વ્યર્થ ગયો. ૨૮ એ પ્રમાણે એ સર્વ માર્કંડેયનું અશુભ કરવા જતાં તેમના તેજથી બળવા લાગ્યાં. અને બાળકો જેમ સર્પને જગાડી ભય પામીને પાછાં નાશી જાય તેમ તેઓ પાછાં જતાં રહ્યાં. ૨૯ હે શૌનક! એ પ્રમાણે ઇંદ્રના અનુચરોએ માર્કંડેયનો પરાભવ કરવાનો પ્રયત્ન કર્યા છતાં મુનિને કાંઇ વિકાર ન થયો, એ વાત મહાત્માઓના સંબંધમાં આશ્ચર્યકારક નથી. ૩૦ કામદેવને તેના અનુચરો સહિત નિસ્તેજ થઈ ગયેલો જોઇને તથા માર્કંડેયનો પ્રભાવ સાંભળીને ઇંદ્રને ઘણું અચરજ લાગ્યું. ૩૧ પછી તપ, સ્વાધ્યાય તથા જીતેંદ્રિયપણાથી મનને વશ કરનારાએ માર્કંડેય ઋષિ ઉપર અનુગ્રહ કરવા માટે નર નારાયણ ભગવાન ત્યાં પ્રગટ થયા. ૩૨ ત્રેવડી જનોઇ, કમંડળ, વાંસનો સીધો દંડ, કમળકાકડીની માળા, જીવની રક્ષા કરવાની સાવરણી, દર્ભની ઝુડી અને વેદને ધારણ કર્યાં હતા. શરીરનો વર્ણ શ્વેત તથા શ્યામ હતો, નવીન કમળ સરખાં નેત્ર હતાં, ચાર ભુજાઓ હતી, મૃગચર્મ તથા વલ્કલ ધારણ કર્યાં હતાં, હાથમાં પવિત્રીઓ પેહેરી હતી, સાક્ષાત તપોમય મુર્તિ હતી, ચળકતી વીજળી જેવી પીળી કાન્તિ હતી, શરીરે ઉંચા હતા, મોટા મોટા દેવતાઓએ પુજેલા હતા, અને વિષ્ણુના અવતારરૂપ હતા. એવા નરનારાયણ ઋષિને જોઇને માર્કંડેય મુનિએ મોટા આદર પુર્વક ઉઠીને દંડવત પ્રણામ કર્યા. ૩૩-૩૫ ભગવાનનાં દર્શનના આનંદથી મુનિનાં દેહ, ઇંદ્રિયો તથા મન શાંતિ પામ્યાં, શરીર રોમાંચિત થયું અને નેત્રો આંસુથી ભરપુર થઇ ગયાં, તેથી તે ભગવાનની સામું જોઇ શક્યા નહીં. ૩૬ પછી ઉભા થઇ, હાથ જોડી દ

ત્સુક્તાંથી જાણે આલિંગન કરતા હોય તેમ ગદ્‌ગદ્ કંઠથી નર તથા નારાયણને "નમો નમઃ" કર્યું. ૩૭ પછી તેઓને આસન આપી; પગ પખાળી અર્ધ્ય, ચંદન, ધુપ તથા પુષ્પથી પૂજા કરી. ૩૮ પછી સારીરીતે આસનપર બેઠેલા અને કૃપા કરવાને તત્પર થયેલા નરનારાયણને માર્કંડેયે બીજીવાર પ્રણામ કરીને સ્તુતિ કરવા માંડી. ૩૯

માર્કંડેય સ્તુતિ કરે છે—હે વિષ્ણુ! આપની પ્રેરણાથી પ્રાણીઓનો, બ્રહ્માનો, શંકરનો અને મારો પ્રાણ પ્રવર્તે છે, અને પ્રાણની પાછળ વાણી, મન તથા ઇંદ્રિયો પ્રવર્તે છે, એવા આપની સ્તુતિ હું શી રીતે કરી શકું? આપનાં વિના બીજું કોઇ સ્વતંત્ર નથી, આપે પ્રવર્તાવેલા પ્રાણાદિકથી આપને ભજનારની ઉપર આપ આત્માની બંધુરૂપે કૃપા કરોછો, ૪૦ જેમ જગતની રક્ષા માટે આપ અનેક અવતાર ધારણ કરોછો, તેમ આપ બન્નેએ પણ જગતનું પાલન કરવા માટે, દુઃખ ટાળવા માટે અને મોક્ષ આપવા માટે અવતાર ધરેલો છે. જેમ પાલન કરવાનું કામ આપનું છે તેમ ઉત્પત્તિ તથા લય કરવાનું કામ પણ આપનુંજ છે. જેમ કરોળીઓ મોઢામાંથી લાળ કાઢીને પાછો સંકેલી લેછે, તેમ આપ પણ આ જગતને રચીને પાછું સંકેલી લ્યોછો. ૪૧ સ્થાવર જંગમના ઈશ્વર અને તેઓનું રક્ષણ કરનારા એવા આપના ચરણમૂળના આશ્રયે રહેલાને કર્મ, ગુણ તથા કાળના મેલ અડી શકતા નથી, અને વેદનું તત્વ જાણનારા મુનિઓ જેને પામવાને પ્રણામ કરે છે, પૂજેછે, સ્તુતિ કરેછે અને ધ્યાન કરેછે, તે ચરણમૂળને હું સેવુંછું. ૪૨ હે ઇશ્વર! જેના માથાપર ચારે તરફથી ભય રહેલો છે એવા લોકોને મોક્ષરૂપી આપના ચરણારવિંદની પ્રાપ્તિ વગર બીજું કોઇ નિર્ભયસ્થાન અમારા જાણવામાં નથી. જેનું સ્થાન બે પરાર્ધ્ધ વર્ષ સુધી રહેછે એવા બ્રહ્માપણ આપની ભ્રકુટિના વિલાસરૂપી કાળથી ઘણા ડરેછે, ત્યારે બ્રહ્માએ રચેલાં પ્રાણીઓ ડરે તેમાં શી નવાઇ? ૪૩ માટે સ્વરૂપનું આવરણ કરનારા, નિષ્ફળ, તુચ્છ, નાશવંત અને મિથ્યા હોવાથી સ્વરૂપથી જૂદા નહી દેખાતાં દેહ વગેરેના ભજનનો ત્યાગ કરીને સત્ય, જ્ઞાનસ્વરૂપ, જીવના નિયંતા, સર્વથી ભિન્ન એવા આપનાં ચરણમૂળને હું ભજુંછું. આપને ભજનારો પુરૂષ આપની પાસેથી મનવાંછિત ફળો પામેછે. ૪૪ હે પરમેશ્વર! હે જીવના બંધુ! આ સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ તથા પ્રલયના કારણરૂપ સત્વ, રજ અને તમોગુણ આપની માયાએજ રચેલા છે, અને તે ગુણમય શરીરોરૂપી લીલાઓ પણ આપજ ધારણ કરોછો; તોપણ તેમાંની સત્વગુણી શરીરની લીલા જ મનુષ્યોને શાંતિ આપનારી છે, અને બીજી લીલાઓ તો શાંતિ નહી આપતાં દુઃખ, મોહ અને ભય ઉત્પન્ન કરેછે. ૪૫ હે પ્રભુ! કુશળ પુરૂષો આપની સત્વગુણી મૂર્તિને કલ્યાણકારી માનીને આપની શુદ્ધ, પ્રિય અને સત્વગુણી નારાયણ નામની મૂર્તિને તથા ભકતોના મનમાં વાસ કરનારી શુદ્ધ નર નામની મૂર્તિને ભજેછે, તેથી વૈકુંઠલોક અને અભય આત્મસુખની પ્રાપ્તિ થાયછે. ૪૬ આપ વ્યાપક, સર્વરૂપ, જગદ્‌ગુરૂ, પરમદેવ, શુદ્ધમૂર્તિ, વાણીના નિયંતા, વેદમાર્ગના પ્રવર્તક અને નરોત્તમ છો; એવા આપને હું પ્રણામ કરૂંછું. ૪૭ નાશવંત ઇંદ્રિયોના માર્ગોથી ભટકતી તથા આપની માયાથી વ્યાપેલી બુદ્ધિવાળો પુરૂષ પોતાની ઇંદ્રિયોમાં, પ્રાણોમાં, હૃદયમાં અને સર્વ પદાર્થોમાં નિરંતર રહેલા આપને જાણતો નથી, તે આપને હું પ્રણામ કરૂંછું. સર્વના ગુરૂ એવા આપે આદિપુરૂષ બ્રહ્માને વેદ આપ્યા પછી તેમને આપનું જ્ઞાન થયું છે. ૪૮ આપના ગુપ્ત રહસ્યને દર્શાવનારૂં આપના સ્વરૂપનું જ્ઞાન વેદમાં જ છે. બ્રહ્માદિક વિદ્વાનો પણ વેદ છોડીને બીજા સાંખ્ય યોગાદિકથી આપને જાણવાને પ્રયત્ન કરવા જતાં મોહ પામેછે. આપનો સ્વભાવ સાંખ્ય યોગાદિક વિવાદોને અનુસરે છે. આપના સ્વરૂપનું જ્ઞાન દેહાદિકના સમૂહથી ઢંકાયેલું છે, એવા આપ મહાપુરૂષને હું પ્ર-

પ્રણામ કરૂં છું. ૪૯

यं दर्शनं निगम आत्मरहः प्रकाशं।
मुह्यंति यत्र कवयोऽजपरा यतंतः ॥
तं सर्ववाद विषय प्रति रूपशीलं।
वंदे महापुरुष मात्मनि गूढ बोधम् ॥

ઇતિ શ્રી ભાગવત મહાપુરાણના દ્વાદશ સ્કંધમાં "માર્કંડેય ચરિત્ર વર્ણન" નામનો ૮ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૯ મો.

પ્રલય સમુદ્રમાં ડબકાં ખાતા માર્કંડેયને બાળમુકુંદ ભગવાનનાં થયેલાં દર્શન.

सूत उवाच.

संस्तुतो भगवानित्थं मार्कंडेयेन धीमता ॥
नारायणो नरसखः प्रीतआह भृगुद्वहम ॥

સૂતજી કહે છે—એ પ્રમાણે મહા બુદ્ધિવાન માર્કંડેયે સ્તુતિ કરી, એટલે નરના સખા નારાયણે પ્રસન્ન થઇને માર્કંડેયને આ પ્રમાણે કહ્યું. ૧

શ્રી ભગવાન કહે છે—હે શ્રેષ્ઠ બ્રહ્મર્ષિ! તમે એકાગ્રચિત્તે સારી અવિચળ ભક્તિ, તપશ્ચર્યા, સ્વાધ્યાય અને સંયમ કરીને સિદ્ધ થયા છો. ૨ તમારા નૈષ્ઠિક બ્રહ્મચર્યપણાથી અમે પ્રસન્ન થયા છીએ, માટે વર આપનારાઓમાં ઉત્તમ એવા અમારી પાસે તમે ઇચ્છાનુસાર વરદાન માગી લો. તમારૂં કલ્યાણ થશે. ૩

માર્કંડેય કહે છે—હે દેવાધિદેવ! હે શરણાગતનાં દુઃખ હરનારા! હે અચ્યુત! આપે મને વરદાન આપવાનું કહીને આપનો વિજય બતાવ્યો છે: પરંતુ મને કોઇપણ વરદાનની ઇચ્છા નથી. આપે દર્શન આપ્યાં એજ મને મોટામાં મોટું વરદાન મળી ચુક્યું છે. ૪-બ્રહ્માદિક મહાત્માઓ યોગાભ્યાસ કરીને શુદ્ધ થયેલા મનવડે આપનાં સુંદર ચરણારવિંદનું દર્શન પામીને કૃતાર્થ થાયછે, તે આપે મને પ્રત્યક્ષ દર્શન દીધું, માટે આથી વધારે શ્રેષ્ઠ બીજો કયો વર છે? ૫ તોપણ હે કમળની પાંખડીઓ જેવાં નેત્રવાળા! હે પવિત્ર કીર્તિવાળાઓમાં ઉત્તમ! આપની જે માયાવડે લોકપાળ સહિત લોકો સ્વરૂપમાં ભેદ જુએછે, તે માયાને પ્રત્યક્ષ જોવાને હું ઇચ્છું છું. ૬

સૂતજી કહે છે—હે શૌનકાદિક ઋષિઓ! એ પ્રમાણે સારી રીતે પૂજેલા ભગવાન નારાયણની માર્કંડેયે સ્તુતિ કરી, એટલે "તથાસ્તુ" કહીને નરનારાયણ હસતા હસતા બદરિકાશ્રમમાં ગયા. ૭ પછી માર્કંડેય એજ વિષયનું મનમાં ચિંતવન કરતા અને અગ્નિ, સૂર્ય, ચંદ્ર, પાણી, પૃથ્વી, વાયુ, આકાશ, અને આત્માને વિષે શ્રીહરિનું ધ્યાન કરતા પોતાના આશ્રમમાં રહીને માનસિક ઉપચારોથી ભગવાનનું પૂજન કરવા લાગ્યા. કોઇવાર તે આનંદના પ્રવાહમાં મગ્ન થઇ જતા. તેથી પૂજા કરવાનું પણ ભૂલી જતા હતા. ૮-૯ હે શૌનક મુનિ! એક દિવસ એ મુનિ પુષ્પભદ્રા નદીને કાંઠે સાયંકાળે બેઠા હતા, એટલામાં મહા ભારે વાયુ વાવા લાગ્યો. ૧૦ અને એ મહા ભયંકર શબ્દ કરતા પવનની સાથે ભયંકર મેઘ વરસવા લાગ્યો. અને વીજળીઓના કાટકા સાથે રથની ધરી જેવી જાડી ધારાઓથી વરસાદ વરસવા લાગ્યો. ૧૧ એ વાયુના વેગથી ઉછળતાં મોજાંઓથી પૃથ્વીને ડુબાવી દેતા અને ભયંકર ચકરીઓ, મોટા મોટા ઝુડ, તથા ગંભીર ગર્જના કરતા સમુદ્રો ચારે તરફ દેખાવા લાગ્યા. ૧૨ અને ચાર પ્રકારની યોનિનાં પ્રાણીઓથી ભરેલું જગત જળથી, બહુ ઝળકતી વીજળીઓથી અને ભયંકર વાયુથી પોતાની સાથે અંદર અને બહાર ઉપદ્રવ પામેલું જોઇને અને પૃથ્વીને પાણીમાં ડુબી જતી જોઇને માર્કંડેય મુનિ મનમાં ખિન્ન થઇ ત્રાસ પામ્યા. ૧૩ આ પ્રમાણે મુનિ જોતા હતા, એટલામાં તો વરસતા મેઘોના પાણીથી મહાસાગર ભ-

રાઈ ગયો, અને ભયંકર વાયુથી ઉછળતાં મોજાંવડે મહા ભયંકર દેખાતા મહાસાગરે પૃથ્વીને દ્વીપ, ખંડ, અને પર્વતોના સાથે ડુબાવી દીધી. ૧૪ પૃથ્વી, આકાશ, સ્વર્ગ નક્ષત્રોના સમૂહ અને દિશાઓ સહિત ત્રણે લોક પાણીમાં ડુબી ગયા, અને એક માર્કંડેય મુનિજ બાકી રહ્યા. તે પોતાની જટા છુટી મૂકીને આંધળા અને ગાંડાની પેઠે પાણીમાં ચારે તરફ ભમવા લાગ્યા. ૧૫ સમુદ્રના મઘરમચ્છોથી દુઃખી થતા, ક્ષુધા અને તૃષાથી પીડાતા, શરીરે પાણીનાં મોજાંથી અથડાતા, ગાઢ અંધકારમાં પડેલા, પાણીમાં ગોથાં ખાતા અને થાકી ગયેલા માર્કંડેય મુનિને આકાશનું કે પૃથ્વીનું પણ ભાન રહ્યું નહી. ૧૬ તે કોઇ ઠેકાણે પાણીની મોટી ઘુમરીઓમાં પડતા હતા, કોઇ ઠેકાણે તેમને મોજાંઓનો માર પડતો હતો, કોઇ ઠેકાણે એક-બીજાને ખાઇ જનારાં જળચરો તેમને બચકાં ભરતાં હતાં, ૧૭ કોઇવાર શોક, કોઇવાર મોહ, કોઇવાર દુઃખ, કોઇવાર સુખ, કોઇવાર ભય અને કોઇવાર મૃત્યુની દશાને પામતા હતા. અને રોગાદિકથી પણ દુઃખી થતા હતા. ૧૮ આ રીતે શ્રી વિષ્ણુની માયાથી ઘેરાઇ ગયેલા અને પ્રલયના સમુદ્રમાં ગોથાં ખાતા માર્કંડેય મુનિને સેંકડો, હજારો અને લાખો વર્ષ વીતી ગયાં. ૧૯ એ રીતે સમુદ્રમાં ભમતા માર્કંડેય મુનિએ એક દહાડો પૃથ્વીના ઉંચા ભાગપર ફળ અને પાંદડાંથી શોભતો એક કોમળ વડ દીઠો. ૨૦ એ વડની ઇશાનખુણાની ડાળીના એક પાંદડાના પડીયામાં એક બાળકને સૂતેલો દીઠો. તે પોતાની કાન્તિથી અંધકારનો નાશ કરતો પ્રકાશી રહ્યો હતો. ૨૧ એ બાળકનો વર્ણ મોટા ઇંદ્રનીલમણી જેવો શ્યામ હતો, મુખારવિંદ મનોહર હતું, શંખના જેવો ત્રણ રેખાવાળો દંડ હતો, છાતી વિશાળ હતી, નાસિકા નમેલી હતી, અને ભ્રકુટિ સુંદર હતી. ૨૨ શ્વાસથી કંપતા કેશ ઘણાજ શોભતા હતા, અંદરના ભાગમાં શંખની પેઠે આંટાકાર કાનમાં દાડમડીનાં ફૂલ ઘાલેલાં હતાં, પરવાળાં જેવા રાતા હોઠની કાન્તિથી અમૃત સરખું સ્વચ્છ મંદહાસ્ય જરા દંતાંશવાળું લાગતું હતું. ૨૩ અણીયાળી આંખ્યોના છેડા કમળના ગર્ભના જેવા, રાતા હતા, સુંદર હાસ્ય કરતા જોતા હતા, પીપળાના પાન સરખા ઉદરમાં શ્વાસથી હાલતી ત્રિવળીઓથી ચંચળ તથા ઉંડી નાભિ શોભતી હતી. ૨૪ એ બાળક સુંદર આંગળીઓવાળા બે હાથવડે પોતાનો ચરણકમળ ઊંચો કરી મોઢામાં ઘાલીને ધાવતો હતો. એ બાળકને જોઇને માર્કંડેય મુનિ અચરજ પામ્યા. ૨૫ એ બાળકના દર્શનથી પરિશ્રમ રહિત થયેલા અને આનંદથી પ્રફુલ્લિત થયેલા હૃદયકમળ અને નેત્ર કમળવાળા માર્કંડેય મુનિ ડરતા ડરતા એ બાળકને પૂછવા સારૂ તેની પાસે ગયા. ૨૬ એટલામાં એ મુનિ એ બાળકના શ્વાસની સાથે મચ્છરની પેઠે તેના શરીરમાં પેશી ગયા, અને તેમાં તેમણે આ સઘળું જગત પ્રલયની પૂર્વે જેવું હતું તેવું દીઠું, તેથી તે અત્યંત વિસ્મય તથા મોહ પામ્યા. ૨૭ એ બાળકના શરીરમાં આકાશ, સ્વર્ગ, પૃથ્વી, નક્ષત્રો, પર્વતો, સમુદ્રો, દ્વીપો, ખંડો, દિશાઓ, દેવતાઓ, દૈત્યો, વનો, દેશો, નદીઓ, નગરો, ખાણ્યો ખેડુતનાં ગામો, નેસડાઓ, આશ્રમો, વર્ણો, વર્ણાશ્રમની આજીવિકાઓ, પંચ મહાભૂત, પંચમહાભૂતથી ઉત્પન્ન થયેલા પદાર્થો, અનેક યુગો તથા કલ્પોની કલ્પના કરાવનારો કાળ, અને બીજું જે કાંઇ વ્યવહારનું કારણ છે, તે સર્વ કે જે સત્ય વસ્તુઓની સત્તાથીજ સત્ય જેવું લાગેછે તે સર્વ માર્કંડેયે દીઠું. ૨૮–૨૯ વળી હિમાલય, પુષ્પવહા નદી, પોતાનો આશ્રમ, અને તેમાં રહેનારા મુનિઓ પણ દીઠા. એ સઘળું માર્કંડેય ઋષિ જોતા હતા એટલામાં તો તે બાળકના પાછા નીકળતા શ્વાસની સાથે અંદરથી બહાર નીકળીને પ્રલયના સમુદ્રમાં પડ્યા, ૩૦ અને ત્યાં પૃથ્વીના ઉંચા ભાગમાં ઉગેલો એક વડ અને તેના પાંદડાના પડીઆમાં સૂતેલા બાળકને દીઠો. એ બાળકે પ્રેમથી અમૃત જેવું મંદહાસ્ય કરી ને

ત્રની અણીઓથી તેમની સામે જોયું. ૩૧ પછી ઘણા મુંઝાયેલા માર્કંડેય પોતાના હૃદયમાં રહેનારા ભગવાનરૂપ બાળકનાં દર્શન કરીને તેમનું આલિંગન કરવા સારૂ પાસે ગયા, કે તરત તે સાક્ષાત્ યોગેશ્વર અંતર્યામી ભગવાન, નિર્ભાગી મનુષ્યે કરેલા ઉદ્યમની પેઠે તે ઋષિની પાસેથી અંતર્ધાન થઇ ગયા. ૩૨-૩૩ હે શૌનક મુનિ ! ભગવાનની પાછળ એ વડ, જળ તથા જગતનો પ્રલય પણ એક ક્ષણવારમાં અદૃશ્ય થઇ ગયો. અને પ્રથમની પેઠે જ માર્કંડેય મુનિ પોતાના આશ્રમમાં આવીને બેઠા. ૩૪

तमन्वथ वटो ब्रह्मन्सलिलं लोकसंप्लवः ॥

तिरोधायि क्षणादस्य स्वाश्रमे पूर्ववत् स्थितः॥

ઇતિ શ્રી ભાગવત મહાપુરાણના દ્વાદશ સ્કંધમાં "માયાદર્શન" નામનો ૯ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૦ મો.

શ્રી સદાશિવે માર્કંડેયને આપેલું વરદાન.

सूत उवाच.

स एवमनुभूयेदं नारायणविनिर्मितम् ॥

वैभवं योगमायायास्तमेव शरणं ययौ ॥

સૂતપૌરાણિક કહેછે—હે શૌનકાદિક ! એ પ્રમાણે નારાયણે રચેલા એ યોગમાયાના વૈભવનો અનુભવ કરી, ભગવાનનુ જ શરણ લઇને માર્કંડેયમુનિ આ પ્રમાણે બોલ્યા. ૧

માર્કંડેય કહે છે—હે હરિ ! વિદ્વાનો પણ જ્ઞાન જેવી લાગતી આપની માયાથી મોહ પામે છે, માટે હું શરણાગતોને અભય આપનારાં આપનાં ચરણારવિંદના મૂળનું શરણ લઉંછું. ૪

સૂતજી કહે છે—હે મુનિઓ ! એટલામાં પોઠીઆ ઉપર બેસી પાર્વતીની સાથે આકાશમાં ફરતા અને પોતાના ગણોથી વીંટાયેલા ભગવાન શંકરે એક દિવસ સમાધિ ચઢાવીને બેઠેલા માર્કંડેય મુનિને દીઠા. ૨ એ ઋષિને જોઇને પાર્વતીએ શંકરને કહ્યું કે—"હે મહારાજ ! જ્યારે પવન ન હોય ત્યારે સમુદ્રનાં પાણી અને મધર મચ્છાદિક શાંત પડી જાય છે, તેમ જેનાં દેહ, ઇંદ્રિય અને મન નિશ્ચળ થઇ ગયાં છે એવા આ બ્રાહ્મણના તરફ દૃષ્ટિ કરો, અને એનું તપ સફળ કરો, કારણ કે આપ સિદ્ધિ આપનારા છો. ૪-૫

સદાશિવ બોલ્યા—અવિનાશી પુરૂષોત્તમ ભગવાનની ભક્તિને લીધે આ બ્રહ્મર્ષિ કોઇ પણ જાતના સુખની તેમજ મોક્ષની પણ ઇચ્છા રાખતા નથી. ૬ તોપણ હે પાર્વતી ! આપણે આ મહાત્માપુરૂષની સાથે વાતો કરીએ, કારણ કે મનુષ્યોને મહાત્માઓનો સમાગમ થાય એજ મોટો લાભ છે. ૭

સૂતજી કહે છે—સર્વ વિદ્યાઓના તથા સર્વ પ્રાણીઓના ઇશ્વર અને ભક્તકુળના પતિ સદાશિવ એ પ્રમાણે કહીને માર્કંડેયની પાસે આવ્યા. ૮ તે સમયે પોતાની સર્વ વૃત્તિઓને રોકીને માર્કંડેય મુનિ સમાધિમાં બેઠા હતા, તેથી તેમણે જગતના આત્મારૂપ તથા જગતના ઇશ્વર શીવ-પાર્વતીના આગમનને જાણ્યું નહીં. ૯ એ વાત જાણીને ભગવાન સદાશિવ વાયુ જેમ છિદ્રમાં પેસે તેમ પોતાની યોગમાયાવડે માર્કંડેયના હૃદયાકાશમાં પેઠા. ૧૦ વીજળીના જેવી પીળી જટાવાળા, ત્રણ નેત્રવાળા, દશ ભુજાઓવાળા, ઉંચા શરીરવાળા, ઉગતા સૂર્યના જેવા તેજસ્વી, વાઘાંબર પેહેરેલા, ત્રિશૂળ, ધનુષ, બાણ, તરવાર, ઢાલ, રૂદ્રાક્ષની માળા, ડમરૂ, કપાલ અને ફરશી એ સર્વ સાથેજ ધારણ કરેલા સદાશિવના હૃદયમાં અકસ્માત દર્શન કરીને 'આ શું અને કેવી રીતે થયું ?' એમ આશ્ચર્ય પામતાં માર્કંડેયની સમાધિ ઉતરી ગઇ. પછી નેત્રો ઉંઘાડીને જોયું તો ત્રણલોકના મુખ્યગુરૂ ભગવાન સદાશિવને પોતાના ગણો તથા પાર્વતીની સાથે પધારેલા જોયા. એટલે મુનિએ તેમને મસ્તકવડે પ્રણામ કર્યા. અને સ્વાગત વચન, આસન, પા-

ધ, અર્ઘ, ચંદન, ધૂપ અને દીપથી ગણોસહિત શંકર પાર્વતીની પૂજા કરી. ૧૧-૧૫ પછી બોલ્યા કે-" હે પ્રભુ ! હે પરમેશ્વર ! આપ પોતાના પ્રભાવથીજ પૂર્ણકામ છો અને જગતને પરમસુખ આપનારા છો, તે આપનું હું શું કાર્ય કરૂં ? ૧૬ આપ નિર્ગુણ, શાંત, સત્વગુણના અધિષ્ઠાતા, પરમ સુખ આપનારા અને તમો ગુણ તથા રજો ગુણને સેવનાર છતાં પણ શાંત છો, એવા આપને હું પ્રણામ કરૂં છું." ૧૭

સૂતજી કહે છે—આ પ્રમાણે માર્કંડેયે સ્તુતિ કરતાં પ્રસન્ન થયેલા, સ્વચ્છ અંતઃકરણવાળા અને સત્પુરૂષોના શરણરૂપ આદિદેવ સદાશિવે હસતાં હસતાં તેમને આ પ્રમાણે કહ્યું. ૧૮

સદાશિવ કહે છે—તમે અમારી પાસેથી ઇચ્છાનુસાર વરદાન માગી લ્યો, કેમકે બ્રહ્મા, વિષ્ણુ અને હું એ ત્રણે વરદાન દેનારાઓના સ્વામી છીએ, અમારૂં દર્શન અમોઘ છે, અમારાં દર્શનથી મનુષ્યને મોક્ષ મળે છે. ૧૯ જે બ્રાહ્મણો, સત્પુરૂષો, શાંતગુણી, સંગરહિત, પ્રાણીઓ ઉપર દયા કરનારા, અમારા એકાંતિક ભક્ત, વૈર વગરના અને સમદૃષ્ટિવાળા હોય તેઓને લોકોસહિત લોકપાળ દેવતાઓ નમેછે, પૂજેછે અને સેવેછે. અને હું, બ્રહ્મા તથા સર્વના ઇશ્વર વિષ્ણુ પણ તેને સેવીએ છીએ. ૨૦-૨૧ તમારા જેવા સમદૃષ્ટિવાળાં બ્રાહ્મણો મારામાં, વિષ્ણુમાં, બ્રહ્મામાં, પોતાનામાં અનેલોકમાં જરા પણ ભેદદૃષ્ટિ રાખતા નથી, માટે તમો જેવાને અમે પણ ભજીએ છીએ. ૨૨ તીર્થો માત્ર પાણીજ છે એમ નથી, તેમ દેવતાઓની મૂર્તિઓ જડજ છે એમ નથી, પણ તેઓ લાંબાકાળે પવિત્ર કરે છે, અને તમે તો દર્શન માત્રથી પવિત્ર કરોછો. ૨૩ જે બ્રાહ્મણો ચિત્તની એકાગ્રતા, તપ, સ્વાધ્યાય અને સંયમથી અમારા વેદમય સ્વરૂપને ધારણ કરે છે, તેઓને અમે નમસ્કાર કરીએ છીએ. ૨૪ મહાપાપી ચંડાળાદિક પણ તમારાં ચરિત્ર સાંભળવાથી તથા તમારાં દર્શનથી પવિત્ર થઇ જાય છે, ત્યારે તમારી સાથે વાતો કરવા વગેરેથી પવિત્ર થાય તેમાં તો કહેવુંજ શું ? ૨૫

સૂતજી કહે છે--એ પ્રમાણે સદાશિવનું ધર્મના રહસ્યથી ભરેલું, તથા કાનને અમૃત જેવું લાગનારૂં વચન સાંભળીને માર્કંડેય ઋષિ તૃપ્ત થયા નહી. ૨૬ શ્રી વિષ્ણુની માયાએ ઘણા કાળસુધી ભમાવેલા અને બહુ મુંઝાએલા મુનિના કલેશનો સમૂહ શ્રી શંકરની વાણીરૂપ અમૃતથી નાશ પામ્યો. પછી તે બોલ્યા કે-૨૭

માર્કંડેય કહે છે—અહો! ભગવાનની લીલા પ્રાણીઓના તર્કમાં પણ ન આવે એવી છે, જે લીલાને લીધે લોકપાળો પણ પોતાની સત્તામાં રહેનારાં પ્રાણીઓને નમેછે અને વખાણે છે. ૨૮ ધર્મના વક્તાઓ ઘણું કરીને લોકોને ધર્મ શીખવવાને માટે પોતે ધર્મનું આચરણ કરે છે, બીજો કોઈ ધર્માચરણ કરતો હોય તેને અનુમોદન આપે છે, અને ધર્મનાં વખાણ કરે છે. ૨૯ જેમ નટ વેશ બદલાવીને પોતાના ચાકર વગેરેને પ્રમાણ કરે છે તેથી તેની મોટાઇને દૂષણ લાગતું નથી, તેમ આપ પોતાની માયામય વૃત્તિઓ વડે બીજાં પ્રાણી વગેરેને પ્રણામ વગેરે કરો તેથી આપના મહિમાને દૂષણ લાગતું નથી. ૩૦ સ્વપ્નને જોનારો મનુષ્ય જેમ મનથી અનેક શરીરો ઉત્પન્ન કરી તેઓમાં પેશીને ઇંદ્રિઓથી કરવામાં આવતી ક્રિયા જાણે પોતેજ કરતો હોય એવો લાગેછે, તેમ આપ કે જે મનથી આ જગતને સરજી તેમાં પોતાના સ્વરૂપથી પ્રવેશ કરીને ગુણોથી કરાતી ક્રિયાઓને લીધે કર્તા જેવા લાગો છો, તે આપને હું પ્રણામ કરૂં છું. ૩૧ આપ ત્રણ ગુણવાળા છતાં પણ તે ગુણોના નિયંતા કેવળ સ્વરૂપ, અદ્વિતિય અને પરબ્રહ્મ મૂર્ત તથા ગુરૂસ્વરૂપ છો, એવા આપને હું પ્રણામ કરૂં છું. ૩૨ હે વ્યાપક પરમેશ્વર ! આપનું સર્વોત્તમ દર્શન મને મળ્યું તે તેનાથી વધારે ચઢીયાતું બીજું કયું વરદાન માગું ? કારણ કે આપનાં દર્શન કરવાથીજ પુરૂષ પૂર્ણકામ તથા સત્ય કામનાવાળો થાય છે. ૩૩ તોપણ હું સર્વ કામનાઓથી પરિપૂર્ણ અને ભક્તજનોની કામનાને પૂરનારા એવા આપની પાસે

એક વરદાન માગ્યું કે-"ભગવાનમાં, ભગવાનના ભક્તોમાં અને આપનામાં મારી અવિચળ ભક્તિ રહો." ૩૪

સૂતજી કહે છે—એ પ્રમાણે માર્કંડેય મુનિએ કોમળવાણીથી સ્તુતિ કરેલા તથા પૂજેલા શંકરે પાર્વતીની સંમતિથી મુનિને આ પ્રમાણે કહ્યું. ૩૫

શ્રી સદાશિવ કહે છે—હે મોટા ઋષિ! તમારી સઘળી ઇચ્છા પરિપૂર્ણ થશે. તમે કલ્પ પૂરા થતા સુધી અજર તથા અમર રહેશો, અને તમારી કીર્તિ ઘણીજ પવિત્ર થશે, કારણ કે તમે ભગવાનના ભક્ત છો. ૩૬ હે મુનિ! તમે બ્રહ્મતેજવાળાને ભૂત ભવિષ્ય અને વર્તમાન કાળનું જ્ઞાન, વૈરાગ્યવાળું વિજ્ઞાન તથા પુરાણનું આચાર્યપણું પ્રાપ્ત થજો. ૩૭

સૂતજી કહે છે—એ પ્રમાણે સદાશિવ માર્કંડેયને વરદાન આપી, મુનિનાં ચરિત્રોની તથા તેમણે જોયેલા ભગવાનની માયાના વૈભવની વાતો પાર્વતી સાથે કરતા કરતા ત્યાંથી ચાલ્યા ગયા. ૩૮ શ્રેષ્ઠ ભૃગુવંશી માર્કંડેય પણ મોટા યોગનો મહિમા મેળવી ભગવાનની એકાંતિક ભક્તિ પામીને હજીપણ પોતાના એનાએ શરીરથી જગતમાં વિચરે છે. ૩૯ હે શૌનક! બુદ્ધિશાળી માર્કંડેયના આ પવિત્ર ચરિત્રનો પ્રસંગ તથા તેમણે અનુભવેલો ભગવાનની અદ્દ્ભુત માયાનો વૈભવ મેં તમને કહી સંભળાવ્યો. ૪૦ જગતની ઉત્પત્તિ તથા નાશ થાય છે તે ભગવાનની માયાજ છે, એમ નહી જાણનારા કેટલાએક લોકો આ માર્કંડેયે અનુભવેલો ભગવાનની માયાનો વૈભવ કે જે ઇશ્વરની ઇચ્છાથી અકસ્માત એકલા માર્કંડેયનાજ જોવામાં આવ્યો હતો, પણ તે નૈમિત્તિક કે પ્રાકૃતિકમાંનો કોઇપણ પ્રલય ન હતો. તેને અનાદિકાળની રીત પ્રમાણે સાતવાર થયેલા નૈમિત્તિક પ્રલયરૂપ કહે છે; પરંતુ વિદ્વાનો તો કહે છે કે-માર્કંડેય મુનિ એ બાળકના શ્વાસથી સાતવાર તેના પેટમાં પેઠા અને સાતવાર બહાર નીકળ્યા હતા, તેથી એક ક્ષણમાં સાત કલ્પ થયા હતા. ૪૧ હે ભૃગુકુળમાં શ્રેષ્ઠ શૌનક! આ પ્રમાણે ભગવાનના પ્રભાવથી ભરેલું આ માર્કંડેયનું ચરિત્ર જે કોઇ સાંભળે અથવા સંભળાવે તેઓને કર્મની વાસનાથી થતાં જન્મમરણ ટળી જાયછે. ૪૨

य एवमेतद् भृगुवर्य वर्णितं ।
रथांगपाणेरनुभाव भावितम् ॥
संश्रावयेत् संशृणुयादुतावुभौ ।
तयोर्न कर्माशयसंसृति र्भवेत् ॥

ઇતિ શ્રી ભાગવત મહાપુરાણના દ્વાદશ સ્કંધમાં "માર્કંડેય ચરિત્ર વર્ણન" નામનો ૧૦ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૧ મો.

પૂજનને માટે મહાપુરૂષનું વર્ણન તથા પ્રત્યેક મહિને બદલાતા સૂર્યોનું વર્ણન.

श्री शौनकउवाच.

अथेममर्थं पृच्छामो भवंतं बहुवित्तमम् ॥
समस्त तंत्रराद्धांते भवान् भागवत तत्त्ववित्।

શૌનક પૂછેછે—હે મહા વૈષ્ણવ સૂતજી! તમે બહુ જાણનારાઓમાં શ્રેષ્ઠ છો, તે તમને અમે એક પ્રશ્ન પૂછીએ છીએ, કારણ કે તમે સઘળાં તંત્રશાસ્ત્રોના સિદ્ધાંતને તથા ભગવાનના તત્વને સારી પેઠે જાણનારા છો. ૧ તાંત્રિક લોકો નિરાકાર ભગવાનનું પૂજન કરવામાં ભગવાનના પગ વગેરે અંગો, ગરૂડાદિક ઉપાંગો, ચક્રાદિક આયુધો અને કૌસ્તુભાદિક આભૂષણો કેવી રીતે અને કયાં તત્વોથી કલ્પેછે તે અમને કહો. એ પૂજનની કુશળતાથી મનુષ્યને અમરપણું પ્રાપ્ત થાય છે. માટે એ પૂજનનો પ્રકાર જાણવાની અમારી ઇચ્છા છે. ૨-૩

સૂતજી કહે છે—હે મુનિઓ! ગુરૂને પ્રણામ કરીને હું તમને વિષ્ણુની વરાટાદિક વિભૂતિઓ કહીશ, કે જે વિભૂતિઓ આ

દિક આચાર્યોએ વેદોમાં તથા તંત્રોમાં વર્ણવેલી છે. ૪ ભગવાન નિરાકાર છતાં તેમનાં અંગ વગેરેની કલ્પના પૃથ્વી વગેરે લોકથી કરવામાં આવે છે, અર્થાત્ ભગવાનની મૂર્તિને બ્રહ્માંડ રૂપ ગણીને તેની પૂજા કરવામાં આવે છે. માયા, સૂત્ર, મહત્તત્વ, અહંકાર અને પાંચ તન્માત્રાઓમાંથી અગીયાર ઇંદ્રિઓ અને પાંચ ભૂતમય આ બ્રહ્માંડ ઉત્પન્ન થયું છે. તે ચેતનરૂપી અધિષ્ઠાન વાળું છે, અને તેમાં પૃથ્વી વગેરે સર્વ લોકો રહેલા છે. ૫ આ બ્રહ્માંડ ઇશ્વરને વિષે કલ્પેલું છે તેથી તેને ઈશ્વરના દેહરૂપ માનીને તેમાં પૃથ્વી પગને ઠેકાણે, સ્વર્ગ મસ્તકને ઠેકાણે, આકાશ નાભિને ઠેકાણે, સૂર્ય નેત્રને ઠેકાણે, વાયુ નાસિકાને ઠેકાણે, દિશાઓ કાનને ઠેકાણે, પ્રજાપતિ ઉપસ્થને ઠેકાણે, મૃત્યુ પાયુને ઠેકાણે, લોકપાળો હાથને ઠેકાણે, ચંદ્ર મનને ઠેકાણે, યમ ભ્રકુટીને ઠેકાણે, લજ્જા ઉપલ્યા હોઠને ઠેકાણે, લોભ નીચલા હોઠને ઠેકાણે, ચાંદની દાંતને ઠેકાણે, ભ્રાંતિ હાસ્યને ઠેકાણે, વૃક્ષો રૂંવાટાંને ઠેકાણે, અને વાદળાં કેશને ઠેકાણે, કલ્પેલાં છે. ૬–૮ આવા વિરાટ (બ્રહ્માંડ) રૂપ દેહનું ધૂપ દીપાદિકથી પૂજન અને એક સાથે ધ્યાન પણ થઇ શકે નહી, તેથી ધાતુ વગેરેની મૂર્તિમાં તે દેહ તથા અવયવો કલ્પીને તેનું ધ્યાન પૂજનાદિક કરવામાં આવે છે. આ બ્રહ્માંડરૂપી વિરાટપુરૂષનું જે માપ અને સ્થિતિ છે તે માપ અને સ્થિતિ નાની મૂર્તિમાં પણ માનવામાં આવેછે. ૯ ભગવાનની મૂર્તિમાં જે કૌસ્તુભમણિ ધારણ કરવામાં આવેછે તે શુદ્ધ ચૈતન્ય ધારણ કર્યું છે એમ માનવામાં આવે છે. અને વક્ષઃસ્થળમાં શ્રીવત્સનું ચિન્હ ધારણ કરવામાં આવેછે તે શુદ્ધ ચૈતન્યની વ્યાપક પ્રભાથી થયેલો જીવ છે એમ માનવામાં આવે છે. ૧૦ મૂર્તિમાં ધારણ કરેલી વનમાળાને નાના પ્રકારની માયા, પીતાંબરને વેદ, ઉપવીતને ૐકાર ૧૧ બે કાનનાં બે મકરાકૃત કુંડળને સાંખ્ય અને યોગ, અને મુગટને સર્વલોકને અભય આપનારો બ્રહ્મલોક માનવામાં આવે છે. ૧૨ વળી મૂર્તિના આધારરૂપ શેષનાગ કરવામાં આવેછે તેને પ્રધાન માનવામાં આવે છે. મૂર્તિના આસનનું જે કમળ ધારણ કરવામાં આવે છે તે ધર્મ જ્ઞાન વૈરાગ્યાદિકયુક્ત સત્વગુણ છે, ૧૩ હાથમાં ધારણ કરાવેલી ગદાને ઓજ[1] સહ[2] અને બળ[3] માનવામાં આવે છે, શંખને જળતત્વ, ચક્રને તેજતત્વ, ૧૪ શ્યામ તરવારને આકાશ તત્વ, ઢાલને તમો ગુણ, શારંગ ધનુષ્યને કાળ, બાણના ભાથાને કર્મ, બાણોને ઇંદ્રિયો. મૂર્તિના રથને મન, રથના અવયવોને પાંચ તન્માત્રાઓ, અને વર તથા અભયાદિક મુદ્રાઓને વરદાન તથા અભયદાન માનવામાં આવે છે. ૧૫–૧૬ મૂર્તિનું પૂજન કરવાની ભૂમિને સૂર્યમંડળરૂપ, ગુરૂએ આપેલી મંત્ર દીક્ષાને પૂજન કરવાની યોગ્યતા અને ભગવાનની મૂર્તિની પૂજાને પાપના નાશરૂપ સાધન માનવામાં આવે છે. ૧૭ મૂર્તિના હાથમાં લીલા માટે ધારણ કરાવેલા કમળને ઐશ્વર્યાદિક છ ગુણો અને બે ચામરોને ધર્મ તથા યશ માનવામાં આવે છે. ૧૮ છત્રને નિર્ભય વૈકુંઠ લોકો, મંદીરને નિર્ભય મોક્ષરૂપ, ગરૂડને યજ્ઞપુરૂષને ધારણ કરનારા ત્રણ વેદરૂપ, ૧૯ લક્ષ્મીજીને ભગવાનની સાક્ષાત્ અવિચળ શક્તિરૂપ, પાર્ષદોના અધિપતિ વિષ્વકસેનને તંત્રશાસ્ત્રોરૂપ, અને નંદ સુનંદાદિક આઠ પાર્ષદોને અણિમાદિક આઠ સિદ્ધિઓ માનવામાં આવે છે. ૨૦ હે શૌનક! વાસુદેવ, સંકર્ષણ પ્રદ્યુમ્નઅને અનિરૂદ્ધ એ ચાર પ્રકારની મૂર્તિઓ વિશ્વ, તૈજસ, પ્રાજ્ઞ અને તુરીયરૂપ છે, તેમાં પેહેલીની જાગ્રત અવસ્થારૂપ વિષયો ઉપરથી, બીજીનાં સ્વપ્નાવસ્થારૂપ મન ઉપરથી, ત્રીજીની સુષુપ્તિરૂપ અજ્ઞાન ઉપરથી અને ચોથીની ઉપરની ત્રણે અવસ્થાના સાક્ષીપણાથી કલ્પના કરવામાં આવે છે. ૨૧–૨૨ એ ભગવાન અંગો, ઉપાંગો, આયુધો, અને આભૂષણોથી શોભતા અને ચાર મૂર્તિવાળા છતાં પણ પોતાની

---

૧ મનનું સામર્થ્ય. ૨ ઇંદ્રિયોનુ સામર્થ્ય ૩ દેહનું સામર્થ્ય.

મૂર્તિમાં ઉપર કહેલાં વિશ્વ,તૈજસ વગેરે ચાર સ્વરૂપ ધારણ કરે છે, તોપણ તેનું જીવપણું ગણાતું નથી, કારણ કે તે શ્રી હરિ સર્વના નિયંતા છે. ૨૩ હે બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ શૌનકજી! એ પરમાત્મા વેદોના કારણરૂપ છે. સ્વયંપ્રકાશ છે, પોતાના મહિમાથી પરિપૂર્ણ છે. અને પોતાની માયાથી જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પાલન કરવા માટે બ્રહ્મા, વિષ્ણુ અને રૂદ્ર નામોથી કહેવાય છે, તે જો કે એક સ્વરૂપ છે, તો પણ શાસ્ત્રોએ જાણે જુદા જુદા હોય એમ કહેલા છે, પરંતુ વસ્તુતાએ જૂદા નથી. તેમની પરમ ભક્તિ કરનારા પુરૂષો તો તેમને આત્મારૂપે જ પામે છે. ૨૪ હે શ્રી કૃષ્ણ! હે અર્જુનના મિત્ર! હે યાદવોમાં ઉત્તમ! હે પૃથ્વીનો દ્રોહ કરનારા રાજાઓને બાળીને ભસ્મ કરી નાંખનારા! હે અપાર પરાક્રમોવાળા! હે ગોવિંદ! હે ગોપિકામંડળે તથા નારદાદિકે ગાયેલા! હે તીર્થરૂપ કીર્તિવાળા! હે શ્રવણથી જ મંગળ કરનારા! તમે અમો દાસજનોનું રક્ષણ કરો. ૨૫ હે શૌનક! જે પુરૂષ પ્રાત:કાળમાં ઉઠી ભગવાનમાં ચિત્ત લગાવીને આ મહાપુરૂષનાં લક્ષણોનું ધ્યાન કરે છે, તે પુરૂષ પોતાના હૃદયમાં રહેલા પરમાત્માને જાણે છે. ૨૬

શૌનક પૂછે છે—કથા સાંભળનારા પરીક્ષિત રાજાને શુકદેવજીએ (પંચમ સ્કંધમાં) કહ્યું છે કે–ગંધર્વ, અપ્સરા, નાગ, યક્ષ, રાક્ષસ, દેવતા, અને ઋષિ એ સૂર્ય સંબંધી સાત ગણો મહિને મહિને બદલાઇ જાય છે. ૨૭ માટે એ દરેકના અધિપતિ સૂર્યોનાં નામો તેઓના ઋષિ વગેરેનાં નામો તથા તેઓનાં કર્મો અમને કહો, કારણ કે સૂર્ય એ ભગવાનનું જ સ્વરૂપ છે તેથી તેના ગણો સાંભળવાની અમને શ્રદ્ધા છે. ૨૮

સૂતપુરાણી કહે છે—સર્વાત્મા શ્રી વિષ્ણુની અનાદિ માયાએ બનાવેલા અને લોકોની મર્યાદા ચલાવનારા શ્રી સૂર્યનારાયણ લોકોમાં ફરેછે. ૨૯ સર્વાત્મા, સૃષ્ટિના આદિ કર્તા.અને આત્મારૂપ શ્રી હરિ છે તેજ સૂર્યનારાયણરૂપ છે. તે શ્રી હરિ સર્વ વૈદિક ક્રિયાઓના મૂળરૂપ હોવાથી ઋષિઓ તે ક્રિયાઓ ઉપરથી તેમનું અનેક પ્રકારે વર્ણન કરેછે. ૩૦ હે શૌનક! તે શ્રી હરિ સઘળાં કર્મોની પ્રવૃત્તિને માટે માયાને લીધે પ્રાત:, મધ્યાન્હ, વગેરે કાળ, દેશ, અનુષ્ઠાન, યજમાન, સ્રુચ વગેરે સાધન, યજ્ઞાદિક ક્રિયાઓ, મંત્રો, વ્રીહિ વગેરે દ્રવ્યો અને સ્વર્ગાદિક ફળો, એવી રીતે નવ પ્રકારના કહેવાયછે. ૩૧ તેમાંના કાળનું સ્વરૂપ ધરનારા સૂર્યરૂપ ભગવાન જગતના વ્યવહાર માટે પોતાના ગણોની સાથે ચૈત્રાદિક બાર મહિનામાં ફરેછે. ૩૨ કૃતસ્થલી નામની અપ્સરા, હેતિ નામનો રાક્ષસ, વાસુકિ નાગ, રથકૃત્ નામનો યક્ષ, પુલસ્ત્ય ઋષિ, અને તંબરૂ ગંધર્વ એ છ ગણોની સાથે ધાતા નામના સૂર્ય ચૈત્ર માસમાં ફરેછે. ૩૩ વૈશાખ માસમાં પુંજીકસ્થલી નામની અપ્સરા, પ્રહેતિ નામનો રાક્ષસ, કચ્છનીર નામનો નાગ, અથૌજા નામનો યક્ષ, પુલહ ઋષિ અને નારદ ગંધર્વ, એ છ ગણોની સાથે અર્યમા નામના સૂર્ય ફરે છે. ૩૪ જેષ્ઠ માસમાં મેનકા અપ્સરા, પૌરુષેય રાક્ષસ, તક્ષક નાગ, રથસ્વન નામનો યક્ષ, અત્રિરૂષિ અને હાહા નામનો ગંધર્વ, એટલા ગણોની સાથે મિત્ર નામના સૂર્ય ફરે છે. ૩૫ આષાઢ માસમાં રંભા નામની અપ્સરા, ચિત્રસ્વન રાક્ષસ, શુક્ર નામનો નાગ, સહજન્ય નામનો યક્ષ, વસિષ્ઠ ઋષિ અને હૂહૂ ગંધર્વ એ છગણોની સાથે વરૂણ નામના સૂર્ય ફરે છે. ૩૬ શ્રાવણ માસમાં પ્રમ્લોચા અપ્સરા, વર્ય નામનો રાક્ષસ, એલાપત્ર નામનો નાગ, શ્રોતા નામનો યક્ષ અંગિરા ઋષિ અને વિશ્વાવસુ ગંધર્વ, એટલા ગણોની સાથે ઇંદ્ર નામના સૂર્ય દેવતા ફરે છે. ૩૭ ભાદરવા મહિનામાં અનુમ્લોચા નામની અપ્સરા, વ્યાઘ્ર નામનો રાક્ષસ, શંખપાલ નામનો નાગ, આસારણ નામનો યક્ષ, ભૃગુઋષિ અને ઉગ્રસેન ગંધર્વની સાથે વિવસ્વાન નામના સૂર્ય ફરે છે. ૩૮ માઘ માસમાં ઘૃતાચિ નામની અપ્સરા, વાત નામનો રાક્ષસ, ધનંજય નામનો નાગ

સુરૂચિ નામનો યક્ષ, ગૌતમઋષિ અને સુષેણ ગંધર્વ, એ ગણોની સાથે પૂષા નામના સૂર્ય ફરે છે. ૩૯ ફાગણ મહિનામાં સેનજીત નામની અપ્સરા, વર્ચ્ચા નામનો રાક્ષસ, ઐરાવત નામનો નાગ, ઋતુ નામનો રાક્ષસ, ભારદ્વાજ ઋષિ, અને વિશ્વ નામનો ગંધર્વ, એટલા ગણોની સાથે પર્જન્ય નામના સૂર્ય ફરે છે. ૪૦ માગશર મહિનામાં ઉર્વશી અપ્સરા, વિદ્યુચ્છત્રુ નામનો રાક્ષસ, મહાશંખ નાગ, તાર્ક્ષ યક્ષ, કશ્યપઋષિ અને શતસેન નામના ગંધર્વની સાથે અંશુ નામના સૂર્ય ફરે છે. ૪૧ પોષ મહિનામાં પુર્વચિત્તિ અપ્સરા, સ્ફૂર્જ નામનો રાક્ષસ, કર્કોટક નાગ, ઉર્ણુ યક્ષ, આયુઋષિ અને અરિષ્ટનેમિ ગંધર્વની સાથે ભગ નામના સૂર્ય ફરે છે. ૪૨ આંસો મહિનામાં તિલોત્તમા અપ્સરા, બ્રહ્માપેત નામનો રાક્ષસ, કંબલ નાગ, શતજીત નામનો યક્ષ, જમદગ્નિ ઋષિ અને ધૃતરાષ્ટ્ર નામનો ગંધર્વ, એટલા ગણોની સાથે ત્વષ્ટા નામના સૂર્ય નારાયણ ફરે છે. ૪૩ કાર્તક માસમાં રંભા અપ્સરા, મખાપેત રાક્ષસ, અશ્વતર નામનો નાગ, સત્યજીત યક્ષ, વિશ્વામિત્રઋષિ અને સૂર્ય વર્ચા નામનો ગંધર્વ એ છ ગણોની સાથે વિષ્ણુ નામના સૂર્ય ફરે છે. ૪૪ હે શૌનક! આ વિષ્ણુરૂપ સૂર્યનારાયણની વિભૂતિઓનું જે માણસ દરરોજ સવારે અને સાંજે સ્મરણ કરે છે તેનાં પાપ દૂર થઇ જાય છે. ૪૫ એ સૂર્યનારાયણ પોતાના છ ગણોની સાથે બારે મહિનાઓમાં ચારે તરફ ફરતા લોકોને આ લોકમાં અને પરલોકમાં સદ્બુદ્ધિ આપે છે. ૪૬ ઋષિઓમાં સૂર્યને પ્રકાશ કરનારા સામવેદ, ઋગ્વેદ અને યજુર્વેદના મંત્રોથી સૂર્યનારાયણની સ્તુતિ કરે છે, ગંધર્વો સૂર્યનું ગાયન કરે છે, અપ્સરાઓ સૂર્યની આગળ નાચે છે, ૪૭ નાગો તેમના રથને મજબૂત બાંધે છે, યક્ષો એ રથને જોડી આપે છે, અને બળવાન રાક્ષસો તેમના રથને પાછળથી ધકેલે છે. ૪૮ વાલખિલ્ય નામના સાઠહજાર પવિત્ર બ્રાહ્મણો સૂર્યની સામે મુખ રાખી મંત્રોથી તેમની સ્તુતિ કરતા પાછાપગે દોડયા જાય છે. એ બ્રાહ્મણો બારે માસમાં એના એજ રહે છે. ૪૯ હે શૌનકાદિક ઋષિઓ! એ રીતે આદિ અંતથી રહિત, અજન્મા અને ઇશ્વર એવા શ્રીહરિ પ્રત્યેક કલ્પમાં પોતાના સ્વરૂપના વિભાગ પાડીને લોકોનું રક્ષણ કરે છે. ૫૦

एवं ह्यनादिनिधनो भगवान् हरिरीश्वरः ॥
कल्पेकल्पेस्वमात्मानं व्यूह्लोकानवत्यजः ॥

ઇતિ શ્રી ભાગવત મહાપુરાણના દ્વાદશ સ્કંધમાં " સૂર્યવ્યૂહ વર્ણન " નામનો ૧૧ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૨ મો.

આ ભાગવત પુરાણના બારે સ્કંધના વિષયોની ટુંકામાં અનુક્રમણિકા.

સૂત ઉવાચ.

नमो धर्माय महते नमः कृष्णायवेधसे ॥
ब्राह्मणेभ्यो नमस्कृत्यधर्मान्वक्ष्येसनातनान् ।

સૂતજી કહે છે—હે શૌનક! ભક્તિરૂપી ધર્મને, સુબોધ આપનાર વેદવ્યાસને અથવા શ્રીકૃષ્ણને તથા બ્રાહ્મણોને પ્રણામ કરીને આ પુરાણમાં કહેલા સનાતન ધર્મોનું વર્ણન કરૂં છું. ૧ હે બ્રાહ્મણો! તમે મને જે બાબત વિષે પ્રશ્ન પૂછયા હતા, તેના ઉત્તરમાં મનુષ્યોને સાંભળવા યોગ્ય આ શ્રી વિષ્ણુનાં અદ્ભુત ચરિત્રો મેં તમને કહ્યાં. ૨ આ ભાગવતપુરાણમાં સઘળાં પાપોનો નાશ કરનારા, પોતાના ભક્તોનું રક્ષણ કરનારા અને સર્વની ઇંદ્રિયોના પતિ સાક્ષાત્ નારાયણનુંજ વર્ણન કર્યું છે. ૩ વળી એમાં જગતની ઉત્પત્તિ તથા પ્રલય જેના વિષે થાય છે એવા ગુહ્ય પરબ્રહ્મ, પરબ્રહ્મને દર્શાવનારૂં જ્ઞાન અને તે જ્ઞાનનાં સાધનો વર્ણવેલાં છે. ૪ વળી એમાં સાધ્ય અને સાધનરૂપ ભક્તિયોગ તથા તેનાથી થનારો વૈરાગ્ય કહેલો છે. તેમાં પ્રથમસ્કંધમાં નારદજીનું ઉપાખ્યાન, પરીક્ષિત-

રાજાનું આખ્યાન, બ્રાહ્મણના શાપથી પરીક્ષિત રાજાનું અનશન વ્રત લેવું, અને બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ એવા શુકદેવજી અને પરીક્ષિતનો સંવાદ વર્ણવેલો છે. ૫-૬ દ્વિતીયસ્કંધમાં યોગ ધારણાથી ઉપરના લોકોમાં ગતિ, નારદજી તથા બ્રહ્માનો સંવાદ, ભગવાનના અવતારોનું વર્ણન, અને મહત્તત્વાદિકના અનુક્રમથી વિરાટની ઉત્પત્તિ કહેલી છે. ૭ તૃતીયસ્કંધમાં વિદુર તથા ઉદ્ધવનો સંવાદ, વિદુર અને મૈત્રેયનો સંવાદ પુરાણની સંહિતા વિષે પ્રશ્ન. પ્રલયમાં પરમાત્માની સ્થિતિ, ૯ પ્રકૃતિથી થતો ગુણોનો ક્ષોભ, મહત્તત્વ, અહંકાર અને પંચમહાભૂત એ સાતની તથા વિકારોની ઉત્પત્તિ, જેમાં વૈરાટ પુરૂષ રહેલા છે એવા બ્રહ્માંડની ઉત્પત્તિ, ૯ સ્થૂળ અને સૂક્ષ્મકાળનું સ્વરૂપ, કમળની ઉત્પત્તિ, પૃથ્વીનો સમુદ્રમાંથી ઉદ્ધાર કરતાં ભગવાને કરેલો હિરણ્યાક્ષનો વધ, ૧૦ વૃક્ષ, પશુ, પક્ષી, મનુષ્ય અને દેવતાની ઉત્પત્તિ, રૂદ્રની સૃષ્ટિ, અર્ધનારીશ્વરરૂપ બ્રહ્મા કે જેના અર્ધભાગમાંથી સ્વાયંભુવ મનુ થયા અને બીજા અર્ધ ભાગમાંથી ઉત્તમ પ્રકૃતિ રૂપ શતરૂપા થયાં તેમનું વૃત્તાંત, કર્દમ પ્રજાપતિની ઉત્પત્તિ, મહાત્મા કપિલ દેવનો અવતાર તથા તેમની સાથે થયેલો દેવહૂતિનો સંવાદ, એટલા વિષયો કહેલા છે. ૧૧-૧૩ ચતુર્થસ્કંધમાં મરીચિ આદિ નવ બ્રાહ્મણોની ઉત્પત્તિ, ધર્મની સ્ત્રીઓનો વંશ, દક્ષના યજ્ઞનો ભંગ, ધ્રુવજીનું ચરિત્ર, પૃથુરાજાનું ચરિત્ર, પ્રાચિનબર્હિ રાજાનું ચરિત્ર અને તેનો નારદ સાથેનો સંવાદ, એટલા વિષયો છે. પંચમ સ્કંધમાં પ્રિયવ્રત રાજાનું, નાભિ રાજાનું, ઋષભદેવનું અને ભરતજીનું ચરિત્ર વર્ણવેલું છે. ૧૪-૧૫ પછી દ્વીપો, સમુદ્રો, પર્વતો, ખંડો અને નદીઓનું વર્ણન કરેલું છે. પછી જ્યોતિશ્ચક્રની સ્થિતિ, પાતાળની સ્થિતિ, અને નરકની સ્થિતિ વર્ણવી છે. ૧૬ ષષ્ઠ સ્કંધમાં પ્રચેતાઓથી દક્ષની ઉત્પત્તિ, દક્ષની પુત્રીઓથી દેવતા, અસુર, મનુષ્ય, પશુ, વૃક્ષ અને પક્ષીઓની ઉત્પત્તિ, ૧૭ અને વૃત્રાસુરના જન્મનું તથા મરણનું વર્ણન કરેલું છે. સપ્તમ સ્કંધમાં દિતિના બે પુત્ર હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુનું વૃત્તાંત, તથા દૈત્યેશ્વર મહાત્મા પ્રહ્લાદનું ચરિત્ર વર્ણવ્યું છે. ૧૮ અષ્ટમ સ્કંધમાં મન્વંતરોનું વર્ણન, ગજેંદ્રનો મોક્ષ, મન્વંતરોમાં વિષ્ણુના અવતારો, ભગવાનનો હયગ્રીવ અવતાર, ૧૯ કૂર્માવતાર, મત્સ્યાવતાર, નૃસિંહાવતાર, વામનાવતાર, અમૃત માટે દેવદૈત્યોએ કરેલું સમુદ્રમંથન અને દેવદૈત્યોનું યુદ્ધ વર્ણવ્યું છે. નવમ સ્કંધમાં રાજાઓના વંશનું વર્ણન, ઇક્ષ્વાકુ રાજાનો વંશ, મહાત્મા સુદ્યુમ્નનું ચરિત્ર, ૨૦-૨૧ ઇલાનું આખ્યાન, તારાનું આખ્યાન, સૂર્યવંશનું વર્ણન, અને શશાદ તથા નૃગ વગેરે રાજાઓનું વૃત્તાંત છે. ૨૨ પછી સુકન્યાનું વૃત્તાંત, શર્યાતિ રાજાનું ચરિત્ર, કકુત્સ્થ, ખટ્વાંગ, માંધાતા, સૌભરી, અને સગરરાજાનાં ચરિત્ર, ૨૩ કોશલાધિપતિ શ્રી રામચંદ્રજીનું પાપનાશક ચરિત્ર, નિમિરાજાએ કરેલો દેહત્યાગ, જનકના વંશની ઉત્પત્તિ, ભૃગુકુળમાં શ્રેષ્ઠ પરશુરામે પૃથ્વીને નિઃક્ષત્રિય કર્યાનું વૃત્તાંત, ચંદ્રવંશના પ્રથમપુરૂષ ઐલનું ચરિત્ર, યયાતિ તથા નહુષ રાજાનું ચરિત્ર, ૨૫ દુષ્યંતના પુત્ર ભરતનું, શંતનુ રાજાનું અને તેના પુત્ર ભીષ્મનું ચરિત્ર વર્ણવેલું છે. પછી યયાતિના મોટા પુત્ર યદુનો વંશ કે જેમાં જગદીશ્વર શ્રી કૃષ્ણ ભગવાને જન્મ લીધો હતો તેનું વર્ણન કરેલું છે. ૨૬ દશમ સ્કંધમાં વસુદેવના ઘરમાં શ્રી કૃષ્ણનો જન્મ, તેમનું નંદરાયજીને ઘેર ઉછરવું, ૨૭ અને તેમણે નીચે લખ્યાપ્રમાણે કરેલાં અપાર ચરિત્રો વર્ણવ્યાં છે. પુતનાના પ્રાણની સાથે દુગ્ધપાન, બાલ્યાવસ્થામાં ગાડાને ઉંધું વાળવું, ૨૮ તૃણાવર્તનો, બકાસુરનો, વત્સાસુરનો, ધેનુકાસુરનો, તેના મિત્રનો અને પ્રલંબાસુરનો વધ, ૨૯ ચોતરફ સળગેલા દાવાનળથી ગોવાળીઆઓનું રક્ષણ, કાલિયનાગનું દમન, અજગરના મોઢામાંથી નંદજીને છોડાવ્યા, ૩૦ ગોપકન્યાઓએ કરેલું વ્રત, વ્રતથી ભગવાનનું પ્રસન્ન થવું, યજ્ઞપત્નિઓ ઉપર કરેલી કૃપા, બ્રાહ્મણોનો પશ્ચાત્તાપ, ૩૧ ગોવર્ધનનું ધારણ, ઇંદ્ર તથા કામધેનુએ

કરેલી શ્રી કૃષ્ણની પૂજા તથા અભિષેક, ૩૧ રાત્રિઓમાં સ્ત્રીઓની સાથે કરેલી રાસલીલા, ૩૨ દુષ્ટ બુદ્ધિવાળા શંખચુડનો, અરિષ્ટાસુરનો અને કેશી દૈત્યનો વધ. અક્રૂરનું ગોકુળમાં આવવું, તેમની સાથે શ્રી કૃષ્ણ બળદેવનું મથુરામાં પધારવું, ૩૩ ગોપીઓએ કરેલો વિરહવિલાપ, શ્રી કૃષ્ણબળદેવે કરેલું મથુરાવલોકન, કુવલયાપીડ હાથીનો, ચાણુર તથા મુષ્ટિકાદિક મલ્લોનો અને કંસનો કરેલો વધ, ૩૪ સાંદીપનિ ગુરૂના મરી ગયેલા પુત્રને પાછો આણી આપ્યો ઉદ્ધવ તથા બળરામની સાથે મથુરામાં રહેલા શ્રી કૃષ્ણ ભગવાને યાદવોનું હિત કર્યું, જરાસંધની સેનાનો વારંવાર નાશ, કાળયવનનો નાશ, દ્વારિકાપુરીનું વસાવવું, સ્વર્ગમાંથી પારિજાતક વૃક્ષનું તથા સુધર્મા સભાનું લાવવું. ૩૫-૩૭ શત્રુઓ સાથે યુદ્ધ કરીને કરેલું રૂક્મિણીનું હરણ, યુદ્ધમાં મહાદેવને બગાસાં ઉત્પન્ન કરવાં, બાણાસુરના હાથ કાપી નાંખ્યા, પ્રાગ્જ્યોતિ નગરના પતિ ભૌમાસુરને મારીને સોળહજાર એકસો કન્યાઓનું લાવવું, ૩૮ શિશુપાલનો, પૌંડ્રકનો, શાલ્વનો, દુષ્ટ બુદ્ધિવાળા દંતવક્ત્રનો, શંબરાસુરનો, દ્વિવીદનો, પીઠનો, મુરનો, અને પંચજન (શંખાસુર) વગેરે દૈત્યોનો પ્રભાવ તથા તેઓનો વધ, કાશીપુરીનો દાહ, અને પાંડવોના નિમિત્તે પૃથ્વીનો ઉતારેલો ભાર, એટલા વિષયો દશમ સ્કંધમાં વર્ણવેલા છે. ૩૦ તે પછી એકાદશ સ્કંધમાં બ્રાહ્મણોના શાપના મિષથી પોતાના કુળનો નાશ, ઉદ્ધવ તથા શ્રી કૃષ્ણનો અદ્ભુત સંવાદ, સંપૂર્ણ આત્મજ્ઞાન તથા ધર્મનો નિર્ણય, પોતાના યોગબળથી શ્રી કૃષ્ણનું મનુષ્યપણાથી અદૃશ્ય થવું, એટલા વિષય વર્ણવ્યા છે. ૪૧-૪૨ દ્વાદશ સ્કંધમાં યુગોનાં લક્ષણો, યુગોની વૃત્તિઓ, કળિયુગમાં મનુષ્યોની દુર્દશા, ચાર પ્રકારના પ્રલય, પ્રાકૃતિક, નૈમિત્તિક અને નિત્ય એ ત્રણ પ્રકારની ઉત્પત્તિ, ૪૩ બુદ્ધિમાન રાજર્ષિ પરીક્ષિતે કરેલો દેહત્યાગ, વેદવ્યાસે કરેલો વેદની શાખાઓનો વિસ્તાર, માર્કંડેયની પવિત્ર કથા, પૂજામાં ભગવાનના અંગાદિકની કલ્પના, અને જગતમાં આત્મારૂપ બાર સૂર્યનો સમૂહ, એટલા વિષયો વર્ણવ્યા છે. ૪૪ હે બ્રાહ્મણો! આ વિષયમાં તમે જે જે પ્રશ્નો પૂછેલા તેઓના ઉત્તર મેં તમને કહી સંભળાવ્યા, અને સઘળા પ્રસંગમાં ભગવાનના લીલાવતાર સંબંધી અવતારનાં ચરિત્ર કહેલાં છે. ૪૫ મનુષ્ય પડતાં, ઠેસ ખાતાં, છીંક ખાતાં, અથવા બીજી પરાધીન દશામાં 'हरये नमः' એમ ઊંચા સ્વરથી બોલેછે, તો તે સર્વ પાપથી છુટી જાયછે. ૪૬ જેમ સૂર્ય પર્વતની ગુફાના અંધકારનો નાશ કરેછે, તથા જેમ વાયુ મેઘમંડળને વિખેરી નાંખેછે, તેમ કીર્તન કરવાથી અથવા મહિમાનું શ્રવણ કરવાથી અનંત ભગવાન પુરૂષના હૃદયમાં પેશીને તેનાં સર્વ દુઃખો દૂર કરેછે. ૪૭ જે વાણીથી ભગવાનની કથા કરવામાં ન આવે તે વાણીને મિથ્યા, વ્યર્થ, દુષ્ટ અને ખરાબ જાણવી, અને જે વાણીથી ભગવાનના ગુણો ગવાતા હોય તેજ વચન સત્ય, મંગળરૂપ અને પવિત્ર સમજવું. ૪૮ જેમાં ભગવાનના યશનું વર્ણન કરેલું હોય તેજ વચન મનોહર, મધુર, અને ક્ષણક્ષણ પ્રત્યે નવીન તથા મનને આનંદદાયક થઇ પડેછે, અને એજ વચન વિચિત્ર પ્રકારની રચનાવાળું છતાં જગત્પાવન શ્રીહરિના યશનું વર્ણન ન કરે, તે વચનને કાગડા જેવા અપવિત્ર પુરૂષોને સારૂં લાગેછે. પરંતુ તેને હંસ જેવા પરમહંસ જ્ઞાનીઓ સેવતા નથી; કારણ કે જેમાં ભગવાનનું વર્ણન હોયછે તેમાંજ નિર્મળ ભક્તો પ્રીતિ રાખેછે. ૫૦ સંબંધ વગેરે બરોબર નહી છતાં પ્રત્યેક શ્લોકમાં ભગવાનના યશથી શણગારેલાં નામ આવે તે વાણીનો પ્રયોગ મનુષ્યોનાં અનેક પાપનો નાશ કરેછે; કારણ કે સાધુપુરૂષો ભગવાનનાં નામોજ સાંભળેછે, સંભળાવેછે અને ગાયછે. ૫૧ કર્મોનો નાશ કરનારૂં જ્ઞાન પણ જો ભગવાનની ભક્તિ વગરનું હોય તો તે શોભતું નથી, ત્યારે ઘણું ઉત્તમ કર્મ પણ જો ઈશ્વરને અર્પણ કરવામાં ન આવે તો તે કેમ શોભે? કારણ

તેં કર્મ તો સાધની વેળા તથા તેનાં ફળોની પ્રાપ્તિ-વેળા પણ દુઃખરૂપજ છે. ૫૨ વર્ણાશ્રમ, આચાર, તપ, તથા શાસ્ત્રશ્રવણાદિકમાં જે મોટા પરિશ્રમ કરવામાં આવે છે, તે તો યશ અને સંપત્તિજ આપે છે; પરંતુ ભગવાનના ગુણ ગાવાથી તથા તેનું શ્રવણ કરવાથી તો ભગવાનનાં ચરણારવિંદનું વિસ્મરણ કદી પણ થતું નથી. ૫૩ ભગવાનનાં ચરણારવિંદનું સ્મરણ સર્વ પાપોનો નાશ કરે છે, શાંતિ આપે છે, અંતઃકરણ શુદ્ધ કરે છે, પરમાત્માની ભક્તિ ઉત્પન્ન કરાવે છે અને વૈરાગ્ય તથા વિજ્ઞાન સહિત જ્ઞાન આપે છે. ૫૪ હે ઉત્તમ બ્રાહ્મણો ! તમે સર્વના અંતર્યામી અને સર્વોત્તમ ભગવાન નારાયણદેવને અંતઃકરણમાં રાખીને અનન્યભાવથી નિરંતર ભજો છો, તેથી તમે મહા ભાગ્યશાળી છો. ૫૫ પૂર્વે ગંગાકાંઠે અનશન વ્રત લઈ બેઠેલા પરીક્ષિત રાજાની તથા સાંભળનારા મોટા મોટા ઋષિઓની સભામાં મહર્ષિ શુકદેવજીના મુખથી મેં જે આત્મતત્વ સાંભળ્યું હતું તેનું તમોએ મને સ્મરણ કરાવ્યું. ૫૬ માટે હે બ્રાહ્મણો ! જેમનાં અનેક કર્મો વર્ણવવા યોગ્ય છે એવા ભગવાનનું સઘળાં અશુભનો નાશ કરનારૂં મહાત્મ્ય મેં તમને કહ્યું. ૫૭ જે પુરૂષ એકાગ્રચિત્તથી શ્રદ્ધાપૂર્વક નિત્ય એક પોહોર અથવા ક્ષણવાર પણ તમારી પેઠે ભગવાનનાં ચરિત્ર સાંભળે અથવા ગાવે છે, તે પુરૂષ પોતાના આત્માને પવિત્ર કરે છે. ૫૮ જે પુરૂષ એકાદશી અથવા દ્વાદશીને દિવસે આ ભાગવત પુરાણનું શ્રવણ કરે છે તેનું આયુષ્ય વધે છે, અને ઉપવાસ કરીને સાવધાનીથી પાઠ કરે છે તે પાપ રહિત થઈ જાય છે. ૫૯ પુષ્કર ક્ષેત્રમાં, મથુરામાં, અથવા દ્વારકાપુરીમાં અપવાસ કરી જીતેંદ્રિય થઈને આ શ્રીમદ્ ભાગવત સંહિતાનો પાઠ કરે તે સંસારના જન્મમરણના ભયથી મુક્ત થઇ જાય છે. ૬૦ આ ભાગવતપુરાણની કથા કરનાર તથા સાંભળનારના સર્વે મનોરથ દેવતા, મુનિઓ, સિદ્ધો, પિતૃઓ, મનુ અને રાજાઓ પૂરા કરે છે. ૬૧ દ્વીજ લોક ઋગ્વેદ ભણીને મધની નદીઓ, યજુર્વેદ ભણીને ઘીની નદીઓ, અને શામવેદ ભણીને દૂધની નદીઓ મળવારૂપ જે ફળ પામે છે, તે ફળ આ ભાગવત ભણવાથી મળે છે. ૬૨ હે બ્રાહ્મણો ! જે મનુષ્ય સાવધાનીથી આ ભાગવત પુરાણને ભણે છે, તેને ભાગવતમાં વર્ણવેલું પરમપદ પ્રાપ્ત થાય છે. ૬૩ આ પુરાણને જો બ્રાહ્મણ ભણે તો તેને જ્ઞાન મળે છે, ક્ષત્રિય ભણે તો તેને પૃથ્વીનું રાજ્ય મળે છે, વૈશ્ય ભણે તો તે કુબેરના જેવો ધનવાન થાય છે, અને જો શુદ્ર ભણે તો તેનાં સર્વ પાપ દૂર થઇ જાય છે. ૬૪ બીજાં શાસ્ત્રોમાં કળિયુગના મેલના સમૂહનો નાશ કરનારં સર્વાત્મા ભગવાનનાં ચરિત્રો વારંવાર ગાયેલાં નથી; અને આ ભાગવતમાં તો કથાઓના પ્રસંગમાં અશેષમૂર્તિ ભગવાનનું પદે પદે વર્ણન કરેલું છે. ૬૫ જેઓની સર્વ ગુણાદિક શક્તિઓ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયરૂપ છે, અને બ્રહ્મા, રૂદ્ર, અને ઇંદ્ર પણ જેમની સ્તુતિ કરવાને અજાણ્યા છે, એવા અજન્મા, અનંત અને આત્મસ્વરૂપી અચ્યુત ભગવાનને હું પ્રણામ કરૂં છું. ૬૬ વૃદ્ધિ પામેલી નવ (પ્રકૃતિ, પુરૂષ, મહત્તત્વ, અહંકાર અને પાંચતન્માત્રા) શક્તિઓવડે જેમણે પોતાના સ્વરૂપમાંજ સચરાચર જગત રચેલું છે, એવા સર્વવ્યાપક, જ્ઞાનમૂર્તિ, સનાતન અને દેવતાઓમાં શ્રેષ્ઠ ભગવાનને હું પ્રણામ કરૂં છું. ૬૭ પોતાના આત્મસ્વરૂપના સુખમાં નિમગ્ન ચિત્તવાળા હોવાથી બીજા પદાર્થો ઉપર રૂચિ નહી રાખનારા છતાં પણ જેમણે પોતાનું ચિત્ત ભગવાનની સુંદર લીલાઓથી ખેંચાવાને લીધે, સર્વ લોકોની ઉપર કૃપા કરીને ભગવાનના પરમતત્વને દર્શાવનારા આ શ્રીમદ્ ભાગવતપુરાણનો વિસ્તાર કર્યો છે, તે સર્વ જગતના દોષ મટાડનારા, વેદવ્યાસના પુત્ર શ્રી શુકદેવજીને હું પ્રણામ કરૂં છું. ૬૮

स्वसुखनिभृत चेतास्तद्व्युदस्तान्य भावो ।
प्यजित रुचिरलीला कृष्टसारस्तदीयम् ॥

व्यतनुत कृपया यस्तत्वदीयं पुराणं ।
तमखिल वृजिनघ्नं व्याससुनुं नतोऽस्मि ॥
ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણના દ્વાદશ સ્કંધમાં "દ્વાદશ સ્કંધોની અનુક્રમણિકા" નામનો ૧૨ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૩ મો.

અઢાર પુરાણોનું વર્ણન.

सूत उवाच.

यं ब्रह्मा वरुणेन्द्र रुद्र मरुतः स्तुन्वन्ति दिव्यैः स्तवै । वेदै सांगपदक्रमोपनिषदैर्गायन्ति यं सामगाः ॥ ध्यानावस्थितद्गतेन मनसा पश्यन्तियं योगिनो । यस्यान्तं न विदुः सुरासुरगणादेवाय तस्मै नमः ॥

સૂત પુરાણી કહે છે—બ્રહ્મા, વરુણ, ઇંદ્ર અને વાયુદેવતાઓ દિવ્ય સ્તોત્રોથી અને અંગ, પદ, ક્રમ તથા ઉપનિષદો સાથે વેદોથી જેમની સ્તુતિ કરે છે, સામગાન કરનારા લોકો જેમને ગાય છે, યોગીઓ ધ્યાનથી નિશ્ચળ થયેલા અને તેમાંજ સ્થિર થયેલા મનથી જેમને જુએ છે, અને દૈત્યોના સમૂહો જેમના અંતને જાણતા નથી, તે દેવને હું નમસ્કાર કરૂં છું. ૧ ક્ષીર સમુદ્રના મથન વખતે પીઠ ઉપર ફરતા મોટા મંદરાચળ પર્વતના પથ્થરોની અણીઓથી શરીર ઘસાતાં જેમને નિદ્રા આવતી હતી, એવા કચ્છપ ભગવાનના શ્વાસના પવનો કે જે પવનોની લેશમાત્ર અનુવૃત્તિથી આજ સુધી ભરતીઓટના મિષથી સમુદ્રનું પાણી ચઢે છે અને ઉતરે છે, તેઓ તમારી રક્ષા કરો. ૨ હવે હું તમને પુરાણોના પ્રમાણની સંખ્યા, તેઓની ગણત્રી, ભાગવતનો વિષય, તેનું દાન અને તેના દાનનું તથા પાઠનું મહાત્મ્ય કહું છું તે સાંભળો. ૩ બ્રહ્મપુરાણ દશહજાર શ્લોકનું છે, પદ્મપુરાણ પંચાવન હજાર શ્લોકનું છે, વિષ્ણુપુરાણ ત્રેવીશહજાર શ્લોકનું છે, શીવપુરાણ ચોવીશહજાર શ્લોકનું છે, ૪ આ શ્રીમદ્ ભાગવતપુરાણ અઢારહજાર શ્લોકનું છે, નારદપુરાણ પચીશહજાર શ્લોકનું છે, માર્કંડેયપુરાણ નવહજાર શ્લોકનું છે, અગ્નિપુરાણ પંદરહજાર ચારસો શ્લોકનું છે. ૫ ભવિષ્યપુરાણ ચૌદહજાર પાંચસો શ્લોકનું છે, બ્રહ્મવૈવર્તપુરાણ અઢારહજાર શ્લોકનું છે, લિંગપુરાણ અગીયારહજાર શ્લોકનું છે. ૬ વરાહપુરાણ ચોવીશહજાર શ્લોકનું છે, સ્કંદપુરાણ એકાશીહજાર અને એકસો શ્લોકનું છે, વામનપુરાણ દશહજાર શ્લોકનું છે. ૭ કૂર્મપુરાણ સત્તરહજાર શ્લોકનું છે, મત્સ્યપુરાણ ચૌદહજાર શ્લોકનું છે, ગરૂડપુરાણ ઓગણીશહજાર શ્લોકનું છે, અને બ્રહ્માંડપુરાણ બારહજાર શ્લોકનું છે. ૮ આ પ્રમાણે સઘળાં પુરાણોના શ્લોકની સંખ્યા ચાર લાખની થાય છે, તેમાં શ્રીમદ્ ભાગવત અઢારહજાર શ્લોકનું છે. ૯ પોતાની નાભિકમળમાં બેઠેલા અને સંસારથી ભય પામેલા બ્રહ્માની આગળ ભગવાને કરૂણા કરીને પ્રથમ આ શ્રીમદ્ ભાગવતનો પ્રકાશ કર્યો હતો. ૧૦ આ ભાગવતના આદિ ભાગમાં, અધ્યમાં અને અંતમાં વૈરાગ્યનાં આખ્યાનો છે. વળી આ પુરાણ ભગવાનની લીલાઓના સમૂહરૂપી અમૃતવડે મહાત્મા પુરૂષોને તથા દેવતાઓને આનંદ આપે છે. ૧૧ આ પુરાણમાં સર્વ ઉપનિષદોના સારરૂપ અને ઇશ્વર તથા જીવની એકતાથી જણાતી અદ્વિતીય વસ્તુ કે જે પરબ્રહ્મજ છે, તેનું વર્ણન કરેલું છે, આ પુરાણનું ફળ એક મોક્ષજ છે. ૧૨ જે માણસ ભાદરવા મહિનાની પુનેમને દિવસે સુવર્ણના સિંહાસન સહિત શ્રીમદ્ ભાગવતનું દાન કરે છે, તે પરમગતિને પામે છે. ૧૩ આ શ્રીમદ્ ભાગવત શાસ્ત્ર અમૃતના સમુદ્રરૂપ છે, તે જ્યાં સુધી સાંભળ્યું ન હોય ત્યાં સુધી મહાત્માઓના મંડળમાં બીજાંપુરાણો શોભે છે. ૧૪ આ પુરાણને સર્વ ઉપનિષદોના સારરૂપ ગણેલું છે જે માણસ આ શ્રીમદ્ભાગવતના રસરૂપી અમૃતથી તૃપ્ત થયો હોય છે તેને બીજા કોઇ ગ્રંથ ઉપર પ્રીતિ થતી નથી. ૧૫ જેમ ગંગાજી સર્વે નદીઓમાં શ્રેષ્ઠ

છે, જેમ વિષ્ણુ સર્વ દેવતાઓમાં શ્રેષ્ઠ છે, અને જેમ શંકર સર્વ વૈષ્ણવોમાં શ્રેષ્ઠ છે, તેમ આ શ્રીમદ્ ભાગવતપુરાણ સર્વ પુરાણો કરતાં શ્રેષ્ઠ છે. ૧૬ હે બ્રાહ્મણો! જેમ કાશીક્ષેત્ર સર્વે ક્ષેત્રોમાં ઉત્તમ છે, તેમ સર્વ પુરાણોમાં આ ભાગવત ઉત્તમ છે. ૧૭ આ ભાગવત પુરાણ કે જે નિર્મળ તથા વૈષ્ણવોને અત્યંત પ્રિય છે, જેમાં પરમહંસોએ પ્રાપ્ત કરવા યોગ્ય એક નિર્દોષ જ્ઞાનમૂર્તિ પરબ્રહ્મનું નિરૂપણ કરવામાં આવેલું છે તેમાં જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિનું એકઠું વર્ણન કરીને સઘળાં કર્મોનો ઉપરામ બતાવ્યો છે, માટે જે મનુષ્ય આ પુરાણને ભક્તિપૂર્વક સાંભળે, પાઠ કરે અને વિચારે છે, તે મોક્ષગતિને પામે છે. ૧૮ જે પરમાત્માએ કૃપા કરીને આ અતુલ જ્ઞાનના દીવારૂપ શ્રીમદ્ ભાગવતનો પ્રથમ બ્રહ્માની પાસે પ્રકાશ કર્યો, તે પછી બ્રહ્મારૂપે નારદમુનિની આગળ પ્રકાશ કર્યો, તે પછી નારદજીના રૂપથી વેદવ્યાસની પાસે પ્રકાશ કર્યો, પછી વ્યાસજીના રૂપથી યોગીંદ્ર શ્રી શુકદેવજીની પાસે પ્રકાશ કર્યો, અને પછી શુકદેવજીના રૂપથી પરીક્ષિત રાજાની પાસે પ્રકાશ કર્યો, તે શુદ્ધ, નિર્મળ, શોકરહિત, સત્યમૂર્તિ અને મોક્ષસ્વરૂપ પરબ્રહ્મનું આપણે ધ્યાન કરવું જોઇએ. ૧૯ જેમણે મોક્ષની ઇચ્છાવાળા બ્રહ્માની પાસે કૃપાથી આ શ્રીમદ્ ભાગવત પ્રગટ કર્યું હતું. તે સર્વના સાક્ષી વાસુદેવ ભગવાનને મારા પ્રણામ હો. ૨૦ જેમણે સંસારરૂપી સર્પથી કરડાયેલા પરીક્ષિત રાજાને તેમાંથી મુક્ત કર્યા હતા, તે યોગીઓમાં ઉત્તમ પરબ્રહ્મરૂપ શુકદેવજીને મારા પ્રણામ હો. ૨૧ હે દેવેશ્વર! હે પ્રભુ! અમને જન્મોજન્મ આપનાં ચરણકમળનેવિષે જે રીતે ભક્તિ થાય તેમ કરજો; કારણકે આપજ અમારા નાથ (સ્વામી) છો. ૨૨ જેમનાં નામકીર્તન સર્વ પાપોનો નાશ કરે છે, અને જેમને કરેલો પ્રણામ દુઃખને શાંત કરી દે છે, તે પરમાત્મા શ્રી હરિને હું પ્રણામ કરૂં છું. ૨૩

नामसंकीर्तनंयस्य सर्वपापप्रणाशनम् ॥
प्रणामो दुःखशमनस्तं नमामि हरिं परम् ॥

ઇતિ શ્રી ભાગવત મહાપુરાણના દ્વાદશ સ્કંધમાં "પુરાણોની શ્લોક સંખ્યા તથા શ્રીમદ્ ભાગવતનું શ્રવણ, દાન મહાત્મ્યકથન" નામને ૧૩ મો અધ્યાય સંપૂર્ણ.

शुभंभवतु.

श्रीमद् भागवत भाषांतरनो द्वादश स्कंध समाप्त.

श्रीमद् भागवत
भाषांतर समाप्त.

આરતી ૧.

જયદેવ જયદેવ, જય ત્રિભુવનકર્ત્તા, જય ત્રિભુવનકર્તા;
સબકે આશ્રય દાતા, (૨) ભયસંકટ હર્તા, જયદેવ જયદેવ. ૧

જડ ચેતન સબ જેતે, મહિમા તબ ગાવૈં, મહિમા સબ ગાવૈં;
રાજા પરજા સબહી (૨) તુઝકો શિર નાવૈં, જયદેવ જયદેવ. ૨

અટલ તુમ્હારી કરુણા, વરણી નહિ જાઇ, વરણી નહિ જાઇ;
મંગળ કીર્ત્તિ તુમ્હારી (૨) ગગન ગગન છાઇ, જયદેવ જયદેવ. ૩

તુમ ચેતન પરમેશ્વર, તુમ પૂરણ સ્વામી, તુમ પૂરણ સ્વામી;
પુણ્ય પાપ મમ દેખો (૨) પ્રભુ અન્તર્યામી, જયદેવ જયદેવ. ૪

અટલ જ્ઞાનકી ચહુંદિશિ, જ્યોતી વિસ્તારી તુમ જ્યોતી વિસ્તારી;
નિરખી નિરખી હો વિસ્મીત (૨) જગકે નરનારી. જયદેવ જયદેવ. ૫

હે અનંત તવ શક્તિ, વર્ણન કિમિ કીજે, વર્ણન કિમિ કીજે;
કરો ગર્વ પ્રભુ ચૂરણ (૨) નિજ આશ્રય દીજે. જયદેવ જયદેવ. ૬

ભિક્ષા યહી હમારી. હે મંગલ દેવા, હે મંગલ દેવા;
નિશદિન હો ઉત્સાહિત (૨) કરૈં તેરી સેવા. જયદેવ જયદેવ. ૭

આરતી ૨.

જય જગદીશ હરે, જય જગદીશ હરે.. (ટેક.)
ભક્ત જનનકે સંકટ (૨) ક્ષણુમેં દૂર કરે, જય૦ ૧

જો ધ્યાવે ફલ પાવે, દુખ વિનશે મનકા; (૨)
સુખ સંપતિ ઘર આવે (૨) કષ્ટ મિટે તનકા. જય૦ ૨

માતા પિતા તુમ મેરે, શરણુ ગહું કિસકી; (૨)
તુમ બિન ઔર ન કોઇ (૨) આશા કરૂં જિસકી. જય૦ ૩

તુમ પૂરણુ પરમાતમ, તુમ અંતર્યામી; (૨)
પરબ્રહ્મ પરમેશ્વર (૨) તુમ સબકે સ્વામી. જય૦ ૪

તુમ કરુણાકે સાગર, તુમ પાલન કર્ત્તા; (૨)
મૈં મૂરખ ખલ કામી (૨) કૃપા કરો ભર્ત્તા. જય૦ ૫

તુમ હો એક અગોચર, સબકે પ્રાણપતિ; (૨)
કિસ વિધિ મિલૂં દયામય (૨) તુમકો મૈં કુમતિ. જય૦ ૬

દીનબંધુ દુખહર્ત્તા, તુમ રક્ષક મેરે; (૨)
કરુણા હસ્ત ઉઠાઓ (૨) દ્વાર પડા તેરે. જય૦ ૭

વિષય વિકાર મિટાવો, પાપ હરો દેવા; (૨)
શ્રદ્ધા ભક્તિ બઢાવો (૨) પુજ્યનુકી સેવા. જય૦ ૮

ગૂઢાર્થ.

વેદ—ચાર છે ૧ ઋગ્વેદ (શાખા ૮૨૨), ૨ યજુર્વેદ (શાખા ૮૬), ૩ સામવેદ (શાખા ૧૦૦૮), અને અથર્વવેદ (શાખા ૯)

ઉપવેદ—ચાર છે. ૧ આયુર્વેદ (વૈદક), ૨ ધનુર્વેદ (શસ્ત્રવિદ્યા), ૩ ગાંધર્વ (ગાનવિદ્યા), ૪ સ્થાપત્ય (શિલ્પવિદ્યા) એ ચાર અનુક્રમે ચાર વેદના ઉપવેદ છે.

૭ શાસ્ત્ર—સાંખ્ય, યોગ, વેદાંત, મીમાંસા, ન્યાય અને વૈશેષિક.

છ રિપુ—રાગ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર.

ત્રણ ગુરૂ—માતા, પિતા અને આચાર્ય.

નવધા ભક્તિ—શ્રવણ, કીર્તન, સ્મરણ, ચરણસેવા, અર્ચન, વંદન, આત્મનિવેદન, દાસત્વ અને સખ્યત્વ.

અષ્ટ સિદ્ધિ—અણિમા, મહિમા, લઘિમા, ગરિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઇશિત્વ અને વશિત્વ.

ચાર ખાણ—જરાયુજ, અંડજ, સ્વેદજ, ઉદ્ભિજ્જ.

કલ્પ—ચાર યુગની એક ચોકડી અને ૧૦૦૦ ચોકડીનો એક કલ્પ થાયછે.

ચાર અવસ્થા—જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ અને તુરીયા. તેના વિભુ અનુક્રમે વિશ્વ, તૈજસ પ્રાજ્ઞ અને બ્રહ્મ છે.

ચૌદ લોક—તળ, અતળ, વિતળ, સુતળ, તળાતળ, રસાતળ અને પાતાળ; ભૂર્લોક, ભુવર્લોક, સ્વર્ગલોક, મહર્લોક, જનલોક, તપોલોક અને સત્યલોક.

આઠ દિક્પાળ—પૂર્વના ઇંદ્ર, દક્ષિણના યમ, પશ્ચિમના વરૂણ, ઉત્તરના કુબેર, અગ્નિખુણાના અગ્નિ, નૈઋત્યના નિર્ઋતિ, વાયવ્યના વાયુ અને ઇશાનના મહાદેવ.

ત્રણ તાપ—આધ્યાત્મિક આધિભૌતિક અને આધિદૈવિક.

ત્રણ કર્મ—સંચિત, પ્રારબ્ધ અને ક્રિયમાણ.

ચાર પ્રકારના ભક્ત—આર્ત, જિજ્ઞાસુ, અર્થાર્થી અને વિજ્ઞાનનિવાસ.

બ્રાહ્મણના નવગુણ—શમ-સમદર્શી, દમ, તપ, તિતિક્ષા, ક્ષાંતિ, આર્જવ, વિજ્ઞાન, આસ્તિક્ય અને ઇશ્વરમાં વિશ્વાસ.

૩ અગ્નિ—દક્ષિણાગ્નિ, ગાર્હપત્યાગ્નિ અને આહવનીયાગ્નિ.

અવિદ્યા—અજ્ઞાનનું આવરણ. **વિદ્યા**—ઇશ્વરની સર્વજ્ઞતા.

પંચ મહાયજ્ઞ—વેદપાઠ, તર્પણ, હોમ, બળિ વૈશ્વદેવ, અતિથિસંસ્કાર.

૮૪ લાખ યોનિ—૯ લાખ જળચર, ૨૭ લાખ સ્થાવર, ૧૧ લાખ કૃમિ, ૧૦ લાખ પક્ષી, ૨૩ લાખ ચતુષ્પદ (ચોપગાં), ૪ લાખ મનુષ્ય.

ધર્મના ચાર પાયા—સત્ય, દયા, તપ અને શૌચ.

અધર્મના ચાર પાયા—જૂઠ, હિંસા, અસંતોષ, અને કલેશ.

૩ પ્રાણી—મુક્ત, મુમુક્ષુ. વિષયી. **૪ પ્રલય**—નિત્ય, નૈમિત્તિક, પ્રાકૃતિક અને આત્યંતિક.

કળિયુગને રહેવાનાં સ્થાન—દ્યૂત, મદ્યપાન, સ્ત્રી, હિંસા, અસત્ય, મદ, વૈર.

અધર્મની મંડળી—લોભ, અસત્ય, ચોરી, દુર્જનતા, સ્વધર્મત્યાગ, દરિદ્રતા, કપટ, કલેશ, દંભ, વ્યભિચાર, આલસ્ય, નિદ્રા, માન, મત્સર, ઇર્ષ્યા, કામ, ક્રોધ, મદ, મોહ, આશા, તૃષ્ણા, અહંકાર, નાસ્તિકતા.

સદ્ધર્મની મંડળી—ધર્મ, સત્ય, પવિત્રતા, દયા, ક્ષમા, સંતોષ, સજ્જનતા, સરળતા, સામદાદ, મૈત્રી, મુદિતા, કરૂણા, ઉપેક્ષા, અહિંસા, આસ્તિકતા.

બોપદેવ શતક ,, ,,	૦—૬—૦
વૈદ્ય જીવન ,, ,,	૦—૩—૦
વૈદ્ય વલ્લભ ,, ,,	૦—૩—૦
વૈદ્યામૃત ,, ,,	૦—૩—૦
[illegible]દાન અને અનુપાન તરંગીણી ,,	૦—૧૨—૦
નપુંસકાનંદ ભંડાર ભા. ૧ લો. ,	૦—૮—૦
,, ,, ભા. ૨ જો. ,,	૦—૮—૦
હિતોપદેશ વૈદક ગ્રંથ ,, ,,	૧—૦—૦
આયુર્વેદ સુધાકર ,, ,,	૧—૦—૦
ચરક સંહિતા મૂળ શ્લોક સહિત હિંદુસ્તાની ટીકા	૮—૦—૦
બૃહત્ નિઘંટુ ભૂષણ ,, ,,	[illegible]—૦—૦
રસરાજ મહોદધિ ભા. ૧ લો યુનાની દવાઓ વીગેરે હિંદુસ્તાની ટીકા.	૦—૧૨—૦
,, ,, ભા. ૨ જો ,, ,,	૦—૧૨—૦
રસરાજ સુંદર, રસનો ગ્રંથ ,,	૩—[illegible]—૦
રસરત્નાકર ,, ,,	૫—૦—૦
અમૃત સાગર હીંદુસ્તાની ભાષામાં ,,	૨—૦—૦
અમૃત સાગર ગુજરાતી ભાષામાં ,,	૧—૮—૦
શારીર અને વૈદકશાસ્ત્ર ડા. ત્રિભોવનદાસ કૃત	૧૦—૦—૦
મેટ્રીયા મેડીકા ગુજરાતી	૩—૦—૦
આર્યઔષધ ગુજરાતી ડા. વીરજી ઝીણા કૃત	૨—૮—૦
આર્યભિષક યાને હિંદુસ્તાનનો વૈદ્યરાજ ભા. ૧ લો અને બીજો બન્નેના	૭—૦—૦
ઔષધીકોશ ગુજરાતી તમામ જાતની ઔષધીનાં અનેક ભાષામાં નામો વગેરે.	૧—૮—૦
શ્રીમદ્ ભગવદ્ગીતા ગુજરાતી ટીકા રેશમી પૂઠું	૦—૮—૦
પંચરત્ન ગીતા ગુજરાતી ટીકા ,,	૦—૧૨—૦
પંચીકરણ રામબાવા કૃત મોટું ,,	૧—૦—૦
મણી રત્નમાળા મોટી ,,	૧—૦—૦
ચંદ્રકાન્ત ભા. ૧ લો	૨—૮—૦
ચંદ્રકાન્ત ભા. ૨ જો	૨—૮—૦
તુલસી કૃત રામાયણ મૂળ નાનો ગુટકો હીંદી	૦—૧૦—૦
,, ,, મોટો ગુટકો	૦—૧૨—૦
,, ,, મધ્યમ	૧—૮—૦
,, ,, મોટી	૪—૦—૦
,, ,, ગુજરાતી ટીકા	૫—૦—૦
,, ,, હિંદુસ્તાની ટીકાની નાની	૨—૪—૦
,, ,, હિંદી ટીકા મધ્યમ	૪—૦—૦
,, ,, હિંદી ટીકા મોટી	૯—૦—૦
ગીરધર કૃત રામાયણ મોટી અત્યુત્તમ	૧—૧૨—૦
યોગદિવાકર—યોગનો ઉત્તમ ગ્રંથ ગુજરાતીમાં	૩—૦—૦
મહાભારત પદ્યાત્મક મોટું બે ભાગમાં પૃષ્ટ સંખ્યા ૨૨૦૦	૨—૮—૦
શીવપુરાણ, [illegible]	૧—૮—૦

એ સિવાય વેદ, વેદાંત, પુરાણ, ધર્મશાસ્ત્ર, કર્મકાંડ, જ્યોતિષ, નાટક, ઇતિહાસ, કાવ્ય વગેરેના ગ્રંથો તથા ઇંગ્રેજી તથા ગુજરાતી સ્કૂલ બુકો, નકસા વગેરે તમામ જાતના પુસ્તકો તથા ડાયરીઓ, પંચાંગો તમામ જાતનાં અમારે ત્યાંથી મળશે, અમારે ત્યાં વ્યાજબીજ કીમત પ્રમાણિકપણાથી લેવામાં આવે છે. માટે દેશાવરના ગ્રાહકોએ અવશ્ય એકવાર કામ પાડી જોઇ ખાત્રી કરવી. પત્રવ્યવહાર નીચેના સરનામે રાખવો.

ઝવેરભાઇ ઉમેદભાઈ પટેલ.
વિદ્યાવર્ધક પુસ્તકાલય—રીચીરોડ.
અમદાવાદ.

ભાવપ્રકાશ.

મૂળ શ્લોક સહિત ગુજરાતી ટીકા, પૂર્વ, મધ્ય અને ઉત્તર એ ત્રણે ખંડનો સંપૂર્ણ આ ગ્રંથ બે ભાગમાં છાપ્યો છે.

પોતાના શરીરની સુખાકારીને માટે દરેક માણસને વૈદ્યવિદ્યાની માહીતીની જરૂર છે. કારણ કે ઘણા મતે એવું સિદ્ધ થઈ ચૂક્યું છે કે—આ લોકમાં સુખી જીંદગી ગુજારી પરલોક પ્રાપ્ત કરવા ઇચ્છનારને પણ વૈદ્યવિદ્યા જાણવાની ખાસ જરૂર છે. 'પહેલું સુખ તે જાતે નર્યા' એ પુરાણી કહેવત ખરેખર ધ્યાનમાં રાખવા જેવી છે. એતો ઉઘાડુંજ છે કે—શરીરની આરોગ્યતા વિના કોઇપણ માણસ ગમે તેવું કામ કરી શકવાને અશક્ત છે. વૈદ્યકના ગ્રંથોમાંથી ઘણી ઘણી બાબતો જાણવાની મળી આવે છે. આ વિદ્યાથી અજાણ રહેલા માણસો તથા તેનાં કુટુંબીઓ ઘણીવાર રોગના ભોગ થઇ પડી પોતાની જીંદગી જોખમમાં નાંખેછે, માટે બીજા સઘળા પ્રકારના ગ્રંથો કરતાં વૈદ્યકીય ગ્રંથોની પેહેલી જરૂર છે.

વાગભટ્ટ, ચરક, સુશ્રુત, યોગરત્ન, શારંગધર સંહિતા, હારીતસંહિતા, રસરત્નાકર, રસેંદ્ર ચિંતામણિ, માધવનિદાન, નિઘંટ રત્નાકર વગેરે અનેક વૈદ્યવિદ્યાના ગ્રંથો પ્રસિદ્ધ છે તે સર્વ ગ્રંથોનું તત્ત્વ ખેંચી કાઢીને પૂર્વે મદ્ર દેશના પ્રખ્યાત ધન્વંતરી વૈદ્ય શિરોમણિ ભાવમિશ્ર નામના મહા વિદ્વાને રચેલો આ "**ભાવપ્રકાશ**" નામનો અતિ ઉત્તમ ગ્રંથ અમોએ છપાવ્યો છે. આ ગ્રંથ બહુ પ્રાચીન હોઇ તેના કર્તાએ પોતાના ૪૦૦ શિષ્યોને ભણાવેલો અનુભવ સિદ્ધ છે. એમાં લખેલાં ઔષધો બહુજ અકસીર છે. અર્થાત્ બીજા ઘણા વૈદ્યકીય ગ્રંથોની ગરજ સારનાર આ એક ભાવપ્રકાશ જ છે.

આ ગ્રંથના ત્રણ ખંડ છે. તેમાંના પૂર્વ ખંડમાં આયુર્વેદની ઉત્પત્તિ, તેના આચાર્યોની પરંપરા, માયા અને પરમાત્માનું વૈધર્મ્યપણું, ઇંદ્રિયોના નિયમો, ગર્ભની ઉત્પત્તિ, ગર્ભિણીના નિયમો, પુત્ર પુત્રી જન્મવાનાં કારણો, સ્ત્રી સેવનના નિયમો, નપુંસકના પ્રકાર, દોષનાં સ્વરૂપ, આહાર વગેરેની ગતિ, મળની ઉત્પત્તિ, શરીરનાં અંગ ઉપાંગ, સ્નાયુ શિરા વગેરેનું વર્ણન, ગર્ભવતી સ્ત્રી વિષે, સુવાવડીની માવજત, બાળકો ઉછેરવા સંબંધી સંપૂર્ણ માહિતી દેશ કાળાદિકનું વર્ણન, દીનચર્યા, રાત્રીચર્યા, ઋતુચર્યા, વ્યાધિના પ્રકારો, ઉપદ્રવોનાં લક્ષણો, ચિકિત્સાની પદ્ધતિ, વૈદ્યનાં લક્ષણો, ચિકિત્સાની પદ્ધતિ, [illegible]નાં લક્ષણો, હિતાહિત પદાર્થો, ઔષધીઓના રસ–ગુણ–વીર્ય–વિપાક, તથા પ્રભાવનું વર્ણન, સઘળા પ્રકારની ઔષધીઓનાં વર્ગવાર નામ (અનેક ભાષામાં), ગુણ ઉપયોગ, બે અર્થવાળાં ત્રણ અર્થવાળાં તથા અનેક અર્થવાળાં નામો, ઔષધોનાં માપ તથા તોલ, ધાતુ [illegible] અર્થ [illegible] વર્ણન

મારણ, વિષ ઉપવિષનાં શોધનમારણ, સ્નેહપાન, વમન, વિરેચન, બસ્તિકર્મ, નસ્ય, ધૂમ્રપા- [illegible]કોગળા, સ્વેદ, લેપ, રક્તસ્રાવ, અને નેત્રક્રિયા તથા ઔષધો ખાવાના સમયનું નિરૂપણ, [illegible]ની પરીક્ષા, વ્યાધિઓના હેતુ, તેનાં લક્ષણ, ઉપશમ, સંપ્રાપ્તિ અને ધાતુ વગેરેને વધા- રવા ઘટાડવાના પ્રકાર વગેરેનું વર્ણન આવે છે.

મધ્યખંડમાં અનેક પ્રકારના રોગો, લક્ષણો અને ચિકિત્સા વિસ્તારપૂર્વક આપેલાં છે, એટલે તેમાં દરેક રોગનું પૂર્વરૂપ, સંપ્રાપ્તિ, ઉત્તરરૂપ, પથ્યાપથ્ય, સાધ્યાસાધ્ય, લક્ષણ, નિ- દાન, શમન, સામાન્ય ચિકિત્સા, વિશેષ ચિકિત્સા અને ચિકિત્સા કે જેમાં જે તે રોગના ઉપચારો માટે જેટલા જેટલા પ્રકારના ઉકાળા, ચૂર્ણો, ગુટિકાઓ, કલ્કો, તેલો, લેપો, ર- સાયનો, ઘૃતો, પારદનાં ઔષધો, માત્રાઓ, ભસ્મો, ક્ષારો, ગુગળો, તથા વમન વિરેચનાદિ ઔષધો વગેરે હજારો ઉપાયો આપેલા છે.

ત્રીજા ઉત્તરખંડમાં વાજીકરણ (જે પદાર્થ પુરૂષને શુનમાં ઘોડાના જેવો સમર્થ કરેછે તેને વાજીકરણ કહેછે.) તથા રસાયનના પ્રયોગો વિસ્તારથી વર્ણવેલા છે. આવો ઉત્તમ વૈદક ગ્રંથ વૈદ્યોના જીવનરૂપ છે. તેની દરેક ભાષામાં હજારો નકલો ખપી ગઇ છે અને ખપેછે, એજ તેની સર્વોત્તમતાનો પુરાવો છે.

આ ગ્રંથ પૂર્વે છપાયેલો હતો, તેની કીમત રૂ. ૧૦) રાખેલી હતી, પણ હાલમાં કેટલીક મુદત થયાં છપાતો બંધ થવાથી તે રૂ. ૨૦–૨૫ ખર્ચતાં પણ મળતો નહી હે- વાથી અમોએ છપાવ્યો છે, બન્ને ભાગનાં પુઠાં સુંદર સોનેરી ગીલ્ટીંગવાળાં તથા કાગળ ઊંચાં અને છાપ સારી છે. અગાઉના ગ્રાહકોને માટે રૂ. ૫) કીમત રાખેલી છે. પાછળથી રૂ. ૭ પડશે. પોસ્ટેજ જૂદું.

ઝવેરભાઇ ઉમેદભાઇ પટેલ.

વિદ્યાવર્ધક પુસ્તકાલય—રીચીરોડ, અમદાવાદ.